Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૭૧, શુક્રવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ

શ્રીમદ્ વિજયવલ્લભસૂરિનો વડોદરા ખાતે ઇ. સ. ૧૮૭૦ ની સાલમાં જન્મ થયેલો અને મુંબઇ ખાતે ૮૪ વર્ષની ઉમ્મરે ઇ. સ. ૧૯૫૪ ના સપ્ટેમ્બરમાં અવસાન થયેલું. ચાલુ વર્ષ તેમની જન્મ શતાબ્દિનું હોઇને મુંબઇના જૈન શ્વે. મૂ. સમાજે ડિસેમ્બર માસની તા. ૨૫, ૨૬, ૨૭ એમ ત્રણ દિવસના ભરચક કાર્યક્રમ–પૂર્વક તેમની જન્મ શતાબ્દી ઊજવી. આ જન્મ શતાબ્દી સમારંભની વિગતો હવે પછીના અંકમાં આપવામાં આવશે.

આ મહાન આચાર્યશ્રી પંજાબ બાજુએથી આ બાજુએ આવ્યા ત્યારથી તેમના અવસાન સુધીનાં વર્ષો દરમિયાન, તેમના સમાગમમાં મને અનેક વાર આવવાનું બનેલું. તેમની પ્રેરણાથી જેનું નિર્માણ થયું છે તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહી સાથે તેના પ્રારંભથી આજ સુધી હું જોડાયેલો રહ્યો છું અને તે નિમિત્તે તેમના પ્રત્યક્ષ પરિચયનો લાભ મને સાંપડયો છે. તેમણે મહાવીર જૈન વિદ્યાલયના વિકાસમાં અનેક રીતે ખૂબ ફાળો આપ્યો છે, તેનો હું સાક્ષી છું. એ સંસ્થાના પ્રારંભના વર્ષોમાં એક જૈન મુનિ આવી સામાજિક પ્રવૃત્તિમાં ભાગ લે એ સામે એ વખતના સ્થિતિ–ચુસ્ત જૈન મુનિઓ અને આગેવાનોએ ખૂબ જોરદાર ઝુંબેશ ચલાવેલી. આ ઝુંબેશની સામે અણનમ રહીને તેમણે મહાવીર જૈન વિદ્યાલયને ટેકો આપ્યો હતો. તેમણે જોયું કે જૈન સમાજનો ઉત્કર્ષ સાધવો હોય તો વ્યવહારિક કેળવણીના ક્ષેત્રે ઊગતી પ્રજાને આગળ વધારવી જોઇએ અને તેમને તેમ કરવામાં સર્વ પ્રકારની સગવડ આપવી જોઇએ અને આજે તેનું સફળ પરિણામ જોતાં તેમનું જૈન સમાજના ભાવિ વિશેનું એ દર્શન યથાર્થ હતું એમ કબૂલ કરવું પડે તેમ છે. તેમના કાર્યની કદર આજની બદલાયલી પરિસ્થિતિ ઉપરથી નહિ, પણ તેમના સમયની સ્થિતિચુસ્ત પરિસ્થિતિનો તેમણે કેવી દ્રઢતાપૂર્વક સામનો કરેલો તે ઉપરથી કરવી જોઇએ.

આ જ હેતુથી તેમના જીવનના છેલ્લાં વર્ષો દરમિયાન મુંબઇ ખાતે શ્વે. મૂ. જૈન સમાજના મધ્યમ અને ગરીબ વર્ગના ઉત્કર્ષ માટે તેમની પ્રેરણાથી પાંચ લાખ રૂપિયાનું ફંડ કરવામાં આવેલું અને તેમાંથી કૉન્ફરન્સ ઉદ્યોગગૃહનું નિર્માણ થયું, જે સંસ્થાનો આજે ખૂબ વિકાસ થયો છે અને જે દ્વારા નાત-જાત કે ધર્મના ભેદ સિવાય બધી કોમના ભાઇ બહેનોને–વિશેષે કરીને બહેનોને સારા પ્રમાણમાં આર્થિક ટેકો મળી રહ્યો છે.

તેમનો સંબંધ વિશેષકરીને જૈન શ્વે. મૂ. સમાજ સાથે રહ્યો હતો અને તેનો સમગ્ર ઉત્કર્ષ એ તેમની સતત ચિન્તાનો વિષય હતો. એમ છતાં સાર્વજનિક ક્ષેત્રે પણ તેમની પૂરી સહાનુભૂતિ હતી અને તે ક્ષેત્રના હિતને પૂરક એવાં અનેક કાર્યો તેમના હાથે થયાં હતાં. આવી એક ઉજ્જવલ લાંબી કારકીર્દિપૂર્વકનાં જીવનનો પ્રદીપ આજથી ૧૬ વર્ષ પહેલાં ઓલવાયો. આજે તેમની આ જન્મ શતાબ્દિ સમારંભના પ્રસંગે આપણે તે પુણ્યાત્માને અન્તરની અંજલિ આપીએ અને કૃતાર્થતા અનુભવીએ!

**પૂરક નોંધ :** જણાવતાં આનંદ થાય છે કે આ જન્મશતાબ્દિ પ્રસંગે જૈન શ્વે. પૂ. વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે રૂા. ૩૦૦૦ નો એક સ્કોલર, એ રીતે મદદ આપનારનાં ૩૨૫ ઉપર નામો નોંધાયા છે અને એ રીતે આશરે દશ લાખની રકમનાં વચનો મળ્યાં છે.

### મધર થેરીસાને માટે પોપે જાહેર કરેલું પારિતોષિક

૧૯૬૯ ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જેમણે ભાગ લીધો હશે તેમને યાદ હશે કે એ વ્યાખ્યાનમાળામાં ભાગ લેવા માટે સંઘના નિમંત્રણને માન આપીને કરુણામૂર્તિ મધર થેરીસા મુંબઇ આવ્યાં હતાં. આ મધર થેરીસાને તેમની અપાર સેવાની કદર રૂપે રોમન કૅથોલિક સંપ્રદાયના વડા ધર્મગુરુ નામદાર પોપ પૉલે જેની રૂપિયામાં ૧,૮૦,૦૦૦ ની કીમત અંકાય તેવું ૧૫ મિલિયન લાયરનું પીસ પ્રાઇઝ (સુલેહશાંતિના પ્રતીકરૂપ પારિતોષિક) અર્પણ કરવાની જાહેરાત કરી છે.

આ મધર થેરીસાની આજે ૬૦ વર્ષની ઉમર છે. તેમણે ભારત ખાતે ૧૯૫૦ ની સાલમાં 'મિશનરીઝ ઑફ ચેરીટી' નામની સંસ્થાનું નિર્માણ કર્યું છે. આ સંસ્થામાં દુનિયા ભરના કુલ ૪૦૦ સભ્યો જોડાયેલા છે.

કાર્ડિનલોની સેક્રેડ કૉલેજને સંબોધતા નામદાર પોપે જણાવ્યું છે કે "મધર થેરીસા એક નમ્ર અને મુંગી વ્યક્તિ છે, એમ છતાં પણ ગરીબોની દુનિયામાં હિમતપૂર્વક દાનદયાનું જેઓ કાર્ય કરી રહ્યા છે તેમનાથી તેઓ અજાણ નથી. મધર થેરીસાએ સ્થાપેલી સંસ્થાના મિશનરીઓ છેલ્લાં વીશ વર્ષથી ભારતના ખૂણે ખૂણે વૃદ્ધો, બાળકો અને ત્યકત માનવીઓને વસાવવાનું તેમ જ કુષ્ટ રોગથી પીડાતા લોકોની વ્યથા હળવી કરવાનું ભવ્ય કાર્ય કરી રહેલ છે. ઇશુ ખ્રિસ્તના પ્રેમના આ અડગ સંદેશવાહક પ્રત્યે અમે ઊંડો આદર અનુભવીએ છીએ."

આ મહાદેવીનો આલ્બેનીઆમાં ૧૯૧૦ ની સાલમાં જન્મ થયો હતો. તેઓ ૧૯૪૮માં એકલા કલકત્તા આવ્યાં. ભારતની અનેક બહેનો તેમની સાથે કામમાં જોડાઇ અને બે વર્ષમાં ધી મિશનરીઝ ઑફ ચેરીટી નામની સંસ્થા ઊભી કરવામાં આવી.

૧૯૬૨માં મધર થેરીસા મુંબઇ આવેલાં અને પૂના તથા અમરાવતીમાં તેમણે કામ શરૂ કરેલું. આઠ વર્ષના ગાળા દરમિયાન મુંબઇ અને અન્ય સ્થળોએ નિરાશ્રિતો માટે, નિરાધાર અને અપંગ બાળકો માટે, અને મરતા અને માંદગીમાં રીબાતા સ્ત્રી-પુરુષો માટે તેમણે અનેક નિવાસસ્થાનો ઊભા કર્યાં છે.

આવી એક પવિત્રતાની મૂર્તિનું નામદાર પોપના હાથે આ રીતે સન્માન થાય એ આપણે એ સર્વ માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ લેખાવો જોઇએ. હજુ દોઢ વર્ષ પહેલાં તેઓ આપણી વચ્ચે આવેલાં. તેમણે વ્યાખ્યાન તો માત્ર પંદર વીશ મિનિટ જ કરેલું, એમ છતાં પણ, તેમના વ્યકિતતત્વથી આપણે સૌ અત્યન્ત પ્રભાવિત બનેલા. તેમના અવાજમાં જે પવિત્રતાનો–કરુણાનો રણકાર હતો, તેમની મુખાકૃતિમાં જે નમ્રતાનો, શુચિતાનો, વિશ્વવ્યાપી સહાનુભૂતિનો ભાવ હતો – તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ હતું જ નહિ. આજે તેઓ યુરોપમાં છે. થોડા દિવસમાં તેઓ મુંબઇ આવી પહોંચે એવો સંભવ છે. આશા રાખીએ કે તેમનાં દર્શનનો આપણને લાભ મળે.

## શ્રી શાદીલાલજી જૈનનું મુંબઈના સમગ્ર જૈન સમાજ તરફથી સન્માન

તા. ૨૩-૧૨-૭૦ ના બુધવારના રોજ સાંજના સમયે ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રિડા કેન્દ્રના ચોગાનમાં, શ્રી શાદીલાલજીની મહારાષ્ટ્ર સરકારે શેરીફ તરીકે નિમણુંક કરી તેના અનુસંધાનમાં, મુંબઈના સમગ્ર જૈન સમાજને આવરી લેતી ૨૬ જાહેર જૈન સંસ્થા તરફથી એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટ શ્રી એમ. એમ. ધ્રુવના પ્રમુખપણા નીચે શ્રી શાદીલાલજીનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સામેલ થયો હતો.

દેશના ભાગલા પડયા અને અનેક લોકોને સ્થાનાન્તર કરવાની ફરજ પડી, તે અરસામાં શાદીલાલજી મુંબઈ આવીને સ્થિર થયેલા અને પોતાના ધંધાની જમાવટ તેમણે શરૂ કરેલી ત્યારથી આજ સુધીના ગાળામાં તેમણે પોતાનો ધંધાઉદ્યોગ તો ખૂબ જ ખીલવ્યો છે પણ સાથે સાથે પોતાના અનેક વિશિષ્ટ ગુણોને લીધે મુંબઈના પ્રજાજનોના અને વિશેષે કરીને મુંબઈના જૈન સમાજના અત્યન્ત પ્રીતિપાત્ર બન્યા છે. તેમના સ્થાયી નિવાસસ્થાન ખારમાં તેમણે 'અહિંસા હૉલ' ઊભો કરીને ત્યાંની જનતા માટે એક સુભગ મિલનકેન્દ્ર ઊભું કર્યું છે. ૧૯૩૭માં તેમના વડિલજનોએ બનારસ હિન્દુ યુનિવર્સિટીના કેમ્પસમાં પાર્શ્વનાથ વિદ્યાશ્રમ સંશોધન મંદિર સ્થાપેલ તેને વિકસાવવાના હેતુથી ગયા સપ્ટેમ્બર માસની આખરમાં એક સમારંભ યોજીને સાડા ત્રણ લાખની રકમ તેમણે હજુ તાજેતરમાં એકઠી કરી છે. આમ તેમના હાથે આજ સુધીમાં અનેક શુભ કાર્યો થતા રહ્યા છે.

તેમનું અસાધારણ સૌજન્ય, સાંપ્રદાયિક સંકીર્ણતાનો સર્વથા અભાવ અને જે કોઈ જાય તેને આવકાર આપતો ઉમળકો અને મદદરૂપ થવાની તત્પરતા અને તેમનું ખાનદાન ખમીર—આવી વ્યક્તિની મુંબઈના શેરીફ તરીકે કરવામાં આવેલી પસંદગી અનેક રીતે આવકારપાત્ર છે. તેમને દીર્ઘાયુષ્ય, સુદઢ આરોગ્ય અને ઐશ્વર્યપૂર્ણ જીવન પ્રાપ્ત થાય અને નવી જવાબદારીના એક વર્ષના ટૂંકા ગાળામાં તેમના હાથે અનેક શુભકાર્યો થાય તેવી પરમેશ્વરને આપણી પ્રાર્થના હો!

## 'અગ્નિપરીક્ષા' સામે સરકારી હુકમ હાઈકોર્ટે રદ કર્યો

જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, મધ્ય પ્રદેશની હાઈકોર્ટની ત્રણ ન્યાયમૂર્તિની બનેલી બેંચે વિવાદાસ્પદ બનેલી આચાર્ય તુલસી રચિત 'અગ્નિપરીક્ષા' ની નકલો જપ્ત કરતો અને તે પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકતો મધ્ય પ્રદેશની સરકારનો હુકમ રદ કર્યો છે.

'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને સ્મરણ હશે કે રાયપુર ખાતે આચાર્ય તુલસીનો ચાતુર્માસ નિમિત્તે નિવાસ હતો તે દરમિયાન પ્રસ્તુત પુસ્તકમાં સીતાના પાત્રનું જે આલેખન કરવામાં આવ્યું છે તે સામે ત્યાંના સનાતની હિન્દુઓએ વાંધો ઉઠાવ્યો હતો અને તે પુસ્તક સામે એક જબરજસ્ત આન્દોલન ઊભું કરવામાં આવ્યું હતું અને લોકલાગણીને ધ્યાનમાં લઈને મધ્યપ્રદેશની સરકારે અગ્નિપરીક્ષા સામે પ્રતિબંધ મૂક્યો હતો. આ પુસ્તક પ્રગટ કરનાર તેરાપંથી મહાસભાએ આ હુકમ સામે મધ્ય પ્રદેશની હાઈકોર્ટમાં અરજી કરી હતી. તા. ૨૪ મી ડિસેમ્બરના રોજ આ હુકમને રદ કરતો ચૂકાદો આપતાં જણાવવામાં આવ્યું છે કે "આ પુસ્તકમાં એવું કશું નથી કે જેને વાંધાપડતું અને લોકલાગણી ઉશ્કેરે તેવું કહી શકાય. અત્યન્ત આળી લાગણીઓ ધરાવતી કોઈ એક વ્યકિત આવી બાબતમાં કેમ વિચારે છે એ ધોરણે નહિ પણ સામાન્ય સૂઝ અને સમજણ ધરાવતા આદમીના મનોગત સંવેદનના ધોરણે આવી બાબતનો નિર્ણય કરવો ઘટે." એડવોકેટ જનરલે આ કિસ્સામાં એવી દલીલ કરેલી કે રામાયણનું જૈન રૂપાન્તર રજૂ કરીને આચાર્ય તુલસીનો આશય લોકોને જૈન ધર્મ તરફ વાળવાનો હતો અને તેથી આ પુસ્તક વાંધાપડતું ગણાવું જોઈએ. આ દલીલનો અસ્વીકાર કરતાં નામદાર ન્યાયમૂર્તિ શ્રી તારેએ જણાવ્યું હતું કે, એટર્ની - જનરલ જે કહે છે તેવો હેતુ આચાર્ય તુલસીનો હતો એમ સ્વીકારવામાં આવે તો પણ એટલા ખાતર આ પુસ્તકને વાંધા પડતું ગણવું ન જોઈએ.

લોકલાગણીઓ ઉશ્કેરીને ઊભા કરવામાં આવેલ દુ:ખદ પ્રકરણનો આ રીતે અન્ત આવે છે. અદાલતી ચુકાદા દ્વારા અગ્નિપરીક્ષા નિર્દોષ હોવાનું પ્રમાણપત્ર મળ્યું છે. આ માટે આચાર્ય તુલસીને અભિનંદન અને ધન્યવાદ! પરમાનંદ.

## નિવૃત થયેલા સર્વોચ્ચ ન્યાયમૂર્તિ શ્રી હિદાયતુલ્લા

મુસલમાન હોવા છતાં અને સર્વોચ્ચ ન્યાયમૂર્તિનો હોદ્દા ધરાવતા હોવા છતાં દારૂ, તમાકુ કે સિગરેટ સુદ્ધાંનું જેમને વ્યસન નથી—એવા નિર્વ્યસની અને સાદું જીવન જેમને પસંદ છે—અને કદાચ એ કારણે જ તેઓ પોતાનું પ્રભાવશાળી વ્યકિતત્વ ટકાવી શકયા છે—એવા ન્યાયોપાસક માનનીય હિદાયતુલ્લા વિષે થોડી જાણકારી વાચકો માટે રસપ્રદ બનશે એ ઉદ્દેશથી તેમનો ખૂબ જ ટૂંકો પરિચય નીચે આપવાનો પ્રયત્ન કર્યો છે.

તેમણે ૨૪ વર્ષની ઉંમરે નાગપુરમાં વકીલાત શરૂ કરી. કેટલાંક વર્ષો સુધી નાગપુર હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે કામ કર્યુંપછી સુપ્રીમ કોર્ટમાં તેઓ નિમાયા અને ૧૯૬૮માં ભારતના ૧૧મા ચીફ જસ્ટીસ બન્યા. તેઓ હિંદી, સંસ્કૃત, ઉર્દુ, પર્શિયન, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાઓ વિશે સારું જ્ઞાન ધરાવે છે.

૧૯૬૯ ના જુલાઈમાં તેમને કામચલાઉ રાષ્ટ્રપતિ પદ મળ્યું હતું.

ગયું વર્ષ ૧૯૭૦ માં સાલિયાણા નાબૂદીનો હુકમ ખોટો છે એવો ચૂકાદો આપવાને લગતી તેમને કડવી ફરજ બજાવવી પડી. તેઓ નહેરુ કુટુંબ સાથે ઘણા સારા સંબંધો ધરાવતા હોવા છતાં અને વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના પોતે અંગત રીતે પ્રશંસક હોવા છતાં, કાનૂનને વફાદાર રહીને તેમણે આ ચૂકાદો આપ્યો.

તેમના છેલ્લા પ્રવચનમાં તેમણે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે "જો કાયદા અનુકૂળ ન હોય તો સંસદ તે બદલી શકે છે." આનો ભાવાર્થ એ છે કે જેણે કાયદા ઘડયા છે તે સરકાર ભલે સામે હોય પરંતુ ન્યાયમૂર્તિની ફરજ સાચો ન્યાય તોળવાની છે અને કાયદાનો જે સ્પષ્ટ અર્થ થતો હોય તે પ્રમાણે તેનો અર્થ કરીને જે કાયદાદ્વારા પગલું ભરવામાં આવ્યું છે તે યોગ્ય છે કે અયોગ્ય છે એની સ્પષ્ટતા કરવાનું તેમનું કામ હોય છે અને તે કામ તેમણે પ્રમાણિકપણે બજાવીને ન્યાયના પલ્લાને જનતાના હૃદયમાં ઉચ્ચ સ્થાને સ્થાપ્યું છે. ધન્ય છે તેમની ન્યાયપ્રિયતાને!

**તા. ક:** અહિં જણાવવું અપ્રસ્તુત નહિ ગણાય કે તેઓ નાગપુર હાઈકોર્ટના જજ હતા તે દરમિયાન તેમણે જાણીતા જૈન આઈ. સી. એસ. અને હાલ જેઓ નિવૃત છે તેવા શ્રી અંબાલાલ નરોત્તમદાસ શાહનાં પુત્રી સાથે લગ્ન સંબંધથી જોડાયલાં છે.

**શાંતિલાલ ટી. શેઠ**

## શહેરનાં સેવાભાવી સન્નિષ્ઠ સન્નારી

## શ્રીમતી બાબીબહેન મૂળજી દયાળનો દેહવિલય

'પ્રબુદ્ધ જીવન'નાં વાચકોને - શ્રીમતી બાબીબહેનનાં અવસાનનાં સમાચાર આપતાં હું દુ:ખ અનુભવું છું. તેઓ હજુ તા. ૨૦ મી ડિસેમ્બરે તો ટેલિફોન ઉપર મને કહે છે - "જુઓ, ચીમનભાઈ, તમારે જીવન જાગૃતિ કેન્દ્રના - આજીવન સભ્ય થવાનું છે. રજનીશજીને તમે સાંભળો - માત્ર પૂર્વગ્રહ રાખી એમને માટે અભિપ્રાય ન બાંધો. ખરે જ એમને સાંભળતા ખૂબ મજા આવે છે, એટલું જ નહિ, એ જે કહે છે તે સત્ય અને નગ્ન સત્ય છે." ... અને ૨૪ કલાક પૂરા થયા નથી ત્યાં તો એમનાં અકસ્માતનાં સમાચાર મને મળે છે. બીજા ચોવીસ કલાક પૂરા થયા નથી ત્યાં તો એમની આ પાર્થિવ જગતમાંથી વિદાય જાણવા મળે છે અને હું એક જબ્બર આઘાત અનુભવું છું.

શ્રીમતી બાબીબહેન સાથે મેં ઘણાં વર્ષો સુધી બાળકોની અખિલ હિંદ સંસ્થા બાલ્કન-જી-બારીમાં કામ કરેલું. તેઓ નાનાની સાથે નાના થઈ શકતા એટલું જ નહિ એમની મોટી ઉંમર અને ભારે શરીર રમતગમતમાં યા ગમે તેટલું ચાલવામાં અવરોધરૂપ નહોતાં થતાં. તેમનું હિંદી ભાષા ઉપર પ્રભુત્વ પણ ઘણું સુંદર હતું. તેઓ પૂજ્ય ગાંધીજીની અસર નીચે આવેલા અને આઝાદીના જંગમાં પણ સારો એવો એમનો ફાળો હતો. તેમને આજીવન ખાદી પહેરવાનું વ્રત હતું.

તેઓ અનેક સ્ત્રીસંસ્થાઓમાં પદાધિકારે હતાં. 'શકિતદળ' અને 'મહારાષ્ટ્ર સ્ટેટ વીમેન્સ કાઉન્સીલ' તથા 'બાપનું ઘર' સંસ્થાઓને એમની ખોટ હંમેશ સાલશે.

તેઓ ભાટિયા જ્ઞાતિના હતાં, પરંતુ જ્ઞાતિના વાડાનું કોઈ સંકુચિતપણું એમનામાં ન હતું. જ્યાં જ્યાં સત્સંગની તક મળે ત્યાં તેઓ દોડી જતાં. હંમેશ હસતા રહેવું અને પ્રસન્ન રહેવું - આ એમના સ્વભાવની ખુશ્બો હતી - ખૂબી હતી.

પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે એવી આપણ સૌની પ્રાર્થના હો. **ચીમનલાલ જે. શાહ**

# શ્રીમતી ઈન્દિરા ગાંધીની રાજનીતિ ઉપર એક દૃષ્ટિપાત

## "ફેરફાર અનિવાર્ય છે, કારણ કે સમય બદલાયો છે!"

(સુપ્રિમ કૉર્ટના તાજેતરના ચુકાદાથી આજે રાજવીઓનાં સાલિયાણાં રદ કરતો રાષ્ટ્રપતિનો હુકમ રદ થયો છે. આ રાજવીઓનાં સાલિયાણાં નાબૂદી પ્રકરણની ભૂમિકા ઉપર લખાયેલો અને તા. ૨૩-૧૧-૭૦ના 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રગટ થયેલ આચાર્ય જે. બી. ક્રિરપલાણીનો કટાક્ષપ્રધાન લેખ શ્રીમતી ઈન્દિરા ગાંધીની રાજનીતિ ઉપર તેમ જ અદ્યતન સમગ્ર પરિસ્થિતિ વેધક પ્રકાશ પાડે છે એમ સમજીને એ લેખનો સૌ. શારદાબહેન બાબુભાઈ શાહે કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

ભારત પ્રજાસત્તાક બન્યું અને બંધારણનો અમલ થયો એ પહેલા શાસક ભારત સરકાર અને દેશી રાજ્યો વચ્ચે થયેલા કોલ-કરારની વિચારણા કરવા લોકસભા અને રાજ્યસભામાં એક ઘણી મોટી ચર્ચા થઈ હતી.

સંધિ અને જે કોલકરારો થયા તે દરેક રાજવી સાથે અલગ અલગ થયા છે; એટલે આ કરારો એક નહિ પણ અનેક છે. આ પ્રકારના કરારોને જ્યારે નાબુદ કરવામાં આવે છે ત્યારે એનો અર્થ તો એવો થયો કે રાજવીઓ નાગરિક મટી ફરી પોતપોતાના રાજ્યમાં રાજા બને છે.

જો કે વર્તમાન પરિસ્થિતિમાં આમ થવાની કોઈ શક્યતા નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદો આ ઘટનાને કઈ રીતે ઘટાવશે તે પ્રશ્ન છે. કાયદો આનો જે ઉકેલ લાવે તે ખરું!

### અસ્થિર નિર્ણયો

હું તો અહીં કેવળ આ કરારોને રદ કરવા માટે જે જે કારણો બતાવવામાં આવ્યા છે તેની ચર્ચા કરવા માગું છું. વડાપ્રધાન અને તેમના ટેકેદારો નીચે મુજબ કારણો આપે છે:

(૧) સમય બદલાયો છે.

(૨) રાજવીઓને આપેલા હક્કો લોકશાહી સાથે સુસંગત નથી.

(૩) આ અધિકારો સમાજવાદના વિરોધી છે.

(૪) પ્રજાના દારિદ્ર્ય સાથે તેનો મેળ બેસતો નથી.

હવે એક એક મુદ્દા પર આપણે વિચાર કરીએ. વડા-પ્રધાને પાર્લામેન્ટમાં કહ્યું કે હર પળે સમય બદલાય છે. (Time changes from moment to moment.) વાત તદ્દન સાચી છે. સમય બદલાઈ ગયો છે અને હરપળે તે બદ-લાતો રહે છે. આપણે સમય સાથે કદમ મિલાવી તેને અનુકૂળ થઈ રહેવાનું છે. પરંતુ સમયની સાથે આપણી વ્યવસ્થા અને નિયમો પણ બદલાતા રહે? આ મ જ જો હોય તો તો આપણે ન કોઈ ચોક્કસ નિર્ણય લઈ શકીએ કે ન કોઈ કોલકરારો કરી શકીએ. ભવિષ્ય અંગેની એક નિશ્ચિત યોજના કે વિચારણા વગરનું અનિ-શ્ચિત અને અસ્થિર એવું જીવન જીવતા હોઈએ.

અલબત્ત! આપણા વડા પ્રધાન તો ગયે વર્ષે બેંગલોર ખાતે કૉંગ્રેસની મીટિંગ મળી ત્યારથી આ રીતનો જ વર્તાવ કરતા રહ્યા છે. ભારતના પ્રમુખ માટેની રેડ્ડીની ઉમેદવારીનો બેંગલોરમાં તેમણે વિરોધ કર્યો; પરંતુ દિલ્હી આવ્યા બાદ સમય એકદમ બદ-લાઈ ગયો. બેંગલોર કૉંગ્રેસ કમિટીના બહુમતિ નિર્ણયને માન આપી પ્રમુખ માટેનું રેડ્ડીનું ઉમેદવારીપત્રક તેમણે ભર્યું.

થોડા જ ગાળામાં વળી સમયે આળોટ્યું પાસું બદલ્યું અને કૉંગ્રેસ તથા રેડ્ડીને ટેકો આપવાનો વડા પ્રધાને ઈન્કાર કરી તેમણે અને તેમના ટેકેદારોએ બિનકૉંગ્રેસી ઉમેદવાર ગિરિને આગળ કર્યા.

### અંતરનો અવાજ

વળી સમયે ગુલાંટ ખાધી. વડાપ્રધાને સુલેહ અંગે ચર્ચા કરવા કૉંગ્રેસપ્રમુખ સાથે લંચ લેવાનું ગોઠવ્યું. આગળ ચર્ચા-વિચારણા કરવા માટે ડિનર કૉંગ્રેસપ્રમુખને ત્યાં ગોઠવવામાં આવ્યું હતું; પરંતુ બપોરના ૩ થી ૮ના ગાળામાં તો સમય વળી બદલાઈ ગયો. વડાપ્રધાનના સેક્રેટરીએ ફોન કરી ડીનર બંધ રાખ્યાનું જણાવ્યું. આના કારણમાં પ્રમુખને જણાવવામાં આવ્યું કે વડાપ્રધાનને એમ લાગે છે કે આગળ ચર્ચા કરવાથી કોઈ હેતુ સિદ્ધ થવાનો નથી.

સાલિયાણાં નાબૂદી અંગેના બંધારણીય સુધારા વિરુદ્ધ મત આપવાની નરસિંહગઢના રાજાને ઈચ્છા થઈ; પરંતુ સમય બદલાઈ ગયો હોવાથી એમના અંતરની ઈચ્છાનું કોઈ મૂલ્ય રહ્યું નહિ. તેમને કહેવામાં આવ્યું કે સુધારા વિરુદ્ધ મત આપવાથી પક્ષનો શિસ્તભંગ થશે. રાજાને માટે અંતરનો અવાજ ઊઠવાનો કોઈ સવાલ હતો જ નહિ. વિરુદ્ધ મત આપવા પાછળ તેમનો હેતુ પોતાના હિતની રક્ષા કરવાનો હતો.

પોતાના બચાવ સાથે સંકળાયેલા કહેવાતા ઉચ્ચ હેતુ માટે વડાપ્રધાન અને તેમના ટેકેદારોને અંતઃપ્રેરણાને અનુસરવાની જાણે છૂટ મળી હોય તેમ લાગે છે. પરંતુ વડાપ્રધાન એટલું ભૂલી જાય છે કે બેંગલોર પ્રકરણથી તેમણે જે પ્રકારના વ્યવહારોનો આરંભ કર્યો છે તે, તેમને સ્થાનભ્રષ્ટ કરવા માગતી સિન્ડીકેટની કહેવાતી ગેરરીતિઓ સામે તેમનો પડકાર છે; તેમ જ પોતાની સત્તાને સાબુત રાખવાની ચાલબાજી છે. સત્તાને એવું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે તેને સિદ્ધ કરવા મથતી વ્યક્તિ પોતાના હિતની વાત જ્યાં આવતી હોય ત્યાં તેને અંતરના અવાજ રૂપે લેખે છે.

### નામંજૂર ખરડો

અને આ હકીકતની તો નોંધ રાખવામાં આવી છે કે રાજ્ય-સભામાં બંધારણીય સુધારા પરના પોતાના વક્તવ્યના અંતમાં વડાપ્રધાને કટાક્ષમાં જનસંઘના સભ્યોને સંભળાવેલું કે પોતે તેમના જેવા નથી. જનસંઘને ચૂંટણીમાં હારી જવાની બીક લાગે છે ત્યારે હુલ્લડ અને ધાંધલ ધમાલ ઊભા કરે છે. પોતે લોક-શાહીના હિમાયતી છે અને સત્તાની રૂએ સાલિયાણાં રદ કરાવી શક્યા હોવા છતાં તેમણે પાર્લામેન્ટનો નિર્ણય લેવાનું સ્વીકાર્યું. આવું જ નિવેદન તેમણે અગાઉ પણ લોકસભામાં કરેલું.

પરંતુ અર્ધા કલાક બાદ જ્યારે રાજ્યસભાના પ્રમુખે ક્ષોભ અને કંઈક નારાજી સાથે જાહેર કર્યું કે વડાપ્રધાનની દરખાસ્ત વિરુદ્ધ મત જાય છે ત્યારે એકદમ સમય બદલાઈ ગયો અને પાર્લામેન્ટના લોકશાહી નિર્ણયને વધાવી લેવા વડા પ્રધાન તૈયાર ન થયા.

રાજ્યસભાના નિર્ણય બાબત પત્રકારોએ મારો અભિપ્રાય પૂછ્યો ત્યારે મેં કહ્યું: "પ્રભુની ઈચ્છા મુજબ થયું," પરંતુ થોડા કલાકોમાં તો પ્રભુની ઈચ્છાને વડા પ્રધાને હડસેલો મારી પોતાની ઈચ્છા પ્રતિષ્ઠિત કરી.

ભારતમાં ખરેખર સમય બદલાયો છે કે કેમ તે હવે આપણે જોઈએ. સમય પરિવર્તનની અસર મુઠ્ઠીભર માણસો પર નહિ, પરંતુ વિશાળ જનસમાજ પર જ્યારે થાય ત્યારે જ આપણે ખાત્રીથી કહી શકીએ કે સમય બદલાયો છે. ગામડાં તરફ આપણે દૃષ્ટિ કરીએ. ભારતની વિશાળ ગ્રામીણ પ્રજાના વિચારો, માન્યતા અને જીવન-પદ્ધતિમાં પરિવર્તનના દર્શન આપણને થાય છે ખરા?

થોડા દિવસો પહેલાં ગામડાંનો મારો એક નોકર મારી પાસે આવ્યો અને ૫૦૦ રૂપિયા ઉછીના માગ્યા. આટલી મોટી રકમની માગણી માટેનું કારણ પૂછતાં તેણે પોતાની પુત્રીના વિવાહ પ્રસંગે કરિયાવર અને નાતને જમાડવા માટે ખર્ચ કરવાની વાત કરી. મારા

લગ્ન વખતે લગ્ન રજીસ્ટર કરવાના કેવળ પાંચ રૂપિયા મેં ખર્ચ્યા હતા તે વાત તેને કહીને આટલો બધો ખર્ચ ન કરવા મેં તેને સમજાવ્યો.

### રીતરિવાજો

દીનભાવે તેણે જવાબ આપ્યો: "સાહેબ! તમે લોકો એમ કરી શકો. અમારે તો સમાજમાં જીવવું છે. રિવાજ મુજબ ન કરીએ તો ન્યાતમાં અને ગામમાં રહેવું ય ભારે થઈ પડે."

આની સામે મારે કંઈ દલીલ કરવાની રહી નહિ. હું જાણતો હતો કે કોઈ ધીરધાર કરનાર પાસેથી તે ૫૦૦ રૂપિયા લેશે તો ભારે વ્યાજના બોજા હેઠળ ક્યડાઈને દસ વર્ષે ય દેવામાંથી તે મુક્ત નહિ થાય. તેને બીજી કેટલી પુત્રીઓ છે તે પૂછવાની તો પછી મારી હિમત જ ન ચાલી. આ સ્તરના સમાજમાં પ્રગતિ કે સુધારાને સ્થાન મળ્યું જ નથી.

રિવાજોની પકડ કંઈ જેવી તેવી નથી. ગામડાના માણસોને ખાવાપીવાના ભલેને સાંસાં હોય, પરંતુ મજાથી ટ્રાન્ઝીસ્ટર લઈને તેઓ ફરશે. આની પાછળ કોઈ પ્રગતિશીલ હેતુ નથી હોતો, પરંતુ લગ્નપ્રસંગે ખર્ચ કરીને જેમ પોતાના સમાજમાં વટ રાખવાની વાત હોય છે તેમ અહીં પણ સુધરેલામાં ખપી વટ બતાવવાની મનોવૃત્તિ જ કામ કરતી હોય છે.

અભણની વાત ક્યાં કરવી, ભારતની શિક્ષિત પ્રજાના વિચાર-વર્તનમાં પણ સ્વતંત્ર દૃષ્ટિનો અભાવ દેખાય છે. આપણા વ્યવહારોનું જો કાળજીપૂર્વક વિશ્લેષણ કરીશું તો જણાશે કે ગામડાનાં માણસોથી આપણે કંઈ બહુ આગળ નથી ગયા. એટલો ફેર પડશે કે એ લોકોની જેમ આપણે કાયમ દેવું નહિ કર્યા કરીએ. સમય બદલાયો છે એમ જો આપણે કહેતા હોઈએ તો તે જીવનની સપાટીને જ સ્પર્શી શક્યો છે. મૂળ સુધી પહોંચવાનું તો હજી બાકી છે.

શહેરમાં રહેતા ઉજળિયાત ગણાતા વર્ગોની રીતભાતનું અને તેમના વિચારોનું સ્વરૂપ બદલાયું છે ખરું? સ્વાતંત્ર્ય પહેલા આપણે પોષાક અને બાહ્ય રીતભાતમાં અંગ્રેજોનું અનુકરણ કરતા હતા. અને આવી નકલને પરિણામે જરાતરા અંગ્રેજ જેવા આપણે દેખાવા લાગ્યા હતા. હવે આપણે પશ્ચિમની લોકશાહી અને સામ્યવાદનું અનુકરણ કરીએ છીએ.

કેટલાક લોકો વળી માઓનું અંધ અનુકરણ કરે છે. આમાં અપવાદ છે પણ તે બહુ થોડો છે. સમય બદલાયો છે એમ આપણે કઈ રીતે કહેવું, જ્યારે આ દેશની ૮૦ ટકા પ્રજાની રોજની સરેરાશ આવક કેવળ એક રૂપિયો છે. આટલી મોંઘવારી અને દિન-પ્રતિદિન વધતા ભાવો સામે ટક્કર ઝીલવાનું રૂપિયાનું શું ગજું છે?

ભારતમાં ખરેખરી લોકશાહી છે કે કેમ એ હવે આપણે જોઈએ. લોકશાહીનો ઊંડો અને ખરો અર્થ તો એ છે કે લોકો પોતાના હક્કો વિષે સંપૂર્ણ જાગૃત હોય. આપણા દેશમાં આ પ્રમાણે છે ખરું? જે કોઈ અમુક સમય માટે સત્તા ઉપર હોય તેના નેતૃત્વ અને ગુલામીનો આપણા લોકો નીચું માથું રાખીને સ્વીકાર કરી શું ચાલતા નથી હોતા?

આ સિવાય આપણે ત્યાં મતદાન ઉપર કોમ અને જાતિનો ખ્યાલ અસર કરે છે; પૈસાના બળે પણ કામ લેવાય છે. સત્તારૂઢ લોકો ગરીબ પ્રજાનો મત મેળવવા ભાતભાતની રીતો અખત્યાર કરી જે રીતે દબાણ કરે છે એમાં નામોશી જેવું રહ્યું છે પણ ક્યાં?

એટલું સાચું કે આપણે લોકશાહીનું સ્વરૂપ ઊભું કર્યું છે; પરંતુ એમાં જે પ્રાણ અને સત્ત્વ હોવાં જોઈએ તેનો અભાવ છે એમ ખેદપૂર્વક કહેવું પડે છે. જ્યાં લોકોને સરખું લખતાં, વાંચતા અને હિસાબ કરતા પણ આવડતું નથી, જ્યાં કોમવાદ અને જાતિવાદનું ઝેર પ્રસરેલું છે ત્યાં લોકશાહીના ઉજળા ચિત્રની આશા પણ રાખી કેમ શકાય?

આપણી પાસે વ્યાપક પ્રમાણમાં જો કંઈ હોય તો બે વસ્તુઓ છે. એક છે અજ્ઞાન અને બીજી છે મતાધિકાર. લોકશાહી એ કેવળ બાહ્ય વસ્તુ નથી કે જેને જોઈને બેસી રહેવાનું હોય. એ તો એક એવી પ્રાણવંત વસ્તુ છે કે એનો ધબકાર આપણા વિચારો, કાર્યો અને વ્યવહારોમાં સંભળાય.

ઉચ્ચ વર્ગના લોકો નીચી કોમ પ્રત્યે કેવું વલણ દાખવી રહ્યા છે? શ્રીમંત વર્ગ ગરીબ પ્રજા તરફ કઈ રીતે વર્તી રહ્યો છે? નોકરચાકર અને આપણા હાથ હેઠળના માણસો તરફની આપણી રીતભાત કેવી છે? ખુલ્લા દિલથી આપણે કબૂલ કરી લઈએ કે જે રીતે આપણે જીવી રહ્યા છીએ તેને લોકશાહી કહી ન શકાય. પરંપરાગત રૂઢિઓમાંથી હજી આપણે બહાર આવી શક્યા નથી.

### પદનો રિવાજ

ખરી લોકશાહી જ્યાં નથી ત્યાં સમાજવાદની વાતો કરવી એ તો હવામાં બાચકા ભરવા જેવી વાત છે. અલબત્ત! આપણે સામ્યવાદી હોઈએ અને સરમુખત્યારશાહીમાં માનતા હોઈએ તો અલગ વાત છે. સમાજવાદનું સ્વરૂપ વૈજ્ઞાનિક ઢાંચા પર ખડું થયેલું છે. આજે તો સૌ કોઈ જાણે છે કે લગભગ આપણા બધા જ પ્રધાનો જોષીઓમાં શ્રદ્ધા ધરાવે છે, અને તેમનું માર્ગદર્શન સ્વીકારે છે. કેટલીક વાર તો જોષીઓને અપાતા આ પ્રકારના ઉત્તેજનનો ખર્ચ ભારતની ગરીબ પ્રજા ભોગવે છે. આ આપણી કમનસીબી નથી?

જે લોકો ઊંચા હોદ્દા પર છે, જેના હાથમાં પ્રજાના જીવનનો દોર છે, એ લોકો પોતાને લાભ થાય એ હેતુથી અમુક ખાસ પ્રકારના નંગ કે કીમતી પત્થરની વીંટી પહેરતા હોય એ દેશમાં સાચી લોકશાહી કે થોડોઘણો પણ સમાજવાદ હોઈ શકે ખરો? ઉચ્ચ હોદ્દો સંભાળતી સ્ત્રીઓ અમુક જ રંગના વસ્ત્રો પહેરે કે ગળામાં નેકલેસને બદલે રુદ્રાક્ષની માળા પહેરે એ શું સમાજવાદના સમર્થન માટેનું કોઈ તત્ત્વ છે?

વળી ઉત્તરભારતમાં તો એવી સ્થિતિ છે કે સમાજવાદની મોટી મોટી વાતો કહેનારા પોતાના કુટુંબની સ્ત્રીઓને તો હજી પર્દામાં જ રાખે છે. આપણું સમાજજીવન જ્યાં સુધી આ રીતનું છે ત્યાં સમાજવાદ આવ્યો છે એમ આપણે કઈ રીતે કહેવાના? વળી જ્યાં ઉત્પાદન નબળું છે ત્યાં સમાજવાદ આવી શકશે ખરો?

આપણી પાસે જે સંપત્તિ છે તેનું વિકેન્દ્રિકરણ કરવાથી સમાજવાદનો હેતુ પૂરો નથી થઈ જતો. આથી કંઈ દારિદ્રયનો દાવાનળ નથી હોલવાઈ જવાનો કે નથી બેકારી મટી જવાની કે નથી પ્રજાનું જીવનધોરણ સુધરી જવાનું. ઉત્પાદન વધે અને તેની સમાન વહેંચણી થાય ત્યારે આટલી દારુણ ગરીબી અને બેકારીનો પ્રશ્ન હળવો થઈ સમાજવાદ આવી શકે છે. આપણે એ ધ્યાનમાં રાખવું ઘટે કે આધ્યાત્મિકતા અને લોકશાહીની જેમ સમાજવાદ એ કેવળ વાતો કરીને બેસી રહેવાની વસ્તુ નથી. એ તો આપણા રોજના જીવનમાં સાકાર થતી એક જીવનપ્રણાલી છે. નમ્રતાપૂર્વક આપણે કબૂલ કરી લઈએ કે આપણે જે રીતે જીવી રહ્યા છીએ તેને સમાજવાદ કહી શકાય તેમ નથી.

### પ્રધાનોનો ખર્ચ

ચોથા મુદ્દા પર વિચાર કરીએ. ભારત જેવા ગરીબ દેશમાં સાલિયાણાં પોસાય નહિ એમ કહી બંધારણમાં ફેરફાર કરવાનો જે લોકો આગ્રહ રાખે છે તેમની વાત ખોટી નથી, પરંતુ રાષ્ટ્રપતિ ભવન અને પ્રધાનોના બંગલામાં જે નાણાં ખર્ચાઈ રહ્યાં છે તેને ભારતની કંગાલિયત સાથે કંઈ લેવાદેવા ખરી કે નહિ?

કહેવાય છે કે મધ્યસ્થ સરકારના દરેક કેબિનેટ પ્રધાનનો વાર્ષિક ખર્ચ સાડાચાર લાખ રૂપિયા છે. કર ભરી ભરીને પ્રજાની કેડ ભલેને વાંકી વળી જતી! નવી દિલ્હી જેવા શહેરમાં દરેક પ્રધાન પાંચ એકર જમીનનો વિસ્તાર ધરાવતાં બંગલામાં રહે છે. આ જમીન ફળદ્રુપ હોઈ તેમાં દરેક જાતનું કઠોળ અને શાકભાજી પ્રધાનોના કુટુંબ માટે ઊગાડવામાં આવે છે, અને આ ઉત્પાદનનો ખર્ચ નાણાખાતું ભોગવે છે.

આ તો જાણીતી વાત છે કે બંગાળના એક પ્રધાને પ્રજાના ખર્ચે પોતાના કમ્પાઉન્ડમાં માછલીઓ રાખવાનું જળાશય (Fish

Pond ) બનાવ્યું હતું. કેટલાક પ્રધાનો પોતાના નિવાસસ્થાનમાં મરઘા-બતકાખાનું ( Poultry ) રાખે છે એ પણ જાણીતી વાત છે.

પ્રધાનોની ફેરબદલી થાય છે ત્યારે એકવાર સજાવેલો બંગલો વળી બીજીવાર બીજા પ્રધાનની રસરુચિ મુજબ શણગારવામાં આવે છે. આનો પંદરથી પચાસ હજારનો ખર્ચ લેવાદેવા વગર બિચારી ગરીબ પ્રજાને માથે ચડે છે. પાર્લામેન્ટના સભ્યો તેમ જ ધારાસભ્યોને જે પગાર, ભથ્થાં તેમ જ અન્ય સગવડ મળે છે તેને સમાજવાદનું અંગ ગણી શકાશે ખરું ?

કેવળ આ બધો ખર્ચ આપણા દારિદ્રયને માટે કારણભૂત છે એમ કહેવાનો આશય નથી, પરંતુ જોવાની ખૂબી તો એ છે કે પોતાની સુખસગવડ વખતે ગરીબ જનતા તરફ આંખમીંચામણા કરનારા પ્રધાનો તેમ જ પાર્લામેન્ટના સભ્યોના દિલમાં સાલિયાણાંના પ્રશ્ન વખતે પોતાના દરિદ્ર દેશબંધુઓ માટે કેટલી અનુકંપા ઉભરાઈ આવી ?

### દંભ

સત્તાધારી લોકો પોતાના અંગત સ્વાર્થ માટે કે પક્ષને સદ્ધર રાખવા ધનિક વર્ગને જે રીતે લાયસન્સ, પરમીટ અને ખાસ માલનો જથ્થો આપે છે એ તો સામાન્ય વાત થઈ પડી છે. બેહાલ દશામાં સબડતા એક વર્ગ સામે પૈસાદારને વધુ પૈસાદાર બનાવવાની આ નીતિ સમાજવાદ આણી શકશે ?

અંગ્રેજો અહીં હતાં ત્યારે મને એમ લાગતું હતું કે દુનિયામાં સૌથી વધુ જો કોઈ દંભી હોય તો તે અંગ્રેજો છે. પરંતુ ભારતમાં રહીને અંગ્રેજોએ જે નીતિ અખત્યાર કરી તેમાં તેમનો અંગત સ્વાર્થ કદી હતો નહિ. તેમની નજર સામે તો પોતાનો દેશ અને પોતાની પ્રજા જ હતી.

બર્નાડ શોએ અંગ્રેજો માટે ભારે રમૂજપૂર્વક કહ્યું છે: "અંગ્રેજો એકદમ સારું નથી કરતા તેમ એકદમ ખરાબ પણ નથી કરતા. પરંતુ તેઓ અઘટિત તો કદાપિ નથી કરતા. એમના વ્યવહારો અમુક ધોરણ મુજબ ચાલે છે. દેશાભિમાનથી પ્રેરાઈ એ તમારી સાથે ઝઘડામાં ઉતરે છે, તમને લૂંટે ત્યારે એમની ધંધાકીય સૂઝ કામ કરતી હોય છે; તમને ગુલામ બનાવે ત્યારે એમની રાજકીય નીતિ કામ કરતી હોય છે; તમને બનાવે ત્યારે એમની આવડતનું અભિમાન જોર કરતું હોય છે; પોતાના રાજાને ટેકો આપે ત્યારે તેમની વફાદારી કામ કરતી હોય છે, અને એ રાજાનું માથું ઉડાવી દે ત્યારે એમની નાગરિકત્વની સ્વાતંત્ર્યભાવના કામ કરતી હોય છે. તેમની નજર સામે હંમેશા એક જ વસ્તુ હોય છે, અને તે છે "ફરજ." તેઓ એક વાતનો જાગૃત ખ્યાલ રાખે છે કે પોતાના દેશહિત વિરૂધ્ધ જઈને કંઈ પણ કરવાથી દેશનો સર્વનાશ થઈ જાય છે." (The Man of Destiny)

આટલાં વર્ષોના અનુભવ પછી ગંભીર રીતે વિચાર કરતાં આજે હું એક ખેદજનક નિર્ણય પર આવ્યો છું કે દુનિયામાં સૌથી વધુ દંભી અને પોકળ પ્રજા જો કોઈ હોય તો તે ભારતવાસીઓ છે. દરેક માનવમાં ઈશ્વરતત્વ હોવાની વાતો કરનારા આપણે સૌકાઓ સુધી આપણા જ એક બંધુવર્ગ—જેનામાં દૈવી તત્વ છે—ને અસ્પૃશ્ય ગણી તેમની સાથે અણછાજતો વ્યવહાર કર્યો છે.

દેશની ઉન્નતિ માટે સ્વાર્થત્યાગ કરી આદર્શ નાગરિક બનવાની રોજ રોજ રેડિયો પરથી પ્રસારિત થતી નેતાઓની શિખામણો પ્રજાને નસીબે કેવળ આજે રહી છે. એ લોકોના કથનમાં વિશ્વાસ રાખીને ભોળી પ્રજા જીવ્યે જાય છે, પણ આમ ક્યાં સુધી ચાલશે ?

જે સમયે અને જે રીતે સાલિયાણાં બંધ કરવામાં આવ્યા છે તે લોકશાહીના માન્ય સિધ્ધાંતો સાથે કેટલે અંશે સુસંગત છે તેની હું ચર્ચા કરતો નથી. મેં તો અહીં કેવળ આ બાબતની ચર્ચા કરી છે કે સાલિયાણાંનાબુદીની તરફેણમાં પાર્લામેન્ટમાં જોરશોરથી બોલનારાઓની દલીલમાં કેટલો તો દંભ અને પોકળતા છે?

અનુવાદક : **સૌ. શારદાબહેન શાહ.**

મૂળ અંગ્રેજી : **આચાર્ય જે. બી. કિરપલાણી.**

## હવે કયા માર્ગે ?

છેવટ મધ્યસત્ર ચૂંટણી કરવાનો નિર્ણય ઈન્દિરા ગાંધી અને કેબિનેટે લીધો છે અને રાષ્ટ્રપતિએ લોકસભાનું વિસર્જન કર્યું છે. આ નિર્ણય મુખ્યત્વે ઈન્દિરા ગાંધીનો છે. તેમાં રહેલું જોખમ અને સાહસ, તેમની પોતાની હીંમત અને આત્મવિશ્વાસનું પરિણામ છે. લોકશાહી તંત્રમાં નિયત સમય કરતાં વહેલી ચૂંટણી થાય, તેમાં કાંઈ નવું નથી. પણ આપણા દેશમાં આ પહેલો જ પ્રસંગ છે. ઈન્દિરા ગાંધીની સરકાર લોકસભામાં બહુમતિમાં નથી, તેથી લોકસભાનું વિસર્જન કરી, નવી ચૂંટણી માગવાનો તેમને અધિકાર નથી, તેમ જ રાષ્ટ્રપતિએ આ સલાહ સ્વીકારી તે અયોગ્ય કર્યું છે—આ બન્ને આક્ષેપો પાયા વિનાના છે. જેઓ આવા આક્ષેપો કરે છે તેઓ એ પણ જાણે છે કે તે ખોટા છે અને માત્ર પ્રચાર માટે છે.

ઈન્દિરા ગાંધીએ આ નિર્ણય શા માટે કર્યો ? રાષ્ટ્રપતિએ લોકસભાનું વિસર્જન કરતો આદેશ બહાર પાડ્યો કે તુરત જ ઈન્દિરા ગાંધીએ પ્રજાજોગ વાયુપ્રવચનમાં પોતાના આ નિર્ણયનાં કારણો સમજાવ્યાં. પોતે ધાર્યું હોત તો હજી વધારે ૧૪ મહીના સુધી સત્તા સ્થાને રહી શકત. પણ નવી કોંગ્રસનો બીનસાંપ્રદાયિક અને સમાજવાદી કાર્યક્રમનો અમલ કરવામાં, લોકસભામાં પોતાનો પક્ષ લઘુમતિમાં હોવાથી જે રૂકાવટ થાય છે તે દૂર કરવા અને પ્રજાનો વિશ્વાસ આ કાર્યક્રમમાં અને તેમના નેતૃત્વમાં છે કે નહિ તેનો ફેંસલો કરવા આ નિર્ણય લીધો છે. બીજું કારણ એ હોવાનો સંભવ છે કે બહુમતિ મેળવવા અત્યારે જે સંજોગો છે તેનાં કરતાં એક વર્ષ પછી, કદાચ વધારે પ્રતિકૂળ સંજોગો ઊભા થાય. માટે અત્યારે આ તક લેવી અને હવે પછીના પાંચ વર્ષ, ચોકખી બહુમતિ મળે તો, પોતાના કાર્યક્રમને સ્થિરતાથી અમલમાં મુકવાનો અવકાશ મેળવવો.

વિરોધ પક્ષોએ ઈન્દિરા ગાંધીના આ પગલાને વખોડી કાઢ્યું છે. શા માટે ? એમણે તો આવકારવું જોઈએ કે ઈન્દિરા ગાંધીને સત્તાસ્થાનેથી હટાવવાની તેમને આ તક મળે છે. ઈન્દિરા ગાંધી દેશને સામ્યવાદ તરફ ધસડી જાય છે અને રશિયાની અસર નીચે ખેંચી જાય છે એ આક્ષેપોની હવે તેમણે પ્રજાને ખાત્રી કરી આપવી અને ઈન્દિરા ગાંધીને હરાવવા. જોખમ હોય તો ઈન્દિરા ગાંધીને છે કે ૧૪ મહીના વિશેષ સત્તા સ્થાને રહી શકત તે છોડીને તેમણે આ સાહસ ખેડ્યું છે. હારી જાય તો ઊખડી જશે. ખરી રીતે વિરોધ પક્ષોને ભય છે કે, ઈન્દિરા ગાંધી કદાચ બહુમતિ મેળવી જશે.

પણ વ્યકિતઓની વાત એક બાજુ મૂકીએ. ઈન્દિરા ગાંધી સત્તાસ્થાને હોય કે બીજો કોઈ, મહત્વનો પ્રશ્ન છે કે, દેશને, પ્રજાને કઈ દિશામાં જવી છે ? સ્વાતંત્ર્યના ૨૨ વર્ષ પછી, આપણે એક ઐતિહાસિક તબક્કે આવીને ઊભા છીએ. કોંગ્રસે ઘણાં વર્ષો સુધી સમાજવાદની વાતો કરી. પણ પ્રજાની ભયંકર ગરીબી, બેકારી, અજ્ઞાન, આ બધાં વિકરાળ સ્વરૂપે આપણી સમક્ષ ઊભા છે. પ્રજા હિંસાના માર્ગે વળી રહી છે. આર્થિક અસમાનતાઓ ઘટવાને બદલે વધી છે. અનૈતિકતા, ભ્રષ્ટાચાર, શોષણ, પ્રજાજીવનમાં ઊંડા ઊતર્યા છે. કોમવાદ, પ્રાન્તવાદ, ભાષાવાદ વધતા રહ્યા છે. દરેક વર્ગના અસંતોષની જવાળાઓ આસમાને પહોંચી રહી છે. નેતાગીરી નિષ્ફળ ગઈ છે. નવી પેઢી - શિક્ષિત અને અશિક્ષિત બન્ને, વિશ્વાસ ગુમાવી બેઠી છે. અસમાનતાઓ કાંઈક ઓછી કરવા જે કાયદાઓ કર્યા - ખાસ કરી ભૂમિવિતરણ અને સુધારણાના, તે મોટે ભાગે અસફળ થયા છે. આ બધાનો ભડકો થાય તે પહેલાં, શાંતિમય માર્ગે, લોકશાહી રીતે આ પ્રશ્નનો થોડા અંશે પણ હલ કરવાનો કોઈ માર્ગ છે ? પ્રજામાં આવેલ હતાશા અને મરણિયાપણાને અટકાવી કાંઈક આશા અને

વિશ્વાસ પેદા કરવાનો કોઇ માર્ગ છે? ચૂંટણીમાં પ્રજાએ આ નિર્ણય કરવાનો છે. પ્રજા કરી શકશે? તેને સાચું માર્ગદર્શન મળશે?

સ્થાપિત હિતો ઉપર આક્રમણ આવે ત્યારે તે બધા એક અથવા બીજા સ્વરૂપે, સંગઠિત થઇ તેનો સામનો કરશે. આ સ્થાપિત હિતો, મૂડીવાદી હોય, કોમવાદી હોય, વિશિષ્ટ અધિકાર ભોગવવાવાળાના હોય–તે બધા એકત્રિત થશે, સ્વતંત્રતા, અને લોકશાહી વિગેરેની સુફીયાણી વાતો કરશે. પણ પાયામાં પોતાના સ્થાપિત હિતોનું રક્ષણ એ જ તેનું લક્ષ્ય રહેશે. જેમ ઉદામવાદી બળો હિંસાનો આશ્રય લે છે, તેમ સ્થાપિત હિતો પણ બધાં સાધનોનો ઉપયોગ કરતાં અચકાશે નહિ.

રાજકીય પક્ષો અને તેના આગેવાનો આ ઝંઝાવાતમાં ખેર-વિખેર છે. દરેક રાજકીય પક્ષમાં ઉગ્ર મતભેદો છે. પ્રભાવશાળી નેતૃત્વ નથી. આવા સંજોગોમાં પ્રજા નિર્ણયાત્મક ચુકાદો આપશે કે અસ્થિરતા જ રહેશે–એ જટિલ પ્રશ્ન આપણી સામે છે.

જુની કોંગ્રસ, જનસંઘ અને સ્વતંત્ર પક્ષ એક થઇ નવી કોંગ્રસનો સામનો કરશે. પ્રજાસમાજવાદી પક્ષ નવી કોંગ્રસ સાથે સમજૂતી કરશે. સંયુકત સમાજવાદી પક્ષમાં ઉગ્ર મતભેદ છે. દ્રમુક અને અકાલી એકંદરે નવી કોંગ્રસને ટેકો આપશે. ભારતીય ક્રાન્તિદળના ચરણસિંહ દોરડા ઉપર નટ પેઠે હજી નાચી રહ્યા છે. રાજવીઓ, ઉદ્યોગપતિ અને મૂડીવાદી, અને બીજા સ્થાપિત હિતો જુની કોંગ્રસ અથવા જનસંઘની સાથે રહેશે. સામ્યવાદી પક્ષ વહેંચાયેલો છે. રાષ્ટ્રીય સ્તર પર જુની કોંગ્રસ પેઠે, નવી કોંગ્રેસ, કોઇ પક્ષ સાથે જોડાણ કરે એવો સંભવ નથી. કેરળમાં સામ્યવાદી અને મુસ્લીમ લીગ સાથે સમજુતી કરી તે કેરળ પુરતી જ હતી. એવી સમજૂતી રાજ્યકક્ષાએ થશે. બંગાળમાં ચૂંટણી સાથે હોવાથી, સામ્યવાદી પક્ષ નવી કોંગ્રેસ સાથે એટલો સહકાર, રાષ્ટ્રીય ધોરણે નહિ કરી શકે. મુસ્લીમ લીગ હવે માથું ઉંચકે છે. માત્ર કેરળમાં કાંઇક જોર હતું તે હવે અખિલ ભારતીય ધોરણે તૈયારી કરે છે. અને જાણે જુની મુસ્લીમ લીગ સજીવન થતી હોય તેવાં ચિન્હો છે. આ મોટું ભયસ્થાન છે. મુસ્લીમ કોમવાદનો પડદો હિન્દુ કોમ ઉપર પડશે જ, જેનો લાભ ઉઠાવવા જનસંઘ પ્રયત્ન કરશે. હજી આપણે ત્યાં રાજ-કીય પક્ષો પ્રત્યે મતદારોનું વલણ સ્થિર થયેલું નથી. તેમાં પણ નવી પેઢી કઇ દિશામાં વળશે તે જોવાનું રહે છે. નવી કોંગ્રેસનો વ્યવસ્થિત સામનો કરે એવો પક્ષ જનસંઘ છે. તેથી જુની કોંગ્રેસ અને સ્વતંત્ર પક્ષ જનસંઘનો સાથ શોધે છે. પણ અંતે નેતાઓનું વ્યકિતત્વ અને પક્ષના આર્થિક કાર્યક્રમનું મતદારને મુખ્ય આકર્ષણ રહેશે. આપણે એમ આશા રાખીએ કે દેશના હિતમાં હવે પછીનાં પાંચ વર્ષ સ્થિર અને સબળ કેન્દ્રતંત્ર રહે એવી રીતે ચૂંટણીનું પરિણામ આવે અને દેશ અસ્થિરતા અને અરાજકતામાંથી બચી જાય. ડાબેરી અને જમણેરી બળોનું સંગઠન થાય અને પ્રજાને સ્પષ્ટ પસંદગી કરવાની તક મળે. જુની કોંગ્રેસ, જનસંઘ અને સ્વતંત્ર પક્ષ આવા જમણેરી બળોનું સંગઠન બનશે. નવી કોંગ્રેસ અને પ્રજા સમાજવાદી પક્ષ, Left of the Centre જે સંયુકત કોંગ્રેસનો કાર્ય-ક્રમ રહ્યો છે, તે પૂરો પાડશે. દેશને સામ્યવાદ અને કોમવાદમાંથી બચાવવો હોય તો કોંગ્રેસનો સમાજવાદનો કાર્યક્રમ, જે વર્ષોથી રહ્યો છે, તેનો પ્રમાણિકપણે અમલ થાય તેમાં જ પ્રજાનું હિત છે. આ ચૂંટણી પ્રજાની મોટી કસોટીરૂપ બની જશે.

૨૮-૧૨-૭૦ ચીમનલાલ ચકુભાઇ શાહ.

# સાલિયાણાં અંગે ચુકાદો

રાજવીઓની માન્યતા પાછી ખેંચી લેતો રાષ્ટ્રપતિનો હુકમ સુપ્રીમ કોર્ટે ગેરકાયદેસર ઠરાવ્યો છે. પરિણામે રાજવીઓના સાલિ-યાણાં અને વિશિષ્ટ અધિકારો હાલ તુરત કાયમ રહે છે. રાષ્ટ્રપતિના આ હુકમની કાયદેસરતા વિશે પ્રમાણિક મતભેદને અવકાશ છે. તેથી સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો ખોટો છે એમ નહિ કહેવાય.

સાલિયાણા અંગેના ચુકાદામાં મુખ્ય દલીલ એ હતી કે બંધા-રણની કલમ ૨૯૧થી સાલિયાણાં અંગે અને કલમ ૩૬૨થી વિશિષ્ટ અધિકાર અંગે, બંધારણીય ગેરંટી આપવામાં આવી છે અને આ કલમો બંધારણમાં છે ત્યાં સુધી, માત્ર કલમ ૩૬૬ (૨૨) ને આધારે રાજવીઓની માન્યતા પાછી ખેંચી લઇ, તેમનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો નાબૂદ કરી શકાતા નથી. આ દલીલ વજૂદ વિનાની ન કહેવાય. સરકારના કાયદાના સલાહકારોનો મદાર કલમ ૩૬૬ ઉપર હતો જે મુજબ રાજવીઓ સાથે થયેલ કરારોમાંથી ઉદ્‌ભવતી કોઇ બાબતમાં સુપ્રીમ કોર્ટને હકુમત નથી. પણ જો રાષ્ટ્રપતિનો હુકમ કલમ ૨૯૧ અને ૩૬૨ થી વિરૂદ્ધ હોય તો એવા હુકમને ગેરકાયદેસર ઠરાવવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર છે અને તેમાં કલમ ૩૬૬ બાધક નથી. એ દલીલમાં પણ વજૂદ છે.

પણ જો સુપ્રીમ કોર્ટ આટલો નિર્ણય આપીને અટકી હોત તો મુસીબત ઊભી ન થાત. પણ સુપ્રીમ કોર્ટ એથી આગળ વધીને, ખાસ કરી બે ન્યાયધીશો, ચીફ જસ્ટીસ હીદાયતતુલ્લા અને જસ્ટીસ હેગડેએ, સ્પષ્ટ રીતે અને બીજા સાત જજોએ ગર્ભિત રીતે, એમ કહ્યું છે કે, સાલિયાણાનો અધિકાર માત્ર રાજવીઓ સાથેના કરારો ઉપર અવલંબિત નથી પણ એક મિલકતનો અધિકાર છે. Right to Property. રાજાઓ દેશના નાગરિક છે અને તેમનો આ મિલકતનો અધિકાર, કલમ ૨૯૧ કે ૩૬૨ રદ કરીને, નાબૂદ થતો નથી પણ મિલકતને લગતા કોઇ પણ અધિકારને લઇ લેવો હોય કે ન્યુન કરવો હોય તો યોગ્ય વળતર આપીને જ થઇ શકે એવો અભિપ્રાય આપ્યો છે. એટલે, બંધારણીય સુધારો કરી કલમ ૨૯૧ કે ૩૬૨ રદ કરવામાં આવે તેથી જ માત્ર સાલિયાણાં કે વિશિષ્ટ અધિકારો રદ થતાં નથી પણ સાથે યોગ્ય વળતર પણ આપવું જોઇએ. વળતરની યોગ્યતા (Adequacy of Compensation) નક્કી કરવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર નથી એવી બંધારણમાં સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં, બેંક-રાષ્ટ્રીયકરણ કેસમાં સુપ્રીમ કોર્ટે, પોતાના પૂર્વના ચુકાદાઓથી અને બંધારણની સ્પષ્ટ જોગવાઇની વિરૂદ્ધ જઇને, બેંકોના રાષ્ટ્રીયકરણના કાયદાને બિનબંધારણીય ઠરાવ્યો. આ બાબતમાં તો સરકારે છૂટે હાથે વળતર; જરૂર કરતાં પણ ઘણું વધારે આપીને, બીજો કાયદો કર્યો. પણ સાલિયાણાં બાબતમાં એવું થાય તેમ નથી. ગોકલનાથના ચુકાદાથી સુપ્રીમ કોર્ટે મિલ્કતનો હક નાબૂદ કરવાનો અથવા ન્યુન કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી એમ ઠરાવેલ હોવાથી, સાલિયાણાં નાબૂ-દીનો પ્રશ્ન ગૂંચવણભર્યો બન્યો છે.

સાલિયાણાંના ચુકાદા પછી તુરત કોઇક પગલાં લેવા પડે તેમ હતું. પણ તેમ ન કરતાં, ઇન્દિરા ગાંધીએ નવી ચૂંટણી કરાવી, આ પ્રશ્ન હાલ મોકૂફ રાખ્યો છે અને તેને ચૂંટણીનું એક અંગ બનાવ્યું છે, જે ચૂંટણી પછી વિચારવાનું રહેશે. સુપ્રીમ કોર્ટે આ પ્રશ્નને આવી રીતે ગૂંચવ્યો ન હોત તો માર્ગ સ્પષ્ટ હતો કે બંધારણીય સુધારો કરી, કલમ ૨૯૧ અને ૩૬૨ રદ કરવી. ત્યાર પછી પણ કાંઇ વળતર નથી આપવું એમ તો નથી જ, પણ તે સરકારની ઇચ્છા-પ્રમાણે, સંજોગો અનુસાર આપવાનું રહે. પણ સુપ્રીમ કોર્ટના-અભિપ્રાય મુજબ માટે સરકાર માટે આ બાબતમાં કોઇ વિકલ્પ રહેતો નથી. ને પુરું વળતર આપવું જ પડે એવી એક લડત ઊભી રહે.

ગોલકનાથનો ચુકાદો ખોટો છે એમ કાયદાના કેટલાય નિષ્ણા-તોનો અભિપ્રાય છે. શ્રી મોતીલાલ સેતલવડે એમ કહ્યું છે

કે આ ચુકાદો Political Decision છે. તેઓ માને છે કે, સુપ્રીમ કોર્ટ પોતે જ આ ચુકાદાની ફેરવિચારણા કરી તેને રદ કરશે.

સાલિયાણાંનો ચુકાદો આવ્યા પછી રાજવીઓએ જાહેર કર્યું અને ઈન્દિરા ગાંધીને રૂબરૂ તેમ જ લેખિત જણાવ્યું કે, આ બાબતમાં તેઓ વ્યાજબી સમાધાન કરવા તૈયાર છે. ઈન્દિરા ગાંધીએ હાલ આ માર્ગે જવું પસંદ નથી કર્યું. કારણ એમ જણાય છે કે, સાલિયાણાં નાબૂદી કરતાં પહેલાં; તેમણે રાજવીઓ સાથે વાટાઘાટ કરી જોઈ પણ નિષ્ફળ બની. અત્યારે આ ચુકાદા પછી, સ્વાભાવિક રીતે જ રાજવીઓનો હાથ ઊંચો રહે છે. She would like to negotiate from a position of strength, rather than from that of weakness. એટલે ચૂંટણી પછીની પરિસ્થિતિ ઉપર આ પ્રશ્નના નિકાલનો આધાર રહેશે. જૂની કોંગ્રેસે પોતાની સ્વીકૃત નીતિથી વિરૂદ્ધ જઈ, બંધારણીય સુધારાનો વિરોધ કર્યો ન હોત તો કદાચ આ સમસ્યા ઊભી ન થાત. પણ પ્રમાણમાં આ પ્રશ્ન ગૌણ છે અને તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવવા કરતાં, સમજુતીથી ઉકેલાતો હોય તો, તેમ કરવા જેવું છે.

૨૮-૧૨-૭૦ ચીમનલાલ ચકુભાઈ શાહ

# મજુરો પ્રત્યે દાખવેલી આત્મીયતા

દુનિયા ઝડપભેર આગળ વધી રહી છે. જે ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે તે ઝડપને જે અનુકૂળ નહિ થાય તે પાછળ રહી જશે - મોડા પડશે - નેસ્તનાબૂદ થઈ જશે. પહેલા માલિકોનો જમાનો હતો. આજે આખી દુનિયામાં રો વિષે પરિવર્તન આવ્યું છે અને આ યુગ મજૂરોનો છે એમ કહી શકાય. કેમકે તેમનામાં જાગૃતિ આવી છે, તેમના સંગઠ્ઠનો થયા છે અને એટલે હવે એ લોકો અન્યાય સહન કરવાના મિજાજમાં નથી - આવા સંજોગોમાં જો હવે માલિકો જૂની ઘરેડ પ્રમાણે ચાલવાનું પસંદ કરશે અને એમાં ફેરફાર નહિ કરે તો આજનો સમય તેને ચલાવી લેશે નહિ અને એ કારણે સામ્યવાદનો ફેલાવો વધારે જોરશોરથી થશે અને એના પ્રવાહમાં જૂનું માનસ કોઈ પણ સંજોગોમાં ટકી શકશે નહિ એનું આજે દીવા જેટલું સ્પષ્ટ દર્શન થાય છે. આપણે એક બાજુ બૂમો પાડીએ છીએ કે સામ્યવાદ વધારે પ્રમાણમાં અને જોરશોરથી ફેલાતો જાય છે અને બીજી બાજુ માલિકો જૂની ઘરેડના કોશેટામાંથી બહાર નીકળતાં નથી – આ હવે ચાલવાનું નથી. સમય પ્રમાણે માલિકોએ પોતાના વિચારોને પરિવર્તિત કર્યા સિવાય છૂટકો જ નથી. જો એમ નહિ થાય તો કદાચ માલિકોનું હિત અને તેમની માલિકીનું અસ્તિત્વ જોખમાશે એવો પાકો ભય રહે છે, અને જો માલિકો પોતાની વિચારસરણીમાં પરિવર્તન દાખવે અને જમાનાની માંગને અનુકૂળ બનવા પ્રયત્ન કરે તો સામે પક્ષે પણ તેનો સાનુકૂળ પડઘો પડતો જોવા મળે છે તેને લગતો નીચેનો પ્રસંગ આશાપ્રેરક અને આવકાર્ય ગણાય.

તા. ૪ થી શુક્રવારના રોજ એક વર્તમાનપત્રના પ્રતિનિધિને ટેલિફોન પર નિમંત્રણ આવ્યું કે "ઉદ્યા દુપારી આમ્હી કાપડિયા શેઠ્યા સન્માન કરણાર આહાત, તુમ્હી યા ..."

આ પ્રતિનિધિને ઘડીભર તો પ્રશ્ન થયો કે શું ડિરેક્ટરોનું કામદારો દ્વારા સન્માન? અશક્ય. કેમકે અત્યાર સુધીનો સામાન્ય અનુભવ તો ડિરેક્ટરોનો ઘેરાવ કરવો, મોરચા કાઢીને ડિરેક્ટરોને ગાળો દેવાનો, હડતાળ પાડવાનો–એવો જ હતો, એટલે સન્માનની વાત ગળે ક્યાંથી ઊતરે? તે પ્રતિનિધિ લખે છે કે મેં "કાપડિયા ઉદ્યોગ જૂથના પ્રેસ રિલેશન્સ અધિકારીને ફોન કર્યો અને સ્પષ્ટતા માંગી. એમણે કહ્યું, 'વાત સાચી છે, કામદારોએ કાપડિયા શેઠનું સન્માન યોજ્યું છે.'

"અને શનિવારે કામદારોદ્વારા યોજવામાં આવેલ સંચાલકોના સન્માનના અદ્‌ભૂત કાર્યક્રમમાં હાજર રહેવા હું ગયો. ત્યાં મેં જે સાંભળ્યું એમાં સાર એટલો જ હતો કે કાપડિયા કુટુંબે કામદારોને પ્રગતિના સાચા ભાગીદાર બનાવવાની દિશામાં પહેલ કરી છે. તેમણે બોનસ વિશેનો નિર્ણય કામદારોના પ્રતિનિધિઓ સાથે મળીને લીધો છે. અને એ રીતે બન્ને પક્ષે મનમેળ સધાયો છે. ૪૦ વર્ષથી કોહિનુરમાં કામ કરતા શ્રી રાજા નાયકે કહ્યું કે 'બાપ-દીકરાઓ વચ્ચેના સ્નેહનો નવો સંબંધ શરૂ થયો છે. બીજો કામદાર ભગવાન નાયક કહે છે, 'આ પ્રસંગે સાચા સમાજવાદનો માર્ગ ચીંધ્યો છે!'

"ત્યારબાદ તે પ્રતિનિધિ કહે છે કે આગળ ચાલતા એક કામદારને આ સમારંભ વિશેનો અભિપ્રાય પૂછ્યો અને જવાબ મળ્યો 'માઝી દહા વર્ષાંચી નોકરી મધે અસા પહીલાચ પ્રસંગ આહે, આમ્હાલા ફાર આનંદ વાટતો' – અને તેણે સંચાલકોએ કામદારો સાથે કેવો સબંધ કેળવ્યો છે, કેવી રીતે કામદારોના પ્રશ્નો હલ કર્યા છે અને કેવી રીતે નવું વાતાવરણ સર્જ્યું છે વિગેરે વિસ્તારથી જણાવ્યું, જેમાં નેકીનો પડઘો હતો - લાગણીનું પ્રતિબિંબ હતું એ હું જોઈ શક્યો.

"સ્ટેજ પર કામદારોના જમેલામાં નવીનભાઈ કાપડિયા અટવાઈ ગયા હતા – ભીમજીભાઈ ઉભા થઈ રાજા ભાઈ નાઈકને નમસ્કાર કરતા હતા–આ રીતે કંઈક નવું જ બની રહ્યું હતું. અને આ સમારોહનું આયોજન પણ કામદારોએ આઠ આઠ આના કાઢીને પોતાની એકતા અને સંચાલકો પ્રત્યેની વફાદારીને મંજૂરીની મહોર મારી હતી.

"આવા સમારોહો હરેક મિલમાં, હરેક કારખાનામાં, હરેક ક્ષેત્રે કામદારો–કર્મચારીઓ અને માલિકો વચ્ચે યોજાય તો આવતી કાલે દેશની સુરત પલટી જાય, એક નવી હવા ચાલે, જે સંઘર્ષની બદબૂને બદલે સ્નેહની સૌરભ ફેલાવે."

ઉપરનો સંદેશના પ્રતિનિધિનો અહેવાલ માલિકોની આંખો ઉઘાડનારો - તેમને જાગૃત કરનારો બનવો જોઈએ. જો આ રીતે કામદારો અને માલિકોના ભાઈચારાભર્યા સીધા સંબંધો બંધાશે અને તે વિકસશે તો તેમને ગુમરાહ બનાવનારા કામદાર આગેવાનો તેમને ખોટે રસ્તે દોરી શકશે નહિ અને એ રીતે દેશની પ્રગતિમાં અવારનવાર હડતાળો અને બંધોદ્વારા જે રૂકાવટ લાવવામાં આવે છે તે લાવવાને તેઓ શક્તિમાન રહેશે નહિ. માટે ઉપરનો સોનેરી માર્ગ માલિકોએ વિલંબ કર્યા વિના ગ્રહણ કરવો એ આજના યુગનો તકાજો છે, તેમ કરીને દેશને પ્રગતિના પંથે વાળી શકાશે.

– શાન્તિલાલ ટી. શેઠ

## અદ્યતન રાજકીય પરિસ્થિતિ:

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા સભાગૃહ (૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ઉપર) તા. ૭-૧-૭૧ને ને ગુરુવારે સાંજે ૬ વાગે પાર્લામેન્ટ સભ્ય શ્રી શાંતિલાલ હ. શાહનું 'અદ્યતન રાજકીય પરિસ્થિતિ' ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. એ વિષયમાં રસ લેનાર ભાઈ-બહેનોને સપ્રેમ આમંત્રણ છે.**

**મંત્રીઓ,**

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

હું ઘણી વાર વિચારું છું કે આ એક પાપ કરી લઉં અને પછી બધાં પાપોનો પસ્તાવો સાથે જ કરી લઈશ. પણ મને એ ખ્યાલ નથી આવતો કે ઋણ વધારતા જવાથી તે ચૂકવવાની શક્તિ વધવાની નથી.

–ટૉમસ ફુલર

# પૂજ્ય વિનોબાજીના સાન્નિધ્યમાં ગાળેલી જીવનની થોડી અમૂલ્ય પળો

આભાર છે પરમ કૃપાળુ પરમાત્માનો કે ગાંધીયુગની અડીખમ – સ્તંભરૂપ વ્યક્તિઓ આજે પણ આપણી સાથે છે. સંત તુલસીદાસે સત્સંગનો મહિમા ગાતાં કહ્યું છે કે:

"એક ઘડી આધિ ઘડી, આધિ મેં પુનિ-આધ;
તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ."

અર્થાત: એક ઘડી અથવા અડધી ઘડી, અડધીનીયે અડધી એવી પા ઘડી પણ સંત વ્યક્તિની સંગત, કરોડ અપરાધોને દૂર કરે છે. આવી જ આપણા યુગની, આપણી સાથે જીવતી-જાગતી, વિચારતી, આ યુગની પરિસ્થિતિમાં અકળાયા વગર સ્થિતપ્રજ્ઞની શાંતિ જાળવીને સતત કલ્યાણ વાંચ્છતી, સાથે લાડીલા સેવકોની ચિન્તા કરતી સંતવિભૂતિ વિનોબાજીને મળવા દિલ આતુર બની રહ્યું હતું. બાર વર્ષ પહેલાં ભરૂચ-શુકલતીર્થમાં તેમના સહવાસનો એક અવસર સાંપડ્યો હતો. તે પહેલાં ને ત્યારબાદ એમના વિચારોનો સહવાસ અને સૂક્ષ્મ માર્ગદર્શન પૂ. કાકાસાહેબ દ્વારા જાણે કે મળતું જ રહેતું હતું. આથી એમના પુનઃ પ્રત્યક્ષ સહવાસની તીવ્ર ઇચ્છા હું અનુભવતી હતી. એવામાં સાત વર્ષ પહેલાં દીવાળીની રજામાં પવનાર આશ્રમની બ્રહ્મવિદ્યામંદિરની જાપાની બહેન ટોમિકો કોઇ અદ્‌ભુત રીતે પ્રથમ પરિચય આપીને પછી પૂ. કાકાસાહેબને ત્યાં મને પહેલીવાર મળી ગઈ. મૈત્રી થઇ અને તેણે પવનાર આવવાનું આમંત્રણ આપ્યું. આથી ઉનાળાની રજામાં પૂજ્ય વિનોબાજી પાસે જવું એમ મનમાં નિર્ણય કર્યો. એ તો શક્ય ન બન્યું પણ એ દિવસો દરમિયાન એક એવા જ અનુભવ દ્વારા પવનાર આશ્રમની બીજી એક જર્મન બહેન શ્રદ્ધાને મળવાનું બન્યું. બહેન ટોમિકાએ એક Vision દ્વારા પોતાનો પ્રથમ પરિચય આપ્યો હતો. બહેન શ્રદ્ધાએ સ્વપ્ન દ્વારા પોતાનો પ્રથમ પરિચય આપ્યો. અને પછી એ બહેન પણ પૂ. કાકાસાહેબ પાસે જ પ્રથમ મળી અને અમારી વચ્ચે મૈત્રી નિર્માણ થઇ. આમ એક જ સ્થળની, એક જ પ્રકારની વ્યક્તિઓનું એક જ સ્થળે મિલન થવાથી અને પવનાર આવવાનું આમંત્રણ અપાવાથી પવનાર પહોંચવાની ઉત્કંઠા વધતી ગઈ. તેમાં ય પૂ. કાકાસાહેબે દીવાળીની છૂટ્ટીઓમાં દિલ્હી આવવાનું આમંત્રણ આપ્યું. આથી મેં લખી જણાવ્યું કે દિલ્હી આવવાની પણ ઇચ્છા છે; પરંતુ 'ઇશ્વરેચ્છા બલીયસી.' જવાબમાં તેમણે જણાવ્યું, "દિલ્હી આવવા માટેનો કાચો સંકલ્પ કરવો જ નહિ. ઈશ્વરેચ્છા પર નહિ, પણ ભવિતવ્યતા ઉપર બધા વિચારો સોંપી દેવા. અમે બધા તો આવજા કરનારા લોકો છીએ પણ અહીં ખાસ મળવા જેવાં અહીંનાં "સ્થિર – રહીશ" ચિ. રૈહાના છે. એ ક્યાંયે જાય નહિ, એટલે ચારે ખંડના લોકો એમને શોધતા શોધતા આવે છે. તો તમે પણ તેમને મળવા આવો?"

બસ, આ શબ્દોએ મારા વિચારમાં પ્રાણ પૂર્યા. દિવાળીની છુટ્ટીઓમાં એક પછી એક એવા સંજોગો ઊભા થયા કે મારો પ્રવાસ મુલતવી રાખવો પડે, પરંતુ પૂ. કાકાસાહેબના વચનને ધ્યાનમાં લઇને અને બહેન શ્રદ્ધાના આગ્રહને અનુલક્ષીને મારા પૂ. પ્રવીણભાઇને વાત કરી અને તેઓ તુરત જ રવિવાર તા. ૨૫-૧૦-૭૦ ની ટિકિટનું અંકન કરાવી લાવ્યા. કારણકે બહેન શ્રદ્ધા અને ટોમિકોએ કુટુંબની વ્યક્તિઓની સાથે રહીને તેમનાં માન અને મૈત્રી પણ સારાં સંપાદન કરી લીધાં હતાં.

આમ મને પવનાર ખેંચી જવા માટે વિવિધ વ્યક્તિઓએ વિવિધ પ્રકારનો ફાળો આપ્યો, બળ આપ્યું, પ્રેરણા ને આશિષ આપ્યાં. અને મેં દિવાળીના અવકાશમાં કલકત્તા મેલ દ્વારા પવિત્ર ધામ પવનાર પ્રતિ પ્રયાણ કર્યું.

વર્ધાથી છ માઇલને અંતરે ધામ નદીને તીરે આવેલું પવનાર અત્યંત શાંત, પવિત્ર, રમણીય ગામડું છે. તેમાં ય "બ્રહ્મ વિદ્યામંદિર" તો ઊંચી ટેકરી પર આવેલું છે. તે સાધિકા બહેનો માટેનો સ્વાવલંબી– ' Self Contained ' – આશ્રમ છે. તેમાં ભરત-રામ મંદિર પણ છે, જેની રામ-ભરત મિલનની મોટી સુંદર મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા ખુદ વિનોબાજીએ કરી છે, જે તેમના સ્વહસ્તે પવનાર ભૂમિનું ખેડાણ કરતાં મળી આવી હતી. એ એમની પ્રિય પ્રતિમા છે.

આશ્રમમાં પગ મૂકતાં જ ઘોમ ધખતા તાપમાં માથે ઘેરા લીલા રંગની તડકાની ટોપી, ખુલ્લું શરીર અને ઘૂંટણ સુધીનું સફેદ ધોતિયું પહેરી દાતરડાથી કામ કરી રહેલ અને મહેમાનોના જૂથનો પરિચય મેળવી રહેલ કર્મયોગી પૂ. વિનોબાજીનું પ્રથમ દર્શન મનમાં રમી ગયું.

સ્નાનવિધિ પતાવી "વિષ્ણુસહસ્રનામાવલિ" જે પૂ. બાબાના સાન્નિધ્યમાં થાય છે તેમાં બેસી ગઇ. શુદ્ધ સ્વરના ઉચ્ચાર સાથે લયબદ્ધ થતું બહેનોનું પઠન કર્ણપ્રિય લાગ્યું. નામસ્મરણ બાદ ખાંટલાને ટેકે લાંબા પગ કરી સંપૂર્ણ સ્વસ્થતાથી અને રમૂજની છોળોથી ગંભીર વાતાવરણને હળવું બનાવતી પૂ. બાબા સાથેની પ્રશ્નોત્તરી શરૂ થઈ. હૃદય આતુર થઈ ગયું. ઉત્તરકાશીથી આવેલ બહેન ઇન્દુતાઇએ પ્રશ્નો તૈયાર રાખ્યા હતા. પૂ. બાબા પૂરું સાંભળી શકતા ન હોવાથી, તેઓ ક્યારેક વળી લખીને પ્રશ્નો પૂછતાં હતાં. કુસુમતાઈ ક્યારેક પ્રશ્નને વધુ સ્પષ્ટ કરતાં હતાં. (ઇન્દુતાઇ પૂ. વિનોબાજી સાથે પદયાત્રામાં સાથે રહેલ એક બહેન)

**જ્ઞાનયોગી સાહિત્યકાર વિનોબાજી**

બહેને અધ્યયનની આવશ્યકતા બાબત અને દેવપ્રતિમાની પૂજા બાબત પ્રશ્નો કર્યા હોય તેવું લાગ્યું. બાબાએ જણાવ્યું, "અધ્યયન-ચિન્તનમાં એક જ વ્યક્તિ બસ છે. ચર્ચામાં બે વ્યક્તિની જરૂર, પ્રવાસમાં ત્રણની અને સ્મશાને પહોંચાડવા ચાર જણની જરૂર. વેદમાં કહ્યું છે, "ન તસ્ય પ્રતિમા અસ્તિ" તે પર શ્લેષ કરી પૂર્ણ અર્થ આપ્યો" નતસ્ય પ્રતિમા અસ્તિ" અર્થાત્ "તેની ઇશ્વરની પ્રતિમા નથી." તેને બદલે 'નત – નમ્રને માટે પ્રતિમા છે. નમ્રને માટે પ્રતિમામાં પણ પરમેશ્વર છે. આમ જ "નમો પાર્વતી પરમેશ્વરૌ" જેમાં **નમો** પાર્વતી પ = (પતિ) અને રમેશ્વરૌ – (વિષ્ણુને) બન્નેને નમસ્કાર છે. આમ સંસ્કૃત ભાષાનાં વાક્યો પણ અનેકાર્થી છે. શબ્દોની સમૃદ્ધિ પણ આ ભાષા જેટલી બીજી કોઇ ભાષાની નથી. દાખલા તરીકે અંગ્રેજી એટલી સમૃદ્ધ નથી. અંગ્રેજીમાં 'Earth' શબ્દનો અર્થ પૃથ્વી થાય. આ એક જ શબ્દ પૃથ્વી માટે છે. જ્યારે સંસ્કૃતમાં પૃથ્વી, ગુર્વી, ઊર્વી ધરા, ક્ષમા, વસુન્ધરા વગેરે કેટકેટલા શબ્દ! દરેકના જુદા અર્થ. ' Mediteranean (ભૂ-મધ્ય સમુદ્ર) શબ્દ લઇએ તેમાં tera – ધરાનો અર્થ છે. કારણ ધરા– પૃથ્વીની વચ્ચે આવેલો સમુદ્ર છે. medi –વચ્ચે-મધ્યમાં, પણ આ 'tera' શબ્દ 'ધરા' માંથી આવેલો છે. તે લૅટિન છે. લૅટિન ભાષાને સંસ્કૃત સાથે સામ્ય છે. જેમકે Septo– સપ્ત, octo – અષ્ટ વગેરે ઘણા સંસ્કૃતને મળતા શબ્દ છે. અધ્યયનમાં આ બધી બાબતોનો સમાવેશ થાય. નામસ્મરણમાં કહેતા નામ-જપમાં આ બધી બાબતોનો સમાવેશ ન હોય. નામ–જપ અર્થ માટે નથી. ત્યાં શબ્દની પોતાની જ કિંમત છે. વેદ એ મહા-શબ્દ છે. વેદનું પિષ્ટપેષણ શા માટે જોઇએ? ઉપનિષદમાં એક ઠેકાણે 'દ' શબ્દ દ્વારા દેવોને, દાનવોને અને માનવોને ત્રણેને જુદા અર્થ આપ્યા. દેવોને કહ્યું, 'દમન કરો.' દાનવને કહ્યું, 'દયા કરો'. માનવને કહ્યું "દાન કરો." સંત તુકારામનું સંસ્કૃતનું જ્ઞાન ગીતા, એકાદશ – સ્કંધ અને વિષ્ણુ-સહસ્રનામ પૂરતું જ હતું. છતાં તેઓ અધ્યાત્મનો ઉત્તમ

રસ માણતા. બીજો ઢસડવાનું કામ પંડિતનું. અધ્યનનમાંથી જુદી જુદી રીતે રસ માણતા શીખવું જોઈએ."

આમ અધ્યયન બાબત ચર્ચા કરતાં વિનોબાજીની વિદ્વત્તા-પૂર્ણ રમૂજે માણી. શબ્દોની રમત કરતા સાહિત્યકારનું પાવન દર્શન થયું. માન્યું હતું વિનોબાજી ઓછા બોલા છે, નિજાનંદે મસ્ત રહે-નાર બીજા સાથે શું બોલે? પણ અનુભવ કંઈ અનેરા થતા ગયા. આનંદમાં ભરતી ચડતી ગઈ. ઉમળકાથી એમના ચરણમાં મેં માથું નમાવ્યું અને તેમણે આશીર્વચન ઉચ્ચાર્યા. 'જય જગત્'. પૂછ્યું, 'ગુજરાતી છે?' પવનાર ધામની જર્મન સાધિકા બહેન શ્રદ્ધાએ તૂટીફૂટી હિંદીમાં મારો પરિચય કરાવ્યો કે 'યહ મેરી બહુત બહુત સહેલી હૈ, બમ્બઈસે આઈ હૈ, મૈં બમ્બઈ મેં ઈન કે ઘર રહી થી. કાકાસાહબ કી 'ડીવોટી' (ભકત) હૈ!' પૂ. કાકાસાહેબનું નામ સાંભળતાં જ બાબાએ તુરત કહ્યું: "અરે, વે તો હમારે પુરાને દોસ્ત હૈ."

### (૨) બાળસહજ બ્રહ્મવેત્તા

તે બાદ શેતરંજ રમતા વિનોબાજીનું નૂતન દર્શન થયું. શતરંજ રમતા જાય, હસતા જાય, ઘડીમાં જીતતા જાય, ઘડીમાં હારતા જાય, પ્યાદા ઉઠાવતા જાય, ચલાવતા જાય, 'જય જગત' 'શહ' 'હમ તો વિજય દેને કે લિયે હી ખેલતે હૈં' 'મરના તો હૈ હી; મરને કી ફિકર ક્યા?' 'પહા, માઝે મોઠે મોઠે મેલે' આવી વિવિધ વાણી ઉચ્ચારતા જાય. તો સામા પક્ષવાળા કહેશે 'ઈન્હેં મારામારી હી કરના હૈં, એસા રખતે હં કિ મારના હી પડતા હૈ।'

આમ બાલસખા બાલુભાઈની સાથે શેતરંજ રમતા વિનોબાજીનું જાતને ને જગતને ભૂલીને બાળક બની જતું રૂપ જોયું. કહ્યું છે ને કે બ્રહ્મજ્ઞાની જ બાળ-સ્વરૂપ બની શકે છે. આવી સરળતા વગર એ કેમ બની શકે? આમ બપોર પૂરી થઈ.

### (૩) "સુપરવાઈઝર" વિનોબા

સાંજે કહે, "મૈં કલ Super-vision કરને વાલા હૂં: એક તિનકા ભી યહાઁ-વહાઁ નહીં ચાહિએ." સાંજે નિયમ મુજબ આશ્રમની પરિક્રમા કરવા નીકળ્યા. આશ્રમની પરિક્રમા એટલે સફાઈ. નાનું સૂકું પાન પણ અહીં-તહીં રખડતું જોવા ન મળે. કાંકરામાંથી નકામી વનસ્પતિ નીંદવા જાતે બેસી જાય. પથરાયેલી રેતી ઉપર પાણી છંટકાવ કરવાનું પ્રોત્સાહન આપતા જાય. સાંજે લગભગ સાડા છ વાગે આછા લીલા રંગની મચ્છરદાનીમાં ઘેરા લીલા રંગની ટોપી પહેરી બેઠેલા સમાધિસ્થ વિનોબાજીનું ફરીવાર દર્શન થયું. જાણે કોઈ દેવી ફિરસ્તો પવનારને પાવન કરી રહ્યો હોય એવી દઢ પ્રતીતિ થઈ. આમ પ્રથમ દિવસ પૂરો થાય.

બીજે દિવસે પ્રશ્નોત્તરી થઈ. ગ્રંથનિષ્ઠા, વ્યક્તિનિષ્ઠા અને સંસ્થાનિષ્ઠાની બાબતમાં બોલતા તેમણે અનેક દૃષ્ટાંતોને રજૂ કર્યા. બીજો પ્રશ્ન હતો,

"શિક્ષણમાં અધ્યાત્મ લાવવાથી શું સાર્વત્રિક અશાંતિ દૂર ન થઈ શકે?"

બન્ને પ્રશ્ન ઈન્દુભાઈએ રજૂ કર્યા હતા.

### (૪) કેળવણીકાર વિનોબા

બાબા આજે જરા ગંભીર હતા. એમણે કહ્યું કે ગલત શિક્ષણ ચાલી રહ્યું છે, એટલું જ નહિ, દોષ છે દૃષ્ટિનો. દૂર અને નજીકનું બન્ને જોઈ શકે તે પૂર્ણદૃષ્ટિ. શિક્ષણમાં દુવિધા છે. ગવર્નમેન્ટ કહે છે 'આ અમારો વિષય નથી.' સ્વરાજ્ય-પ્રાપ્તિ બાદ ગલતશિક્ષણ ચાલી રહ્યું છે, તે મોટી ભૂલ છે. પણ તે સુધારવાથી ફરક પડવાનો નથી. જનતાના હાથમાં શિક્ષણ આવશે ત્યારે ફરક પડશે. સરકારના હાથમાં રહે તો જે પક્ષની સરકાર આવે તે પક્ષનું શિક્ષણ ચાલે. Communist હોય તો તે મુજબ અને જનસંઘ હોય તો તે મુજબ. માટે પહેલી અગત્ય કે સર-કારના હાથમાં શિક્ષણ ન જોઈએ. બીજું એ કે સમાજના ઉપર-નીચેના તબક્કામાં ફરક છે. આર્થિક-સામાજિક ઉન્નતિ નથી. તેથી સાચી આઝાદી મહસૂસ નથી થતી. આર્થિક ઉન્નત્તિ હાથમાં લઈએ તો સામાજિક ઉન્નતિ પર અસર પડે. આથી જ અમે ગ્રામદાન રૂપે હાથમાં કાર્ય લીધું છે. તેને વ્યાપક કરવાની જરૂર છે. બધી સંસ્થાઓએ એક થવાની જરૂર છે. સમૂહ તાકાત વાપરવાની છે. જેથી

૧. સરકારમુકત શિક્ષણ, અને

૨. આર્થિક-સામાજિક, ઉન્નત્તિ થાય.

"અત્યારે તો બિહાર 'front' પર બધી તાકાત લગાડવી પડી છે. અલગ-અલગ શંખ ફૂંકાય તેથી કશું પરિણામ નહિ આવે. સિવાય કે ફૂંકનારને મહેનત પડશે એટલું જ."

અપૂર્ણ

પુષ્પાબહેન જોશી

## લોકગુરુ આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી

(ગતાંકથી ચાલુ)

પંજાબમાં એકધારાં ૧૯ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેઓએ ગુજરાત તરફ વિહાર કર્યો ત્યારે સમાજના ઉત્કર્ષ માટે, સમયની હાકલને ધ્યાનમાં લઈને, શું શું કરવાની જરૂર છે એ અંગેના એમના વિચારો પરિપક્વ થઈ ચૂકયા હતા. અને હવે તો એ વિચા-રોને રચનાત્મક સ્વરૂપ આપવાની જરૂર હતી. આ યોજનામાં મુખ્ય-ત્વે બે બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હતી: એક તો, જૈન સંઘની નવી પેઢી વિદ્યાની દરેકેદરેક શાખામાં નિપુણતા મેળવે એ માટે શિક્ષણસંસ્થાઓ કે વિદ્યાર્થીગૃહો સ્થાપવામાં; અને બીજી, સમાજના જરૂરિયાતવાળાં ભાઈઓ-બહેનોને જરૂરપૂરતી પૂરક સહાય મળતી રહે એ માટે કંઈક કાયમી વ્યવસ્થા કરવી, જેમ કે એ માટે મોટું ફંડ એકઠું કરવું અને ઉદ્યોગગૃહોની સ્થાપના કરવી.

ગુજરાત તરફના વિહારમાં આ યોજનાને તેઓએ અગ્ર-સ્થાન આપ્યું, અને જૈન સંઘ આ યોજનાનું મહત્ત્વ સમજે એ માટે અવિરત પુરુષાર્થ આદર્યો. તેઓના આ પુરષાર્થને લીધે જ પંજાબ, રાજસ્થાન, ગુજરાત તેમ જ મહારાષ્ટ્રમાં નાની-મોટી શિક્ષણ-સંસ્થાઓ અને વિદ્યાર્થીગૃહો સ્થપાયાં. આ ઉપરાંત, આજથી ૫૫ વર્ષ પહેલાં, મુંબઈમાં સ્થપાયેલ અને સમય જતાં અનેક શાખા-ઓ રૂપે વિસ્તાર પામેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, એ પણ આચાર્યશ્રીની પ્રેરણા અને ભાવનાનું જ ફળ છે. આ સંસ્થાએ જુદા જુદા વિષયના નિષ્ણાત કેટલા બધા સ્નાતકો સમાજને અને દેશને ભેટ આપ્યા છે.

આચાર્યશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ આવી સંસ્થાઓ ઉત્તરો-ત્તર વિકાસ સાધી શકી એમાં એમની દૂરંદેશી, સમયજ્ઞતા અને નિર્મોહ-વૃત્તિનો ફાળો કાંઈ જેવો તેવો નથી. કોઈ પણ સંસ્થાના સંચા-લનમાં દખલગીરી કરવાથી તેઓ હંમેશાં દૂર જ રહેતા, અને દરેક સંસ્થા પોતાનાં ધારાધોરણ પ્રમાણે કામ કરતી રહે એમાં જ પ્રસન્નતા અનુભવતા. આવી અનાસકિત કે અલિપ્તતા અતિ વિરલ જોવા મળે છે.

આવી જ નિર્મોહવૃત્તિ તેઓએ આચાર્યપદવી માટે દર્શાવી હતી. પંજાબના સંઘે તો તેઓને છેક વિ. સં. ૧૯૫૭માં આચાર્ય-પદ સ્વીકારવાની આગ્રહભરી વિનંતી કરી હતી; પણ મુનિ શ્રી વલ્લભવિજયજીએ વિનમ્રતાપૂર્વક એનો ઈનકાર કર્યો હતો. આ પછી છેક ચોવીશ વર્ષે, વિ. સં. ૧૯૮૧ માં, પંજાબ શ્રીસંઘના આગ્રહને વશ થઈને, લાહોરમાં, તેઓએ આચાર્યપદનો સ્વીકાર કર્યો હતો.

વિ. સં. ૨૦૦૬માં, જૈન કૉન્ફરન્સનું અધિવેશન ફાલનામાં મળ્યું ત્યારે, સંઘની એકતાના મનોરથ સેવતા અને એ માટે દિન-રાત પ્રયત્ન કરતા આચાર્યશ્રીએ લાગણીભીના સ્વરે એમ કહ્યું હતું કે "જો આપણા સંઘની એકતા સાધવા માટે જરૂર પડે તો હું મારું

આચાર્યપદ છોડવા તૈયાર છું.” જૈન સંઘની એકતા માટેની આ કેવી ભવ્ય ઝંખના! આ જ રીતે તેઓ ઇચ્છતા હતા કે જૈનોના બધા ફિરકાઓમાં પણ એકતા સ્થપાય.

એકવાર આચાર્યશ્રી પાલનપુર ગયા. એમના જાણવામાં આવ્યું કે સંઘમાં ક્લેશ છે. એમનો આત્મા કકળી ઊઠયો. એ વખતે જેઠ મહિનો ચાલતો હતો. ગરમી એવી પડતી હતી કે પંખીઓ પણ બહાર નીકળતાં ન હતાં. આચાર્યશ્રીએ સંઘના અગ્રણીઓને બોલાવીને કહ્યું કે જ્યાં કુસંપ હોય ત્યાં રહેવાનું મારું કામ નહીં. અને ઉનાળાની સખત ગરમીની પરવા કર્યા સિવાય તેઓએ વિહારની તૈયારી કરવા માંડી. સંઘ તરત જ સમજી ગયો.

રાજસ્થાનમાં ખિવાણદીના સંઘમાં ઝઘડો જોઈને તેઓએ કહ્યું કે તમારો ઝઘડો દૂર ન થાય ત્યાં સુધી મારે ગોચરી બંધ. તરત જ ઝઘડો દૂર થયો.

મહારાષ્ટ્રમાં બુરાનપુરમાં મા-દીકરા વચ્ચે ખટરાગ પડેલો. આચાર્યશ્રીના જાણવામાં એ વાત આવી. તેઓ પોતે ગોચરી લેવા નીકળ્યા અને એ ઘરે જઈ પહોંચ્યા. માતા અને પુત્ર બન્ને ગોચરી વહોરવાની વિનંતિ કરવા લાગ્યાં. આચાર્યશ્રીએ કહ્યું, ક્લેશવાળા ઘરમાંથી હું ગોચરી નહિ લઉં. તમે બન્ને સંપીને વહોરાવો તો જ ભિક્ષા લઈશ. વર્ષોજૂનો ક્લેશ સત્વર દૂર થઈ ગયો!

ગુજરાનવાળાના ગુરુકુળને નાણાંની મોટી ભીડ પડી. આચાર્યશ્રીએ જાહેર કર્યું કે “આ સંસ્થા માટે એક લાખ રૂપિયા ભેગા ન થાય ત્યાં સુધી મારે ગોળ-ખાંડ બંધ.” થોડા દિવસોમાં જ સંસ્થાની ટહેલ પૂરી થઈ ગઈ.

પૂનાના સંઘમાં ઝઘડો પડયાનું જાણીને આચાર્યશ્રીએ કહ્યું કે, “મેં સાંભળ્યું છે કે પૂનાના સંઘના લોકો અંદર અંદર બહુ ઝઘડે છે; આટલું જ નહીં, એવું પણ સાંભળ્યું છે કે એક પક્ષના લોકોએ જ મારું સ્વાગત કર્યું છે. પણ તમારે જાણવું જોઈએ કે જ્યાં સંઘમાં ઝઘડા હોય છે ત્યાં જવાનું હું ત્યારે જ પસંદ કરું છું કે જ્યારે સંઘના ઝઘડા મટી જાય.”

વિ. સં. ૨૦૦૮માં જૈન કૉન્ફરન્સની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થતાં હતાં. એ નિમિત્તે એ જ વર્ષમાં કૉન્ફરન્સનું અધિવેશન મુંબઈમાં ભરાયું હતું. આચાર્યશ્રીએ મધ્યમ અને ગરીબ વર્ગના ઉત્કર્ષને માટે કંઈક નક્કર કામ કરવાનો અનુરોધ કર્યો. કૉન્ફરન્સના મોવડીઓએ એ આદેશને ઝીલી લીધો તો ખરો, પણ એ દિશામાં ધારી પ્રગતિ થતી ન લાગી, એટલે આચાર્યશ્રીએ જાહેર કર્યું કે આ કામ માટે પાંચ લાખ રૂપિયા એકત્ર ન થાય ત્યાં સુધી મારે દૂધ બંધ. જૈન સંઘે થોડાં વખતમાં જ એમની ટહેલ પૂરી કરી દીધી. આચાર્યશ્રીનું સંઘનાયકપદ ચરિતાર્થ થયું.

સાધ્વીસંઘ ઉપર શાસ્ત્રો અને પરંપરાને નામે મૂકવામાં આવતા નિયંત્રણોને કારણે એમનો વિકાસ રુંધાઈ જાય છે, એ વાત પ્રગતિશીલ વિચારો ધરાવતા આચાર્યશ્રીના ખ્યાલ બહાર ન હતી. સાધ્વીસંઘને શાસ્ત્રાભ્યાસ અને વ્યાખ્યાનોની છૂટ આપવામાં આવે તો એ અવશ્ય પ્રગતિ સાધીને સંઘની વિશેષ સેવા કરી શકે. આચાર્યશ્રીએ પોતાની આજ્ઞામાં રહેતા સાધ્વીસમુદાયને આ બાબતમાં પૂરી છૂટ આપી.

એક વાર બિનૌલીના હરિજનોએ આચાર્યમહારાજને ફરિયાદ કરી કે “મહારાજ, હિંદુઓ અમને પાણીને માટે પજવે છે, એ દુઃખ દૂર નહિ થાય તો અમે હિંદુ મટી મુસલમાન બની જઈશું.” કરુણાપરાયણ આચાર્યશ્રીએ એમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. શ્રાવકોએ તરત જ એમને એક કૂવો બનાવી દીધો.

આચાર્યશ્રીના સંઘનાયકપદની ખરેખરી અગ્નિપરીક્ષા થઈ સને ૧૯૪૭ માં, દેશના વિભાજન વખતે. ત્યારે આખો દેશ કોમી હુતાશનમાં ઓરાઈ ગયો હતો. એ ચોમાસું આચાર્યશ્રી પંજાબમાં દાદાગુરુની નિર્વાણભૂમિ ગુજરાનવાલા શહેરમાં રહ્યા હતા. દેશ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો અને ગુજરાનવાલાં પાકિસ્તાનમાં ગયું હતું. જૈન સંઘની ચિન્તાનો પાર ન હતો. સંઘે ગમે તેમ કરીને ગુજરાનવાલા છોડીને હિન્દુસ્તાનમાં આવી જવાની આચાર્યશ્રીને પ્રાર્થના ઉપર પ્રાર્થના કરી; એ માટે જરૂરી સગવડ પણ કરી. પણ ગુજરાનવાલામાં સપડાઈ ગયેલાં બધાં સાધુ-સાધ્વીઓ અને જૈન ભાઈઓ-બહેનોના સ્થળાંતરની પૂરી ગોઠવણ ન થાય ત્યાં સુધી પોતાનો જીવ બચાવવા ચાલી નીકળવાનો તેઓએ સાફ સાફ ઈનકાર કર્યો. છેવટે એ બધાંના સ્થળાંતરની ગોઠવણ થઈ ત્યારે જ આચાર્યશ્રીએ દુભાતે દિલે ગુરુતીર્થ ગુજરાનવાલાને છેલ્લી સલામ કરી!

જીવનના છેલ્લા દિવસો વીતતા હતા. ત્યારે (વિ. સં. ૨૦૧૦ માં) આચાર્યશ્રી મુંબઈમાં બિરાજતા હતા. ૮૪ વર્ષની ઉંમર અને ૬૮ વર્ષના દીક્ષાપર્યાયને લીધે કાયાનો ડુંગર ડોલવા લાગ્યો હતો. છતાં મનમાં એક જ રટણ હતું કે ક્યારે પાલિતાણા જઈને હું દાદાના દર્શન કરું અને પંજાબ ક્યારે પહોંચું? કાયા ભલેને જર્જરિત થઈ, અંતરનો ઉત્સાહ અને ઉમંગ તો એવો ને એવો જ હતો.

નિરાશામાંથી આશા પ્રગટે, ક્રૂરતામાંથી કરુણા જન્મે, અધર્મમાંથી ધર્મની અભિરુચિ જાગે એવા એવા સારમાણસાઈના, સેવાપરાયણતાના, નમ્રતાના, કરુણાપરાયણતાના તેમ જ સમતા, શાંતિ અને સ્વસ્થતાના અનેક પ્રસંગમૌક્તિકોથી આચાર્યશ્રીનું જીવન વિર્મળ, ઉચ્ચ અને ઉદાત્ત બન્યું હતું.

આવા એક જાજરમાન પ્રભાવક મહાપુરુષે, વિ. સં. ૨૦૧૦ ના ભાદરવા વદિ ૧૦ના દિવસે (તા. ૨૯-૯-૫૪ ના રોજ), વધુ ઉન્નત સ્થાનને માટે અંતિમ પ્રયાણ કર્યું!

છેલ્લે છેલ્લે એમની કલ્યાણકારી ઉદાર જીવનસાધનાનો ખ્યાલ આપતા એમના જ શબ્દોથી આ સંક્ષિપ્ત પરિચય પૂરો કરીએ. તેઓએ વિ. સં. ૧૯૮૫ માં અમદાવાદમાં પોતાના અંતરની વાત કરતાં કહેલું કે –

“યુવકોને નાસ્તિક અને વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહેવાથી કશો અર્થ સરવાનો નથી. બન્નેના હાથ મેળવી સમયને-દેશકાળને ઓળખીને તેમને અને જગતને બતાવી આપવાનું છે કે જૈનધર્મ શ્રેષ્ઠ છે. મોક્ષ એ કંઈ કોઈનો ઈજારો નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ દરેક જો વીતરાગ બને તો મોક્ષ મેળવી શકે છે.”

એ સર્વમંગલકારી વિભૂતિને આપણાં વંદના હો!

**સમાપ્ત** રતિલાલ દીપચંદ દેસાઈ

## કાવ્યવ્યાખ્યાનો અને કવિ-સંમેલન

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૪-૧-૭૧ ગુરુવારના રોજ સાંજના ૫-૪૫ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં નીચે મુજબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.**

☐ વ્યાખ્યાનો: વિષય: કવિતાનો આનંદ

શ્રી રામપ્રસાદ બક્ષી (પ્રમુખ)
શ્રી કરસનદાસ માણેક: ગાંધીયુગ
શ્રી અમૃતલાલ યાજ્ઞિક: ૧૯૪૭ થી ૧૯૫૭
શ્રી યશવંત ત્રિવેદી: ૧૯૫૮ થી ૧૯૭૦
શ્રી ગુલાબદાસ બ્રોકર: ઉપસંહાર.

☐ કવિ સંમેલન

શ્રી જ્યોતીન્દ્ર દવે: (પ્રમુખ – સંચાલક)
શ્રી કરસનદાસ માણેક, શ્રી સુંદરજી બેટાઈ,
શ્રી ગુલાબદાસ બ્રોકર, શ્રી બકુલ રાવળ,
શ્રી સુધીર દેસાઈ, શ્રી યશવંત ત્રિવેદી, શ્રી હેમલતા ત્રિવેદી, શ્રી મેહુલ, શ્રી કૈલાસ પંડિત.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ આપ આપ કે તાનમેં ☆

(શ્રી માલતીબહેને જાણેલી એક સત્ય ઘટના નીચે રજુ કરી છે. તંત્રી)

અમેરિકાના એક નાના શહેરમાં અમે થોડા દિવસો રોકાયાં હતાં. રોજ સવારે ફરવા જતાં હતાં. એ શહેરમાં એક સુંદર ગુલાબનો બગીચો હતો. એમાં અનેક જાતનાં ગુલાબ દેખાતાં હતાં. પ્રાતઃકાળના રમ્ય વાતાવરણમાં એ બગીચો અત્યંત મનોહર લાગતો હતો.

એ બગીચામાં રોજ બે અમેરિકન સ્ત્રીઓ પણ આવતી હતી. પહેલા એક બે દિવસોમાં તો અમારી વચ્ચે કશી વાતો ન થઈ. માત્ર મીઠું હસીને જ છૂટાં પડતાં હતાં. પણ પછી તો એ બન્ને સ્ત્રીઓ મારી સાથે વાતો કરવાને આતુર દેખાઈ. શરૂઆતમાં અમારી વચ્ચે બન્ને દેશોની વાતો થઈ અને પછી સ્વાભાવિક રીતે જ કુટુંબ અને સમાજ વિશે વાતો નીકળી.

એ બે સ્ત્રીઓમાંથી એક જરા વધારે વૃદ્ધ લાગતી હતી. એ એકલી જ રહેતી હતી. એના મુખ ઉપર એકલતાની ઉદાસી અને નિરાશાની છાપ વર્તાતી હતી. બીજી સ્ત્રી એક માસિકની તંત્રી હતી. એને ભારત વિશે ઘણી માહિતી હતી. એણે આપણા દેશના રિવાજો અને રહેણીકરણી વિશે ઘણાં પુસ્તકો વાંચ્યા હતાં. આપણી સામાજિક તેમ જ કૌટુમ્બિક પ્રથા વિશે મારે મોઢે સાંભળવાનું એને ઘણું જ કુતૂહલ હતું. એ બેનનું નામ હતું પર્લ.

પર્લે પૂછ્યું, "હજુ આ આધુનિક યુગમાં પણ તમારા દેશમાં સયુંકત કુટુંબની પ્રથા ચાલુ છે? હજુ પણ દીકરાઓ પરણીને માતપિતા સાથે રહે છે? એ સંયુકત કુટુંબની જંજાળથી એમના વ્યકિતત્ત્વનો વિકાસ રુંધાઈ નથી જતો?"

મેં કહ્યું, "હવે અમારા દેશમાં પણ પહેલા જેવા સંયુકત કુટુંબો રહ્યાં નથી. હવે તો સર્વત્ર નાનાં નાનાં કુટુમ્બો જ જોવા મળે છે. પણ આજના યુગમાં પણ લગ્ન પછી છોકરાઓ માતપિતા સાથે થોડાં વર્ષો તો સાથે રહે છે. એ લોકો વૃદ્ધ માતપિતાની સંભાળ રાખે છે અને ગૃહવ્યવહાર ચલાવે છે. વૃદ્ધાવસ્થામાં પણ એમને નાના પૌત્ર, પૌત્રીની કંપની મળે છે અને તે સાથે નાનાં બાળકોને પણ પોતાના માતપિતા કામમાં રોકાયેલાં હોય છે એ દરમિયાન દાદા-દાદીની પ્રેમાળ સંભાળ મળે છે. બાળકો માત્ર આયાને ભરોસે નથી ઊછરતાં. આ રીતે વૃદ્ધો અને બાળકો, બન્નેને એકબીજાની કંપનીનો લાભ મળે છે. કોઈને એવું એકલવાયાપણું લાગતું નથી. બન્નેનો સમય આનંદમાં વ્યતિત થાય છે."

અમારી વાતો સાંભળીને પેલી વૃદ્ધા એકદમ બોલી ઊઠી, "અમારા દેશમાં તો વૃદ્ધોની ખૂબ જ કપરી દશા થાય છે. લગ્ન પછી દીકરો તરત જ છૂટો રહે છે અને દીકરીઓ તો સ્વભાવિક રીતે જ સાસરે ચાલી જાય છે. પછી માતાપિતા ખૂબ જ એકલાં પડી જાય છે. તેમાંય માતાપિતા બે જણ હોય ત્યાં સુધી તો કશો વાંધો નથી આવતો પણ તેમાંથી એક જતું રહેતાં જે એકલું રહી જાય છે એની પરિસ્થિતિ ખૂબ જ વિકટ અને અસહ્ય બની જાય છે. મારી જ વાત તમને કરું.

"મારે બે દીકરાઓ અને એક દીકરી છે. બધાં મોટાં થઈને ઠેકાણે પડી ગયેલા છે. પણ હું તો એકલી જ રહું છું. અઠવાડિયામાં એક દિવસ આવીને બધાં મને મળી જાય છે, એ દિવસ તો મારો ખૂબ જ આનંદમાં પસાર થાય છે, પણ પછીના દિવસોમાં ખૂબ જ એકલું લાગે છે. માથું દુઃખતું હોય તો પણ કોઈને કહેવાનું જ નહિ. હું તો માણસોની કંપની ઘણી ઝંખું છું એટલે તો રોજ સવારે અને સાંજે અહીંયા ફરવા આવું છું"

આ સાંભળીને પર્લે કહ્યું, "ખરેખર મને તમારા દેશની પ્રથા ઘણી ગમે છે. અમારા માસિકમાં જરૂર હું એ પ્રશંસનીય પ્રથાને વિશે લખીશ."

થોડા દિવસો ત્યાં રહીને હું ભારત આવી. એક દિવસ હું બજારમાં ખરીદી કરવા ગઈ હતી ત્યાં મને આરતી મળી. એ બહુ ઉતાવળમાં હોય એમ લાગતું હતું. મેં તેનાં બાળકોની ખબર પૂછી પછી થોડી વારે એના સસરાની ખબર પૂછી. એના સસરાનું નામ સાંભળી એણે મોં મચકોડ્યું. એ બોલી, ઉષ્માબેન, વાત લાંબી છે, એમ બજારમાં વાત ન થાય, કોઈ સાંભળી જાય તો અમને કેટલું ખરાબ લાગે? મારે ઘરે આવજો. હું તમને બધી વાત કરીશ."

મેં કહ્યું, "ચાલને, હું થોડે સુધી તારી સાથે આવું છું. રસ્તામાં વાતો કરતાં કરતાં ચાલીશું." અને એણે વાતો કરવા માંડી.

"ઉષ્માબેન, શું વાત કહું? હું તો ખૂબ જ કંટાળી ગઈ છું આ ડોસાની ટકટકથી; એને આ જોઈએ અને તે જોઈએ. વચમાં થોડા દિવસો તો અમે રોજ દાકતરને બોલાવતાં હતાં. દવાઓ પણ કેટલી મોંઘી જાતની અમે લઈ આવીએ છીએ. એમને માટે ખાસ એક નોકર પણ રાખ્યો છે પણ એમને તો અમારું કરેલું ઓછું જ ,પડે છે. અમે બહાર તો જઈએ જ ને? એની માંદગી તો રોજની થઈ, તો શું અમે જીવનની મજા ન માણીએ? અમારું જીવન, અમારી મહત્વાકાંક્ષાઓ શું વેડફી દઈએ? મને તો ખૂબ જ ચીડ અને કંટાળો આવે છે. બેબીને પણ એ જ્યારે ને ત્યારે શિખામણો આપ્યા કરે છે. એ પણ ખૂબ કંટાળી ગઈ છે. મેં તો બેબીને એમની સાથે બોલવાની જ ના પાડી છે. ભલે પડી રહેતા એકલા." એની વાતો સાંભળીને મને ખૂબ જ આશ્ચર્ય થયું. આરતી સંસ્કારી, કેળવાયેલી સ્ત્રી થઈને આવી સ્વાર્થી, સંકુચિત મનોવૃત્તિ સેવે? એ એટલી બધી ઉશ્કેરાયેલી હતી કે એને કશું જ કહેવાનું મને ઉચિત ન લાગ્યું. તે દિવસે તો થોડી આડીઅવળી વાતો કરીને અમે છૂટાં પડ્યાં.

બંદરેક દિવસ પછી હું આરતીને ઘેર જઈ ચઢી. મારે ભરતકામનો નમૂનો જોઈતો હતો. ત્યાં જઈને જોઉં તો આરતી હતી નહિ અને એની બેબી પણ બહાર જવાની તૈયારી કરતી હતી. આરતીના સસરા શાલ ઓઢીને આરામ ખુરશીમાં બેઠા હતા.

મેં એમને પૂછ્યું, "કાકા, કેમ છો? કેમ રહે છે તમારી તબિયત? હવે પગો દુઃખતા ઓછા થયા કે નહિ?" એ બોલ્યા, "ઠીક છે તબિયત તો, રોજ જ કંઈનું કંઈ થાય પછી કરવું શું? રોજ કોને કહેવું?" મેં કહ્યું 'કેમ કાકા આમ બોલો છો? અમરબાઈ છે, આરતી છે અને આ તમારી નાનકી સીમા પણ છે ને?' આ સાંભળી એ બિચારા રડું રડું થઈ ગયા. એ બોલ્યા, "બેન શું વાત કરું? એ બધાં તો પોતાના કામોમાં એટલા ગુલતાન હોય છે કે મારી સાથે એક વાકય પણ બોલવાની એમને ફુરસદ નથી હોતી. જ્યારે જોઈએ ત્યારે દોડધામમાં જ હોય, પ્રવૃત્તિ માટે ચોવીસ કલાક એમને ઓછા પડતા હોય એમ લાગે છે. આ નાની સીમા પણ નથી બોલતી. એ એની બહેનપણીઓ અને ચોપડીઓમાંથી નવરી જ નથી પડતી. હું તો ખૂબ કંટાળી ગયો છું. હવે તો ભગવાન બોલાવી લે તો સારું. નહિ કહેવાય અને નહિ સહેવાય. ચાર ચાર દીકરે પણ મારી આ સ્થિતિ છે, બેન. હું બરાબર જાણું છું કે હું એ લોકોને ભારરુપ છું પણ મારે માટે કોઈ ઉપાય નથી. મને બીજું કશું નથી લાગતું પણ એ લોકો મારી સાથે બિલકલ બોલતાં નથી એ ખૂબ અપમાનજનક લાગે છે. હશે, વખત જતાં એ લોકો પણ સમજશે." એ બિચારા માથે હાથ દઈને બેસી રહ્યા. આશ્વાસનના બે બોલ કહીને મેં વિદાય લીધી.

રસ્તે ચાલતાં ચાલતાં અનેક વિચારો આવ્યા. આજના યુગમાં આપણે આપણી જાતને ઉચ્ચ અને સંસ્કારી માનીએ છીએ પણ એ બધું બહારનું પોલીશ છે, અંદરખાને તો બધું મલિન અને બોદું છે. વ્યકિતસ્વાતંત્ર્યના અંચળા હેઠળ આપણે કેટલા સ્વાર્થી અને અહંકેન્દ્રિત બની ગયા છીએ! કોઈને કોઈના સુખદુઃખની પડી નથી હોતી, સૌ પોતાનાંમાં જ ગુલતાન હોય છે. ખરેખર, આપણે આપણી માનવતા પણ ગુમાવી દીધી છે. આને પ્રગતિ કહી શકીશું?

**માલતી ખાંડવાળા**

# સત્ય અને સત્યાગ્રહ

ગાંધીજી ઘણીવાર એમ કહેતા કે "મારે દુનિયાને કશું નવું પ્રદાન કરવાનું નથી." તેમને પોતાનો કોઇ વાદ કે વાડો સ્થાપવાનો ઇરાદો ન હતો. પોતાના કોઇ અનુયાયી હોવાનો દાવો પણ તેમણે કર્યો ન હતો. સત્ય અને અહિંસા તો "ગિરિમાળા જેટલા પુરાણાં" હોવાનું તેમણે જણાવ્યું હતું. પછી દુનિયાની વિચારધારામાં અને તેના પ્રશ્નોના ઉકેલમાં ખાસ કરીને રાજકીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોએ તેમનો મહત્ત્વનો ફાળો કયો હતો? આ પ્રશ્નોનાં કેટલાંક એવાં પાસાં છે જેની ચર્ચાવિચારણા થઇ શકે એમ છે, અને અહીં હું તે ચૌકીના માત્ર એક એવા પાસાની વિચારણા કરવા માગું છું જેની અત્યાર સુધી અવગણના થઇ છે, એમ મને લાગે છે.

### પરસ્પર વિશ્વાસ

સત્ય અને અહિંસા ગિરિમાળા જેટલાં પુરાણાં છે એ સાચું છે અને માત્ર પયગંબરો અને સુધારકો જ નહિ પરંતુ લાખો સામાન્ય માનવીઓ પણ સત્યનિષ્ઠ હોય છે. વાસ્તવમાં દુનિયામાં આટલું બધું જુઠ્ઠાણું પણ સત્યના વિશાળ પ્રમાણ વગર ફૂલીફાલી ન શકે. જો બધા જ માનવી જૂઠા હોય તો બધો જ વ્યવહાર અટકી જાય. કોઇ કોઇના શબ્દો પર વિશ્વાસ ન કરે. પરંતુ કોઇ પણ વ્યવહારમાં સામેનો પક્ષ પોતાના વચનને-શબ્દોને વળગી રહેશે એવી લોકોને શ્રદ્ધા હોવાથી જ વ્યવહાર શક્ય બને છે અને માત્ર પરસ્પરના વિશ્વાસને આધારે જ દુનિયાનો વ્યવહાર ચાલી શક્યો છે અને ચાલી રહ્યો છે.

જીવનના પ્રત્યેક ક્ષેત્રે ઘણી છેતરપિંડી થતી હોય છે, એ સુવિદિત છે. વ્યાપારી દૂનિયામાં આવી છેતરપિંડી વધુ થતી હોય છે, છતાં એક વ્યાપારીએ બીજા વ્યાપારીને આપેલું વચન-શબ્દો સામાન્ય રીતે તેની લેખિત બાંયધરી જેટલું જ વિશ્વાસપાત્ર ગણાય છે એ એક હકીકત છે. જો આમ ન હોત તો કોઇ વ્યવહાર ન ચાલી શકત. લાખો રૂપિયા, પાઉંડ, ડૉલર વગેરેના સોદાઓ માત્ર જબાન પર ચાલે છે.

આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીથી વધુ છળકપટભરી બીજી કોઇ ચીજ નથી. એમ કહેવાય છે કે, પોતે કલ્પેલાં હિતો ન સરે ત્યારે રાષ્ટ્રોને મન કરારનું મૂલ્ય કાગળની ચબરખી જેટલું પણ નથી રહેતું. આમ છતાં રાષ્ટ્રો વચ્ચે દરરોજ કરારો અને સમજૂતીઓ વારંવાર થતાં જ રહે છે. એક સમજૂતીનો ભંગ થતાં જ બીજી સમજૂતી થાય છે. કારણ એ સિવાય રાષ્ટ્રો વચ્ચે કોઇ વ્યવહાર જ ન થાય.

તો પછી આમાં ગાંધીજીનો ખાસ મહત્ત્વનો ફાળો કયાં? ગાંધીજીએ સત્યનું સત્યાગ્રહમાં રૂપાંતર કર્યું એ જ તેમનો મહત્ત્વનો ફાળો છે. તેમણે સત્યાગ્રહને અસત્ય, અન્યાય અને જુલ્મ સામે લડવાનું શસ્ત્ર બનાવ્યું હતું. સત્યને તેમણે ક્રિયાશીલ જીવંત અને વ્યાપક બનાવ્યું હતું. હજી આજે પણ દુનિયામાં લાખો લોકો સત્યચાહક છે. પરંતુ શું તેઓ સત્ય સામે ઝઝૂમે છે ખરા? આપણે લાખો સત્યચાહક લોકો જોઇ શકીએ છીએ, પરંતુ સત્યના પ્રચાર માટે પોતાનાં ચેન અને આરામ, અરે જીવન સુદ્ધાં હોમી દે એવા લોકો તો ગણ્યાંગાંઠ્યાં જ હોય છે. આમ લોકો માત્ર સત્યચાહક કે સત્યવાદી છે, નહીં કે સત્યાગ્રહી—જે સત્યના પાલન માટે ગમે તે પરિણામો ભોગવવા તૈયાર હોય! આ સત્યવાદીઓ સત્યના ઉપાસકો માત્ર છે, તેના સૈનિકો નથી. તેઓ જ્યારે જ્યારે સત્ય માટે ઝઝૂમ્યા છે ત્યારે અસત્ય દ્વારા ઝઝૂમ્યા છે. તો શું આમ બેવડું જૂઠાણું કોઇ ઈલમની લાકડીથી સત્યમાં ફેરવાઇ શકે ખરું! ગાંધીજીની માન્યતા મુજબ સત્યના ઉપાસક બનવા માટે તો વ્યક્તિએ સત્યના સૈનિક બનવું રહે છે. અસત્ય સામે ઝઝૂમવા તેણે માત્ર સત્યનું જ શસ્ત્ર વાપરવું રહે છે. આમ થતાં સત્યમાં સત્યનો ગુણાંક થશે; નહીં કે અસત્યમાં અસત્યનો.

### અહિંસામાં અભાવ

ગાંધીજીના આદર્શની-વિચારણાની અહિંસાનું પણ કંઇક આવું જ છે. દુનિયાના સામાન્ય વ્યવહારોમાં પણ ઘણા ઓછા લોકો હિંસક બને છે. તેઓ પોતાનું જીવન શાંતિથી વિતાવે છે. પાડોશીઓ સાથે પણ તેઓ ભાગ્યે જ લડે છે અને લડે ત્યારે પણ તે માત્ર શબ્દોની લડાઇ હોય છે. જો કોઇ પોતાના પાડોશીઓ સાથે રોજ લડયા કરે તો તેનું કોઇ પડોશી જ ન રહે. તો પછી શું આ પ્રકારના લાખો ને લાખો લોકો ગાંધીજીની કલ્પના મુજબ અહિંસક છે? એનો સ્પષ્ટ ઉત્તર છે; 'ના'. તો પછી એમની અહિંસામાં ઊણપ શી છે? હું એમ જણાવીશ કે તેમાં જો કોઇ ખામી હોય, કોઇ અભાવ હોય તો તે પ્રતિકારનો છે. ગાંધીજીનું આંદોલન માત્ર અહિંસાનું જ નહિ પણ અહિંસક પ્રતિકારનું પણ હતું. એ માત્ર સવિનયનું જ નહિ પણ સવિનય કાનૂનભંગનું આંદોલન હતું.

હવે પ્રશ્ન એ થાય છે કે ગાંધીજીએ અહિંસક પ્રતિકારનું આંદોલન કેમ વિચાર્યું હશે? કારણ કે આજની દુનિયામાં એક ખૂન પછીનું બીજું ખૂન તો જાણે કે સર્વસંમતિથી થાય છે! આનો અર્થ એટલો જ જ કે, બીજા ખૂનની છૂટ આપનાર—તેને મૂક સંમતિ આપનાર લોકો તેને બીજું કંઇ નહિ તો પણ મદદરૂપ તો બને જ છે. જો સર્વસંમત અભિપ્રાય જ બીજા ખૂનની વિરુદ્ધમાં હોય, તો તે ખૂન નિવારી શકાયું હોત. આમ એ સ્પષ્ટ બને છે કે હિંસા દ્વારા હિંસાખોરીનો ઉપાય થઇ શકે નહીં. ઇશુખ્રિસ્તે ઘણા સમય અગાઉ કહ્યું હતું કે 'શેતાનને શેતાન સુધારી શકે નહિ.'

તો પછી હિંસાખોરીનો ઉપાય શો? તેનો ઉપાય તેની સામે અહિંસા દ્વારા જ ઝઝૂમવામાં રહેલો છે અને નહિ કે હિંસા દ્વારા ઝઝૂમવામાં. હિંસાખોરી દ્વારા તો રોજ મુકાબલો થાય છે. પરંતુ ગાંધીજી અહિંસક સત્યાગ્રહીઓ પાસેથી જે અહિંસાની અપેક્ષા રાખતા હતા તે આવી અહિંસા નહોતી. ન્યાયની હાકલ પડે ત્યારે આપણે અન્યાયનો પ્રતિકાર કરવાની ફરજભાવના ન ધરાવતા માત્ર મૂક નાગરિકો બની રહીએ છીએ.

મને ડર છે કે આપણે અને આપણા જેવા લોકો ગાંધીજી પાસેથી પ્રકાશ મેળવ્યાનું તો માનીએ છીએ, પરંતુ આપણે માત્ર સત્યચાહક કે સત્યવાદી જ છીએ; આપણે સત્યાગ્રહી નથી. આપણે સવિનયી જરૂર છીએ પણ સવિનય કાનૂનભંગને વરેલા નથી. ગાંધીજીની સત્યાગ્રહી વિચારધારાના આ અશંતઃ સ્વીકારે જ આપણને સ્વાતંત્ર્ય પછી આટલા પાંગળા અને બિનઅસરકારક બનાવ્યા છે. આપણે સત્યાગ્રહી મટી ગયા છીએ. ગાંધીજીનો રાહ આપણને ફરી દર્શાવવાનું કાર્ય અમેરિકામાં એક હબસી નેતાએ કર્યું. પોતે અંગીકાર કરેલ આદર્શો માટે જીવન ન્યોચ્છાવર કરનાર માર્ટિન લ્યુથર કિંગ સાચા અર્થમાં સત્યાગ્રહી હતા.

['કૉંગ્રેસ પત્રિકા'માંથી સાભાર] **આચાર્ય જે. બી. કૃપાલાણી**

## વૈદ્યકીય રાહતમાં ભેટ

૫૦૦-૦૦ શ્રી રજનિકાન્ત ચંદુલાલ મહેતા તરફથી, શ્રી ગુણીબહેન મારફત, આ રકમ સંઘના વૈદ્યકીય રાહત ખાતાને મળી છે, તે માટે અમો શ્રી રજનિકાન્તભાઇના આભારી છીએ. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. ટે. નં. ૩૫૯૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧૬, ૧૯૭૧, શનિવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## વર્તમાન રાજકીય પરિસ્થિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૭–૧–૭૦ના રોજ સાંજના સમયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તાજેતરમાં વિસર્જિત થયેલી લોકસભાના સભ્ય અને સંસ્થાકિય કૉંગ્રેસના એક અગ્રણી શ્રી શાન્તિલાલ હ. શાહનો 'વર્તમાન રાજકીય પરિસ્થિતિ' એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે એક વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. પ્રસ્તુત સભામાં શ્રોતાજનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતાં.

પ્રારંભમાં સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદભાઇએ શ્રી શાન્તિલાલ શાહને હાર્દિક આવકાર આપ્યો હતો અને આજના વિષય ઉપર તેમનું વ્યાખ્યાન ગોઠવવાની કેટલાક વખતની ઇચ્છા આજે પાર પડતી જોઇને પોતાનો આનંદ વ્યકત કર્યો હતો.

ત્યાર બાદ શ્રી શાન્તિલાલ શાહે પોતાના વાર્તાલાપ દરમિયાન નીચેના વિચારો રજૂ કર્યા હતા :

### વર્તમાન રાજકીય પરિસ્થિતિ

આજની રાજકીય પરિસ્થિતિની વાતમાં ચૂંટણી પણ આવે છે એટલે જાતજાતનાં પ્રવાહો વહે છે. બધા જ કહે છે કે સમાજવાદની સ્થાપના કરવી છે.

પણ આ સમાજવાદ શું છે તે વિશે કોઇ સ્પષ્ટ કરતું નથી. માર્ક્સે વર્ણવેલો મૂડીવાદ આજે ક્યાંય રહ્યો નથી અને માર્ક્સે રજૂ કરેલા સિદ્ધાંતો પ્રમાણે કોઇ દેશમાં સમાજવાદ સ્થપાયો નથી અથવા તો તેઓ કહેતા હતા તે મુજબ આજે કોઇ રાજ્યસંસ્થા સુકાઇને અદશ્ય બની ગઇ હોય એવું ક્યાંય બન્યું નથી. હું એક મુદ્દો એવો સમજ્યો છું કે મૂડીદાર પોતાના માત્ર માલિકી હક્કથી બીજાનાં ફળમાંથી ભાગ પડાવે એ અન્યાય છે, અને આવું જ્યાં ન હોય ત્યાં સમાજવાદ. પણ સમાજવાદની આ સ્થૂળ વ્યાખ્યા થઇ. ખરી વાત એ છે કે વગર મહેનતનું કોઇએ ખાવું નહિ. પરંતુ વ્યાજ, શેર, ભાડાં, વધારે નફા—આ બધી વસ્તુઓને શી રીતે રોકવી એ પણ એક મોટો પ્રશ્ન છે.

આપણે ત્યાં સવાલ ઊભો થયો. પ્રજાતંત્ર મારફત સમાજવાદ ઊભો થઇ શકે કે નહિ? આજે તો ગમે તે પક્ષ હોય, એ એમ જ કહે છે કે પ્રજાતંત્રનો ઉપયોગ કરીને સમાજવાદની સ્થાપના કરવી છે. જ્યારે સામ્યવાદે પ્રજાતંત્રનો ઉપયોગ કરી પ્રજાને કચડી જ છે—આ આપણે બીજા દેશોમાં જોઇએ છીએ. આથી જ જો સામ્યવાદ એક વાર આવી ગયો તો પછી પાછળથી પ્રજાતંત્ર નહિ જ આવે. સમાજવાદ પ્રજાતંત્ર મારફતે જ લાવવો જોઇએ. હવે ઇન્દિરાજીની સમાજવાદની વ્યાખ્યા એ છે કે ઉત્પાદનના સાધનોનું માલિક રાજ્ય થાય. તો, જો બધા જ ઉદ્યોગો સરકાર કબજે કરે તો શું એ સારો વહીવટ કરી શકે? અને, ક્યાંય સારો વહીવટ થયો હોય એવું દેખાયું નથી. સરકારની માલિકીનાં કારખાનાઓ સરવાળે નુકસાન કરે છે. જો કે આમાં દોષ સિદ્ધાંતનો નથી. સિદ્ધાંતને વ્યવહારૂ રૂપ આપનારી વ્યકિતઓનો દોષ છે.

હવે બીજો પ્રશ્ન છે, સમાજવાદ લાવવો—તો શા માટે?

ગરીબી દૂર કરવા. આ આનો તરત જવાબ છે. પરંતુ શું જેની પાસે સંપત્તિ છે એની પાસેથી સંપત્તિ લઇ લેવાથી ગરીબી દૂર થશે? સમજો કે એક વાર એની સંપત્તિ લઇ લ્યો અને બધાને વહેંચી દ્યો. પછી શું? એટલે મૂળ પ્રશ્ન છે દેશની સંપત્તિ વધારવાનો, અને આ તો જ વધે જો ઉત્પાદન વધે. હવે દશ મુદ્દાના કાર્યક્રમમાં ક્યાંય આ વાત આવતી નથી. અને આથી દેશમાં બેકારી, મોંઘવારી અને ગરીબી વધતા જાય છે. વસ્તુઓનું ઉત્પાદન વધારવું એ એક જ માત્ર ઉપાય દેશની સંપત્તિ વધારવાનો છે.

આજે દેશમાં એક બીજો મોટો પ્રશ્ન છે—સામ્યવાદ દેશમાં આવે છે કે નહિ? દેશમાંથી ભૂંસાઇ ગયેલા સામ્યવાદીઓને ઇન્દિરાજીએ એમની સાથે લીધા છે અને સામ્યવાદીઓને જે જે કરવાની ઇચ્છા છે એ બધું એ કરે છે.

એમની અને સામ્યવાદી વચ્ચે વણલખેલા કરાર છે એમ કહું તો પણ ખોટું નથી. એમની સરકાર ટકે છે તો તે સામ્યવાદ અને મુસ્લિમ લીગના સહકારથી ટકે છે. આજે અમારા ઉપનગરમાં મુસ્લિમ લીગની દશ શાખાઓ થઇ છે. આનો જશ-અપજશ જે હોય તે ઇન્દિરાજીને જાય છે. અને, આના પરિણામો જુઓ. બંગાળમાં રોજ બે પાંચ ખૂનો થાય છે. હું એમ માનું છું કે રાજકીય ધાક બેસાડવા બંગાળમાં નિર્દોષોનાં ખૂન થઇ રહ્યા છે. અને ઇન્દિરાજી આ પરિસ્થિતિ ઉપર કાબૂ રાખવા તૈયાર નથી. આજે લોકો સમક્ષ સારા અને ખરાબ વચ્ચે નહિ પણ ખરાબ અને અત્યંત ખરાબ વચ્ચે પસંદગી કરવાનો સમય આવ્યો છે, આથી સામ્યવાદ કરતાં શિવસેનાને ટેકો આપવો વધુ વાજબી છે. શિવસેનાનું હૃદય દેશ સાથે છે. જ્યારે સામ્યવાદનું હૃદય પરદેશ સાથે છે. એટલે સામ્યવાદમાં જોખમ વધારે છે.

આજે વસ્તુઓની મોંઘવારી રોજ-બ-રોજ વધતી જાય છે. શ્રી ચવ્હાણ માટે બજેટ રજૂ કરવું મુશ્કેલ હતું. બેંકોની ડિપોઝીટો કરતાં લોનો વધી ગઇ છે. બેંકોમાં અને સરકારી ખાતાંઓમાં નોકરોના પગાર પણ વધતા જાય છે. આ બધાનો બોજો આખરે તમારા-મારા ઉપર આવે છે. લોકોના મત મેળવવા ઇન્દિરાજી લોકોને ખુશ કરવાનાં પ્રયત્નો કરે છે. હવે ઇન્દિરાજીને બંધારણમાં ફેરફાર કરવા છે. શું ફેરફાર કરવા છે એ એમણે સ્પષ્ટ કરવું જોઇએ. અને મૂળભૂત અધિકારો –Fundamental Rights–ફેરવવા હોય તો એ ફેરવતાં પહેલા ખૂબ વિચાર કરવો જોઇએ. સુપ્રિમ કોર્ટનો કોઇ એક ચુકાદો એમની વિરુદ્ધમાં આવ્યો એટલે શું બંધારણમાં ફેરફાર કરવાની જરૂરત છે ખરી?

રાજાઓનાં સાલિયાણાં અંગે મારો એક જ પ્રશ્ન છે. આપણને આપણાં વચનની કંઇ કિંમત ખરી કે નહિ? સાલિયાણાં રદ કર્યા

સિવાય શું બીજો કોઈ માર્ગ ન હતો? શું તે અંગે ચર્ચા વાટાઘાટ થઈ ન શકત? રાજવીઓ સાલિયાણાનાં શું ટ્રસ્ટ કરી ન શકે? સાલિયાણું મીલ્કતને લગતો પાયાનો હક્ક છે. આ હક્ક પાલમિન્ટ રદ કરી શકતી નથી. મારા મત મુજબ સાલિયાણાંની ચાર કરોડની રકમ મોટી રકમ નથી. જાહેર ક્ષેત્રનાં કારખાનાઓ આજે ૪૦ કરોડની નુકસાની કરે છે. એનું શું કંઈ જ નહિ? આ તો લોકો ઉપર માત્ર ઉદ્દામવાદીની છાપ પાડવા જ આ થાય છે. મિલ્કત લઈ લેવાથી જ સમાજવાદ આવી શકતો નથી. જેમ કાયદો કરવાથી નીતિમત્તા આવતી નથી એમ કાયદાથી સમાજવાદ પણ આવતો નથી. હા, કાયદો ઉપયોગી થઈ શકે છે. અને સમાજવાદ લાવવો છે તે શું લોકશાહી-પ્રજાતંત્રને ભોગે? ઇન્દિરાજી આવશે તો પણ સામ્યવાદને સહારે જ, પ્રજાતંત્ર અને સામ્યવાદ સાથે આવે તો હું જરૂર વાહવાહ કહું. પણ એક વખત જો સમાજવાદને નામે સામ્યવાદ આવી ગયો તો પ્રજાતંત્ર રહેશે નહિ એમ હું ચોક્કસ માનું છું.

## પ્રમુખનો ઉપસંહાર

આ રીતે શ્રી શાન્તિભાઈનો વાર્તાલાપ પૂરો થયા બાદ રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી અને અંતમાં પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે વાર્તાલાપની આલોચનાં કરતાં એમનો આનંદ વ્યકત કર્યો હતો અને કહ્યું હતું કે; "શ્રી શાંતિભાઈ મારાથી ભિન્ન દૃષ્ટિ ધરાવતાં હોવા છતાં અમે વર્ષોજૂના ગાઢ મિત્રો છીએ. અમારા બંનેનાં જે અભિપ્રાયો હોય એ માત્ર લાગણીમાં તણાઈ જઈ કે આવેશમાં આવી જઈ બાંધેલા અભિપ્રાયો હોતા નથી. અમે બંને રાજવીઓના સાલિયાણાં જેવા પ્રશ્ન ઉપર જુદા પડતા હોવા છતાંયે પ્રમાણિકપણે અમારા અભિપ્રાયો ધરાવીએ છીએ. આજે પક્ષોની કે નેતાઓની કસોટી છે કે નહિ પણ આપણી તો છે જ. આપણે સૌ સ્વતંત્રપણે નિર્ણય ઉપર આવી શકીએ એવી આપણી વિચારશકિત જાગૃત હો. શ્રી શાંતિભાઈએ બુનિયાદી વાતો કરી છે. મારી દૃષ્ટિએ સમાજવાદનો અર્થ છે સામાજિક અને આર્થિક અસમાનતાઓ બને એટલી દૂર કરવી. પ્રજાતંત્ર દ્વારા આપણે સમાજવાદ લાવવા માગીએ છીએ પણ આ બે વિકલ્પ વચ્ચે પસંદગી કરવાની હોય તો સમાજવાદ ભલે મોડો આવે પરંતુ પ્રજાતંત્ર ટકાવી રાખવું એ આપણા સૌની પ્રથમ ફરજ છે. શ્રી શાંતિભાઈનું રાજકીય પ્રવચન પહેલી જ વાર અહીં ગોઠવાયું છે. આ માટે મુંબઈ જૈન યુવક સંઘ વતી તેમનો હું આભાર માનું છું.

સંકલન : **ચીમનલાલ જે. શાહ.**

**તંત્રી નોંધ :** ઉપર જણાવેલી સભામાં પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી શાન્તિભાઈનાં અમુક મન્તવ્યોની યા વિધાનોની આલોચના કરી હતી. આવી આલોચના કરવાનો સભાના પ્રમુખને અધિકાર કે છે નહિ એ બાબતની કેટલાક મિત્રોએ અંદર અંદર ચર્ચા કરી હતી. આ સંબંધમાં સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે સભાના પ્રમુખને આવો અધિકાર છે અને મુખ્ય વકતા સાથે પોતાને જ્યાં મતભેદ હોય ત્યાં પોતાનો મતભેદ રજૂ કરવાનો પણ એટલો જ અધિકાર છે. માત્ર આ અધિકારનો અમલ તેણે મુખ્ય વકતા પ્રત્યે પૂરા આદરપૂર્વક કરવો ઘટે. **પરમાનંદ**

# પૂજ્ય વિનોબાજીના સાન્નિધ્યમાં ગાળેલી જીવનની થોડી અમૂલ્ય પળો

( ગતાંકથી ચાલુ )

### (૫) માતૃભકત વ્યકિતનિષ્ઠા

બીજું કે અધ્યાત્મનું શિક્ષણ ઘરમાં થવું જોઈએ. આધુનિક શિક્ષણથી સ્ત્રી ભ્રષ્ટ થઈ રહી છે. પહેલાં તો માત્ર મરદો ફાવે ત્યાં ફરતા, ફાવે તે ખાતાં પણ અત્યારે તો સ્ત્રીઓ પણ એવું કરે છે. તો મરદ ને સ્ત્રી સિવાય ત્રીજું કોણ છે જે ઓલાદ પેદા કરે? પછી કયાંથી સારી ઓલાદ થવાની? મારી માતાએ મને શીખવ્યું તે આજસુધી મને ચાલે છે. (માતાના સ્મરણથી તેમની વાણી ગદ્‌ગદ્ થઈ ગઈ. આંખમાંથી આંસુ ખરતાં ગયાં ને બોલતા ગયા.) મારી માતાને વાંચતાં મેં શીખવ્યું. બાકી ભકિતમાર્ગના અભંગો તેને મોઢે હતાં. ગીતાભાષાંતર મેં કરી આપ્યું. આવી અશિક્ષિત છતાં એણે મને જે આપ્યું તે જન્મભર મને ચાલ્યું. એ પૂજાપાઠ કરતી. ચાર વાગે ઊઠીને દળવાનું. બાર વાગ્યા સુધી ઘરકામ ચાલે ત્યાં સુધી ખાવાનું નહિ. ઘરમાંનાં બધાં શાળા–ઑફિસે જાય ત્યાંસુધી પેટમાં અન્ન નહિ. પૂજા પણ ષોડશોપચારે કરે. નામદેવે લખ્યું છે, "અનંત કોટિના બ્રહ્માંડના નાથ! મારા અપરાધ ક્ષમા કર." આમ આંસુની ધાર સાથે કહે અને મને કહે "વિન્યા, તું તો વૈરાગ્યાંચા નાટક તો ખૂબ કરતોસ. મીં પુરુષ અસતે તર વૈરાગ્યાંચા અર્થ દાખવલે અસતો."

"આમ બિનશીખેલી માતા હતી તો આવું થયું. અધ્યાત્મનું શિક્ષણ ઘરમાં જોઈએ. શાળામાં તે કૃત્રિમ બને. બિહારમાં પ્રત્યેક ઘરમાં બાઈ ઘરમાં જ રહે. ધાર્મિકતા આ છે."

વ્યકિતનિષ્ઠા બાબત બોલતાં જણાવ્યું કે "માતા બાળકને કહે, આ ચાંદો છે' પછી બાળક બીજાને પૂછવા જતું નથી. અનુમાન કે Consulting નો પ્રશ્ન જ નહિ. જો એમ કરવા રહે તો જ્ઞાન ન મેળવી શકે. આ છે વ્યકિતનિષ્ઠાનું સ્વરૂપ. વ્યકિતનિષ્ઠા, ગ્રંથનિષ્ઠા ને સંસ્થાનિષ્ઠા ત્રિદોષ છે; ત્રિગુણ પણ છે. બિચારા તુકારામ એમ જ કહેતા "વૈકુંઠવાસી એવા અમે એટલે જ આવ્યા છીએ કે ઋષિઓ કહી ગયા છે તે મુજબનું આચરણ કરવા.

"પ્રથમ ગ્રંથને પી જાઓ! નિત્ય અધ્યયન કરો! આખરે ગ્રંથને આધારે જ્ઞાન મેળવી ગ્રંથનો ત્યાગ કરો! પહેલાના વખતમાં યોગ્ય અધિકારીને ગ્રંથનું જ્ઞાન કરાવવામાં આવતું. યોગ્ય અધિકારી ન મળે, તો ગ્રંથને ગંગામાં સમર્પણ કરી દેતા. ભૂમિતિમાં પ્રથમ તો ગોખ્યું જ હતું ને કે એક ત્રિકોણ=બે કાટખૂણા! આમ નવો સિદ્ધાંત જૂનાને ફેંકીને નહિ, વાંચી - પચાવીને પછી આપી શકાય. વેદની બાદ 'નિર્વેદ' થવાનું. બાળકને પ્રથમ હાથ પકડીને લઈ જવો પડશે, પછી એકલો ચાલશે. જાતિધર્મ - કુળધર્મ પ્રાપ્ત કરીને અધ્યયન કરીને નિર્ગ્રંથ થવાનું. જ્ઞાનમાં બે વર્ષનો ફરક પણ નાનપણમાં ઘણો ગણાય. જ્યારે મોટી ઉમ્મરે ફરક નથી રહેતો. મારી અને કાકાસાહેબની ઉંમરમાં દસ વર્ષનો ફરક છે, પરંતુ જ્ઞાનમાં અમે સરખા છીએ. બે - ત્રણ વર્ષનાં બાળક કરતા ૪-૫ વર્ષનાં બાળકમાં વધુ જ્ઞાન હોય. આ ગાળામાં માતા - પિતા દ્વારા અને બાદમાં આચાર્ય દ્વારા જ્ઞાનપ્રાપ્ત થઈ શકે.

૧૦ ઉપાધ્યાય = ૧ આચાર્ય

૧૦૦ આચાર્ય = ૧ પિતા

માતા કોષ્ટકની બહાર છે. ૧૦૦૦ પિતાથી યે અધિક માતા છે એમ કહેવાયું છે. જો માતૃનિષ્ઠા નહિ રાખે તો "શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં" તે કેમ પ્રાપ્ત થશે? જ્ઞાનનો વ્યકિતનિષ્ઠાથી આરંભ થાય.

### (૬) ગ્રંથનિષ્ઠા

"મારી વાત કરું તો ઘર છોડીને નીકળતાં પહેલાં મેં ૧૦૦૦ ગ્રંથ વાંચ્યા હતા. પુસ્તકાલયમાં જઈને રોજ ૩૦-૪૦ પુસ્તકો જોઈ જાઉં અને એક ગ્રંથ ઘરે લઈ જાઉં. ઘર છોડીને નીકળ્યો ત્યારે માત્ર જ્ઞાનેશ્વરી ગીતા સાથે હતી. ઉત્તમ કવિતા રચતો અને ગંગાર્પણ કરતો. પણ એક માતા ગઈ પછી બીજા માતા 'ગીતામાતા' પકડી. માને માટે વ્યકિતનિષ્ઠ છતાં આસકિતથી ઘર છોડયા વગર ન રહ્યો.

### (૭) સંસ્થાનિષ્ઠા

સંસ્થાનિષ્ઠા માટે પૂછો તો ગાંધીજીને પૂછ્યું કે આપનો ધંધો શો? તેમણે કહ્યું, 'Spinning and weaving' મારા પર

નોબત આવી. મેં કહ્યું. 'શિક્ષકનો' કાંતવાવણવાનાં કામમાં ગાંધીજીથી હું કમ નહિ છતાં મેં શિક્ષક કહ્યું. બ્રાહ્મણનો દેહ ક્ષુદ્ર વાસના માટે નથી; તપશ્ચર્યા માટે છે; શ્રમ માટે છે. મર્યા પછી આનંદ મેળવવા માટે છે."

આમ વાતચીતમાં બાર વાગી ગયા. અમે તો વાણીના અમૃતપાનમાં મગ્ન હતાં, પણ પૂ. વિનોબાજીએ યાદ દેવરાવ્યું. 'અગ્નિમીડે પુરોહિતમ્' 'બાર વાગ્યા. ભાગો. ભાગો. ભાગો. જઠરાગ્નિ શાંત કરો... આમ કહી અમને જમવા મોકલી દીધા.

(૮) સેવક-ચિન્તક વિનોબા

વિનોબાજી સાંજે Supervision માટે નીકળ્યા. મીઠી દાંટ આપતા જાય. રડયો - ખડયો કચરો સૂકું પાન ઉપાડતા ઉપડાવતા જાય. પાણી છંટાવતા જાય. પરિક્રમા ચાલુ હતી. ભરત - રામ મંદિરની આસપાસ પાણી છંટાવીને જાણે પાણી ચડાવવા ન માંગતા હોય! છતાં વાત્સલ્યથી પૂછ્યું, 'ઉત્સાહ આતા હૈ કિ થક ગઈ?' મેં કહ્યું, 'બાબાજી, આપ કે પાસ આ કર થકાન ઊતર ગઈ.' હા, તે દિવસનો ઉત્સાહ અનેરો હતો. થાકનું તો નામ જ ન હતું. કામકાજ બાબત કુટિરમાં જઈ વાત્સલ્ય ભાવથી બધાને કહે, "દેખો હમારી લડકી થક ગઈ." "દેખો કોઈ કહે કિ બારિસ નહિ હૈ તો ઈતના પાની કહાં સે આયા? 'તુમ કહના બાબા નક્ષત્ર બરસા"

ગમે તેમ પણ તે દિવસે તો તે પળ પૂરતું તો મારી શક્તિમાં જાણે બાબા - નક્ષત્ર વરસી ચૂક્યું હતું.

આમ ત્રીજે દિવસ આવી પહોંચ્યો. નિયમ મુજબ સહસ્રનામ બાદ પ્રશ્નોત્તરી થઈ. આગલા દિવસનું અનુસંધાન લઈ તેમણે જવાબ આપવા શરૂ કર્યા.

(૯) સત્યનિષ્ઠા

"ભગવાને બધાને અક્કલ આપી છે. મારે ભાગે થોડી આવી છે. મારાથી વધુ અક્કલ ગાંધીને હતી. હું તો ભોળો ને શ્રદ્ધાવાન. શરીર નબળું થયું છે. મોટાં કામ બીજાને આપું છું. મારું મગજ ઠેકાણે હોય ત્યારે વિચારું છું, બોલું છું. હાથની તાકાત કમ તેથી વધુ તાકાતવાળા પાસેથી કામ લઉં છું. તેમ જ ચિન્તનની શક્તિ જેની વધારે હોય તેણે વિચારવું.

'અન્યે ત્વેવમ્ અજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે'

"આંધળા પાછળ દેખતો મુકામે પહોંચે' 'હિતૈષી જાણીબુઝીને ખોટે માર્ગે નહિ રાખે. આજે સંતતિ પૂર્વે કરતાં વધારે નથી. અર્થવાસના ને લોભ વધ્યા છે. ઋષિ પણ ગૃહસ્થ થયા છે. પોરા - (છોકરાં) વધુ છે કારણ મરે છે ઓછાં. તેમના બાલસખા બાલુભાઈને બતાવીને કહે, "બાલુભાઈ જેવા પહેલાં ય મરતા ન હતા ને આજે ય મરતા નથી. પહેલાનાં ભણતરમાં પાઠ પાઠ કરી 'પીઠ' કરવાનું રહેતું. સ્વર ચૂકે અર્થનો અનર્થ થતો તેમ છતાં ૧૨ વર્ષે ભણવાનું પતી જતું. અભંગ મોઢે કરવા, ઘોડે ચડવું, વૃક્ષ પર ચઢવું, તરવું, મરોડદાર અક્ષર કાઢવા વિ. બધું આવી જતું. આજે ૨૨ વર્ષ સુધી ભણે જ રાખે. ૧૬ વર્ષે પુત્ર મિત્ર બને તેનો અર્થ એ કે પોષણની જવાબદારી માતાપિતા પર નહિ. ૧૯ વર્ષના મહારાષ્ટ્રીય સેનાપતિએ અહમદ શાહના વખતમાં ૬૦,૦૦૦ ની સેના સામે યુદ્ધ કર્યું હતું. આજે ૨૧ વરસે વૉટ આપવાની લાયકાત આવે. જ્ઞાનેશ્વરે ૧૬ મે વર્ષે જ્ઞાનેશ્વરી ગ્રંથ લખ્યો.

"અત્યારે ૩૩ ટકા માર્કસ વડે પાસ ગણાય. ઘરનો રસોયો જો ૧૦૦ ભાખરીમાં ૩૩ જ સારી શેકે ને બાકીની જલાવી નાખે તો એવા રસોયાને રાખીશું?

"સત્યમ વદ ધર્મં ચરે' પણ શક્ય હોય ત્યાં સત્ય બોલીશું તેમ કહીએ તો ચાલે? ઠસાવીને શીખવું જોઈએ. નિરૂપયોગી જ્ઞાન વિસરાઈ જવાનું" ..... આમ એક કેળવણીકારનું ચિન્તન સાંભળી છૂટા પડયા ને ભર - બપોરે બે વાગે જ્યારે સૌ આરામ કરી રહ્યા હતા ત્યારે તેઓ તો એ જ તડકાની લીલી ટોપી પહેરી ઘાસ નીંદવાનું કામ કરી રહ્યા હતા. હું અચાનક જઈ ચડી તો કહે, "તુમ ધૂપ મેં કયોં આઈ? હમ તો ધૂપ કે આદી હૈ!"

મેં કહ્યું: 'જી, બમ્બઈ મેં ધૂપ કહાં મિલતી હૈ?' ત્યાં તો તેમણે કહ્યું, 'દેખો કલ પાની છાંટનેકા કામ કિયા થા વહ અચ્છા થા"... કામ કરતાં કરતાં મારા કામનું નિરીક્ષણ કર્યું અને કહે, "ગુજરાતીમાં આને શું કહે?' હું ચમકી ગઈ. એટલે ફરી પૂછ્યું, 'આને દાતરડું કહે ને? કોઈ વાર હાંથમાં લીધું હતું?' મેં કહ્યું, 'નાજી' તેમણે કહ્યું, "દાંતરડાથી કામ લેતાં સંભાળવું જોઈએ, નહિ તો હાથ કપાઈ જાય."

(૧૦) પથદર્શક

સાંજે મેં પણ માર્ગદર્શન માગ્યું, પૂછ્યું. "હમ શહર કે શિક્ષક લોગ જીસ પરિસ્થિતિ મેં કામ કરતે હૈ ઉસ મેં આપ કા ખાસ માર્ગદર્શન ચાહિયે." તેમણે કહ્યું, "શહરવાલોં કે લિયે એક હી આદેશ હૈ કિ રાત કો આઠ ઘંટે સોયા કરો તો દિમાક ઠિકાને રહેગા. 'મૌન રખના.' આઠ બજે કે બાદ ચિત્ર, સીનેમા, વ્યાખ્યાન સબ બંદ, એક ઘંટા ધ્યાન કરના ! ઐસે નવ ઘંટે બિસ્તર કે ઉપર બિતાઓ તો ભી હર્જ નહીં!"

પવનાર ધામનું જેવું સમયસમયનું સાત્વિક સૌંદર્ય તેવું જ સમયસમયનું મૈત્રી, કરુણા ઉપેક્ષા, મુદિતા દર્શાવનારું, પૂ. બાબાજીનું સ્વરૂપ. નીકળવાનો દિવસ આવી ગયો. વહેલી સવારની પ્રાર્થના બાદ અને બાળકોબાજીના ઉપનિષદ્‌ના વર્ગ પછી સૂર્યનાં કિરણોમાં ફરી આશ્રમના સાત્વિક સૌંદર્યનું ધ્યાન ધરી રહી હતી. મન ભરીને લ્હાણ લૂંટી રહી હતી ત્યાં પુનઃ લીલીં ટોપી દેખાઈ. તુરત ત્યાં જઈ પહોંચી. તેઓ કાંકરામાંથી ઘાસ નીંદવાનું કામ કરી રહ્યા હતા. 'જય જગત' ઝીલી પાસે બેસી ગઈ અને તેમણે પૂછ્યું, "બમ્બઈ મેં જા કર ક્યા કહેગી? બાબા પાગલ હો ગયે હૈં! કંકર બીનતે હૈ"... હું ચૂપ રહી એટલે કહે, "બમ્બઈ મેં કિતની ગન્દગી હૈ.

"હરેક પ્રકારકી ગન્દગી હૈ! લોગ ફૂટપાથ પે સોતે હૈ! મેરે હાથ મેં રાજ્ય હો તો મૈં કહ દું કિ ગૉવવાલા કોઈ બમ્બઈ મેં નહી ચાહિયે! શહરવાલે ગૉવ સે કપાસ લેતે હૈં ઔર મિલ બનાતે હૈં, ગન્ના (શેરડી) લે જાતે હૈં ઔર "સૂગર ફેક્ટરી' બનાતે હૈં! બમ્બઈ વાલે ઈસ પ્રકાર ગૉવવાલો કો લૂંટતે હૈં ઔર બમ્બઈવાલો કો પરદેશવાલે લૂટતે હૈં! મૈં બમ્બઈ મેં પરદેશી માલ લાને કી મના ફરમા દૂં! બમ્બઈવાલોં સે ગાંવ કે ધંધા કો છિન લેને કા બન્દ કરા દું."!

આથી મેં પૂછ્યું "વો કયા શહર ઔર ગૉવ કે સમન્વય કા કોઈ ઉપાય હી નહીં હૈ?" એમણે કહ્યું, "ખેર, ઈસ ચર્ચા કે લિએ યહાં અવકાશ નહીં! યહાં તો સફાઈ ચલતી હૈ! છુટ્ટિયોં મેં યહાં આયા કરો! દસ - પન્દ્રહ દિન યહાં રહા કરો! યહાં સે જ્ઞાન લે જાઓ! બમ્બઈ મેં ભી ધાર્મિક વૃત્તિયોંવાલે સજ્જન હૈ!" હું વિચારમગ્ન હતી, ત્યાં દાતરડું હાથમાં લઈ ચાલતા ચાલતા મુંબઈના શિલ્પીઓ બાબાની મોટી ઊભી ચાલતી શિલ્પકૃતિ કરી રહ્યા છે. ત્યાંથી પસાર થયા અને સ્વહસ્તે સ્વપ્રતિમાની નીચે ૐ લખ્યું. પવનારની બહેનોએ આ જોઈ પૂછ્યું. 'કેમ બાબા 'જય જગત્' નહીં? જવાબમાં અભિમાનથી માત્ર ૐ ૐ ૐ ત્રણ વાર ઉચ્ચાર કરીને કહે, 'ૐ' સંમતિસૂચક શબ્દ છે.' અને નિર્મળ હાસ્ય હસી રહ્યા.

મારા મનમાં પ્રશ્ન થઈ ગયો કે આ એ જ વ્યક્તિ, એ જ વિભૂતિ, એ જ પ્રતિભા છે જેના વિશે મારા મનના ખ્યાલો હતા કે એ કોઈ સાથે કશું ખાસ બોલતા જ નથી. એમણે પોતે પણ પોતાનો પરિચય જ્યાં 'એક જડભરત' તરીકે આપ્યો હતો. શું આ એ જ છે? નિર્મળ વાત્સલ્યની રમુજભરી મૂર્તિનું દર્શન અને ચિંતનપૂર્ણ વાર્તાલાપને રોજનીશીમાં ઉતારવાનું કાર્ય કરતી હું આજે પણ વિસ્મય અનુભવું છું. આ સત્ય કે સ્વપ્ન? જીવનભરનું ભાથું શું આ સાથે ગાળેલી અલ્પ - ધન્ય પળોમાં બંધાઈ ગયું નથી!

સમાપ્ત

પુષ્પા જોષી

# ☆ જૈન અને બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ ધર્મ અને માનવતા ☆

[તા. ૨૩-૧૨-૭૦ના રોજ ઓલ ઈન્ડિયા રેડીઓ, મુંબઈ ઉપરથી પ્રસારિત વાર્તાલાપ આકાશવાણીના સૌજન્યથી અહિ પ્રગટ કરવામાં આવે છે.]

જૈન અને બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ ધર્મ અને માનવતાનો વિચાર કરીએ તે પહેલાં, ધર્મનો સાચો અર્થ સમજી લઈએ. માનવીમાં એક એવું તત્વ રહ્યું છે, જેને ઈશ્વરી અંશ કહો, આધ્યાત્મિક ચેતના કહો - જે તત્વ તેને સતત ઉર્ધ્વગામી થવા પ્રેરે છે. ચેતના બધા જીવોમાં છે, પણ માનવીમાં ઘણી વિકસિત અને વિકાસશીલ છે. સંત પુરૂષોનું જીવન બતાવે છે કે આ ચેતનાનો વિકાસ એટલી હદે જઈ શકે કે મનુષ્ય ઈશ્વરત્વને પામે, પૂર્ણ થાય, કેવલી કે બુદ્ધ થાય.

આવા વિકાસ માટે પ્રેરે, તેમાં મદદ કરે, તેમાં માર્ગદર્શન આપે, અને જીવનને ઉન્નત બનાવે તે ધર્મ. આ વિકાસ એટલે અંતર ચેતનાનો વિકાસ, જેને પરિણામે શાશ્વત સુખ અને શાંતિ મળે. લક્ષ્મી, કીર્તિ, સત્તા અને બીજા બધા બાહ્ય પરિગ્રહોથી કે ઉપલબ્ધિથી આવું સુખ અને શાંતિ નથી મળતાં તે અનુભવસિધ્ધ હકીકત છે. તેથી ધર્મનું પ્રથમ લક્ષણ દર્શન. આવા સંતદર્શનથી જે સત્ય લાધે તેને પ્રાણાન્તે પણ અનુસરવાની તાલાવેલી અને સત્યનિષ્ઠા એ ધાર્મિક જીવન કે જિજ્ઞાસુનું બીજું લક્ષણ. આવા ધાર્મિક જીવનની સાધના વિશે દુનિયાના બધા ધર્મો લગભગ એકમત છે. એ સાધના છે સદાચાર, સદ્‌ગુણોનું પોષણ અને વર્ધન અને દુર્ગુણોનું નિવારણ અને તેમાંથી મુક્તિ. અવા સદ્‌ગુણો અથવા સદાચાર વિષે પણ બહુ મતભેદ નથી. સત્ય, પ્રેમ, કરુણા, ત્યાગ, સંયમ, ક્ષમા આદિ ગુણો આત્મવિકાસના પોષક છે. અસત્ય, હિંસા, લોભ, ક્રોધ, માન, માયા, ભોગવિલાસ આવા વિકાસના અવરોધક છે. તો પછી, દૂનિયામાં જુદા જુદા ધર્મો શા માટે અને તેમની વચ્ચે વિરોધ, વૈમનસ્ય શા માટે?

અહીં જ, ધર્મના સાચા સ્વરૂપને સમજવાની જરૂર ઊભી થાય છે. ધર્મ શબ્દ જૂદા જુદા અર્થમાં વપરાય છે. ધર્મ એક છે અથવા એમ કહીએ કે ધર્મનો આત્મા એક છે. જેને જુદા જુદા ધર્મો કહીએ છીએ તે પંથ કે સંપ્રદાય છે. Established Church ધર્મનો દેહ અથવા ક્લેવર છે. પણ આપણે ક્લેવરને જ ધર્મ માની બેસીએ છીએ. ધર્મના આત્માને ભૂલી જઈએ છીએ. પંથ કે સંપ્રદાયના લક્ષણ જુદા છે. તેમાં શાસ્ત્રો છે, ગુરૂઓ છે, ક્રિયાકાંડો છે, વિધિ-નિષેધો છે, મંદિરો છે, મસ્જીદો છે, આડંબર છે, સ્થાપિત હિતો છે, મતાગ્રહો છે. ધર્મમાં અંતર્દર્શન છે, પંથમાં બહિર્દર્શન છે; ધર્મમાં એકતા અને અભેદ છે; પંથમાં ભિન્નતા અને ભેદભાવ છે; ધર્મમાં સત્યજિજ્ઞાસા છે, પંથમાં ધર્માંધતા-મતાગ્રહ છે; ધર્મમાં નમ્રતા છે. પંથમાં અભિમાન છે; ધર્મમાં જાતિ, લિંગ, ઉમર, ભેદ, ચિહ્નો, ભાષા, વેશ કોઈનું મહત્વ નથી. પંથમાં આ વસ્તુઓનું જ મહત્વ છે. ધર્મમાં સમાનતા છે. પંથમાં ઉચ્ચનીચના ભેદ છે; શરીરમાંથી પ્રાણ નીકળી જાય પછી મૃતદેહ રહે છે. પંથ કે સંપ્રદાયમાંથી ધર્મનો આત્મા ઊડી જાય પછી એ જડ, ભારરૂપ ખોખું રહે છે. આવા પંથના અનુયાયીઓ તેજોહીન, મંદમતિ, ક્રિયાકાંડી રહે છે. પંથમાં સ્થાપિત હિતો જેને છે તેવાઓ ઝગડાઓ કરે છે, જાદવાસ્થળી રચે છે, યુદ્ધો કરે છે, હિંસા કરે છે, માનવતાનું ખુન કરે છે.

ધર્મમાં માનવતા જ હોય, અન્ય કશું સંભવે નહિ. માત્ર માનવ પૂરતું નહિ પણ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, કરુણા અને સમભાવ હોય. આત્મવત્ સર્વભૂતેષુ। આ ધર્મ છે.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો વિચાર કરીએ તો પંથ કે સંપ્રદાય તરીકે, પંથ અને સંપ્રદાયના ઉપર જણાવેલા દૂષણો વત્તા-ઓછા પ્રમાણમાં બન્નેમાં છે. ધર્મ સાચા ધર્મ-તરીકે વિચારીએ તો ભરપૂર માનવતા છે, એટલું જ નહિ પણ, પ્રેમ, કરુણા અને અહિંસાનો સાગર ભર્યો છે.

ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. મહાવીર થોડા પુરોગામી. બન્ને ધર્મો શ્રામણપરંપરાના છે, અવૈદિક છે, યજ્ઞયાગની હિંસાના વિરોધી છે. બ્રાહ્મણપરંપરામાં રહેલ ઉચ્ચ-નીચના ભેદના વિરોધી છે. બન્ને મહાપુરુષોના જીવનમાં અને ધર્મોપદેશમાં ઘણી સમાનતા છે. બંને પુરુષોએ લોકભાષાને પોતાના ઉપદેશનું માધ્યમ બનાવી છતાં, બન્નેની જીવનદૃષ્ટિ અને સાધનામાં અને વ્યક્તિત્વમાં ફેર પણ છે.

પહેલા જૈન ધર્મનો વિચાર કરીએ. જૈન ધર્મની સારરૂપ ગાથા નીચે પ્રમાણે છે:-

ધમ્મો મંગલં મુક્કિઠં, અહિંસા, સંયમો તવો ।
દેવાવિ તં નમંસન્તિ, જસ્સ ધમ્મે સયા મણો ॥

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ - એ ધર્મ છે. જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો પણ નમન કરે છે. જીવનમાં ઉત્કૃષ્ટ મંગલ ધર્મ છે – લક્ષ્મી, સત્તા, કીર્તિ, વૈભવ, કામભોગો નહિ. આવા ધર્મની સાધનાનો માર્ગ અહિંસા, સંયમ અને તપ છે. જૈન ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિ-પ્રધાન છે. એટલે તે દૃષ્ટિએ દેવો કરતાં પણ શ્રેયાર્થી મનુષ્ય જ વધારે પ્રતિષ્ઠિત છે.

જૈન ધર્મમાં અહિંસાને પરમ ધર્મ કહી છે. આ અહિંસા એટલે શું? આ અહિંસા સમજવા જૈન ધર્મની જીવનદૃષ્ટિ સમજવી પડશે. સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અહિંસાનો પાયો છે. આ આત્મૌપમ્યની દૃષ્ટિ સર્વ જીવની સમાનતાની શ્રદ્ધા ઉપર રચાયેલી છે અને સર્વ જીવ એટલે માત્ર માનવ નહિ પણ કીટ અને પતંગથી માંડીને માનવ, એકેન્દ્રિય જીવથી માંડીને પંચેન્દ્રિય જીવ, આ સર્વ સમાન છે. ચેતનાના વિકાસની દૃષ્ટિએ ભેદ છે, પણ સત્તાએ કરી Potentially સર્વ સમાન છે. જૈન ધર્મ એક જ એવો ધર્મ છે કે જેણે કીટક પતંગ તો શું પણ પાણી અને વનસ્પતિ જેવી જીવનશૂન્ય ગણાતી ભૌતિક વસ્તુઓમાં પણ જીવન-તત્વ નિહાળ્યું. આ દર્શનની ગહનતા વર્તમાન વિદ્વાનોએ હવે પુરવાર કરી છે. ત્યારે તો ભગવાનનું દર્શન આત્મદર્શન જ હતું. અહિંસાની બીજી ભૂમિકા અનુભવની છે. સર્વને જીવન પ્રિય છે, સુખ પ્રિય છે. સર્વ જીવ જીવવા ઈચ્છે છે, કોઈ મરવા ઈચ્છતું નથી. તો સર્વ જીવ સમાન છે અને તો પછી કોઈની પણ હિંસા કેમ થાય? કોઈને દુ:ખ થાય તેવું વર્તન, વાણી કે વિચાર કેમ થાય? અહિંસાની બે ગાથાઓ જ આપીશ.

સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જઉં ।
તમ્હા પાણિવહં ઘોરં, નિગંથા વજ્જયંતિ ણં ॥

સર્વ જીવો જીવવા ઇચ્છે છે, કોઇ જીવ મરવા ઇચ્છતો નથી. તેથી નિર્ગ્રન્થો, ઘોર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

એયં ખુ નાણિણો સારં, જં ન હિંસતિ કિંચણ ।
અહિંસા સમયં ચેવ, એયાવન્તં વિયાણિયા ॥

કોઇને પણ પીડા ન કરવી એ ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તોય ઘણું છે.

અહિંસાની આ વૃત્તિ કહે છે કે:-

સમયા સવ્વ ભૂયેસુ, સત્તુ મિત્તેસુ વા જગે.

આ જગતમાં પ્રાણીમાત્ર, પછી તે શત્રુ હોય કે મિત્ર, તે સર્વ પ્રત્યે સમભાવે વર્તવું એટલે જ કહ્યું છે:-

ખામેમિ સવ્વ જીવ્વ, સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ ॥

હું સર્વ જીવોને ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપે, સર્વ પ્રાણી પ્રત્યે મારી મૈત્રી હો, કોઇ પ્રત્યે વેરભાવ ન હો!

વર્તમાનમાં મહાન માનવતાવાદી ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે આવી જ ભૂમિકાથી 'અહિંસા ધર્મ સ્વીકાર્યો અને Reverence for life એમ કહ્યું.

આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યસ્વરૂપ છે. પણ કર્મમળથી આચ્છાદિત છે. આ મળ દૂર કરવા સંયમ અને તપની સાધના છે. અસંયમી જીવનમાં હિંસા છે. કામભોગમાં હિંસા છે. સંયમ અહિંસાનું બીજું સ્વરૂપ છે. પ્રમાદ અને આસક્તિ હિંસાનું મૂળ છે. અપ્રમત્ત અને અનાસકત ભાવ તથા સતત જાગ્રતિ સંયમ અને અહિંસાના પોષક છે. તપથી કર્મક્ષય થાય છે. તપ અગ્નિ છે. કર્મમળને બાળી નાખે છે. જૈન ધર્મમાં આંતરબાહ્ય તપ ઉપર બહુ ભાર મૂકયો છે. ભગવાન મહાવીર દીર્ઘતપસ્વી તરીકે જાણીતા છે. જૈન ધર્મની સાધના કાંઇક કઠોર છે. અહિંસાને જીવનધર્મ તરીકે સ્વીકારે તેને માટે અપરિગ્રહ અનિવાર્ય છે. પરિગ્રહ મેળવવામાં અને તેના સંગ્રહમાં હિંસાનો જ આશરો લેવો પડે છે. જૈન ધર્મનું એક બીજું પ્રધાન લક્ષણ અનેકાંતવાદ છે. ભગવાન મહાવીરની વિચારધારાની આ વિશેષતા છે. સત્યનિષ્ઠ વ્યકિતમાં મતાગ્રહને અવકાશ નથી. સત્યને અગણિત પાસા છે. મતાગ્રહમાં માનસિક અને બૌદ્ધિક હિંસા કે બળજબરીનું તત્વ છે. અનેકાંતમાં સહિષ્ણુતા અને સમભાવ છે. જૈન ધર્મ મુખ્યત્વે નિવૃતિલક્ષી અને વૈયકિતક છે. પ્રવૃતિલક્ષી લોકસંગ્રહ કે કર્મયોગ પ્રત્યે તેનું વલણ ઓછું રહ્યું છે. અલબત્ત, જે વ્યકિત કોઇની હિંસા ન કરે, સર્વથા સંયમી જીવન સ્વીકારે તે કોઇને દુ:ખ કે પરિતાપનું કારણ જ ન થાય. પણ સક્રિય કરૂણા, અન્યનું દુ:ખનિવારણ, એ પ્રત્યે ઉપેક્ષાભાવ રહે. પણ અંતર-કરૂણા અને પ્રાણીદયા સદા રહે.

હવે બુદ્ધ ધર્મ વિશે વિચારીશું.

ભગવાન બુદ્ધની પ્રતિભા અને તેમનો ધર્મમાર્ગ કરોડો માનવીઓનું શરણ છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ યથાર્થ કહ્યું છે કે સિદ્ધાર્થ ગૌતમે માનવતાનાં વિકાસમાં જેટલો અને જેવો ફાળો આપ્યો છે તેટલો અને તેવો ફાળો બીજા કોઇ એક ધર્મ-પુરુષે દુનિયાના ઇતિહાસમાં આપ્યો નથી. ભગવાન બુદ્ધે વિશ્વ-વ્યાપી સ્થાન પ્રાપ્ત કર્યું તે તેમના માનવતાવાદી વિચારને લીધે છે. બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુથી પીડાતી માનવજાતિને જીવનમાં સ્થિર સુખ પ્રાપ્ત થાય તેવો માર્ગ શોધવા માટે હતું. પોતાની જીવનસાધનાને બુધ્ધે સ્વમુખે, મધુર અને હૃદયંગમ ભાષામાં કહી છે. તે સમયના પ્રચલિત બધા માર્ગો તેમણે જાતે અજમાવી જોયા. ધ્યાન અને યોગની સાધના કરી. પણ તેથી મળતી સિદ્ધિઓથી તેમના મનનું સમાધાન ન થયું. તે સમયના શ્રમણ અને તાપસ વર્ગની કઠોર દેહદમનની સાધના કરી જોઇ. તેથી પણ સંતોષ ન થયો. તત્વજ્ઞાનના અંતિમ પ્રશ્નો, જીવ, જગત, તેની ઉત્પત્તિ, ઇશ્વર, આત્મતત્વ વિગેરે પ્રશ્નોના વિવાદમાં તેઓ ઊતર્યા નહિ. તેમણે કહ્યું, "આવા પોપટિયા વાદવિવાદનો અંત ન આવે." બુદ્ધે બધી વાતમાં મધ્યમ માર્ગ સ્વીકાર્યો. તેમણે એવા પ્રશ્નોની છણાવટ લોકો સમક્ષ કરી કે જે લોકોના અનુભવમાં આવી શકે તેવા હોય અને જે વૈયકિતક તેમજ સામાજિક જીવનની શુદ્ધિ તેમજ શાંતિમાં નિર્વિવાદપણે ઉપયોગી થાય. અનુભવની ભૂમિકા ઉપર રહી બુદ્ધે નિહાળ્યું કે દુનિયામાં દુ:ખ છે, ક્લેશ છે, વેર છે. આ બધામાંથી મુકિત કેમ મળે? પરલોકમાં સુખ મેળવવામાં તેમને રસ ન હતો. આ જીવનમાં માનવીને સાચું સુખ સાંપડે એવો કયો વ્યવહારુ માર્ગ છે તે જ તેમણે વિચાર્યું અને બતાવ્યું. આ માર્ગ એટલે ચાર આર્યસત્યો અને અષ્ટાંગ માર્ગ. તેની મુખ્ય ચાર ભાવનાઓ: મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા. માણસના સુખ દુ:ખનો આધાર તેના મન ઉપર જ છે. આ ચાર ભાવનાઓને બુદ્ધે બ્રહ્મવિહાર કહ્યો અને તેમાં જ માનવજાતનું તેમણે શાશ્વત સુખ જોયું. આ વ્યવહારુ મધ્યમાર્ગી ધર્મ બુદ્ધના આકર્ષણનું મુખ્ય કારણ છે. આ ઉપદેશ બુદ્ધે હૃદય સોંસરા ઊતરી જાય તેવા દષ્ટાંતો અને ઉપમાઓથી આપ્યો છે. બુદ્ધના ધર્મમાર્ગમાં સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રેમમૂલક વૃત્તિ કેળવી, સૌની સાથે સમાનભાવે વર્તવું એ પાયાની વસ્તુ છે. જે ચાર વૃત્તિઓને બુદ્ધે બ્રહ્મવિહાર કહ્યો, તેનું મહત્વ ધર્માનંદ કૌસમ્બીએ આ રીતે સમજાવ્યું છે.

"માતા જેમ ધાવણ વડે છોકરાનું મૈત્રીથી, પ્રેમથી, પાલન કરે છે, તેને દુ:ખ થાય ત્યારે કરુણાથી તેની સેવા કરે છે, પછી વિદ્યાભ્યાસાદિકમાં તે હોંશિયાર થાય એટલે મુદિત અંત:-કરણથી થાબડે છે અને ત્યારપછી તે સ્વતંત્રપણે સંસાર શરૂ કરે અથવા પોતાના મતથી વિરુધ્ધ વર્તે ત્યારે તેની ઉપેક્ષા કરે છે, કદી તેનો દ્વેષ કરતી નથી અને તેને મદદ કરવા હંમેશ તૈયાર રહે છે. તે પ્રમાણે મહાત્માઓ આ શ્રેષ્ઠ મનોવૃત્તિથી પ્રેરિત થઈને જન-સમુહનું કલ્યાણ કરવા તત્પર હોય છે."

ભગવાન બુદ્ધની સાધના એટલી કઠોર નથી. અલબત્ત, તેમાં સંયમ, કામભોગથી વિરતિ, ચિત્તશુદ્ધિ, સાંસારિક સુખોની અસારતા અને ક્ષણભંગુરતા વિગેરે બધું છે. તેમાં પણ શ્રમણ સંસ્કૃતિની નિવૃત્તિલક્ષી દષ્ટિ છે. પણ સક્રિય કરૂણાનું તત્વ વિશેષ હોઇ, પ્રવૃત્તિલક્ષી સામાજિક કલ્યાણનો માર્ગ-મહાયાન વધારે વિકાસ પામ્યો. બુધ્ધના વ્યવહારુ ઉપદેશનો સાર નીચેની ગાથામાં રહેલો છે:

નહિ વેરાને વેરાનિ, સમ્મન્તી ધ કદાચનં ।
અવેરેન ચ સમ્મન્તિ, એસ ધમ્મો સનન્તનો ॥

અહીં, કદી પણ વેરથી વેર શમતું નથી.
અવૈરથી, પ્રેમથી શમે છે. આ જ સનાતન ધર્મ છે.

અંતમાં બુદ્ધનાં વિચારસ્વાતંત્ર્યની સર્વોપરિતા દર્શાવતા પ્રખ્યાત વચનો યાદ કરું છું.

"હે લોકો, હું જે કાંઇ કહું છું તે પરંપરાગત છે એમ જાણી ખરું માનશો નહિ. તમારી પૂર્વપરંપરાને અનુસરીને છે એમ જાણીને ખરું માનશો નહિ. આવું હશે એમ ધારી ખરું માનશો નહિ. લૌકિક ન્યાય છે એમ જાણી ખરું માનશો નહિ. સુંદર લાગે છે માટે ખરું માનશો નહિ. તમારી શ્રદ્ધાને પોષનારું છે એવું જાણી ખરું માનશો નહિ. હું પ્રસિદ્ધ સાધુ છું, પૂજ્ય છું એવું જાણી ખરું માનશો નહિ. પણ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો, તેમજ એ સૌનાં હિતની વાત છે એમ લાગે તો સ્વીકાર કરજો."

આ જગતે અને માનવજાતે સુખને માર્ગે જવું હોય તો ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધનો આ ધર્મ-માર્ગ અપનાવ્યે જ છૂટકો છે. અન્યથા વિનાશ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

# પ્રકીર્ણ નોંધ

## સમાજના પિતામહ ભકતકવિ શ્રી શિવજીભાઈનો સ્વર્ગવાસ

તા. ૮ મી જાન્યુઆરીની વહેલી સવારે વયોવૃદ્ધ ભકતકવિ શ્રી શિવજીભાઈનો ૯૨ વર્ષની ઉમ્મરે ભાવનગર ખાતેના તેમના નિવાસસ્થાનમાં બહુ થોડા દિવસોની અસ્વસ્થતા બાદ દેહોત્સર્ગ થયો છે. આવી રીતે એક વિશિષ્ટ અને વયોવૃદ્ધ વ્યકિતની પડતી ખોટ નજીકના સ્વજનોને લાગે એ સ્વાભાવિક છે. આમ છતાં પણ આવા વિરલ મૃત્યુને આપણે પ્રસન્નતાપૂર્વક આવકારવું ઘટે અને શિવજીભાઈ ભાગ્યશાળી થઈ ગયા એ પરિભાષામાં તેમના મૃત્યુનું આપણે ચિન્તન કરવું ઘટે.

મુ. શિવજીભાઈનો જન્મ ઈ. સ. ૧૮૭૯ માં કચ્છના નળીઆ ગામમાં થયેલો, પણ પ્રારંભની જીંદગીનાં વીશ વર્ષ કચ્છમાં વીતાવ્યા બાદ તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા અને પાલીતાણામાં સ્થિર થયા અને ૨૪ વર્ષની ઉમ્મરે તેમણે પાલીતાણામાં એક કચ્છી બોર્ડિંગ સ્કૂલની સ્થાપના કરી અને ત્યારથી તેમના જાહેર જીવનની શરૂઆત થઈ અને તેમના હાથે અનેક શિક્ષણ સંસ્થાઓ, નિર્માણ થતી રહી. ૧૯૧૦ માં પાલીતાણામાં એક વિધવાશ્રમની પણ તેમણે સ્થાપના કરેલી, આ બન્ને સંસ્થાઓ, ત્યારબાદ પાલીતાણામાં આવેલા ભયંકર જલપ્રલયમાં તણાઈ ગયેલ.

મારો બાળઉછેર ભાવનગરમાં થયેલો, અને મારા પિતાશ્રી સાથે શત્રુંજયની યાત્રા અર્થે અને અનેકવાર પાલીતાણા જવાનું બનતું ત્યારથી મુ. શિવજીભાઈને; ઓળખતો થયેલો. તેમની સાથેનો તે સંબંધ આજલગી અતૂટ રહ્યો છે. તેમની લાંબી જીવનકાર-કીર્દીની અનેક ઘટનાઓ આજે સ્મરણપટ ઉપર તરી આવે છે. ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ બાદ તેમણે મઢડામાં સ્વ. પંડિત લાલનના માર્ગદર્શન નીચે સ્થાપેલો યોગ આશ્રમ, બોટાદના જૈન શ્વે. મૂ. સંઘે કરેલો તેમનો તથા પં. લાલનનો બહિષ્કાર, ૧૯૧૮-૨૦ ના અસહકાર આન્દોલનમાં સ્વ. ગોકુળદાસ રાયચુરા સાથે તેમણે એક ભજનિક તરીકે અને વકતા તરીકે ભજવેલો અગ્રભાગ, ગાંધીજી સાથેની તેમની અથડામણ, ત્યાર બાદ તેમનું પોંડિચેરી શ્રી અરવિંદના આશ્રમમાં જઈને વસવું, ત્યાર બાદ પંજાબમાં થયેલું તેમનું વર્ષો પર્યન્તનું પરિભ્રમણ અને 'મગન બાબા' ના નામથી તેમની એક ભજનિક ભકત તરીકે ચોતરફ વ્યાપેલી ખ્યાતિ, ઉમ્મર વધતાં પંજાબ છોડીને તેમણે મઢડા-ભાવનગરમાં ધારણ કરેલો સ્થિરવાસ—આવી અનેક ઘટનાઓનાં સ્મરણો આજે તાજાં થાય છે. પણ આ બધી ઘટનાઓનો વિગતવાર ઉલ્લેખ કરવા માટે અહિં અવકાશ નથી.

તેમનો મારા ઉપર વર્ષોથી ખૂબ જ પ્રેમ હતો. તેઓ જ્યારે મળે ત્યારે મને ઉમળકાથી ભેટી પડે. એક કાળે, ઉપર જણાવ્યું તેમ, તેમનો સંઘબહિષ્કાર થયેલો; ૧૯૩૬ માં અમદાવાદના જૈન શ્વે. મૂ. સંઘે મારો પણ બહિષ્કાર જાહેર કરેલો. આમ અમારા સમાજમાં ઓછાવધતા બળવાખોરમાં અમારી ગણતરી થતી રહી છે. આ કદાચ અમને સંલગ્ન રાખવાનું કારણ હોય. છેવટનાં થોડાંક વર્ષોથી તેઓ ભવનગરમાં જ રહેતાં. જ્યારે પણ ભાવનગર જવાનું બને ત્યારે તેમને મળ્યા વિના હું ન રહેતો, અને મને મળવા આવ્યા વિના તેઓ પણ ન રહેતા. ઋષિ જેવી તેમની શ્વેત દૃષ્ટિમાંથી હાસ્ય સતત વરસ્યા કરતું લાગે. તેમને કદિ અપ્રસન્ન જોયાનું મને યાદ નથી. આવી એક વ્યકિતનો દેહવિલય થતાં એક સ્વજન મુરબ્બીને ગુમાવ્યાનું હું દુ:ખ અનુભવું છું.

તેમના બે પુત્રો ભાઈ સુધાકર અને સુમતિચંદ્ર-એક ભાવનગર ખાતે અને બીજા મુંબઈ ખાતે-પોતાના પરિવાર સાથે બધી રીતે સુખી અને સ્વસ્થ જીવન ગાળે છે. ભાઈ સુમતિચંદ્રનાં પત્ની સૌ. સરલાબહેન શ્રી અરવિન્દ અને માતાજીના એક અગ્રગણ્ય ઉપાસક તરીકે જાણીતાં છે. તેમના કટુંબને પડેલી આ ખોટ અંગે આપણ સર્વની તેમના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ હો !

## હોમ સાયન્સ કૉલેજના વેજીટેરિયન વિદ્યાર્થીઓને અલગ સગવડ આપવાને લગતો ઠરાવ

૧૬ મી ઑકટોબરના પ્રબુદ્ધ જીવનમાં જેની જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ હોમ સાયન્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયાનું ૧૦મું અધિવેશન ગયા ઑકટોબર માસના છેલ્લા અઠવાડિયામાં ભરવામાં આવ્યું હતું અને એ અધિવેશનમાં હોમ સાયન્સની કૉલેજોમાં ભણતા વેજીટેરિયન કુટુંબોની માગણી અને લાગણીનો ખ્યાલ કરીને નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો :—

"This Conference sympathises with the sentiments of the Vegetarian families in India and requests the various Universities to provide separate facilities for cooking vegetarian and non-vegetarian foods, as a part of the courses of study and examinations of Home Science. This arrangements will encourage Vegetarian families to send their wards in large numbers to take the benefit of growing facilities for studying in Home Science".

"આ પરિષદ ભારતમાં વસતા શાકાહારી કુટુંબોની તીવ્ર લાગણીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે અને હોમ સાયન્સની પરીક્ષાઓ અને અભ્યાસકમોના એક અંગ તરીકે વેજીટેરિયન અને નોન-વેજીટેરિયન (નિરામિષ અને સામિષ) ખોરાક પકવવા માટે અલગ અલગ સગવડો પૂરી પાડવા ભિન્ન ભિન્ન યુનિવર્સિટીઓને વિનંતિ કરે છે. આવી ગોઠવણ હોમ સાયન્સના અભ્યાસ અંગે વધતી જતી સગવડોનો લાભ લેવા માટે પોતાનાં સંતાનોને મોટી સંખ્યામાં મોકલવાની બાબતમાં વેજીટેરિયન કુટુંબોને પ્રોત્સાહિત કરશે."

આ ઠરાવ અત્યન્ત આવકારપાત્ર છે. જે સંસ્થાઓ હોમ-સાયન્સના શિક્ષણ સાથે સંકળાયેલી છે તે સંસ્થાઓને વિનંતિ કે તેઓ આ ઠરાવનો જલ્દિથી અમલ કરે અને જે વેજીટેરિયન માબાપો પોતાનાં સંતાનોને હોમ સાયન્સ કૉલેજમાં ભણવા મોકલતા હોય અથવા ભણવા મોકલવા માગતા હોય તે માબાપો પ્રસ્તુત સંસ્થાઓ આ ઠરાવનો સત્વર અમલ કરતી થાય એ દિશાએ યોગ્ય પ્રયત્ન હાથ ધરવા સક્રિય બને. આમ બને તો જ આ ઠરાવની સાર્થકતા છે. નહિ તો ઠરાવ કરવા છતાં ચાલુ પરિસ્થિતિ છે તેમની તેમ કાયમ રહેશે અને વેજીટેરિયન વિદ્યાર્થીઓની મુંઝવણનો કદિ અન્ત નહિ આવે.

## સ્થાનકવાસી એટલે સ્થિરવાસી નહિ

'મૈત્રી' માસિકના નવેમ્બર'૭૦ના અંકમાં પૂજ્ય વિનોબાજીએ નીચે મુજબ જાહેરાત કરી છે.

"આજ હું અહીં એટલા માટે આવ્યો છું કે આવતી કાલથી હું સ્થાનકવાસી બનવાનો છું. જૈનોમાં એક આચાર હોય છે. સ્થાનકવાસી અનેક વસ્તુઓનો ત્યાગ કરતા હોય છે, અનેક ક્ષેત્રોનો પણ ત્યાગ કરે છે.

"આજ આકટોબરની છઠ્ઠી તારીખ છે. દરેક દિવસ પવિત્ર હોય છે. પણ આવતી કાલનો દિવસ મારા માટે વિશેષ મહત્ત્વનો છે. ૪૦ વર્ષ પહેલાં ૭ મી આકટોબરે મે ગીતાઈ લખવાનો આરંભ કર્યો હતો. એટલા માટે આવતી કાલથી અમે 'ડિટેન્શન કેમ્પ' માં પ્રવેશ કરીશું. જૈનોની ભાષામાં આ અમારો સ્થાનક—વાસ હશે, હિન્દુઓની ભાષામાં ક્ષેત્ર—સંન્યાસ કહેવાશે, આધુનિક ભાષામાં ડિટેન્શન કેમ્પ છે."

ઉપરના નિવેદનમાં સ્થાનકવાસ એટલે સ્થિરવાસ અને સ્થાનકવાસી એટલે કે એક અમુક સ્થળે સ્થિરતાપૂર્વક રહેવાનો નિર્ણય કરતી વ્યકિત એ મુજબ ઉપરના બે શબ્દોના અર્થ ગૃહિત કરીને 'આવતી કાલથી હું સ્થાનકવાસી બનવાનો છું' એવું વિધાન વિનોબાજીએ કર્યું હોય એમ લાગે છે અને કેવળ શબ્દાર્થ જ ધ્યાનમાં

હેવામાં આવે તો જૈનપરંપરાથી પૂરી જ્ઞાત ન હોય એવી વ્યકિત એ બે શબ્દોનો આવો અર્થ કરે તે સ્વાભાવિક છે.

પણ 'સ્થાનકવાસી' શબ્દનો રૂઢ અર્થ બીજો છે. જે નોના મૂળ ત્રણ સંપ્રદાય: ૧. શ્વેતાંમ્બર મૂર્તિપૂજક, ૨. દિગમ્બર મૂર્તિપૂજક અને ૩. શ્વેતામ્બર અમૂર્તિપૂજક. આ ત્રીજો સંપ્રદાય આગળના સમયમાં ઢૂંઢક સંપ્રદાય અથવા તો ઢૂંઢીયાઓનો સંપ્રદાય એ રીતે ઓળખાતો હતો. પણ મારી સમજણ મુજબ સમય જતાં એ શબ્દનો ઉપયોગ એ સમાજ પ્રત્યે કાંઈક અવમાનના અથવા તિરસ્કાર-દાખવવા માટે થઈ રહ્યો છે એમ સમજીને એ સમુદાયના લોકો પોતાને સ્થાનકવાસી તરીકે ઓળખાવવા લાગ્યા છે અને આ પ્રયોગ કોઈ સ્થાનકમાં વસનાર એવી વ્યકિત અથવા વ્યકિતઓ સૂચવવા માટે નહિ પણ મંદિરમાર્ગી સમુદાયથી પોતાનો સમુદાય અલગ છે કે જેને માત્ર સ્થાનક એટલે કે ઉપાશ્રય સાથે જ ધાર્મિક સંબંધ છે એ સૂચવવા માટે શરૂ થયો છે અને તેમનાથી અલગ એવા વર્ગ માટે દેરાવાસી એવો શબ્દપ્રયોગ કરવાનું તેમણે શરૂ કર્યું છે, જો કે આ દેરાવાસીઓને પણ પોતાના મંદિર ઉપરાંત પોતાનો ઉપાશ્રય અથવા સ્થાનક તો હોય જ છે.

આટલી સ્પષ્ટતા ઉપરથી આ નોંધની શરૂઆતમાં આપેલા અવતરણથી વિનોબાજી સ્થાનકવાસી નહિ પણ કોઇ અમુક જગ્યાએ સ્થિરવાસી બનવાના છે એમ સમજવાનું રહે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મુખપત્ર જૈન પ્રકાશના તા. ૮-૧-૭૧ ના અંકમાં 'સ્થાનકવાસી બનતા વિનોબા ભાવે' એ મથાળા નીચે સ્થાનકવાસી એટલે સ્થિરવાસી એ અર્થ સૂચવતી શ્રી શાન્તિલાલ ટી. શેઠની એક નોંધ પ્રગટ થઈ છે અને તે પત્રના તંત્રીનું ધ્યાન સ્થાનકવાસી શબ્દના આ ભૂલભરેલા અર્થ તરફ ગયું નથી અથવા તો એ બાબતની તેમણે ઉપેક્ષા કરી છે.

**એક સ્મરણનોંધ**

તા. ૧૬-૧૨-'૭૦ના 'પ્રબુદ્ધ જીવન'માં મુંબઈના જૈન છાત્રાલયોની ઉદભવકથા: જૈન કેળવણી મંડળની વિકાસકથા" એ મથાળા નીચે પ્રગટ થયેલા મારા લખાણમાં ૧૯૧૦ થી ૧૯૧૭ સુધી મુંબઈમાં ચાલતી જૈન સ્થાનકવાસી બોર્ડીંગનો ઉલ્લેખ છે. તે બોર્ડીંગમાં પોતે આશરે ત્રણ વર્ષ રહેલા હોઈને નિવૃત પ્રાધ્યાપક શ્રી કેશવલાલ હીંમતલાલ કામદારે તેને લગતાં થોડાંક સ્મરણો લખી મોકલ્યા છે. તેઓ જણાવે છે કે "એ સંસ્થામાં હું ઈ.સ. ૧૯૧૪-૧૬ દરમિયાન એમ. એ. અને એલ. એલ. બી. ના અભ્યાસ માટે રહેતો હતો. તેના વ્યવસ્થાપક મંડળમાં ઝવેરી રેવાશંકર જગજીવનનું નામ મૂક્યુ છે. તેમની સાથે બીજા જે કાર્યવાહકો હતા તેમના નામો હું અહિં પ્ર. જી. ના વાચકો માટે આપું છું (૧) શેઠ મેઘજી થોભણ (૨) શ્રી વ્રજલાલ ખીમચંદ સોલીસીટર (૩) શ્રી મણિલાલ હાકેમચંદ ઉદાણી એમ. એ., એલ. એલ. બી. જે હયાત છે અને એ હાલ રાજકોટમાં રહે છે. તેમનું કુટુંબ જેતપુરનું છે. આ વ્યવસ્થાપકો કાર્યકુશળ, વ્યવહારકુશળ, દિલસોઝ અને કર્તવ્યનિષ્ઠ હતા.

"અમો વિદ્યાર્થીઓ કોઇ કોઇ વાર ગૃહપતિના વિષયમાં કાંઇક ધીમો અને વિવેકશીલ વિરોધ દર્શાવતા ત્યારે તેઓ અમને નમ્રભાવે સદ્‌ભાવથી વર્તવા સલાહ આપતા હતા. વિરોધ કરવાવાળા ઓમાં એક હું હતો.

"હું એમાંના ત્રણ કાર્યવાહકોને સારી પેઠે જાણતો હતો. રેવાશંકરભાઈ મારા નજીકના કુટુંબી હતા. હું, મણિલાલ ઉદાણી કુટુંબને જેતપુરથી સારી રીતે જાણતો હતો. શ્રી મણિલાલ ઉદાણીની એક જૈન વિદ્યાપીઠ ઊભી કરવાની અભિલાષા હતી.

"આ સ્થાનકવાસી સંસ્થામાં નિયમ પ્રમાણે તો સ્થાનકવાસી-ઓને જગ્યા મળી શકતી પણ શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઇઓ તેનો લાભ તો લેતા હતા."

આ સ્મરણો સાથે મારાં સ્મરણોને મેળવીને જણાવું તો આ પત્ર લખનાર મુરબ્બી કેશુભાઈ કામદારનો એ દિવસોમાં પરિચય થયાનું મને આજે યાદ આવે છે અને તેના વ્યવસ્થાપક-મંડળના ઉપર જણાવેલ ત્રણે સભ્યોના પણ પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું બનેલું. એમાં પણ મુ. રેવાશંકરભાઇ સાથે તો, ગાંધીજી તેમને ત્યાં ઊતરતા હતા તેમને અનેકવાર મળવા જવાનું બનતાં મારો સારો સમાગમ હતો.

**શું આ શબ્દો ખરેખર વિનોબાજીના છે?**

તા. ૬-૧-૭૧ના ભૂમિપુત્રમાં બિહારના શ્રી વિદ્યાસાગર-ભાઇ સાથેનો વાર્તાલાપ પ્રગટ કરવામાં આવ્યો છે. આ વાર્તાલાપ દરમિયાન વિનોબાજીએ એમ કહ્યાનું જણાવવામાં આવ્યું છે કે "પૈસા નથી તો લૂંટો. અહમદશાહ અબદલી સાથે મરાઠા સૈન્ય લડતું હતું. સરદારે પેશ્વાને કહ્યું, "પૈસા નથી, માટે મોકલાવો." ત્યારે પેશ્વાએ કહ્યું: "લૂંટો. ત્યાં બુંદેલખંડમાં લૂંટો.' સરદારે કહ્યું, 'લૂંટશું તો બુંદેલખંડના લોકો આપણી વિરુદ્ધ થઈ જશે, ને અહ-મદશાહના પક્ષે જશે.' નાના ફડનવીસે કહ્યું, 'થવા દો, પછી દેખ્યું જશે.'

"એમ જ, હું યે તમને કહું છું, કે 'લૂંટો.' Beg, borrow and steal-માગો, ઉછીના લો અને ચોરી કરો,—એમાંથી borrow નહિ કહું. કરજ કરવું ઉચિત નથી – ધાડ પાડવી ઉચિત છે."

શું આ વિનોબાજીના શબ્દો છે? શું આ અહેવાલ આધાર-ભૂત છે? વિનોબાજી અંગેની મનોગત પ્રતિમા સાથે આ તેમના ઉદ્‌ગારો જરા પણ બંધબેસતા નથી. આ બાબતનો સત્વર ખુલાસો કરવા ભૂમિપુત્રના તંત્રી શ્રી કાન્તિભાઈને અને જો આ પોકાર વિનોબાજી સુધી પહોંચે તો તેમને નમ્ર વિનંતિ છે. **પરમાનંદ**

## કવિશ્રી બોટાદકર શતાબ્દીનાં અલ્પમૂલ્ય ત્રણ પ્રકાશનો

જે કવિએ ગુજરાતને સત્પ્રણય, સંસ્કાર અને સ્નેહભાવનાનાં ઉચ્ચતમ કાવ્યો આપ્યાં છે અને જેમના રાસોએ ગુજરાતણ બહેનોને ઘેલી કરી છે એ કવિશ્રી બોટાદકરની જન્મશતાબ્દી તા. ૨૭ નવે-મ્બર' ૭૦ ના રોજ એમના વતન બોટાદમાં ભવ્ય અને સુંદર રીતે ઊજવાઈ ગઇ.

શતાબ્દીના આ પ્રસંગે, મહોત્સવ સમિતિએ ચાર ગ્રંથોની પ્રચારયોજના હાથ ધરી હતી. આમાંનાં ત્રણ પ્રકાશનો પ્રગટ થઈ ગયાં છે અને સાહિત્યપ્રચારની દૃષ્ટિથી અલ્પમૂલ્યે વેચવામાં આવે છે. એ ત્રણ પ્રકાશનો નીચે મુજબ છે:

અક્ષર વિવેચક શ્રી આનંતરાય રાવળે કવિના પાંચ કાવ્ય ગ્રંથોમાંથી દોહન કરેલ, સવિવરણ સંગ્રહ — 'કાવ્ય સરિતા'

કવિશ્રીનો લોકપ્રિય રાસસંગ્રહ તેરમી આવૃતિ — 'રાસતરંગિણી'

કવિશ્રીનું રંગભર્યું જીવનચરિત્ર — 'સત્પ્રણયના ગાયક'

મૂળ રૂપિયા ૮-૨૫ના મૂલ્યનાં આ ત્રણ પ્રકાશનોનો સેટ રૂપિયા પાંચમાં આપવામાં આવશે. ચાલુ આવૃત્તિની નકલો શિલકમાં હશે ત્યાં સુધી આ અલ્પમૂલ્ય ચાલુ રહેશે. પચાસ જેટલા સાહિત્ય-કારો અને કવિઓના લેખોનો 'કવિ બોટાદકર અંજલિગ્રંથ' જૂનમાં પ્રગટ થશે.

ઉપરનાં પ્રકાશનો શ્રી એન. એમ. ત્રિપાઠી એન્ડ કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ - ૨, પાસેથી મળી શકશે.

# ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર

## પૂર્વભૂમિકા

(તા. ૧-૧૧-૭૦ના ઈલેસ્ટ્રેટેડ વીકલીમાં "Corruption in High places" એ મથાળા નીચે બેરીસ્ટર એ. જી. નૂરાણીનો એક મહત્ત્વનો અને આઝાદી મળ્યા પછીના ૨૦-૨૧ વર્ષના કૉંગ્રેસના વહીવટ દરમિયાન પ્રધાનોએ અને બીજાં વગદાર મોટાં નેતાઓએ કેવો નાણાંકીય અને વહીવટી ભ્રષ્ટાચાર કર્યો છે તેનો કડીબંધ ઈતિહાસ આલેખતો લેખ અંગ્રેજીમાં પ્રગટ થયો છે તેનો શ્રી સુબોધભાઈ એમ. શાહે કરી આપેલો ગુજરાતી અનુવાદ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. પરમાનંદ)

સદરહુ લેખની શરૂઆતમાં જ લેખકે ૧૯૬૩ ના જુલાઈની ૩૧ મી તારીખે તે વખતના કૉંગ્રેસના પ્રમુખ શ્રી ડી. સંજીવય્યાએ ઈન્દોરમાં કરેલા એક નિવદનનો ઉલ્લેખ કર્યો છે. જેમાં તેમણે કહ્યું છે કે '૧૯૪૭ માં જે કૉંગ્રેસ કાર્યકરો ગરીબ હતાં તેઓ આજે પૈસાદાર અને લખપતી બની ગયા છે. આજે તેમની પાસે મોટાં મહાલયો છે, અને તેઓ મોટાં કારખાનાદારો બની બેઠા છે - આવી મોટી આવકો હોવાનું કોઈ આધારભૂત મૂળ ન હોવા છતાં." આ નિવેદનનો ઉલ્લેખ કરીને લેખકે લખ્યું છે કે—"આને એકરાર ગણીએ કે પછી આવેશયુક્ત કથન રૂપ લેખીએ, પણ કૉંગ્રેસપ્રમુખ જેવી વ્યકિત પોતાના જાતભાઈઓને કૉંગ્રેસના વારસદારોને—બરાબર જ જાણતી હશે એ વિશે શંકા રાખવાનું કશું કારણ નથી."

શ્રી એ. જી. નૂરાની મુંબઈણી ગવર્નમેન્ટ લૉ કૉલેજમાંથી એલ. એલ. બી. થયેલા છે. વ્યવસાયે તેઓ વકીલ અને પત્રકાર છે. મુંબઈની હાઈ કૉર્ટમાં તેઓ પ્રેકટીસ કરે છે. અને "ઈન્ડિયન એક્ષપ્રેસ', 'જન્મભૂમિ' માં કાયદાને લગતા વિષયો પર લખે છે.

હવે આપણે અનુવાદ ઉપર જઈએ તે પહેલાં, શ્રી નૂરાણીના પ્રસ્તુત લેખમાં જે જે વ્યકિતવિશેષના ચારિત્ર્ય અંગે આલોચના કરવામાં આવી છે તે દરેક વ્યકિતના ફોટોગ્રાફ સાથે તેમનો પરિચય આપતી ટૂંકી નોંધ આપવામાં આવી છે, જેનો અનુવાદ આપવો વધારે પ્રસ્તુત થઈ પડશે એમ લાગે છે. તે પરિચયનોંધ ક્રમસર નીચે મુજબ છે :

### શ્રી વી. કે. કૃષ્ણ મેનન

જીપ સ્કેન્ડલ તરીકે જાણીતા થયેલા પ્રકરણમાં સન્ડોવાયલા શ્રી વિ. કે. કૃષ્ણમેનન કે જેમણે બ્રિટન ખાતેના ભારતના હાઈ-કમિશનર તરીકે, પોતાના સલાહકારોને પૂછયા પણ વિના, લશ્કરી-માલસામાન અંગેના કેટલાક અત્યંત વાંધાજનક સોદાઓ કર્યા હતા. પબ્લિક એકાઉન્ટસ કમિટીએ સંપૂર્ણ તપાસની ભલામણ કરી હતી, પરંતુ કેન્દ્ર સરકારે આખું પ્રકરણ ભીનું સંકેલી લીધું હતું. પાછળથી, શ્રી નહેરુએ શ્રી મેનનની ખાતા વિનાના પ્રધાન તરીકે નિમણૂંક કરી હતી.

### શ્રી કે. ડી. માલવિયા

શિરાજુદ્દીન એન્ડ કંપનીની બાબતમાં મહેરબાની કરવા બદલ શ્રી માલવિયા પર આરોપ મૂકવામાં આવ્યો, જેને પરિણામે તેમને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું પડ્યું. શ્રી નેહરુએ રાજીનામાનો સ્વીકાર કરતાં જણાવ્યું કે "તેઓને અંગત રીતે ખાતરી થઈ નથી કે શ્રી માલવિયાજીએ કશું પણ એવું કર્યું હોય કે જેથી એમની પ્રમાણિકતા અને નિષ્ઠા વિષે શંકા કરવાનું કારણ રહે."

### શ્રી પ્રતાપસિંગ કૈરોં

પ્રતાપસિંગ કૈરોંને દાસ કમિશને પોતાના દીકરાઓ અને સગાં-સંબંધીઓને, પોતે જ્યારે પંજાબના મુખ્ય પ્રધાન હતા ત્યારે, પોતાની સત્તા અને લાગવગનો દુરુપયોગ કરવા દેવા બદલ ગુનેગાર ઠેરવ્યા હતા. પાછળથી દિલ્હી નજીક એક ટોળકીએ ગોળી ચલાવી તેમનું ખૂન કર્યું.

### બક્ષી ગુલામમહમ્મદ

જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાનપદે ૧૦ વર્ષ સુધી રહેલા બક્ષી ગુલામ મહંમદને સર્વોચ્ચ અદાલતના માજી ન્યાયાધીશ શ્રી એન. રાજગોપાલ આયંગરના અધ્યક્ષપદે રચાયેલા તપાસપંચે "નિતાંત ગેરવર્તણૂક" માટે ગુનેગાર ઠેરવ્યા. તપાસપંચને જણાયું કે "બક્ષી અને તેમનાં કુટુંબના સભ્યોએ મેળવેલા અયોગ્ય ફાયદાઓ અથવા ગેરવ્યાજબી નાણાંકીય લાભોની રકમ રૂ. ૧૪ લાખથી વધુ જવા થાય છે."

### શ્રી મહામાયાપ્રસાદ સિંહા

૧૯૬૭–૬૮ ના ટૂંકાગાળા દરમિયાન બિહારમાં સંયુકત વિધાયક દળની આગેવાની મહામાયાપ્રસાદે લીધી. મુધોલકર કમિશને એક મોટા ખાણોના માલિક સ્વ. રામગઢના રાજાની "ખાણો અને ભુસ્તરશાસ્ત્ર' ના પ્રધાન તરીકે નીમણૂંક કરીને "રાજકારણીય સગવડતાને ખાતર જાહેર હિત નું બલિદાન આપવા બદલ મુખ્ય-પ્રધાને સખત ટીકા કરી હતી.

### શ્રી બીજુ પટનાયક

દિલ્હી હાઈકોર્ટના જસ્ટીસ એચ. આર. ખન્નાના અધ્યક્ષપદે રચાયેલા તપાસપંચે શ્રી બીજુ પટનાયક તેમ જ તેમના ડેપ્યુટી શ્રી બિરેન મિત્ર કે જેઓ પટનાયકની પછી ઓરિસ્સાના મુખ્ય પ્રધાન બન્યા હતા તે બંનેની 'ગેરરીતિઓ અને રાજ્યના વહીવટમાં સત્તાનો દુરુપયોગ કરવા બદલ કડક આલોચના કરી હતી. તેમના કુટુંબના સભ્યો જેની સાથે જોડાયેલા હતા તેવી પેઢીઓએ તેમના સત્તાવાર ટેકાના પરિણામે અઢળક કમાણી કરી હતી.

### શ્રી મહેશપ્રસાદ સિંહા

થોડાં જ વરસો પર, જ્યારે તેઓ બિહારના પ્રધાનમંડળમાં હતા ત્યારે, શ્રી મહેશપ્રસાદ સિંહાને તેમના જન્મદિન નિમિત્તે અપાયેલી ભવ્ય અંજલિ આ પ્રમાણે હતી: "ઊગતા રાજકારણીઓ માટે આદર્શ નમૂના જેવા." પરંતુ ત્યાર બાદ એક તપાસ પંચે તેમને એક કોન્ટ્રાકટર પાસેથી રૂપિયા પોણાબે લાખની લાંચ લેવા માટે દોષિત જાહેર કર્યા હતા.

### રાજા ઑફ રામગઢ

રામગઢના મહારાજા સ્વ. કામાક્ષ્ય નારાયણ સિંહે ૧૯૫૨ ની ચૂંટણીઓમાં એક સાથે ધારાસભાની ચાર બેઠકો જીતીને વિક્રમ સજર્યો હતો. આવી વગદાર પરિસ્થિતિ હોવા છતાં તેમણે પણ બિહારના પ્રધાન-મંડળમાંના પોતાના હોદ્દાનો ખુલ્લો દુરુપયોગ કર્યો હતો, જેના પરિણામે મધોલકર કમિશને તેમને 'વ્યકિતગત ભ્રષ્ટાચાર' માટે દોષિત જાહેર કર્યા હતા.

### શ્રી કૃષ્ણવલ્લભ સહાય

બિહારના માજી મુખ્ય પ્રધાન શ્રી કે. બી. સહાયની આવકના પ્રમાણમાં તેમનું મૂડીરોકાણ એક લાખ રૂપિયા જેટલું વધારે હતું એમ જસ્ટીસ અય્યરના તપાસ પંચને જણાયું. રાજ્યની ધારાસભામાં એકવાર એમણે કહ્યું હતું કે તેમની માસિક રૂા. ૮૫૦ ની આવકમાં તેમને ૨૦ માણસોના કુટુંબનું પૂરું કરવાનું હતું અને તેથી, તેમણે જણાવ્યું કે તેમના દીકરાઓ અને સંબંધીઓને પોતાના જીવન-નિર્વાહ માટે ધંધો કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

અપૂર્ણ

**સુબોધભાઈ એમ. શાહ**

# ☆ સંન્યાસનો એક નવો ઢંગ ☆

[મુંબઈના જીવન જાગૃતિ કેન્દ્ર તરફથી પ્રકટ થતા ત્રિમાસિક જ્યોતિ શિખાના વિગત ડિસેમ્બર માસના અંકમાં 'સંન્યાસ: નઈ દિશા; નયા બોધ' એ મથાળા નીચે આચાર્ય રજનીશજીના પ્રસ્તુત વિષય ઉપરના એક વ્યાખ્યાનનું સંકલન પ્રગટ કરવામાં આવ્યું છે તેમાંથી તારવીને તૈયાર કરેલો સાર નીચે આપવામાં આવે છે.

આ સાર આટલા વિસ્તારથી અને જરૂરી અવતરણપૂર્વક એટલા માટે આપવામાં આવ્યો છે કે આજ સુધી આચાર્ય રજનીશજીની પ્રવૃત્તિ વ્યાખ્યાન – પ્રવચનો પૂરતી સીમિત હતી. હવે તેમના કાર્યની દિશા વધારે વ્યાપક રૂપ ધારણ કરતી રહી છે. અને તે એક પંથનું સ્વરૂપ ધારણ કરી રહેલ છે અને પોતાને અનુસરનારા સંન્યાસીઓનું એક મોટું દળ તેઓ ઊભું કરવા માગે છે. સંન્યાસને લગતી આજ સુધીની આપણી કલ્પનાથી તેમણે પ્રરૂપેલી કલ્પના એકદમ જૂદા પ્રકારની છે. આ સંન્યાસ પાછળ કોઈ ગુણવત્તાનો આગ્રહ નથી. આગ્રહ છે માત્ર થોડા સરખા બાહ્ય પરિવર્તનનો અને સંખ્યા વૃદ્ધિનો. આશા અને શ્રદ્ધા છે કે 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકો પોતાની મેળે તેમાંના તારતમ્યની તારવણી કરી લેશે અને તેમાંથી નીપજનારાં ચિત્રવિચિત્ર સામાજિક પરિણામોની પણ કલ્પના કરી લેશે. પરમાનંદ]

આચાર્ય રજનીશજી દ્વારા એક નવા પ્રકારના સંન્યાસની કલ્પના રજૂ કરવામાં આવી છે અને તેને અમલી રૂપ પણ આપવાનું શરૂ થઈ ચૂક્યું છે. આ સંન્યાસ પાછળ કોઈ ત્યાગ કે વૈરાગ્યની ભૂમિકા, ક્રિયાકાંડનું પાલન અથવા તો યમનિયમની ઉપાસનાનો ખ્યાલ નથી. આ માત્ર વસ્ત્રપરિવર્તન એટલે કે ચાલુ કપડાંની જગ્યાએ ભગવા-ગેરુઆ રંગે રંગાયલાં - વસ્ત્રો પહેરવાનાં, રૂદ્રાક્ષની માળા ગળામાં પહેરવાની અને પોતાનું નામ બદલવાનું - આટલું જ કરવાનું રહે છે. આવો વેશપલટો કરનારે ઘર છોડવાનું નથી, વ્યવસાય છોડવાનો નથી, ચાલુ વ્યવહારનો ત્યાગ કરવાનો નથી. પેઢી ઉપર બેસીને તે પોતાનો વ્યાપાર ચલાવી શકે છે, ક્લાર્ક તરીકે ઓફિસમાં નોકરી કરી શકે છે. આના માટે ખાનપાનનું કોઈ બંધન નથી કે બ્રહ્મચર્ય-પાલન અનિવાર્ય નથી. આવો સંન્યાસ ધારણ કરવા પાછળ એવી ધારણા છે કે, સંન્યાસસૂચક ભગવા વસ્ત્રોનું ધારણ જ નવા સંન્યાસીમાં પાયાનું પરિવર્તન કરવા માંડશે.

આવો સંન્યાસ સ્વીકારનારે નામ બદલવાનું એટલા માટે રહેશે કે રજનીશજીની એવી અપેક્ષા મુજબ આવું નવું જીવન સ્વીકારનારની આગળના જીવન સાથેની Identity–એકરૂપતા–તૂટવી જોઈએ - નાબૂદ થવી જોઈએ. ભગવાં પહેર્યા, માળા પહેરી અને નામ બદલ્યું એટલે હવે તે મૂળ વ્યક્તિ ન રહી. આવો સંન્યાસ કોઈ પણ સ્ત્રી કે પુરુષ ધારણ કરી શકે છે; કોઈ પણ યુવક કે યુવતી આ રીતે પોતાનું જીવન પલટી શકે છે. આ સંન્યાસગ્રહણ હંમેશાને માટે હોય એ આવકારપાત્ર છે, એમ છતાં બે મહિના - ચાર મહિના–વરસ–બે વરસ–એમ મુદતી સંન્યાસ પણ હોઈ શકે છે. મુદત પૂરી થયે તે વ્યક્તિ મૂળ વસ્ત્રો ધારણ કરી શકે છે.

એવા વૃદ્ધો હોય અથવા તો યુવકો હોય જેમના માથે કોઈ જવાબદારી ન હોય અને સંન્યાસી થવા ઇચ્છતાં હોય એવા લોકો માટે એક આશ્રમ કાઢવામાં આવશે. તેમાં જોડાનારે ત્રણ કલાક કામ કરવું જ પડશે, અને એ આશ્રમને એ રીતે self–sufficient–આત્મનિર્ભર-બનાવવાનો રહેશે. આવા આશ્રમમાં ધ્યાન ઉપર ખૂબ ભાર મૂકવામાં આવશે. ઉપર જણાવેલ ગૃહવાસી–સંન્યાસી પણ વિશેષ તાલીમ લેવા માટે આવા આશ્રમમાં આવીને બે ચાર મહિના રહી શકશે.

ઉપર જણાવેલ આશ્રમમાં કોઈ ઊંચું–નીચું નહિ હોય, તેમાં પૈસાની લેણદેણ નહિ હોય. તેમાં રહેનારને તેની બધી જ જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે. તેને બહારગામ મોકલવામાં આવશે તો તેના ખર્ચની વ્યવસ્થા કરવામાં આવશે.

એવા પણ કેટલાક હશે કે જેમણે આજીવન સંન્યાસ ધારણ કર્યો હશે. એમ છતાં જ્યારે પણ તેમને લાગશે કે સંન્યાસના જીવનમાં પોતે ટકી શકે તેમ નથી ત્યારે કોઈ પણ ઘડિયે વિના સંકોચે અને વિના બદનામીએ તે સંન્યાસ છોડીને ચાણુ ગૃહસ્થજીવનમાં જોડાઈ શકશે.

આ સંન્યાસધારણ વિશે આચાર્ય રજનીશજી સ્પષ્ટ કરે છે કે આવો સંન્યાસી કોઈનો શિષ્ય નથી; મારો શિષ્ય નથી. હું તો માત્ર સાક્ષી બનું કે અમુક વ્યક્તિ સંન્યાસના માર્ગ ઉપર ચાલે છે. આ બાબતમાં મારી કોઈ જવાબદારી નથી કે ન હું એને પૂછી શકીશ કે તમે આમ કેમ કર્યું? એ પૂરા અર્થમાં માત્ર પોતાને જવાબદાર છે.

ભગવા કપડાં પહેરવાનું ચત્મ- કારિક પરિણામ કેવું હશે તે આપણે રજનીશજીના શબ્દોમાં જ જોઈએ. તેઓ જણાવે છે કે, "ભગવા કપડાં પહેરવાનું પરિણામ એ આવશે કે તેને જે કોઈ મળવા આવશે તે તરત જ આ કપડાં જોશે અને કપડાં સંબંધે પ્રશ્ન કરશે. અને લોકોને કહેશે કે પેલો સન્યાસી છે કે જે દુકાન ઉપર બેઠો છે. ઓફિસમાં તે કામ કરતો હશે તો લોકો પૂછવા માંડશે કે આ માત્ર ગેરુઆ કપડાં પહેરીને કેમ બેઠો છે. ? તે કદી પણ ભૂલવાનો નહિ કે પોતે સંન્યાસી છે. તેના ભગવા કપડાં અને તેની વચ્ચે નિરન્તર તેના નવા જીવનની ઘોષણા ચાલતી રહેશે. અને જિંદગી તો ભારે અદ્‌ભુત છે. તેમાં નાનો સરખો ફરક એટલું મોટું પરિણામ લાવે છે કે તેનો હિસાબ આંકવો મુશ્કેલ છે. વળી જો ચોવીશે કલાક એવું સ્મરણ ચાલતું રહે કે, હું સંન્યાસી છું તો એ સ્મરણ જ તેના વ્યક્તિત્વની ઘણી ખરી બાબતોમાં એવો ફેરફાર કરશે કે જે ફેરફાર બીજી રીતે લાખ કોશિષ કરતાં પણ પેદા થઈ નહિ શકે. ગઈ કાલે આપ જે કરતા હતા તે આજે કરવામાં આપને સાવધાની રાખવી પડશે. ગઈ કાલે આપ જે બોલ્યા હતા તે આજે બોલવામાં સાવધાની રાખવી પડશે. એ સાવધાની આપની અંદર ફરક પેદા કરવાનું શરૂ કરી દેશે. આમ હોવાથી આપની ઉપર હું કોઈ નિયમ લાદવા માંગતો નથી. આપનો વિવેક એ જ આપનો નિયમ બનશે. માત્ર આપનામાં એ સ્મરણ સતત જાગતું રાખવાનું હું ઇચ્છું છું કે આપ સંન્યાસી છો. માત્ર એટલું જ હું ઇચ્છું છું કે એ સ્મૃતિ આપનાથી કદી વિખૂટી ન પડે."

આચાર્ય રજનીશજી આ સંબંધમાં આગળ વધતા જણાવે છે કે "એક વખત ચાર છ મહિના, આઠ મહિના, એક વર્ષ પણ આ કૉન્સન્ટ રીમેમ્બરિંગ રહી જાય તો આપમાં પછી ફરક પડી જ જવાનો. પછી કપડાંનું તો કોઈ મૂલ્ય જ નહિ રહે. પછી ભગવાં કપડાં છોડી દેવામાં આવે તો પણ કોઈ વાંધો નથી. વર્ષભરની નિરન્તર સ્મૃતિ આપને બદલી જ નાખશે, બદલવાની જ છે. આપની જિન્દગીમાં મારી તરફથી કોઈ ભીતરી અન્તરફેરફાર હું કરવા ચાહતો નથી. ભીતરી અન્તરની બાબત માત્ર આપની ઉપર હું છોડવા માંગું છું. આવો સંન્યાસ એક સતત બનતી પ્રક્રિયાનું રૂપ ધારણ કરશે અને ભીતરી અંતર હંમેશા થતું જ રહેવાનું. ન તો આપની સેક્સ લાઈફને બદલવાનું હું કહું છું; કશું પણ બદલવાનું કહેતો નથી. કેવળ ઉપરનું પરિવર્તન કરવાનું છે; અંદરનું પરિવર્તન કેવળ સ્મૃતિદ્વારા શરૂ થવાનું છે અને એ અંદરનું જીવન બદલનું કહેવાનું છે. અને કદાચ ન બદલાય તો પણ તેની કોઈ ચિન્તા નથી."

આવા સંન્યાસીઓ અંગે રજનીશજી જણાવે છે કે "આ સંન્યાસીઓના વર્ગ, ઇચ્છું છું કે, દિનપ્રતિદિન ઘણો મોટો

બને - એટલો વ્યાપક બને કે દેશમાં લાખો સંન્યાસી હો, આ રીતે આપણે આખા દેશની હવા અને આખા દેશનું વાતાવરણ બદલવાની કોશિષ કરીશું."

આચાર્ય રજનીશજીએ સૂચવેલા આક્રામની કલ્પના નીચે મુજબ છે: "એવા રીટાયર વૃદ્ધ લોક હોઈ શકે છે કે જેમના માટે ઘર હોવા ન હોવાનું કોઈ પ્રયોજન નથી, જેમના માટે જિંદગી ચાલુ રહે ન રહે તેની કોઈ મતલબ નથી. તેમ જ જેમના માથે કોઈ જવાબદારી નથી એવી વ્યક્તિઓની બાબતમાં હું ઇચ્છું છું કે જો તેમને ગમે તો અને જેમના ઘર છોડવાથી કોઈને દુઃખ પહોંચવાનો સંભવ નથી. એવા યુવકો હોઈ શકે છે કે જેમના માથે કોઈ જવાબદારી નથી. તેમના માટે દેશમાં કોઈ એક કેન્દ્ર ઊભું કરવામાં આવે જ્યાં તેઓ સંન્યાસીની માફક રહી શકે. પણ આ આક્રામ પ્રોડક્ટિવ હોવો જોઈશે.; અનપ્રોડક્ટવ નહિ હોય. સમાજ આવા આક્રામનું પાલન - પોષણ કરે એમ પણ હોવું ન જોઈએ. આ આક્રામોમાં પોતાની ખેતી હોવાની, પોતાનો બગીચો હશે, પોતાની નાની મોટી ઈન્ડસ્ટ્રીઓ હશે અને દરેક સંન્યાસીએ જે કાંઈ કામ કરી શકે તે કામ ત્યાં ત્રણ ક્લાક કરવું પડશે. જો વ્યક્તિ વૃદ્ધ હોય તો ત્રણ ક્લાક સંન્યાસની સ્કૂલમાં તેણે ભણવું પડશે. ડાકટર હોય તો ત્રણ ક્લાક આક્રામની ઈસ્પિતાલમાં તેણે કામ કરવું પડશે. ચમાર હોય તો તેણે ત્રણ ક્લાક જોડા સાફ કરવા પડશે. જે જે કાંઈ કરી શકે તે તેણે કરવાનું રહેશે. આ એક પ્રકારનું કોમ્યુન લિવિંગ બનશે. આમાં જે ડાકટર કામ કરશે અને જે જોડાનું પોલીશ કરશે તે બે વચ્ચે કોઈ અન્તર નહિ હોય. આમાં કોઈ ઊંચા - નીચા નહિ હોય. બન્નેને પૂરેપૂરી સગવડ મળશે, જરૂરી સામગ્રી પુરી પાડવામાં આવશે. આક્રામના કોઈ સંન્યાસીને કોઈ પૈસા નહિ આપે. ખાવું, રહેવું, કપડાં - આ બધી જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે."

પોતે સંન્યાસી છે એ સ્મરણ કાયમ રાખવા સાથે રજનીશજી ઇચ્છે છે કે આજે તમે જે કાંઈ કરી રહ્યા છો તે પરમાત્માનું એક ઉપકરણ છે, એક ઈન્સ્ટ્રુમેંટની માફક તમે તે કરી રહ્યા છો. હવે તમે કર્તા નથી. જો તમને રોટલો કમાવાની અપેક્ષા હોય હોય તો તે પરમાત્મા માટે. જો ઘર ચલાવવાનું હોય તો પરમાત્મા માટે, અને જો દુકાન ચલાવવાની હોય તો પરમાત્મા માટે. હવે તમારી કોઈ ઈગો-સેન્ટર્ડ વ્યવસ્થા રહેતી નથી; પોતા માટે કશું કરવાનું કારણ નથી. તમારા માટે તમે છૂટી ગયા છો; એમ છતાં તમારી જવાબદારીઓ છે જે માટે તમે પરમાત્માને નિમિત્ત બનાવીને બધું કાંઈ કરતા રહો.:" રજનીશજીની આવી અપેક્ષા છે. પણ દરેક સંન્યાસી માટે આ અનિવાર્ય નથી. જે પ્રકારે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે છે તેવા પ્રકારના સંન્યાસી માટે આવો સ્થાયી ભાવ શક્ય નથી.

સંસ્કારતીર્થ પોસ્ટ આજોલ, તાલુકા બિજાપુર, જિલ્લા મહેસાણા (ગુજરાત)માં સ્વામી કૃષ્ણ ચૈતન્ય (શ્રી બાબુભાઈ શાહ) તથા માં આનંદ મધુ (સૌ. ધર્મિષ્ઠા બહેન બાબુભાઈ શાહ) ની પ્રેમ-છાયામાં દેશ વિદેશના નવદીક્ષિત સંન્યાસીઓની સાધના તથા જીવનશિક્ષણ માટે એક કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. અહિ ૫-૬ સંન્યાસીઓનું એક નાનું સરખું 'કોમ્યુન' સૃજન તથા ધર્મ ચક્ર પ્રવર્તનની દિશામાં શરૂ થઈ ચૂકેલ છે.-મનાલી શિબિરમાં તથા ત્યાર બાદ કુલ ૨૦ વ્યક્તિઓ નવા જીવન - આયામમાં સંમીલિત થયા છે.

આમાં આજ સુધીમાં સારી વૃદ્ધિ થઈ રહી છે.

* * *

આ છે આચાર્ય રજનીશે પ્રેરેલી અને પ્રરૂપેલી નવા સંન્યાસનું સ્વરૂપ.

ગયા સપ્ટેમ્બરની ૨૬ મી તારીખથી ૫ ઓક્ટોબર એમ નવ દિવસની હિમાલય પ્રદેશમાં કુલ્લુ સ્થિત મનાલિમાં આચાર્ય રજનીશજીની એક શિબિર યોજવામાં આવી હતી. તે દરમિયાન તેમણે આ અશ્રુતપૂર્વ પ્રકારના સંન્યાસનો વિચાર રજૂ કર્યો હતો અને જણાવ્યું હતું કે મારો એવો ઈરાદો છે કે અધિકતમ લોકો માટે સર્વાધિક સંન્યાસ સુલભ બની શકે.

સાધારણ પરંપરા મુજબ સંન્યાસધારણ એટલે આજીવન દીક્ષા એવી આપણી સમજણ છે, જૈન તેમ જ વૈદિક તથા શ્રામણ પરંપરા આ ધોરણ ઉપર રચાયેલી છે. મુદતી દીક્ષાનો વિચાર રજનીશજીએ બૌદ્ધ પરંપરામાંથી લીધો છે. તેની અંદર મુદતી દીક્ષા લેવા-આપવામાં આવે છે. દરેક બૌદ્ધધર્મીએ આખરે એક દિવસ માટે તો દીક્ષા ગ્રહણ કરવી જોઈએ અને પાળવી જોઈએ.-આવી માન્યતા અને પરંપરા બૌદ્ધધર્મી દેશોમાં પ્રચલિત છે. આવા દીક્ષિતની દીક્ષા એક દિવસની હોય, મહિના બે મહિના કે વર્ષની હોય-પણ એટલો સમય નવદીક્ષિતે ઘર છોડીને બૌદ્ધધર્મના સાધુઓ જ્યાં રહેતા હોય ત્યાં જઈને તેણે રહેવું જોઈએ અને સાધુજીવનના બધા વ્રત-નિયમો કડકપણે પાળવા જોઈએ. આચાર્ય રજનીશ-પ્રરુપિત સંન્યાસમાં ગૃહત્યાગની-વ્યવસાય ત્યાગની-આવી કોઈ કલ્પના છે જ નહિ. સંન્યાસી બનવા ઇચ્છનાર માટે ભગવા વસ્ત્ર, ગળામાં રૂદ્રાક્ષની માળા અને નામપરિવર્તન પૂરતાં છે.

સંન્યાસ માનવીએ કલ્પેલું જીવનનું કઠણમાં કઠણ વ્રત છે; તે એક પ્રકારની તપસ્યા અને ઉપાસના છે. ત્યાગ અને વૈરાગ્યની ભૂમિકા ઉપર સંન્યાસની ઈમારત રચાયલી છે. તે સંન્યાસનું તેના ખરા અર્થમાં પાલન વિરલ માનવીઓ માટે શક્ય છે. જે સંન્યાસ સાથે આવા ખ્યાલો કંઈ કાળથી સંકલિત થયેલા છે તે સંન્યાસને આ રીતે સર્વજનસુલભ બનાવવો એ સંન્યાસની એક પ્રકારની હાંસી કરવા બરોબર છે. જે બ્રહ્મચર્યનું યથાર્થ પાલન વિરલ-વ્યક્તિઓ માટે શક્ય છે તે બ્રહ્મચર્યને સર્વજનસુલભ બનાવવા જેવો આ પ્રયત્ન છે. તેવું બ્રહ્મચર્ય જેમ માત્ર મૂળની નકલ જ હોવાની તેવી રીતે આવો સંન્યાસી પણ ખરા સંન્યાસની એક નકલ માત્ર હોવાની. જેવી રીતે શુદ્ધ ઉપવાસને ફરાળિયા ઉપવાસનું રૂપ આપીને શુદ્ધ ઉપવાસને સત્વવિનાનો બનાવી દેવામાં આવ્યો છે તેમ યમનિયમના આગ્રહવિનાનો આ સંન્યાસ કેવળ સત્વહીન બની જવાનો.

**પરમાનંદ**

પૂરક નોંધ: આચાર્ય રજનીશજીની પ્રેરણાથી જે ભાઈ-બહેનોએ ઉપર વર્ણવેલો સંન્યાસ સ્વીકાર્યો છે તેમની - જ્યોતિ શિખામાં પ્રગટ કરવામાં આવેલી યાદી નીચે મુજબ છે:

| સંન્યાસનું નવું સંબોધન | જુનું નામ | નિવાસસ્થાન |
|---|---|---|
| સ્વામી આનંદકૃષ્ણ | શ્રી રણજિત બી. પરીખ | કલ્યાણ |
| સ્વામી આનંદ મૂર્તિ | શ્રી કૃષ્ણ રિંગવાળા | અમદાવાદ |
| સ્વામી આનંદ પ્રજ્ઞાન | સ્વામી પ્રજ્ઞાનાનંદ | મુંબઈ |
| સ્વામી કૃષ્ણ ચૈતન્ય | શ્રી બાબુભાઈ શાહ | આજોલ |
| સ્વામી કૃષ્ણતીર્થ | શ્રી હસમુખ રાવળ | સુરેન્દ્રનગર |
| સ્વામી ચૈતન્ય ભારતી | શ્રી હરિશ્ચન્દ્ર | નવી દિલ્હી |
| સ્વામી પ્રેમમૂર્તિ | શ્રી કનુભાઈ શાહ | કલ્યાણ |
| સ્વામી યોગ ચિન્મય | સ્વામી ક્રિયાનંદ સરસ્વતી | મુંબઈ |
| માં યોગલક્ષ્મી | કુમારી લક્ષ્મી કરુવા | મુંબઈ |
| માં યોગ ભગવતી | કુમારી ભગવતી અડવાણી | મુંબઈ |
| માં યોગ પ્રેમ | કુમારી જશુ કોઠારી | રાજકોટ |
| માં યોગ સમાધિ | કુમારી મીના મોદી | રાજકોટ |
| માં યોગ યશા | કુમારી મંગળા દુરાડ | ધોલ્હનદી |
| માં યોગ પ્રિયા | કુમારી પુષ્પા | ધોલ્હનદી |
| માં કૃષ્ણ કરુણા | કુમારી ઝવેર શાહ | મુંબઈ |
| માં આનંદ મધુ | શ્રીમતી ધર્મિષ્ઠા શાહ | આજોલ |
| સ્વામી આનંદપ્રેમ | સ્વામી યોગપ્રેમાનંદ | ન્યુયૉર્ક |
| માં ધર્મ મુદિતા | શ્રીમતી સુમન કે. શાહ | કલ્યાણ |
| માં ધર્મજ્યોતિ | કુમારી પુષ્પા પંજાબી | મુંબઈ |
| માં ધર્મકીર્તિ | શ્રીમતી અનસૂયાબહેન | આજોલ |

# મુંબઈમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની જન્મશતાબ્દીની ઉજવણી

જૈનધર્મનો ચતુર્વિધ સંઘ સાધુ-સાધ્વી રૂપ ત્યાગીવર્ગ અને શ્રાવક-શ્રાવિકારૂપ ગૃહસ્થવર્ગનો બનેલો છે. એમાં ત્યાગી વર્ગ ગૃહસ્થવર્ગની ધર્મભાવનાને ટકાવી રાખવા, વધારવા અને એના પરલોકના કલ્યાણ માટે છેક પ્રાચીન કાળથી ઉપદેશ આપતો અને પ્રયત્ન કરતો રહે છે; આમ કરવું એ એનું ધર્મકૃત્ય લેખવામાં આવ્યું છે. પરંતુ ત્યાગીવર્ગ ગૃહસ્થવર્ગના સુખ-દુઃખનો સહભાગી બને, એના દુઃખનિવારણનો અને સામાજિક ઉત્કર્ષનો માર્ગ બતાવે કે એ માટે પ્રયત્નશીલ રહે અને એના ઐહિક જીવનની સુધારણાને પરલોકની સુધારણા જેટલું જ મહત્ત્વ આપે, એ આખી એક સાચા સંઘનાયકને શોભે એવી પ્રક્રિયાનો જૈનસાધુ પરંપરામાં અભાવ પ્રવર્તે છે અથવા તો એવી પ્રવૃત્તિ બહુ જ વિરલ જોવા મળે છે; અને એનું કારણ આવી પ્રવૃત્તિને ત્યાગધર્મની વિરુદ્ધની માની લેવામાં આવી છે, એ છે.

ત્યાગીવર્ગના ગૃહસ્થવર્ગ પ્રત્યેના આવા રૂઢ થઈ ગયેલા વલણની સામે જ્યારે આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજીના ધાર્મિક શિક્ષણ સાથે વ્યાવહારિક શિક્ષણના પ્રસાર માટેના અવિરત પુરુષાર્થને, બધા જૈન ફિરકાઓની અને માનવસમાજની એકતાની ઝંખનાને અને મધ્યમ સ્થિતિનાં અને ગરીબ જૈન ભાઈઓ બહેનોના સંકટનિવારણ માટેની રચનાત્મક ચિન્તા અને પ્રવૃત્તિને વરેલા જીવન અને કાર્યનો વિચાર કરીએ છીએ ત્યારે તેઓ જૈન સાધુપરંપરાના દીર્ઘકાલીન ઇતિહાસપટમાં જાણે એક અદ્વિતીયઃ ની જેમ શોભતા હોય એમ જ લાગે છે. ધર્મને અને ધર્મભાવનાને ટકાવી રાખવાની ધર્મબુદ્ધિથી સમાજઉત્કર્ષની આવી વિવિધ પ્રવૃત્તિઓનો સ્વીકાર અને પ્રસાર એ જ આ આચાર્યશ્રીનું યુગદર્શન અને યુગકાર્ય.

તાજેતરમાં (ગત ડિસેમ્બર માસની ૨૫-૨૬-૨૭ મી તારીખો દરમિયાન), મુંબઈમાં, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની જન્મ-શતાબ્દીની અખિલભારતીય ધોરણે કરવામાં આવેલી ઉજવણીનું આચાર્યશ્રીના આવા ઉદાત્ત, ઉપકારક અને ઉદાર વ્યક્તિત્વના સંદર્ભમાં મૂલ્યાંકન કરવામાં આવે, તો જ એ ઉજવણીને મળેલી અસાધારણ સફળતા, એની ભવ્યતા અને એમાં જનસમુદાયની આચાર્યશ્રી પ્રત્યેની અનન્ય ગુરુભક્તિનાં થયેલાં હૃદયસ્પર્શી દર્શનનું રહસ્ય ખ્યાલમાં આવી શકે.

મુંબઈના જૈન સમાજે (જન્મશતાબ્દી સમિતિએ) આ સમારોહ માટે ખૂબ જંગી તૈયારીઓ કરી હતી. બહારગામથી આવેલા બત્રીસસો-તેત્રીસસો મહેમાનોમાંથી પચીસસો જેટલાં ભાઈઓ-બહેનો માટે ઉતારાની સંતોષકારક વ્યવસ્થા કરવી એ નાનુંસૂનું કાર્ય ન હતું. આવો મોટો સમારોહ સારી રીતે ઊજવી શકાય અને બધી વ્યવસ્થા સાચવી શકાય, એ માટે મુંબઈના વિશાળ ક્રોસમેદાનમાં મોટું વિજયવલ્લભનગર ઊભું કરવામાં આવ્યું હતું. આ નગરમાં દસેક હજાર શ્રોતાઓ-પ્રેક્ષકોને સમાવી શકાય એવો મંડપ, ચાર હજાર માણસો માટે રસોઈ થઈ શકે એવું મોટું રસોડું, એક હજાર માણસોને એકી સાથે ખુરશી-ટેબલ ઉપર જમવા બેસાડી શકાય એવું મોટું ભોજનગૃહ અને સંખ્યાબંધ નાના-મોટા સ્ટોલો ઊભાં કરવામાં આવ્યાં હતાં. કોઈ મોટી પરિષદ ભરાવાની હોય એવું જ એ દશ્ય હતું.

સમારોહ માટે મુંબઈથી દૂર દૂરના અને નજીકના દેશના બધા ભાગોમાંથી બત્રીસસો-તેત્રીસસો જેટલા મહેમાનો ટ્રેન મારફત આખી સ્પેશિયલ ટ્રેન લઈને, સ્પેશિયલ મોટરબસો મારફત અને ખાનગી મોટરો દ્વારા મુંબઈ આવી પહોંચ્યા હતા. આમાં છેક પંજાબથી આવેલાં ભાવિક ભાઈઓ-બહેનોની સંખ્યા લગભગ બે હજાર જેટલી હતી. સ્પેશિયલ ટ્રેન મારફત આવેલ પંજાબનો સંઘ તો પોતાની સાથે એક બેંડ પણ લાવ્યો હતો! આ મહેમાનોમાં પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને બીજાં સ્થળોની સંખ્યાબંધ ભજનમંડળીઓનો અને ઉત્તમ કોટીના અનેક પ્રકારના સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમો તૈયાર કરીને આવેલા અનેક વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની મંડળીઓનો સમાવેશ થતો હતો. આ મહોત્સવમાં બહારગામનાં મહેમાનોની આટલી મોટી હાજરી અને તૈયારી ઉપરથી પણ, આચાર્યશ્રીને કાળધર્મ પામ્યા. ૧૬-૧૭ વર્ષ થવાં છતાં, જનસમૂહ તેઓની પ્રત્યે ભક્તિ-આદર અને આભારની કેવી ઊંડી લાગણી ધરાવે છે તે જાણી શકાય છે. અને પંજાબનાં ભાઈઓ-બહેનોની ગુરુભક્તિનો તો જોટો મળવો જ મુશ્કેલ છે.

આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા આગમ-પ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ પોતાના સાધુસમુદાય સાથે તથા પોતાના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાય સાથે મહિનાઓથી મુંબઈ પધાર્યા હતા, તે જન્મશતાબ્દીની વ્યાપક ઉજવણી માટેજ. આ ઉપરથી પણ સમજી શકાય છે કે આ પ્રસંગની ઉજવણી સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવન અને કાર્યને અનુરૂપ થાય એ અંગે સૌની ભાવના કેવી ઉત્કટ હતી. અને જન્મશતાબ્દીની ઉજવણી જે રીતે કરવામાં આવી તે ઉપરથી એમ જરૂર કહી શકાય કે આ ભાવના પૂરેપૂરી સફળ થઈ છે. એની થોડીક વિગતો જોઈએ.

યજમાનો અને મહેમાનોની આવી ઉમળકાભરી તૈયારી સાથે જન્મશતાબ્દી મહોત્સવની શરૂઆત તા. ૨૫-૧૨-'૭૦ ના રોજ કરવામાં આવી, તે દિવસે સવારના ૯-૩૦ વાગતાં સમારોહનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ કરવાના હતા; તેઓ આવી નહિ શકવાથી ભારત સરકારના ભૂતપૂર્વ રેલવે પ્રધાન શ્રી એસ. કે. પાટિલે સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું અને આચાર્યશ્રીના ઉમદા વ્યક્તિત્વને ભાવ-ભરી અંજલિ આપી. આ સભાનું પ્રમુખપદ મુંબઈના જૈન અગ્રણી શેઠ શ્રી રતિલાલ મહિણલાલ નાણાવટીએ શોભાવ્યું હતું. સ્થાનકવાસી સંઘના વિદ્વાન મુનિ શ્રી વિજયમુનિ શાસ્ત્રી તથા સ્થાનકવાસી સંઘની મહાસતીજીઓ પણ આ સભામાં પધાર્યાં હતાં. સભામાં મુનિ શ્રી પુણ્યવિજયજી, શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ વગેરેએ પ્રસંગોચિત વિવેચનો કરીને આચાર્યશ્રીના જીવનમાંથી પ્રેરણા લઈને સમાજોત્કર્ષનાં કામોને ચાલુ રાખવાનો અનુરોધ કર્યો હતો. આ ઉદ્‌ઘાટનસમારોહ પ્રસંગે આચાર્યશ્રીની છબીઓના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી રવજી ખીમજી છેડાએ કર્યું હતું. અને એમના ૨૦ ગ્રામ વજનના ચાંદીના આકર્ષક સિક્કાનું ઉદ્‌ઘાટન શ્રી રમણલાલ નગીનદાસ પરીખે કર્યું હતું.

તા. ૨૬-૧૨-૭૦ ના રોજ સવારના સવા નવ વાગતાં આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના સાન્નિધ્યમાં ગુણાનુવાદ સભા મળી હતી, એમાં ચતુર્વિધ સંઘની સંખ્યાબંધ વ્યક્તિઓએ આચાર્યશ્રીના જીવન અને કાર્ય અંગે વિવેચન કરીને જૈન સમાજ ઉપરના તેઓના ઉપકારનું વર્ણન કર્યું હતું. રતિલાલ દીપચંદ દેસાઈ લિખિત 'સમયદર્શી આચાર્ય' નામે આચાર્યશ્રીના ગુજરાતી જીવન-ચરિત્રનું પ્રકાશન શ્રી ફૂલચંદભાઈ શામજીએ કર્યું હતું. પ્રો. શ્રી જવાહરચંદજી પટણી લિખિત 'The Life of A Saint' નામે અંગ્રેજી પુસ્તકનું પ્રકાશન શ્રી મણિલાલ ચુનીલાલ ભણસાળીએ કર્યું હતું. અને પ્રો. શ્રી જવાહરચંદજી પટણી લિખિત 'દિવ્ય જીવન' નામે હિન્દી ચરિત્રનું પ્રકાશન ડૉ. પદ્મરાજજી સિંગવીના હાથે થવાનું હતું, પણ પુસ્તક સમયસર તૈયાર ન થઈ શકવાથી એનું પ્રકાશન થઈ શક્યું ન હતું.

તા. ૨૭-૧૨-૭૦ ના રોજ સવારના સવા નવ વાગતાં શતાબ્દી મહોત્સવની મુખ્ય સભા જાણીતા જૈન અગ્રણી અને મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈનના પ્રમુખપદે મળી હતી. સભામાં અનેક મુનિવરો, સાધ્વીજી મહારાજ, સ્થાનકવાસી સંઘના વિદ્વાન

મુનિ શ્રી વિજયમુનિશાસ્ત્રી તેમ જ સંખ્યાબંધ વક્તાઓએ, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીએ તથા પ્રમુખ શ્રી શાદીલાલજી જૈને જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ, સમાજના ગરીબ અને મધ્યમ વર્ગની મુશ્કેલ સ્થિતિ અને જૈનોની એકતાની જરૂર અંગે સવિસ્તર રજૂઆત કરીને, સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનકાર્યનું મહત્ત્વ સમજાવ્યું હતું અને એ માર્ગને વધારે મોટા પાયા ઉપર અપનાવવાની અત્યારે કેટલી જરૂર છે તેનો નિર્દેશ કર્યો હતો. શતાબ્દીની ઉજવણીની નક્કર ફળશ્રુતિ રૂપ બે બાબતોની જાહેરાત સભામાં કરવામાં આવી હતી:

સમિતિના મંત્રી શ્રી જયંતિલાલ રતનચંદ શાહે જાહેર કર્યું હતું કે સમિતિના પ્રયાસોથી મુંબઈમાંથી તેમ જ બહારગામથી "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટમાં" ત્રણ હજાર રૂપિયાનું એક એવાં ૩૩૫ ટ્રસ્ટી સ્કૉલરોનાં એટલે કે દસ લાખ રૂપિયા ઉપરાંતની રકમનાં વચનો મળ્યાં છે.

શ્રી શાંતિલાલ મગનલાલ શાહ તથા શ્રી લક્ષ્મીચંદ દુર્લભજીએ સભાને જણાવ્યું હતું કે જૈનો માટે સસ્તા એક હજાર વસવાટો બનાવવાની શ્રી મહાવીર નગરની યોજનાને મૂર્તરૂપ આપી શકાય એવી મોકાસરની જમીન કાંદિવલીમાં ખરીદવાનું નક્કી થઈ ગયું છે, અને એની કાર્યવાહી આગળ વધી રહી છે.

સભામાં પંજાબના સંઘે આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરજીને હૃદયસ્પર્શી શબ્દોમાં પંજાબ પધારવાની વિનંતિ કરી ત્યારે કંઈક આંખો આંસુભીની થઈ ગઈ હતી.

**ધર્મયાત્રા વરઘોડો:** તા. ૨૫-૧૨-૭૦ ના રોજ બપોરના બે વાગે ગોડીજીના ઉપાશ્રયેથી મોટો વરઘોડો નીકળ્યો હતો, જે જુદા જુદા લત્તાઓમાં થઈને ચાર કલાકે ક્રૉસ મેદાનમાં પહોંચ્યો હતો. જુદાં જુદાં મંડળોનાં બેન્ડો, પંજાબ તથા રાજસ્થાનની અનેક ભજનમંડળીઓ અને વિશાળ જનમેદનીને લીધે આ ધર્મયાત્રા ખૂબ ભવ્ય બની હતી. ન ભૂલી શકાય અને ન વર્ણવી શકાય એવાં ભક્તિરસમાં અનેક અંતરસ્પર્શી દશ્યોથી એ ધર્મયાત્રા સમૃદ્ધ બની હતી. જાણે ચોમેર ભાવભક્તિનો રસ જ રેલાઈ રહ્યો હતો; અને સૌને પાવન કરતો હતો.

**શાકાહાર સમ્મેલન:** તા. ૨૬-૧૨-૭૦ ના રોજ મહારાષ્ટ્ર લેજીસ્લેટીવ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી વી. એસ. પાગેના પ્રમુખપદે શાકાહાર સમ્મેલન મળ્યું હતું. એમાં મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈન, અતિથિવિશેષ પદ્મભૂષણ પંડિત શ્રી શિવશર્મા એમ. પી., શ્રી જયંતિલાલ માનકર વગેરે અનેક વક્તાઓએ અત્યારે દેશમાં વધતા જતા માંસાહાર તરફી વલણ અંગે ચિન્તા વ્યક્ત કરીને શાકાહારના પ્રચાર માટે સમર્થ પ્રયાસો કરવાનો અનુરોધ કર્યો હતો. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ લોકોને માંસ-મદિરાનો ત્યાગ કરાવવા જે પ્રબળ પુરુષાર્થ કર્યો હતો તેનું જાણે આ સમ્મેલન સ્મરણ કરાવતું હતું.

**આભાર-નિવેદન-સમારોહ:** તા. ૨૭-૧૨-૭૦ના રોજ બપોરના ૩ વાગતાં મદ્રાસના જૈન અગ્રણી શ્રી માણેકચંદજી બેંતાલાના પ્રમુખપદે મહેમાનોનો આભાર માનવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. વિશાળ કુટુંબ-મિલન જેવો આ સમારંભ જેવો હૃદયસ્પર્શી હતો એવો જ ઉત્સાહવર્ધક હતો. આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીએ જન માનસને ધર્મવાત્સલ્યના રસાયણથી કેવું એકરૂપ અને સ્નેહસભર બનાવ્યું હતું તેનું આહ્લાદકારી દર્શન આ પ્રસંગે પણ થતું હતું. આ પ્રસંગે પંચોતેર જેટલા સ્થાનોના અગ્રણીઓનું હારથી બહુમાન કરવામાં આવ્યું.

**સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમો:** ત્રણે દિવસ રાતના ૭-૩૦ થી ૧૧-૩૦ સુધી ચાર-પાંચ કલાકના હિસાબે આ કાર્યક્રમને માટે તેર-ચૌદ કલાકો અનામત રાખવા છતાં મુંબઈના તેમ જ બહારગામનાં મહિલા મંડળો, વિદ્યાર્થી મંડળો, કન્યા મંડળો, ભજનમંડળીઓ અને બીજાં અનેક ભાઈઓ-બહેનોએ વિવિધ રસ અને પ્રકારના એટલા બધા કાર્યક્રમો તૈયાર કર્યા હતા કે એમાંથી કેટલાકને તો રજૂ કરવાનો વખત જ ન મળ્યો. લગભગ બધા કાર્યક્રમોના કેન્દ્રમાં ગુરુ વલ્લભ બિરાજતા હતા. એકને જોઈએ અને એકને ભૂલીએ એવા આ કાર્યક્રમો શુચિતા અને ઉચ્ચ આશયથી બહુ જ શોભાભર્યા બન્યા હતા. ગુરુભક્ત લાલા ઘનશ્યામજીનો મધુર, બુલંદ અને દર્દીલો કંઠ તો જાણે સૌને વશ કરી લેતો હતો. આ કાર્યક્રમો પણ જાણે આચાર્યશ્રી પ્રત્યેની જનસમૂહની ભક્તિના પ્રતિક બની ગયા હતા!

આ સાંસ્કૃતિક કાર્યક્રમો દરમિયાન શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તૈયાર કરાવેલ આચાર્યશ્રીના પૂરા કદની જીવંત સુંદર છબિ ઉપર પોતાનું નામ લખીને એ છબિ વિદ્યાલયને ભેટ આપવા માટે ખીમેલવાળા શ્રી ઉમેદમલજી રાજાજીએ એકવીસ હજાર એક રૂપિયાથી આદેશ લીધો હતો.

**બહુમાન અને વિદાય:** પંજાબથી અને બીજાં સ્થાનોએથી આવેલા મહેમાનોનું ગોડીજીના ટ્રસ્ટી મહાનુભાવોએ તા. ૨૮-૧૨-૭૦ની સાંજે ગોડીજીના ઉપાશ્રયમાં બહુમાન કરીને આ સમારોહની શાનદાર સફળતા ઉપર જાણે સુવર્ણકળશ ચડાવ્યો.

અને તા. ૨૮-૧૨-૭૦ ની રાત્રે પંજાબ સંઘની સ્પેશિયલ ટ્રેન વિદાય થઈ.

સૌ. શતાબ્દીમહોત્સવના સુમધુર સ્મરણો સાથે વિદાય થયા.

મુંબઈ શહેરે એક યાદગાર અને ઐતિહાસિક પ્રસંગને શોભાભરી રીતે ઊજવી બતાવ્યાનો યશ લીધો.

સૌને માટે આ મહોત્સવ ચિરસ્મરણીય બની ગયો.

**રતિલાલ દીપચંદ દેસાઈ**

## સમસ્ત જૈન સમાજને નમ્ર સૂચન

પ્રભુ મહાવીરની પચ્ચીશસોમી જયન્તિનો ઉત્સવ મનાવવાનો પવિત્ર પ્રસંગ બહુ જ નજદિકમાં આવે છે.

શ્રદ્ધાળુ, શક્તિસમ્પન્ન તથા વિદ્વાનવર્ગે આ મહોત્સવનો પ્રબંધ કરવાનો છે. જો કે તેની પ્રાથમિક તૈયારીઓ થઈ ચૂકી હશે.

ભારતભરમાં જૈનોની સંખ્યા પ્રમાણમાં ઘણી જ ઓછી છે. છતાં જૈનોએ પ્રભુ મહાવીરના ઉચ્ચતમ સંદેશને જાળવી રાખ્યો છે; તેથી જગતભરને શાન્તિ અને પંચશીલનો સંદેશ તેઓ પહોંચાડી શકશે. ઐક્ય વિના જૈન સમાજ ઉન્નતિશીલ તથા કીર્તિસમ્પન્ન નહીં થઈ શકે. દૃષ્ટાન્તરૂપે આવી રહેલ પચ્ચીશસોમો જયન્તિમહોત્સવ મનાવવા માટે એકથી વધુ સમિતિઓ બની ચૂકી છે, આ ઠીક નથી. નાનો સમાજ છૂટક છૂટક અને વિભક્ત રૂપમાં આ મહોત્સવ ઊજવશે તો વધુ ખર્ચ થશે અને સમાજને આદેશ આપવાનો અર્થ નહીં સરે, તેમ જ જૈનોના નામને ઝાંખપ લાગશે એવું જણાય છે.

અનુભવી કાર્યકરો તથા નેતાગણ ભારતના જુદા જુદા પ્રાન્તોમાં બહુ સંખ્યામાં છે, તેઓ સર્વેએ તેમ જ સાધુસમુદાયે મતાગ્રહ બાજુએ મૂકીને જનતાને નિવેદન કરવું જોઈએ, તેમજ પોતાની લાગવગનો ઉપયોગ કરીને કહેવું જોઈએ કે આ અવસર વારે વારે નહીં આવે માટે હાથોહાથ મિલાવીને એક છત્ર નીચે બધો કાર્યક્રમ ગોઠવી પ્રસંગને દીપાવો તથા પ્રભુ મહાવીરના અહિંસા તથા સત્યના સંદેશને અનેકાન્તદૃષ્ટિથી સમસ્ત ભારતવાસીઓને ઘેર ઘેર પહોંચાડો.

સમય ઘણો ટૂંકો રહ્યો છે. કાર્યક્રમ બહોળા પ્રમાણમાં અમલમાં મૂકવાની મહત્વાકાંક્ષા છે, તેથી વિવેકી જનોને પ્રાર્થના છે કે ઉદાર દિલથી ઐક્ય સાધીને ખભે ખભા મિલાવીને કાર્ય કરવાનો શીઘ્ર નિર્ણય કરો.

ઘાટકોપર, ૨૪-૧૨-૭૦. **દુર્લભજી ખેતાણી**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૮૨૬૬ મુદ્રણસ્થાન: ધી રૅટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૭૧, સોમવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર ☆

( ગતાંકથી અનુસંધાન )

(હવે મૂળ લેખનો અનુવાદ આપવામાં આવે છે.)

ભ્રષ્ટાચારને નિર્મૂળ કરવા અંગે નીમાયેલી સંથાનમ કમિટીએ પોતાનો હેવાલ રજૂ કરતાં કહ્યું હતું: "એવી એક સુપ્રચલિત છાપ લોકોના મનમાં પડેલી છે કે પ્રધાનોમાં પણ નિષ્ઠાનો સદંતર અભાવ એ કોઇ એક અસામાન્ય ઘટના હવે રહી નથી. છેલ્લા ૧૬ વરસ દરમ્યાન જે વ્યક્તિઓએ લાગટ પ્રધાનપદું ભોગવ્યું તે પૈકી કેટલાક પ્રધાનોએ ગેરકાયદેસર માર્ગો દ્વારા ખૂબ સારા પૈસા બનાવ્યા છે, પોતાના દીકરાઓ અને સગાંઓને સારી સારી નોકરીઓ આપાવી છે તેમ જ જાહેર જીવનમાં કર્તવ્યનિષ્ઠાના ખ્યાલને જરાપણ સુસંગત ન કહી શકાય એવી રીતે બીજા અનેક લાભો મેળવ્યા છે."

કમિટીએ પોતાનો ખેદ વ્યક્ત કરતાં કહ્યું છે: "આવા ભ્રષ્ટાચારને અટકાવવા માટે જરૂરી એવી કોઇ સુચારુ કાયમી જોગવાઇ કરવાની અગત્ય ન તો કૉંગ્રેસના સત્તાધીશોને સમજાઇ હતી કે ન તો ભારત સરકારનું સંચાલન કરી રહેલા મહાન નેતાઓને જણાઇ હતી."

આ આખા સવાલનું મૂળ અહીં જ છે. ઉચ્ચ સ્થાનોમાં - અને પરિણામે છેક નીચે સુધીનાં સ્તરોમાં - ભ્રષ્ટાચાર પ્રસરેલો છે. પરંતુ ગુનાખોરોને નશિયત કરનારી કોઇ સ્વતંત્ર અને સ્વાયત્ત વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. સ્પષ્ટપણે, જે લોકો પાસે આવી વ્યવસ્થા નિર્માણ કરવાની સત્તા છે તે જ લોકોમાં એ વિષેનો ઉત્સાહ નથી તેમ જ ઉચ્ચ સ્થાનોમાં રહીને તે સ્થાનનો દુરુપયોગ કરનારી વ્યક્તિઓ સાથે ટક્કર લેવાની ઇચ્છા પણ નથી. તદુપરાંત ગેરવર્તણૂકોને લગતા આક્ષેપોની તપાસ કરવા જેવા મહત્વના રાજકારણીય શસ્ત્ર પરનો પોતાનો કાબૂ જતો કરવાની પણ તેમની ઇચ્છા નથી. કારણકે આવી સત્તાનો ઉપયોગ કરીને પોતાના જ પક્ષના કોઇ બળવાખોર સભ્યને તેઓ દબાવી શકે છે; કોઇ પ્રતિપક્ષી સાથેનો જૂનો હિસાબ સમજીવઇ શકે છે અથવા કોઇ ટીકાકારને ચૂપ કરી શકે છે.

સંથાનમ કમિટીએ પણ એવી તો ભલામણ કરી જ હતી કે: "જો કોઇ પણ ૧૦ ધારાસભ્યો કે લોકસભાના સભ્યો, મુખ્યપ્રધાનને કે વડાપ્રધાનને ધારાસભાના અધ્યક્ષ કે લોકસભાના સ્પીકર મારફતે કોઇ લેખિત ફરિયાદ કરે તો, મુખ્યપ્રધાન કે વડાપ્રધાને સદરહુ આક્ષેપોની તપાસ માટે તરત જ એક કમિટી નિયુક્ત કરવાની પોતાની ફરજ ગણવી જોઇએ - એવી એક પ્રણાલિકા પડવી જરૂરી છે."

ઉપરોક્ત કમિટી વડાપ્રધાનની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખે નિમેલ એક રાષ્ટ્રીય પેનલના સભ્યો પૈકી કોઇ પણ ત્રણ વ્યક્તિઓની બનાવવાની હતી - જે પૈકી એક વ્યક્તિ તો ઉચ્ચ અદાલતી હોદ્દો ધરાવનારી અથવા ધરાવી ચૂકેલી એવી હોવી જોઇએ.

આ કમિટીનું કામ એટલો જ નિર્ણય કરવાનું હતું કે, જે પ્રધાન સામે ગેરવહીવટનો આક્ષેપ કરવામાં આવ્યો હોય તે આક્ષેપમાં ઉપર ઉપરથી જોતાં - Prima Facie - કંઇ તથ્ય છે કે કેમ; અને જો હોય, તો તે પ્રધાન સામે ફોજદારી કાયદો લાગુ પાડવાની અથવા એક તપાસપંચ નીમવાની ભલામણ કરવી-વચગાળાના સમયમાં પ્રધાને રાજીનામું આપવું જોઇએ.

આમ કરવાથી તપાસ કરનારી સંસ્થા સરકારની ઇચ્છાથી તદ્દન સ્વતંત્ર રીતે કામ કરી શકી હોત. પરંતુ સંથાનમ કમિટીની ઉપરોક્ત ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો. પરિણામે આજે, પહેલાંની જેમ જ, પ્રધાનમંડળના કોઇપણ સભ્ય સામે થતાં ભ્રષ્ટાચાર કે સત્તાના દુરુપયોગના આક્ષેપો અંગે તપાસપંચ નીમવું કે ન નીમવું તે બાબત કાં તો રાજ્ય સરકાર કાં તો મધ્યસ્થ સરકારના પોતાના પર જ આધાર રાખે છે.

સ્વાતંત્ર્ય પછીનાં આટલાં વરસોમાં જે કોઇ તપાસપંચો કે કમિશનો નિયુક્ત થયાં છે તે કાં તો લોકોના જોરદાર દબાણના કારણે, અથવા કોઇ રાજકીય હેતુસર-પણ નીતાંત અનિચ્છાપૂર્વક નીમવામાં આવ્યા છે. એ ગમે તેમ હોય; પણ જ્યારે જ્યારે ૧૯૫૨ના તપાસપંચના કાયદા હેઠળ અદાલતી પંચો નીમવામાં આવ્યા છે ત્યારે પરિણામો એકધારી રીતે સંતોષજનક આવ્યાં છે. પરંતુ કમનસીબે મોટેભાગે એવુંજ બન્યું છે કે જેમાં લાગતી-વળગતી વ્યક્તિ સામેનો આક્ષેપ પુરવાર કરવામાં સહાયરૂપ બને એવું ઘણું સાહિત્ય ઉપલબ્ધ હોવા છતાં, સદરહુ પંચનું કામ અડધેથી પડતું મુકવામાં આવ્યું છે અને ગુનેગારોને રાજકારણના બીજા કોઇ ક્ષેત્રોમાં ખસેડી લેવામાં આવ્યાં છે.

આવો સૌપ્રથમ કિસ્સો બન્યો શ્રી વી. કે. કૃષ્ણમેનનની બાબતમાં. શ્રી સુરેન્દ્રનાથ દ્વિવેદી (એમ. પી.) અને શ્રી. જી. એસ. ભાર્ગવે તેમના અભ્યાસપૂર્ણ પુસ્તક "Political Corruption in India"માં લખ્યું છે:- "જીપ સ્કેન્ડલ તરીકે જાણીતો થયેલો કિસ્સો પોતે જાતે જ એક અવનવો કિસ્સો છે. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રકાશમાં આવેલો આ પ્રકારનો સૌપ્રથમ બનાવ હતો. એટલા જ માટે, જો શ્રી નેહરુએ એ પ્રશ્નને સૈદ્ધાંતિક રીતે તે વખતે હલ કર્યો હોત, તો રાજકીય ભ્રષ્ટાચારના ત્યારપછીના બનાવોને અસરકારક રીતે નિર્મૂળ કરવામાં સારી એવી મદદ થઇ હોત. પરંતુ એક એવી છાપ ઊભી કરવામાં આવી છે કે જો વહીવટકર્તાઓની સાથે સારાસારી હોય તો ગમે તેવો ભ્રષ્ટાચારી પણ છૂટો રહી શકે છે. પરિણામ એ આવ્યું કે વધારે ને વધારે લોકો લગભગ એક નિયમ રૂપે પોતાની સત્તાનો દુરુપયોગ કરતાં થઇ ગયા અને સાથે ને સાથે પોતાનો ઉપર ઉપરનો સમાજવાદી હોવાનો વાઘો જાળવી રહ્યાં - ગરીબોનું ભલું કરવાની વાતો પોતાના ભાષણોમાં તેઓ કરતા જ રહ્યા.

### શ્રી વી. કે. કૃષ્ણમેનન

૧૯૪૮ માં તે વખતના લંડન ખાતેના ભારતના હાઇ-કમિશનર શ્રી. વી. કે. કૃષ્ણમેનને માત્ર ૬૦૫ પૌંડની મૂડીવાળી

એક પેઢી મેસર્સ એન્ટી-મીસ્ટેન્ટીસને આશરે ૮૦ લાખનો જીપ-ગાડીઓનો ઓર્ડર આપ્યો હતો, જેની નાણાંની ચૂકવણી આ પ્રમાણે કરવાની હતી: ૬૫ ટકા ઈન્સ્પેક્ટીંગ ફર્મના સર્ટીફિકેટની રજૂઆતની સામે, બીજા ૨૦ ટકા બિલ ઓફ લેડીંગની રજૂઆતની સામે અને બાકીના ૧૫ ટકા નાણાં ભારતનાં બંદરે જીપગાડીઓ ઊતરે તે પછીના એક મહિનામાં ચૂકવવાના હતા. આમ છતાં પણ, કોન્ટ્રાક્ટ પર ૧૯૪૮ના જુલાઈની ૯ મી તારીખે સહી થઈ તેના એક જ મહિનામાં અને ઈન્સ્પેક્ટશન સર્ટીફિકેટની પરવા કર્યા વિનાજ, ૬૫ ટકા નાણાં સદરહુ કહેવાતી સપ્લાયર કંપનીને ભરપાઈ કરવામાં આવ્યા. ત્યારપછી પણ તેવી જ અસ્વાભાવિક છૂટછાટો મૂકવામાં આવી. હાઈકમિશનના કાયદાના કે નાણાંકીય સલાહકારની સલાહ પણ માંગવામાં આવી નહીં. ડીફેન્સ સર્વિસીઝના નાણાંકીય સલાહકાર શ્રી એ. કે. ચંદાએ કહ્યું છે કે "આ સોદાની તમામ વ્યવસ્થા હાઈ-કમિશનરે જાતે જ કરી છે."

કોન્ટ્રેક્ટ મુજબ ૧૯૪૮ના ડિસેમ્બરની ૨૬મી પહેલાં બધો માલ ભારતને મળી જવાનો હતો. પરંતુ ૧૫૫ જીપનું પહેલું જ કન્સાઈનમેન્ટ છેક ૧૯૪૯ના માર્ચમાં ભારત પહોંચ્યું-બરાબર કાશ્મીરમાં સીઝ-ફાયર થયાંને બે મહિના વીત્યા પછી! અને એ બધી જ જીપો અહીં આવ્યા પછી બિનઉપયોગી માલુમ પડી!!

લંડનની બીજી એક પેઢી મેસર્સ એસ. સી. કે. એજન્સીઝ સાથે ત્યારબાદ શ્રી મેનને દરેકના ૪૫૮.૫ પૌંડના ભાવે ૧,૦૦૭ જીપનો નવો ઑર્ડર મૂક્યો, કે જે દર મહિને ૬૮ ના હિસાબે પૂરી પાડવાની હતી. આગળના સોદામાં પડેલી નુકસાની પેટે રૂપિયા ૧૯ લાખ આ નવી પેઢીએ જમા આપવાના હતા. આ ઑર્ડરની શરતોમાં પણ જલ્દિથી છૂટછાટો મૂકવામાં આવી. શ્રી મેનને ૬૮ને બદલે માત્ર ૧૨ જીપ પહેલાં છ માસ માટે સ્વીકારવાનું કબૂલ કર્યું. બાકીના ગાળામાં દર મહિને ૬૮ ને બદલે ૧૨૦ જીપ પૂરી પાડવાની હતી. જો કે વાસ્તવમાં તો, રૂ. ૯૪,૬૬૭ની કિંમતની માત્ર ૪૯ જીપ પૂરી પાડીને સદરહુ પેઢીએ બાકીની જીપો પૂરી પાડવાની પોતાની અશક્તિ જાહેર કરી.

શ્રી મેનને કરેલા બીજા ત્રણ કોન્ટ્રેક્ટ્સ પણ અધૂરા રહ્યાં -જેમાં એક તો ૧૦૦ પૌંડની ઈસ્યુડ કેપિટલ વાળી મેસર્સ જે. સી. જે નોટ ઍન્ડ કું. પાસેથી રાઈફલો અને બીજાં શસ્ત્રોની ખરીદીનો ઓર્ડર હતો, જ્યારે બીજો એક ઓર્ડર ૨૫ મીચેલ બોમ્બરોની ખરીદીનો હતો ને ત્રીજો ઓર્ડર સ્ટીલની પ્લેટોની ખરીદીનો આશરે ચાર લાખ પૌંડની કિંમતનો હતો અને તે પણ આશ્ચર્ય થાય એવી ગેરલાભકારી શરતોએ મૂકેલો હતો.

એસ્ટીમેટ્સ કમિટી ૧૯૫૦-૫૧ના પ્રથમ રિપોર્ટમાં જ જીપના બંને સોદાની ટીકા કરવામાં આવી હતી. શ્રી અનંતશયનમ્ આયંગર - કે જેઓ એસ્ટીમેટસ કમિટીના ચેરમેન પણ હતા - તેમના વડપણ નીચે કૉંગ્રેસ સંસદીય પક્ષની એક પેટાસમિતિએ આ પ્રકારણની વધુ તપાસ હાથ ધરી હતી. પં. ઠાકુરદાસ ભાર્ગવ, શ્રી બી. પી. ઝુનઝુનવાલા, શ્રી આર. કે. સિધવા અને શ્રી બી. શિવરાવ- આ પેટાસમિતિના બીજા સભ્યો હતા.

આ કમિટીએ પોતાના હેવાલમાં કહ્યું કે, "સૌપ્રથમ તો જુદા-જુદા નામની કોન્ટ્રેક્ટ કરનારી બધી પેઢીઓમાં મી. પોટ્ટર નામની વ્યક્તિ કર્તાહર્તા જેવી હતી. જીપ માટેનો કોન્ટ્રેક્ટ મેસર્સ એન્ટી-મીસ્ટેન્ટીસને આપવામાં આવ્યો હતો; રાઈફલ અને દારૂગોળાને લગતો કૉન્ટ્રેક્ટ મેસર્સ નૉટ ઍન્ડ કંપનીને આપવામાં આવ્યો હતો; બૉમ્બર કૉન્ટ્રેક્ટ લગ્સન્સ એરોનોટિક્લ કોર્પોરેશનને આપવામાં આવ્યો હતો અને સ્ટીલ પ્લેટોને લગતો કૉન્ટ્રેક્ટ બ્રિટિશ આફ્રિકન શિપિંગ કંપનીને આપવામાં આવ્યો હતો. આ ચારે પેઢીઓ એક બીજી સાથે સંકળાયેલી હતી અને ચારેની કુલ ઈસ્યુડ કેપિટલ ૧,૦૦૦ પાઉન્ડથી વધારે ન હતી.

"બીજું આ કરારોની ભાષા ખામીભરેલી હતી, કારણકે એમાં દંડને લગતી એકપણ કલમનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. આ પ્રકારના કરારો માટે જે પ્રકારનું ધોરણસરનું કરારનામું સામાન્ય રીતે સ્વીકૃત થયેલું હોય છે તેમાં, લાગતાવળગતા પ્રધાનની સંમતિ લીધા વિના કે જાણ પણ કર્યા વિના, છૂટછાટો આપવામાં આવી હતી."

ત્યારબાદ આ પ્રકરણ Public Accounts Committee એ હાથ ધર્યું હતું જેણે પોતાના નવમા રિપોર્ટમાં એવી ભલામણ કરી હતી કે આ સોદાઓની એક ઉચ્ચ કક્ષાની સમિતિ - એક યા બે હાઈ-કોર્ટના ન્યાયાધીશોની બનેલી-દ્વારા ફેરતપાસ થવી જોઈએ.

આ વિશે કેન્દ્રસરકારનું વલણ ચોંકવનારું હતું. સૌ પ્રથમ- એટલે ૧૯૫૪ના ૧૮ મી ડિસેમ્બરે એણે કમિટીને પોતાની આગળની ભલામણોની ફેરવિચારણા કરવા કહ્યું. કમિટીએ જ્યારે આ વિશે નમતું ન જોખ્યું ત્યારે-એટલે, ૧૯૫૫ના સપ્ટેમ્બરની ૩૦ મી તારીખે - આ આખું પ્રકરણ ભીનું સંકેલી લીધું અને શ્રી વી. કે. કૃષ્ણમેનનને ૧૯૫૬ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે કેન્દ્ર સરકારના દફતરવિનાના પ્રધાન તરીકે લેવામાં આવ્યા.

### શ્રી. કે. ડી. માલવિયા

માલવિયા-સિરાજુદ્દીન પ્રકરણને પ્રકાશમાં આણવાનો યશ શ્રી સુરેન્દ્રનાથ દ્વિવેદી એમ. પી. ના ફાળે જાય છે. મેસર્સ સિરાજુદ્દીન એન્ડ કું. નામની પેઢી ઓરિસ્સામાં ખાણોની માલિક છે. આ પેઢી પર થયેલા ઈન્કમટેક્ષ અને કસ્ટમની જકાત છુપાવવાના આક્ષેપોની તપાસ અર્થે સેન્ટ્રલ ઈન્ટેલીજન્સના અધિકારીઓએ ૧૯૫૬ માં પેઢીની ઓફિસ તથા મિ. સિરાજુદ્દીન વગેરે કેટલાકના રહેઠાણો પર ધાડ પાડીને કેટલાક ચોપડા અને દસ્તાવેજો જપ્ત કર્યા.

૧૯૬૩ માં અખબારોમાં એવા સમાચાર ચમક્યાં કે આ ચોપડાઓની કેટલીક એન્ટ્રીઓ વડે સિદ્ધ થયું છે કે મિ. સિરાજુદ્દીન કેટલીક વગદાર વ્યક્તિઓને નાણાં ધીરી રહ્યાં છે. શ્રી સુરેન્દ્રનાથ દ્વિવેદીએ આ વિશે સંપૂર્ણ તપાસની માંગણી કરી.

દરમ્યાન, કૉંગ્રેસ સંસદીય પક્ષના અધિકારીઓની એક મિટીંગમાં શ્રી કે. ડી. માલવિયા- જેઓ ખાણો અને બળતણ ખાતાના પ્રધાન હતા-તેમણે કબૂલ કર્યું કે "ઉત્તરપ્રદેશમાં તેમના મતદાર વિભાગ બસ્તી ખાતે ૧૯૫૭ની ધારાસભાની ચૂંટણી લડી રહેલા એક કૉંગ્રેસી ઉમેદવારના લાભાર્થે તેમણે રૂપિયા દશ હજારની માંગણી મી. સિરાજુદ્દીન પાસે કરી હતી અને એ રકમ તેમને મળી હતી."

શ્રી દ્વિવેદીએ એક બીજો મુદ્દો ઊભો કર્યો. શું એ વાત સાચી હતી કે શ્રી માલવિયાએ વ્યાપાર પ્રધાનને એવી ભલામણ કરી હતી કે સિરાજુદ્દીનની પેઢીને મેંગેનીઝના બદલામાં ઝેકોસ્લોવેકિયાથી મશીનરી આયાત કરવા દેવાનો પરવાનો આપવો? આ યંત્રસામગ્રીની શ્રી માલવિયાના ખાતાનાં અધિકાર નીચે આવતાં ઓઈલ ઍન્ડ નેચરલ ગૅસ કમિશનને જરૂર હતી.

૧૯૬૩ના માર્ચની ૨૩ મીએ શ્રી દ્વિવેદી પર લખેલા એક પત્રમાં શ્રી માલવિયાએ આવી ભલામણ પોતે કરી હોવાનો ઈન્કાર કર્યો, પણ કહ્યું કે "આ પ્રકારની અદલાબદલીની દરખાસ્ત (Barter proposal) ઘણા સમયથી વિચારાઈ રહી છે." તેમણે વધુમાં લખ્યું, "મેસર્સ સિરાજુદ્દીન એન્ડ કું. એ પણ મેન્ગેનીઝ અને ક્રૉમ કોન્સેન્ટ્રેટની નિકાસના બદલામાં O. N. G. C. ને જોઈતી યંત્રસામગ્રી આયાત કરવા દેવાની અરજી કરી હતી. આ બધા કાગળો તેના નિકાલ માટે વ્યાપાર અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પર મોકલવામાં આવ્યા હતા અને અમારા ખાતાના જૉઈન્ટ સેક્રેટરીએ ફાઈલ પર પોતાની નોંધ પણ કરી હતી કે આ રીતે અદલાબદલાની બીજી પેઢીઓની દરખાસ્ત - જેવી કે, મેન્ગેનીઝ ઓર (ઈન્ડિઆ) લિ. (જાહેરક્ષેત્રની સંસ્થા)-પણ વિચારી શકાય."

પરંતુ એપ્રિલની ૫ મી તારીખે તે વખતના આંતરરાષ્ટ્રીય વ્યાપારને લગતા ખાતાના પ્રધાન શ્રી મનુભાઈ શાહે કહ્યું કે મેસર્સ સિરાજુદ્દીન એન્ડ કું. ને આ પ્રકારનો અદલોબદલો કરવાની ભલામણ નકારવામાં આવી છે, કારણકે "આ પેઢીની એ વિષયની લાયકાત શંકાસ્પદ જણાઈ હતી - the firm was under a cloud". તો પછી શા માટે શ્રી માલવિયાના ખાતાએ જ શ્રી મનુભાઈના ખાતાની જેમ સિરાજુદ્દીનની આ દરખાસ્તને મૂળથી

જ નકારી ન દીધી? આવો પ્રશ્ન કરીને શ્રી ટ્રિવેદીએ ભારે જોરદાર દલીલ કરતાં જણાવ્યું કે શ્રી માલવિયાનું આ પગલું ભલામણના રૂપમાં જ હતું.

વડાપ્રધાને આ વિષે એટર્ની-જનરલ શ્રી સી. કે. દફ્તરીને પુછાવતાં તેમણે સંપૂર્ણ તપાસની ભલામણ કરી. પરંતુ શ્રી નેહરુએ સંપૂર્ણ તપાસ માટે તપાસ-પંચ નીમવાને બદલે તે વખતના સુપ્રિમ કોર્ટના જજ શ્રી જસ્ટીસ એસ. કે. દાસને આ વિષયની Quasi Judicial તપાસ કરવાનું કામ સોંપ્યું. – "કોઈપણ જાતની ધાંધલ વિનાની, ખાનગી અને હરકત ન કરનારી તપાસ."

૧૭મી ઓગસ્ટે શ્રી નેહરુએ લોકસભામાં જાહેર કર્યું કે નામદાર જજનો હેવાલ – જે તેમણે જાહેરમાં મૂકવાની ના પાડી–થોડે અંશે શ્રી માલવિયાના પક્ષમાં છે અને થોડે અંશે પક્ષમાં નથી. તેમણે પ્રધાનમંડળમાંથી શ્રી માલવિયાનું રાજીનામું જાહેર કરતાં કહ્યું કે, "જો કે શ્રી માલવિયાએ પોતાની નિષ્ઠા અને નિષ્પક્ષતાને એબ લાગે એવું કાંઈ પણ કર્યું હોવાની મને ખાતરી થઈ નથી, તો પણ મેં તેમનું રાજીનામું સ્વીકાર્યું છે." જો કે પાછળથી તેમણે કબૂલ કર્યું હતું કે આ સ્વીકાર સ્વાભાવિક રીતે જ "કંઈક અંશે જસ્ટીસ દાસના હેવાલને આભારી હતો."

શ્રી ટ્રિવેદી અને શ્રી ભાગવે તેમના પુસ્તકમાં (કે જેનો આગળ ઉલ્લેખ કરવામાં આવેલો છે) આ વિષે સચોટ ટીકા કરી છે અને કેટલાક મૂંઝવનારા મુદ્દાઓ ઉઠાવ્યા છે. તેમણે પૂછ્યું છે, "જો જસ્ટીસ દાસનો આ હેવાલ અંશતઃ શ્રી માલવિયાની વિરુદ્ધમાં હતો, તો – જ્યારે શ્રી નેહરુએ એમ કહ્યું કે અંગત રીતે તો શ્રી માલવિયાએ કશું એવું કર્યું હોય કે જેથી એમની પ્રામાણિકતાને કલંક લાગે એવું પોતે માનતા નથી ત્યારે – શું શ્રી નેહરુએ જસ્ટીસ દાસના હેવાલને સાચો ગણ્યો ન હતો.?

જો એમ હતું તો પછી તેમણે રાજીનામું સ્વીકાર્યું શું કરવા? શું આ તપાસપંચનો હેવાલ એવો ગંભીર હતો કે જેથી એક પ્રધાનને પ્રધાનમંડળમાંથી નીકળી જવું પડે; પણ એવો ગંભીર ન હતો કે જેથી તે જ પ્રધાનની નિષ્કલંક નિષ્ઠાને કલંક ન લાગે? આ સંજોગોમાં શ્રી માલવિયા પોતે એવો દાવો કરવાનું કેમ ચાલુ રાખી શક્યા કે પોતે નિર્દોષ છે?"

દેખીતી રીતે જ આ પ્રકારની "ધાંધલ વગરની" તપાસ શ્રી માલવિયાના ફાયદા માટે જ હતી.

આવી અર્ધ-સરકારી તપાસો વિશે પ્રો. ડબલ્યુ. એ. રોબસને એક સુંદર કટાક્ષિકા નીચે પ્રમાણે લખી છે:

A Quasi judicial court is presided over by a Quasi-judge administering Quasi-law in Quasi-disputes. the Quasi-parties give their Quasi-evidence : The tribunal finds the Quasi facts and considers the Quasi-principles. It then applies to Quasi-law in a Quasi-judicial decision which is promulgated in a Quasi-official document and given Quasi-enforcement.

"The members of the tribunal having concluded their Quasi-judicial business, then go out and drink Quasi-beer before taking lunch consisting of Quasi-chickens croquettes. They then go home to their Quasi-wives".

સદ્‌ભાગ્યે, Quasiનો યુગ આથમી ગયો, અને કૌભાંડના કેસમાં નીમાયેલા દાસ કમિશનથી વિધિસરના તપાસપંચનો યુગ શરૂ થયો. ત્યારથી આજ સુધીમાં આવા વિધિસરના તપાસપંચોએ બક્ષી ગુલામમહંમદ, શ્રી બીજુ પટનાઈક અને તેમના જોડીદાર શ્રી બિરેન મિત્ર, તેમ જ બિહારના પ્રધાનોના કરતૂતો વિશે પોતાના હેવાલો પ્રગટ કર્યા છે. આ હેવાલોએ આગળ થઈ ગયેલા તપાસપંચોના પ્રમાણભૂત હેવાલોમાં સારો ઉમેરો કર્યો છે.

અનુવાદક: **સુબોધભઈ એમ. શાહ** અપૂર્ણ મૂળ અંગ્રેજી: **શ્રી એ. જી. નૂરાણી**

# ☆ થોડું'ક તત્ત્વચિંતન ☆

## પૂર્વભૂમિકા

ભારત સરકારના માજી એટર્ની-જનરલ શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવડની આત્મકથા તાજેતરમાં પ્રગટ થઈ છે. તે વાંચીને અને ખાસ કરીને તે પુસ્તકમાંના અમુક આત્મચિંતન–લક્ષી બે ફકરાઓ ધ્યાનમાં લઈને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તેમની ઉપર એક પત્ર અંગ્રેજીમાં લખેલો જેનો અનુવાદ અહિં રજુ કરવા ધારણા છે. પણ તે પહેલાં તે પત્રમાં શ્રી મોતીલાલ સેતલવડના પુસ્તકમાના જે બે ફકરાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ફકરાઓનો ગુજરાતી અનુવાદ શ્રી ચીમનભાઈના પત્રના મર્મને સમજવામાં ઉપયોગી થઈ પડશે એમ સમજીને, ક્રમસર નીચે આપવાનું ઉચિત ધાર્યું છે.

અહીં જણાવવું અપ્રસ્તુત નહિ ગણાય કે શ્રી મોતીલાલ સેતલવડ ખ્યાતનામ બેરિસ્ટર સ્વ. સર ચીમનલાલ સેતલવડના જ્યેષ્ઠ પુત્ર થાય. પિતાની માફક તેમના વ્યવસાયી જીવનની શરૂઆત મુંબઈની હાઈકોર્ટમાં બેરિસ્ટર તરીકેની પ્રેક્ટીસથી શરૂ થઈ. કેટલાંક વર્ષ તેમણે મુંબઈની હાઈકોર્ટના એડવોકેટ જનરલ તરીકે કામ કર્યું અને સમય જતાં તેમણે ભારત સરકારના એટર્ની જનરલ તરીકે સેવા આપી. તે પદ ઉપરથી ૧૯૬૨ ની સાલમાં તેઓ નિવૃત થયા. આજે તેમની ઉંમર ૮૬ વર્ષની છે અને એમ છતાં બૌદ્ધિક ક્ષેત્રે તેઓ એટલા જ જીવન્ત છે.

હવે આપણે પ્રસ્તુત ઉલ્લેખોના અનુવાદ તરફ જઈએ.

પરમાનંદ

## પ્રથમ ઉલ્લેખનો અનુવાદ (પાનું ૧૮૧–૮૨)

૧૯૫૧ની સાલમાં તેમના લઘુબંધુ શ્રી જીવણલાલ સેતલવડનું અવસાન થતાં શ્રી મોતીલાલ સેતલવડને સખ્ત આઘાત લાગ્યો. તે ગમગીન પ્રસંગને અનુલક્ષીને તેમણે પોતાની નોંધપોથીમાં નીચે મુજબ નોંધ કરી છે:

"તાજેતરમાં બનેલા બનાવોએ જે વિચાર યુગોથી માનવજાતને મુંઝવતો આવ્યો છે તે વિચાર ફરી ફરીને મારા મન સામે ઉપસ્થિત થતો રહ્યો. આ બધું શું છે? આ સમસ્યા હંમેશાને માટે, જ્યાં સુધી પૃથ્વીના ફરીથી ભાંગીને ભૂક્કા થાય અથવા તો જીવસૃષ્ટિ ટકી ન શકે એટલી બધી થીજી જાય અને માનવજાતનું અસ્તિત્વ ખતમ થાય ત્યાં સુધી કદાચ અણઉકલી રહેવાની. માનવજાતના અથવા તો દરેક માનવીના ભાવીની દેખરેખ રાખતા પરમ કૃપાળુ અને સર્વશક્તિમાન ઈશ્વરની કલ્પના મારા માટે ગ્રાહ્ય બનતી નથી. ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ અથવા તો હિન્દુ ધર્મ અથવા તો કોઈ પણ ધર્મનો તે પાયો મને આકર્ષતો નથી, મારા અન્તરને સ્પર્શતો નથી. આ સંબંધમાં વૈદિક અને બૌદ્ધ ધર્મના ખ્યાલો વિષે શું વિચારવું? બૌધ ધર્મ વિષે હું પૂરતું જાણતો નથી. એક વિશ્વવ્યાપી શક્તિ જેમાંથી આપણું નિર્માણ થયું છે અને જેમાં આપણે વિલીન થવાના છીએ–આવો જે વૈદિક વિચાર છે તે ખરેખર એક ભવ્ય કલ્પના છે અને જે મહાન વિચારકોએ આ ભવ્ય વિચારને પ્રસ્થાપિત કરેલ છે તેમની મહત્તાને તે ખરેખર અનુરૂપ છે. પણ આ એક તાત્વિક કલ્પનાથી કાંઇ વિશેષ છે ખરૂં? આના જવાબ તરીકે, આધ્યાત્મિક અનુભૂતિને આગળ ધરવામાં આવે છે. તો આ બધી કહેવાતી આધ્યાત્મિક અનુભૂતિઓ કેવળ subjective - સ્વલક્ષી - નથી? ઊંડેથી વિચાર કરતાં એમ લાગે છે કે કાર્યકારણના અફર નિયમ અનુસાર કોઈથી પણ ટાળી ન શકાય એવી એક શક્તિ આ વિશ્વમાં નિષ્ઠુરપણે કામ કરી રહી છે. તેના અનન્ત અને વૈવિધ્યપૂર્ણ બળોથી સંચાલિત આ વિરાટ વિશ્વ કેવી રીતે અને શા માટે

નિર્માણ થયું? જવાબ: અગમ્ય. આથી વિશેષ તમે કશું પણ કહી શકો તેમ નથી. કારણ કે વસ્તુ ક્યાંથી આવી અને શા માટે આવી તે વિષે આપણે કોઇ કશું જાણતા જ નથી."

## બીજા ઉલ્લેખનો અનુવાદ (પાનું ૫૯૭)

૧૯૬૭ ની સાલ સૌ. વિમળાબહેન સાથેના તેમના લગ્નની ૬૦ મી વર્ષગાંઠ ઊજવવામાં આવી હતી. આ દિવસ, તેઓ જણાવે છે તે મુજબ, તેમના માટે અત્યન્ત પ્રસન્નતાનો હતો, એટલું જ નહિ પણ, આત્મનિરીક્ષણનો હતો. આ પ્રસંગને અનુલક્ષીને શ્રી મોતીલાલ સેતલવડે પોતાની નોંધપોથીમાં નીચે મુજબ નોંધ કરી છે:

"કેવું સુખી અને દીર્ઘ લગ્નજીવન–કશા પણ ભંગાણ સિવાય લગભગ સતત અને સદા સંવર્ધિત સુખથી ભરેલું! એ જીવન દરમિયાન ૧૯૩૭ અને ૧૯૩૮ માં કાળાં વાદળાંઓ ઉપસી આવેલાં પણ ઈશ્વરની કૃપાથી એ નર્વિઘ્ને પસાર થઈ ગયાં. ૧૯૩૭ ની શરૂઆતના ભાગમાં વિમળાને ઓપરેશન કરાવવું પડેલું. ત્યાર બાદ ૩૦ વર્ષ સુધી - અલબત્ત, કદિ કદિ ઉપાધિઓ આવેલી એમ છતાં- વિમળાનું જીવન સુખપૂર્વક ચાલી રહ્યું છે. વખતસર નિદાન થયું અને યોગ્ય ચિકિત્સા કરવામાં આવી એ માટે ઈશ્વરનો અને ડાક્ટરોનો આભાર માનવો રહ્યો. મેં અહિં ઈશ્વરનો ઉલ્લેખ કર્યો છે, એ શબ્દથી સામાન્યત: પ્રચલિત અર્થમાં સૂચવવામાં આવતો ઈશ્વર કે જે સમગ્ર જીવસૃષ્ટિમાં રસ ધરાવતો, પોતે ઇચ્છે એ મુજબ તેમના ચાલુ જીવનમાં ફેરફાર કરતો અને પ્રાર્થના અને કરુણાથી જેને હલાવી શકાય - એવા એક સર્વશક્તિમાન ઈશ્વરને હું સૂચિત કરતો નથી. હું ઘણી વાર પ્રાર્થના કરું છું, વેદો અને ગીતામાંથી પ્રાર્થનાનો ઉપયોગ કરું છું અને તે વડે સમાધાન - આશ્વાસન અનુભવું છું, અથવા તો ચાલુ જીવનના ચક્રાવામાંથી મારું ચિત્ત છૂટકારો અનુભવે છે અને કંઈક - કંઈક સર્વશક્તિમાન - કે જેણે વસ્તુઓનું નિર્માણ કર્યું છે તેનો વિચાર કરવા મન પ્રેરાય છે. પણ એ બાબત મારા માટે સ્પષ્ટ છે કે જે અગમ્ય શક્તિએ આ બધું નિર્માણ કર્યું છે તે અનુલ્લંઘનીય નિયમોને આધીન છે. તેમાં અંગત અનુરોધ કે પ્રાર્થનાઓને, મને લાગે છે તે મુજબ, કાર્યકારી બનવા માટે કોઇ અવકાશ છે જ નહિ અથવા તો એમ માનવાને પણ કોઈ કારણ નથી કે આ મહાન શક્તિ દયાળુ કે કરુણાળુ છે. ચારે તરફ એટલું બધું દુ:ખ અને યાતના હું જોઉં છું કે જેને લીધે આવા કોઇ અનુમાન કે નિર્ણય ઉપર આવવાનું મારા માટે શક્ય બનતું નથી. એવી જ રીતે કર્મનો કે પુનર્જન્મનો સિદ્ધાન્ત પણ મારી બુદ્ધિને કશું સમાધાન આપી શકતો નથી. એ એક એવું તત્વદર્શન છે કે જે અનેક લોકોની યાતનાનો ખુલાસો કરવાના એક માત્ર પ્રયત્નરૂપ છે. તો મારે મારું ભાવી જીવન શી રીતે પસાર કરવું? આજે મારી ઉંમર ૮૨ વર્ષ વીતાવી ચૂકી છે. આ બધાં વર્ષો દરમિયાન હું જે પ્રમાણે કર્મરત રહ્યો છું તે જ પ્રમાણે મારે હવે પછીનું જીવન ગાળવું કે તેમાં કાંઇ ફેરફાર કરવો? એક બે વર્ષ પહેલાં મલ્લીકજી* જેમના પ્રત્યે મને ખૂબ પ્રેમ અને આદર છે તેમણે મને હવે અન્તર્મુખ બનવા સૂચવેલું. મારું મન જે રીતે ઘડાયું છે તે જોતાં હું એ મુજબ અન્તર્મુખ બની શકું ખરો? મને લાગે છે કે એ મારા માટે શક્ય નથી. સંભવિત છે કે એવી કેટલીક વ્યક્તિ હોઇ શકે છે કે જે તે પ્રમાણે અન્તર્મુખ બની આત્મોત્કર્ષ સાધી શકે. મલ્લીકજી કે જેમણે પોતે એવું પરિવર્તન સાધ્યું છે, અને દૈવીશક્તિમાં જેમણે શ્રદ્ધા અનુભવી છે અને તે શક્તિ સાથે જેમણે અનુસંધાન પ્રાપ્ત કર્યું છે તેવાના અંગત અનુભવને હું કેમ ઈનકારી શકું? પણ અમુક આવી બક્ષીસ ધરાવતા અલ્પ મનુષ્યો માટે આ શક્ય છે. મારે તો મારા માર્ગે જ જવું રહ્યું. હંમેશા એ સંભાળ લેતા રહેવાની કે મારું શારીરિક આરોગ્ય જેને મારી ઉમ્મર સાથે ચોક્કસપણે સંબંધ છે તેને વટાવી જાય એવી મારી કોઇ પ્રવૃત્તિ હોવી ન ઘટે."

* શ્રી ગુરદયાળ મલ્લીકજી મૂળ સીંધના, કવિવર ટાગોરના શાન્તિનિકેતનમાં કેટલોક સમય રહેલા, ગાંધીજીના આદરપાત્ર, એક સન્ત અને સાધુપુરુષ, શ્રી મોતીલાલ સેતલવડ કુટુંબના એક આત્મીયજન જેવા, જેમનું ગયા વર્ષે મુંબઈ ખાતે અવસાન થયું છે. **તંત્રી**

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પત્રનો અનુવાદ

મુંબઈ, તા. ૨૨મી ડિસેમ્બર ૧૯૭૦

**પ્રિય શ્રી મોતીલાલભાઈ,**

આપની આત્મકથા મેં ખૂબ રસપૂર્વક વાંચી છે.

હાલતુરત, આપના તાત્વિક વિચારો સંબંધે થોડું લખવા ઇચ્છું છું. આ વિચારો, આપના બંધુ શ્રી જીવણલાલના અવસાન સમયે તથા આપના લગ્નજીવનનાં ૬૦ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે, આપે આપની નોંધપોથીમાં જે નોંધો કરી છે અને જે આત્મકથામાં પૃષ્ટ ૧૮૧-૮૨ તથા ૫૯૭ ઉપર ટપકાવી છે, તે ઉપરથી જાણ્યાં છે.

પ્રત્યેક માનવીના ભાગ્યનું અંગત નિયમન કરતા વ્યકિતગત ઈશ્વર ( Personal God ) ની કલ્પના સ્વીકાર્ય બની શકે તેમ નથી તે બાબતમાં હું આપની સાથે સંમત થાઉં છું. આપ એમ માનતા લાગો છો કે એક વિશ્વશકિત છે, જે ઓફર નિયમો અનુસાર, નિષ્ઠુરપણે અને અટલતાથી કામ કરી રહી છે. આધ્યાત્મિક અનુભતિ આપને કેવળ સ્વલક્ષી ( subjective ) લાગે છે. આપ અજ્ઞેયવાદી હો એમ લાગે છે.

આ દુનિયામાં ખૂબ દુ:ખ અને અનિષ્ટ છે તે જોતાં, આ વિશ્વશકિત, દયાળુ અથવા માયાળુ હોય એમ માનવા આપને કોઈ કારણ દેખાતું નથી. કર્મ કે પુનર્જન્મનો સિદ્ધાન્ત આપને સ્વીકાર્ય જણાતો નથી.

મને કોઇ આધ્યાત્મિક અનુભૂતિ છે એમ હું મારા માટે કહી શકું નહિ. પણ આ બાબતોમાં મેં સારી પેઠે અભ્યાસ અને ચિન્તન કર્યું છે.

મારા વિચારો આપને જણાવવાની હિમત કરું?

મારો અભિગમ બુદ્ધિ અને શ્રદ્ધા ઉપર આધારિત છે. બુદ્ધિ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી અને ત્યાર પછી બુદ્ધિથી સુસંગત એવી શ્રદ્ધા. તે સાથે મહાપુરુષોની આધ્યાત્મિક અનુભૂતિને હું માત્ર સ્વલક્ષી માનતો નથી. તે અનુભવગમ્ય અને વાસ્તવિક છે.

હું માનું છું કે એક વિશ્વશકિત આ બ્રહ્માંડનું નિયમન કરી રહી છે. તે શકિત એ જ કોટિની છે જે શકિત આપણા શરીરનું નિયમન કરે છે. આવી કોઇ વિશ્વશકિત ન હોત તો આ બ્રહ્માંડ ક્યારનું ય ભાંગીને ભૂક્કો થઇ ગયું હોત, જેમ આપણા દેહમાં રહેલી આ શકિત દેહને ત્યજી જાય છે ત્યારે દેહ માત્ર જડ ચૈતનહીન બને છે તેમ. આપણી અંદર અને બહાર રહેલી આ શકિત, એક જ કોટિની હોઇ, બુદ્ધિગમ્ય અને અનુભવગમ્ય છે. આ શકિત આધ્યાત્મિક અને નૈતિક છે. એ આધ્યાત્મિક ચૈતન્યમય છે, જડ નહિ. કોઇ માત્ર જડ શકિત આ વિશ્વને અથવા આપણા શરીરને ધારણ કરી શકે નહિ અથવા ટકાવી શકે નહિ. આ આધ્યાત્મિક શકિત કોઇ પણ જડશકિત કરતાં અનંતગણી વીર્યવાન છે. આપણા દેહની પેઠે, સકળ વિશ્વ ઉપર એ આધિપત્ય ભોગવે છે. એ સર્વોપરિ છે. આ શકિત જ્ઞાનસ્વરૂપ અને સહેતુક ( intelligent and teleological) છે. જડશકિત પેઠે, અંધ અને યાંત્રિક નથી. આ સિવાય બીજું કોઇ સ્વરૂપ તેનું હોઇ શકે નહિ.

આ શકિત નૈતિક છે, આપખુદ કે મનસ્વી નથી. આ નૈતિક નિયમ (Moral Law) અટલ છે, તેથી આ શકિત દયાળુ કે માયાળુ નથી, એટલે કે, આપખુદ કે મનસ્વીપણે વર્તી શકતી નથી. આ જ કર્મસિદ્ધાન્ત છે. દરેક વ્યકિત પોતાના ભાગ્યની

વિધાતા છે. આમાં જ નૈતિક અને આધ્યાત્મિક સ્વાતંત્ર્ય રહ્યું છે. (Moral and Spiritual Freedom).

આ દુનિયામાં રહેલ દુ:ખો અને અનિષ્ટો અનેક સંવેદનશીલ આત્માને વ્યથિત બનાવે છે. છતાં પણ અંતે, અનિષ્ટ ઉપર ઇષ્ટનો વિજય થાય છે. (good triumphs over evil). અનિષ્ટ કોઇ સ્થાયી તત્વ નથી. જીવનની સાધનાનું એક અંગ છે. કુદરતી આફતો બાદ કરતાં, દુનિયામાં જે દુ:ખ અને અનિષ્ટ છે તેમાંનો મોટો ભાગ માનવીની સ્વાર્થી અને રાગદ્વેષ-યુકત વર્તનનું પરિણામ છે. જીવનમાં દેખીતું ગમે તેટલું અસત્ય, અનિષ્ટ અને અસુંદર હોય તો પણ, અંતિમ વાસ્તવિકતા, સત્યમ્ શિવમ્, સુન્દરમ્ છે. આમ ન હોત તો જીવનનો કયારનો ય અંત આવ્યો હોત. આ બુનિયાદી શ્રદ્ધા ઉપર જ જીવન ટકી શકે.

માનવ સ્વભાવમાં રહેલ પાયાની સચ્ચાઇ (innate rectitude) નો આપે વ્યાજબી રીતે ઉલ્લેખ કર્યો છે. (પૃષ્ટ ૬૨૨) આ જ અંતિમ સત્ય છે. માનવી પાયામાં ઇમાનદાર (વિશ્વાસપાત્ર) છે, કારણ કે, વિશ્વશકિત પૈઠે, તે આધ્યાત્મિક અને નૈતિક છે.

આપને જિજ્ઞાસા હોય અને વાંચ્યા ન હોય તો, પ્લેટોના સંવાદો, એપોલોજી અને ફીડો અને ટાગોરની સાધના વાંચી જવા હું વિનંતિ કરૂં છું.

આશા રાખું છું કે મેં આપનો કોઇ અવિનય કર્યો નથી.

સપ્રેમ, આપનો, **સી. સી. શાહ**

## શ્રી મોતીલાલ સેતલવડના ઉત્તરનો અનુવાદ:

ન્યુ દિલ્હી,

ન્યુ દિલ્હી, તા. ૨૮ ડીસેમ્બર, ૧૯૭૦.

**પ્રિય શ્રી ચીમનલાલ,**

તમારા તા. ૨૨ ડિસેમ્બર ૧૯૭૦ ના પત્રથી આનંદ થયો. મારી આત્મકથા સંબંધે ઘણી ચર્ચા થઇ છે. પુસ્તકમાં અમુક વ્યકિતઓની ટીકા કરતા કેટલાક વિવાદાસ્પદ (Sensalional) ફકરાઓ ઊંચકીને, અને બાકીનો પુસ્તકનો ભાગ સર્વથા અવગણીને અને પરિણામે એકપક્ષી ચિત્ર રજુ કરતી, કેટલીક ટીકાઓ થઇ છે. તેથી, પુસ્તકમાં ખરેખર ઉપયોગી એવી બાબતો તરફ ધ્યાન આપે તેવા તમારી જેવાને જાણીને મને આનંદ થયો છે.

તમે મારા 'તાત્વિક વિચારો' સંબંધી લખ્યું છે. મને લાગે છે કે મેં જે કાંઇ થોડું આ સંબંધે લખ્યું છે, તેને માટે આ બહુ મોટું નામ છે. ધર્મ અથવા તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યાનો હું દાવો કરી શકતો નથી. એક સામાન્ય જન તરીકે, ફુરસદના સમયે, આ બાબતો સંબંધે મને જે કાંઇ સ્ફુરણ થયાં, તે ઉપરથી મારા વિચારો બંધાયા છે.

તમારા પત્રના બે વાકયો સાથે હું સંમત થતો નથી. એ છે, "આધ્યાત્મિક અનુભૂતિ આપને કેવળ સ્વલક્ષી (Subjective) લાગે છે." "તમે અજ્ઞેયવાદી છો." મેં આ પુસ્તકમાં આવું કહ્યું નથી. પૃષ્ટ ૧૯૭ ઉપર જોશો તો મેં કહ્યું છે: "એક કે બે વર્ષ પહેલાં, મલ્લીકજી, જેમના પ્રત્યે મને ખૂબ પ્રેમ અને આદર છે, તેમણે મને અન્તર્મુખ બનવા કહ્યું. મારૂં મન જે રીતે ઘડાયું છે તે મુજબ હું આ કરી શકું ખરો? મને લાગે છે હું એ કરી ન શકું. સંભવિત છે કે એવી કેટલીક વ્યકિતઓ હોઇ શકે છે જે તે પ્રમાણે વર્તી લાભ પામે. મલ્લીકજી જેમણે એવું પરિવર્તન સાધ્યું છે અને દૈવીશકિતમાં જેમણે શ્રદ્ધા અનુભવી છે અને તે શકિત સાથે જેમણે અનુસંધાન પ્રાપ્ત કર્યું છે, તેવાનો અંગત અનુભવ હું કેમ ઇનકારી શકું?"

આ રીતે જેઓ એમ કહે છે કે તેમને આધ્યાત્મિક અનુભૂતિ થઇ છે તે હકીકતનો હું પૂરો સ્વીકાર કરૂં છું. હું અજ્ઞેયવાદી છું એમ કહેવું પણ બરાબર નથી. હું એક વિશ્વશકિતમાં માનું છું. પૃષ્ટ-૧૮૨ ઉપર મેં કહ્યું છે: "ઊંડેથી વિચાર કરતાં એમ લાગે છે કે કાર્યકારણના અફર નિયમ અનુસાર, કોઇથી પણ ટાળી ન શકાય એવી એક શકિત આ વિશ્વમાં નિષ્ઠુરપણે કામ કરી રહી છે." આ વિશ્વશકિત મને વિશ્વવ્યાપી અને તેના બધા બનાવોમાં જણાય છે તેથી, હું અજ્ઞેયવાદી નથી પણ ઘણા માણસો જે પ્રકારે ઇશ્વરમાં માને છે તે રીતે હું માનતો નથી.

પ્લેટો અને ટાગોરનાં પુસ્તકો જોઇ જવા તમે સૂચના કરી તે માટે આભારી છું. તે મેં વાંચ્યા હોય તેવું યાદ છે, પણ ઘણાં વર્ષો પહેલાં ફરીથી જોઇ જવા પ્રયત્ન કરીશ.

દરમ્યાન, તમો આ તરફ આવો તો તમને મળવા અને તમારા પત્રમાં જે વિષયે લખ્યું છે તે વિષે વાતચીત કરવા હું ઇચ્છું છું.

સપ્રેમ તમારો **એમ. એસ. સેતલવડ**

## શ્રી ચીમનભાઇનો પ્રત્યુત્તર

મુંબઇ, તા. ૩૦ ડિસેમ્બર ૧૯૭૦

**પ્રિય શ્રી મોતીલાલભાઇ,**

આપના તા. ૨૮ ડિસેમ્બર ૧૯૭૦ના પત્ર માટે ઘણો આભારી છું.

બી.એ. અને એમ. એ. માં મારો વિષય તત્વજ્ઞાન હતો. એમ. એ. માં તત્વજ્ઞાનના વિદ્યાર્થીઓમાં પ્રથમ હોઇ, કે. ટી. તેલંગ સુવર્ણ ચંદ્રક મને મળ્યો હતો. તે તો ૧૯૨૫ ની વાત છે. પણ ત્યાર પછી પૂર્વ અને પશ્ચિમના તત્વજ્ઞાન અને ધર્મના વિષયોમાં મારો રસ અને અભ્યાસ ચાલુ રહ્યા છે. ખરી રીતે, આ અભ્યાસથી મને ખૂબ શાન્તપન, સમતા અને માનસિક શાન્તિ મળ્યાં છે.

હું દિલ્હી આવીશ ત્યારે જરૂર આપને મળીશ.

સપ્રેમ આપનો **સી. સી. શાહ**

**તંત્રીનો અનુરોધ:** આ જ પ્રશ્નો ઉપર પ્રકાશ પાડતું મિતાક્ષરી ભાષામાં લખાયલું તત્ત્વચિન્તન કોઈ મિત્ર મોકલી આપશે તો તેને પ્રબુદ્ધ જીવનમાં જરૂર આવકારવામાં આવશે. **તંત્રી.**

## અમેરિકામાં જૈન ધર્મનો પ્રચાર

શ્રી અમૃતલાલ લ. શાહ જણાવે છે, કે ડિસેમ્બર માસની ૧૩ તારીખે જૈન સોસાયટી, શિકાગોની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં ૧૯૭૧ ના નવા વર્ષ માટે કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી.

પ્રમુખ: શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ સેક્રેટરી: શ્રી જગદીશ એન. શાહ ખજાનચી: શ્રી રાજેન્દ્ર એચ. શાહ સભ્યો: શ્રી ડૉ. કનક ઉદાણી, શ્રી હર્ષદ એમ. દોશી

૧૯૬૯-૭૦ ના વર્ષ દરમ્યાન સોસાયટીએ શરૂ કરેલી પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ:

૧ જૈન સોસાયટી પત્રિકાનું પ્રકાશન
૨ ઘર દહેરાસરની સ્થાપના
૩ જૈન ધર્મ પરનાં પુસ્તકોની લાઈબ્રેરી
૪ ભાવના - ધાર્મિક ભજનો સમૂહપ્રાર્થના
૫ જૈન સોસાયટી ડિરેકટરીની તૈયારી

૧૯૭૦-૭૧ના વર્ષ માટે સોસાયટીએ કરવા ધારેલી પ્રવૃત્તિઓ:

૧ ઘરદહેરાસર માટે ૧૨૦ ઇંચની પ્રભુપ્રતિમા મેળવવી.
૨ લાઈબ્રેરી માટે વધુ ને વધુ પુસ્તકો: અંગ્રેજીમાં: વસાવવા.
૩ ભજનો તથા પ્રવચનોની વધુ ટેપ રેકોર્ડ મેળવવી.
૪ દહેરાસર માટે ફંડ વધારવું.
૫ અમેરિકામાં વસતા જૈન - જૈનેત્તર ભાઇઓને સક્રિય રસ લેતા કરવા.

અંગ્રેજી પુસ્તકો, ટેપ રેકોર્ડ, નવકારમંત્ર કોતરેલી પ્લેટો તથા આર્થિક સહાય મોકલવા માટે રસ ધરાવતા ધર્મપ્રેમી સજ્જનોને વિનંતિ.

સરનામું: જૈન સોસાયટી, C/o શ્રી મહેન્દ્ર અ. શાહ
૭૭૪૨, નોર્થ લેસ્કીન્સ, શિકાગો, ઇલીનોઇસ, ૬૦૬૨૬,
યુ. એસ. એસ. ફોન: ૩૧૨, ૩૩૮, – ૮૩૦૪

# બે પત્રો

## (૧) આસામ-ગૌહત્તીથી શ્રી ચુનીભાઈ વૈદ્યનો પત્ર

[ નીચે આપેલ પત્રના લેખક શ્રી ચુનીભાઈ વૈદ્ય કેટલાંક વર્ષથી આસામના મુખ્ય શહેર ગૌહતીમાં વસે છે અને આસપાસના પ્રદેશમાં સર્વોદય આન્દોલન પ્રચારનું કાર્ય કરે છે. તત્કાલીન આસામની પરિસ્થિતિનું વિગતવાર ચિત્ર રજૂ કરતો તેમનો એક લાંબો પત્ર તા. ૧૬-૯-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયો હતો. થોડા સમય પહેલાં તા. ૬-૧૨-૭૦ ના ભૂમિપુત્રમાં તેમણે શ્રી પ્રબોધ ચોકસીના વિચારોની આલોચના કરેલી. તેને અનુલક્ષીને લખાયલા મારા પત્રના જવાબરૂપે મળેલો તેમનો પત્ર નીચે આપવામાં આવે છે. પરમાનંદ ]

પૂ. પરમાનંદભાઈ,

નવા વર્ષના શુભેચ્છા અને પ્રણામ.

તા. ૧૧-૧૨-૭૦ નો તમારો કાગળ પ્રવાસમાંથી પાછા ફરી ૨૭/૧૨ ને દિવસે જોયો. સ્નેહભાવપૂર્વક લખ્યું તેથી આભારી છું.

'પ્રબુદ્ધ જીવન'માં મારો લેખ છપાયેલો તેની પ્રથમ જાણકારી પૂજ્ય વિનોબાજી પાસેથી ગયા ઓક્ટોબરના આરંભમાં સેવાગ્રામ ગયેલો ત્યારે મળેલી. એમણે કોઈ અભિપ્રાય નહોતો ઉચ્ચાર્યો પણ એમના કહેવા પરથી સમજાતું હતું કે એમને એ લખાણ ગમ્યું હશે. અહીં ફરી આવ્યા બાદ આપે મોકલેલી off-prints જોવા મળી હતી. ત્યાર બાદ તમને મેં એક કાગળ પણ લખ્યો હતો, સંભવ છે કે એ તમને મળ્યો હશે.

'પ્રબુદ્ધ - જીવન' નથી મળતું. નિયમિત મળે તો સારું. એનું વાર્ષિક લવાજમ કેટલું છે? વિનોબા પાસે જાઉં ત્યારે 'પ્રબુદ્ધ - જીવન' જોવા મળે છે; વચ્ચે એક અંક મૈત્રી - આશ્રામમાં જોવા મળ્યો હતો. એમાં આચાર્ય રજનીશજીનો Blitz સાથેનો ઈન્ટરવ્યૂ તમારી સંપાદકીય નોંધ સહિત વાંચ્યો હતો. દક્ષિણ તરફ જતાં આંધ્રના એક સ્ટેશને એક ગુજરાતી પુસ્તક ખરીદ્યું હતું તેમાં પણ રજનીશજીએ કરેલા કેટલાક આક્ષેપોના જવાબમાં લખેલો તમારો લેખ વાંચ્યો હતો. રજનીશજીના વિચારોમાં ગાંધી-વિરોધી તત્ત્વ આઘાત-જનક છે, પરંતુ જરા ઊંડાણમાં જતાં તરત જ સમજાય છે કે એ કેવળ વ્યક્તિગત - દ્વેષભાવથી પ્રેરિત વિચારો જ છે. પૂછનાર જરા વધારે હોંશિયાર હોય અને ટાઢે કોઠે સામાને ચીડવવાની શક્તિ હોય તો રજનીશજીને મોઢે ગાંધી - વિરોધી ગમે તેવા બખાળા કઢાવી શકે. આમાં એમનામાં રહેલ ક્રોધનું તત્ત્વ પણ કામ કરે છે, એ દ્વેષ - ભાવને ખૂબ જોરથી ઊંચે ઊછાળે છે. હમણાં એક ત્રૈમાસિક (જ્યોતિ શીખા?) જોયું. એમાં એમણે વિનોબા, મહાવીર તથા ગાંધીજીને પણ 'ક્રિમિનલ્સ' કહ્યા છે* રજનીશજીમાં એક બીજી વાત પણ ખૂબ ખટકે એવી છે. એમના આધ્યાત્મિક વિચારો વિશેનાં ભાષણો જોતાં ઘણી વાર ચોકખું દેખાય છે કે વિનોબાજીના વિચારો બેઠા જ ઉપાડી લીધા છે અને પોતાને નામે ચડાવી દીધા છે. તેવી જ રીતે સામંતવાદ - પૂંજીવાદ અને સમાજવાદ અંગેના વિચારો પણ મોટે ભાગે ચોરી જ હોય છે. આ અપ્રમાણિકતા ખટકે તેવી હોય છે. ઉપરાંત, જે વિચારકોના વિચાર એ તફડાવે છે તેમના ઉપર ખોટી નબળાઈઓ આરોપીને હુમલા કરી નગુણાપણાનો પણ ખ્યાલ આપે છે.

પ્રબોધભાઈનાં લખાણોથી મને બહુ આશ્ચર્ય નહોતું થયું, અવશ્ય, એ લખાણો વધારે લાંબા સમય સુધી ચાલ્યાં તેથી ગાંધી-વિનોબા વિરોધી પ્રચારની બદબૂ એમાંથી આવવી સ્વાભાવિક હતી. પ્રબોધભાઈમાં non-conformism નું તત્ત્વ છે અને એ વાત હું છેલ્લાં વીસ વર્ષથી સારી રીતે જાણું છું. પણ આ વખતે એમાં મને adventurism નું તત્ત્વ પણ લાગ્યું. તેથી મેં મારા લેખમાં એમનાં લખાણોને 'ડોનક્વિક્ઝોટિક યુદ્ધ પ્રયાસ' તરીકે લેખાવ્યાં.

ગાંધી - વિચારની તળિયાઝાટક ચર્ચા થાય તેનો મને વાંધો નથી. પણ એમાં બે વાતની સાવધાની રાખવી જોઈએ. એક તો એમાં આછકલાપણું ન જોઈએ. એટલે કે બોલતાં બોલતાં ગાંધીને ઉતારી પાડવાની હિચકારી હદે ન જઈને પણ એમના વિચારનો અસ્વીકાર કરવા જેટલી ઉદાત્તતા વિચારક કે લેખક પાસે જરૂર અપેક્ષિત છે. બીજું, એ વિચારો વ્યક્તિ દ્વેષ યા અગિલાપા—પ્રેરિત ન હો. આટલું જાળવીને, બની શકે તો પરિપ્રશ્નેન સેવયા ની માનસિક ભૂમિકા લઈને ગમે તેટલી ચર્ચા થાય, વાંધો નથી. ગુજરાતમાં - વિશેષ રુપે ગુજરાતમાં રજનીશજી જે રીતે આગળ વધી રહ્યા છે તેમાં મને જે ખટકે છે તે ઉપરોક્ત બન્ને કારણોસર. રજનીશજી ગમે તેમ બોલતા હોય છે અને સાવ વ્યક્તિગત દ્વેષપૂર્વક પણ બોલતા હોય છે.

તમે રામાયણવાળા પ્રસંગેગ અંગે પુછાવ્યું હતું ને મેં બીજી જ રામાયણ માંડી. ખેર, લખતાં લખી નાંખ્યું છે. લક્ષ્મણ અંગેનો વિનોબાજીનો જવાબ મને યાદ નથી. નહીં તો એ એમાં જરૂર આપ્યો હોત. પણ એ અંગે હું વિનોબાના શિષ્ય - મંડલને લખું છું. એ લોકો પૂછીને અથવા પોતાના સ્મરણમાંથી લખશે તો તમને વળતું લખી મોકલીશ.

છેલ્લા આઠ માસ કેવળ ગ્રામસ્વરાજ ફંડના જ કામમાં લાગ્યો રહ્યો. હજી પણ એનો અંત આવ્યો નથી. જો કે હવે નવેસરથી કોઈ ફાળો નહીં કરું, પરંતુ પહેલાં જે ઓતોને છેડી ચૂક્યો છું તેમાંથી જે પ્રાપ્તિ થવાનો સંભવ છે તેટલા પૂરતું સંગ્રહનું કામ રાખીશ. વરિષ્ટ લોકોના આશીર્વાદ તો સાથે રહ્યા. બાકી પ્રયાસ મોટે ભાગે મારો અને બીજા એક બે કાર્યકરોનો જ રહ્યો. તેથી પરિણામ બહુ ઓછું આવ્યું. કુલ ૧ લાખ ૬૫ હજારથી ઉપર આંકડો ગયો છે. હજી થોડો વધશે એમ માનું છું. બે લાખ સહેજે થવા જોઈએ. પૈસા ભેગા કર્યા એટલે સારી રીતે ખરચવાનો સવાલ પણ આવીને ઊભો રહે છે. આમ સંસારચક્ર જેવી પ્રક્રિયાનો આરંભ થઈ જાય છે.

આખા દેશની રાજનૈતિક સ્થિતિ છે તેવી જ અહીંની પણ છે. પણ અહીં જે ઉપર ઉપરની શાંતિ છે તે બહુ છેતરામણી છે એમ લાગે છે. અહીંથી કલકત્તા અભ્યાસ માટે ગયેલા યુવાનો પાછા આવ્યા છે - નક્સલપંથની દીક્ષા શિક્ષા લઈને. હજી એ લોકો વિશેષ કશું કરી શકયા નથી, તેનો અર્થ હું એટલો જ કરું છું કે એ લોકોએ કંઈ શરૂ કર્યું નથી. આનાં ઘણાં કારણો હોઈ શકે, પરંતુ શરૂ કરશે તો બંગાળ કરતાં વધારે ફાવશે એમાં સંદેહ નથી. ગરીબી, બેકારી આદિને કારણે ભારેલા અગ્નિ જેવી હાલત છે. સમાજના ઉપલે મજલે રહેતા રાજનીતિજ્ઞોને ભાન જ નથી કે ભોંયતળિયે આગ ધખે છે; એ તો એમના એ જ કાવાદાવાઓમાં વાસ્તવિકતાથી દૂર વસે છે. લોકોના સંગઠન જેવું કશું જ નથી. જે છે તે રાજનૈતિક યા પાંથિક સંગઠન છે. જરૂર છે નાગરિકોની શક્તિના સંગઠનની.

પત્ર ઘણો લાંબો થયો. આપની સૌની કુશળતા ચાહું છું.

સ્નેહાંકિત ચુનીભાઈના પ્રણામ

* ડિસેમ્બરના 'જ્યોતિ શિખા' માં પાનું ૧૯—૨૦ ઉપર પૂર્વકાલીન મહાપુરુષો વિષે અને ત્યાર બાદ ગાંધી—વિનોબા વિષે ટીકાટિપ્પણી કર્યા બાદ આચાર્ય રજનીશજી જણાવે છે કે "મૈં ઇન ક્રિમિનલ્સ કે સાથ ખડા હોને કો રાજી નહિ. મેરે લિએ જો અપરાધી હૈ વહ હૈ.

તંત્રી

## (૨) એક તેરાપંથી રચનાત્મક કાર્યકરનો પત્ર

[ કચ્છના જૈન તેરાપંથી સમુદાયમાં જેમનાં જન્મ અને ઉછેર થયાં છે તથા છેલ્લાં વર્ષોથી રચનાત્મક કામોમાંની ખાદીપ્રવૃત્તિ અને ભૂદાન–ગ્રામદાન આન્દોલનમાં જેઓ સક્રિય રસ લઈ રહ્યા છે તેઓ એક સેવકે તા. ૩-૧૨-૭૦ ના રોજ આચાર્ય તુલસી-ઉપર તાજેતરમાં રાયપુર ખાતે બની ગયેલા 'અગ્નિપરીક્ષા' વિરોધી આન્દોલન અને તેમાં આચાર્ય તુલસીએ ભજવેલા ભાગને અનુ-લક્ષીને એક પત્ર લખ્યો છે, તેમાંનો મહત્વનો ભાગ તા. ૧-૧-૭૧ ના વિશ્ર્વવાત્સલ્યમાં નીચે મુજબ પ્રગટ થયો છે. તંત્રી ]

આપના રાયપુર ચાતુર્માસ દરમિયાન જે વિવાદનો વંટોળ જાગ્યો તેના સમાચાર અવારનવાર છૂટાછવાયા છાપાંઓમાં વાંચીને દુ:ખ અનુભવતો. ગઈ કાલે એક સ્નેહી મિત્રે "જૈનભારતી' નો અંક વાંચવા આપ્યો ... તે ધ્યાનપૂર્વક વાંચી ગયો ... "મૈં યહી ચાહતા હૂઁ કિ હમ મનુષ્યકો મનુષ્યકી દૃષ્ટિસે દેખેં" એ આપનું વાક્ય મને અત્યંત ગમ્યું. જે પુસ્તકને નિમિત્તે આ ઝઘડો જાગ્યો અને જામ્યો તે પુસ્તક "અગ્નિ - પરીક્ષા' નો જરૂરી ભાગ પણ ધ્યાન-પૂર્વક વાંચી ગયો. એમાં તો આપના કવિહૃદયે સીતાના વિશુદ્ધ ચારિત્ર્યને ભાવભરી અંજલિ આપી છે. એટલે આ વિવાદ અને વિરોધનાં બીજાં જ કારણો હોવાનો વિશેષ સંભવ છે એવું આપનું અનુમાન મને યોગ્ય લાગે છે.

આ આખા પ્રકરણમાં મને એક બાબતની યોગ્યતા નથી સમજાણી. જ્યારે વિવાદ હિંસક - ઉપદ્રવો તરફ વળ્યો ત્યારે આપે ચાતુર્માસની મધ્યમાં વિહાર કરવાનો નિર્ણય કર્યો તે તથા છેવટે ચાતુર્માસ પૂર્ણ કર્યા પહેલાં જ આપે વિહાર કર્યો તે. મારી સમજ પ્રમાણે તો ઉપદ્રવો અને હિંસક તોફાનો વખતે તો વધારે દૃઢતાપૂર્વક ત્યાં જ સ્થિર રહેવાનો નિર્ણય કરીને ફેલાયેલ ગેરસમજુતીઓ દૂર કરવાનો ધર્મ આપને સહજ પ્રાપ્ત હતો. તેમાં પરિસ્થિતિ - પ્રાપ્ત જોખમો અવશ્ય હતાં, પણ અહિંસાને સશક્ત રૂપે પ્રગટ થવાનો પણ તે જોખમમાં જ અવસર હતો. મને લાગે છે કે વીર્યવાન અહિંસાને પ્રગટ થવા માટે પરિસ્થિતિએ પોતે જ આપેલ અવસર આપ ખોઈ બેઠા. જે (મ.) રામે સીતાનાં શીલ અને સ્વમાનના રક્ષણ માટે આવડું મોટું ભયંકર યુદ્ધ ખેલ્યું કેવળ એક વ્યક્તિ માટે, તે ધર્મયુદ્ધ ખેલનારના ચરિત્ર-લેખકે ... (આપે) પોતે જ પોતાનાં શીલ ... (સામાજિક મૂલ્ય) ... અને સ્વમાનના રક્ષણના સમયે જ યુદ્ધભૂમિમાંથી પલાયન થવાનું પસંદ કર્યું! હિંસા અને ઉપદ્રવોના ભયે નમતું જોખવું તે અહિંસા નથી પણ કાયરતા છે. અને કાયરતા તો હિંસા કરતાં પણ બૂરી ચીજ છે. આ અને આવાં બધાં આંદોલનો અને હિંસક તોફાનો ઘણું ખરું અણસમજ કે ગેરસમજને લીધે જ મહદ્અંશે જ પેદા થાય છે. ધીરજ, જાગૃતિ અને સ્વસ્થતાપૂર્વક ગેરસમજો દૂર કરવા જતાં જે કાંઈ સહન કરવાનું આવે તે પ્રેમપૂર્વક સહન કરીએ. તેનું નામ જ અહિંસા એમ હું સમજું છું. મને લાગે છે કે ઉપદ્રવો અને હિંસક તોફાનોને ભયે આપે છીછરી અહિંસાનો માર્ગ પસંદ કર્યો છે. પણ છીછરી અહિંસામાં મુખ્યત્વે ભીરુતા જ હોય છે; તેથી મને આપનું વિદાયનું–પલાયનનું–પગલું યોગ્ય લાગ્યું નથી.

મારો જન્મ અને ઉછેર પણ જૈનધર્મના તેરાપંથી સંપ્રદાયમાં જ થયો છે. મારી નાની બહેને પણ તે સંપ્રદાયમાં દીક્ષા લીધી છે. એટલે તેરાપંથી સંપ્રદાયની કટ્ટરતાનો મને ઠીક ઠીક અનુભવ છે. રાજકીય પક્ષોમાં સામ્યવાદનું ચોકઠું જેવું પોલાદી ગણાય છે, જૈનધર્મના સંપ્રદાયોમાં તેરાપંથી સંપ્રદાયોનું ચોકઠું પણ મને એવું જ સખત લાગ્યું છે. એ ચોકઠાંને નરમ કરવા માટે (સાંપ્ર-દાયિક સંકીર્ણતાઓને ઘટાડવા માટે) આપે અણુવ્રત આંદોલનરૂપે ઉપકારક પ્રયત્નો કર્યા છે. પણ આપ એ વાત કેમ ભૂલી જાઓ છો કે, "આપ જે સંપ્રદાય તથા સાંપ્રદાયિક ગાદીના અધિષ્ઠાતા છો, તે સંપ્રદાય તથા ગાદી પોતે જ સંપ્રદાયનાં અનેકવિધ બંધ-નોથી - સંકીર્ણતાઓથી બદ્ધ છે. તેથી આપના સંપ્રદાય-મુક્ત મનોભાવનો પડઘો સામો પક્ષ ન ઝીલી શકે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું મને નથી લાગતું, પણ વિચાર સાથે વ્યવહાર પણ સહજ રીતે સંપ્રદાયમુક્ત (સાંપ્રદાયિકતામુક્ત) કેમ બને? તે દિશામાં આપણું ચિન્તન થાય એ આવશ્યક લાગે છે. સહચિન્તનની ભાવનાથી આ પત્ર આપને લખ્યો છે.

**તંત્રી નોંધ:** રાયપુર પ્રકરણના અનુસંધાનમાં આચાર્ય તુલસીએ ભજવેલા ભાગ સંબંધમાં તેમ જ અણુવ્રત આન્દોલનના પ્રણેતા હોવા છતાં તેરાપંથી સંપ્રદાયનાં અનેકવિધ બંધનો તથા સંકીર્ણતા-ઓથી બદ્ધ એવા આચાર્ય તુલસી અંગે મારા મનમાં જે વિચારો સળ-વળ્યા કરે છે અને એમ છતાં જે વિચારોને હું યથાસ્વરૂપે હજુ સુધી અભિવ્યક્ત કરી શક્યો નથી તે વિચારોને તેરાપંથના જ એક અનુ-યાયી બંધુએ આવી નિડર અને સ્પષ્ટ વાચા આપી છે તેને મારું સંપૂર્ણ અનુમોદન છે અને તે બંધુને આવો પત્ર લખવા માટે હું અન્તરના ધન્યવાદ આપું છું.. પરમાનંદ

## સાભાર સ્વીકાર

**મુસ્લિમોનો ધર્મ:** લેખક: શ્રી ઈરમાઈલભાઈ નાગોરી, પ્રકાશક: યશ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા, -૧, કિંમત ૫૦ પૈસા.

**આંખો દેખા હાલ:** લેખ સંગ્રહ; પ્રકાશક ઉપર મુજબ, કીંમત રૂા. ૧–૦૦

**ભ્રાન્તિ અને ક્રાન્તિ:** લેખક: શ્રી જયપ્રકાશ નારાયણ; પ્રકાશક ઉપર મુજબ, કીંમત ૩૦ પૈસા.

**સર્વોદય પાત્ર:** લેખક વિનોબા ભાવે; પ્રકાશક ઉપર મુજબ, કીંમત ૭૫ પૈસા.

**ગાંધીજીની ભણાવવાની રીત:** લેખક: શ્રી છગનભાઈ ન. જોષી; પ્રકાશક: ગંગાજળા પ્રકાશન, અલીઆબાડા, જિ. જામનગર, સૌરાષ્ટ્ર, કીંમત રૂા. ૧–૦૦

**ગાંધીજીના હરિજન સેવાના પાઠ:** લેખક શ્રી છગનલાલ ન. જોષી, પ્રકાશક; સર્વોદય સહકારી પ્રકાશન સંમેલન કિંમત: રૂા. ૨–૦૦

**મોહનદાસ મહાત્મા કેમ બન્યા?** લેખક: શ્રી છગનલાલ ન. જોષી; પ્રકાશક: ધરશાળા પ્રકાશન મંદિર, ભાવનગર, કિંમત રૂા. ૧–૦૦

**સમયદર્શી આચાર્ય:** લેખક: શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ: પ્રકાશક આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ–ઠે: શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ - ૨૬, કીંમત રૂા. ૧-૫૦.

**સત્પ્રણયના ગાયક:** લેખક: શ્રી સવાઈલાલ ઈ. પંડ્યા; પ્રકાશક: કવિશ્રી બોટાદકર શતાબ્દી સમિતિ ઠે: શ્રી જમુભાઈ દાણી, ૧૫ એ–૧૧, સોનાવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઈ - ૭, કીંમત રૂા. ૨-૫૦.

**રાસતરંગિણી:** સંપાદક: શ્રી જમુભાઈ દાણી, પ્રકાશક ઉપર મુજબ, કિંમત રૂા. ૧–૦૦

**બોટાદકરની કાવ્યસરિતા:** સંપાદક: શ્રી અનંતરાય મ. રાવળ; પ્રકાશક: ઉપર મુજબ, કીંમત રૂા. ૧-૫૦

**શ્રી સાવરકુંડલા દશાશ્રીમાળી જૈનયુવક મંડળ મુંબઈ, રજતજયંતિ અંક.**

**જૈન સાપ્તાહિકનો, પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરિજી સ્મરણાંક.** તંત્રી: શેઠ ગુલાબચંદ દેવચંદ. સ્થળ: જૈન ઓફિસ, ભાવનગર.

**જયભિખ્ખુ સ્મૃતિ–ગ્રંથ:** જયભિખ્ખુ સાહિત્યટ્રસ્ટ પ્રકાશન, ચન્દ્રનગર સોસાયટી, આનંદનગર, અમદાવાદ–૭.

# સામાન્ય છતાં અસામાન્ય એવી એક માનવ-વિભૂતિનો પરિચય

તા. ૨૩ મી જાન્યુઆરીની રાત્રે આપણા સર્વના આદરપાત્ર એવા ઉદારચરિત શ્રીમાન કાન્તિલાલ ઈશ્વરલાલે પોતાના નિવાસસ્થાને ૭૧ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો. આ સમાચારથી તેમને દૂર–નજીકથી જાણનાર સૌ કોઈ ઊંડી ખિન્નતા અનુભવશે.

શ્રી કાન્તિલાલભાઈ સાથે મારો વર્ષોજૂનો પરિચય અને તેમની તથા તેમનાં પત્ની શકુન્તલાબહેન સાથે એક સ્વજન સમો સંબંધ. તેમનામાં શ્રીમન્તાઈ સાથે સહૃદયતાનો અપૂર્વ મેળ હતો. મારી ઉપર તેમનો ઊંડો સદ્‌ભાવ હતો. મહિને દોઢ મહિને તેમને મળવા તેમના નિવાસસ્થાને જતો અને અનેક બાબતો વિષે અમારી વચ્ચે કલાકોસુધી વિચારવિનિમય ચાલતો.

તેઓ રાંધનપુરનાં વતની; નાનપણમાં માબાપ તેમણે ગુમાવેલાં. દશ વર્ષની ઉમ્મરે મુંબઈ અભ્યાસ અર્થે આવેલા અને મામાને ઘેર રહેલા. મેટ્રિક સુધી પહોંચ્યા પણ પછી આર્થિક સંયોગોને લીધે તેમને અભ્યાસ છોડી દેવો પડેલો. તત્કાલિન તેમની આર્થિક પરિસ્થિતિ શૂન્યવત્ હતી. સાધારણ ક્લાર્કના કામથી શેરબજારની તેમની કારકીર્દિનો પ્રારંભ થયો. વર્ષોના વહેવા સાથે તેમણે મુંબઈના જૂના શેરબજારના શેરબ્રોકર તરીકે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો અને તે ક્ષેત્રમાં તેમનો ઉત્તરોત્તર ઉત્કર્ષ થતો ગયો. સમય જતાં આ ઉત્કર્ષની ફલશ્રુતિ ૧૯૬૬ની સાલમાં તેઓ શેરબજારના પ્રમુખ તરીકે ચૂંટાયેલા પણ એક વર્ષ બાદ તબિયતની પ્રતિકૂળતાના કારણે તે પદ ઉપરથી સ્વેચ્છાએ તેઓ નિવૃત થયેલા.

પોતાના શેરબજારના વ્યવસાયદ્વારા એક બાજુએ તેઓ ખૂબ કમાતા ગયા; બીજી બાજુએ ધાર્મિક તેમ જ સામાજિક ક્ષેત્રે તેમનામાં રહેલી સ્વાભાવિક ઉદારતાના પરિણામે તેમની મારફત દાનનો પ્રવાહ વહેતો રહ્યો. તેમનાં અનેક કાર્યોમાં શ્રી શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈસ્કૂલ એ સૌથી વધારો ધ્યાન ખેંચે એવી અને તેમને ચિરંજીવ યશ આપે એવી શિક્ષણસંસ્થાના તેમના હાથે થયેલા નિર્માણની ખાસ નોંધ લેવી ઘટે છે. વર્ષો પહેલાં સ્થપાયેલી મુંબઈ માંગરોળ જૈન સભા તરફથી પ્રાથમિક ધોરણો પૂરતી એક નાની સરખી કન્યાશાળા ચાલતી હતી. આ કન્યાશાળાને તેમણે એક અદ્યતન શિક્ષણ સંસ્થાનો પોતાના તન, મન અને ધનના પૂરા યોગ વડે અનુપમ આકાર આપ્યો છે. પ્રારંભથી એસ. એસ. સી. સુધીના ધોરણો સુધીનું શિક્ષણ આપતી આ સંસ્થા ૧૯૩૯-૪૦ ના અરસામાં પોતાના મકાન સાથે અસ્તિત્વમાં આવી. અદ્યતન સાધનો વડે સુસજ્જિત આ સંસ્થા વર્ષોથી મુંબઈની શિક્ષણસંસ્થાઓમાં અગ્રસ્થાન ભોગવે છે. તેના ઉછેર પાછળ તેમણે આશરે ત્રણ લાખની રકમનું દાન રૂપે સીંચન કર્યું છે.

આવી જ રીતે તેમણે પોતાના વતન રાધનપુરમાં જૈન વિદ્યાર્થીઓ માટે વર્ષો પહેલાં એક છાત્રાલયની શરૂઆત કરેલી, જેનો આજ સુધીમાં અનેક જૈન વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. આ સંસ્થા આજે પણ ચાલુ છે.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સના તેઓ સક્રિય આગેવાન કાર્યકર્તા હતા અને બે વખત તેમણે તેનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેમની કાર્યવાહી દરમિયાન જૈન કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ અસ્તિત્વમાં આવ્યું છે. આ ઉદ્યોગગૃહના તેઓ આજ સુધી પ્રમુખ સંચાલક રહ્યા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પણ પ્રારંભથી તેમનો ઘણો ટેકો રહ્યો છે. જૈન શ્વે. મૂ. સમાજની આવી અનેક પ્રવૃત્તિમાં તેમની સાથે કામ કરવાનું અને એ રીતે તેમને વધારે નિકટતાથી જાણવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

જૈનાચાર્ય સ્વ. વિજયવલ્લભસૂરિ પ્રત્યે તેમના દિલમાં અપૂર્વ ભક્તિભાવ હતો. છેવટના દિવસો દરમિયાન સારવાર અર્થે આચાર્યશ્રીને તેઓ પોતાના નિવાસસ્થાને લઈ આવ્યા હતા અને ત્યાં જ તેમનું એક મહિના બાદ અવસાન થયું હતું.

શ્રી કાન્તિલાલભાઈના ગૃહસ્થાશ્રમી જીવનનો અહિં ઉલ્લેખ ન કરું તો આ નોંધ અધૂરી ગણાય. પવિત્રતાની મૂર્તિસમાં તેમનાં પત્ની શકુન્તલાબહેન પ્રત્યે તેમની અથાક્ નિષ્ઠા હતી અને શકુન્તલાબહેન પણ તેમનાં પ્રેરણામૂર્તિ હતાં. ભાગ્યે જ વિધાતા સર્જે એવા આ સુભગ દંપતી યુગલને વિધાતાએ આજે ખંડિત કર્યું છે. આ કારણે શકુન્તલાબહેન પ્રત્યે મારું દિલ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. પત્ની, ત્રણ પુત્રો અને બે પુત્રીઓ - આવો પરિવાર મૂકીને કાન્તિભાઈ વિદાય થયા છે. એક વિદ્વાન લેખક, ચિન્તક અને વિવેચક તરીકે તેમના બીજા પુત્ર ભાઈ વસન્તલાલનું નામ જૈન સમાજમાં સવિશેષ જાણીતું છે.

શૂન્યમાંથી સમૃદ્ધિના શિખરે પહોંચેલી ઉજ્જવલ એવી તેમની જીવન - કારકીર્દિ હતી. ભાગ્યતર સામાન્ય છતાં ઉચ્ચ સંસ્કાર અને ધાર્મિકતાને વરેલું તેમનું જીવન હતું. અપૂર્વ તેમનામાં ધર્મશ્રદ્ધા હતી. આદર્શ જૈન જેને કહી શકાય એવા ગુણોથી તેમનું ચારિત્ર સુશોભિત હતું. સૌજન્ય તેમનામાં સુપ્રતિષ્ઠિત હતું - સિવાય કે અસત્ય સામે તેમને ભારે ચીડ હતી. સચ્ચરિત્ર - શીલ - ઉપર તેમનો ખૂબ આગ્રહ રહેતો. પ્રેમાળ તેમની પ્રકૃતિ હતી. માનવીસમાજમાં વિરલ એવું તેમનું વ્યક્તિત્વ હતું.

અહિં જણાવતાં એક પ્રકારની પ્રસન્નતા અનુભવું છું કે, આવા એક ધર્મનિષ્ઠ પુરુષનું અવસાન પણ એમના વ્યક્તિત્વને દીપાવે એ રીતે થયું છે. કાન્તિલાલભાઈના સાળાની દીકરી અમેરિકા જઈ રહી હતી. તે નિમિત્તે જે દિવસે તેમનું અવસાન થયું તે દિવસની સાંજે યા રાત્રીના લગભગ પોણોસો સગાંવહાલાંને પોતાને ત્યાં તેમણે જમવા બોલાવેલાં. સૌ સાથે જમ્યાં. પછી બહેનોએ ગરબા ગાવા શરૂ કર્યા. કોઈએ ગીત ગાયું, કોઈએ ભજન ગાયું. કાન્તિભાઈ પુરા સ્વસ્થ હતા અને દિવાનખાનામાં એક કોચ ઉપર બેઠા હતા અને આ આનંદમાં ભાગ લઈ રહ્યા હતા. ઉપરનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે દરમિયાન તેમણે પોતાની પુત્રી સુશીલાને શકુન્તલા વિદાયને લગતું ગીત ગાવા કહ્યું. તે ગીત પૂરું થયું એટલે કંઈક અસ્વસ્થતા લાગતા કાન્તિભાઈ બાજુના ઓરડામાં ગયા અને ખાટલા ઉપર આડેપડખે થયા. બાજુએ તેમની દીકરી હતી તેને, પોતાને ટાઢ લાગતી હોવાથી કાંઈક ઓઢવાનું લાવવા કહ્યું, જે તે લેવા ગઈ અને તેના મોટા ભાઈ સેવન્તિલાલને સાથે બોલાવતી આવી. સેવન્તિભાઈ જુએ છે તો કાન્તિભાઈ નવકારમંત્ર ગણગણતા હતા અને પરસેવેથી રેબઝેબ થઈ રહ્યા હતા. સેવન્તિભાઈ જુએ અને કાંઈક વિચારે એવામાં તો, સેવન્તિભાઈ જણાવે છે તે મુજબ, ૐ ૐ બોલતા કાન્તિભાઈએ આંખો મીંચી દીધી અને તેમના શ્વાસના ધબકારા બંધ થઈ ગયા. આ રીતે તે ભદ્ર આત્માએ ઈતર લોક પ્રતિ પ્રયાણ કર્યું. જેવું તેમનું વિલક્ષણ જીવન હતું તેવું જ વિલક્ષણ તેમનું મૃત્યુ નીપજ્યું. આપણી વચ્ચેથી એક વિભૂતિએ આ રીતે સદાને માટે વિદાય લીધી. આપણા એમને અનેક વન્દન હો!

પરમાનંદ

## પૂરક નોંધ

**(પાછળથી મળેલ વિગતો ઉપરથી)**

(૧) એમના જીવનની એક ઈચ્છા અધૂરી રહી ગઈ તે જૈનોમાં એકતા સાધવાની. ભગવાન મહાવીરની ૨૫૦૦ મી જન્મ જયંતી ઉજવાય ત્યારે સમસ્ત હિન્દુસ્તાનના દરેક ફિરકાના જૈનો ત્યારથી

માત્ર જૈન તરીકે ઓળખાય અને જુદા જુદા વાડા - ફિરકાઓ - મટી એક જૈન સંઘમાં ફેરવાઈ જાય. એ એમની ઇચ્છા હતી અને એ માટે પોતે છેલ્લા કેટલાક વખતથી પોતાની રીતે કેટલાક આગેવાનો તથા આચાર્યો સાથે વાટાઘાટ કરતા હતા, પણ એ ઇચ્છાનો અંકુર ફૂટે તે પહેલાં તેમના જીવનનો અન્ત આવ્યો.

તીર્થો માટેના ઝગડા તેમને અસ્વસ્થ કરી નાખતા અને ધર્મ અને સમાજ Forget and forgive નો સિદ્ધાન્ત અપનાવે એવો હંમેશાં પ્રયત્ન થવો જોઈએ એમ તેઓ માનતા હતા.

(૨) તેમના અવસાનના એકાદ માસ પહેલાં તેમણે પોતાના પુત્રોને કહ્યું હતું કે, "મેં તમને વારસામાં કોઇ ઈન્ડસ્ટ્રી - ઉદ્યોગ આપેલ નથી, પણ હું તમને આપણું ઘર - દેરાસર વારસા તરીકે આપવા ભાગ્યશાળી થયો છું. તમે એ વારસાને એક મોટામાં મોટી ઈન્ડસ્ટ્રી સમજશો. અરિહંતના નામથી તમે જાગૃત રહેજો અને જે કોઇ વ્યકિત આપણા ઘર-દેરાસરનો લાભ લેતી હોય તેમને આપણા શેરહોલ્ડર સમજજો અને જેમ એક ઉદ્યોગમાં આપણે ઉત્પાદન વધારવા માટે હંમેશા તત્પર રહીએ છીએ અને ફળ ચાખવા આતુરતા રાખીએ છીએ તેવી રીતે નવકારમંત્રનો ગુણાકાર કરતા રહેજો. એ જ આપણું ઉત્પાદન છે. નવકારમંત્રના જાપથી આપણને અવશ્ય ફળ મળવાનું છે અને તે જ આપણા બધાનો મોટો નફો છે. પરમાનંદ

## પ્રકીર્ણ નોંધ

### શું આ પણ વિનોબાજીની વાણી છે?

મૈત્રીના જાન્યુઆરી માસના અંકમાં 'વિનોબા - નિવાસ - સે' એ મથાળા નીચે પ્રગટ થયેલી નોંધમાં નીચે મુજબ નોંધાયું છે:–

એક દિવસ બપોરની આ વાત છે. બાબા સફાઇ માટે નીકળી રહ્યા હતા. હેમભાઇએ તેમને હાથમાં એક ચિઠ્ઠી આપી. તેમાં એક ઘટનાનું વર્ણન હતું, જે આગળને દિવસે બજારમાં બની હતી. હેમભાઇ, રાધેશ્યામભાઇ તથા મનોહરભાઇ શેરડી વેચવા માટે વર્ધાની બજારમાં ગયા હતા. સાંજ પડવા આવી. ત્યારે કેટલાક લોકો આવ્યા અને શેરડી ઉઠાવીને ભાગવાની કોશિષ કરી. રાધેશ્યામભાઇએ પૈસા માંગ્યા. તો તેઓ ચીડાઇને તેમને મારવા લાગ્યા. હેમભાઇએ લખ્યું છે કે - "એ વખતે મને શું થયું એ માલુમ નથી. હું એ લોકોને મારવા માટે તેમની પાછળ દોડયો. તેઓ ભાગી ગયા એટલે એ લોકો બચી ગયા. પંણ ત્યાર બાદ મને ઘણું દુ:ખ થયું. હું અહિંસામાં માનવાવાળો, બ્રહ્મવિદ્યાનો વિદ્યાર્થી, હું હિંસા કરવા માટે કેમ ઉદ્યુકત બન્યો? મારા હાથથી મોટો અપરાધ થયો. આખી રાત મને ઊંઘ ન આવી. મને લાગે છે કે આવી રીતે વ્યાપાર કરવાનું મારે છોડી દેવું જોઇએ."

બાબાએ કહ્યું:" તમે બહું સારૂં કામ કર્યું, ગીતાનો અભ્યાસ તમે કર્યો છે કે નહિ? રાગ-દ્વેષ રહિત બનીને લડો, આ જ ઉપદેશ ભગવાને અર્જુનને આપ્યો છે. તે લોકો શરાબી હતા. ડાકુઓને, શરાબીઓને, વ્યભિચારીઓને મારવામાં દોષ નથી. શરાબ પીવો એ મહાપાપ છે. આ માટે તુકારામનો પણ આધાર છે. - તુકા મહણે, ઐસા નરા, મોજૂનિ મારાવ્યા પંજરા - એવા આદમીને વીણી વીણીને ઠોકવા જોઇએ. કારણ કે પરપીડક તો આમ્હાં દાવેદાર! વિશ્વવી વિશ્વંભર મહણુનિયાં - જે બીજાને પીડા દેવાવાળા છે તેઓ અમારા દુ:શ્મન છે. શું કારણ? વિશ્વમાં વિશ્વંભર છે એ માટે. તુકારામ આવા લોકોને ઠોકવા માટે - મારવા માટે–સંમત છે. એવા અવસર ઉપર મારવામાં પાપ નથી. એવા એક એક કૃત્યને હિંસા સમજીને–છોડીને ભાગતા જશો તો કેમ ચાલશે? તમે વ્યાપાર છોડો અને વ્યાપારી વ્યાપાર કરે અને તમને ખવરાવે? અમે અલગ રહીને અમારી અહિંસા નભાવીશું. સહકારથી, મિલિટરીથી રક્ષણ લઇશું અને અમે પોતે અહિંસક બની રહીશું. જીવનક્ષેત્રથી ભાગવું ન ઘટે. તમારા જીવનનો હજુ તો આરંભ થયો છે. જીવનનો અનુભવ હજુ તો તમને મળી રહ્યો છે. પગલે પગલે હિંસા થઇ રહી છે. એ કારણે જો ભાગવા માંડશો તો જીવન ક્ષેત્રમાં હારી જશો. એ માટે મજબૂત બનો. ભાગો નહિ."

શ્રી હેમભાઇના અનુતાપયુકત ઉદ્‌ગારોના જવાબમાં શેરડી ઉઠાવીને ભાગતાં લોકોને મારવા માટે પ્રવૃત થયેલા તેમના અભિગમનું અનુમોદન કરતાં શ્રી વિનોબાજીએ કરેલાં આ વિધાનો આપણને આશ્ચર્ય પમાડે તેવાં છે. આપણ સર્વની સામાન્ય માન્યતા એવી છે કે, અહિંસાની બાબતમાં વિનોબાજીનું સમગ્ર ચિન્તન ગાંધીજીની એ વિષયને લગતી વિચારસરણીને લગભગ સમાન્તર છે, જ્યારે ઉપરનાં વિધાનો, ગાંધીજીને આપણે જે રીતે સમજતા આવ્યા છીએ તેથી અનેક રીતે જુદાં પડતાં લાગે છે.

ગાંધીજીએ ગીતાનું સુન્દર વિશ્લેષણ કરીને તેમાંથી હિંસા નહિ પણ અહિંસાને તારવી છે, જ્યારે વિનોાબાજી રાગદ્વેષથી રહિત બનીને પણ લડવાનું કહે છે અને એ રીતે તેઓ હિંસાને આગળ ધરે છે, તેનું સમર્થન કરે છે.

ગાંધીજી પણ અનિષ્ટ તત્વોથી ભાગવાનું કહેતા નથી પણ અનિષ્ટ તત્વોનો સામનો કરવા માટે તેમણે અહિંસક પ્રતિકારનો એક નવો વિચાર દુનિયા સમક્ષ મૂકયો છે, તેમ જ તેનો અમલ પણ કરી દેખાડયો છે, જ્યારે વિનોબાજીની ઉપર જણાવેલી વિચારસરણીમાં અહિંસક પ્રતિકારનું સૂચન સરખું પણ નથી. દુષ્ટોને દંડતા રહો આ તેમના કથનનો સાર દેખાય છે. शठं प्रति शाठ्यं कुर्यात् એ સૂત્રને તેમના કથનદ્વારા સમર્થન મળતું લાગે છે.

તેઓ એમ પણ સૂચવતા લાગે છે કે, આફત અગવડના પ્રસંગે પોલીસ યા મિલિટરીથી રક્ષણ ન શોધતાં તમે જાતે જ તેનો સામનો કરો. આનો અર્થ એ થયો કે કાયદો યા વ્યવસ્થાની બાબત તમે પોતે હાથમાં લઈને ચાલો.

આમ જો સૌ કોઇ ચાલે તો તેમાંથી કેવો અનર્થ નીપજે તેનો શું તેમને ખ્યાલ નહિ હોય!

તેઓ સૂચવે છે કે, શરાબ પીવો એ મહાપાપ છે તેથી જ્યાં લાગ આવે ત્યાં શરાબીઓને મારો–પીટો. શરાબી પ્રત્યે આવો વર્તાવ કરવો એ શું વ્યાજબી છે? શું શરાબી આથી અટકશે? શરાબીની ટેવ છોડાવવા માટે શું બીજો કોઇ ઉપાય છે જ નહિ?

જેમના પ્રત્યેક વિચારને મન ઊંડા ભકિતભાવપૂર્વક આવકારતું રહ્યું છે એવા વિનોબાજીના ઉપરના વિધાનો મનમાં ઉપર જણાવેલ પ્રતિકૂળ પ્રત્યાઘાતો પેદા કરે છે. જેમના વિશે અત્યન્ત આદર રહ્યો છે તેમના વકતવ્યની આવી આલોચના કરતાં દિલ વ્યથા અનુભવે છે.

જેમ 'લૂંટો', 'ચોરી કરો' એમ કહેનાર વિનોબા નથી સમજાતા તેમ વિનોબાજીની ઉપર આપેલી વાણી પણ સમજાતી નથી.

### 'પ્રતાપ' ઉપર હુમલો: અદાલતી તપાસની માગણી

તા. ૧૫–૧–'૭૧ ના રોજ બપોરના ભાગમાં શ્રી ચોખાવાળા પ્રધાનપદ છોડયા પછી પ્રથમવાર સુરત આવ્યા. સ્ટેશન ઉપર તેમના ઉપર હુમલો થયો. સ્ટેશન બહાર તોફાની ટોળાને વિખેરવા પોલિસને લાઠીમાર કરવો પડયો. આ દિવસે સુરતનું વાતાવરણ તંગ બન્યું. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી સુરત ખાતે પ્રગટ થતા દૈનિક "પ્રતાપ" ની સાંજની આવૃત્તિમાં "સુરત સ્ટેશને ચોખાવાળા ઉપર હુમલો: ગુંડાઓનો દમનદોર" એ મથાળા નીચે આ હુમલાને લગતા સમાચાર પ્રગટ થયા. ત્યાર બાદ પ્રતાપ કાર્યાલય ઉપર હુમલો થવાનો છે એવી અફવા ચોતરફ ફેલાતાં કાર્યાલયમાંથી પોલીસ મદદ માટે અવારનવાર ટેલિફોન કરવામાં આવ્યાં પણ પોલીસની મદદ પૂરતા પ્રમાણમાં વખતસર આવી નહિ અને રાત્રિના ૯-૩૦ લગભગ લોકોનું એક ટોળું પ્રતાપ કાર્યાલય ઉપર ચડી આવ્યું; કાર્યાલયને આગ લગાડી અને ભારે નુકસાન કર્યું.

દુ:ખની વાત છે કે આ તોફાનોને વખોડી નાખવાને બદલે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઇએ એ મતલબનું જણાવ્યું કે સુરતનો બનાવ અનીચ્છનીય છે પણ પક્ષપલટો સુરતની જનતાથી સહન થયો નહિ તેથી જનતાએ પક્ષ પલટો કરનાર સામે સ્વયં પકડાર ફેંકયો. વધુમાં શ્રી દેસાઇએ જણાવ્યું હતું કે જનતાનો મિજાજ સુરતે બતાવ્યો છે તેથી હવે કોઇ પક્ષપલટો કરવાની હિંમત નહિ કરે.

આ સંબંધમાં તા. ૨૩-૧-૭૧ ના રોજ મળેલી સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સભાએ એક ઠરાવ કરીને પ્રતાપ કાર્યાલય ઉપર થયેલા

ઉપર જણાવેલા હુમલા અંગે તાત્કાલિક તપાસ હાથ ધરવાની માંગણી કરી છે અને એ ઠરાવમાં વિશેષત: જણાવવામાં આવ્યું છે કે પ્રતાપ પરનો હુમલો એ સમાજવિરોધી તત્ત્વોનું કૃત્ય નહોતું પણ રાજકીય દૃષ્ટિથી પ્રેરાયલું કૃત્ય છે એમ માનવાને કારણો છે એમ ટ્રસ્ટની તપાસમાં જણાયું છે. પોલીસ સત્તાવાળાઓનું વારંવાર ધ્યાન દોરવામાં આવેલું છતાં પોલીસ મોટા ભાગે નિષ્ક્રિય રહી હતી અને સમયસર પૂરતું રક્ષણ આપવામાં નિષ્ફળ ગઇ હતી.

પ્રસ્તુત ઠરાવ વધુમાં જણાવે છે કે 'પ્રતાપ' પરનો હુમલો એ અખબારી સ્વાતંત્ર્ય ઉપર ગંભીર ફટકા સમાન છે અને તેથી એ ઘટના વધારે ગંભીર છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટને એથી ચાર લાખનું નુકસાન થયું છે.

આ બનાવનાં ગંભીર પરિણામોને ધ્યાનમાં લઈને સૌરાષ્ટ્ર ટ્રસ્ટે એ ઠરાવમાં તુરત અદાલતી તપાસની માગણી કરી છે અને આ બનાવ માટે જવાબદાર વ્યક્તિઓ સામે અસરકારક પગલાં લેવામાં આવશે એવી અપેક્ષા વ્યક્ત કરી છે.

આશા રાખીએ કે ગુજરાત સરકાર, આ ઘટનાને પક્ષ વિપક્ષની દૃષ્ટિથી ન જોતાં, આ બાબત અંગે યોગ્ય પગલાં ભરવામાં વિશેષ વિલંબ નહિ કરે.

પરમાનંદ

## વિશ્વ સંઘને વડલે

('A Song of United Nations' નું રૂપાંતર)

જાગો...જાગો... !
આવો...આવો... !
ધરતીનાં બાલુડાં આવો, હસતાં કૂદતાં ગાઓ;
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે...ધ્રુવ૦

કયારે એવાં પુણ્ય પ્રગટશે, માનવજાતિનાં;
ઈશ્વર પાપો માફ કરીને, સંગઠિત કરે રાષ્ટ્રોને;
એકમેકના વિકાસ અર્થે, કામ કરીશું કયારે?
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે...૧.

દેશ-વેશ ને જાતિ-ધર્મના, ભેદભાવ છે ભારે;
પક્ષ-વાદ ને વર્ણભેદ એ, ફૂટ પડાવે જયારે;
'બાળુડાં સૌ એક માતનાં,' સમજ પ્રગટશે કયારે?
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે...૨.

અહંકાર ને અભિમાનથી, સંઘર્ષો કંઈ કરતાં;
રાગદ્વેષ ને વેરઝેરથી, દુનિયા દૂષિત કરતાં;
સત્ય-પ્રેમને શાન્તિ-પંથે, દુનિયા પળશે કયારે?
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે ...૩

દરેકમાં સદ્અંશ છુપાયો, અસચ્છાયા પણ સાથે;
સદ્-દ્વારેથી પ્રવેશ કરતાં, આતમભાવ પ્રગટશે;
અનંતશકિત આણુથી પરિણમશે, ચિરશાન્તિમાં કયારે?
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે...૪

'જય જગત્' ના બુલન્દ નાદે, અંતરને ભરી દઈએ;
મન, વાચા ને કર્મથકી સૌ, પુનિતભાવ જગવીએ;
'એકમેકને કાજ જીવશું' સંકલ્પ જાગશે કયારે?
કરુણા રેલશે ત્યારે!
આ વિશ્વસંઘને વડલે,
આ વિશ્વમાતને ખોળે...૫.

પ્રા. હરીશ વ્યાસ

## રસપ્રદ કાવ્ય-વ્યાખ્યાનો અને કવિ-સંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઈતિહાસમાં વિરલ પ્રસંગ ગણાવી શકાય એવો-કાવ્ય-વ્યાખ્યાનનો અને કવિ-સંમેલનનો એક સુંદર કાર્યક્રમ ગુરુવાર તા. ૧૪-૧-'૭૧ ના સાંજના સમયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રોતાઓની ખીચોખીચ હાજરીની વચ્ચે યોજાઈ ગયો.

સામાન્ય રીતે આવા કાર્યક્રમો કૉલેજમાં ગુજરાતી સાહિત્ય મંડળો યા તો સાહિત્ય રસિક સંસ્થાઓ ગોઠવતી હોય છે. પરંતુ મુંબઈ જૈન યુવક સંઘ માટે આવો સાહિત્યિક કાર્યક્રમ રાખવાનો પ્રસંગ સૌથી પ્રથમ હતો, એટલે શ્રોતા-મિત્રોની હાજરી માટે ડર હતો. પરંતુ એ ડર ખોટો નીકળ્યો અને અનેક મિત્રોને જગ્યાને અભાવે નીચે બેસવું પડયું અને કેટલાકને ઊભા પણ રહેવું પડયું. અઢી કલાક એકધારો ચાલેલો આ કાર્યક્રમ સૌને પ્રસન્નતાની અનુભૂતિ કરાવી ગયો.

આરંભમાં પ્રમુખસ્થાને શ્રી રામપ્રસાદ બક્ષી હતા અને તેમણે પહેલાની અને આજની કવિતા વચ્ચે ભેદ તારવતા કહ્યું:

"પહેલાની કવિતા અર્ધખુલ્લા ઘુંઘટમાંથી સૌન્દર્ય નીતારતી કામિની જેવી હતી, જ્યારે આજની કવિતા આખોય બુરખો ઓઢી બેઠેલી નારી જેવી છે." શ્રી ગુલાબદાસ બ્રોકરે કહ્યું "ગાંધીયુગની કવિતામાં માત્ર ક્ષણિક સ્પંદનો અને વિચારો નથી. એમાં કેટલુંક સનાતન તત્ત્વ પણ છે. તેમાં માત્ર આઝાદીના સૂત્રો નથી પણ પ્રકૃતિ અને સમગ્ર વિશ્વને જોવાની દૃષ્ટિ પણ છે." શ્રી અમૃતલાલ યાજ્ઞિકે રાજેન્દ્ર અને નિરંજનનાં કેટલાંક કાવ્યોનો નિર્દેશ કર્યો હતો. તેમણે કહ્યું: "ગાંધી યુગમાં કવિતા કરતાં આવેશ ઝાઝો હતો. આઝાદી પછી કવિતા સમાજઅભિમુખ મટીને અંતરઅભિમુખ બની." શ્રી યશવંત ત્રિવેદીએ ૧૯૫૭ પછીની કવિતાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું "આજનો કવિ લખે છે એ બહારનું નથી. કોઇ સંદર્ભો – કોઇ વિચારોનું એ લક્ષ્ય સેવતો નથી – એને 'એક્સ્પ્લેનેશન' ની જરૂર નથી. તે તો વ્યક્ત કરે છે એની રિકતતા, શૂન્યતા, નિરર્થકતા."

આમાં પ્રથમ બેઠક 'કવિતાના આનંદ' વિશે – ત્રણ યુગની કવિતાઓ પર-સમયની મર્યાદાને લીધે-ટૂંકમાં-પણ વિદ્વતાભર્યા વ્યાખ્યાનોથી પૂરી થઈ. ત્યારબાદ શ્રી જ્યોતીન્દ્ર દવેએ કવિ સંમેલનની બીજી બેઠકનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું. તેમણે કહ્યું "આપણે કવિતા વિશે સાંભળ્યું પણ હવે કવિતા સાંભળીશું. કન્યા વિશે વાતો સાંભળવાથી નથી ચાલતું, કન્યા જોવી પડે છે" આમ શરૂઆતથી જ શ્રી જ્યોતીન્દ્રભાઈએ સૌને હસાવવું શરૂ કર્યું અને કવિ સંમેલનનાં સંચાલનમાં પણ વચ્ચે વચ્ચે એમની રમૂજ વાતાવરણને વધુ પ્રસન્ન બનાવતી હતી. આ કવિસંમેલનમાં શ્રીમતી સુશીલાબહેન ઝવેરી, શ્રી સુધીર દેસાઈ, શ્રી ગુલાબદાસ બ્રોકર, શ્રી મેહુલ, શ્રી પ્રાધ્યાપક કોટક, શ્રી કૈલાસ પંડિત, શ્રીમતી હેમલતાબહેન ત્રિવેદી, અને શ્રી યશવંત ત્રિવેદીએ પોતાની સ્વરચિત કવિતાઓ સંભળાવી હતી.

શ્રી રામપ્રસાદ બક્ષી તથા શ્રી જ્યોતીન્દ્ર દવેનો તેમ જ અન્ય કવિઓનો યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે કવિ પ્રિયકાન્ત મણિયારની નીચેની પંકિતઓમાં આભાર માન્યો હતો:

"એક્કે ય એવું ફૂલ ખીલ્યું છે નહીં
કે જે મને લો ના ગમ્યું!
જેટલાં જોયાં-મને તો એ બધાં એવા જચ્યાં
કે જે નથી જોયાં-થતું-કયારે હવે હું જોઉં?"

અંતમાં શ્રી પરમાનંદભાઇએ પણ આ કાર્યક્રમ માટે એમની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

# ★ માનવતાના નવનિર્માણમાં જૈન દર્શનનું યોગદાન ★

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સૌ. પ્રતિભાબહેન સાહુ મોડકે આપેલા વ્યાખ્યાનની નોંધ)

માનવતાનું નવનિર્માણ થાય એ પહેલાં વિચાર કરીએ કે માનવ આજ માનવ છે ખરો? આશ્ચર્ય થાય એવો જ વિચિત્ર અને વિશિષ્ટ પ્રશ્ન છે. માનવ પોતે જ માનવીની સમસ્યા રૂપ થઈ ગયો છે. આજ સૌ પૂછે છે, ક્રાન્તિ ક્યારે થશે? આ જીર્ણશીર્ણ પુરાતન વિચારોનું કાલ્પનિક મકાન પડી તેનું નૂતન સર્જન ક્યારે નિર્માણ થશે? વર્તમાનના અગણિત સંઘર્ષોનું શમન ક્યારે થશે? વિશ્વમાં વ્યાપ્ત તંગદિલી કેવી રીતે દૂર થાય? જુદા જુદા રાષ્ટ્રો શાન્તિમય વિચારોથી ભ્રાતૃભાવ જગાડી કેવી રીતે જીવી શકે?

પણ ક્ષણભર વિચાર કરશો તો સમજાશે કે આ બધી સમસ્યાઓની શૃંખલા બહારની નથી, અંદરની છે. માનવી જેવું ભયંકર અને વિકરાળ પ્રાણી આ જીવસૃષ્ટિમાં બીજું છે નહિ. એના તનમાં, મનમાં, વચનમાં હિંસા ભરેલી છે. સિંહ, સર્પ વિગેરે ભયાનક છે પરંતુ આજે માનવી, માનવીથી જેટલો ડરે છે એટલા હિંસક પ્રાણીઓ પણ એકબીજાથી ડરતા નથી. માનવીએ પોતાના સંરક્ષણ માટે મોટી ફોજો ઊભી કરી છે. એ હિંસક પ્રાણીઓથી ભયભીત થઈને નહિ પણ પોતાની જેવા જ માનવીથી સુરક્ષિત રહેવા માટે. જીવનમાં જીવવાની ઈચ્છા હોવા છતાં પણ કોઈ અદ્‌ભુત અરમાન એમની પાસે નથી.

વહ જીના ભી ક્યા જીના, જિસમેં જીનેકા અરમાન નહીં
અરમાન નહીં અરમાનકિ જિસમેં તડફ નહીં તૂફાન નહીં,
તૂફાન નહીં તૂફાન કિ જિસકી ઠોકર મેં નિર્માણ નહીં
નિર્માણ નહીં નિર્માણ કી જો પત્થર મેં ફૂંકે પ્રાણ નહીં.

જ્યાં સુધી માનવી રૂપી વૃક્ષમાં માનવતાનું સુમન ન ખીલે ત્યાં સુધી એનું નવનિર્માણ અશક્ય છે. માનવજીવન પામવું મુશ્કેલ નથી. એ તો એક અકસ્માત છે. પણ માનવતા પામવી ખરેખર કઠણ છે. આ જ માનવતા રક્તથી રંગાયેલી છે. એક લેખકે તત્વચિન્તકને પૂછ્યું "તમે પરમાત્માને ક્યાં જોયા? તમે કલ્પના કરો કે મેં ક્યાં જોયા હશે? હા, જ્યાં રેશમી પરદા લટકતા હોય છે, જેના પ્રાંગણમાં લક્ષ્મીની મહેરનજર હોય છે એની શ્રીમંતાઈમાં તમને ઉદારદિલ પરમાત્માનાં દર્શન થયા હશે?" તત્વચિંતકે હસીને કહ્યું, "ના ભાઈ ના, રેશમી પર્દા પાછળ પાપ થાય છે, એમની દિવાલો માનવનાં રક્તથી સીંચેલી હોય છે." લેખકે કહ્યું, "હા, જ્યાં સાંજ સવાર ઘંટનાદ થાય છે એવા મન્દિરોમાં ભક્તની ભક્તિમાં સાક્ષાત દર્શન થયા હશે?" "નહિ, ભાઈ એ ભક્તોના હૃદય માનવતાના અમૃતથી રહિત અને ક્રૂરતાથી ભરેલાં હોય છે. એ તો ભગવાનને ઠગવા બેઠા હોય છે." "હા, જ્યાં રાષ્ટ્રમંચ ઉપરથી પ્રજાના દુઃખો દૂર કરવાની લાગણીથી નેતાઓ ભાષણ કરે છે એમની વાણીમાં તમને પરમાત્મ સ્વરૂપ દેખાયું હશે?" "નહિ, નહિ, સત્તા આવતાં જ એમની સમજ ચાલી જાય છે, ખુરશી મળતાં જ માનવતા નષ્ટ થાય છે." "ત્યાં નહિ તો પછી ક્યાં?" "સાંભળો, કાલે હું રસ્તા પરથી જતો હતો. એક વૃદ્ધ ભિખારી ખાલી કટોરો લઈ પાણી માંગતો હતો. બધા પસાર થાય, તત્વજ્ઞાનની વાતો કરે, પણ પાણી આપે નહિ. એક ગરીબ કિશોરે પાણી પાયું, પછી પોતાની પાસે રહેલી એક જ કેરી દેખાડી પૂછ્યું, કેરી ખાશો બાબા! પણ ગોટલી હું ખાઈશ. એ સ્થળે એ બાળકની સરળતામાં મેં ઈશ્વરના દર્શન કર્યા." આજ તો દુનિયામાં વૈભવવિલાસની બોલબાલા છે.

ચાંદી કી દીવારો મેં દુનિયા અંધી હૈ
સોને કી પ્રાચિરો મેં દુનિયા બંદી હૈ.
કોન જાને આજ મનકા સંતોષ ખોજને
સ્વાર્થ કી ગાલિયોં હી કુછ ઈતની ગંદી હૈ ।।

જૈન ધર્મ અને દર્શન ભારતનું પ્રાચીનતમ દર્શન છે. તેના મૂળભૂત સિદ્ધાંતોમાં અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ સૌથી મહત્વનાં છે.

મહાત્મા ગાંધીએ સત્ય અને અહિંસાના પાયા પર સત્યાગ્રહ કર્યો અને દેશની ગુલામીની શૃંખલા તોડી નાંખી. પણ આજે યુગ બદલાઈ ગયો છે. અહિંસાપ્રધાન પુનિત દેશમાં હિંસક શસ્ત્રોની ભરતી થઈ રહી છે અને આ હિંસાવૃત્તિમાં સમગ્ર માનવજાતિનો નાશ છુપાયેલો છે. અહિંસા જ માણસનું રક્ષણ કરી શકે છે. અહિંસાના સક્રિય વિકાસ વિના આજનો માનવી ખતરામાં છે. ક્યારે પણ યુદ્ધની ભયંકર જ્વાળા સળગી શકે છે. જ્યાં સુધી વિશ્વની પ્રત્યેક વ્યક્તિ શાકાહારી નહિ થાય ત્યાં સુધી યુદ્ધ બંધ નહિ થાય. જગતમાં સંહાર ચાલે ત્યાં સુધી સર્જન થઈ જ ન શકે. પણ માત્ર અહિંસાના નારાથી અહિંસા ન આવે, પણ એનો વાસ્તવિક અને વૈજ્ઞાનિક પ્રયોગ થવો જોઈએ અને એના માટે શાકાહારી થવું એ પહેલું પગથિયું છે.

આજે વિજ્ઞાન એજ રફ્તારથી પ્રગતિશીલ છે. જો એની સાથે ધર્મ જોડાય તો એ આશિર્વાદરૂપ બને. અહિંસાનો અર્થ માત્ર એટલો જ નથી કે કીડી ન મરે, પણ એની સાથે સાથે એનું વિશાળ રૂપ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જેથી માનવીના મનને પણ દુભાવાય નહિ. અહિંસા અત્યંત સૂક્ષ્મ પ્રક્રિયા છે, એમાં અજબ અને અદ્‌ભૂત શક્તિ છે.

આજે પશ્ચિમના લોકો પૂર્વાભિમુખ થતા જાય છે, જ્યારે પૂર્વના લોકો પશ્ચિમી અનુકરણમાં ઊતરી રહ્યા છે. ત્યાં આજે ઘણા લોકો સમજપૂર્વક શાકાહારી થઈ રહ્યા છે, શાકાહારી સંસ્થાઓનું પણ ત્યાં નિર્માણ થઈ રહ્યું છે, એટલું જ નહિ પણ, ત્યાં ઘણા શાકાહારીઓ દૂધ, દહીં, ઘી પણ નથી ખાતા.

આપણો દેશ મહાન છે. આપણી પરંપરા ઉન્નત છે. આપણા સંસ્કાર ઉચ્ચ છે. આવા સુસંસ્કારી દેશમાં જન્મીને પશ્ચિમનું ઘાતક અનુકરણ કરવાનો પ્રયાસ કરવો એ ખરેખર ભ્રમાત્મક છે. રચનાત્મક કાર્ય કરવા માટે પરિપક્વ વિચાર જોઈએ, સત્ સંકલ્પ જોઈએ. જ્યાં સુધી વિચાર અપરિપક્વ છે ત્યાં સુધી આચાર અપૂર્ણ જ રહેશે. એક સમયે મારા હાથ પર ફોડલી થઈ, એને ફોડી તો પીડા ઓછી થવાને બદલે એકદમ વધી ગઈ. વિચારને અન્તે સમજાયું કે એ ફોડલી કાચી હતી. વિશ્વમાંના બધા જ દુઃખો અપરિપક્વતા અને અજ્ઞાનને લીધે જ છે.

આજે આપણા ધર્મના અનેક વિભાગ (સંપ્રદાયો) ઊભા થયા છે. દેરાવાસી, સ્થાનકવાસી, દિગમ્બર, શ્વેતામ્બર, તેરાપંથી. બધા પોતપોતાની રૂઢિચુસ્ત આચરણાઓના પ્રચારમાં જ પૂર્ણતાનો અનુભવ કરી રહ્યા છે, પણ કોઈ મુક્ત મનથી ભગવતી અહિંસાના પ્રચારમાં સંલગ્ન નથી. અહિંસા જેવા દિવ્ય સિદ્ધાંતને રૂઢિનો લેપ કરી આપણે બદનામ કરી રહ્યા છીએ.

આજે ચારે તરફ, રાષ્ટ્રમાં જ નહિ વિશ્વમાં પણ સમાજવાદનું આંદોલન ચાલી રહ્યું છે, પરંતુ સાચો સમાજવાદ તો વિશ્વમાં અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત જ લાવી શકે એમ છે. આ મૌલિક સિદ્ધાન્તો એ સમગ્ર વિશ્વને ભગવાન મહાવીરની મૌલિક દેન છે.

આજે અનેકાન્તની વાતો અને વ્યાખ્યાનો કરવામાં આવે છે

પરંતુ પ્રત્યક્ષ જોઈએ તો તેના આચરણના અભાવનાં જ દર્શન થાય છે. જ્યાં આપણે વિશ્વબંધુત્વનો પ્રચાર કરી રહ્યા છીએ ત્યાં એક સંપ્રદાયનો સાધુ બીજા સંપ્રદાયના સાધુને મળી ન શકે એવી સ્થિતિ છે. આવી અંધશ્રદ્ધા અને ખોટી માન્યતા નષ્ટ થાય ત્યાર પછી જ નવનિર્માણનાં અંકુર ઊગશે. જો આપણે આ જન્મમાં જ સંકીર્ણતાના પંકથી ઉપર ઊઠી ઊભા થવાનો પ્રયત્ન કરીશું તો આવતા જન્મે ચાલી શકીશું.

જે લોકો હિંસામાં પડેલા છે તે પોતાની કમજોરી સંતાડવા એમ કહે છે કે:

"જીવો જીવસ્ય જીવનમ્"

પણ આમ કહેતી વખતે માણસ એ ભૂલી જાય છે કે સૂક્ષ્મ અને મૂક પ્રાણી પ્રજ્ઞા-પ્રતિભાના અભાવે પેટ માટે હિંસા કરે છે, ત્યારે માનવ તો સૃષ્ટિનું સર્વશ્રેષ્ઠ સર્જન છે, એનામાં બુદ્ધિ છે, એ નારી જાતને માતા, બહેન પત્ની એમ કહીને સંબોધે છે. બીચારી બકરી કે મરઘીને વાચા નથી એટલે એ મૂક પ્રાણી માનવીની જેમ પરિષદો ભરી શકતાં નથી, કે મોરચા કાઢી શકતા નથી. જો તેમને જબાન હોત-વાચા હોત, તો તેઓ કેવી રીતે બદલો લેત એ આપણે બધા સમજી શકીએ એમ છે. તમામ પરિગ્રહો અને સંઘર્ષોનાં મૂળમાં હિંસા રહેલી છે. આપણા ભાઈઓને ભૂખના દુઃખથી મરતા નજરની સામે જોઈએ અને આમ છતાં અહિંસા-અનુકંપાનો સ્રોત આપણા દિલમાં વહેતો ન થાય તો અહિંસા કેવી રીતે પેદા થઈ શકે? અહિંસામાં વિશ્વનાં બધાં જ દર્શનોનો અર્ક સમાયેલો છે. પણ આજે આપણે દિશા જ વિપરિત પકડી છે તો પછી દશા ક્યાંથી સુધરી શકે?

'માનવકી પ્રજા કૌન કરે, માનવતા પૂજ્ય જાતી હું"

આજે સમગ્ર વિશ્વ ભારત ઉપર મીટ માંડીને બેઠું છે. આપણી પાસે આપવા જેવું ઘણું જ છે. જો આપણે સુજ્ઞ થઈ પંથો-સંપ્રદાયોની ખોટી દીવાલોને તોડવાનો પ્રયત્ન કરીશું તો માનવતાના નવનિર્માણમાં ગણનાપાત્ર ફાળો આપવાની આપણે ક્ષમતા ધરાવતા થઈશું. જય જગત, જય મહાવીર.

પ્રતિભા શાહુ મોડક

## જાગૃત સમાજનું દર્શન

ડિસેમ્બર માસના બીજા અઠવાડિયામાં નાગપુર ભગિની મંડળની સુવર્ણ જયંતી માટે હું ગઈ હતી. ભગિની મંડળ વિશેની મારી ધારણા સર્વસામાન્ય સ્ત્રી સંસ્થા હોઈ શકે એવી જ એક સંસ્થા અને 'મહોત્સવ'ની કલ્પના પણ એ પ્રમાણે જ હતી. પણ પ્રત્યક્ષમાં જે જોયું તેનાથી આનંદ અને આશ્ચર્ય બંને અનુભવ્યાં.

ઉત્સવમાં મંડળના નવા જૂના સાતસો જેટલા સભ્યો અને એ બધાંનાં કુટુંબીજનો ભાગ લઈ રહ્યાં હતાં, એટલું જ નહીં પણ, પડે એ કામ ઉઠાવવા તૈયાર હતાં. ગામના પ્રતિષ્ઠિત વિદ્વાનો પણ મોટી સંખ્યામાં હાજર હતા. અને મંડળની પ્રવૃત્તિમાં કાયમ રસ લેતા હતા. શહેરની બીજી તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર હતા અને ચર્ચાવિચારણામાં ભાગ લેતા હતા. આ રીતે જાગૃત સમાજ જીવનનું એક ભવ્ય ચિત્ર નાગપુરમાં જોવા મળ્યું.

નાગપુર એ મહારાષ્ટ્રનું બીજું પાટનગર છે; મધ્યવર્તી સ્થાન છે. ત્યાં પણ મુંબઈ જેવી પચરંગી પ્રજા છે. વિશાળ અને વિકસિત હોવા છતાં ત્યાંનો સમાજ મુંબઈ કરતાં જુદું માનસ ધરાવે છે. મુંબઈમાં પ્રવૃત્તિ ઘણી; પણ એકનો સંબંધ બીજા સાથે ના હોય, આખી જિંદગી સાથે રહેતા પાડોશીનો પરિચય સરખો પણ ના હોય, એ મુંબઈની ખાસિયત છે. એટલે આપણી આ મહાનગરીના સમાજનું ચિત્ર રંગરંગના આડાઅવળા ડાઘા ને પટા હોય એવું 'મૉડર્ન આર્ટ' જેવું-લાગે. આને બદલે નાગપુરનો એ સુવ્યવસ્થિત અને સંઘટિત સમાજ જોઈને હું ખૂબ પ્રભાવિત બની.

સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં પણ સારી એવી વિવિધતા હતી. ભગિની મંડળનું પોતાનું વાચનાલય છે. એમાં બાર હજાર પુસ્તકો છે. સભ્યોને એ વિનામૂલ્ય વાંચવા મળે છે. (લવાજમ વર્ષના ત્રણ રૂપિયા – સભ્યના) અને દર મહિને સાહિત્ય-ચર્ચા ગોઠવાય છે. વાંચેલાં પુસ્તકો ઉપર બહેનો અભિપ્રાય આપે છે, ચર્ચા કરે છે. સાહિત્યકારોને આ ચર્ચાસભા માટે ઘણું માન છે.

ઉદ્યોગગૃહમાં ખાન-પાન વિભાગ છે. કાગળના ફૂલ પણ મજાના બનાવે છે. સીવણ વિભાગ પણ છે. બાળમંદિરમાં ઓછી ફી લઈ સારી કેળવણી આપનારા માનદ્ શિક્ષકો છે. ત્રીજી એક સ્ત્રીસંસ્થા 'સરસ્વતી મંદિર' શહેરની જૂની વસતિ વચ્ચે ચાલે છે. એની મુખ્ય પ્રવૃત્તિ વિનામૂલ્ય દવાખાનું અને બહેરા મુંગાની નિશાળ છે. અહલ્યા દેવી મંદિર નામની સંસ્થામાં બહેનોને કસરત, આરોગ્ય અને ધાર્મિક સંસ્કારોનું જ્ઞાન આપવાનું કામ ચાલે છે. ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈની વંશજ બહેનો આ સંસ્થામાં કામ કરે છે.

ભગિની મંડળની સામે જ ઘણી મોટી ઈમારત હતી. મને લાગ્યું કોઈ સરકારી ઈમારત હશે. પણ એનું નામ હતું 'માતૃસેવા સંઘ', પચાસ વર્ષ પહેલાં નાગપુરમાં જાણીતાં 'મોહની' કુટુંબમાં નાની ઉંમરની એક દીકરી વિધવા થઈ. એને ભણાવી મનગમતું કામ અપાવવા આ સંસ્થાની શરૂઆત કરી હતી. ગરીબ બહેનોની સુવાવડો અને સારવાર કરવી, માને ઘેર થાય એમ કરવી એમ ધારી શ્રી કમળાબહેન હૉસ્પેટે એનું નામ માતૃસેવા સંઘ રાખ્યું છે. એમની સેવા લેવા ઘણા આવ્યા તેમ પોતાની સેવા આપવા પણ ઘણા આવ્યા. અને જે કોઈ આવ્યા તેમને કમળાબહેને કાયમના બાંધી રાખ્યાં! આજે એ સંસ્થાની ઘણી શાખાઓ વિદર્ભમાં છે. એમાં હજારો ખાટલા છે, (ફી સાવ ઓછી – સ્પેશ્યલ રૂમના રૂ. ૫!) સમાજસેવા કરવાની ઈચ્છા ધરાવતી બહેનો માટે સેવા-શિક્ષણ વર્ગ છે. માનસિક દુર્બળતાથી પીડાતા છોકરાઓ માટે 'નંદનવન' નામની શાળા છે. ત્યાં ઘરમાં 'ગાંડા' ગણાતાં બાળકો ભણે છે, કામ કરે છે. રૂમાલો ગૂંથે, નાની શાળા ચલાવે, સોપારી ખાંડે, કૅન્ટીન ચલાવે, કપડા શીવે ને ઘરકામ કરે. એમના પર ડૉકટરી ઉપાય પણ ચાલે. એમની જિંદગી સુધારવા માટે ભગીરથ પ્રયત્ન ચાલે છે. 'પંચવટી' નામની એક સંસ્થા છે ત્યાં વૃદ્ધાશ્રમ ચાલે છે. સેવાની પરિસીમા જોઈ હું નમ્ર બની ગઈ.

પાસેના અમરાવતી ગામમાંથી અનુતાઈ ભાગવત મળવા આવ્યાં હતાં, ઉંમર પચાસની અંદર. સંસારમાંથી પરવાર્યા પછી પોતાની બાપુજી ડૉ. શિવાજીરાવ પટવર્ધન પાસે રહેવા આવ્યા છે. એમના બા–બાપુજીએ કામ સ્વીકાર્યું છે મહારોગીઓની સેવાનું. એ બે હવે થાકયા છે. એમનું કામ અગળ ચલાવવા અનુતાઈ આવી પહોંચ્યાં છે. બહેન પોતે એક સારા ચિત્રકાર છે; કવિ છે. 'તપોવન' ને પોતાની કળાથી અને છિન્નભિન્ન થયેલા ત્યાંના દરદીઓના સહકારથી એમણે સ્વર્ગ જેવું સુંદર બનાવ્યું છે. સૂર્યોદય સાથે વેદની ઋચાઓનું પઠન શુદ્ધ ઉચ્ચારમાં થાય અને એમનો દિવસ ઊગે. શ્રમ, ઉદ્યમ અને સ્વમાન–પરમેશ્વર અને માનવતા.. પર શ્રદ્ધા એ ત્યાંના જીવનમૂલ્યો છે.

રાજારામ વાચનાલયના ૭૫ વર્ષ પણ હમણાં જ પૂરાં થયાં. નાગપુરનો વિદ્યા અને વ્યાસંગ માટેનો પ્રેમ જોઈ ખૂબ આનંદ થયો. હજારો ગ્રંથો વચ્ચે વિદ્વાનો સહિત બે ઘડી બેસવું એ પણ એક લહાવો છે!

'વિદર્ભ સાહિત્ય સંઘ'ની ઈમારત પણ 'પ્રાસાદ' કહેવાય એવી છે. ત્યાં રંગમંદિર છે; જ્યાં વિવિધ ભાષાઓના વર્ગો ચાલે છે. તેમાં ચિત્ર-શિલ્પ કળાના વિભાગો છે. સંગીતનો મોટો વિભાગ છે. સાહિત્ય સંશોધનનો વિશાળ ખંડ છે. ત્યાં સંદર્ભ ગ્રંથો અને બધી સગવડો છે. એની એક બાજુ નાની રૂમો હારબંધ બાંધેલી છે. દરેક રૂમમાં ટેબલ, બે ખુરશી, બંબો, દીવો, પીવાનું પાણી અને લખવાનું સાહિત્ય છે. લેખકો માટે આ સગવડ કરી છે!

વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા કાર્યકર્તાઓ ત્યાં મળ્યા. લોકગીતો અને લોકનૃત્યોનો અભ્યાસ કરવા ગિરિજનો અને આદિવાસીઓમાં ભળી જતા શ્રી કુમુદબહેન સુતરિયા, સમાજસેવિકાઓની પ્રાચાર્યા સત્યબાલા તાયલ, બુદ્ધિહીનો માટે જીવનભર કામ કરી રહેલા ડૉ. વાનકર દંપતી, મરાઠી સાહિત્યના શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ કવિ 'અનિલ' અને એમની એમણે પોતે સંભાળવેલી સુંદર કવિતા, એમના દિવંગત પત્ની કુસુમાવતી બહેન, જેમનો શબ્દ મરાઠી સાહિત્યવિવેચનમાં ક્રોટ અને અજોડ ગણાતો એમની સ્મૃતિઓ, ભગિની મંડળના બધાં જ કાર્યકર્તાઓ—એ બધાંનાં સંભારણાં અને ઘણા નવા વિચાર લઈને ત્યાંથી હું પાછી ફરી.

મૃણાલિની દેસાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૭૧, મંગળવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ કેટલીક પાયાની વાતો ☆

ચૂંટણીનો તખ્તો હવે ગોઠવાઈ ગયો છે. રાજકીય પક્ષોએ પોતાના ચૂંટણી-ઢંઢેરાઓ જાહેર કર્યા છે. ઉમેદવારો નક્કી થઈ ગયા છે. પ્રચાર શરૂ થયો છે. એક મહિનામાં ફેંસલો થશે.

આ પાંચમી સામાન્ય ચૂંટણી ઘણી રીતે અસામાન્ય છે. નિયત સમય કરતાં એક વર્ષ વહેલી થાય છે. ત્રણ રાજ્યો, ઓરિસ્સા, બંગાળ અને તામિલનાડ - બાદ કરતાં, માત્ર લોકસભાની ચૂંટણી છે. તેથી ઉમેદવારોને ઘણો વધારે ખર્ચ થાય અને મહેનત પડે. પણ રાષ્ટ્રીય પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય. સમય ટૂંકો છે તે એક રીતે સારું છે. કોઈ રાજકીય પક્ષ બેધડકપણે કહી શકે તેમ નથી કે પોતે જ બહુમતિમાં આવશે, શાસક કૉંગ્રેસને બાદ કરતાં. કોઈ એક પક્ષે આવી, બહુમતિ મેળવવાનો પ્રયત્ન પણ નથી કર્યો. ચૂંટણી જોડાણો કર્યા છે. શાસક કૉંગ્રેસે રાષ્ટ્રીય સ્તર ઉપર કોઈ ચૂંટણીજોડાણ નથી કર્યું. પણ રાજ્યકક્ષાએ અને વ્યકિતગત ચૂંટણીજોડાણો કર્યાં છે. શાસક કૉંગ્રેસને હરાવવા માટે કેટલાક વિરોધ પક્ષોએ બની શકે તેટલું સંગઠન કર્યું છે અને એક અસરકારક મોરચો ઊભો કરવાનો પ્રયત્ન કર્યો છે. રાજકીય પક્ષોના ઢંઢેરાઓમાં જાહેર કરાયેલ નીતિ આ ચૂંટણીમાં અસરકારક ભાગ ભજવે તેવું દેખાતું નથી. ચારપક્ષી સંયુકત મોરચો-સંસ્થાકૉંગ્રેસ, સ્વતંત્ર, જનસંઘ અને સંસપ - કોઈ પ્રકારના લઘુતમકાર્યક્રમ વિના, માત્ર શાસક કૉંગ્રેસને હરાવવાના એકલક્ષી કાર્યક્રમ ઉપર રચાયો છે. સામસામા લડવાથી શાસક કૉંગ્રેસને લાભ ન મળે, તેથી શાસક કૉંગ્રેસના ઉમેદવારો સામે, એક જ ઉમેદવાર ઊભો રાખવાની સમજૂતી, ઘણી મુશ્કેલીઓ અને હોંશાતોંસી છતાં, મોટે ભાગે આ પક્ષોના આગેવાનો કરી શકયા છે. કેટલેક ઠેકાણે આ મોરચો તૂટી પડયો છે, છતાં શાસક કૉંગ્રેસને સારી લડત આપવાની પરિસ્થિતિ ઊભી કરી છે. ગુજરાતમાં, ગુજરાત કૉંગ્રેસે વારંવાર જાહેર વચનો આપ્યા હતાં અને ઠરાવો કર્યા હતાં કે ગુજરાત કૉંગ્રેસ એકલી જ બધી બેઠકો લડશે અને કોઈ સમજૂતી નહિ કરે, પણ આગેવાનોએ છેવટે પોતાનું ધાર્યું કર્યું છે. આમાં સૌરાષ્ટ્રને સૌથી વધારે સહન કરવું પડયું છે. પણ આગેવાનીના અભાવે, સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓ કડવો ઘૂંટડો પી ગયા છે. સંસ્થા કૉંગ્રેસ અને સ્વતંત્ર પક્ષ પોતાનો ગમે તે ભોગ આપીને પણ, શાસક કૉંગ્રેસને હરાવી શકાતી હોય તો, તે માટે તૈયાર થયા છે. લાભ જનસંઘને છે. સંસપને સાથે લઈ આ ચારપક્ષી મોરચો વધારે લઘુજીવી થયો છે. ભારતીય ક્રાન્તિદળને સાથે લઈ ન શકયા. ચરણસિંહ પોતાની રમત રમતા રહ્યા.

શાસક કૉંગ્રેસે તામિલનાડમાં રાજ્યકક્ષાએ બધું જતું કરીને, ભાવિ માટે ચિન્તાજનક દાખલો ઊભો કર્યો છે. બંગાળમાં બંગલા કૉંગ્રેસ અને શાસક કૉંગ્રેસ વચ્ચે સમજૂતી ન થઈ તેથી સામ્યવાદીઓનું જોર રહેશે. પંજાબમાં શાસક કૉંગ્રેસે અકાલીઓ સાથે સમજૂતી કરી છે. માયસોરમાં શાસક કૉંગ્રેસના ગઢના કોટકાંગરા ખરતા જાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને સૌરાષ્ટ્રમાં, રાજાઓએ પૂરી કમર કસી છે. ઉદયપુરના મહારાણા મોગલો સામે લડવા નિકળ્યા હોય તેમ, જય એકલિંગજી સાથે ફતવાઓ બહાર પાડી રહ્યા છે. કામરાજ, કૃષ્ણમેનનને ટેકો આપવા તૈયાર થયા છે. ઉત્તર પ્રદેશમાં, ટી. એન. સિંઘ, મોટી બહુમતિથી હારી જવા છતાં, ચૂંટણી દરમ્યાન સત્તાસ્થાને રહેવા માટે રાજીનામું આપવા તૈયાર નથી. નિજલિંગપ્પા આ વર્તનને ટેકો આપે છે. બીજા વિભાગમાંથી ફરી ચૂંટણી લડવાનો વિચાર કરે છે. ચરણસિંગ કયાં સુધી તેમને ટકવા દેશે તે જોવાનું રહે છે. મુસ્લિમ લીગ ઠીક માથું ઊંચકે છે. પણ એકંદરે શાસક કૉંગ્રેસને ટેકો આપશે. પક્ષપલટાઓ, તકવાદીતા, સત્તાલાલસા અને નીતિનો અભાવ, પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. કોઈ રાજકીય પક્ષ આ અનિષ્ટોથી મુકત નથી, પણ હરીફાઈ કરે છે.

ચાર સામાન્ય ચૂંટણીઓ, દુનિયાની મોટામાં મોટી લોકશાહીએ, મોટા ભાગની અશિક્ષિત પ્રજાએ, શાન્તિપૂર્વક, સ્વસ્થતાથી કરી બતાવી. ૧૯૬૭ની ચૂંટણીમાં પ્રજાએ પોતાનું ખમીર બતાવી, ઘણે ઠેકાણે કૉંગ્રેસ અને તેના મહારથીઓને ફગાવી દઈ, લોકશાહી દૃઢ કરી. કેટલાક રાજ્યોમાં, કૉંગ્રેસને સત્તાસ્થાનેથી હટાવી, બીજા રાજકીય પક્ષોને સ્થિર, સ્વચ્છ અને લોકહિતકારી રાજ્યતંત્ર રચવાની તક આપી. આ ચાર વર્ષનો અનુભવ કડવો થયો. ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, પંજાબ, ઓરિસા જયાં જયાં સંયુકત દળોના રાજ્યતંત્રો થયા તે બધા અસ્થિર, અને વધારે ખરાબ નિવડયા. આ ચૂંટણીમાં રાજકીય પક્ષો, આગેવાનો કે ઉમેદવારો કરતાં, મતદારની મોટી કસોટી છે. તેઓ સમજણપૂર્વક મતદાન કરી શકશે? આવી અનિશ્ચિત, ગૂંચવણભરી પરિસ્થિતિમાં, પ્રચાર અને સૂત્રોથી તણાઈ ન જતાં, પાયાના પ્રશ્નો સમજી, યોગ્ય પસંદગી કરવાની જવાબદારી મતદારની છે.

ચારપક્ષી મોરચાનો મુખ્ય પ્રચાર એ છે કે શાસક કૉંગ્રેસ સત્તાસ્થાને આવશે તો, લોકશાહીનો અંત આવશે. સરમુખત્યારશાહી આવશે, સામ્યવાદ આવશે. તેથી લોકશાહીને બચાવવા, દેશને બચાવવા અને હવે કહેવાય છે કે, ઇન્દીરા ગાંધીને બચાવવા શાસકકૉંગ્રેસને હરાવવી. વિશેષમાં કહેવામાં આવે છે કે શાસકકૉંગ્રેસે, સામ્યવાદીપક્ષ અને મુસ્લીમલીગ સાથે સમજૂતી કરી છે. સ્વતંત્રપક્ષે સંસ્થાકૉંગ્રેસની નીતિ સ્વીકારી છે, જનસંઘ રાષ્ટ્રીય અને બિનસાંપ્રદાયિક પક્ષ છે એમ કહેવાય છે. આ ત્રણે પક્ષો મિલકતના અધિકારોનું પૂરું રક્ષણ કરશે એમ તેમના ચૂંટણી ઢંઢેરાઓમાં જણાવ્યું છે. સંસપ આ ત્રણે પક્ષોથી જુદો પડે છે એનું શું?

શાસકકૉંગ્રેસનો પ્રચાર છે કે તેની નીતિ લોકશાહી સમાજવાદની છે, જે અવિભકત કૉંગ્રેસની નીતિ આટલાં વર્ષોથી રહી છે. શાસકકૉંગ્રેસના કહેવા મુજબ, સંસ્થાકૉંગ્રેસ, જનસંઘ અને સ્વતંત્રપક્ષ, સ્થિતિચુસ્ત, મૂડીવાદી અને સ્થાપિત હિતોનો બચાવ

અને રક્ષણ કરે છે. શાસકકૉંગ્રેસે દૃઢપણે જાહેર કર્યું છે કે સામ્યવાદી પક્ષ અથવા મુસ્લીમલીગ સાથે તેણે કોઈ સમજૂતી કે જોડાણ કર્યું નથી. તેમના પોતાના હિતમાં, તેઓ શાસકકૉંગ્રેસને ટેકો આપે તો આવકારે છે. મિલકતના અધિકાર વિશે તેણે સ્પષ્ટ કર્યું છે કે, મિલકતનો મૂળભૂત અધિકાર તે સ્વીકારે છે પણ તેના ઉપભોગ અને ઉપયોગ ઉપર અંકુશ જરૂરી છે. તે પક્ષ Concentration of Wealth and Economic Power નું નિયંત્રણ કરશે. વધારેપડતી આર્થિક અસમાનતાઓ ઘટવી જોઈએ.

એક હકીકત સમજી લઈએ. દેશની વર્તમાન પરિસ્થિતિ કોઈ અકસ્માત અથવા અચાનક સર્જાયેલ નથી. પ્રભાવશાળી, ઉદારચિત્ત, સેવાભાવી નેતાગીરી રહી નથી. દેશ સમક્ષ જે મહાન અને જટિલ પ્રશ્નો પડ્યા છે, ભયંકર ગરીબાઈ, બેકારી, કોમવાદ, મોંઘવારી, સામાન્ય પ્રમાણિકતા અથવા સદાચારનો અભાવ, હિંસક વાતાવરણ વિગેરે, કોઈ રાજકીય પક્ષ કે વ્યકિત, ટૂંક સમયમાં ઉકેલી શકે તેમ નથી. સમગ્ર પ્રજા એક ભગીરથ પ્રયત્ન કરે અને દેશને માટે ત્યાગ, સેવાની ભાવના જાગૃત ન થાય ત્યાં સુધી, વર્તમાન વિષમ પરિસ્થિતિમાં મોટો પલ્ટો તાત્કાલિક આવવો શક્ય નથી.

અત્યારે એટલું જ વિચારવાનું કે કઈ દિશામાં જવું છે અને તે દિશામાં દેશને લઈ શકે તેવી વ્યકિતઓ, જે છે તેમાં, કોણ છે?

દિશાનો વિચાર કરીએ તો અવિભકત કૉંગ્રેસે વર્ષોથી જે નીતિ નક્કી કરી છે, લોકશાહી સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતા, તે જ અત્યારે સાચી દિશા છે. લોકશાહી એટલે વ્યકિતસ્વાતંત્ર્ય અને સમાજવાદ એટલે સમાનતા, અને ન્યાય, આર્થિક અને સામાજિક. આ નીતિમાં પ્રમાણિકપણે માનતા હોય અને તે નીતિનો પ્રમાણિકપણે અમલ કરવાનો પ્રયત્ન કરે એવો પક્ષ અને વ્યકિતઓ મતદારની પસંદગીને લાયક ગણાય.

આક્ષેપો અને પ્રતિઆક્ષેપો થાય છે તેમાં કેટલું સત્ય છે તે સમજવા, આ આક્ષેપો કોણ કરે છે અને કોની સામે થાય છે તે વિચારવું રહે.

શાસકકૉંગ્રેસમાં ૯૫ ટકા માણસો એવા છે કે જે થોડા સમય પહેલા અવિભકત કૉંગ્રેસના આગેવાનો અથવા કાર્યકર્તાઓ હતા. આ બધા શું સામ્યવાદી થયા છે કે સામ્યવાદને આવકારે છે અને લોકશાહીના વિરોધી છે? શાસક કૉંગ્રેસના નેતા ઈન્દીરા ગાંધી છે. પણ તેમનો આધાર તેમના પક્ષના બહુમતિ સભ્યો ઉપર છે. સૌરાષ્ટ્રનો જ વિચાર કરીએ. ત્યાંની પાંચ બેઠકો છે. શાસકકૉંગ્રેસે જે ઉમેદવારો ઊભા રાખ્યા છે તેમાં રસિકલાલ પરીખ, ડૉ. જીવરાજ મહેતા, ઘનશ્યામ ઓઝા અને જશુભાઈ મહેતા છે. શું આ બધી વ્યકિતઓ, સામ્યવાદી, લોકશાહીવિરોધી છે? અથવા ઈન્દિરા ગાંધી સામ્યવાદી કે સરમુખત્યાર થવા ઇચ્છે તો સહન કરે એવી વ્યકિતઓ છે? સામેપક્ષે ધ્રાંગધ્રાના રાજવી અને મસાણી છે. શું ધ્રાંગધ્રાના રાજા, ડૉ. જીવરાજ મહેતા કે રસિકલાલ પરીખ કે ઘનશ્યામ ઓઝા કરતાં, લોકશાહી કે સમાજવાદમાં વધારે શ્રદ્ધા ધરાવે છે? શું મસાણી સમાજવાદમાં માને છે? એક વખત તે સમાજવાદી હતા. સુવિદિત હકીકત છે કે, સ્વતંત્ર પક્ષ સમાજવાદનો કટ્ટર વિરોધી છે. સ્વતંત્ર પક્ષના કોઈ ઉમેદવારને સંસ્થાકૉંગ્રેસનું નિશાન આપવાથી કાંઈ મોટો ફેર પડી જાય છે? શું મોરારજીભાઈ જ લોકશાહીમાં માને છે અને ચોખાવાલા સામ્યવાદી, લોકશાહીવિરોધી છે? શાસકકૉંગ્રેસે ૪૩૦ ઉમેદવારો ઊભા રાખ્યા છે. આમાનાં મોટા ભાગના, અવિભકત કૉંગ્રેસના વર્ષોજૂના સભ્યો છે. મુંબઈમાં જોઈએ. સાલેભાઈ અબ્દુલ કાદર કે ડૉ. કૈલાસ, સામ્યવાદી છે? મોરારજીભાઈએ કહ્યું કે શાસક કૉંગ્રેસ જીતશે તો આ છેલ્લી ચૂંટણી બનશે. પ્રચાર માટે ભલે આવા સૂત્રો પોકારાય, તેમાં સત્ય નથી.

ઈન્દિરા ગાંધીનો વ્યકિત તરીકે વિચાર કરવો છોડી દઈ, શાસકકૉંગ્રેસનો, એક રાજકીય પક્ષ તરીકે વિચાર કરવો એ યોગ્ય માર્ગ છે.

ચારપક્ષી સંયુકત મોરચો જોઈએ. તેમાં સંસ્થાકૉંગ્રેસના સેવાભાવી આગેવાનો છે, સ્વતંત્રપક્ષ અને જનસંઘના આગેવાનો અને સભ્યો છે. સંસ્થાકૉંગ્રેસના આ જ આગેવાનો, સ્વતંત્ર પક્ષ અને જનસંઘનો વર્ષો સુધી સખત વિરોધ કરતા આવ્યા છે. હવે કદાચ સ્વતંત્રપક્ષે સમાજવાદ સ્વીકાર્યો હશે અને જનસંઘ બિનસાંપ્રદાયિક રાષ્ટ્રિય પક્ષ થયો હશે. સંસપનું શું કહેવું?

હવે પરિણામનો વિચાર કરીએ. ધારો કે શાસકકૉંગ્રેસને બહુમતિ ન મળી. કોઈ બીજો પક્ષ બહુમતિ મેળવી શકવાનો છે? ચારપક્ષી મોરચો, લઘુતમ કાર્યક્રમ પણ નક્કી કરી શક્યો નથી. સંયુકત દળના રાજ્યતંત્રો જે રાજ્યોમાં થયા તેનો અનુભવ આ ચાર વર્ષમાં થઈ ગયો. ક્ષણે ક્ષણે રંગ બદલાય, તંત્ર જેવી વસ્તુ જ આ રાજ્યોમાં નથી રહી. કેન્દ્રમાં રાષ્ટ્રપતિના શાસન માટે કોઈ બંધારણીય જોગવાઈ નથી. ફરી ફરી ચૂંટણી જ કરવી પડે.

જે લોકો પ્રમાણિકપણે એમ માનતા હોય કે શાસક કૉંગ્રેસ બહુમતિમાં અથવા સત્તા પર આવશે તો આ છેલ્લી જ ચૂંટણી હશે અને ત્યારપછી દેશમા સામ્યવાદી સરમુખત્યારશાહી જ વર્તશે, તેમણે જરૂર શાસક કૉંગ્રેસને હરાવવા અને ઉખેડી નાખવા બધો પ્રયત્ન કરવો જોઈએ અને તેનાં પરિણામો માટે તૈયાર રહેવું જોઈએ. જે લોકો એમ માનતા હોય કે આ માત્ર રાજકીય પ્રચાર છે અને દેશને સ્થિર રાજ્યતંત્રની જરૂર છે, તેમ જ સ્થાપિત હિતો લોકશાહીને નામે પોતાના હિતોનું જ રક્ષણ કરે છે, અને શાસક કૉંગ્રેસ સત્તા પર આવે તો સામ્યવાદ આવવાને બદલે, દેશ સામ્યવાદથી કદાચ બચી જશે તેમણે આવા પ્રચારથી દોરવાઈ જવું ન જોઈએ. સમજદાર મતદારની, સ્વતંત્રપણે વિચાર કરી, નિર્ણય કરવાની અને બીજાને માર્ગદર્શન આપવાની ફરજ થઈ પડે છે. દેશને માટે આ એક ઐતિહાસિક ચૂંટણી છે.

૯-૨-૭૧ ચીમનલાલ ચકુભાઈ શાહ

# પ્રકીર્ણ નોંધ

**ગુજરાતના જ્યોતિર્ધર આખરે વિદાય થયા!**

તા. ૮ મી ફેબ્રુઆરી સાંજના સમયે આપણ સર્વના આદરપાત્ર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનું ૮૪ વર્ષની ઉમ્મરે ભારતીય વિદ્યાભવનમાં આવેલા તેમના નિવાસસ્થાને ચિન્તાજનક કહેવાય એવી બે ત્રણ દિવસની માંદગીમાં અવસાન થયું. છેલ્લાં બે ત્રણ વર્ષથી તેમના શરીર ઉપર વૃદ્ધાવસ્થાનું આક્રમણ વધતું જતું હતું અને કાંઈપણ વસ્તુ લેતા દેતા હાથો કંપતા હતા અને એકાદ વર્ષથી તો તેમની તબિયત વધારે લથડતી જતી હતી. આમ છતાં તેમની બૌદ્ધિક જાગૃતિ આજ સુધી પણ અખંડ જળવાઈ રહી હતી, જેની 'સમર્પણ'માં પ્રગટ થતા કુલપતિના પત્રો ઉપરથી આપણને પ્રતીતિ થતી રહેતી હતી.

તેમનો મને પ્રથમ પરિચય કયારે થયો તેનું આજે સ્મરણ નથી. પણ વર્ષો પહેલાં તેઓ ભટવાડીના એક મકાનમાં બીજે માળે રહેતા હતા અને તેમની પ્રેકટીસની શરૂઆત હતી અને ત્યારથી તેમના વિશેષ પરિચયની શરૂઆત થયેલી અને ત્યારથી તે આજ સુધી અનેક નિમિત્તે તેમને મળવાનું બનતું રહ્યું છે. આ રીતે સતત ઉત્કર્ષલક્ષી તેમની લાંબી જીવનકારકીર્દી અને તે સાથે જોડાયલી અનેક ઘટનાઓનો હું સાક્ષી છું.

એક વખત તેઓ તત્કાલીન નવી પેઢીના પ્રેરણામૂર્તિ હતા. જૂનાં મૂલ્યોનું ખંડન અને નવાં મૂલ્યોની પ્રસ્થાપના એ તેમના જીવનનો મુખ્ય સૂર હતો. પાછળનાં વર્ષોમાં તેઓ ધર્મ અને ઉપાસના તરફ વધારે વળ્યા હતા અને હિન્દુધર્મ–વૈદિક ધર્મના પુરસ્કર્તા બન્યા. ગુજરાતની અસ્મિતાનો મંત્ર તેમણે આપ્યો. તેમનાં બદલાયલાં વલણ

સાથે આપણે કદાચ સંમત ન થઈએ પણ તેઓ જેવા હતા તેવા દેખાતા. તેમના જીવનમાં દંભને કોઇ સ્થાન નહોતું. નિડરતા તેમને પ્રકૃતિથી વરેલી હતી. ગાંધીજી સાથે તેઓ ચાલ્યા, કદિ અથડાયા, પણ કદિ સ્વત્વને ઝાંખું પડવા ન દીધું.

વટવૃક્ષની માફક સતત વૃદ્ધિગત થતું ભારતીય વિદ્યાભવન તેમના જીવનનું ચિરંજીવ સ્મારક છે. ગુજરાતી પ્રજામાં તેમનું અગ્રતમ સ્થાન હતું. સાહિત્ય તેમના પ્રાણ હતા. તેમના જેવી વ્યકિત વિરલ જોવા મળશે કે જેણે જીવનનાં અનેક ક્ષેત્રો પોતાનાં બનાવ્યાં હોય. તેમનો પરિચય આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે તેથી તેની વિગતમાં અહિં હું ઉતરતો નથી.

તેમનાં સહધર્મચારિણી શ્રી લીલાવતીબહેન આપણ સર્વની હાર્દિક સહાનુભૂતિના અધિકારી બને છે. શ્રી મુનશીના જીવનને આટલું બધું સમૃદ્ધ બનાવવામાં લીલાવતીબહેનનો ફાળો નાનોસૂનો નથી. કાળના વિરલ પરિપાકરૂપ ગુજરાતના આ જ્યોતિર્ધરને આપણાં અનેક વન્દન હો! તેમનું જીવન આપણને સદા માર્ગદર્શક બનો.

**સર્વોદય ઍજ્યુકેશન સોસાયટીનો મોરબી-નો દશાબ્દી ઉત્સવ અને તત્પ્રસંગે કરવામાં આવેલી દાનની જાહેરાત**

આ સંબંધમાં ચેતનના એપ્રિલ માસના અંકમાં નીચે મુજબની માહિતી પ્રગટ કરવામાં આવી છે:

"મોરબી ખાતે આર્ટ્સ, સાયન્સ, કૉમર્સની ત્રણ કૉલેજો તથા હાઇસ્કૂલ વગેરે ચલાવતી મોરબી મુંબઇની શ્રી સર્વોદય ઍજ્યુકેશન સોસાયટીના દશાબ્દી મહોત્સવ ઉત્સવ પ્રસંગે મોરબીમાં સંસ્થા તરફથી એક નવી હાઇસ્કૂલ અને લૉ કૉલેજ શરૂ કરવાના નિર્ણયની જાહેરાત સોસાયટીના એક સેક્રેટરી શ્રી ગીરધરભાઇ દફતરીએ કરી હતી. હાઇસ્કૂલ માટે સર્વોદય સોસાયટીના સ્વર્ગસ્થ પ્રમુખ શ્રી રસિકભાઇ પ્રભાશંકર શેઠના પુત્ર શ્રી હસમુખભાઇએ રૂપિયા એક લાખ અને તેટલી જ રકમનું દાન, સોસાયટીના બીજા સેક્રેટરી શ્રી ગીજુભાઇ મહેતાના એક ટ્રસ્ટ તરફથી લૉ કૉલેજ માટે જાહેર કરાયેલ છે. આ પ્રસંગે મુંબઇમાં વસતા મોરબીવાસી પંદરેક જેટલા આગેવાન ગૃહસ્થો, જેઓ સર્વોદય ઍજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો અને કેળવણીપ્રિય આગેવાનો છે તેઓ ખાસ દશાબ્દી મહોત્સવ પ્રસંગે મોરબી ગયા હતા. સોસાયટીના હાલના પ્રમુખ શ્રી મનહરલાલ સંઘવીના પ્રમુખસ્થાને અને અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ શ્રી બિહારીલાલ કનૈયાલાલના અતિથિવિશેષપદે યોજાયેલ દશાબ્દી ઉત્સવનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી અનંતપ્રસાદ બક્ષીએ ઉદ્‌ઘાટન કરતા આજનું શિક્ષણ હેતુલક્ષી અને કાર્યલક્ષી બનાવવા સમાજ અને વિદ્યાર્થીને યુનિવર્સિટીના વધુ અંગભૂત બનાવવા અનુરોધ કરેલ. તેમનાં વિદ્વત્તાભર્યા મનનીય પ્રવચનમાં શ્રી બક્ષીએ હાલના ઉચ્ચ શિક્ષણની સમસ્યાઓ અંગે વિશદ છણાવટ કરી ભાષાના પ્રશ્ને અંગ્રેજીના વધુ અભ્યાસની હિમાયત કરી હતી."

શિક્ષણના ક્ષેત્રે આવી સખાવત કરવા માટે શ્રી હસમુખભાઇ રસિકલાલ પ્રભાશંકર અને શ્રી ગીજુભાઇ મહેતાને અનેક અભિનન્દન ઘટે છે. શ્રી ગીજુભાઇ મહેતા મુંબઇના સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના એક મંત્રી અને જૈન સ્થાનકવાસી સમાજના આગેવાન કાર્યકર્તા છે.

**ડૉ. બાલાભાઇ નાણાવટી હૉસ્પિટલમાં ખૂલ્લા મૂકવામાં આવેલા નવા ત્રણ વિભાગ**

મુંબઇના પશ્ચિમ વિભાગનાં પરાંઓને મહાન આશીર્વાદરૂપ નિવડેલી ડૉ. બાલાભાઇ નાણાવટી હૉસ્પિટલમાં ખૂલ્લા મૂકવામાં આવેલા ત્રણ વિભાગોના અનુસંધાનમાં તા. ૪-૨-૭૧ ના 'જન્મભૂમિ'માં નીચે મુજબની માહિતી આપવામાં આવી છે:

ડૉ. બાલાભાઇ નાણાવટી હૉસ્પિટલ, કે જે મુંબઇના પશ્ચિમનાં પરાંઓમાંની સૌથી મોટી હૉસ્પિટલ છે તેણે નાગરિકોની સેવા કરવાનાં વીશ વર્ષ સંપૂર્ણ કર્યા તે પ્રસંગની ઉજવણી ગયા રવિવાર, તા. ૩૧ મી જાન્યુઆરી ૧૯૭૧ ના દિને આ હૉસ્પિટલની હરિયાળી જમીન ઉપર યોજાયેલા એક સમારંભ સમક્ષ તેના ત્રણ નવા વિભાગો ખૂલ્લા મૂકવાની જાહેરાત કરીને કરી હતી. આ વિભાગો (૧) હૃદયના રોગોથી પીડાતા દર્દીઓ માટે ઇન્ટેન્સિવ કાર્ડીઍક કેર યુનિટ. (૨) ઑક્યુપેશનલ થેરાપીડિયા અને (૩) મિકેનિકલ લોન્ડ્રી પ્લાન્ટ હતા.

આ પ્રસંગે આ હૉસ્પિટલના કમ્પાઉન્ડમાંની 'સર' "મણિલાલ બી. નાણાવટી એનેક્ષ હૉસ્પિટલ" ના પોર્ટીકોમાં આ હૉસ્પિટલના સર્વપ્રથમ સ્થાપક પ્રમુખ સ્વ. સર મણિલાલ બી. નાણાવટીની કાંસાની અર્ધપ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

**હૉસ્પિટલની કામગીરી**

આ પ્રસંગે આ હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી. એસ. સી. શેઠે પ્રવચન કરતાં આ હૉસ્પિટલની કામગીરીનો ટૂંક પરિચય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ હૉસ્પિટલ ૩૦૦ ઇનડોર બિછાનાં અને ૧૮ આઉટડોર વિભાગો ધરાવે છે. આ વિભાગોમાં ચોવીસે કલાક ચાલુ રહેતી કૅઝ્યુઅલ્ટી સર્વિસ (બ્લડ બૅન્ક સહિતની સુસજ્જિત પેથોલોજીક લેબોરેટરી અને આખો દિવસ તથા આખી રાત ચાલતા સંપૂર્ણ રીતે સાધનસજ્જ એક્ષ-રે વિભાગનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ હૉસ્પિટલે તાજેતરમાં તેની જગ્યા ઉપર 'આઇ-બૅન્ક' (ચક્ષુ-બૅન્ક) માટે પણ વ્યવસ્થા કરી છે. જે જરૂરિયાતવાળા અંધજનોને દૃષ્ટિ આપવા માટે આંખોનાં દાનો સ્વીકારશે. ત્યાર પછી તેમણે સને ૧૯૭૦ ના ગયા વર્ષમાં જે દર્દીઓએ આ હૉસ્પિટલના વિવિધ વિભાગોનો લાભ લીધો હતો તેમની સંખ્યાના અને અન્ય સંબંધીત આંકડા નીચે મુજબ જાણાવ્યા હતા:

| | | |
|---|---|---|
| ૧ | આઉટડોર વિભાગોમાં સારવાર અપાયેલા દર્દીઓ | ૯૧,૭૭૫ |
| ૨ | ઇનડોર વિભાગોમાં સારવાર અપાયેલા દર્દીઓ | ૧૦,૩૪૩ |
| ૩ | લેબોરેટરીમાં કરાયેલા ટેસ્ટસ | ૭૫,૮૦૨ |
| ૪ | દર્દીઓને અપાયેલાં લોહીના કેસો | ૨,૧૬૫ |
| ૫ | લેવામાં આવેલા ઇલેકટ્રો કાર્ડીઓગ્રામ્સ | ૧,૯૮૬ |
| ૬ | લેવામાં આવેલી એક્ષ-રે પ્લેટસ | ૨૩,૧૨૫ |
| ૭ | કરાયેલાં ઑપરેશનો | ૫,૫૧૦ |
| ૮ | સારવાર અપાયેલા કેઝ્યુઅલ્ટી કેસો | ૭,૫૭૪ |

**શ્રી આર. એમ. નાણાવટી તરફથી રૂા. સવા લાખનું દાન**

ત્યાર પછી ડૉ. શેઠે જણાવ્યું હતું કે, એમ જાહેર કરતાં મને ઘણો આનંદ થાય છે કે, આ હૉસ્પિટલના ચેરમેન શેઠ શ્રી આર. એમ. નાણાવટીએ આ હૉસ્પિટલમાં ઇન્ટેન્સિવ કાર્ડીઆક કેર યુનિટની સ્થાપના અને વિકાસ માટે રૂા. ૧,૨૫,૦૦૦ (સવા લાખ) નો રકમ દાનમાં આપવાની પોતાની ખુશી બતાવી છે. હું આ હૉસ્પિટલને આ ઉદાર દાન આપવા બદલ શેઠ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીનો આભાર માનું છું.

આમ સતત વિકાસ પામતી જતી ડૉ. બાલાભાઇ નાણાવટી હૉસ્પિટલના સંચાલન માટે અને તેના લાભાર્થે આવી ઉદાર સખાવત કરવા માટે વિલે પારલેના અગ્રગણ્ય નાગરિક અને જૈન શ્વે. મૂર્તિપૂજક સમાજના આગેવાન તથા પ્રસ્તુત હૉસ્પિટલના ચેરમેન શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીને આપણા હાર્દિક અભિનંદન અને ધન્યવાદ!

પરમાનંદ

## હું કોણ છું?

ઈશ્વર મારા પરમ પિતા છે. સત્ય મારી ઉપાસના છે. પ્રેમ મારો કાનૂન છે. આકૃતિ મારી અભિવ્યક્તિ છે. અન્તઃકરણ મારું માર્ગદર્શક છે. શાન્તિ મારું છત્ર છે. અનુભવ મારી નિશાળ છે. વિઘ્ન મારો બોધપાઠ છે. મુશ્કેલી મારી ઉત્તેજના છે. આનંદ મારું ગીત છે. દુઃખ મારી ચેતવણી છે. કામ મારા માટે આશીર્વાદ સમાન છે. અન્તઃપ્રકાશ એ જ મારા માટે સાક્ષાત્કાર છે. નિસર્ગ મારો સાથી છે. શત્રુ મારો શિક્ષક છે. પાડોશી મારો બંધુ છે. પરિસ્થિતિ સાથેનો સંઘર્ષ મારા માટે એક તક છે. ભાવિ કાળ મારા માટે આશા છે. વ્યવસ્થા મને સદા અભિપ્રેત છે. સૌન્દર્ય અને પરિપૂર્ણતાની ઉપાસના મારું જીવન છે.

ઉદ્‌ધૃત અને અનુવાદિત —પરમાનંદ

# ☆ ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર ☆

(ગતાંકથી અનુસંધાન)

### પ્રતાપસિંગ કૈરોં

૧૯૬૩ના નવેમ્બરમાં ભારત સરકારે પંજાબના મુખ્યપ્રધાન સરદાર પ્રતાપસિંગ કૈરોં ની સામે થયેલા આક્ષેપોની તપાસ માટે ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ શ્રી એસ. આર. દાસના પ્રમુખપણા નીચે જે તપાસપંચની નિમણૂંક કરી તે પણ અત્યંત આનાકાનીપૂર્વક કરી હતી. છેક ૧૯૫૮માં કૉંગ્રેસ હાઈકમાન્ડે આ વિષે તપાસ આદરી હતી અને પરિણામે મુખ્ય પ્રધાનને દોષમુક્ત જાહેર કરવા સાથે, તેમના કુટુંબના સભ્યોને "improprieties" માટે દોષિત જાહેર કર્યા હતાં– અને જેને માટે મુખ્યપ્રધાનને "Constructively Responsible" ઠરાવ્યા હતા.

ત્યારબાદ, પોતાની સત્તાનો દુરુપયોગ કરવા બદલ સુપ્રિમ-કોર્ટે દોષિત ઠેરવ્યા છતાં સરદાર કૈરોંએ રાજીનામું આપ્યું નહીં. ઉપરથી તપાસપંચની નિમણૂંક કરતી વેળા શ્રી નહેરુએ જાહેરમાં તેમની પ્રશંસા કરી.

જસ્ટીસ દાસના હેવાલે સરદાર કૈરોંને એક દાખલામાં પોતાના જ લાભાર્થે સત્તા અને લાગવગનો ગેરઉપયોગ કરવા માટે અને બીજા ત્રણ કિસ્સાઓમાં પોતાના દીકરાઓ અને સગાંવહાલાંઓને મિલ્કતો અયોગ્ય રીતે પ્રાપ્ત કરવામાં અથવા તેનો નિકાલ કરવામાં મદદ કરવા માટે દોષિત ઠેરવ્યા હતા. જ્યારે બીજા પાંચ કેસોમાં તેમનાં સગાંવ્હાલાંઓએ મુખ્ય પ્રધાન દ્વારા ગેરવાજબી લાભો મેળવ્યાં હતાં. "સરદાર પ્રતાપસિંગ કૈરોં જાણતા હતા અથવા એમ માનવાને માટે તેમની પાસે પૂરતાં કારણો હતાં કે તેમના પુત્રો અને સગાંઓ તેમની સત્તા અને લાગવગનો ગેરલાભ ઉઠાવી રહ્યાં છે. આ પ્રકારના એમના કરતૂતો પ્રત્યે "આંખમિંચામણા" કરવાનો આરોપ તેમના પર આવ્યો હતો.

ઉપર પ્રમાણે દોષિત ઠરવા છતાં પણ સરદાર કૈરોંએ રાજીનામું આપ્યું નહીં; પરંતુ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ આખો હેવાલ પ્રગટ કર્યો અને એ રીતે, તેમને રાજીનામું આપવાની ફરજ પાડી.

### બક્ષી ગુલામમહંમદ

૧૯૫૩ના ઑગસ્ટમાં બક્ષી ગુલામમહંમદ જમ્મુ અને કાશ્મીર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા અને દશ વર્ષ પછી કામરાજ યોજના મુજબ તેમણે રાજીનામું આપ્યું. તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો, તેઓ હોદ્દા પર હતા તે દરમ્યાન, છૂટથી કરવામાં આવ્યા હતા, પણ તેની ઉપેક્ષા કરવામાં આવી.

૧૯૬૪ના સપ્ટેમ્બરમાં, શ્રી જી. એમ. સાદીકના પ્રધાનમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થવાની હતી તેના ટાંકણે અટકાયતી ધારા નીચે બક્ષી ગુલામમહંમદની ધરપકડ કરવામાં આવી અને થોડા મહિના બાદ તેમને છોડવામાં આવ્યા.

૧૯૬૫ના જાન્યુઆરીની 30મી તારીખે સાદીકની સરકારે બક્ષીની સામે થયેલા ગેરવહીવટના આક્ષેપોની તપાસ માટે શ્રી એન. રાજ-ગોપાલ આયંગર (સર્વોપરી અદાલતના માજી ન્યાયાધીશ)ની બનેલી એક તપાસપંચની નિમણૂંક કરી. બક્ષીની ધરપકડ થઈ તે પહેલાં તેમ જ તપાસપંચની કામગીરી ચાલુ હતી તે દરમ્યાન પણ કેન્દ્રના પ્રધાનોએ બક્ષી અને સાદીક વચ્ચે સમાધાન કરાવવાના ખુલ્લેખુલ્લા પ્રયત્નો કર્યા, પણ તેનું કાંઇ પરિણામ ન આવ્યું.

જસ્ટીસ આયંગરે ઝીણવટભરી પરંતુ સંપૂર્ણપણે નિષ્પક્ષ તપાસ કરી. તેમનો સાતસોએક પાનાનો હેવાલ બક્ષીને પૂરતા પ્રમાણમાં શંકાનો લાભ–Benefit of Doubt આપે છે. તેમ છતાં પણ તેઓ આ માણસને હોદ્દા પર રહેવા દરમ્યાન પોતાની સત્તાનો ચોખ્ખો દુરુપયોગ કરવા માટે તેમ જ પંચ સમક્ષ જુઠી જુબાની આપવા માટે દોષિત ઠેરવ્યા વિના રહી શકતાં નથી.

જસ્ટીસ આયંગરને જણાયું કે ૧૯૪૭માં જ્યારે બક્ષી ગુલામ-મહંમદ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન બન્યા ત્યારે તેમના કુટુંબની કુલ મિલકત– જેમાં થોડાં રહેવાનાં ઘરો માત્ર હતાં– રૂા. ૧૦૦૦૦થી વધારે ન હતી. તેમના કુટુંબના બધા જ સભ્યોની ધંધાકીય કમાણી ઉપરાંત તેમના પૈકીના જે કોઇ સભ્યો નોકરીઓ મેળવી શકયા હતા તેમની આવક ભેગી કરીએ તો પણ માસિક માંડ રૂા. ૮૫૦થી વધારે આવક થતી ન હતી.

ત્યારથી માંડીને ૧૯૬૩ના ઑક્ટોબર સુધીનો ગાળો સ્પષ્ટ રીતે ત્રણ ભાગમાં વહેંચાઇ જાય છે. પહેલો ભાગ ૧૯૪૭ના ઑક્ટો-બરની આસપાસથી ૧૯૫૬ સુધીનો છે કે જેના અંતે બક્ષીના કુટુંબની કુલ મિલકત રૂપિયા પચીસ લાખથી વધુ અંદાજી શકાય.

(આ ગાળા દરમિયાન) આ આરોપોના અનુસંધાનમાં સરકાર તરફથી રજૂ કરાયેલા પૂરાવાઓની પૂરી તપાસ કરવા છતાં મને માલુમ પડયું છે કે એક પણ આક્ષેપ પુરવાર થતો નથી.

આ જ ગાળા દરમિયાન ફ્રિરોઝ એન્ડ કંપની નામની બક્ષીના કુટુંબના મુખ્ય મુખ્ય ગ્રુપોની જ બનેલી ભાગીદારી પેઢી હયાતિમાં આવી; અને આ પેઢીનો જે લગભગ એકમાત્ર કાર્યકર હતો તે બક્ષીના ભાઇ અબ્દુલ મજીદે મિલીટરીના સત્તાવાળાઓને પુરવઠો પૂરો પાડવાના કરારો વગેરે દ્વારા પોતાને માટે તેમ જ થોડા પ્રમાણમાં કુટુંબના બીજા સભ્યો માટે ઘણું નાણું એકઠું કર્યું. આરોપી (બક્ષી) એ નાયબ મુખ્ય પ્રધાનનો હોદ્દો ધારણ કર્યો તે પછી તરત જ–એટલે ૧૯૪૮માં– આ કૌટુંબિક પેઢીએ મિલિટરીને સામાન પૂરો પાડવાનાં ઓર્ડરો લેવાનું બિઝનેસ ચાલુ કર્યું. એ શકય છે– અને મને લાગે છે કે એ ઘણું બધું શકય છે– કે અબ્દુલ મજીદ કે જેના હાથમાં ફ્રિરોઝ એન્ડ કંપનીનો વહીવટ હતો તેમજ કુટુંબના બીજા સભ્યો કે જેઓ તેને ધંધાના સંચાલનમાં મદદ કરતા હતા, તેઓ બધાએ આરોપીના સરકારી હોદ્દાનો લાભ ઉઠાવ્યો છે. આરોપી જે હોદ્દા પર હતો તેના રૂવાબને લઈને અબ્દુલ મજીદ વગેરેને એક બાજુ લશ્કરી અધિકારીઓ સાથેના વ્યવહારમાં, તો બીજી બાજુ તેઓ જેમની પાસેથી સામાન ખરીદતા હતા તેમની સાથેના વ્યવહારમાં પણ– એમ બન્ને બાજુ પ્રતિષ્ઠા અને લાગવગ પ્રાપ્ત થતાં હતાં. કોઇપણ મોટા હોદ્દાધારીના નજીકના સગાંઓને આ પ્રકારના આડકતરા લાભોની પ્રાપ્તિ થાય જ છે કે જેના વિષે અયોગ્ય સાધનો દ્વારા ધંધો મેળવવાનો આરોપ જલ્દી મૂકી ન શકાય. આ કિસ્સામાં રજૂ કરાયેલા કેટલાક સોગંદ-નામાઓ (affidavit) પરથી તેમ જ નિયમ ૬ (૧)બ નીચે બહાર પાડેલી પબ્લિક નોટિસના ઉપલક્ષમાં જાહેર પ્રજાએ નોંધાવેલા નિવેદનો પરથી એમ જણાય છે કે અબ્દુલ મજીદે જેની પાસેથી માલો લીધાં છે તેઓનાં નાણાં નહીં ચૂકવીને પણ આરોપી સાથેના પોતાના સંબંધનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે. તેમ છતાં આરોપી પોતે આમાં સંડોવાયેલો હોવાનું જણાવતા પુરાવાઓના અભાવે, તેમ જ આરોપનામાનાં એક ભાગરૂપે આ વાત નહીં હોવાથી, મેં આ બધું લક્ષમાં લીધું નથી." ચોક્કસપણે, બનેલી હકીકતોનું આ એક ઘણું ઉદાર નિરુપણ હતું.

૧૯૫૭થી ૧૯૬૦ના અંત સુધીના ગાળામાં "મને લાગે છે કે બક્ષીના દીકરા બશીર એહમદને તેના ઓટોમોબાઇલના ધંધામાં મદદ-રૂપ થવા માટે પોતાની સત્તા અને પોતાના હોદ્દાનો દુરપયોગ કર્યો હોવાના ઘણા પુરાવા છે."

૧૯૬૧થી ૧૯૬૩ સુધીના સમયમાં– કે જ્યારે બક્ષીએ હોદ્દો

છોડયો– "અમારી પાસે ટૂંકા ગાળામાં ઘણા મોટા પ્રમાણમાં આરોપોની યાદી બનેલી છે", જેમાંના ઘણાખરા તો પુરવાર થઈ ચૂકેલા છે.

જેમ જેમ લાભો પ્રાપ્ત થતાં ગયાં તેમ તેમ ભૂખ પણ જાણેકે વધતી ચાલી. કમિશનને જણાયું કે, "આરોપી અને તેના કુટુંબના સભ્યોને શિડયૂલ ૧ના ઝ વિભાગમાં દર્શાવેલી ગેરવ્યાજબી માર્ગો દ્વારા પ્રાપ્ત થયેલી અર્થલાભની રકમ અંદાજે રૂપિયા ચોપન લાખથી વધુ થાય છે. આ પૈકી તેત્રીસ લાખ જેટલી રકમની જવાબદારી તો સીધેસીધી આરોપીની પોતાની હોવાનું સરકાર પુરવાર કરી શકી છે; જો કે સરકાર એમ પણ સાબિત કરી શકી છે કે તેના કુટુંબના બીજા સભ્યોએ બાકીની ૨૨ લાખની રકમ જેટલો લાભ મેળવ્યો છે, તેના વિષેની જવાબદારી સીધી રીતે આરોપી પર મૂકી શકાય તેમ નથી.

આનો અર્થ એમ થાય છે કે કુટુંબના સભ્યોએ આરોપીની પોઝીશનનો લાભ ઉઠાવ્યો, પરંતુ સરકાર એમ પુરવાર કરી શકી નથી કે એમાં આરોપીની જાણકારી હતી. આ રકમો કાંઈ નાનીસૂની રકમો નથી–જોકે ૧૯૫૭થી આજ સુધીમાં બક્ષીના કુટુંબે મેળવેલી સવા કરોડની કુલ રકમની સરખામણીમાં ઓછી લાગે છે ખરી."

દેખીતી રીતે જ, બક્ષી ગુલામમહંમદ જેમ સત્તા પર હતા ત્યારે સત્તાનો જેટલો દુરુપયોગ કરતાં હતાં તે જ પ્રમાણે તપાસપંચ સમક્ષ પણ તેઓ છૂટથી જૂઠું બોલ્યા છે. તપાસપંચને એક આરોપ વિષેનો તેમનો બચાવ "ઈરાદાપૂર્વકનો જુઠાણાથી ભરેલો" લાગ્યો છે જ્યારે બીજા એક બચાવને તપાસપંચે "એક Cock & Bull story જેવો– કે જે સાંભળેલી વાત પર આધારિત અને જેમાં સત્યનો અંશ માત્ર પણ ન હતો તેવો–" ગણાવ્યો છે.

### શ્રી બીજુ પટનાયક અને બિરેન મિત્ર

પટનાયકના પ્રકરણ વિષેની તપાસ તેમ જ બિહારની બીજી તપાસો જો કે સામેવાળા રાજકીય પક્ષોએ યોજી હતી; પરંતુ તે તપાસો ન્યાયાધીશોને સોંપાયેલ હોવાથી નિષ્પક્ષ રીતે કરવામાં આવી હતી.

પટનાયકનો કિસ્સો સ્વયં એક અનન્ય કિસ્સો હતો. શ્રી બીજુ પટનાયક, કે જેઓ ૧૯૬૧થી ૧૯૬૩ સુધી ઓરિસ્સાના મુખ્ય પ્રધાન હતા અને શ્રી બિરેન મિત્ર જેમના નાયબ મુખ્ય પ્રધાન હતા, તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા કરતા હતા. કામરાજ યોજના નીચે જ્યારે શ્રી પટનાયકે રાજીનામું આપ્યું ત્યારે શ્રી બિરેન મિત્ર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા હતા.

કેન્દ્રના ગૃહખાતાએ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશનને આ આક્ષેપોની તપાસ કરવાનું કામ સોંપ્યું, પણ તેની શરત વિચિત્ર હતી. બ્યૂરોના અધિકારીઓ ફાઈલો જોઈ શકતા હતા, પણ લાગતાવળગતા માણસોને મળીને પૂછપરછ કરી શકતા ન હતા. સી. બી. આઈ.નો રિપોર્ટ પટનાયક અને મિત્ર પર તેમના ખુલાસા માટે મોકલવામાં આવ્યો. પ્રધાનમંડળની પેટાસમિતિએ આ બાબતની લાંબાણથી વિચારણા કરી, અને ૧૯૬૫ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ લોકસભામાં કહ્યું કે જોકે બંને જણા "ગેરરીતિઓ" માટે જવાબદાર હતા, પરંતુ બંનેમાંથી કોઈએ નાણાંકીય લાભો મેળવ્યા ન હતા. શ્રી શાસ્ત્રીની સલાહથી બિરેન મિત્રે રાજ્યના મુખ્યપ્રધાનપદેથી અને શ્રી પટનાયકે રાજ્યના પ્લાનિંગ બોર્ડના અધ્યક્ષપદેથી રાજીનામું આપ્યું.

આ રીતે વિધિપૂર્વકની સંપૂર્ણ અદાલતી તપાસને નિવારવામાં આવી; પણ તે થોડાક સમયને માટે જ. ૧૯૬૭ની ચૂંટણીઓ પછી ઓરિસામાં સ્વતંત્ર–જનકોંગ્રેસની સંયુક્ત સરકાર સત્તા પર આવી અને નવા પ્રધાનમંડળે જરા પણ સમય ગુમાવ્યા વિના દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી જસ્ટીસ એચ. આર. ખન્નાનું એક વ્યક્તિનું બનેલું તપાસપંચ નીમ્યું અને તેને બીજુ પટનાયક, બિરેન મિત્ર તેમ જ બિહારના બીજા સાથી પ્રધાનો સામેના આક્ષેપોની તપાસ કરવાનું કામ સોંપ્યું.

ખન્નાના રિપોર્ટે ગયા વરસે જ પટનાયક અને મિત્ર સિવાયના બધાને દોષમુક્ત જાહેર કર્યા. જોકે તેમની સામેના પણ કેટલાક આરોપો પુરવાર થઈ શક્યા ન હતા, તેમ છતાં પણ અદાલતી તપાસમાં જે વિગતો બહેાર આવી તે ઘણી ગંભીર હતી– "રાજ્યના વહીવટની બાબતમાં ગેરરીતિઓ અને સત્તાનો દુરુપયોગ."

તેમની સામેના આક્ષેપોનો પાયો એ હતો કે પોતાનો જે પેઢીઓમાં સ્વાર્થ હતો, તેવી પેઢીઓના લાભાર્થે તેમણે પોતાની સત્તા વાપરી હતી. "રાજ્યની સરકાર સાથેના ધંધાકીય સંબંધોમાં પોતે જ શરૂ કરેલી અને જેની સાથે પોતાના કુટુંબના જ સભ્યો સંકળાયેલા હતા એવી વેપારી પેઢીઓના ધંધાકીય અને નાણાંકીય લાભોને શ્રી પટનાયકે અત્યંત વિકસાવ્યા; અને તે એટલે સુધી કે મુખ્યપ્રધાનની ગાદી સંભાળ્યા પછીના બે કે ત્રણ જ વર્ષમાં જાહેરપ્રજામાં એમની જે પ્રતિભા હતી તે એકદમ ઝાંખી પડી ગઈ અને એમની શક્તિમાં પ્રજાને જે વિશ્વાસ હતો તે ભાંગીને ભૂકો થઈ ગયો. જો શ્રી પટનાયકને આ રીતે પોતે અથવા પોતાના કુટુંબના સભ્યો જેની સાથે જોડાયેલા છે તેવી પેઢીઓને મોટા સરકારી ઓર્ડરો આપવામાં કશું વાંધા પડતું જણાયું નહીં, તો પછી શ્રી મિત્રને પણ એ વિષે કશો સંકોચ અનુભવવાપણું રહ્યું નહીં. ૧૯૫૯માં એક વેપારી પેઢી ઊભી કરવામાં આવી, કે જેના કુલ માલિક શ્રી મિત્રનાં પત્ની હતાં. શ્રી મિત્ર નાયબ મુખ્ય પ્રધાન બન્યા તે અગાઉ આ કંપનીનું જે મામુલી વેચાણ હતું તેની સરખામણીમાં તેઓ સત્તા પર આવ્યા પછી તેનું વેચાણ વધીને એકાએક લાખો રૂપિયાનું થઈ ગયું– તે પણ મોટેભાગે રાજ્ય સરકારને પૂરા પાડેલા માલોનું બનેલું હતું. શ્રી મિત્રના બચાવમાં એક બાબત એ હતી કે તેમનાં પત્નીએ "ઓરિસા એજન્ટસ્" નામની તેમની કંપની શ્રી મિત્ર મુખ્ય પ્રધાન બન્યા તે અગાઉ બંધ કરી હતી. "જોકે ભૂતકાળમાં જે કાંઈ તેમણે કર્યું હતું તેની અસર ભૂંસી નાખવા માટે આ વાત પૂરતી ન હતી."

ભૂતકાળ ઘણો લાભકારી નીવડયો હતો જ. "શ્રીમતી ઈશ્વરમ્મા મિત્રની 'ઓરિસા એજન્ટસ'ના માલિક તરીકે આકારાયેલી આવક શ્રી મિત્ર નાયબ મુખ્ય પ્રધાન બન્યા તે અગાઉ ૧૯૬૦'–૬૧ના હિસાબી વર્ષમાં રૂ. ૬૯૧૪૩ હતી. પરંતુ ૧૯૬૧–'૬૨ના વર્ષમાં તે વધીને રૂ. ૧,૦૨,૦૨૭ની થઈ હતી જ્યારે ૧૯૬૨–'૬૩ના વર્ષમાં રૂ. ૬,૯૮,૫૨૪ની થઈ હતી."

### બિહાર કમિશનો

ત્યાર પછીના બે બિહાર કમિશનોની સાથે આપણે એક એવા રાજ્યમાં પ્રવેશ કરીએ છીએ કે જ્યાં રાજકારણ તેની કનિષ્ઠતમ દશામાં આજે પણ છે.

પહેલું કમિશન સુપ્રિમ કોર્ટના માજી ન્યાયાધીશ શ્રી જે. આર. મુધોલકરનું બનેલું હતું અને તેમણે મુખ્ય પ્રધાન શ્રી મહામાયાપ્રસાદ સિંહ તેમ જ ૧૯૬૭ના એપ્રિલથી ૧૯૬૮ના જાનેવારી સુધીના ટૂંકાગાળા દરમિયાન યુનાઈટેડ ફ્રંટની જે સરકાર સત્તા પર રહી તેના ૧૩ પ્રધાનો સામેના આરોપોની તપાસ કરવાની હતી.

બીજું કમિશન શ્રી ટી. એલ. વ્યંકટરામા અય્યરની આગેવાની નીચે યુનાઈટેડ ફ્રંટની સરકારે રચ્યું હતું અને તેણે કોંગ્રેસના છ માજી પ્રધાનોની સામે થયેલા આક્ષેપોની તપાસ કરવાની હતી.

મુધોલકર કમિશને યુનાઈટેડ ફ્રંટ સરકારના પ્રધાનો પૈકી માત્ર એક પ્રધાનને "વ્યક્તિગત ભ્રષ્ટાચાર–Personal corruption" માટે ગુનેગાર ઠેરવ્યા. તેઓ હતા રામગઢના રાજા શ્રી કામાક્ષ્ય નારાયણ સિંહ, જેઓ રાજ્યના એક મોટા ખાણોના માલિક હતા. તેમની અનુકૂળતાનો ખ્યાલ કરીને તેઓને ખાણો અને ભુસ્તરશાસ્ત્રનું ખાતું

સોંપવામાં આવ્યું હતું. કમિશને આ માટે મુખ્યપ્રધાનની ટીકા કરી. "આમ કરીને, મુખ્ય પ્રધાને રાજકીય શતરંજની વેદી પર જાહેર હિતનું બલિદાન આપ્યું હતું."

શ્રી કામાક્ષ્ય નારાયણ સિંહે પોતાના અંગત સ્વાર્થને ખાતર સત્તાનો ખુલ્લંખુલ્લો દુરુપયોગ કર્યો હતો, અને રાજ્ય અને પોતાની પેઢીઓ વચ્ચેની અદાલતી બાબતોમાં પણ ડખલગીરી કરવાની હદ સુધી તેઓ ગયા હતા. બીજા પ્રધાનો પણ સત્તાનો દુરુપયોગ કરવા માટે દોષિત હોવાનું જણાયું હતું.

વેંકટરામા અય્યર કમિશને એક મોટું કૌભાંડ શોધીકાઢીને જાહેરમાં આણ્યું. એણે એમ શોધી કાઢ્યું કે પ્રધાનમંડળ પૈકીના એક પ્રધાન શ્રી મહેશપ્રસાદસિંહે એક કૉન્ટ્રાક્ટર પાસેથી બધું મળીને પોણા બે લાખ રૂપિયાની લાંચ લીધી હતી અને બીજા કૉન્ટ્રાક્ટરો પાસેથી પણ બીજા એક સોદા માટે જુદી જુદી લાંચો લીધી હતી.

કૉંગ્રેસી પ્રધાનમંડળના માજી મુખ્ય પ્રધાન શ્રી કૃષ્ણવલ્લભ સહાયે "પોતાના દીકરાઓ, સગાસંબંધીઓ અને મિત્રો પ્રત્યે ઘણી મહેરબાની કરી હતી." બીજા એક પ્રધાન ન્યાતવાદ માટે દોષિત જણાયા હતા જ્યારે ત્રીજા એક પ્રધાને નાના મોટા અર્થલાભો મેળવ્યા હતા.

શ્રી સહાયનું મૂડીરોકાણ આ ગાળા દરમિયાન તેમની આવકના પ્રમાણમાં રૂપિયા એક લાખ જેટલું વધારે હતું. "એમ કહેવું જ જોઈએ કે તેમને પ્રાપ્ત થયેલી રકમો વધુ પડતી હતી અને તેમની આવકના જાણીતા માર્ગોની સાથે પ્રમાણમાં બંધબેસતી ન હતી."

આ બધા પ્રધાનો ૧૯૬૬ના એપ્રિલની ૧૬મીથી ૧૯૬૭ના માર્ચની પાંચમી સુધીમાં જુદે જુદે સમયે પ્રધાનપદે હતા.

અદાલતી તપાસપંચની આ પ્રથા મોટામાં મોટા સરકારી નોકરોની સામે થતાં ગેરવર્તનનાં આક્ષેપોની બાબતમાં એક નિષ્પક્ષ અને અસરકારક સાધન તરીકે પુરવાર થઈ છે. માત્ર મેનન અને માલવિયાના પ્રકરણમાં, કે જ્યાં આ પદ્ધતિનો ઉપયોગ થયો નથી, ત્યાં બીજા જે કોઈ માધ્યમનો ઉપયોગ થયો છે તેની સામે જાહેર પ્રજામાં ઉગ્ર અસંતોષ થયો છે. બીજી બાજુ, જ્યારે પણ વિધિસરનું અદાલતી તપાસપંચ નીમવામાં આવ્યું છે, ત્યારે સર્વત્ર રાહતની લાગણી અનુભવાઈ છે. પ્રધાનો પોતે જ પોતાનો બચાવ કરે અને પોતે જ ન્યાયાધીશ તરીકે રહે, અને લોકો પાસે સરકારી નોકરોના ગેરવહીવટની તપાસ કરવાનો કોઈ માર્ગ ન રહે એ ખૂબ દયનીય પરિસ્થિતિ છે.

સર આઈવર જેનીંગ્સ– જેઓ એક મોટા બંધારણીય બાબતોના પંડિત ગણાયા છે– તેઓએ કહ્યું છે કે, "એક વ્યક્તિને પ્રધાન બનાવવા માટેનું તદ્દન પ્રાથમિક ધોરણ એ છે કે તેનામાં પ્રમાણિકતા અને સત્યનિષ્ઠા હોવા જોઈએ. જોકે, આ બે ગુણો તેનામાં હોય એટલું પૂરતું નથી; એ ગુણો છે તેની પ્રતીતિ પણ જાહેર પ્રજામાં હોવી જોઈએ."

ભારતમાં ઉપરના પાયાના સિદ્ધાંતની લગાતાર ઉપેક્ષા થતી આવી છે. જે પ્રધાનોને તપાસપંચોએ પાછળથી ભ્રષ્ટાચારી જાહેર કર્યા છે અને જેમના ગેરવર્તન માટે પુરાવાઓ મળ્યાં છે એવા પ્રધાનોએ પણ વરસો સુધી હોદ્દા છોડ્યા નથી. જાહેર નાણાંની નુકસાની તો એમાં અગણ્ય થઈ છે, તેથી પણ વધારે હાનિ તો જાહેર-જીવનના ધોરણમાં અને નૈતિક મૂલ્યોનાં અવમૂલ્યનમાં થયેલી છે.

સંથાનમ કમિટીની ભલામણોનો સ્વીકાર કરવાની ભારત સરકારને હજી જરીકે ઉત્સુકતા નથી. લુચ્ચાઓની મંડળીમાં નવા સભ્યો ઉમેરાતા જાય છે; દરેક નવાગંતુક આગળના કરતાં વધારે રંગીન છે. સામાન્ય નાગરિક માટે, ગિબને કહ્યું છે તેમ, એક જ વાત આશ્વાસન લેવા જેવી છે, અને તે એ કે; "ભ્રષ્ટાચાર એ બંધારણીય સ્વતંત્રતાનું નીતાંત અનિવાર્ય ચિહ્ન છે."

અનુવાદક:
સુબોધભાઈ એમ. શાહ

(સમાપ્ત)

મૂળઅંગ્રેજી.
શ્રી એ. જી. નૂરાની

# ફજેત–ફાળકો ચૂંટણીનો ચગ્યો છે.

ધરામાં શેં ધાંધલ? હવામાં શેં ગરમી?
અચાનક શેં શૈલોના શૃંગોમાં નરમી?
ને પ્રવૃત્તિમય એકસરખાં દિસે કાં,
આ કડકડતી ઠંડીમાં કર્મી - અકર્મી?

વસે દેવતાઓ, તે મેરુ ડગ્યો છે!
ફજેત - ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

ઊઠ્યાં સળવળી સૂનાં જૂનાં સ્મશાનો:
ને વેરાનોમાં પ્રગટ્યાં વિશ્રામસ્થાનો:
ઉરો ખંડેરોનાં ઘડીભર રિઝવવા;
મુકાયાં છે વહેતાં મદીલાં જો, ગાનો!

નજર – બાંધીનો ખેલ ઊઘડી ચૂક્યો છે!
ફજેત – ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

કુંડાળામાં અન્યોન્યને દેતા ડારો,
મદારીના જેવો જ દેકારો કાળો;
(પ્રેક્ષકના ગજવાને ઝંઝેડવાને!)
રહ્યા છે મચાવી જો, ઉમ્મેદવારો!

કો' હારે, કો' જીતે, પ્રજાનો મરો છે!
ફજેત – ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

છે પહોંચેલ સૌએ: ખરા ખેલાડી છે:
ઘડિક વેરાગી ને ઘડિક વિકારી છે:
છે નૂતન ક્ષણેક્ષણ: અજબ વેષધારી એ,
શિકારી ઘડિક ને ઘડિક વેપારી છે;

ઘડિક દાની છે ને ઘડિક યાચકો છે!
ફજેત - ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

તમે શું ચહો છો? જે માગો તે હાજર:
છે ભૂખ્યાંને દાણો, ને બે-ઘરને છે ઘર:
કુંવારાને કન્યા, ને કન્યાને કંકુ,
ને ઘોડાને ચંદી, ગધેડાને ગાજર;

છે મોસમ ખુલી: માગનારો ભૂલ્યો છે!
ફજેત – ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

મનોહારી પહેરેલ છે સૌએ મહોરાં:
કળાતા નથી કોઈના સાચુકલા ચહેરા:
ઉછીના અવાજો લઈ ગર્જતા સૌ;
યથા-સ્થળ-સમય ક્યાંક આછા, ક્યાંક ઘેરા.

સદા - ફરતા રંગોતણો તાશેરો છે!
ફજેત - ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

ગરીબી? રખે અપશુકન કોઈ કરતા:
અહીં તો કુબેરો જ દેખું હું ફરતા!
કરોડોથી ઓછી નથી ક્યાંય વાતો,
નથી ધરતી પર પગ: ગગનમાં વિહરતા!

ખરો લોકશાહીનો સૂરજ ઊગ્યો છે!
ફજેત - ફાળકો ચૂંટણીનો ચગ્યો છે!

કરસનદાસ માણેક.

# 'સંન્યાસનો એક નવો ઢંગ' ના અનુસંધાનમાં–

[મેસાણા જિલ્લામાં આજોલ ખાતે વર્ષોથી શ્રી બાબુભાઇ શાહ અને તેમનાં પત્ની ધર્મિષ્ઠાબહેન સ્ત્રીશિક્ષણને કેન્દ્રમાં રાખીને સંસ્કાર-તીર્થ નામની એક સંસ્થા ચલાવે છે અને તાજેતરમાં આચાર્ય રજનીશજીએ પ્રરૂપેલા અભિનવ સંન્યાસનો સ્વીકાર કરીને તેમજ ભગવાં વસ્ત્રો ધારણ કરીને તે દંપતીએ,–તેમનાં નવાં નામ મુજબ સ્વામી શ્રી કૃષ્ણ ચૈતન્ય તથા માં આનંદ મધુએ– દેશવિદેશના નવદીક્ષિત સંન્યાસીઓની સાધના માટે તે જ સંસ્થામાં "વિશ્વનીડ" નામનું એક કેન્દ્ર ઊભું કર્યું છે, તેમાંના સૌ. ધર્મિષ્ઠાબહેને તા. ૧૬–૧–૭૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'સંન્યાસનો એક નવો ઢંગ' એ મથાળાનો મારો લેખ વાંચવાના પ્રત્યાઘાત રૂપે એક ચર્ચાપત્ર લખી મોકલ્યું છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ]

## સૌ. ધર્મિષ્ઠા બહેનનો પત્ર

વિશ્વનીડ, આજોલ, તા. ૨૦–૧–૭૧.

**મુ. શ્રીપરમાનંદભાઇ,**

તા. ૧૬/૧/૧૯૭૧ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં "સંન્યાસનો નવો ઢંગ" લેખ વાંચ્યો. એ લેખની ઘણી વિગતો વિશે આપની સાથે રૂબરૂ ચર્ચા કરવાની ઇચ્છા છે. પરંતુ એ તો બને ત્યારે. હાલ તો લેખને અંતે આપે વ્યકત કરેલ અભિપ્રાય વિષે મારો નમ્ર મત જણાવવાની રજા લઉં.

સાધારણ પરંપરા મુજબની આજીવન ત્યાગવાદી દીક્ષા જેમાં વ્રત નિયમના કડક પાલન માટેનો આગ્રહ હોય એ સંન્યાસ સાથે આપ સહમત છો. આચાર્ય રજનીશજીના અભિનવ સંન્યાસથી આપ ચિંતામાં પડો એ સ્વાભાવિક છે. પરંતુ આ સંન્યાસની મૂળભૂત બાબતને ઊંડાણથી જોશો તો એ 'ચિન્તા'નું સ્થાન "હર્ષ" લેશે. કઠણમાં કઠણ વ્રત લઈને તેને પાર પાડવાની સાધના કરનારે 'સપ્રેશન' દમનનાં માઠાં ફળ ભોગવવાં પડે છે. જ્યારે વિષયવૃત્તિને "સાક્ષીભાવ"થી જોતાં જોતાં તે નિરર્થક બની જાય અને છૂટી જાય છે. પરિણામે સાધક તે વૃત્તિ વિષયથી પર બને, માલિક બને. દબાવી દીધેલી વૃત્તિના માલિક બનવાનું તો બાજુએ રહ્યું પણ તે વૃત્તિ સાધકના સાધના-પથ પર પથ્થર બની જાય છે. આ પાયાનો વિચાર સમજવાથી રજનીશજીની સંન્યાસની જ નહીં, અન્ય વાતો પણ સમજાશે. આચાર્યજીની વિચારસરણી મુજબના આ સંન્યાસમાં દમનને નહીં પણ "સજગતાને"–"સાક્ષીભાવ"ને સ્થાન છે. આથી ગૃહસ્થજીવનનો વિરોધ એમની કલ્પનામાં નથી. બ્રહ્મચર્યના વ્રતથી શરૂઆત ન કરતાં **બ્રહ્મચર્ય એ સહજ પરિણામ** હોય એમ તેઓ માને છે. અસ્વાદ વ્રતથી શરૂ ન કરતાં સ્વાદની વૃત્તિને અવલોકતાં, જરૂર પડે અનુભવતાં વ્યકિત સહજ રીતે સ્વાદવૃત્તિ તરફ તટસ્થ થતી જાય એમ તેઓ માને છે. વિરોધ નહીં પણ રૂપાંતરણમાં તેમને શુભ પરિણામની ખાતરી છે. રૂપાંતરણ દમનથી નહીં પણ દર્શનથી શક્ય છે.

મેં પણ તેમની વિચારસરણી મુજબ પ્રયોગ કર્યા છે. મારા કેટલાક મિત્રોએ પણ તટસ્થ રીતે એના પ્રયોગો કર્યા છે. પરિણામે આચાર્યજીની આ વિચારસરણીમાં વિશ્વાસ વધ્યો છે. આપે પણ આપના લેખમાં સ્વીકાર કર્યો છે કે, "સંન્યાસનું તેના ખરા અર્થમાં પાલન વિરલ માનવીઓ માટે શક્ય છે." બહુજન માટે આચાર્યશ્રીની આ નૂતન દૃષ્ટિ ઉપયોગી છે. તો પછી રૂઢિગત વાતને વળગી રહેવાનું પ્રયોજન શું? હું તો એમ પણ માનું છું કે વિરલ માનવીઓને યમ–નિયમના રસ્તે વૈરાગ્ય પ્રાપ્ત થયો હશે તે પણ મૂળમાં તો **બીજા** કોઇ કારણે પ્રાપ્ત થયો હશે. સાધના કરતાં કરતાં કોઇ પળે તેમની **સમજ સાફ થઈ** હશે અને વૈરાગ્ય સધાયો હશે. સાક્ષીભાવથી જોવાથી પણ સાધકની સમજ સ્પષ્ટ થવાની જ અપેક્ષા છે. ભોગવવાનો ઇરાદો નથી. સમજવાનો ઇરાદો છે. દમન, નિષેધ તો નિમંત્રણનું કામ કરે છે. સાચી સમજ જ માનવીને મુકત કરે છે.

ટૂંકમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસંગ્રહ ઇત્યાદિનાં વ્રત ન લેતાં, સાધનાના પરિણામ રૂપ એ પુષ્પો ખીલે એ અભિનવ પ્રયોગ આવકારપાત્ર છે. કોઇપણ નવી વાત સમાજમાં મૂકાય ત્યારે તરત એનો સ્વીકાર ન થાય એ સ્વાભાવિક છે. એ વાત હાંસીપાત્ર બને એ પણ સ્વાભાવિક છે. ઇતિહાસ શાખ પૂરે છે કે, "ક્રાંતિવીરને દફનાવ્યા પછી તેની કબર પર પુષ્પ ચઢાવવાની પ્રણાલિકા પ્રચલિત છે."

યમનિયમના આગ્રહ વિનાનો આ સંન્યાસ સત્વહીન બનશે કે સર્વસુલભ બનશે તેનો નિર્ણય તો ભાવી કરશે. આજે તો અનુભવના આધારે જણાવું કે માનવ સમાજે હંમેશાં કરી તેવી ભૂલનું ફરીથી પુનરાવર્તન ન કરીએ તો આનંદ.

નાનાં મોંએ મોટી વાત કરવા બદલ મને માફ કરજો. આપની સાથેના અંગત પ્રેમપૂર્ણ પરિચયે મને પત્ર લખવા પ્રેરી છે. વિનંતી છે કે આ પત્ર પણ પ્રબુદ્ધ જીવનમાં છાપશો.

પરિવારમાં સૌને પ્રણામ.

આપની તબિયત સારી હશે. પત્ર લખશો.

સ્વામી કૃષ્ણચૈતન્ય પ્રણામ પાઠવે છે.

**માં આનંદમધુના પ્રણામ.**

**નોંધ:** આચાર્યજી એક એવા સમાજના સર્જનનાં બી વાવી રહ્યા છે જેમાં સાધના સર્વસુલભ હોય અને ગામે ગામ બુદ્ધ, મહાવીર કે ક્રાઇસ્ટ પેદા થઇ શકે. વાતાવરણ જ એવું હોય કે સાધના એ કઠોર તપશ્ચર્યા ન બને પણ જીવનનો આનંદ હોય.

**મધુ.**

## જવાબ

મુંબઈ ૭. તા. ૨૮–૧–૭૧

**પ્રિય, ધર્મિષ્ઠાબહેન,**

'માં આનંદ મધુ' એટલે ચંદ્રાબહેનનાં ખાસ બેનપણી ધર્મિષ્ઠા-બહેન કે નહિ? મારા ચિત્તમાં– સ્મરણમાં– તમે ધર્મિષ્ઠાબહેન તરીકે જ સુપ્રતિષ્ઠિત છો એટલે તમને એ નામથી સંબોધું છું.

તમારો તા. ૨૦–૧–૭૧નો પત્ર મળ્યો. વાંચીને પ્રસન્નતા અનુભવી, તેનો જવાબ લખતાં જરા સંકોચાઉં છું. કારણકે મારામાં આચાર્ય રજનીશજીનો વાણીવૈભવ તથા તર્કકૌશલ્ય નથી. એમ છતાં જ્યારે તમે આટલી મહેનત કરીને આવું સુંદર ચર્ચાપત્ર લખી મોકલ્યું તો પછી તે ઉપરથી ઉપજતા વિચારો મારે મારી ભાષામાં તમારી સમક્ષ રજૂ કરવા જ રહ્યા. મારા નિરૂપણથી તમને સંતોષ કદાચ આપી નહિ શકું. એમ છતાં મને સમજવામાં તે ઉપયોગી થશે હું એવી જરૂર આશા રાખું છું. તમારા ચર્ચાપત્રના જવાબ રૂપે મારે જે જણાવવાનું છે તે નીચે મુજબ છે:

સંન્યાસના પાયામાં ગૃહસ્થાશ્રમનો અસ્વીકાર અથવા તો ત્યાગ રહેલો જ છે. દા. ત. આપણે મહાત્મા ગાંધીને અથવા શ્રીમદ્ રાજ-ચંદ્રને 'સંન્યાસી' કહી નહિ શકીએ, જ્યારે વિનોબાજીને 'સંન્યાસી' કહી શકીશું. એટલે સંન્યાસ યમનિયમના અનુપાલન ઉપર આધારિત હોય કે તમે સૂચવો છો તેમ સજગતા– સાક્ષીભાવ ઉપર આધારિત હોય તો પણ તેની પાયાની શરત ઉપર જણાવી તે છે, જ્યારે આચાર્ય રજનીશજીએ પ્રરૂપેલા અભિનવ સંન્યાસમાં ગૃહત્યાગ જરા પણ અપેક્ષિત નથી. અપેક્ષિત છે માત્ર બાહ્ય વેશપલટો, રૂદ્રાક્ષની માળા અને નામપરિવર્તન. આવું પરિવર્તન કરનારને સંન્યાસી કહેવો એ સંન્યાસ શબ્દનો મારે મન વિપરીત અર્થ કરવા બરોબર છે.

યમનિયમના અનુપાલનમાં સપ્રેશનનું– દમનનું– તત્ત્વ અમુક અંશે રહેલું છે એ મને કબૂલ છે. મારી દૃષ્ટિએ સાધનાના પ્રારંભમાં

ઠીક સમય સુધી વૃત્તિના દમનની અમુક ઉપયોગીતા છે. પણ સાથે સાથે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે યમનિયમના અનુપાલનમાં માત્ર દમનનો જ ખ્યાલ અભિપ્રેત નથી. એ ઉપરાંત તેમાં ધ્યાન, તપ, જપ, ઉપાસના, વૃત્તિઓનું વિશ્લેષણ વગેરે ઘણી બાબતો અભિપ્રેત છે, અને તેના માટે સતત સજગતા એટલી જ આવશ્યક છે. આનો આશય આખરે વૃત્તિઓ ઉપર કાબુ મેળવવાનો છે. આના સ્થાને તમે સાધક માટે સતત સજગતા અને સાક્ષીભાવ પૂરતા ગણો છો અને તેથી ઉપરનો હેતુ સહજપણે સિદ્ધ થાય છે એમ તમારા અનુભવ ઉપરથી તમે જણાવો છો. મને આ બાબતનો પૂરો અનુભવ કે મારા ચિત્ત ઉપર આ બાબતનું પૂરું ચિત્ર નથી. એમ છતાં તમારા અનુભવને સ્વીકારવામાં મને વાંધો નથી. પણ મારી સમજણ મુજબ, જેવી રીતે પાંચ વ્રતના અનુપાલન અંગે પ્રચલિત ખ્યાલ છે કે ગૃહસ્થ માટે પ્રસ્તુત પાંચ વ્રતોનું અલ્પ આકારમાં જ પાલન શક્ય છે, પણ સંપૂર્ણ આકારમાં તેનું પાલન કરવા માટે સાધુ જીવન- સંન્યાસીનું જીવન- આવશ્યક અને વધારે ઉપયોગી છે, તેવી રીતે તમે જે સજગતા અને સાક્ષીભાવ આગળ ધરો છો તેનો અમલ રાગદ્વેષના અનેક નિમિત્તોથી ભરેલા ગૃહસ્થાશ્રમમાં બહુ ઓછા પ્રમાણમાં શક્ય છે. તેની સંપૂર્ણ અનુભૂતિ માટે મારી દૃષ્ટિએ સંન્યાસીનું જીવન- પછી તે આજીવન હોય કે મુદતી હોય- આવશ્યક અને સવિશેષ ઉપયોગી છે. આ વિચારને વધારે સ્પષ્ટ કરું તો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જીવનના ઊંચામાં ઊંચા આદર્શનું અનુપાલન માનવી માટે શક્ય નથી એમ નથી, પણ તે બહુ જ વિરલ માનવીઓ માટે છે, જ્યારે સંન્યાસીના જીવનમાં ઊંચ આદર્શના અનુપાલન માટે વધારે સરળતા અને શક્યતા છે આવો મારો અભિપ્રાય છે.

વિશેષમાં જણાવવાનું કે તમે જણાવો છો તે મુજબ સજગતા સાક્ષીભાવ- જીવનની પૂર્ણ સાધના માટે પૂરતા હોય તો પણ તેવી વ્યક્તિને સંન્યાસી તરીકે ઓળખાવવી હોય તો તેનો પાયો ગૃહત્યાગ હોવો જ જોઈએ. ઉચ્ચ કોટિનું ગૃહસ્થ જીવન ગાળનારને સાધુપુરુષ કહી શકાય, સંન્યાસી ન કહી શકાય. જેમાં ગૃહત્યાગ સૂચિત ન હોય એવા કોઇ સંન્યાસની હું કલ્પના કરી શકતો નથી.

મારા લખાણનો વિશેષ ઝોક તો માત્ર બાહ્ય પરિવર્તનદ્વારા કહેવાતા સંન્યાસના જે વિચારને આચાર્ય રજનીશજી આગળ ધરે છે તે વિચાર કેટલો પોકળ અને સંન્યાસના સત્વ અને તત્ત્વનો વિરોધી છે તે તરફ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોનું ધ્યાન ખેંચવાનો હતો અને છે. તમે કહો છો તેવી સજગતા- સાક્ષીભાવ સિદ્ધ કરેલ હોય તેવી વ્યક્તિએ પણ ભગવાં વસ્ત્ર પહેરવાની, રજનીશજીની છબી સાથે ગળામાં માળા નાંખવાની અને પોતાનું નામ બદલવાની શી જરૂર છે તે મને સમજાતું નથી.

આ ચર્ચાપત્રમાં ઘણા એવા મુદ્દાઓ છે કે જેની ચર્ચા પત્રમાં શક્ય નથી. આ સંબંધમાં રૂબરૂ મળવાનું બને તો વધારે વિગતથી ચર્ચા થઈ શકે. શ્રી બાબુભાઈને મારા પ્રણામ કહેશો. અવકાશે પહોંચ અથવા જવાબ લખશો.

**પરમાનંદની સપ્રેમ આશિષ**

તા. ક. તમે તમારા ચર્ચાપત્રના છેવટના ભાગમાં નોંધરૂપે ઉમેરતાં જણાવો છો કે "આચાર્યશ્રી એક એવા સમાજના સર્જનનાં બી વાવી રહ્યા છે કે જેમાં સાધના સર્વસુલભ હોય અને ગામેગામ બુદ્ધ, મહાવીર કે ક્રાઇસ્ટ પેદા થઈ શકે. વાતાવરણ જ એવું હોય કે સાધના એ કઠોર તપશ્ચર્યા ન બને પણ જીવનનો આનંદ હોય." આના જવાબમાં જણાવવાનું કે આન્તર તેમજ બાહ્ય કઠોર તપશ્ચર્યા અને ઉપાસના સિવાય માનવમાંથી કોઇ મહામાનવ પેદા થઈ શકતો જ નથી, પણ આચાર્યશ્રી જેવી રીતે સર્વજનસુલભ સાધના વડે નકલી સંન્યાસીઓ પેદા કરી રહ્યા છે તેવી જ રીતે કદાચ આપણી સામે જ ગામેગામ નકલી બુદ્ધ, મહાવીર કે ક્રાઇસ્ટ તેઓ જરૂર પેદા કરશે એમાં મને કોઇ શક નથી. પરમાનંદ

# મતદારોનું જાહેરનામું

(નીચેનો પરિપત્ર મોકલનાર મિત્રો જણાવે છે કે, પંડિત સુખલાલજી, શ્રી દિલખુશ દિવાનજી, શ્રી બબલભાઇ મહેતા, આચાર્ય હરભાઇ ત્રિવેદી, આચાર્ય મનુભાઇ પંચોળી, શ્રી ઇશ્વર પેટલીકર, શ્રી વિનોદિની નીલકંઠ, શ્રી નગીનદાસ પારેખ, ડૉ. વસન્ત પરીખ, શ્રી ભોગીલાલ ગાંધી, સ્વામી આનંદ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, ગુજરાત સર્વોદય મંડળ તથા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી આ પરિપત્ર ઉપર પોતપોતાની સહી મૂકવાની સંમતિ મળી છે. -તંત્રી)

ભારતની સંસદ માટેની ૧૯૭૧ની ચૂંટણી વખતે અમે કેટલાક મતદારો નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનું જરૂરી સમજીએ છીએ અને તે અમારાં બંધુ-ભગીની-મતદારો પાસે, તથા અમારા મતના ઉમેદવારો સમક્ષ, સવિનય રજૂ કરીએ છીએ. અમારી પ્રાર્થના છે કે સહુ મતદારો એની ઉપર વિચાર કરે અને પોતાને તે યોગ્ય લાગે તો આ જાહેરનામાનું લખી-બોલીને સમર્થન કરે.

આ દેશના કરોડો મતદારો જુદા જુદા પક્ષના કે ઉમેદવારોના કાર્યક્રમો ને વિચારોની ચકાસણી કરીને પછી જ પોતાનો મત કોને આપવો તે ઠરાવશે, તેમ છતાં તમામ ઉમેદવારો પાસેથી અમે મતદારો ઓછામાં ઓછી આટલી અપેક્ષા રાખીએ છીએ:

૧. સહુથી પહેલી વાત પક્ષ-પલટાની કરીએ, કારણ કે એનો ખૂબ કડવો અનુભવ છેલ્લી ચૂંટણીમાં જીતેલા સેંકડો ઉમેદવારોએ આ દેશને કરાવેલો છે. અમારી એ અફર માન્યતા છે કે એક પક્ષના (કે અ-પક્ષ) ઉમેદવાર તરીકે ચૂંટણી જીતનાર કોઇ પણ સંસદ-સભ્ય (કે વિધાનસભા-સદસ્ય) પાછળથી જો બીજા પક્ષમાં જોડાવા ઇચ્છે તો પ્રજાએ તેમને જે સ્થાને ચૂંટી મોકલ્યા હોય ત્યાંથી તેમણે અચૂકપણે રાજીનામું આપી દેવું જોઈએ અને પછી નવા પક્ષના ઉમેદવાર તરીકે પેટા-ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ. આમ ન કરનાર માણસ, ચાહે તેટલો મોટો હોદ્દો ધરાવતો હોય તો પણ, પોતાના મતદારોનો તો દ્રોહ અને વિશ્વાસઘાત જ કરે છે, એ વિશે અમારા મનમાં કશી શંકા નથી. તેથી એક વાત બિલકુલ સાફ છે કે ૧૯૬૭ની ચૂંટણી પછી જે સેંકડો ચૂંટાયેલા આયારામ-ગયારામે સંસદમાં કે વિધાનસભામાં પાટલીઓ બદલી છે (કેટલાકે તો એકથી વધુ વાર), તેમાંના કોઇને આ ચૂંટણીમાં અમે મત આપવાના નથી, સિવાય કે, ઉપર જણાવ્યા મુજબ, પક્ષ બદલવાની સાથોસાથ પોતાના સ્થાનનું પણ રાજીનામું કોઇ વીરલાએ આપ્યું હોય. અમે જાણીએ છીએ કે અમારી, એટલે કે પ્રજાની, યાદદાસ્ત ટૂંકી છે. કેટલાય પાટલીબદલુઓનાં નામ આ મહિનાઓ ને વરસો દરમિયાન અમે ભૂલી પણ ગયા હશું. તેમ છતાં તેમના વિશ્વાસઘાતનો જખમ તો પ્રજાના દિલમાં રુઝાયો નથી. તેથી આ દેશનાં જે અખબારોને હૈયે અમારું હિત હોય તેમને અમારી નમ્ર વિનંતી છે કે છેલ્લાં ચાર વરસની પોતાની ફાઇલોમાંથી તે આવા પાટલીબદલુઓનાં નામ શોધી શોધીને અત્યારે પ્રજા પાસે મૂકે. મતદારો પણ એવા લોકોનાં નામ યાદ કરીને છાપામાં 'વાચકોના પત્ર' વિભાગ મારફત જાહેર કરે.

૨. એટલું ભૂતકાળ પૂરતું. અત્યારે જે લોકો ચૂંટણીમાં ઊભા હોય તેમની પાસેથી પણ અમે એવી સ્પષ્ટ જાહેરાત માગીએ છીએ કે ચૂંટાયા પછી ક્યારેય પણ જો એ પક્ષ-પલટો કરવા માગશે તો તરત જ સંસદમાંથી રાજીનામું આપી દેવાની પ્રામાણિકતા બતાવશે. આવી ખાતરી જાહેરમાં અમને મતદારોને ન આપનાર કોઇ પણ ઉમેદવારને હવે અમે મત આપવાના નથી જ, તેની એ સહુ પક્ષો ખાતરી રાખે.

(એટલું કબૂલ કરીએ કે ૧૯૬૭માં કૉંગ્રેસ પક્ષના નેજા હેઠળ ચૂંટાયેલ કોઈ પણ સભ્ય એ સંસ્થાના ભાગલા પછી જૂની કૉંગ્રેસમાંથી નવીમાં કે નવીમાંથી જૂનીમાં જોડાયા હોય તો તેને 'પાટલીબદલુ' ગણી શકાય નહિ. પરંતુ આજે હવે તે બે પૈકી એકના નેજા હેઠળ કોઈ ચૂંટણીમાં જીતે અને આવતી કાલે તે જૂની–નવી કૉંગ્રેસ વચ્ચે આવ–જા કરે, તો પછી એને પાટલીબદલુ જ ગણી શકાય.)

૩. સંસદના કેટલાક સભ્યોમાં એટલી પણ પ્રાથમિક સમજણ નથી કે સભાગૃહની અંદર અધ્યક્ષની આજ્ઞાનું તેમણે પાલન કરવું જોઈએ, એ બાબત અમને બહુ જ ખટકે છે. અધ્યક્ષની રજા મળે ત્યારે જ બોલવું, એ કહે કે તરત બોલતાં બંધ થઈને બેસી જવું અને કયારેક એ સભાગૃહની બહાર કાઢી મૂકે તો પણ સવિનય જતાં રહેવું– આટલી સાદી શિસ્ત પણ ન પાળી શકનાર માણસ સંસદમાં, કે કોઈ પણ નાની લોકશાહી સંસ્થામાં, બેસવા માટે લાયક ન ગણાય. આવા સભ્યોના અસભ્ય વર્તાવને કારણે જગતની સહુથી મોટી આ લોકશાહીની સંસદનું વાતાવરણ મચ્છીબજારથી યે બદતર બનતું નિહાળીને અમે અનેક વાર ઊંડી વેદના અનુભવી છે. પંચાવન કરોડની પ્રજાના સાર્વભૌમત્વના પ્રતીક સમી સંસદનું આ જાતનું અપમાન સાંખી લેવા અમે મતદારો હરગીજ તૈયાર નથી. માટે અમારી માગણી છે કે દરેક ઉમેદવાર અત્યારે જાહેરમાં એવો કોલ આપે કે સંસદમાં ગયા પછી તે અધ્યક્ષની આજ્ઞાનું પાલન કરશે. અલબત્ત, અધ્યક્ષ પણ કદીક ભૂલ કરી શકે છે. પણ તે ભૂલના નિવારણ માટે સંસદની કાર્યવાહીમાં દર્શાવેલાં પગલાં જ ભરી શકાય– ધાંધલ મચાવીને દેશની સર્વોચ્ચ પ્રજા–પ્રતિનિધિસભાનું કામકાજ થંભાવી દઈ શકાય નહિ જ.

૪. સંસદ–સભ્યોના પગાર–ભથ્થાનો સવાલ પણ મહત્ત્વનો છે, આજે એમને મહિને રૂા. ૫૦૦નો પગાર અને સંસદમાં હાજરી આપે તેટલા દિવસ રોજનું રૂા. ૫૧ ભથ્થું મળે છે. દેશભરમાં મફત રેલ–સફર કરવા માટે દરેક સભ્યને પહેલા વર્ગનો અને તેના એક સાથીદારને ત્રીજા વર્ગનો પાસ મળે છે. સંસદની બેઠક દરમિયાન પોતાના મતવિસ્તાર અને દિલ્હી વચ્ચે બેથી ચાર વિમાની સફર એ મફત કરી શકે છે. બીજી પણ પાર વગરની મફત સગવડો એમને સાંપડે છે. જે દેશમાં ૨૧ કરોડ લોકોની આવક મહિને પૂરા રૂા. પચીસ પણ ન હોય, તેમાં પ્રજા પોતાના ચૂંટેલા પ્રતિનિધિઓને માટે આટલી જોગવાઈ કરે તે જો જરૂરી હોય, તો તેની સામે સંસદ–સભ્યો પૂરી નિષ્ઠાથી પોતાનું કામ કરે, અને આ સગવડોનો અંગત હેતુસર ગેરલાભ ન ઉઠાવે, એટલી અપેક્ષા રાખવાનો પ્રજાને અધિકાર છે. એટલે અમે ઇચ્છીએ કે દરેક ઉમેદવાર હાલની પોતાની આવકની તથા પોતાના કુટુંબની મિલકતની અત્યારે જાહેરાત કરે, અને તે ચૂંટાય તો પછી દર વરસે એ રીતે કરતા રહે. આ ઉપરાંત, સંસદ–સભ્યોના વિશેષાધિકારો અંગે પણ કંઈક અતિશયોકતીભરેલા ખ્યાલ તેઓ પૈકી કેટલાક સેવતા હોય એવું અમને જણાયું છે. સભ્યોના જે કાંઈ વિશેષાધિકાર છે તે સંસદ–ગૃહની અંદર રહીને તેમણે ભોગવવાના છે– ને તે પણ અધ્યક્ષની આમન્યાની મર્યાદામાં રહીને. તે સિવાય સંસદ–ગૃહની બહાર તો એ માનનીય સભ્યોના વાણી–વર્તનના અધિકારો બીજા નાગરિકોના જેટલા જ હોઈ શકે. જેમ કે સભા–સરઘસના મનાઈ–હુકમનો કે વાહનવહેવારના નિયમોનો ભંગ કરનાર સંસદ–સભ્યની સામે કોઈ પણ સામાન્ય નાગરિકનાં જેવાં જ પગલાં પોલીસ લઈ શકે. માટે સંસદની બહાર એક અદના નાગરિકથી વિશેષ કશાયે અધિકારો એમણે ભોગવવાના નથી, એવી સ્પષ્ટ સમજણ સાથે જ ઉમેદવારો અમારો મત માગવા આવે.

૫. ચૂંટણી પહેલાંના આ દિવસોના એમના વર્તન વિશે પણ ઉમેદવારો પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખવાનું મન અમને થાય છે. પહેલી વિનંતી તો એ કે તેઓ પોતાની વાણી પર સંયમ રાખે. વિરોધીઓને બેફામપણે ભાંડવાની કળામાં સિદ્ધહસ્ત થોડાક લોકો આ પહેલાંની ચૂંટણીમાં વિજયી નીવડયા હશે. પણ એ દિવસો હવે ગયા છે, એની સહુ ઉમેદવારો બરાબર નોંધ લે. અમે માગીએ છીએ કે કોઈ પણ ઉમેદવાર પોતાના વિરોધીને ગાળો સંભળાવવા અમારી સમક્ષ ન આવે, પરંતુ પોતાની યોગ્યતા અને પ્રજાની સેવા માટેના પોતાના વિચારો જ અમારી પાસે મૂકે, એ યોગ્ય ગણાશે. ઉમેદવારો માત્ર પોતાનું ભાષણ કરીને જતા ન રહે, પણ દરેક સભાનો અરધો–અરધ સમય સભાજનોના સવાલોના જવાબ દેવા માટે ફાજલ રાખે તે પણ બહુ જરૂરી છે.

આ રાષ્ટ્રની સામે જે મોટી મોટી સમસ્યાઓ છે તેનો રાતોરાત ઉકેલ લાવવાની ઇલમની લાકડી પોતાની પાસે છે, એવો હાસ્યાસ્પદ દાવો કોઈ પક્ષ કે ઉમેદવાર અમારી પાસે ન કરે. બીજી બાજુ, પોતે નહિ ચૂંટાય ને વિરોધીઓ સત્તા પર આવશે તો આ મુલકનું એક યા બીજી રીતનું સત્યાનાશ વળી જશે એવી બાલિશ બીક પણ અમને કોઈ બતાવે નહિ.

ચૂંટણી–પ્રચાર દરમિયાન પોતાનાં ભીંતપત્રો કે લખાણોથી અમારાં મકાનોની દીવાલો બગાડનારા અથવા રસ્તે ફરતાં લાઉડસ્પીકર મારફત અમારાં ઘરની, શિક્ષણ–સંસ્થાઓની અને ઇસ્પિતાલોની શાંતિના ચૂરા બોલાવી દેનારા ઉમેદવારો અમને અત્યંત ત્રાસદાયી લાગે છે. ધર્મ કે નાતજાતને નામે અમારો મત માગવા આવનારા લોકોને અમે આ દેશની શાંતિના ને પ્રગતિના મોટામાં મોટા દુશ્મન ગણીએ છીએ. એ જ રીતે, સંકુચિત પ્રાદેશિક લાભની લાલચ આપીને પણ અમારો મત કોઈ માગે નહિ. વિરોધીઓ સામે હિંસા આચરનારાઓને તો અમે કદી પણ મત આપી શકીએ નહિ.

સૌ વાતની એક વાત આ દેશની ગરીબી છે. એ દૂર કરવાની જાદુઈ કરામત કોઈ પક્ષના ગજવામાં પડેલી છે અને અમારે, જનતાએ, તો માત્ર એમને મત આપી દઈને પછી લીલાલહેર કરવાની છે– એવો ભ્રમ ફેલાવવાની કોશિષ કોઈ કરશો નહિ. અમે બરાબર સમજીએ છીએ કે દેશની ગરીબી દૂર કરવા માટે અમારે જ ઈમાનદારીથી તનતોડ મહેનત કરવાની છે. એ મહેનત અમે હવે બરાબર કરવા માગીએ છીએ, અને તેનાં ફળ ચાખવા માટે બીજાં વીસ–પચીસ વરસની રાહ જોવાની પણ અમારી તૈયારી છે. આ પ્રજાએ ઘણી યાતનાઓ વેઠી છે અને હજીયે વધારે એ વેઠશે– પણ પોતાનાં સંતાનો માટે એક ઊજળી આવતી કાલ એ મૂકતી જવા માગે છે. એ આવતી કાલ માટેનાં એનાં સોણલાંને ઝીલીને વહેવારુ યોજનાનું સ્વરૂપ જેઓ આપી શકે અને એ યોજનાના અમલ માટે પસીનો ને લોહી રેડવાની પ્રેરણા જે નિરંતર પૂરી પાડી શકે એવા પનોતા પ્રતિનિધિઓને ચૂંટીને અમે આ મહાન રાષ્ટ્રની સંસદમાં બેસાડવા માગીએ છીએ. એ ત્રાજવે તોળાવાની જેમની ત્રેવડ હોય તે જ અમારો મત માગવા આવે.

**મૂળશંકર મ. ભટ્ટ**
**મહેન્દ્ર મેઘાણી.**

## ધર્મ સત્ય–વિજ્ઞાન અસત્ય

એક વાર બર્નાડ શૉને નામાંકિત વૈજ્ઞાનિક આઇનસ્ટીનના સ્વાગત-સમારંભમાં ભાષણ કરવાનું કહેવામાં આવ્યું. એમણે ભાષણમાં કહ્યું - 'ધર્મ હંમેશાં સાચો છે, જ્યારે વિજ્ઞાન કાયમ ખોટું છે.'

આઇનસ્ટીન ગભરાયા. આ શૉ તે વળી કેવું સ્વાગત કરે છે? પૂછ્યું, 'શૉ, તમારા કહેવાનો મતલબ શો છે?'

શૉએ કહ્યું, 'ધર્મના ઠેકેદાર પાદરીઓ એકનું એક જડ્ડાણું એકધારું હાંકયે રાખે છે, તેથી ધર્મ હંમેશાં સાચો જ હોય છે. તેને કયારેય ખોટા પડવાપણું નથી!

'અને વિજ્ઞાન હંમેશાં ખોટું શા માટે?'

'કારણ કે દરેકે દરેક નવી શોધ સાથે તમે કાયમ બદલાતા રહો છો, તેથી વિજ્ઞાન હંમેશાં ખોટું જ પડતું રહે છે!

પરંતુ રાજનીતિવાળા તો એનાથીયે એક ડગલું આગળ છે. રાજનીતિ તો હરપળે બદલાતી રહે છે. સવારનું એનું સત્ય સાંજે બદલાઈ ગયું હોય! સવારના છાપામાં કાંઈ કહ્યું હોય અને સાંજના છાપામાં તેનાથી સાવ જુદું! –દાદા ધર્માધિકારી

# પાલણપુરનાં એક તેજસ્વી સન્નારીનો પરિચય

"દુનિયા હૈ અંધેરી રાત
ઔરત હૈ ચિરાગ"

આ ચિરાગની જ્વલંત ચિનગારી જેવાં છે **શ્રીમતી કેસરબહેન મૂળચંદ ઝવેરી.**

પાલણપુરનાં (બનાસકાંઠાના) જાહેર જીવનનાં એ વર્ષો - જૂનાં અગ્રણી છે. તેમનું ૫૦ વર્ષ ઉપરાંતનું એકધારું સેવામય જીવન કોઈ તપસ્વિનીનું જીવન છે. સંસારના દવમાં અતિ અતિ પ્રજ્વલીને એમણે આત્માના સુવર્ણને પાવન બનાવ્યું છે. એમના વાત્સલ્યભર્યા પ્રેમમય અસહકારથી જીવનમાર્ગના કાંટા પણ ફૂલ બન્યા છે. અન્યાયની સામે લડતાં લડતાં જે જડ લોકોએ તેમનો વિરોધ કર્યો, અનેક પજવણીઓ કરી એ જડ લોકોએ મુશ્કેલીમાં, વૃદ્ધાવસ્થામાં કે મૃત્યુ સમીપે આ માતાનો વાત્સલ્યભર્યો ખોળો માગ્યો એવા દાખલા જૂજ નથી. સિદ્ધાંતમાં દૃઢ છતાં વિરોધીઓ પ્રત્યે નર્યું પ્રેમળતાભર્યું વર્તન સદાય દાખવનાર કેસરબહેન અજાતશત્રુ છે. 'વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસમાદપિ' એમનો સ્વભાવ છે.



શ્રી કેસરબહેન

કેસરબહેનનો જન્મ સને ૧૮૯૬માં થયો. પિતૃગૃહ પાલણપુરમાં. પિતા સ્વ. બેચરદાસ છગનચંદ ગાંધી અને માતા સ્વ. સમરથબાઈ હતાં. પતિગૃહ પાટણ. એમના પતિ સ્વ. મૂળચંદ ખેમચંદ ઝવેરીનો રંગુનમાં ઝવેરાતનો વ્યવસાય હતો.

છેક નાની ઉમરે– બાવીસ વર્ષની કુમળી વયે– કુદરતે તેમને વૈધવ્ય આપ્યું અને ઘણું છોડાવ્યું, ઘણું જાને જ છોડ્યું. પિતૃગૃહ અને પતિગૃહના વારસાગત સાંપ્રદાયિક સંસ્કારોએ એકાએક શુભ પલટો લીધો અને કેસરબહેન માનવતાના માર્ગે વળ્યાં. વિત્ત અને વૈભવ ત્યાગીને ગ્રામસેવા, રાષ્ટ્રસેવાનો ધર્મ સ્વીકારી માનવસેવાની દીક્ષા લીધી. શાળામાં રીતસરનું શિક્ષણ લીધા સિવાય આંતરસૂઝથી અસહકાર યુગના પ્રારંભમાં જ રેંટિયા, ખાદી, દારૂબંધી, કોમી એકતા, શિક્ષણ અને સફાઈના ગાંધી–ચિંધ્યા કાર્યક્રમોમાં દેશી રાજ્યમાં પણ એકાકી કેસરબહેન અગ્રણી રહેતાં, ત્યારે અપાર દુઃખરાશીમાં તારણના ત્રાપા સમો, અંધારી રાતના ચાંદ સમો એકનો એક પુત્ર ચંદુભાઈ તેમનું બળ હતું, વિસામો હતો.

સમજણા થતાં જ ચંદુભાઈએ અભ્યાસની સાથે સાથે માતાની પ્રવૃત્તિઓથી પ્રેરાઈને બાળ–કેળવણી, ખેતી, અસ્પૃશ્યતાનિવારણ, રેંટિયા–પ્રચાર, ગ્રામસેવા વગેરે પ્રવૃત્તિનાં સ્વપ્નોમાં ડુબીને પોતાની દુનિયા ઘણી વિસ્તારી હતી. સૌને કળાથી ખીલનાર ચંદુભાઈ સૌના પ્રિય હતા.

ત્યાં તો અજ્ઞાત જીવનનો બીજો અણધાર્યો ક્રૂર અકસ્માત થયો. વિધિએ વિધવા માતાનું શેષ સર્વસ્વ છીનવી લીધું. પુત્ર ચંદુભાઈ ૧૯ વર્ષની ઉછરતી યુવાવસ્થામાં કાળના કરાળ ખંજામાં આવી ગયો. ટૂંકી તાવની બિમારી જીવલેણ નિવડી. કેસરબહેનની હૃદયની પાંગરતી કુંજ–નિકુંજ મરૂભૂમિમાં પલટાઈ ગઈ. તેમનો સંસાર અરણ્ય બની ગયો.

પણ તરૂણ પુત્રનાં તર્પણમાં માતાએ તરણોપાય જોયો. પુત્રની સમસ્ત પ્રવૃત્તિઓ સ્વીકારી લેવા નિરધાર કર્યો.

કોઈ સંયોગે–સુયોગે ચંદુભાઈના સહપાઠી અને મિત્ર ક્રાન્તિલાલ ચુનીલાલ બક્ષીને (અત્યારે શ્રી ક્રાન્તિલાલ મૂળચંદ ઝવેરી) દત્તક લેવાની કેસરબહેનને આંતરપ્રેરણા થઈ આવી. કેસરબહેને ક્રાન્તિભાઈના વ્યક્તિત્વમાં, આચાર–વિચારમાં, સ્વ. ચંદુભાઈનું પ્રતિબિંબ નિહાળ્યું. પ્રસ્તાવની સાથે જ શ્રી ક્રાન્તિભાઈએ ભાવપૂર્વક કેસરબહેનનું માતૃત્વ સ્વીકારી લીધું.

કેટલાંક ગામડાં જોયા પછી, પાલણપુર પાસેના જસલેણી ગામે આશ્રમશાળા તેમણે શરૂ કરી. તેમાં અંત્યજ બાળકોને પણ પૂરા ભાવ અને વાત્સલ્યથી સ્વીકાર્યા. દશ વર્ષ સુધી માતા–પુત્રે શાળામાં જીવ રેડી તપોવન સરજ્યું.

એ કાળે અંત્યજ જાતિનો સ્પર્શ પ્લેગના જંતુથી યે વધારે ભયંકર ગણાતો. શાન્ત તપોભૂમિમાં એકાએક ખળભળાટ થયો. શાળાના ચોગાનમાં કૂવો બનાવ્યા પછી, હરિજન અને સવર્ણ બાળકો તેમાંથી પાણી ખેંચી પીતાં અને બગીચો પાતાં. વાલીઓને જાણ થતાં વિરોધ થયો. સવર્ણો માન્યા નહિ અને પોતાનાં બાળકોને ભણાવવાનું છોડાવ્યું. સિદ્ધાંતમાં અડગ રહીને માતા–પુત્રે હિંસક વિવાદ અને વાતાવરણનો ક્લેશ અને સમજાવટપૂર્વક સામનો કર્યો. પૂજ્ય ગાંધીજીએ ત્યારે પત્રમાં લખ્યું.....

બહાદુર બહેન,

તમારો પત્ર તમને શોભાવે છે. મારો દૃઢ અભિપ્રાય છે કે હરિજન અને સવર્ણ બધાંય છોડે, તો પણ તમારે તમારો શુભ આગ્રહ ન છોડવો. શિક્ષકો ભાગે તો તમે ભણાવજો.....

રૂબરૂ મુલાકાતે આવ્યા બાદ તા. ૯ ઑગસ્ટ ૧૯૩૬ના 'હરિજન બંધુ'માં લેખ લખતાં બાપુજીના મંત્રી શ્રી છગનલાલ જોષીએ લખ્યું..... "કેસરબહેનની દૃઢતા જોઈ અસ્પૃશ્યતાના નાશ વિશે આશા ઉપજ્યા વિના ન રહી."

દિલની તાકાત ઉપર જીવનાર આ બહાદુર બહેનને પૂજ્ય ગાંધીજી, પંડિત શ્રી સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી અને શ્રી ગિજુભાઈ બધેકાનું પ્રેરક બળ ત્યારે મળી રહ્યું.

આ જસલેણી ગામને પાછળથી કેસરબહેનના અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નોની કદર રૂપે ગુજરાત રાજ્ય તરફથી રૂા. ૧૦૦૦નું ઈનામ મળેલું..

અંતરની વેદનાનો નિંભાડો, સામાજિક ત્રાસનાં બળતણ અને સ્ત્રીની જન્મજાત ઋજુતા–આ બધામાં કેસરબહેન તપ્યાં. તપને અંતે દર્શન થાય છે, ધ્યાનને અંતે સાક્ષાત્કાર થાય છે.

અનેક સ્ત્રીઓનાં દુઃખદર્દનાં પોટલાં છોડતાં, તેમાંથી હજારો સાપ–વીંછી જડ્યાં. એ તો ઝેર મૂકી બેપરવાઈથી ચાલ્યાં જતાં. ઝેરનો ભોગ થનાર ભામિનીઓ માટે કોઈ આરો ઓવારો ન હતો.

આવી સ્ત્રીઓને વાચા આપવા, આસામેશ આપવા અને હિંમત

પ્રેરવા કેસરબહેને પાલણપુરમાં સને ૧૯૪૬માં 'મહિલા મંડળ' સ્થાપ્યું, અને પોતે તેમાં પ્રાણ બનીને બેસી ગયાં. જીવનનો વિશેષ આનંદ તેમને અહીં મળ્યો. કેસરબહેનની સાથે તેમનાં નાનાં બહેન તારાબહેન જોડાયાં અને અનેક પ્રવૃત્તિઓ ફાલીફૂલી.

આજે કેસરબહેન એટલે મહિલામંડળ અને મહિલામંડળ એટલે કેસરબહેન. સંસ્થામાં તેમણે જીવ મૂક્યો છે, ભાવના પ્રેરી છે. પોતે સંસ્થારૂપ બની ગયાં છે.

'મહિલા મંડળ' અને તેનું 'બાલ મંદિર' એક સુંદર મકાન સાથેની ચેતનવંતી સાર્વજનિક, સામાજિક સંસ્થા બનાસકાંઠાનું ગૌરવ બની રહી છે.

રચનાત્મક પ્રવૃત્તિઓ કરતાં કરતાં કેસરબહેન પાલણપુર રાજ્ય-સભાનાં સભ્ય તરીકે અને નગરપાલિકાના સભાસદ તરીકે રહી જે સ્વચ્છ પ્રભાવ પાથરી શક્યાં છે તે વિરલ જોવામાં આવે છે.

ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રભાષા પ્રચાર અને પરીક્ષાઓનું જિલ્લાભરનાં કેન્દ્રોના કાર્યોનું સતત સાત વર્ષ સુધી સંચાલન કરી કેસરબહેને સુંદર અને સ્વચ્છ વહીવટની છાપ પાડી.

અનેક આકર્ષણો અને શક્યતાઓ છતાં સીધી રીતે રાજકારણમાં ન પડેલાં કેસરબહેને સને ૧૯૫૧માં બનેલ આબુ પ્રકરણમાં ત્યાંની બહેનો તરફની હમદર્દીથી પ્રેરાઈ હિમતપૂર્વક પોલીસ અત્યાચારની જાતે તપાસ કરી નિવેદનો કર્યાં અને બે વખત ધરપકડ વહોરી લીધી. કેસ ચાલ્યો અને સર્વથા નિર્દોષ ઠર્યાં. પણ આ પ્રકરણથી તેમના દિલમાં ગંદા રાજકારણ તરફ વિશેષ અણગમો થયો. વર્ષોથી કૉંગ્રેસનાં સક્રિય સભ્ય કેસરબહેન કૉન્ગ્રેસથી છૂટાં થયાં અને બીજો કોઈ પક્ષ ક્યારેય સ્વીકાર્યો નહિ.

દેશી રાજ્યની મરુભૂમિમાં ગુજરાતને છેવાડે આવેલા આ પ્રદેશમાં સ્ત્રીસંગઠનનું અને વ્યક્તિત્વવિકાસનું બીજ વાવી એને કુશળતા અને હિમતથી ઉછેરી વટવૃક્ષ બનાવનાર કેસરબહેને આજીવન તપશ્ચર્યા કરી છે, અને પોતીકાંને તપોયજ્ઞની દીક્ષા આપી છે. કોઈ પણ જાતના ભેદભાવથી પર એવાં કેસરબહેનને સૌનો સદ્‌ભાવ અને ચાહના મેળવ્યાં છે,

વર્ષોથી અંગત સંબંધ ધરાવતા પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી સુખ-લાલજીએ કહેલું કે :—

"કેસરબહેન બ્રિટીશ હદમાં હોત તો વ્યક્તિગત સત્યાગ્રહ સમયે તેમનું નામ પ્રથમ હરોળમાં ગાંધીજીએ મૂક્યું હોત."

આવાં કેસરબહેનનું જાહેર સન્માન કરવા મુંબઈ વસતા પાલણ-પુરના ભાઈઓએ વિચાર્યું ત્યારે પ્રેમથી તેમણે સાભાર નકારીને એટલું જ કહ્યું કે "મને ગમતાં કામોમાં સાથ આપશો તો એ જ મારું સન્માન સમજીશ."

આજે ૭૫ વર્ષે પણ શારીરિક નબળાઈ છતાં મનથી સતેજ અને સ્વસ્થ એવાં કેસરબહેનની અભિલાષા છે :—

પાલણપુરમાં એક 'ઘરડાં ઘર', એક 'બાળભવન', એક 'સ્ત્રી અને બાળ બગીચો', એક 'ઘોડિયાં ઘર', એક વધુ 'બાલમંદિર' અને એક 'પ્રાથમિક શાળા' કરવાની. તેઓ વિચાર મૂકે છે પણ આગ્રહ કરતાં નથી. પણ તેમની ભાવનાના હીરના પારખુઓ સમાજમાં છે અને એમની અભિલાષાનો પડઘો પાડશે જ.

તેમની સર્વજન—હિતની ચિંતા સાથે સહૃદય, નિષ્કામ સેવાઓ બદલ પાલણપુર હમેશાં તેમને આદરપૂર્વક યાદ કરશે અને પ્રેરણા મેળવશે.

પરમાત્મા એમને આરોગ્યમય શતાયુ બક્ષે એજ અંતરની પ્રાર્થના. કાન્તિલાલ છોટાલાલ મહેતા, મુંબઈ

## પ્રબુદ્ધ જીવનના તા. ૧-૨-૭૧ના અંક અંગે—

તા. ૧ લી ફેબ્રુઆરીના ૧૯ મા અંકની નકલો ખૂટી પડી છે તો આ અંકની વિશેષ નકલોની કાર્યાલયને જરૂર હોઈને, જેમણે વાંચી લીધી હોય અને જે ફાઈલ ન બનાવતા હોય તેમને તે અંક કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. —વ્યવસ્થાપક

# ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા
# સ્વ. કનૈયાલાલ મુનશી

શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી ગુજરાતમાં અને ગુજરાતી સાહિત્યમાં વ્યક્તિ નહોતા. મુનશી એક સંસ્થા હતા. તેનું કારણ મુનશીની સર્વતોમુખી પ્રતિભા હતી. સાહિત્ય અને કલાને તેઓ અવિભિન્ન માનતા. એજ રીતે જીવન અને સંસ્કૃતિ પણ એમને મન જુદા નહોતાં. એક જ તથ્યનાં બે પાસાં હતાં. મુનશીનું અર્પણ રાષ્ટ્રીય ચેતનાના વિકાસમાં પણ ગણનીય છે.

કનૈયાલાલ મુનશીનો જન્મ ઈ. સ. ૧૮૮૭ ના ડિસેમ્બરની ૩૦ મી તારીખે ભરૂચમાં થયો હતો. ભરૂચમાં ટેકરાના મુનશીઓનું માનધન મશહૂર હતું. એ ટેકરાના મુનશી કુટુંબમાં પ્રેમાળ માતા પિતાના ખોળામાં મુનશીનો જન્મ થયો. મુનશીના માબાપ વચ્ચે અદ્‌ભુત ઐક્ય હતું. અર્વાચીન અને આદર્શમય મુનશી જન્મ્યા ત્યારથી મોંઘા ને માનીતા હતા. છ બહેનો પછીના એક મોંઘેરા ભાઈ હતા. મુનશીનો વંશ ભાગર્વકુળ. મુનશી પોતાને આધુનિક કહેતા પણ બ્રાહ્મણવંશની પરંપરાનો પાસ એમના જીવનને રહ્યા કરતો. એમનું અંગ્રેજી શિક્ષણ, જગતનો પ્રવાસ અને અનેક ધર્મ તથા જાતિ-ના મહાપુરુષો સાથેનો સંપર્ક એ સર્વ હોવા છતાં મુનશીના જીવનનું નિયામક બળ ભારતીય સંસ્કૃતિનો આત્મા રહ્યો હતો.

એટલે મુનશીને ભારતવર્ષના ભૂતકાળ સાથે જાણે ગાઢ અને જીવનનો સંબંધ હતો. એમના સાહિત્ય સર્જનમાં ગુજરાત અને આર્યાવર્તનાં ભૂતકાળના જીવન અને પાત્રો, એમની સર્ગશક્તિને સદા આહ્‌વાન કરતાં ઊભાં રહ્યાં હતા. વર્તમાન અને તદ્‌ન અદ્યતન સમયના જીવન સાથે એમને સારી ને સાચી નિસ્બત રહી હોવા છતાં, પોતે વર્તમાનકાળનાં વલણ, સંઘર્ષ અને હાર્દમાં જીવતા હોવા છતાં, એમના હૃદયમનનું વલણ હંમેશા ગઈ કાલને સંભારવામાં ને વાગોળ-વામાં રહ્યું હતું ને રાચ્યું હતું. એક રીતે તો એવું પણ લાગે છે કે મુનશી જીવતા હતા ત્યારે પણ તેમના માનસમાં ભૂતકાળ જ ઉપસ્યા કરતો હતો. તે તેમની મર્યાદા હતી અને મહત્તા પણ હતી. એમના સાહિત્ય જીવનના ઉદયકાળે રચાયેલી નવલકથા "પાટણની પ્રભુતા" અને એની આગળની કથાના ગ્રંથો "ગુજરાતનો નાથ" "રાજાધિરાજ" અને "જય સોમનાથ" એ સર્વ નવલકથા-ઓમાં જીવંત મુનશી ગુજરાતના મધ્યકાળના ઈતિહાસમાં ઘણાં વર્ષો ગાળી આવ્યા છે એવું લાગ્યા વિના રહેતું નથી. આ નવલકથાઓ પ્રગટ થઈ છે. એ જમાનામાં ગુજરાતી સાહિત્યમાં મુનશીનો મધ્યાહ્ન તપતો હતો. એમની કીર્તિની સુગંધ અને યશની ગાથા, એમના સર્જનનું સૌન્દર્ય અને એમના જીવનનું રંગદર્શન એ સર્વ ગુજરાતને માટે પ્રેરણા અને પુરુષાર્થની અનન્ય કથાઓ હતી. એ સમયના વિવેચકોએ આ ચારે નવલકથાઓમાંથી "ગુજરાતનો નાથ" ને સર્વોત્તમ નવલકથા સર્જન દૃષ્ટિએ કહી હતી. સ્વ. નરસિંહરાવ દિવેટિયા જેવા વિવેચકો પણ એ નવલકથા ઉપર એક રીતે કહીએ તો વારી ગયા હતા અને સાચે જ સર્જનાત્મક દૃષ્ટિએ અને પ્રતિભાના લાવણ્યના સંદર્ભમાં "ગુજરાતનો નાથ" અજોડ નવલકથા તરીકે ગણાઈ ચૂકી હતી અને પંકાઈ ચૂકી હતી. એનાં પાત્રો સિદ્ધરાજ જયસિંહ અને રાણકદેવી, રાખેંગાર, કાક અને મંજરી, કીર્તિદેવ અને મુંજાલ, મીનળ-દેવી અને કાશ્મીરાદેવી એ સર્વ પાત્રોને મુનશીએ ઈતિહાસમાંથી ઊંચકીને જીવનની ધરતી ઉપર ઉતારીને જીવતાં કરી દીધાં હતાં. તેમની પ્રતિભાનો એ નાનોસૂનો વિજય ન હતો. એ દિવસોમાં મુનશીનાં વ્યાખ્યાનો જ્યાં જ્યાં ગુજરાતમાં થતાં, ત્યાં આ સંસ્કારી ગુજરાતી સ્ત્રી-પુરુષો ટોળાબંધ હાજર રહીને પ્રેરણા અને સંસ્કારિતાનું પાવન જળ પીતાં અને પોતાના જીવનની તરસ છીપાવતાં.

એવાં એમના યશકીર્તિના મધ્યાહ્નકાળમાં એમણે સાહિત્યના

ક્ષેત્રમાંથી રાજકારણ અને સમાજસેવાના ક્ષેત્રમાં છલાંગ મારી. લીલાવતી બહેનને પોતાની સહચરી બનાવીને એમણે ગુજરાતના સમાજ જીવનમાં એક આંધી અને હલચલ મચાવી દીધાં. એમના આ કૃત્યની તરફેણમાં અને વિરોધમાં અનેક સૂરો ઊઠ્યાં અને શમ્યાં. આ લગ્ન પછી મુનશીની મહત્વકાંક્ષા સાહિત્યના ક્ષેત્રમાંથી કૂદકો મારીને રાજકારણના ક્ષેત્રમાં આવી ઊભી તો ખરી, પણ એનાં પગ રાજકારણની ધરતીમાં કદી જ રોપાયાં નહીં. સ્થિર તો થયાં જ નહીં. રાજકારણમાં એમણે પોતાની તેજસ્વી અને ચમત્કારિક મેધાનો પરિચય આપ્યો, પણ સાથે સાથે પોતાની ચારિત્ર્યશીલતાની અસ્થિરતાની ઓળખાણ પણ આપી દીધી.

મુનશી ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે નવલકથાકાર તરીકે યાદ રહેશે, છતાં એમણે સાહિત્યનાં બીજાં સ્વરૂપો ઉપર પણ પોતાની કલમ અજમાવી હતી. એમનાં નાટકો પૌરાણિક અને સામાજિક, "શિશુઓ સખી" નામનું એમનું ભાતીગળ પુસ્તક, "છીએ તે જ ઠીક" નામક એમનું નર્મ વિનોદનું પુસ્તક, "અડધે રસ્તે" અને "સીધા ચઢાણ" એ આત્મકથા-એ કંઈ નાનાસૂનાં પુસ્તકો નથી. છતાં એમની પ્રતિભાનું તેજ જેટલું નવલકથામાં વિહરે છે અને પરિણામો નીપજાવે છે તેટલું સાહિત્યમાં બીજાં કોઈ પણ સ્વરૂપમાં એ છતું થતું નથી. મુનશીએ નવલિકા અને નિબંધો પણ ઘણા લખ્યાં છે. એમની બુદ્ધિના ચમકારા એમના અંગ્રેજી ગ્રંથોમાં પણ દેખાય છે. પણ એમની પ્રતિભાને એમાં પૂરતો અવકાશ નથી મળતો કે રસ નથી પડતો એમ લાગ્યા વિના નહીં રહે.

સાહિત્યનું ક્ષેત્ર છોડી એમણે રાજકારણનાં ક્ષેત્રમાં ગોઠવાઈને "તપસ્વીની" જેવી રંગદર્શી નવલકથા લખી. એમાં કલ્પના, આદર્શ રાષ્ટ્રભાવના અને અધ્યાત્મક ભાવો વગેરે અનેક વિષયોને એમણે ગુંથ્યા ખરા, પણ એ નવલકથા વાંચતા પરખાઈ જવાય છે કે મુનશી રાજકારણમાં ભલે યશ અને પ્રખ્યાતીનો આસવ પીતા હોય પણ એમનું પેટ સાહિત્યસર્જનના જીવનરસ વિના સંતૃપ્ત થતું ન હતું. નવલકથાના આલેખન વિના એમની તરસ બુઝાતી ન હતી. એવું લાગ્યા વિના નથી રહેતું કે સાહિત્ય એ જ મુનશીનું મુખ્ય જીવનક્ષેત્ર હતું, જેમાં એ સહજભાવે જીવી શકે તેમ હતા. બીજાં ક્ષેત્રમાં માત્ર યશકીર્તિના બાચકાં ભરવા જેવું હતું.

### ભારતીય સંસ્કૃતિનો પુનરુત્થાન

મુનશીને એ વાતની ખબર હતી. એટલે એમણે એમના પાછલા જીવનમાં રાજકારણને મુખ્ય નહીં પણ ગૌણ ક્ષેત્રનું મહત્વ આપ્યું હતું. એમની પાછલી જિંદગીમાં એમણે ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનનો મહા પુરુષાર્થ આરંભીને "ભારતીય વિદ્યાભવન" ની સ્થાપના કરી હતી. આ વિદ્યાભવનના કુલપતિ બનીને એમણે ભારતીય ધર્મ અને સંસ્કૃતિનાં સ્વરૂપો અને મૂલ્યોને પુનઃ પ્રતિષ્ઠિત કરવાનો જબરજસ્ત પુરુષાર્થ કર્યો હતો. પોતાનાં રાજકારણનાં યશ અને લાગવગને એમણે ભારતીય વિદ્યાભવનના વિકાસની યાત્રામાં સંયોજ્યાં અને સર કર્યાં હતા. છતાં મુનશીને તેનાથી આત્મસંતૃપ્તિ થઈ નહોતી. એમના મન અને અંતઃકરણ જેમ જીવનમાંથી ખસ્યા ન હતાં, તેમ એમની સર્ગશક્તિ સાહિત્યસર્જનમાંથી પદભ્રષ્ટ થઈ ન હતી. આ સાહિત્ય સર્જનની એમની પ્રતિભાએ વળી પાછો નવો ઉન્મેષ પેદા કર્યો હતો. અનેક ગુજરાતી અને અંગ્રેજી ગ્રંથો લખ્યા પછી પણ એમની બેચેની મટી ન હતી. એમની સર્જક પ્રતિભાને કોઈ પડકારની વાટ જોતી હતી. મુનશી સંઘર્ષના અને પડકારના માણસ હતા. મેં એક વખત સંઘર્ષની ભૂમિકા ઉપર ચાર વર્ણની વ્યાખ્યા કરી હતી. સંઘર્ષ જો વિકાસની માતા હોય તો સંઘર્ષને નમી પડે તે શુદ્ર, સંઘર્ષની સાથે સમાધાન કરે તે વૈશ્ય, સંઘર્ષની સાથે યુદ્ધ કરે તે ક્ષત્રિય, પરંતુ સંઘર્ષમાંથી સંવાદિતા નીપજાવે તે બ્રાહ્મણ. મુનશીમાં આ ચારે ય સ્વરૂપો વિદ્યમાન હતાં. પરંતુ એમના જીવનનું નિયામક સ્વરૂપબળ બ્રાહ્મણનું હતું. એઓ જન્મે જ નહીં, કર્મે પણ બ્રાહ્મણ હતા. મુનશીને ક્રિયા કરતાં કર્મ વધુ પસંદ હતું. ક્રિયા અંશની હોય છે, કર્મ સમગ્રનું. મુનશીને સમગ્રના કર્મમાં આનંદ આવતો હતો. એટલે એમણે એક સર્જન-પુરુષાર્થ આરંભ્યો હતો. એમની સર્જકપ્રતિભાએ જીવનનો અને સર્જનનો પડકાર ઝીલ્યો હતો.

એમની સર્ગશક્તિને 'કૃષ્ણાવતાર' ને નામે શ્રી કૃષ્ણની જીવનકથા નવલકથા સ્વરૂપે આરંભી. શ્રી કૃષ્ણ માત્ર દ્વાપરના નહીં કળિયુગના પણ જીવન ચક્રવર્તી મહાપુરુષ રહ્યા છે. એમના અવતારની સમગ્ર પરિપૂર્ણતા અને વિધાયક વિભૂતિ-પ્રતિભાએ સર્જકોને સર્વદા પ્રેરણા આપ્યા કરી છે. ભક્તોનાં અને કવિઓના પરાક્રમોને પોથીને હરિયાળાં અને સજીવન બનાવ્યા છે. એ શ્રી કૃષ્ણે મુનશીની પ્રતિભા અને કલ્પનાને પણ પકડી અને પોતાના આધુનિક જીવનનાં સંદર્ભમાં અવતારવાની ફરજ પાડી.

### શ્રીકૃષ્ણનું સર્જન કરે છે!

મુનશી જેવા રંગદર્શી કલ્પના કસબી, પ્રતિભાના ખેલાડી, મેધાના મરમી અને હૃદયરસના પિપાસુ આવી તકને જવા દે? એમણે 'કૃષ્ણાવતાર' નામે નવલકથા આરંભી હતી. અત્યાર સુધી એની યોજનામાં જે ખાંડો પ્રસિદ્ધ થયા છે, તેમણે એક નવો આવિર્ભાવ બતાવ્યો છે. નવા જ જીવનરસની ઉછેર કરવા માંડી છે. દ્વાપર અને કળિયુગના સંધિકાળની સરહદે રચાયેલા મહાભારતને પાયામાં રાખીને મુનશીએ શ્રીકૃષ્ણના સર્વતોમુખી, સર્વતોભદ્ર અને સર્વાંગીણ જીવન સ્વરૂપને પોતાની તેજસ્વી કલમ વડે સર્જવા માંડ્યું હતું.

"ભગવાન પરશુરામ" ના સર્જક અને વંશજ આખરે શ્રીકૃષ્ણના જીવનરસમાં ડૂબ્યાં, ત્યારે જ તેમણે સાર્થકતા અનુભવી. અમે છેલ્લા મળ્યા ત્યારે તેમણે હસીને કહ્યું હતું કે, "મહાભારત, ગીતા અને કૃષ્ણ' એ ત્રણે ય સ્વતંત્ર સ્વરૂપે ગમે તેવી સર્જક પ્રતિભાને પડકારે છે. સર્જકમાં જો કસ, પાણી અને પ્રતિભા હોય તો એણે આ પડકાર ઝીલીને પોતાનામાં રહેલા સુવર્ણને પ્રગટ કરવા જેવું છે. શ્રી કૃષ્ણની જીવનકથા આલેખતાં મને મારા અંતરમાંથી આનંદ તો મળે છે પણ મારી અંદર જે ઘણાં ઊંડાણો અસ્પર્શ રહ્યાં છે, તેનો પણ મને સંસ્પર્શ થાય છે. માણસને આથી વધારે કયું સુખ જોઈએ?"

### પરમ સદ્‌ભાગી વ્યક્તિ

એમણે પોતાના નર્મદ વિષેના એક વ્યાખ્યાનમાં નર્મદને "અર્વાચીનોમાં આદ્ય" કહીને બિરદાવ્યો હતો. મુનશીની બહુરૂપી પ્રતિભાને સાચે સત્કારવી હોય તો એમ કહીએ કે તે "આધુનિકોમાં આદ્ય" હતા, છતાં "અર્વાચીનોમાં અદ્યતન પણ હતા, કારણ કે તેમની પ્રતિભા શાશ્વતીના રસાયનનો પૂર પામીને આત્મવીર્યથી ઓજસ્વી બની હતી. નહીં તો જેના જીવનમાં અહંના આણસારા સદાય વરતાતા રહ્યા હતા તે ભાર્ગવ વળી "કૃષ્ણાવતાર' ના સર્જનમાં પોતાની પ્રતિભાને શા માટે કૃતાર્થ કરે?

મુનશીએ જીવનના કિનારે ઊભા ઊભા પણ જે આનંદોત્સવ માણ્યો, તેણે તેમના જીવનને કૃતાર્થ કર્યું અને મૃત્યુને પણ અજવાળ્યું. મુનશી પરમ સદ્‌ભાગી માનવ હતા. ગુજરાતની અસ્મિતાના એ કુળદેવતાને કોટિ કોટિ વંદન હજો!

('ફૂલછાબ'માંથી સાભાર') **કિશનસિંહ ચાવડા**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૭૧, સોમવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ મારા પોતાના જ વિષે ☆

('કાદંબિની' નામના હિન્દી માસિકના ડિસેમ્બર માસના અંકમાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરના ૮૬ મા જન્મદિવસ–પહેલી ડિસેમ્બર ૧૯૭૦ ઉપર–"આપને હી બારેમેં" એ મથાળા નીચે તેમણે પોતે જ લખાવેલો લેખ પ્રગટ કરવામાં આવ્યો છે, તેનો અનુવાદ કાકાસાહેબની એક અન્તેવાસિની કુમારી બહેન પુષ્પા જોષીએ કરી આપ્યો છે. આ માટે બહેન પુષ્પાનો આભાર માનવા સાથે તેમનો અનુવાદ નીચે પ્રગટ કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું.

થોડા સમય પહેલાં પ્રબુદ્ધ જીવનમાં "ઘડપણની અસર માઠી નહિ પણ મીઠી" એ શિર્ષક નીચે પ્રગટ થયેલા કાકાસાહેબના લેખે અનેકનું આકર્ષણ પેદા કર્યું હતું. આ ઉમ્મરે પણ અન્તસ્તત્ત્વની ઊંડી પ્રસન્નતાનો અનુભવ કરતા અને કરાવતા એવા કાકાસાહેબનો આ લેખ પણ, આશા છે કે, એટલો જ આકર્ષક નિવડશે. પરમાનંદ)

ઉંમર વધે એમાં માણસનો શો પુરષાર્થ? જેમ આંગળાના નખ એની મેળે વધે છે, માથાના યા તો શરીર પરના વાળ એની મેળે ઊગે છે, એને માટે કશી મહેનત કે પુરુષાર્થ કરવો પડતો નથી એ જ વસ્તુ માણસની ઉંમર વિશે પણ છે.

જો કુદરતનો એવો નિયમ હોત કે નિત્ય વ્યાયામ કરનારો, આહાર–વ્યવહારમાં સંયમ કરનારો અને ચારિત્ર્યવાન માણસ જ દીર્ઘાયુ થઈ શકે તો તો મેં ઉંમરના ૮૫ વર્ષ પૂરા કર્યા એને માટે હું અભિનંદનને પાત્ર ગણાત. પણ આપણે જોઈએ છીએ કે સંયમી, અધ્યાત્મ-પરાયણ પૂર્ણ બ્રહ્મચારી પણ કોક કોક વાર અલ્પાયુ થાય છે, એથી ઊલટું કેટલાક વિલાસી અથવા દુરાચારી પણ લાંબી ઉંમર સુધી જીવી શકે છે. તેથી કહું છું કે મોટી ઉંમર એ કંઈ અભિનંદનનું કારણ હોઈ ન શકે.

આજકાલ લોકો મને પૂછે છે કે તમે આટલાં વર્ષ જીવ્યા તેનું રહસ્ય શું છે? હું તો એનું કોઈ ખાસ કારણ શોધી શકયો નથી; પણ વિનોદપ્રિય માણસ એવો સાચો પણ નિરસ જવાબ કેમ આપી શકે? તેમાં ય વળી હું એક તત્વજ્ઞ અથવા મનીષી ગણાઉં છું. એટલા ખાતર પણ મારે કોઈ ને કોઈ કારણ આપવું જ રહ્યું. તેથી જે વખતે જે કારણ સૂઝે છે તે વખતે એ જ જાણે મુખ્ય હોય એમ ભારપૂર્વક એ કારણ હું આગળ કરું છું. તમે પૂછો છો, તો બે ચાર ઉદાહરણ આપવા હું તૈયાર છું. આ ઉદાહરણોમાં કોઈક માત્ર વિનોદપૂર્ણ, કોઈ સાચા તો કોઈ પ્રેરણાદાયક પણ હોઈ શકે છે. કોઈએ મને પૂછ્યું કે રવીન્દ્રનાથના દીર્ઘાયુપણાનું રહસ્ય શું હોઈ શકે? જવાબમાં મેં કહ્યું ... "કારણ સ્પષ્ટ છે. કવિવરે બાળપણથી જ મૃત્યુ વિશે સુંદર સુંદર કવિતાઓ લખવી શરૂ કરી અને મૃત્યુ વિશે કયારે પણ કહેવાનું ચૂકયા જ નહિ. આમ બચપણથી જ એમનો મૃત્યુ સાથે સારો સંબંધ હોવાને કારણે મૃત્યુને સૂઝયું જ નહિ કે આ માણસને લઈ જવાનો સમય પાકી ગયો છે."

આમ કવિવરને તો મૃત્યુ જલદી ન જ લઈ શકયું. એક બીજું કારણ પણ છે; મૃત્યુએ વિચાર્યું હશે કે આ પૃથ્વી પર સૌ કોઈ મારી નિંદા જ કરે છે, આ એક કવિ જ એવો છે કે જે મને ચાહે છે, પ્રેમ કરે છે, મારો પક્ષ તાણે છે, એટલું જ નહિ, મારા વિશે સારું સારું લખે પણ છે, અરે! મારાં વિશે ગીતો ગાય છે! તો આને મનુષ્યલોકમાં જેટલો વધારે રાખ્યું તેટલું મારા માટે વધુ લાભદાયક છે. આથી મૃત્યુએ એમને વધુમાં વધુ દિવસો સુધી આ દુનિયામાં રહેવા દીધા.

હવે જ્યારે મેં ૮૫ મા વર્ષમાં પ્રવેશ કર્યો તો લોકો મને એ જ પ્રશ્ન પૂછવા લાગ્યા. ત્યારે મેં પણ એ જ જવાબ આપવો શરૂ કર્યો છે. મારો પક્ષ કરતું મારું પુસ્તક 'પરમ સખા મૃત્યુ' સ્નેહીઓ સમક્ષ ધરી દીધું છે, પ્રસંગે ધરી દઉં છું. આની અસર એ થઈ કે કેવળ સ્નેહીજન જ નહિ, અપરિચિત પણ એને વાંચવા લાગ્યા અને વાંચ્યા બાદ પોતાની ખુશી જાહેર કરતા પત્રો લખવા લાગ્યા કે, મૃત્યુના વિષય પર લખીને આપે બહુ સુંદર જીવન-દર્શન અમને આપ્યું છે, ત્યારે મેં આવા લોકોને વિલિયેમ જેમ્સના (૧૮૪૨-૧૯૧૦) "The Varieties of Religion" નામના પુસ્તકમાંથી "The Religion of Healthy–mindedness" વાળું પ્રકરણ વાંચવા કહ્યું. સાથે એ જ ગ્રંથનું બીજું પ્રકરણ "The Sick Soul" ની પણ સિફારસ કરી, જેથી લોકો જીવનમાં બેઉ પલ્લાં વિશે જાણકારી મેળવી શકે.

આપ સૌ જાણો છો કે હું સ્વભાવથી રખડુરામ છું. ભગવાને મને રખડવાનું સૌભાગ્ય પણ આપ્યું છે. આથી શિક્ષણશાસ્ત્રી–કેળવણીકાર હોવાને નાતે હું લોકોને સમજાવું છું કે યાત્રા કરવી, દેવદર્શન કરવું, નવા નવા લોકોને મળવું, નવી નવી સંસ્કૃતિનું અવલોકન કરવું અને ભાત–ભાતના ચિન્તકો સાથે સાંસારિક પ્રશ્નો પર ચર્ચા કરીને તત્ત્વજ્ઞાનનાં ઊંડાણોમાં ઊતરવું એ જ ઉત્તમ પ્રકારનું શિક્ષણ છે–કેળવણી છે. અને આવા પ્રકારના જીવન દ્વારા મનુષ્યનાં તન અને મનને નિત્યનવી તાજગી મળી રહે છે. આ તાજગીના કારણે હું સ્વસ્થ રહું છું અને દીર્ઘાયુ પ્રાપ્ત કરી શકયો છું.

આ ઉત્તરથી લોકોને કદાચ સંતોષ પણ મળતો હશે; તેઓ કહે છે, "વાત સાચી છે, આપના ચિંતનની અંદર તો અમને તાજગી અને નવીનતા સાંપડે જ છે; પણ વાર્તાલાપમાં પણ કયાંય થાક નથી જણાતો."

'હિમાલયનો પ્રવાસ' નામનું મારું પુસ્તક વાંચીને કેટલાય લોકો હિમાલયની યાત્રા પણ કરી આવ્યા છે. તેઓ પણ કહે છે કે આપનું પુસ્તક સાથે રાખીને યાત્રા કરવાથી નવા અનુભવ મળે છે. યાત્રાનો આનંદ પ્રાપ્ત કરવો એ પણ એક કલા છે.

'યાત્રાનો આનંદ' પ્રાપ્ત કરાવવા હું મારું, "યાત્રાનો આનંદ" નામનું પુસ્તક પણ ધરી દઉં છું, જેમાંથી દુનિયા આખીનું યત્કિંચિત ચેતન સાંપડી શકે છે.

અરે, હું તો મારાં પુસ્તકોની જાહેરાત આપવા લાગ્યો! આ તો બંધ કરવું જોઈએ.

હું માનું છું કે જીવનમાં પરસ્પરવિરોધી કહી શકાય તેવાં બે તત્ત્વો છે. પોતાની પરિસ્થિતિની સાથે તથા હરેક પ્રકારના લોકો

સાથે પૂરી સહાનુભૂતિથી તાદાત્મ્ય અનુભવવું અને એ માટે જીવનને સેવામય બનાવવું, આ છે એક તત્ત્વ. અને સુખદુઃખમય આ દુનિયામાં કર્તવ્યપરાયણ જીવન જીવતાં જીવતાં જ્ઞાનયોગની મદદથી અલિપ્ત ભાવથી રહેવું અને સુખદુઃખ લાભહાનિ વગેરે દ્વન્દ્વો વચ્ચે તટસ્થ રહેવું આ છે બીજું તત્ત્વ. હું માનું છું કે એકલું તાદાત્મ્ય અનુભવવું તે પૂરતું નથી. કારણ કે એથી કંઈક પળોજણોનો અનુભવ થાય છે. એકલું તાટસ્થ્ય જીવનવિમુખ બનાવી દે છે, જેથી સમસ્ત વેદાંતવિદ્યા જ વિફલ નીવડે છે. તાદાત્મ્ય અને તાટસ્થ્યનો સમન્વય કરવો છે. આ જ સાચો જીવનયોગ. આ જીવનયોગની સાધના જે કરે છે, તેનું માનસિક સ્વાસ્થ્ય તો સારું રહે જ છે, સાથે તેના શારીરિક સ્વાસ્થ્ય પર પણ સારો એવો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. આવા જ જીવનયોગની સાધના હું અજાણપણે કરતો આવ્યો છું. કદાચ મારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યનું પણ આ જ કારણ હોઈ શકે.

કેટલાક લોકો સુખની સાથે તાદાત્મ્ય અનુભવવાની કલા પ્રાપ્ત કરી લે છે અને દુઃખ આવી પડતાં તરત તાટસ્થ્યનું કવચ પહેરીને પોતાને સંતુલિત કરી લે છે. આને હું યોગ નહિ કહું. આ તો છે કેવળ ચાતુરી. આની પણ જીવનમાં કિંમત જરૂર છે, પણ આ ધોખાનો માર્ગ છે – દગાનો રસ્તો છે. આમાં અમુક સમય સુધી ભલે સફળતા મળી શકતી હોય, પણ એ જીવનયોગ નથી. મારામાં કોઈ જાતનું ચાતુર્ય નથી, એટલે પણ હું સુરક્ષિત છું. લોકો મને પૂછે છે કે આગળ ચાલતાં મારો જીવનક્રમ શો હશે?

હું કહું છું કે મેં કયારેય મારો જીવનક્રમ બનાવ્યો જ નથી. મારા જીવનસ્વામીએ એ ભાર પોતાના શિરે લઈ લીધો છે. જે જે ક્રમ નિશ્ચિત રૂપથી સામે આવી પડે છે, એને સ્વીકારી લઉં છું અને જ્યારે એક જીવનક્રમ તૂટી જાય છે ને બીજાને માટે માર્ગ મોકળો કરતો હોય છે ત્યારે હું આ યોજનાને ઓળખી લઉં છું.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ આ બન્ને શબ્દોનો લોકો વ્યવહારમાં પ્રયોગ કરે છે, પરંતુ તેનો પૂરો અર્થ સમજ્યા વગર જ. કંઈ ન કરવું – તે નિવૃત્તિ નથી. જો હું મોક્ષાર્થી બનીને, કાશી યા તો રામેશ્વરમ્ અથવા હિમાલયની યાત્રા પૂરી કરું, તો આ થઈ પ્રવૃત્તિ. અને યાત્રા પૂરી કરીને ઘરે પાછો ફરું, તો ઘરે પાછા ફરવું તે થઈ નિવૃત્તિ! જો કે આમાં યાત્રાનું તત્ત્વ તો રહે જ છે. કર્મપરાયણતા ઉભયમાં છે. તો ય હેતુમાં બહુ મોટો તફાવત છે. જીવન પણ એક કલા છે. આમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેને સ્થાન છે. બન્નેમાં પુરુષાર્થ છે. અંતર છે કેવળ હેતુ–ઉપદેશ બાબતનું.

ઇન્દ્રિયો ક્ષીણ થાય છે, પરંતુ મનની તાજગી જેવી હોય તેવી બરાબર રહી શકે છે. વૃદ્ધાવસ્થાનું આ લક્ષણ છે. બાદમાં મનની શક્તિઓ પણ ક્ષીણ બનવા માંડે છે. ત્યાંસુધીમાં મનુષ્યે જો જીવન-સાધના અને આત્મસાધના નિયમિત કરી લીધી હોય, તો મનની દોડધામ ઓછી થવાને લીધે મનુષ્યને નિરાશ નથી થવું પડતું.

એક માણસ બર્મા ગયો. ત્યાં તેણે વેપાર શરૂ કર્યો. યંત્રકારખાનાં ખોલ્યાં. ખૂબ ઉન્નતિ સાધી. જ્યારે બુઢાપો આવ્યો ત્યારે તેણે પોતાની પ્રવૃત્તિ ઘટાડી. પરંતુ એ પ્રવૃત્તિમાંથી લાભ મળતો રહે, એવી વ્યવસ્થા એણે કરી લીધી. વેચવા જેવી ચીજો વેચી કાઢી. સાર્વજનિક સેવાર્થે સારા પ્રમાણમાં દાન કરી લીધું. હવે આ બધી પ્રવૃત્તિમાંથી જે મૂડી એકત્ર થઈ શકી તે લઈને તે ઘેર આવ્યો. અને પોતાના અનુભવનો લાભ બાળકોને આપીને તેમને કહ્યું,

–"હું નિવૃત્ત છું, પરંતુ જે મૂડી અને અનુભવ લઈને આવ્યો છું, તેનાં વડે તમે તમારો પુરુષાર્થ પેદા કરો. જ્યાંસુધી હું જીવતો છું ત્યાંસુધી મારી સલાહ તમને મળતી રહેશે. પરંતુ હું સમજી શકું છું કે નવી પરિસ્થિતિમાં જૂનો અનુભવ કામ નથી આવતો. આથી જ ઘણું ખરું અનુભવી, કુશળ પરંતુ નિવૃત્ત બુઢ્ઢા લોકોની સલાહ અમાન્ય રાખવી પડે છે. આને માટે પણ હું તૈયાર છું. મારી સલાહ માનો કે ન માનો, પણ હું તો કૃતાર્થ, શાંત અને પ્રસન્ન રહીશ. અને અંત સુધી તમને આશીર્વાદ આપતો રહીશ."

અનુવાદ: પુષ્પાબહેન જોશી

મૂળ હિંદી: અપૂર્ણ કાકાસાહેબ કાલેલકર

# * જીવનમાં વસંત *

## એક નવોઢાની સ્વગતોક્તિ

(આકાશવાણી–અમદાવાદ મથકેથી પ્રસારિત)

હજી તો ગઈકાલની જ વાત છે. કેટલા દિવસથી શરીરને કંપાવી નાંખે એવા ઠંડા વાયરા સતત વાતા હતા. બપોરે બાર વાગે પણ મારી ઉત્તર દિશાની બારી હું ખોલી શકતી નહોતી.

અને ગઈકાલે સવારમાં ઊઠતાં જ મારાથી એ બારી ખોલાઈ ગઈ, અને આહા! ખોલતાં વેંત જ આછા આછા ઉષ્માભર્યા ઓતરાદા વાયરા ઘરમાં લહેરાવા લાગ્યા! મને તરત યાદ આવ્યું ઓહો આજે તો વસંતપંચમી! વસંત ઋતુની મધુર મંગલ શરૂઆત! મારું મન ગાઈ ઉઠ્યું:

"કોકિલ, પંચમ બોલ બોલો,
કે પંચમી આવી વસંતની!
મંજરી મત્ત થઈ ડોલો, – કે પંચમી .....
આતમ, આંતરપટ ખોલો – કે પંચમી ....."

(ઉમાશંકર જોશી)

અને ખરેખર, મારા આમંત્રણને સ્વીકારતા કોકિલના ટહુકાર આંબાડાળે ગૂંજવા માંડ્યા! "કૂ...ઊ" "કૂ ઊ" ના નાદમાં મારું હૃદય પણ ટહુકવા લાગ્યું–

"કોકિલે પંચમ ગાયો,
સૂરનો ધૂપ છવાયો,
રંગ છાયો, રંગ છાયો રે"

(બાલમુકુન્દ દવે)

સાથે વસંતઋતુના આગમન સાથે પ્રકૃતિના અંગેઅંગમાં કોઈ નવી ચેતના, નવો ઉલ્લાસ, નવું જ કાવ્ય, જાગી રહ્યું છે. કોઈ નવા જ પ્રાણસંચારથી કુદરત આખી મલકવા માંડી છે – બંધ કળીઓનાં હૃદયદ્વાર પર ભ્રમરના ગુંજારવ રણકવા માંડ્યા છે અને જુઓ તો ખરા, આ કળીઓ તો એનાં કોમલ દલ ખોલવાં પણ લાગી. એની રંગબેરંગી પાંખડીઓમાં હૈયાના કેટકેટલા મુગ્ધ ભાવો રેલાઈ રહ્યા છે!

"કલી કલી ગુંજે અલિગૂંજારવ
મદભર મત્ત પરાગે,
સરવર ઊઘડે કમલ કટોરી
કિરણ–સ્પર્શ અનુરાગે –
–નૂતન વસન્તનર્તન જાગે
વનવન બાગે બાગે –"

(બાલમુકુન્દ દવે)

આ લજ્જાભારે લચી રહેલી મંજરી પણ કેવી લાગે છે! મારી જેમ એના હૃદયમાં પણ કેવાં કેવાં શમણાં સંતાયેલાં હશે!

વસન્તના આગમન સાથે મારા મનમાં પણ કોઈ મધુર આકુલતા જાગવા લાગી છે. મારી વાણી હવે મૌનના બંધનમાં કયાં સુધી રૂંધાઈ શકે? મારું મ્હેક મ્હેક થતું અંતર –

"મ્હેક મ્હેક ઉર થાય પરાગે
પાંખડિયે બંધાયે શેં?
સૂરધાર ભીતર રણઝણતી
મૌન ધર્યે રૂંધાયે શે?"

(ગીતા પરીખ)

શિશિર–હેમન્તમાં થીજી ગયેલા ને પાનખરમાં ખરી ગયેલા મારા હૈયાના ભાવોને વસન્તે નવો થનગનાટ આપ્યો છે. જાણે કે શાંત સરોવરમાં અવનવી લ્હેરખીઓ રમવા લાગી ન હોય! મારા શૂન્યસ્તબ્ધ અંતરમાં કોઈ અજાણ હૃદયમૂર્તિ આકાર લઈ રહી છે! આજ સુધી કદી કલ્પી પણ ન હોય તેવી કોઈ પ્રિયતમ વ્યક્તિના મિલનનાં આશાકૂંપળો એકાએક ફૂટવા લાગ્યાં છે–એના આગમનના છડીદાર સમા વાસંતીવાયરા મારા હૃદયને કેવી છાની ઉષ્મા આપી જાય છે! બારીબહાર ડોકાતો પેલો આંબો કેવો મ્હોરવા

લાગ્યો છે! એના મ્હોરની તૂરીમીઠી સુગંધ માણતું હોયું કોઇ મધુર વેદના સાથે ગાઇ ઊઠે છે –

"મ્હોરી મ્હોરી આંબલિયાકેરી ડાળ રે,
એ રત આવી ને રાજ, આવજો!
ઝીલે નીરે સારસ સરોવર પાળરે
એ રત આવી ને રાજ, આવજો!
કુંજે-કુંજે વાધા સજ્યાં નવરંગ રે
એ રત આવી ને રાજ, આવજો!
"ચન્દ્ર હંસી અજવાળે રજનીનાં અંગ રે,
એ રત આવી, ને રાજ, આવજો!"

(ન્હાનાલાલ)

રાતની આશાઓને ભૂલવા ને પ્રભાતનો સોનેરી તડકો માણવા હું જરા બાગમાં પગ માંડું છું.

અને આ શું?

વસંતે બાગમાં બધે જ જાણે એના આગમનની જાહેરાતો ચોડી દીધી છે કે શું? જોઉં જોઉં ને ધરાઉં નહીં એવી મધુર મુગ્ધતા ચોમેર ફેલાઇ રહી છે. પેલા લત્તામંડપમાં બે કન્યાઓ ફૂલ ચૂંટી રહી છે. જુઓ તો, એના હલકભર્યા કંઠમાં પણ બેઉ જાણે કે મારું જ હૃદય ગાઇ રહી છે ને?

"રાજ! કોઇ વસંત લ્યો, વસંત લ્યો!
હાં રે મ્હારી ક્યારીમાં મ્હેક મ્હેકી
–હો રાજ! કોઇ વસંત લ્યો!
"રાજ! વીણી કળીઓ મ્હેં નેત્રમાં ઊઘાડી,
હાં રે મ્હારે હૈયે –લલાટે વધાવી
–હો રાજ! કોઇ વસંત લ્યો!"

(ન્હાનાલાલ)

–આ કૂણી કૂણી કળીઓ, આ મધમધતાં ફૂલો, આ વાયરે ઝૂલતી વેલો ને આ ટહૂકે મ્હોરતો આંબો–બધાં ખરાં છે! મારામાં પોતાનાં પ્રતિબિમ્બ જોવા માટે મારા હૃદયમાં પણ બસ એ જ ગાન રેલાવી દે છે! અને વળી એની ચાડી ખાવામાં મજા આવતી હોય એમ હવામાં વ્હેતી સુગંધ દ્વારા મારી વસંતની વાતો ચોમેર ફેલાવી દે છે! પણ એમાં હું તે વળી શું કરું? મારું જ મન મારું માનતું નથી ને વસંતની સાથે તણાયે જાય છે ત્યાં બીજાનો તે શું વાંક?

પ્રકૃતિ જેમ જીવનમાં પણ બધી ઋતુઓ છે, પરંતુ વસંત કંઇક અનન્ય લાગે છે. એના સુરભિત વ્હેણમાં બસ તણાયાં જ કરવાનું મન થાય છે – એની એક એક પળમાં કોઇ મીઠી અધીરાઇ–પિયુ-મિલનની તાલાવેલી – ભરી છે. અને એવી એ પળે પળે આગળ વધતાં આવે છે ફાગણ! ફાગણ! એનાં માદક ઉલ્લાસે કેમ હૈયાને ચગાવતો ફાગણ મારા જીવનમાં પણ...જુઓ તો ખરા!

"કોઇ ઊંચેરી ખાખરાની ડાળે
કેસૂડે રંગ લીધા,
નવા ફાગણના લૂમઝૂમ ફાલે
કેસૂડે રંગ લીધા,
પછી શણગારી ડાળીઓ સૂકી
કેસૂડે રંગ લીધા,
પાને પાને ફૂમતડાં મૂકી
કેસૂડે રંગ લીધા –"

(ઇન્દુલાલ ગાંધી)

–અને ઓહોહો!

મારા આ જીવનમાં પણ, ઓહો, મારો "કેસૂડો કામણગારો" એકાએક ખીલી ઊઠયો છે! કેટકેટલા સહરાના રણની તરસથી હું જેને ઝંખતી હતી તે, મારા અંતરતમનો નાથ, મારો પિયુ, આવ્યો છે! પિયુ આવ્યો છે ને કેસૂડાંની લાલાશે લાલાશે મારા હૈયામાં લહેરાયો છે એના પદરવ સાથે જ કોઇ અદ્‌ભુત રોમાંચથી મારું આખું હૃદય કંપી ઊઠયું છે. મારા અંગેઅંગમાં નવનવી કળીઓ ખીલી ઊઠી છે. એકએક પુષ્પિત બની ઊઠેલી પ્રાણવલ્લરી કોઇ અદમ્ય આનંદે ઝૂલી રહી છે – મારા સમગ્ર જીવનમાં વ્યાપી જતી વસંત કોઇ અનેરા ઉલ્લાસે ગાઇ ઊઠી છે –

"ફાગણ ફટાયો આયો,
કેસરિયા પાઘ સજાયો,
જોબનના જામ લાયો
રંગ છાયો, રંગ છાયો રે!"

(બાલમુકુન્દ દવે)

–અને આ રંગમાં તરવરતાં પેલાં ફાગણનાં ફૂલ કેવાં મજાનાં લાગે છે! એ હૃદયને ચટકે ને ડંખે તોયે મીઠાં જ લાગે ને? કામદેવને પણ મુંઝવણ થાય છે કે મારે ઘડીભર પણ વિસામો કેમ લેવાશે? એવાં રંગીલાં ફૂલોની મ્હેક રોમેરોમે .....

"રૂંવે રૂંવે મ્હેક મધુરવી ચટકે,
હરીફરીને નજર ત્યાં જ બસ અટકે,
નેન મીંચાતાં કાન મહીં કૈં બોલે રે બુલબુલ
ફાગણિયાનાં ફૂલ".

(દિનેશ કોઠારી)

–અરે હવે તો મારા અંતરના ઉમંગને કોઇ માઝા નથી! એના પડઘા જ મને સર્વત્ર સંભળાય છે. સાંભળો તો ખરાં પેલા જોબનના ઝોલે ચગેલા ગોપગોપી કેવી મીઠી ગોષ્ટી કરી રહ્યાં છે!

"ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય
કે ચૈતર કોણે દીઠો રે લોલ?"
"વ્હાલા મારા, જોબન ઝોલાં ખાય
કે ઝૂલણો લાગે મીઠો રે લોલ!"
"ગોરી મોરી, હૈયાં ઢળી ઢળી જાય
કે ઝૂલશો ક્યાં લગી રે લોલ?
વ્હાલા, મારા, ઝૂલણો મેલ્યો ન જાય
કે ઝૂલશું જિન્દગી રે લોલ!"

(ઉમાશંકર જોશી)

–ખરે જ, આ વસંતનો ઝૂલણો મેલ્યો ન જાય એવો જ છે! એની મધુરપ એવી અદ્‌ભુત છે કે બીજી બધી ઋતુઓ આવશે ને જશે, પણ માનવહૃદયમાં વસંત તો સદાય માટે મઢાઇ જ જશે. જીવનઉત્સવની જે કંઇ વસંતક્ષણો માણવા મળી હશે તે મારા જેવા અનેક રસિક હૃદયોમાં શાશ્વત બની જશે. યુગોના યુગો જેવી લાંબી પાનખરોને પણ એ મધુર ક્ષણોને આધારે હું જીરવી શકીશ. એ થિર–વાસંતી વાયરે હું ત્રિવિધ તાપને પણ હઠાવી શકીશ.

મારી આ વસંતમાધુરી હું મારા હૈયામાં સાચવીને સંધરી લઉં છું. રખે ને કોઇ એને છનવી લે તો? મારી આ મસ્ત જીવન-વસંત મારું પ્રાણબળ છે. મને એ માણવા દો! હજી માણવા દો! બસ, માણવા જ દો!

**ગીતા પરીખ**

---

* જે માણસ ધન કમાય છે પણ ખર્ચતો નથી એ એવો ગધેડા જેવો છે કે જેની પીઠ પર સોનું ભરેલું છે અને એ ઘાસ ખાઇને ખુશ રહે છે.

– બરટન

* સ્નેહીજન મૃત્યુ પામી આપણાથી અલગ થાય એ આઘાત તો કાળે કરીને ય સહ્ય બની શકે, પરંતુ જુદા પડીને જીવવું–આવી યાતના તો કદાચ બીજી કોઇ નહીં હોય.

– લેન્સડાઉન

# આગામી ચૂંટણી : તંત્રીની મુંઝવણ

આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે એટલે કે માર્ચ માસની પહેલી તારીખથી લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો હશે. દેશનું નવું બંધારણ નક્કી થયા બાદ લોકસભાની આ પાંચમી વારની ચૂંટણી છે. દેશનું જીવન ઘડવામાં લોકસભા ઘણો મહત્વનો ભાગ ભજવે છે અને તેથી લોકસભામાં કોણ કોણ ચૂંટાઈને આવે છે અને કયો પક્ષ સત્તા ઉપર આવે છે તેનું પણ એટલું જ મહત્વ છે. પ્રારંભમાં આપણામાંના મોટા ભાગના મન ઉપર કૉંગ્રેસનો અસાધારણ પ્રભાવ હતો. એમ છતાં કૉંગ્રેસ પોતાના શાસનકાળ દરમિયાન લોકજીવનને ઊંચે લાવવામાં ધારી સફળતા પ્રાપ્ત કરી શકી નથી; તેની બહુમતીનું પ્રમાણ ઘટતું ગયું છે. કેટલાક રાજ્યોમાં સંયુક્ત સરકારો રચવી પડી છે. આમ નિર્બળ બનતી જતી કૉંગ્રેસના દોઢેક વર્ષ પહેલાં ભાગલા પડયા છે અને કૉંગ્રેસ સંસ્થાકીય કૉંગ્રેસ અને શાસક કૉંગ્રેસમાં વહેંચાઈ ગઈ છે. કેન્દ્રમાં પ્રતિષ્ઠિત શાસક કૉંગ્રેસના આગેવાન શ્રીમતી ઈન્દિરા ગાંધીને પોતાનું શાસન ટકાવવા માટે અન્ય પક્ષોનો ટેકો લેવાની ફરજ પડી છે. સંસ્થાકીય કૉંગ્રેસે એક વિરોધપક્ષનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને તેનો સતત પ્રયત્ન ઈન્દિરા ગાંધીને સત્તા ઉપરથી હઠાવવાનો રહ્યો છે.

આજે ચૂંટણીના ટાંકણે શાસક પક્ષ લોકસભામાં બહુમતી મેળવવાના હેતુથી એકલો લડી રહ્યો છે એટલે કે તેણે કોઈ રાજકીય પક્ષ સાથે સીધું જોડાણ કર્યું નથી; સંસ્થાકીય કૉંગ્રેસે ઈન્દિરા ગાંધીને હરાવવાના હેતુથી જનસંઘ, સ્વતંત્ર અને એસ. એસ. પી. સાથે જોડાણ કર્યું છે. અલબત્ત, વખત આવ્યે શાસક પક્ષ સામ્યવાદી પક્ષ અને મુસ્લિમ લીગનો સાથ મેળવવાની અને એ રીતે પણ પોતાને તક મળે તો પોતાનું શાસન ટકાવી રાખવાની આશા સેવે છે.

આજની આવી પરિસ્થિતિમાં 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને ચૂંટણી અંગે માર્ગદર્શન આપવાનો પ્રશ્ન ઘણી મુંઝવણ પેદા કરે તેવો છે. આમ છતાં 'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં મતદારો જોગ કેટલીક વ્યવહારૂ સૂચનાઓ તો આપવામાં આવી છે. મુસ્લિમ લીગ તો સ્પષ્ટપણે કોમવાદી છે; સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવતાં કેવા અનર્થો નિપજાવી શકે તેમ છે તે તો આપણા તાજેતરના અનુભવનો વિષય છે. પશ્ચિમ બંગાળની–કલકત્તાની–આજની પરિસ્થિતિ માટે તે પક્ષ ઘણા મોટા ભાગે જવાબદાર છે. દેશના સમગ્ર કલ્યાણનો વિચાર કરતાં આ પક્ષોને કે તેના ઉમેદવારોને આપણે ટેકો આપી ન શકીએ.

જનસંઘ અશંત: કોમવાદી છે એમ છતાં તેણે સંસ્થાકીય કૉંગ્રેસ સાથે જોડાણ કર્યું છે અને એ રીતે તેનો રાહ અમુક અંશે તેણે સ્વીકાર્યો છે. એસ. એસ. પી. એ તેમ સ્વતંત્ર પક્ષે પણ સંસ્થાકીય કૉંગ્રેસ સાથે ચાલવાનું પસંદ કર્યું છે. પ્રજાસમાજવાદી પક્ષ કોઈ કોમી પક્ષ નથી અને તેનું વલણ શાસક કૉંગ્રેસ તરફ હોય એમ લાગે છે. આ રીતે આજની ચૂંટણીમાં શાસક પક્ષ અને સંસ્થાકીય કૉંગ્રેસ પક્ષ તથા તેના સાથીદાર પક્ષો વચ્ચે ચૂંટણીનો મુખ્ય વ્યૂહ રચાયો છે. બન્ને પક્ષો કેવળ સત્તાલક્ષી છે અને સાધ્યસાધનનો વિવેક બન્નેએ ગુમાવ્યો છે. કયો પક્ષ સત્તા ઉપર આવવાથી દેશનું કલ્યાણ સધાશે તે કહેવું મુશ્કેલ છે. ઊલટું કોઈ પણ પક્ષ સત્તા ઉપર આવે તો પણ જેટલી દેશના કલ્યાણની સંભાવના છે તેટલી જ દેશનું અકલ્યાણ થવાની પણ સંભાવના હોય એમ લાગે છે. આવી પરિસ્થિતિમાં ઉપર જણાવેલી પક્ષમર્યાદા ધ્યાનમાં રાખીને તેમજ ઉમેદવારની યોગ્યતા અયોગ્યતાનો પૂરો ખ્યાલ કરીને જે ઉમેદવાર ઉપર મન ઠરે તેને જ મતદારોએ મત આપવો–આવી સૂચના કરવાનું યોગ્ય લાગે છે. આમ છતાં અમુકને તો મત આપવો જ જોઈએ એવો આગ્રહ ધરાવવાની–આજની પરિસ્થિતિમાં–મને કોઈ જરૂર લાગતી નથી. આમ કહીને મતાધિકારના મહત્વને ઓછું મુલવવાનો મારો આશય નથી, પણ આજના મુંઝવતા સંયોગોમાં મતદાર પોતાની આંતરસુઝ પ્રમાણે મતના અધિકારનો ઉપયોગ કરવાને જેટલો સ્વતંત્ર છે તે મુજબ પોતાના મતના અધિકારનો અમલ નહિ કરવાને પણ તે તેટલો જ સ્વતંત્ર છે.

પરમાનંદ

# પૂર્વજન્મસ્મરણની એક ઘટનાનું પ્રમાણભૂત નિરૂપણ

કેટલાક સમય પહેલાં ગુજરાત વિધાનસભાના રિપોર્ટર અને પ્રાચ્યવિદ્યાના સંશોધક સાક્ષરવર્ય શ્રી રસિકલાલ છોટાલાલ પરીખને અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને મળવાનું બનતાં અને પુનર્જન્મના સિદ્ધાન્તની તેમની સાથે ચર્ચા નીકળતાં, ૧૯૬૧ ની સાલમાં બનેલ પુર્વજન્મસ્મરણને લગતી એક સત્ય ઘટનાની તેમણે મને કેટલીક વિગતો સંભળાવેલી, અને એ વિષયમાં મને વધારે રસ પડવાથી તેમણે કેટલીક જાતતપાસ કર્યા બાદ બહેન રાજુલ કે જેની સાથે આ ઘટના સંબંધ ધરાવે છે તેના પિતામહ શ્રી. વી. જે. શાહ–જેઓ રીટાયર્ડ એન્જિનિયર છે અને વાંકાનેર ખાતે નિવૃત્તિ–નિવાસ ભોગવે છે તેમના તરફથી મળેલ પ્રસ્તુત પૂર્વજન્મસ્મરણની કડિબદ્ધ વિગતો રજુ કરતા તા. ૧-૨-૬૬ ના અહેવાલની મને એક નકલ આપી. આ નકલ વાંચીને મારૂં મન ખૂબ પ્રભાવિત બન્યું, અને આ અહેવાલ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મેં તેમની અનુમતિ માગી. તેમણે મને જણાવ્યું છે કે આવી બાબતોમાં સામાન્ય વાંચકોને કેવળ કુતુહલથી વધારે ઊંડા ઉતરવાની ઇચ્છા હોતી નથી અને તેથી કોઈ ખાસ લાભ થવા સંભવ નથી. એમ છતાં મારો આગ્રહ હોય તો શ્રી. વી. જે. શાહ જેઓ હાલ સોનગઢના સ્વાધ્યાય મંદિરમાં શ્રી કાનજી મુનિના સાન્નિધ્યમાં રહે છે તેમને મારે પત્ર લખીને પૂછાવવું. આ મુજબ શ્રી વી. જે. શાહ ઉપર પત્ર લખતાં અને બહેન રાજુલની વર્તમાન કાળે પ્રસ્તુત સ્મરણ અંગે કેવી માનસિક પરિસ્થિતિ છે એ વિષે પુછાવતાં તેમના તરફથી ૩૧-૧૨-૭૦ ની તારીખનો લખેલો નીચે મુજબ જવાબ મળ્યો :

"ચિ. રાજુલ માટેનું મારૂં લખાણ આપ ખુશીથી પ્રસિદ્ધ કરી શકો છો. તેમાં મારી પૂરી સંમતિ છે. હજુ પણ રાજુલને તે પૂર્વસ્મરણ પહેલાં જેવું જ યાદ છે; પણ હવે અમને બધાંને પહેલાં જેટલી કુતુહલવૃત્તિ ન હોય એટલે પૂછીએ નહિ અને એટલે તે બોલે નહિ; પણ યાદ બરોબર છે.

"હમણાં થોડા વખત પહેલાં આ વિષયના એક નિષ્ણાત, જેમણે આખી દુનિયામાં આવા કિસ્સાઓનું સંશોધન કર્યું છે તે અમેરિકાના ડૉ. સ્ટીવન્સન વગેરે અહિં સોનગઢ રાજુલને જોવા માટે અને બધી હકીકત જાતે સાંભળવા માટે આવેલ હતા. તેઓ તથા યુ. પી. ના ડૉ. જમનાપ્રસાદજી વગેરે અહિં છ આઠ કલાક રોકાયેલા. તેમને પણ રાજુલે બધી વાત કરી હતી. અલબત્ત, હવે તે મોટી થઈ એટલે જરા સંકોચ અનુભવે છે. ડૉ. સ્ટીવન્સને આ બાબતમાં કેટલાંક પુસ્તકો લખેલ છે, અને હવે પછી એકાદ વર્ષમાં પ્રસિદ્ધ થનાર બીજા પુસ્તકમાં તેઓ રાજુલનો કિસ્સો દાખલ કરવાના છે. મેં તેમને પૂછેલ ત્યારે તેમણે કહ્યું કે "રાજુલના કિસ્સાથી હું ઘણો જ પ્રભાવિત થયો છું." તે સહેજ આપની પણ જાણ માટે.

"મુ. શ્રી રસિકલાલભાઈ પરીખે રાજુલની બાબતમાં ઊંડો રસ દાખવેલ છે. તેઓ વાંકાનેર મારે ત્યાં આવી ગયા હતા. સાથે ડૉ. પ્રિયબાળાબહેન પણ હતાં.

"હું હમણાં અહિં સોનગઢમાં જ રહું છું. પત્ર લખો તો સોનગઢ (સૌરાષ્ટ્ર) ના સરનામે લખશો."

આ રીતે પ્રસ્તુત વર્ણન પ્રગટ કરવાની અનુમતિ આપવા માટે શ્રી વ્રજલાલભાઈનો આભાર માનું છું. પ્રસ્તુત વર્ણન 'પ્રબુદ્ધ જીવન' નાં આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

અપૂર્ણ

પરમાનંદ

# હિંસા–અહિંસા વિષે વિશેષ ચર્ચા

(તા. ૧-૨-૭૧ ના પ્રબુદ્ધ જીવનમાં 'શું આ પણ વિનોબાજીની વાણી છે?" એ મથાળા નીચેની નોંધ અંગે મળેલો શ્રી સાવિત્રી બહેન તરફથી મળેલો પત્ર અને તેમની ઉપર પાઠવવામાં આવેલો જવાબ બન્ને નીચે અનુક્રમે આપવામાં આવે છે. તંત્રી)

## સૌ. સાવિત્રીબહેનનો પત્ર

અમદાવાદ, ૩-૨-૭૧

આદરણીય શ્રી પરમાનંદભાઇ,

તા. ૧-૨-૧૯૭૧ ના 'પ્રબુદ્ધ જીવન' માં આપે શ્રી હેમભાઇનો શેરડીવાળો પ્રસંગ ટાંક્યો છે તે વખતે બોલાયલા વિનોબાજીના, "રાગદ્વેષ રહિત બનીને લડો. ડાકુઓને, શરાબીઓને, વ્યભિચારીઓને મારવામાં દોષ નથી ..." વગેરે શબ્દો આપને આશ્ચર્ય પમાડે છે. આપને લાગે છે કે અહીં વિનોબાજી ગાંધીજીથી દૂર હટી ગયા છે, અને અહિંસાને આધારે ઊભા નથી, પણ હિંસાની ભૂમિ પર પહોંચી ગયા છે.

હું આપની સાથે સહમત નથી. ગાંધીજીએ પણ એવા કેટલાક ઉદ્‌ગારો કાઢ્યા છે અને એમના જીવનના એવા કેટલાક પ્રસંગો છે જેના ઉપરથી આપ એમના ઉપર હિંસક થવાનો દોષારોપણ કરી શકો. જેમ કે સન્ '૪૭ માં એમણે કાશ્મીરમાં ફોજ મોકલવાની સમ્મતિ આપી. આશ્રમમાં અસાધ્ય રોગથી પીડાતા વાછરડાને બંદૂકની ગોળીથી મારી નંખાવ્યો. કસ્તુરબા, મનુ ગાંધી અને મહાદેવભાઇને અનેક વાર રડાવ્યા અને એક બેનના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, "બળાત્કાર માટે પ્રયત્ન કરતા માણસને તમે મારી નાખશો તો પણ હું તમને અહિંસાનું સર્ટિફીકેટ આપીશ."

ગાંધીજીના ઉપરોકત કથનો કે પ્રસંગો ઉપરથી જોતાં તો હિંસક જ લાગે પણ તે ખરેખર તો અહિંસક જ છે. આપ કલ્પના કરો કે એક શરાબી માણસ કોઇ સ્ત્રી પર અત્યાચાર કરવાનો પ્રયત્ન કરતો હોય અને આપ જેવા કોઇ ઉપસ્થિત સજ્જનની એક પણ પ્રેમપૂર્ણ શિખામણ એના ગળા નીચે ન ઉતરતી હોય તો શું હૃદયપરિવર્તનની રાહ જોતાં, ને ઉપસ્થિત સજ્જન હાથ જોડીને તે અત્યાચાર જોતા રહેશે? અને જો તે સજ્જન માણસ શરીરબળનો પ્રયોગ કરીને એ અત્યાચારને અટકાવશે તો શું એને હિંસા કહેવામાં આવશે? અહિંસા એટલે શું માત્ર મધુરતા, પોચટતા, કોમળતા? શું અહિંસામાં કઠોરતા, દઢતા અને કટતાનો સમાવેશ નહી થાય? જો અહિંસા માત્ર મધુર અને કોમળ રહેશે તો એ અપૂર્ણ રહેશે. અને હિંસા એને ગળી જશે.

માનવ સ્વભાવમાં જ્યાં સુધી અજ્ઞાન છે, જડતા છે, ત્યાં સુધી એના વિકાસમાં મધુરતા અને કોમળતાની સાથે કઠોરતાની પણ આવશ્યકતા રહેવાની જ. બાળકને ખરાબ કર્મમાંથી અટકાવવા માટે તેને મારતા, અને તેનો તિરસ્કાર કરતા માતા–પિતાને શું હિંસક કહીશું ?

હું માનું છું કે અહિંસા એટલે પ્રેમ, સદ્‌ભાવ પ્રેમ. મિઠાઇ ખવરાવવામાં પણ વ્યકત થાય અને મારવામાં પણ. સામી વ્યકિતના કલ્યાણ માટે એની સાથે કઠોર વર્તાવ કરવામાં આવે તો ભલે ઉપરથી એ હિંસા લાગે પણ અંદરથી તો એ અહિંસા જ છે. એટલે મને તો વિનોબાજીના વચનો આશ્ચર્ય પમાડતા નથી.

બસ, કદાચ ભાષાની ભૂલો થઇ હોય તો માફ કરશો–એક અન્યભાષી હોવાને લીધે.

સાવિત્રી વ્યાસનાં જય જગત્

## જવાબ

મુંબઇ, તા. ૯-૨-૭૧

પ્રિય સૌ. સાવિત્રીબહેન,

તમારો તા. ૩-૨-'૭૧નો પત્ર મળ્યો. પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતા લેખોની આવી છણાવટ થાય એથી હું સવિશેષ આનંદ અનુભવું છું.

માનવીજીવન જ એવું છે કે તેમાં ડગલે ને પગલે નાની મોટી હિંસા થતી રહેવાનો સંભવ છે અને અહિંસાનો આગ્રહ ધરાવવા છતાં જીવનની જરૂરિયાતો પૂરી પાડવા અંગે તેના માટે અમુક હિંસા અનિવાર્ય બને છે; એટલું જ નહિ પણ, અમુક સંયોગોમાં તેના માટે હિંસા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી. દા. ત. કોઇ માનવીને સર્પ ડસવા આવતો હોય અને તે સર્પને વારી કે ટાળી શકાય તેમ ન હોય તો સર્પને દંડાથી મારીને પણ માણસને બચાવવાનો ધર્મ આપણને પ્રાપ્ત થાય છે. આવી જ રીતે કોઇ સ્ત્રી ઉપર આક્રમણ કરનાર વ્યકિતને અટકાવવાનો બીજો ઉપાય ન હોય તો તે વ્યકિતને બળજબરીથી પણ આગળ વધતી અટકાવીને તે સ્ત્રીના શીલને બચાવવું એ પણ આપણને ધર્મરૂપે પ્રાપ્ત થાય છે. આમ એક યા બીજા પ્રકારે અનિવાર્ય બનતી અથવા ધર્મરૂપે પ્રાપ્ત થતી હિંસા માટે કેટલાક વિચારકો 'અહિંસા' શબ્દનો પ્રયોગ કરે છે તે સામે મને વાંધો નથી પણ આ વર્તનના પાયામાં સ્થૂળ હિંસા રહેલી જ છે એ આપણે બરોબર સમજી લેવું જોઇએ.

તમે કોઇ પણ સ્ત્રી ઉપર આક્રમણ કરનાર શરાબીનો દાખલો આપ્યો છે જ્યારે આક્રમકે શરાબ પીધો ન હોય તો પણ તેના અંગે ઉપરનો વિચાર લાગુ પડે છે. વિનોબાજીએ પ્રસ્તુત લેખમાં જે વિચારો દર્શાવ્યા છે તેનો ભાવ એવો નીકળે છે કે અમુક વ્યકિતએ શરાબ પીધો છે એટલા ખાતર જ તે વ્યકિત મારવા–પીટવા લાયક બને છે.

ગાંધીજીના જીવનમાં હિંસા-અહિંસાની દૃષ્ટિએ વિવાદાસ્પદ પ્રસંગો બન્યા છે. આવા પ્રસંગે શું કરવું તે સંબંધમાં અહિંસાલક્ષી વ્યકિત કાં તો ગાંધીજીને મળતો નિર્ણય લે છે અથવા તો તેમનાથી તદ્દન જુદો જ નિર્ણય તે લે એમ પણ બને. અહિં મહત્ત્વની બાબત તેનામાં અહિંસાનું લક્ષ્ય છે કે નહિ એ જ વિચારવાની રહે છે.

વિનોબાજીએ જે વિચારો પ્રસ્તુત નોંધમાં દર્શાવ્યા છે તે પાછળ અહિંસાના મહત્ત્વનો કોઇ સ્વીકાર મને જણાતો નથી અને ભાષા પણ હિંસક આવેશવાળી છે. આ રીતે વિનોબાજીના પ્રસ્તુત વિચારો આપણી સમજણે મુજબના ગાંધીજીના વિચારો સાથે સંગત નથી એમ મને લાગે છે.

અહિંસા એટલે કેવળ મધુરતા, પોચટતા, કોમળતા એમ હું પણ માનતો નથી, ઊલટું અહિંસક જીવન જીવનાર વ્યકિતએ અમુક પ્રસંગે કઠોરતા, દઢતા, અને કટુતા પણ અનિવાર્યપણે દાખવવી પડે છે – આચરવી પડે છે, લોકોત્તર માનસનું ભવભૂતિએ વર્ણન કર્યું છે કે વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ મૃદુ એવું લોકોત્તર માનવીનું ચિત્ત અને આચરણ હોય છે. આ જ વિચાર અહિંસાલક્ષી માનવીને એટલા જ પ્રમાણમાં લાગુ પડે છે. આ જ કારણે ગાંધીજીના જીવનમાં આ બન્ને પરસ્પરવિરોધી ગુણોનું અવારનવાર દર્શન આપણને થતું રહ્યું છે.

ગાંધીજીના જીવનના જે પ્રસંગો તમે ટાંક્યા છે તેમાં ગાંધીજીએ અત્યન્ત રીબાતા વાછરડાને મારી નંખાવ્યાનો અથવા તો સ્વજનો સાથે અમુક પ્રસંગે કઠોરતા દાખવી તેમાં ઉપરના ધોરણે વિચારતાં, મને અહિંસા સાથે કશું વિસંવાદી લાગતું નથી. ૧૯૪૭ માં કાશ્મીર ઉપર સૈન્ય મોકલવાની બાબતને ગાંધીજીએ કેમ સંમતિ આપી હશે તેનો ખુલાસો હજી મારી પાસે નથી, સિવાય કે તે સમયના અસાધારણ સંયોગ અને કટોકટીને ધ્યાનમાં લઇને કાશ્મીર ઉપર સૈન્ય મોકલવાની બાબતને અનિવાર્ય હિંસા લેખીને અનુમોદન આપવાનું તેમણે યોગ્ય વિચાર્યું હોય.

બાળકોના ગેરવર્તન અંગે તેને જે શારીરિક શિક્ષા કરવામાં આવે છે – પછી તે શિક્ષા કરનાર માબાપ હોય કે શાળાનો શિક્ષક

હોય – આવી શિક્ષા વ્યાજબી અને જરૂરી છે એમ આગળના વખતમાં માનવામાં આવતું. પણ આજે એ પ્રશ્નની વિચારણામાં ઘણો ફેરફાર થયો છે અને શાળામાંથી તો ઘણે ઠેકાણે શારીરિક શિક્ષા નાબૂદ પણ થઈ છે. અને માબાપે પણ શિક્ષા કરવાને બદલે સમજાવટનો, અસહકારનો, અહિંસક પ્રતિકારનો માર્ગ અપનાવવો વધારે યોગ્ય છે એવી સમજણ ચોતરફ સ્વીકારાતી જાય છે. આ પ્રશ્ન ખરી રીતે હિંસા અહિંસા કરતાં બાલશિક્ષણ અને કેળવણી સાથે વધારે સંબંધ ધરાવે છે. બાળકને શારીરિક શિક્ષા કરવામાં આવે તો સ્થૂળ હિંસા તો છે જ, પણ તેના ઔચિત્ય–અનૌચિત્ય વિશે એટલે કે તેની નિર્દોષતા–સદોષતા વિશે મતભેદ હોવા સંભવ છે.

અહિંસા મારી જીવનનિષ્ઠા હોવાનો મારો કોઈ દાવો નથી. અહિંસા તરફ મારા મનનું વળણ છે અને આ તત્ત્વને લગતા ગાંધીજીના વિચારો સમજવા મારો સતત પ્રયત્ન રહ્યો છે. ગાંધીજીના વિચારોના સંદર્ભમાં વિનોબાજીના જે વિચારોની આપણે આલોચના કરી તે વિચારો ખરેખર વિનોબાજીના છે કે કેમ એ વિશે હજુ માત્ર મને જ નહિ પણ બીજા અનેક મિત્રોને શંકા છે.

તમારો પત્ર વાંચતાં મને જે સૂઝ્યું તે જવાબરૂપે લખ્યું છે. આશા રાખું છું કે મારા આ વિવેચનમાંથી તમને જોઈતું સમાધાન સાંપડશે.

લે. પરમાનંદના પ્રણામ

તા. ક. માનવીજીવન એક યા બીજા પ્રકારની હિંસા ઉપર આધારિત હોઈને અહિંસા એ માનવીજીવનનો એકાંત નિયમ બની ન જ શકે. માનવીએ વ્યવહારુ જીવનમાં હિંસા અને અહિંસા વચ્ચે વિવેક કરવાનો હોય છે, એટલું જ નહિ પણ, નાની અને મોટી હિંસા વચ્ચે પણ વિવેક કરવાનો હોય છે. એટલે વિવેકદૃષ્ટિ એ માનવીજીવનનું મુખ્ય તત્ત્વ છે, અને અહિંસા એ માનવી માટે હંમેશનો એક આદર્શ છે.

## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફૉર્મ નં. ૪

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ | : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ. |
| ૩. | મુદ્રકનું નામ | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા |
| | ક્યા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૪ | પ્રકાશકનું નામ | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા |
| | ક્યા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૫. | તંત્રીનું નામ | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા |
| | ક્યા દેશના | : ભારતીય |
| | ઠેકાણું : | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ., મુંબઈ - ૪. |
| ૬. | માલિકનું નામ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ |
| | અને સરનામું | : ટોપીવાળા મેન્શન, સરદાર વી. પી. રોડ, મુંબઈ. - ૪. |

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૭૧ પરમાનંદ કુંવરજી કાપડિયા - તંત્રી

# પરિવારનિયોજન અને અહિંસા

(જાન્યુઆરી માસનાં 'અમર ભારતી' માં પ્રગટ થયેલ ઉપાધ્યાય કવિવર્ય મુનિશ્રી અમરચંદજી મહારાજના 'અહિંસા કે પરિપ્રેક્ષ્ય મેં પરિવાર નિયોજન' એ મથાળા નીચે પ્રગટ થયેલ હિંદી લેખનો સૌ. શારદાબહેન શાહે કરી આપેલ ગુજરાતી અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. શ્રી અમર મુનિ સ્થાનકવાસી સંપ્રદાયના એક પ્રખર તત્વચિન્તક અને પરમ વિદ્વાન મુનિ છે. એક જૈન મુનિ પરિવારનિયોજન જેવા ગૃહસ્થજીવન સાથે સંબંધ ધરાવતા વિષય ઉપર લખે અને પરિવારનિયોજન અંગે અજમાવાતી ચાલુ પદ્ધતિનું સમર્થન કરે એ જોઈને ઘણા જૈન-જૈનેતરોને આશ્ચર્ય થશે, પણ જો કોઈ એક જૈન મુનિને ગૃહસ્થજીવનની સમસ્યાઓ ઉપર માર્ગદર્શન આપવાનો અધિકાર હોય તો વસ્તીની અનિયંત્રિત વૃદ્ધિ એ આજના ભારતની એક પ્રમુખ સમસ્યા છે અને તેથી સમગ્ર સમાજનું હિત અને કલ્યાણ ચિન્તવતા મુનિ આ સમસ્યા ઉપર પોતાના વિચારો રજુ કરે તેમાં મને કશું પણ અજુગતું કે અનુચિત લાગતું નથી. આમ છતાં આવા નાજુક વિષયને સ્પર્શવાનું આજનો કોઈ પણ જૈન મુનિ સાધારણ રીતે ટાળવાનો, તેના સ્થાને મુનિ અમર મુનિએ આ વિષયને લગતા પોતાના વિચારો નિઃસંકોચપણે પ્રગટ કરવાની જે હિંમત દર્શાવી છે–તે હિંમત માટે– તે નિડરતા માટે – મુનિ અમર મુનિને અનેક ધન્યવાદ ઘટે છે. પરમાનંદ.)

## પરિવાર–નિયોજન અને અહિંસા

દિવસે દિવસે વધતી જતી વસ્તી પર નિયંત્રણ લાવવા પરિવારનિયોજનને વર્તમાન યુગમાં એક અનિવાર્ય કાર્યક્રમ માનવામાં આવ્યો છે. પરિવાર-નિયોજન માટે આજે જે રીતનો પ્રચાર અને પ્રયોગ થઈ રહ્યો છે તે અહિંસા સાથે કેટલે અંશે સુસંગત છે તે એક વિચારવા જેવી બાબત છે. અહિંસા આપણા જીવનના કેન્દ્રમાં હોઈ હર એક વ્યવહારને આપણે હિંસા–અહિંસાની દૃષ્ટિએ તપાસીએ છીએ. પરિવારનિયોજનનો પણ આપણે અહિંસાની દૃષ્ટિએ વિચાર કરવાનો રહે છે.

પ્રાચીન યુગમાં અહિંસાના વિકાસ માટે કૃષિ-વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું હતું તેમ આ યુગમાં પરિવારનિયોજનને અહિંસાની રક્ષા માટે સ્વીકારવામાં આવે તેમ હું માનું છું. આથી એક પ્રશ્ન એ ઊભો થાય છે કે કુટુંબનિયોજન માટે આજે જે રીત અખત્યાર થઈ રહી છે તે મનુષ્યને અસંયમી નહિ બનાવે? સંયમના ઉદાત્ત આદર્શ પર આઘાત નહિ પહોંચાડે? આનો ઉત્તર સરળ અને સ્પષ્ટ છે કે આ બધા પ્રચલિત પ્રયોગોમાં ભયસ્થાનો છે જ. ઇષ્ટ માર્ગ તો એ છે કે મનુષ્ય પોતાની જાત પર સંયમ રાખતા શીખે. ભોગવૃત્તિ પર કાબૂ રાખવાથી માણસ પોતાનું શ્રેય સાધવા સાથે રાષ્ટ્રોન્નતિના કાર્યમાં પણ સહાયક બને છે. બ્રહ્મચર્યની સાધના સર્વોત્તમ માર્ગ છે, પરંતુ આ માર્ગનું અનુસરણ લાંબા સમય સુધી સૌ કોઈ કરી શકતું ન હોઈ દર વર્ષે વસતિમાં વધારો થતો રહે છે અને યોગ્ય ભરણપોષણના અભાવે સંખ્યાબંધ માણસો બેહાલ જિંદગી જીવી મૃત્યુને શરણ થાય છે.

દારિદ્ર્ય, જીવનના વિકાસને રૂંધી નાંખે છે. ગરીબી તથા બેકારીથી તંગ આવી જઈ કુટુંબના માણસોને મારી નાખી પોતે મરી ગયાના સમાચાર અવારનવાર આપણે વર્તમાનપત્રમાં વાંચીએ છીએ. અછતની અકળામણ માણસને ભયંકર બનાવે છે; ન કરવાનું કરવા પ્રેરી અનુચિત માર્ગે ઘસડી જાય છે. આપણી પાસે નથી પૂરતું અનાજ; નથી પૂરતાં વસ્ત્રો. આવી પરિસ્થિતિમાં વધ્યે જતી જનસંખ્યા પરિસ્થિતિને વધુ ને વધુ તંગ બનાવે છે. જીવનના નિભાવ માટે પ્રાથમિક જરૂરિયાતોનો જ્યાં અભાવ છે ત્યાં પ્રજા અસંતોષથી અકળાઈને હિંસાત્મક વલણ અપનાવે છે. માનવજાતિને આ

અનિષ્ટમાંથી બચાવવા વસતિવધારા પર અંકુશ મૂકવો એ અનિવાર્ય છે. જન્મ લઈ જીવનભર દુઃખ વેઠે એ કરતાં એ ન જન્મે એ વધુ શ્રેયસ્કર છે. આ દૃષ્ટિએ જોતાં પરિવારનિયોજનનો માર્ગ એ અહિંસાનો માર્ગ છે.

વસતીવધારો એ કેવળ વર્તમાન યુગમાં જ ઉપસ્થિત થયેલી સમસ્યા નથી. જૈન પુરાણોનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે ભગવાન ઋષભદેવના સમય પહેલા જનસંખ્યા મર્યાદિત હતી અને ઉપભોગ સામગ્રી પ્રચુર હતી. સમય જતાં જનસંખ્યામાં વધારો થવા લાગ્યો એટલે ચીજ–વસ્તુઓની ખેંચ ઊભી થવા લાગી. પરિણામે લોકોમાં સંઘર્ષ વધવા લાગ્યો. આ અશાંતિને દૂર કરી સમાધાન સ્થાપવા યુગદ્રષ્ટા ઋષભદેવે કૃષિ–ઉદ્યોગને વિકસાવી અછતને ટાળવાનો માર્ગ બતાવ્યો.

આ તો ઉઘાડું સત્ય છે કે વસ્તી વધવા સાથે ઉત્પાદન ન વધે તો જીવન ખૂબ સંઘર્ષમય બને. ઋષભદેવના કાળમાં જનસંખ્યામાં વૃદ્ધિ થવી આવશ્યક હોઈ પરિવાર–નિયોજનનો ત્યારે સવાલ જ હતો નહિ. પ્રજા દારિદ્રયનો ભોગ ન બને એ માટે કૃષિ–ઉદ્યોગને મહત્ત્વ આપી લોકોની આર્થિક સલામતી જાળવવાનો ઋષભદેવે માર્ગ બતાવ્યો અને સામાજિક સુખશાન્તિ ટકાવી રાખ્યા. વસતિવધારા સામે આર્થિક વ્યવસ્થા નબળી રહે તો અહિંસક રીતની સમાજવ્યવસ્થાનું નિર્માણ નથી થઈ શકતું એમ હું માનું છું.

તત્કાલીન પરિસ્થિતિ જોતાં નિકટના ભવિષ્યમાં પણ વસતિવધારા સાથે ઔદ્યોગિક વિકાસ કદમ મિલાવી શકશે કે કેમ તે એક પ્રશ્ન છે. તો પછી શું પ્રજા આ રીતની જ કંગાળ જિંદગી જીવશે? હિંસા, ખૂન, ચોરી, લૂંટફાટ – આ બધાનું કારણ માનવીના દિલમાં સળગતી અસંતોષની આગ છે. ખોરાક, વસ્ત્રો, રહેઠાણ, કેળવણી અને સ્વાસ્થ્ય જેવા પાયાના પ્રશ્નોનો પણ આપણે સમાધાનકારક ઉકેલ નથી લાવી શકયા. પરિણામે માનવે માનવ મટી હિંસાનું તાંડવ ખેલવા માંડયું છે. આ દશામાં શાન્તિ, ન્યાય, નીતિ અને ધર્મની વાત તેને ક્યાં સૂઝવાની હતી?

માનવજાતિને આમાંથી ઉગારવાનો એ જ માર્ગ છે કે વધતી વસતિને અટકાવવી. પરંતુ આ વૃદ્ધિને અટકાવવી કઈ રીતે? સહજ સ્વાભાવિક રૂપથી કે કૃત્રિમ સાધનો દ્વારા?

સંયમના સ્વાભાવિક માર્ગનો સ્વીકાર કરવાથી વ્યકિત અને સમષ્ટિ બંનેને લાભ થાય છે. દવાઓ અને સાધનો એક સમસ્યાનો ઉકેલ લાવે છે, પણ તેના પ્રત્યાઘાતથી નિપજતાં પરિણામો વળી બીજી સમસ્યા ઊભી કરે છે. એક ગૂંચને ઉકેલવા જતાં વળી બીજી ગૂંચો ઊભી થાય છે. આમાંથી બચવા માણસ સંયમનો રાહ અપનાવે એ વધુ ઈચ્છવાયોગ્ય છે. આ માર્ગ કઠિન છે પરંતુ એને પામવાનો અધિકારી પણ માનવ જ છે એ આપણે ન ભૂલીએ. અનેક સાધુસંતો અને મહાન સ્ત્રીપુરુષોના દાખલા આપણે ક્યાં નથી જાણતા? આંશિક બ્રહ્મચર્યના ઉપાસકો પણ જોવા મળે છે. મનની નબળાઈ પાસે માણસ લાચાર બની જાય છે. પરંતુ રહેણીકરણીમાં પરિવર્તન આણીને મનોબળ કેળવી શકાય છે. કામોત્તેજક ખાનપાન, પીણાં, વાંચન, નાચગાન, નાટક સિનેમા આદિનો ત્યાગ કરી ધાર્મિકતા કેળવવાથી સત્વગુણની વૃદ્ધિ થાય છે જે બ્રહ્મચર્યપાલનમાં મદદ કરે છે.

બીજો માર્ગ કૃત્રિમ સાધનોનો છે, જેમાં ભયસ્થાનો છે. સાધનોની સગવડ માણસને અનિયંત્રિત બનાવી અનુચિત માર્ગે દોરી જાય છે. આથી નૈતિક ભાવના નષ્ટ થશે. કુમારિકા તથા વિધવાને ભય જેવું કશું રહેશે નહિ. હવે આની સામે આપણે એ વિચારવાનું છે કે આ દુષ્પરિણામો માટે કેવળ સાધનો જ જવાબદાર છે એમ નહિ કહી શકાય. કૃત્રિમ સાધનોના પ્રયોગ વગર પણ અનેક વિધવાઓ તથા કુમારિકાઓ માતા બને છે અને સંખ્યાબંધ બાળહત્યાના કિસ્સા બને છે. આનું કારણ માણસમાં રહેલી અદમ્ય કામવૃત્તિ છે.

નૈતિક આદર્શની રક્ષાનો વિચાર કરતા આપણે એ સમજવાનું છે કે કોઈપણ નૈતિક આદર્શ એ શુદ્ધ નિર્ભેળ તત્ત્વ હોવું ઘટે. આદર્શના પાલન પાછળ કોઈ ને કોઈ રીતની આપત્તિ યા ભય કામ કરતાં હોય તો તેને નૈતિક આદર્શ નહિ કહી શકાય. વળી પ્રસ્તુત બાબતમાં જે ભય છે તે એકપક્ષે જ છે. સ્ત્રીદેહમાં કુદરતયોજિત પરિવર્તનની જે શકયતા છે તેનાથી પુરુષવર્ગ સર્વથા મુકત હોઈ સાધનોની ગેરહાજરીમાં પણ તે છૂટ લઈ શકે છે, જ્યારે સ્ત્રીવર્ગ ડરને કારણે સાધનોના અભાવમાં પોતાની જાત પર નિયંત્રણ રાખે છે.

વિજ્ઞાનના આ યુગમાં તરેહ તરેહનાં કૃત્રિમ સાધનો પ્રચારમાં આવ્યા છે. જો આ બધાં સાધનોના ઉપયોગથી જીવનની સ્વાભાવિકતા કે નૈતિકતા નષ્ટ નથી થતી તો પરિવાર–નિયોજનના સાધનો પરત્વે પણ ભય કે શંકા સેવવાનું કારણ નથી. સાધનનો સાધન તરીકે મર્યાદિત અને ઉચિત ઉપયોગ થાય ત્યાં સુધી તો કોઈ હાનિ યા જોખમ નથી, પરંતુ તેને વિલાસિતાનું અંગ બનાવવાથી માણસનું અધઃપતન થાય છે. મર્યાદાનું ઉલ્લંઘન હંમેશા અનિષ્ટ સર્જે છે. 'अति सर्वत्र वर्जयेत' આ નિયમને સદા ખ્યાલમાં રાખવો જોઈએ.

પરિવારનિયોજનના પ્રશ્નને હવે એક બીજી દૃષ્ટિથી પણ વિચારવાનો છે. અધિક સંતાન અનેક સમસ્યાઓનું કારણ હોવા ઉપરાંત માતૃજીવનને માટે પણ ઘાતક છે. અધિક સંતતિને કારણે માતા અનેક તકલીફનો ભોગ બની અકાળે મૃત્યુ પામે છે. આ દૃષ્ટિથી પરિવારનિયોજન એ માતાઓને પીડાગ્રસ્ત જીવનમાંથી ઉગારી લેવાનો અહિંસક ઉપચાર છે. આગમ સાહિત્યમાં 'બહુપુત્તિયા' નું ઉદાહરણ આવે છે. અધિક સંતાનને કારણે તેના કેવા હાલ થયા હતા? શું આ હિંસા પ્રતિકારયોગ્ય નથી?

જેમ મેં આગળ ઉપર સ્પષ્ટ કર્યું તેમ જનસંખ્યાની અનિયંત્રિત વૃદ્ધિનો ઉકેલ લાવવા માટે પરિવારનિયોજનનો કાર્યક્રમ એક વ્યવહારિક કાર્યક્રમ છે. અને તે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ આવશ્યક પણ છે. પણ અહિં એક બીજો મુદ્દો પણ વિચારણીય છે. અને તે એ કે જીવનના શમન અર્થાત દમનના આ કૃત્રિમ કાર્યક્રમ ઉપર આધારિત ન રહેતાં કીટદંશની માફક વિષવમન કરવાવાળી વિષયભોગની લોલુપતાની કાંઈક માનસિક ચિકિત્સા પણ કરવી જરૂરી છે. નિરોધ માત્ર ગર્ભનો જ નહિ પણ પ્રત્યુત મનની વિષયતૃષ્ણાનો પણ કરવો જરૂરી છે. નસાબંધી માત્ર પ્રજનન–અવયવની જ નહિ પણ પ્રત્યુત મનની તૃષ્ણાઓની પણ થવી જરૂરી છે. આ માટે જનતામાં નૈતિક આદર્શોની ભાવનાને જાગૃત કરવાની અનિવાર્ય અપેક્ષા છે. બ્રહ્મચર્યનું પાલન બ્રહ્મચર્યની દૃષ્ટિથી માત્ર નહિ પણ અહિંસાની દૃષ્ટિથી પણ અત્યાવશ્યક છે. - આ આદર્શ જનસામાન્યની સામે રજૂ થવો જોઈએ. આમ છતાં પણ આદર્શના ધમંડમાં યથાર્થને પણ ભૂલી શકાતું નથી. મસ્તક આકાશમાં ઊંચે ઊઠેલું રહે તેની કોઈ આપત્તિ નથી; પણ પગનીચેની ધરતીને પણ દેખતાં રહેવું જોઈએ. એ ધરતી કેટલી મજબૂત છે? કેટલો ભાર સહન કરી શકે તેમ છે? આદર્શની સાથે યથાર્થ અને યથાર્થની સાથે આદર્શનો મેળ મેળવતાં રહેવું જોઈએ. આ પ્રમાણે અહિંસાનો સમ્યક્ એટલે કે સમુચિત વિકાસની દૃષ્ટિથી વિચાર કરતાં પરિવારનિયોજન અનુપયુકત છે એમ હરગીઝ કહી નહિ શકાય. એટલા માટે કે આ જનજીવનની પીડા, ક્ષોભ, અશાન્તિ, વિક્ષિપ્તતા, દરિદ્રતા તેમ જ અશિક્ષાને કમી કરવામાં આ પરિવારનિયોજન કોઈ ને કોઈ રૂપમાં સહાયક બને છે. એમાં કોઈ શક નથી કે પરિવારનિયોજનની સાથે સાથે નૈતિક આદર્શની ભાવના પણ સમાનપણે જાગ્રત કરવી જોઈએ. એટલા માટે કે એમ કરવાથી તેનાં ભયસ્થાનો ઓછાં થાય અને આપણું રાષ્ટ્ર પોતાના જીવનપથને સરળતાપૂર્વક પ્રગતિલક્ષી બનાવી શકે. આજે માનવ માટે એક સર્વથા અપરિહાર્ય તેમ જ અનિવાર્ય બાબત એ બની ગઈ છે કે તે માનસિક સંકીર્ણતાના ચોકઠામાંથી બહાર

નીકળીને ચિન્તનના ઉન્મુક્ત એટલે કે વિસ્તીર્ણ ધરાતલ ઉપર સ્થિર થાય તથા યુગબોધ એટલે કે યુગની માંગ વિશે પૂરી સહાનુભૂતિપૂર્વક તેમ જ સહૃદયતાપૂર્વક તે વિચાર કરે. જીવનની આ વિસ્તીર્ણ ભાવભૂમિ ઉપર પહોંચતાં માનવીને પોતાને સ્વત: પ્રત્યક્ષ થઈ જશે કે વર્તમાન પરિસ્થિતિમાં પરિવાર-નિયોજન મૂળમાં અહિંસાનું જ એક આવશ્યક પાસું છે.

અનુવાદક: મૂળ હિંદી:

**સૌ. શારદાબહેન બાબુભાઈ શાહ અમર મુનિ**

## જૈન સાધ્વીઓ બાલશિક્ષણની જવાબદારી ઉપાડી લે તો કેવું સારું?

ભાવનગર ખાતે શિશુવિહાર નામની સંસ્થા દ્વારા વર્ષોથી સામાજિક સેવા કરતા શ્રી માનશંકર ભટ્ટ તરફથી મળેલો ઉપરના વિષયને લગતો પત્ર નીચે આપવામાં આવે છે:-

### શ્રી માનભાઈનો પત્ર

શિશુવિહાર, ભાવનગર, તા. ૧૫-૨-૭૧

**પરમપૂજ્ય મુરબ્બી શ્રી પરમાનંદભાઈની સેવામાં,**

સવિનય જણાવવાનું કે થોડા સમય પહેલાં સાવરકુંડલા ખાતે જિલ્લા સ્કાઉટ-ગાઈડ રેલી પ્રસંગે જવાનું થયેલ અને ત્યાં પૂજ્ય સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીને મળેલો. તેઓની મારા પ્રત્યે ખૂબ જ લાગણી છે. તેઓની સાથે કેટલીએક વાતો થતાં મને એક વિચાર ઝુજેલ, જે આપની સમક્ષ પણ રજુ કરું છું. જૈન કોમમાં અનેક સાધ્વીઓ છે. કેળવાયેલ, ભાવનાશીલ બહેનો યુવાનીમાં ધાર્મિક લાગણીઓના કારણે દીક્ષાઓ લે છે. આ બધી બહેનો બાળશિક્ષણનું કાર્ય સંભાળે તો શિક્ષણકાર્યની કાયાપલટ થઈ જાય. આ જ આપણું દુર્ભાગ્ય છે. વર્ષો પહેલાં પ્રાત:સ્મરણીય ગિજુભાઈએ બાળકો તરફની અનુકંપાને કારણે બાળશિક્ષણનો સાચો માર્ગ ખોલ્યો - સૌને બતાવ્યો, પરિણામ બતાવ્યા અને ઠેર ઠેર બાલમંદિરો તેમ જ બાળકોની પ્રાથમિક ભૂખ સંતોષવા અનેકવિધ ઉપાયો શરૂ થયા. હવે સરકારપક્ષે બાળપોથી ધોરણ રદ કરી એક સપાટે જ પહેલું ધોરણ અને જેને કોઈ પણ પ્રકારનું અંક કે અક્ષરજ્ઞાન નથી તેવાં બાળકો માટે પહેલું ધોરણ અને પાઠય પુસ્તકો વળગાડેલ છે. ઉપરાંત જે બાલમંદિરો તરફ જરા દયાદૃષ્ટિ હતી તે સાવ નિર્મૂળ કરી નાંખી. આ ઉપરાંત બીજાં પણ અનેક અનિષ્ટો ગણાવી શકાય.

પરદેશથી-હજારો ગાઉ છેટેથી - તદ્દન કુમળી વયની બાળાઓ પછાત દેશોમાં જાય છે અને પાયાના શિક્ષણથી કાર્યનો આરંભ કરે છે. સાથોસાથ તેમની ધાર્મિક માન્યતાઓ, રૂઢિ વગેરેની પણ એટલી જ સંભાળ રાખે છે. તેમ જો જૈન કોમમાં અનેક સુશીક્ષિત બાળાઓ દીક્ષા લઈને આ કેળવણીના માર્ગમાં પડે તો? અકલ્પ્ય ઉદ્ધાર થઈ જાય. કેટલા ઓછા ખર્ચે, કેટલા પ્રેમ અને લાગણીથી સભર બાળકોને જે ખરેખર ખૂટે છે તે મળી જાય. જૈન સમાજની આપના ઉપર લાગણી-ભાવ છે. આપ શૈક્ષણિક રીતે તેઓ સંઘને સમજાવીને માર્ગદર્શક પણ થઈ શકો તેમ લોઈને, આપને મારા મનમાં જે વિચાર ઘોળાયા કરે છે તે રજુ કરું છું. આશા છે કે, કંઈક પ્રયત્ન કરવા કૃપાવંત થશો. બીજા ધર્મોમાં ભાગ્યે જ સાધ્વીઓ જોવામાં આવે છે. સ્વામીનારાયણમાં માત્ર વૃદ્ધાઓ જ આવે છે જે ન કામ આવે. આપે આપના પત્રદ્વારા ઉમદા પ્રચાર કરી શકો. સ્નેહાધીન **માનશંકરના પ્રણામ**

### જવાબ

મુંબઈ, તા. ૧૮-૨-૭૧

**પ્રિય માનભાઈ,**

તમારું તા. ૧૫-૨-૭૧નું કાર્ડ મળ્યું. સાવરકુંડલા તમે થોડા દિવસ પહેલાં ગયેલાં અને ત્યાં સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીને મળેલા અને તેમની સાથે થયેલી વાતચિત ઉપરથી તમને જે વિચારો આવેલા તે તમે જણાવ્યા.

સદ્‌ગુણાશ્રીને હું કેટલાંક વર્ષથી જાણું છું. માત્ર થોડાક સમયથી તેમની સાથે મને કોઈ ખાસ સંપર્ક રહ્યો નથી અને સાવરકુંડલામાં રહીને તેઓ શું કરે છે તેનો મને ખ્યાલ નથી. તેમની સાથે તેમનાં એક શિષ્યા કીર્તિલતાશ્રી હતાં અને તેમને બાલશિક્ષણમાં ખૂબ રસ હતો એવું મને સ્મરણ છે. હાલ સાવરકુંડલામાં તે બન્ને સાધ્વીઓ બાલશિક્ષણની પ્રવૃત્તિમાં જ જોડાયલા હશે એમ હું ધારું છું.

તેમને જોઈ જાણીને જૈન સાધ્વીઓ બાલશિક્ષણની પ્રવૃત્તિમાં રસ લેતી થાય તો કેવું સારું - આવો તમને વિચાર આવે તે સ્વાભાવિક છે. આના જવાબમાં જણાવવાનું કે જૈન સાધ્વીઓ આવી કોઈ ને કોઈ શૈક્ષણિક યા અન્ય રીતે લોકોપયોગી પ્રવૃત્તિમાં રસ લેતી થાય એ મને પણ ખૂબ ગમે. પણ આવી પ્રવૃત્તિમાં સ્થાયીપણે જોડાવામાં, તેમનો જે આચારધર્મ છે તે દૃષ્ટિએ જોતાં બે મુશ્કેલીઓ આવે (૧) કોઈ પણ સ્થળે ચોંટીને બેસવું એ તેમના માટે કલ્પાયલા આચારધર્મ સાથે બંધબેસતું નથી. 'સાધુ તો ફરતા ભલા' એ કહેવત તેમને આજ્ઞારૂપે લાગુ પડે છે. (૨) તેમના માટે પુરૂષનો સ્પર્શ નિષિદ્ધ છે અને આવા પુરૂષની ગણતરીમાં નાની ઉંમરનાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવે છે. બાલશિક્ષણની પ્રવૃત્તિને સ્થાયીપણે વળગી રહેવામાં આ બે મર્યાદાઓ તેમની આડે આવે તેમ છે, જેનો તમને કદાચ ખ્યાલ નહિ હોય.

આ બધું હોવા છતાં જૈન સાધુઓ તેમ જ સાધ્વીઓને ઠીક પ્રમાણમાં નવરાશ હોય છે અને તેમના જીવનમાંથી કેટલાકના જીવનનો મોટો ભાગ વ્યર્થતામાં વ્યતીત થતો હું જોઉં છું અને તેથી તેમાંથી એક એવો વર્ગ નીકળે કે જે પોતાના આચારના અમુક નિયમો થોડાં ઢીલાં કરીને જનસેવામાં સંલગ્ન થાય. આ દૃષ્ટિએ જે કોઈ સાધુ યા સાધ્વી બીજી કોઈ રીતે શિથિલતા કે ચુંવાળપ ન દાખવતાં જરૂર પુરતી છૂટછાટ લઈને, શિક્ષણના, વૈદ્યકીય રાહતના, અને એવા અન્ય કોઈ પરોપકારી કાર્યમાં ઓતપ્રોત થાય એમ હું જરૂર ઈચ્છું તેમ જ આવકારું.

હમણાં જ જમશેદપુર ખાતે સ્થાનકવાસી મુનિશ્રી જયંત મુનિને મળેલો. તેમણે બિહારના છેલ્લા દુષ્કાળ દરમિયાન બેલચંપા ખાતે આવેલા પોતાના અહિંસાનિકેતન આશ્રમ દ્વારા ઘણા મોટા પાયા ઉપર રાહતકાર્ય કર્યું હતું અને આજે પણ નીચેના થરના લોકોને ઉપર લાવવા પાછળ પોતાની સર્વ લાગવગ અને શક્તિનો યોગ કેન્દ્રિત કરે છે. તેમને મેં ખૂબ ભક્તિભાવથી આવકારેલા.

તમારો આ વિચાર વિશેષ જાણીતો થાય તે માટે તમારો પત્ર અને મારો આ જવાબ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરું છું.

તમારો, પરમાનંદ

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

**ગયા વર્ષ ૧૯૭૦ નાં જે જે સભ્યોનાં લવાજમો બાકી છે તેમને વ્યક્તિગત કાર્ડ મોકલવામાં આવેલ છે, અને બાકી રહેતા સભ્યોના લવાજમો વસુલ કરવા માટે એક માણસની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે, તો જે જે સભ્યોનાં લવાજમો હજુ પણ બાકી હોય તેમને તે સત્વર મોકલી આપવા અથવા તો માણસ લેવા આવે ત્યારે તેને આપવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે.**

## સભ્યો તથા ગ્રાહકોને-

**સભ્યો તથા ગ્રાહકોના નવા સીરનામાઓ છપાવવાના હોઈ, પોતાના સીરનામાઓમાં જેઓ કોઈ પણ જાતનો ફેરફાર સૂચવવા માંગતા હોય તેમને પત્ર દ્વારા, તેવી સૂચના, કાર્યાલય ઉપર સત્વર મોકલી આપવા આથી વિનંતિ કરવામાં આવે છે.**

**-વ્યવસ્થાપક**

## * અપંગ માનવીની અપેક્ષા *

(શારીરિક ખોડખાંપણથી જેની જિંદગી લાચાર બની ગઈ છે એવા એક દરદીની આર્તવાણી નીચેના લખાણમાં સંભળાય છે. દરદીઓને આજુબાજુના લોકોની સાચી હૂંફ મળે છે ત્યારે તેમને કટુ લાગતી જિંદગીમાં અમૃતનું સિંચન થાય છે એ હકીકતની પુષ્ટિ દરદીના પોતાના જ કથનમાં જોવા મળે છે. મૂળ લખાણ કોઈ અજ્ઞાત લેખકનું અંગ્રેજીમાં છે–તેનો અનુવાદ સૌ. શારદાબહેને કરી આપ્યો છે. તંત્રી)

અમારી શોથરાતી વાણીને ધીરજપૂર્વક સાંભળી અમને જીવનમાં પ્રોત્સાહન આપે છે તેના પર પ્રભુની મહેર હો! જાહેર સ્થળોએ કે કયાંય જતાં આવતાં જ્યારે બીજા લોકો અમારી વિવશતા ભણી તાકી તાકીને કંઈક કુતૂહલથી જોઈ રહે છે ત્યારે જે લોકો અમારી પડખે ઊભા રહે છે તેની કુદરત નોંધ લેશે. કારણ કે મિત્રોની સાચી હૂંફ અમને ઘણી રાહત આપે છે.

અમારી સાથે જે ધીરજથી વર્તે છે, અને એથી વિશેષ તો એ કે અમારું કામ પોતે કરી દેવાનો આગ્રહ છોડી અમને અમારી રીતે કામ કરવાની તક આપે છે તે કુદરતની કૃપાના સાચા અધિકારી છે. કારણ કે કેટલીક વાર કોઈ અમને મદદ કરે તેના બદલે અમને વિકાસની જે તક આપવામાં આવે છે તે જ અમને જીવનમાં આગળ ધપવામાં વધુ સહાય કરે છે.

કંઈક અવનવું કામ કે સાહસ કરવા તરફ અમે ડગ માંડીએ છીએ ત્યારે જે લોકો અમારામાં આશા અને પ્રોત્સાહન પ્રેરે છે તે અમારા ખરા મિત્રો છે.

* * *

આમ અનેક રીતે જે લોકો અમને સાચો સાથ આપે છે તેમાંથી અમને એટલી ખાતરી થાય છે કે જે જે બાબતોનો અમારા વ્યક્તિઘડતરમાં ફાળો છે તેનો, બાહ્યજીવન કરતા પ્રભુએ બક્ષેલા એવા અંતરતમ્ તત્ત્વ સાથે વધુ સંબંધ છે.

કોઈના જીવનમાં આશ્વાસનરૂપ બન્યાનો સંતોષ અને આનંદ અનુભવો અને એટલું જાણજો કે એ રીતે તમે જે રાહત પહોંચાડો છો તેને શબ્દમાં વર્ણવી શકાય તેમ નથી.

## અસ્તાચળને માર્ગે ધસી રહેલો ભારતની સંસ્કૃતિનો પ્રવાહ

આપણી જૂની કહેવત તો એમ છે કે "હાર્યો જુગારી બમણું રમે." પરંતુ આજના જમાનામાં દરેક વસ્તુનાં, રહેણીકરણીનાં, તેમ જ માણસોના અને કહેવતોનાં મૂલ્યો બદલાઈ ગયેલા માલૂમ પડે છે. પરંતુ આ પરિવર્તનના પરિણામે દેશ તેમ જ સમાજ સમૃદ્ધ થવો જોઈએ તેના બદલે તે નિર્માલ્યતા તરફ ઢસડાતો માલુમ પડે છે. તેનું કારણ તપાસતાં આમ બને તે સ્વાભાવિક છે એમ લાગે છે, કેમકે જેમના હાથમાં રાજ્યધૂરા સોંપવામાં આવી છે એ લોકોના મનની તંદુરસ્તી મરી પરવારી છે, અને સમાજ કેમ ઊંચે આવે, કેમ સમૃદ્ધ બને એમ વિચારવાને બદલે તેઓની દૃષ્ટિ ફક્ત આર્થિક બાબત ઉપર કેન્દ્રિત થયેલી છે, અને એ કારણે જીવનમૂલ્યોનો જરા પણ વિચાર કરવાનું આ લોકોએ લગભગ સાવ માંડી વાળ્યું છે. એ નીચેના લખાણના નિરીક્ષણ પરથી સમજાશે.

મહારાષ્ટ્ર સરકારે દારૂબંધીની નીતિને ઢીલી મૂકી છે. તદુપરાન્ત છેલ્લા કેટલાક સમયથી ગુજરાત સિવાયની દરેક રાજ્ય સરકારે લોટરીઓની ટિકિટો કાઢી છે તેમાં જે મોટાં ઈનામોની જાહેરાત કરીને લોકોને આકર્ષવામાં આવે છે–એ ઈનામોની રકમોમાં એકબીજા રાજ્યો હરીફાઈ કરતા માલૂમ પડે છે. પોતાના કુટુંબનું મહાપરાણે ભરણપોષણ કરતો સામાન્ય વર્ગ આમાં ફસાય છે એમ માનીને કે એકાદ ઈનામ લાગી જાય. સાવ ગરીબ પ્રજાને ભોળવીને તેની પાસેથી મેળવેલા નાણાંની આવકથી સરકાર હરખાય છે અને આજ સુધી દર મહિને લોટરીઓનો ડ્રૉ જાહેર કરવામાં આવતો હતો એને બદલે વધારે કમાણી જોવા મળી એટલે મહારાષ્ટ્ર સરકારે હવે પખવાડિક ડ્રૉની જાહેરાત કરી છે. એટલે આ રીતે ભારતની સંસ્કૃતિનો પ્રવાહ અસ્તાચળનો માર્ગ ગ્રહણ કરી રહેલ માલૂમ પડે છે. સરકારની આ ગેરરસમને સુક્ષ્મ રીતે વિચારીએ તો કુટુંબનો એક વડીલ તેના પરિવારની કમાતી દરેક વ્યક્તિની કમાણીમાંથી ખોટાં પ્રલોભનો બતાવીને તે દરેકની કમાણીનો અમુક ભાગ હડપ કરી જતો હોય એવું વિચિત્ર ચિત્ર ખડું થાય છે. શું કોઈ પણ સંજોગોમાં આ પદ્ધતિને માન્યતા આપી શકાય? જો પ્રજાનું સ્વત્વ જાળવી રાખવું હોય તો પ્રજાનાયકો આ પ્રશ્નને ગંભીર રીતે વિચારે અને કૂદકે ને ભૂસકે વધતી જતી સરકારની આવી પ્રવૃત્તિઓને પોતાની લાગવગથી અથવા તો દબાણ લાવીને પણ વહેલી તકે બંધ કરવાને લગતી કાર્યવાહી કરે.

શાન્તિલાલ ટી. શેઠ,

# સંઘ સમાચાર

## વસન્ત વ્યાખ્યાનમાળા

**છેલ્લાં બે વર્ષથી સંઘ તરફથી યોજવામાં આવતી "વસન્ત વ્યાખ્યાનમાળા" આ વખતે પણ એપ્રિલ માસની તા ૧૨-૧૩-૧૪-૧૫, સોમ, મંગળ, બુધ, ગુરુ-એમ ચાર દિવસ માટે સંઘ તરફથી ફલોરા ફાઉન્ટન પાસે, બ્રુસ સ્ટ્રીટમાં આવેલ એરકન્ડીશન્ડ હોલ-તાતા ઓડિટોરિયમ-માં યોજવાનું નક્કી કર્યું છે તેની નોંધ લેવા વિનંતિ છે. વકતાઓ નક્કી થયે યોગ્ય સમયે તેમના નામોની પ્રસિદ્ધિ કરવામાં આવશે**

## હોમિયોપથી ઉપચાર કેન્દ્ર

**છેલ્લાં બારેક માસથી સંઘ દ્વારા એક હોમિયોપથી ઉપચાર કેન્દ્રની શરૂઆત સંઘના કાર્યાલયના એક વિભાગમાં કરવામાં આવી છે. ગુરુ અને રવિવાર સિવાય દરરોજ બપોરના ૩ થી ૪॥ સુધી એમ દોઢ કલાકનો તેનો સમય રાખવામાં આવેલ છે અને હોમિયોપથીના તજજ્ઞ અને ત્રીસ વર્ષના અનુભવી શ્રીમતી ડૉ. પી. જી. સીંધીયાની આ ઉપચાર કેન્દ્રના ડૉકટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ દવાખાનું સાર્વજનિક છે. દર્દીને તપાસવાની કાંઈ ફી લેવામાં આવતી નથી. દવાના દરરોજના પચીસ પૈસા લેવામાં આવે છે. આ કેન્દ્રનો લાભ લેનારા ઘણાં દર્દીઓએ પોતાના દર્દમાંથી મુકિત મેળવી છે. એટલે આ કેન્દ્રનો લાભ લેવા સૌ કોઈને વિનંતિ કરવામાં આવે છે અને સંઘના સભ્યો, તેમ જ 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકો પોતાના પરિચિતોને આ કેન્દ્રનો લાભ લેવાની ખાસ ભલામણ કરે એવી વિનંતિ કરવામાં આવે છે**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## સાભાર સ્વીકાર

**મિતાક્ષર**: લેખક: શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: સૌ. સુભદ્રા ગાંધી, વિશ્વમાનવ પ્રકાશક ટ્રસ્ટ, રામજી મંદિર પોળ, વડોદરા, ૧ કિંમત રૂ. ૭-૫૦.

**રવિન્દ્ર ચિન્તન**: લેખક: શ્રી ભોગીલાલ ગાંધી; પ્રકાશક: ઉપર મુજબ. કિંમત રૂ. ૪-૭૦.

**પાવક સ્ફુલિંગ**: (શ્રી વિમલા ઠકારના હિંદી પ્રવચનો તથા પ્રશ્નોત્તરીઓમાંથી ચૂંટાયેલા અંશો): સંપાદિકા: શ્રી પ્રેમલતા શર્મા; પ્રકાશક: શ્રી વિમલ પ્રકાશન ટ્રસ્ટ; ઠે. ધી ન્યુ ઑર્ડર બૂક કંપની, અમદાવાદ-૬; કિંમત રૂ. ૩-૦૦.

# ☆ થોડું કે તત્ત્વચિન્તન ☆

(આ મથાળા નીચે પ્રબુદ્ધ જીવનના તા. ૧-૨-૭૧ ના અંક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અને શ્રી મોતીલાલ સેતલવડ વચ્ચે થયેલો પત્રવ્યવહાર પ્રગટ કરવામાં આવ્યો હતો. તેની નીચે તેમાં ચર્ચવામાં આવેલા પ્રશ્નો પર પ્રકાશ પાડતું પોતાનું સ્વતંત્ર ચિન્તન લખી મોકલવા મિત્રોને અનુરોધ કરવામાં આવ્યો હતો, તદનુસાર કેટલાક મિત્રો તરફથી વિવેચનો પ્રાપ્ત થયાં છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ સંબંધમાં એટલું જ ઉમેરવાનું કે ચિન્તક મિત્રો આવો પ્રશ્નો ઉપર શું અને કેવું વિચારે છે એ જ માત્ર જણાવવાનો આશય હોઈને આવાં લખાણો ઉપર તંત્રી પોતાની ટીકા ટીપ્પણી નહિ કરે. પ્રત્યેક વાંચક તે લખાણોમાંથી પોતા માટે તથ્યાતથ્ય તારવી લે એવી અપેક્ષા છે. - તંત્રી)

## (૧) મુંબઇથી શ્રી ટોકરશી વીરા

**મુ. શ્રી પરમાનંદભાઈ,**

આ જગતમાં બધું સ્વયંસંચાલિત, unsupervised, self-regulating, exact and unvarying Law ના આધારે ચાલે છે, જેનું નિયમન કરવા માટે કોઈ પણ પ્રકારની શકિતની જરૂર નથી. વિશ્વશકિતનો જે ઉલ્લેખ છે એ શબ્દનો જે અર્થ થાય Force or Power એના માટે વપરાયેલા માનવીય ગુણો, જેવા કે આધ્યાત્મિક, નૈતિક, intelligent and teleological એ મુળ શકિત શબ્દના ભાવાર્થ સાથે સુસંગત નથી. શકિતને માનવીય ગુણો હોઈ શકે નહિ. શકિત નથી જડ કે નથી ચેતન. એ માત્ર શકિત છે.

આધ્યાત્મિક અનુભૂતિ માત્ર સ્વલક્ષી અને essentially selfish છે. એ કોઈ પણ પ્રકારે સમાજને કે બીજા કોઈને ઉપયોગી થઈ શકતી નથી. વ્યકિત જ્યારે એમ કહે કે મને આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે, ત્યારે તે એક પ્રકારની લાગણી Emotion વ્યકત કરે છે. એ કોઈ વસ્તુની વાત કરતો નથી. લાગણી ચકાસી શકાય નહિ માટે It cannot be confirmed.

બુદ્ધિથી સુસંગત એવી શ્રદ્ધા એ વસ્તુત: શકય નથી. બુદ્ધિ અને શ્રદ્ધા એક બીજાથી વિરોધી છે.

ઈશ્વરના નામ સાથે જોડાયેલી પરંપરાગત માન્યતાઓ અને એના ગુણોની કલ્પનાઓ સદીઓથી આપણા મન ઉપર ઠસેલી પડી છે. થોડા સૈકાઓ પહેલાં એક બીજી વિચારધારાનો જન્મ થયો, જેણે નિડરતાપૂર્વક અને જરાપણ ભયભીત થયાં વગર પરંપરાગત ઈશ્વરની માન્યતાઓનું ખંડન કર્યું અને એ જ વિચારધારાને લીધે આજનો બુદ્ધિશાળી વર્ગ, જે થોડું વાંચે છે, વિચારે છે, એ હવે ઈશ્વરની પરંપરાગત માન્યતાઓને માનતો નથી, જેનું સમર્થન ચીમનભાઈ અને મોતીલાલભાઈ કરે છે.

જૂના જમાનાના સ્વર્ગો જેવા કે ચંદ્ર અને શુક્ર સુધી માનવી પોતે જઈ શકયો છે અને યંત્રો દ્વારા એ ત્યાંના રહસ્યો સમજવા મથી રહ્યો છે. સમગ્ર રહસ્યનો ઉકેલ નથી જડયો, પણ આપણી સમજણ ઘણી વધી છે. આપણે એ ન ભૂલીએ કે આપણા ઘોર અજ્ઞાનને દૂર કરવાનો સંપૂર્ણ યશ આ નવી વિચારધારાને આભારી છે.

આ બાબતનો આપણે જ્યારે પણ વિચાર કરીએ છીએ ત્યારે ત્યારે માનવીએ જે નવી શોધો, નવો વિચાર, નવી સમજણ પ્રાપ્ત કરી છે. તેને અવગણીને આપણે હંમેશા ત્રણ હજાર વર્ષ પૂર્વે રજૂ થયેલા વિચારોને પૂર્ણ સત્ય માનતા રહીએ છીએ - એ આપણી કમનશીબી છે.

ટોકરશી વીરા

## (૨) મુંબઇથી શ્રી મનુભાઈ ખંડેરિયા

**મુ. શ્રી પરમાનંદભાઈ,**

તા. ૧-૨-૭૧ ના 'પ્રબુદ્ધ જીવન' માં શ્રી સેતલવડ અને શ્રી. શાહના મંતવ્યો વાંચ્યા. શ્રી સેતલવડ મલ્લિકજીના અનુભવને નથી ઈનકારતા. આપણામાંના ઘણા પણ શ્રીમદ્ રાજચંદ્ર તરફના આદરને લઈને તેમના પુનર્જન્મના અનુભવને નથી ઈનકારતા પણ તેથી આ 'વિશ્વશકિત' તદ્દન ન્યાયી છે તે શું આપણને સાચે જ લાગે છે? ન્યાયપરાયણ શકિતએ તો ન્યાયાધીશની માફક આપણને ન્યાય આપવો જોઈએ. ગયા ભવમાં આપણે કયો ચોક્કસ ગુનો કર્યો તે આપણને કોઈ જણાવતું નથી; નથી આપણો બચાવ કરવાની કોઈ તક કે નથી સજાની સમય-મર્યાદાની આપણને જાણ. કર્મના સિદ્ધાંતને શ્રી સેતલવડ 'લોકોની યાતનાનો ખુલાસો કરવાના એક માત્ર પ્રયત્નરૂપ' કહે છે તેમાં શું તથ્ય નથી?

વાસ્તવિક દૃષ્ટિએ જોતાં કેટલાક પુરુષાર્થી અને વળી ભદ્રલોકોના જીવનમાં પણ દુ:ખના ડુંગર ઊગતા આપણે જોઈએ છીએ અને તે એટલી હદ સુધી કે લાંબી કષ્ટદાયક માંદગી ભોગવીને અજંપામાં મૃત્યુ પામે છે, જ્યારે એવા કેટલાક ભાગ્યશાળી ગર્ભશ્રીમંતો જોવા મળે છે કે જેમણે જીવનના ઊંચા મૂલ્યોની પરવા કરી નથી, છતાં સુખ અને પ્રતિષ્ઠામાં આળોટતાં આળોટતાં શાંતિથી લાંબુ આયુષ્ય ભોગવી ક્ષણ માત્રમાં મૃત્યુને ભેટે છે. આ ઉપરથી દરેક વ્યકિત પોતાના ભાગ્યની વિધાતા છે તેમ કહેવું તે અર્ધસત્ય (half-truth) નથી લાગતું?

વાસ્તવિક જીવનમાં સત્યમ્, શિવમ્ સુંદરમ્ કેટલી હદે પ્રચલિત છે? શ્રી સેતલવડ પોતે જ તેના પુસ્તકમાં બતાવી આપે છે કે ન્યાય જેવા ક્ષેત્રમાં અને ઊંચામાં ઊંચો હોદો ભોગવતા સરન્યાયાધીશો અને નામાંકિત વકીલો જીવનના ઊંચા મૂલ્યો પૂરેપૂરા અમલમાં મૂકી શકેલ નથી. વેપારી ક્ષેત્રે તો આપણે જાણીએ છીએ કે ૯૯ ટકા વેપારી બીલકુલ પ્રમાણિકતા જાળવતા નથી, સત્યનું આચરણ કરતા નથી અને ઈન્કમટેક્ષનું ફોર્મ વ્યાજબી ભરતા નથી, છતાં તેમની અનેકવિધ પ્રગતિ તો ચાલુ રહે છે. ગાંધીજીએ રાજકીય ક્ષેત્રે પણ સત્ય, અહિંસા, અપરિગ્રહ વગેરે માટે આગ્રહ રાખેલો, છતાં આજે આપણે શું અનુભવીએ છીએ? છતાં દેશે પ્રગતિ નથી કરી એમ નથી. અતિરેક થાય તો જીવનનો અંત આવે. રોમન સામ્રાજ્ય અને મધ્ય એશિયાની બીજી સંસ્કૃતિનું થયું તેમ. એટલે બરટ્રાંડ રસેલ કહે છે તેમ Moderation is virtue, extremism ક્યાંય ટકતું નથી. પછી ગુણ હોય કે અવગુણ, વિચાર હોય કે આચાર. અબજોમાં એક એવા મહાત્માજી પણ તીવ્ર ઝંખના હોવા છતાં ઈશ્વરનો સાક્ષાત્કાર ન કરી શકયા. તેથી શું એમ ફલિત નથી થતું કે પરમતત્વની અનુભૂતિ માટે કાંઈ ચોક્કસ જીવનપદ્ધતિ નથી.

જ્યાં સલામતી–શારીરિક કે આર્થિક–ન હોય ત્યાં નૈતિક કે આધ્યાત્મિક સ્વાતંત્ર્યની વાત ૯૯ ટકા માટે કોઈ અર્થવાળી બનતી નથી. બિનસલામતી (insecurity of life) માટે આપણે, આધ્યાત્મિકતાનો દાવો કરવા છતાં, દોષનો ટોપલો આપણી ગરીબાઈ ઉપર ઓઢાડીએ છીએ. પણ સમૃદ્ધ અમેરિકન લોકશાહીમાં ચોરી, લૂંટ, ખૂની હુમલા, બળાત્કાર વગેરે સામાન્ય થતું જાય છે. 'માનવ સ્વભાવમાં રહેલી પાયાની સચ્ચાઈ' માં આ કહેવાતો સ્વતંત્ર મનુષ્ય શ્રદ્ધા ગુમાવી દે તો નવાઈ પામવા જેવું નથી. તેથી Controlled Society તરફ થાકેલો મનુષ્ય ખેંચાય છે. ચાઈનાને પણ માનભર્યું સ્થાન આપવા લગભગ બધા દેશો તૈયાર લાગે છે. દાન અને સેવાની સામ્યવાદી સમાજમાં જરૂર નથી. રશિયામાં બાળકોના સર્વાંગી વિકાસની (ઉચ્ચ શિક્ષણ સુધી) જવાબદારી સરકાર

લઈ લે છે; અશક્તો અને વૃદ્ધોની જિંદગી કેમ સુખમય બને તે માટે સરકાર પ્રયત્નશીલ રહે છે. આ તો સંસ્કૃત સમાજની નિશાની થઈ. છતાં તે સમાજ નાસ્તિકોનો સમાજ છે તે હકીકત છે. ત્યાં નૈતિક કે આધ્યાત્મિક સ્વાતંત્ર્યનો સંભવ ઓછો છે.

નિરાશાથી પણ પ્રમાણિકતાથી શ્રી સેતલવડ પૂછે છે તેમ આપણને પણ પૂછવાનું મન થાય છે કે 'આ વિરાટ વિશ્વ કેવી રીતે અને શા માટે નિર્માણ થયું? જવાબ અગમ્ય.

**મનુભાઈ ખંડેરિયાના પ્રણામ**

## (૩) સુરેન્દ્રનગરથી શ્રી લલિત શાહ

**મુ. પરમાનંદભાઈ,**

તા. ૧-૨-૭૧ ના પ્રબુદ્ધ જીવનમાં બે લખાણો વાંચતા (૧) ઈશ્વરને પ્રાર્થના વડે હલાવી શકાય છે કે કેમ અને (૨) ઈશ્વર કૃપાળુ છે કે કેમ - એ બે મુદ્દા વિચારવાના થયા:

વનસ્પતિ, માનવી, પશુ, પંખી, જીવજંતુ વગેરેની શરીરરચના, તેમ જ ભૌતિક ઘટનાઓનું મૂળભૂત આયોજન વગેરેના નિયમો જોતાં આપણને કુદરતની કૃપા જોવા મળે છે. કુદરત એ તમામને એક એકમ તરીકે નિહાળતી હોય તેમ જણાય છે. કુદરત કોઈપણનો એક તરીકે નહિ પણ આખા સમૂહ તરીકેનો જ વિચાર કરતી હોય તેમ જણાય છે. વળી તેની નજરમાં માત્ર માનવસમાજ નહિ પણ માનવેતર સૃષ્ટિનું પણ હિત છે જ. કુદરતને મન વર્ષોના વર્ષો એટલે એક પળ જ. (અહીં નિહાળતી, વિચાર નજર, મન વગેરે શબ્દો રજૂઆતની સરળતા ખાતર વાપર્યા છે. કુદરત માનવને છે તેવું મન, નજર કે વિચાર બળ ધરાવતી વ્યક્તિ છે એમ માનવાને કારણ નથી).

કોઈપણ કુદરતી આફત આપણા પાપની સજારૂપે છે તેમ નહિ માની શકાય. એમ માનવાનું કારણ એ છે કે ઈશ્વર જાણે કે રાગદ્વેષથી ભરેલો છે અને તેને પ્રાર્થના કરવાથી હલાવી શકાય છે તથા પાપ કરવાથી તેનો રોષ વહોરવો પડે છે એવો આપણો ખ્યાલ બંધાયેલો છે. ઈશ્વર કંઈ માનવહૃદય ધરાવતું એકમ નથી. એ તો તત્વ છે. આ જગત જે મૂળભૂત તત્ત્વોનું બનેલું છે તેના સૂત્રરૂપે તે છે. તેને માનો - ન માનો, પૂજો - ન પૂજો, પ્રાર્થો - ન પ્રાર્થો એ બાબતથી એ તત્ત્વ વેગળું છે. કેમકે ઈશ્વર એટલે નિયમ. નિયંતા અને નિયમ એ બે જુદા નથી. આપણા પાપ - પુણ્યની કે ઈશ્વર-સ્તુતિ યા ઈશ્વરનિંદાની એ નિયંતા કે નિયમને કશી અસર થતી નથી. પાપ ન કરવું અને પુણ્ય કરવું એ ચિત્તશુદ્ધિ અને સમાજ-શુદ્ધિની અપેક્ષાએ છે. ઈશ્વર એથી પર છે.

વિજ્ઞાન આ નિયંતાની વધુ ને વધુ ઓળખાણ કરાવતો પ્રકાશ છે. નાનામાં નાની બીજથી માંડીને બ્રહ્માંડ સમસ્તનો ભેદ ખોલવો એ વિજ્ઞાનનું કામ છે. આ વિજ્ઞાનનું શસ્ત્ર એ માણસને મળેલી કુદરતી બક્ષિસ છે. કુદરત કે કુદરતનો નિયંતા પોતે જેટલો માનવ સમક્ષ અનાવૃત છે તેથી વિશેષ આવૃત એટલે કે ઢંકાયેલો છે. બ્રહ્માંડનો તાગ મેળવવા માનવી મથી રહ્યો છે. એવી મથામણ બક્ષવામાં ઈશ્વરે કૃપા દર્શાવી તો એ ભેદ ખુલ્લો જ રાખવા જેટલી કૃપા તેણે કાં ન દર્શાવી? એ એવો પ્રશ્ન છે કે જેનો જવાબ જ નથી.

બાકી માનવસમાજની જે વ્યવસ્થા છે તેમાં અમુક વર્ગને જે અન્યાય કે યાતના ભોગવવા પડે છે તેની જવાબદારી ઈશ્વર પર ઢોળવામાં આપણે આત્મવંચના કરીએ છીએ. ઈશ્વરી કર્તૃત્વને પોતાની મર્યાદા છે. જેમ સમુદ્રને છે તેમ. એણે આપણને દિલ અને દિમાગ આપ્યા પછી આપણી જવાબદારી શરૂ થાય છે. માનવ-સમાજે પોતે વિતાવેલા યુગોમાંથી ઐતિહાસિક સત્યો શોધવા અને તેનું પરિમાર્જન કરી નવો ઈતિહાસ સર્જવો. આવો ઈતિહાસ સર્જનારા પુરુષો યુગે યુગે નીપજે છે તે માનવીની વિક્રમશીલતાનું પરિણામ છે. આ સંદર્ભમાં જે ઈશ્વરનું નામ દેવામાં આવે છે તે વીતેલા ભૂતકાળ અને નીપજનાર ભાવિ વચ્ચે સંકળાયેલી કારણ - કાર્યની ઘટમાળ પરત્વે જ દેવામાં આવે છે.

વળી એમ પુરુષાર્થ ખેડનાર જે ઈશ્વરશ્રદ્ધા દર્શાવે છે તે આત્મશ્રદ્ધા અને માનવીના ભાવિ વિશેની શ્રદ્ધાનું બીજું નામ છે. આ જગતનો જે નિયંતા છે તે એક વ્યક્તિનો પણ નિયંતા છે, તેમ છતાં માનવસમૂહ જે સભ્યતા અને સંસ્કૃતિ નિપજાવે છે તેમાં એકે-એક વ્યક્તિને પહોંચીવળવાનું સામર્થ્ય હોવું જોઈએ. સુખ સર્વ કોઈ માટે છે. ઈશ્વરને નામે કોઈને પણ આંચ - અન્યાય આવવા નહિ જોઈએ. એટલે જે યાતનામાં માનવસમાજનો મોટો ભાગ રિબાય છે તેમાં ઈશ્વરની નિષ્ઠુરતા જોવી વ્યાજબી નથી. એ તો માનવસમાજના વિકાસમાં વણાઈ ગયેલી અસરકારક ભૂલનું પરિણામ છે, જે ભૂલ નિવારવા માટે ગાંધીવાદ, સમાજવાદ, સામ્યવાદ જેવા વાદો પ્રગટ થાય છે અને પ્રવૃત્તિમય થાય છે. ત્રણે ય વાદની ભાવના એક હોવા છતાં દૃષ્ટિ અને રીતિમાં ઘણો ઘણો ફરક છે.

એ એક ખૂબી છે કે માનવસમૂહ જ સૌથી વધુ વિકાસ પામેલો છે એમ માનવામાં આવે છે. માનવી પાસે વિજ્ઞાનનું બળ હશે માટે એમ મનાતું હશે. માનવેતર સૃષ્ટિ પશુ, પંખી કે કીટ-પતંગ પૈકીના કેટલાક સમૂહોનાં જીવનનું અવલોકન કરીએ તો તેમનું સંસ્કારબળ આશ્ચર્યકારક માલૂમ પડે છે. એમના ઉચ્ચકોટિના સમૂહજીવનની સરખામણીમાં આપણે ઘણા પછાત છીએ. આપણે ઈશ્વરપરાયણ છીએ તેટલા સમાજપરાયણ નથી માટે તેમ હશે? સમાજમાં રહેતો કોઈ પણ માણસ સમાજપરાયણ તો હોવો જ જોઈએ. મન તત્વ-પરાયણ રહેતું હોય અને કર્મ સમાજપરાયણ ચાલતું હોય.

ક્ષમા જેમ વીરોને શોભે છે તેમ ઈશ્વરશ્રદ્ધા પણ વીરોને જ શોભે છે. ખરી ઈશ્વરપરાયણતા કાયરતાને ખંખેરીને જ સમાજ-પરાયણ બને છે.

**લલિત શાહ**

## (૪) અમદાવાદથી કાન્તિલાલ શાહ

**મુ. પરમાનંદભાઈ,**

તા. ૧-૨-૧૯૭૧ ના 'પ્રબુદ્ધ જીવન' માં 'થોડુંક તત્વચિંતન' એ મથાળા નીચે તમે શ્રી મોતીલાલ શેતલવાડ તથા શ્રી ચીમનલાલ ચકુભાઈનો પત્રવ્યવહાર અને શ્રી મોતીલાલની આત્મકથા-માંથી બે ફકરા ટાંક્યા છે, અને એમાં ચર્ચાયેલા પ્રશ્નો પર પ્રકાશ પાડતું ચિન્તન કોઈ લખી મોકલે તો તે છાપવા ઉત્સુકતા દર્શાવી છે, તેથી થોડુંક લખવા પ્રેરાયો છું:

(૧) શ્રી મોતીલાલ જેવા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પુરુષે પોતાના જીવનમાંથી જે ફિલસૂફી તારવી હોય તેમાં કોઈના અભિ-પ્રાયથી કે માન્યતાથી ઓછો જ ફેર પડવાનો છે? પરંતુ પ્ર. જી. માં જેટલું લખાણ આવ્યું છે તે પરથી મને જે વિચાર સ્ફુરે છે તે પ્રગટ કરું છું.

(૨) "એક વિશ્વવ્યાપી શક્તિ જેમાંથી આપણું નિર્માણ થયું છે અને જેમાં આપણે વિલીન થવાના છીએ." એવો જે વૈદિક વિચાર છે તે શ્રી મોતીલાલને ભવ્ય લાગે છે. આ વૈદિક વિચારમાં પણ અત્યંત ભવ્ય એવી જે કલ્પના છે તે

પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।

એ શ્લોકમાં નિરૂપાયેલી છે "પેલું પૂર્ણ છે, આ પૂર્ણ છે. પૂર્ણ-માંથી પૂર્ણ નીકળે છે. (એમ) પૂર્ણમાંથી પૂર્ણ લેતાં – એ પ્રકારે કાઢઘાલ થતાં, બાકી રહે છે તે ય પૂર્ણ જ છે."—આ કલ્પનાનો સ્વીકાર કરીએ તો પછી જન્મ-મૃત્યુ, સુખ-દુઃખ, સંવાદ - વિસંવાદ, વગેરે બધી સમસ્યાઓનો ઉકેલ મળી જાય છે. જે કંઈ આપણે જોઈએ

છીએ તે એક જ નટનાગરની લીલા છે. પોતે જ જીવન છે, મૃત્યુ છે; પોતે જ સેવક છે, સેવ્ય છે; પોતે જ શિકાર છે, શિકારી છે; શોષક છે, શોષિત છે. નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો "ચિત્ત ચૈતન્યવિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે." આ બુદ્ધિ સ્વીકારી લે તો આપણી આજુબાજુ દેખાતી યાતનાઓ, વિસંગતિઓ, વિષમતાઓ – કશાથી આપણે અકળાઈશું નહિ.

(૩) બધાંને આ માન્યતા ગ્રાહ્ય ન પણ લાગે. તથાપિ શ્રી ચીમનલાલ ચકુભાઈ કહે છે તેમ બ્રહ્માંડનું નિયમન કરનારી શક્તિ "એ જ કોટિની છે જે શક્તિ આપણા શરીરનું નિયમન કરે છે;" અને એવા નિર્ણય પર તો તર્કપ્રધાન વ્યક્તિને પણ આવવું પડે છે. આ શક્તિ પૂર્ણ છે, આપણે અપૂર્ણ છીએ; આપણે અંશ છીએ, એ અંશી છે. ભક્તિની પરિભાષામાં એ ઈશ્વર છે, આપણે જીવ છીએ. આ અપૂર્ણ જીવ, પૂર્ણ એવા ઈશ્વરને કદી પણ પૂરેપૂરો જાણી શકે નહિ. ઈશ્વરને જાણવાનો સહેલામાં સહેલો રસ્તો પોતાને જાણવા (નો ધાય સેલ્ફ)નો છે.

(૪) આ માટે જ અંતર્મુખ થવાની જરૂર છે, અને તેથી જ સ્વ. મલ્લિકજીએ શ્રી મોતીલાલને અંતર્મુખ થવાની સલાહ આપી હતી. આ જગતમાં મનુષ્યમાત્રને કોઈ પણ વાતની સોએ સો ટકા ખાતરી હોય તો તે પોતાના અસ્તિત્વની છે. ઈશ્વર છે કે નહિ, તે કરુણાળુ છે કે નહિ, તે પ્રાર્થના સાંભળે છે કે નહિ – એ બધી વાતો શંકાસ્પદ કે ચર્ચાસ્પદ હોઈ શકે છે. પરંતુ મોતીલાલ છે કે નહિ, ચીમનલાલ છે કે નહિ–એ વાત તે તે વ્યક્તિ માટે શંકાસ્પદ નથી. આ મોતીલાલ કે ચીમનલાલ કોણ છે તે જાણવાથી પોતાની, અન્યની તથા વિશ્વની ચાવી હાથ આવે છે. માટે જ આજના બુદ્ધિપ્રધાન મનુષ્ય માટે શ્રી રમણમહર્ષિનો ઉપદેશ બહુ અનુકૂળ છે.

(૫) બુદ્ધિપ્રધાન મનુષ્યોની એક સામાન્ય ભ્રાન્તિ એ હોય છે કે જે કંઈ આત્મલક્ષી અગર વ્યક્તિ-સાપેક્ષ (સબ્જેક્ટિવ) હોય છે તે કંઈક ઓછું વાસ્તવિક (ઓછું રિયલ) હોય છે, અને તેથી જ શ્રી મોતીલાલે સંત-મહાત્માઓની આધ્યાત્મિક અનુભૂતિઓ માટે શંકા ઉઠાવી છે કે, "આ બધી કહેવાતી આધ્યાત્મિક અનુભૂતિઓ સબજેકટિવ નથી?" જો કે તેઓ પોતાની જાતને જ પૂછે છે કે મલિકજી જેવાના "અંગત અનુભવને હું કેમ નકારી શકું?" એમના ભાઈના મૃત્યુપ્રસંગે થયેલું સંવેદન કે પોતાના દીર્ઘ અને સુખી દાંપત્યનો વિચાર કરતાં મનમાં જન્મેલી લાગણીઓ – એ બધું પણ સબજેકટિવ જ છે ને? છતાં એ કંઈ ઓછું વાસ્તવિક નથી. તો મનુષ્યને થયેલી આધ્યાત્મિક અનુભૂતિ વધારે નહિ તો એટલી તો વાસ્તવિક ખરી કે નહિ? મલિકજીએ બતાવેલે રસ્તે ચાલનારને મલિકજીની આત્માનુભૂતિ પણ થઈ શકે. વાચકને એ પણ યાદ દેવડાવું કે મૃગજળ અને મેઘધનુષ્ય ઓબ્જેક્ટિવ (વ્યક્તિ-નિરપેક્ષ: સબજેકિટવ નહિ) હોવા છતાં પણ ભ્રાન્તિ જ હોય છે, અવાસ્તવિક હોય છે.

(૬) શ્રી મોતીલાલ અને શ્રી ચીમનલાલ બંને કાયદાશાસ્ત્રી છે, તેથી બંનેને નિયમ અને/અથવા કાયદા (કાર્યકારણનો અફર નિયમ; મૉરલ લૉ)માં અટળ વિશ્વાસ છે. પરંતુ બંને એટલું તો સ્વીકારે છે કે વિશ્વનું નિયમન કરનારી શક્તિ ચૈતન્યમય છે. આ શક્તિ ચૈતન્યમય છે, તેથી જ એમાં સંકલ્પશક્તિ (વિલ) છે, અને તેથી જ પોતે ઘડેલા નિયમો કે કાયદાથી એ બંધાયલી નથી. પોતે ચૈતન્યમય પુરુષ (પર્સન) છે તેથી પ્રાર્થના પણ સાંભળે છે અને ભક્તનું રક્ષણ પણ કરે છે. ઈશ્વરનો 'પર્સન' તરીકે વિચાર કરતાં આપણી આંખ આગળ ચાર હાથ છે કે બે હાથવાળી મૂર્તિ કે સ્થળ-કાળથી બદ્ધ એવું સ્વરૂપ આવે છે અને તેથી એ કલ્પના સ્વીકાર્ય લાગતી નથી. પરંતુ ઈશ્વર નિરાકાર અને નિર્ગુણ હોવા છતાં સાકાર અને સગુણ હોઈ શકે એવું સમજવા માટે રેડિયો બહુ ઉપયોગી છે. માનો કે અત્યારે અમદાવાદથી એક ગીત ગુજરાતીમાં ગવાઈ રહ્યું છે, મુંબઈથી કંઈ મરાઠી વાર્તાલાપ પ્રસારિત થાય છે, અને દિલ્હીથી અંગ્રેજીમાં સમાચાર અપાય છે, તો આ બધાં જ આંદોલનો આ ક્ષણે જ મારા ઓરડામાં છે; જે રીતે મારા ઓરડામાં છે તે જ રીતે મારા પાડોશીઓના અને વાચકના ઓરડામાં પણ છે– અર્થાત્ એ સર્વવ્યાપી છે; અને આપણે રેડિયો તે તે સ્ટેશન સાથે ટ્યુન કરીએ તો જે સાંભળવું હોય તે સાંભળી શકીએ – એટલે આ આંદોલનો સાકાર પણ છે અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળા પણ છે. નિરાકાર અને અદશ્ય હોવા છતાં સાકાર અને શ્રાવ્ય છે. જેને આપણે સત્, ચિત્ અને આનંદ કહીએ છીએ તે આવી જ રીતે (દરેક દૃષ્ટાન્તને મર્યાદા તો હોય જ) એક હોવા છતાં અનેક છે, અને સર્વત્ર પણ છે; પુર્ણ પણ છે.

પણ નાને મોંએ મોટી વાતો કરવાનું હવે બંધ કરું. એ પણ કબૂલ કરી લઉં કે જે એક છે તે અનેક શા માટે થયો છે? જે દેખાય છે તે એની લીલા જ છે કે એમાં કંઈ વિકાસક્રમ (ઇવોલ્યુશન) પણ છે? એ પ્રશ્નો અનુત્તર જ રહે છે. આ પ્રશ્નો અતિપ્રશ્નો છે. આત્માને જાણ્યા વિના આ પ્રશ્નો ઉકલતા નથી; અને જેણે આત્મા ને જાણ્યો છે તેને આ પ્રશ્નો ઊઠતા નથી. અસ્તુ.

અમદાવાદ, તા. ૮-૨-૭૧ કાન્તિલાલ

## (૫) પૂનાથી શ્રી ચંદુલાલ ચીમનલાલ શાહ

**શ્રીયુત તંત્રી, 'પ્રબુદ્ધ જીવન' મુંબઈ.**

આપના તા. ૧-૨-૭૧ ના અંકમાં શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવડની આત્મકથામાં કાર્યકારણના અફર નિયમ અનુસાર કોઈથી પણ ટાળી ન શકાય એવી એક શક્તિ આ વિશ્વમાં નિષ્ઠુરપણે કામ કરી રહી છે વિગેરે બાબતો આવી છે. તેનો જવાબ એ જ હોઈ શકે કે, કાર્યકારણના અફર નિયમ અનુસાર આ વિશ્વ કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ આ પાંચ સમવાયી કારણોથી ચાલ્યું આવ્યું છે અને ચાલ્યા કરશે. વિશ્વમાં એવી બીજી કોઈ પણ શક્તિ નથી, કે જે આ વિશ્વને નષ્ટ કરી શકે. વિશ્વની તમામ બાબતોનું નિર્માણ, નાશ અને સ્થિર રહેવાનું કામ આ પાંચ સમવાયી કારણો દ્વારા જ થાય છે. આ સિવાય વિશ્વમાં બીજી કોઈ સ્વતંત્ર શક્તિ હોય એમ લાગતું નથી.

દુઃખ, સુખ, દયા, માયા, પ્રેમ, દ્વેષ, ઇષ્ટ, અનિષ્ટ–આ બધા મનના ભાવ છે, જે મનમાંથી ઉત્પન્ન થાય છે અને મનમાં ભળી જાય છે. આ શક્તિ આધ્યાત્મિક કે નૈતિક નહિ પણ સ્વાભાવિક છે. પુનર્જન્મનો સિદ્ધાંત ખરા સ્વરૂપમાં સિદ્ધ ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક બાબતોનો વિચાર કરવો નકામો છે. પુનર્જન્મ સિદ્ધ થાય તો આધ્યાત્મિક તમામ બાબતોનો યોગ્ય ખુલાસો મળી શકે. આજે અતીન્દ્રિય બાબતો સંબંધમાં રશિયા વિગેરે દેશમાં સંશોધન થઈ રહ્યું છે.

ચંદુલાલ ચીમનલાલ શાહ, પૂના-૨.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૭૧, મંગળવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રજાનો ચૂકાદો

ચૂંટણીના પરિણામોએ બધાને આશ્ચર્યચકિત કર્યાં છે, કેટલાકને આઘાત લાગ્યો છે, પણ એકંદરે પ્રજાએ આવકાર્યા છે. ઈન્દિરા ગાંધીને અભૂતપૂર્વ અકલ્પ્ય વિજય મળ્યો, તે કેમ બન્યું તેનાં કારણોની સમીક્ષા રાજકીય નિરીક્ષકો કરી રહ્યા છે. શાસક કૉંગ્રેસે પોતે પણ આટલી મોટી બહુમતીની આશા રાખી નહિ હોય. આંધી ચડે ત્યારે કોઇક અનામી ઊંચે ચડી જાય, અને કેટલાય નામચીન ઉથલી પડે એવું બન્યું છે. છતાં આ બધું અકસ્માત નથી. ભૂગર્ભ કે વાયુમંડળમાં પરિવર્તન થાય જે અદશ્ય હોવાથી આંધી કે ધરતીકંપ અકસ્માત લાગે છે, તેમ દેશનાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે જે મહાન પરિવર્તનો થઇ રહ્યા છે અને જે નવાં પરિબળો ઉત્પન્ન થયા છે તેની જેને જાણ નથી અથવા તે સ્વીકારવા તૈયાર ન હતા તેમને આ પરિણામ ગૂઢ રહસ્યમય ઘટના લાગે છે.

ઈન્દિરા ગાંધીનો આ અંગત અપૂર્વ અને જ્વલંત વિજય છે તે ખરૂં. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વનું પ્રજાના મોટા ભાગને આકર્ષણ રહ્યું છે તે પણ ખરું. પણ આ મુખ્ય કારણ નથી. આમાં કોઇ આંધળી વ્યક્તિપૂજા–Personality Cult નથી. તેમની નીતિ અને કાર્યક્રમ એટલું જ અગત્યનું કારણ છે. આ નીતિ અવિભક્ત કૉંગ્રેસની નીતિ છે - લોકશાહી સમાજવાદની. પ્રજા ઝડપી પરિવર્તન માગે છે. ઈન્દિરા ગાંધી તેનાં નિમિત્ત કે પ્રતિક છે. તેમણે પ્રજામાં એક આશા - શ્રદ્ધા જન્માવી છે. પ્રજા જે માગે છે તેનો અસરકારક અમલ તેઓ કરશે એવો વિશ્વાસ પેદા કર્યો છે. તેમની સામે જે આક્ષેપો કરવામાં આવતા હતા કે તેઓ સામ્યવાદી છે અથવા દેશને સામ્યવાદ તરફ ધસડી રહ્યા છે, દેશને રશિયાનું ખંડિયા રાજ્ય બનાવી રહ્યા છે, લોકશાહીના વિરોધી છે, સરમુખત્યાર થવાની મહત્વાકાંક્ષા સેવે છે, તેઓ સત્તા પર આવશે તો આ છેલ્લી ચૂંટણી હશે, આ બધા આક્ષેપોનો પ્રજાએ અસ્વીકાર કર્યો છે.

શાસક કૉંગ્રેસના આ વિજયમાં મોટો ફાળો ચારપક્ષી મોરચાનો અને ઈન્દિરા હટાવો - તેનાં એકમાત્ર સૂત્રનો રહ્યો છે. ચારપક્ષી જોડાણથી શાસક કૉંગ્રેસ સામેનો વિરોધ સબળ થવાને બદલે, નિર્બળ થયો. આ જોડાણથી તેના કોઇ ભાગીદારને ટેકો મળવાને બદલે, દરેક પક્ષે ગુમાવ્યું. આ ચારપક્ષી મોરચાની સૌથી નબળી કડી સ્વતંત્ર પક્ષ હતો. પ્રજામાં આ પક્ષનું કોઇ સ્થાન ન હતું. આ પક્ષ મૂડીવાદી, સ્થાપિત હિતોનું રક્ષણ કરનાર અને ઉદ્યોગપતિઓ તેમજ રાજા મહારાજાઓનો પક્ષ છે એમ પ્રજાને લાગ્યું છે. આ પક્ષની નીતિમાં આમજનતાના કલ્યાણનો માર્ગ પ્રજાને દેખાયો નથી. આવા પક્ષની ભાગીદારી કરી સંસ્થાકૉંગ્રેસ અને જનસંઘ બન્નેએ ગુમાવ્યું છે. રાજકોટની બેઠક ઉપર મસાણીને જ ઊભા રાખવાનો આગ્રહ મોરારજીભાઈએ રાખ્યો નં હોત, અને ગુજરાતના મુખ્ય મંત્રી અને પ્રદેશ સમિતિના પ્રમુખમાં આવા આગ્રહનો વિરોધ કરવાની હિમત હોત તો સૌરાષ્ટ્ર, કચ્છ અને કેટલેક દરજ્જે ગુજરાતમાં સંસ્થાકૉંગ્રેસના જે હાલ થયા તે ન થાત. તે જ હકીકત માયસોરમાં વધારે ભારપૂર્વક પુરવાર થઇ. જે બે રાજ્યોમાં સંસ્થા કૉંગ્રેસનું બળ હતું તે બન્ને રાજ્યોમાં આ જોડાણથી તેણે ગુમાવ્યું. ઉત્તર પ્રદેશ, દિલ્હી અને કેટલેક દરજ્જે રાજસ્થાનમાં જનસંઘનું બળ હતું, ત્યાં તેણે ગુમાવ્યું. મુંબઇમાં જ્યોર્જ ફરનાન્ડીઝની બેઠક ઉપર જે નાટક ભજવાયું તેમાં આ મોરચાની તકવાદીતા અને પોકળપાણું પ્રજાએ જોયું. ઈન્દિરા ગાંધી સામે ધિક્કારની વર્ષા વર્ષાવી તેથી પ્રજામાં સખ્ત આણગમો પેદા થયો.

પણ આ મોરચાનું એક બીજું પણ પરિણામ આવ્યું. પ્રજાને સ્થિર અને સબળ રાજ્યતંત્ર જોઇએ છીએ. આ ચારપક્ષી જોડાણમાં પરસ્પરનો વિરોધ અને અણવિશ્વાસ ઉઘાડા પડી ગયાં.

મતદાર માનવામાં આવે છે તેટલો અજ્ઞાન નથી. વિરોધ અને પ્રચારના વંટોળમાં પણ, સમજણપૂર્વક મતદાન કર્યું છે. વર્તમાનપત્રોનો અને અન્યથા થતો પ્રચાર, જાણકારોની આગાહીઓ, આ બધાનો વિચાર કરીએ તો આ પરિણામ શક્ય ન હતું. આ ચૂંટણીએ બતાવ્યું છે કે લોકશાહી પરિબળો આ દેશમાં વધુ સુદ્ઢ થયા છે.

આ ચૂંટણી દેશને માટે એક સીમાચિહ્ન છે. ૧૯૬૭ની ચૂંટણી પછીના ચાર વર્ષોમાં દેશમાં ઉત્તરોત્તર વિઘાતક બળોનું જોર વધતું રહ્યું. કોમવાદ, પ્રાન્તવાદ, જાતિવાદ અને હિંસક બળો ફેલાતા રહ્યાં. કેન્દ્રતંત્ર નિર્બળ થયું, રાજ્યો, કેન્દ્ર સામે વધારે સત્તા ભોગવતા થયા અથવા માગણી કરી. રાષ્ટ્રીય એકતા જોખમાઈ. રાષ્ટ્રીય રાજકીય પક્ષો–ખાસ કરી, કૉંગ્રેસ છિન્નાભિન્ન થયા. સ્થાનિક પક્ષો, શિવસેના, અકાલી, ભારતીય ક્રાન્તિદળ, બંગલા કૉંગ્રેસ, ડી. એમ. કે, ઉત્કલ કૉંગ્રેસ, વિગેરે વધતા રહ્યાં. પક્ષાન્તરો મોટા પાયા પર થયા. અરાજકતા તથા અંધાધૂંધીનો ભય પેદા થયો. આ ચૂંટણીના પરિણામે આ બધા અનિષ્ટોને રોકયા છે અને એક નવી દિશામાં દેશ પ્રયાણ શરૂ કરે છે.

ઈન્દિરા ગાંધી સામે આરોપ હતો કે તેમણે કૉંગ્રેસને તોડી. આ ચૂંટણી બતાવે છે કે તેમણે કૉંગ્રેસને સમર્થ અને સંગઠીત બનાવી છે. વર્ષોની સત્તા ભોગવ્યા પછી, કૉંગ્રેસ નિષ્પ્રાણ બની હતી. ફરી શકિતશાળી રાજકીય પક્ષ બની છે અને સ્વાતંત્ર્ય પછી, ૧૯૬૨ સુધી દેશની એકતા જાળવવામાં કૉંગ્રેસનો જે મહત્ત્વનો ફાળો હતો તે સ્થાન ફરીથી તેણે પ્રાપ્ત કર્યું છે. કેન્દ્ર સરકાર પ્રભાવશાળી અને સબળ બનશે.

આ ચૂંટણીએ એ પણ બતાવ્યું છે કે પ્રજા કોમવાદી, સામ્યવાદી અને મૂડીવાદી, તત્વોનો અસ્વીકાર કરે છે. ચૂંટણીમાં કોમવાદ ઘણો અગત્યતો ભાગ ભજવે છે. આ વખતે તે ઘણું ઓછું થયું છે. ચરણસિંહ, જાટ કોમના આગેવાન તરીકે, તેના બળ ઉપર કાંઇક વ્યૂહ

રચતા હતા. આ વખતે હારી ગયા. પંજાબમાં અકાલીઓ, શીખકોમના એકમાત્ર પ્રતિનિધિ હોવાનો દાવો કરતા. આ વખતે લોકસભાની ૧૩ માંથી ૧૦ બેઠક શાસક કૉંગ્રેસને મળી. અકાલી ઉમેદવારો હારી ગયા. આંધ્ર, માયસોર, બિહાર, ઉત્તર પ્રદેશ, દરેક સ્થળે આ વખતે એમ જણાય છે કે કોમના આગેવાનોનું વર્ચસ્વ ઓછું થયું છે. સૌરાષ્ટ્રમાં પટેલ રાજકારણને ધક્કો લાગ્યો છે. બંગાળ સિવાય, માર્કસવાદી પક્ષે બધે સખ્ત હાર ખાધી છે, ખાસ કરી કેરળમાં, જ્યાં તેનું જોર હતું. આ ચૂંટણીમાં રાજામહારાજાઓ અને ઉદ્યોગપતિઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો. સફળ ન થયા. આ ચૂંટણી ઘણી ખર્ચાળ છે એ ખરું, પણ માત્ર પૈસાથી જીત નથી મળતી એ પણ દેખાયું. ધારાસભ્ય કે પ્રધાનપદનાં આકાંક્ષી, પૈસાથી પાટલીબદલુ થાય. પણ સામાન્ય મતદાર એ લાલચને વશ નથી થતો એમ કહેવું પડે.

પ્રજાએ પ્રત્યાઘાતી બળોનો અસ્વીકાર કર્યો છે તેમ હિંસક અને ઉદ્દામવાદી બળોને પણ અવગણ્યા છે. કૉંગ્રેસની મધ્યમાર્ગી, શાન્તિમય માર્ગે આર્થિક અસમાનતાઓ દૂર કરવાની અથવા ઘટાડવાની અને સામાજિક ન્યાયની નીતિ સ્વીકારી છે. લોકશાહી, બિનસાંપ્રદાયિક સમાજવાદની નીતિને અપનાવી છે. સામ્યવાદને અટકાવવાનો આ જ માર્ગ છે.

આ ચૂંટણીના પરિણામો ઘણાં દૂરગામી છે. જે રાજ્યોમાં શાસક કૉંગ્રેસનું શાસન નથી ત્યાં નજીકનાં સમયમાં અથવા એક વર્ષ પછીની ધારાસભાની ચૂંટણીઓ વખતે શાસક કૉંગ્રેસ સત્તા પર આવશે એમ લાગે છે. માત્ર પશ્ચિમ બંગાળનો પ્રશ્ન રહેશે. અત્યાર સુધી જાહેર થયેલ પરિણામો ઉપરથી લાગે છે કે બીજા બિનસામ્યવાદી પક્ષો સાથે મળી, કદાચ શાસક કૉંગ્રેસ સત્તા પર આવે અને બંગાળને રાષ્ટ્રપતિના શાસનમાંથી બચાવે.

વિદેશોમાં આ પરિણામની ભારે અસર પડશે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની પ્રતિષ્ઠા ઘટતી રહી છે. હવે ગૌરવપૂર્વક ફરી પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે. ઈન્દિરા ગાંધી આ દેશને રશિયાના વર્ચસ્વ નીચે મુકે છે તે આરોપ સાચો નથી. જે દેશો સામ્યવાદી છે અને રશિયાની એડી નીચે દબાયેલ છે તેવા પૂર્વ યુરોપના દેશો—પૉલેન્ડ, હંગરી, ઝેકોસ્લોવેકીયા,—પણ રશિયાના વર્ચસ્વમાંથી મુકત થવા પ્રયત્નો કરી રહ્યા છે. કોઇ દેશ, બીજા દેશના તાબામાં રહેવું પસંદ ન જ કરે. તો ભારત જેવો મહાન દેશ રશિયાથી દબાયેલ રહેવો ઇચ્છે એ શક્ય નથી. દુનિયાની મહાન સત્તાઓ, અમેરિકા અને રશિયાની બરોબરી કરી શકે એટલી શકિત ભારતની છે.

ઈન્દિરા ગાંધીનો માર્ગ અતિ વિકટ છે. પ્રજાએ તેમનામાં વિશ્વાસ મૂક્યો છે. આદેશ આપ્યો છે. દેશની સમશ્યાઓ ગંભીર અને જટિલ છે. મોંઘવારી ફુગાવો, બેકારી, ગરીબી, વિકરાળ સ્વરૂપે ખડા છે. વિરોધી બળો કેટલે દરજ્જે આ પરિણામથી સહાયક થશે તે કહેવું મુશ્કેલ છે. દેશના બુઝર્ગ નેતાઓ સમયને ઓળખે તો દેશનું સદ્‌ભાગ્ય. મોરારજીભાઇ અને પાટીલે ખેલદીલીથી પરિણામ સ્વીકારવાનું કહ્યું તો છે. બુઝર્ગ નેતાઓ દેશના સાચા ચોકીદાર થઈને રહે અને પ્રજાના સન્માનના અધિકારી બને. રાજાગોપાલાચારીએ કહ્યું કે આ પરિણામ લોકશાહીને ખંજર ભોંકે છે, તે માટે ખરેખર ખેદ થાય છે. નિજલિંગપ્પાનું વલણ પણ હજી કટુતાભર્યું છે. પી. સી. સેને સર્વથા યોગ્ય કહ્યું છે કે હવે એક જ કૉંગ્રેસ છે અને તે શાસક કૉંગ્રેસ. સંસ્થા કૉંગ્રેસના જે સભ્યોની શાસક કૉંગ્રેસમાં જોડાવા ઇચ્છતા ન હોય તેઓ પોતાને અનુકુળ રાજકીય પક્ષમાં જોડાઇ જાય. ઈન્દિરા ગાંધીની ઘણી મોટી જવાબદારી છે. તેમના સાથીદારો એટલો વિશ્વાસ પેદા કરી શકે તેવા નથી. આ ચાર વર્ષમાં ઘણું પતન થયું છે. તંત્રની શિથિલતા અને ગેરવ્યવસ્થા, લાંચરુશ્વતખોરી, કામ કરવાની વૃત્તિનો અભાવ, અશિસ્ત વિગેરે અનિષ્ટો વ્યાપક બન્યા છે. સમસ્ત દેશે એક ભગીરથ પ્રયત્ન કરવાનો રહે છે. આગેવાનોએ ત્યાગ અને સાદા જીવનનો દાખલો બેસાડવાનો રહે છે. સરકારી તંત્રમાં બેફામ ઉઠાઉગીરી છે. ઈન્દિરા ગાંધી અને તેમના સાથીદારો કેટલે દરજ્જે આ પરિસ્થિતિને પલટાવી શકે તે જોવાનું રહે છે. છેવટે તો, રાજકારણ એ સત્તાનો સંઘર્ષ છે, વિરોધી બળો અને વર્ગોનો સંઘર્ષ છે. પણ દેશમાં એક નવું વાતાવરણ સર્જાય અને દૃઢતાપૂર્વક કામ લેવાય તેવી તક સાંપડી છે.

૧૪-૩-૭૧ ચીમનલાલ ચકુભાઈ શાહ

# Conditioned mind : ચોગઠાબદ્ધ માનવી મન વિષે—

( અમદાવાદથી સ્વામી ગીતગોવિંદ નામની એક વ્યકિત તરફથી થોડા દિવસ પહેલાં મળેલો પત્ર અને તેને મોકલવામાં આવેલો જવાબ—બન્ને નીચે આપવામાં આવે છે. આ સ્વામી ગીતગોવિંદનું મૂળ નામ શ્રી રમેશ પટેલ છે, પણ આચાર્ય રજનીશજીએ પ્રરૂપેલ 'અભિનવ સંન્યાસ' જેની આલોચના 'પ્રબુદ્ધ જીવન' ના આગળના અંકોમાં કરવામાં આવી છે તે તેમણે ધારણ કર્યો છે અને ઉપર જણાવ્યા મુજબ, 'સ્વામી ગીતગોવિંદ' એ પ્રમાણે તેમણે પોતાના નામનું પરિવર્તન કર્યું છે.

આ પત્રમાં તેમ જ તેના જવાબમાં conditioning - કન્ડીશનીંગ - શબ્દ વારંવાર આવે છે. આપણું મન દેશ અને કાળના અને આજ સુધી તેને મળેલા ઘડતરના ચોગઠામાં જ કામ કરે છે અને તે ચોગઠાની ભૂમિકા ઉપર આપણા સમગ્ર દર્શનની પ્રક્રિયા ચાલે છે. બદલાતા દેશ—કાળ અને અવનવા અનુભવ પ્રમાણે આ કન્ડીશનીંગમાં—માનસિક ચોગઠામાં - ફેરફાર થયા કરે છે પણ એથી મુકત એવું દર્શન ભાગ્યે જ કોઈને સુલભ હોય છે અને સુલભ હોય તેનાં માટે પણ તે દર્શન અલ્પકાલીન - અમુક ક્ષણો પર્યન્તનું જ— શક્ય છે. અને તેથી જેમ કમળાવાળી આંખોનું દર્શન પીળા રંગની અસરથી મુકત હોઇ શકતું નથી તેમ ઉપર જણાવ્યા મુજબના કન્ડીશન્ડ માઇન્ડનું - ચોગઠાબદ્ધ મનનું - દર્શન પ્રસ્તુત ચોગઠાની છાયાથી—અનિવાર્યપણે રંગાયેલું હોય છે અને તેથી વાસ્તવિકતાને પૂરા અર્થમાં રજુ કરી શકતું નથી. માનવી મનની આ સર્વસાધારણ મર્યાદા છે.

'પ્રબુદ્ધ જીવન' ના જિજ્ઞાસુ વાચકોને વિચારપ્રેરક નિવડશે એમ સમજીને આ અંગત પત્રવ્યવહાર પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે.

પરમાનંદ. )

## સ્વામી ગીતગોવિંદનો પત્ર

અમદાવાદ, તા. ૨૨-૨-૭૧

પૂજ્ય બાપુજી,

ચરણોમાં પ્રણામ કરું છું.

પ્રિય બહેન ગીતાબહેનના આપ પિતાજી છો, અને ગીતા બહેનને ત્યાં હું આપને, એક સામ્યવાદી તરીકે મળેલો પણ ખરો. અસ્તુ! મુલાકાત ટૂંકી હોવાથી વિસ્મરણ થવું સ્વાભાવિક છે.

વળી, પૂજ્ય દાદા ધર્માધિકારી અને ભગવતી વિમલાતાઇના લાંબા સમયના સંપર્કને કારણે પણ હું આપનાથી, પરોક્ષ રીતે તો પરિચિત હતો જ.

અર્થાત્ આપણે પરસ્પર સાવ અપરિચિત નથી જ.

કદાચ આશ્ચર્ય લાગશે કે સામ્યવાદી સંન્યાસી બની શકે છે! કારણ કે, સામ્યવાદી સંન્યાસી હોય જ છે! નહિ સમજાય એ બધું આપને - અને અત્યારે એ વિષય ઉખેળવામાં મને રસ પણ નથી.

એક વાત ઘણી બધી સાલે છે. સામ્યવાદની - સમાજવાદની -

સામ્યવાદીને વહાલા એવા માર્કસની, સ્તાલિનની, માઓની ખૂબ કડક શબ્દોમાં ટીકા પૂજ્ય આચાર્યશ્રીને મોંએ સાંભળતાં દુઃખ તો મને થયું જ હશેને? અને દુઃખ કેટલું ઊંડું હતું - એનો આચાર્યશ્રીને ય ખ્યાલ છે, "પ્રસવવેદના હે - વેદના સહ લો - સોચો - દેખો - પાર હો જાઓગે - બાત સ્પષ્ટ હો જાયેગી" - શું કહેવા માંગતા હશે એ?-અને અંતરને વેદનાની ભઠ્ઠીમાં ઝળગવા દઈને ય હું તેમને જે કહેવું હતું તેને યથાર્થ સમજાવા મથ્યો. માનવા-ન-માનવાની ચિન્તા છોડી દીધી. દુઃખ આપવા ખાતર જ એ ગાળ દે છે-એ મેં માન્યું જ નહિ અને અંતે, આંસુ-રોષ-હતાશા - ઉદ્વેગ - હઠાગ્રહ - વિરોધ - એ બધું અનિવાર્ય હતું. ખેર! સામી વ્યક્તિને યથાર્થ સમજવું - એ સત્ય અને અહિંસાની સાવ પ્રથમ શરત છે.

પરંતુ સામ્યવાદે મને એક વાત શીખવી જ હતી. To be in right earnest–where the search after truth is concerned.–સત્યની શોધ અપેક્ષિત હોય ત્યાં તેની પાછળ પૂરા મનથી પડવું. એક સામ્યવાદી કેટલો સત્યાનુરાગી હોઈ શકે છે તે આપને કલ્પના જ ન આવી શકે.

આપનામાં એ મૂળત: જ ખૂટે છે. આપ સામાજિક પ્રાણી છો. સામાજિક પ્રાણી નીતિવાદી જ હોય છે-Social sanction–સામાજિક અનુમતિ-યુક્ત કાર્ય એ નીતિ. કોઈ પણ સામૂહિક જીવનને વ્યવસ્થિત રાખવા માટે એક યા બીજા પ્રકારના નિયમો અને નિયંત્રણોની હારમાળા અનિવાર્ય બની રહેવાની. જેમકે રસ્તાને લગતા નિયમો-ડાબી બાજુ હાંકો, લાલબત્તી હોય તો વાહન થંભાવો...ઇત્યાદિ. કાયદો કાયદાનું બંધન બહારથી ફરજિયાત લાદીને વ્યક્તિને Social beingમાં–સામાજિક વ્યક્તિમાં–સીમિત કરે છે - પરિવર્તિત કરે છે. એ બહારનું બંધન - મર્યાદા–નિશ્ચિત કરે છે. નીતિ વ્યક્તિની અંદર એક મનોવૈજ્ઞાનિક મર્યાદા - જેલ - બંધન ઊભું કરે છે - અને જેલ પોતાની અંદર જ નિર્માણ કરાતી હોવાથી તેમાં ગુન્હેગાર અને સજા કરનાર એક જ હોય છે. એટલે ત્યાં આત્મપીડન હોય છે. નીતિએ માનવીની અંદર ઊભા કરેલા ચાબુકને આપ અંતરનો અવાજ કહો છો. એમાં ઈશ્વરત્વ - પાવિત્ર્ય–higher self–ઘણાં બધાં મૂલ્યો પ્રાણાતીગત ધર્મોએ - ગાંધીજી સુદ્ધાંએ–આરોપ્યાં છે–Project કર્યાં છે. એ બધાં drillings, disciplinings,–culturings, processings, educatings, trainings hypnotisings ગમે તે નામ આપો–સામાન્ય રીતે એને "સંસ્કારવું" કહેવાય છે. માનવીને સામાજિક પ્રાણી બનાવવો એનું નામ સંસ્કાર.

આ બધું સામાજિક મનુષ્ય (Social-man) ના ઘડતર માટે કરાય છે. આને conditioning–ચોગઠાબંધી–કહેવાય છે. માનવીની આજુબાજુ આંતર્ - બાહ્ય એવું coating – ઢાંકણ – કરો કે માનવી એનાથી જ દોરાય - જીવન જીવે. લાદેલું જીવન સ્વેચ્છાપૂર્વકનો વ્યવહાર બને - એનું નામ સંસ્કાર આપવો–conditioning કરવું–તે.

અને એક વાત નોંધી લેજો: conditioning–ચોગઠાબંધી - ઉપર ઝોક આપનાર સૌ વિચારધારાઓ ભૌતિક - અનઈશ્વરવાદી છે - સામાજિક વિચારધારાઓ જ છે. જગતભરના આજ સુધીના સર્વ ધર્મ નીતિવાદી હોવાથી ભૌતિકવાદી છે. ગાંધીજીની આખી વાત ભૌતિકવાદી છે. સામ્યવાદની જ એ, જુદી મુખાકૃતિવાળી, સંહેલીઓ, બહેનો જ છે. ધર્મ social-man સામાજિક મનુષ્ય–નિર્માણ નથી કરતો–માનવના વ્યક્તિત્વની ચરમસીમાનું પ્રકટીકરણ એ જ ખરો ધર્મ છે. સંસ્કારવાની પ્રક્રિયાને કારણે જ માનવમન ખંડિત થયું છે. સારું થયું કે ખંડિત થયું. એમાં ચેતન–અચેતનના ખંડ પડયા, એને સંસ્કારવાની પ્રક્રિયામાં અનિવાર્ય એવા નિષેધોથી અચેતન બન્યું અને વજનદાર બનતું ચાલ્યું. સંસ્કારવાની પ્રક્રિયા એટલે જ અચેતન મનને વધુને વધુ બોજિલ બનાવવું. સચેતન મન તેથી જ અચેતનને કદી યે સંસ્કારી ન શકે. De-conditioning થવું; ચોગઠાબંધીથી મુક્ત બનવું એટલે આત્મઓળખની શરૂઆત. સંસ્કારબદ્ધ જીવન સામાજિક મૂલ્ય છે - આધ્યાત્મિક મૂલ્ય નથી જ. પ્રણામ.

**ગીતગોવિંદ**

તા. ક.: વિચાર પહેલાં, આચરણ વિચારને અનુસરે - આનું નામ નીતિ, સંસ્કાર–આ સામાજિક મૂલ્ય છે–આધ્યાત્મિક મૂલ્ય નથી.

## જવાબ

મુંબઈ, તા. ૨૫-૨-૭૧

**પ્રિય ભાઈ ગીતગોવિંદ,**

તમારો તા. ૨૨ મીનો પત્ર મળ્યો. આ પત્રમાં પણ તમારો પ્રયત્ન મને નવું માર્ગદર્શન આપવાનો છે, આમ છતાં પણ સૌથી પહેલાંના પત્રમાં જે ઉગ્રતા હતી તે આ પત્રની ભાષામાં નથી એ જોઈને પ્રસન્નતા અનુભવું છું.

આ તમારા પત્રથી મને યાદ આવે છે કે કેટલાક વખત પહેલાં આપણી વચ્ચે થોડોક પત્રવ્યવહાર થયેલો અને આપણે બહેન ગીતાને ત્યાં થોડા સમય માટે મળેલા પણ ખરા. આ રીતે મારા માટે તમે તદ્દન અપરિચિત ન ગણાઓ.

આ પત્ર ઉપરથી મને એમ માલૂમ પડે છે કે આપણે પ્રત્યક્ષ મળેલા તે દિવસોમાં તમે સામ્યવાદી વિચારધારાથી અત્યન્ત પ્રભાવિત હતા. ત્યાર બાદ આચાર્ય રજનીશજીના પ્રભાવ નીચે તમે વધારે આવ્યા - સામ્યવાદી વિચારધારાથી તમે ઘણા અંશે મુક્ત થયા. આનો અર્થ હું એમ ન કરી શકું કે તમે એક પ્રકારના mental conditioning - માનસિક ચોગઠાબંધી - થી છુટા થયા અને આચાર્ય રજનીશજી દ્વારા તમારા મનનું re-conditioning - નવી ચોગઠાબંધી-સર્જાણી? એટલે કે એક યા બીજા પ્રકારના conditioning થી - ચોગઠાબંધીથી–માનવમન ઘેરાયેલું તો રહે જ છે. એક પ્રકારથી છુટ્યા તેનાથી તમે રાહત અનુભવો છો. બીજો પ્રકાર તમને એટલો બધો માફક છે કે તેમાં તમે પકડાયા છો એમ તમે કદાચ કબૂલ નહિ કરો!

હું ચોક્કસ મૂલ્યોના સંસ્કારમાં ઉછરેલો છું. તે મૂલ્યોમાં અનુભવ, અવલોકન, વાંચન અને અનેક વિશિષ્ટ વ્યક્તિઓના પરિચયથી ફેરફાર થતા રહ્યા છે; તેનું નવું નવું સંસ્કરણ થતું રહ્યું છે. એમ છતાં પણ આજે પણ એક પ્રકારની વિચારણાના ચોગઠામાં હું ગોઠવાયેલો છું એમ તમે મારા વિષે વિચારો - એવી માન્યતા ધરાવો તો તે સામે મારે કશું પણ કહેવાનું નથી. ઉમ્મર, વિચારસ્થગિતતા, ચિન્તનશિથિલતા - કોઈ પણ કારણે મારામાં કોઈ પાયાના ફેરફારની કદાચ શક્યતા નથી એમ તમને લાગતું હોય એ બનવાજોગ છે. એમ છતાં પણ જ્યારે મને પોતાને મારી વિચારણામાં દોષ કે ભૂલ દેખાશે ત્યારે તે કબૂલ કરવામાં મને કોઈ પ્રતિષ્ઠાનો ખ્યાલ આટકાવી નહિ શકે - આટલી મારી વાત તમે સ્વીકારો તો મને સંતોષ થશે.

હું મારા રસ્તે ચાલવા યથાશક્તિ પ્રયત્ન કરું છું અને સદા અનાવૃત થતા સત્યના દર્શનને ઝંખું છું, પ્રાર્થું છું. તમે પણ તમારા રસ્તે ચાલી રહ્યા છો, તો તમારો માર્ગ પણ સદા નવા સત્યોને અનાવૃત કરતો રહે - કલ્યાણકારી બની રહે એવી હું પ્રાર્થના કરું છું. આપણે ભલે વિચારમાં જુદા પડીએ. પરસ્પર આદર અને વિશ્વાસ ટકી રહે એટલું જ અપેક્ષિત છે.

તમારા પત્રમાંથી ઉપસ્થિત થતા એક બે મુદ્દાઓ અંગે જરા સ્પષ્ટતા કરવા મન થાય છે. મનનું–complete deconditioning-ચોગઠાબંધીથી સંપૂર્ણ મુક્ત અવસ્થા - હું કલ્પી શકું છું, પણ એ અમુક વ્યક્તિ અંગે અને તે પણ અમુક ક્ષણો માટે સંભવિત છે. ચાલુ જીવનવ્યવહાર એક યા અન્ય પ્રકારના conditioned mind-ચોગઠાબદ્ધ મન - સિવાય, મારી સમજણ મુજબ શક્ય નથી.

વ્યક્તિ અને સમાજના અનુસંધાનમાં જણાવવાનું કે કેટલાક ચિન્તકોની આ બાબત અંગેની વિચારણા કેવળ વ્યક્તિલક્ષી હોય છે; કેટલાક ચિન્તકોની વિચારણા સમાજલક્ષી હોય છે. મારા અભિપ્રાય પ્રમાણે સમાજહિતની સુરક્ષા અને સંવર્ધનની સંગતિપૂર્વક આત્મતત્વની પૂર્ણ અભિવ્યક્તિ પર્યન્તની આત્મોત્કર્ષલક્ષી સાધના - એવું પ્રત્યેક વિચારક માનવીનું સમન્વયાત્મક ધ્યેય હોવું જોઈએ.

આથી વધારે ચર્ચા પત્રદ્વારા કરવાની ઇચ્છા નથી, જરૂર પણ જોતો નથી. જ્યારે તમે મને બાગુજીથી સંબોધો છો ત્યારે મારે પણ તમને સપ્રેમ આશીષથી આવકારવા રહ્યા.

**પરમાનંદ**

# પૂર્વજન્મ-સ્મરણની એક ઘટનાનું પ્રમાણભૂત નિરૂપણ

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં ઉપરના મથાળા નીચે છપાયેલ લેખમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અહેવાલ નીચે પ્રગટ કરવામાં આવેલ છે. આ અહેવાલ શ્રી વ્રજલાલભાઈએ તા. ૧-૨-૬૬ ના રોજ ગુજરાત વિદ્યાસભાના ડિરેક્ટર શ્રી રસિકલાલ પરીખ પર લખેલા પત્રના રૂપમાં છે, જે પ્રબુદ્ધ જીવનમાં બે હરફે છાપવાનું વિચાર્યું છે. શ્રી રસિકલાલ પરીખ ગુજરાત વિદ્યાસભાના ડિરેક્ટર છે એમ છપાયું હતું તેમાં મુદ્રણદોષ છે અને તેઓ વિદ્યાસભાના ડિરેક્ટર છે એમ સમજવું. ઉપરોક્ત પત્ર અક્ષરશઃ નીચે પ્રમાણે છે : પરમાનંદ.)

વી. જે. શાહ
બી. ઈ., બી. એસ. ઈ. (આઈ)
રિટાયર્ડ કન્સલ્ટીંગ એન્જિનિયર,
વાંકાનેર (સૌરાષ્ટ્ર) તા. ૧-૨-૬૬.

**મુરબ્બી શ્રી રસિકલાલભાઈ,**

ચિ. રાજુલ સંબંધી વિગતવાર હકીકત ગુજરાતીમાં અને બને ત્યાં સુધી તેના જ શબ્દોમાં લખી મોકલવા સંબંધી આપ અહીં મારે ત્યાં પધાર્યા ત્યારે રૂબરૂ વાત થઈ હતી. અને તે પછી તે સંબંધમાં આપે મને લખ્યું પણ હતું, પણ મારે બીજા વ્યવસાયોમાં રોકાઈ રહેવું પડ્યું હોવાથી આજ સુધી હું તે વાત હાથ પર લઈ શક્યો નથી તો માફ કરશો.

આ નીચે હું રાજુલનાં સ્મરણસંસ્કાર સંબંધી તટસ્થભાવે- સાક્ષીભાવે- ફક્ત factual narration (હકીકતો પૂરતું જ વર્ણન) આપું છું.

રાજુલ મારા મોટા પુત્ર પ્રવિણચંદ્રની બીજી પુત્રી થાય. તેનો જન્મ ૧૪-૮-૧૯૬૦માં વીંછિયામાં થયો હતો. જન્મ પછી મોટો ભાગ તે તેના માતાપિતા પાસે કેશોદ રહેતી હતી. ૧૯૬૩ના માર્ચ મહિનામાં તે અહીં વાંકાનેર આવી હતી. તે વખતે અહીં વાંકાનેરમાં અમારા પૂ. ગુરદેવ શ્રી કાનજીસ્વામી પધાર્યા હતા અને અહીં અમારા મંડળ વતી સ્વાધ્યાય મંદિરનું ખાતમુહૂર્ત થવાનું હતું એટલે તે પ્રસંગ ઉપર મારે ત્યાં ઠીક ઠીક મહેમાનો આવેલા હતા. તે પ્રસંગે મારા નાનાભાઈ- હિંમતભાઈનાં વહુ ચા. સૌ. સુશીલા પણ આવ્યાં હતાં. તેમનાથી રાજુલને અચાનક અમસ્થું જ પૂછાઈ ગયું કે "રાજુલ, તું ક્યાંથી આવી છે?" તો રાજુલે કહ્યું "જૂનાગઢથી, કાકી." વળી કહ્યું "જૂનાગઢમાં મારે એક બેનપણી જ્યોત્સ્ના હતી." "અ. સૌ. પ્રભા કહે (પ્રભા એટલે રાજુલનાં માતુશ્રી) તેને કેશોદમાં એક બેનપણી છે તેનું નામ જ્યોત્સ્ના છે, તેનું તું કહેતી હશે. તો આ સાંભળીને રાજુલ કહેતી કે "ના, હું જૂનાગઢની જ્યોત્સ્નાનું કહું છું." તે વખતે રાજુલની ઉંમર એટલી નાની હતી કે અમોએ વાતને બહુ મહત્ત્વ ન આપ્યું. છતાં ઘણાંને એમ તો થયું જ કે "આ છોકરી જૂનાગઢ, જૂનાગઢ, કેમ કર્યા કરે છે? કદાચ જૂનાગઢથી આવી ન હોય?" પણ એ વખતે તે વાત બહુ લંબાણી ન હતી અને બે-ત્રણ મહિના રહીને રાજુલ પાછી કેશોદ ચાલી ગઇ હતી.

ફરી તે ૧૯૬૫ના મે મહિનામાં રાજકોટ આવી હતી. તે વખતે ભગવાનનો પ્રતિષ્ઠામહોત્સવ હતો. ભગવાનનાં નિર્વાણ કલ્યાણક વખતે સમેતશિખરના પર્વતનું મોડેલ બનાવ્યું હતું, એટલે કે રચના કરી હતી. તેમાં પગથિયાં વિ. બધું બેસાડ્યું હતું. તે જોઈને રાજુલ તેની મોટીબા Grand M t er ને કહે "બા, અમે આવો ગિરનાર જૂનાગઢમાં કરતા હતા. તેમાં આવાં પગથિયાં પણ કરતા." તેની બા પૂછે કે "ગિરનાર કરીને શું કરતા? તો રાજુલ કહેતી કે "તેના ફરતી ગરબી લેતાં." તેની બા પૂછતી કે "તું ગરબી લેતી?" તો રાજુલ કહેતી કે "હું નોતી લેતી, હું તો જોતી. બીજી છોડિયું લેતી."

રાજકોટથી રાજુલ વાંકાનેર આવી. અને ત્યારથી અહીં વાંકાનેર રહે છે. વચ્ચે બંદરેક દિવસ કેશોદ ગયા નવેમ્બર ૧૯૬૫માં ગઈ હતી. તે વખત બાદ કરતાં તે અહીં જ વાંકાનેર અમારી સાથે રહે છે.

રાજકોટથી પ્રતિષ્ઠામહોત્સવ પૂરો થઈ ગયા પછી રાજુલ અમારી સાથે વાંકાનેર આવી. વાંકાનેરમાં તેના રોકાણ દરમ્યાન અમો વારંવાર તેને જૂનાગઢ સંબંધી પૂછ્યા કરતા. કારણ કે અમને આ બાબતમાં ખૂબ જ જિજ્ઞાસાવૃત્તિ રહેતી. ખાસ કરીને મારી પુત્રી સુધા તેને વારંવાર જૂનાગઢ સંબંધી હકીકત પૂછતી. "તું જૂનાગઢથી આવી છા તો જૂનાગઢમાં તારું નામ શું હતું રાજુલ?" એમ પૂછતાં તે કહેતી કે "મારું નાપ ગીતા હતું." "ગીતાની બા નું નામ શું હતું?" તો કહેતી કે "તે મને યાદ નથી." "ગીતાના બાપુનું નામ શું હતું?" એમ પૂછીએ ત્યારે પણ કહેતી કે "તે મને યાદ નથી." "ગીતાનું ઘર કેવું હતું?" એમ પૂછતાં તો કહેતી કે "ગીતાનું ઘર આવડું મોટું ન હતું. તેને તો બે રૂમ અને એક રસોડું હતું." અમે પૂછીએ કે "કેશોદમાં તારા પપ્પાનું ઘર છે તેવું હતું?" તો કહે કે "ના, ત્યાં તો આમારે બે રૂમ જ છે અને એક રૂમમાં અમે રસોડું કર્યું છે. જૂનાગઢમાં તો અમારે બે રૂમ અને એક રસોડું જુદું હતું, કેશોદ જેવું નહિ."

કોઇ કોઇ વાર તે તાળીઓ પાડીને ગાતી અને ફરતી. ત્યારે તેની મોટી બા પૂછતાં કે "રાજુલ, શું કરે છે?" તો રાજુલ કહેતી કે "જૂનાગઢની ગરબી લઉં છું.'

રાજુલને પેંડા બહુ ભાવે છે. અમે તેને અવારનવાર પેંડા લાવી આપીએ. અગર ઘરે બનાવીએ ત્યારે રાજુલ કહે "આપણે તો અહીં સફેદ પેંડા બનાવીએ છીએ, અમે જૂનાગઢમાં પીળા પેંડા બનાવતા." અમે પૂછતા કે "તમે જૂનાગઢમાં પેંડા શેમાં રાખતા?" તો રાજુલ કહેતી "અમે કબાટમાં પેંડા ગોઠવીને રાખતા."

પછી તો અમે-ખાસ કરીને મારી પુત્રી સુધા-રાજુલને જૂનાગઢ સંબંધી બહુ જ પૂછ પૂછ કરતી. અમને શંકા પડી કે જરૂર આ છોકરીને પૂર્વનું કાંઇક સ્મરણ લાગે છે.

અમો અહીં વાંકાનેરમાં સાંજે સૂર્યાસ્ત પહેલાં જમી લઈએ છીએ. એક વખતે રાજુલ તેની મોટીબાને કહે "બા, અહીં તો આપણે બહુ વહેલાં જમી લઈએ છીએ. જૂનાગઢમાં તો અમે રાતે આરતી થાય ત્યારે જમતા."

સુધા પૂછતી કે "રાજુલ, ગીતાની ભાભી (બા) કેવી હતી?" તો રાજુલ કહે "અત્યારે મારી ભાભી છે તેવી જ ગીતાની ભાભી હતી."

હું સ્ટીલની થાળીમાં જમું છું. એક વખતે, જમતી વખતે સુધાએ રાજુલને પૂછ્યું "રાજુલ, ગીતાના પપ્પા કેવી થાળીમાં જમતા? આવી બાપુજી જમે છે તેવી સ્ટીલની કે આવી પીત્તળની?" તો રાજુલ કહે "ગીતાના પપ્પા આવી બાપુજી જેવી સ્ટીલની થાળીમાં જમતા." સુધા પૂછે કે "ગીતાને ત્યાં આપણે ત્યાં છે તેમ ઝાઝી સ્ટીલની થાળીઓ હતી કે?" તો રાજુલ કહે "ના, તેમને એક જ થાળી હતી."

સુધા જ્યારે દૂધ લેતી ત્યારે રાજુલ ઘણી વાર કહેતી કે "બા, આપણે અહીં નાની તપેલીમાં દૂધ લઈએ છીએ, અમે ત્યાં જૂનાગઢમાં તો મોટા તપેલામાં દૂધ લેતા અને તેમાંથી નાની તપેલીમાં તરવાળું દૂધ કાઢી લેતા અને મોટા તપેલાના દૂધમાંથી પેંડા બનાવતા."

આ પછી ગયા ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૬૫માં અમો બધા સોનગઢ ગયા. ત્યાં મારાં બહેનો તથા નાનાભાઈ હિંમતભાઈ વિ. રહે છે. અમો બધા શ્રી હિંમતભાઈને ત્યાં રહ્યા.

મારી બહેનોને તથા શ્રી હિંમતભાઈને આ બધી રાજુલની વાતો કરી. તેઓ પણ આ બધું રાજુલને પૂછ્યા કરતા તો રાજુલ એક જ પ્રકારે જવાબ આપતી. તેમાં કોઇ ફેરફાર ન થતો. ગમે તેટલું ફેરવી ફેરવીને પૂછીએ તો પણ એકજ પ્રકારનો જવાબ મળતો.

જૂનાગઢના મકાન સંબંધી પૂછે તો જેમ વાંકાનેરમાં કહેતી તેમ જ કહેતી કે "ત્યાં અમારે બે રૂમ અને એક રસોડું હતું."

ત્યાં અમારે શ્રી સમેતશિખરજી, ગિરનારજી વિ.નાં મોટાં ચિત્રો છે. તે બતાવીને પૂછીએ કે "ગિરનાર કેવો, આવો હતો?" તો જે ડુંગરનું ચિત્ર પગથિયાં વિનાનું હોય તે દેખાડીને કહે કે "ના, આમાં પગથિયાં નથી, ગિરનાર આવો ન હતો." જે ડુંગરનાં ચિત્રમાં પગથિયાં હોય તેને જોઈને કહે કે "ગિરનાર આવો હતો, આવાં પગથિયાં હતાં." પગથિયાં વિનાના ડુંગરનું ચિત્ર બતાવતાં તો કહેતી "પણ આમાં પગથિયાં ક્યાં છે?"

શ્રી હિંમતભાઈ રાજુલને પૂછતા કે "રાજુલ, અમે જૂનાગઢ આવીએ તો તું તારું (ગીતાનું) ઘર બતાવીશ?" તો રાજુલ જવાબ આપતી કે "હા." પછી પૂછે કે "ગીતાની બાને બતાવીશ?" તો હા પાડતી. "ગીતાના બાપુને બતાવીશ?" તો પણ હા પાડતી. પછી પૂછે કે "ગીતાને બતાવીશ?" તો એકદમ બોલી ઉઠતી કે "ગીતાને ક્યાંથી બતાવું? ગીતા તો હું..." કોઈવાર એમ પણ કહેતી કે "ગીતાને ક્યાંથી બતાવું? ગીતા તો મરી ગઈ ને હું રાજુલ થઈ છું." "ગીતા કેમ મરી ગઈ? તેને શું થયું હતું?" એમ પૂછતા તો કહેતી કે "તેને તાવ આવ્યો હતો."

કોઈ વાર હિંમતભાઈ કહેતા કે "અમારે જૂનાગઢ તો જવું છે પણ ત્યાં ઊતરીએ ક્યાં? જમીએ ક્યાં?" તો રાજુલ કહેતી કે "તમે ગીતાના બાપુને ઘરે જજોને, તેમને કહેજો કે તમારી ગીતા રાજુલ થઈ છે, તેનો હું બાપુજી છું. તો તે તમને ખાવાનું આપશે. ચા આપશે. નાસ્તો આપશે."

પેંડા સંબંધી પણ ત્યાં પૂછવામાં આવતું તો ત્યાં પણ કહેતી કે "ત્યાં અમે પેંડા કબાટમાં ગોઠવીને રાખતા."

આ બધા ઉપરથી અમારા આખા કુટુંબને લાગ્યું કે રાજુલને પૂર્વભવનું સ્મરણ તો જરૂર લાગે છે. માટે તે કહે છે તે વાતની જૂનાગઢમાં તપાસ કરીને ખાતરી કરવી જોઈએ. પણ તપાસ કરવામાં એક મુશ્કેલી હતી કે રાજુલને ગીતાના બાપુનું નામ કે બાનું નામ યાદ ન હતું. તે ક્યાં રહેતી તે સ્થળનું સરનામું પણ તે જાણતી ન હતી. ફક્ત એટલું પૂછીએ કે જૂનાગઢમાં તારું ઘર બતાવીશ તો હા પાડતી. પણ પૂછીએ કે સ્ટેશનથી ઊતરીને કઈ બાજુએ જવું? તો તે કાંઈ બરાબર કહી શકતી નહિ. એટલે જૂનાગઢમાં તપાસ કરવાનું મુશ્કેલ હતું. એટલે રાજુલના જન્મ પહેલાં લગભગ સાડા નવ મહિને જૂનાગઢમાં કોઈ ગીતા નામની છોકરીનું મરણ થયું છે કે નહિ? અગર તે અરસામાં જૂનાગઢમાં કોઈ ગીતા નામની છોકરીનું અસ્તિત્વ હતું કે નહિ? તેની પહેલાં તપાસ કરવી જોઈએ એમ મને લાગ્યું. આ વખતે મારા જમાઈ શ્રી પ્રેમચંદ પણ સોનગઢ હતા. તેઓને મેં કહ્યું કે તમો અવારનવાર જૂનાગઢ જાઓ છો તો જૂનાગઢ મ્યુનિસિપાલિટીમાંથી નીચે પ્રમાણે તપાસ કરી લાવશો.

રાજુલનો જન્મ ૧૪-૮-૧૯૬૦ના રોજ થયેલ છે તેમાંથી લગભગ સાડાનવ મહિના બાદ કરતાં નવેમ્બર ૧૯૫૯ આવે. એટલે મેં તેમને કહ્યું કે ૧૯૫૯ ના ઑક્ટોબરની આખર અને નવેમ્બરની શરૂઆતમાં જૂનાગઢમાં ગીતા નામની કોઈ છોકરીનું મરણ મ્યુનિસિપાલિટીના મૃત્યુ-રજિસ્ટરમાં નોંધાયું છે કે નહિ અને નોંધાયું હોય તો તેમાં જે વિગત લખી હોય તેની નોંધ કરી મને જણાવશો.

શ્રી પ્રેમચંદ ૧૯૬૫નાં સપ્ટેમ્બરમાં જૂનાગઢ ગયા અને ત્યાં તપાસ કરીને મને લખ્યું કે "મ્યુનિસિપલ રજિસ્ટરમાં ૨૮-૧૦-૧૯૫૯ ના ગીતા નામની છોકરીનું મરણ નોંધાયું છે. તેના પિતાનું નામ ગોકલદાસ લોહાણા છે. માતાનું નામ કાન્તાબહેન અને સ્થળ તળાવ સ્ટ્રીટ એમ લખ્યું છે."

આ વાત ઉપરથી મને પાકી ખાતરી થઈ કે રાજુલને સ્મરણ છે તે વાત તો તદ્દન સાચી લાગે છે. હવે તે જે વાતો કરે છે તે મેળવવી જોઈએ.

હું ઑક્ટોબર ૧૯૬૫માં સોનગઢ ગયો ત્યારે મેં આ બધી વાતો તથા ગીતાના મરણનોંધની વાત હિંમતભાઈને કરી; અને તેમને પણ લાગ્યું કે રાજુલને પૂર્વભવનું સ્મરણ છે તે વાત તો નક્કી લાગે છે. માટે હવે આપણે જૂનાગઢ જઈને આ બધી હકીકતની ખાત્રી કરવી જોઈએ. એટલે અમોએ જૂનાગઢ જવાનું નક્કી કર્યું. હિંમતભાઈએ કહ્યું કે "તારીખ નક્કી કરીને મને લખશો એટલે હું પણ જૂનાગઢ અહીંથી સીધો આવીશ."

ત્યાર પછી હું વાંકાનેર આવ્યો અને તા. ૧-૧૧-૬૫ના રોજ જૂનાગઢ જવાનું નક્કી કર્યું અને તે પ્રમાણે સોનગઢ શ્રી હિંમતભાઈને લખી નાંખ્યું. વાંકાનેરથી હું, મારી પત્ની અ. સૌ. શાન્તા, મારી પુત્રી ચિ. સુધા અને રાજુલ એટલા જણ મેઈલમાં નીકળી તા. ૧-૧૧-૬૫ના રોજ સાંજે પાંચ વાગ્યે જૂનાગઢ પહોંચ્યા. અમો બધા દિગંબર જૈન ધર્મશાળામાં ઊતર્યા હતા. અમે પહોંચ્યા ત્યારે સોનગઢથી શ્રી હિંમતભાઈ તથા તેમનાં પત્ની અ.સૌ. સુશીલા આવી ગયાં હતાં. સુરેન્દ્રનગરથી મારા જમાઈ શ્રી પ્રેમચંદ પણ આવવાના હતા તે બીજે દિવસે સવારે એટલે તા. ૨-૧૧-૬૫ના રોજ જૂનાગઢ પહોંચ્યા.

જૂનાગઢમાં સાંજે અમોએ નક્કી કરી નાંખ્યું કે આવતી કાલે સવારે એટલે તા. ૨-૧૧-૬૫ના રોજ પહેલાં અમો પુરુષોએ તળાવ સ્ટ્રીટ, ગોકળદાસ, કાન્તાબહેન, તેમનું ઘર વિ.ની તપાસ કરી આવવું. અને રાજુલ જે વાતો કહે છે તેમાંની કઈ અને કેટલી વાતો બરાબર છે તેની તેમને પૂછીને ખાત્રી કરવી. તે પછી રાજુલને ત્યાં લઈ જવી. અને ગોકળદાસ કાન્તાબહેન વિગેરેને તે ઓળખે છે કે નહિ તે જોવું. આ પ્રમાણે બધો પ્રોગ્રામ રાતે રાજુલની જાણ બહાર ગોઠવી રાખ્યો.

બીજે દિવસે સવારે એટલે કે તા. ૨-૧૧-૬૫ના રોજ લગભગ દસેક વાગ્યે અમો ત્રણ જણ (હું, શ્રી હિંમતભાઈ અને શ્રી પ્રેમચંદ) ધર્મશાળાએથી નીકળ્યા, અને પૂછતાં પૂછતાં તળાવ સ્ટ્રીટમાં ગયા. ત્યાં શ્રી ગોકળદાસભાઈ લોહાણા ક્યાં રહે છે તે તપાસ શરૂ કરી. અમોએ માની લીધેલું કે શ્રી ગોકળદાસભાઈ લોહાણા કંદોઈ જ હશે. કારણ કે રાજુલ પેંડા તથા દૂધ મોટા તપેલામાં લેતા વિ. વાત કરતી તેથી અમને એમ કે તેઓ કંદોઈ જ હશે. એટલે ઘણી જગ્યાએ તો અમે ગોકળદાસભાઈ લોહાણા કંદોઈ ક્યાં રહે છે તેમ જ પૂછતા. પણ તળાવ સ્ટ્રીટમાં પત્તો ખાધો નહિ, કારણ કે ત્યાંથી તેમણે ઘર બદલી નાંખેલું. તપાસ કરતાં અને પૂછતાં પૂછતાં અમો શ્રી ગોકળદાસભાઈની દુકાને અચાનક આવી ચડ્યા. અને તેમને પૂછતાં તે કહે કે: "મારા ભાઈનું નામ ગોકળદાસ છે. પણ તે અહીં રહેતા નથી. તે તો બીજે રહે છે." પછી અમે પૂછ્યું કે પાંચ છ વર્ષ પહેલાં અહીં રહેતા? તો કહે કે, "હા". એટલે અમે તેમની પાસેથી શ્રી ગોકળદાસભાઈનું હાલનું સરનામું મેળવીને તેમની દુકાને ગયા. આ વખતે લગભગ સવારના અગિયારેક વાગ્યા હશે. શ્રી ગોકળદાસભાઈને અનાજની દુકાન છે અને અમો ગયા ત્યારે તેઓ ઘરાક સાચવવાના કામમાં હતા. એટલે અમે તેઓશ્રીને પૂછ્યું કે, "આપને વખત હોય તો અમારે આપની સાથે પાંચ દસ મિનિટ થોડી વાત કરવી છે." તેમણે કહ્યું કે, "ભલે કહો" અમે કહ્યું કે, "અમો વાંકાનેરથી આવીએ છીએ. અમારે ત્યાં એક પાંચ વર્ષની દીકરી છે. તે કહે છે કે હું જૂનાગઢમાં ગીતા હતી. તો તમારે પાંચ છ વર્ષ પહેલાં કોઈ ગીતા નામની દીકરી મરી ગઈ છે?" તેમણે "હા" કહી. અને બીજી વિગત પૂછતાં તે કહે કે "તમો બધા મારે ત્યાં જાવ. ગીતાની બા આ બધી માહિતી વિશેષ જાણે છે. તે તમને બધું કહેશે." તેમણે તેમના દીકરા બાબુભાઈને અમારી સાથે ઘરે મોકલ્યા અને અમો બધા શ્રી ગોકળદાસભાઈને ઘેર ગયા. ત્યાં અ. સૌ. કાન્તાબહેનને મળ્યા અને રાજુલ જે વાતો કરે છે તે સંબંધી બધું તેમને પૂછ્યું. તેમણે તથા તેમના દીકરા બાબુભાઈએ અમને પૂરો સહકાર આપ્યો. તેમની સાથે થયેલી વાતચીતનો સાર નીચે પ્રમાણે છે: (અપૂર્ણ)

# ☆ સાધુ–સંન્યાસીઓનું વેશ–આધારિત મહત્ત્વ ☆

(ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી તરફથી મળેલા વિચારપ્રેરક લેખ - મૂળ હિંદી - નો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. –તંત્રી)

વ્યક્તિ – વિશેષને પોલીસના વેશમાં જોઈને જનતાના મનમાં એક પ્રકારનો ભય ઉત્પન્ન થાય છે અને નિયમવિરુદ્ધ કામ કરવામાં તે સંકોચ અનુભવે છે. જો સાયકલ પર બેસીને બે જણ જતા હોય તો એકે ઊતરી જાય છે. જો મોટરમાં લાઈટ ન હોય તો ડ્રાઈવર તે બરાબર કરી લે છે. જ્યારે શસ્ત્રધારી સૈનિક રસ્તા પર પહેરો ભરતો હોય છે ત્યારે એક પ્રકારની ભયની લાગણી લોકોમાં પ્રવર્તતી જોવા મળે છે, લોકોને ટોળે વળીને ભેગા થતાં અને ઘરની બહાર નીકળતાં ભય લાગે છે. જો કે તે સૈનિક ગોળી ચલાવતો નથી હોતો - કેવળ તેના પ્રદર્શન માત્રથી જ અનિયંત્રિત ભીડની જગ્યાએ નિયંત્રણ આવી જાય છે. એનું કારણ છે રાજ્યસંસ્થા દ્વારા એ પહેરવેશની સ્વીકૃતિ. તેને જુએ છે તે સમજતા હોય છે કે જો તેની વાત નહિ માનવામાં આવે અથવા તેની સાથે ઝઘડો કરીશું તો તેનું પરિણામ પોતાની ગિરફતારીમાં જ આવશે. એ જ વ્યક્તિ જ્યારે સાદા કપડામાં હોય છે ત્યારે કોઈને તેનો ડર લાગતો નથી અને તેની હાજરીમાં પણ સૌ સૌની મરજી પ્રમાણે જ વર્તતા હોય છે. રાજ્યતંત્ર બરાબર ચાલે એ માટે ભય અને આતંકને આવશ્યક માનવામાં આવતા હોય છે અને એટલે તેનું પ્રદર્શન કરવામાં આવે છે ત્યાં તેને ખરાબ ગણવામાં નથી આવતું અને આવો પ્રભાવ એ જ વેશનો પડે છે જે વેશ રાજ્યતંત્ર દ્વારા સ્વીકૃત કરવામાં આવ્યો હોય. બીજો વેશ તેના કરતા પણ પ્રભાવશાળી હોય તો પણ તે પ્રભાવ ઉત્પન્ન કરી શકતો નથી.

પ્રશ્ન થાય છે કે - ધર્મના ક્ષેત્રે પણ વેશને શા માટે સ્વીકૃતિ આપવામાં આવે છે? ફક્ત વિશેષ પ્રકારના કપડાં પહેરવાથી જ સાધારણ વ્યકિતને મહાત્મા અને ચરણસ્પર્શના અધિકારી કેમ માનવામાં આવે છે? એને આજીવિકાની ચિન્તામાંથી શા માટે મુક્ત કરવામાં આવે છે? આ બધાથી તેને ત્યાગ માટે પ્રોત્સાહન મળે છે કે ઢોંગ માટે? જો પ્રત્યેક વ્યક્તિ માટે શ્રમદ્વારા ટ્રયોપાર્જન અનિવાર્ય ગણવામાં આવે તો શું ત્યાગી જીવનમાં કોઈ બાધા ઊભી થશે?

આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે ત્યાગીસંસ્થાના ઈતિહાસ ઉપર દૃષ્ટિપાત કરવો જરૂરી છે. સૌથી પહેલા આપણી સામે વૈદિક યુગ આવે છે. મંત્રકાળમાં લોકો ભેગા મળીને પ્રાકૃતિક શકિતઓની સ્તુતિ કરતા હતા. જરૂર પડે ત્યારે માર્ગદર્શન માટે કોઈ વિદ્વાન અને ચારિત્ર્યસંપન્ન અનુભવી વ્યકિતને પસંદ કરવામાં આવતી હતી. ત્યારે પુરોહિતના રૂપમાં કોઈ જુદો વર્ગ નહોતો. બ્રાહ્મણ કાળમાં એના પર વર્ગ વિશેષનું આધિપત્ય થઈ ગયું, જેના કેટલાંયે દુષ્પરિણામો આવ્યા :

(૧) બ્રાહ્મણવર્ગ જન્મના કારણે જ પોતાને ઉત્કૃષ્ટ માનવા લાગ્યો અને જે પ્રતિષ્ઠા યોગ્યતાના આધાર પર મળવી જોઈતી હતી તે જાતિના આધાર પર મળવા લાગી. વિદ્યા અને ચારિત્ર્ય-સંપન્ન ક્ષત્રિય અથવા વૈશ્યની તુલનામાં મૂર્ખ અને ચારિત્ર્યહિન હોય એવા બ્રાહ્મણો પણ પોતાની જાતને ઉત્કૃષ્ટ માનવા લાગ્યા.

(૨) દક્ષિણા આપવા વિશેના આગ્રહને બળવત્તર બનાવવામાં આવ્યો એને લીધે વળી નવા પુરોહિત વર્ગની સ્વાર્થવૃત્તિ સંતોષાવા લાગી. બીજી બાજુ સુખી લોકોની એ માન્યતા દૃઢ થતી ચાલી કે ગમે તેટલું મોટું પાપાચરણ કરવામાં આવે પણ દક્ષિણા આપીને યજ્ઞયાગ કરીને શુદ્ધિ મેળવી શકાય છે. પાયાની વસ્તુ માનવીનું ચારિત્ર– તેની ઉપેક્ષા થવા લાગી અને તે વૃત્તિ આજ દિન સુધી ચાલુ રહી.

(૩) આને કારણે આચારસંહિતાઓ બ્રાહ્મણોના હાથમાં આવી ગઈ કોઈ. પણ અપરાધના પરિણામે બીજા વર્ણો માટે કઠોર શિક્ષાનું વિધાન હતું ત્યાં બ્રાહ્મણો માટે મામુલી શિક્ષા ઠરાવવામાં આવી.

(૪) આ રીતે દંડસંહિતાને પણ સ્વાર્થપૂર્તિનું સાધન બનાવવામાં આવ્યું. પ્રાયશ્ચિતાધ્યાયમાં પણ દંડના સ્વરૂપે અલગ અલગ પ્રકારના આકરા નિયમો કરવામાં આવ્યા અને છેવટે એમ જોડી દેવામાં આવ્યું કે, બ્રાહ્મણોને દાન આપવાથી મોટામાં મોટું પાપ પણ ધોવાઈ જાય છે.

(૫) પુરોહિત વર્ગે વેદની આજ્ઞાઓને વધારે મહત્વ આપવાનું શરૂ કર્યું અને ધર્મના વિષયમાં વેદને અંતિમ આધારરૂપ ગણવામાં આવ્યો. આ ઉપરાંત બ્રાહ્મણેત્તર જનતાને તેના પઠન–પાઠનથી વંચિત રાખવામાં આવી, જેથી કોઈ સાચી હકીકત વિશે પણ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચારી શકે નહિ.

(૬) જાતિના આધારે પ્રતિષ્ઠા પ્રાપ્ત થવાના કારણે બ્રાહ્મણ વર્ગમાં પણ ગંભીર અધ્યયન અને ચારિત્ર દ્વારા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની વૃત્તિ શિથિલ થવા લાગી.

જૈન, બૌદ્ધ વિગેરે ત્યાગમાર્ગી પરંપરાઓએ આનો વિરોધ કર્યો અને ચારિત્ર્યશુદ્ધિની ફરીથી પાણ - પ્રતિષ્ઠા કરી. એ કારણે બ્રાહ્મણોનું મહત્વ ઘટતું ચાલ્યું. પરંતુ સમયના વહેણ સાથે આ નવી પરંપરાઓ ઉપર પણ વર્ગ - વિશેષે પોતાનું આધિપત્ય જમાવી દીધું. વૈદિક પરંપરામાં જે મહત્વ જન્મના આધાર પર પ્રાપ્ત થતું હતું, તે અહિ વેશના આધાર પર પ્રાપ્ત થવા લાગ્યું. સંબંધિત સંપ્રદાયો દ્વારા પોતપોતાની નિશ્ચિત વેશભૂષા અપનાવવામાં આવી અને એ કારણે પ્રત્યેક વ્યકિત એમ વિચારતી થઈ કે આને ત્યાગી માનવામાં આવે, ચરણસ્પર્શ કરવામાં આવે અને તે વ્યકિતમાં વ્યકિતગત વાસ્તવિક ગુણ ન હોય તો પણ તેની દરેક જરૂરિયાતો પૂરી કરવામાં આવે. આ પદ્ધતિનો પ્રભાવ અન્ય વર્ગ ઉપર પણ પડયો અને જે માણસો જાતિ કે વિદ્યાના આધારે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાને માટે અસમર્થ હતા તે લોકો વેશના આધારે એવા પ્રયત્નોમાં લાગી ગયા. આને લીધે સેંકડો સંપ્રદાયોનું નિર્માણ થયું અને તે દરેક સંપ્રદાયમાં આવા પ્રકારની વ્યકિતઓની વિશાળ સંખ્યા આજે છે.

ભારતભરમાં આવા લોકોની સંખ્યા એક કરોડથી પણ અધિક-પ્રમાણમાં છે કે જે લોકો વેશના આધાર ઉપર પોતાને આજીવિકો પાર્જનના ઉત્તરાદાયિત્વથી મુક્ત સમજે છે અને કાંઈ પણ કામ નહિ કરવા છતાં પણ ગૃહસ્થવર્ગ પાસેથી આદર - સન્માન અને આવ-શ્યકતાપૂર્તિની આશા રાખે છે.

ગામડાંઓમાં દરેક જગ્યા પર આવા દશ્યો જોવા મળે છે: જ્યાં એક ખેડૂત હળ ચલાવતો હોય છે, તેની પત્ની રોટલા લઈને આવે છે અને પસીનાથી રેબઝેબ થયેલા એ બન્ને ઝાડની એક છાયા નીચે વિશ્રામ લે છે, એ અરસામાં એક મહાત્માજી આવે છે. ખેડૂતને ભક્ત કહીને આશિર્વાદ દે છે, અને ખેડૂત પોતાના રોટલામાંથી અર્ધો ભાગ તેને આપી દે છે. મહત્માજી ખાઈ - પીને થોડો સમય આરામ કરે છે અને ભક્તને આશિર્વાદ આપીને ચાલ્યા જાય છે. શહેરોમાં આ વાત વ્યાપારીઓની સાથે થાય છે. વેપારી પણ પોતાની કમાણીમાંથી ન્યૂનાધિક અંશ આવા સાધુસંતોની આવશ્યકતાપૂર્તિમાં ખરચતા હોય છે, અને ઉપરાંત હાથ જોડીને તેમને નમન કરે છે અને આદર્શપુરુષ માને છે. આ રીતે નિષ્ક્રિયતાએ સાંસ્કૃતિક શ્રેષ્ઠતાનું રૂપ ધારણ કર્યું અને સારા ભારતની જનતા તેનો જે ઘાતક પ્રભાવ ભોગવી રહી છે તેના સ્પષ્ટિકરણની અહીં કોઈ જરૂર નથી લાગતી. પરિશ્રમ કર્યા વગર અને માગીને ખાવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ રહ્યો નહિ, એટલું જ નહિ પણ, બૌદ્ધિક દૃષ્ટિથી જે લોકો પોતા વિશે વિચાર કરનારા છે તેમની તુલનામાં પણ બીજાની વાત માની લેવાવાળાને સારા ગણવામાં આવે છે.

આ સ્વીકૃતિની પડેલી બૂરી અસર જનમાનસમાં પણ સ્પષ્ટ જોવા મળે છે.

(૧) એનું ધ્યાન વાસ્તવિક ગુણોમાંથી વિચલિત થઈને વેશભૂષા પર ચાલી ગયું છે. દરેક સમાજમાં શ્રદ્ધાળુ ધનિકવર્ગ આ વર્ગની પૂજા પ્રતિષ્ઠા વિગેરેના મિથ્યા - પ્રદર્શનોમાં જેટલો ખર્ચ કરે છે એટલો ખર્ચ વિદ્યા અથવા સમાજોપયોગી કાર્યોમાં નથી કરતો. દાન આપેલા રૂપિયાની મોટી રકમ નકામી વાતોમાં નિરર્થક ખર્ચાતી હોય છે.

(૨) ધર્મનો વાસ્તવિક ઉદ્દેશ હૃદયશુદ્ધિ છે. જે વ્યક્તિ રાગ, દ્વેષ, અહંકાર, લોભ વિગેરે દુર્ગુણોથી ઉપર ગઈ છે તે ધર્માત્મા છે. પરંતુ વેશભૂષાના કારણે આપણી દૃષ્ટિ ગુણો તરફ રહી નથી. ગૃહસ્થવેશ ધરાવતી વ્યક્તિ ભલે ગમે તેટલી સુચરિત્ર અથવા ગુણ-સંપન્ન હોય, પરંતુ સાધુવેશધારીની તુલનામાં તેને ગૌણ સમજવામાં આવે છે.

(૩) જો વાસ્તવિક ગુણો પર ધ્યાન આપવામાં આવે તો વિભિન્ન પરંપરાઓમાં કોઈ ભેદ છે નહિ. અહિંસા, સત્ય, અસ્તેય, પરસ્પર પ્રેમ આદિ ગુણોને તો સૌ સારા માને છે. પરંતુ વેશને મહત્વ મળતું હોવાના કારણે આ વસ્તુ તરફથી લક્ષ્ય હઠી ગયું અને સાંપ્રદાયિક ઝગડા શરૂ થયા. જટાઓ રાખવાવાળા શિરમુંડવાવાળાઓને ત્યાગી માનવા માટે તૈયાર નથી હોતા અને સફેદ કપડાંવાળા ભગવા કપડાં વાળાઓને ત્યાગી માનવા તૈયાર નથી હોતા.

(૪) અનુયાયીઓ પોતપોતાની પરંપરાને વધારે મહત્ત્વ આપતા થયા. પોતાનો સભ્ય ભલે કાંઈ ન જાણતો હોય, ચારિત્ર્યભ્રષ્ટ હોય, તો પણ તે બીજાઓથી ઊંચો છે એમ મનાવા લાગ્યું.

(૫) ધર્મનું લક્ષ્ય જીવનને સુધારવાનું છે. અને તેને માટે હૃદયની પવિત્રતા આવશ્યક છે. પરંતુ ધર્મજીવી વર્ગે પરલોક અને પોતાની પ્રજાપ્રતિષ્ઠાને વધારે મહત્વ આપવાનું શરૂ કર્યું. એનું પરિણામ એ આવ્યું કે અનુયાયીવર્ગ જૂઠું બોલવામાં એટલો સંકોચ નહિ અનુભવે જેટલો દુરાચારી હોવા છતાં વેશધારીની ઉપેક્ષા કરવામાં સંકોચ અનુભવશે.

(૬) ધર્મસંસ્થાનો આદર્શ છે - પ્રાણીમાત્ર સાથે મૈત્રી. અને વેશ બુદ્ધિ-વૈષમ્ય ઉત્પન્ન કરે છે, તેનાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિથી પોતાને અલ્પ સમજવા માંડે છે.

આવા ખોટા પ્રભાવથી ભારતના માનસને બચાવવા માટે એ જરૂરી છે કે, ચારિત્ર્યના ક્ષેત્રમાં વેશની સ્વીકૃતિ બંધ કરવામાં આવે. એને ત્યાગનું પ્રમાણપત્ર માનવામાં ન આવે. જે વ્યક્તિ વિદ્યા, ત્યાગ વિગેરે ગુણોથી સમ્પન્ન હોય, તે ગમે તે વેશમાં હોય પણ તેને સન્માનની અધિકારી માનવામાં આવે. આમ કરવામાં આવે તો ધર્મ ફક્ત આજીવિકાનું સાધન નહિ રહે પણ ચારિત્રશુદ્ધિનું અંગ બની જશે.

કેટલાક લોકો એમ કહેશે કે, અમે અમારું આખું જીવન ધર્મારાધનામાં ગાળવા માંગીએ છીએ એટલા માટે એમને આજીવિકોપાર્જનની ચિન્તામાંથી મુક્ત કરવા જ જોઈએ. પણ આ વાત બરાબર નથી. આવી વાતથી ફક્ત ઢંભને જ પ્રોત્સાહન મળે છે. જે માણસ આખો દિવસ કીર્તન અથવા ધાર્મિક ક્રિયા કરતો રહે છે તે ફક્ત બહારનો જ દેખાવ કરે છે એમ કહેવું જોઈએ. જે વ્યક્તિ અધ્યાપન, રોગીઓની સેવા અથવા જનકલ્યાણના બીજા કામમાં ઓતપ્રોત છે એવી વ્યક્તિની આવશ્યકતાઓ સમાજ પોતાની મેળે જ પૂરી કરતો હોય છે. આવી વ્યક્તિને એના માટે વેશની આવશ્યકતા નથી રહેતી. એની વિરુદ્ધ, જે વ્યક્તિ વેશ ધારણ કરી લે છે તેને આભ્યન્તર શુદ્ધિ ન હોવાનાં કારણે પણ દેખાવ કરવો પડે છે. તે ઉપરથી અસ્વાદ અને વિરક્તિનું ગીત ગાય છે. પરંતુ તેના હૃદયમાં સ્વાદિષ્ટ વસ્તુ ખાવાની અથવા મનોરંજનની ઇચ્છા થતી હોય છે.

દરેક ધર્મમાં મુક્તાવસ્થાને સાધનાનું ચરમ લક્ષ્ય માન્યું છે. સમસ્ત અનુષ્ઠાન તેના માટે છે. જૈન ધર્મમાં આવા મહાપુરુષોને સિદ્ધ અથવા મુક્ત કહેવામાં આવે છે. એના ખંદર ભેદ છે. સાધક સ્ત્રી હોય કે પુરુષ, ગૃહસ્થ હોય કે સાધુ, જૈન મુનિના વેશમાં હોય અથવા અન્ય કોઈ વેશમાં - આવશ્યક ચારિત્ર - શુદ્ધિદ્વારા તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આવી સ્થિતિમાં વેશનું કોઈ મહત્વ નથી હોતું. આજે જ્યારે દુરુપયોગ વધી ગયો છે ત્યારે, આ વાત ખૂબ ખૂબ વિચારણા માગી લે છે.

અનુવાદક
**શાન્તિલાલ ટી. શેઠ**

મૂળ હિંદી
**ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી**

# મારા પોતાના જ વિષે

(ગતાંકથી ચાલુ)

આ છે - આરોગ્યપ્રદ, કલ્યાણકારી જીવન - ક્રમ! આજે કહી શકીશ "મારામાં લેશમાત્ર દુઃખ અને નિરાશા-(માયૂસી) કે મમત્વ નથી. ઉત્સાહ અને પ્રસન્નતા કાયમ માટે છે અને નિરાગ્રહ તો મારા જીવનની સાધના છે. આથી હું પ્રસન્નતાપૂર્વક જીવીશ."

હું તો માનું છું કે જીવનમાં જે જે મુશ્કેલીઓ આવે છે, દુઃખ સહેવા પડે છે, એ જ છે - સાચું જીવન. આથી ઊલટું જે સુખ મળે છે, સફળતા મળે છે, યશ સાંપડે છે તે બધું જીવન માટે જરૂરી છે ખરું - થોડું પોષણ એવાં સુખમાંથી જરૂર સાંપડે છે, પરંતુ સુખમાં ઉન્નતિનાં તત્વો બહુ ઓછાં હોય છે.

પુરુષાર્થ માટે છે - મુશ્કેલીઓ, દુઃખ, જીવનની વિષમતાઓ જ્યારે સુખ છે - સાંત્વના માત્ર, આશ્વાસન માત્ર. એની પણ આવશ્યકતા છે કિંતુ કિંમત ઘણી ઓછી છે.

કેટલાક લોકો એ પણ જાણવા ચાહે છે કે જીવનમાં હું કોનો કૃતજ્ઞ છું?

જીવનનો જે અનુભવ મને મળ્યો અને એમાંથી હું જે મેળવી શક્યો, એને માટે ભલે અંશત: કેમ ન હોય, પરંતુ કેટકેટલાનો હું ઋણી છું!

આ જવાબ આપતી વખતે મારી કૃતજ્ઞતાને પરમ સંતોષ સાંપડશે.

આમ તો સંસ્કૃતિ સંવર્ધક સૌ લોકોનાં આપણે ઋણી છીએ પરંતુ જે લોકોએ આપણને પરેશાન કર્યા, આપણા જીવનક્રમમાં વિઘ્નો-અડચણો નાખી, એમના પ્રત્યે પણ કૃતજ્ઞતા દાખવવી જોઈએ.

નવલકથાનું જ ઉદાહરણ લો ને! આમાં નાયક, નાયિકા, ઉપનાયક, ઉપનાયિકા ઇત્યાદિ સૌની આવશ્યકતા હોય છે, છતાં શ્રેષ્ઠ રચના ક્યારેય ખલનાયક વગરની રસપૂર્ણ થઈ શકી છે ખરી? હું જ્યારે મારી જીવનયાત્રા વિશે સંપૂર્ણ ચિંતન કરું છું, ત્યારે હિતેચ્છુ અને દુઃખ-દાતા બન્ને વિશે સમાન હિતચિંતન કરી બન્ને તરફ કૃતજ્ઞ હોવાની સ્થિતિમાં હોઉં છું. છતાં જાહેર રીતે તો હિતેચ્છુ - હિતકર્તાઓ પ્રત્યે જ કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. એ નિયમ સારો છે. એમાં મોટા લોકો પણ આવશે અને નાનાઓ પણ. મોટા લોકોનું નામ - નિદર્શન થશે. નાના લોકોનું કેવળ નામ આપવાથી કોઈને જ સંતોષ નહિ થાય અને નાના લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી હોય તો એમના વ્યક્તિત્વનું વર્ણન પણ કરવું પડશે, આવા વ્યક્તિત્વને ગીતાએ અધ્યાત્મ કહ્યું છે: (સ્વભાવો ઽધ્યાત્મં ઉચ્યતે) આ બધું કરવું મુશ્કેલ છે.

હું સૌથી અધિક કૃતજ્ઞ છું ગાંધીજીનો, પરંતુ એ વ્યક્ત કરતાં ખૂબ સંકોચ અનુભવું છું. આનું કારણ પણ જરા વિચિત્ર છે.

બે-ચાર સાહિત્યકારોએ અંદરોઅંદર મારા વિશે વાતચીત

કરતાં કહ્યું, "કાકાસાહેબની પ્રતિભા સર્વતોમુખી હતી. તેઓ આ યુગના શ્રેષ્ઠ મૌલિક ચિન્તક બની શક્યા હોત, પરંતુ એમણે ગાંધીવાદ સાથે એટલું તાદાત્મ્ય સાધી લીધું છે કે ગાંધી - વિચારનું ભાષ્ય લખવું એ જ એમણે પોતાનું જીવનકાર્ય બનાવી દીધું છે." આ ઉપર બીજા કોઈકે કહ્યું, "કાકાસાહેબે પોતાની બધી મૌલિકતા ગાંધીજીને ઓળખવામાં ને અપનાવવામાં વાપરી કાઢી છે. એમાં જ તેઓ ધન્યતા અનુભવી રહ્યા છે, પછી આપણી ફરિયાદનો શો અર્થ છે?"

વાત મારા કાન સુધી પહોંચતા મેં એમને કહ્યું કે જો આપની વાત ખરી હોત, તો હું પ્રસન્ન થતે. ગાંધીજીની સાથે વિચારમાં પણ તાદાત્મ્ય પામવું સહેલું નથી. જો એ હું સાધી શકું તોયે ધન્યતા માનું, પરંતુ એમ નથી. ગાંધીજીનું જીવન - દર્શન મને ગમી ગયું છે, ફાવી ગયું છે. પરંતુ તેમની કેટલીય વાતો હું માન્ય કરી શકતો નથી. પોતાના મનની અને અનુભવની વાતો કરતાં કરતાં વચમાં વચમાં હું ગાંધીજીના વિચારો લાવું છું તેમાં મારી કૃતજ્ઞતાબુદ્ધિ છે. જે કંઈ હું એમના દ્વારા પામ્યો તેનો સ્વીકાર કરવામાં સંકોચ શા માટે રાખું? પણ જ્યાં હું એમની ભૂમિકાનું સમર્થન કરું છું ત્યાં આધાર તો મારા અનુભવ અને ચિન્તનનો જ હોય છે. અહીં એક નાનકડો કિસ્સો આપવો ઉચિત થશે.

૧૯૩૦માં જ્યારે ગાંધીજીને ન્યાયાલયમાંથી સજા આપ્યા વગર જ યરવડા જેલમાં રાજનૈતિક કેદીના રૂપમાં રાખવામાં આવ્યા, ત્યારે નિયમાનુસાર તેમની સાથે એક સાથી આપવો એવી અવશ્યકતા ઊભી થઈ.

'ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રિઝન્સ' કર્નલ ડોયલ મને ઓળખતા હતા. તેમણે મને સાબરમતી જેલમાંથી યરવડા જેલમાં ગાંધીજીની પાસે મોકલ્યો. ચારપાંચ મહિના હું જ એકલો ગાંધીજીનો સાથી રહ્યો.

જ્યાં એક બાજુથી એમની સેવા કરી ત્યાં એમની સાથે ચર્ચાઓ પણ ઓછી ન કરી.

ચર્ચામાં હું એમને અહિંસાના જુદા જુદા પાસાઓ પર પ્રશ્ન પૂછતો હતો. વિશાળ માનવજીવનનું એક પણ ક્ષેત્ર મેં બાકી નહોતું રાખ્યું. આહાર-વ્યવહારથી માંડીને વિશ્વસમન્વય અને વિશ્વસરકારની સ્થાપના સુધીના અનેક સવાલ પૂછી નાખ્યા. પૂછતો જ રહ્યો.

એક દિવસ એ જરાક છેડાયા. કહેવા લાગ્યા, "ક્યાંસુધી પ્રશ્ન પૂછતા રહેશો? માની લીધું કે મારા દ્વારા તમને અહિંસા - દૃષ્ટિ મળી. પણ તે તમારી પણ થઈ કે નહિ? મારી અહિંસાદૃષ્ટિ લઈને ક્યાંસુધી ચાલશો? અગર તે તમારી પણ થઈ છે, તો તેના પ્રયોગ તમે પોતે પણ કરો. સંભવિત છે કે તમારું અહિંસા - દર્શન મારા દર્શનથી કંઈક ભિન્ન - જુદું પણ હોય. તોય એમાં શું બગડ્યું? તમારે તો તમારી જ અહિંસાનું પાલન કરવાનું છે અને પ્રચાર પણ એનો જ કરવાનો છે. મારાથીએ જુદું પડે તો કંઈ બગડવાનું નથી."

ગાંધીજીની આ ઉદારતા હું જાણતો હતો. એને ઉદારતા પણ કેમ કહું? તેઓ ઇચ્છતા હતા કે દરેક મનુષ્ય પોતાના સત્ય પ્રત્યે નિષ્ઠાવાન બને. પરંતુ એમની ટીકા મને ખટકી. મેં કહ્યું, "આપની ટીકા મને લાગુ નથી પડતી. હું આપની પાસે આવ્યો, ત્યારે કંઈ બાળક નહોતો. અહિંસાની કદર કરવાવાળો છતાં હિંસામાં વિશ્વાસ કરવાવાળો ક્રાંતિકારી હતો. આપની દરેક વાતને હું અનુભવ અને ચિંતનની કસોટી પર કસતો આવ્યો છું. અનેક જગ્યાએ મારા વિચાર આપનાથી જુદા છે. પૂરેપૂરી રીતે આપની વાતો સ્વીકારી લેવાનો નિશ્ચય કરું, તો પણ એ શક્ય નથી. મારો પોતાનો અનુભવ પણ સ્વતંત્ર છે.

"પરંતુ કર્નલ ડોયલની કૃપાથી મને એકલાને આપનું સાન્નિધ્ય મળી રહ્યું છે, તો એ એકાધિકારનો લાભ કેમ ન ઊઠાવું? વિશાળ માનવજીવનનાં બધાં ક્ષેત્રોમાં આપના વિચાર અને આપની દૃષ્ટિ સમજવાનો દેવ - દુર્લભ અવસર મને સાંપડ્યો છે, તો આપને દિનરાત પરેશાન કેમ ન કરું? પરંતુ ગ્રહણ એટલું જ કરીશ જેટલું મારા જીવનાનુભવની સાથે ઠીક રીતે બેસી શકશે, બંધબેસતું હશે." મેં મારો જવાબ કંઈક તોરમાં આપ્યો હતો, પણ એમને સંતોષ થયો. કહેવા લાગ્યા, "આમ હોય તો ઠીક જ છે. હવે ઈચ્છામાં આવે એટલા સવાલ પૂછો." અને ખરેખર! તે દિવસથી ખૂબ પ્રસન્નતાથી મારા સવાલોના જવાબ તેઓ વિસ્તારથી આપવા લાગ્યા. પોતાના જીવનાનુભવ પણ બતાવવા લાગ્યા. મારા માટે યરવડા જેલ સત્સંગ અને ગુરુગ્રહનિવાસ સિદ્ધ થયો. જે દિવસે મારી સજા પૂરી થઈ, તે દિવસે હું ખરેખર રડ્યો કે આવો અવસર જિંદગીમાં ફરી ફરી ક્યારે સાંપડવાનો છે? નહોતા ગાંધીજી ઈચ્છતા કે હું એમનું ગ્રામોફોન બનું અને ન તો મારા માટે પણ એવું થવું શક્ય હતું.

ગાંધીજી પ્રત્યે હું એ માટે કૃતજ્ઞ છું કે આશ્રમમાં રહીને હું મારા જ જીવનપ્રયોગ કરી શક્યો અને ગાંધીજીએ મારા પર પૂરો વિશ્વાસ રાખીને આવા પ્રયોગો પાર પાડવાનો અવસર આપ્યો. ૩૦ - ૩૫ વર્ષ સુધી બધી ચીજોને વિશે વિચાર - વિનિમય કરવાનો તેમણે અવસર આપ્યો. આ વાત મારા જીવનમાં અનન્ય હતી. વિચારભેદ અને દૃષ્ટિભેદની ચર્ચા અમે ખુલ્લા હૃદયથી કરતા હતા અને ગાંધીજી અમને પ્રસન્નતાથી પ્રોત્સાહન આપતા હતા.

મારા જીવન પર પ્રથમ અસર થઈ મહારાષ્ટ્રના સંત સાહિત્યની. તે પછી બિલકુલ વિરોધી અસર થઈ યુરોપના બુદ્ધિવાદી લોકોની અને અમારા પ્રિન્સિપલ રેંગલર પરાંજપેની. હું પૂરેપૂરો સંશયવાદી નાસ્તિક બની ગયો.

એ કાળની અને એ અવસ્થાની મને તલમાત્ર શરમ નથી. મારી ઉત્કટ તર્કબુદ્ધિ, પ્રખર જિજ્ઞાસા જ મને આગળ ને આગળ લઈ ચાલી.

એ પછી બ્રહ્મસમાજ, પ્રાર્થના સમાજ દ્વારા મારી ઈશ્વરનિષ્ઠા જાગૃત થઈ. એ પછી મને ઘેરી લીધો સ્વામી વિવેકાનંદના સાહિત્યે. ક્રાંતિકારી દિવસોમાં લાલ - બાલ - પાલની અસર તો અમારા સંપૂર્ણ યુગ પર હતી જ. આ જ વાયુમંડળમાં શ્રી અરવિંદ ઘોષનો ભક્ત બન્યો. ત્યારે તેઓ યોગી નહીં પણ 'નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન' માં પ્રોફેસર હતા.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું જીવનદર્શન પણ મને પ્રિય હતું. વેદાન્તનો પૂરેપૂરો સ્વીકાર કર્યા બાદ મેં ભગવાન બુદ્ધનું જીવન અને એમનું તત્વજ્ઞાન વાંચ્યું. એને માટે હું મારા સ્નેહી સ્વર્ગીય ધર્માનંદ કોસંબી પ્રત્યે કૃતજ્ઞ છું. વેદાંત અને બૌદ્ધદર્શનની મદદથી સનાતન ધર્મના રહસ્યને સારી રીતે સમજી શક્યો. લોકમાન્ય તિલકના ક્રાન્તિકારી દળનો તો હું સક્રિય સભ્ય હતો જ. એ ક્રાન્તિની સફળતાની બાબતમાં હું પહેલાં શંકિત થયો, પછી નિરાશ થયો, અને એવા અંધકારમાં જ હિમાલયમાં જઈને મેં સાધના કરી, જેમાં શુદ્ધ શાક્ત અંશ પણ હતો જ.

અર્થાત્ વામાચારી સાધનાનું એમાં નામનિશાન ન હતું. એ આયનાના અંતમાં મેં વિચાર્યું કે કાં તો રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં કામ કરું અથવા તો સ્વામી વિવેકાનંદના શ્રી રામકૃષ્ણ મિશનમાં. પરંતુ મારા જીવનસ્વામીએ મારી સામે ગાંધીજીને ખડા કરી દીધા અને એમનામાં મને પોતાનો જીવનસમન્વય લાધ્યો. મને મારું જીવનકાર્ય મળી ચૂક્યું.

અનુવાદક:
**કુમારી પુષ્પાબહેન જોષી**

સમાપ્ત

મૂળ હિંદી:
**કાકાસાહેબ કાલેલકર**

# પ્રકીર્ણ નોંધ

**ગુજરાત રાજ્યના નવા શિક્ષણમંત્રી શ્રી મનુભાઈ પંચોળી**

ગુજરાત રાજ્યના પ્રધાનમંડળમાં તાજેતરમાં કરવામાં આવેલા વધારામાં શ્રી મનુભાઈ પંચોળીનું નામ જોવામાં આવે છે. તેમની ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ માટે ગુજરાત રાજ્યને અભિનંદન ઘટે છે.

શ્રી મનુભાઈ પંચોળીનું સાહિત્ય તેમ જ શિક્ષણના ક્ષેત્રે આજે અગ્રસ્થાને છે. વર્ષોથી તેઓ સ્વ. નાનાભાઈ "ભટ્ટ સણોસરા" ખાતે સ્થાપેલી લોકભારતીમાં કામ કરી રહ્યા છે અને નાનાભાઈ ભટ્ટના સ્વર્ગવાસ બાદ લોકભારતીનાં તેઓ મુખ્ય સંચાલક છે. તેઓ કોઈ યુનિવર્સિટીની ડીગ્રી ધરાવતા નથી. એમ છતાં તેમનું જીવન શિક્ષણ-પ્રવૃત્તિને પ્રારંભથી વરેલું છે અને એ ક્ષેત્રમાં તેમની દૃષ્ટિ મૌલિક અને મર્મસ્પર્શી છે. તેઓ એટલા જ સમર્થ લેખક અને સાહિત્યકાર છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' આ તેમની સુપ્રસિદ્ધ નવલકથા છે. આવી વ્યક્તિની શિક્ષણમંત્રી તરીકે વરણી થતાં યોગ્ય વ્યક્તિની યોગ્યસ્થાને નિમણૂંક થયાનો આપણે સંતોષ તથા આનંદ અનુભવીએ છીએ. આશા રાખીએ કે આજના અસ્તવ્યસ્ત બનેલા શિક્ષણકાર્યને તેમના સૂત્રધારણથી નવો વળાંક મળશે અને નવી ચેતના પ્રાપ્ત થશે. શ્રી મનુભાઈ પંચોળી આપણા સર્વના આદરપાત્ર હોઈને આપણા અભિનન્દન અને શુભેચ્છાના અધિકારી છે.

**સર્વોદય કાર્યકર શ્રી અપ્પાસાહેબ પટવર્ધનનો સ્વર્ગવાસ**

જાણીતા સર્વોદય કાર્યકર શ્રી અપ્પાસાહેબ પટવર્ધનનું લગભગ ૭૫ વર્ષની ઉમ્મરે એકાદ મહિનાની માંદગી ભોગવ્યા બાદ પૂના ખાતે ક્ષયની બિમારીના પરિણામે અવસાન થતાં આપણા દેશને એક ચુસ્ત ગાંધીવાદી લોકસેવકની ખોટ પડી છે. તેમની સાથે મારો વર્ષો જૂનો સંબંધ હતો. હું ૧૯૧૪ માં એલ. એલ. બી. નો અભ્યાસ કરતો હતો ત્યારે તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરતા હતા અને કૉલેજની હૉસ્ટેલમાં અમે સાથે રહેતા હતા. પ્રારંભથી તેમણે સેવાપરાયણ જીવનનો સ્વીકાર કરેલો. મારા સ્મરણ મુજબ તેઓ કેટલોક સમય ગાંધીજી સાથે સત્યાગ્રહ આશ્રમમાં રહેલા. પૂ. વિનોબાજીના સર્વોદય આન્દોલનને તેમણે પૂરા આદર્શથી અપનાવેલું. રત્નાગિરિ જિલ્લામાં ગોપુરી ખાતે તેમણે વર્ષો પહેલાં આશ્રમ શરૂ કર્યો હતો. પાછળનાં વર્ષોમાં ચલણી નાણાંના અવમૂલ્યનને લગતી પ્રવૃત્તિ તેમણે હાથ ધરેલી. અને આ તેમની પ્રવૃત્તિને વિનોબાજીનું સમર્થન હતું. તેમનું જીવન ત્યાગ અને તપસ્યાથી સભર હતું. તેઓ બાળબ્રહ્મચારી હતા. અનવરત લોકસેવાથી સમૃદ્ધ એવું દીર્ઘ જીવન જીવીને તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. આ જે ઓછા સ્મરણોના આધારે મેં ઉપરની નોંધ લખી છે. કોઈ નિકટવર્તી મિત્ર તેમના જીવનની વિગતવાર રૂપરેખા પ્રગટ કરશે તો તે અનેક યુવાનો માટે પ્રેરણા-દાયી બનશે. અનન્તકાળમાં વિલીન થયેલા એમના આત્માને આપણાં અનેક વન્દન હો!

**ગૃહસ્થાશ્રમી સંન્યાસી હોઈ શકે?**

મેં તા. ૧૬-૨-૭૧ ના "પ્રબુદ્ધ જીવન"માં શ્રી ધર્મિષ્ટાબહેનના પત્રના જવાબમાં એ મતલબનું વિધાન કર્યું છે કે સંન્યાસ ગૃહસ્થજીવનના સંપૂર્ણ ત્યાગ ઉપર આધારિત છે અને જે કોઈ વ્યક્તિ ગૃહસ્થાશ્રમી હોય તેને આપણે સંન્યાસી કહી ન શકીએ. આ વિધાનના અનુસંધાનમાં એક મિત્ર જણાવે છે કે પહેલાંના જમાનામાં સંન્યાસી પરણતાં જ હતા અને તે રીતે સેવા કરતા હતા. અત્યારે પણ સ્વામીનારાયણમાં સાધુઓ પરણતાં નથી અને તેમને કંચન અને કામિની વર્જ્ય લેખાય છે તેમ છતાં વડા ગૃહસ્થી હોય છે અને તેમના વડા પુત્ર જ વડા થઈ શકે, જેમ વડતાલની ગાદી ઉપર છે તેમ. આના જવાબમાં જણાવવાનું કે પહેલાના જમાનામાં સંન્યાસી પરણતાં જ હતા એ વિધાન સર્વથા ખોટું છે. હિંદુ ધર્મમાં જે ચાર આશ્રમો છે. તેમાં અન્તિમ આશ્રમ સંન્યાસીનો છે અને તે આશ્રમમાં ગૃહસ્થાશ્રમનો ત્યાગ વિવક્ષિત છે. જૂના કાળમાં અમુક ઋષિઓ ગૃહસ્થાશ્રમી હતા અને ગુરૂપદ ભોગવતા હતા, પણ સમય જતાં અને આપણા દેશમાં શ્રમણ સંસ્કૃતિનો ઉદ્‌ભવ થતાં અને પ્રતિષ્ઠા થવાના પરિણામે સંન્યાસ શબ્દનો અર્થ વધારે નિશ્ચિત આકાર ધારણ કરતો ગયો અને સંસારથી સર્વથા વિરક્ત એવા અર્થનો વાચક બન્યો. એટલું જ નહિ પણ તેનો તેવો અર્થ સ્થિર સદાને માટે થયો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના વડા ગૃહસ્થી છે એ બરોબર છે પણ તે સંન્યાસી તરીકે ઓળખાતા નથી. પરમાનંદ

# નફાની પરાકાષ્ટા!

તા. ૫-૨-૭૧ ના 'જન્મભૂમિ'માં ગેસ કંપનીઓ ગેસના સીલિન્ડરો પ્રજાને આપે છે એ અંગેનો અહેવાલ પ્રગટ થયો છે, અને તેમાં જણાવવામાં આવ્યું છે કે શ્રી શાંતિલાલ શાહ સમિતિએ એક સીલિન્ડર દીઠ રૂપિયા ત્રણ ઘટાડવાની ભલામણ કરી છે તેને એક વર્ષ વિતી ગયું છે છતાં એ ભાવઘટાડો હજુ અમલમાં આવ્યો નથી. તેનું કારણ એમ દર્શાવવામાં આવ્યું છે કે દિલ્હીના કાર્યવાહકોને કંપની સાથે વાટાઘાટ કરવાનો સમય હજુ મળ્યો નથી.—ભારે આશ્ચર્યની વાત ગણાય. પ્રજાને જેને લીધે લાખોનો ફાયદો થવાનો છે એવો એક જ નિર્ણય લેવા માટેની વાટાઘાટો કરવા માટે દિલ્હીના તંત્રને એક વર્ષ જેટલા લાંબા ગાળા સુધી સમય ન મળે! શું કુંભકર્ણની નિદ્રાની લોકોક્તિ આ લોકો સાચી પાડી રહ્યા છે એમ નથી લાગતું? અને આ જ તંત્ર, લોકશાહી સમાજવાદનું ગાણું ગાતા થાકતું નથી. આ લોકોનો લોકશાહી સમાજવાદ કેવો છે તે જાણવા માટે ઉપરનો એક જ દાખલો પ્રજા માટે પૂરતો નથી શું?

આ ઉપરાંત એ જ સમાચારમાં જે બીજી વાત કરવામાં આવી છે તે વાંચીને તો આપણી બુદ્ધિ બહેર મારી જાય છે. જે સરકાર લોકશાહી સમાજવાદના ધોરણે ચાલે છે એ સરકાર આવી ગેસ કંપ-નીઓને કેટલા ટકા નફો કરવા દે છે એ વાત પણ જાણવા જેવી છે. એ સમાચારમાં જણાવવામાં આવ્યું છે કે એક સીલિન્ડરમાં જેટલો ગેસ ભરવામાં આવે છે તેની કીંમત તે કંપનીને એકથી સવા રૂપિયો પડે છે અને સરકારી ટેક્સ અને નફા સાથે તે કંપની ગ્રાહકો પાસેથી રૂા. ૧૮.૭૪ વસૂલ કરે છે. આ રીતે પડતર કીંમત ઉપર ૧૪૫૦ ટકાનો વધારો થયો. લોકશાહી સમાજવાદના ધોરણે ચાલતી સરકારનો માફ ન કરી શકાય એવો આ ગુનો ન ગણાય? આ રીતે સરકાર પ્રજાની ભયંકર ઉપેક્ષા કરી રહી છે. એ જ રીતે ગ્યાસતેલની પડતર કીમત પણ લીટરે ૧૨ પૈસા થાય છે એમ એક વખત લોકસભામાં ગણતરી કરવામાં આવી હતી. તેમાં વેરાઓ અને નફો ચડાવીને તેના પણ પ્રજા પાસેથી એક લીટરના ૫૫ પૈસા વસૂલ કરવામાં આવે છે. શું આને પણ ખુલ્લેઆમની લૂંટ ન કહેવાય? અને ઘણી વખત ગ્યાસતેલની કૃત્રિમ અછત ઊભી કરવામાં આવે છે ત્યારે તો આનાથી પણ ઘણા વધારે ભાવો વસૂલ કરવામાં આવતા હોય છે. રેશનીંગમાં અપાતા સાવ હલકા પ્રકારના અનાજના ભાવ પણ કેટલા બધા વધારી મુકવામાં આવ્યા છે? આ રીતે પ્રજાની હાલાકી ક્યાં સુધી ચાલુ રહેવાની છે એનો જવાબ કોની પાસે માગવો? જીવનજરૂરિયાતની ખાસ ચીજો ઉપર તો સરકારે પૂરતું લક્ષ્ય આપવું જોઈએ અને એવી ચીજો વ્યાજબી ભાવે પ્રજાને સુલભ બને એવું આયોજન ગોઠવવું જોઈએ. જો એમ નહિ કરવામાં આવે તો પ્રજા કાંઈ હંમેશને માટે મૂર્ખ બનવા તૈયાર નહિ જ થાય. અને આનાં પરિણામો પછી તો વિપરીત જ આવે એવી પૂરી શક્યતા છે. આવા સમયને આવતો રોકવા માટે પણ સરકાર જાગૃતિ દાખવે એવી અપેક્ષા અસ્થાને નહિ ગણાય.

અને હવે તો નવી ચૂંટાયલી લોકસભામાં ઈન્દિરાજીને અભૂતપૂર્વ કહી શકાય એવી બહુમતી પ્રાપ્ત થઈ છે અને કોઈની રોકટોકનો હવે તેમને ભય રહ્યો નથી. એટલે પ્રજાને તેમણે આપેલાં વચનો પ્રમાણે જીવનની જરૂરિયાતની વસ્તુ પ્રજાને સહેલાઈથી અને વ્યાજબી દામે મળે એ કામ તેમણે સૌથી પ્રથમ કરવાનું રહેશે. અને તેમ કરવામાં તેઓ સફળ થાય એમ પ્રભુને પ્રાર્થીએ.

શાન્તિલાલ ટી. શેઠ

# ચૂંટણી આવી અને ગઈ !

ચૂંટણી આવી અને ગઈ. આ વખતે કોણ જાણે કેમ ઘણાં જૂના સંભારણા મનમાં જાગ્યાં.

૧૯૩૭ - ૩૮ વખતે હું નિશાળમાં ભણતી નાની છોકરી હતી ત્યારે પહેલીવાર ચૂંટણી આ શબ્દ સાંભળ્યો. ચૂંટણીનો જંગ પણ જોયો. જો કે એમાં જંગ જેવું ખાસ હતું નહીં. દેશની આઝાદી માટે લડી રહેલી કૉંગ્રેસનો વિજય થવાનો જ એ મારા જેવી નાની છોકરી પણ જાણતી હતી. તે વખતે પૂનામાં કૉંગ્રેસ હાઉસ નવું બંધાઈ ગયું હતું. કૉંગ્રેસ કમિટીના મોટાં મોટાં શ્રેષ્ઠીઓ ત્યાં રાત ને દિવસ રહેતાં હતાં. જમવા આવાનું પણ ઠેકાણું નહોતું. સાંજે પેપર પાથરી એના પર ચણા-મમરાનો ઢગલો ખડકાતો. વળી કાકા ગાડગીલ જેવા શોખીન મુરબ્બી કોઈ વાર કાંદા ને સેવ પણ નંખાવતા. એ ફાકી ફાકી આ મોટાઓ કામ કરતાં. મતદારોની યાદી, સંપર્ક, સભા બધું જ ત્યાં બેઠાં એ લોકો ગોઠવતાં અને કામે લાગી જતાં. ટાંગો, સાઈકલ અને ટાંટિયા એવા લોકમાન્ય વાહનો છૂટથી વપરાતાં. સ્વયંસેવકો માટે બહુ જ મામૂલી કામ બાકી રહેતું. કચરો વાળવો કે શેતરંજીઓ પાથરવી અને ઉપાડવી એવા કામમાં પણ આ મોટા માણસો પંડે મદદ કરતાં. દરેક કામ જાતે કરવાથી ચોક્કસ થાય એવું જ એમના મગજમાં જાણે ઠસી ગયું હતું ! ભણેલાં અને કર ભરનારા નાગરિકોને મતદાનનો હક હતો. મતદાતાઓ સામે અમે નાનાં છોકરાઓ બહુ માનથી જોતાં !

ત્યાર પછી ૪૦ અને ૪૨ ની બે લડતો થઈ. વિશ્વયુદ્ધ થઈ ગયું. અને આઝાદ હિંદમાં ચૂંટણીનું આયોજન થયું. ત્યારે તો વિજયનો અનહદ આનંદ હતો. ભવિષ્યના ઉજળા સ્વપ્નાં આંખ સામે તરવરતાં હતાં. કૉંગ્રેસ માટે લોકોની લાગણી પણ એવી તીવ્ર હતી કે કૉંગ્રેસ પથરાને કે થાંભલાને ઊભા રાખશે તો પણ મત કૉંગ્રેસને જ અપાય એવું કહેનારા ઘણાં હતાં. બાપૂના પુણ્ય, પંડીતજી, સરદાર, મૌલાના, કૃપલાણીજી જેવાનાં પ્રતાપ કે ડૉ. આંબેડકર, શ્યામપ્રસાદજી, ટંડનજી જેવા નિષ્ઠાવાન વિરોધીઓને માથે પણ કૉંગ્રેસે તાજ મૂક્યાં-લોકશાહીનું સ્વપ્ન સાકાર થતું હતું. પુખ્ત વયના દરેક નાગરિકને મતદાનનો હક મળી ચૂક્યો હતો. કામ વધી ગયું હતું. સ્વયંસેવકોને ભાગે પણ હવે નેતાઓ જેટલું કામ આવી પડ્યું. યાદીઓની નક્લો હાથે બનાવવાની. ઘેરે ઘેર જઈ સ્વયંસેવકો મળી આવતાં. ગામના મોટાંઓ પણ ફરી વળતાં. વિરોધ નામનો જ હતો. પણ ઉત્સાહ હતો તે જીતવાનો, કામ કરવાનો, લોકશાહી માટે ઘસાવાનો હતો. વિરોધ કે વિરોધીઓ વિષે તે વખતે બહુ ઓછું વિચારાતું હતું !

પાંચ વરસનો સમય પસાર થયો. પહેલો ઉત્સાહ જરા ઓછો થયો હતો. સામે પક્ષે પણ લાયક અને વિચારવંત વ્યક્તિઓ દેખાવા લાગી હતી. કમળાદેવી ચટ્ટોપાધ્યાય, કૃપલાણી, રાજાજી જેવા જૂના માણસો એમાં ગયા હતા. બાપુ, સરદાર, મૌલના હતાં નહીં. 'પંચ વર્ષીય યોજના' નું મોટું ભવ્ય ચિત્ર પંડિતજીએ સામે મૂક્યું હતું. પંડિતજીનું વ્યક્તિત્વ, એમની પ્રતિભા, એમની શક્તિ, એમની સૂઝ બધાં પર સામાન્ય લોકોનો ખૂબ ખૂબ વિશ્વાસ હતો. આઝાદી મળી તે પહેલા પણ એ કરોડોના લાડીલા નેતા હતા. એટલે એમના શબ્દ પર લાંબો વિચાર કરવાપણું પણ ક્યાં હતું ? આ ચૂંટણીમાં પહેલી વાર એમ સાંભળવા મળ્યું કે ચૂંટણી લડવી હોય તો ખર્ચ ઘણો થાય. ખર્ચ વળી શાનો થતો હશે ? પણ મોંઘવારી વધતી હતી. વાહનનો ખર્ચ, 'માઈક' અને 'લાઈટ' નો ખર્ચ પણ કરવો પડે. પહેલાં તો બધાં ઘેર જઈ પહોંચતાં, 'માઈક' તો નાનીસૂની સભામાં હોય જ નહીં. એ વાત હવે જવા દેવી જોઈએ. સાધનો વગર પહોંચી કેમ વળાય ? હવે તો સ્વયંસેવક જેવા પણ મિટીંગો કરવા લાગ્યા. ભાષણોની ભાષા બદલાતી ગઈ. હજારો ને લાખોને બદલે પચાસ - સો માણસોની પણ મિટીંગો થવા લાગી. પોતાના થનાર પ્રતિનિધિના દર્શન પેપરમાં થાય એના પર સંતોષ માનવાના દિવસો આવી ગયા. તે અરસામાં શ્રી મોરારજીભાઈ ચૂંટણીમાં હારી ગયા. જરા હો હા થઈ પણ એમને માટે એકને બદલે અગ્યાર જણા રાજીનામું આપી પોતાની જગ્યા ખાલી કરી આપવા તૈયાર થયાં એમાં તે વખતના પ્રધાનોનાં પણ નામ હતાં !

ત્યાર પછી જે ચૂંટણી આવી તેમાં તદ્દન જુદી જાતનું લોકમાનસ તૈયાર થયું હતું. ભાષાવાર પ્રાંતરચના આંગેના રમખાણો મચી ગયા હતા. ઉમેદવારની લાયકાત અને પક્ષ ઉપરાંત એની જ્ઞાતિ અને પ્રાંતનો વિચાર પણ પક્ષના નેતા, કાર્યકર્તા અને મતદાતાઓ કરવા લાગ્યા હતાં ! જૂના નામમાં એક પંડિતજી હતાં. છતાં પંચવર્ષીય યોજના ભાખરા-નાંગલ, દામોદરવેલી, પંચશીલ વગેરે અવનવા-સ્વપ્નાં રંગ જનતા આગળ ખડાં કરી શકતા હતા. એમની નીતિને પડકારવા કૃપલાણીજી જેવાં સામે પડ્યાં હતાં છતાં ન ફાવ્યાં. આ ચૂંટણીમાં વળી સંભળાયું કે અમેરિકા અને રશિયાને ઘણો રસ છે ! પૈસો પણ સારો ખર્ચાયો. મોટરો દોડી અને મતદાતાઓ પણ સામા પક્ષનું સાંભળતા તો જરુર થઈ ગયા.

ચીનના પરચક્રથી દેશમાં નવી જાગૃતિ આવી. પણ વાવંટોળ ઘણાં જાગ્યાં. પંડિતજીની જનમાનસ પરની પ્રતિમા પહેલા જેવી ના રહી શકી. સંરક્ષણખાતામાં ઉથલપાથલ થઈ ગઈ. સર્વોચ્ચ કક્ષાએ પણ મતભેદો થવા લાગ્યાં. ચિરવસંત જેવા પંડિતજી ગયા. એક યુગ પૂરો થયો. અને ત્યાર પછી પંડિતજી વિનાની ચૂંટણીમાં રથી-મહારથી જેવાને હાર સ્વીકારવી પડી ! ત્રીજી ચોથી કક્ષાના કાર્યકર્તા કામ પતાવી દેશે. ખર્ચ ક્યો એટલે થયું. આવી માન્યતાઓ ધૂળ મળી. જોકે બબ્બે પરચક્રોના ખર્ચ, લગાતાર અવર્ષણો, વધતી મોંઘવારી, કાર્યક્ષમતાનો સર્વત્ર અભાવ એ બધાંથી લોકો કંટાળી ગયા હતા. 'મત'નો અર્થ ક્યાં છે ? આઝાદી આવી તોયે શું ? એ કરતાં તો બ્રિટિશ રાજ ક્યાં ખોટું હતું ? અને આ કૉંગ્રેસ ! શું મોટું કરી નાંખ્યું છે આઝાદી મેળવવા કે ટકાવવા ? આવા પ્રશ્ન પણ હવે રસ્તે ચાલતા માણસો કરતાં થયાં અને આ મતદારોએ મોટાં મોટાં માંધાતાઓને દઈની ચૂંટણીમાં જાકારો આપ્યો.

આ ૭૧ની ચૂંટણી-એમાં તો દુનિયા જાણે એકદમ બદલાઈજ ગઈ ! શબ્દોના અર્થ બદલાયાં. તત્વો અને સિદ્ધાંતો ફેરવાઈ ગયા. દસ ને સોની નોટોની ભૂંગળીમાંથી નવી રાજ્યસત્તા જન્મ લઈ રહી છે એવું દશ્ય ભયચકિત થઈ મારાં જેવાં જોઈ રહ્યાં ! સારા નરસાનો વિવેક કેવી રીતે કરવો ? જ્યાં જુઓ ત્યાં કારેલાનાં ટુકડા દેખાય ! ક્યો ઓછો કડવો એ શી રીતે કહેવાય ? આ વખતે ટેવ પડી એટલે કામ કરવા તો જાણે નીકળી. આ વખતે કાર્ડ લખવા, વહેંચવા કે મતદારોની યાદીઓ ઊતારવી એવા પરચુરણ કામ તો જાણે હતાં જ નહીં. મતદાતાઓમાંથી એક વર્ગ ચોક્કસ તૈયાર થઈ ગયેલો હતો. ત્યાં દલીલનું, વાતચીતનું કશાનું કામ હતું જ નહીં. એ બધાં માર્ગ હવે જૂના જમાનાના નકામાં થયેલાં જણાયાં અને સમાચારપત્રો વાંચનારો, વિચાર કરનારો મધ્યમ વર્ગ ? એ પણ 'અમારા મતની શી કિંમત ?' એમ કહી મત નહીં આપવાનો નિર્ધાર કરીને બેઠેલો ! ખબર ના પડી મારાં જેવાને ! આ લોકશાહીમાં-આપણે ક્યાં ?

**મૃણાલિની દેસાઈ**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૭૧, ગુરૂવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ શ્રી જે. કૃષ્ણમૂર્તિની વિલક્ષણ વ્યાખ્યાનશૈલી ☆

(તા. ૩૧-૧-'૭૧ ના ઈલેસ્ટ્રેટેડ વિકલીમાં "જીદ્દુ કૃષ્ણમૂર્તિ' એ મથાળા નીચે શ્રી ટી. એસ. નાગરાજનનો લેખ પ્રગટ થયો છે. તેનો સૌ. શારદાબહેન શાહે કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. શ્રી જે. કૃષ્ણમૂર્તિ મોટા ભાગે દર વર્ષે ફેબ્રુ-આરી માસમાં મુંબઈ આવે છે અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સના ચોગાનમાં તેમનાં વ્યાખ્યાનો યોજાય છે. શ્રી કૃષ્ણમૂર્તિ જે લાક્ષણિકતાથી બોલે છે અને પ્રશ્નની સામે પ્રશ્ન રજૂ કરીને શ્રોતાઓને જે રીતે ગૂંચવતા હોય છે અને કંઈ પણ સ્પષ્ટ સમજણ મેળવવાને બદલે સાંભળનારના મન ઉપર અસ્પષ્ટતાની છાપ જે રીતે મૂકી જાય છે, તેનું નીચેના લખાણમાં યથાર્થ નિરૂપણ જોવામાં આવશે. **પરમાનંદ**)

"સત્ય એ કોઇ રાજમાર્ગ વિનાનો પ્રદેશ છે અને તેને પહોંચવાનો કોઇ પણ ખાસ માર્ગ ન હોઇ તમે તેને કોઇ પણ ધર્મનું અવલંબન લઈને કે કોઇ પણ પંથનો સ્વીકાર કરીને પહોંચી નહિ શકો એમ હું માનું છું. આ મારો દૃષ્ટિકોણ છે, અને તેને હું દૃઢતાપૂર્વક કશી પણ બાંધછોડ કર્યા સિવાય વળગી રહું છું."

વ્યાસપીઠ પર આવીને તેઓ ટટ્ટાર બેઠા, અને મસ્તક વચ્ચેની થોડી ટાલ દેખાય એટલા નીચા નમી, બે હાથ જોડી શ્રોતાઓને તેમણે નમસ્કાર કર્યા. તેમના રૂપેરી વાળ એક બાજુએ ઓળેલા હતા. શ્રોતાગણ તરફ એમની આંખો ધીરે ધીરે ફરી રહી હતી એ દરમ્યાન હું એમના ચહેરાને નીરખી રહ્યો. ચહેરો સુંદર હતો. આંખો મોટી હતી. થોડી પળો તેમણે એ મીંચી દીધી ત્યારે જાણે કાંસાની પ્રતિમા હોય એવી સ્થિરતા ચહેરા પર ઉપસી આવી. એકે એક શબ્દ અને ઉચ્ચારનું પૂરું મૂલ્ય જાળવી, કૃષ્ણમૂર્તિએ શ્રોતાઓને ઉદ્દેશી જેવું બોલવું શરૂ કર્યું કે એકાએક એમના નિશ્ચલ ચહેરા પર જીવનની ચેતના પ્રગટ થઈ.

ઘણી બાબતો વિષે તેમણે વાતો કરી અને ઘણા પ્રશ્નો પૂછયા. કેટલાકના જવાબ તેમણે પોતે આપ્યા અને કેટલાકના જવાબ આપવાનું તેમણે શ્રોતાઓ પર છોડયું. "આ મારો પ્રશ્ન નથી, તમારો છે. તમે મને જે પૂછો છો એ ખરી રીતે તો તમારી જાતને જ પૂછો છો." શ્રોતાઓને ચેતવણી આપી તેમણે ઉમેર્યું કે પોતે ગુરુનો પાઠ ભજવતા નથી. ("કમભાગ્યે આ દેશમાં તમારે પાર વિનાના ગુરુઓ છે. ગુરુ શિષ્યની શકિતને બહાર લાવવામાં મદદ કરવાને બદલે તેને કુંઠિત કરી દે છે.") ખરી જરૂર જો કોઇ હોય તો તે છે 'પ્રકટીકરણ'ની. પ્રકટીકરણનો અર્થ સ્પષ્ટ કરતાં તેમણે સમજાવ્યું કે " કેવળ સામાએ વ્યકત કરેલા વિચારોને જ ન ઝીલતાં પરસ્પર વિચાર-વિનિમયની—ભાગીદારીની—રીતને અપનાવવી."

પરંતુ તેમના આ કથનના પરિણામરૂપે મેં જોયું તો કેવળ વકતા તરફથી જ વિચારોનો પ્રવાહ શ્રોતાઓ ભણી વહી રહ્યો હતો. કેટલાક લોકો નાના બાળકની જેમ વકતાના મોં સામું માત્ર તાકી રહ્યા હતા.

"અસ્વસ્થ ચિત્તથી જે કંઈ કરવામાં આવે છે તેનું પરિણામ પણ એવું જ અવ્યવસ્થિત હોય છે. ક્ષુબ્ધ મનોદશામાં તમે સમાજના માળખાને બદલવા પ્રયત્ન કરો તો એના ફળરૂપે એક ભાંજગડ જ સર્જાશે.....માનવમનનું સમૂળું રૂપાંતર.....મનોવૈજ્ઞાનિક રીતનું એક ધરમૂળ પરિવર્તન શું શકય છે?...આપણે એકબીજાને સમજી તો શકીએ છીએ ને?"

જવાબની અપેક્ષામાં તેઓ થોડી વાર થોભ્યા, પરંતુ કોઇ એક શબ્દ પણ બોલ્યું નહિ.

તેમણે આંખો બંધ કરી અને બીજો સવાલ પૂછયો : "માનવના મર્યાદિત મન માટે શું ક્રાન્તિ શકય છે?"

વકતા થોડી વાર થોભી જાય એમ સૂચન કરતા હોય તેમ કેટલાક શ્રોતાઓએ બીજી બાજુ ધ્યાન આપ્યું. મોડી પડેલી એક યુવતી વચ્ચે આવીને બેસવા માટે જગ્યા શોધી રહી હતી. એની જેમ બીજા પણ મોડા આવનાર લોકો હતા, પરંતુ તેમણે બારણાં પાસે જ ઊભા રહેવાનું પસંદ કર્યું હતું.

"મેડમ! તમે આમ વચ્ચે ખલેલ પાડવાનું બંધ કરી એક જગ્યાએ બેસી જાઓ તો આગળ વાત ચલાવવાનું સરળ બને." વકતાએ યુવતી ભણી આંગળી ચીંધીને કહ્યું : લોકોએ તેને એકદમ જગ્યા કરી બેસાડી દીધી.

ફરી તેમણે શ્રોતાઓ તરફ સીધી નજર ઠેરવી. આંખો બંધ કરી ધીમેથી બોલ્યા. આ વખતે તેમના અવાજમાં મૃદુતા અને શબ્દો વચ્ચે ઠીકઠીક અંતર હતું.

"વિશ્લેષણ કરીને મનનું પરિવર્તન સાધી શકાય છે ખરું? કેવળ વકતાને જ ન સાંભળતા તમારી જાતનું અવલોકન કરો. આપણે આદાન-પ્રદાનની નીતિને અનુસરીએ."

મૌન.

"વિશ્લેષણના પૃથક્કરણનું પરિણામ કર્મને મુલતવી રાખવામાં આવે છે.....

તમને સમજાય છે કે? જે વસ્તુનું વિશ્લેષણ કરવામાં આવે છે તેનાથી વિશ્લેષક જુદો છે? બરાબર છે?"

મૌન.

"અરે, ભગવાન! તમને આ બધું સમજાય છે કે કેમ તે જ હું નથી જાણી શકતો. બુદ્ધિચાતુર્યની કેવળ આ બધી વાતો તમને લાગતી હોય તો તો આપણું કામ મુશ્કેલ બની જાય છે..."

મૌન.

"આપણે બાહ્ય અને આંતરીક બંને રીતે અપૂર્ણ માનવપ્રાણીઓ છીએ. તમે પોતે જ તમારી જાતનું નિરીક્ષણ કરી જુઓ. મારે આમાં કોઇને કંઇ શીખવવાનું નથી."

"કોણ પરીક્ષક છે? કોણ વિશ્લેષક છે માનવ એ, વિભાજીત થઈને વેરાઈ ગયેલાં કોઇ વસ્તુના અનેક ટુકડાઓમાંના એક ટુકડા જેવો...શ્રેષ્ઠતમ ટુકડો... શું નથી?

"આ બધું તમને સમજાય છે? પરસ્પર વિચાર-વિનિમયની વાતને ખ્યાલમાં રાખી તમે આમાં ભાગ લો એમ હું ઇચ્છું છું." છાતી ઉપર હાથ રાખી તેઓ બોલ્યા, અને ઊંડા એકાગ્ર ચિન્તનમાં ઉતરી ગયા હોય તેમ ટટ્ટાર થઈ તેમણે આંખો બંધ કરી. "આ

બંને વસ્તુઓ એટલે કે વિશ્લેષક અને જે વસ્તુનું વિશ્લેષણ કરવામાં આવે છે તે એક જ હોય તો સંઘર્ષનો અંત આવે."

ધીમેથી કોઈકે પૂછ્યું : "જે વસ્તુનું અવલોકન કરવામાં આવે છે તેનાથી અવલોકન કરનાર શું જુદો છે?"

વક્તાએ પોતાનું પ્રવચન ચાલુ રાખ્યું. મન, ઇચ્છા, સંઘર્ષ, પ્રેમ, સંવેદનશીલતા—સાથે સંબંધ ધરાવતાં પ્રશ્નો તેમણે પોતાને જ પૂછ્યા. ચન્દ્ર વિષે પણ તેઓ બોલ્યા, ("લોકો શા માટે ચન્દ્ર પર જાય છે તે જ મને સમજાતું નથી.") કોઈ પણ બાબતને પ્રશ્ન રૂપે રજૂ કર્યા સિવાય તેમણે બીજું કશું કહ્યું નહિ.

પાછળ આવતો દરેક પ્રશ્ન આગળના પ્રશ્નને વધારે સ્પષ્ટ કરતો હોય અને એ રીતે પરસ્પર સમજૂતીનો ભાવ પેદા કરતો હોય એમ લાગતું હતું. વ્યાખ્યાનના છેડે વધારે મહત્ત્વના પ્રશ્નો—મુદ્દાઓ વિશ્લેષણ માટે તેમણે રજૂ કરવા માંડ્યા. "માનસશાસ્ત્રની દૃષ્ટિએ આવતી કાલ એવું કાંઈ છે ખરું?"

**તમારું મન અને તમે**

સાત વાગી ગયા હતા. વક્તાની એક કલાકની મર્યાદા પૂરી થઈ ગઈ હતી. દિલ્હીના શિયાળાના વહેલા અંધકારે સંધ્યાના આછા-પાતળા પ્રકાશને વિદાય આપી દીધી હતી. વક્તાએ પોતાની ખિસ્સા ઘડિયાળ કાઢી. "કેટલા વાગ્યા તે મને ખબર નથી. થોડા પ્રશ્નો પૂછવાનું તમને મન હશે જ."

એક યુવાન માણસ ઉતાવળો ઊભો થયો. વક્તાએ તેની તરફ વળીને કહ્યું : "એક મિનિટ! તમે કોને સવાલ પૂછો છો?"

"આપને, સાહેબ!"

"તમારો પ્રશ્ન તમને અગત્યનો હોઈ વક્તાને તમે તેમાં સહભાગી બનાવો છો." એકબીજાના પ્રશ્નોમાં ભાગીદાર બનવાની પોતાની અપીલનું વક્તાએ પ્રશ્ન પૂછનારને સ્મરણ કરાવ્યું.

"સાહેબ, આપ 'તમે' અને 'તમારું મન' એ શબ્દો વાપરો છો. એ બંનેનો એક જ અર્થ છે?" યુવાન માણસે પૂછ્યું.

"આ તમારો સવાલ છે?" (હસાહસ)

'હા જી!' પ્રશ્ન પૂછનારે દૃઢતાથી કહ્યું.

"તમારું મન એ શું તમે પોતે નથી? તમે જે વિચારો છો તે તમે પોતે છો... બૌદ્ધધર્મી ... સામ્યવાદી ... કે ખ્રિસ્તિ ... તમે જે છો તેનાથી તમારી જાતને અલગ કરી એક ભેદરેખા શા માટે ઊભી કરો છો?"

પ્રશ્ન પૂછનાર નીચે બેસી ગયો. તેણે પોતાને માટે કે વક્તા વિષે શું અનુમાન કર્યું હશે તે હું ન કળી શક્યો.

ત્યારપછી સવાલ પૂછવા ઘણાં શ્રોતાઓ ઊભા થયા. કેટલાકની સમજશક્તિ સામાન્ય કોટિની હતી તો કેટલાક બુદ્ધિશાળી હતાં. પરંતુ વક્તા પાસે દરેક સવાલનો જવાબ હતો—કંઈ નહિ તો સામો સવાલ તો હતો જ.

ગળે લીલા રંગનું મફલર વીંટાળેલા એક સદ્‌ગૃહસ્થનો હવે વારો આવ્યો. સિત્તેરમાં પ્રવેશ્યા હોય એટલી એમની ઉંમર જણાતી હતી. વક્તા જે જે મુદ્દાની સચોટ રજૂઆત કરતા હતા એ વખતે માથું હલાવી સંમતિ દર્શાવતા મેં તેમને અનેક વાર જોયા હતા. તેમણે ઊભા થઈ જરા મોટેથી પૂછ્યું : "સાહેબ, મનુષ્યથી વિશેષ ચડિયાતું એવું કંઈક છે એમ આપ માનો છો?"

વક્તાએ આકાશ ભણી દૃષ્ટિ ઠેરવી, કંઈક રહસ્યમય રીતે હસીને જવાબ આપ્યો : "વક્તા કહે છે : માનતા નથી. અને સવા કલાકને અંતે પાછું વક્તાને "આપ માનો છો?" એમ પૂછવામાં આવે છે."

ત્યારપછી ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા, જેમાંથી કેટલાક પ્રશ્નોએ હસાહસનું વાતાવરણ ઊભું કર્યું. પરંતુ હાસ્યનો અવાજ શમી જાય એ પહેલા તો વક્તાને ઊભા થઈ બહાર જતાં મેં જોયા.

**પ્રશ્નોત્તર**

ત્યારપછી બીજા બે પ્રવચનમાં મેં હાજરી આપી. બીજું પ્રવચન પહેલાના જેવું જ થયું. એ જ શ્રોતાઓ પોતપોતાની જગ્યાએ એ જ રીતે બેઠા હતા. વક્તાનો પોષાક એ જ હતો અને એ જ તન્મયતાથી તેઓ વાતો કરતા હતા. સાંજના પ્રવચનનો વિષય તેમણે છેડ્યો : "દુઃખનો સમૂળો અંત છે કે કેમ એ આજે આપણે વિચારીશું. પરંતુ વક્તાને ન પૂછતાં તમારી જાતને જ આ પૂછો."

બરાબર એક કલાક પછી પ્રશ્નોત્તરનો ગાળો શરૂ થયો. લીલા મફલરવાળા પેલા સદ્‌ગૃહસ્થે કેટલાક સવાલો પૂછ્યા અને તેના જવાબ તેમને મળ્યા. પછી ચારેબાજુ રમૂજની હવા ફેલાઈ. સમજણમાંથી ઉદ્‌ભવતી ગંભીરતા કરતાં વાતાવરણમાં હાસ્યનું તત્ત્વ વિશેષ હતું.

ત્રીજા પ્રવચનના દિવસે સારી સંખ્યામાં લોકો એકત્ર થવાની ધારણા હોઈ હું જરા વહેલો પહોંચ્યો. શમિણાયો ચિક્કાર ભરાઈ ગયો હતો. એ જ પરિચિત ચહેરાઓને પોતપોતાની જગ્યાએ મેં જોયા.

છનો સમય હતો. પ્રવચન શરૂ થયું. "મૃત્યુ એટલે શું?" આ વિષય પર પોતે બોલશે એમ વક્તાએ જાહેર કર્યું. પરંતુ પ્રસ્તુત વિષય પર બોલતાં પહેલાં તેમણે, પ્રેમ એટલે શું? એ વિસ્તારપૂર્વક સમજાવ્યું.

"પ્રેમ શું છે એ જો તમે ન જાણતા હો તો મૃત્યુ શું છે એ તમે નહિ જાણી શકો."

"પ્રેમ એટલે શું? તમે કહો જોઈએ!" એક યુવાનને વક્તાએ પૂછ્યું. જવાબમાં એ ભાઈ શાંત જ બેસી રહ્યા.

"બોલો! બોલો!" વક્તાએ જવાબ માટે આગ્રહ રાખ્યો. કેટલાક શ્રોતાઓએ કેવળ માથું ધુણાવ્યું.

"તમે ન સમજો તેની કંઈ હરકત નથી. એ તમારે જોવાનું છે. પરંતુ આમ માથું હલાવ્યા ન કરો." પ્રેમ શું છે, અને તેની સ્પષ્ટ સમજ મૃત્યુને સમજવામાં કેટલી જરૂરી છે એ વાત વક્તા પૂરી કરવા આવ્યા ત્યારે ઘડિયાળ તરફ જોવાનો સમય થઈ ગયો હતો.

"આપણી પાસે હજી પંદર મિનિટ છે. મૃત્યુ વિષે આપણે થોડું વિચારીશું?" વક્તાએ શ્રોતાઓને પૂછ્યું.

"હા! હા!" કેટલાક શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક કહ્યું. અવાજ શમી જવાની રાહ જોતાં વક્તાએ પોતાની પીઠ વધારે ટટ્ટાર (ટટ્ટાર તો હતી જ). કરી. આંખો બંધ કરી પોતાની જાતને પૂછતાં હોય તેમ મોટેથી બોલ્યાં : "મૃત્યુ એટલે શું?"

"સાદી રીતે કહીએ તો અંત આવવો...એટલે કે જે વસ્તુને આપણે જાણીએ છીએ તેનો અંત...કારણ કે જેને તમે જાણતાં નથી, જેની સાથે તમે સંબંધ સ્થાપિત નથી કર્યો, એના અંત વિશે તમે ભય નથી સેવતા. તમારી સ્મૃતિ, શબ્દો, માલમત્તા, ફર્નીચર-આ સર્વના અંતથી તમે વ્યાકુળ થાઓ છો. જ્યારે તમે આમાંથી મુક્ત થઈ જશો ત્યારે મૃત્યુનું ખરું રહસ્ય તમારી સામે પ્રગટ થશે."

લીલા મફલરવાળા સદ્‌ગૃહસ્થે ઊભા થઈને સવાલ પૂછ્યો. તેઓ તેમની ખૂબ નજીક પહોંચી ગયા હતાં.

"મને સ્પષ્ટ સમજાવો કે પુનર્જન્મ છે ખરો?"

મંચ નજીક બેઠેલાં કેટલાક શ્રોતાઓ તેમના પ્રશ્નને બરાબર સાંભળી ન શક્યા. પરંતુ વક્તાએ શ્રોતાઓ જાણી શકે એ હેતુથી તેમના સવાલનું પુનરાવર્તન કર્યું : "આ ગૃહસ્થ પૂછે છે કે પુનર્જન્મ છે કે કેમ?..." અને તેમણે સામો સવાલ કર્યો : "વ્યક્તિગત સવાલ છે કે સર્વ સામાન્ય?" શ્રોતાઓમાં ભારે હસાહસ થઈ ગઈ અને વક્તા પ્રથમ પ્રશ્ન પૂછનારને પૂરો જવાબ આપે એ પહેલાં તો અનેક લોકો જાતજાતના પ્રશ્નો પૂછવા ઊભા થયા. મારી બાજુમાં બેઠેલા એક ભાઈએ પૂછ્યું : "આપ ઈશ્વરમાં માનો છો?" આ પ્રશ્નથી બે ભાઈઓ લગભગ ઝગડવા સુધી આવી જઈ એકબીજા પ્રત્યે ઉકળી ઊઠ્યા. વચ્ચે પ્રશ્ન પૂછીને પોતાને અન્યાય કર્યો હોવાનું દોષારોપણ બંનેએ એકબીજા ઉપર કર્યું.

વક્તા તદ્દન સ્વસ્થ હતા. ઘોંઘાટ શમી ગયા પછી તેમણે જાહેર કર્યું : "આવતા રવિવારે સાંજે પાંચ વાગે હું આનો જવાબ આપીશ." અને તેમણે વિદાય લીધી.

અનુવાદક : મૂળ અંગ્રેજી :
**સૌ. શારદાબહેન બાબુભાઈ શાહ, શ્રી. ટી. એસ. નાગરાજન**

# પ્રકીર્ણ નોંધ

**ચૂંટણીના પરિણામની સ્વાભાવિક ફળશ્રુતિ**

ગત માસ દરમિયાન કરવામાં આવેલી લોકસભાની ચૂંટણીએ શ્રીમતી ઈન્દિરા ગાંધીને બેતૃતિયાંશથી વધારે બહુમતી આપીને પ્રજાનું સામાન્ય વલણ કઈ બાજુએ છે તે દેખાડી આપ્યું છે. ચૂંટણી પહેલાં સંસ્થા કૉન્ગ્રેસ અને શાસક કૉન્ગ્રેસ વચ્ચે સરસાઈ હોય અને કોઈ પણ એક પક્ષને ચોખ્ખી બહુમતી મળવાની ઓછી સંભાવના હોય એમ મારી જેવા અનેકને લાગતું હતું પણ તેનાં પરિણામોએ આ ધારણા ખોટી પાડી છે અને સંસ્થા કૉંગ્રેસને માત્ર સોળ બેઠકો મળી છે એ જોતાં સહજ પ્રશ્ન થાય છે કે સંસ્થા કૉંગ્રેસના અલગ અસ્તિત્વનો હવે કોઈ અર્થ છે ખરો?

દેશના ભિન્ન ભિન્ન રાજ્યોમાં માત્ર બે રાજ્યોમાં સંસ્થા કૉંગ્રેસની બહુમતીનું રાજ્ય હતું. માઈસોર અને ગુજરાત. ચૂંટણીનું પરિણામ ધ્યાનમાં લઈને માઈસોરની સરકારે રાજીનામું આપી દીધું છે અને ગુજરાત સરકારનું અસ્તિત્વ ડામાડોળ થઈ રહ્યું છે અને સંભવ છે કે આ નોંધ પ્રગટ થયા પહેલાં માઈસોરની વિધાન સભા માફક ગુજરાતની વિધાનસભા પણ કદાચ વિસર્જિત થઈ ચૂકી હોય.

સંસ્થા કૉંગ્રેસના આગેવાનોમાં માન્યવર શ્રી મોરારજીભાઈ તથા શ્રી કામરાજ સિવાય ઘણાખરા આ ચૂંટણીમાં પરાજય પામ્યાં છે. આ પરિસ્થિતિમાં સંસ્થા કૉંગ્રેસ સ્વેચ્છાએ શાસક કૉંગ્રેસમાં વિલીન થાય એ જ માત્ર ડહાપણભર્યો માર્ગ છે, કારણ કે આમેય તે પક્ષ આજે નિર્વિર્ય થઈ બેઠો છે અને સમય જતાં તેણે સ્વાભાવિક મૃત્યુને સ્વીકાર્યે જ છૂટકો છે. પણ આ વાસ્તવિકતા શ્રી મોરારજીભાઈ સ્વીકારશે ખરા? અને ગણ્યાગાંઠ્યા જીતેલા સભ્યો સાથે ઊભા રહેવાને બદલે પરાજય પામેલા સભ્યો અને સાથીઓ સાથે ઊભા રહેવાનું તેઓ પસંદ કરશે ખરા?

શ્રીમતી ઈન્દિરા ગાંધીને આટલી મોટી બહુમતી મળવાનું એક શુભ પરિણામ એ આવ્યું છે કે આવતા પાંચ વર્ષ સુધી દેશને સ્થિર શાસન પ્રાપ્ત થશે. બીજું આર્પે.ત શુભ પરિણામ એ છે કે બે કૉંગ્રેસ વચ્ચેના ચાલુ ઘર્ષણનો ઘણું ખરું અન્ત આવશે. આપણે આશા રાખીએ કે શ્રીમતી ઈન્દિરા ગાંધીને આ રીતે પોતાનું ધાર્યું કરવાની જે તક મળી છે તેનો પૂરો લાભ ઉઠાવીને તેઓ દેશને આબાદીના માર્ગે લઈ જશે અને આજના નિરાશાભર્યા વાતાવરણનો અન્ત આવશે. આવું ભાવી નિર્માણ કરવા માટે જે તાકાતની જરૂર છે તેવી તાકાત ઈન્દિરા ગાંધી ધરાવે છે –એટલું તો આજ સુધીમાં તેમણે જે કાંઈ કર્યું છે તે ઉપરથી આપણે કબુલ કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. આમ છતાં, આજની પરિસ્થિતિનાં બીજાં કેટલાંક તત્ત્વો એવાં છે કે જે આપણા ભાવિ વિષે આપણને ચિન્તિત બનાવે છે, દેશનું નૈતિક વાતાવરણ આજે નિમ્નકોટિએ પહોંચ્યું છે. ચૂંટણીના પરિણામો નિર્માણ કરવામાં પૈસાએ જે ભાગ ભજવ્યો છે તે અત્યન્ત શોચનીય છે. રાજ્ય વહીવટમાં જે રૂશ્વતખોરી અને શિથિલતા વ્યાપી રહી છે તે નિર્મૂળ કરવા માટે ભગીરથ પ્રયત્ન અને સખ્તાઈની આવશ્યકતા છે. આગળની ધારાસભામાં વિરોધપક્ષે જે પ્રાણવાન વ્યક્તિઓ શાસક પક્ષ સાથે ટક્કર ઝીલતી હતી તેમાંની ઘણી ખરી વ્યક્તિઓ આ ચૂંટણીમાં પરાજય પામી છે અને વિરોધ પક્ષના મજબૂત સામના સિવાયની લોકશાહી સરમુખત્યારશાહીનું રૂપ ધારણ કરવાની શકયતા ધરાવે છે. ઈન્દિરા ગાંધીએ ગાંધીવાદી મૂલ્યોની અવગણના કરીને આજ સુધીનું શાસન જમાવ્યું છે. આમ બનવાનું એક કારણ એ હતું કે અનેક વિરોધી તત્ત્વો સામે પોતાની સત્તા કેમ ટકાવી રાખવી એ તેમના માટે મુખ્ય સવાલ હતો. આજે તેમને મળેલી સંગીન બહુમતીએ તેમને આ બાબત અંગે નિશ્ચિન્ત બનાવ્યા છે. વિધિએ તેમને આ રીતે જે સગવડ અને સરળતા કરી આપી છે તેનો પૂરો લાભ ઉઠાવીને તેઓ નિડરતા અને કુશળતાપૂર્વક દેશની રાજકીય નૌકાનું સંચાલન કરે અને દેશમાં શાંતિ, સુખ, અને સમૃદ્ધિના યુગનું નિર્માણ કરે એવી આપણી તેમના વિષે શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના હો!

**પૂર્વ પાકિસ્તાનમાં બેઠો બળવો**

પૂર્વ પાકિસ્તાનમાં શેખ મુજીબુર રહેમાનના નેતૃત્વ નીચે કેટલાક સમયથી બેઠો બળવો શરૂ થયો છે અને તે બળવાએ જે અહિંસક અસહકાર અને સવિનય સત્યાગ્રહનું રૂપ ધારણ કર્યું છે તે પુરવાર કરે છે કે આ દુનિયામાં ગાંધીવિચાર જીવતો છે, અને આપણી કલ્પનામાં ન આવે એવી રીતે કામ કરી રહ્યો છે. ગાંધીવિચારનું એક સ્વરૂપ આપણે યુનાઈટેડ સ્ટેટ્સમાં ચાલેલા કાળા-ગોરાનાં યુદ્ધમાં અને માર્ટીન લ્યૂથર કિંગની શહીદીમાં જોયું. આજે એ જ વિચાર પૂર્વ બંગાળમાં નવો અવતાર ધારણ કરી રહ્યો છે અને પાકિસ્તાનના સરમુખત્યાર સરદાર યાહ્યાખાનના લશ્કરી અમલ સામે માથું ઊંચકી રહ્યો છે અને આખી પ્રજા એકરૂપ બનીને મુજિબુર રહેમાનને ટેકો આપી રહેલ છે. આ લડત આગળ જતાં કેવું રૂપ ધારણ કરશે અને લશ્કરી સત્તાના જુલમ સામે કેટલી ટક્કર ઝીલી શકશે એની આજે નિશ્ચયપૂર્વકની આગાહી કરી શકાય તેમ નથી. એમ છતાં પણ શેખ મુજિબુર રહેમાને જે મક્કમ વલણ ધારણ કર્યું છે અને સ્વાયત્ત શાસન સિવાયના અન્ય કોઈ વિકલ્પનો ઈનકાર કર્યો છે તે માટે આપણું મસ્તક તે નરવીરને આદરથી નમે છે.

**ડૉ. એ. એન. ઉપાધ્યેને અભિનન્દન**

જૈન શાસ્ત્રોના નિષ્ણાત તરીકે કોલ્હાપુરની કૉલેજના પ્રાધ્યાપક ડૉ. એ. એન. ઉપાધ્યેનું નામ જાણીતું છે. જણાવતાં આનંદ થાય છે કે તાજેતરમાં માઈસોર યુનિવર્સિટીમાં 'જૈન ચેર'ની સ્થાપના કરવામાં આવી છે અને તેના અધ્યક્ષ તરીકે ડૉ. એ. એન. ઉપાધ્યેની નિમણૂક કરવામાં આવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટી જેવી આપણા દેશમાં બહુ થોડી યુનિવર્સિટી છે કે જ્યાં જૈન વિદ્યાના અધ્યયન માટે કોઈ પ્રબંધ કરવામાં આવ્યો હોય. વર્ષો પહેલાં પં. સુખલાલજી બનારસ હિન્દુ યુનિવર્સિટીની જૈન ચેરના અધ્યક્ષ હતા અને તેમની નિવૃત્તિ બાદ શ્રી દલસુખભાઈ માલવણિયા એ જ સ્થાન ઉપર નિયુક્ત હતા. તેઓ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિરના ડિરેક્ટરનું પદ શોભાવવા માટે અમદાવાદ આવ્યા ત્યાર બાદ હાલ તે સ્થાન ઉપર કોણ કામ કરે છે તેની મને ખબર નથી. આવી જ રીતે ડૉ. એ. એન. ઉપાધ્યેની માઈસોર યુનિવર્સિટીની જૈન ચેર ઉપર નિમણૂક થવા બદલ આપણે તેમનું અભિનન્દન કરીએ અને તેમના ભાવિ કાર્યને પૂરી સફળતા અને યશ સાંપડે એવી આપણે પ્રાર્થના કરીએ.

**મેસર્સ ચીમનલાલ પેપર કંપનીને અભિનંદન**

જણાવતાં આનંદ થાય છે કે ચીમનલાલ પેપર કંપની, જેના આપણા સાથી અને સહકાર્યકર્તા શ્રી ચીમનલાલ પી. શાહ મુખ્ય માલિક છે તે કંપનીને ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય (મિનિસ્ટ્રી ઑફ ઈન્ફોરમેશન ઍન્ડ બ્રોડકાસ્ટીંગ) તરફથી ૧૪ મા નેશનલ અૅવૉર્ડના સમારંભ પ્રસંગે નીચે મુજબના ચાર વિશેષ કક્ષાના પુરસ્કાર શ્રેષ્ઠ મુદ્રણ તથા ચિત્રાલેખન (પ્રીન્ટીંગ અને ડિઝાઈનિંગ) અંગે એનાયત થયા છે:

(૧) **વિશેષ પુરસ્કાર પ્રથમકક્ષા**
પેપર ફોલ્ડિંગ બાસ્કેટ–પેકિંગ–પ્રીન્ટર અને ડીઝાઈન તરીકે

(૨) **પ્રથમ કક્ષાનો પુરસ્કાર**
અભિનંદન (વધાઈ) કાર્ડ–ગ્રીટિંગ કાર્ડ – પબ્લીશર તરીકે

(૩) **વિશેષ પુરસ્કાર પ્રથમ કક્ષા**
ગીફ્ટ એન્વેલપ – (ભેટ પરબિડિયા) –પેકિંગ – પ્રીન્ટર અને ડીઝાઈનર તરીકે

(૪) **વિશેષ પુરસ્કાર પ્રથમકક્ષા:**
'નક્ષિકા' સ્ટેશનરી – પેકિંગ– ડીઝાઈનર તરીકે

ઉપરના ચાર રાષ્ટ્રીય પુરસ્કાર તા. ૩-૨-૭૧ ના રોજ નવી-દિલ્હીમાં વિજ્ઞાનભવનમાં ભારતવર્ષના ઉપ-પ્રમુખ શ્રી જી. એસ. પાઠકના શુભ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ માટે મેસર્સ ચીમનલાલ પેપર કંપની અને તેના મુખ્ય માલિક શ્રી ચીમનલાલ પી. શાહને હાર્દિક અભિનન્દન! **પરમાનંદ**

# ❋ પૂર્વજન્મ-સ્મરણની એક ઘટનાનું પ્રમાણભૂત નિરૂપણ ❋

(ગતાંકથી ચાલુ)

અ. સૌ. કાન્તાબહેને કહ્યું કે તેમને એક દીકરી ગીતા કરીને હતી. તે લગભગ અઢી વરસની થઈને ગુજરી ગઈ. રાજુલ કહેતી કે "ગીતાને તાવ આવ્યો હતો તેમાં મરી ગઈ." "તે સંબંધમાં ખાત્રી કરવા અમે કાન્તાબહેનને પૂછ્યું 'ગીતા શેમાં મરી ગઈ?' તો કહે, 'તેને ઓરી નીકળ્યા હતા. બે ત્રણ દિવસ તાવ આવ્યો. અને ઓરી દેખાયા ન દેખાયા ને સમાઈ ગયા.' ગીતાના મરણનો સમય પૂછતાં તેઓ કહે કે "તે પરોઢીએ ત્રણ ચાર વાગ્યે ગુજરી ગઈ હતી."

રાજુલ કહે છે કે "જૂનાગઢમાં ગિરનાર હતો. તેને પગથિયાં હતા. અમે તેના ફરતા ફેરા ફરતા વિ. વિ." આ સંબંધમાં અમે કાન્તાબહેન અને તેમના પુત્ર બાબુભાઈને પૂછ્યું કે "તમો ગીતાને ગિરનારની તળેટીમાં કોઈ વાર લઈ ગયેલા? ત્યાં ફેરા ફરતા? હું. જૂનાગઢની ગરબી લઉં છું.-આવું તે કહે છે તે શું હશે?" તેના જવાબમાં બાબુભાઈ કહે કે "અમે તેને ગિરનાર તો લઈ ગયા હોઈએ તેવું યાદ નથી. પણ અમે નોરતામાં ગરબી લેતા. ત્યાં ગરબી લેવામાં ચોકમાં અમે ગિરનારનું મોડેલ આબેહુબ બનાવતા. તેમાં પગથિયાં વિગેરે બધો દેખાવ લગભગ ગિરનાર જેવો જ કરતા. અને તેના ફરતી છોકરીઓ ગરબી લેતી. મારી બહેન નિર્મળા ગીતાને ગરબી જોવા લઈ જતી. તે ગીતાને લઈને બેસતી. અને બીજી છોકરીઓ ગિરનાર ફરતી ગરબી લેતી. અમારા-અમે રહેતા તે મકાનથી નજીકના ચોકમાં જ આ બધું અમે કરતા. હું તેમાં મુખ્ય ભાગ લેતો."

રાજુલને પેંડા બહુ ભાવે છે. તે કહે છે કે ગીતાને પણ પેંડા બહુ ભાવતા. તથા તેઓ પેંડા કબાટમાં ગોઠવીને રાખતા. આ હકીકત સંબંધી પૂછતાં બાબુભાઈએ કહ્યું કે "અમારી અનાજની દુકાન સામે પેંડાવાળાની દુકાન છે. ગીતાને અમે દુકાને લઈ જતા ત્યારે તે બાળકી બધાને બહુ જ વહાલી લાગે તેવી હોવાથી તે પેંડાવાળાભાઈ ગીતાને તેમની દુકાને લઈ જતા અને ત્યાં પેંડા આપતા-ખવરાવતા." રાજુલને પાછળથી આ દુકાન બતાવીને પૂછ્યું કે આ કોની દુકાન છે? તો કહે છે કે "અમારી-હું અહિં પેંડા ખાતી હતી."

જ્યારે ગીતા હતી ત્યારે જે ઘરમાં – તળાવ સ્ટ્રીટમાં શ્રી ગોકળદાસભાઈ રહેતા તે ઘર સંબંધી પૂછતાં કાન્તાબહેન કહે કે "તે ઘરમાં બે ઓરડા અને એક રસોડું હતું." "જૂનાગઢમાં તારું ઘર બતાવીશને?" એમ જ્યારે રાજુલને પૂછવામાં આવતું ત્યારે કેટલીક વાર તે કહેતી કે તે ઘર તો પાડીને નવું કર્યું છે તે ક્યાંથી બતાવું?" આ બાબત શ્રી કાન્તાબહેનને પૂછતાં તેઓ કહે કે "તે વખતે અમારી બાજુમાં જ એક મકાન પાડીને નવું ચણાતું હતું તેમાં પાયા વિ. ખોદાતા હતા; તથા કેટલોક માલસામાન પણ પડેલો હતો."

સ્ટીલની થાળી સંબંધી પૂછતાં અ. સૌ. કાન્તાબહેન કહે કે "તે વાત બરાબર છે. અમારે ઘરે એક જ સ્ટીલની થાળી છે અને તેમાં તે (ગીતાના બાપુ) જમે છે. તે થાળી અમારે બક્ષીસ આવી હતી." તે બક્ષીસ ક્યારે આવી હતી? છ વર્ષ પહેલાં કે નહિ? તેની ખાત્રી કરવા અમે તેમના દીકરા બાબુભાઈને પૂછ્યું તો તેણે પાછળથી ખાત્રી કરીને અમને જણાવેલ કે તે થાળી તેમને ત્યાં છ વર્ષ પહેલાંની છે.

રાજુલ કહેતી કે તેઓ રાતે આરતી થતી ત્યારે જમતા તે સંબંધમાં પૂછતાં તેમણે કહ્યું કે "અમારો સાંજનો વાળુનો વખત રાતના લગભગ આઠ વાગ્યાનો છે. તે વખતે બરાબર મારા સાસુ આરતી કરતા. અમારા ઘરમાં એક માતાજીનું થાનક હતું ત્યાં મારી સાસુ નાની ટોકરી વગાડતા અને તે જ વખતે અમે વાળુ કરતા."

મોટા તપેલામાં દૂધ લેતાં અને તેમાંથી થોડું નાનાં તપેલામાં કાઢી લેતા વિ. વાતો રાજુલ કરતી તે સંબંધમાં પૂછતાં અ.સૌ. કાન્તાબહેને કહ્યું કે "તે વખતે મારા દિયર અમારી સાથે રહેતા. તેમને દૂધની દુકાન હતી. તેથી મોટા તપેલામાં દૂધ લેતા અને ઉકાળતા. તેમાંથી તરવાળું થોડું નાના તપેલામાં કાઢી લેતા. બાકીનું દુકાને લઈ જતા." વિ. વિ.

જ્યોત્સ્નાના નામની બહેનપણી હતી તે વિશે રાજુલ વાત કરે છે તે બાબત પૂછતાં તેનો પત્તો મળી શકયો નહિ. જ્યોત્સ્નાના નામની કોઈ એવી છોકરી અત્યારે છે નહિ. કે તે વખતે હોય તેવું યાદ તેમને આવ્યું નહિ. તે કહે કે "જ્યા નામની એક કામવાળી છોકરી હતી. તે ગીતાને બહુ જ તેડતી રમાડતી. એટલે જ્યોત્સ્નાને બદલે જ્યા હોય." એમ તેમણે કહ્યું. પછી પાછળથી તે જ્યા કે જે તે વખત કરતાં અત્યારે છ વર્ષ મોટી થઈ ગઈ છે તેને રાજુલને બતાવતા રાજુલ કહે કે "આ જ્યોત્સ્ના નથી."

રાજુલ જે કહેતી કે "ગીતાની ભાભી (ભા) અત્યારે મારી ભાભી (ભા) છે તેવી જ હતી." તે સંબંધમાં કહેવાનું કે અ.સૌ. કાન્તાબહેનની ઉંમર અત્યારે લગભગ ૩૦-૩૨ વર્ષ છે. રાજુલની ભાભી અ.સૌ. પ્રભાની ઉંમર પણ લગભગ તેટલી જ છે. શરીરનો બાંધો બન્નેનો એકવડીઓ. ઊંચાઈ પણ લગભગ સરખી અને બંને રૂપ અને દેખાવે પણ સરખાં. અત્યારે જો કે કાન્તાબહેનને કેટલીક માંદગી ગયેલી તેથી તેમણે નાની ઉંમરમાં દાંત પડાવી નાંખ્યા છે. પણ છ વર્ષ પહેલાં તેઓ લગભગ અ.સૌ. પ્રભાને બરાબર મળતાં આવતાં હશે એમ લાગે છે.

કોઈ કોઈ વખતે સુધાને રાજુલ એમ કહેતી કે મારે એક નાનો ભાઈ હતો. આ સંબંધમાં શ્રી કાન્તાબહેનને પૂછ્યું તો કહે કે "અમારા પડોશમાં એક બ્રાહ્મણ પાડોશી રહેતા હતા. તેને એક નાનો દોઢ બે વર્ષનો બાબો હતો. તે ગીતાને બહુ જ વહાલો હતો. દરરોજ કેટલીયે વાર એકબીજા સાથે રહેતા. ગીતા ગુજરી ગયા પછી આ નાનો બાબો પણ પંદરેક દિવસે ગુજરી ગયેલો. કદાચ આ છોકરાને રાજુલ ભાઈ તરીકે કહેતી હશે." એમ અ.સૌ. કાન્તાબહેને કહ્યું.

આ રીતે અ.સૌ. કાન્તાબહેન અને તેમના ઓરમાન દીકરા શ્રી બાબુભાઈ પાસેથી ખુલાસાઓ અને હકીકતો મેળવીને અમોએ તેમને કહ્યું કે "હવે અમો સાંજે ચાર વાગ્યે રાજુલને લઈને આવીશું. અમારે ખાત્રી કરવી છે કે રાજુલ તમને (કાન્તાબહેનને) ઓળખી શકે છે કે નહિ." આ સાંભળીને "ગીતાને ગુજરી ગયા લગભગ છ વર્ષ થયા અને તે પછી મને ઘણી માંદગી આવી ગઈ છે તથા દાંત વિ. પડાવી નાંખ્યા છે. લાંબે વખતે મળનારા મારા સગાઓ પણ ઘણા મને ઓળખી શકતા નથી." વિ. વાતો અ.સૌ. કાન્તાબહેને કહી અને અમો પછીથી અમારે ઉતારે ધર્મશાળાએ આવ્યા. ધર્મશાળાએ આવીને પછી શ્રી પ્રેમચંદ (મારા જમાઈ) રાજુલને બહાર લઈ ગયા. અને પાછળથી આ બધી વાતો અમે ઘરે બૈરાંઓને (મારી પત્ની, હિંમતભાઈનાં પત્ની તથા બહેન સુધાને) કહી. રાજુલની હાજરીમાં આ કોઈ વાત અમે કરી નહિ.

બપોરે ચાર વાગ્યે અમો બધા અ.સૌ. કાન્તાબહેનને ઘેર જવા નીકળ્યા. રસ્તામાં તેમના ઘરથી નજીક એક દૂધવાળાની દુકાને દૂધ લેતાં મેં કાન્તાબહેનને જોયા. તેમને જોઈને હું તથા હિંમતભાઈ તે તરફ જરા વળ્યા અને મેં પૂછ્યું: "કેમ બહેન દૂધ લેવા આવ્યા છો?" તેમણે હા કહી. રાજુલ મારી આંગળીએ હતી. બીજા હાથે તેણીએ હિંમતભાઈની આંગળી પકડી હતી. અમારા બંનેની વચ્ચે તે બેય જણાની આંગળી પકડી ચાલતી હતી. અમો બધા કાન્તા-

બહેન પાસે જરા બેાભ્યા. મેં કાન્તાબહેનને બતાવીને રાજુલને પૂછ્યું "બેટા, તું આમને ઓળખે છે? આ કોણ છે?" રાજુલ તેમની તરફ જોઈ રહી. જોઈને જાણે કાંઈક યાદ કરતી હોય તેવી searching નજરે જોઈને પછી કહે કે "ના." મેં કહ્યું કે "ઠીક" અને અમો જરા આગળ ચાલ્યા. આઠ દસ ડગલાં ચાલ્યા હઈશું. તે દરમ્યાન રાજુલ કાન્તાબહેનને Peculiar નજરે જોઈ રહી હતી. અને જાણે કાંઈ યાદ કરતી હોય તેમ તેના મોઢા ઉપરથી લાગતું હતું. આઠ દસ ડગલાં ચાલ્યા પછી તે એકદમ બોલી ઊઠી: "બાપુજી, કહું, કોણ છે એ?" મેં કહ્યું "કહે બેટા" અને રાજુલ એકદમ બોલી ઊઠી "મારા ઓલ્યા ભવના બા." આ સાંભળીને કાન્તાબહેન તથા અમારી સાથેના બેરાં બધાં આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે તેમને કોઈને ખબર ન હતી કે કાન્તાબહેન કોણ છે? તેઓ સવારે અમારી સાથે કાન્તાબહેનને ત્યાં આવ્યા ન હતા. એટલે તેમને કદી જોયા ન હતા અને રસ્તામાં તે મળી ગયા અને અચાનક જ રાજુલને બતાવીને પૂછી જોયું. "મારા ઓલ્યા ભવના બા" એ શબ્દો સાંભળીને કાન્તાબહેનને સાનંદ આશ્ચર્ય થયું અને લાગણીવશ થઈ ગયા.

પછી અમે બધા ઘરે પહોંચ્યા. ઘરે પહોંચતા જ તેમના એટલે કે કાન્તાબેનના ફળીયામાં તેમની એારમાન દીકરી નિર્મળા ઊભી હતી, જે અત્યારે ૧૬-૧૭ વર્ષની છે, તેને દેખાડીને પૂછ્યું કે "રાજુલ, તું આમને ઓળખે છે? આ કોણ છે?" તો રાજુલ કહે કે "ફૈબા." કોઈકે કહ્યું કે "ના, ફૈબા નથી, આ તો બેન છે" એ સાંભળીને રાજુલ ગમે તે કારણે ખૂબ જ રોવા માંડી. ખૂબ જ હીબકાં ભરીને રોવા લાગી અને કોઈ રીતે છાની રહે નહિ. તેથી મેં તરત જ તેને અમારા જમાઈ સાથે બહાર મોકલી દીધી. તેમને કહ્યું કે "આપણા ઉતારે લઈ જાવ. છોકરી બહુ જ ગભરાઈ ગઈ લાગે છે. એટલે શ્રી પ્રેમચંદ તેને - રાજુલને બહાર લઈ ગયા. પછી કાન્તાબેન કહે કે "નિર્મળાને ફૈબા કહ્યા તે રાજુલની વાત બરાબર છે. છ વર્ષ પહેલાં અમારી નીમુ-નિર્મળા તો દસ અગિયાર વર્ષની હતી. પણ તે વખતે મારી નણંદ જે અત્યારે બાવીસેક વર્ષનાં છે તે જ્યારે ગીતા જીવતી હતી ત્યારે સોળ વર્ષનાં હતાં. અને અમારી સાથે રહેતા હતાં. અને અત્યારે નિર્મળા જેવી લાગે છે તેવા તે પણ લાગતા હતા."

થેાડીવાર પછી પ્રેમચંદ રાજુલને લઈને આવ્યા. હવે રાજુલ સ્વસ્થ થઈ ગઈ હતી. અમો ભીંતને અઢેલીને ગાદી ઉપર બેઠા હતા. મારી બાજુમાં રાજુલ હતી. સામે ખુરસી ઉપર શ્રી ગોકળદાસ બેઠા હતા. તેમને બતાવીને મેં રાજુલને પુછ્યું "આ કોણ છે? તું કહીશ?" તો રાજુલ કહે "ગીતાના બાપુ."

અમો બધા થેાડીવાર ત્યાં બેઠા. ચા પીધી. કાન્તાબેને ખૂબ વહાલથી રાજુલને ખોળામાં બેસાડીને ચા પાઈ અને નીકળતી વખતે કાન્તાબેને ખૂબ લાગણીવશતાથી કહ્યું કે "બેટા એકવાર કહી દે કે ભાભી આવજો." રાજુલે પણ પ્રેમપૂર્વક હાથ બતાવીને કહ્યું કે "ભાભી આવજો."

બીજે દિવસે અમે તેમનું જુનું ઘર જ્યાં તેઓ ગીતા જીવતી હતી ત્યારે રહેતા હતા તે જોવા જવાના હતા. એ જોવા જતાં પહેલાં હિમતભાઈએ રાજુલને પુછી જોયું કે "રાજુલ તમારે બે ઓરડા ને એક રસોડું હતું કે બીજું કાંઈ વધારે હતું?" તો રાજુલ કહે કે "એક ભંડકિયું હતું."

શ્રી બાબુભાઈ (ગોકળદાસના દીકરા) ને લઈને અમો-હું, હિમતભાઈ, શ્રી પ્રેમચંદ, રાજુલ અને સુધા - તેમનું ઘર જોવા ગયા. શેરીને નાકે ઉભા રહીને પુછ્યું કે "રાજુલ, ગીતા કયા ઘરમાં રહેતી હતી?" તો રાજુલે કહ્યું "ઓલી સાઈકલ આવે છે તેમાં." અમને તો ઘરની ખબર ન હતી. પણ બાબુભાઈએ કહ્યું, તે બરાબર છે. પછી અમે તે ઘરમાં ગયા. તેઓ મેડી ઉપર રહેતા હતા. તેમાં બે ઓરડા અને અને એક રસોડું છે. પણ તે મકાનમાં કેટલેાક ફેરફાર થઈ ગયો. છે. રંગ નવો કર્યો છે તથા બારી બારણામાં પણ ફેરફાર કર્યો છે. રાજુલને તે મકાનમાં ઉપર લઈ જઈને પુછ્યું કે "તમે અહીં રહેતા?" તો તેણે તેને બદલે નીચેના ઓરડા બતાવીને કહ્યું કે "પણે રહેતા." તે વાત બરાબર ન હતી. પછી તેણે ભંડકિયાનું કહ્યું હતું તે સંબંધી તપાસ કરી તો દાદરા નીચે એક ભંડકિયું હતું.

પછી રાજુલ એક મંદિરમાં દર્શન કરવા જવાની વાત કરતી હતી. તે બાબત બાબુભાઈને પૂછતાં તે કહે કે "એક કૃષ્ણ ભગવાનનું મંદિર છે ત્યાં મારી બા ગીતાને લઈને દર્શન કરવા જતા." અમે તેનું મંદિર જ્યાં આવેલું અને જ્યાં કાન્તાબેન, ગીતાને લઈને જતા ત્યાં ગયા. ચોકમાં ઊભા રહીને અમે રાજુલને પૂછ્યું "ક્યાં મંદિર છે ? તમે કયાં દર્શન કરવા જતા ?" તો તેણે એક મકાન બતાવ્યું કે "આમાં". અમને લાગ્યું કે આ તો ઘર છે. મંદિર લાગતું નથી. રાજુલની ભૂલ થઈ લાગે છે. પણ બાબુભાઈએ કહ્યું કે તે ઘરમાં જ મંદિર છે. પછી અમે તેમાં ગયા. ત્યાં અમુક વ્યકિતઓ રહે છે. ઘરમાં દાખલ થતાં પૂછ્યું "ભગવાન ક્યાં છે ?" તો તેણે જમણી તરફ બતાવ્યું. અમે ત્યાં ગયા ત્યાં પડદા પાછળ કૃષ્ણ ભગવાન છે એમ બાબુભાઈએ કહ્યું. "અને ગોકળઆઠમને દિવસે આંહી કૃષ્ણજન્મનો મહોત્સવ થાય છે તે વખતે ગીતાને લઈને મારી બા આંહી આવ્યા હતા."

ત્રીજે દિવસે અમે ગોકળદાસભાઈના નાનાભાઈને ઘરે ગયા. ત્યાં ગયા ત્યારે કેટલાય બૈરાંઓ રાજુલને ઘેરી વળ્યાં. એક બહેનને બતાવીને રાજુલને પૂછ્યું "આ કોણ છે ?" રાજુલે કહ્યું કે, "ફૈબા." એ ગોકળદાસનાં નાના બેન હતા. જે ગીતા જીવતી ત્યારે ગોકળદાસ સાથે રહેતા હતા. અને જેની ઉમર તે વખતે આશરે સત્તરેક વર્ષની હશે. અત્યારે આશરે બાવીસ હશે. પછી એક ઘરમાં માજીને બતાવીને પૂછ્યું કે "આ કોણ છે ?" તો રાજુલ કહે કે "મોટી બા." એ ગોકળદાસનાં બા હતાં.

રાજુલ જેને વારંવાર યાદ કરતી તે તેની બેનપણી જ્યોત્સના કોણ છે તે સંબંધી અમે ઘણી તપાસ કરી પણ તે નક્કી થઈ શક્યું નહિ. કાન્તાબેનની કામવાળી છોકરી જ્યા જે ગીતાને ખૂબ રમાડતી તેને નામ ભૂલી જવાથી રાજુલ કદાચ જ્યોત્સના કહેતી હશે, એમ ધારી તેને બતાવી. પણ રાજુલ કહે કે 'આ જ્યોત્સના નથી.'

ગીતા ગુજરી ગઈ ત્યારે તેની ઉંમર બરાબર કેવડી હતી તે હજુ નક્કી થઈ શક્યું નથી. તેની મરણ તારીખ તો નીકળી છે. તેનો જન્મ વૈશાખ મહિનામાં થયો હતો એમ કાન્તાબેન કહે છે. પણ તેમને સાલ યાદ નથી. તેઓ કહે છે કે ગુજરી ગઈ ત્યારે ગીતા બે અઢી વર્ષની હતી. તેની જન્મ તારીખ મેળવવા પ્રયત્ન ચાલે છે.

ગીતાનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેથી તેની જન્મ તારીખ મેળવવા અમદાવાદમાં પ્રયત્ન ચાલે છે. પણ હજુ સુધી તે મળી શકી નથી. પણ અ. સૌ. કાન્તાબેન અને શ્રી ગોકળદાસભાઈનાં કહેવા ઉપરથી લાગે છે કે તે લગભગ અઢી વર્ષની થઈને ગુજરી ગયેલ હતી.

રાજુલ સંબંધી આ સવિસ્તર હકીકત છે. તેનાં પૂર્વજન્મનાં સ્મરણ સંબંધી અમે બને તેટલી ચોકસાઈથી તેની ખાતરી કરવા પ્રયત્ન કરેલો, જે મેં આપને ઉપર લખેલ છે. આ સિવાય કાંઈ વિશેષ માહિતી જોઈતી હોય તો લખી મોકલશેા. આપે ચિ. રાજુલ સંબંધમાં બતાવેલ રસ અને જિજ્ઞાસા માટે આપનો આભારી છું.

ફરીથી કોઈવાર આ તરફ આવવાનું રાખશેા તો મળવાથી ઘણો જ આનંદ થશે. હકીકત લખી મોકલવામાં ઢીલ થયેલ છે તે બદલ ક્ષમા માગવા સિવાય બીજું શું કરી શકું?

આપની કુશળતા ચાહું છું. પત્રની પહોંચ લખશેા. જો આપ પત્રને ટાઈપ કરાવી થેાડી નકલો કઢાવો તો મને એક નકલ મોકલવા કૃપા કરશેા.

એજ લિ. સ્નેહાધિન વૃજલાલના સદગુરુવંદન.

સમાપ્ત

# ☆ ઈકોલૉજી અને સમત્વ ☆

લગભગ એક સૈકા પહેલાં "ઈકોલૉજી" શબ્દનો જન્મ થયો. તેના પિતા થવાનું માન એક જર્મન પ્રાણીશાસ્ત્રી હેકેલને ફાળે જાય છે.

ત્યાર પછી તેમાં ઘણો રસ લેવાયો છે અને ખૂબ સંશોધન થયું છે. તેના સિદ્ધાંતો કુદરતમાં શું શું થઈ રહ્યું છે તેના સંશોધન દ્વારા નક્કી કરવામાં આવ્યા છે, જે વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે ખૂબ બંધબેસતા થાય છે. અને જો તેને સમજીને માણસ જીવે તો જીવનમાં ઊભી થતી વિસંગતતા અને કુમેળ ઓછા થઈ શકે.

વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન આજે અન્યોન્યની ખૂબ જ નજીક આવી રહ્યા છે એ આ યુગનું સદ્‌ભાગ્ય છે અને આજે આ વિષયની સમજની જેટલી અગત્ય ઊભી થઈ છે તેટલી ક્યારેય ન હતી.

આજનો માણસ હુંપદ - પ્રધાન અને ધમંડી બનતો જાય છે. પરિણામે 'હું જ સાચો અને બીજાં ખોટાં' એમ માનતો થયો છે. વળી સમાજમાં તે એકલો જ ન હોવાથી બીજાની સાથે તેનું ઘર્ષણ વધ્યું છે. સ્વાર્થ, લોભ પણ વધ્યો છે. બીજાનો વિચાર કરવાનું જાણે તેણે માંડી જ વાળ્યું છે. પરિણામે જ્યાં જુઓ ત્યાં ખેંચતાણ અને ઝઘડા જ દેખાય છે. આવા સમયે ઈકોલૉજીના સિદ્ધાંતોની સમજ સર્વકોઈને માર્ગદર્શક અને લાભકર્તા નિવડે તેમ હોઈ, તે પણ આપણે વિચાર કરીએ.

ઈકોલૉજીના મુખ્ય ત્રણ સિદ્ધાંતો આ પ્રમાણે છે :
(૧) પરસ્પરાવલંબન, (૨) મર્યાદા અને (૩) જટીલતા.

આને સમજવા આપણે થોડાંક દૃષ્ટાંતો લેવાં પડશે. પ્રથમ એક વૃક્ષ લઈએ. તે એકલું સ્વતંત્રપણે પોતાના જ પગ પર ઊભું હોય તેવું જણાય છે. પણ સંશોધનકારોએ શોધી કાઢ્યું છે કે તેમ નથી. સૌથી પહેલાં તો જમીન, પાણી, પ્રકાશ, હવામાંનો કાર્બનડાયોક્સાઈડ વગેરે વૃક્ષના જીવન માટે જરૂરી છે. ત્યાર બાદ તપાસમાં જણાયું કે અનેક જીવ-જંતુ વૃક્ષ પર રહે છે અને જીવે છે. પક્ષીઓ તથા માણસો પણ વૃક્ષનાં ફળોનો ઉપયોગ કરે છે. સુકાઈને ખરી પડતાં પાંદડાં ઉપર કેટલાંક જીવડાં જીવે છે. તે પાંદડાં ખાય છે અને પોતાના મળવિસર્જનદ્વારા ઝાડને ખાતર પણ પૂરું પાડે છે. કેટલાંક જીવડાં મૂળની આસપાસની જમીનમાં ઊંડે ઊતરી જમીન પોલી કરી આપે છે, જેથી મૂળ સુધી પાણી અને હવા પહોંચે અને વૃક્ષને જીવન મળે.

બીજું દૃષ્ટાંત આપણું લઈએ. આપણે આપણાં આપ્તજનો પર આધાર નથી રાખતા? સગાં, સંબંધી તેમ જ મિત્રો વગર આપણને ચાલે છે?

નોકરી કરનારને શેઠની અને શેઠને નોકરોની જરૂર રહે છે જ. ઉદ્યોગપતિને મજૂરો જોઈએ અને કામદારોને ઉદ્યોગપતિ. આ રીતે દરેક ક્ષેત્રે સમાજમાં, વ્યક્તિને સમાજ અને સમાજને વ્યક્તિની જરૂર રહે જ છે.

હવે મર્યાદાનો વિચાર કરીએ. ખોરાક પોષક અને જીવનદાતા છે પણ તે જ ખોરાક વધુ પડતો ખાઓ તો શું થાય? માંદા પડો અને પરિણામે શક્તિને બદલે અશક્તિ આવે.

શહેરોમાં ઉદ્યોગો ખૂબ વધે છે, મોટર ગાડીઓ, બસો, વગેરે ખૂબ વધે છે, પરિણામે પાણી અને હવા બન્ને દૂષિત થાય છે. કુદરતમાં પ્રાણવાયુની ઉત્પત્તિને પણ હદ જ હોય છે.

ધન આજે અનિવાર્યપણે આવશ્યક વસ્તુ બની ગઈ છે. પણ લાંબો વિચાર કર્યા વગર, ગમે તે રીતે, સાચે કે ખોટે માર્ગે, ધનનો સંચય કરનાર પરિણામે શું મેળવે છે? બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ટેન્શન કે એવી જ કોઈ બીમારી!

આમ બને છે તેમાં ઈકોલૉજીનો ત્રીજો સિદ્ધાંત જે જટીલતા છે, તે મહત્ત્વનો ભાગ ભજવે છે. કુદરતમાં મહા ગુંચવાડો છે. બધું જે દેખાય છે કે સંભળાય છે, તે તેવું હોતું નથી. અને ભ્રમવશ આપણે ન કરવાનું કરતા રહીએ છીએ અને કુદરતના કાનૂનોનો ભંગ કરતા રહી, અનિચ્છનીય પરિણામો ભોગવીએ છીએ. આ બાબત પણ દૃષ્ટાંતથી આપણે તપાસીએ.

એક પીળા રંગનું પુષ્પ છે. તે પીળા રંગથી જ ભરેલું હોય, એવી આપણી સહજ માન્યતા હોય, પણ હકીકત એવી છે કે સૂર્યકિરણોમાંના અન્ય સર્વ રંગો, તે પુષ્પ પોતામાં રાખે છે અને માત્ર પીળા રંગનાં કિરણો જ બહાર પાછાં ફેંકે છે, જે આપણને પીળા રંગ રૂપે દેખાય છે.

આપણે જે તારાઓ આકાશમાં જોઈએ છીએ, તેનો પ્રકાશ ચાર વર્ષ અને તેથી વધુ સમય પહેલાં તેમનામાંથી નીકળ્યો છે. તે પ્રકાશ એક સેકંડના એક લાખ છ્યાસી હજાર માઈલની ગતિએ મુસાફરી કરતો હોય છે. છતાં તેને પૃથ્વી પર પહોંચતાં ઉપર કહ્યો તેટલો સમય લાગે છે. કેટલાક તારાનો પ્રકાશ તો ત્યાંથી નીકળેલો તે હજુ પૃથ્વી સુધી પહોંચ્યો પણ નથી. આનો અર્થ એ છે કે આપણને તારા જ્યાં દેખાય છે ત્યાં તે હોતા નથી. વાસ્તવિકતા દૃશ્ય કરતાં જુદી જ છે. આવી ગુંચવણ કુદરતમાં છે તે માણસને કેમ ગોથું ખવડાવે છે તે હવે આપણે જોઈએ.

એક માણસ ચોરી કરે કે અન્ય અયોગ્ય કાર્ય કરે. તેનું પરિણામ આવતાં કદાચ પાંચ કે પંદર વર્ષ પણ લાગે. દરમ્યાન કારણ-કાર્યનો સંબંધ વીસરાઈ જાય. એટલે કયા કર્મનું શું ફળ મળ્યું, તે નક્કીપણે ન કહી શકાય.

એક વ્યકિત લોભ-લાલચવશ ધનસંચય કરતાં પાછું વાળી જુએ જ નહિ. સારામાઠા ગમે તે માર્ગે ધન એકઠું કર્યા જ કરે. ૧૦/૨૦ વર્ષ મઝા પણ કરે. પછી?

પછી કદાચ બિમારી આવી પડે, આપ્તજનો ગુમાવે કે ધન ખુએ. તે સમયે તે, પોતાના અયોગ્ય કર્મો દ્વારા મેળવેલ ધનને પરિણામે આમ થયું, તેમ ન માને—પણ નસીબને દોષ દે યા ઈશ્વરના ન્યાયીપણાની ટીકા કરે વગેરે. કારણ, વચ્ચે લાંબો સમય વહી ગયો. કર્મ અને ફળ બેમાં અંતર ઘણું પડ્યું. તેથી અહમ્‌પૂર્ણ મન અપ્રમાણિક રીતે વસ્તુની રજૂઆત કરે. આમ થવામાં પ્રકૃતિની જટીલતા કારણભૂત થાય છે.

કુદરતના નિયમોને જેટલા વધુ સમજી શકાય તેટલું સુખ પ્રાપ્ત થાય. કેમકે પછી ખોટી રીતે તમે ન વર્તતાં યોગ્ય રીતે સમજીને વર્તશો. કર્મ વગર કોઈ રહી શકતું નથી. પણ કર્મના નિયમથી જ આપણે ઘણા અજ્ઞાત હોઈએ છીએ. પરિણામે સુખપ્રાપ્તી માટે કરવામાં આવતાં કર્મો દુ:ખ આપે છે.

કર્મ એટલે ક્રિયા. ક્રિયામાં ગતિ હોય જ. ગતિને પ્રગતિનો નિયમ લાગુ પડે છે. એક દિશામાં જેટલી ગતિ જેટલી ઝડપે તમે કરો, તેટલી જ ઝડપે તેથી ઊલટી દિશામાં તેટલી પ્રતિગતિ થાય જ. આ ગતિનો કુદરતી નિયમ છે. એટલે સુખ માટે તમે જે કાર્ય કરો તે તેટલું જ દુ:ખ, મોડું કે વહેલું, આપે જ.

ઘડિયાળના લોલકની જેમ, ગતિ—પ્રગતિનો નિયમ માણસને સુખ અને દુ:ખની વચ્ચે ઝોકા લેવડાવ્યા કરે છે.

વળી જગત માત્ર બહાર જ છે એવું નથી. જેટલું અને જેવું બહારનું જગત છે તેવું જ અને તેથી વધુ ગહન એક આંતર જગત પણ છે. એટલે કુદરતના નિયમો બન્ને સ્થળે લાગુ પાડવા પડશે.

ઈકોલૉજી બહીર્જગતના નિયમો આપણને સમજાવે છે. આપણા અંદરના જગતને ઓળખી તેના નિયમાનુસાર આપણે જ્યારે જીવતાં શીખીશું ત્યારે સાચું સુખ મળશે. તે માટે આપણા મનમાં ચાલી રહેલા જુદા જુદા પ્રવાહોને આપણે ઓળખવા

પડશે. બહારનું જગત અને અંદરની અવસ્થા જુદી જુદી જણાય છે, પણ તે અન્યોન્ય સાથે સંકળાયેલ છે.

કોઈ બનાવ તમને અરુચિકર બને તેની અસર તમારા મન પર થાય છે અને તેની વળતી અસર તમારા શરીર પર થાય છે.

આજના આ તાણપ્રધાન જીવનમાં લગભગ ૯૦ટકા બિમારી મનને લીધે પેદા થાય છે.

"મારા જેટલો જ સાચો, સામો માણસ પણ હોઈ શકે," એવો વિચાર કરી, સામેનાની નજરે માણસ જો વિચાર કરતો થાય તો માનસિક તાણ ઘણું ઓછું થઈ જાય. પોતે બીજાથી જુદો નથી. સમગ્ર જગત એક જાળા જેવું છે. અન્યોન્ય સાથે સંકળાયેલું છે એ સમજ મનમાં દૃઢ થઈ જાય તો દૃષ્ટિમાં ઘણું સમત્વ આવે, અને સદ્‌ભાવ પેદા થાય. ઈકોલૉજીના સિદ્ધાંતો આ જ વાત સાબિત કરે છે કે સમસ્ત બ્રહ્માંડ એક વિરાટ માળખું છે અને તેમાંની દરેક ચીજ એકબીજા પર અવલંબિત છે, તેથી સમતા રાખવી જરૂરી બને છે.

સમત્વને ગીતામાં યોગ કહેલ છે. એટલે જો માણસ સમત્વ-બુદ્ધિ રાખી શકે તો તે યોગ–મીલન–દર્શન–અનુભૂતિ–પરમાત્મા સાથે એકતા–દ્વારા સધાવી શકે. એટલી મહત્ત્વની અને મોટી આ ચીજ છે.

પરમાત્મદર્શનની ઇચ્છા સૌ રાખે છે પણ તેને માટે જરૂરી સમત્વભાવ આદિ રાખી શકાતો નથી, એ વાસ્તવિકતા છે; તો તેમાં શું નડે છે, એ મહત્ત્વનો પ્રશ્ન છે.

"તું કોણ છો?" "તું તને ઓળખ", વગેરે વાક્યો જે મહાપુરુષોએ નિર્માણ કર્યા છે તે ખૂબ જ મૂલ્યવાન છે. તત્ત્વજ્ઞાન કે સાધના કોઈ પણ માર્ગે આગળ વધવા ઇચ્છનાર માટે સૌથી પહેલી જરૂરિયાત છે.

પરમાત્માના દર્શનની આડે તમે જ તમને નડતા હો છો. તે આત્મદર્શનથી સમજાય. પછી તેમાં નડતો ભાગ હટાવાય અને દર્શન સ્પષ્ટ થતું જાય.

કોઈપણ પ્રકારનું દોષારોપણ બીજા ઉપર કરતાં પહેલાં પોતાની ઉપર કરવાનું જરૂરી હોય છે. દા. ત. એક માણસે ભૂલ કરી તેથી તમને ગુસ્સો આવ્યો. તમારા તે ક્રોધને તમે વ્યાજબી ઠરાવવા પ્રયત્ન કરશો. પણ એક ચીજ સમજવી જરૂરી એ છે કે ક્રોધ કોને આવ્યો? તમને. તે શા માટે આવવો જોઈએ? ગુસ્સા વગર શું તમે સામેનાની ભૂલ તેને ન બતાવી શકો? ક્રોધ કોઈ પણ સ્થિતિમાં ન ઇચ્છવાયોગ્ય છે. એજ રીતે લોભ, મોહ, મદ, મત્સરાદિ વૃત્તિઓ પણ અનિષ્ટકર્તા છે જ. સર્વ સ્થિતિમાં સમતા, શાંતિ, સ્થિરતા જરૂરી છે અને રહી શકે.

સમત્વ માટે બેઉ માર્ગ છે. સમત્વભાવ પહેલો આવે ને પછી શાંતિ આદિ ગુણો પ્રદર્શિત થાય યા તો ગુણોદ્વારા સમત્વ આવે. એ બન્ને શક્ય છે. તે વ્યક્તિ પર આધારિત છે. પણ ગમે તેમે ય સચ્ચિદાનંદ અવસ્થા આવે એ ઇચ્છવાયોગ્ય છે. અને તે અવસ્થા એજ સ્થિતપ્રજ્ઞની અવસ્થા કે સમત્વવાળી સ્થિતિ–જે કહો તે–તે જ છે.

આપણે ખૂબ બુદ્ધિપ્રધાન બની ગયા હોવાથી પ્રશ્નો કરતી અહમ્‌બુદ્ધિને ઠેકાણે લાવવા આ ચર્ચા કરી છે અને વિજ્ઞાનની તેમાં મદદ મળી છે.

તો આપણને તે સમતા સ્થાપવામાં મદદરૂપ થાઓ એ જ અભિલાષા.

જમનાદાસ કે. લાદીવાળા

## પૂરક નોંધ

ઈકોલૉજી શબ્દના અર્થનું સ્પષ્ટીકરણ કરતાં લેખક જણાવે છે કે:

ઈકોલૉજી એ ગ્રીક શબ્દ છે. eco એટલે ઘર અને logy એટલે પદ્ધતિ. ઈકોલૉજીનો આપણે અર્થ જણાવતો શબ્દ જોઈએ તો એક શબ્દ નથી પણ તેને સૃષ્ટિસંતુલનશાસ્ત્ર કહી શકાય. જગતમાં પ્રકૃતિના નિયમાનુસાર દરેક સ્થળે સમતુલા જાળવવાનું કાર્ય સહજપણે ચાલી રહ્યું હોય છે. તેનું સંશોધન વૈજ્ઞાનિકોએ કર્યું છે તે મેં લેખમાં જણાવ્યું છે.

આપણે આપણા દૈનિક અનુભવમાં પણ જોઈશું તો જણાશે કે જ્યારે સમતુલા ગુમાવાય છે ત્યારે ઉપદ્રવ થાય છે.

"સમત્વં યોગ ઉચ્યતે" ગીતામાં કહ્યું છે. યોગીની અવસ્થા સમત્વની હોવી જોઈએ. બધા પ્રત્યે સમભાવ અને પ્રેમ. પ્રમાણની જાળવણી – "હું" જ્ઞાની, "હું" મોટો, એ ભાવ ન હોય–આપણા જીવનમાં પણ હુંપણાને લીધેથી દુઃખ થાય છે.

ઈકોનો અર્થ ગૃહ કર્યો. તેની સમજ એવી છે કે જગતમાં દેશ, દેશમાં ગામ અને ગામમાં ઘર હોય છે. તે જેમ વિભાગો છે તેમ ઈકોલૉજીમાં પણ સંશોધનના વિભાગો હોય છે. ખેતર, પહાડ, સરોવર, સમુદ્ર વગેરે ટુકડે ટુકડે લઈને સંશોધન કર્યું છે અને ભૌગોલિક તથા ઋતુજન્ય ફેરફારોમાં વર્તનમાં પણ ફરક પડે છે તે દર્શાવ્યું છે.

માણસોમાં જોઈશું તો પણ સાઉથ ઈન્ડિયનોની રહેણીકરણી, આદતો, સ્વભાવ વગેરે જુદા અને નોર્થ ઈન્ડિયનોના જુદા હોય છે. માણસ તરીકે સૌ માણસ. પણ વિગતમાં ઉતરો કે સૂક્ષ્મ ફેરફારો પણ હોય. તે બધાનો અભ્યાસ વૈજ્ઞાનિકો કરે છે. વિજ્ઞાન ધર્મની નજીક આવતું જાય છે તે સારું છે.

* * *

**મોટાઓની અલ્પતા જોઈથાકયો, નાનાની મોટાઈ જોઈ જીવું છું.**

**– ઉમાશંકર જોશી**

* * *

**જગત જ્યારે આપણને નિંદે ત્યારે આપણે આનંદ માનવો, અને સ્તુતિ કરે ત્યારે થથરવું.**

**– ગાંધીજી**

* * *

**"જીવનનો દાખલો એવી રીતે ગણો કે મરણને દાખલો સાચો આવે."**

**– વિનોબા ભાવે**

* * *

**"સદ્‌ગુણ જ્યાં દેખાય ત્યાં પૂજવો અને સદ્‌ગુણ જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરવો." આ મારું જીવન સૂત્ર છે.**

**કાન્તીલાલ ઈશ્વરલાલ**

* * *

**ભલે મારા જેવા અનેકનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ, અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.**

**– મહાત્મા ગાંધી**


## વસંત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી વસંત વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ છે:

વિષય : ચૂંટણીઓ ગઈ : હવે શું?

| | |
|---|---|
| સોમવાર તા. ૧૨-૪-૭૧ | શ્રી મીનુ મસાણી |
| મંગળવાર તા. ૧૩-૪-૭૧ | શ્રી પ્રાણ ચોપરા |
| બુધવાર તા. ૧૪-૪-૭૧ | શ્રી એસ. એમ. જોશી |
| ગુરૂવાર તા. ૧૫-૪-૭૧ | ડો. પી. બી. ગજેન્દ્રગડકર |

સ્થળ: તાતા ઑડિટોરીયમ, બ્રુસ સ્ટ્રીટ

સમય: રોજ સાંજે ૬-૧૫ વાગે.

સંઘના સભ્યોને તથા મિત્રોને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

મંત્રીઓ

તા. ૧-૪-૭૧ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ એક આદર્શ રાષ્ટ્રપ્રમુખ ☆

(ભીક્ષુ ચમનલાલ તાજેતરમાં સ્વીટ્ઝર્લેન્ડ ગયેલા ત્યારે ત્યાંના પ્રમુખની કચેરીના એક ઉચ્ચ અધિકારી સાથે થયેલી ભારે રસપ્રદ પ્રશ્નોત્તારી ઈન્ડિયન એક્ષપ્રેસમાં પ્રગટ થઈ હતી. તેનો અનુવાદ શ્રી પોપટલાલ રાવળે કરી આપ્યો છે જે નીચે સાભાર પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

હું હમણાં સ્વીટ્ઝર્લેન્ડથી પાછો ફર્યો છું. મારા પુસ્તક 'પથદર્શક સ્વીટ્ઝર્લેન્ડ' ની નવી આવૃત્તિની તૈયારી માટે હું ત્યાં ગયો હતો.

બર્નમાં પ્રમુખની કચેરીમાં એક અધિકારી, જેમણે પ્રમુખ સાથે દશ વર્ષ કામ કર્યું હતું, તેની સાથેની મુલાકાતનો રિપોર્ટ હું અત્રે અક્ષરશ: રજૂ કરું છું.

સવાલ : આપના પ્રમુખનો રાજમહેલ ક્યાં છે?

જવાબ : અમારા પ્રમુખને રહેવા રાજમહેલ કે બાગબગીચાવાળું મકાન નથી. તે એક ફ્લેટમાં રહે છે અને ભાડું ભરે છે.

સવાલ : તેઓ કેટલું ભાડું ભરે છે.?

જવાબ : તે દર વર્ષે વધતું હોય છે.

સવાલ : તેમને કેટલા નોકર-ચાકર છે?

જવાબ : સ્વીટ્ઝર્લેન્ડમાં "કેટલા છે" એવું તમે કદી પૂછશો નહિ. એક નોકર હોય તો પણ તે આશિર્વાદરૂપ છે. પરંતુ તેમને તેમના પ્રોફેસર પત્નીને મદદ કરવા એક-બેાડા સમય માટેની નોકરાણી છે.

સવાલ : તો પછી તેમના મહેમાનોને ક્યાં ઉતારો આપે છે?

જવાબ : તે તેમના મહેમાનોને હોટેલમાં ઉતારો આપે છે અને ત્યાંજ તેમનો સત્કાર કરે છે.

સવાલ : પ્રમુખને કેટલો પગાર છે તે હું આપને પૂછી શકું?

જવાબ : સત્કારો માટેના ભથ્થા વિ. મળી તેમને ૧૦૧૦૦ ફ્રાંક મળે છે.

સવાલ : તમારા પ્રમુખ વિદેશોની સફરે કેટલે કેટલે સમયે જાય છે?

જવાબ : જ્યારે તેઓ પ્રમુખ હોય છે ત્યારે તેમને ક્યાંય પણ સફરે જવાની પરવાનગી નથી. આ એક નિયમ છે.

સવાલ : દર વર્ષે તમે કેટલા પ્રમુખો કે રાષ્ટ્રના વડાઓને તમારા દેશની મુલાકાતે પધારવા આમંત્રણ આપો છો?

જવાબ : વધુમાં વધુ બે જ. આ વર્ષે ફક્ત એકજ હતા અને તે તમારા રાષ્ટ્રપ્રમુખ.

સવાલ : દેશના વિવિધ ભાગમાં તેઓ કેટલા ઉદ્‌ઘાટન અને સત્કારસમારંભોમાં હાજરી આપે છે?

જવાબ : આમંત્રણો વિષે સાત સભ્યોની બનેલી કેબીનેટ-મીટીંગમાં ચર્ચા થાય છે અને તેમાંના એકને આવા સમારંભમાં હાજરી આપવા નિયુક્ત કરવામાં આવે છે. પ્રમુખ તો થોડા પ્રસંગે હાજરી આપે છે, કારણ તેમને તેમની ફરજો સંભાળવાની હોય છે. તે ગૃહપ્રધાનનો હોદ્દો પણ સંભાળે છે.

સવાલ : મહિનામાં કેટલા દિવસ તેઓ રાજધાનીમાં રહે છે?

જવાબ : ઉનાળાની રજાઓ બાદ કરતાં ૯૦ ટકાથી વધારે દિવસો.

સવાલ : વિશેષ કરીને તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિષયો પર પ્રવચન કરે છે કે કેમ?

જવાબ : તેઓ માત્ર રાષ્ટ્રીય બાબતો અને વિજ્ઞાનના પ્રશ્નોને સ્પર્શે છે અને તેની સરખામણી વિદેશના પ્રશ્નો સાથે કરે છે.

સવાલ: બીજા રાષ્ટ્રોના યુદ્ધ કે શાંતિના પ્રશ્નો પર તેઓ વિદેશોને સલાહ આપે છે?

જવાબ : ના જી, અમે બીજા રાષ્ટ્રોને આવી સલાહ આપતા નથી કારણ અમે એક તટસ્થ રાષ્ટ્ર છીએ. અમે પૂર્વ - પશ્ચિમના સંતાપથી અલગ રહીએ છીએ. આથી જે રાષ્ટ્રોને એકબીજા સાથે વાતચીત કરવાનો પણ સંબંધ નથી તેમને સહાય કરવા અમે શક્તિમાન થઈએ છીએ. અમે આવી બાબતો હાથ ધરીએ છીએ.

સવાલ : સ્વીટ્ઝર્લેન્ડ સંયુક્ત રાષ્ટ્રનું સભ્ય કેમ નથી?

જવાબ: કૃપા કરી આ સવાલ અમારા રાજકીય ખાતાને પૂછો.

સવાલ: પ્રમુખ કેટલા કલાક તેમની ફરજ બજાવે છે?

જવાબ: ઑફિસનો સમય નવ કલાકનો છે. હંમેશા સવારના ૭-૩૦થી બપોરના ૧૨-૩૦ અને બપોરના ૨-૩૦થી સાંજના ૬-૩૦ સુધી. અવારનવાર તેઓ સવારના ૭ કરતાં વહેલા પણ આવે છે, અને રહસ્યમંત્રી સવારે ૭-૩૦ વાગે આવે છે. કોઈ વખત તેઓ રાતના ૭-૩૦ કે ૮ વાગ્યા સુધી પણ કામ કરે છે અને "ઘરકામ" સાથે લઈ જાય છે.

સવાલ: "ઘરકામ" કોણ લઈ જાય છે?

જવાબ: પ્રમુખ જાતે જ. અહીં અમારે કોઈ ચપરાશી નથી.

સવાલ : સરકાર પ્રમુખને કેટલી મોટરગાડીઓની સગવડતા આપે છે?

જવાબ: એક પણ નહિ. કચેરીમાં આવવા બસ કે ટ્રામનો ઉપયોગ કરવાની તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે. સામાન્ય રીતે તો તેઓ સવારમાં પગે ચાલી કચેરીમાં આવે છે. લંચ માટે તેઓ બસમાં ઘરે જાય છે.

સવાલ: બસમાં ખૂબ ગીર્દી હોય તો તેઓ શું કરે છે?

જવાબ: તેઓ એક સામાન્ય યાત્રી માફક ઊભા રહે છે. કોઈ સ્ત્રીને બેસવાની જગ્યા મળી ન હોય તો તે તેને આપે છે. તેઓ સ્ત્રીઓમાં ખૂબ લોકપ્રિય છે, કારણ સામાન્ય રીતે પુરૂષો ઊભા થઈ સ્ત્રીને બેસવાની જગ્યા આપતા નથી. તેઓ કહે છે કે "સ્ત્રીઓને સમાન અધિકાર છે."

સવાલ: પ્રમુખની મુલાકાતે હંમેશા કેટલી વ્યક્તિઓ આવે છે? તમે મુલાકાતીઓના નામની દૈનિક યાદી બાહર પાડો છો?

જવાબ: તેઓ ઑફિસ કામમાં રોકાયેલા હોય ત્યારે કોઈ મુલાકાતીઓ હોતા નથી. તેમ ન હોય ત્યારે દર અર્ધા કલાકે મુલાકાત આપે છે. મુલાકાતીઓના નામની જાહેરાત કરતી કોઈ દૈનિક યાદી અમે પ્રગટ કરતા નથી.

સવાલ : તમારા રાષ્ટ્રીય જાહેવાર પ્રસંગે ૨૦૦૦ કે ૩૦૦૦ શ્રીમંતોને આમંત્રી તમે ભવ્ય પાર્ટીઓ ગોઠવો છો?

જવાબ : રાષ્ટ્રીય તહેવારોના દિવસે તો બિલકુલ નહિ. સરકાર એવી આશા રાખે છે કે જનતા પોતાના ખર્ચે રાષ્ટ્રીય તહેવાર ઉજવે, અને તેઓ ગામડે ગામડે ઉત્સાહપૂર્વક તેની ઉજવણી કરે છે.

સવાલ : પ્રમુખ રેડિયો પર રાષ્ટ્રજોગા કેટલા પ્રવચનો કરે છે?

જવાબ: દરેક વર્ષે બે. એક ઓગસ્ટની પહેલી તારીખે જે અમારો રાષ્ટ્રીય દિન છે અને બીજું જાન્યુઆરીની પહેલી તારીખે જે નૂતન વર્ષનો દિન છે.

સવાલ: તમે તમારા પ્રમુખની ફિલ્મ બનાવો છો? અને તેમના સંભાષણો પુસ્તિકા રૂપે પ્રગટ કરો છો?

જવાબ: નહિ, કદાપી નહિ.

સવાલ: પ્રમુખને કેટલા સંતાનો છે? તેઓ પ્રમુખ સાથે સફરે જાય છે ખરાં?

જવાબ: ના જી. તેમને સંતાન નથી.

સવાલ: બધા કામદારો માફક પ્રમુખને અઠવાડિક બે રજાઓ હોય છે?

જવાબ : પ્રમુખ શનિવારે પણ કામ કરે છે અને નિયમિત કચેરીમાં આવે છે. રવિવારે તેમના પત્ની સાથે તેઓ પર્વતો પર જાય છે. તેઓ પ્રકૃતિના શોખીન છે.

સવાલ : ઈંગ્લેન્ડ અને ભારત માફક તમારા પ્રમુખને ભભકાદાર અંગરક્ષકો હોય છે?

જવાબ : નાજી. પ્રમુખને રક્ષણ માટે સાદા પરિધાનમાં એક પણ માણસની જરૂર હોતી નથી. **તેમની લોકપ્રિયતા જ તેમનો શ્રેષ્ઠ રક્ષક** છે. તેમની કચેરી બહાર પણ તમે એક પણ પોલીસને જોશો નહિ. તેમની ઑફિસ એક નાની ગલીમાં આવેલી છે. કોઈપણ માણસ પગે ચાલી ત્યાં જાય છે અને એલેવેટર (લીફ્ટ)નો ઉપયોગ કરી પ્રમુખના રહસ્યમંત્રીની કચેરીમાં પહોંચી જાય છે. તમને અટકાવવા બંદૂકધારી રક્ષકો ત્યાં નથી.

આવા છે સ્વીટ્ઝર્લેન્ડના પ્રમુખશ્રી.

# કવિતામાં વ્યકત થતી વર્તમાન જીવનની વિષમતા

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી સુરેશ દલાલે આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવે છે.)

વર્તમાન જગતને કવિતા સાથે ઓછામાં ઓછી નિસબત છે. જગતને હોય કે ન હોય પણ કવિતાને તો જગત સાથે લેવાદેવા છે. સાચો કવિ જગતને બધા જ બિન્દુઓથી સ્પર્શતો હોય છે. માનવ અને પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ, જીવન અને મૃત્યુ, લૌકિક અને અલૌકિક, પ્રેમ અને સર્જન - આ બધું જ એની પ્રતિભાના આશ્લેષમાં આવી જતું હોય છે.

જગતને કવિતા સાથે નહાવા-નીચોવવાનો પણ સંબંધ નથી, એને પણ શું વર્તમાન જીવનની એક વિષમતા તરીકે ન ઘટાવી શકાય? અંધકવિ હોમરના મૃત્યુ પછી, કહે છે, ત્રણ નગરો તેને પોતાનો ગણાવવા માટે લડયાં હતાં. દરેક નગરની એક જ દલીલ હતી: હોમર જીવતો હતો ત્યારે અમારા નગરમાં ભીખ માગતો હતો! કવિ અને કવિતાની ત્યારે આ સ્થિતિ હતી અને આજે ય એમાં કશો સુધારો થયો નથી. માણસોની વચ્ચે, કવિ હમેશાં દેશવટો ભોગવતો રહ્યો છે.

અર્વાચીન મરાઠી કવિ નારાયણ સુર્વે 'શબ્દનો ઈશ્વર' એ કાવ્યમાં એટલે જ કહી ઊઠે છે:

કવિતા લખવાને બદલે જો મેં રદ્દી વેચી હોત તો સારું થાત, કાંઈ નહિ તો છેવટે ઉઘરાણીવાળાઓનો તકાદો તો હું ચૂકવી શકતે.

પણ એમ થયું નહિ. હું એટલો બધો શબ્દની પાછળ પડયો, બહેકી ઊઠયો.

જો એમ ન થયું હોત તો કદાચ હું બંગલાઓ બાંધી શકયો હોત.

લોકસેવકની છટાથી મેં સારું યે જીવન સમર્પી દીધું હોત.'

ગરજવાન પ્રત્યેક યાચકોએ ઝુકીને મને સલામ કરી હોત.'

ફિયાટની સુંવાળી ગાદીમાં બેસીને મેં પણ પવનને ગુલામ કર્યો હોત ...

ગરીબાઈમાં મરી ચૂકેલા કવિનું સ્મારક બાંધ્યું હોત.

પણ કવિ તો નાનકડો બ્રહ્મા છે: The poet is a little God. કટાક્ષમાંથી બહાર આવીને કાવ્યને અંતે કવિ એટલે શબ્દનો ઈશ્વર કવિસહજ ખુમારીથી કહે છે:

અમે ન હોત તો સૂર્ય, ચંદ્ર, તારા બિચારા ફિક્કા ફિક્કા થઈ જતે.

હે પૂર્વજો! તમારી વ્યથાને શબ્દોમાં અમર કોણે કરી હોત?

જન્મમરણના પ્રવાસમાં અમારા સિવાય તમારું કોણ સાથી થાત?

ચાલો સારું થયું. અમારે કવિતામાં જ ખરાબ થવાનું હતું.

આરંભના satire પછી આ કવિતામાં કેવો sharp curve આવે છે!

ધોળા કાગળ પર છપાતા શબ્દોનાં મૂળ આપણી આસપાસના વાતાવરણમાં હોય છે. કવિતામાં વિષમતાની વાત પર આવીએ તે પહેલાં, કવિ સામાન્ય માણસ કરતાં કયાં અને કેવી રીતે જુદો પડે છે તે જોઈએ. કવિ પાણીની વાત નહિ કરે પણ તરસની વાત કરશે. કવિ ભાખરીની નહિ પણ ભૂખની વાત કરશે. તો એ એના વર્ષોજૂના, ઉછીના લીધેલા શબ્દોથી વાત કરશે: 'કલ્યાણજી કરસનદાસનું મૃત્યુ થયું. બહુ સારા માણસ હતા. એમની ખોટ કદીયે નહિ પુરાય, પણ કાળ સામે આપણું શું ચાલે? જેની અહીં જરૂર હતી તેની ત્યાં પણ જરૂર!' આપણને ખબર નહિ પડે કે આ શબ્દો જીવતો માણસ બોલે છે કે સફેદ કબર?

પરંતુ કવિનું હૃદય વીણાના મેળવેલા તાર જેવું હોય છે: મૃત્યુ શું છે એનો અનુભવ તે આપણને અનુભૂતિરૂપે આપશે. સર્જક જ કહી શકે કે:

Anyman's death diminishes me.
Because I am involved in mankind.

કાવ્યનો નાયક પોતાના મૃત્યુની વાત કરે છે. આંખ સામે પત્ની છે. પત્નીના ભાલ પરનો સૌભાગ્યસૂચક ચાંદલો અને ઘીનો દીવો જોઈને એ કહે છે:

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા,
અજવાળાં પહેરીને ઊભા શ્વાસ.

(રાવજી પટેલ)

કવિ બોલાતી ભાષાનો ઉપયોગ કરે છે ખરો, પણ તે પોતાની રીતે. Our words are the children of many men. કવિ આ સર્વની ભાષામાંથી સ્વની ભાષા વૈયક્તિક રીતે ઉપસાવે છે.

શ્રી અરવિંદે કહ્યું છે: આ જિંદગીમાં 'અગાધ આનંદ, પ્રગાઢ દુ:ખ'

લોકગીતમાં પણ આ જ વાત ઘૂંટાઈને ક્લેવાઈ છે:

સુખનાં સરોવર સુકાઈ ગયાં
ને દુ:ખના ઊગ્યાં ઝાડ.

મુરલી ઠાકુરે કહ્યું છે:

કોણ કહે છે, અમે એકલાં?
દુ:ખ ખડાં ચોપાસ.

કવિ એ માનવજીવનની યાતનાનો પૂર્ણપુરુષ છે. રિલ્કે તો ઈશ્વર સામે પડકાર ફેંકે છે:

What will you do, God,
If I die?

દુ:ખમાંથી, વિષમતામાંથી, કવિતા રચીને કવિ છેવટે તો સુખનો જ યોગ કરી આપે છે. શોકમાંથી શ્લોક પ્રગટયો હતો અને અર્જુનના વિશાદયોગમાંથી ગીતા પ્રગટી. કોઈ પણ યુગમાં વ્યથાને વાચા ન અપાઈ હોય એવું ભાગ્યે જ બન્યું છે. મીરાંએ ગાવું પડયું: મને જગ લાગ્યો ખારો રે! આખાને તો દુનિયા અને દુનિયાદારીનો એવો અનુભવ થયો કે એની વાણીનો જ્વાળામુખી આપોઆપ ફાટી નીકળ્યો.

માનવી દેખીતી રીતે સુધરેલો થયો છે, પણ ભીતરથી એ પશુને પણ વટાવી જાય એવો ક્યાં નથી રહ્યો? એક મશ્કરાએ કહ્યું હતું: "પશુઓ એકમેક પ્રત્યે ગુસ્સે થાય છે ત્યારે "માણસ" કહીને ગાળ દે છે! લખચોરાસીના ફેરામાં એ ચોપગાંની જાતમાં જન્મી ચૂકયો છે માણસ માણસ જ નથી રહ્યો, પછી માનવસર્જિત સંસ્કૃતિનું શું? હરીન્દ્ર દવે કહે છે:

લાગી રહ્યું છે, સંસ્કૃતિ જાણે મરી ગઈ:
આ સૃષ્ટિ એની શોકસભા હોવી જોઈએ.

રોબર્ટ ફ્રોસ્ટ પણ આ સંસ્કૃતિના વિનાશથી પૂરેપૂરા સભાન છે: I have been one acquainted with the night.

આ રાત એટલે બે વિશ્વયુદ્ધો વચ્ચેની વેદના અને કોઈ પણ ક્ષણે આવી પડનારા ભાવિ યુદ્ધની શકયતા. બગીચામાં ફૂલોને બદલે બંદૂકો લાગી ગઈ છે:

The guns are in the garden.

જર્મન કવિ ગુન્ટર આઈક કહે છે:

માત્ર એટલો જ ખ્યાલ રાખો
કે માણસ જ માણસનો શત્રુ છે.
નકશા પર ક્યાંય કોરિયા અને બિકીની નથી:
એ છે તમારા પોતાના હૃદયમાં.

ઉમાશંકરે કહ્યું છે:

આયુષ્ય છે ત્યાં સુધી છે જ યુદ્ધ.
પણ માનવી કેવો છે?

He is a fighter,
Without anything to fight for.

સૌકાઓ સુધીના પ્રજાઓના તપ અને પરિશ્રમથી પ્રગટેલી મહામુલી સંસ્કૃતિને માણસે હતી ન હતી કરી મૂકી છે. સંસ્કૃતિનું

પાત્ર ગોબાઈ ગયું છે. અને હવે, કદાચ બહુ મોડું પણ થઈ ગયું છે. કવિના કપાળમાં, આથી ચિન્તાની કરચલીઓ ઉપસેલી છે. બાળ-મુકુન્દના કાવ્યમાં સંસ્કૃતિ વિશેની ચિન્તા અને ચિન્તન બન્ને દેખાય છે:

મોડી રાતે
ગોબાયલા વાસણને ટીપે જેમ કંસારો
એમ
સો સો હથોડીની શિરોવેદના સાથે
પડયો હું પથારીમાં
સૌ ગયું જંપી.
રાત્રિના નીરવ એકાંતમાં
માત્ર બે જ રહ્યા કંપી:
હૈયું ને ઘડિયાળ.
ધબક ધબક, કટ કટ, ધબક કટ.....

મનુષ્યનો પ્રકૃતિ સાથેનો સંબંધ તો જાણે મૂળથી જ ઊખડી ગયો છે. ચેકબુક પર સહી કરવામાં, ટેલિફોનનાં રિસિવર ઊંચકવામાં, કે ફાઈલોની હેરફેર કરવા રોકાયેલા આપણા હાથને પવનની પાતળી ડાળને ટપારવાનું તો સુઝે જ ક્યાંથી? લીલા ઘાસના આકાશ પર બેસવાનો અવકાશ જ ક્યાં છે?

We are breathing
between appo ntments.

એક કાવ્યનો નાયક એક ટોળામાં ઊભો છે. ટ્રેન-અકસ્માત પછી પાટા પરથી બહાર લવાયેલો મૃતદેહ પડયો છે. ટોળા સાથે કાવ્યનો નાયક પણ શબ્દ નીરખી રહ્યો છે. એટલામાં તેની નજર મૃતદેહના કાંડા પર જીવંત ઘડિયાળ ઉપર પડે છે. એમાં દસ વાગવા આવ્યા છે એ જોઈને નાયક કહે છે: અરે મારે ઓફિસનું મોડું થશે! અને તે દોડી જાય છે.

ઓફિસનું ટેબલ, ફાઈલ,
છેડે પડેલો ફોન, અને પાણીનો ગ્લાસ .....
હું કેમ લઉં છું શ્વાસ એના સાક્ષી છે.

ઉમાશંકરે કહ્યું છે:

પુષ્પો સાથે વાત કરવાનો
સમય રહ્યો નહીં.

બીજા એક કવિ આ રીતે વ્યથાને વાચા આપે છે:

We are the eye-lids
Of the defeated caves.

શહેરમાં લોકોને પ્રકૃતિ સાથે નાતો જોડવાની ફુરસદ જ ક્યાં છે?

અહીં, શહેરમાં, સવારે પંખી નહિ પણ પૂર-વૉલ્યુમે રેડિયો ટહૂકે છે. અહીં પંખીનો ટહૂકો ટેપ-રેકોર્ડ કર્યો હોય તો જ સાંભળી શકાય. આપણા દિવસ અને રાત, રાત અને દિવસ, જતી આવતી લિફ્ટની જેમ ઊંચેનીચે, નીચેઊંચે વહી જાય છે. શ્રીમંતને ત્યાંની પાર્ટીમાં ન ભળી શકતાં મધ્યમવર્ગનાં માણસો જેવાં વૃક્ષો અહીં અતડાં અને ભૂલથી આવી ચડેલાં હોય એવાં લાગે છે. શહેરમાં વૃક્ષો નહિ પણ મકાનો ઊગે છે. આ નગરની મનોવ્યથા ચાર પૈડાંને ચકરાવે ચઢી છે. અહીં રોશની એટલી બધી છે કે, અંધકારને પણ ઊતરવા માટે તસુ ભોંય મળતી નથી.

'ફાઉન્ટનના બસસ્ટોપ પર' નામના કાવ્યમાં નિરંજન ભગત કહે છે:

અહીં વહી રહી હવા મહીં અનન્ય વાસ,
એક તો લઈ જુઓ જરીક શ્વાસ!
અહીં ન હોસ્પિટલ, ન સ્વીટર હાઉસ,
ને વળી નથી સ્મશાન,
તે છતાં અહીં હવા છે ઉષ્ણમ્લાન,
ખીલતાં અહીં ન ફૂલ.
એટલે જ તો કદીક એમનાં પ્રદર્શનો
ભરાય, એકસાથ ફલ જ્યાં સમગ્ર વર્ગનો:
છતાં ય મોસમો બધી કળાય છે, ન થાય ભૂલ!
ફૂલથી નહીં, ન શીત-લૂ થકી.
પરંતુ સ્મોલપોકસ, ટાઈફોઈડ, ફલુ થકી
વસંતપંચમી કેમ આવી ને કેમ ગઈ:
મને ખબર સરખી ના રહી.
પ્રકૃતિ, તું શું કરે?
મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે. (ઉમાશંકર)

નવલકથાકાર ચન્દ્રકાન્ત બક્ષીએ કહ્યું છે તેમ, શહેરમાં ભેળપૂરી ખાઈને એક નવી જ ઓલાદ તૈયાર થાય છે. સૂરજ સાથે નહિ પણ રોગો અને દવાઓ સાથે તેનો દિવસ ઊગે છે. માણસનાં નામ ભૂલાઈ જશે, પણ દવા અને રોગોના નામ અમર થઈ જશે.

આજના માનવીનો અચ્છો ચિતાર આ કાવ્યમાં છે:

કેમિસ્ટની દુકાન જેવી
માનવીની કાયા.
ચશ્માનું લટકતું બોર્ડ
પોતા મહીં રત
એવી ખોપરીમાં અદાવત અદાલત.

માનવીની એક મોટી કરુણતા એ છે કે, તે 'પોતા મહીં રત છે.' egoને go નથી કહેતો, પણ કહે છે:

મારા જીવના સમ.
મને હું બહુ ગમું.

માનવજીવન દંભી અને કૃત્રિમ થઈ ગયું છે!

Nylon legs and artificial hearts એ આજની તાસીર છે.

કાળા ટાયરના પગ
રંગેરંગમહીં
છૂપા છૂપા ફરી રહ્યા વિમાનના પંખા:
કોણ જાણે
ક્યા આકાશને એણે આંબવું હશે?

આજે દરેકને રાતોરાત કંઈક થઈ જવું છે. દરેકની દાનત room at the top પર છે. ઈયળને ગરુડ થવાના કોડ છે અને સ્વપ્ન ફળીભૂત થતું નથી.

ત્યારે થાય છે:

ગુલછડીના ખ્યાલમાં બાવળ બની ગઈ જિંદગી (વેણીભાઈ)

આપણે વહેંચાયેલી વફાદારીઓ divided loyalities-વચ્ચે જીવીએ છીએ. પણ કોઈ સમજતું નથી કે, light of the sun અને peace of the grave સાથે ન મળી શકે,

માણસ આજે છિન્નભિન્ન થઈ ગયો છે, ખંડિત થઈ ગયો છે. એની પાસે એનું પોતીકું કહી શકાય એવું વ્યકિતત્વ રહ્યું નથી. લાગે છે, માનવીના ખભા ઉપર માથું છે કે રંગીન ફુગ્ગો? પ્રિયકાન્ત કહે છે:

મારા-તમારામાં કશોયે ભેદ ના
કોક છાપાની હજારો પ્રત સમા સૌ આપણે!

આવા વ્યકિતત્વ વિનાના, માણસોને જોઈને ઉમાશંકરનો પુણ્ય-પ્રકોપ ફાટી નીકળે છે:

મને મુર્દાની વાસ આવે!
સભામાં, સમિતિમાં, ઘણાં પંચમાં, જ્યાં
નવ નિર્માણની વાતો કરે જૂનવાણી જડબાં,
એક 'હા'ની પૂંઠે જ્યાં ચાલી વણઝારમાં 'હા'.

આપણી સંવેદના જડ, બૂઠી અને બધિર થઈ ગઈ છે. સવારના પહોરમાં અખબારના અક્ષરમાં ઘૂંટેલી ચા પીતાં પીતાં, આપણે

વાંચીએ છીએ કે, ક્યાંક વિમાન તૂટી પડ્યું, માણસો ડૂબી ગયાં, ભૂકંપમાં ભરખાઈ ગયાં. ક્રિકેટમેચમાં ખેલાડીએ કેટલા રન કર્યા એ જાણવામાં આપણને વધુ ઉત્સાહ છે. ભૂકંપગ્રસ્તો પ્રત્યે થોડી સહાનુભૂતિ પ્રગટી હોય તો પણ તે ચાના ગરમ પ્યાલાના ઘૂંટ સાથે પીગળી જતી હોય છે.

માણસમાં અને એના ડ્રોઈંગ-રૂમની સામગ્રીમાં ઝાઝો ફેર જણાતો નથી. એની શેટી પરના લોથ જેવા થઈ ગયેલા મેલા તકિયાઓ, છૂટકો નથી એમ માનીને અજવાળે સળગતી ટ્યુબ લાઈટ, ઘંટડીના રણકારની અપેક્ષા વિના શિયાળાની સાંજ જેવો પડેલો સૂમસામ ફોન, ભયથી ફાટી ગયેલી આંખ જેવી ધૂણામાં પડેલી એશ ટ્રે, ખાલી ખુરસીઓની વચ્ચે ઉજ્જડ ખેતર જેવું પડેલું ચપ્પટ ડાઈનિંગ ટેબલ, તથા વચ્ચેના બેચાર પાના ગુમાવી બેઠેલા રાશિ વિનાના રવિવારના છાપા જેવો માણસ ટેલિફોનની ડિરેક્ટરીમાં નંબર થઈને પડ્યો છે.

He is wandering between two worlds:
One already dead, other powerless to be born.

મેથ્યુ આર્નોલ્ડે તો હાથ જ ધોઈ નાખ્યા: વર્તમાન જગતના રોગનું નામ જ તેઓ ન પાડી શક્યા, એટલે એમને તો એમ કહેવું પડ્યું;

This strange disease of
modern life ....
This iron time
of doubts, disputes,
distractions, fears ..

આધુનિક માનવીનો પ્રભુના સાકાર સ્વરૂપ જેવો પ્રકૃતિ સાથેનો નાતો તો તૂટી જ ગયો છે. ખૂદ ખુદા સાથે પણ આપણે કયાં જોડાયેલા છીએ? આપણે બધા શેક્સપિયરના નાટક "ટેમ્પેસ્ટ" માં આવતા કેલિબાન જેવા છીએ. પ્રોસ્પેરો જડ અને દુષ્ટ કેલિબાનને ભાષા શીખવે છે; અને ભાષા શીખીને કેલિબાન ભાષાનો સૌ પ્રથમ ઉપયોગ કરે છે પ્રોસ્પેરોને ગાળ આપવા માટે. શાહબાઝ આ વાતને આ રીતે મૂકે છે:

પરવરદિગારે જીભ દઈ બોલતો કર્યો,
ત્યારે પૂછ્યું એ જીભથી: પરવરદિગાર ક્યાં?

એલિયટ પણ એમ કહે છે કે પ્રભુએ આપણને હાથ આપ્યા પ્રાર્થના કરવા અને આપણે પ્રભુની સામે જ મુઠ્ઠી ઉગામીએ છીએ.

એલિયટનો ઠપકો સાંભળવા જેવો છે:

Many are engaged in
Writing books and printing them.
Many desire to see their names in Print.
Many read nothing but race-reports
Much is your reading.
But not the word of God.
Much is your building
But not the House of God.

અને કહ્યું છે:

Everybody wants to appear in the newspaper, but in the right column.

માણસને કોઈ કરતાં કોઈ સાથે સાચો સંબંધ નથી. તેની પ્રાર્થના પોકળ પડી ગઈ છે તેને પોતાની આકાંક્ષામાં યે સાચી શ્રદ્ધા નથી. તે પોતાને ઢાંકવા માટે શબ્દોના રંગીન બુરખા પહેરીને ફરે છે. માનવી પોતાને જ ઓળખતો નથી. પુસ્તકો વાંચી જનાર માનવી પણ પોતાની બારાખડી ઉકેલી શકે છે ખરો? માણસની સમગ્ર પ્રવૃત્તિ એ તણખલાનો ભારો બાંધતો હોય તેવી છે. માણસના ચહેરા પર પરાણે સ્મિત આવે છે. કવિએ કહ્યું છે:

One can take up insults,
But not artificial smiles.

નીતિન મહેતા આ દંભનો પડદો આ રીતે ચીરે છે:

હું હોઠના પડદાઓ ખોલી
વેણના દશ્ય ભજવ્યા કરું છું.

નિરંજન "ચલ મન મુંબઈનગરી" માં કહે છે:

અહીં માનવ સૌ ચિત્રો જેવા,
વગર પિછાને મિત્રો જેવા.

આ નગરસુંદરીના હોઠ પર પિશાચી અને વિકરાળ લોહહાસ્ય છે. સિતાંશુ યશચંદ્ર કહે છે:

હું નગરહીન નાગર.

તો અનિલ જોશી "લે બોલ" એમ કહીને નિરુત્તર કરી મુકે એવી રીતે કહે છે:

હાં રે અમે સરનામું વગરના કાગળ
કે ઊડીએ આગળ
કે હાથમાં ફરતાં થયાં, લે બોલ!

જ્યારે અર્વાચીન માનવી વિશેનો નીતિન મહેતાનો રોષ તો શબ્દેશબ્દે સંભળાય છે:

મને માણસ થવાની ચીડ ચઢે છે.
લાગે છે, માણસથી ઈતર તે જ માણસ છે
અને તેથી મને માણસ થવાની ચીડ ચઢે છે
હું ટેવ બની ગયો છું
તેથી હવે મને માણસ થવાની બીક લાગે છે
મને માણસ ન કહો
અને ટેવ કહો તો ચાલશે
હું પણ તમને માણસ નહિ કહું.
પણ ટેવ કહીશ તો નહીં ચાલે?

સળગતા મકાનની બાલ્કનીને બાઝીને, ચીસો પાડતા, ભૂલાઈ ગયેલા કોઈ બાળક જેવા એલિયટનો વીંધી નાખે એવો ચિત્કાર છે:

Where is the life
We have lost in living?

જીવવાના પ્રયત્નમાં માનવી પ્રત્યેક પળે મૃત્યુ પામતો હોય છે જે જીવે છે એની જિંદગીની તરસ તો મરી જ ગયેલી હોય છે.

શ્રીમંત, મધ્યમ વર્ગ અને નીચલો–સ્તર એમ ત્રણ ભાગમાં ચહેરાઈ ગયેલા આપણા સમાજપુરુષનો ચહેરો પણ જોવા જેવો રહ્યો છે ખરો? સોફિસ્ટિકેટેડ સોસાયટીને નામે ઓળખાતા ભદ્ર લોકો સાધનો અને સગવડોથી જિંદગીની શૂન્યતાને ભરવાનો જીવલેણ પ્રયત્ન કરી રહ્યા છે. મોટાઈ, દંભ, શોપિંગ, વર્લ્ડટૂર, લંચ, ડિનર, ક્લબ, પાર્ટી એમના શરીરમાં રુધિર બનીને વહે છે. એમના ઘરના વાતાવરણમાં ડોકિયું કરીએ:

આવો
જોડા ઉતારો ના તમે.
જો કે, ભલા, આ કારપેટ
અહીંયા કશે મળતું નથી.
હમણાં હજી ફોરિનથી આણ્યું અમે.
પણ અમારે ત્યાં બધું ચાલે!
આ અમારો ડ્રોઈંગરૂમ
(સ્ટેજ પર જેવી સજાવટ હોય છે, એવો)
ને લટકતાં ચિત્રને જોયું?
કોનું છે એની નથી કંઈ ખબર,
કંઈ સમજ પડતી નથી
(એટલે સારું હશે).
ઢાળી દીધા પડદા બધે આ બારણાં બારી ઉપર,
ને અમારે ત્યાં બધાના સાવ જુદા રૂમ
ને પ્રત્યેક પર પડદો...

આજનો કવિ 'દુનિયા જેવી નીચલા સ્તરની ખોલી'નું પણ ચિત્ર હાજર કરીને હઠી જાય છે. એક જ રૂમમાં ગોંધાયેલો સંસાર. એ જ ડ્રોઈંગ રૂમ એ જ બેડરૂમ અને એજ કિચન.

ઘોઈને ઊંધાં ગુકેલાં વાસણોની પાસ
બે આડાં પડેલા બાળકો:
શ્રીમંતના ઘરમાં નકામી વસ્તુના જેવાં
આની સામે શ્રીમંત બાનુઓનું આ ચિત્ર જુઓ:
In the room, the women come and go:
Talking of Michael Angelo ....

જર્મન કવિ હાન્સ એન્ઝરબર્ગર 'મધ્યમ વર્ગનો વિષાદ' આ રીતે શબ્દબદ્ધ કર્યો છે:

અમે ઘાસ ખાઈએ છીએ.
અમે રાષ્ટ્રીય ચેદાશ ખાઈએ છીએ.
અમે આંગળીઓના નખ ચાવીએ છીએ.
અમે ભૂતકાળ વાગોળીએ છીએ.

(અનુ. આશા દલાલ)

કરસનદાસ માણેકે લાગણીનો લલકાર લાગે એવી રીતે ગરીબીની વ્યથાને વહેતી મૂકી છે:

છે ગરીબોના કુબામાં તેલટીપું યે દોહ્યલું:
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.
કામધેનુ પામતી ના એક સૂકું તણખલું:
ને લીલાંછમ ખેતરો આખલાઓ ચરી જાય છે.

આવા વાતાવરણમાં પણ માનવી જીવનને જકડી રાખવા ફાંફા મારે છે.

નિઝિમ હિકમત જેવો તુર્કી કવિ એકાદ પંક્તિના હનુમાન-કૂદકે આપણને નિરુત્તર કરી મૂકે છે:

Welcome my dear wife, welcome !
You must be tired :
How can I wash your little feet ?
I have neither a silver basin
nor rose-water.
You must be hungry :
I cannot give you a banquet
Laid on white embroidered cloth
My room is as poor as my country.

વર્તમાન જીવનની વિષમતાએ માનવીના દાંપત્યજીવનને વીંખી નાખ્યું છે. આપણે ચોપટની ભાષા બોલીએ છીએ અને સાપ થઈને સૂઈએ છીએ. હિન્દી કવિ દેવીપ્રસાદ વર્માનું આ નાનકડું પણ નક્કર કાવ્ય બહુ વેધક છે:

તું નહિ શકુન્તલા, હું નહિ દુષ્યંત
તું નહિ કામિની, હું નહિ કંથ.
સાધારણ નારી – નર આપણે નહિ - અનંત
રોજી ને રોટીના ચક્કરમાં જીવનનો અંત.
(જીવ્યા વિના)
મરણ પછી આપણે એકાન્તમાં
સેક્સ વિશે વિચારશું.

અરવિંદ ગોખલેની વાર્તાની નોકરી કરતી નાયિકા મંજુલા સાંજે છૂટીને ટ્રેનની ભીડ અને ભીંસથી એવી તો કંટાળે છે! ઘેર પહોંચવું રસોઈ કરવી આ બધા બોજથી, ટેન્શનથી એવી ત્રાસે છે કે રાતે પતિના આલિંગન અને આશ્લેષમાં ઓ કશી ઉત્તેજના અનુભવતી નથી: એને એમાં ટ્રેનની ગિરદીનો જ અનુભવ થાય છે.

સુરેશ જોષી "એક રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન" માં કહે છે:

ચૂંથાયેલા રેશન કાર્ડ જેવા બધે ચહેરા:
ફરીશું શું અહીં, કહે, સપ્તપદી ફેરા?

અનિલ જોષી કહે છે:

આપણે તે કોણ જાણે કેવાં પંખીઓ:
કાલ માળો બાંધીને આજ વીંખીએ
કાયમી જુદાઈની વેળા આવે તો વળી
પ્રેમ જેવું કૈંક હજી શીખીએ.

સિલ્વિફ્રિડિસ કહે છે:

So they were married
to be more together
And found they
were never
again so much to-gether,
Divided by the morning tea,
by the evening paper
by children and trademen's bills

સ્ત્રીઓ અને તેમની સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં નિરંજન ભગત બજારુ સ્ત્રીઓનો લત્તો જોઈને કહે છે:

વાલકેશ્વરે જે કહ્યું સ્નેહલગ્ન
એનું અહીં માત્ર સ્વરૂપ નગ્ન.
રે ! સૂર્યમાં માછલીઓ તરી રહી ...
શા પ્રીતિનાં પ્રેત, રહસ્ય ભીતિનાં:
અનંગ! તારી રતિની સ્થિતિ આ?

વિષમતા એ આજે જોડણીકોશનો શબ્દ રહ્યો નથી. પણ જાણે કે આજના જીવનનો પર્યાય બની ગયો છે.
તામિલના આધુનિક કવિ ગન્નાકોથાનના
'Death Set A Question-paper' નો
આ આરંભ ખૂબ જ માર્મિક છે!

મૃત્યુએ પ્રશ્નપત્ર તૈયાર કર્યો.
આમાંનો એક પ્રશ્ન હતો: તમે સુખી છો?
'હા'-તો શા માટે?
'ના'-તો શાથી? કોને લીધે?

ઘરથી કબર સુધી પહોંચતાં માણસ થાકીને લોથપોથ થઈ જતો હોય છે. તેની સ્થિતિ અને ગતિ કોઈના ચલાવ્યે ચાલતા સિલિંગ ફેન જેવી જ છે. આવી જ ગોળ ગતિનું વર્તમાન જીવનની વિષમતાને વાચા આપતું એક કાવ્ય આપીને હું વિરમીશ:

મારે વહેલા જાગવાનું છે નોકરીઆ ભાગવાનું છે
ટપાલો વાંચવાની છે કાગળો લખવાના છે
ફોન ઊંચકવાના છે સામે ઝીંકવાના છે
લંચ અવર્સ ચૂકવવાના છે બગાસાં ખાવાનાં છે
સુસ્તી કાઢવાની છે ટાઈપિંગ કરવાનું છે
ઓવરટાઇમ મેળવવાનો છે ત્યાંથી છુટવાનું છે
મિત્રોને મળવાનું છે નિંદામાં ભળવાનું છે
રસ્તો સીધો છે બસ લાલ છે મકાન ચોરસ છે
પૃથ્વી ગોળ છે ઘરે આવવાનું છે
બૂટ ઉતારવાના છે ટાઇ કાઢવાની છે
વાતો કરવાની છે જમવાનું છે પાણી પીવાનું છે
ઘૂંટડા ગળવાના છે રેડિયો સાંભળવાનો છે
બત્તી બુઝાવવાની છે પ્રેમ કરવાનો છે
સુવાનું છે સપનાએ આવવાનું છે રસ્તો દેખાતો નથી
બસમાં જગા નથી મકાનને આકાર નથી
સમય ગોળ છે ફરી પાછા, પાછા ફરી
જરીમરી, મરી જરી ફરી ફરી વહેલા જાગવાનું છે.
જીવવાનું છે હા કહેવાની છે... ને, હસવાનું છે.

**સુરેશ દલાલ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી રજેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૭૧, શુક્રવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ચિરવિદાય



શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

મને જણાવતાં અત્યંત દુઃખ અને ખેદ થાય છે કે આજે તા. ૧૭-૪-૭૧ના રોજ સવારના ૯ વાગે શ્રી પરમાનંદભાઈ તેમના નિવાસસ્થાને અચાનક અવસાન પામ્યા. બે દિવસ પહેલાં સહેજ લોહીનું દબાણ વધ્યું હતું પણ કોઈ ચિન્તાનું કારણ જણાતું ન હતું. ગઇ કાલે રાત્રે સહેજ દુખાવો થયો. આજે સવારે બે ડૉકટરો હાજર હતા. હૉસ્પીટલમાં લઈ જવાનો વિચાર કરતા હતા ત્યાં એક જ મિનિટમાં પ્રાણ ત્યજી દીધા. અંતિમ ઘડી સુધી સ્વસ્થ હતા. તુરત જ મિત્રો અને સ્નેહીઓ મોટી સંખ્યામાં હાજર થયા. અત્યારે વિશેષ ન કહેતાં એટલું જ કહું છું કે એક મહાન આત્માએ આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી.

'પ્રબુદ્ધ જીવન'નો આવતો અંક શ્રી પરમાનંદભાઇ વિશેષાંક હશે. મિત્રો અને સ્નેહીઓને પોતાની અંજલિ અને સ્મરણો લખી મોકલવા વિનંતી છે.

તા. ૧૭-૪-૭૧

ચીમનલાલ ચકુભાઇ શાહ

# ☆ શ્રી વિમલબહેન સાથે કરેલી સિલોનની યાત્રા ☆

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો શ્રી વિમલબહેન ઠકારના નામથી સુપરિચિત છે. પૂ. શ્રી પરમાનંદભાઈની પ્રેરણાથી ૧૯૬૭ની વિમલબહેન સાથેની અમારી નારાયણ આશ્રમની યાત્રાનું વર્ણન પ્રબુદ્ધ જીવનમાં પ્રસિદ્ધ થયું હતું. ત્યાર બાદ ડેલહાઉસીમાં તેમની સાથેના અમારા સહજીવનની વિગત અને તે પછીનો તેમનો ગંગોત્રી, જમ્નોત્રી, ગૌમુખ, બદ્રીનારાયણ તથા કેદારનાથની યાત્રાનો ઉલ્લેખ પણ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયો હતો. આ વર્ષે તેમની સાથે સિલોનના પ્રવાસે જવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. આ પ્રવાસનું નીચે આપેલું વર્ણન પ્રબુદ્ધ જીવનના વાચકોને ગમશે એવી આશા રાખું છું.

સીલોનનું મૂળ નામ શ્રીલંકા છે. સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી અહીંની પ્રજાએ તેને તેના મૂળ નામથી અપનાવ્યું છે. શ્રી વિમલબહેનના શ્રીલંકાના પ્રવાસનું આયોજન ચર્ચાસભાઓ, વ્યક્તિગત સંપર્ક અને ધ્યાનશિબિર માટે કરવામાં આવ્યું હતું. શ્રીલંકાના બે સજ્જનોએ બે વર્ષ પહેલા બહેનશ્રીના પુસ્તકો વાંચ્યા, તેમાંથી પ્રેરણા મેળવી અને તેઓએ બહેનશ્રીને શ્રીલંકા આવવા માટે આમંત્રણ આપ્યું. તેમના આ આમંત્રણને લક્ષમાં લઈ બહેનશ્રીએ ત્રણ સપ્તાહનો કાર્યક્રમ નક્કી કર્યો. શ્રીલંકાની સરકારના સહકારથી અહીંના સેનેટના પ્રમુખશ્રીએ બહેનશ્રીને એક મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતું. બહેનશ્રીના આ કાર્યક્રમ માટે "વિમલા ઠકાર ફેલોશીપ" અને "વિમલા ઠકાર રીસેપ્શન કમિટી" ની રચના કરવામાં આવી હતી. આ કમિટીમાં ધારાસભ્યો અને સ્થાનિક આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તા. ૨૩-૨-૭૧ ના રોજ અમે મુંબઈથી એરઈન્ડિયાના વિમાનમાં શ્રીલંકા જવા રવાના થયાં. અમારો કાર્યક્રમ ત્રણ સપ્તાહનો હતો. બહેનશ્રી પ્રથમ જ વાર શ્રીલંકા આવતા હતા. મારા માટે તો આ પરદેશનો પ્રવાસ પ્રથમ વારનો હતો. કોલંબો એરપોર્ટ ઉપર શ્રીલંકાના અગ્રગણ્ય નાગરિકોએ બહેનશ્રીનું ખૂબ જ આદરપૂર્વક અને ઉમળકાભર્યું સ્વાગત કર્યું. એકબીજાનો પ્રત્યક્ષ પરિચય તો હતો જ નહિ, છતાં તરત જ સૌ એકબીજાની સાથે મૈત્રીભાવે હળીમળી ગયા હતા. સરકારશ્રી તરફથી સુરક્ષાખાતાના અધિકારી હાજર રહ્યા હતા.

કોલંબો એરપોર્ટ પરથી અમારો ઉતારો ૨૧ માઈલ દૂર હતો. માર્ગમાં આવતાં નાનાં નાનાં ગામડાંઓ વટાવી રાત્રે ૮-૪૫ વાગે અમે અમારા નિવાસસ્થાને પહોંચ્યાં. કાર્યક્રમના સંચાલકો અને યજમાન ખૂબ માયાળુ હતા. અમારું નિવાસસ્થાન સુસજ્જ તો હતું જ; પરંતુ તેઓની સરભરા અને નાનામાં નાની વસ્તુ માટેની કાળજી જોઈ અમે ખૂબજ પ્રસન્નતા અનુભવી.

તા. ૨૪-૨-૭૧થી અમારા કાર્યક્રમની શરૂઆત થઈ. બહેનશ્રીના પત્રવ્યવહાર અનુસાર કલ્પના એવી હતી કે નાની ચર્ચાસભા, ધ્યાનશિબિર અને વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ સંચાલકોએ ગોઠવ્યો હશે; પરંતુ તેમણે તો મોટી જાહેરસભાઓ ગોઠવી હતી. આમ જાહેરસભાની મોટી જનસંખ્યાને પરિણામે ,વ્યક્તિગત મુલાકાતીઓની નામાવલિ ખૂબ જ મોટી બની હતી. એકજ દિવસે ૫૦ થી ૬૦ વ્યક્તિઓએ મુલાકાત માગી હતી. આમાંથી સંચાલકોએ આનો માર્ગ કાઢી બધાને સાથે બોલાવી એક સંયુક્ત ચર્ચાસભા ગોઠવી હતી. ચાર દિવસ સારી રીતે પ્રશ્નોત્તર થયા હતા. આ ઉપરાંત ઉત્કટ જિજ્ઞાસુઓની વ્યક્તિગત મુલાકાતો ગોઠવવામાં આવી હતી. પ્રથમ દિવસની પ્રવચનસભા બુદ્ધ કૉંગ્રેસ હૉલમાં હતી. આ હૉલના સ્ટેજ પર બૌદ્ધ ધર્મગુરુનું આસન કે જેનો ઉપયોગ અન્ય કોઈ ધર્મગુરુ કે ઉપદેશક માટે કરવામાં આવ્યો ન હતો, તે આસન બહેનશ્રીને માટે મૂકવામાં આવ્યું હતું. તેમજ બૌદ્ધ ભિક્ષુઓ આ સભામાં હાજર રહ્યા હતા. આ સભાઓમાં ધારાસભ્યો, એલચીઓ, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના ચેરમેન તથા અનુયાયીઓ, સેનેટના પ્રેસિડન્ટ, સરકારી અધિકારીઓ, બૌદ્ધ ધર્મના ભિક્ષુઓ વિગેરે ઉપસ્થિત થતા હતા. જુદા જુદા સ્થાને જાહેર સભાઓ થતી જેની ૫૦૦ થી ૧૦૦૦ સુધીની લોકોની હાજરી રહેતી.

શ્રીલંકામાં એનીબિસન્ટનાં પ્રવચનો બાદ ઘણા વર્ષે આધ્યાત્મિક પ્રવચનોના સ્ત્રીપ્રવક્તા બહેનશ્રી પ્રથમ જ હતાં. અહીંના સંચાલકોએ બહેનશ્રીના પ્રવચનોને "સમગ્ર ક્રાંતિ" તરીકે જાહેરાત આપી હતી. બહેનશ્રીના પ્રવચનના મુખ્ય મુદ્દાઓ એ હતા કે "આજે માનવીનું જીવન ખંડિત બની ગયું છે. સવારથી રાત સુધી તેનાં મન અને બુદ્ધિ કેવી રીતે કામ કરે છે તેની તેને જાણ નથી. સુક્ષ્મ કે સ્થુલ વિચારો, વિકારો, ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓની શરીર અને મન પર રાસાયણિક (કેમીકલ) અસર શું થાય છે, તે માત્ર મન અને બુદ્ધિથી સમજવાનો વિષય નથી. તે માટે પોતાની જાતનું સમગ્રપણે નિરીક્ષણ કરવું આવશ્યક છે" વિગેરે.

આ ઉપરાંત સરકારી અધિકારીઓની સભામાં દેશનો વિકાસ કેવી રીતે થાય, પ્રજા સાથે કેવી રીતે કામ કરવું વિગેરે પ્રશ્નોની છણાવટ થઈ હતી. બહેનશ્રીએ વ્યક્તિગત પરિવર્તન પર ખૂબ જ ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે " પ્રત્યેક વ્યક્તિની સમગ્ર ક્રાંતિ થશે તો જ સમાજનો સમગ્ર વિકાસ શક્ય બનશે. વ્યક્તિ ક્ષુણ હશે ત્યાં સુધી સમાજનો કે દેશનો સમગ્ર વિકાસ શક્ય નથી. " માઓ, માર્કસ, ગાંધીજી અને વિનોબાજી વિશે પ્રવચનની માંગણી હોવાથી એક દિવસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે આ વિષયને સ્પર્શતો વાર્તાલાપ ગોઠવ્યો હતો.

કોલંબોમાં અમે દસ દિવસ રહ્યાં અને આજુબાજુના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. ખાસ કરીને અહીંનું બૌદ્ધ મંદિર ધ્યાન ખેંચે તેવું હતું. તે મંદિરના એક ખંડમાં ભગવાન બુદ્ધની શયનમુદ્રામાં લગભગ ૨૦ ફૂટ જેટલી લાંબી પ્રતિમા હતી. બીજી પદ્માસનવાળી નિરીક્ષણ કરતી મુદ્રામાં અને ત્રીજી ઊભેલી મુદ્રામાં લગભગ ૨૦ ફૂટ જેટલી ઊંચી પ્રતિમા હતી. આ ખંડની બહાર બુદ્ધભગવાનના ૨૪ અવતારનું દર્શન કરાવતી ૨૪ પ્રતિમાઓ હતી જે લગભગ એકસરખી હતી તેનાં દર્શન કર્યાં. આ ઉપરાંત ભગવાન બુદ્ધના ભાવી અવતારની પ્રતિમા જોઈ. બધી જ દિવાલો ભગવાન બુદ્ધના અદ્‌ભુત જીવનપ્રસંગો અને કથાઓથી ચિત્રિત હતી. આ મંદિરની સ્થાપના ૧૯૩૦માં કરવામાં આવી હતી.

સાંજે સભામાંથી પાછા ફરતાં અમે કોલંબોના ગોલફેસ બ્રીજ પર ફરવા જતાં. આ સમુદ્રપટ અત્યંત રળિયામણો છે. અહિં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ખૂબ સુંદર અને ભવ્ય માઉન્ટ લીનીવિયા હૉટેલ જોઈ. ત્યાંથી કોલંબો શહેરનું સમગ્ર દર્શન થાય છે, અને સૂર્યાસ્ત પણ સરસ રીતે નિહાળી શકાય છે. અન્ય ઔદ્યોગિક શહેરોની જેમ કોલંબોમાં મોટા ભાગની સ્ત્રીઓ પ્રમાણમાં મહેનતુ અને ઉદ્યમી હોવાથી કાંઈ ને કાંઈ કામમાં પ્રવૃત્ત રહે છે. સ્ત્રીઓ દ્વારા જ ચાલતી સ્ક્રીન પ્રિન્ટ સાડીઓની વર્કશૉપ જોઈ. અમે અહિંના હેન્ડીક્રાફ્ટ એમ્પોરિયમમાંથી તથા મલ્ટીપરપઝ સ્ટોરમાંથી થોડી ખરીદી કરી. કોલંબો પ્રમાણમાં નાનું પરંતુ મુંબઈને મળતું શહેર લાગે. અહિંના બજારનો કેટલોક ભાગ કોલાબા જેવો અને કેટલોક ક્રાફર્ડ માર્કેટ જેવો લાગે. અસલના ડચ લોકોના સમયનાં

મકાનોનો ઉપયોગ ઑફિસો માટે કરવામાં આવે છે. શ્રીલંકાના ઘણાં સ્થળોએ બૌદ્ધ ભગવાનની ધ્યાનસ્થ પ્રતિમાનાં દર્શન થયા જ કરે છે.

કોલંબોથી ૧૫ માઈલ દૂર એક નાના ગામ કડવેયમાં બે દિવસ માટે સમૂહ જીવન શિબિર યોજવામાં આવી હતી. સંચાલકો ગૈકીના એક ગૃહસ્થની આ વસાહતમાં આવેલા એક સુંદર મકાનમાં અમારી રહેવાની સગવડ કરવામાં આવી હતી. લગભગ ૨૫ એકરમાં વિસ્તરેલું આ ક્ષેત્ર લગભગ આઠ જાતના નાળિયેરીના ઊંચા વૃક્ષોથી, સાતેક પ્રકારના કેળના વૃક્ષોથી અને અનનાસના ઊંચા વૃક્ષોથી ઠસોઠસ ભરેલું હતું.

આ શિબિરમાં સો જેટલાં જિજ્ઞાસુ ભાઈ-બહેનો ઉપસ્થિત થયાં હતાં. સવારે સમૂહધ્યાન અને બહેનશ્રીનું પ્રવચન થતું. બપોરે ચર્ચાસભા ગોઠવાતી. રાત્રે ભજન થતાં. આ શિબિરમાં બહેનશ્રીએ સૌનું લક્ષ્ય દોર્યું છે કે "ધ્યાન એ કોઈ ક્રિયા નથી. મન અને બુદ્ધિની ચંચળતા શાંત થવી તે મૌન છે. આ મૌનાવસ્થા તે ધ્યાનાવસ્થાનું દ્વાર છે. જીવનની પરાધીનતા જોઈ એવું લાગે છે કે માનવીનો ખરા માનવ તરીકે જન્મ થવાનો બાકી છે." બહેનશ્રીના હૃદયસ્પર્શી પ્રવચનના પ્રભાવથી કેટલાય જિજ્ઞાસુઓ તેઓને મળીને પોતાનું અંતર એમ જણાવીને ખોલી જતા કે "આજ સુધી જે અમે કાંઈ વાંચ્યું વિચાર્યું હતું તે તો સાવ ફીક્કું લાગે છે, અને આપે અમને નવીન જ દર્શન આપ્યું છે."

એક સજ્જને ખૂબ જ કૃતજ્ઞ થઈ જણાવ્યું કે "શ્રીલંકાની પ્રજા એકબીજાની સભામાં એટલે કે તામિલ પ્રજા સિંહલીઓની સભામાં જવાનું પસંદ કરતી નથી. આ કારણે સૌને સાથે રાખવા મુશ્કેલ બને છે, જ્યારે આપની સાથેની આ સમૂહજીવન શિબિરમાં સિંહલીઓ, બૌદ્ધ, તામિલ, મુસ્લિમ, પારસી, પરદેશીઓ, શ્રી કૃષ્ણમૂર્તિના અનુયાયીઓ, બૌદ્ધ ભિક્ષુઓ, રાજકારણી નાગરિકો વિગેરે આવ્યા હતા, જેનું સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ હું ખૂબ જ મહત્ત્વ ગણું છું. "મા", દર વર્ષે શ્રીલંકા આવો અને ખરા કટોકટીના સમયે આ પ્રજા પર ઉપકાર કરો." તેમના મુખારવિંદ પર અનેરો આનંદ તરવરતો હતો. શિબિરમાં એક યુવાન મુસ્લિમ યુગલ આવેલું. તેઓએ બહેનશ્રીનાં પુસ્તકો વાંચી પ્રેરણા મેળવી હતી. તેઓ ધ્યાનમાં બેસે છે, તેમ જ તેમણે "પરફેક્ટ પીસ લૉજ" ના કેટલાંક સેન્ટરો દેશવિદેશમાં સ્થાપ્યા છે. આ યુગલે બહેનશ્રીને ઇન્ડોનેશિયા, મલયેશિયા વિગેરે સ્થળોએ આવા કાર્યક્રમો ગોઠવવા માટે ખૂબ જ આગ્રહ કર્યો હતો. આ સમૂહજીવન અને સમૂહધ્યાનના પરિણામે કંઈક જિજ્ઞાસુઓના અંતરપડળ ખુલ્યા હશે! તેનો તો જે ત્યાં ઉપસ્થિત થયા હતા તેમણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હશે. સમૂહજીવનનું વાતાવરણ જોઈ તથા જિજ્ઞાસુઓની ઉત્કટતા જોઈ એમ લાગતું કે જાણે માનવીજીવન પરિવર્તન પામી રહ્યું છે. બે કોમ્યુનિસ્ટ યુવતીઓએ બહેનની સાથેની અંગત મુલાકાતમાં જણાવ્યું કે "આ શિબિરમાં પ્રવચનોથી અમારી દૃષ્ટિ સાફ થઈ છે. આપના માર્ગદર્શનથી અમારી ઘણી મુંઝવણ ટળી છે."

કોલંબોનો દસ દિવસનો કાર્યક્રમ પૂરો કરી અમે કેટલાક મિત્રો સાથે હવાઈ જહાજમાં ત્રિંકમલી આવ્યા. અહિંના એર પોર્ટ ઉપર ગુરુકુળના સંન્યાસીની માતાજીએ બહેનશ્રીનો સત્કાર કર્યો હતો. કોલંબોથી ૧૬૦ માઈલ દૂર ત્રિંકમલી બંદર આવેલું છે. લગભગ ૨૫,૦૦૦ ની મિશ્ર વસતિનું, બંદરને કાંઠે કાંઠે નાની નાની ટેકરીઓ પર વસેલું આ શહેર ખરેખર ખૂબ જ રળિયામણું અને મનોહર છે. કંઈક અંશે આ સ્થળ યાત્રાનાં સ્થળ જેવું લાગે છે. અહીં શૈવ અને બૌદ્ધ મંદિરો તથા સંતોના આશ્રમો છે.

અમારી રહેવા માટેની વ્યવસ્થા એક સજ્જનની સુસજ્જિત "વેલકોમ્બ" હૉટલમાં કરવામાં આવી હતી. તદ્દન દરિયાની સામે એક નાની ટેકરી પર આ હૉટેલ આવેલી છે. હૉટેલમાં લશ્કરના એક ઑફિસર દંપતીએ બેનશ્રીનો સત્કાર કર્યો. ત્રિન્કમલીમાં ગમે ત્યાં ફરો–દરિયાના કાંઠે કાંઠે વાહનો આવ-જા કરતા જ હોય. મુંબઈની જેમ ફૂટપાથનો અવરોધ ન મળે. એરપોર્ટ પર હવાઈજહાજ પણ પાણીના કાંઠે જ ઉતરે. ખરેખર આ એક અનેરું દર્શન હતું. સ્ટીમલૉંચમાં બેસી અમે એક કલાક ઉપરાંત દરિયાની દસ માઈલની મુસાફરીની મજા માણી. આ બંદરેથી મોટી સ્ટીમરોની અવરજવર થાય છે.

પ્રથમ દિવસે સાંજે જાહેર સભા થઈ, જેમાં પેલાં સન્યાસીની માતાજીએ બહેનશ્રીનો પરિચય આપ્યો. બીજે દિવસે ચર્ચાસભા યોજાઈ. અહિંની પ્રજાનું માનસ વધુ રૂઢિચુસ્ત છે. સાંપ્રદાયિકતા પ્રમાણમાં વધુ છે. એટલે પ્રશ્નો પણ કર્મ, બંધન, જન્મ અને પુનર્જન્મ વિશે પૂછવામાં આવ્યા હતા. બહેનશ્રીના પ્રવચનનું તાત્પર્ય એ હતું કે "માનવી તેના પૂર્વસંસ્કારની સ્મૃતિઓથી બંધાઈ ગયો છે, વર્તમાન જીવન કરતાં પુનર્જન્મ અને મૃત્યુના પ્રશ્નોમાં માનવી વધુ રસ ધરાવે છે. તેથી માનવીને વર્તમાનમાં કેમ જીવવું તે સમજાતું નથી. બધામાં પોતાની સલામતી સુરક્ષિત રાખવાની ચિન્તામાં તે પરાધીન બન્યો છે. તે સલામતી-આર્થિક, રાજકીય, સામાજિક કે ધાર્મિક ગમે તે હોય પરંતુ આ બધી સલામતીની સુરક્ષામાં માનવી પોતાની સ્વાધીનતાની કિંમત ચૂકવી પોતાનું શોષણ કરાવે છે અને કરે છે. જીવન કેવી રીતે જીવવું, મન અને બુદ્ધિ એ સાધન છે તેને કેવી રીતે ચલાવવા તેનું જ્ઞાન હોવું જરૂરી છે. ઘરમાં એક પ્રકારે, ધંધામાં બીજે પ્રકારે, મંદિર કે મઠમાં ત્રીજે પ્રકારે જીવન જીવવામાં કોઈ સંવાદિતા નથી, કોઈ સંગીત નથી. સમગ્ર પ્રેમ વગર જીવનમાં સાચું સંગીત ઉઠતું નથી."

હૉટેલના માલિક, ગુરૂકુળના સંન્યાસીઓ, મંદિરના ટ્રસ્ટી વિગેરે તો ખૂબ જ ભક્તિમય બની ગયા હતા. મુલાકાતીઓની અવરજવરે હૉટલને એક તીર્થસ્થાન બનાવી દીધું હતું. આમેય તે અમારી યાત્રા એક તીર્થયાત્રા જ હતી ને?

અહિં એક એવી દંતકથા પ્રચલિત છે કે રાવણ એક મહાન સાધક હતો અને તે શિવોપાસના કરવા કૈલાસ ગયો હતો. શિવે પ્રસન્ન થઈ તેને લિંગ આપ્યું હતું. રાવણે ત્રિંકમલીનાં દરિયાકાંઠે એક મંદિર બાંધી આ લીંગની સ્થાપના કરી હતી. ડચ લોકોએ જ્યારે આ પ્રદેશ ઉપર હુમલો કર્યો ત્યારે આ મંદિરનો નાશ કર્યો હતો. ત્યાર બાદ શૈવભક્તોએ (મોટે ભાગે તામિલ પ્રજાએ) આ મંદિરની પુનઃ સ્થાપના કરી હતી. તેમાં વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરના ટ્રસ્ટી સાથે બહેનશ્રીએ તથા અમે સૌએ આ પૂજામાં ભાગ લીધો હતો. આ મંદિરનું ક્ષેત્રફળ ખૂબ જ વિશાળ છે; પરંતુ મોટા ભાગનાં મકાનો અને જગ્યા સરકારી કચેરીઓએ જપ્ત કરેલી છે.

ગુરુકુળમાં માતાજીને મળ્યા. એક નાના બૌદ્ધ મંદિરનાં દર્શન કર્યાં. હાર્બર પોર્ટ જે ૬૦૦ એકરની વિશાળ જગ્યામાં એક નગરની જેમ વસેલું છે તેની પણ મુલાકાત લીધી. ડચ લોકોના વખતનાં મકાનો, તૂટેલી તોપો હજુ અહિં જોવામાં આવે છે. હાલ આ સ્થળે આર્મીના લગભગ ૧૨૫ કુટુંબો રહે છે અને આ નગરનો ઘણો વિકાસ કરવામાં આવ્યો છે. આર્મીના મુખ્ય અધિકારી દંપતીએ અમારી સાથે ફરી અમને આ સ્થળની વિગતવાર માહિતી આપી હતી.

ત્રિંકમલીનો કાર્યક્રમ પૂરો કરી, સૌની ભાવભીની વિદાય લઈ અમે હવાઈ જહાજ દ્વારા લગભગ ૧૨૫ માઈલ દૂર જફના પહોંચ્યાં. જફના શ્રીલંકાનું ૮૦,૦૦૦ ની વસતિ ધરાવતું નાનું શહેર છે. મોટા ભાગની પ્રજા તામિલી છે. શ્રીલંકાનો બધો જ વિસ્તાર સામાન્ય રીતે રળિયામણો છે. તેના પ્રમાણમાં જફના સુકો પ્રદેશ ગણી શકાય. તે છતાં, ચારે બાજુ હરિયાળી વાડીઓના દર્શન

તો થાય જ છે, કારણકે જ્યાં જુઓ ત્યાં નાળિયેરી, અનેનાસ અને કેળના વૃક્ષો તો હોય જ છે. અહીં તમાકુની ખેતી પણ થાય છે.

જાફનામાં અમારું એક દિવસનું રોકાણ હતું. સરકારી અધિકારીઓની એક સભા અને એક જાહેર સન્માનો કાર્યક્રમ હતો. અહિંની તામિલ પ્રજાનું માનસ રૂઢિચુસ્ત હોવા છતાં સભામાં સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ સારું હતું. પ્રવચન સાંભળ્યા બાદ ત્રણ પરદેશી યુવતીઓ અમારો ઉતારો શોધતી રાત્રે નવ વાગે બહેનશ્રીને મળવા આવી. પોતાનાં ઘરબાર છોડી ભારતનું ભ્રમણ કરી આ ત્રણ યુવતીઓ જાફનાથી નવ માઈલ દૂર એક આશ્રમમાં સાધના કરવા આવી હતી. બહેનશ્રીના પ્રવચનથી પ્રભાવિત થઈ તેમણે બહેનશ્રીની ભારતમાં યોજાતી ધ્યાનશિબિરમાં આવવા ઇચ્છા દર્શાવી. અચેતન અને ચેતન મન વિષે કેટલીક ચર્ચા કરી તેઓએ સંતોષ પામી વિદાય લીધી.

અમે બીજે દિવસે જાફનાથી હવાઈજહાજમાં કોલંબો થઈ ટ્રેઈન દ્વારા સાંજે કેન્ડી પહોચ્યાં. કેન્ડી જવાનો આખો રેલમાર્ગ અત્યંત રળિયામણો છે. જાણે ગીચ જંગલોમાંથી પસાર થતા હોઈએ તેવું લાગે. કેન્ડી બે હજાર ફૂટની ઊંચાઈ પર આવેલું છે. આ પ્રદેશની આબોહવા સામાન્ય રીતે ઠંડી છે. વરસાદ અહીં ગમે તે સમયે આવે છે. ટ્રેઈનમાં પસાર થતાં માર્ગમાં આવતાં નાનાં નાનાં ગામો નજરે પડતાં. ગામોના દરેક ઘરના આગળના ભાગમાં નાળિયેરી અને કેળનાં વૃક્ષો સારા પ્રમાણમાં હોય જ. નાના ઘરના નાના આંગણામાં પણ છેવટે બે ચાર નાળિયેરી કે બે ચાર કેળ તો હોય જ. અનેનાસના ઊંચા ઊંચા ઝાડ તેમની સુંદરતામાં વધારો કરતા હોય છે.

કેન્ડીમાં તળાવના કિનારે એક બેંકના વિશાળ મકાનમાં અમારો મુકામ હતો. રિસેપ્શન કમિટીના આઠેક ભાઈબહેનો અમારી સાથે જોડાયાં હતાં. દરેક જગ્યાએ યજમાનની સરભરા, આદર અને પ્રેમ જોઈ કૃતજ્ઞ થઈ જવાતું.

બીજે દિવસે સવારે જાહેર સભા થઈ. અહિં એક પરદેશી બૌદ્ધ સાધુને મળવાનું થયું. બુદ્ધ ભગવાનના દાંત જે મંદિરમાં રાખવામાં આવ્યા છે તે મંદિરનાં દર્શન કર્યાં. કેન્ડીમાં બૌદ્ધ ભિક્ષુકોનો મુખ્ય વસવાટ ગીચ ઝાડીઓમાં હોય છે. નાના મકાનોમાં રહી તેઓ સાધના કરે છે. અહિંયા એક યુનિવર્સિટી છે. તેની રચના ખૂબ જ આકર્ષક રીતે કરવામાં આવી છે. આ યુનિવર્સિટીના વિસ્તારમાં હિંદુ ધર્મના વિદ્યાર્થીઓ માટે હિંદુ મંદિર, બૌદ્ધ ધર્મના વિદ્યાર્થીઓ માટે બૌદ્ધ મંદિર અને ખ્રિસ્તી વિદ્યાર્થીઓ માટે દેવળની સ્થાપના પણ અલગ કરવામાં આવી છે. અહીંના બોટેનિકલ ગાર્ડનની મુલાકાત લીધી. કેન્ડીથી અમે પાછા કોલંબો ગયા અને ત્યાં સાંજે બૌદ્ધ મંદિરમાં બૌદ્ધ ધર્મગુરુને મળ્યા. શ્રીલંકાથી તા. ૧૩-૩-૭૧ના રોજ સવારે ત્યાંના લોકોની ભાવભીની વિદાય લઈ મુંબઈ જવા રવાના થયા.

શ્રીલંકાની સામાન્ય માહિતી પણ જાણવી જરૂરી છે. ગુજરાતીમાં એક કહેવત છે કે "લંકાની લાડી અને ઘોઘાનો વર." એ અંગેની દંતકથા એવી છે કે સૌરાષ્ટ્રના ઘોઘા બંદરનો વિજયસિંહ નામનો એક રાજકુંવર રિસાઈને દરિયાવાટે નાસી ગયેલો. તે સીલોન (શ્રીલંકા) દેશમાં આવ્યો અને તેણે અહિંની કુંવરી સાથે લગ્ન કર્યા અને અહિંજ સ્થિર થયો. તેના નામ પરથી સિંહલદ્વીપ નામ પડેલું અને તેનો અપભ્રંશ થતાં તે શ્રીલંકા નામમાં રૂપાંતર પામ્યું. વળી પાછું અંગ્રેજોના સમયમાં તે સીલોનના નામે પ્રસિદ્ધ થયું. ત્યાર બાદ સ્વાતંત્ર્ય હાંસલ થતાં હવે તેનું બંધારણિય નામ શ્રીલંકા પ્રચાર પામતું જાય છે.

૧૯૪૭માં ભારતે આઝાદી મેળવી ત્યાર બાદ કશા જ સંઘર્ષ વગર ૧૯૪૮માં બ્રિટીશરો પાસેથી શ્રીલંકાએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી. તેની વસતિ માત્ર ૧,૮૦,૦૦,૦૦૦ની છે એટલે ગુજરાત રાજ્ય કરતાં પણ નાનું છે. અહિંની વસતિ મુખ્યત્વે બૌદ્ધ, તામિલ, અને સિંહલીઝની છે. ખ્રિસ્તી, મુસ્લીમ વિગેરેની મિશ્રા વસતિ પણ ખરી. મોટા ભાગની પ્રજા માંસાહરી છે. આ દરેક જાતિઓના સામાજિક વ્યવહાર જુદા જુદા છે. તામિલ પ્રજા રૂઢિઓને સાચવી રહી છે, અને પ્રમાણમાં સાદું જીવન ગાળે છે. તે છતાં રહેણીકરણીમાં પશ્ચિમની અસર ઘણી છે. એ કારણે સુઘડતા અને શિસ્ત પણ સારા પ્રમાણમા વિકસેલાં છે. આધુનિક પહેરવેશની સાથે તેમનો અસલનો પહેરવેશ લુંગી હજુ જળવાઈ રહ્યો છે.

ભારતદેશના વિસ્તારના પ્રમાણમાં શ્રીલંકા ઘણો નાનો બેટ છે. અન્ય દેશોની જેમ અહિંયા પણ સામાજિક, રાજકીય, આર્થિક, સાંપ્રદાયિક અને વર્ગભિદનાં પ્રશ્નો તો છે જ. તે છતાં શિક્ષણનું પ્રમાણ ૯૮ ટકા જેવું હોવાથી અને કદમાં નાનો દેશ હોવાથી ઝડપી વિકાસ થવાનો પૂરો સંભવ છે. અહિં પૂર્વપ્રાથમિકથી યુનિવર્સિટી સુધીનું શિક્ષણ મફતના ધોરણે અપાય છે. તબીબી સારવાર પણ વિનાવળતર આપવામાં આવે છે. હાલ આ દેશનું બંધારણ લોકશાહી ઢબનું તૈયાર થઈ રહ્યું છે. મતભેદો ઘણા છે. મૂળ સિંહલીઝોનો તામિલ પ્રત્યેનો વર્ગદ્વેષ પણ ચાલુ છે. તે છતાં ૧૯૭૨થી લોકશાહી પદ્ધતિનું બંધારણ અમલમાં આવશે એવી આશા રાખવામાં આવે છે. હાલ તો ગવર્નર જનરલ અને રાણી માત્ર નામનું જ અસ્તિત્વ ધરાવે છે. વડાપ્રધાન અને પાર્લામેન્ટ દ્વારા જ રાજકીય વહીવટ ચાલે છે.

શ્રીલંકામાં ગ્રામવિકાસનાં કામો સારા પ્રમાણમાં હાથ ધરવામાં આવ્યા છે. તેના પરિણામે દરેક ગામે બસ સર્વીસની વ્યવસ્થા છે. વીજળી પણ લગભગ ઘણા ગામોમાં પહોંચી છે. દરેક ગામોમાં શાળાઓ તો છે જ. અહિંની સિંહલીઝ ભાષામાં ગુજરાતી, બંગાળી, સંસ્કૃત, પ્રાકૃત વિગેરે ભાષાઓનું મિશ્રણ છે. અત્યાર સુધી અંગ્રેજી ભાષાનું પ્રાધાન્ય વધુ હતું. હવે તેઓએ માતૃભાષાને માધ્યમ બનાવી તેની અગત્યતા વધારી છે અને અંગ્રેજી ભાષાને બીજી ભાષાનું સ્થાન આપવામાં આવ્યું છે. અહિં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ પણ સારો થયો છે. હાલની સરકારે પરદેશથી આવતી તૈયાર વસ્તુઓની આયાત ઉપર ખૂબ જ કડક પ્રતિબંધ મૂક્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી મોટરો આયાત કરવાનો પ્રતિબંધ છે. કાચો માલ આયાત કરી તેમાંથી તૈયાર માલ બનાવવા પર વધુ જોર અપાઈ રહ્યું છે અને તેથી જ ઉદ્યોગોનો વિકાસ ઝડપી બન્યો છે. કો-ઓપરેટીવ સોસાયટીનો વિકાસ સારો થયો છે. અહિંયા કાજુ, નાળિયેર, તેમાંથી બનતી ચીજો, કેળા, અનેનાસ, ચા તથા તજ, લવીંગ, જાયફળ જેવા તેજાના પુષ્કળ પ્રમાણમાં થાય છે, જેની મોટા પાયા પર નિકાસ કરવામાં આવે છે. ફળફળાદિ શાકભાજી સારાં થાય છે. ખોરાકમાં ચોખાનું પ્રાધાન્ય વિશેષ ખરું અને તેથી અહિંની ગૃહિણીઓએ ચોખાની વિવિધ વાનગીઓ બનાવવાનું પ્રાવિણ્ય ખૂબ જ કેળવ્યું છે. રસોઈમાં નાળિયેરના ટોપરાનો અને દૂધનો સવિશેષ ઉપયોગ કરવામાં આવે છે. રસોઈમાં તેલનું પ્રમાણ ઓછું ખરું, પરંતુ ખોરાકમાં એકંદરે ખૂબ જ પૌષ્ટિકતા જળવાઈ રહે છે.

સામાન્ય રીતે સુખી ઘરો સુસજ્જિત હોય છે. બહારના વિસ્તારમાં છૂટા અને સુંદર મકાનોની રચના આકર્ષક લાગે છે. અહિંની પ્રજા પોતાના ઘરનું આંગણું પુષ્કળ રળિયામણું રાખે છે. નાનામાં નાનું આંગણું પણ ફૂલઝાડથી ઢંકાયેલું જ જોવા મળે. અહિંની પ્રજા કંઈક અંશે સૌમ્ય, પ્રેમાળ અને ભાવનાશીલ કહી શકાય. તેમની વિશાળ ભાવના, અપૂર્વ આદર, સુઘડ રહેણીકરણી અને પ્રેમાળ મહેમાનગતિ અનુભવી મને ઘણું શીખવા મળ્યું. ખરેખર શ્રીલંકામાં આવા વિવિધ મિત્રો મેળવી હું મારી જાતને ધન્ય ગણું

છું. શ્રીલંકાના મારા આ પ્રવાસને એક સામાન્ય પ્રવાસ ન ગણતાં મારા જીવનમાં પ્રાપ્ત થયેલી એક અમૂલ્ય તક જ ગણું છું. બહેનશ્રીને કારણે કેટલા બધા લોકોનો સ્નેહ અને આદર હું પામી શકી તેની સ્મૃતિ મન પર ઉઠતાં મારું મન અનેરી પ્રસન્નતા અનુભવે છે.

શ્રીલંકામાં બહેનશ્રીની ૧૦ જાહેર સભાઓ, ૬ ચર્ચાસભાઓ, ૪ સરકારી અધિકારીઓ સાથેની સભાઓ, ગવર્નર જનરલ સાથે કવીન હાઉસમાં એક સભા, ૪ વખત સમૂહધ્યાન અને પ્રવચન– આમ કુલ ૨૫ સભાઓ થઈ. લગભગ ૪૦૦૦ જેટલી જનસંખ્યાએ બહેનશ્રીના પ્રવચનોનો લાભ લીધો.

આ ઉપરાંત વ્યક્તિગત મુલાકાતો તો ખરી જ. કેટલાક મિત્રોએ તો ભારતની બહેનશ્રીની શિબિરોમાં અને તેઓશ્રીના માઉન્ટ આબુના નિવાસ દરમ્યાન ત્યાં આવવાનું નક્કી કર્યું છે. અમે જે જે પ્રદેશોમાં ગયા ત્યાંના નાગરિકોએ બહેનશ્રીને ૧૯૭૨માં આવવાનું ખૂબ આગ્રહભર્યું આમંત્રણ આપ્યું છે. આ અંગે બહેનશ્રીએ સ્પષ્ટતા કરી કે "હું મારા પ્રવચનો પ્રચાર માટે કરતી નથી. મારા એકેકેએક શબ્દ પાછળ હું ખૂબ જ કિમત ચૂકવું છું, આથી ભાવિ કાર્યક્રમ ઉત્કટ જિજ્ઞાસુઓ માટે સ્થળે સ્થળે પાંચ પાંચ દિવસના સમૂહ-જીવનના શિબિરમાં ગોઠવાય તો હું જરૂર આવીશ. કેવળ જાહેર સભાઓથી પરિણામ નથી આવતું. વ્યક્તિગત કેળવણીને મહત્વ આપ્યા સિવાય હવે ચાલશે નહિ." યજમાનોએ આ વાત ખુશીથી સ્વીકારી છે.

બહેનશ્રીના દરેક પ્રવચનો પુસ્તકાકારે પ્રસિદ્ધ થશે. ત્યાર બાદ ૧૯૭૧ની વિમલા ઠકાર ફેલોશીપ અને વિમલા ઠકાર રિસેપ્શન કમિટીને વિખેરી નાંખવામાં આવે એવો બહેનશ્રીએ ઈશારો કર્યો છે. વળી ફરીને બહેનશ્રીનો કાર્યક્રમ યોજાશે ત્યારે નવેસરથી બધું ગોઠવવામાં આવશે. બહેનશ્રીના પ્રવાસનો આ કાર્યક્રમ નક્કી થયો તે અગાઉ શ્રીલંકામાં લોકોનો તેમના માટે એવો ખ્યાલ હતો કે તેઓ શ્રી કૃષ્ણમૂર્તિના શિષ્યા છે અને વિનોબાજી સાથે ભૂદાનનું કામ કરે છે. શરૂઆતમાં ત્યાંના દૈનિક સમાચારમાં પણ આ વિગત પ્રસિદ્ધ થયેલી પરંતુ બહેનશ્રીએ પોતાના પ્રવચન દરમિયાન કરેલી સ્પષ્ટતાથી સૌની આ ગેરસમજૂતી દૂર થઈ હતી.

મારા માટે બહેનશ્રી સાથે રહેવાનો આનંદ એ માટે હતો કે તેઓ ખૂબ જ ગતિશીલ, શક્તિશાળી અને વર્તમાનમાં ખૂબ જ પ્રસન્નતાથી જીવતી એક જ્વલંત પ્રતિભા છે. નાનામાં નાની વસ્તુ સાથેની તેમની તાદાત્મ્યતા વાતાવરણને જીવંત બનાવતી અને જાણે બધી જ વસ્તુ પ્રાણમય બની આપણી સાથે હસતી હોય એવું વાતાવરણ સર્જાતું. આથી જીવનમાં હતાશ થવાનો કોઈ અવકાશ જ ન રહેતો. મન અને ચિત્તની શાંત અવસ્થા રહે છતાં એક ક્ષણનો પ્રમાદ ન મળે.

જ્યાં જ્યાં જે જે સ્થળે જઈએ ત્યાંના રીતરીવાજોમાં રહેણી-કરણીમાં યજમાનો સાથે પ્રેમપૂર્ણ રીતે તટસ્થતાથી જીવવાનું તેમનું આગવું વ્યક્તિત્વ જોઈ હું તો સ્તબ્ધ થઈ જતી. કુદરત સાથેની તેમની આત્મીયતામાં ગાઢ મિત્રાચારીનાં દર્શન થતાં. તેમને મન ભૌતિકતામાં કે આધ્યાત્મિકતામાં કશો ભેદ ન હતો. તેમની પાસેથી દરેકને સ્થાને પ્રત્યેક વસ્તુની સુંદરતાના દર્શન કરવાનું થોડે અંશે મને પણ શીખવા મળ્યું. તેમના રોજના પ્રવચનો સાંભળતાં લાગતું કે એક અસ્ખલિત વિદ્યુતપ્રવાહ વહી રહ્યો છે. તેના પ્રભાવથી જ્યાં જે બલ્બ તૈયાર હશે ત્યાં તે જરૂર પ્રગટી શકશે. હા, તેમનાં પ્રવચનો મનોરંજન કરાવે તેવાં નથી હોતાં, ખૂબ જ ચિંતનશીલ અને મર્મસ્પર્શી હોય છે.

અંતમાં તેમની સાથેની શ્રીલંકાની યાત્રા મારા માટે એક ચિર-સ્મરણીય પ્રસંગ બની રહેશે. તેમની સાથે ફરવામાં ક્ષણે ક્ષણે અનેક અવનવા અનુભવો થતા અને અહંનું અંતરપટ વીંધાઈ જતું. તેમની પ્રેમપૂર્ણ વહેતી ગંગામાં ડુબકી મારવાની આ અમૂલ્ય તક દરમ્યાન બોધવાલાયક અનેક અનુભવો થયા છે, પરંતુ લંબાણ થવાના ભયે હું હવે અહિં જ વિરમું છું.

સુનંદાબહેન વહોરા

# પ્રકીર્ણ નોંધ

## પતન-ઉત્થાનના ચક્રમાંથી પસાર થયેલી ગુજરાત સરકાર

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં 'ચૂંટણીની ફલશ્રુતિ' એ મથાળા નીચેની નોંધમાં સૂચવ્યું હતું તે મુજબ માર્ચ૧૯૭૧ રાજ્યની માફક લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ શાસક પક્ષના ગુજરાતના ઉમેદવારોને એક અપવાદ સિવાય મળેલી મોટી સફળતાના પરિણામે ગુજરાત રાજ્યમાં પણ સંસ્થા કૉંગ્રેસના ધારાસભ્યોનું પક્ષાન્તર શરૂ થયું અને આ પ્રમાણે તૂટતી જતી ગુજરાત સરકારને સ્વતંત્ર પક્ષના સભ્યોએ ટેકો આપવાની અનિચ્છા પ્રદર્શિત કરી. તેના પરિણામે કૉંગ્રેસના સંસ્થાપક્ષે બહુમતી ગુમાવી અને ગુજરાતના મુખ્ય પ્રધાને ગુજરાતના રાજ્યપાલને એપ્રિલની પહેલી તારીખે રાજીનામું સુપ્રત કર્યું અને ગુજરાતના રાજ્યપાલે શાસક પક્ષના આગેવાન શ્રી કાન્તિલાલ ઘીયાને પોતાના પક્ષની બહુમતી સિદ્ધ કરવા અને એવી બહુમતી હોય તો પ્રધાનમંડળ રચવા નિમંત્રણ આપ્યું. આ નિમંત્રણ મળતાં શ્રી કાન્તિલાલ ઘીયા અને તેમના સાથીઓ કેન્દ્રના પાર્લામેન્ટરી બોર્ડ સાથે વાટાઘાટ કરવા દિલ્હી ઉપડી ગયા અને પાંચમી તારીખે રાત્રે દિલ્હીથી પાછા ફર્યા–તે દરમિયાન ગુજરાતના પાટનગરમાં ચોથી તારીખે ગુજરાત પ્રાન્તિક સમિતિની સભા મળી અને બન્ને કૉંગ્રેસના જોડાણની વાતો કરતા કેટલાક સભ્યોને સંસ્થા કૉંગ્રેસના અગ્રણી શ્રી મોરારજી દેસાઈએ ખૂબ ધમકાવીને એકતાના વિચારનો સખત વિરોધ કર્યો અને ત્યારથી પરિસ્થિતિએ પલટો લીધો અને વળી પાછી પક્ષાન્તરની રમત શરૂ થઈ. તે દરમિયાન શ્રી હિતેન્દ્ર દેસાઈએ સ્વતંત્ર પક્ષના આગેવાનો સાથે પુનઃ સત્તા ઉપર આવવા માટે મંત્રણા શરૂ કરી, અને સ્વતંત્રપક્ષે શ્રી હિતેન્દ્ર-દેસાઈ જો ફરીથી સરકાર રચે તો તેને ટેકો આપવાનો નિર્ણય કર્યો અને તેના બળ ઉપર શ્રી કાન્તિલાલ ઘીયા અમદાવાદ આવી પહોંચે તે પહેલાં શ્રી હિતેન્દ્ર દેસાઈએ પોતાના પક્ષની બહુમતી હોવાની ગુજરાતના રાજ્યપાલ સમક્ષ જાહેરાત કરી અને પોતાને પ્રધાનમંડળ રચવા દેવાની માગણી કરી. અને શ્રી કાન્તિલાલ ઘીયાએ પોતાના પક્ષ માટે બહુમતી મેળવવાની આશંકિત જાહેર કરતાં, શ્રી હિતેન્દ્ર દેસાઈને પ્રધાનમંડળ રચવાની સૂચના કરવામાં આવી. અહિં જણાવવું પ્રસ્તુત છે કે ગુજરાત ધારાસભાના સભ્યોની સંખ્યા ૧૬૮ની છે અને શ્રી હિતેન્દ્ર દેસાઈ પોતે સંસ્થા કૉંગ્રેસના ૮૧, સ્વતંત્ર પક્ષના ૧૦, જનસંઘના ૧ તથા અપક્ષ એવા ૧–એમ કુલ ૯૩ સભ્યોની બહુમતી ધરાવે છે. આ રીતે ગુજરાત સરકારને નિગૃત થયાને પાંચ છ દિવસ થયા એટલામાં પાછી તે જ સરકાર પુનઃ સત્તારૂઢ થઈ છે, પણ પહેલાંની સરકાર અને આ વખતની રચાયેલી નવી સરકારમાં ફરક એ છે કે, પહેલાંની સરકારને સંસ્થા કૉંગ્રેસની પોતાની બહુમતી હતી જ્યારે આજે રચાયેલી નવી સરકાર સ્વતંત્રપક્ષના સભ્યોના ટેકા ઉપર જ નભી શકે તેમ છે અને તેથી આજે દેખાતી સ્થિર સરકાર ગમે ત્યારે અસ્થિર બની શકે તેવી સંભવના છે અને તદુપરાન્ત પક્ષપલટાની ચાલુ શક્યતા તે અસ્થિરતામાં વધારો કરે તેમ છે.

સંસ્થા કૉંગ્રેસની સરકારને બદલે શાસક કૉંગ્રેસની સરકારની સ્થાપના થઈ હોત તો કેન્દ્ર સરકાર સાથે ચાલુ રહેલો સંઘર્ષમય અને સાવકાપણાના સંબંધનો અન્ત આવત અને કેન્દ્ર સરકાર સાથે ગુજરાત સરકારનો સંબંધ સંવાદી બનત. બીજા રાજ્યોમાં કૉંગ્રેસથી ઇતર એવા રાજકીય પક્ષોનું જરૂર શાસન છે, પણ જે સ્પર્ધા અને સંઘર્ષનું તત્ત્વ કૉંગ્રેસની બે શાખા–સંસ્થાઓ વચ્ચે છે તે તત્ત્વ અન્યત્ર એટલા પ્રમાણમાં જોવામાં આવતું નથી. આ પરિસ્થિતિના કારણે ગુજરાતની કેન્દ્ર સરકાર પાસેની અનેક અપેક્ષાઓ વણપૂરી

રહે છે અને કેન્દ્ર સરકાર વિશે ગુજરાત અસંતોષ અનુભવે છે. બે શાખા - સંસ્થાઓ વચ્ચેની ખેંચતાણ - tug of war - નું પરિણામ ગુજરાતની પ્રજાને ભોગવવું પડે છે, જે આપણી અનિવાર્ય કમનસીબી છે.

વચગાળે કૉંગ્રેસના બન્ને પક્ષોના જોડાણની હવા જામી હતી. પણ આજે એ હવા પાછી ઓસરવા લાગી છે અને તે માટે આ સંબંધમાં શાસક કૉંગ્રેસના આગેવાનો અને શ્રી ઇન્દિરા ગાંધીનું અણનમ વલણ અને મોરારજી દેસાઈનું અક્કડ વલણ–બન્ને જવાબદાર છે. આમ તો સંસ્થા કૉંગ્રેસ ધીમે ધીમે નામશેષ થઈ જશે એવી સંભાવના લાગે છે. પણ આને બદલે પરસ્પર ખેલદિલીથી બન્ને પક્ષોનું માનભેર મિલન થયું હોત તો કૉંગ્રેસ વધારે મજબૂત સંસ્થા બની હોત અને ઇન્દિરા ગાંધીને મક્કમ હાથે કામ કરવાની પૂરી તક મળી હોત, એટલું જ નહિ પણ, લગભગ સમાન કાર્યક્રમ ધરાવતા અને એમ છતાં વ્યક્તિગત રાગદ્વેષના કારણે જુદા પડેલા કૉંગ્રેસના બે પક્ષો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ પેદા થાત અને એક બનેલી અને સદ્ધર બહુમતી ધરાવતી કૉંગ્રેસની નેતાગીરી દેશને પ્રાપ્ત થાત.

**'મુસ્લિમોનો ધર્મ'**

દેશના રચનાત્મક કાર્યક્રમ સાથે વર્ષોથી જોડાયલા અને વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓમાં 'દાદા'ના ઉપનામથી ઓળખાતા શ્રી ઇસ્માઈલભાઇ નાગોરીએ લખેલી 'મુસ્લિમોનો ધર્મ' એ મથાળાની પુસ્તિકા થોડા સમય પહેલાં જોવામાં આવી અને વાંચીને ખૂબ પ્રસન્નતા અનુભવી.

દેશમાં હિંદુઓ અને મુસલમાનો વર્ષોથી સાથે સાથે વસે છે પણ એક એકના ધર્મ વિશે બહુ જ ઓછું જાણતા હોય છે અને પ્રત્યેક સમુદાયમાં રહેલા ઝનુની લોકો દ્વારા થતા ઝેરી પ્રચાર અને અવારનવાર નિર્માણ થતા સંઘર્ષોના કારણે એક એકના ધર્મ–વિચાર અંગે પરસ્પર અજ્ઞાનઆધારિત પૂર્વગ્રહોના આપણે ભોગ બનેલા રહીએ છીએ.

આવા આજના વાતાવરણમાં 'મુસ્લિમોનો ધર્મ' વાંચતાં અને તેમાં રજૂ કરવામાં આવેલી મુસ્લિમ ધર્મની વિશેષતાઓ ધ્યાન ઉપર આવતાં આપણને પ્રતીતિ થાય છે કે આ મુસ્લિમ ધર્મમાં અને આપણે જેને ધર્મતત્વ તરીકે માનીએ અને સ્વીકારીએ છીએ એમાં પાયાનો કશો તફાવત નથી.

મારી ઇચ્છા તો એ આખી, પુસ્તિકા 'પ્રબુદ્ધ જીવન'માં ત્રણ ચાર હપ્તાથી પ્રગટ કરવાની છે પણ આજે એ માટે અવકાશ નથી. આજે તો તે પુસ્તિકાના પ્રારંભનો ફકરો અહિં ટાંકીને સંતોષ માનીશ. શ્રી ઇસ્માઈલભાઇ એ પુસ્તિકાના પ્રારંભમાં જણાવે છે: "જેમના જીવન નિર્મળ, પ્રેમળ, ઉજ્જવળ, શીતળ છે, જેમનાં જીવનમાં અભેદ, કરુણા ને સમતા છે તેવા મુસ્લિમ મહાત્માઓના જીવન પરથી જ આપણે ઇસ્લામને ઓળખીશું. કોઇ પણ ધર્મવિચારના સાચા પ્રતિનિધિઓ તે તે ધર્મ–વિચાર જેમના સૌમ્ય સુંદર જીવનમાં સદાચાર બનીને સમાજને સુવાસિત કરે છે તેવા સાધુઓ, સંતો, ઓલિયાઓ, ઋષિમુનિઓ, સુફીઓ ને સજ્જનો જ છે. સત્ય, માંગલ્ય અને પ્રેમની જે ઊંચી ભૂમિકા પર તેઓ એકત્ર થાય છે ત્યાં ભિન્ન ભિન્ન વળાંકો લેતા જુદા જુદા પંથો પૂરા થયા હોય છે. અને એમને સાક્ષાત્કાર થઈ ચૂકયો હોય છે કે અનેક માર્ગે થઈને આદમની ઓલાદ, મનુની પ્રજા છેવટે તો દીદારે હક્ક (સત્યદર્શન)ની સાધના જ પૂરી કરતી હોય છે."

**શ્રી વિજયસિંહ નાહર પ. બંગાળના મંત્રીમંડળમાં**

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં થયેલી ચૂંટણીના પરિણામે શાસક કૉંગ્રેસ પક્ષને ૧૦૫ બેઠકો મળી હતી જ્યારે માકર્સીસ્ટ સામ્યવાદી પક્ષને ઘણું ખરું ૧૨૪ બેઠકો મળી હતી, આમ છતાં આ બન્નેમાંથી એક પણ પક્ષને સરકાર રચવા માટે અપેક્ષિત બહુમતી મળી નહોતી.



સૌ. કાન્તાબહેન રાજુલનું સ્વાગત કરે છે

આમાંથી જે કોઈ પક્ષ બીજા પક્ષ અથવા પક્ષોનો ટેકો મેળવી બહુમતી પ્રાપ્ત કરી શકે તે પક્ષ સત્તાસ્થાન ઉપર આવે એવો સંભવ હતો.

શ્રી વિજયસિંહ નહાર કોંગ્રેસના વર્ષોજુના અગ્રગણ્ય કાર્યકર છે. કોંગ્રેસના ભાગલા પડયા બાદ તેઓ શાસક પક્ષ સાથે જોડાયલા હતા અને આજે તેઓ શાસક પક્ષના નેતા છે. નહારકુટુંબ કલકત્તાનું અથવા તો મુર્શિદબાદનું એક બહુ જાણીતું જૈન કુટુંબ છે. વિજયસિંહ નહારના દાદા શ્રી સીતાબચંદજી નહાર અમદાવાદમાં વર્ષો પહેલાં ભરાયલી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ બન્યા હતા. વિજયસિંહ નહારના પિતા શ્રી પુરણચંદ નહાર પુરાતત્વ, સંશોધન તેમ જ પ્રાચીન ઇતિહાસમાં ખૂબ રસ ધરાવતા હતા અને પુરાતન ચિત્રો તેમ જ મૂર્તિઓનો તથા સીક્કાઓનો તેમણે એક ઘણો મોટો સંગ્રહ કર્યો હતો, જે પાછળથી કલકત્તા યુનિવર્સિટીને ભેટ કરવામાં આવ્યો છે. વિજયસિંહ નહાર સાથે મારો વર્ષો જૂનો સંબંધ છે. તેઓ જૈન સમાજના તેમ જ જૈન તીર્થોના પ્રશ્નોમાં ખૂબ રસ ધરાવે છે. કોંગ્રેસ વિશે તેમની અપૂર્વ નિષ્ઠા રહી છે. વચગાળે જ્યારે કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં સત્તાસ્થાને હતી ત્યારે તેમણે લેબર મિનિસ્ટર તરીકે સેવા આપી હતી. તેમની રાજકારણી કારકિર્દી એકસરખી ઉજ્જવલ અને નિર્મળ રહી છે.

જણાવતાં આનંદ થાય છે કે તાજેતરમાં સી. પી. આઈના સહકાર પૂર્વક શ્રી. અજય મુકરજીની નેતાગીરી નીચે જે નવું પ્રધાનમંડળ નીમાયું છે તેમાં તેમને નાયબ મુખ્ય પ્રધાન તરીકે લેવામાં આવ્યા છે અને તે અંગે તેમનું હાર્દિક અભિનંદન કરવા સાથે ત્યાંની અદ્યતન હિંસાપ્રચુર પરિસ્થિતિના સંદર્ભમાં તેમણે જવાબદારી સ્વીકારીને જે જિંદગીનું જોખમ ખેડયું છે તે માટે ચિત્ત ઊંડી ચિન્તા અનુભવે છે અને તેમની સહીસલામતી અને તેમની સુરક્ષા અંગે પરમાત્માને પ્રાર્થના કરે છે. અલબત્ત, આવી હિમત અને નિડરતા દાખવવા બદલ તેઓ આપણ સર્વના ધન્યવાદને પાત્ર બન્યા છે.

## બહેન રાજુલના પૂર્વજન્મસ્મરણની ઘટનાના નિરૂપણની પરિપૂર્તિ

'પ્રબુદ્ધ જીવન'ના આગળના અંકોમાં પૂર્વજન્મસ્મરણની એક ઘટનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે બહેન રાજુલના દાદા શ્રી વૃજલાલ જે. શાહને, માર્ચ માસ દરમિયાન હું રાજકોટ હતો ત્યારે મળવાનું બનેલું અને બહેન રાજુલ તેમની સાથે સોનગઢમાં રહે છે એમ તેમની મારફત જાણવા મળેલું. ત્યાર બાદ એપ્રિલની શરૂઆતમાં ભાવનગર જવાનું બનતાં બહેન રાજુલને પ્રત્યક્ષ જોવાની ઇચ્છા થઈ આવી અને એક મિત્ર સાથે તેમની મોટરમાં હું સોનગઢ ગયો અને વૃજલાલભાઈને મળ્યો. તેમણે અમને ખૂબ ભાવથી આવકાર્યા અને બહેન રાજુલને પ્રત્યક્ષ જોતાં–મળતાં અમને બહુ આનંદ થયો. બહેન રાજુલ આજે આશરે દશ વર્ષની છે. તેનામાં એક નમણી નિર્દોષ બાળાનાં અમને દર્શન થયાં. તેના પૂર્વ જન્મ વિષે અનેક લોકોએ તેને પ્રશ્નો કરેલા હોઈને તે વિષે વિશેષ પ્રશ્નો પૂછવાનું મને ન ગમ્યું. તેના દાદા વ્રજલાલભાઈના કહેવા પ્રમાણે આજે પણ તેનામાં પોતાના પૂર્વજન્મની સ્મૃતિ એટલી જ જાગૃત છે. વૃજલાલભાઈ સાથે આ વિષયની ચર્ચા થતાં તેમણે રાજુલને પૂર્વ જન્મનું સ્મરણ જાગૃત થયું એ સમયની અમને થોડીક છબીઓ દેખાડી. તેમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના કુતૂહલને તૃપ્ત કરવા માટે પસંદ કરાયલી બે છબીઓ નીચે આપવામાં આવે છે.

પહેલી છબી બહેન રાજુલે પોતાના પૂર્વજન્મને લગતાં કરેલાં વિધાનોની પ્રતીતિ કરવા માટે તેને તેના વડીલો જૂનાગઢના તેના પૂર્વભવના કહેવાતા નિવાસસ્થાને લઈ ગયેલા અને તે નિવાસસ્થાનના એક ઓરડામાં રાજુલની પૂર્વજન્મની કહેવાતી માતા સૌ. કાન્તાબહેન રાજુલને અને તેના આ જન્મની ફઈ બહેન સુધાને અન્ય બાળકો સાથે નાસ્તો કરાવે છે, અને મધ્યમાં ઊભડક પગે કાળા પોલકામાં રાજુલ (એ વખતે આશરે ચારેક વર્ષની) બેઠી છે તે પ્રસંગને લગતી છે.

બીજી છબી રાજુલના પૂર્વજન્મને લગતી વાતો છાપાઓમાં પ્રગટ થયેલી તે વાંચીને એ વિષયના ખાસ સંશોધક શ્રી બેનરજી અને તેમનાં પત્ની રાજુલના વડીલો જ્યાં રહેતા હતા ત્યાં એટલે કે વાંકાનેરના નિવાસસ્થાને ગયેલાં અને મિસિસ બેનરજી રાજુલ સાથે વાત કરી રહ્યા છે તે પ્રસંગને લગતી છે.

પરમાનંદ



મીસીસ બેનરજી રાજુલ સાથે વાર્તાલાપ કરે છે

# ☆ ભગવાન મહાવીર ☆

(ઑલ ઈન્ડિયા રેડીયો મુંબઈ સ્ટેશનથી મહાવીર જયન્તીના રોજ પ્રસારિત અને પ્રકાશન માટે અનુજ્ઞાત)

આજે ભગવાન મહાવીરની જન્મજયન્તિનો પવિત્ર દિવસ છે. જૈન ધર્મના એ ચરમ તિર્થંકર, લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે નિર્વાણ પામ્યા. મહાવીર, બુદ્ધના સમકાલીન હતા; બુદ્ધ કરતાં લગભગ ૨૫ વર્ષ પુરોગામી હતા. બન્ને મહાપુરુષોની વિહારભૂમિ એક જ હતી, મુખ્યત્વે મગધ. બન્ને ધર્મો શ્રમણ સંસ્કૃતિના, અવૈદિક. વૈદિક અને બ્રાહ્મણ પરંપરામાં રહેલ જન્મજાત ઉચ્ચ–નીચના ભેદને જૈનધર્મ કે બૌદ્ધધર્મમાં કોઈ સ્થાન નથી. બન્ને ધર્મોમાં શુદ્ર કહેવાતી જાતિઓના સ્ત્રી–પુરુષો અતિ આદરણીય સ્થાન પામ્યા છે. બ્રાહ્મણ પરંપરાનાં યજ્ઞયાગ અને તેમાં રહેલ હિંસાના, બન્ને ધર્મો વિરોધી. બન્ને ધર્મોનું પ્રધાન લક્ષણ ઐહિક સુખોપભોગનો ત્યાગ અને વૈરાગ્ય. બુદ્ધ અને મહાવીર બન્ને ક્ષત્રીય રાજપુરુષો, સુખ–સમૃદ્ધિમાં ઊછરેલ, છતાં સાંસારિક સુખો પ્રત્યે વૈરાગ્ય થયો અને આધ્યાત્મ માર્ગે પ્રયાણ કર્યું. ગરીબાઈ કે દુ:ખથી જ વૈરાગ્ય ભાવના જન્મે છે એમ નથી. બલ્કે ગરીબાઈ અથવા દુ:ખથી ઊપજેલ વૈરાગ્ય કદાચ અસ્થાયી કે ક્ષણિક નીવડે, સમજણપૂર્વક સ્વીકારેલ ત્યાગ સ્થિર અને કાયમી બને છે.

જૈન ધર્મ, ભારતવર્ષનો અતિ પ્રાચીન ધર્મ છે. જૈનોના ચોવીશ તીર્થંકર થઈ ગયા. તેમાં ભગવાન મહાવીર છેલ્લા હતા. તેમની પૂર્વના ૨૨ મા તીર્થંકર નેમનાથ અને ૨૩ માં પાર્શ્વનાથ પણ ઐતિહાસિક પુરુષો હતા તેના ઘણા પુરાવાઓ મળે છે. પ્રથમ તીર્થંકર ભગવાન રિષભદેવનો ઉલ્લેખ પણ વેદોમાં અને પુરાણોમાં મળે છે. વર્તમાન ભારતીય સંસ્કૃતિ જૈનધર્મ, બૌદ્ધધર્મ અને વૈદિક કે બ્રાહ્મણ ધર્મનો ત્રિવેણી સંગમ છે. આ ત્રણે ધર્મોએ પરસ્પરને ગાઢ અસર કરી છે અને પરિણામે એક ભવ્ય ભારતીય સંસ્કૃતિનું ઘડતર અને નિર્માણ થયું છે. આ ત્રણે ધર્મોમાં તાત્વિક પ્રશ્નો પરત્વે મતભેદ હોવા છતાં, આચાર–ધર્મની એકસૂત્રતા મહદ્‌ંશે રહી છે. ધમ્મપદ વાંચીએ, ગીતા વાંચીએ કે આચારાંગ સૂત્ર વાંચીએ, ત્રણે ધર્મોના ઉપદેશની પાયાની એકતા જણાઈ આવશે. એ ખરું છે કે દરેક ધર્મે એક અથવા બીજા ગુણ ઉપર વધારે ભાર મૂક્યો છે. જૈન ધર્મે અહિંસા, તપ અને સંયમ ઉપર, બુદ્ધ ધર્મે કરુણા ઉપર, તો ગીતાએ લોકસંગ્રહાર્થ કર્મયોગ ઉપર ભાર મૂક્યો છે. પણ ત્રણે ધર્મોમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ માનવીના આચારધર્મનાં મૂળભૂત સિદ્ધાંતોનો સ્વીકાર છે.

જીવન એક ગૂઢ રહસ્ય છે. તેનો તાગ પામવા, માનવી સમજણો થયો ત્યારથી ચિન્તન કરતો રહ્યો છે. સંતપુરુષો, પયગમ્બરો કે તત્વજ્ઞો પોતાના જ્ઞાન અને અનુભવનો વારસો આપણને આપી ગયા છે. આ બધા મહાપુરુષો સમક્ષ બુનયાદી પ્રશ્ન એ હતો અને આપણી સમક્ષ પણ છે કે, માનવીનું જીવન અને તેનો વ્યવહાર કેવો હોવો જોઈએ કે જેથી પોતાને પણ સાચું સુખ અને શાન્તિ મળે અને પોતાની આસ-પાસના સર્વ પ્રાણીઓને પણ સુખ અને શાન્તિ મળે. આવા સુખ અને શાન્તિની શોધમાં માનવી ભટકતો રહ્યો છે અને તે ભ્રમણમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. ભગવાન મહાવીરે આ સમસ્યાનો ઉકેલ બતાવ્યો છે. એ તેમનું જીવન દર્શન છે. આ પવિત્ર દિવસે એ જીવન દર્શન ફરી યાદ કરી સમજવા પ્રયત્ન કરીએ.

આ જીવન સમસ્યા આ રીતે મૂકી છે:-

કહં ચરે? કહં ચિટ્ઠે? કહમાસે? કહં સયે?।
કહં ભુજન્તો ભાસન્તો, પાવં કમ્મં ન બન્ધઇ।।

: સાધક : કેવી રીતે ચાલે, કેવી રીતે ઊભો રહે, કેવી રીતે બેસે, કેવી રીતે સુવે, કેવી રીતે ખાય, અને કેવી રીતે બોલે, જેથી તેને પાપકર્મનું બંધન ન થાય.

આ ગાથામાં આપણે જોઈશું કે જીવનના સામાન્ય વ્યવહાર માટે પણ ચાવી માગી છે. આવો જ સવાલ અર્જુને, શ્રીકૃષ્ણને ગીતામાં પૂછ્યો.

સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા, સમાધિસ્થસ્ય કેશવ।
સ્થિતધી: કિમ્ પ્રભાષેત, કિમાસીત વ્રજેત્ કિમ્।।

સ્થિતપ્રજ્ઞ પુરુષ કેમ બોલે, કેમ ચાલે, કેમ બેસે વિગેરે. ભગવાન મહાવીરનો જવાબ નીચેની બે ગાથાઓમાં છે:

જયં ચરે, જયં ચિટ્ઠે જયમાસે, જયં સયે।
જયં ભુંજન્તો, ભાસન્તો, પાવં કમ્મં ન બન્ધઈ।।

'ક્રોયાર્થી મનુષ્ય કે સાધક આ બધો વ્યવહાર જતનાપૂર્વક કરે, એટલે કે કોઈ જીવને હાનિ કે દુ:ખ ન થાય એવી રીતે વર્તે તો તેને પાપકર્મનું બંધન થતું નથી.

આ એક જતના અથવા બીજી રીતે કહીએ તો વિવેક શબ્દમાં જીવનનો સાર ભગવાને મૂકી દીધો. આ વિવેક કેવી રીતે આવે? તો ભગવાને કહ્યું -

સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ, સમ્મં ભૂયાઇ પાસઓ।
પિહિયાસવસ્સ દન્તસ્સ, પાવં કમ્મં ન બન્ધઇ।।

નાના મોટા તમામ જીવોને પોતાના આત્મા સમાન ગણે– મારાતારાનો મુદ્દલ ભેદ અંતરમાં ન હોય, તથા ઇંન્દ્રિયનિગ્રહી અને સંયમી હોય, એવા સાધકને પાપકર્મનું બંધન થતું નથી. વળી ભગવાને કહ્યું:-

પઢમં નાણં તઓ દયા એવં ચિટ્ઠઇ સવ્વસંજએ।
અન્નાણી કિં કાહી કિંવા નાહિઇ છેય – પાવગં।।

પ્રથમ જ્ઞાન અને પછી દયા. અજ્ઞાની પુરુષમાં સાચી દયા કે અહિંસા પ્રકટે નહિ, પાપ-પુણ્યનો ભેદ જાણે નહિ. આ જ્ઞાન એટલે આગળ કહ્યું તેમ, આત્મવત્ સર્વભૂતેષુ. આવું જ્ઞાન હોય તો આપોઆપ, મિત્તી મે સવ્વ, ભૂયેસુ વેરં મજ્જં ન કેણઈ, જીવ માત્ર સાથે મારી મૈત્રી છે, કોઈ સાથે મારે વેર નથી, એ ભાવના અંતરમાં જાગે.

જૈન ધર્મનો આ પાયાનો સિદ્ધાંત છે કે સર્વ જીવ સમાન છે. આ આત્મૌપમ્યની દૃષ્ટિમાં, જીવ એટલે માત્ર માનવી નહિ, પણ કીટ અને પતંગથી માંડીને માનવ - સર્વ જીવનો સમાવેશ થાય છે. જૈન ધર્મ એકજ એવો ધર્મ છે કે જેણે કીટક પતંગ તો શું પણ, વનસ્પતિ, પાણી, અને અગ્નિ જેવી જીવનશૂન્ય ગણાતી ભૌતિક વસ્તુઓમાં પણ જીવનતત્વ નિહાળ્યું. આ દર્શનની ગહનતા વર્તમાન વિજ્ઞાને હવે પુરવાર કરી છે. ત્યારે તો ભગવાનનું આત્મદર્શન જ હતું. જૈન ધર્મની અહિંસાનો પાયો આ સર્વ જીવસમાનતાનો સિદ્ધાંત છે.

અહિંસાનું બીજું પાસું અનુભવની ભૂમિકા છે. સર્વ જીવ જીવવા ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતું નથી. તેથી નિર્ગ્રંથો ઘોર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

આવું આત્મદર્શન કે અનુભૂતિ કેમ થાય, તેમાં અવરોધો શું છે, અને તેને દૂર કેમ કરાય, તેનો સાધનામાર્ગ ભગવાને વિસ્તારથી સમજાવ્યો છે. મનુષ્ય પ્રકૃતિમાં રહેલ કષાયો, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વિગેરે આ જ્ઞાનના અવરોધક છે. સતત જાગૃતિ, સંયમ અને તપ આ અવરોધોને દૂર કરવાના માર્ગ છે. ભગવાને કહ્યું છે.

સલ્લં કામા, વિસં કામા, કામા આસી વિસોવમા।
કામે ય પત્થેમાણા, અકામા જન્તિ દોગ્ગઇં।।

વાસનાઓ તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, ઝેર જેવી છે, ભયંકર સર્પ જેવી છે. જેઓ વાસનાઓને વશ પડી કામ-ભોગોને ઝંખ્યા કરે છે તેઓ કામ-ભોગોને પામતા નથી અને છેવટ દુર્ગતિ પામે છે.

खणमेत्त सोक्खा, बहुकाल दुक्खा।
पगाम दुक्खा, अणिगाम सोक्खा।
संसार मोक्खस्स, विपक्ख भूथा
खाणी अणत्थाण, उ कामभोगा।।

કામ-ભોગે ક્ષણ માત્ર સુખ આપનારાં છે અને લાંબા સમય સુધી દુઃખ આપનારા છે. આ કામ-ભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતા, એટલે કે મોક્ષના ભારે શત્રુઓ છે અને અનર્થોની મોટી ખાણ સમાન છે.

સુખોપભોગની લાલસા પેઠે, માણસમાં બીજી મોટી કામના પરિગ્રહની છે. પરિગ્રહની વાસના માણસ ધનથી સત્તાથી અથવા કીર્તિથી સંતોષવા પ્રયત્ન કરે છે. પોતાની જાતનો વિસ્તાર કરવો, પોતાને મોટા માનવું, અને મોટા દેખાવું એ માનવસ્વભાવનું લક્ષણ છે. કોઈ ધનદોલતથી મોટાઈ માને, કોઈ સત્તાથી, કોઈ કીર્તિથી, આવા પ્રકારની મોટાઈ પારકાના ભોગે જ મળે છે. બીજાને નાના કરીને, બીજાનું લઈને, બીજાના ઉપર સત્તા ભોગવીને. આવા પરિગ્રહ-મોહમાંથી છૂટવા માટે ભગવાને કહ્યું છે :-

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं।
न य पुप्फं किलामेइ ,सोय पीणेइ अप्पयं।।

ભમરો ફૂલમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે પણ ફૂલને કોઈ હાનિ કરતો નથી, શ્રેયાર્થી મનુષ્યનો જીવનવ્યવહાર આવો હોય છે. આસક્તિરહિત, પ્રમાદરહિત, સંયમી, મૈત્રી, કરુણા, મુદિતા એવી ભાવનાઓથી ઓતપ્રોત.

ભગવાન મહાવીરના જીવન દર્શનમાં અહિંસા, સંયમ તપ અને અપરિગ્રહની જેમ અનેકાન્ત દૃષ્ટિ પણ પ્રધાન છે. મતાગ્રહ કે પૂર્વગ્રહોનો અભાવ, સત્યજિજ્ઞાસા, સહિષ્ણુતા, બીજાના મતને સમજવાનો પ્રયત્ન-આ બૌદ્ધિક અહિંસા મહાવીરની વિશેષતા છે.

મહાવીરના આ જીવનદર્શનની વર્તમાન યુગમાં શું ઉપયુક્તતા છે? આ જીવનદર્શનની ત્રિકાળ ઉપયુક્તતા છે. એ સનાતન સત્ય છે. આત્માનુભવની વાણી છે.

एस धम्मे धुवे निच्चे, सासए जिणदेसिए।

જીન-શાસિત આ ધર્મ, ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. વર્તમાન જીવનની વિષમતાઓ, અશાન્તિ, સંઘર્ષો, આ ધર્મની અવગણનાનું પરિણામ છે. આ ધર્મ સમાનતાનો છે. તેમાં સાચી લોકશાહી છે. તેમાં ઉચ્ચ-નીચના ભેદ નથી, કાળા-ગોરાના ભેદ નથી, ગરીબ-તવંગરના ભેદ નથી. આ ધર્મમાં સાચો સમાજવાદ છે. મુડીવાદ, સામ્યવાદ કે વર્તમાન સમાજવાદ એ બધા વાદોમાં અપરિગ્રહની ભાવના નથી. એ ત્રણે વાદોની જીવન દૃષ્ટિ પરિગ્રહની છે, જીવનના ઉચ્ચ ધોરણને નામે અસંયમની છે. મુડીવાદ, બીજાના ભોગે, થોડાઓ માટે પરિગ્રહ કરે છે, સામ્યવાદ કે સમાજવાદ પરિગ્રહની સમવહેંચણી માગે છે. પણ બધાની દૃષ્ટિ તો પરિગ્રહની છે. જીવનની જરૂરિયાતો ઓછી કરવી, જીવનમાં સંયમ અને અપરિગ્રહ કેળવવો એ ધર્મની દૃષ્ટિ છે. તેમાં સમાજનું સાચું કલ્યાણ છે. બધા ધર્મપુરુષો, તે મહાવીર હોય, બુદ્ધ હોય, ક્રાઈસ્ટ હોય કે મહમ્મદ હોય; સૌનો આ ઉપદેશ છે, સૌનો આ અનુભવ છે. માનવીના દુઃખો કોઈ ઈશ્વરે મોકલેલ નથી. માણસે પોતે, પોતાની પ્રકૃતિથી, પોતાના સ્વાર્થથી, પોતાની કામનાઓથી, ઉત્પન્ન કરેલાં છે. મહાવીરે કહ્યું છે :-

अप्पा कत्ता विकत्ता वा, दुकखाण य सुहाणय।
अप्पा मित्तममित्तंच, दुप्पट्ठिय, सुपट्ठिओ।।

આત્મા પોતે પોતાના દુઃખોનો અને સુખોનો પેદા કરનારો છે અને નાશ કરનારો છે. સન્માર્ગગામી આત્મા મિત્ર છે, દુર્માર્ગગામી આત્મા શત્રુ છે. મહાવીરનો આ સંદેશ છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# ☆ ચૂંટણી પછી- ☆

લોકસભાની ચૂંટણીને એક મહિનો થયો. પરિણામોનાં આશ્ચર્ય અને આઘાતની હવે કળ વળતી જાય છે. સ્થિર ચિત્તે વિચાર શરૂ થયો છે. જેમનો વિરોધ હતો તેવા પણ હવે પુનઃ વિચાર કરતાં થયા છે. જે બન્યું છે તે કોઈ મહાન અનિષ્ટ નહિ પણ કદાચ ઈષ્ટ પરિણામો નિવડે એમ માનતા થયા છે. દુર્ગાદાસ અને નયનતારા સહગલ (વિજયાલક્ષ્મી પંડિતનાં પુત્રી) જેવા વિરોધી રાજકીય નિરીક્ષકોનું વલણ બદલાયું છે. વેપારીવર્ગ અને ગુજરાતીઓ હવે કહેતાં થયા છે કે સારું થયું, સ્થિર સરકાર મળશે, સામ્યવાદીઓ અને કોમવાદીઓ પર ઈન્દિરા ગાંધીને આધાર રાખવો નહિ પડે, પાટલી-બદલુઓની જમાત જશે. વિજયથી જેઓ ઉન્માદમાં હતાં તેમને હવે ભાન થતું જાય છે કે શાસક કૉંગ્રેસને માથે ભારે મોટી જવાબદારી આવી પડી છે અને આપેલ વચનોનું પાલન નહિ થાય તો તેઓ પણ ઊખડી જશે. નવા પ્રધાનમંડળની રચનામાં ઈન્દિરા ગાંધીએ થોડો ફેરફાર કર્યો છે, પણ she has to clear much dead wood. મે મહિનામાં વિશેષ ફેરફારોની આગાહી છે. અપ્રતિમ નેતૃત્વ પ્રાપ્ત કર્યું છે. પણ ભય કે ખટપટથી જ આગેવાની સફળ થતી નથી. પ્રેમ અને આદરથી થાય છે. अघृष्यश्चाभिगम्यश्च : પાર્લમેન્ટની ટૂંકી બેઠક દરમ્યાન, રાષ્ટ્રપતિના પ્રવચનમાં અને શાસક કૉંગ્રેસની મહાસમિતિની બેઠકમાં, પોતાના કાર્યક્રમના સત્વર અમલનો દૃઢ નિર્ધાર ફરી જાહેર કર્યો છે. શું કરશે તેની પ્રજા આતુરતાથી રાહ જોઈ રહી છે. બજેટ સમયે કાંઈક નિર્દેશ મળશે. આયોજન પંચના બધા સભ્યોનું રાજીનામું માગી, આર્થિક નીતિની પુનઃવિચારણાનું દિશાસૂચન કર્યું છે. માત્ર આયોજન પંચ નહિ પણ આખું સરકારી માળખું પુનઃ રચના માગે છે. શાસક કૉંગ્રેસના કાર્યક્રમમાં શ્રદ્ધા હોય અને નિષ્ઠાપૂર્વક તેનો અમલ કરે તેવા યુવાન અમલદારો બધી કક્ષાએ મૂકવાની જરૂર છે. અત્યારે જેને પંપાળવામાં આવે છે તેવા કેટલાક વર્ગોને અણગમતા, પણ પ્રજાહિતમાં જરૂરી હોય તેવાં નિર્ણયો લેવા પડશે. એક તરફથી ભાવ-વધારો અને ફુગાવો અટકાવવો પડશે તો બીજી તરફ વેતન અને પગાર વધારાની અમર્યાદ માગણી રોકવી પડશે. રાજ્યના કર્મચારીઓએ મધ્યસ્થ અને રાજ્ય સરકારોની અસહાય દશાનો લાભ લઈ, કરોડો રૂપિયાના ખર્ચનો વધારો કર્યો છે. બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયું પણ બેન્ક કર્મચારીઓની અશિસ્ત વધી છે અને પ્રમાણમાં તેમના પગારો સારા હોવા છતાં, માંગણીઓ વધતી રહી છે અને હડતાળો પાડી છે. બીજા જે વર્ગોની આવક વધી છે અને જેમને બોજ સહન કરવો પડતો નથી તેમના ઉપર બોજ નાખવો પડશે. હરિયાળી ક્રાન્તિના કારણે ખેડૂતોનો એક વર્ગ ઘણો સુખી થયો છે અને મોટી આવક કરે છે જે હવે કરમુકત રહી શકે નહિ. ભૂમિવિતરણના કાયદાઓ બધા રાજ્યોએ કર્યા, પણ તેનો અમલ બહુ ઓછો થયો છે, રાજ્યોની શિથિલતાને કારણે અને રાજકીય હેતુથી. ટુંકામાં, પ્રજાના બધા વર્ગોએ ભોગ આપવો પડશે અને ભાવનાપૂર્વક (with idealism & spirit of sacrifice) નવું વાતાવરણ સર્જવું પડશે. તો જ પ્રજાની અભિલાષાઓ સંતોષાશે.

### કૉંગ્રેસ સંસ્થા

આવા વાતાવરણનું સર્જન કરવા, માત્ર રાજ્યકક્ષાએ નહિ પણ પ્રજાકીય અને સંસ્થાકીય કક્ષાએ વધારે કામ કરવાની જરૂર પડશે. શાસક કૉંગ્રેસે સંસ્થાકીય સંગઠન મોટા પાયા ઉપર કરવાનું રહે છે. કૉંગ્રેસ છિન્નભિન્ન થઈ ગઈ. ફરી તે પ્રાણવાન અને સેવાભાવી બને ત્યારે જ રાજકક્ષાએ કાંઈક સફળતા મળે. કૉંગ્રેસના કાર્યકર્તાઓમાં, વર્તમાને સત્તાલોલુપતા બહુ વધી ગઈ છે. મોટા ભાગના

કાર્યકર્તાઓ કાંઈક લાભદાયી સ્થાન પ્રાપ્ત કરવા તત્પર રહ્યાં છે. પ્રજા સાથેનો જીવંત સંપર્ક અને તેની સેવા માટે a devoted & dedicated band of workers તૈયાર કરવો પડશે. અત્યારે તો શાસક કૉંગ્રેસ જૂની સંસ્થાકૉંગ્રેસનું બીજું સ્વરૂપ છે. એ જ માણસો છે, મોટા ભાગના થાકી ગયેલા, ઉત્સાહ ગુમાવી બેઠેલા, સલામતી શોધતા અને કરેલ સેવાઓના બદલાની ઇચ્છા રાખતા. નવું લોહી લાવવાની વાતો ઘણી થાય છે પણ જામી પડેલા ખસવા તૈયાર નથી. આ ચૂંટણીનાં પરિણામોએ રહીસહી સંસ્થા કૉંગ્રેસના કાર્યકર્તાઓમાં પુનઃ વિચારણાનું આંદોલન જગાવ્યું. ઘણાં શાસક કૉંગ્રેસમાં જોડાઈ ગયા. કેટલાક એકતાની વાતો કરતા થયા, આગળ વધ્યા, અટકયા, પાછા ફર્યા. સંસ્થા કૉંગ્રેસના બુઝર્ગ આગેવાનો વિમાસણમાં છે. પણ તેમને માટે હવે જે એક માત્ર માર્ગ રહ્યો છે તે સ્વીકારવા તેઓ તૈયાર નથી. પાટીલ જેવા નિખાલસતાથી કહી દે છે કે બધાએ નિવૃત્તિ લેવી જોઈએ, પણ મમતા છૂટે નહિ. બંગાળની સંસ્થાકૉંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો એમ કહે છે કે શાસક કૉંગ્રેસને હવે સુકાન સોંપી દેવું જોઈએ, પણ વરિષ્ટ આગેવાનો આડા પડે. આ આગેવાનોમાં ઢીલાપોચા હોય તેવાઓને hard liners ધમકાવી નાખે. શાસક કૉંગ્રેસમાં ભળી જવું તેમને માટે શક્ય નથી. બિચારા કાર્યકર્તાઓને તેમને માર્ગે જવા દેવાનું આગેવાનોને ગમતું નથી. ગુજરાતમાં એકતાની વાતો થઈ તો મોરારજીભાઈ ત્રાટકયા અને નબળા સબળા સૌને બાંધી રાખ્યા. ક્યાં સુધી બાંધી રાખશે? યુગબળને ઓળખી પોતાનું સ્થાન સમજી લેવું તે વિરલ વ્યક્તિઓ કરી શકે છે. મસાણી જેવા કોઈકજ પક્ષનું નેતૃત્વ સ્વેચ્છાએ છોડી દે.

### રાજ્ય કક્ષાએ–ઉત્તર પ્રદેશ અને બિહારમાં

લોકસભાની ચૂંટણીની અસર બધા રાજ્યો ઉપર પડશે તેમ તો હતું, પણ કેટલાક રાજ્યોમાં તાત્કાલિક અસર થઈ. ઉત્તર પ્રદેશમાં ટી. એન. સિંહ નફટાઈથી ચીટકી બેઠા હતા. બિચારા જવા માગતા હતા પણ તેમના સાથીદારો પોતાના સ્વાર્થે જવા દેતા નહોતા. છેવટે તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થઈ ત્યારે ગયા. શાસક કૉંગ્રેસના કમલાપતિ ત્રિપાઠીએ અત્યારે સરકાર રચી છે.

ત્રિપાઠીની લાંબા વખતની એક મહાત્વાકાંક્ષા પૂરી થઈ. પણ પાટલીબદલુઓના ટેકાથી રચાયેલ આ સરકાર છે. કોણ જાણે ક્યાં સુધી ટકશે? લોકસભા પેઠે બધા રાજ્યોમાં ફરી ચૂંટણી નહિ થાય ત્યાં સુધી અનિશ્ચિતતા ચાલુ રહેશે. બિહારમાં સંયુક્ત દળનો શંભુમેળો પ્રધાનમંડળને વિસ્તૃત કરી, હજી તો ઊભો છે. શાસક કૉંગ્રેસમાં ફાટફૂટ ન હોત તો ત્યાં પણ આ સરકાર ટકી ન શકત.

### પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા

પશ્ચિમબંગાળમાં છેવટ બિનમાર્કસ્વાદી, સંયુક્ત મોરચાની સરકાર અજોય મુકરજીની આગેવાની નીચે રચાઈ છે. આ મોરચાના ૧૪૦ સભ્યોમાં ૧૦૫ સભ્યો શાસક કૉંગ્રેસના છે. મુસ્લિમ લીગનો પણ સાથ લેવો પડયો છે. શાસક કૉંગ્રેસે સારા પ્રમાણમાં માર્કસ્વાદીઓ અને અન્ય પક્ષોને શિકસ્ત આપી છે. પણ સ્પષ્ટ બહુમતિ ન મળી તેથી મોરચો રચવો પડયો. છતાં માર્કસ્વાદીઓને હાલ તુરત હઠાવ્યા તે લાભ છે. પૂર્વબંગાળના આંતરવિગ્રહે પશ્ચિમબંગાળની વિષમ સ્થિતિ વધારે વિષમ બનાવી છે. ઓરિસ્સામાં મધ્યસત્ર ચૂંટણી થઈ પણ કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતિ ન મળી. બીજુ પટનાયક પાંચ બેઠકો લડયા પણ બધે હારી ગયા. પણ તેમની જનતાકૉંગ્રેસના ઠીક સભ્યો ચૂંટાયા. હરેકૃષ્ણ મહેતાબ ચૂંટાયા અને તેમના કેટલાક સાથીદારો શાસક કૉંગ્રેસમાં જોડાવા તૈયાર થયા, પણ બહુમતિ ન કરી શકયા. સ્વતંત્રપક્ષ, જનતાકૉંગ્રેસ વિગેરેનો સંયુક્ત મોરચો કરી ૮૦ વર્ષના વિશ્વનાથ દાસને નેતૃત્વમાંથી ખેંચી લાવી નેતા બનાવ્યા અને મંત્રીમંડળ રચ્યું. આ પરિસ્થિતિ લાંબો વખત ટકશે નહિ

### માયસોર અને ગુજરાતમાં–

માયસોરમાં લોકસભાની બધી બેઠકો શાસક કૉંગ્રેસે લીધા પછી, સંસ્થા કૉંગ્રેસના ઘણાં ધારાસભ્યો શાસક કૉંગ્રેસમાં જોડાય તેમાં આશ્ચર્ય નથી. વીરેન્દ્ર પાટિલે રાજીનામું આપી યોગ્ય પગલું લીધું. શાસક કૉંગ્રેસમાં સરકાર રચવા સંબંધે તીવ્ર મતભેદ છે. પક્ષાન્તર ઉપર આધાર રાખી, સરકાર રચવી સલામત નથી. યોગ્ય પણ નથી. તેના કરતાં, મધ્યસત્ર ચૂંટણી કરી, પ્રજાનો આદેશ મેળવવો બંધારણીય અને માનભર્યો માર્ગ છે. સત્તા પર આવવા આતુર સભ્યોનો ઉત્સાહ શાસક કૉંગ્રેસના આગેવાનો રોકશે અને થોડો સમય રાષ્ટ્રપતિનું શાસન રાખી, મધ્યસત્ર ચૂંટણી કરશે એમ આશા રાખીયે. સત્તા મળે તો જ ટેકો આપવા તૈયાર હોય તેવાઓ જાય તો કાંઈ નુકસાન નહિ થાય. એ જ સાચો માર્ગ છે

ગુજરાતમાં જે બન્યું છે, તેણે બધી માઝા મૂકી. બીજા રાજ્યોમાં એવું બની રહ્યું છે, પણ ગુજરાત કાંઈક સિદ્ધાંતવાદી કે નિષ્ઠાવાન હોવાનો દાવો કરતું. ત્યાંની પ્રદેશ સમિતિના પ્રમુખ અને મુખ્ય મંત્રી ગુજરાતની સંસ્થાકૉંગ્રેસના નિષ્ઠાપૂર્વકના વર્તન માટે અભિમાન લેતા. ચારપક્ષી મોરચામાં નહિ જોડાઈએ અને કૉંગ્રેસ લોકસભાની બેઠકો લડશે એવી જાહેરાત કર્યા પછી, મોરારજીભાઈના આગ્રહથી જે નમતું મૂક્યું તેનું પરિણામ ભોગવ્યું. હિતેન્દ્રભાઈએ ઘણી કટોકટીઓ પસાર કરી છે, પણ આ વખતે જે બન્યું તેમાં તો ચરણસિંહ પણ તેમની પાસેથી બોધપાઠ શીખે એમ કહેવું જોઈએ. પણ માત્ર હિતેન્દ્રભાઈ કે વજુભાઈ શાહના વર્તનનું આશ્ચર્ય નથી. શાસક કૉંગ્રેસ અને સંસ્થા કૉંગ્રેસના કોઈ બાકી ન રહ્યા એમ કહેવું જોઈએ. સંસ્થાકૉંગ્રેસમાં કેટલાક નિષ્ઠાવાન કહેવાતા એવાઓ પણ નબળા નીકળ્યા. ગુજરાતમાં જે બન્યું તેનો કદીબદ્ધ ઇતિહાસ કદાચ હજી પૂરો બહાર આવવો બાકી છે. પણ જેટલું બહાર આવ્યું છે તેમાં કોઈની પ્રતિષ્ઠા રહી નથી. શાસક કૉંગ્રેસના આગેવાનો ઝટ સત્તા પર આવવા દિલ્હી દોડયા. અંદર અંદર સ્પર્ધા થઈ, ફાટફૂટ થઈ. દુર્ભાગ્યે, શાસક કૉંગ્રેસના વરિષ્ઠ મંડળને સરકાર રચવા પરવાનગી આપવા સમજાવી શકયા પણ હોઠે આવેલું ઢોળાઈ ગયું. સારું જ થયું છે. ગુજરાતના ધારાસભ્યોએ જેટલી નિષ્ઠાહીનતા બતાવી તેટલી કદાચ કોઈ રાજ્યમાં નહિ બની હોય. લીલાધર પટેલ જેવા દિવસમાં ત્રણ વાર ફરે. ધાકધમકી, લાલચ, દોડધામ, બેસુમાર બન્ને પક્ષે કરી બતાવ્યું. હિતેન્દ્રભાઈએ રાજીનામું આપ્યા પછી, કહેવાય છે કે સુરત, સંસ્થા કૉંગ્રેસના કેટલાક આગેવાનો દિલ્હીના સંપર્કમાં હતા અને તેમણે શાસક કૉંગ્રેસમાં દાણો ચાંપી જોવા પ્રયત્ન કર્યો. પ્રદેશ સમિતિની બેઠકમાં હિતેન્દ્રભાઈ મૌન રહ્યા. એકતાની વાતો કરવાવાળા પ્રધાનો ફરી હિતેન્દ્રભાઈના પ્રધાનમંડળમાં જોડાયા અને પછી કહેવાય છે કે એકતાની વાત ચાલુ રાખવાની છૂટ મળી છે. આ એકતા એટલે શું? આમ તો શાસક કૉંગ્રેસમાં જોડાય એટલે એકતા થાય. પણ તેમ કરતાં પહેલા, શરતો કરવી હતી કે પોતાનું સ્થાન તેમાં શું રહેશે. સ્વાભાવિક રીતે જ શાસક કૉંગ્રેસના આગેવાનોમાં આવી વાતનો ઉત્સાહ ન હોય. શાસક કૉંગ્રેસનાં આગેવાન શ્રી કાન્તિલાલ ઘીયાને ગવર્નરે આમંત્રણ આપ્યું ત્યારે તુરત જ તેમણે કહેવું જોઈતું હતું કે શાસક કૉંગ્રેસ સરકાર રચવા ઇચ્છતી નથી અને રાષ્ટ્રપતિનું શાસન આવકારવું જોઈતું હતું. તો આ બધી શરમજનક ઘટનામાંથી ગુજરાત બચી જાત. એમ કહેવાય છે કે મોરારજીભાઈએ શ્રી એચ. એમ. પટેલ સાથે મળીને, સ્વતંત્ર પક્ષનો ટેકો મેળવ્યો અને લીલાધર પટેલે હિતેન્દ્રભાઈને ટેકો આપ્યો. રાષ્ટ્રપતિનું શાસન અને ત્યાર પછી મધ્યસત્ર

ચૂંટણી કરી, પ્રજાનો આદેશ મેળવવો એક જ માનભર્યો માર્ગ હતો આવા પાટલીબદલુ ધારાસભ્યોના આધાર પર સરકાર રચવી એ રેતીનો મહેલ ચણવા જેવું છે. ચૂંટણી વખતે પ્રજા આ બધાની કીંમત કરી લેશે. ગમે તેમ કરી બહુમતી બતાવી ઓટલે ગવર્નરે તો બંધારણ મુજબ, સરકાર રચવા દેવી જોઈએ. પણ આવા સંજોગોમાં પ્રજાએ આંદોલન કરી, આ બધાને રાજીનામું આપવાની ફરજ પાડવી જોઈએ. પ્રજાના પ્રતિનિધિ તરીકે રહેવાનો અધિકાર એ બધા ગુમાવી બેઠા છે. રાજકીય પક્ષોએ લાયક ઉમેદવારોની પસંદગી કરવાની કેટલી જરૂરિયાત છે તે આવી ઘટનાઓ ઉપરથી સમજાય છે. ગુજરાતમાં જે બનવું તેથી અત્યંત ખેદ અને દુ:ખ થાય તેવું છે.

### પૂર્વ બંગાળ

પૂર્વ બંગાળમાં જે બની રહ્યું છે તેની ઊંડી અને વ્યાપક અસર ભારત ઉપર પડશે. આપણી પૂર્ણ સહાનુભૂતિ પૂર્વ બંગાળ સાથે છે. તેને બનતી સહાય કરવી એ આપણી ફરજ છે. પણ હીજરત દરમ્યાનગીરી આ સમયે યોગ્ય અથવા હિતાવહ નથી. પૂર્વ બંગાળને એક સ્વતંત્ર રાજ્ય તરીકે સ્વીકારવાનું પગલું પણ હજી ઉતાવળું ગણાશે. ત્યાં માનવસંહાર થઈ રહ્યો છે તે અસહાયપણે જોઈ રહેવું પડે છે. તેનો તાત્કાલિક અંત આવે અને પૂર્વ બંગાળની પ્રજા યાતનાઓમાંથી છૂટી સ્વતંત્ર થાય તેવી અંત:કરણની ભાવના છે. તે માટે વિશ્વજનમત જાગ્રત કરવો જોઈએ પૂર્વ બંગાળના ભિષણ સંગ્રામનાં પરિણામ અત્યારે નિશ્ચિત ન કહેવાય. સંભવ છે કે થોડા સમય માટે લશ્કરનું દમન, પૂર્વ બંગાળની સ્વતંત્રતાને રોકે, પણ હવે કોઈ કાળે તે લાંબા વખત રોકી શકે નહિ. પૂર્વ બંગાળની ઘટના બતાવે છે કે માત્ર ધર્મના નામે ઊભી કરેલ રચના ભાષા, સંસ્કૃતિ, ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક હિતો—આ બધાં બળોને પરાજય કરી શકતી નથી. પૂર્વ બંગાળની સ્વતંત્રતાથી એક અકુદરતી પરિસ્થિતિનો અંત આવશે અને સૌને લાભ થશે. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

## બંગલા દેશ

છેલ્લા ૧૨-૧૫ દિવસથી રોજ સવારે છાપું ખોલીએ છીએ અને પાકિસ્તાની લશ્કરે પૂર્વ બંગાળમાં વર્તાવેલા કાળા કેરના બિન-સત્તાવાર કે અર્ધ સત્તાવાર સમાચારો વાંચીને આપણું કાળજું કંપી ઊઠે છે. પૂર્વ બંગાળની ગરીબ અને નિ:શસ્ત્ર પ્રજા પર પાકિસ્તાનનું લશ્કર જે દિવસે તૂટી પડયું ત્યાર પછીના બે ત્રણ દિવસ તો એમજ લાગ્યું હતું કે ચાર છ દિવસમાં તો બંગલા દેશ પાકિસ્તાનથી આઝાદ થઈ જશે. પણ કમનસીબે એમ બનવા પામ્યું નથી. લાખોની સંખ્યામાં નિ:સહાય પ્રજાની ભયંકર કત્લેઆમ કરવામાં આવી છે. એથી પણ ઘણી વધારે સંખ્યામાં લોકો અપંગ, દુ:ખી અને બેઘર થઈ ગયાં છે.

પ્રજાની આ ભયંકર યાતનાનો અંત ક્યાંય જણાતો નથી. પંદરેક દિવસ પછી પૂર્વના એ પ્રદેશોમાં ભારે વરસાદ શરૂ થશે ત્યાં સુધીમાં મુક્તિ ફોજના સૈનિકો જો પોતાનો જુસ્સો ટકાવી રાખે તો પાકિસ્તાનના લશ્કરને ભારે પડી જાય એમ છે. એમ નહીં થાય તો કદાચ આ બળવો હાલ પૂરતો દબાઈ જશે.

એક વાત ચોક્કસ છે કે પશ્ચિમ પાકિસ્તાન હવે પૂર્વ બંગાળનું શોષણ કરી શકે એમ નથીજ; અને આજે કે કાલે બંગલા દેશનો પાકિસ્તાનથી છૂટા પડેજ છૂટકો થવાનો છે. આવી પરિસ્થિતિ પેદા થાય એમ ભારતે કદી ઈચ્છયું ન હતું, ધાર્યું પણ ન હતું. પરંતુ હવે જ્યારે એક યા બીજા કારણે પાકિસ્તાનના ભાગલા થવાના છે ત્યારે, આપણી દૃષ્ટિએ જોઈએ તો આપણને તો તેમાં લાભ છે. કારણ કે સાડા સાત કરોડની (લગભગ ૬૦ ટકા જેટલી) વસતિ છૂટી પડી જવાથી તેમજ ખેતીની પેદાશ અને અન્ય કેટલીક ઔદ્યોગીક જરૂરિયાતો માટે જેના પર પશ્ચિમ પાકિસ્તાનનો આર્થિક વિકાસ અવલંબી રહ્યો હતો તેવો બંગલા દેશ અલગ થઈ જવાથી બાકી રહેલા પાકિસ્તાનની આર્થિક, રાજકીય હાલત પર ઘણી મોટી અસર પડશે. અને બલુચિસ્તાન કે પખ્તુનીસ્તાન જેવા બીજા કેટલાક પ્રશ્નો ઊભા ન થાય તો પણ હવે પછી ભારત સાથે વિના કારણની છેડાતોડી કરવાનું પાકિસ્તાનને પરવડશે નહીં એ હકીકત છે. તદુપરાંત બંગલા દેશ સાથેના ભારતના સંબંધોને કારણે ભારતની અંદર પણ હિંદુ-મુસ્લીમ પ્રજાના સંબંધો કંઈક અંશે સુધરે.

અત્યારના તબક્કે બંગલા દેશને ભારતે માન્ય રાખવાનું જાહેર કરવા વિશે દેશના આગ્રગણ્ય નેતાઓ આગ્રહ કરવા લાગ્યા છે. શ્રી જય-પ્રકાશ નારાયણ, શ્રી અજય મુખરજી, શ્રી ઢેબરભાઈ, શ્રી સી. કે. દફતરી, શ્રી કૃષ્ણમેનન વગેરે અનેક વ્યક્તિઓ માને છે કે ભારતે બંગલા દેશનો સ્વીકાર કરી ત્યાંની પ્રજાને તમામ જાતની કુમક આપવી જોઈએ, જ્યારે શ્રી રાજાજી, શ્રી મોતીલાલ સેતલવાડ જેવી વ્યક્તિઓએ- સંપૂર્ણ સહાનુભૂતિ હોવા છતાં- સમજી વિચારીને ઉતાવળ નહીં કરવા સૂચવ્યું છે. સામાન્ય રીતે બે પક્ષો વચ્ચેના આવા મામલામાં જ્યાં સુધી એક પક્ષ સંપૂર્ણ રીતે હઠી ન જાય અને બીજો પક્ષ પોતાને સંપૂર્ણ સ્વાયત્ત જાહેર કરી બીજા દેશો પાસે સ્વીકૃતિ ન માંગે ત્યાં સુધી બીજા દેશો આ વિશે એકદમ ધસી જતાં નથી. એક રીતે જોઈએ તો પાકિસ્તાનનો આ આંતરિક પ્રશ્ન ગણાય. પરંતુ જે પ્રમાણમાં અને જે ક્રુર રીતે આ હત્યાકાંડ યાહ્યાખાને આચર્યો છે એ રીતે જોતાં આ પ્રશ્ન માનવતાનો પ્રશ્ન બની જાય છે અને પાકિસ્તાનનો આંતરિક પ્રશ્ન રહેતો નથી. જગતમાં કોઈપણ સ્થળે આવો પ્રચંડ-જાણીબૂઝીને કરાતો-હિંસાકાંડ ખેલાય ત્યારે આખું યે વિશ્વ એ વિશે સ્વાભાવિક રીતેજ ખળભળી ઊઠે છે. બધા દેશોમાં એના વિપરિત પ્રત્યાઘાતો પડે જ છે અને પડવા જોઈએ અને બંગલા દેશ તો આપણી સરહદને અડેલો પ્રદેશ છે એટલે આપણેજ સૌથી વધારે આ વિષયમાં સંકળાયેલા છીએ. એટલે ભારત સરકારે હવે વિના વિલંબે બંગલા દેશને માન્યતા આપવી જોઈએ, પાકિસ્તાન અને ચીન સાથેની સરહદો પર ધર્ષણો ઊભા થવાની શકયતા હોવા છતાં.

કમનસીબે રશિયા અને અમેરિકા જેવા દેશો આ પ્રકરણમાં ઘણા મોડા પડયાં છે. તેઓ સળવળે તે પહેલાં લાખોની કતલ થઈ ચૂકી છે. હજી પણ તેઓ તથા બ્રિટન વધારે અસરકારક રીતે યાહ્યા-ખાન ઉપર દબાણ લાવે તો કંઈક સારું થાય અને બંગલા દેશના પુનરુત્થાનનું તથા રાહતનું કામ મોટા પાયા પર વિશ્વ રેડક્રોસ દ્વારા હાથમાં લઈ શકાય.

દરમ્યાનમાં ભારતની પ્રજાએ અને સરકારે પૂર્વ બંગાળની ભારતીય બાજુની સરહદના ગામોમાં વિપુલ પ્રમાણમાં ગુરવકો તૈયાર રાખવો જોઈએ, કારણ કે મોટા પ્રમાણમાં નિરાશ્રીતો સરહદ પાર કરીને આ દેશમાં આવતાં જશે. બને તેટલી રાહત આપણે કામચલાઉ રાહત કેન્દ્રો ઊભા કરીને એ લોકોને આપવી જોઈએ. પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારે પણ આ દિશામાં ત્વરિત પગલા લેવાં ઘટે.

શ્રીમતી ગાંધીએ આ વિષયમાં લીધેલું વલણ એકંદરે સંતોષ-કારક છે. કારણ કે આપણને બંને પક્ષો વચ્ચે ઝઘડો વધારવામાં રસ નથીજ. સૌ પ્રથમ તો આ કાંડ કોઈપણ રીતે અટકે અને પછી વાટા-ઘાટો દ્વારા નિરાકરણ આવે એ જોવાની આપણી ઈચ્છા છે. પરંતુ પ્રમુખ યાહ્યાખાને શેખ મુજીબુર સાથે ઢાકામાં મંત્રણાઓ શરૂ કરી ત્યારથી પરિસ્થિતિએ જે વળાંકો લીધાં છે તે જોતાં હવે કંઈ નક્કર પગલું લેવાનો સમય પાકી ગયો છે. જગતના કોઈપણ ખૂણે આટલા મોટા વ્યાપક પ્રમાણમાં નિર્દોષ પ્રજાની કત્લેઆમ થઈ હોય એવું જાણવામાં આવ્યું નથી. હીટલરની ગેસ ચેમ્બરોનો ઈતિહાસ પણ આની આગળ ઝાંખો પડી જાય છે.

શેખ મુજીબુર રહેમાનનો પત્તો નથી. તેઓ જીવે છે, જેલમાં છે કે તેમનું ખૂન કરવામાં આવ્યું છે એ વિશે પણ અનિશ્ચિતતા પ્રવર્તે છે.

હજી તો ગયા ડિસેમ્બરમાંજ ઢાકા ઉપર વાવાઝોડા અને જળ-પ્રલયની પ્રચંડ આફત આવી હતી, જેની હજી તો માંડ પૂર્વ બંગાળને કળ વળી નથી ત્યાં તો સમગ્ર દેશ પર સામૂહિક કતલને મૃત્યુનો કારમો પંજો ફરી વળ્યો અને તે પણ પોતાનાજ સમાનધર્મી દેશવાસીઓના હાથે. બંગલા દેશની સમગ્ર પ્રજાએ જે વીરતા પરિસ્થિતિનો સામનો કર્યો છે તે માટે આપણા સૌના અભિનંદનની તે પ્રજા અધિકારી બને છે.

**સુબોધભાઈ એમ. શાહ**

# થોડું કે તત્ત્વચિન્તન

(આ મથાળા નીચે પ્રબુદ્ધ જીવનનાં આગળના અંકોમાં શ્રી મોતીલાલ સેતલવડ અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વચ્ચેનો પત્રવ્યવહાર અને અન્ય ચિન્તકોનાં ચર્ચાપત્રો પ્રગટ થઈ ચુક્યા છે. તે જ વિષયને ધ્યાનમાં લઈને તત્વજ્ઞાન જેમના ખાસ અભ્યાસનો વિષય છે અને મુંબઈ યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય કરે છે એવા શ્રી ઉષાબહેન મહેતાએ લખી મોકલેલું એક વિશેષ ચર્ચાપત્ર નીચે રજુ કરતાં આનંદ થાય છે. **પરમાનંદ**)

ધર્મ એટલે પરમ તત્વની અમર સાધના. પ્રચલિત અર્થમાં ધાર્મિક વિધિઓ Rituals ને પણ ધર્મનું અંગ લેખવમાં આવે છે, પણ વિધિઓ વિષેની માન્યતા અથવા એમાં શ્રદ્ધા એ ધર્મ કે ધાર્મિક જીવનનાં આવશ્યક અંગો નથી. ઘણી વખત એમ પણ માનવામાં આવે છે કે ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા ન હોવા છતાં મનુષ્ય ધાર્મિક હોઈ શકે છે. આ માન્યતા પ્રમાણે ધર્મ એ નૈતિક જીવનનું બીજું નામ છે. આમ છતાં સાધારણ રીતે ઈશ્વર કે વિશ્વશક્તિમાં ઊંડી શ્રદ્ધા એ ધર્મનું આવશ્યક અંગ છે.

આ વિશ્વશક્તિનાં સ્વરૂપ વિષે મતભેદ પ્રવર્તે છે. આ શક્તિનું સ્વરૂપ માનવીય કે વ્યક્તિગત ન હોય, ન હોઈ શકે એમ ઘણા માને છે. માનવસાધારણને ધર્માભિમુખ કરવા માટે ઈશ્વરને ભલે આપણે પિતા, દાદા કે પિતામહના સ્વરૂપમાં અથવા અનેકમુખી, અનેકબાહુ કે અનેકનેત્ર તરીકે ઓળખાવવાના પ્રયાસ કરીએ. પણ આ વાત બુદ્ધિગમ્ય નથી લાગતી. આમ શ્રી સેતલવાડે સાચું જ કહ્યું છે કે વ્યક્તિગત ઈશ્વરની કલ્પના સહજ રીતે સ્વીકાર્ય નથી બનતી. પણ આથી વિશ્વશક્તિનું અનસ્તિત્વ સાબિત નથી થતું.

આવી પરમ શક્તિનું અસ્તિત્વ શી રીતે સાબિત કરવું? બુદ્ધિગમ્ય દલીલોથી કે શ્રદ્ધાથી? બુદ્ધિ અને શ્રદ્ધા એકબીજા સાથે સુસંગત નથી એમ સાધારણ રીતે માનવામાં આવે છે. પરંતુ શ્રી ચીમનભાઈએ કહ્યું છે એમ "બુદ્ધિ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી બુદ્ધિનો સહારો લેવો; એ પછી શ્રદ્ધાનો—અંધશ્રદ્ધાનો નહિ—બુદ્ધિ સાથે સુસંગત એવી જાગૃત શ્રદ્ધાનો. સર હેન્રી જોન્સે એમનાં 'A Faith That Enquires' નામનાં પુસ્તકમાં બુદ્ધિ અને શ્રદ્ધાનું આવું સુભગ મિલન શી રીતે થઈ શકે એ અત્યંત સુંદર અને બુદ્ધિગમ્ય રીતે બતાવ્યું છે.

ઘણા મહાપુરુષોને વ્યક્તમાં અવ્યક્તની, પરિમિતમાં અસીમની, અનુદ્દીદૃની ઝાંખી થયાના દાખલાઓ આપણે જાણ્યા છે. આવા આ મહાપુરુષોની અનુભૂતિને બુદ્ધિગમ્ય પ્રમાણોથી આપણે મૂલવી શકીએ, પણ તેથી એમની એ અનુભૂતિ સ્વલક્ષી (Subjective) છે એમ માનવાનું કોઈ પણ કારણ નથી. એ અનુભૂતિ બુદ્ધિથી પર Transrational હોય પણ બુદ્ધિથી વિપરીત anti-intellectual કે irrational તો નથીજ. ઘણી વખત, જીવનની કોઈક અમૂલ્ય ક્ષણે સાધારણ માનવી પણ એવો અનુભવ કરે છે કે જેથી અત્યાર સુધી મનની સાંકડી દીવાલો વચ્ચે ટૂંટિયું વાળીને બેઠેલો એનો અંતરાત્મા એકાએક જાગી ઉઠે છે અને એના દુઃખ સંતાપ હરી એને એક દિવ્ય દૃષ્ટિ અર્પે છે. આ અનુભવ સર્વ મનુષ્યોને નથી થતો એ એક હકીકત છે. આનો અર્થ એટલોજ કરી શકાય કે પરમ તત્વની પ્રાપ્તિ અનેક રીતે, અનેક માર્ગો દ્વારા થઈ શકે છે.

દરેક વ્યક્તિએ પોતાના સ્વભાવ અને ગુણ પ્રમાણે પોતાનો માર્ગ શોધવો રહ્યો. બુદ્ધિપ્રધાન વ્યક્તિ જ્ઞાનમાર્ગ અપનાવે અને લાગણીપ્રધાન ભક્તિમાર્ગ. એજ પ્રમાણે મલ્લિકજી જેવી અંતર્મુખી વ્યક્તિ introvert ધ્યાન ધરવાનું અંતર્ગોજ કરવાનું પસંદ કરે, જ્યારે શ્રી. મોતીલાલજી જેવી કર્મરત વ્યક્તિઓ કર્મયોગ કરવાનું પસંદ કરે. આમ સૌ પોતપોતાની રીતે જીવન સાર્થક બનાવવા પ્રયત્નશીલ બને એ સર્વથા ઇષ્ટ છે.

માનવ, ઈશ્વર અને પ્રાર્થનાના પરસ્પર સંબંધ અંગે એટલુંજ કહેવાનું કે પ્રાર્થના અને યાચના વચ્ચે મહાન અંતર છે. પ્રાર્થના એ યાચના કે સ્વાર્થસાધના નહિ પણ વિશ્વશક્તિની સાચી સમજ અને ઈશ્વરના સાક્ષાત્કાર માટેની આરજુ—આપણી મર્યાદાઓ અને ક્ષતિઓની જાણ અને એ મર્યાદાઓ અને દોષો દૂર કરવા માટે જોઈતી શક્તિ મેળવવાનો અટલ નિરધાર! પ્રાર્થનાથી અગમ્ય શક્તિનાં ગતિ અને વલણમાં કોઈ ફેરફાર થાય કે ન થાય પણ એનાથી જ વ્યક્તિને પોતાને પોતાનું સામર્થ્ય અને શક્તિ પિછાનવામાં, એના ઉરે વસેલા દેવી તત્ત્વને જગાડવામાં સહાયતા મળે છે, એના સંતપ્ત મનને અપૂર્વ શાંતિ મળે છે, પ્રભુમય જીવન જીવવા માટે નિતનવી પ્રેરણા મળે છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

**ઉષા મહેતા**

## સ્વ. બહેન રેખાની પ્રથમ પુણ્યતિથિ

જેનાં નામ જોડે સંઘની વૈદ્યકીય પ્રવૃત્તિ જોડાયેલી છે એ બહેન રેખાનાં દેહવિલયને બાર મહિના પૂરાં થતાં હોઈ એની પ્રથમ પુણ્યતિથિએ શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રવિવાર તા. ૧૧-૪-૭૧ નાં સવારનાં ૯-૩૦ વાગે સ્વર્ગસ્થનાં આત્માની શાંતિ અર્થે સ્વર્ગસ્થનાં પિતા શ્રી દામજીભાઈ અને માતા શ્રીમતી દેવકાંબહેને ભજનો અને સ્તવનોના કાર્યક્રમનું એક સુંદર આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી બંસીભાઈ ખંભાતવાળાએ એમનાં સ્વરચિત કાવ્યો, ગીતો અને સ્તવનો લગભગ દોઢ કલાક સુધી ગાઈ સંભળાવ્યા હતા. શ્રી પરમાનંદભાઈએ અને શ્રી ચીમનલાલ જે. શાહે સ્વ. બહેન રેખાને શ્રદ્ધાંજલિ આપી હતી. કાર્યાલયનું સભાગૃહ શ્રી દામજીભાઈનાં મિત્રો અને પરિવાર સભ્યોથી ભરાઈ ગયું હતું.

સ્વ. બહેન રેખાની યાદમાં શ્રી દામજીભાઈએ મહાલક્ષ્મી ઉપરની અપંગ બાળકોની ઈસ્પિતાલમાં બિસ્કિટ અને ચૉકલેટના લંચ પૅકેટ એક હજાર ગરીબોને વહેંચ્યા હતા અને સ્વર્ગસ્થની યાદમાં સ્તવન સંગ્રહ 'ઉપાસના' પ્રકટ કર્યો હતો. આ ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ને પણ રૂા. ૨૫૧ ભેટ આપ્યા હતા.

શ્રી દામજીભાઈને અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી દેવકીબહેનને એમની આ ઉદારતા માટે - એમની આ સેવાપરાયણ વૃત્તિ માટે - આપણાં સૌનાં અંતરનાં અભિનંદન છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

**તા. ક.**

'ઉપાસના' સ્તવન સંગ્રહ જે સભ્યોને જોઈતો હોય તે સભ્યો સંઘના કાર્યાલયમાંથી વિના મૂલ્યે મેળવી શકે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમેન પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩: અંક ૧-૨-૩


# પ્રબુદ્ધ જીવન

મુંબઇ મે ૧૬, ૧૯૭૧ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
આ અંકની કીંમત રૂપિયા ૨-૦૦

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

# સ્વ. પરમાનંદ કાપડિયા સ્મૃતિ અંક



જન્મ તારીખ: ૧૮-૬-૧૮૯૩
અવસાન તારીખ: ૧૭-૪-૧૯૭૧

## મૃત્યુ અમૃત મંગલ!

(અનુષ્ટુપ)

મહાપ્રસ્થાન – વેળાએ થંભ્યા પળ ન સોચવા,
ચરણો શાંત ટેકીલાં અનંત પંથ પે વળ્યાં.

ક્ષણો આનંદ-ફૂલો શી ગૂંથતાં જતાં ગુચ્છશી
ગુલાબી ક્ષણ અંતીમ ક્યાંથી છાની ગૂંથાઈ ગઈ?

શીતલ લહેરખી જેવી જિંદગીની પળો સરી
મલયાનિલ શી છેલ્લી અનંત શાંતિથી ઝરી.

અક્ષર-દેહને મૃત્યુ? અ-ક્ષર જીવતો સદા,
જિંદગી જ્ઞાનજ્યોતિ શી પ્રકાશી નિત્ય મોક્ષદા.

જીવ્યા છો મૃત્યુ જીતીને જિંદગીની પળેપળ,
તમને સ્પર્શતાં મૃત્યુ પામ્યું જીવનનું બળ.

મૃત્યુ છે ફૂલની શૈયા, મૃત્યુ છે પથ ઉજ્જવલ,
મૃત્યુ ના જિંદગી-અંત, મૃત્યુ અમૃત મંગલ!

—ગીતા પરીખ

"પ્રબુદ્ધ જીવન કેમ વધારે સમૃદ્ધ થાય-પર્યુષણ વ્યાખ્યાન-માળાની પ્રતિભા કેમ વધે તેનો વિચાર કરો. બીજા કોઇ વિચારને સ્થાન ન આપો એવી મારી માગણી છે."

—પરમાનંદ કાપડિયા

# લેખાનુક્રમ


| વિષય | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|
| મૃત્યુ અમૃત મંગલ (કાવ્ય) | ગીતા પરીખ | કવરપેજ ૧ |
| શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ–અપીલ | | કવરપેજ ૪ |
| નિવેદન | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧ |
| જ્ઞાનપ્રપાના યોજક અને નયવાદના નિષ્ણાત | પંડિત સુખલાલજી | ૩ |
| સનિષ્ઠ લોકશિક્ષક | પુ. ગ. માવળંકર | ૩ |
| "આદર્શ બ્રાહ્મણ" શ્રી પરમાનંદભાઈ | કાકાસાહેબ કાલેલકર | ૪ |
| શું છેલ્લો જ મેળાપ? | પંડિત બેચરદાસ દોશી | ૫ |
| મારાં નિકટતમ મિત્ર | ચીમનલાલ ચકુભાઈ | ૬ |
| કર્મયોગી | મનસુખરામ જોબનપુત્રા | ૬ |
| આનંદની સહજ સાધના | ઉમાશંકર જોષી | ૭ |
| પ્રબુદ્ધ આત્મા | ચંદુલાલ કાશીરામ દવે | ૭ |
| આજન્મ વિદ્યાર્થી : પરમાનંદ કાપડિયા | રામુ પંડિત | ૮ |
| પરમ આનંદના ઉપાસક | બબલભાઈ મહેતા | ૮ |
| નિસ્વાર્થ સમાજસેવક | ઉછરંગરાય ન. ઢેબર | ૯ |
| સૌએ એમની પાસેથી મેળવેલું અને સૌની વચ્ચે વહેંચાયેલું | ધૈર્યબાળા વોરા | ૯ |
| ગૃહસ્થ વિદ્યાર્થી પરમાનંદભાઈ | વાડીલાલ ડગલી | ૧૦ |
| પરમાનંદભાઈ–નિસ્પૃહનિર્ભયતા | ગુલાબદાસ બ્રોકર | ૧૦ |
| તટસ્થ વિવેચક | જયમલ્લ પરમાર | ૧૧ |
| ગુણદૃષ્ટિ પરમાનંદભાઈ | રામપ્રસાદ બક્ષી | ૧૨ |
| સત્યં, શિવં, સુન્દરમના ઉપાસક | ઈશ્વર પેટલીકર | ૧૨ |
| અણુએ અણુમાં સજ્જન | ખીમચંદ મગનલાલ વોરા | ૧૩ |
| વૈચારિક પત્રકારિત્વને પડેલી ખોટ | યશવંત દોશી | ૧૪ |
| નિસ્પૃહી સત્યશોધક–વિચારક | નીરુ દેસાઈ | ૧૪ |
| એકાત્માનો અહાલેક જગાડનાર | સત્યેન્દ્રકુમાર ડે | ૧૬ |
| એ સત્યસાધકનું જીવનદર્શન | ગીતા પરીખ | ૧૭ |
| પ્રેરણામૂર્તિ શ્રી પરમાનંદભાઈ | મહાસતી શ્રી ઉજ્જવલકુમારીજી | ૨૩ |
| પરમાનંદભાઈ વિશે શું કહેવું? | દલસુખ માલવણિયા | ૨૪ |
| સત્યના યાત્રીની મહાયાત્રા | રતિલાલ દીપચંદ દેસાઈ | ૨૫ |
| સત્યં, શિવં, સુન્દરમના ઉપાસક ગયા | મુનિશ્રી સંતબાલજી | ૨૬ |
| મારું સ્વપ્ન ભાંગી ગયું! | હરભાઈ ત્રિવેદી | ૨૭ |
| પૂણ્યાત્માને નમ્ર અંજલિ | શારદાબહેન બાબુભાઈ શાહ | ૨૭ |
| પૂજ્ય પરમાનંદભાઈ પરમઆનંદમાં લીન થઈ ગયા | શાન્તિલાલ ટી. શેઠ | ૨૮ |
| ભાવનાશીલ સજ્જનની ચિરવિદાય | સુરિમતા મ્હેડ | ૨૯ |
| સનિષ્ઠ વિચારકની વિદાય | હરીન્દ્ર દવે | ૨૯ |
| સ્વતંત્ર ચિન્તક પરમાનંદભાઈ | ઝાધર વાલેસ | ૩૦ |
| વિદ્યા–અર્થી પરમાનંદભાઈ | રસિક ઝવેરી | ૩૦ |
| મુંબઈ આવો તો જરૂર મળજો | દામુભાઈ શુકલ | ૩૧ |
| શબ્દાંજલિ ..... (કાવ્ય) | સુશીલા ઝવેરી | ૩૧ |
| ગુણગ્રાહી પરમાનંદભાઈ | શિવકુમાર જોષી | ૩૨ |
| સતતજાગૃત પરમાનંદભાઈ | ગોકળભાઈ દોલતરામ ભટ્ટ | ૩૨ |
| જ્ઞેયાર્થીની સાધના | ઉષા મહેતા | ૩૩ |
| સ્મરણધન | ઉષા મલજી | ૩૩ |
| જૈન સમાજનું પત્રકારિત્વ સૂનું પડ્યું | ત્રિભુવન વી. લેમાણી | ૩૪ |
| જૈન ધર્મના માર્ટિન લ્યુથર | ચિનુભાઈ ગી. શાહ | ૩૪ |
| શ્રેષ્ઠ ચિન્તક પુરુષ | શાન્તિલાલ કે. મહેતા | ૩૪ |
| 'પ્રબુદ્ધ જીવન'ને તેમણે ઘડ્યું અને 'પ્રબુદ્ધ જીવને' તેમને ઘડ્યાં | કરસનદાસ માણેક | ૩૫ |
| એ ભવ્યાત્મા | મોહનલાલ ચુ. ધામી | ૩૫ |
| સૌજન્યમૂર્તિ સ્વ. પરમાનંદભાઈ | ઋષભદાસ રાંકા | ૩૬ |
| હું એમની પાસેથી શું શીખી? | કુ. જ્યોતિ મોહનલાલ પારેખ | ૩૬ |
| પિતૃહૃદય પરમાનંદભાઈ | રતિલાલ મફાભાઈ શાહ | ૩૭ |
| મહામાનવ પરમાનંદભાઈ | ડૉ. વસંતકુમાર ન. જાઈ | ૩૮ |
| મૌલિક વિચારક અને સુધારક | ભોગીલાલ જ. સાંડેસરા | ૩૮ |
| સ્વજનની વસમી વિદાય | નીરુબહેન સુબોધભાઈ શાહ | ૩૮ |
| દરેક પરિચિતના આત્મીયજન | મનુભાઈ ખંડેરિયા | ૩૮ |
| પરમાનંદ જીવન–પરિમલ | પ્રા. હરીશ વ્યાસ | ૩૯ |
| વૈચારિક પક્વતાનો પરામર્શ | પિતાંબર પટેલ | ૫૭ |
| મૃત્યુના બંધનમાંથી મુક્તિ | મકરંદ દવે | ૫૮ |


(અનુસંધાન કવર પેજ ૩)

# નિવેદન

શ્રી પરમાનંદભાઈના અવસાન પછી મારી વિનંતિથી અનેક લેખકોએ શ્રદ્ધાંજલિના લેખો ટૂંકો ગાળો હોવા છતાં પણ લખીને મોકલી આપ્યા છે તે માટે હું સૌનો અત્યન્ત આભારી છું. આ અંકમાં શકય હતું ત્યાં સુધી બધા લેખોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં સ્થળસંકોચને કારણે અને સ્મૃતિ અંક પ્રગટ કરવામાં વધારે વિલંબ ન થાય તે કારણે થોડાક લેખો આ અંકમાં સમાવી શકાયા નથી, તે હવે પછી પ્રગટ કરવામાં આવશે. કેટલાક લેખો, અતિશય લંબાણના કારણે કયાંક ટૂંકાવવા પડયા છે. શ્રી પરમાનંદભાઈનો મિત્રસમુદાય વિશાળ હતો. તેમના પ્રત્યે કેટલી ઊંડી મમતા અને આદર હતા તે આ અંકના લખાણોથી જણાઈ આવશે. તેમની ખોટ કોઈ પૂરી શકે તેમ નથી.

સદ્‌ગતની મુખ્ય બે પ્રવૃત્તિઓ, પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા વિષે શું કરવું તેનો વિચાર કરવાનો હતો. મિત્રોનો આગ્રહ હતો કે આ પ્રવૃત્તિઓ ચાલુ રહેવી જોઈએ. પરમાનંદભાઈ આ કામ પાછળ પોતાનો બધો સમય અને શકિત આપતા. આ બન્ને પ્રવૃત્તિઓનું જે ઉચ્ચ ધોરણ રહ્યું છે તે જાળવી શકાય તો જ તે પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની સાર્થકતા લેખાય. તેમનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી. આ કામ માટે મારી યોગ્યતા નથી. મને એટલો સમય ન મળે અને હું પત્રકાર નથી, તેમ પરમાનંદભાઈ જેટલો મારો પરિચય નથી. જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં આ વિશે ખૂબ વિચારણા થઈ. બીજા મિત્રો સાથે પણ મેં ચર્ચા કરી જોઈ. પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, શ્રી ઉમાશંકર જોષી, શ્રી વાડીલાલ ડગલી અને બીજાં ભાઈઓ અને બહેનો, જેમની સાથે આ બાબત વિચારી, તેમની સલાહ રહી કે આ બન્ને પ્રવૃત્તિઓ ચાલુ રાખવી. ઘણાં મિત્રો અને મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોએ પૂરો સહકાર અને મદદની ખાતરી આપી. તેથી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ બન્ને પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા માટે એટલી મુસીબત નથી લાગતી, પણ 'પ્રબુદ્ધ જીવન' વિષે મને ચિન્તા રહે છે. હાલ તંત્રી તરીકે મારું નામ મૂકયું છે. હું મારાથી બનતા બધા પ્રયત્ન કરીશ.

પરમાનંદભાઈને તેમના કામમાં મદદ કરવી એક બાબત હતી. તેની જવાબદારી લેવી બીજી વાત છે. હું આશા રાખું છું કે સૌના સહકાર અને શુભભાવનાથી મુંબઈ જૈન યુવક સંઘ, આ બન્ને પ્રવૃત્તિઓથી સમાજની સેવા કરતો રહેશે.

શ્રી પરમાનંદભાઈનું યોગ્ય સ્મારક કરવાનો નિર્ણય કર્યો છે, જેની અપીલ આ અંકના છેલ્લે પાને આપી છે. અત્યાર સુધી લગભગ રૂપિયા એક લાખના વચનો મળી ગયા છે. રૂપિયા અઢી લાખ ભેગા કરવાની ઉમેદ છે. આ ફંડનો ઉપયોગ મુખ્યત્વે પરમાનંદ-ભાઈનું જીવનકાર્ય હતું તેવી પ્રવૃત્તિઓ 'પ્રબુદ્ધ જીવન,' પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા, વિગેરે માટે રહેશે. આ સંબંધે એક ટ્રસ્ટ કરવામાં આવશે.

આ અંકના મુદ્રણમાં જન્મભૂમિ મુદ્રણાલયે આપેલા સહકાર બદલ તેમનો આભાર માનું છું.

દીક્ષા આંદોલનનો અને સત્યાગ્રહનો એમ પરમાનંદભાઈના બે ફોટાઓ શ્રી રતિલાલ શેઠે તેમની અંગત ફાઈલમાંથી કાઢી આપ્યા છે, તે બદલ તેમનો હું આભારી છું.

આ સ્મૃતિ અંકનું સંપાદન કરવામાં સંઘના મંત્રીઓ, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી સુબોધભાઈ એમ. શાહ તથા શ્રી ગીતાબહેન સૂર્યકાન્ત પરીખ અને શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ તથા ભાઈ શાન્તિલાલ ટી. શેઠે મદદ કરી છે તે માટે તે સૌનો આભાર માનું છું.
૧૯-૫-૧૯૭૧.

ચીમનલાલ ચકુભાઇ

# સંઘ સમાચાર

તા. ૬-૫-૭૧ બુધવારની કારોબારીની સભામાં શ્રી પરમાનંદભાઈની ખાલી પડેલી જગ્યામાં શ્રી અમૃતલાલ જે. શાહની પૂરવણી કરવામાં આવી છે અને એ જ સભામાં ઉપ–પ્રમુખ તરીકે શ્રી રતિલાલ ચીમનલાલ ઝોઠારીને સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા છે.

તા. ૧૨-૪-૭૧ થી તા. ૧૫-૪-૭૧ સુધીની વસંત વ્યાખ્યાનમાળા સંપૂર્ણ સફળતા પામી અને ચારેય દિવસ ટાટા ઓડીટોરીયમ શ્રોતાઓથી ભરેલો રહ્યો. આ વ્યાખ્યાનમાળાના પ્રવચનોનું સંકલન આગામી અંકમાં કરવામાં આવશે.

'બિરાદરી' અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુકત ઉપક્રમે શનિવાર તા ૮-૫-૭૧ સાંજના ૬ વાગે સંઘના કાર્યાલયમાં "બંગાલની કાલ, આજ અને આવતી કાલ" એ વિષય ઉપર શ્રી શિવકુમાર જોષીનો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સ્વીકાર્યું છે એ માટે અમે અમારો આનંદ વ્યકત કરીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'નો હવે પછીનો અંક તા. ૧૫–૬–૭૧ના રોજ પ્રગટ થશે. ત્યાર પછી નિયમિત રીતે પ્રગટ થશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

૧૯–૫–૭૧

# ★ રાષ્ટ્રપિતા ગાંધીજી સાથે પરમાનંદભાઈની પત્ર-પ્રસાદી ★

મુંબઈ, તા. ૧૨–૭–'૨૬

**પૂજ્ય બાપુજી,**

'સ્વાભાવિક' એટલે શું? એ સંબંધમાં "નવજીવન" અને "યંગ ઈન્ડિયા"માં પ્રગટ થયેલા આપના લેખો વાંચ્યા તે વિષે આપને કાંઈક લખવા મને મન થયું છે.

આપના વિચારો પાછળ મુખ્ય મન્તવ્ય એ રહેલું છે કે જે સ્વાભાવિક સિદ્ધ થાય તે આદરણીય અને અનુકરણીય હોવું જ જોઈએ. આ મન્તવ્યનો આધાર લઈને આપ જે પ્રવૃત્તિઓને આત્મિક પ્રગતિની પોષક માનો છો તેને સ્વાભાવિક સિદ્ધ કરવા પ્રયત્ન કરો છો અને તેની વિરોધક પ્રવૃત્તિઓને અસ્વાભાવિક જણાવો છો. આવી જ રીતે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિને આપ સ્વાભાવિક કહો છો અને હિંસા, અસત્ય, મૈથુન આદિને અસ્વાભાવિક લેખો છો. પણ આપને નથી લાગતું કે "સ્વાભાવિક" એટલે સર્વ સારું–આ આપનો ખ્યાલ ભૂલભરેલો એટલે કે અતિવ્યાપ્તિના દોષથી કલુષિત છે. વળી જેને આપ અસ્વાભાવિક ગણાવો છો તે શું ખરેખર અસ્વાભાવિક છે? મનુષ્ય પ્રકૃતિમાં જે જે શક્યતાઓનું વારંવાર આપણને દર્શન થયાં કરતું હોય તેને સ્વાભાવિક ન કહીએ તો બીજી શી રીતે ઓળખીએ? ઈન્દ્રિયના ભિન્ન ભિન્ન વિષયો પ્રતિ આપણા મનની આસક્તિને અસ્વાભાવિક કેમ ગણવી? મનુષ્યની સ્થિતિ પશુ અને દેવ વચ્ચેની છે. આપણામાં પશુતાનો વારસો ઊતરી આવે છે તેમ દેવ બનવાની શક્યતા ભરેલી છે. દેવસ્થિતિ એટલે શાસ્ત્રોએ પ્રરૂપેલી મનુષ્યની પૂર્ણ અવસ્થાની કલ્પના. આપણામાં જેટલી સ્વાભાવિક રીતે કામ કે ક્રોધવિકાર જન્મે છે એટલી જ સ્વાભાવિક રીતે ધર્મવૃત્તિ એટલે કે અહિંસા અને સત્યપરાયણ વૃત્તિ પેદા થાય છે. તો આપ ઈશ્વરી માર્ગને સ્વાભાવિક શી રીતે જણાવો છો? આપણામાં સારું ખરાબ બધું ભરેલું છે અને જેને ઉદ્દીપન મળે તે જાગૃત થાય છે. માણસની મનુષ્ય તરીકેની વિશિષ્ટતા હોય એટલું જ સ્વાભાવિક અને અન્ય અસ્વાભાવિક એમ પણ કેમ કહેવાય? કારણ કે નીતિ માફક અનીતિ મનુષ્યની જ વિશિષ્ટતા છે. પશુઓ માટે નીતિ કે અનીતિ જેવું કશું છે જ નહિ. હિંસા, અસત્ય અદત્તાદાન (ચોરી ન કરવી) કે પરિગ્રહ મનુષ્યની જ વિશિષ્ટતા છે. પશુઓ માટે તેવું કશું છે જ નહિ. આ સર્વ ચર્ચાનો સાર એ કે સ્વાભાવિક એટલું સારું એ અત્યારની શિષ્ટ દુનિયાનો માનસિક કદાગ્રહ છે એમ મને લાગે છે. કોઈ પણ માનુષિક કાર્યની શક્યતા અવશ્ય મનુષ્યના સ્વભાવ ઉપર આધાર રાખે છે, કારણ કે જે સ્વભાવસંમત ન હોય તે શક્ય હોઈ શકે જ નહિ, પણ કોઈ પણ કાર્યનું ઔચિત્યમાત્ર તેના સ્વાભાવિકપણા ઉપર જરા પણ આધાર રાખતું જ નથી. તે ઔચિત્ય સિદ્ધ કરવા માટે નીતિશાસ્ત્ર વેત્તાઓએ તેમ જ ધર્મશાસ્ત્રકારોએ આત્મિક ઉત્કર્ષ, સમષ્ટિનો લાભાલાભ, અન્ત:કરણના સંમતિવિરોધ–આવાં અનેક ધોરણો પ્રરૂપેલાં છે જેમાં જેની બુદ્ધિને જે અનુકૂળ લાગે તે ધોરણે જીવનના પ્રત્યેક કાર્યનું ઔચિત્ય અનૌચિત્ય દરેક મનુષ્યે નક્કી કરવું.

આ મારી દૃષ્ટિ ધ્યાનમાં લેશો અને મારી આ વિચારસરણી બરોબર છે કે નહિ તે જણાવશો.

લિ.

**પરમાનંદના સાદર નમસ્કાર**

**આશ્રમ સાબરમતી,**
**મંગળવાર તા. ૧૪-૭-'૨૬**

**પરમાનંદભાઈને ગાંધીજીનો ઉત્તર**

**ભાઈશ્રી પરમાનંદ,**

તમારો કાગળ મળ્યો. તમે તો શબ્દાર્થના ઝગડામાં ઊતર્યા છો. મેં તો 'સ્વાભાવિક'નો પ્રચલિત અર્થ લીધો છે. તમે કરો છો તેવો અર્થ કરવામાં બાધ ન આવે તો પણ મારી દલીલ તો એની એ જ રહે. માત્ર તેને જુદી ઢાળમાં ઢાળવી જોઈએ. મેં આપેલાં દૃષ્ટાંતો બરાબર વિચારી જાઓ તો, મને લાગે છે કે વિચાર શ્રેણીમાં મને કંઈ દોષ નથી લાગતો. આપણી બન્નેની મતલબ તો એ જ છે ના, કે મનુષ્યે સ્વચ્છંદી બનવાને બદલે સંયમી બનવું. અને સ્વચ્છંદ જો તેનો સ્વભાવ હોય તો તે સ્વભાવ બદલવાનો તેનો ધર્મ છે.

**મોહનદાસના વંદેમાતરમ્**

**પરમાનંદભાઈનાં મોટી દીકરી મધુરીનાં લગ્ન પ્રસંગે ગાંધીજીનો પત્ર**

**ચિ. મધુરી,** ફટક, તા. ૧૫–૫–૩૪

તારે લગ્નને દિવસે જ પરમાનંદનો કાર્ડ મને મળ્યો એટલે આજે તને મેં જેવી મધુર અને ઉદાર બચપણમાં જોઈ હતી તેવી તું સદાય રહે અને તમે બન્ને સેવાધર્મ પાળો એ મારી આશા ને આશીર્વાદ.

**બાપુના આશીર્વાદ**

# * પૂર્ણવિરામ. *

તા. ૧૫ મી એપ્રિલની વાત. રાત્રે ફોન આવ્યો. "તમે કોણ છો?" ચિર પરિચિત અવાજ સંભળાયો. "જી, હું મૃણાલિની." "ત્યારે હું કોણ છું?" સામેથી સહેજ હાસ્ય સાથે સવાલ આવ્યો. "જી, પરમાનંદભાઈ વગર આવી વાત કોણ કરે?" મેં પણ પ્રશ્ન સામે પ્રશ્ન મૂક્યો. "હા, હવે તો એ મોટા સવાલ પર જ વિચારું છું." મૃ. પરમાનંદભાઈએ કહ્યું. અને ત્યાર પછી તાજેતરમાં રાજકોટ જઈ આવ્યા હતા તેની વિગતથી વાત કરી. વસંત વ્યાખ્યાનમાળા હતી તેની વાત કરી. શ્રી મસાણીના ભાષણના ખૂબ વખાણ કર્યા. શ્રી. શંકરરાવ દેવની તબિયત વિશે પૂછ્યું. અને એ વાતો વચ્ચે એમની પોતાની તબિયતના સમાચાર પૂછવાના તો રહીજ ગયા! અને એ બદલ ખાસ કાંઈ લાગ્યું પણ નહીં–એવી સ્વસ્થ અને પ્રસન્ન રીતે વાતો થઈ-અને ૧૭ મીએ સવારે જ્યારે એમના સ્વર્ગવાસની વાત સાંભળી ત્યારે પણ થયું 'ઓહો! આવી વિદાય પરમાનંદભાઈ જ લઈ શકે!'

સામાન્ય રીતે મૃત્યુની વાતથી કે દર્શનથી અકળાઈ જવાય, વ્યાકુળતા આવે. શોક અને કારુણ્ય ત્યાં હોય જ. પણ કોંક વીરલાના ધન્ય જીવન એવાં હોય છે કે એ જીવનની અંતિમ ક્ષણ ગંભીર છતાં શાંત હોય છે. એ દેહ છોડે ત્યારે અપાર્થિવ પ્રસન્નતા ત્યાં છવાય છે. ગુરુદેવ ટાગોરે એક જગ્યાએ એનું વર્ણન કર્યું છે. એમાં તેઓ જગતને કહે, 'શાંત રહો! નમ્રતાથી પ્રણામ કરો! જગતપર પ્રસન્નતા પ્રસરી છે. આ જીવને લઈ જવા સાક્ષાત પ્રભુ પધારે છે!'

બને ત્યાં સુધી સામા પક્ષને સમજી લેવાની વૃત્તિ ખરી. સામા પક્ષના ગુણ વિશે માન પણ ખરું છતાં પોતાને જે લાગે તે સ્પષ્ટતાથી કહી પણ શકતા. પ્રબુદ્ધ જીવનમાં એમણે લખેલી 'પ્રકીર્ણ નોંધ'માં એમની આ નિ:સ્પૃહ સ્પષ્ટતા ઘણી વાર દેખાઈ છે. મોઠપણ દબાણની અસર એમના પર થાય નહીં. છતાં જે વસ્તુની વિરુદ્ધમાં એ લખે તેના પ્રત્યે કટુતા કે દ્વેષની લાગણી પણ મનમાં ના હોય એ એમના મનની અનોખી નિર્મળતા હતી.

એવું કર્મયોગી સંપન્ન જીવન જ્યારે પૂર્ણ થયું ત્યારે અંતે પૂર્ણવિરામ આવે તેમ સહજ રીતે દેહ મૂકાઈ ગયો. અને એટલે જ એમના મૃ.યુખંડમાં શાંત ગંભીર એવી પ્રસન્નતા મનને સ્પર્શી ગઈ! ત્યાં રડવાનું શક્ય ના બન્યું! પગે લાગી મેં માગી લીધું એમનાં જેવું પૂર્ણ જીવન અને એમના જેવું ધન્ય મૃત્યુ!

**મૃણાલિની દેસાઈ**

નાનાં મોટાં બધાંના ગુણની મુકતમને પ્રશંસા કરી સહજ રીતે સામા માણસને શ્રેષ્ઠતા અર્પણ કરી શકે એવા એ મુરબ્બી હતા. એમની એ નિખાલસ ગુણાનુરાગી વૃત્તિથી મોટો લોકસંગ્રહ એમણે કર્યો. છતાં એ સંગ્રહમાં પણ અપરિગ્રહનું વ્રત સાચવ્યું! સ્નેહને 'મમત્વ'થી વેગળો રાખવાનો વિવેક ના છોડ્યો. અને એ વિવિધ વ્યક્તિવિશેષોને પોતે સ્વીકારેલા કામ તરફ વાળી વ્યક્તિગત ભાવનાઓ વિસ્તૃત કરી નાંખી. ઝવેરાત પારખવાની એમની કળા. માણસને પણ બરાબર નાણી લેતાં. અને કોઈના દિલને દુભવ્યા વગર આ જેનકોઠી પાસાં પાડી માણસોને ઘડી પણ લેતા.

# જ્ઞાનપ્રપાના યોજક અને નયવાદના નિષ્ણાત

શ્રી પરમાનંદભાઈની જીવનસરણી સામાન્ય જગતથી નિરાળી હતી. એમને જ્ઞાનપરબનું કામ સ્વયંભૂ રીતે જ વર્યું હતું એમ લાગે છે. નાના મોટા સ્ત્રી-પુરુષ જે મળે તેની પાસેથી પ્રશ્ન દ્વારા જ્ઞાનસંચય કરવો, અનેક કક્ષાના સાહિત્યવાંચન અને મનન દ્વારા સંસ્કારો પુષ્ટ કરવા, બને એટલા જીવનના વિવિધ પાસાંઓ અને વિરોધી દેખાય એવી બાબતોનું પણ આકલન કરવું અને આ બધા દ્વારા પોતાના મનમાં જ્ઞાનનું રસાયણ તૈયાર કરવું અને પછી એની જ્ઞાનપરબ માંડવી.

આ પરબ એવી કે જેમાં જ્ઞાનતરસ્યો પોતાના અધિકાર પ્રમાણે જિજ્ઞાસા સંતોષે. એનું મૂર્તરૂપ એમણે ચલાવેલી, પોષેલી એવી પર્યુષણ વ્યાખ્યાનમાળા કહેવાય. જ્યારથી એમણે આ પરબ દ્વારા જ્ઞાનનું વિતરણ કરવાનું માથે લીધું, ત્યારથી એમણે એ વ્યાખ્યાનમાળામાં કેટકેટલા કઈ કઈ કક્ષાના વક્તાઓને આમંત્ર્યા, એમની દ્વારા કયા કયા વિષયો ઉપર ભાષણો કરાવ્યા અને આ ભાષણોના આકર્ષણે કઈ કઈ કક્ષાનો કેટલો મોટો શ્રોતાસમુદાય આઠ-નવ દિવસને અંતે તૃપ્તિ અનુભવી એ જ્ઞાનપ્રપાને વધાવી લેતો એ જાણવા માટે તો, તેટલાં વર્ષોની પ્રબુદ્ધ જીવનની ફાઈલોમાંથી વક્તાઓના તેમજ તેમણે કરેલ વિવિધ વિષયોનાં ભાષણોની એક સંક્ષિપ્ત છતાં પૂર્ણ યાદી કરી હોય તો શ્રી પરમાનંદભાઈના જ્ઞાનપ્રપાના પુરુષાર્થનો ખ્યાલ આવે અને જેમણે જેમણે એ પ્રપા મારફત પોતાની જ્ઞાનતૃષા ઓછેવત્તે અંશે સંતોષી હશે તે બધાને એમના યોજકપણાનો આજેય તાદશ ખ્યાલ આવી શકે. તેથી મારી દૃષ્ટિએ એમના સંચાલકપણા નીચે પોષણ પામેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના તમામ વક્તાઓ અને તેમણે જે જે વિષયો ઉપર ભાષણો કર્યાં હોય તેની એક યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવી ઘટે.

જૈન પરંપરામાં નયવાદ જાણીતો છે. એનો અર્થ છે, વિચારકની તે તે વિષયો પરત્વેની દૃષ્ટિ. આવી અનેક તાત્વિક દૃષ્ટિઓનું નિરૂપણ તો જ્યાં ત્યાં શાસ્ત્રોમાં ભરેલું છે. પણ શ્રી પરમાનંદભાઈએ એમના આ જન્મજાત સંસ્કારને વર્તમાનયુગમાં માનવતાની દૃષ્ટિએ એટલો બધો વ્યાપક રીતે ખીલવ્યો હતો તેમજ તેનો એટલો બધો ઉપયોગ કર્યો હતો કે તે માટે એમની વક્તાઓની અને તેમના દ્વારા અપાવવા ધારેલ વિષયોની પસંદગીનો ક્રમ જાણવા જેવો છે.

વર્તમાનયુગમાં કેવળ પારલૌકિક ચર્ચા અને તે તે ધર્મપંથની તાત્વિક દૃષ્ટિઓ જ જાણવી એ પૂરતું નથી. એમ સમજી તેમણે વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને જાગતિક જીવન સાથે સબંધ ધરાવે એવા વિવિધ અને વિરોધી દેખાય એવા પણ વિષયોની ચર્ચા શ્રોતાઓ સમક્ષ કરી-કરાવી. તેમાં અર્થશાસ્ત્ર આવે, ધર્મશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર તેમજ મોક્ષશાસ્ત્ર પણ આવે. કાવ્ય, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સંગીત, ચિત્ર, પ્રકૃતિ અને પ્રવાસ વર્ણન એ બધું આવે. ટૂંકમાં એમ કહી શકાય કે જે જે વક્તા જેવા પ્રકારની જ્ઞાન, કળા અને આચારસમૃદ્ધિથી સંપન્ન હોય તે તે વક્તા પાસેથી તે તે વિષયોનું તારણ અને રસાયણ એ આઠ કે નવ દિવસોમાં શ્રોતાઓ સમક્ષ નિયમિત રીતે પીરસવું. જે માટે એમણે વક્તાઓ મેળવવામાં તેમજ તેમણે ચર્ચવાનાં વિષયો નક્કી કરવામાં કેટલો સમય અને શ્રમ લેવો પડતો એનો ખ્યાલ તો તેને જ આવી શકે જેઓ એમના પત્રવ્યવહારથી પરિચિત હોય, આવી ઊંડી સૂઝ, આવી ધગશ અને આ કામોમાં અનુભવાતો તેમનો ઊંડો આનંદ એ બધું હવે જે અંશથી પણ ક્રમે ક્રમે પામી અને સાચવી શકાય તો આપણે શ્રી પરમાનંદભાઈના કૃત્યને અંજલિ આપી ગણાય.

શ્રી પરમાનંદભાઈનો જીવનરસ મુખ્યપણે નિર્દંશતા જ હતો. એમના મનમાં કોઈ પ્રત્યે કડવાશ કે ડંખ જેવું શેષ રહેતું નહિ. જો કે તેઓ કટ્ટર ગણાતા એવા અનેક ગૃહસ્થ કે ત્યાગી તેમજ સેવકો કે સત્તાધારીઓ સાથે વિચારની આપ લે કરવામાં કચાશ રાખતા નહિ, પણ સરવાળે સારગ્રહણની તેમની વૃત્તિ રહેતી. પોતાના મનમાં કોઈને તદ્દન વિરોધી કે વિપક્ષી માની તેના પ્રત્યે ડંખ કે કડવાશ સેવવા એ એમની હસમુખી પ્રકૃતિમાં સંભવિત હતું જ નહિ. એ તત્ત્વ એમના પરમ આનંદ નામને સાર્થક કરે છે એમ કોઈપણ એમને બરાબર સમજનાર કહી શકશે.

**પંડિત સુખલાલજી**

# સન્નિષ્ઠ લોકશિક્ષક

પરમાનંદભાઈનું પુરુષાર્થી જીવન અને પ્રબુદ્ધ કવન અચાનક આપણી વચ્ચેથી કાયમને માટે ચાલી ગયું એની ખરી ખોટ જેમ જેમ સમય જશે તેમ તેમ આપણને વધુ ને વધુ લાગશે. આજની વણસેલી દુનિયામાં વિનમ્ર વિચારકો અને વિશિષ્ટ વિવેચકો કેટલા ને કયાં છે? શોકાંધ લખનારા અનેક છે, અને રોજેરોજ ક્લમ ચલાવનારા પણ ઢગલાબંધ છે. પરંતુ, પોતાનો ગુસ્સો અને જુસ્સો સમતોલપણે છતાં સચોટતાથી, સ્વસ્થપણે છતાં સંતાપજનક શૈલીથી, સમભાવપૂર્વક અને ન્યાયપૂર્વક જેટલો પરમાનંદભાઈએ છેલ્લા ત્રણ દાયકાથી યે વધુ સમય સુધી સતત એકસરખો ઠાલવ્યો એવો ઘણા ઓછાઓએ વ્યકત કર્યો હશે. પરમાનંદભાઈ સાચેસાચ બહુશ્રુત હતા. વિદ્યાવ્યાસંગી હતા અને નવવિચાર જાણવા-સમજવાને દિલથી ઉત્સુક હતા.

પરમાનંદભાઈ એક પ્રકારે સદૈવ અસ્વસ્થ જીવ હતા. એમની સમાજોન્મુખ દૃષ્ટિ એવી તો ઉત્કટ હતી કે વિધવિધ સામાજિક પ્રક્રિયાઓ અને પરિબળોનાં સ્પંદનો એમના સંવેદનશીલ હૃદયમાં સ્વાભાવિક પડે જ! એમની અસ્વસ્થતા સાત્ત્વિક હતી, અને સ્વાર્થ કે સંકુચિતતાનો તો એને સ્પર્શ સરખો પણ થયો નહોતો. સમર્પણની વૃત્તિથી તેમણે કલમનું લાલિત્ય ખેડ્યું ને માણ્યું. પોતાની અકળામણને તેઓ સંયમ તથા સંસ્કાર વડે ઓપ આપતા, પણ એમ કરવા જતાં સત્યનો ભોગ કે એની સાથેની બાંધછોડ તેઓ કદી ન કરતા. ભલભલા નેતાઓ કે લેખકો કે વિચારકોના આ કે તે મુદ્દાઓ વિષે પોતાને જે લાગતું તે પરમાનંદભાઈ અચૂક અણીદાર શૈલીમાં કહી નાખતા. કૃત્રિમ શિષ્ટાચારની આળપંપાળમાં તેઓ કદી ફસાયા નહોતા.

પરમાનંદભાઈ જેમ જાગૃત હતા તેમ જિંદાદિલ પણ હતા. છતાં એમના વ્યક્તિત્વમાં એકાંગીપણું કે અતિરેક જણાતાં નહોતાં. વ્યાપક કેળવણીથી સભર એવા પરમાનંદભાઈ પોતાનાં વાચકો અને મિત્રોને પણ એવી જ ઉદાર અને ઊર્ધ્વગામી વિચાર-સામગ્રી પીરસતા. એમનામાં જેટલી જિજ્ઞાસા અને જવાબદારી હતી તેનો થોડો થોડો છાંટો પણ આપણા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં જોવા મળે તો આજની કેળવણીની કેટલીક મૂંઝવણો અને મુશ્કેલીઓ આપમેળે દૂર થઈ જાય. પરમાનંદભાઈ સન્નિષ્ઠ લોકશિક્ષક હતા. પોતાની એવી હેસિયત વિશે તેઓ જાણે સાવ અજ્ઞાત કે બેફિકર હોય એ રીતે એમણે આસાનીથી અને અહંકારરહિત વૃત્તિથી 'પ્રબુદ્ધ જીવન'નું સુંદર સંપાદન કર્યે રાખ્યું અને સર્વત્ર માંગલ્ય પ્રગટાવવાની અહર્નિશ મથામણ કરી.

સાંપ્રત સમસ્યાઓનું બને તેટલું વસ્તુલક્ષી અવલોકન કરીને, એ અંગેનો જરૂર પડે તેટલો ઊંડો અભ્યાસ કરીને, નીતિમત્તા અને મૂળભૂત જીવન-મૂલ્યોની માવજત કરવાની ઝંખનાથી પરમાનંદભાઈએ ચિન્તન-ચિન્તા, લેખન-વાચન, સંપાદન-પ્રકાશન, વ્યાખ્યાન-આયોજન રાત દહાડો કર્યે રાખ્યાં. પણ એ બધાંનો બોજ એમણે કદી માન્યો નહીં. 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'ની ખોજમાં એમણે ગજબની પ્રસન્નતાથી આ બધો જ્ઞાનયજ્ઞ કર્યે રાખ્યો. પરમાનંદભાઈનાં સ્નેહ-સૌજન્ય-આશિષનો આસ્વાદ છેલ્લાં પચીસેક વર્ષોથી મેં માણ્યો છે. આજે સદેહે તેઓ નથી ત્યારે કૃતજ્ઞતાપૂર્વક અને સજળ નયને હું આ વત્સલ વડીલજનને વંદું છું.

**પુરુષોત્તમ ગણેશ માવળંકર**

# "આદર્શ બ્રાહ્મણ" શ્રી પરમાનંદભાઈ

દોઢ વર્ષ પણ હજી પૂરું થયું નથી. મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયનું અને શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહનું. ઉદ્‌ઘાટન થયું હતું. અને આજે એ જ આપણા યુવક સંઘના મોભી 'ચિર તરુણ' પરમાનંદભાઈની અંત્યેષ્ટિ કરવાનો વારો આવ્યો છે.

હું માનું છું ગુજરાત સાથેનો મારો પરિચય શરૂ થયો તે વખતના મારા જૂનામાં જૂના સાથીઓમાં પરમાનંદભાઈ મુખ્ય હતા. અને આજે એમના તે વખતના જૂનામાં જૂના સાથીઓમાં હું જ ઉમરે સૌથી મોટો હોઈશ કે જેને પરમાનંદભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી પડે છે. મારા કરતાં તેઓ આઠ વર્ષે નાના. એમની પાસેથી શ્રદ્ધાંજલિ મેળવવાનો હું હકદાર. આજે મારે જ એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી પડે છે એ વિધિની લીલાની કપરી વિચિત્રતા છે.

સન ૧૯૨૯માં પરમાનંદભાઈએ જૈન યુવક સંઘની સ્થાપના કરી. અને સન '૩૬માં જૈન યુવક પરિષદના પ્રમુખ તરીકે એક તેજસ્વી ભાષણ કરીને એમણે જૈન સમાજમાં ભારે ખળભળાટ પેદા કર્યો હતો. શ્રી પરમાનંદભાઈની ધર્મનિષ્ઠા અને સમાજસુધારની ધગશ હું જાણતો હતો. અને હું એ પણ જાણતો હતો કે તેઓ જ્ઞાનોપાસક અને ઠરેલ સમાજસુધારક હોઈ સમાજમાનસને સાચવી સમાજ જીવનને દરેક ક્ષેત્રમાં નવા નવા વિચારો આપવા અને એ પ્રાણવાન વિચારોને કારણે સમાજમાં જે વિચારક્રાંતિ થશે, તેના ઉપર વિશ્વાસ રાખી એમાંથી જ જીવન ક્રાંતિ થશે અને એની મેળે સંસારસુધારો પણ થશે, એ નિષ્ઠાથી તેઓ ચાલનારા હતા.

એવા ઠરેલ જ્ઞાનોપાસક સેવકનું એક ભાષણ સાંભળી લોકો જ્યારે ઉશ્કેરાયા ત્યારે મેં પૂછેલું કે શું જૈનસમાજ આવા ઠરેલ, નમ્ર પણ સત્યવકતા સેવકને 'માર્ટિન લ્યૂથર' બનાવવા માંગે છે? (તે વખતે મારો ભાવ ન સમજવાથી શ્રી કનૈયાલાલ મુનશીજીએ માનેલું કે પરમાનંદભાઈને હું માર્ટિન લ્યૂથર સાથે સરખાવવા માગું છું.) આજે હું સ્પષ્ટ કહી શકું છું કે પરમાનંદભાઈમાં માર્ટિન લ્યૂથરની જ ધર્મભકિત અને સત્યવાદિતા હતી. પણ તેઓ મરણિયા થઈ કોઈ નવી ધર્મસ્થાપના કરવાની મહત્વકાંક્ષા રાખનારા ધર્મસેવક ન હતા. મેં તો માન્યું છે કે સમાજની સાંપ્રદાયિકતા ઉપર પ્રહાર કર્યા વગર બની શકે તેટલી એ સાંપ્રદાયિકતા ઓગાળી નાંખવી અને સમાજ ઝીલી શકે એ ક્રમે સમાજના જીવનરસો અને ચિન્તનક્ષેત્રો વ્યાપક કરતાં જવું એ હતી પરમાનંદભાઈની સ્થાયી નીતિ.

પરમાનંદભાઈએ મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરી. એમણે પ્રથમ 'પ્રબુદ્ધ જૈન' ચલાવ્યું. આગળ જતાં એ જ નિયતકાલિકને 'પ્રબુદ્ધ જીવન' નામ આપ્યું. અને એ પાક્ષિક મારફતે એમણે જૈન સમાજની જ નહિ પણ ગુજરાતની આખી જનતાની ઉત્તમ સેવા કરી છે.

પરમાનંદભાઈની ચારપાંચ તપની આખી સેવાનો વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે ન્યાયમૂર્તિ નથવાણીએ એમને 'આદર્શ બ્રાહ્મણ' કહ્યા તે સો એ સો ટકા સાચું છે.

અને એ આદર્શ બ્રાહ્મણ પણ કેવા!! સંસ્કારી અને પુરુષાર્થી. સમાજના બધા જ જીવનક્ષેત્રોમાં એમને રસ. પોતાના વિચારોમાં દઢ હોવા છતાં તમામ મતભેદો અને દૃષ્ટિભેદો પ્રત્યે એમના મનમાં આદરયુકત સહાનુભૂતિ, અને તેથી જ એમણે પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા મુંબઈના જૈન સમાજને, બલ્કે આખા સંસ્કારી મુંબઈને દેશના ઉત્તમોત્તમ મનીષીઓના વિચારોનો અને કાર્યોનો પરિચય કરાવ્યો.

હું તો માનું છું કે મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળા એ જ પરમાનંદ ભાઈના સર્વસંગ્રાહક અનેક પાસાવાળા વ્યકિતત્વની પરિચાયિકા છે.

અમે મિત્રો આપસમાં વાતો કરતા, અનેકવાર કહેતા કે ભિન્ન ભિન્ન ક્ષેત્રના સારા સારા લોકોને બોલાવી એમનો એકબીજા સાથે પરિચય કરાવવો એ જ પરમાનંદભાઈના જીવનનો પરમ આનંદ હતો.

એક જ દાખલો અત્યારે અહીં નોંધવાનું મન થાય છે.

એક વખતે એમણે કહ્યું કે "એક મહિલાને હું ઓળખું છું જે જન્મે મહારાષ્ટ્રી છે. એક ગુજરાતીને પરણી છે. પરિણામે બંને ભાષાઓ ઉપર સરસ કાબૂ ધરાવે છે. વિદુષી છે, સંસ્કારી છે, સાહિત્ય-સેવી છે. અને સમાજસેવામાં રસ ધરાવે છે. એમને મળતા તમને જરૂર આનંદ થશે." પરમાનંદભાઈએ અમારો મેળાપ ગોઠવ્યો. ત્યાં તો મને બેવડો આનંદ થયો. એ જ વિદુષી નાની બાળા હતી ત્યારે સિંહગઢ ઉપર મારા ખોળામાં રમેલી. એના પિતા સાથે મારો નવો પરિચય થયો હતો. એ પહાડી કિલ્લા ઉપર અમે અવારનવાર મળતા હતા. ભાઈ ધનેશ્વરની કાયસ્થ સંસ્કારિતા ઉપર હું મોહિત થયો હતો. પૂનામાં એક બે વાર એમને ઘેર એ આખા કુટુંબને હું મળ્યો હતો. પણ પછી એ પરિચય વધ્યો ન હતો. પરમાનંદભાઈ દ્વારા જ્યારે એ સાહિત્ય-સેવી વિદુષી મૃણાલિનીબેન દેસાઈનો પરિચય થયો ત્યારે જૂના સંસ્કારો તાજા થયા. અને હવે અમે અનેકવાર મળીએ છીએ, પોતપોતાની મુસાફરીનો આનંદ એકબીજાને કહીએ છીએ. ગાંધીભકિતને કારણે એમણે નવલકથાના રૂપમાં 'ગાંધીચરિત્ર' લખ્યું છે. મારા ધંધાને વફાદાર રહી મેં એને આમુખ લખી આપ્યું છે. અને સરકારે એ નવલકથાની ઉત્તમ કદર કરી છે. ચિ. મૃણાલિની અને હું અમારો પરસ્પર પરિચય સજીવન કરવા માટે પરમાનંદભાઈ પ્રત્યે ચિરકૃતજ્ઞ છીએ. હમણા જ મૃણાલિનીએ પરમાનંદભાઈની અંતિમ વિદાય લીધા પછી તરત જ મને કાગળ લખી પરમાનંદભાઈ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યકત કરી છે.

પજ્જુષણ અથવા પર્યુષણ, ધર્મનિષ્ઠ જૈનોનો વ્યકિતગત ધર્મસાધના ચલાવવાનો એક રૂઢ તહેવાર. એવા એ તહેવારને લઈને પરમાનંદભાઈએ એનું કલેવર ફેરવી નાખ્યું. અને પૂનાની વસંત વ્યાખ્યાનમાળા અને મુંબઈની હેમન્ત વ્યાખ્યાનમાળા જેવી સંસ્કૃતિ-સંવર્ધનની જ્ઞાનોપાસક વ્યાખ્યાનમાળા એમણે ચલાવી. એ વ્યાખ્યાનમાળાના આજ સુધીના ઘણાખરાં વ્યાખ્યાનો એકત્ર કર્યા હોત તો એની એક Encyclopaedia જ તૈયાર થઈ જાત.

આમણે ત્યાં ઘણા લોકો કોઈ એક કામમાં સફળતા મળતા વેંત ઉત્સાહમાં આવી એ પ્રવૃત્તિના અનેક દૂષણોને પોષણ આપે છે. અનેક પ્રવૃત્તિઓને જોરશોરથી વધારતા જાય છે, અને અંતે મનુષ્યબળને અભાવે અથવા પોતાની જ કાર્યશકિત વેડફાઈ જવાથી બધી જ પ્રવૃત્તિઓ ખોઈ બેસે છે. વ્યાજને લોભે મૂડી ખોવા જેવું એ થઈ જાય છે. શ્રી પરમાનંદભાઈ એવા મોહમાં સપડાયા નહિ. તેમણે વ્યાખ્યાનમાળાનું કામ જ વધુ ને વધુ નક્કર, વ્યાપક અને સંસ્કૃતિ-સંવર્ધક કરવા પાછળ પોતાની બધી શકિત વાપરી.

આ વ્યાખ્યાનમાળા માટે વકતાઓની પસંદગી કરવામાં પરમાનંદભાઈની બધી કુનેહ કામ આવી છે. વકતાઓ કેવળ જૈન નહિ, કેવળ હિન્દુ નહિ, કેવળ ભારતીય નહિ - એમણે તો અનેક ધર્મના અને અનેક ખંડના વકતાઓ પકડી આણ્યા છે. એમાં વિદ્વાનો પણ છે અને વિદુષીઓ પણ છે.

આટલી સફળતા મળ્યા પછી કોઈ પણ માણસ લોભમાં તણાઈ સમાજસુધારાની, ધર્મસંસ્કરણની અને રાજદ્વારી પક્ષોની પ્રવૃ-

ત્તિઓમાં તણાઈ જાત અને નવા યુગને માટે અનુકૂળ એવા સંસ્કૃતિ સંગઠનો ઊભા કરત. પણ પરમાનંદભાઈનો વિશ્વવાસ સંસ્થાઓ ચલાવવા કરતાં સંસ્કારિતા ફેલાવવામાં વધારે હતો. સમાજ પોતાની સંકુચિતતા છોડે, વ્યાપક રીતે વિચાર કરતો થાય, બૌદ્ધિક ઉદારતા કેળવે એટલે શ્રોતાઓ જીવનસમૃદ્ધ થવાના જ, પછી તેઓ અનેકાનેક સંસ્થાઓમાં અને પ્રવૃત્તિઓમાં દાખલ થવાના અને માનવકલ્યાણની વિશુદ્ધ પ્રવૃત્તિઓને પોષણ આપવાના. સરવાળે સમાજનું આખું વાતાવરણ વિશાળ, ઉન્નત અને પ્રાણવાન થવાનું. આ બધું એની મેળે થવાનું છે એ વિશ્વવાસે પરમાનંદભાઈ પોતાના સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને અને પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાને વળગી રહ્યા.

જેમ પરમાનંદભાઈ સાર્વભૌમ સહાનુભૂતિ હોવા છતાં પોતાની પ્રવૃત્તિ છોડી બીજાની પ્રવૃત્તિઓમાં તણાઈ જતા નહિ તેમ જ એમની સાથે સહકાર કરનાર કોઈને પણ જોખમમાં આવવાની કે તણાઈ જવાની બીક તેઓ પેદા કરતા ન હતા. કોઈ પણ માણસ પોતાની શક્તિ, વૃત્તિ અને ઉત્સાહ પ્રમાણે જેટલો સહકાર આપે તેટલાથી પરમાનંદભાઈ સંતુષ્ઠ રહેતા હતા. અને તેથી જ અનેકાનેક સાથીઓનો પ્રસન્ન-સહકાર તેઓ મેળવી શકતા હતા, અને એવા સાથીઓની સંખ્યા વરસોવરસ વધતી જતી હતી.

આશ્ચર્ય છે કે યુવાવસ્થામાં 'બી. એ.' 'એલ.એલ.બી.' કર્યા છતાં પોતાના પિત્રાઈ ભાઈ મોતીચંદ સાથે સોલિસિટરના ધંધામાં કાયમના દાખલ ન થતા તેઓ ઝવેરાતના ધંધામાં ઊતર્યા. કેટલાક રૂઢિચુસ્ત જૈનો માને છે કે ઝવેરાતનો ધંધો અહિંસાધર્મને માટે વધારેમાં વધારે અનુકૂળ છે. હું નથી માનતો કે આવી કોઈ ભ્રમણાને લઈને એમણે ઝવેરાતનો ધંધો પસંદ કર્યો હોય. હું માનું છું કે આજીવિકા પૂરતું એ ધંધામાં જ ઓછા વખત આપીને પણ મળી શકે છે. અને જ્ઞાનની ઉપાસના કરવામાં કે સમાજની સેવા કરવામાં વધારેમાં વધારે વખત આપી શકાય છે, એ ખ્યાલથી જ એમણે એ નિરુપદ્રવી ધંધો પસંદ કર્યો હોય.

અને ગમે ત્યારે લાંબા વખત સુધી મુસાફરીએ જવા માટે પણ આ ધંધો એમને અનુકૂળ જણાયો હશે. હું તો માનું છું એક અથવા બીજી રીતની મુસાફરીનો શોખ જેને બિલકુલ નથી એને સંસ્કારી વ્યક્તિ ગણાય જ નહિ. પરમાનંદભાઈએ સંસ્કારયાત્રાનો આનંદ મેળવવાની એકકે તક ખોઈ નહિ હોય. યાત્રાને લીધે નવા નવા લોકો સાથે સંબંધ બંધાય છે. નવી નવી સંસ્થાઓના કાર્યોની માહિતી થાય છે. નવા નવા સવાલો ચર્ચવા પડે છે. અને આ રીતે માણસની બુદ્ધિ સૂક્ષ્મદર્શી અને દૃષ્ટિ વિશાળ થાય છે, સહાનુભૂતિ કેળવાય છે. પરમાનંદભાઈને જ્યારે જ્યારે મળીએ ત્યારે ત્યારે તેઓ પોતાની મુસાફરીના અનુભવો રસપૂર્વક કહેવાના જ.

આજકાલ જ્યારે જ્યારે હું મુંબઈ જતો ત્યારે ત્યારે એની જાણ થતા તેઓ મને આવીને અચૂક મળતા. અને પૂરી છૂટથી અસંખ્ય સવાલોની ચર્ચા છેડતા. એવી ચર્ચામાં એમની દૃષ્ટિની તાજગી જોઈ મને ઘણો આનંદ થતો અને લાભ પણ મળતો. અત્યંત સંસ્કારી અને સેવામય જીવન પસાર કરી યુવાન તેમ જ સમવયસ્ક અનેકોને પ્રેરણા આપી પરમાનંદભાઈએ ઉમરના ૭૮ વર્ષે જિંદગીની છેલ્લી મુસાફરી ખેડી છે. હવે પછીનું જીવન કેવું થશે એ કોણ કહી શકે? અત્યંત મીઠા સ્મરણોના રૂપમાં અસંખ્ય સ્નેહીઓના જીવનમાં તેઓ ભાગ લેતા હશે. એ જ એમનું જીવન હવે પછી આપણે માટે રહ્યું છે.

કાકાસાહેબ કાલેલકર

## ☆ શું છેલ્લો જ મેળાપ? ☆

સ્વ. સ્નેહી પરમાનંદભાઈ હજી હમણાં જ અમદાવાદમાં આવ્યા હતા અને મારે ઘરે પણ આવ્યા હતા. બપોરનો વખત હતો, હું મારી બેઠકમાં વાંચનના કામમાં હતો એવામાં બારણું ઊઘડ્યું અને કોઈ ભાઈ સફેદ કપડામાં તેમાં પ્રવેશ્યા, આંખની જોવાની શક્તિ થોડી ઓછી થવાથી કોઈ ભાઈ આવ્યા એમ જાણી શક્યો. મેં મારા માથા ઉપર ગરમીથી બચવા કપડું બાંધેલું એટલે એ ભાઈ તરત જ બહાર જવા લાગ્યા, મેં કહ્યું કે જે ભાઈ હોય તે અંદર નજીક આવો એમ કહીને હું પોતે બેઠકમાંથી મારા મોટા ઓરડામાં આવ્યો કે તરત જ મેં કહ્યું કે આ તો પરમાનંદભાઈ છે. મને બરાબર દેખાયું નહીં એટલે પરમાનંદભાઈ કહે એ તો હવે અવસ્થાને લીધે એમ જ થાય. પછી તો અમે બેઠા, પાણી પીધું અને પછી વાતો શરૂ કરી. હમણાં શ્રી વિનોબાજીએ એક બે ચર્ચાઓ ઊભી કરેલ છે એ બાબત પ્રથમ વાત કરી.

"વૈષ્ણવજન તો તેને કહીએ" એ ભજનમાં "વાચ કાછ મન નિશ્ચલ રાખે" એ કડીમાં આવતા 'કાછ' શબ્દનો અર્થ કચ્છોટો-લંગોટ-થાય છે એટલે તાત્પર્ય એ છે કે જેનો કચ્છોટો નિશ્ચલ છે તે વૈષ્ણવનું એક વિશેષ લક્ષણ છે. એ કડી ખાસ દૃઢ બ્રહ્મચર્યનું સૂચન કરે છે. હનુમાનજીને "વજર કચ્છોટાવાળા" એવું વિશેષણ આપવામાં આવે છે, એ પણ આ કડીના અર્થનું સમર્થન છે. આ બાબત શ્રી વિનોબાજી એમ કલ્પના કરે છે કે 'કાછ' નહિ પણ 'કાય' પાઠ હોવો જોઈએ, કોઈ લખનારે 'કાય'ને બદલે "કાચ-કાછ" એમ લખી દીધું લાગે છે અને એ રીતે કાયને બદલે 'કાછ' પાઠ શરૂ થઈ ગયો છે. આ અંગે મેં પરમાનંદભાઈને મારો વિચાર જણાવતાં કહ્યું કે 'કાછ' પાઠ કોઈ રીતે જરા પણ અનુચિત નથી અને અર્થદૃષ્ટિએ પણ બરાબર સંગત છે. બીજી વાત અહિંસાને લગતી છે. પવનારમાં રહેનાર કોઈ ભાઈ શેરડી વેચવા વર્ધા ગયો અને ત્યાં શેરડીને પડાવી લેવા કોઈ લોકો આવ્યા એટલે તે ભાઈ એ લોકો પાછળ દોડ્યો અને તેમને છેટે તગડી મુક્યા. આ પછી એ ભાઈને વિચાર થયો કે હું બ્રહ્મવિદ્યામંદિરમાં રહું છું અને મેં આ શું કર્યું? આ બધી ચર્ચા પ્રબુદ્ધ જીવનમાં પરમાનંદભાઈએ કરેલી જ છે. આ ચર્ચાના પ્રસંગમાં મેં પરમાનંદભાઈને જણાવ્યું કે શ્રી વિનોબાજી આ સ્વાર્થસાધક હિંસાની પ્રવૃત્તિને ગીતાનો આધાર બતાવીને અહિંસક કોટિની ગણાવે છે એ વિશેષ વિલક્ષણ છે. પ્રથમ તો એ કે જે ગીતાનો શ્લોક શ્રી વિનોબાજીએ બતાવેલ છે તે આ પ્રસંગમાં લાગુ જ થઈ શકતો નથી. એ શ્લોકમાં તો સ્પષ્ટ કહેલ છે કે એ શ્લોક તો જે વિતરાગ પુરુષ હોય તેને જ લાગુ કરી શકાય છે. પ્રસ્તુતમાં તો શ્રી વિનોબાજી ખુદ વીતરાગ નથી તેમ પેલો શેરડી વેચનાર ભાઈ પણ વીતરાગ નથી. એટલે આ વાત બરાબર સંગત નથી. ઘણા વખત પહેલા હું ઉરુલીકાંચન ઉપચાર માટે ગયેલો, ત્યાં એક સજ્જને મને કહ્યું કે સ્ત્રીસમાગમ પણ અનાસક્તભાવે થઈ શકે છે. જો કે એ સજ્જને મને ગીતાના શ્લોકનો આધાર તો નહીં બતાવેલો પણ મને લાગ્યું કે એમના મનમાં પણ ઉક્ત ગીતાનો શ્લોક જ રમતો હશે. મેં પરમાનંદભાઈને કહ્યું કે આ અંગે મેં બે નોંધો મૈત્રીમાં મોકલી આપી છે. હજુ છપાઈ નથી તેમ મને પાછી પણ મળી નથી. એ સાથે શ્રી પરમાનંદભાઈને મેં એમ પણ જણાવ્યું કે જો શ્રી વિનોબાજી જેવા અધિકારી પુરુષ ગીતાનો આવો ઉપયોગ કરતા હોય તો સાધારણ માણસ તો આવો અનુકૂળ ઊપયોગ કેમ ન કરે? પછી મેં શ્રી પરમાનંદભાઈને કહ્યું કે ઉતાવળ ન હોય તો થોડું વધારે બેસો તો બીજી વાતો કરું. તેઓએ નિરાંતે બેસવાની વાત કરી એટલે મેં બીજી વાતો પણ શરૂ કરી.

અમારી વાત પુરી થયા પછી શ્રી પરમાનંદભાઈ મારા પાડોશી શ્રી રસિકલાલભાઈ પરીખને મળવા ચાલ્યા ગયા. કાળ કેવો વિચિત્ર છે કે અમારો અને શ્રી પરમાનંદભાઈનો આ મેળાપ છેલ્લો જ નિવડ્યો.

પંડિત બેચરદાસ દોશી

# મારાં નિકટતમ મિત્ર

પરમાનંદભાઈની સાથે મારો પ્રથમ પરિચય થયાને એટલા બધા વર્ષો થઈ ગયા છે કે, યાદ કરું છું તો પણ, મને યાદ આવતું નથી. ઘણું કરી, ૧૯૩૫–૩૬ માં પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે પ્રથમ પરિચય થયો. ત્યારે આ વ્યાખ્યાનમાળા, મુંબઈમાં વિઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનના એક નાના હૉલમાં થતી. ત્યાર પછી, હીરાબાગ, ભાંગવાડી થિયેટર, બ્લેવેટ્સ્કી લૉજ, રોક્સી સીનેમા, બીરલા ક્રિડાકેન્દ્ર અને ભારતીય વિદ્યાભવનમાં–એમ ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. મને યાદ છે ત્યાં સુધી ૧૯૩૫–૩૬થી આજ સુધી કોઈ વર્ષે મારું એક વ્યાખ્યાન ન હોય એમ બન્યું નથી. પરમાનંદભાઈનો આગ્રહ રહેતો અને મને પણ આનંદ થતો. ત્યારે મને ગુજરાતીમાં બોલવાનો અભ્યાસ નહતો. આ વ્યાખ્યાનોથી મને ઘણો લાભ થયો.

ત્યાર પછી યુવક સંઘની બીજી પ્રવૃત્તિઓમાં તેમણે મને ખેંચ્યો. સ્વ. મણિલાલ મોહકમચંદ શાહને લીધે સંયુક્ત જૈન વિદ્યાર્થી-ગૃહમાં ખેંચાયો. આ સંકલિત પ્રવૃત્તિઓ હતી અને રહી છે. ૧૦-૧૨ વર્ષ પહેલાં મને યુવક સંઘનો પ્રમુખ બનાવ્યો. આ બધામાં મારી દૃષ્ટિ પરમાનંદભાઈની શુભ પ્રવૃત્તિઓમાં બને તેટલા મદદરૂપ થવાની હતી.

મારો તેમની સાથે પરિચય થયો ત્યારે તેઓ તેમના ધંધામાંથી લગભગ નિવૃત્ત થયા હતા અને થોડા વર્ષ પછી સર્વથા નિવૃત્ત થયા. છેલ્લા ત્રીશ વર્ષ દરમ્યાન તેમની બધી શક્તિ અને સમય તેમણે જૈન યુવક સંઘ અને તેની પ્રવૃત્તિઓ, 'પ્રબુદ્ધ જીવન' અને વ્યાખ્યાનમાળા પાછળ ખર્ચ્યા હતા.

અમે અતિ ગાઢ અને નિકટના પરિચયમાં આવ્યા. તેમની જ્ઞાનજીજ્ઞાસા ઊંડી હતી. અમારી વચ્ચે વિવિધ વિષયોનો વિચાર–વિનિમય અંતિમ ઘડી સુધી વ્યાપક અને સતત રહ્યો. છેલ્લા ૧૦-૧૨ વર્ષોમાં તેઓ જે કાંઈ લખતા તે મને બતાવી જતાં. કાંઈ ક્ષતિકતદોષ હોય કે રજૂઆતની ઉણપ હોય તો સહર્ષ સ્વીકારી, ફેરફાર કરતા. ક્યાંય વિચાર–મતભેદ હોય તો, તેમને રૂચે તો ફેરફાર કરતા નહિતો તેમના વિચારોમાં સ્થિર રહેતા. 'પ્રબુદ્ધ જીવન' માટે બીજા લખાણો આવે તે પણ પ્રગટ કરતાં પહેલાં મને બતાવી જતાં. તેમને મુક્ત ચર્ચા થાય તે ગમતું. મને કેટલુંક નબળું અથવા સામાન્ય લાગે તેવું પણ ચર્ચા માટે તેઓ પ્રગટ કરતાં. અમારી વચ્ચે કોઈ વિષયે મતભેદ હોય તો કોઈક વખત 'પ્રબુદ્ધ જીવન'માં પણ પ્રગટ થતો. તેને તેઓ આવકારતાં. સાચા પત્રકારની સત્યનિષ્ઠા તેમનામાં હતી. ભૂલ થઈ હોય તો સ્વીકારતા. તેમનાં લખાણમાં ઘણી ચીવટ, સમતુલા અને સૌમ્યતા હતી. દા. ત. શ્રી રજનીશ વિષે પ્રથમ અમારી વચ્ચે મતભેદ હતો. પણ તેમને રજનીશના વિચારોની હાનિકારકતા જણાઈ ત્યારે મારા કરતાં પણ ઉગ્રપણે વિરોધ કર્યો. પત્રકારોનો બીજો મહાન ગુણ નીડરતા–તે તેમનામાં હતી. કોઈ મહત્ત્વાકાંક્ષા ન હતી. એટલે જીવનમાં ઈર્ષા કે અસંતોષને સ્થાન ન હતું. પોતાના લખાણથી પોતાના ઉપર કોઈ વિપરિત અસર થશે તેની ચિન્તા ન હતી, પોતાના જીવનની મર્યાદા બાંધી દીધી હતી. જે એક કામ પોતે લીધું હતું તેને પોતાના વિકાસનું સાધન બનાવ્યું હતું અને તેમાં બધો સમય અને શક્તિ આપતા.

પરમાનંદભાઈ સમાજસુધારક હતા. સમાજને રૂઢિચુસ્ત જડતામાંથી જાગ્રત કરવો અને યુગને અનુરૂપ પરિવર્તન કરવું તે તેમનું ધ્યેય હતું. તે માટે સમાજને આંચકા આપવા પડે તો તે માટે તૈયાર રહેતા. બાળદીક્ષા વિરોધથી જૈન યુવક સંઘનો જન્મ થયો. તેથી તેઓ બહિષ્કૃત થયા. અંત સુધી આ દૃષ્ટિ રહી. સમાજમાં નવીન વિચારોનો પ્રવાહ વહાવવો અને લોકોને વિચાર કરતાં કરવા એ જ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. સંસ્થાઓ સ્થાપવી, ફંડફાળા કરવા, સંસ્થાઓનું સંચાલન કરવું વિગેરે તેમની પ્રકૃત્તિને અનુકૂળ ન હતું.

તેમની દૃષ્ટિ મુખ્યત્વે સામાજિક social હતી. તત્ત્વચિન્તન અથવા ધાર્મિક વલણ પ્રત્યે તેમને બહુ આકર્ષણ ન હતું. He was a social reformer and a humanist. પોતાની બુદ્ધિને ગ્રાહ્ય હોય તેટલું જ સ્વીકારતા. He was a rationalist. બુદ્ધિવાદની મર્યાદા હોય છે. તેમનામાં સાંપ્રદાયિકતાનો સર્વથા અભાવ હતો. 'પ્રબુદ્ધ જૈન' નામ બદલાવી 'પ્રબુદ્ધ જીવન' કર્યું. તે આ વલણને કારણે હતું. પરિણામે મોટે ભાગે સાંપ્રદાયિક ઓવા શ્વેતામ્બર મૂર્તિપૂજક કે જૈન સમાજમાં આસરકારક સ્થાન ન હતું પણ અતિ આદરણીય સ્થાન હતું. જૈનેતર સમાજમાં પણ આ જ કારણે આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેમની કાર્યપ્રવૃત્તિ જૈન સમાજમાં સીમિત હોવા છતાં તેમની દૃષ્ટિ રાષ્ટ્રીય હતી. આઝાદીની લડતમાં ભાગ લઈ, જેલ ભોગવી હતી. ગાંધીજીની વિચારધારાથી પ્રભાવિત હતા.

સંસ્કારી વ્યક્તિઓનો સહવાસ અને મૈત્રી તેમને અતિ પ્રિય હતા. He was essentially a Social being. આવી મૈત્રીઓ ઘણી વ્યક્તિઓ સાથે કરી, દીર્ઘકાળ ટકાવી રાખતા. મતાગ્રહનો અભાવ હતો. વિચારમતભેદ આવકારતા, તેથી સંઘર્ષ થતો નહિ. પરિભ્રમણ અને પ્રવાસનો શોખ હતો. તેથી વિશાળ મિત્રસમુદાય તેમના જીવનનું મહત્ત્વનું અંગ હતું. સૌન્દર્યદૃષ્ટિ હતી એટલે જે કાંઈ કહે તેમાં સરસતા અને સુઘડતાનો આગ્રહ રહેતો. પરિગ્રહમોહ ન હતો. જે કાંઈ હતું તેથી સંતોષ હતો. પોતાની શક્તિની મર્યાદાથી પુરા સભાન હતા. એટલે લેશમાત્ર અભિમાન ન હતું.

ગુણગ્રાહકતા હતી એટલે અવૈર હતા. જ્યાંથી જે કાંઈ સારું મળે તે મેળવવા ઇન્તેજાર રહેતા. મને તેમણે લખતો કર્યો. પાછળ પડીને લખાવે. અમને પરસ્પર અસીમ આદર હતો. પરમાનંદભાઈના અવસાનથી મેં એક નિકટતમ મિત્ર ગુમાવ્યો છે. તેમની ખોટ મારા જીવનમાં કોઈ પૂરી શકે તેમ નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# ★ કર્મયોગી ★

મારા પરમ સ્નેહી શ્રી પરમાનંદભાઈના એકાએક સ્વર્ગે સિધાવી ગયાના દુઃખદ સમાચાર રેડિયો તેમ જ છાપાદ્વારા જાણ્યા ત્યારે ભારે આઘાત અનુભવ્યો. તેઓશ્રી છેલ્લે મને મુંબઈમાં મળ્યા હતા ત્યારે તો શરીરસ્વાસ્થ્ય સારું લાગ્યું હતું. આમ એકાએક આ ભડ પુરુષને ઈશ્વરે પોતાને ખોળે કેમ લઈ લીધા?

સકલ જૈન સમાજ તેમ જ ગુજરાતી સમાજને તેઓશ્રીની ચિરવિદાયથી કદી ન પૂરાય તેવી ખોટ ઊભી થઈ છે. સમાજ-સેવા અને સુધારણાના એ સદા જાગૃત વીરપુરુષની નિર્મળ વિચારધારા પ્રબુદ્ધ જીવનમાં દર પખવાડિયે મળતી હતી. તેની એ તેજસ્વીતા હવે કઈ રીતે ટકાવી શકાશે તેવું સૌ સ્વજનોને જરૂર લાગતું હશે.

સર્વ દિશાના શુદ્ધ તત્ત્વોનો આદર કરવો અને ક્યાંયે અશુદ્ધિ ખડી થાય તો તેને સત્વર નિવારવા મથવું એવી સત્ત્વમય વૃત્તિને પૂર્ણપણે વરેલા એ કર્મયોગીની જીવન-પ્રણાલિ દૃષ્ટાંતરૂપ બની ગઈ હતી.

એ પ્રદીપ્તિ પામેલા આત્માને સર્વ દિશાઓથી ભવ્ય અંજલિ મળી રહી છે. તેઓશ્રી પોતાનું જીવન ધન્ય કરી ગયા. અને એમના સંતાનો અને સ્વજનોને એ જીવનની ભવ્યતાનો અમર વારસો આપી ગયા.

પરમાત્માને ચરણેથી તેમના પુણ્ય આત્માનું ફરી આપણી વચ્ચે વિશે। ઓજસ્વીરૂપે પ્રગટીકરણ થાઓ એવી એ પમરકૃપાળુ પ્રત્યે પ્રાર્થના.

**મનસુખરામ જોબનપુત્રા**

# આનંદની સહજ સાધના

આનંદની સહજ સાધના સંસારમાં રહીને સૂક્ષ્મતર ઉચ્ચતર બનાવતા જવાની કળા સદ્‌ગત પરમાનંદભાઈમાં જોવા મળતી હતી.

૧૯૩૩માં કાકાસાહેબે પોતાના એક આત્મીયજન તરીકે એમનો મને પરિચય કરાવ્યો ત્યારે તેઓ પ્રવાસી છે અને પ્રકૃતિસૌન્દર્યના રસિયા છે એવું કહેલું. હું એમને એ પછી જ્યારે જ્યારે મળું ત્યારે વચગાળામાં એમણે કરેલા પ્રવાસોની વાતો નીકળે. આપણા આવડા મોટા દેશમાં દૂર દૂર ઘૂમી આવેલા સજ્જનના સાન્નિધ્યમાં મને આનંદ મળતો. કાકાસાહેબ એમને ત્યાં ઊતરતા, એટલે વારંવાર મળવાનું બનતું. મેં જોયું કે એમને તો કળા, સાહિત્ય આદિમાં પણ ઘણો રસ. તરત જ એમણે આત્મીય તરીકે મને અપનાવી લીધો. એમની સૌથી નાની દીકરી, આપણી કવયિત્રી, ચિ. ગીતા એ વખતે નાનકડી હતી. એણે સ્વાક્ષર માગ્યા ત્યારે ગીતા સુગીતા કર્તવ્યા લખી આપેલું એવું સ્મરણ છે.

પરમાનંદભાઈ કુટુંબવત્સલ હતા. એમની તેજસ્વી દીકરીઓને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર મળે એ એમણે જોયું. એમની વત્સલતા કુટુંબ બહાર ફેલાઈ. સૌ સંસારસેવકો પ્રત્યે એમનામાં સ્વાભાવિક મમતા જોવા મળતી. વ્યવસાયે તેઓ ઝવેરાતના વેપારી હતા. એમના લાંબા કોટના અંદરના ગજવામાં ઝવેરાતનું એક પાકીટ હોય. ક્યારે કેટલો ધંધામાં સમય આપતા હશે એનું મને હમેશાં આશ્ચર્ય થતું. એમનો તો ધંધો હતો માણસમાં જે કંઈ નાની-મોટી વિભૂતિ હોય તેના સંપર્કમાં આવવાનો. પરમાનંદભાઈ જેવા માણસરસિયા મેં જવલ્લેજ જોયા છે. મુંબઈના ટાપુ ઉપર કોઈ પણ વિશિષ્ટ વ્યકિત આવી કે પરમાનંદભાઈ તેની પાસે પહોંચી જ ગયા સમજો. એની પાસે જે કંઈ હોય, એના વ્યકિતત્વમાંથી જે કાંઈ સુગંધ ઊઠતી હોય, તેનો આસ્વાદ માણવા અંગે એમની તત્પરતા અજોડ હતી. ખરેખર એક વખતે મુંબઈમાં એક મિત્રને ત્યાં બહારથી પધારેલ મહાનુભાવને મળવા હું ગયો ત્યારે મેં શું જોયું? પરમાનંદભાઈ ત્યાં બેઠેલા હતા. મેં પછી એમને કહેલું પણ ખરું: તમારી આગળ આ બાબતમાં હાર ખાવામાં મને આનંદ છે.

આ જીવન એ વ્યવહારની નાની મોટી તુચ્છ વાતોમાં જીવ ભરાઈ રહે તે માટે નથી, પણ એ બધાથી ઊંચે ઊઠી આખા મનુષ્ય-જીવનપટ પર સૌન્દર્યની—આનંદની એક આભા વિલસતી હોય છે તેને આસ્વાદવા માટે પણ છે. પરમાનંદભાઈનું જીવન આ સત્યની સાક્ષી પૂરતું.

આનંદ એટલે પોચલો સુખવાદ નહીં, વીરતાની અપેક્ષા રાખનારો એ પદાર્થ છે. એ પણ એમના જીવનમાંથી જોવા મળે છે. તેઓ અને એમના મોટાભાઈ મોતીચંદ કાપડિયા સ્વરાજની લડતોમાં તો હોય જ, પણ પરમાનંદભાઈએ જૈનસમાજનાં કેટલાંક જડ થઈ ગયેલાં વલણો સામે વીરતાપૂર્વક અવાજ ઉઠાવ્યો. સૌરાષ્ટ્રમાં એક વખત તો જૂનવાણી રૂઢિચુસ્તો તરફથી પથ્થર-પ્રસાદી પણ પામ્યા. સંઘ બહાર પણ મુકાયા હતા. પણ ધીરપણે અને સદાની એમની મધુર પ્રસન્ન પ્રકૃતિથી એમણે સુધારાનું કાર્ય નિરંતર ચાલુ રાખ્યું. 'પ્રબુદ્ધ જૈન' પત્રિકા ચલાવી. પાછળથી 'જૈન'- સમાજમાં મર્યાદિત ન રહેવા માટે પત્રિકાનું નામ 'પ્રબુદ્ધ જીવન' રાખ્યું.

આપણે ત્યાં વિચારપત્રો ઓછાં જ છે. સદ્‌ગત ગટુભાઈ ધ્રુવનું 'જ્યોતિર્ધર', સદ્‌ગત મગનભાઈ દેસાઈનું સત્યાગ્રહ' અને સદ્‌ગત પરમાનંદભાઈનું 'પ્રબુદ્ધ જીવન' એ પોતપોતાની રીતે ચાલુ બનાવો પર વિશિષ્ટ વ્યકિતઓએ કરેલી ટિપ્પણીઓને કારણે વિચારપત્રોની ગરજ સારનારાં નીવડેલાં છે.

પરમાનંદભાઈમાં ગદ્યલેખ શકિત પણ સારી ખીલી. એમના લેખોનો સંગ્રહ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' પ્રગટ થયેલો છે. ખાસ કરીને પ્રકૃતિવર્ણન આદિમાં ગદ્યશકિત જોવા મળે છે. ગિરનાર ઉપર થોડાક દિવસ તેઓ રહ્યા હતા. વાદળાં ખીલે, પ્રસરે, રસળે, એ બધાંનું સુંદર વર્ણન 'સંસ્કૃતિ' માટે તેમણે મોકલ્યું હતું.

પરમાનંદભાઈની એક વિશિષ્ટ સેવા તે પર્યુષણ વ્યાખ્યાન-માળા. એના નામને લીધે તેને સાંપ્રદાયિક માનીને હું નિમંત્રણ સ્વીકારતો નહીં, પણ પં. સુખલાલજી પાસેથી જ્યારે જાણ્યું કે એ તો વ્યાપક ધર્મભાવનાવાળા જૈન મહાનુભાવોએ પર્યુષણપ્રસંગે યોજેલ જ્ઞાનસત્ર હતું-અને પહેલી વ્યાખ્યાનમાળામાં વિજ્ઞાન ઉપર એક વ્યાખ્યાન અપાયું હતું, ત્યારે હું એમાં ભાગ લેતો થયો. પૂનાની-અને પછી મુંબઈમાં પણ યોજાતી-વિખ્યાત વસંતવ્યાખ્યાન-માળાની કક્ષાએ પહોંચતી આ વ્યાખ્યાનમાળા ચલાવવા માટે સાંસ્કૃતિક ગુજરાત પરમાનંદભાઈનું ઋણી રહેશે. ગુજરાતીભાષી સમાજને સાંસ્કૃતિક પોષણ પહોંચાડવાનો આ ઉપક્રમ પરમાનંદ-ભાઈના ઉત્તરાધિકારીઓ ચાલુ રાખશે એવી આશા રાખીએ. ગયા ચોમાસાની વ્યાખ્યાનમાળામાં છેલ્લું વ્યાખ્યાન પાંચમી સપ્ટેમ્બરે મારે આપવાનું હતું. રાજ્યસભામાં તે દિવસે જ રાજાઓના વિશિષ્ટા-ધિકારો અંગે મતદાન હોઈ છેલ્લી ઘડીએ ન જઈ શકવા માટે મેં ક્ષમાપના કરી ત્યારે એમનો બહુ જ સમભાવપૂર્વકનો ઋજુતાભર્યો જવાબ મળ્યો હતો.

એમના ઘણા સમકાલીનોને અને મારા જેવા લઘુ બંધુઓને એમના જવાથી જીવનમાં મધુરતાની એક સરવાણી બંધ થયાની ખોટ વરતાશે.

**ઉમાશંકર જોશી**

## * પ્રબુદ્ધ આત્મા *

મારા દક્ષિણના પ્રવાસમાં મદ્રાસમાં મુંબઈ સમાચારમાં અચા-નક શ્રી પરમાનંદભાઈના દુઃખદ અવસાનના ખબર વાંચતાં સખ્ત આઘાત અનુભવ્યો. ઘણાં વર્ષોનો પરિચય છતાં છેલ્લાં પાંચેક વર્ષથી અમે વધુ નજીક આવેલા. તેમનું પ્રત્યક્ષ મિલન તો વર્ષમાં એકાદ વખત મારા મુંબઈના આગમન પ્રસંગે થતું. પરંતુ તેમના સાચા મિલનનો લહાવો દર પખવાડિયે પ્રબુદ્ધ જીવન દ્વારા લેવાનો હું ચૂકતો નહિ. તેમાં તેમની તંત્રીનોંધોમાં તેમની સત્યનિષ્ઠા, નીડરતા, વિવેક-બુદ્ધિ, વિશાળતા, સમતોલન, વિનય, નમ્રતા, સૌમ્યતા, આદીબુદ્ધિ અને હૃદયના અનેક ગુણો સ્પષ્ટપણે તરી આવતા. 'પ્રબુદ્ધ જીવન' ના જન્મ અને વિકાસમાં તેમનો ફાળો એટલો અદ્વિતીય હતો કે તેમને તેના પિતા કે પ્રાણ લેખી શકાય. 'પ્રબુદ્ધ જીવન' ના અને તેની આનુષંગિક અનેક સામાજિક સેવાની પ્રવૃત્તિઓના વિકાસનું ખરું રહસ્ય તો તેમના પોતાના પ્રબુદ્ધ જીવનમાં હતું. તેમનો આત્મા વસ્તુતઃ પ્રબુદ્ધ-જાગેલો હતો. તે જીવનભર જાગતા રહી આંતર—બાહ્ય લડવૈયા તરીકે ઝઝુમ્યા છે. આ ભવ્ય દીવંગત આત્માને નતમસ્તકે ભાવ્યાંજલિ અર્પું છું.

આમ છતાં આવા ભડવીર પણ ડાયાબિટિસ જેવા દુષ્ટ રોગના ભોગ થઈ પડયા, તેની નાગચૂડમાંથી છૂટી ન શકયા. ઈન્સ્યુલિન આદી દાકતરી દવાઓના નિરંતર સેવનને બદલે કોઈ નિષ્ણાત પાસેથી નિસર્ગોપચાર અને યોગવ્યાયામની સારવાર લીધી હોત તો તેઓ ડાયાબિટિસથી સંપૂર્ણપણે મુકત થયા હોત. ઓછામાં ઓછું માત્ર સંયમિત આહારથી સ્વસ્થ દીર્ઘાયુ જીવન ભોગવી દૃષ્ટાન્તરૂપ બની વધુ સારી સમાજસેવા કરી શકયા હોત એમ હું અન્ય દાખ-લાઓના અનુભવથી નિઃસંકોચપણે કહી શકું છું. હું ઈચ્છું છું કે ડાયાબિટિસ તથા એને પરિણામે થયેલા બીજા રોગોએ શ્રી પરમાનંદ-ભાઈ જેવા ઉચ્ચ કોટીના સમાજસેવકના જીવનનો લીધેલો ભોગ ભવિષ્યમાં આ રોગથી પીડાતા અન્ય સમાજસેવકોના જીવન બચાવે.

**ચંદુલાલ કશીરામ દવે**

# આજન્મ વિદ્યાર્થી : પરમાનંદ કાપડિયા

યુવાન પેઢીએ ૭૮ વર્ષનો યુવાન ગુમાવ્યો. જ્યારથી એમણે વાર્ધક્યની સમસ્યાઓની ચર્ચા 'પ્રબુદ્ધ જીવન'માં શરૂ કરી ત્યારથી જ થોડા મિત્રોને એમ લાગવા માંડેલું કે, પરમાનંદભાઈને હવે વૃદ્ધાવસ્થાનો ભાર સતાવવા માંડયો છે. છેલ્લા એકાદ વર્ષથી તો એ ખૂબ બેચેનીનો અનુભવતા હતા. જિજ્ઞાસુ ને જાગૃત જીવ પણ નબળી આંખોને કારણે ઈચ્છે એટલું વાંચી ન શકે, એટલે મનમાં જ અકળાય. ઝાઝું હરીફરી ન શકે. પણ મિત્રો સાથે ટેલિફોન ઉપર લાંબી વાતો કરીને સાંપ્રત પ્રવાહોથી વાકેફ રહે ને પોતાનું સંપાદનકાર્ય ખેવનાપૂર્વક કરે.

પ્રબુદ્ધ જીવનના ૩૨મા વર્ષનો છેલ્લો અંક ત્રણ દિવસ પહેલાં જ બહાર પડયો. ત્યારે કોઈ મિત્રે એમને અભિનંદન આપ્યાં. જાણે કે, મૃત્યુનો ઓળો જોઈ ગયા હોય એમ પરમાનંદભાઈએ કહ્યું કે, આ કદાચ મારો ય છેલ્લો અંક હશે. કોઈએ આ ગૂઢાર્થવાળા વાક્યની ગંભીર નોંધ ન લીધી; પરંતુ એ બોલ્યા પછી બરાબર બાર કલાકમાં એ ચાલ્યા ગયા—એક તપસ્વીની અદાથી. એમનો દેહ તો પંચમહાભૂતમાં ભળી ગયો, પરંતુ મધમધતા ફૂલો ને સુખડના હાર વચ્ચે શોભતો એમનો સૌમ્ય ચહેરો હજુયે મારી આંખ સામે તરવરે છે. જીવનની છેલ્લી ક્ષણ સુધીપુરુષાર્થ કરતો રહેલો કર્તવ્યનિષ્ઠ ને સ્નેહાળ માનવી ચાલ્યો ગયો, આપણને સૌને વાંઝિયા મૂકીને.

જીવનમાં બે જ એવા ગુજરાતી બુઝુર્ગોને હું ઓળખવા પામ્યો છું, જેમની હાજરીમાં ઉંમરનો ભેદ મને ન નડયો હોય. એક છે ઈન્દુલાલ યાજ્ઞિક ને બીજા શ્રી પરમાનંદ કાપડિયા. બંનેના વ્યક્તિત્વમાં આસમાન જમીનનો ભેદ; પરંતુ પરમાનંદભાઈ ગજબના ગુણગ્રાહી ને નમ્ર. યુવાન પેઢીને મળવાની તક સામે ચાલીને ઝડપે. તમારા વિચાર સાથે સહમત ન થાય તો બેધડક જણાવી દે, પરંતુ આદરપૂર્વક. ઊગતા સૂરજને પૂજવાનો એમનો સ્વભાવ જ નહીં. ગમે તેવા તિસમારખાંને 'સર્વોચ્ચો' ને પોતે જે કાંઈ માનતા હોય તે સ્પષ્ટપણે કહેતાં જરા પણ ડરે નહીં. પત્રકારમાં હોવી જોઈએ એ સત્યનિષ્ઠા એમનામાં હતી એની સાબિતી પ્રબુદ્ધ જીવનના ૩૨ વર્ષના ૭૬૮ અંકોમાં ઠેર ઠેર વેરાયેલી પડી છે.

પ્રબુદ્ધ જીવન પરમાનંદભાઈને કદાચ પત્નીથી પણ વધુ વહાલું હતું. એની ગુણવત્તા કથળે નહીં, છાપકામની ભૂલ રહેવા પામે નહીં, ઉન્નત વિચારના પોષક અને પ્રવર્તક તરીકે એની પ્રતિષ્ઠા જળવાઈ રહે, સામગ્રીનું વૈવિધ્ય સચવાય એ વિશે એ સતત ખેવના રાખતા. અંગ્રેજી છાપાં કે સામયિકમાં કોઈ સરસ લેખ જુએ તો લાયક વ્યક્તિ પાસે એનો અનુવાદ કરાવીને પ્રસિદ્ધ કરવામાં એ પરમ આનંદ અનુભવતા. આવા એકનિષ્ઠ તંત્રીના ચાલ્યા જવાથી ગુજરાતના ચિન્તન સાહિત્યને મોટો ફટકો પડયો છે. હવે જે કોઈ વ્યક્તિ 'પ્રબુદ્ધ જીવન'નો ભાર સંભાળશે એણે વારસો જાળવી રાખવા વિશે ખૂબ જ જાગૃત રહેવું પડશે.

જૈન યુવક સંઘ અને પરમાનંદભાઈ પર્યાયવાચક શબ્દો હતા. એમની સઘળી શક્તિ એમણે જીવનભર આ સંસ્થા પાછળ નીચોવ્યા જ કરી.

જૈન સમાજ-સુધાર અને સાંપ્રત જીવનની સમસ્યાઓની ચર્ચા માટે ને જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાએ અતિમહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આ વ્યાખ્યાનમાળાની યોજનાનો ચેપ ખુદ મુંબઈનાં પરાંઓમાં અને ગુજરાતનાં અન્ય શહેરોમાં પણ લાગેલો. જૈનેતર સમાજને પણ પર્યુષણ પર્વ દરમિયાન ચિંતનપ્રેરક ને ઊર્ધ્વગામી વાતાવરણમાં ડૂબકીઓ મરાવવાનો લાભ આપવાનું શ્રેય પરમાનંદભાઈને જાય છે. આ વ્યાખ્યાનમાળાના આયોજનમાં, વિષય અને વક્તાની પસંદગીમાં પરમાનંદભાઈ કેટલો ઊંડો રસ લેતા એનો હું સાક્ષી છું. કોઈકોઈ વાર તો સંભાવિત વક્તાને નાણી જોવા માટે એ વડોદરા, અમદાવાદ કે જયપુર સુધીનો પ્રવાસ કરતા ને એને જાહેરમાં સાંભળ્યા પછી જ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપવા વિષેની એની યોગ્યતા વિષે નિર્ણય લેતા. શ્રોતાઓની સુરુચિને ન પોષી શકે એવો વ્યાખ્યાતા કોઈ વાર ભૂલેચૂકે પણ અથડાઈ જાય તો એનું પ્રાયશ્ચિત્ત મહિનાઓ સુધી કર્યા કરતા. પોતાની નૈતિક જવાબદારી વિષે આટલી સંવેદનશીલ અને જાગૃત વ્યક્તિઓ આપણા સમાજમાં કેટલી?

છેલ્લાં ચારપાંચ વર્ષમાં આપણા જાહેર જીવનમાંથી ઘરડી વ્યક્તિઓ હડધૂત થવા માંડી છે, થોડીક પોતાને પાપે ને થોડીક લોક-અજ્ઞાનને પરિણામે. દેશની ૭૫ ટકા વસતિ આજે ૩૫ વર્ષથી નીચેની ઉંમરની છે અને છતાં જીવનના સંધ્યાકાળે પહોંચેલી વ્યક્તિઓ યુવાન પેઢીમાં વિશ્વાસ મૂકી શકતી નથી. પરમાનંદભાઈ પ્રામાણિકપણે માનતા કે નવી પેઢીને નેતૃત્વ સોંપી જૂની પેઢીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવી જોઈએ.

સોનાપુરની ચંદનવાડીના વીજળીના સ્મશાનગૃહમાં પરમાનંદભાઈને અલવીદા કહેવા માટે એમના સહકાર્યકરો ને જુવાન મિત્રો મોટી સંખ્યામાં હાજર હતા.

તેમના અવસાનથી સમવયસ્કોએ સાથી ગુમાવ્યો, પાંચ પુત્રીઓએ પિતા ગુમાવ્યો, પત્નીએ પતિ ગુમાવ્યો, પણ યુવાનોએ તો એક મહાન પ્રેરક ને દિલોજાન દોસ્ત ગુમાવ્યો.

ચારુ પંડીત.

# પરમ આનંદના ઉપાસક

સ્વ. પરમાનંદભાઈમાં એમના નામ પ્રમાણે ગુણ હતા. એ પરમ આનંદના ઉપાસક હતા. એ પરમ આનંદ ક્યાં હોય છે? એની શોધ કરવા માટે એમણે જીવનના અનેક ક્ષેત્રો ખેડયા હતા.

સંકુચિતતા અને પરમ આનંદને મેળ નથી હોતો એ વાત એમને સમજાઈ ગઈ એટલે સમાજ જીવનમાં જ્યાં જ્યાં સંકુચિતતા જોવા મળી ત્યાં રે એને કાઢવા મથ્યા. એ કાઢવા જતાં કષ્ટ વેઠવું પડે, અપમાન કે આરોપ સહન કરવા પડે તો એ એમણે હસતા હસતા વેઠયાં અને એમાંય એમણે આનંદ માન્યો. કોઈની શેહ શરમમાં તણાવું નહિ પણ જે સાચું લાગે તે વિનય અને વિવેકથી કહેવું એ એમના 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદનમાં સતત દેખાયા કર્યું છે.

એ જૈન સમાજમાં જન્મ્યા હતા પણ આખી માનવજાત માટે એમને પ્રેમ હતો અને નાના બાળક પાસેથી પણ જ્ઞાન મળતું હોય તો લેવું એવી એમની જ્ઞાન માટેની જિજ્ઞાસા હતી. જ્ઞાન એકલા એકલા માણવાનું પણ ગમતું નહિ. એ એમાં આખા સમાજને ભાગીદાર બનાવવા મથતા. 'પ્રબુદ્ધ જીવન'નું સંપાદન અને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન એમના ઉપરોક્ત ગુણોનો જ પરિપાક હતો.

સામયિકના તંત્રીએ કેવી દૃષ્ટિ રાખવી જોઈએ, એ વિષે પૂજ્ય ગાંધીજીએ એમનાં 'હિંદ સ્વરાજ્ય' પુસ્તકમાં સુંદર દોરવણી આપી છે. એને પરમાનંદભાઈએ સતત નજર સામે રાખી હોય એવું લાગે છે.

સ્વ. રામાનંદ ચેટરજી એમના મોડર્નરિવ્યુ માસિકમાં લગભગ અડધું પાનું દેશ અને દુનિયામાં બનતા બનાવો અંગેની નોંધો લખવામાં વાપરતા. પણ એના વાચકોને તો રામાનંદ બાબુ અમુક વિષય ઉપર શો મત આપે છે એ જાણવાની ઈંતેજારી રહેતી અને રસપૂર્વક એ નોંધો વંચાતી એમ પરમાનંદભાઈનું તાટસ્થ્ય અને પરમના દર્શન કરવાની એમની સુરુચિ પણ પ્રબુદ્ધ જીવનમાં બનતા બનાવો અંગેની નોંધ વાંચવા માટે એક પ્રકારની ઈંતેજારી પેદા કરતાં.

તેઓ આમ એકાએક ચાલ્યા જશે એ તો કલ્પનામાં પણ નહોતું આવતું. પણ ધાર્યું ધણીનું થાય છે. એમના સ્વજનો અને સાથીઓ આપણે સૌ પરમાનંદભાઈના આવા સદ્‌ગુણોમાંથી કાંઈક ગ્રહણ કરીને જ એમનું ઋણ અદા કરી શકીએ.

બબલભાઈ મહેતા

## નિ:સ્વાર્થ સમાજસેવક

સ્વ. પરમાનંદભાઈના પ્રસંગમાં હું બે રીતે આવેલો. ગાંધીજી-સમાજવાદના રાજનૈતિક વિષયોની ચર્ચાઓમાં અને કાંઈક અંશે આધ્યાત્મિક વિષયોની ચર્ચાઓમાં. પહેલાં અમારી મુલાકાત થઈ ૩૭-૩૮ માં, જ્યારે તેઓ રાજકોટમાં યુવક સંમેલનના પ્રમુખ તરીકે આવેલા. અમારી છેવટની મુલાકાત પણ રાજકોટમાં ફેબ્રુઆરી અને માર્ચ ૧૯૭૦ માં ચાર પાંચ વખત થઈ. અમારી ચર્ચાઓનાં આ બે વહેણ છેક સુધી ચાલુ રહ્યાં. પરમાનંદભાઈ એમ સમજાવીને જાય કે તેમને કાંઈક મળ્યું. પણ ખરેખર તેનો લાભ તો મને જ મળતો. આ નાનાં વહેણમાંથી બેત્રણ પ્રસંગે થયેલી વાતચીત જે મારા મન ઉપર લાંબા સમય સુધી અંકિત રહેશે તે શ્રદ્ધાંજલિ રૂપે અહિં ઉતારું છું.

એક તેમની શબ્દના ઉપયોગ વિશેની કાળજી. રાજનૈતિક વ્યકિત તરીકે મારી ભાષામાં ઉન્માદ ન હોય તો પણ રંગ ચઢયો તેમને દેખાતો. તેમને થતું કે કોઈ વિકાસશીલ માણસ અસ્પષ્ટ રહે તો પણ ઈરાદાપૂર્વક રંગને આછો કરે છે. અને કડકાઈ બતાવવા માટે શબ્દ ઉપર ભાર મૂકે તો પણ ઘેરો રંગ પૂરે છે. પરમાનંદભાઈને આ બંને દોષરૂપ લાગતાં. સંપૂર્ણ **સત્યનિષ્ઠ માણસ રંગ ચઢાવ્યા સિવાય જેવું તેનું હૃદય કે મન અનુભવે છે તેવું જ બોલે છે, લખે છે.** 'પ્રબુદ્ધ જીવન'નું આ આકર્ષણ કોઈ દિવસ ભૂલાશે? તેમનાં લખાણો પારદર્શક હતાં. 'નવજીવન' સિવાય ભાગ્યે જ કયાંય એવું જોવા મળે. નિર્ભયતા અને અતિશયોકિતનો સર્વથા અભાવ. કૃત્રિમતા કયાંય જોવા ન મળે. મને અંગ્રેજી ભાષામાં લખવાનો મહાવરો હતો. માતૃભાષામાં લખતો થયો તેને માટે બીજા સાથી મિત્રોને યશ ઘટે છે; પણ મારા લખાણમાં આ ત્રણ વસ્તુઓ વિશેની જાગૃતિનો યશ જાય છે પરમાનંદભાઈને ફાળે: શબ્દબ્રહ્મના પરમાનંદભાઈ ઉપાસક હતા. તેમના સંપર્કમાંથી પ્રાપ્ત થયેલ આ પ્રસાદ સમજું છું.

## નિ:સ્વાર્થ સમાજસેવક

પરમાનંદભાઈની નિરોગી-સુખી, સ્વતંત્ર સમાજની કલ્પના અમારી ચર્ચાનો બીજો વિષય હતો. સમાજવાદમાં તેઓ માનતા હતા. વર્ગ-સંઘર્ષ સમાજવાદમાં અનિવાર્ય છે તેવો ખ્યાલ દૂર કરનાર પરમાનંદભાઈ હતા. ૧૯૪૮ સુધી હું સમાજવાદનો તીવ્ર વિરોધી હતો. બળવંતભાઈ, રસિકભાઈને કેટલીએ વખત તે માટે દુભવ્યાં હશે. તેઓની દૃષ્ટિએ સમાજવાદ એ વિકાસશીલ સમાજનું વિજ્ઞાન હતું. એમાં અને ગાંધીજીનાં મંતવ્યોમાં કયાં કયાં ફરક છે એ અમે બંને ચર્ચતા. છેવટે તેમાંથી મારા મનમાં સમાજવાદનાં બે સ્વરૂપ પ્રગટ થયાં. એક Agro Industrial Civilisation અને એક Individual Civilisation. પરમાનંદભાઈનો ઝોક ખાસ એક તરફ વિશેષ હતો; જોકે બીજી તરફ ઓછો હતો એમ નહીં. મારો ઝોક હતો, છે અને કદાચ જિંદગીના અંત સુધી રહેશે Agro industrial Civilisation તરફ. આધ્યાત્મિક દૃષ્ટિએ શીવાંથી તરીકે શરૂ કરેલ જીવનમાંથી હું ટોલસ્ટોયના, ગાંધીજીના માનવધર્મ સુધી પહોંચ્યો. તેઓ જૈન ધર્મમાંથી પણ ત્યાં સુધી પહોંચ્યા. પણ આ માનવધર્મની વ્યાખ્યા જ માત્ર નહિ, પણ પ્રબુદ્ધ જીવન, માનવમનના વિકાસને માટેનો તેમનો સક્રિય પુરૂષાર્થ, તેમની વ્યાખ્યાનમાળા, તેમના વિધ વિધ આધ્યાત્મિક ચિન્તકો અને વિચારકો સાથેના સંબંધો-આ બધું અને મારું અનેક વ્યવસાયમાંથી જે કાંઇ સમય મળે તેમાં થોડું ઘણું વાંચન. રાજકોટની અમારી છેલ્લી મુલાકાત વખતે નક્કી થયું હતું કે હું અને તેઓ સાથે Sartreનું 'Being and not Being' વાંચીશું. બહુજ અઘરો ગ્રંથ છે, પણ સારત્રે વિચારશીલ માણસને એક નવી આધ્યાત્મ ખોજની દિશામાં નોતરે છે. મને થતું હતું કે તેમની સહાયથી મને એનો આછો પાતળો ખ્યાલ આવશે. તેઓ છૂટા પડયા ત્યારે કહેતા ગયા કે, "ના, તમને નહીં, મને પોતાને ખ્યાલ આવશે."

સમાજના નિ:સ્વાર્થ સેવક પરમાનંદભાઇ ગયા. તેમનો ભાવાત્મક સંદેશો તો વર્ષો સુધી આપણી સાથે રહેશે.

ઉછરંગરાય ન. ઢેબર

## સહુએ એમની પાસેથી મેળવેલું અને સહુની વચ્ચે વહેંચાયેલું....

'પિતા, માતા બંધુ, સખા...'આવી એકાદ કાવ્યપંકિત કયારેક નાનપણની કોઈ કવિતામાં ગોખી હતી. પરમાનંદભાઈ વિશે ખ્યાલ કરું તો નાનપણમાં ગોખેલી આ પંકિત રહી રહીને મનમાં ઝબકી જાય છે.

વર્ષે બે વર્ષે માંડ કોકવાર મળવાનું બને. પણ મળે ત્યારે વાત્સલ્ય ઝરતું પ્રેમાળ હાસ્ય કરી પતિ-પરિવાર સહુના ખબર અંતર પૂછી "તું તો મઝામાં છે ને બહેન" કહી વાંસે હાથ પસવારી એવો તો ઉમળકો દાખવે કે બીજા બે વર્ષ ચાલે એટલું મમતાનું ભાથું ભરી લેવાય.

અને પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળાના દિવસો આવે ને ટેલિફોનની ઘંટડી રણકી જ હોય: "હવે કંઈક વિષય શોધીશું ને બહેન? તું પણ વિચારજે, હું પણ વિચારીશ" એમ કહીને પ્રસ્તાવના કરે અને આનાકાની, બહાના બધું ય વટાવીને એ સ્વાધ્યાયી જીવ આપણી પાસે પણ અધ્યયન કરાવે અને એકાદ વ્યાખ્યાન અપાવે ત્યારે છૂટકો કરે. પરમાનંદભાઈ સહુને હાથ પકડીને શિક્ષણ-સંસ્કૃતિ અને સ્વાધ્યાયના વમળમાં તાણી જાય અને પછી તો આ વમળના વહેણ જ એવાં છે કે "માંહી પડયા તે મહાસુખ માણે." નીકળવાની વાત જ કેવી! ત્રીજે કે ચોથે વર્ષે આપણે જ સામે ફોન કરતાં થઈ જઈએ. 'આ વર્ષે હવે કયો વિષય શોધીશું, પરમાનંદભાઈ?"

"આ પ્રસંગ બન્યો ને તેં કંઈ વિચાર્યું નથી?...આ બનાવ બન્યો એનો પડઘો તેં સંસારચક્રમાં કેમ ન પાડયો...?... વિચાર્યું હોય તે લખી મોકલને, પ્રબુદ્ધ જીવનમાં તો આવી ચર્ચાઓ આપણે સતત કરતાં હોઈએ છીએ. ના, ના, એમ આળસ કરીને બેસી રહે તે ન ચાલે, લખવું જ જોઈએ." એમની સદૈવ જાગૃત બુદ્ધિ સતેજ અને સતર્ક રહેતી અને રહેવા પ્રેરતી. સહેજ પણ શિથિલતા, વૈચારિક દારિદ્રય એમને પરવડતું નહિ, અને જે વિચાર્યું હોય એને વ્યકત કરવામાં જેમ એ પોતે કદી આંચકો અનુભવતા નહિ, તેમ સામી વ્યકિતના વિચારોને સંકોરી, એની અભિવ્યકિતને ઉત્તેજી, એને રજૂ કરવામાં પણ એ હંમેશાં આનંદ અને ગૌરવ અનુભવતા. એ વિચારો સાથે પોતે સહમત હોય કે ન હોય, જાગૃત વિચાર કરવાની વૃત્તિ માત્ર એમને માટે આવકાર્ય હતી.

અને પર્યુષણ વ્યાખ્યાનમાળાનો એમનો પરિવાર તો ચારે બાજુ વિસ્તરેલો પડયો છે. આ સહુને સ્નેહની કડીએ સાંકળતા હતા પરમાનંદભાઈ, "ચાલ, તને પંડિત સુખલાલજી પાસે લઈ જાઉં." કહીને એ એમની ઓળખાણ કરાવે. "આને તમે ઓળખો છો?... કરીને કોઇ એકને પકડીને આપણી પાસે ખેંચી લાવે અને એમ એમનો પરિવાર વિસ્તરતો જાય; સાથે સાથે એ પરિવારના સભ્યોનો અરસપરસનો અનુરાગ પણ વ્યાપક થતો જાય.

એમનું સ્નેહાળ સ્મિત, એમનું પ્રેરક આત્મબળ, નાના-મોટાં સાથેના વ્યવહારની એમની મમતાભરી માવજત, આ સહુને વિદાય દેવાની હોય નહિ. એ તો અહિં જ છે—સહુએ એમની પાસેથી મેળવેલું અને સહુની વચ્ચે વહેંચાયેલું. શિક્ષણ-સ્વાધ્યાય અને સંસ્કૃતિની ત્રિવેણીના વહેણ ઉતારનાર ભગીરથો આવે અને જાય; ત્રિવેણીના વહેણ શરૂ થાય કે પછી એ અખંડિત જ રહે, ભગીરથની મહત્તા ગંગાની ધારામાં જ વ્યકત થાય. પરમાનંદભાઈની સાચી સ્મૃતિ એમની પ્રવૃત્તિઓની અખંડિતતામાં જ સચવાય.

ધીરુબાળા વોરા

# ગૃહસ્થ વિદ્યાર્થી પરમાનંદભાઈ

પંડિત શ્રી સુખલાલજીની સંગત જ એક આહ્લાદક આશીર્વાદ. લટકામાં મને ભાતભાતના લોકોનો પરિચય થયો. મુનિ જિનવિજયજી, પંડિત બેચરદાસજી, ધર્માનંદ કૌસાંબી, જૈનેન્દ્રકુમાર, દલસુખભાઈ માલવણિયા, રસિકલાલ છોટાલાલ પરીખ અને પરમાનંદભાઈ કાપડિયા જેવા વિચારકો અને સુધારકોનો પરિચય મને પંડિતજીને પ્રતાપે થયો. આ બધા પરિચયમાં જો કોઈ પરિચય ટક્યો હોય અને વધ્યો હોય તો તે શ્રી પરમાનંદભાઈ સાથેનો. એનું કારણ કદાચ એ હશે કે પહેલા પરિચયથી જ શ્રી પરમાનંદભાઈએ ઉંમરમાં ઘણો મોટો તફાવત હોવા છતાં કોઈ સમવયસ્કની જેમ મારી સાથે વિદ્યાનો સંબંધ બાંધી દીધો.

૧૯૪૭ના માર્ચની ૧લી તારીખે કૉંગ્રેસ અને લીગની સંયુક્ત વચગાળાની સરકારના નાણાપ્રધાન શ્રી લિયાકતઅલીખાને તેમનું આર્થિક ધરા ધ્રુજાવે તેવું બજેટ રજૂ કર્યું. આવી ઘટના બને અને પરમાનંદભાઈ તેનો વિષે ખાંખાંખોળા ન કરે તો એ પરમાનંદભાઈ નહિ. ડૉ. બુલચંદ જૈન પાસે એમણે અંગ્રેજીમાં બજેટ વિશે લેખ લખાવ્યો, અને તે લઈને મહાવીર જૈન વિદ્યાલયની મારી રૂમમાં આવ્યા. શ્રી પરમાનંદભાઈ વિદ્યાલયની મૅનેજિંગ કમિટીના સભ્ય હતા. મૅનેજિંગ કમિટીના સભ્યો અને વિદ્યાર્થીઓ વચ્ચે ભાગ્યે જ કોઈ સંબંધ રહેતો. એમાંય તે કમિટીના સભ્ય સામે ચાલીને વિદ્યાર્થીની રૂમમાં મળવા જાય એ હકીકત જ ઘણા વિદ્યાર્થીઓને અજબ લાગેલી. કાંઈ પણ ઉપચાર વિના સાવ સરળતાથી પરમાનંદભાઈ રૂમમાં આવતાં વેંત બોલ્યા: "ડગલી, આ લેખનો જલદી અનુવાદ કરી આપો." મેં ઉત્સાહમાં આવી જઈ તે ને તે દિવસે અનુવાદ કરી આપ્યો. તે પછી અર્થશાસ્ત્ર વિષે અંગ્રેજીમાં અને ગુજરાતીમાં મારા ગ્રંથો અને લેખો પ્રગટ થયા છે પણ મારે કૃતજ્ઞતાપૂર્વક એ વાતનું સ્મરણ કરવું જોઈએ કે અર્થશાસ્ત્રનું મારું પહેલું લખાણ પરમાનંદભાઈને કારણે થયું.

શ્રી પરમાનંદભાઈ વિષે એક વાક્યમાં કહેવું હોય તો એમ કહેવું જોઈએ કે તે ગૃહસ્થ વિદ્યાર્થી હતા. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓએ તેમની કુતૂહલવૃત્તિ અને વિદ્યાવ્યાસંગને બુઠ્ઠાં ન બનાવ્યાં. કંઈ પણ અસાધારણ વસ્તુ બને તો તે સમજવા અને સમજીને 'પ્રબુદ્ધ જીવન' ના વાચકો પાસે રજૂ કરવા એમનો જીવ તલપાપડ થતો. ઉપર મેં જે પ્રસંગ કહ્યો તેમાં તેમની આ વૃત્તિ ચરિતાર્થ થાય છે. એમની એ પણ એક વિશેષતા હતી કે કંઈ જાણવા જેવું કોઈની પાસે હોય તો તે મેળવવામાં એમને માટે વય, મોભો કે સંપત્તિનાં બંધનો નહોતાં.

પરમાનંદભાઈનું કુતૂહલ જેટલું પ્રબળ હતું તેથીયે વધુ પ્રબળ તેમની તર્કનિષ્ઠા હતી. એમણે કોઈની કંઠી ન બાંધી—સ્નેહની કંઠી પણ નહિ. તેમને કોઈ પ્રિયજનની વાત પણ ગળે ન ઊતરે તો તેની જાહેર ચર્ચા કરતાં તે અચકાય નહિ. પરમાનંદભાઈમાં જે નિર્ભયતા હતી તે સૌમ્ય નિર્ભયતા હતી. તેમાં તીખાશ કે કડવાશ જવલ્લે જ જોવા મળે. આ સૌમ્ય નિર્ભયતાનું પરિણામ એ આવતું કે પરમાનંદભાઈની ટીકાને કારણે, જેની ટીકા થઈ હોય તે અને ટીકા કરનાર બન્ને જરા ઊંચા ચડે.

શ્રી પરમાનંદભાઈની આથાક ખાંખાંખોળાવૃત્તિ, ગળે ઊતરે તે જ સ્વીકારવાની પ્રતિજ્ઞા અને સૌમ્ય નિર્ભયતાના કારણે એમનું ગદ્ય પ્રસન્ન અને વિચારપૂત બન્યું. શ્રી પરમાનંદભાઈના સમાજ-સુધારક તરીકેના અર્પણમાં એમની સાહિત્યસેવા ઘણીવાર ડૂબી જાય છે. સારું ગદ્ય લખવું એ બાવાના ખેલ નથી. આપણી ભાષામાં બહુ ઓછા સારા ગદ્યકારો છે તેમાં પરમાનંદભાઈને મૂકવા જોઈએ. પરમાનંદભાઈના ગદ્યની વિશેષતા એ છે કે તેમાં તમને કોઈ ખૂણા-ખાંચા જોવા નહિ મળે. એમની ભાષા અને વિચારનો રંદો એમના ગદ્ય ઉપર એવો ફરતો કે લખાણ એકીસાથે સરળ અને શિષ્ટ બની જતું. કેટલીક વાર એમનાં પ્રવાસનાં લખાણોમાં કાકાસાહેબ ડોકિયાં કરતા. પણ એમનું પોતાનું ખરું ગદ્ય એ એમના વિચારનિબંધો, લાંબી ચર્ચાનોંધો અને વિશ્લેષણાત્મક જીવનચરિત્રો. શ્રી અરવિન્દ, આચાર્ય વિનોબા ભાવે, પોતાના પિતા-વગેરે પર લખેલી તેમની નોંધો ગુજરાતી ભાષાની શક્તિનો ખ્યાલ આપે છે.

"પ્રબુદ્ધ જીવન' આપણું એક વિશિષ્ટ વિચારપત્ર બની શક્યું તેની પાછળ શ્રી પરમાનંદભાઈની કુતૂહલવૃત્તિ, તાર્કિકતા અને નિર્ભયતા તો હતાં જ પણ એમની ગદ્યશક્તિએ 'પ્રબુદ્ધ જીવન'ને બુદ્ધિજીવીઓનું માનીતું પત્ર કરવામાં પાયાનો ભાગ ભજવ્યો છે. આથી જ 'પ્રબુદ્ધ જીવન' અને પરમાનંદભાઈ પર્યાય જેવા થઈ ગયા. તેમના જવાથી 'પ્રબુદ્ધ જીવન' વિષે ઘણા મિત્રો સંચિત થઈ ગયા તે આ કારણે. 'પ્રબુદ્ધ જીવન' જેવું વિચારપત્ર અપક્ષ નિર્ભયતાથી ટકી રહે અને વિકસે તે મારે મન શ્રી પરમાનંદભાઈનું કરવા જેવું સ્મારક છે.

**વાડીલાલ ડગલી**

# પરમાનંદભાઈ-નિસ્પૃહીનિર્ભયતા

હજી હમણાં જ પરમાનંદભાઈ મળ્યા હતા, મૃત્યુના થોડા જ દિવસો પહેલાં. એમના હંમેશના ખુશમિજાજમાં હતા. તબિયત વિષે પૂછ્યું ત્યારે જરા ગંભીર થઈ ગયા. "થાક લાગે છે હવે" એમણે કહ્યું. સહુ આપે એમ મેં પણ શિખામણ આપી "જરા આરામ લો હવે. આ પોણોસો વર્ષનું શરીર છે, પચ્ચીસનું નથી." એ હસ્યા, હું યે હસ્યો. અમે છૂટા પડ્યા. મને મનમાં થયું: "પરમાનંદભાઈ આરામ લેવાના જ નથી." તરત જ બીજો વિચાર આવ્યો. "એમ આરામ લે તો એ પરમાનંદભાઈ શેના?" ને મનમાં થઈ ગયું. "એ જ બરોબર છે. એમ પડ્યા પડ્યા સડ્યા કરવું, એ કરતાં તો કામ કરતાં કરતાં..."

મૃત્યુ પછી વિજયાબહેન પાસે ગયો ત્યારે તેમણે સામેનું ટેબલ બતાવ્યું. "ત્યાં બેસીને લખવાનું પૂરું કર્યું. કહ્યું, "પ્રબુદ્ધ જીવનનો આ છેલ્લો અંક પૂરો કર્યો." થોડા સમયમાં દુખવા આવ્યું. ને પછી..."

ખેલ ખલાસ! નિત્ય કાર્યરત એવા આ જીવનના ભેખધારીની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ. પણ કેવી, ભલભલાને ઈર્ષ્યા આવે એવી રીતે! છેલ્લી ઘડી સુધી કામ કરતાં કરતાં, છેલ્લી પળ સુધી બોલતાં અને વાતો કરતાં કરતાં. ક્લેશ નહિ, દુ:ખ નહિ, હા હા નહિ, હોકારો નહિ. "બસ. મારું કામ પૂરું થાય છે, હું જાઉં છું."

ને કામ પણ સતત ને એકધારું. કંટાળો નહિ આવતો હોય એમને? માત્ર કર્તવ્યના ભાન સિવાય એ કામમાં ટકાવી રાખનારું બીજું બળ કયું હશે એની પાછળ? કીર્તિનો ઝગમગાટ નહોતો, તાળીઓનો ગડગડાટ નહોતો. વાહ વાહના પોકારો નહોતા, અભ્યાર્થીઓનાં ટોળાં નહોતાં. તે છતાં આ માણસ વર્ષોનાં વર્ષોથી એકધારું સતત અને નિરંતર થાક્યા કે કંટાળ્યા વિના એક ને એક કામ કર્યે જાય છે. 'પ્રબુદ્ધ જીવન' નિરંતર નીકળ્યે રાખે છે. એની કક્ષા ઊંચા વિચારપત્રની છે. એમાં ક્દીયે ઊણપ આવતી નથી કે એના સ્તરમાં ઝાઝી ઉચ્ચાવચતા દેખાતી નથી. એમાં વિચારોની રજૂઆત આવે છે, અભિપ્રાયોનાં ઉચ્ચારણ આવે છે, બન્યે જતા બનાવો ઉપર દૃષ્ટિપાત આવે છે ક્યારેય તેમાં ઊકળાટ કે આવેશ દેખાતો નથી. સ્વચ્છ ભાષા, સ્પષ્ટ ઉચ્ચારણ, માપભરી છતાં નિર્ભય દૃષ્ટિ!

એ પત્ર હંમેશાં સર્વાંગ સંપૂર્ણ હોય છે એવું નથી. એની પાછળ વિચારની જે દૃષ્ટિ છે તે હંમેશાં વસ્તુના મૂળ સુધી જતી તત્ત્વના જાણકારની દૃષ્ટિ હોય તેવી નથી. એક શુભંભાવિ, ભદ્ર પુરુષની, જગતના અને ભારતના, ધર્મના અને સમાજના હિતચિન્તકની એ દૃષ્ટિ છે. અને છતાં એમાં એક ચીજ છે જે બીજા ઘણાં બધાં પત્રોમાં નથી. એ છે નિર્ભયતા. અને નિર્ભયતા જ ઊંચા પ્રકારની

નિઃસ્વાર્થ, નિસ્પૃહ નિર્ભયતા જ—જે બક્ષી શકે તે સ્પષ્ટતા.

એ પત્ર આટલી સ્પષ્ટ વાણીમાં નિર્ભય અભિપ્રાયો જાહેર કરી શકે છે કેમકે તેના સંપાદક પરમાનંદ કાપડિયા છે. એ માણસને સત્તાનો મોહ નથી, એટલે સત્તાધીશોને તે પોતાને જે લાગે તે કહી શકે છે. આજે આમ કહ્યું હતું અને કાલે આમ કેમ કહે છે એમ કોઈ કહે તેનો પણ તેને ડર નથી. કેમકે ગતિશીલ જગતમાં અભિપ્રાયો સમય સંજોગ અનુસાર બદલાતા ન રહે એ જીવંતપણાની નિશાની નથી. અમુક કરીશ તો જ સારું લાગશે અને તો જ મારું કામ થશે એવું જેના મનમાં હોય તે જ પોતાનો બદલાયેલો અભિપ્રાય જાહેર કરતાં અચકાય. એમને સામાજિક પ્રતિષ્ઠા જોઈતી નથી એટલે સમાજના ધુરંધરોના તે કાન પકડી શકે છે. ધર્મની અને તત્ત્વની મોટી મોટી વાતો કરનારાઓ—જો એ અતિશય ઊંચા પ્રકારની આવડતવાળા હોય તો તેમને આકર્ષી જરૂર જાય છે. તેમના તે ઉપાસક, અને થોડાઘણા પ્રચારક પણ બની જાય છે. પણ જેવું તેમને લાગે કે આ બધું તો બરોબર નહોતું અને પોતાની ભૂલ થઈ હતી, ત્યારે સ્પષ્ટ રીતે એ જ માણસો સામે ઝંડો ઉઠાવતાં તેમના મનમાં જરા પણ સંકોચ રહેતો નથી.

અને એ બધીય વખત પરમાનંદભાઈ જ્યારે કોઈનાં વખાણ કરતા હોય ત્યારે પણ, કે જ્યારે એ કોઈના વિચાર કે વર્તનની વિરુદ્ધ લખતા હોય ત્યારે પણ - એમનાં લખાણો કે ભાષણો દ્વારા જે એક

## તટસ્થ વિવેચક

૭૮ વરસની ઉમરે પણ વિચારોની તાજગી મેં એમના જેવી ભાગ્યે જ કોઈ એમના સમકાલીનોમાં જોઈ છે. વિચારોના અને સુધારકોના જગતમાં અંત સુધી એમનું સ્થાન મુખ્ય હરોળોમાં જ રહ્યું છે. પોતે જૈન હોવા છતાં એ મર્યાદા એમને કદી અવરોધરૂપ નહિ બનેલી.

આચાર્ય રજનીશજીને પ્રથમ જૈનોએ જ ઉત્તેજન આપ્યું છે એવી મારી 'ઊર્મિ નવરચના'માં કરેલી ટીકા ઉપરથી એ પ્રશ્ન ઊભો થયેલો ત્યારે એમણે મને કહ્યું કે "પ્રબુદ્ધ જીવન'ને ઉલ્લેખીને તમે આ લખ્યું છે?"

મેં કહ્યું કે: "મુંબઈના જૈન આગેવાનોએ જ પ્રથમ રજનીશજીને જૈનોમાં ઊગેલા નવા સિતારા તરીકે ઉમંગમાં આવીને આવકારેલા અને એનો પડઘો 'પ્રબુદ્ધ જીવન'માં પડતો જ રહેલો."

"પ્રબુદ્ધ જીવન"ને જૈન યુવક સંઘની મર્યાદા હોવાનો તેમણે સ્વીકાર કરેલો. પણ હકીકતમાં જૈન યુવક સંઘનું એ સાધન જૈન સમાજના પ્રખર સુધારકનું જ સાધન ન રહેલાં બિનસાંપ્રદાયીક વ્યાપ ઉપર બધા જ વિચારોની નીડર સમાલોચના કરતું રહેલું.

શ્રી. પરમાનંદભાઈનો સુધારક આત્મા જેમ જૈન સમાજમાં ક્રાંતિને ઝંખતો તેમ દેશવ્યાપી ધોરણે રાષ્ટ્રીય ઉત્થાનના નાનામાં નાની ક્રિયામાં પણ રાષ્ટ્રીય પ્રાણ જોવા ઝંખતો. આથી જ્ઞાનના તમામ ક્ષેત્રે એમનો સંવેદનશીલ આત્મા એકધારો રમમાણ કરતો.

જૈન સમાજમાં દેવાતી બાળદિક્ષાના પ્રખર વિરોધથી તેઓ પ્રકાશમાં આવ્યા. એમને સંઘ બહાર મૂકવામાં આવ્યા ત્યારથી જૈન યુવકોમાં જાગૃતિનાં મંડાણ થયાં કહી શકાય. ધર્મગુરુઓની જૈન સમાજ ઉપરની પકડ અને શ્રીમંતોની આગેવાની સામે એમનો સુધારક આત્મા શાંત અને સ્વસ્થ વિદ્રોહ પોકારતો જ રહેલો.

૧૯૩૯માં એમના સંચાલન નીચે "પ્રબુદ્ધ જૈન" પાક્ષિક શરૂ થયું તેને જૈનો પૂરતું સીમિત ન રહેવા દેવા જ એ પાક્ષિકને 'પ્રબુદ્ધ જીવન'નું સ્વરૂપ આપવામાં આવેલું. ૧૯૩૦ના સત્યાગ્રહ સંગ્રામના આ સૈનાની એવા જાગૃત બુદ્ધિના હતા કે ગાંધીજીનું પણ વિચાર સ્પષ્ટ, ન ભૂંસાય એવી છાપ ઊભી થાય છે તે સચ્ચાઈની અને નિર્ભયતાની જ છાપ છે.

નિઃસ્પૃહતા ન હોય ત્યાં આ જાતની નિર્ભયતા શક્ય નથી. સ્પૃહાઓ, બહેકી ગયેલી નિરંતર પાળી પોષીને મોટી કરવામાં આવતી સ્પૃહાઓની વિકૃતિના આ જમાનામાં આ જાતની નિઃસ્પૃહતા જાળવવી એ મહાભારત કામ છે. વર્ષ બે વર્ષ માટે જાળવવી પણ મુશ્કેલ છે. આ માણસે એને વર્ષોનાં વર્ષો સુધી એકધારી સરળતાથી જાળવી રાખી છે, એ એક આશ્ચર્યજનક, છતાં યે સત્ય હકીકત છે.

અને એટલે આજે જ્યારે એ આપણી વચ્ચેથી ચાલી ગયા છે ત્યારે આપણું માથું સહેજે એમની પાસે ઝૂકી જાય છે. પોતાની સાદી સીધી સરળ રીતે એમણે ગુજરાતને નિઃસ્પૃહ, નિઃસ્વાર્થ, નિર્ભય જીવનનો એક પાઠ પૂરો પાડ્યો છે, અને ગુજરાતના જ માત્ર નહિ, પણ સમગ્ર પત્રકારિત્વને એક ઊંચામાં ઊંચો આદર્શ પૂરો પાડ્યો છે.

આપણને બૂમાબૂમ કરીને પોતાના નામનો વાવટો ચડાવનારા માણસો તો ઘણા મળી રહે છે, હંમેશાં જ મળતા રહે છે. પણ આવા શાંત, સ્વસ્થ રીતે જીવી જનારા, છતાં પોતાની મુદ્રા સમગ્ર જીવન ઉપર અંકિત કરી જનારા, ઝાઝા માણસો મળતા નથી. આપણે ઈચ્છીએ કે આપણા જીવનની નિરામયતા ખાતર આપણને આવા પરમાનંદભાઈ કાપડિયાઓ અવારનવાર મળતા રહે.

ગુલાબદાસ બ્રોકર

## તટસ્થ વિવેચક

દાસત્વ સ્વીકારવા તેઓ કદી તૈયાર ન હતા. માનવધર્મનો મહિમા એ એમના જાગૃત વિચારોનું હાર્દ હતું.

જ્યારે મળો ત્યારે રાષ્ટ્રના આધુનિક પ્રવાહો, ઘટનાઓ અને વિચાર વળાંકો ઉપર એમનું ચિન્તન સત્યના સંશોધન માટે એકધારું ચાલ્યા કરતું આપણે અનુભવી શકીએ. 'પ્રબુદ્ધ જીવન' એમનું પ્રિય સર્જન જ ન હતું પણ સમાજ સાથેના એમના વૈચારિક સંબંધોની સંકલના બની રહેલું—આખરી અવસ્થાની આધારશીલા બની રહેલું.

અવસાન પહેલાં થોડા જ દિવસે રાજકોટમાં અમે છેલ્લા છૂટા પડ્યા ત્યારે એમણે હળવાશથી કહેલું કે મારી દીકરી મધુરીબહેન કહે છે કે: "પ્રબુદ્ધ જીવનનું જેટલું ધ્યાન રાખો છો તેટલું મારા બાનું ધ્યાન નથી રાખતા."

ગુજરાતના વિચારઘડતરમાં જેમનો અગ્રગણ્ય ફાળો છે એવા શ્રી પરમાનંદભાઈના વિચાર અને સત્યનિષ્ઠાની ઉપાસનાને, નીડરતા અને સત્યનિષ્ઠાને વૃદ્ધાવસ્થા સ્પર્શી શકી ન હતી.

અમે વર્ષોજૂના પરિચિત, પણ પાંચેક વર્ષ પહેલાં એક બીજાના વધુ પરિચયમાં આવ્યા. છેલ્લા ત્રણ વર્ષથી તો તેઓ જ્યારે જ્યારે રાજકોટ આવતા ત્યારે નિરાંતે વિચારોનું આદાન—પ્રદાન કરતા.

કોઈની ય શેહ શરમમાં દબાયા વગર નિર્ભયપણે પોતાનાં મંતવ્યો પ્રગટ કરનાર પરમાનંદભાઈમાં કદી કોઈપણ વ્યકિત પ્રત્યે દ્વેષ કે ડંખ જોયાં નથી. ગમે તેવી વ્યકિતના વાણી વર્તનમાં વિસંવાદ જણાતાં, સમાજ પ્રત્યે અનુપકારકતા જણાતાં તેની વિવેચનામાં કદી તાટસ્થ્ય ગુમાવેલું નથી જોયું કે નથી કદી સહૃદતાની ખામી જણાઈ. દિલ અને દર્શન એમનાં એટલાં ઉદાર હતાં. માનવભાવ સાથે જ એમની પ્રબુદ્ધતાનાં મંડાણ હતાં. રાજકોટથી છૂટા પડતાં મુંબઈ આવવાનું આમંત્રણ આપતા ગયા તે ઊભું જ રહ્યું અને હૃદયરોગના હુમલાથી અચાનક કાળ એમને ગ્રસ્ત કરી ગયો. એ સત્યનિષ્ઠાની, એ બહુમુખી પ્રતિભાની, એ નીડર વિવેચનાની આજે તો ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે.

જયમલ્લ પરમાર

# ગુણદૃષ્ટિ પરમાનંદભાઈ

પરમાનંદભાઈએ પોતે જ પોતા વિશે આ વચન ઉચ્ચાર્યું છે, "હું તો ગુણદૃષ્ટિ રહ્યો." (સત્યમ્ શિવમ્ સુન્દરમ્ પૃ. ૨૧૦.) એમની આ ગુણગ્રાહિતાની પાછળ સારાસારનો, સત્યાસત્યનો વિવેક હતો અને હૃદયની ઉદારતા હતી. એઓ ગુણદૃષ્ટિ હતા એવી પ્રતીતિ મને એમના પ્રથમ નિકટ પરિચય દરમ્યાન જ થઈ હતી. સાંતાક્રુઝની પોદાર હાઈસ્કૂલ ૧૯૨૭માં શરૂ થઈ; જુલાઈના આરંભમાં મેં એનું સુકાન—પ્રથમ હું વ્યવસ્થા સંભાળતો તેને બદલે—આચાર્ય તરીકે સ્વીકાર્યું; અને ત્યાર પછી થોડાજ દિવસમાં પરમાનંદભાઈ એમનાં પુત્રી મધુરીબહેનને સ્કૂલમાં દાખલ કરાવવાને આવ્યા. એ સમયે તેઓ પારલાવાસી હતા.

એમના જેવા જીવનનાં સર્વક્ષેત્રોને વિચારપૂર્વક અવલોકનારા મહાનુભાવ સંસ્થાની નીતિરીતિ જાણવા ઈચ્છે, એ વિશે પ્રશ્નો પૂછે, એ એમના સ્વભાવાનુરૂપ જ ગણાય. એમણે મને પ્રશ્નો પૂછ્યા, મારા ઉત્તરો શાન્તિથી સાંભળ્યા, પરસ્પર વિચારવિનિમયને અવકાશ આપ્યો. એ વાતચીત દરમ્યાન મને ખાતરી થઈ કે તેઓ બહુ સમજવાળા, સહકાર આપવાવાળા અને સન્નિષ્ઠ સજ્જન છે, અને શાળાના વિદ્યાર્થીઓના જે પાલકો ત્યારે હતા અને પછી થયા તે સર્વમાં જેમના અભિપ્રાયની મારે મન મોટી કિંમત હોવી જોઈએ એવા થોડાઓમાંના એક છે. આ રીતે અમારી વચ્ચે જે પ્રથમ નિકટ પરિચયનો પ્રસંગ ઊપજ્યો તેમાં જ મીઠા સંબંધનાં બીજ રોપાયાં. એ બીજ દૃઢ થયાં, અંકુરિત થયાં, ફલોન્મુખ બન્યાં એમાં પરમાનંદભાઈની ગુણદૃષ્ટિની સાથોસાથ એમની ગુણિયલ અને ગુણજ્ઞ પુત્રીઓ ચિ. બહેન મધુરી તથા ચિ. બહેન મેનાનો પણ હિસ્સો હતો એમ હું માનું છું. શિષ્યોની બુદ્ધિ પરત્વે જ નહિ પણ મન અને શરીરનાં સ્વાસ્થ્ય પરત્વે પણ યથાશક્તિ - યથાશક્ય ધ્યાન આપવાની આદત મને એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં હતો ત્યારથી પડી હતી. એની ખરી કદર કરવાને સમર્થ અને તત્પર એવા પાલકોમાં પરમાનંદભાઈનું સ્થાન લગભગ મોખરે હું મૂકું.

ગુણદૃષ્ટિ હોવું અને રહેવું એ સહેલું નથી. એ માટે આવશ્યક છે ગુણદોષના વિવેક સાથેની ગુણની પરીક્ષા-એટલે માત્ર કોનામાં કયા ગુણ છે એની જ પારખ નહિ પણ ગુણને ગુણ તરીકે પારખવાની બૌદ્ધિક શક્તિ અને એનો સ્વીકાર કરવાની હૃદયની વૃત્તિ. એ માટે આવશ્યક છે સ્વ-મતના આગ્રહની સાથોસાથ પરમત માટે આગ્રહ. એ માટે આવશ્યક છે વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર, સામાજિક હિત ખાતર, સ્વેચ્છાએ મર્યાદા મૂકવાની ઉદારતા, સ્થિતપ્રજ્ઞતા—આ વિશે પરમાનંદભાઈનાં જ વચન અહીં ટાકું છું:

"મારો વિચાર જ સત્ય હોઈ શકે, અન્ય જે કંઈ વિચારે છે તે કેવળ અસત્ય અને અવનતિને માર્ગે લઈ જનારું જ હોય એવી એકાન્તિક કલ્પના આપસમજણના વધારે પડતા ખ્યાલને સૂચવે છે. પહેલાં તો જે પ્રામાણિકતાનો યશ આપણે આપણા વિચારને આપીએ તે પ્રામાણિકતાનો યશ આપણાથી વિરુદ્ધ વિચાર ધરાવનારને આપણે આપવો જોઈએ."

પરમાનંદભાઈનાં આ વચનોમાં "એકાન્તિક કલ્પના"ને લગતી વાત છે તે માત્ર સામાજિક ક્ષેત્રમાં જ નહિ, જ્ઞાનનાં અને અભિપ્રાયનાં સર્વ ક્ષેત્રોમાં લાગુ પડે એવી છે. પરમાનંદભાઈની આ ઉદારદૃષ્ટિનો ઉપયોગ કદાચ અભિપ્રાયના ક્ષેત્રમાં કરવો સહેલો જણાય-પણ શાસ્ત્રીય, સાંપ્રદાયિક અને દાર્શનિક જ્ઞાનના ક્ષેત્રમાં એનો ઉપયોગ કરવો ઘણાને સહેલો નથી લાગતો એ અજાણ્યું નથી. કારણ કે દાર્શનિક જ્ઞાનનો, તત્ત્વજ્ઞાનનો, પ્રદેશ જ એવો છે કે જેમાં પ્રત્યેક વ્યક્તિની બુદ્ધિ બહુ આગળ જઈ શકતી નથી એટલે શ્રદ્ધાને જ વળગી રહીને "આ જ સત્ય અને જે અન્ય એથી જુદું તે અસત્ય" એવું માની લેવાય છે. એકાન્તિકતાના આવા આગ્રહની અયોગ્યતાની સમજણમાંથી તો અનેકાન્તવાદ ઉદ્ભવ્યો છે.

પરમાનંદભાઈ ખરા જૈન હતા, કારણ કે એ ખરા અનેકાન્તવાદી હતા. અને એથી જ તેઓ કેવળ સર્વધર્મસમભાવી જ નહીં પણ સર્વધર્મમાં રહેલાં સતતત્વને સમજનારા હતા, સ્વીકારનારા હતા.

પરમાનંદભાઈનું સમગ્ર જીવન-એમની સત્યપ્રીતિ, એમની તત્વાન્વેષક દૃષ્ટિ, એમની "પ્રબુદ્ધ જૈન"થી 'પ્રબુદ્ધ જીવન" સુધીની પ્રગતિ, એમણે યોજેલી પ્રસિદ્ધ પર્યુષણ વ્યાખ્યાનમાળાઓની, વિષય અને વક્તા ઉભય દૃષ્ટિએ, વિશાળતા અને એવા અનેક વિરલ ગુણો અને કાર્યોથી ભરપુર એવું એમનું સમગ્ર જીવન એમને આ પ્રમાણપત્રના પૂર્ણ અધિકારી બનાવે છે:-

"એમનામાં મિત્રોએ મૈત્રી જાણી; એમની વાણીમાં ભદ્ર લક્ષ્મી હતી."

**રામપ્રસાદ પ્રે. બક્ષી**

# સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ના ઉપાસક

તા. ૧૭મી અને શનિવારે બપોરે એક વાગે આકાશવાણીના સમાચાર સાંભળતાં શ્રી. પરમાનંદભાઈ કાપડિયાના અવસાનના સમાચાર જાણતાં મુરબ્બી આત્મીયજન ગુમાવ્યાનું દુઃખ થયું. એમના સંપાદન નીચે પ્રગટ થતા 'પ્રબુદ્ધ જીવન'થી દર પખવાડિયે એમનો સત્સંગ પ્રાપ્ત થતો હતો. આ મહિનાના આરંભમાં એ અમદાવાદ આવી ગયા હતા અને એમને ૭૮ વર્ષની ઉંમરે પણ સ્વસ્થ અને સાજાનરવા જોયા હતા, તેમને વિષે કલ્પના પણ શી રીતે આવે કે એ એમનું છેલ્લું મિલન હતું. લોહીના દબાણની એકાદ દિવસની તકલીફ ભોગવીને હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું. એમના જેવા પ્રબુદ્ધ જીવના જવાથી એમનાં કુટુંબીજનોને, આત્મીયજનોને અને સમાજને ખોટ પડી છે, એટલે એ સૌને માટે એમનું અવસાન દુઃખદ ગણાય. પરંતુ માગ્યું મોત ઘણા ઓછાના નસીબમાં લખાયું હોય છે, એ અર્થમાં એ પોતે સાજાનરવા માંદગીમાં કોઈની સેવા લેવી ન પડે તેવું મોત ઈચ્છતા હતા અને તે એમને મળ્યું છે. આથી એમની નજરે તેઓ માગ્યું સુખદ મોત પામ્યા છે.

પરમાનંદભાઈનું જીવન મુંબઈમાં વીત્યું છે એટલે એમની સામાજિક સેવાનું ક્ષેત્ર અને તેમના પ્રબુદ્ધ જીવનની સુવાસ એ શહેરને અને તેમાંય મુખ્યત્વે જૈન સમાજને માણવા મળી છે. પરન્તુ સામાજિકક્ષેત્રે પ્રવૃત્તિ કરવા માગનાર અને એ માટે પોતાનું ઘડતર કરવા માગનાર ગુજરાતનો વર્ગ એમના લખાણથી વિમુખ રહી શકે નહિ. "પ્રબુદ્ધ જીવન" એના વાચકોને જાગ્રત રાખવાનું સંત્રી કામ કરતું આવ્યું છે. '૩૯માં એમના સંપાદન નીચે એ "પ્રબુદ્ધ જૈન" નામે શરૂ થયું હતું અને તે પછી જૈન પૂરતું એ સીમિત ન રહે માટે "પ્રબુદ્ધ જીવન" નામાભિધાન કર્યું હતું. જો કે એ પહેલેથી સાંપ્રદાયિક ન હતા એટલે 'પ્રબુદ્ધ જૈન' તરીકે એ પ્રગટ થતું હતું ત્યારે પણ એમનાં લખાણો માનવધર્મનો મહિમા કરતાં હતાં.

છતાં પરમાનંદભાઈ જૈન હોવાથી એ સમાજના સુધારાની પ્રવૃત્તિ સાથે એમનું કાર્ય મહદ્‌અંશે જોડાયેલું રહ્યું છે. જૈન સમાજમાં બાળદિક્ષાની જે રૂઢિ છે તે બંધ થવી જોઈએ તે એમના સામાજિક કાર્યનું એક સૌથી ધ્યાન ખેંચનારું મુખ્ય કાર્ય ગણી શકાય.

પરમાનંદભાઈ બાળદિક્ષાના વિરોધી હતા એટલુંજ નહિ પણ પરંપરાગત રૂઢિને વશ થઈ લેવાતી પુખ્ત ઉંમરની દિક્ષાનાય વિરોધી હતા. સાધુસમાજનું અનિષ્ઠ મોટે ભાગે એને આભારી છે અને એમાં સુધારો કરવો હોય તો દિક્ષા લેવાના જૈન માનસમાં પલટો આવવો

જોઈએ. કોઈ પણ સમાજમાં ત્યાગી સ્ત્રી-પુરુષો જેટલા પ્રમાણમાં વધુ હોય તેટલો સમાજ ઉન્નત. પરંતુ એક કાળે ત્યાગનો માર્ગ સાધુ થવાનો હોય એટલે એને જ પકડી રાખવાથી ઉન્નતિ થતી નથી. બદલાયેલા સંજોગો પ્રમાણે ત્યાગના પ્રકાર બદલાવવા જોઈએ. મુંબઈમાં એક કન્યા વિદ્યાલયની આચાર્ય જૈન બહેને દિક્ષા લીધી ત્યારે "પ્રબુદ્ધજીવન" માં એનો જે ઉલ્લેખ આવ્યો હતો તે ભૂલાયો નથી. એક શિક્ષિકા તરીકે છોકરીઓને નિષ્ઠાપૂર્વક કેળવણી આપવી તે સાધુ જીવન એ બેનને શું કામ ઓછું પડવું જોઈએ અને દિક્ષા લેવામાં વધુ ત્યાગ દેખાવો જોઈએ?

દોઢેક વર્ષ ઉપર રાજકોટમાં એક સમારંભમાં અમારે ભેગા થવાનું બન્યું ત્યારે એમણે તે દિવસે બનેલા પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો તે પણ યાદ આવે છે. એમનાં સાળીનાં કે એવાજ નજીકનાં સગાંની દીકરી રાજકોટમાં દિક્ષા લેનાર હતાં. પરમાનંદભાઈ બીજા પ્રસંગે ત્યાં અચાનક આવી ચઢયા હતા. એમના વિચારો સાથે ગમેતેટલો મતભેદ હોય તો પણ એમના તરફ આદર પૂરેપૂરો રહે તેવું એમનું ચરિત્ર હતું. આથી એમનાં સાળીને અને દિક્ષા લેનાર બેનને ઈચ્છા કે તે આવીને આશીર્વાદ આપે તો સારું. એમણે પરંપરાગત ચાલી આવતી દિક્ષાના પોતે વિરોધી છે એટલે એવા આશીર્વાદ આપવાનો એમને માટે સવાલ ઊભો થતો નથી એમ જણાવ્યું હતું. છતાં આગ્રહ રાખ્યો એટલે એમણે જઈને પોતાનો વિચાર વ્યકત કર્યો કે આ પગલું ભલે તમે કલ્યાણકારી માનતાં હો પણ એ ખરા અર્થમાં હિતકારક નથી. વડીલ આત્મીયજન તરીકે તમારું કલ્યાણ થાય એવું ઈચ્છું છું. એમ પોતાની માન્યતા પ્રમાણેનું એ નગ્ન સત્ય કહીને આવ્યા હતા એટલું જ નહિ પણ તેનો ઉલ્લેખ "પ્રબુદ્ધ જીવન"માં પણ તેમણે કર્યો હતો.

તે અગાઉ એક વખત મળવાનું બન્યું ત્યારે જૈન સાધુસમાજની શુદ્ધિ માટે કસ્તુરભાઈ શેઠે સંઘના આગેવાનોને બોલાવીને એક યોજના ઘડી હતી, પણ તે પરિણામદાયી ન બનવાથી તેને સમેટી લેવામાં આવે છે તેવી એમણે જાહેરાત કરી હતી, તેની ચર્ચા કાઢી હતી. એ યોજના અમલમાં મૂકી ત્યારે એમણે "પ્રબુદ્ધ જીવન"માં તેને આવકારતી નોંધ લખી હતી પરન્તુ સાધુ સમાજનું જૈનસમાજ ઉપર એવું વર્ચસ્વ છે કે શ્રાવકો સાધુઓનો ન્યાય કરે કે એવી સત્તા ધરાવે તે એમને સ્વીકાર્ય ન બને. કસ્તુરભાઈએ જે યોજના ઘડી હતી તેમાં શ્રાવકો અને શ્રેષ્ઠીઓ તો કેવળ ખાતરીપૂર્વકની સાધુઓ સામેની ફરિયાદની માહિતી પૂરી પાડવાની ફરજ અદા કરે અને તે અંગેના પગલાં સાધુ સમાજના અગ્રેસર ભરે તેમ રાખ્યું હતું પરંતુ એવી માહિતી આપવા છતાં સાધુઓ સામે પગલા ભરવા એમના ગુરુઓ તૈયાર ન હતા. આથી કસ્તુરભાઈએ હાથ ધરેલી પ્રવૃત્તિને સમેટી લેવી પડી. સાધુ સમાજના સ્થાપિતહિતોની પકડમાંથી જૈન સમાજે બહાર નીકળવું કેટલું વસમુ છે તે વેદના એ વાત કરતી વખતે પરમાનંદભાઈના મુખ ઉપર જોવાં મળતી હતી.

પરમાનંદભાઈનું જીવન સાંપ્રદાયિક ન હતું. સમાજને અને જ્ઞાનને સ્પર્શતા બધા વિષયોમાં તે જિજ્ઞાસા ધરાવતા એક પ્રબુદ્ધ જીવ હતા એટલે એમના વાચનના, મનના અને લેખનના વિષયોમાં ઘણી વિવિધતા જોવા મળતી હતી. એમના એક લેખનસંગ્રહના નામ પ્રમાણે તે 'સત્યમ્ શિવમ સુંદરમ્' ના ઉપાસક હતા અને એ પ્રમાણેનું તેમનું જીવન વીત્યું હતું. તેથી એ ત્રિવિધ ભાવનાના જે ઉપાસકો છે તેવા જૈનો અને જૈનેતરો એમના અંગત સત્સંગથી અને એમના લખાણોથી એ લહાવો પામી શક્યા છે. હું પણ એ રીતે એમનો ઋણી છું. એવા પ્રબુદ્ધ આત્માને હૃદયપૂર્વક અંજલિ અર્પું છું.

ઈશ્વર પેટલીકર

# આણુએ આણુમાં સજ્જન

માત્ર જૈન નહિ, પરંતુ ભારતીય વિચારધારાના પ્રખર ચિંતક-વિચારક શ્રી પરમાનંદભાઈ કાપડિયાના દુઃખદાયક અવસાનથી સમાજને એક ભારે ખોટ પડી છે.

શ્રી પરમાનંદભાઈ જૈન હતા, પરંતુ તેઓ સમગ્ર ભારતીય સમાજ જીવનના વિવિધ પ્રવાહો સાથે સંકળાયેલ હતા. એમના અભ્યાસનું ક્ષેત્ર માત્ર ધર્મ–અધ્યાત્મ નહિ, પરંતુ સાહિત્ય, સમાજ સુધારણા, રાજકારણ, વિ. હતું. રાષ્ટ્રજીવનના અનેક પ્રશ્નોનો તેમને ઊંડો અભ્યાસ હતો, રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતાં તેઓ પ્રતિભા-સંપન્ન પત્રકાર હતા. જ્ઞાન પ્રાપ્ત કરવાની તેમને ભારે જિજ્ઞાસા હતી અને મેળવેલ જ્ઞાન અન્યને આપવાની પણ ભારે ઉત્સુકતા તેમનામાં હતી.

'પ્રબુદ્ધ જૈન' પત્રને તેના સંકુચિત પરિધમાંથી બહાર લાવી તેને 'પ્રબુદ્ધ જીવન' તરીકે સફળતાપૂર્વક વિકસાવ્યું. પ્રબુદ્ધ જીવનના એમના લખાણો–લેખો એમના ઊંડા અભ્યાસના અવગાહન સમા, તલસ્પર્શી ચિંતનની પ્રતીતિ કરાવતા. કોઈપણ વિષય પર તેઓ ભારે સમતોલ અને મનમાં ઘડ બેસી જાય એવું લખી શકતાં. તેઓ પ્રવાસ અને નિસર્ગના ભારે પ્રેમી હતાં. એમના પ્રવાસવર્ણનો એટલા આબેહૂબ લાગતા કે વાંચક જાણે કે પરોક્ષ સ્વરૂપે પ્રવાસની મોજ માણી રહ્યો હોય એમજ લાગે. ભારતનું એકેય એવું સોહામણું સ્થળ કે ગિરિસ્થળ બાકી નહિ રહ્યું હોય કે જ્યાં પરમાનંદભાઈએ પગ ન મૂકયો હોય!

સત્ય, નિષ્ઠા અને સ્પષ્ટ વકતવ્ય એમના સ્વાભાવમાં જડાયેલ હતાં. કોઈની પણ શેહમાં દબાયા સિવાય એ સૌને સાચી વાત સ્પષ્ટ કહી દેતા અચકાતા નહિ; આમ છતાં એમના અંતરમાં સૌ માટે નિર્મળ પ્રેમભાવના જ ઊભરાતી જોવા મળતી.

૧૯૩૬ માં અમદાવાદમાં જૈન યુવક પરિષદના એ પ્રથમ પ્રમુખ ચૂંટાયા, જે સ્થાનેથી એમણે ક્રાંતિના વિચારો રજૂ કરેલા એથી સમાજમાં ભારે ખળભળાટ થયેલો. બાળદીક્ષા અટકાવવા અંગે પણ એમણે ભારે વિરોધ જગાવેલ અને એમાં અધિકાંશે સફળ પણ થયેલા.

એમની વિચારસરણી સામાન્યરીતે ક્રાંતિકારી હોવા છતાં 'યદ્યપિ શુદ્ધમ્ લોક વિરુદ્ધમ્ નાકરણીયમ્ નાચરણીયમ્ સૂત્રને દૃષ્ટિ સમીપ રાખી એમના વિચારો રજૂ કરતાં.

તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક હોવા છતાં જૈનોના બધા વિભાગોમાં તેઓ માટે ભારે આદર હતો.

પર્યુષણ વ્યાખ્યાનમાળા જે બૃહદ્ મુંબઈના લોકસમાજમાં છેલ્લાં સંખ્યાબંધ વર્ષોથી ભારે આકર્ષણ રૂપ બની ગઈ છે એના પ્રણેતા–પુરસ્કર્તા શ્રી પરમાનંદભાઈ હતા. દેશભરમાંથી વીણી વીણીને ઉચ્ચ કક્ષાના વિદ્વાન વકતાઓને તેઓ આમંત્રણ આપીને લાવતાં અને વિવિધ વિષયો પર એમના ચિંતનશીલ વ્યાખ્યાનો યોજતાં. પર્યુષણ વ્યાખ્યાનમાળાએ મુંબઈના લોકસમાજમાં ભારે આકર્ષણ જમાવેલ છે તેનો યશ શ્રી પરમાનંદભાઈના ફાળે જાય છે.

અમે કહેવામાં જરાયે અતિશયોકિત થવા સંભવ નથી કે જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવન એટલે પરમાનંદભાઈ અને પરમાનંદભાઈ એટલે યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવન. આટલી હદે તેઓ આ બે 'જીવંત' સંસ્થાઓ સાથે ઓતપ્રોત હતા.

શ્રી પરમાનંદભાઈના જવાથી સમાજે એક સત્યનિષ્ઠ પત્રકાર, સમાજ સુધારક, નિસર્ગના ઉપાસક, પ્રેમી, માયાળુ અને પ્રેરણામૂર્તિ સજ્જન ગુમાવ્યા છે. જેમના આણુએ આણુમાં સજ્જનતા નીતરતી.

પરમકૃપાળુ પ્રભુ એમના આત્માને ચિરશાંતિ પ્રદાન કરે.

ખીમચંદ મગનલાલ વોરા

# વૈચારિક પત્રકારત્વને પડેલી ખોટ

સત્તરમી એપ્રિલને શનિવારે જેમનું ૭૮ વર્ષની વયે અવસાન થયું તે શ્રી પરમાનંદ કાપડિયા પ્રત્યેક માણસને જીતી લેતા તે એમની સજ્જનતાથી. પણ એકલી સજ્જનતા એમને મિત્રો અને વાચકોમાં આટલા બધા પ્રિય ન બનાવી શકત. સજ્જનતાની સાથેસાથે સત્ય-પ્રીતિ, જિજ્ઞાસાવૃત્તિ અને પ્રગતિશીલ દૃષ્ટિ એ ગુણો પણ એમનામાં ભારોભાર જોઈ શકાતા.

સંસ્કૃત સુભાષિતમાં અપ્રિય છતાં પથ્ય કહેનાર અને સાંભળનાર બંને દુર્લભ હોય છે એમ કહ્યું છે. પણ અપ્રિય હોય એવા પથ્યને પણ અત્યંત મૃદુતાથી સામા માણસને ગળે ઉતારવાની કળા પરમાનંદ-ભાઈએ સાધ્ય કરી હતી. 'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધજીવન'માં એમની કલમે પોતાના જ ગણાય એવાયે અનેક માણસોની ટીકા-ટિપ્પણ કરી છે. છેક હમણાં વિનોબાની અમુક અમુક બાબતો મને નથી સમજાતી એમ જરાયે સંકોચ વિના લખી નાખેલું. આમ છતાં આ બધાં લખાણોમાં સૌજન્ય એવું કે સામા માણસને એમની વાત સાચી ન લાગે તોયે વાગે તો નહિ જ.

આમ છતાં પરમાનંદભાઈ કોઈને વાગે એવું જ લખવા ઈચ્છે ત્યારે નહોતા લખી શકતા એવું નથી. એવુંયે એમણે લખ્યું છે. એ ઈરાદાપૂર્વક લખ્યું હશે એમ જ લાગે—પણ એ અપવાદ. એમનો એ સ્વભાવ નહિ. સ્વભાવ મૃદુ અને પ્રેમાળ.

આ પ્રેમાળ સ્વભાવે જ એમની એક મોટી જીવનપ્રવૃત્તિ નિર્માણ કરી હશે—જાતજાતના માણસોનો પરિચય કરવાની, એમની સાથે વાતો કરવાની, ઘનિષ્ઠ સંબંધ કેળવવાની. પરિચય કરવાની અને જાળવવાની તથા વધારવાની કળા લગભગ લલિતકળાની જેમ એમણે સિદ્ધ કરી હોય એવું લાગે. પણ હકીકતમાં તો એ એમનો સ્વભાવ જ હતો. જિજ્ઞાસાવૃત્તિ અને માનવપ્રેમ એટલાં ઊંડાં કે જે કોઈ નવી વ્યક્તિ મળી તેના જ્ઞાનમાં, તેના આનંદશોકમાં ભાગીદાર થયા વિના એ રહે જ નહિ.

એમની જિજ્ઞાસાવૃત્તિને કોઈ પ્રકારનું બંધન નહિ. બધા વિષયોમાં એમને રસ. જાતજાતના ઊંધી ખોપરીના માણસો સાથે પણ એમને વાર્તાવિનોદનો સંબંધ હોય.

અનેક પ્રકારના માણસોનાં વિવિધ દૃષ્ટિબિંદુ જાણવા છતાં, અને એ બધાં દૃષ્ટિબિંદુ વિષે પોતે પૂર્વગ્રહથી મુક્ત મને વિચાર કરવા તૈયાર હોવા છતાં, એમની પોતાની વિચારસરણી ચોક્કસ હતી. એમનાં મૂલ્યો નક્કી હતાં. એ મૂલ્યોના નિષ્કર્ષ પર કસીને જ કોઈ પણ મતનો એ સ્વીકાર કે ત્યાગ કરતા. એમની વિચારસરણીને કોઈ એક શબ્દથી વર્ણવવી હોય તો હું 'પ્રગતિશીલ' શબ્દ વાપરું. પણ એ કોઈ રાજકીય અર્થમાં નહિ, ખાસ કરીને સામાજિક અર્થમાં. માનવતાવાદી અર્થમાં આ શબ્દને ઘટાવવો જોઈએ. 'બુદ્ધિવાદી' એવા અર્થમાં પણ આ શબ્દ ઘટાવી શકાય. પરંપરાગત વિચારો, રૂઢિઓ, શાસ્ત્રો વગેરેને માત્ર શ્રદ્ધાથી ન સ્વીકારી લેવાં પણ આજની પરિસ્થિતિમાં એ બુદ્ધિમાં ઊતરે તો જ તે માનવાં એવું વલણ એ ધરાવતા. અને બીજી બાજુ ગાંધીવાદી વિચાર પ્રમાણે તમામ દૃષ્ટિ-બિંદુને સમાજહિતની ચકાસણીએ તપાસવાનો આગ્રહ પણ ધરાવતા. આધ્યાત્મિક બાબતો પણ જો સમાજહિતની વિરોધી હોય તો એમને માન્ય ન હતી. વસ્તુને એ અનેક ખૂણેથી જોવાનો પ્રમાણિક પ્રયત્ન કરતા પણ સમાજહિતની વિરુદ્ધનું કશું એમને માન્ય ન રહેતું.

'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'નાં એમનાં ઉત્તમ લખાણો એ જ્યારે કોઈ મહાન ગણાતી વ્યક્તિ વિષે ભ્રમનીરસન કરે ત્યારે નીપજતાં. એમણે શ્રી અરવિન્દ વિષે લખેલી લાંબી નોંધ આ જાતના લખાણનું એક શ્રેષ્ઠ દૃષ્ટાંત છે. એવી જ રીતે આચાર્ય તુલસી, આચાર્ય રજનીશ વગેરેનાં મંતવ્યોનો પ્રતિકાર કરતાં લખાણોમાં પણ એમની કલમ ધારદાર બનતી. એમનામાં બુદ્ધિવાદીની યુયુત્સા હતી.

પરમાનંદભાઈનાં ધાર્મિક મંતવ્યોનું શ્રેષ્ઠ તત્ત્વ એ હતું કે એ ગૂંચવાડામાં ફસાવાનું પસંદ કરતા નહિ. અમુક શાસ્ત્રની અમુક બાબતો આધુનિક દૃષ્ટિએ ઘટાવી શકાય એવી વાતમાં એમને રસ નહિ. કોઈ પણ શાસ્ત્રને સર્વોપરી કે સંપૂર્ણ સત્ય નહિ જ માનવાની કિશોરલાલભાઈની સીધી ને સટ વાત એમને વધુ પસંદ હતી.

પત્રકાર તરીકે એમણે જેટલો આગ્રહ વિચારશુદ્ધિનો રાખ્યો એટલો જ ભાષાના સૌષ્ઠવનો રાખ્યો. ભાષા સરળ અને લયબદ્ધ ચાલવાળી હોય, અનુવાદ જરાયે કલિષ્ટ ન હોય, અનુવાદની ભાષા જરાયે ખાંચાખૂંચીવાળી ન હોય એવો હંમેશા એમનો આગ્રહ રહેતો. આથી એમનાં લખાણો વિચારપૂર્ણ હોવા ઉપરાંત અત્યંત સુવાચ્ય પણ બનતાં.

'પ્રબુદ્ધ જીવન' સંસ્થાનું પાક્ષિક ગણાય તો પણ વ્યવહારમાં એ એક વ્યક્તિનું પાક્ષિક હતું. એની ઉપર જે ઊંડી છાપ હતી તે પરમાનંદ કાપડિયાની હતી. એમની પછી એ સામયિક એવી જ રીતે કદી ચાલે જ નહિ, કારણ બીજા પરમાનંદ કાપડિયા કદી જગતમાં હોઈ શકે જ નહિ. એટલે અપેક્ષા એટલી જ રખાય કે બીજો કોઈ શક્તિશાળી માણસ 'પ્રબુદ્ધ જીવન' ચલાવે, કુશળતાથી ચલાવે, પણ તે પોતાની રીતે જ ચલાવે. પરમાનંદભાઈની જેમ જ ચલાવવાનો આગ્રહ ન રાખે. વ્યક્તિની છાપવિનાનાં સામયિકો, ટીમથી કે તંત્રથી ચાલતાં સામયિકો, અનેક પેઢી સુધી એકધારાં ચાલી શકે. એમાં વ્યક્તિ ગૌણ હોય છે. સામયિક એના તંત્રને પ્રતાપે ચાલતું હોય છે. 'ટાઈમ' મૅગેઝીન ૧૦૦ વર્ષ સુધી એકધારું ચાલી શકે, 'અખંડ આનંદ' આવતાં અનેક વર્ષ સુધી આવું ને આવું ચાલી શકે. પણ 'હરિજન-બંધુ' ગાંધીજીની જેવું તો કિશોરલાલ પણ ન ચલાવી શકે, મગન-ભાઈની તો વાત જ શી? એ જ રીતે નવા તંત્રનું 'પ્રબુદ્ધ જીવન' એ પરમાનંદભાઈનું જ 'પ્રબુદ્ધ જીવન' હોય એવો આગ્રહ વાસ્ત-વિક પણ નથી અને વાજબી પણ નથી.

**યશવંત દોશી**

# નિ:સ્પૃહી સત્ય શોધક—વિચારક

શ્રી. પરમાનંદભાઈ તેમના કુટુંબીજનો માટે વાત્સલ્યમૂર્તિ 'ભાઈ' ગુજરાતના જ નહિ બલ્કે ભારતના નીડર, તટસ્થ વિવે-ચકોની હરોળમાં સ્થાન લઈ શકે તેવા શક્તિમાન હતા. તેમણે ગુજ-રાતી માધ્યમ, વિચારોના વાહન તરીકે સ્વીકાર્યું હતું, 'પ્રબુદ્ધ જીવન', એ તેમનું પ્રિય સર્જન પાક્ષિક સાપ્તાહિક હતું, અને તેમાં નિ:સંકોચ નીડર રીતે એ પોતાના વિચારો સુઘડ, ઘટ શૈલીમાં રજૂ કરતા હતા.

અભિવ્યક્તિમાં ડંખ અને દ્વેષ નહોતાં, આવેગ અને ઉત્તે-જના નહોતી છતાં કયાંય કશી ચસમપોશી નહોતી. વ્યક્તિ પ્રત્યેના ભાવ અને પ્રેમ, તેના વિચારદર્શનની ક્ષતિઓ દર્શાવવામાં અવ-રોધ રૂપ થતાં નહોતાં. કાકાસાહેબ અને ખુદ ગાંધીજીના વિચારોમાં તેમને ખામી જણાતી તો તેને શબ્દરૂપ આપતાં અચકાતા નહિ.

અવસાનના આગલા અઠવાડિયે જ એ. અમદાવાદ આવ્યા હતા. આપણાં એક અગ્રણી કવિયત્રી ગીતા બહેનના એ પિતા થાય, અને તે રીતે એ અમદાવાદ હતા. તેમનાં પત્ની વિજયાબહેન અસ્વસ્થ પ્રકૃતિને કારણે રાજકોટ હતાં, એટલે પરમાનંદભાઈ અમદાવાદ—રાજકોટ અવરજવર કરતા હતા.

એ અઠવાડિયામાં એક દિવસ રાત્રે શ્રી દામુભાઈ શુકલને ત્યાં એ જમવા આવ્યા હતા, અને ત્યારે જ તેમણે 'આવો તો ગપ્પાં મારીએ' એમ કહી તેડાવ્યો. એક ક્લાકમાં સ્વાભાવિક રીતે જ વાતચીતનો ઝોક વર્તમાન રાજકારણ તરફ રહ્યો.

શ્રી પરમાનંદભાઈ રાષ્ટ્રીય લડતોના એકવારના સુકાની હતા. ૧૯૩૦ના આઝાદી સંગ્રામ વેળાએ એ મુંબઈના 'સરમુખત્યાર,' નીમાયા હતા અને જેલવાસ સ્વીકાર્યો હતો. તેમનું આખું કુટુંબ લડતમાં સક્રિય હતું. રાષ્ટ્રીય બાબતોમાં પરમાનંદભાઈએ સક્રિય રસ સદાય લીધો છે.

ગુજરાતમાં પક્ષાંતરીઓની મદદથી સરકાર રચાઈ તેનો તેમને ઉદ્વેગ હતો. શ્રી મોરારજીભાઈની આગેવાની નીચે સંસ્થા કોંગ્રેસનું કોઈ ભાવિ જ નથી, એમ તે માનતા હતા.

શ્રી મોરારજીભાઈ સાથે તેમનો મૈત્રીસંબંધ હતો, અને વિચારણાની આપલે પણ તેમની વચ્ચે થતી હતી. છતાં શ્રી દેસાઈના એ કડક ટીકાકાર હતા. તેમને મોરારજીભાઈના વિચાર આચારમાં ભારે મોટું અંતર લાગતું.

મેં ગુજરાતના રાજકારણનું મારું પૃથક્કરણ તેમને કહ્યું. "તમારી વાત સાચી છે. શ્રી મોરારજીભાઈની પડખે કોઈ નહિ રહે, તેમ હું માનું છું. મારી છાપ તો એવી છે કે શ્રી હિતેન્દ્ર દેસાઈ જતે દિવસે શાસક કોંગ્રેસમાં જોડાઈ જશે.'

એ વિશેની માહિતી 'પ્રબુદ્ધ જીવન' માં તે લખનાર છે, એવું પણ તેમણે તે દિવસે કહ્યું.

ચર્ચાનો વ્યાપ મોટો હતો. તેમની ઝપટમાં વિનોબા પણ આવી ગયા. વિનોબાજી ગાંધીજી જેવા અહિંસાવાદી નથી: અલબત્ત, વિચારનું સ્તર તેમનું ઘણું ઊંચું છે. એ નિર્લેપ રહેતા હોવાથી સમાજમાં અસરકારક બની શકતા નથી, તેવું તે માનતા હતા.

રાતના તેમને ઘર સુધી મૂકવા ગયો. રસ્તામાં ગુજરાતના લેખકો, સર્જકોના વિચાર ઉત્તરદાયિત્વની ચર્ચા થઈ: "આપણા લેખકો-સર્જકો સાચી વસ્તુ કહેતાં ડરે છે, અને એ જ ગુજરાતની મોટામાં મોટી કમનસીબી છે. આપણે ત્યાં તીખા તરુણો [એન્ગ્રી યંગ મેન] નથી, તો પીઢ મુરબ્બીઓ પણ નથી, શ્રી ઉમાશંકર જોશીની સૌમ્ય પ્રકૃતિ, તેમની સત્યનિષ્ઠાને ઝાંખી પાડે છે, બીજા ઘણાને તો લગભગ પક્ષાઘાત જ થયો છે."

મુંબઈ વિશે મેં પૂછ્યું, "મુંબઈનું જીવન અમદાવાદ કરતાં વધારે બુદ્ધિપર્યાયવાસી છે. ગુજરાતી છોકરી છોકરાઓ પણ સારી પેઠે વિચાર કરે છે. તેમની કેટલીક જીવન રીતો પસંદ ન કરીએ પરંતુ સાથે તે ય ન ભુલીએ કે તે દ્વારા પરંપરાગત રૂઢ જીવનશૈલી તરફ એ અણગમો પ્રગટ કરે છે. મને અમદાવાદમાં તો એ પણ દેખાતું નથી."

કુટુંબ સાથે એક દિવસ ઘરે મળવાનું ગોઠવી અમે છૂટા પડ્યા. ચોથે કે પાંચમે દિવસે પાલડી બસ સ્ટેશને તેમને રાજકોટથી આવતી બસમાં ઊતરતા જોયા. નાનકડો બિસ્તરો જાતે જ ઊંચકયો હતો.

"લાવો હું લઉં" મેં વિનયપૂર્વક ઓફર કરી.

"સામાન તો મારે જાતે જ ઊંચકવો જોઈએ, તેથી આ નાનો બિસ્તર જ રાખ્યો છે."

તેમને રીક્ષા કરી આપી, અને મારા આમંત્રણની યાદ દેવડાવી. "આજ કાલમાં મુંબઈ જવું છે. ત્યાંથી આવ્યા પછી જરૂર આવીશ."

"આવજો." કહીને એ છૂટા પડ્યા એ તેમનું છેલ્લું દર્શન. આમંત્રણ સ્વીકારવાનો સૂર્ય મારા જીવનગગનમાં ઊગ્યો જ નહિ.

પહેલું દર્શન પણ સાવ આકસ્મિક સંજોગોમાં થયું હતું. તેમનાં મોટાં પુત્રી મધુરીબહેન અમદાવાદ રહેવા આવ્યાં હતાં. એ શાંતિકુંજમાં ચંપાબહેન મહેતાના મકાનમાં રહેતાં હતાં. ચંપાબહેનનું ઘર, આમારી તમામ પ્રવૃત્તિઓનું તે કાળમાં મુખ્ય મથક હતું. રાતના ઘણીવાર ત્યાં જ અમે કેટલાક કાર્યકરો જમતા.

એક દિવસ મધુરીબહેને કહ્યું: "ભાઈ આવ્યા છે. તમે મળો તો?"

ત્યારે તો ઉગ્ર સમાજવાદી વિચારસરણીથી રંગાયેલ જુવાન જમાતનો હું સભ્ય હતો. મધુરીબહેને ઓળખાણ તો એક જુવાન લેખક અને કાર્યકર તરીકે કરાવી.

આરંભમાં વિશ્વસાહિત્યની થોડી વાત કરી, અમે સમાજવાદ તરફ વળ્યા.

"સમાજવાદ એ મોઘમ શબ્દ છે પરંતુ તમે બધા જે ઉપદેશો છો, તેમાં રશિયન છાપ સામ્યવાદની જ ગંધ આવે છે. ભારતમાં એ ઉપકારક થઈ શકે તેમ મને લાગતું નથી."

ગુજરાત યુવક પરિષદના સ્વાગત પ્રમુખ તરીકે મેં જે તીખું તમતમતું (શ્રી મોરારજીભાઈના શબ્દો ટાંકું તો, 'લાલરંગે રંગાયેલું') ભાષણ કર્યું હતું. અને તેનો શ્રી મોરારજીભાઈએ ચાર લેખો દ્વારા 'જન્મભૂમિ' માં જવાબ આપ્યો હતો, તેનો નિર્દેશ તેમણે કર્યો. "તમારો અભિગમ સર્વથા ખોટો છે, તેવું હું નહિ કહું. ગાંધીજીની ટ્રસ્ટીશીપની ભાવના અવ્યવહારૂ છે, તેમ મને લાગે છે; પરંતુ ગાંધીવિચારને તમારી બધાની મૂલવવાની રીત જ મૂળ ખોટી છે.

હું વચમાં કહું તે પહેલાં જ તેમણે કહ્યું: "તમે જૈનધર્મના સ્યાદવાદનો હવાલો આપવાનું વિચારશો. પરંતુ સ્યાદવાદ અને તમારા dialectical materialism વચ્ચે ફરક છે. એક જીવનદર્શન છે; બીજી વિચારપદ્ધતિ છે."

વર્ષો પછી પાછા મળ્યા-મુંબઈમાં રસ્તા પર જ. એ રોજ સવારે ફરવા જતા હતા. નાનાચોકમાં સત્કાર રેસ્ટોરાંની પગથી પર ઊભા ઊભા જ અમે વાતોએ વળગ્યા."

"ત્યારે તમે જહાલ સમાજવાદી હતા, હવે?"

".....ગાંધીવાદ તરફ મન ઢળ્યું છે."

"કોઈ પણ વાદ, એ વિચારનું અંતિમ સ્વરૂપ ન હોઈ શકે. વિચાર એ સતત વિકાસશીલ પ્રક્રિયા છે, અને તે રીતે જ સમાજને આપણે સમજવો જોઈએ."

"વાદી બનીએ તો પ્રતિવાદી બનવું પડે." મેં ટોળ કર્યો: "Complaints in the court are the real accused"

"વાત તમારી સાચી છે, જો કે ફરિયાદી કરતાં આરોપીના જ પિંજરામાં રહેવું ગમે તેવું છે."

"નિરાંતે આવેને." મને તેમણે ઈજન આપ્યું.

વચમાં અલપઝલપ રાજકોટમાં વિચારકોના સત્કાર સમારંભમાં મળી ગયા. સૌથી પહેલા વક્તા રજનીશજી હતા, અને હું સૌથી છેલ્લો. મેં રજનીશજીના ઉદ્‌ગારોનો પ્રતિવાદ કર્યો, અને વિખ્યાત જર્મન વિચારકના શબ્દો ટાંકયા: આઈ થીંક એન્ડ થેરફોર આઈ એકસીસ્ટ" વિચાર એ અસ્તિત્વનો પાયો છે. અને સવાલ એ છે કે રજનીશજી વિચારને નિકૃષ્ટ કક્ષાનો માનતા હોય, તો એ તેમના અહમનું લક્ષણ છે. નાસ્તિકતા એ સમજી શકાય તેવું વિચાર -વ્યાવર્તન છે. પરંતુ નિર્લેપતામાંથી જન્મતી અશ્રદ્ધા અવધાનને માર્ગે વળે છે.

સભાને અંતે તેમણે કહ્યું, "તમે સારૂં બોલ્યા - અરૂઢ વિચાર ગમે છે ખરા, પરંતુ તેને સતત ઘૂંટવાથી તો વળગણ સમાન થઈ પડે છે."

તેની જ ચર્ચા તેમની સાથે કરવી હતી, શ્રી, દામુભાઈને ત્યાં એ મુદ્દો અછડતો ચર્ચાયો: "હું તમારે ત્યાં આવીશ, ત્યારે વિગતથી તેની વાત કરીશું."

એ દિવસ આવ્યો જ નહિ- ચર્ચાનો તંતુ અધૂરો જ રહી ગયો.

**નિરુ દેસાઈ**

# ❋ એકાત્મતાનો અહાલેક જગાવનાર ❋

**"અણજાણ પંથે વિહરનારાં વનનાં વિહંગોની જેમ મને પણ મુક્ત બની વિહરવા દે" –ટાગોર**

અપ્રતિમ વ્યક્તિત્વ ધરાવતા પરમાનંદભાઈ મારા બે તાલીસમા જન્મદિન–૧૭ એપ્રિલ, ૧૯૭૧ ને દિવસે અજાણ પથના પથિકોની ટોળીમાં ભળ્યા. મારા સહાધ્યાયી સૂર્યકાન્ત પરીખે મને ૧૯૫૬માં એમનાં સસરાની ઓળખાણ કરાવી. આ આકસ્મિક પરિચય જેમ જેમ વધુ ગાઢ બનતો ગયો તેમ તેમ મારું એમના પ્રત્યેનું માન વધતું ગયું એટલું જ નહિ પણ એક વ્યકિત પોતાના જીવનકાળ દરમ્યાન પણ કેવી રીતે એક સંસ્થામાં પરિવર્તિત થઈ શકે છે એ જોતાં એમને માટેનો મારો સદ્‌ભાવ ભકિતભાવમાં પરિણમ્યો. કારણ વિના ધૂંઆકુંઆ થતા અને કાન્તિની મોટી મોટી વાતો કરતા મારી ઉંમરના ઘણા ઓછાને 'પ્રબુદ્ધ જીવન' પત્ર અને જૈન યુવક સંઘ સંસ્થા દ્વારા જૈન યુવાનોના વિચાર અને વર્તનમાં પરમાનંદભાઈએ જે ક્રાંન્તિ સર્જી એની કલ્પના આવી શકશે. યુવક સંઘની પ્રવૃત્તિઓ અવિરતપણે ચાલ્યાં કરશે એ વિશે મને શંકા નથી પણ 'પ્રબુદ્ધ જીવન' પહેલાંનું જ, પરમાનંદભાઈનું 'પ્રબુદ્ધ જીવન' રહેશે કે કેમ એ અંગે મને જરૂર થોડી શંકા છે.

ગુરુદયાળ મલિક, પરમાનંદભાઈ અને એવા બીજા સંતપુરુષોના નિકટના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. હું આ સૌભાગ્યને લાયક છું કે નહિ એ તો ઈશ્વર જાણે. આમાંના કેટલાક સાથે મેં અનેક વિચારપ્રેરક ચર્ચાઓ કરી છે. બીજાઓના ધ્યાનમાં હું સહભાગી બન્યો છું તો વળી બીજા કેટલાકે મને એમના પ્રેમામૃતથી નવરાવ્યો છે. એમાંથી ઘણાએ ચિરવિદાય લીધી છે. એક વખતની લીલીછમ વાડી જાણે આજે વેરાન બની ગઈ છે. મને પણ સૂનું સૂનું લાગે છે. વ્યર્થ વ્યોમે વિહરતા પાનખરના વાદળની જેમ.

પરમાનંદભાઈના અનેક ગુણોની યાદ આપણે માટે ચિરંજીવ બની રહેશે. એમનામાં અજબ શકિત હતી. સર્વ સ્તરના અને સર્વ પ્રદેશોના–ભિન્ન સંસ્કૃતિ અને વ્યવસાયના લોકો સાથે મીઠો મૈત્રીસંબંધ બાંધી એમને પોતાના પરિવારમાં ભેળવી દેવાની. એ લોકોની પાસે કામ લઈ શકતા–એમને પોતાને પણ ખબર ન હોય એવી એમની સુષુપ્ત શકિતઓને જાગૃત કરીને.

એમની આ જાદુઈ શકિતથી જ એમણે મારા જેવા રૂઢિમાં ન માનનાર અને માંસાહારીને ૧૯૬૪ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રથમ વ્યાખ્યાન આપવા માટે હા પડાવી; અને મેં માર્ટિન લ્યુથર કીંગ અને અમેરિકામાં માનવહક માટેનાં નિગ્રો આંદોલન પર વ્યાખ્યાન આપ્યું. એ વર્ષમાં જ ડૉ. કીંગને શાંતિ માટેનું 'નોબેલ પ્રાઈઝ' મળ્યું હતું. આ પહેલાં ૧૯૫૯માં મુંબઈના ગાંધી સંગ્રહાલય અને જૈન યુવક સંઘના સંયુકત આશ્રય નીચે ડૉ. કીંગ માટે એક સત્કારસમારંભ યોજવામાં આવ્યો હતો. તે વખતે હું હિંદીમાં નહિ પણ ગુજરાતીમાં બોલ્યો. આનું કારણ સમજાવતાં મેં પરમાનંદભાઈને હસતાં હસતાં કહ્યું હતું કે "બંગાળી મારી માતૃભાષા છે, હિંદી રાષ્ટ્રભાષા છે અને ગાંધીજીને રાષ્ટ્રપિતા માનનારા સૌ માટે ગુજરાતી એ પિતૃભાષા છે."

૧૯૬૩માં હું જાપાનથી પાછો આવ્યો ત્યારે મને રસિક ઝવેરીએ એમના ચોપાટીના ઘરમાં આશરો આપ્યો. ૧૯૬૫માં દિલ્હી આવ્યો ત્યાં સુધી હું ત્યાં જ રહ્યો. આ બે વર્ષ દરમ્યાન મારે અવારનવાર પરમાનંદભાઈને મળવાનું થતું. ઘણી વખત તેઓ વહેલી સવારે મને મળવા આવી પહોંચતા. હું રહ્યો સૂર્યવંશી એટલે મને વહેલા ઊઠવામાં જરા મુશ્કેલી પડતી. એક સવારે એઓ સવારનું 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને એટલાસ લઈને આવ્યા. કારણ એમને વિયેટનામની પરિસ્થિતિ સમજવી હતી અને એમને કોઈ તરફથી જાણવા મળ્યું હતું કે મેં વિયેટનામમાં એક અઠવાડિયું ગાળ્યું હતું અને ત્યાં ૧૯૬૩, એપ્રિલની બૌદ્ધ સાધુની આત્મવિલોપનની ક્રિયા નજરે જોઈ હતી. એમની ઉંમરે પહોંચતાં એમના જેવી બાળ-સુલભ સરળતા અને જિજ્ઞાસાવૃત્તિ આપણામાંથી કેટલામાં જોવા મળશે એ કહેવું મુશ્કેલ છે. અમારી વાતો, ચર્ચાઓ કલાકો સુધી ચાલતી. જેના વિષયોમાં વ્યકિતવિશેષ, રાષ્ટ્રીય મહત્વના પ્રસંગો, એ અંગેની ટીકાટીપ્પણીઓ અને તટસ્થ મૂલ્યાંકન, નવી વાંચેલી ચોપડીઓ અંગેની ચર્ચા, અને બે વાર્ષિક વ્યાખ્યાનમાળાઓ માટેની યોજના, વકતાઓ અને વિષયની શોધ વગેરે અનેક બાબતોનો સમાવેશ થતો. એમ કહો કે અમે અગમનિગમની વાતો કરતાં. અમારી વચ્ચેની અનેક ભિન્નતાઓ છતાં સમાનવૃત્તિવાળાં અમારાં બે મનોના મિલનમાં બે પેઢી વચ્ચેનું અંતર કે એવો બીજો કોઈ અંતરાય આડે આવી શકતો નહિ. બધા જ ભેદો જીવનને ધન્ય બનાવતા અમારા આ અનુભવમાં વિલીન થઈ જતા. જરા શાંતિથી વિચાર કરતાં પરમાનંદભાઈએ એમની વ્યાખ્યાનમાળાઓ દ્વારા એકાત્મતાનો જે અહાલેક જગાવ્યો હતો એનો ખ્યાલ સહેજે આવી જાય છે.

પરમાનંદભાઈને મારી સામે અનેક ફરિયાદો હતી. એમને અમારી મુલાકાતો ઓછી પડતી હતી. એ ઈચ્છતા હતા કે અમે વધુ મળીએ. હું એમની આશા પૂરી ન કરી શકયો એમાં ખોટ મને ગઈ. એક તો હું એમના વિવેકપૂર્ણ વિચારોથી વંચિત રહ્યો અને બીજું મને ચા પીવા ન મળી. તેઓ મને એકી વખતે ચાના બે પ્યાલા પીવાની ટેવ હતી એ જાણતા હતા, એટલું જ નહિ પણ એમને ઘરે મળવા જાઉં કે એમની સાથે પ્રવાસમાં હોઉં, એ મારી આ ટેવને પિતૃભાવે પોષતા. હું લગ્ન કરું એમ મારા બીજા મિત્રોની માફક પરમાનંદભાઈની પણ ખૂબ ઈચ્છા હતી. ઘણા મિત્રોએ માની લીધેલું કે આ બાબતમાં હું નમતું જોખું એમ નથી. પણ ૧૯૬૮માં પ્રભુતામાં પગલાં માંડી મેં આ મિત્રોની ધારણા ખોટી પાડી. એમના પત્ર માટે હું લખું એવી પણ એમની તીવ્ર ઈચ્છા હતી. 'પ્રબુદ્ધ જીવન' મને નિયમિત મળે છે એટલું જ નહિ પણ 'માનસ' 'મૈત્રી' અને 'ફ્રેંડ્‌લીવે' ની માફક પ્રબુદ્ધ જીવન હું નિયમિત 'અથ' થી 'ઇતિ' સુધી વાંચું પણ છું.

એ એક દુખદ બિના છે કે પરમાનંદભાઈનાં જીવતાં એમની જે ઈચ્છા હું પૂરી ન કરી શકયો એ મારે આ રીતે 'પ્રબુદ્ધ જીવન'ના એમના સ્મૃતિ અંક માટે શ્રદ્ધાંજલિ લખીને પૂરી કરવી પડે છે. આ શોકનો સમય છે પણ તે સાથે જ આનંદનો પણ છે. આનંદ એ વાતનો કે પરમાનંદભાઈ આપણી વચ્ચે જીવ્યા અને આપણને એમનાં જીવન અને કાર્યો નિહાળવાનો અપૂર્વ લહાવો મળ્યો.

પરમાનંદભાઈએ જો મને ન સમજાવ્યો હોત તો હું ગુરુદેવ ટાગોરની નીચેની કવિતાનો મર્મ કદિયે સમજી ન શકયો હોત.

'તેં મને અપરિચિત મિત્રોનો પરિચય કરાવ્યો
ને પરાયાનાં ઘરોમાં પોતીકો કરીને સ્થાપ્યો.
તેં દૂરનાંને નજીકનાં બનાવી, અણજાણને આત્મીય બનાવ્યા.
જ્યારે તારો સાચો પરિચય થાય ત્યારે
પરાયાં પોતીકાનો ભેદ ભૂંસાય છે.
અને સર્વ દ્વારો ખૂલી જાય છે.
મારી આટલી અરજ સાંભળો કે
દુનિયાની લીલામાં અટવાઈ હું
બ્રહ્મના દિવ્યસ્પર્શથી વંચિત ન રહું!

અનુવાદક : મૂળ હિંદી :
ડૉ. ઉષા મહેતા સત્યેન્દ્રકુમાર ડે.
સેક્રેટરી, ગાંધી સ્મારક સંગ્રહાલય સમિતિ, નવી દિલ્હી.

# એ સત્યસાધકનું જીવનદર્શન

"આ વખતે ઉનાળામાં આપણે નક્કી બદ્રિનાથ-કેદારનાથ જઈએ!"

હજી એમના આ શબ્દોનો રણકાર મનમાંથી શમ્યો નથી ત્યાં તો બીજે જ દિવસે.....બીજી જ સવારે એમનાં યાત્રા-ઉત્સુક ચરણોએ એકાએક દિશા બદલી લીધી! પરંતુ બદ્રિ-કેદારને બદલે કોઈ અગમ્ય પ્રદેશની યાત્રાએ જતાં પણ એ ચરણોમાં સહેજ પણ કંપ નહોતો, ભય નહોતો કે ઉદાસિનતા નહોતી. આ એ જ ચરણો કે જેણે સને ૧૮૯૩ના જૂન માસની ૧૮મી તારીખે આ વિશ્વમાં બે નાની પગલીઓ માંડેલી. વિક્રમ સંવત પ્રમાણે આ પ્રવેશ, એટલે કે જન્મ વિ. સં. ૧૯૪૯ના આષાઢ શુદ પાંચમે સૌરાષ્ટ્રમાં આવેલા રાણપુર ગામે થયેલો; અને ઉછેર ભાવનગરમાં થયો. એમના પિતા શ્રી કુંવરજી આણંદજી કાપડિયા જૈન સમાજના જ નહીં, પણ સમગ્ર ભાવનગર શહેરના અગ્રગણ્ય નાગરિક હતા. તેઓ અત્યંત પવિત્ર, ધર્મનિષ્ઠ અને જૈન ધર્મ-તત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા. એમની પાસે અનેક સાધુ-સાધ્વીઓ પણ ધર્મજ્ઞાન લેવાં આવતાં. આમ જુઓ તો ભાવનગરમાં આ કુટુંબની કાપડની મોટી પેઢી ચાલતી હતી. વેપારી-આલમમાં આ કુટુમ્બ મોખરે હતું. પરંતુ કુંવરજીભાઈ તો જૈન સાહિત્યના પ્રખર અભ્યાસ અને વિદ્યાવ્યાસંગમાં જ તલ્લીન રહેતા હતા. તેઓ અંગ્રેજી જાણતા નહોતા પણ પોતાને ત્યાં જૈન અને ગુજરાતી સાહિત્યનું એક સમૃદ્ધ પુસ્તકાલય વસાવેલું. પોતાનાં સંતાનોને ઉત્તમ શિક્ષણ આપવા તેઓ હંમેશા ઉત્સુક રહેતા. એમનાં સંતાનોમાં પરમાનંદભાઈ ઉપરાંત નગીનદાસભાઈ તથા જશકોરબહેન હતાં.

આમ, ભાઈને (અમે, પરમાનંદભાઈનાં સંતાનો, પરમાનંદભાઈને "ભાઈ" કહીએ છીએ) બાળપણથી જ એક સંસ્કારભૂમિનું વિદ્વતાભર્યું વાતાવરણ મળતું હતું. ભાઈ અભ્યાસમાં હોશિયાર તો હતા જ, પણ જ્ઞાનપ્રાપ્તિનાં અન્ય દ્વારો પણ એ હંમેશા ખુલ્લાં રાખતાં. એમને ઘેર અવારનવાર જ્ઞાનની પરબ બેસતી અને અનેક સુશિક્ષિત વ્યક્તિઓનાં મીલન અને વિચારોની આપલે થતી. આજના વિખ્યાત કલાગુરુ શ્રી રવિશંકર રાવળ પણ એમની કિશોરવયમાં આ પરબનું પાણી પીવાનું કદી ચૂકતા નહીં. તેઓ ત્યારે ભાઈના સહાધ્યાયી હતા અને ત્યારથી આજ લગી આત્મીય મિત્ર રહ્યા છે.

બાળપણથી ભાઈની જ્ઞાનપિપાસાની સાથે સાથે નેતાગીરીની ભાવના પણ વિકસતી જતી હતી. એમનાં વડીલ પિત્રાઈ બહેન–મોંઘીબહેન હજી યાદ કરે છે કે તેઓનું આખું કુટુમ્બ દર વર્ષે પાલિતાણા યાત્રા કરવા જતું હતું. તેમજ ભાવનગર શહેરમાં ઘણી વાર આવતી પ્લેગની ભયંકર આપત્તિથી બચવા પણ તેઓ બધાં સાથે ઘણીવાર આકવાડા જતાં. વિશાળ સંયુકત કુટુમ્બમાં નાનાં નાનાં પિત્રાઈ દસેક ભાઈબહેનોની ટોળી જામતી- આ ટોળીને તો નદીકાંઠે રખડપટ્ટી કરવાની ને કયારેક જેરામ પટેલની ઘોડી પર વારાફરતી ચક્કર મારવાની લ્હેર પડી જતી. આ ટોળીના સરદાર હતા નાનકડા પરમાનંદભાઈ! એ બધાને પ્રેમથી જીતી લઈને સૌની દોરવણી કરતાં. અને બધાં ભૂલકાંઓ પણ એ કહે તેમ કરતા. આમ કોઈ જોહુકમી વગરની નેતાગીરીનો પાઠ તો ભાઈ બાળપણથી જ શીખેલા. અને પ્રકૃતિપ્રેમ તથા કુદરતમાં મુકત મને રખડવાનો રસ પણ ત્યારથી જ સીંચાયેલો.

એમના ધર્મપ્રિય પિતાએ ભાવનગરમાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા સ્થાપેલી. પિતાનાં પ્રવચનો તેમ સમાજસેવાનાં કાર્યો માણવા કિશોર પરમાનંદ હંમેશા સાથે જતો. એ નિમિત્તે તે ગામ પરગામ પણ ફરતો. તેમ જ યથાશકિત ધર્મજ્ઞાન પણ મેળવતો.

આ સાથે ભાઈનો શાળાકીય અભ્યાસ પણ ચાલુ જ હતો. મેટ્રિક સુધી ભાવનગરમાં ભણીને સને ૧૯૦૯માં એ મુંબઈ આવ્યા. મુંબઈમાં પહેલા એલ્ફીન્સ્ટન અને પછી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી સને ૧૯૧૩માંથી બી. એ. થયા અને સને ૧૯૧૬માં એલ. એલ. બી. થયા. આ સમયમાં તેઓ સંગીતની પણ રસથી તાલીમ લેતા હતા એની સાક્ષી ઘરમાં પડેલાં વાયોલિન, દિલરૂબા, સિતાર ને હારમોનિયમ હજીય પૂરે છે. એલ.એલ. બી.ના અભ્યાસ નિમિત્તે એ એમના પિત્રાઈ વડીલ ભાઈ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા (સોલિસીટર) ને ઘેર રહ્યા હતા. ત્યાં પણ એમની જ્ઞાનપિપાસા અને સામાજિક વૃત્તિઓને ખૂબ અનુકૂળ વાતાવરણ મળ્યું. તે સમયની એક નોંધપાત્ર ઘટના ભાઈની કલમે જ જોઈએ.

"મારા મુરબ્બી બંધુ મોતીચંદભાઈને ઘેર અમે મિત્રો અવારનવાર ચર્ચાસભાઓ યોજતા હતા. એકવાર અમે "यद्यपि शुद्धम् लोकविरुद्धम्, ना करणियम् ना चरणियम्" એ જાણીતા સૂત્ર ઉપર ચર્ચાસભા યોજી હતી. અમારામાંની એક વ્યકિતએ ઉપરના સૂત્રનું સમર્થન કર્યું હતું. મેં એ સૂત્રનો વિરોધ કરેલો. આખી ચર્ચા "જૈન હિતેચ્છુ"માં છપાઈ હતી. આ તો કેવળ શાબ્દિક ચર્ચા હતી અને એમાં ભાગ લેનાર પક્ષકાર અને પ્રતિપક્ષીનું અંગત વલણ પણ એ જ પ્રકારનું હોવું જોઈએ–એમ માની લેવાનું કશું પણ કારણ નથી. આમ છતાં મારા મનનું વલણ – લોકવિરોધનો સામનો કરીને પણ શુદ્ધને વળગી રહેવાનું – ત્યારથી આજ સુધી એક સરખું કાયમ રહ્યું છે. મૂળ સૂત્રમાં સુરક્ષાનો Securityનો – ભાવ રહ્યો છે, તેની સામે આજના ચિન્તકો Live dangerously એવું સૂત્ર આપણી સામે રજૂ કરે છે. જીવન-પુરુષાર્થના વિકાસ માટે આ બીજું સૂત્ર મને સવિશેષ આદરણીય – અનુકરણીય લાગે છે."

અભ્યાસકાળ દરમ્યાન સને ૧૯૧૦થી જ એમણે પોતાનું "શુદ્ધને વળગી રહેવાનું" જીવનકાર્ય શરૂ કરી દીધેલું. પોતે જન્મે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હોવાથી એમણે એ પરમ્પરાની જુનવાણી અને આજના સમય સાથે બંધબેસતી ન હોય એવી રીતરસમ સામેનાં લખાણો અને કયારેક ભાષણો દ્વારા પ્રતિકાર શરૂ કરેલો.

એમના પિતાશ્રીના તંત્રીપણા હેઠળ ચાલતાં "જૈન ધર્મ પ્રકાશ"માં "આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન" – એ મથાળા હેઠળ સને ૧૯૧૦માં અઢાર હપ્તાની એક લાંબી લેખમાળા એમણે પ્રગટ કરેલી. એમાં એમની સુરુચિ અને બુદ્ધિને ખૂંચતી એવી અનેક ધાર્મિક પ્રક્રિયાઓની આલોચના કરેલી. આ લેખમાળા પાછળથી પુસ્તકરૂપે પ્રગટ થયેલી. આ લેખમાળાને લીધે અનેકવિધ વિરોધ અને અથડામણો અનુભવવાની હોય જ. પણ ન તો એથી એ નવલોહિયો યુવક ડગ્યો, કે ન તો એના ધર્મિષ્ઠ પિતાએ એની સ્વતંત્રતાને અવરોધી. ત્યારબાદ પણ ભાઈએ કરેલા ક્રાન્તિકારી સુધારામાં એમના પિતાએ કદી પોતાનો વૈચારિક મતભેદ હોય તો પણ એ માત્ર શાન્તિપૂર્વક જણાવેલો એટલું જ.

ઈ. સ. ૧૯૧૦થી શરૂ થયેલો એમનો આ ભાવનાશુદ્ધિનો યજ્ઞ જીવનના અંતકાળ એટલે કે ઈ. સ. ૧૯૭૧ સુધી એ જ સચ્ચાઈ ને સાતત્યથી ચાલુ રહેલો.

એમણે ઈ. સ. ૧૯૧૬માં એલએલ. બી. થયા બાદ શ્રી મોતીચંદભાઈની પેઢીમાં દસેક મહિના એને લગતાં લખા-



એલ. એલ. બી. થયા ત્યારે...

ણોમાં સહી ( articals sign ) કરેલી, પણ એમના સચ્ચાઈના આગ્રહે એમના મનમાં વકિલાત સામે આણગમો જ ઊભો કર્યો. અંતે એ છોડીને તેઓ જરીના વેપારમાં પડયા. એમની સિદ્ધિ રીત-રસમને એમાં પણ મેળ ન બેઠો. એટલે રસિકભાઈ ઝવેરી તથા ચંદુ-ભાઈ ઝવેરી જેવા ઝવેરી-મિત્રોની સલાહથી એમણે ઝવેરાતનો ધંધો શરૂ કર્યો અને ઘણાં વર્ષો સુધી ચલાવ્યો. પરંતુ એમના હૃદયનું વલણ સદાય સામાજિક ક્ષેત્રે માનવ હીરામોતી પારખવા પ્રત્યે જ રહ્યું. જૈન સમાજના દૂરાગ્રહો ને ધનલાલસા પ્રત્યેનો અસંતોષ એમના મનને વલોવી નાંખતો.

બીજી બાજુ અભ્યાસકાળ દરમ્યાન ભાઈનું કૌટુમ્બિક જીવન પણ નવો વળાંક લઈ રહેલું. આમ તો આઠ વર્ષની ઉમ્મરથી એ વઢ-વાણના પ્રતિષ્ઠિત કુટુમ્બમાં સગાઈના સંબંધે જોડાયા હતા– શ્રી ત્રિભુવનદાસ લાલચંદ માથકિયાનાં દીકરી વિજ્યાબહેન સાથે. વિજ્યા-બહેન ત્યારે છ વર્ષના હતાં. ત્યાર પછી સને ૧૯૧૧માં અઢાર વર્ષની ઉમ્મરે ભાઈનાં લગ્ન થયાં. તે ગાળાની એક હકિકત રસપૂર્વક શ્રી રવિશંકર રાવળે નોંધી છે કે, "અમારામાંના કોઈને પણ લગ્ન પહેલાં ભાવિ પત્નીનું દર્શન, મિલન કે સંભાષણ થયું હોવાનું જાણ્યું નહોતું. બહુ જ થોડી યુવાન વધૂઓ લખવા જેટલું ભણતર પામી હતી, એટલે પ્રેમપત્રો લખવાની આવડત તો હોય જ ક્યાંથી? છતાં પર-માનંદ સુભાગી હતા. તેમને લગ્ન પહેલાં ભાવિ પત્નીના ભાવપૂર્ણ પત્રો મળેલા.' ચાલબત્ત એ પત્રો એકબીજાને પહોંચાડવા માટે વડીલોથી છૂપી "એજન્સી"ની જરૂર પડતી. પણ એય મળી રહેતી!

અને સને ૧૯૧૧માં એ સુદૃઢ, સંસ્કારી અને સત્યષ્ઠિ લગ્ન-જીવનનો આરંભ થયો. (હમણાં જ એ દીર્ઘ લગ્નજીવનની પરિપૂર્તિ થઈ.) મોંઘીબહેનનાં કહેવા મુજબ, "વિજ્યા પરણીને અમારે ઘેર આવી ત્યારે તો કાચની પૂતળી જેવી સુંદર અને ભરાવદાર હતી." આમ અમારાં બા (વિજ્યાબહેન) માં સૌંદર્ય ને સંસ્કારિતા તો હતી જ. તે સંસ્કારિતાને વધુ વિકસાવવા માટે સાસરે કુંવરજી-ભાઈએ ભાઈની ઈચ્છા મુજબ સારી અનુકૂળતા કરી આપી. લગ્ન બાદ શરૂઆતનાં દસ વર્ષ તો ભાઈ અભ્યાસ તથા વ્યવસાય ખાતર મુંબઈમાં રહેતા હતા, તે દરમ્યાન બા ભાવનગરમાં ઘરકામમાં તથા વૃદ્ધ વડીલોની સેવામાં ડૂબેલાં રહેતાં. પરંતુ એટલાથી સંતોષ નહીં પામતા, એમણે બાને (વિજ્યાબહેનને) સંસ્કૃતનો અભ્યાસ તથા વાંચન કરા-વવા ખાસ શાસ્ત્રીજી રોકેલા. એમની સાથે ભાઈનાં બા, બ્હેન વિગેરે પણ ભણવા બેસતાં. એ વખતે બાએ સંસ્કૃતમાં કાલિદાસ વિગેરે સાહિત્યકારોનો સરસ અભ્યાસ કરેલો.

આ સાથે સાથે બાએ જતે દહાડે ગાંધીજી વિગેરેના રચનાત્મક સાહિત્યનું પણ સારૂં વાંચન કર્યું હતું.

સ્ત્રીશકિત વિકસાવવા માટે ભાઈનો ઉત્સાહ કેવો હતો? મોંઘી-બહેન એક પ્રસંગની યાદ આપે છે - એક વાર ભાઈએ બા, મોંઘી-બહેન તથા ચંદનબહેન (મોતીચંદભાઈનાં પત્ની) વચ્ચે નિબંધ સ્પર્ધા ગોઠવેલી. આ સ્પર્ધા સારી થઈ અને પરિણામે ભાઈએ તટસ્થ-ભાવે મોંઘીબહેનને પહેલું ઈનામ આપ્યું. એમની ઈનામની પસંદગી પણ કેવી? 'કાદમ્બરી' નું પુસ્તક! જાણે કે તમે હજી પણ 'વાંચતા રહો!' એ આદેશ સાથે જ ઈનામ આપતાં ન હોય?!

પછી તો એ બહેનોની લેખનશકિત વધતાં બાએ વિલેપાર્લેમાં બહેનોની જાહેર નિબંધ હરિફાઈમાં પ્રથમ ઈનામ મેળવ્યું. નિબંધનો વિષય હતો "બાળકોને કેમ ઉછેરવા?" અને ઈનામમાં મળી સુખડની પેટી - જાણે કે "તમારા બાળઉછેરમાં પણ તમે સુખડ જેવી સુવાસ ફેલાવો!" - એવો આશીર્વાદ ન આપતી હોય!

પછી પણ બાની લેખનશકિત કયારેક પ્રવાસવર્ણન તો કયારેક સામાજીક પ્રશ્નોની ચર્ચા - વિચારણામાં પ્રગટ થતી રહી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અત્યારના કુલ - નાયક અને ભાઈના સનિષ્ઠ મિત્ર શ્રી હરભાઈએ કહ્યું છે કે "પરમાનંદભાઈમાં સ્ત્રી-સ્વાતંત્ર્ય અને સ્ત્રી - સંસ્કાર પરત્વે ઘણી ઉદાત્ત ભાવના ભરેલી હતી. એમની પ્રકૃતિ પ્રમાણે એ તમામ મિત્રોમાં પોતાના વિચારોનો પ્રચાર કરતા એટલું જ નહીં, પણ નજીકના મિત્રો પાસેથી કેટલા અંશે એનો અમલ કર્યો છે તેનો હિસાબ પણ માંગતા. મારી પાસે પણ તેવો હિસાબ માંગેલો અને હું તેમની પરીક્ષામાં સફળ થયો નહોતો." કેવી નિર્ભય નિખાલસતા!

સ્ત્રીશિક્ષણના એમના આગ્રહની દૈવે પણ કેવી કસોટી કરી છે! ઈશ્વરે એમને સંતતિમાં સાત દીકરીઓ જ આપી, અને પડકાર કર્યો કે, "લે, હવે પસાર થા મારી કસોટીમાંથી - તાકાત હોય તો!

અમને બા કહે છે કે, "તમારાં જન્મ વખતે મને દીકરી જન્મી છે એમ જાણીને કેટલાક લોકો ખરખરો કરવા પણ આવતા હતા! પણ મેં, તમારા ભાઈએ કે બાપુજી (કુંવરજીભાઈ) એ કદી મનમાં સહેજ પણ ઓછું આવવા દીધું નહોતું ..." અને આજે પણ અમે છાતી ઠોકીને કહી શકીએ કે અમારી જીંદગીમાં અમારાં માતા-પિતાએ કદી પણ અમને દીકરાથી ઓછા ગણ્યાં નથી. કેળવણી તથા અન્ય રીતે પોતપોતાની શકિતને વિકસાવવાની બધી જ તકો ને અનુકૂળતા એમના તરફથી અમને સદાય મળતી રહી છે. અને તે પણ તદ્દન નિરપેક્ષભાવે!

પરિણામે એ જમાનામાં પણ સૌથી મોટાં દીકરી મધુરીબહેન ઈન્ટર આર્ટસ સુધી ઘણાં સારાં પરિણામો સાથે ભણ્યાં. પછી મેના-બહેનની ચાલુ શાળાકિય અભ્યાસમાં ઓછી શકિત જણાઈ, ત્યારે એક માનસશાસ્ત્રીની ઢબે ભાઈએ એમનામાં ચિત્રકલા પ્રત્યેની છુપી રુચિ ને શકિત શોધી કાઢી એનો અભ્યાસ મુંબઈમાં કરાવીને એમાં પારંગત થવા માટે (આજથી ત્રીસ વર્ષ પહેલા) ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર સંચાલિત શાંતિ - નિકેતનમાં મોકલ્યાં હતાં. (પાંચ વર્ષ માટે) આથી મેનાબહેન "વિશ્વભારતી"નો (ચિત્ર તથા હસ્તકલા સાથે) ડિપ્લોમા મેળવીને સ્વાશ્રયી જીવન જીવી શકયાં. ત્યાર પછીની બે દીકરીઓ કૂમળી વયે જ ગુજરી ગઈ. અને ત્યાર પછી ચારૂબહેને વળી નવો મોરચો ઊભો કર્યો. સાત વર્ષની વય સુધી તદ્દન માંદલી ને રીસાળ ચારૂબહેને ભણવા સામે કટ્ટર દુશ્મનાવટ દેખાડી. પછી એ ટાઈફોઈડની ભયંકર બિમારીમાં મૃત્યુ પામતી માંડ માંડ બચી.અને ત્યાર બાદ બા તથા ભાઈ મોન્ટેસરી પદ્ધતિ ની એમની હતી તેટલી સમજ મુજબ એના પર ભણવાનું જરા પણ દબાણ લાવ્યા નહીં. પરંતુ કોઈ બાલમાનસવેત્તાની ઢબે એનામાં એવી કુશળતાથી અભ્યાસરસ સીંચ્યો કે માત્ર સાત વર્ષમાં એ

ખૂબ ઝળકતાં પરિણામો સાથે શાળાનો બધો અભ્યાસ પૂરો કરતાં મેટ્રિક થઈ અને એકવીસ વર્ષની વયે 'ગોલ્ડ મેડલ' સાથે એ ડૉક્ટર (એમ. બી. બી. એસ) થઈ ગઈ. અને ડૉક્ટર થતાં સુધીનો બધો અભ્યાસ એણે સ્કૉલર થઈને કર્યો. પછીનાં દીકરી મિતાબહેન બી. એ. (ઈતિહાસ સાથે) અને છેલ્લી હું (ગીતા) તત્વજ્ઞાન સાથે એમ. એ. થઈ. આ સાથે સાથે મારામાં રહેલી કાવ્ય અને સંગીતની વિશેષ અભિરુચિને ખીલવવા પણ એમણે બધી રીતે પ્રોત્સાહન આપ્યું. (આટલી તકો મળ્યા પછી જો એનું યોગ્ય પરિણામ ન આવે તો અમારી પાત્રતા એટલી ઓછી!)

ભાઈનું આ વાત્સલ્ય માત્ર પોતાનાં સંતાનો કે પૌત્રો-પૌત્રીઓ પૂરતું જ મર્યાદિત નહોતું, અમારા જેવા અનેક યુવકો ને યુવતીઓના વિકાસમાં એ એટલો બધો રસ લેતા કે આજે સૌ એમને ઊંડા પિતૃ-ઋણથી સંભારે છે. એવી એમની 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના હતી. અભ્યાસ ઉપરાંત પોતાનાં સંતાનોને તથા આવા અનેક યુવાન મિત્રોને યોગ્ય જીવનસાથી શોધી આપવા માટે પણ એ ઉત્સુક રહેતા. અને આ યોગ્યતાના એમના માપદંડ પણ આગવા જ હતા. એટલું નિઃશંક કહું કે એમની આ પસંદગી અમને સદા સંતોષકારક લાગી છે.

આવા **વ્યાપક પ્રેમભાવ** સાથે જ એમના સ્વભાવનું બીજું ઉદાત્ત પાસું હતું-**નિર્ગ્રંથ નીડરતા!** સત્ય ખાતર ભલભલા સાથે દુશ્મનાવટ વહોરનાર ભાઈમાં વ્યક્તિગત રીતે કોઈ માટે રહેજ પણ કિન્નાખોરી નહોતી એથી અંતે તો આ 'દુશ્મનાવટ'માંથી પ્રેમનું રસાયણ જ નીતરતું હતું. અભ્યાસકાળ પૂરો થતાં એમના વાંચવામાં ચાલ્ર્સ મેકેનું નીચેનું કાવ્ય આવ્યું –

"You have no enemies, you say?
Alas, my friend thy boast is poor.
He who has mingled with the fray,
Of duty, that the brave endure
Must have made foes. If you have none,
Small is the work that you have done.
You have hit no traitor on the hip,
You've dashed no cup from the prejeured lip.
You've never turned the wrong to right,
You've been coward in the fight."

આ કાવ્યનો ભાવાર્થ એવો છે કે સત્યશોધક વીર પુરુષોને એમનાં કર્તવ્યો બજાવતાં દુશ્મનો થાય જ. જો તું એમ કહે કે "મારે કોઈ દુશ્મનો થયા નથી" તો તેમાં જીવનસંગ્રામ માટેની તારી ભીરુતા-કાયરતા જ દેખાય છે.

ભાઈએ કહેલું કે, "આ કાવ્ય પાછળ રહેલી વિચારસરણી મારા સમગ્ર જીવન માટે પ્રેરણારૂપ જ બની રહેલ છે અને તેમાં સૂચવાયેલા અન્યાય, અધર્મ, અસત્ય અને દંભના પ્રતિકારને મેં મારો જીવનધર્મ માન્યો છે. આ કાવ્યમાં વર્ણવેલી શત્રુતા કોઈ વ્યક્તિ સામે નહીં, પણ અધર્મમય કાર્યો સામે છે... જીવનનો ઉત્કર્ષ ચાહનારે પ્રતિકારથી દૂર રહેવાનું નથી, પણ તેના પડકારને ખોંચી વળવાનું છે. **'પ્રતિકાર-શૂન્ય સાધુતા કેવળ નિર્માલ્યતાની નિશાની છે.'**

આ છે એમનો જીવનમંત્ર! એની પ્રેરણા નીચે સને ૧૯૨૮ માં નવેમ્બર માસમાં એમણે શ્રી રતીલાલ કોઠારીની આગેવાની નીચે **શ્રી મુંબઈ જૈન યુવક સંઘની** સ્થાપના કરી. ડૉ. વ્રજલાલ મેઘાણી, સ્વ. મણિલાલ મોકમચંદ શાહ વિગેરે સાથીઓ પણ આ શુભકાર્યમાં પ્રથમથી સાથે હતા. આ જ રીતે સને ૧૯૨૯ માં એમણે બીજો સંઘ પણ સ્થાપ્યો. એમાં પણ અન્ય મિત્રો સાથે ભાઈ મંત્રી તરીકે હતા. તા. ૩-૧૧-૧૯૨૯ ના રોજ બેઉ સંઘ એક થયા. આ સંઘનો મુખ્ય આશય એ સમયની જૂનવાણી વિચારણા અને ત્યારે ખૂબ જોર પકડી રહેલી બાલદીક્ષા સામે જેહાદ પોકારવાનો હતો. ભાઈના શબ્દોમાં કહું તો આ યુવક સંઘે ત્યારની સ્થિતિચુસ્તતા, જૈન સમાજની રાષ્ટ્રવિષયક ઉદાસિનતા, માત્ર બાલદીક્ષા જ નહીં, પણ સર્વપ્રકારની અયોગ્ય દીક્ષા, તેમ જ એ સમયના સાધુઓની શિથિલતા, દંભ અને પાખંડ સામે બળવાખોર આંદોલન ચલાવ્યું. દેવદ્રવ્યનો યોગ્ય ઉપયોગ, સ્ત્રી-પુરુષ સમાનતા, ફરજિયાત વૈધવ્ય-પાલનનો વિરોધ, અસ્પૃશ્યતાનો વિરોધ,—આ યુવક સંઘનાં કાર્ય-ક્ષેત્રો હતાં. આમાં બાળદીક્ષા-આંદોલને ત્યારના સમાજજીવન પર ઘણી તીવ્ર અસર કરી. તેને લીધે જાગતી સામાજિક અથડામણો કયારેક તો જીવનમરણનો પ્રશ્ન બની રહેતી. આ સંઘર્ષ દરમ્યાન ૧૯૩૬ માં જૈન યુવક પરિષદના પ્રમુખપદેથી ભાઈએ કરેલા ભાષણને લીધે વિરોધીઓ તરફથી પત્થરબાજી પણ થયેલી ને ઘેર બા પર ભાઈના ખૂનની ધમકી આપતા પત્રો પણ આવતા. પણ એથી ડગ્યા વગર ભાઈ પોતાની આંતરપ્રતીતિને વળગી રહ્યા. અને બાએ એમને ટેકો આપ્યા કર્યો.

આ આંદોલનને પરિણામે વડોદરા રાજ્યે તો બાળદીક્ષા-વિરોધી કાયદો પણ પસાર કર્યો હતો. પણ બાકીનો જૈન સમાજ એટલો જાગૃત નહોતો. પરંતુ ત્યારે ગુજરાતના થનગનતા યુવકવર્ગને ભાઈની ચિનગારી સ્પર્શી ગઈ હતી. અને સને ૧૯૩૬ માં અમદાવાદ ખાતે જૈન યુવક પરિષદ ભરાઈ તેમાં તેમણે ભાઈને પ્રમુખપદે



☆ સત્યાગ્રહ આંદોલન સમયે ☆

આમંત્ર્યા હતા. ત્યારે કરેલા પ્રવચનમાં ભાઈએ કરેલાં જૈન પરમ્પરા વિરોધી અનેક વિધાનોએ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને હચમચાવી મૂકેલો. જૈન સમાજને ધર્મગુરુઓની પકડ અને શ્રીમંત શેઠીયાઓની નેતાગીરીમાંથી ઉગારવાનો તેમનો સૂર પણ જૈન–ખાસ કરીને સાધુ - સમાજને ઘણો ખળભળાવી ગયો, પરિણામે અમદાવાદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘે ભાઈને સંઘબહાર મૂક્યા.

તે સમયે બીજી બાજુ ગાંધીયુગનો મધ્યાન્હ તપતો હતો. એનો આદર્શ રાષ્ટ્રવાદી પ્રકાશ ભાઈને અસર કર્યા વગર રહે? ૧૯૩૦થી ૧૯૩૨ ના ગાળામાં ભાઈ તો એના કસુંબી રંગથી પ્રેરાઈને બે વાર - બધું થઈને દોઢ વર્ષ – જેલમાં પણ જઈ આવ્યા હતા.

આ ભૂમિકાએ ખેંચેલા ભાઈને સંઘ - બહિષ્કારનો તે શું ભય હોય? એ તો એ સંઘર્ષને સામેથી આમંત્રે એવા હતા, અને જુઓ તો ખરા આ પ્રતિકારનું કેવું સુખદ્ પરિણામ બેત્રણ માસમાં જ આવ્યું! અમદાવાદના યુવકોએ શતાવધાની શ્રી ધીરજલાલ ટોકરશી શાહની નેતાગીરી હેઠળ ભાઈને અમદાવાદ બોલાવીને બહુ મોટે પાયે સ્વાગત–સન્માન કર્યું. તે વખતે તો ઘેર ઘેર આ જ ચર્ચા ચાલતી અને જરૂર પડે તો ઘરના વડિલોની ઇચ્છા વિરુદ્ધ થઈને પણ યુવાનો ભાઈને પોતાને ઘેર જમવા આમંત્રણ આપતા હતા. પછી આખા ગુજરાત ને સૌરાષ્ટ્રમાં સ્થળે સ્થળે એમનું બહુમાન થયું હતું. અને આમ ભાઈની નીડરતાને ઘણું પ્રોત્સાહન મળ્યું. અને જૈનધર્મના પ્રચલિત દૂષણો અને મિથ્યાચારો સામે એમનાં લેખો અને ભાષણોનો પ્રવાહ જોરથી વહેવા માંડ્યો.

ભાઈની આ વિચારધારાનું મુખ્ય માધ્યમ હતું–યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર "પ્રબુદ્ધ જૈન"–હાલનું "પ્રબુદ્ધ જીવન" તા. ૧-૧૧-૧૯૩૧ ના રોજ "પ્રબુદ્ધ જૈન" ને નામે શરૂ થયું હતું. જો કે તે ખેલા તા. ૩૧-૮-૨૯ થી તા. ૧૧-૮-૩૧ સુધી યુવક સંઘે શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીને પ્રમુખપદે એક સાપ્તાહિક પત્રિકા ચલાવેલી. એ ઉપરાંત રાષ્ટ્રિય ચળવળના સંદર્ભમાં ભાઈએ સને ૧૯૩૦ માં "ઉપનગર સત્યાગ્રહ પત્રિકા" પણ ચલાવેલી અને તા. ૧-૧-૩૪ થી તા. ૧-૮-૩૭ સુધી ભાઈએ "તરુણ જૈન" પણ ચલાવેલું. પણ પત્રકાર તરીકેનું ભાઈનું મુખ્ય વ્યક્તિત્વ ખીલ્યું "પ્રબુદ્ધ જૈન" માં. તે શરૂ થયા બાદ તા. ૯-૯-૩૩થી તા. ૧-૫-૩૯ સુધી સંજોગોવશાત્ એ બંધ રહ્યું. સને ૧૯૩૯ માં યુવક સંઘનાં દ્વાર કોઈ પણ ફીરકાના જૈનો માટે ખુલ્લાં મૂકતું બંધારણ યુવક સંઘે સ્વીકાર્યું. અને તા. ૧-૫-૩૯ થી "પ્રબુદ્ધ જૈન" નવેસરથી ચાલું થયું. તે અરસામાં ગુજરાતના અગ્રગણ્ય લોકકવિ શ્રી ઝવેરચંદ મેઘાણીનો ભાઈ પરનો પત્ર ઘણો પ્રેરક હતો. તેમણે લખેલું :–

> રાણપુર, તા. ૧૯-૭-૩૯
>
> **પ્રિય ભાઈ,**
>
> ..... મને આ સાહસ એટલા માટે ગમ્યું કે તમારા જેવા વિવેકશીલ વિચારકને પોતાના અમસ્થા વેડફાઈ જતા વિચારોને શબ્દબદ્ધ બનાવવાની હવે ફરજ પડશે. ને સમાજને સાહિત્યને - એમાંથી કેટલાંક મોતી મળશે. **તમે સાચા ઝવેરી તો ચિંતન - પ્રદેશના છો.**
>
> મારું કોઈ પણ કાવ્ય કે લખાણ લેવામાં તમારે મારી મંજૂરીની જરૂર ન જ હોય. ઉલટાના તમે મને એટલું ગૌરવ આપો છો. મૂંઝવણ એટલી કે નવું કશું જ ફાજલ પાડી શકું એમ નથી.
>
> તમને લેખનપ્રવૃત્તિ કરવાનો મોકો મળ્યો એથી હું મનમાં ને મનમાં અત્યંત હર્ષ અનુભવું છું. કેમ કે આ આત્મોચ્ચારણને એ માર્ગે જીવનનો ભાર પણ હળવો થઈ શકશે અને જીવન જીવવાના પ્રયોજનમાં એક નવું કૌતુક ને નવો રસ ઉત્પન્ન થશે.
>
> લિ. સ્નેહી ઝવેરચંદના વંદન

આવા સાહિત્યશિરોમણિના સ્નેહભર્યા આશીર્વાદ મેળવવા એ કંઈ ઓછું ભાગ્ય છે? એ પત્રને અક્ષરશ: સાચો પાડતું હોય તેમ ત્યારથી તે આજ સુધી એ "પ્રબુદ્ધ જૈન" (અને પછીનું "પ્રબુદ્ધ જીવન") એ ભાઈના જીવન - ઘડતરની મુખ્ય અભિવ્યક્તિ અને વિચારવિકાસનું પ્રેરકબળ બન્યું છે. છેલ્લાં બત્રીશ વર્ષથી એકધારું એક જ કક્ષાએ સદાય નિમયિત ચાલતું આ પાક્ષિક એક પણ જાહેર ખબર લીધા વગર ટકી રહ્યું છે. જેમ જેમ ભાઈની વિચારવિકાસની ક્ષિતિજો વિસ્તરતી ગઈ તેમ તેમ "પ્રબુદ્ધ જૈન"નું વિષયોનું ક્ષેત્ર માત્ર જૈન સમાજને જ નહીં, પણ જીવનના સમગ્ર ક્ષેત્રને સ્પર્શતું ગયું. પરિણામે તા. ૧-૫-૫૩ ના રોજ "પ્રબુદ્ધ જૈન" "પ્રબુદ્ધ જીવન" બન્યું. આ નામપરિવર્તન ભાઈની સાધક ભૂમિકાની વ્યાપકતા પણ સૂચવે છે જ. પોતાના પ્રાણ કરતાં પણ વધુ પ્રિય એવા આ પાક્ષિકને ભાઈએ "અસત્યો સામેની એમની પ્રતિકારયાત્રાનું સતત સાક્ષી" તરીકે ઓળખાવ્યું છે. એમાં થતી વિવિધ સામાજિક વિષયો પરની નીડર આલોચનાએ સમાજવિષયક ગુજરાતી સાહિત્યમાં 'પ્રબુદ્ધ જીવન' ને આગવું સ્થાન અપાવ્યું છે - 'હરિજનબંધુ' બંધ થતાં એ નીતિનું આજનું એક અદ્વિતીય પાક્ષિક તરીકે 'પ્રબુદ્ધ જીવન' સ્થાન ભોગવી શકે ખરું! પછી તો 'પ્રબુદ્ધ જીવન' સાથે 'મુંબઈ જૈન યુવક સંઘ'ના દરવાજા, પણ મોકળા થયા અને જૈનેતરોને પણ તા. ૩૧-૭-૫૪ થી એમાં પ્રવેશ મળતો થયો. જૈન - જૈનેતર સર્વ સંસ્થાઓમાં ભાઈનો સક્રિય રસ હોવાથી આવા નાના વર્તુલની સીમા ક્યાં સુધી ટકી શકે?

"પ્રબુદ્ધ જીવન' માં સામાજિક સિવાયના વિષયોમાં એક મોટું આકર્ષણ બનેલાં ભાઈનાં પ્રવાસવર્ણનો, વ્યક્તિચિત્રો અને સામાન્ય તથા અસામાન્ય વ્યક્તિઓની કેટલીક મૃત્યુનોંધો (કે જેના લખનારની મૃત્યુનોંધ લખતાં આજે કલમ કંપે છે!). પ્રવાસપ્રેમ તો એમના પ્રાણ સાથે અદ્વૈતરૂપે સંકળાયેલો. હીમાલયના મહાપ્રેમી એવા એમણે પાંસઠ વર્ષની વય બાદ તો નૈનીતાલથી બાગેશ્વર, અમરનાથ, બદ્રિનાથ - કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી પગપાળા યાત્રા અને દાર્જીલીંગ, સીમલા વિગેરે શીખરો સાથે પ્રત્યક્ષ મૈત્રી કરેલી. એ પર્વતપ્રવાસમાં હોય ત્યારે એમનામાં ગમે તેટલું ચાલવાનો થાક તો બાજુએ રહ્યો, પણ નવું ચેતન, નવી તાજગી ને બાલસહજ ઉત્સાહ ઝળકતો. એ યાત્રામાંથી ઈશ્વરને ચોપડે જીવનનાં બેપાંચ વર્ષ ઉમેરાવીને જ ત્યાંથી પાછા આવતા. આનો બધો જ લાભ "પ્રબુદ્ધ જીવન" હોંશે હોંશે મેળવી લેતું અને લોકોને પીરસતું. બીજી બાજુ અંકમાંની ભાઈની પ્રકીર્ણ નોંધમાં ગાંધીયુગનું સચોટ દર્શન પણ થતું.

"પ્રબુદ્ધ જીવન"ની જેમ 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' પણ ભાઈના તેમજ યુવક સંઘના જીવનનું એક વિશિષ્ટ પાસું હતું. આ વ્યાખ્યાનમાળા સને ૧૯૩૨થી શરૂ થઈ. વચ્ચે થોડો વખત બંધ રહી. પરંતુ વધુ વ્યવસ્થિતરૂપે સને ૧૯૩૬થી આજ સુધી એકધારી વિકસતી, ઉત્તરોત્તર સમૃદ્ધ ને અત્યંત લોકપ્રિય થતી આવી છે. સામાન્ય રીતે પર્યુષણ દરમ્યાન ધર્મપ્રિય લોકો ઉપાશ્રયે જઈને સાધુ સાધ્વીનાં એનાં એ જ નિષ્પ્રાણ પ્રવચનો 'ટેવ મુજબ' સાંભળ્યાં કરતાં. ધર્મના આ સાંકડા અર્થને વ્યાપક કરવા ભાઈએ એ પરમ્પરાને પણ પડકારી. અને ધર્મજ્ઞાનનાં વિશાળ દ્વાર ખોલતી બીજી સમાંતર વ્યાખ્યાનમાળા શરૂ કરી. જીવનદર્શનની તમામ ક્ષિતિજોને સ્પર્શતી આ વ્યાખ્યાનમાળામાં જૈન તેમજ જૈનેતર શ્રોતા - સમુદાયને ખૂબ રસ જાગ્યો. પંડિત સુખલાલજી (ભાઈના અત્યંત પ્રિય જ્ઞાની મિત્ર)ના કહેવા મુજબ આ વ્યાખ્યાનમાળાના જ્ઞાનસભર વકતાઓ અને એમના સર્વસ્પર્શી વિષયોની યાદી જોતાંવેંત જ એનું અદ્‌ભૂત ને ઉચ્ચ કોટીનું વૈવિધ્ય સમજાય એમ છે. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી વિગેરે સર્વે પંથોનાં વિશિષ્ઠ અધિકૃત વકતાઓ વ્યાખ્યાનમાળાને જ્ઞાનની પરબ બનાવતા.



* દીક્ષા આંદોલન સમયે શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાથે ભોજન કરતાં *

સાહિત્ય તેમજ રચનાત્મક અને ચિંતનક્ષેત્રે પણ અગ્રગણ્ય સ્થાન ધરાવતાં ઉમાશંકર જોશી, કાકા સાહેબ કાલેલકર, વિમલા ઠકાર, પરસ્પર સામે પાટલે બેસતાં બ. ક. ઠા. ને મુન્શીજી જેવાં અનેક માનવરત્નો ભાઈ સાથેના વ્યકિતગત સંબંધને લીધે વ્યાખ્યાનમાળામાં આવતા. એક વખત ભાઈએ માત્ર દમ્પતી-વકતાઓની વ્યાખ્યાનમાળા કરેલી, તો એક વખત માત્ર સ્ત્રી-વકતાઓની પણ વ્યાખ્યાનમાળા કરેલી! અનેક પ્રાન્તના અનેક ભાષાવિદોનાં પ્રવચનો ઉપરાંત રોજ નિયમિત રીતે પ્રાર્થના ભજનોથી ત્યાંનું વાતાવરણ પવિત્ર સંગીતભીનું કરવામાં આવતું.

આવી અત્યંત લોકપ્રિય બનેલ સભર સુંદર વ્યાખ્યાનમાળાનાં બે મુખ્ય પીઠબળ હતા. (૧) પરમાનંદભાઈનાં માનવપ્રેમી સ્વભાવના વ્યાપક સંપર્કો અને (૨) એના આયોજનમાં ભાઈનો મહિનાઓ સુધીનો અથાગ પરિશ્રમ - એમની રટણા તો કોઈ ભકતની ભગવાન માટે હોય તેવી!

ભાઈનો માનવપ્રેમી સ્વભાવ તો કોઈ ઉમ્મરના બાધ વગર ખૂણે ખૂણેથી મિત્રો બનાવતો. યુવક સંઘના આજીવન યુવક કાર્યકર તરીકે તેમણે અનેક યુવાનોને ઉન્નત વિચારો તથા આચાર રાખવાની પ્રેરણા આપેલી.

યુવક સંઘની અન્ય પ્રવૃત્તિઓમાં તે વયોવૃદ્ધ તથા યુવાન ભાઈ-બહેનો, જનતા માટે જાહેર વાંચનાલય, પુસ્તકાલય, વૈદકિય રાહત કેન્દ્ર વિગેરે ચલાવે છે.

પણ જો જો, આ બધી પ્રવૃત્તિઓ પાછળ એમનો સદૈવ ઊભરાતો રાષ્ટ્રપ્રેમ રખે ભૂલાય! ગાંધીયુગના આદર્શોની સાધનામાં ખાદી, સાદાઈ, શકય હોય તેટલો અપરિગ્રહ વિગેરેનો સંસ્કાર તો એમનામાં સને ૧૯૨૫ કે એ પહેલાથી સહજપણે વણાતો આવેલો. આઝાદીની લડતમાં જેલવાસ દ્વારા સક્રિય ભાગ લેનાર ભાઈએ રાષ્ટ્રપ્રશ્નો પર ભાવનાત્મક વિચારણા તો આજ સુધી કરી છે. એમને કિશોરલાલ મશરૂવાળા, સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકર જેવા અનેક ધનિષ્ઠ મિત્રો તો હતા, પણ ભાઈએ તો ખુદ ગાંધીજીને પણ અમારે ઘેર મહેમાન બનાવેલા. ગાંધીજી સાથેનો પ્રેરક સંબંધ પત્રવ્યવહાર રૂપે પણ કદી કદી ખીલી ઊઠતો. (એમાંના કેટલાક પત્રો આ અંકમાં અન્યત્ર આપ્યા છે.) ઘણાં વર્ષો પહેલા ગાંધીજી સાથે બનેલો એક પ્રસંગ અહીં યાદ આવે છે–

એકવાર તિલક સ્વરાજ ફાળા નિમિત્તે ગાંધીજીનું પ્રવચન ગોઠવાયું હતું-ત્યારે ભાઈ સાથે એમની પાંચ વર્ષની દીકરી મધુરી પણ હાજર હતી. ગાંધીજીની વાતો મધુરીને એટલા ઊંડાણ સુધી સ્પર્શી ગઈ કે એણે તરત ઊઠીને પોતાની સોનાની માળા ને બંગડીઓ ગાંધીજીને ફાળામાં આપી દીધાં. ગાંધીજી તો ખૂબ જ ખુશ થયા અને આ વિષે "હરિજનબંધુ"માં "મધુરી અને પુષ્પા" નામનો લેખ આપ્યો. આ લેખમાં ગાંધીજીએ મધુરીને આવો સંસ્કારવારસો આપનાર માતા-પિતાને ખૂબ બિરદાવ્યાં હતાં.

પછી તો મધુરીનાં લગ્નપ્રસંગે પણ એને ગાંધીજીનાં આશીર્વાદ-પત્રનો (આ અંકમાં અન્યત્ર પ્રગટ કર્યો છે તેનો) લહાવો મળ્યો. મને પણ સને ૧૯૪૪માં ભાઈ સાથે પુના આગાખાન મહેલમાં ઉપવાસ સમયે તપસ્વી ગાંધીજીને મળવાની તક મળી હતી.

કવિ ખબરદાર ભાઈના નિકટના મિત્રોમાંના એક. એમની સખત નાણાંભીડમાં સહાયરૂપ થવા માટે ભાઈ એક વાર ગાંધીજીને એમને ઘેર પણ લઈ ગયેલા. આવો એમનો સંબંધ હતો.

અહીં જણાવેલાં મધુરીબ્હેનનાં લગ્ન સમયે સને ૧૯૩૪માં ભાઈના જીવનમાં એક બીજી ક્રાન્તિ પણ થયેલી. આ લગ્ન ઘોળબ્હાર હોવાથી જ્ઞાતિનો વિરોધ ઘણો હતો. ત્યારે સ્હેજ પણ અચકાયા વગર ભાઈએ જ્ઞાતિમાંથી રાજીનામું આપી દીધેલું. પછી એ રાજીનામું સ્વીકાર્યું કે નહીં તેની લેશ પણ પરવા કર્યા વગર એમણે પોતાના ગળેથી જ્ઞાતિની કંઠી છોડી દીધેલી. અને ત્યાર બાદ મેનાબ્હેનનાં લગ્ન તો ભાઈએ બ્રાહ્મણ જ્ઞાતિના એક આદર્શવાદી યુવક અજીતભાઈ સાથે પૂરા ઉત્સાહ ને સરળતાથી કરાવેલાં.

એમની આ તથા અન્ય પ્રકારની બધી ક્રાન્તિમાં બાનો પણ અનન્ય ફાળો હતો. ત્યારના રુઢિચુસ્ત સમાજના ટીકા પ્રહારોથી ગભરાયાં વગર બા ભાઈને હંમેશા ટેકો આપતાં. ભાઈના કારાવાસ તથા અન્ય આદર્શ સાધના પાછળ બાનો ત્યાગ પણ મોટું પીઠબળ હતો. પણ એમની એ તપસ્યા કોઈ ડોળદંભ કે જાહેરાત વગરની હતી. **દીવો પ્રકાશે છે તેનું તેજ લોકો જુએ છે, વખાણે છે; પરંતુ એમાં સદાય બળતી વાટનો કેટલાને ખ્યાલ આવી શકે?**

સુદૃઢ કુટુમ્બજીવન અને આદર્શપરાયણતાનો સાચો સમન્વય

હોય તો જ કોઈપણ સંસારીની સાધના સંપૂર્ણ રીતે વિકસી શકે છે. આ બધા કારણોસર અને સ્વભાવસહજ પરમ આનંદથી ભાઈની જીવનયાત્રા ઉત્તરોત્તર આગળ વધી રહી હતી. એમની જિંદગીના પૂર્વ વિભાગ જેટલો ઉત્તર વિભાગ પ્રસંગોથી ભરપૂર નહોતો. પરંતુ એમનો વિચારવિકાસ ને અનુભવસમૃદ્ધિ તો સદાય પ્રગતિ કરતી હતી. આનું સાક્ષી "પ્રબુદ્ધ જીવન છે."

અને ખરે ૧૯૫૪માં એમના 'પ્રબુદ્ધ જીવન'નાં વૈવિધ્યપૂર્ણ અસાંપ્રદાયિક લેખો અને નિબંધોમાંથી કેટલાક લેખો પસંદ કરીને સંગ્રહ રૂપે પ્રગટ થયા. તેનું નામ પણ ભાઈએ પોતાનાં સતત સાધનાના આદર્શો—"સત્યં શિવં સુંદરમ્" રાખેલું. ઈશ્વરનું પણ આ એક અનુપમ સ્વરૂપ છે ને?

આ પહેલા સને ૧૯૫૪માં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી એમને "યુગ દર્શન" નામનું માસિક શરૂ કરવાનું સૂચવાયું. એના તંત્રી તરીકે ભાઈએ કામ હાથમાં લીધું. એને જ્ઞાનસભર બનાવવાના ભાઈના મનોરથો સાકાર થતાં જતાં હતાં.. પરંતુ સંસ્થાની આર્થિક ખેંચને લીધે છ માસ બાદ "યુગ દર્શન" બંધ કરવું પડ્યું. છતાં ટૂંકા ગાળામાં એ પ્રજા સમક્ષ સુંદર સુરુચિપૂર્ણ સામાયિકનું ઉદાહરણ મૂકતું ગયું. ત્યાર બાદ ભાઈ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી નિમાયા.

પરંતુ "પ્રબુદ્ધ જીવન" દ્વારા આત્મદર્શન ઝંખતા એ આજીવન વિદ્યાર્થીની સત્યસાધના તો ચાલું જ હતી. એમાં એમણે "અંત: કરણના આદેશ વિરુદ્ધ કયાંય બાંધછોડ કરી નહોતી કે કયાંય વ્યક્તિગત વેર નહોતું વ્હોર્યું." પછી ભલેને સામે આચાર્ય રજનીશજી હોય કે બીજું કોઈ. મતભેદ ખરો, પણ મનભેદ નહીં—એ જ એમનું જીવનસૂત્ર હતું. આ 'પ્રબુદ્ધ જીવન'માં રાષ્ટ્રીય ધોરણે ચર્ચાતા પ્રશ્નો દ્વારા એક રીતે રાષ્ટ્રના ઈતિહાસનું પણ સુરેખ પ્રતિબિમ્બ ઉપસી આવે છે. ૧૯૪૭ની આઝાદીથી માંડીને ૧૯૫૩ પછીના ભૂદાન યજ્ઞ જેવી અનેક પ્રવૃત્તિઓ એમના ચિન્તનના વિષયો બની છે. એમની સર્વોદય કે ભૂદાન વિષયક નોંધ તો વિનોબાજીને મન પણ ઘણી મહત્ત્વની બનતી હતી. વિનોબાજીને માટે ખૂબ શ્રદ્ધા હોવા છતાં એમનું કહેવું ન સમજાય ત્યારે ભાઈ જાહેર રીતે જણાવતા. સને ૧૯૫૫માં ભાઈએ વિનોબાજી સાથે પદયાત્રામાં ફરીને ભૂદાન તથા અન્ય વિષયો પર સુંદર ચર્ચા-વિચારણા કરી. ભાઈના સર્વોદય ચિંતનથી આકર્ષાઈને આજના પીઢ તેમ જ યુવાન સર્વોદય કાર્યકરો પણ એમના મિત્રો બન્યા હતા.

ભાઈના ચિન્તન-મનનનો લાભ આકાશવાણી પણ કયારેક લેતી. અને રેડિયો પર મહાવીર સ્વામી, શ્રીમદ્ રાજચંદ્ર વિગેરે પર એમના વાર્તાલાપ આવતા.

ભારતમાં પ્રજાકિય સરકાર સ્થાપાતાં સને ૧૯૫૫માં મુંબઈ રાજ્ય વિધાનસભા પૂનામાં ભરાઈ ત્યારે "બાળદીક્ષા—વિરોધી બિલ" પસાર થાય તે માટે પ્રભુદાસ પટવારી દ્વારા ભાઈએ પાછો પ્રયાસ કર્યો. પોતે એ માટે પુના જઈને ઘણું મથ્યા. પરંતુ શ્રી કસ્તુરભાઈ શેઠ તથા શ્રી મોરારજી દેસાઈનું અનુકૂળ વલણ ન હોવાથી આ બિલ લોક—અભિપ્રાય જાણવા પર મુલતવી રખાયું—તે છેક આજ સુધી!

સને ૧૯૬૪માં 'પ્રબુદ્ધ જીવન'નો રજત—મહોત્સવ ઉજવાયો તે ભાઈની જીવન—યાત્રામાં પણ સીમાચિહ્નરૂપ બની રહ્યો. કેટલાય મહાનુભાવોના કહેવા મુજબ "પરમાનંદભાઈ અને પ્રબુદ્ધ જીવન—બેઉને એકબીજાથી જુદા વિચારવા જ અશકય છે."

ભાઈની નિ:સ્વાર્થ સેવાની કદર રૂપે મુંબઈ જૈન યુવક સંઘે તા. ૨૫-૧૨-૬૯ ને રોજ સંઘના નવા સભાગૃહને " શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ " તરીકે જાહેર કર્યું. (જો કે ભાઈને આવું બહુમાન જરાય પસંદ નહોતું)

અને તા. ૮-૩-૭૦ ને રોજ લાયન્સ કલબ રાજકોટ વેસ્ટ તરફથી ભાઈનું દેશના સાંસ્કૃતિક ઘડતરમાં મહત્ત્વના વિચારક તરીકે સન્માન થયું.

જીવનયાત્રામાં આગળ વધતાં વધતાં ઘડિક વિરામ કરતાં પોતાના દૃષ્ટિબિંદુમાં થયેલા પરિવર્તન વિશે સને ૧૯૬૮માં કલકત્તામાં એક પ્રવચનમાં ભાઈએ કહ્યું કે, "આગળનાં વર્ષોમાં મેં પ્રગટ કરેલા ધાર્મિક ને સામાજિક વિચારો અને અભિપ્રાયોમાં આજે પણ કોઈ ફેરફાર થયો નથી; પરંતુ તેના અપાતા મહત્ત્વમાં ફરક પડયો છે. ક્રોમ યા સંપ્રદાયના નાના વર્તુળમાં પૂરાયેલું મન આજે દેશના અને સમગ્ર વિશ્વના પ્રશ્નો ઉપર કેન્દ્રિત થાય છે. સંપ્રદાયભાવની સીમા ઓળંગીને મન ધીમે ધીમે સર્વધર્મસમભાવ તરફ ઢળતું જાય છે."

આ યાત્રાની સમાપ્તિ થાય એ પહેલા આવા ચિન્તકો મૃત્યુ અંગે પણ સહજભાવે વિચારે જ. પણ ભાઈએ અનેક પ્રવાસો મિત્રસમૂહ સાથે યોજેલા ને હૃદયપૂર્વક માણેલાં. એમણે આ યાત્રાના આવા ચિન્તનમાં પણ મિત્રોને સહચિન્તક બનાવ્યા અને 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને એ સમૂહ ચિન્તનના સહભાગી બનાવ્યા હતા. સને ૧૯૭૦ ની આ સરમાં "આજની જીવનસંધ્યામાં ભાદ્રપદની સંધ્યાનાં રંગરોશનીનો અભાવ કેમ જણાય છે?"—એ પ્રશ્ન પર સમવયસ્ક જ્ઞાની મિત્રોની પત્રમાળા આપી. આમાં સ્વામી આનંદ, રવિશંકર રાવળ, કાકાસાહેબ, શંકરલાલ બેન્કર, હરભાંઈ ત્રિવેદી વિગેરેએ ભાગ લીધેલો.

જો કે આ જ મૃત્યુને ખૂબ હળવા મને જોતાં પણ એમને આવડતું હતું. શ્રી હરભાઈ ત્રિવેદી સાથે પોતાના મૃત્યુથી લગભગ એક મહિના પહેલા જ "મૃત્યુદેવની દોસ્તી કરવા જેવી છે, આપણે એ વિષે નિરાંતે ગપ્પાં મારીશું! "—એવી વાત એમણે કરી હતી. મને પણ કોઈ વાર કહેતા કે "હું બધાંને કહ્યાં કરું કે મારું મૃત્યુ થવાનું છે. ત્યાર બાદ તમે આમ કરજો, તેમ કરજો—અને ખરેખર મૃત્યુ થઈ જાય તો કેવું? મને મૃત્યુની આગાહી થઈ હતી—એમ બધાં જરૂર કહે, નહીં?"

મૃત્યુ કરતાં પણ માંદગીની ગંભીરતા ઘણાંને વધુ મૂંઝવતી હોય છે. જ્યારે ભાઈએ તો એ પણ ખૂબ મજાથી પચાવી લીધેલી. વર્ષોથી શરીરમાં ઘર કરી રહેલા ડાયાબિટીસ અને બ્લડપ્રેસર તો એમને કોઠે પડી ગયેલા. બ્લડપ્રેસર ખૂબ વધતાં ચક્કર આવે ત્યારે પણ એમની પ્રસન્નતા ઓસરતી નહીં, બલ્કે એ બોલી ઊઠતા કે "આજે મને ખાત્રી થઈ કે પૃથ્વી ખરેખર ગોળ ફરે છે!"—એમના આ પરમાનંદ સ્વરૂપનો આથી વધુ તો શું પુરાવો જોઈએ? એ તો મૃત્યુ નામની 'નવ—યાત્રા' માટે તૈયાર જ હતા. એટલું જ કે મૃત્યુ આવીને એમને લઈ લે ત્યાં સુધીની જિંદગીનો-એકે એક પળનો એમને હિસાબ ચૂકવવો હતો. એમના પ્રાણ સમા "પ્રબુદ્ધ જીવન"ની એક પણ લીટીને વૃદ્ધાવસ્થા કે મૃત્યુ કંપાવીને નબળી ન પાડી શકે તેની જ એમને ખૂબજ ચિન્તા હતી. આખરી દિનોમાં મારી સાથેની એક ચર્ચામાં પણ તેમણે જીવનના આખરી દિન સુધી એમની લેખનશકિત નહીં વિરમે તેની "ચેલેન્જ" મૌનભાવો દ્વારા સ્વીકારી લીધેલી અને ...અને થયું પણ એવું જ! મૃત્યુની આગલી સાંજે "પ્રબુદ્ધ જીવન"ના બત્રીસમા વર્ષનો છેલ્લો અંક પૂરો કર્યો, પ્રુફ તપાસ્યા અને શાંતિલાલભાઈને સોંપતા બોલ્યા,

"આ આપણો છેલ્લો અંકને?"

કોને ખબર હતી કે આ "છેલ્લો" અંક કહેનારા હવે પછીની સાંજ પહેલા તો કોઈ અનંત યાત્રાએ ઊપડી ગયા હશે!

સને ૧૯૭૧ની તા.૧૫મી એપ્રિલથી એમને છાતીમાં અવારનવાર થોડો દુ:ખાવો થતો અને તેને લગતી તબીબી સારવાર અપાતી હતી. પરંતુ એ દુ:ખાવો એકાએક કોઈ ગંભીર પરિણામ લાવશે તેની તો તા. ૧૭મી ની સવાર સુધી કોઈને કલ્પના પણ નહોતી અને માત્ર બેત્રણ મિનિટના ભારે શ્વાસ લઈને તા. ૧૭-૪-૭૧ સવારે નવ વાગે એ ચિરનિદ્રામાં પોઢી ગયા!

એકાદ વર્ષ પહેલા એમણે શ્રી રવિશંકર રાવળને પત્રમાં લખેલું કે 'આપણે ભાગે જે જીવન આવ્યું, તે અમુક અંશે પણ અર્થસભર કર્યું છે, એવા સંતોષ સાથે મારે તેમ જ તમારે આખરી વિદાય લેવાની ઘડી નજીક આવતી જાય છે. અવશેષ આયુષ્ય એવી કર્તવ્ય—પરાયણતા સાથે પૂરું થાય એવી મારી પ્રાર્થના ચાલતી હોય છે.'

એ સત્યસાધકના મંગલ જીવનદર્શને મૃત્યુને પણ કેવું ભવ્ય બનાવી દીધું! કયાંય વેદના નહીં, કયાંય મૂંઝવણ કે વસવસો નહીં, ચહેરા પર છવાઈ ગઈ ફકત કોઈ સાર્થક જીવન જીવ્યાની પ્રસન્નતા!

ખરે જ એમણે અનંત મૌનની ભાષામાં કહી દીધું કે:—

મૃત્યુ છે ફૂલની શૈયા, મૃત્યુ છે પથ ઉજ્વલ,
મૃત્યુ ના જિંદગી- અંત, મૃત્યુ અમૃત મંગલ!

**ગીતા પરીખ**

# ☆ પ્રેરણામૂર્તિ શ્રી પરમાનંદભાઈ ☆

ઈ. સ. ૧૯૪૩માં ચૈતન્ય યોગાશ્રમ તરફથી વિવેકાનંદ જયંતિ-પર મારું પ્રવચન રાખ્યું હતું. તે સમયે શ્રી પરમાનંદભાઈ સાથે મારી સૌથી પ્રથમ મુલાકાત થઈ હતી.

શ્રી પરમાનંદભાઈને એ વાતનું સાનંદ આશ્ચર્ય થયું કે - એક જૈન સાધ્વી સ્વામી વિવેકાનંદ જયંતિ પર બોલે છે. સંપ્રદાયના સંકુચિત વાડામાં રહેનારા જૈન સાધુસાધ્વીઓએ સ્વામી વિવેકાનંદનું નામ ભાગ્યે જ સાંભળ્યું હોય એવે સમયે એક જૈન સાધ્વી તેમના સાહિત્યનાં અંગ્રેજી અવતરણો સાથે તેમના જીવન પર પ્રકાશ નાંખે છે. એ વાતની તેમના પર ઘણી જ અસર થઈ. ત્યારથી જ તેઓ મને પોતાની બહેન માનવા લાગ્યા. અને એક વાર પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં મારો પરિચય આપતાં તેમણે એ વાત જાહેરમાં પણ કહી હતી અને અમારો એ મધુર સંબંધ ઉત્તરોત્તર વિકસતો જ રહ્યો.

આ વિશાળ ભૂમંડળ પર પ્રતિદિન અનેક વ્યક્તિઓ પ્રવેશે છે અને વિદાય લે છે. પરંતુ ચિત્રગુપ્તના ચોપડે એ સૌની નોંધ લેવાતી નથી. અને સંસારમાં પણ એ સૌની સ્મૃતિ જળવાતી નથી. આમ છતાં એ નિયમને પણ અપવાદ છે જ. જે મનુષ્યો માનવતાના પુજારી છે, સત્યના સાધક છે એમની નોંધ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી નોંધાઈ જાય છે. અને તેઓ જનતાના હૃદયસિંહાસન પર બિરાજમાન થઈ અમર બની જાય છે. ભાઈ શ્રી પરમાનંદભાઈ પણ આજે સૌના હૃદય-સિંહાસન પર બિરાજમાન થઈ અમર થઈ ગયા છે.

તેમનું વ્યક્તિત્વ અનોખું હતું. તેમનામાં નિર્ભયતાની સાથે નમ્રતા હતી, પુરુષાર્થ સાથે પ્રેમળતા હતી, સાહસ સાથે સરળતા હતી. સત્યપ્રિયતા સાથે સેવાભાવના હતી, અનુકંપા અને કરુણાની તેઓ મૂર્તિ હતા.

તેમનામાં હૃદયની વિશાળતા હતી. શક્તિ હોવા છતાં પોતાને પાછળ રાખી બીજાઓને આગળ ધપાવનારા બહુ વીરલ જોય છે. શ્રી પરમાનંદભાઈ આવી વીરલ વ્યક્તિઓમાંના એક હતા.

તેમના હૃદયની વિશાળતા એવી હતી કે ઘણા સાથે તેમને મતભેદ હોવા છતાં કોઈની પણ સાથે તેમને મનભેદ ન હતો. તેમના હૃદયમાં હંમેશાં સ્નેહની શીતળ સરિતા વહ્યા કરતી હતી. તેઓ પ્રેમની જીવંત પ્રતિમા હતા. પરિણામ સ્વરૂપે તેમને વિશાળ મિત્ર-સમુદાય છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્—એ આદર્શના તેઓ ઉપાસક હતા. તેમના જીવનપથ પર દૃષ્ટિપાત કરનારને તેઓ અનેક કળાના કળાકાર રૂપે દેખાય છે. તેમનામાં શતમુખી પ્રતિભા કેન્દ્રિત થયેલી હતી.

તેઓ એક વિશુદ્ધ વિચારક હતા અને એ વિચારોને પ્રગટ કરનાર એક નીડર વીર પુરુષ પણ હતા. જાહેર પ્રવચનમાં લોકો પોતાને સાંભળવા માટે ધ્વનિવર્ધક યંત્રની વ્યવસ્થા કરે તો હું તેનો વિરોધ કરતી નથી. એ માટે અનેક જૂનવાણી રૂઢિચુસ્ત લોકોએ મારો ખૂબ વિરોધ કર્યો. જાહેર વર્તમાનપત્રોમાં પણ તે વિષયે જોરદાર ચર્ચા ચાલુ થઈ. અનેક અગ્રગણ્ય સાધુ-સંતોએ પણ તે ચર્ચામાં રસ લીધો. આ બધું ભાઈશ્રી પરમાનંદભાઈથી સહન ન થયું. અમે તે વખતે માટુંગામાં વર્ષાવાસ રહ્યા હતા.

એક દિવસે વહેલી સવારે ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. વાદળાંને લીધે અંધકાર છવાયેલો હતો. ૭ વાગ્યાનો સમય હતો. એવે સમયે સાદા વેશમાં શ્રી પરમાનંદભાઈ મારી સામે આવીને ઊભા રહ્યા અને "માઈક" વિષે શું ચાલી રહ્યું છે તે મને પૂછ્યું.

મેં તેમને સમાજની શાંતિ માટે તે પ્રકરણમાં મૌન રહેવા આગ્રહ કર્યો. ત્યારે તેમણે કહ્યું કે, "આ મૌન તો કબ્રસ્તાનનું મૌન છે. હું તો જીવતો માણસ છું. મહાત્માજીએ અંગ્રેજોની સામે મૌન કેમ નહિ રાખ્યું? હું શબની શાંતિમાં માનતો નથી. સત્ય માટે સમાજમાં ખળભળાટ થાય તો ભલે થાય. સમાજમાં જરા ચેતના તો પ્રગટશે. સત્યને સ્પષ્ટ કરવા એક પત્રકારને નાતે મારી જે ફરજ છે તે હું બજાવીશ."

તેમનું જીવન પ્રબુદ્ધ જીવન હતું, અને તેઓ પ્રબુદ્ધ વિચારક હતા. સમાજની રૂઢિચુસ્તતા અને વિચારજડતા તેમને ખૂંચતી હતી. સાધુઓ પુસ્તક પ્રકાશનમાં સક્રિય ભાગ લે, સાપ્તાહિક, પાક્ષિક અને માસિક પત્ર-પત્રિકાઓનું પ્રકાશન કરે, તાર, ટપાલ, અને ટેલિફોન કરવા-કરાવવાની પ્રવૃત્તિ સેવે તથા દિક્ષોત્સવ, તપોત્સવ અને પોતાના દર્શન નિમિત્તે હજારો માણસોને બોલાવે, અને ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગમાં મોટું 'રામાયણ' ઊભું કરે. મેરુ જેટલાં પાપ સેવતાં અચકાય નહિ અને સમાજોપયોગી રાઈ જેટલું પાપ જે સમાજ પોતે પોતાને માટે કરે છે તે માટે મહાભારત સર્જાય એ કેવી વિચાર-જડતા?

દિગંબર સાધુઓ એક વેંતની લંગોટી પણ ન રાખે અને પોતાની આસપાસ મોટા તંબુઓ તણાવીને ચાલે. પોતાના અભિગ્રહ પૂર્તિ માટે અનેક કુટુંબોને સાથે રાખી અનેક રસોડાંઓ ચલાવે.

મૂર્તિપૂજક સાધુઓ પોતાના શરીર પર દીવાનો પ્રકાશ ન પડવા દે અને ભગવાનની આંગી રચી રોશની કરાવે.

સાધુઓ રેલ્વેલાઈનથી વિહાર કરે ત્યારે કાંકરા પર ચાલવાનું હોય તો તેમને પગે કપડાના પાટા બાંધવાનું કહેવામાં આવે ત્યારે તેઓ કહે "એ અમને ન ચાલે," પરંતુ તે જ સાધુઓ કાંકરા સહન ન થવાથી ડોળીમાં બેસીને વિહાર કરે. સાધુઓ પોતે પરિગ્રહ રાખતા નથી પણ સંસ્થાને નામે ફંડ ભેગું કરે છે. પોતે વાહનમાં ન બેસે અને સેંકડો લોકોને વાહનમાં બેસી દર્શનાર્થે બોલાવે. ધ્વનિવર્ધક યંત્રનો વિરોધ કરનાર સાધુ પોતાની પાસેનો સાધુ દેવલોક થાય ત્યારે બે દિવસ સુધી મૃતદેહને રાખી દૂર વસતા ભક્તોને મોટર, રેલવે, વિમાન મારફત બોલાવે—આ બધી વિચારજડતા તે પ્રબુદ્ધ વિચારકને ખૂબ ખૂંચતી હતી.

તેમણે ધ્વનિવર્ધક યંત્રના વિરોધીઓને તેમની વિચાર-જડતા બતાવીને એવો જડબાતોડ જવાબ આપ્યો કે સૌને ચૂપ કરી દીધા અને મહિનાઓ સુધી ચાલી રહેલી એ ચર્ચા સદન્તર બંધ થઈ ગઈ.

તેમની નિર્ભયતા અને સ્પષ્ટવક્તૃત્વની મારા પ્રસંગમાં બનેલી એક બીજી ઘટના છે. એક વાર મુંબઈમાં મારું એક જાહેર પ્રવચન ગોઠવાયું હતું, અને તે જ અઠવાડિયામાં એક જૈનાચાર્યનું પણ પ્રવચન થયું. આ બંને પ્રવચનોની સમાલોચના કરતા તેમણે "પ્રબુદ્ધ જૈન"માં "પૂર્ણિમા અને અમાવસ્યા" એ મથાળાની એક નોંધ લખી. એક આચાર્ય-સમ્રાટને આ રીતે ઉપમા દેવી અને સમાજના કોપને વહોરી લેવો એ તેમની સાહસિકતા, નીડરતા અને નિર્ભયતા તથા સત્ય અને સ્પષ્ટવક્તાપણું સૂચવે છે.

તેઓ વીર પુરુષ હતા. વિરોધથી કદી ડરતા નહિ. સામાન્ય માણસો કોઈ જરાક વિરોધ કરે તો ગભરાઈ જાય છે ત્યારે ભાઈ શ્રી પરમાનંદભાઈ મહાન વિરોધીની સામે હસતા રહેતા અને જ્યારે કોઈ વિરોધ કરે ત્યારે તેમની નિત્ય પ્રસન્નતામાં વળી વધારે વૃદ્ધિ થતી હતી. **વિરોધને તેઓ જીવન—વિકાસનું પગથિયું માનતા હતા.**

એક વાર મારું એક પ્રવચન વર્તમાનપત્રમાં પ્રગટ થયું હતું. તેની કેટલીક હકીકત ઉપર એક રૂઢિચુસ્ત પત્રકારે વિરોધ કર્યો અને વિરોધમાં આખી લેખમાળા પ્રગટ કરી. શ્રી પરમાનંદભાઈએ તે બધું વાચ્યું અને મને મળવા આવ્યા. તેઓ બેસતાં પહેલાં જ હસતાં

(અનુસંધાન ૨૪મે પાને)

26

# શ્રી પરમાનંદભાઈ વિશે શું કહેવું?

શ્રી પરમાનંદભાઈ વિષે એક શબ્દમાં કહેવું હોય તો શું કહેવું? સત્યનિષ્ઠ ખરા જ પરંતુ સત્ય શું એ પ્રશ્ન વિષે વિવાદ રહે જ. સમભાવી પણ ખરા. પરંતુ ક્યા અર્થમાં? સાચું-ખોટું બધું જ સમભાવે જુવે એવા નહિ, પરંતુ વિરોધી પ્રત્યે પણ ઉદારતા દાખવી શકે અને તેને ન્યાય આપી શકે એવા. એમ કહી શકાય કે તેઓ કોઈના શત્રુ ન હતા. રૂઢિવાદીઓ તેમનો તિરસ્કાર કરતા પણ તેમણે તો તિરસ્કારની ભાવના નહિ પણ મૈત્રીભાવના કેળવી હતી એટલે અજાતશત્રુ તેમને કહી શકાય પણ તે અર્થમાં કે તેઓ પોતે કોઈના શત્રુ થયા ન હતા. તેમને તો ઘણા પોતાના શત્રુ માનતા. કારણ તેઓમાં તેમને જે ટાણે જે ખરું-ખોટું લાગ્યું હોય તે કહી દેવાની ટેવ હતી. અને ઘણા એવા હોય છે જે સત્ય અને હિતકારક વાતને પણ સ્વીકારી શકતા નથી. પત્રકાર હતા પણ આજનું પત્રકારિત્વ જે સ્તર ઉપર પહોંચ્યું છે તે સ્તરનાં નહિ. એક નિશ્ચિત ધ્યેયને વરેલા. એટલે આજની પત્રકારોની દુનિયાએ તેમને પત્રકાર માન્યા નહિ.

સુધારક ખરા પણ ક્રાંતિકારી નહિ. વાળી-ઝૂડીને બધું જ સાફ કરી દેવામાં તે માનતા નહિ પણ સત્ય, શિવ અને સુંદરના ઉપાસક હતા એટલે ક્રાંતિકારી કેમ કહેવાય? ગૃહસ્થ હતા એટલે સાધુ તો કેમ કહેવાય? પણ સાધુતા તેમનામાં હતી એ તેમના પરિચિતો કહી શકશે. ઘણા વર્ષોથી વ્યાપારથી નિવૃત્તિ લીધી હતી અને માત્ર મુંબઈ જૈન યુવક સંઘ અને તેના મુખપત્ર પ્રબુદ્ધ જીવનને સમૃદ્ધ કરવામાં પોતાની સમગ્ર શક્તિ વાપરતા. તેઓ સત્સંગી હતા. પણ સ્વામિનારાયણ સંપ્રદાય કે એવા કોઈ સંપ્રદાયમાં બદ્ધ નહિ. જ્યાં પણ સત્પુરુષ હોવાનું તેમને જણાય ત્યાં પહોંચી જઈ તેમનો લાભ લેવા પ્રયત્ન કરતા અને જ્યાં સુધી કોઈ દોષ નં દેખાય ત્યાં સુધી ભક્તિભાવે સત્સંગનો લાભ લેતા. પરંતુ દોષ દેખાય તો કહી દેવામાં અચકાય નહિ તેવા હતા અને પછી ઉપેક્ષાભાવ ધારણ કરતા. છતાંય જે ગુણ હોય તે ગુણના તો પ્રશંસક રહી શકતા એ તેમની વિશેષતા હતી. તેઓ પરિવ્રાજક હતા-કદાચ એ વાત એવી છે જેમાં કાંઈ વિવાદને અવકાશ નથી. પરંતુ પરિવ્રાજકનો અર્થ તીર્થયાત્રિક એવો કરવો કે મુસાફર? મારી દૃષ્ટિમાં તીર્થયાત્રિક અને મુસાફર બન્ને. કુદરતી સ્થળોનો આનંદ તેઓ જે પ્રકારે લઈ શકતા તેમાં તેમનામાં રહેલો મુસાફરનો જીવ દેખાય, અને સત્પુરુષો કે સંત તીર્થોની યાત્રા આત્માના સૌંદર્યની વૃદ્ધિ માટે કરતા તેમાં તેમનામાં રહેલો યાત્રિક કે તીર્થયાત્રિકનો જીવ સ્પષ્ટ થતો. યાત્રાનો આનંદ તેઓ એકલા અને સહયોગીઓ સાથે લેતા એટલું જ નહિ પણ કોઈએ કરેલી યાત્રાનું રસપાન સ્વયં કરતા અને પ્રબુદ્ધ જીવન દ્વારા કરાવવામાં આનંદ લેતા. નાસ્તિક જેવા ગણાય છતાં આધ્યાત્મિક તો તેઓ જરૂર હતા. અને આધ્યાત્મિક બાબતોમાં રસ ધરાવતા એટલું જ નહિ પણ યથાર્થમાં આધ્યાત્મિક જીવન જીવવા પ્રયત્નશીલ હતા. વ્યવસ્થિત તર્કપૂર્ણ ભાષામાં તેઓ લખતા હતા એટલે લેખકોની કોટિમાં તેમને મૂકી શકાય. મતભેદ હોય છતાં મનભેદ થવા દેતા નહિ આથી તેમનું મિત્રમંડળ વૃદ્ધિગત જ રહેતું.

પ્રબુદ્ધ જૈનમાંથી પત્રનું નામ પ્રબુદ્ધ જીવન કરનાર શ્રી પરમાનંદભાઈને કદાચ તેઓ જૈન થવાનું પસંદ નહીં કરતા હોય એમ કોઈ માની લે પણ વસ્તુસ્થિતિએ તો જૈનત્વ ઉજ્જવલ કેમ બને એ માટેનો જ એ પ્રયત્ન હતો. જૈન વિચારકને તેઓ વાડામાંથી મુકત કરી સર્વગ્રાહ્ય બનાવવા પ્રયત્નશીલ હતા. અથવા તો એમ કહો કે 'જૈન' નહી પણ માનવતાવાદમાં તેઓ માનતા. અને વસ્તુસ્થિતિએ સાચો જૈન એ સાચો માનવ નથી તો બીજું શું છે? આથી સંપ્રદાયના કોઈ પણ તખલ્લુસ વિના વિશુદ્ધ માનવતાવાદી દૃષ્ટિકોણ એમનો હતો એમ કહી શકાય. અને એ કારણે જ જૈનસંઘે એમને એકવાર જૈનસંઘની બહાર પણ મૂકેલા. પરંતુ જૈનસંઘના સંકુચિત વાડા કરતાં વિશાળ માનવસંઘ તેમને પ્રિય હતો. આથી એ બહિષ્કારની તેમણે પરવા કરી નહિ. પરિણામે તેમના મિત્રમંડળમાં જૈન અને જૈનેતરનો કોઈ ભેદ રહ્યો ન હતો. કયાંય પણ કોઈ સારું એટલે કે માનવજાતને ઉન્નત કરનાર કાર્ય જોતા તો તે કાર્ય અને કાર્યકર્તાના પ્રશંસક અને મિત્ર બની જતા.

જે ગામ કે શહેરમાં જાય ત્યાં મિત્રોને મળવાનો અવશ્ય પ્રયત્ન કરતા અને ચર્ચા-વિચારણા રસપૂર્વક કરતા. આથી તેમનું મિત્રમંડળ વધતું જ રહે તે સ્વાભાવિક હતું. નેતા છતાં નમ્રતા ભારોભાર હતી એટલે તેમને મળનાર વડિલ સાથે નહિ પણ એક મિત્ર સાથે વાત કરતા હોય એમ અનુભવ કરતા.

આવા શ્રી પરમાનંદભાઈને ગુમાવીને આપણે જે ખોટ કરી છે તે પૂરી શકાય તેવી નથી. એ નામ પ્રમાણે પરમાનંદરૂપ હતા. એવા પરમાનંદરૂપ ગયા તે આપણને શું સંતાપ આપી જાય? આપે તો નહીં પણ સંતાપની લાગણી આપણામાં જાગે તે સ્વાભાવિક છે.

**દલસુખ માલવણિયા**

---

(પાના ૨૩ થી ચાલુ)

હસતાં કહે- "હવે હું રાજી થયો." મેં કહ્યું, "કેમ ભાઈ શું થયું?" તેઓ કહે, "પેલા ભાઈએ તમારા વિરોધમાં લેખમાળા શરૂ કરી છે તેથી. હવે તમારી ખરી કિંમત થઈ. જેના જીવનમાં વિરોધ નથી તેના જીવનનું મૂલ્ય શું?"

વિરોધથી તેઓ ડરવાને બદલે પોતાના સત્ય વિચારો નિર્ભયતાથી રજૂ કરીને વિરોધોને પેદા કરતા હતા. ઈ. સ. ૧૯૩૬માં અમદાવાદમાં જૈન યુવક પરિષદના પ્રમુખપદે તેઓ ચુંટાયા તે સમયે તેમણે સમાજની સામે ક્રાંતિકારી વિચારો રજૂ કરી જૈન સમાજમાં ખળભળાટ જગાડયો અને બાળદીક્ષાનો ભયંકર વિરોધ કર્યો. તેમના ક્રાંતિકારી વિચારોને લીધે જ તેમને સંઘ બહાર પણ કરવામાં આવ્યા હતા. રૂઢિચુસ્તોએ તેમને ધર્મવિરોધી તરીકે જાહેર કર્યા હતા અને એમાંજ તેમના જીવનની ખરી ચમક, તેજસ્વિતા અને સાચું મૂલ્ય રહેલું છે. તેમનામાં એટલી બધી નિર્ભયતા હતી કે જો કોઈ તેમની પાષાણ પ્રતિમા બનાવે અને મને પૂછે કે-તેનીનીચે શું લખવું? તો હું કહું કે- "**મૂર્તિમંત નિર્ભયતા.**"

ઈ. સ. ૧૯૨૯ માં તેમણે જૈન યુવક સંઘની સ્થાપના કરી. ૧૯૩૯માં "પ્રબુદ્ધ જીવન" શરૂ કર્યું અને પર્યુષણપર્વ વ્યાખ્યાનમાળા તથા વસંત વ્યાખ્યાનમાળા દ્વારા તેમણે સમાજને જાગૃત અને પ્રગતિશીલ રાખવા માટે સતત પ્રયત્ન કર્યો છે. 'પ્રબુદ્ધ જીવન' અને વ્યાખ્યાનમાળા દ્વારા તેમણે સમાજમાં એક સ્વચ્છ નિર્મળ સંસ્કારસરિતા વહેતી મૂકી હતી. અને તે વડે અનેક કુટુંબોમાં નિર્મળ રસ, આનંદ અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો હતો. અને આ બંને સાધનો વડે ભાષા અને સાહિત્યની મહાન સેવા કરી.

તેઓ એક સંસ્કાર સંપન્ન અને સંનિષ્ઠ સમાજસેવક હતા. તેમનામાં જ્ઞાન મેળવવાની અપાર જિજ્ઞાસા હતી. અને સાથે સાથે મેળવેલું જ્ઞાન બીજાઓને આપવાની એટલી જ ઉત્સુકતા પણ હતી. સમાજને સુમાર્ગે વાળવા માટે તેઓ સતત ચાર થી પાંચ દાયકા સુધી સમાજના માર્ગદર્શક બની રહ્યા.

તેમનું હૃદય અત્યંત કરુણાશીલ હતું. ગિરનાં જંગલમાં સિંહને બેતાવવા માટે થતી પાડાની હિંસા રોકવા માટે, અને વિદેશ મોકલાતા ચકલીનાં માંસને અટકાવવા માટે તેમણે "પ્રબુદ્ધ જીવન" માં જે લેખો લખ્યા હતા તેમાં તેમના ચિત્તની ઊંડી કરુણાશીલતા અને તેમનાં આણુ આણુમાં વસેલી અનુકંપાના દર્શન થાય છે.

તેમનાં વ્યકિતત્વ વિષે કવિની ભાષામાં કહેવું હોય તો—

વદનં પ્રસાદસદનં, સદ્યં હૃદયં સુધાન્મુચો વાચઃ ।
કરણં પરોપકરણં યેષાં કેષાં ન તે વંદ્યા ।।

**પ્રસન્ન મુખમુદ્રા, દયાર્દ્ર હૃદય, અમૃત ઝરતી મધુર વાણી અને પરોપકારનાં કાર્યો, એ હતું શ્રી પરમાનંદભાઈનું સૂક્ષ્મસ્વરુપ. આવા પુરુષો વિશ્વ માટે સદા વંદનીય બની રહે છે.**

ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ

**મહાસતીજી શ્રી ઉજ્જવલકુમારીજી**

# સત્યના યાત્રીની મહાયાત્રા

સત્યની શોધ અને સત્યપરાયણ જીવન જીવવાનો પુરુષાર્થ એ શ્રેષ્ઠ પુરુષાર્થ છે; અને એવી સાધના માટે પોતાનું જીવન સમર્પિત કરનાર વ્યકિતઓ સાચા [સાધુઓ છે.

ગુજરાતના સ્વતંત્ર ચિન્તક, નિડર છતાં સૌમ્ય લેખક અને સુધારક વૃત્તિ અને પ્રવૃત્તિના સમર્થક શ્રીયુત પરમાનંદભાઈ કુંવરજી કાપડિયા આપણા દેશના આવા જ એક સત્યની શોધ અને સત્યપરાયણ જીવનસાધનાના સર્વકલ્યાણકારી ધ્યેયને વરેલા સાધુપુરુષ હતા. તેઓ પોતાને ઈષ્ટ એવી સત્યની શોધ અને સત્યને પ્રગટ કરતાં રહેવાની પ્રવૃત્તિના વાહન તરીકે મુંબઈના શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પસંદ કરીને એ સંસ્થાની મુખ્ય બે પ્રવૃત્તિઓને—પર્યુષણપર્વ વ્યાખ્યાનમાળા તથા 'પ્રબુદ્ધ જીવન' પાક્ષિકને—જ સર્વાંગસુંદર અને સર્વાંગ સંપૂર્ણ બનાવવામાં પોતાની બધી આવડતનો નિષ્ઠાપૂર્વક ઉપયોગ જીવનભર કરતા રહ્યા એ તો તેઓના સંતોષી અને નિષ્કામ સ્વભાવને કારણે જ. બાકી એમનું ખમીર, બૌદ્ધિક તેજ અને સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રશ્નોનું વિશ્લેષણ કરીને એના હાર્દ સુધી પહોંચી જવાનું અને એને સુઘટ, સુસ્પષ્ટ રૂપમાં લોકો સમક્ષ રજૂ કરવાનું કુશળપણું તો એવું વિશિષ્ટ અને વિરલ હતું કે જે એમને વિશ્વના સ્વતંત્ર ચિન્તકો, નિર્ભય લેખકો અને વિચારપ્રધાન સામાયિકોના નામાંકિત પત્રકારોમાં બહુમાન અને આદરભર્યું નામ અપાવે. પણ મોટા ભાગે આત્મસંતોષ માટે જ સત્યની ઉપાસનાના ધ્યેયને સમર્પિત થયેલ આ મહાનુભાવને આવી નામનાની ઝંખના કે મહત્ત્વકાંક્ષા સ્પર્શી પણ શકી ન હતી. કદાચ એ જ એમની સાચી મહત્તા અને મહાનુભાવતા હતી.

સત્યના શોધકને માટે અનિવાર્ય એવી નિર્દંભવૃત્તિ, નિરહંકારવૃત્તિ અને નિર્દંશવૃત્તિની ઈશ્વરી બક્ષિસ શ્રી પરમાનંદભાઈને સહજ રીતે મળી હતી. વળી કાપડિયા તરીકેની પોતાની અટકની, એલ.એલ. બી.ના વકીલાતના અભ્યાસની અને ઝવેરી તરીકેના પોતાના વ્યવસાયની—એ ત્રણેની કોઈપણ બાબતનું ઝીણવટપૂર્વક અવલોકન, પૃથક્કરણ અને સમાધાન કરવાની દૃષ્ટિનો પણ એમનામાં ઉન્મેષ થયો હતો. આવી વિરલ બુદ્ધિશકિતનો ઉપયોગ તેઓએ પોતાની આર્થિક સ્થિતિને સદ્ધર બનાવવાને માટે કરવાને બદલે સત્યને પામવા માટે અને એના પ્રસાર માટે કર્યો, એ ગુજરાતની ખુશનસીબી જ લેખાવી જોઈએ. શ્રી પરમાનંદભાઈના આ મૂક ઉપકારને ગુજરાતની જનતા ચિરકાળ પર્યંત સંભારતી રહેશે. તેઓના સત્યગામી ઢગલાંબંધ લખાણો ગુજરાતી ભાષાના સરળ, સુગમ, સૌમ્ય અને સુસ્પષ્ટ ગદ્ય લખાણોના ઉત્તમ નમૂનાઓ તરીકે આદર પામતાં રહેશે.

પૈસા, પ્રશંસા અને સુખોપભોગ તરફના અનહદ આકર્ષણના આ જમાનામાં શ્રી પરમાનંદભાઈએ બધાથી અલિપ્ત રહીને અને સાદી રહેણીને અપનાવીને આનંદપૂર્વક જીવી શકયા તે બતાવે છે કે સત્યને પામવાની એમની ઝંખના કેટલી તીવ્ર હતી. આવી કોઈ પણ મોહક વૃત્તિથી લેપાયા કે સત્યની સાધના ઝાંખી થઈ જ સમજો. આવી નિર્લેપવૃત્તિપૂર્વક જીવી જાણવું એ યોગની એક પ્રકારની સિદ્ધિ જ લેખાય.

પોતાને પ્રાપ્ત થયેલ સત્યને શ્રી પરમાનંદભાઈ સૌમ્ય કે સર્વગ્રાહ્ય ભાષા અને શૈલીમાં પ્રગટ કરી શકયા તે તેઓની 'સત્યં, શિવં, સુન્દરમ્'ના સિદ્ધાંત ઉપરની અખૂટ શ્રદ્ધાને કારણે. શ્રી પરમાનંદભાઈનો આત્મા માનવીનાં સુંદરમાં સુંદર ભાવો અને કાર્યોને પ્રગટ કરતી કળાનો ઉપાસક આત્મા હતો. વળી વાણીનું, વિચારનું અને વર્તનનું શિવંકર સૌન્દર્ય તેઓને મુગ્ધ બનાવી દેતું.

અને જે આત્માએ સત્યની શોધને પોતાનું જીવનધ્યેય બનાવ્યું હોય તે અંધશ્રદ્ધા, અજ્ઞાન, વહેમ, રૂઢિગ્રસ્તતા, ચીલાચાલુ જુનવાણીપણું વગેરે પ્રગતિના વિરોધી કે પ્રગતિરોધક તત્વોને તો બરદાસ્ત કરી જ ન શકે. આવાં બધાં ઘાતક તત્વો સામે એનો આત્મા બળવો પોકારી ઊઠે અને સમાજમાં ક્રાંતિ અને સુધારાની નવી હવાને પ્રસરાવવા અધીરો બની જાય એ સાવ સ્વાભાવિક છે. આને સત્યની શોધનો એક ઉપસિદ્ધાંત જ લેખી શકાય. શ્રી પરમાનંદભાઈ આવા જ સુધારાના એક સમર્થ પુરસ્કર્તા સુધારક પુરુષ હતા.

આમાં મોટી વાત તો એ હતી કે તેઓએ માત્ર ધાર્મિક કે સામાજિક સુધારાને માટે ઝુંબેશ ચલાવીને સંતોષ માનવાને બદલે, ઘરવ્યવહારમાં પોતાની આ સુધારક ભાવનાને મૂર્તરૂપ આપ્યું હતું. તેઓને સંતાનમાં માત્ર પાંચ પુત્રીઓ જ છે, પણ તેઓએ ન તો કયારેય પોતાને પુત્ર નહીં હોવા અંગે દુ:ખ વ્યકત કર્યું છે કે પોતાની પુત્રીઓના શિક્ષણ અને સંસ્કારઘડતરમાં લેશ પણ ખામી આવવા દીધી છે. સ્ત્રીપુરુષની સમાનતાની મોટી મોટી વાતો કરવી એ એક વાત છે; અને એ ભાવનાને સાચી કરી બતાવવી એ જુદી વાત છે. શ્રી પરમાનંદભાઈએ પોતાની સુધારક ભાવનાને નિષ્ઠાપૂર્વક જીવી જાણીને એક ઉત્તમ આદર્શ રજૂ કર્યો છે. પોતાના વિશાળ કુટુંબ પ્રત્યેનું તેઓનું વાત્સલ્ય પણ બહુ જ ઉષ્માભર્યું હતું.

વળી, જે સાધકની દૃષ્ટિ સત્યશોધક હોવા ઉપરાંત લોકોના કલ્યાણની હોય તે માનવમાત્રને સમાન માનીને એના ભલા માટે પ્રયત્ન કરવામાં જ આસ્થા ધરાવતી રાષ્ટ્રીયતાની ઉદાત્ત ભાવનાથી અસ્પૃષ્ટ રહી જ ન શકે. શ્રી પરમાનંદભાઈ આમે ઉદાર દૃષ્ટિબિંદુ ધરાવતા હતા; એમાં ગાંધીજીની અદ્‌ભુત નેતાગીરીનું તેજ ભળ્યું. તેઓ અહિંસક રાષ્ટ્રીય લડતના સૈનિક બની ગયા. જેલમાં પણ ગયા. એમની રાષ્ટ્રભાવના નિસ્તેજ કે નિર્બળ બનવાને બદલે ઉત્તરોત્તર દઢ બનતી ગઈ છે. આ અંગે શ્રી પરમાનંદભાઈની અતિ વિરલ અને હવે તો દાખલારૂપ બની શકે એવી વિશેષતા તો એ છે કે તેઓને દેશના મોટા મોટા નેતાઓ અને કાર્યકરો સાથે બહુ ઘનિષ્ઠ સંબંધ બંધાયો હોવા છતાં એનો પોતાના સ્વાર્થને સાધવા માટે કે કોઈ પદ કે પ્રતિષ્ઠા મેળવવા માટે જરા પણ ઉપયોગ કર્યો ન હતો, આવી નિષ્કામ વૃત્તિનો જોટો મળવો મુશ્કેલ છે.

શ્રી પરમાનંદભાઈના પ્રકૃતિપ્રેમ, પર્યટનો તરફના અનુરાગ અને તેઓની નવા નવા પુસ્તકો વાંચીને કે જુદા જુદા માનવીઓને મળીને એમની પાસેથી કંઈક પણ નવું જાણવાની જિજ્ઞાસાને ઉંમરનો ઘસારો સ્પર્શી શકયો ન હતો. તેઓની પ્રસન્ન પ્રકૃતિ, બાળકસહજ સરળતા, શાણી અને સૌમ્ય નેતાગીરી, નિખાલસતા અને કાર્ય—નિષ્ઠાને લીધે શ્રી પરમાનંદભાઈએ મુંબઈમાં તેમ જ અન્ય અનેક સ્થાનોમાં મિત્રો-સ્નેહીઓનું એક વિશાળ અને મધુર કુટુંબ જ વસાવ્યું છે.

આવી એક વિશિષ્ટ વ્યકિતનું, ૭૮ વર્ષ જેવી પકવ વયે પણ થયેલું અવસાન એ કેવળ એમના કુટુંબની કે એમના વિશાળ મિત્ર-સ્નેહી વર્ગની જ નહીં પણ દેશ અને સમાજની મોટી ખોટ બની રહે એવું છે. બાકી, શ્રી પરમાનંદભાઈ તો નિજાનંદભર્યું શાંત, સ્વસ્થ, નિર્મળ, પવિત્ર અને ઉલ્લાસપૂર્ણ જીવન જીવીને અમૃતતત્ત્વના સાચા અધિકારી અને પ્રભુના લાડકવાયા બની ગયા.

શ્રી પરમાનંદભાઈના પત્ની, પુત્રીઓ અને કુટુંબીજનોના દુ:ખમાં હું મારો હાર્દિક સાથ પુરાવું છું અને શ્રી પરમાનંદભાઈના પુણ્યાત્માને અંત:કરણપૂર્વક પ્રણામ કરવા સાથે તેઓના જેવી ભાવના અને નિષ્ઠાનો જનસમાજમાં વિસ્તાર થાઓ એવી પ્રાર્થના કરું છું.

**રતિલાલ દીપચંદ દેસાઈ**

# સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ના ઉપાસક ગયા

જેમને હૈયે જૈન ધર્મના મૌલિક આગમોની રઢ હતી એવા એ સુશ્રાવક કુંવરજીભાઈના સપુત હતા. જે રાણપુર રાજસ્થાની પ્રજાની આઝાદીની લડતનું સૌરાષ્ટ્ર નજીકનું બૌદ્ધિક આશ્વાસનસ્થાન બનવાનું હતું, તે મોસાળવતન એમનું જન્મસ્થાન બન્યું હતું. એકબાજુથી પરંપરાગત સાધુસાધ્વીઓનાં અમ્માપિયરો રૂપ એમનાં માતા-પિતા બની રહ્યાં તો બીજી બાજુ એ જ પરિવારમાં સંપ્રદાયથી મુકત બનેલા યોગી આનંદઘનજીનાં પદો પર વિવેચન લખનાર શ્રી મોતીચંદ ગિરધર જેવા અધ્યાત્મપ્રેમી પાક્યા. આમેય સૌરાષ્ટ્રમાં વૈદિકધર્મ અને જૈનધર્મના સમન્વયથી સભર વાતાવરણ છે. તેથી જ ગાંધીજીનું સૌરાષ્ટ્રભૂમિજ જન્મસ્થાન બની શકી.

શ્રીમદ્‌નો જન્મ પણ સૌરાષ્ટ્રના વવાણિયા મુકામે થયેલો. શ્રી દયાનંદ સરસ્વતીનો જન્મ પણ સૌરાષ્ટ્રના ટંકારા મુકામે થયેલો. સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈ એ ત્રણેય ભૂમિના સંદર્ભમાં આ બધી વાર્તા ગુંથાયેલી છે. ધંધુકામાં જ હેમચંદ્રાચાર્યનો જન્મ થયેલો. આ બધો સંદર્ભ જોઈશું, ત્યારે તરત ખ્યાલ આવી જશે કે ભાઈશ્રી પરમાનંદભાઈના જીવનમાં વિવિધપાસાઓ એકી સાથે કેમ ચમકી ઊઠેલાં?

વકીલી વિદ્યા તેઓ શીખ્યા હતા. ઝવેરાતની પરખ કરતાં પણ શીખ્યા હતા. કાપડિઆ તો વંશપરંપરાગત હતા એટલે કાપડના તો નિષ્ણાત હોય જ. પરંતુ તેઓએ રસ તો લૂંટયો સાહિત્યસાધનામાંથી. એક રીતે તેઓ સાહિત્યકાર પણ ન રહી શકયા. કલા એ એમનો અતિપ્રિય વિષય અને તેથી જ આજના જૈનોની કલારસવિહીનતા તેઓને ખૂબ ખટકી. ખરી લગની તેઓને 'સત્યં, શિવં, સુંદરમ્' રૂપ આત્માની હતી. તેઓ ત્યાગ, તપ અને સમર્પણની મૂર્તિસમા જૈન સાધુસાધ્વીઓમાં આ આત્માની શોધ માટે ભકિતભાવે ખૂંપવા ગયા, પરંતુ ત્યાં તો ચેલામૂંડવાની તાલાવેલી અને માનપાન વગેરેની તમન્ના જોઈ તેઓને સખત આંચકો લાગ્યો. પછી તો જાણે તેઓ તે સંસ્થાના સારી પેઠે આજીવન આલોચક જેવા બની રહ્યા અને પછી તો માનવનું ભીતરી સૌન્દર્ય તેઓ હિમાલય જેવા કુદરત અને ઋષિમુનિઓના સંગમમાં શોધવા મથતા રહ્યા. છતાં સમાજવિના થયે ચાલે? એટલે સમાજમાં જ રહ્યા. પરંતુ તેઓ તો એકમાત્ર સત્ય શોધક હતા. "બાલાદપિ સુભાષિતં" લેનારા પરમ જિજ્ઞાસુ હતા. એટલે જૈનોમાંના યુવકોનો સાથ લઈ નાનું વર્તુળ તે ભલે હો, પણ તેના સાથીદાર અને હૂંફ દેનારા બની ગયા. આ રીતે મુંબઈ જૈન યુવક સંઘ અને પ્રથમ 'પ્રબુદ્ધ જૈન' અને પછી બનેલું 'પ્રબુદ્ધ જીવન' પાક્ષિક એ બેમાં તેમનું અદ્ભુત ખૂરેપૂરું સધાઈ ગયું.

જૈનધર્મનું મૂળભૂત તત્ત્વ વંશપરંપરાથી અને વાયુમંડળથી પણ તેમની રગે રગે વણાયું હતું અને છતાં આજના જૈન સંઘોથી એમનું મન અકળાઈ ઊઠતું, એ રીતે જોઈએ તો તેઓ ઘણી ધર્મસંસ્થાઓ, ઘણી સમાજસંસ્થાઓ અને કૉંગ્રેસ સહિત રાજકીય પક્ષોના આગેવાનોથી અનાયાસે સંપર્કશીલ બની ગયા. એટલે જૈન યુવક સંઘના નાના વર્તુળને તેઓ ઘણે દૂર દૂર વિશાળ દૃષ્ટિકોણ લગી લઈ ગયા અને તેના માધ્યમે પંડિત સુખલાલજીની પ્રેરણા લઈને જન્મેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વર્તુળ એટલી હદે એમણે વિસ્તારી મૂકયું કે જીવનનાં જેમ અનેક પાસાંઓ છે, તેમ વિવિધક્ષેત્રના નિષ્ણાતોદ્વારા ધર્મસ્પર્શ કરવો અને તેમને કરાવવો એ ભાઈશ્રી પરમાનંદભાઈનો મુખ્ય વિષય બની ગયો અને તે જ રીતે 'પ્રબુદ્ધ જીવન'નાં લખાણો પણ વિસ્તર્યાં અને જૈન યુવક સંઘ પણ વિસ્તર્યો.

પરંતુ જૈનધર્મની મૂળ વાત વિસરાય નહિ, માટે જ કદાચ હોય! ફરી પાછી જૈન સાધુસંસ્થાના પરિવર્તનની જરૂર છે કે નહિ? અને હોય તો તે કેવા પ્રકારની? આ વાત આવીને ઊભી રહી. મેં જ્યારથી ધર્મક્રાન્તિને રસ્તે પગલાં માંડયાં, ત્યારથી તેઓ મારા વધુમાં વધુ નિકટ પરિચયમાં આવ્યા. મારી અને તેમની ઊંડી મુલાકાત કદાચ સૌથી પ્રથમ હરિપુરામહાસભામાં થઈ. તે વાતને આ ચોત્રીસમું વર્ષ ચાલે છે. પાલઘરમાં મારા સ્થિરવાસ જાહેરાતની સભાના પ્રમુખ તેઓ જ હતા. અને છેલ્લે છેલ્લે મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રના પ્રાથમિક ઉદ્‌ઘાટનમાં પણ તેઓ ઘણા મિત્રો સાથે આવી ગયા. દિલભર વાતો કરી ગયા અને નિરાંત લઈ તેઓ અહિ એકાદ આખો દિવસ રહી ગોષ્ઠીનો આનંદ માણવાના હતા. ચિરવિદાયની આગલી જ રાત્રે તેઓએ પોતાના નજીકના સાથીઓ સાથે આ જ યાદીને તાજી કરી હતી. પરંતુ શ્રી ચીમનલાલ જે. શાહ લખે છે:—"આગલે દિવસે જ મેં કહ્યું કે સંતબાલજીનો પત્ર આવ્યો છે. બાંગલા દેશ માટે એમણે લખ્યું છે, એ વિચારવા જેવું છે. હું તમને કાલે પત્ર વાંચવા આપીશ... અને એ પત્ર એમને મળે એ પહેલાં તો પ્રાણપંખીડું ઊડી ગયું. તેમનું મૃત્યુ—ધન્ય મૃત્યુ હતું. ફકત પાંચ જ મિનિટમાં એમની આંખો બંધ થઈ ગઈ. તેઓ આવું જ મૃત્યુ ઇચ્છતા હતા. એમનાં ઘણાં ઘણાં સ્મરણો હૃદયને હચમચાવી નાખે એવાં છે. એ તો નિરાંતે રૂબરૂ મળીએ ત્યારે જ...અત્યારે વિશેષ કશું જ લખવું શકય નથી. આપનાં સ્મરણો શ્રદ્ધાંજલિ માટે મોકલી આપશો..."

સાવ સાચી વાત છે. તેઓએ હું ન ભૂલતો હોઉં તો ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળાના ઉપસંહારમાં પોતાનું ભવિષ્ય ભાખી જ દીધું હતું. "આવતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ્યે જ મળીએ." અને આ રીતે તેઓએ વિશાળ કુટુંબીજનો અને વિશાળ સ્નેહી જનોની સૃષ્ટિ વચ્ચેથી ચિરવિદાય લઈ લીધી. હવે તો તેમનાં સંભારણાં તાજાં કરી કરીને તેમના સાન્નિધ્યને આંબવું રહ્યું અને તેમનાં અધૂરાં રહેલાં સ્વપ્નોને મૂર્તિમંત કરવાં રહ્યાં.

એકરીતે તેઓ સૌના પ્રશંસક હતા અને છતાં બીજી રીતે સૌના પ્રમાણિક ટીકાકાર પણ હતા. એમ છતાં સૌજન્યસભર હતા અને સત્યશોધક હોઈ જ્યાં પોતાની ભૂલ જુએ, ત્યાં કબૂલી લેવાની અપાર હિમતવાળા અને સાચેસાચ કર્મે અને ધર્મે જૈનધર્મના સાધક હતા. ગૃહસ્થાશ્રમી છતાં આદર્શવાદી ગૃહસ્થાશ્રમી હતાં. અસામાન્ય માનવતાધારી હતા. તેઓની ચિરવિદાયથી મને પોતાને પણ જૈનધર્મને વિશ્વધર્મ બનાવવાના પ્રયોગમાં એક નજીક વસતા સાથીની ખોટ પડી હોય, તેમ સાલશે. કારણકે તેઓ પ્રથમ ટીકાકાર બનવા છતાં ધીરે ધીરે ભાલ નળકાંઠા પ્રયોગના ટેકાદાર બની ગયા હતા. અંબુભાઈને જ્યારે ઈસ્પિતાલમાં દાખલ થવાનું થયું ત્યારે જેમ 'વિશ્વવાત્સલ્ય' પરિવારનાં ભાઈ—બહેનોએ વિશાળ સંખ્યામાં જઈ ભાલ નળકાંઠા પ્રયોગના એ પાયાના કાર્યકરને આત્મીયજન તરીકેની પ્રતીતિ કરાવી હતી, તેમ આપણા આ પ્રિયજન શ્રી પરમાનંદભાઈએ પણ એવી જ આત્મીયજન તરીકેની પ્રતીતિ કરાવી હતી. તેમનામાં વાત્સલ્ય પણ અજબ હતું.

સાવ ટૂંકા શબ્દોમાં કહું તો:—

"જૈનધર્મમાં "જૈન" નામને રટયા વગર જૈનધર્મના અંતઃસ્તલને રૂઢિનાં જાળાંઓમાંથી મુકત કરી વિશ્વના ચોગાનમાં સાચા સ્વરૂપે મૂકવાની ધગશ ધરાવનાર ધીમાન યોદ્ધા હતા." એવા શ્રી પરમાનંદભાઈનો આત્મા સાચેસાચ પરમાનંદ પામો અને એમનાં ચાહકોને સતત પરમાનંદનાં સંભારણાથી સદાય નવપલ્લવિત રાખ્યા કરો! એ જ પ્રભુપ્રાર્થના.

સંતબાલ

# મારું સ્વપ્ન ભાંગી ગયું !

પ્રિય પરમાનંદ,

તમને શું કહેવું ?

તા. ૪-૪-૭૧ ના દિવસે આપણે નિરાંતે વાતો કરી અને કેટલાક મહત્ત્વના નિર્ણયો પણ લીધા. તે કામ અધૂરું મૂકીને ચાલ્યા જતાં તમને વિચાર ન થયો? તમારી પ્રતિષ્ઠા તો એવી કે હાથપર લીધેલું કામ પૂરું ન થાય ત્યાં સુધી જંપવું નહિ અને ભૂલથી પણ યમરાજ તેડવા આવી ચડે તો શોકખું સાંભળાવી દેવું કે કર્તવ્યનિષ્ઠામાં પાછા પડે તે પરમાનંદ નહિ. પણ હા, હવે સમજાય છે કે તમે મારી સાથે દગો રમ્યા અને યમરાજની મૈત્રી સરખામણીમાં વધારે કિંમતી ગણી. તમને માફ કેમ કરાય ?

દિલ્હીથી પાછો ફર્યો અને મોડી રાત્રે ભાવનગર પહોંચ્યો ત્યારે મારાં પત્નીએ રડતાં રડતાં મને ખબર આપ્યા કે તમારું તો અવસાન થયું છે. માને ઈ બીજા ! મેં તો પત્નીને ધમકાવી કાઢી. આપણે છૂટા પડયા તે પહેલાં તમે ફરીથી મારાં પત્નીની તબિયતના સમાચાર પૂછવા તેમના ઓરડામાં ગયા. હું સાથે જ હતો. તમે નમસ્કાર કર્યા. રજા માગી. મારાં પત્નીએ સામા હાથ જોડયા. એવી ઈચ્છા વ્યકત કરી કે હવે ઈશ્વર પોતાની પાસે બોલાવી લે તો સારું. તમે શું કહ્યું તે યાદ આપું ? કહ્યું કે એમ એકલા ન ચાલ્યા જવાય. તમે અને હરભાઈ સાથે જ ઊપડજો. તમારા એવાં પુણ્ય છે કે યમરાજ તમને ના નહિ કહી શકે. મેં પણ આવી મીઠી મશ્કરીમાં ભાગ લીધો. કહ્યું કે આપણે ચારેય એકી સાથે એ દીર્ઘ મુસાફરી કરીએ. હું, સંતોકબહેન, તમે અને વિજયાબહેન. તો મહેરબાન મારા, તમે તો અમને ત્રણેયને છેતરીને ચાલ્યા ગયા ! વિજયાબહેન તો તમને હરગીઝ માફ નહિ કરે. સંતોકબહેને તો તમારી સાથે કીટ્ટા કરી નાંખ્યા.

અને હા, પરમાનંદ, ચાલુ માસની તા. ૨૯–૩૦ હું મુંબઈ આવું ત્યારે મારે ગરમાગરમ જલેબી અને ગાંઠિયા લેતા આવવું અને આપણે જયાફત ઉડાવવી તેવા તમારા વચનને વળગી રહેશોને? જ્યાં હો ત્યાંથી તા ૨૯મીએ મુંબઈમાં હાજર થઈ જજો. – પણ અરે હા, મારાં પત્ની કહે છે કે હું તો સાવ બેવકૂફ-બુદ્ધુ લાગું છું ! કહે છે કે તમે જ્યાં ગયા છો ત્યાંથી હવે તે જ સ્વરૂપે પાછા આવી શકો જ નહિ. તમારા દેહનો તો નાશ કરવામાં આવ્યો છે. પણ તેથી શું થઈ ગયું ? તમે તો ત્યાંથી પાછા આવી શકાય છે તેવી શ્રાદ્ધા ધરાવનારાઓમાંના એક છોને ? કે તે પણ મારો ભ્રમ જ છે ? જુઓને, આપણા છૂટા પડયા પછી તુરત જ બીજે દિવસે તમે સોનગઢ ગયા હતા. પોતાના ભૂતકાળને યાદ કરતી પેલી નાનકડી બેબી રાજુલને અને તેના પિતાને મળવા. આપણો કરાર તો એવો હતો કે આપણે બન્ને જઈશું. પણ આગલી રાતે તમે ડૉ. નિર્મળ સાથે કહેવરાવ્યું કે તમે તો ડૉ. નિર્મળને લઈને જવાના છો. ખેર ! પૂર્વજન્મના ઈતિહાસમાં અને પુનર્જન્મની વાતોમાં મને શ્રાદ્ધા નથી તે તમે જાણો છો એટલે તમે છૂટા પડયા એમ તમે માન્યું હશે અને મેં પણ છૂટકારાનો દમ લીધો ! સોનગઢની મુલાકાત પછી તમે મને તમારા અનુભવો લખવાના હતા. હું તેની રાહ જોતો હતો. ત્યાં તો તમે જ જાણે કે પુનર્જન્મની વાતને સિદ્ધ કરવાના આશયથી આ વિશ્વમાંથી પરમાનંદ તરીકે ચાલ્યા ગયા. હવે શું બનશે એ તો તમે ક્યાં, કેવા પ્રકારનો અવતાર લો છો તેની ઉપર તથા અવતાર લીધા પછી સગાસંબંધીઓને કયારે, કોને કોને ઓળખી કાઢવાના છો તેના ઉપર રહે છે. ત્યાં સુધી હું શાનો જીવતો રહું કે તમે મને શોધતા ભાવનગર આવો ?

પણ જુઓ પરમાનંદ, આ પુનર્જન્મની વાતોમાં મને શ્રાદ્ધા નથી. તમે તેવો વિચાર પણ કરશો નહિ. એક બીજું પણ કારણ છે તમારા સંબંધની અવસાન નોંધમાં મેં તમને જીવનમુકત કહ્યા છે એટલે તમારે અવતાર લેવાપણું છેજ નહિ. જીવનમુકત આત્મા ક્યાં રહે, શું કરે, કોને મળી શકે વગેરે બાબતો સંબંધે પણ આ પૃથ્વી ઉપર અનુમાનો જ અનુમાનો થયાં કરે છે. નિશ્ચયાત્મા તો કોણ કહે ? પણ તમે જ્યાં હો ત્યાં હમણા ચીટકી રહેજો. હું તમને શોધતો આવીશ. પછી આપણે બેઉ (આપણા આત્માજ તો) આગળ શી શી યોજના કરવી તેનો વિચાર કરી લઈશું.

વળી પાછું યાદ આવે છે તમારું વેણ. તમે મારી કદર બહુ કરતા, પ્રેમ પણ ઢોળતા, પણ નાસ્તિક છું તેમ કહીને નવાજતા પણ ખરા. તો હવે જુઓ, તમારી ખાતર નાસ્તિક મટી જવા તૈયાર છું. આસ્તિક થયો એટલે દેહના જવા સાથે આત્મા તો ટકેજ છે તેમ માન્યું અને પછી તમારા જેવા પુણ્યશાળી, આત્મા સાથે મિલન કરવાનું સુલભ બની ગયું.

અને હા, પરમાનંદ, છેલ્લે છેલ્લે પેલા આચાર્ય રજનીશજી સંબંધે તમે પુણ્યપ્રકોપભરી વાણી ઉચ્ચારતા હતા. એ આચાર્યસાહેબ છેજ એવા. જીવન ફીલ્સુફી ઢંગધડા વગરની. દમનમાં ન માને તે સમજી શકાય પણ સંયમમાં પણ ન માને અને સંયમની મશ્કરી ઉડાવે. બિચારા જનમ્યા ભલે ભારતવર્ષમાં, પણ અભાગિયો જીવ રશિયાનો. આપણે શું કરીએ ? વળી હમણા કંઈક Conditioned ઢાંચા ઉપર કંઈ કંઈ વાતો ફેંકવા લાગ્યા છે. જુઓને, તમે જ છેલ્લે મને એ કામ સોંપ્યું હતુંને કે આ Conditioning છે શું તેની સ્પષ્ટતા એક મનોવૈજ્ઞાનિક તરીકે મારે કરી આપવી. હું તો એવી આશામાં હતો કે 'પ્રબુદ્ધ જીવન' માં Conditioning ઉપર મારો લાંબોલચ લેખ છપાશે. તમે મારી કદર કરશો. તંત્રીનોંધ લખશો અને પછી તો વાંચનારાઓના પ્રેમપત્રો, આક્ષેપપત્રો, ગાલીપ્રદાન પત્રો વગેરેનો મારો મારા ઉપર ચાલશે. પણ અરેરે, તમે તો મારું આ સ્વપ્ન પણ ભાંગી નાંખ્યું ! આવા નિર્દય ક્યારથી થઈ ગયા છો ?

હરભાઈ ત્રિવેદી

# પુણ્યાત્માને નમ્ર અંજલિ....

તા. ૧૭-૪-૭૧ શનિવારના રોજ બપોરના ૧૧ થી ૧૨ ના ગાળામાં શ્રી પરમાનંદભાઈના દેહવિલયના સમાચાર મળ્યા, હું સ્તબ્ધ બની ગઈ. આવી ઓચીંતી ચિરવિદાય !

ચાર વર્ષ પહેલા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભજન ગાવા જવાનું મારે બન્યું ત્યારે તેમના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને સાંપડયું. ત્યાર પછી તો 'પ્રબુદ્ધ જીવન' માટે હિન્દી તથા અંગ્રેજી લેખોના અનુવાદ કરી આપવાની પ્રવૃત્તિ મેં હાથ ધરવાથી મારો શ્રી પરમાનંદભાઈ સાથેનો સંબંધ પિતા-પુત્રી જેવો ગાઢ બની ગયો. એમના જવાથી એક વત્સલ પિતા ગુમાવ્યા હોય એવી લાગણી અમે બંને અનુભવી રહ્યા છીએ.

તેઓ જેટલા વિદ્વાન હતા એટલા જ વિનમ્ર હતા; જેટલા નિર્ભય હતા એટલા જ નિ:સ્વાર્થ હતા. આ સર્વ ગુણોએ તેમના વ્યકિતત્વને લોહચુંબક જેવું આકર્ષક બનાવ્યું હતું.

જેવું રૂડું જીવન એ જીવ્યા એવું જ રૂડું મૃત્યુ એ પામ્યા. એમને અંતિમ અંજલિ આપવા હું તેમના નિવાસસ્થાને ગયેલી. તેમના ગંભીર મુખ પર સ્વસ્થ જીવન જીવ્યાની શાન્તિ અને કર્તવ્ય બજાવ્યાનો સંતોષ ઝળકી રહ્યો હતો. પુષ્પો, ધૂપસુગંધ અને પ્રાર્થનાના પવિત્ર વાતાવરણમાં કઠોર, કુરુપ અને ક્રૂર લેખાતું મૃત્યુ પણ જાણે મૃદુ મંગલ બની ગયું હતું !

શ્રી પરમાનંદભાઈનાં પત્ની મુ. શ્રી. વિજયાબેને આ વિકટ પળોમાં જે ધૈર્ય અને હિંમત બતાવ્યા છે તેમાં મને એક સાચી આર્યનારીના દર્શન થયાં છે.

આપણને સૌને સુંદર જીવન જીવવાનું પરમાત્મા બળ આપે ! સદ્‌ગતનું એ જ સાચું સ્મારક અને તર્પણ છે.

શારદાબહેન બાબુભાઈ શાહ

# ★ પૂજ્ય પરમાનંદભાઈ પરમ આનંદમાં લીન થઈ ગયા ★

જેવું નામ તેવા જ ગુણ. દુનિયામાં વસતા માનવમહેરામણમાં આવા અવધૂતો આંગળીને વેઢે ગણી શકાય એટલા જ જોવા જાણવા મળે. પરમાનંદભાઈનો જન્મ ધાર્મિક વૃત્તિવાળા અને ધર્મના સૂક્ષ્મ જાણકાર એવા પિતાને ત્યાં થયો. કુટુંબ પણ ખાનદાન અને ઉચ્ચ સંસ્કારોવાળું એટલે નાનપણથી જ ઉચ્ચ સંસ્કારોનું તેમનામાં સિંચન થયું. મુંબઈમાં રહીને તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો. બી. એ., એલ. એલ. બી. થયા. એમના સમયમાં આટલો અભ્યાસ કરનારની ખૂબ ઊંચી કિંમત અંકાતી અને આવા ઉચ્ચ શિક્ષણ ભણતા તેમના સહાધ્યાયીઓ પણ તેમને લગભગ એવા જ સ્તરના પ્રાપ્ત થયેલા. એટલે તેમનાં જીવનમાં ઉચ્ચ સંસ્કારો આ રીતે ઉત્તરોત્તર રેડાતાં જ ગયા અને કોઈ પૂર્વજન્મના સંસ્કારના કારણે લક્ષ્મીના દાસ ન બનતા દેવી સરસ્વતીના તેઓ ઉપાસક બન્યા. આ કારણે બી. એ. એલ. એલ. બી. ની ડીગ્રી તેમણે પ્રાપ્ત કરી હોવા છતાં એને અનુકૂળ એવા બેરીસ્ટરીના ક્ષેત્રમાં તેમનું મન સ્થિર ન થયું. તેમની વૃત્તિ પ્રથમથી જ સમાજની અને દેશની સેવા કરવા તરફ વળી એટલે ગાંધીજીએ આદરેલી સવિનય કાનૂનભંગની લડતમાં પણ તેમણે ભાગ લીધો. જૈન ધર્મની અંદર પ્રચલિત વહેમો સામે અને બાળદિક્ષા તેમ જ અયોગ્ય દિક્ષા સામે તેમણે અવાજ ઉઠાવ્યો અને એવી વિચારસરણીવાળા મિત્રોને એકઠા કરીને તેની સામે આંદોલન ઊઠાવ્યું. એ વખતમાં ધર્મ વિરૂદ્ધ વાત કરવી એ મોટો સામાજિક ગુનો ગણાતો હતો. એવા કઠણ કાળમાં તેમણે આવી ખોટી માન્યતાઓ સામે બળવો પોકાર્યો અને રૂઢિચુસ્ત સમાજને તો તેઓ આંખના કણાની માફક ખૂંચવા લાગ્યા. અમદાવાદમાં તો તેમની સામે એવો જબરજસ્ત વિરોધ ઉભો થયો કે તેમને ન્યાતબહાર મુકવામાં આવ્યા. છતાં તેમની મક્કમતાને આંચ ન આવી અને મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નામની સંસ્થાની સ્થાપના થયેલી તેમાં તેઓ જોડાયા અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેવા તેમને સાથી મળ્યા એટલે તેમનામાં વધારે જોશ આવ્યું અને બાળદિક્ષા અને અયોગ્ય દિક્ષા તેમજ મોટા અને ખોટા જમણવારો સામે તેમણે જબરી ઝુંબેશ ઉપાડી અને આ કામમાં તેમને ઘણા મોટા પ્રમાણમાં સનિષ્ઠ સહકાર્યકરોનો ટેકો પ્રાપ્ત થયો. એ સૌના સહપ્રયાસથી વડોદરા રાજ્યમાં બાળદિક્ષાને અટકાવવાને લગતો કાયદો કરાવવામાં તેઓ સફળ થયા. દરમ્યાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પોતાનું એક પાક્ષિક પત્ર "પ્રબુદ્ધ જૈન" શરૂ કર્યું હતું, જેને પાછળથી 'પ્રબુદ્ધ જીવન' નામ આપવામાં આવ્યું. તેનું સંપાદનનું કામ પરમાનંદભાઈને સોંપવામાં આવ્યું અને પોતાના વિચારો સચોટ રીતે વ્યકત કરવાનું તેમને આ ભારે મોટું સાધન પ્રાપ્ત થયું. તેમની રાહબરી નીચે આ સંઘ સ્થિર થયો અને તેમની તથા સંઘની પ્રતિષ્ઠામાં પણ વધારો થતો ચાલ્યો અને છેવટે તો એવી પરિસ્થિતિ આવી કે લોકોની માન્યતા એવી થઈ ગઈ કે "મુંબઈ જૈન યુવક સંઘ એટલે પરમાનંદભાઈ" અને "પરમાનંદભાઈ એટલે મુંબઈ જૈન યુવક સંઘ." પરમાનંદભાઈના કાર્યમાં અને તેમના મનમાં સંઘની ઉન્નતિનો જ વિચાર ચોવીશે કલાક રમતો હોય. પોતાની પ્રતિષ્ઠાના ભોગે પણ સંઘની પ્રતિષ્ઠા વધારવામાં તેઓ તન્મય રહેતા. એટલે સંઘના કાર્યકરો અને તેમની વચ્ચે અરસપરસ આદર સચવાઈ રહ્યો. તેમના ગુણો વિશે વિચાર કરીએ છીએ ત્યારે, તેમની સાદાઈ, તેમની સચ્ચાઈ, તેમની સત્યનિષ્ઠા, તેમનો વિવેક, તેમનું સૌજન્ય, તેમની માનવતા, તેમની અપરિગ્રહ વૃત્તિ, તેમનો માનવપ્રેમ અને તેમની વિનોદવૃત્તિ—આ બધાં સદ્‌ગુણો નજરની સામે ચિત્રપટ દર્શનની માફક તરવરે છે. નાનામાં નાના માણસની કાળજી, તેની સાથેનું તેમનું વર્તન—આ જોઈને પણ તેમના પ્રત્યે માનની લાગણી ઊપજે. જૂની અને નવી વિચારસરણી વચ્ચે, સમન્વય સાધવો એવી હંમેશા તેમની વૃત્તિ રહેતી. જેની સાથે આંખની પણ ઓળખાણ થઈ તેની સાથે કાયમ સંબંધ સાચવતા. એ રીતે મિત્રતા ટકાવી રાખવાની તેમની પાસે આગવી કળા હતી. પોતાના વિચારો સામાને જણાવવા-સમજાવવા અને સામો માણસ મોટો હોય કે નાનો તેની પાસેથી પણ નવું જાણવું અને તેમાંથી ગ્રહણ કરવા જેવું હોય તે ગ્રહણ કરવું આ તેમની કાયમી વૃત્તિ રહેતી. આજના સંપત્તિપ્રધાન યુગમાં પણ કોઈની પાસેથી કંઈ પણ લાભ લેવાની બીલકુલ વૃત્તિ નહિ અને કોઈની સાથે વિચારોનો મતભેદ ભલે હોય પણ એવી વ્યકિત સાથે પણ કોઈ અંશમાં મનભેદ નહિ—આ તેમનો મોટામાં મોટો ગુણ ગણાય. તેમને ગમે ત્યારે જુઓ તેમના મુખ ઉપર પરમ આનંદ દષ્ટિગોચર થાય—એવું સ્ફટિક જેવું ચોક્કખું તેમનું જીવન હતું. ૭૮ વર્ષની ઉંમરે પણ યુવાનને માટે અનુકરણીય એવી તેમની વિનોદ વૃત્તિ, અને આ ઉમરે પણ હરવા-ફરવાનો, કુદરતી સૌન્દર્યના દર્શનનો અને પ્રવાસનો અનહદ શોખ—આ રીતે તેઓ એક વિદ્યાર્થીનું જીવન જીવી રહ્યા હતા અને સાચા અર્થમાં તેઓ એક પરિવ્રાજક જેવા હતા. આ રીતે જોતાં જેવું ધન્ય તેમનું જીવન હતું, બરાબર એવું જ ધન્ય તેમનું મૃત્યુ થયું. અંતિમ ક્ષણે પણ એ જ સૌમ્ય હાસ્ય તેમના મુખારવિંદ ઉપર અંકિત થયેલું જોવા મળ્યું. અંતિમ વખતે તેમને જોઈને એમ કહેવાનું મન થયું કે 'મૃત્યુ જ મરી ગયું.' શનિવારે સવારે ઉપરના આઘાતજનક સમાચાર સાંભળ્યા તેના આગલા દિવસે એટલે કે શુક્રવારે બપોરે ત્રણ વાગ્યે 'પ્રબુદ્ધ જીવન' ના પેઈજ પ્રુફો લઈને હું તેમને ઘેર ગયો. પાંચ વાગ્યા સુધી અમે સાથે બેસીને તે વાંચ્યા. પાંચ વાગ્યે અમે સાથે ચા પીધી. સાડા પાંચ વાગ્યે મેં તેમની રજા માંગી. 'પ્રબુદ્ધ જીવન' ના આ અંક સાથે બત્રીશ વર્ષ પૂરાં થતાં હતાં, એટલે એમણે વિનોદ કરતાં મને કહ્યું, "શાંતિલાલ, આ આપણો છેલ્લો અંક ને?" મેં પ્રત્યુત્તરમાં કહ્યું કે: "ના, આપણો છેલ્લો અંક એમ કેમ કહેવાય! આ વર્ષનો છેલ્લો અંક એમ કહો." મને એ વખતે ખ્યાલ પણ ન હતો કે સાચે જ આ અંક એમનો છેલ્લો અંક બનવાનો છે. શનિવારે સવારે જ્યારે તેમના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે ઘડીક તો હું સ્તબ્ધ જ બની ગયો. અને મનમાં પ્રશ્ન થયો કે એકત્રીશ વર્ષથી દરરોજ સાંજના ચારથી પાંચના ગાળામાં જેઓ મારી સામે આવીને બેસતા એવી આ માનવશ્રેષ્ઠ ભવ્ય મૂર્તિના હવે શું કોઈ દિવસ દર્શન જ નહિ થાય? મારા માટે આ કેવી અસહ્ય ઘટના ગણાય? પણ જે સત્ય હતું તેનો સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો એટલે મનને મનાવ્યું, એમ વિચારીને કે એમની સાથેના ૩૧ વર્ષના સતત સંપર્કથી મારા જીવનનું પણ જે ઘડતર થયું છે તે મારા માટે ઓછી ધન્યતા ન ગણાય. આ વિચાર સાથે એવો સંકલ્પ કરવાનું મન થયું કે તેઓનું જે કામ આજ સુધી સંપૂર્ણ નિષ્ઠાથી કર્યું છે, તે કામને હવે આંચ ન આવે—તેમાં ઊણપ ન આવે—એ માટે મારે મારા પુરતું સતત પ્રયત્નશીલ રહેવું.

સંસારી હોવા છતાં જેણે આદિથી તે અંત સુધી આચારે અને વિચારે સાધુ-જીવન ગાળ્યું અને નાના તેમ જ મોટા— દરેકના દિલમાં પોતા વિશે ખૂબ ખૂબ આદર પ્રગટાવીને જેમણે ચિર વિદાય લીધી એવા પરમ આનંદમાં લીન થયેલા પરમાનંદભાઈને મસ્તક નમી પડે છે. એમની ખોટ તેમના પત્ની તેમ જ તેમની પાંચ પુત્રીઓને તો ખૂબ ખૂબ સાલશે, પરંતુ સંસ્થા સાથેના તેમના ગાઢ સંબંધને કારણે સંસ્થાએ શું ગુમાવ્યું તેને ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે, "યુવક સંઘનો આત્મા ગયો, અને પ્રબુદ્ધ જીવનનો પ્રાણ ગયો." તેમના આત્માને શાશ્વત શાંતિ મળો એવી પ્રભુ પાસે પ્રાર્થના.

**શાંતિલાલ ટી. શેઠ**

# ભાવનાશીલ સજ્જનની ચિરવિદાય

બે ત્રણ વર્ષ ઉપર મુ. પરમાનંદભાઈ તેમનાં દીકરી ગીતાબહેનને ત્યાં અમદાવાદ આવ્યા હતા. આવ્યા હતા થોડો વખત આરામ કરવા પરંતુ સાથે સાથે તેમના મનમાં સતત 'પ્રબુદ્ધ જીવન' અને જૈન યુવકસંઘના કાર્યની રટણા રહેતી. તેથી પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે કે 'પ્રબુદ્ધ જીવન'ના લેખો અંગે તેમની કામગીરી ચાલુ જ રહેતી. આને અંગે અનેક સંપર્કો અને મુલાકાતો પણ તેઓ પતાવી લેતા.

એક બપોરે હું તેમને મળવા ગઈ. 'પ્રબુદ્ધ જીવન' સંબંધી, શિક્ષણ સંબંધી, આધુનિક જીવનનાં મૂલ્યો સંબંધી અનેક વાતચીત થઈ. માત્ર આ એકાદ ક્લાકની જ મુલાકાતે તેમણે મારી સાથે મમતાનો નાતો બાંધી લીધો. Plain living અને H gh thir king નો ગઈ પેઢીનો મૂર્તિમંત આદર્શ મને તેમના ચારિત્ર્યમાં ચરિતાર્થ થતો જોવા મળ્યો. તેઓ કહેતા કે "મારે ઘણી દીકરીઓ છે," અને એ ઘણીમાં મારું નામ પણ તેમને હૈયે નોંધાઈ ગયું. ત્યારથી 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અમે એકબીજાના સંપર્કમાં રહ્યા.

શીળું, પારકાને પોતાનાં કરી લેવાની કળવાળું વ્યકિતત્વ, બાંધી દડી, ખાદીનો સ્વચ્છ સાદો પોશાક અને ચશ્મા પાછળ ચમકતી મેધાવી વહાલસોયી આંખોથી એ સામાનું હૃદય જીતી લેતા. તેમના જીવનની એક લાક્ષણિકતા મારા હૈયે વસી ગઈ, તે હતી તેમની પ્રગતિશીલતા. જમાનાને ઓળખીને તેની સાથે તાલસેકદમ પગ ઉપાડવાના તેમના સ્વભાવને કારણે જ યુવાન પેઢીની મૈત્રી તેઓ કેળવી શકયા હતા. જૈનસમાજ માટે પોતાની ભાવનાને બુદ્ધિ અને કલમથી કામગીરી શરૂ કરી એના વર્તુળને વધારે ને વધારે વિશાળ કરી તેમણે બૃહદમાનવજીવન સુધી પહોંચાડી એ તેમની વિશેષતા. જૈન સમાજનું મુખપત્ર બની રહેવાને બદલે સમગ્ર માનવજીવનને સ્પર્શતું મુખપત્ર બની રહેવામાં જ 'પ્રબુદ્ધ જીવન' નો ઉત્તરોત્તર વિકાસ થયેલો છે. એ વિકાસયાત્રા એ તેના તંત્રીના માનસની પણ વિકાસયાત્રા હતી. એ જ રીત તેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પણ અપનાવી. ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે તેમની સાથે લાંબો પત્રવ્યવહાર થયો. પરિણામે તેમની પાસેથી મમતા અને વાત્સલ્ય મેળવ્યાં. વૃદ્ધત્વને સાહજિક રીતે અપનાવી લેતા એ ચિરયુવાન આત્માની એ છેલ્લી મુલાકાત હશે એમ ક્યાં જાણ્યું હતું?

આજે તો એ સંસ્મરણો વાગોળવાં રહ્યાં. મુ. પરમાનંદભાઈનો ક્ષરદેહ આપણી વચ્ચે નથી. પરંતુ તેમના આત્માની મહેક ધરતીને પહેલી વર્ષાથી પ્લાવિત કરીને રેલાતી સોડમની પેઠે આપણા અંતરને સ્નેહપ્લાવિત કરે છે. તેમની ભાવના અને આકાંક્ષાઓને અનુરૂપ 'પ્રબુદ્ધ જીવન' સતત પ્રગતિશીલ રહે તે તેમની સાચી અંજલિ છે. તેમનું જીવન આપણા જેવા અનેકને માટે પ્રેરણાદાયી નીવડો. તેમની મનોકામના પ્રમાણે સતત કાર્યરત અને સેવાભાવી જીવન તેમણે વ્યતીત કર્યું. એવા મહાનુભાવને માટે તો એટલું જ કહી શકાય કે:—

"મૃત્યુને જીતી જીવને, જીવનને જીતી મૃત્યુમાં
સાંકડી સીમ તોડીને, સ્વયં શાશ્વત એ થયો."

માનવદેહનો તો આખરે અંત છે જ, પરંતુ આવું મંગલ મૃત્યુ અને શાન્ત અંતિમ પળો ભોગવવાનું વિરલાને લલાટે જ લખાયું હોય છે. તેમને માટે "મંગલમંદિર" ના દ્વાર સદૈવ ખુલ્લાં જ હોય. તેમના કાર્યોની પરંપરાને જીવંત રાખી તેમના જીવનની સુવાસને સદૈવ મહેંકતી રાખીએ.

**સુસ્મિતા મહેડ**

# સંનિષ્ઠ વિચારકની વિદાય

બસની એક લાંબી કતાર હતી, ત્યાં એક સૌમ્ય અને વયોવૃદ્ધ ખાદીધારી આવી પહોંચ્યા. તેમણે બસની કતારમાંથી કોઈ એકને પૂછ્યું: 'તમે કોટમાં જાઓ છો?' પેલા સજ્જને હા કહી. 'તો મારું એક કામ કરશો'? 'શું?' બસની કતારમાંના સજ્જને પૂછ્યું. 'આટલું મેટર જરા પ્રેસમાં પહોંચાડી દેશો! સરનામું કવર ઉપર છે.' એ સૌમ્ય અને વયોવૃદ્ધ માણસ હતા શ્રી. પરમાનંદ કાપડિયા. એમના આત્મજ સમા 'પ્રબુદ્ધ જીવન' માટેની સામગ્રી પ્રેસને સમયસર પહોંચે એ માટે તેઓ ઘણીવાર આટલી હદે કાળજી લેતા હતા.

'પ્રબુદ્ધ જીવન'નું ૩૨ વરસ સુધી એકધારું સંપાદન કરનાર અને એની સામગ્રી માટે ૭૮ વરસની વયે કોઈ પણ શ્રમ લેવા તૈયાર એવા શ્રી પરમાનંદ કાપડિયાનો હમણાં દેહવિલય થયો ત્યારે એક હરતીફરતી સંસ્થા આપણી વચ્ચેથી વિલય પામી હોય એવો અનુભવ ઘણા બધાએ કર્યો.

આપણે ત્યાં વિચારપત્રો વધુ નથી એવી ફરિયાદ ઘણા વખતથી રહ્યા કરે છે; વિચારપત્રોની વિભાવના પણ ધીરે ધીરે વિસરાઈ જતી હોય એમ લાગે છે—એમ છતાં ગયા દાયકામાં જ શ્રી. ગટુભાઈ ધ્રુવના અવસાન સાથે બંધ પડેલ 'જ્યોતિર્ધર' તથા શ્રી પરમાનંદ કાપડિયાએ બત્રીસ વરસ સુધી જેનો સૂત્રસંચાર કર્યો હતો એ 'પ્રબુદ્ધ જીવન' જેવાં પત્રો, વિચારપત્રો કેવા હોઈ શકે એની યાદ આપી શકે છે.

સામાજિક, રાજકીય, સાહિત્યક અને બીજા ઘણા સ્તર પર ઘટનાઓને નિરપેક્ષ રીતે અને એક જ ત્રાજવા પર મૂલવનાર પત્રોમાં 'પ્રબુદ્ધ જીવન'નું સ્થાન હતું; તમને પરમાનંદભાઈના અભિપ્રાય સાથે મતભેદ હોઈ શકે; કોઈ વાર એમના મૂલ્યાંકનના ધોરણ વિશે પણ તમે એમનાથી જુદા પડી શકો, પણ એમની નિષ્ઠા વિશે કયારેય કશું પણ કહી શકાય નહીં. એટલે જ બહુ ઓછી વ્યકિત માટે વાપરી શકાય એવું 'સંનિષ્ઠ' વિશેષણ કોઈ પણ સંકોચ વિના શ્રી પરમાનંદ કાપડિયા વિશે ઉપયોગમાં લઈ શકાય.

તમે એમની જોડે સંમત થતા નથી એમ તેઓ જાણે ત્યારે કયારેય તમને જુદી પંગતના ગણી તેઓ અવગણના નહીં કરે. એ તમારી સામે બેસશે-તમારી જોડે ચર્ચા કરશે. પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવા મથશે, તમારું દૃષ્ટિબિંદુ સમજવા મથશે. આમ એ સુધારક હતા, પણ સુધારકનું ઝનુન એમનામાં ન હતું, એમની પાસે ઔદાર્યનો એક સવિશેષ ગુણ હતો.

'પ્રબુદ્ધ જીવન' માટે ઉપયોગી એવી કોઈ સામગ્રી કોઈ વ્યકિત પાસેથી મળી શકે એમ છે એવું તેઓ જાણતા ત્યારે એ ગમે તેવી નાની વ્યકિત હોય, તો પણ તેની પાસે સામે ચાલીને માગણી કરવામાં નાનમ અનુભવતા નહીં. અને ગમે તેવી મોટી વ્યકિત જોડે પોતે અસંમત થતા હોય, તો એ વિશે ખુલ્લેઆમ લખતાં તેઓ કલમ સંકોચતા નહીં.

સમાજસુધારાની એમની પ્રવૃત્તિઓમાં પણ સાહિત્યદૃષ્ટિ હંમેશાં રહેતી. પર્યુષણનું જૈન સમાજનું પર્વ તેમણે સર્વધર્મસમન્વયનું પર્વ બનાવી દીધું હતું—અને ત્યારે વિચારકો અને કવિઓ પાસેથી કવિતા, સાહિત્ય, જીવન વગેરે વ્યાપક વિષયો પર તેઓ પ્રવચનો યોજતા હતા. આ શ્રેણી માટે વકતાની પસંદગી કરવામાં પણ તેઓ જે શ્રમ ઉઠાવતા તે આદર્શ હતો. કોઈક વકતા સારું બોલે છે એમ સાંભળે તો જાતે એને સાંભળવા જાય, અને પછી પોતાનો અભિપ્રાય બાંધે. એમનું પોતાનું ગદ્ય તેમના બે પ્રગટ થયેલાં પુસ્તકોમાં જ નહીં, પણ પ્રબુદ્ધ જીવનના સાતસો ઉપરના અંકોમાં વેરાઈને પડ્યું છે. આ ચિન્તનાત્મક ગદ્યમાંથી સ્થાયી મહત્ત્વના લખાણોને ગ્રંથસ્થ કરીને જ એમનું સાચું તર્પણ કરી શકાય.

**હરીન્દ્ર દવે**

# સ્વતંત્ર ચિન્તક પરમાનંદભાઈ

પૂ. પરમાનંદભાઈના અવસાનના સમાચાર મળતાં મને ઘણો આઘાત લાગ્યો છે. મને કલ્પના પણ નહોતી કે એમનો અંત અત્યારે આવી શકે. ઊલટું, દિલમાં અત્યારથી અપેક્ષા હતી કે પર્યુષણના પ્રસંગે મળીશું, અને અત્યારથી જેની ચર્ચા મારે એમની સાથે કરવી હતી એવી કેટલીક વાતો મનમાં ગોંધી રાખી હતી. એટલે ઓચિંતા આ સમાચાર મળતાં મારા દિલને બહુ ખિન્નતા લાગી છે.

જેમની સાથે તત્વની ચર્ચા કરવી ગમે અને જેમનો અભિપ્રાય પૂછીને પોતાના અભિપ્રાયોની ચકાસણી કરવી ગમે એવા તેઓ હતા. આજે તો એવા ખૂબ ઓછા લોકો રહ્યા છે. એમના વિચારો સ્વતંત્ર ને મૌલિક હતા, ને એ એમના વ્યક્તિત્વનું ભારે આકર્ષણ હતું. ઘણી વખત મને કોઈ પ્રશ્ન ઊભો થતાં, આ વિશે પરમાનંદભાઈ શું માનતા હશે?' એ જાણવાની ઇચ્છા થતી, અને એમની સાથેની વાતચીતમાં તેમ જ 'પ્રબુદ્ધ જીવન'માંનાં એમના લેખો અને 'પ્રકીર્ણ નોંધ' દ્વારા એમના વિચારો જાણીને હું સંતોષ મેળવતો. એમના એ વિચારો સ્વતંત્ર ને મૌલિક હોવા છતાં એવા સમતોલ અને વિવેકપૂર્ણ હતા કે ભાગ્યે જ એમાં મતભેદ દર્શાવવાનો પ્રસંગ આવ્યો હોય.

એમનું બીજું લક્ષણ પોતે જે જોયું હોય અથવા વિચાર્યું હોય એ બીજાઓની આગળ નીડરપણે રજૂ કરવાનું વલણ હતું. બીજા બોલે તે પહેલાં બોલવાની હિંમત ખૂબ ઓછા લોકોને હોય છે. સ્વ. પરમાનંદભાઈમાં એ હિંમત પૂરેપૂરી હતી. પોતાની મેળે વિચાર કરે, અને એ વિચાર પછી નિખાલસતાથી દર્શાવે. પૂરો વિચાર કર્યા વિના કોઈ દિવસ ન બોલે, પણ પૂરો વિચાર કર્યા પછી બોલવાનો ડર ન રાખે. એ મૌલિકતા અને એ નીડરતાને લીધે મને એમને માટે ખૂબ માન હતું.

ત્રીજું લક્ષણ એમનામાં હતું તે બીજાઓના વિચારો જાણવાની ઇચ્છા અને બીજાઓના અભિપ્રાયને માન આપવાની તૈયારી. પોતે સ્વતંત્ર વિચારક હતા, તો પણ બીજાઓના વિચારો જાણવા હંમેશ આતુર રહેતા. એમાં એમની મોટાઈ ને વિવેકશકિત દેખાઈ આવે છે.

એમની અંતિમ ઘડી સુધી તેઓ સ્વસ્થ ને સભાન રહ્યા, એમાં એમની એ કાયમની જાગૃતિનો સંકેત છે. તેઓ અંત સુધી વિચાર કરતા રહ્યા, અને એ વિચારોનો લાભ ને માર્ગદર્શન નમ્રતાથી ને ઉદારતાથી ઘણાને આપતા રહ્યા.

છેલ્લા ચાર વર્ષથી હું એમના નિકટના પરિચયમાં આવ્યો હતો, ને એમની મિત્રતાથી મારું જીવન અનેક રીતે સમૃદ્ધ બન્યું હતું. 'પ્રબુદ્ધ જીવન' હું ત્યારથી નિયમિત રીતે ને દર વખત પૂરેપૂરું વાંચતો આવ્યો છું. અને 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' માં ભાગ લઈને એ દિવસોની પવિત્રતા, મંગળમયતા ને સાધનાનો અનુભવ કરીને હું મારી પોતાની જાતને ભાગ્યશાળી ગણતો આવ્યો છું. એ ઋણ માટે અને સ્વ. પરમાનંદભાઈ સાથેનાં એ અવારનવારનાં મિલનો, વાતચીત અને પત્રવ્યવહાર માટે હું મારા દિલમાં એમનું સ્મરણ હંમેશ તાજું રાખીશ; અને આજે એમને સાચા માનથી ને આદરથી અંજલિ આપીને સાંત્વન અનુભવું છું. એમના સંસ્કારોનો વારસો ને પ્રેરણા આપણા સમાજમાં રહે એ એમનું શ્રેષ્ઠ સ્મારક હશે. એ મારા દિલની આશા ને પ્રાર્થના છે. એમના ગયાના દુ:ખની વચ્ચે એમનું એ કાર્ય ને એ સ્મરણ આપણા માટે આશ્વાસનરૂપ રહેશે.

**ફાધર વાલેસ**

# વિદ્યા–અર્થી પરમાનંદભાઈ

પરમાનંદભાઈ સાથે ઓળખાણ વર્ષો જૂની. ૧૯૨૮ આસપાસની. મરમાદેવીના મંદિર પાસે એમની ઝવેરાતની પેઢી. ધંધા અર્થે બે-પાંચ વાર મળવાનું થયું હશે. ચિત્ત પર એ ટાણે એમની એક સજ્જન ઝવેરી તરીકેની છાપ પડેલી એ આજ સુધી અકબંધ જળવાઈ રહી છે. પછી બાર વરસ બહારગામ રહેવાનું થયું. ૧૯૪૨માં પાછો મુંબઈ આવ્યો ત્યારે રહેવાનું થયું ચોપાટી રોડ પર. મારું અને પરમાનંદભાઈનું નિવાસસ્થાન એક જ મહોલ્લામાં. અઠવાડિયામાં બે-ચાર વાર રસ્તામાં ભટકાઈ જઈએ. ગોષ્ઠી કરતાં ભેળા ચાલીએ. સજ્જન સાથે તો સાત પગલાં ભરીએ એટલે મૈત્રી. એમ ભાઈ-બંધી થઈ ગઈ. ૧૯૫૦ થી હું સાહિત્યક્ષેત્રે રસ લેતો થયો અને ભેરુબંધી વિકસી. અંતરની ગૂઢ વાતો કરી શકીએ એટલો નિકટનો પરિચય થઈ ગયો. એમાંથી પરમાનંદભાઈના અંતરંગનાં કેટલાંક રૂપાળાં સ્વરૂપો જોવા મળ્યાં.

પરમાનંદભાઈ સજ્જન હતા–નખશીખ સજ્જન. કામઢા–આળસ સાથે એમને આડવેર. સાદગીપ્રિય. એમના વ્યક્તિત્વમાં કયાંય ડોળ કે આડંબરનું નામનિશાન નહિ. જેવા કુટુંબપ્રેમી, એવા જ મૈત્રીના ભૂખ્યા. સત્યવકતા. અંતરની વાત નિખાલસપણે નીડરતાથી રજૂ કરવામાં માનનારા. છેતરપિંડી કે દંભ જાણે એમના હાડમાં જ નહિ. જાતસંશોધન એ એમનો મોટામાં મોટો શોખ. પોતે કયાંક ભૂલ તો નથી કરી બેઠાને? એ એમનો ચિન્તાનો વિષય. નિજાનંદી. રત્ન તોલવાને ઝીણું ત્રાજવે સાચજૂઠનો તોલ કરવાની ટેવવાળા. જ્યાં અસત્યની, દંભની, ગેરઇન્સાફની, છેતરપિંડીની કે અંધશ્રદ્ધાની ગંધ આવે ત્યાં એમણે અવાજ ઊઠાવ્યો જ હોય. પણ એ વિરોધમાં સાચકલાઈનો રણકો સો ટકા. મીઠાશ જાળવીને કડવી વાત કહેવાની એમનામાં કુનેહ. ખેલદિલ. પોતે ભૂલ કરી બેઠા એવું લાગે કે તરત જ નિ:સંકોચ એકરાર કરી મનના અજંપાને ધોઈ નાખે. કોઈની શેહમાં દબાય નહિ અને કોઈને પોતાની શેહમાં આંજી નાખવાનો એમને અભરખો નહિ. નિ:સર્ગ અને પ્રવાસના રસિયા. વ્યવસ્થા અને શિસ્તના પૂરા આગ્રહી, અને છતાં સમય પારખીને બીજાની મર્યાદા સમજીને બાંધછોડ કરવા જેટલા ઉદારચિત્ત.

પણ પરમાનંદભાઈનો જે આગવો ગુણ મને સ્પર્શી ગયો તે તો એમનો 'વિદ્યાર્થીગુણ' ભારેના જિજ્ઞાસુ. પ્રગતિ સાથે કદમ મિલાવીને ચાલનારા. જબરા જ્ઞાનતરસ્યા. કયાંયથી, કોઈની પણ પાસેથી કંઈ જાણવાનું મળે તો એ વિનમ્ર વિદ્યાર્થીની હોંસિયતથી શીખવાની એમની તાલાવેલી આશ્ચર્યજનક હતી. જેવા જ્ઞાનપિપાસુ, એવા જ સમાજવત્સલ. જૈન સમાજને લાગેવળગે છે ત્યાં સુધી તો તેઓ વિલીન થતા જતા પંડિતયુગ અને પાંગરતા પ્રયોગશીલ યુગ વચ્ચેના સંસ્કાર વિનિમયના કદાચ એક માત્ર વાહન હતા.

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ :– એ ખરી વાત. પણ આવા સજ્જન મિત્ર, હૂંફાળા સ્નેહી અને દંભવિહીન સમાજસેવક સહેલે અવસાન પામે છતાં યે લોકહૈયામાં તો જીવતા જ રહે છે. એમની ખોટ પછી આસાનીથી પુરાતી નથી. પરમાનંદભાઈ જીવતાં જ એટલા શાંતિપ્રિય હતા કે એમના આત્માને પરમાત્માના પરમધામમાં અશાંતિ સંભવે જ નહિ.

**રસિક ઝવેરી**

# 'મુંબઈ આવો તો જરૂર મળજો'

એમના જીવનના ઊંડાણને પામી શકું એવો ઘનિષ્ઠ સંબંધ મારે શ્રી પરમાનંદભાઈ સાથે હતો એમ તો હું ભાગ્યે જ કહી શકું એમ છું. મુંબઈની ઉપલી ધારાસભામાં હતો ત્યારે કુમારપાળા શ્રી બચુભાઈ રાવત પાસે આવ્યા હશે અને મારી એમની સાથે અચાનક મુલાકાત થઈ હશે ત્યારથી માંડીને એ સ્વર્ગસ્થ થયા ત્યાં સુધીમાં મારી અને એમની વચ્ચે વધારેમાં વધારે પાંચ-સાત મુલાકાતો થઈ હશે. પણ કેવી મુલાકાતો! ખાસ્સા કલાક બે કલાક બેસીએ અને ચાલુ પ્રશ્નો ઉપર અને સનાતન પ્રશ્નો ઉપર વિચારોની આપ-લે કરીએ. મુલાકાતને અંતે એમને આનંદ થતો જ હશે, કારણ એ જ્યારે અમદાવાદ આવે ત્યારે અચૂક મને ખબર આપે, મારે ત્યાં જમવા આવે અને અલક-મલકની વાતો કરી છૂટા પડે. મને તો આનંદ થતો હતો, કારણ જેટલો સમય એ અહીં રહેતા તે સમયમાં હું એમને બે ત્રણ વાર જરૂર મળતો અને એમની સાથે ચર્ચાઓ કરી એક પ્રકારની વૈચારિક વિશદતા મેળવતો.

એમની બે લાક્ષણિકતાઓ મને ખૂબ ગમી છે. એક હતી ગોળ ગોળ વાતો ન ચલાવી લેવાની એમની આવડત અને બીજી વિચારની જે ભૂમિકા ઉપર તમે સંમત થયા હો ત્યાંથી તમને ચલિત ન થવા દેવાની એમની આવડત.

અમારો પહેલવહેલો પરિચય થયો ત્યારે લોકશાહીની ચર્ચાઓ ઠીક ઠીક થતી. પ્રશ્નોના ઉકેલો અમુક સમયમર્યાદામાં ન લાવી શકાય તો લોકોને લોકશાહી ફાવે ખરી! મતાધિકાર આપીને રાજકીય સમાનતા આવ્યા પછી આર્થિક અને સામાજીક સમાનતા લાવતાં કેટલો સમય જવો જોઈએ? એ તો એમજ ચાલે, બધે લોકશાહીઓમાં થોડી ઢીલાશ, થોડો વિલંબ તો હોવાનો જ એમ હું કહું તો એ તરત કહેતા કે આપણે લોકશાહીનું વિશુદ્ધ સ્વરૂપ અહીં વિકસાવવું જોઈએ અને ઓછામાં ઓછા સમયમાં વધારેમાં વધારે માણસોને લોકશાહીની હૂંફ પહોંચી જાય એ રીતે વ્યવસ્થા કરવી જોઈએ. એ ચર્ચામાંથી લોકશાહી પણ સમાજવ્યવસ્થા માટેનું પૂર્ણ સ્વરૂપ નથી, લોકશાહીને પણ એની આગવી મર્યાદાઓ હોય છે એવા નિર્ણય ઉપર અમે આવ્યા હતા અને એમાંથી લોકશાહીની મર્યાદાઓ ઉપર વ્યાખ્યાન આપવાનું પણ એમણે મને આમંત્રણ આપેલું. (એ વ્યાખ્યાન કદી અપાયેલું જ નહિ કારણ તે વખતે હું મુંબઈ જઈ નહોતો શક્યો.)

ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એમણે મને થોડા વ્યાખ્યાન વિષયો જણાવવાનું સૂચવ્યું અને મેં ત્રણ ચાર વિષયો લખ્યા પણ ખરા, એમાંથી "તત્ત્વજ્ઞાન વિ. સત્ત્વજ્ઞાન" એ વિષય એમણે પસંદ કર્યો, પણ સત્ત્વજ્ઞાનથી હું શું સમજું છું અને શું કહેવા માગું છું એ જાણવા માટે એમણે મને બે કાગળો લખેલા. જ્યારે હું મારો અર્થ પૂરેપૂરો સ્પષ્ટ કરી શક્યો ત્યારે જ એમણે એ વિષય સ્વીકાર્યો અને વ્યાખ્યાન વખતે ઓળખાણ આપતાં 'દામુભાઈ આ વિષયને નવી દૃષ્ટિથી સમજાવવા માગે છે' એમ પણ કહ્યું.

એમના અવસાનના ચોક આઠવાડિયા પહેલાં એ મારે ત્યાં જમવા આવેલા ત્યારે બે કૉંગ્રેસની એકતાની વાતો થયેલી. એમણે એવી એકતા થવી જોઈએ અને હવે સંસ્થા કૉંગ્રેસ પોતાનો જુદો ચોકો રાખે એનો કંઈ અર્થ નથી એવો વિચાર જણાવેલો. મેં મારો વિચાર સ્પષ્ટપણે જણાવેલો નહિ એટલે એ ચોમ સમજેલા કે હું પણ એમના વિચાર સાથે સંમત છું. પછી અમે–બે મિત્રોએ અને મેં - એકતાની વાતોનો વિરોધ કરતું નિવેદન બહાર પાડેલું તે એમના વાંચવામાં આવ્યું અને એમણે મને તરત જ ફોન કર્યો. 'તમે તો એકતાની વાતમાં સંમત થયા હતા અને આ નિવેદન તો કંઈ જુદી જ વાત કરે છે. મેં કહ્યું: 'મેં તે દિવસે મારા વિચારો જણાવેલા જ નહોતા. કાલે આપને મળીશ ત્યારે આપણે એ વિષય ઉપર ચર્ચા કરીશું' અને અમે દોઢ કલાક ચર્ચા કરી...મારી વાત હું એમને ગળે ઉતારી શક્યો એનો મને સંતોષ થયો. મેં કહ્યું: વડા પ્રધાન ઈન્દિરાબહેન એકતાની વાત ચાલુ કરે એનો કંઈ અર્થ છે. ઈતિહાસમાં કોઈ રાજકારણીને ન મળે એવી ભવ્ય જીત એમને મળી છે. એ એમ કહે: 'મિત્રો, હું કહેતી હતી કે મારી રીત જ યોગ્ય છે અને કૉંગ્રેસને બચાવવી હોય તો હું કહું છું તે જ રસ્તો સ્વીકારવો પડશે. તમે મારી વાત ન માની. કંઈ નહિ. હવે તો તમને ખાતરી થઈ ગઈ હશે કે પ્રજા કોની વાત માને છે. આપણે તો આપણો કાર્યક્રમ અમલમાં મૂકવો છે અને મારી રીતે. જે ભાઈઓ અને બહેનો બહાર રહ્યાં હોય તે જરૂર આવીને આ કાર્યક્રમમાં મદદરૂપ થઈ શકે છે. એમના સ્વમાનને વાંધો આવે એવું કશું જ અમારા તરફથી નહિ થાય એમ કહેવાની ભાગ્યે જ જરૂર છે.' આ સિવાય બીજા કોઈ પણ સ્થાનેથી કે બીજી કોઈ પણ વ્યકિત તરફથી એકતાની વાત થાય તો એમાં બીજી ગંધ આવે એ સ્વાભાવિક છે.

પછી તો અમે યોગ ઉપર, પુનર્જન્મ ઉપર અને રાજકારણ ઉપર ઘણી ઘણી વાતો કરી અને છૂટા પડયા. અને 'મુંબઈ આવો તો જરૂર મળજો.' એ એમનું છેલ્લું વાકય કદી કામિયાબ થશે જ નહિ એવી તે વખતે શંકા પણ નહોતી આવી.

અને છતાં જે થવાનું હતું તે થયું. જે સ્વસ્થતાથી એ જીવ્યા એ જ સ્વસ્થતાપૂર્વક એમણે દેહત્યાગ કર્યો.

सर्वेऽपि सज्जनः कश्चित् सरलः विरलो जन : ।

પ્રાણીમાત્ર તરફ સાચી સજ્જનતા બતાવનાર આવા સરળ માણસો ખરેખર વિરલ જ હોય છે.

દામુભાઈ શુક્લ

## શબ્દાંજલિ

(પરમ્પરિત હરિગીત)

કેટલું ઓછું ફરી જલ્દી તમે થાકી ગયા!!!?
લાખ મિત્રો આપનાં અહિંયા રહ્યાં
ને લાખ કામો છે પડયાં
એટલે તો આપના સ્વજનોની સાથ
સહુ મળી સાથે રહ્યાં
જિંદગી આખી કર્યા તોય કેટલાં અધુરાં અને
કંઈ કેટલાં બાકી રહ્યાં.....
કેટલું ઓછું ફરી જલ્દી તમે થાકી ગયાં!!!?

પથ કેટલો લાંબો સહજમાં
આપ કાપીને ગયા
હાથતાળી દૈ લીધું નિર્મમ્ બની મુખ ફેરવી

ના સ્હેજ રોકાઈ રહ્યાં
સંતોષ લેવો એટલો આજે રહ્યો કે ચિહ્ નચરણનાં
આપ છો આંકી ગયા
કેટલું ઓછું ફરી જલ્દી તમે થાકી ગયાં!!!?

આંખમાં આવી ગયા એ કાળથી
ટક્કર તમે લીધાં કરી
ને જિંદગીને કોઈ અમૃત પેય શી
આપે સતત્ પીધાં કરી
દિલ મુલાયમ કો શિશુસમ કેટલું કોમળ હતું, ને–
અકાળે કાળથી પાકી ગયાં.
કેટલું ઓછું ફરી જલ્દી તમે થાકી ગયાં!!!?

સુશીલા ઝવેરી

# ગુણગ્રાહી પરમાનંદભાઈ

૧૯૪૫ની સાલ અને કદાચ ઓક્ટોબરના દિવસો હતા. રોજ વહેલી સવારે પંચગીનીના ટેબલલેન્ડ ઉપર હું પહોંચી જતો. સૂર્યોદય જોવાનો - માણવાનો એ જ ચસકો. એમાંયે કોઈ પહાડોમાં હોઉં ત્યારે તો એનું વ્યસન બની જતું.

'કોણ છો ભાઈ?' એકાએક પાછળથી કોઈ બોલતું સંભાળાયું. મેં નજર ફેરવી. ખાદીનો ટૂંકો પાયજામો, અડધી બાંયનું. ખમીસ. હાથમાં લાકડી; સાવ આછા વાળ, પણ ગોળ ગોળ મુખ ઉપર નમણું હાસ્ય.

ક્યારેક એમને જોયા હોય એવો અણસારો પહોંચ્યો.

મારું નામ ઠામ કહ્યું.

'ઓહ! અમદાવાદથી આવો છો! સૂર્યોદય જોવા રોજ આવો છો, નહિ? બે ત્રણ દિવસથી નોંધું છું, કોઈ મારા જેવો ઉગતા સૂર્યને પૂજનારો છે ખરો!' હસીને 'ઉગતા સૂર્ય' ઉપર હળવો કટાક્ષ કર્યો.

મેં જવાબ આપ્યો, 'ઊગતા સૂર્યની જેમ મને તો અસ્તાચળે વિરમતું સૂર્યબિંબ જોવું પણ ગમે છે, જેમકે આબુના સનસેટ પોઈન્ટ ઉપરથી–'

'લખો છો કે શું?'

'ના રે!'

'ચિતરો છો?'

'ચિત્રકાર થવું હતું પણ એ સ્વપ્ન તો કયારનું યે આટોપી લીધું. પરંતુ આપ?–'

ઓળખાણ આપી.

'ઓહ! તો તો મેં આપને રવિભાઈને ત્યાં જોયા હશે... રવિભાઈ–રવિશંકર રાવળ...' મેં સાશ્ચર્ય જણાવ્યું.

આ અમારો પ્રથમ પરિચય.

તે પછી તો પંચગીનીમાં પાંચસાત વાર મળ્યા હોઈશું. ત્યારે હું લખતો નહતો... એટલે કે લેખક બન્યો નહતો. ક્યારેક માત્ર-નિષ્ફળ લેખક જેમ વિવેચક બને તેવીજ રીતે લગભગ નિષ્ફળ ચિત્રકાર હું ચિત્રકલાવિવેચક રૂપે ક્યારેક અમદાવાદ - મુંબઈના કોઈ કોઈ સામાયિકોમાં કલકત્તાના ચિત્રપ્રદર્શનોના રિવ્યુ લખતો.

મુ. પરમાનંદભાઈનો એ પણ મનગમતો વિષય. એમની કલાકાર પુત્રીની વાત કરી. મુંબઈ જવાનું થયું ત્યારે એમને ઘેર આમંત્ર્યો, શાંતિનિકેતન ને કવિગુરુને યાદ કરીને 'રોદનભરા એ વસન્ત' ગીતને સંભાર્યું.

કેટલી બધી બાબતોમાં એમને રસ છે એનો પરિચય તો પછી ધીરે ધીરે વધતો ચાલ્યો. ગીતાબહેન અને સૂર્યકાન્ત એ એક વધારાની સાંકળ. '૪૨ ની લડતના દિવસોમાં સૂર્યકાન્ત પરીખ સાથે સંબંધ થયેલો. ગીતાબહેનના કાવ્યો કુમારમાં વાંચવાનું બનતું. બચુભાઈ રાવત સાથે પણ એક વાર પરમાનંદભાઈને ત્યાં ગીતાબહેનની બીમારી વેળા નાની સરખી કાવ્યસાહિત્યની ગોઠડી બેસી ગયેલી. નિખાલસ અભિપ્રાય ઉચ્ચારતા પરમાનંદભાઈ ક્યારેય આનાકાની ન અનુભવે. અને જ્ઞાનપ્રાપ્તિની પિપાસા પણ અજબ! 'હેવી નાના પાસથી પણ ચાતુરીની વારતા' એટલી હદે એ ખુલ્લાં મનનાં વડીલ હતા.

કલકત્તામાં પણ મળવાનું ઘણી વાર બન્યું છે. કલકત્તા આવ્યા હોય તે જ દિવસે સંદેશો મોકલાવે, 'હું આવ્યો છું, ક્યારે મળીશું?' અને બેએક કલાકની બેઠક તો જામીજ જાય. ચિત્રકલા, નાટક, સાહિત્ય લેખન ઉપરાંત સામાજિક પરિસ્થિતિ અને બંગાળના જાતજાતના આંદોલનોની વિગતો જાણવામાં-ચર્ચવામાં-પણ એમને કેટલો રસ છે એનો અંદાજ એમની કલકત્તાની છેલ્લી મુલાકાત વેળા થયો.

મારી પાસેથી વચન લીધું, 'આ વેળા મુંબઈ આવો ત્યારે ચોક્કસ ઘેર આવો જ હવે. આ વડીલને એવોઈડ કરો તે ન ચાલે...' ને મેં ખાતરી આપી. મનમાં વસવસો હતો જ, પરમાનંદભાઈ જેટલું વાત્સલ્ય પીરસે છે, તેનો હું પૂરતો પડઘો નથી પાડતો.

છેલ્લા ડીસેંબરમાં મુંબઈ હતો. સમયની ઠીક ઠીક મારામારી હતી. મારા મિત્ર મહેન્દ્ર ભગત સાથે-દસ મિનિટ માટે પણ એમને મળી આવું એવા ભાવથી-બાબુલનાથ પહોંચ્યો. દસ મિનિટને બદલે ખાસ્સો સમય ગાળ્યો, જાતેજ રોજ ઈંજેક્શન લેતા હોય, તે સમયે પણ એ નિત્યનિયમ પતાવતા હતા, ને વાતો કરતા જતા હતા. મહેન્દ્ર તો એમના પરિવારના બીજા સભ્યોથી પણ પરિચિત. ત્રણેએ ક્યાંય સુધી ગપસપ મારી.

'હવેથી જ્યારે મુંબઈ આવો ત્યારે શિવકુમાર, દસ મિનિટ માટે પણ ઘેર આવવાનું રાખજો. તમારી સાથે વાતો કરવી ગમે છે...'

એમની એવી લાગણીનો જવાબ મેં ખાતરીપૂર્વક આપ્યો ને અમે છુટા પડ્યા.

હવે?

'કેસૂડા' ના એક અંકમાં પરમાનંદભાઈનો એક નિબંધ અમે પ્રગટ કર્યો હતો, 'ઉનાળાની મધુરતા!' એવા આનંદની વાત પરમાનંદભાઈ જેવા સર્વગુણગ્રાહી જ લખી શકે. એમનું મને સૌથી મોટું સ્મરણ કદાચ આ જ રહેશે. પરમાનંદભાઈ ગુણગ્રાહી હતા. નાનો સરખો પણ 'ગુણ' એ ખૂણે ખાંચરે જુએ તો એને આત્મસાત કરી જ લે... એમનો એવો વારસો આપણે જાળવી શકીશું?

**શિવકુમાર જોષી**

# સતત જાગૃત પરમાનંદભાઈ

જાણે કે હું કોઈ ખીણમાં ધકેલાઈ ગયો ન હોઉં, વીજળીની બત્તીઓ ઘરની અને રસ્તાની ઓચીંતી બંધ થઈ ગઈ ન હોય, એવી લાગણી અનુભવી, જ્યારે મેં આપણા સદા હસતા ચહેરાવાળા અને સાથીના હાથને વ્હાલના ઉમળકાથી દબાવનાર પરમાનંદ કુંવરજી કાપડિયાના અવસાનના સમાચાર એકાએક સાંભળ્યા.

સ્વ. પરમાનંદભાઈ સ્વતંત્ર વિચારક હોઈને પોતાની કલમ કોઈની શેહ નીચે ન આવતાં ચલાવતા રહેતા; પ્રગતિશીલ તો હતા જ પણ પ્રેમભરી ટીકાઓ સમાજહિતાર્થે કરતા રહેતા એવા એક નિર્ભય પત્રકાર હતા.

રત્ન-પારખુ હતા એટલું જ નહિ પણ સમાજની સર્વ પ્રવૃત્તિઓમાં-રાજનીતિ, કેળવણી, સમાજશાસ્ત્ર, ધર્મનીતિ, અર્થશાસ્ત્ર-વગેરેમાં ઊંડો રસ ધરાવતા હતા અને તેમાં ઊંડાં ઉતરતા હતા. લલિતકલાઓના ઉપાસક તરીકે પણ મેં તેમને જોયાજાણ્યા છે.

આવા સ્નેહી મોટાભાઈ સમા અમને છોડી ગયા એની ખોટ અમને તો સાલશે જ પણ સમાજ એમની ખોટ કેમ પૂરી કરશે? એમણે એક ત્યાગી ગૃહસ્થી તરીકે પોતાનું અનુકરણીય જીવન વીતાવ્યું, સુગંધ વેરી ગયા છે. એ પમરાટ સૌનો ઉત્સાહ–આનંદ વધારો; એમણે પ્રબુદ્ધ જીવનવાટ પકડી તે ચીલે ચાલવા પ્રયત્ન કરીને જ એમને સાચી શ્રદ્ધાંજલિ આપીએ, પ્રભુએ તો એમને પોતાના શરણમાં લઈ જ લીધા છે.

જયપુર **ગોકળભાઈ દોલતરામ ભટ્ટ**

# શ્રેયાર્થીની સાધના

"કેટલો શક્તિસંપન્ન આત્મા! અને તેમ છતાં કેટલી બધી લાઘવતા! કેટલી વિદ્વત્તા અને સાહિત્યસમૃદ્ધિ! અને છતાં આજીવન વિદ્યાર્થી!...એ સદાનો સંશોધક! કેટલી મોટી એની જીવનસાધના...!" ૧૯૪૭માં લોકશાયર મેઘાણીને પૂ. પરમાનંદભાઈએ આપેલી આ અંજલિ એમને પોતાને જ કેવી અક્ષરશ: લાગુ પડે છે.

પરમાનંદભાઈનું જીવન એટલે એક શ્રેયાર્થીની સાધના! એમણે ગાંધીજીના સત્યાગ્રહીની કલ્પનાને સાકાર કરી બતાવી, ભગવાન મહાવીરની અહિંસાને મૂર્તિમંત કરી બતાવી! ગાંધીજીની માફક એમની અહિંસા પણ હિંસા કે દ્વેષના અભાવ પૂરતી જ સીમિત ન રહેતાં, નાના મોટા સૌ માટેનાં પારાવાર પ્રેમમાં વ્યકત થતી. આથી જ તેઓ અજાતશત્રુ હતા એટલું જ નહિ પણ આબાલવૃદ્ધ સૌના પરમ મિત્ર અને પ્રિય સ્વજન સમા પણ હતા.

પરમાનંદભાઈમાં સાચા વૈષ્ણવના ઘણા ગુણોનો સમન્વય સધાયો હતો. એ બીજાનાં સુખમાં રાચતા અને દુ:ખમાં સહભાગી બનતા. એમને નહોતી કીર્તિની લાલસા કે નહોતો કોઈ પદવીનો મોહ. સંસારમાં રહેવા છતાં એ સંન્યાસી સમા હતા. વ્યવહારપટુ હોવા છતાં વૈરાગી હતા. એમને ખેવના હોય તો એકજ હતી. બીજાઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડી એમને જીવનમાં આગળ લાવવાની! ઝવેરાતનો ધંધો એમણે કરીને છોડી દીધેલો પણ એનો પારખ લાગ્યો હોવાથી એ સાચા ઝવેરીની માફક છૂપાં રત્નોને શોધી એમનું ખરું મૂલ્ય આંકવામાં અનેરો આનંદ અનુભવતા.

એમની જ્ઞાનપિપાસા અત્યંત તીવ્ર, અખંડ અને આણબુઝ. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ ચર્ચાવ્યાખ્યાનો દ્વારા જ્ઞાનામૃતનું પાન કરતા રહ્યા, પ્રશંસકો અને મિત્રોને કરાવતા રહ્યા.

ગાંધીજીએ કહ્યું હતું કે પત્રકારત્વનો એકમાત્ર ઉદ્દેશ સત્યની શોધ અને સેવાનો હોવો જોઈએ. પત્રકાર તરીકેની એમની લાંબી કારકીર્દિ દરમ્યાન પરમાનંદભાઈએ બાપુની આ ઈચ્છાને ચરિતાર્થ કરી. જીવનનાં બધાં જ પાસાંઓને સ્પર્શતા એવા 'પ્રબુદ્ધ જીવન' દ્વારા એમણે સમાજને પ્રગતિપંથે દોરવાનો પ્રાણવાન પ્રયત્ન કર્યો, સાચો લોકમત કેળવી લોકશાહીના ચોકીદાર બન્યા, ભૂલાતાં નૈતિક મૂલ્યોની પુન: પ્રતિષ્ઠા કરવાનો પરમ પુરુષાર્થ આદર્યો.

નિખાલસતા, નિરાભિમાનતા, ચિરપ્રસન્નતા અને ગુણગ્રાહિતા, વિનમ્રતા અને ભારોભાર સૌજન્ય જેવા પરમાનંદભાઈના અનેક ગુણોનું સ્મરણ થાય ત્યારે સહજ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે 'શું ભૂલું? શું યાદ કરું હું?'

પ્રસંગો તો અનેક યાદ આવે છે, પણ ફકત એકજ નાનકડા પ્રસંગનો ઉલ્લેખ કરું. 'પ્રબુદ્ધ જીવન' માટે હું કંઈક લખતી રહું એવી પરમાનંદભાઈની પ્રબળ ઈચ્છા. અવારનવાર લેખ માંગ્યા કરે, હું ટાળ્યા કરું-(જેનું આજે મને અનહદ દુ:ખ છે) એક વખત મેં કંઈક લખ્યું. એમને ખબર કરી. પૂછ્યું "ભાઈ, લેખ તૈયાર છે, ક્યારે આવીને આપી જાઉં? "એમણે એમની લાક્ષણિક ઢબે તરતજ જવાબ આપ્યો. "તમારે આવી નબળી તબિયતે કંઈ અહીં આવવું નથી. હું જ તમારે ઘેર આવીને લઈ જઈશ." હું વધુ કંઈ કહું એ પહેલાં ટેલિફોન બંધ કર્યો. અને હું પાછો જોઉં એ પહેલાં પોતેજ લેખ લેવા માટે હાજર થઈ ગયા. હું કહેવા જતી હતી "આ તો મારે શરમાવા જેવું થયું" પણ હું મારી લાગણીઓને વાચા આપું એ પહેલાં જ પરમાનંદભાઈ બોલ્યા, "જરાયે સંકોચ ન કરશો. મારે તો રસ્તામાં રસ્તો હતો અને વળી મારી તબિયત કેવી સરસ!"

વિધિની કેવી વિચિત્રતા કે સારી તબિયતવાળા ચાલ્યા ગયા અને નબળી તબિયતવાળા હતા ત્યાં ને ત્યાંજ!

સૌ એમના આત્માની ચિરશાંતિ માટે પ્રાર્થના કરે ત્યારે મને સરોજિનીદેવીએ બાપુજીને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું એ યાદ આવે છે "હે પિતા, તમે શાંતિમાં નહિ, અશાંતિમાંજ રહેજો કે જેથી અમે અમારો માર્ગ ન ચૂકીએ." આપણે પણ કહીએ કે પરમપ્રિય પરમાનંદભાઈ, તમે જેમ જીવનમાં કદિ કદિ યે જંપીને બેઠા નથી સદા જાગૃત અને ચેતનવંતા રહ્યા છો. એમ હવે પછી પણ ક્રાંતિ અને પ્રગતિનો ડંકો વગાડતા રહેજો કે જેથી તમે ચીંધેલી સમૂળી ક્રાન્તિ માટેના નવસમાજની રચના માટેના અમારા પ્રયત્નોમાં કયાંયે કચાશ કે ઊણપ ન રહેવા પામે.'

ઉષા મહેતા

# સ્મરણધન

ભાઈના પરિચયની પછીતે ચિનુભાઈ પટવાનાં સંસ્મરણો પણ તાજાં થાય છે. સુરતમાં અમે ચિનુભાઈના કુટુંબ ભેગાં પોંક ખાવા ગયા હતા ત્યારે ભાઈ પણ હતા. એ વાતને વર્ષો થઈ ગયાં. પછી તો ભાઈના મુંબઈના ઘરે પણ એમને મળવાનું થતું. એક વાર પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મારો ય વાર્તાલાપ એમણે ગોઠવેલો. ધીમે ધીમે એમનાં અને અમારાં સંબંધો ઔપચારિકતાની પાળ વટાવીને અંતરંગના થતાં ગયાં.

સામાજિક કાર્યકર તરીકેની તેમની સુવાસનો મેં પ્રત્યક્ષ પરિચય કરેલો. કોઈ પણ સામાજિક પ્રશ્નને ઊંડેથી, સહાનુભૂતિપૂર્વક સમજવાની એમની તીવ્ર ઉત્કટતાનો મને જાતઅનુભવ છે. સામાજિક અન્યાયને નિષ્પક્ષતાથી અને ઝીણવટથી, પણ અંગત કટુતા વિના, નિહાળવાની એમની સૂઝનો મેં જાત અનુભવ કર્યો છે. અન્યાય પ્રત્યે વેર બાંધવા છતાં અન્યાયકર્તા સામે દ્વેષ નહિ રાખવાની વૃત્તિની ગાંધીદૃષ્ટિ ગાંધીજી જેટલી જ આરતથી એમણે કેળવેલી એવું મને એમની સાથેના પરિચય અને અનેક મુલાકાતમાં લાગેલું.

માનવહિતનું કાર્ય કરનારાઓ માનવી પ્રત્યે વેરભાવ કેળવે છે અને એટલાં પ્રમાણમાં એમના હિતકાર્યમાં લગન અને સચ્ચાઈનો રણકો બુઠ્ઠો થઈ જાય છે એવો અનુભવ આપણને ઘણી વાર થાય છે. સામાજિક હિતકારી અહિતને તુચ્છ ગણવાને બદલે અહિતકારીઓને હિચકારા ગણે છે અને પછી ન્યાયાધીશનું કાર્ય પોતાના હાથમાં લઈ અન્યાય મીટાવવાને બદલે અન્યાય કરનારાઓને મિટાવવાનું બીડું ઝડપે છે. એમાં ન્યાય અન્યાયની તુલનામાં જે આવાં ન્યાયાધિકારીઓ ગોથું ખાય ત્યારે તો પૂરો દાટ વળે છે. આવાં સામાજિક કાર્યકર્તાઓ વ્યકિતઓને દંડતા થઈ જાય છે અને નિર્દોષોનો ખોડો વળે છે. સામાન્યપણે સામાજિક કાર્યકરોમાં ન્યાય અન્યાયની તુલનાશકિત વ્યવસાયી ન્યાયાધિશો જેટલી કેળવાયેલી હોતી નથી મને વ્યવસાયી તાલીમને અભાવે લેવાયેલા નિર્ણયોથી થતા અન્યાયના નુકસાનને ખાળવાની એમનામાં સૂઝ, કે વૃત્તિ પણ, હોતી નથી.

આમ સમાજસેવાની પીછોડી ધારણ કરનારાંઓ કેટલાંય એમની સેવા આગળના 'કુ' અક્ષરને અધ્યાહાર રાખતા થઈ જાય છે.

આવાં 'હિતેચ્છુઓ' ની બહુમતીમાં ભાઈ અલ્પસંખ્યક જમાતના. ફાયદાકારક પણ ખોટી વાત સારી રીતે કહી કે લખી શકનાર અનેકની વચ્ચે સાચી વાત નીડરતાથી અને સચોટતાથી આલેખી શકનાર તરીકે ભાઈએ એક અનોખું સ્થાન જમાવેલું. સામાજિક અને રાજકીય, ધાર્મિક અને સંસ્થાકિય બધાં પ્રશ્નો પર એ વિચારીને જે સચોટતાથી વિવરણ ને વિશ્લેષણ કરી શકતા તેવું કેટલા ઓછા કરે છે?

ભાઈ જેવાં આપણી કને અનેક વિચારક, લેખક, સુધારક અને વિવેચક હોત તો? પણ વિરડી પ્રત્યેનું આપણું વહાલ પણ આપણે સહરામાં હોઈએ તો જ છતું થાય ને?

ભાઈની પિછાન એ મારું કિંમતી સ્મરણધન છે.

ઉષા મહેતા

# જૈનસમાજનું પત્રકારિત્વ સૂનું પડયું

શનિવારે શ્રી પરમાનંદભાઈના અણધાર્યા સ્વર્ગવાસના સમાચાર જાણી હૃદયને ખરેખર ચોંટ લાગી હતી; કારણ કે તેમની સાથે એ પ્રકારની ગાઢ મૈત્રીનો મારે સંબંધ હતો.

પરમાનંદભાઈના જવાથી જૈન સમાજનું પત્રકારિત્વ એક રીતે કહીએ તો સૂનું પડયું છે. એક સાચુલા પત્રકાર તરીકે તેમણે દાખવેલી સતત જાગૃતિએ, સાચું કહીએ તો, સમાજને કુંભકર્ણની નિદ્રાનો ત્યાગ કરીને જાગૃત કરવા માટે અહોનિશ મથામણ કરી હતી અને કેટલેક અંશે તે કાર્યમાં તેઓ સફળતાને વર્યા હતા.

જૈનસમાજને જાગૃત કરવા મથામણ કરનારા ભૂતકાળના પત્રકારોને યાદ કરીએ છીએ ત્યારે બે નામ મોખરે તરી આવે છે. બીજા થોડા પત્રકારોનો ઉલ્લેખ જરૂર કરી શકાય, પરન્તુ મોખરે તરી આવતા એ બેની તોલે તેઓ ભાગ્યેજ આવી શકે એ હકીકત છે. તેમાનાં એક એટલે "જૈનહિતેષી" ના સંપાદક સદ્‌ગત નાથુરામજી પ્રેમી અને બીજા એટલે 'જૈન હિતેચ્છુ'ના મુખ્ય લેખક સદ્‌ગત વા. મો. શાહ. એ બન્ને પત્રકારોએ ઉગ્રતાભરી શૈલીને અપનાવીને તથા ઓરણ પર હથોડો પડે અને તણખા ઝરે એવા ક્રાન્તિભર્યા શબ્દોના પ્રયોગો કરી કરીને સમાજમાં જાગૃતિનું સિચન કરવાના તનતોડ પ્રયત્નો જીવનભર ચાલુ રાખ્યા હતા. પરન્તુ એ ક્રાન્તિભરી વિચારણાને પચાવી શકે એવી ભૂમિકાને એ સમયે સમાજ સ્પર્શી શકયો નહોતો તેથી એ પત્રકારોને વિરોધનો સામનો કરવામાં જ ઈતિકર્તવ્યતા માનવી પડી હતી અને સમાજે મન મનાવ્યું હતું કે એમના પ્રયત્નો સફળતાને વર્યા નહોતા. પરન્તુ કોઈ વસ્તુ નિરર્થક જતી જ નથી એવો કુદરતનો અટલ નિયમ છે એ ભૂલી જવા જેવું નથી.

એ પુરોગામી પત્રકારોના પ્રયત્નોમાંથી પ્રેરણાનો સારો સરખો સ્રોત પરમાનંદભાઈને મળવા પામ્યો હતો. મૂળે તો શરૂઆતની કારકિર્દી દરમિયાન ઉદારમતવાદના સિદ્ધાન્તને અપનાવનારા આપણા પરમાનંદભાઈએ છેલ્લા ત્રણ દશકા દરમિયાન ઉપરોકત બન્ને પત્રકારોની ઉગ્રતાભરી ઉદ્દામ વિચાર શૈલીને સ્પર્શી લીધી અને ઉદારમતવાદના અંચળાને અળગો કરી દીધો હતો એમ તેમનાં સમયે સમયે લખાયેલાં લખાણો કહી રહ્યાં છે. એ માર્ગ જ એવો છે કે સમાજમાં અળખામણા થવાનું નિવારી ન શકાય. પરંતુ કોઈ પણ સંજોગોમાં સમાજોત્થાનના પ્રયત્નોમાં તેમણે થોડી પણ આંચ આવવા દીધી નહોતી અને પોતે નક્કી કરી રાખેલાં ધ્યેયને પહોંચવા માટે તનતોડ પ્રયત્નો કરતાં કરતાં જ આજે તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયા છે.

સાચી વાત તો એટલી જ છે કે પરમાનંદભાઈએ હવે આપણી વિદાય લીધી છે એટલે તેમનાં અધૂરાં રહેલાં કાર્યને અપનાવી લઈને તેમના સહકાર્યકરોએ અને સંખ્યાબંધ મિત્રોએ એ કાર્યને આગળ ધપાવવા માટે કટિબદ્ધ થવાની જરૂર છે. યાદ રાખવા જેવું એટલું જ છે કે એમણે આદરેલું અને અધૂરું રહેવા પામેલું એ કાર્ય ચીલો ચાતરી ન જાય એ જોવાની ફરજ આપણા સહુની બની રહે છે. હૃદયને ચોંટ લાગી હોય ત્યારે એથી વિશેષ લખવાનું સૂઝતું નથી. પણ એટલું તો કહી જ લઉં કે અધૂરાં રહેલાં એમનાં કાર્યને આગળ ધપાવવામાં જ સદ્‌ગતને સાચી અંજલિ આપાઈ રહેશે એ નિર્વિવાદ છે.

**ત્રિભુવન વી. હેમાણી**

# જૈનધર્મના માર્ટિન લ્યુથર

કેટલાંય વરસોનો સંબંધ અને એમાંય છેલ્લા ત્રણેક વરસથી અમારા સંબંધમાં આત્મીય નિકટતા આવી ગઈ હતી.

મહાવીર વિદ્યાલયમાં ભણતો હતો ત્યારે પરમાનંદભાઈને નજરે જોવાનો પ્રસંગ સાંપડયો હતો. અને તે વેળા મેં જે ધન્યતા અનુભવેલી તે આજ પાંત્રીસ વરસ પછી પણ અનુભવી શકું છું. તે વેળા જૈન સમાજમાં સુધારાનો જબ્બર જુવાળ આવ્યો હતો. અમે ઈતિહાસમાં વાંચતા ખ્રિસ્તી ધર્મના સુધારાની ચળવળ અંગે, વળી માર્ટિન લ્યૂથરનું નામ વાંચતા તરત જ અમારું મન તે વેળા પણ બોલી ઊઠતું કે પરમાનંદભાઈ તો જૈન ધર્મના માર્ટિન લ્યુથર છે, અને જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે પરમાનંદભાઈ કોઈ એક વાડાબંધીના સુધારક નહીં પરંતુ સમગ્ર વિચારપદ્ધતિને તર્કશુદ્ધ ઓપ આપનાર સમાજના ઘડવૈયા છે. કોઈની ય શેહશરમમાં તણાયા સિવાય પોતાને જે સાચું લાગ્યું તે સ્પષ્ટ રીતે વિચાર, વાણી કે વર્તનમાં કોઈપણ પ્રકારના દ્વૈષભાવ રાખ્યા સિવાય તેમણે કહ્યું જ અને તેથી જ દેશભરના કેટલાય જૈન જૈનેતરોને એ સતત આકર્ષી રહ્યા.

હમણાં એકાદ મહિના પહેલા અમદાવાદ આવેલા. અહીં આવે એટલે સમાચાર આપે જ. અને અમે એમને જ્યાં હોય ત્યાં મળવા જઈએ એના કરતાં અમને જ અમારા ઘેર એ મળવા આવે તેવો તેમનો આગ્રહ અને મળવાનું ય કેવું? કોઈ ધર્માદા હોસ્પિટલમાં દાકતર અથવા ઘણીવાર તો કંપાઉન્ડર જ નામ બોલતો જાય અને દર્દીની વાત સાંભળે ન સાંભળે ત્યાં તો શીશી ભરી દવા આપીને દર્દીને રવાના કરે તેમ નહીં, ઠીક ઠીક નિરાંત લઈને આવે. પહેલાંથી જણાવી દે. એમનો બોધ વહ્યા જ કરે. અને ખૂબી તો એવી કે બોલવા તમને દે અને આખ્યા એ કરે. જેટલો સમય બેસે તેમાં જીવન ઝર્યું ઝર્યું કરી મૂકે. અને જાય ત્યારે કાંઈક શૂન્યતા અનુભવવા લાગીએ. પણ એ તો ઘડીકનો સંગાથ અને ઘડીકનો વિયોગ. હવે...?

હવે પરમાનંદભાઈ ગયા. આપણને ઉપલબ્ધ અધુરા જ્ઞાનથી જોઈએ તો સદાને માટે ગયા. પણ એમ જોવા જઈએ તો અનંતકાળ માટે તો આ પણ ઘડીકનો સંગાથ અને ઘડીકનો વિયોગ જ ને?

**ચીનુભાઈ ગી. શાહ**

# શ્રેષ્ઠ ચિન્તક પુરુષ

મારી માન્યતા પ્રમાણે શ્રી પરમાનંદભાઈની વિચારધારા મહદ્ અંશે શ્રી કિશોરલાલ મશરૂવાળાની વિચારપદ્ધતિ સાથે મળતી આવે છે. પોતાની બુદ્ધિને સમજાય તે જ સત્ય [પોતાનું સત્ય] એવી માન્યતા શ્રી પરમાનંદભાઈની હતી તેમ મને લાગે છે. માનવમનમાં સત્ય હંમેશાં સાપેક્ષ થઈ જતાં તે મર્યાદિત થઈ જાય છે. તેમ જાણવા છતાં, માનવમનથી સત્ય પકડવાની આધુનિક પાશ્ચાત્ય વિચારસરણી આપણા દેશમાં કામ કરી રહી છે તેના તે પ્રબળ પુરસ્કર્તા હતા. પરંતુ આર્ય અને જૈન તેમજ બુદ્ધધર્મની ખાસ વિશિષ્ટતા તો મનથી પર ભૂમિકા ઉપર પહોંચી, પરતત્ત્વને જાણવાની જે દૃષ્ટિ છે તે ભૂમિકા ઉપર શ્રી પરમાનંદભાઈનો પહોંચવાનો પુરુષાર્થ ન હતો. તે "મારે એક ડગલું બસ થાય" તેમાં માનનારા હતા. છતાં શ્રી વિમલા ઠકાર તેમજ શ્રી વિનોબા જેવા અને-રહસ્યવાદમાં માનનારા તરફ હંમેશાં જિજ્ઞાસાભાવે જોતા અને તેમાં રહેલાં સત્યને સન્માનવા તત્પર રહેતા. જૈન પર્યુષણ વ્યાખ્યાનમાળાની તેમની દેણ તદ્દન નવા ચીલા રૂપ હતી. જૈન યુવક સંઘની રચના કરી ભવિષ્યની પ્રવૃત્તિનો પાયો એવો દૃઢ કર્યો કે તેમનું જીવંત સ્મારક "જૈન યુવક સંઘ" હવે પછી રહેશે તેમ હું માનું છું. 'પ્રબુદ્ધ જીવન' ને તેમની સમર્થ કલમની ખોટ હંમેશને માટે પડી છે, પરંતુ તેઓશ્રી તેમના જીવનમાં બુદ્ધિશાળી ચિન્તકોની એવી મજબૂત ટીમ ઊભી કરી ગયા છે કે તેમનું કાર્ય ઘણા લાંબા કાળ સુધી ચાલુ રહેશે તેવી મને શ્રદ્ધા છે.

આ શ્રેષ્ઠ ચિન્તક પુરુષને નમ્ર ભાવભરી અંજલિ આપી, શ્રી પરમાનંદભાઈનું તર્પણ કર્યાનો ભાવ અનુભવી મારી જાતને કૃતાર્થ માનું છું

**શાન્તિલાલ. કે. મહેતા, ભાવનગર**

# 'પ્રબુદ્ધ જીવન'ને તેમણે ઘડયું અને 'પ્રબુદ્ધ જીવને' તેમને ઘડયાં

સૌરાષ્ટ્ર ટ્રસ્ટે એક ગુજરાતી માસિક શ્રી પરમાનંદભાઈના તંત્રીપદે શરૂ કર્યું હતું અને હું "નૂતન ગૂજરાત" દૈનિકનો તંત્રી હતો. અમારી બન્નેની કેબિનો જોડાજોડ હતી. એવો ભાગ્યે જ કોઈ દિવસ વીત્યો હશે, એ છ મહિનાના ગાળામાં, જ્યારે મેં એમની કેબિનમાં અથવા એમણે મારી કેબિનમાં એકાદ કલાક ન ગાળ્યો હોય. એમની બાલ-સરલ અને મધુર સુજનતાનો પહેલો પરિચય મને આ ગાળામાં થયો. 'પોઝ'-આડંબર-એમનામાં મુદ્દલ ન હતો. સમાજ પાસે પોતાની અમુક બાજુ છતી કરવી અને અમુક આચ્છાદિત રાખવી એ એમના સ્વભાવમાં જ ન હતું. દૈનિકોના તંત્રીઓ રોજેરોજ કોલમોના કોલમો કેવી રીતે ઘસડી કાઢતા હશે એ બાબત એ ખૂબ આશ્ચર્ય અનુભવતા. "મારાથી તો પખવાડિયે કે મહિને એકાદો લેખ માંડ લખાય, મને વિચાર કરવા માટે ખૂબ સમય જોઈએ," એમ તેઓ કહેતાં.

પરમાનંદભાઈ લેખન-પ્રધાન નહિ, પણ વિચારપ્રધાન હતા. કોલમના માપથી નહિ, પણ વિચારના માપથી તેઓ લખતા. પ્રબુદ્ધ જીવન પખવાડિક, આ કારણે, તેમને સર્વથા અનુકૂળ માધ્યમ હતું. પ્રબુદ્ધ જીવનને તેમણે ઘડયું અને પ્રબુદ્ધ જીવને તેમને ઘડયા.

પણ વિચાર અને લેખન એ બે કરતાં ય વધુ રસ પરમાનંદ-ભાઈને જીવનમાં હતો. બાળક જેમ નવાં નવાં રમકડાંથી ધરાય નહિ, તેમ પરમાનંદભાઈ નવા નવા સંબંધોથી ધરાય નહિ. અને એમને પોતાને નિસ્બત હતી ત્યાંસુધી એ બધા જ સંબંધો નિખાલસ હૃદયના, માનવતાની કણી પણ જ્યાં જુએ ત્યાં ઓળઘોળ થઈ જાય. એ પરમાણુને પર્વત કરીને બિરદાવે ત્યારે જ તેમને જંપ વળે. તેમના મૂલ્યાંકનમાં કોઈ વાર ભૂલ પણ થઈ જાય, પણ ભૂલ થઈ એવું લાગતાં વેંત તરત જ જાહેર રીતે સુધારી લે. તેમની એ ભૂલની પાછળ પણ મધુર માનવતા સિવાય બીજું કશું જ નહિ.

જીવનપ્રેમે પરમાનંદભાઈને જીવનના સંશોધક બનાવ્યા હતા. સંશોધન માટે જોઈતી સદા જાગૃત કુશાગ્ર બુદ્ધિ ભલે તેમનામાં જોઈએ તેટલી ન હોય, પણ રાગદ્વેષ-રાહિત્ય અને તાટસ્થ્ય તો પૂરેપૂરાં. નિર્ણય ન કરી શકે ત્યાં શંકાનો લાભ (benefit of doubt) સામાને જ આપે.

પણ આ 'સામો' શબ્દ વાપરું છું કે તરત જ થાય છે કે એ શબ્દ પરમાનંદભાઈના સંદર્ભમાં બંધબેસતો નથી. સ્પર્ધાના જગતના પરમાનંદભાઈ રહેવાસી જ નહિ. મુદિતા અને કરુણાના જ તેઓ ઉપાસક. જરૂર પડે ત્યાં તિતિક્ષા પણ આચરી જાણે, પણ પોતે અને પોતાના મતના વિ. બીજા-એવી બે સામસામી છાવણીમાં જગતને કદી ન વહેંચે. વિશ્વામિત્ર બનવાની સંપૂર્ણ શકયતા તેમનામાં હતી.

પત્રકારિત્વના રજોગુણપ્રધાન ક્ષેત્રને સત્ત્વના વિકાસ અર્થે પ્રયોજવામાં પરમાનંદભાઈ ગાંધીજીની પંગતના હતા એમ નિઃસંકોચ કહી શકાય.

**કરસનદાસ માણેક**

# એ ભવ્યાત્મા....!

શાસ્ત્રકારોએ સંસારને સ્વપ્નસમો કહ્યો છે તે ખૂબ જ યથાર્થ છે. ખરેખર સંસારનું સ્વરૂપ ભારે વિચિત્ર છે. માનવીનું સ્વપ્ન કંઈક સોહામણું બને ત્યાં સ્વપ્ન વેરવિખેર થઈ જાય છે અથવા માનવી પોતે જ વેરાઈ જતો હોય છે.

આવા વિચિત્ર સંસારમાં હંમેશ અસંખ્ય જન્મ-મરણ થતાં રહે છે, પરંતુ કેટલાક ભવ્યાત્માઓ જન્મીને જીવતર ઉજાળે છે અને મરીને પણ જીવી જાણે છે.

ઘણાં મૃત્યુ એવાં હોય છે કે જેને કોઈ યાદ પણ કરતું નથી, ઘણાં મૃત્યુ એવાં હોય છે કે જેને તેનો નાનકડો પરિવાર સંભારે છે ને સમય જતાં વિસરી જાય છે.

થોડા જ દિવસ પહેલાં આકાશવાણીના સમાચારદર્શનમાં સમાચાર સાંભળ્યા કે શ્રી પરમાનંદભાઈનું મૃત્યુ થયું. આઘાત ભર્યું આશ્ચર્ય થયું. કારણ, હજી બે-ચાર દિવસ પહેલાં જ તેઓ રાજ-કોટમાં હતા. મારે ઘેર મળવા આવેલા અને તેઓની દેહસ્ફુર્તિ જોયા પછી કોઈ કલ્પના ન કરી શકે કે આ તેજસ્વી દીવડો કાળના ઝપાટે ચડી જશે!

છેલ્લાં ત્રણેક વર્ષથી તેમની સાથેનો પરિચય ઘણો ગાઢ થયેલો... કારણ કે તેઓને મધુપ્રમેહનો વ્યાધિ હતો અને મારી દવા કરતા હતા. આમ તો ઘણો જુનો સંબંધ...પણ મળવાનું ઓછું બને. મુંબઈનગરી પ્રત્યે મારા હૈયામાં ભારે સૂગ...યંત્રવત્ જીવતર અને નારકીના વર્ણન જેવું સ્વરૂપ. ભાગ્યે જ બે દિવસ કંઈક કામકાજ અંગે રોકાવું પડે...અને શ્રી પરમાનંદભાઈને ઘડિક મળી લઉં. પરંતુ તેઓ રાજકોટ આવે ત્યારે મને ઘણો લાભ મળે. કલાકો સુધી વાતો કરીએ. શ્રી જૈન યુવક સંઘના ઉત્કર્ષ માટે શું કરવું જોઈએ?-તે પ્રશ્ન તેમના હૈયામાં ઘુમતો જ રહેતો. અમારા વિચારો વચ્ચે મતભેદ હોવા છતાં અમારા સંબંધમાં મનભેદને જરાયે સ્થાન નહોતું.

કારણ કે શ્રી પરમાનંદભાઈ ભવ્યાત્મા હતા. ઉદારપ્રાણ હતા. સત્યના આશક હતા. તેઓ ભાંગફોડને ક્રાંતિ નહોતા માનતા...નિર્મા-ણને સાચી ક્રાંતિ કહેતા હતા.

આવા ભવ્યાત્મા આ રીતે એકા એક ઊડી જશે એવી કલ્પના ક્યાંથી આવે!

મૃત્યુ પહેલાં એકાદ સપ્તાહે તેઓ મને મળેલા ત્યારે અમારી વચ્ચે ઘણી ઘણી વાતો થઈ અને વાત વાતમાં તેઓએ મારા માટે એક ફરિયાદ પણ કરી કે..." તમે રજનીશજી સાથે મારું નામ શા માટે જોડયું?"

મેં આશ્ચર્યસહ પ્રશ્ન કર્યો: "ક્યારે?"

"કોઈ અગ્રલેખમાં તમે લખેલું..."

મને યાદ આવ્યું અને મેં કહ્યું: "ઓહ્ એ તો ઘણો સમય થઈ ગયો. પણ મારી ભાવના આપને રજનીશ જેવી ગણવાની નહોતી. આપે રજનીશજીને પ્રબુદ્ધ જીવનમાં વધુપડતું મહત્ત્વ આપેલું એટલે મારે લખવું પડેલું."

તેઓ હસ્યા. હસતાં હસતાં બોલ્યા: "મારા મનમાં કંઈ છે નહિ. રજનીશજીને મહત્ત્વ આપ્યાનું પ્રાયશ્ચિત કરી લીધું છે."

મને આનંદ થયો અને અમે તબિયત અંગેની ચર્ચામાં પડયા. તેમનામાં મધુપ્રમેહ રહ્યો નહોતો...પરંતુ એક નવજવાનને શરમાવે તેવી જીવંત શકિત તેમના હૈયામાં થનગનતી હતી અને કોઈ યોગી સમી સાધના પણ તેમના નયનોમાં ઊભરાતી હતી.

શ્રી પરમાનંદભાઈ ઉત્તરાવસ્થામાં હોવા છતાં તેમની આ

(અનુસંધાન ૩૬ મે પાને)

# સૌજન્યમૂર્તિ સ્વ. પરમાનંદભાઈ

પરમાનંદભાઈના સૌજન્ય અને સંસ્કારસભર જીવનને કારણે તેમના અનેક મિત્રો અને વિશાળ ચાહકવર્ગને તેમના દેહવિલયથી જાણે પોતાનું જ મૃત્યુ થયું હોય તેવો આંચકો લાગ્યો. જ્ઞાનપ્રચાર એ પરમાનંદભાઈના જીવનનું એક મિશન હતું. આ મહાન કાર્ય તેમણે લગાતાર પચાસ વર્ષ સુધી સફળતાપૂર્વક બજાવ્યું. પ્રાચીન પ્રત્યે દઢ આગ્રહ ધરાવનાર સામાન્ય લોકમાનસ પુરાણી બાબતોને જ સોના જેવી મૂલ્યવાન ગણી તેને ચુસ્ત રીતે વળગી રહે છે. નવાં મૂલ્યો ગમે તેટલા આવકારદાયક હોય તોપણ તેમનું રૂઢ માનસ એ સ્વીકારવા તત્પર નથી થતું. પરમાનંદભાઈનો 'પ્રબુદ્ધ જીવન' અને વ્યાખ્યાનમાળા' દ્વારા પ્રગતિશીલ વિચારોની જ્ઞાનગંગા વહાવી. સ્થિતિ-ચુસ્ત લોકમાનસને આંચકા આપવાનું સાહસ કરીને તેમણે પોતાને જે સાચું લાગ્યું તે હંમેશાં નીડરતાપૂર્વક કહ્યું છે. અલબત્ત! તેમની રજૂઆતમાં સંયમપૂર્ણ સૌમ્યતા, ચારુતા અને માનવીય ઉચ્ચતા સદા જળવાઈ રહી છે. વર્તમાન અસ્વસ્થ જીવનમાં સત્યના આવા મહાન ઉપાસકની ચિરવિદાય એ ન પૂરી શકાય તેવી ખોટ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પરમાનંદભાઈએ જે કાર્ય બજાવ્યું, તેનું સંચાલનસૂત્ર આજે સુયોગ્ય વ્યક્તિઓ પાસે છે એ આપણું સદ્‌ભાગ્ય છે. આ સૌ કાર્યકરો પરમાનંદભાઈના કાર્યને યોગ્ય રીતે આગળ ધપાવવા યોજના કરી રહ્યા છે એ આનંદની વાત છે. એમની સ્મૃતિને જીવંત રાખવા કોઈ એવી યોજના હાથ ધરવામાં આવે કે જેથી એમનું કાર્ય સ્થાયી રૂપથી ચાલી શકે.

ગુજરાતી ભાષા દ્વારા પરમાનંદભાઈએ જે જ્ઞાનસ્રોત વહાવ્યો તેનો લાભ અન્ય ભાષા–ભાષીઓને પણ મળે એ હેતુથી એમની સ્મૃતિરૂપે જે સાહિત્યનિર્માણ થાય તે હિન્દીભાષામાં પણ હોય એ ઈચ્છવા જેવું છે. એમના કાર્યોને વેગ આપવામાં જેટલું ધનનું મહત્વ છે, તેટલો જ સૌનો દિલપૂર્વકનો સહકાર પણ આવશ્યક છે. એ પવિત્ર આત્માના અનેક ગુણોનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ આપતા, એમના કાર્યોમાં વેગ લાવવા સૌ પોતાનો ફાળો આપવાનો સંકલ્પ કરે.

જેવું તેમનું જીવન શુદ્ધ, સેવાપરાયણ અને સૌજન્યપૂર્ણ હતું તેવું જ વિરલ તેમનું મૃત્યુ હતું. આવા મૃત્યુને હું 'પંડિત મૃત્યુ' કહીશ. મારા જેવા જીવનને છેડે ઊભેલા માણસો આવા રૂડા મૃત્યુને પામવાની અભિલાષા જરૂર રાખે. એમના અવસાને મને એ શીખવ્યું છે કે મૃત્યુ અનિવાર્ય ઘટના છે; ક્યારે આવશે તે આપણે જાણી શકતા નથી. મારું જીવન શુદ્ધ બને; જે સેવાકાર્ય થઈ શકે તે કરું, પરંતુ દુઃખ કોઈને પણ ન પહોંચાડું. એક મિત્રની અંતિમ અંજલિ વેળાએ આથી વિશેષ શું ઈચ્છવાનું હોય?

એમના કાર્યની જવાબદારી એમના વારસદારો યોગ્ય રીતે સંભાળે એમ મેં કહ્યું. હું એવી જવાબદારી તો ન લઈ શકું પરંતુ જે કાર્યકરો આ કામ સંભાળે તે મારી સેવા જરૂર લઈ શકે છે. યથાશક્તિ સહયોગ આપી શકીશ તો એક મિત્રને સાચી શ્રદ્ધાંજલિ આપ્યાનો મને સંતોષ અને આનંદ થશે. **રિષભદાસ રાંકા.**

# હું એમની પાસેથી શું શીખી?

પૂજ્ય પરમાનંદકાકાના આણધાર્યા અવસાનથી હું અને મારા કુટુંબીજનો ઘેરો શોક અનુભવી રહ્યાં છીએ. આજે આપણી વચ્ચે પરમાનંદકાકા નથી, એ કલ્પના સૌ માટે કષ્ટદાયક થઈ પડી છે. પણ મૃત્યુની કઠોર વાસ્તવિકતા સ્વીકારવી જ રહી.

મારા પિતાશ્રી "જૈન યુવક સંઘ" ના સભ્ય હોવાથી પરમાનંદકાકા સાથે એમનો ઘણો સ્નેહસંબંધ હતો. તેઓ જ્યારે પિતાશ્રીને મળતા ત્યારે કુટુંબની દરેક વ્યક્તિની ખબર-અંતર પૂછતા. એમાંયે ખાસ કરીને મારા અભ્યાસ તથા ઈતર પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈ ઝીણવટભરી પૂછપરછ કરતા તેમ જ એ અંગે પૂ તાનો આનંદ પણ વ્યક્ત કરતા.

શિક્ષિત બહેનોની અને એમાં ય અપંગ બહેનોની પ્રગતિ જોઈ તેઓને ખરેખર ખૂબ ખુશી થતી અને પોતાના અભિનંદન પાઠવવાનું તેઓ ચૂકતા નહિ. મારી જેમ બહેન અરુણા ઝવેરી, સ્વર્ગસ્થ રેખાબેન વગેરે અપંગ બહેનોને તેમની સક્રિય પ્રેરણા પામવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું.

'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેઓએ જે વૈચારિક ક્રાંતિ આદરી હતી, એનો મારા મન ઉપર ઊંડો પ્રભાવ પડ્યો છે. નિયમિત 'પ્રબુદ્ધ જીવન' વાંચવાનું મને સદા આકર્ષણ રહ્યું છે. ધર્મ, સમાજ, માનવ-જીવન, જૈનદર્શન, જૈન સમાજની સમસ્યાઓ, રાજકારણ ઈત્યાદિ વિષયો પરનાં તલસ્પર્શી લેખો તે તે વિષયો પરત્વેનું વાંચવાથી પોતાનું દૃષ્ટિબિંદુ ઘડવામાં મને ઘણી મદદ મળી છે. અમુક એક વિષય ઉપર પ્રગટ થતાં ચર્ચાપત્રો વાંચવાનો મને અનેરો આનંદ આવે છે. કારણ એક વિષય અંગે જુદી જુદી વ્યક્તિઓ શું વિચારે છે એ વિષે એમાંથી ઘણું માર્ગદર્શન મળે છે. સામાન્ય વ્યક્તિઓથી માંડી વિશિષ્ટ વ્યક્તિઓના જીવનચરિત્રો આલેખતી વખતે પરમાનંદકાકા જે જિજ્ઞાસા, સન્માન અને રસ દાખવતા એ ખરેખર એક અનુકરણીય ગુણ છે.

સામી વ્યક્તિઓના વિચારો સ્વીકારવા આગર ન સ્વીકારવાની નિખાલસતા, નીડરતા, નમ્રતા, નવું નવું જાણવાની જિજ્ઞાસા, પ્રગતિશીલતા વગેરે એમના સ્વભાવની લાક્ષણિકતાઓની મારા મન ઉપર ઊંડી છાપ પડી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા એમણે જે જ્ઞાનયજ્ઞ માંડ્યો હતો અને ઉત્તમોત્તમ વક્તાઓને સાંભળવાની જે તક પૂરી પાડી હતી એનાથી મને અણકલ્પ્યો લાભ મળ્યો છે.

'જૈન યુવક સંઘ'ની દરેક પ્રવૃતિમાં તેઓ એટલા બધા તો ઓતપ્રોત થઈ ગયેલા કે 'જૈન યુવક સંઘ' એટલે પરમાનંદકાકા અને 'પરમાનંદકાકા એટલે 'જૈન યુવક સંઘ એવી છાપ ઊઠ્યા વગર રહેતી નહિ.

તેઓ ભલે ધર્મના જડ ક્રિયાકાંડના વિરોધી હતા પરંતુ મારી દૃષ્ટિએ તો તેઓ સાચા અર્થમાં ધાર્મિક, સમ્યકદૃષ્ટા તેમ જ માનવતાવાદી હતા.

અનંતની યાત્રાએ ઊપડી ગયેલા એ આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

**કુ. જ્યોતિ મોહનલાલ પારેખ**

( પાના ૩૫ થી ચાલુ )

સાધના સહુ કોઈને મુગ્ધ કરતી. મને તો તેમનામાંથી પ્રેરણા જ મળ્યા કરતી...કારણ કે તેઓ પ્રેરણામૂર્તિ હતા, દ્રષ્ટા હતા, ઉદાર વિચારધારાનાં સ્વામી હતા અને મહાત્માજીની ભાષાને જીવંત રાખનારા વિચારકસબી હતા.

અમે લગભગ એક કલાક બેઠા. તેઓએ ઉભા થતાં કહ્યું: 'આ શનિવારે તો હું મુંબઈ જવાનો છું...તમે મુંબઈ આવો તો મારે ઘેર જ આવજો અને 'પ્રબુદ્ધ જીવન' માટે કંઈ ને કંઈ લખતાં રહેજો."

મેં એમની આજ્ઞા મસ્તકે ચઢાવી.

તેઓનાં પુત્રી ડૉ. ચારૂશીલા ગાડી લઈને આવ્યાં અને તેઓ વિદાય થયાં.

સ્વપ્ન રચ્યું હતું કે આ વખતે મુંબઈ જાઉં ત્યારે તેમને ત્યાં બે ચાર કલાક ગાળવા!

પણ સંસારીઓની કલ્પનામાં માધુર્ય હોય છે, સુરંગભરી રોનક હોય છે... પણ એ સ્વપ્નની આવરદાનો કાંઈ ભરોસો નથી હોતો.

એમ જ બન્યું.

આકાશવાણીએ ઘણા દુઃખદ સમાચાર આપ્યા.

ઓહ્! એક ભવ્યાત્માએ ચિરવિદાય લીધી...બધા કાર્યો ને આદર્શો એમને એમ મૂકીને ચિરયૌવનનો સ્વામી ચાલ્યો ગયો.

પણ ના ...

એ જીવી રહ્યા છે... એમની સાધના રૂપી કાયામાં તેઓ કદી વિલય પામશે નહિ.

**મોહનલાલ મુ. ધામી.**

# પિતૃહૃદય પરમાનંદભાઈ

શ્રીયુત પરમાનંદભાઈમાં વસ્તુના હાર્દને પકડવાની સૂઝ, ઊંડી વિશ્લેષણબુદ્ધિ અને વસ્તુને અતિશયોક્તિ કે અલ્પોક્તિ વિના મૂલવવાની જે ન્યાયતુલા હતી, સાથે ભિન્ન ભિન્ન ક્ષેત્રે નવું નવું ગ્રહણ કરીને વાચકોને પીરસવાની જે તમન્ના હતી અને એની રજૂઆત કરવાની કલા હતી, એથી 'પ્રબુદ્ધ જીવન' સમયસર ન આવતાં વાચકો એની ઝંખના કર્યા કરતા. આવી એમની બહુમુખી પ્રતિભા હોવાને કારણે એ દેશના અનેક નામી પુરુષોના પરિચયમાં આવતા અને વિવિધ વિષયો પરની ચર્ચા-વિચારણા દ્વારા એમના હૈયામાં ઊંડી છાપ પાડી જતા. મહાદેવભાઈની ડાયરી અને વિનોબાજી સાથેની પ્રશ્નાવલિ આના પુરાવા રૂપ છે. આવા બધા ગુણો અને શક્તિઓ વિશે તો બીજા ભાઈઓ સારો એવો પ્રકાશ પાડશે. પણ જે કારણે હું એમનાથી પ્રભાવિત થયો છું એ તો એમનામાં ધબકતું રહેતું એક પ્રેમાળ પિતા જેવું હૈયું હતું એ છે.

એ હૈયાને કારણે જેમનામાં કંઈક હીર દેખાય એવા ઊકરડે પડેલાઓને હાથ પકડી બેઠા કરવા, નબળાને આર્થિક મદદ આપવી, ઊભા કરવા અને એમના આરોગ્યની ચિંતા કરી બેવારોને સાહિત્યના યા અન્ય સામાજિક સેવાના ક્ષેત્રે ખેંચી—એમના આત્મવિકાસમાં સહાયભૂત થવું એ એમની સહજ પ્રકૃતિ હતી. જે વિષે બીજા કદાચ બહુ ઓછું જાણતા હશે.

૪૫ વર્ષની ઉંમર સુધી મેં કશું લખ્યું નહોતું. લખતાં આવડતું પણ નહોતું. ત્યારે માંડલ જૈન યુવક સંઘના આમંત્રણને વશ બની એમનું અહીં આવવાનું બનેલું અને તેઓશ્રી ત્રણ દિવસ અત્રે રોકાયેલા, ત્યારે ચમત્કાર અને વહેમો વિષે મારા વિચારો રજૂ કરતું નાનકડું લખાણ એમના હાથમાં મૂક્યું. એ વાંચી એ ખૂબ ખુશ થયા ને આવી રીતે મને લખવા માટે પ્રોત્સાહિત કર્યો. ઘણીવાર લેખો પાછા આવે, 'વિશદ વિચારણા નથી'—'રજુઆત બરાબર નથી' કહી ઠપકો આપે. હું નિરાશ થઈ જાઉં તો ફરી પત્રો પર પત્રો લખી ઉત્સાહિત કરે. આમ એમના માર્ગદર્શન અને આપેલા ઉત્સાહથી હું કંઈક લખતાં શીખ્યો અને આજે તો ૯-૧૦ પુસ્તકો પ્રસિદ્ધ પણ કરી ચૂક્યો છું. આથી કહેવું પડે છે કે જો તેમણે મારો હાથ ઝાલી બેઠો ન કર્યો હોત તો આજ પણ હું ગમાર જ રહ્યો હોત. આજે મારામાં જે કંઈ પણ શક્તિ છે એ એમના ઉપકારનું જ ફળ છે. અને એમણે મને કેવળ લેખન માટે જ સહાય નથી કરી પણ મારી આર્થિક સ્થિતિ ત્યારે કફોડી હોઈ આર્થિક મદદો પણ મોકલાવ્યે રાખી છે. એ આશાથી કે લેખક નિશ્ચિંત હોય તો જ એ સારું સર્જન કરી શકે.

વડીલ મુરબ્બી શ્રી મણિલાલ મહોકમચંદ શાહ માંડલ આવેલા ત્યારે પણ એમણે જ ભલામણ કરેલી જેથી એમણે મને ખાનગીમાં બોલાવી રૂા. ૧૫૦ આપ્યા હતા. એકવાર એક લેખ માટે એમણે તાકીદ કરી. પણ મેં જણાવેલું કે એક વિફરેલા ઝનૂની કૂતરો ઊછળીને મને બાઝ્યો હોઈ કરડવાથી હું લોહીલુહાણ થયે । છું તો સ્વસ્થ થયે લેખ મોકલીશ. તો એમણે તરત જ જણાવ્યું કે, લેખની વાત છોડી દઈ પહેલાં અમદાવાદ જઈ ઈન્જેક્શનો લઈ લો., મેં લખ્યું કે 'કૂતરો કોઈ હડકાયો નથી ને મને એવો વહેમ પણ નથી.' તો એમણે તરત જ કડક જવાબ વાળ્યો કે 'કૂતરા પર આપણા ક્રાંતિકારી વિચારોની અસર થતી નથી માટે તરત જ ઈન્જેશનો લેવાનું શરૂ કરી દો. અને ખર્ચ માટે હું રૂા. ૬૦ મોકલી આપું છું. તે ઈન્જેક્શનો લીધા કે નહીં, એનો જવાબ આપો.'

એમનું આવું પિતૃહૃદય જોઈ મેં આગ્રહ મૂકી દીધો ને તરત જ અમદાવાદ જઈ ઘટતી સારવાર લીધી. ઈ. સ. ૧૯૬૦ માં પુના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠે યોજેલી એક ઈનામી હરીફાઈમાં હું ૨૨૭ હરીફોમાં પ્રથમ આવેલો હોઈ મારે મુંબઈ આવવાનું બનેલું ત્યારે શ્રી પરમાનંદભાઈએ મને જૈન યુવક સંઘની ઑફિસમાં આમંત્રણ આપી સંઘના સભ્યો સમક્ષ બોલવા પ્રેરિત કરેલો તેમ જ હું ૧૫-૨૦ દિવસ ત્યાં રોકાયેલો ત્યારે અનેક મહાન વ્યક્તિઓ સાથે મારો પરિચય કરાવેલો જેમાં શ્રી કેદારનાથજી તથા મહાસતી ઉજ્જવલકુમારી મુખ્ય હતાં. આમ વ્યક્તિઓને આગળ ખેંચવાનો એમનો હંમેશાં પ્રયત્ન રહેતો. ભારત - પાકિસ્તાન યુદ્ધ વખતે મારા એક પુસ્તક 'જૈનધર્મ અને માંસાહાર પરિહાર' માટે મારે ફરી મુંબઈ આવવું પડેલું. પણ માંસાહારના પ્રશ્ન અંગે અમારી વચ્ચે મોટો વિસંવાદ ઊભો થયો. એ એમના વિચાર માટે આગ્રહી હતા. હું મારા વિચારો માટે આગ્રહી હતો. એથી એકાદ મુલાકાત પછી એમને મળવાનું મેં ટાળ્યું હતું. થોડા દિવસો બાદ એમનો સંદેશો મળ્યો કે 'વિચારમાં મતભેદ હોઈ શકે છે, પણ એથી આપણા સ્નેહ સંબંધને કંઈ જ આંચ ન આવવવી જોઈએ' કહી મળવા બોલાવ્યો. એમનું આવું પિતૃહૃદય જોઈ હું ગળગળો થઈ ગયો અને એમને ભારે પગે મળવા નીકળ્યો. એમણે મારી પીઠ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવી જણાવ્યું કે 'હું સ્વતંત્ર વિચારક હોઈ તમે મારા વિચારના ગુલામ ન બનતાં સ્વતંત્ર વિચારક બન્યા છો એથી તો મારા હર્ષનો પાર રહેતો નથી. કારણકે તમારું જે સ્વતંત્ર વિચારઘડતર થયું છે એમાં મેં કંઈક અલ્પ ભાગ ભજવ્યો હોઈ મારે માટે એ ગર્વની વાત છે.' એમના આવા સ્નેહનો અનુભવ કરી મારી આંખો ભીની બની ગઈ હતી.

ગઈ સાલ જ્યારે તેઓ તબિયત અંગે રાજકોટ ગયા હતા ત્યારે તેમની પુત્રી બહેન ગીતા પરીખે જણાવેલું કે વળતાં ભાઈ અત્રે એક દિવસ રોકાવાના છે આથી તેમને મળવા હું એક અઠવાડિયું વધુ રોકાયો. ને જ્યારે વસિષ્ઠ-અરુંધતીની સ્મૃતિ કરાવતા એ દંપતીને હું મળ્યો ત્યારે એમના સાન્નિધ્યમાં એકાદ કલાક ગાળી નવી પ્રેરણા લઈને પાછો ફર્યો હતો. આ એમની સાથેનું છેલ્લું જ મિલન હતું.

હજુ થોડા દિવસ પહેલાં તેમનો પત્ર હતો કે હું રાજકોટ જાઉં છું. સાથે તમને ગુજરાતી અનુવાદ માટે એક હિંદી પુસ્તક મોકલવા ઈચ્છું છું. મેં જણાવ્યું કે ત્રણ મહિનાની ભયંકર માંદગી પછી અશક્તિ જો કે ઘણી છે પણ મગજ સ્વસ્થ છે તો હું ખુશીથી એ કામ પતાવી આપીશ. પણ તેથી તો તેમણે જણાવેલું કે તમારી માંદગી જોતાં હું તમારા પર એ બોજ નાખવા નથી ઈચ્છતો. પહેલાં તબિયતની ચિન્તા કરો. આવું હતું એમનું પ્રેમાળ પિતા જેવું હૃદય.

નહોતા એમની માંદગીના કંઈ સમાચાર, નહોતા એમની અસ્વસ્થતાના કંઈ સમાચાર. ઓચિન્તા જ એ ઠેઠ સુધી કર્તવ્ય સંભાળતા આપણી વચ્ચેથી વિદાય થયા છે જે આઘાતજનક સમાચારે હજારો ચાહકો-વાચકોને વ્યથિત બનાવી મૂક્યા છે. પણ જે આવે છે એ રોક દિવસ તો જવાના જ હોય છે એવું આશ્વાસન લઈ-એમના જીવનમાંથી કંઈક પ્રેરણા લઈ-જીવનને ઉન્નત બનાવીએ એ જ હવે એમને સ્મરણાંજલિ આપ્યાનું ફળ છે.

રતિલાલ મફાભાઈ શાહ

# મહામાનવ પરમાનંદભાઈ

પ્રબુદ્ધ જીવનમાં દોઢેક વર્ષ પૂર્વે 'નિરામિષાહાર' વિષયક લેખ છાપવા લીધો ત્યારે સદ્‌ગતે મને ધન્યવાદ આપતા વિનંતિ કરી... "આવાં જ સાત્ત્વિક લખાણો વારંવાર મોકલી આપો.." આ અમારો પહેલો સંબંધ. આજે તેમને અંજલિ આપતા બે સુખદ પ્રસંગો રજૂ કરવા પ્રેરાયો છું.

ગુજરાતની જેમણે "સસ્તી પોષક વાનગીઓ" નામના પુસ્તક દ્વારા અજોડ સેવા કરી છે એવા બુઝર્ગ ગાંધીવાદી સીધા-સાદા મુરબ્બી ચંદુલાલ કાશીરામ દવેની અશીત્યબ્દપૂર્તિ પ્રસંગે મેં એક નાનું-શું મિલન (ગયે મે મહિને) યોજ્યું હતું. શ્રી જયંતિલાલ ના. માનકર ઉપરાંત પરમાનંદભાઈને પણ મેં વકતા તરીકે આમંત્ર્યા હતા. તેમણે ચંદુલાલભાઈની સેવાનિષ્ઠા વિષે ઉલ્લેખ કરીને છેવટે કહ્યું "..મારા પરમ મિત્ર ચંદુલાલભાઈ હજુ બાકી રહેલા વીશ વર્ષ પૂરાં કરે— જરૂર કરશે, પરંતુ જીવનના અંત સુધી તેઓ કાર્યપરાયણ રહી શકે એવું સ્વાસ્થ્ય તથા સ્વસ્થતા તેમને ઈશ્વર બક્ષે એમ પ્રાર્થું છું.." કેટલી બુદ્ધિગમ્ય પ્રાર્થના! સદ્‌ગત પોતે છેલ્લા દિવસ સુધી કાર્યરત રહ્યા અને અંતિમ ઘડીએ પણ સ્વસ્થ હતા—એ સ્વયોજીત અંત ન કહેવાય?

એક અન્ય પ્રસંગ: ગયે વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવાતી હશે તે અરસામાં (હું વારંવાર બહારગામ જતો હોવાથી) મને ફોન પર પૂછ્યું ".. તમે મુંબઈમાં જ છો ને?.. જુઓ, તમારું નામ મારી પાસે ગજવામાં છે.. જો કોઈ સંજોગોમાં એકાદ વકતા ન આવી શકયા તો તમો સહકાર આપશોને?.. તમારું આહારશાસ્ત્ર વિષયક પ્રવચન વગર નોટિસે રાખી લઈશ.." સમાજના વડીલસમા આવા અગ્રણી આગેવાનના આ મમતાભર્યા શબ્દો હવે તો સુખક્લેશ સ્મૃતિમાં જાણે જડાઈ ગયા છે.

મારા જેવા અનેક લઘુ કાર્યકર્તાઓ માટે સદ્‌ગતનું જીવન — તેમના આચાર-વિચાર, વાણી-વર્તન માર્ગદર્શક થઈ રહેશે.

અંતમાં સદ્‌ગત પરમાનંદભાઈએ પાળી-પોષીને પ્રગતિને પંથે પ્રસારેલી પ્રવૃત્તિઓ પૂરતું પોષણ પામે એવી અપેક્ષા રાખીએ.

ડૉ. વસંતકુમાર ન. જાઈ

# સ્વજનની વસમી વિદાય

પરમાનંદભાઈના અચાનક દેહવિલયથી અમે સ્વજન ગુમાવ્યા છે. આંગળીના વેઢે ગણી શકાય એટલા અમારા સ્વજનોમાં શ્રી પરમાનંદભાઈ એક હતા-અદ્‌ભુત હતા.

એવા સ્વજનના ચાલ્યા જવાથી જીવનમાં ન પુરાય એવી ખોટ પડી છે. તેઓ અમારી સવારની 'ટી-સેશન'ના મુખ્ય મહેમાન હતા. લગભગ દર ત્રીજે-ચોથે દિવસે તેઓ આવતા. તેમની સાથે નાની મોટી અનેક વાતો 'કારેલાનું શાક બાળકોને ફરજિયાત ખાતાં શીખવવું કે નહીં?' ત્યાંથી માંડીને સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક કક્ષાની કેટલીયે વાતો થતી. તેમાં જ્ઞાન સાથે ગમ્મત પણ ચાલતી.

અમારા કુટુંબના તેઓ પ્રેમાળ વડીલ હતા. તેમની પ્રેમાળ છાયામાં અમારા જીવનનો છોડ ઊછરતો હતો, પાંગરતો હતો. તેમની વાણીના સિંચનથી અમને જીવનનું બળ મળતું હતું.

એમનું પ્રાણ-પંખી ઊડી ગયું છે. પણ એમના ગીતો વર્ષો સુધી એમની પ્રવૃતિઓ દ્વારા સંભળાયા કરે, કાળની ગતિ સાથે અનેક જનો પોતાની રીતે ગાયા કરે, દૂર દૂરથી એ પોતાનો સાદ એમાં પુરાવ્યા કરશે. એમણે ચાલુ કરેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને 'પ્રબુદ્ધ જીવન' બન્ને દીર્ઘાયુષી થાવ. અનેકના હૃદયમાં ચિરાંકિત થયેલી આ બન્ને પ્રવૃતિ ફુલેફાલો, વિસ્તરો એ જ અભ્યર્થના.

આ જ એમનું સાચું તર્પણ થશે. તે દ્વારા એમના આત્માને સાંત્વન મળશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો.

નીરુબેન સુબોધભાઈ શાહ.

# મૌલિક વિચારક, સુધારક અને ચિન્તક

શ્રી પરમાનંદભાઈના અચાનક અવસાનના સમાચાર વર્તમાનપત્રોમાં વાંચીને ભારે આઘાત થયો. કેટલોક સમય થયાં તેમનું સ્વાસ્થ્ય નરમ તો રહેતું હતું. પણ આપણી વચ્ચેથી તેઓ આટલી જલ્દી ચાલ્યા જશે એની કલ્પના નહોતી.

પરમાનંદભાઈ સાથેનો પ્રથમ પ્રત્યક્ષ પરિચય આશરે ત્રીસેક વર્ષ પહેલાં જન્મભૂમિ ટ્રસ્ટના ઉપક્રમે 'યુગદર્શન' માસિકના તેઓ તંત્રી થયા ત્યારે થયો હતો. એ માસિક તો થોડોક સમય ચાલીને બંધ થઈ ગયું પણ સંપાદક તરીકે પરમાનંદભાઈની મૌલિકતાની છાપ એમાં સતત વર્તાતી હતી.

'પ્રબુદ્ધ જૈન' અને ત્યારબાદ 'પ્રબુદ્ધ જીવન' ના સંપાદક તરીકે તેમનું કાર્ય સર્વવિદિત છે. એક મૌલિક વિચારક, સુધારક અને ચિન્તક તરીકે તેઓ આ સામયિક દ્વારા વાચકોને સતત મળતા રહેતા. મુંબઈમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેઓ મુખ્ય યોજક હતા. એ વ્યાખ્યાનમાળામાં મારે પણ એકાદવાર જવાનું થયું હતું. વ્યાખ્યાનમાળાની, પ્રત્યેક વર્ષના વકતાઓ અને વિષયોની આયોજનામાં પરમાનંદભાઈની વ્યાપક જીવનદૃષ્ટિ વ્યકત થતી હતી.

જ્યારે વડોદરા આવવાનું થાય ત્યારે પરમાનંદભાઈ મારા ઘરની મુલાકાત લેવાનું ભાગ્યેજ ચૂકતા. મુંબઈમાં મારું ઉતરવાનું એમના નિવાસસ્થાનની પડોશમાં જ— ગંગાદાસની વાડીમાં— આથી ત્યાં પણ અમારો સત્સંગ ઠીક ઠીક થતો. છેક છેવટના દિવસો સુધી તેમણે પોતાની જીવનદૃષ્ટિ કેવી વિશદ અને તાજગીભરી રાખી હતી એનો બીજા અનેક મિત્રોની જેમ હું પણ સાક્ષી હતો. તેઓ હવે આપણી વચ્ચે નથી એ ખ્યાલ જ અઠવો લાગે છે. પણ નિયતિ આગળ સૌ નિરુપાય છીએ.

'પ્રબુદ્ધ જીવન' એ શ્રી પરમાનંદભાઈનું જીવંત સ્મારક છે. તેમની અનુપસ્થિતિમાં પણ 'પ્રબુદ્ધ જીવન' ચિરંજીવ બને અને ઉત્તરોત્તર ઉત્કર્ષ પામે એવી વ્યવસ્થા મુંબઈ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા થાય એવી આપણે આશા રાખીએ.

ભોગીલાલ જ. સાંડેસરા

# દરેક પરિચિતના આત્મીયજન

નીડર છતાં વિવેકશીલ પત્રકાર અને લોકપ્રિય વ્યાખ્યાનમાળાના આયોજક એવા સમાજસુધારક મુ. શ્રી. પરમાનંદભાઈ વિષે ઘણું લખી શકાય. અહીં હું તેમના એક વિશિષ્ટ ગુણનો ટૂંકમાં ઉલ્લેખ કરવા માગું છું. તે હતી તેમની આત્મીયતા. આ ગુણ હોવો તે બહુ સારું છે તેમ બધા સ્વીકારે છે છતાં બહુ થોડા આગેવાનોમાં આ ગુણ જોવા મળે છે. કુટુંબના માર્ગદર્શક વડીલ ચાલ્યા જાય અને જે ખોટની લાગણી અનુભવાય તેવી લાગણી આજે અમે અનુભવીએ છીએ.

પ્રાર્થનાસમાજ લત્તામાં લેંઘો અને ઝભ્ભો પહેરીને આ 'યુવાન' વડીલ ખરીદી કરવા નીકળી પડતા ત્યારે તેમનો ઘણીવાર ભેટો થઈ જતો. સ્વજન પ્રથમ પૂછે તેમ ખબરઅંતર પૂછે. ઘરે પણ આવે, બેસે—ઘરે બનાવેલ નાસ્તાની વાનગી ચાખે પણ ખરા. ઝવેરીના નાતે મારી પત્નીને તેના દાદા અને પિતા જેઓ પણ ઝવેરી હતા તેમના સમાચાર અચૂક પૂછે. પછી 'પ્રબુદ્ધ જીવન'ના લેખો અને નોંધ વિષે ચર્ચા થાય. પ્રશંસા અને ટીકા સમભાવે સાંભળે અને ઘણી શાંતિથી જવાબ આપે.

સમાજસેવાની સાથે સાથે આધ્યાત્મિકતા તરફ તેમને ખેંચાણ રહ્યા કરતું. પૈસો કે પદ, સેવા કે સંસ્થા જેવા બહારના અવલંબન વિના પણ સાચો આનંદ (bliss) અનુભવતી વ્યકિતઓ હોય છે. આના સંદર્ભમાં શ્રી કિશનસિંહ ચાવડા, શ્રી રોહિત મહેતા, શ્રી કૃષ્ણમૂર્તિ જેવાને વારંવાર સાંભળવા, સમજવાની ૭૮ વર્ષે પણ શ્રી પરમાનંદભાઈને ઇચ્છા રહ્યા કરતી તેમ તેઓ કહેતા.

મનુભાઈ ઝંઝરિયા

# ☆ પરમાનન્દ જીવન-પરિમલ ☆

સર્વોદય સંમેલન નિમિત્તે જતાં વચ્ચે ભાઈ સૂર્યકાંત પરીખ સાથે મુંબઈમાં એકાદ દિવસ રોકાવાનું થયેલું. સ્વાભાવિક રીતે જ અમે પરમાનન્દભાઈને ઘેર પહોંચ્યા. નાસ્તાપાણી ચાલતાં હતાં ત્યાં જ એ આવી પહોંચ્યા. કુશળ સમાચાર પૂછીને કહે, "જુઓ હરીશભાઈ, 'ભૂમિપુત્ર' દ્વારા તમારા વિશે ખબરો મળ્યા કરે છે. મારે તમારી સાથે નિરાંતે જમીકરીને વાતો કરવી છે. પણ એ દરમ્યાન મારે થોડુંક લેખનકાર્ય પતાવવું છે. નિયમિતતા અને સમયપાલનનો તો સ્વીકાર તમે કરશો જ એમ હું માનું છું." આમ કહીને તે હસતા હસતા પોતાના લેખનકાર્યમાં મગ્ન બની ગયા. હું તો એમની સમયપાલનની ચીવટ, નિયમિતતાનો આગ્રહ અને સૌજન્યપૂર્ણ સ્વભાવ જોઈને મુગ્ધ બની ગયો. જમતી વખતે કંઈક વાતચીત થશે એમ મેં માનેલું. પણ મને કહે, "જુઓ, મને આ અરવિન્દ આશ્રમવાળાઓની ભોજન વખતે શાંતિ અને ભોજનમાં તલ્લીનતાવાળી વાત ખૂબ પસંદ છે. એટલે આપણે તમારા શાંતિમંત્ર સાથે જ શાન્તિ જાળવીશું."

ભોજન પતાવ્યા બાદ થોડુંક બેસીને અને બહાર ફરતાંફરતાં કેટલીક સરસ વાતચીત થયેલી, તે મારી સ્મૃતિને આધારે નોંધું છું. પોતે જ વાત ઉપાડી. "ગાંધીજીમાં સત્યાગ્રહનાં બેય તત્વો પ્રગટ થયાં છે: તીવ્ર અને સૌમ્ય. પણ વિનોબાજી તો માત્ર સૌમ્ય, સૌમ્યતર અને સૌમ્યતમ સત્યાગ્રહ તરફ ગતિ કરી રહ્યા છે એ મને બરાબર નથી લાગતું. તમને કેમ લાગે છે?" મેં કહ્યું, "મને તો સર્વોદય દર્શનના અભ્યાસ પરથી સાફ દેખાય છે કે સત્યાગ્રહને માત્ર તીવ્ર કે માત્ર સૌમ્ય રીતે પ્રગટ કરી શકાય નહીં. તીવ્ર અને સૌમ્ય બન્ને ય પ્રક્રિયાઓને સત્યાગ્રહમાં સ્થાન છે. જીવનમાં જેમ માત્ર મીઠું મીઠું કે ખાટું ખાટું ભાવતું નથી, બેયનું સ્થાન જીવનમાં છે તેવું જ હું સત્યાગ્રહ વિશે માનું છું. માત્ર તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ જ ચાલશે તો એમાં તામસિક વૃતિઓ પ્રબળ થવાનો ભય છે. અને માત્ર સૌમ્ય, સૌમ્યતર અને સૌમ્યતમ જ ચાલશે તો સાત્વિક વૃતિ વિશેષ દૃઢ થશે. એકાંગિતાથી સત્યાગ્રહનો પ્રાણ હણાશે એવું હું સાફ માનું છું. સત્યાગ્રહીએ જે તે પરિસ્થિતિ જોઈને અસત્ય, અનિષ્ટ કે અન્યાયના અહિંસક પ્રતિકાર માટે વિવેકદૃષ્ટિથી સત્યાગ્રહની તીવ્ર કે સૌમ્ય પ્રક્રિયા અપનાવવી જોઈએ." આગળ ચાલતાં તેમણે ગંભીરતાથી કહ્યું, "તમારું reading (અર્થઘટન) મને સાચું લાગે છે. ગાંધીજીની સત્યાગ્રહી પ્રક્રિયામાં જે આક્રોશનું તત્ત્વ, તીવ્ર સત્યાગ્રહોમાં પ્રગટ થાય છે એ જો વિનોબાજી નહીં સ્વીકારે તો સર્વોદય આન્દોલન દેશની આર્થિક સમશ્યા હલ કરવામાં પ્રભાવશાળી નહીં નીવડે. જરૂર એક સુધારક આન્દોલન તરીકે ભાવિ ઈતિહાસ એને મૂલવશે પણ દેશની આર્થિક ક્રાન્તિ સાધનાર મહાબળ તરીકે કદાચ એનું સ્થાન ઈતિહાસમાં નહિ હોય... તમને આ વધુ પડતું કઠોર લાગે તો મને માફ કરશો."

આગળ ચાલતાં એમણે એક બીજો પ્રશ્ન ઉપાડી લીધો. 'ગાંધીજીએ ભલે રાજકીય ક્રાન્તિ કરી. પરંતુ એમનાં દર્શન અને પ્રવૃત્તિઓ સમગ્ર ક્રાન્તિને માટે જ રહ્યાં હતાં. રાજકારણમાં પ્રવેશ કરીને તેને આધ્યાત્મિક ઓક આપવાનો પ્રયત્ન કરેલો. વિનોબાજી તો રાજકારણથી જાણે તદ્દન અસ્પૃશ્ય અને અલિપ્ત જ બની ગયા છે. જો રાજકારણમાં પરિવર્તન નહીં આવે તો નરી આર્થિક ક્રાન્તિની વાત કદાચ આકાશકુસુમવત્ બની જશે." વાતનો તાંતણો પકડતાં મેં કહ્યું, "વિનોબાજી રાજનીતિને સ્થાને લોકનીતિ સ્થાપવા માગે છે. એનો પાયો ભૂમિદાન - ગ્રામદાન દ્વારા પ્રાથમિક ઘટક ગામડામાંથી નાખવા ઈચ્છે છે. ગામડાનું રાજ્ય કરતાં લોકો શીખે તો ધીરેધીરે નીચેથી માંડીને ઉપર સુધી લોકોના પ્રતિનિધિઓ દ્વારા રાજ્યવ્યવસ્થા ગોઠવી શકાય."

કાર્યકર્તાઓનું પૃથક્કરણ કરતાં તે કહે, "વિનોબાજી મને હિમાલય જેવા સ્થિર, સ્વસ્થ અને સાત્વિક પુરુષ લાગ્યા. જયપ્રકાશ સમુદ્ર જેવા વિશાળ, ઉદાર અને ખળભળાટ મચાવનાર ગણાય. પણ દાદા ધર્માધિકારી તો ગંગામૈયા જેવા છે. જેને નહાવું હોય તે નહાય અને અંજલિ ભરીને પીવું હોય તે પી શકાય. મહારાજમાં લોકનેતાને બદલે લોકસેવકનું ખમીર વિશેષ છે. બબલભાઈ તો આજીવન શિક્ષક કહેવાય. જુગતરામભાઈ સંગઠિત સેવાકાર્ય કરનારા ગણાય. નારાયણ દેસાઈમાં મધુર આક્રોશ છે. પ્રબોધ ચોક્સીમાં ઉગ્ર વિદ્રોહી પ્રગટ થાય છે. અને તમારામાં સમન્વયશીલ ક્રાન્તિકાર છે" ... સર્વોદય આન્દોલન અને તેના કાર્યકર્તાઓ વિશે તેમની ઊંડી સમજ, સૂક્ષ્મ નિરીક્ષણ અને મૌલિક દૃષ્ટિએ વિચારણા કરવાની શક્તિ જોઈને હું ઓર મુગ્ધ બન્યો.

વિનોબાજી ગુજરાતમાં સાડાત્રણ માસ સુધી પદયાત્રા કરતા ફર્યા. એ નિમિત્તે કેટલાક અભ્યાસીઓ, વિદ્વાનો અને વિચારકો પણ ચર્ચા-વિચારણા માટે સાથે રહેલા. પરમાનન્દભાઈ પણ થોડા દિવસ એમની સાથે રહેલા, અને વિચાર-વિનિમય કરેલો. આ નિમિત્તે મને એમને મળવાનો અને વાતચીત કરવાનો સરસ મોકો પદયાત્રા દરમ્યાન મળેલો. નાનકડો બિસ્તર અને બેગ લઈને એ પાછા જવા નીકળેલા. મેં એમના હાથમાંથી એ લઈ લેવા પ્રયત્ન કર્યો. "તમે તો અમારાથી પ્રૌઢ માણસ ગણાઓ. લાવો, એ તો તમને ન શોભે. અમને જ લેવા દો." મને કહે, "પેલું ગીતાવાક્ય તમે વાંચ્યું છે ને? यद् यद् आचरति श्रेष्ठः तद् तद् एव इतरे जनाः। મોટા લોકો જે આચાર કરે છે તેનું ઈતરજનો અનુસરણ કરે છે. અમે પ્રૌઢ લોકો જ જો હાથ હલાવતા ચાલીશું તો નવી પેઢીના લોકોને પ્રેરણા ક્યાંથી મળશે? ખાવાનું પચાવવા માટે ય થોડો શ્રમ તો કરવો જ રહ્યો." આમ કહીને બિસ્તરો - બેગ લઈને એ ચાલી નીકળેલા. આવી હતી તેમની સ્વાશ્રય અને પરિશ્રમ પ્રત્યે નિષ્ઠા.

પદયાત્રામાં દરરોજ મુકામ બદલાતો. ૫-૭ માઈલ ચાલ્યા પછી મુકામ પર પહોંચતાં જ સૌ પદયાત્રીઓને નાસ્તો દૂધ વહેંચવામાં આવતાં. ગુજરાતની પદયાત્રામાં વિનોબાજી સાથે સામાન્ય રીતે ૫૦-૭૫ માણસો રહેતાં. નાસ્તો કરીને કેટલાક લોકો અર્ધુંપર્ધું છોડી દેતાં. છાંડતાં અને વેરતાં. તરત એમણે ભાઈ નારાયણ દેસાઈને ફરિયાદ કરી, 'આ બધા પદયાત્રીઓ નાસ્તો કરવા કરતાં બગાડ ખૂબ કરે છે. જરા આ લોકોને તમે થોડું સમજાવો તો ખરા કે બગાડ, ઓંઠવાડો અને વેરવું એ બરાબર નથી.' પાછા આવીને મને કહે "મને દાદા ધર્માધિકારીનું એક વાકય ખૂબ સ્પર્શી ગયું છે - વસ્તુ માત્ર એ પરમાત્માની વિભૂતિ છે. વસ્તુનો સદુપયોગ કરવો એ વસ્તુની પૂજા છે. વસ્તુનો દુરુપયોગ કરવો એ વસ્તુનું અપમાન છે." આ વાકય આ દેશનાં એકેએક માબાપ, શિક્ષક અને કાર્યકર્તાને જો સમજાઈ જાય તો દેશને કેટલો મોટો લાભ થાય! નવી પેઢીને પણ જો આ બાપુની 'નઈ તાલીમ' મળે તો એક નવી રીતભાતનું દર્શન આ દેશમાં પેદા થશે.

એકવાર કૉલેજના બે પ્રોફેસરો વિનોબાજીનાં દર્શન કરવા આવેલા. પરમાનંદભાઈ અને હું સાથે સાથે બેઠેલા. પેલા બન્ને મને ઓળખે. બેપાંચ મિનિટ પણ અપાવવા માટે તેમણે મને ખૂબ આગ્રહ કર્યો. છેવટે તેમના ચરણસ્પર્શનો લાભ મળશે તો ય ઘણું એવી તેમની ઈચ્છા હતી. સંયોજકોને મળીને મેં બેત્રણ મિનિટ કઢાવી. પણ પેલા બન્ને જણાએ વાતચીત કરવાને બદલે બસ વિનોબાજીનો ચરણ-સ્પર્શ કરીને જ કૃતકૃત્યતા અનુભવી અને વિદાય થયા. પરમાનંદભાઈ કહે "મને આ વિદ્વાનોની બારે દયા આવે છે. વિનોબાજી જેવા પ્રાજ્ઞ પુરુષ પાસે તો બેપાંચ દિવસ યા થોડોક સમય લઈને જ્ઞાનચર્ચા કરવાની હોય. એને બદલે બસ ચરણસ્પર્શ કરીને કૃતાર્થ થઈ જવાની ગણતરી કરનારા આ લોકો

કેટલા મૂઢ છે! જ્યાંસુધી આ વ્યક્તિપૂજા, વીરપૂજા અને પુણ્ય-લાભ મેળવવાની વૃત્તિ આ દેશમાંથી સમાપ્ત નહીં થાય ત્યાં સુધી ભારતનું ભાવિ ઉજ્જવલ નથી.

સાહિત્ય અને કલા વિશે ચર્ચા નીકળતાં તે કહે "આ નવીન સાહિત્યકારો બહુ વિચિત્ર પ્રયોગો તરફ વળ્યા છે. એ લોકો એવી કવિતાઓ લખે છે કે મારાતમારા જેવા શિષ્ટજનોને પણ સમજવી મુશ્કેલ છે. ચિત્રકલામાં યે Modern art – આધુનિક કલાને નામે આ લોકોએ એવું બખડજંતર ઊભું કર્યું છે. ચિત્રને માથા મોઢાનું ઠેકાણું જ ના મળે. અહીં માથું ટીંગાડે તો ત્યાં પગ ટીંગાડે. કશાનો મેળ જ ન મળે. આ બધું ગણાય મોડર્ન આર્ટ. મને તો ઘણીવાર લાગે કે આવા લોકોને ગાંધીજી જેવો કોઈ ફટકારનારો માણસ નીકળવો જોઈએ. નવા કવિઓ અને નવા ચિત્ર-કારોમાંથી આમ જનતાને ખપમાં આવે એવું સમજાય તેવું કંઈ છે ખરું? નરસિંહરાવથી માંડીને મુનશી સુધી બધાને ગાંધીજીએ યે જમાનામાં ઝપટમાં લીધેલા. ત્યારે સાહિત્યે ઠીક દિશા પકડેલી. આજે ય સાહિત્યક્ષેત્રે પશ્ચિમનું અંધ અનુકરણ કરનારાઓએ સાહિત્ય અને કલાની – Modernism આધુનિકતાને નામે દુર્દશા કરી છે. શિષ્ટ - પ્રશિષ્ટ - અતિશિષ્ટ લોકોને માટે જ જાણે માત્ર સાહિત્ય અને કલા છે. સામાન્ય માણસની તો ભારોભાર ઉપેક્ષા સેવાઈ રહી છે!"

હરિજન આશ્રમમાં એકવાર ભેગા થતાં સમાજસુધારણા અંગે ચર્ચા નીકળેલી. "ગાંધીજીના ગયા પછી જાણે સમાજસુધારણાને ક્ષેત્રે મીંડું મૂકાઈ ગયું છે. વિનોબાજી તો આર્થિક ક્રાન્તિમાં જ ચકચૂર છે. એમને બીજી વાતો પ્રસ્તુત લાગતી નથી, અસંગત લાગે છે. જુઓને, પરઠણ, ખોટા ખર્ચ, વિકૃતપ્રથા, બાળદીક્ષા, બાળલગ્નો, વિધવાવિવાહ આદિ કેટલાયે સવાલો સામાજિક ક્ષેત્રે છે. એના તરફ ભણેલાગણેલા લોકો ખાસ વિચારતા હોય તેવું દેખાતું નથી. એનું સાહિત્ય પણ ખાસ પ્રગટ થતું નથી. નર્મદાશંકરથી માંડીને ગાંધીજી સુધી ફૂલેલીફૂલેલી સમાજસુધારણાની હિલચાલ લગ-ભગ નષ્ટપ્રાય થઈ ગઈ છે. આ બધા વિશે સામાજિક આન્દોલન જગાવવાની ખૂબ જરૂર છે. સર્વોદય કાર્યકરો અને રચનાત્મક કાર્ય-કર્તાઓએ એના માટે પ્રજામતને અનુકૂળ કરવા ચળવળ કરવી જ જોઈએ. વિનોબાજીને પણ આ વિશે ચર્ચા - વિચારણા કરીને સભાન કરવાં જોઈએ. ... સ્વરાજ્યની લડત ચલાવતાં ચલાવતાં ગાંધીજી ક્રાન્તિનાં વિવિધ પાસાંઓની કદીયે ઉપેક્ષા કરતા ન હતા. ઘણીવાર તો ગૌણ લાગતાં આ કાર્યોમાંથી મુખ્ય કામને જ ખૂબ બળ મળતું હોય છે."

પશ્ચિમ ભારતની પદયાત્રા નિમિત્તે મારે એકાદ વર્ષ માટે મુંબઈ શહેરમાં રહેવાનું થયેલું. વાલકેશ્વર અને ભૂલેશ્વરના વિસ્તારમાં હતા ત્યારે અમારે બન્નેને અવારનવાર મળવાનું થતું. એકવાર દરિયાકાંઠે ફરતાં ફરતાં અમે એક સ્થાને બેઠા. અને સહજભાવે તે દિવસે 'જાના પછી દૂર' એ ગીત મારાથી ગવાઈ ગયું. અને અમે સહજધ્યાનમાં ગરકાવ બની ગયા. ઊઠતાં ઊઠતાં પરમાનન્દભાઈ કહે, "જુઓ, પેલો સૂર્ય તો ડૂબી ગયો. આકાશમાં નાના નાના તારાઓ ચમકવા લાગ્યા છે. ગાંધીજી ગયા ... બુદ્ધ–મહાવીર–ઈશુ-ખ્રિસ્ત પણ ગયા ... વિનોબાજી પણ જશે. નાનકડા તારાઓની જેમ આપણે યથાશક્તિ જાતને અજવાળતાં અજવાળતાં સમાજમાં અજ-વાળું રેલાવવાનું છે. બસ, એટલું બળ આપણને બધાને મળો એવી પ્રાર્થના આજે સહજભાવે થઈ ગઈ છે. ..." ને એ ચાલી નીકળ્યા. મુકામ પર પાછા વળતાં અને મધુર ગીતના શબ્દો હૈયામાં ગૂંજતા હતા. આજે સદ્‌ગત પરમાનન્દભાઈની જીવન-પરિમલ માણતાં-માણતાં એ જ શબ્દો દિલમાં પુનઃપુનઃ ગૂંજી રહ્યા છે.

"જીવન કા બલિ યજ્ઞ મેં દેકર,
સારે જહાં મેં સુગંધ ભરકર,
ચન્દન જૈસા જીવન બિતાના, જાના પંછી દૂર ...
દૂર સે આયે દૂર હૈ જાના, જાના પંછી દૂર ... દૂર ...."

**પ્રા. હરીશ વ્યાસ.**

## પરમાનંદભાઈનાં વ્યક્તિત્વનાં બે આગવાં પાસાં

મા ભૈષિઃ સ્તમ્ભય આત્માનમ્ ડર નહિ અને આત્માને સ્થિર કર–આ, અર્જુને વિરાટના ભયત્રસ્ત પુત્ર ભૂમિંજયને કહેલું વાક્ય મને, જ્યારે જ્યારે શ્રી પરમાનંદભાઈને મળવાનું થતું ત્યારે યાદ આવતું. નિર્ભિકતા અને આત્માની સ્થિરતા એ બન્ને એમના વ્યક્તિત્વના આગવાં પાસાં હતાં અને જે કોઈ એમના સંસર્ગમાં આવતું તેમને એ પાસાંઓ દૃષ્ટિગોચર થયા વિના રહેતાં નહિ.

મારે તો એમના સંસર્ગમાં આવવાનું વારંવાર થતું, કારણકે તેઓ જન્મભૂમિ પરિવારના વડીલ હોવા ઉપરાંત એક પત્રકાર પણ હતા અને પત્રકાર તરીકે મારી સાથે ઘણી બાબતોની ચર્ચા પણ તેઓ કરતા. વિજ્ઞાન હોય કે આધ્યાત્મવાદ હોય, વેપાર વાણિજ્ય હોય કે બીજું કાંઈ હોય. બધી બાબતોમાં તેમને રસ પડતો, અને એ બાબતો અંગે "પ્રબુદ્ધ જીવન" ના વાંચકોને જણાવવાની તેમને તમન્ના રહેતી. એક વખત મારા ટેબલ ઉપર યુરોપિયન કોમન માર્કેટ અંગેનું એક પુસ્તક પડેલું જોયું અને તરત તેમને વિચાર આવ્યો કે "પ્રબુદ્ધ જીવન"ના વાંચકોને આ અંગે માહિતી આપવી જોઈએ. તેમણે મને યુરોપિયન કોમન માર્કેટ અંગે લેખ લખાવવાનો આગ્રહ કર્યો અને મેં શારીરિક તકલીફોને કારણે લેખનપ્રવૃત્તિ ઓછી કરી હોવા છતાં એમને એ લખી આપ્યો. કારણ કે પરમાનંદભાઈને હું કદી ના પાડતો નહિ. એમના સમાજઉદ્ધારના કાર્યમાં યત્કિંચત પણ હિસ્સેદાર થવાનું સદ્‌ભાગ્ય મળતું હોય તો શા માટે ન લેવું?

આવું જ "એપોલો–૮" ના ચન્દ્રયાન અંગે પણ થયું હતું. ચંદ્રની પ્રદક્ષિણાર્થે ગયેલાં આ યાનના સમાચારો બે ત્રણ દિવસ લાગલગાટ વાંચીને, પરમાનંદભાઈમાં રહેલો પત્રકાર એકદમ ઉત્તે-જીત થઈ ગયો હતો અને એક દિવસ પરમાનંદભાઈ સવારે, અચા-નક જ કાર્યાલયમાં ઉપસ્થિત થયા. કહે કે મારે આ "એપોલો–૮"નું બધું સમજવું છે. મેં એમની સાથે વિસ્તારથી ચર્ચા કરી અને એ પછી 'પ્રબુદ્ધ જીવન' માટે એ અંગેનો એક લેખ પણ વિસ્તારથી લખી આપ્યો. કહેવાનું તાત્પર્ય એ કે "પ્રબુદ્ધ જીવન" ના વાચકોને બને એટલી સારી વાચનસામગ્રી પૂરી પાડવા માટે જે કાંઈ મહેનત કરવી પડે તે કરતાં તેઓ અચકાતા નહિ. એમની આ નિષ્ઠા એમણે પત્રકારિત્વને એક 'મિશન' તરીકે (અને નહિ કે વ્યવસાય તરીકે) અપ-નાવ્યું હતું તેને આભારી હતી.

મારી સાથેનો એમનો સંબંધ બે પત્રકાર વચ્ચે હોય એના કરતાં સવિશેષ હતો, કારણકે એમના વ્યક્તિત્વમાંથી જે આત્મીયતા નીતરતી તેની અસર સામા માણસ પર થયા વિના રહેતી નહિ. એકાદ વર્ષ પહેલાં હું સખ્ત રીતે બીમાર હતો અને ત્રણેક અઠવા-ડિયાં હોસ્પિટલમાં અને પછી ઘેર ખાટલામાં લાંબો સમય રહેવું પડેલું. પરમાનંદભાઈને મોડે મોડેથી આ વાતની ખબર પડી ત્યારે મને તેમણે ઠપકો આપેલો. "ભલાભાઈ, મને ખબર પણ ન કરી" એમ તેમણે કહેલું. આ શબ્દોમાં જ એમની આત્મીયતા નીતરતી હતી.

મને તો લાગે છે કે એમના સંસર્ગમાં આવનાર બધાને –અને કેટલા બધા ભિન્ન ભિન્ન વર્ગોના નાના મોટા માણસો એમના સંસ-ર્ગમાં આવ્યા છે!–એમની આ આત્મીયતાની અસર વધતે ઓછે અંશે થઈ હશે. એમના સ્વભાવની આ મૂલગત સૂજનતાને કારણે કોઈનું અનિષ્ટ કરવાનો વિચાર તો તેમને આવ્યો જ નહિ હોય એટલું જ નહિ પરંતુ પોતાની શક્તિ અનુસાર બધાનું બને એટલું કલ્યાણ કરવાની ભાવના તેમણે સદાય સેવી હશે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. ગીતાજી કહે છે કે: ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાતગચ્છતિ–જે કલ્યાણ કરવાની ભાવના સેવતો હોય છે તેની કદી દુર્ગતિ થતી નથી. આ માનદંડ પ્રમાણે સદ્‌ગતિના અધિકારી પરમાનંદભાઈ જેવા, આજની દુનિયામાં આપણને કેટલા મળે?

**મનુભાઈ મહેતા**

# ગુણજ્ઞ પરમાનંદભાઈ

પરમાનંદભાઈ વ્યકિત કરતાં સંસ્થા વિશેષ હતા અને તેથી વ્યકિત તરીકે તેમણે કરેલાં કાર્ય કોઈ સબળી ને સમૃદ્ધ સંસ્થાએ કરેલાં કાર્યોની તોલે વિશેષ આવી રહેતાં હતાં. એમની સાથેનો પરિચય ઠીક ઠીક લાંબો રહ્યો. અવારનવાર મળવાનું થતું અને અનેક પ્રશ્નો પર નિખાલસ ચર્ચા કરવાનું પણ બનતું. જૈન સમાજમાં, સંપ્રદાયમાં પ્રવેશી ગયેલાં રૂઢિગત અનિષ્ટો સામે જાગરૂક પહેરેગીર તરીકે તેમણે કામ કર્યું. પણ જૈન સમાજ માત્ર જ તેમની દષ્ટિ સમક્ષ ન હતો. સમગ્ર સમાજને દષ્ટિ આગળ રાખીને તેમણે હંમેશા કલમ અને વિચારણા ચલાવી. પરિણામે તેમનું સામયિક પ્રથમ 'પ્રબુદ્ધ જૈન' અને પાછળથી 'પ્રબુદ્ધ જીવન' સમગ્ર સમાજના પ્રશ્નો, સમગ્ર દેશના પ્રશ્નોની વિશદ વિચારણા રજૂ કરતું મુખપત્ર અને વિચારપત્ર બની રહ્યું. જૈન સમાજ ને જૈન સંપ્રદાય તેમની વેધક ટીકાના ભોગ સતત બનતા રહેતાં. પણ દરેક પ્રકારનાં સામાજિક અને ધાર્મિક કે રાજકીય અનિષ્ટો સામે હંમેશાં લાલબત્તી ધરવાનો ધર્મ તેમણે અપનાવ્યો હતો. વળી તેમના સંપાદનમાં પોતાના જ મતનો આગ્રહ ન રહેતાં વિરોધી મંતવ્યોને પણ આદર મળતો એટલે તેમની પત્રકારિત્વની દષ્ટિ પણ પૂરું તાટસ્થ્ય દાખવતી રહેતી હતી. છેલ્લા થોડાક સમયમાં આપણા દેશનાં ડહોળાઈ ચૂકેલાં રાજકીય વાતાવરણને અંગે 'પ્રબુદ્ધ જીવન'માં જે વિવિધ વિચારણાઓ રજૂ થતી રહી તે આનો સચોટ પુરાવો છે!

પણ મને પરમાનંદભાઈનું એક બીજું જ પાસું, થોડેક અંશે, જાણવા મળ્યું છે અને તેનોજ નિર્દેષ આજે કરવો છે. તેઓ ભારે ગુણજ્ઞ હતા અને જ્યાં પણ કંઈક સારું જુએ કે સાંભળે ત્યાં તેનો સમુચિત આદર કરીને પોતાની ગુણજ્ઞતા વ્યકત કરતાં તેઓ ચૂકતા નહિ. તેમની આવી ગુણજ્ઞતાને કારણે તેમના પ્રત્યે ચાહના ધરાવતો વર્ગ મોટો હતો. તેમની આકરી ટીકાઓને કારણે, તેમના પ્રત્યે નારાજ એવો વર્ગ પણ સારો સરખો હતો જ; પણ એવા વર્ગ પ્રત્યે પણ પરમાનંદભાઈના પ્રેમની ધારા તો એવી વહેતી રહેતી.

જરૂર લાગે ત્યાં જાતે અથવા તો પોતાની લાગવગનો ઉપયોગ કરીને, અન્યને સહાયભૂત થવાની તમન્ના પરમાનંદભાઈમાં સારા પ્રમાણમાં હતી. એમાં પણ કવિઓ, સાહિત્યકારો, વગેરે પ્રત્યે તેઓ હંમેશાં આદર ને પ્રેમની ભાવનાથી જોતા અને તેઓને કોઈ પણ રીતે સહાયભૂત થવાની તક મળે તો તેનો પૂરેપૂરો ઉપયોગ કરતા. મારા વડીલ જેવા કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર, મદ્રાસમાં એક કાળે મોટા વેપારી હતા. તેમને હાથે લાખોની લેવડ દેવડ થતી. કવિતા દેવીની આરાધના સાથે વેપારની મોટી ઊથલપાથલ– આમ લક્ષ્મી અને સરસ્વતીનો સુભગ સંયોગ જે ક્વચિત જ જોવા મળે તે કવિશ્રી ખબરદારમાં જોવા મળતો. પણ આખરે આ યોગ લાંબો ટકી શકયો નહિ અને કવિશ્રી ખબરદાર ધંધામાં ભારે ખોટ આવ્યાને કારણે ઘણી કફોડી દશામાં મુકાઈ ગયા. શરૂઆતમાં કેટલોક સમય તો આ પરિસ્થિતિની કોઈને જાણ પણ થઈ નહિ અને કવિશ્રી પોતે પણ સ્વમાની જીવ એટલે લૂખો સુકો રોટલો ખાઈને પોતાનો જીવનનિર્વાહ ચલાવવામાં ગૌરવ માનતા. એમનો સુવર્ણ મહોત્સવ મુંબઈમાં અને તે પછી ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઉજવાયો તે વેળા આ વાતની ગંધ તેમની તદ્દન નજીક આવેલા કેટલાકોને મળી. પણ મદ્રાસ છોડીને કવિશ્રી મુંબઈ આવીને દાદરના પારસી કોલોનીમાં રહેવા લાગ્યા તે પછી કવિશ્રીની આ આર્થિક અવદશા અજાણી રહી શકી નહિ અને પછીથી તો કવિશ્રીને કોઈક રીતે સહાયભૂત થવાની જરૂર પિછાનાઈ. પણ આને અંતે કશી સંગીન પ્રવૃત્તિ કરનારા તો કોઈક જ હતા. અને એમાં શ્રી પરમાનંદભાઈનું સ્થાન મોખરે મૂકવું પડે. પરમાનંદભાઈએ ભાવનગરના મહારાજાશ્રી તરફથી તેમને નિયમિત ગ્રાન્ટ મદદ મળે એવી ગોઠવણ સર પ્રભાશંકર પટ્ટણી મારફત કરી. એટલું જ નહિ તેમણે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીને કાને પણ આ વાત નાખી અને પૂ. ગાંધીજીની સૂચનાથી પણ થોડોક કાયમી આર્થિક લાભ મળી રહે તેમ ગોઠવણ કરી. કવિશ્રીના રાષ્ટ્રપ્રેમથી પૂ. ગાંધીજી પણ પરિચિત હતા. દેશના આઝાદીના જંગમાં પ્રેરણા આપે એવાં કાવ્યો-ગીતો દ્વારા ગુજરાતની પ્રજામાં કવિશ્રીએ નવી ચેતના આણી હતી.

એક વાર-મોટે ભાગે દાંડીકૂચ પછીના કારાવાસમાંથી છોડવામાં આવ્યા બાદ ગાંધીજી જુહુ રહેતા હતા. શ્રી પરમાનંદભાઈને એમ થયું કે ગાંધીજીને એકવાર કવિશ્રી પાસે લઈ જવા. સહેજસાજમાં કવિશ્રીને કાને વાત નાખી તો કવિશ્રી તો એવું પોતાનું ધનભાગ્ય ક્યાંથી ચોમ માનવા લાગ્યા, ને બાપુજી પણ કવિશ્રીને મળવા આતુર જણાયા. તારીખ ચોક્કસ યાદ નથી. પણ એક રાતે સાંજની પ્રાર્થના પછી પરમાનંદભાઈ બાપુજીને લઈને દાદરના પારસી કોલોનીમાંના જાલ મેન્શન ખાતેના નિવાસસ્થાને આવી પહોંચ્યા. હું તે દિવસે આણધાર્યો જ કવિશ્રીને મળવા ગયો હતો. અવારનવાર હું કવિશ્રી પાસે જતો જ. મને તો તેમણે તેમનો સાહિત્યકીય પુત્ર સ્થાપીને તેમનાં પ્રકાશનો વગેરેની જવાબદારી પણ ઠીક ઠીક સમય સુધી સોંપી હતી. કવિશ્રીને મળીને હું વિદાય થવાની તૈયારી કરતો હતો એટલે મને કવિશ્રીએ કહ્યું કે, 'દીકરા આજે તારે વહેલા જવાનું નથી. ઉતાવળ કર નહિ, તને કાંઈ સારો લાભ થશે.' કવિશ્રીની આ સૂચના પછી મારે શાંતિથી બેસીને સારા લાભની રાહ જોવાની હતી. સાંજના ભાગમાં મોટે ભાગે કવિશ્રી બહારની લોબીમાં બેસતા. ત્યાં બેસીને અમે વાતચીત કરતા હતા. બહારના ભાગમાં હંમેશાં જ સારી રીતે મહેમાનો બેસે એવી બેઠક ગોઠવેલી જ રહેતી એટલે વિશેષ કાંઈક ગોઠવણ કરવાની રહેતી નહિ. પણ પૂ. માયજી ને બહેનો - જરા ઠીક ઠીક રીતે કપડાં પહેરીને સજ્જ થઈ રહેલા હતા એટલે મેં માન્યું કે કોઈ મોટું માણસ કવિશ્રીને મળવા આવવાનું હશે. ને મને આશ્ચર્યમાં નાખવા માટે એનો સ્ફોટ મને કોઈ કરતું નથી.

અંધારું ઠીક ઠીક થઈ ગયું. ને મેં અમસ્તુ જ લોબીમાંથી બહારના રસ્તા પર ડોકિયું કર્યું. એટલામાં એક મોટર આવીને કવિશ્રીના નિવાસના બારણા આગળ થોભી. પરમાનંદભાઈ અંદરથી પહેલા ઉતર્યા ને પછીથી જોઉં તો બાપુજી! હું તો હર્ષઘેલો થઈ ગયો. પૂ. બાપુજી કવિશ્રીને મળવા આવ્યા છે એ મારી સમજમાં ઊતરી ગયું. હું તરત જ દાદર ઊતરી નીચે દોડયો. પૂ. બાપુજીને પગે લાગીને તેમને કવિશ્રી પાસે પરમાનંદભાઈ સાથે લઈ આવ્યો.

કવિશ્રી ને બાપુજીનું સુખદ અને પ્રેરક મિલન થયું. અર્ધોએક કલાક બાપુજી કવિશ્રીને ત્યાં રોકાયા. તે દરમ્યાન કવિશ્રી સાથે બાપુજીએ ખબરઅંતરથી માંડીને ઠીક ઠીક વાતચીત કરી. બાપુજીનો બીજો તો શો સત્કાર થાય પણ કવિશ્રીએ બાપુજીનો ફૂલહારથી સત્કાર કર્યો. માયજીએ ને બહેનોએ પાનનાં બીડાં ધર્યાં ને તેમાંથી કાંઈક મુખવાસ લઈને બાપુજીએ કવિશ્રીનો સત્કાર ઝીલ્યો. મારી પણ ઓળખાણ થઈ. અને એ અર્ધો કલાક કોઈ દિવ્ય વાતાવરણ ત્યાં છવાઈ રહ્યું. બાપુજીએ આવી તકલીફ લીધી એટલે કવિશ્રી સારા પ્રમાણમાં ગદ્‌ગદ્ થઈ ગયા અને પોતાનો અહેશાન પ્રકટ કરવા લાગ્યા એટલે બાપુજીએ એવી મતલબનું કહ્યું કે, પ્રજાના ખરા ઘડવૈયા તો તમારા જેવા શબ્દના શિલ્પીઓ જ છે અને પ્રજાની ફરજ છે કે તમારા જેવા કવિઓ વગેરેનું બરાબર જતન કરે. તમારા જેવાની ઉપેક્ષા કરનારી પ્રજા, પ્રજા કહેવરાવવાને યોગ્ય નથી.

અને આ પ્રસંગે શાંતિનીકેતનમાં થયેલાં ગુરૂદેવ સાથેના બાપુજીના મિલનનો આણમૂલો અને ચિરસ્મરણીય અવસર સાંભરી આવ્યો. કવિશ્રી ખબરદાર અને પૂ. બાપુજીનું આ મિલન પરમાનંદભાઈની ગુણજ્ઞતાને જ આભારી હતું. તેમની ગુણજ્ઞતાના આવા તો ઘણા દાખલા છે. પણ અહીં આ એક જ દાખલો બસ થશે. પરમાનંદભાઈ નિષ્ઠાપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવીને આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમણે આરંભેલાં કાર્યો એટલી જ નિષ્ઠાપૂર્વક આગળ ધપાવીને જ આપણે તેમની ગુણજ્ઞતાની ઉચિત કદર કરી શકીએ. એ જ આપણી તેમને સમુચિત અંજલિ પણ બની રહે.

**યશોશ હ. શુકલ.**

# બહુલક્ષી વ્યક્તિત્વ

શ્રી પરમાનંદભાઈની મેં ઘણીપ્રશંસા સાંભળેલી. તેમનાં ઉપકારક કાર્યો અને સમાજના અનિષ્ટો અને કુરિવાજોને. સતતપણે, નીડરતાથી અને સ્પષ્ટતાથી પડકારવાની નૈતિક હિંમત અને તૈયારીથી હું સારી રીતે માહિતગાર હતો, પણ સંજોગોવશાત્, ખાસ કરીને અમો બન્નેના ભિન્ન ભિન્ન કાર્યક્ષેત્રોને લીધે તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું ઘણાં વર્ષો સુધી બની શકયું ન હતું, પરંતુ એકવાર એમના સમાગમમાં આવ્યો ત્યારપછી છેવટ સુધી એમની સજ્જનતા, સંસ્કારિતા અને નિસ્પૃહી સ્નેહભાવ મને મળતો રહ્યો, તેને હું મારૂં અહોભાગ્ય સમજું છું.

ઘણાનું વ્યક્તિત્વ એવું હોય છે કે તેની સારીમાઠી અસર બીજા ઉપર થતાં વર્ષો લાગી જાય છે, જ્યારે બીજા ઘણાઓની બાબતમાં એમ બને છે કે તેઓના વ્યક્તિત્વની છાપ બહુ સહેલાઈથી અને ટૂંકા સમયમાં પડી શકે છે. કોઈ વ્યક્તિના ખરાબ ગુણોની અસર થતાં સાધારણ રીતે બહુ વાર નથી લાગતી, પણ પોતાના સંસ્કારી જીવનની છાપ બીજા ઉપર બહુ જ થોડાં વર્ષોના સહવાસમાં પાડવી બહુ મુશ્કેલ છે. અને તે પણ કોઈ પણ જાતના સજાગ પ્રયત્નો કર્યા વગર, સ્વાભાવિક સરળતાથી તેમ કરવું તે એથી પણ વધારે દુષ્કર છે, અને જે એમ કરી શકે છે તેને માટે માનની લાગણી ઊપજ્યા વગર રહે નહિ. શ્રી પરમાનંદભાઈ એક આવી વિશિષ્ટ વ્યક્તિ હતા એમ હું નિર્વિવાદ કહી શકું છું.

સને ૧૯૬૮ ના એપ્રિલ માસમાં હું માંદગીમાં સપડાયો અને મારે હોસ્પિટલનો આશરો લેવો પડયો. તે વખતે એક દિવસ શ્રી પરમાનંદભાઈ મારી ખબર પૂછવા આવ્યા. ત્યારપછી, હું પથારીવશ રહ્યો ત્યાં સુધી નિયમિત તેઓશ્રી મને મળવા આવતા. તે કારણે એમની મિત્રભાવની વૃત્તિને હું આજે પણ યાદ કરૂં છું. તે મુલાકાતો વખતે જુદા જુદા પ્રશ્નોની ચર્ચા થતી, તેમાં તેમની તીક્ષ્ણ બુદ્ધિ, વિશાળ વાંચન, સમાજના પ્રશ્નોની ઊંડી સૂઝ અને ધર્મપરાયણતા આગળ તરી આવતાં હતાં.

શ્રી પરમાનંદભાઈનું વ્યક્તિત્વ બહુલક્ષી હતું. સોલિસિટરના વ્યવસાયમાં દાખલ થઈ એમણે જીવનની શરૂઆત કરી અને તે છોડીને હીરાના વેપારમાં પડયા અને એ ક્ષેત્રે સફળતા મેળવી, એટલી સિદ્ધિથી કોઈ વ્યક્તિ સંતોષની લાગણી અનુભવી શકે પણ શ્રી પરમાનંદભાઈ અદમ્ય ઉત્સાહ અને શકિતથી પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારતા ગયા અને તે એટલે સુધી કે એમના જવાથી એક વ્યકિતની જ નહિ પણ એક મહાન સંસ્થાની ખોટ પડી હોય એવું લાગે છે. એમના વિશે મનમાં આવી લાગણી પ્રકટે છે તે જ તેમના સામાજિક અને ધર્મોપયોગી કાર્યોની સફળતા અને આસસ્કારકતાની પારાશીશી છે.

તેમના જીવનકાર્ય વિષે ઘણું કહેવાયું છે અને કહેવાશે. તેમાં તેમની સામાજિક ઉન્નતિ માટેના પ્રયત્નોની, એક સિદ્ધહસ્ત લેખક તરીકેની, અને એક તત્વચિંતક તરીકેની ગણનાપાત્ર સિદ્ધિઓનો અવશ્ય ઉલ્લેખ થયો છે અને થશે. સામાજિક, ધાર્મિક અને રાજકીય વિષયોની તલસ્પર્શી ચર્ચા કરી એ વિષયો પરત્વેના સાચા દૃષ્ટિબિંદુ અંગે લોકમત કેળવવા માટેના સતત પ્રયત્ન કરવા માટે 'પ્રબુદ્ધ જીવને' ગુજરાતી સમાજમાં અને ખાસ કરીને જૈનસમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એનો યશ શ્રી. પરમાનંદભાઈને ફાળે જાય છે. અમ કહેવામાં અતિશયોકિત નથી કરતો એમ મને લાગે છે. વર્ષોસુધી આ પાક્ષિકનું સંચાલન સંભાળીને તેઓએ તેને એક ઊંચી કક્ષાના પાક્ષિક તરીકે આગળ લાવ્યા છે. એની દ્વારા એમણે વર્ષોસુધી સમાજ અને ધર્મના વિષયો ઉપર સ્પષ્ટ અને સરળ ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા છે. તે તથા તેમના બહાર પડેલા લેખોના સંગ્રહમાંથી તેમની ઉચ્ચ કક્ષાની વિચારધારા જ નહિ પણ તે સચોટરૂપે રજૂ કરવા માટે જરૂરી એવી તેમની કેબેલ પત્રકાર તરીકેની શકિતઓનો પરિચય મળે છે.

પણ એમની બધી પ્રવૃત્તિઓમાં એમનો ધર્મપરાયણતાનો ગુણ આગળ તરી આવતો હતો. જૈનધર્મની ફિલસૂફીના તેઓ ઊંડા અભ્યાસી હતા પણ તે ધર્મના પ્રચલિત આચરણમાં તેમને કેટલાક તત્વો અનિચ્છનીય લાગ્યાં ત્યારે તે વિશે પોતાના વિચારો રજૂ કરતા જરા પણ અચકાયા ન હતા. જૈનધર્મને અનુસરતા હતા માટે એ જ એક ધર્મ સાચો એવો સંકુચિત મનોભાવ કે આગ્રહ તેમણે કદી બતાવ્યો ન હતો, એટલું જ નહિ પણ બધા જ ધર્મોના સારાં તત્વોને સમજવાની અને તેને ગ્રહણ કરવાની હંમેશાં કોશિશ કરતા રહ્યા હતા.

આવી વ્યક્તિ આપણી વચ્ચેથી, કાળક્રમે વિદાય લે ત્યારે તાત્કાલીક શોક અને દુ:ખની લાગણી ઊપજે તે સ્વાભાવિક છે. પણ સ્વ. પરમાનંદભાઈ એમના મિત્રો અને વિશાળ પ્રશંસકો પાસેથી કંઈક વધારે મેળવવાના અધિકારી છે. એમના પ્રવૃત્તિભર્યા જીવનમાં જે નિ:સ્વાર્થ કર્તવ્યપરાયણતાની સૌરભ તેમણે ફેલાવી છે, એ સાચી સંસ્કારિતાનાં સ્ત્રોત તેમણે વહેતો મૂકયો છે તેને વિસ્તારવા અને અસ્ખલિતપણે વહેતો રાખવામાં કંઈક અંશે પણ મદદરૂપ થવાય તો તેથી તેમના આત્માને ખરેખરો આનંદ થશે - અને એમની સ્મૃતિને સમજદારી પૂર્વકની યથાર્થ અંજલિ આપ્યાનો આપણે સંતોષ અનુભવી શકીશું.

**બાબુભાઈ એમ. ચીનાઈ**

# અમૂલ્ય સંસ્કાર વારસો

શ્રી પરમાનંદભાઈ સાથે પૂ. પંડિત સુખલાલજી દ્વારા પરિચય થયો એવું મને સ્મરણ છે. તેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે મને ૧૯૬૦ માં -( વર્ષ બરાબર યાદ નથી) અત્યન્ત સદ્‌ભાવપૂર્વક આમંત્રણ આપ્યું, જે મેં સહર્ષ સ્વીકાર્યું. અને એ રીતે ત્યાંનાં સ્વજનો અને સ્નેહીઓ સાથે મારો પરિચય થયો. શ્રી પરમાનંદભાઈ અમને સૌને તેમને ઘરે પણ લઈ ગયેલા. આ કોઈ અલગ પ્રકારની વ્યકિત છે એવો ખ્યાલ એ વખતે જ મને આવેલો. મારા પિતાશ્રીને તેમણે કહ્યું: "તમારે બે પુત્રીઓ જ છે. મારે પણ પાંચ પુત્રીઓ જ છે. પુત્ર નહીં હોવા બાબતમાં કયાંક ઓછું આવે છે ખરું?" આમ બન્ને વડીલોએ થોડીક વાત કરી અને બન્ને એવા નિર્ણય પર આવ્યા કે દીકરો અને દીકરી બન્ને એક જ છે અને ક્યારેય કશુંક ખૂટે છે એવું લાગ્યું નથી. શ્રી પરમાનંદભાઈ અને તેમનાં પત્ની વિજ્યાબહેન- બન્નેનો સ્વભાવ અત્યન્ત માયાળુ. તેઓ મમત્વપૂર્વક દરેક સાથે માંગે પરિચય કરાવતાં હતાં. પહેલે જ પરિચયે મને સમસ્ત વાતાવરણ ચિરપરિચિત અને પ્રેરણાદાયી લાગ્યું અને ઉત્સાહના અનુભવ સાથે મેં ત્યાંથી રજા લીધી.

ત્યાર પછી પરમાનંદભાઈ પ્રત્યેક પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે નિમંત્રણ પાઠવતા રહ્યા, પણ કોઈ ને કોઈ મુશ્કેલીને કારણે આટલા વર્ષોમાં ફરી એક જ વાર હું તેમનું નિમંત્રણ સ્વીકારી શકી. ત્યારે મેં વિષય જરા ભારે સૂચવ્યો હતો. "તત્વજ્ઞાનમાં વાદ - વિવાદની પદ્ધતિ," જેને માટે પારિભાષિક શબ્દ 'કથા' છે. તેમણે મને વિષયમાં ફેરફાર કરવા સૂચવ્યું અને કેટલાક વિષય સૂચવ્યા પણ ખરા, જેમાં લોકોને વધારે રસ પડે. પણ મને એ વિષયો ખૂબ ચર્ચાઈ ગયેલા લાગ્યા - ગીતા, બુદ્ધ, મહાવીર, તેથી મેં લખ્યું કે મૂળ વિષય જ મને ઠીક લાગે છે. તેમણે ઉદારતાપૂર્વક આ સ્વીકારી લીધું અને સદ્‌ભાગ્યે કોઈ વાંધો આવ્યો નહીં.

આ બે પ્રસંગોની વચ્ચે એક વખત અહીં ચંદ્રનગર સોસાયટીમાં શ્રી મકરંદ બાદશાહને ત્યાં પૂ. આનંદમયી મા પધારવાનાં હતાં તે વખતે શ્રી પરમાનંદભાઈ મળ્યા હતા. તે પ્રસંગે પણ તેમની

તીક્ષ્ણ બુદ્ધિમત્તા અને જનસમાજ પ્રત્યેની વિશાળ દૃષ્ટિનો વધારે ખ્યાલ મને આવ્યો.

પૂ. સુખલાલજી માંદા હતા ત્યારે પણ તેમને જોવા અને જરૂર જણાય તો મુંબઈ લઈ જવા માટે પરમાનંદભાઈ આવેલા અને મને વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં મળી ગયા. ત્યાંથી અમે નીકળ્યાં ત્યારે મારે ગુજરાત કૉલેજના બસ સ્ટેન્ડ પર જવું હતું અને તેમને નજીકમાં જ ક્યાંક જવું હતું તેથી થોડું અન્તર અમે સાથે ચાલ્યાં. ત્યારે પણ તેમની વાતો આનંદી, ઉત્સાહ-સભર અને બુદ્ધિમત્તાની છાપવાળી હતી. તેમની વાતો અને તેમના ઉત્સાહ પરથી તેમની ઉંમરનો ખ્યાલ કોઈને ન આવે.

'પ્રબુદ્ધ જીવન' તેમનું સન્તાન છે. પ્રબુદ્ધ જીવનની રાહ અમારા ઘરમાં સૌ ઉત્કંઠાપૂર્વક જુએ છે. તેમાંનું લખાણ પ્રેરણાદાયી, બુદ્ધિ-શાળી, નીડર અને ડંખ વિનાનું હોય છે. ગાંધીજી કે વિનોબાજી કે કાકાસાહેબ કાલેલકર કોઈની ય વિચારધારામાં કશું ય અસંગત લાગે તો પરમાનંદભાઈ ખડકાર્યા વિના રહે જ નહીં. પ્રબુદ્ધ જીવનમાં વિસ્તારથી વિવેચન આવ્યું જ હોય. પણ ઉદારતા એટલી કે કોઈ પ્રત્યુત્તર આવ્યો હોય કે કોઈએ બીજી બાજુ સમજાવવાનો પ્રયત્ન કર્યો હોય તો તે પણ વિસ્તારથી 'પ્રબુદ્ધ જીવન'માં છાપે. લોકો વિચારતા થાય અને પોતે પોતાનો મત બાંધતા થાય એ જરૂરનું છે, એવી છાપ હંમેશા ઉપસતી રહી છે. આ તંદુરસ્ત પ્રણાલિકા ટકાવી રાખવા શ્રી પરમાનંદભાઈ પ્રયત્નશીલ રહ્યા. શ્રી રજનીશજી અને જૈન મુનિની સંસ્થા અને આચાર - વિચાર વગેરેની બાબતમાં જરા આશ્ચર્ય થાય એટલા આગ્રહપૂર્વક પ્રબુદ્ધ જીવનમાં વિવેચન થયેલું એવું મારા ધ્યાનમાં છે, પણ કોઈ પણ સારી બાજુ નજરે ચઢે તો તેનો પણ ઉલ્લેખ હોય જ એ સ્વસ્થતાનું લક્ષણ હંમેશાં નજરે ચઢતું રહ્યું છે.

આવો અમૂલ્ય સંસ્કારવારસો પાછળ મૂકી જનાર આત્માની પ્રેરણા અને આશીર્વાદ સૌને મળતાં રહેશે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. તેમનું જીવનકાર્ય ઉત્તરોત્તર વિકાસ સાધતું રહે એજ સારામાં સારું તર્પણ હોઈ શકે. પરમાત્મા તેમના આત્માને શાન્તિ અને સૌ સ્વજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે એવી અન્તઃકરણપૂર્વકની પ્રાર્થના છે. ફરી ફરી એક વિચાર આવ્યા કરે છે કે સૌ પોતપોતાના કામમાં લાગી જશે પણ તેમનાં પત્નીને સૂનું લાગ્યા જ કરવાનું છે. પરમાત્મા તેમને આ આઘાત સહન કરવાની અખૂટ શકિત આપે એટલું આપણે પ્રાર્થી શકીએ.

**એસ્તેર એ. સોલોમન**

## * સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ના ઉપાસક પરમાનંદભાઈ *

પરમાનંદભાઈના મૃત્યુના સમાચાર જ્યારે સાંભળ્યા ત્યારે એમની ૭૮ વર્ષની વયની તથા છેલ્લા એકાદ-બે વર્ષના અનારોગ્યની મને ખબર હતી; આમ છતાં આવા સમાચાર માટે હું તૈયાર નહોતો. પહેલી જ લાગણી એવી થઈ આવી કે જીવનની સંધ્યા ઢળે તે પહેલાં જ તેઓ ચાલી નીકળ્યા! મિત્રોની જામેલી મહેફીલમાંથી જાણે એકાએક ઊઠીને ચાલી ગયા! પ્રવૃત્તિના પ્રવાહમાંથી જાણે અચાનક અલોપ થઈ ગયા! આ કારણે કોઈ યુવાન કે સમવયસ્ક મિત્રનું મૃત્યુ જેવો આઘાત જન્માવે તેવો આઘાત તેઓ સૌને આપી ગયા. એમના વૃદ્ધત્વનું કે અનારોગ્યનું સ્મરણ પણ ન થ્યું.

પરમાનંદભાઈ સાથે પરિચય ત્રીસેક વર્ષનો તો ખરો, છતાં એમનાં નિકટનાં વર્તુળમાં કે મંડળમાં હું નહોતો. મળવાનું ઘણીવાર થતું અને ત્યારે અનેક વિષયો પર મુકત મનથી ચર્ચાઓ પણ થતી. તેઓ કોઈ વાર સવારના પહોરમાં ઘેર આવી પહોંચતા અને હળવા મને ગંભીર પ્રશ્નોની ચર્ચાનો અમને લાભ મળી જતો. 'પ્રબુદ્ધ જૈન' અને પછી 'પ્રબુદ્ધ જીવન' ના અમે વાચક અને પ્રશંસક, તેઓ પણ અમારાં લખાણોથી અને વિચારોથી પરિચિત, એટલે ચર્ચાના ઘણા વિષયો મળી રહેતા. પ્રથ-મથી તે છેવટ સુધી એમને વિશે મારા મન પર એવી છાપ પડી કે તેઓ સાચા અર્થમાં જિજ્ઞાસુ હતા, એમનો જીવનરસ વ્યાપક હતો, એમની સ્થૂળ પ્રવૃત્તિઓ કરતાં એમના વિચારનું અને જ્ઞાનનું ક્ષેત્ર ઘણું વિશાળ હતું. અગત્યના પ્રશ્નોમાં એમનો પોતાનો સ્વતંત્ર અને આગવો અભિપ્રાય રહેતો. એ અભિપ્રાયમાં દૃઢતા પણ આવતી, પરંતુ દિલદિમાગના દરવાજા કદી બંધ રહેતા નહિ! અભિપ્રાય બાંધતાં પહેલાં તેઓ બધું જોતા, બધાનું સાંભળતાં, તેના પર સ્વતંત્ર ચિન્તન કરતા, છતાં કયાંય ભૂલ માલૂમ પડે કે કોઈ બતાવે ત્યારે તે સુધારતા તેઓ અચકાતા નહિ.

જૈનપરંપરા અને વાતાવરણમાં તેઓ ઊછર્યા હતા, પરંતુ સાંપ્રદાયિક સંકુચિતતામાં તેઓ કદી રહ્યા નહોતા. મને એમ પણ લાગ્યું છે કે તેઓ પ્રવૃત્તિનાં પ્રારંભે સુધારક હતા, પછી ઉત્તરો-ત્તર વિચારક થતા ગયા. એમનો આ વિકાસ ખરેખર આદર ઉપજાવ-નારો હતો. એમના જીવનની એક વિશેષતાએ ઘણાનું ધ્યાન ખેંચ્યું હશે. તેઓ દુનિયાદારી - સાંસારી જીવ હતા. કુટુંબપ્રેમ અને કૌટુંબિક સંબંધોનું એમના જીવનમાં ઘણું મૂલ્ય હતું. એ જ રીતે તેઓ સામાજિક વ્યકિત હતા. દુનિયા જોવા - જાણવાની અને જે શુભ ને સુંદર હોય તે માણવાની વૃતિ પણ પ્રબળ હતી. આમ છતાં તેઓ ખરેખર નિસ્પૃહી હતા. ઘણી તપશ્ચર્યા કે સાધનાને અંતે પ્રાપ્ત થાય એવો આ ગુણ જાણે એમના સ્વભાવમાં જ હતો. આ કારણે જાહેર જીવનની વ્યકિત ન હોવા છતાં અને આજીવન લોકસેવકનું બિરૂદ પામ્યા વિના સાચા અર્થમાં તેઓ લોકસેવક હતા. સત્ય, શિવ અને સુંદરની ઉપાસના એ એમના જીવનની સહજ સાધના.

આવા પરમાનંદભાઈની વિદાયથી એક મુરબ્બી મિત્ર ગુમાવ્યાનું દુઃખ અમે અનુભવ્યું છે.

**મોહનલાલ મહેતા–સોપાન**

## આગમન–કાર્યાલયમાં

ચારને ત્રીસના ટકોરે
નમતા બપોરે
લીફ્ટ તણા કટ્ અવાજ સાથે
નીકળી ભરતાં ડગ
ઊઘડેલ દ્વારે
થતું મિલન એ ક્ષણે
સસ્મિત વદને
નયન ઓવારે

અને આજ ?

એ જ છે ઘડી
ને એ જ છે ટકોરા,
એજ લીફ્ટનો 'કટ' અવાજ...
પણ અટકે ન લીફ્ટ

ઊઘડેલ દ્વારે
ડગ કોઈ? ના ના.
હા, એ જ ઘડી છે
ને એ જ છે ટકોરા,
ટકોરા-ઘડીઓ
છે રુદન તણા.

મિલન હવે થાશે?
થાશે! હવે નયન ઓવારે
નયન ઓવારે અશ્રુની ધારા
ઝંખે મિલન સૌ હૃદય અમારાં

છબી તમારી
મનડે અંકાશે
શું ભૂલાશે?

**એલ. એમ. મહેતા**
**ગ્રંથપાલ, મ. મો. પુસ્તકાલય**

## ☆ અપ્રતિમ જિજ્ઞાસુ ☆

૧૯૬૪ના એ દિવસો હતાં. આમારો આનંદનિકેતન આશ્રમ વડોદરાથી પણ ૭૫ માઈલ ઉંડે છોટાઉદેપુરના જંગલોમાં આવેલો છે. શ્રી પરમાનંદભાઈ સાથે મહોબત તો ઘણાં વખતથી હતી. આમારી પ્રવૃત્તિ અંગે યુવક સંઘમાં બોલવા ગયો ત્યારથી ઘનિષ્ટતા વધી. ખૂબ ચર્ચા-વિચારોની આપ-લે મુંબઈમાં આમે કરેલી. પણ પોતે આ ઉમરે રંગપુર જેટલા ઉંડાણમાં આવશે તેવું તો કોઈ માને જ કેમ ? પોતે ૧૯૬૪માં આવ્યા જ. આમારી સાથે ત્રણચાર દિવસ રહ્યાં.

એમના પ્રશ્નો, પ્રશ્નો પાછળની ચિવટ, પ્રશ્નો અને પરિ-પ્રશ્નોની જીજ્ઞાસાભરી પૃચ્છા; આ બધું ભાગ્યે જ એક વ્યક્તિમાં એક સાથે સંભવી શકે. આમારે ત્યાં એ દિવસોમાં એક કેનેડિયન બહેન Miss Donna Shield હતી. તે તો આ બધું સાંભળીને મને એક વખત કહેવા લાગી. "ભાઈ, તમે ખોટું ન લગાડો તો મને તમારા આ બુઝર્ગ મિત્ર અંગે કાંઈક શંકા જાય છે. તમને જે રીતે બધું પૂછે છે અને વળી મને પણ જે રીતે તમારા અંગે સવાલો કરે છે તે સાંભળીને મને લાગે છે કે આ માણસ સી. આઈ. ડી. વિભાગ-માંથી આવ્યા હોવા જોઈએ- વિગેરે." હું એ બહેનની શંકા ઉપર હસ્યો. શ્રી પરમાનંદભાઈ અંગે મેં એ બહેનને ખૂબ કહ્યું. છતાં એના ચહેરા ઉપરથી શંકાના એ ભાવો દૂર થયેલા ન લાગ્યા. થોડાજ વખત પછી 'પ્રબુદ્ધ જીવન' માં આમારાં કાર્ય અંગેના લેખો શરૂ થયાં. મેં એ બહેનને બતાવ્યા, ત્યારે એ ખૂબ રાજી થઈ. પ્રબુદ્ધ જીવનમાં આમારા આદિવાસી વિસ્તારના કામો અંગે લખાયેલા લેખો વાંચીને કેટલાક સ્નેહીઓના પત્રો મળ્યા. એમાં શ્રી છગનલાલભાઈ જોષી, પૂ. બાપુજીના એક વખતના મંત્રી અને સૌરાષ્ટ્રના જાણીતા રચના-ત્મક આગેવાનના પત્રનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે. શ્રી છગન-ભાઈએ લખ્યું : "હરિવલ્લભભાઈ, તમારા કામ અંગે શ્રી પરમાનંદ-ભાઈના પ્રબુદ્ધ જીવનમાં લેખો વાંચીને આનંદ થયો. એમનો આંખે દેખ્યો અભિપ્રાય તમારા કામની ટીકા કરનાર ભલભલાની આંખો ઉઘાડી દેશે. શ્રી પરમાનંદભાઈ જેવા કડક પરીક્ષકનું પ્રમાણપત્ર મેળવવા બદલ તમને અભિનંદન આપું છું." વિગેરે.

ઉપરના લખાણનો મારો આશય વાંચકો સમજી શકશે. શ્રી પરમાનંદભાઈના વિચારો સાથે સંમત ન થનાર પણ ચોટલું તો એમના વિચારો અંગે માને કે એમણે ખૂબ ચિવટ, સમજણ અને અધ્યયન પછી જ વિચાર રજૂ કર્યો હશે.

આ ઉમરે એમનામાં રહેલી તરૂણાઈને શોભે તેવી જિજ્ઞાસા-વૃત્તિ ભગવાન આપણ સૌને આપે, એજ પ્રાર્થના !

સમાજસુધારા, પ્રગતિશીલ વિચારો, ધર્મને સમજવાની એમની પોતાની વૃત્તિ, આચાર્ય રજનીશને વખાણવા અને વખોડવા જેટલી નીડરતા અને શ્રી વિમળાબેન ઠકાર જેવી મહાદૂષીવિને પોતાના તરફ આકર્ષવી અને એના આધુનિક—પણ આધ્યાત્મપ્રચુર વૈજ્ઞાનિક વિચારોને વહેતા મૂકવાનું કામ કોઈ એક જ વ્યક્તિ સમગ્ર રીતે કરી શકી હોય તો તે હતાં આપણાં બહુશ્રૂત, નીડર, નિખાલસ, તાતા તીર જેવા તેજસ્વી અને અપ્રતીમ જિજ્ઞાસુ પુરુષ શ્રી પરમાનંદભાઈ !

પ્રબુદ્ધ- જીવન એમની પરંપરાને ચાલુ રાખી વિકસાવશે, એવી પ્રાર્થના !

હરિવલ્લભ પરીખ

## શ્રી પરમાનંદભાઈના પત્રો અંગે–

**સ્વ. શ્રી પરમાનંદભાઈ કાપડિયાના પત્રોનો સંગ્રહ પ્રગટ કરવાની દૃષ્ટિએ એમના સર્વ સ્નેહીઓને વિનંતિ છે કે એમની પાસે આવેલા સ્વ. પરમાનંદભાઈના વિશિષ્ટ પત્રો નીચેને સરનામે મોકલે-જો કોઈને આ પત્રો પાછા મેળવવાનો આગ્રહ હશે તો તેમને એ પત્રોનું કામ પ્રત્યે પાછા મોકલવામાં આવશે. તંત્રી.**

**સરનામું: ગીતા સૂર્યકાન્ત પરીખ, પાટડી એસ્ટેટ, એલિસ બ્રિજ, અમદાવાદ - ૬.**

## ☆ પ્રબુદ્ધ જાગરુક પરમાનંદભાઈ ☆

પરમાનંદભાઈ હવે આપણી વચ્ચે નથી એ સત્ય પર જાણે વિશ્વાસ જ બેસતો નથી. સૂર્યસમું તેજસ્વી અને કર્મરત એમનું જીવન હતું. આરામ લેવાનું એમના સ્વભાવમાં જ નહોતું. પ્રખર વિચારશક્તિ ધરાવવા સાથે એમનું દિલ કુસુમ જેવું કોમળ અને માનવતાથી ભર્યું ભર્યું હતું. મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' સાથે પરમાનંદભાઈ એકાકાર બની ગયા હતા. મુંબઈ જેવી વિશાળ અને વિલાસી નગરીમાં તેમણે પોતાના વ્યક્તિત્વનું તેજ સતત રેલાવ્યું. જીવનના અંત સુધી તેઓ તપસ્વી રહ્યા.

લગભગ વીશ વર્ષ પહેલાં વર્ધાથી પ્રકાશિત થતાં ભારત જૈન મહામંડળના 'જૈન જગત'નું હું સંપાદનકાર્ય સંભાળતો હતો ત્યારે તેમના પરિચયમાં આવવાનું મારે બન્યું. તેઓ મારા માર્ગદર્શક હતા અને વિચારોની ક્રાંતિમાંથી મને ઉગારી લેતા હતા. તેમના પરિચયમાં આવનાર નાના મોટા સૌની તે માયાપૂર્વક સંભાળ રાખતા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' મારે ત્યાં નિયમિત આવે છે. એના વાંચનથી મને ખૂબ જાણવા મળ્યું છે. 'પ્રબુદ્ધ જીવન' ને કારણે જ ગુજરાતી ભાષા તરફ આકર્ષણ વધ્યું છે.

અવિરત પરિશ્રમ વડે પરમાનંદભાઈએ 'પ્રબુદ્ધ જીવન' ને વિકસાવ્યું છે, સંક્ષિપ્તમાં કહું તો 'પ્રબુદ્ધ જીવન' એ જૈન સમાજનું એકમાત્ર તેજસ્વી અને બિનસાંપ્રદાયિક પાક્ષિક છે. એના ઉચ્ચ ધોરણને સદા જાળવી રાખવા પરમાનંદભાઈએ પોતાની જાત સમર્પી દીધી હતી. વિચારશીલ અને બુદ્ધિશાળી વર્ગ 'પ્રબુદ્ધ જીવન' માટે ખરેખર ગર્વ લઈ શકે એવું તે જ્ઞાનસભર પાક્ષિક છે. એની વિશે-ષતા એ છે કે એ કેવળ જૈન સમાજ પૂરતું જ મર્યાદિત નથી. ધર્મ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજનીતિ, સર્વોદય, ગાંધીવિચાર, ગ્રામ-દાન આંદોલન વગેરે અનેક વર્તમાન પ્રશ્નોની તેમાં છણાવટ કર-વામાં આવે છે. બીજી કોઈ પત્ર પત્રિકાઓ વાંચવાને બદલે 'પ્રબુદ્ધ જીવન' નું વાંચન પર્યાપ્ત થઈ પડે છે.

પરમાનંદભાઈએ કોઈથી પણ ડર્યા વગર પોતાના વિચારો ખુલ્લા દિલથી પ્રગટ કર્યા છે; પરંતુ તેઓ વિવેક અને વિનમ્રતા કદી વીસરી નથી ગયા. એમની શૈલી તેજસ્વી હતી. તેઓ સત્યનિષ્ઠ અને તટસ્થ આલોચક હતા. આચાર્ય તુલસી હોય કે આચાર્ય રજ-નીશ હોય, કોઈથી પણ પ્રભાવિત બનીને ઢીલી સમાધાનવૃત્તિ તેમણે કદી બતાવી નથી. પૂર્વગ્રહ અને દુરાગ્રહથી મુક્ત હોવાને કારણે તેમની સાથે મતભેદ ધરાવનારાઓમાં પણ તેમનું આદરભર્યું સ્થાન હતું.

પોતે તપીને બીજાને તાજગી અને જીવન આપતા સૂર્ય જેવા પરમાનંદભાઈ હતા. સતત કર્મપરાયણ પરમાનંદભાઈનું સ્થાન જૈન–જૈનેતર સમાજમાં કેટલું મહત્વનું હતું તેનો તેમને તો કદી ખ્યાલ પણ નહીં આવ્યો હોય. એમની પ્રવૃત્તિએ અનેક લોકોને પ્રેરણા આપી છે. વર્તમાન જૈન પત્રકારિત્વના ઈતિહાસમાં એમનું નામ સોનેરી અક્ષરે લખાશે.

જ્યારે જ્યારે હું મુંબઈ ગયો છું ત્યારે તેમને મળ્યા વગર રહ્યો નથી. પોતાનો સમય આપીને એમણે મારી સાથે ઘણી વાર્તા કરી છે.

'પ્રબુદ્ધ જીવન' એ એમનું શ્રેષ્ઠ સ્મરણ છે. આ પત્રિકાની જ્ઞાનજ્યોત સદા જલતી રહી પોતાનો પ્રકાશ પાથરે, એ જોવાની જવાબદારી હવે તેમના સાથીઓની છે. 'હરિજન બંધુ' સાથે 'પ્રબુદ્ધ જીવન' ને જરૂર સરખાવી શકાય તેમ છે.

આવા મહાન આત્માની ચિરવિદાયથી સમાજને ઘણી મોટી ખોટ પડી છે. એમની વિચારધારાને પ્રજ્જ્વલિત રાખવાની પ્રભુ આપણને શકિત આપે એ પ્રાર્થના સાથે હું સદ્‌ગત આત્માને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પું છું.

જમનાલાલ જૈન

(સર્વ સેવા સંઘ પ્રકાશન, વારાણસી)

# સન્નિષ્ઠ પરમાનંદભાઈ

કઠોપનિષદ કહે છે, 'પોતાના સુકૃતનું ઋત પીવા જીવ મનુષ્ય લોકમાં આવે છે. વેદાન્ત તત્વજ્ઞાન અનુસાર મનુષ્ય યોનિમાં જન્મ થાય એ પોતે જ સુકૃતનું પરિણામ છે. અને તેમાં યે 'શુચિ અને શ્રીમત્' માનવના કુળમાં જન્મ મળે તેમાં સુકૃતની માત્રા વધારે. સર્વસામાન્ય હિન્દુ પરિભાષામાં આને ઉજળાં પ્રારબ્ધકર્મનું ફળ કહેવામાં આવે છે. પરિભાષા ગમે તે વાપરો, પરમાનંદભાઈ જન્મજાત સુકૃત માણસ હતા. સ્વ-ભાવથી તેઓ ઊંચી કોટીના જીવ હતા.

એ ભાવને તેમણે પોતાની રહેણીકરણીથી ભવ્ય બનાવ્યો, પૂણ્યની જે મૂડી લઈને આવ્યા હતા તે અનેકગણી વધારીને વિદેહ થયા છે. અર્થમય - વ્યવહારિક જીવનને તેમણે પરમાર્થપરાયણ જીવનમાં પલટાવી નાખ્યું હતું. આપણા જેવા એમના ગુણાનુરાગીઓની શુભેચ્છાઓથી નિરપેક્ષ રીતે સદ્‌ગતિના અધિકારી બનીને તેઓ ગયા છે.

પરમાનંદભાઈનો અને મારો પ્રથમ પરિચય જરા બરછટ હતો. એક મુકાબલા જેવો એ હતો; અને બધી જ આકમકતા મારા પક્ષે હતી. પણ એ મુકાબલાને અન્તે પરસ્પર સદ્‌ભાવ કેળવીને અમે છૂટા પડયા હતા. તેમાં યશ મહદઅંશે એમનો હતો.

પ્રસંગ આવો હતો. સાલ તો બરાબર યાદ નથી, પણ ત્યારે દિવંગત મુનશીજીએ ભવનના વિદ્યાધામના પટાંગણમાં, કોઈક નિમિત્તે ઉદ્યાન સમારંભ યોજ્યો હતો. આપણા લોકોની આદત પ્રમાણે બહુ ઓછા આમંત્રિતો સમયસર આવ્યા હતા. મુખ્ય મહેમાનોના સ્વાગતની વ્યગ્રતામાં અફળાતા સંચાલકોની ઉપેક્ષા વચ્ચે પરમાનંદભાઈ એમનાં પત્ની સાથે એક દૂરના ટેબલ પર અટુલા બેઠા હતા. ઉપેક્ષિત છતાં તેઓ છેક જ સ્વસ્થ હતા; એટલું જ નહિ પણ આસપાસની પ્રવૃત્તિઓનું રસપૂર્વક નિરીક્ષણ પણ કરતા હતા.

એમની જીવપ્રતિષ્ઠા અને પ્રસન્ન મુદ્રાએ મને આકર્ષ્યો. તેમના ટેબલ પાસે જઈ મેં કહ્યું, 'હું રવિશંકર મહેતા, હિન્દુસ્તાન-પ્રજામિત્ર'નો તંત્રી, આપ ...

'પરમાનંદ કુંવરજી કાપડિયા.' ઊભા થઈને મારી સાથે સસ્મિત હાથ મિલાવતાં તેમણે કહ્યું, 'આવો બેસોને'! તેમના એ સ્મિત પાછળનો કૌતુકનો ભાવ તરત જ હું જોઈ શક્યો હતો.

નકામી વાતચીત માટેની સમાન ભૂમિકા આમારી વચ્ચે ઓછી હતી. એટલે થોડીક ક્ષણો પછી ઘડિયાળ પર નજર કરીને મેં મમરો મુકયો, 'આપણે પૌર્વાત્ય લોકોને જીવન અને સમયની ખાસ કિંમત નથી હોતી' એવી પશ્ચિમી લોકોની ટીકા તમને સાચી નથી લાગતી?'

સમારંભના નિયત સમય પર લગભગ અર્ધો કલાક વીતી ગયો હતો, એટલે આસપાસની ઓછી હાજરી પર નજર ફેરવીને એમણે એટલો જ સસ્મિત જવાબ આપ્યો,

'વાત સાવ ખોટી તો નથી લાગતી, હોં!'

આમારી વચ્ચે ફરી મૌનનો પડદો પડી ગયો. તે હટાવવા મેં ફરીને તે વેળાના માગ આકમક મિજાજનું પ્રદર્શન કર્યું. 'તમે અવલોકન માટે મોકલેલા તમારા 'પ્રબુદ્ધ જૈન'ના બેએક અંકો મેં જોયા. તમે સુધારક છો એ સારી વાત છે, પણ સામયિકનું નામ તમે જરા આડમ્બરી નથી રાખ્યું?'

'કેમ, તમને એમ કેમ લાગ્યું?' આણગમાને બદલે જિજ્ઞાસાનો ભાવ મુખ પર લાવીને તેમણે પૂછ્યું.

'બુદ્ધતા પોતે જ નિરૂપાધિકતાનો પર્યાય લેખાય, અને તેમાં તમે તો વળી પ્ર-બુદ્ધ; તેની સાથે 'જૈન' ઉપાધિનો મેળ ગણાય ખરો?'

'અમે એવી કોઈ ઝીણવટમાં તો નથી ઊતર્યા' સહજ નિખાલસતાથી તેમણે કહ્યું, 'અમે તો પ્રબુદ્ધ શબ્દ જાગૃત જેવો ગણીને યોજ્યો છે; જૈન દર્શન બરાબર છે, પણ જૈનોના આચારને જે ધાર્મિક વિધિ - નિષેધોએ જકડી લીધો છે, તેને દેશ-કાળને અનુરૂપ બનાવવાનો આ પ્રયાસ છે.'

તેનો કાંઈ ઉત્તર હું આપું તે પહેલાં તેમણે ઉમેર્યું, 'તમે તો આમ સામ્યવાદી જેવા ગણાવને! છતાં તમને આવાં જુનવાણી તત્વજ્ઞાનમાં પણ આટલો રસ છે તે જાણીને મને ઘણો જ આનંદ થયો.'

મારી આકમકતાનો તડોતડ જવાબ આપવો હોત તો પરમાનંદભાઈ ત્યારે, અમને ઘણા ગાંધીનિષ્ઠ માણસો કહેતા તેમ '(રણછોડદાસ) લોટવાલાના કલમ ઘસડુઓ' કહી શક્યા હોત - એમ કરવાની લાલચ તેમણે નિવારી તેમાં પરમાનંદભાઈની સ્વભાવગત સૌમ્યતા તો હતી જ, પણ તે સાથે સામેના માણસની વૈચારિક હેસિયતની સમજદારી પણ હતી.

તેમનાં એ નિખાલસ નિરૂપણે અને આનુષંગિક વાક્યે મારી માનસિક આકમકતાને ઓગાળી નાખી; અને મારી અહંતાને ઘોડી પંપાળીને, સામાજિક સંપર્કોમાં આપણા બધાની વચ્ચે જે અહંકારયુક્ત વ્યક્તિત્વોની વાડો રહેતી હોય છે તે યે અમારા બેની વચ્ચે તો તેમણે કાયમને માટે દૂર કરી. તે પછીથી ત્રણેક દાયકાના સમયગાળામાં અમારી વચ્ચેના પ્રાસંગિક સંપર્કો પરસ્પર સદ્‌ભાવ તેમ જ બોધભાવ ભર્યા રહ્યા.

મારો એવો ખ્યાલ છે કે પરમાનન્દભાઈના સમાગમમાં આવનાર બીજા બહુ કોઈનો પણ એમના વિશેનો અનુભવ આવો જ રહ્યો હશે.

વર્ષો પહેલાંનો એ પ્રસંગ હજુ ગઈ કાલે જ બન્યો હોય એટલો તાજો મારા સ્મરણમાં રહેવાને એકથી વધુ કારણો છે. એ નાના પ્રસંગમાં પરમાનંદભાઈનું જે વ્યક્તિત્વ મને પ્રતીત થયું તેથી વિશેષ અથવા જુદું કંઈ મને આટલા વર્ષોમાં જાણવા મળ્યું નથી, જાણવા – જણાવવા જેવું લાગ્યું નથી.

અને મારા એ પ્રથમ સંસ્કારને આ બધાં વર્ષો દરમ્યાન 'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ના લગભગ નિયમિત વાચનનું સિંચન થતું રહ્યું છે. એ પત્રના જેટલું એકધારું સાત્વિક અને સુવાચ્ય વાચન મને બહુ ઓછાં સામયિકોમાં જોવા મળ્યું છે.

પરમાનંદભાઈનું જીવન અને કર્તવ્ય અલબત્ત, બહુક્ષેત્રીય હતું, એ વ્યકિતત્વને ઘણાં પાસાં હતાં, પરંતુ એમના વિશેનું મારું સર્વોપરી આકલન 'પ્રબુદ્ધ જીવન' ના લેખક-સંપાદક તરીકેનું જ રહ્યું છે. મારી સમજ પ્રમાણે પરમાનંદભાઈનું એ સ્વકર્મ અથવા સ્વભાવ નિયત કર્મ હતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી તો એ લગભગ સર્વાંશે નિરાગ્રહી, નિષ્કામ કર્મ હતું, અને તેટલે અંશે તે જગન્નિયંતાની સતત અર્ચના જેવું હતું.

'સત્ય, શિવ, સુન્દર' એ પરમાનન્દભાઈની ભાવાસકિતના શબ્દો હતા. એ ભાવો તો ઘણા ગહન છે, પણ જેમ 'પ્રબુદ્ધ' ની બાબતમાં તેમ આ ભાવોની બાબતમાં પણ પરમાનંદભાઈની ઉપાસનાની ભૂમિકા વ્યાવહારિક હતી. નિર્મળ બુદ્ધિને પ્રતીત થાય તેવા સ્વરૂપે સત્યની તેમની અડગ નિષ્ઠા હતી. આથી તેમના આશયમાં શિવત્વ સંચર્યું હતું, વાણીમાં સુન્દરતાની પૂર્વભૂમિકા જેવી વિશદતા અને આનુષંગિકતા.

પરમાનંદભાઈ મારી માફક વિશાળ પરિચિત સમુદાયને એક સન્નિષ્ઠ પુરૂષ તરીકે યાદ રહેશે.

ર. વિ. મહેતા

# પ્રેરણારૂપ પરમાનંદભાઈ

છેલ્લા કેટલાક વખતથી ઘડપણ, તેને અંગે આવતી નિષ્ક્રિયતા, ઉદાસિનતા વગેરે વિષે તેઓ ચિંતન કરી રહ્યા હતા અને તેમના પખવાડિક "પ્રબુદ્ધ જીવન"માં તે વિષે અનેક જાણીતી વ્યક્તિઓના અનુભવો તેમણે આપવા માંડયા હતા.

જીવનભર જેમણે અવિરતપણે ખૂબ જ ધગશપૂર્વક, સાચી નિષ્ઠાથી કામ કર્યું હોય, લોકસેવા કર્યા કરી હોય, તેમને વૃદ્ધાવસ્થા વર્તાતાં કામમાં વિક્ષેપ પડતો લાગે ત્યારે કંઇક પરિવર્તન થઈ રહ્યું હોય એમ લાગ્યા વિના ન રહે. અને એ સ્થિતિ ગમે પણ નહિ..

૧૯૭૦ના નવેમ્બરની પહેલીના "પ્રબુદ્ધ જીવન"ના અંકમાં પોતાની આ સ્થિતિનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું છે:—

"પહેલાં મૃત્યુનો ભાગ્યે જ વિચાર આવતો, આજે મૃત્યુ જાણે સમીપ ઊભું હોય એમ લાગે છે. એ મૃત્યુ આવવાનું હોય ત્યારે ભલે આવે." તેમને દુ:ખ હતું શરીર અને મનની શકિત ઘટી તેનું.

"આજે શરીર તથા મન બંનેની શકિત ઘટી છે. વ્યાપાર—વ્યવસાયથી તદ્ન નિવૃત્ત થયો છું, નવરાશ વધી છે, આંખોની નબળાઈને કારણે વાંચન પણ થઈ શકતું નથી. મળવા આવનાર પણ ઘટતા જાય છે, મળવા જવાનું પણ કમી થતું જાય છે. પરિણામે એકલતા, શૂન્યતા મનને બેચેન બનાવે છે." આવી તેમની માનસિક સ્થિતિ રહેતી. હવે આ એકલતા વટાવી તેમણે નવા જીવનમાં પ્રવેશ કર્યો છે. મૃત્યુ એ નવા જીવનનું દ્વાર છે. જૂનું અશકત શરીર છોડી નવું શરીર ધારણ કરવા તેમનો આત્મા ચાલ્યો ગયો છે.

શ્રી પરમાનંદભાઈનો ક્રાંતિકારી જીવ હતો. સમાજની વાડાબંધી, રાંકુચિતતા, જૂનવાણીપણું, તેવી જ રીતે ધર્મ વગેરેના ચાલુ ચીલાના વિચારો સામે તેઓ યૌવનગનતા યુવાન હતા ત્યારથી તેમનું દિલ બંડ પોકારી રહ્યું હતું અને પોતાના આ વિચારો એમણે બેધડક રીતે સમાજ સમક્ષ મૂક્યા પણ ખરા. આવા બંડખોરોને વિરોધના વંટોળનો સામનો કરવો પડે તે તેમણે સહર્ષ કર્યો અને જૈન યુવકોમાં એમણે આ ક્રાંતિકારી કામ કર્યું. તેમને અનુકુળ સાથીદાર પણ મળી રહ્યા. મુંબઈ જૈન યુવક સંઘ સ્થાપ્યું, સર્વધર્મો પ્રત્યે સમભાવ, નવા વિચારોને ઝીલવાની ને સમજવાની તૈયારી—એ બધામાં 'પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા' શરૂ થઈ. થોડા વખતથી "વસંત વ્યાખ્યાન માળા"ની પણ શરૂઆત કરી હતી. નવા વિચારના સાધુઓને તેમણે પ્રોત્સાહન આપ્યું હતું. પોતાના આ વિચારો ફેલાવવા તેમને બળ મળી રહે તે માટે "પ્રબુદ્ધ જૈન" નામનું પખવાડિક તેમણે વર્ષો સુધી ચલાવ્યું.

"પ્રબુદ્ધ જૈન" એમના વ્યાપક વિચારો ફેલાવવા માટે બહુ સંકુચિત હતું અને પોતાને એમ લાગતાં તેમણે એનું નામ બદલી "પ્રબુદ્ધ જીવન" નામ આપ્યું. કોઈ ધર્મ, પંથ, વાડો નહિ પણ સૌ કોઈના જીવનમાં જાગૃતિ લાવે તેવું લખાણ આ સાપ્તાહિકમાં આવે છે અને ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં સામાયિકોમાં તેનું ઘણું ઉચ્ચ સ્થાન છે.

થોડા દિવસ ઉપર તો તે અમદાવાદ આવ્યા હતા અને શ્રી શંકરલાલભાઈને એમને ઘેર મળ્યા હતા. વૃદ્ધાવસ્થા સિવાય તેમને કોઈ બીમારી નહોતી અને આટલા વહેલા એ ચાલ્યા જશે એવો ખ્યાલ પણ નહોતો. પણ મૃત્યુની કોઈ તારીખ નક્કી નથી હોતી. નિમિત્ત પળે સૌ જાય છે તેમ પરમાનંદભાઈ પણ ગયા છે. એમનું અખંડ ક્રાંતિકારીને સેવાપરાયણ જીવન આપણને પ્રેરણારૂપ બની રહો.

**'મજૂર સંદેશ' પત્રિકામાંથી**

# વિનોદપ્રિય પરમાનંદભાઈ

પરમાનંદભાઈ સાથે યુવક સંઘના નાતે સંઘના મંત્રીપદે આવ્યો ત્યારથી વર્ષોનો મારો અત્યંત નિકટ સંબંધ—બે સગાભાઈ જેટલા સંબંધમાં પરિણમ્યો હતો. આજે મારા જીવનનું કોઈ મહત્વનું અંગ હું ગુમાવી બેઠો છું અને પરમાનંદભાઈએ શું સાચેજ વિદાય લીધી છે એમ મારા મનને હજુય શંકા રહે છે. પરમાનંદભાઈના જીવનનાં અનેકવિધ વિશિષ્ટ અને પ્રેરક પાસાંઓ છે. એમની સાથે ખૂબ ખૂબ નિકટ આવવાનું મને સદ્ભાગ્ય મળ્યું હતું. મારું એ પરમ સદ્ભાગ્ય હતું કે એમને મારામાં સંપૂર્ણ વિશ્વવાસ હતો. સંઘમાં અમારી જોડી બરાબર જામી હતી -વર્ષોથી અતૂટ રહી હતી-સંભવ છે કુદરતને અમારી જામેલી જોડીની ઈર્ષ્યા આવી હોય...

પરંતુ કુદરત પાસે આપણે સૌ લાચાર છીએ. પરમાનંદભાઇ વિષે લખતાં તેઓ જાણે સદેહે સામે ઊભા થાય છે. તેઓ મારી સાથે હરહંમેશની જેમ રમૂજ કરે છે અને કહે છે—"કેમ, મેં નો'તું કહ્યું કે હું એકાએક જ ચાલ્યો જઈશ. બન્યું ને એવું?" એજ પ્રસન્નતા—એજ હાસ્ય, એજ ખુમારી અને મરતી. પરમાનંદભાઈમાં જ્ઞાન-જિજ્ઞાસા પ્રબળ હતી. સત્તરમી એપ્રિલે વિદાય લીધી એની આગલી રાતે મને કહે છે- "તમે સ્ટેલિનની પુત્રીની આત્મકથા જરૂર વાંચી જજો. એક રશિયન નારી ભારતીય સંસ્કારોથી કેવી પ્રભાવિત બને છે અને એ સંસ્કારોને કેવી સરસ રીતે સમજાવે છે." પરમાનંદભાઈમાં વિનોદ પણ એટલો જ.

એક દિવસ કાર્યાલયની બારીમાં મેં વેનિશિયન બ્લાઈન્ડ મૂકાવ્યું. મને કહે છે- "શું કાર્યાલયને હેરડ્રેસીંગ સલૂન બનાવવું છે?'

એક દિવસ પરમાનંદભાઈને હિંદી ફીલ્મ "સંગમ" જોવાનું મન થયું—થિયેટર ઉપર જવા બસમાં બેઠા—મોડું થઈ ગયું હતું એટલે ફિલ્મની અગાઉથી લઈ રાખેલ ટિકિટ હાથમાં રાખી હતી. બસમાંથી ઉતર્યા ત્યારે બસની ટિકિટ હાથમાંથી ફેંકવાને બદલે ફીલ્મની ટિકિટ ફેંકી દીધી—થિયેટર ઉપર પહોંચ્યા. તો હાથમાં બસની ટિકિટ અને તેઓ ફિલ્મ જોયા વિના ઘરે પાછા ફર્યા. તુરત જ મને ફોન કરી વાત કરી... અમે બંને ખૂબ ખૂબ હસ્યા અને અંતે મેં પરમાનંદભાઈને કહ્યું તમારે આ ફિલ્મ જોવા જેવી. ન હતી એટલે કુદરતે જ આમ કર્યું છે.

પરમાનંદભાઈમાં વિનોદ હતો. પણ વિનોદ એ જ જીવન છે એમ કદી ન માનતા. બલ્કે તે માનતા કે દરેકનાં જીવનમાં ક્રાંતિ હોવી જોઈએ, સંવેદન હોવું જોઈએ, નવી વિચારધારા હોવી જોઈએ. એક વખત કાર્યાલયમાં બહેનો માટે કેશગૂંફન કલાનો કાર્યક્રમ હતો- મને કહે "આપણી બહેનો આવો કાર્યક્રમ શા માટે રાખતી હશે? કેશગૂંફન આજે છે- સંભવ છે કાલે લીપસ્ટીકનો કાર્યક્રમ રખાય... આમ પરમાનંદભાઈ જ્યાં જીવનનાં ઉચ્ચ ધોરણો નો'તાં જળવાતાં ત્યાં દુ:ખ અનુભવતા.

પરમાનંદભાઈએ સત્તરમી એપ્રિલ અને શનિવારે મહાપ્રસ્થાન કર્યું. ૧૬મી એપ્રિલ અને શુક્રવારે મને પૂછે છે- "વસંત વ્યાખ્યાનમાળા પૂરી થઈ. આ આપણી વ્યાખ્યાનમાળા સફળ થઈ એવા ઉચ્ચ ધોરણથી વ્યાખ્યાનમાળાનું ધોરણ હંમેશ આવું જ ઊંચું રાખજો. બોલો—સંઘનું બીજું નવું શું પ્રસ્થાન છે?"

હું એમની નબળી તબિયત વિશે ચિન્તા કરવા લાગ્યો. મેં કહ્યું- "તમારી તબિયત સારી થાય પછી નવા પ્રસ્થાનની વાત."

સંભવ છે મારો આ જવાબ એમને ન ગમ્યો હોય. અને એમણે જ મહાપ્રસ્થાન કરી લીધું.

**ચીમનલાલ જે. શાહ**

# પ્રબુદ્ધચેતા શ્રી પરમાનંદભાઈ

કેવળ જૈન સમાજના જ નહિ પરંતુ સમસ્ત ભારતના પીઢ ચિન્તકોમાંના એક, સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા શાન્તિચાહક શ્રી. પરમાનંદભાઈ કુંવરજી કાપડિયાનું ગઈ એપ્રિલની ૧૭મી તારીખે મુંબઈમાં દુઃખદ અવસાન થતા જૈન સમાજને ભારે ફટકો પડ્યો છે.

જૈન યુવક સંઘના પ્રાણ અને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ પત્રકાર શ્રી. પરમાનંદભાઈ સાથે મારો પરિચય તેમના જીવનના અંતિમ વર્ષોમાં થયો પરંતુ એ પરિચયથી હું ધન્ય ધન્ય થઈ ગયો છું. દીર્ઘદૃષ્ટિ, વિશાળ ભાવના અને દરેક વાતનો તટસ્થતાથી વિચાર કરવાની શકિત—આ તેમના વિશિષ્ટ ગુણો હતા જે બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે. કોઈના ભયનું કારણ બનવું નહિ તેમ કોઈથી પણ ભયભિત કે પ્રભાવિત બન્યા વગર પોતાના વિચારો સ્પષ્ટ સુરેખ રીતે પ્રગટ કરવા આ તેમની જીવનનીતિ હતી. પોતાની આ નીતિના કારણે તેમને સમાજનો ખોફ વહોરવો પડ્યો તેમ અનેકવાર માનાપમાનના કડવા ઘુંટડા ગળી જવા પડ્યા. પરંતુ જીવનના અંત સુધી પોતાનો ક્રાન્તિકારી પ્રખર વાણીપ્રવાહ તેમણે વહેતો જ રાખ્યો.

જૈન યુવક સંઘના પ્રણેતા પરમાનંદભાઈએ 'પ્રબુદ્ધ જીવન' દ્વારા સમાજને એક નવચેતના તરફ અભિમુખ કરવાનું મહાતપ આદર્યું હતું. 'પ્રબુદ્ધ જૈન' નું 'પ્રબુદ્ધ જીવન' કરી તેમણે વિશાળ જનજીવન પ્રત્યેના પોતાના ઊંડા આદરનો પરિચય કરાવ્યો અને અંતિમ પળ સુધી જનજીવનને પ્રબુદ્ધ, જાગૃત કરવા મહાસાધના કરી.

મોટા મુનિવર હોય, લક્ષ્મીપતિ હોય, અગ્રગણ્ય સમાજ સેવક હોય કે રાજકારણમાં પડેલી સત્તાધીશ વ્યકિત હોય—પરમાનંદભાઈએ કોઈથી પણ ડર્યા વગર પોતાનાં મંતવ્યો સત્યને પૂર્ણ વફાદાર રહીને પ્રગટ કર્યા છે.

જૈનસમાજને નવી વિચારધારાથી પરિચિત કરવા તેમણે વ્યાખ્યાનમાળામાં જુદા જુદા વિષયોના નિષ્ણાત વકતાઓને બોલાવી તેમના જ્ઞાનનો લાભ જૈન—જૈનેતર સમાજને આપ્યો. મુંબઈમાં ચાલતી તેમની પ્રવૃત્તિની સુવાસ ચારે બાજુ પ્રસરી ગઈ હતી. છેલ્લા એકાદ બે વર્ષમાં નબળું પડેલું તેમનું સ્વાસ્થ્ય તેમની વિચારશકિત અને નૈતિક તાકાતને અસર કરી શકયું નહોતું.

સમાજની ઉત્નતિનો જે આધારસ્તંભ હતા એવા પરમાનંદભાઈના દેહવિલયના સમાચાર રેડિયો પર સાંભળીને હું સ્તબ્ધ બની ગયો હતો. ભગવાન મહાવીરની ૨૫ મી શતાબ્દીને સફળ બનાવવા એમના જેવા પ્રબુદ્ધ વિચારક અને સમન્વયદર્શી સમાજસેવકના માર્ગદર્શનની જ્યારે ખૂબ જરૂર હતી ત્યારે જ કુદરતે તેમને બોલાવી લીધા. એમનું સ્થાન કઈ રીતે પુરાશે?

જન્મ સાથે મૃત્યુ સંકળાયેલું જ છે એ જાણવા છતાં, મૃત્યુની આટલી ભીતિ શા માટે? મૃત્યુ સાથે મંગલ મૈત્રી જોડવા બાબત પરમાનંદભાઈએ હમણાં જ 'પ્રબુદ્ધ જીવન'માં ચલાવેલી ચર્ચામાં પૂ. કાકાસાહેબના શ્રી હસ્તે લખાયેલી મૃત્યુ મહોત્સવની મીમાંસા હમણાં અમે સૌએ વાંચી હતી. મૃત્યુ પરત્વે સાવધાન પરમાનંદભાઈ હસતાં હસતાં કહેતા હતા કે મૃત્યુનો સાક્ષાત્કાર કરવો એ પણ જીવનની મહાન સાધના છે. જીવનનું સાચું મૂલ્યાંકન કરી જે જીવી જાણે છે તે જ મૃત્યુનું ખરું રહસ્ય પામી શકે છે.

જૈન યુવક સંઘની સ્થાપના કરી પરમાનંદભાઈએ ક્રાન્તિના જે બીજ રોપ્યા તેમાંથી આજે ફાલી ફૂલીને એક વટવૃક્ષ બન્યું છે. ઉચ્ચ વાચનસામગ્રીથી સમૃદ્ધ પૂ. ગાંધીજીનું 'નવજીવન' વાંચ્યા વગર તૃપ્તિ નહોતી થતી તેવું જ 'પ્રબુદ્ધ જીવન' વિષે પણ છે. 'પ્રબુદ્ધ જીવન' ના પ્રત્યેક શબ્દ પાછળ પરમાનંદભાઈની પ્રબુદ્ધ ચેતનાનું સ્પંદન રહેલું હતું. એકે એક શબ્દને તેઓ પોતાની વિવેકતુલામાં તોળીને એ જો પાર ઊતરે તો જ તેને પત્રિકામાં સ્થાન આપતા.

એમની અનેક વિશેષતાઓમાં એક નોંધપાત્ર વિશેષતા એ હતી કે તેઓ ધન, સત્તા તથા મોટાઈને કદી પ્રાધાન્ય આપતા નહિ. વિદ્વતાનું સન્માન કરવું અને બીજાની સેવાની કદર કરવી એને તેઓ પોતાનું કર્તવ્ય લેખતા હતા.

જીવનના ભૌતિક તત્ત્વો—સત્તા, ધન, કીર્તિ, ભપકો—ને ગૌણ ગણી તેમણે અંતરમાં સૌંદર્યની ઉપાસના કરી. ઉચ્ચ દૃષ્ટિકોણને કારણે તેઓ જીવનને સાચી રીતે સમજીને માણી શક્યા. પ્રકૃતિપ્રેમી, કલારસિક અને સૌંદર્યના પરમ ચાહક હોઈ તેમને પ્રવાસનો અત્યંત શોખ હતો અને તેનું મજાનું વર્ણન લખતા.

તેમની ક્રાન્તિકારી વાણી જેટલી પ્રખર અને બુલંદ હતી તેટલી જ તેમના ઉરની ભાવનાઓ મૃદુ અને મુલાયમ હતી. 'પ્રબુદ્ધ જીવન' માં પોતે અનેકવાર કેટલીક હકીકતોનો નમ્ર સ્વીકાર કરતા. તેમાં તેમના દિલની સરળતા, સચ્ચાઈ અને નિર્દોષતાના દર્શન થાય છે.

કેવળ જૈન સમાજના જ નહિ પરંતુ માનવજાતિના વિનમ્ર સેવક અને પ્રજ્ઞાપુરુષ પરમાનંદભાઈએ પોતાના જીવન, કવન અને લેખન દ્વારા સમાજ અને ધર્મના ઉત્થાનમાં યોગદાન આપી રાષ્ટ્રની જે મહાન સેવા બજાવી છે તેની ઈતિહાસ સુવર્ણાક્ષરે નોંધ લેશે.

એમના પુણ્યાત્માને ચિરશાન્તિ મળો એ જ પ્રભુને પ્રાર્થના!

**શાન્તિલાલ વનમાળીદાસ શેઠ**

## પરમાનંદભાઈનાં પત્રોમાંથી.....

### બધા સાથે કામ કરવાની કળા

જે સાથીને કામ સોંપ્યું તેનામાં વિશ્વાસ રાખવો અને તે જે કરે તે કદાચ આપણને બરોબર ન લાગે તો પણ પ્રેમભાવે સ્વીકારી લેવું એ જ યોગ્ય નીતિ છે. આ રીતે વર્તીએ તો જ આપણે બધા સાથે કામ કરી શકીએ.

### મારામાં કશું જ અસાધારણ નથી

ત્યાં સંઘની કાર્યવાહીની સભામાં મારું સન્માન કરવા અંગે શું કરવું ને બાબત તમે વિચારવાના છો એમ જણાવો છો. આ સામે મારો સખત વિરોધ છે. કારણ કે કોણ જાણે કેમ પણ, સામુદાયિક રીતે મારું સન્માન કરવામાં આવે એ વિચાર જ મને ગમતો નથી. આવા Demonstration માં મને કોઈ રસ નથી. જીવનને અર્થસભર બનાવવાનો મારો પ્રયત્ન છે એમ છતાં મારી ત્રુટિઓ હું જ જાણું છું, મારામાં કશુંજ અસાધારણ નથી. મેં કશું અસાધારણ કર્યું નથી. આખા જીવનનો સરવાળો કરું છું તો ઘણું વધારે કરવાની શકયતા હતી અને ઘણું ઓછું કર્યું છે. આવો અન્તસ્તાપ—અસંતોષ અનુભવું છું. મારા જેવાની પૂજા કરવી એ અહોરૂપ—અહોધ્વનિ જેવું લાગે છે. અને તેથી આવું કશું જ મારા અંગે ન થાય એમ હું અન્તરથી ઈચ્છું છું.

### મારી માંગણી

પ્રબુદ્ધ જીવન કેમ વધારે સમૃદ્ધ થાય, પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રતિભા કેમ વધે તેનો વિચાર કરો. બીજા કોઈ વિચારને સ્થાન ન આપો. આવી મારી માંગણી છે.

(ચીમનલાલ જે. શાહને ઉદ્દેશીને લખાયેલા પત્રોમાંથી)

# વિરલ પત્રકાર

પરમાનંદભાઈ કાપડિયા પ્રથમ તો જૈન યુવક સંઘ વતી **પ્રબુદ્ધ જૈન**નું સંપાદન કરતા હતા, એ સંપાદન સંકુચિત લાગતાં એમણે સામયિકના સ્વરૂપનું મૌલિક પરિવર્તન કર્યું અને તેને **'પ્રબુદ્ધ જીવન'**નું નવીન સૂચક નામ આપ્યું. એ કર્તવ્ય એમણે વિલક્ષણ પ્રકારે અવસાન પર્યંત બજાવ્યું: એ સંપાદનમાં એમનાં વિશિષ્ટ કર્તૃત્વ, બુદ્ધિમત્તા, દીર્ઘ દૃષ્ટિ નીકળતાં હતાં. એમણે સંપાદન વિધિમાં જૈનત્વનો સદંતર પરિત્યાગ તો કર્યો નહોતો, એમાં મૂર્તિપૂજા દેવદ્રવ્ય, મંદિર-રચના મુહપત્તી, ક્રિયાકાંડ, વગેરેની ચર્ચાઓ આવતી તો હતી જ, પણ સંપાદનનો મુખ્ય હેતુ, કેવળ જૈન સમાજને નહિ, પણ સમસ્ત ગુજરાતની જનતાને પ્રબોધ આપવાનો હતો. જૈન પત્રો, સામાન્યતઃ સાધુ-સાધ્વીજીઓનાં ચાતુર્માસો, શ્રાવક-શ્રાવિકાઓનાં આયંબિલ ઉપવાસ- છઠ્ઠ – અઠમ – ઉપધાનવ્રત, માસખમણો, વર્ષીતપ, દીક્ષા-ઉત્સવો વગેરેના સમાચાર આપે છે. પરમાનંદભાઈએ આ જૂની પ્રથાનો સદંતર પરિત્યાગ કરેલો. એવા સમાચારોને બદલે શ્રી પરમાનંદભાઈ વર્તમાન રાજકારણની વિશદ સમીક્ષાઓ, ઉપરાંત દાદા ધર્માધિકારી, વિમલા ઠકાર, વિનોબા ભાવે, કાકા કાલેલકર, જેવા વિચારકોની વિચારધારાઓનો વાચકોને પરિચય કરાવતા હતા. પરમાનંદભાઈ ગુજરાતના ખ્યાતનામ મુત્સદ્દીઓ કાર્યવાહકો, વગેરેના જીવન ઉપર પ્રકાશ પાડતા હેવાલો આપતા હતા, એવા હેવાલોમાં મુંબઈ સરકારના અધિકારી સ્વ. શ્રી દેવચંદ અમરચંદ શાહ, ગુજરાત સંશોધક મંડળના શ્રી પોપટલાલ ગોવિંદલાલ શાહ તેમજ વડોદરા રાજ્યના ભૂતપૂર્વ પ્રગતિ અધિકારી શ્રી માણેકલાલ બાલાભાઈ નાણાવટી વગેરેના જીવનકાર્યોની સારી સમીક્ષા કરી હતી.

કોઈ પણ પ્રગતિદાયક કાર્યવાહી ગુજરાતમાં કે ભારતના અન્ય પ્રદેશમાં થતી હોય તો તેની મૌલિક નોંધ લેવામાં પરમાનંદભાઈ ચૂકતા નહિ, આ દૃષ્ટિએ તેમનું પ્રબુદ્ધ જીવનનું સંપાદન વિશાળ દૃષ્ટિનું, પ્રગતિનું બોધક હતું, એ સંપાદન શરૂઆતમાં તો જૈન સમાજના કેટલાક વિભાગને રુચિકર નહોતું, એ ક્ષોભ કાળક્રમે નિવર્તન પામતો જતો હતો, પરમાનંદભાઈ તે ક્ષોભ તરફ ઉપેક્ષાવૃત્તિ સેવતા હતા. એ તેમની ઉદારચરિતતા દર્શાવે છે.

પરમાનંદભાઈ યાત્રાઓના–સહેતુક પર્યટનોના શોખીન હતા, જૈન–જૈનેતર તીર્થસ્થળોનો તેમનો પરિચય ગાઢ હતો, ગિરિશૃંગ ઉપર આવેલાં શીતળ સ્થળોનો એમનો સારો પરિચય હતો. જે સ્થળોનો તેઓ પરિચય કરતા તેમનાં શિલ્પ, તેમની રચના, મનોરમ વાતાવરણ વગેરેનો તેઓ અભ્યાસ કરતા હતા. ખજૂરાહોનાં મંદિરોનાં શિલ્પોનો, તેમાં યે એમનાં મૈથુન શિલ્પો વિષે યોગ્ય માહિતી મારી પાસે એમણે માંગી હતી, મૈથુન શિલ્પોની પૂર્વભૂમિકા તેનું તાંત્રિક રહસ્ય, એ વિષે મેં તેમને માહીતગાર કર્યા હતા એ મને ખાસ યાદ આવે છે.

આપણી ધાર્મિક, સાંપ્રદાયિક વિધિઓની પૂર્વભૂમિકા પરમાનંદભાઈ વિજ્ઞાનદ્વારા સમજવા ખાસ આતુરતા ધરાવતા હતા. વિજ્ઞાનની દૃષ્ટિથી જૂની પરંપરાઓનો વિનાશ કરવો પડે તો તેઓ તેમ કરતાં અચકાતા નહિ, એ મનોવૃત્તિ, વિચાર દશા, પરંપરાથી વિરુદ્ધ જતી તો તે વિરોધનો સ્વીકાર કરતાં તેઓ અચકાતા નહિ. અંધેરી મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન થયું હતું ત્યારે શ્રી કનૈયાલાલ મુનશીએ એક વિખ્યાત, ગુજરાત બહારના વિદ્વાન સાથે પરમાનંદભાઈની ઓળખાણ માર્ટિન લ્યુથર તરીકે કરાવ્યાનું મને યાદ આવે છે.

પરમાનંદભાઈની પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજના મુંબઈની જનતા કદી ભૂલશે નહિ. એ યોજનામાં ગુજરાત-ભારતના વિશિષ્ટ ચિન્તકો વ્યાખ્યાનકારો તરીકે આવી જતા હતા. એ વ્યાખ્યાનોનું તારતમ્ય દર વખત પ્રબુદ્ધ જીવનમાં પ્રસિદ્ધ કરવામાં આવતું. હમણાં એમણે અવિસ્મરણ જ્ઞાનની એક પ્રક્રિયાનો પરિચય આપણને કરાવ્યો હતો.

આવા શ્રી પરમાનંદભાઈ કાપડિયા હતા. તેમનો સત્સંગ થવો એ મહત પૂણ્યનું ફળ કહી શકાય. ભવભૂતિ **ઉત્તરરામ ચરિતમાં** કહે છે તેમ:–

સતાં સદ્‌ભિ સંગ: કથમપિ હિ પૂણ્યેન ભવતિ

**કેશવલાલ હિ. કામદાર**

## કોઈ સરહદો નહોતી

મને નિકટથી ન ઓળખનાર લોકો અમારી બંનેની અટક ઘણી વાર કાપડિયા હોવાને લઈને પૂછતા: "તમે તો પરમાનંદભાઈનાં દીકરી ને? અને આ વાત હું પરમાનંદભાઈને કહું ત્યારે તે હસીને કહેતા: "જવાબ આપવો હતો ને કે દીકરી નથી, પણ દીકરી જેવીજ છું!" એમનું વાત્સલ્ય અને અનેક બાબતોમાં રસ લેવાની તેમની ક્ષમતાને કોઈ સરહદો નહોતી. તેમની નિરાડંબરતા અને જિજ્ઞાસાની પ્રતીતિ પણ થોડાક પરિચયમાં સૌ કોઈને થઈ જાય. હું તો તેમની દીકરી જેવી નાની, તો યે કોઈક વાર ફોન આવતો: "ફલાણી ફલાણી વાત વિષે તમને શું લાગે છે? કોઈ વાર આ વિષે આપણે નિરાંતે ચર્ચા કરવી છે."

અને વાતચીત કે ચર્ચામાં ક્યાંય વડીલપણાનો અણસાર નહિ, કોઈ મુરબ્બીવટ નહિ. સમાનતાની ભૂમિકા પરથી જ વાત કરતા. તેમની માન્યતા કે દલીલ સામેનો વિરોધ સહેલાઈથી વ્યક્ત કરી શકાય એવા તે ડેમોક્રેટ હતા. 'પ્રબુદ્ધ જીવન' પહેલેથી તે છેલ્લા પાના સુધી જીવંત જાગૃત, નિર્ભય ને રસમય વાંચન આપતું તે તેમના જ સમર્થ નિર્ભિક સંપાદનને કારણે. દરેક માણસ આમ તો અદ્વિતીય હોય છે, પણ ઓરવેલની ભાષામાં કહીએ તો, કેટલાક માણસો 'વધારે અદ્વિતીય' હોય છે. પરમાનંદભાઈની ખોટ સહેજે નહિ જ પુરાય.

**કુન્દનિકા કાપડિયા.**

## તેજસ્વી પત્રકાર

પરમાનંદભાઈના જવાથી ગુજરાતને એક સન્નિષ્ઠ, નીડર, નિખાલસ અને સૌજન્યસભર પત્રકારની ભારે ખોટ પડી છે. ગુજરાતના પત્રકારિત્વના ઈતિહાસમાં જે કેટલાંક વિચારપત્રોનાં નામ સુવર્ણાક્ષરે નોંધવા જેવાં છે તેમાં 'પ્રબુદ્ધ જીવન'નું નામ અવશ્ય આવે. પરમાનંદભાઈએ જૈન કોમની સુધારણા અર્થે 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું હતું પણ એમની દૃષ્ટિ મૂળથી જ વિશાળ હોઈ થોડા સમય પછી એ 'પ્રબુદ્ધ જીવન'માં પલટાઈ ગયું, એ ખૂબ સ્વાભાવિક વિકાસ હતો. 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતના વિચારશીલ વર્ગમાં હોંશે હોંશે જિજ્ઞાસા અને આદરપૂર્વક વંચાતું હતું તેનું કારણ એના તંત્રીની સ્વચ્છ દૃષ્ટિ, કોઈની શેહશરમમાં ન તણાવાની અને પોતાની ભૂલો પણ તરત સ્વીકારી લેવાની વૃત્તિ, નિર્દોષ અને નિર્દંશ છતાં નીડર વિવેચના અને સમગ્ર દેશ અને માનવજાતના હિતની ચિન્તા હતું. એમના જેવા સ્પષ્ટવક્તા પત્રકારની આજે ખૂબ જરૂર છે, ત્યારે એમના અવસાનથી પડેલી ખોટ વધારે સાલે એ સ્વાભાવિક છે. 'પ્રબુદ્ધ જીવન'ની રાહ જોવાને ટેવાયેલું મારું મન હવે પરમાનંદભાઈની નોંધો વાંચવા નહિ મળે એ હકીકતથી ટેવાતાં થોડી મુશ્કેલી અનુભવશે.

**નગીનદાસ પારેખ**

# અનન્ય સન્મિત્ર પરમાનંદભાઈ

પ્રબુદ્ધજીવનના આરંભથી એટલે પ્રબુદ્ધ જૈન નામ હતું ત્યારથી જ હું તેના પ્રકાશિત અંકો દ્વારા તેની સર્વ પ્રવૃત્તિઓથી પરિચિત રહ્યો છું. તેના સંસ્થાપકોમાં મારા સન્મિત્ર પરમાનંદભાઈ, સ્વ. મણિભાઈ શાહ અને ધીરૂભાઈ ધ. શાહ વિગેરે હતા તે સર્વની ભાવના અને ઉદાર દૃષ્ટિબિંદુએ મને તેમના આત્મીય મંડળનો ગણ્યો હતો. યુવક મંડળની પ્રવૃત્તિઓ, આદર્શો અને ભાવનાઓ તથા જીવનસૂત્રો સ્પષ્ટ કરવામાં પરમાનંદભાઈની કલમ અતીવ સૂક્ષ્મદૃષ્ટિથી નિર્ભય વિશ્લેષણ કરતી તે પણ હું સમજતો. એવા સન્મિત્રનો ઘનિષ્ઠ વિશ્વાસ અને પ્રેમ મને મળ્યાં હતાં અને જૈનેતર હોવા છતાં તેમના પ્રતિ મારો સ્નેહ અને આદર છેવટ સુધી અખંડ અને સન્માનપ્રેરક રહ્યાં હતાં.

વયમાં મારા કરતાં એક જ વર્ષ તે પાછળ હતા પરંતુ તેમના સુવિચાર, પુનિત વિશ્લેષણ શક્તિ અને માનવએકતાનાં સૂત્રોથી હું હમેશાં મુગ્ધ રહેતો. શિક્ષણમાં સાહિત્યમાં અને સમાજ હિતમાં વિવેક પૂર્ણ હિત થાય એવી એમણે મને સૂઝ આપી હતી. મારી કલાસાધના અને ભક્તિમાં તેમને અનન્ય આશા અને શ્રદ્ધા હતાં તેથી મને એક પ્રકારનું ગૌરવ અને સમાધાનનો અનુભવ થતો.

તા. ૧૭-૪-૭૧ શનિવારે અમદાવાદમાં સવારના બચુભાઈ રાવત મારફત એમના અચાનક અવસાનના ખબર મળ્યા ત્યારે હું ૨૦૦ બ્લડપ્રેશરના કારણે બિછાને હતો. એ સમાચારથી મારૂં ધૈર્ય ક્ષણવાર ધસી પડયું અને બાળકની માફક મારાથી હૃદયનો આર્તનાદ થઈ ગયો.

કુમારવયના તે હતા ત્યારથી એક ખાનદાન શ્રીમંત કુટુંબના નબીરા તરીકે હું તેમને દૂરથી જાણતો પણ ભાવનગરની હાઈસ્કૂલના મેટ્રીક ક્લાસમાં અમે સાથે થઈ ગયા ત્યારથી મૈત્રી અને ઘરોબો જામ્યાં. અમે ઘણા નજીકનાં પાડોશમાં રહેતા તેથી નિરાંતે વિશ્વની વાતો કરવા હળતા મળતા. તેમને લીધે હું ઘણા સંસ્કારી મિત્રો અને ઉચ્ચ કોટીના મુરબ્બી વિદ્વાનો શિક્ષકોનો સમાગમ પામ્યો. તેમણે મને ઘણી જૈન સંસ્થાઓ અને દેવસ્થાનોનો સંપર્ક કરાવ્યો તે મારી પાસેથી બ્રાહ્મણી સંસ્કૃતિનું સંશોધન કરતાં સમન્વય કરવા પ્રયત્ન કરતા. એમનું કુટુંબ ભાવનગરના વેપારી સમાજમાં શ્રેષ્ઠ ગણાતું અને તેમના વડીલોની સૌથી મોટી કાપડની દુકાન ચાલતી પરંતુ પરમાનંદભાઈના પિતાશ્રી તો જૈનસાહિત્યના પ્રખર અભ્યાસી અને જૈન સમાજના અગ્રણી વિદ્વાન હતા. પરમાનંદભાઈના વિદ્યાવ્યાસંગમાં તેઓ સર્વ અનુકૂળતા કરવા તત્પર જણાતા.

એમને ઘેર વખતોવખત સુશિક્ષિત સજ્જન પુરુષોનાં દર રવિવારે મિલન થતાં તે વખતે હું અચુક હાજરી આપતો. આ કારણે જ ચિન્તન અને વિચારની સૃષ્ટિમાં હું દિક્ષિત થયો.

પરમાનંદભાઈનો અભ્યાસ આગળ વધ્યો. મુંબઈની ઝેવિયર કૉલેજમાંથી સ્નાતક થઈને એલએલ. બી. (ધારાવિદ્) થયા અને તેમના પિત્રાઈ વડીલ બંધુ શ્રી મોતીચંદ ગીરધર કાપડિયા સૅ'લી-સીટરની પેઢીમાં જોડાવાનો પૂરો સંભવ હતો પણ રાષ્ટ્રભાવના અને માનવકલ્યાણની ભાવનાઓથી પ્રેરાયેલા તેમને વકીલાત તરફ અણગમો હતો એટલે જરીના વેપારમાં પડયા. તેમની સીધી રીતભાત એ ધંધામાં બરકત આપી ન શકી એટલે ઝવેરી મિત્રોની સલાહથી એ ધંધામાં ગયા. ત્યાં પણ તેમને જૈન સમાજના દુરાગ્રહો અને ધનપિપાસાની પ્રાધાન્યતાથી અસંતોષ થયો, એવામાં ઉપરોક્ત મિત્રોએ તેમને જૈન યુવક મંડળ દ્વારા કાર્યક્ષેત્ર ઉઘાડી તેમને અગ્રણી થવાની તક ઉભી કરી.

મુંબઈના જૈન યુવક મંડળમાં ભારતીય ભાવનાઓનો પ્રચાર કરી ઉદાર દૃષ્ટિવાળો નૂતન જૈન સમાજ સરજી તેમણે જૈનેતર વિદ્વાનો અને સંતપુરૂષોનો સમાગમ અને લાભ આપવાની યોજના દરેક વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કરી બતાવી છે તે સૌને સુવિદિત છે. તે સાથે સમાજની સંસ્કારિતા દૃઢ કરવા અવિધિ સંમેલનો, પર્યટનો, મુલાકાતો દ્વારા અન્ય સૌને અનુકરણીય પ્રથા સરજી છે અને જૈન સમાજમાં તેજસ્વીતા વધારી છે.

અમદાવાદમાં નવલે'હિયા જૈન યુવકોએ પરિષદ યોજી ત્યારે એના પ્રમુખ તરીકે પરમાનંદભાઈની વરણી થઈ હતી. તે વખતે યુવક મંડળ સામે જૈન સમાજે ભારે ઉહાપોહ કરેલો અને તોફાન થવાની આગાહી થતી હતી. પરમાનંદભાઈ મુંબઈથી સીધા જ્યારે ત્યાં આવી મુકામ કરી રહ્યા તે વખતે યુવક મંડળના એક અગ્રણી ધીરજલાલ ટોકરશી શાહ (શતાવધાની) તેમના સંરક્ષણની ચિન્તા દાખવતા મારા ઘરને બારણે ત્રણચાર સશક્ત સ્વયંસેવકો મૂકી ગયા હતા. ત્યાર પછી તો નીડર પુરુષે જૈન સમાજને સુધારવા પ્રચલિત દૂષણો અને મિથ્યાચારો પર દૃઢતાથી સંશોધનાત્મક લેખો, વ્યાખ્યાનો ચાલુ રાખ્યાં હતાં તેમાં તેમની નૈતિક હિમતનું જાહેર દર્શન થયું. તેમણે અન્ય સમાજો અને વ્યક્તિઓ માટે પણ અનુચિત વ્યવહારો માટે યોગ્ય ટિકાઓ કરી છે છતાં કોઈ તરફ અંગત દ્વેષ કે અનાદર બતાવ્યો નથી.

આરંભથીજ તે સુખી દાંપત્ય પામ્યા હતા. તેમનાં પત્ની વિજયાબેને એમની વેપારધંધા પ્રતિ ઉદાસીનતા સામે કદી બંડ કર્યું હોય એવું મેં જાણ્યું નથી. પરમાનંદભાઈની ઉદાર આતિથ્યભાવના નિભાવવા તેમને કેવી કેવી વીટંબના ભોગવવી પડતી તેનો હું સાક્ષી છું પણ તે બાબત તેમણે કદી ધૂણા બતાવી નથી. તેમના જેવાં સુશીલ સન્નારી જૈન સંસારમાં ક્વચિત જડશે. તેમના પરિવારમાં પાંચ પુત્રીઓ છે. પ્રત્યેકને સુશિક્ષણ આપી અનુકૂળ જીવનસાથીઓ મેળવી આપી તેઓ કૃતાર્થતા માનતા તે સાથે જમાતાઓ પણ તેમની પ્રતિ પિતાતુલ્ય સદ્‌ભાવ રાખતા.

પ્રબુદ્ધ જીવન જેવું સારા સંસાર અને સમાજની સેવાનું ક્ષેત્ર મળતાં તેઓ હમેશાં સંતોષ અને આનંદપૂર્ણ રહેતા. તેમના પ્રત્યેક મિત્ર આગળ હાસ્ય વિનોદ અને નિર્દેશ ટિકાટિપ્પણીથી સમાજના પાત્રોની વાત કરતા. મારી આત્મકથાના સ્મૃતિચિત્રમાં તેમનું પાત્ર વારંવાર દેખાયાં કરે છે તે ઉપર તેઓ કહેતા કે તમારી સાથે અજાયું ચરિત્ર લખાઈ જાય છે એટલે મારે કાંઈ લખવાપણું રહેતું નથી.

માંદગીઓની આજીવન સહવાસી બનેલી મારી જાત તરફ તે હંમેશા લાગણી અને ચિન્તા બતાવતા. વિદ્યાર્થીકાળથીજ મારા ઉત્કર્ષ અને આરોગ્ય માટે ઉત્સુક રહેતા. તેમના ગૃહસ્થ જીવનના આરંભકાળે મારી મુંબઈની મુલાકાત વખતે મારો મુકામ તેમની જ સાથે રહેતો. તે વખતે વિજયાબેન સગા ભાઈની જેમ મારી સારસંભાળ રાખતાં અને ઘણી વખતે મારી પછી કુમારનું તંત્ર શ્રી બચુભાઈ રાવત ચલાવતા તેમનો પણ એવોજ આદર સત્કાર તેઓ કરતા.

જીવનના શેષ ભાગે એમણે થોડાક મિત્રોને પત્રો લખી તેમની છેવટની ભાવના કે મનોદશા જાણવા પ્રયત્ન કરેલો. તે બધાના જવાબોનો સારાંશ પ્રબુદ્ધજીવનમાં પ્રકટ થઈ ચૂકેલો છે. મને લાગતું હતું કે વયે અને આરોગ્ય પક્ષે હું વધુ ક્ષીણ થતો હતો તેથી તેમના પહેલાં જ વિદાય લઈશ. એટલે તો મેં તેમણે મને પત્રમાં જણાવેલાં આશ્વાસનવચનો મારી ડાયરીમાં ઉતારી લીધેલાં. તે પ્રકટ કરવાનો સમય મારા પર આવ્યો તેનું અપાર દુઃખ સહીને પણ અન્યજનો તેમનું યોગ્ય મુલ્યાંકન કરી શકશે માનીને અહિં તેમનાં તેમ રજુ કરૂં છું.

તા. ૮-૧-૧૯૭૦નો મુંબઈથી લખેલો આ પત્ર સૌ કોઈને આશ્વાસન રૂપ લાગશે "આપણે ભાગે જે જીવન આવ્યું, તે અમુક

અંશે પણ અર્થસભર કર્યું છે, એવા સંતોષ સાથે મારે તેમજ તમારે આખરી વિદાય લેવાની ઘડી નજીક આવતી જાય છે.

અવશેષ આયુષ્ય એવી કર્તવ્યપરાયણતા સાથે પૂરું થાય એવી મારી પ્રાર્થના ચાલતી હોય છે."

વળી મારી પોતાની અનારોગ્યના કારણે પ્રવાસ કરવાની કે બહારની પ્રવૃત્તિઓથી વિમુખ રહેવાની હકીકત પર તેમની ટિકા પણ છે.

"સદભાગ્ય છે કે મારી હીલચાલ ઉપર અટકાયત મુકાઈ નથી એનો આનંદ છે." ભાવિનો સંકેત કોઈ પણ જાણી શકતું નથી. આઠ દિવસ ઉપર સૌરાષ્ટ્રના સૌ સ્નેહી સંબંધીઓને મળી અમદાવાદ આવ્યા ત્યારે નિરાંતે મારી પાસે બે કલાક હસતામોંએ વિનોદ વાર્તા કરી અને વિદાય લીધી ત્યારે મને કલ્પના પણ ન આવી કે એ પ્રસન્નતાભર્યું વિનોદી મુખ ફરી જોવા નહિ મળે.

રવિશંકર રાવળ.

## મુ. પરમાનંદભાઈ

મુ. પરમાનંદભાઈ સાથેના પરિચયકાળનું ઉદ્‌ગમબિન્દુ, સાંભરણમાં નથી. એવો તેમની સાથે સહજપણે સંબંધ બંધાયો હતો. તેનું એક કારણ, તેમનો વત્સલ સ્વભાવ. બીજું કારણ, મારે પિયરથી તેઓ અમારા પાડોશી; તેમની મોટી દીકરી મધુરી મારી બહેનપણી. એટલે બહેન મધુરી દ્વારા તેમનો પરિચય થતાં, મુ. પરમાનંદભાઈ-વિજ્યાબહેનને વડીલો રૂપે હું સ્વીકારવા લાગી. આ વડીલ સંબંધ આ જ લગી સ્થિર રહ્યો. અરે! ગયાં છેલ્લાં બે વર્ષના ગાળામાં, એક પછી એક વર્ષે મારાં પિતા અને માતા ગયાં, ત્યારે બન્નેના ઈષ્ટ વાત્સલ્યનો છાંયો મને મળ્યો: રજારજાને દિવસે રાતે, ઘડી બે ઘડી, તેમને ત્યાં બેસવા, મારા પગ વળી જતા.

ગયે મહિને છેલ્લાં, કોઈ વિધિપ્રેરિત ગતિઓ જ-હું અમદાવાદમાં હોઈ, તેમનાં મુંબઈ જવાને દિવસે જ –બહેન ગીતાને ત્યાં, ચાહીને મળવા ગઈ. તેમને સ્ટેશને અમે વળાવ્યાં. ત્યારે શી ખબર, કે હવે મુ. પરમાનંદભાઈ મળશે નહિ! અને મુ. વિજ્યાબહેનને તેમના વિહોણા મળવાનું રહેશે!

મુ. પરમાનંદભાઈને વત્સલ વડીલ માનેલા: પણ એ વાત્સલ્યની સાથે સાથે મને જે કંઈ શ્રાદ્ધેય, તે તો હતી તેમની સૌંસ્કૃતિ-રુચિરતા, જ્ઞાનતત્પરતા અને જીવનને સમજવાની નિરામય, બુદ્ધિ-પ્રવણ ( Rational ) અને માનવતાભરી દૃષ્ટિ.

તેમણે ક્રિયાક્ષેત્ર રૂપે ભલે જૈન સમાજ સ્વીકાર્યો: પણ તેને સાંપ્રદાયિકતાની ચુસ્તતાથી હળવો કરવાનું બીજું ન ઝઝૂખું હોય! તેવી તેમની દોરવણી હતી. જાણે, તેમના પત્ર અને કાર્યગતિ, જૈનસમાજમાં હતા; પણ તેમની ચેતના માનવતાની મુક્ત હવામાં લહેરાતી હતી. પરિણામે, પરમાનંદભાઈ માટે જૈન સમાજનું નેતૃત્વ, તેમના પરિવારરૂપે સીમિત બનતું, અને વિશાળ દૃષ્ટિને અપનાવતું: તો મારાં જેવાં અનેક જૈનેતરો, તેમના સમવાયમાં સ્થાપિત હતાં.

તેમના જીવનચિન્તક કલારસિક જીવે, જ્ઞાનની બે પ્રકારે પરબ માંડી: ૧. 'પ્રબુદ્ધ જીવન'નું પાક્ષિક પત્ર. ૨. પર્યુષણ વ્યાખ્યાન-માળાની સ્થાપના.

આ બન્ને પ્રવૃત્તિઓએ, જૈન સમાજને તેમજ બૃહદ સમાજને સમ્યક જ્ઞાન પીરસ્યું. તેને અંગે, તેઓ ભાતભાતની તરતમ્ કક્ષાની વિભૂતિઓના જ્ઞાનનો સમાદર કરતા. લેખન–વ્યાખ્યાન અર્થે સહુને પ્રયોજી શકતા. તે વ્યવહારુ જીવ ન હોવાથી, ઝવેરાતના વ્યવસાયમાં તો તાલેવાન ન થયાં. પણ માનવચેતના વિશેની ગુણગ્રાહી વૃત્તિને કારણે, આ બન્ને પ્રવૃત્તિઓને તેઓ સમૃદ્ધ બનાવી શક્યા. તેમની રત્નપારખુ દૃષ્ટિને કોઈ વાઢ નહોતી.

'પ્રબુદ્ધ જીવન' માં આવતાં તેમનાં લખાણોનું ચિન્તન ચોક્કસ, વૈજ્ઞાનિક વલણભર્યું અને સુગમ્ય હતું. પોતાની આંતરપ્રતીતિથી સજીવ હતું. નિખાલસ–અરે! નિર્ભિક હતું. ટીકા - પ્રશંસાઉભયનો તેમાં સ્વીકાર હતો. પણ દુર્ભાવ નહોતો. તેથી, એકની ટીકા પછી તે મત સુધારતાં, તેમને મુશ્કેલી નડતી નહિ. એ જ મુજબ સરળ નિષ્ઠાથી, પ્રશંસા કર્યા પછી અયોગ્ય લાગતાં, તેઓ એકરારપૂર્વક પોતાનું મંતવ્ય સુધારી લેતા. પત્રકારિત્વ અંગેનું આ ગાંધીવાદી વલણ તેમના ચિન્તન તેજને પ્રગટાવતું. મારા જીવનના અંગત અનુભવથી, મેં તેની પ્રતીતિ કરેલી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાને પ્રસંગે કોઈ વ્યાખ્યાતાની પસંદગી, તેનો કાર્યક્રમ, તેઓ ચીવટાઈપૂર્વક કરતા. અને ત્યારે, મોટા માંધાતાને યે મચક ન આપતા. તો પાણીદાર ઊગતી વ્યક્તિઓને એટલી જ ઊલટથી તે પુરસ્કારતા. તેથી આ વ્યાખ્યાનમાળા પુનિત અને જીવનધર્મને અનુલક્ષતી પ્રવૃત્તિ બની રહી. શો એ વ્યાખ્યાન-માળાનો જ્ઞાનોચ્છવ! શો તેમાંના વ્યાખ્યાતાની અદબ જાળવતો બહોળો જૈન ગૃહસ્થ સમાજ! અને સર્વના શિરછત્રરૂપ પરમાનંદભાઈનું શું સૂત્રધારત્વ! મુંબઈના બૃહદ્ ગુજરાતી સમાજ માટે એ બહુમૂલ્ય જ્ઞાનસત્ર હતું.

તેમનો અંગત વ્યવહાર હેતનો-વ્હાલનો હતો. નિ:સંકોચપણે લાગ્યું તે કહી દઈને–અરે! વઢી લઈને ફરી પાછા તે વ્યક્તિને ચાહી-અપના વી શકતા. લખાણમાં યે વિરોધ આણગમો વ. ઋજુપણે ખંખેરી નાખી, હળવા બની શકતા, તેવા પ્રેમોષ્મ હતા. માનવજીવનના ઈષ્ટની શોધમાં, તે રમતારામ હતા. સદાકલ્યાણવાંચ્છુ, જ્ઞાનપ્રસારણ પ્રગતિ-ધર્મી રસિક જીવનના તેઓ ઓલિયા હતા. તેમનાં નિબંધોમાં એ વ્યક્તિત્વ અંકિત છે.

અને છતાં, આપણે માટે આજે મુ. પરમાનંદભાઈ નથી!

હીરાબહેન ર. પાઠક

## સ્વ. પરમાનંદભાઈ

શ્રી પરમાનંદભાઈ કાપડિયાને હું હમેશાં એક નિષ્ઠાવાન સમાજ-સેવક તરીકે ઓળખતો આવ્યો છું. સમાજસેવાનું કામ વ્યાપક, ગંભીર અને મહત્વપૂર્ણ છે, જેમાં માનવજાતિનો ઉત્કર્ષ સાધનારી અનેક વિદ્યા, કલા, ઉચ્ચ ભાવો, જ્ઞાનસમૃદ્ધિ તથા સદ્‌ગુણોની સંપિત્તનો સન્નિવેશ થાય છે. પરમાનંદભાઈએ સાચા સેવકમાં અપેક્ષિત સર્વ ગુણોનો વિકાસ સાધી સમાજસેવા કરવાની ખરેખરી યોગ્યતા અને પ્રતિભા પ્રાપ્ત કર્યા હતા. સંસ્થા સ્થાપીને તેનું યોગ્ય સંચાલન કરવાની તેમનામાં કાર્યક્ષમતા અને સૂઝ હતી.

તેઓ ઉચ્ચ કોટિના લેખક અને સરસ વક્તા હતા. સમાજ-હિતની દૃષ્ટિએ લેખકમાં સત્યનિષ્ઠા નિર્ભયતા અને સ્પષ્ટતા વગેરે મહત્ત્વના ગુણો હોવા અનિવાર્ય છે. પરમાનંદભાઈએ આ ગુણોનો સુંદર વિકાસ સાધ્યો હોઈ તેમનું જીવન નિર્દોષ અને નિ:સ્પૃહ હતું. કોઈપણ વિષયનું યથાયોગ્ય નિરૂપણ કરવા માટે તે વિષયનો તલ-સ્પર્શી અભ્યાસ હોવો જરૂરી છે. પરમાનંદભાઈ અધ્યયનપ્રેમી પ્રાજ્ઞ-પુરુષ હતા. કોઈ બાબતની ખાસ જાણકારીના અભાવે તેમનાથી ભૂલ થતી તો પોતાની ભૂલનો તેઓ તરત ખુલ્લા દિલથી એકરાર કરતા. આ હકીકત પુરવાર કરે છે કે તેઓ સત્યના પરમ ચાહક હતા. દુરાગ્રહ અને અહંકારથી મુક્ત હોઈ, કોઈના અલ્પ ગુણથી પણ તેઓ રાજી થઈ તેની ઘણી કદર કરતા અને એ વ્યક્તિને પ્રોત્સાહન આપી આગળ લાવવાનું ચૂકતા નહિ. તેમના ગુણો અને ભલાઈનો દુરુપયોગ કરનારા લોકો પણ તેમના પરિચિતોમાં હતાં, પરંતુ તેમના પ્રત્યે પણ તેમના ક્ષમાશીલ ઉમદા અંતરમાં ઈર્ષ્યા કે દ્વેષનો ભાવ જાગતો નહિ.

આવા અહંકારમુકત, નિ:સ્પૃહ અને ઉત્કૃષ્ટ કોટિના સત્યસાધક અને સમાજસેવકે આપણી વચ્ચેથી કાયમની વિદાય લઈ લીધી છે ત્યારે તેમના સ્થાનની પૂર્તિ વિષે વેદનાપૂર્ણ દિલમાં અનેક પ્રશ્નો જાગે છે.

અસ્વસ્થ તબિયતને કારણે આટલું લખીને મારી શ્રાદ્ધાંજલિ પાઠવું છું

કેદારનાથજી

# મૈત્રીના કસબી

પરમાનંદભાઈને મળવું, એમની સાથે વાતો કરવી એ જીવનનો લહાવો હતો. જ્યારે જ્યારે મુંબઈ જવાનું થાય ત્યારે એમને મળવાનો પ્રયત્ન કરું જ. અરસપરસ મળવાનો આ વહેવાર એક–માર્ગી ન હતો. તેઓ પણ અમદાવાદ આવે ત્યારે ખબર પહોંચાડે જ.

'તેમનો છેલ્લો પત્ર ભાવનગરથી આવ્યો. તા. ૮મીએ અમદાવાદ આવું છું. મળશો તો આનંદ થશે. ચર્ચાવિચારણા કરીશું'. આ મતલબનું ટૂંકું પોસ્ટ કાર્ડ પ્રેમભર્યા આમંત્રણ સાથે આવ્યું. હું દિલ્હી ગયો હતો એટલે મળી ન શક્યો ને મેં વાયદો કર્યો કે થોડા દિવસમાં મુંબઈ આવીશ ત્યારે મળીશ."

આમારો સંબંધ ૨૫ વર્ષ જેટલો જૂનો ગણાય. ઉંમરમાં વડીલ છતાં મિત્ર જેવો જ વર્તાવ. એમની સાથેની કોઈ વાતમાં તેઓ વડીલ છે એવું ન લાગે. ને બધું જાણતા હોવા છતાં આપણને સમજવાનો પ્રયત્ન કરે એ એમની અનેકનાં હૃદય જીતવાની ચાવી હતી. તેઓ સારા મિત્ર તો હતા જ પણ મિત્ર બનાવવામાં ને મૈત્રીને ટકાવવામાં તેમની તોલે બહુ ઓછા આવે; એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી.

અમે જ્યારે મળીએ ત્યારે અમારે ત્યાંના ખાદી કામની, શિક્ષણના કામની વાત પૂછ્યા વગર ન રહે. બે મિલનના વચગાળાના સમયમાં વિશ્ર્વવાત્સલ્યમાં મારા જે કાંઈ લેખો આવ્યા હોય તેની ચર્ચા કરે. સારી વાતને માટે પ્રોત્સાહિત કરે અને કોઈ વાત સાથે તેઓ સંમત ન થતા હોય તો મારા જેવા યુવાનનું દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન કરે. આ બધું હોવા છતાં પોતાને જે કહેવાનું હોય તે એવી સરસ રીતે કહે કે આપણને વિચારતાં કરી મૂકે. કોઈ લખાણ સારું હોય તો 'પ્રબુદ્ધ જીવન'માં છાપે પણ ખરા, અને સૂચવવા જેવું હોય તો પત્ર પણ લખે. એ રીતે મારાં લખાણોના સાચા વિવેચક ને માર્ગદર્શક હતા. આ બધા પછી પણ એમને ગળે ન ઊતરે તે કહ્યા વગર રહે નહિ.

**એમને મળવું એટલે પ્રેમનો અનુભવ કરી પ્રસન્નતામાં ઉમેરો કરવો.** મળીને આંતર ને વૈચારિક જીવનને સમૃદ્ધ કરવું. મુનિશ્રી સંતબાલજી પ્રત્યે એમને આદર ઘણો પણ એમના કેટલાક વિચારો–ન ગમે. ઘણીવાર અમારી ચર્ચામાં તેમનાં લખાણો, તેમની વિચાર ધારા આવે. સંતબાલજીની એકેએક સારી વાતની પ્રશંસા કરે. પછી પ્રશ્ન કરે, "પણ આ વાત સાથે તમે કેવી રીતે સમાધાન મેળવો છો?"

એક દિવસ અમે નિરાંતે બેઠા હતા. મને બરાબર યાદ છે કે એમને ત્યાં જ જમવાનું હતું. મેં કહ્યું કે, મારા અને સંતબાલજીના સંબંધો બુદ્ધિથી પરના છે. ને કેવી પરિસ્થિતિમાં હું "વિશ્ર્વવાત્સલ્ય" નો સંપાદક બન્યો, ભાલમાં કામે લાગ્યો એ બધી વાતો કરી. ત્યારથી એ ચર્ચાને તેમણે કદી છેડી નહિ. મેં જોયું છે કે સંતબાલજી વિશે ઘણું કહેવાનું હોવા છતાં એમની એકેએક પ્રવૃત્તિમાં એટલો જ રસ. આ પરમાનંદભાઈના જીવનની ખૂબી.

૪૦ વર્ષ સુધી અવિરતપણે જે પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા જ્ઞાન-યજ્ઞ કર્યો તેનાથી જૈન જગત તો જાગતું થયું પણ તેમના વિષયો ને વક્તાઓની પસંદગી એવાં ઊંચી ભૂમિકાનાં રહેતાં કે જૈનેતર સમાજનું ચિન્તન પણ ઊંચું ઊઠતું. મુંબઈમાં ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મારા જેવા જુવાનને આમંત્રે, અને જીવનના અનુભવો કહેવાની તક આપે એ પરમાનંદભાઈની ખૂબી ગણાય. ત્રણ-ચાર વખત મને એમાં વાતો કરવાની તક આપી.

માત્ર પ્રવચન કરાવે એટલાથી સંતોષ થાય તો એ પરમાનંદ નહિ. જાણે પોતે જ પોતાની આલોચના કરતા હોય એટલા સરળભાવથી આખા પ્રવચનનું મૂલ્યાંકન કરે. નાનામાં નાની ક્ષતિ તરફ આપણું ધ્યાન દોરે; પણ તે કઠે નહિ, આપણને વધારે સમૃદ્ધ કરે.

એમની એક બીજી મોટી વિશેષતા જોઈ તે એ છે કે જે ક્ષણે જે વિચારો સમાજને જાગૃત કરવા માટે ઉપયોગી થાય એવા હોય તેને આવકારે એટલું જ નહિ તેના પ્રચારમાં મદદ કરે. રજનીશજીનાં વ્યાખ્યાનો ગોઠવવા, એમના વિચારોનો ફેલાવો કરવા તેમણે ઉત્સાહથી ભાગ લીધો; પણ જ્યાં એમને ક્ષતિ જણાઈ કે તરત જ ખુલ્લા મને વિરોધ પણ કર્યો. અનેક સાધુસંતોના પરિચયમાં આવેલા એટલે એમના જીવન અને વિચારનું સૂક્ષ્મ પૃથક્કરણ તેઓ કરી શકતા ને એમાંથી સાર ગ્રહી સમાજ આગળ મૂકતા.

જૈન સમાજે અને સમગ્ર ગુજરાતે યુવાનોને જાગૃત કરનાર એક સન્નિષ્ઠ મિત્રને વિવેચક ગુમાવ્યા છે. અંગત રીતે મેં પરમ-મિત્ર અને વડીલ ગુમાવ્યા છે. છતાં એમની સ્મૃતિ સતત પ્રેરણા આપતી જ રહેશે.

**નવલભાઈ શાહ**

# તત્ત્વનિષ્ઠ સુધારક

ઈ. સ. ૧૯૨૨ માં સ્વ. કર્નલ જોરાવરસિંહજીને ત્યાં ભાવનગરમાં પરમાનંદભાઈ પ્રથમ મળ્યા ત્યારથી જે ઓળખાણ થઈ તે આજે લગભગ અડધી સદીના સમયપટ વિસ્તરીને મિત્રતાના રૂપમાં પરિણમી. એમના અવસાનથી જૈનસમાજને એક તત્ત્વનિષ્ઠ સુધારકની ખોટ પડી છે. બાહોશ, નીડર અને બુદ્ધિનિષ્ઠ પત્રકાર તરીકે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા એમણે જનસમાજ ઉપરાંત ગુજરાતી ભાષાની પણ સેવા કરી છે. સાહિત્ય, ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરાંત જીવનસંસ્કારિતાના અનેક ક્ષેત્રોમાં એમની બુદ્ધિનો વિહાર થતો હતો. જૈન પર્યુષણ વ્યાખ્યાનમાળા એક રીતે પરમાનંદભાઈના જીવનરસની દ્યોતક હતી તો બીજી રીતે એમની ઉદાર ધર્મસહિષ્ણુતાનું પ્રતીક પણ હતી. પણ આટલું છતાં એક વાત શંકા વિનાની હતી કે એમની શ્રદ્ધા જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં હતી. આ વાત એમણે કદી છૂપાવી નહોતી એ એમની નિર્ભયતાનું લક્ષણ કહેવાય.

છેલ્લા કેટલાક વર્ષોમાં એમની એક નવી વૃત્તિ પાંગરતી જતી હતી. એ વૃત્તિ તે જીવનમાં પરમ સત્યની શોધ. પરંતુ આ વૃત્તિ, બુદ્ધિના અહંકારજનિત ચક્રમાંથી છટકીને જિજ્ઞાસાની સજીવતા સુધી પહોંચી શકી નહીં. આને કારણે એમનાં જીવન અને જીવનદૃષ્ટિ બન્નેમાં જ્ઞાનસંગ્રહી બુદ્ધિનું જ વર્ચસ્વ રહ્યું. હૃદયધર્મની સ્નેહરસિત ગદ્‌ગદ્ અવસ્થા સુધી બુદ્ધિએ એમને પહોંચવા દીધા નહીં. ત્રણ ચાર વરસ પહેલાં અમે મુંબઈમાં મળ્યા ત્યારે એમનું સ્વાસ્થ્ય ઘણી રીતે નબળું હતું અને તબિયત કથળતી જતી હતી. એ વખતે એમના મનમાં નિરાશા અને વિષાદની અવસ્થા ચાલતી હતી. કંઈક સંઘર્ષ પણ હતો. ત્યારે મેં પરમાનંદભાઈને અભિનંદન આપતાં કહ્યું હતું કે તમારા જીવનમાં સંઘર્ષ નિપજે એ તો મંગલ અવસ્થા કહેવાય. તમારી બુદ્ધિ સર્વદા બધી જ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી લે છે અને સમાધાન મેળવી લે છે. સંઘર્ષમાંથી નિપજતો વિષાદ એ તો નવા જીવનના અંકુર ફૂટવાની આગાહી છે. તમે બિનસલામતિથી ડરશો નહીં. કારણ તમારી બુદ્ધિ તમને કોઈ નવી ફલાંગ મારવા દેતી નથી. સલામતીની સ્થિતિચુસ્તતામાં સીફતથી જકડી રાખે છે. ત્યારે એમણે ગંભીરતાપૂર્વક સહમત થઈને કહ્યું હતું કે "મારો સ્નેહ વિવેકજન્ય હોવાને કારણે મારી બુદ્ધિ ઉપર એનું વર્ચસ્વ નથી જામતું. આને કારણે જીવનમાં કોઈ વિધાયક નીપજ થઈ શકતી નથી."

પરમાનંદભાઈની જીવનભૂમિકા હંમેશા સુધારકની રહી છે.

સુધારકની મનોદશા સર્વદા સમાધાનની ધરતી ઉપર બાંધ–છોડ કર્યા કરીને પ્રસન્નતા અનુભવે છે. સમૂળી ક્રાંતિ અથવા મૂળગત પરિવર્તન સુધી પહોંચવાની એની ક્ષમતા હોતી નથી. સુધારકની મનોવૃત્તિનું પ્રધાન કાર્ય જ્ઞાનસંગ્રહ કરીને, ઉદાર સમન્વયની ભૂમિકા ઉપર રમતા રહીને, સાંપ્રત સ્થિતિને તે તે સમયની જરૂરિયાત હોય તેટલી સુધારવા મથતા રહેવામાં સફળતા અથવા પોતાના ખુરુ પાર્શ્વની ફલશ્રુતિ માને છે. પરમાનંદભાઈ ક્યારેક અકળાઈને વ્યગ્ર અને વ્યથિત થઈને, સુધારકની ભૂમિકાથી આગળ એક કદમ વધીને, પરિવર્તનને પગથિયે ચઢવાની ધારણા સેવે છે. પરંતુ સલામતિનિષ્ઠ બુદ્ધિ, એમને ધારણાસેવનથી આગળ વધીને આચરણના અમૃત સુધી પહોંચવા દેતી નથી. એટલે પરમાનંદભાઈનો મનોવિહાર ઘણો ઉદાર, વિશાળ અને અનેકવિધ રહ્યો છે. એમને મળીએ, એમની સાથે વાતો કરીએ તો એમની બહુશ્રુત બુદ્ધિની ક્રીડાથી કદાચ મુગ્ધ થઈએ. પરંતુ તરતજ એવી લાગણી થાય કે મૂલગત પરિવર્તન ભણી કદમ ઉઠાવવાની એમની તૈયારી નથી. આને કારણે એમના અંતરમાં અંતિમ વરસોમાં કંઈક વિષાદ અને સંઘર્ષ વર્તાતો હતો.

અમારી અડધી સદીની મૈત્રીમાં એઓ જેમ મારી જીવનયાત્રાના સાક્ષી રહ્યા છે તેમ એમની જીવનયાત્રા નિહાળવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. મારા જીવનમાં થયેલા કેટલાક મૂળગત પરિવર્તન અને સ્વીકારેલા કેટલાક મહત્ત્વના સીમાચિન્હો એમને ગમતા. એની કદર પણ એઓ કરતા. પરંતુ સલામતિનિષ્ઠ એમની બુદ્ધિ એમને પોતાને મૂલગત રૂપાન્તર તરફ એક પગલું પણ ભરવા દેતી નહોતી. ક્યારેક અકળાઈને અને વિકળવિહ્વળ થઈને એમને કંઈક નવું પગલું ભરવાની ઉત્કટ ઈચ્છા થતી, ત્યારે સમાધાનમાં સાંત્વન શોધનારી એમની બુદ્ધિ, જિજ્ઞાસાની ઉત્કટતાના અગ્નિ ઉપર આશ્વાસનનો છંટકાવ કરીને કોઈ બિનસલામત કે ઉગ્ર પગલું ભરતાં રોકતી. બુદ્ધિની મર્યાદા એમને સમજાતી નહોતી એમ નહોતું, પરંતુ એ મર્યાદામાં એમને સલામતિ અને નિર્ભયતા લાગતાં. એટલે સુધારકની સલામત ભૂમિકા ભજવવામાં એઓ પોતાની પૂરેપૂરી શકિત વાપરીને જીવનમાં કશુંક વિધાયક કર્યાનો સંતોષ પામતા.

આટલું હોવા છતાં પરમાનંદભાઈ એક સૌજન્યશાળી સ્નેહી મિત્ર તરીકે ઘણાં મિત્રોના જીવનમાં ઉજ્જવળ સ્થાન પામ્યા હતા. ઘણી દુ:ખી બહેનો એમની આગળ પોતાની વેદના ઠાલવવામાં સાંત્વના લેતી; અને પામતી પણ ખરી. અમારી લાંબી મિત્રતામાં અમારી વચ્ચે કદીય મન દુ:ખ નહોતું થયું. એમાં પરમાનંદભાઈની ઉદારતા અને એમનો નિરામય સ્નેહ જ કારણભૂત હતાં. પ્રત્યેક પરિસ્થિતિ કે પ્રસંગમાં તે તે વસ્તુના મૂળ સુધી પહોંચીને એને સમજવામાં એમની તત્ત્વનિષ્ઠ બુદ્ધિ કદી થાકતી નહીં. પણ એમનાં સલાહ, નિરાકરણ કે નિરસનની દૃષ્ટિમાં કદીએ મર્યાદાનું ઉલ્લંઘન થવા ન દેતા. વ્યથિત થતા ત્યારે પળવાર ઉદ્‌ગ્રામ થઈ જતા, પરંતુ પાછા પોતાની મૂળ ભૂમિકા પર આવીને ઠરતા. પોતાની આ સુધારક મનોદશાને એઓ ક્યારેક ક્રાંતિના આંગણા સુધી લઈ જતા ખરા. પણ પાછા સમન્વય કે સમાધાનની ભૂમિકા પર પોતાના વિચારવિમાનને ઉતારી દેતા. એટલે એમના સમગ્ર જીવન ઉપર દૃષ્ટિપાત કરતાં એવી સહૃદય લાગણી થાય છે કે પરમાનંદભાઈ એક સ્વજન, સ્નેહી, મિત્ર, ધર્મપ્રેમી અને સમાજસુધારક હતા. ધર્મનિષ્ઠ સમાજસુધારણા અને નીતિનિષ્ઠ વ્યક્તિસુધારણાની એમની જીવનભૂમિકામાં એઓ મૃત્યુ સુધી એકનિષ્ઠાથી ઝઝુમ્યા અને જીવ્યા. એમણે કર્યું એટલું કામ પણ એક માણસના જીવનની કેટલી મોટી સાર્થકતા છે! જે માંદગી કે માંદગીના બિછાનાની વિવશતા અને અસહાયતાથી એઓ હંમેશા ડરતા અને અનિચ્છનીય ગણતા, તે એમની પ્રાર્થના પ્રભુએ સાંભળીને પળવારમાંજ એમને મૃત્યુની બાથમાં લઈને નવા જીવન તરફ આગળ કર્યા. આમ તો એઓ પાકી વયે ગયા, પરંતુ એક સહૃદય અને સ્નેહી મિત્ર ગુમાવ્યાનો રંજ થાય છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

કિશનસિંહ ચાવડા

# ક્રાન્તિકારી વિચારક

પરમસ્નેહી શ્રી. પરમાનંદભાઈના અચાનક અવસાનના સમાચાર સાંભળી દિલને ભારે આઘાત લાગ્યો છે.

થોડા સમયથી એમની તબિયત સારી રહેતી નહોતી; પરંતુ નિયમિતતા અને સાદી રહેણીકરણી વડે તેઓ બિમારીને દૂર રાખવા પ્રયત્ન કરતા હતા. તેઓ આમ અચાનક વિદાય લઈ લેશે એની તો કલ્પના પણ નહોતી.

શ્રી. પરમાનંદભાઈ એક મૌલિક અને ક્રાન્તિકારી વિચારક હતા. સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, આર્થિક–વિભિન્ન વિષયોમાં તેમને ઊંડો રસ હતો. જવલંત સમસ્યાઓનું તેઓ મનન કરતા હતા. તેમના વિચારો સ્પષ્ટ હોઈ વિવિધ વિષયોની તેઓ વેધક આલોચના કરતા હતા.

ધર્મ અને સમાજમાં આધ્યાત્મિકતાના નામે ચાલતા ભ્રષ્ટાચાર અને દંભ પર તેમણે આકરા પ્રહારો કર્યા છે. વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા હોવા છતાં તેમના દિલમાં ક્રાન્તિકારીની તમન્ના અને તારુણ્યનો જુસ્સો હતો. પ્રૌઢ સમાજ હોય કે યુવાન વર્ગ હોય, સૌનો તેઓ સરખા ભાવથી આદર કરતા.

નવી અને પુરાણી લોકપ્રથાઓનો સમન્વય કરીને તેમણે તેને એક નવું જ સ્વરૂપ આપ્યું. પર્યુષણ વ્યાખ્યાનમાળા એનો એક જવલંત દાખલો છે, જેમાં તેમણે યુવાન લોહી અને પ્રબુદ્ધ ચિંતક વર્ગ બંનેનું સમર્થન કર્યું. એમનું આ કાર્ય સમાજ તથા ધર્મ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થયું છે.

'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેમણે ઉચ્ચ વિચારોનો પ્રચાર કર્યો. 'પ્રબુદ્ધ જીવન' પરમાનંદભાઈની કુશળ દૃષ્ટિ, ડહાપણ અને ઊંડા ચિંતનનો પડઘો પાડતું એક જીવંત પ્રતીક છે.

આવી સજ્જન વ્યકિતના અવસાનથી કેવળ ગુજરાતના જૈન સમાજને જ નહિ પરંતુ રાષ્ટ્રીયતા અને માનવતાના દૃષ્ટિકોણથી વિચારવાવાળા વ્યાપક સમાજને એક ઘણી મોટી ખોટ પડી છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ સુધી પરમાનંદભાઈના જે પ્રશંસકો અને મિત્રો છે તે સૌને તેમની પ્રેમાળ મૂર્તિનું વિસ્મરણ થઈ શકે તેમ નથી. સમાજસેવા, રાષ્ટ્રીય જાગરણ અને જીવનના સર્વ ક્ષેત્રે આમૂલ પરિવર્તન–તેમના આ મહાન કાર્યની મશાલ સદા જલતી રહે એ અભ્યર્થના સાથે મારી વિનમ્ર અંજલિ!

પૂર્ણચન્દ્ર જૈન

# ક્રાંતિના મશાલચી

શ્રી પરમાનંદભાઈના પિતાશ્રી કુંવરજીભાઈ ભાવનગરના પ્રતિષ્ઠિત–ધર્મનિષ્ઠ, સાધુમુનિરાજોના સંસારી અંતેવાસી સમા- જૈન ધર્મના મહાન અભ્યાસી વિદ્વાન અને પ્રસારકસભાના પ્રાણ હતા.

આપણા પરમાનંદભાઈએ 'કળા વિહીન ધાર્મિક જીવન'ની લેખમાળાથી ક્રાન્તિની ચિનગારી ફેલાવી. યુવક સંઘની સ્થાપના કરી–જૈન સમાજને અંધશ્રદ્ધામાંથી મુકત કરવા જેહાદ જગાવી. તેમની ક્લમે ઘણા ઘણા ચમકારા સર્જાયા. કોઈની પણ શેહમાં આવ્યા વિના પોતાની આગવી શૈલીથી ભલભલા મહારથીઓની કડક આલોચના નિર્ભયતાપૂર્વક કરી. પર્યુષણ વ્યાખ્યાનમાળા એ તેમનું સર્જન અને તે દ્વારા હજારો યુવક યુવતીઓને નવીન ચેતના આપી, નવા નવા સુપ્રસિદ્ધ વ્યાખ્યાતાઓને નિમંત્રી નવ નવા વિષયો શોધી કાઢવાની તેમની ખાસ દૃષ્ટિ હતી. જીવનની અંતિમ ઘડી સુધી સંસ્થાની પ્રગતિની અને જીવનની અંતિમ ઘડી સુધી વિકાસની ચિન્તા રાખી રહ્યા. હજી વસંત વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનો ગૂંજી રહ્યા છે ત્યાં તો તેઓ મૃત્યુશૈયામાં પોઢી ગયા. તેમના ચિન્તનાત્મક લેખો અને પ્રબુદ્ધ જીવનની કટારોની યુવાન હૃદયો ઉપર ઘણી ઊંડી છાપ હતી. તેઓ ક્રાન્તિના મશાલચી હતા અને એ ક્રાન્તિની મશાલ ઝગમગતી રહે તેવી તેમની ભાવના અમર બનાવીએ એજ તેમને માટે સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

મહુવાકર

# સાચાં મૂલ્યોનો રખેવાળ

એકલા રાજકીય વર્તુળમાં જ નહિ પરંતુ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રમાં પણ અનેક કાર્યકરોમાં વાણી અને વર્તન વચ્ચે આજે જે મોટા અંતરનો આભાસ થાય છે તે અત્યંત દુ:ખદ છે. પરંતુ એથી યે વિશેષ દુ:ખદાયક એ છે કે આ પરિસ્થિતિ જોનાર, અને સમજનાર મોટો સમૂહ આ દંભી લીલા પ્રત્યે જે આંખમીંચામણાં કરે છે તે. પરિણામે સમાજમાં અનેક નાનામોટા ભ્રષ્ટાચારો આજે છડેચોક ચાલ્યા કરે છે અને આ ઘટનાઓને સામાન્ય સ્વરૂપમાં સ્વીકારી લેવામાં આવે છે.

છેલ્લા બે વર્ષથી પક્ષદ્રોહ અને પ્રજાદ્રોહ એ તો રાજકીય નેતાઓ માટે રોજિંદો વ્યવહાર બની બેઠેલ છે. કાળાબજાર કરનારાઓને વરઘોડામાં મોખરાના સ્થાન પ્રાપ્ત થાય છે. શૈક્ષણિક અનાચારો આચરનારાઓ યુનિવર્સિટીમાં અગ્રસ્થાને બિરાજે છે. પોતાની પત્નીને હાંકી કાઢી અન્ય સ્ત્રી સાથે છડેચોક ફરનાર-રહેનારાઓ અનેકને મહત્ત્વના સામાજિક સ્થાને આરૂઢ કરવામાં આવે છે. સાથે સાથે "તમે સારા અને અમે સારા" ના ટેપરેકોર્ડ જેવા સમારંભોની હારમાળા રોજ-બ-રોજ સારા પ્રમાણમાં ચાલતી હોય છે.

આવા સંદર્ભમાં સાચા મૂલ્યોનો આગ્રહ રાખનાર બહુ ઓછા જોવા મળે છે. ડગલે અને પગલે તેને અનેકવિધ પરિસ્થિતિ અને મુશ્કેલીઓનો સામનો કરવાનો રહે છે. પરિણામે ઘણાખરા મુંગે મોંએ બધું જોયા કરે છે. It is very difficult to Bell the cat વાઘની માસીને ઘંટડી બાંધવી એ નાની સુની વાત નથી. તેના પરિણામો અને પ્રત્યાઘાતોના ઘા ઝીલવાનું કાર્ય અતિ કપરું છે.

શ્રી પરમાનંદભાઈનું વ્યક્તિત્વ વિશિષ્ટ અને નિરાળું હતું. હસમુખા, આનંદી, મીઠાબોલા છતાં ય સમાજને સ્પર્શતા પ્રશ્નો અંગે પૂરા ચિન્તન અને મનન બાદ જે વાત યોગ્ય લાગે તે સંયમપૂર્વક પણ દૃઢતા અને હિમતથી રજૂ કરવાનો નીડર સ્વભાવ એ તેમના જીવનનું તેજીલું પાસું હતું. ગમે તેવો મોટો માણસ હોય તો પણ તેની શેહ શરમમાં તણાયા વગર પોતાને જે સાચું લાગે તે સ્પષ્ટરીતે કહી દેતા. આ રીતે તેઓ જીવનના સાચા મૂલ્યોના જાગ્રત રખેવાળ હતા. એ અનેક નાના મોટા પ્રસંગોએ તેમણે ચિન્તક અને સ્પષ્ટવક્તા તરીકે જે અપૂર્વ હિમતના દર્શન કરાવ્યા છે તે વિરલ છે. બહારથી દેખાવમાં હાજી હા કરનારાઓની આજની જમાતમાં આવા થોડા પરમાનંદભાઈઓની જ્યારે ખૂબ જરૂર હતી તેવે વખતે તે છીનવાઈ ગયા છે તે આપણી મોટી કમનસીબી છે.

છેલ્લાં પચીસ વર્ષથી અમારો નાતો ગાઢ હતો. જ્યારે જ્યારે અમદાવાદ આવે ત્યારે અચુક અમારે ત્યાં આવે અને કુટુંબીજનો વચ્ચે બેસી પ્રેમાળ વડીલની હુંફ અને લાગણીનો લહાવો આપ્યા વગર રહે નહિ, અનેક વિધવિધ પ્રશ્નોની ચર્ચાઓ જામતી. હમણાં છેલ્લા અમદાવાદ આવ્યા ત્યારે અમારે ઘેર બે વાર આવેલ. બે કૉંગ્રેસની એકતાથી માંડી કેટલીક શિક્ષણ સંસ્થાઓ, સામાજિક પ્રશ્નો વગેરે અંગે પરસ્પર મતભેદો હોવા છતાં ઘણી રસિક ચર્ચાઓ થઈ હતી. તેમણે મારા માતા પિતા સાથે તેમના જમાનાની અને મારી પુત્રી રન્ના સાથે નવા પ્રવાહોની અનેક ગોષ્ઠીઓ જમાવેલી.

વર્ષોથી સમાજસુધારાના અનેક પ્રવાહો અંગે અમે અવારનવાર લખતા અને મળતા પરંતુ બાળદીક્ષાના પ્રકરણથી અમે અત્યંત નિકટના પરિચયમાં આવ્યા. અમદાવાદની સામાજિક સંસ્થાઓ દ્વારા મેં એડવોકેટ તરીકે કોર્ટમાં બાળદીક્ષા અટકાવતા થોડા કેસો કરેલા અને એ ઉપરથી શ્રી પરમાનંદભાઈએ બાળદીક્ષા પ્રતિબંધક કાયદો કરાવવા મને આગ્રહ કર્યો. અનેક સામાજિક સંસ્થાઓએ પણ આ અંગે ઠરાવ કરેલા. સને ૧૯૫૯ માં મેં મુંબઈ ધારાસભામાં આ અંગે બીલ રજૂ કર્યું હતું. આ બીલના સમર્થનમાં વિધ-વિધ સાહિત્ય, દાખલાઓ, દલીલો અને હકીકતો એકત્રિત કરવામાં શ્રી પરમાનંદભાઈએ ભગીરથ પ્રયત્નો કર્યા હતા. ધારાસભ્યોનો સારો સાથ અને સહકાર હતા પરંતુ જૈન ધર્મગુરુઓ અને જૈન આગેવાનોએ આ બીલ સામે વ્યવસ્થિત આંદોલન જગાવી આવા સરળ બિલને જાહેર અભિપ્રાય માટે ફેરવવા માટેની બીનજરૂરી સ્થિતિ પેદા કરી અને પરિણામે તેને ખૂબ લંબાવી ગુજરાત છોડવું પડતાં આ બીલ રખડી પડ્યું હતું, પરંતુ આ બીલ અને તેના પ્રચારથી બાળ દિક્ષાના પ્રશ્ન અંગે સમાજમાં સારી જાગ્રતિ વ્યાપી હતી.

હું માનું છું કે મારી જેમ અનેક પ્રબુદ્ધ જીવનના વાંચકોને દરેક અંક ટપાલમાં આવે ત્યારે તેમાં શ્રી પરમાનંદભાઈ શું કહે છે તે જાણવા તીવ્ર ઉત્સુકતા રહેતી હશે. અંક ગેરવલ્લે ન જાય તે માટે મારા પત્ની તો તેને જુદી જગ્યાએ સાચવી સાંતાડી દેતાં. શ્રી પરમાનંદભાઈની તાઝગીભરી અને સ્ફૂર્તિદાયક કલમ એ પ્રબુદ્ધજીવનનું અનેરું આકર્ષણ હતું એ નિશંક છે.

**પ્રભુદાસ બાલુભાઈ પટવારી**

# વિવેકશીલ સમાજવિચારક

બાલદીક્ષા જેવી જૈન સંપ્રદાયમાં પ્રચલિત બનેલી રૂઢિઓનો સબળ વિરોધ કરનાર તેમ જ અન્ય સાંપ્રદાયિક કે સામાજિક અનિષ્ટો અને વહેમોને વિવેકપૂત વિચારસરણીથી ખુલ્લાં પાડનાર વિચારક તરીકે હું પરમાનંદભાઈને 'પ્રબુદ્ધ જીવન'નાં લખાણો દ્વારા સારી રીતે ઓળખતો હતો. પ્રત્યક્ષ પરિચય વધ્યો તે પહેલાં ગાંધીયુગનાં નૈતિક અને સાંસ્કારિક મૂલ્યોના પુરસ્કર્તા તરીકે પરમાનંદભાઈને હું સારી રીતે જાણતો હતો. અંધશ્રદ્ધા અને વહેમના તેઓ વિરોધી હતા. જીવનના કોઈ પણ ક્ષેત્રની વસ્તુને સારાસારના વિવેકથી મુલવવી જોઈએ એવી એમની સ્વાભાવિક વૃત્તિ હતી. પરમાનંદભાઈ માત્ર વિચારક જ નહોતા, વિચારપૂત આચરણ થાય તેવો આગ્રહ સેવનારા હતા. સમજાવટભરી શૈલીથી પોતાના વિચારોને નીડરપણે સ્પષ્ટ કરવા તે તેમના વ્યક્તિત્ત્વનું વિશિષ્ટ લક્ષણ હતું. જૈન યુવક સંઘની સ્થાપનાની પાછળ આ પ્રેરક વૃત્તિ હશે એમ હું માનું છું.

પરમાનંદભાઈને મન વ્યક્તિ કરતાં વિચારનિષ્ઠા મહત્ત્વની હતી. વિચારની વફાદારી એ તેમના વ્યક્તિત્ત્વનું પ્રબળ અંગ હતું. કાકા કાલેલકર હોય, આચાર્ય રજનીશ હોય કે મોરારજી દેસાઈ હોય, પણ પરમાનંદભાઈને એમના વિચારો અસ્પષ્ટ લાગ્યા હોય તો પોતાનો મતભેદ સ્પષ્ટતાપૂર્વક વ્યક્ત કરતા. પરમાનંદભાઈનું આગવું વ્યક્તિત્વ એવે પ્રસંગે તરી આવતું. કોઈક વાર પોતાના લખવામાં કાંઈક દોષ રહી ગયો હોય અથવા ઉતાવળ થઈ હોય તો તેની નિખાલસતાપૂર્વક કબૂલાત કરવામાં જરાય સંકોચ ન અનુભવતા. વિચારનિષ્ઠા અને નમ્રતા એ પત્રકાર પરમાનંદભાઈના વ્યક્તિત્વના ખાસ ગુણો હતા. 'પ્રબુદ્ધ જીવન'નાં લખાણો આ હકીકતો દર્શાવે છે.

એક વાર પરમાનંદભાઈનો મારા ઉપર ટેલિફોન આવ્યો. મને કહ્યું, "મારે તમને મળવું છે. સર્પદંશ વિશે કેદારનાથજી સાથેની તમારી વાતચીત 'જનસંદેશ' માં વાંચી. એ વિશે થોડી ચર્ચા તમારી સાથે કરવી છે. તમને ક્યારે અનુકૂળ સમય છે? હું આવી જઉં."

"આપ તો મારા મુરબ્બી છો. આપને આવવાનું હોય? હું જ આપને મળવા મુંબઈ આવીશ," એમ કહી અમે મળવાનો સમય નક્કી કર્યો. પરમાનંદભાઈમાં નમ્રતા- સાચી નમ્રતા-એ સ્વા-

ભાવિક ગુણ છે એમ હું આ પ્રસંગે જોઈ શક્યો. પછી અમારો નિકટનો સંબંધ થયો ત્યારે અનેક પ્રસંગે એમની નમ્રતાનું મને દર્શન થયું હતું. નીડરતા અને નમ્રતા આ બે વિરોધી જણાતા ગુણોનો અદ્‌ભુત સમન્વય તેમનામાં થયો હતો; તેમના વ્યક્તિત્વની એ ખાસિયત હતી.

મંત્રશક્તિદ્વારા સર્પનું ઝેર ઊતરી શકે છે એમ શ્રી કેદારનાથજીનાં મંતવ્ય અને અનુભવ હતાં. મારે માટે બુદ્ધિપૂર્વક એ સમજવું મુશ્કેલ હતું. કેદારનાથજી સાથેની વાતચીતમાં મેં મારી શંકાઓ અને મારા દૃષ્ટિકોણ રજૂ કર્યા હતા. વિવેકશીલ પ્રજ્ઞાવાળા પરમાનંદભાઈને અંધશ્રદ્ધા ને વહેમો પ્રત્યે સ્વાભાવિક સૂગ હતી. કેદારનાથજી સાથેની મારી વાતચીત વાંચી મારી શંકાઓ એ પરમાનંદભાઈની પણ શંકાઓ હતી તેમ તેમને લાગ્યું. અમે મળ્યા અને એ વિશે નિખાલસપણે ચર્ચા કરી. પૂજ્ય કેદારનાથજી પ્રત્યે આમને બન્નેને પૂજ્યભાવ હતો અને છતાં મંત્રશક્તિ દ્વારા સર્પનું ઝેર ઊતરી શકે એ માનવા માટે અમારી વિવેકબુદ્ધિ તૈયાર નહોતી. હું એ સમજવા માટે મથતો હતો પણ સમજાતું નહોતું. પરમાનંદભાઈએ મારી અને કેદારનાજીની વાતચીત 'પ્રબુદ્ધ જીવન' માં છાપી અને પૂરક નોંધમાં સ્પષ્ટ રીતે લખ્યું: "બુદ્ધિગમ્ય નહિ એવી અનેક બાબતો અને અનુભૂતિઓનો તેમની 'વિવેક અને સાધના'માં નાથજી ઈન્કાર કરે છે—આવી છાપ એ પુસ્તક વાંચતાં મારા જેવા અનેક ઉપર પડેલી છે. આ ઈન્કાર સાથે ગૂઢ એવી મંત્રશક્તિનો સ્વીકાર સુસંગત લાગતો નથી... હું એટલું જ નમ્ર ભાવે સૂચવવા માગું છું કે કાં તો આ અસંગતિનો તેઓ ખુલાસો કરે અથવા તો તેમણે કરેલા વ્યાપક ઈન્કારોનું પુનઃ સંશોધન કરે." ત્યાર પછી પરમાનંદભાઈ અને શ્રી કેદારનાથજીને મળવાનું થયું. કેદારનાથજીએ પરમાનંદભાઈને કહ્યું કે પૂરક નોંધ લખતા પહેલાં મારી સાથે વાતચીત કરવી જોઈતી હતી અને ઉતાવળી નોંધ લખતાં પહેલાં ચર્ચા કરી હોત તો સારું. પરમાનંદભાઈને કેદારનાથજીની આ વાત બરાબર લાગી. પોતાની વિચારનિષ્ઠાને વળગી રહીને પરમાનંદભાઈએ પછીના અંકમાં લખ્યું: "પૂજ્ય નાથજી સાથે વર્ષોજૂનો ઊંડો સદ્‌ભાવ અને સ્નેહભર્યો મારો સંબંધ છે. અમારી બન્ને વચ્ચે કોઈ એક યા અન્ય બાબતમાં વિચારસામ્ય હોય યા ન હોય, એમ છતાં વસ્તુતત્ત્વને વિચારવાનું અમારા બન્નેનું ધોરણ લગભગ એકસરખું રહ્યું છે... આ વિષય અંગે કાંઈ પણ લખવા પહેલાં મારે તેમને પ્રત્યક્ષ મળવું જોઈતું હતું. તેમને મળ્યા બાદ આ વિષયમાં મને યોગ્ય લાગે તે લખવાનો મારો હક્ક યા અધિકાર અબાધિત હતો. આમ છતાં તેમને પ્રત્યક્ષ મળવાને બદલે, એક પ્રકારની બૌદ્ધિક પ્રગલ્ભતાને વશ થઈને, પ્રતિપડકારનો ભાવ દાખવતી નોંધો લખી નાખવામાં મેં ઉતાવળ કરી હતી અને જેમના વિશે મારા દિલમાં પૂજ્યભાવ હતો તેમના પ્રતિ મેં કાંઈક અવિનય આચર્યો હતો એમ આજે લાગે છે." આ પ્રસંગમાં પરમાનંદભાઈની વિચારનિષ્ઠા, નીડરતા અને નમ્રતાનું એકસાથે દર્શન થાય છે. તેમના સાચા વ્યક્તિત્વની ઝાંખી થાય છે.

એક વાર પરમાનંદભાઈની જોડે વ્યવસાયની વાત નીકળતા મેં તેમને સ્મિત કરતાં કહ્યું હતું, "વ્યવસાયની દૃષ્ટિએ આપણે એકજ જાતના છીએ: અમે અમારા ચોકઠામાં રહીને પરીક્ષાકેન્દ્રી શિક્ષણકાર્ય કરીએ છીએ; તમે 'જૈન યુવક સંઘ,' પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજના અને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રવૃત્તિઓ દ્વારા જિંદગીભર સમાજ—સુધારક અને સંસ્કારપોષક વિચારસામગ્રી 'પ્રબુદ્ધ જીવન'માં આપીને ઘણી મૂલ્યવાન સેવા કરી છે. 'પ્રબુદ્ધ જૈન' માંથી 'પ્રબુદ્ધ જીવન' નામકરણ કરવામાં તેમની ઉદાર અને વિવેકશીલ દૃષ્ટિ જ રહી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળાનું બીજારોપણ પરમાનંદભાઈએ કર્યું, એટલું જ નહીં; પણ તે માટે સતત સિંચન અને પરિશ્રમ કરતા રહીને તે વૃક્ષને સુદૃઢ ને સુફળપ્રદ બનાવ્યું છે તે એક ઐતિહાસિક હકીકત છે. આ વટવૃક્ષની માટુંગા, ઘાટકોપર, વિલેપારલે વગેરે સ્થળોમાં વડવાઈઓ ઊગી તેમાં પરમાનંદભાઈના પ્રેરણાભર્યા પુરુષાર્થનો જ વિજય છે. એમની અખંડ આરાધનામાંથી વિકસેલું આ વટવૃક્ષ સંસ્કારચિંતનની છાયા આપતું રહેશે. પર્યુષણ જેવા પવિત્ર ઉત્સવ પ્રસંગે યોગ્ય વ્યાખ્યાનમાળાઓ યોજીને લોકશિક્ષણના કાર્યની દિશા ઉઘાડી તે પરમાનંદભાઈનું પુનિત સ્મારક જ છે એમ હું માનું છું.

**અમૃતલાલ યાજ્ઞિક**

# અમારા પૂજ્ય પ્રિય દાદા

કોઈ પણ વૃદ્ધ વ્યક્તિને વિવેકથી દાદા કહીએ અને પૂજ્ય પરમાનંદભાઈને 'દાદા' કહીએ તેમાં ઘણો ફેર હતો. જેમનું વાત્સલ્યઝરતું મુખ જોઈને ઉમળકાભેર 'દાદા'નું વહાલસોયું સંબોધન કરવાનું મન થાય તેવા તો પરમાનંદભાઈ જ. મારા નાના પૂ. દીપચંદભાઈના તેઓ પરમ મિત્ર અને મોટાભાઈ સમાન હતા. મોટે ભાગે એ સવારે સાત-સાડા સાતની આસપાસ અમારે ત્યાં અમારાં બધાંની ખબર પૂછવા આવી ચડતા. તેઓ જ્યારે આવે ત્યારે અમારા ઘરમાં વડીલ આવ્યાનો આનંદ પ્રસરી જતો. અમે બન્ને ભાઈ બહેન હાજર ન હોઈએ તો તરત જ અમારા વિશે પૂછપરછ કરે અને અમે દોડતાં એમની પાસે જઈને ઊભા રહીએ કે હસતાં હસતાં અમારો વાંસો થાબડે અને અમારી સાથે થોડી વાત કરી લે.

તા. ૨૭ મીએ સવારે લગભગ દસેક વાગે અમારા વડીલોને દાદાના સ્વર્ગવાસના સમાચાર મળ્યા. મારા નાના દીપચંદભાઈ તો એ સાંભળીને ધ્રુસકે ને ધ્રુસકે રડી જ પડ્યા. અમે એમને એ રીતે રડતાં કોઈ દિવસ જોયા નહોતા. પોતાનું અત્યંત નિકટનું સ્વજન ગુજરી ગયું હોય તો જ માણસ આમ રડે. મારા નાના ભાઈ અમિતાભે નિર્દોષભાવે પૂછ્યું: "મમ્મી, પરમાનંદકાકા શું કામ ગુજરી ગયા?" તેનો જવાબ આપવાને બદલે બધાંની આંખો આંસુથી ઊભરાવા લાગી. અમારા ઘરમાં એક જાતની શોક અને ગમગીનીની લાગણી પ્રસરી ગઈ. મારાં વડીલોની સાથે દાદાના અંતિમ દર્શન કરવા હું અને મારો નાનો ભાઈ ગયાં હતાં. અમે દાદાને પગે લાગ્યાં. તેમને સૂતેલા જોઈને એમ જ થતું હતું કે તેઓ સૂઈ ગયા છે અને હમણાં જ જાગશે અને અમને જોશે એટલે તરત વાત કરશે. પરંતુ એ આશા ફળે તેમ નહોતી.

અમે પર્યુષણ વ્યાખ્યાનમાળા કે બીજા જાહેર પ્રસંગે પણ દાદાને ઘણી વાર જોયા છે. મિત્રો અને સંબંધીઓથી ઓ વીંટળાયેલા હોય કે મોટા સાથે તેઓ વાતો કરતા હોય તો પણ અમારા જેવાં બાળકો જો તેમની પાસે જઈ ચડે તો તેઓ ઉમળકાભેર અમારો ખભો હલાવીને, અમને થાબડીને બોલાવે. દાદામાં એવું તે શું હતું કે એ બધાંને ગમતાં અને બધાં એમને ગમતાં? અમારું નાનકડું મગજ એનો શો જવાબ આપે? પરંતુ એટલું તો જરૂર સમજાય છે કે તેમને મન કોઈ પારકાં કે પરાયાં નહોતાં. બધાં જ તેમના સ્વજન જેવાં હતાં અને તેથી જ એમનાં જવાથી પોતાના સ્વજન ગુમાવ્યા જેટલો શોક બધાંના મુખ પર દેખાતો હતો.

મારા નાના ભાઈને તો દાદા જિંદગીભરનું સંભારણું આપી ગયા. કારણકે તેનું 'અમિતાભ' નામ દાદાએ જ પાડ્યું હતું. અને 'અમિતાભ' થવાના આશીર્વાદ પણ આપ્યા હતા.

દાદા ગયા, પરંતુ અમારા મનમાં તેમની વહાલપની છાપ કાયમ માટે મૂકતા ગયા છે.

**કુ. શૈલજા રમણલાલ શાહ**
(ઉ. વર્ષ ૧૩)

# સત્યના પુજારી

'પ્રબુદ્ધ જીવન' પાક્ષિકના પ્રાણ, અને પર્યુષણ પર્વ અંગે યોજાતી વ્યાખ્યાનમાળાના તેમ જ જૈન યુવક સંઘના આત્મા એવા મુરબ્બી શ્રી પરમાનંદભાઈની મમતા અને હૂંફને જ્યારે યાદ કરું છું ત્યારે હૃદય ભરાઈ આવે છે. કચ્છના ગામડામાં જન્મેલ અશિક્ષિત એવા મને ૩૫ વર્ષો પહેલાં ગિરગામ પર આવેલા આનંદભવન હોલમાં એમના દ્વારા જે વ્યાખ્યાનો યોજાતા તેમાં હાજરી આપીને પ્રેરણા મળતી, મારો ઊછેર મૂર્તિપૂજક કુટુંબમાં છતાં પૂજા આંગીમાં ધરાતાં ફૂલ અને ફળોથી મન અંજંપો અનુભવતું. જૈનદર્શને તો સ્થાવર જીવોની હિંસા વર્જ્યગણી હોવાથી પૂજા કરવાની કયારે પણ પ્રેરણા ન થઇ. જો કે તીર્થની યાત્રાઓ એકથી વધુવાર કરી છે. આંગીઓ દરમ્યાન રેલાતા સુગમ સંગીતોના સૂરોથી આનંદ અનુભવ્યો છે તેમ છતાં ભગવાન સમક્ષ ફળફૂલ ધરવાની ઇચ્છા ન જ થઇ.

સામાજિક ક્ષેત્રે વિધવા બહેનોનાં લગ્નો કરાવી આપવાની ખેવના સદાય રહેતી. થોડાંક લગ્નો વ્યવસ્થિતપણે સભાઓ યોજીને કરાવ્યા. આમ ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે હું જે ખ્યાલો ધરાવતો તેના સમર્થક એવી પીઠ વ્યકિત તરીકે મેં શ્રી પરમાનંદભાઈને જોયા. પ્રબુદ્ધ જૈન અને પછીથી પ્રબુદ્ધ જીવન પાક્ષિક અક્ષરે અક્ષર વાંચી- પ્રેરણા મેળવતો.

સને ૧૯૫૩માં, કે જ્યારે હું મુંબઈમાં ભરાયેલી શ્રી અખિલ ભારત જૈન શ્વેતાંબર મૂર્તિપુજક કોન્ફરન્સના પ્રમુખપદે નિમાયો. સ્વાગત પ્રમુખ તરીકેનું મારું પ્રવચન ચીલા ચાલુથી જુદા પ્રકારનું હતું, એટલે મેં તૈયાર કરેલ પ્રવચન એમને જોઇ જવા માટે વિનંતી કરી. જોઇને તેઓ ખૂબ રાજી થયા મેં નિર્દેશ કરેલા ખ્યાલો એમને ગમ્યા. એ પછી તો એમણે સ્થાપેલ અને વિકસાવેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પ્રમુખપદ સંભાળવા કહેણ મોકલાવતાં એનો આનંદ સાથે મેં સ્વીકાર કર્યો. અને તે હેતુથી કે એમના સાન્નિધ્યમાં રહીને મારા ધાર્મિક અને સામાજિક સુધારણાના વિચારોને વેગ મળશે. તેઓશ્રી જે પણ નવું નવું વિચારતા, તેને યુવક સંઘ દ્વારા સાંગોપાંગ પાર પાડવામાં હું આનંદ અનુભવતો અને પ્રેરણાના પિયૂષ પીતો. મારું સ્વાસ્થ્ય બગડતાં ૧૧ વર્ષ બાદ સંઘના પ્રમુખપદેથી મુકત કરવાની મેં વિનંતિ કરી ત્યારે એમણે દુ:ખતે હૃદયે એનો સ્વીકાર કર્યો. પરંતુ ત્યારથી એમણે મારે ઘેર મહિને પંદર દિવસે સવારના આવવાની અને વિધવિધ ચર્ચા કરવાની શરૂઆત કરી. હું તો એમના ખ્યાલો જાણીને ભારે હોંશમાં આવતો. ઘણું બધું નવું જાણવાનું મળતું. મુંબઈમાં હોય ત્યાર એમની આ સતત હૂંફ અને વાત્સલ્ય મને ઘર બેઠે- પ્રદાન કરવાની એમની ઉદાર વૃતિ નિરંતર ચાલુ હતી. પરંતુ હમણાં કેટલાક દિવસો સુધી એમનાં દર્શન ન થતાં, એ ગોઝારા શનિવારે સવારના સાડા આઠ વાગ્યાથી એમના ઘેર ફોન જોડવાની મેં શરૂઆત કરી. ફોન રોકાયેલોજ મળતો. છેવટે સાડા નવ વાગે ફોન લાગુ થતાં ફોન લેનારને મેં પૂછયું કે મુરબ્બી શ્રી પરમાનંદભાઇ કેમ હમણાં ઘણા દિવસ થયા મારે ત્યાં પધાર્યા નથી? એમણે મારું નામ જાણીને પોતાનું નામ જણાવ્યું. એ હતા એમના મોટા જમાઇ શ્રી અમૃતલાલ જે. શાહ. એમણે મુ. શ્રી. પરમાનંદ-ભાઇના દુ:ખદ અવસાનના સમાચાર આપ્યા એ જાણી મને ચોંટ લાગી. હૃદય રડી ઊઠયું. એક પ્રબુદ્ધ પીઢ વડીલશ્રીની સદા હૂંફ ખોયાની ઘેરી અસરથી મન વ્યગ્ર બની ગયું અને ત્યાર બાદ સાંજે યોજાયેલ એ મુરબ્બીશ્રીની સ્મશાન યાત્રા વખતે એમના મુખારવિંદના દર્શન થયા ત્યારે ભરાયેલો ડૂમો આંસુઓ સારીને ખાલી કર્યો અને એ રીતે થોડી હળવાશ અનુભવી.

આવા હતા એ મારા વડવા જેવા વડીલ પરમાનંદભાઇ—જેમનું સતત નીતરતું પ્રેમાળ અને પ્રેરણાદાયક વાત્સલ્ય અને હૂંફ સદાય હૃદયને સભર રાખવા પરમ કૃપાળુ પરમાત્મા એમને બળ આપે. એ સત્યના પુજારીનો આત્મા જ્યાં હોય ત્યાં એને ચિરશાંતિ બક્ષે એ પ્રાર્થના કરી એમના જીવનસાથી પૂજ્ય વિજયાબેન અને તેમના વિશાળ કુટુંબને એમનો વિયોગ સહન કરવાની શકિત બક્ષો એ જ અભ્યર્થના.

**ખીમજી મા. ભુજપુરીઆ**

# થોડાંક સંસ્મરણો

તા. ૧૭-૪-૭૧ના રોજ સવારે સૂર્યકાંત પરીખના મુખે પૂ. પરમાનંદભાઈના દ:ખદ અવસાનના સમાચાર સાંભળી હૃદયને ખૂબ જ આઘાત થયો, ખરેખર આપણે સૌએ એક ઉમદા વડીલ અને મિત્ર ગુમાવ્યા છે.

તેમના અવસાનના દ:ખદ સમાચાર મળતાં જ તેમની સાથેના પ્રસંગોની હારમાળાનું સંસ્મરણ ચિત્તપટ પર અંકાઈ ગયું અને જેમ જેમ વિચારો આવતા ગયા કે તેઓ હવે દુનિયામાં નથી તેમ તેમ તેમની યાદ વધુ ને વધુ આવવા લાગી.

માનવી જ્યારે આપણી વચ્ચે દુન્યવી અસ્તિત્વ ધરાવે છે ત્યારે આપણું મન તેના અસ્તિત્વની શ્રદ્ધામાં જ નિશ્ચિતતા અનુ-ભવે છે, પરંતુ જ્યારે માનવીનો દેહ આપણી વચ્ચેથી ચાલ્યો જાય છે ત્યારે તેના નાના મોટા પ્રસંગો આપણા સ્મરણપટ પર એકદમ તાજાં બની જાય છે. કેમ જાણે તેમની ચેતના અને આપણી ચેતના સૂક્ષ્મતર સ્તર પર એ રીતે મિલનનો સંતોષ માનતી ન હોય?

લગભગ ૧૯૫૦ માં મારા એક સ્નેહીદ્વારા મુંબઈમાં હું પૂ. પરમાનંદભાઈના પરિચયમાં આવી. સૌને સુવિદિત છે તે પ્રમાણે તેમની વિદ્વત્તાએ અને વિચારોની આપ-લે કરવાના તેમના મુકત મનના વલણને કારણે અમારો સંબંધ મૈત્રીભાવે વિકસતો ગયો. આમ છતાં તેઓ હંમેશાં મારા વડીલને સ્થાને જ રહ્યા છે.

૧૯૫૦ થી ૧૯૫૬ સુધી મારા મુંબઈના વસવાટ દરમ્યાન મારા દુ:ખદ વૈધવ્યકાળમાં તેઓના પરિચયે મને ઘણું જ આશ્વા-સન આપ્યું હતું, એટલું જ નહિ પરંતુ મારા વાંચન અને ચિન્ત-નના ક્ષેત્રમાં તેમણે મને ખૂબ જ પ્રેરણા આપી છે.

તે ઉપરાંત વિદ્વાન, ચિંતનશીલ અને સંત જેવી વ્યકિત-ઓનો પરિચય કરાવી તેમણે મારા પર ખૂબ જ ઉપકાર કર્યો છે. તેમના પ્રયાસથી જ આ ક્ષેત્રનું પ્રવેશદ્વાર ખુલ્યું તેમ કહું તો તે અસ્થાને નથી. ઉત્તમ સાહિત્યની ઓળખ, વાંચન, તે અંગેની છણા-વટ વિગેરેમાં તેમનું યોગ્ય માર્ગદર્શન મને મળી રહેતું. મારા પ્રત્યેની લાગણી અને શ્રદ્ધાને કારણે તેઓ મને હંમેશાં લખવાની પ્રેરણા આપવા ખૂબ જ પ્રયત્ન કરતાં. જોકે મેં તેમની આ ઇચ્છાને અંશત: જ ન્યાય આપ્યો છે.

મને ખ્યાલ છે કે ૧૯૫૦માં તેમનો પરિચય થયા પછી ૧૯૫૧માં તેઓએ પૂ. પંડિત સુખલાલજીનો ઉતારો મારે ત્યાં ગોઠવેલો ત્યારે તો મને કલ્પના પણ ન હતી કે આ રીતે તેઓએ મને મારા જીવનની કટોકટીને સમયે એક ધર્મપિતાનો મેળાપ કરાવી આપ્યો છે.

પંડિત સુખલાલજીના સંપર્કમાં આવવાથી મારા સારાયે જીવનની દિશા બદલાઈ અને પવિત્ર પ્રેરણા પામી, મેં જે કંઈ કર્મક્ષેત્રે કે ધર્મક્ષેત્રે પ્રાપ્ત કર્યું હોય તો તેનો બધો યશ પુ. પરમાનંદભાઈને ફાળે જાય છે.

તેમની એક વિશિષ્ટતા એ હતી કે તેઓ જ્યાં જ્યાં જતાં

ત્યાં જૂના મિત્રોને યાદ કરી મળી લેતાં અને નવા મિત્રો મેળવતા. જેની જે વિશિષ્ટતા હોય તેને ઓળખતા અને તેની શક્તિનો ઉપયોગ કરતાં. તેઓ એકબીજાનો પરિચય કેળવવાના માણકાની માળા જેવા હતા.

૧૯૫૬ માં હું મુંબઈ છોડી અમદાવાદ આવી ત્યાર પછી પત્ર દ્વારા અમારો આ સ્નેહસંબંધ જળવાઈ રહ્યો હતો. તેઓ અમદાવાદ આવે ત્યારે અચૂક મળે. નિરાંતે આવે, સાથે જમે, અવનવી વાતોની છણાવટ કરે. તા. ૨-૪-૭૧ ના રોજ મારા કુટુંબ સાથે તેમણે જમણ લીધું ત્યારે કોને ખબર હતી હવે આ મેળાપ છેલ્લો નિવડશે. તેમની ગુજરાતની છેલ્લી મુલાકાત દરમ્યાન તેઓ યાદ કરીને કેટલાય મિત્રોને મળી ગયા હતા. આ તેમની છેલ્લી મુલાકાત બનશે, તેવું કોણે ધાર્યું હતું?

પરમાનંદભાઈનું અવસાન ૭૮ વર્ષની પાકટ વયે થયું છે તે ખરું, વય વધતા શારીરિક મર્યાદા આવે તે પણ ખરું, માનસિક અસ્વસ્થતા પણ આવે છતાં તેમણે પોતાના કાર્યને ન્યાય આપવા અંત સુધી ખૂબ જ નિષ્ઠા અને ખંતપૂર્વક પ્રયાસ કર્યો છે. ક્યારેક તેઓને એક ચિન્તા સતાવતી કે મારી આંખો કામ ન આપે અગર મારું શરીર અટકી પડે તો મારે શું કરવું? સમય કેમ જાય? તેમની આ વ્યથા પરમાત્મારો સાંભળી અને ખાસ કોઈ વ્યાધિ વગર પ્રભુએ તેમને ઉપાડી લીધા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

સુનંદાબહેન વોહોરા

## પ્રજા–જીવનના આરોગ્યના રક્ષક

સ્વ. પરમાનંદભાઈ પ્રજાજીવનના અંતરઆત્માના ચોકીદાર હતા. એટલું જ નહીં, પણ તેથી વિશેષ પણ હતા. તેઓ માત્ર દોષ જ પકડી પાડતા એમ નહિ, પણ તેમની ગુણગ્રાહકતા પણ એટલી સતેજ હતી. જાહેરજીવનની તંદુરસ્તી જાળવવા માટે જરૂરી બાબતોની તેમની પાસે અંદરની કોઠાસૂઝ હતી. તેઓ ચિન્તનશીલ તો હતા જ, પણ સતત કર્મશીલ પણ હતા. રાજકીય નેતાઓ, ધર્માચાર્યો, પંડિતો, સાહિત્યકારો, કલાકારો, ચિન્તકો, ધનપતિઓ, સામાન્ય માનવી તરીકે રહીને અસામાન્ય ગુણો પ્રગટ કરતા લોકો–આ સૌના ગાઢ સંપર્કમાં તેઓ આવ્યા હતા. તેમ છતાં તેમણે કોઈ મત, સંપ્રદાય કે પક્ષની કંઠી બાંધી ન હતી. અને એ રીતે એક પ્રકારના વિવેકપૂત તાટસ્થ્ય અને માનવતાથી ભરપૂર અને સંવેદનશીલ હૃદયનો સુયોગ તેમના જીવનમાં, તેમની વાણીમાં, તેમનાં લખાણોમાં જોવા મળતાં. આથી જ તેમના અભિપ્રાયોનું એક વિશિષ્ટ વજન ગુજરાતના જાહેર જીવનમાં પડતું હતું. માનવમૂલ્યો વિશેની તેમની નિષ્ઠા દૃઢમૂલ, બુદ્ધિપૂત અને આચારનિષ્ઠ હતી. આથી તેમનાં લખાણોમાંથી એક પ્રકારની વિશદતા, નિર્ભીકતા, નિર્દંભ, નિર્દંશતા પ્રગટ થતાં. આમ છતાં તેઓએ કદી એક સામાન્ય નાગરિકથી વધુ ઊંચી કક્ષા પરથી બોલવાનો દાવો કર્યો નથી. નેતાગીરી માટેના પ્રાપ્ત થયેલા બધા સંયોગો તથા તકો તેમને ચલિત કરી શક્યાં નથી.

લગભગ પચાસ વરસના તેમના જાહેરજીવનમાં તેમણે સમાજજીવનના કેટલાય પ્રશ્નો પર મૌલિક વિચારો પ્રગટ કર્યા છે. ભલભલા વૈચારિક ક્ષેત્રના ધુરંધરોના વિચારો સામે પણ તેમણે બરાબર બાથ ભીડી છે. છતાં વ્યક્તિગત રાગદ્વેષથી પર રહી શક્યા છે. તેમના અત્યંત આદરણીય એવા શ્રી કાકાસાહેબના વિચારોને પણ તેમણે પડકાર્યા હતા, તે જાણીતી વાત છે. જૈન સંપ્રદાયની રૂઢિચૂસ્તતા ને વૈચારિક અનવસ્થાની સામેની તેમની જેહાદ પણ એટલી જ જાણીતી છે. તેઓ પોતાની ભૂલો પ્રત્યે પણ એટલા જ જાગ્રત હતા. તેવી ભૂલ કોઈ નાનો માણસ બતાવે તો તરત જ તેનો સ્વીકાર કરતાં તેમને સંકોચ ન થતો.

આપણા રાષ્ટ્રમાં લોકશાહી જીવનપદ્ધતિનાં મૂળ ઊંડાં નાખવાં હોય તો વૈચારિક ક્ષેત્રે કેવી વ્યક્તિઓની દોરવણી મળવી જોઈએ એના ઉત્તરમાં સ્વ. પરમાનંદભાઈનું નામ પહેલી હરોળમાં નિ:સંકોચપણે મૂકી શકાય.

એક બાજુથી જાહેરજીવનમાં પડેલા મહારથીઓ જેવા લાગતા નેતાઓના વિચારમાં ને વર્તનમાં કેટલી કૃપણતા છે, તે જોઈને નિરાશા થાય છે, તો બીજી બાજુથી પરમાનંદભાઈ જેવી વ્યક્તિઓ પણ કાળે કાળે ઉત્પન્ન થાય છે, તે જોઈને ફરી આપણા દેશના ભાવિ વિશેની આશા બળવત્તર બને છે.

મૂળશંકર મો. ભટ્ટ

## યુવામૂર્તિ પરમાનંદભાઈ

સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ક્રાન્તિ લાવવાનો પરમાનંદભાઈએ યુવાકાળમાં જે આરંભ કર્યો, તે કાર્ય તેમણે જીવનના અંત સુધી ખરા દિલની બજાવ્યું. ઉંમરની વૃદ્ધિ તેમના ઉત્સાહ અને વિચારોને કદી શિથિલ કરી શકયા નથી. જીવનભર યુવાન રહેલા પરમાનંદભાઈ આપણી સ્મૃતિમાં પણ સદા યુવાન જ રહેશે. સ્વતંત્ર વિચારશક્તિ, દૃઢતા, નિર્ભયતા અને જીવનની તાજગી તેમણે ઠેઠ સુધી જાળવી રાખ્યા. તેમના સફળ અને લોકપ્રિય જીવનનું આ જ ખરું રહસ્ય છે.

સત્યમાં અખંડ શ્રદ્ધા ધરાવનાર પરમાનંદભાઈને લોભ કે સ્વાર્થ કદી સ્પર્શી શકયા નથી. આ કારણે તેમના વિચાર અને વાણી બંનેમાં સત્યનું તેજ અને સામર્થ્ય હતા. હમણાં હમણાં તેમની તબિયત થોડી લથડી હતી પરંતુ વૃદ્ધાવસ્થાની શિથિલતા કે સમાધાનવૃત્તિ તેમનામાં જણાતાં નહોતા.

સૌ જીવો પ્રત્યે સમભાવ કેળવવાનો પુરુષાર્થ કરનાર મારા આ મિત્રે મને થોડા સમય પહેલા પત્રમાં લખેલું:

"મને લાગે છે ત્યાં સુધી વિચારોની બાબતમાં હું જે હતો તેમાં આજે લેશમાત્ર ફરક પડયો હોય એમ મને લાગતું નથી. હું હતો એવો જ સમીક્ષક આજે છું. અસત્ય, દંભ, પાખંડ-આ સામે જે ઘૃણા હતી તે જ ઘૃણા અથવા તો અણગમો આજે પણ છે; આમ છતાં મારામાં એક ફેર દેખાય છે; પહેલાં જુદા પડતા વિચારોના કારણે તેવા વિચારો ધરાવતી વ્યકિત વિષે પણ એટલો જ અણગમો–અંતર–મન અનુભવતું હતું. આજે વિચારો અને વ્યકિત વચ્ચે હું ફરક કરું છું. વિચારો વિષે અનાદર હોવા છતાં તે વિચારો ધરાવતી વ્યકિત વિષે મારું મન અનાદર કે અણગમો અનુભવતું નથી. માનવી માત્ર માટે મારું દિલ પ્રેમ-પ્રભાવિત રહે છે. આને ઘડપણની અસર કહેતા હો તો તે અસર કે નબળાઈ–મને કબૂલ છે. અન્યથા આદર સન્માનની કોઈ ભૂખ જાગી હોય એમ મને તો મારા માટે લાગતું નથી."

આજીવન રૂઢિ-વિચ્છેદક રહેલા પરમાનંદભાઈએ જ્યાં જ્યાં જે લોકોએ રૂઢ પરંપરાનું ખંડન કરી નવનિર્માણ કરવાનું સાહસ કર્યું છે તેમને પ્રોત્સાહન આપી પ્રશંસાથી વધાવ્યા છે. થોડા વખત પહેલા તેમણે મને લખ્યું હતું: "મારી પ્રકૃતિ પરંપરા-ઉચ્છેદક રહી છે."

આ સહજ પ્રકૃતિ તેમની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓની પીઠિકા બની રહી. રૂઢિ અને પરંપરાવાદને કારણે જડ બની ગયેલા સામાજિક જીવનને તેમણે પોતાના નવા દૃષ્ટિકોણથી ઢંઢોળી જાગૃત કર્યું; સાધુસમાજમાં પ્રવેશેલી પોકળતા અને શુષ્કતા સામે તેમણે જબરું આંદોલન જગાડયું; બાળદીક્ષા સામે તેમણે સાધુ સમાજને ચેતવણી આપી નવો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ નમ્રતાપૂર્વક સમજાવ્યો. આ માટે તેમને ચુસ્ત સાધુઓ તથા રૂઢ જૈનસમાજ તરફથી ઘણું સહન કરવું પડયું પરંતુ સામાજિક સુધારકોમાં એમનું નામ અગ્ર હરોળમાં રહેશે. પોતાના જીવન અને કાર્ય દ્વારા તેમણે જે એક નવી

વિચારધારા વહેતી મૂકી છે તે સામાજિક અને ધાર્મિક જીવનને જરૂર સ્વચ્છ બનાવશે.

પરમાનંદભાઈનું જીવન સત્યનિષ્ઠ હોઈ એમના લખાણમાં સ્વાભાવિકતા, સરળતા અને શુદ્ધિ દેખાય છે. લખવા ખાતર લખતા હોય એવા લેખક તેઓ નહોતા. તેમના લેખન અને વકતવ્ય પાછળ આચારનું બળ ધબકતું હતું. ધાર્મિક, સામાજિક, રાજનૈતિક કે સાહિત્યિક–જીવનને સ્પર્શતા દરેક પાસાંને સમજવા પ્રયત્ન કરી તેના પ્રત્યાઘાતોનું પોતે સચ્ચાઈપૂર્વક આલેખન કરતા. નવા વિચારોને આવકારવા, સમજવા તથા તે વિશે પોતાનો નમ્ર મત પ્રગટ કરવો–આમ જીવનભર તેઓ પ્રગતિશીલ રહ્યા. ક્રાન્તિના માર્ગે ચાલનારનો જુસ્સો અમુક સમયે ઓસરી જાય એવું ઘણીવાર બને છે. પરંતુ પરમાનંદભાઈ તો અંતિમ દિવસો સુધી વીર યોદ્ધાની અદાથી અનિષ્ટો સામે ઝઝૂમ્યા છે.

જીવન પ્રત્યે ગહન ગંભીર દૃષ્ટિ ધરાવનાર પરમાનંદભાઈ 'સત્યમ્ શિવમ્' સાથે 'સુંદરમ્' ના પણ પરમ ઉપાસક હતા. તેમની દૃષ્ટિએ જીવન શુષ્ક અસાર નહિ પરંતુ લલિત મંગલ ગાન હતું.

સૌંદર્ય અને કલા પ્રત્યેની આવી અભિરુચિને કારણે વૃદ્ધાવસ્થામાં પણ તેઓ પ્રવાસનો અનોખો આનંદ માણતા અને તેનું સુંદર વર્ણન લખતા.

તેઓ એક આદર્શ અને માયાળુ મિત્ર હતા. એમની સાથેના ૪૫ વર્ષના મિત્રસંબંધમાં મેં જીવનની ધન્યતા અને આનંદ અનુભવ્યા છે. તેમની મૈત્રી પામવાનો આજે તેમના અનેક મિત્રો ગર્વ અનુભવતા હશે. ખરા મિત્રમાં દિલની જે નિખાલસતા જોઈએ તે તેમનામાં હતી. પોતાની વાત તેઓ ખુલ્લા દિલથી મિત્રો સમક્ષ પ્રગટ કરતા અને સામાનો દોષ લાગે તો તેનો એટલા જ ખુલ્લા દિલથી નિર્દેશ કરતા. એ જ રીતે પોતાની ક્ષતિ અને ખામીઓને પણ શાન્તિથી સમજી તેમાં પરિવર્તન આણવાની તત્પરતા દાખવતા. એક પત્રમાં તેમણે મને લખ્યું હતું: "આપણે એક જ માર્ગના પ્રવાસી છીએ. એકમેકના વર્તન-કથનમાં જ્યારે જ્યાં ક્ષતિ લાગે ત્યારે ત્યાં અંગુલિનિર્દેશ એ જ ખરો મિત્રધર્મ છે." અને ગઈ સાલ એક પત્રમાં તેમણે મને લખ્યું હતું:" તા. ૧-૫-'૭૦ના 'પ્રબુદ્ધ જીવન' માં આચાર્ય રજનીશજી વિષેની મારી નોંધ વાંચીને તમારા મન ઉપર પડેલા પ્રત્યાઘાતો ખુલ્લા મનથી તમે આ રીતે લખી મોકલ્યા તેથી મને ખૂબ આનંદ થયો. તમારો પત્ર અને તે પાછળ રહેલા તમારા ભાવને હું અંતરથી આવકારું છું. મારું આ મોટું સદ્‌ભાગ્ય છે કે મારા મિત્રો એ જ મારા ચોકીદારો છે અને જ્યારે પણ મારી કોઈ ભૂલ કે ગફલત તેમની નજરે પડે છે કે તરત જ તેઓ મને ટોકતા રહે છે. તમારામાં અને રજનીશજીમાં ફરક એટલો જ છે કે તમારું સ્વરૂપ પ્રારંભથી આજ સુધી કાયમ રહ્યું છે; જ્યારે રજનીશજી મને પલટાતા જણાયા છે."

આવા પરમ સ્નેહી મિત્ર આજે આ દુનિયામાં નથી એ ખ્યાલ આવે છે ત્યારે મારું જીવન મને સૂનું અને ખાલી ખાલી ભાસે છે. મારા જેવા અનેક લોકોના દિલમાં પણ આવો ભાવ જાગતો હશે એમ વિચારી ધીર રાખું છું. પરમાનંદભાઈનું સ્થૂલ અસ્તિત્વ નથી પરંતુ પરમ આનંદ બનીને એ જીવ્યા અને પરમ આનંદમાં એ એકાકાર બની ધન્ય થઈ ગયા!

**ભંવરમલ સિંઘી**

## ☆ વૈચારિક પકવતાનો પરામર્શ ☆

મારે સ્વ. પરમાનંદભાઈ સાથે ખાસ જૂનો સંબંધ નહોતો. તેમ મળવાના પણ ખાસ પ્રસંગે સાંપડયા નહોતા. પણ અમારું મિલન 'પ્રબુદ્ધ જીવન'થી નિયમિત રીતે થયા જ કરતું. તેમાં એમની જીવનનાં મૂલ્યોની રખેવાળી કરવાની વિશદ દૃષ્ટિ, ભારતીયતા, આપણી નૈતિકતા અને સંસ્કૃતિની વિભાવનાઓ વિશેની ચિન્તનશીલતા અને જીવનવિકાસની પ્રગતિશીલ, અભિનવ વિચારણાએ તેમના પ્રત્યે આદર પ્રગટાવ્યો હતો. એમની નિર્ભિકતા અને નિખાલસતા તેમના કલ્યાણગામી પારદર્શક વ્યકિતત્વનાં દ્યોતક બની ગયાં હતાં. આ વાતની મારા ચિત્ત પર ઊંડી છાપ પડી હતી. એથી તો 'પ્રબુદ્ધ જીવન' વાંચતા નિરંતર 'સત્સંગ' કરી શકયો છું એવી જ અનુભૂતિ થયા કરતી.

પરમાનંદભાઈને નામથી, એક પીઢ સામાજિક સુધારક તરીકે નહોતો પિછાનતો એમ પણ નહોતું, મુંબઈમાં રહ્યો ત્યારથી જ દીઠે પણ પિછાનું અને કાર્યથી સવિશેષ પિછાનું, પણ મળવાનું તો થયું વિલેપારલા સાહિત્ય પરિષદના અધિવેશન સમયે. પરિષદના એક રાતના સંસ્કાર કાર્યક્રમમાં સર્જકોએ પોતાના વિશે બોલવાનું હતું. ત્યારે હું મારા મહેસાણા જિલ્લામાં, ગ્રામ વિસ્તારમાં સામાજિક સુધારણા અને આર્થિક વિકાસ અંગેનું કામ કરતો હતો. તેના એકરારથી તે પોતે જ સામે પગલે મને મળવા આવ્યા.

બીજે દિવસે તેમણે મને શોધી કાઢીને કહ્યું,

'તમે એક લેખક, ગામડામાં રહી લોકસેવાનું કામ કરો છો તે મને ખૂબ ગમ્યું. આજે તો લોકજાગૃતિ માટે અને ગામડાંને બેઠાં કરવા માટે આવાં કામ કરનારની ખૂબ જ જરૂર છે. તમે ગામડે જ્યારે જાઓ છો, ત્યારે ખાસ કરીને કઈ પ્રવૃત્તિ કરો છો...?"

અને અમારી વચ્ચેનું આદાનપ્રદાન લંબાતું ગયું. મારી ગામડાંની પ્રવૃત્તિથી પ્રસન્ન થયા હોય તેમ મલપતા ચહેરે, હસતી આંખે હુંફાળા અવાજે કહ્યું, "હું તો ગામડાનાં સીધા સંપર્કમાં નથી. પણ આ પ્રકારના કામમાં ભણેલો વર્ગ પડે તો નક્કી આપણે ગામડાંને આબાદ કરી શકીએ, તમે આ કામ ચાલુ રાખો. એ લોકજીવન જ તમારા સર્જનની ગંગોત્રી બની રહેશે" અને હેતનીતરતી આંખે મારી સામે જોઈને પૂછયું,

'તમને 'પ્રબુદ્ધ જીવન' મળે છે?'

'ના.'

'તમે તમારા ઘરનું સરનામું આપો, તમને નિયમિત મળ્યા કરશે.'

અને ત્યારથી પરમાનંદભાઈનું સતત મિલન થયા જ કર્યું છે–એવો ભાવ અનુભવ્યો છે. અમારી વચ્ચે ખાસ પત્રવ્યવહાર થયો નથી, મળવાના પ્રસંગો ઊભા થયા નથી, છતાં પરમાનંદભાઈને ખૂબજ નિકટતાથી પિછાનું છું. એમ બેધડક કહી શકું એ પ્રતાપ છે એમની કલમનો અને તેમના 'પ્રબુદ્ધ જીવન'નો.

પ્રબુદ્ધ જીવનના નિયમિત વાંચનથી તેના તંત્રીની પ્રબુદ્ધ વિચારણા અને એક માનવીય કલ્યાણ ઝંખતા સ્નિગ્ધસુંદર આત્માનો સ્પર્શ થતો હોય તેમ લાગતું. પરમાનંદભાઈનું ગદ્ય પણ ગંભીર વિચારની સૂક્ષ્મતાને વિશદતાથી આલેખતું હોવા છતાં ભારેખમપણાથી મુકત રહેતું. એથી આસ્વાદ્ય બની રહેતું. તેમનાં પ્રવાસવર્ણનો ક્યારેક તો પ્રકૃતિનું અભિરામ દર્શન કરાવતાં આલ્હાદકતાનો અનુભવ કરાવી જાય છે. પરમાનંદભાઈનો પ્રવાસશોખ સુપ્રસિદ્ધ છે. જે સૌન્દર્યનો અનુભવ કર્યો તેનો પ્રસાદ વાંચકોને પણ વહેંચું એવા ભાવથી તે પ્રસન્નચિત્તે લખતા હોય તેમ લાગે. એવી તેમની પ્રવાસકથામાં સાહજિક રીતે આત્મીયતા આવે છે. તેમના હૃદયની કરુણા, માનવપ્રેમ, પ્રકૃતિપ્રેમ, કલ્યાણકારી ભાવનાનો પ્રતિક્ષણે જાણે પરામર્શ થાય છે. તેમના લેખસંગ્રહ 'સત્યં શિવં સુંદરમ્'માં તેમના સમગ્ર વ્યકિતત્વનો પણ સારો પરિચય થઈ રહે છે.

પરમાનંદભાઈ સાથેનું બીજું માનસિક સંધાન તે તેમની સામાજિક સુધારાની પ્રવૃત્તિ. સમાજનાં હિતની, સામાજિક ક્રાંતિની,

સમાજ પરિવર્તનની વાત એ વિરોધ વહોરીને પણ નિયમિતપણે મૂકતા. તેમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે જૈન સમાજનું રહ્યું છે. તેમણે જૈન સમાજ અને સંઘનો વિરોધ વહોરીને પણ 'બાળદીક્ષાનો વિરોધ કરેલો. તેમના પ્રયત્નથી મુંબઈ ધારાસભામાં એ બિલ પણે મૂકેલું. ભારે ખળભળાટ અને વિરોધી સભાઓ થયેલી. પરમાનંદભાઈને જૈન સંઘે બહાર મૂકેલા. તે વિરોધ વચ્ચે પણ તેમણે પોતાના વિચારો એજ નિર્ભિકતાથી વ્યકત કરેલા. એની અસરથી સમાજ સ્પૃષ્ટ રહ્યો છે એમ તો કેમ કહેવાય! સામાજિક ક્રાંતિ માટે આમાં વૈચારિક આંદોલનો અને સુધારાના આંચકા આપવા અનિવાર્ય બની રહે છે પરમાનંદભાઈએ જન કલ્યાણ માટે એ પ્રવૃત્તિ નિષ્ઠાપૂર્વક કર્યા કરી.

પરમાનંદભાઈનું ચિત્ત પર પ્રભાવ પાડી ગયું તે એમનું બીનસાંપ્રદાયિક વ્યકિતત્વ, 'પ્રબુદ્ધ જીવન' તેમના વિશાળ સામાજિક સંદર્ભના કારણે સૌનું, ખાસ કરીને જાગૃત વાચકોનું પાક્ષિક બની ગયું હતું. તે આધ્યાત્મિક અને જીવનને સ્પર્શતા બહુવિધ પ્રશ્નોની આલોચના કરતા. બીજાનાં વિરોધી મંતવ્યોને પણ મુકત મનથી આવકારતા. તાજેતરમાં વચ્ચે જૈન મુનિ વિમાનમાં વિદેશયાત્રાએ ગયા તેનો જૈન સંઘે વિરોધ કરેલો. પરમાનંદભાઈએ 'પ્રબુદ્ધ જીવન'માં તેની ઠીકઠીક સમય સુધી ચર્ચા ચલાવેલી. નવી વિચારણા અને સમાજજીવન પ્રત્યેનો નવો અભિગમ સૌનું ધ્યાન ખેંચી જાય તેવો છે.

પરમાનંદભાઈની બીનસાંપ્રદાયિકતાનું ધ્યાન ખેંચે તેવું વિશિષ્ટ પ્રદાન તો પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા છે. પર્યુષણ નિમિત્તે મુંબઈમાં આઠ દિવસ સુધી પ્રવર્તમાન યુગની સમસ્યાઓ ઉપરાંત જીવન, ધર્મ, કલા જેવા સનાતન વિષયો પરના પ્રવચનો, વ્યાખ્યાનો યોજવાની તંદુરસ્ત પ્રણાલિકા પાડી જ્ઞાનયજ્ઞની નવી કેડી પાડી આપી છે. આ વ્યાખ્યાનમાળામાં બીનસાંપ્રદાયિકતાનું પરમ દર્શન થઈ રહે છે એનું અનુસરણ અમદાવાદ અને બીજે પણ યુવક સંઘો કરી રહ્યાં છે. પરમાનંદભાઈએ શરૂ કરેલી આ વ્યાખ્યાનમાળા ચાલુ રાખવા જેવી છે. સમાજની બૌદ્ધિક જાગૃતિ માટે આની આજના તબક્કે તો સવિશેષ જરૂર છે.

'પ્રબુદ્ધ જીવન' એ પરમાનંદભાઈનું પાક્ષિક હતું. તેમના વિચારો, ચિન્તન, અધ્યયન અને જીવનસાધનાનું મુખપત્ર હતું. બીજાં કેટલાંક વિચારપત્રોની પેઠે પરમાનંદભાઈએ પ્રબુદ્ધ જીવન દ્વારા સમાજની ગણનાપાત્ર સેવા કરી છે. અનેકવિધ વિષયોમાં વાચકોને વિચાર કરતા કર્યા છે. તેમણે આજીવન બૌદ્ધક સાહિત્યનો પ્રસન્નમધુર રસાનુભવ કરાવ્યો છે. એ મારા જેવા અનેક 'સાંત્સંગીઓ'ને યાદગાર બની રહેશે.

પરમાનંદભાઈ ગયા પણ જીવનસુગંધ મૂકતા ગયા. એ પ્રબુદ્ધ આત્માને વંદના કર્યા સિવાય રહી શકતો નથી.

**પિતાંબર પટેલ**

# મૃત્યુના બંધનમાંથી મુકિત

પરમાનંદભાઈને મળવાનું તો ચાર-પાંચ વાર જ બન્યું હશે, પણ પહેલા મેળાપથી જ કાળના માપથી માપી ન શકાય એવી આત્મીયતા અમારી વચ્ચે વણાઈ ગઈ હતી. પહેલી નજરે ધ્યાન ખેંચે એવી તેમની નમ્રતા, પણ આ નમ્રતા ઢીલીપોચી નથી એની બીજી પળે જ પ્રતીતિ થતી. નમ્રતાની સાથે નિર્ભયતાની દાંડી સમતુલા જાળવતી. અને સાથે સાથે નવું જાણવાની ઝંખના વાર્તાલાપની સીમા વધારતી જતી. છેલ્લે છેલ્લે આત્માનું અસ્તિત્વ, મનથી પરની ભૂમિકા અને જન્માંતરના પ્રદેશોમાં તેમની વિચારણા ચાલતી હતી. કોઈ અનુભૂતિવાળા મરમી જનની વાત નીકળે તો એના વિષે વધુ જાણવા એ માગતા. અને શકય હોય તો એને મળ્યા વિના પરમાનંદભાઈ ન રહેતા. સામે ચાલીને મળવા જવું, પરિચિત લોકોની ખેવના રાખવી એ તેમના સ્વભાવમાં હતું. અને વગર કહ્યે માણસને સંબંધની મધુરતા ને સુગંધ કેમ જાળવાય એ શીખવી જતા.

એકવાર મન ભરીને મળવાનું વેણ ઊભું હતું ત્યાં તો એ ચાલી નીકળ્યા. મધુરીબેને એમના અવસાન સમયની વાતો કરી ત્યારે અચાનક મૃત્યુંજય મંત્રનું સ્મરણ થઈ આવ્યું:

'ૐ ત્રંબકં યજામહે, સુગન્ધિં પુષ્ટિ વર્ધનમ્ !
ઉર્વારુકમિવ બંધનાત્, મૃત્યોં મુક્ષીયમામૃતાત્'

પાકેલું ઉમરાનું ફળ જેમ વૃક્ષ પરથી ખરી પડે એમ તેમનો દેહ સરી પડયો. વૈદિક ઋષિ આને મૃત્યુના બંધનમાંથી મુકિત કહે છે. કારણ કે મૃત્યુનું બંધન એ જડતાનું, સ્થગિત જીવનરસનું બંધન છે. તેમાં નથી કશી સુગંધ, નથી કશું પોષણ. જીવનનું ફળ જ્યારે પરિપકવ રસથી લચી પડતું હોય ત્યારે કશી વળગણ વિના વિદાય લઈએ એ તો સાર્થકતા. આવું મૃત્યુ, મૃત્યુ નથી. ઘણીવાર તો જીવતાં જ મૃત્યુના બંધનમાં પડેલા માણસને આપણે જોઈએ છીએ. એની પાસે નથી લાગણીની તાજગી, નથી નવા વિચારની શકિત. આવી વ્યકિતને મળીએ ત્યારે થાય કે મૃત્યુનો કોહવાટ શરૂ થઈ ગયો છે. મૃત્યુંજય મંત્ર કહે છે તેમ મૃત્યુ એટલે દુર્ગંધ, હ્રાસ; જીવન એટલે સુગંધ, પુષ્ટિ. પરમાનંદભાઈની જીવન-ઉપાસના આમ અંત સુધી સુગંધ વેરતી, પુષ્ટિ પ્રસારતી આત્મવાન હતી.

મૃત્યુંજય મંત્રનું એક બીજી રીતે પણ સ્મરણ થાય છે. પરમાનંદભાઈ સાથે જ્યારે જ્યારે વાતો થતી ત્યારે જ્ઞાનશકિતના પ્રદેશો ઊઘડતા જતા. ગોંડલમાં અમે ચાર-પાંચ કલાક નિરાંતે વાતો કરી ત્યારે બુદ્ધિ અને અંતર્પ્રજ્ઞાના સંબંધ વિષે ઘણી વાતો થઈ હતી. અંતર્પ્રજ્ઞા એ બુદ્ધિની વિરોધી નથી પણ એની પૂરક છે, એની અત્યંત સૂક્ષ્મ પરિણતિ છે એ તે સ્વીકારતા. પણ બુદ્ધિને પ્રકાશિત કરતી પ્રક્રિયા સમજ્યા વિના આપણે ત્યાં એનો જે રૂઢ સ્વીકાર થાય છે એથી એ વ્યથિત પણ હતા. પોતાની અંદર તેમની આ મથામણ ચાલુ હતી. જ્ઞાનના અધિષ્ઠાતા–ત્રિનેત્ર શિવનું યજન તેમના અંતરમાં ચાલ્યા કરતું હતું. જીવનમાં કોઈ સિદ્ધિ મેળવ્યાનો તેમનો દાવો નહોતો. અને છતાં તેમનો અંતર્યામી તેમને વિશાળથી વધુ વિશાળ ક્ષેત્રોમાં દોરી જતો હતો. 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન' માં રૂપાન્તર એ પરમાનંદભાઈની આંતર-ઉપાસનાનું જ બાહ્ય પ્રતીક હતું.

છેલ્લી માંદગી પછી તો પરમાનંદભાઈની ભીતરની ખોજ વધુ તીવ્ર બની હતી. આખું જીવન પ્રવૃત્તિમાં ગાળેલું તેથી બહારની પ્રવૃતિની ખોટ તેમને વરતાતી. એ માટે બેચેન પણ બની જતા. અને છતાં અંદર ડૂબકી મારવાનો આ અવસર એળે ન જાય એ માટે તેઓ તત્પર હતા. માણસ કેટકેટલા મંથનમાંથી પસાર થઈ રહ્યો છે એ બીજું કોણ કહી શકે? વાતચીતમાંથી ક્યાંક એનો ઈશારો મળી રહે એટલું જ. પરમાનંદભાઈનું જીવનફળ બહારની ડાળીના અવલંબનમાંથી મુકત થઈ અંદરના અમૃતબીજમાં નિમગ્ન થતું આવતું હતું.

મૃત્યુંજય મંત્રમાં જે જીવનનું દર્શન સમાયું છે તે પરમાનંદભાઈના મૃત્યુ પ્રસંગે અત્યંત સ્પષ્ટ બની ગયું. તેમણે કેટકેટલા સાથીઓ અને સ્નેહીઓને નર્યા સ્નેહના અમૃત–બંધનથી સાંકળી લીધા હતા? 'સુગન્ધિં પુષ્ટિ વર્ધનમ્'–અંતરની સુવાસ અને સમૃદ્ધિ વધારતા જવામાં તેમનો જીવનદેવતા કદી કૃપણ નહોતો બન્યો. પોતાના મંતવ્યો નિર્ભયપણે ઘણા મૂકી શકે છે પણ એની સાથે ભારોભાર નમ્રતા રાખવી મુશ્કેલ છે. અંતરની કોઈ રસથી સભર સમૃદ્ધિ વિના આ બનતું નથી. પરમાત્માએ તેમને આપણી વચ્ચેથી એકાએક ઉપાડી લીધા. ઉમરાના ફળની જેમ એ બંધનમુકત બની ગયા અને આપણા હાથમાં પોતા અમૃતબીજથી કાયમનો નાતો જોડતા ગયા.

**મકરન્દ દવે**




માથેરાનનું સૃષ્ટિસૌંદર્ય નિહાળતાં શ્રી પરમાનંદભાઇ



શ્રી પરમાનંદભાઇ તથા શ્રી વિજયાબેન :પ્રવાસમંડળીના અન્ય સભ્યો સાથે—અદ્રીકેદાર :પ્રવાસ–૧૯૫૭


# પ્રસન્ન દામ્પત્ય



૧૯૩૬ માં



૧૯૬૯ માં



ગંગાદાસ વાડીના તેમના નિવાસસ્થાનેથી સ્મશાનયાત્રા નીકળી ત્યારે....

( કવરપેજ ૨ થી ચાલુ )


| | | |
|---|---|---|
| પરમાનંદભાઈના વ્યક્તિત્વના બે આગવા પાસા | મનુભાઈ મહેતા | ૪૦ |
| ગુણજ્ઞ પરમાનંદભાઈ | યજ્ઞેશ હ. શુકલ | ૪૧ |
| બહુલક્ષી વ્યક્તિત્વ | બાબુભાઈ એમ. ચીનાઈ | ૪૨ |
| અમૂલ્ય સંસ્કાર વારસો | એસ્તેર એ સોલોમન | ૪૨ |
| સત્યં શિવં સુન્દરમના ઉપાસક પરમાનંદભાઈ | મોહનલાલ મહેતા–સોપાન | ૪૩ |
| આગમન–કાર્યાલયમાં (કાવ્ય) | એલ. એમ. મહેતા | ૪૩ |
| અપ્રતિમ જિજ્ઞાસુ | હરિવલ્લભ પરીખ | ૪૪ |
| પ્રબુદ્ધ જાગ્રત પરમાનંદભાઈ | જમનાદાસ જૈન | ૪૪ |
| સાંનિધ્ય પરમાનંદભાઈ | ર. વિ મહેતા | ૪૫ |
| પ્રેરણારૂપ પરમાનંદભાઈ | મજૂર સંદેશ | ૪૬ |
| વિનોદપ્રિય પરમાનંદભાઈ | ચીમનલાલ જે. શાહ | ૪૬ |
| પ્રબુદ્ધચેત્તા શ્રી પરમાનંદભાઈ | શાંતિલાલ વનમાળી શેઠ | ૪૭ |
| પરમાનંદભાઈના પત્રોમાંથી | ચીમનલાલ જે. શાહ | ૪૭ |
| વિરલ પત્રકાર | કેશવલાલ હિં. કામદાર | ૪૮ |
| કોઈ સરહદો નહોતી | કુન્દનિકા કાપડિયા | ૪૮ |
| તેજસ્વી પત્રકાર | નગીનદાસ પારેખ | ૪૮ |
| અનન્ય સન્મિત્ર પરમાનંદભાઈ | રવિશંકર રાવળ | ૪૯ |
| મુ. પરમાનંદભાઈ | હીરાબહેન ર. પાઠક | ૫૦ |
| સ્વ. પરમાનંદભાઈ | કેદારનાથજી | ૫૦ |
| મૈત્રીના ક્સબી | નવલભાઈ શાહ | ૫૧ |
| તત્ત્વનિષ્ઠ સુધારક | કિશનસિંહ ચાવડા | ૫૧ |
| ક્રાંતિકારી વિચારક | પૂર્ણચન્દ્ર જૈન | ૫૨ |
| ક્રાન્તિના મશાલચી | મહુવાકર | ૫૨ |
| સાચાં મૂલ્યોના રખેવાળ | પ્રભુદાસ બાલુભાઈ પટવારી | ૫૩ |
| વિવેકશીલ સમાજવિચારક પરમાનંદભાઈ | અમૃતલાલ યાજ્ઞિક | ૫૩ |
| આમારા પૂજ્ય પ્રિય દાદા | કુ. શૈલજા રમણલાલ શાહ | ૫૪ |
| સત્યના પૂજારી | ખીમજી માડણ ભુજપુરીઆ | ૫૫ |
| થોડાંક સંસ્મરણો | સુનંદાબહેન વોહોરા | ૫૫ |
| પ્રજા–જીવનના આરોગ્યના રક્ષક | મૂળશંકર મો. ભટ્ટ | ૫૬ |
| યુવામૂર્તિ પરમાનંદભાઈ | ભંવરમલ સીંધી | ૫૬ |

# ☆ શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ ☆

ધર્મ અને તત્ત્વજ્ઞાન, સમાજ અને રાજકારણ, કેળવણી અને સાહિત્ય, કળા અને સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રે—બલ્કે સમગ્ર જીવન વિશે આજીવન સત્યનિષ્ઠ, ઉદાર, પ્રામાણિક અને અરૂઢ વિચારસરણી ધરાવનાર અને જીવનના વિવિધ ક્ષેત્રોમાં પોતાની બહુમૂલ્ય, નિસ્વાર્થ, સુદીર્ઘ સેવા આપનાર મુંબઈ જૈન યુવક સંઘના પ્રાણ સમા સદ્‌ગત શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના જીવનકાર્યની સુવાસ જૈન—જૈનેતર ઉભય વર્ગના વિશાળ સમુદાયની અનેક વ્યક્તિઓના હૃદય સુધી ખૂબ પ્રસરેલી છે. સૌજન્યમૂર્તિ શ્રી પરમાનંદભાઈની બહુવિધ સેવા-ઓની સ્મૃતિ જળવાઈ રહે એ માટે મુંબઈ જૈન યુવક સંઘ તથા ઈતર સંસ્થાઓના સભ્યોએ તથા પરમાનંદભાઈના કુટુંબીજનો, સ્નેહીઓ, મિત્રો, શુભેચ્છકોએ "શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક ટ્રસ્ટ" માટે ઓછામાં ઓછા અઢી લાખ રૂપિયા એકત્ર કરવાનું વિચાર્યું છે.

શ્રી પરમાનંદભાઈને અત્યંત પ્રિય એવી પ્રવૃત્તિ તે વ્યાખ્યાનો દ્વારા અને 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જ્ઞાનગંગા વહેતી રાખવાની ઈચ્છા હતી. આ ટ્રસ્ટ દ્વારા એ પ્રવૃત્તિઓને સુદૃઢ બનાવી વેગ આપવાનું અને એવી અન્ય નવી પ્રવૃત્તિઓ ટ્રસ્ટ દ્વારા અને અન્ય કોઈ સંસ્થાદ્વારા ચાલુ કરવાનું તથા ઈતર કેટલાંક સમાજોપયોગી કાર્યો કરવાનું વિચાર્યું છે, જેને આખરી સ્વરૂપ તો પુખ્ત વિચારણા કર્યા પછી થોડા સમયમાં આપવામાં આવશે.

આ ફંડ માટે જે જે વ્યક્તિઓ તરફથી અત્યાર સુધીમાં વચનો મળી ગયા છે તેની યાદી અપની જાણ માટે નીચે આપવામાં આવી છે.

શ્રી પરમાનંદભાઈ પ્રત્યે જૈન—જૈનેતર વિશાળ સમુદાયનો પ્રેમ હતો. પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળાનો વિશાળ શ્રોતાવર્ગ અને 'પ્રબુદ્ધ જીવન' નો વ્યાપક વાચક વર્ગ, અને તેમના મિત્રો અને શુભેચ્છકો શ્રી પરમાનંદભાઈ પ્રત્યેનો પોતાનો આદર વ્યક્ત કરવાની આ તક લેશે એવી અપેક્ષા અને વિનંતી છે.

અંતમાં પરમાનંદભાઈના પ્રશંસક એવા મોટામાં મોટા અને નાનામાં નાના દરેક માણસને એમના સ્મારક નિધિમાં ઉદાર રકમ ભરાવી પરમાનંદભાઈ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરવા વિનંતી છે.

ટ્રસ્ટ રજીસ્ટર થયે દાનને કરમુક્તિ મળશે. તુરતમાં જ ટ્રસ્ટ રજીસ્ટર કરાવવામાં આવશે. દરમ્યાન આપનો ફાળો શ્રી મુંબઈ જૈન યુવક સંઘને તુરત જ જણાવવા વિનંતી છે.

લિ.

ચીમનલાલ ચકુભાઈ શાહ
સ્મારકનિધિ સમિતિ વતી

## શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિમાં આજ સુધીમાં ભરાયેલી રકમો

૫૦૦૧ શ્રી. વિજયાબહેન પરમાનંદ કાપડિયા
૫૦૦૧ " જડાવબાઈ ટ્રસ્ટ: હા. શ્રી મોંઘીબહેન
૫૦૦૧ " મહેતા ચેરીટી ટ્રસ્ટ
૫૦૦૧ " મધુરીબહેન તથા એ. જે. શાહ
૫૦૦૧ " મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૫૦૦૧ " રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫૦૦૧ " ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૫૦૦૧ " કમાણી મેટાલીક ઓકસાઈડઝ પ્રા. લી.
૨૫૦૧ " ચીમનલાલ પી. શાહ
૨૫૦૧ " બાબુભાઈ ગુલાબચંદ શાહ
૨૫૦૧ " દામજીભાઈ વેલજી શાહ
૨૫૦૧ " ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૦૧ " લીલીબહેન પંડયા
૨૫૦૧ " સૌરાષ્ટ્ર ટ્રસ્ટ
૨૦૦૧ " ચારૂશીલાબહેન તથા ડો. બી. પી. બોધાણી
૧૫૦૧ " ગીતાબહેન તથા સૂર્યકાંત પરીખ
૧૦૦૧ " નગીનભાઈ કુંવરજી કાપડિયા
૧૦૦૧ " કિરીટ નગીનભાઈ કાપડિયા
૧૦૦૧ " મેનાબહેન તથા અજીતભાઈ દેસાઈ
૧૦૦૧ " કે. એમ. દિવાનજી
૧૦૦૧ " જયંતિલાલ રતનચંદ શાહ
૧૦૦૧ " ખીમજી માડણ ભુજપુરીઆ
૧૦૦૧ " રીષભદાસજી રાંકા
૧૦૦૧ " ચીમનલાલ જે. શાહ
૧૦૦૧ " સુબોધભાઈ એમ. શાહ
૧૦૦૧ " મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૦૧ " ટોકરશી કે. શાહ
૧૦૦૧ " જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧૦૦૧ " મણિલાલ વીરચંદ મેઘજી
૧૦૦૧ " ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા
૧૦૦૧ " ગંભીરચંદ ઉમેદચંદ શાહ
૧૦૦૧ " કાન્તિલાલ કેશવલાલ તલકચંદ
૧૦૦૧ શ્રી મનુભાઈ પ્રભાશંકર સંઘવી
૧૦૦૧ " દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૧૦૦૧ " પોલી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ
૧૦૦૧ " જયંતિલાલ અમૃતલાલ શાહ
૧૦૦૧ " મનુભાઈ અમૃતલાલ શેઠ
૧૦૦૧ " નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૦૧ " ધીરજલાલ એસ. ગાંધી
૧૦૦૧ " રસિલાબહેન મોહોલાલ શાહ
૧૦૦૧ " જીવીબહેન સોમચંદ શાહ
૧૦૦૧ " પુરુષોત્તમ કલ્યાણદાસ મહેતા
૧૦૦૧ " લાલભાઈ પટેલ ચેરીટી ટ્રસ્ટ
૧૦૦૧ " પન્નાલાલ ભીખાભાઈ એન્ડ સન્સ
૧૦૦૧ " એસ. પી. મહેતા.
૫૦૧ " છોટાલાલ પરીખ
૫૦૧ " નાનચંદ જુઠાભાઈ મહેતા
૫૦૧ " રતિલાલ ચી. કોઠારી
૫૦૧ " દીપચંદ ત્રી. શાહ તથા પ્રો. રમણલાલ શાહ
૫૦૧ " ધીરજલાલ ફુલચંદ શાહ
૫૦૧ " પી. રતિલાલની કું.
૫૦૧ " જીન સ્ટોર કું.: હા. શ્રી ડાહ્યાભાઈ
૫૦૧ " હીરાલાલભાઈ ઝવેરી
૫૦૧ " ઘાટકોપર વ્યાખ્યાનમાળા સમિતિ:
હા. શ્રી હરિલાલ જી. શાહ
૫૦૧ " ઈન્દુમતી. કે. મુનસીફ
૫૦૧ " ચંચળબહેન ટી. જી. શાહ
૫૦૧ " પ્રવીણચન્દ્ર હેમચંદ કાપડિયા
૫૦૧ " ખીમજી વેલજી એન્ડ કું.
૫૦૧ " બાબુભાઈ એમ. ચીનોય
૫૦૧ " કેલીકો ઈન્ડસ્ટ્રીયલ એન્જીનિયર્સ: હા. શ્રી સી. એન. કોઠારી
૫૦૧ " કેલીકો ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા. લી.
હા. શ્રી સી. એન. કોઠારી
૨૮૯૧ " પરચૂરણ રકમો

૯૮૪૫૨

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ—૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧૬, ૧૯૭૧ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ, ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ સર્વોદય સંમેલન : એક સમાલોચના ☆

મે મહિનાની તા. ૮, ૯ અને ૧૦ ત્રણ દિવસ નાસિકમાં સર્વોદય સંમેલન થયું. તેનો વિસ્તૃત અહેવાલ ભૂમિપુત્રમાં આવ્યો છે. તે ઉપરથી જણાય છે કે સંમેલનમાં મુક્ત વિચારણા થઈ. ભૂદાન-ગ્રામદાન આંદોલનને ૨૦ વર્ષ થયાં. આ સંમેલનમાં કાર્યકર્તાઓએ ખૂબ આત્મનિરીક્ષણ કર્યું. તેમાં કાંઈક નિરાશા અને ગ્લાનિ પણ હતા. આવી નિરાશા માટે કારણ નથી એમ સમજાવવા પ્રમુખ શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા, શ્રી જયપ્રકાશ નારાયણ, દાદા ધર્માધિકારી અને પ્રો. રામમૂર્તિએ પ્રયત્નો કર્યા. છતાં કાર્યકર્તાઓનો આસંતોષ પૂરો દૂર થયો એમ ન કહેવાય. કેટલીક ટીકા આકરી થઈ હશે એમ લાગે છે, જેના પ્રત્યાઘાતરૂપે વિનોબાજીએ કાંઈક વિનોદમાં, પણ કાંઈક અંદરથી યે, કહ્યું કે બાબા બોગસ છે. પ્રો. રામમૂર્તિએ પોતાના વ્યાખ્યાનને બોગસભાષ્ય કહ્યું.

આ અંતર્મુખ વિચારણા સમજવા માટે ભૂદાન - ગ્રામદાનનું ધ્યેય શું છે, તેમાં કેટલી સફળતા મળી, તે સફળતા સાચી છે કે નામની છે, અને જો નિષ્ફળતા હોય તો તેના કારણો સંક્ષેપમાં જોઈએ.

ભારતવર્ષની સૌથી વિકટ સમશ્યા ભૂમિની છે. બધા પછાત દેશોની આ સમશ્યા છે. કૉંગ્રેસ શરૂઆતથી જ આ પ્રશ્ન વિષે સજાગ છે. Land to the landless. તેને માટે જમીનદારી નાબૂદ કરી, ગણોતધારાઓ કર્યા, જમીનમાલિકીની ટોચ મર્યાદા બાંધી. Absentee Landlordism ને રોકવા ખેડે તેની જમીન અને ગણોતીયાને રક્ષણ આપ્યું અને એવા ઘણાં કાયદાઓ કર્યા, પણ કોઈ અસરકારક પરિણામ આવ્યું નથી. કાયદાની ચુંગાલમાં ફસાયા છે. આ કાયદાઓનો અમલ કરવાની એટલી તીવ્ર ભાવના પણ ન હતી. હવે કાંઈક જાગ્યા છે એમ કહેવાય છે.

વિનોબાજીએ, તેલંગણમાં સામ્યવાદી હિંસાને રોકવા, ગાંધીજીની સર્વોદય ભાવનાને અનુલક્ષી, સ્વેચ્છાએ ભૂદાનનો કાર્યક્રમ રજૂ કર્યો. અનુભવે, આ વિચાર વિકસતો ગયો. ભૂદાનમાંથી ગ્રામદાન, પ્રખંડદાન, જિલ્લાદાન, રાજ્યદાન, સંપત્તિદાન, જીવનદાન એવા અનેક નવા વિચારો આવ્યા. હજારો કાર્યકર્તાઓ આકર્ષાયા. તેનું ખૂબ સાહિત્ય થયું. એક ભૂદાન Philosophy જન્મી. શરૂઆતમાં ખૂબ ઉત્સાહ હતો. વિનોબાજી દેશમાં ઘૂમી વળ્યા. બિહારમાં તૂફાન જગાવ્યું. લાખો એકર જમીનના ભૂદાનપત્રો પર સહીઓ થઈ. કેટલુંક જમીન વિતરણ પણ થયું. ઘણા ગ્રામદાનો અને પ્રખંડદાનો થયા. એક નવી હવા-ત્યાગની - જન્મી. પછી વિનોબાજીએ નિવૃત્તિ લીધી, સૂક્ષ્મ અને સૂક્ષ્મતરમાં પ્રવેશ કર્યો.

શ્રી ઢઢ્ઢાજીએ પ્રમુખસ્થાનેથી યોગ્ય કહ્યું છે કે, "આ કામમાં જે સફળતાઓ અત્યાર લગી મળી છે, તે અભૂતપૂર્વ છે. ૬-૭ વર્ષમાં સાડા બાર લાખ એકર ભૂદાનની જમીન સાડા ચાર લાખ કુટુમ્બોમાં વહેંચાઈ છે. એક હાથમાંથી બીજા હાથમાં આટલી જમીન સ્વેચ્છાપૂર્વક ગઈ હોય એવો જગતના ઈતિહાસમાં બીજો એકેય દાખલો નથી."

તો પછી નિરાશા કેમ છે? કાર્યકર્તાઓની ફરિયાદ છે કે આ કામનો કોઈ ઈમ્પેક્ટ, પ્રભાવ નથી. જયપ્રકાશજીનું આખું વ્યાખ્યાન આ ફરિયાદના જવાબરૂપ છે. તેમણે કહ્યું : "એક સવાલ અવારનવાર ઊઠયા કરે છે કે આપણો પ્રભાવ કેમ નથી પડતો?.. વિનોબાજીએ આ બાબત વિશે ઘણીવાર કહ્યું છે અને ઘણું સમજાવ્યું છે. છતાં આ ઈમ્પેક્ટનો સવાલ ફરી - ફરીને ઊઠયા કરે છે."

જયપ્રકાશજીએ કહ્યું કે, આ કામ અતિ કઠિન છે. આપણા હાથમાં જે કાર્યક્રમ છે, તેના પ્રત્યે આપણે ન્યાય નથી કર્યો, વિનોબાજીને આપણે ધોખો દીધો છે. દાદા ધર્માધિકારીએ કહ્યું કે ઈમ્પેક્ટની પાછળ જો તમે દોડશો તો પાગલ થઈ જશો. તેને બદલે નિરંતર પુરુષાર્થ અને પરાક્રમમાં નિરત રહેશો તો ઈમ્પેક્ટ તમારી પાછળ પાછળ આવશે.

કાર્યકર્તાઓને આવા જવાબથી કેટલો સંતોષ થયો તેની ખબર નથી. પણ આ પરિસ્થિતિ સમજવા કેટલીક બુનિયાદી બાબતો સમજી લઈએ.

ભૂદાન - ગ્રામદાન આંદોલનનું ધ્યેય શું છે? આ ધ્યેય છે ગ્રામ-સ્વરાજ. રાજસત્તાને સ્થાને લોકશક્તિ જાગ્રત કરવી ; સ્વાવલંબી સમાજના રૂપમાં એક સંપૂર્ણ નવી સંસ્કૃતિ નિર્માણ કરવી. લોકોનું આખું માનસ ધરમૂળથી પલટાવવાનું છે. જાતે જવાબદારી ઉપાડીને કામ કરવાની લોકોને ટેવ જ પડી નથી. વર્તમાન લોકશાહી, સાચી લોકશાહી નથી. પ્રત્યક્ષ લોકશાહી દુનિયામાં આજે ક્યાંય નથી. પ્રતિનિધિઓ મારફત જ બધું ચાલે છે. લોકો સ્વાવલંબી થવાને બદલે પરાવલંબી થાય છે. ગ્રામરાજનો પાયો ગ્રામસભા હશે, જેમાં રાજ્ય ઉપર આધાર રાખવાને બદલે, પ્રત્યક્ષ લોકશાહીથી ગ્રામ પોતાનું બધું કામ ઉપાડી લેશે. આ બધાનો આધાર વિકેન્દ્રિત અર્થરચના અને સમાજ રચના છે. અત્યારે કેન્દ્રીકરણ વધતું રહ્યું છે. રાજ્યવાદી સંસ્કૃતિને બદલીને સ્વરાજી સંસ્કૃતિની સ્થાપના કરવી છે.

૨૦ વર્ષ પછી, વર્તમાન પરિસ્થિતિ શું છે? ભૂદાન પત્રો લાખો એકરના સહી થયા છે. પણ તે મોટે ભાગે કાગળ ઉપર રહ્યાં છે. જમીન થોડી મળી છે. જેમણે સહીઓ કરી છે તેમાંનાં ઘણાં જમીન આપતા નથી. માત્ર ૨૫ ટકા સહીઓથી આખા ગ્રામદાનની જાહેરાતો થઈ છે. પ્રો. રામમૂર્તિએ કહ્યું કે આ ખોટું થયું છે. ગ્રામસભાની રચના અને સક્રિયતા આંદોલનનો પાયો છે. આજે તો ગ્રામસભાઓને ગમે તેમ કરીને ધક્કા દઈ દઈને ઉઠાડવી અને ચલાવવી પડે છે. કાર્યકર્તાઓ ઓછા પડે છે અને જે છે તે પણ પૂરતો આત્મવિશ્વાસ ધરાવતા નથી. બિહારના કુલ ૫૮૭ પ્રખંડમાંથી હજી માત્ર ૧૭ પ્રખંડમાં કામની શરૂઆત થઈ છે. અને તેમાં ય માત્ર ૭ પ્રખંડમાં સઘન પુષ્ટિકામ ચાલે છે. બાકીના ૧૦ પ્રખંડમાં હજી આરંભ જ થયો છે.

એમ કહેવાય છે કે અત્યાર સુધી પ્રાથમિક, Preparatory

ભૂમિકા તૈયાર કરવાનું કામ થયું છે. હવે પુષ્ટિ–Consolidation–નું કામ શરૂ થાય છે. અત્યાર સુધી માંગણી થતી કે આદર્શ ગ્રામદાનનો - ગ્રામરાજનો એક નમૂનો બતાવો. હવે એ નમૂનો તૈયાર કરવાનું માથે લીધું છે. તે માટે જયપ્રકાશજી મુસહરીમાં થાણું નાખી બેઠા છે. બીજા આગેવાન કાર્યકર્તાઓએ સહરસામાં થાણું નાખ્યું છે. વિનોબાજીએ કહ્યું કે બધું કામ છોડી મુસહરી અને સહરસા પહોંચી જાવ.

કાર્યકર્તાઓએ કામને ન્યાય નથી આપ્યો, તેમનામાં આત્મવિશ્વાસ નથી, પૂરતી સંખ્યામાં નથી, કામ અતિ કઠીન છે, આ બધામાં સત્યનો અંશ છે. પણ વર્તમાન પરિસ્થિતિ માટે આ પૂરો જવાબ નથી.

હકીકતમાં, કાર્યકર્તાઓને દોષ દેવાને બદલે, ભૂદાનના પાયાના વિચારો અને માન્યતાઓ પુનર્વિચારણા માગે છે.

ભૂદાન આંદોલન અંગે, ચર્ચાનો એક મુખ્ય વિષય એ રહ્યો છે કે તેમાં પ્રતિકાત્મક સત્યાગ્રહને સ્થાન શું? લોકોને સમજાવીને કામ લેવું, તેમનું માનસપરિવર્તન કરવું, જાતે કષ્ટ સહન કરીને સમજાવવા તે બરાબર છે, પણ તેથી વિશેષ અસરકારક અથવા જલદ પગલાને કોઈ સ્થાન ખરું કે નહિ? દાદા ધર્માધિકારીએ કહ્યું કે ઘણા લોકોનો એવો આક્ષેપ રહ્યો છે કે વિનોબાએ ગાંધીનો પ્રતિકારનો માર્ગ છોડી દીધો છે. વસંતરાવ નારગોલકરે કહ્યું કે ગાંધીપ્રણીત સત્યાગ્રહ અને વિનોબાપ્રણીત સત્યાગ્રહમાં ફરક છે અને તેને લીધે જ આંદોલનને આજ સુધી ધક્કો પહોંચ્યો છે. જ્યાં સમજાવટથી પરિણામ ન આવે ત્યાં ક્યાં સુધી ધીરજ રાખી શકાય? કોઈ સીધા પગલા લેવા જરૂરના ખરા કે નહિ? ભૂમિપત્રો સહી કરી જમીન ન આપે, મોટી જમીનના માલિક હોય અને કોઈ ભૂદાન ન કરે, ગ્રામદાનમાં જોડાય નહિ, ગ્રામસભાને સહકાર ન આપે, એવાઓની સામે અહિંસક પ્રતિકાર વિના બીજો શું ઉપાય છે? પ્રો. રામમૂર્તિએ કહ્યું કે ગ્રામદાન માટે સંમતિ આપ્યા પછીયે લોકો જમીન આપવામાં, ગ્રામકોષ કાઢવામાં ઘણી ટાળંટાળ કરે છે. પણ તેમણે કહ્યું કે આ બધી ટાળંટાળ એ તો એક સર્વસામાન્ય માનવીય કઠીનાઈ છે. તેમનો કહેવાનો ભાવાર્થ Natural Human Weakness or Selfisness. કાર્યકર્તાઓ અધીરા થાય તેમાં નવાઈ નથી. લોકોની - ભૂમિહીનોની પણ ધીરજ ખૂટે. ભૂદાન - ગ્રામદાન આંદોલનના મુખ્ય આગેવાનો પ્રતિકારાત્મક સત્યાગ્રહને અસ્થાને ગણતા હોય તેમ લાગે છે. તેઓ એમ માનતા જણાય છે કે આવા સત્યાગ્રહથી ગામની એકતા જોખમાય, સંઘર્ષ થાય. Confrontation –મુકાબલો – થાય. તેઓ re-approachment –પુનર્મિલન– ની પદ્ધતિને વધારે આવકારે છે. પાયાનો પ્રશ્ન એ છે માનવીય કઠીનાઈ– Human Weakness or selfisness માત્ર સમજાવટથી દૂર કરી શકાય કે કોઈ અહિંસક પ્રતિકાર અથવા દબાણની જરૂર ખરી? દાદા ધર્માધિકારીએ પ્રશ્ન મૂક્યો કે જ્યાં જનતા પોતે પણ અન્યાયમાં સામેલ હોય, ત્યાં શું સત્યાગ્રહ થઈ શકે? એટલે તમારો સત્યાગ્રહ જનતાની વિરૂદ્ધ હશે કે લોક સંગ્રહને માટે હશે? તેમણે સવાલ પૂછ્યો, મૂળભૂત પ્રશ્ન છે કે શું જનતાનો ચૂંટાયેલો પ્રતિનિધિ અને સત્યાગ્રહી સામસામા આવી જશે? વળી બીજો મુદ્દો ઊભો કર્યો. સત્યાગ્રહ કોણ કરી શકે? ધીરેનબાબુએ કહ્યું કે જેમણે સત્ય સ્વીકાર્યું છે, તેઓ જ સત્યાગ્રહની પાત્રતા ધરાવે છે, તે સિવાય નહીં. એટલે કે જે ખેડૂતોએ જાતે ભૂદાન કર્યું છે, એવા મોટા અને મધ્યમ વર્ગના ખેડૂતો જ સત્યાગ્રહ કરી શકે. તો પછી કાર્યકર્તા શું કરે? આમ સત્યાગ્રહ અથવા અહિંસક પ્રતિકાર સંબંધે ભૂદાનકાર્યકરો અને આગેવાનોમાં તીવ્ર મતભેદ જણાય છે. ગાંધીજીએ મિલ્કત અંગે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત રજૂ કર્યો ત્યારે તેમને પૂછવામાં આવ્યું હતું કે ધનવાનો સમજાવટ થી–Persuasion–ન માને તો તમે શું કરશો? ગાંધીજીએ કહ્યું હતું કે અસહકાર અને સત્યાગ્રહ બધા ક્ષેત્રે કામિયાબ છે. દરેક માણસ પોતાની ફરજ સમજી યોગ્ય વર્તન કરે એવું બનવાનું નથી. Man's selfishness or irrationality is a basic fact. તેને લોકમતનું, કાયદાનું, હિંસક અથવા અહિંસક પ્રતિકારનું દબાણ અનિવાર્ય બને છે. ભૂદાન, ગ્રામદાન, ગ્રામરાજ, માત્ર Persuasion ઉપર જ આધાર રાખી, કેટલેક દરજ્જે સફળ થાય?

એક બીજો પાયાનો મુદ્દો રામચંદ્રરાવ ગોરાએ રજૂ કર્યો. સર્વોદય કાર્યકરો રાજકારણમાં સીધી રીતે ભાગ લેવાથી દૂર રહ્યાં છે. શ્રી ગોરાએ કહ્યું કે આપણો તાત્કાલિક કાર્યક્રમ રાજનીતિમાં સક્રિય રસ લેવાનો હોવો જોઈએ. ઈમાનદાર અને સારા નાગરિકોએ રાજનીતિમાં સક્રિય રસ લઈ રાજકારણને શુદ્ધ અને ઉપયોગી બનાવવું જોઈએ. સરકારમાં પાટીબાજી અને ઠાઠમાઠની જે પરંપરાઓ છે તેના વિરોધમાં તરત સત્યાગ્રહ કરવો જોઈએ. પંચાયતોમાં દાખલ થઈ વિકેન્દ્રીકરણને અમલમાં લાવવા પ્રયત્ન કરવો. આ વિવાદાસ્પદ મુદ્દો છે અને વિચારણા માગે છે.

પણ સૌથી પાયાનો મુદ્દો તો લોકશાહી વિષેની વિનોબાજી અને તેમના સાથીઓની માન્યતાનો છે. રાજસત્તાને સ્થાને લોકસત્તા સ્થાપવી છે. લોકો પોતે પ્રત્યક્ષ રીતે ગ્રામસભાઓ મારફત પોતાનો બધો કારભાર સંભાળી લે એ સાચી લોકશાહી છે. વર્તમાન લોકશાહી Representative Democracyનાં ઘણાં મોટા દૂષણો છે તેમાં શંકા જ નથી. પણ જે પ્રકારની લોકશાહીની વિનોબાજી અને જયપ્રકાશજી કલ્પના કરે છે, તે શક્ય છે? જયપ્રકાશજીએ કહ્યું છે કે જાતે જવાબદારી ઉપાડીને કામ કરવાની લોકોને ટેવ જ પડી નથી. ધીરેનબાબુએ કહ્યું છે કે "ઈતિહાસના પ્રારંભથી જ જનતાએ ક્યારેય પોતે થઈને પોતાનું કામ કર્યું નથી, હંમેશા કોઈ રાજા, ગુરુ, પુરોહિત, સેવાસંસ્થા, સંત-મહાપુરુષ, જનતાના પ્રશ્નોને ઉકેલતા રહ્યા છે. જનતાએ બહુ કર્યું તો તેમની પાછળ ચાલી છે. આજે આપણે કહીએ છીએ કે જનતા પોતાની મેળે કાર્ય કરે. આપણે બહારની નેતાગીરી અને જમાતનું નિરાકરણ કરવા માંગીએ છીએ એટલે કે જે વાત ઈતિહાસમાં કદી થઈ નથી તે આપણે કરવા ઈચ્છીએ છીએ."

જયપ્રકાશ નારાયણે કહ્યું કે આ આંદોલનનો કોઈ એક નેતા નથી. લોકોને એમ કહી શકાય છે કે હવે તમે તમારું ભાગ્ય તમારા હાથમાં લેશો તો જ ઉગારો થશે.

વાત તો ઉપરથી સારી લાગે છે. પણ ઈતિહાસમાં જે કોઈ દિવસ બન્યું નથી તે હવે બનશે? અને નથી બન્યું તો તેનાં કારણો પણ તપાસવા જોઈએ.

હકીકતમાં લોકશાહીનો આ કાંઈક ખોટો ખ્યાલ છે. Leadership has a definite place in democracy. People need to be guided and led. દરેક વ્યકિત એટલી બુદ્ધિશાળી અને નિસ્વાર્થ થાય કે પોતાનો ધર્મ સમજી, પોતાની ફરજ બજાવે અને સમાજનું કલ્યાણ કરે, એ સ્વપ્ન છે. This kind of spiritual anarchy is utopian. વર્તમાન જગતને વિજ્ઞાને સંદેશા અને વાહનવ્યવહારનાં જે સાધનો આપ્યા છે, (Means of Communication and transport) તેમાં isolated, autonomous, village communities ગ્રામસ્વરાજના સ્વતંત્ર ઘટકો શક્ય નથી. રાજસત્તા અને તેના કેન્દ્રીકરણના અનિષ્ટો સામે, જાગ્રત અને બને તેટલી સ્વાયત્ત લોકશકિતની જરૂર છે. પણ રાજસત્તા બિલકુલ ન હોય અને માત્ર લોકશકિતથી ગ્રામસ્વરાજ સિદ્ધ થાય એ માત્ર સ્વપ્ન છે. વિનોબાજીએ કહ્યું કે આપણે તો લોકનીતિ ઈચ્છીએ, રાજકારણથી મુકિત ઈચ્છીએ છીએ.

આમાં વાસ્તવિક પરિસ્થિતિની ઉપેક્ષા છે: ઓછામાં ઓછી રાજ-સત્તા હોય અને સમાજ, સ્વાશ્રયી અને સ્વસંચાલિત હોય એ એક સમય હતો. અત્યારે રાજસત્તાએ જીવનના બધા ક્ષેત્રો ઉપર ભરડો લીધો છે. અત્યારે આવી કેન્દ્રિત રાજસત્તાના અનિષ્ટો કેમ ઓછા કરવા અને રાજકારણને બને તેટલું શુદ્ધ કરવું તે પ્રત્યે લક્ષ આપવું પડશે. સત્તાભૂખ્યા, સ્વાર્થી ધંધાદારી રાજકીય વ્યક્તિઓને સ્થાને કોઈક નિસ્વાર્થ સેવાભાવી વ્યક્તિઓના હાથમાં રાજ્યની ધૂરા હોય તેમ કરવું પડશે. રાજકારણની આભડછેટ ઓછી કરવી પડશે. રાજસત્તા અને લોકશક્તિ પરસ્પર વિરોધી બળો નહિ, પણ પૂરક બળો બને તે તરફ ધ્યાન આપવું પડશે. જયપ્રકાશજીએ વિશ્વાસપૂર્વક કહ્યું કે પંડિત જવાહરલાલ નેહરુ પછી હું જો આ દેશનો વડો પ્રધાન બનવા માગત તો મને કોઈ રોકી શકે તેમ ન-હોતું. જયપ્રકાશજીના સ્વાર્થત્યાગ પાસે આપણું મસ્તક નમે છે. એમના જેવી કેટલીક વ્યક્તિઓ દેશની ચોકીદાર Sentinels હોય તે આવકારદાયક છે. પણ બધા જ સારા માણસો રાજકારણથી ભાગી જશે તો પ્લેટોએ ૨૫૦૦ વર્ષ પૂર્વે કહ્યું હતું તેમ ખરાબ માણસોના શાસનના ભોગ બનવાનો દંડ આપવો પડશે. વર્તમાન રાજકારણમાં સારા માણસોને સ્થાન મળવું બહુ અઘરું છે. પણ ત્યાં જ લોકશક્તિ જાગ્રત કરવાની જરૂર છે. રાજસત્તાનાં અનિષ્ટો સામે સત્યાગ્રહ માટે પણ તૈયાર રહેવું પડે. આ દેશના માણસો સત્તા-સ્થાને છે માટે પરદેશીઓ કરતા સારા જ છે અને પરદેશીઓ સામે સત્યાગ્રહની જરૂર હતી, વર્તમાન સરકાર સામે નહિ, એ ખ્યાલ બરાબર નથી.

આર્થિક વિકેન્દ્રીકરણનો વિચાર પણ ફેર તપાસવો પડે તેમ છે. વિકેન્દ્રીત અર્થરચના એટલે ખાદી, ઘાણીનું તેલ, તાડગોળ કે હાથે બનાવેલ સાબુ, એટલું જ નહિ. ઉદ્યોગીકરણના મહાઅનિષ્ટો જાણીતા છે. Urbanisation માંથી ઉત્પન્ન થતાં, Social Disintegration, Erosion of cultural Pattern, Environmental Pollutions, આ બધામાંથી બચવું છે. પણ ઈલેક્ટ્રીસીટી ગામડાઓ સુધી પહોંચી છે. નાના યંત્રો, ગૃહઉદ્યોગો આપી શકે તેમ છે. આ બધાનો લાભ લેવો પડશે. પંચવર્ષીય યોજનાઓમાં આ બધાનો અસરકારક રીતે સમાવેશ થઈ શકે.

પાયાનો સવાલ, માણસની સ્વાર્થવૃત્તિ અને પરિગ્રહમોહ ઓછા થાય અને સમાજકલ્યાણની ભાવના, ત્યાગ અને અપરિ-ગ્રહની દૃષ્ટિ સબળ થાય એ છે. કાયદાથી જ માણસ નીતિવાન થતો નથી. માણસનો ભ્રષ્ટાચાર વધે તેમ કાયદાઓ વધે, એ વિષ-ચક્રમાંથી છૂટવું જરૂરનું છે. ભૂદાન - ગ્રામદાન આંદોલનનું સૌથી મહત્વનું કાર્ય આ છે. પણ માત્ર સમજાવટથી માણસ સ્વાર્થ છોડતો નથી. ત્યાં કાયદો પણ સફળ ન થાય તો મર્યાદિત સત્યાગ્રહ કદાચ અસરકારક થાય. ભૂદાન-ગ્રામદાન કાર્યમાં ઘણાં સેવાભાવી બહેનો અને ભાઈઓ જોડાયા છે. આ દિશામાં તેઓ સારું પરિણામ લાવી શકે.

સર્વોદય સંમેલનની કાર્યવાહી ઉપરથી મને સૂઝતા વિચારોનો માત્ર નિર્દેશ કર્યો છે. ટીકાની દૃષ્ટિએ નહિ, પણ મુક્ત વિચારણા માટે. ભૂદાન આંદોલનનો પ્રત્યક્ષ અનુભવ મને નથી એટલે મારી કાંઈ ભૂલ થતી હોય તો ક્ષમા માગું છું. **ચીમનલાલ ચકુભાઈ**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા ઑગસ્ટ માસની ૧૮ મી તારીખથી ૨૫મી તારીખ સુધી—એમ આઠ દિવસની ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. નીચેના વ્યાખ્યાતાઓના નામ નક્કી થઈ ચૂક્યા છે: ફાધર વાલેસ, પ્રિન્સિપાલ રામજોશી, શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ, શ્રી મૃણાલિની દેસાઈ, શ્રી પુરુષોત્તમ માવળંકર, શ્રી નથમલજી ટાંટિયા, શ્રી કલ્યાણ-મલજી લોઢા, શ્રી ઉષા મહેતા અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ.

સ્થળ:— ભારતીય વિદ્યાભવન. સમય:— સવારના ૮-૩૦

આઠે દિવસની સભાઓનું પ્રમુખસ્થાન દર વરસની જેમ વિદ્વદ્વર્ય પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલા સંભાળશે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## * "બૂંદ સમાની સબદમેં" *

(ભજનસંગ્રહ)

પ્રકાશક : રાજેશ ગાંધી, બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮-૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ—૪.

એક પ્રાચીન દુહો છે કે,

"બૂંદ સમાની બૂંદ મેં સો જાને સબ કોઈ,
બૂંદ સમાની સબદ મેં જાને બિરલા કોઈ."

આ દૂહામાંથી પ્રસ્તુત ભજનસંગ્રહનું શીર્ષક લેવામા આવ્યું છે.

શિવબૂંદમાં જીવબૂંદ સમાયેલું છે. એ શિવબૂંદ સંતોષી વાણીરૂપે પ્રગટ થયા કરે છે. સંતોની એવી વાણી આ ભજન-સંગ્રહમાં આપવામાં આવી છે. આ પ્રકાશન સ્વાન્ત: સુખાય છે.

મુંબઈના બાલાસિનોર યુવક સંઘના સ્વાધ્યાય વર્તુળના સભ્યોએ પોતાના આધ્યાત્મિક વિકાસ અર્થે તે પ્રસિદ્ધ કર્યો છે. સ્વા-ધ્યાય મંડળની આ પ્રવૃત્તિને ખૂબ અભિનંદન ઘટે છે, શ્રી ભગેશ અને તેમના સહયાત્રીઓ આવા બીજા સંગ્રહો બહાર પાડે, એવી ઈચ્છા રહે છે.

સાધારણ ભજનસંગ્રહો જોવા મળે છે તેનાથી આ નિરાળા પ્રકારનો છે. આ સંગ્રહ પછવાડે એક દૃષ્ટિ રહેલી છે. અહીં કેટલાંક ભજનોમાં સચરાચર વ્યાપી રહેલા પરમ તત્ત્વની અનુભૂતિનો ઉલ્લાસ અને ક્વચિત, મસ્તી પણ, કેટલાકમાં કબીરસાહેબની "સહજ સમાધિ"ના અનુભવનો ગંભીર આનંદ, કેટલાંકમાં ગુરુ-કૃપા પામ્યાનો સંતોષ તો કેટલાકમાં ઊર્ધ્વ ગતિ કરવાનો તલસાટ, ઝંખના વ્યકત થાય છે. આ પ્રકારના અનુભવોના પાયામાં અદ્વૈ-તની ભાવના રહેલી છે. તેમાં "વૃન્દાવની" ભક્તિધારાનાં ભજનો નથી. એ ધારાનાં જૂનાં પ્રતીકો પણ આ ભજનોમાં જણાતાં નથી. ગંભીર પ્રકૃતિના ઉપાસકોને — અનાહતનો નાદ સાંભળવા મથતા જીવોને — આ સંગ્રહ પ્રેરણાદાયી થઈ પડશે.

એમાં જૂનાં પ્રતિષ્ઠિત અને ચલણી ભજનો સાથે વર્તમાન સંતો કે કવિઓની ભજનના પ્રકારની કૃતિઓ આપવામાં આવી છે, એ એક નવીનતા છે. સંતોની વાણીનો પ્રવાહ યુગે યુગે કેવો અસ્ખલિત વહ્યા કરે છે, તેનું આથી સહર્ષ ભાન થાય છે.

કેટલાંક ભજનો માટે જુદી જુદી કલમે લખાયેલા "આસ્વાદો" ભજનોનું હાર્દ ગ્રહણ કરાવે છે. દરેક આસ્વાદમાં ભક્તકવિની દૃષ્ટિ રહેલી દેખાય છે.

કેટલાંક ભજનો-સૂરદાસ અને તુલસીદાસનાં મુખ્યત્વે-નો અનુવાદ આપવામાં આવ્યો છે, તે જરૂરી છે. અર્થ સમજવામાં તે ઉપકારક લાગે છે. "અર્થબોધ" પણ તેટલો જ ઉપયોગી છે.

કેટલાક અપવાદ બાદ કરતાં એકંદરે ભજનોની પસંદગી પાછળની દૃષ્ટિ ઊંચી રહેલી જણાય છે. આ સંગ્રહ જેમને માટે તૈયાર કરવામાં આવ્યો છે તેમને અવશ્ય ઉપકારક નીવડશે એમ કહી શકાય.

શ્રેયસ, અમદાવાદ-૧ **લીના મંગળદાસ**

### પૂરકનોંધ

આ ભજન સંગ્રહ શ્રી ઈન્દિરાબહેન કડકિયાએ મને મોક-લાવ્યો છે તેમાં એક નોંધપાત્ર હકીકત તેમણે જણાવી છે તે પ્રત્યે ધ્યાન દોરું છું. આ સંગ્રહમાં નવ ભજનો શ્રી રાજેન્દ્ર મહ-ન્તના છે, જે પ્રથમ જ પ્રગટ થાય છે. ઈન્દિરાબહેન જણાવે છે કે શ્રી રાજેન્દ્ર મહન્ત બાળવયથી અધ્યાત્મચિન્તનના માર્ગે છે, વડોદરા પાસેના રેણુના એક મંદિરના મહંતે તેમને દત્તક લીધા, પણ આવી જંજાળ તેમણે છોડી દીધી અને પછીથી એકાંતમાં રહે છે. આ નવ ભજનો તેમની ૧૮ વર્ષની ઉમર થઈ તે પહેલાના લખેલા છે, ત્યાર પછી લખવાનું પણ બંધ કર્યું છે. આ તેજસ્વી મરમી જીવન-યાત્રી, યુવાન વયે-હાલ ૩૦ વર્ષ-ચિન્તનમાં લીન છે. —તંત્રી

# પ્રકીર્ણ નોંધ

**ગુજરાતનું રાજકારણ**

અંતે, ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન આવ્યું. તે પહેલાં બે ત્રણ મહિનામાં જે બનાવો બન્યા તે ગુજરાતના કોઈ પક્ષને શોભા આપે એવા ન હતા. શ્રી હિતેન્દ્ર દેસાઈએ રાજીનામું આપ્યું, પછી ફરી મંત્રીમંડળની રચના કરી, તેમાં પાટલીબદલુઓની બોલબાલા હતી. શ્રી દેસાઈએ જાણવું જોઈતું હતું કે આ રેતીનો મહેલ લાંબો વખત ટકે નહિ. શ્રી વીરેન્દ્ર પાટીલ પૂરે ગૌરવપૂર્વક વર્ત્યા હોત તો તેમણે જે પ્રતિષ્ઠા મેળવી હતી તે ટકી રહેત. પણ ત્યાર પછી જે બન્યું તેમાં તો ગુજરાતને લાંછન લાગ્યું અને હિતેન્દ્ર દેસાઈએ પોતાની પ્રતિષ્ઠા ઓછી કરી. પક્ષાન્તરો કરાવવામાં એમના કરતાં કદાચ વધારે કુશળ એવા શાસક પક્ષના આગેવાન શ્રી ચીમનભાઈ પટેલ છેવટ શ્રી દેસાઈના પ્રધાનમંડળને તોડવે રહ્યા. પણ તૂટતાં તૂટતાં સત્તાને વળગી રહેવાના શ્રી દેસાઈએ જે વલખાં માર્યા તેણે તો હદ કરી. પોતાની બહુમતિ નથી રહી એમ જાણવા છતાં ધારાસભાને વિસર્જન કરી, રખેવાળ સરકાર તરીકે ચૂંટણી સુધી ચાલુ રહેવાની માગણી કરી તે અનૌતિક અને બીનબંધારણીય હતી. રાજ્યપાલે હિંમતપૂર્વક આ માગણીનો ઈન્કાર કર્યો તે યોગ્ય કર્યું. જતાં જતાં પ્રજાને નવાજેશો આપવાનો પ્રયત્ન કર્યો, માધ્યમિક શિક્ષણ મફત જાહેર કર્યું, સીંચાઈકર રદ કર્યો વિગેરે ઉતાવળા પગલાં હાસ્યાસ્પદ હતાં. માધ્યમિકશિક્ષણ મફત જાહેર કરતાં પગલાંનો શ્રી મનુભાઈ પંચોળીએ ત્યાર પછી બચાવ કર્યો તે તેમને માટે શોભાભર્યું ન હતું. સ્પષ્ટ રાજકીય હેતુથી લીધેલું આ પગલું, કોઈને ભ્રમમાં નાખે તેમ ન હતું.

સંસ્થાકોંગ્રેસ અને શાસકકોંગ્રેસ બન્નેએ મળી ગુજરાતની પ્રતિષ્ઠા ગુમાવી. શાસક કોંગ્રેસ જો પ્રજાનો વિશ્વાસ મેળવવો હોય તો સારા માણસો શોધવા પડશે. પ્રજાએ ચૂંટણી વખતે ભારે તકેદારી રાખવી પડશે.

રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણે હિંમતપૂર્વક ઝડપથી પગલાં લેવા શરૂ કર્યા છે તે માટે તેઓ અભિનંદનના અધિકારી છે. ચૂંટણી થાય ત્યાં સુધી તો ગુજરાતને clean, impartial and efficient administration મળશે, તે પ્રજાનું સૌભાગ્ય છે.

**બંગલા દેશ**

બંગલા દેશની કરુણ કહાણી ભારત માટે અતિ વિકટ સમસ્યા બની રહી છે. ધર્મના નામે અકુદરતી જોડાણ--પશ્ચિમ અને પૂર્વ પાકિસ્તાન–ઉભું કર્યું. પણ ભાષા, સંસ્કૃતિ, ભૂગોળ, આર્થિક હીતો, વધારે બળવાન છે. પાકિસ્તાનના જન્મ પછી, આ ૨૪ વર્ષમાં પૂર્વ બંગાળનું એક સંસ્થાન Colony પેઠે શોષણ થયું અને બેહાલ થયું. અયુબખાન અને યાહ્યાખાનના લશ્કરી અમલમાં પશ્ચિમ પંજાબની સરમુખત્યારી હતી. યાહ્યાખાને લોકતંત્ર દાખલ કરવાનો દેખાવ કર્યો. પરિણામથી ભડકી ગયા. નેશનલ એસેમ્બલીની ૩૧૩ બેઠકમાંથી ૧૬૭ શેખ મુજીબની અવામી લીગને મળી. પશ્ચિમ પાકિસ્તાનમાં ભૂતોની People's Party ને ૮૫ બેઠક મળી. બાકીની બીજા પક્ષો અથવા સ્વતંત્ર ઉમેદવારોને મળી. પૂર્વ પાકિસ્તાનની ધારાસભામાં ૩૦૦ માંથી ૨૯૧ બેઠક અવામી લીગને મળી. ૯૮ ટકા મતદારોએ શેખ મુજીબનું નેતૃત્વ સ્વીકાર્યું. આ અભૂતપૂર્વ વિજયથી શેખ મુજીબ સમસ્ત પાકિસ્તાનના વડા પ્રધાન થવા જોઈતા હતા. યાહ્યાખાન અને ભૂતોને કોઈ વાતે આ સ્વીકાર્ય ન હતું. યાહ્યાખાને વાટાઘાટો કરી. શેખ મુજીબે સ્વતંત્ર બંગલા દેશની માગણી કરી જ ન હતી. તેમણે લશ્કરી દોર હટાવી લોકતંત્રના અમલની જ માગણી કરી હતી. યાહ્યાખાને દગો દીધો. વાટાઘાટને નામે ૭૦ થી ૮૦ હજારનું લશ્કર પૂર્વ પાકિસ્તાનમાં ઉતાર્યું અને અચાનક આક્રમણ કરી, કાળો કેર વરતાવ્યો. ત્યારપછી જ સ્વતંત્ર બંગલા દેશની ઘોષણા થઈ.

૨૬મી માર્ચથી પંજાબી લશ્કર બંગલા દેશને સ્મશાનભૂમિ બનાવી રહ્યું છે. લાખો નિર્દોષ સ્ત્રીપુરુષો અને બાળકોનો સંહાર થયો છે. ૪૦ લાખ નિર્વાસિતો ભારત આવ્યા છે અને હજી પ્રવાહ ચાલુ છે. દેશના ભાગલા વખતે બન્યું હતું તેનું પુનરાવર્તન થઈ રહ્યું છે. આ દુનિયા ઘણી ક્રૂર છે એમ લાગે. બીજા દેશો પોતાના સ્વાર્થમાં જ રમી રહ્યા છે. અમેરિકા અને બ્રિટને, પાકિસ્તાનને આર્થિક અને લશ્કરી સહાય આપવાનું હજી ચાલુ રાખ્યું છે. ચીન પોતાની રમત રમે છે. મુસ્લીમ દેશો પણ મૌન છે. સૌથી આશ્ચર્યજનક ઘટના રાષ્ટ્રસંઘ અને તેના સેક્રેટરી જનરલની નિષ્ક્રિયતા છે. માનવરાહત માટેની અનુકૂળતા પણ પાકિસ્તાન આપવા તૈયાર નથી. વિશ્વમત જાગ્રત કરવા ભારત ખૂબ પ્રયત્ન કરે છે પણ સફળતા મળી નથી. જયપ્રકાશજી તે માટે દુનિયાના પ્રવાસે ગયા છે પણ ઈજિપ્તમાં પણ તેમને કાંઈ સહાનુભૂતિ ન મળી. ભારતને માટે નિર્વાસિતોનો આર્થિક બોજો અસહ્ય છે. ભારત સરકારે દેશના રક્ષણ કાજે કાંઠડ અસરકારક પ્રતિકારના પગલાં લેવા પડશે તેમ ઈન્દિરા ગાંધીએ જાહેર કર્યું છે. પણ સાવચેતીથી કામ લેવું પડે તેમ છે.

ભારતનો આત્મા પણ જેટલો જાગ્રત થવો જોઈએ તેટલો થયો નથી. નિર્વાસિતોને સહાય માટે પ્રજાકીય પ્રયત્નો થવા જોઈએ તેટલા થયા નથી. બંગલા દેશને સ્વીકૃતિ આપવા જોરદાર માગણી થાય છે. પણ તેમાં રહેલી મુસીબતોની અવગણના થાય તેમ નથી. ભારત સરકારનું વલણ પૂરી સહાનુભૂતિનું છે પણ કોઈ ઉતાવળું પગલું ભરાય તેમ નથી.

બંગલા દેશના આંતરવિગ્રહનો તાત્કાલિક અંત ન પણ આવે. પાકિસ્તાન સ્વેચ્છાએ છોડશે નહિ પણ પરિણામ, વહેલું મોડું, એક જ છે-સ્વતંત્ર બંગલાદેશ. ત્યાં સુધી બંગલા દેશની પ્રજાએ અને ભારતવર્ષે સહન કરવું રહ્યું.

**રૂ. ૬૦ લાખની ભેદી કહાણી**

સ્ટેટ બેંકની દિલ્હીની એક શાખામાંથી, તેના મુખ્ય કેશિયર મલ્હોત્રાએ, ઈન્દિરા ગાંધી અને તેમના મંત્રી હક્સરના કહેવાતા ટેલિફોનસંદેશાથી રૂ. ૬૦ લાખ રોકડા લઈ, સાંકેતિક શબ્દને આધારે, એક અજાણી વ્યકિતને સોંપ્યા. ત્રણ કલાકમાં પોલીસને ફરિયાદ થઈ, આ વ્યકિત–નગરવાલા–પકડાઈ અને આખી રકમ હાથ થઈ. નગરવાળાએ મેજીસ્ટ્રેટ સમક્ષ ગુન્હાનો એકરાર કર્યો. મેજીસ્ટ્રેટને બીજી કોઈ જુબાનીની જરૂર ન લાગી અને માત્ર ત્રણ દિવસમાં નગરવાલાને પાંચ વર્ષની જેલની સજા કરી, આ કેસ ઉપર પડદો પડયો એમ લાગ્યું. પણ પછી મલ્હોત્રાની ધરપકડ થઈ, તેની જામીનઅરજી પહેલા નામંજૂર થઈ, પછી જામીન પર છૂટયા છે અને તેનો કેસ હવે ચાલશે.

આ આશ્ચર્યજનક ઘટના ઘણા અણઉકલ્યા રહસ્યો મૂકી જાય છે. નગરવાલાએ કહ્યું, તેણે ઈન્દિરા ગાંધી અને હક્સરના અવાજનું અનુકરણ કર્યું. મલ્હોત્રાએ માની લીધું. એવી રીતે રકમ મેળવી શકાય તે નગરવાલાને ક્યાંથી ખબર? એ કોણ છે? મલ્હોત્રાને આવા ટેલિફોન સંદેશાઓ અગાઉ મળ્યા હોવા જોઈએ. આવો સંદેશો પહેલો જ હોય તો અવાજ ઓળખે અને તેના આધારે ૬૦ લાખ જેવી રકમ અજાણી વ્યકિતને સોંપે એ ન બને. આ રકમ કોની છે? સ્ટેટ બેંકને ચોપડે જમે છે? હોય તો કોને નામે? નગરવાલાનો એકરાર એરેબિયન નાઈટ્સની કથા જેવો છે. તેમાં સત્યનો રણકાર નથી, કૃત્રિમતા છે. નગરવાલા સામેના કેસમાં મલ્હોત્રા મુખ્ય

સાક્ષી હોવો જોઈએ. તેને બદલે એ કેસ પૂરો થયા પછી મલ્હોત્રાની ધરપકડ થઈ. મલ્હોત્રા શું ખુલાસો કરે છે તે જોવાનું રહે છે. તે પણ એકરાર કરી, સજા નોતરશે કે ગુન્હાનો ઈન્કાર કરી, પુરાવો માગશે. મલ્હોત્રા સામેના કેસનું જે થાય તે, પણ આ ભેદી ઘટનાની પૂરી, સ્વતંત્ર અદાલતીતપાસ (Judicial inquiry) નહિ થાય ત્યાં સુધી પ્રજાને સંતોષ નહિ થાય. આવી તપાસની માગણીનો અત્યારે તો શ્રી ચવ્હાણે ઈન્કાર કર્યો છે. તો પછી શંકાના વાદળો વિખરાશે નહિ.

**બજેટ**

જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે, ચૂંટણી પછીનું પહેલું બજેટ, શ્રી ચવ્હાણે રજૂ કર્યું. તેને બહુ આવકાર મળ્યો નથી. ૨૨૦ કરોડના નવા કરવેરા નાખ્યા છે. કોઈને કરવેરા ભરવા ગમતા નથી તે કારણે બજેટને આવકાર ન મળે તે સમજી શકાય છે, પણ કરવેરા નાખવા છતાં આવકાર મળે એવું ગયા વર્ષનું ઈન્દિરા ગાંધીનું બજેટ હતું. રાહત આપવી જોઈએ ત્યાં રાહત આપી હતી અને બહુ સમજણપૂર્વક, ભાર ઉપાડી શકે એવી રીતે કરવેરા નાખ્યા હતા. સમાજવાદની બહુ વાતો પછી, આ બજેટમાં સમાજવાદની દિશામાં લઈ જતાં કોઈ અસરકારક પગલાં નથી. રાબેતા મુજબના (on traditional line) કરવેરા છે. દેખીતી રીતે, પૈસાવાળા ઉપર વધારે બોજો પડ્યો છે. પણ સામાન્ય માણસ ઉપર ઓછો બોજો નથી પડ્યો. એ ખરું છે કે પ્રમાણિક હશે તેવા ધનવાનોની સંપત્તિ ઓછી થશે અને તેટલે દરજ્જે સંપત્તિની અસમાનતા ઓછી કરી એમ કહેવાય. એ પણ ખરું છે કે પ્રમાણિક હશે એવાઓને મોટી આવક હોય તો પણ બચત ઘણી ઓછી રહેશે. તેટલે દરજ્જે આવકની અસમાનતા ઓછી કરી એમ કહેવાય. પણ અસામાનતા સાચી રીતે ઓછી કરવી હોય તો, ઉત્પાદન વધે, રોજી મળે, સામાન્ય માણસની આવક વધે, મોંઘવારી ઓછી થાય, તેવાં પગલાં લેવા જોઈએ. આ બજેટમાં તેવાં પગલાં ઓછાં દેખાય છે. લાંચરૂશ્વત ઓછી થાય, રાજતંત્ર કાર્યક્ષમ (efficient) બને, ઉઘાડ ખર્ચા ઘટાડે, સરકારી તંત્રમાં પ્રજાના નાણાંનો દુર્વ્યય (waste) અટકે—આ બધું થવાને બદલે, આવાં અનિષ્ટો વધતાં દેખાય છે. કોઈ અર્થશાસ્ત્રીની દૃષ્ટિએ નહિ પણ એક સામાન્ય જન તરીકે બજેટની જે છાપ પડી તે જણાવું છું. એમ કહેવાય છે કે બહુ વધારે પડતા કરવેરા હોય તો કામ કરવાની પ્રેરણા (incentive) ન રહે, કરચોરી વધે, કાળાં બજાર વધે. આમાં સત્ય છે. પણ હકીકતમાં સમાજમાં નવી દૃષ્ટિ આવે તો જ એ અનિષ્ટો દૂર થાય. ગમે તે ભોગે અને માર્ગે પૈસો મેળવવો કે સંપત્તિ વધારવી તેવી તૃષ્ણા રહે ત્યાં સુધી આવા અનિષ્ટો રહેવાનાં અને વધવાનાં. જીવનની જરૂરિયાતો ઓછી કરી, સાદાઈથી રહેવું અને ખોટા ખર્ચા બંધ કરવા અને કાળાં નાણાંના જોરે, લખલૂટ ખોટા ખર્ચા કરવા તે સમાજનો દ્રોહ છે એવી ભાવના જાગવી જોઈએ. મહારાષ્ટ્ર ધારાસભાના એક સભ્ય શંકરરાવ મોહિતેને ત્યાં લગ્નપ્રસંગે જે બન્યું અને તેવે પ્રસંગે શ્રી ચવ્હાણ અને બીજા નેતાઓ હાજર રહે, તે અક્ષમ્ય બનવું જોઈએ.

**શ્રી લાલદાસ જમનાદાસ વોરા**

શ્રી લાલદાસ જમનાદાસ વોરા મુંબઈ શેરબજારના પ્રમુખ ચુંટાયા તે માટે તેમને અભિનંદન આપું છું. તેમના પિતા શ્રી જમનાદાસ ખુશાલદાસ સ્થાનકવાસી સમાજના સેવાભાવી કાર્યકર્તા હતા. તેમની પેઢી જમનાદાસ ખુશાલદાસની કું. શેરબજારની આગેવાન પેઢી છે. ભાઈ લાલદાસને શેરબજારનું ઊંડું જ્ઞાન છે. દેશના અર્થતંત્રમાં શેરબજારનું શું સ્થાન હોવું જોઈએ તેના તેઓ અભ્યાસી છે. લગભગ ૧૫ વર્ષથી લાલદાસે શેરબજારમાં સીધું કામકાજ છોડી દીધું છે અને ઉદ્યોગમાં પડ્યા છે. ફ્રીટ્રાઈટ નટસ બોલ્ટસ કું. નામની શરૂ કરી જે આજે એક સફળ અને વિકસતી કંપની છે. છતાં તેઓ શેરબજારના પ્રમુખસ્થાને ચૂંટાયા તે યોગ્ય થયું છે. કારણકે શેરબજાર કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. વાયદાનો વેપાર બંધ છે ત્યારે, તેમની શક્તિ અને કુનેહનો બજારને લાભ મળે તે માટે તેમની ચૂંટણી થઈ છે. શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ જેઓ પણ શેરબજારના પ્રમુખ ચૂંટાયા હતા, તેમની પેઠે ભાઈ લાલદાસ પણ જૈન સમાજના એક શક્તિશાળી વ્યક્તિ છે.

**શ્રી ઘનશ્યામભાઈ ઓઝા**

છેલ્લી લોકસભાની ચૂંટણીમાં, રાજકોટ વિભાગમાંથી, સ્વતંત્ર પક્ષના પ્રમુખ શ્રી મીનુ મસાણીને હરાવી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝા ચૂંટાયા તે તેમની લોકપ્રિયતા બતાવે છે. આ બેઠક, ચારપક્ષી મોરચાએ પ્રતિષ્ઠાની બેઠક બનાવી હતી અને પોતાનું બધું બળ તેના ઉપર કેન્દ્રિત કર્યું હતું. શ્રી ઓઝા, સૌરાષ્ટ્ર ગુજરાતના યોગ્ય પ્રતિનિધિ છે. દીર્ઘ જાહેર જીવન અને પ્રજાસેવાથી આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સૌરાષ્ટ્ર ધારાસભાના ૧૯૪૮ થી ૫૬ સુધી સભ્ય અને છેલ્લાં પાંચ વર્ષ પ્રધાન હતા. ત્યાર પછી બે વર્ષ મુંબઈ ધારાસભાના સભ્ય હતા. પછી ૧૦ વર્ષ લોકસભાના સભ્ય રહ્યા. કેટલીક અગત્યની કમિટીઓના સભ્ય અથવા ચેરમેન રહ્યા છે. રાજકીય ક્ષેત્રે વિશાળ કામગીરી ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે બહોળો અનુભવ છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડીકેટના વર્ષોથી સભ્ય છે. મજુર અને હરિજન પ્રવૃત્તિમાં તેમને ખાસ રસ છે. સંગીતનો શોખ છે. વિદેશનો બહોળો પ્રવાસ કર્યો છે. વર્તમાન કેન્દ્રિય પ્રધાન મંડળમાં ગુજરાતના તેઓ એક માત્ર પ્રતિનિધિ છે. શ્રી ઘનશ્યામભાઈ પોતાની જવાબદારીભર્યા નવા સ્થાનમાં સફળતા પ્રાપ્ત કરશે તેમાં કોઈ શંકા નથી. તેમને આપણા અભિનંદન અને શુભેચ્છા છે. **ચીમનલાલ ચકુભાઈ**

# "ચૂંટણી થઈ ગઈ : હવે શું ?"

## વસંત વ્યાખ્યાનમાળા

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ત્રીજા વર્ષની વસંત વ્યાખ્યાન- માળા આ વરસે એપ્રિલની ૧૨, ૧૩, ૧૪ અને ૧૫-એમ ચાર દિવસ તાતા ઓડીટોરીયમમાં યોજવામાં આવી હતી. આ ચારે દિવસ ભરચક હાજરી રહી હતી અને ચારે વક્તાઓનો વિષય હતો:- "ચૂંટણી થઈ ગઈ: હવે શું ?" લોકસભાની મધ્યાવધિ ચૂંટણીના સંદર્ભમાં ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુ ધરાવતા વક્તાઓએ ચૂંટણીના પરિણામોની જુદી જુદી રીતે સમીક્ષા કરી હતી. સ્વતંત્ર પક્ષના અગ્રણી મીનુ મસાણી, સ્ટેટ્સમેનના એક વખતના તંત્રી અને પીઢ પત્રકાર શ્રી પ્રાણ ચોપરા, સંયુકત સમાજવાદી પક્ષના આગેવાન શ્રી એસ. એમ. જોશી અને મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ વડા ન્યાયમૂર્તિ ડૉ. ગજેન્દ્રગડકર – અનુક્રમે ચારે દિવસના વક્તાઓ હતાં. દરેક વ્યાખ્યાનને અંતે રસપ્રદ પ્રશ્નોતરી થઈ હતી. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ચારે દિવસની સભાના પ્રમુખ સ્થાને હતાં. આ ચારે વ્યાખ્યાનોની ટૂંકી નોંધ નીચે આપવામાં આવી છે: –તંત્રી)

## શ્રી મીનુ મસાણી

"આપણે ચૂંટણીના પરિણામોની જો નિશાંત જીવે સમીક્ષા કરીએ તો જણાશે કે કુલ મતદાન થયું તેના ૪૩.૬૪ ટકા મતો –એટલે કે કુલ મતદારોના ૨૩.૯૧ ટકા મતો શ્રીમતી ગાંધીના પક્ષને મળ્યા છે; અથવા, એમ કહી શકાય કે દર ચાર મતદારે એક જણે નવી કોંગ્રેસને મત આપ્યો છે. એટલેકે, એક લઘુમતી સરકાર અત્યારે રાજ્ય કરે છે.

વાસ્તવિક રીતે જોઈએ તો, આપણે ત્યાં જે રીતે ચૂંટણીઓ

થાય છે એ રીત જ બિનલોકશાહી છે. ચૂંટણીની આનાથી વધારે લોકશાહીવાળી એની બીજી ઘણી પદ્ધતિઓ છે. દાખલા તરીકે, એક પદ્ધતિ લીસ્ટ સિસ્ટમ કહેવાય છે. જેમાં મતદારે જુદી જુદી વ્યકિતઓને નહીં પણ એક પક્ષે ઊભા રાખેલા તમામ ઉમેદવારોને સંયુકત મત આપવાનો હોય છે. દરેક પક્ષ પોતાના ઉમેદવારોનું લીસ્ટજ બહાર પાડે ને આખેઆખા લીસ્ટને મતદાર પોતાનો મત આપી શકે. આવી પદ્ધતિઓ ઓછી ખર્ચાળ હોય છે.

૧૯૪૮માં જ્યારે હું બંધારણસભાની ડ્રાફ્ટિંગ કમિટી પર હતો, ત્યારે પણ મેં ચૂંટણીની આપણી ચાલુ પદ્ધતિ પર સખ્ત લડત આપી હતી. જો આપણે ત્યાં લીસ્ટની પ્રથા હોત, તો શ્રીમતી ઈન્દિરા ગાંધીને ૩૫૦ના બદલે ૨૫૦થી વધારે બેઠકો લોકસભામાં મળી ન હોત અને તો તેઓ કદાચ વડા પ્રધાન પણ ન હોત.

એક તો, શ્રીમતી ગાંધીની વ્યકિતગત પ્રતિભાનો પ્રભાવ –પર્સનાલીટી ફેક્ટ - ચૂંટણીમાં નાણાંએ ભજવેલો ભાગ, અને કેન્દ્રમાં સ્થિર સરકાર રચાય તેવી લોકોની ઇચ્છા – ઉપરાંત લોકશાહી મોરચા પાસે કોઈપણ જાતના એકમતે ઘડેલા પ્રોગ્રામનો અભાવ – આ કારણોને લઈને જ શ્રીમતી ગાંધીની જીત થઈ છે. મેં તો ત્રીજી જાન્યુઆરીએ જ્યારે કેટલાક એસ.એસ.પી.વાળાઓએ સંસ્થા-કોંગ્રેસ તથા જનસંઘના પ્રમુખોને સમજાવીને તેમનું ધાર્યું કરાવી લીધું ત્યારેજ માની લીધું હતું કે મોરચો ચૂંટણી હારી જ ગયો છે. એક પક્ષ તરીકે તેમ છતાં સ્વતંત્ર પક્ષ જોડાણમાં ન છૂટકે કાયમ રહ્યો હતો– "ન મામા કરતાં કાણો મામો સારો" એમ સમજીને.

એક પરિણામ સારું આવ્યું છે કે હવે શ્રીમતી ગાંધીને કશું પણ બહાનું બતાવવાપણું રહ્યું નથી. નવી સરકાર પ્રજાને સંપૂર્ણ પણે જવાબદાર બની છે.

અત્યારે સરકાર પાસે બે મુખ્ય કાર્યો છે. એક તો, દેશમાં કાયદો ને વ્યવસ્થા સંપૂર્ણપણે જાળવવાનું અને બીજું દેશનું અર્થ-તંત્ર ખોરવાઈ ન જાય તે જોવાનું. તેમાં પણ મુખ્ય બે વાત કરવાની છે: ભાવવધારાને રોકવાની અને બેકારી નિવારવાની.

આ બંને બાબતો– એક સાદી સમજની વાત છે તે પ્રમાણે– ઉત્પાદન વધારવા પર નિર્ભર છે. જેને માટે વધુ બચતો, વધુ ઘૂડી રોકાણ, સખ્ત પરિશ્રમ, હડતાળો નિવારણ – વગેરે માટે અનુ-કૂળ એવી તકો ઊભી કરવી જરૂરી છે.

હવે પછીના બે વર્ષમાં જો આ બધું નહીં બને તો આજે સિલોનમાં જે બની રહ્યું છે તે ભારતમાં પણ બનશે. શ્રીમતી ભંડાર-નાયકે જે વચનો ચૂંટણી વખતે આપ્યાં હતાં તે તેઓએ સિદ્ધ કરી બતાવ્યા નથી એટલે ત્યાં આંતરિક યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. આપણે ત્યાં પણ સરકાર જો તેની નીતિઓ બદલશે નહીં તો હવે પછીનાં બે વર્ષમાં કે જ્યારે ચૂંટણીમાં મળેલા વિજયની હોહા શમી ગઈ હશે અને હારતોરા સુકાઈ ગયા હશે અને ત્યારે પણ જો ભૂખ અને બેકારી ચાલુ ને ચાલુ હશે, તો ભૂખ્યા લોકો ચોક્કસજ હિંસાનો માર્ગ લેશે.

શું આપણે એવી પરિસ્થિતિ પેદા થવા દેવી છે?

## શ્રી પ્રાણ ચોપરા

તામિલનાડુ અને તેલંગણને બાદ કરતાં બીજે બધે સ્થાનિક વગવાળા પક્ષો ખતમ થઈ ગયા છે. આ વખતે લોકોએ–ગામડાંના નાગરિકોએ પણ–દેશના આર્થિક પ્રશ્નોને ખ્યાલમાં રાખીને મતદાન કર્યું છે.

શ્રીમતી ઈન્દિરા ગાંધી ખૂબ સાવચેતીપૂર્વક દેશનું સુકાન સંભાળી રહ્યાં છે. તેઓ હાલ કોઈ ઉદ્દામવાદી પગલાં લેવા આતુર નથી તે તેમના વચગાળાના અંદાજપત્ર વખતના પ્રવચન પરથી અને પ્રધાનમંડળની રચના પરથી જણાય છે. સમગ્રપણે વિચાર કરતાં સરકારી નીતિઓમાં સહેજ ડાબી તરફનો ઝોક રહેશે. એમ થતાં શાસક પક્ષ હજીય અસ્તિત્વ ધરાવતાં જમણેરી બળોનો સાથ ગુમાવશે, પણ ડાબેરી બળોનો વધુ સાથ તેને સાંપડી રહેશે.

સામાન્ય પ્રજાજન જાણે છે કે દેશના પ્રશ્નોનો ઉકેલ તત્કાળ આવી જવાનો નથી. થોડાં વરસોમાં આ પ્રશ્નોનો ઉકેલ નહિ આવે તો પણ પ્રજા સરકારને ઉખેડી તો નહિ જ નાખે એમ મનાય. સામાન્ય મતદાર એટલો સુજ્ઞ છે કે સરકાર પક્ષે આ પ્રશ્નોના નિવારણ માટે પ્રમાણિક પ્રયાસો થયા છે કે નહિ, તે તે જોશે.

## શ્રી એસ. એમ. જોશી

ચૂંટણી વખતે કેટલાક લોકોએ કહ્યું કે "ઈન્દિરા ગાંધી આઈ હૈ, નઈ રોશની લાઈ હૈ." આ નવી રોશનીના કિરણો ગરીબની ઝૂંપડી સુધી ક્યારે પહોંચશે એ હું કહી શકતો નથી. વાસ્તવમાં, આપણો વિચારવાનો આ તરીકો જ ખરો નથી. દેશને માટે કોઈ એક વ્યકિતનું મહત્વ નથી. વ્યકિત મહાન હોઈ શકે, પણ આખરે એની શકિતઓની મર્યાદા હોય છે. આપણને જો સાચેસાચ લોક-તંત્રમાં શ્રદ્ધા હોય અને લોકતંત્ર દ્વારા દેશની ગરીબી દૂર કરવી હોય તો લોકજાગૃતિ દ્વારા, લોકશિક્ષણ દ્વારા જ આ કામ થઈ શકે. આ કામ પાયાનું છે.

૧૯૬૭માં અવિભાજીત કોંગ્રસની બહુમતી તૂટવા લાગી ત્યારે જ સ્વ. ડો. લોહીયા કહેતા હતા કે બધા સમાજવાદી પક્ષોએ એકત્ર થઈને કોંગ્રસની સામે દેશને માટે વિકલ્પી સરકાર રચી શકે એવો મજબુત પક્ષ બનાવવો જોઈએ. આમ તો બધા પક્ષો દેશનું ભલું કરવાની તમન્ના રાખે છે પણ ભલું કઈ રીતે થશે તે વિષે મતભેદો પ્રવર્તે છે. આમ તો અમારા સંયુકત સમાજવાદી પક્ષમાં પણ મતભેદો છે. કેટલીક બાબતો વિષે હું પણ મારાં સહકાર્યકરો સાથે સહમત ન હતો તો મારે પણ બહુમતી નિર્ણય માથે ચડાવવો પડયો હતો.

આપણે જાણીએ છીએ કે પં. નેહરુ અને સરદાર પટેલ વચ્ચે પણ કેટલાક મતભેદો હતા. પરંતુ વર્ધામાં ગાંધીજીએ જ્યારે પં. નેહરુને પોતાના વારસદાર તરીકે જાહેર કર્યા ત્યારે (હું તે સભામાં હાજર હતો) તેમણે કહ્યું હતું કે અત્યારે પં. નેહરુ મારી વાત માનતા નથી, પરંતુ "he will speak my language after my death."

આજે સમય ઝડપથી બદલાતો જાય છે. જૂના વિચારો, જૂની વ્યવસ્થા હવે ચાલશે નહીં. જો ક્રાંતિ લાવવી હશે તો લોકોની શકિત જગાવવી પડશે. ગાંધીજીએ લોકોની શકિત જગાવવાનું મહાન કાર્ય કર્યું ત્યારે આઝાદી આવી. બંગલા દેશમાં આજે એક અભૂતપૂર્વ વાત બની રહી છે. લોકશકિતનું આ જબરૂં આંદોલન કોઈ રીતે કચડી શકાવાનું નથી. આપણે ત્યાં પણ કરોડો લોકો ગરીબ છે. સ્વા-ભાવિક રીતે જ એમને મોટી હોટલોમાં રહેનારા ને પૈસાને વેડફી નાંખનારા અમીરોની ઈર્ષ્યા થાય છે. ગરીબોને પણ પોતાની સ્થિતિ સુધારવાની ઈચ્છા છે.

ચૂંટણી અને લોકસભા કોઈ પક્ષ માટે ગરીબી હઠાવવાનું સાધન નથી. ચૂંટણીની પણ અગત્ય છે. પણ ચૂંટણીમાં હારી ગયા એટલે સર્વસ્વ લૂંટાઇ ગયું એવું કાંઇ નથી. લોકજાગૃતિ વડે જ દેશની એકતા જળવાશે. હિંસાથી તો કશું થશે નહિ. હું તો માનું છું કે ગાંધીજી જીવતા હતા ત્યારે તેઓ જેટલા Relevant હતા એથી પણ વધારે તેઓ આપણા દેશ માટે આજે Relevant છે. ગાંધીજી કહેતા કે: Work your way silently into the hearts of the people."

ઈન્દિરાજીની જીત થઈ છે અને તેમની સરકાર Left-of the centre રહેશે એ વાત સાચી છે. આપણે ત્યાં જેવી ગરીબી છે એને લક્ષમાં રાખીને દેશની કોઈપણ સરકાર એમજ રહે. કેટલાક લોકો માને છે અને મેં છાપામાં વાંચ્યું તે પ્રમાણે શ્રી મસાની પણ આ જ પ્લેટફોર્મ પરથી એમ કહી ગયા કે બે વર્ષમાં જો ઈન્દિરા ગાંધી કશું કરી નહીં બતાવે તો બળવો થશે. હું એમ કહું છું કે જો એવું બનવાનું હોય તો અત્યારથી જ એવી તૈયારી કરવી જોઈએ કે જેથી તેમ બન્તું અટકાવી શકાય અને આપણને પાછળથી નિરાશા ન થાય. કારણકે દેશનો પ્રાણપ્રશ્ન ગરીબીનું–બેકારીનું નિવારણ એજ છે. પછી તે ઈન્દિરાજી

કરે કે બીજું કોઈ કરે. એટલા જ માટે સમાજવાદમાં વિશ્વાસ રાખનારી તમામ સમાજવાદી પાર્ટીઓનું સંગઠન કરવાનું અમે વિચારી રહ્યાં છીએ. આપણને ઈન્દિરાજી સફળ ન થાય તેમાં રસ નથી; પણ જો તેઓ નિષ્ફળ જાય તો આપણી પાસે વિકલ્પ તૈયાર હોવો જોઈએ. એટલે નવી કોંગ્રેસને મોટી બહુમતિ મળી તેનાથી મને તો કોઈ પણ જાતની ચિન્તા કે ભય નથી.

આજે પૂર્વના તમામ આફ્રો-એશિયન દેશોમાં એક નવા જ પ્રકારની જાગૃતિ આવી રહી છે. સમાજવાદ શબ્દ આપણે ત્યાં એક રાજકીય લેબલ બની ગયો છે, જેના વિના કોઈની દુકાને માલ વેચાતો નથી. પણ માત્ર સમાજવાદી કહેવડાવવાથી સમાજવાદી ક્રાન્તિ આ દેશમાં આવવાની નથી. ઉજળા કપડા પહેરવાવાળા પૈસાદારો કરતાં મેલાં કપડાવાળા ગરીબો વધારે ઈમાનદાર છે એમ હું મારાં અનુભવ પરથી કહું છું. થોડાંક જ વખત પર લોકસભાનાં સભ્યોનું દૈનિક ભથ્થું રૂા. ૩૧થી રૂા. ૫૧ કરી નાંખ્યું. શ્રી મસાનીએ એના વિરોધમાં ઠરાવ પેશ કર્યો તો બહુમતીએ ઉડાવી દીધો. હવે આમાં સમાજવાદ ક્યાં આવ્યો? શા માટે કોઈપણ માણસને બેફામ ખર્ચ કરવાની છૂટ હોવી જોઈએ? ખર્ચ પર સીલીંગ મૂકવી જોઈએ. તો જ દેશમાં બચતરોકાણ વધી શકે. ગરીબો આ વાતો મોટાં નારાં લગાવવાથી નહીં સમજે, પણ આપણા આચરણથીજ સમજશે.

## ડૉ. ગજેન્દ્ર ગડકર

મારાં મિત્ર શ્રી સી. સી. (ચીમનલાલ ચકુભાઈ શાહ) મને છેલ્લા ત્રણ વરસથી તમારી આ વ્યાખ્યાનમાળામાં આવવાનું કહ્યા કરતાં હતાં. પરંતુ અનુકૂળતા પ્રાપ્ત થતી નહોતી. આ વખતે અનુકૂળતા પ્રાપ્ત થઈ, અને મારાં એ પરમમિત્ર પ્રત્યેનો મારો ધર્મ બજાવવા હું આજે અહીં આવ્યો છું. આપ જાણો છો તેમ રાજકારણથી હવે હું તદ્દન અલિપ્ત છું. એક સામાન્ય નાગરિક તરીકે જ હું આપની સમક્ષ ચૂંટણી પહેલાંના બનાવો અને હવે પછી બનનારા સંભવિત બનાવો વિષે મારાં વિચારો રજૂ કરીશ.

૧૯૪૭માં આપણને રાજકીય આઝાદી મળી ત્યારે આપણને લાગ્યું કે આપણા તમામ પ્રશ્નોનું નિરાકરણ હવે હાથવેંતમાં છે. પરંતુ રાજકીય આઝાદી એ સાધ્ય નથી; માત્ર સાધન છે. રાજકીય આઝાદી દ્વારા આપણે સામાજિક ન્યાયની પ્રાપ્તિ કરવાની હતી.

૧૯૫૧માં આપણું બંધારણ ઘડાઈ ગયું અને પહેલી કોંગ્રેસ સરકાર કેન્દ્રમાં તેમજ રાજ્યોમાં આવી ત્યારથી ૧૯૬૪ સુધી આપણે ત્યાં નેહરુ યુગ હતો.

પં. નેહરુના સમય દરમ્યાન આપણે જે સિદ્ધિઓ મેળવી છે તેના પ્રત્યે આપણે દુર્લક્ષ કરી શકીએ નહીં. આપણા દેશમાં લોકશાહીના મૂળ ઊંડા નંખાયા હોય તો તે નહેરુના કારણે છે. અનેક દેશી રાજ્યોનું વિલીનીકરણ ને સરદાર વલ્લભભાઈના પ્રયાસો દ્વારા દેશની એકતા સધાઈ એ એક બીજી સિદ્ધિ છે. એક મહાન દેશ તરીકે ભારતે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્રીજી વાત એ છે કે Judiciary નું ગૌરવ પ્રસ્થાપિત થયું. અને ચોથું ઔદ્યોગિક ક્ષેત્રે પંચવર્ષીય યોજનાઓ દ્વારા પ્રગતિના મંડાણ થયાં.

આમ છતાં જે થવું જોઈતું હતું અને ન થયું એવી પણ કેટલીક બાબતો બની. એક તો, કોંગ્રેસ પક્ષને absolute સત્તા હોવાને કારણે દેશમાં ભ્રષ્ટાચાર પાંગરતો ગયો. અને પક્ષની નેતાગીરીમાં Complacency આવવા લાગી. આઝાદી અગાઉ જે વચનો આપવામાં આવ્યા હતા અને સામાન્ય પ્રજાજનમાં જે આશાઓ જન્મી હતી તે નિષ્ફળતામાં પરિણમી. વચનો અને આચરણ વચ્ચેનું અંતર વધતું રહ્યું. બીજું લોકશાહીમાં જે Federal Conventions સ્થપાવા જોઈએ તે સ્થપાયા નહીં. નેહરુની પ્રતિભા એવી સર્વોપરી હતી કે વિરોધ પક્ષોને સત્તા પ્રાપ્ત કરવાની કોઈ તક નહીં રહી અને પરિણામે વિરોધ પક્ષોમાં એક પ્રકારની નિરાશા પેદા થઈ.

૧૯૬૪ થી ૧૯૬૭ નો ગાળો દેશમાં હિંસાના અતિક્રમણનો ગાળો હતો. ઠેરઠેર કોમી રમખાણો અને જાત-પ્રાંતના ઝઘડા ચાલતાં રહ્યાં.

૧૯૬૭ની ચૂંટણીઓ હું માનું છું કે દેશમાં સૌ પ્રથમ "મુક્ત ચૂંટણીઓ" હતી. સામાન્ય માણસ કોંગ્રેસના રાજ્યથી અસંતુષ્ટ હતો અને પરિણામે અર્ધા ભાગના રાજ્યોમાં બિનકોંગ્રેસી સરકારો અસ્તિત્વમાં આવી. જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર કાયમ રહી–પણ ઘટેલી બહુમતી સાથે.

૧૯૬૭ પછી પાટલીબદલુઓનો યુગ શરૂ થયો. Crossing of floors અને Toppling of Governments જેવા શબ્દોની ભારતે અંગ્રેજી સાહિત્યને પહેલી જ વાર ભેટ આપી.

ત્યારપછી ૧૯૬૯માં કોંગ્રેસનું વિભાજન થયું અને ૧૯૭૧ની ચૂંટણીઓમાં પ્રજાએ નવી કોંગ્રેસને સંપૂર્ણ બહુમતી આપીને એક શાણપણવાળું પગલું લીધું છે. આજે રશિયા કે અમેરિકા જેવા દેશો પણ ભારતની અવગણના કરી શકે એમ નથી-બલ્કે, તેઓ પણ આપણા પ્રત્યે હવે માનની નજરે જુવે છે. કારણકે આપણે ત્યાં એક સ્થિર અને મજબૂત સરકાર સત્તામાં આવી છે.

જો કે સ્થિર સરકાર કેન્દ્રમાં હોવી એ પણ, મેં આગળ જણાવ્યું છે તે પ્રમાણે, એક સાધન છે-સાધ્ય નથી. આપણું સાધ્ય તો દેશની એકતા-અને ગરીબી-બેકારી નિવારણ છે. આપણી સરકારે હવે તરત જ એ દિશામાં કામે લાગી જવું જોઈએ કે જેથી દેશના સામાજિક અને આર્થિક માળખામાં ઝડપી પરિવર્તન આણી શકાય. આપણે ત્યાં મજબૂત અને તંદુરસ્ત Federal પ્રણાલિકાઓ પ્રસ્થાપિત થવી જોઈએ. તેના માટે બંધારણમાં કોઈ મોટા ફેરફારો કરવાની જરુર નથી. હમણાં હમણાં લોકો બંધારણમાંથી "મૂળભુત અધિકારો"ની કલમ નાબૂદ કરવાનું કહી રહ્યાં છે. પરંતુ હું માનું છું કે બંધારણનો હેતુ એવો હતો કે મૂળભુત અધિકારો અને વિશાળ જનસમુદાયનું હિત એ બે વચ્ચે બને ત્યાં સુધી ઘર્ષણ પેદા થવા ન દેવું જોઈએ. પરંતુ જો એવું ઘર્ષણ અનિવાર્ય બને તો મૂળભુત અધિકારને જતો કરવો જોઈએ અને લોકોનું હિત જળવાવું જોઈએ.

આજે આપણા દેશમાં સંકુચિત નાતજાતની, પેટા ન્યાતની, પ્રાંતવાદની, મનોવૃત્તિઓ ફૂલીફાલી છે. હું દેશનાં ખૂણેખૂણે ફર્યો છું ને મેં મરાઠી માણસો જોયાં છે, ગુજરાતી જોયાં છે, પંજાબી કે તામીલ-તેલુગુ જોયાં છે પણ ક્યાંય મને કોઈ ભારતીય જોવા મળ્યો નથી. ધર્મના અવલંબન પર ઘડાયેલું નાતજાતનું માળખું એ સમાજની એકતાને તોડી નાંખે છે; સમાજનું તે એક નંબરનું દુશ્મન છે. હું પોતે કોઈપણ રૂઢિગત અર્થમાં ધાર્મિક રહ્યો નથી. દેશની એકતા માટે જુદી જુદી વફાદારીઓનું Harmonious synthesis થવું જોઈએ, સંસ્કૃતમાં જેને માટે સમન્વય એવો શબ્દ છે.

સ્વ. ડૉ. આંબેડકરે બંધારણસભામાં કરેલા પ્રવચનમાંથી એક સુંદર અવતરણ ટાંકીને હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

".....Political democracy cannot last unless there lies at the base of it social democracy."

".....On the 26th of January 1950, we are going to enter into a life of contradictions. In politics we will have equality and in social and economic life we will have inequality. In politics we will be recognising the principle of one man one vote and one vote one value. In our social and economic life, we shall, by reason of our social and economic structure, continue to deny the principle of one man one value. How long shall we continue to live this life of contradictions? How long shall we continue to deny equality in our social and economic life? If we continue to deny it for long, we will do so only by putting our political democracy in peril. We must remove this contradiction at the earliest possible moment or else those who suffer from inequality will blow up the structure of political democracy which this Assembly has so laboriously built up."

સંકલન: સુબોધભાઈ એમ. શાહ

# બે ધોરણવાળું બજેટ

લોકસભાની ચૂંટણીમાં શાસક કૉંગ્રેસ પક્ષને જબરદસ્ત બહુમતી મળી એ પછી ઈન્દિરા ગાંધીની સરકારને અસાધારણ સત્તા અને પ્રતિષ્ઠા સાંપડયાં છે. આથી એની જવાબદારી પણ વધી છે. એટલે શ્રી. યશવંતરાવ ચવ્હાણ પાસેથી સૌ હિંમતભર્યા અંદાજપત્રની અપેક્ષા રાખતા હતા. એ અપેક્ષાને સંતોષે એવું અંદાજપત્ર શ્રી. ચવ્હાણે રજૂ કર્યું છે. દુનિયાના કોઈ પણ અંદાજપત્રની દરખાસ્તો વિવાદાસ્પદ બનવાની: તુણ્ડે તુણ્ડે મતિર્ભિન્ના. એટલે શ્રી. ચવ્હાણની દરખાસ્તો વિષે પણ ઉગ્ર મતભેદો પ્રવર્તે એ સ્વાભાવિક છે. શ્રી. ચવ્હાણના બજેટથી થનારા નુકસાનની વાત કરતાં પહેલાં તેમની ત્રણ સિદ્ધિઓ તરફ ધ્યાન દોરવું જોઈએ:

(૧) વિકાસલક્ષી કાર્યો માટેની ફાળવણીમાં એમણે મોટો વધારો કર્યો છે.

(૨) લગભગ ૨૧૨ કરોડ રૂપિયાના કરવેરા નાખવાની હિંમત તેમણે બતાવી છે.

(૩) એમના પક્ષની આર્થિક ફિલસૂફી અનુસાર એમણે એવા કરવેરા નાખ્યા છે જે મોટે ભાગે ઉપલા ૧૦ ટકા જેટલા લોકો ઉપર જ પડે છે.

શ્રી. ચવ્હાણની આ સિદ્ધિઓ સામે કેટલીક ત્રુટિઓ પણ છે. આમાંની એક સૌથી મોટી નબળાઈ વિષે સૌથી પ્રથમ ધ્યાન દોરવું જોઈએ. તે એટલા માટે કે આ વિષે સરકાર એની નીતિ નહીં બદલે તો પ્રજાની નૈતિક કરોડરજ્જુ નબળી પડશે.

### પગારમાં પણ 'ઑન'

આઝાદીની સંધ્યાએ રજૂ થયેલા લિયાકત અલી ખાનના બજેટને બાદ કરતાં છેલ્લાં ૨૫ વર્ષમાં ખાનગી સાહસની દુનિયામાં, ધંધાદારી વર્ગમાં અને મેનેજરોમાં સૌથી વધુ ચિંતા ફેલાવવાનું માન શ્રી. ચવ્હાણના હમણાં રજૂ થયેલા ૧૯૭૧-૭૨ માટેના બજેટને જાય છે. શ્રી. ચવ્હાણના બજેટે પહેલી જ વાર સીધાસાદા નોકરિયાતોને અને ધંધાદારીઓને 'ઑન' નાં નાણાં પગારના એક ભાગ તરીકે મેળવવા માટે વિચારતા કર્યા છે. આ બજેટ નાના અને મોટા ઉદ્યોગપતિઓને નવું સાહસ કરતાં પાછા પાડે છે, મેનેજરોને કાળાં નાણાં ભણી વાળે છે. આમ કેટલીક દૃષ્ટિએ સાહસિક અને વિકાસલક્ષી હોવા છતાં શ્રી. ચવ્હાણનું બજેટ કાળાં નાણાંનું માળખું ઊભું કરે એવી શક્યતા છે.

૧૯૭૧-૭૨ ના વર્ષના અંદાજપત્રમાં ગયા વર્ષના કરવેરાના હિસાબે કુલ આવક ૫,૫૮૬ કરોડની થશે. તેની સામે કુલ ખર્ચ ૫,૯૮૩ કરોડ રૂપિયાનો થશે. આમ બજેટમાં ૩૯૭ કરોડ રૂપિયાની ખોટ બતાવવામાં આવી છે. આ ખાધ પૂરી કરવા માટે ૨૧૨ કરોડ રૂપિયાના નવા કરવેરા નાખવામાં આવ્યા છે. ૩૪ કરોડ રૂપિયા સીધા કરવેરા દ્વારા અને ૧૭૮ કરોડ રૂપિયા આડકતરા કરવેરા દ્વારા ઊભા કરવામાં આવશે. રાજ્યોનો ૪૧ કરોડ રૂપિયાનો ફાળો બાદ કરતાં કેન્દ્ર સરકારને ૧૭૧ કરોડની આવક થશે. એટલે કે ૨૨૬ કરોડ રૂપિયાની ખાધ રહેશે. આ ખાધ ડેફિસિટ ફાઇનૅન્સિંગથી એટલે કે નોટો છાપીને પૂરી કરવામાં આવશે.

કેન્દ્રના વિકાસખર્ચમાં ૧૯૭૧-૭૨ માં ૨૮૨ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે; જ્યારે બીનવિકાસ ખર્ચમાં ૨૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સરવાળે કેન્દ્રના કુલ ખર્ચમાં ૨૫૭ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

### ઉદ્યોગોને મૂઢ માર

જો કે કંપનીઓ ઉપર ઉપરછલ્લી નજરે કોઈ ખાસ કરવેરા નાખવામાં આવ્યા નથી; પણ આ બજેટે ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગો પોતાની કંપનીમાંથી જ વધુ રોકાણ માટે જે નાણાં ઊભાં કરતા તે નાણાંના પ્રવાહને ક્ષીણ કરી નાખ્યો છે. ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષથી લગભગ સાત ટકાને હિસાબે જે ઔદ્યોગિક વિકાસ થયો તેની પાછળ ડેવેલપમેન્ટ રિબેટની સગવડ, ટૅક્સ હોલીડે અને ખાસ ઉત્તેજન આપવા જેવા ઉદ્યોગોની યાદી જેવી જે સગવડો હતી તે હવે નહિવત્ કરવામાં આવી છે.

આટલી જ ચર્ચાસ્પદ એ વાત છે કે આ બજેટમાં વર્ષે ૧૫ હજારથી વધુ કમાતા નોકરિયાતો, મેનેજરો, ધંધાદારીઓ, વગેરે પરના કરનો સરચાર્જ ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે. ૧૫ લાખથી વધુ મિલકત ધરાવનાર પરનો વાર્ષિક મિલકતવેરો આઠ ટકાનો થયો છે. વ્યક્તિની બાબતમાં એક લાખથી થોડી પણ વધુ મિલકતવાળા ઉપર પણ હવે મિલકતવેરો પડશે.

આડકતરા કર દ્વારા, શ્રી. ચવ્હાણે લગભગ ૧૮૦ કરોડ રૂપિયા ઊભા કરવાનું નક્કી કર્યું છે. પેટ્રોલ, તૈયાર કપડાં, સિગારેટ, સાબુ પ્રેશર કૂકર, વગેરે પર આબકારી જકાત નાખવામાં કે વધારવામાં આવી છે. સૂકો મેવો, લર્વિંગ, મોટરના સ્પેરપાર્ટ્સ, માનવસર્જિત રેષાઓ અને ખેતીનાં ટ્રૅક્ટરો ઉપરની આયાત-જકાત વધારવામાં આવી છે. આમ જોઈએ તો, શ્રી. ચવ્હાણના બજેટમાં મુખ્ય બોજો મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગ ઉપર નાખવામાં આવ્યો છે.

### સમાજની તન્દુરસ્તી માટે જોખમ

એવો પ્રચાર કરવામાં આવે છે કે કંપનીઓ ઉપર આ બજેટમાં નજીવો ભાર નાખવામાં આવ્યો છે. આ ઉપરછલ્લી ટીકા ગેરરસ્તે દોરવનારી છે. ખરી વાત એ છે કે આ બજેટે ભારતમાં છેલ્લાં વીસેક વર્ષથી જે ઢબે ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હતો તેને એક ગુપ્ત ફટકો માર્યો છે. આને પરિણામે, મોટા અને નાના બન્ને ઉદ્યોગો માટે વિનાકારણ નાણાંની ભીડ સરજાશે અને નવું સાહસ કરવાનો ઓછાને રસ રહેશે—ખાસ કરીને, વ્યક્તિદીઠ મિલકતવેરો એક લાખ રૂપિયાથી વધુ મિલકત ઉપર જઈને ઊભો રહ્યો છે ત્યારે.

કંપનીઓ ઉપરના વેરા જેટલું જ ચિંતાજનક પગલું મેનેજરોની અને ધંધાદારીઓની આવક પર જે વેરો વધાર્યો છે, તે છે. પાંચ હજારનો પગાર અને એક હજારની સગવડ એ બન્ને મળી કુલ ૬ હજારની પગાર—સગવડ મર્યાદા ઊભી કરી છે તે ઉપરછલ્લી દૃષ્ટિએ વાજબી લાગે છે; પણ જે લોકો કરોડોનાં કારખાનાંઓની જવાબદારી લઈને બેઠા હોય તેમના હાથમાં આ મર્યાદાને પરિણામે મહિને, આવકવેરો ભર્યા પછી, માત્ર ૧૨૦૦થી ૧૫૦૦ રૂપિયા રહે ત્યારે કરચોરી કરવાનું મન સીધાસાદા માણસોને પણ થાય. આ પરિસ્થિતિ, મારે મન, સૌથી વધુ ચિંતાજનક છે. જે સમાજમાં, મેનેજરો, ઇજનેરો અને ધંધાદારીઓ સારી રીતે રહી શકે નહિ અને કાળાંબજારિયાઓ, દાણચોરો અને પ્રધાનોની ખરી આવકમાં કોઈ મર્યાદા ન હોય તે સમાજની તન્દુરસ્તી લાંબો વખત ટકી શકે નહિ.

આ કરતાં ય આટલી જ અગત્યની વાત બજેટની વ્યૂહરચનાની છે. આપણે ત્યાં, દર બજેટે નાણાંપ્રધાનો વધુ ને વધુ એક વિષચક્રમાં ફસાતા જાય છે. આ વિષચક્ર આમ સરજાય છે: ગરીબ દેશમાં આર્થિક વિકાસ કરવો હોય તો વિકાસલક્ષી કાર્યો માટે વધુ ને વધુ ખર્ચ કરવો પડે. વધુ ખર્ચ કરો એટલે અંદાજપત્રમાં વધુ ખાધ રહે. આ ખાધ દૂર કરવાના બે મુખ્ય ઉપાયો હોય છે: કરવેરા વધારવા અથવા ખાધપૂરક પદ્ધતિથી એટલે deficit financing દ્વારા નાણાં ઊભાં કરવાં. ખાધપૂરણ એટલે સાદી લોકભાષામાં કહીએ તો નોટો છાપીછાપીને પૈસાની જોઈતી ચૂક

વાણી કરવી. હદની બહાર જ્યારે ખાધપૂરણ થાય ત્યારે ભાવોનો ફુગાવો થવા માંડે એ સાદી વાત તો દરેક નાણાપ્રધાન સમજે છે એટલે એ પાપ બને એટલું ઓછું કરવું જોઈએ એ પ્રકારની એમની પોતાની ફરજનું ભાન એમને હોય જ છે પણ તેમ છતાં ય એમની દશા

જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્ત : ।
જાનામ્યધર્મમ્ ન ચ મે નિવૃત્તિ : ।।

જેવી હોય છે. (શું કરવું જોઈએ તે હું જાણું છું પણ તે કરી શકતો નથી. શું ન કરવું જોઈએ તે પણ જાણું છું પણ અટકી શકતો નથી.) અને નાણાપ્રધાનો બેફામપણે ખાધપૂરણ કર્યે જ જતા હોય છે. એનું સૌથી મોટું કારણ એ હોય છે કે જ્યારે કોઈ પણ નાણામંત્રી એક રૂપિયો વધુ કર ઉઘરાવવાની વાત કરે ત્યારે ભારે શોરબકોર મચી જાય છે. પણ જ્યારે એ એક રૂપિયો ખાધપૂરક પદ્ધતિથી ઊભો કરવાની વાત કરે ત્યારે કોઈ ઉહાપોહ કરતું નથી એટલે સ્વાભાવિક રીતે જ નાણાપ્રધાનો વિરોધપક્ષના તેમજ પોતાના પક્ષના વિરોધની બીકે ખાધપૂરણ તરફ વધુ ને વધુ ઢળતા હોય છે. શ્રી. ચવ્હાણે પોતાના અંદાજપત્રમાં રૂા. ૨૨૬ કરોડની ખાધ આજથી જ બતાવી દીધી છે. પણ વર્ષ પૂરું થતાં એ ખાધ રૂા. ૩૫૦ કરોડથી રૂા. ૪૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવો સંભવ છે. પરિણામે ભાવોનો ફુગાવો જોર પકડશે.

**ચીલા ચાતર્યા નથી**

ફુગાવાનું એક અગત્યનું પરિણામ એ આવતું હોય છે કે જેમ ફુગાવો વધે તેમ સરકારનો પોતાનો ખર્ચ પણ વધે. કેન્દ્રીય અને રાજ્ય સરકારો બન્નેના ખર્ચ સાથે ગણી લઈએ તો દર વર્ષે એ ખર્ચ લગભગ રૂા. ૮,૫૦૦ કરોડ જેટલું થતું હોય છે. ભાવમાં પાંચ ટકા વધારો થાય તો પણ સરકારનું ખર્ચ રૂા ૪૦૦ કરોડ જેટલું વધી જાય અને પરિણામે સરકારની ખાધ પણ વધતી જાય. એટલે દર વર્ષે બજેટ વખતે મોટી ખાધ જ વરતાયા કરે. એમાંથી બચવા જેમ ખાધપૂરણ વધુ કરે તેમ બજેટની ખાધ વધતી જાય, અને બજેટની ખાધ વધતી જાય તેમ ખાધપૂરણ વધતું જાય. આવું વિષચક્ર આપણે ત્યાં છેલ્લાં પંદર વર્ષથી ચાલ્યા કરે છે. આપણા ફુગાવાની પાછળ કરવેરા નહિ, પણ આ ખાધપૂરક પદ્ધતિ છે. આની વિષમતા એ છે કે આ બધી ધમાલ આયોજન અને બીજાં વિકાસલક્ષી કામો માટે કરવામાં આવે છે અને છતાં એ કામ માટે વપરાતાં નાણાંની ખરી કિંમત તો ઘટતી જ જાય અને આયોજનમાં કરવા ધારેલાં કામો પૂરા થતાં નથી. કહેવાનો મુદ્દો એ છે કે સારા કામ માટે પણ ખાધપૂરક પદ્ધતિ - અમર્યાદિત ખાધપૂરક પદ્ધતિ - વર્જ્ય ગણાવી જોઈએ. પણ કમનસીબે શ્રી. ચવ્હાણ આ બાબતમાં જૂની ઘરેડે ચાલ્યા છે.

**ઢેબરાડીની ડોકે કોણ ઘંટ બાંધે ?**

શ્રી. ચવ્હાણ કૉંગ્રેસ પક્ષના ખાસ ટેકેદારો એવા શ્રીમંત ખેડૂતોની શેહમાં તણાયા છે તે એક બીજી કમનસીબી છે. દરેક પંચવર્ષીય યોજનામાં ખેતી તેમ જ સિંચાઈ માટે કુલ ખર્ચના પાંચમા ભાગ જેટલી રકમ સામાન્ય રીતે ફાળવવામાં આવતી હોય છે. અત્યાર સુધીના આયોજનનાં વીસ વર્ષ દરમ્યાન આથી લગભગ ૬,૫૦૦ કરોડ રૂપિયા ખેતીના વિકાસ માટે ખર્ચવામાં આવ્યા છે. આટલી મોટી રકમ ખેતી અને સિંચાઈ પાછળ ખર્ચાય એમાં કાંઈ ખોટું નથી. ખેતી તો આપણા અર્થતંત્રનો પાયો છે. આ રોકાણના પરિણામે ખેતીમાંથી ઉત્પન્ન થતી વાર્ષિક આવક આજે લગભગ રૂા. ૨૦,૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આમ છતાં, આ આવકના એક ટકા જેટલી રકમ પણ કરવેરા તરીકે ઉઘરાવાતી નથી.

ખેતીમાં રોકાયેલા લોકો પાસેથી વધુ કરવેરા ઉઘરાવવા જોઈએ એ વાત સૌ સ્વીકારે છે પણ આ વાતનો અમલ કરવા કોઈ તૈયાર નથી. ભારતના બંધારણની રૂએ ખેતી ઉપર કરવેરા ઉઘરાવવાનો અધિકાર રાજ્ય સરકારોનો છે–કેન્દ્ર સરકારનો નહીં. આથી આ પ્રશ્ન વધુ ગૂંચવાય છે કારણ કે મોટા ભાગનાં રાજ્યોના પ્રધાનો અને મોટા ભાગના ધારાસભ્યો શ્રીમંત ખેડૂતો હોય છે. એટલે ખેતી પાસેથી વધુ ફાળો લેવાની વાતો સૌ કરે પણ હકીકતમાં તો દિવસે દિવસે એ ફાળો ઓછો થતો જાય છે. પરિણામે સરકારની વિકાસલક્ષી તેમ જ અન્ય પ્રવૃત્તિઓ માટે જોઈતાં નાણાં ઊભાં કરવાનો લગભગ બધો ભાર દેશની માત્ર ત્રીજા ભાગની શહેરી વસતિ ઉપર આવી પડે છે. ખેતીમાં રોકાયેલી બે-તૃતિયાંશ જેટલી વસતિ કરવેરાની જવાબદારીમાંથી સાવ બાકાત રહે છે. આ સ્થિતિ લાંબો વખત ટકી શકે નહિ.

**ટાળી શકાય તેવો દંભ**

શ્રી. ચવ્હાણના બજેટ સામે મારો મોટામાં મોટો વાંધો એ છે કે તે બે મોઢાવાળું બજેટ છે. કરવેરા દ્વારા નાણાં ઊભાં ન કરીએ તો વિકાસને રામરામ કરવા જોઈએ એ વાત હું સ્વીકારતું છું. વધુ કરવેરા સામે વિરોધ કરવાનું આર્થિક દૃષ્ટિએ તાર્કિક નથી. પણ કરવેરા એવી રીતે નાખવા ન જોઈએ કે જેને લઈને ભારતના નાગરિકોને બે જુદી જુદી લાકડીએ હાંકવામાં આવે. સાચી વાત એ છે કે આ બજેટ પ્રમાણે ભારતની પ્રજાના બે વર્ગ છે : એક વર્ગ છે મારા-તમારા જેવા શહેરી નાગરિકોનો અને બીજો છે પ્રધાનો અને શ્રીમંત ખેડૂતોનો. સમાજવાદ લાવવા માટેનો સંયમ મારે-તમારે પાળવો, પણ પ્રધાનોને એ બંધનમાંથી સાવ મુક્ત રાખવા. આમ, બે ધોરણવાળું આ બજેટ છે. શ્રી. ચવ્હાણે એમના બજેટ પ્રવચનમાં કહ્યું : "હું મક્કમપણે માનું છું કે કરવેરાનાં સાધનોનો એવી રીતે ઉપયોગ કરવો જોઈએ કે જેથી મોટા પગારો આપવાનું અશક્ય બને, કેમકે આવા પગારો સમાનતાવાદી સમાજના ધોરણો સાથે સુસંગત નથી." આમ કહી, તેમણે પગારદારો, મેનેજરો અને ધંધાદારીઓની આવકો પર ભારે કરવેરા નાખ્યા. મેનેજરોની મુસાફરીના ભથ્થા ઉપર પણ તેમણે સારો એવો કાપ મૂક્યો. ચીનમાં જોવા મળે છે તેમ, વડા પ્રધાનથી માંડી સામાન્ય મજૂર સુધીના સૌ એકસરખાં કપડાં પહેરવાનાં હોય તો શ્રી. ચવ્હાણની નીતિને આપણે હૃદયપૂર્વક વધાવી લેવી જોઈએ. શ્રી. ચવ્હાણે પ્રધાનોની ગુપ્ત સગવડો, પ્રવાસ ખર્ચાઓ વગેરે વિષે મૌન સેવી, પોતાની સમાનતાવાદની વકીલાતને એક ટાળી શકાય તેવા દંભમાં ફેરવી નાખી. થોડા સમય પહેલાં, માજી ઈન્કમટેક્સ કમિશનર શ્રી. એન. દાંડેકરે એવી ગણતરી કરી હતી કે જે પ્રધાનોને મળતાં મોટાં મકાનો, નોકરો, પટાવાળાઓ, એરકન્ડીશન્ડ ગાડીઓ, વીજળી, પાણી, ફરનિચરો અને મિજબાની-ભથ્થાંને ગણતરીમાં લઈએ તો દરેક પ્રધાનની ખરી આવક દર મહિને ૪૦ હજાર રૂપિયા જેટલી થાય છે. (હમણાં જ આપણા ઉગ્ર સમાજવાદી પ્રધાન શ્રી. બહુગુણાએ કબૂલ કર્યું કે કેટલાક પ્રધાનોનું માત્ર સ્થાનિક ટેલિફોનનું ખર્ચ મહિને ત્રણ હજારથી વધુ છે.) આમ, આપણા પ્રધાનોની આવક મોટી કંપનીના મેનેજરો કરતાં લગભગ ત્રણ ગણી છે. પ્રધાનને ૧૦ હજાર રૂપિયાની આવક થાય એ સામે મને ખરેખર કોઈ વાંધો નથી. મારો મુદ્દો એટલો છે કે આ આવક પર, મારી અને તમારી આવક પર જેટલા કરવેરા છે તેટલા કરવેરા પડવા જોઈએ.

આવી જ લહેર શ્રીમંત ખેડૂતોને છે. શ્રી. ચવ્હાણના બજેટે આ બે વર્ગને સ્પર્શ કરવાની હિંમત નથી કરી એનો અર્થ એ થયો કે આપણે ત્યાં એક નવો રાજવી વર્ગ ઊભો થઈ રહ્યો છે. એ કરતાં ય વધુ સ્ફોટક વસ્તુ એ છે કે, આવો રાજકીય દંભ કાયદો પાળતા નાગરિકના નહિ પણ નક્સલવાદીઓના હાથ મજબૂત કરે છે.

૧૧-૬-૭૧ વાડીલાલ ડગલી

## સાભાર સ્વીકાર

**આદર્શ ગૃહસ્થાશ્રમ:** લેખક: સ્વ. છોટાલાલ જીવનલાલ માસ્તર 'વિશ્વવંદ્ય'. પ્રકાશક: શ્રી દેવચંદ્રજી પ્રકાશન મંદિર - લીંબડી (સૌરાષ્ટ્ર) કિંમત રૂા. ૧-૦૦.

**ઉપાસના :** રચયિતા તથા પ્રકાશક: શ્રી બંસીલાલ કાંતિલાલ શાહ (ખંભાતવાળા) ૧૫, નવનિધાન, જૈન દેરાસરની પાસે, દોલતનગર રોડ નં. ૯, બોરીવલી - પૂર્વ મુંબઈ - ૬૬, કિંમત ૦-૯૦ પૈસા.

**આપમેળે વહેરાતાં અકસ્માત :** પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર, કિંમત ૦-૩૦.

**ભક્તકવિ શિવજીભાઈ દેવશી - મગનબાબા સ્મરણ - માધુરી :** પ્રકાશક : શ્રી શિવજીભાઈ કલ્યાણમંદિર ટ્રસ્ટ.

**ઉત્તરાધ્યયન - સૂત્ર :** એક પરિશીલન. લેખક ડૉ. સુદર્શનલાલ જૈન: પ્રકાશક: સોહનલાલ જૈન ધર્મ પ્રચારક સમિતિ, અમૃતસર, પ્રાપ્તિસ્થાન: પાર્શ્વનાથ વિદ્યાશ્રમ, શોધ સંસ્થાન, વારાણસી - ૫, કિંમત: રૂા. ૨૫-૦૦.

**શ્રીમદ્ અને ગાંધીજી :** (પ્રતિભા પરિચય): સંગ્રાહક શ્રી પુણ્યવિજયજી (જિજ્ઞાસુ), પ્રકાશક: સ્વ. નગીનદાસ ગિરધરલાલ શેઠની મિલ્કતના ટ્રસ્ટીઓ વતી શ્રી. જમનાદાસ પી. શેઠ, પ્રાપ્તિસ્થાન: ભોગીલાલ ગિરધરલાલ શેઠ, ૩૪, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, કોટ, મુંબઈ - ૧. પોસ્ટેજ ૦-૧૫.

**શ્યામ સુધારસ :** સંપાદક : શ્રી ઉજ્જવળકુમારી આર્યાજી, પ્રકાશક-પ્રાપ્તિસ્થાન: સમતાબેન મથુરાદાસ. કિંમત: વિના મૂલ્ય.

# * સ્વ. પરમાનંદભાઈની શોકસભાનો ટૂંકો અહેવાલ *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને અન્ય તેત્રીશ સંસ્થાઓના ઉપક્રમે તા. ૨૩-૪-૭૧ ના રોજ સાંજના ૬ વાગ્યે, ભારતીય વિદ્યાભવનના ગીતા હોલમાં સ્વ. પરમાનંદભાઈ કુંવરજી કાપડિયાના તાજેતરમાં નીપજેલા અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા એક જાહેર શોકસભા યોજવામાં આવી હતી ત્યારે શ્રોતાઓની હાજરીથી ગીતા હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. પ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ હતા.

સભાની શરૂઆતમાં પ્રસંગોચિત બે ભજનો ગવાયા પછી સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે મુખ્ય મુખ્ય આશ્વાસન-સંદેશાઓને લગતા પત્રોનો સાર અને બાકીના સંદેશાઓની નામાવલી વાંચી સંભળાવી હતી.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શોકસભામાં આટલા મોટા પ્રમાણમાં હાજરી ક્યારેય જોવા મળતી નથી. આ હાજરી જ તેમની લોકપ્રિયતાની પારાશીશી સમાન છે અને યુવક સંઘ, પ્રબુદ્ધ જીવન તેમ જ વ્યાખ્યાનમાળાની લોકપ્રિયતાનો સમગ્ર યશ શ્રી પરમાનંદભાઈને ફાળે જાય છે એમ કહીએ તો અતિશયોક્તિ કરી નહિ ગણાય. યુવક સંઘમાં તેમણે મને ખેંચ્યો હતો. તેઓ જન્મે વાણીક હતા પરંતુ પ્રકૃતિથી બ્રાહ્મણ હતા. બુદ્ધિગમ્ય વસ્તુ ન હોય એવી વસ્તુ તરફ તેઓ કદિ આકર્ષાતા નહિ. પોતાના જીવનમાં બુદ્ધિની ભૂમિકા ઉપર જ તેઓ ચાલતા. સમાજનો ઉત્કર્ષ કેમ થાય તેમાં જ તેમને ખાસ રસ હતો એટલે તેઓ ખરા સમાજસુધારક હતા. સમાજને આંચકા આપવામાં તેઓ માનતા હતા, પરંતુ તેમની પ્રકૃતિમાં દ્વેષ નહોતો. તેમના વિચાર, વાણી અને વર્તનમાં સૌમ્યતા હતી. ટૂંકમાં કહીએ તો તેઓ સૌજન્યમૂર્તિ હતા. જ્ઞાનગંગા વહાવવા પાછળ પોતાના જીવનના અંત સુધી સતત તેઓ પ્રયત્નશીલ રહ્યા. પરમાનંદભાઈએ મને લખતો અને બોલતો કર્યો—એ રીતે મારા ઉપર તેમનો અનહદ ઉપકાર છે."

શ્રી શાન્તિલાલ હ. શાહે કહ્યું કે "પરમાનંદભાઈ જુવાનીમાં ગાંધીજીના રંગે રંગાયા હતા. બાળદીક્ષા, અયોગ્ય દીક્ષા, વિધવા વિવાહ અને દેવદ્રવ્યના પ્રશ્ન અંગે બીજાનો ખોફ વહોરીને પણ ઘણી હિંમતથી તેઓ આગળ ચાલતા હતા. અંગત મિત્રોને પણ તેઓ તેમની ભૂલ વિષે સંયમથી પણ દૃઢપણે કહી શકતા હતા. સત્યં, શિવં, સુંદરમ્ એ તેમની દૃષ્ટિ હતી. મૈત્રી કરવાની અને તેને ટકાવી રાખવાની તેમના જેવી કળા મેં ક્યાંય જોઈ નથી."

શ્રી વાડીલાલ ડગલીએ કહ્યું કે "તેઓએ કોઈની કંઠી પહેરી નહોતી. તેઓ કંઠીમુક્ત હતા. ગમે તેવી વાત હોય પણ તેમને ગળે ઉતરે તેટલું જ તેઓ સ્વીકારે - એટલે તેઓ સ્નેહવાદપ્રિય, શાસ્ત્રવાદપ્રિય, ધર્મવાદપ્રિય હતા. તેમનામાં સૌમ્ય નિર્ભયતા હતી – તીખી નિર્ભયતા નહિ. કોઈ સાથે તેમને દ્વેષ નહોતો. ગુજરાતી ગદ્ય તેમના લખાણમાંથી ભરપૂર મળે. આવા માણસો વિરલ હોય છે."

શ્રી. કે. પી. શાહે કહ્યું કે "માણસે જીવન કેવું જીવવું અને કેવું ઘડવું તે પોતાના હાથની વાત છે અને તેનો જીવતો જાગતો પુરાવો સ્વ. પરમાનંદભાઈનું જીવન હતું. માનવીના ગુણોના તેઓ ખરા પરીક્ષક હતા."

મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈને કહ્યું કે "તેમના વિચારોમાં સરળતા, સ્પષ્ટતા અને નિખાલસતા હતી. તેમની ખોટ પુરાવી અતિ મુશ્કેલ છે. તેઓ ચન્દ્રની ચાંદની જેવા હતા. આવી જૈફ ઉંમરે પણ તેમનામાં બીલકુલ આળસ નહોતી. ગમે તે કામ માટે બોલાવો ત્યારે હસતે વદને હાજર હોય અને સાચું માર્ગદર્શન આપે. તેમની ગુણગ્રાહકતા આપણા જીવનમાં ઉતારવી જોઈએ."

શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાએ કહ્યું કે "તેઓ મારા મુરબ્બી અને વડીલ તો હતા જ પરંતુ તેઓ મારા પરમ મિત્ર હતા. મિત્રભાવે ઘણા ગહન વિષયો અવારનવાર અમારી વચ્ચે ચર્ચાતા હતા. તેમણે ભલે કોઈની કંઠી બાંધી નહોતી પરંતુ ઘણા બધાને તેમણે પોતાની કંઠી બંધાવી હતી. તેઓ સાહિત્યરસિક અને સૌંદર્યના ઉપાસક હતા અને નીડરતાની મૂર્તિ સમા હતા."

શ્રી રતિભાઈ કોઠારીએ કહ્યું "કે હું તેમના પરિચયમાં આવ્યો ત્યારે સમાજના એક બાંડ્યોર યુવકના મને તેમનામાં દર્શન થયાં. બાળદીક્ષા, વિધવા વિવાહ અને અયોગ્ય દીક્ષા અને સામાજિક અનિષ્ટોના નિવારણ માટે એ જમાનામાં જે ભોગ આપવો પડતો હતો તેની આજે તમોને કલ્પના પણ નહિ આવે - એ વખતના તેમના કાર્યનો હું સાક્ષી છું, કેમકે ત્યારે અમે ખભેખભા મિલાવીને કાર્ય કરનાર સાથીઓ હતા. આજે આપણામાં જે શિથિલતા આવી છે તે આપણે ખંખેરી નાખવી જોઈએ. તેમના રસ્તે ચાલવા માટે આપણને ઈશ્વર બળ અને પ્રેરણા આપે."

શ્રી કાંતિલાલ પારેખે કહ્યું કે "ભલે તેમને એકેય પુત્ર નહોતો પરંતુ જે કોઈ પૂછે તેને હું કહું છું કે, જેટલા સંસ્કારવાંચ્છુ યુવાનો છે તે બધા જ તેમના પુત્રો છે. તેમણે જૈન સમાજને જ નહિ પણ સમગ્ર માનવ સમાજને અમૂલ્ય એવા સંસ્કારોનું પ્રદાન કર્યું છે."

તેમના સૌથી નાના દીકરી શ્રી ગીતાબહેન પરીખે કહ્યું કે, "આવે સમયે મારે માટે બોલવું અત્યંત મુશ્કેલ છે, છતાં બોલ્યાં વગર રહેવાતું નથી" પછી એમણે ગળગળે અવાજે કહ્યું કે "કુદરતની કેવી વિચિત્રતા છે કે આ જ હોલમાં મેં ભાઈને મારા લગ્ન પ્રસંગે એક સ્વરુપે જોયેલા ... અને આજે બીજા સ્વરુપે - નિરાકાર રૂપે - જોઉં છું. જીવનનાં આ બેઉ પાસાં—હર્ષ ને શોક - ને સમભાવે સ્વીકારવાનું ભાઈના જીવન દ્વારા અમે શીખ્યા હતા. ભાઈ કદી અમને સીધો ઉપદેશ આપતા નહીં. એમનું જીવન - અને હવે એમનું મૃત્યુ જ - અમને બધું કહી રહ્યું છે. એમના મંગલ મૃત્યુને જોતાં સ્ફુરેલા કાવ્ય દ્વારા હું એમને અંજલિ આપું છું." એમ કહીને ગીતાબહેને એક સુંદર સ્વ - રચિત કાવ્ય સંભળાવ્યું જેનો મુખ્ય ભાવ હતો -

"મૃત્યુ ના જીંદગી - અંત, મૃત્યુ અમૃત મંગલ!"

છેવટે શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયાએ કહ્યું કે "તમે સૌએ આટલી મોટી સંખ્યામાં હાજર રહી અમારા કુટુમ્બી પરમાનંદભાઈને જે અંજલિ આપી છે તે અમારા માટે ચિર - સ્મરણીય બની રહેશે. અને મને તો આજના આયોજન ઉપરથી એમ લાગે છે કે તેઓ અમારા જ નહિ, પણ આપ સર્વના કુટુમ્બી હતા.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી રજુ થયેલો નીચે પ્રમાણેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો : -

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને અન્ય સંસ્થાઓના ઉપક્રમે યોજેલ આ જાહેર સભા શ્રી પરમાનંદભાઈ કુંવરજી કાપડિયાના તા. ૧૭-૪-૭૧ ને દિવસે થયેલ અચાનક અવસાન પ્રત્યે ઊંડા દુઃખ અને ખેદની લાગણી પ્રદર્શિત કરે છે.

"શ્રી પરમાનંદભાઈ મુંબઈ જૈન યુવક સંઘના પ્રણેતા હતા અને તેની પ્રવૃત્તિઓ મારફત ૪૦ વર્ષથી તેઓએ જૈન જૈનેતર સમાજમાં પ્રગતિશીલ વિચારોના પ્રવાહથી સતત જ્ઞાનગંગા વહેતી રાખી હતી. પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા તેમના વિશિષ્ઠ વ્યક્તિત્વથી લોકપ્રિય અને પર્વ સમાન બન્યા હતા. શ્રી પરમાનંદભાઈ સૌજન્યમૂર્તિ, સહૃદયી અને ઉદાર હતા. તેઓ સત્યનિષ્ઠ અને નીડર પત્રકાર હતા, રાષ્ટ્રપ્રેમી હતા અને આઝાદીની લડતમાં તેમણે જેલ ભોગવી હતી.

"તેમના અવસાનથી જે ખોટ પડી છે તે પુરી શકાય તેમ નથી.

'આ સભા તેમના કુટુંબીજનો પ્રત્યે પોતાની હાર્દિક સહાનુભૂતિ દાખવે છે અને શ્રી પરમાનંદભાઈના આત્માને ચિરશાન્તિ પ્રાર્થે છે."

ત્યારબાદ હાજર રહેલ સૌ ભાઈબહેનોએ બે મિનિટ ઊભા રહીને મૌન પાળ્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

# કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજનના નવા મકાનનો ઉદ્‌ઘાટન સમારંભ

સોમવાર તા. ૧૭ મી મેના રોજ ઉપરોકત સંસ્થાની મહાજનવાડીના ભવ્ય મકાનનો ઉદ્‌ઘાટન સમારોહ ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભના પ્રમુખ જૈન સમાજના આગેવાન શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ હતા અને ઉદ્‌ઘાટક કચ્છી સમાજના અગ્રગણ્ય કાર્યકર નેતા શ્રી ખીમજી માડણ ભુજપુરીયા હતા અને મુખ્ય મહેમાન તરીકે કચ્છી સમાજના ગાંધીવાદી વૃદ્ધ આગેવાન અને જેમને કચ્છી સમાજમાં કેળવણીનાં બીજ રોપનાર કહી શકાય એવા શ્રી વેલજી ભાઈ લખમશી નપ્પુ હતા.

ચીંચબંદર જેવા ગીચ લત્તામાં રૂપિયા ત્રેવીશ લાખને ખર્ચે બંધાયેલ આ ભવ્ય ઈમારતનો, આપણાં દેશી રાજ્યોના રાજ્યમહેલ જેવો રૂઆબ લાગે છે, અને એના ઉદ્‌ઘાટન સમારંભે પણ જાણે કોઈ દેશી રજવાડાને ત્યાં લગ્નોત્સવ હોય એવી ભવ્યતા સર્જી હતી. પ્રવેશદ્વારે ઢોલ, - નગારાના અવાજથી મહેમાનોનું સ્વાગત થતું હતું. મકાનની આખી રચના તથા વિશાળ હોલની રચનાનું આયોજન પણ ધ્યાનાકર્ષક કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં બીજી વિશિષ્ટતા એ જોવા મળી કે કચ્છની જે પ્રણાલી છે તે પ્રમાણે આ દિવસે પણ જાણે તેમને ત્યાં મોંઘેરા મહેમાનો પધાર્યા હોય એવો તેમનામાંના દરેકના દિલમાં ઉત્સાહ જોવા મળ્યો. પોતાના આગેવાનોમાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ અને તેના પ્રત્યે અંતરની આદરભરી લાગણી દર્શાવવાની વિશિષ્ટતા પણ આ સમારંભમાં જોવા મળી. આટલી મોટી રકમ ભેગી કરવામાં પણ બહુ મુશ્કેલી નથી પડી, જ્યાં જઈએ ત્યાંથી આવકાર મળે અને પ્રેમ સાથેનું ઉદાર દાન મળે - એવો અનુભવ તેમના કાર્યકરોએ કહ્યો.

આ વાડીમાં પહેલે માળે વિશાળ હોલ છે તેનો ઉપયોગ દરેક જાતના સમારંભો માટે કરવાનું વિચારાયું છે, જેથી આવકનું નિયમિત સાધન બની રહે. બીજે માળ હોલ સાથે સંલગ્ન છે. ત્રીજા માળે મહિલા ઉદ્યોગગૃહ, તબીબી સહાય અને એવા અન્ય વિભાગો શરૂ થવાના છે. ચોથે અને પાંચમે માળે ૭૬ જેટલી રૂમો બાંધવામાં આવી છે, જેનો ઉપયોગ અતિથિગૃહ તરીકે એટલે કચ્છમાંથી તેમ જ ભારતના કોઈ પણ અન્ય ભાગમાંથી આવેલ કુટુંબોને થોડા સમય સુધી મુંબઈમાં રહેવાની સગવડ આપવા માટે કરવાનો છે. ભોંયતળીયાની દુકાનો તો પ્રથમથી ભાડે અપાયલી છે જ.

કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન કચ્છી જૈન સમાજની એક આગેવાન સંસ્થા છે, જેની મારફત - માંડવી, લાલવાડી, ઘાટકોપર વિગેરે સ્થળોએ અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલે છે. સંસ્થાદ્વારા રૂપિયા પંદર લાખના ખર્ચે બંધાયેલ, કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન હાઈસ્કૂલ અને ૧૯૦૪ માં સ્થપાયેલ માનુશ્રી પુરબાઈ કન્યાશાળામાં આજે બે હજાર વિદ્યાર્થી - વિદ્યાર્થીનિઓ શિક્ષણ લે છે. અહિં નાત - જાત અથવા કોમી કે સાંપ્રદાયિક કોઈ ભેદ રાખવામાં આવેલ નથી.

કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી મહાજનની સ્થાપના ૧૮૭૫ માં થઈ અને લગભગ એ જ અરસામાં કચ્છી સ્થાનકવાસી જૈન મહાજનની પણ સ્થાપના થઈ હતી. સ્થાનકવાસી મહાજને પણ સને ૧૯૫૩-૫૬ ના વર્ષો દરમિયાન ચીંચપોકલી ખાતે જગ્યા ખરીદીને મહાજનવાડી બાંધી છે અને એ કામને બીજું નવું બાંધકામ કરીને તેઓ પણ વિકસાવવાના છે. આમ ફકત ધાર્મિક વિચારસરણીના પાયા પર અલગ અલગ રચવામાં આવેલ આ બન્ને સંસ્થાઓએ આજે સામાજિક અને વ્યવહારિક અને લગ્નાદિ બાબતોમાં પણ એક જ્ઞાતિ તરીકેનો વ્યવહાર ચાલુ રાખ્યો છે.

કચ્છી જૈન સમાજના નસીબે તેમને વેલજીભાઈ જેવા અને ખીમજીભાઈ જેવા આગેવાનો મળ્યા છે અને તેઓ અનેક જૈન જૈનેતર તેમ જ રાજકારણીય સંસ્થાઓ સાથે સંકળાયેલા હોઈ તેમની રચનાત્મક કામ અંગેની વિશાળ દૃષ્ટિનો આ સમાજને પણ લાભ મળ્યો છે અને શૈક્ષણિક ક્ષેત્રે પછાત ગણાતી કચ્છી કોમ પણ આજે પોતાની કોમનાં ડૉકટરો, વકીલો, ન્હાતકો, એન્જિનિયરો, શિક્ષણકારો અને ઉદ્યોગપતિઓ પેદા કરી શકવાને ભાગ્યશાળી બની છે.

ઉપરની એકતાની વાતને અનુલક્ષીને સમારંભના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રમુખસ્થાનેથી કહ્યું હતું કે, ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં તમારી સંસ્થા જે ઉત્તમ કાર્ય કરી રહી છે તે માટે તમોને જેટલાં અભિનંદન આપું તેટલા ઓછાં છે. પરંતુ હવે સમય ઝડપભેર પલટાઈ રહ્યો છે અને જો તેની સાથે આપણે ડગ નહિ માંડીએ તો આપણે બહુ પાછળ રહી જવાનો વારો આવશે. માટે મારી વિનંતિ છે કે આ ઉપરાંત હવે એક કામ કરવાની જરૂર છે કે ફકત સ્થાનકવાસી કે દેરાવાસી કે માત્ર કચ્છી પણ નહિ, પરંતુ સમસ્ત જૈન સમાજની કોઈ પણ સંસ્થાના વિકાસ માટે અથવા બીજા કાર્યો માટે બધાયે સાથે મળીને કામ કરવું પડશે. અને એમ કરીને આખા જૈન સમાજની એકતા ઊભી કરવા માટે ભગીરથ પ્રયત્નો કરવા એ ખાસ જરૂરી છે. સ્થાનકવાસીની સંસ્થાને સ્થાનકવાસીઓ, દેરાવાસીને દેરાવાસીઓ, દીગંબરને દીગંબરો તો લાખો રૂપિયા આજે આપે જ છે, પરંતુ જે સમગ્ર જૈન સમાજની સંયુકત સંસ્થાઓ છે તેની સાથે આપણું વર્તન હંમેશાં ઓરમાયું રહ્યું છે તેમ હવે ન બનવું જોઈએ.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે સમગ્ર જૈન સમાજની એકતા તો આવશ્યક છે જ, પરંતુ જૈન સમાજે અન્ય સમાજોના ગાઢ સંપર્કમાં રહેવાની પણ એટલી જ જરૂર છે. જેમકે ખીમજીભાઈ તથા સ્વ. જીવરાજભાઈએ બોમ્બે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થામાં પોતાની સેવાઓ આપી એથી અન્ય સમાજો સાથેનો પણ તેમનો સંપર્ક ગાઢ રહ્યો અને તેમનો એટલો પરિચય વધ્યો. આ તેમના વિશાળ સંપર્કનો અને પરિચયનો લાભ પણ અન્ય અનેક રીતે તમારા સમાજને મળ્યો હશે! હું મારી જ વાત કરું, હું ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર ચલાવું છું, તેમાં જૈનેતરો તરફથી પણ દાનનો પ્રવાહ વહે છે અને એ કારણે આજ સુધીમાં ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર દુષ્કાળો તેમજ અતિવૃષ્ટિ તેમ જ ભૂકંપની આપત્તિમાં સપડાયેલા માનવીઓ માટે રૂપિયા પંદર લાખનું ખર્ચ કરી શકયું છે.

સંસ્થાની આવી એકતા માટે, આવા મોટા આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે કચ્છી જૈન સમાજના બંને ફીરકાઓના આગેવાનો આપણાં અભિનંદનનાં અધિકારી બને છે.

**શાન્તિલાલ ટી. શેઠ**

## * શ્રદ્ધા *

માનવજીવનના વિકાસમાં શ્રદ્ધા ઘણું જ અગત્યનું તત્વ છે. શ્રદ્ધા વિના માનવ કોઈપણ જાતની પ્રગતિ સિદ્ધ ન કરી શકે. માણસ ગમે તેટલો નાસ્તિક હોય તો પણ કથાકમાં તો શ્રદ્ધા રાખતો જ હોય છે. આધુનિક યુગનો માનવ કદાચ પ્રભુમાં શ્રધ્ધા ન ધરાવતો હોય તોય વિજ્ઞાનમાં તો શ્રદ્ધા રાખતો જ હશે. શ્રદ્ધા વિના કશું જ પ્રાપ્ત થઈ શકતું નથી.

શ્રદ્ધા એ આપણી સ્થાયી તેમ જ વફાદાર સહચરી છે. એ જ આપણને પ્રતિકૂળ સંજોગોમાં આધારરૂપ બને છે. ઘોર નિરાશા અને અંધારામાં એ આપણને સહાય કરે છે. આપણી સત્તા (being)ને ધીરજ અને સાંત્વન આપીને દુ:ખમાંથી ઉગારે છે. જ્યારે આપણે નિરાશારૂપ અંધકારથી ઘેરાઈ ગયા હોઈએ છીએ ત્યારે આપણા અંતરમાં એનો ધીમો સાદ ઉઠે છે અને જીવનની વિષમતા સામે ઝઝૂમવાનું નવું બળ અર્પે છે.

આપણા જીવનનું લક્ષ્ય નક્કી કરનાર પણ શ્રદ્ધા જ છે. એ જ આપણી સમગ્ર પ્રવૃત્તિની શાસક તેમ જ દર્શક બની રહે,

માન્યતા, વિચારો અને કાર્યોદ્વારા આપણા ચારિત્ર્યને ઘડે છે. यादशी भावना यस्य सिद्धिर्भवति तादशी। જેવી જેની ભાવના તેવી તેની સિદ્ધિ. તિલક મહારાજને સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા હતી અને એટલે જ તો આત્મશ્રદ્ધાના બળે કેટકેટલી યાતના સહી શક્યા. પૂજ્ય ગાંધીજીને અહિંસા તેમ જ સત્યમાં શ્રદ્ધા હતી અને એ શ્રદ્ધા જ એમના જીવનનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે મોટામાં મોટો આધાર બની શકી. અનેક મહાપુરુષોના દૃઢ સંકલ્પોની ભીતરમાં આત્મશ્રદ્ધા જ રહેલી હોય છે અને એ શ્રદ્ધાદીપની જ્યોતને અજવાળે જ જીવનમાં આગળ વધતા હોય છે.

ગમે તેવા દુઃખમાં પણ એ શ્રદ્ધા આશા, આનંદ અને શાન્તિ પ્રગટાવે છે. પુષ્પ કરતાં પણ એની સુવાસ વધુ મધુર છે. માનવજીવનની સફરમાં એ ધ્રુવતારકરૂપે માર્ગદર્શક બને છે, અને નિરાશારૂપી આંધિમાં અટવાઈ પડતાં એ ઉગારી લે છે. શૌર્ય, શકિત, સાધુતા, જોમ, આત્મવિશ્વાસ અને હિંમત--એ સર્વ શ્રદ્ધાના જ વિવિધ પાસા છે.

અધ્યાત્મજીવનના વિકાસમાં પણ શ્રદ્ધા જ પ્રથમ સોપાન બને છે. શ્રદ્ધા ગુરુ બનીને સાધકને આગળ આગળ દોરે છે. આપણી શ્રદ્ધા જ પર રહેલા જ્ઞાનના રહસ્યમય અજ્ઞાત ક્ષિતિજનાં દ્વારો ખોલી આપે છે. સમાજને સુન્દર બનાવનાર નીતિ, ધર્મ અને તત્વજ્ઞાન પણ એમાંથી જ બળ પ્રાપ્ત કરે છે. જ્યારે આપણે કોઈમાં પણ શ્રદ્ધા રાખીએ છીએ ત્યારે ખરેખર તો આપણે પ્રભુને જ પૂજતા હોઈએ છીએ. શ્રદ્ધા જ આપણને અંતિમ સત્ય સાથે સાંકળે છે. આત્મશ્રદ્ધા એ તો મોટામાં મોટું ઈશ્વરદત્ત વરદાન છે.

સ્વામી વિવેકાનંદ આત્મશ્રદ્ધાના પૂરા ઉપાસક હતા અને એમણે યોગ્ય જ કહ્યું છે: "માનવજાતના સારા ય ઈતિહાસમાં પુરુષોના જીવનમાં જો કોઇ પણ શકિત બળવાન હોય તો તે આત્મશ્રદ્ધા જ છે. મહાન બનવાની ભાવના સાથે જન્મીને જ તેઓ મહાન બન્યા હોય છે." શ્રદ્ધાનો સહારો જ સૌથી વધુ બળવાન છે.

**માલતી ખાંડવાળા**

## * શ્રદ્ધાંજલિ *

ઋષિકેશ, દેવપ્રયાગ અને બદરીનાથની હિમાલયની યાત્રામાં સ્વનામધન્ય, અજાતશત્રુ ભાઈશ્રી પરમાનંદભાઈ સાથે રહેવાનો સુયોગ મને પ્રાપ્ત થયેલ. એ વખતે તેમને નજીકથી જોવાનો મને મોકો મળ્યો. તેમનામાં ચિન્તનની ગંભીરતા, વિચારોની શ્રેષ્ઠતા, રાષ્ટ્રભકિત, ગરીબો પ્રત્યે કરુણાભાવ-આવા અનેક નૈસર્ગિક ગુણો હતા. હિમાલય પ્રત્યેની તેમની અગાધ નિષ્ઠાના કારણે, તેઓ કહેતા હતા हिमालया नाम नगाधिराजः તેમના જીવનમાં એક એવી ધારણા હતી કે ગંગાના પવિત્ર સ્ત્રોતની નજીક હિમાલયમાં જ જીવનની અંતિમ સ્થિતિ આવે. આવી ચર્ચા તેઓ અવારનવાર મારી સાથે કરતા હતા. તેમના એકાએક થયેલા અવસાનના કારણે મને અને--અમારી હિમાલય એસ્ટ્રોલોજિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ-દેવ પ્રયાગ સંસ્થાને જબરજસ્ત આઘાત લાગ્યો છે. એમના દ્વારા અમારા વિચારોને ખૂબ પોષણ મળતું રહેતું. તેઓ જેનું સંપાદન કરતા હતા તે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અમે ખરેખર પ્રબુદ્ધ બની રહ્યા હતા. એમની ગેરહાજરી અમને જીવન પર્યંત ખટકશે, એ જીવન્મુલ મહાપુરૂષ હતા. પરમાત્મા તેમના પવિત્ર આત્માને શાંન્તિ અને તેમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના.

**આચાર્ય પંડિત ચક્રધર જોશી, બદરીનાથ.**

## સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાં આજ સુધીમાં ભરાયેલી રકમો

સ્મારક ફાળાનું લક્ષ્યાંક અઢી લાખ રૂપિયાનું રાખેલું છે. શ્રી પરમાનંદભાઈનો વિશાળ મિત્રસમુદાય અને પ્રશંસક વર્ગ જોતાં આટલી રકમ ભેગી થવી મુશ્કેલ હોવી ન જોઈએ. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો, વ્યાખ્યાનમાળાના સુજ્ઞ શ્રોતાઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના શુભેચ્છકો અને બીજા મિત્રો દરેકે પોતાનો યથાશકિત ફાળો આપવો જોઈએ. દરેક ભાઈ-બહેનને આગ્રહપૂર્વક મારી વિનંતિ છે કે ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે પણ પોતાનો ફાળો વિનાવિલંબે મોકલાવી આપી શ્રી પરમાનંદભાઈ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરે અને તેમને અનુરૂપ સ્મારક રચવામાં સહાયભૂત બને.

લિ. **ચીમનલાલ ચકુભાઈ**
પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ વતી

| | |
|---|---|
| ૯૮,૪૫૨/- | અગાઉ પ્રગટ થયેલી રકમો |
| ૨,૫૦૧/- | શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન |
| ૧,૦૦૧/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૧,૦૦૧/- | શ્રી નાણાવટી ચેરીટી ફેમિલી ફંડ |
| ૧,૦૦૧/- | શ્રી કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી |
| ૧,૦૦૧/- | શ્રી અરજણ એન્ડ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ |
| ૧,૦૦૧/- | શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયા |
| ૧,૦૦૧/- | શ્રી શાદિલાલજી જૈન |
| ૧,૦૦૧/- | શ્રી મિતાક્ષરાબહેન પ્રકાશભાઈ ગાંધી |
| ૧,૦૦૧/- | શેઠ મથુરાદાસ મંગળદાસ પારેખ અને બીસીસ સરલાદેવી મથુરાદાસ પારેખ ટ્રસ્ટ |
| ૧,૦૦૦/- | શ્રી કાંતિલાલ છોટાલાલ ઝવેરી |
| ૧,૦૦૦/- | શ્રી લાલભાઈ દલપતભાઈ ચેરીટી ટ્રસ્ટ |
| ૫૦૧/- | શ્રી એમ. એન. દોશી ચેરીટી ટ્રસ્ટ |
| ૫૦૧/- | શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી |
| ૫૦૧/- | શ્રી બાલકૃષ્ણભાઈ તથા ગુણવંતીબહેન ગાંધી |
| ૫૦૧/- | શ્રી અલ્પના ગાંધી અને શ્રી દિનેશ ગાંધી |
| ૫૦૧/- | શ્રી મુગટભાઈ વોરા |
| ૫૦૧/- | શ્રી રસિકલાલ નારેચાણીઆ |
| ૫૦૧/- | શ્રી રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું. |
| ૫,૨૦૩/- | પાંચસોથી નીચેની રકમો |
| ૧,૧૯,૬૭૧/- | |

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સર્વોદય સંમેલન એક સમાલોચના : | ચીમનલાલ ચકુભાઈ | ૬૫ |
| બૂંદ સમાની સબદમેં | લીના મંગળદાસ | ૬૬ |
| પ્રકીર્ણ નોંધ : ગુજરાતનું રાજકારણ, બંગલા દેશ, રૂપિયા ૬૦ લાખની ભેદી કહાણી, બજેટ, શ્રી લાલદાસ જમનાદાસ વોરા, શ્રી ઘનશ્યામભાઈ ઓઝા. | ચીમનલાલ ચકુભાઈ | ૬૮ |
| ચૂંટણી થઈ ગઈ : હવે શું ? | સંકલન : સુબોધભાઈ એમ. શાહ | ૬૯ |
| બે ઘોરણવાળું બજેટ | વાડીલાલ ડગલી | ૭૨ |
| સ્વ. પરમાનંદભાઈની શોક સભાનો ટૂંકો અહેવાલ. | સંકલન : શાંતિલાલ ટી. શેઠ | ૭૪ |
| કચ્છી વિશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજનના નવા મકાનનો ઉદ્‌ઘાટન સમારંભ | શાંતિલાલ ટી. શેઠ | ૭૫ |
| શ્રદ્ધા | માલતી ખાંડવાળા | ૭૫ |
| શ્રદ્ધાંજલિ | પંડિત ચક્રધર જોષી | ૭૬ |


માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ જુલાઇ ૧, ૧૯૭૧ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પ્રકીર્ણ નોંધ

**પંજાબ**

બાદલ પ્રધાનમંડળનું પતન થયું અને રાષ્ટ્રપતિનું શાસન આવ્યું. અકાલીદળની આંતરિક ફાટફૂટનું આ પરિણામ છે. દેશના ભાગલા પછી ભાંગી ગયેલું પંજાબ સમૃદ્ધ થયું છે, ત્યારે તેના રાજકારણનો ગંદવાડ વધતો રહ્યો છે. પંજાબનું પણ વિભાજન થઈ હરિયાણા છૂટું પડયું છતાં પંજાબમાં સ્થિરતા આવવાને બદલે અસ્થિરતા વધી. પંજાબનું દુર્ભાગ્ય છે કે ત્યાં ધર્મને નામે રાજકારણ શુદ્ધ થવાને બદલે, ખટપટ વધી. શિરોમણી અકાલી દળમાં રાજકીય ક્ષેત્રે હોય તે કરતાં પણ સત્તાની ખેંચતાણ વધારે છે. પહેલાં માસ્તર તારાસિંગ અને પછી સંત ફત્તેસિંગ, ધર્મસ્થાનો મારફત રાજસત્તાનો દોર હાથ કરવા પ્રયત્ન કરે છે. ગુરૂદ્વારોની અઢળક મિલકત અને વહીવટનો કબજો કરવા સંઘર્ષ સતત રહે છે. સંત ફતેસિંગ King maker થવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. શરૂઆતમાં ગુરનામસિંગને ટેકો આપ્યો. તેના ઉપર રોષ ઊતર્યો ત્યારે તેને કાઢી બાદલને મૂકયા. ગુરનામસિંગ સંતને શરણે ગયા. ફરી પાછા ૧૭ સભ્યો સાથે છૂટા પડયા. તેથી અકાલી દળની બહુમતી જતાં બાદલે રાજીનામું આપ્યું અને ધારાસભા વિસર્જન કરવાની ગવર્નરને સલાહ આપી. ગવર્નર પવાટેએ કોઈક ઊતાવળથી ધારાસભા વિસર્જન કરી, રાષ્ટ્રપતિ-શાસનની ભલામણ કરી. કેન્દ્ર સરકારને આ ભલામણ સ્વીકાર્યા સિવાય કોઈ માર્ગ ન હતો. ગવર્નરે ઉતાવળ કરી તે ખરું છે. બંધારણીય માર્ગ પ્રમાણે બીજો કોઈ પક્ષ પ્રધાનમંડળની રચના કરી શકે તેમ છે કે નહિ તેનો પ્રયત્ન કરવો જોઈતો હતો. શાસક કૉંગ્રેસ ગુરનામસિંગને ટેકો આપવા તૈયાર હતી. સત્તા પર આવવા ટાંપી રહ્યા હતા. ગવર્નરે ઉતાવળ કરી પણ ખોટું નથી કર્યું. બિહારમાં ભોલાપાસવાનના પ્રધાનમંડળ જેવું થાત. ખરી રીતે શ્રીમન્નારાયણની પેઠે ગવર્નર પવાટેએ શાસકકૉંગ્રેસને નામોશીમાંથી બચાવી લીધી છે. પાટલી બદલુઓ પર આધારિત અસ્થિર રાજતંત્ર શાપરૂપ છે. ગુરનામસિંગે કરેલ નિવેદન આનો પુરાવો છે. તેમણે કહ્યું છે:

We cannot watch passively when wicked and incompetent men are destroying the belief and achievements which have been brought through ages and sacrifices. Punjab is today gripped with unprec dented crisis, which is a reflection of the lowest ebb that the political life as well as the economic situation in the state has reached. Corruption and nepotism have become the order of the day."

**ગુજરાત**

ગુજરાતમાં - તેમાં સૌરાષ્ટ્ર, કચ્છનો સમાવેશ કરું છું - જે બની રહ્યું છે તેથી ગુજરાતના કોઈપણ હિતચિંતકને ચિંતા અને દુઃખ થયા વિના ન રહે. ગુજરાતનું પરમ સદ્‌ભાગ્ય હતું કે ગાંધીજી અને સરદાર ઉપર સમસ્ત દેશની જવાબદારી હોવા છતાં, ગુજરાતના જાહેરજીવનને પોતાની પ્રેરણા અને માર્ગદર્શનથી સીંચ્યા અને દેશમાં ગૌરવ લઈ શકે એવું ગુજરાતે સ્થાન પ્રાપ્ત કર્યું. સરદાર પછી શ્રી મોરારજીભાઈએ ગુજરાતની આગેવાની લીધી. તે વાતને ૨૦ વર્ષ થયા. મોરારજીભાઈ ઘણાં શકિતશાળી વ્યકિત છે. પણ સત્તાના બધા સૂત્રો પોતાના હાથ રાખ્યા, સબળ સાથીદારો ઊભા ન કર્યા અને હતા અથવા થાય તેવા હતા તેમને દૂર કર્યા અથવા નિષ્ક્રિય બનાવ્યા. સંજોગવશાત, તેમનું પોતાનું સ્થાન નિર્બળ થયું ત્યારે ગુજરાતના જાહેરજીવનની બધી નિર્બળતા તરી આવી. કૉંગ્રેસના વિભાજન પછી સંસ્થાકૉંગ્રેસને મજબૂત કરવા જે પ્રયત્નો કર્યા તે નિષ્ફળ ગયા અથવા તેના વિપરીત પરિણામો આવ્યા. હવે સંસ્થાકૉંગ્રેસનું કોઈ ભાવિ રહ્યું નથી. ડૂબતા નાવને બધા છોડી જાય તેમ વર્ષોજૂના સાથીઓ છૂટા થાય છે. રહ્યા છે તે ભારે વિમાસણમાં છે. મોરારજીભાઈ માટે બીજા કોઈ પક્ષમાં જોડાવું શકય નથી. પણ મોરારજીભાઈ આ સાથીઓને છૂટા કરે અને તેમની ઈચ્છા મુજબ નિર્ણય કરવા દે તો મોરારજીભાઈ પોતે પણ મુકિત અનુભવશે અને છિન્નભિન્ન થયેલું ગુજરાતનું જાહેરજીવન કાંઈક થાળે પડશે. વર્ષો સુધી ભાઈ ભાઈ થઈ સાથે કામ કર્યું છે તેવાઓને પરસ્પરનો વિરોધ કરવો પડે તે અતિ દુઃખદ સ્થિતિ છે, ખાસકરીને ગુજરાત માટે. સંસ્થાકૉંગ્રેસ નામની રહી છે તો શાસક કૉંગ્રેસના હાલ પણ કાંઈ સારા નથી. દિલ્હીમાં જે નાટક હમણાં ભજવાયું તેમાં Bankruptcy of leadership and even of moral fibre ઉઘાડી પડી. શાસકકૉંગ્રેસે પાયામાંથી ચણતર કરવાનું છે. દિલ્હીની હકૂમત નીચે સુબેદારી જ કરવાની હોય તો સુબાઓ બદલાતા રહેશે. સાથે મળીને, ગુજરાતા હિતમાં, એકલોહીથી કામ કરવાની ભાવના નહિ જાગે તો પ્રજાનો વિશ્વાસ મેળવી શકવાના નથી. ચૂંટણીમાં પણ અસ્થિરતા જ રહેશે. ઊગતો સૂર્ય પૂજાય તેમ શાસક કૉંગ્રેસના નાવમાં બેસવા ઘણાં દોડાદોડી કરી રહ્યા છે. સંખ્યાજ વધારવાના મોહમાં ન પડતાં, કાંઈક નિષ્ઠાનું ધોરણ નહિ રખાય તો પરિણામ સારું આવવાનું નથી. રાજપૂત મતો કે પટેલ મતો કે બીજા કોઈ કોમી કે વર્ગીય મતોની પાછળ જ ન લોભાતા, શાસક કૉંગ્રેસની નીતિમાં શ્રદ્ધા હોય તેવાઓને સ્થાન મળે તે જોવાનું રહેશે. પ્રજાની સદ્‌બુદ્ધિ અને અંતરસૂઝમાં વિશ્વાસ રાખી, ગમે તે રીતે મત મેળવી આપવાનો દાવો કરતા ધરાર પટેલ થઈ પડેલાઓને જવા દઈ, ગુજરાતના જાહેરજીવનને શુદ્ધ કરવાની શાસક કૉંગ્રેસને તક મળી છે. ગુજરાત કરી શકે તેમ છે. શ્રી. રતુભાઈ અદાણી નિષ્ઠાવાન કસાયેલ સેવક છે. તેમનું કાર્ય વિકટ છે, પણ અશકય નથી. હિમતથી અને પરિણામોની બહુ ચિંતા કર્યા વિના, સાધનશુદ્ધિ જાળવવા પ્રયત્ન કરશે તો નિષ્ફળતા નહિ મળે. તેમના આ કાર્યમાં આપણા સૌની શુભકામના છે.

**સમાજવાદી પક્ષોનું જોડાણ**

લાંબા સમયની વાટાઘાટો પછી, પ્રજાસમાજવાદી પક્ષ અને સંયુક્ત સમાજવાદી પક્ષનું જોડાણ થયું તે આવકારદાયક પગલું છે. બન્ને પક્ષો લોકશાહી સમાજવાદમાં શ્રદ્ધા રાખે છે. સામ્યવાદ, કોમવાદ, અને સ્થાપિતહિતોના વિરોધી છે. નેહરુના નેતૃત્વ નીચે કોંગ્રેસ સમાજવાદી હોવાનો દાવો કરતી હતી પણ તે દિશામાં અસરકારક પગલાં ભરતી ન હતી, ત્યારે પ્રજાસમાજવાદી પક્ષની સ્થાપના થઈ. કોંગ્રેસના સાચા વિરોધપક્ષ તરીકે આ પક્ષ વિકસી શકત. પણ તેનું એ દુર્ભાગ્ય રહ્યું છે કે જે આગેવાનો તેને સબળ બનાવી શકત તે આ પક્ષને છોડતા ગયા. જયપ્રકાશ નારાયણ, આચાર્ય કૃપલાની, અશોક મહેતા, વગેરેએ પક્ષને છોડી દીધો. છતાં આ પક્ષ કાંઈક નિષ્ઠાવાન રહ્યો છે. સંયુક્ત સમાજવાદી પક્ષની સ્થાપના ડૉ. લોહિયાએ કરી પણ તેના પાયામાં કોંગ્રેસ અને નેહરુકુટુંબનો એટલો વિરોધ પડયો હતો કે કોઈ વિધાયક નીતિ તે પક્ષ દાખવી ન શકયો. તેમાં કેટલાક તોફાની તત્ત્વો દાખલ થયા. પણ શ્રી એસ. એમ. જોશી જેવી નિષ્ઠાવાન વ્યકિતઓ પણ તેમાં છે, જે રાજનારાયણ કે મધુ લીમયેના નાટકી દેખાવોથી નારાજ છે. પ્રજાસમાજવાદી પક્ષના પ્રમુખ શ્રી. ગોરે પણ સન્નિષ્ઠ વ્યકિત છે. શાસક કોંગ્રેસ સમાજવાદી દિશામાં ઝડપથી ગતિ કરવાની અપેક્ષા રાખે છે પણ શાસક કોંગ્રેસમાં જે તત્ત્વો છે તે બધા એકમતના નથી. જૂની કોંગ્રેસનો શંભુમેળો શાસક કોંગ્રેસમાં ભેગો થયો છે. શાસક કોંગ્રેસ નિષ્ફળ જાય તો પ્રજાએ સામ્યવાદ અથવા જનસંઘ ઉપર જ આધાર રાખવો ન પડે પણ વિકલ્પે, લોકશાહીમાં અને સમાજવાદમાં સાચી શ્રદ્ધા રાખતો બીજો સબળ રાજકીય પક્ષ હોય તે પ્રજાના હિતમાં છે. એ દૃષ્ટિએ આ બે પક્ષોનું જોડાણ શુભચિહ્ન છે.

**તામિલનાડુ અને દારૂબંધી**

તામિલનાડુના મુખ્ય મંત્રી શ્રી કરુણાનિધિએ હમણાં બજેટ રજૂ કરતાં જાહેર કર્યું છે કે રાજ્યમાં દારૂબંધીનો અમલ "મોકુફ" રાખવામાં આવશે. દારૂબંધી કોંગ્રેસની પાયાની નીતિ રહી છે. બંધારણમાં રાજ્યનીતિના નિદર્શક સિદ્ધાંતોમાં દારૂબંધીને રાજ્યની ફરજ ગણવામાં આવી છે. મદ્રાસ રાજ્યમાં શ્રી. રાજાજી ૧૯૫૬માં મુખ્યમંત્રી થયા ત્યારે તેમણે શરૂઆતમાં મર્યાદિત અને પછી પૂર્ણ દારૂબંધી દાખલ કરી. હવે દેશના લગભગ બધા રાજ્યો એક પછી એક દારૂબંધી છોડતા જાય છે. તેમ કરવા માટેના કારણો જાણીતા છે. ગેરકાયદે દારૂ વિશાળ પાયા ઉપર બને છે. એક "ગૃહ ઉદ્યોગ" જેવું થઈ પડયું છે. રાજ્ય મોટી આવક ગુમાવે છે. લાંચરૂશ્વત વધી છે. ગુનાઓ વધ્યા છે.

હકીકતમાં માત્ર કાયદાના જોરે દારૂબંધી કોઈ દિવસ સફળ ન થાય. તેને સફળ બનાવવા પ્રજામત કેળવવો, નિર્દોષ આનંદ માટે બીજા સાધનો ઊભા કરવા, વગેરે ઘણું કરવાનું રહે છે. પણ પાયાની વસ્તુ એ છે કે જેને આ નીતિનો અમલ કરવો છે તેમને તેમાં અખૂટ શ્રદ્ધા હોવી જોઈએ. તેનો સર્વથા અભાવ છે. પરિણામે દારૂબંધી એક ક્રૂર મશ્કરી રૂપે રહી છે. પ્રધાનોને શ્રદ્ધા નથી, ન્યાયાધિશોને નથી, પોલીસને નથી, તેમાંના ઘણાં દારૂના વ્યસની હોય છે. નામની દારૂબંધી રાખવામાં સ્થાપિત હીતો ઊભા થયા છે અને કેટલાય વર્ગોને આવકનું મોટું સાધન થયું છે.

મદિરાનું વ્યસન માણસ માટે નવું નથી. તેના ભયંકર પરિણામોથી માણસ અજાણ નથી. પણ માનવી આ વ્યસન સહેલાઈથી છોડતો નથી. દારૂના વ્યસનથી સર્વતોમુખી બરબાદી થાય છે, તે માણસ જુવે છે, અનુભવે છે પણ માણસ તેનો ગુલામ છે. આ વ્યસનથી બીજા ઘણાં અનિષ્ટો આવે છે. માંસાહાર, વ્યભિચાર, ચોરી જૂઠ્ઠાણું વગેરે અનેક ગુનાઓ, આર્થિક ખુવારી, શારીરિક વ્યાધિઓ, કુટુંબકલેશ, બુદ્ધિ ભ્રંશ અને છેવટે વિનાશ. આ બધું જાણવા છતાં, ગરીબ અને તવંગર, સ્ત્રી અને પુરુષ, શિક્ષિત કે અભણ, બધા આ દૈત્યનો ભોગ બને છે. આ વ્યસનનો બચાવ કરવા દલીલો થાય છે. મર્યાદિત પીવાથી નુકસાન નથી, ઉત્તેજના આવે છે, આરોગ્ય માટે જરૂરી છે, થાક ઊતરે છે, સ્ફૂર્તિ રહે છે વગેરે. પોતાની જાતને છેતરવામાં માણસ ઘણો કુશળ છે. કોઈ વખત મનને એમ થઈ જાય છે કે માણસ કોઈ દિવસ સુધરવાનો ખરો? શું આ બધું આરણ્યરૂદન રહેવાનું? આ વ્યસનથી હેવાનીયત આવે છે તે આંખે જોવા છતાં માણસ કુવામાં પડે છે. આ ફેલાતો વિનાશ કોણ અટકાવી શકે? સહજાનંદ સ્વામીએ માણસને નિર્વ્યસની બનાવવામાં સારી સફળતા મેળવી હતી. સંત પુરુષો જરૂર માનવજાતને આ અધઃપાતમાંથી બચાવી શકે. પણ પ્રત્યેક વ્યકિત પોતાના નાના વર્તુલમાં જાગ્રત રહી કાંઈક અસરકારક કામ કરી શકે છે. પ્રજામત જાગ્રત હોય તો દારૂ પીવો એની શરમ લાગવી જોઈએ. રાજ્યે દારૂનો વેપાર કરી આવક કરવી ન જોઈએ. આવા પાપના પૈસાથી પ્રજાનું કલ્યાણ કોઈ દિવસ ન થાય.

**સ્તુત્ય પગલું**

મુંબઈમાં પંજાબી જૈન ભાઈઓની એક પંજાબ જૈન ભ્રાતૃ સભા છે. મુંબઈના વર્તમાન શેરીફ શ્રી શાદીલાલ જૈન તેના મુખ્ય કાર્યકર્તા અને પ્રમુખ છે. ખારમાં આ સભાએ એક સુંદર મકાન બાંધ્યું છે, જેને 'અહિંસા હોલ' નામ આપ્યું છે. આ સભાના મોટાભાગના સભ્યો, સ્થાનકવાસી જૈન છે. અહિંસા હોલમાં વખતોવખત સ્થાનકવાસી સાધુ–સાધ્વીઓનો લાભ લેવાય છે. પર્યુષણમાં આવી જોગવાઈ ન હોય ત્યારે પંડિત બેચરદાસજી અથવા અન્ય પંડિતને પ્રવચન માટે આમંત્રે છે. આ વર્ષે સાધ્વી શ્રી મૃગાવતીજીને ચાતુર્માસ માટે વિનંતિ કરી અને તેમણે સ્વીકારી છે. જૈનોની એકતાની દિશામાં આ આવકારદાયક પગલું છે. તે માટે પંજાબ ભ્રાતૃસભા અને શ્રી શાદીલાલજી જૈનને ધન્યવાદ ઘટે છે. સાધ્વી શ્રી મૃગાવતીજી પણ સાંપ્રદાયિક સંકુચિતતાથી પર છે અને જૈનોની એકતાના હિમાયતી છે. તેમના ઉપદેશનો લાભ માત્ર જૈનોને જ નહિ પણ જૈનેતર સમાજને પણ મળશે. **ચીમનલાલ ચકુભાઈ**

**સ્વ. લીલાવતીબહેન કામદાર**

ગત તા. ૨૧-૬-૭૧ ને સોમવારે સવારે ૬-૩૦ વાગ્યે લાંબી માંદગી ભોગવ્યા બાદ લીલાવતીબહેનનું અવસાન થયું. અનેક પ્રતિકૂળ સંયોગો વચ્ચે સ્વબળથી ઝઝૂમનાર, ઉત્તમ પ્રકારની લેખનશકિત ધરાવનાર અને સુધારક વિચારધારાને અપનાવનાર એવી એક નારીશકિતએ જગતમાંથી વિદાય લીધી.

શ્રી લીલાબહેનને માબાપે વાંચવા લખવાથી વધારે શિક્ષણ આપેલું નહિ. ૧૬ વર્ષની વયે વિધવા થયા. અને રૂઢિ પ્રમાણે તપ-જપ આદરી વૈધવ્ય ધર્મ પાળવા લાગ્યા, પણ તેમાં મન સંતોષ પામ્યું નહિ. સાસરીયામાં મારું કહેનાર કોઈ નહોતું. આજીવિકાનું કંઈ સાધન નહોતું. કુટુંબીઓના આધારે રોટલા ખાવા ને લગભગ નિષ્ક્રિય જેવું જીવન જીવવું એ તે સંસ્કારી આત્માને કેમ ગમે!

આખરે તેમના મોટાભાઈ આગળ દિલ ખોલીને વાત કરી. તે સમજ્યા ને બહેનને ભણવાની સગવડ કરી આપી. ટ્રેઈનિંગ કૉલેજમાં અભ્યાસ કર્યો અને એક તેજસ્વીની વિદ્યાર્થિની તરીકે બહાર નીકળ્યા. તરત જ વાંકાનેરની હાઈસ્કુલમાં નોકરી મળી ગઈ. પણ માત્ર આજીવિકાનું સાધન મળતાં સંતોષ માને તેવું તેમનું ઘડતર નહોતું, અને તે નોકરી છોડી મુંબઈ આવ્યા. તરત જ રત્નચિંતામણિ હાઈસ્કૂલમાં નોકરી મળી ગઈ. ચીવટ, શીખવવાની કલા, અને સ્કૂલને પોતાની સમજીને કામ કરવાની વૃત્તિ, આ કારણે થોડા વખતમાં જ પ્રિન્સિપાલના સ્થાને પહોંચી ગયા. છતાં મનમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનની ઉણપ સાલતી હતી. તે પણ ખાનગી અભ્યાસ કરી કર્યે મેટ્રિકની પરીક્ષા પાસ કરી.

જેમ વાંચન ને અભ્યાસ વધ્યા તેમ વિચારોમાં પરિવર્તન આવ્યું. અને વિચાર બદલાયા તો તેને અમલમાં મૂકવા સમાજથી ગભરાય તેવો એ જીવ નહોતો. સામાજિક કાર્યકર શ્રી ચુનીલાલ કામદારના પરિચયમાં આવ્યા અને તેમણે તેમની સાથે પુનર્લગ્ન કર્યું.

હવે તેઓ સાહિત્યના ક્ષેત્રે અને સામાજિક કાર્યમાં વિશેષ રસ લેતા થયા. તેમની સુપ્ત પડેલી શકિતઓને ખીલવાની તક મળી. જુદા જુદા માસિકોમાં લેખો આવવા લાગ્યા. ગુજરાતી સ્ત્રી સહકારી મંડળીના માનદ્ મંત્રી તરીકે કામ કર્યું. ભગિની સમાજ, તારદેવ કેન્દ્રના મંત્રીપદે હતા. શ્રી જૈન મહિલા સમાજના મુખપત્ર "વિકાસ" ના તંત્રી તરીકે તેમણે એકધારું ૨૧ વર્ષ કામ કર્યું અને પત્રિકાનું ઘોરણ ઊંચું લાવવા ઉત્કટ પ્રયત્ન કરતા. આમ જાહેર જીવનમાં પરોવાયેલા છતાં તેમનું ગૃહજીવન પણ એટલું જ પ્રેમાળ, લાગણીવશ અને મમતાભર્યું હતું. સાસરીયાના દરેક કુટુંબીજનો પ્રત્યે તેમને માન અને ભાવ બન્ને હતા. જેમ પોતાનું બૌદ્ધિક ધન તેમણે સમાજને ચરણે ધરી દીધું તેમ ભૌતિક ધન પણ પોતાની શકિત પ્રમાણે ખર્ચી જાણ્યું છે. ભગિની સમાજ અને જૈન મહિલા સમાજ એ બે તેમની પ્રિય સંસ્થાઓ. પહેલીને તેના સેવામંદિરના કાર્ય માટે રૂ. ૧૦,૦૦૦ અને હોસ્ટેલમાં એક રૂમ માટે રૂા. ૫,૦૦૦ એમ રૂ. ૧૫,૦૦૦ આપ્યા છે, તો જૈન મહિલા સમાજને તેના હિરક મહોત્સવ પ્રસંગે સ્કૉલરશિપ માટે રૂ. ૧૦,૦૦૦ આપ્યા છે.

કર્મસંયોગે ૭ વર્ષ પહેલાં તેમને લકવાનો હુમલો આવ્યો ને પથારીવશ થયાં. છતાં લખવાની ધગશ એટલી ને એટલી જ. ચાલ્યું ત્યાં સુધી બીજા પાસે પણ તેમણે લખાવ્યા કર્યું. પહેલાં બેથી ત્રણ વખત હૉસ્પિટલમાં ગયેલા ને જરા સુધારો થતાં પાછાં ઘેર આવેલા. આ વખતે પણ તેમને શનિવારે હૉસ્પિટલમાં લઈ ગયાં અને સૌને આશા હતી કે આ વખતે પણ જરા સુધારો લાગતાં પાછાં ઘેર લાવશું. પણ આ વખતની માંદગી જીવલેણ નીવડી અને સોમવારે સવારે ૯-૩૦ વાગ્યે તેમણે દેહ છોડયો. એક સ્વયં વિકસેલ વેલ વિલીન થઈ ગઈ. જ્યાં હો ત્યાં તે આત્મા શાંતિ પામો.

**મેનાબહેન ન. શેઠ**

## વીરપ્રભુનો ૨૫મો શતાબ્દી-મહોત્સવ કેવી રીતે ઉજવવો?

આ મહોત્સવ નિમિત્તે જૈનશાસ્ત્રના પરદેશી અભ્યાસીઓને દેશમાં નોતરવા, બધા ધર્મના અનુયાયીઓને ભેગા કરવા, જ્યાં ત્યાં સભા ભરવી એવી એવી સૂચના થઈ છે તે ઠીક છે, પણ તેથી કરીને બહુ લાભ થાય એમ નથી.

ખરી વાત તો એ છે કે આપણા ઘરમાં આગ લાગી છે, પણ આપણને એનું ભાન નથી.

જૈનધર્મ એટલે દયાધર્મ, પણ જૈનમાં જ દયાધર્મ લોપ પામતો જાય છે. ભલભલા શ્રાવકના ઘરમાં માંસાહાર તથા મદ્યપાનનો પ્રવેશ થઈ રહ્યો છે, પણ આપણે એ વિષે કાંઈ વિચાર કરતા હોઈએ એમ જણાતું નથી.

પહેલું કામ તો આપણે એ કરવાનું છે કે ગામે ગામ સંઘ હોય છે તે બધાએ વિલાયતમાં ઠેકઠેકાણે વેજિટેરિયન સોસાયટી જેમ કરે છે તેમ શાકાહારનો પ્રચાર કરવો જોઈએ, અને સૌને સમજાવવું જોઈએ કે આધુનિક પાશ્ચાત્ય આહારશાસ્ત્રપ્રમાણે આપણો આહાર માંસાહાર કરતાં બધી રીતે ચડિયાતો છે.

એ જ પ્રમાણે સંઘ સમસ્ત મદ્યપાનના વિરોધનું કામ વિલાયતમાં બેંક ઑફ હોય કરે છે એવી જ રીતે કરતા થઈ જાય.

ઑવલટીન વગેરેમાં જ નહિ પણ ઘણીખરી બિસ્કિટમાં ઈંડાં હોય છે, એટલે ઈંડાં રહિત પણ સ્વાદિષ્ટ એવાં બિસ્કિટનાં કારખાનાં જૈનોએ ઊભાં કરવાં જોઈએ.

ઘણાખરા જૈન ભેંસનું દૂધ ખાય છે, એણે સમજવું જોઈએ કે તેથી કરીને એ બેવડી હિંસા કરે છે. એક તો ગાયનું દૂધ ન ખપે એટલે ગાયનો નાશ થાય, અને બીજું ભેંસના પાડાને જ નહિ પણ પાડીને પણ દૂધના વેપારી ભૂખે મારી નાખે છે.

કતલ કરેલી ગાયનું એક જણ માંસ ખાય, અને બીજો જણ એના ચામડાના જોડા પહેરે એ બેયને સરખું પાપ લાગે છે, કેમ કે બેય જણ ખાટકીના ઘરાક છે. એટલે જૈનો અહિંસક જોડા પહેરે.

સાબુમાં મોટે ભાગે ચરબી જ વપરાય છે, એટલે કોકે ચરબીરહિત પણ સોંઘા સાબુનું કારખાનું કાઢવું જોઈએ.

આપણા સાધુઓને સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને મહાસતીઓને વિલા થેરેસા જેવી શાળા બતાવવી જોઈએ, અને એ સૌને કહેવું જોઈએ કે તમે પણ જાતજાતની વિદ્યા શીખો, ને એ વિદ્યા શ્રાવકનાં છોકરાંને શ્રાવકે સ્થાપેલી સંસ્થામાં જ ભણાવો. સુજ્ઞેષુ કિં બહુના?

**દેસાઈ વાલજી ગોવિન્દજી.**

# અંતરનો અવાજ

પત્રકારની સરખામણી શિક્ષક સાથે કરી છે. શિક્ષક કરતાં પણ કાંઈક વિશેષ છે. શિક્ષક મર્યાદિત સંખ્યાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. પત્રકારનું લખાણ હજારો-લાખો માણસો વાંચે છે અને તેનાથી દોરવાય છે. પત્રકાર સમાજનો શિક્ષક છે. પત્રકારિત્વ માત્ર આજીવિકા કમાવાનો એક વ્યવસાય જ નથી-પ્રજાને સાચું માર્ગદર્શન આપવાનો તેનો ધર્મ છે. મોટા ભાગના માણસો સ્વતંત્રપણે વિચારતા નથી. વર્તમાનપત્રોમાં આવે તેને આધારે અભિપ્રાય બાંધે છે અને વર્તે છે. મહાન પત્રકારો આ ધર્મ સમજે છે. તેવા પત્રકારોએ પ્રજામત ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. Journalism is a mission પણ આ ધર્મ બહુ ઓછા પત્રકારો આચરે છે અથવા તેને લાયક હોય છે. પત્રકારિત્વ એક વ્યવસાય થઈ પડયો છે અને વર્તમાનપત્રો ચલાવવા એક ધંધો અથવા ઉદ્યોગ થયો છે. પત્રકારના બે મહાન ગુણ-સત્યની ઉપાસના અને નીડરતા-વિરલ છે. વર્તમાનપત્રો ધનપ્રાપ્તિ માટે અથવા કોઈ એક પક્ષ કે વર્ગના હીતમાં ચલાવવામાં આવે છે. આવા સંજોગોમાં જ્યારે સાચા પત્રકારિત્વના દ્રષ્ટાંત મળે ત્યારે એવા બનાવ નોંધપાત્ર છે. તેવા બે બનાવોની ટૂંકી નોંધ લેતા આનંદ થાય છે.

૧

એન્થની માસ્કરહેન્સ ગોવાના ખ્રિસ્તી છે. ઘણાં વર્ષોથી પાકિસ્તાનમાં રહે છે. પીઢ પત્રકાર છે. કરાંચીના દૈનિક મોર્નીંગ ન્યુઝના મદદનીશ તંત્રી છે. તે સાથે લંડનના સન્ડે ટાઈમ્સના પાકિસ્તાન ખાતેના ખબરપત્રી છે. માર્ચની આખરે પાકિસ્તાન લશ્કરે પૂર્વબંગાળમાં ભયંકર સંહાર અને કત્લેઆમ શરૂ કરી. લગભગ એક મહિના પછી, પૂર્વબંગાળમાં હવે શાંતિ થઈ ગઈ છે અને યથાવત સ્થિતિ સ્થપાઈ છે તેવી ખાત્રી, પશ્ચિમ પાકિસ્તાનની પ્રજાને થાય તે ઈરાદે યાહ્યાખાનની સરકારે ૮ પત્રકારો પૂર્વ બંગાળ મોકલ્યા. છૂટથી તેમને બધે ફરવા દીધા અને જે બન્યું હતું તે જોવા દીધું. પોતાના જ માણસો છે એમ માની લશ્કરી અમલદારોએ વિના સંકોચે બધું બતાવ્યું અને શું બન્યું છે તે જણાવ્યું. આઠમાંથી સાત પત્રકારોએ સરકારી આદેશ મુજબ અહેવાલો મોકલ્યા. માસ્કરહેન્સે જે જોયું તેથી ભારે આઘાત અનુભવ્યો અને અંતરમાંથી અવાજ ઊઠયો કે સત્ય હકીકતની દુનિયાને જાણ કરવી. તેથી મે માસની ૧૮મી તારીખે તેઓ લંડન પહોંચ્યા અને પોતાનો અહેવાલ આપવાની તૈયારી બતાવી-એક શરતે કે પોતાની પત્ની અને બાળકો કરાંચી હતા તેમને તેઓ લંડન લઈ આવે અને પોતે પણ લંડન આવી જાય પછી જ એ અહેવાલ છાપવો. સન્ડે ટાઈમ્સે શરત કબૂલ કરી. પોતાની અને કુટુંબની સલામતીનો એક જ માર્ગ હતો કે પાકિસ્તાન કાયમ માટે છોડવું. મુસીબતે પત્ની અને બાળકોને લંડન પહોંચાડયા, અને પછી, પોતાને જવાની મનાઈ હોવા છતાં, ગમે તેમ કરી નીકળી આવ્યા. ત્યાર પછી સન્ડે ટાઈમ્સમાં તેમણે નજરે જોયેલ મહાવિનાશનો દીલ કંપાવનાર અહેવાલ છપાયો. જે હવે ઈન્ડિયન એક્સપ્રેસના ૧૮મી જૂનના અંકમાં પૂરો પ્રગટ થયો છે. હીટલરે યહૂદીઓ ઉપર અત્યાચારો કર્યા, તેના કરતાં જરાય ઉતરે નહિ, તેવી હેવાનિયત પાકિસ્તાની લશ્કરે પૂર્વ બંગાળની પ્રજા ઉપર કરી છે. હિન્દુઓ, અવામી લીગના આગેવાનો અને કાર્યકર્તાઓ, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને પંજાબી સરમુખત્યારી સામે જેણે અવાજ ઉઠાવ્યો એવા મુસલમાનોને વીણી વીણીને માર્યા છે. ગામડાઓ બાળી નાખ્યા છે. માસ્કરેન્હસે સવાલ કર્યો છે કે શું આ સંહાર લીલા અટકશે ખરી? Will the killing Stop ?

૨

વિયેટનામના યુધ્ધે વિયેટનામની પ્રજાની ખાનાખરાબી તો કરી છે, પણ અમેરિકાની પ્રજાને ઓછું નુકસાન થયું નથી. હજારો યુવાનો મરી ગયા, ઘાયલ થયા, અબજો ડૉલરનો ધુમાડો થયો. પણ

તેથી વિશેષ નૈતિક હાનિ થઈ તેનું માપ કાઢી શકાય તેમ નથી. અમેરિકાના પ્રજાજીવનમાં આ યુદ્ધથી ઝેર રેડાયું છે. પ્રજાનો વિરોધ વધતો રહ્યો છે પણ સરકાર યુદ્ધનો બચાવ કરતી રહી છે. આ યુદ્ધમાં અમેરિકા કેમ સંડોવાયું અને પ્રજા સમક્ષ કેટલા જૂઠાણાંઓને આધારે આ યુદ્ધ અત્યાર સુધી ચાલુ રહ્યું છે તેનો ઘડો હવે ફૂટ્યો છે. લશ્કરી ખાતાએ તૈયાર કરેલ એક અતિ ખાનગી અહેવાલ અમેરિકાના સૌથી પ્રતિષ્ઠિત ન્યુયૉર્ક ટાઈમ્સે પ્રગટ કર્યો છે અને સનસનાટી ફેલાવી છે. સરકારે તુરત જ કોર્ટ મારફત પગલાં લઈ આ અહેવાલનો વિશેષ ભાગ પ્રગટ થતો અટકાવવા પ્રયત્ન કર્યો છે. આ અહેવાલ પ્રગટ થવાથી દેશની સલામતી જોખમાશે તેમ સરકારની દલીલ છે. એક તરફ વાણીસ્વાતંત્ર્ય અને બીજી તરફ દેશની સલામતીને કહેવાતું જોખમ. નીચલી કોર્ટે સરકારની અરજી રદ કરી છે. અપીલમાં શું થાય છે તેની દુનિયા આતુરતાથી રાહ જોઈ રહી છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ તંત્રીસ્થાનેથી વ્યાજબી કહ્યું છે:-

"The courage shown by the New York Times in publishing a detailed secret Pentgon study into the manner in which the United States became involved in the VietNam War highlights the true role of a free press in a democratic Society."

ટૂંકી દૃષ્ટિથી જોઈએ તો આ અહેવાલ પ્રગટ થવાથી, અમેરિકાની પ્રતિષ્ઠાને અને વિયેટનામના યુધ્ધમાં અમેરિકાના હિતોને હાનિ પહોંચે એમ લાગે. ખરી રીતે સત્ય કોઈ દિવસ હાનિ કરતું નથી. અંતે પ્રજાને લાભ જ થાય છે, તેની પ્રતિષ્ઠા વધે છે, નૈતિક બળ વધે છે. રાજદ્વારી પુરુષોએ ખોટા ખ્યાલોથી અથવા મહત્વાકાંક્ષાથી સત્તાનો દુરૂપયોગ કરી પ્રજાને યુદ્ધમાં સંડોવી અને પછી જૂઠો પ્રચાર કરી પ્રજાને ભ્રમમાં નાખી, તે ઉઘાડું પાડવાથી અંતે પ્રજાનું હિત છે, દુનિયાનું હિત છે. ન્યુયૉર્ક ટાઈમ્સે નીડર પત્રકારિત્વ નું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે.

ચીમનલાલ ચકુભાઈ

# વિવિધતા જાળવવા જેવી છે

થોડા દિવસ પહેલાં ભાવનગરના બે મિત્રો મને મળવા આવ્યા. બન્ને મિત્રો એક એક સરસ શાળાનું સંચાલન કરે છે. એક ભાઈએ વાતચીત દરમિયાન મને કહ્યું: "એક દિવસ હું એક વર્ગમાં ગયો. શિક્ષકને કહ્યું કે આપણા ઘરમાં આપણે બેડા હોઈએ અને ઉપર બાવા બાઝેલા જોઈએ તો સાફ કરી નાખીએ કે નહિ? તો પછી તમે અહીં વર્ગમાં ભણાવતા હો અને ઉપર બાવા બાઝેલા હોય તો તે સાફ કરવાનું તમને કેમ ન સૂઝે?"

મેં એ ભાઈને કહ્યું: "તમારી વાતમાં રહેલો મુદ્દો હું સમજ્યો. તમારો સ્વચ્છતાનો આગ્રહ મને મંજૂર છે પણ મને લાગે છે કે આ બાબતને એક જુદી રીતે પણ જોઈ શકાય. એવું પણ બને કે નહિ કે એ માણસને ત્યાં બાઝેલા બાવાની જરાયે પડી ન હોય, એ તરફ એનું ધ્યાન પણ ગયું ન હોય, પણ વિદ્યાર્થીઓને ભણાવવામાં એ કદાચ તમારો ઉત્તમ શિક્ષક હશે. હું તમને એક દાખલો આપું. સ્વ. મડિયા અને હું યુસિસમાં કામ કરતા ત્યારે મારું ટેબલ તમને સ્વચ્છ, સુઘડ, બરાબર ગોઠવેલું દેખાય. મડિયાના ટેબલ પર કાગળિયા, છાપાં, ચોપડીઓના ઢગલા, સિગારેટની રાખ બધું વેરણછેરણ પડ્યું હોય. છતાં મડિયા જે સર્જનકાર્ય કરી ગયા તેનો નાનોશો અંશ પણ મારાથી થવાનો હતો? મારા કહેવાનો આશય તમે સમજ્યા હશો. વ્યક્તિએ વ્યક્તિએ રહેણીકરણીની જુદી ટેવો હોવાની. શિક્ષક તરીકે કામ કરવા આવનાર માણસ વિદ્યાર્થીઓ સમક્ષ ઊભો રહે ત્યારે બાકીનું બધું ભૂલી જતો હોય. તો એ છત પર બાઝેલા બાવા પણ ભૂલી જાય એની બહુ પરવા ન કરવી. એનો શિક્ષક તરીકેનો પાયો પાકો છે."

સૃષ્ટિના સર્જન વિષે એક તર્ક એવો છે કે ઈશ્વરને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ. એને થયું 'એકોહં બહુસ્યામ્' (હું એક છું, અનેક થાઉં). વ્યક્તિરૂપ ઈશ્વરમાં મને શ્રદ્ધા નથી છતાં ઉપરની ઉક્તિનો અર્થ કરવાનો હોય તો હું બહુનો અર્થ બહુવિધ કરું. એટલે ઈશ્વરે માત્ર માણસોની સંખ્યા જ સર્જી એમ નહિ, પણ એ દરેકમાં ભિન્નતા સર્જી, વ્યક્તિએ વ્યક્તિએ વિવિધતા સર્જી. જગતની પ્રત્યેક વ્યક્તિ અન્ય દરેક વ્યક્તિ કરતાં કોઈ ને કોઈ રીતે જુદી છે. આ જુદાપણું દરેક માણસે સહી લેવું એ તો ખરું જ, પણ એથી આગળ વધીને એ જુદાપણું જળવાય એવો આગ્રહ પણ રાખવો એ જરૂરી છે. કારણ કે એ જુદાપણું, એ વિવિધતા જ વિશ્વની સુંદરતા છે અને એ વિવિધતા જ લોકશાહીનું હાર્દ છે.

સરમુખત્યારો (અને ક્યારેક સંતો પણ) આ વિવિધતા ટાળી સર્વ મનુષ્યોને એકસરખાં કરવાનો પ્રયત્ન કરે છે. એમની રહેણીકરણી, રીતભાત, પહેરવેશ, ફેશનો, વિચાર કરવાની રીત એ બધું એક સરખું થાય એમાં સરમુખત્યારને વધુ રસ. માણસ યંત્ર જેવો થાય એવું જ એ ઈચ્છે. (આથી જ હું યુનિફોર્મનો, શાળાના યુનિફૉર્મનો સુદ્ધાં, હંમેશાં વિરોધ કરું છું.)

લોકશાહીમાં આપણે વિરોધ પક્ષને જરૂરી માન્યો છે, તેનો તાત્ત્વિક (ફિલોસોફિક) પાયો મનુષ્યોમાં રહેલું વૈવિધ્ય છે. એમાં વિચારનું વૈવિધ્ય પણ છે અને પસંદગીનું એટલે કે ગમા-અણગમાનું વૈવિધ્ય પણ છે. ઘણી વાર વર્ષોથી સત્તા પર રહેલા પક્ષ પ્રત્યે કોઈ ચોક્કસ નક્કર કારણ સિવાય અણગમો થઈ આવે એવો સંભવ પણ આપણે સ્વીકારીએ છીએ. વિચાર અને પસંદગીના વૈવિધ્યને જેટલે અંશે કુંઠિત કરવામાં આવે એટલે અંશે લોકશાહી પાતળી પડે. આથી જ લોકશાહીમાં સર્વાનુમતિનો આગ્રહ મને યોગ્ય નથી લાગતો.

મને બે વ્યક્તિઓ યાદ આવે છે. આજની મુંબઈની કૉલેજના કોઈ પ્રાધ્યાપક કૉલેજમાં અને યુનિવર્સિટીમાં ઈસ્ત્રી વિનાનાં લેંઘો-કફની પહેરીને જાય એ માનવા કોઈ ઝટ તૈયાર ન થાય. અને છતાં એવા એક પ્રાધ્યાપકને હું ઓળખું છું. એમના વિષયમાં એ અત્યંત પારંગત ગણાય છે અને વિદ્વાનોમાં એમનું માન છે. બીજો દાખલો શ્રી ઝીણાભાઈ દેસાઈએ વર્ષો પહેલાં આપેલો તે યાદ આવે છે. ગાંધીવાદી વિદ્યાપીઠના એક આચાર્ય (ઘણું કરીને શ્રી ગિદવાણી) નું ચિત્ર આપતાં એમણે કહેલું કે 'સવારના પહોરમાં એક હાથમાં ટૂથબ્રશ હોય, એક હાથમાં સિગારેટ હોય અને ટેબલ ઉપર પડેલા કોઈ થોથામાંથી કંઈક વાંચતા હોય.' બન્ને જણ પોતપોતાના સ્થળની રહેણીકરણીથી સાવ ભિન્ન અને છતાં અસાધારણ વિદ્વાન. આવા માણસોનું શું કરવું? એમની રહેણીકરણીથી સૂગાવું કે એમની વિદ્વત્તાથી ખુશ થવું?

૧૯૪૨ ના જૂનમાં મારા એક મિત્ર તાજા બી. એ. થયેલા. ઈતિહાસ-રાજકારણનો વિષય લઈ ફર્સ્ટ ક્લાસ આવેલા. અમદાવાદની એક ખૂબ પ્રસિદ્ધ શાળાના આચાર્યને મળવા ગયા. આચાર્ય એમની શક્તિથી ખુશ થયા પણ 'તમે ટોપી પહેરતા નથી એ મારી શાળામાં ન ચાલે.' એમ કહી નોકરી આપવાની ના પાડી દીધી.

સંસ્થાઓના સંચાલકોએ આ વિચારવા જેવું છે. તમારે જોઈતો માણસ એના મુખ્ય કામમાં અત્યંત પાવરધો છે. તે પછી એની બાકીની ટેવો, રહેણીકરણી, રીતભાત, વિચારસરણી, ગમાઅણગમા એ બધામાં એને તમારી જેવો જ બનાવવાનો આગ્રહ જરૂરી છે? તેમ મુખ્ય કામ બરાબર કરતો હોય તો બીજી ઝીણી ઝીણી બાબતોમાં એ બરાબર નથી એવી ફરિયાદ જરૂરી છે? અમારી સંસ્થામાં બધા શિક્ષકો કે બધા માણસો સરખા છે એ ગૌરવ લેવા જેવી વાત છે કે અમારી સંસ્થામાં તો જાતજાતનાં ભેજાં, જાતજાતની ખોપરીઓ ભેગી થયેલી છે એ ગૌરવ લેવા જેવી વાત છે?

યશવંત દોશી

# સર્વ ધર્મ સમભાવ—એક દૃષ્ટિબિન્દુ

વિચારના ક્ષેત્રમાં, આપણે ત્યાં, ઘણીયે વાર એક પ્રકારની શિથિલતા પ્રવર્તતી દેખાયા વિના રહેતી નથી. ભાષાના બંધારણને કારણે તેમ થતું નથી, કેમકે આપણી ભાષા અનેક સમર્થ માણસોએ સુસ્પષ્ઠ અર્થસાધક રીતે અનેકવાર વાપરી જ છે. પરિભાષાને અંગે થોડું ઘણું તેમ થતું હોય તેમ બને, પણ ખરું કારણ તો જે વિચાર રજૂ કરાતો હોય તેને, તે જ્યાં સુધી લઈ જતો હોય ત્યાં સુધી તેની સાથે સાથે થઈને અંત સુધી તેને તપાસી લીધા વિના, તેના પ્રાથમિક આકર્ષણથી આકર્ષાઈને તેને રજૂ કરી દેવાનો તેના રજૂ કરનારનો લોભ જ જણાય છે. એ રજૂ કરનાર જ્યારે વિચારક, વિદ્વાન, ચિન્તક એવી નામના પામેલ હોય ત્યારે તો વળી એની વાત ચલણી બની જાય છે, અને ભાષામાં એ પ્રચલિત બની જાય છે અને એનો બધ દઢ છે કે નહિ તે તપાસવાની પણ ભાગ્યે જ કોઈ જરૂર સમજતું હોય છે.

'સર્વ ધર્મ સમભાવ' મને એક એ જાતનો શિથિલબંધવાળો પ્રયોગ લાગે છે. એને જરા તપાસવાનો પ્રયત્ન કરીએ.

'સમભાવ' શબ્દને વ્યવહારમાં આપણે ઘણીયે વાર sympat y ના અર્થમાં વાપરીએ છીએ. એ પ્રમાણે આ પ્રયોગનો અર્થ સર્વ-ધર્મો પ્રત્યે sympathetic વલણ રાખવું એવો થાય. એ થા। તો એ બરોબર છે, પણ 'સર્વ ધર્મ સમભાવ'માંનો ' સમભાવ' શબ્દ sympathy ના જ અર્થમાં નથી વપરાતો એ સુસ્પષ્ટ છે. એ તો સમાનતા અર્થમાં પણ વપરાય છે.

એટલે એનો અર્થ એમ થયો કે સર્વે ધર્મો તરફ માણસે સમાનભાવ રાખવો, સર્વે ધર્મો સમાન છે એ દૃષ્ટિએ એમના તરફ જોવું. જ્યારે એમ થાય ત્યારે સહિષ્ણુતા— tolerance - તેમાં આપોઆપ આવી જાય. એમ થતાં માણસ ઘણા અનર્થોમાંથી બચી જાય, કેમકે એમ માનનારો માણસ પોતાનો ધર્મ બીજાના ધર્મથી ચડિયાતો છે એમ ન માની શકે, અને એ કે એવા કારણે આક્રમો થઈ બીજા ધર્મ પાળનાર ઉપર આક્રમક ન થઈ શકે. એવો ભાવ જ એના હૃદયમાં પેદા ન થા। આપણા જેવા અનેક ધર્મો ધરાવતા રાષ્ટ્રમાં આ જાતનો ભાવ હોય એ ઘણું જરૂરી છે, કેમકે તો જ પ્રજામાં શાંતિ જળવાય અને બધા એકબીજા સાથે સુમેળથી રહી શકે.

ત્યાં સુધી તો વાત જાણે બરોબર છે, પણ તેનો અર્થ તે વાપરનારાના મનમાં ત્યાં જ થઈને અટકતો નથી. તેનો સાદો, સીધો અને સરળ અર્થ એ લોકો એ કરતાં દેખાય છે, અને એમ એ કહે છે પણ ખરા, કે બધા જ ધર્મો સમાન છે. એમાં કોઈ ઉચ્ચાવચતા નથી, અને એવો કશોક ખ્યાલ કરવો તેમાં સાંપ્રદાયિકતા આવી જાય છે. " મારા પિતાના મહાલયમાં ઘણાયે દરવાજા છે" અને તેમાંના ગમે તેમાંથી પણ પ્રવેશ કરનાર માણસ આખરે તો એ પિતાના ઘરમાં જ દાખલ થઈ જાય છે, એમ એ લોકો માને છે અને કહે છે.

નૈતિકતાની દૃષ્ટિએ જોઈએ તો એ વાત બહુ ખોટી નહિ પણ હોય—જો કે હિંસાને સ્પષ્ટ રીતે ન નકારી કાઢતા અને અહિંસાને સર્વોપરિ નૈતિક મૂલ્ય ગણતા ધર્મો વિશે એ જાતની સમાનતા શી રીતે ગણી શકાય એ પણ વિવાદાસ્પદ પ્રશ્ન થઈ શકે. પણ છતાં એટલું ને એવું એવું થોડું જતું કરીએ તો એ વાત સ્વીકાર્ય બને ખરી. પણ શું નૈતિકતા, અને એ નૈતિકતા પ્રેરે એ આચાર, એને ધર્મ કહેવાય? કે આધ્યાત્મિકતાના ફળસ્વરૂપ પમાયેલા તાત્ત્વિક સ્વરૂપને ધર્મ કહેવાય?

નૈતિકતા સર્વે ધર્મોમાં લગભગ સમાન સ્વરૂપે પ્રચાર પામતી જોવામાં આવે છે એને અંગે આ જાતનો ભાવ ઊભો થયો હોય તેવો ઘણો સંભવ છે, પણ એ નૈતિકતા તો આખરે ગૌણ વસ્તુ છે, અને એના પ્રેરક બળ જેવી આધ્યાત્મિકતા છે એ જ એનો પાયો છે. એ આધ્યાત્મિકતાને અંગે જ, થતી હોય તો, કશીક અનુભૂતિ થાય છે જે આ વિશ્વના સંચાલક તત્ત્વની ઝાંખી કરાવે છે. એ તત્ત્વને પામવું અને પૂરેપૂરું તે જે છે તે સ્વરૂપે, તેને જોવું અને જાણવું એ જ ધર્મનો પાયો હોઈ શકે. એ આધ્યાત્મિકતા સિદ્ધ કરવાના ઉપાય તરીકે નૈતિક મૂલ્યોનું આવિષ્કરણ થયું છે અને એમનું મૂલ્ય પણ એ પૂરતું જ છે.

તો એ આધ્યાત્મિકતાનો આવિષ્કાર અને તેના ફલસ્વરૂપે થયેલી ભિન્ન ભિન્ન અનુભૂતિ એ જ જગતના મહાન ધર્મોનો પાયો રહેલો છે. પાયાની એ વાત દરેક ધર્મે પોતપોતાની આગવી રીતે, અને તેના પ્રરૂપકોની અનુભૂતિ અને સમજણ પ્રમાણે સ્પષ્ટ સ્વરૂપે કરી પણ છે અને તે વાતથી એ વિષયમાં રસ લેનાર કોઈ અજાણ નથી. તે વાત ભિન્ન ભિન્ન હોય છે કેમકે તે કરનાર મૂળ પુરુષોની અનુભૂતિ—તેમનું દર્શન ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે.

આ વાત જો બરોબર હોય તો દરેક ધર્મ સમાન શી રીતે હોઈ શકે? પુનરપિજ્જનનમ્ પુનરપિ મરણમની પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં, અનુભવોનો અને એ અંગે પમાતી સાચી દૃષ્ટિનો યોગ પામતાં પામતાં આત્મા અંતે એ સ્થિતિ પ્રાપ્ત કરે કે આખરે તે દેહના આવિર્ભાવના બંધનોમાંથી મુક્ત થઈ જાય અને ફરી પાછી જન્મમરણની શૃંખલામાં આવે જ નહિ એમ કહેનાર ધર્મ, અને એક જ વાર જન્મ પામ્યા પછી અકલ્પ્ય એવા કાળપર્યંત અમુક જગ્યાએ પડ્યા રહેવું પડે અને એ પછી છેક ક્યામતને દિવસે ભગવાન બધાના પાપપુણ્યને લક્ષમાં લઈ આખરે નિવેડો કરે એમ માનનાર ધર્મ એક જ કક્ષાએ વિચરે છે એમ શી રીતે કહી શકાય? આત્મા નામનું અવિનાશી તત્ત્વ વિકાસની ઉત્તરોત્તર અવસ્થાઓ સ્વપુરુષાર્થથી પ્રાપ્ત કરતું જાય અને અંતે પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થતાં પૂર્ણ-કક્ષાને પામે એમ કહેનાર ધર્મ, અને એના વિકાસની જેમાં પૂર્ણ શકયતા ન હોય તેવા ભગવાનના આખરી ન્યાય ઉપર આધાર રાખનારા ધર્મ વચ્ચે સમાનતા શી રીતે સંભવે?

ને આ તો માત્ર જેમાં તત્ત્વની વાત આટલી બધી સ્પષ્ટ રીતે અલગ પડે છે એ ધર્મોની વાત થઈ. પણ જેમાં અનેક વસ્તુઓ સમાન છે તે ભારતના ધર્મો પણ એમના અભ્યાસીની દૃષ્ટિએ એક સમાન સ્વરૂપના ગણાશે ખરા? એક જ અને અદ્વિતીય એવું તત્ત્વ સચરાચરમાં વ્યાપી રહ્યું છે અને એમાં વિલીન થઈ જવું એ જ પરમ પુરુષાર્થ છે એમ કહેનાર દર્શન, અને જડ અને ચેતન રૂપી બે તદ્દન ભિન્નભિન્ન ગુણધર્મોવાળાં તત્ત્વો અનાદિથી અનંતકાળ સુધી જગતમાં પ્રવર્તમાન રહે છે અને એ બન્નેનેએકબીજાથી ભિન્ન જાણી ચેતનતત્ત્વને એના મૂળ સ્વરૂપે જાણી લઈ મોક્ષ પામવો એમ કહેનાર દર્શન ભિન્નજ ગણાય. એમાં ચડિયાતું કોણ છે કે ઊતરતું કોણ છે એ કહેવાનો મુદ્દો નથી પણ બન્ને ભિન્ન છે અને સમાન નથી એટલું જ કહેવાનું તાત્પર્ય છે.

અગાઉ આમાં કહ્યું છે તેમ જો સમભાવનો અર્થ માત્ર sympathy અને સહિષ્ણુતાનો થતો હોય તો તેમાં કશો વાંધો નથી, પણ એથી વિશેષ, સમાનતાનો જો અર્થ કરવામાં આવતો હોય તો જ આ બધી વિચારણાને સ્થાન મળે છે. એ તદ્દન અસ્થાને નથી, કેમકે 'સમભાવ' ને આગળ વધારીને આ વાક્યપ્રયોગ—કે વિચારપ્રયોગ—'સર્વ ધર્મ મમ ભાવ' સુધી વિસ્તારવામાં આવ્યો છે. તેનો ન્યાય પણ ચોકખો છે, કેમકે જો સર્વધર્મ 'સમ' એટલે 'સમાન' હોય તો એ 'મમ' એટલે મારા બની શકે અને તેમાં કશો વાંધો ન હોય. પરંતુ છેક સાંપ્રદાયિક ન હોય, અને તત્ત્વ-દર્શનમાં અને સ્વરૂપપ્રાપ્તિમાં જેમને રસ હોય તેવા માણસો આ 'મમ ભાવ' વાળી વાત કબૂલ કરી શકે ખરા?

વિચારણામાં અમુક જગ્યાએ શિથિલતા પ્રવેશે પછી અનું વર્તુલ વિસ્તર્યા કરે છે, અને એ આપણે ધાર્યું હોય તેનાથી આપણને બહુ દૂર સુધી લઈ જાય છે. એટલા માટે આ વિષયનું આટલું વિવરણ કરવું યોગ્ય ધાર્યું છે.

ગુલાબદાસ બ્રોકર

# ☆ આગમ પ્રભાકર સ્વ. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી ☆

ઈ. સ. ૧૯૩૫થી પૂ. મહારાજશ્રી પૂણ્યવિજયજીના પરિચયમાં આવ્યો ત્યારથી મારા ઉપર તેમના નમ્ર અને વિદ્યાનિષ્ઠ જીવનની જે છાપ પડી છે તે છેલ્લી ઘડી સુધી ઉત્તરોત્તર પ્રબળ બનતી ગઈ છે.

તેમણે પોતે અનેક ઉચ્ચ કોટિના ગ્રંથો, જેવા કે વસુદેવ હિન્દી, અંગવિજ્જા બૃહત્કલ્પ આદિનું સંપાદન કર્યું છે, અને તે એવા છે જે અન્ય દ્વારા સંપાદિત થવાનો સંભવ ઓછો જ હતો. કેવળ વિદ્યાને વરેલા જ એ ગ્રંથોનું સંશોધન કરી શકે, અન્ય નહિ. તેમણે જ્યારે છંદસૂત્રમાંના બૃહત્કલ્પનું સંપાદન શરૂ કર્યું ત્યારે ઘણા આગમજ્ઞોનો વિરોધ હતો, છતાં પણ ભારતીય વિદ્યાના એક અંગરૂપ એવા મહાન ગ્રન્થો પ્રકાશિત ન થાય તે તેમને ગમ્યું ન હતું અને વિરોધ છતાં તેમણે બૃહત્કલ્પનું સંપાદન કર્યું. અને તેમણે જે રૂપે એનું સંપાદન કર્યું છે તે રુપને પહોંચવાની અન્યમાં તાકાત દુર્લભ છે. તે તો ત્યાર પછી એવું સંપાદન હજી સુધી થઈ શક્યું નથી તે જ બતાવી આપે છે.

છેલ્લાં પચાસ વર્ષથી તેમના મુખ્ય બે કામો રહ્યાં છે. આપણા જૂના હસ્તલિખિત પુસ્તકોનું સંરક્ષણ અને આગમગ્રંથોની વિશુદ્ધ વાચના તૈયાર કરવી તે. તેમણે લીંબડી, પાટણ, ભાવનગર, જેસલમેર જેવા જાણીતા ભંડારોની હસ્તપ્રતોનો ઉદ્ધાર કરી સૂચીઓ બનાવી આપી છે અને આવશ્યક એવી સંરક્ષણની વ્યવસ્થા પણ કરી આપી છે અને તે ઉપરાંત જ્યાં પણ તે ગયા ત્યાંના ભંડારની સુવ્યવસ્થા થાય તેની ચિંતા હંમેશા તેમણે સેવી છે. પરિણામ એ છે કે આજે જે પશ્ચિમના વિદ્વાનો એમ કહેતા હતા કે જૈન ભંડારમાંથી પુસ્તક તો મળી જ ન શકે–તેઓ હવે કહેતા થયા છે કે જૈન ભંડારમાંથી પુસ્તક મેળવવું હોય તો શ્રી પુણ્યવિજયજી જ એક માત્ર સહાયક છે. આજે જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે વિદ્વાનોની એક જ ચિંતા છે કે હવે આ બધા ભંડારોમાંથી હસ્તપ્રત કોણ ઉપલબ્ધ કરી આપશે? હા, એક ઉપાય તેઓ કરતા જ ગયા છે અને તે એ કે અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિરની સ્થાપના શ્રી. કસ્તુરભાઈ લાલભાઈને પ્રેરણા આપીને કરાવી. અને તેમાં પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીનો પોતાનો સંગ્રહ જે દશ હજાર પ્રતોનો છે તે ઉપરાંત તેમણે બીજી જે ૨૭૦૦૦ હસ્તપ્રતો મેળવી આપી છે, તે દ્વારા વિદ્વાનોને હસ્તપ્રતો સુલભ કરી આપી છે. પરંતુ એ પણ પર્યાપ્ત નથી. અન્ય ભંડારના સંચાલકો જો વિદ્યામંદિરને સહકાર આપે અને તેના દ્વારા વિદ્વાનોને હસ્તપ્રતો સુલભ કરી આપે તો જ પૂ. મુનિશ્રીની આ પ્રવૃત્તિ ચાલુ રહી શકશે. અને તેના યથાર્થરૂપમાં ચાલુ રહી શકશે. ગ્રંથભંડારો માત્ર સાચવી રાખવા એ પર્યાપ્ત નથી. પણ તેના પુસ્તકોનો વધારેમાં વધારે ઉપયોગ કેમ થાય એવી વ્યવસ્થા પણ કરવી જોઈએ. અન્યથા એ ભંડારનો કશો જ ઉપયોગ નથી. માત્ર ઉધઈનો ખોરાક બની જશે.

પૂ. મુનિશ્રી જ્યાં પણ જતાં ત્યાં આગમોની કોઈ પણ પ્રાચીન હસ્તપ્રત જોતાં તો તેને આધારે પોતાની મુદ્રિત આગમની આવૃત્તિમાં પાઠાંતર નોંધી લેતા. આમ છેલ્લા પચાસ વર્ષથી તેમણે આગમોની વિશુદ્ધ આવૃત્તિ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તેમના દ્વારા સંપાદિત વિશુદ્ધ આગમગ્રંથોના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે, અને ત્રણ આગમો પ્રકાશિત પણ થઈ ગયા છે. શેષ આગમો તેમણે જે રીતે વિશુદ્ધ કરી રાખ્યા છે તેના સંપાદન–પ્રકાશનની જવાબદારી એ મોટી જવાબદારી છે. તે કેમ પાર પડશે તે આજે સૌની ચિંતાનો વિષય થઈ પડ્યો છે.

વિદ્યાની મહત્ત્વની પ્રવૃત્તિમાં રોકાયેલા છતાં તેમણે પોતાનો સમય શ્રાવકના નાના બાળકથી માંડીને અનેક સાધુ–સાધ્વી અને શ્રાવકોને આપવામાં જરા પણ સંકોચ રાખ્યો નથી. એક બાળકની સાથે બાળક બની વાત કરતા તેમને જેમણે જોયા હશે તેઓને ખ્યાલ હશે કે આ ખરેખર ધર્મની પરિણતિવાળા મહાત્મા છે. અમે હંમેશા ફરિયાદ કરતા કે મહારાજ આપ આપની વિદ્યા ઉપરાંતની પ્રવૃત્તિમાં કાપ મૂકો. પણ તેમનો તો એક જ જવાબ હતો કે કોણ ક્યારે ધર્મ પામશે એની શી ખાતરી? માટે મારે તો મારી પાસે આવનારને નિરાશ કરવા નથી. મુંબઈમાં તેમનો ઘણો સમય વાસક્ષેપ નાખવામાં જતો. તે બાબતમાં પણ તેમનો એક જ ખુલાસો હતો કે ભાઈ, શ્રાદ્ધાથી લેનારને શાંતિ મળતી હોય તો મારો સમય ભલે તેમાં જતો. આમ દિવસે નિરાંત નહિ એટલે તેમનું શાસ્ત્રીય વિદ્યાનું કામ જ્યારે સૌ ઊંઘી જાય ત્યારે ચાલતું અને છતાં જીવનમાં સદૈવ અપ્રમત્ત હોઈ તેઓ જે પ્રકારના અને જેટલા વિશિષ્ટ ગ્રંથો સંપાદન કરી શક્યા છે તે આશ્ચર્ય ઉપજાવે તેવા છે. અને વિદ્વજ્જગતમાં તેથી તેમનું નામ થયું છે. હજી ગયા જ વર્ષે અમેરિકાની ઓરિએન્ટલ સોસાયટીએ તેમને પોતાના માનદ સભ્ય ચૂંટી કાઢ્યા હતા. કદાચ આવું માન મેળવનાર એ પ્રથમ ભારતીય હતા.

જેનો કયાંય આશ્રય નહિ એવા કોઈ સાધુ કે સાધ્વીના એ આધાર હતા. તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખતા, આશ્રયની વ્યવસ્થા કરતા અને બીજી જરૂરિયાતો પણ પૂરી થાય તેની ચિન્તા સેવતા. જ્યારે તેઓ હવે આપણી વચ્ચે નથી ત્યારે રડી રહેલાં એવા સાધુ-સાધ્વીની ચિંતા સેવવી એ પૂ. મહારાજશ્રી પ્રત્યેનું ઋણ અદા કરવાનો એક પ્રકાર બની રહેવો જોઈએ.

ઘણા ધનિકો પૂ. મહારાજશ્રીને કહેતા કે મહારાજ કાંઈ જરૂર હોય તો કહેજો. પણ તેઓ તો કોઈએ કહ્યું માટે કાંઈ માગી લેવું એમ માનનારા હતા નહિ. જ્યારે પણ જરૂર ઊભી થાય ત્યારે જ તેઓ કોઈને કાંઈ કહેતા.

વિદ્યામંદિરમાં આવીને તેઓ રહે કે નહિ તેની ચર્ચા પ્રસંગે તેમણે જણાવ્યું કે મને તો મારા આ શ્રાવકકલકત્તોની વચ્ચે જ રહેવું ગમે છે. તેમની મને ફૂંફ છે, મારી તેમને છે.

જૈન આચાર–વિચારમાં દૃઢ છતાં જ્યાં અપવાદ જરૂરી જણાય ત્યાં તે કરતા સંકોચ અનુભવતા નહિ. પરમાર્થ ચારિત્રના એ આરાધક હતા. ખોટા આડંબરમાં કદી રાચ્યા નથી. તેમનાથી ઓછી યોગ્યતાવાળા અનેક આચાર્યો બની ગયા. અને અનેકવાર વિનંતિ છતાં મુનિશ્રી પુણ્યવિજયજી એ મુનિશ્રી જ રહ્યા. આચાર્ય થવાનું પસંદ કર્યું નહિ. આગમના પરિશીલન દ્વારા એમને જ્ઞાન હતું કે આચાર્ય થવું એટલે કેટલી મોટી જવાબદારી ઉપાડવી. આવી મોટી જવાબદારીથી મુકત રહેવામાં જ તેમણે પોતાનું શ્રેય જોયું હતું. આચાર્ય તો નહિ પણ વિદ્વત્તાના પ્રતિક રૂપે અપાતી પંન્યાસ પદવી પણ તેમણે સ્વીકારી નહિ તે તેમની કેટલી નમ્રતા હતી તે સૂચવે છે.

છેલ્લે તેમને હરસનું દર્દ હતું તેનું ઓપરેશન થયું, તેમાંથી વળી પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવું પડ્યું. તેમાં તેમના જીવનનો ૭૬ વર્ષની ઉમરે અંત થયો. પરંતુ મહારાજશ્રીને પોતાને તો વિશ્વાસ હતો કે તેઓ ૮૪ વર્ષ તો જીવવાના જ છે અને અધૂરાં કામો પૂરાં કરવાના જ છે. પણ કુદરતે બીજું ધાર્યું હતું. તેમના અધૂરાં કામો અધૂરાં જ રહ્યા. પણ ખરેખર જ તે અધૂરાં રહ્યા છે? જે કાંઈ તેમણે જ્યારે કર્યું છે તે પૂર્ણ રૂપમાં જ કરવાનો આગ્રહ સેવ્યો છે. એટલે તે જે કાંઈ કરી ગયા છે તે પૂર્ણ જ છે. અધૂરાં તો આપણે તેમની

પાસેથી અપેક્ષા રાખી હોય તેથી લાગે, પણ તેઓ તો પૂર્ણતાના જ ઉપાસક હતા, અને પોતાનાં કાર્યો પૂર્ણ કરીને જ ગયા છે.

જીવનમાં સમભાવની સાધના એ જ શ્રમણનું લક્ષણ છે અને તેની તાદશ મૂર્તિના દર્શન મને સ્વ. પૂ. પુણ્યવિજયજીમાં થયા છે. છેક ઈ. ૧૯૩૫ થી સંગ્રહણીના દરદી છતાં તેમના સ્વભાવમાં જે શાંતિ દેખાતી તે દુર્લભ હતી. છેલ્લા દિવસોમાં બન્ને ઓપરેશન વેળા પણ તેમણે દુઃખ સહન કરવાની જે તાકાત દાખવી છે તેના દર્શન પણ દુર્લભ છે. બાળક કે મોટા ધનિક તે બન્નેની સમક્ષ મહારાજશ્રીનું એક જ રૂપ. તે તેમની નિખાલસવૃત્તિના દર્શન કરાવે છે. મોટા મોટા શેઠો ભકતો છતાં, અભિમાનનો છાંટો મળે નહિ. આવી આત્મ પરિણતિ અન્યત્ર દુર્લભ જ છે. મહારાજ પાસે સાહિત્યિક સામગ્રી કે અન્ય સામગ્રી હોય અને કોઈ ખપીને ન આપી હોય તેવું બન્યું નથી. આવી નિર્મોહી કે અપરિગ્રહવૃત્તિ જે આત્મામાં હોય તે સાચો શ્રમણ ન હોય તો પછી બીજો કોણ હોય? અને છતાં આપણા સમાજમાં એવા સાધુ પડયા છે જે તેમને શ્રમણ માનવા પણ તૈયાર ન હતા. તેમના દર્શન કરવામાં તેમને મિથ્યાત્વ લાગી જવાનો ડર હતો. આ જૈન ધર્મના હ્રાસનું કારણ ન હોય તો બીજું શું હોય? 'બાહ્ય આડંબર વધારો અને સાચા સાધુમાં ખપો-' આ આજે સાધુતાનું ધોરણ થયું છે. અને છતાં એ ધોરણનો અસ્વીકાર કરી સદૈવ માન અપમાનની પરવા કર્યા વિના પોતાની રીતે સાધુજીવન ગાળીને પૂ. મુનિશ્રી પોતાનું જીવન ધન્ય કરી ગયા છે અને સાધુતા શું હોઈ શકે તેનું નિદર્શન પણ કરી ગયા છે. તે આપણા માટે સદૈવ ધ્રુવતારક બની રહે એ જ અભ્યર્થના. દલસુખ માલવણિયા

# બંગલાદેશ અને સાધુ–સંન્યાસીઓ

બંગલાદેશમાં જે ભયંકર હત્યાકાંડ અને અત્યાચાર થઈ રહ્યો છે અને લાખો નિરાશ્રિતો પોતાનું સર્વસ્વ ગુમાવી ભારત આવ્યા છે, અને આવતા રહે છે તેમની યાતનાઓથી વ્યથિત થઈ, એક ભાઈએ જૈન પ્રકાશમાં લખ્યું કે આપણા દેશમાં આટલા બધા ધર્મો છે - ધર્માત્માઓ છે, ત્યાગી - તપસ્વી પુરુષો છે, શાંતિ અહિંસામાં માનવાવાળા છે, તેઓ કોઈ કેમ બંગલાદેશની શાંતિ માટે કાંઈ કરતા નથી? મહાત્મા ગાંધીજી જેમ નોઆખલીના હત્યાકાંડ વખતે ત્યાં જઈ આવેલા, તેવું કોઈ સાહસ કરવા કોઈ સમર્થ નથી?

તેરાપંથી મુનિ રૂપચંદજીએ કહ્યું કે હિંસાના વિરોધમાં અહિંસાનો સમર્થ અવાજ બુલંદ કરવાનો આ યોગ્ય અવસર છે. ભગવાન મહાવીરના સમાનતા અને સ્વતંત્રતાના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે સમસ્ત સાધુસમાજે પૂર્વબંગાળ ઉપર ગુજરી રહેલ પાકિસ્તાની અત્યાચારોની સ્પષ્ટરૂપે નિંદા કરવી જોઈએ.

જૈન સાપ્તાહિકે પણ આવો જ અવાજ ઉઠાવ્યો છે અને ઉપર જણાવેલ બન્ને કથનનો ઉલ્લેખ કરી કહ્યું છે કે "બંગલા દેશના પ્રકરણમાં સમાજ અને સામાન્ય પ્રજા ધર્મગુરુઓ પાસેથી સક્રિય અને કરુણાપ્રેરિત કામગીરીની આશા–અપેક્ષા રાખે છે અને આપણા સાધુસમાજે દરેક રીતે પૂરો સાથ અને ઉપદેશ આપીને પોતાની અહિંસા અને કરુણાની ભાવનાને ચરિતાર્થ કરવી જોઈએ.

આવું કાંઈ બન્યું નથી. શા માટે નથી બનતું તે સમજવાની જરૂર છે.

જૈન સાધુસમાજ, બૌદ્ધભિક્ષુઓ અને હિન્દુધર્મના લાખો સંન્યાસીઓ ધારે તો આવી મહાન આપત્તિના સમયે અદભુત કામ કરી શકે. આમ નથી બનતું કારણકે શ્રમણપરંપરા અને સંન્યાસપરંપરામાં આવા સક્રિય કરુણાપ્રેરિત સેવાના કાર્યને સ્થાન નથી. સમાજકલ્યાણ માટે સેવાના કાર્યો આત્મસાધનાનું અંગ બની શકે તેમ માન્યું નથી. સાધુ અથવા સંન્યાસી થયા એટલે સંસારના બધા સંબંધોનો વિચ્છેદ કર્યો અને માત્ર આત્મચિન્તનમાં લીન થયા. સાંસ્કારિક પ્રવૃત્તિ, શુભ પ્રવૃત્તિ હોય તે પણ કર્મબંધનું કારણ છે અને મોક્ષાર્થી ભવભ્રમણમાંથી મુક્તિ મેળવવા ઈચ્છે તેથી કર્મ બન્ધનું નિમિત્ત થાય એવી કોઈ પ્રવૃત્તિ ન કરે. શ્રમણ અને સંન્યાસપરંપરા તેથી સર્વથા નિવૃત્તિલક્ષી રહી છે. જૈન ધર્મમાં અહિંસાની જે સમજણ સ્વીકારી છે તે મુજબ બધી પ્રવૃત્તિમાં આરંભ સમારંભ અને હિંસા હોવાથી, નકારાત્મક વલણ રહ્યું છે. આ સમજણથી અંતિમ કોટિ તેરાપંથ છે. આચાર્ય તુલસી તેમાં પરિવર્તન કરવાનો પ્રયત્ન કરે છે, પણ પાયાની માન્યતામાં જાહેર રીતે ફેર કરી શકયા નથી. જૈન ધર્મના અન્ય સંપ્રદાયોની પણ, વધતે ઓછે અંશે, આ જ માન્યતા છે. કરુણાપ્રેરિત સક્રિય સમાજકલ્યાણની પ્રવૃત્તિને સાધુજીવનમાં અવકાશ નથી. સાધુ - સંન્યાસી, કોઈ ધ્યાનમાં, કોઈ જ્ઞાનમાં, કોઈ ભક્તિમાં તો કોઈ તપશ્ચર્યા અને દેહદમનમાં મગ્ન રહેશે પણ કર્મ યોગમાં નહિ. આ પાયાની માન્યતામાં ધરમૂળથી ફેરફાર ન થાય ત્યાં સુધી સાધુ - સંન્યાસીઓ પાસેથી સમાજકલ્યાણની પ્રવૃત્તિઓની આશા રાખી ન શકાય.

આ માન્યતામાં અસરકારક ફેરફાર સ્વામી વિવેકાનંદે કર્યો અને સંન્યાસ અને સેવાને સાથે જોડયા. દક્ષિણ આફ્રિકામાં ખ્રિસ્તી મિશનરીઓના સમર્પણ અને સેવાથી ગાંધીજી આકર્ષાયા. સદ્‌ભાગ્યે તેમણે જોયું કે પોતાને જોઈએ તે બધું હિન્દુધર્મમાં પણ મળી રહે તેમ છે અને તે મળ્યું ગીતાના અનાસકત કર્મયોગમાં. ગાંધીજીએ કહ્યું કે તેમની બધી પ્રવૃત્તિ મોક્ષ માટે જ છે, બીજા અર્થમાં કહ્યું કે પૂર્ણ સત્યના દર્શન માટે અથવા ઈશ્વરના સાક્ષાત્કાર માટે. ગીતાના અનાસકત યોગને જીવનમાં કોઈએ બરાબર જીવી બતાવ્યો હોય તો ગાંધીજીએ. ડૉ. સ્ટેન્લી જોન્સે ગાંધીજી વિષે કહ્યું છે:-

He was an ascetic and a servant. The Combination is a new phenomenon in India. The ascetic in general does not serve .... It was with a sigh of relief that India saw in her Greatest Son the combination of two things that gripped her deeply. India has always respected the man who could renounce .. And here was Mahatma Gandhi, the leader of the new India, an ascetic. It gripped the Soul of ancint India. But he also gripped the Soul of modern India. for modern India feels that to renounce and not to relate that renunciation to the needs around one is worse than useless - it is a drain. In the Mahatma the two came together. Gandhiji was the ascetic who served."

સંન્યાસ અને સેવાનો આ સંગમ જૈન સમાજ કે હિન્દુ સમાજ સ્વીકારવા તૈયાર છે? અત્યારે સંન્યાસીની સેવા વધુમાં વધુ હોય તો ઉપદેશમાં–તે ખટકે છે. પોતાના વર્તન વિનાનો ઉપદેશ કેટલી અસર કરે? ચીમનલાલ ચકુભાઇ

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

★

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જુલાઈ માસની તા. ૧૭ શનિવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાન્તને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટરોની નિમણુંક કરવી.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સંઘનો વૃત્તાંત તથા સંઘના તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ સંઘના કાર્યાલયમાં ખુલ્લા રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨-૦૦ થી ૫-૦૦ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે

સભાસ્થળ: સંઘનું કાર્યાલય, ૩૮૫, સરદાર વી. પી રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪

★

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

# ગાંધીવિચારના ઉપદેશક એવા રાજ્યપાલ અને ખાદીની મહત્તા પર પ્રકાશ

કોઈ પણ પ્રાંતના રાજ્યપાલનું વક્તૃત્વ સાંભળીએ તો તેમાં મોટી વાતો, મોટા વચનો, મોટા આંકડાઓનો ભભકભર્યો ઉલ્લેખ જોવા મળશે. એનાથી સાવ જુદી દિશાના ઉદ્‌ગારો અને વિચારસરણી ધરાવનાર—અને ગાંધી વિચારસરણીને અનુમોદન આપનાર—તેને બિરદાવનાર અને એના વિષે દિશાસૂચન આપનાર એટલું જ નહિ પણ ગાંધીબોધને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવનાર એવા એક રાજ્યપાલ પણ આપણે ત્યાં છે. આ વાત વિષેની આજ સુધી આપણી બહુ જૂજ જાણકારી હતી. પરંતુ તા. ૨૩ જૂનના રોજ અમદાવાદ ખાતેના ગાંધીનગરમાં ખાદી ભવનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ ગુજરાતના રાજ્યપાલ શ્રીયુત શ્રીમન્નારાયણે મંગળ પ્રવચન કર્યું એ સાંભળ્યા પછી—વાંચ્યા પછી—તેમના પ્રત્યે આપણું દિલ આદર અનુભવતું થાય છે અને તેમના વિષેનો પૂજ્ય રવિશંકર દાદાએ કરેલ ઉલ્લેખ સાંભળ્યા પછી તો તેમને ખરેખર આપણું મસ્તક નમી પડે છે અને અંતઃકરણના ઊંડાણમાંથી શબ્દો સરી પડે છે કે ગાંધી વસ્તારના આવા રડ્યાખડ્યા રત્નો પણ હજુ અસ્તિત્વ ધરાવે છે તે આપણી ખુશનસીબી છે. જે પ્રાંતને આવા ગવર્નર મળ્યા છે તે પ્રાંત ખરેખર ભાગ્યશાળી ગણાય.

ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણે દેશને બેકારીમાંથી બચાવવા ખાદી અને ગૃહ ઉદ્યોગને વિકસાવવાનો અનુરોધ કરતાં એવી ટકોર કરી હતી કે "ગંજાવર ઉદ્યોગો નિર્માણ થતા હોવા છતાં બેકારી એટલી બધી વધી ગઈ છે કે આયોજન પંચ તેની પૂરતી માહિતી પણ આપી શકે એમ નથી."

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સંચાલિત ખાદી ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે "ખાદી અને અંબર ચરખો એ જ આજે ગામડાની પ્રજાને રોજી-રોટી આપી શકે એમ છે, તે સિવાય બીજા કોઈ ઉદ્યોગ માટે આ શક્ય નથી. આનંદની વાત એ છે કે ગુજરાતમાં અંબર ચરખાનું કામ ઘણું જ વ્યવસ્થિત રીતે ચાલે છે."

રાજ્યપાલે એવી ટકોર પણ કરી હતી કે "ખાદીને કારણે આજે બે જુદા વિરોધ પક્ષના અગ્રણીઓ એક જ મંચ ઉપર ભેગા થઈ શક્યા છે તે જ બતાવે છે કે ખાદીમાં કેવી શક્તિ છે. આપણા કૃષિપ્રધાન દેશમાં બળદની વધુ જરૂર છે તે ખરું, પણ તો લોકોએ ગાયો પાળવી જોઈએ. હા, જો ભેંસ બળદ પેદા કરી શકે તો પછી મારે કાંઈ કહેવાનું નથી. બાકી ટ્રેક્ટરોથી ખેતી કરવાનું ભારતમાં શક્ય નથી. ખેડૂતની પાસે જમીનો ઘણી ઓછી છે."

રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે "લોકોએ પોતે ઘંટી ચલાવીને લોટ દળવો જોઈએ. છેલ્લાં કેટલાંય વર્ષોથી હું મારા સ્વહસ્તે દળેલો-લોટ વાપરું છું."

આ પ્રસંગે આ વાતની સાક્ષી પૂરતાં પૂજ્ય રવિશંકર દાદાએ જણાવ્યું હતું કે "એક વાર તેઓ રાજભવન ગયા હતા ત્યારે મદાલસાબહેન અને શ્રી શ્રીમન્નજી બન્ને સામસામા બેસીને દળતાં હતાં."

કેવી લાક્ષણિક છે ઉપરની વાતો! અને એનું મૂલ્ય પણ એટલા જ ઊંચા સ્તરનું છે. પરંતુ આજે સાચા મૂલ્યોનું મૂલ્યાંકન કરવાના મિજાજમાં આપણે નથી તે આપણી અને આપણા દેશની કમનસીબી છે. નહિંતર ભારતભરમાં જ્યારે મોટા પ્રમાણમાં બેકારી પ્રવર્તી રહી છે ત્યારે એ બેકારીના નિવારણ માટે અન્ય પ્રયત્નો કરવામાં આવે છે, તેની પાછળ અનર્ગળ ખર્ચ કરવામાં આવે છે એની જગ્યાએ ગામડાઓને કેન્દ્રમાં રાખીને આખા ભારતમાં અંબર ચરખાઓનો પ્રયોગ કેમ નથી કરવામાં આવતો અથવા નહિ કરવામાં આવતો હોય? એવો પ્રશ્ન ઊભો થાય છે. પણ તેનું કારણ આપણી મૂલ્યાંકન પદ્ધતિ જ માલૂમ પડે છે.

એ જ પ્રસંગે શ્રી. વજુભાઈ શાહે બોલતા જણાવેલ કે "જો ગંભીરપણે અને સૂક્ષ્મ રીતે વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ જણાય એમ છે કે આજના યુગમાં ખાદી જ આપણી બેકારીનો પ્રશ્ન હલ કરી શકે તેમ છે.

"ખાદી, તેની પાછળ રહેલી વિચારધારા તેમ જ તેની ભાવના એ ઘણાં મહત્ત્વના છે. ખાદીહાટ એ તો વૈચારિક ક્રાંતિના કેન્દ્રો છે.

"ખાદીએ મહેસાણા જિલ્લાના કેટલાંક ગામોમાં વોરા કુટુંબોમાં જે ક્રાંતિ સર્જી છે તેનું શબ્દચિત્ર રજૂ કરતાં તેમણે જણાવ્યું કે, વોરા કોમનાં કેટલાંક કુટુંબો જેઓ બીડીઓ વાળી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં, તે કુટુંબોમાં પિતા સાથે જુવાન દીકરીઓ પણ બીડીઓ વાળતી. પરિણામે કેટલીક દીકરીઓ તો ક્ષય અને બીજા રોગોનો ભોગ બનતી. આ વોરા કુટુંબોમાં ખાદીના કાર્યકરોએ અંબર ચરખો આપ્યો છે અને આજે એનાથી એ લોકો પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે."

છેવટે પૂ. રવિશંકર મહારાજે જણાવ્યું કે "પૂ. ગાંધીજીએ જે માર્ગ બતાવ્યો છે તે યોગ્યક્ષેમનો માર્ગ છે. ખાદી જાતે ઉત્પન્ન કરી પહેરીએ તેના જેવો આનંદ બીજા કશાથી મળતો નથી."

આજે જ્યારે આપણે ધીરે ધીરે ખાદીનો ત્યાગ કરી રહ્યા છીએ, એનું મૂલ્ય ઓછું આંકીને એના પ્રત્યે ઉદાસીનતા સેવી રહ્યા છીએ ત્યારે ઉપરનો ઉપદેશ આપણને ખાદી વિષે ફરીથી ચિન્તન કરવાની પ્રેરણા આપે છે અને આપણે 'જાગ્યા ત્યારથી સવાર' ગણીને ખાદી વિચારને વધારે વેગ મળે એ દિશાએ વિચારતા થવું જોઈએ અને એનો પ્રચાર વધારવા કટીબદ્ધ થવું જોઈએ. ઓછામાં ઓછું પોતાના મનની શાંતિ માટે અને વસ્ત્રસ્વાવલંબન માટે ઓટલો તો નિશ્ચય કરવો જ જોઈએ કે પોતાનાં કપડાં પૂરતું પોતે કાંતી લેવું. ઘણા માણસો જો આવો દૃઢ નિર્ધાર કરશે તો પણ પાછો ખાદીકામમાં વેગ આવશે. અને ગામડાંઓએ તો ઘેર ઘેર અંબર ચરખાને અપનાવવો જોઈએ—ભારત માટે તો બેકારીના રાક્ષસને ડામવાનું મોટામાં મોટું શસ્ત્ર અંબર ચરખો જ છે.

**શાન્તિલાલ ટી. શેઠ**

## આપણી ભાવી પેઢી

આજે આપણી ભાવી પેઢી સમક્ષ જીવન વિષે કોઈ પણ ઉચ્ચ, ઉદાત્ત અને પવિત્ર આદર્શ નથી. તેમના જીવનનો પ્રવાહ કઈ દિશા તરફ વહે છે તે આપણે બધા જાણીએ છીએ. આ સ્થિતિમાંથી નિઃસ્વાર્થ સમાજસેવક અને કર્તવ્યનિષ્ઠ નાગરિકો પેદા થઈ શકશે એવી આશા રાખી શકાય નહીં. ભાવી પેઢીને શરીરે નિરોગી અને સામર્થ્યવાન, બુદ્ધિથી પ્રખર અને તેજસ્વી, અને મનથી પવિત્ર અને ઉદાર બનાવવાનો આપણે આજે પ્રયત્ન નહીં કરીએ તો તેની અને રાષ્ટ્રની ભવિષ્યમાં થનારી દુર્ગતિનો દોષ આપણને લાગશે એવો પૂરો સંભવ છે. આપણે આ વાત જાણતા નથી અથવા તે દિશામાં આપણે પ્રયત્નશીલ નથી એમ હું કહેતો નથી, પણ આપણો બધાનો મળીને તે દિશામાં સામુદાયિક પ્રયત્ન ન હોવાથી આપણા કાર્યમાં બળ કે ગતિ ન આવવાનો યે સંભવ છે. આ વિષે આપણે બધા સહકારથી કાર્ય કરીએ તો યશસ્વી થયા વગર રહેશે નહીં.

જીવન યશસ્વી થવા માટે આપણી બધી શક્તિઓની વૃદ્ધિ અને તે સાથે શુદ્ધિ પણ થવી જોઈએ. વિદ્યાઓ અને કલાઓ વડે શરીર અને બુદ્ધિનો વિકાસ થાય છે, અને સદ્‌ગુણ, સદાચાર અને પવિત્રતાથી મનનો વિકાસ થાય છે. નાગરિકત્વ અને માનવતા સિદ્ધ કરવા માટે ત્રણેના- શરીર, બુદ્ધિ અને મનના વિકાસની જરૂર છે. માનવતા સિવાય જીવન યશસ્વી થશે નહીં. ચારિત્ર્ય સિવાય માનવતા આવશે નહીં. સદ્‌વિદ્યા અને સદ્‌ગુણો સિવાય ચારિત્ર્ય ઘડાશે નહીં. સંસ્કારો સિવાય સદ્‌ગુણો પ્રાપ્ત થશે નહીં. નાનપણથી જ સુસંસ્કારો મળતા રહે તો જ સદ્‌ગુણરૂપે તે, પ્રગટ થતા રહેશે અને સદ્‌ગુણો પ્રાપ્ત થાય તો સજ્જનતા ઓટલે માનવતા સાધ્ય થશે. તેથી ભાવિ પેઢીને નાનપણથી જ ચારિત્ર્યનું મહત્ત્વ સમજાવવું, તેમને સુસંસ્કારો આપી તેમનામાં સદ્‌ગુણો જાગ્રત કરવા એ આપણા બધાનું કર્તવ્ય છે."

**—શ્રી. કેદારનાથજી**

# ઉકેલ મારું અન્તર

કુમકુમવર્ણી ઉષા આછા ઉજાસ સહિત પૃથ્વી પર પગલાં માંડતી હતી અને નવજાત શિશુની અધખુલી આંખો સમી નિર્દોષ પ્રકૃતિ પોતાનું મધુર સૌંદર્ય પ્રસારતી હતી એવી પ્રભાતે ડાળીઓ ઝુલાવતા વૃક્ષ નીચેથી હું પસાર થઈ.

પ્રાત:કાળના મધુર સમીરને લીધે ડાળી પર ઝૂલતું પાન નીચે જમીન પર ખરી પડ્યું. મેં એ પાંદડું ઊંચક્યું અને માત્ર એને સૂકકું ખરી પડેલું પાન ધારી ફેંકી દેવાનો વિચાર કરતી હતી એવામાં એકદમ એની પર કંઈક અંકાયેલું મેં દીઠું. એ હતી વૃક્ષની આત્મકથા.

"મને ખબર નથી આ સ્થળે હું કેટલા સમયથી વસું છું. પણ એક વખત ઝરમર ઝરમર વરસાદ મારા મૂળ પર પડ્યો હતો એ મને બરાબર યાદ છે. તે સમયે હું ખૂબ જ નાનું હતું. મારા હાથો પણ નાજુક હતા અને પાંદડાં અતિ કોમળ હતાં. મારા પ્રત્યેક અંગમાં પ્રાણ જોશપૂર્વક ધબકારા મારતો હતો.

વરસાદને કારણે મારું હૃદયકમળ ઉભરાવા લાગ્યું અને હું આનંદ-વિભોર બની ગયું.

પણ આખરે વર્ષા ગઈ અને ઘણી વખત મારા પર વાવાઝોડાનો મારો વરસવા લાગ્યો. મારી ઈચ્છા વિરુદ્ધ હું આમથી તેમ ઢોલવા લાગ્યું. આવા સંઘર્ષનો મને આ પહેલા કદી અનુભવ નહોતો થયો.

જ્યારે ક્રૂર શિશિર આવી ત્યારે પ્રભાત ઝાકળયુકત બની ગયું અને અચાનક જ મારા વસ્ત્રો હિમાચ્છાદિત બની ગયેલાં મેં દીઠાં. મારી નીચેથી પસાર થતાં માણસોને મેં વાતો કરતાં સાંભળ્યા. એક જણ બોલ્યો, "બરફની ચાદર ઓઢેલું આ મનોહર વૃક્ષ જો. કેટલું આકર્ષક લાગે છે!" દરેક જણ મારા સૌંદર્યની પ્રશંસા કરતાં કરતાં આનંદથી પસાર થતું હતું. પણ મારા મનમાં વિચાર આવ્યા વિના નહોતો રહી શકતો કે આ વસ્ત્ર કેટલું જાડું અને અસહ્ય છે તે માત્ર હું જ જાણું છું.

મારા પાંદડાં ખરી પડ્યાં અને હું પાતળું થઈ ગયું. શિયાળો વધુ ને વધુ ઉગ્ર બનતો ગયો. મારી ત્વચા ખડબચડી થતી ગઈ. આવી આકરી એકાકી પરિસ્થિતિમાં મને મૂકીને પક્ષીઓ પણ ઊડી ગયા હતાં. આવી વિષમ પરિસ્થિતિમાં પણ મારી રગોમાં શ્રદ્ધા વહેતી હતી અને પ્રાણના સંચારનો અનુભવ હું સતત કરતું રહ્યું.

શિયાળો પસાર થઈ ગયો અને સૂર્ય વધુ ને વધુ તેજસ્વી થતો ગયો. અનેક સંદેશા ઝીલતો ઉષ્માભર્યો પવન પણ હવે વાવા લાગ્યો હતો. સરોવરમાં પોયણાં ખીલ્યાં હતાં. બગીચામાં કળીઓ વિકસી હતી. સમસ્ત વાતાવરણ મધુર સૌરભથી મહેંકી રહ્યું હતું. રંગબેરંગી પુષ્પોથી લચી પડતાં વૃક્ષો મેં જોયાં અને મારી દષ્ટિ મારા પોતાના પર પડી. હું પણ યૌવનમસ્ત બન્યું હતું અને મારી ડાળીઓ ઉપર પણ સુંદર લીલાં પાનો અને વિવિધરંગી ફૂલો ઝૂલી રહ્યાં હતાં. આખું વાતાવરણ મને ઉત્સાહ અને આનંદથી સભર લાગ્યું.

મારે માટે આ અનુભવ તદ્દન નવો હતો. પછી તો આવું પ્રતિ-વર્ષ બનતું અને હું આખરે ટેવાઈ ગયું હતું. ધીમે ધીમે હું મોટું બનતું ગયું અને મારાં અંગો હવે બળવાન બન્યાં હતાં.

મારી અનેક શાખાઓ દ્વારા મને કૃપાજળ પ્રાપ્ત થાય છે તે હું જાણું છું. જમીનમાં મારા મૂળ ખૂબ ઊંડે સુધી પહોંચેલા છે. અંત-રમાં મને શ્રદ્ધા છે કે આંધી પસાર થઈ ગયા પછી પાછું હું મારું મૂળવત બળ પ્રાપ્ત કરીશ.

એક બપોરે કેટલાંક વિદ્યાર્થીઓ વાત કરતાં કરતાં મારી નીચેથી પસાર થતા હતા. એ લોકોની વાતચીત હું સાંભળતું હતું. એમની વાતો પરથી લાગ્યું કે એમાંનો એક ઝાડપાન વિષે વધારે માહિતી ધરાવતો હતો. એ વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસી લાગતો હતો. હું કેવી રીતે મારા મૂળદ્વારા ખોરાક મેળવું છું અને ડાળીઓ તેમ જ પાંદડાંને એ કેવી રીતે પહોંચાડું છું એની વિગતવાર વાત કરતો હતો. ઓકસીજન બહાર ફેંકીને કાર્બનડાયોક્ષાઈડ અંદર લઉં છું, એ વાત પણ એણે કરી.

એની વાતો સાંભળીને મને થયું, પૃથ્વીમાંથી પોષક રસો ખેંચવા, રગોમાં આનંદ વ્યાપવો, શીતલ મધુર કયારમાં ડોલવું વગેરે મારે માટે કેટલું સહજ અને સરળ છે! આવી સરળ વસ્તુને માનવો પોતાના સંકુલ મનદ્વારા કેટલી ગૂંચભરી બનાવી દે છે!

જ્યારે હું નાદાન હતું ત્યારે મને બિલકુલ ખ્યાલ નહોતો કે આટલું મોટું વિશાળ વૃક્ષ હું બનીશ. આજે એ માટે હું પ્રભુનો પાડ માનું છું. જ્યારે વસંતઋતુમાં પ્રકૃતિદેવી સોળે શણગાર સજીને પોતાનું સૌંદર્ય જગતને છૂટે હાથે અર્પે છે અને જ્યારે વર્ષાના રૂપમાં સ્વર્ગથી પ્રભુની કૃપા મારા પર ઉતરી આવે છે ત્યારે પહે-લાની જેમ મારું ઉરકમળ હવે ઊભરાઈ જતું નથી. કારણ વૃક્ષોને પોતાના શિર પર ઝીલતાં પર્વતો પણ મને મારું જ સ્વરૂપ લાગે છે. સમસ્ત સર્જન સાથેના તાદાત્મ્યનો સહજ આનંદ હું અનુભવું છું.

રકતવર્ણી ઉષાના વહેતા મત્ત મલયાનિલના સંદેશા સાંભળું છું અને મારી જાતને એમાં ડુબાડી દઉં છું, એ એકત્વના અને આનંદની વિપુલતાના સંદેશાદ્વારા મારી રગેરગમાં થનગનાટ અનુભવું છું. વસ્તુ માત્રને હું મારા સ્વરુપે જોઉં છું. સ્વર્ગમાં કે પૃથ્વી પર એક પણ એવું સ્થળ નહિ હોય જ્યાં હું નહિ હોઉં. એવો એક પણ આનંદ કે આહ્લાદનો અનુભવ નહિ હોય કે જે મારામાં એના પ્રતિબિંબ-રૂપી સ્પંદનો નહિ જગવતો હોય. સર્વત્ર મને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

तत्र को मोह: क: शोक: अेकत्वमनुपश्यत:।"

પાંદડા પરની રસમય કથા વધુ વાંચવાનો પ્રયત્ન કર્યો પણ બધું ઝાંખું બની ગયું હતું અને પાંદડું મારા હાથમાંથી સરી પડ્યું. તંદ્રાવસ્થામાંથી ઝબકી ઊઠતાં મને તડકાનું ભાન થયું અને મેં ઘર ભણી પગલાં માંડ્યાં.

(અંગ્રેજી ઉપરથી અનુવાદ) **માલતીબહેન ખાંડવાળા**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

**સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના વકતાઓના નામો ગતાંકમાં જાહેર કરવામાં આવ્યા હતા એ ઉપરાંત નીચેના વકતાઓના વ્યાખ્યાનો પણ નક્કી થઈ ચૂકયા છે: મુનિશ્રી રૂપ-ચંદજી, પ્રા. નલિન ભટ્ટ, શ્રી સનત મહેતા, શ્રી ભોગીલાલ ગાંધી, શ્રી વિજયસિંહ નહાર, શ્રી ગુલાબદાસ બ્રોકર અને ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ શ્રી એમ. હિદાયતુલ્લા.**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

## જીવનનો ભેદ

એક બૌદ્ધ સાધુ પાસે આવી શિષ્યે પૂછ્યું: 'ગુરુદેવ, જીવન એ શું છે એ મને સમજાવશો?' ગુરુ તેની સામેથી ફરી વિરુદ્ધ દિશામાં જોઈ રહ્યા. શિષ્યે ફરી ત્યાં સામે ઊભા રહી એનો એ સવાલ પૂછયો; ગુરુ કશું જ બોલ્યા નહીં; માત્ર વહેતી નદી સામે જોઈ રહ્યા; ત્રીજી વાર જ્યારે શિષ્યે એ જ સવાલ પૂછયો; ત્યારે ગુરુએ પસાર થતા એક શબને જોઈ એ સ્મશાનયાત્રામાં જોડાઈ ગયા, અને એ શબને કાંધ આપવામાં મદદ કરી.

પાછળ એકલો રહી ગયેલો શિષ્ય વિચારમાં–વિમાસણમાં પડી ગયો ત્યારે સાધુની ચાકરી કરનારા એક સેવકે તેને પૂછ્યું: 'તમને આમાં કંઈ સમજ ન પડી? પહેલી વાર ગુરુએ જીવનથી વિમુખ થઈ જતાં જીવનનો ભેદ સમજાય એમ કહ્યું; બીજી વાર જીવનને વહી જતાં નદીના વહેણ સાથે સરખાવ્યું અને છેલ્લે કહ્યું: જીવનને મૃત્યુના સંદર્ભમાં જોતા શીખીશ, તો જીવન ઘટના બની જશે: મૃત્યુ અવસર!'

જીવનનો આ ભેદ થોડો સંતને મળ્યો છે, થોડો ભોળા–ભલા માણસોને મળ્યો છે, તો થોડો સાહિત્યકારોને!

**હરીન્દ્ર દવે**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧મી ડિસેમ્બર ૧૯૭૦ સુધીનું સરવૈયું

| ફંડો અને દેવું: | રૂા. પૈ. | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|---|
| **શ્રી. રીઝર્વ ફંડ:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૬૭૦૪-૮૯ | |
| **શ્રી. સંઘ હસ્તકનાં ફંડો:** | | | |
| (૧) **શ્રી મકાન ફંડ:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૭-૨૪ | | |
| **ઉમેરો:** | | | |
| વર્ષ દરમિયાન ભેટના | ૨૪૫૩-૦૦ | | |
| | ૩૩૮૦૦-૨૪ | | |
| **બાદ:** | | | |
| નવી ઓફિસ રીનોવેશન ખર્ચ | ૮૩૩૨-૬૭ | | |
| | | ૨૫૪૬૭-૫૭ | |
| (૨) **શ્રી. પુસ્તક પ્રકાશન ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૧૬૩-૭૫ | | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન પુસ્તકો વેચાણના | ૧૯-૨૫ | | |
| | | ૨૧૮૩-૦૦ | |
| (૩) **શ્રી. માવજત ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૪-૯૫ | | |
| **ઉમેરો:** માવજત ઘસારાના | ૧-૨૭ | | |
| | | ૧૬-૨૨ | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું:** | | | |
| (સામી બાજુ જમા છે) | | ૮૨૬-૧૫ | |
| | | | ૫૫૧૯૭-૮૩ |
| **દેવું:** | | | |
| સ્ટાફ પ્રોવિડંટ ફંડ | | ૪૧૦૨-૮૮ | |
| અગાઉથી આવેલ લવાજમના | | ૮૭૦-૦૦ | |
| પરચુરણ દેવું | | ૧૪૯૮-૪૦ | |
| | | | ૬૪૭૧-૨૮ |
| **શ્રી. જનરલ ફંડ:** | | | |
| **(શ્રી આવક ખર્ચ ખાતું):** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૨૩૯૪-૩૫ | |
| **ઉમેરો:** | | | |
| શ્રી. આવક ખર્ચ ખાતેથી લાવ્યા | | ૩૬૮૭-૯૭ | |
| | | ૨૬૦૮૨-૩૨ | |
| **બાદ:** શ્રી. પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા | | ૧૯૧૧-૧૪ | |
| | | | ૨૪૧૭૧-૧૮ |
| | | | ૮૫૮૪૦-૨૯ |

| મિલ્કત અને લેણું: | રૂા. પૈ. | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટ:** | | | |
| ૩% ઈન્ડિયન હ્યુમ પાઈપ કું. લિ. ના ડીબેન્ચરો રૂા. ૫૦૦૦ના | | ૫૨૩૬-૩૯ | |
| **ફર્નિચર અને ફિક્ચર્સ:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૮૪૫-૨૪ | | |
| **બાદ:** કુલ ઘસારાના લખીવાળ્યા | ૫૫૭-૨૪ | | |
| | | ૨૮૮-૦૦ | |
| **ડિપોઝીટ:** | | | |
| પોસ્ટ ઑફિસમાં | ૭૫-૦૦ | | |
| બી. ઈ. એસ. ટી. પાસે | ૮૦-૦૦ | | |
| મકાનભાડા અંગે | ૪૭૭-૨૭ | | |
| ટેલિફોન ડિપોઝીટ | ૩૬૦-૦૦ | | |
| | | ૯૯૨-૨૭ | |
| **લેણું:** (સદ્ધર) | | | |
| શ્રી. મ. મો. શાહ સાર્વજનિક પુસ્તકાલય | ૫૫૦૧-૯૭ | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | ૩૭૯-૭૩ | | |
| સભ્ય લવાજમ અંગે | ૧૦૩૦-૦૦ | | |
| સ્ટાફ પાસે | ૧૧૧૬-૨૯ | | |
| | | ૮૪૨૭-૯૯ | |
| **રોકડ તથા બેન્ક બાકી:** | | | |
| બેન્ક ઓફ ઈન્ડિયાના ચાલુ ખાતે | ૫૨૫૪-૧૩ | | |
| બેન્ક ઓફ ઈ. ફીક્સ ડિપોઝીટ ખાતે | ૬૫૫૪૯-૩૩ | | |
| રોકડ પુરાંત (ચોપડા પ્રમાણે) | ૯૨-૧૮ | | |
| | | ૭૦૮૯૫-૬૪ | ૮૫૮૪૦-૨૯ |
| **પરચુરણ ખાતાં:** | | | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૧૬૨૪-૩૮ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન વૈદ્યકીય રાહત ખર્ચ | | ૧૪૧૧-૪૭ | |
| | | ૩૦૩૫-૮૫ | |
| **બાદ:** વર્ષ દરમિયાન ભેટ | ૮૬૨-૦૦ | | |
| શ્રી. જનરલ ફંડમાંથી લાવ્યા | ૩૦૦૦-૦૦ | | |
| | | ૩૮૬૨-૦૦ | |
| | | ૮૨૬-૧૫ | |
| **બાદ:** જમા બાજુ પ્રમાણે | | ૮૨૬-૧૫ | |
| | | | ૮૫૮૪૦-૨૯ |

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૭૦ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

**શાહ મહેતા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

મુંબઈ તા. ૧૭-૬-૧૯૭૧

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

**તા. ૩૧–૧૨–૭૦ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

| આવક | રૂા. -પૈ. | રૂા.- પૈ. |
|---|---|---|
| ભેટના | | ૧૮૪૨૨-૧૨ |
| લવાજમના | ૫૫૮૦-૦૦ | |
| બાદ: શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્રબુદ્ધ જીવનની કોપી મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા | ૩૩૪૮-૦૦ | |
| | | ૨૨૩૨-૦૦ |
| હોમિયોપથિ ઉપચાર કેન્દ્રની ફીના | | ૭૭૨-૫૦ |
| વ્યાજના: | | |
| ડિબેન્ચરોના | ૩૫૦-૦૦ | |
| બેન્કના ખાતાંઓના | ૨૭૨૯-૬૦ | |
| | | ૩૦૭૯-૬૦ |
| શ્રી પરમાનંદ કાપડીઆ સભાગૃહના ભાડાના | | ૩૪૦-૦૦ |
| | | ૨૪૮૪૬-૨૨ |

| ખર્ચ : | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| માણસોને પગારના | ૩૪૧૨-૫૦ | |
| મકાનભાડું તથા વીજળી ખર્ચ | ૨૩૧૭-૮૦ | |
| પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી | ૩૦૪-૧૩ | |
| ટેલિફોન ખર્ચ | ૭૭૮-૮૫ | |
| પોસ્ટેજ ખર્ચ | ૬૮૭-૬૦ | |
| સ્ટાફ પ્રોવિડંટ ફંડને ફાળાના | ૪૫૬-૦૦ | |
| પ્રોવિડંટ ફંડ પર વ્યાજના | ૮૮-૦૦ | |
| પરચુરણ ખર્ચ | ૧૭૮૦-૦૨ | |
| ઉદઘાટન સમારંભ ખર્ચ | ૬૦૮-૪૫ | |
| ફર્નિચર ઉપર ઘસારાના | ૩૨-૦૦ | |
| ઉદ્દેશો અંગે ખર્ચ: | | |
| શ્રી. વૈદ્યકીય રાહત ખાતે લઈ ગયા. | ૩૦૦૦-૦૦ | |
| વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૫૯૪૨-૯૦ | |
| સાધુ સંસ્થા પરિસંવાદ ખર્ચ | ૨૫૦-૦૦ | |
| હોમિયોપથિ ઉપચાર કેન્દ્રનો પગાર | ૧૫૦૦-૦૦ | |
| | ૧૦૬૯૨-૯૦ | |
| | | ૨૧૧૫૮-૨૫ |
| વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા. | | ૩૬૮૭-૯૭ |
| | | ૨૪૮૪૬-૨૨ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

**'પ્રબુદ્ધ જીવન'નો તા. ૩૧-૧૨-૭૦ના રોજ પુરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

| આવક: | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| લવાજમના: | ૪૯૦૦-૮૫ | |
| ઉમેરો: શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા... | ૩૩૪૮-૦૦ | |
| | | ૮૨૪૮-૮૫ |
| ભેટના: | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી | ૨૫૦૦-૦૦ | |
| પરચુરણ ભેટ | ૫૭૬-૫૦ | |
| | | ૩૦૭૬-૫૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૧૧૩૨૫-૩૫ |
| | | ૧૯૧૧-૧૪ |
| | | ૧૩૨૩૬-૪૯ |

| ખર્ચ: | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| માણસોને પગારના ૧/૨ ભાગના | ૩૪૧૨-૫૦ | |
| પેપર ખર્ચ | ૨૮૦૧-૫૦ | |
| છપામણી ખર્ચ | ૫૯૩૬-૮૪ | |
| પોસ્ટેજ ખર્ચ | ૯૯૬-૦૦ | |
| પરચુરણ ખર્ચ | ૮૯-૬૫ | |
| | | ૧૩૨૩૬-૪૯ |
| | | ૧૩૨૩૬-૪૯ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, તા. ૧૭-૬-૧૯૭૧

**શાહ મહેતા ઍન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ.

## * શ્રદ્ધાંજલિ *

(સ્વ. પરમાનંદભાઈના પુત્રી શ્રી ગીતાબહેન પરીખ ઉપર, અરવિંદ આશ્રમ પોંડિચેરીથી શ્રી સુન્દરમ્‌નો આશ્વાસનપત્ર આવેલો, તેનો મહત્ત્વનો ભાગ નીચે પ્રગટ કર્યો છે. તેમાં 'મંગળા'નો જે ઉલ્લેખ છે, તે શ્રી સુન્દરમ્‌ના પત્ની વિષે છે. –તંત્રી).

મંગળાને ગયે બે વર્ષ થવા આવ્યાં. મૃત્યુનો એ અમૂલ્ય અનુભવ હતો. ઉર્ધ્વ સાધના અને સામાન્ય માનવ પ્રકૃતિ બંનેના મેળ માટેની એ મોટી તાલીમ બની છે. તમને પણ પિતાની વિદાય અણકથી સંવેદનાઓમાં લઈ ગયું હશે. ચાલુ મનોભાવોથી પણ કોઈ વિશેષ ગહનતા અનુભવાઈ હશે. મારી ઊંડી શુભ ભાવના તો મોકલું જ છું. આશ્વાસન નહિ, તેથી પણ કાંઈક ઊંડું તમને મળે એમ ઇચ્છું છું. જીવન અને મૃત્યુની ગહનતા અને જીવનના આદિ સત્યનો સ્પર્શ જાગે એમ ઇચ્છું છું. તમારે માટે–પરમાનંદભાઈ માટે–ખૂબ પ્રાર્થના કરું છું. અને પ્રાર્થનાઓ કેવી ફળે છે એ અમે જાણીએ છીએ.

**સુન્દરમ્**

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૭૦ ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું : | રૂ. | પૈ. | રૂ. | પૈ. |
|---|---|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ :** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪૫૬૧-૦૦ | | |
| **શ્રી પુસ્તક ફંડ :** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૫૦૦-૦૦ | | |
| **શ્રી ફરનીચર ફંડ :** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪૦૦-૦૦ | | |
| | | | | ૩૨૪૬૧-૦૦ |
| **દેવું :** | | | | |
| પુસ્તકો અંગે ડિપોઝીટ | ૭૮૦૬-૦૦ | | | |
| માસિકો અંગે | ૨૧-૦૦ | | | |
| | | ૭૮૨૭-૦૦ | | |
| **પરચુરણ દેવું :** | | | | |
| શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ | | ૫૫૦૧-૯૭ | | |
| સ્ટાફ પ્રોવિડંટ ફંડ | ૨૧૫૮-૨૪ | | | |
| સ્ટાફ દેવું | ૯૫-૦૦ | | | |
| | | ૭૭૫૫-૨૧ | | |
| | | | | ૧૫૫૮૨-૨૧ |
| | | | | ૪૮૦૪૩-૨૧ |

| મિલકત અને લેણું | રૂ.- પૈ. | રૂ.- પૈ. |
|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટસ:** (ચોપડા પ્રમાણે) | | |
| ૭% રાવળગાંવ સુગર ફાર્મ કું. લિ. ના ડીબેન્ચર્સ રૂ. ૧૦૦૦૦/-ના | ૧૦૦૦૦-૦૦ | |
| ૭ ૧/૨% તાતા લોકોમોટિવ કું. લિ. ડિબેન્ચર્સ રૂ. ૬૦૦૦ના | ૬૧૬૩-૫૦ | |
| | | ૧૬૧૬૩-૫૦ |
| **ફરનીચર :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૩૧૦-૯૩ | |
| **બાદ:** કુલ ઘસારાના લખી વાળ્યા | ૧૮૨૫-૯૩ | |
| | | ૧૪૮૫-૦૦ |
| **પુસ્તકો:** (ખરીદ કિંમતે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૬૭૫૨-૦૪ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન ખરીદીના | ૨૧૯૧-૭૮ | |
| | ૧૮૯૪૩-૮૨ | |
| **બાદ:** કુલ ઘસારાના લખીવાળ્યા | ૧૩૧૩૬-૮૨ | |
| | | ૫૮૦૭-૦૦ |
| **લેણું:** | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | | ૮૯૩-૭૦ |
| **રોકડ તથા બેન્ક બાકી :** | | |
| બેન્ક ઓફ ઈન્ડિયા બુલિયન એક્ષચેન્જ બ્રાન્ચ | ૪૭૮-૦૩ | |
| બેન્ક ઓફ ઈન્ડિયા સેન્ડહર્સ્ટ રોડ | ૭૧૬૭-૫૨ | |
| રોકડ સિલક | ૫-૦૬ | |
| | | ૭૬૫૦-૬૧ |
| **શ્રી આવક ખર્ચ ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫૮૧૨-૭૬ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | ૨૩૦-૬૪ | |
| | | ૧૬૦૪૩-૪૦ |
| | | ૪૮૦૪૩-૨૧ |

અમોએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૭૦ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

મુંબઈ તા. ૧૭-૬-૧૯૭૧

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૭૦ના રોજ પુરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક: | રૂ. | પૈ. | રૂ. | પૈ. |
|---|---|---|---|---|
| **વ્યાજના :** | | | | |
| સિકયોરિટીઓના | ૪૫૦ ૦૦ | | | |
| ડિબેન્ચરોના | ૭૦૦–૦૦ | | | |
| બેંકના ખાતાના | ૧૨૬–૦૨ | | | |
| | | | ૧,૨૭૬–૦૨ | |
| **ભેટના** | | | ૭,૩૬૯–૦૦ | |
| **પુસ્તક લવાજમના** | | | ૮૯૦–૦૦ | |
| **મ્યુનિસિપલ ગ્રાન્ટ** | | | ૨,૦૦૦–૦૦ | |
| **પરચુરણ આવક :** | | | | |
| પસ્તી વેચાણના | ૧૫૪–૩૫ | | | |
| પાસબુક વેચાણનાં | ૮૭–૪૦ | | | |
| દંડના | ૧૩–૫૫ | | | |
| | | | ૨૫૫–૩૦ | |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | | ૨૩૦–૬૪ | |
| | | | ૧૨,૦૨૦–૯૬ | |

| ખર્ચ: | રૂ. | પૈ. | રૂ. | પૈ. |
|---|---|---|---|---|
| **ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ :** | | | | |
| **કેળવણી અંગે :** | | | | |
| પેપર્સ લવાજમ | ૪૮૦–૨૬ | | | |
| પગારના | ૮,૦૪૭–૫૬ | | | |
| પુસ્તક રીપેર્સ તથા બાઈન્ડીંગ | ૧૦૨–૦૦ | | | |
| પ્રોવિડંટ ફંડના ફાળાના | ૩૧૨–૦૦ | | | |
| પ્રોવિડંટ ફંડના વ્યાજના | ૬૭–૦૦ | | | |
| છપામણી ખર્ચ | ૫૧૮–૦૦ | | | |
| | | | ૯૫૨૬–૮૨ | |
| **વ્યવસ્થા ખર્ચ :** | | | | |
| પરચુરણ ખર્ચ (નવી ફાઈલો, છપામણી તથા પોસ્ટ કાર્ડ વિગેરે) | ૭૭૬–૯૩ | | | |
| ઑડિટર્સની ઑનરેરિયમ. | ૧૦૧–૦૦ | | | |
| | | | ૮૭૭–૯૩ | |
| **ઘસારાના** | | | | |
| ફરનીચરના | ૧૬૪–૩૫ | | | |
| પુસ્તકોના | ૧,૪૫૧–૮૬ | | | |
| | | | ૧,૬૧૬–૨૧ | |
| | | | ૧૨,૦૨૦–૯૬ | |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

શાહ મહેતા ઍન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

મુંબઈ તા. ૧૭–૬–૧૯૭૧

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ જુલાઇ ૧૬, ૧૯૭૧ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ બાંગલા દેશની સમસ્યા ☆

[શ્રી જયપ્રકાશ નારાયણનું નીચેનું નિવેદન કાળજીપૂર્વક વાંચી જવા સૌને મારી વિનંતી છે. પૂરી જાણકારીથી અને ખૂબ જવાબદારીપૂર્વક લખાયેલ આ નિવેદન, દેશ સમક્ષ કેટલી ભારે કટોકટી ઊભી થઈ છે તેનો સાચો ખ્યાલ આપે છે. શ્રી જયપ્રકાશ નારાયણ તાજેતરમાં દુનિયાના દેશોનો પ્રવાસ કરી આવ્યા. આખી યાત્રાની તેમની છાપ એ છે કે બીજો કોઈ આપણા માટે આપણી મુસીબતોનો ઉકેલ લાવી આપશે એવી આશા ખોટી છે. પાકિસ્તાન પ્રત્યે દ્વેષ હોય એવો આક્ષેપ શ્રી જયપ્રકાશ નારાયણ ઉપર કોઈ મૂકે તેમ નથી. બલકે, પાકિસ્તાન પ્રત્યે તેમને પક્ષપાત છે (હતો) એવો આક્ષેપ થતો. પણ તે એવા પ્રકારનો હતો, જેમ ગાંધીજીને મુસલમાનો પ્રત્યે પક્ષપાત હતો એમ કહેવાતું-એટલે હિન્દુમુસ્લિમ બન્નેના હિતમાં. જયપ્રકાશ નારાયણ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધરે તેના પ્રખર હિમાયતી રહ્યાં છે. તેમને જ હવે કહેવું પડે છે કે આપણે હવે હાથ જોડીને બેસી રહી ન શકીએ અને જરૂરી પગલાં ભરવામાં વિલંબ કરવો એ ભારતના રાષ્ટ્રીયહિતનો ભારે દ્રોહ કરવા બરાબર લેખાશે. વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ અત્યાર સુધી સંયમ, દુરંદેશી તેમજ રાજનીતિજ્ઞતાપૂર્વક કામ લીધું છે તે વલણની તેમણે પ્રશંસા કરી છે. પણ હવે આપણા પોતાના હિત ખાતર પગલું ભરવાની અનિવાર્યતા ઊભી થઈ છે, એવો શ્રી જયપ્રકાશનો સ્પષ્ટ મત છે. આ પગલું કેવા પ્રકારનું હોય તે વિષે, વિવેકપૂર્વક, શ્રી જયપ્રકાશ કોઈ નિર્દેશ કરતા નથી પણ આપણે જાણીએ છીએ કે દુનિયાના દેશોને સમજાવી પાકિસ્તાન ઉપર દબાણ લાવવામાં આપણને નિષ્ફળતા મળી છે અને યાહ્યાખાન અને તેમના લશ્કરી સાથીદારો કોઈ વ્યાજબી વલણ લે એવી કોઈ શક્યતા નથી. એવા સંજોગોમાં, લશ્કરી પગલાં લેવાં પડે એ જ ઉપાય રહે છે. આમ કરવામાં ભારે જોખમ છે અને વડાપ્રધાને આવી વાતોને કોઈ ઉત્તેજન આપ્યું નથી. છતાં બીજો કોઈ ઉપાય દેખાતો નથી. વ્યક્તિ તેમજ દેશના ઈતિહાસમાં એવા ગંભીર પ્રસંગો આવે છે જ્યારે ઐતિહાસિક નિર્ણયો કરવા પડે છે. ઈન્દિરા ગાંધીને શીરે આ જવાબદારી આવી પડી છે. કેટલાકનો આક્ષેપ છે કે શ્રીમતી ગાંધી તક ચૂક્યા છે. પણ આ આક્ષેપ બરાબર નથી. ભારત નિરૂપાયે એવું પગલું ભરે છે એમ પ્રજાને તેમ જ દુનિયાના દેશોને ખાત્રી થવી જોઈએ. તંત્રી]

બાંગલા દેશના સવાલ અંગે હમણા હું દુનિયાના દેશોની ૪૭ દિવસની યાત્રા કરીને પાછો ફર્યો. આ યાત્રા મેં "શાંતિના એક સેવક" ના નાતે કરી. નિરાશ્રિતો માટે મદદની યાચના કરવા અથવા ત્યાં જે સિતમ ગુજારવામાં આવ્યા છે તેની વાત કરવા અથવા દુનિયાની નૈતિક વિવેકબુદ્ધિને ઢંઢોળવા સારુ મેં આ યાત્રા નથી કરી. અલબત્ત, લાખો નિરાશ્રિતો તેમ જ સિતમનો ભોગ બનેલાઓ માટે અત્યારે મદદની તત્કાળ જરૂર છે, એટલે સ્વાભાવિક તેની વાત તો મેં કરી જ હતી. અને દુનિયાની નૈતિક વિવેકબુદ્ધિ, અથવા તો એમ કહું કે રહીસહી વિવેકબુદ્ધિને ઢંઢોળવા માટે મને લાગે છે કે અખબારોએ બધે (એક કેરોને બાદ કરતાં) અદ્‌ભુત કામ કર્યું છે અને હજીયે કરી રહ્યાં છે.

મારી વાતોનો મુખ્ય ઝોક આ સવાલના રાજકીય પાસાંઓ ઉપર રહ્યો, અને આ રાજકીય બાબતોનો કેમ ઝટ ઉકેલ આવે તે માટે કોશિશ કરવા હું સહુને આગ્રહ કરતો રહ્યો. કારણકે નિરાશ્રિતોની સમસ્યા અને બીજી માનવીય સમસ્યા છેવટે તો આ રાજકીય સમસ્યાની આડ-પેદાશ જ છે.

મેં એમ જોયું કે બધા દેશોની સરકારો બાંગલા દેશની પરિસ્થિતિ વિશે તો સારી પેઠે માહિતગાર હતી. બધે એક એવી લાગણી હતી કે પાકિસ્તાન સરકારે બાંગલા દેશની જનતાના લોકશાહી ચુકાદાને પાશવી બળ વડે કચડી નાખવાનો પ્રયત્ન કરીને ખુદ પાકિસ્તાનની એકતાને જ જોખમમાં મૂકી દીધી હતી. તેમ છતાં કેટલાક સરકારી પ્રવક્તાઓ હજી આશાના એવા તણખલાને વળગવા પ્રયત્ન કરતા હતા કે પાકિસ્તાનની બે પાંખ વચ્ચે ફરી કંઈક ને કંઈક નાતો બંધાય. તેથી તેઓ પાકિસ્તાન ઉપર એવું દબાણ લાવી રહ્યા હોય એમ લાગ્યું કે લશ્કરી પગલા બંધ કરીને બંગલા દેશમાં નેતાઓ સાથે કાંઈક રાજકીય તડજોડ કરી લો. જ્યારે એમને પૂછ્યું કે બાંગલા દેશમાં કોઈક પૂતળા સરકાર ઊભી કરી દઈને તેની સાથે તડજોડ કરી લેવાનું તમે સૂચવી રહ્યા છો, ત્યારે તેઓ તેની ઘસીને ના પાડતા. વળી, જ્યારે હું એમ કહેતો કે પાકિસ્તાનના લશ્કરે બાંગલા દેશમાં જે કાળો કેર વર્તાવ્યો છે, ત્યાર પછી તો કોઈ સ્વમાની બંગાળી પશ્ચિમ પાકિસ્તાન સાથે નહાવા-નિચોવવાનોયે નાતો રાખવા તૈયાર ન થાય, ત્યારે એ લોકોનું મોઢું બંધ થઈ જતું. અને તેમ છતાં પોતાના દિવાસ્વપ્નમાં તેઓ રાચ્યા કરતા.

હકીકત દીવા જેવી સ્પષ્ટ છે, અને આપણા દેશે હવે તે લગીરે મીનમેખ વિના સમજી લેવી જોઈએ. હકીકત એ છે કે મોટી સત્તાઓ આજે દુનિયામાં જે સત્તાનું સંતુલન ઊભું થયું છે તેને જેમનું તેમ જાળવી રાખવા માટે અત્યંત આતુર છે. કેટલાકે વળી ભારત આગળ વધી ન જાય તે માટે જાણીજોઈને પાકિસ્તાનને ટેકો આપીને દક્ષિણ એશિયામાં એક સત્તાનું સંતુલન ઊભું કર્યું છે, તેમાં કશી ખલેલ ન પહોંચે તે માટે મનમાં ગાંઠ વાળી છે.

બાંગલા દેશમાં જો લાંબા વખત સુધી ગેરિલા લડાઈઓ ચાલતી રહે તો આ ઉપખંડની સ્થિરતા તેમ જ પ્રગતિ માટે કેવાં કેવાં વિપરીત પરિણામો આવે, તે વિશે પણ આ બધા દેશો અજાણ છે એવું નથી; પરંતુ તેઓ હજી એવી આશા સેવ્યે રાખે છે કે એ અનિષ્ટ ગમે તેમ કરીને દૂર થઈ જશે.

દુનિયાના પાટનગરોમાંના કેટલાક માંધાતાઓને હજી એ વાત ગળે ઊતરી નથી કે બાંગલા દેશની જનતાનો વિદ્રોહ અનિવાર્ય છે. બાંગલા દેશમાં પરિસ્થિતિ થાળે પડી ગઈ છે એવો પાકિસ્તાનનો દાવો સ્વાતંત્ર્ય-લડવૈયારો જ્યાં સુધી સાવ ખોટો પુરવાર નહીં કરી બતાવે, ત્યાં સુધી આવા લોકો પરિસ્થિતિની નગ્ન વાસ્તવિકતા સામે આંખમીચામણાં કર્યા કરશે. બીજાઓ યાહ્યાખાનને પોતાનું ઘર વ્યવસ્થિત કરી લેવા "મૈત્રીભરી" સલાહ આપતા રહેશે, અને કદાચ તેને જોઈતી હશે તેટલી બધી મદદ ત્યાં સુધી નહીં આપે.

ખેર, આ ઘટનાની સૌથી વધારે અસર આપણને થાય છે, અને પાકિસ્તાનનાં પગલાનાં પરિણામો પણ આપણે જ ભોગવવાં પડે છે, અને મને ક્યાંય એવું જરીકે જોવા ન મળ્યું કે બીજું કોઈ આપણા મામલામાં હોળીનું નાળિયેર બનવા તૈયાર હોય.

હા, નિરાશ્રિતોની સારસંભાળ માટેનો આપણો થોડોક આર્થિક બોજો હળવો કરવા તેઓ તૈયાર થશે. (જો કે નિરાશ્રિતોનો જે આંકડો

આપણે આપીએ છીએ તે એમને વધુપડતો લાગે છે.) પરંતુ એટલું સ્પષ્ટ છે કે સામાજિક તેમજ રાજકીય બોજો તો આપણે એકલાએ જ ઉપાડવાનો રહેશે. અને ભગવાન જાણે છે કે આ બોજો આર્થિક બોજા કરતાં કાંઈ કેટલોયે વધારે ભારે છે.

વિદેશોના સંઘે પાકિસ્તાનને હાલતુરત મદદ ન આપવાનો જે નિર્ણય કર્યો છે તે આવકારદાયક છે: તેમ છતાં કોઈ દેશ પોતે એકલો મદદ કરવા માગે તો તેના પર પ્રતિબંધ નથી. વળી, એક વાર બાંગલા દેશમાં નામની પૂતળા સરકાર ઊભી કરી દેવાય, પછી આખો સંઘ પણ મદદ કરવા તૈયાર નહીં જ થાય એમ કહી શકાય નહીં.

સંક્ષેપમાં, મારી આખીયે યાત્રાની છાપ એ છે કે બીજો કોઈ આપણા માટે આપણી મુસીબતોનો ઉકેલ લાવી આપશે એવી આશા ખોટી છે. જે કાંઈ કરવાનું છે તે આપણે જ કરવાનું છે. બીજું આપણે એ વિચારી લેવાનું છે કે બાંગલા દેશમાં જનતાનું દમન ચાલુ રહે તે, તથા તેને લીધે જે આર્થિક, રાજકીય તેમજ સામાજિક પરિણામો આવે તે, આપણા રાષ્ટ્રીય હિતમાં છે ખરાં? પાકિસ્તાન તૂટી જાય તે આપણા રાષ્ટ્રીય હિતમાં છે કે નહીં, એમ પૂછવા જેવું આ નથી. યાહ્યાખાં અને તેના સલાહકારો પોતાના દેશને તોડી નાખવામાં સફળ થઈ ચૂકયા છે. તેમાં હવે કાંઈ બાકી રહ્યું નથી. સવાલ એ છે કે પશ્ચિમ પાકિસ્તાન હજીયે પાશવી બળથી બાંગલા દેશ ઉપર કબજો જમાવી રાખવાનો પ્રયત્ન કરે, અને તેનાં આજે અને ભવિષ્યમાં જે પરિણામો આપણને પણ ભોગવવાનાં આવે, ત્યારે શું આપણે કેવળ હાથ જોડીને બેઠા રહી શકીશું? મારા પૂરતું કહું કે આ બાબતમાં હું મારા મનમાં બિલકુલ સ્પષ્ટ છું. હવે પગલું ભરવામાં વિલંબ કરવો એ ભારતના રાષ્ટ્રીયહિતનો ભારે દ્રોહ કરવા બરાબર લેખાશે.

ગઈ કાલે યાહ્યાખાંએ જે નિવેદન કર્યું છે, તેના પરથી હવે એટલું સાવ સ્પષ્ટ થઈ જાય છે કે બાંગલા દેશમાં એમણે જે સમસ્યા ઊભી કરી છે તેનો કોઈ સંતોષકારક રાજકીય ઉકેલ લાવવાની ન તો એમની ઈચ્છા છે, ન શક્તિ છે. બાંગલા દેશના ચૂંટાયેલા નેતાઓ સાથે કોઈ સમાધાન ઉપર આવવાનું તેઓ વિચારતા જ નથી. ઊલટાના તેઓ તો નવી ચૂંટણીઓનું એક ફારસ ઊભું કરવા માગે છે, કે જેથી કાયદેસરનો કંઈક સોહામણો ઓપ આપી શકાય. પાકિસ્તાનના અત્યારના માંધાતાઓ હવે બાંગલા દેશ પ્રત્યેના પોતાના વલણમાં ફેરફાર કરે એવી આશા રાખવી વ્યર્થ છે. આને લીધે જ આ સવાલનો કોઈ રાજકીય ઉકેલ આવવાની આશા પહેલાં કરતાં વધારે ઝાંખી થઈ છે.

આ ભારે ગૂંચવણભરી કટોકટીમાં આપણાં વડા પ્રધાને જે સંયમ, દૂરંદેશી તેમ જ રાજનીતિજ્ઞતાપૂર્વક કામ લીધું છે, તેનાં મને વિદેશમાં જે કોઈ મળ્યા તે ભારોભાર વખાણ કરતા હતા. હું પણ એમના વલણની પ્રશંસા કર્યા વિના રહી શકતો નથી. પરંતુ એમણે હવે નક્કી કરી લેવાનું છે કે પગલું ભરવાનો સમય હજી પાકયો છે કે નહીં. પૂર્વ બંગાળીઓને પાકિસ્તાનના સિતમમાંથી ઉગારવાના અને એમની લૂંટાયેલી લોકશાહી એમને પાછી આપવાના કોઈ પરોપકારી હેતુને લીધે નહીં પણ આપણા પોતાના હિત ખાતર પગલું ભરવાની અનિવાર્યતા ઊભી થઈ છે. યાહ્યાખાંને પોતાની આંતરિક અરાજકતાની આપણા દેશમાં નિકાસ કરી દેતા અટકાવવા જોઈએ. આપણા હિસાબે અને જોખમે પોતાની વસ્તીની ફેરવહેંચણી કરતા એમને રોકવા જોઈએ. તદુપરાંત સૌથી વિશેષ તો આપણી રાષ્ટ્રીય સલામતી તથા આપણી રાજકીય, આર્થિક તેમજ સામાજિક સંસ્થાઓ અને પ્રણાલિકાઓના સંરક્ષણ ખાતર પગલું ભરવાની જરૂર છે હું માન્ય કરું છું કે પગલું ભરવા માટે કઈ ઘડી યોગ્ય છે, તેનો નિર્ણય વડા પ્રધાન પોતે જ કરી શકે, કારણ કે તેઓ એકલાં જ બધી બાબતોથી પૂરતાં માહિતગાર હોય અને જૂદાં જૂદાં પાસાંની બધી બાજુઓથી મુલવણી કરવાની સ્થિતિમાંયે તેઓ જ હોય. તેમ છતાં મારા જેવા એક સામાન્ય નાગરિક સામે પણ પાયાની વિચારણીય બાબતો સ્પષ્ટ છે, અને તેના આધારે જ હું આ પગલું ભરવા માટેની હિમાયત કરી રહ્યો છું.

જયપ્રકાશ નારાયણ

# પ્રકીર્ણ નોંધ

**રાજસ્થાન**

રાજસ્થાનમાં આશ્ચર્યજનક અને રહસ્યમય ઘટના બની છે. શ્રી મોહનલાલ સુખડિયાએ દેખીતી રીતે, સ્વેચ્છાએ મુખ્યપ્રધાનપદેથી રાજીનામું આપ્યું છે. ઉપરથી જોઈએ તો આવી રીતે રાજીનામું આપવાનું શ્રી સુખડિયાને કોઈ કારણ ન હતું. કૉંગ્રેસ વિધાનસભા પક્ષની બહુમતિનો વિશ્વાસ તેમણે ગુમાવ્યો નથી. મંત્રીમંડળના તેમના સાથીદારો સાથે એવો કોઈ તીવ્ર મતભેદ જાણ્યો નથી. ૧૭ વર્ષ સુધી સતત લગભગ એકચકે રાજ્યની ધુરા તેમણે સંભાળી છે. અને એકંદરે એક કુશળ નેતા તરીકેની પ્રતિષ્ઠા મેળવી છે. એવા સંજોગોમાં, સ્વેચ્છાએ સત્તાત્યાગ સ્વાભાવિક રીતે પ્રશંસાને પાત્ર થવો જોઈએ; ખાસ કરી, જ્યારે દેશભરમાં સત્તા - લાલસાનું આટલું પ્રાબલ્ય છે; ત્યારે. શ્રી સુખડિયાએ કહ્યું કે તેઓ આંતરના અવાજથી Inrer urge - સત્તા છોડે છે અને શાસક કૉંગ્રેસને સંસ્થાકીય રીતે મજબૂત કરવા પોતાની સેવા આપશે. વિધાન સભાના ઘણા સભ્યો અને મંત્રી મંડળના તેમના સાથીઓએ ઘણો આગ્રહ કરવા છતાં શ્રી સુખડિયા પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા છે. આ સ્થાન ઉપર ચાલુ રહેવા શ્રીમતી ઈન્દિરા ગાંધી અથવા શાસક કૉંગ્રેસના વરિષ્ઠ મંડળે શ્રી સુખડિયાને બહુ આગ્રહ કર્યો જણાતો નથી. શ્રી સુખડિયા મક્કમ હતા તેથી કદાચ આવો આગ્રહ નિરર્થક માન્યો હશે. શાસક કૉંગ્રેસના પાર્લમેન્ટરી બોર્ડે શ્રી સુખડિયાની ભારોભાર પ્રશંસા કરી છે. અને એ રીતે, માનપૂર્વક, સ્વેચ્છાએ સત્તાત્યાગનું આ ઉદાહરણ અનુકરણીય છે એમ કહેવું જોઈએ.

આ રાજીનામાં પાછળ કોઈ રહસ્ય પણ રહેલું છે એવા સૂરો સંભળાય છે. શ્રીમતિ ઈન્દિરા ગાંધીનો પૂર્ણ વિશ્વાસ શ્રી સુખડિયા પ્રાપ્ત કરી શક્યા નથી અને ઈન્દિરા ગાંધીનું આ Operation Sukhadia છે એમ પણ કહેવાય છે. લોકસભાની ચૂંટણીમાં ભારે બહુમતિ મેળવ્યા પછી, થોડા મહિના પછી, કેરળ અને તામીલનાડુ સિવાય, બીજા રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે ત્યારે એ બધા રાજ્યોમાં પણ પોતાનું વર્ચસ્વ જાળવવા, ઈન્દિરા ગાંધી રાજકીય દાવો ખેલી રહ્યા છે એમ કહેવાય છે. સંસ્થા કૉંગ્રેસ બે રાજ્યોમાં- ગુજરાત અને માયસોર - સત્તાસ્થાને હતી ત્યાં તેને હઠાવી. પણ જે રાજ્યોમાં શાસક કૉંગ્રેસ સત્તાસ્થાને છે ત્યાં બધે પણ પોતાના પૂર્ણ વિશ્વાસના માણસો મુખ્ય પદે આવે તે જોવા ઈન્દિરા ગાંધી ઈન્તેજાર છે એમ કહેવાય છે. આન્ધ્રના બ્રહ્માનંદ રેડી, મધ્યપ્રદેશના વિદ્યાચરણ શુકલ, મહારાષ્ટ્રના વી. પી. નાયક અને રાજસ્થાનના સુખડિયાને સ્થાને પોતાના વિશ્વાસના માણસો મૂકવાની આ શરૂઆત છે એમ કહેવાય છે. લોકસભાની ચૂંટણીમાં માત્ર સંસ્થાકીય સંગઠનથી મોટી બહુમતિ મળી એવું નથી પણ શાસક કૉંગ્રેસ અને ઈન્દિરા ગાંધીની image અને સમાજવાદી કાર્યક્રમે અગત્યનો ભાગ ભજવ્યો છે. એવી image રાજ્યોમાં પણ શાસક કૉંગ્રેસના નેતાઓની હોય તો ચૂંટણીમાં સફળતા મળવાની શક્યતા વધે એ એક ગણતરી જણાય છે. શ્રી સુખડિયાના કેટલાક સાથીઓ સામે લાંચરુશ્વતખોરીના ગંભીર આક્ષેપો હતા, તેનો શ્રી સુખડિયાએ બચાવ કર્યો અને તેમને રક્ષણ આપ્યું. એમ કહેવાય છે કે શ્રી સુખડિયા સામે એવા કેટલાક આક્ષેપો છે. એમ પણ કહેવાય છે કે રાજસ્થાનના કેટલાક રાજવીઓ સાથે તેમને હજી નિકટનો સંબંધ છે. તેમના નિવાસપ્રદેશ ઉદયપુરમાં તેમની લાગવગ ઓછી થઈ છે. રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે તેમણે સંજીવ રેડીને ટેકો આપ્યો હતો. આવાં ઘણાં કારણો આપવામાં આવે છે, જેને લીધે તેમને રાજીનામું આપવું પડયું. આ કારણોમાં વજૂદ હોય કે નહિ, અને કેટલાકમાં છે પણ ખરું

છતાં વખતવર્તી જઈ માનપૂર્વક સત્તા છોડવી એમાં ડહાપણ અને દૂરંદેશી છે એમ કહેવું જ પડે. ઈન્દિરા ગાંધીએ કેન્દ્રમાં અપ્રતિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે રાજ્યોમાં પણ મેળવી શકશે કે નહિ તે હવે થોડા મહિના પછી આવતી ચૂંટણીમાં ખબર પડશે. આવી ચૂંટણીમાં સ્થાનિક પ્રશ્નો વધારે અગત્યનો ભાગ ભજવશે. તેની સાફસૂફી અત્યારથી શરૂ કરી છે એમ લાગે છે.

**પશ્ચિમ બંગાળ**

પશ્ચિમ બંગાળમાં અજોય મુકરજીનો સંઘ લાંબો વખત ટક્યો નહિ, ટકી શકે તેવું હતું નહિ. નામની બહુમતિ હતી તેમાં જુદા જુદા પક્ષોનો શંભુમેળો સ્થિર સરકાર સ્થાપી શકે નહિ. આલબત્ત, પૂર્વ બંગાળની ભયંકર ઘટનાએ રાજ્ય સરકાર ઉપર અસહ્ય બોજો નાખ્યો. એક જ પક્ષની સરકાર હોય તે પણ આવો બોજો ઉપાડી ન શકે. તો જ્યાં એકરાગ ન હોય ત્યાં અશક્ય બને. તેમાં અંદર અંદરની ફાટફૂટ થઈ. બંગલા કોંગ્રેસમાં અજોય મુકરજીના જતથી હાય જોતા શ્રી ધાર છૂટા પડયા. પ્રજાસમાજવાદીપક્ષે ટેકો ખેંચી લીધો. હિંસક બનાવો અને વાતાવરણ વધતા જ રહ્યા. એવા સંજોગોમાં આ પ્રધાનમંડળ ટકી શકે તેમ હતું જ નહિ. પશ્ચિમ બંગાળના દુર્ભાગ્યની સીમા નથી. હવે જરૂરનું છે કે પૂર્વ બંગાળનો મામલો કાંઈક થાળે પડે અને રાજ્યની આંતરિક પરિસ્થિતિ સુધરે ત્યાં સુધી રાષ્ટ્રપતિનું શાસન જ ચાલુ રહે અને લોકશાહીને નામે ફરીથી ચૂંટણી કરવાની ઉતાવળ ન થાય.

આ વખતે ઈન્દિરા ગાંધીએ એક નવો પ્રયોગ કર્યો છે. કેન્દ્રના એક પ્રધાન, શ્રી સિદ્ધાર્થ શંકર રેને પશ્ચિમ બંગાળની દેખરેખ સોંપી છે. બંધારણીય દૃષ્ટિએ પણ આ નવો પ્રયોગ છે. રાષ્ટ્રપતિનું શાસન હોય ત્યારે ગવર્નરની જવાબદારી થાય છે. કેન્દ્રની દેખરેખ રહે, પણ કોઈ એક પ્રધાન તે ખાતું સંભાળે અને એ રીતે રાજ્યના વહીવટમાં ઉપરીપણું ભોગવે એવું બન્યું નથી. આ પ્રયોગમાં જોખમ પણ છે. ગવર્નર અને શ્રી રે વચ્ચે સંઘર્ષનો પણ સંભવ છે. બંગાળના કોઈ પ્રધાન કરતાં બીજા કોઈ રાજ્યની વ્યક્તિને મૂકી હોત તો સારું થાત એમ પણ લાગે છે. એવી વ્યક્તિ કદાચ વધારે તટસ્થતાથી કામ લઈ શકત. પશ્ચિમ બંગાળની પરિસ્થિતિ આખા દેશ માટે ભયજનક છે. ત્યાં ઘણાં મજબૂત હાથે કામ લેવું પડે તેમ છે. સામ્યવાદી અને નકસલવાદી તો હતા જ, તેમાં આવેલા શરણાર્થીઓનો કેટલોક વર્ગ પણ સલામતી માટે ભયરૂપ છે.

**વિશ્વાસ ગુમાવ્યો**

ન્યુયોર્ક ટાઈમ્સે પેન્ટેગોનના ખાનગી દસ્તાવેજો પ્રકટ કર્યા તે ઉપરથી અમેરિકાના રાજ્યકર્તા વર્ગે વિયેટનામ યુદ્ધ સંબંધે પ્રજાને કેટલી છેતરી છે અને જુઠ્ઠાણાંઓથી વિયેટનામના યુદ્ધમાં પ્રજાને સંડોવી છે તે ખૂલ્લું પડયું. બાંગલા દેશ સંબંધે, અમેરિકા પાકિસ્તાનને શસ્ત્ર-સામગ્રી નહિ આપે એવી ભારતને ખાતરી આપ્યા છતાં પુરવઠો ચાલુ રાખ્યો છે અને વિશ્વાસભંગ કર્યો છે. આ Credibility-Gap, રાજકર્તાઓના વચન ઉપર વિશ્વાસ ઉઠી જવો—વત્તે ઓછે અંશે દરેક દેશમાં ચાલતું હોય છે. રાજા-પ્રજા વચ્ચે પૂર્ણ વિશ્વાસનો સંબંધ હોય તો શાસનનું કાર્ય સરળ બને છે. શાસનની મુશ્કેલીઓની પ્રજાને માહિતી હોય તો પ્રજાની સહાનુભૂતિ રહે છે અને શાસનને બળ મળે છે, પરસ્પર આદર રહે છે. છતાં આવું કેમ બનતું નથી? સત્તાસ્થાને હોય તે એમ માને છે કે પ્રજા મૂર્ખ છે, પ્રજાનું હિત શેમાં રહ્યું છે તે પોતે જ સમજે છે, અજ્ઞાન લોકો સમજી શકવાના નથી અને જરૂર પડે તો જૂઠું કહીને પણ પોતે જે પ્રજાહિતનું માને છે તેમ કરવું, પછી પરિણામ વિપરીત આવે ત્યારે ભડકો થાય. પ્રજાને સમજાવવાની મુશ્કેલી છે એમ સમજીને પણ, બને તેટલી રીતે પ્રજાને શરૂથી વિશ્વાસમાં લેવી એ માર્ગ બહુ ઓછા રાજકર્તાઓ સ્વીકારે છે. પરિણામે, પ્રજાને પણ રાજકર્તાઓ પ્રત્યે અણવિશ્વાસ રહે છે, માન કે આદર રહેતા નથી.

સરમુખત્યારશાહી દેશોમાં આવી પરિસ્થિતિ વધારે હોય છે. ત્યાં વિચાર કે વાણીસ્વાતંત્ર્ય હોતું નથી. લોકશાહી તંત્રમાં પ્રજાને સર્વથા અંધારામાં રાખવાનું બને નહિ, ત્યાં પછી જૂઠા પ્રચારનો આશ્રય લેવો પડે છે. પ્રચારના વિપુલ સાધનો, વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન વગેરેનો ઉપયોગ કરી પ્રજામાનસને ઘડવાનો પ્રયત્ન થાય છે. પણ વિરલ વ્યક્તિઓ કે વર્તમાનપત્રો એવા હોય છે જે, જોખમ ખેડીને પણ, પ્રજાને સાચું માર્ગદર્શન આપે છે. ૧૯૬૨ના ચીનનાં યુદ્ધ સમયે માલૂમ પડયું કે નેહરૂએ પણ ઘણી માહિતિ પ્રજાથી છુપાવી હતી, એટલું જ નહિ પણ કેબીનેટ અને પાર્લામેંટને પણ અંધારામાં રાખ્યા હતા. હવે જે સાહિત્ય બહાર પડયું છે તે ઉપરથી જણાય છે કે નેહરૂ પોતે ચીન વિશે મોટા ભ્રમમાં હતા. નેહરૂને સ્થાને બીજો કોઈ આગેવાન હોત તો પદભ્રષ્ટ થયો હોત. સરકારે કેટલીક માહિતી ખાનગી રાખવી પડે છે પણ તે ઓછામાં ઓછી હોય તે જ લાભદાયક છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટે ન્યુયોર્ક ટાઈમ્સને સરકાર જેને ખાનગી ગણે છે તેવા દસ્તાવેજો પ્રકટ કરવાની છૂટ આપી ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ રોગ માત્ર રાજ્યકર્તાવર્ગ અને પ્રજા વચ્ચે જ છે એમ નથી. જીવનના બધા ક્ષેત્રોમાં, અધિકારપદે હોય અથવા વડીલપદે હોય તેઓ બધા એમ માનતા હોય છે કે તેમની હાથ નીચેના ઓછી સમજણવાળા છે અને પોતે જ ડાહ્યા છે. સામાજિક સંસ્થાઓમાં પણ આ માનસનું દર્શન થશે. પિતા-પુત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, શિક્ષક-શિષ્ય, માલિક-મજુર વચ્ચે, આ બધા સંબંધોમાં જેટલી મુક્ત વિચારની આપલે હોય તેટલો પરસ્પરનો આદર અને માન વધે છે, તેનો અભાવ હોય ત્યાં સંઘર્ષ રહે છે. આજે જેને generation gap કહીએ છીએ તે પણ આવી જ ખોટી રીતનું પરિણામ છે. માણસમાં વિશ્વાસ રાખવો અને તે રીતે પોતાનામાં વિશ્વાસ પેદા કરવો એ કળા બહુ ઓછી વ્યક્તિઓ જાણે છે. સાચા આગેવાનનું આ મહાન લક્ષણ છે.

**રાજભવનો**

રાજભવનો પાછળ લાખો રૂપિયાનું ખર્ચ થાય છે. તેનો ઉહાપોહ સારા પ્રમાણમાં થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ માટે માત્ર ગવર્નરો દોષપાત્ર છે એમ કહેવાથી તેમને અન્યાય થાય છે. કેટલાય ગવર્નરો આવા ઠાઠથી કંટાળે છે, છૂટવા માગે છે. તેઓ રાજભવનમાં બંદીવાન બને છે, પરંપરાના ભોગ થાય છે. રાજભવનો બંધાયા તે વખતના ગવર્નરોની સ્થિતિ જુદી હતી. આ આડંબર તેમને માટે જરૂરી મનાતો. પણ માત્ર રાજભવનની જ આ સ્થિતિ છે એમ નથી. મિનિસ્ટરોના રહેવાના મોટા મકાન અને તેની પાછળ થતા ભારે ખર્ચા ન ઘટાડીએ ત્યાં ગવર્નરોને શું દોષ દેવો? ગવર્નરોને ત્યાં તો મહેમાનોની પણ ઠીક ભીડ રહે છે, દેશના અને વિદેશના. તેનો એક સરળ માર્ગ એ છે કે ગવર્નરનો પોતાનો નિવાસ અને આવા મહેમાનો માટે અને બીજા સરકારી સમારંભો માટે જોઈતી સગવડ, તદ્દન જુદા કરી નાખવા. મહેમાનોની પરોણાગતિ ગવર્નરને શીર ન રાખવી. પછી ગવર્નરને મોટા રાજભવનની જરૂર ન રહે. આમ કરવાથી બીજી ઘણી મુશ્કેલીમાંથી ગવર્નરો બચી જશે. કેટલાય આણગમતા વ્યવહાર કરવા પડે છે. દા. ત. માંસાહારી ભોજન. કેટલાય ગવર્નરો માંસાહારના વિરોધી હોવા છતાં, માંસાહારી રસોડું ચલાવવું પડે છે. મને યાદ છે, શ્રી મુનશી ઉત્તર પ્રદેશના ગવર્નર હતા ત્યારે હું તેમને ત્યાં ૮ દિવસ રહ્યો હતો. માંસાહારી ભોજન તેમના જ ટેબલ ઉપર પીરસવામાં આવતું. હું જાણું છું ત્યાં સુધી શ્રી મંગળદાસ પકવાસા એક જ એવા ગવર્નર હતા જેમણે શરત કરી હતી કે રાજભવનમાં તેઓ ગવર્નર છે ત્યાં સુધી માંસાહારી ભોજન નહિ બને. રાજેન્દ્રબાબુ જેવા પણ અટકાવી શક્યા ન હતા. World Vegetarian Conference ના પ્રમુખસ્થાનેથી તેમણે શાકાહારી ભોજનની હિમાયત કરી ત્યારે તેમને સવાલ પૂછવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ ભવનમાં માંસાહારી ખોરાક કેમ પીરસાય છે? તેમણે જવાબ આપ્યો કે Government of India is not a Vegetarian body. આવું તો બીજું ઘણું બને છે. ગવર્નરો અને મિનિસ્ટરોને ખૂબ સાદાઈથી રહેવા

ગાંધીજીએ સલાહ આપી હતી. પણ મિનિસ્ટરો પોતે તેમ ન કરે તો રાજભવનના ખરચા કેવી રીતે ઘટાડે?

પણ મિનિસ્ટરો અને ગવર્નરોને જ શા માટે દોષ દેવો? આપણા ધનવાનો લગ્ન, વેવિશાળ વિગેરે સમારંભોમાં મોટા ખરચા કરે છે તે કોણ અટકાવે છે? રોટરી કે લાયન્સ ક્લબ જેવી સેવાની સંસ્થાઓના પ્રમુખોને પ્રમુખસ્થાને નિમુકત કરવા જેવા સામાન્ય પ્રસંગે પણ હજારો રૂપિયાનું ખર્ચ થાય છે. પ્રજાજીવનનો આ રોગ છે. યુવાનો કાંઈક કરીને તેને અટકાવે અને સમજદાર વ્યક્તિઓ આવા સમારંભોનો બહિષ્કાર કરે.

ચીમનલાલ ચકુભાઈ

## ☆ સર્વોદય સંમેલન ☆

[સર્વોદય સંમેલનની સમાલોચના મેં કરી હતી. તે સંબંધે બે પત્રો મળ્યા છે જે નીચે પ્રકટ કરવામાં આવે છે. એક પત્ર છે સંમેલનના પ્રમુખ શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢાનો અને બીજો છે અમદાવાદથી ડૉ. કાન્તિલાલ એ. શાહનો. બન્ને પત્રો મારી સમાલોચનાના કેટલાક મુદ્દાઓને સ્પષ્ટ કરે છે, ખાસ કરી શ્રી ઢઢ્ઢાજીનો પત્ર. આ સ્પષ્ટતાને હું આવકારું છું. પણ સંમેલનમાં ઉપસ્થિત થયેલ કેટલાક પાયાના પ્રશ્નો જેનો નિર્દેશ મેં સમાલોચનામાં કર્યો છે, તે વધારે ગહન વિચારણા માગે છે એમ મને લાગે છે -- તંત્રી]

### શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢાનો પત્ર

જયપુર તા. ૨૫-૬-૭૧

**પ્રિય શ્રી ચીમનલાલભાઈ,**

તા. ૧૬મી જુનનું 'પ્રબુદ્ધ જીવન' મેં જોયું. સર્વોદય સંમેલન અંગે આપે જે વિવેચન કર્યું છે તે મેં વાંચ્યું. આપ સંમેલનમાં હાજર રહ્યા ન હતા, તેમ છતાં બહુ સરસ રીતે ત્યાં ચર્ચાયેલી કેટલીક બાબતોનું વિશ્લેષણ કર્યું છે. આપે દર્શાવેલી કેટલીક વાતો પર હું મારો અભિપ્રાય જણાવી રહ્યો છું.

આપે રાજસત્તા અને લોકસત્તાનો પ્રશ્ન ઉઠાવ્યો છે. આપની એક વાત સાચી છે કે લોકશાહીમાં પણ નેતૃત્વની આવશ્યકતા છે અને રહેશે. પરંતુ સવાલ એ છે કે નેતૃત્વ કેવું હોય? સત્તાધારીઓનું નેતૃત્વ કે સમાજના નિઃસ્વાર્થ સેવકોનું નૈતિક નેતૃત્વ? મારાં માનવા મુજબ સત્તા અને નેતૃત્વ બે જુદી જુદી ચીજો છે. બંનેને એકજ સમજી લેવાથી એવી સમસ્યા ઊભી થઈ જાય છે, જેવીકે આજે આપણે સૌ જોઈ રહ્યાં છીએ. આપણે ઈચ્છીએ છીએ કે રાજસત્તા પર સંગઠિત લોકસત્તાનો કાબુ હોય. લોકો માને છે કે રાજકીય પક્ષોના માધ્યમ વડે આવો કાબુ રહી શકે. આ માન્યતા પણ ભ્રામક છે. રાજસત્તા અને પક્ષો બંને લોકોની શક્તિને ઉત્તરોત્તર કમજોર કરી રહ્યાં છે અને બધી શક્તિ પોતાની પાસે કેન્દ્રિત કરી રહ્યાં છે. લોકશક્તિના અભાવને લઈને આ બંને સંસ્થા કેટલી નિરંકુશ બની ગઈ છે તે આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યાં છીએ.

રાજસત્તાનો સદંતર અભાવ એક આદર્શ પરિસ્થિતિ છે. આદર્શ હમેશાં મનુષ્યને માટે દિશા-સૂચક હોય છે. આપે લખ્યું છે કે આજના યુગમાં રાજસત્તાથી મુક્તિની કલ્પના કરવી એ વાસ્તવિકતાની ઉપેક્ષા કરવા બરોબર છે, કારણકે રાજસત્તા જીવનના તમામક્ષેત્રો પર છવાઈ ગઈ છે. પરંતુ આજના યુગમાં પણ, કારણકે વિજ્ઞાનનો એટલો વિકાસ થતો ગયો છે અને દુનિયા એટલી નજીક આવી ગઈ છે, તેથી જ રાજસત્તા અને અર્થસત્તાનાં વિકેન્દ્રીકરણની આવશ્યકતા છે. વિજ્ઞાને એ શક્ય બનાવેલ છે. આજે તો વિજ્ઞાન પણ થોડાંક પૂંજીપતીઓ અથવા સત્તાધારીઓના હાથમાં કઠપુતળી જેવું બની ગયું છે, અને આ લોકોએ વિજ્ઞાનને એવું રૂપ આપી દીધું છે કે જેથી એમ લાગે કે વિજ્ઞાનનો ઉપયોગ કેન્દ્રીકરણ દ્વારા જ થઈ શકે છે. આ એક મોટો ભ્રમ છે. આર્થિક વિકેન્દ્રીકરણ એટલે કેવળ ખાદી, ઘાણી કે તાડગોળ એમ કોઈ કહેતું નથી. ગાંધીજીએ, વિનોબાજીએ અને અમે બધાંએ વારંવાર આ વાત સ્પષ્ટ રીતે કહી છે.

વિકેન્દ્રીકરણ અને નાનાંનાનાં ગ્રામસમૂહોનાં આધાર પર સમાજવ્યવસ્થાની રચના આજના યુગને માટે જરૂરી અને અનિવાર્ય છે એવું માત્ર ગાંધી-વિનોબાએ કહ્યું છે એમ નથી; આજના સમર્થ વિચારકો પણ એમજ માનવા લાગ્યાં છે. પ્રસિદ્ધ ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીએ હમણાં થોડાં સમય ઉપર આ વિશે એક લેખ લખ્યો હતો.

વિજ્ઞાનના વિકાસના પરિણામે માનવીના હાથમાં એટલી શક્તિ આવી ગઈ છે કે જો રાજસત્તા પણ કેંન્દ્રિત થઈ જાય, તો માનવજાતને માથે મોટું જોખમ છે. આગળના જમાનામાં તો વિકેન્દ્રીકરણ સ્વાભાવિક હતું કારણકે તે વખતે મુસાફરીનાં સાધનો આજના જેટલાં હતાં નહીં. પરંતુ આજના યુગમાં તો એ જ સાધનોના વિકાસને કારણે વિકેન્દ્રીકરણ અનિવાર્ય બની ગયું છે. અન્યથા વિકલ્પે શોષણ અને અન્યાયનો ગુણાકાર થશે.

આપે લખ્યું છે કે મુખ્ય સવાલ મનુષ્યની સ્વાર્થવૃત્તિ અને પરિગ્રહમોહને ઓછા કરવાનો અને ત્યાગ વગેરેને વધારવાનો છે. આપની આ વાત તદ્દન સાચી છે. પરંતુ તેને માટે પણ વિકેન્દ્રિત સમાજરચના જ અનુકૂળ છે. કેન્દ્રિત સમાજરચના આપણને જબરદસ્તીપૂર્વક સ્વાર્થ અને પરિગ્રહ તરફ લઈ જાય છે.

હું આશા રાખું છું કે આ વિચાર સર્વોદયના લક્ષ્યને સમજવામાં કદાચ મદદરૂપ થશે. લી. આપનો

સિદ્ધરાજ ઢઢ્ઢા

### ડૉ. કાન્તિલાલ શાહનો પત્ર

**તંત્રીશ્રી, પ્રબુદ્ધજીવન,**

તા. ૧૬/૬/૭૧ ના પ્ર. જી. માં સર્વોદય સંમેલનની આપે કરેલી સમાલોચના બદલ ધન્યવાદ. આપે આ સમાલોચના મુકતવિચારણા માટે કરી છે, તેથી પ્રેરાઈ થોડું લખવા પ્રેરાયો છું. લેખના અંતમાં આપે યોગ્ય જ કહ્યું છે કે, "પાયાનો સવાલ, માણસની સ્વાર્થ વૃત્તિ અને પરિગ્રહ મોહ ઓછા થાય અને સમાજકલ્યાણની ભાવના, ત્યાગ અને અપરિગ્રહની દૃષ્ટિ સબળ થાય એ છે." વળી લેખના મધ્યભાગમાં કહ્યું છે, "પાયાનો પ્રશ્ન એ છે માનવીય કઠિનાઈ– Human weakness or selfishness માત્ર સમજાવટથી દૂર કરી શકાય કે કોઈ અહિંસક પ્રતિકાર અથવા દબાણની જરૂર ખરી?"

હું આપને એવો જ પાયાનો પ્રશ્ન પુછું છું કે અપરિગ્રહ, નિઃસ્વાર્થતા, સમાજકલ્યાણની ભાવના વગેરે માનવહૃદયમાં અંદરથી ઊગે છે કે બહારથી લદાય છે? બહારથી લાદી શકાતી હોય તો બહારથી લદાયેલી આ વૃત્તિઓ વધારે ટકાઉ નિવડે છે કે અંદરથી ઊગેલી? એક વ્યકિત તરીકે, એક પિતા તરીકે, એક શોધક તરીકે મારો અનુભવ તો એવો છે કે જે અંદરથી ઊગે છે તે જ સાચું હોય છે ને તે જ ટકે છે અને તેથી જ સમજાવટનો– હૃદયપરિવર્તનનો માર્ગ ગમે તેટલો લાંબો લાગે તો પણ ટૂંકામાં ટૂંકો છે.

શ્રી વસંતરાવ નારગોલકર જેવા ગાંધીજીને નામે વિનોબાની જે ટીકા કરે છે તે ગાંધીજીની ફિલસૂફી બરોબર સમજતા નથી એવો મારો નમ્ર મત છે. એ બધાની દૃષ્ટિ ફળ પર હોય છે. પોતાનું ધાર્યું પરિણામ ન આવે એટલે એ લોકો નિરાશ થાય છે. ગાંધીજીનો મુખ્ય ભાર ફળત્યાગ પર હતો. આપણે પ્રયત્ન કરવાનો, ફળ તો ભગવાનના હાથમાં; અને માટે જ સાધનશુદ્ધિનો આગ્રહ ડગલે ને પગલે

હોવો જોઈએ. અને માટે જ સત્યાગ્રહ સૌમ્ય, સૌમ્યતર અને સૌમ્યતમ થતો જાય – થતો જવો જોઈએ.

નારગોલકર જેવા વિચાર ધરાવનારાઓમાં એક વિચારદોષ એ રહેલો છે કે તેઓ એમ માની લે છે કે સમજાવટથી જે પરિણામ ન આવે તે સીધાં પગલાંથી આવી શકે. આ એક ભ્રાંતિ છે. સમજાવટથી ભૂદાનપત્ર પર સહી કરી ફરી જનાર આદમી અહિંસક સત્યાગ્રહને પરિણામે સહી કરીને ફરી નહિ જાય? એને ફરી જતાં કોણ રોકશે? બહિષ્કારનો ભય? કાયદાનો ભય? શિક્ષાનો ભય? તો તો આપણે ભયમંડિત સમાજ– ગુંડાગીરીનો પોષાક સમાજ જ સ્થાપીશું. આપણે ધીરેન બાબુના શબ્દો યાદ રાખીએ: "ઇતિહાસના પ્રારંભથી જ જનતાએ ક્યારેય પોતે થઈને પોતાનું કામ કર્યું નથી, હંમેશાં કોઈ રાજા, ગુરુ, પુરોહિત, સેવાસંસ્થા, સંત-મહાપુરુષ, જનતાના પ્રશ્નોને ઉકેલતા રહ્યા છે. જનતાએ બહુ કર્યું તો તેમની પાછળ ચાલી છે. આજે આપણે કહીએ છીએ કે જનતા પોતાની મેળે કાર્ય કરે. આપણે બહારની નેતાંગીરી અને જમાતનું નિરાકરણ કરવા માંગીએ છીએ એટલે કે **જે વાત ઇતિહાસમાં કદી થઈ નથી** તે આપણે કરવા ઇચ્છીએ છીએ."

પાયાના આવા મહાભારત કામ માટે વખત તો લાગે જ, અને અખૂટ ધીરજ જોઈએ; પણ તેથી એ કામનો મૂળભૂત પાયો ખોટો છે એવું ઠરતું નથી. આપના જેવા વિચક્ષણ પુરુષ પૂછે છે, "પણ ઇતિહાસમાં **જે** કોઈ દિવસ બન્યું નથી તે હવે બનશે?" તે જોઈ નવાઈ લાગે છે. ઇતિહાસ તો કહે છે કે કોઈ માનવીએ પહેલાં ચંદ્ર પર પગ મૂકયો નહોતો; છતાં આપણા જીવન દરમ્યાન તે શક્ય બન્યું છે. આપ પણ શ્રી ઢેબરભાઈની વાત સાથે સંમત છો કે, "આ કામમાં જે સફળતાઓ અત્યાર સુધી મળી છે, તે અભૂતપૂર્વ છે... ... એક હાથમાંથી બીજા હાથમાં આટલી જમીન સ્વેચ્છાપૂર્વક ગઈ હોય એવો જગતના ઇતિહાસમાં બીજો એકેય દાખલો નથી." ઇતિહાસમાં ન બન્યું હોય એવું બની શકે છે એ શ્રદ્ધા જ વિનોબાજીના કાર્યક્રમનું પ્રેરક બળ છે.

શ્રી રામચંદ્રરાવ ગોરા જેવું માનનારા કે, "આપણો તાત્કાલિક કાર્યક્રમ રાજનીતિમાં સક્રિય રસ લેવાનો હોવો જોઈએ. ઈમાનદાર અને સારા નાગરિકોએ રાજનીતિમાં સક્રિય રસ લઈ રાજકારણને શુદ્ધ અને ઉપયોગી બનાવવું જોઈએ." તેઓ ભૂલી જાય છે કે આ અતિ લપસણો માર્ગ છે અને એ માર્ગે ગયેલા લગભગ બધા જ પોતાના આદર્શથી ચ્યુત થયા છે. આપ લખો છો, "સત્તાભૂખ્યા, સ્વાર્થી ધંધાદારી રાજકીય વ્યકિતઓને સ્થાને કોઈક નિસ્વાર્થ સેવાભાવી વ્યકિતઓના હાથમાં રાજ્યની ધુરા હોય તેમ કરવું પડશે." પરંતુ આ કેવી રીતે થશે? માનો કે એક રવિશંકર મહારાજ કે એક જયપ્રકાશજી આમ કરવા ધારે તો એમણે ચૂંટણીની મલિન પ્રક્રિયામાં પડવું પડે; ડગલે ને પગલે આદર્શો વિષે તડજોડ કરવી પડે અને અંતે પણ એવી એક વ્યકિત ચુંટાઈને ય શું કરી શકે? આપ જે ઈચ્છો છો તેવું કરવા માટે પણ ગ્રામસભાઓ હોવી આવશ્યક છે; એ સ્તરેથી આરંભ થશે ત્યારે ઘણા સારા માણસો રાજકારણને મળશે– તે પહેલાં નહિ. માટે અત્યારે જયપ્રકાશજી જે કરી રહ્યા છે તે જ પાયાનું કામ છે; એની ગતિ ભલે ધીમી હોય; પણ તે સિવાય ઉદ્ધાર નથી. એ જ રીતે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં કામ શરૂ કરવું જોઈએ અને આપના જેવા પત્રકારોએ–ખાસ કરીને **અંગ્રેજી ગુજરાતી દૈનિકોએ** વિનોબા-જયપ્રકાશના કામને અગ્રતા આપી ખૂબ જોસથી પ્રચાર કરવો જોઈએ અને પ્રસિદ્ધિ આપવી જોઈએ. એ આપણું દુર્ભાગ્ય છે કે આપણાં છાપાંઓ ક્ષુલ્લક બાબતોથી પાનાં ભરે છે, ને જે પાયાનું કામ છે, જેનાં વિના દેશનો ઉદ્ધાર થવાનો નથી, તેવાં કામોની ઉપેક્ષા કરે છે!

અમદાવાદ, ૨૨-૬-૭૧ કાન્તિલાલ શાહ

# શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

## નવા મકાનનો ઉદ્‌ઘાટનસમારંભ

રવિવાર તા. ૧૧-૭-૭૧ ને દિવસે, વિદ્યાર્થીગૃહના સાયન ખાતે બંધાયેલા નવા મકાનનો ઉદ્‌ઘાટનસમારંભ, શ્રીયુત સી. યુ. શાહના શુભ હસ્તે થયો હતો. આ પ્રસંગે જૈન સમાજના બધા ફીરકાઓના આગેવાનોની સારી સંખ્યામાં હાજરી હતી. પ્રાર્થના બાદ, સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી સી. યુ. શાહની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતા, તેમણે જણાવ્યું હતું કે શ્રી. સી. યુ. શાહ આપણી જ સંસ્થાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તેમણે શ્રી મેઘજી પેથરાજ ટ્રસ્ટ તરફથી તથા પોતાના તરફથી શિક્ષણની સંસ્થાઓ માટે લાખો રૂપિયાના દાન આપ્યા છે. વિદ્યાર્થીગૃહના ઉત્તરોત્તર થતા વિકાસનો ઇતિહાસ આપતાં તેમણે જણાવ્યું કે અત્યારે ૧૭૦ વિદ્યાર્થીઓની સગવડ થઇ શકે એવા વિશાળ મકાનનું નિર્માણ થયું છે. હજારો વિદ્યાર્થીઓને આ સંસ્થાનો લાભ મળ્યો છે અને જીવનમાં સુખી છે. જૈન સમાજના બધા ફીરકાઓની આ એકજ એવી સંસ્થા છે જેમાં જૈનેતર વિદ્યાર્થીઓને પણ દાખલ કરવામાં આવે છે. આ પ્રસંગે ૧૪ ફ્રી લોન-સ્કોલર માટે સંસ્થાને લગભગ રૂ.- ૧,૭૦,૦૦૦ના દાન મળ્યા છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, આવા દાતાઓએ, યુનિવર્સિટી શિક્ષણ માટે ખરેખર લાયક હોય તેવા વિદ્યાર્થીઓની જ નિયુકિત કરવી જોઈએ.

મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જે. આર. શાહે સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છા વ્યકત કરતાં જણાવ્યું કે મુંબઈમાં જુદા જુદા ફીરકાઓના વિદ્યાલયોમાં લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓને લાભ મળે એટલી સગવડ થઇ છે. આવી સંસ્થાઓના સંચાલકો અને વિદ્યાર્થીઓ વચ્ચે સહકાર રહે તે માટે એક સંગઠન સમિતિની રચના માટે તેમણે સૂચના કરી હતી.

શ્રી ખીમજી માડણ ભુજપુરીયાએ જૈન કન્યા છાત્રાલય પણ હોવું જોઈએ તે માટે આગ્રહપૂર્વક જૈન સમાજને વિનંતિ કરી હતી.

શ્રીમતી કુસુમબહેન મોતીચંદ શાહે કહ્યું કે આવી સંસ્થાઓમાં ધાર્મિક સંસ્કાર સિવાય તે માટે જૈન ધર્મ અને અન્ય ધર્મોના મૂળ તત્ત્વોનું વિદ્યાર્થીઓને શિક્ષણ મળવું જોઈએ.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ પી. શાહ, ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. કાન્તિલાલ કામદાર, શ્રી જયન્તિલાલ પારેખ, શ્રી રતિલાલ કોઠારીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

પ્રમુખસ્થાનેથી બોલતાં, શ્રી સી. યુ. શાહે સંસ્થામાં પોતાના નિવાસ દરમ્યાનના સ્મરણો તાજાં કર્યાં હતાં અને પોતે સંસ્થાના કેટલા ઋણી છે તેનો ઉલ્લેખ કર્યો હતો. વિશેષમાં તેમણે સૂચન કર્યું હતું કે શિક્ષિત જૈન યુવાનો, મુંબઈમાં વ્યવસાય માટે આવે ત્યારે શરૂઆતમાં તેમને રહેવાની સગવડ મળે તે માટે Y. M. C. A. જેવા નિવાસસ્થાનો બાંધવા જોઈએ.

સંસ્થાના મંત્રી શ્રી ગિજુભાઈ મહેતાએ આભારવિધિ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાને ૮ ફ્રી લોન-સ્કોલર માટે રૂપિયા એક લાખનું દાન મહેતા ચેરીટી ટ્રસ્ટ તરફથી મળ્યું તે માટે તેના ટ્રસ્ટી શ્રી કપુરચંદભાઈ તથા શ્રી કેવળચંદભાઈ હાજર રહી શકયા નહોતા પરંતુ એક ટ્રસ્ટી શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતા તથા બે ભાઈઓના બે પુત્રો ભાઈ બાબુભાઈ તથા ભાઈ દીનેશભાઈનું સન્માન કર્યું હતું.

ત્યારબાદ, ઉત્સાહના વાતાવરણમાં, પ્રમુખશ્રીએ નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે સંસ્થાનો સંક્ષિપ્ત ઇતિહાસ આપતી પત્રિકા પ્રકટ કરવામાં આવી હતી, જેનો સારભાગ નીચે આપવામાં આવે છે.

શ્રી વાડીલાલ મોતીલાલ શાહ અને શ્રી મણિલાલ મોહકમચંદ શાહે સર્વ ફીરકાઓના સમન્વયની દૃષ્ટિથી આ સંસ્થાની સ્થાપના તા. ૨૪ જૂન, ૧૯૧૭ રવિવારના રોજ કરી. જોને ગયા માસની ૨૪ મી તારીખે રોપન વર્ષ પૂરા થયાં છે.

આ શુભકાર્ય માટે શ્રી વાડીલાલ મોતીલાલ શાહ તથા શ્રી મણિલાલ મોહકમચંદ શાહે ૩૧,૦૦૦ રૂપિયાની રકમ આપી અને પ્રિન્સેસ સ્ટ્રીટમાં આવેલા પીરભાઈ બિલ્ડીંગમાં આ સંસ્થાની ઉદ્-ઘાટનવિધિ ઝાલાવાડનરેશ સર ભવાનીસિંહજીના શુભ હસ્તે થઈ. આ પ્રસંગે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, શ્રી. પોલાક, શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા ગુજરાતના મહાકવિ શ્રી નાનાલાલ વગેરેએ હાજર રહી આ સંસ્થાને આશિર્વાદ આપ્યા હતા. આ સંસ્થાની ત્યારની સલાહકાર સમિતિના સભ્યો તરીકે સમર્થ સાહિત્યકારો, સમાજ-સુધારકો અને વિચારકો હતા—જેમાં શ્રી. કનૈયાલાલ મુનશી, શ્રી રણજીતરામ વાવાભાઈ, શ્રી અમૃતલાલ ઠક્કર, સર રમણભાઈ નીલકંઠ, આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ, સર લક્ષ્મીચંદજી વગેરેને મુખ્ય ગણાવી શકાય.

સંસ્થા પાસે મૂડીમાં માત્ર છપ્પન હજારની લોન હતી, અને તેના વ્યાજમાંથી જ સંસ્થા નિભાવવાની હોઈ વિદ્યાર્થીઓને માત્ર રહેવા સિવાય અન્ય કોઈ સગવડ આપી શકાય તેમ નહોતી. આમ હોવા છતાં આ સંસ્થામાં રહેવા માટે ઉત્સુક વિદ્યાર્થીઓને જગ્યાને અભાવે નારાજ પણ કરવા પડતા હતા.

ત્યારબાદ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ, પણ વધુ વિદ્યાર્થી-ઓને સગવડ આપવાનું અશક્ય બન્યું. તા. ૧૦ જૂલાઈ, ૧૯૪૬ ના રોજ શ્રી મણિલાલ મોહકમચંદ શાહે પોતાના તરફથી રૂપિયા દસ હજાર આપીને મકાનફંડ શરૂ કર્યું, અને સમાજ પાસે રૂપિયા બે લાખની રકમ માટે વિનંતી કરી. આ રકમને માટે શ્રી મણિલાલભાઈએ ખૂબ ખૂબ જહેમત ઉઠાવી છે એ કોઈથી અજાણ્યું નથી.

૧૯૪૮ની સાલમાં દાદર સ્ટેશન નજીક ૧૭૫૫ વારનો પ્લોટ પાંસઠ હજાર રૂપિયાની કિંમત આપીને ખરીદ્યો. પરંતુ આ જમીન ટાઉન પ્લાનીંગના વિસ્તારમાં આવી એટલે ત્યાં બાંધકામ ન થઈ શક્યું. ૧૯૫૦ માં શિવના મુખ્ય રસ્તાની બાજુએ આવેલ લગભગ ૧૫૦૦ વાર જગ્યા પંચાવન હજાર રૂપિયાની કિંમતે ખરીદી. આ મકાનને માટે પાયો નાંખવાની વિધિ તા. ૨૧—૫—૫૧ ના રોજ સાધુચરિત શ્રી કેદારનાથજીના પ્રમુખપદે શ્રી મણિલાલ મોહકમચંદ શાહના શુભ હસ્તે કરવામાં આવી. મકાનનું કામ આગળ વધતું ગયું, તેમ તેમ વિદ્યાર્થીઓની સગવડોનો ખ્યાલ વધતો ગયો, અને પ્રમાણમાં અંદાજ પણ વધતું ગયું. નાણાંની મુશ્કેલી જણાતી હતી.

આ અરસામાં સંસ્થાના પ્રાણસમા શ્રી મણિલાલભાઈનું તા. ૨૫—૭—૫૨ ના રોજ અવસાન થયું. તે સમયે શોક પ્રદર્શીત કરવા એકત્રિત થયેલી સભાએ "મણિલાલ મોહકમચંદ શાહ સ્મૃતિફંડ" એકઠું કરવાનો નિર્ણય કર્યો, અને એ ફંડને શ્રી સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના ચાલુ ફંડમાં આપવાનું નક્કી કર્યું. આમ રૂપિયા ૨૫૩૧૧/- એકઠા થયા. ત્યાર બાદ જેમ જેમ મકાનનું કામ આગળ વધતું ગયું તેમ તેમ પૈસાની અગવડતા વધતી ગઈ. એવામાં શ્રી કપૂરચંદ નેમચંદ મહેતા તરફથી પાંચ પેઈંગ વિદ્યાર્થી રાખવાની શરતથી ૨૫૦૦૦ રૂપિયાની રકમ ભેટ મળી અને તાત્કાલીક મુશ્કેલી દૂર થઈ. ધીમે ધીમે કામ આગળ ચાલ્યું અને મકાન પૂરું થયું, ૭૫ વિદ્યાર્થીઓ માટે સગવડ થઈ.

તા. ૨૫-૭-૫૪ના રોજ મકાનનું ઉદ્ઘાટન પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી કનૈયાલાલ મુનશીના શુભહસ્તે કરવામાં આવ્યું.

બાકી રહેલા અર્ધા પ્લોટ ઉપર મકાન બાંધવા માટે વિચાર કર્યો. ફેબ્રુઆરી ૧૯૭૦ માં કામ ચાલુ કર્યું અને જણાવતાં આનંદ થાય છે કે આ મકાન પૂરૂ થઈ ગયું અને ૧૭૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી સગવડતા કરી. નવા મકાનના બાંધકામ તથા ફર્નીચર પાછળ રૂપિયા ત્રણ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

એક નોંધ લેવા જેવી છે કે આ અગાઉ શ્રી. કપુરચંદ નેમચંદ મહેતા, શ્રી. ઝવેરચંદ નેમચંદ મહેતા, તથા શ્રી કેવળચંદ નેમચંદ મહેતાએ શ્રી. નેમચંદ કચરાભાઈ તથા બાઈ લાડકીબાઈ નેમચંદ ચેરીટી ટ્રસ્ટમાંથી રૂપિયા ત્રણ લાખની મૂળકિંમતના યુ. પી ગવર્નમેન્ટ જમીનદારી એબોલીશન બોન્ડના મુદ્દલ તથા વ્યાજની આવકમાંથી પંદર વિદ્યાર્થીઓને આ ટ્રસ્ટના લોન - વિદ્યાર્થીઓ તરીકે રાખવાની શરતે આપ્યા. તા. ૨૫-૬-૭૧ના રોજ આ ત્રણ ભાઈઓ સંચા-લિત મહેતા ચેરીટી ટ્રસ્ટ તરફથી રૂપિયા એક લાખ આઠ વિદ્યાર્થીઓને લોન - વિદ્યાર્થીઓ તરીકે રાખવાની શરતે મળ્યા.

આ ઉપરાંત શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ, સંસ્થાના ભૂત-પૂર્વ વિદ્યાર્થી અને હાલ મંત્રી તરફથી, કોઈપણ જાતની શરત વગર રૂપિયા એકાવન હજાર ભેટ મળ્યા અને રૂપિયા ત્રીસ હજારની તેમની વિમાની પોલીસીઓ મળી. (જેની હાલની બોનસ સાથેની કિંમત રૂપિયા પીસ્તાલીસ હજારની થાય છે.)

આમ સંસ્થાની નાણાકીય સ્થિતિ ધીમે ધીમે સદ્ધર પાયા પર મૂકાતી જાય છે. નીચેના સદ્ગૃહસ્થો તરફથી લોન સ્કોલર ટ્રસ્ટને માટે રકમો મળી છે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નાનચંદ મૂળચંદ શાહ | એક વિદ્યાર્થી |
| (૨) | શ્રી, તારાચંદ ધનજી શાહ | એક વિદ્યાર્થી |
| (૩) | શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી | બે વિદ્યાર્થી |
| (૪) | શ્રી જીવણલાલ વીરચંદ મહેતા | બે વિદ્યાર્થી |

આ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા અનેક વિદ્યાર્થીઓ અત્યારે સમાજ અને રાષ્ટ્રમાં ઊંચું સ્થાન ભોગવે છે એ સંસ્થાને માટે ગૌર-વની વાત છે.

એક વિશેષ ગૌરવ લેવા જેવી હકીકત એ છે કે આ વિદ્યાર્થી ગૃહમાં મર્યાદિત સંખ્યામાં જૈનેતર વિદ્યાર્થીઓને પણ દાખલ કરવામાં આવે છે.

સંસ્થામાં ભણી ગયેલા વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ ચલાવી સંસ્થાને દરેક રીતે મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. આ વિદ્યાર્થીઓના પ્રયત્નથી સંસ્થાને ૧૯૫૯માં રૂપિયા બાર હજારની રકમ ભેટ મળી છે. તેમજ મકાન ફંડ ઊભું કર્યું ત્યારે આ મંડળે પુરા દિલથી સેવા આપી, લગભગ રૂપિયા પાંત્રીસ હજારની રકમ એકઠી કરી આપી છે. આ મંડળના બે પ્રતિનિધિઓ આપણી કાર્યવાહક સમિતિમાં નિયુક્ત થયેલા છે. એ પણ આનંદ લેવા જેવી વાત છે કે સંસ્થાના બન્ને સેક્રેટરીઓ આપણા જ વિદ્યાર્થીઓ છે.

જૈનોના જુદા જુદા સંપ્રદાયોના વિદ્યાલયો પ્રત્યે સમાજનું જેટલું આકર્ષણ છે તેટલું જૈન સમાજની એકતાની દૃષ્ટિએ અજોડ ગણાય એવી આ અપ્રતિમ સંસ્થા પ્રત્યે પણ આકર્ષણ હોય તે જરૂરનું છે. જૈન સમાજને આગ્રહભરી નમ્ર વિનંતિ છે કે આ સંસ્થાને સમૃદ્ધ બનાવવા પોતાથી બનતી બધી સહાય કરે.

આ સંસ્થાને અપાતા દાન કરમુક્ત છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બાંગલા દેશની સમસ્યા | જયપ્રકાશ નારાયણ | ૯૯ |
| પ્રકીર્ણ નોંધ : રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, વિશ્વવાસ ગુમાવ્યો, રાજ્યભવનો. | ચીમનલાલ ચકુભાઈ | ૯૧ |
| સર્વોદય સંમેલન | સિદ્ધરાજ ઢઢ્ઢા<br>ડૉ. કાન્તિલાલ શાહ | ૯૨ |
| શ્રી સંયુક્ત જૈન વિદ્યાગૃહ. | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૯૩ |
| રાજ્યપાલ શ્રી. | | |
| શ્રીમન્નારાયણ | ચીમનલાલ ચકુભાઈ | ૯૫ |
| આચાર વિચાર : રાજ્યપાલશ્રી | | |
| ઘંટીએ દળે છે | ઈશ્વર પેટલીકર | ૯૬ |
| બંદી અને બજારુ રેડીઓ! | વાડીલાલ ડગલી | ૯૭ |
| સર્વધર્મ સમભાવ અને મમભાવ-વ્યાપક અર્થમાં | મોહનલાલ મહેતા (સોપાન) | ૯૮ |

# ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ

ગાંધીનગરમાં ખાદી ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી શ્રીમન્નારાયણે જણાવ્યું કે તેઓ તથા તેમના પત્ની શ્રીમતી મદાલસાબહેન ઘંટીએ દળે છે, ગાયનું ઘી વાપરે છે વિગેરે. આ સંબંધે 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૭-૭૧ ના અંકમાં રાજ્યપાલશ્રીની આવી સાદાઈ અને ગાંધીવાદી આચરણની પ્રશંસા કરતો શ્રી શાન્તિલાલ ટી. શેઠનો એક લેખ પ્રકટ થયો છે. તે બાબતમાં શ્રી દિલાવારસિંહ જાડેજાએ, 'નિરીક્ષક'માં શ્રી ઈશ્વર પેટલીકરનો એક લેખ પ્રકટ થયો છે તે તરફ મારું ધ્યાન દોર્યું છે અને તેઓ જણાવે છે કે શ્રી ઈશ્વર પેટલીકરનો લેખ બીજી બાજુ રજૂ કરે છે અને એક બાબતના અનેક પાસાઓ રજૂ થાય તે માટે શ્રી ઈશ્વર પેટલીકરનો લેખ પણ પ્રબુદ્ધ જીવનમાં છપાય એવી આશા વ્યકત કરી છે.

શ્રી ઈશ્વર પેટલીકરનો એ લેખ નીચે પ્રકટ કરવામાં આવે છે. આ લેખમાં શ્રી પેટલીકર ગાંધી સનાતની આચાર પ્રત્યે પોતાનો વિરોધ જણાવે છે. સનાતની આચારનો નાહક મહિમા થાય છે અને તેવા ખોટા મહિમાથી બહાર નીકળવું જોઈએ, કારણકે આવા આચારોથી સમાજમાં દંભ વધે છે એમ તેઓ માને છે. તેમના કથનનો સાર એ છે કે "કડવી દવા દર્દી ગો ના છૂટકે પી જતા હોય છે પણ જીવનનાં ત્યિ મૂલ્યો એવા કડવા હોય છે કે એને આચરવા વખ જેવાં થઈ પડે છે. એથી એના જે આચારો નક્કી થયા હોય છે તેને પાળીને મૂલ્યો પાળ્યાનો સંતોષ લેવાય છે. ગાંધીમૂલ્યોની સ્થિતિ પણ આજે એવી થઈ છે. ખાદી પહેરવી, કાંતવું, દળવું વિગેરે ગાંધી સનાતની આચાર થઈ પડયો છે."

આ કથનમાં રહેલા પરસ્પર વિરોધી વિધાનો અને અસ્પષ્ટતા દેખાઈ આવે છે. મૂલ્યો "આચરવા" વખ જેવા થઈ પડે છે તેથી "આચારો પાળીને" મૂલ્યો "પાળ્યાનો" સંતોષ લેવાય છે. મૂલ્યો આચરવા જોઈએ તે સ્વીકારીયે, તો આચારો પાળવા સિવાય બીજી કઈ રીતે મૂલ્યો પાળી શકાય? હકીકતમાં, આચારને સનાતની કહી શ્રી પેટલીકરનું કહેવાનું કદાચ એવું છે કે આચારનો પ્રાણ–મૂલ્ય–ઊડી ગયો છે અને જડ દેહ રહ્યો છે. આ વિધાન બરાબર છે. બાહ્ય આચારની સાથે મૂલ્યનો પ્રાણ પણ જીવનમાં વ્યાપી જવો જોઈએ. પણ આચારનો છેદ ઊડાડવાથી મૂલ્યનો પ્રાણ બચતો નથી. મૂલ્યનો પ્રાણ અને તદ્‌અનુરૂપ આચાર બન્ને જરૂરી છે. પ્રાણ વિનાનો આચાર જ હશે તો તે દંભ છે. પણ આચાર વિના પ્રાણની વાતો જ હશે તો તે મોટો દંભ છે. જેને આચાર પાળવો નથી–તે પાળવો વખ જેવો લાગે છે– તેવાઓ આચારને સનાતની કહી, તેની અવગણના કરે છે. પણ પછી મૂલ્યો તેમના જીવનમાં રહે છે? આમ કહેવામાં જડ આચારોનો બચાવ કરવાનો લેશમાત્ર ઈરાદો નથી. પણ શુષ્ક જ્ઞાનીઓથી ચેતવાની જરૂર છે. જૈન ધર્મમાં જ્ઞાન ક્રિયાભ્યામ્-મોક્ષઃ કહ્યું છે. જ્ઞાન અને ક્રિયા, વિચાર અને આચાર બન્ને જરૂરી છે. શુષ્ક જ્ઞાન અને જડ ક્રિયા બન્ને હાનિકારક છે. આચાર પાળતો હશે તો કોઈક દિવસ તેનું મૂલ્ય સમજવાની અને જીવનમાં ઉતારવાની ભાવના જાગશે.

શ્રી પેટલીકરે કહ્યું છે કે રાજ્યપાલશ્રી દેખાવ ખાતર દળતા નથી તે સ્વીકારી લઈએ. તો પછી તેમનો વિરોધ શેને માટે છે? રાજ્યપાલશ્રીનો આ દંભ છે તેમ કદાચ ઉઘાડું કહેવું ન હતું પણ આવો ગર્ભિત આક્ષેપ તેમણે પાછળથી કર્યો છે કે "તેઓ ગુજરાતમાં રાજ્યપાલશ્રીની હેસિયતથી આવ્યા છે અને ગાંધીવાદી રાજ્યપાલ તરીકે રાજભવનની એવી કોઈ સાદાઈની છાપ ઊભી કરી છે? ગાંધીવાદી તરીકે જાહેર નાણાંનો ઉપયોગ કરકસરભર્યો અને બિનજરૂરી ન થવો જોઈએ તેવી નવી પરિપાટી રાજ્યભવનમાં ઉભી થઈ છે ખરી? ગાંધીવાદી તરીકે એ એવી કઈ છાપ રાજ્યપાલશ્રી તરીકે મૂકી જવાના છે કે ગુજરાત તેમને યાદ કરશે?" આ દિશામાં શ્રીમન્નારાયણે શું કર્યું છે તે આપણે જાણતા નથી. કદાચ થોડુંઘણું કર્યું પણ હશે.

શ્રીમન્નારાયણનો મને થોડો પરિચય છે. પાંચ વર્ષ પાર્લમેંટમાં અમે સાથે હતા–પડોશી હતા. તેઓ ગવર્નર થયા પછી પણ કેટલાક પ્રસંગે પરિચયમાં આવ્યો છું. મારા કરતાં વિશેષ પરિચય છે એવા ભાઈઓને મેં પૂછી જોયું છે. અને મને લાગે છે કે શ્રી પેટલીકરે શ્રીમન્નારાયણને અન્યાય કર્યો છે. શાન્તિલાલ શેઠે શ્રીમન્ननारायणની પ્રસંશા કરી તેમાં કદાચ ભાવનાની અત્યુકિત હશે પણ શ્રી પેટલીકરના કથનમાં ઔચિત્યનો અભાવ છે.

જે માણસ આચરણ કરે છે તેના તરફ જરૂર આંગળી ચીંધી શકાય કે તેના આચરણમાં ઊણપ છે. તેથી વિશેષ તેણે કરવું જોઈએ. જાગ્રત માણસ આવી ઊણપથી હંમેશ સભાન હોય છે. આદર્શ અને આચરણ વચ્ચેનું અંતર શ્રેયાર્થી જીવને હંમેશા મૂંઝવે છે. ધ્યેય કે આદર્શને સંપૂર્ણપણે આચરણમાં ઉતારવો અઘરો છે. રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ થયા ત્યારે તેમની સામે પણ આક્ષેપ હતો કે રાષ્ટ્રપતિભવનનો ઠાઠારો કાંઈ ઓછો ન થયો. રાજેન્દ્રબાબુએ કહ્યું હતું કે તે વિશાળ રાષ્ટ્રપતિભવનના એક ખૂણામાં ત્રણ ઓરડાનો પોતે ઉપયોગ કરે છે અને ચારપાઈ ઉપર સૂવે છે. શું એ તેમનો દંભ હતો? અલબત્ત, ગાંધીવાદી એમ કહી શકે કે મારે રાષ્ટ્રપતિ કે ગર્વનર થવું જ નથી. શ્રી ખંડુભાઈ દેસાઈ ગર્વનર છે. ખાદી પહેરે છે, સાદાઈથી રહે છે પણ રાજભવનના રંગઢંગ તો એ જ છે.

શ્રીમન્ननारायણ પોતે ખાદી પહેરે છે, ઘંટીએ દળે છે, ગાયનું ઘી વાપરે છે તે કહ્યું તેમાં શું અનુચિત કહ્યું છે? ગાંધીજીના જીવનમૂલ્યોનું આચરણ કરવા તેમણે અને મદાલસાબહેને પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. અલબત્ત, તેમણે ઘણું કરવાનું બાકી રહે છે. શ્રી પેટલીકરની ટીકા તેઓ સવળા અર્થમાં લેશે તો કદાચ વધારે જાગ્રત થશે.

પારકાની આંખનું કણું જોતાં પહેલાં પોતાની આંખમાં પહાડ પડયો છે તે કોઈક દિવસ જોઈએ તો સૌનું કલ્યાણ થાય. ગાંધીજીનાં જીવનમૂલ્યો જે સ્વીકારતા હોય, તે આચરવા કડવા વખ જેવા હોય (શા માટે કડવા વખ જેવા હોય?) તો પણ સાચી રીતે તેનું આચરણ કરી બતાવે તેને શ્રીમન્નારાયણની ક્ષતિઓ ઉઘાડી પાડવાનો કદાચ અધિકાર હોય. સમાજમાં કાંઈક આગેવાની ભર્યું સ્થાન ભોગવતા હોય તેમનું દુર્ભાગ્ય કે સદ્‌ભાગ્ય હોય છે કે તેમને જાહેર રીતે બોલવાનો પ્રસંગ આવે છે, કોઈક વખત પોતાના વિષે બોલાઈ જવાય છે અને પોતાના ધ્યેય અને આચરણ વચ્ચેનું અંતર, સમાજને જોવાની તક મળે છે. જ્યાં દંભ હોય ત્યાં તેને ઉઘાડો પાડવાની પત્રકારની ફરજ છે, પણ બીજાને વિના કારણ અન્યાય ન થાય તે જોવાની વિશેષ ફરજ છે. સ્વતંત્ર વિચારો ધરાવીએ છીએ તે નિમિત્તે બીજાનું દોષદર્શન વધારેપડતું ન થાય તે જોવાની ફરજ છે. શ્રીમન્નારાયણે પોતાના વિષે જે કાંઈ કહ્યું તે માત્ર પ્રાસંગિક હતું, ખાદીભવનનું ઉદ્‌ઘાટન હતું તેવા પ્રસંગે પોતે શું કરે છે તેનો ઉલ્લેખ કર્યો તેમાં આત્મપ્રશંસા કરવાનો ઉદ્દેશ હોય એમ મને નથી લાગતું.

શ્રી પેટલીકરે કહ્યું કે "ગુજરાતમાં રાષ્ટ્રપતિશાસન દાખલ કરવાના પ્રસંગે શ્રીમન્નારાયણે જે તટસ્થતા બતાવી અને તે પછી વહીવટમાં જે ગતિ લાવવાનું કાર્ય કરી બતાવ્યું છે તે જરૂર આવકારપાત્ર છે.

તેમની રાજ્યપાલશ્રી તરીકેની સ્મૃતિ ગુજરાતમાં તે અંગે જરૂર સંઘરાઈ રહેશે." પરંતુ આ પ્રકારની દક્ષતા તેમને ગાંધીવાદીની વિશિષ્ટતા નથી લાગતી! શ્રીમન્નારાયણ ગુજરાતને સ્વચ્છ નિષ્પક્ષ અને કાર્યક્ષમ તંત્ર આપશે તે પણ અત્યારના સંજોગોમાં નાનીસૂની વાત નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# આચાર-વિચાર

## રાજ્યપાલશ્રી ઘંટીએ દળે છે

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ તરફથી ગાંધીનગરમાં ખાદી ભવનનો આરંભ-સમારંભ તા. ૨૪મીએ યોજાયો હતો. એનું ઉદ્‌ઘાટન કર્યા બાદ રાજ્યપાલશ્રી શ્રીમન્નારાયણે પોતાના અંગે ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે છેલ્લાં દસ વર્ષથી પોતાના હાથે ઘંટી પર દળેલા લોટની રોટલીઓ ખાઉં છું. એનાથી જરૂરી કસરત મળી રહે છે અને હાથદળના કારણે અનાજનાં પૌષ્ટિક તત્ત્વો જળવાઈ રહે છે. હું ગાયનું જ ઘી વાપરું છું. રાજભવનમાં પણ ગાયનું ઘી વાપરવામાં આવે છે. એમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે પોતે દેખાવ કરવા દળતા નથી. તે અંગે શ્રી રવિશંકર મહારાજે જણાવ્યું હતું કે હું એક વખત રાજભવન ગયો તો જોયું કે શ્રીમન્નારાયણજી અને મદાલસા બહેન સામસામાં ઘંટી ઉપર બેસી દળતાં હતાં. તે સમાચાર બીજે દિવસે છાપામાં પ્રગટ થયા તેના સંધાનમાં તા. ૨૬ મીના 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના અંકમાં ઘંટીએ દળતાં તે બંનેનો ફોટો પ્રસિદ્ધ થયો છે.

રાજ્યપાલશ્રી દેખાવ ખાતર દળતા નથી તે સ્વીકારી લઈએ તો પણ એ સવાલ ઊભો થયા વિના રહેતો નથી કે એમાં ગાંધીવાદ આચારના સનાતનીપણાથી વિશેષ શું છે? ગાંધીજી પોતે દળતા હતા અને અનાજ પણ વીણતા હતા. આ પાછળનો એમનો હેતુ શ્રમને ગૌરવ આપવાનો અને એ અંગે બુદ્ધિજીવી વર્ગને શરમ ન લાવી જોઈએ તેવો નવો આચાર ઊભો કરવાનો હતો. ખાદી દ્વારા લાખો ગરીબ, બેકાર, અર્ધબેકારને રોજી આપવાનો અને વાપરનારાઓમાં સમભાવ પેદા કરવાનો હેતુ હતો. એ જ રીતે દેશી માલને ઉત્તેજન આપી દેશના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો હતો.

પરંતુ ખેદ સાથે આપણે સ્વીકારવું જોઈએ કે શ્રમને ગૌરવ પ્રાપ્ત થયું નથી. એ પહેલાંના જેટલું હલકું કામ ગણાય છે. શ્રમના ગૌરવની જે વાત કરે છે તેમાંથી મોટા ભાગનાના જીવનમાં તેનો અમલ થતો જોવા મળતો નથી. બુદ્ધિની કક્ષાએ તેમણે પ્રામાણિક સ્વીકાર કરેલો હોય તોપણ આચરણની કક્ષાએ તે પહોંચેલો જોવા મળતો નથી. ખાદીનું કાર્ય રોજી આપવા પૂરતું આર્થિક રહ્યું છે. બાકી જે ખાદી ઉત્પાદન કરે છે તે કામદારો એને પહેરતા નથી. સસ્તું મિલનું કાપડ પહેરે છે. જે ખાદી પહેરે છે તેમાં બે ત્રણ પ્રકાર છે. એક સાદાઈને વરેલો નાનો સરખો રચનાત્મક વર્ગ, બીજો કૉંગ્રેસી તરીકે યુનિફૉર્મરૂપે પહેરતો વર્ગ. કૉંગ્રેસના ભાગલા પછી શાસક કૉંગ્રેસે તેને ફરજિયાત ગણી નથી તેવી સ્થિતિ જોવા મળે છે અને એ જ હવે મુખ્ય કૉંગ્રેસ બની રહી છે. આથી જૂના કૉંગ્રેસીઓ ખાદીને વળગી રહેશે તો પણ નવા તેને અપનાવશે નહિ. ત્રીજો વર્ગ નથી રચનાત્મક સાદાઈવાળો કે નથી કૉંગ્રેસી, પણ ગાંધીયુગમાં **ખાદી પહેરતો થયેલો તેણે એને ચાલુ રાખી છે. પરંતુ એની પાછળ જે સાદાઈની, સમાનતાની અને સર્વોદયની ભાવના અભિપ્રેત છે તે ખાદીધારીઓના જીવનમાં મોટે ભાગે જોવા મળતી નથી.** આથી તે એક સનાતની આચારની ગરજ સારે છે તેમ કહી શકાય.

આ અંગેનો એક જાણીતો સચોટ ટુચકો છે. એક દર્દીને વૈદરાજ દવાનાં પડીકાં આપતા હતા. દર્દી ફરીથી દવા લેવા ગયો ત્યારે વૈદરાજને કહ્યું કે પડીકાંનો કાગળ તમે જાડો વાપરો છો તેને બદલે પાતળા કાગળમાં પડીકાં વાળી આપજો. વૈદરાજને આશ્ચર્ય થયું કે એને જાડા કે પાતળા કાગળ સાથે શી નિસ્બત? પડીકું ફાટી ન જાય માટે જાડો કાગળ વાપરું છું તેની એણે કદર કરવી જોઈએ. દર્દીએ એમના આશ્ચર્યને કરુણતામાં ફેરવી નાંખતાં કહ્યું-દવા કડવી લાગે છે એટલે તે ફેંકી દઉં છું અને પડીકાનો કાગળ ખાઈ જાઉં છું! જાડા કરતાં પાતળો કાગળ હોય તો ચાવતાં ફાવે.

**કડવી દવા દર્દીઓ ના છૂટકે પી જતા હોય છે પણ જીવનનાં ઉચ્ચ મૂલ્યો એવાં કડવાં હોય છે કે એને આચરવાં વખ જેવાં થઈ પડે છે. આથી એના જે આચારો નક્કી થયા હોય છે તેને પાળીને મૂલ્યો પાળ્યાનો સંતોષ લેવાય છે.** આચારનું મહત્ત્વ પડીકાંના કાગળ જેવું છે. ઉચ્ચ મૂલ્યો દવા જેવાં છે. પરંતુ એ કડવાં લાગે છે એટલે તેને જતાં કરવામાં આવે છે અને આચાર પાળીને મૂલ્ય પાળ્યાનો સંતોષ લેવાય છે.

**ગાંધીમૂલ્યોની** સ્થિતિ પણ આજે એવી થઈ છે. મંદિરમાં જવામાં જ જેમ ધર્મ સમાઈ જતો નથી તેમ ખાદી પહેરવામાં, કાંતવામાં, દળવામાં કે ગાયનું ઘી કે ઘાણીનું તેલ વાપરવામાં ગાંધીમૂલ્યો સમાઈ જતાં નથી. આજે એ **ગાંધી સનાતની આચાર** થઈ પડ્યો છે. રાજ્યપાલશ્રી ભલે દેખાવ ખાતર દળવાનો આચાર ન કરતા હોય, પરંતુ એ ગુજરાતમાં રાજ્યપાલશ્રીની હેસિયતથી આવ્યા છે. ગાંધીવાદી રાજ્યપાલ તરીકે એમણે રાજભવનની એવી કોઈ સાદાઈની છાપ ઊભી કરી છે? રાષ્ટ્રપતિ શાસન આવ્યા પછી એમણે દેશી ગાડી વાપરવા માંડી છે, તો તે અગાઉ એ વાપરવામાં વાંધો ક્યાં આવતો હતો? સરકાર તરફથી રાજ્યપાલ તરીકે એમને માન્ય ખર્ચ કરવાનો હક્ક છે. પરંતુ ગાંધીવાદી તરીકે જાહેર નાણાંનો ઉપયોગ કરકસરભર્યો અને બિનજરૂરી ન થવો જોઈએ તેવી નવી પરિપાટી રાજભવનમાં ઊભી થઈ છે ખરી? ગાંધીવાદી તરીકે એ એવી કઈ છાપ રાજ્યપાલશ્રી તરીકે મૂકી જવાના છે કે ગુજરાત તેમને યાદ કરશે?

**ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન દાખલ કરવાના પ્રસંગે એમણે જે તટસ્થતા બતાવી અને તે પછી વહીવટમાં જે ગતિ લાવવાનું કાર્ય કરી રહ્યા છે તે જરૂર આવકારપાત્ર છે. એમની રાજ્યપાલશ્રી તરીકેની સ્મૃતિ ગુજરાતમાં તે અંગે જરૂર સંઘરાઈ રહેશે.** પરંતુ એ પ્રકારની દક્ષતા એ ગાંધીવાદીની વિશિષ્ટતા કહી ન શકાય. પંજાબમાં વિધાનસભાનું વિસર્જન કરી રાષ્ટ્રપતિ શાસન દાખલ કરવાની ભલામણ કરનાર રાજ્યપાલશ્રીનું પગલું પણ એવું જ ધ્યાનપાત્ર બન્યું છે. આપણે ત્યાં **સનાતની આચારનો નાહક મહિમા** થતો આવ્યો છે. એ માનસની સમાજ ઉપર કેવી મોટી પકડ છે તે ગાંધીવાદી આચારે એવું સનાતનીપણું શરૂ કર્યું છે તે બતાવી આપે છે. બાકી કસરત તરીકે જેમ કોઈ રમત રમે, વ્યાયામ કરે એ જેમ નોંધપાત્ર ગણાતું નથી તેમ રાજ્યપાલશ્રી કસરત તરીકે ઘંટી ફેરવે તે મહત્ત્વનું ગણાવું ન જોઈએ. બાકી ઘર-વપરાશની ઈલેક્ટ્રિક ઘંટી આવે છે તેનાથી લોટ ગરમ થઈ જતો નથી અને પૌષ્ટિક તત્ત્વો જળવાઈ રહે છે. કેવળ એ લાભ ખાતર હાથે દળવાની જરૂર ન ગણાય. રાજભવનમાં એવી ઘંટી વસાવવાનું મુશ્કેલ નથી.

આપણે ત્યાં માણસનું મૂલ્ય તે જે કાર્ય કરતો હોય તેનાથી કરવાને બદલે એ કેવા આચારો પાળે છે તેનાથી થતું હોવાથી સમાજમાં દંભ વધી ગયો છે. એમાંથી સમાજને બહાર કાઢવો હોય તો દઢ **આચારના મહિમામાંથી બહાર નીકળવું જોઈશે.** એ કહેવા પાછળ રાજ્યપાલશ્રીનો હેતુ પોતાનો મહિમા કરવાનો નહીં હોય અને શ્રમનો કે સાદાઈનો મહિમા કરવાનો હશે, તો પણ તે એનાથી સરતો નથી. કેવળ સમાજનાં ચાલ્યા આવતા **સનાતની આચારનો ખોટો મહિમા** થાય છે.

**ઈશ્વર પેટલીકર**

# બંદી અને બજારુ રેડિયો

છેલ્લા કેટલાક વર્ષોથી દર વર્ષે લોકસભામાં વિરોધ પક્ષના સભ્યો ઑલ-ઈન્ડિયા રેડિયોને સરકારી ખાતામાંથી સ્વાયત્ત કોર્પોરેશનમાં બદલી નાંખવાની માંગણી કરતા આવ્યા છે. આ માંગણી પાછળ દલીલ એ છે કે લોકશાહીમાં વર્તમાનપત્રની જેમ રેડિયો સરકારી આસરથી મુક્ત હોવો જોઈએ. સરમુખત્યારશાહી અને લોકશાહી વચ્ચે એક મહત્વનો ભેદ એ છે કે લોકશાહી સમાજમાં અદાલતો અને વર્તમાનપત્રો તથા રેડિયો જેવા સંદેશવ્યવહારના સાધનો સરકારથી તદ્દન મુક્ત હોવા જોઈએ. નિર્ભય ટીકા વિના લોકશાહીની કલ્પના જ અશક્ય છે. આપણા દેશમાં અમેરિકાની જેમ રેડિયો ખાનગી સાહસમાં નથી. આઝાદી પછી આકાશવાણીનો જે અસાધારણ વિકાસ થયો તે વિકાસ, રેડિયો ખાનગી સાહસમાં હોત તો થાત કે કેમ તે એક પ્રશ્ન છે. પણ જેમ આપણી યુનિવર્સિટીઓ સરકારની મદદ મેળવે છે છતાં યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશનને કારણે સરકારી ખાતા જેવી નથી બની તેમ રેડિયોનું આપણે કરી શક્યા હોત. આ માટે આપણી પાસે બ્રિટનનું એક ઉત્તમ ઉદાહરણ બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (બી. બી. સી.) હતું. વિરોધ પક્ષો રેડિયોનો કોર્પોરેશન દ્વારા વહીવટ ચાલે તેવી માંગણી કરે છે ત્યારે તેમની નજર સમક્ષ બી. બી. સી. જ હોય છે. થોડા વર્ષો પહેલાં કેન્દ્ર સરકારે શ્રી અશોક ચંદાના અધ્યક્ષપદ હેઠળ આ અંગે એક સમિતિ નીમી હતી. તે ચંદા સમિતિએ પણ એવી ભલામણ કરી હતી કે આકાશવાણીનો વહીવટ એક સ્વાયત્ત કોર્પોરેશનને સોંપવો જોઈએ.

કૉંગ્રેસના ભાગલા પડ્યા પછી જૂની કૉંગ્રેસના આગેવાનોએ પણ એવી માંગણી કરી કે જો દેશમાં લોકશાહી મજબૂત કરવી હોય તો રેડિયો સરકાર હસ્તક રહેવો ન જોઈએ. કૉંગ્રેસના ભંગાણ સમયે ઑલ-ઈન્ડિયા રેડિયોએ જરાક વધુ પડતા આવેગથી શ્રીમતી ગાંધીને ટેકો આપવા માંડ્યો. અને તાજેતરની લોકસભાની ચર્ચામાં જે આક્ષેપ કરવામાં આવ્યો કે ઑલ-ઈન્ડિયા રેડિયો શ્રીમતી ગાંધીને છે તે કરતાં વધુ સારા દેખાડવા ('ઈમેજ બિલ્ડીંગ') માટે પ્રયત્ન કરે છે. તે આક્ષેપ છેલ્લા બારેક મહિનાથી અનેકવાર કરવામાં આવ્યો છે. વિરોધ પક્ષના નેતાઓએ ઑલ-ઈન્ડિયા રેડિયોને 'ઑલ-ઈંદિરા રેડિયો'નું હુલામણું નામ આપ્યું છે.

આ આક્ષેપોમાં અતિશયોક્તિ છે, પણ સરકારી કર્મચારીઓ હસ્તક જ્યારે ઑલ-ઈન્ડિયા રેડિયો હોય ત્યારે રાજકર્તા પક્ષનો જાણ્યે અજાણ્યે પ્રચાર થવાનો જ. સરકારી નોકરોને ખબર નથી હોતી કે લોકશાહીમાં નિયત સમયે શાંતિમય રીતે સરકાર બદલાતી જ રહે છે. આજનો વિરોધ પક્ષ તે આવતી કાલનો રાજકર્તા પક્ષ છે. આ હવે કોઈ કલ્પનાની વાત નથી. ૧૯૬૭ પછી ભારતના રાજકારણમાં જે જબ્બર પલટાઓ આવ્યા તેથી એક વાત નક્કી થઈ કે કૉંગ્રેસ પક્ષ આ દેશમાં એકચક્રી રાજ્ય કરશે એ કલ્પના ખોટી છે. કેરળ, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ—આ મહાન પક્ષો લગભગ ગુમાવી દીધા. એ એક અકસ્માતથી કે કેન્દ્ર અને બિન-કૉંગ્રેસી પક્ષોની સરકારો વચ્ચે જે ઘર્ષણ ચાલે છે તેનું એક કારણ ઑલ-ઈન્ડિયા રેડિયો પણ છે. પશ્ચિમ બંગાળના યુનાઈટેડ ફ્રન્ટના એક પ્રધાનના રેડિયો પ્રવચન પ્રસંગે નવી દિલ્હી અને કલકત્તા વચ્ચે જે ખેંચતાણ થયેલી તેનો સાર એ હતો કે રાજ્યો રેડિયો જેવા અસરકારક પ્રચારના સાધનને માત્ર કેન્દ્ર સરકારના કબજામાં રહેવા દેવા માંગતા નથી. આકાશવાણી નામ સામે અને સવારે આઠ વાગે આપાતા હિંદી સમાચારો અંગે કેન્દ્ર સરકાર અને તામિલનાડુ સરકાર વચ્ચે જે ઘર્ષણ થયું અને તામિલ વિદ્યાર્થીઓ જે રીતે આકાશવાણી વિરુદ્ધ આંદોલન કરવા માંડ્યા તે પણ ઉપરનો મુદ્દો મજબૂત કરે છે. આ ચર્ચાનો સાર એ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે ઘર્ષણ થાય તેનું એક કારણ કેન્દ્રસંચાલિત આકાશવાણી છે. ભારતની એકતા કેન્દ્રસંચાલિત આકાશવાણી કરતાં વધુ મહત્વની છે.

જુલાઈની આઠમી તારીખે લોકસભામાં પોતાના ખાતા અંગેની ચર્ચાનો જવાબ આપતાં માહિતી અને પ્રસારણ ખાતાનાં રાજ્ય પ્રધાન શ્રીમતી નંદિની સતપથીએ કહ્યું કે આકાશવાણીને સ્વાયત્ત કોર્પોરેશનમાં ફેરવી નાંખવાની ચંદા સમિતિની ભલામણ સરકારને સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું કે સરકાર આકાશવાણીના તંત્રમાં કેટલાક ફેરફાર કરવા માંગે છે. આને પરિણામે વહીવટની સ્વાયત્તતા અને આકાશવાણીની કામગીરીનું વિકેન્દ્રીકરણ થશે. શ્રીમતી સતપથીએ એમ પણ કહ્યું કે આકાશવાણી એક રીતે રાષ્ટ્રનો અવાજ છે. આથી તેનું નિયંત્રણ કોર્પોરેશન કરે તે કરતાં પાર્લમેન્ટ કરે તે વધુ હિતાવહ છે.

શ્રીમતી સતપથીની એ વાત ખરી છે કે આકાશવાણી રાષ્ટ્રનો અવાજ છે. પણ અત્યારે તો તે રાજકર્તા પક્ષનો અવાજ છે એવી પ્રજામાં છાપ છે. જે પાર્લમેન્ટના નિયંત્રણની તેમણે વકીલાત કરી તે પાર્લમેન્ટના બધા જ વિરોધ પક્ષો જો એવી માંગણી કરે કે કોર્પોરેશનથી આ પ્રજાનો અવાજ વધુ મુક્ત બનશે તો તેમણે તે માંગણી તરફ દુર્લક્ષ ન કરવું જોઈએ. તેમની સરકારે જ નીમેલી ચંદા સમિતિએ જે ભલામણ કરી તેને દેશનાં અગ્રગણ્ય વર્તમાનપત્રો, વિરોધપક્ષો અને બિન-કૉંગ્રેસી રાજ્યસરકારોએ ટેકો આપ્યો છે. અત્યારે એમના પક્ષની બહુમતિ છે એટલે શ્રીમતી સતપથી ભલે ઠંડે કલેજે લોકશાહીની આ મૂળભૂત માંગણીને નકારી કાઢે પણ આમ ને આમ ચાલુ રહેશે તો કોઈક વાર આનો મોટામાં મોટો ફાયદો લોકશાહી-વિરોધી સામ્યવાદી પક્ષો (ન કરે નારાયણ અને કેન્દ્રમાં તેઓ સત્તા પર આવે તો) ઉઠાવશે. કેરળમાં અને બંગાળમાં તો સામ્યવાદી પક્ષોએ લોકશાહી સંસ્થાનો કેવો દુરુપયોગ થઈ શકે તે સત્તા પર આવ્યા પછી બતાવી આપ્યું છે. કહેવાય છે કે રાજપુરુષો સો વરસ આગળ જુએ. આપણા રાજકર્તાઓ અનુભવ થઈ ગયા પછી પણ એક દસકો ય આગળ જોતા નથી.

સરકારી ખાતા હસ્તક હોવાથી આપણો રેડિયો નિષ્પ્રાણ અને વાસી થઈ ગયો છે. કોઈ સમાચાર પત્ર રેડિયોની જેમ ચાલે તો તંત્રીને પાણીચું મળે. વિચારસ્વાતંત્ર્ય અને સરકારી ખાતું એ બે ચીજની એકી સાથે કલ્પના જ ન થઈ શકે. આમ રેડિયો બંદી તો છે જ પણ છેલ્લા કેટલાક વર્ષોથી તે હવે બજારુ પણ થયો છે. એમ જ્યારે કહેવામાં આવતું કે અમેરિકાની જેમ જાહેરખબરની આવક પર રેડિયોનો ખર્ચ કાઢવો, ત્યારે આ વાતને આપણી સરકારે એટલા માટે ન સ્વીકારી કે જાહેરખબર દ્વારા ચાલતા રેડિયોનું ધોરણ તદ્દન નીચું પડી જાય છે. આ દલીલ વિષે પશ્ચિમના અનુભવ પછી કોઈ વિચારકને કંઈ કહેવા જેવું ન લાગે. પણ થોડા વર્ષ પહેલાં પૈસા કમાવાના નામે વિવિધભારતીમાં જાહેરખબર દાખલ થઈ. આ સમયે દેશનાં સંખ્યાબંધ વિચારકોએ સરકારને ચેતવણી આપેલી કે જાહેરખબરની બાબતમાં થોડી છૂટ મૂકી તો પછી રુચિશત્રુઓ રેડિયોનો કબજો લઈ લેશે. અમેરિકામાં જાહેરખબરે રેડિયો અને ટેલિવિઝનની જે દશા કરી છે તે જોઈને કોઈ સંસ્કારી માણસ રેડિયોને જાહેરખબરને ખોળે મૂકવાનો વિચાર કરે. અમેરિકન રેડિયો પર આફ્રિકાના એક આગેવાન શ્રી નાયરેરેની સાથેની મુલાકાત ચાલતી હોય તેની વચમાં એકાએક 'ન્યુ બ્રેડ, ન્યુ બ્રેડ' એવી જાહેરાત આવે અને રેડિયો બારીમાંથી ફેંકી દેવાનું મન થાય. આવું જ આપણે ત્યાં બનવા માંડ્યું લાગે છે. હમણાં બે ત્રણ કૉલેજના વિદ્યાર્થીઓ જે કડવાશથી આપણા રેડિયો વિષે બોલતા હતા તે સાંભળી મેં પૂછ્યું : "રેડિયોએ એવું તે શું કર્યું છે કે તમે આટલા બધા ગુસ્સે થયા છો?"

"આપણા ઉલ્લુઓ ચાલુ ગાયન કાપીને વચમાં જાહેરખબર મૂકે છે. હવે અમે સિલોન રેડિયો જ સાંભળીએ છીએ. એકી સાથે ચાર પાંચ ગાયનો તો સાંભળવાના મળે." એક વિદ્યાર્થીએ કહ્યું.

બજારુવૃત્તિ માટે સિલોન રેડિયો નામચીન છે. તેનામાં પણ પ્રમાણભાન છે. એની બજારુવૃત્તિ એટલી નીચી નથી ગઈ કે એક ગીત પણ પૂરું શ્રોતાઓને સાંભળવા ન દે. શ્રીમતી નંદિની સતપથીના આ 'પ્રજાના અવાજે' જુવાન પેઢી સમક્ષ સિલોન રેડિયોને સારો દેખાડ્યો છે તે એક કમનસીબી છે.

વાડીલાલ ડગલી

# સર્વધર્મ સમભાવ અને મમભાવ-વ્યાપક અર્થમાં

જીવનનું અને જગતનું સંચાલન અને નિયમન કરનારા તત્ત્વ કે તત્ત્વોની શોધ કરવાના અને માનવીના આચાર-વિચારને વિશુદ્ધ કરી તેના નિત્ય જીવનમાં સ્નેહ, શાંતિ ને સહકાર પ્રગટાવવાના હેતુથી ધર્મો અને સંપ્રદાયો નિર્માણ થયા હશે એમ લાગે છે. જો વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ સત્ય શોધવાનો અને પછી તે આચરવાનો આ પવિત્ર પ્રયોગ ગણાય. ધર્મનો અર્થવિસ્તાર જોતાં વિશાળતા અને વ્યાપકતાનો ભાવ પ્રગટે છે, અને સંપ્રદાયનો વિચાર કરતાં મર્યાદિત બંધનો-સંકીર્ણતાનો ખ્યાલ આવે છે. આ બંને શબ્દો ઘણી વાર એક જ અર્થ પ્રગટાવીને વિચારક્ષેત્રે મૂંઝવણ પણ પેદા કરે છે.

દરેક ધર્મની સાથે તેનું તત્ત્વજ્ઞાન અને દરેક સંપ્રદાય સાથે આચાર-વિચાર તથા ક્રિયાકાંડ સંકળાયેલા રહે છે. આમાં ભિન્નતા હોય તે તદ્દન સ્વાભાવિક છે. વિજ્ઞાનીઓના પ્રયોગોમાં પણ એમ જ બને છે. અત્યારે અવકાશમાં જે સંશોધન ચાલી રહ્યું છે તેમાં સીધી રીતે તો રશિયા અને અમેરિકા જ બહાર પડ્યાં છે, પરંતુ વિજ્ઞાનમાં આગળ વધેલા અને આગળ વધવા મથતા લગભગ બધા દેશોના અમુક વિજ્ઞાનીઓ પોતાની પ્રયોગશાળામાં તો આ વિષયના સંશોધનનું કાર્ય કરે જ છે. અમુક પ્રકારના અભ્યાસ, પ્રયોગ અને સ્ફુરણાને આધારે વિચારપૂર્વક આ કાર્ય થતું હોય છે. આનાં કાર્યક્ષેત્રો નિરાળાં હોય, સંશોધનની પ્રક્રિયા અને તે માટેના પ્રયોગો પણ જુદા હોય, પરંતુ બધાનું ધ્યેય તો કુદરતનું રહસ્ય પામવાનું, તત્ત્વ શોધવાનું, એટલે કે શોક્સ વિષયમાં સત્યનો સાક્ષાત્કાર કરવાનું જ હોય એમાં શંકા નથી. આમાં માનવજાતના કલ્યાણનો ભાવ જો મુખ્ય હોય, અને તે જ હોવો જોઈએ, તો આ બધા પ્રયોગવીરો વચ્ચે, અને જે રાષ્ટ્રો આ પુરુષાર્થ કરતા હોય તે રાષ્ટ્રો વચ્ચે પણ, 'સર્વધર્મ સમભાવ' અને 'સર્વધર્મ મમભાવ' જેવી સહકારની તથા એકત્વની ભાવના પ્રગટવી જોઈએ. હા, પોતાની સિદ્ધિદ્વારા સત્ય નહિ, પરંતુ અન્ય કંઈ સાધવું હોય અને રાષ્ટ્રાભિમાન જ કેળવવું કે પોષવું હોય તો સમભાવ-મમભાવનો વિચાર તેઓ ગ્રહણ કરી શકે નહિ.

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧ જુલાઈના અંકમાં સર્વધર્મ સમભાવ અને મમભાવના સૂત્ર અંગે શ્રી બ્રોકરનું જે દૃષ્ટિબિંદુ રજૂ થયું છે તે ખરેખર વિચારણીય છે, પરંતુ ધર્મનો એક અર્થ અને ઉદ્દેશ આત્મા-પરમાત્મા અને જીવન-મરણનાં ગૂઢ તત્ત્વોની શોધનો હોય; અને બીજો અર્થ નીતિ, સદાચાર અને સદ્‌ગુણોના પ્રાગટયનો હોય તો પહેલા અર્થમાંથી નિષ્પન્ન થતા વિચારો, તે અનુસાર બંધાતી માન્યતાઓ અને જો નમ્રતાપૂર્વકની જાગૃતિ પણ હોય તો, તે માટે થતા પ્રયોગો તથા પ્રયત્નોને આપણે તત્ત્વજ્ઞાનરૂપ સમજવા જોઈએ. આમાં ભિન્નતા હોય, ભેદ હોય, કોઈક વાર વિરોધ પણ હોય. પરંતુ એ, અથવા એ પણ, સત્યની જ શોધ છે, તત્ત્વની જ ખોજ છે એમ જો સમજીએ તો સમભાવ અને મમભાવની ભાવનાથી આપણે તેનું નિરીક્ષણ-પરીક્ષણ કરી શકીએ.

ધર્મનો જે બીજો અર્થ કહ્યો છે-નીતિ, સદાચાર અને સદ્‌ગુણોના પ્રાગટયનો તથા પ્રસારનો, તે તો સૌને સ્વીકાર્ય બને એમાં શંકા જ નથી. જગતના બધા ધર્મો સત્ય, પ્રેમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, ઉદારતા, સહિષ્ણુતા વગેરેનું સમર્થન કરે છે. ધર્મો અને સંપ્રદાયોના અનુયાયીઓ વચ્ચે જ્યારે કોઈ મુદ્દા પર અથડામણ થાય છે, રમખાણો જેવી સ્થિતિ સર્જાય છે ત્યારે તેનું કારણ, એ ધર્મના તત્ત્વજ્ઞાનનું સત્ય શોધવા માટેના તેના ભિન્ન પ્રયોગોનું નથી હોતું તેમ સદ્‌ગુણો પ્રગટાવનારો તેનો આચારધર્મ પણ નિમિત્તરૂપ નથી બનતો, પરંતુ સાંપ્રદાયિક સંકુચિતતામાંથી પ્રગટેલી વિચારહીન સ્પર્ધા, ઈર્ષ્યા, અને તેથીયે વધુ તો તેના આગેવાનોએ પ્રગટાવેલું ઝનૂન જ કારણભૂત બનેલાં હોય છે. આ સ્પર્ધા, ઈર્ષ્યા અને ઝનૂનના નિવારણ માટે સર્વધર્મ સમભાવ અને મમભાવની ભાવના પ્રસારવી જરૂરી છે. આપણા વિચારમાં શિથિલતા ન આવે, એટલે કે સત્ય-શોધનના બીજાના પ્રયોગ પ્રત્યે સમભાવ-મમભાવથી નજર રાખવા છતાં આપણા પ્રયોગની તથા અન્યના પ્રયોગોની અવગણના ન થાય અને દરેક પ્રયોગનું મૂલ્ય સ્વતંત્ર ને સ્વચ્છ દૃષ્ટિબિંદુથી આપણે કરી શકીએ તે જરૂરી છે જ; પરંતુ સત્યશોધકમાં અનિવાર્ય રીતે આવશ્યક એવી નમ્રતા, ઉદારતા, મનની વિશાળતા અને સહકારની ભાવના માટે સમભાવ ને મમભાવનું ઘણું મૂલ્ય છે તે લક્ષમાં રહેવું જોઈએ. 'તત્ત્વસંશોધનનો દરેક પ્રયોગ મારા જેવી વિશુદ્ધ નિષ્ઠાથી થઈ રહ્યો છે' એવો ભાવ કેળવવાથી સત્યશોધનની પ્રક્રિયામાં અંતરાય પેદા થતો નથી. પરંતુ તેમાં બળ ઉમેરાય છે અને સત્ય કે તેનો અંશ જે કોઈ શોધી કાઢે તેને આપણે બિરદાવી શકીએ છીએ તેમ જ તે દ્વારા એ સત્યનો હૃદયથી સ્વીકાર પણ કરી શકીએ છીએ.

સામાજિક, રાજકીય અને આર્થિક વિચારસરણીને ક્ષેત્રે એકબીજા સામે જીવનમરણનો જંગ ખેલતી મહાસત્તાઓ પણ અવકાશક્ષેત્રના સંશોધનમાં તો સહકારનો જ ભાવ કેળવી રહી છે, અને એકબીજાના સફળ પ્રયોગને તથા સાહસને તે બિરદાવે છે તેના મૂળમાં પણ સમભાવ અને મમભાવનું તત્ત્વ જ કામ કરે છે. આપણે ધ્યાનમાં રાખવા જેવું છે કે આ જ મહાસત્તાઓ સંહારસાધનોની શોધમાં આવું વર્તન દાખવતી નથી. સ્પર્ધા તો બંને ક્ષેત્રે થાય છે, પરંતુ સમભાવ ને મમભાવ તો માનવકલ્યાણના પ્રયોગક્ષેત્રમાં જ છે. આપણે જે ક્ષેત્ર વિષે વિચારીએ છીએ તે ધર્મ-તત્ત્વજ્ઞાનના ક્ષેત્રના વિવિધ પ્રયોગોનો હેતુ સત્યશોધન અને આત્મકલ્યાણ સિવાય બીજો હોઈ શકે નહિ, એટલે ત્યાં તો સમભાવ ને મમભાવ કેળવવો ને પોષવો અત્યન્ત જરૂરી છે.

મોહનલાલ મહેતા-સોપાન

## સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાં આજ સુધીમાં ભરાયેલી રકમો

| | |
|---|---|
| ૧,૧૯,૬૭૧ | અગાઉ પ્રકટ થઈ ગયેલી રકમો |
| ૫૦૧ | શ્રી કેશવલાલ બુલાખીદાસ |
| ૫૦૧ | " ચુનીલાલ નારણદાસ વોરા |
| ૫૦૧ | " બાલકૃષ્ણ કે. મહેતા |
| ૫૦૧ | " હરિચંદ ઓલ. મહેતા-કોલ્હાપુર |
| ૫૦૧ | " જોરમલ મંગળજી મહેતા |
| ૫૦૧ | " લલિતાબહેન લાલભાઈ શાહ |
| ૩૩૯૯ | પાંચસોથી નીચેની રકમો |
| ૧,૨૬,૦૭૬ | |

હજુ ઘણાં મિત્ર-સ્નેહીઓનો ફાળો આવવો બાકી રહે છે. જેમણે હજુ સુધી પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેમને સત્વર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

લી. ચીમનલાલ ચકુભાઈ શાહ
પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ વતી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ ઑગષ્ટ ૧, ૧૯૭૧ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પ્રકીર્ણ નોંધ

### અમેરિકા અને ચીન

આવતા મે મહિના પહેલા અથવા આ વર્ષની આખર સુધીમાં પ્રમુખ નિક્સન ચીનની મુલાકાત લેશે એવી જાહેરાત એકી સાથે ચીનમાં અને અમેરિકામાં થઈ. આ અચાનક દેખાતા બનાવની લાંબા સમય થી અને સારા પ્રમાણમાં પૂર્વતૈયારી થતી હતી. કિસિન્જરની ભેદી અને અતિ ગુપ્ત મંત્રણા તો તેની છેલ્લી કડી હતી. ૨૨ વર્ષથી પરસ્પરને એકબીજાના એક નંબરના દુશ્મન ગણતા દેશો આમ નજીક કેમ આવ્યા? ચીનને રાષ્ટ્રસંઘના સભ્યપદથી ૨૨ વર્ષ દૂર રાખ્યું. ચાંગ-કાઈ-શેકને મદદ કરી તાઈવાનને સ્વતંત્ર રાખ્યું. સામ્યવાદી ચીન મૂડીવાદી અમેરિકા સાથે સમજૂતી કરે તો દુનિયાનાં દેશોનાં સામ્યવાદી પક્ષો અને સામ્યવાદી દેશો ઉપર વિપરીત અસર થશે એનો માઓત્સે તુંગે વિચાર નહિ કર્યો હોય? સ્ટાલિને હીટલર સાથે સંધિ કરી એવો કાંઈક આ બનાવ છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કોઈ કાયમના દુશ્મન નથી અને કોઈ કાયમના મિત્ર નથી. પલટાતી પરિસ્થિતિ અનુસાર અને પોતે માનેલ પોતાના રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે નીતિ બદલાતી રહે તે આંતરરાષ્ટ્રીય સંબંધોનું પ્રધાન લક્ષણ છે.

તો અમેરિકા અને ચીન બન્નેએ પોતાનું વલણ બદલ્યું તેના કારણો તપાસીયે. આ ૨૨ વર્ષના ગાળામાં ચીન એક શક્તિશાળી રાષ્ટ્ર બન્યું છે અને વધારે તાકાત હજી કેળવશે તે સ્પષ્ટ છે. રાજકીય ક્ષેત્રે પોતાની તાકાત એ જ મોટું બળ છે. પોતાની શક્તિ ઉપર નિર્ભર રહી, ચીને અમેરિકા અને રશિયા બન્ને મહાસત્તાઓ સામે ઝઝૂમવાનો નિર્ધાર કર્યો. રશિયાએ ૧૯૧૭ ની ક્રાન્તિ પછી, લગભગ ૧૫ – ૨૦ વર્ષ સુધી આંતરિક વિગ્રહ, અકથ્ય હાડમારીઓ અને દુનિયાના બીજા દેશોનો વિરોધ સહન કર્યો અને બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં, યુદ્ધથી બચવા હીટલર સાથે કરાર કર્યા. પણ તે લાંબો વખત ટક્યા નહિ ત્યારે અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ સાથે મૈત્રી કરી. બીજું વિશ્વયુદ્ધ હજી પૂરું થયું ન હતું ત્યાં તો તે મૈત્રીને સ્થાને ઠંડા યુદ્ધની શરૂઆત થઈ. ૧૯૪૯માં ચીન સામ્યવાદી થયું ત્યારે એમ લાગતું હતું કે બે મહાન સામ્યવાદી દેશો એક થશે અને દુનિયામાં સામ્યવાદનું જોર જામશે. શરૂઆતના વર્ષોમાં રશિયાએ ચીનને ખૂબ મદદ કરી. પણ રાષ્ટ્રવાદ, સામ્યવાદ કરતાં વધારે બળવાન નીવડયો. Nationa ism is more powerful than communist interests રશિયા અને ચીનના સંબંધો બગડયા અને અત્યારે કટ્ટર દુશ્મન છે. અમેરિકા અને રશિયાના સંબંધો કાંઈક સુધરતા ગયા. પણ ચીનનું બળ વધ્યું તેમ અમેરિકાની મુશ્કેલીઓ વધી. વિયેટનામના યુદ્ધમાં અમેરિકા સંડોવાઈ ગયું. રશિયાનું વર્ચસ્વ વધતું અટકાવવા અને વિયેટનામના યુદ્ધમાંથી આબરૂભેર છૂટવા, નિક્સને પ્રતિષ્ઠાને કોરે મૂકી, ચીન સાથેના સંબંધો સુધારવાની શરૂઆત કરી અને મળવા માટે આમંત્રણની વિનંતિ કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ મહાન બનાવ છે અને દુનિયાના બધા મોટા દેશોને પોતાની આંતરરાષ્ટ્રીય નીતિ ફરી તપાસવી પડે અને બદલાવવી પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. નિક્સનને ૧૯૭૨માં પ્રેસિડન્ટની નવી ચૂંટણી આવે તે પહેલાં, કોઈ પણ ભોગે વિયેટનામના યુદ્ધમાંથી અમેરિકાની પ્રજાનો છૂટકારો કરવો જ રહ્યો. તેથી નિક્સને આ સાહસ કર્યું છે. તાઈવાનનો ભોગ આપશે, ચીનને રાષ્ટ્રસંઘમાં દાખલ થવા દેશે, ચીન - અમેરિકાના વેપારી સંબંધો સુધારી, યુરોપમાં ઘટતા પ્રભાવ અને આર્થિક હિતોને સુધારવા પ્રયત્ન કરશે. ચીન માટે પણ એશિયામાં પોતાનું વર્ચસ્વ, રશિયાના ભોગે, વધારવાની અને દુનિયાના દેશોમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરવાની આ તક છે. નિક્સનની ચીનની મુલાકાત થાય તે પહેલાં, ઘણી મંત્રણાઓ અને ભૂમિકા તૈયાર કરવાનું કામ થશે. પરિણામની પૂરી કલ્પના કરવી મુશ્કેલ છે. પણ દુનિયાના બધા દેશો ઉપર અસર થશે તે નિર્વિવાદ છે.

ભારત ઉપર શું અસર થશે? અમેરિકા એમ માને છે કે આપણું વલણ રશિયા તરફી છે. પ્રમુખ નિક્સને, તેના સલાહકારો અને તેના દેશના પ્રજામતને અવગણીને, ઈરાદાપૂર્વક બાંગલા દેશની બાબતમાં આપણી અવગણના કરી છે. અને પાકિસ્તાનને લશ્કરી અને આર્થિક સહાય ચાલુ રાખી છે. અમેરિકા અને ચીન બન્ને મળીને આપણને ચેતવણી આપવા ઈચ્છતા હોય કે ભય બતાવવા, કે આપણે રશિયા તરફી વલણ બદલાવવું, નહિ તો પરિણામો સારા નહિ આવે. સાથે લાલચ પણ બતાવે કે તેમ કરીશું તો અમેરિકાની સહાય તો મળશે પણ ચીન સાથેના સંબંધો પણ કદાચ સુધરવાની તક આવે. ચીન મહાન દેશ છે તો ભારત નાનો દેશ નથી. અમેરિકા ભારતની અવગણના કરી શકે તેમ નથી. તેમજ રશિયા ઉપર આપણે ઈજિપ્તની પેઠે વધારે પડતો આધાર રાખવો પડે, એવી પરિસ્થિતિ પણ અમેરિકા અને ચીનને પોસાય તેમ નથી. આપણી વિદેશનીતિની જરૂર આપણે પુનર્વિચારણા કરવી પડશે. પણ ભય અથવા લાલચને વશ થઈને નહિ, પણ આપણાં રાષ્ટ્રીય હિતો લક્ષમાં રાખીને. છેવટ તો આપણી આંતરિક તાકાત જેટલી હશે તેટલે દરજ્જે વિદેશોમાં આપણો પ્રભાવ પડશે.

### બાંગલા દેશ

બાંગલા દેશની પરિસ્થિતિની વિકટતા વધતી રહ છે. વિદેશોના ગમે તેટલા દબાણ છતાં, યાહ્યાખાને શેખ મુજીબુર રહેમાન કે અવામી લીગ સાથે કોઈ પણ પ્રકારનું રાજકીય સમાધાન કરવાનો સાફ ઈન્કાર કર્યો છે અને નવું બંધારણ તૈયાર કરે છે તેમાં લોકશાહીનું નામનિશાન નહીં રહે. લશ્કરી અત્યાચારો ચાલુ છે અને શરણાર્થીઓનો પ્રવાહ કદાચ વધશે એવો ભય છે. દુનિયાનો આત્મા, ક્રૂરતાના અનુભવે, એટલો જડ અને સંવેદનરહીત થઈ ગયો છે કે ગમે તેવા ભયંકર હત્યાકાંડો પણ રોજિંદા બનાવ હોય તેમ કોઠે પડી ગયા છે. પ્રજામતને સર્વથા અવગણી, રાજકીય આગેવાનો પોતાની રાજરમત ચાલુ રાખે છે. એવા સંજોગોમાં ભારત હાથ

જોડી કયાં સુધી બેસી રહી શકશે? યાહ્યાખાને યુદ્ધની ધમકી આપી છે. શ્રી જયપ્રકાશ નારાયણે તાજેતરની મુંબઈની મુલાકાતમાં ભારપૂર્વક માગણી કરી કે ભારતસરકારે બાંગલા દેશને માન્યતા આપી ખુલ્લી રીતે, આર્થિક અને લશ્કરી સહાય કરવી જોઈએ. તેમણે સાફ કહ્યું કે કોઈ લશ્કરી પગલાની તેઓ હિમાયત કરતા નથી. ભારતનું લશ્કર બાંગલા દેશ ઉપર આક્રમણ કરે એવી કોઈ તેમની સૂચના નથી. તેમના મત મુજબ તેની જરૂર પણ નથી. બાંગલા દેશના લાખો યુવાનો સમર્પણ માટે તૈયાર છે - તેને જોઈએ છે આર્થિક અને લશ્કરી સહાય. છુપી રીતે તે આપવાથી અર્થ સરશે નહિ. બાંગલા દેશને માન્યતા આપી ઉઘાડી રીતે આ સહાય આપવી - બાંગલા દેશના હિતમાં જ નહિ પરંતુ ભારતના રાષ્ટ્રીય હિતમાં આ અનિવાર્ય છે. ભારત કાંઈ સક્રિય પગલું નહિ ભરે તો બીજા દેશોને શું પડી છે? ભારત આવું પગલું લેશે તો કદાચ બીજા દેશો તેનું અનુકરણ કરે. આવું પગલું લેતા, પાકિસ્તાન યુદ્ધ કરે તો તેને માટે તૈયાર રહેવું. જે અમાનુષી ભીષણ અત્યાચારો બાંગલા દેશમાં થયા છે તે જોતાં, બાંગલા દેશ પાકિસ્તાનના ભાગ તરીકે રહે તે અશકય છે. એશિયામાં સત્તાનું સંતુલન જાળવવા અમેરિકા અથવા બીજા દેશોને આ જરૂરનું લાગતું હોય તો પણ, સાડા સાત કરોડની પ્રજાને પશ્ચિમ પાકિસ્તાન ગુલામ રાખી ન શકે. બાંગલા દેશની પ્રજાને ભારત તરફથી સક્રિય સહાય નહિ મળે તો, ત્યાં એવા પરિબળો છે જે ચીનની સહાય લેવા તૈયાર થાય, જે ભારત માટે ભયરૂપ છે. ૭૦-૮૦ લાખ અને કદાચ એક કરોડ જેટલા નિરાશ્રિતોને સલામતીપૂર્વક બંગાલ પાછા મોકલી ન શકીયે તો, પશ્ચિમ બંગાલ, આસામ, મેઘાલય અને પૂર્વનો બધો વિસ્તાર મોટા ભયમાં મૂકાય એવા સંજોગો ઊભા થાય. કોઈપણ પગલું લઈએ અથવા કાંઈ પગલું ન લઈએ, બધામાં જોખમ રહ્યું છે. અલબત્ત, કેન્દ્ર સરકારને વધારે માહિતી હોય એટલે કોઈ પણ પગલું લેવાનો યોગ્ય સમય તે જ નક્કી કરી શકે. પણ એમ લાગે છે કે, તે ઘડી હવે આવી પહોંચી છે. કટોકટીની આ પળે સમગ્ર પ્રજાએ ભગીરથ પુરુષાર્થ અને ત્યાગ કરવો પડશે.

૨૩-૭-૭૧ **ચીમનલાલ ચકુભાઈ**

**શ્રી જૈન મહિલા સમાજના પ્રાણસમા મેનાબહેનની ચિરવિદાય**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને 'પ્રબુદ્ધ જીવન'નાં વાચકોને જાણીને ભારે આઘાત થશે કે જૈન યુવક સંઘના વર્ષોજૂના સભ્ય અને જેમનાં હિંદી અને અંગ્રેજી લેખોનાં અનુવાદો 'પ્રબુદ્ધ જીવન'માં અવારનવાર પ્રગટ થતાં હતાં તે - અને જૈન મહિલા સમાજનાં પ્રાણસમા શ્રીમતી મેનાબહેન શેઠનું બુધવાર તા. ૨૧-૭-૭૧ ના રોજ દુ:ખદ અવસાન થયું છે.

શ્રી મેનાબહેનને પગે તકલીફ હોવા છતાં યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વર્ષોથી તેઓ નિયમિત આવતાં હાથમાં લાકડી, બેસવા માટે એક નાની ગાદી અને હંમેશ હસતો ચહેરો-આ હતાં મેનાબહેનનાં હંમેશના સાથી.

શ્રી મેનાબહેનની જીવન-ઝરમર જોઈએ તો, પોતાનો સાત વર્ષનો સંસાર ભોગવી નાનપણમાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું. જૂનવાણી અને રૂઢિચુસ્ત સમાજમાં રહી પોતાના જીવનને વધુ પ્રકાશમાં લાવવા તેમણે ધીમે ધીમે સમજણપૂર્વક લડત જગાવી સામાજિક સેવાની દીક્ષા લીધી. છેલ્લાં ૪૦ વર્ષોથી શ્રી જૈન મહિલા સમાજમાં સક્રિય કામ કર્યું અને 'વિકાસ' ના તંત્રીપદે રહ્યા. પોતાના જીવનની સંધ્યાએ રૂા. ૨૫૦૦૦ નું સુંદર દાન તેમણે જૈન મહિલા સમાજમાં આદર્શ બાલમંદિર બનાવવા માટે એમનાં સ્વ. પતિશ્રી નરોત્તમદાસ જગજીવનદાસ શેઠના નામ સાથે જોડીને કર્યું. મેનાબહેનનો ધાર્મિક અભ્યાસ પણ સારો હતો, આમ છતાંય તેઓ સુધારક અને પ્રગતિશીલ વિચારોને આવકારતાં રહ્યા. શ્રી મેનાબહેન એક સેવામૂર્તિ હતાં. સાદું અને સાત્ત્વિક એમનું જીવન હતું. એમના દેહાવસાનથી, જૈન સમાજને એક આગેવાન સત્ત્વશીલ નારીની ખોટ પડી છે. અને જૈન મહિલા સમાજને તો ન પૂરી શકાય એવી ખોટ પડી છે. પરમાત્મા સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ આપે એવી આપણા સૌની પ્રાર્થના હો. **ભાનુમતિ દલાલ**

# ગીતા અને જૈન ધર્મ

**શ્રી તંત્રીશ્રી પ્રબુદ્ધ જીવન**

હમણાં હું ગાંધીજીનું 'અનાસકિતયોગ' પુસ્તક વાંચું છું. પૂ. ગાંધીજીએ ઉતારેલી શ્રીમદ્ ભગવદ્‌ગીતાની આ 'અનાસકિતયોગ' ની ૮૬૦૦૦ પ્રતો અત્યાર સુધીમાં છપાઈ ગઈ છે. આજે પણ આ નાનકડી પુસ્તિકા વાંચતાં આનંદ આવે છે, એટલું જ નહિ આત્મ-શાંતિની અનુભૂતિ થાય છે. ગાંધીજી આ પુસ્તકની પ્રસ્તાવનામાં એક સુંદર કથન કરે છે - લખે છે.

"એક તરફથી કર્મ માત્ર બંધનરૂપ છે - એ નિર્વિવાદ છે. બીજી તરફથી દેહ ઈચ્છા અનિચ્છાએ પણ કર્મ કર્યા કરે છે. શારીરિક કે માનસિક ચેષ્ટામાત્ર કર્મ છે. ત્યારે કર્મ કરતો છતો મનુષ્ય બંધન મુકત કેમ રહે? આ કોયડાનો ઉકેલ ગીતાએ જેવી રીતે કર્યો છે તેવો બીજો એક પણ ધર્મગ્રંથે કર્યો મારી જાણમાં નથી. ગીતા કહે છે. ફલાસકિત છોડો ને કર્મ કરો. કર્મ છોડે તે પડે. કર્મ કરતાં છતાં તેનાં ફળ છોડે તે ચડે."

વળી, આગળ ચાલતાં તેઓ લખે છે - "ગીતાએ વ્યવહારમાં ધર્મ ઉતાર્યો છે. જે ધર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી." જૈન ધર્મનો વિચાર કરતાં આથી કંઈક જૂદું જ સમજાય છે, સમજાવવામાં આવે છે. જૈન ધર્મ પ્રમાણે કર્મ કરતો છતો મનુષ્ય બંધનમુકત થતો નથી, મોક્ષ પામતો નથી. જૈન ધર્મ તો કર્મ, વ્યવહાર, આરંભ, સમારંભ, અરે સંસારની સેવાનાં કર્તવ્યમાત્ર છોડવાનું સૂચવે છે, અને માત્ર દીક્ષા, સંસાર ત્યાગ આ એકજ મોક્ષનો - શાંતિનો - ભવમુકત થવાનો માર્ગ છે એમ કહે છે! તો, પ્રશ્ન એ થાય છે કે આપણે શું માત્ર વીતરાગપ્રભુની વાણીમાં શ્રદ્ધા રાખી, સ્વતંત્ર રીતે કશું જ ન વિચારતાં નિવૃત્તિ લઈ લેવી? અને આપણાં શાસ્ત્રો, તથા સાધુ સાધ્વીઓ જે કહે એમાં 'જી - પ્રભુ' કહેવું? હા, જ્ઞાન-દર્શન અને ચારિત્ર્ય એનું અસાધારણ મૂલ્ય છે. પણ પહેલાં જ્ઞાન અને જ્ઞાનનું ગળે ઉતરવું, મનની બધી બારીઓ ઉઘાડી રાખવી- એ તો ખરું કે નહિ? કે પછી મોક્ષની માળા જપી દીક્ષા લઈ લેવી? અને વળી, દરેક જૈન સંપ્રદાય એમ માનતાં દેખાય છે કે, જો મોક્ષમાર્ગી થવું હોય, મોક્ષગામી થવું હોય તો માત્ર જૈન ધર્મમાંથી નહિ પરંતુ એમનો જે પેટા સંપ્રદાય છે એ સંપ્રદાયની સીડી એ જ સ્વર્ગ છે, મોક્ષ છે. આ ખરેખર જ હાસ્યાસ્પદ લાગે છે અને આપણે જૈનો કેટલી બધી સંકુચિત વિચારધારા ધરાવીએ છીએ એનું સૂચક છે. આ ઉપરથી લાગે છે કે - ગીતાનો જ ઉપદેશ સર્વશ્રેષ્ઠ છે. ફલ - આસકિત છોડવી. કર્મ કર્યા કરવું. જીવનને સત્વશીલ બનાવવું અને અપરિગ્રહ - અનાસકિત કેળવી જીવનનો જે ઉચ્ચ આનંદ છે તે માણવો.

મારાં ઉપરનાં વિચારો ઉપર આપના વાંચન - ચિંતન - મનનનો લાભ મળશે તો આનંદ થશે. 'પ્રબુદ્ધ જીવન' ના વાંચકોને ય એક નવી જીવન દૃષ્ટિ મળશે. આ અપેક્ષાએ આપને ઉદ્દેશીને આ થોડું લખ્યું છે. યોગ્ય લાગે તો 'પ્રબુદ્ધ જીવન' માં જ જવાબ આપશો.

**ચીમનલાલ જે. શાહ**

ભાઈ ચીમનલાલ શાહે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે નવો નથી. તેની ચર્ચા ઘણા વિદ્વાનોએ કરી છે. નિવૃત્તિ - પ્રવૃત્તિનો વિવાદ હજારો વર્ષથી ચાલ્યો આવે છે. દરેક સાધક અથવા શ્રેયાર્થી મનુષ્યને આ વિચારવાનું રહે જ છે. તેમના પ્રશ્નનો જવાબ કોઈ વિદ્વાન જૈન મુનિ અથવા આધ્યાત્મિક જીવનની અનુભૂતિ હોય એવી વ્યકિત આપે તે ઉચિત થશે. મારી અલ્પ સમજણ પ્રમાણે અતિ સંક્ષેપમાં મારા વિચારો હું જણાવું છું.

બધા ભારતીય ધર્મો - હિન્દુ, બૌદ્ધ અને જૈન - મોક્ષમાર્ગી છે. તત્વજ્ઞાનના ક્ષેત્રે મતભેદ હોવા છતાં આચારધર્મમાં મહદંશે આ ત્રણે ધર્મની એકતા છે. ભવચક્રના ફેરામાંથી સદાકાળની મુકિત મેળવવી એ અંતિમ લક્ષ્ય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને સદાચાર અથવા સમ્યક્ ચારિત્રના પાયા તરીકે બધા સ્વીકારે છે. આત્માને કર્મનું વળગણ છે. તે રાગદ્વેષ અથવા આસકિત અથવા તૃષ્ણાનું પરિણામ છે. આ કષાયોથી મુકત થવું, અનાસકત થવું, આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું, એ

ધ્યેય છે. એ જ મોક્ષ છે. મુખ્ય કષાયો કામ, ક્રોધ, મદ, મોહ, લોભ કર્મબન્ધનું કારણ છે. આ બધા રાગ દ્વેષના કારણોથી છૂટવા માટેનો એક માર્ગ, સાંસારિક સર્વ પ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ. સાંસારિક પ્રવૃત્તિઓ રાગદ્વેષનું નિમિત્ત બને છે અથવા તેમાં વૃદ્ધિ કરે છે. એવા પ્રસંગ જ ન આવે એવી પરિસ્થિતિ કરવી - આ છે સંન્યાસ અથવા શ્રમણ પરંપરા–નિવૃત્તિ માર્ગ.

વિરલ વ્યકિતઓને બાદ કરતાં, સામાન્ય મનુષ્ય માટે આવો વૈરાગ્ય, જીવનભરની અથવા જન્મજન્માન્તરની દીર્ઘ અને ખૂબ કઠિન સાધનાના પરિણામે ઉદ્‌ભવે. આ હકીકતનો સ્વીકાર કરી, હિન્દુ ધર્મે જીવનના ચાર આશ્રમ કર્યા છે. સંન્યાસ અન્તિમ છે. તે પણ વિરલ વ્યકિતઓ માટે, જેનામાં ત્યાગ વૈરાગ્યની એટલી ઉત્કટ ભાવના જાગી હોય. જૈન ધર્મ મોટે ભાગે એકાશ્રમી છે. અંતિમ ધ્યેય અને તેની સાધના પ્રત્યે જ લક્ષ્ય છે. તેમાં પણ શ્રાવકના વ્રતો ગુણસ્થાનકમારોહ, વગેરે છે. પણ તેનો સમગ્ર ઝોક સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થવા પ્રત્યે રહ્યો છે. વળી જૈન ધર્મમાં અહિંસાની જે રીતે સમજણ રહી છે, તેનાથી પણ નિવૃત્તિના આ વલણને જોર મળ્યું છે. ગહનતાથી વિચારે તો આ અધૂરી સમજણ છે, એમ જણાઈ આવશે. દ્રવ્યહિંસા અને ભાવહિંસા, દ્રવ્યકર્મ અને ભાવકર્મ, એવું ઘણું જાણવા સમજવાની જરૂર છે. હિંસાની વ્યાખ્યા કરી છે **प्रमत्त योगात् प्राण व्यपरोपणं हिंसा** । પ્રાણહાનિ અને પ્રમત્ત યોગ - મનની અસાવધાન અથવા રાગદ્વેષ યુકત દશા - બન્નેથી હિંસા થાય છે. શરીરની પ્રત્યેક ક્રિયામાં દ્રવ્ય હિંસા છે. શારીરિક ક્રિયાના પરિણામ ઉપર વધારે ભાર મૂકવાથી આરંભ–સમારંભ અને પ્રવૃત્તિના નિષેધને કારણે જૈનધર્મની અહિંસાએ મુખ્યત્વે નકારાત્મક સ્વરૂપ લીધું.

ગીતામાં માત્ર કર્મયોગ જ છે એમ નથી. ગીતા સમન્વયકારી ગ્રન્થ છે. તેમાં જ્ઞાન, ભકિત, કર્મ, ધ્યાન, સંન્યાસ બધું છે. જેને જે રુચે તે લે છે. ભારતની સંત પરંપરા મોટે ભાગે જ્ઞાની કે ભકત કે સંન્યાસીની રહી છે, કર્મયોગની નહિ. ગીતામાં કર્મયોગને પ્રાધાન્ય છે તે, હું જાણું છું ત્યાં સુધી, પ્રથમ લોકમાન્ય ટિળકે તેમના પ્રખ્યાત ગ્રન્થ **ભગવદ્‌ગીતા રહસ્યમાં** પ્રતિપાદન કર્યું. છે. લોકમાન્યે ગીતાના કર્મયોગને જ્ઞાનમૂલક ભકિત - પ્રધાન કર્મયોગ કહ્યો છે. ગાંધીજીએ તેને અનાસકિત યોગ કહ્યો છે. ગીતાનો મુખ્ય ધ્વનિ તો વીતરાગભયક્રોધ થવું, મનની સર્વ કામનાઓ તજી આત્મામાં સ્થિર થવું એ છે. તે માટે જ્ઞાન, ભકિત, કર્મયોગ, ધ્યાન, સંન્યાસ, કોઈ પણ માર્ગ સ્વીકારે, પણ અંતિમ લક્ષ્ય સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરવાનું છે.

લોકમાન્ય ટિળક અને ગાંધીજી જે રીતે ગીતાના કર્મ યોગને સમજ્યા છે તેમાં પણ મહત્વનો ફેર છે. ગાંધીજીએ ગીતામાં અહિંસા જોઈ. અને સાધન શુદ્ધિ - સત્ય અને અહિંસા - ને પ્રાધાન્ય આપ્યું.

લોકમાન્ય ટિળકે **યો યથા મામૂ પ્રપદ્યન્તે, તાંસ્તથૈવ ભજામ્યહમ્**– એને શ્રી કૃષ્ણનું સૂત્ર માન્યું. એટલે કે જેવાની સાથે તેવા થવું. લોકમાન્ય ટિળક માનતા કે રાજ્યપ્રકરણ સાધુઓની નહિ, પરંતુ સંસારીઓની બાજી છે. અને **अक्रोधेन जिने क्रोधं** કરતાં, હાલની દુનિયાને ઉપર જણાવેલ માર્ગ, જેને બીજા અર્થમાં કહીએ તો **शठं प्रति शाठ्यम** વધારે અનુકૂળ છે. ગાંધીજીએ કહ્યું કે, બુદ્ધનું સૂત્ર સનાતન સિદ્ધાંત રજૂ કરે છે. અને ભગવદ્‌ગીતાનું સૂત્ર, તિરસ્કારને પ્રેમથી અને અસત્યને સત્યથી જીતવાના સિદ્ધાંતનો પ્રયોગ બતાવે છે. ગાંધીજીએ કહ્યું કે લોકમાન્ય માટે મને માન છે પણ સંસાર સાધુઓ માટે નથી એમ કહેવામાં માનસિક મંદતા છે.

હકીકતમાં ગાંધીજી જે રીતે ગીતાને સમજ્યા અને જીવનમાં ઉતારી તેમાં ત્યાગ–વૈરાગ્યની તીવ્ર ઉત્કટતા અને અને સંન્યાસ જ રહ્યો છે. ગાંધીજી ઉપર શ્રીમદ્ રાજચંદ્ર અને જૈન ધર્મની ઊંડી અસર હતી. સાંસારિક પ્રવૃત્તિઓમાં મગ્ન રહીને, પૂર્ણ સ્વાર્થરહિત રહેવું એ સંન્યાસ જ છે. વિરલ વ્યકિતઓ આ કરી શકે.

પણ કોઈ વ્યકિત કયો માર્ગ સ્વીકારશે તેનો આધાર તેની પ્રકૃતિ ઉપર છે. શ્રીમદ્ રાજચંદ્ર કે રામકૃષ્ણ - પરમહંસને ગાંધીજી જેવા કર્મયોગી આપણે કલ્પી શકતા નથી. વિવેકાનંદ સંન્યાસી થયા તો પણ કર્મયોગી હતા. ગાંધીજીએ સંન્યાસ લીધો ન હતો પણ સંન્યાસી અને કર્મયોગી હતા. ભગવા પહેર્યે જ સંન્યાસી નથી થવાતું. તેમ સંન્યાસી થવાથી જ મનના રાગદ્વેષ જતા નથી. હિમાલયની ગુફામાં જઈને બેસીયે તો પણ ચંચળ મન ભટકતું રહે.

સામાન્ય માણસે આ પ્રવૃત્તિ - નિવૃત્તિની ભાંજગડમાં ન પડવું. હજી પહેલું પગથિયું પણ માંડયું ન હોય, ત્યાં અનાસકિત અને કર્મયોગ હજારો જોજન દૂર છે. સામાન્ય માણસ માટે રાજમાર્ગ, બને તેટલા પરોપકાર અને સેવાનાં કાર્યો કરવા એ જ છે. તેમાં અહંકાર અને સ્વાર્થ ઘટે છે, માનવતા વધે છે, અને અંતરમાં કાંઈક પ્રકાશ પડે છે.

એક ડગલું બસ થાય એટલું રાખવું. ભર્તૃહરિએ કહ્યું છે તેમ **सामान्यास्तु परार्थमुद्यममृताः स्वार्थांविरोधेन ये** । સ્વાર્થ અને પરમાર્થ બન્ને સાથે રાખનાર એવા સામાન્ય જન રહીયે. **मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये**, પોતાના સ્વાર્થ માટે પારકાનું અહિત કરતાં માનવ રાક્ષસ ન બનીયે. એટલું કરીએ તો, કોઈક દિવસ આગળ વધવાનો માર્ગ ખુલ્લો રહેશે. આ દીર્ઘ અને કઠિન સાધનામાં સતત જાગ્રતિ અને અંતરનિરીક્ષણ રહે તો આપોઆપ માર્ગ સૂઝે છે.

ચીમનલાલ ચકુભાઈ

# તેલુગુના મહાન કવિ ડૉ. વિશ્વનાથ સત્યનારાયણ

# ૧૯૭૦ના ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા

૧૯૭૦નું ભારતીય જ્ઞાનપીઠનું રૂપિયા એક લાખનું પારિતોષિક તેલુગુના મહાન કવિ, વિદ્વાન અને સાહિત્યશિરોમણી ડૉ. વિશ્વનાથ સત્યનારાયણને મળ્યું છે એ હકીકત હવે તો સર્વવિદિત થઈ ચૂકી છે, પણ તે કવિ વિષે ગુજરાતી વાચકો સમક્ષ જાણકારી નહિવત્ હોવાથી અહીં તેમનો ટૂંકો પરિચય આપવા વિચાર્યું છે.

તેમની વય અત્યારે ૭૬ વર્ષની છે. છેલ્લાં પંચાવન કરતાંયે વધારે વર્ષોથી તેઓ લખતા રહ્યાં છે અને છેલ્લાં ચાલીસ કરતાંયે વધારે વર્ષોથી તેલુગુ સાહિત્યના તેઓ મૂર્ધન્ય સાહિત્યકાર ગણાય છે.

મુખ્યત્વે તેઓ કવિ છે, પણ કવિતા ઉપરાંત સાહિત્યની સર્વે શાખા–પ્રશાખાઓને એમણે પોતાની કૃતિઓથી દીપાવી છે. તેમની લગભગ એંસી જેટલી સર્જનાત્મક કૃતિઓ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે. તેમાંથી સાઠ તો નવલકથાઓ છે, બાર કાવ્યનાં પુસ્તકો છે અને પાંચેક વિવેચનનાં ગ્રંથો છે. બાકીનાં નાટકો છે. ટૂંકી વાર્તાઓ પણ તેમણે લખી છે.

અમુક સમય માટે તેમના ઉપર કવિઓની રોમેન્ટિક શાળાનો પ્રભાવ હતો અને એ અસર નીચે તેમણે થોડી અદ્‌ભુત ઊર્મિકવિતા લખી હતી. પરંતુ એમનું મુખ્ય બળ શિષ્ટતાવાદી (Classical) સાહિત્ય સર્જન રહ્યું છે. જેમ જેમ એમની ઉંમર વધતી ગઈ તેમ તેમ તે ધાર્મિક, સામાજિક અને સાહિત્યિક બાબતોમાં શુદ્ધિવાદી થતા ગયા. પરંપરાના એ પક્ષકાર રહ્યા છે અને એથી 'પ્રગતિવાદી' અને 'સુધારાવાદી' મંડળોની સાથે એમને હંમેશાં મતભેદો રહ્યા કર્યા છે.

ભાષા વિષેની શુદ્ધિના, અને શિષ્ટ સંસ્કૃત સાહિત્યની પદ્ધતિ પ્રત્યેના તેમના પક્ષપાતને અંગે, શુદ્ધિ અને શિષ્ટતાની ઠેકડી ઉડાવતા અર્વાચીન કવિઓ જોડે તેમને સંઘર્ષ રહે છે અને એમ છતાં પણ છેલ્લાં પચાસ વર્ષમાં આંધ્રપ્રદેશે સર્જેલા મહાનમાં મહાન સાહિત્યિક સર્જક તરીકેનું તેમનું સ્થાન અવિચળ રહ્યું છે.

'કિન્નરે સાનિ પાટલુ' નામના સંગ્રહમાંનાં એમનાં કાવ્યો અને ગીતો અત્યંત પ્રસિદ્ધિ પામ્યાં છે. એ જ પ્રમાણે એની પહેલાં પ્રસિદ્ધ થયેલાં 'આંધ્ર પ્રશસ્તિ'નાં કાવ્યોએ પણ તેમને સારી લોકચાહના મેળવી આપી છે.

'નર્તન શાળા' (ક્રીચકવધનો પ્રસંગ) નામનું તેમનું નાટક અત્યંત પ્રખ્યાત છે. તેમણે પૌરાણિક અને સામાજિક બન્ને પ્રકારનાં નાટકો લખ્યાં છે.

ત્રીસીના દાયકામાં તેમણે તેમની સહુથી પહેલી નવલકથા 'વેયી પડગલુ' લખી. તેણે તેમને ખૂબ જ કીર્તિ અને એક પારિતોષિક અપાવ્યાં. સામાજિક ઉત્ક્રાંતિ શી રીતે થઈ, જ્ઞાતિપ્રથાઓનું તેમાં સ્થાન શું, વગેરે વાતો તેમાં સમાયેલી છે અને તેનો દૃષ્ટિકોણ બહુધા પરંપરાવાદી છે. પણ તો યે એ એક ઉત્તમ નવલકથા છે, કેમકે તેની પાત્રસૃષ્ટિ ખૂબજ આકર્ષક છે અને તેની ભાષા કાવ્યથી ભરી ભરી છે. એ ભાષા વિધવિધ મરોડ પકડે છે એ એમની અન્ય નવલકથાઓ પણ સિદ્ધ કરે છે. આમ, પદ્ય પરત્વે સંસ્કૃત પદ્ધતિનો એમનો આગ્રહ એમને ઘણી વાર સમજવા મુશ્કેલ બનાવે છે, તે છતાં ગદ્ય પરત્વે તો તેમનામાં વિવિધ ભંગીઓનાં દર્શન થયા વિના રહેતાં નથી.

એમને માનઅકરામો તો અસંખ્ય મળ્યાં છે. આંધ્ર યુનિવર્સિટીએ એમને 'કલા પ્રસન્ન' કહ્યા તો આંધ્રની પ્રજાએ એમને 'કલા સમ્રાટ' કહ્યા. એમના કાવ્યગ્રંથ 'વિશ્વનાથ મધ્યકક્રરુલુ' માટે દસ વર્ષ પહેલાં તેમને સાહિત્ય એકેડેમીનું પારિતોષિક અને 'પદ્મભૂષણ' નો શિરપાવ મળ્યા હતા.

બે દાયકાઓ સુધી તેઓ 'શ્રીમદ્ રામાયણ કલ્પવૃક્ષમ્બુ' લખવામાં રોકાયેલા હતા. એ મહાન કાવ્યને આ જ્ઞાનપીઠ પારિતોષિક આપવામાં આવ્યું છે.

આ મહાન ગ્રંથ ઉપર તેમણે પોતાની સર્વે સાહિત્યિક શક્તિ, ભક્તિભાવ, શ્રદ્ધા અને વિદ્વત્તા રેડી દીધાં છે. એ ઉત્તમ સર્જન બન્યું છે. અને તેના ઘણા ભાગો અત્યંત મૌલિક છે. અમુક અમુક જગ્યાએ એમની વિદ્વત્તા એમની કાવ્યશક્તિ ઉપર વિજય પ્રાપ્ત કરતી દેખાઈ આવતી હોવા છતાં એ ખૂબજ વાચનક્ષમ પણ છે. સીતા રામને હરણનો પીછો કરવા લલચાવે છે તે પ્રસંગ અને વિભીષણની શરણાગતિ વાળો પ્રસંગ તેમની સર્વોચ્ચ કાવ્યશક્તિના દ્યોતક છે.

તેઓ આ પરિપક્વ ઉંમરે પણ લખતા રહ્યા છે. તેમની આજુબાજુ વાદવિવાદ ખૂબ જ ખેલાય છે, અને અમુક માણસો તેમની પ્રતિષ્ઠાને નીચી લાવવા પણ પ્રવૃત્ત બને છે, તેમ છતાં તેમના પ્રશંસકોની સંખ્યા એટલી મોટી છે કે તેમની કીર્તિને જરી પણ આંચ આવતી નથી. તેમનો સૂર્ય હજી આજે પણ સોળે કળાએ ઝળહળે છે.

વર્ષો સુધી તેમણે અધ્યાપનના ક્ષેત્રમાં કામ કર્યું છે. એક કોલેજના આચાર્ય તરીકે તેઓ નિવૃત્ત થયા હતા. વિદ્યાર્થીઓની તેમણે એ સમય દરમિયાન અનહદ પ્રીતિ પ્રાપ્ત કરી હતી.

ગમે તે દૃષ્ટિએ જોતાં તેઓ તેલુગુ ભાષાના અત્યંત સુપ્રતિષ્ઠિત કવિ છે અને અત્યંત માનાર્હ વ્યક્તિ છે.

ગુલાબદાસ બ્રોકર

# તત્ત્વજ્ઞાન વિરુદ્ધ સત્ત્વજ્ઞાન

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી. દામુભાઈ શુક્લે આપેલ વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

હું તત્ત્વજ્ઞાન અને તત્ત્વનિષ્ઠાનો વિરોધી નથી. તત્ત્વજ્ઞાન તો આપણને ગળથૂથીમાં મળે છે. દુનિયામાં સત્ અને તત્ બંનેની જરૂર છે. તત્ એ નિગૂઢ, અગમ્ય, અદશ્ય તત્ત્વ છે. તેને આત્મસાત કરવું એ જીવનનો હેતુ છે. એ માટે સત્ની જરૂર છે. ધર્મ કહે છે કે છેલ્લું ધ્યેય એ તત્ છે અને એનું મોટું સાધન સત્ છે.

આપણી પરંપરાએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર અર્થો પ્રબોધ્યા છે. પણ કોણ જાણે કેમ, આપણે મોક્ષપરાયણ થઈ ગયા છીએ અને અર્થકામની વિરુદ્ધ થઈ ગયા છીએ! અર્થકામને આપણે, ન જાણે શા માટે, બૂરા માની બેઠા છીએ!

તત્ત્વની પાછળ પડીને, આમ, આપણે ખાસ કરીને હિંદુસમાજે સત્ત્વની અવગણના કરી છે.

દુનિયાના મુખ્ય પ્રવાહની બહાર નીકળી ગયેલા સાધુ-તપસ્વીઓએ આપણી આગળ તત્વજ્ઞાનની જ વાતો સૈકાઓથી કર્યે રાખી છે.

પરંતુ મને દેહ ગમે છે છતાં હું તેની વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રત્યે Sense of Sin રાખીને ફર્યા કરું એ વાત બરાબર નથી. જેના વિના ઘડી ચાલતું નથી એવા દેહ પરત્વે, કામ-અર્થ પરત્વે આપણે શા માટે આટલી બધી સૂગ કેળવી છે એ જ મને સમજાતું નથી!

ધર્મ આપણો પહેલો અને મુખ્ય પુરુષાર્થ છે. તો, આવો, આપણે તેના મુખ્ય સુચિતાર્થો સમજીએ. ધર્મ જાત પ્રત્યે પણ છે. મારું "હું" એક યુનિટ છે. "હું" એ આત્મા, મન અને શરીરનો બનેલો છે. આ "હું" ને સમજવો એને હું સત્ત્વજ્ઞાન કહું છું.

આપણા ભાવ-અભાવ, Likes–dislikes, શક્તિ-અશક્તિ, ક્ષોભ-શાંતિ વગેરે બધું એ સત્ત્વ ઉપર અવલંબે છે.

જિંદગીની કરુણતા એ છે કે આપણને સફળતા મળે ને તે ભોગવવાનો વખત આવે ત્યારે જ તેને માણી શકતા નથી. ઝઘડા અને ટેન્શન, કૌટુંબિક કલહ અને અરુચિ, ધિક્કાર, ક્રોધ, નિરાશા, આપણને સમૃદ્ધિ ભોગવવા દેતાં નથી. દેહ બરોબર ન હોય તો આપણે ખોરાક પણ ભોગવી શકતા નથી. મન બરોબર ન હોય તો વાચન-મનન-આનંદ થઈ શકતો નથી, અને આત્માની તો સમજણ કોને છે? તેથી જ આપણે આ સત્ત્વને સમજવું જોઈએ અને એનું બને તેટલું જ્ઞાન મેળવવું જોઈએ. ધનવાન ધન માટેની બધી કરામતો જાણે છે, પણ 'હું' ને કેમ કાર્યક્ષમ ને આજ્ઞાંકિત રાખવું એ સમજતો નથી. રાજપુરુષ, એક નાનું નિવેદન કરવું હોય તો કાળજીથી કેટલા વિચારો કરે છે! પણ કાયાની કરામત પ્રત્યે કેવી ઉપેક્ષા સેવે છે!

એક પ્રજા તરીકે આપણે આ સત્ત્વને ભૂલી ગયા છીએ. ભોગક્ષમ શરીર-મન બનાવી જગતના વિષયો શોખથી ભોગવવા અને પછી એમાંથી છૂટા થઈ આત્માને ઓળખવો એ પરંપરાને આપણે ભૂલી ગયા છીએ. અમેરિકનો સમૃદ્ધ અને મોજીલા છે. તેઓ આનંદ-પ્રમોદ કરે છે, અને કેટલીકવાર તેમાં અતિશયતા કરતા આપણને લાગે છે, પણ તેમની ટીકા શા માટે? આપણે યુગો પૂર્વે જ્યારે affluent હતા, સમૃદ્ધ હતા ત્યારે એ બધું કરતા હતા. ભોગવિલાસ અને આનંદ-પ્રમોદની પરાકાષ્ટાએ પહોંચ્યા હતા. અને એના અનુભવમાંથી આપણા પૂર્વજોએ પ્રબોધ્યું હતું, "સંતાનો, આનંદ કરો, પણ સંયમને ન ભૂલો, ભોગવો પણ ત્યાગને ન ભૂલો."

આપણા તત્ત્વદર્શનને હજારો વર્ષ થયાં, છતાં આજે ય પશ્ચિમનો બુદ્ધિશાળી વર્ગ તેની ઉપર ખુશ થઈ જાય છે, અને જીવનની વધતી જતી વિડંબનામાંથી મુક્તિનો માર્ગ મેળવવા એની તરફ વધારે ને વધારે વળે છે. કારણ એ તત્ત્વદર્શન સત્ત્વના પૂર્ણ વિકાસ અને ઉપભોગ પછી લાધેલું છે. અને એથી યે વિશેષ તેઓ ખુશ થાય છે આપણી erotic side ની વિશિષ્ટ દૃષ્ટિ ઉપર. આપણાં

શિલ્પ અને કામસૂત્ર પર પાશ્ચાત્યો મુગ્ધ છે. ફ્રાન્સનો સૌથી વિખ્યાત દિગ્દર્શક આપણા કામસૂત્રને ફિલ્મમાં ઉતારવાનો છે. એટલે, પહેલેથી આપણે તત્ત્વના જેટલું જ સત્ત્વને મહત્ત્વ આપતા આવ્યા છીએ. આપણાં પડતીનાં, અંધકારનાં શતકોએ જ આપણને પોપટજીની જેમ તત્ત્વસૂત્રો રટતા અને તંદુરસ્ત સત્ત્વને ઉવેખતા કરીનાંખ્યા છે.

પશ્ચિમના ટેક્નોલૉજીકલ વિકાસને કારણે આપણે એક પ્રકારની દીનગ્રન્થિ આ જમાનામાં અનુભવી રહ્યા છીએ. ચંદ્રવિજયથી આપણે પશ્ચિમ પાસે ઝાંખા હોઈએ એમ માનીએ છીએ. પણ આપણા પુરાણોમાં આવા આંતર-ગૃહ પ્રવાસોના અને અમુક એક તારા સુધી પહોંચવાને ૩૬ વર્ષ લાગે છે એવા, ઉલ્લેખો પણ છે. એટલે એ લોકો જે ધાંધલ કરે છે એવું પણ આપણે કરી ચૂક્યા છીએ. અમે એ બધી ચંચળતાની પેલે પારનો શાંત પ્રદેશ પણ પામી ચૂકેલા છીએ. સત્ત્વને ઉવેખીને નહિ, એનો અતિશય વિકાસ સાધીને, પારમિતા પ્રજ્ઞા પ્રાપ્ત કરીને આપણે તત્ત્વદર્શન કર્યું છે.

ચીની સાહિત્યમાં ભૌતિક શક્તિઓના અભિમાની માણસને વાંદરાનું પ્રતિક આપ્યું છે. એક વાંદરો પોતાની શક્તિઓ ઉપર મુસ્તાક હતો. તેની "વિશ્વને એક કદમમાં આવરી લેવાની" શક્તિનું પ્રદર્શન કરાવવા તેને કોઈ બુદ્ધ પાસે લાવ્યું. તેણે બુદ્ધને કહ્યું: "અરે, હું તો એક છલાંગમાં ચન્દ્ર પર પહોંચું!"

બુદ્ધે કહ્યું: "લે, આ હથેળીના એક છેડેથી બીજે છેડે જા, તો હું તને રાજા બનાવું." વાંદરો હસ્યો અને હતું એટલું જોર ભેગું કરીને કૂદ્યો. દુનિયાનો છેડો આવ્યો અને ત્યાં ત્રણ લાલ રંગના થાંભલા જોઈને એ અટક્યો અને પછી પાછો આવ્યો. બુદ્ધે કહ્યું: "હજી તો તું મારા હાથને ય વટાવી શક્યો નથી. તું મારી હથેળીમાં જ છું." અનન્તને કિનારે માંડ પહોંચેલો માણસ અનન્તને આંબવાની વાત કરે ત્યારે કેવો વામણો, પેલા અપમાનિત વાનર જેવો લાગે છે!

આપણે ભૌતિક જગતમાં ગમે તેવી સિદ્ધિઓ મેળવીએ છીએ તો પણ આપણા પોતાના વિકાસ વિના દુનિયાનાં સુખો ભોગવી શકતા નથી. તેથી આપણે સત્ત્વને સમજી તેના વિકાસ માટે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ.

હક્સલીએ કહ્યું છે: માનવી જે કાંઈ મેળવવાની ઇચ્છા કરે છે તેના પાયામાંએ આ દુનિયા વિષે શું માને છે તે વસ્તુ રહેલી છે. જેવી મારી માન્યતા એવું મારું આચરણ. અને આપણી માન્યતા આપણા સત્ત્વ ઉપર અવલંબે છે. માટે આપણે માન્યતા અંગે-સત્ત્વ અંગે સંશોધન કરવું જોઈએ.

શરીર એ માનવીનું સૌથી મોટું સાધન છે. એ શેનું બનેલું છે? પશ્ચિમમાં શરીરસંપત્તિ સારી છે, પણ ત્યાંના લોકો માનસિક અનવસ્થા ઘણી ભોગવે છે. આપણને શારીરિક રોગો થાય છે. પશ્ચિમના લોકોનાં મગજ બગડેલાં છે. આપણે તબીબોને ત્યાં હડિયાદોટી કાઢીએ છીએ; ત્યાં phychiatrists ને મળવું પડે છે.

આપણે પ્રાચીન કાળમાં પ્રથમ આવો, સત્ત્વને સમૃદ્ધ કરવાનો, અને પછી તત્વદર્શનથી મોક્ષ મેળવવાનો પણ જેમ જેમ આદર્શ રાખ્યો હતો, સમાજથી આપણે દૂર થયા, અને નવું વિચારવાનું છોડી વિચારેલું જ વાગોળવા લાગ્યા તેમ તેમ આપણે સત્ત્વને અવગણવાનું શરૂ કર્યું અને તત્ત્વનું આ જગત મિથ્યા છે, પ્રપંચજાળ છે વગેરે વાક્યોનું પોપટીયા રટણ કરવા માંડ્યું.

પશ્ચિમમાં હવે મનનું વિશ્લેષણ બહુ થાય છે. મનની કોઠી ધોઈને, તેઓ કાદવ કાઢે છે, પણ કાંઈ સફળતા મળતી નથી. તેઓ હજી માનસિક તંદુરસ્તી લાવી શક્યા નથી.

હવે તેઓ કહે છે કે વિશ્વમાં અનેક સંસ્કૃતિઓ થઈ. તેમણે બહારનું ઢાંકણ સુધાર્યું. પણ અંદરનું being તો જંગલી આદિમાનવ જેવું જ રહ્યું છે. માનવસમાજના જટિલ પ્રશ્નો એમાંથી જ ઊભા થાય છે.

સાઈકો - એનેલિસિસ પછી હવે ફાઈલો - એનેલિસિસ શરૂ થયું છે. આપણી જાતની being–સત્ત્વની, હજી તપાસ થઈ રહી છે. આ being ની અંદરની ગરબડ શોધાઈ રહી છે.

પશ્ચિમના નિષ્ણાતો સ્વતંત્ર રીતે જે ઉકેલની નિકટ આવ્યાં છે તે આપણા યોગના–ધ્યાનના ખ્યાલથી ખાસ ભિન્ન નથી.

આપણે જીવનમાં ભારે સંકુલતા, તાણ, તંગદિલી, અસ્વસ્થતા અનુભવી રહ્યા છીએ. મનને સ્થિર રાખી શકતા નથી. પશ્ચિમી દેશોના ફાઈલો-એનેલિસિસવાળા કાળા પડદા વચ્ચે સફેદ ટપકું રાખે છે. તેની સામે જ તાકી રહેવાનું કહે છે. આમાં Concentration છે. આપણે માટે આ કાંઈ નવું નથી. ભારતના લોકો આ પ્રકારના ધ્યાનમાં તો નિષ્ણાત છે.

ખરી વાત એ છે કે આપણે આપણાં શરીર કે મન તબીબને સોંપીએ છીએ; પણ ધંધો કે વ્યવસાય કોઈને સોંપતા નથી. એટલે આપણે શરીરને અગ્રતાક્રમ નથી આપતા અને તેની પરત્વે લાપરવા છીએ.

આ શરીર જ આપણા જીવનવ્યવહાર માટેનું શ્રેષ્ઠ સાધન છે. તે આપણા શ્રેય અને પ્રેય બંને માટેનું ઉત્તમ ધન છે. એ આપણે યાદ જ નથી રાખતા.

સત્ત્વ ત્રણ વસ્તુઓનું બનેલું છે: શરીર, મન અને આત્મા. ત્રણે inlegrated થાય તો દુનિયાનાં સુખ પણ ભોગવી શકીએ અને મોક્ષ પણ પામીએ. દીવો ઘી દ્વારા સ્વસ્થતાથી બળે અને શાંતિથી ઓલવાય તેવું જીવન જીવવું હોય તો શરીર, મન અને આત્માનું બરાબર oiling વારંવાર કરવું જોઈએ.

ચંદ્ર પર ઊતરેલા અમેરિકન યાનમાં ૧૨ લાખ છૂટા ભાગો હતા. ટેક્નિકલ સિદ્ધિ એ હતી કે આ બધા સૂક્ષ્મ ભાગોએ બરાબર કામ આપ્યું.

ઈશ્વરે શરીર બનાવ્યું છે તેમાં અબજો કોષો, જ્ઞાનતંતુઓ, glands છે. આ દેહ એક મજબૂત મશિન છે. આપણે ગમે એટલા બેકાળજી રહીએ છતાં તે બરાબર ચાલે છે.

આ શરીરની દૈવી બક્ષિસનું જતન કરતાં આપણે શીખીએ. શૌચ, સંતોષ, સ્વાધ્યાય વગેરે વ્રતોનું મહત્ત્વ ઘણું છે. એ વ્રતોનું થોડુંઘણું પણ ચીવટથી પાલન થાય તો કેટલા રોગો, કેટલી તાણ, કેટલી નિવાર્ય અશાંતિમાંથી બચી જઈએ!

આપણે શરીર અને મનને સમય જ આપતા નથી. ૪૦ વર્ષની ઉંમર પછી શરીરને સમય આપવાની ખાસ જરૂર છે. ધ્યાન અને આસનો કરવાં જોઈએ. મહેશ યોગી અને રજનીશજી transeen dental યોગની વાતો કરે છે. અને સમાધિના વર્ગો ચલાવે છે. એમાં હોંશે હોંશે જઈએ છીએ પણ સરવાળે શૂન્ય. એને બદલે ધારીએ તો ઘેર આપણે ઘણું બધું કરી શકીએ એમ છીએ. પણ આપણે યાદ રાખવું જોઈએ કે યોગસાધના એમ ચપટી વગાડતાં ન થાય. એ માટે વર્ષોની સમજપૂર્વકની મહેનત, સાધના જોઈએ.

એક બહેનનું એક નસકોરું હમેશાં બંધ રહેતું. મેં તેમને નહાતી વખતે નાકે તેલ ઘસવાનું કહ્યું. આ સરળ, ઘરગથ્થુ ઈલાજથી તેમનું નાક ખુલી ગયું અને એમણે એટલી રાહત અનુભવી. મેં તેમને કહ્યું કે પોતાના શરીર અને મનની ખબર-બરદાસ્ત કરતા રહેવું એ આપણી પહેલી ફરજ છે.

૪૦ વર્ષની વય પછી ચરબી વધે છે. તે ન વધે એ માટે અને ભૂખ લાગે તે માટે ઘરમાં કેટલાંક સરળ આસનો થઈ શકે એમ છે. એથી કમર અને સાંધાના રોગો તથા દુઃખાવા પણ નહિ થાય. આપણે આપણા દેહ વિષે થોડાક જાગૃત અને ચોંપવાળા

થવું જોઈએ. નહિ તો, after Forty men put on Fat in the Front and women at the back જેવા હાલ થાય છે.

શરીર સાજું હશે તો આનંદથી જીવન જીવી શકશો, કામ પણ એક પુરુષાર્થ છે. કામ પછી જ મોક્ષ આવે છે. પણ જીવનના આનંદો ભોગવવા માટે શરીર અને મનની તંદુરસ્તી આવશ્યક છે.

આપણે વચ્ચેનાં પગથિયાં વટાવી જઈએ છીએ. સર્વ સ્વલ્વિદં બ્રહ્મની વાતો કરીએ છીએ. પણ મેટ્રિકના વિદ્યાર્થી પાસે શંકરની અને અદ્વૈતની વાત ન થાય. એને તો એ સમજે તેવી રીતે મન અને તનની તંદુરસ્તની જ સત્ત્વની જ વાત કરાય.

આપણે બુદ્ધિથી વિચાર કરતાં શીખવું જોઈએ, પણ અન્યના વિચારોથી દોરવાઈ જવું ન જોઈએ. અન્યના દોષો પણ ન જોવા જોઈએ.

અહમને ભૂલવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. આજે પશ્ચિમમાં અહમ્‌ને ભૂલવા કેટલી ઔષધો લેવામાં આવે છે. અહમે્ સરજેલા પ્રશ્નોમાંથી છૂટવા તેઓ ડ્રગ્ઝનો આશરો લે છે, પણ એનો ખરો ઉકેલ યોગમાં રહેલો છે.

આત્માને ઓળખતાં શીખવું જોઈએ. આપણે અનંતના ભાગ-રૂપ છીએ એમ સમજીને ધ્યાનમાં બેસવું જોઈએ. મોટા સરોવરમાં ડૂબી ગયા હોઈએ એમ પ્રાણની ધારણા કરીને બેસો. શ્વાસની પ્રશાન્તવાહિતા સાધો અને તંગદિલીઓનો સ્વસ્થતા તથા શાંતિથી, મુકાબલો કરો. યુદ્ધરે દાત્મનાત્યાનમ! નિરાશા, હતાશા, રોગ કે સંતાપને દવાની ગોળીઓથી નહિ જીતાય, એને જીતવા આત્મ-વાન, પ્રાણવાન થવું પડશે અને એ યોગની સામાન્ય ક્રિયાઓથી સાધી શકાશે.

આમ, સત્ત્વને નહિ સમજો તો મોક્ષ પણ નહિ મળે અને જીવનના આનંદો પણ ગુમાવશો. પેલા ક્ષત્રસી કવિએ કહ્યું છે તેમ થશે:

ન ખૂદા ભી મીલે, ન વિલાસી સનમ;
ન ઈધર કે રહે, ન ઉધરકે રહે.

જો આપણે શરીરને ભોગક્ષમ નહિ બનાવીએ તો ભોગ ભોગવતાં રોગ થશે. આપણે લહેર કરવી છે, ફરવું છે, મોજ કરવી છે. પણ એને માટે ક્ષમતા મેળવવી નથી. એમ કરવાથી તો આપણે ભોગને નથી ભોગવતા, ભોગ આપણને ભોગવે છે.

भोगा न भुंका स्वयमेव भुंका :
એમ નિરાશ થઈને કહેવાનો વારો આવે છે.

ભોગને આપણે ભોગવવા જોઈએ; ભોગ આપણને ભોગવે એવું ન થવું જોઈએ. વધુ ખાવાનો શોખ હોય તો પ્રથમ પાચન-શક્તિ વધારવી જોઈએ,

માનવીના ત્રણ પ્રકાર ગણવામાં આવ્યા છે.

(૧) કેટલાક લોકોને સારુંસારું ખાવાનું અને ખવડાવવાનું ગમે છે, ઉજાણી અને આનંદપ્રમોદ ગમે છે. રાજકારણની ચર્ચાની કડાકૂટમાં તેઓ પડતા નથી.

(૨) કેટલાક લોકો મોટા સ્નાયુવાળા હોય છે. તેમને નેતૃત્વ ગમે છે, બીજા ઉપર dominate કરવાનું ગમે છે. તેઓ વાઘ જેવા હોય છે. તેમને નમ્રતા કે ઉપદેશ નથી રુચતા.

(૩) જ્યારે બીજા કેટલાક લોકો એવા હોય છે કે જેઓ બૌદ્ધિક કાર્યોમાં અને કલ્પનામાં રાચે છે. તેઓ વિચારો, એકાંત અને કાવ્યોમાં જ મસ્ત રહે છે.

આપણે આમાંથી કયા ખાનામાં બંધબેસતા થઈએ છીએ તે નક્કી કરીને એ ખાનાને ભોગક્ષમ અને યોગક્ષમ કરવાનો પુરુ-ષાર્થ કરવો જોઈએ. આપણે Psycho-physical constitutionને બદલી શકીએ નહિ, પણ એનું ખમીર જરૂર સુધારી શકીએ.

Dence થી માંડીને genius સુધીની સીડીમાં આપણું કયું પગથિયું છે તે આપણે નક્કી કરી લેવું જોઈએ. એ પછી આપણા સત્ત્વના મુખ્ય અંશને વિકસાવવો જોઈએ. આમ, જાતને સમજવાનો પ્રયાસ કરીએ. સત્ત્વને સમજી વિકાસ કરીએ તો જ આપણે સુખમય, આનંદમય અને શાંતિમય જીવન જીવી શકીએ.

કહે છે, વિશ્વમાં ૯૩ જાતના વાંદરા છે. આમાંથી ૯૨ જાતના વાંદરા (ચિમ્પાન્ઝી, ઉરાંગઉટાંગ, વગેરે, વગેરે) તો આરંભ-કાળમાં હતા તેવા જ રહ્યા છે. પરંતુ એક વાંદરો સંસ્કારી બની ગયો છે. તેણે મગજનું ગજબનું વિકસાવ્યું છે અને તે પોતાને માણસ કહેવડાવે છે. આમ છતાં, વારંવાર તેનામાં રહેલો વાનર સળવળી ઊઠે છે ત્યારે તે જાત ઉપર જાય છે અને સર્જનને તોડીને વિસર્જનમાં લાગી જાય છે. માનવ જાતનો આજ સુધીનો ઈતિહાસ એટલે આવા ચક્રાવાનો ઈતિહાસ. સર્જન અને વિનાશ. રચના અને સંહાર. હજારો વર્ષ પહેલાં મહાભારતના પેલા પાત્રની હતી તેવી આજે આપણી દશા છે:

जानामि धर्मम् न च मे प्रवृत्तिः।
जानाम्यधर्मम् न च मे निवृत्तिः॥

આપણે સુધરીએ તો છીએ, પણ ક્યારેક ફરી અવળાં પગલાં ભરવા લાગીએ છીએ. જાતેણે કે,

केनापि देवेन हृदि स्थितेन।
यथा नियुक्तोस्मि तथा करोमि॥

આપણા હૃદયમાં વાંદરો પણ છે, દેવ પણ છે; તેજ પણ છે, તિમિર પણ છે. કોને આપણે પ્રાધાન્ય આપીએ છીએ અને કોનો સમજણપૂર્વક વિકાસ સાધીએ છીએ એ જ મહત્ત્વનું છે અને એના ઉપર જ આપણાં સુખશાંતિનો આધાર છે.

આપણે ભોગ ભોગવીએ એમાં કશું ખોટું નથી. પણ ત્યાગીને ભોગવીએ, સંયમની પાળ રાખીને ભોગવીએ તો સુખી થઈશું.

આ માટે મન-મર્કટને કાબૂમાં લેવું જોઈએ. તમામ ભારતીય વિચારકો કહે છે: મનને સમજીને, અભ્યાસથી અને વૈરાગ્યથી એને જીતીને પછી ભોગ પણ ભોગવો. અને યથાસમય અપવર્ગને મોક્ષને, પણ મેળવો.

આનંદ આપવાની સમૃદ્ધિની બહારનાં સાધનોની તાકાત કરતાં, આનંદ લેવાની શરીરની તાકાત વધુ મહત્ત્વની છે. મન અને શરીરને અખંડિત રાખો.

યાદ રાખો: રોગમાંથી મુક્તિ, ગરીબીમાંથી મુક્તિ, ચિન્તામાંથી મુક્તિ, ટેન્શનમાંથી મુક્તિ—આ જ મોક્ષ છે.

પરંતુ, ઈચ્છા કર્યેથી આ દુનિયામાં કાંઈ મળતું નથી. એ માટે મંડી પડવું જોઈએ. દિવસના ૨૪ કલાકમાંથી આઠેક કલાક શરીર, મન અને આત્માને આપો તો સ્વસ્થતા મેળવી શકશો. પછી મૂડ પણ નહિ જાય, તંગદિલી પણ નહિ થાય અને આનંદથી જીવી શકશો.

સત્ત્વજ્ઞાન, આમ, તત્ત્વજ્ઞાનનું વિરોધી નથી, પણ તેનું પ્રથમ પગથિયું છે.

ગીતામાં કહ્યું છે:

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति, भारत॥

જેવી શ્રદ્ધા, એવું ફળ. જેવું તમારું સત્ત્વ, એવી તમારી શ્રદ્ધા. જેવું being તેવી belief જેવી belief તેવી behaviour. યુવાનોના વર્તનમાં પરિવર્તન લાવવું હોય, મોટાઓના જીવનમાં ફેરફાર કરવો હોય, જીવનને દુઃખપ્રધાન નહિ પણ સુખપ્રધાન કરવું હોય તો આ જ રાજમાર્ગ છે, આ જ ઉપાય છે. સત્ત્વને સમજો, સત્ત્વને પાળો, સત્ત્વને સાચવો.

દામુભાઈ શુક્લ

# નવી પેઢી બગડી ગઈ છે?

આજની યુવાન પેઢી વિશે પ્રૌઢ–વૃદ્ધ–પેઢીનાં એટલાં બધાં સ્ત્રીપુરુષોએ છાપાનાં ચર્ચાપત્રોમાં, કટારોમાં અને લેખોમાં લખવા માંડયું છે કે માત્ર એ લખાણો પરથી નિર્ણય કરનારને આજની યુવાન પેઢી બિલકુલ ચારિત્ર્ય વિનાની, શકિત વિનાની અને લાગણી વિનાની લાગે. પણ આવાં બધાં લખાણો સો ઉંદર મારનારી બિલાડીના ઉપદેશ જેવાં છે. આ વિષયની ચર્ચા ઉપર આવતાં પહેલાં હું થોડાક સંવાદોથી કેટલીક હકીકતો દર્શાવું.

"આજના વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે બિલકુલ માન નથી. અમારા વખતમાં તો શિક્ષકને પૂજ્ય ગણીને વિદ્યાર્થીઓ એનું માન રાખતા."

" તમે સરદારનું જીવનચરિત્ર વાંચ્યું છે? 'બસો પાડા લખી લાવજે' એવી સજા કરનાર શિક્ષકને એમણે "બસો પાડા તો લાવ્યો હતો પણ તેમાંથી એક મારકણો નીકળ્યો તેનાથી ભડકીને બધા દરવાજા આગળથી નાસી ગયા' એમ કહીને બનાવેલા. અને આ શિક્ષક પણ જેવા તેવા નહિ, શ્રેય:સાધક અધિકારી વર્ગના પ્રસિદ્ધ છોટાલાલ માસ્તર. તમારી પેઢીએ સરદારની આ હિમતને વખાણી છે કે વખોડી છે?"

"આજનો વિદ્યાર્થી વાતવાતમાં હડતાળ પાડવા સુધી પહોંચી જાય છે. જરાક કારણ મળ્યું કે હડતાળ પાડી જ છે."

"ત્રીસીના દાયકામાં હું હાઈસ્કૂલમાં હતો. અર્જુનલાલા પકડાય એની રજા અને લાલાકાકા છૂટે એની ય રજા અમે પાડતા. ફરી સરદારની વાત કરું. નડિયાદની હાઈસ્કૂલમાં શિક્ષકે એક છોકરાનો દંડ કર્યો. એ દંડ ન લાવ્યો એટલે એને વર્ગબહાર કાઢયો. એ વર્ગમાં ભણતા વલ્લભભાઈએ આખી શાળાના છોકરાઓને એકઠા કરી હડતાળ પડાવી. સરદારના કોઈ જીવનચરિત્ર લેખકે આ વાતની ટીકા નથી કરી."

"ગાંધીયુગમાં કેવું સરસ સાહિત્ય લખાતું હતું? આજે કેવું કચરા જેવું સાહિત્ય બહાર પડે છે? રમણલાલની નવલકથાઓ જેવી આજે કોઈ લખી શકે છે?"

"તમને સાહિત્યની દુનિયાની કંઈ ખબર જ નથી. સાહિત્યમાં તો આજે ગાંધીયુગ ખરીખોટી રીતે બદનામ થઈ રહ્યો છે. એ યુગમાં સાચું સાહિત્ય રચાતું જ નહોતું અને કેવળ પ્રચારાત્મક સાહિત્ય જ રચાતું હતું એવું પણ આજના સંખ્યાબંધ અભ્યાસીઓ માને છે. પણ એ તો એક છેડાનો મત થયો. પણ તમે રમણલાલની વાત કરી. એમની પછી તો એમને ટપી જાય એવા સંખ્યાબંધ નવલકથાકાર થયા છે. પન્નાલાલની બે જ કૃતિઓ સામે રમણલાલનો આખો ખડકલો મૂકો તો તે ઊતરતા લાગશે. મડિયા પણ કેટલીક સમૃદ્ધ નવલો આપી ગયા. શિવકુમાર તો બીજા રમણલાલ જ જોઈ લો. શિવકુમારની ધણીખરી મર્યાદાઓ રમણલાલમાં હતી, ત્યારે શિવકુમારનાં કેટલાંક સારાં તત્ત્વો રમણલાલમાં નહોતાં. રઘુવીર લો. એમના જેટલી સૂક્ષ્મતા રમણલાલમાં કયાં હતી?"

ઉપરનાં દૃષ્ટાંતો એટલું બતાવવા માટે આપ્યાં છે કે, આપણે ઘણી વાર એક વર્ગ માટે એક ધોરણ અને બીજા વર્ગ માટે બીજું ધોરણ અપનાવીએ છીએ. આજની પેઢીને બદનામ કરવા માટે વપરાતાં મોટા ભાગનાં ધોરણ આવાં છે.

સૌ જાણે છે અને છતાં અનુકૂળતાએ ભૂલી જાય છે એ મહત્ત્વની વાત એ છે કે એક પેઢી અને એની પછીની પેઢી વચ્ચે તફાવત રહેવાનો જ. એ સ્વાભાવિક છે એટલું જ નહિ, જરૂરી પણ છે. જો એવો ફેર ન થાય તો જગતની સાંસ્કૃતિક ઉત્ક્રાન્તિ થાય જ નહિ અને તફાવત રહે છે તેને લીધે ઘણી વાર સંઘર્ષ પણ થાય છે. આવા પેઢીઓ વચ્ચેના સંઘર્ષને જ સ્વ. બ.ક. ઠાકોરે સોરાબ–રુસ્તમી નામ આપ્યું છે. જગતની કોઈ બે પેઢી સોરાબ–રુસ્તમીથી મુકત રહી શકી નહિ હોય.

પેઢીઓ વચ્ચેના રુચિભેદનો એક સરસ દાખલો મેં જોયો. હું એક ફિલ્મ સોસાયટીનો સભ્ય છું. એ સોસાયટી માત્ર જૂની ફિલ્મો, ખાસ કરીને ત્રીસેક વર્ષ પહેલાંની ફિલ્મો, બતાવે છે. સોસાયટી દાવો તો એવો કરે છે કે, એ વખતની ફિલ્મો અમુક મૂલ્યો ધરાવતી હતી એટલે અમે એ બતાવીએ છીએ. આ વાત સાવ ગલત છે. હું એ જ ફિલ્મો ત્રીસ વર્ષ પહેલાં જોતો હતો ત્યારે મારા વડીલો એમના જમાનાનાં નાટકોમાં જ મૂલ્યોની વાત હતી એમ કહેતા હતા અને 'જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે, બદલો ભલાબૂરાનો અહીંનો અહીં મળે છે' એવી ગઝલોને મૂલ્યસ્થાપક ગણાવતા હતા, પણ મારો મુદ્દો તો હવે આવે છે. આ ફિલ્મ સોસાયટીની ફિલ્મ જોવા હું જાઉં છું ત્યારે ત્યાં જોવા આવનારાં ઘણાં ખરાં સ્ત્રીપુરુષો પ્રૌઢ વયનાં જણાય છે. બધાંજ વિશ્વયુદ્ધ પહેલાંની પેદાશ છે. ઘણાંખરાંએ મારી જેમ એ જૂની ફિલ્મો પહેલી વાર આવેલી ત્યારે જોઈ હશે. આ ફિલ્મો જોવા કોઈ જુવાન છોકરા - છોકરીઓ નથી આવતાં. આનું કારણ રુચિભેદ સિવાય બીજું કોઈ નથી એમ મને લાગે છે. પેઢીભેદ સાથે રુચિભેદ અનિવાર્ય છે. એમાં મૂલ્યોબૂલ્યોની વાત ખોટી રીતે ખેંચી આણેલી છે.

પણ તો પછી આટલાં બધાં પ્રૌઢ ને વૃદ્ધ સ્ત્રીપુરુષો નવી પેઢીને વખોડવા કેમ નીકળી પડયાં છે? એનું ખરું કારણ એ છે કે, આજની પેઢીમાં થયેલા ફેરફારોનો વેગ એમનાથી સમજાતો નથી અને જીરવાતો નથી. અન્ય બે પેઢી કરતાં અત્યારની બે પેઢી વચ્ચેની ખાઈ વધુ મોટી છે. અને એનાં સમજી શકાય તેવાં કારણો છે.

જગતમાં જ્યારે અસાધારણ બનાવ બને છે ત્યારે બે પેઢી વચ્ચેની ખાઈ વધુ પહોળી થાય છે. આ લેખ પૂરતું હું બે પેઢી એટલે બીજા વિશ્વયુદ્ધ પૂર્વેની અને તે પછીની એમ બે પેઢી ગણું છું. વિશ્વયુદ્ધ પોતે જગતનો એટલો મોટો બનાવ હતો અને તેનાં પરિણામો એટલાં બધાં દૂરગામી હતાં કે જગતભરનાં અનેક ક્ષેત્રોની રૂખ એનાથી બદલાઈ ગઈ. વિશ્વયુદ્ધને પરિણામે એક બીજો જબરજસ્ત ફેરફાર થયો તે વિજ્ઞાનની ઝડપી પ્રગતિ. આ પ્રગતિનાં પરિણામ ફકત આણુશકિતના ઉપયોગ અને ચંદ્રપ્રવાસમાં જ નહિ પણ આપણા ખોરાક, વસ્ત્રો, આરોગ્ય, મનોરંજન અને બીજી અસંખ્ય બાબતોમાં દેખાય છે. એને લીધે રહેણીકરણી, ખાણીપીણી, ફેશનો બધું બદલાયું છે. સ્ત્રીઓનાં વસ્ત્રોમાં તો ફેશનો બદલાય એ કહેવતરૂપ વાત થઈ પણ છેલ્લી પચીસીમાં પુરુષોનાં વસ્ત્રોમાં જેટલી ફેશનો બદલાઈ તેટલી આગળની કોઈ એક પચીસીમાં નહિ બદલાઈ હોય અને આપણા પ્રદેશમાં સ્ત્રીઓનાં વસ્ત્રોની બાબતમાં પણ જે પાયાનો ફેરફાર, જેને હું સ્ટ્રકચરલ ફેરફાર કહું તેવો ફેરફાર થયો છે, તેવો અગાઉ આપણે કયારેય જોયો નથી. સાડીનાં રંગ, ડિઝાઈન, પોત, પહેરવાની છટા પેઢીએ - પેઢીએ બદલાયાં હશે પણ સમૂળો પોશાક જ બદલાઈ જાય અને બદલાતો રહે એ આ પેઢીમાં જ બન્યું છે. આરોગ્યની વાત કરું તો મુંબઈમાં તો મને એવું દેખાય છે કે છોકરીઓની સરેરાશ ઊંચાઈ વધી છે. આ વાત બીજે પણ કદાચ સાચી હશે. આ બધા ફેરફારો પાછળ યુદ્ધોત્તર પરિસ્થિતિ અને વૈજ્ઞાનિક પ્રગતિનાં પરિણામો પડેલાં છે એમ પૃથક્કરણ કરનારને જણાઈ આવશે.

ભારતમાં તો વિશ્વના આ બે મોટા ફેરફારો ઉપરાંત ત્રીજો પાયાનો ફેરફાર થયો તે દેશની સ્વતંત્રતા. આગળની પેઢીની આંખ પરતંત્રતા, સ્વાતંત્ર્યજંગ અને ગાંધીવાદના ચશ્માંમાંથી જ કોઈ પણ પ્રશ્નોને જોવા ટેવાઈ છે. આજની પેઢી એ ચશ્મા શા માટે પહેરે? એનો નંબર જુદો છે. એને આગલી પેઢીનાં ચશ્મા બંધબેસતાં નહિ થાય. એણે પરતંત્ર દેશોનો અનુભવ કર્યો નથી, ગાંધીને જોયા નથી, ગાંધીયુગનો આદર્શવાદ જોયો નથી. એ એના પ્રશ્નોને આજની દૃષ્ટિએ જ જોશે. જેમ રશિયાની આજની પેઢી બિનસામ્યવાદી રશિયાની કલ્પના જ નહિ કરી શકે અને તેના પ્રશ્નોને સામ્યવાદના માળખામાં રહીને જ ઉકેલવાનું વિચારી શકશે તેમ આપણી આજની પેઢી પણ હવે ગાંધીયુગ તરફ પાછળ નજર નહિ કરી શકે.

પ્રૌઢો અને વૃદ્ધોએ દોષદર્શન અને ઉપદેશાત્મક વૃત્તિને ટાળી પૃથક્કરણ અને સમજનો માર્ગ લેવાની જરૂર છે. તો એમને જણાઈ આવશે કે દરેક પેઢી આગલી પેઢી કરતાં થોડીક જુદી હોય જ. કેટલાક સંજોગો બે પેઢીનો તફાવત વધારે ઝડપી બનાવે, આપણી બે પેઢી વચ્ચેનો તફાવત સંજોગોએ વધુ ઝડપી બનાવ્યો છે. અને એમને જે મૂંઝવણ થાય છે તે આ ઝડપને લીધે થાય છે.

યશવંત દોશી

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત–૧૯૭૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ૧૯૭૦ના વર્ષનો વૃત્તાંત આપની સમક્ષ રજૂ કરતાં જ સૌથી પ્રથમ યુવક સંઘના પ્રાણસમાન સ્વ. પરમાનંદભાઈનું સ્મરણ થાય છે. આજે, આ વર્ષે, આપણી વચ્ચે તેઓ નથી એથી આપણે સૌ ભારે દુ:ખ અને આઘાત અનુભવીએ છીએ. સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તેઓ આ વખતે આપણી વચ્ચે નહિ હશે. એપ્રીલ ૧૭, ૧૯૭૧–એ આપણા યુવક સંઘના ઈતિહાસમાં એક કારમો દિન ગણાશે, જ્યારે પરમાનંદભાઈએ ચિરવિદાય લીધી. એમના અવસાનથી યુવક સંઘને ન પૂરાય એવી ખોટ પડી છે. પરમાત્મા એમના આત્માને શાંતિ આપે અને યુવક સંઘમાં તેમણે જે વર્ષો સુધી પ્રાણ રેડયો અને યુવક સંઘને ચેતનવંતો રાખ્યો એવી શક્તિ પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને પણ આપે એવી પ્રાર્થના સાથે હવે અમે વૃત્તાંત ઉપર આવીએ છીએ:

આ અહેવાલ વહીવટની દષ્ટિએ તા. ૧-૧-૭૦થી ૩૧-૧૨-૭૦ સુધીનો અને કાર્યવાહીની દષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૧૧-૭-૭૦ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો તા. ૧૭-૭-૭૧ સુધીનો છે.

## સંઘનું કાર્યાલય

સંઘના કાર્યાલય સાથે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહની જે રચના કરવામાં આવી છે તે સભાગૃહનો લાભ અનેક ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ અંગે લેવાતો હોય છે અને જેમ જેમ લોકોની આ વિષેની જાણકારી વધશે તેમ તેમ વધારે લાભ લેવાશે એવી આશા બંધાય છે. આપણા સંઘની પણ નાનીમોટી સભાઓ આ સભાગૃહમાં જ યોજાય છે એ પણ સંઘને માટે લાભપ્રદ બીના ગણાય.

## પ્રબુદ્ધ જીવન

ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનને રૂા. ૧૧૩૨૫-૩૫ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૩૨૩૬-૪૯ નો ખર્ચ થયો છે; પરિણામે રૂા. ૧૯૧૧-૧૪ ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી આ આપણા પ્રકાશનને દર વર્ષે રૂા. ૨૫૦૦ ભેટ મળે છે તે માટે આપણે ખરેખર તેમના આભારી છીએ.

**શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય**

ગત વર્ષ દરમિયાન રૂા. ૨૧૯૧-૭૮ નાં નવા પુસ્તકો ઉમેરવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૧૨૦૨૦-૯૬ નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૧૦૨૫૯-૦૦ની થઈ છે. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૨૦૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૧૭૬૧-૯૬ની ખોટ આવી છે. આગલા વર્ષની ખોટ રૂા. ૧૫૮૧૨-૭૬ની ઊભી છે તેમાં તે રકમ ઉમેરતાં વર્ષની આખરે ખોટની રકમ રૂા. ૧૭૫૭૪-૭૨ની ઉભી રહે છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૯ ઑગસ્ટથી તા. ૬ સપ્ટેમ્બર સુધી–એમ નવ દિવસની પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વખતના નવ દિવસના અઢાર વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવ્યા હતા, જેમાં નીચે મુજબ વકતાઓએ ભાગ લીધો હતો:

| | |
|---|---|
| શ્રી કિશનસિંહ ચાવડા | મુનિશ્રી પૂણ્યવિજયજી |
| શ્રી સુરેશ દલાલ | શ્રી લીનાબહેન મંગળદાસ |
| શ્રી દેવેન્દ્ર એન. દીક્ષિત | શ્રી શ્રીદેવી મહેતા |
| શ્રી મંજુલાબહેન ત્રિવેદી | શ્રી રોહિત મહેતા |
| પ્રા. સુસ્મિતાબહેન મેઢ | પ્રિન્સિપાલ રામજોષી |
| શ્રી પાર્થસારથી | શ્રી મૃણાલિની દેસાઈ |
| રેવરન્ડ ફાધર લેસર | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| શ્રી પ્રતિભાબહેન સાહૂ મોડક | ડૉ. જગદીશચન્દ્ર જૈન |
| આચાર્ય દામુભાઈ શુકલ | શ્રી હરિશ ભટ્ટ (સુગમ સંગીત) |

શ્રી ઉમાશંકર જોષીનું શનિવાર તા. ૫-૯-૭૦ ના રોજ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું, પરંતુ અનિવાર્ય કારણને લીધે તેઓ આવી શકયા નહોતા એટલે તા. ૬ઠીનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન તેમની જગ્યાએ તા. ૫-૯ ૭૦ના રોજ રાખવામાં આવ્યું હતું અને તા. ૬ ના રોજ શ્રી હરિશ ભટ્ટનો સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો–આટલા ફેરફાર સિવાય પ્રસ્તુત કાર્યક્રમ સળંગ જળવાઈ રહ્યો હતો.

આ વખતે બહારગામથી આઠ વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવ્યા હતા. દર વર્ષની માફક હાજરી પણ સારી રહી હતી. આ રીતે આ વ્યાખ્યાનમાળા વધારે ને વધારે લોકપ્રિય બની રહી છે.

## વસંત વ્યાખ્યાનમાળા

છેલ્લા ત્રણ વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ વસંત વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ એપ્રિલ માસની ૧૨ થી ૧૫ તારીખ સુધી - એમ ચાર દિવસ માટે "ચૂંટણીઓ ગઈ : હવે શું ?" એ વિષય ઉપર ફલોરા ફાઉન્ટન ઉપર આવેલા તાતા ઓડિટોરિયમમાં, સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાના વકતાઓમાં શ્રી મીનુ મસાણી, શ્રી પ્રાણ ચોપરા, શ્રી એસ. એમ. જોશી તથા ડૉ. પી. બી. ગજેન્દ્રગડકરને બોલાવવામાં આવ્યા હતા. આ ચારેય દિવસ હોલ શ્રોતાઓથી ભરેલો રહ્યો હતો. એટલે સંઘની આ બીજી વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને પણ આ રીતે સફળતા સાંપડી રહી છે એમ કહી શકાય.

## આપણું ગૌરવ

આપણા સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય ડા. રમણલાલ ચી. શાહની મુંબઈ યુનિવર્સિટીએ ગુજરાતી વિભાગના રીડર તરીકે નિમણૂંક કરી તે માટે અને યુવક સંઘના પાયાના સાથી શ્રી રતિભાઈ કોઠારી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીપદે નિયુકત થયા એ માટે અમે આનંદ અનુભવીએ છીએ. વળી આપણા સંઘના એક અગ્રગણ્ય સભ્ય શ્રી શાદીલાલજી જૈનને મહારાષ્ટ્ર સરકારે શેરીફ તરીકે આ વર્ષે નિયુકત કર્યા તે માટે પણ અમે અમારો આનંદ વ્યકત કરીએ છીએ.

## વૈદ્યકીય રાહત

સંઘના કાર્યાલયમાં વૈદ્યકીય સારવાર માટેનાં નીચે પ્રમાણેના સાધનો રાખવામાં આવ્યા છે:

| | |
|---|---|
| (૧) ગરમ પાણીની થેલી | (૬) મેઝરગ્લાસ |
| (૨) ગ્લિસરીન સીરીંજ | (૭) બરફની થેલી |
| (૩) થરમોમીટર | (૮) પેશાબનું સાધન |
| (૪) મીણ-કાપડ | (૯) ચેમ્બરપોટ |
| (૫) બેડપેન | (૧૦) ફીડીંગ કપ |

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈબહેનોને નાતજાતનો કશો પણ ભેદભાવ રાખ્યા સિવાય વૈદ્યકીય રાહત માટે ઈંજેકશનો તથા પેટંટ દવાઓ આપવામાં આવે છે. જૈન ક્લીનીકવાળા ડૉ. સાંઘાણી ત્યાંના ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓને પસંદ કરીને આપે એવી વ્યવસ્થા ઊભી કરી છે. આ ગોઠવણને પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે.

આ ખાતામાં ચાલુ વર્ષમાં રૂા. ૧૪૧૧-૪૭ ચુકવાયા છે અને રૂા. ૮૬૨-૦૦ આ ખાતામાં ભેટ આવી છે, તે બાદ કરતાં રૂા. ૫૪૯-૪૭ લેણા રહે–તેમાં આગલા વર્ષની ઊભી રહેલી ખોટ રૂા. ૧૬૨૪-૩૮

ઉમેરતાં આખરે આ ખાતે રૂા. ૨૧૭૩-૮૫ લેણા રહે. આ કારણે જનરલ ફંડમાંથી આ ખાતે રૂા. ૩૦૦૦ નો હવાલો નાંખતા હવે આ ખાતે રૂા. ૮૨૬-૧૫ જમા રહે છે.

## વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

**તા. ૧૬ જુલાઈના રોજ,** બાલ્યકાળથી બન્ને પગે અપંગ એવી બહેન અરૂણા ઝવેરી તેમની તેત્રીશ વર્ષની ઉમ્મરે, જાપાનમાં પ્રદર્શન યોજવામાં આવ્યું હતું તે જોવા જાપાન સરકારના નિમંત્રણથી જાપાન જતા હોઈ, સંઘ તરફથી તેમને શુભવિદાય ઈચ્છવા માટે પૂર્ણિમાબહેન પકવાસાના પ્રમુખપણા નીચે એક સીમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

**તા. ૮ ઓગસ્ટના રોજ,** સાંજના સમયે સ્વ. કુન્દનલાલ સાયગલના કલાશિષ્ય શ્રી હરીશ ભટ્ટનો સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ,** પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ નિમિત્તે તથા તેના પ્રમુખ વિદ્વદ્‌વર્ય શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા પ્રત્યે સંઘની કૃતજ્ઞતા વ્યકત કરવાને લગતું એક પરિમિત આકારનું સ્નેહસંમેલન, શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું. આ સ્નેહસંમેલનનો બધો ખર્ચ આપણા સાથી કાર્યકર શ્રી. ટોકરસીભાઈએ ઉપાડયો હતો, જેમનો અમે આભાર માનીએ છીએ.

**તા. ૩ ઑકટોબરના રોજ,** "પશ્ચિમ બંગાળના વિશિષ્ટ સંદર્ભમાં દેશની અદ્યતન પરિસ્થિતિ" વિષે કલકત્તાનિવાસી શ્રી ભંવરમલ સિંધીનું એક જાહેર વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે રાખવામાં આવ્યું હતું.

**તા. ૨૪ ઑકટોબરના રોજ,** એ દિવસ, સંયુકત રાષ્ટ્રસંસ્થા દિન તરીકે ઊજવાઈ રહ્યો હોઈ, એના અનુસંધાનમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાનું "સંયુકત રાષ્ટ્રસંસ્થા" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

**તા. ૯મી ડીસેમ્બરના રોજ,** "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય અદ્યતન પરિસ્થિતિ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

**તા. ૭ મી જાન્યુઆરી ૧૯૭૧ ના રોજ,** "અદ્યતન રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે પાર્લામેન્ટના ભૂતપૂર્વ સભ્ય શ્રી. શાન્તિલાલ હ. શાહનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

**તા. ૧૪ મી જાન્યુઆરીના રોજ,** કાવ્યવ્યાખ્યાનો અને કવિસંમેલનનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વ્યાખ્યાનોનો વિષય 'કવિતાનો આનંદ' રાખવામાં આવ્યો હતો જેના પ્રમુખ શ્રી રામપ્રસાદ બક્ષી હતા અને કવિ-સંમેલનના પ્રમુખ શ્રી જ્યોતિન્દ્ર દવે હતા.

**તા. ૮ મે ના રોજ,** જાણીતા સાહિત્યકાર શ્રી શિવકુમાર જોષીનો, "બંગાળની કાલ, આજ અને આવતી કાલ"–એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક જાહેર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 'બિરાદરી' સંસ્થા આપણા સંઘ સાથે જોડાઈ હતી.

## ગુજરાત રેલરાહત ફંડ

ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાનને ધ્યાનમાં લઈને બંધ તરફથી 'ગુજરાત રેલરાહત ફંડ' શરૂ કરવામાં આવ્યું હતું અને તેમાં એકઠી થયેલી રૂપિયા ૨૧૮૭ ની રકમ, ફૂલપાંખડી રૂપે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવી હતી.

## સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૧ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂા. ૨૪૦૭૩-૭૨ ની આવક થઈ હતી અને ખર્ચ રૂા. ૧૬૬૩૬-૩૪ નો થયો હતો-સરવાળે રૂા. ૭૪૩૭-૩૮ નો વધારો રહ્યો હતો.

આપણું જનરલ ફંડ રૂા. ૨૨૩૯૪-૩૫ નું ગયા વર્ષે હતું. તેમાં સંઘની આવકજાવકની વધારાની રકમ રૂા. ૭૪૩૭-૩૮ ઉમેરતાં તે રૂા. ૨૯૮૩૧-૭૩નું થયું. તેમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૧૯૧૧-૧૪, હોમિયોપથી ઉપચાર કેન્દ્રની ખોટ રૂા. ૭૨૭-૫૦ અને વૈદ્યકીય રાહત ખાતે જે–તેના ખર્ચ પેટે હવાલો નાંખ્યો–તે રૂા. ૩૦૦૦ આમ એકંદર રૂા. ૫૬૩૮-૬૪ બાદ જતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૨૪૧૯૩-૦૯ નું રહે છે.

આપણું રીઝર્વ ફંડ રૂા. ૨૬૭૦૪-૮૯ નું છે.

આપણું મકાનફંડ આગલા વર્ષે જે રીનોવેશન ખર્ચ થયેલું તે આપણા મકાનફંડમાંથી બાદ કરતાં એ ખાતે રૂા. ૩૧૩૪૭-૨૪ ની રકમ જમા હતી. તેમાં આ વર્ષમાં મળેલી રૂા. ૨૪૫૩-૦૦ ની રકમ ઉમેરતાં રૂા. ૩૩૮૦૦-૨૪ થાય, તેમાંથી આ વર્ષમાં રીનોવેશન ખર્ચ અંગેના રૂા. ૮૩૩૨-૬૭ બાદ કરતાં આ ખાતામાં વર્ષની આખરે રૂા. ૨૫૪૬૭-૫૭ની રકમ જમા રહે છે.

આપણું પુસ્તકપ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨૧૬૩-૭૫ નું હતું, તેમાં પુસ્તકોના વેચાણના રૂા. ૧૯-૨૫ આ વર્ષે આવ્યા તે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તકપ્રકાશન ફંડ રૂા. ૨૧૮૩નું રહે છે.

## કાર્યાલયનું મકાન સંઘની માલિકીનું બને છે.

આપણું કાર્યાલય જે મકાનમાં છે, તેની કોઑપરેટીવ હાઉસિંગ સોસાયટી ઊભી કરવામાં આવી છે અને તેમાં આપણે પણ જોડાયા છીએ. તેમાં આપણે નીચેની વિગતે રકમ આપવાની છે. તેનો પ્રથમ હપ્તો જે ચુકવવાનો હતો તે ચુકવાઈ ગયો છે અને બાકીના ચાર હપ્તા ક્રમે ક્રમે ચુકવવાના રહેશે. એટલે આ રીતે આ સંઘની જગ્યા હવે સંઘની માલિકીની બને છે.

આ રકમની વિગત નીચે મુજબ છે:

રૂા. ૨૫૬૪ હમણાં ચુકવાયા તે.

રૂા. ૧૧૫૨૦ એંસી મહીનાના ભાડાના રૂા. ૧૪૪ પ્રમાણે (જૂનું ભાડું) હવે પછીના ચાર વર્ષમાં ચૂકવવાના- દર વર્ષે રૂા. ૨૮૮૦ પ્રમાણે. (નવ ટકાના વ્યાજ સાથે)

## દુઃખદ અવસાનો

ગત વર્ષ દરમિયાન આપણી સ્વજન સમી બે વ્યકિતઓનાં નિપજેલાં અવસાનની અમે ભારે દુઃખ સાથે નોંધ લઈએ છીએ. એક તે આપણી કાર્યવાહક સમિતિના સભ્ય અને સાથી કાર્યકર શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા અને બીજા સંઘની સ્થાપનાથી સંકળાયેલા પેટ્રન મેમ્બર શ્રી ભવાનજી અરજણ ખીમજી. આ બન્ને સદ્‌ગતના આત્માને પરમાત્મા શાંતિ અર્પે એવી આપણી અંતરની પ્રાર્થના છે.

## હોમિયોપથી ઉપચારકેન્દ્ર

આપણે આપણા કાર્યાલયમાં આપણા ઉત્સાહી સાથી કાર્યકર શ્રી દામજીભાઈની પ્રેરણા અને આર્થિક સહાયથી જે હોમિયોપથી ઉપચારકેન્દ્ર શરૂ કરેલ અને જેને પાછળથી ચાલુ રાખવા આપણા એવા જ બીજા ઉત્સાહી સાથી કાર્યકર શ્રી બાબુભાઈ જી. શાહે આર્થિક સહાય કરી એ ઉપચાર કેન્દ્ર–એનો ખાસ લાભ ન લેવાતાં-અંતે તા. ૧ લી જૂન, ૧૯૭૧થી આપણે બંધ કર્યું છે અને હવે આ જ જગ્યામાં બીજી કોઈ સાંસ્કારીક, શૈક્ષણિક પ્રવૃત્તિ કરવાનો વિચાર છે. આ માટે અમે મિત્રોનાં સૂચનો અને સહકાર માગીએ છીએ.

## સ્વ. શ્રી પરમાનંદ કાપડિયા સ્મૃતિ અંક

શ્રી પરમાનંદ કાપડિયાના અવસાન બાદ તેમના વિશાળ મિત્ર-

સમુદાય અને પ્રશંસકો તરફથી પુષ્કળ આદર અંજલિઓ પ્રાપ્ત થતાં શ્રી પરમાનંદભાઈને શ્રદ્ધાંજલિ રૂપે 'પ્રબુદ્ધ જીવન' નો એક ખાસ અંક (૬૪ પાનાનો) "સ્વ. પરમાનંદભાઈ કાપડિયા સ્મૃતિ અંક" કાઢવામાં આવ્યો હતો. આ અંકમાં ૮૮ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્રી પરમાનંદભાઈને શ્રદ્ધાંજલિ આપવા એક શોકસભા પણ તા. ૨૩ મી એપ્રિલના રોજ ગીતા હોલમાં તેત્રીશ સંસ્થાઓનાં ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપદે યોજવામાં આવી હતી.

## શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિને તેમજ શ્રી પરમાનંદભાઈનાં સગાં - સ્નેહીઓને શ્રી પરમાનંદભાઈના નામ સાથે એક ટ્રસ્ટ શ્રી પરમાનંદભાઈના સ્મારક રૂપે કરવું એમ લાગતાં એવું એક ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં આ ટસ્ટમાં રૂપિયા સવા લાખ ભેગા થઈ ગયા છે. આ ટ્રસ્ટનો વિશેષ ઉપયોગ સંઘની પ્રવૃત્તિ જેવી કે, 'પ્રબુદ્ધ - જીવન', 'પર્યુષણ વ્યાખ્યાન-માળા' - ચલાવવામાં અને તેનો વિકાસ કરવામાં રહેશે. અત્યારે આ ટ્રસ્ટનાં ત્રણ ટ્રસ્ટીઓ - શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી અને શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા - નિયુકત થયા છે. બીજા ચાર ટ્રસ્ટીઓ હવે પછી નિયુકત કરવામાં આવશે.

અંતમાં, આપણાં સંઘે ૪૨ વર્ષ પૂરાં કર્યા છે. વાચનાલય અને પુસ્તકાલયે ૩૧ વર્ષ પૂરાં કર્યા છે. પ્રબુદ્ધ જીવને ૩૨ વર્ષ પૂરાં કર્યા છે.

શ્રી પરમાનંદભાઈ હંમેશાં કહેતાં, થોડુંક પણ સારું અને સક્રિય કાર્ય કરીએ. આપણે મોટા ખ્યાલો ન સેવીએ. આપણે કોઈ મોટા મનોરથો ન કરીએ - આપણે હંમેશ નાના અને નમ્ર રહીએ અને એ રીતે જે ચાલે છે, જે ચાલતું આવ્યું છે, એને ચાલુ રાખીએ, એ રીતે અમને શ્રદ્ધા છે કે, આપણું વર્ષોથી ચાલતું કાર્ય અખંડ અહર્નિશ ચાલ્યા જ કરશે.

શ્રી પરમાનંદભાઈ પછી 'પ્રબુદ્ધ જીવન'નું શું એ ચિન્તા હતી તે - આપણા પ્રમુખશ્રીએ એની જવાબદારી ઉપાડી લઈ આપણને ચિન્તામુકત કર્યા છે. અલબત્ત, એમની જવાબદારીમાં આપણા સૌની જવાબદારી આવી જ જાય છે અને અમને વિશ્વાસ છે કે, પરમાનંદ-ભાઈએ 'પ્રબુદ્ધ જીવન'નું જે ઉચ્ચ ધોરણ રાખેલું એ જ ઉચ્ચ ધોરણે શ્રી ચીમનભાઈના તંત્રીપદે 'પ્રબુદ્ધ જીવન' ચાલુ રહેશે. પરમાનંદ-ભાઈએ એક વાર કહેલું કે, મારા ગયા પછી શ્રી ચીમનભાઈ 'પ્રબુદ્ધ જીવન' સંભાળવાનાં જ છે અને ખરેખર આજે પરમાનંદ-ભાઈનાં આ શબ્દો સાચા પડે છે.

ગત વર્ષ દરમિયાન, કારોબારીના સભ્યોએ, તથા અન્ય સંસ્થા-ઓએ અને અન્ય મિત્રોએ જે સહકાર આપ્યો છે એ માટે અમે એમનાં ઋણી છીએ. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કેટલાક વર્ષોથી પ્રમુખસ્થાન લઈ માર્ગદર્શન આપતાં વિદ્વદ્વર્ય શ્રી ઝાલાસાહેબનો પણ અમે આ સ્થળેથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ - સ્ટેટ્સ પીપલ પ્રાઈવેટ લિ., મુંબઈ મ્યુ. કોર્પોરેશન તથા ભારતીય વિદ્યાભવનનો પણ આભાર માનીએ છીએ - અને છેલ્લે આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ કે જેઓનું સ્થાન જૈન સમાજમાં અજોડ છે અને જેમની નેતાગીરી Dynamic છે એમના માર્ગદર્શન માટે-એમના કિંમતી સમયના ભોગ માટે-અમે એમનો અંત:કરણથી આભાર માનીએ છીએ.

ચીમનલાલ જે. શાહ

તા. ૧૭-૭-૭૧ સુબોધભાઈ એમ. શાહ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# * સંઘની વાર્ષિક સામાન્ય સભા *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૭-૭૧ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યા-લયમાં - શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં સ્વ. પરમાનંદભાઈને હાજર સભ્યો તરફથી ભાવભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને તેમના આત્માને શાંતિ ઈચ્છવા બધા સભ્યોએ બે મિનિટ મૌન પાળી મૂક પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ, ગત વાર્ષિક સભાનો તા. ૧૧-૭-૭૦ નો વૃત્તાંત વાંચવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે મંજુર રહ્યા બાદ નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૭૦ ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ વાર્ષિક વૃત્તાંત તથા હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યાં હતાં. અને ૧૯૭૧ ના વર્ષનાં અંદાજપત્રો પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યાં હતાં.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'પ્રબુદ્ધ જીવન' નું પોતે તંત્રીપદ સ્વીકાર્યું અને અત્યારે તેનું સંચા-લન સંભાળી રહ્યા છે તે અંગે જણાવતાં કહ્યું કે આવું વૈચારિક પત્ર ચલાવવું એમાં વ્યકિતની શકિત ઉપરાંત સમયનો તે મોટો ભોગ માગે છે, જ્યારે મારા વ્યવસાયી અને સામાજિક કાર્યોમાંથી વધારે સમય કેમ કાઢવો તે મારે માટે મોટો પ્રશ્ન હતો અને છે. આમ છતાં પણ વૈચારિક મિત્રોનો - લેખકોનો - મને જે રીતે સહકાર મળ્યો છે અને સહકાર આપવાના વચનો મળ્યાં છે તેને લીધે હું ત્રણ અંક પ્રગટ કરી શકયો છું. 'પ્રબુદ્ધ જીવન' નું ધોરણ સાચવી રાખવાનો તો તેમાં ખ્યાલ રાખ્યો જ છે અને રાખતો રહીશ. એટલે મારી શકય તેટલી શકિત હું આમાં ખર્ચીશ અને આ પત્ર એ રીતે આપણે ચાલુ રાખીશું જ. પરંતુ આમાં સૌના સહકારની હું અપેક્ષા સેવું છું.

ત્યારબાદ વ્યાખ્યાનમાળા વિષે ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે મને ખાસ ચિન્તા તો પ્રબુદ્ધ જીવન અંગે હતી. વ્યાખ્યાનમાળાના આયોજન વિષે હું એટલો ચિન્તિત નહોતો, કેમકે આપણી વસન્ત વ્યાખ્યાનમાળાના આયોજનનો તો અનુભવ હતો જ - તેણે સારી એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને આ વખતની વ્યાખ્યાનમાળાનું પણ પૂરેપૂરું આયોજન થઈ ગયું છે. એટલે આપણા સંઘની મહત્વની આ બે પ્રવૃત્તિઓ તેનું ધોરણ સાચવીને આપણે ચાલુ રાખી શકીશું એવો વિશ્વાસ બેસે છે.

શ્રી પરમાનંદભાઈ કાપડિયા સ્મારક ફંડનો ઉલ્લેખ કરતાં શ્રીયુત ચીમનભાઈએ જણાવ્યું કે, આપણી અઢીલાખની ટહેલ-માંથી આપણે હજુ ૧,૨૭,૦૦૦ સુધી જ પહોંચ્યા છીએ. આ અંગે દરેક સભ્ય તથા પરમાનંદભાઈ પ્રત્યે જેમને સદ્‌ભાવ છે એવા બધા ભાઈઓ અને બહેનોને પોતપોતાનો ફાળો સત્વર મોકલી આપવા તેમણે વિનંતિ કરી હતી.

ત્યાર બાદ સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિ-ટરો તરીકે મે. શાહ મહેતા એન્ડ કું., ને ચાલુ મહેનતાણાથી ૧૯૭૧ ના વર્ષ માટે ચાલુ રાખવા એમ ઠરાવવામાં આવ્યું અને ગત વર્ષ ૧૯૭૦ ના ચોપડાઓ ઓડિટ કરી આપવા માટે તેમનો આભાર માનવામાં આવ્યો.

ત્યારબાદ ચાલુ વર્ષ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શરૂમાં પાંચ અધિકારીઓ સર્વાનુમતે ચૂંટાયા બાદ

ઉપસ્થિત સભ્યોને મતપત્રકો વહેંચવામાં આવ્યાં હતાં અને કારોબારીના પંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

ચૂંટણીની વ્યવસ્થા તથા મતગણત્રીનું કામ સંઘના ઓડિટરો શ્રી શાહ તથા શ્રી મહેતાને સોંપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત સભ્યોને બોલવા કે સૂચનો કરવા પ્રમુખશ્રીએ ત્યારબાદ વિનંતિ કરતાં, શ્રી ચીમનલાલ જે. શાહે સૌ સભ્યોનો અને વિશેષ કરી કારોબારીનાં સભ્યોએ ગત વર્ષમાં જે સહકાર આપ્યો એ માટે સભ્યોનો આભાર માન્યો અને કહ્યું - "આજે ય ૧૭ મી તારીખ છે. સંઘના પ્રાણસમા પરમાનંદભાઈએ આ પાર્થિવ દુનિયામાંથી વિદાય લીધી એ પણ ૧૭ મી તારીખ હતી. આજે એમની ચિરવિદાયને ત્રણ મહિના થયા પરંતુ એમની સ્મૃતિ એટલી ને એટલી જ તાજી છે અને ભવિષ્યમાં પણ એટલી જ તાજી રહેશે. તેમનાં ચરણોમાં બેસી ને મને ઘણું જાણવાનું મળ્યું છે. તેઓ હંમેશ કહેતાં, થોડું કાર્ય કરવું પણ સુંદર કરવું અને સંઘને શહેરનું એક સાંસ્કૃતિક કેન્દ્ર cultural centre બનાવવું. આપણે સ્વ. શ્રી મણિભાઈને પણ આજે યાદ કરીએ છીએ. તેમણે યુવક સંઘના કાર્યની જ્યોત જલાવી - સ્વ. પરમાનંદભાઈએ ચેતનવંતી બનાવી. હવે આપણે યથાશકિત આ જ્યોત જવલંત રાખવાની છે. આપણે કોઈએ પણ નિવૃત્ત થવાની વાત ન કરવી જોઈએ. આપણે તો આપણા પ્રમુખની પડખે ઊભા રહી એમનો પણ ઉત્સાહ વધે એ રીતે કામ કરવાનું છે."

શ્રી વસંતરાવ નરસીંગપુરાએ યુવક સંઘની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તદુપરાંત વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલનું તથા સમૂહલગ્નની યોજનાનું સૂચન કર્યું હતું.

શ્રી સુબોધભાઈ એમ. શાહે આજની સભાની કાર્યવાહીનું સફળ રીતે સંચાલન કરવા માટે પ્રમુખશ્રીનો આભાર માન્યો હતો. તેમજ નિવૃત્ત થતા કોષાધ્યક્ષ શ્રી મફતભાઈનો અને મતગણતરીનાં કામની જવાબદારી અદા કરવા માટે ઓડિટરો શ્રી શાહ અને મહેતાનો આભાર માન્યો હતો.

ઠંડા પીણાંને ન્યાય આપી સભા વિસર્જિત થઈ હતી.

### ચૂંટણીનું પરિણામ

૧૯૭૧ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું:

| | |
|---|---|
| ૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | પ્રમુખ |
| ૨. શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી | ઉપ-પ્રમુખ |
| ૩ શ્રી દામજીભાઈ વેલજી શાહ | કોષાધ્યક્ષ |
| ૪. શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ | મંત્રી |
| ૫ શ્રી સુબોધભાઈ એમ. શાહ | " |
| ૬ શ્રી ટોકરશી કે. શાહ | સભ્ય |
| ૭ શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ | " |
| ૮ શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ | " |
| ૯ શ્રી જયંતિલાલ ફત્તેહચંદ શાહ | " |
| ૧૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ | " |
| ૧૧ શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ | " |
| ૧૨ શ્રી. અમર જરીવાળા | " |
| ૧૩ શ્રી દામિનીબહેન જરીવાળા | " |
| ૧૪ શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ | " |
| ૧૫ શ્રી ભગવાનદાસ પોપટલાલ શાહ | " |
| ૧૬ શ્રી કે. પી. શાહ | " |
| ૧૭ પ્રો. રમણલાલ સી. શાહ | " |
| ૧૮ શ્રી હરીલાલ ગુલાબચંદ શાહ | " |
| ૧૯ શ્રી. એ. જે. શાહ | " |
| ૨૦ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા | " |

### કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

તા. ૨૬-૭-૭૧ ના રોજ સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિમાં નીચે મુજબના પાંચ સભ્યોની પૂરવણી કરી હતી.

(૧) શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૨) „ રમણિકલાલ મણીલાલ શાહ
(૩) „ અજિતભાઈ દેસાઈ
(૪) „ ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા
(૫) „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી

**શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ**

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચે જણાવેલા પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
(૪) શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ
(૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ

આ પાંચ ટ્રસ્ટીઓમાં એક ટ્રસ્ટી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું અવસાન થવાના કારણે તેમની જગ્યાએ શ્રી સુબોધભાઈ એમ. શાહની તા. ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ચૂંટણી કરી હતી.

આ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

(૧) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ – મંત્રી
(૨) શ્રી દામિનીબહેન જરીવાળા
(૩) શ્રી ટોકરસી કે. શાહ
(૪) શ્રી અજિતભાઈ દેસાઈ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## "આ ધરતી આ લોક"–એક અવલોકન

[આ પુસ્તકના લેખક છે શ્રી. ગોપાળદાસ પ્ર. મોદી. આ ૧૦૮ પાનાના પુસ્તકની કિંમત રૂપિયા ૨-૫૦ છે. તેના પ્રકાશક છે, વોરા એન્ડ કું. પ્રા. લિ. ૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ.૨ ]

જીવનનાં રોજિંદા અનુભવોમાં વિવેક, સભ્યતા અને માનવતાની જરૂરિયાત બતાવતા પ્રસંગો, સરળ શૈલીમાં લેખકે રજૂ કર્યાં છે. સહૃદયી વ્યકિત, પોતાની સામાજિક જવાબદારી સમજે અને જાગ્રતી રાખે તો સમાજમાં વિનાકારણ થતાં કલેશ અને પરિતાપ કેટલાં ઓછાં થાય તે આવા પ્રસંગો ઉપરથી સમજાય છે. આ પુસ્તક બધાને વાંચવું ગમે તેવું છે.

–શાન્તિલાલ ટી. શેઠ

## સાભાર સ્વીકાર

૧ Jain Philosophy: Mohanlal Mehta
P. V. Research Institute, Jainashram,
Hindu University, VARANASI-5 Rs. 10.00

૨ **સુકાની: નવસંસ્કરણ** (૧) ચૂંટણીનો ચકરાવો (૨) પાકિસ્તાન કયે માર્ગે? (૩) કાશ્મિરમાં આપણે કયાં છીએ? (૪) કેન્દ્ર અને રાજ્યના સંબંધો (૫) કોંગ્રેસ (૬) કોંગ્રેસ-૨ (૭) બંગલાદેશ. સંપાદક: સોપાન. કિંમત: દરેક પુસ્તીકાના રૂ. ૧-૫૦, વાર્ષિક લવાજમ રૂ. ૧૫-૦૦. પ્રકાશન સ્થળ: ૯૪ ભગતસિંહ રોડ, મુંબઈ, ૧

૩ **શ્રેયસ મેળો સ્વાગત ઈન્ડોનેશિયા** પ્રકાશક: છોટુભાઈ ભટ્ટ, શ્રેયસ કલાતીર્થ, શ્રેયસ ટેકરો. અમદાવાદ -૭

તંત્રી

# ❋ પર્યુષણ વ્યાખ્યાનમાળા ❋

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૭૧ના ઓગસ્ટની ૧૮ મી તારીખ બુધવારથી ઓગસ્ટની ૨૫ તારીખ બુધવાર સુધી–એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા** શોભાવશે. આ વ્યાખ્યાનસભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે અને દરેક સભા સવારના ૮–૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

| તારીખ | | | વ્યાખ્યાતા | વ્યાખ્યાન વિષય |
|---|---|---|---|---|
| ઓગસ્ટ | ૧૮ | બુધવાર | ડૉ. નથમલજી ટાટીઆ | धर्म एवं बदलते हुअे मूल्य |
| ,, | ,, | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ડૉ. સ્વાઈત્ઝર અને ગાંધીજી |
| ,, | ૧૯ | ગુરુવાર | શ્રી મૃણાલિની દેસાઇ | ભગિની નિવેદિતા |
| ,, | ,, | ,, | પ્રા. નલિન ભટ્ટ | જૈન તત્ત્વજ્ઞાનનો વિશ્વના તત્ત્વજ્ઞાનમાં ફાળો |
| ,, | ૨૦ | શુક્રવાર | શ્રી સનત મહેતા | યુવાનોનો અજંપો |
| ,, | ,, | ,, | શ્રી ભોગીલાલ ગાંધી | સામ્યવાદ, લોકશાહીસમાજવાદ અને સર્વોદય |
| ,, | ૨૧ | શનિવાર | મુનિશ્રી રૂપચંદ્રજી | संयमः खलु जीवनम् |
| ,, | ,, | ,, | શ્રી. પુરુષોત્તમ ગણેશ માવળંકર | જાહેર જીવનની શુચિતા |
| ,, | ૨૨ | રવિવાર | પ્રિન્સીપાલ રામજોશી | લોકશાહીમાં આર્થિક નિયોજન |
| ,, | ,, | ,, | શ્રી વિજયસિંહ નહાર | બંગલા દેશની સમસ્યા |
| ,, | ૨૩ | સોમવાર | ડૉ. કલ્યાણમલજી લોઢા | આધુનિક જગતમેં જૈનધર્મ |
| ,, | ,, | ,, | પ્રા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | "સાહિત્ય–નવીની આંતરિક જરૂરિયાત" |
| ,, | ૨૪ | મંગળવાર | શ્રી ગુલાબદાસ બ્રોકર | સાહિત્ય અને સમાજચેતના |
| ,, | ,, | ,, | ડૉ. ઉષાબહેન મહેતા | જીવનનાં મૂલ્યો |
| ,, | ૨૫ | બુધવાર | ફાધર વાલેસ | પ્રાર્થના |
| ,, | ,, | ,, | શ્રી એમ. હિદાયતુલ્લા | Essential unity of Religions |

તા. ૧૮–૮–૭૧ થી ૨૫–૮–૭૧
કાર્યાલય : ૩૮૫, સરદાર વી. પી. રોડ
ટે. નં. ૩૫૦૨૯૬, મુંબઇ–૪



**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઇ એમ. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ❋ વ્યાખ્યાનમાળાના નવા વક્તાઓનો ટૂંક પરિચય ❋

**શ્રી. હિદાયતુલ્લા:** સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ વડા ન્યાયમૂર્તિ.

**શ્રી. નથમલજી ટાટીઆ:** એમ. એ. ડી.લીટ, 'વૈશાલી'માં આવેલ "રિચર્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્રાકૃત, જૈનોલોજી અને અહિંસા ઈન્સ્ટીટ્યુટ" ના તેઓ ડિરેક્ટર છે. તેમણે જૈન દર્શનના અભ્યાસપૂર્ણ ગ્રન્થો લખ્યાં છે.

**શ્રી. કલ્યાણમલજી લોઢા:** તેઓ કલકત્તા યુનિવર્સિટીના હિંદી વિભાગના અધ્યક્ષ છે. અને જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે.

**શ્રી વિજયસિંહ નહાર:** નહાર કુટુમ્બ કલકત્તાનું ખૂબ પ્રતિષ્ઠિત કુટુમ્બ છે, જૈન સમાજમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. શ્રી વિજયસિંહ નહાર કોંગ્રેસના (હવે શાસક કોંગ્રેસના) આગેવાન છે. અને છેલ્લા બંગાળના પ્રધાન. મંડળમાં નાયબ મુખ્ય મંત્રી હતા.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ❋ શ્રી ભોગીલાલ ગાંધીનો વાર્તાલાપ ❋

શ્રી ભોગીલાલ ગાંધી સમર્થ વિચારક છે. વર્તમાન સામાજિક અને રાજકીય પરિસ્થિતિના ઊંડા અભ્યાસી છે, અને 'વિશ્વ માનવ' માસિકના તંત્રી છે.

સંઘના સભ્યો સાથે તેમનો એક વાર્તાલાપ, સંઘના કાર્યાલયમાં (૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪) શુક્રવાર તા. ૨૦ ઓગસ્ટના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના અધ્યક્ષપણા નીચે રાખવામાં આવ્યો છે. સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑગષ્ટ ૧૬, ૧૯૭૧ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## બંધારણમાં ફેરફાર વિષે ગુજરાત સંસ્થાકૉંગ્રેસ

[આ વિષયમાં ગુજરાત સંસ્થા કૉંગ્રેસે, શ્રી મોરારજીભાઈનો લેખ ટાંકીને, પોતાનું વલણ સ્પષ્ટ કરતું. એક નિવેદન કૉંગ્રેસ પત્રિકાના તા. ૩૦-૭-૭૧ના અંકમાં કર્યું છે. તે ઉપયોગી હોઈ, શ્રી મોરારજીભાઈના લેખ સાથે, નીચે પ્રકટ કરવામાં આવે છે. તંત્રી]

શ્રી મોરારજીભાઈએ વ્યાજબી કહ્યું છે કે "મૂળભૂત હકો સહિત બંધારણના કોઈપણ ભાગમાં ફેરફાર કરવાનો અધિકાર સંસદને હોવો જોઈએ. તેમણે એ પણ વ્યાજબી કહ્યું છે કે ગોલકનાથનો ચુકાદો છે ત્યાંસુધી મૂળભૂત હકોમાં પાર્લમેંટ કોઈ ફેરફાર કરી શકતી નથી. ગોલકનાથનો ચુકાદો રદ કરાવવા તેમણે બે માર્ગો સૂચવ્યા છે: (૧) તેની પુનર્વિચારણા કરવા અને પાર્લામેન્ટની સત્તા પાછી મળે તે રીતે બંધારણનું અર્થઘટન કરવા, સુપ્રીમ કોર્ટ સમક્ષ જવું (૨) જો સુપ્રીમ કોર્ટ તેમ કરવું મુનાસિબ ન સમજે તો બંધારણમાં સૂચવેલી રીતિ પ્રમાણે યોગ્ય બંધારણીય પગલાં લઈને સંસદે પેલાં બે સંબંધિત આર્ટિકલોમાંની (૩૬૮ અને ૧૩) ખામી દૂર કરવી જોઈએ."

પાર્લમેંટે બીજો માર્ગ લીધો છે. સુપ્રીમ કોર્ટ પોતાના ચૂકાદાની પુનર્વિચારણા એવી તક કે પ્રસંગ આવે - જરૂર પડે તો જ કરે છે, માત્ર નવું અર્થઘટન કરવા નહિ. વળી સુપ્રીમ કોર્ટને પુનર્વિચારણા માટે વિનંતિ કરીએ અને ન કરે, અથવા પુનર્વિચારણામાં ગોલકનાથના ચુકાદાને વળગી રહે તો પરિસ્થિતિ વધારે વિકટ થાય. પાર્લમેંટે પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. હવે સુપ્રીમ કોર્ટને યોગ્ય લાગે તેમ કરશે. તંત્રી]

સંસ્થા કૉંગ્રેસના ૨૨ મુદ્દાના કાર્યક્રમમાંનો ૧૭મો મુદ્દો આ પ્રમાણે છે: "ગોલકનાથ કેસના ચુકાદા પહેલાં બંધારણના કોઈ પણ ભાગમાં સુધારો કરવાની સત્તા સંસદને હતી તેવી સત્તા ફરીથી પ્રાપ્ત થાય તે માટેનાં પગલાં લેવાવાં જોઈએ."

આ મુદ્દા અંગેની વિસ્તૃત સમજૂતી પ્રજાને અને કાર્યકરોને શ્રી મોરારજીભાઈના લેખમાંથી મળી રહેશે.

ઘણા કાર્યકરો તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે કે મૂળભૂત અધિકારો પર કાપ મૂકવાની વાતને આપણે ટેકો આપીએ છીએ કે શું ?

આ અંગે શ્રી મોરારજીભાઈના લેખમાંથી નીચેનાં વિધાનો વાંચતા તે સંદેહ દૂર થશે.

"બંધારણના કોઈ પણ આર્ટિકલમાં સુધારો કરવાની સંસદને ફરીથી સત્તા પ્રાપ્ત થાય (જેમાં મૂળભૂત અધિકારને લગતા આર્ટિકલમાં સુધારો કરવાની સત્તા આવી જાય છે) તેનો અર્થ એવો નથી થતો કે તેનાથી મૂળભૂત અધિકારોમાં આપોઆપ સુધારો થઈ જાય છે. અને જે લોકો બંધારણના કોઈ પણ ભાગમાં સંસદ સુધારો કરી શકે તે બાબતનું સમર્થન કરે છે તે લોકો મૂળભૂત અધિકારો ઓછા કરવાની બાબતનું પણ જાણે આપોઆપ સમર્થન કરતા હોય તેવો પણ તેનો અર્થ થતો નથી."

બે બાબતો સ્પષ્ટ અને સાફ છે

○ વ્યકિત-સ્વાતંત્ર્ય, ધાર્મિક-સ્વાતંત્ર્ય અને લઘુમતીઓના શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્વાતંત્ર્યને લગતા મૂળભૂત અધિકારો પર શાસક કૉંગ્રેસ કાપ મૂકશે તો સંસ્થાકૉંગ્રેસ તેનો કટ્ટર વિરોધ કરશે અને આ અધિકારોની રક્ષા કરવા તેનાથી બનતું બધું કરશે. કારણ કે સંસ્થા કૉંગ્રેસ બિનસાંપ્રદાયિક લોકશાહીની વિચારસરણીને વરેલી છે.

○ બંધારણમાંથી મિલકતનો મૂળભૂત અધિકાર સમૂળગો રદ કરવાના પ્રયાસનો સંસ્થા કૉંગ્રેસ વિરોધ કરશે.

પરંતુ

○ આર્થિક અસમાનતા ઘટાડવા કે જમીનસુધારણાના કાયદા કરવા માટેના કે ગરીબી કે બેકારી મીટાવવા માટેનાં પગલાં લેવામાં અથવા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવામાં જો બંધારણના આર્ટિકલ ૧૯ કે ૩૧ની ભાષા બરાબર ના હોવાને કારણે અવરોધ થતો હોય અને તેવાં સમાજવાદી પગલાં આર્ટિકલની ભાષાને કારણે ન ભરી શકાતાં હોય તો કરોડોની દરિદ્રનારાયણ જનતાના હિતમાં તે આર્ટિકલોમાં ફેરફાર જરૂરી બને છે. લોકોની લોકશાહી સમાજવાદની અભિલાષા પૂરી કરવા માટે થતા આવા ફેરફારને સંસ્થા કૉંગ્રેસ ટેકો આપશે.

○ મિલકત માલિકી અને મિલકતનો અંકુશ મૂઠીભર લોકોના હાથમાં કેન્દ્રિત ના થાય અને મિલકતવિહોણા અગણિત લોકો મિલકતના માલિક બને તે માટે બંધારણમાં જરૂરી ફેરફારને સંસ્થા કૉંગ્રેસનો ટેકો હશે કારણ કે સંસ્થા કૉંગ્રેસ લોકશાહી સમાજવાદની વિચારધારાને વરેલી છે.

○ બંધારણમાં જરૂરી ફેરફારો કરવાના પ્રયાસો સુપ્રીમ કોર્ટના અર્થઘટનને કારણે પાછા ના પડે તે માટે પાણી પહેલા પાળ બાંધવા સુપ્રીમ કોર્ટની સલાહ લેવાનું ઉપયોગી સૂચન આ લેખમાં શ્રી મોરારજીભાઈએ કર્યું છે અને તે સાથે જ સંસદની ૨/૩ બહુમતી જે બંધારણમાં ઈચ્છે તે સુધારો કરે તેવા બંધારણ-સુધારાની લોકશાહી રીતને તેઓએ સાફ ટેકો આપ્યો છે.

## શ્રી મોરારજીભાઇ દેસાઇનો લેખ

કૉંગ્રેસ વર્કિંગ કમિટીની તા. ૧૬ અને ૧૭ જૂનની બેઠકમા અપનાવાયેલા ૨૨ મુદ્દાના કાર્યક્રમમાંનો એક મુદ્દો, ભારતના બંધારણમાંના કોઈ પણ ભાગમાં સુધારો કરવાની સંસદની સત્તા ગોલકનાથ કેસની પહેલાંની સ્થિતિ મુજબ સંસદને પાછી સોંપવા માટેનો ઉપાય કરવા સંબંધમાં છે.

આ કાર્યક્રમ પ્રસિદ્ધ થયો તે પછીથી આ મુદ્દા વિષે કેટલાક પ્રશ્નો ઊઠાવવામાં આવ્યા છે. આથી આપણા કાર્યક્રમના આ મુદ્દાને સવિસ્તર સ્પષ્ટ કરવાનું જરૂરી બન્યું છે.

ગોલકનાથ કેસના ચુકાદામાં એમ ઠરાવાયું હતું કે સંસદને

બંધારણમાં સુધારો કરવાની જે સત્તા છે તેમાં બંધારણના મૂળભૂત અધિકારોને લગતા પ્રકરણમાં કોઈ પણ સુધારો કરવાની સત્તાનો સમાવેશ થતો નથી. આથી નવી પરિસ્થિતિ સર્જાઈ, કારણ કે તે અગાઉ બધી હાઈકોર્ટોએ અને ખુદ સુપ્રીમ કોર્ટે સ્વીકારેલું હતું કે સંસદ બંધારણનો કોઈ પણ ભાગ સુધારી શકે છે અને મૂળભૂત અધિકારોના પ્રકરણના આર્ટિકલો સિવાયના જ આર્ટિકલો સંસદ સુધારી શકે તેવી કોઈ મર્યાદા સંસદની સત્તા પર છે તેવું મનાતું ન હતું. ૧૯૫૧માં આર્ટિકલ ૩૧(અ) સંસદે બંધારણમાં ઉમેર્યો તે એ વાતનો સ્પષ્ટ પુરાવો આપે છે કે, સંસદે તેવી સત્તા ભોગવી હતી અને સુપ્રીમ કોર્ટે તે સુધારો કાયદેસર ઠરાવ્યો હતો. હકીકતમાં જે લોકોને આર્ટિકલ ૩૧(અ) સામે વાંધાઓ હતા તે લોકોએ તે વખતના બંધારણના સુધારા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકયો પણ હતો અને તે વાત તેઓ સુપ્રીમ કોર્ટમાં ખેંચી ગયા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે તે સુધારો કાયદેસરનો છે.

હવે ગોલકનાથના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે એવું મંતવ્ય દર્શાવ્યું કે આર્ટિકલ ૧૩ને કારણે મૂળભૂત અધિકારોને દૂર કરવાની કે તેના પર કાપ મૂકવાની છૂટ આર્ટિકલ ૩૬૮ દ્વારા લઈ શકાય નહીં. આ બે આર્ટિકલોના શબ્દોની રચનામાં કંઈક ખામી છે, જેને કારણે આવો ચુકાદો આવ્યો તેમ મને લાગે છે. પરિણામ એવું આવ્યું છે કે બંધારણ સુધારવાની સત્તા બંધારણે પોતે જ સંસદને આપી છે પણ ગોલકનાથ કેસના ચુકાદા દ્વારા મૂળભૂત અધિકારોના પ્રકરણવાળો ભાગ સુધારવાની સંસદની સત્તા લઈ લેવામાં આવી છે.

સંસદને બંધારણમાં સુધારો કરવાની સત્તા આડીપડધી હોય તે કેવી રીતે બની શકે તે મને સમજાતું નથી. સંસદે બંધારણમાં સુધારો કઈ રીતે કરવો તેની જોગવાઈ બંધારણે કરેલી છે તે જોતાં બંધારણના ઘડવૈયાઓ સંસદ બંધારણમાં ફેરફાર કરવા સમર્થ રહે તેવો ઈરાદો રાખતા હતા તે નિર્વિવાદ છે. આથી મારા અભિપ્રાય પ્રમાણે એવી દલીલ કરવી વાજબી નથી કે સંસદની બંધારણમાં સુધારો કરવાની સત્તા આડીપડધી જ હોઈ શકે. બંધારણે નિર્દિષ્ટ કરેલી રીતિ પ્રમાણે બંધારણના કોઈ પણ ભાગમાં સુધારો કરવાની સંસદની સત્તા સંસદને પાછી મળવી જ જોઈએ; અર્થાત્ ગોલકનાથનો ચુકાદો અમલમાં આવ્યો તે પહેલાં જે સ્થિતિ હતી તે પાછી સ્થપાવી જોઈએ.

આ સત્તા સંસદને પાછી મળી જાય તે માટેનો ખરો રસ્તો બંધબેસતી અને યોગ્ય રીતે સુપ્રીમ કોર્ટ સમક્ષ જવાનો છે અને ગોલકનાથના કેસના નિર્ણયની તે પુનર્વિચારણા કરે અને ગોલકનાથના ચુકાદા પહેલાં સંસદને હતી તેવી બંધારણ સુધારાની સત્તા સંસદને પાછી મળે તે રીતે બંધારણનું અર્થઘટન સુપ્રીમ કોર્ટ કરે તે જોવાનો છે. જો સુપ્રીમ કોર્ટ ગોલકનાથના ચુકાદાની પુનર્વિચારણા કરવાનું મુનાસિબ ના સમજે તો બંધારણમાં સૂચવેલી રીતિ પ્રમાણે યોગ્ય બંધારણીય પગલાં લઈને સંસદે પોતાં બે સંબંધિત આર્ટિકલોમાંની ખામીને દૂર કરવી જોઈએ. આવું પગલું ભર્યા વિના સંસદ જો મૂળભૂત અધિકારોને લગતા પ્રકરણના કોઈ ભાગમાં ફેરફાર કરવા જશે તો ગોલકનાથના ચુકાદાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ આવા ફેરફારને ફગાવી દે તે બનવાનો સંભવ છે. આવું જોખમ ઉઠાવવું સલાહભરેલું નથી તેવું મને લાગે છે. બંધારણનો અર્થ કરવાની જવાબદારી સુપ્રીમ કોર્ટની છે અને તે જવાબદારી સુપ્રીમ કોર્ટ પાસે જ રહેવી જોઈએ. પરંતુ તેની સાથે એટલું પણ નક્કી છે કે જો યોગ્ય રીતે ચૂંટાયેલી અને સાચી રીતે રચાયેલી સરકારને બંધારણના આર્ટિકલના શબ્દોની ખામીને પરિણામે લોકોને આર્થિક અને સામાજિક ન્યાય આપવા માટેનાં પગલાં લેતાં અટકી જવું પડતું હોય તો લોકશાહી પદ્ધતિ હડસેલી મૂકવા માટે સરકાર પ્રેરાશે અને તેમ થતાં તો સરમુખત્યારશાહી શાસન આવે. આથી તે જરૂરી છે કે બંધારણમાં જે સુધારો કરવો પડે તે સંસદ દ્વારા થઈ શકવો જોઈએ અને યોગ્ય બંધારણીય પદ્ધતિથી થવો જોઈએ.

મૂળભૂત અધિકારોના પ્રકરણમાંના આર્ટિકલો સહિતના બંધારણના કોઈ પણ આર્ટિકલમાં સુધારો કરી શકવાની સત્તા સંસદને પાછી આપવા માટેનાં પગલાં લેવામાં આવે તેનો અર્થ એવો નથી થતો કે તેનાથી મૂળભૂત અધિકારોમાં આપોઆપ સુધારો થઈ જાય છે. અને જે લોકો બંધારણના કોઈ પણ ભાગમાં સંસદ સુધારો કરી શકે તે બાબતનું સમર્થન કરે છે તે લોકો મૂળભૂત અધિકારો ઓછા કરવાની બાબતનું પણ જાણે આપોઆપ સમર્થન કરતાં હોય તેવો પણ તેનો અર્થ થતો નથી.

પણ જો સંસદના ૨/૩ સભ્યોને એમ લાગે કે બંધારણમાં સુધારો કર્યા વિના કાયદેસર અને જરૂરી પ્રગતિ શકય નથી અને જો બંધારણીય રીતે આ અવરોધ દૂર કરવા માટેનાં બંધારણીય પગલાં તેઓ ભરી શકે તેમ ના હોય તો તેનું પરિણામ તો એ જ આવે કે સંસદ કે સરકાર લોકશાહી રીતે કામ ના કરી શકે. આનાથી તો વધુમતીમાં બંધારણ બહારના માર્ગો અપનાવવાનું વલણ જાગે, અને આમાંથી નિષ્કર્ષ એ નીકળે કે લોકશાહી રદ કરવામાં આવે. આથી કાયદાની આવી પરિસ્થિતિ ચલાવી લેવામાં ના આવે તે લોકશાહીના હિતમાં છે. બંધારણમાં જ જે રીત આપેલી છે તે પ્રમાણે યોગ્ય બંધારણીય રીતે કાયદાની સ્થિતિ સુધારી લેવી જોઈએ. કયારેક આપણે એવી દલીલ સાંભળીએ છીએ કે જો મૂળભૂત અધિકારોમાં સુધારો કરવાની સંસદને સત્તા આપીશું તો, લોકશાહીમાં નહીં માનનારો પક્ષ લોકશાહી ચૂંટણીમાં મતો મેળવી સત્તા પર આવી જશે તો તે મૂળભૂત અધિકારો સાથે ચેડાં કરી શકશે. પણ એ ભૂલાઈ જતું લાગે છે કે લોકશાહીમાં નહિ માનનારો પક્ષ લોકશાહી રીતે ચૂંટાઈ સત્તા પર પણ આવી શકે તો તો પછી બંધારણને નેસ્તનાબૂદ કરતાં પણ તેને કોઈ રોકી શકે નહિ. આથી આવો ભય રાખવાનું અવાસ્તવિક છે.

**મોરારજી દેસાઈ**

# પ્રકીર્ણ નોંધ

**"ભગવાન" રજનિશ**

શ્રી રજનિશ આચાર્યમાંથી ભગવાન થયા છે. આપણે ભગવાનને સર્વજ્ઞ માનીએ છીએ. વર્તમાન યુગના આ ભગવાન પાસેથી જુના થઈ ગયેલા ભગવાન મહાવીરની વાણી ૧૮ દિવસ સુધી સાંભળવાનું સદ્‌ભાગ્ય મુંબઈની પ્રજાને સાંપડશે. "ભગવાન" રજનિશ ક્રાન્તિકારી છે. મહાવીરની જુનવાણી એમના મુખેથી નવીનતા પામશે. મહાવીરનો ધર્મ, બે શબ્દોમાં કહેવો હોય તો, સંયમ અને તપ. "ભગવાન" રજનિશને સંયમ અને તપ સાથે બિયાંબાર્ડ છે. તેમના વિચારો પ્રમાણે, આપણે સમજી શકીએ ત્યાં સુધી, ભોગની પરિતૃપ્તિ થાય પછી જ કદાચ વિરતિ આવે. મહાવીર, બુદ્ધ અને બીજા ભારતીય સંતોએ કહ્યું છે કે ભોગની તૃપ્તિ કોઈ દિવસ થતી જ નથી. તે તો અગ્નિમાં ઘી હોમવા બરાબર છે. શ્રી રજનિશના મુખેથી ખરીરીતે રજનિશવાણી જ સંભળાશે, મહાવીરના નામે ચડાવીને.

શ્રી રજનિશ કહી શકે કે મારા ભકતો મને ભગવાન બનાવે તેમાં હું શું કરું? ભકતો તેમની ચરણરજ લે, પૂજા–અર્ચના કરે તેમની આસપાસ વૈભવ ઊભો કરે, તેમના દેહની આળપંપાળ કરે, તેથી તેમનો આત્મા ખરડાતો નથી. પોતે તો અલિપ્ત જ રહે છે.

શ્રી રજનિશની વ્યાખ્યાનપ્રવૃત્તિ હવે વ્યવસ્થિત ધંધાદારી

સ્વરૂપ લે છે. ટિકિટ રૂા. ૧૦૦ છે. આ વ્યાખ્યાનોના યોજકો, અમેરિકન પદ્ધતિએ આયોજન કરે–અને જાહેરાતો એવી જ છે– તો, કુતૂહલથી અથવા અમે રૂા. ૧૦૦/– ખરચી શકીએ છીએ એવું બતાવવા, મુંબઈમાં શ્રોતાઓ અથવા પ્રેક્ષકોનો કદાચ ટોટો નહિ રહે.

ચિન્તા એટલી જ થાય છે કે મહાવીરને નામે શું નહિ ચડે ?

## શંકરરાવ મોહિતેને શા માટે દોષ દેવો ?

તા. ૫-૮-૭૧ ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં શ્રીરામપુરથી નીચે મુજબ સમાચાર છે :

"બેલાપુરમાં, છેલ્લા સાત દિવસથી, સમસ્ત મહારાષ્ટ્રમાંથી પાંચ લાખથી વધારે માણસો, ગંગાગીર મહારાજના "નામ સપ્તાહ" ઉત્સવમાં ભાગ લઈ રહ્યાં છે.

"આ ધાર્મિક ઉત્સવના છેલ્લા દિવસે, ૧૬૮ કલાક સતત ભજન અને કીર્તન કર્યા પછી, ૨,૫૦,૦૦૦ થી વધારે માણસો મહાપ્રસાદ લેવા એકત્ર થયા હતા.

"નામ સપ્તાહ સમિતિ, જેણે મહાપ્રસાદની મીઠાઈ તૈયાર કરાવી, તેમાં ૧૫૦૦૦ કિલો ખાંડ, ૬૦૦૦ કિલો ઘી, ૬૦૦૦ કિલો ચણા વાપર્યા. પૂજાના સ્થળે મહાપ્રસાદ પહોંચાડવા ૧૦૦ ટ્રૅક્ટરનો ઉપયોગ થયો હતો.

"આ ઉત્સવ નારાયણગિરિ મહારાજની દેખરેખ નીચે થયો હતો. વ્યવસ્થા સંભાળવા, રાત-દિવસ ૧૦૦૦૦ સ્વયંસેવકો કામે લાગ્યા હતા."

ધર્મને નામે આ બધું થઈ શકતું હોય તો શંકરરાવ મોહિતે તેમના દીકરાના લગ્નમાં દોઢ લાખ માણસ જમાડે તેમાં શું ગુનો કર્યો છે? આવું બધું ધર્મને નામે થાય તેના ઉપર કોઈ અંકુશ હોય ખરો ?

## ઈસ્લામ અને બાંગલા દેશ

હિન્દુ અને મુસલમાન બે ભિન્ન પ્રજા છે, અને ભારતમાં વસતા મુસલમાનોને પોતાનું સ્વતંત્ર વતન હોવું જોઈએ, એ ધોરણે પાકિસ્તાનની ઉત્પત્તિ થઈ. દુર્ભાગ્યે, બંગાળના મુસલમાનો, મુસ્લિમ હોવા કરતાં બંગાળી પહેલાં છે એવું માની, "પવિત્ર" દેશ પાકિસ્તાન અને પોતાના ધર્મભાઈઓથી જુદા થઈ, સ્વતંત્ર બાંગલા દેશ માંગે છે. પશ્ચિમ પાકિસ્તાનના મુસલમાનો, પોતાના જ ધર્મભાઈઓને જબરજસ્તીથી સાથે રાખવા, લાખોનો સંહાર કરે છે અને સોનાર બાંગલા દેશને સ્મશાનભૂમિ બનાવે છે. દુનિયાના મુસ્લિમ દેશો અને ભારતના મોટા ભાગના મુસલમાનો આ સંહાર લીલા મૂકભાવે નિહાળી રહ્યા છે. તેમાંનાં કેટલાકની પશ્ચિમ પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ છે. આરબરાજ્યો સાથે ભારતે વર્ષોથી મૈત્રીભર્યા સંબંધો રાખ્યા છે. તે બધા મૌન છે. લાખો મુસલમાનોની હત્યા થાય છે ત્યાં મુસ્લિમ જગતનું આ ભેદી મૌન અકળ છે. ઈજીપ્ત પણ મૌન છે. આ બધું ધર્મને નામે. આમાં કોઈ વિશાળ ઈસ્લામ, Pan–Islamismનો સંકેત હશે ? લાખોનું ખૂન થાય તો પણ બાંગલા દેશને સ્વતંત્ર થવા દઈ, પાકિસ્તાનને–અને તે નિમિત્તે ઈસ્લામને–નિર્બળ થવા ન દેવું, એવી કોઈ ભાવના હશે? આરબ દેશોથી ઘેરાયેલ ઈઝરાયેલે, બાંગલા દેશને ટેકો આપ્યો છે. આ Pan–Islamism જગતની શાન્તિ માટે ભયરૂપ થાય, તેથી કેટલાક દેશોની, ઈઝરાયેલ પ્રત્યે સહાનુભૂતિ વધે છે એમ કેટલાકનું માનવું છે. ઈઝરાયેલનું અસ્તિત્વ અને સ્થિરતા Pan–Islamismને રોકવા જરૂરનું છે એમ કેટલાક રાજકીય નિરીક્ષકો માને છે. આરબરાજ્યો અને ઈઝરાયેલ પ્રત્યેના ભારતના વલણમાં કોઈ ફેર પડશે ? અમેરિકા ઈઝરાયેલને મદદ કરી રહ્યું છે અને પાકિસ્તાનને પણ મદદ કરે છે. રશિયા ઈજીપ્તને મદદ કરે છે અને બાંગલા દેશ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. ચીન અત્યારે પાકિસ્તાનને મદદ કરે છે. બાંગલા દેશની સમસ્યા અને તેનું પરિણામ, દુનિયાના દેશોની વિદેશનીતિને પલટાવશે અને નવી પરિસ્થિતિ ઉત્પન્ન કરશે.

## રશિયા–ભારત મૈત્રીકરાર

તા. ૯–૮–૭૧ને દિવસે ભારત અને રશિયા વચ્ચે મૈત્રીકરાર થયા તે એક ઐતિહાસિક બનાવ છે. અમેરિકા અને ચીનનું ભારત પ્રત્યે વિરોધીવલણ અને બન્ને તરફથી પાકિસ્તાનને સતત સહાય ચાલુ છે તે જોતાં, ભારત માટે આ પગલું અનિવાર્ય હતું. અમેરિકા અને ચીન બન્નેએ મળીને, એશિયામાં રશિયા અને ભારતનું વર્ચસ્વ ઓછું કરવાની રમત આદરી છે અને તેમાં પાકિસ્તાનને સાથે રાખવાનું ઉચિત માન્યું છે, ત્યારે ભારત અને રશિયા શાન્ત બેસી રહે તે અશક્ય હતું. યાહ્યાખાન યુદ્ધની ધમકીઓ આપતા રહ્યા છે અને નિક્સને જાહેર કર્યું છે કે આવું કોઈ યુદ્ધ થાય તો અમેરિકા ભારતને કોઈ સહાય કરશે નહિ, ત્યારે એવી પરિસ્થિતિને પહોંચીવળવા, ભારતે સત્વર પગલા લેવા જ જોઈએ. ખરી રીતે, આટલી ઝડપથી અને હિંમતપૂર્વક આ પગલું લેવા માટે શ્રીમતી ઈન્દિરા ગાંધીને ધન્યવાદ ઘટે છે. અમેરિકાના ખાસ મિત્ર અને રશિયાના વિરોધી ગણાય એવા શ્રી રાજગોપાલાચારીએ આ પગલાને આવકાર્યું છે. અમેરિકા, ચીન અને પાકિસ્તાનને ભારત અને રશિયાનો આ જવાબ છે. ચીન અને અમેરિકાના સંબંધો બદલવાનો નિક્સને પ્રયત્ન આદર્યો ત્યારથી જ દરેક મોટા દેશે પોતાની વિદેશનીતિની પુનર્વિચારણા કરવી પડે એ સ્પષ્ટ હતું. તેમાં, બાંગલા દેશની વિકટ સમસ્યા અને પોતાના દેશના જાહેરમતને અવગણી, નિક્સને હઠાગ્રહથી પાકિસ્તાનને જ સહાય ચાલુ રાખવાનો કરેલ નિર્ણય, જોતાં આ જ એક માર્ગ હતો. આ અંકમાં ચેસ્ટરબોલ્સનો એક લેખ પ્રકટ થાય છે, જેમાં અમેરિકાની વિદેશનીતિ કેટલી ભૂલભરેલી છે તે બતાવ્યું છે. અમેરિકાનું દુર્ભાગ્ય છે કે, તે અક લોકશાહી દેશ, દુનિયાના બીજા ઘણાં લોકશાહી વિરોધી બળોને મદદ કરે છે. આ કરારથી આપણી તટસ્થતાની વિદેશનીતિને એક નવો વળાંક મળે છે. પણ આ કરારનો અર્થ એવો નથી કે અમેરિકા, ચીન, પાકિસ્તાન કે બીજો કોઈ પણ દેશ આપણી સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવા ઈચ્છતો હોય તો તે દેશ સાથે આપણે મૈત્રી નહિ રાખીએ. એ બાબતમાં રશિયા સાથે આપણે કોઈ રીતે બંધાયેલ નથી. આ કરારથી, યુદ્ધનો ભય ઓછો થશે, દેશમાં હિંમત આવશે, આપણાં કોઈ મિત્ર નથી, અસહાય છીએ એ ભાવ જશે. રશિયા સાથેના આ કરાર કોઈ Military pact નથી. બન્ને દેશ, સ્વતંત્રપણે, સમાનભાવે, પરસ્પરને સહાયરૂપ થાય એવો પ્રબંધ છે.

ચીમનલાલ ચકુભાઈ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બંધારણમાં ફેરફાર વિષે | | |
| ગુજરાત સંસ્થા કૉંગ્રેસ | મોરારજી દેસાઈ | ૧૧૧ |
| પ્રકીર્ણ નોંધ : "ભગવાન રજનિશ", | ચીમનલાલ ચકુભાઈ | ૧૧૨ |
| શંકરરાવ મોહિતેને શા માટે દોષ દેવો ? | | |
| ઈસ્લામ અને બાંગલા દેશ, રશિયા–ભારત મૈત્રીકરાર. | | |
| સ્વાધિનતા દિને: સરવૈયું અને સંકલ્પ | મોહનલાલ મહેતા–સોપાન | ૧૧૪ |
| સમરથકું નહિ દોષ ગોંસાઈ | વાડીલાલ ડગલી | ૧૧૫ |
| જોઈએ છીએ સાર્વ ભૌમ, સાર્વકાલિક જૈન ધર્મ | કાકાસાહેબ કાલેલકર | ૧૧૬ |
| બંધારણમાં ફેરફાર | ચીમનલાલ ચકુભાઈ | ૧૧૭ |
| સ્વ. મુનિકુમાર ભટ્ટ | ગગનવિહારી મહેતા | ૧૧૮ |
| ભારતને સ્પર્શતું રશિયા, ચીન અને અમેરિકાનું રાજકારણ | ચેસ્ટર બોલ્સ | ૧૧૯ |
| આવ હે સ્વાતંત્ર્ય દિન | પ્રા. હરિશ વ્યાસ | ૧૨૨ |

# સ્વાધીનતાદિને : સરવૈયું અને સંકલ્પ

કોઈ પણ પ્રજા પોતાના સ્વાતંત્ર્ય દિને લાભાલાભનું સરવૈયું કાઢે તે ઈષ્ટ છે, આવકાર્ય છે. ભવિષ્ય માટે તે માર્ગદર્શક પણ બની શકે છે, પરંતુ અનિવાર્ય શરત એટલી જ છે કે એ સરવૈયું સાચું હોય, લાભ અને ગેરલાભમાં, નફા અને તોટાના હિસાબો મૂકવામાં, સચ્ચાઈ હોય અને સમજણ પણ હોય. આજે તો એવું બને છે કે સ્વાતંત્ર્યદિને સરકાર અને સત્તાધારી પક્ષ પોતાની સિદ્ધિઓનાં ગુણગાન કરે છે અને વિરોધ પક્ષ એક પણ સિદ્ધિ જોઈ શકતો નથી, એની નજરે સર્વત્ર ઘેરી નિષ્ફળતાના ડુંગરો જ દેખાય છે! આવી મનોવૃત્તિને પરિણામે દેશની સાચી પરિસ્થિતિનું જ્ઞાન સામાન્ય માનવી પામી શકતો નથી; એટલું જ નહિ, પરંતુ પોતાનો દેશ તેની પાસે શી અપેક્ષા રાખે છે અને રાષ્ટ્રીય દૃષ્ટિએ તેનું કર્તવ્ય શું છે તે પણ એના ધ્યાનમાં આવતું નથી.

સ્વાતંત્ર્યના ૨૪ વર્ષ પર નજર નાખતાં દેશના જમા પાસે, સંતોષ અને ગૌરવ લઈ શકાય એવું ઘણું દેખાય છે અને ઉધાર પાસે પણ ઘેરી ચિંતામાં ડૂબી જવાય એવું ઠીક પ્રમાણમાં જોવા મળે છે. જમા-ઉધાર પછી જે શેષ રહે છે તે રાષ્ટ્રીય પુરુષાર્થને પડકાર ફેંકનારું છે એમાં યે શંકા નથી. દેશના વિભાજનની સાથે સ્વાતંત્ર્ય દિનનો ઉદય થતો હતો અને એ વિભાજનમાંથી પ્રગટેલી ઘણી સમસ્યાઓ આજે પણ એક અથવા બીજા પ્રકારે હસ્તી ધરાવે છે, છતાં એટલો સંતોષ લઈ શકાય કે તે પછી દેશની એકતા અને અખંડિતતાને બાધ આવ્યો નથી. હા, ચીનના કબજામાં લડાખનો કેટલોક વિસ્તાર અને પાકિસ્તાન પાસે કાશ્મીરનો અમુક પ્રદેશ છે. આ વિષે એટલું આશ્વાસન લઈ શકાય કે આ સ્થિતિ આપણે મંજૂર રાખી નથી, કોઈ ને કોઈ ભૂમિકાએ સંઘર્ષ પણ ચાલે છે. અહીં જે એકતા, અખંડિતતા કલ્પાઈ છે તેનો અર્થ એ છે કે કાશ્મીર, નાગભૂમિ, મિઝો જેવા પ્રદેશોને કોઈ બહારની સત્તા કે કોઈ આંતરિક અરાજક તત્ત્વ ભારતીય દેહથી જુદા પાડી શક્યાં નથી. એ જ રીતે સ્વતંત્ર દ્રાવિડીસ્તાન કે સ્વતંત્ર તામિલનાડુ જેવી માગણીઓને પણ દાબી દેવામાં સફળતા મળી છે. ભૂતાન અને સિક્કિમ સાથેના કરારોમાં પણ આટલાં વર્ષોમાં ફેર પડ્યો નથી. અને એ બંને પર ભારતનું વર્ચસ્ જેવું હતું તેવું હજી સુધી તો રહ્યું છે.

બીજી સિદ્ધિ એ છે કે બિનસાંપ્રદાયિક લોકશાહીમાં આપણે બિનસાંપ્રદાયિકતા અને લોકશાહી બંને ટકાવી શક્યા છીએ. કોમવાદ અને ધાર્મિક ઝનૂનનાં વાવાઝોડાઓ આવ્યાં છે, પરંતુ મૂળભૂત સ્થિતિમાં ફેર પડ્યો નથી. આપણી ચારે બાજુ એક અથવા બીજા પ્રકારની સરમુખત્યારીઓ સ્થપાઈ છે છતાં આ દેશમાં સંસદીય લોકશાહીનો દીવો જલતો રહ્યો છે...જલતો રાખી શકાયો છે. વધુમાં, આપણી લોકશાહીએ કેટલીક ઉચ્ચ પ્રણાલિકાઓ પણ સ્થાપી છે. બંધારણ, વહીવટીતંત્ર અને ન્યાયતંત્ર વચ્ચે કેટલાંક ઘર્ષણો છતાં અંકુશ અને સમતુલાનું જે પ્રમાણ જોઈએ તે જળવાયું છે અને પાંચ વર્ષ કે તે પહેલાં કરોડો મતદારો દ્વારા સામાન્ય ચૂંટણીઓ પણ આપણે કરી શક્યા છીએ. ચીન–પાકિસ્તાનનાં આક્રમણો પછી પણ આપણા લોકશાહી માળખાને નુકસાન પહોંચ્યું નથી.

સર્વતોમુખી વિકાસ માટેની પંચવર્ષીય યોજનાઓ તથા બીજા પ્રયાસોમાં ક્યાંક સફળતા ને ક્યાંક નિષ્ફળતા મળ્યા હોવા છતાં આપણે જે આદર્શો નક્કી કરી શક્યા છીએ તે માટે ગૌરવ લેવાનો આપણને હક્ક છે. એક તો કલા-સંસ્કારથી માંડીને ખેતી–ઉદ્યોગ સુધીની જે વ્યાપક દૃષ્ટિ કેળવાઈ છે તે નોંધનીય છે. મુકત સ્પર્ધા નહિ, બળિયાના બે ભાગ નહિ, તેમ સંગીનની અણીએ કામ કરવાનું પણ નહિ એવી નીતિ સ્વીકારીને આપણે મધ્યમમાર્ગી દૃષ્ટિ કેળવી છે. વિદેશનીતિમાં પણ વિશ્વશાંતિ અને મૈત્રીના ધ્યેય સિદ્ધ કરવા માટે આપણે દૃઢતાપૂર્વક પુરુષાર્થ કર્યા છે. આજે તો જગતનાં સત્તાજૂથો, જૂથની દૃષ્ટિએ, શિથિલ થઈ ગયાં છે; પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછીનાં લગભગ પંદર વર્ષ સુધી એ સાચા અર્થમાં લડાઈની છાવણી રૂપ બની ગયાં હતાં. આવે સમયે સ્વતંત્ર, તટસ્થ, અલિપ્ત, બિનજોડાણવાદી વિદેશનીતિ દ્વારા આપણે મહત્ત્વનો ભાગ ભજવ્યો એટલું જ નહિ, પરંતુ નવા સ્વતંત્ર થયેલા મોટા ભાગના દેશોને સત્તાજૂથોમાં પડતા બચાવી લઈ એ માર્ગે વાળ્યા પણ છે.

કોઈ પણ પ્રજા ગર્વ લઈ શકે એવી આ સફળતાઓની સામે, શરમથી માથું ઝુકાવવું પડે અને ભવિષ્ય માટે ગંભીર ચિંતા સેવવી પડે તેવી એની નિષ્ફળતાઓ પણ આપણા ચોપડામાં નોંધાયેલી છે. કરોડો માનવીઓના નિત્ય જીવનને સ્પર્શે એવી નિષ્ફળતા છે જીવનની પ્રાથમિક જરૂરિયાતોની ઊણપની. આ ઊણપ આજે ભોગવીએ છીએ એટલું જ નથી, પરંતુ તેનો અંત ક્યારે આવશે તે પણ કલ્પી શકાતું નથી. આપણી વિદેશનીતિ જોઈએ તો સરહદ પર દુશ્મનો ગાજે છે ને તેના સામનામાં કોઈ બીજો દેશ સર્વાંશે આપણી સાથે નથી એ હકીકત છે. હા, હવે રશિયા સાથેના શાંતિ, મૈત્રી અને સહકારના સુખદ આશ્ચર્ય ઉપજાવતા કરાર થયા છે. દેશની એકતા જળવાઈ છે, પરંતુ એ જોખમમાંથી આપણે સર્વથા મુકત નથી થયા તેના પુરાવા રાજ્ય રાજ્ય વચ્ચે પ્રદેશના, ભાષાના, પાણીના, વીજળીના અને એવા અનેક ઝઘડામાંથી મળી રહે છે. દેશના કરોડો લોકો સ્વરાજનો અનુભવ કરી શકે અને પોતાની રીતે વિકાસ સાધી શકે તે માટે ભાષાવાર રાજ્યો પસંદ કર્યાં છે, પરંતુ ઘણી વાર તે જ એકતા માટે જોખમ રૂપ બનતાં જાય છે. રાજકીય ક્ષેત્રે પણ એવું જ છે. રાજકીય પક્ષોમાં પક્ષીય દૃષ્ટિ ઘણી બળવાન છે, રાષ્ટ્રીય દૃષ્ટિ નિર્બળ છે. સત્તાધારી પક્ષ સત્તા ભોગવે ને વિરોધ પક્ષ વિરોધ જ કરે એવું વિચિત્ર ગોઠવાઈ ગયું છે! આ સાથે વહીવટી તંત્રમાં અને ખાનગી ક્ષેત્રમાં પણ જે ભ્રષ્ટાચાર વ્યાપેલો છે તે ઉમેરીએ તો મસ્તક જ ફરવા લાગે!

આવા અજવાળાં-અંધારાની વચ્ચે સ્વાતંત્ર્ય દિનનું પ્રભાત ઊઘડે છે. આઝાદીના ચોવીસ વર્ષ પૂરાં કરી આપણે પચીસમા વર્ષમાં પ્રવેશીએ છીએ. સ્વાભાવિક રીતે એમ થાય છે કે આપણી સફળતાઓ ઊજળી બને અને વધતી રહે, આપણી નિષ્ફળતાઓ ભૂંસાઈ જાય ને જોખમો બધાં દૂર થાય એવું કંઈક શોધવાનો આ દિવસે પ્રયત્ન કરવો જોઈએ. આજ સુધીના અનુભવમાં એમ દેખાયું છે કે આપણા આદર્શો ને ધ્યેયો તો સાચા છે, એમાં લગભગ કશા જ ફેરફારની જરૂર નથી. જરૂર છે એ આદર્શો ને ધ્યેયોની પૂર્તિ માટે જે સંકલ્પો થયા છે તેને પાર પાડવાની. લોકોના સહકારની વાતો દરરોજ થાય છે અને તે વિના કોઈ લોકશાહી સફળ થાય નહિ એમ પણ યોગ્ય રીતે કહેવાય છે, પરંતુ આર્થિક વિકાસથી માંડીને બીજા બધા જ સવાલોમાં લોકોનો ઉત્સાહ અને સહકાર અલ્પ પ્રમાણમાં જ જોવા મળે છે. આનું કારણ દેશનેતાઓએ શોધવું જોઈએ. વિરોધીઓના પ્રચારથી જ આમ બને છે એમ માનવું તે ભ્રમણા જ ગણાશે. આ બાબતમાં યોગ્ય માર્ગદર્શન આપવાને સરકારમાં બેઠેલા અને બહાર રહેલા નેતાઓ નિષ્ફળ ગયા છે.

આપણા રાષ્ટ્રીય આંદોલનના ઈતિહાસનો બોધપાઠ જો લક્ષમાં લઈએ તો ત્યાં એમ દેખાય છે કે સામાન્ય પ્રજા ત્રણ ગુણોથી

આકર્ષાય છે. આ ગુણો છે: ત્યાગ, પરિશ્રમ અને પરાક્રમ. ગાંધીજીથી માંડીને શાસ્ત્રીજી સુધીના નેતૃત્વનું અવલોકન કરીશું તો આ વિધાનનું સમર્થન મળી રહેશે. પરંપરાની દૃષ્ટિએ તો શાસ્ત્રીજી ઘણા નાના માણસ હતા, પરંતુ એમના ત્યાગે, પરિશ્રમે અને પરાક્રમે એમને મહાપુરુષની કોટીમાં મૂકી દીધા. ઈન્દિરાજીમાં શકિત, સાહસ, હિમત અને મુત્સદીગીરીના દર્શન થાય છે, પરંતુ તેઓએ જે આશાઓ જન્માવી છે તે પૂર્ણ નહિ થાય—એ દિશાની સ્પષ્ટ ગતિ પણ નહિ દેખાય ત્યાં સુધી નેતૃત્વમાં શ્રદ્ધા જાગવાની નથી. નેતૃત્વ જો નબળું પડે અને તેની સાથે વૈભવ પણ જોડાયેલો હોય તો પ્રજા માનસ પર વિપરીત અસર પડે જ છે. જનવિરાટની જાગૃતિ માટે એવું વ્યકિતત્વ ઉપયોગી નીવડી શકતું નથી.

વ્યવહારુ ભૂમિકાએ જો વિચારીએ તો આપણે એક સાથે જ લોકશાહી અને સમાજવાદ, ખાનગી અને જાહેર સાહસ, નાના અને મોટા ઉદ્યોગો, સત્તા જૂથોની અલગ એની સ્વતંત્ર વિદેશનીતિ અને રાષ્ટ્રીય હિતની કસોટી પસંદ કર્યા છે. આ પસંદગી સર્વાંશે સારી અને સાચી છે, પરંતુ તેના અમલ માટે સ્થિર અને સ્પષ્ટ વિવેકબુદ્ધિ, નિર્ણયશકિત અને પ્રસંગ આવ્યે કુરબાન થઈ જવાની મનોવૃત્તિ અત્યંત આવશ્યક છે.

લોકસભાની છેલ્લી ચૂંટણીમાં આપણી લોકશાહી દૃઢ અને કાર્યક્ષમ પુરવાર થઈ, પરંતુ વિરોધ પક્ષો એના પરિણામે વધુ પડતા નિર્બળ બની ગયા!...છતાં સહકારને બદલે સત્તાની સ્પર્ધામાં તેઓ દાખલ થયેલા છે! ચૂંટણીનો ચુકાદો દેખીતી રીતે તો માથે ચડાવવો પડયો, પરંતુ અંતરથી તે સ્વીકાર્યો નથી એટલે એક બીજાને પછાડવાની પ્રવૃત્તિ ચાલતી રહે છે. એક બાજુ કૉંગ્રેસ અને બીજી બાજુ અનેક પક્ષો, વળી આંતરિક ભંગાણ અને પક્ષપલટા! લોકશાહીના ચોવીસ વર્ષને અંતે આવી પરિસ્થિતિ જોઈ ચિંતાથી હૈયું ઘેરાઈ જાય એ સ્વાભાવિક છે. કોઈ વાર એમ પણ થાય છે કે આવા સ્વરાજ માટે દાદાભાઈ, તિલક, ગોખલે, લજપતરાય, મોતીલાલ, ચિત્તરંજન દાસ, ગાંધીજી, સરદાર, સુભાષબાબુ, જવાહરલાલ નેહરુ અને હજારો ક્રાન્તિવીરો ને લાખો સત્યાગ્રહીઓ લડયા હતા?

આપણા દેશ સમક્ષ આજે સૌથી મોટી અને વિકટ સમસ્યા પાકિસ્તાનના લશ્કરી તંત્રે બાંગલા દેશમાં કરેલા ઘોર અત્યાચારો અને તેમાંથી જન્મેલી બીજી આપત્તિઓની છે. અત્યારે એ સિવાયની બાબતો દબાઈ ગઈ છે, પરંતુ જ્યારે આપણે સરવૈયું જ કાઢવા બેઠા હોઈએ ત્યારે નાની મોટી બધી બાબતો યાદ કરવી જોઈએ. બાંગલા દેશ અંગે જે પરિસ્થિતિ પેદા થઈ છે તે આપણી શકિત, એકતા, રાષ્ટ્રીયતા, વિદેશી સંબંધો અને એક પ્રજા તરીકેની જીવનનિષ્ઠાની અંતિમ કસોટી કરનારી હોય એવું લાગે છે. આમાંથી પાર ઊતરવાની વિચારણા પણ રાજકર્તાઓને અને પ્રજાના બધા વર્ગોએ આ સપરમા દિવસે કરવી જોઈએ. તા.૧૫ ઓગસ્ટનો સ્વાધીનતા દિન જેમ સરવૈયું કાઢવાનો અને તે તપાસવાનો છે તેમ તેમાંથી પ્રગટતા પ્રશ્નોના ઉકેલ માટેના સંકલ્પો તથા પુરુષાર્થનો પણ છે. ઈશ્વર એવા શુભ-સંકલ્પો માટે આપણને સદ્‌બુદ્ધિ આપે, એવા ભવ્ય પુરુષાર્થ માટે બળ આપે એવી પ્રાર્થના કરીએ.

**મોહનલાલ મહેતા-ચાંપાન**

# સમરથ કહું નહિં દોષુ ગોસાંઈ

પશ્ચિમમાં કામદારોનાં ઘરમાં ટેલિવિઝન, રેફ્રિજરેટર અને આંગણામાં મોટરગાડી હોય તોપણ સામાજિક સંઘર્ષ દિવસે દિવસે કેમ તીવ્ર બનતો જાય છે? અંગ્રેજીમાં જેને હિપ્પી કહે છે તે જુવાન છોકરા-છોકરીઓ કેમ ઔદ્યોગિક સંસ્કૃતિની અભૂતપૂર્વ સગવડો પ્રત્યે ઘૃણાની નજરે જુએ છે? આ સંઘર્ષ અને ઘૃણાની પાછળનું સંચાલક બળ યંત્રની ગુલામીમાંથી મુકત થવાનાં માણસનાં હવાતિયાં છે. જે મોટર સગવડનું શ્રેષ્ઠ પ્રતીક હતું તે હવે એક શાપ બની છે. મોટરોનો ગેસ હવાને ઝેરી બનાવે છે અને માણસોને ધરતી પર ચાલતા અટકાવે છે એ હકીકત હવે પશ્ચિમના અને જાપાનના જુવાનોને અકળાવે છે. યંત્રની એક બાજુ આવી લકવો જન્માવે તેવી પકડ છે, તો બીજી બાજુ બતાવવાના અને ચાવવાના જુદા જેવાં સામાજિક ઘોરણો છે. હાથે કરીને ચીંથરેહાલ રહેતા હિપ્પીઓ આ વાતને સાદી ભાષામાં કહે છે: "આખો સમાજ પગથી માથા સુધી સાવ જૂઠ્ઠો છે."

તમે માણસને મોટર અને રેફ્રિજરેટર આપો એથી એને સંતોષ થવાનો નથી. એને તમે પગે ચલાવો પણ સમાનતાપૂર્વક સાચવો તો તેને મોટર, ટેલિવિઝન અને રેફ્રિજરેટર તુચ્છ લાગશે. યાંત્રિક સંસ્કૃતિની સગવડો શરીરને રાહત આપે છે પણ જો સમાનતાના માળખામાં આ સગવડો ન મળે તો મન બળવો કરે છે. લોકો સરકાર અને અર્થતંત્રનું સંચાલન કરે તે રાજકર્તા વર્ગ અને સામાન્ય પ્રજા વચ્ચે જેટલી અસામનતા વધુ તેટલી પ્રજામાં અને ખાસ કરીને યુવાન પ્રજામાં ભાંગફોડિયા વૃત્તિ વધુ પ્રબળ. એક ઘોરણ ઉપલા વર્ગ માટે અને બીજું ઘોરણ સામાન્ય લોક માટે—આવું જ્યાં સુધી રહેશે ત્યાં સુધી અજંપાની આગ ઓલવાશે નહિ.

મને આ વિચારો થોડા સમય પહેલાં વિખ્યાત બ્રિટિશ સાપ્તાહિક 'ન્યુ સ્ટેટ્સમેન'ના ૫ ફેબ્રુઆરી ૧૯૭૧ ના અંકમાં પ્રસિદ્ધ થયેલું રોજર મૅકિસનું એક રોચક કટાક્ષકાવ્ય 'ઑથેકસ ફોર એવરીમેન' વાંચતા આવ્યા. મને લાગે છે કે આ કવિતા વિષે કંઈ કહું તે પહેલાં તેનો અનુવાદ આપી દઉં.

**સંસારનું નીતિશાસ્ત્ર!**

વિપ્લવવાદીઓ બૉમ્બ ફેંકે એ ખરાબ છે;
સરકારો બૉમ્બવર્ષા કરે તો એ સારું છે.
સિતમને સિતમ કહેવાય કે કહેવાય ના—
આચરે છે કોણ તેની પર તે નિર્ભર છે.
બળવાખોરો કેરી અદાલતો ખરાબ છે;
લશ્કરી કૉર્ટ શી ખાસ અદાલતો સારી છે.
ઊજળાં લૂગડાંવાળા સાહેબલોકો જ્યારે
લોકવર્ગ પાસે શિસ્ત પળાવે તે યોગ્ય છે.
ઉદ્યોગોનું ઉત્પાદન વધે તો એ સારું છે;
કામદારોનાં વેતન વધે એ ખરાબ છે.
કંપનીના નફા વધે ત્યારે પાડો તાળીઓ;
પગાર વધારો ચાહો તો જાઓ અદાલતે.
દરરોજ દેવળમાં જુગારના અડ્ડાને
ધર્મગુરુ ઊંચાસાદે શાપ કહી નિંદે છે;
શેરબજારમાં જ્યારે સટોડિયા ખેલે છે
ત્યારે તેઓ રાષ્ટ્ર કેરી આવક વધારે છે.
કામદારો કામચોર, સાહેબ આરામમાં;
બેની વચ્ચે ગોળ અને ખોળ જેવો ફેર છે.
બે-મોઢાળી દેખાય છે નીતિ સૌ સમાજની—
એક પાટે એક વાત, બીજે પાટે બીજી છે.

માણસ ગમે તેટલો આગળ વધ્યો હોય, વિજ્ઞાને ગમે તેટલી પ્રગતિ કરી હોય, લોકશાહી ગમે તેટલી વિકસી હોય, ધર્મગ્રંથો ગમે તેટલાં વંચાતા હોય અને કવિતા ગમે તેટલી લખાતી હોય તોપણ માણસનો માંયલો તો અચલાયતન રહ્યો છે. હજારો વર્ષની સંસ્કૃતિયાત્રા પછી પણ આખરે તો આ સંસારમાં બળિયાના બે ભાગ છે. જેના હાથમાં સંગઠિત હિંસાનો દોર છે તેના પલ્લે ન્યાય છે. આ સંસારનું સત્ય "સર્વે ગુણાઃ સામર્થ્યં આશ્રયન્તે" છે. બંદૂકના ઘોડા પર કોની આંગળી છે તે હકીકત ખરુંખોટું નક્કી કરે છે. આમ કહીએ ત્યારે દોષદેખા (સિનિક)નો પાઠ ભજવતા હોઈએ તેવું લાગે છે. પણ કવિને માટે ખોટા બનવા કરતાં દોષદેખા થવું વધુ સ્વાભાવિક છે.

**વાડીલાલ ડગલી**

# ☆ જોઈએ છે સાર્વભૌમ, સાર્વકાલિક જૈનધર્મ ☆

મારે મન બૌદ્ધધર્મ અને જૈનધર્મ વ્યાપક હિંદુધર્મની જ બે સ્વતંત્ર શાખા છે. અને બંનેએ પોતાની હસ્તીનું સમર્થન કર્યું છે. એમાં બૌદ્ધધર્મ ભારત બહાર ખૂબ ફેલાયો. અને હવે યૂરોપ-અમેરિકાના ગોરા લોકોમાંથી કેટલાક મનીષીઓ ઉપર પોતાનો પ્રભાવ જમાવે છે.

જૈનધર્મે જાણે સોગંદ ખાધા છે કે ભારત બહાર જવું જ નહિ. જૈનધર્મના સાધુઓ વાહનમાં બેસે નહિ. પગે ચાલીને મુસાફરી કરે. અહિંસક ખોરાકની પ્રતિકૂળતા હોય એવા પ્રદેશોમાં જવાય જ કેમ? એટલે તેઓ ભારત બહાર ગયા જ નહિ. આજે પણ વાહનમાં બેસવા અથવા વિદેશયાત્રા કરવા જૈન સાધુઓને લોકોત્તર હિંમત કેળવવી પડે છે. 'સાધુઓ સમાજ ઉપર આક્રિત; અને સમાજ, પોતે ગમે તેવું જીવન ગાળે તો પણ, જૂની રૂઢિઓને માન્યતા આપવાને બંધાયેલો.' એટલે જીવનનું મુખ્ય વ્યાકરણ જે વિકાસ, તે જ જાણે બંનેએ મળીને કોરે મૂકી દીધું. જે ધર્મમાં નિત્ય-વિકાસને અવકાશ ન હોય તે ધર્મ પોતાના સમાજને જીવન્ત પ્રેરણા આપી શકતો નથી. ખરેખર એનું સ્થાન જીવનમાં નહિ પણ મ્યુઝિયમમાં જ હોઈ શકે. ખરું જોતાં જૂના ધર્મગ્રંથો અને તીર્થંકરોનાં વચનોનો અર્થ કર્યા કરવો, એટલું જ કામ સાધુઓનું નથી. એમણે પોતાનું ચિંતન વધારી, ધર્મ સેવાના પુરુષાર્થો કરી, સમયાનુકૂલ અને ખાસ કરીને ભવિષ્યના વિકાસને ધર્માનુકૂલ બનાવવા માટે, નવા નવા શાસ્ત્રો સમાજને આપવા જોઈએ. અને એથીયે વિશેષ સમાજને સત્યના ઉપાસક, જીવનના પ્રયોગો કરનાર, પુરુષાર્થી અને અનુભવ-પરાયણ બનાવવો જોઈએ. એના બદલામાં એમની આંધળી શ્રદ્ધા સમાજને ગ્રંથ-પરાયણ, વચન-પરાયણ અને ગુરુ-પરાયણ બનાવે છે.

આ દોષ જૈન અને બૌદ્ધસમાજ કરતાં હિંદુસમાજમાં વધારે છે. હું માનું છું કે બૌદ્ધધર્મ અને જૈનધર્મ બંનેએ વેદપ્રામાણ્ય સ્વીકારવાની ના પાડી. તેથી તેઓ સનાતન ધર્મથી નોખા પડયા. એ જ એમની મોટી હિંમત અને તેથી આ બે ધર્મોને હિંદુસમાજ ઉપર અસર પાડવાની અને એને સાચો રસ્તો બતાવવાની તક મળી છે.

અહીં આપણે વેદપ્રામાણ્યનો જરા વિચાર કરીએ – આમાં પહેલાં મારી ભૂમિકા સ્પષ્ટ કરું. હું સનાતનધર્મમાં માનનારો, એક નમ્ર હિંદુ છું. જન્મે બ્રાહ્મણ, ધર્મસાહિત્ય ઠીક ઠીક વાંચ્યું છે. વેદો વિષે હું કહું છું કે સનાતની બ્રાહ્મણ હોઈ આપણા આદિગ્રંથો વેદો વિષે મારામાં અત્યંત આદર છે. એ ગ્રંથોમાં શું કહ્યું છે એ જાણવા માટે આદરપૂર્વક પ્રયત્ન કરીશ. એમાંથી જે વસ્તુઓ ગળે ઉતરે તેનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરીશ. (બાળપણથી વૈદિક સંસ્કૃતિમાં ઉછરેલો હોઈ ઘણીખરી વસ્તુઓ ગળે ઉતરતા વાર નથી લાગતી, એ તો સ્વાભાવિક છે) પણ જે વસ્તુ ગળે ન ઊતરે તે કેવળ પૂર્વજોએ કહી છે એટલા માટે વગરવિચાર્યે, આંધળો થઈ, તે માની લેવા હું બંધાયેલો નથી. જે વાત ગળે ન ઊતરે તેમાં મારી નબળાઈ જ મુખ્ય કારણ હશે. (આચરણની નબળાઈ નોખી અને ધર્મબુદ્ધિથી સમજવાનો પ્રયત્ન કરવામાં નડતી નબળાઈ નોખી. હું જાતે આ બીજીને નબળાઈ ન પણ ગણું.) અને છતાં ગળે ન ઉતરતી વસ્તુનો એકદમ વિરોધ ન કરું. 'નિર્ણય મોકૂફ રાખવાની' Suspended Judgement ની સગવડ માણસ પાસે છે. એટલે વાત ગળે ઊતર્યા વગર કોઈ પણ વસ્તુનું પ્રામાણ્ય હું ન સ્વીકારું, અને છતાં એનો વિરોધ ન કરતા એ વસ્તુ પ્રત્યે સામાન્ય આદરયુક્ત જિજ્ઞાસા સેવીશ.

વેદકાળની રૂઢિઓમાં કેટલીક રૂઢિઓ મને અમાન્ય હોય, અધાર્મિક લાગતી હોય, તો તેમ કહેતાં હું સંકોચ ન કરું. આજે મને કોઈ પૂછે કે વેદગ્રંથનું પ્રામાણ્ય સ્વીકારવા તમે બંધાયેલા છો કે નહિ? તો કહીશ 'બિલકુલ નહિ. હું એટલું જ કબૂલ કરવા બંધાયેલો છું કે જન્મે અને સંસ્કારે હું વેદપરંપરાનો છું. વેદપરંપરા મને માન્ય છે.' પ્રામાણ્ય સ્વીકારવાનો બોજો મારા પર નહિ નાંખતા. જૂના વખતમાં જો આપણે બૌદ્ધોને અને જૈનોને પૂછ્યું હોત કે વેદની પરંપરા તમને માન્ય છે કે નહિ? તો તેઓ પ્રસન્નતાથી કહેત, "અમે વેદપરંપરાના જ છીએ. એની ના અમારાથી કહેવાય જ કેમ? પરંપરામાં રહી, રૂઢિઓમાં, સંસ્કારોમાં, અને માન્યતાઓમાં અમુક ઢબે સુધારા કે ફેરફારો કરવાની છૂટ માણસમાત્રને હોવી જ જોઈએ. તે જ અધિકાર અમે ભોગવવા માંગીએ છીએ. એ અમારા અધિકાર અમને ઘરમાં રહ્યો મળતા હોત તો ઘરબહાર જવાની અમને જરૂર નથી. ઈચ્છા પણ નથી."

બૌદ્ધ અને જૈન જેવા પુરુષાર્થી અને તેજસ્વી બે સમાજને ખોવાની હિંદુધર્મને કશી જરૂર ન હતી. આંધળાપણે, વગર સમજે, પ્રામાણ્યમાન્ય કરવાનો આગ્રહ ઊભો કરી આપણે બૌદ્ધને અને જૈનીઓને નાહક ખોયા, અને છતાં આપણે જોઈએ છીએ કે જૈનો મોટેભાગે સનાતની પરંપરાથી દૂર ગયા જ નથી.

ઉલ્ટું ધર્મની બાબતમાં સાધુઓની આણ સ્વીકારી તેઓ ઠીક ઠીક રૂઢિવાદી રહ્યા છે.

જે જૈન દૃષ્ટિ, જૈન સંસ્કૃતિ અને જૈનધર્મ મૂળમાં આખા વિશ્વમાં ફેલાવવા જેવા હતા, તેમણે હિંદુસ્તાનમાં વસતા સનાતન સંસ્કૃતિની રૂઢિવાદી સંસ્થાનું જ સ્વરૂપ પકડયું છે.

હું જાતે સનાતની હિંદુ હોઈ જૈન સમાજને સલાહ આપવાનો મારો વિશેષ અધિકાર માની શકતો નથી. છતાં એટલું કહીશ કે જૈનધર્મ પૂર્ણપણે જાણનારા અને પાળનારા લોકોએ પોતાના ધર્મના બે વિભાગ કરવા જોઈએ. (૧) તાત્ત્વિક દૃષ્ટિએ જેને જૈનધર્મ અથવા જૈન તત્ત્વજ્ઞાન કહી શકાય તેને સાર્વભૌમ, સાર્વકાલિક પ્રધાન જૈન ધર્મ તરીકે વિસ્તારથી સમજાવવો અને સાથે સાથે (૨) આજે હિંદુસ્તાનમાં જૈનસમાજમાં પળાતા જૈનધર્મને 'ભારતીય આવૃત્તિ' અથવા 'હિંદુ આવૃત્તિ' તરીકે અલગ બતાવવી. હિંદુસ્તાનમાં રહેલા અને વંશપરંપરાગત જૈનધર્મમાં માનનારા લોકો જૈનધર્મની 'આ ભારતીય આવૃત્તિ' પ્રમાણે ચાલે. (અને તેમાં વખતોવખત સુધારાવધારા કરતા જાય.)

અને જે વ્યાપક, સાર્વભૌમ, મૌલિકપ્રધાન જૈન દૃષ્ટિ આપણે અલગ પાડી છે. તેનો પ્રચાર આખી દુનિયાના ભિન્ન ભિન્ન દેશોમાં જોરથી કરી શકાય. પછી ત્યાંના લોકો પોતપોતાની રૂઢ સંસ્કૃતિને અનુકૂળ એવી સાર્વભૌમ સ્વદેશી આવૃત્તિ તૈયાર કરે તો તેમને એની છૂટ હોવી જોઈએ.

અહીંના જૈનીઓની ભારતીય સંસ્કૃતિ ભારત બહારના સમાજો પર લાદવાનો પ્રયત્ન આપણે ન કરી શકીએ. એમાંથી જે ભાગ બહારના લોકોને ગમે તે સ્વીકારતા તો મને કોણે રોકી શકે?

આ જ નિયમ આજે બૌદ્ધધર્મને જાણે અજાણે લાગુ કરાયો છે. સિલોન (લંકા) નો બૌદ્ધધર્મ નોખો છે. અને તિબેટનો નોખો છે. બ્રહ્મદેશનો નોખો છે અને જાપાનનો વળી એથીયે નોખો.

બૌદ્ધધર્મના 'હીનયાન' અને 'મહાયાન' એ બે મુખ્ય ભેદો તો છે જ. મહાયાનમાં શાકતોએ પોતાના સંસ્કાર ઉમેર્યા. એનો સ્વીકાર તિબેટના લોકોએ કર્યો, એમાં સ્થાનિક વિચારો, માન્યતાઓ અને રૂઢિઓ ઉમેરી એવો 'તિબેટી બૌદ્ધધર્મ' ચીનમાં ફેલાયો. મંગોલિયામાં ગયો, ત્યાંથી એ જાપાનમાં ફેલાયો.

જાપાની લોકોએ કોરિયામાં જઈ ત્યાંનો બૌદ્ધધર્મ પોતાના દેશમાં દાખલ કર્યો. પણ તેમ કરવા જતાં પોતાના સ્વદેશી 'શિન્તો ધર્મ'ના સંસ્કારોની એને દીક્ષા આપી.

બૌદ્ધધર્મની આવી અનેક આવૃત્તિઓ છે. હવે પશ્ચિમના એટલે કે યૂરોપ અમેરિકાના કેટલાક ગોરા ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મથી નારાજ થઈ બૌદ્ધધર્મનો સ્વીકાર કરવા માંગે છે. તેઓ મહાયાન, હીનયાન, તિબેટી બૌદ્ધધર્મ, ચીની બૌદ્ધધર્મ, જાપાની બૌદ્ધધર્મ, બધાનું અધ્યયન કરે છે. તે તે ધર્મના રૂઢિવાદી બૌદ્ધધર્મના સાધુઓ પાસેથી તેમના ધર્મની ખૂબીઓ (અને દોષો) જાણી લે છે. અને કહે છે "એ સ્થાનિક અને પ્રાદેશિક બૌદ્ધધર્મ ભલે તે તે પ્રદેશમાં ચાલે. અમે તો બુદ્ધ ભગવાને ચલાવેલા અને પાછળથી વિકસિત થયેલા (અને બગડેલા) બૌદ્ધધર્મમાંથી મૌલિક તત્ત્વો તારવી કાઢી એનો જ સ્વીકાર કરવા માંગીએ છીએ. અમે અભિમાન અને આદર સાથે પોતાને બૌદ્ધ કહેવડાવીશું. આજ સુધી થઈ ગયેલા અનેક બુદ્ધો અને બોધિસત્ત્વો પ્રત્યે આદર રાખીશું. પણ અમે તો (અમારી દૃષ્ટિએ શુદ્ધ અને મૌલિક) બૌદ્ધધર્મને જ માનીશું અને એ પ્રમાણે પોતાનું જીવન ઘડવાના પ્રયત્નો કરીશું. તેમ કરતાં અમારા પરંપરાગત ખ્રિસ્તી સંસ્કારો જો એમાં દાખલ થાય તો થાય પણ ખરા. એ સંસ્કારો સ્વીકારીશું, પણ એમને શુદ્ધ બુદ્ધ ધર્મનું આવશ્યક અંગ માનવાની ભૂલ નહિ કરીએ.

હું માનું છું કે દુનિયાના બધા જ ધર્મોમાંથી એ ધર્મોની મૂળ આવશ્યક જીવન-દૃષ્ટિ અલગ કાઢી એનો માનવજાતિ માટે સાર્વભૌમ પ્રચાર થવો જોઈએ.

આ જાતનો પ્રયત્ન બધા જ ધર્મના લોકોએ કરવો જોઈએ. પણ એમાંયે સ્યાદવાદની ભૂમિકા ઉપર ઊભેલા જૈનધર્મનું કર્તવ્ય વિશેષ છે. સ્યાદવાદની શુદ્ધતમ્ દૃષ્ટિને સ્વીકારી 'તમામ ગ્રંથપ્રામાણ્ય એટલે કે વચનપ્રામાણ્ય' કેરે મૂકી દઈ જૈનોએ શુદ્ધ જૈનદૃષ્ટિ, જૈન સંસ્કૃતિ અને જૈન ધર્મભાવના નોખી પાડવી જોઈએ. અને ભારતમાં પ્રચલિત જૈનધર્મનું વૈશિષ્ટ્ય નોખું પાડવું જોઈએ. જૈન સમાજ જો આટલું કામ કરે તો દુનિયાના બધા ધર્મો આગળ એક શુદ્ધતમ, લગભગ, દિવ્ય દાખલો તૈયાર થશે. અને એમાંથી જ વિશ્વની સાર્વભૌમ ધાર્મિકતાનું પ્રાગટ્ય થશે.

**કાકાસાહેબ કાલેલકર**

## બંધારણમાં ફેરફાર

બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં, બંધારણની સ્પષ્ટ જોગવાઈ અને સુપ્રિમ કૉર્ટના પોતાના પૂર્વના ચુકાદાઓની વિરુદ્ધમાં જઈ, સુપ્રિમ કૉર્ટે બહુમતિથી ઠરાવ્યું કે, જાહેર હિત માટે રાજ્ય કોઈ મિલકત લે તો તે માટે અપાયેલ વળતર પૂરતું છે કે નહિ તેનો નિર્ણય કરવાનો કૉર્ટને અધિકાર છે.

રાજવીઓના સાલિયાણાંના કેસમાં સુપ્રિમ કૉર્ટે ઠરાવ્યું કે કલમ ૩૬૬ (૨૨) મુજબ માત્ર જાહેરાત કરીને, રાષ્ટ્રપતિ બધા રાજવીઓને આપેલ સ્વીકૃતિ રદ કરી શકતા નથી. આ કેસ માટે આટલો નિર્ણય પર્યાપ્ત હતો. પણ તેથી આગળ જઈને, કેટલાક જજોએ સ્પષ્ટપણે અને કેટલાકે ગર્ભિત રીતે, એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે સાલિયાણાં એ મિલકતને લગતો મૂળભૂત અધિકાર છે. પરિણામે, સાલિયાણાં રદ કરવા હોય તો પૂરું વળતર આપવું પડે. જો પૂરું વળતર આપવું હોય તો રદ કરવાનો અર્થ શું છે?

રાજ્યને જાહેર હિત માટે કોઈ મિલકત લેવાની જરૂર પડે ત્યારે, તેનું વળતર આપવું એવી જોગવાઈ બંધારણમાં છે જ. પણ આવું વળતર કેટલું અને કેવા સ્વરૂપે-રોકડેથી કે લાંબાગાળાના બૉન્ડ્સ રૂપે-આપવું તે નક્કી કરવાનો અધિકાર પાર્લામેન્ટને છે એમ માનવામાં આવતું. જમીનદારીઓ નાબુદ કરી અને ખેત-જમીનને લગતા બધા રાજ્યોએ કાયદાઓ કર્યા તેમાં વળતરનો સવાલ મુખ્ય હતો. ૧૯૫૪ પહેલાં સુપ્રિમ કૉર્ટે એમ ઠરાવ્યું હતું કે પૂરું વળતર આપવું જોઈએ-ઓછું અપાય નહિ. તેથી ૧૯૫૪ માં મૂળભૂત અધિકારની કલમ ૩૧ માં ફેરફાર કરી સ્પષ્ટ જોગવાઈ કરી કે વળતર ઓછું અપાય છે તે કારણે કૉર્ટમાં એવા કાયદાને પડકારી શકાશે નહિ. No such law shall be called in question in any court on the ground that the compensation provided by that law is not adequate.

મૂળભૂત હકોમાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર છે તે હકીકત સુપ્રિમ કૉર્ટે છેક ૧૯૫૧થી સર્વાનુમતે આપેલા ચુકાદાઓથી સ્વીકારી હતી.

વળી, વળતર પૂરતું ન હોય તો પણ એવા કાયદાને પડકારી શકાતો નથી એ હકીકત, ૧૯૫૪ પછી સુપ્રિમ કૉર્ટે આપેલ ચુકાદાઓમાં સ્વીકારવામાં આવી છે.

છતાં ૧૯૬૭ માં, હવે બહુ ગવાયેલ ગોલકનાથ કેસમાં, માત્ર એક બહુમતિથી (છ વિરુદ્ધ પાંચ), સુપ્રિમ કૉર્ટે, પોતાના પૂર્વના સર્વાનુમતિ ચુકાદાઓ રદ કરી, ઠરાવ્યું કે મૂળભૂત અધિકારો રદ કરવા અથવા ન્યુન કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી. બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં, ૧૯૫૪ ના ફેરફારને અને ત્યાર પછીના પોતાના ચુકાદાઓને અવગણી, સુપ્રિમ કૉર્ટે ઠરાવ્યું કે વળતર પૂરતું છે કે નહિ તેનો નિર્ણય કરવાનો સુપ્રિમ કૉર્ટને અધિકાર છે.

આવો અર્થ કરવામાં Compensation શબ્દનો આધાર લીધો.

ગોલકનાથના કેસ પછી, મૂળભૂત હકોમાં ફેરફાર થાય એવું ન હતું. તેથી વટનો ખાતર, આપવું જોઈએ તેના કરતાં બમણું અથવા તેથી પણ વધુ વળતર આપીને, કૂવો જોડેનું રાષ્ટ્રીયકરણ કર્યું. સાલિયાણાંનો પ્રશ્ન લટકતો રહ્યો.

આ પરિસ્થિતિ અસહ્ય હતી. ૧૯૭૧ ની ચૂંટણીમાં આ એક મુખ્ય મુદ્દો હતો. પ્રજાએ ઈન્દિરા ગાંધીને મોટી બહુમતી આપી. આર્થિક અસમાનતાઓ દૂર કરવી હોય અને ગરીબી હટાવવી હોય તો હાલ છે તેવા મિલ્કતના અધિકારો યાવત્ચન્દ્રદિવાકરૌ-અબાધિત રહે નહિ. સરકારે ત્વરિત પગલાં લેવા જ રહ્યાં. તેથી, બંધારણમાં ફેરફાર કરતાં ત્રણ ખરડા-જેને ૨૪, ૨૫ અને ૨૬ મા ફેરફાર કહે છે-લોકસભામાં દાખલ કર્યા છે. મિલ્કતને લગતા મૂળભૂત હકોમાં કાંઈ ફેરફાર કરાય તે પહેલાં, ગોલકનાથનો ચુકાદો રદ કરી, એવા ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર છે તે સ્થાપિત કરવું જોઈએ. ૨૪ મો ખરડો તે માટે છે. ૨૫ મા ખરડામાં ફરીથી જાહેર કરવામાં આવે છે કે વળતર કેટલું અને કેવા સ્વરૂપે આપવું તેનો નિર્ણય પાર્લામેન્ટ જ કરી શકશે. અને તે પુરેપુરૂં નથી તે કારણે જ એવા કોઈ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાશે નહિ. ૨૬ મો ખરડો સાલિયાણાં નાબુદી માટેનો છે. મોટેભાગે, આ ત્રણે ખરડાઓ, સુપ્રિમ કૉર્ટના ઉપર જણાવેલ ત્રણ ચુકાદાઓ પૂર્વે જે સ્થિતિ હતી, તે કાયમ કરવા માટે છે. પણ ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ઊભી ન થાય તેની કાંઈક ચિન્તાથી, આ ખરડાઓની જોગવાઈ વધારે સ્પષ્ટ અને કાંઈક વિશેષ છે.

પહેલાં ૨૪ મો ખરડો કાયદો થાય પછી જ, ૨૫ અને ૨૬ મા ખરડાઓ હાથ ધરાય. તેથી આ બન્ને ખરડાઓ દાખલ કર્યા છે પણ તેની વિચારણા પછી થશે. ૨૪ મો ખરડો લોકસભામાં ૩૮૪ વિરુદ્ધ ૨૩ ની જંગી બહુમતિથી અને રાજ્ય સભામાં, ૧૭૭ વિરુદ્ધ ૩ ની બહુમતીથી પસાર થયો છે. આ ખરડાથી કલમ ૩૬૮ માં ફેરફાર થતો હોવાથી, ઓછામાં ઓછા ૯ રાજ્યોની ધારાસભાઓની તેમને મંજૂરી મળવી જોઈએ. તે મળવામાં મુશ્કેલી જણાતી નથી.

હવે ૨૪ મો ખરડો થોડી વિગતથી તપાસીએ. ગોલકનાથ કેસના બહુમતિ ચુકાદાનો સાર એ હતો કે બંધારણમાં ફેરફારને લગતી કલમ ૩૬૮, બંધારણની કલમ ૧૩ ને કારણે, મૂળભૂત હકોને લાગુ પડતી નથી. તેથી બંધારણમાં ફેરફાર કરવાની કલમ ૩૬૮માં જોગવાઈ છે તે મુજબ મૂળભૂત અધિકારોમાં પાર્લામેન્ટ ફેરફાર કરી શકતી નથી. ૨૪ મા ખરડામાં કલમો ૧૩ અને ૩૬૮મા સુધારા કરી સ્પષ્ટ કરવામાં આવે છે કે, મૂળભૂત હકોમાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર છે અને કલમ ૧૩ એવા ફેરફારોને લાગુ પડશે નહિ.

પાર્લામેન્ટે પસાર કરેલ કોઈ પણ ખરડાને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવી રહે છે અને બંધારણીય પ્રથા (Convention) મુજબ રાષ્ટ્રપતિ મંજૂરી આપે જ છે. પણ ૨૪ મા ખરડામાં એવી જોગવાઈ કરી છે કે બંધારણમાં ફેરફાર કરતાં ખરડાને રાષ્ટ્રપતિએ મંજૂરી આપવી જ જોઈશે. આવી જોગવાઈ શા માટે કરવી પડે છે તેનો કોઈ ખુલાસો લોકસભાની ચર્ચા દરમ્યાન થયો નથી. કદાચ, વધારેપડતી ચોકસાઈ માટે હોય. તેમાં રાષ્ટ્રપતિનો કાંઈક અણવિશ્વાસ રહ્યો છે. હું જાણું છું ત્યાં સુધી, બંધારણ પછીના ૨૫ વર્ષમાં આવો જ ઠરાવ એકે પસાર થયો નથી ત્યારે પાર્લામેન્ટ [illegible]

કરેલ ખરડાને રાષ્ટ્રપતિએ મંજૂરી આપવા આનાકાની કરી હોય. હિન્દુ વારસા ધારો થયો ત્યારે રાજેન્દ્રબાબુ તેને મંજૂરી આપવા નારાજ હતા. પણ છેવટ તેમને કહેવામાં આવ્યું હતું કે તેમણે મંજૂરી આપવી જ જોઈએ અને પછી આપી.

૨૪ મા ખરડાએ દેશમાં સારી પેઠે વિવાદ જગાડયો છે. હકીકતમાં, ગોલકનાથ કેસનો ચુકાદો આવ્યો ત્યારથી જ આ વિવાદ શરૂ થયો છે. સ્થાપિત હિતોએ આ ચુકાદાને ઉમળકાભેર આવકાર્યો છે. માત્ર બંધારણની દૃષ્ટિએ જ જોઈએ તો, ગોલકનાથ કેસના ચુકાદામાં, છ જજોએ બંધારણની કલમો ૩૬૮ અને ૧૩ નો જે અર્થ કર્યો છે તે ખોટો છે. તટસ્થ કાયદાના નિષ્ણાતો, શ્રી. મોતીલાલ સેતલવડ, શ્રી સીરવાઈ, અને બીજા ઘણાનો સ્પષ્ટ અભિપ્રાય છે કે ગોલકનાથ કેસનો બહુમતિ ચુકાદો ખોટો છે. સેતલવડે કહ્યું છે કે તે રાજકીય હેતુથી પ્રેરિત ચુકાદો છે. It is a political dicition. ગોલકનાથનો બહુમતી ચુકાદો અસંગતિઓથી (Contradictions) ભરપૂર છે. જે પાંચ જજોએ વિરુદ્ધ અભિપ્રાય આપ્યો છે તેમણે બહુમતિ ચુકાદાની દરેક દલીલનો જડબાતોડ જવાબ આપ્યો છે.

પણ, બંધારણની દૃષ્ટિ ઉપરાંત, બીજી ઘણી બાબતો સ્થાપિત હિતોએ ઊભી કરી છે. મૂળભૂત હકોમાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર હશે તો બધા મૂળભૂત હકો રદ થશે, લોકશાહી ખતમ થઈ સરમુખત્યારશાહી આવશે, બધાની મિલકત સરકાર પડાવી લેશે, લઘુમતીઓને કોઈ રક્ષણ નહિ રહે, એવી ઘણી ભ્રામક માયાજાળ ઊભી કરવા પ્રયત્ન થયો છે. ગોલકનાથનો ચુકાદો પૂર્વે આ અધિકાર હતો જ અને પાર્લામેંટે તેનો ઉપયોગ પણ કર્યો છે તે હકીકત ભુલાઈ જવાય છે. પ્રજાના ચુંટાયેલ પ્રતિનિધિઓમાં અવિશ્વાસ કરવો તે લોકશાહીના મૂળમાં કુઠારાઘાત છે અને તેમાં જ લોકશાહીનો દ્રોહ છે. મૂળભૂત હકો બંધારણમાં પ્રજાના પ્રતિનિધિઓએ જ મૂક્યા છે. કોઈ પણ સત્તા કે અધિકારનો સદુપયોગ થશે કે દુરુપયોગ તેનો આધાર પ્રજાની જાગ્રતિ ઉપર છે, ગોલકનાથ કેસમાં જસ્ટીસ વાંદ્રુએ કહ્યું છે :–

"Possibility of abuse of any power granted to any authority is always there; and if possibility of abuse is a reason for withholding the power, no power whatever can ever be conferred on any authority, be it executive, legislative or even judicial .... even if it (Parliament) abuses the power of Constitutional amendment under Article 368, the check in such circumstances is not in Courts but is in the people who elect members of Parliament".

૨૪ મા ખરડાને માત્ર પાર્લામેન્ટમાં જ નહિ પણ દેશભરમાં મોટો આવકાર મળ્યો છે. વાણીસ્વાતંત્ર્ય, ધાર્મિક, સાંસ્કારિક અથવા લઘુમતિના હકો વગેરે કોઈ રદ કે ન્યુન કરવાનું નથી, કરી શકે નહિ,– એવી કોઈ સરકાર આવશે ત્યારે બંધારણ જ નહિ હોય. અત્યારનો ઠેકાણોહ માત્ર મિલકતના હકો માટે જ છે. તેમાં પણ જેની પાસે મોટી અને વધારે પડતી મિલકતો છે તેવા સ્થાપિત હિતોના રક્ષણ માટે.

૨૪ મા ખરડાને પણ કોર્ટમાં પડકાર તો થશે જ. ગોલકનાથ કેસમાં જ જસ્ટીસ હીદાયતુલ્લાએ આવા પડકારનો નિર્દેશ કર્યો છે. પાર્લામેન્ટનો અધિકાર કાયમ કરવા, કલમ ૩૬૮ મા સુધારો કરવામાં આવે તો પણ, તેમના મત મુજબ, તેવો સુધારો, કલમ ૧૩ ને કારણે થાય નહિ. આ દલીલ ધ્યાનમાં રાખી, ૨૪ મા ખરડામાં કલમ ૩૬૮ અને ૧૩ બન્નેમાં ફેરફાર કર્યો છે. સુપ્રિમ કોર્ટની સારી પેઠે ટીકા થઈ છે, કેટલીક અનુચિત. સુપ્રિમકોર્ટે પણ છેલ્લાં પાંચ વર્ષમાં મિલકતના હકોના રક્ષણ માટે વધારે પડતી ચિન્તા બતાવી છે. સુપ્રિમ કોર્ટ અને પાર્લામેન્ટ, બન્નેએ પરસ્પરના માન અને આદર જાળવવા જોઈએ અને પોતપોતાની મર્યાદા સમજવી જોઈએ. એકનો અનાદર બીજામાં અનાદર પ્રેરે. પાર્લામેન્ટ અને સુપ્રિમ કોર્ટ વચ્ચે કોઈ સંઘર્ષ થવાની જરૂર નથી; નહિ થાય એવી આશા રાખીએ. ગોલકનાથ કેસનો બહુમતી ચુકાદો સર્વથા ખોટો છે અને તેને પાર્લામેન્ટે રદ કરવો જ રહ્યો.

૨૫ અને ૨૬ મા ખરડાઓ હવે પછી વિચારીશું.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# સ્વ૦ મુનિકુમાર ભટ્ટ

મુનિકુમાર ભટ્ટનો પરિચય બાળપણથી હતો. એમના પિતા મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ કાન્ત) ભાવનગરમાં દીવાનપરામાં અમારા ઘરની સામે જ રહેતા. હું પાંચ-છ વર્ષનો હોઈશ ત્યારે મુનિકુમાર મારી સાથે રમવા આવે. માટું માથું મોટું અને શરીર પાતળું જોઈને મારાં ફોઈના એક પુત્રને પૂછે કે "આ ભાઈ આવા કેમ છે?" અને પેલા ભાઈ ઉત્તર આપે કે "એમનું મગજ જરા ચક્કર છે એટલે!" આનું સ્મરણ તો અતિશય ઝાંખું છે અને આ અને આવી વાતો પછીથી સાંભળેલી.

કોલેજમાં આવ્યા પછી મુનિકુમાર સાથેનો સંબંધ ગાઢ થયો. એ જો કે જુનાગઢમાં બહાઉદ્દીન કોલેજમાં અભ્યાસ કરતા અને હું મુંબઈમાં એલ્ફિન્સ્ટનમાં; પરંતુ વેકેશનમાં હું ભાવનગર જતો ત્યારે મળતા. અમારું મિત્રમંડળ પણ બહોળું હતું. કપિલભાઈ અને રામુભાઈ ઠક્કર, મુનિકુમારના નાના ભાઈ જયન્તભાઈ, જીતુભાઈ મહેતા અને એમના મોટાભાઈ, ચુનિલાલ કાપડિયા ઈત્યાદિ સૌ મળીએ, ગમ્મત કરીએ, ચર્ચા કરીએ, સાથે કોઈ પુસ્તક વાંચીએ. હાસ્યરસિક લેખક સ્ટીફન લીકોકના લેખો સાથે વાંચેલા. બર્ટ્રાન્ડ રસેલ અને બર્નાર્ડ શોના પણ. ગુજરાતી લેખો પણ વાંચીએ. મુનિકુમાર પણ પોતાના લેખો વાંચી સંભળાવે. ૧૯૨૫માં "ગધેડીઆ ખેતર"ના શિર્ષક હેઠળ એમણે પ્રતિકાવ્ય (Parody)નો એક સરસ લેખ લખ્યો હતો. એ કાળના ગુજરાતના કવિઓ આ વિષય પર કેવા પ્રકારનું કાવ્ય રચે એ એનો વિષય હતો.

ઈંટરમિડિયેટ આર્ટસની પરીક્ષા મુંબઈમાં અમે ગામદેવીમાં મારા પિત્રાઈ ભાઈને ત્યાં રહીને આપેલી. પરીક્ષાનો મંડપ ગોવાળીયા ટેંક પર (જેને હવે ઓગસ્ટ ક્રાંતિમેદાન કહે છે ત્યાં) હતો. મુનિકુમારે પછી આગળ અભ્યાસ નહોતો કર્યો અને થોડો વખત મારા પિતાની (લલ્લુભાઈ શામળદાસની) ઓફિસમાં મુંબઈમાં કામ કર્યું હતું. એ પછી એ ભાવનગર જઈને રહ્યા. જૂદા જૂદા ખાતાઓમાં નોકરી કરી. છેલ્લે પુરાતત્વ ખાતામાં હતા અને એક શાળામાં શિક્ષક તરીકે પણ કામ કર્યું. ગમે ત્યાં હોય પરંતુ એમની જ્ઞાનપ્રાપ્તિની પિપાસા એવી જ હતી. એ ૧૯૨૦-૨૪ના વર્ષોમાં ચણિકાના એમને ઘેર વારંવાર જતા અને એમના પિતાના પરિચયનો લાભ પણ મળતો.

મુનિકુમાર હળવા નિબંધો લખતા. એમણે લાક્ષણિક શૈલી કેળવી હતી. કટાક્ષ એમના નિબંધોનું મુખ્ય લક્ષણ હતું. વર્ષો પહેલાં 'કૌમુદી'માં એમનું તુલિકા પાટવ આવતું. પછીના વર્ષો 'ભાવનગર સમાચાર'માં એમના કટાક્ષલેખો નિયમિત આવતા. એમનો હાસ્યરસ માર્મિક અને હળવો હતો. "ઠંડે પહોરે" નામનો એક ગ્રંથ પણ પ્રસિદ્ધ થયો છે. એમના બીજા લેખોનો સંગ્રહ એમણે કર્યો નહિ, હજી થાય તો સારું. છેલ્લા થોડા વર્ષોથી એ લખતા બંધ થઈ ગયા હતા. એમનાં પત્ની ગિરિબાળાના અવસાન પછી એ એકલા પડી ગયા હોય એમ લાગતું. ભાવનગર કે મુંબઈ એકે સ્થળે એ સ્થિર થઈ શકતા નહિ અને મનની સ્વસ્થતા પ્રાપ્ત કરવા મથતા હોય એમ લાગતું. આનું એક કારણ એમની નબળી તબિયત પણ હતું. મુંબઈની ધમાલ અને ભીડ એમનાથી સહન થઈ શકતાં નહિ. ભાવનગર એમને સૂનું લાગતું.

મુનિકુમારનું દુ:ખદ અવસાન એમના ઓપરેશન પછી ચારેક કલાકે બુધવાર ૨૧ જુલાઈએ બપોરે થયું. એના ત્રણ દિવસ પહેલાં ભાટિયા જનરલ હોસ્પિટલમાં એમની ખબર કહાડવા ગયો ત્યારે પથારીમાં બેસી પાનસોપારી ખાતા હતા અને આનન્દમાં હતા; અને કહે: "આ ખાવાની મને રજા છે." ઓપરેશન માટે હિમત આપવા પ્રયાસ કર્યો અને અનેક રમૂજી ટૂચકા કહી હસાવ્યા. એના ત્રણ દિવસ પછી એ સદાને માટે ચાલ્યા ગયા. બાળપણના મિત્રો ચાલ્યા જાય છે ત્યારે આપણી વયનું તીવ્ર ભાન થાય છે અને કાળના આવેગની પ્રતીતિ થાય છે.

"Time like an ever rolling stream
Bears all his sons away
They fly forgotten, as a dream
Dies at the opening day."

**ગગનવિહારી મહેતા**

# ભારતને સ્પર્શતું રશિયા, ચીન અને અમેરિકાનું રાજકારણ

[શ્રી ચેસ્ટર બોલ્સનો આ લેખ કાળજીપૂર્વક વાંચી જવા હું ભલામણ કરું છું. અમેરિકાની વર્તમાન વિદેશનીતિ, ખાસ કરીને ભારત પ્રત્યેની, કેટલી હાનિકારક છે, તે હકીકત શ્રી બોલ્સે સ્પષ્ટ બતાવી છે. ભારતે રશિયા તરફી વલણ કેમ લેવું પડયું તે પણ સમજાવ્યું છે. તંત્રી].

૧૯૬૨ના ઓકટોબરમાં ચીનના આક્રમણ પછી ભારતની મદદ માટેની અપીલને અમે જે ત્વરાથી દાદ આપી તેમાં અગ્રતાની નવી દષ્ટિનું પ્રતિબિંબ પડતું હતું, જેને માટે હું આશા સેવતો રહ્યો હતો. નહેરુની માગણી વૉશિંગ્ટન પહોંચ્યા પછી થોડા જ દિવસોમાં અમે હવાઈ માર્ગે સાત કરોડ ડૉલરની સામગ્રી રવાના કરી એ ભારતના લશ્કરી દળોના આધુનિકરણની દિશામાં તે વખતે પ્રથમ પગલું લેખવામાં આવતી હતી. પાંચ વર્ષના ગાળામાં વાપરવા માટેની ૧૮૦ કરોડ ડોલરની લશ્કરી મદદની ભારતની માગણી અમે પાકિસ્તાનને જે આપી ચૂકયા હતા તેના અડધા ભાગથી પણ ઓછી હતી. આમ છતાં જૂની ડલેસ-યુગની દલીલો વિદેશ ખાતામાં અને પેન્ટેગોનમાં ફરી ઊભી થવા માંડી-એ દલીલ એવી હતી કે જો આપણે ભારતને તેની સંરક્ષણ શકિત ઊભી કરવા થોડી મદદ કરીશું તો તેનાથી આપણું વફાદાર સાથી પાકિસ્તાન નારાજ થશે. (કેટલાક વર્ષોથી પાકિસ્તાન એશિયામાં જે કૌશલથી અમેરિકાની નીતિને ઝુકાવી રહ્યું હતું તે કૌશલ માત્ર રાષ્ટ્રવાદી ચીનની તોલે જ આવે તેવું હતું.)

### અમેરિકાની નીતિ

શરૂઆતમાં તો હું ભારતની વિનંતિ વિષે જુદા જ કારણોસર ખંચકાટ અનુભવતો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપ બહારની અમારી ઘણીખરી લશ્કરી મદદ સંરક્ષણના કોઈ વાજબી હેતુ માટે આપવામાં આવી નહોતી પણ હકીકતે મદદ મેળવનાર દેશોને અમેરિકાની વિદેશનીતિને ટેકો આપવા પ્રેરવાની રુશ્વતરૂપે અપાતી હતી. એકવાર શરૂ થયા પછી આવી મદદ અટકાવવાનું મુશ્કેલ બનતું. કેટલીક વાર તો અમે જે રાષ્ટ્રનું રક્ષણ કરવા માગતા હતા તે રાષ્ટ્રના રાજકીય બંદીબાજ બની જતા હતા.

આમ છતાં મને ખાતરી હતી કે ભારતની બાબતમાં પરિસ્થિતિ જુદી હતી. સ્પષ્ટ રીતે જ નહેરુ વેચાઈ જવા તૈયાર નહોતા અને ભારતની સંરક્ષણ-જરૂરિયાતો સાચી હતી. ચીન સાથેની તેની ૨૫૦૦ માઈલની લાંબી સરહદ તાજેતરમાં ચીની ટુકડીઓએ ઉલ્લંઘી હતી અને વધારામાં બર્મા સાથેની ૬૦૦ માઈલની સરહદ પર વ્યાપક અજંપો જોવા મળતો હતો. પાકિસ્તાનના લશ્કર, હવાઈદળ અને નૌકાદળને અમેરિકાએ સુસજજ કરેલું હતું. તથા તાલીમ આપેલી હતી છતાં તેણે ૧૯૬૨માં ભારત પરના ચીનના આક્રમણને મૌખિક ટેકો આપ્યો હતો અને ચીન ફરી ભારત પર આક્રમણ કરે તો પાકિસ્તાનનો ભરોસો કરી શકાય તેવું નહોતું. આ સંજોગોમાં પાકિસ્તાનને ભારે પ્રમાણમાં ટેકો આપવાનું ચાલુ રાખીને ભારતને મદદ કરવાની ના પાડવી તે ટકી શકે તેવું નહોતું.

### ભારતની જરૂરિયાતો

વળી ચીન સાથેના તાજેતરના સંઘર્ષ પછી ભારત પોતાનાં સંરક્ષણ-દળોને એક યા બીજી રીતે આધુનિક બનાવવા કૃતનિશ્ચયી હતું. અમે તેની સલામતીની વાજબી જરૂરિયાતોને પહોંચીવળવા તૈયાર ન હોઈએ તો ભારત કચવાતા મને પણ સોવિયેટ સંઘ તરફ વળે તેવું હતું. ચીન અંગેની રશિયાની ચિન્તા વધી રહી હતી તેથી સોવિયેટ ઈશારાને ભારત દાદ આપશે એ લગભગ ચોક્કસ હતું.

બનાવોના આવા ક્રમની શકયતા વિદેશ ખાતામાં, પેન્ટેગોનમાં અને વ્હાઈટ હાઉસમાં લગભગ દરેક જણે નકારી કાઢી. એવું ધારવામાં આવતું હતું કે ભારતને અમેરિકા સિવાય બીજું કોઈ ઠેકાણું નથી. આમ છતાં પ્રમુખ કેનેડી મારા મત સાથે સંમત થયા હતા અને તેમણે જુલાઈમાં હું ભારત પહોંચું તે પછી તુરત જ વડા પ્રધાન નહેરુ અને તેમના સાથીઓ સાથે પરિસ્થિતિ ચકાસી જોવાનું મને કહ્યું. પછી કેનેડી સાથે વધુ ચર્ચાઓ કરવા માટે પાછા વૉશિંગ્ટન પાછા ફરવું એવું નક્કી થયું હતું.

### નહેરુ સાથે મંત્રણા

ગ્રીષ્મ અને શરદ ઋતુમાં મારે નહેરુ, સંરક્ષણ પ્રધાન યશવંતરાવ ચવ્હાણ અને બીજા ભારતીય અધિકારીઓ સાથે ચીનની સામે પોતાની લશ્કરી સલામતીના પ્રશ્નોની જ નહીં પણ સમગ્ર રીતે એશિયામાં સ્થિરતાની વધુ જવાબદારી ઉઠાવવાની ભારતની તૈયારી અંગે પણ ચર્ચાઓ થઈ. નવેમ્બરની અધવચ્ચે હું ભારત સરકાર સાથેની કામચલાઉ સમજૂતિની દરખાસ્ત સાથે અમેરિકા ગયો. તાજેતરના ચીનના આક્રમણથી હચમચી ગયેલા નહેરુએ તદ્દન અણુધારી રીતે અગ્નિ એશિયામાં યુદ્ધનો અંત લાવવા માટે રાજકીય સમાધાનની વાટાઘાટોમાં અમારી સરકારને ખરેખર ટેકો આપવાની સ્વૈચ્છિક તૈયારી બતાવી હતી. (અમેરિકન ભૂમિદળો વિયેટનામ યુદ્ધમાં સીધા સંડોવાયા તે પહેલાની આ વાત છે.) નહેરુ પાકિસ્તાન સાથે લશ્કરી ખર્ચ પર ટોચમર્યાદા મૂકવા અંગેની વાટાઘાટો કરવા પણ તૈયાર હતા. નવી દિલ્હીમાં સરકારનું આ નવું વલણ જોતાં અને પ્રમુખના પીઠબળને લીધે ભારત સાથે રચનાત્મક સંબંધો માટે જ નહિ પણ અગ્નિ એશિયામાં મંત્રણા દ્વારા પતાવટનો માર્ગ પણ ખુલ્લો થતો જણાયો.

### આશાઓ તૂટી પડી

પણ આ આશાઓ તુરત જ પડી ભાંગી. હું વૉશિંગ્ટન પહોંચ્યા પછી છ જ દહાડામાં પ્રમુખ કેનેડીની હત્યા થઈ અને છ મહિના પછી ૧૯૬૪ના મેમાં નહેરુનું અવસાન થયું, ત્યારે અમારી સરકાર અને ભારતનું વિષ્ટિમંડળ સમજૂતીને આરે આવી પહોંચ્યું હતું. એટલે આ દુર્ઘટનાઓથી પ્રથમ નિર્ણય વિલંબમાં પડયો અને પછી જોનસન વહીવટીતંત્રે પરિસ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તેની વધુ વિચારણા મોકૂફ રાખી. ત્રણ મહિના પછી ભારતનું એ જ વિષ્ટિમંડળ મોસ્કોની મુલાકાતે ગયું અને તેણે જે માગ્યું હતું તે બધું મેળવીને પાછું ફર્યું. આજે ભારતની ૨૮ ડિવિઝનો, ૭૦૦ વિમાનોનું હવાઈ દળ અને તેનું નાનકડું પણ કાર્યદક્ષ નૌકાદળ મહદ્ અંશે રશિયન સામગ્રીથી સુસજજ છે. ભારતનાં સંરક્ષણ દળોના મુખ્ય લશ્કરી પુરવઠો આપનાર તરીકે રશિયાની ભૂમિકાના રાજકીય સંકેતોને વધુપડતા આંદાજવા તે ભૂલ ગણાશે. પણ હું માનું છું કે એશિયામાં વધુ રાજકીય સ્થિરતા ઊભી કરવા માટે અમારી લશ્કરી મદદનો ઉપયોગ કરવાની એક મોટી તક અમે ગુમાવી બેઠા.

### ભારતમાં રશિયાનું સ્થાન લેવાની એક મહાન તક અમેરિકા ગુમાવી બેઠું!

ભારતમાં સોવિયેટ પ્રવૃત્તિઓ, ભારતના સામ્યવાદી પક્ષના ત્રણ જૂથમાં પરિણમેલા ભંગાણની હકીકતથી વધુ અટપટી બની છે. પ્રથમ તો ભારતીય સામ્યવાદી પક્ષ (સી. પી. આઈ.) છે, જે બીજા સમાજવાદી પક્ષો સાથે સહકાર કરવાનો અને જવાબદારીપૂર્વક વર્તવાનો મક્કમ પ્રયાસ કરે છે. તે નાનકડો અને સુગ્રથિત છે અને તેથી દેખીતી રીતે જ તે ટીકાનું નિશાન ઓછું બને છે. પણ એ જ કારણસર ઘણા લોકો ધારે છે તે કરતાં તે વધુ મોટી અસરની ગુંજાશ ધરાવે છે.

### સામ્યવાદી પક્ષો

માર્ચમાં શ્રીમતી ગાંધીની ચૂંટણી પછીની સામ્યવાદી પક્ષની નીતિ-રીતિ ચતુરાઈભરેલી જણાય છે. શ્રીમતી ગાંધીએ ચૂંટણીમાં પોતાના પ્રચંડ વિજય માટે જેનો આધાર લીધો તે ઉદારમતવાદી વિચાર-સરણીનું પ્રતિબિંબ પાડતા આર્થિક અને સામાજિક ન્યાયને ઉત્તેજન આપવાના કાર્યક્રમનું ઉચ્ચારણ અને પછી સંસદમાં તેની રજૂઆત એ તેનું પ્રથમ પગલું હતું. રાજકર્તા કોંગ્રેસ જો આવા કાર્યક્રમને સંપૂર્ણપણે કે તેના અમુક ભાગને સ્વીકારે કે ટેકો આપે તો સામ્યવાદી પક્ષ તેના પક્ષ માટે દાવો કરી શકે. આ દરખાસ્તો સ્વીકારવામાં રાજકર્તા કોંગ્રેસ નિષ્ફળ જાય તો સામ્યવાદી પક્ષ એવો આક્ષેપ કરી શકે કે શ્રીમતી ગાંધી હજુ પણ પ્રત્યાઘાતીઓના સકંજામાં છે.

આ સિવાય સામ્યવાદી–માર્કસવાદી પક્ષ (સી. પી. આઈ. એમ.) છે, જે તાજેતરની પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીઓમાં બહુમતીની લગોલગ પહોંચી ગયો હતો. ભારતની સંસદીય પ્રક્રિયાની મર્યાદામાં કાર્ય કરવાના તેના સતત પ્રયાસોને કારણે ચીકિંગના તિરસ્કારને પાત્ર બની ગયો ન હોત તો તે માઓવાદી પક્ષ જ લેખાત. છેલ્લે, નક્સલવાદીઓ છે-અંતિમમાર્ગી ડાબેરી જૂથ જે કોઈ સ્પષ્ટ વૈચારિક ઢાંચામાં ગોઠવી શકાય તેવું નથી પણ તે ક્રાંતિકારી પરિવર્તનની આવશ્યક ભૂમિકા તરીકે હિંસા અને વિનાશમાં માને છે.

ભારતમાં ઘણા નિરીક્ષકો માને છે કે આ ત્રણ સામ્યવાદી-માર્કસ-વાદી પક્ષો વચ્ચે કંઈ ભેદભાવ હોય તો તે ખરેખર વિચારસરણીનો નહીં પણ 'અનિવાર્ય' ક્રાંતિલક્ષી બનવાના સમયની બાબતનો છે. છતાં હું માનું છું કે કેટલાક મતભેદો વધુ ઊંડા છે. આથી એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે ખરેખર મોસ્કો સામ્યવાદી ભારત ઈચ્છે છે ખરું? તેના તાત્કાલિક લાભો ગમે તે હોય પણ તે છેવટે સામ્યવાદી 'છાવણી'માં ભંગાણ તરફ દોરી જાય અને સોવિયેટ અધિકારીઓ અને વિચારકોની ત્રેવડ ઉપર વધારાનો બોજો બની જાય.

### ભારતનો પ્રત્યાઘાત

વિશ્વનાં સૌથી શક્તિશાળી રાષ્ટ્રો તરફથી આટલું બધું ધ્યાન મેળવી રહેલા ભારતનો આ અંગે શો પ્રત્યાઘાત છે? ઘણાખરા ભારતીય લોકો રશિયાની ચાલુ સહાય અને ટેકા માટે રશિયા ભારત પાસેથી તેના રાષ્ટ્રીય ગૌરવ અને સાર્વભૌમત્વના હિસાબે જે કિંમત માંગી રહ્યું છે તેનાથી નિરાશ બન્યા છે. પણ ચીન વિષેના તેમના ખૂબ વધી ગયેલા ભયને લીધે તેઓ ઈચ્છે છે તે કરતાં મોસ્કોથી ઘણા વધુ નજીક આવી ઊભા છે.

૧૯૬૮માં ચેકોસ્લોવેકિયા પર સોવિયેટ સંઘના આક્રમણને વખોડી કાઢતા યુનોના ઠરાવ પર સલામતી સમિતિમાં મતદાન કરવાથી દૂર રહેવાનો ભારતનો નિર્ણય આ દ્વિધા બતાવે છે. જો ભારતે આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હોત તો શ્રીમતી ગાંધી અને તેમના સાથીઓને ખાતરી હતી કે ભારતીય લશ્કર હવાઈદળ અને નૌકાદળ માટેનાં શસ્ત્રો અને ફાલતુ ભાગોના પુરવઠામાં ભયજનક ઘટાડો થયો હોત. પરિણામે જે પ્રશ્ન પર ઘણાખરા ભારતીય લોકોમાં ઉગ્ર લાગ-ણીઓ પ્રવર્તતી હતી તે પ્રશ્ને ભારતને મતદાનથી દૂર રહેવું પડ્યું.

### સોવિયેટ સંઘ

સોવિયેટ પ્રતિનિધિઓ ઘણીવાર જે જોરતલબીથી આર્થિક અને વ્યાપારી સમજૂતીઓ અંગેની વાટાઘાટો કરે છે તેના કારણે પણ ભારતમાં સોવિયેટ સંઘના સ્થાનને ધક્કો લાગ્યો છે. ત્રણચાર વર્ષ પહેલાં ભારતીય વર્તમાનપત્રોમાં મોટા મથાળાંઓ વડે એવી જાહેરાત કરવામાં આવી હતી કે સોવિયેટ સંઘે ભારતીય બનાવટના ૫૦ હજાર રેલવે વેગન ખરીદવાનું સ્વીકાર્યું છે. પણ જ્યારે વાટાઘાટો થઈ ત્યારે એ સ્પષ્ટ થયું કે એ ઉત્સાહ વાજબી નહોતો. સોવિયેટ કિંમત ભારત-તની પડતર કિંમત કરતાં ઘણી નીચી હતી, અને પરિણામે સોદો પડીભાંગ્યો.

ભારતની મુશ્કેલીઓનો ગેરલાભ લેવાના આક્ષેપમાંથી અમેરિકા પણ સર્વાંશે બાકાત નથી. ૧૯૬૫-૬૬ની ભારતની અન્નકટોકટી દરમિયાન પ્રમુખ જોનસને કંઈક ખુલ્લી રીતે ઘઉંની મદદનો ઉપયોગ વિયેટનામમાં અમેરિકી લશ્કરી પ્રવૃત્તિને ભારત સહિષ્ણુ નજરે જુએ તેને સમજાવવા માટે કર્યો હતો. પોતાનું સાર્વભૌમત્વ બતાવી આપવા મક્કમ ભારતવાસીઓએ ઉત્તર વિયેટનામ પરના બોંબમારાની વધુ આકરી ટીકા કરી. ગુસ્સે થયેલા જોનસને તેના વળતા જવાબરૂપે ઘઉંનાં જહાજો રવાના કરવામાં ઢીલ કરી એ ક્ષણે એ ઘઉંની ભારતને ખૂબ જરૂર હતી.

ત્રણે દેશો વચ્ચેના સંબંધોમાં એક બીજી બાબત એ છે કે બંને રાષ્ટ્રોના 'નિષ્ણાતો'ના ભારે ઘસારા અંગે ભારતનો અણગમો વધી રહ્યો છે. રશિયનો કે અમેરિકનો–બધા નિષ્ણાતો કાંઈ ભારતના નિષ્ણાતો જેટલા જ કાર્યક્ષમ હોતા નથી અને કેટલાક કિસ્સામાં તો તેઓ તેમની આસપાસના વાતાવરણ અને ભારતીય વલણો પ્રત્યે સંવેદનરહિત જણાયા હતા. ઘણા ભાગે તો ભારતે અમેરિકા તેમ જ રશિયાની ટેકનિકલ સહાય ખરેખર પોતાની જરૂરિયાત ખાતર નહીં પણ મદદ કરનારઓને સંતોષવા માટે જ સ્વીકારી છે.

### અજંપાનાં વર્ષો

વીસમી સદીનાં બાકીનાં વર્ષો આફ્રિકા, લેટિન અમેરિકા અને એશિયામાં ચાલુ અજંપાનાં વર્ષો બની રહેશે. ભ્રષ્ટ સરકારો, નોકરી વિનાના કોલેજ સ્નાતકોનું દબાણ અને ખેતરમાં કામ કરતાં કે ઔદ્યોગિક યંત્રસામગ્રી ચલાવતા લાખો લોકોની પોતે ઉત્પન્ન કરેલી દોલતમાં વધુ હિસ્સો મેળવવાની માંગણીઓ ક્રાંતિકારી ફેરફારો માટેનો દરજ્જો મોકળો કરશે. આ સંજોગોમાં રશિયા કે ચીન પોતાની માન્યતા મુજબના ક્રાંતિકારી ઉદ્દેશો જતા કરે તેવી આશા રાખવી વાસ્તવિક નથી. આમ છતાં સોવિયેટ અને ચીની રાષ્ટ્રવાદનું બળ, તેમની પાંચ હજાર માઈલની સરહદ પર બન્ને દેશોનો મુકાબલો અને વધારામાં રશિયન ક્રાંતિ ૫૦ વર્ષ જૂની છે અને હવે તેનો મૂળ ઉત્સાહ ધીમે ધીમે ગુમાવી રહી છે તે હકીકત જોતાં તેમ દેખાય છે કે તેઓ તદ્દન ભિન્ન વ્યૂહરચનાઓ અખત્યાર કરશે.

### રશિયાનો રસ

ભારતમાં રશિયાનો રસ એ તો એશિયાભરમાં પોતાનો પ્રભાવ પાથરવાના રશિયાના પ્રયાસનું માત્ર એક અંગ–અલબત્ત, મહત્ત્વનું અંગ છે. ભૂમધ્યમાં રશિયાની વધતી જતી નૌકાહાજરી, સુએઝ નહેરને ફરી ખોલવાની રશિયાની તીવ્ર ઈચ્છા અને હિંદી મહાસાગરમાં રશિયાનાં નૌકાદળોની હાજરી એ આ પ્રયાસનાં પ્રતિબિંબો છે. ૧૯૬૯ના જૂનમાં સોવિયેટ સામ્યવાદી પક્ષના મહામંત્રી લિયોનીદ બ્રેઝનેવે મોસ્કોમાં વિશ્વ સામ્યવાદી પક્ષ પરિષદમાં એક પ્રવચનમાં નોંધ્યું હતું કે "અમે એવા મતના છીએ કે બનાવોની રફતાર તરફ જ એશિયામાં સામૂહિક સલામતીની વ્યવસ્થા ઊભી કરવાના કાર્યને આપણા કામકાજની યાદી પર મૂકી રહી છે." આ ઉચ્ચારણને સત્તાવાર રીતે વધુ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. અને તેથી એશિયામાં દરેક સરકાર જુદી જુદી રીતે તેનો અર્થ ઘટાવે છે. બ્રેઝનેવના નિવે-દન અંગે ભારતનો પ્રત્યાઘાત સાવધાનીભર્યો હતો. શ્રીમતી ગાંધીએ એવું જણાવી દીધું હતું કે ભારત, રશિયા અને અમેરિકાની બાંહેધરી સાથેનાં એશિયાઈ રાષ્ટ્રો વચ્ચેના જ બિનજોડાણ સ્વરૂપના સલામતી કરારને વધુ પસંદ કરે છે.

આમ છતાં બ્રેઝનેવના અર્થની ચાવી તેમના પ્રવચન પૂર્વે અગાઉથી ૧૯૬૯ના મે મહિનામાં 'ઈઝવેસ્તિયા'ના એક લેખમાં આપવામાં આવી છે. એમાં એવું કહેવામાં આવ્યું હતું કે "જે દેશોએ સંસ્થાનવાદમાંથી પોતાનું સ્વાતંત્ર્ય મેળવેલું છે તેઓ જ વિસ્તારવાદ અને સામ્રાજ્યવાદ સામેના તેમના પોતાના સંયુક્ત વિરોધ વડે શાંતિને મજબૂત કરશે." બ્રેઝનેવે જે વિસ્તારવાદનાં બળોનો ઉલ્લેખ કર્યો છે તે સ્પષ્ટપણે ચીન અંગેનો છે. સંખ્યાબંધ એશિયાઈ દેશો સામે ચાલબાજી ગોઠવવાનો તેમની સામે આક્ષેપ છે. પેકિંગે તરત તેના જવાબમાં એવો આક્ષેપ કર્યો કે બ્રેઝનેવ સામ્રાજ્યવાદના ઉકરડામાં કાંઈક શોધી રહ્યા છે.

### જોડાણનો પ્રશ્ન

રશિયા પોતે જેને વિસ્તારવાદી માનસ ધરાવતું હોવાનું માને છે તે ચીનને ખાળવાના પ્રયાસરૂપે જે કોઈ એશિયાઈ દેશો રશિયાની નેતાગીરી નીચે રાજકીય સંગઠનમાં જોડાવા તૈયાર હોય તેમને તેમાં જોડવા માગે છે. અમેરિકા પણ એવો પ્રયાસ કરતું રહ્યું છે. "એશિયામાં સોવિયેટ વિદેશનીતિની ભૂમિકા શું ?" એવા પ્રશ્નના જવાબમાં એક સોવિયેટ અધિકારીએ તાજેતરમાં એશિયામાંથી અમેરિકાની પિછેહઠના સંદર્ભમાં કહ્યું હતું કે "અમે તો ફક્ત ખાલી પડેલી જગાઓ જ પૂરીએ છીએ." પણ રશિયા ચીનની જેમ જ આવું જોડાણ ઊભું કરવામાં સફળ થવાનો સંભવ નથી. અમેરિકા પણ તેમાં સફળ થયું નથી જ. વધુ ને વધુ રાષ્ટ્રવાદી બનતા જતા એશિયાવાસીઓ કોઈ પણ રાષ્ટ્રની પતંગનું પૂંછડું બનવા માગતા નથી. પછી તે રાષ્ટ્રની લશ્કરી તાકાત ગમે તેટલી મોટી હોય કે આર્થિક મદદ માટેની તેની ઓફર ગમે તેટલી ઉદાર હોય.

### અત્યારની ચિન્તા

અત્યારે તો રશિયા અને ભારત બંને અમેરિકા અને ચીન વચ્ચેના રાજકીય સમાધાન અને પશ્ચિમ પાકિસ્તાનમાં જમણેરી સરકારને ચીનના ટેકા વિષે ચિન્તાતુર બનેલા છે. અમેરિકા તરફના ચીનના વલણમાં દેખીતી નરમાશને ઘણા નિરીક્ષકો અગ્નિ એશિયામાં અને છેવટે આફ્રિકામાં રશિયા, ભારત અને અમેરિકાના ભોગે પોતાનું સ્થાન બળવાન બનાવવાના લાંબા ગાળાના ચીનના કાર્યક્રમના પ્રથમ પગલા રૂપે નિહાળે છે.

કંઈક માનસિક ઉન્માદવાળો કોઈ સોવિયેટ અધિકારી બનાવોના નીચેના ક્રમની કલ્પના કરે તેવું બને :

(૧) અમેરિકા અગ્નિ એશિયામાંથી ખરેખર હટી જવા તૈયાર છે અને રશિયા સાથેના પોતાના મુકાબલાની જ ચિન્તા સેવે છે. તેવી ખાતરી થતાં ચીનાઓ કદાચ અમેરિકા સાથે અમુક અંશે એવી સંવાદિતા સ્થાપવાની તક ઝડપી લે જે બન્ને રાષ્ટ્રોને સંખ્યાબંધ રીતે ઉપયોગી થાય.

(૨) જો પ્રમુખ નિક્સન અગ્નિ એશિયામાંથી તમામ અમેરિકન ટુકડીઓ પાછી ખેંચી લેવા ઉપરાંત પોતાના તમામ હવાઈદળ અને નૌકાદળના એકમોને પાછા ખેંચી લેવા તત્પર બને (આવી હિલચાલને કોંગ્રેસના નેતાઓ સહિત ઘણાખરા અમેરિકનો આવકારે) તો ચીન હેનોઈ સરકારને અમેરિકન યુદ્ધ કેદીઓને મુકત કરવાનું સમજાવવા પ્રયાસ કરે અને અમેરિકા સાથેના વેપાર વિસ્તારવા શકિતમાન સમાધાનકારી વલણ અખત્યાર કરે. આથી ચીન અને અમેરિકા બન્નેના હિતોની સેવા થાય અને કદાચ ચીન અમેરિકા સાથેનો વેપાર વિસ્તારવા શકિતમાન બને અને ચીન યુનોમાં પ્રવેશ કરવા પણ શકિતમાન બને. છેવટે એવી શકયતા પણ સર્જાય કે પાકિસ્તાનની બાબતમાં અને સોવિયેટ–ચીન ઘર્ષણ બાબતમાં પણ ચીન અને અમેરિકા વચ્ચે કંઈક સહકાર શકય બને.

(૩) પણ અગ્નિ એશિયાના ઘર્ષણનું સંભવિત સમાધાન આખરી પરિસ્થિતિનું માત્ર એક પાસું જ છે. ચીન (તેની પીંગપોંગ મુત્સદ્દીગીરી છતાં) માને છે કે "ચારેય સમુદ્ર હિલોળે ચઢયા છે અને પાંચેય ઉપખંડ ખળભળી ઊઠયા છે." અને તેની સરકાર લશ્કરી દષ્ટિએ સાવધાનીયુકત પણ રાજકીય દષ્ટિએ આક્રમક એવી ક્રાંતિકારી નીતિ ચાલુ રાખવાની ધારણા રાખી શકાય.

### ચીનનો ઉદ્દેશ

ચીનનો પ્રાથમિક ઉદ્દેશ અરબી સમુદ્ર તથા બંગાળના ઉપસાગરમાં સંગીન ચીની હાજરી સ્થાપવાનો છે. આ રીતે ચીન રશિયા (અને અમેરિકાને પણ) ઘેરી લઈ શકે. અને પૂર્વ આફ્રિકાની હજારો માઈલ નજીક જઈ પહોંચે. પૂર્વ આફ્રિકા સમૃદ્ધ અને ઓછી વસતિવાળો પ્રદેશ છે. જેમાં કેટલાક વર્ષોથી ચીન વધુ ને વધુ રસ લઈ રહ્યું છે. આ ઉદ્દેશ ખાતર ચીન યુદ્ધનું જોખમ ખેડવા અત્યારે તૈયાર હોય એમ તો કોઈ માનતું જ નથી પણ વ્યાપક રીતે એવું માનવામાં આવે છે કે તે ચીનની વિશ્વવ્યાપી વ્યૂહરચનાનો એક ભાગ છે. ભારતીય વર્તુળોના કહેવા અનુસાર પૂર્વ આફ્રિકામાં અત્યારે ૧૩૫૮૦ ચીનાઓ કામ કરી રહ્યા છે. એવી પણ કંઈક ભીતિ છે કે ચીન ઈરાનમાં ઓમાનની જેમજ નાનાં ગેરીલા જૂથોને ટેકો આપશે. આવી ચિન્તાથી પ્રેરાઈને જ તાજેતરમાં ભારતના અગ્રગણ્ય ચીની નિષ્ણાતને પૂર્વ આફ્રિકામાં મૂકવામાં આવ્યા છે.

(૪) પૂર્વ પાકિસ્તાનમાં ચાલુ ઘર્ષણ ચીનને આ લક્ષ્યાંક ભણી સાવધાનીપૂર્વક આગળ વધવાની તક પૂરી પાડે છે. આ લડાઈએ પાકિસ્તાનના અર્થતંત્ર ઉપર અસહ્ય બોજો લાધ્યો છે. પૂર્વિય પાંખ સાથે કે તે વિના પાકિસ્તાન સત્વરે નાદારીની સ્થિતિમાં મુકાઈ જશે અને તેને જંગી મદદની જરૂર પડશે. પશ્ચિમ પાકિસ્તાનને ટેકો આપીને તથા ચીનીતરફી પાકિસ્તાની રાજપુરુષો સાથે સહકારથી કામ કરીને ચીન ત્યાં આખરે મજબૂત અને વર્ચસ્વવાળી હાજરી સ્થાપિત કરવા પ્રયાસ કરશે. શેખ મુજીબુર રહેમાનની ગેરહાજરીમાં પૂર્વ પાકિસ્તાન પણ નવી માઓ-તરફી નેતાગીરી માટે સારી તક પૂરી પાડે છે. (ભારત આ પરિસ્થિતિને ખાસ ચિન્તાની નજરે નિહાળે છે કેમકે આનાથી નિશ્ચિતપણે પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ બંગાળના માકર્સવાદી પક્ષના માઓવાદીઓ ભેગા થાય. આમ થાય તો સ્વતંત્ર સંયુકત બંગાળ માટેનું ભારે દબાણ જન્મે. આથી ચીનને માટે બીજું લોભામણું લક્ષ્યાંક ઊભું થાય એટલું જ નહીં પણ તેનાથી ભારતની એકતા પર જ ખતરો ઊભો થાય.)

### એક દુ:સ્વપ્ન

સંભવ છે કે આ ચિત્ર એક ખરાબ સ્વપ્ન જ પુરવાર થાય, પણ એમાં શંકા જ નથી કે અત્યારે ઘણા રશિયન અને ભારતીય નેતાઓ આ દુ:સ્વપ્ન જ નિહાળી રહ્યા છે. ઉન્માદનો ભોગ સામાન્ય રીતે નહીં બનનારાં કેટલાકનો પણ આમાં સમાવેશ થઈ જાય છે. આ ચિત્રને બહુ જ દૂરનું અને તાણીતૂસીને ઊભું કરેલું સમજીને તેને નકારી કાઢનારાઓને એ યાદ આપવા જેવું છે કે છેલ્લાં વીસ વર્ષમાં કેટલીક આવી જ અશકય 'ઘટનાઓ' એશિયામાં બની છે. દાખલા તરીકે સંસ્થાનવાદી શાસનનું ઓચિન્તુ પતન, વિશ્વની ત્રીજી ઔદ્યોગિક સત્તા તરીકે જાપાનનો નાટયાત્મક ઉદ્ભવ, ચીન રશિયન જૂથનું ભંગાણ અને અગ્નિ એશિયાના જાહેર કર્યા વગરના મોટા યુદ્ધમાં અમેરિકાનું સંડોવાઈ જવું-આ યુદ્ધમાં તો પ્રથમ વિશ્વયુદ્ધ જેટલાં અમેરિકનો માર્યા ગયેલા તેટલા જ અમેરિકનો માર્યા ગયા છે.

રશિયા અને અમેરિકાને પરસ્પર સતત મુકાબલામાં સંડોવાઈ જવાને બદલે ઘણા સમાન પ્રશ્નો ચિન્તાઓ અને ઉદ્દેશોનો સામનો કરવો પડે તેમ છે. અત્યાર સુધીમાં દરેકને સમજાઈ ગયું હશે કે ભારત પર અને એશિયા પર પ્રભાવ પાડવાની તેની પોતાની શકિત મર્યાદિત જ છે. આપણે (અમેરિકા) એ પાઠ આકરા અનુભવે શિખ્યા છીએ અને સામાન્ય રીતે સાવધાનીથી આગળ વધનારા રશિયન નેતાઓ આપણી ભૂલનું પુનરાવર્તન કરે તેવો સંભવ નથી.

### આશા રાખીએ

સમય જતાં (કદાચ કોઈની ઘટનાની અણધારી મદદથી) આપણે આશા રાખીએ કે રશિયા ભારતમાં પોતાની અત્યારની બિનઅસરકારક ઠંડા યુદ્ધની નીતિ છોડી દેશે અને સોવિયેટ વર્ચસ્વવાળા વિશ્વનું લેનિનવાદી સ્વપ્ન બાજુએ મૂકી દેશે. આખરે ચીનના પંડિતો પણ એ સમજશે કે અગ્નિ એશિયા અને આફ્રિકાના અશાંત જળોમાં માછલી પકડવાના તેમના પ્રયાસો નિષ્ફળ અને ભયજનક છે.

અમેરિકા માટે તો એશિયા અંગેની અને ખાસ કરીને ભારત અંગેની પોતાની નીતિઓને વાસ્તવિકતાની વધુ નજીક લાવવા માટે મોડું થઈ ગયું નથી. આવા કેટલાક પગલાં લઈ શકાય.

(૧) મહત્ત્વનાં પગલાં તરીકે વિદેશ ખાતાના અને વ્હાઇટ હાઉસના નીતિ-ઘડનારા અધિકારીઓએ ભારત અને એશિયામાં તેની સંભવિત ભૂમિકા વિષેની દૃષ્ટિમર્યાદા વિસ્તારવી જોઈએ. વિદેશ ખાતાઓમાં નીચેની પુનઃરચના આટલું સિદ્ધ કરવામાં ઉપયોગી નીવડશે: (અ) નવા ભૂમધ્ય બ્યુરોમાં ઉત્તર આફ્રિકા મધ્યપૂર્વના વિસ્તારો, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય. (બ). નવા દક્ષિણ અને અગ્નિ એશિયા માટેના બ્યુરોમાં અગ્નિ એશિયાના દેશો ઉપરાંત ભારત અને સિલોન તથા (જો સ્વતંત્ર બની શકે તો) બંગલા દેશનો સમાવેશ થવો જોઈએ. (ક) નવી પૂર્વ એશિયા અને પ્રશાંતના બ્યુરોમાં જાપાન, ફિલિપાઈન્સ, તૈવાન, ચીન અને કોરિયાનો સમાવેશ થઈ શકે.

(૨) વિદેશ ખાતાએ પોતાના જ મહત્ત્વના નીતિઘડવૈયાઓ દ્વારા જ નહિ પણ ભારતને લગતા પ્રશ્નો સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા બીજા સરકારી અધિકારીઓ દ્વારા ભારતની નિયમિત ઊંડાણભરી મુલાકાતો યોજવી જોઈએ.

(૩) પાકિસ્તાનને તમામ લશ્કરી મદદ તત્કાળ બંધ કરવી જોઈએ. આવી મદદથી તો ભારતના લશ્કરમાં વધુ જમાવટ, વિકાસનો નીચો દર અને યુદ્ધની વારંવાર શકયતા જ જન્મે છે. ૧૯૫૪ ની સાલથી અમેરિકાએ પાકિસ્તાનને જે મોટા પાયા પર શસ્ત્રસજ્જ કર્યું છે તેને ઈતિહાસકારો આપણી મોટી ભૂલોમાંની એક તરીકે ગણાવશે. રાજકીય પરિસ્થિતિ સ્પષ્ટ ન બને ત્યાં સુધી પાકિસ્તાનને આર્થિક સહાય માત્ર પૂર્વબંગાળને રાહત અને પુનર્વસવાટ પૂરતી જ આપવી જોઈએ.

### વધુ સારી સમજૂતી

(૪) અમેરિકા, રશિયા અને ભારતે એકબીજા સાથે વધુ સારી સમજૂતી પર આવવાનો પ્રયાસ કરવા ઉપરાંત ચીનની સાથે પણ વધુ સારી સમજૂતી પર આવવું જોઈએ. આવી સમજૂતી અને તેના પરિણામે જે વધુ જવાબદાર અને રચનાત્મક નીતિઓ ઉદ્‌ભવે તે એશિયાભરના શાંતિ અને વધુ ઝડપી આર્થિક વિકાસ માટેની લાંબા-ગાળાની પૂર્વશરતો છે. રશિયા અને ચીન વચ્ચેનું લશ્કરી ઘર્ષણ માનવજાત માટે વિનાશકારી બની રહે એટલે આપણે ચીન અને રશિયાને એકબીજાની સામે રમાડવાની લાલચથી દૂર રહેવું જોઈએ.

(૫) આપણે (અમેરિકાએ) શ્રીમતી ગાંધી અને તેમની નવી સરકારને ભારતના લોકોની ઉન્નતિ માટે અને ભારતના આર્થિક વિકાસ અને સ્થિરતા માટે જે કાંઈ મદદની જરૂર હોય તે આપવી જોઈએ. નિઃશંકપણે શ્રીમતી ગાંધીની દોરવણી નીચેની નવીચૂંટાયેલી સરકાર કંઈક કરવા માગે છે પણ ભારતનાં સાધનો પર સખત દબાણ છે.

આવી સહાયનો અમુક ભાગ એવી રીતે પૂરો પાડી શકાય કે ભારત અમેરિકા સહિતના પશ્ચિમના સહાયક દેશોને અને વિશ્વ-બેન્કને દેવા પેટે જે મુદ્દલ રકમ અને વ્યાજ ચૂકવે છે તેની ચૂકવણી દશ વર્ષ માટે મોકૂફ રાખવામાં આવે. બીજા વર્ષે આ રકમો પશ્ચિમનાં ચલણોમાં ૬૦ કરોડ ડોલરથી પણ વધુ થશે.

ભારતના ચાલુ આર્થિક પ્રશ્નોને સફળતાથી હલ કરવામાં શ્રીમતી ગાંધીની નવી સરકારને મદદ કરીને આપણે આ સુઘટિત લોકશાહી રાષ્ટ્રની રાજકીય અસરકારકતા અને ટકાઉપણું જાળવવામાં સહાયભૂત બની શકીએ. લેટિન અમેરિકા અને આફ્રિકાની વસતિ ભેગી કરીએ તેટલી વસતિ ધરાવતા આ દેશની ગણનાપાત્ર રાજકીય પરિપકવતા અને સાંસ્કૃતિક ઊંડાણ જોતાં તેમ જ સામાન્ય રીતે કાર્યદક્ષ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવતું અસરકારક વહીવટીતંત્ર જોતાં સ્વતંત્ર અને આત્મવિશ્વાસયુક્ત ભારત વિયેટનામોત્તર એશિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

(સંદેશ તા. ૩-૭-૭૧) ચેસ્ટર બોલ્સ

# આવ હે સ્વાતંત્ર્યદિન !

તું આવ હે સ્વાતંત્ર્યદિન !
પ્રેમથી અભિવાદીએ હા હા તુંને !
ત્રીસ-બત્રીસ, ચાળીસ-બેંતાળીસની
લડતો લડ્યા'તા,
ત્યાગ, સેવા, પ્રેમ ને કુરબાનીથી,
તાહરાં દર્શન કરવા દિલથી.
લાઠી, ગોળી, જેલને કેં જીરવી.
ને છેવટે તું આવિયો, સર્વને મન ભાવિયો;
પંદરમી ઓગસ્ટ ! હે સ્વાતંત્ર્યદિન !
ત્રેવીસ વર્ષ વીતી ગયાં ... !
બાપુ-વિરોધ છતાં, કીધા'તા ભાગલા ભારત તણા.
હા, રીબામણી કેં કૈં દીધી છ સતામણી !
તોફાન, ત્રાસ અને વળી કંઈ દુષ્કૃત્ય
આ નજર સામે તરે કાળી કથા !
નેહરુ, શાસ્ત્રી ને વિનોબા કેં મથ્યા
એ પાપને વિદારવા !
પણ દોઝખ અને ગર્તા મહીં ગળકી રહ્યાં !
જરાસંધનાં ફાડિયાં શાં
પાક અને હિન્દ !
બસ આથડે ને બાખડે,
પ્રજા બિચારી રડવડે !
ગીધ-ગરુડ-વાનર- બધાં ભેગાં મળી,
જ્યાફત કરે, આફત પરે !
ત્યાં જયપ્રકાશ-વિનોબા મંડળ
એકલું શું કરે ?
અન્ન-વસ્ત્રને વાસ વિના,
કોટિકોટિ ઝૂરતાં,
વિફરીને ધમસાણ કરતાં,
હા, નકસલવાદી નામથી,
કે ત્રાસવાદી કામથી,
હા, રોકવાં છે એમને ?
ગોળી ને બંદૂકથી ?
તોપ નેં તલવારથી ?
એ નહિ બને ! ! !
માનવ-હસ્તે માનવની શું વિડંબના ?
એ નિરર્થક યંત્રણા !
ભૂમિ-સંપત મળ્યાથી થયા વિના,
નથી ભાવાત્મક એકતા.
પરસ્પરને કાજ જીવવા,
ગ્રામભાવે થાવું પડશે તત્પર.
સંકલ્પ થાશે સાથમાં
એટલો
ગામગામે, નગરનગરે, પોળપોળે,
સદ્‌મૃત્યુ ને સદ્‌જીવનનો ?
બસ ત્યાહરે કૃતાર્થ થાશે
હા, અમ સ્વાતંત્ર્યદિન !
તું આવ, હે સ્વાતંત્ર્યદિન !

પ્રા. હરીશ વ્યાસ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ સપ્ટેમ્બર ૧, ૧૯૭૧ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ગાંધીજી ☆

( પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૧૮-૮-૭૧ના રોજ અપાયેલ વ્યાખ્યાન )

ડૉ. સ્વાઈત્ઝર અને ગાંધીજી, આ યુગની બે મહાન વિભૂતિઓ–પ્રેમ–કરુણાની મૂર્તિ. આશ્ચર્ય થાય છે કે આ બન્નેનું મિલન કેમ ન થયું? બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા અને એકજ વિહારભૂમિ હતી. ઈતિહાસ કહે છે કે તેમનું પણ પરસ્પર મિલન થયું ન હતું. બીજું, બૌદ્ધસાહિત્યમાં મહાવીર અને નિર્ગ્રન્થોનો વિપુલ પ્રમાણમાં ઉલ્લેખ છે. આગમ સાહિત્યમાં બુદ્ધ અને તેમના ધર્મનો કોઈ સીધો ઉલ્લેખ નથી. ડૉ. સ્વાઈત્ઝરે ગાંધીજી અને તેમની વિચાર ધારાનો તલસ્પર્શી અભ્યાસ કરી, તેના વિશે લખ્યું છે. ગાંધીજીએ ડૉ. સ્વાઈત્ઝરનો કયાંય ઉલ્લેખ કર્યો હોય તેમ મારી જાણમાં નથી. આજના વ્યાખ્યાનમાં, ડૉ. સ્વાઈત્ઝરે ગાંધીજી વિષે જે લખ્યું છે, તે ઉપરથી આ બે મહાપુરુષોના જીવન અને તેમની જીવનદૃષ્ટિમાં કેટલું સામ્ય છે અને કેટલું અંતર છે તે સંક્ષેપમાં તપાસવાનો મારો પ્રયત્ન છે. ગાંધીજીના જીવન વિષે આપણે જાણીએ છીએ.

ડૉ. સ્વાઈત્ઝરના જીવનકાર્ય અને વિચારોથી મોટાભાગના લોકો અપરિચિત છે તેથી પ્રથમ તે વિષે અતિ સંક્ષપમાં જણાવીશ. ૧૮૭૫માં આલઝેક (જર્મની)માં તેમનો જન્મ થયો. ૧૯૬૫માં ૯૦ વર્ષની ઉમરે, ૫૨ વર્ષ સુધીની તેમની કર્મભૂમિ કોંગોના લેમ્બ્રીનમાં, તેમનું અવસાન થયું. સ્વાઈત્ઝર વિખ્યાત સંગીતજ્ઞ હતા. Doctor of Musicology – સંગીતવિશારદની – તેમને ડિગ્રી મળી હતી. ધર્મશાસ્ત્રોના (Theology), ખાસ કરીને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. Doctor of Theology ની પદવી મળી હતી અને ૨૫ વર્ષની ઉંમરે પેરિસની થીયોલોજીકલ કોલેજના પ્રિન્સીપલ નીમાયા. સમર્થ તત્ત્વચિંતક હતા અને Doctor of Philosophy ની પદવી મળી હતી.

બાળવયથી અંતરકરુણા ઉભરાતી હતી. તેમના નાના ગામડામાં પાદરીના પુત્ર તરીકે, ઠંડીમાં ગરમ કોટ પહેરવા મળતો, ત્યારે મનમાં વિચારતા કે ગરીબ બાળકોને જે નથી મળતું એવા સુખનો મને શું અધિકાર છે? ૨૧ વર્ષની વયે, કોઈને જણાવ્યા વિના, અંતરથી નિર્ણય કર્યો કે ૩૦ વર્ષની ઉમર સુધી જ્ઞાનની ઉપાસના કરીશ અને પછીનું જીવન માનવસેવામાં સમર્પણ કરીશ. દૃઢ સંકલ્પબળ હતું. ૩૦ વર્ષ પુરા થવા આવ્યાં એટલે નિર્ણયનો અમલ કરવાનો સમય આવ્યો. કેવા પ્રકારની સેવામાં જોડાવું? તેમાં, અકસ્માત એક મિશનરી સોસાયટીના માસિકમાં વાંચ્યું કે આફ્રિકાના કોંગોના જંગલમાં સોસાયટીના દવાખાનામાં ડોકટરની જરૂર છે. બસ, પોતાનું જીવનકાર્ય મળી ગયું. હવે ઉપદેશ આપવાનું છોડી, ક્રાઈસ્ટના પ્રેમકરુણાના સંદેશને કાર્યથી ચરિતાર્થ કરવાનો ધર્મ માન્યો. પ્રિન્સીપલ તરીકે રાજીનામું આપી, મેડિકલ કોલેજમાં વિદ્યાર્થી થયા. લોકોએ પાગલ કહ્યા. જ્ઞાનની ઉપાસના, પાદરી તરીકે ઉપદેશ, શિક્ષણ, યુરોપના સંસ્કારી સમાજમાં સુખી જીવન–આ બધું છોડી, આફ્રિકાનાં જંગલમાં દટાઈ જવું, કેવો અદ્‌ભુત ત્યાગ. પોતાના આ નિર્ણયના કારણો, સ્વાઈત્ઝરે તેમની આત્મકથા – My Life and Thought–માં અંતર ખોલીને સમજાવ્યા છે. આ ગ્રન્થ જગતના શ્રેષ્ઠ ગ્રન્થોમાંનો એક છે. જ્ઞાનયોગી અને કર્મયોગીની સાધનાની તવારીખ છે.

સાત વર્ષ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી એમ. ડી. થયા. બે વર્ષ પહેલાં લગ્ન કર્યું. તેમની પત્નીએ સાચી સહધર્મચારિણી થવા નર્સનું શિક્ષણ લીધું. માર્ચ ૧૯૧૩માં, ૪૦ પેટીઓ દવાઓની લઈને, બન્નેએ આફ્રિકા માટે પ્રયાણ કર્યું. ભાષા પણ ન જાણે એવી અજાણી ભૂમિમાં, અજ્ઞાન, ગરીબ અને રોગગ્રસ્ત હબસીઓ વચ્ચે પહોંચ્યા અને ત્યાર પછી ૫૨ વર્ષ સુધી, સેવાનો યજ્ઞ આદર્યો. પહેલેજ દિવસે, હરીકેન લેન્ટર્નના પ્રકાશમાં, એક તુટી ઝુંપડી Foul House માં સાધન વિના, ઈશ્વરને નામે, ગંઠીત સારણ – ( Strangulated Hernia )નું ઓપરેશન કર્યું. આ બધી અમર ગાથા અહીં કહેવાનો પ્રસંગ નથી. દુનિયાના ઈતિહાસમાં અજોડ છે. પછી તો વિશ્વવિખ્યાત થયા. યુરોપની ઘણી યુનિવર્સીટીઓએ ડી. લીટ.ની ડીગ્રીઓ વરસાવી. નોબેલ પારિતોષક મળ્યું. સંખ્યાબંધ વિશ્વવિદ્યાલયોમાં, ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપર વ્યાખ્યાનો આપ્યાં. અંતે, પોતાની કર્મભૂમિમાં જ બન્નેનું અવસાન થયું.

૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું ત્યારે, જર્મન હોવાથી, ફ્રેન્ચ કોંગોમાં હતા તેથી, તેમને નજરકેદી કર્યા. તેમની સેવાનો જે હજારો હબસીઓને લાભ મળ્યો હતો તેમને ઓથાંત થયો. સ્વાઈત્ઝરનું અંતરનિરીક્ષણ વધ્યું. આવો સંહાર શા માટે? ધર્મ અને સંસ્કૃતિ ( Civilisation ) નું આવું પતન કેમ, તેમાંથી ઉગરવાનો માર્ગ શું એવા વિચારવમળે ચડયા. આવા વિચારો વ્યકિતને પાયાના પ્રશ્નો પૂછવાની ફરજ પાડે છે. જીવ શું છે? જગત શું છે? બેનો સંબંધ શું છે? ઈશ્વર છે કે નહિ, દુનિયામાં અનિષ્ટ (Evil) અને દુ:ખ ( Suffering ) શા માટે છે, માનવીનું ભાવિ શું છે? તે અમર છે કે મૃત્યુ સાથે બધાનો અંત આવે છે? આ સાથે એક બીજા પ્રકારના પ્રશ્નો ઉદ્‌ભવે છે. મારું વર્તન કેવું હોવું જોઈએ? માનવ-માનવનો સંબંધ શું હોય? મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ સાથે માનવીનો સંબંધ કેવો હોય? આ સંબંધો નક્કી કરવાનાં ધોરણ અથવા માપદંડ શા? પહેલા પ્રકારના પ્રશ્નો જ્ઞાનના ( Knowledge ) છે. બીજા પ્રકારના પ્રશ્નો આચારધર્મના છે.

બન્ને પ્રકારના પ્રશ્નોને ગાઢ સંબંધ છે. જીવ, જગત અને ઈશ્વર વિષે આપણી જે માન્યતાઓ હોય તેના ઉપર આપણા આચરણનો આધાર છે. જ્ઞાનના પ્રશ્નોને સ્વાઈત્ઝર (World–view) વિશ્વ - દર્શન કહે છે દરેક વ્યકિતને આ બધા સવાલો વિષે આછી-

ઘાતળી માન્યતાઓ અસ્પષ્ટપણે હોય છે. મોટા ભાગના લોકો પરંપરાગત માન્યતાઓ-જ્ઞાનની અને આચારની–સ્વીકારી, જીવન ગાળે છે. ધર્મગુરુઓ, શાસ્ત્રો, સમાજ, રાજ્ય,માણસના મનનો કબજો લઈ, પોતાને અનુકૂળ હોય તેવી માન્યતાઓ તેના મન ઉપર ઠસાવે છે અને પોતાને ગમતું આચરણ માણસ ઉપર લાદે છે. સ્વાઈત્ઝરની મોટી ફરીયાદ એ છે કે આપણે સૌ પ્રમાદી (Thoughtless) જીવન ગુજારીએ છીએ. વ્યવહારિક જીવનમાં (Thoughtless) છીએ એમ નહિ. ત્યાં તો કાંઈક ગણતરીઓ કરીએ છીએ. પણ જીવનના પાયાના પ્રશ્નોની બાબતમાં આપણે સ્વતંત્રપણે વિચારતા નથી.

ઉપર, જ્ઞાન અને આચારના પાયાના પ્રશ્નોનો મેં નિર્દેશ કર્યો તે સંબંધે સ્વાઈત્ઝરના મંતવ્યો અતિ સંક્ષેપમાં જણાવીશ.

જ્ઞાનની દૃષ્ટિએ સ્વાઈત્ઝર એમ માને છે કે આ વિશ્વના રહસ્યનો તાગ આપણે પામી શકીશું નહિ. (The World is inexplicably mysterious) બીજું, આ જગત દુ:ખથી ભરપૂર છે. (Full of suffering) ત્રીજું, જગતમાં અનિષ્ટ (evil) છે. તેનો સમાધાનકારી કોઈ ખુલાસો મળતો નથી. તેથી આ વિશ્વમાં કોઈ ઈશ્વરી સંકેત કે આધ્યાત્મિક અથવા નૈતિક શકિત સર્વોપરિ હોય તેવી શ્રદ્ધા તેમને નથી. આ વિશ્વમાં કોઈ હેતુ તેમને દેખાતો નથી. એટલે જ્ઞાનની દૃષ્ટિએ સ્વાઈત્ઝર નિરાશાવાદી છે. તેમની આત્મકથામાંથી નીચેના ફકરાઓ આપું છું.

Two perceptions have cast their shadows over my existence. One consists in my realisation that the world is inexplicably mysterious and full of suffering; the other in the fact that I have been born into a period of spiritual decadence in mankind.

Even while I was a boy at school, it was clear to me that no explanation of the evil in the world could ever satisfy me.

My knowledge is pessimistic. I experience in its full weight what we conceive to be the absence of purpose the course of world happenings.

જ્ઞાનની દૃષ્ટિએ આવી નિરાશા છે તોપણ કર્મ-કર્તવ્યની દૃષ્ટિએ આશાવાદી છે-My willing and hoping are optimistic.-આ કેવી રીતે?

જ્ઞાનને છોડી, સ્વાઈત્ઝર અનુભવની ભૂમિકા ઉપર જાય છે. અનુભવ શું કહે છે? હું એક જીવ છું અને જીવવા ઇચ્છું છું. મને સુખ ગમે છે, દુ:ખ ગમતું નથી. મારી આસપાસ જીવવા ઈચ્છતા અસંખ્યાત જીવો હું નિહાળું છું. તે બધા જીવવા ઈચ્છે છે. તે બધાને સુખ ગમે છે, દુ:ખ ગમતું નથી. તો મારું કર્તવ્ય શું? મારો ધર્મ શું? મારી માનવતા શેમાં? આ બધા જીવો પ્રત્યે મારે આદર અને પ્રેમ રાખવો, કોઈને દુ:ખ ન આપવું, તેમનું દુ:ખ ઓછું કરવા મારાથી થાય તેટલા બધા પ્રયત્નો કરવા, તેમને સુખ ઊપજે તેમ કરવું.-દુ:ખથી ભરેલા આ જગતમાં સુખનો આ જ માર્ગ છે, આ જ ધર્મ છે. આ અનુભૂતિને સ્વાઈત્ઝર Reverence for life કહે છે. મનુષ્યના વર્તનનો આ મૂળભૂત સિદ્ધાંત કે પાયો હોવો જોઈએ. Fundamental Principle of Ethical Conduct. આ સિદ્ધાંત માત્ર અહિંસા–એટલે કે કોઈ જીવની હિંસા ન કરવી—નથી. સ્વાઈત્ઝરના મત મુજબ અહિંસા નકારાત્મક છે. તે કરુણામાં પરિણમવી જોઈએ. Active ethic–Compassion. પ્રેમ. સ્વાઈત્ઝરમાં આ કરુણા માનવ પૂરતી સીમિત નથી પણ સમસ્ત જીવસૃષ્ટિ પ્રત્યે વિસ્તરતી છે. સ્વાઈત્ઝર કહે છે કે જીવ-જીવ વચ્ચે ભેદ પાડવાનો આપણને કોઈ અધિકાર નથી. Unity of life. કીડી, કીટક, વનસ્પતિ અને પાણીમાં જીવ છે. તેની પણ હિંસા ન થાય. ઝૂંપડું બાંધવા પાયો ખોદે તો તેમાં જીવજંતુ છે કે નહિ તે જોઈને માટી ભરે, છાપરું કરવા ઝાડની ડાળીઓ જોઈએ તો એકથી કામ થાય તો બે ન કાપે.

સર્વ જીવ પ્રત્યે આવી કરૂણાથી જીવનના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો સચવાય છે, માનવતા વિકસે છે. માનવસંસ્કૃતિ (Civilisation)નું અધ:પતન થયું છે, કારણકે જીવ પ્રત્યેની કરુણા ગુમાવી દીધી છે. We have lost Reverence for life.

પણ, આ સિદ્ધાંતમાં, સ્વાઈત્ઝરને એક મહામુસીબત લાગી. કુદરત બતાવે છે કે જીવન ટકાવવા કેટલીક હિંસા અનિવાર્ય છે. जीवो जीवस्य जीवनम् Life lives at the cost of life. સ્વાઈત્ઝરે કહ્યું This is a horrible dilemna–તેનો માર્ગ એ કે ઓછામાં ઓછી હિંસા કરવી, અને અનિવાર્ય હોય ત્યાં પણ અંતર પ્રેમ અને કરુણા કેળવવા. Will to live should be converted into will to love.

દુ:ખ અને હિંસાથી ભરપૂર આ જગતમાં સર્વ જીવ પ્રત્યે આદર, પ્રેમ અને કરુણા કેળવવી એ કેટલું વિકટ છે તેનો સ્વાઈત્ઝરને પૂરો અનુભવ છે.

Only at quite rare moments have I felt really glad to be alive. I could not but feel with a sympathy full of regret, all the pain that I saw around me, not only of men but that of the whole creation. From this community of suffering, I never tried to withdraw myself.

આ હકીકત સ્વાઈત્ઝરના જીવનના એક બીજા સિદ્ધાંત ઉપર આપણને લઈ જાય છે. દુ:ખથી નિરાશ થઈ સંસાર ત્યજી દેવાના માર્ગના સ્વાઈત્ઝર દૃઢપણે વિરોધી છે. આવા માર્ગને સ્વાઈત્ઝર Life - negation કહે છે. પોતે Life – affirmationમાંજ માને છે. આપણે આને સંન્યાસ અને કર્મયોગ, નિવૃત્તિ અને પ્રવૃત્તિ એમ કહીયે. સેવાના જીવનમાં રહેલ કષ્ટનો સ્વાઈત્ઝરને પૂરો અનુભવ છે.

Existence will thereby become harder in every respect than it would be if man lived for himself, but at the same time, it will be richer more beautiful and happier

આ Will-to-live, to love, life affirmation - તેમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય જળવાય છે. પણ સાથે સાથે સ્વાઈત્ઝર ભૌતિક પ્રગતિ material progress માં પણ માને છે. માત્ર ભૌતિક પ્રગતિ, જે વર્તમાન જગતનું લક્ષ્ય છે, તે વિનાશક છે. તેથી સ્વાઈત્ઝરે કહ્યું કે there is spiritual decadence in mankind. પણ એકાંતે આધ્યાત્મિકતા, શારીરિક સુખ કે ભૌતિક સંપત્તિ પ્રત્યે સર્વથા અરુચિ, સ્વાઈત્ઝરને માન્ય નથી. He believes in will to progress, both material and ethical.

આવું જીવન–દર્શન સ્વાઈત્ઝરે પોતાના અનેક ગ્રંથોમાં નિરૂપ્યું છે. તેમ કરતાં તેમણે દુનિયાનાં ધર્મો, સંસ્કૃતિઓ અને તત્ત્વજ્ઞોના ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો છે. ભારતીય સંસ્કૃતિ અને દર્શનોનું પણ ગહન અધ્યયન કર્યું છે અને વૈદિક કાળથી માંડી, ગાંધીજી, ટાગોર અને અરવિંદઘોષ સુધીની વિચારધારાઓનું દોહન પોતાના એક ગ્રન્થ Indian Thought and its Development માં આપ્યું છે. તેમાં ગાંધીજી અને તેમના વિચારોની પણ તલસ્પર્શી મીમાંસા છે. ગાંધીજી વિશેનું સ્વાઈત્ઝરનું વિવેચન બરાબર સમજાય તે માટે સ્વાઈત્ઝરનું જીવન અને વિચાર સૃષ્ટિ મેં કાંઈક વિગતથી આપ્યા છે.

હવે સ્વાઈત્ઝરે ગાંધીજી વિશે શું લખ્યું છે તે જોઈએ. અંતમાં બન્નેના જીવનદર્શનની સંક્ષેપમાં તુલના કરીશ.

(ચાલુ) ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

### શાપિત સંપત્તિ

બીજા વિશ્વયુદ્ધ પછી, સંયુકત રાષ્ટ્ર સંઘની સ્થાપના અને રાષ્ટ્રો વચ્ચે પરસ્પર સહકાર અને ભ્રાતૃભાવ વધે એવી ભાવના જાગ્રત કરવા પ્રયત્ન શરૂ થયો. સમૃદ્ધ અને શકિતશાળી રાષ્ટ્રો, અર્ધ વિકસિત અથવા અણવિકસિત દેશોને અનેક પ્રકારે સહાય કરતા થયા. રાષ્ટ્ર સંઘની કેટલીય સંસ્થાઓ મારફત પણ પછાત દેશોને સહાય મળતી થઈ. એમ લાગે કે દુનિયામાં એક નવો યુગ શરૂ થયો. પણ વિચાર કરતાં કોઈ વખત એમ થાય છે કે આવી સહાય, જે રીતે અને જે હેતુથી તે આપવામાં આવે છે તે જોતાં અને તેનું જે પરિણામ આવે છે તે લક્ષમાં લઈએ તો, ન મળી હોત તો કદાચ સારૂં થાત અથવા નુકસાન તો ન જ થાત. મનને એમ થાય છે કે આવી સહાયમાં પરોપકાર અથવા જે દેશોને સહાય આપવામાં આવે છે તેના કલ્યાણની ભાવનાનો અભાવ છે. વિજ્ઞાને અઢળક ઉત્પાદન કરવાનાં સાધનો આપ્યા છે. જે દેશોમાં વૈજ્ઞાનિક પ્રગતિ થઈ છે તે દેશોનું ઉત્પાદન અને સંપત્તિ અનહદ વધ્યાં છે. આ ઉત્પાદનમાં જીવનની જરૂરિયાતો સાથે લશ્કરી શસ્ત્રસરંજામ વિગેરેનું ઉત્પાદન છે. આર્થિક સહાય સાથે લશ્કરી સહાય પણ અપાય છે. અમેરિકા કે રશિયાના ઉદ્યોગોનો ઘણો મોટો ભાગ સંહારક શસ્ત્રોના ઉત્પાદનમાં રોકાયેલ છે. આ બધી લશ્કરી સહાયે, જે દેશોને આપવામાં આવી છે તેનું કલ્યાણ કરવાને બદલે વિનાશ સર્જ્યો છે. અમેરિકાએ દક્ષિણ વિયેટનામને અને રશિયા તથા ચીને ઉત્તર વિયેટનામને લશ્કરી અને તે સાથે આર્થિક સહાય આપી નહોત તો, આ બન્ને દેશો અત્યારે જે તેમનો વિનાશ થયો છે તેમાંથી તો બચી જાત. તેવું જ રશિયાની ઈજિપ્તને સહાય, અમેરિકાની ઈઝરાયેલને, બ્રિટનની નાઈજીરિયાને, ફ્રાન્સની બાયફ્રાને, અત્યારે અમેરિકા અને ચીનની પાકિસ્તાનને. અમેરિકા અને રશિયામાં અને બીજા કેટલાક દેશોમાં પણ, લશ્કરી શસ્ત્ર સરંજામનું આટલું ઉત્પાદન નહોત તો દુનિયાના ઘણા દેશો ખાનાખરાબીમાંથી બચી જાત. આવો લશ્કરી સામાન વૈજ્ઞાનિક શોધખોળોને કારણે અમેરિકા, રશિયાને નિરૂપયોગી (out of date) થાય તે બીજા દેશોને આપે છે. આર્થિક અથવા બીજા પ્રકારની સહાય પણ, પોતાની વિદેશ નીતિને ટકાવવા અથવા પોતાના ઉદ્યોગો ચાલુ રાખવા અને બેરોજગારી થતી અટકાવવા, આપવામાં આવે છે. ભગવાને આવી સંપત્તિ અને વૈજ્ઞાનિક સાધનો આપ્યાં નહોત તો સૌ સૌનું સંભાળી લેત. આ દેખાતો પરોપકાર, શાપિત સમૃદ્ધિનું પરિણામ છે અને બીજા દેશોના વિનાશનું કારણભૂત બની છે એમ થઈ આવે છે.

### શરાબ અને જુગાર

બધા ધર્મો કહે છે કે આ બે મહાવ્યસનો છે. તેનાથી દૂર રહેવા અથવા છૂટવાનો ઉપદેશ કરે છે. માણસ, પોતાની નિર્બળતાથી, તેનો ભોગ બને છે. રાજ્ય અને સમાજની ફરજ માણસને તેમાંથી બચાવવાની હોય. - આ કલ્યાણ રાજ્ય કહેવાય છે. પણ રાજ્ય પોતે આ બન્ને વ્યસનોને ઉત્તેજે ત્યારે પ્રજાનું મહા દુર્ભાગ્ય ગણવું જોઈએ. આપણા બંધારણમાં રાજ્યની નીતિના નિર્દેશક સિદ્ધાંતો છે. Directive Principles of State Policy તેની ૪૭મી કલમમાં છે કે The State shall endeavour to bring about prohibition of the Consumption of intoxicating drinks માદક પીણાના ઉપભોગ ઉપર પ્રતિબંધ લાવવા રાજ્યે પ્રયત્ન કરવો. આવો પ્રતિબંધ હતો તે હવે દરેક રાજ્ય–એક ગુજરાત સિવાય–કેટલાય બહાના આપી છોડે છે.

રાજ્યની નીતિના નિર્દેશક સિદ્ધાંતોનો અમલ કરવામાં મૂળભૂત હકો (Fundamental Rights) બાધક છે એમ કહી મૂળભૂત હકોમાં ફેરફાર કરવા પાર્લામેંટ તૈયાર થઈ છે. પણ જે સિદ્ધાંતનો અમલ કરવા રાજ્યને આટલી બધી તાલાવેલી થઈ છે તે છે આર્થિક સિદ્ધાંત. કે સંપત્તિનું અથવા ઉત્પાદનના સાધનોનું કેન્દ્રીકરણ અટકાવવું Concentration of wealth & means of Production અને ownership and control of material resources. પ્રજાની ગરીબી હટાવવા મિલ્કતને લગતા મૂળભૂત અધિકારોને ઓછા કરવા રાજ્ય તૈયાર થયું છે. આ સારું છે. ગરીબી હટાવવી જોઈએ. પણ રાજ્યની નીતિના બીજા સિદ્ધાંતો જે વધારે પાયાના છે તેની અવગણના કેમ થાય છે? એક એવો સિદ્ધાંત છે કે બંધારણની શરૂઆતથી દસ વર્ષ સુધીમાં ૧૪ વર્ષ સુધીનાં બધા બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની રાજ્ય વ્યવસ્થા કરશે. દસને બદલે ૨૧ વર્ષ થયા. પણ કાંઈ અસરકારક પ્રગતિ થઈ નથી. તેવીજ રીતે શરાબ અને માદક પીણા રોકવા. શિક્ષણ સ્વાસ્થ્ય અને નૈતિક પ્રગતિ જેમાં રહેલી છે એવા પાયાના સિદ્ધાંતોને અવગણી નૈતિક અને આર્થિક બરબાદી જેમાં રહી છે એવા શરાબ અને જુગારના વ્યસનોને ઉત્તેજવું અને પછી આર્થિક આબાદી અને ગરીબાઈ હટાવવાની વાતો કરવી તે પ્રજાને છેતરવા બરાબર છે.

રાજ્યો લોટરીઓ ચલાવી જુગારની વૃત્તિ ઉત્તેજે છે. આંક ફરક, મટકા, જુગારખાના આ બધું ઓછું હોય તેમ રાજ્ય મોટા ઈનામની લાલચો આપી જુગાર ચલાવે છે. અંતે તો તેમાં બરબાદી જ છે. ગરીબ માણસો આમાં કેટલા ફસાય છે તે જાણીતી વાત છે. ચોરે ચૌટે, ફેરિયા જેવા લોટરીની ટિકિટો વેચે છે. આ પૈસાનું રાજ્ય શું કરે છે તે તો રાજ્ય જાણે. જુગાર વધારવા રાજ્ય કમિશન આપે, લલચામણી જાહેરખબરો આપે, એ શરમજનક છે. આ લોટરીઓએ કાળા બજાર વધાર્યા છે તેનો દાખલો હમણાંજ બહાર આવ્યો. ૨૫ લાખનું ઈનામ મળ્યું હતું તે માણસ પાસેથી ૩૫ લાખ રૂપિયે તેની ટિકિટ ખરીદી ૨૫ લાખ કાળા નાણાંને ધોળા કરવા પ્રયત્ન થયો. પ્રજાનું નૈતિક અધ:પતન કરી આર્થિક આબાદી કરવાની અથવા ગરીબી હટાવવાની ભ્રમણામાંથી રાજ્યને કોણ બચાવે ? પ્રજા પોતેજ. કારણ કે શરાબ કે જુગારમાંથી આર્થિક આબાદી કરવાના બહાને પૈસાને મેળવવો તેમાં પણ નૈતિક અધ:પતન ઉપરાંત પ્રજાની આર્થિક બરબાદી જ છે.

### ડુક્કરના માંસને લોકપ્રિય બનાવવા સરકારી ઝુંબેશ

ત્રણેક વર્ષ થયાં મહારાષ્ટ્ર સરકારે કેન્હેરીની ગુફાઓ પાસે ડુક્કર ફેકટરી સ્થાપી છે. આ ફેકટરીમાં હૃષ્ટ પુષ્ટ ડુક્કરો ઉછેરી તેનું માંસ વેચાય છે. આવા ડુક્કરો ઉછેરવા, આ ફેકટરી મહારાષ્ટ્રમાં બીજી ૪૬ સહકારી મંડળીઓને આર્થિક અને બીજી સહાય આપે છે, જે વડે આ મંડળીઓ ખેડૂતોને આવા ડુક્કરો ઉછેરવામાં મદદ કરે છે, અને આવા ડુક્કરો આ ફેકટરી ખરીદ કરી, માંસ વેચે છે.

હવે, આ ફેકટરીના પ્રમુખ શ્રી આર. એસ. પાઈના જણાવવા મુજબ ડુક્કરના માંસની સ્વાદિષ્ટ વાનગીઓ મુંબઈનાં લોકો વધારે પ્રમાણમાં ખાતાં થાય તે માટે ફેકટરી તરફથી ઝુંબેશ ઉપાડવામાં આવશે. ૮ ફરતી બસોમાં (mobile vans) અને ચોપાટી ઉપરના સરકારી સ્ટોલમાં આવી સ્વાદિષ્ટ વાનગીઓ વ્યાજબી ભાવે વેચવામાં આવશે. એક આવી બસ નરીમાન પોઈન્ટ ઉપર, બીજી વરલી ડેરી પાસે રાખવામાં આવશે.

સરકાર આ બધું શા માટે કરે છે ? કલ્યાણ રાજ્ય છે અને લોકોના આરોગ્યની ઘણી ચિંતા છે. લોકોના ખોરાકમાં પ્રોટીન તત્ત્વની ખામી છે. તે દૂર કરવા સરકાર લોકોને ડુક્કરનું માંસ ખવરાવી પ્રજાની તંદુરસ્તી વધારશે. ડુક્કરો સરકારને ધન્યવાદ આપશે કે તેમને હૃષ્ટ પુષ્ટ બનાવે છે. પ્રજા ધન્યવાદ આપશે કે ઊગતી પેઢી મજબૂત અને તંદુરસ્ત થશે. સરકાર આ કામમાં ઘણો ભોગ આપે છે. ૫૬ લાખ રૂપિયા

ફેક્ટરીમાં રોકાયા છે. અઢી વર્ષમાં ૩૦ લાખ રૂપિયાનું નુકસાન કર્યું છે. પણ હવે ઉત્પાદન વધારી, પ્રચાર ઝુંબેશથી વેચાણ વધારી, ૧૯૭૪ થી શ્રી પાઈના કહેવા મુજબ ફેક્ટરી નફો કરતી થશે. પવિત્ર ભારત-ભૂમિમાં, કલ્યાણ રાજ્ય શું નહિ કરે ? શરાબની અનુકૂળતા કરી આપશે, જુગારને ઉત્તેજન આપશે અને માંસાહાર વધારશે.

* * *

**કામોત્તેજક સાહિત્ય અને સાધનો**

ઈંગ્લાંડમાં ભૂગર્ભમાં ચાલતા oz નામના એક સામયિકના ત્રણે તંત્રીઓને બિભત્સ (obscene) લખાણો પ્રકટ કરવામાટે, કોર્ટે જેલની સજા કરી તે સામે ત્યાં ભારે ઉહાપોહ મચ્યો છે. એમ કહેવાય છે કે આ સજા બહુ સખત ગણાય. કેટલાકને મતે જાતીય "સાહિત્ય" (sex "literature") નો વ્યાપક પ્રચાર થાય તે ગુનો તો નથી જ પણ પ્રજાને લાભદાયી છે. obscenity ની જૂનવાણી વ્યાખ્યા અપ્રસ્તુત છે. દુનિયામાં અને ખાસ કરી પશ્ચિમના દેશોમાં જાતીય સંબંધો વિશે મોટું પરિવર્તન આવ્યું છે. Pornographic લખાણો અને ચિત્રો, ફિલ્મો અને નાટકો, રાત્રિ ક્લબો, નગ્નત્વ, મુકત વ્યવહાર, એવું ખૂબ ચાલે છે. હિન્દુસ્તાનમાં પણ સારી પેઠે વ્યાપ્યું છે. મોટા શહેરોમાં ક્લબોમાં અને બીજી ઘણી રીતે, ફેશનેબલ કહેવાતા પૈસાવાળા લોકો, નાચ અને રંગ-રાગમાં મોજ માણે છે. કૉલેજના યુવક અને યુવતીઓ પણ એ માર્ગે જઈ રહ્યા છે. જાતીય વૃત્તિનું દમન કરવાથી શારીરિક અને માનસિક નુકસાન થાય છે. માટે તેને છૂટો દોર આપવો. ફ્રોઈડ અને અન્ય માનસશાસ્ત્રીઓ આવા વિચારોનું સમર્થન કરે છે. સરકાર પણ આવા વર્તનને ઉત્તેજન આપે છે. Tourism વધારવા વિદેશીઓને રાત્રિ ક્લબોની અને સુખોપભોગની બીજી સગવડો કરી આપવી. ગર્ભપાતનો કાયદો હળવો કરવો, જે ઉદાર મત કહેવાય છે.

દુનિયામાં માણસ ભોગ ભોગવતો આવ્યો છે. વામ માર્ગો પણ હતા. પણ તેને ઈષ્ટ માનવા, આવકારવા એ નવો રાહ છે.

આવા વાતાવરણમાં જુદો સૂર કાઢવો એ કદાચ અરણ્ય રુદન જેવું લાગે અથવા જૂનવાણી કે મૂર્ખ લેખાઈએ. છતાં હિન્દુસ્તાનમાં પણ માનવી મન અને તેની વૃત્તિઓનો ઊંડો અને ગહન અભ્યાસ થયો છે. એ વાત યાદ કરવા જેવી છે. ગીતાના નીચેના શ્લોકો અનુભવની વાણી છે, સનાતન સત્ય છે, સાચું માનસ શાસ્ત્ર છે.

કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
પ્રયત્નમાં રહે તોય, શાણાયે નરના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે;
સ્મૃતિ લોપે બુદ્ધિ નાશ, બુદ્ધિ નાશે વિનાશ છે.
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેવા નાવને જળે

ભગવાન બુદ્ધ અને મહાવીરે પણ તે જ કહ્યું છે. કામ વૃત્તિ એટલી પ્રબળ છે કે તેને કોઈ ઉત્તેજનાની જરૂર નથી, સતત સંયમની જ જરૂર છે. એ ખરું છે કે બાહ્ય દબાણ કામિયાબ ન નિવડે. પણ સાથે અંતર સંયમ પણ ત્યજવો તેમાં વિનાશ છે.

ચીમનલાલ ચકુભાઈ

## અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી જે રીતે પર્યુષણ વ્યાખ્યાન-માળા યોજવામાં આવે છે, એ જ ધોરણે આ વર્ષે પણ અન્યત્ર વ્યાખ્યાનમાળાઓ યોજાવામાં આવી હતી. આ વખતે, જૈન યુવક મંડળના આશ્રયે વિલેપાર્લેમાં, ગુજરાતી કેળવણી મંડળના આશ્રયે માટુંગામાં, સાન્તાક્રુઝ જૈન મિત્ર મંડળ તરફથી સાન્તાક્રુઝમાં અને ઘાટકોપરમાં એમ ભિન્ન ભિન્ન પરાંઓમાં વ્યાખ્યાનમાળાઓ યોજવામાં આવી હતી. ઘાટકોપર નાગરિક મંડળના આશ્રયે એક વર્ષા વ્યાખ્યાન-માળા પણ આ દિવસોમાં જ યોજવામાં આવી હતી, અને દરેક વ્યા-ખ્યાનમાળાને પૂરી સફળતા સાંપડી હતી. જનતાની જ્ઞાનપિપાસા કેટલી જાગૃત થઈ છે તેનું માપ આવી વ્યાખ્યાનમાળાઓની સફળ-તાથી અંદાજી શકાય.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# અનાસક્તિ અને વૈરાગ્ય : બે વિભિન્ન જીવન દૃષ્ટિ

માનવચિત્ત વિકાસના એક પછી એક પગથિયાં ચઢતું-ચઢતું નવી નવી સ્થિતિ પ્રાપ્ત કરતું જાય છે. જડતા કે બંધિયારપણું ચિત્તનો સ્વભાવ નથી. ચિત્તની જો એવી દશા થઈ ગઈ હોય તો તે એક માત્ર કરુણતા જ છે. દરેક ભકિતની સાધના વિશિષ્ટ હોય છે કેમ કે જન્મથી જ તે અમુક કક્ષા કે અમુક સ્થિતિ યા સિદ્ધિ કે ખાસિયત લઈને વિકાસ સાધે છે.

અંતિમ યા તો લક્ષિત કોટિએ પહોંચવા માટેનો માર્ગ દરેક શ્રેય:સાધકનો પસંદ કરેલો એટલે કે અપનાવેલો હોય છે. સામાજિક ન્યાયને અથવા સમાજવ્યવસ્થાને આંચ ન આવે એવો તે હોય તે તેની પ્રાથમિક કસોટી છે. સમાજને બેવફા ન હોય એ રીતે જે સાધના થતી હોય તે પૈકી કોઈ સાધના શ્રેષ્ઠ યા કનિષ્ઠ છે એમ આપણે છાપ નહિ મારી શકીએ.

ગીતાએ પ્રબોધેલ અનાસકિત કે જૈન યા અન્ય ધર્મોએ પ્રબો-ધેલ વૈરાગ્ય એ બેનું તારતમ્ય નક્કી કરવું વ્યાજબી નથી. કોઈ ચિત્તની અનાસકત સ્થિતિ પ્રાપ્ત કરી સમાજને જ વરેલો રહે અને કોઈ ચિત્તની વીતરાગ સ્થિતિ પ્રાપ્ત કરી ત્યાગ-તપોમય જીવન ગાળે; એ બેમાંથી કોઈ ચઢતું- ઊતરતું છે એમ માનવું જોઈએ નહિ.

વૈરાગ્યની સ્થિતિ પ્રાપ્ત થવી બહુ જ ઓછી વ્યકિત માટે શકય છે અને તે પણ ભારે કષ્ટસાધ્ય છે એટલા જ પરથી તેને શ્રેષ્ઠ યા કનિષ્ઠ નહિ ગણી શકાય. જીવ વીતરાગ દશાને પામી શકે છે એ એક ઉજજ-વલ અને તેજસ્વી હકીકત છે અને એ હકીકતનું લક્ષ્ય રાખી કોઈ જીવ સમાજને અવિરોધીપણે સાધના કરતો હોય તો તે પણ એટલા જ આદરને પાત્ર છે, જેટલો કોઈ જીવ અનાસકત ભાવે, નિર્લેપ યા નિર્મોહ રહીને ફલાસકિત વિના કર્મયોગીનું જીવન ગાળવા મથતો હોય. આપણે જૈન હોઈએ, હિન્દુ હોઈએ અથવા આવી ધાર્મિક છાપ વિશે ઉદાસીન હોઈએ તો પણ આપણે આપણી શકિત - મતિ અનુસાર જે પથ પર ચઢીએ તે આપણા લક્ષ્ય તરફ આપણને લઈ જતો હોય તે પૂરતું છે.

વૈરાગ્યમાં સંસારને અસાર માની લેવાયો છે. સમાજ પાસેથી ઓછામાં ઓછું લેવું અને તે પૂરતો સમાજ સાથે સંપર્ક રાખી અન્યને પણ સુખોપભોગમાંથી વાળી વૈરાગ્ય માટે પ્રેરવા જેટલા પ્રવૃત્ત રહી, બાકી તપોમય, ધ્યાનમય, જ્ઞાનમય જીવન ગાળવું એ વૈરાગ્યસાધનામાં ઓતપ્રોત રહેનારનું પ્રધાન લક્ષણ છે.

સંસાર પ્રત્યે તિરસ્કાર કે સાંસારી જીવો પ્રત્યે તુચ્છકાર એ વૈરા-ગ્યગામી જીવનું સાચું લક્ષણ નથી. સંસારને મિથ્યા જાણવો, સંસાર સુખો – માન, માયાથી માંડીને તમામ શારીરિક માનસિક સુખોને– ત્યાજય માનવા એ વૈરાગ્યસાધના માટેની આવશ્યક શરત જરૂર છે પણ તે પણ સમાજ પ્રત્યે સમાનતાનો ભાવ ધારણ કરીને જ થઈ શકશે.

'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' કહી બ્રહ્મમાં તલ્લીન રહેવાની તાલા-વેલી ધરાવનાર જીવ આત્માના સર્વોચ્ચ શિખરો હાંસલ કરવા પ્રવૃત્ત ત્યારે જ બની શકે જ્યારે તેમાં અંતરાયરૂપ બનતા તમામ ચિદ્-ભાવમાંથી ક્રમિકપણે મુકિત મેળવવાની ક્ષમતા તે જીવમાં હોય.

જેને સંસારની અસારતાની પ્રતીતિ થઈ છે તે પ્રતીતિ નિરાશા, હતાશા, કાયરતા કે અવમાનના યા નફરતમાંથી સિદ્ધ થઈ હશે તો એ પ્રતીતિ સદોષ હશે, નિસ્તેજ હશે. નિર્દોષ, નિર્દંશ અને સતેજ પ્રતીતિ જ સાચું વૈરાગ્યમય જીવન હાંસલ કરી શકશે.

ગીતા એ વૈરાગ્યનો ગ્રંથ નથી. સૃષ્ટિ શૂન્યમાંથી સર્જાઈ છે અને એનો અંત પણ શૂન્યમાંજ છે, એવી તેની ફલશ્રૂતિ નથી. સમાજને

વફાદાર રહેતો નર્યા કર્મયોગને પ્રબોધતો એ ગ્રંથ છે. કર્મરત રહ્યાં છતાં ચિત્તની અનાસકત સ્થિતિ રાખવી – દાખવવી એ એનો વ્યકિત પરત્વે પ્રધાન ઉપદેશ છે.

અર્જુન, યુદ્ધ વિશે પોતાની વિરકિત પ્રગટ કરી બીજી બાજુ પોતાનાં સગાં – સ્નેહી, બાંધવો અને વડીલો પ્રત્યેની અનુરકિત પણ પ્રગટ કરે છે, તે વખતે કૃષ્ણ તેને સાવધ કરે છે. અર્જુનના તર્કનું નિરસન એ ગીતાના પ્રાદુર્ભાવનું નિમિત્ત છે.

કોઈ પણ ગ્રંથ જળાશય સમાન ગણીએ તો તેમાંથી અર્થ તારવનાર ઘટ સમાન છે. ઘડાના એટલે કે પાત્રના આકાર પ્રમાણે તેમાંનું પાણી આકાર ધારણ કરે છે તેમ દરેક અર્થકાર પોતાના જીવનદર્શન પ્રમાણે જ તેમાંથી અર્થ તારવે છે.

ગીતા જેમ વૈરાગ્યનો ગ્રંથ નથી તેમ સુખોપભોગની તરફેણ કરતો ગ્રંથ પણ નથી. ચિત્તવિજ્ઞાનમાં અવગાહન કરી કઈ સ્થિતિએ કર્મરત રહ્યા છતાં નિર્લેપ – નિર્મોહ ભાવ જાળવી શકાય એ તેણે બતાવ્યું છે. માનવ માટે સમાજપરાયણ રહી ઉચ્ચકોટિએ પહોંચવાની શકયતા વિશે ગીતા જેટલો કોઈ ગ્રંથ નિ:શંક નથી.

ગીતામાંથી હિંસા તારવી શકાતી હોય તો તે મહાભારતના સંદર્ભમાં છે. મહાભારતથી વેગળી રાખી ગીતાને મૂલવીએ તો તે હિંસાનો બોધ આપવા નિર્માઈ છે એમ નહિ લાગે. ગીતા જીવનદૃષ્ટિ બક્ષે છે. હિંસા કે અહિંસાનો પ્રશ્ન જ તેની સામે નથી. કર્મભ્રષ્ટ કે કર્મચ્યુત થવા સામે તે આપણને સાવચેત કરે છે. એ કર્મરતિમાં પણ મુકત દશા માણી શકાય છે અને એ માટે ચિત્તનિરોધ કેટલે અંશે જરૂરી છે અને મોહમૂઢ યા આત્મસંમૂઢ દશામાંથી યથાક્રમ સમાજનિષ્ઠ કર્તવ્યકર્મ વડે મુકિતપરાયણ થઈ શકાય છે એ એણે નિર્દેષ્યું છે.

ચિત્તની આવી સ્થિતિ પ્રાપ્ત થવી અથવા ચિત્તની એ પ્રાપ્ત સ્થિતિ વડે કર્મયોગ સાધવો એ ગીતાનો મુખ્ય ઉપદેશ છે. પાપ-પુણ્યની, હિંસા–અહિંસાની વિવેચના એની પાસે નથી. જેને આપણે સંકટ ગણ્યું તેનો સામનો કેમ કરવો એ આપણે નક્કી કરવાનું છે. પરંતુ એમ કરતા છતાં ચિત્તને તેમાં કેમ નિવડાવવું - નિપટવું અને તેમાં કઈ દૃષ્ટિ રાખી ચિત્તની કઈ દશા જાળવવી - હાંસલ કરવી તેનો જ તેમાં નિર્દેશ છે.

મહાભારત યુદ્ધના સંદર્ભમાં ગીતાનું પ્રાગટય થયું હોવા છતાં એવા સંજોગના અભાવમાં કે અન્ય નાની મોટી તમામ જીવનઘટનાઓમાં ગીતાનો સંદેશ આપણને આજે પણ પ્રેરક થઈ પડે તેમ છે, અહિંસક લોકશાહી ચૂંટણીના જે સંગ્રામ ખેડે છે તેમાં પણ અને આપણી દૈનિક કાર્યવાહન ગતિમાં પણ.

અનાસકિત સંસારનું મિથ્યાત્વ સ્વીકારતી નથી. આત્માનું સ્વામિત્વ તે સ્થાપે છે અને નિડરપણે વિકટ પ્રશ્નોમાંથી પસાર થઈ આત્મતેજ વધારવાનું તે પ્રબોધે છે. સંસાર છે તો તેના વિકટ પ્રશ્નો, સમસ્યાઓ અને દુ:ખો પણ છે. તેનાથી ભાગતા કે ડરતા રહેવાની જરૂર નથી. તે વિશે હતાશ કે નિરાશ બનવું પણ યોગ્ય નથી. પરિણામની મર્યાદા આંકી આત્માને બદ્ધ કરવાની પણ જરૂર નથી. વિકટ પ્રશ્નો સામે કર્મયોગ આદરનારનો આત્મા કશાથી ય બંધાતો નથી, તેમ કશામાં તે આસકત નથી. એટલે કે એવી રીતે કર્મનિષ્ઠ બનનાર વીર પુરુષને ચિત્તનિરોધ સ્વયમેવ સાધવો રહે છે.

વૈરાગ્યની અને અનાસકિતની જીવનદૃષ્ટિ એકબીજાથી તદ્દન નિરાળી છે. આત્મબીજ પોતાના નિમિત્ત જીવ-ભાવ વડે બેમાંથી એક માર્ગે પ્રયાણ આદરે છે. બેમાંથી કઈ દૃષ્ટિ સત્યની વધુ નજીક છે તે કોણ નક્કી કરી શકે ? કેમ કે સત્યનું પરિપૂર્ણ આકલન આપણી પાસે નથી, સંખ્યા કે સરળતા એને માપવાનો ગજ નથી. દરેકે દરેક જણ બેમાંથી કોઈ એક માર્ગે વહેંચાઈ જાય એમ પણ નથી. જેનામાં જેવો ચિત્તભાવ છે, જેવી સંકલ્પ દશા છે તે પ્રમાણે તે વ્યકિત તે તે માર્ગે વળે છે. એ રીતે વળે છે કે પોતાની શ્રદ્ધા વડે અન્યમાં પણ તેવી શ્રદ્ધા પ્રગટાવે છે. આમ અનાસકિતભાવ કે વૈરાગ્યભાવ દૃઢમૂલ છે. શકિતમતિ પ્રમાણે યોગ્ય વ્યકિત યોગ્ય માર્ગે પોતાનું પ્રયાણ કરે જ છે.

વૈરાગ્ય એટલે આ સંસારમાંથી રસ ઊડી જવો તે. આ સંસાર સાથે આપણે માન - મમતા જેવા માનસિક સુખોપભોગ વડે અને આહાર - નિદ્રા, ભય - મૈથુન જેવા શારીરિક સુખોપભોગ વડે જકડાયલા છીએ. એ સઘળું વ્યર્થ છે, અસાર છે, નિ:સાર છે. આમ જાણવું અને માનવું એ એક વાત છે અને જ્ઞાન - દર્શન - ચારિત્ર્યબળથી પ્રતીતિપૂર્વક સંસાર ત્યજવો અને વૈરાગ્ય પ્રેરિત તપોમય જીવન ગાળવું એ અનોખી બાબત છે. વૈરાગ્ય આત્મકેન્દ્રિત છે.

અનાસકિત છે આત્મકેન્દ્રિત, પણ સામાજિક સંગ્રામનો અનુબંધ તે ચાલુ રાખે છે. વીરોચિત જીવનને પડકાર ફેંકે તેવા વિકટ પ્રશ્નોના નિરસન અને ઉકેલ માટે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો અને તેવા ઉન્નત ચિત્ત વડે કર્તવ્યકર્મનો આરંભ સમારંભ કરવો અને તેવા સંગ્રામ વચ્ચે પણ ચિત્તને અનાસકિત વડે સતેજ, જાગૃત, નિર્લેપ રાખવું એ આવી જીવનપદ્ધતિનો મુખ્ય સૂર છે.

આસકિત આંતર - બાહ્ય, બંને પ્રકારની હોઈ શકે. મોહમય જીવન યા જીવનની મૂઢતાનું બીજું નામ છે આસકિત. ચિત્તવૃત્તિનાં જે સ્થૂળ આકર્ષણો છે તેમાં પશુવત્ રમમાણ રહેવું એ અજ્ઞાનાંધ જીવોનો સહજ ભાવ-સ્વભાવ છે. એવાં આકર્ષણો સિદ્ધ કરવા પાછળ જ શકિત રેડવી અને જીવનને ભોગમય રાખવા સિવાય કંઈ વિચારવું નહિ એવી આ પ્રકારના જીવોની સહજ ગતિ છે. વિજ્ઞાનની સિદ્ધિઓ પર પણ પોતાનો દોર જમાવી શકે અને વિજ્ઞાનને પોતાનો દાસ બનાવી શકે..

સંસારમાં રમમાણ રહેવું એ એક વાત છે, સમાજપરાયણ બનવું એ એથી અનેરી વાત છે; અને એમાં ય સમાજને પોતાના આત્મબળ વડે ગતિ આપવી, વેગ આપવો, ચાલુ પ્રશ્નો,–ચાલુ સમસ્યાઓનો ઉકેલ આણવો અને નવા પ્રશ્નો - નવી સમસ્યાઓ માટે માર્ગ મોકળો કરવો એ વાત એથી ય આગળની વાત છે. આ બધું કરતાં છતાં, આત્મવિલોપનભાવ જાળવવો, જાતને શૂન્યતવત્ ગણી સમાજમય બનાવી દેવી, માનવ સમૂહના એક અંશ રૂપ લેખી જાતને કોઈ ઉચ્ચત્તમ હેતુ માટે જોતરવી અને તે માટે આવશ્યક કર્તવ્ય–કર્મોને નોતરવા, પરિણામ ભાવિના ગર્ભમાં અવ્યકત રહેવા દઈ માત્ર પુરુષાર્થનો વિચાર કરવો એ આ અનાસકિતયોગની જીવનપદ્ધતિ છે.

સંભવ છે આપણું જીવન પૂર્ણપણે અનાસકત ન હોય. પણ કેટલીક એવી ધન્ય પળો જરૂર હોય કે જેમાં અનાસકિતની ત્રૂટક છૂટક પ્રતીતિ સાંપડી હોય. એવી ક્ષણોને નજરમાં રાખી વધુ ને વધુ તેવો જ આગ્રહ સેવતા રહી આ પ્રકારના જીવન તરફ પ્રયાણ કરી શકાય.

જે માર્ગ આપણે અપનાવીએ તે માર્ગ વિશેની આપણને પ્રતીતિ થઈ છે માટે અપનાવીએ છીએ. આપણે તેને શ્રેષ્ઠ ગણવાની અને બીજાને તે જ માર્ગ સાચો છે એમ મનાવવાની જરૂર નથી. આપણું પોતાનું જીવન આપોઆપ તેવી પ્રતીતિ અન્યને કરાવશે.

સુરેન્દ્રનગર — લલિત શાહ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ગાંધીજી. | ચીમનલાલ ચકુભાઈ | ૧૨૩ |
| પ્રકીર્ણ નોંધ : શાપિત સંપત્તિ, શરાબ અને જુગાર, ડુક્કરનાં માંસને લોકપ્રિય બનાવવા સરકારી ગુંબેશ, કોમોત્તેજક સાહિત્ય અને સાધનો. | ચીમનલાલ ચકુભાઈ | ૧૨૫ |
| અનાસકિત અને વૈરાગ્ય: બે વિભિન્ન જીવનદૃષ્ટિ. | લલિત શાહ | ૧૨૬ |
| "રેકેટ-સ્કેન્ડલ" યુગ | સુબોધ એમ. શાહ | ૧૨૮ |
| ઍપોલો-૧૫ : સૈદ્ધાંતિક અને વૈજ્ઞાનિક ચર્ચા. | મનુભાઈ મહેતા | ૧૨૯ |
| જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ | પંડિત બેચરદાસ દોશી | ૧૩૧ |
| આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા | | ૧૩૩ |
| માનવતાનો સાદ | ચીમનલાલ ચકુભાઈ | ૧૩૪ |

# "રેકેટ-સ્કેન્ડેલ" યુગ

છેલ્લા થોડાંક વખતમાં આપણા દેશના સમાજજીવનને નૈતિક-સ્તરે નીચે લઈ જનારી કેટલીક ચોંકાવનારી ઘટનાઓ પ્રકાશમાં આવવા પામી છે. સામાન્ય પરિભાષામાં આવી ઘટનાઓને આપણે, જો એક વ્યકિત સંકળાયેલી હોય તો 'સ્કેન્ડેલ' અને એકથી વધુ વ્યકિતઓ હોય તો 'રેકેટ' તરીકે ઓળખીએ છીએ.

થોડા સમય પહેલાં મુંબઈમાં શિવસેનાવાળા એક આગેવાને પોતાની લાગતાવળગતા પ્રધાન પરની લાગવગના જોરે, પોતાની રાત્રિશાળાના કેટલાક એસ. એસ. સી. ના વિદ્યાર્થીઓનાં પરીક્ષાનાં ફોર્મ ગેરકાયદેસર રીતે મંજૂર કરાવ્યાનું બહાર આવ્યું હતું. દિલ્હીના પોલીસખાતામાં અમુક અમુક વિભાગોની પાઘડીઓ બોલાતી હોવાનું છાપામાં આવ્યું હતું. પોલીસ ઓફિસરો પોતાની બદલીઓ ઉપરી અધિકારીઓને પૈસા ખવરાવીને પોતાને ફાયદો થાય તેવા વેપારી લત્તાઓમાં કરાવી શકે છે એમ જાણવા મળ્યું હતું. અકલૂજમાં મહારાષ્ટ્રના વિધાન સભ્ય શ્રી શંકરરાવ મોહિતેએ–અને ત્યારબાદ આંધ્ર પ્રદેશના એક પ્રધાને પણ–પોતાના દીકરા દીકરીનાં લગ્નપ્રસંગે જે ધામધૂમ ને ધમાલ કરી હતી તેની આશ્ચર્ય પમાડે તેવી વિગતો પણ બહાર આવી હતી.

આ બધા કિસ્સાઓ અંગે જે વિગતો જાહેરમાં આવી છે તેમાં સંભવ છે કે ઓછી-વત્તી અતિશયોકિત પણ હોય. અકલૂજના બનાવમાં તો ખૂદ વડાપ્રધાનને પણ લોકસભામાં પાછળથી સદરહુ ધારાસભ્યનો બચાવ કરવો પડયો હતો. પરંતુ જાહેરજીવનનું નૈતિક સ્તર કેટલું ભયાનક રીતે નીચે ઊતરી ગયું છે ને હજી જઈ રહ્યું છે તેનો પુરાવો આવા કિસ્સાઓ પૂરા પાડે છે. લાંચ–રુશ્વત અને અનૈતિક વ્યવહારો આગળના સમયમાં પણ હતાં તેની ના નથી. પણ જે હદે આજે આ અનૈતિકતા વિકસી છે, એથી કોઈપણ સમજુ અને વિચારશીલ મનુષ્યનું દિલ દુ:ખ અને ચિંતા અનુભવ્યા વિના રહેશે નહીં. આજે તો કોઈપણ વિદ્યાર્થી પુસ્તકનું મોં પણ જોયા વિના આખા વર્ષની હાજરી પુરાવી શકે છે અને પરીક્ષામાં બેઠા વિનાજ ડિગ્રી અને જોઈએ તે 'કલાસ' પણ મેળવી શકે છે. આજે કોઈપણ જાતની બિમારીવાળો માણસ પોતાની દાકતરી પરીક્ષા કરાવ્યા વિના પોતાની જિંદગીનો વીમો પાસ કરાવી શકે છે. એક્ષ-રે, કાર્ડિયોગ્રામ વગેરે જરૂરી દસ્તાવેજો કોઈ ભળતાજ માણસના કરાવીને એનાં નામથી દાખલ થઈ જાય છે અને વિના તકલીફે ઘેરબેઠાં રજીસ્ટર્ડ ટપાલથી પોલિસી મળી જાય છે. આવકવેરા અંગેના કોઈ પણ ગેરકાયદેસર કામ માટે આવકવેરાના અધિકારીનો સહકાર પણ ખરીદી શકાય છે. અત્યાર સુધી વેચાણવેરાના ખાતામાં અને કસ્ટમના દરેક વિભાગોમાં ભ્રષ્ટાચાર ચાલતો હતો અને લેનાર-આપનાર બંને માટે આ વ્યવહાર એકદમ સામાન્ય અને લગભગ 'સત્તાવાર' કહેવાય એવો થઈ ગયો હતો. સિનેમાની ટિકિટોના કાળાંબજારની જેમ કેટલીક આવી વસ્તુઓ આપણને કોઠે પડી ગઈ હતી. પણ હવે તો આ અનૈતિકતાનો વિસ્તાર જીવનવ્યવહારના એવા એવા ક્ષેત્રો સુધી ફેલાયો છે કે જેની આપણે કલ્પના પણ કરી ન શકીએ. શિક્ષણ, વીમો અને જનતાનું રક્ષણ કરનારી પોલીસ વ્યવસ્થામાં પણ આવું બનતું હશે એવી કદી આપણે કલ્પના કરી હતી ખરી? આ સિવાય બીજાં કેટલાંયે એવા ક્ષેત્રોમાં આજે અનૈતિક વ્યવહાર ચાલતો હશે, જેની આપણને જાણ પણ નથી.

સવાલ એ થાય છે કે ફેલાઈ રહેલા આ દૂષણને કેમ રોકી શકાય?

મૂળભૂત રીતે જોઈએ તો પ્રજાનાં બહુમોટા સમુદાયની ગરીબી અને એની સાથે સાથેજ ફાલીફૂલી રહેલો અને દોમદોમ સાહ્યબીમાં આળોટી રહેલો એક નાનકડો પૈસાવાળાનો વર્ગ–બંને પ્રકારના લોકો વચ્ચે પડેલી અને વધુ મોટી થતી જતી ખાઈમાંથી આ પરિસ્થિતિ સર્જાઈ છે ભારતના કરોડો લોકો જેમની પાસે જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા જેટલી આવક નથી અને બીજા અનેક લોકો જેઓ માંડમાંડ પોતાની આવક અને ખર્ચના બે છેડા મેળવી શકે છે પણ કંઈક સુઘડ અને સ્વચ્છ કહેવાય એવું જીવન જીવવાની આકાંક્ષા રાખે છે છતાં જેમની એ આકાંક્ષા કદી ફળતી નથી–તેવાં લોકોની નજર સામેજ પેલા મૂઠીભર માણસો મોટા મહાલયોમાં રહે છે, નાઈટ કલબોમાં ને પાર્ટીઓમાં જાય છે અને ખૂબ મોજ માણે છે.

આ સંજોગોમાં ગરીબીના કારણે જે લોકો નીતિ-અનીતિનો વિચાર કરી શકતાંજ નથી તેમની વાત તો જવા દઈએ. પણ જે લોકો પૈસેટકે સુખી છે તેવાં લોકો પણ પોતાના જીવનના વ્યવહારમાં નૈતિક મૂલ્યો વિશે બેદરકાર રહેતા હોય તો તેનું શું સમજવું? આજે તો માણસની તૃષ્ણાની કોઈ સીમા જણાતી નથી. માણસ જેમ જરૂરિયાત વધારતો જાય છે, તેમ એની તૃષ્ણા પણ વધતી જાય છે. એ તો ઠીક; પણ પોતાનો જરા જેટલો સ્વાર્થ સધાતો હોય તો નૈતિક મૂલ્યોની જાળવણી થાય છે કે નહીં તે જોવાની એને કાળજી રહેતી નથી.

બીજી બાજુ આપણે ત્યાં પુષ્કળ કાયદાકાનૂનો છે, સરકારી અંકુશો છે. એમાંથી મોટા પાયા પરના ભ્રષ્ટાચારને ઉત્તેજન મળે છે એ વાત સાચી છે. પણ જે દેશમાં ઉત્પાદન ઓછું અને વધતી જતી વસ્તીના કારણે માંગ ઘણી વધારે હોય, ત્યાં જો જીવનનિર્વાહની ચીજ વસ્તુઓના વિતરણ પર અને ભાવસપાટી પર સરકારી અંકુશ ન હોય તો શું પરિસ્થિતિ સર્જાય? ગરીબોને તો એવી કેટલીયે વસ્તુઓ જોવા પણ ન મળે અને પૈસા ખરચી શકે તે જ એ મેળવી શકે. આવી પરિસ્થિતિમાં શું કરવું?

જાણે એક ભયંકર દુશ્ચક્ર ચાલી રહ્યું છે, જેનો કયાંય છેડોજ જણાતો નથી. પણ કોઈકે તો એને કયાંક તોડવુંજ પડશે અને એની શરૂઆત આજે જ, અત્યારે જ કરવી રહી. હવે મોડું કરીશું તે નહીં ચાલે.

સરકારે આમાં ઘણું કરવાનું છે અને પ્રજાનો સહકાર મળે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની છે. સામાન્ય રીતે સરકારો પાસે ઊંઘતી પ્રજાને બેઠી કરવા માટેની ઘણી શકિત હોય છે, પરંતુ સરકારોને ચલાવનારા આપણા નેતાઓ નિર્વીર્ય બની બેઠેલાં છે. ખરેખરી નિષ્ઠાવાળા અને શકિતશાળી લોકો સરકારોમાં, ધારાસભાઓમાં, મ્યુનિસિપાલિટીઓમાં વગેરે વહીવટી તંત્રોમાં જોડાતા નથી, કારણકે તેઓ એકલા પડી જાય છે. તેમ છતાં પણ આજની પરિસ્થિતિમાં સરકારે ત્રણ ચીજો War footin; પર હાથમાં લેવાની જરૂર છે. એક, ખેતી અને ઔદ્યોગીક ઉત્પાદન વધારવા માટે જરૂરી એવા તમામ પગલાં લેવાં જોઈએ અને એની સામે રુકાવટ પેદા કરે એવાં તમામે તમામ તત્ત્વોનો નાશ કરવો જોઈએ. બીજું, વસ્તીવધારાને રોકવા માટે જે કાંઈ કરવું ઘટે તે કરવું જોઈએ. અને ત્રીજું, બિનજરૂરી નિયંત્રણો અને નિવારી શકાય તેવા અંકુશો નાબુદ કરવાની હિંમત દાખવવી જોઈએ. લાંચ લેનાર ને આપનાર બંનેને કડકમાં કડક શિક્ષા કરવા સરકારે કટિબદ્ધ થવું જોઈએ.

સરકાર આટલું કરે અને પ્રજાનો એમાં સહકાર સાંપડે તો જ આ સાંકળ તૂટે. પ્રજાને તૈયાર કરવામાં સરકાર ઉપરાંત શિક્ષણના ક્ષેત્રમાં પડેલા માણસોની જવાબદારી ઘણી વિશેષ છે. જો આપણે નિષ્ઠાવાળી અને ચારિત્ર્યસંપન્ન પ્રજાનું ઘડતર કરવું હશે તો તે આ લોકોજ કરી શકશે; અને તો જ આજે નહીં તો છેવટે એકવીસમી સદીના જન્મ અગાઉ આજના યુવાનોનો અજંપો ટળ્યો હશે, દેશ સમૃદ્ધ અને તાકાતવંત બન્યો હશે. દુનિયામાં બીજા અનેક ગરીબ દેશોમાં ભ્રષ્ટાચાર ઓછા–વત્તા પ્રમાણમાં ચાલે છે એમ સાંભળીએ છીએ. પણ આપણે જો આપણા દેશને સ્કેન્ડેલ-રેકેટ યુગના તોફાનથી બચાવવો હશે તો તે માટેના પ્રયત્નો આજથી જ–અત્યારથી જ–કરવા જોઈશે અને સરકારની સાથે પ્રજાએ પણ એક તાલથી કૂચકદમ કરવી જોઈશે.

**સુબોધભાઈ એમ. શાહ**

# ☆ એપોલો-૧૫ : સૈદ્ધાન્તિક અને વૈજ્ઞાનિક ચર્ચા ☆

"પ્રબુદ્ધ જીવન"માં એપોલો–૮ ની ચન્દ્ર યાત્રાના સમયે ચન્દ્ર સુધીના પ્રવાસના અને ચન્દ્ર પરથી પૃથ્વી પર પાછા ફરતી વખતના જીવસટોસટના જોખમની બધી વિગતો મેં આપી હતી એટલે એના પુનરુચ્ચારણની અત્રે જરૂર નથી. એપોલો-૮ના ચન્દ્ર યાત્રીઓ ચન્દ્ર પર ઊતર્યા નહોતા, માત્ર ચન્દ્રની આજુબાજુ ફરીને પાછા આવ્યા હતા જ્યારે એપોલો ૧૧, ૧૨, ૧૪, ૧૫ ના અવકાશ યાત્રીઓ ચન્દ્ર પર ઊતર્યા હતા એટલો જ ફરક એપોલો ૮ અને એ પછીની એપોલો યાત્રાઓમાં હતો. એટલે જે વસ્તુઓ ચર્ચાઈ ગઈ છે તે છોડીને જ ચર્ચાનો દોર આપણે આગળ ચલાવીશું.

સૌથી પહેલાં, ચન્દ્ર પ્રવાસ માટે જે પાર વિનાનો ખર્ચ કરવામાં આવે છે તે, દુનિયાની આજની પરિસ્થિતિના સંદર્ભમાં ધર્મ્ય છે કે અધર્મ્ય એની થોડી સૈદ્ધાન્તિક ચર્ચા આપણે કરીશું. આના સંદર્ભમાં, એપોલો-૧૫નું ઉડ્ડયન થવાની તૈયારી હતી તે જ વખતે કેપ કેનેડી અને ઉડ્ડયનનું જ્યાં નિયમન કેન્દ્ર છે તે હ્યુસ્ટનમાં જે અનેક ભીંત-પત્રોએ દેખા દીધી હતી તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. આ ભીંત-પત્રોમાં બાળલકવાથી પીડાતો અને જમીન પર ચાલી ન શકતો એક બાળક બતાવવામાં આવ્યો હતો અને નીચે લખવામાં આવ્યું હતું કે "પહેલાં આ બાળક જમીન પર ચાલે એવું કરો, પછી ચન્દ્ર પર ચાલવા જાવ." એપોલો-૧૫ ની યાત્રા પાછળ જે ચાર અબજ રૂપિયાનો ખર્ચ થયો હતો તે જો માનવકલ્યાણની યોજનાઓ પાછળ થયો હોત તો કેવડા મોટા જનસમુદાય માટે આશીર્વાદ સમાન થઈ પડત એ અત્યંત વેધક રીતે બતાવવાનોજ આ ભીંતપત્રનો હેતુ હતો. એ ભીંતપત્ર એ પણ બતાવતું હતું કે ખુદ અમેરિકામાં પણ હવે ચન્દ્ર પ્રવાસની અપૂર્વ વૈજ્ઞાનિક સિદ્ધિની નવીનતા ઝાંખી પડી રહી છે અને વૈજ્ઞાનિક ગગનવિહાર કરતાં વૈજ્ઞાનિક ભૂમિ વિહાર તત્કાળ તો આપણે માટે વધારે અગત્યનો છે એ વાતનું ભાન વિકસી રહ્યું છે. ચીનના વડા પ્રધાન ચાઉ-એન-લાઈને જ્યારે એક વિખ્યાત અખબારનવેશે ચન્દ્ર પ્રવાસ અંગે પૂછ્યું હતું ત્યારે એણે એવું જણાવ્યું હતું કે "મને એમાં રસ નથી. હું તો માનું છું કે એ તો સમય અને નાણાંનાં ભયંકર દુર્વ્યય સમાન છે. પૃથ્વી પર ઘણું કરવાનું બાકી છે." મને પોતાને પણ આ વાત ઘણી સાચી લાગે છે. પૃથ્વી પર જ્યારે અનેકાનેક પ્રશ્નો ઉકેલ માગતા પડ્યા હોય, માનવ સમાજનો ઘણો મોટો ભાગ સુખચેનથી જીવી શકે એવી સ્થિતિ ન હોય ત્યારે અવકાશ ઉડ્ડયન પાછળ અબજો રૂપિયા ખર્ચવા એ તો આપણને ન પરવડે એવી મોજ જ હું તો ગણું છું. એ મોજ આપણને–એટલે કે સમસ્ત માનવ સમાજને–પરવડે એવી સ્થિતિ જ્યારે ઊભી થાય ત્યારે જરૂર આપણે એ માણીએ, અવકાશનાં વૈજ્ઞાનિક સંશોધનની અગત્ય છે જ–વિશેષે કરીને સૂર્યમાળાના અને બ્રહ્માણ્ડના સર્જનનો ભેદ ઉકેલવાની દિશામાં–પરન્તુ આપણે કઈ વસ્તુ પહેલી કરવી છે એ તો નક્કી કરી જ લેવું જોઈએ અને એવું નક્કી કરવા બેસીએ ત્યારે દુઃખતપ્તાનાં પ્રાણીનામાર્તિનાશનમ્ ના કાર્યક્રમનેજ અગ્ર પદ આપવાનો નિર્ણય કરવો પડે. એ કાર્યક્રમ પૂરો થયા પછી બાખુશી ચન્દ્રવિહાર, મંગળવિહાર કે બ્રહ્માણ્ડ વિહાર કરવા આપણે નીકળી પડી શકીએ.

આટલી સૈદ્ધાન્તિક ચર્ચા પછી આપણે હવે એપોલો-૧૫ની વૈજ્ઞાનિક ચર્ચા પર આવીએ.

બ્રહ્માણ્ડનું જ્યારે સર્જન થયું તે વખતનું દ્રવ્ય એના મૂળ સ્વરૂપમાં ચન્દ્ર પર હોવાનો સંભવ છે એમ વિજ્ઞાનીઓ માને છે. (પૃથ્વી પર તો હવા પાણીની પ્રક્રિયાને કારણે એનો આખો પોપડો ફરી ગયો છે) અને આવું જો દ્રવ્ય હાથમાં આવે તો બ્રહ્માણ્ડનું સર્જન કેવી રીતે થયું હતું એ શોધી કાઢવાની દિશામાં પ્રગતિ થાય એવો તેમનો નિષ્કર્ષ છે. એપોલો - ૧૫ પહેલાંના, ચન્દ્ર ઉપરનાં ત્રણ ઉતરાણો મુખ્યત્વે કરીને ઉતરાણની પ્રેક્ટિસ માટેનાં હતાં. કોઈ વિશિષ્ટ વૈજ્ઞાનિક સંશોધનનો એનો હેતુ નહોતો. અલબત્ત, ચન્દ્ર ઉપર ભૂકંપ માપક યંત્ર કે, લેઝર કિરણોને પાછાં મોકલે એવાં દર્પણો કે બીજાં એવાં વૈજ્ઞાનિક સાધનો, ચન્દ્રવીરો મૂકી આવ્યા હતા અને એના પરથી ચન્દ્રનો ભીતરનો ભાગ પણ પૃથ્વીની માફક વિવિધ પડોવાળો છે, તથા ચન્દ્ર પર જ્યારે કોઈ વસ્તુ અથડાય છે ત્યારે ચન્દ્ર એક "ઘંટ" ની માફક રણકી ઊઠે છે એ બધું એ વિજ્ઞાનીઓએ શોધ્યું હતું. પરંતુ એ બધાંની મૂલગત વૈજ્ઞાનિક અગત્ય ઓછી હતી. એપોલો - ૧૧ પહેલાંના બધાં ઉતરાણો ચન્દ્રના વિષુવવૃત્તની આજુબાજુનાં મેદાનો પર જ થયાં હતાં અને એ મેદાનો, ચન્દ્રના સર્જન પછી ઘણે લાંબે સમયે (ખગોળશાસ્ત્રની પરિભાષામાં લાંબો સમય એટલે એક બે અબજ વર્ષનો સમય) સર્જાયાં હતાં. એટલે ત્યાં ચન્દ્રનું આદિદ્રવ્ય મળવાનો સંભવ ઓછો હતો. આથી જ, એપોલો - ૧૫ નું ઉતરાણ ચન્દ્ર ઉપરના એપેનાઈન માઉન્ટનની તળેટીમાં, હેડલી પર્વત પાસે નિર્ધારવામાં આવ્યું હતું. કોઈ મહા-ઉલ્કાના પ્રપાતને કારણે ચંદ્ર પર આ પર્વતો ઊપસી આવ્યા છે અને તેથી એની તળેટીમાં ચન્દ્રના પેટાળમાંથી બહાર નીકળી આવેલું આદિદ્રવ્ય મળવાનો સંભવ છે એવી માન્યતાને કારણે જ, ડુંગરાળ પ્રદેશનું ઉતરાણ જોખમી હોવા છતાં એની આયોજના કરવામાં આવી હતી. વળી આ હેડલી પર્વત પાસે જ લગભગ એક માઈલ પહોળી, નદીએ કોરી કાઢી હોય એવી જે ખીણ છે તે ખીણનું પણ સંશોધન થઈ શકે એવા બેવડા હેતુથી, હેડલી પર્વત પાસેના ઉતરાણનું જોખમ ખેડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

એપોલો–૧૫ના અવકાશયાત્રીઓ, વિદ્યુતવહન વ્યવસ્થામાં કે પ્રાણવાયુની વ્યવસ્થામાં ઊભા થતા ખોટકા તથા બીજાં કેટલાંક યંત્રોની ખામીને પાર કરીને હેડલી પર્વત નજીક સફળતાપૂર્વક ઊતર્યા હતા. ચન્દ્ર ઉપર, એમ તો ચન્દ્રના પૃથ્વી કરતાં છઠા ભાગના ગુરુત્વા-કર્ષણને કારણે ચાલવું મુશ્કેલ જ છે. તેમાં વળી, ચન્દ્રપ્રવાસીઓને, શરીરને જોઈતું હવાનું દબાણ, પ્રાણવાયુ, ભેજ વગેરે પુરું પાડી શકે એવો પોષાક પહેરવો પડે છે (આ પોષકની કિમ્મત ૨૦ લાખ રૂપિયા છે!) અને આ પોષાકની મર્યાદાઓને કારણે કાંગારૂની જેમ ઠેકડો મારીને ચાલવું પડે છે. આવી સ્થિતિમાં ચન્દ્રયાનમાંથી ઊતર્યા પછી પણ લાંબા અંતર સુધી ચાલી શકાય એમ નથી એટલે આ વખતે એપોલો - ૧૫ ના અવકાશયાત્રીઓ એક ચન્દ્રગાડી લઈ ગયા હતા. આ ચન્દ્રગાડી બેટરીની વિજળીથી ચાલે એવી છે અને એનાં પાછલાં તથા આગલાં બન્ને પૈડાંઓ વડે એ આમથી તેમ ફેરવી શકાય એવી છે. આ ચન્દ્રગાડીમાં બેસીને ઉતરાણ સ્થળની આજુબાજુના ચાર માઈલના વિસ્તારમાં ચન્દ્રવીરો ફર્યા હતાં. ચન્દ્ર ઉપર કુલ તેઓ ૬૭ કલાક રોકાયાં હતાં, જેમાં ઊંઘવાના અને આરામના સમયનો પણ સમાવેશ થતો હતો.

આ ચન્દ્રગાડી પર, ચન્દ્રયાન ફાલ્કન પર, મુખ્ય અવકાશયાન એન્ડેવર સાથેના સર્વિસ મૉડ્યુલ પર-એમ ઠેર ઠેર સ્વયં સંચાલિત સાદા કૅમેરા તથા ટેલિવીઝન કૅમેરાઓ ગોઠવવામાં આવ્યાં હતાં. આ બધા કૅમેરાઓની કિમ્મત ૧૦ કરોડ રૂપિયા જેટલી હતી. ચન્દ્રગાડી પર ગોઠવેલો અને આપોઆપ ચાલતો ટેલિવીઝન કૅમેરા, આખા ટેલિવીઝન સ્ટુડિયોનું કામ આપે એવો હતો છતાં એનું વજન માત્ર ૨૫ રતલ જ હતું! ચન્દ્રયાત્રા માટે મિનિએચરાઈઝેશન - ચીજવ-વસ્તુઓને નાના ને નાના કરતા જવાની જે કળા ખીલવવામાં આવી છે તેની આ પરાકાષ્ટા હતી. મોટા મોટા વાલ્વ વાપરવાને બદલે નાના ટ્રાન્ઝીસ્ટર વાપરવાથી રેડિયોનું કદ જેમ નાનું થઈ જાય છે તેમજ બીજા યંત્રો માટે પણ હવે થવા લાગ્યું છે.

આ બધા કૅમેરાઓ અને, અવકાશયાત્રીઓના કૅમેરાઓ વડે લગભગ બે માઈલ લાંબી ફિલ્મ ઊતારવામાં આવી છે. બીજાં ૧૪૦૦ ચિત્રો પણ ચન્દ્રના તથા એના પરિસરના લેવામાં આવ્યાં છે. વિજ્ઞા-નીઓ આ ચિત્રોને વિજ્ઞાનની મહામૂલી સમૃદ્ધિ ગણાવે છે. કારણ કે એ ચિત્રો સુંદર રીતે ઊતર્યાં છે અને એમાં ચન્દ્રની ભૂતિયા દુનિયાનાં કેટલીકવાર ચમત્કારિક, કેટલીકવાર ભયજનક, તો કેટલીકવાર દંગ કરી નાખે એવાં દશ્યો કંડારાયેલાં છે. પરંતુ આમાં વિવિધની વિચિત્રતા તો એ છે કે આ બધાં ચિત્રો લેનારા કેમેરાઓમાંથી ઘણા ખરા કયાં તો ચન્દ્ર

પર છોડી આવવા પડયા છે અથવા તો વાતાવરણમાં પુનઃ પ્રવેશ કરતી વખતે સર્વીસ મોડયુલની સાથે અવકાશમાં વામી દેવા પડયા છે. ... અને છતાં વિજ્ઞાનની બીજી વકતા એ છે કે અવકાશયાત્રીઓ જે બાર દિવસ અવકાશમાં રહ્યા તે દરમિયાન તેમણે મળમૂત્રનો જે ત્યાગ કર્યો હશે તે બધો ભેગો કરીને પૃથ્વી પર લાવવો પડયો છે! અવકાશ મળમૂત્રમાંના જંતુઓથી દૂષિત ન થાય એટલા માટે! લાખો અને કરોડોની સામગ્રી અવકાશમાં વામી દેવી પડે અને મળ-મૂત્ર ભેગાં કરીને પાછાં લાવવાં પડે એને વિજ્ઞાનની વકતા ન કહેવી તો શું કહેવું?

પરન્તુ આ તો બધી આડકથાઓ છે - મૂળ શબ્દદેહના શણગાર સમી. મૂળ શબ્દદેહ તો આપણે આપવો છે વિજ્ઞાનીઓએ ચન્દ્ર પર આદરેલી તલસ્પર્શી ખોજને.

મેં આગળ કહ્યું તેમ, વિજ્ઞાનીઓને ચન્દ્રના આદિદ્રવ્યનો ટુકડો જોઈતો હતો અને શકયતા તો એવી છે કે એ તેમને મળ્યો છે. ચન્દ્ર પર ફરતાં ફરતાં સ્કોટ અને ઈરવીનને (આ બન્ને ચન્દ્રયાત્રીઓનાં નામ છે) એક પહેલદાર સુંદર ખડક મળ્યો હતો. આ ખડક એનોરથોસાઈટ નામના ખડકના પ્રકારનો છે અને સંભવ એવો છે કે ૪ અબજ ૬૦ કરોડ વર્ષ પહેલાં સૂર્યમાળા રચાઈ ત્યારે જ એની પણ રચના થઈ હતી. એના પહેલ ઉપરથી એ સૂચન થાય છે કે પ્રવાહીમાંથી ક્રિસ્ટલ તરીકે બહાર આવેલો એ ખડક છે. આપણે મીઠું પાણીમાં ઓગાળીએ અને ધીરે ધીરે પાણી ઊડી જવા દઈએ તો પહેલદાર મીઠું આપણને પ્રાપ્ત થાય છે. આવું જ ખડકના ટૂકડાની બાબતમાં પણ અબજો વર્ષ પહેલાં બન્યું હશે. હવે વિજ્ઞાનીઓ સૌથી પહેલાં આ ટૂકડાનું જ પૃથક્કરણ કરવાના છે. એ પૃથક્કરણ કરતાં થોડાં અઠવાડિયાં નીકળી જશે. એ પછી જ એની વય નક્કી થશે.

અૅપોલો - ૧૫ ના ચન્દ્રયાત્રીઓએ ચન્દ્ર પરથી આણેલી સામગ્રીએ એ તો પૂરવાર કરી આપ્યું છે કે, ચન્દ્ર પર એક મહા ઉલ્કાના પ્રપાતથી જ "સી ઓફ રેઈન્સ" નામનું મેદાન અને એને અડીને ઊભેલા ૧૫૦૦૦ ફીટ ઊંચા એપેનાઈન પર્વતો સર્જાયા હતા. (પૃથ્વી પર હિમાલયનું સર્જન પૃથ્વીના પડની ઊથલપાથલથી થયું હતું. કરોડો વર્ષ પહેલાં આજે જ્યાં હિમાલય છે ત્યાં દરિયો હતો. હજી આજે પણ હિમાલયના ખડકોમાંથી દરિયાઈ માછલીના અશ્મિભૂત અવશેષો - ફોસીલ્સ-મળે છે.) એપેનાઈન પર્વતોના ઉદ્‌ભવ અંગે વિજ્ઞાનીઓએ ઉલ્કાપાતની કલ્પના તો કરી જ હતી, પરંતુ આજ સુધી એમને પુરાવાઓ મળ્યા નહોતા.

ચન્દ્રયાત્રીઓએ ૬૭ કલાક ચન્દ્ર પર ગાળ્યા તે દરમિયાન મુખ્ય અવકાશયાન અને એના પાઈલટ આલ્ફ્રેડ વોર્ડન ચન્દ્રની આજુબાજુ ઘૂમતા રહ્યા હતા. એમણે ચન્દ્રની આજુબાજુ ૭૪ ચક્કર લગાવ્યાં હતાં. આ ચક્કર દરમિયાન એક વાત, કામચલાઉ રીતે એ પુરવાર થઈ હતી કે ચન્દ્રની સપાટી પર જે કેટલાક વિસ્તારોનાં ગુરુત્વાકર્ષણમાં અસાધારણ વધારો કે અસાધારણ ઘટાડો થયેલો જણાય છે (આ વિસ્તારોને અંગ્રેજીમાં માસ્કોન્સ અને મિનિકોન્સ કહે છે) તેનું કારણ ચન્દ્રની સપાટી નીચેનાં ખનીજ દ્રવ્યોના ઘનતત્વમાં જણાતા ફેરફારમાં રહેલું છે.

અત્રે એક વાત એ જણાવી દેવાની જરૂર છે કે સેટર્ન રોકેટને માથે બેસીને અવકાશયાન જ્યારે ઊડે છે ત્યારે કલાકના લગભગ ૨૫૦૦૦ માઈલની ઝડપે પહોંચ્યા પછી એ પૃથ્વીની આજુબાજુ ભ્રમણકક્ષામાં ફરવા લાગે છે. ત્યાંથી ચોક્કસ સમયે, અવકાશયાનની અંદર રહેલાં રોકેટો ફોડીને એની ઝડપ વધારવામાં આવે છે એટલે એ પૃથ્વીના ગુરુત્વાકર્ષણની પકડમાંથી બહાર નીકળે છે અને ચન્દ્ર તરફ આગળ વધે છે. એ જેમ આગળ વધે તેમ પૃથ્વીની પકડ ઓછી થાય અને સાથેસાથે યાનની ઝડપ પણ ઓછી થાય પરન્તુ ચન્દ્રના ગુરુત્વાકર્ષણની અસર હેઠળ એ આવે એટલે એની ઝડપ વધવા માંડે. એટલે ચન્દ્ર પર જઈને યાન અથડાય નહિ એ માટે, ચન્દ્રથી જ્યારે યાન થોડાક માઈલ ઊંચે હોય ત્યારે યાનની ગતિ અવરોધે એવાં રિટ્રો રોકેટસ ફોડવામાં આવે છે, અને યાનની ગતિ એવી કરવામાં આવે છે કે જેથી યાન ચન્દ્રની આજુ બાજુ ફરવા માંડે. હવે આ અવકાશયાન સાથે જોડેલું ચન્દ્રયાન છૂટું પાડવામાં આવે છે અને એને એમાં બેઠેલા બે ચન્દ્રયાત્રીઓ ચન્દ્ર તરફ લઈ જાય છે. આ ચન્દ્રયાનમાં પણ રિટ્રો રોકેટસ હોય છે એ ફોડીને ચન્દ્ર પર ઊતરતી વખતે એની ઝડપ ઘણી ઓછી, સેકન્ડના થોડા મિટર જેટલી જ કરી નાંખવામાં આવે છે, જેથી ધકકો લાગ્યા વિના એ ચન્દ્ર પર ઊતરી શકે.

ચન્દ્ર પરનું કામ પતાવીને અવકાશયાત્રીઓ પાછા ચન્દ્ર યાનમાં બેસે છે અને એમાં રહેલાં આગળ ઉડવાનાં રોકેટો છોડીને અવકાશમાં ઊડે છે, અને આ બધા સમય દરમિયાન એક અવકાશયાત્રી સાથે ચન્દ્રની આજુબાજુ ફરતાં રહેલાં અવકાશયાન સાથે જોડાઈ જાય છે. ચન્દ્રયાનને અવકાશયાનથી જુદું પાડવાની અને પાછા ફરીને ફરીથી એની સાથે એને જોડી દેવાની પ્રક્રિયા અટપટી છે અને એમાં જો કોઈ ભૂલ થઈ તો મોટું જોખમ ઊભું થાય એમ છે.

અવકાશયાન અને ચન્દ્રયાન જોડાઈ જાય તે પછી ચન્દ્રયાનમાંના ચન્દ્રયાત્રીઓ બન્ને યાનો વચ્ચેની ટનેલ દ્વારા મુખ્ય અવકાશયાનમાં આવી જાય છે અને એ પછી ચન્દ્રયાનને, ચન્દ્ર પર ફેંકી દેવામાં આવે છે! ચન્દ્ર પર જઈને ચન્દ્રયાન જોરથી અથડાય ત્યારે જે ધરતીકંપ જેવો કંપ થાય છે તે ચન્દ્ર પર મૂકેલાં યંત્રો મારફત પૃથ્વી પર નોંધાય છે.

ચન્દ્રયાન પૃથ્વી પર પાછું લાવવું હજી સુધી શકય બન્યું નથી. એ જ પ્રમાણે મુખ્ય અવકાશયાનના જે બે ભાગો—કમાન્ડ મોડયુલ અને સર્વીસ મોડયુલ—છે તેમાંથી સર્વીસ મોડયુલ પણ વાતાવરણમાં પ્રવેશ કરતાં પહેલાં અવકાશમાં વામી દેવું પડે છે. કારણ કે વાતાવરણમાં પ્રવેશ કરતી વખતે જે ૨૦૦૦ અંશ ફેરનહીટ જેટલી ગરમી ઉત્પન્ન થાય છે તેના પ્રતિકાર માટેની સગવડ માત્ર કમાન્ડ મોડયુલ પર જ હોય છે. આ કમાન્ડ મોડયુલ પણ વાતાવરણમાં પ્રવેશ કર્યા પછી, વાતાવરણ સાથેના ઘર્ષણને કારણે દીપશીખાની જેમ સળગતું હોય છે અને એની બહારનો ભાગ તવાઈને ઓગળી જાય છે. (આ ભાગ ખાસ ગરમી પ્રતિરોધક દ્રવ્યોનો બનાવાય છે જેને 'હીટ-શિલ્ડ' કહે છે) પરંતુ, અંદર બેઠેલા અવકાશયાત્રીઓને કશી ગરમી લાગતી નથી. આ કમાન્ડ મોડયુલ પછી સાગરમાં ઉતરે છે.

એપોલો - ૧૫ ના કમાન્ડ મોડયુલનું પણ આમ જ થયું હતું. માત્ર જે વિશિષ્ટતા હતી તે એ હતી કે ચન્દ્ર પરથી પાછા ફરતી વખતે અને ચન્દ્રની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળતાં પહેલાં અવકાશયાનના પડખામાં રાખવામાં આવેલો એક ઉપગ્રહ, એ પડખા ઉપરનું ઢાંકણું ધડાકા વડે ઉડાવી દઈને છોડવામાં આવ્યો હતો. આ ઉપગ્રહ અવકાશયાનની ઝડપે જ ચન્દ્રની આજુબાજુ ફરતો હતો એટલે હવે એ ઓછામાં ઓછું એક વરસ સુધી ચન્દ્રની આજુબાજુ ફર્યા કરશે અને ચન્દ્રનું તાપમાન, એનું ગુરુત્વાકર્ષણ વગેરે અંગે પૃથ્વી પર માહિતી મોકલ્યા કરશે.

એ જ પ્રમાણે સર્વીસ મોડયુલની બહાર, આપોઆપ તસવીર લે એવા જે કેમેરાઓ ગોઠવવામાં આવ્યા હતા તેને, સર્વીસ મોડયુલની સાથે વામી દેતા પહેલાં, એ કેમેરામાંની ફિલ્મો અવકાશયાત્રી વૉરડને લગભગ ૨૦૦,૦૦૦ માઈલ દૂર અવકાશમાં, અવકાશયાનમાંથી બહાર નીકળીને, ભેગી કરી લીધી હતી. વૉરડન અવકાશમાં આટલે દૂર "સ્પેસ વૉક" લેનારો પહેલો અવકાશયાત્રી હતો.

અવકાશયાત્રીઓ પૃથ્વી પર આવ્યા પછી પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી ઝડપથી ટેવાતા નથી અને તેમને તકલીફ રહ્યા જ કરે છે એવો ભૂતકાળમાં રશિયનો તથા અમેરિકનો બન્નેને અનુભવ થયેલો છે. અૅપોલો ૧૫ ના અવકાશયાત્રીઓને પણ ઘણી તકલીફ નડી હતી. એકને ચક્કર આવ્યા કરતાં હતાં તો બીજાને ચાલતાં ચાલતાં થાક લાગતો હતો. બે અવકાશયાત્રીઓના હૃદયના ધબકારા અનિયમિત થઈ ગયા હતા.

... અને આમ છતાં, ચન્દ્ર પર, મંગળ પર તેમજ બીજા ગ્રહો પર જવાની વાતો વિજ્ઞાનીઓ કર્યા જ કરે છે. મારું તો માનવું છે કે, આ વાત શકય નથી. પરંતુ કલ્પનાવિહાર કરવાનો વિજ્ઞાનીઓને પણ હકક તો રહેવો જ જોઈએ ને?

**મનુભાઈ મહેતા**

# જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ

[શ્રી પરમાનંદભાઈના સ્મૃતિ અંક માટે પંડિત બેચરદાસજીએ એક લાંબો લેખ લખી મોકલ્યો હતો. સ્મૃતિ અંકમાં એટલો લાંબો લેખ છાપવો શક્ય ન હોવાથી શ્રદ્ધાંજલિ ગણાય એવો થોડો ભાગ છાપ્યો હતો. તે લેખમાં પરમાનંદભાઈ સાથે તેમની છેલ્લી મુલાકાત પ્રસંગે જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ વિષે તેમની સાથે જે વાર્તાલાપ થયો હતો તે વિગતથી આપ્યો છે. જૈન સમાજમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા પ્રવર્તે છે તે સંબંધે પંડિતજીએ વ્યથિત હૃદયે પોતાની વેદના પ્રકટ કરી છે. આ લખાણ કોઈ નાસ્તિક કે અજ્ઞાનીનું છે એમ કોઈ નહિ કહી શકે. આખી જિંદગી તેમણે શાસ્ત્રાધ્યયનમાં ગાળી છે. અલબત્ત, તેમાં જણાવેલ વિચારો સમાજને તેની નિદ્રામાંથી જાગ્રત કરે તેવા છે. પંડિતજીએ આ લેખ પ્રકટ કરવા આગ્રહથી મને લખ્યું છે અને જણાવ્યું છે કે સમાજને આંચકા આપ્યા વિના છૂટકો નથી. તેમનો આ લેખ થોડો ટૂંકાવીને નીચે આપ્યો છે. તંત્રી]

પ્રબુદ્ધ જીવનમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા ચાલી. પણ આવી ચર્ચાનો તો અંત જ આવી શકે નહિ. જે વસ્તુ અકળ છે તેને શબ્દો વડે શી રીતે ચર્ચી શકાય? આચાર્ય હરિભદ્રસૂરિજીએ કહેલ છે કે: "માત્ર બુદ્ધિવાદ દ્વારા જો પદાર્થોના સ્વરૂપનો નિર્ણય થઈ શકતો હોત તો નિર્ણય કયારનો થઈ ગયો હોત. ઈશ્વર, સર્વજ્ઞ, આત્મા, જગત, સિદ્ધ, કર્મ વગેરે પદાર્થો વિશે આજ હજારો વર્ષથી અનેક વિદ્વાનોએ પોતપોતાની કલ્પનાઓ ચલાવી સેંકડો ગ્રંથો લખી નાખ્યાં છે અને હજુ પણ એવા ગ્રંથો લખાતા જાય છે. છતાં કોઈ નિર્ણય આવેલ નથી." આમ પરિસ્થિતિ છે એટલે તત્ત્વજ્ઞાનના લેખો કે ચર્ચા વિશેષ ઉપયોગી નથી. ઊલ્ટું, કોઈ વાર તો જુદીજુદી અને પરસ્પર ઉલટાસુલટી કલ્પનાઓ આવવાથી સાધારણ વાંચનાર તો ભ્રમમાં જ પડી જાય. આમ શરૂ કરી મેં કહ્યું કે જૈનતત્ત્વજ્ઞાન પણ બીજા તત્ત્વજ્ઞાનોની પેઠે અપૂર્ણ જેવું છે. તત્ત્વજ્ઞાનના શોધકને પ્રથમ કલ્પનાની સ્ફુરણા થાય છે અને તે કલ્પનાને આધારે તે બીજી બીજી અનેક કલ્પનાઓ કરી તત્ત્વજ્ઞાનનો વિસ્તાર કરે છે. જૈન તત્ત્વજ્ઞાન વિશે હું તો ઘણા ઘણા વિચારો કરી ચિંતન મનન કરતો રહું છું એટલે મને તો તે અનેક રીતે વિચારણીય દેખાય છે. દાખલા તરીકે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ તત્ત્વોનું નિર્માણ. પ્રથમ મુકત આત્માની ઊર્ધ્વગતિ કલ્પી, હવે તે ક્યાં સુધી ઊંચે જવાનો? આકાશ તો પાર વગરનું છે. અંતે એમને એમ ઊંચેને ઊંચે ચાલ્યો જાય તો તે ઊર્ધ્વગતિની કલ્પના કરનારને ઠીક ન લાગ્યું, એટલે એને જરૂર કયાંક અટકાવી રાખવો જોઈએ. તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામના બે તત્ત્વો કલ્પી કાઢયાં અને સિદ્ધનો જીવ જ્યાં સુધી ધર્માસ્તિકાય હોય ત્યાં સુધી જ જઈ શકે પણ પછી આગળ ન જઈ શકે. હકીકતની વિશેષ પુષ્ટિ માટે એક મોટી સિદ્ધશિલાની કલ્પનાની પણ જરૂર ઊભી થઈ. એટલું જ નહિ, એ મુકત જીવનો અમુક આકાર પણ કલ્પાયો જ્યાં એક સિદ્ધ સાથે એક જ પ્રદેશ ઉપર અનંત સિદ્ધો રહે છે એવું માનવામાં આવ્યું. ત્યાં આકારની કલ્પના કેમ બંધ બેસે? અને એક મોટી વજ્રમય સિદ્ધશિલાની કલ્પના પણ ભારે રસિક છે. આ ધર્માસ્તિકાયાદિ બાબત આચાર્ય સિદ્ધસેન દિવાકરે પોતાની બત્રીશીઓમાં ખાસ કરીને તર્કશૈલીથી વિશેષ વિચાર કરેલ છે. પણ એ વિશે આજ સુધી કોઈએ કશી ચર્ચા જ કરી નથી. ભગવતીસૂત્રમાં એક સ્થળે ધર્માસ્તિકાયના પર્યાય શબ્દો બતાવતા પ્રાણાતિપાતવિરમણ, વિવેક વગેરે સદ્‌ગુણોને ધર્માસ્તિકાયના પર્યાયો રૂપે જણાવેલા છે અને અધર્માસ્તિકાયના પર્યાય શબ્દો બતાવતાં પ્રાણાતિપાત, મૃષાવાદ, અવિવેક, અસંયમ વગેરે વિભાવરૂપ ભાવોને અધર્માસ્તિકાયના પર્યાયો રૂપે જણાવેલા છે. આ બાબત ઘણાં વરસો પહેલાં જૈન સાહિત્ય સંશોધકમાં મેં ચર્ચા કરેલી. પણ આપણો વિચારક વર્ગ એ વિશે આજ સુધી કોઈ વિશેષ ચર્ચા વિચારણા કરી શકયો નથી.

મરણોત્તર શું થાય છે તે વિશેષ અકળ છે. તે બાબત ભગવાન બુદ્ધે તો સ્પષ્ટ કહી દીધું જ કે નિર્વાણ પછીની અવસ્થાના પ્રશ્નો અતિપ્રશ્નો છે અને તેનું સ્પષ્ટીકરણ કરી શકાય નહિ. પણ આપણા વિચારકોએ એમ માની લીધેલું છે કે આપણા તીર્થંકર સર્વજ્ઞ પુરુષ છે એટલે તે બધી જાતના પ્રશ્નો વિશે પ્રકાશ પાડી શકે છે. આવી એક ભકિતપ્રધાન ધારણા દ્વારા તેમના નામે પછીના વિચારકોએ આવી આવી અનેક કલ્પનાઓ આપણને આપેલ છે જેનો વર્તમાન જીવન માટે કશો જ ખપ છે કે કેમ એ મને વિચારણીય લાગે છે.

હમણાં મેં 'જૈન'માં જાહેર ખબર વાંચી કે મહેસાણામાં આશરે વીસ લાખ રૂપિયા ખર્ચીને સીમંધર સ્વામીનું એક વિશાળ મંદિર બંધાય છે. તે માટે એ જાહેરખબરમાં નાણાં મેળવવા સમાજને અપીલ હતી. મેં પરમાનંદભાઈને કહ્યું કે જાહેરખબરમાં જણાવેલું કે સીમંધર સ્વામીની વિચિત્ર કલ્પનાથી કેટલાક મહાનુભાવો તો એમ પણ કહેવા લાગ્યા છે કે અમારો તેમની સાથે સંદેશાવ્યવહાર પણ ચાલી રહ્યો છે. અમારી અને શ્રી સીમંધર ભગવાનની વચ્ચે એક પ્રાચીન આચાર્ય સંકલના રાખવાનું કામ કરે છે. અમે એ પ્રાચીન આચાર્યને ફોન કરીએ છીએ અને તે પછી શ્રી સીમંધર સ્વામીને અમારા ફોનની જાણ કરે છે. એમ અમારો વ્યવહાર ચાલી રહ્યો છે.

વર્તમાનમાં વૈજ્ઞાનિકોએ ચંદ્ર સુધી પહોંચવાનું સાહસ કર્યું અને ત્યાંથી માટી પણ અહીં લઈ આવ્યા. આ બધી પ્રત્યક્ષ વાતો છે, કોઈ કલ્પનાની વાત નથી. જેમને સંદેહ હોય તે તાલીમ લઈને ત્યાં સુધી જરૂર પહોંચી શકે અને ખાતરી કરી શકે. જંબુદ્વીપ નિર્માણની યોજના કરનારા એક જાણીતા મુનિ મારે ઘરે આવેલા અને મને તેમણે આ બાબત પૂછી, તેના ઉત્તરમાં મેં એમને નમ્રભાવે જણાવેલું કે તમે પોતે તાલીમ લઈને ત્યાં સુધી એકવાર જઈ આવો અને આ વૈજ્ઞાનિકોનું જે કાંઈ તમને પોકળ લાગતું હોય તે જરૂર ખુલ્લું કરો.

તમને હું તો ત્યાં સુધી કહું છું કે હવે એવાં વિમાનો થયાં છે કે જે એક મિનિટમાં જ હજારો ગાઉ જઈ શકે છે. એવા એક વિમાનને ભાડે લઈને જરૂર તમે મહાવિદેહ ક્ષેત્રની યાત્રા કરી શકો છો અને શ્રી સીમંધરસ્વામીજી સાથે સાક્ષાત વાર્તાલાપ પણ કરી શકો છો. શ્રી સીમંધરસ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે વગેરે વગેરે. પણ મહાવિદેહ કયાં? શ્રી સીમંધરસ્વામી કયાં? વર્તમાનમાં વૈજ્ઞાનિકોએ તથા ભૂગોળના શોધકોએ પૃથ્વીના પરિમાણ વગેરે વિશે ચોક્કસ નિર્ણય કરેલ છે અને કેટલાક શોધકો તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા પણ એક વાર નહિ અનેક વાર કરી ચૂકયા છે. છતાં આ કલ્પના-પ્રસ્તુત હકીકત માટે આપણે ત્યાં આ શું ચાલી રહ્યું છે? જો કે કલ્પના પણ ઉપયોગી ચીજ છે પણ તેનો સદુપયોગ કરવાની દૃષ્ટિ હોવી જોઈએ. એકલવ્ય નામના ભિલપુત્રે માટીની દ્રોણની મૂર્તિ બનાવી અને તે મૂર્તિને સાક્ષાત દ્રોણ કલ્પી તેના સાંનિધ્યમાં ધનુર્વિદ્યા શીખવા એવો પ્રબળ પુરુષાર્થ કર્યો કે જેથી તે અર્જુનથી પણ ચડી ગયો. આમ કલ્પના શ્રેયની સાધના માટે પુરુષાર્થપ્રેરક હોવી જોઈએ તો જ એ કલ્પનાઓ ઉપયોગી છે. નહીં તો નરી રસિક કલ્પનાઓ તો આપણી શકિતનો હ્રાસ કરનારી નીવડે છે.

મને લાગે છે કે કલ્પિત નિમિત્તો ઊભાં કરીને પ્રાચીન ચતુર પુરુષોએ આપણને સોંપ્યા અને એમણે એમ કલ્પેલું કે સમાજ-

માંથી બે ચાર જણા તો જરૂર એવા નીકળશે, જેઓ આપણી કલ્પનાનો સદુપયોગ સમજી પેલા એકલવ્યની પેઠે પુરુષાર્થશાલી નિવડશે અને પોતાનો જીવનવિકાસ સાધશે. વર્તમાન જીવન, વર્તમાન કુટુંબ અને વર્તમાન સમાજને લક્ષ્યમાં રાખીને પ્રામાણિકતા વગેરે ગુણો કેળવી પોતાના માતાપિતા વગેરે વડીલજનોની સેવા કરી તથા પોતાનાં બાળકોને બરાબર ઉછેરી, સંસ્કારસંપન્ન કરી, વર્તમાન જીવનનો શાંતિપ્રધાનરસ જરૂર મેળવશે, પણ આપણામાંના આચાર્યો બુદ્ધિજીવી વકીલો, ડૉકટરો તથા તીવ્ર બુદ્ધિવાળા ઉદ્યોગપતિઓ અને કુશાગ્રીય બુદ્ધિવાળા પ્રોફેસરો સુદ્ધાં આ વાત સમજી શકતા નથી, તો પછી સામાન્ય માણસ તો શું સમજે? આ સાથે એક બીજી વાત પણ કહી દઉં કે આ પરિસ્થિતિ કેવળ જૈન સમાજની જ નથી પણ દુનિયામાં જે જે ધર્મો પ્રચલિત છે તે તમામ ધર્મોના આચાર્યોની અને તે તે ધર્મના તમામ અનુયાયીઓની છે. અત્યારે પૂર્વ બંગાળમાં રાક્ષસી હત્યાકાંડ ચાલી રહ્યો છે છતાં છે કોઈ કુરાનનો એવો વફાદાર ભક્ત જે એમ પડકાર કરીને કહે કે આ તો કુરાન જ ખતરામાં છે? બાઈબલના શબ્દોને પૂજનાર એવો છે કોઈ જે કહે આ તો નર્યો રાક્ષસભાવ છે? આમ આપણે વર્તમાન જીવનનો વિચાર અને સાથે પ્રત્યક્ષ જીવનમાં ગુણવિકાસનો વિચાર ગૌણ કરીને સ્વર્ગની પાછળ પડયા છીએ. દીક્ષા લ્યો, સ્વર્ગ મળશે; ઉપવાસો ખેંચો, સ્વર્ગ મળશે; પૂજા કરો સ્વર્ગ મળશે; દેરાં બંધાવો સ્વર્ગ મળશે; સંસાર તો અસાર છે, માતાપિતા અનંતવાર મળ્યા છે માટે એને છોડો. ઉપધાન, ગ્રહપૂજન, અર્હત્મહાપૂજન વગેરે ભાતભાતનાં કર્મકાંડો કરો, સ્વર્ગ મળશે અથવા મહાવિદેહમાં જન્મ પામશું અને સાક્ષાત તીર્થંકર શ્રી સીમંધર સ્વામીના દર્શન કરીશું. સંસાર અસાર છે એમ જેઓ આપણને કહે છે તેઓ સંસાર છોડીને કયાં રહેવા ગયા? એક માણસ સરસ બાંધેલા રસ્તા ઉપર ચાલ્યો જતો હતો તેવામાં બેધ્યાન થવાથી લપસી પડયો. એટલે તરત જ કહેવા લાગ્યો કે આ રસ્તો જ ખરાબ છે. પણ પોતે બેધ્યાન થવાથી લપસી પડયો એ વાતનો વિચાર નથી કરતો. એ સ્થિતિ આજે આપણી છે. નાનાં બાળકોનો ઉદ્ધાર કેમ કરવો એ કોણ જાણે છે? એ તો ભગવાનની મહેરબાનીથી મોટાં થઈ જાય છે. વૈજ્ઞાનિકોએ શોધેલ છે કે બાળક બે વરસમાં તો ઘણું જ જાણી-સમજી જાય છે, ત્યારે આપણે એ બાળકની સામે કેવી કેવી ચેષ્ટાઓ કરીએ છીએ અને એનામાં સંસ્કારો કેવા પડે છે એનું કેટલું ધ્યાન રાખીએ છીએ? પછી જ્યારે એ બાળક મોટો થઈ સ્વચ્છંદી બની જાય અને આપણને ભાજીમૂળા સમજવા લાગે ત્યારે આપણે જ કહેવાના કે સાલો, નાલાયક નિકળ્યો. પણ આમાં દોષ તો આપણો જ છે. એને બદલે કોઈ ઈશ્વરની મરજીની વાત કરશે તો કોઈ કર્મની કથની કરશે, પણ બાળકના ઉછેર માટે પોતે તેની બાળવયમાં શું શું કર્યું હતું તેનો વિચાર કોઈ ભાગ્યે જ કરશે. આમ મને લાગે છે કે ગાડી અવળે પાટે ચડી ગઈ છે. એમ ન હોય તો મૂર્તિઓ ઉપર ઘરેણાં, દૂધ વગેરે શી રીતે ચડી શકે? ગુરુઓ કહે છે કે ભાઈઓ, તીર્થંકર થવું હોય તો દેરાં બંધાવો, આંગી કરાવો અને ભગવાનને દૂધે નવરાવો. પણ આ બધી પ્રવૃત્તિનો મૂળ હેતુ ભાગ્યે જ કોઈ સમજે છે. મારા એક સવિશેષપરિચિત અને અભ્યાસી તથા વ્યાખ્યાનકુશળ એવા એક બહેને ધર્મ નિમિત્તે ઉત્સવ કર્યો; તેમાં ગ્રહશાંતિ કરી, છપ્પન દિક્કુમારીઓને બોલાવી. જ્યારે મેં આ જાણ્યું કે આવા વિચક્ષણ લોકો પણ કેવળ કલ્પનાઓ પાછળ રાચે છે ત્યારે બીજા સાધારણ લોકોની તો શી સ્થિતિ? મેં તે બહેનને લખ્યું કે છે કોઈ દિક્કુમારીઓ? ગ્રહશાંતિ શું છે? કોઈ ગ્રહ આવીને કાંઈ બોલ્યો? એ બહેન મને શું જણાવે? પણ એમણે એટલું તો સૂચવ્યું કે મોટા મોટા જૈનાચાર્યો, આગમવારિધિઓ પણ આમાં રસ ધરાવે છે. ત્યારે અમે શું કરીએ?

હોડી દ્વારા નદી કે સમુદ્રને પાર કરવાનું પ્રધાન પ્રયોજન છે, પણ હોડીની પૂજા કરવાની કે તેને દૂધે નવરાવવાની જરૂર ખરી? હા, એટલું ખરું કે હોડીને બરાબર સાચવવી અને સંભાળવી જરૂરી છે. સાવરણી ઓરડાને કે ઘરને સાફ કરવા માટે છે. સાવરણીની ઉપર માળા ચડાવવાની કે તેને દૂધે નવરાવવાની જરૂર ખરી? સાવરણીને સાચવવી એ તો જરૂરી છે, જેથી જ્યારે ઓરડો સાફ કરવો હોય ત્યારે તેનાથી કામ લઈ શકાય. તેમજ મૂર્તિનું આલેખન તેને પૂજવા માટે કે શણગારવા માટે નથી, પણ તેનો ટેકો લઈને પૂજક વિચારશક્તિને કેળવે અને પોતાના જે દોષો સમાજને, કુટુંબને —અરે પોતાને પણ—હાનિકારક છે તેમાં ધીરે ધીરે ઘટાડો કરે અને આગળ વધે તે માટે છે. કુટુંબ માટે પોતાના સુખનો ત્યાગ કરે, માતાપિતા માટે પોતાની સ્વાર્થિક વાસનાઓનો ત્યાગ કરતા શીખે અને શાંતિમય કુટુંબજીવન માટે સામાજિક જીવન જીવે અને આમ આસ્તે-આસ્તે વિશ્વમાનવ બનવાની તૈયારી તરફ પગલાં માંડતો થાય. આનું જ નામ અહિંસા, સત્ય અને ઔદાર્ય વગેરે છે. આ તો કહે છે કે કુટુંબજીવન મોહ છે, માતા—પિતા અનંતવાર મળ્યાં એટલે એ તો વિશેષ બંધનકારક છે. એટલે જે વિશેષ વિચાર કરી શકતો નથી અને સ્વર્ગનો અભિલાષી છે તે તરત માતા-પિતાને તથા કુટુંબને પડતું મૂકી આલિશાન મહાલય જેવા અપાશરામાં આવી જાય છે અને લગભગ પોતાની તમામ જરૂરિયાતો સમાજ ઉપર નાંખીને પોતે કહેવા લાગે છે કે ભાઈ! સંસાર અસાર છે, માયાજાળ છે, માટે તેમાંથી છૂટો અને મોક્ષના મારગમાં આવો. આ તો નર્યું ઈન્દ્રજાળ જેવું વિશેષ વિસંગત છે. જેઓ એમ કહે છે કે માતા પિતા અનંતવાર મળ્યા તેમને એમ પણ કોઈ કહી શકે કે તમારા જેવા ગુરુઓ પણ અનંતીવાર નથી મળ્યા શું? શાસ્ત્ર તો પોકાર પાડીને કહે છે કે મેરુ પર્વત જેટલો ઢગલો થાય તેટલા ઓઘા—રજોહરણો અને મૂહપત્તીઓ વાંપરી છે તોય આરો આવ્યો નથી અને કપાળે જે ચંદનના તિલકો કરીએ છીએ તેનો પણ મેરુપર્વત જેટલો ઢગલો થાય તેટલા ચંદનના તિલકો કરેલા છે અને હજુ પણ તિલકો કર્યા જ કરીએ છીએ. આમાં કઈ ચીજ ખૂટે છે એજ વિશેષ વિચારવાનું રહે છે. એને બદલે આપણે તો રોજ 'મેરુ શિખર નવરાવે હો સુરપતિ' એમ જ ગાતા રહીએ છીએ. આ અંગે કશો જ વિચાર કોઈ ભાગ્યે જ કરતું હશે. જે ગૃહસ્થાશ્રમ તમામ આગમોનો આધાર છે તેને વગોવવાનું ચાલે છે અને જેમ એકડો ઘૂંટ્યા વિના જ વિદ્યાર્થી પાંચમી ચોપડીમાં બેસી જાય એવી સ્થિતિ છે. તમને હું કેટલુંક કહું, ભાઈ! જ્યારે સંસાર અસાર છે—ત્યારે ધર્મને લીધે મળનાર સ્વર્ગ શું સંસાર નથી? જેથી કલ્પિત નલિનીગુલ્મ નામના વિમાનને મેળવવા માણસ દીક્ષિત થાય છે. ધર્મરત્ન પ્રકરણમાં આચાર્ય શાંતિસૂરિએ સ્પષ્ટ કહેલ છે કે ભય અને લાલચને લીધે માણસને ગુણવંત બનાવી શકાય એવી કલ્પનાથી નરકોનાં ભયસૂત્રો ઊભાં થયાં અને સ્વર્ગોનાં લોભક સૂત્રો ઊભાં થયાં. એ બન્નેની હકીકત એક જાહેર—ખબર જેવી છે, છતાં એ સ્થિતિ લોકો કે લોકના ગુરુ સમજ્યા નહીં અને જાહેરખબરની પાછળ જ લોકોને દોડાવવા લાગ્યા અને પોતાની જરૂરિયાતો સમાજ પૂરી પાડે એ બાબત વિશેષ ચીવટ રાખવા લાગ્યા. કર્મની વર્ગણા, દેહ અને આત્માનો ભેદભાવ એટલે દેહ દેહનું કામ કરે ને આત્મા આત્માનું કામ કરે અર્થાત કેમ જાણે દેહ અને આત્માને કશો જ મેળ ન હોય, સંબંધ ન હોય, વગેરે અનેકાનેક એવી કલ્પનાઓ છે જે અંગે વિચારકોએ વિશેષ મનન—ચિંતન કરવું ઘટે અને લોકોને સાચો રસ્તો ચીંધવો ઘટે તથા પોતે પણ જરૂરિયાતો ઓછી ઓછી કરતા જઈને સમાજ ઉપરનો બોજો હળવો કરવો ઘટે. ભગવાન મહાવીરે અસાર સંસારને છોડીને પોતાનો કેટલો બોજો સમાજ ઉપર નાખેલો? પરમાનંદભાઈ કહેવા લાગ્યા કે જેમ રાજકારણીઓ લોકોને અજ્ઞાનમાં રાખી પોતાની સ્વાર્થસાધના કરતા પ્રત્યક્ષ દેખાય છે તેમ તમામ ધર્મના

ધર્મગુરુઓ મોટે ભાગે લોકોને અજ્ઞાનમાં રાખીને પોતાની તૃપ્તિ મેળવી રહ્યા છે. આ સ્થિતિ કાંઈ આજની નથી, આજ હજારો વર્ષથી ચાલી આવેલ છે. એમાં તમે કે હું શું કરી શકવાના? ઘણા મહાનુભાવો કેવળ સત્યાર્થી પણ હોય છે, પણ તેઓ શું કરે? એટલે આપણે તો આપણા પૂરતું શોધન કરવું અને ગુણો કેળવવા પ્રયત્ન કરવો એ જ વર્તમાન જીવનને શાંતિમય અને રસમય બનાવવાનો ખરો અને સીધો રસ્તો છે. મેં કહ્યું, હવે એક જ વાત કરી મારું બોલવું પૂરું કરી દઉં. ૨૫૦૦ મી જયંતી આવી રહેલ છે. ચૈત્ર શુદિ તેરસને કલ્પો તો જન્મજયંતી અને નિર્વાણ તિથિને કલ્પો તો નિર્વાણજયંતી. મને લાગે છે કે એક તો વરઘોડાઓ સરસ નીકળવાના. કેટલીક ચોપડીઓ પણ લખાવાની અને ધામધૂમ–જમણ વગેરે પણ ઉત્તમોત્તમ થવાના. જે તપસ્વી તદ્દન અચેતક હતો, જમણ કે ધામધૂમમાં જેને લેશમાત્ર રસ ન હતો તેની પાછળ તેને જ નામે ધામધૂમ અને જમણ. ભગવાન મહાવીરનું વર્તમાનમાં પરસ્પર વિસંગતિવાળું જે જીવનચરિત્ર સાંભળ્યા કરીએ છીએ તેને બદલે તેમનું સંશોધન અને પરસ્પર વિસંગતિ વિનાનું જીવન લખાશે ખરું? દિગંબર-શ્વેતામ્બર વગેરે શબ્દોને બદલે માત્ર એક જૈન તરીકે જ ઓળખાવાનું આખો જૈન સમસ્ત સંઘ પસંદ કરશે ખરો? અર્ધમાગધી ભાષા જેનું અત્યારે કોઈ ધણીધોરી નથી તેને ભારતીય બંધારણમાં જે ચૌદ ભાષાઓ નોંધાયેલ છે તેમાં અર્ધ-માગધી તથા પાલી ભાષાને સ્થાન મળશે ખરું?

તમામ જૈનો વર્તમાનમાં જેને સમકિત માને છે તે સૌનું સમકિત છે, એમ સૌ માનશે ખરા?

જૈનમાત્ર સગો ભાઈ છે એવી ભાવના વધશે ખરી? એમ પ્રશ્ન નહિ પણ જયંતી જેવા પ્રસંગે તો એ ભાવના વધવી જ જોઈએ. પરમાનંદભાઈ, મેં તો આખી જિંદગી શાસ્ત્રો–સૂત્રો વાંચીને વિશેષ મનન–ચિન્તન કર્યાકરેલ છે. અને હવે તો આરે આવીને બેઠો છું અને જૈન સમાજની જે વર્ત-માન દશા દેખાય છે તે જોઈને હર્ષ પણ થાય છે. છતાં હર્ષ થવા કરતાં વિશેષ ખેદ થાય છે. જાણે જૂનાકાળમાં મંદિરો બંધાવવાનો પ્રતિષ્ઠાઓ કરવાનો, એમ અનેક પ્રકારનો વા વાતો હતો તે જ વા અત્યારે પણ ચાલુ છે. પાલિતાણામાં જ્યાં મંદિરોનો પાર નથી ત્યાં પણ આ વાને લીધે જ મંદિરો બંધાય છે.

'જૈન' છાપામાં ધર્મની પ્રભાવનાઓના સમાચારો વાંચતો રહું છું ત્યારે કોઈ ગમ જ પડતી નથી. કોઈ પ્રભાવનાના સમાચારમાં આવા સમાચાર તો આવતા જ નથી કે અમુક માસમાં શ્રાવક લોકોએ પ્રામાણિક વ્યવહાર કરવાની, સેળભેળ ન કરવાની કે કાળાબજારો ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હોય! એમ પણ સાંભળું છું કે કેટલાક સૂરિવરો તો ઉઘાડે છોગ કહે છે કે કાળાબજારના પૈસા મંદિર, પ્રતિષ્ઠા વગેરે ધર્મના ઉત્સવો વગેરે માટે જરૂર વાપરી શકાય. જ્યારે લોકો આ વાત સાંભળે ત્યારે કાળાબજાર વગેરે અનુચિત પ્રવૃત્તિઓ કરતાં કેમ કરીને અટકે?

આ બધી વાત મારી પત્ની પણ સાંભળતી હતી, તે મને કહેવા લાગી કે તમે પરમાનંદભાઈને આવું આવું બધું શા માટે કહો છો? તમારા કહેવાથી કેટલા લોકો સમજવાના? શું પરમાનંદ-ભાઈ આ બધું સમજતા નથી? મેં તેને કહ્યું કે તારી વાત તો ખરી છે પણ એક સમાન વિચારના મિત્ર મળે ત્યારે જ આવી વાતો કરી શકાય અને વિશેષ ચિન્તન–મનનની સામગ્રી મેળવી શકાય. હું કાંઈ કોઈને સુધારવા આ બધી વાતો કરતો નથી પણ મૂળ વસ્તુ કેવી હતી અને વર્તમાનમાં તેનો કેવો વિચિત્ર આકાર થઈ ગયો છે અને આ આવા વિકૃત આકારને પરમ સત્ય રૂપ માની લોકો તેને કેવા વળગી રહ્યા છે અને સ્વાર્થસાધુઓ પોતાનો સ્વાર્થ, રાજ-કારણમાં કે ધર્મકારણમાં કેવી રીતે સાધી રહ્યા છે, આ એક પરિસ્થિતિની કહો કે અજ્ઞાનતાની કહો કેવી બલિહારી છે એ વિચારવાની દૃષ્ટિએ આ બધી વાત કરું છું.

પંડિત બેચરદાસ દોશી

## આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાએ સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે એમ જણાવતાં અમે આનંદ અનુભવીએ છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં પ્રાણસમા શ્રી પરમાનંદભાઈ ગયા વરસે આપણી વચ્ચે હતા–અને તેમણે લગભગ ૩૫ વર્ષ સુધી આ પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસતી રાખી. તેમના અવસાન બાદ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમગ્ર જવાબદારી સંઘની કારોબારી ઉપર આવી. પરંતુ મિત્રો અને સાથીઓનાં ઉત્સાહ અને શ્રમને પરિણામે વ્યા-ખ્યાનમાળા સુંદર રીતે ગોઠવાઈ ગઈ. સંઘનું એ પરમ સદ્‌ભાગ્ય રહ્યું કે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પ્રમુખસ્થાન માટે અમારી વિનંતી વિદ્વદ્‌વર્ય પ્રા. શ્રી ઝાલાસાહેબે સ્વીકારી અમને ઉપકૃત કર્યા. પ્રત્યેક દિવસે વ્યાખ્યાનોનું એમનું કુશળ સંચાલન તેમજ વ્યાખ્યાનોની વિદ્વત્તાભરી એમની મર્મજ્ઞ ટૂંકી આલોચના પ્રશંસાપાત્ર રહ્યા. શ્રી ઝાલાસાહેબમાં અમે એક friend–philosoper an l guidનું દર્શન કર્યું છે. વ્યાખ્યાનમાળાની શરૂઆતના પહેલે દિવસે શ્રી ઝાલાસાહેબ અન્ય રોકાણને કારણે ઉપસ્થિત થઈ શકયા ન હતા ત્યારે પ્રા. ડૉ. રમણલાલ શાહે પ્રમુખસ્થાન લીધું હતું. શ્રી ઝાલાસાહેબ અને પ્રા. ડૉ. રમણલાલ શાહનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે આવતા વર્ષોમાં પણ તેમનો આવો જ સહકાર અમને મળશે. આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાની ટૂંકી વિગત આ પ્રમાણે છે.

તા. ૧૮ ઑગસ્ટથી તા. ૨૫ ઑગસ્ટ એમ આઠ દિવસનાં સોળ વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવન ખાતે ગોઠવવામાં આવ્યા હતા. (આ વ્યાખ્યાનોનો કાર્યક્રમ પ્ર. જીવનમાં આગળના અંકમાં છપાયો છે.) આઠેય દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી. છેલ્લા દિવસે તો ઘણા ભાઈબહેનોને જગ્યાને અભાવે ઊભા પણ રહેવું પડ્યું હતું. આમ છતાંય શ્રોતાઓની શાંતિ અને શિસ્ત અદ્‌ભૂત હતા અને વ્યાખ્યાતાઓ ઉપર ઊંડી છાપ પાડી ગયા હતા.

આ વખતે બહારગામથી આવનાર વ્યાખ્યાતાઓમાં હતા– ડૉ. નથમલજી ટાટિયા, પ્રા. નલિન ભટ્ટ, શ્રી સનત મહેતા, શ્રી ભોગી-લાલ ગાંધી, શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, શ્રી વિજયસિંહ નહાર, ડૉ. કલ્યાણમલજી લોઢા, પ્રા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને ફાધર વાલેસ. આમ આ વખતે નવ વ્યાખ્યાતાઓ બહારગામથી આવ્યા હતા જ્યારે સાત વ્યાખ્યાતાઓ સ્થાનિક હતા.

કાર્યક્રમની શરૂઆત ભજનોથી થતી. આ ભજનો દરેક દિવસે જુદા જુદા બહેનો રજૂ કરતા હતા. આ માટે અમે શ્રીમતી રમાબહેન ઝવેરી, શ્રીમતી દામિનીબેન જરીવાળા, શ્રીમતી કમલિની શેટ્ટી, શ્રીમતી શારદાબેન શાહ, શ્રીમતી નિરુબહેન શાહ તેમજ શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસાનાં આભારી છીએ–એક દિવસ ભાઈ ઉપેન સુબોધભાઈ શાહે પણ ભજન ગાયું હતું તેનો પણ અમે આભાર માનીએ છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળાની આ આઠ દિવસની જ્ઞાનયાત્રાને સફળ બનાવવામાં બીજા પણ સાથીઓએ અત્યંત સુંદર સહકાર આપ્યો છે. આમાં વિશેષ શ્રી અમર જરીવાલા, શ્રી પ્રવીણભાઈ, શ્રી મફતભાઈ, શ્રી બાબુભાઈ જી. શાહ અને સંઘના ઉત્સાહી ખજા-ચી શ્રી દામજીભાઈના નામોનો ઉલ્લેખ કરતાં અમે આનંદ અનુ-ભવીએ છીએ.

અંતમાં વ્યાખ્યાનોની સંપૂર્ણ આલોચના પ્રા. ઝાલાસાહેબ હવે પછી લખીને આપવાના હોઈ અમે અત્રે સૌનો અભાર જ માનીએ છીએ અને વ્યાખ્યાનમાળાની સફળતા માટે ફરી એકવાર આનંદ વ્યકત કરીયે છીયે.

આંતરશુદ્ધિ અને વિચારશુદ્ધિ માટે આવી વ્યાખ્યાનમાળાની ઉપયોગીતા છે–

થોડા સમય પહેલાં પંડિત સુખલાલજીએ લખ્યું છે કે, "પર્યુષ-ણની ચાલુ પ્રથાનો ૩૦ વર્ષનો અનુભવ મને કહે છે કે હવે વિચાર-

(અનુસંધાન ૧૩૪ પાને)

# માનવતાનો સાદ

પર્યુષણ પર્વ વ્યાખ્યાન માળામાં તા. ૨૨-૮-૭૧ ને દિવસે પશ્ચિમ બંગાળના છેલ્લા ઉપપ્રધાન મંત્રી શ્રી વિજયસિંહ નહારનું બાંગલા દેશની સમશ્યા ઉપર વ્યાખ્યાન હતું. આ અતિ કરુણ ઘટનાનું હૃદયદ્રાવક ચિત્ર એમણે રજૂ કર્યું. તે દિવસે સાંજે તેમની સાથે વાર્તાલાપ માટે શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીને ત્યાં ૨૦-૨૫ ભાઈ બહેનોનું મિલન રાખ્યું હતું. તે જ સમયે અહમદનગરના એક સેવાભાવી કાર્યકર શ્રી બોગાવત, જેઓ પૂર્વે લોકસભાના સદસ્ય હતા, તેઓએ પશ્ચિમ બંગાળના શરણાર્થીઓની છાવણીઓ જોઈ જે આઘાત અનુભવ્યો તે તેમના તા. ૧૫-૮-૭૧ ના પંત્રથી મને જણાવ્યો. તે પત્ર નીચે મુજબ છે:-

**સ્નેહીશ્રી ચીમનભાઈ,**

હું અહિં કામે આવ્યો હતો અને બાંગલા દેશવાસી શરણાર્થીઓની છાવણીઓની મુલાકાતે ગયો હતો. હૃદય ચીરાઈ જાય એવું ભયંકર દશ્ય જોયું. સરકાર તેમને ખવરાવે છે. ચોખા, દાળ અને અઠવાડિયે કુટુમ્બ દીઠ રૂા. ૨ આપે છે. આ તો માત્ર તેમને મૃત્યુમાંથી બચાવવા. તેઓ વસ્ત્રો અથવા બીજી જીવનની જરૂરિયાતો વિનાના છે. ઘણાં બાળકો નગ્ન છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ, ગુજરાત રીલીફ સોસાયટી, મારવાડી રીલીફ સોસાયટી, કાશી વિશ્વનાથ ભારતી સેવક સમાજ, લાયન્સ કલબો અને બીજી સંસ્થાઓ કામ કરે છે. પણ તેમની મદદ અને પ્રયત્નો અલ્પ છે કારણ સંખ્યા ઘણી મોટી છે. શરણાર્થીઓ કાદવમાં બેઠા છે. ઉપરથી વરસાદ અને ધરતી પર બધે પાણી - પૂરને લીધે. જે કોઈના અંતરમાં કરુણા હોય તે આ બધાની અકથ્ય યાતનાઓ જોઈ, ખૂબ આઘાત અનુભવ્યા વિના રહે નહિ. તેમની વિતક કથાઓ સાંભળી. આ લોકોને ખાસ કરીને વસ્ત્રો, ધાબળા, સ્ત્રીઓ માટે સાડીઓ અને બાળકો માટેના કપડાંની તાત્કાલિક જરૂર છે. આપણે જેટલું, આટલું પણ ન કરીએ તો માનવતા ગુમાવી એમ થશે. તમે એક એવા વ્યકિત છો અને તેથી તમને હું વિનંતિ કરું છું કે, આપણા ભાઈ-બહેનોને સમજાવી વસ્ત્રો મોકલાવો. ગુજરાત રીલીફ સોસાયટી સુંદર કામ કરે છે. પણ વિશાળ માંગને પહોંચી શકતા નથી. તમે કૃપા કરી મુંબઈ અને અન્યત્ર તત્કાલ આ કામ ઉપાડી લો અને લાખો રૂપિયાનાં વસ્ત્રો મોકલાવો. આ કામને અતિ તાકીદનું ગણજો કારણ કે શરણાર્થીઓ મરી રહ્યા છે. ઘોડનદીવાળા સુખલાલભાઈ મારી સાથે છે."

આ પત્ર મેં રસિકભાઈને ત્યાં મિત્રોને વાંચી સંભળાવ્યો અને ભાઈ કીસનલાલ દીવાનજીએ તુરત કહ્યું કે આપણે કાંઈક કરવું જોઈએ. શેઠ કસ્તુરભાઈએ શ્રી રિખવદાસ રાંકાને કહ્યું હતું કે મહાવીર કલ્યાણ કેન્દ્ર આવું રાહત કાર્ય શરૂ કરે તો તેમના વતી રૂા. ૫૦૦૧ લખી લેવા. તેમનાથી શરૂઆત કરી ત્યાં જ ફંડ શરૂ કર્યું અને રૂા. ૧૪,૧૨૨ લખાયા, જેની યાદી નીચે મુજબ છે. સૌ ભાઈઓ અને બહેનોને મારી આગ્રહપૂર્વક નમ્ર વિનંતિ છે કે, યથાશકિત પોતાનો ફાળો સત્વર જૈન યુવક સંઘને અથવા મહાવીર કલ્યાણ કેન્દ્રને મોકલાવે. આ દાનને કરમુકિત મળે તે માટે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને નામે આ બધી રકમ લેવાશે જેનાથી ધાબળા અને વસ્ત્રો ખરીદી ગુજરાત રીલીફ સોસાયટીને મોકલવામાં આવશે. ધાબળા અથવા વસ્ત્રો મોકલાવે તે પણ સ્વીકારીશું.

| | |
|---|---|
| ૫,૦૦૧/- | શેઠ કસ્તુરભાઈ લાલભાઈ |
| ૧,૦૦૧/- | શ્રી કે. એમ. દિવાનજી |
| ૧,૦૦૧/- | „ ચીમનલાલ ચકુભાઈ શાહ |
| ૧,૦૦૧/- | „ એ. જે. શાહ |
| ૧,૦૦૧/- | „ રસિકલાલ મોહનલાલ ઝવેરી |
| ૧,૦૦૧/- | „ ચંદુલાલ મોહનલાલ ઝવેરી |
| ૧,૦૦૧/- | „ બાબુભાઈ જી. શાહ |
| ૫૦૧/- | „ હીરાલાલ ઝવેરી |
| ૨૫૧/- | „ દામજી વેલજી શાહ |
| ૨૫૧/- | „ ચીમનલાલ જે. શાહ |
| ૨૫૧/- | „ સુબોધભાઈ એમ. શાહ |
| ૨૫૧/- | „ મફતલાલ ભીખાચંદ શાહ |
| ૨૫૧/- | „ જયંતિલાલ ફત્તેહચંદ શાહ |
| ૨૫૧/- | „ ઈન્દ્રકુમાર લીલાભાઈ |
| ૨૫૧/- | „ ટોકરશી કે. શાહ |
| ૨૫૧/- | „ રતિલાલ સી. કોઠારી |
| ૨૫૧/- | „ રવીન્દ્રભાઈ રમણીકલાલ ઝવેરી |
| ૧૦૧/- | „ અમરભાઈ જરીવાલા |
| ૧૦૧/- | પ્રા. રમણલાલ સી. શાહ તથા શ્રી દીપચંદ સી. શાહ |
| ૫૧/- | શ્રી ભગુભાઈ પોપટલાલ શાહ |
| ૫૧/- | „ પ્રવીણભાઈ મંગળદાસ શાહ |
| ૫૧/- | „ રમણિકલાલ મણીલાલ શાહ |
| ૧૪,૧૨૨/- | |

ભારતીય વિદ્યાભવનમાં શ્રી વિજયસિંહજી નહારનું વ્યાખ્યાન હતું તે જ સમયે, કેન્દ્રસરકારના શિક્ષણ અને સમાજ-કલ્યાણ ખાતાના ઉપમંત્રી શ્રી. ડી. પી. યાદવ આવી પહોંચ્યા. બિહારમાં નદીઓના પૂરથી ભયંકર તારાજી સર્જાઈ છે તે વિશે બે શબ્દો કહેવા તેમણે વિનંતિ કરી અને બિહારના ભયંકર સંકટનો શ્રોતાઓને ખ્યાલ આપ્યો. તેમની માંગણી ખાસ કરીને દવાઓ માટે હતી. તેથી ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી રૂા. ૧૦,૦૦૦ની દવાઓ મોકલવાનું તેમને વચન આપ્યું.

૨૨-૮-૭૧ ચીમનલાલ ચકુભાઈ

## પર્યુષણ વ્યાખ્યાનમાળા—( પાના ૧૩૩ થી ચાલુ )

વૃદ્ધિ થાય અને ભિન્ન ભિન્ન દ્રષ્ટિબિંદુએ ઉદારતાપૂર્વક ધર્મ અને સમાજના એક એક અંગ ઉપર વિચાર કરવામાં આવે તો જ તરુણ સમાજ અને ભાવી પેઢીને સંતોષ આપી શકાય એમ મને લાગે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાએ વિચારવૃદ્ધિમાં, વ્યકિતના આત્મવિકાસમાં સારું એવું પ્રદાન કર્યું છે."

હરિન્દ્ર દવે-એક ભજનવાણીનો મર્મ સમજાવતાં લખે છે:-

"કયારેક કોઈ એકાદ સ્પર્શ આખાયે અસ્તિત્વને નવો અર્થ આપી જાય છે. એ પહેલાં પણ જીવન હોય છે. પણ સ્પર્શની આ ક્ષણ પછીનું જીવન કોઈ નવીજ ભૂમિકા પર મુકાઈ જાય છે.

"આપણે એક ખૂણે પડેલાં પેલા શાંત વાજિંત્ર જેવા છીયે-રણઝણવાનું તો ઘણું ય મન થાય પણ જેના સ્પર્શે રણઝણી ઉઠાય એવો સ્પર્શ કયાં?"

અમને લાગે છે આપણામાં પડેલું પરમ તત્ત્વ રણઝણી ઉઠે એવો સ્પર્શ આ વખતની વ્યાખ્યાનમાળાએ આપ્યો છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## વિશ્વમૈત્રી દિન-૧૨મી સપ્ટેમ્બર ૧૯૭૧

જૈન સમાજનું સંગઠન, એકતા અને ભાઈચારો સ્થાપિત કરવાની દિશામાં પ્રયત્નો કરતી રહેતી સમગ્ર જૈન સમાજની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા-ભારત જૈન મહામંડળે-સમસ્ત જૈન સમાજને ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૭૧-વિશ્વમૈત્રી દિન મનાવવા એક પરિપત્રદ્વારા અનુરોધ કર્યો છે. જૈનો ભિન્ન ભિન્ન તિથિઓએ પોતાની માન્યતાનુસાર ક્ષમાપના દિન ઊજવે છે, પરંતુ સાર્વજનિક રૂપમાં મનાવી શકાય એવા એક દિવસનું મહત્ત્વ લાગતા આવા દિવસને વિશ્વમૈત્રી દિન ગણવામાં આવે છે. વિશ્વમૈત્રી દિન વ્યાપક રીતે સારાય દેશમાં ઊજવવામાં આવશે એમ ભારત જૈન મહામંડળના દિલ્હી શાખાના મંત્રી એક પરિપત્રમાં જણાવે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ સપ્ટેમ્બર ૧૬, ૧૯૭૧ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ગાંધીજી

(ગતાંકથી ચાલુ)

[ ૨ ]

ગાંધીજી વિષે લખતાં શરૂઆતમાં જ સ્વાઈત્ઝર કહે છે, "The Philosophy of Mahatma Gandhi is a world in itself" વેદો અને ઉપનિષદો, સાંખ્ય અને અન્ય દર્શનો, જૈન ધર્મ અને બુદ્ધ ધર્મ, ગીતા અને ભક્તિ માર્ગ, આ બધાનું વિવેચન કર્યા પછી સ્વાઈત્ઝર વર્તમાન ભારત વર્ષના પુનરુત્થાનના આગેવાનો રામ-મોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ વિષે સંક્ષેપમાં પોતાના વિચારો જણાવે છે. ગાંધીજીનું જીવન દર્શન સ્વાઈત્ઝરને આ બધાથી અનોખું લાગે છે.

પ્રથમ હકીકત જે સ્વાઈત્ઝરને ગાંધીજી પ્રત્યે આકર્ષે છે અને જે, સ્વાઈત્ઝરના મત પ્રમાણે, ગાંધીજીને ભારતના બીજા સંતપુરુ-ષોથી જુદા તારવે છે, તે છે જીવનની નક્કર વાસ્તવિકતાઓમાં ગાંધીજીનો ઊંડો રસ.

"Never before has any Indian taken so much interest in concrete realities as has Gandhi. Others were for the most part content to demand a charitable attitude to the poor. But he wants to change the economic conditions that are at the root of poverty."

ભારતીય સંત પરમ્પરા મુખ્ય તો સંન્યાસ અને નિવૃત્તિની રહી છે. પ્રેમ, કરુણા, મૈત્રી, દયાનો ઉપદેશ આપ્યો છે પણ સમાજને ધરમૂળથી પલટાવવાની, તેની કાયાપલટ કરવાની, ગરીબાઈ અને અસમાનતાના મૂળ ઉખેડવાની પ્રવૃત્તિ કોઈએ કરી નથી. ગાંધી આ રીતે સાચા ક્રાંતિકારી હતા. સ્વાઈત્ઝર ફરી ફરીને Gandhiji's feeling for reality નો ઉલ્લેખ કરે છે. સ્વાઈત્ઝરને આ વલણમાં, પોતાનો પ્રિય life affirmation જણાય છે. આ રીતે ગાંધીજીએ અહિંસાનું સ્વરૂપ પલટાવ્યું તેનો સ્વાઈત્ઝર ઉલ્લેખ કરે છે.

In Gandhi's ethical life affirmation, Ahimsa is freed from the principle of non-activity in which it originated and becomes a commandment to exercise full compassion. It becomes a different thing from what it was in the thought of ancient India. It is one of the most important of Gandhi's acts that he mpecols Indian ethics openly to come to grips with reality."

જીવનની કઠોર વાસ્તવિકતાઓ સાથેનો આવો સંઘર્ષ ભારતમાં, આધ્યાત્મિક સાધનોથી, પૂર્વે કોઈએ આવી રીતે કર્યો નથી. સ્વાઈત્ઝર એમ માને છે કે આમાં ગાંધીજી ઉપર પશ્ચિમની અસર છે. So in one corner, his world and life affirmation is marked "Made in England".

પણ સ્વાઈત્ઝર કહે છે, સમાજને પલટાવવાની આ પ્રવૃત્તિ સાથે ગાંધીએ આધ્યાત્મિક સાધનો જોડી દીધા. For him it is an established principle that material problems can only be solved by the spirit. સત્ય અને અહિંસા તેમના સાધનો હતા. રાગ દ્વેષ રહિતપણે, પ્રેમ અને કરુણાથી હૃદયપલટો કરી, સામાજિક અન્યાયો, ગરીબાઈ અને અસમાનતા દૂર કરવી હતી.

He regards the belief that worldly ends must be pursued by worldly methods as the fatal error which is responsible for the misery which prevails on earth.

દુનિયામાં જે દુ:ખ છે તેનું મુખ્ય કારણ, શઠં પ્રતિ શાઠ્યમ અથવા જેવાની સાથે તેવા થવું, એ નીતિને સાચી નીતિ માનવાની માનવજાતની ભયંકર ભૂલ. ગાંધીજીના સાધન શુદ્ધિના આગ્રહને સ્વાઈત્ઝર બરાબર સમજે છે.

Gandhi continues what the Buddha began. In the Buddha, the spirit of love set itself the task of creating different spiritual conditions in the world; in Gandhi, it undertakes to transform **all Worldly** conditions.

આવી ક્રાંતિ કરવા ગાંધીજી માત્ર પ્રેમ, કરુણા, મૈત્રીનો ઉપદેશ અને તેને પરિણામે હૃદયપલટો થાય તેટલા ઉપર જ આધાર રાખતા નથી પણ સક્રિય સાધનો, અસહકાર અને સત્યાગ્રહનો માર્ગ તેમણે અપનાવ્યો છે. સત્ય અને અહિંસાનો માર્ગ અને અસહકાર અને સત્યાગ્રહ, સ્વાઈત્ઝરને પરસ્પર વિરોધી લાગે છે. એક આધ્યાત્મિક છે. (Spiritual); બીજો માર્ગ દુન્યવી અથવા વ્યવહારિક (worldly) છે.

સ્વાઈત્ઝરના મત મુજબ સત્યાગ્રહમાં અહિંસક રીતે, બળ (force) નો ઉપયોગ છે. સીધી રીતે બળના ઉપયોગનો સામનો થઈ શકે તેનાં કરતાં આવા અહિંસક બળનો સામનો કરવો મુશ્કેલ છે અને તેથી આવી રીત કદાચ વિશેષ સફળ થાય. પણ એવો ભય છે કે બળના આવા છુપા (Concealed) ઉપયોગથી, ખુલ્લા હિંસક ઉપયોગ કરતાં, વધારે કડવાશ પેદા થાય. ગાંધીજી, અહિંસા અને સત્યાગ્રહ સાથે જોડે છે ત્યારે, દુન્યવી અને આધ્યાત્મિક તત્ત્વો સાથે જોડે છે. તેમને પોતાને પણ દુ:ખદ અનુભવ થયો છે કે એવા સંજોગોમાં દુન્યવી તત્ત્વ જોર કરી જાય છે. સ્વાઈત્ઝરનું કહેવાનું એ છે કે સર્વથા અહિંસા અને રાગદ્વેષરહિતપણે અને પ્રેમથી, સત્યાગ્રહ થવાને બદલે, હિંસા અને રાગદ્વેષ અંતે બહાર આવે છે. સ્વાઈત્ઝર કહે છે કે ગાંધીજીનો પોતાનો જ દાખલો લઈએ તો જણાશે કે સામાવાળાને સમાધાન કરવાની પુરતી તક આપ્યા વિના, ગાંધીજીએ કેટલીય વખત સત્યાગ્રહ કર્યો છે. કારણ કે, તેમની પ્રકૃતિમાં આગ્રહ (Vehemence) છે, જેથી પૂરી ધીરજ રાખી શકતા નથી અને સુધારક અથવા ક્રાંતિકારની અધિરાઈ છે.

સ્વાઈત્ઝર સ્વીકારે છે કે ગાંધીજીને પૂર્ણ શ્રદ્ધા છે કે આધ્યા-ત્મિક સાધનોથી વ્યવહાર શુદ્ધિ કરી શકાય. He really seriously believes that he can practise passive resistance entirely in the spirit of freedom from hatred and of love. સ્વાઈત્ઝર ભારપૂર્વક ઉલ્લેખ કરે છે કે સત્યાગ્રહીએ રાગદ્વેષ અને હિંસા રહિત થવું અને પ્રતિસ્પર્ધી ઉપર પણ પ્રેમ રાખવો એમ ગાંધીજીએ ફરી ફરી કહ્યું છે.

The non-violent violence of passive resistance must merely form the river-bed for the flood waters of the spirit of love.

સ્વાઈત્ઝરને પોતાને શ્રદ્ધા નથી કે આવી રીતે અહિંસક બળનો ઉપયોગ સફળતાપૂર્વક થઈ શકે. સ્વાઈત્ઝર પોતે હિંસાના વિરોધી છે. એટલે પોતે એટલું જ કહે છે કે હિંસાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો અને તેમાં પણ પોતાના સ્વાર્થ માટે તો નહિ જ.

"In such an application of force in the spirit of non-violance lies the solution of the problem."

સ્વાઈત્ઝર સ્વીકારે છે કે ગાંધીજીએ જગતને એક નવો રાહ બતાવ્યો છે. આ હકીકત માત્ર ભારતવર્ષ માટે જ નહિ પણ માનવજાત માટે એક મહાન બનાવ છે. સ્વાઈત્ઝર કહે છે ગાંધીજીએ બતાવ્યું છે કે બળના ઉપયોગ માટે ધ્યેય શુદ્ધ હોય એટલું જ નહિ પણ શુદ્ધ ભાવથી તેનો ઉપયોગ થવો જોઈએ.

બીજી બે બાબતોમાં સ્વાત્ઝર ગાંધીજી સાથે સંમત નથી. ગાંધીજીનો દઢ મત હતો કે જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી અને અપરિગ્રહ કેળવવો. Through this ideal of the smallest possible needs and smallest possible possessiors, Gandhi expects that civilisation will be cured of its ills. હિન્દ સ્વરાજ્યમાં પશ્ચિમના કહેવાતા સુધારાની ગાંધીજીએ સખત ટીકા કરી છે તેનો સ્વાઈત્ઝર ઉલ્લેખ કરે છે. વિજ્ઞાને આપેલ ઘણી વસ્તુઓનો આમાં ત્યાગ કરવો પડે, રેલવે, તાર, ઉદ્યોગો વિગેરે; ખેડૂત જેવું સાદું જીવન જીવવું. ગાંધીજીએ પોતે આ આદર્શ પાલનમાં કેટલી બાંધછોડ કરી છે તેનો સ્વાઈત્ઝર ઉલ્લેખ કરે છે.

બીજી બાબત છે બ્રહ્મચર્ય (Celibacy) ગાંધીજીએ અપરિગ્રહ અને બ્રહ્મચર્ય બંને ઉપર ખૂબ ભાર મૂક્યો છે. સ્વાઈત્ઝરને આમાં life-negation-ideal of a life withdrawn from the world. લાગે છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કર્મયોગ અને સંન્યાસ, દુનિયામાં રહેવું અને અનાસકત થવું, આ વિરોધી તત્ત્વોનો સમન્વય સ્વાઈત્ઝરને સમજાતો નથી. સ્વાઈત્ઝરને લાગે છે:

By a magnificent paradox, Gandhi brings the idea of activity and the idea of world negation into relationship in such a way that he can regard activity in the world as the highest form of renunciation of the world.

ગાંધીજીએ કહ્યું હતું કે દરિદ્રનારાયણની સેવાથી, જન્મ મરણના ફેરામાંથી મુકિત મેળવવાની હું સાધના કરું છું. મારે માટે માનવીની અવિરત સેવા મોક્ષનો માર્ગ છે. સ્વાઈત્ઝર આ હકીકતનો ઉલ્લેખ કરે છે અને અંતે કહે છે:

So in Gandhi's spirit, modern world - Indian ethical world and life affirmation and a world and life negation which goes back to the Buddha, dwell side by side.

આ બે ભિન્ન જીવન દ્રષ્ટિ (approach to life) અને દર્શન (philosophy) ની સમીક્ષા હવે પછી કરીશ.

ક્રમશ: ચીમનલાલ ચકુભાઈ

## * વર્ષાશિક્ષણ વ્યાખ્યાનમાળા *

સર્વોચ્ચ શિક્ષણ સંઘ તથા બ્લેવેટસ્કી લોજ, થીઓસોફિકલ સોસાયટીના સંયુકત ઉપક્રમે વર્ષા શિક્ષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આનો લાભ લેવાનું સૌ મિત્રોને નિમંત્રણ છે.

*રવિવાર તા. ૧૯ સપ્ટેમ્બર સવારનાં ૯-૩૦

શ્રીમતી હર્ષિદાબહેન પંડિત. વિષય: બાલમાનસ

* રવિવાર તા. ૨૬ સપ્ટેમ્બર સવારના ૯-૩૦

શ્રીમતી નયના ઝવેરી– વિષય: શિક્ષણ અને નૃત્યકલા

સ્થળ: એની બેસંટ હોલ, ફ્રેન્ચ બ્રિજ ચોપાટી.

**મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.**

# લેમ્બરીન સ્વરૂપે ડૉ. સ્વાઈત્ઝર જીવંત છે

(મહાન ડૉ. સ્વાઈત્ઝરના અવસાન પછી પણ તેમની 'જીવન નીતિ' ને આકાર આપી રહેલી તેમની હોસ્પિટલ માનવસેવાની દિશામાં આગળ ધપી રહી છે.)

લેમ્બરીન ગેબન નજીક પોતાની પર વર્ષની એકધારી સેવાને કારણે વિશ્વભરમાં 'જંગલ ડોકટર' તરીકે પ્રસિદ્ધ થયેલા ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે ૧૯૬૫ના ઓગસ્ટમાં પોતાના સાથીઓ સમક્ષ હળવેથી ઉચ્ચાર્યું: "મને હવે શ્રમ જણાય છે. વધુ નહીં જીવું. મારા પ્યારા વૃક્ષો વચ્ચે મને લઈ જાવ કે જેથી હું તેમને છેલ્લી વાર મળી લઉં."

ડોકટરની ઈચ્છા પ્રમાણે કરવામાં આવ્યું. ડોકટરના હાથે હોસ્પિટલના ગ્રાઉન્ડમાં સળંગ રોપાયેલાં કેરી, પપૈયા અને વિવિધ ફૂલોનાં વૃક્ષો ઊંચા શ્વેત દાઢીવાળા આ માનવીનો સ્નેહસ્પર્શ પામવા જાણે રાહ જોઈને ઊભાં જ હતાં.

ત્યારપછી થોડા જ દિવસોમાં, કોઈ પુરાણું કિંમતી ઘડિયાળ એકદમ અટકી જાય તેમ ૯૦ વર્ષના આ બુઝર્ગ માનવીએ શાંતિપૂર્વક નિદ્રામાં અંતિમ વિરામ લઈ લીધો. તેમની ઈચ્છા પ્રમાણે સામાન્ય આફ્રિકનની જેમ તેમને સાદાઈથી દફનાવવામાં આવ્યા. દવા, દારૂ અને ડોકટરની સુવિધા સર્જી જેણે પોતાને નવું જીવન આપ્યું હતું એવા રકતપિત્તના જૂનાં દરદીઓએ કબર ખોદી પોતાના તારણહારને અંતિમ અંજલિ આપી. કબર પર ક્રોસનું પ્રતિક મૂકવામાં આવ્યું. સ્ટાફના માણસોએ સાદાઈથી અંતિમ વિધિ કરી, અને આફ્રિકન નર્સો તથા અન્ય શબયાત્રીઓએ ડોકટરને પ્રિય એવું સંગીત વહાવ્યું.

આ મહામાનવના અવસાનસમાચાર સર્વત્ર વાયુવેગે ફેલાતાં તેમના પ્રશંસકો તથા મિત્રોએ ચિન્તાપૂર્વક પૂછવા માંડયું: "એમની હોસ્પિટલનું હવે શું થશે? એનો પણ અંત આવશે કે પછી બીજા લોકો તેનું સંચાલન કરી આફ્રિકન પ્રજાને એ જ સેવા આપવાનું ચાલુ રાખશે?"

આ પ્રશ્નનો સંતોષકારક જવાબ અમારી તાજેતરની લેમ્બરીનની મુલાકાત દરમ્યાન મળી ગયો. હોસ્પિટલ કેવળ અસ્તિત્વમાં છે એટલું જ નહિ; તેનો વધુ ને વધુ વિકાસ થતો જાય છે. સેવાભાવી નિષ્ણાત ડોકટરો અને નર્સોનું જૂથ, દરદીઓના પ્રસન્ન ચહેરા, બંધાઈ ગયેલા અને બંધાઈ જવાની તૈયારીમાં હોય તેવા મજબૂત મોટાં મકાનો જોઈ અમે અત્યંત પ્રભાવિત થયા.

ત્યાંના સ્ટાફના એક જૂના સભ્યે ડોકટર વિશે અમને જે વાતો કહી તે પૌરાણિક કથા જેવી અમને લાગી. શિક્ષક, સંગીતનિષ્ણાત અને અધ્યાત્મપ્રેમી ડૉ. સ્વાઈત્ઝરે તબીબી ક્ષેત્રનો અભ્યાસ કરી, આફ્રિકન પ્રજાની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવાનો ૧૯૦૪ માં નિશ્ચય કર્યો. પોતાના હેતુને સ્પષ્ટ કરતા તેમણે કહ્યું છે: 'જગતના દુ:ખમાં આપણે સૌએ સહભાગી બનવું જોઈએ.' ૧૯૧૨માં સ્વાઈત્ઝરે હેલન બ્રેસલો સાથે લગ્ન કર્યાં, અને બીજે વર્ષે પોતાની પત્નીને લેમ્બરીન લઈ આવ્યા. ફ્રાન્સની સામાન્ય વિસ્તાર અને કક્ષા ધરાવતી ગેબન નામની વસાહતમાં, મરઘાંના વાડામાં ડોકટરે પોતાની હોસ્પિટલ શરૂ કરી.

લેમ્બરીન ખાતેના વસવાટ દરમ્યાન ૬૦ જેટલા લાકડાનાં મકાનો બનાવી સ્વાઈત્ઝરે હોસ્પિટલને એક નાનકડા ગામડાનું સ્વરૂપ આપ્યું. કેટલાક મકાનો તો ડોકટરે પોતાના હાથે બાંધ્યા હતાં. એ વખતે ઈલેકટ્રીસીટીની સગવડ કેવળ ઓપરેશન રૂમમાં જ હતી; તેમ જ પાણી મેળવવાનું સાધન એક માત્ર પંપવેલ હતો. બે સંડાસ સિવાય આરોગ્ય વિષયક સગવડ પણ કશી જ નહોતી.

આણગમો પ્રેરે એવી આ જગ્યામાં બેં બેં કરતાં બકરાં, નાનાં છોકરાંઓની બૂમરાણ તથા ભસતાં કુતરાઓનો ભારે ત્રાસ હતો. અમને ત્યાં બનેલા એક પ્રસંગની વાત કહેવામાં આવી, કે એક વાર એક બકરું ઓપરેશન રૂમમાં જઈ ચડયું અને ઓપરેશન વખતે વપરાતા રબ્બરના હાથમોજાં સુધી પહોંચી તે ખાઈને મરી ગયું. ડોકટર ખૂબ

જ ગુસ્સે થઈ ગયા. બકરું ઓપરેશન રૂમમાં પહોંચી ગયું એ માટે નહીં; પરંતુ બકરા જેવું પ્રાણી પહોંચી શકે એ રીતે એક તબીબી સાધનને રખડતું મૂકવાની કોઈકની આવી બેદરકારી માટે.

### દરદીઓને સાજા કરવાની રીત

સ્વાઈત્ઝરને અનુભવથી એ જાણવા મળ્યું હતું કે 'બુશ કન્ટ્રી' ના વાસી આફ્રિકન દરદીઓ પોતાના વતન જેવા વાતાવરણમાં કે સારવાર દરમ્યાન પોતાને સાથ આપતા સગાંસ્નેહીઓની હૂંફમાં વધુ જલદી સાજા થઈ જતાં હતાં. દરદી પાસે રહેતાં આ લોકો માટે ડોક્ટરે ભોજનની વ્યવસ્થા કરી હતી. દરદીના રક્ષકો તંદુરસ્ત હોય તો તેમણે, નવી હોસ્પિટલમાં, બગીચામાં કે લોન્ડ્રીમાં કંઈક ઉપયોગી શ્રમ કરી પોતાના ભોજનખર્ચનું વળતર વાળવું એવી ડોક્ટરે વ્યવસ્થા કરી હતી.

આજે પણ હોસ્પિટલને જોતાં 'આફ્રિકન વિલેજ' ના દર્શન થાય છે. Ogowe નદીના કિનારે ઊંચા ઊંચા વૃક્ષોની છાયા તળે એક માળના નાના મકાનો અમે નિહાળ્યાં. ટેકરી ચડીને સ્વાઈત્ઝરના વખતના મૂળ મકાનોની મુલાકાત લીધી તથા બાગકામ અને રસોઈમાં પ્રવૃત્ત લોકોની કામગીરી જોઈ અમે ખુશ થયા.

સારવારગૃહો અને જુદા જુદા વોર્ડમાં ફરી દરદીઓ અને ચિકિત્સકોની મુલાકાત લેતાં દરેક સ્થળે થયેલાં પરિવર્તનનો અમને ઘણો ખ્યાલ આવ્યો. આધુનિક તબીબી સાધનો, વિજળી, પાણી, સગવડવાળા સંડાસ તથા નાહવાના ફુવારા હોસ્પિટલમાં આવી ગયા હતા.

આ બધા ફેરફારો સાથે હારબંધ મકાનો વધારી હોસ્પિટલને વધુ સારી કક્ષામાં મૂકવાની યોજના પણ હાથ ધરવામાં આવી છે. ૧૯૬૯ ના માર્ચમાં બધી સગવડ સાથેનું ડેન્ટલ કિલનિક તૈયાર થઈ ગયું છે, અને જર્મનીના વિખ્યાત સર્જન તેના ડાયરેકટર તરીકેની કામગીરી સંભાળે છે.

હોસ્પિટલને વિસ્તૃત બનાવવા નવાં મકાનોની જે વિચારણા થઈ રહી છે તેનો ખર્ચ લગભગ ૭૫ લાખ ઉપરનો છે. ઓપરેશન-ગૃહો, પ્રસૂતિગૃહ, ૧૨૦ બિછાના તથા પોતાની લાઈબ્રેરી અને ક્લાસ રૂમ સાથેની નર્સીંગ સ્કૂલનો આવી યોજનામાં સમાવેશ થાય છે. આ સિવાય સગર્ભા સ્ત્રીઓ, બાળકો, માનસિક વ્યાધિ ભોગવતા લોકો તથા સ્ટાફ ક્વાર્ટર્સ માટે જગ્યાની સગવડ કરવાની પણ ધારણા છે. આમાંના ઘણાં મકાનો એર-કન્ડીશન્ડ હશે. વર્ષો અગાઉ ડો. સ્વાઈત્ઝરે જે મકાનો બનાવ્યાં હતાં તેનો આઉટ-પેશન્ટ માટે ઉપયોગ કરવામાં આવશે. ૧૯૫૨ માં પોતાને મળેલી નોબેલ પ્રાઈઝની રકમનો અમુક ભાગ સ્વાઈત્ઝરે મકાનોના છાપરા સુધારવામાં કર્યો હતો.

### અંતિમ વારસો

પોતાના પિતાની બે કાર્યનીતિનો નવી હોસ્પિટલમાં પણ બરાબર અમલ કરવામાં આવે છે એ સમજાવતાં સ્વાઈત્ઝરની એકમાત્ર પુત્રી રેહેનાએ કહ્યું: "પહેલી વાત એ કે ફંડના અભાવે કોઈપણ દર્દી પાછો જવો ન જોઈએ. બીજું, પોતાને જેનામાં શ્રદ્ધા હોય એવા સગાં–સ્નેહીઓના સંગની અનુકૂળતા કરી આપવી, અને દરદીઓને અપાતા ઉપચારોનું એક મહત્ત્વનું અંગ ગણવું જોઈએ."

૧૯૭૦માં ૨૮ શ્વેત પુરુષોનો જે જનરલ સ્ટાફ હતો, તેમાં ડચ, સ્વીસ, જર્મન, ફ્રેન્ચ, સ્વીડીશ, અમેરિકન એમ જુદી જુદી પ્રજાનો સમાવેશ થયો હતો. એક ડોકટરે અમને ગૌરવપૂર્વક કહ્યું "સ્વાઈત્ઝર પ્રત્યેના અપૂર્વ માનથી પ્રેરાઈ બીજા લોકોની જેમ અમે પણ આ ઐચ્છિક સેવા આપીએ છીએ." પોતાના વતનમાં ખાનગી પ્રેકટીસ દ્વારા જે મળે તેનાથી લગભગ અર્ધી રકમ આ ડોકટરોને પગાર તરીકે મળતી હતી.

મુખ્ય સર્જન ડો. વોલ્ટર મુન્ઝને તો પોતાની દસ વર્ષની વયથી જ પ્રાણીઓ અને માનવોના પરમ ચાહક સ્વાઈત્ઝર પ્રત્યે ઘણું આકર્ષણ હતું. મેરિયા નામની હોલેન્ડની એક જૂની નર્સે ૧૯૬૯માં આ સેવા પ્રત્યેના ૩૧ વર્ષ પુરાં કર્યા. ડો. રેન કોપના માર્ગદર્શન નીચે છ તબીબો, બે ડેન્ટીસ્ટ, તેર યૂરોપિયન નર્સો તથા આશરે સો તાલીમ લેતી નર્સો અને અન્ય તબીબી સેવકો ૬૫૦ દરદીઓને સંભાળે છે.

અર્ધી સદી પહેલાં સ્વાઈત્ઝરે સ્થાપેલી આ હોસ્પિટલનો ૧,૯૦,૦૦૦ દરદીઓએ લાભ લીધો છે. આમાંથી ૧,૦૦,૦૦૦ જેટલા દરદીઓને તો સ્વાઈત્ઝરે પોતે સેવા આપી છે જે સ્વાઈત્ઝરના જીવનના છેલ્લા વર્ષોની દરદીઓની સંખ્યા કરતા વધારે છે. ઘણાંખરા દરદીઓ, સ્વાઈત્ઝરના વખતના શરૂઆતના દરદીઓ જે રોગો– મેલેરિયા, આંતરડાના દરદો, શ્વાસ મારફતે ફેલાતાં રોગો તથા પરમિયા–થી પીડાતા હતાં તે જ રોગોથી પીડાય છે.

વર્ષો સુધી ગેબનમાં કોઢની સારવાર માટે કેવળ સ્વાઈત્ઝરની હોસ્પિટલ એકમાત્ર સંસ્થા હતી. એક ગ્રામજને આદરપૂર્વક અમને કહ્યું: "જે હોસ્પિટલને અમે ચાહીએ છીએ તેની બાજુમાં જ અમારા કુટુંબ સહિત રહેવાનું અમને ખૂબ ગમે છે." આ લોકોને પોતાનો બગીચો અને ફળફળાદીના વાડા છે.

હોસ્પિટલના ખર્ચ માટે ડોકટર જુદા જુદા દેશમાં વસતા પોતાના મિત્રોની મદદ લેતા; છતાં તેમણે એક જાહેર અપીલ પણ બહાર પાડી હતી. લોકજાગૃતિને સતેજ રાખવા તેઓ કહેતા "લેમ્બરીનમાં કંઈ બને એ પહેલાં એની અસર કોંકના હૃદય સુધી પહોંચી જવી જોઈએ." હોસ્પિટલને દવા કે અન્ય આવશ્યક વસ્તુઓની જરૂર પડતી ત્યારે તે જરૂરિયાતને પહોંચી વળે તેવા દાતાઓને સ્વાઈત્ઝર જાણ કરતા, તો કોઈવાર પોતે નાનકડી બેગ લઈ, પ્રવચન યા મનોરંજન પ્રવૃત્તિ દ્વારા ફંડ ભેગું કરવા યૂરોપના પ્રવાસે જતા.

જીવનની અંતિમ અવસ્થામાં સ્વાઈત્ઝરને લાગેલું કે હોસ્પિટલને કાયમી સદ્ધર કરવા કંઈક યોજના થવી જોઈએ. આથી પોતે મોટા ભાગની કેળવણી જ્યાં લીધી હતી તે ફ્રાન્સના સ્ટ્રેસબર્ગની 'ધ એસોસિયેશન ઓવ ધ હોસ્પિટલ ઓવ આલ્બર્ટ સ્વાઈત્ઝર' નામની સંસ્થા પર નિયમન મૂક્યું. ન્યૂયોર્કના વેપારી શ્રી લોરેન્સ ગુસમન આના કામચલાઉ પ્રમુખ છે.

હોસ્પિટલને ઘણાં વર્ષોથી મદદ કરી રહેલી ધ આલ્બર્ટ સ્વાઈત્ઝર ફેલોશીપ નામની અમેરિકન સંસ્થાના પણ શ્રી ગુસમન પ્રમુખ છે. હોસ્પિટલ અંગેની યોજનાને સ્પષ્ટ કરતાં તેઓ કહે છે: "નવી હોસ્પિટલના વિકાસ માટે લોકોના પ્રોત્સાહન અને ઉદાર સહકારની જરૂર છે. હોસ્પિટલના ચાલુ ખર્ચ–દવા દારૂ, આવશ્યક સાધનો, પગાર વગેરે– તથા અન્ય સ્થાયી ખર્ચને પહોંચીવળવા અમે બજેટનો વિચાર કરીએ છીએ.

હોસ્પિટલને આધુનિક સ્વરૂપ આપવા સાથે સ્વાઈત્ઝર કેટલે અંશે સંમત થાત એ પ્રશ્ન કોઈના દિલમાં ઉદ્‌ભવે ખરો. તેમની પુત્રી રેહેના આ મુદ્દાને ભારપૂર્વક સમજાવતાં કહે છે: "હોસ્પિટલની સ્થાપનાના મૂળ આદર્શોને અમે વળગી રહ્યા છીએ. આટલું ખાસ યાદ રાખીએ, કે મારા પિતા આ કાર્યના પ્રણેતા હતા. એમના કાળના એ 'પ્રગતિશીલ સેવક' ગણાયા છે. તદ્‌ન અવિકસીત પ્રદેશમાં વસતી પ્રજાને સ્વાસ્થ્ય બક્ષવા તેમણે એક ભવ્ય પ્રયોગ આદર્યો હતો. તેમને મન હોસ્પિટલ કદી પૂરી થઈ ગઈ નહોતી. જીવનના અંતિમ દિવસો સુધી રોજ તેઓ હોસ્પિટલનું નવનિર્માણ કરતા જ રહ્યા છે."

અમારી મુલાકાત અગાઉ થોડા સમયે એક બકરીએ ડોકટરની કબર પાસે આવી બચ્ચાને જન્મ આપ્યો. હોસ્પિટલ સ્ટાફના સર્વ લોકો તથા બીજા સૌએ આ ઘટનાને ઘણી સૂચક માની. એક વૃદ્ધ નોકરે તો સ્વાઈત્ઝરની યાદથી ગદ્‌ગદિત થઈ ઉચ્ચાર્યું: 'મોટા ડોકટરને ગમતું જ આ બન્યું કહેવાય."

હા! સૌ જીવોને ચાહનાર કબરમાં પોઢેલા ડોકટરને આ ઘટના ગમી જ હશે. મહાન ડોકટર સ્વાઈત્ઝરે એક અંધકારમય પ્રદેશમાં તપસ્યા કરી ત્યાંના જીવનમાં તેજસ્વિતા આણી. લેમ્બરીન જંગલની નવી હોસ્પીટલ માનવસેવાના આ કાર્યને ચાલુ રાખી સ્વાઈત્ઝરની 'જીવન સાફલ્ય'ની નીતિને વફાદાર રહેવા જે પુરુષાર્થ કરી રહી છે, એથી અમને શ્રદ્ધા છે કે સ્વાઈત્ઝરના પુનિત આત્માને ઘણો ઘણો સંતોષ થશે.

(રીડર્સ ડાયજેસ્ટ મે ૧૯૭૧ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત)

અનુવાદક:
**શારદાબહેન શાહ**

# પ્રકીર્ણ નોંધ

**સાહિત્ય પરિષદ**

સાહિત્ય પરિષદનું અધિવેશન મદ્રાસ થવાનું નક્કી થયું છે. તેના પ્રમુખ તરીકે શ્રી સ્નેહરશ્મિની વરણી થઈ છે તે ખૂબ આવકારદાયક છે. શ્રી સ્નેહરશ્મિ આપણા અગ્રગણ્ય કવિઓમાં એક છે. શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે તેમનો બહુવિધ ફાળો છે. શ્રી સ્નેહરશ્મિને આપણા હાર્દિક અભિનંદન છે અને તેમના પ્રમુખપદ દરમ્યાન પરિષદ સારી પ્રગતિ કરે એવી અભિલાષા છે.

આ પ્રસંગે પરિષદ સાથેના મારા સંબંધોના સ્મરણો તાજાં થાય છે.

લાઠી અધિવેશન થયું (સાલ મને યાદ નથી) ત્યારે હું ગયેલો. તે વખતે મુન્શીએ ઐતિહાસિક નવલકથા વિશે નિબંધ રજૂ કરેલો. તેના કેટલાક વિધાનો મને ભૂલભરેલા લાગેલા-તે વિષે મેં એક લેખ લખ્યો, જે શ્રી રામનારાયણ પાઠકે પ્રસ્થાનમાં પ્રકટ કર્યો હતો. ત્યાર પછી ૧૯૩૭માં અમદાવાદ અધિવેશન થયું ત્યારે શ્રી પાઠકના કહેવાથી હું ગયો હતો.

સાહિત્ય પરિષદનું સુકાન મુન્શીએ ૧૯૨૫ માં, બળવંતરાય ઠાકોર અને બીજા કેટલાકનાં વિરોધ છતાં મેળવ્યું. મુન્શીના હાથ નીચે પરિષદને જતી અટકાવવા, તે વખતે વિરોધીઓએ ગાંધીજીને પ્રમુખસ્થાને લાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે મુન્શી ગાંધીજીના નિકટ આવેલા નહિ. પણ ગાંધીજી પાસે ગયા અને રાજકારણને પરિષદમાં આવતું અટકાવવા ગાંધીજીએ પ્રમુખપદ ન લેવું એવું સમજાવી ગાંધીજીનો પ્રમુખપદનો અસ્વીકાર કરતો પત્ર લીધો. સ્વાગત સમિતિમાં ગાંધીજીનું નામ રજૂ થયું ત્યારે મુન્શીએ આ પત્ર આગળ ધરી તે દરખાસ્ત ઉડાવી દીધી અને રમણભાઈ નીલકંઠને પ્રમુખ ચૂંટ્યા. મુન્શીએ પરિષદનું નવું બંધારણ ઘડ્યું. ત્યારથી પરિષદ મુન્શીના વર્ચસ્વ નીચે રહી. યુવાન લેખકોનો વિરોધ થયો અને વધતો રહ્યો. એટલે મુન્શી પોતે જ ૧૯૩૭માં ગાંધીજીને સમજાવી પ્રમુખસ્થાને લાવ્યા. વિરોધની વાત ગાંધીજી સુધી પહોંચી હતી. એટલે પ્રમુખસ્થાનેથી ગાંધીજીએ જ તેનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે મુન્શીએ ગમે તેવું બંધારણ કર્યું હોય પણ ઈશ્વર તેમાં કાંઈક બારી રાખે છે. તેમના ભાષણ પછી, એમ નક્કી થયું કે ચાર પાંચ જણે જઈને બાપુને આશ્રામમાં મળવું. મને પણ સાથે લીધો. સ્નેહરશ્મિ, હંસાબહેન, મને યાદ છે ત્યાં સુધી ઉમાશંકર વિગેરે હતા. બાપુએ છેવટ સૂચના કરી કે બંધારણમાં ઘટતા ફેરફાર કરવા એક સમિતિ નીમવી. આ કડવો ઘૂંટડો ગાંધીજી અને સર પ્રભાશંકર પટણીએ મુન્શીને ગળે ઉતરાવ્યો. કેટલાક સમય પછી, સમિતિના સભ્યો—હું સાથે હતો—બાપુને વર્ધા મળવા જવા નીકળ્યા. પણ વરસાદ બહુ પડ્યો અને થાણા સ્ટેશને ગાડી અટકી ગઈ. પછી કાંઈ થયું નહિ અને ત્યાર પછીનું અધિવેશન કરાંચીમાં થયું તેમાં મુન્શી પ્રમુખસ્થાને હતાં અને બધું ઠીક કરી નાખ્યું.

તે સમયે મુન્શી મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન હતા અને હું તેમના અને શ્રી ખેરના આગ્રહથી સરકારી સોલીસીટર નીમાયો હતો. વિરોધીઓને પોતાના કરવાની મુન્શીમાં કળા હતી. મને બોલાવીને કહ્યું કે મારે પરિષદના મંત્રી થવાનું છે. હું કાંઈ લેખક કે સાક્ષર નહિ. પણ મારે તો વ્યવસ્થા અને વહીવટી કામ કરવાનું હતું અને મુન્શીને ના પાડવાનું બને તેમ ન હતું. ત્યારથી હું ધારું છું કે ૧૫-૧૬ વર્ષ હું મંત્રી રહ્યો. લગભગ બધા અધિવશનોમાં હાજર હતો. ૧૯૪૬ માં જુનાગઢમાં શામળદાસ ગાંધીના આમંત્રણથી અધિવેશન થયું. ત્યારે પરિષદે એક અગત્યનો ઠરાવ કર્યો કે ઉચ્ચ શિક્ષણનું માધ્યમ હિન્દી હોવું જોઈએ. મેં તે ઠરાવનું સમર્થન કર્યું હતું. ૧૯૫૫ સુધી પરિષદનું સુકાન મુન્શીના હાથમાં રહ્યું, તે વર્ષે પરિષદની સુવર્ણ જયંતી હતી અને નડીયાદમાં અધિવેશન થયું. હું પણ હાજર રહ્યો હતો. મુન્શી પ્રમુખસ્થાને હતા. ત્યારે છેવટ પરિષદનું સુકાન અમદાવાદના મિત્રો અને યુવાન લેખકોને સોંપાયું. બન્ને પક્ષો ગૌરવપૂર્વક ( G acefully ) વિવાદનો અંત આણ્યો.

પરિષદનું સ્થળ અમદાવાદ થયું ત્યાર પછી અધિવેશનો થયા છે. પણ પરિષદે ખાસ પ્રગતિ કરી હોય એવું જણાતું નથી. ગુજરાત વિદ્યાસભાની પેઠે પરિષદને પોતાનું મકાન નથી. સાહિત્યની વિવિધ પ્રવૃત્તિઓ નથી, સાહિત્યકારોને ઉત્તેજન મળે એવી કોઈ યોજના નથી. ગુજરાતને શોભે અને ગુજરાતી ભાષા અને સાહિત્યનો જે સુંદર વિકાસ થયો છે, તેને અનુરૂપ, સાહિત્ય પરિષદ પ્રવૃત્તિમય થાય એવી આશા અસ્થાને નહિ ગણાય.

**ગુજરાતનું રાજકારણ**

ગુજરાતનું રાજકારણ ચકડોળે ચડ્યું છે. સંસ્થા કૉંગ્રેસ નિષ્પ્રાણ થઈ છે. તેમાં પ્રાણ ફૂંકવાનો પ્રયત્ન મોરારજીભાઈ કરી રહ્યા છે. આગામી ચૂંટણીના સંદર્ભમાં, તેમણે ગુજરાત-સૌરાષ્ટ્રનો પ્રવાસ શરૂ કર્યો છે. શાસક કૉંગ્રેસનું કોઈ ભાવિ નથી, રશિયા સાથે કરાર કર્યા તેમાં ભારે જોખમ કર્યું છે, બાંગલા દેશને સ્વીકૃતિ નથી આપી તે મોટી ભૂલ કરી છે, આવી રીતે શાસક કૉંગ્રેસની ટીકા, તેમના ભાષણોનો પ્રધાનસૂર છે. પણ ડૂબતા નાવને બધા છોડે તેમ, સંસ્થા કૉંગ્રેસમાંથી શાસક કૉંગ્રેસમાં જોડાવા પડાપડી થઈ રહી છે. ઈન્દિરા ગાંધીના નામના જાદુનો લાભ લેવા સંસ્થા કૉંગ્રેસ અને બીજા રાજકીય પક્ષોના આગેવાનો અને કાર્યકરો, શાસક કૉંગ્રેસમાં મોટી સંખ્યામાં ભરતી કરી રહ્યા છે. પ્રજા સમાજવાદી પક્ષમાંથી સનત મહેતા સહિત હજારો કાર્યકરો જોડાયા. જાણીતા સામ્યવાદી ચીમન મહેતા પણ શાસક કૉંગ્રેસમાં આવ્યા. શાસક કૉંગ્રેસનું મહાનાવ ભરપૂર થયું છે, એટલી હદે કે ભારથી જ કદાચ ડૂબી જાય. તેમાં આગેવાનો વધી પડ્યા છે. જૂથબંધી જોર કરે છે. ગુજરાત કૉંગ્રેસ સિદ્ધાંતનિષ્ઠ કહેવાતી, પણ મોટેભાગે વ્યક્તિનિષ્ઠ રહી છે. ગાંધીજી, સરદાર અને પછી મોરારજીભાઈ. હવે વ્યક્તિનિષ્ઠા પણ રહી નથી. રહી છે માત્ર સ્વાર્થનિષ્ઠા એટલે દોડાદોડી વધી પડી છે. રતુભાઈ અદાણીને માથે ભાર મૂક્યો પણ પરસ્પરનો આદર ન હોય, નેતા પ્રત્યે વફાદારી ન હોય, તો કોઈપણ સંસ્થા સબળ ન થાય. રતુભાઈ અદાણી એવો આદર અને વફાદારી મેળવી શકે એટલું પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા નથી. નિષ્ઠાવાન અને ચારિત્ર્યશીલ કાર્યકર્તા તરીકે તેમની પ્રતિષ્ઠા છે. પણ ચીમનભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, બધા આગેવાન થવાના કોડ સેવે છે. એટલે અનહદ ખટપટ છે. તેમાં સમાજવાદી ફોરમ ફૂટી નીકળી છે. સાચા સમાજવાદ સાથે નહાવાનીચોવવાનો પણ જેને સંબંધ નથી એવી વ્યક્તિઓ આ સમાજવાદી ફોરમને નામે શોરબકોર મચાવે છે. રતુભાઈ અદાણી અકળાય તેમાં નવાઈ નથી. તેમનામાં હિમત અને ધીરજ છે. દિલ્હીનું ખરું પીઠબળ મળશે તો કદાચ શાસક કૉંગ્રેસનું નાવ ડૂબવા નહિ દે. બધી મારામારી, ચૂંટણીના ઉમેદવારોની પસંદગીની છે. અને શાસક કૉંગ્રેસને બહુમતી મળે—અને મળશે એવી સંભાવના છે—તો મુખ્ય મંત્રી કોણ થાય અને બીજા કોને સ્થાન મળે, તેની ચિન્તા છે. શાસક કૉંગ્રેસમાં જે ખીચડો ભરાયો છે તેમાં કોઈ સિદ્ધાંતનિષ્ઠા આવે એવું અત્યારે દેખાતું નથી. જે કાદવ બહાર આવ્યો છે તે જોતાં, આંતરિક કલહ શાસક કૉંગ્રેસની નિર્બળતાનું કારણ રહેશે એમ લાગે છે.

**ગુજરાતનું રાજભવન**

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૭-૭૧ના અંકમાં આ વિષે લખ્યું હતું. ત્યાર પછી તપાસ કરતાં ગુજરાતના રાજભવનના ખર્ચમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કરકસર કરવા પ્રયત્નો થયા છે તેની વિગતો જાણવા

# સમયનું અંદાજપત્ર

ઘણા દિવસો પછી નીલાબેનને એક સાંજે દરિયાકિનારે ફરતાં જોઈ મારાથી આશ્ચર્યોદ્‌ગાર નીકળી ગયો: "ઓહો... આજ તો કંઈ બહુ દિવસે દેખાયાં?'

'શું કરું, સમય જ ક્યાં મળે છે? હમણાં તો વળી તબિયત સારી રહેતી નથી, એટલે થયું કે ચાલ જીવ, કામ અટકશે તો ચાલશે, પણ ફર્યા વિના નહિ ચાલે, એટલે નીકળી આવી.' મુખ પર સહેજ નિરાશાનો ભાવ લાવી નીલાબેને જવાબ આપ્યો. પછી તો અમે બંને અર્ધો કલાક દરિયાકિનારે ફર્યાં. હમણાં શી શી પ્રવૃત્તિ ચાલે છે તેની વાતો કરી, શહેરી જીવન કેવું ધમાલિયું બની ગયું છે ને સમયની કેટલી મારામારી થઈ પડે છે તે વિષે ઊકળાટ ઠાલવ્યો અને સમયની ખેંચને લીધે જ નીલાબેને અર્ધા કલાકમાં ફરવાનું પૂરું કરી મારી રજા લીધી. મેં ફરવાનું ચાલુ રાખ્યું.

ફરતાં ફરતાં મન વિચારે ચડી ગયું: શા માટે સમયની આટલી ખેંચ પડે છે? ખરેખર શું એટલું બધું કામ હોય છે ખરું? કે પછી આપણા માનસની જ કંઈક અવ્યવસ્થા છે તેથી આ બધી મુશ્કેલીઓ ઊભી થાય છે? ખૂબ વિચારને અંતે મનમાં જાણે પ્રકાશ પડતો હોય એમ એક વિચાર સૂઝ્યો. સમયનું અંદાજપત્ર બનાવ્યું હોય તો? ઘરખર્ચની બાબતમાં ટૂંકી આવકમાં પણ સુખેથી રહી શકાય, માટે આપણે અંદાજપત્ર બનાવીએ છીએ; તો સમયની બાબતમાં એવું શા માટે ન કરીએ? સંસારના ઘણા લોકો ખર્ચનું અંદાજપત્ર બનાવવા તરફ ઉદાસીનતા સેવે છે ને સરવાળે પૈસાની ખેંચ અને માનસિક સંતાપ અનુભવે છે. એવું જ સમય માટે આજે બની ગયું છે એમ લાગે છે. સમજુ લોકો ઘરખર્ચમાં અંદાજપત્રની જરૂરિયાત સ્વીકારે છે તેમ જ રોજના જીવનવ્યવહારમાં સમયના અંદાજપત્રની પણ જરૂરિયાત આપણે સમજવી ને સ્વીકારવી જોઈએ. એક રૂપિયો પણ ક્યાંય નકામો વપરાઈ ન જાય એ માટે આપણે જાગ્રત રહીએ છીએ, કડક બની આપણા ખર્ચાળ સ્વાભાવને પણ સંયમી બનાવીએ છીએ, પરંતુ એ રૂપિયો જે સમય દ્વારા મેળવી શકીએ છીએ તે સમયનું અંદાજપત્ર બનાવવાની કલ્પના સુદ્ધાં આપણે કરતાં નથી. સમયની તે શી કિંમત? એને આપણે ગમે તેમ વેડફી નાખી શકીએ, ધૂળને પાણી જેટલી પણ એની કિંમત ન આંકીએ ને જેમ વીતે તેમ એને વીતી જવા દઈએ! જે સમય આપણને જીવનમાં સુખ, શાંતિ અને મહેચ્છાઓ પૂરાં પાડી શકે તેના પ્રત્યે બેદરકારી અને પેલા એક રૂપિયાનું અંદાજપત્ર! કેવી વિચિત્ર વાત છે?

એ સાચું છે કે સમયનું આપણે કંઈ નિયમન જ કરતાં નથી. રમવા બેઠાં તો કલાકો એમાં જાય, વાત કરવા બેઠાં તો કેટલો સમય વીત્યો તેનું કોઈને ભાન જ ન રહે, બહાર ફરવા નીકળ્યાં તો સમયની કંઈ ગણતરી નહિ, કોઈને ઘેર મળવા ગયાં કે કોઈની સાથે પોતાને બિનઉપયોગી એવા કોઈ કાર્યમાં જોડાયાં તો ત્યાંય સમયનો હિસાબ નહિ. જીવનમાં વપરાતી દરેક સ્થૂળ ચીજનો હિસાબ. ઘરમાં શાક કેટલું વપરાયું ત્યાંથી માંડીને લગ્નમાં કે ઓફિસના વાર્ષિક દિને શું કરવું તેનો હિસાબ આપણે રાખીશું; પણ સમયનો હિસાબ રાખવાનો આપણને સમય નહિ મળે. આ બહુ ખેદજનક વાત લાગે છે. સમયનો હિસાબ રાખવાની ટેવ આપણે હવે તો કેળવવી જ જોઈશે. એ હિસાબ કેમ રાખી શકાય તે જરા જોઈએ.

રોજનીશી લખવાની જો આપણે ટેવ રાખીએ તો સમયનો હિસાબ આપણને આપોઆપ મળી જાય. રોજ રાત પડે ને દિવસ આખામાં કેટલા કલાક આપણે કેમ અને ક્યાં ગાળ્યા તેની નોંધ કરવી જોઈએ. એ નોંધ પરથી આપણને ખબર પડશે કે કેટલા કલાક આપણે ઉપયોગી એવા કાર્યમાં ગાળ્યા છે, કેટલા કલાક રોજિંદા કાર્યક્રમ પાછળ ને કેટલા કલાક નકામા વેડફી દીધા છે. રોજ આ રીતની નોંધ સાથે એને સરખાવીએ તો રોજના કામના કલાકોનો સરેરાશ સરવાળો નીકળે એટલે કામ કેટલું ઓછું ઊતરે છે એનું આપણને ભાન થાય.

આપણી કાર્યશક્તિ કેટલી છે, આપણી બુદ્ધિ કેટલી છે, કામ કરવાની આપણી ઈચ્છા ને યોજનાઓ કેટલી છે એ વિચારીને પછી તેની સાથે રોજના આ ચોક્કસ કલાકો કેમ વીતાવીએ છીએ તેનો તાળો મેળવીએ તો આપણને આપણા સમયના ગેરઉપયોગની સમજ આવે, નકામા વેડફાઈ જતા સમયને બચાવી લેવાની અને તેનો સદુપયોગ કરવાની પણ સૂઝ પડે. આ સૂઝમાં સમયનું અંદાજપત્ર જ મુખ્ય બાબત બની રહે, કારણ કે તે પરથી જ આપણને ખાતરી થાય છે કે કેટલું ય અગત્યનું કાર્ય, જે સરળતાથી થઈ શકે તેવું હોય છે તે માત્ર આપણી બેદરકારીને કારણે જ અટકી પડે છે. આવા બેદરકાર માનસથી સ્થૂળ ગેરલાભ તો આપણને ઘણા થાય છે, પરંતુ સૌથી મોટું નુકસાન આપણી કાર્યશક્તિને થાય છે તે ભૂલવું ન જોઈએ. એ નુકસાનમાંથી આપણી જાતને અને આપણી આજુબાજુના લોકોને બચાવવા તથા ભૌતિક લાભો પ્રાપ્ત કરવા સમયનું અંદાજપત્ર અત્યંત જરૂરી છે.

આ પત્રક બનાવવામાં સૌથી પ્રથમ ઊંઘ અને ભોજનાદિ દૈનિક કાર્યક્રમનો સમય મુકરર કરી લેવો જોઈએ. ત્યાર પછી ઘરકામ, બહારનું કામ અને આરામનો સમય નક્કી કરવો જોઈએ. ત્યાર પછી જે કલાકો બચે તેની પળે પળ ઉપયોગી કાર્યમાં જાય તે જોવું જોઈએ. ઘણીવાર જરૂર કરતાં ઊંઘનો સમય વધી જાય છે. આરામની જરૂર ન હોય તો યે આરામમાં જ સમય વીતે, ભોજન અને દૈનિક કાર્યક્રમમાં પણ કેટલીક વાર જરૂર કરતાં બમણો સમય પસાર થઈ જાય. આમ વિના કારણ સમય નકામો વેડફાઈ જાય અને જે કંઈ વિચારતાં હોઈએ અથવા તો મનમાં નક્કી કરતાં હોઈએ તે, માત્ર આપણી માનસિક અવ્યવસ્થાને કારણે જ, બની ન શકે.

જે લોકોને જીવનમાં કંઈક કરવાની ઈચ્છા છે, થોડીઘણી પણ મહત્ત્વાકાંક્ષા છે, જીવનને ઉપયોગી ને સુંદર બનાવવાની ભાવના છે, તેણે આ સમયની ગણતરી રાખવી જ જોઈએ અને તે રાખવા માટે સમયનું અંદાજપત્ર એ જ માત્ર એક ઉપાય છે.

**લાભુબહેન મહેતા**

---

મળી છે. દાખલા તરીકે ગવર્નરે સલૂનનો ઉપયોગ કરવાનું તદ્દન બંધ કર્યું છે. તેઓ સાદા ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરે છે. રાજભવનમાં પણ એરકન્ડિશનીંગ વપરાતું નથી. વધુમાં, તેમનો વાર્ષિક મુસાફરી ખર્ચ ૫૦ ટકા જેટલો ઘટયો છે. રાજભવનના સ્ટાફમાં ખાલી પડેલી કેટલીક જગ્યાઓની ભરતી કરવામાં આવી નથી અને તે રીતે વાર્ષિક લગભગ રૂા. ૨૦,૦૦૦ ની બચત થઈ છે. રાજભવનના મુખ્ય મકાનનો જાળવણી ખર્ચ અનિવાર્ય છે, કારણ કે તે એક ઐતિહાસિક સ્થાપત્યનો નમૂનો છે. ગવર્નર તેમાં રહે, નહીં તો પણ આ ઈમારતની સંભાળ તો રાખવી જ પડશે. વધુમાં, રાજભવનની બાજુના એક નાના બંગલામાં ગવર્નર પોતે રહેવા ગયા છે. પેટ્રોલના બચાવ માટે છેલ્લા કેટલાક સમયથી તેઓશ્રી સામાન્ય એમ્બેસેડર મોટર વાપરે છે.

રાજ્ય અને જિલ્લાની કક્ષાએ બધી ફાઈલોનો નિકાલ માત્ર ગુણવત્તાના ધોરણે લેવાતો હોવાથી ફાઈલોના નિકાલના કામમાં થતી ઢીલ ઘણે અંશે ઓછી કરી શકાઈ છે. દરરોજ સાંજના સમયે ગવર્નર બીજા સિનીયર અધિકારીઓની હાજરીમાં જ જુદા જુદા પ્રતિનિધિમંડળોને મળે છે અને તેમની જે કાંઈ ફરિયાદો હોય તેનો સંતોષકારક નિકાલ ત્યાં જ કરવામાં આવે છે.

ચીમનલાલ ચકુભાઈ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા : સંક્ષિપ્ત સમાલોચના

The King is dead; long live the Kirg !—આ ઉદ્‌ગારમાં વ્યક્તિની નશ્વરતાની સાથે સાથે તે વ્યક્તિનાં કાર્યની ચિરજીવિતાનો ઉલ્લેખ છે. શ્રી પરમાનંદભાઈ ગયા પણ તેણે આદરેલી-ઉછેરેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની અને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રવૃત્તિઓ ચિરજીવી થવી જોઈએ—ચિરજીવી થાય તે માટે આપણે પૂરો પ્રયાસ કરીએ એ જ એમના પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાનો સાચો માર્ગ છે. આ વર્ષની વ્યાખ્યાનમાળામાં વકતાઓ અને શ્રોતાઓ બંનેને શ્રી પરમાનંદભાઈની દુ:ખદ ગેરહાજરીની ઘેરી છાયા અનુભવાતી હતી. શ્રી જૈન યુવક સંઘના મંત્રીઓ અને અન્ય કાર્યકરોએ પર્યુષણ વ્યાખ્યાનમાળાની યોજના શ્રી પરમાનંદભાઈનો આત્મા પ્રસન્નતા અનુભવે એવી કાળજીથી કરી હતી એમ નોંધવું જોઈએ: સંઘના કાર્યકરોને આ સિદ્ધિ ભવિષ્યના કાર્યક્રમોની યોજનાની બાબતમાં આત્મશ્રદ્ધા પ્રેરે તેવી હતી. શ્રી. પરમાનંદભાઈના સ્થાયી સ્મારક તરીકે એક ફંડની યોજના પણ સંઘ તરફથી હાથ ધરાઈ છે તે અહીં નોંધવું જોઈએ.

વ્યાખ્યાનમાળાને પહેલે દિવસે હું હાજરી આપી શકયો નહોતો તેથી તે દિવસનાં બે વ્યાખ્યાનોની સમાલોચના કરી શકાઈ નથી. તેમાંનું **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું** વ્યાખ્યાન તો 'પ્રબુદ્ધ જીવન'માં ગયા અંકથી પ્રકાશિત થવા માંડયું છે તેથી તેની સમાલોચનાની જરૂર પણ રહેતી નથી. બાકીનાં વ્યાખ્યાનો વિષયોનાં વૈવિધ્ય અને વિવેચનાત્મક નિરૂપણથી વૈયકિતક તેમજ સામાજિક જીવનના ધાર્મિક, નૈતિક, આર્થિક, રાજનૈતિક અને સામાજિક વગેરે ક્ષેત્રોની બાબતમાં પ્રબોધક નીવડે તેવાં હતાં:

**શ્રી વિજયસિંહ નહાર** (બંગલા દેશની સમસ્યા): બંગલા દેશની હૃદયદ્રાવક સમસ્યાની ઐતિહાસિક પશ્ચાદભૂમિ સમજાવી અને ૨૫ મી માર્ચે આરંભાયેલા હત્યાકાંડ, અગ્નિકાંડ, બાળકો અને સ્ત્રીઓ પર કમકમાવી મૂકે તેવી પાશવી લીલા વગેરેનું વર્ણન કર્યું: સાથે સાથે મુકિતફોજનું સત્ત્વ અને ખમીર, તેની જરૂરિયાતો અને ભારતે કરેલી સહાયનો ખ્યાલ આપ્યો અને ભારત માટે પણ આ સમસ્યાએ કેવી આર્થિક, સામાજિક અને રાજકીય કટોકટી સરજી છે તે દર્શાવ્યું. શ્રી નહારજીએ સાચું જ કહ્યું હતું કે આ વાત વર્ણવવાની નથી—જઈને જાતે જોવાની છે: તો જ સમસ્યાઓની ભીષણતા અને કરુણતા સમજાય.

**શ્રી ભોગીલાલ ગાંધી** (સામ્યવાદ, લોકશાહી સમાજવાદ અને સર્વોદય): સમાજમાં હંમેશાં સ્તરો અને ભેદો રહેતા આવ્યા છે એમ ઉલ્લેખ કરીને અર્વાચીન કાળમાં અવનવા વાદો શી રીતે અસ્તિત્વમાં આવ્યા તેનું સંક્ષિપ્ત નિરૂપણ કર્યું. સત્તરમી સદીમાં વિજ્ઞાનની ક્રાંતિ, અઢારમી સદીમાં ઉદ્યોગની ક્રાંતિ અને ઓગણીસમી સદીમાં આર્થિક ક્રાંતિ થઈ. આરંભમાં તો જેને કામ કરવું હોય તે કામ શોધે અને ધંધારોજગાર આપી શકે તેવી વ્યકિતઓ તેમને કામ આપે એવી સ્થિતિ હતી. ફ્રાન્સમાં અઢારમી સદીમાં સહકારની, યોજનાની અને સામાજિક જરૂરિયાતની ભાવનાઓ જન્મી હતી. પણ ઈ. સ. ૧૮૨૭ માં કાર્લ માર્કસના સમાજવાદે આ ભાવનાઓને પડકારીને શ્રમજીવીઓના ઉત્થાનને વાચા આપી. દુનિયાના બધા દેશો આ સમાજવાદની અસર તળે આવ્યા. આ સામ્યવાદી સમાજવાદે વર્ગવિગ્રહનો સિદ્ધાંત સ્વીકાર્યો, હિંસાને સ્વીકારી અને એકહથ્થુ સત્તા સરમુખત્યારશાહીના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો: ઉત્પાદન અને વાહનવ્યવહાર પણ રાજ્યહસ્તક રહેવાં જોઈએ એમ પણ સૂચવ્યું. પ્રશિષ્ટ સમાજવાદે વર્ગવિગ્રહ સ્વીકાર્યો, હિંસા સ્વીકારી પણ સરમુખત્યારી કે રાજ્યહસ્તક સત્તાનો ઈનકાર કર્યો. લોકશાહી સમાજવાદે વર્ગવિગ્રહ અને હિંસાના સિદ્ધાંતનો નિષેધ કર્યો, ખાનગી માલિકીનો સિદ્ધાંત કેટલેક અંશે સ્વીકાર્યો અને રાજ્યની સત્તા પણ અનિવાર્ય હોય તેટલે અંશે સ્વીકારી. સર્વોદયવાદમાં કેન્દ્રસ્થાનમાં માનવનું વ્યકિતત્વ છે, આર્થિક કે રાજકીય દૃષ્ટિથી નથી. ગાંધીજીએ નીતિ અને વ્યવહારની સંગતિ સાધવાના પ્રયત્નો કર્યા—આંદોલનો, અસહકારની પ્રવૃત્તિઓ વગેરે આદર્યાં. વિનોબાજીની નીતિ આ આંદોલનો વગેરેની બાબતમાં ગાંધીજીની નીતિથી કેટલેક અંશે ભિન્ન છે. ઐતિહાસિક નિરૂપણ અને જુદા જુદા વાદો (theories) નાં પૃથક્કરણ અને તારતમ્યની સમીક્ષાથી વ્યાખ્યાન મનનીય બની રહ્યું.

**શ્રી સનત મહેતા** (યુવાનોનો અજંપો): આજના યુવાન માનસમાં અસંતોષ અને અજંપાની ઉત્કટતા વરતાય છે: રશિયાએ ઝેકોસ્લાવેકિયા ઉપર આક્રમણ કર્યું ત્યારે ઝેક-યુવાનોએ રશિયાની રણગાડીઓની આડે રસ્તામાં સૂઈને પ્રતીકાર કર્યો. આપણે ત્યાં જીવનને રુંધતાં જડ ચોકઠાને ભાંગવા માટે નક્સલવાદીઓનો હિંસાત્મક વિરોધ ઊભો થયો છે. આ બંને ઉપરાંત વિરોધનો ત્રીજો પ્રકાર છે હિપ્પી બનીને શિષ્ટ અને જડ બની ગયેલા જગત પ્રત્યે પોતાનો વિરોધ વ્યકત કરવાનો. દુનિયાભરમાં યુવાન માનસનો આ અજંપો દરિદ્રતાનો નથી—બુદ્ધિવાદનો અજંપો છે. યુરોપ-અમેરિકાનાં વિદ્યાધામોમાં આ અજંપો વ્યકત થતો રહ્યો છે. ત્યાંના યુવાનોમાં અમુક ધ્યેય છે અને તે ધ્યેયને અનુલક્ષીને પરંપરાગત વ્યવસ્થાનો તે વિરોધ કરે છે. ભારતમાં આવું વિશિષ્ટ ધ્યેય નજરે આવતું નથી: છતાં સામાજિક, આર્થિક અને રાજકીય ભીંસમાં કચડાતો આજનો આપણો યુવાન બળવાખોર બન્યો છે. આ અજંપાના ઉપાય માટે આપણે યુવાન પેઢીના માનસને અને તેની અપેક્ષાને સમજવી પડશે: તેનાં જીવનમૂલ્યોને મોકળાશ આપવી પડશે અને શિક્ષણવ્યવસ્થા તેના જીવનને ઉપકારક નીવડે તેવી રીતે વ્યવસ્થિત કરવી પડશે. આ ઉપાયો નહીં યોજાય તો યુવાનમાનસ હિંસાને માર્ગે વળશે એ દીવા જેવું સ્પષ્ટ છે.

**ડૉ. ઉષાબહેન મહેતા** (જીવનનાં મૂલ્યો): આજે આપણા જીવનનો માપદંડ સંપત્તિ, સત્તા, ભોગનાં સાધનો વગેરે બની ગયાં છે—માનવનું માનવ તરીકે મૂલ્ય રહ્યું નથી. ધાર્મિકક્ષેત્રમાં દંભ, જડ ક્રિયાકાંડ અને ભોગવૃત્તિનો પ્રચાર થતો જોઈએ છીએ. દયા-દાન કરાય છે પણ તે વિજ્ઞાનની—પ્રસિદ્ધિની ઝંખનાથી. સામાજિક ક્ષેત્રમાં સમાનતાની વાતો થતી હોવા છતાં ઘણે અંશે સ્ત્રી હજી સ્વતંત્ર થઈ નથી; દીકરી એટલે માતા-પિતા ઉપર બોજો એવું વ્યવહારમાં અનુભવીએ છીએ. સ્ત્રી પોતે પણ ટાપટીપ અને પ્રસાધનમાં મુગ્ધ થઈ પોતાનું ગૌરવ ભૂલી ગઈ લાગે છે. નાતજાતનાં બંધનો અને હરિજનોની દુર્દશા જેમની તેમજ રહી છે એમ લાગે છે. શિક્ષણક્ષેત્રમાં પણ વ્યાપારી બુદ્ધિ પેસી ગઈ છે. આર્થિક ક્ષેત્રે વેપાર-ઉદ્યોગોમાં ગેરરીતિઓ આચરીને પણ અર્થોપાર્જન કરવાની વૃત્તિ ઘર કરી ગઈ છે. રાજકીય ક્ષેત્રમાં સત્તા, ખુરશી અને સાધનની તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં બળની લાલસા દેખાય છે. આ વિકૃતિઓને દૂર કરવા માટે સરકારે અને સમાજે અને દરેકે દરેક વ્યકિતએ નિષ્ઠા, વિનય, સત્ય, સમભાવ વગેરે જીવનમૂલ્યોની પુન:પ્રતિષ્ઠા કરવી પડશે.

**શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર** (જાહેર જીવનની શુચિતા): આપણે ત્યાં જાહેર જીવન છે ખરું? એવા પ્રશ્નથી આરંભ કર્યો. આપણે ત્યાં જાહેર જીવનની અંગત કે ખાનગી જીવન સાથે સેળભેળ કરી દેવાય છે, જેને પરિણામે રાજકીય અને સામાજિક ક્ષેત્રે દ્વેષ અને વેરઝેર ફૂલેફાલે છે. આજે આપણે જાહેર જીવન એટલે રાજકીય જીવન એવું સમીકરણ કર્યું છે; તેથી સાંસ્કારિક, ધાર્મિક, કલાવિષય કે તેઓ ગમે તે પ્રસંગ યોજ્યો હોય ત્યાં કોઈક પ્રધાનને જ અતિથિવિશેષ તરીકે અથવા અધ્યક્ષ તરીકે નિમંત્રણ આપીએ છીએ. અને તે વ્યકિત પણ સર્વજ્ઞ હોય તેવી અદાથી આવીને પ્રવચન પણ કરે છે! આ પરિસ્થિતિ સુધારવા માટે પહેલું તો શિક્ષણક્ષેત્ર નિર્મળ અને સામર્થ્યવાળું બનાવવું જોઈશે; જેથી પ્રજાજીવનમાં સમજણ, સમભાવ અને સહાનુભૂતિ તથા સહકારની ભાવનાઓ પોષાય અને

લોકનેતાઓ પણ વાણી અને વર્તન વચ્ચે સમન્વય આચરે. આને માટે વ્યક્તિગત પ્રયત્ન બહુ મહત્ત્વનો છે; અને વ્યક્તિમાં Intelligence (બુદ્ધિમત્તા), Imagir ation (કલ્પનાશક્તિ), Indeperdence (સ્વાતંત્ર્યવૃત્તિ) અને Integrity (સત્યનિષ્ઠ) ના ગુણો આવશ્યક રહેશે.

**પ્રિન્સીપાલ રામજોષી** (લોકશાહીમાં આર્થિક નિયોજન): લોકશાહી અને આર્થિક નિયોજન આ બંનેનો સહપ્રયોગ દુનિયાના કોઈ પણ દેશમાં થયો નથી. રશિયામાં ક્રાંતિ થયા પછી લોકશાહીને ગૌણસ્થાન આપીને આર્થિક નિયોજનને પ્રાધાન્ય અપાયું: જ્યારે બ્રિટન અને અમેરિકા વગેરે દેશોએ આર્થિક નિયોજનને ગૌણ ગણીને લોકશાહી રાજતંત્રને પ્રાધાન્ય આપ્યું. લોકશાહીના પાયામાં પરિવર્તનસત્તાનું સંચાલન કરનારા પક્ષોમાં દર ચારપાંચ વરસે ચૂંટણીઓ દ્વારા થતું પરિવર્તન–રહ્યું છે; જ્યારે આર્થિક નિયોજનમાં સાતત્ય–પચીસ પચાસ વર્ષના ગાળા માટેનું આયોજન–આવશ્યક છે. બંને વચ્ચેના આ મૂલગામી ભેદને દૂર કરવાનું અને લોકશાહીમાં પણ આર્થિક આયોજન કરવાનું શક્ય છે તેનું ઉદાહરણ બની રહેવાનું સદ્‌ભાગ્ય ભારતને પ્રાપ્ત થયું છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પરિવર્તનને કારણે આપણે લોકશાહી રાજ્યવ્યવસ્થા અપનાવી. પણ રશિયાની પેઠે એક પક્ષની પદ્ધતિ કે બ્રિટન-અમેરિકાની પેઠે બે પક્ષોની પદ્ધતિ સ્વીકારવાને બદલે એક સમર્થ પક્ષ (One dominant Party) ની સાથે સાથે, બીજા અનેક પક્ષોની પદ્ધતિ આપણે સ્વીકારી. તેથી ફ્રાંસમાં અનેક પક્ષોના સંયુક્ત પ્રધાનમંડળની નિર્બળતાઓમાંથી આપણે બચી શકયા. લોકશાહીની ચૂંટણી રહી પણ છેલ્લાં વીસ વર્ષમાં કૉંગ્રેસ પક્ષના હાથમાં સત્તા સોંપીને સાતત્ય જાળવ્યું. આર્થિક નિયોજનમાં પણ આપણે મૂળગામી પ્રયોગો આદર્યા: મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું; અત્યારે જાહેર ઉદ્યોગો અને કારખાનાંઓમાં દુર્વ્યવસ્થા છે તે દૂર કરવી જ જોઈએ; પ્રજા આવી શિથિલતા હવે ચલાવી નહીં લે. નિયોજન હંમેશાં ઉપરથી નીચે ઊતરતું–ખેંચાતું હોય છે: આપણે ઉપરથી તેમજ નીચેથી યોજનાઓ ઘડી: પંચાયતી રાજ્ય, બ્લૉકયોજના, જિલ્લા યોજના વગેરે નાના નાના એકમોના આયોજનને સમગ્ર દેશના આયોજન સાથે સંકલિત કર્યું. આ અભિનવ પ્રયોગમાં વ્યક્તિનું સ્વાતંત્ર્ય સચવાયું છે અને સમાજનું હિત સચવાયું છે. ભારતે પ્રાચીનકાળમાં ધર્મ અને સંસ્કારના ક્ષેત્રમાં પશ્ચિમને માર્ગદર્શન આપ્યું છે; આજનું ભારત આર્થિક ક્ષેત્રે પણ જગતના અન્ય દેશોને એવું જ પ્રભાવશાળી માર્ગદર્શન આપી શકશે. વિવેચનાત્મક અને રોચક શૈલીમાં અપાયેલું વ્યાખ્યાન.

**શ્રી મૃણાલિની દેસાઈ** (ભગિની નિવેદિતા): સ્વામી રામકૃષ્ણપરમહંસની પ્રસાદી પામેલા વિવેકાનંદ લંડન ગયા: ત્યાં ભારતીય સંસ્કૃતિ વિશે નાનાં મંડળો સમક્ષ વ્યાખ્યાનો આપ્યાં. એવા એક વ્યાખ્યાનમાં કુમારી માર્ગરિટ નોબલ નામની અતિ તેજસ્વી યુવતી હાજર રહેતી. સ્વામી વિવેકાનંદને અનેક પ્રશ્નો પૂછી સમાધાન પામ્યા પછી તેણે ભારત આવવાની પોતાની ઈચ્છા વ્યકત કરી. વિવેકાનંદે ભારતની સંસ્કૃતિ અને ભારતની આજની પરિસ્થિતિ વચ્ચેનું અંતર સમજાવ્યું, છતાં કમારી નોબલ ભારત આવવામાં મક્કમ રહ્યાં–આવ્યાં. કલકત્તામાં કન્યા શાળાના વર્ગો શરૂ કર્યા–ભારતના પુનરુત્થાનના શ્રીગણેશ મંડાયા. કુ. નોબલે શિક્ષણનું અને સમાજસેવાનું કાર્ય ઉપાડી લીધું. રવિન્દ્રનાથ ઠાકુર, શરદચંદ્ર, બંકિમચંદ્ર, જગદીશચંદ્ર બોઝ, નંદલાલ બોઝ, જદુનાથ સરકાર વગેરે અનેક યુવાનોને પોતપોતાની નિગૂઢ શકિતઓ વિકસાવવાનું પ્રેરણાસ્થાન બની રહ્યાં. સ્વામી વિવેકાનંદે તેનું નામ **નિવેદિતા** (Dedicated) પાડ્યું અને ભગિની નિવેદિતાએ એ નામ અક્ષરશ: સત્ય ઠરાવ્યું. મર્યાદિત સમયમાં ભગિની નિવેદિતાના વ્યકિતત્વનો સારો પરિચય આપ્યો.

**શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ** (સાહિત્ય–માનવીની આંતરિક જરુરિયાત): માનવી એટલે લેખક અને વાચક એમ સમજવાનું છે. આ બંનેને સાહિત્યની જરૂર છે. આપણે નાટયપ્રયોગ જોવા જઈએ છીએ કારણ કે આપણને તેમાં રસ પડે છે. આ રસ અંદરના આવરણો દૂર થવાથી સ્વયંપ્રકાશમાન થતી ચેતના છે, જે કેવળ આનંદમય છે. આ આનંદાનુભવ માટે આપણે નાટયવસ્તુ સાથે તાદાત્મ્ય અને તટસ્થતા બંને અનુભવીએ છીએ; જીવનના અનુભવોમાં આ બંને એકસાથે અનુભવાતાં નથી. કરુણરસમાં પણ આપણને આનંદાનુભૂતિ થાય છે. ગ્રીક દાર્શનિક એરિસ્ટોટલે પણ ભીતિ અને દયાના સંમિશ્રણથી આપણા ચિત્તનું વિરેચન (Catharsis)–નિર્મલીકરણ થાય છે એવો સિદ્ધાંત રજૂ કર્યો હતો. લેખક સાહિત્ય સર્જે છે તેનું કારણ તેના અંતરમાં રહેલી અદમ્ય સિસૃક્ષા (the desire tc create). લેખક સંવેદનશીલ હોય છે. જીવન અને જગતનાં અંગોપાંગો સાથે તે તાદાત્મ્ય સાધે છે. પોતાના સંવેદનો તો હોય જ પણ તે અન્યનાં સંવેદનોને પોતાનાં કરતો હોય છે. તેનું ઉરતંત્ર જગત સાથે એકરસ થઈ જાય છે. તે ઉપરાંત લેખકમાં વિસ્મયની વૃત્તિ હોય છે જેને લીધે સમગ્ર જગત તેને અવનવું અને અવનવા સૌન્દર્યવાળું ભાસે છે. તે જ્યારે સર્જન કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તેના અંતરમાં જ વાચક-ભાવક-હાજર હોય છે. આને લીધે વાચકનાં સંવેદનો ઉપર પોતાના સર્જનની કેવી અસર થશે તે ક્ષણેક્ષણે નિહાળી શકે છે.

**શ્રી. ગુલાબદાસ બ્રોકર** (સાહિત્ય અને સામાજિક ચેતના): સૈકાઓ થયા મનાતું આવ્યું છે કે સાહિત્યદ્વારા જીવનની ઉન્નતિ થવી જોઈએ, પ્રજામાં નીતિના અને આચારવિચારના આદર્શો સીંચાવા જોઈએ. પાશ્ચાત્ય પ્રણાલિકામાં પણ આવો મત પ્રચલિત હતો. 'Poets are the unacknowledged legislators of mankind'–કવિઓ તો માનવજાતિ માટે નીતિનિયમોના અનધિકૃત ઘડવૈયા છે–એવું વિધાન શેલી જેવા કવિએ કર્યું હતું. પણ સાહિત્યનું સર્જન આવા કોઈ બાહ્ય પ્રયોજનને સિદ્ધ કરવા માટે થતું નથી. સર્જકને થયેલાં સંવેદનો તેની કૃતિદ્વારા વ્યકત થાય છે: સર્જક પોતાની આંતરચેતનાને અનુસરતો હોય છે. અલબત્ત, સર્જક પણ પોતાના સમકાલીન જીવનના સંદર્ભમાં જીવે છે તેથી એ સમાજજીવનનો પ્રભાવ તેની ચેતના ઉપર પડે એ દેખીતું છે: સર્જક પોતાનાં સંવેદનોને આકાર આપે છે તેમાં સમકાલીન જીવનની છાયાઓ હોય છે. જેવો સમાજ તેવું સાહિત્ય. ગોવર્ધનરામે કુમુદનું સર્જન કર્યું, મધુરાયે કામિનીનું સર્જન કર્યું. સમાજ ઉન્નત હશે તો સર્જન પણ ઉન્નત બનશે. આજે સમાજની વિકૃતિઓ જ સાહિત્યમાં નજરે આવતી વિરૂપતા માટે જવાબદાર છે.

**પ્રા. નલિન ભટ્ટ** (જૈન તત્ત્વજ્ઞાનનો વિશ્વના તત્ત્વજ્ઞાનમાં ફાળો): માનવ પ્રાણી છે, પણ વિવેકી પ્રાણી છે, એમ કહેવાય છે. 'મનુષ્ય' શબ્દનો અર્થ નિરુકતને આધારે मत्वा कर्माणि सीव्यति । વિચારીને કાર્યોનું ગ્રથન કરે તે માનવ એમ થાય. કર્મ અથવા કૃતિ પણ માનવના હાથમાં પ્રકૃતિ બને, વિકૃતિ બને અથવા સંસ્કૃતિ બને. સંસ્કૃત બનવું એ માનવનું લક્ષ્ય હોવું જોઈએ. બધાં ભારતીય દર્શનો એક પરમતત્ત્વને જુદી જુદી રીતે સમજવાના પ્રયત્નો જેવાં છે. જૈનધર્મમાં ઈશ્વર શબ્દનો પ્રયોગ ન થયો હોય તેથી તે નાસ્તિક બનતો નથી. કારણકે તીર્થંકરની ભૂમિકાએ પહોંચેલી વ્યકિતમાં ઈશ્વરના ધર્મોનું વર્ણન નજરે આવે છે. ભારતીય તત્ત્વજ્ઞાનની લાક્ષણિકતા એ છે કે આચાર અને વિચારની સંગતિ ઉપર ખૂબ ભાર મુકાયો છે. માનવું કંઈક અને કરવું કંઈક એવો સિદ્ધાંત કોઈ પણ ભારતીય દર્શને સ્વીકાર્યો નથી. બધાં દર્શનો સાધના ઉપર ભાર મૂકે છે. જૈન દર્શનનો સ્યાદ્‌વાદનો સિદ્ધાંત અંધશ્રદ્ધા અને જડતામાંથી માનવને બચાવે છે.

**ડૉ. કલ્યાણમલજી લોઢા** (આધુનિક જીવનમેં જૈનધર્મ): આધુનિક જગતનું વર્ણન કરતાં વ્યાખ્યાતાએ કહ્યું કે ડાર્વિને યોગ્યતમ હોય તે જ બચે (Survival of the fittest) એ સિદ્ધાંત દ્વારા કેવળ ભૌતિક-શારીરિક બળનું મહત્વ સ્થાપ્યું. કાર્લમાર્કસે જીવનમાં અર્થસંપત્તિ–સાધનસંપત્તિ જ સર્વસ્વ છે એમ પ્રતિપાદન કર્યું. છેલ્લે ફ્રૉઈડે માનવસંસ્કૃતિમાં સ્ત્રીપુરુષના સંબંધની પવિત્રતાને સ્થાને વાસના–જાતિયવાસનાને જ જીવનનું પ્રેરક બળ માન્યું. આ ત્રણેય વૈજ્ઞાનિકોએ શરીર અને ઉપભોગ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરી અને આત્મા જેવું કોઈ તત્ત્વ છે જ નહીં એમ સમજાવ્યું. આ ભૌતિક મનોવૃત્તિમાંથી જ

બબ્બે વિશ્વયુદ્ધો અને હિરોશીમા-નાગાસાકીના આણ્વસ્ફોટો જન્મ્યાં. આજે સમૃદ્ધિની પરમસીમાએ પહોંચેલાં રાષ્ટ્રોમાં સ્વસ્થતા નથી, શાન્તિ નથી, સુખ નથી. પશ્ચિમના લોકો ભારતીય સંસ્કૃતિ ઉપર મીટ માંડવા લાગ્યા છે. ભારતીય સંસ્કૃતિએ સંયમ, વિવેક, શ્રેયસને જ પ્રાધાન્ય આપ્યું છે. આત્માભિમુખ થવું અને સંયમમય જીવન જીવવું એ જ સાચો માનવજીવનનો માર્ગ છે. આજની હિંસા અને અપરિગ્રહની વૃત્તિને સ્થાને ભારતીય દર્શને– સવિશેષ જૈન-દર્શને-અહિંસા અને અપરિગ્રહને સ્વીકાર્યા છે. અહિંસા નિર્બળતાની નહીં પણ પૌરુષની સૂચક છે. ઈન્દ્રિયસંયમ, અહિંસા અને અપરિગ્રહજ આજના ક્ષુબ્ધ માનવને શાંતિ અને સુખ આપી શકે.

**મુનિશ્રી રૂપચંદજી (સંયમ : खलु जीवनम्)** : ભારતીય જીવન-દર્શન વૈરાગ્યપ્રધાન છે અને જીવનથી વિમુખ બનવાનો ઉપદેશ આપે છે એવા આક્ષેપો આપણે સાંભળીએ છીએ પણ તે ગેરસમજ-માંથી જન્મ્યા હોય છે. સંયમ એટલે દમન એવું અર્થ દર્શન કરવું તે ખોટું છે. સંયમમાં દમનનો અંશ પણ હોતો નથી. સંયમ એટલે ઉપરતિ, ઉપેક્ષા, સ્વેચ્છાથી, વિવેકપૂર્વક આચરેલી જીવનવ્યવસ્થા; જ્યારે દમન એટલે ઉપતાપ, ઉદ્વેગ, બળજબરીથી યોજાતો સ્વાતંત્ર્ય-નિષેધ. માણસ દાન - પૂણ્ય કરે, ક્રિયાકાંડ - પૂજાસેવા કરે પણ આધ્યાત્મિકતા–અન્તર્મુખતા–ન સેવે તો એ બધા પ્રયત્નો વ્યર્થ છે. સંયમ જ જીવનને નિભાવે છે. શારીરિક ઉપદ્રવો અતિ ઉપભોગ કરનારને થાય છે, ઉપવાસ કે અલ્પાશન કરનારાને નહીંવત થાય છે એ આપણો અનુભવ છે. વિવેકપૂર્વક આચારવિચારનું સેવન જ સાચું જીવન છે. ઉદાહરણો અને પ્રસંગવર્ણનો ઉપરાંત અંતમાં મુનિશ્રીનાં સ્વરચિત મુક્તકોના પાઠથી પણ વ્યાખ્યાન પ્રેરક બન્યું.

**ફાધર વાલેસ (પ્રાર્થના)** : સ્વામી રામદાસના 'ભગવાનની શોધમાં' નામના પુસ્તકમાં પહેલું વાક્ય છે : 'બે વર્ષ પહેલાં ભગવાને રામદાસના દિલમાં ઝંખના જગાડી.' આ વાક્યને સૂત્ર તરીકે સ્વીકારીને પ્રાર્થનાની આવશ્યકતા, પ્રાર્થનાનું સ્વરૂપ અને પ્રાર્થનાની પ્રક્રિયા ફાધર વાલેસે પોતાની લાક્ષણિક સરળ મધુર ભાષામાં સમજાવ્યાં. ભગવાન ઝંખના જગાડે તે ઝંખના તીવ્ર હોવી જોઈએ. પ્રાર્થનાના અધિકારમાં ભગવાનનું આહવાન વરતાય છે–ભગવાન ભકતને પસંદ કરે છે. આવો ભકત ભગવાનને શરણે ઝૂકી પડયો હોય છે. જપ, સ્તોત્ર, પૂજા અર્ચા વગેરે પણ પ્રાર્થનાના પ્રકારો છે પણ હૃદયમાં નમ્રતા, ભગવાન પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા હોવાં આવશ્યક છે. ભગવાન પાસે યાચના કરી શકાય પણ તે વસ્તુ યાચવા માટે યોગ્ય હોવી જોઈએ. પ્રાર્થનાથી મનની શાંતિ અને સમાધિ ઉત્પન્ન થાય છે. થોડો વખત પણ પ્રાર્થનામાં લીન થઈએ તો આખા દિવસનું કામકાજ એની ઉદાત્ત અસર તળે રહ્યા કરે છે.

**શ્રી. એમ. હિદાયતુલ્લા (Essential Unity of Religions)** : જગતમાં જુદા જુદા ધર્મો છે તે સૌ પોતપોતાની રીતે સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરે છે. નાસ્તિકમત સિવાયના બધા જ ધર્મો એક પરમ ઈશ્વર અથવા પરમકારણમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે એમ માને છે : એ પરમેશ્વર સૃષ્ટિની બહાર હોય કે સૃષ્ટિમાં ઓતપ્રોત હોય. બધા જ ધર્મો ઈશ્વરને પામવાનો ઉપદેશ આપે છે. ક્રિયાકાંડો, માન્યતાઓ, રીતરિવાજો ભિન્નભિન્ન હોવા છતાં બધા જ ધર્મો હૃદયશુદ્ધિ, સત્કર્મ અને સદાચારને જ ધર્મના કેન્દ્રમાં સ્થાપે છે. માનવ વિશાળ દૃષ્ટિથી માનવને અને જગતને જુએ તે પ્રક્રિયા ધર્મ છે. ઈસ્લામમાં પણ અલ્લાહની બંદગી કરવી અને વ્યવહારમાં દુરાચાર સેવવો તેની નિન્દા કરી છે. ઈશાવાસ્ય ઉપનિષદના પહેલા મંત્રમાં સકળ જગતમાં એક પરમ ઈશ વસે છે તે લક્ષમાં રાખીને જીવન જીવવાનો આદેશ અપાયો છે. કોઈ વ્યક્તિ ખરાબ રીતે વર્તે તેને કારણે તેનો ધર્મ–હિંદુ કે ઈસ્લામ–ખરાબ બનતો નથી : તે તો વ્યક્તિનો દોષ છે. આવી વ્યાપક ભાવના આપણે કેળવવી જોઈએ.

**ગૌરીપ્રસાદ ચુ. ઝાલા**

# વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ

## ❋ અંગેનું સ્નેહસંમેલન ❋

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ચાલુ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિનો આનંદ વ્યકત કરવા તેમ જ વ્યાખ્યાનમાળાના પ્રમુખ વિદ્વદ્વર્ય પ્રા. ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાનું સન્માન કરવા સંઘના ઉપક્રમે મિત્રો તેમ જ શુભેચ્છકોનું એક સ્નેહ-સંમેલન તા. ૨૬-૮-૭૧ના રોજ સાંજના સમયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યું હતું. શરૂઆતમાં શ્રીમતી રમાબહેન ઝવેરીએ ભજન ગાયું હતું. અને ત્યારબાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કર્યું હતું અને સંઘના પ્રાણસમા સ્વ. પરમાનંદભાઈને યાદ કરીને જણાવ્યું હતું કે "તેમને પ્રિય એવી પ્રવૃત્તિઓ 'પ્રબુદ્ધ જીવન' અને 'પર્યુષણ વ્યાખ્યાનમાળા' એમની ગેરહાજરીમાં લગભગ એ જ ધોરણે અમો ચાલુ રાખી શકયા છીએ તેનો યશ અમારા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ફાળે જાય છે. અને ઝાલાસાહેબને વ્યાખ્યાન-માળાના પ્રમુખ તરીકે અમો ચાલુ રાખી શકયા છીએ તેને અમારું સૌભાગ્ય સમજીએ છીએ. હવે પછી પણ ઝાલાસાહેબ આ રીતે પ્રમુખ તરીકે ચાલુ રહે અને અમારો ઉત્સાહ ટકાવી રાખે એવી તેમણે ઝાલા-સાહેબને વિનંતિ કરી હતી અને જણાવ્યું હતું કે પરમાનંદભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં આ પ્રવૃત્તિઓ જે રીતે ચાલી રહી છે તેનાથી પ્રસન્નતા અને સંતોષ અનુભવતો હશે."

ત્યારબાદ શ્રી મોહનલાલ મહેતા સોપાને જણાવ્યું કે "ઝાલાસાહેબ જેવી વિદ્વાન વ્યકિત તેમોને પ્રમુખ તરીકે મળી છે તે ખરેખર યોગ્ય જ થયું. એમને મળવું અને એમની સાથે વાતો કરવી તે એક લ્હાવો છે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રબુદ્ધ જીવનનું તંત્રીપદ સ્વીકાર્યું તે ખૂબ જ યોગ્ય થયું છે. અગાઉ અમારા જેવા તંત્રીઓએ તેમની પાસે લેખો માગ્યા હશે ત્યારે ઘણાને તેમણે ના પાડી હશે, પરંતુ આજે અમારાથી ના પાડી શકાય જ નહિ," એમ વિનોદમાં તેમણે કહ્યું.


"આ પ્રવૃત્તિઓ પાછળ શ્રી પરમાનંદભાઈની સાધના હતી. અને તેમની ગેરહાજરીમાં આ પ્રવૃત્તિઓ મંદ ન પડે તેના માટે યુવક સંઘના કાર્યવાહકો જે કાળજી રાખી રહ્યા છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે એમ મારે કહેવું જોઈએ.

આપણે ત્યાં યોદ્ધાઓનો એટલે સેવકોનો તો તોટો નથી, પરંતુ સારા સેનાપતિની હંમેશા જરૂર રહે છે. સંઘને શ્રી ચીમનલાલ ચકુ-ભાઈ શાહ જેવા સેનાની મળ્યા છે તે પણ યોગ્ય જ થયું છે.

સંઘની પ્રવૃત્તિ તરફ એ કારણે આકર્ષણ રહે છે કે જૈનધર્મના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને સર્વધર્મસમભાવ અને સમભાવના આદર્શ મુજબ તે ચલાવવામાં આવે છે. આ આવકારદાયક ગણાય."

ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પણ પરમાનંદભાઈના કાર્યનું સ્મરણ કરી તેમની કાર્યપદ્ધતિની થોડી માહિતી રજુ કરી હતી અને ઝાલાસાહેબને વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે ચાલુ રહેવા આગ્રહભરી વિનંતિ કરી હતી. અને ચીમનભાઈ જેવા યોગ્ય સેનાની અમને મળ્યા છે એટલે અમને કામ કરવામાં હિંમત અને ઉત્સાહ રહેશે અને ચાલુ પ્રવૃત્તિઓનું ધોરણ અમો સાચવી શકીશું એમ જણાવ્યું હતું.

ત્યારબાદ ઝાલાસાહેબે કહ્યું કે "આ સંઘ સાથે મારો પરોક્ષ સંબંધ વર્ષોથી રહ્યો છે. તેની પ્રવૃત્તિઓ સાથે મારો ગાઢ સંબંધ છેલ્લા બાર વર્ષથી રહ્યો છે. પ્રબુદ્ધ જીવનમાં શું આવ્યું છે તે જોવાની હંમેશા ઉત્કંઠા રહેતી હોય છે. આ ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા સાથે પણ મારું



☆ તા. ૨૬-૮-૭૧ના રોજ યોજાયેલા સ્નેહસંમેલનમાં શ્રી ઝાલાસાહેબ પ્રવચન કરી રહ્યાં છે ☆

તાદાત્મ્ય' એટલા જ સમયથી રહ્યું છે. આમાં પણ પરમાનંદભાઈનો સદ્‌ભાવ મને ત્યાં ખેંચી ગયો.

"વિભૂતિઓની સંખ્યા ભલે ઓછી હોય પરંતુ અનેક સત્યનિષ્ઠો સાથે મળીને સેવાવૃત્તિથી એવું જ કામ કરી શકે છે.

"રસેલ અને રાધાકૃષ્ણનમાં જે સામ્ય લાગે એવું જ સામ્ય તેની નાની આવૃત્તિમાં પરમાનંદભાઈ અને મારા વિશે હું કલ્પતો રહ્યો છું. વ્યાધિ અને સમાજના ઉત્કર્ષ અને શ્રેય માટે સતત મથ્યા કરવું તે પરમાનંદભાઈનું જીવનકાર્ય હતું.

"વ્યાખ્યાતાઓની પસંદગીનું પણ તેમનું ઉચ્ચ ધોરણ રહેતું અને એ કારણે વ્યાખ્યાતાઓ પણ ઉત્તરોત્તર એવા જ યોગ્ય મળતા રહ્યાં છે.

"માણસ બોલે છે તે પ્રમાણે વર્તી શકતો નથી હોતો. પરંતુ તેમાં સંગતી હોવી જોઈએ એમ હું માનું છું. આપણે જે વિચારને માન્યતા આપતા હોઈએ એ પ્રમાણે જીવવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ. મારી આવી મનોવૃત્તિ રહી છે અને એ કારણે જ જાહેરમાં હું બહુ જતો નથી.

"જેને જીવનમાં કંઈક જાણવું છે એવા માણસ માટે જ નહિ, વિદ્વાનો માટે તેમ જ વિદ્વો માટે પણ આ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ ખૂબ જ ઉપયોગી છે. આવો મારો અભિપ્રાય છે."

ત્યારબાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું કે "મારા વ્યવસાયના તેમજ સામાજિક કામોના દબાણના કારણે પરમાનંદભાઈ, મિત્રો અને પરિચિતો સાથે જે અંગત સંબંધો રાખી શકતા હતા તે મારી મર્યાદાની બહારની વસ્તુ છે.

"વ્યાખ્યાનમાળાને લગતો ભાર પણ જે રીતે પરમાનંદભાઈ ઉપાડતા હતા તેમાં પણ મારી મર્યાદા છે, એટલે સહકાર્યકરોને માથે મારે એ બોજો નાખવો પડતો હોય છે. પરંતુ આ વખતની વ્યાખ્યાનમાળાને જે સફળતા સાંપડી અને સંઘની પ્રવૃત્તિ પણ જે યથાવત રીતે ચાલી રહી છે તેમાં શ્રી. ચીમનલાલ જે. શાહ અને શ્રી સુબોધભાઈ એમ. શાહ–બન્ને મંત્રીઓ ઉપર સવિશેષ બોજો રહ્યો છે અને તેમણે પૂરા સમયનો ભોગ આપીને આ કામ ઉપાડી લીધું છે.

"પરમાનંદભાઈને મારા વિશે અપૂર્વ મમતા હતી, વિશ્વાસ હતો અને તેમનામાં ઉદારતા અને ખેલદીલી હતી. આ કારણે અમો પરમમિત્ર બની શકયા હતા. તેમની દૃષ્ટિ મુખ્યત્વે સામાજિક હતી, જ્યારે મારી દૃષ્ટિ મુખ્યત્વે તાત્વિક રહી છે. એક સુધારકની ધગશ મારામાં નથી, હું આવી બાબતમાં કાંઈક ઉદાસીન રહેતો હોઉં છું પરંતુ જે કાંઈ મારે માથે આવી પડે છે તે, ગમે તે કારણે અત્યંત સરસ રીતે થઈ જાય છે. કયારેક મને પોતાને પણ આ વિશે એમ પ્રશ્ન થાય છે કે આમ કેવી રીતે બનતું હશે?

"આટલી બધી પ્રવૃત્તિઓ હું ચલાવું છું, પરંતુ તેને લગતી કોઈ પણ વસ્તુથી હું અજાણ નથી રહેતો. એનું કારણ એ છે કે મને દરેક સંસ્થામાં કાર્યકરોનો સહકાર ખૂબ રહે છે.

"ત્યારબાદ તેમણે કહ્યું હતું કે અનેક જાતની પ્રવૃત્તિઓનો બોજો મારા માથે હોય છે એ કારણે હું દરેકને પૂરો સંતોષ નથી આપી શકતો અને એ કારણે ઘણાને એમ લાગતું હોય છે કે હું તેમને પૂરો ન્યાય નથી આપતો. પરંતુ મારી શકિતની પણ મર્યાદા છે. સંઘની પ્રવૃત્તિઓ વિશે મારી શકિત પ્રમાણે હું કરતો જ રહીશ. સૌ કાર્યકરોનો સહકાર પણ મને ઉત્સાહીત રાખે છે." ત્યારબાદ શ્રી. કે. પી. શાહે અને પ્રા. રમણલાલ ચી. શાહે સંઘની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે સૌનો આભાર માન્યો હતો.

સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી એ. જે. શાહ તથા મધુરીબહેન શાહ તરફથી બૂફે ડીનરની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેના માટે પણ મંત્રીશ્રીએ તેમનો આભાર માન્યો હતો. અને બૂફેને ન્યાય આપી સૌ પ્રસન્ન વાતાવરણમાં છૂટાં પડયાં હતાં.

સંકલન: શાંતિલાલ ટી. શેઠ

## સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાં
## * આજ સુધીમાં ભરાયેલી રકમો *

| | | |
|---|---|---|
| ૧,૨૬,૦૭૬ | | અગાઉ પ્રગટ થઈ ગયેલી રકમો |
| ૧૦૦૧ | શ્રી. | નાણાવટી ફેમીલી ચેરીટી ફંડ |
| ૧૦૦૧ | " | નરભેરામ હંસરાજ કમાણી ચેરીટી ટ્રસ્ટ–જમશેદપુર |
| ૧૦૦૧ | " | કોનવેસ્ટ (પ્રાઈવેટ) લિ. |
| ૧૦૦૧ | " | રાજેન્દ્ર બાલચંદ મહેતા |
| ૧૦૦૧ | " | ગણપતલાલ મગનલાલ ઝવેરી |
| ૫૦૧ | " | ગુલાબચંદ રાઘવજી–સુરેન્દ્રનગર |
| ૫૦૧ | " | મોતીબહેન જીવરાજ શાહ–અમદાવાદ |
| ૫૦૧ | " | નેમચંદ નાથાલાલ તથા સુમતિબહેન નેમચંદ |
| ૫૦૧ | " | જયંતીલાલ અંબાલાલ શાહ તથા ઊર્મિલાબહેન જયંતીલાલ શાહ. |
| ૫૦૧ | " | મહાસુખલાલ ભાઈચંદ શાહ |
| ૫૦૧ | " | લીલાધર પી. શાહ |
| ૫૦૧ | " | મનુભાઈ રાયચંદ સંઘવી |
| ૫૦૧ | " | નરસી કોરસીની કું. |
| ૫૦૦ | " | નાનચંદ જુઠાભાઈ |
| ૬૮૬૦ | | પાંચસોથી નીચેની રકમો |
| ૧,૬૨,૬૪૯ | | |

# ગીતા અને જૈન ધર્મ વિષે એક વિચારણા

[શ્રી. રતિલાલ મફાભાઈનો એક પત્ર નીચે પ્રકટ થાય છે. મારી કહેવાની જે મતલબ હતી તે જ તેમણે કહ્યું છે કે જૈન ધર્મનો વિશેષ ઝોક ગૃહસ્થ ધર્મની અપેક્ષા મુનિ ધર્મ પર, અર્થાત્ પ્રવૃત્તિ માર્ગની અપેક્ષા નિવૃત્તિમાર્ગ પર રહ્યો છે. અનાસક્ત કર્મયોગની શકયતા વિષે તેમને શંકા જણાય છે. તંત્રી]

"જૈન ધર્મ તો કર્મ, વ્યવહાર, આરંભ-અરે સંસારની સેવાનાં કર્તવ્યમાત્ર છોડવાનું સૂચવે છે અને માત્ર દીક્ષા, સંસારત્યાગ આ એક જ મોક્ષનો-શાંતિનો, ભવમુકત થવાનો માર્ગ છે એમ કહે છે." આવું જે મંતવ્ય ભાઈશ્રી ચીમનલાલ જે. શાહે રજુ કર્યું છે એ અપૂર્ણ વિધાન છે, યા એકાંગી વિધાન છે એમ મને સહેજે લાગે છે.

જૈન ધર્મે તો ઢોલ પીટીને જાહેર કર્યું છે કે 'પનરસ ભેયે સિદ્ધા :' સંસારનો ત્યાગ કરનાર માત્ર મુનિજ મોક્ષ નથી પામતો. પણ ગૃહસ્થ. પણ મોક્ષ પામી શકે છે. પુરૂષ જેમ સાધનાના બળે મોક્ષ પામી શકે છે તેમ સ્ત્રી પણ પામી શકે છે. એટલું જ નહીં જૈનેતર લિંગી પણ એ પ્રાપ્ત થઈ શકે છે. અમુક લિંગ કે વેષનો જૈનધર્મને આગ્રહ નથી. એની શરત તો માત્ર એટલી જ છે કે સાધકે પરિપૂર્ણપણે રાગ-દ્વેષ છોડી જીવનશુદ્ધિ પ્રાપ્ત કરી હોવી જોઈએ. ને એટલા માટે જ એણે મોક્ષગમનના ૧૫ પ્રકારો વર્ણવિલા છે. બાકી જો જૈન ધર્મને દીક્ષા યા સંસારત્યાગનો, અર્થાત્ જૈન મુનિ લિંગનોજ આગ્રહ હોત તો ભરત મહારાજા અરિસાભૂવનમાં, ગુણભદ્ર શેઠ લગ્નની ચોરીમાં, મરૂદેવા માતા હાથીની અંબાડી પર અને ઈલાયચી પુત્ર નટના દોરડે નાચતા રહી જે કેવલ્ય જ્ઞાન પામી શકયા એ કેવી રીતે બની શકત? તેમજ જો જૈનમુનિ વેષનો પણ આગ્રહ હોત તો વલ્કલચીરી તાપસ તેમજ ગૌતમ સ્વામીના પેલા ભગવાવસ્ત્રધારી ૧૫૦૦ તાપસો પણ કેવી રીતે કૈવલ્ય પદ પ્રાપ્ત કરી શકયા હોત? એટલે આ બાબતમાં જૈનધર્મનું ઉદાર અને ઉદાત્ત વલણ રહ્યું છે. એટલું ખરું કે એનો વિશેષ ઝોક ગૃહસ્થ ધર્મની અપેક્ષા મુનિ-ધર્મ પર અર્થાત્ પ્રવૃત્તિમાર્ગની અપેક્ષા નિવૃત્તિમાર્ગ પર રહ્યો છે. જો કે એ નિવૃત્તિનો અર્થ પણ એવો નથી કે શુભ પ્રવૃત્તિ માત્રનો ત્યાગ કરવો. એટલું સાચું કે એકાંત આત્મસાધનાની દષ્ટિએ સાધકને એવો માર્ગ લેવાનો અધિકાર છે પણ તે અમુક સમયને માટે જ. જેમ ઊંચું મકાન બાંધવા માટે ઊંડો પાયો ખોદવો પડે છે તેમ એ નિવૃત્તિનો હેતુ વિશેષ પ્રવૃત્તિની સાધના માટે જ હોય છે અને એટલે જ આપણે જોઈએ છીએ કે જ્ઞાનપ્રાપ્તિ પછી—અર્થાત્ વીતરાગ પદની પ્રાપ્તિ પછી ભગવાન મહાવીરે ૩૦-૩૦ વર્ષ સુધી ગામે ગામ વિહરી કચડાયેલી માનવજાતના ઉદ્ધાર માટે અનેક સામાજિક વિપ્લવો જગાડયા હતા ને એ રીતે નિષ્કામ કર્મયોગ આચરી બતાવ્યો હતો. ને આ કારણે તો જન સેવાને વૈયાવચ્ચં તહેવ... અભિંતરઓ તવો હોઈ એમણે મહાન તપ કહ્યું છે. એટલું જ નહીં સેવા અંગે તો એમણે એટલે સુધી કહી નાખ્યું છે કે "गोयमा! जो गिलाणं पडियरइ यं दंसणेण पडिवज्जई" હે ગૌતમ! જે ગ્લાન - દુ:ખીની સેવા કરે છે એ મને જ પ્રાપ્ત કરે છે. અર્થાત્ એવી સેવા કરવી એ મારી જ ભકિત છે. મતલબમાં જૈનદષ્ટિએ શુભ પ્રવૃત્તિ કરવા છતાં રાગ-દ્વેષમાંથી—અર્થાત્ સંસાર પ્રત્યેની મોહમાયામાંથી છૂટવું એ નિવૃત્તિ છે અને નિવૃત્તિમાર્ગ અપનાવવા છતાં રાગ-દ્વેષની વૃત્તિઓમાં ઘેરાતા રહેવું એ પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિનો વિરોધ આ માટે છે. બાકી રાગ-દ્વેષરહીતપણે કરાતી શુભ પ્રવૃત્તિઓનો વિરોધ નથી. ઉલટું એવી પ્રવૃત્તિને તો નિવૃત્તિ માની છે કે જેનો હેતુ વીતરાગત્વની પ્રાપ્તિ માટે હોય. પ્રવૃત્તિમાર્ગી કર્મયોગીનું ધ્યેય પણ વીતરાગ ભયક્રોધ સ્થિતધિ: મુનિરૂચ્યતે વીતરાગ-સ્થિતપ્રજ્ઞ થવાનું જ છે

જૈનધર્મનું આ બાબતમાં એક દષ્ટિબિંદુ રહ્યું છે કે કોઈ વિરલ કર્મયોગી ગૃહસ્થ જ કર્મયોગ આચરતો થકો સમભાવ ટકાવી શકે છે. જેથી એ માર્ગ કઠીન હોઈ રાજમાર્ગ ન બની શકે. કારણ કે વ્યવહાર ધર્મ હોય ત્યાં કુટુંબ પણ હોય અને કુટુંબ હોય ત્યાં એના પાલન પોષણની જવાબદારી પણ હોય અને એવી જવાબદારી હોય ત્યાં કંઈક મમત્વભાવ-મારાપણાનો ભાવ જાગવાનો ભય પણ રહે. ત્યારે જેણે કુટુંબભાવ-મારાપણાનો ભાવ છોડયો છે એ કંઈક વિશેષ સલામત રહી શકે છે.

આ બાબતમાં ભગવાન શ્રી કૃષ્ણનો જ દાખલો વિચારીએ. નિષ્કામ-કર્મયોગના એ પ્રદાતા હોવા છતાં પણ એના પાલનમાં એ પોતે પણ નિષ્ફળ નથી ગયા? અંતકાળે યાદવો દારૂની લતે ચઢી મસ્ત બન્યા હતા. એમનું પણ કોઈ માનતા નહિ ત્યારે છેવટે કંટાળીને એમને જંગલનો રાહ લેવો પડયો હતો અને દારૂકને હસ્તિનાપુર મોકલી દ્વારિકાના રક્ષણની જવાબદારી અર્જુનના હાથમાં સોંપવી પડી હતી. આમ ફલાસકિત વિનાના કર્મયોગનો મહિમા શીખવવા છતાં એમને જંગલનો રાહ લેવો પડયો એ બતાવે છે કે અનેક જન્મોની સાધના પછી કોઈ વિરલ આત્માજ કર્મયોગમાં સફળ બની પાર ઊતરી શકે છે.

જે ગીતાનો જગતની એકેએક મુખ્ય ભાષામાં અનુવાદ થયો છે એને સહુથી પ્રથમ જગત સમક્ષ રજુ કરનાર એના આદ્ય ભાષ્યકાર શ્રી શંકરાચાર્ય પણ કર્મયોગની અપેક્ષા સંન્યસ્ત ધર્મ પર જ ભાર મૂકે છે એ એક ભારે સૂચક વસ્તુ છે.

વિદ્વાનો માને છે કે ગીતાના પ્રાગટય પછી નિષ્કામ કર્મયોગનો જો કોઈએ જીવનમાં પ્રયોગ કર્યો હોય તો તેમાં ગાંધીજી જ સહુથી પ્રથમ જણાયા છે. ગાંધીજી ગીતા વિષે લખે છે કે "ફલાસકિત છોડો ને કર્મ કરો. કર્મ છોડે તે પડે. કાર્ય કરતાં છતાં તેના ફળને છોડે તે ચડે." પણ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે ફળની આશા છોડી શકાય ખરી? જો કર્મફળની કલ્પના જ હોત તો કર્મ પાપ કેવી રીતે? સ્વરાજ્ય અથવા રામરાજ્યની એમની કલ્પના હતી પણ જ્યારે દેશમાં સર્વત્ર હિંદુ-મુસ્લીમોની કત્લેઆમ ચાલી, નોઆખલીનો હત્યાકાંડ થયો અને પ્રધાનો ખુરશીના મોહમાં પડયા ત્યારે એ કેટલા દુ:ખી થયા હતા? અને એટલે જ એમણે મૃત્યુ પહેલાના ત્રીજા દિવસે ૧૨૦ વર્ષ જીવવાનો સંકલ્પ હોવા છતાં ભજન ગવડાવ્યું હતું કે "હે ભગવાન! હવે મને ખેંચી લે. આ રમત હવે તારે મારી પાસે કયાં લગી કરાવવી છે?" આ બતાવે છે કે કર્મયોગમાં કર્મફળની આશા તો રહેજ છે. પણ આશા ફળે કે ન ફળે ત્યારે સાચો કર્મયોગી રાગ-દ્વેષની હર્ષ-શોકની ઝંઝટમાંથી પોતાને બચાવી લે છે, ને એ દષ્ટિએ જ કર્મયોગની સફળતા છે.

રાગ-દ્વેષમાંથી છૂટવાનો જેવો કર્મયોગીનો પ્રયત્ન છે તેવો જૈનાદિ અન્ય પંથોનો પણ છે. પણ પોતાની રૂચિ-પ્રકૃતિ અનુસાર એકને એક માર્ગ અનુકૂળ લાગે છે, બીજાને બીજો માર્ગ ફાવટવાળો લાગે છે એથી અમુક માર્ગ શ્રેષ્ઠ છે કે ઊતરતો છે એમ ન કહી શકાય. પણ જે દ્વારા સાધક ચડી શકે છે એ જ એને માટે શ્રેષ્ઠ બને છે.

ગીતા નિત્ય જીવનમાં કર્મયોગ આચરવાનું કહે છે; જ્યારે જૈન પ્રારબ્ધવશ આવી પડેલા કાર્યને સમભાવપણે ભોગવી લેવામાં માને છે. એકનો પ્રયત્ન કર્મ શોધવા તરફ છે તો બીજાનો પોતાની સાધનાની પુષ્ટિ માટે જ શુભપ્રવૃત્તિ ખોળવાનો રહ્યો છે. ગીતા-જૈન વચ્ચે આજ ભેદ રહ્યો છે.

બાકી અનાસકિત વિનાનો કર્મયોગ તો કેવળ વીતરાગ પુરૂષોજ આચરી શકે છે. કાંતો અનેક જન્મોની સાધના પછી કોઈ વિરલ આત્માજ એમાં સફળ થઈ શકે છે. સામાન્ય માણસને તો વ્યવહાર સંભાળવાનો હોઈ ખરડાવાનો પૂરો ભય રહે છે. આથી જ સન્યસ્ત ધર્મ સલામતીનો માર્ગ ગણાયો છે.-

માંડલ

રતિલાલ મફાભાઈ શાહ

# પાંચ પ્રશ્નો

[ ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી વિદ્વાન છે, વિચારક છે અને જૈન શાસ્ત્રોના ઊંડા અભ્યાસી છે. તેમણે જે સવાલો ઉઠાવ્યા છે તે કોઈ બિનજવાબદાર વ્યક્તિના ઉતાવળિયા વિચારો નથી પણ ગહન ચિન્તનનું પરિણામ છે. તેમના બધા વિચારો સાથે આપણે સંમત ન હોઈએ તો પણ તે વિચારણા માગે છે, ખાસ કરીને વિદ્વાન સાધુ-સાધ્વીઓ તરફથી-દુર્ભાગ્યે આવી મુક્તવિચારણાનો અભાવ છે. આવા પ્રશ્નોની કાં તો ઉપેક્ષા થાય છે અથવા નાસ્તિક માની હાંસી થાય છે. સમાજમાં વિચારક એવા ઘણાં ભાઈઓ અને બહેનોને આવા પ્રશ્નો મનમાં ઊઠે છે પણ પૂરી સમજણના અભાવે અથવા લોક-નિન્દાના ભયથી દુર્લક્ષ થાય છે. રોમન કેથોલિક સંપ્રદાયમાં વિચારનો વંટોળ જાગ્યો છે અને ઘણી દૃઢ માન્યતા અને આચારવિચારોને પડકાર થઈ રહ્યો છે. જડતામાંથી ચેતના લાવવી હોય અને સાચી ધાર્મિક ભાવના જાગૃત કરવી હોય તો જવાબદારીપૂર્વકની પણ વિનાસંકોચ ચર્ચા-વિચારણા આવશ્યક છે. —તંત્રી ]

વીરનિર્વાણની ૨૫ મી શતાબ્દી પૂરી થવા આવી છે અને ચારે બાજુ ઉત્સાહ જણાઈ રહ્યો છે. એની ઉજવણી માટે જાત-જાતની યોજનાઓ ઘડાઈ રહી છે અને એ નિમિત્તે અનેક સમિતિઓ બની રહી છે. એવે ટાણે મનમાં જે વિચારો આવી રહ્યાં છે તેના વિષે ધ્યાન આપવા વિદ્વાન લોકોને મારો અનુરોધ છે.

આપણો દાવો છે કે જૈનધર્મ સત્યના પાયા પર સ્થાપિત થયેલો છે તેમ જ તેની દરેક વિચારણા તર્કની કસોટી પર પરખી શકાય તેવી છે. કોઈ વાત અસત્ય હોય તો તેને છોડી દેવામાં સાચા જૈનને કોઈ પણ જાતનો સંકોચ હોવો ન જોઈએ. તો આપણે એવી કેટલીક બાબતો, કે જેનાથી સત્ય ઢંકાઈ ગયું છે, તેની આલોચના કરીએ એ જરૂરી છે.

આ લેખમાં આપણે માત્ર પાંચ પ્રશ્નોની જ વિચારણા કરીશું. વિચારકોને મારી વિનંતી છે કે આ બાબતમાં તટસ્થ દૃષ્ટિથી ચિન્તન કરે અને સત્યની રજૂઆત કરીને સમાજના પથપ્રદર્શક બને. મારો તો ખ્યાલ છે કે ધીમેધીમે બીજા પ્રશ્નો પણ લેવા જોઈએ. આ પ્રકારનો ઉહાપોહ ધર્મની વાસ્તવિકતાને પ્રકટ કરવામાં મદદરૂપ થશે. વિદ્વજ્જનોએ નિર્ભયપણે અને કોઈપણ જાતના સંકોચ વિના પોતાનો અભિપ્રાય જાહેર કરવો જોઈએ. સમાજના જે વર્ગના સ્વાર્થને નુકસાન થતું હશે, તે વર્ગ આનો વિરોધ કરશે જ. પણ આપણે એની કશી જ ચિન્તા કરવી ન જોઈએ. અંધારામાં જીવનારા પક્ષીઓના શોરબકોરથી ડરીને કંઈ સૂર્યનો ઉદય રોકાઈ જતો નથી!

### ત્રણ કરણ ત્રણ યોગ

જૈન સાધુઓનો દાવો છે કે તેમનો ત્યાગ ત્રણ જાતની કરણી અને ત્રણ જાતના યોગપૂર્વકનો હોય છે. અર્થાત્ મન વચન અને કાયા વડે કોઈપણ જાતનું પાપ પોતે ન કરે, ન કરાવે અને ન તેનું અનુમોદન કરે. પ્રશ્ન એ થાય છે કે જે વ્યક્તિ ભોજન કરે છે, કપડાં પહેરે છે અને મકાનમાં રહે છે તે શું અનુમોદન કરવાથી બચી શકે ખરો? જે સાધુ સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેના માટે આ વાત વધારે ઉપહાસાસ્પદ બની જાય છે. સરળતા ધાર્મિક આચરણનું પહેલું સોપાન છે. એ સ્થિતિમાં શું એ યોગ્ય નથી કે સાધુસંસ્થા ત્રણ કરણ ત્રણ યોગદ્વારા ત્યાગનો તેમનો દાવો જતો કરે?

### શ્રાવકનું બારમું વ્રત

શ્રાવકના બાર વ્રતોમાં પ્રથમ પાંચ વ્રતોનો સંબંધ સામાજિક સદાચારની સાથે છે, જેને અણુવ્રત કહે છે. ત્યાર પછીના ત્રણ વ્રતોનો સંબંધ વૈયક્તિક હલનચલન સાથે છે જેને ગુણવ્રત કહેવામાં આવે છે. બાકીના ચાર વ્રતોનો સંબંધ આત્મસાધના તરફ છે જેને શિક્ષાવ્રત કહેવામાં આવે છે. નવમા, દશમા અને અગિયારમા સમયની અવધિ ઉત્તરોત્તર વધતી જાય છે. પરંતુ બારમું વ્રત સાધુને દાન દેવામાં ગણેલું છે અતિથિસંવિભાગ. આ બારમા વ્રતનો આગળના ત્રણ સાથે મેળ બેસતો નથી. તપાસ કરતાં એમ જાણવા મળે છે કે શરૂઆતમાં અતિથિસંવિભાગની જગાએ સંલ્લેખણા વ્રત હતું, કે જેમાં સાધક સમસ્ત શેષ જીવનને માટે અનશન સ્વીકાર કરી લેતો હતો. અનેક દિગંબર ગ્રંથોમાં હજુપણ બારમું વ્રત એ પ્રમાણે જ છે. શું આથી એમ ફલિત થતું નથી કે જૈન સાધુઓએ દાનની મહત્તા વધારવા માટે આ રીતે નવું વ્રત દાખલ કરીને એને સર્વોપરી સ્થાન આપી દીધું હોય?

### ધર્મ અને વેશની સ્વીકૃતિ

લશ્કર અને પોલીસદળો માટે એક ખાસપ્રકારનો ગણવેશ જરૂરી માનવામાં આવેલો છે. એનાથી જોનારના મનમાં એક પ્રકારનો ભય પેદા થાય છે અને પરિણામે તે સરકારી આજ્ઞાવિરુદ્ધનું કશું પણ કરતાં અચકાય છે. ધર્મના ક્ષેત્રોમાં એનો શું ઉપયોગ છે? જો મનુષ્યે સાધુવેશ સ્વીકાર્યો નથી, તે પણ ઉચ્ચત્તમ પ્રકારના ચારિત્રનું પાલન કરી શકે છે, અને તેના વડે જ તે મોક્ષનો અધિકારી બની શકે છે. આવી સ્થિતિમાં સાધુ માટે જે ખાસ પ્રકારનો વેશ બતાવવામાં આવ્યો છે તેની કોઈ વિશેષ આવશ્યકતા રહેતી નથી. પરિણામે વર્તમાનયુગમાં કે જ્યાં વાસ્તવિક ન હોવા છતાં માત્ર વેશના આધારે ઉચ્ચત્તમ ચારિત્રનો દાવો કરવામાં આવે છે, ત્યાં ધર્મના નામે માત્ર દંભ પોષાઈ રહ્યો છે. આ પ્રકારના દંભને રોકવા માટે શું એ ઉચિત નથી કે વેશના આધારે અપાતી આ પ્રકારની સ્વીકૃતિને બંધ કરવામાં આવે?

### સર્વજ્ઞવાદ

જૈનધર્મનું કથન છે કે મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં છે અને પુરુષાર્થ વડે તે ઈચ્છે તેવું તેને બનાવી શકે છે. એનો અર્થ એમ છે કે તે (ભાવિ) નિશ્ચિત નથી. એનાથી વિરુદ્ધ સર્વજ્ઞવાદ તે નિશ્ચિત હોવાની અપેક્ષા રાખે છે. જો ભાવિ નિશ્ચિત ન હોય તો તેને કેમ જાણી શકાય? આ રીતે આપણને જણાય છે કે સર્વજ્ઞવાદ જૈનધર્મના અન્તરાત્માથી વિરુદ્ધ છે.

એક બીજી પણ વાત છે—જૈનધર્મમાં જ્ઞાન અને જ્ઞેય બંનેને અનંત માનવામાં આવ્યાં છે. એથી વિરુદ્ધ જો કોઈ માણસ બધી વસ્તુઓને જાણતો હોય તો જ્ઞેયનો અંત છે એમ માનવું પડશે. અને જો જ્ઞેયનો અંત છે તો જ્ઞાનનો પણ અંત છે એમ માનવું પડશે. કારણકે જ્ઞેયની સમાપ્તિ સાથે જ્ઞાનની વૃદ્ધિ આપોઆપ અટકી જાય છે અને એક સીમા આવી જાય છે. અનંતપણું અને સર્વજ્ઞપણું બંને પરસ્પરવિરોધી છે. શું એ જરૂરી નથી કે આપણે જૈનધર્મના અંતરાત્માને ઓળખીએ અને સર્વજ્ઞતાનું ગાણું છોડીને અનંતતા તરફ ઝૂકીએ?

### કાવ્યાત્મક વર્ણન

જૈન શાસ્ત્રોમાં અનેક નગરીઓનું વર્ણન આવે છે, જે બાર જોજન લાંબી અને બાર જોજન પહોળી બતાવવામાં આવી છે. દ્વારકામાં છપ્પન કરોડ યાદવો રહેતાં હતાં. રાજગૃહીમાં કોઈ શ્રાવકની પાસે ચાર ગોકુળ હતાં, કોઈની પાસે છ તો કોઈની પાસે આઠ ગોકુળ હતાં. એક ગોકુળમાં દશ હજાર ગાયો હોવાનું માનવામાં આવ્યું છે. દરેક પ્રતિવાસુદેવને સોળ હજાર, વાસુદેવને બત્રીસ હજાર અને ચક્રવર્તિને ચોસઠ હજાર રાણીઓ હોવાનું કહેવામાં આવ્યું છે. મનુષ્યની ઊંચાઈ પાંચસો ધનુષ્યની-અર્થાત્ એક હજાર ગજની-જણાવવામાં આવી છે. આ બધી વાતોને કાવ્યાત્મક વર્ણન સમજીને

# "પ્રતિક્રમણ અમે પતાવી જ દીધું....!"

(સસ્તો સંતોષ શોધતી માનવ-મનની આત્મવંચનાનું એક દર્શન)

કરીને વરસભર-જીવનભર ખટપટ,
નિહાળી નૃત્ય, નટી ને નટ,
સુણીને ફિલ્મ-ગીત-રમઝટ,
ચખાડી જીભને ચટપટ-સરસ રસખટ,
મોઢામાં ઘાલીને ચિરુટ સિગરટ
એક દિ' આવીને ઝટ ઝટ,
થોડી કરતા રહી કટ કટ,
પોપટ જેમ પઢાવીને પટ પટ,
શબ્દો રટ રટ, વાણી અટપટ,
ગતિ ઝટપટ, મનને મૂકીને મરઘટ,
દેખાદેખી-લેખાલેખી,
દાઝે-વાજે લાજે-કાજે,
ગમે તેમ, નેમ-અનેમ, મશીન જેમ
પલાળેલું પરાણે, જે છેવટ મુંડાવી જ લીધું,
પ્રતિ-ક્રમણ અમે પતાવી જ દીધું...! (૧)

ચોકખો હોય કે ગંદો,
સસ્તો હોય કે મોંઘો,
ધોતી હોય કે લેંઘો,
બનિયન હોય કે ઝભ્ભો,
કપડું કોઈ બી, દોડી દોડી,
ફાડી તોડી, મારી મચકોડી,
વિવેક છોડી વીંટાળી જ લીધું,
ને પતિક્રમણ અમે પતાવી જ દીધું...! (૨)

અર્થ જાણ્યો કે ન જાણ્યો,
ભાવ પિછાણ્યો-ના પિછાણ્યો,
'મરમ' માણ્યો કે ના માણ્યો,
જેમ ચાલે છે તેમ અમે તો ચલાવી જ લીધું,
ને આ પણ એક કામ આમ પતાવી જ લીધું
પ્રતિક્રમણ અમે પતાવી જ દીધું...! (૩)

"खामेमि सव्वे जीवा,
सव्वे जीवा खमन्तु मे" तणा
वेण थोडां-अधिक,
केवळ गतानुगतिक,
हृदय राखीने बधिक,
कें'कने (सौने) अमे 'खमावी' જ લીધું,
ને પ્રતિક્રમણ અમે પતાવી જ દીધું...! (૪)

"मीठामां दोकडो" या "मिच्छामि दुक्कडं",
"मिथ्या मे दुष्कृतम" या "वृथा मुज दुष्कर्म"
केटकेटलुंय कही कही,
અર્થને લહી ન લહી,
વાણી વદી રહી સહી,
હૈડે જૂઠો સંતોષ ગ્રહી,
મનને અમે મનાવી જ લીધું,
પ્રતિક્રમણ અમે પતાવી જ દીધું ...! (૫)

પ્રમાદે છો વીતે પળપળ,
બેહોશી છો વધે સ્થળ-સ્થળ
ઘટે ના રંચ છો મનમળ,
રહે છો મન સદા ચંચળ;
(અરે!) સરિત-જળ મુકત જે ખળખળ,
સદા વહેતું સ્વરે કલકલ,
લહ્યા વિણ ભાવનાં દળદળ,
ક્રિયાની ગાગરે જ કેવળ
જાણ્યા છતાં સૂત્રો પ્રબળ-પ્રેમળ
કે "सम्यगज्ञान दर्शन चरित्राणि मोक्षमार्गः।"
ને "ज्ञानक्रियाभ्याम् मोक्षः।-"
સબળ થઈ એને સમાવી જ લીધું
અતિ-ક્રમણ અમે અર્થનું અટકાવી જ દીધું,
પ્રતિક્રમણ અમે પતાવી જ દીધું...! (૬)

હૈયે માન્યો હરખ કે, થયું કેવું સરસ!'
હવે આવતે વરસ!.....
"હાશ, ભગવાન! છૂટયા આજ તો..." કહી
એનું એ ચક્કર જીવનનું પાછું ચલાવી જ દીધું
પ્રતિક્રમણ અમે પતાવી જ લીધું...! (૭)

રચયિતા: પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

---

એની ઉપેક્ષા કરવામાં આવે તો કશો વાંધો આવતો નથી. પરંતુ એક એવો વર્ગ પણ છે, જે આ વાતોને અક્ષરશ: સત્ય માને છે. શું એ ઉચિત નથી કે આવી બધી માન્યતાઓનું નિરાકરણ કરી લેવામાં આવે?

બાર જોજન એટલે અડતાલીસ કોશ અથવા છન્નું માઈલ. છન્નુંને છન્નું વડે ગુણવાથી ૯,૨૧૬ ચોરસ માઈલ થાય. આ કલ્પના શું અસંભવ લાગતી નથી? એવી જ વાત છપ્પન કરોડ યાદવોની છે. અત્યારે સમગ્ર ભારતની વસતિ છપ્પન કરોડથી ઓછી છે. દ્વારકાનગરી સમુદ્રના કિનારે કુદરતી સીમાઓથી ઘેરાયેલી છે. જેમાં છપ્પન કરોડ માણસો ઊભા પણ રહી શકે એમ નથી.

રાજગૃહીની ચારે બાજુ પર્વતો આવેલાં છે અને તેનું ક્ષેત્રફળ એક ચો. મા. થી વધારે નથી. આવી સ્થિતિમાં લાખો ગાયો ક્યાં રહી શકે?

મહાપુરુષોનાં અંત:પુરનું આ વર્ણન સામંતયુગને પ્રગટ કરે છે, કે જ્યાં ધનસંપત્તિની સાથે વિશાળ અંત:પુર હોવું એ મોટાઈની નિશાની ગણાતી હતી. પરંતુ હવે માપદંડ બદલાઈ ગયાં છે. ચક્રવર્તિઓમાં ચાર તીર્થંકર પણ છે. શું ચોસઠહજાર રાણીઓ રાખવાવાળા ચારિત્રનો આદર્શ રજૂ કરી શકે ખરાં? સ્થાનની દૃષ્ટિએ પણ આ કલ્પના સર્વથા અસંભવ જણાય છે. માનવજાતિનો ઈતિહાસ બતાવે છે કે માણસની ઊંચાઈ સાત કે આઠ ફૂટથી કદી પણ વધારે હતી નહિ. પાંચસો ધનુષ એટલે ત્રણહજાર ફૂટ. આ વાત પણ એ જમાનાની નીપજ છે, કે જ્યારે ધનસંપત્તિની જેમ શરીરની ઊંચાઈને પણ મોટાઈનું ચિહ્ન ગણવામાં આવ્યું હતું. પરંતુ આવી માન્યતાને આજે પણ અક્ષરશ: સાચી માન્યા કરવી એ નિપટ અજ્ઞાનદશા છે.

મૂળ હિંદી — અનુવાદક:
ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી. એમ. એ. પીએચ. ડી. — સુબોધભાઈ એમ. શાહ

## ભારત જૈન મહામંડળનું ૪૧મું અધિવેશન

ભારત જૈન મહા મંડળનું ૪૧મું અધિવેશન આવતી ૨૫ અને ૨૬ મી સપ્ટેમ્બરે રાજસ્થાનમાં અજમેર નજીક બિયાવરમાં ભરાશે.

મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈન આ અધિવેશનનું પ્રમુખસ્થાન સંભાળશે અને નવભારત ટાઈમ્સના તંત્રી શ્રી એ. કે. જૈન આ અધિવેશનનું ઉદ્‌ઘાટન કરશે.

તા. ૮ મી સપ્ટેમ્બરના રોજ બોલાવાયેલી પત્રકાર પરિષદમાં સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું હતું કે "જૈન સમાજની એકતા દૃઢ કરવા, સમાજના કાર્યનું મૂલ્યાંકન કરવા તથા ભાવિ દિશા નક્કી કરવાના હેતુથી આ અધિવેશન યોજવામાં આવ્યું છે. જૈન સમાજ રાષ્ટ્રીય કક્ષાએ કઈ રીતે સારી સેવા કરી શકે એનો પણ આ અધિવેશનમાં વિચાર કરવામાં આવશે.

"તેમણે વધુમાં જણાવ્યું હતું કે બે વરસ પછી આવનારી ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતીની ઉજવણી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ધોરણે કરવાનો વિચાર રાખવામાં આવ્યો છે. શ્રી કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપદે એક અખિલ ભારતીય સમિતિની રચના કરવામાં આવી છે. બીજી એક રાષ્ટ્રીય સમિતિની રચના કરવા માટે સરકારને વિનંતી કરવામાં આવશે. ૧૯૭૪ ની ૧૩ મી નવેમ્બરથી એક વર્ષ સુધી આ ઉજવણી ચાલુ રહેશે."

આ રીતે ભારતના સમસ્ત જૈનોની એકતા અને સંગઠન સાધવા માટેનું જેનું લક્ષ્ય છે એવા આ અધિવેશનનું મહત્ત્વ પીછાણીને તે સફળતાને વરે એના માટે દરેક જૈન, સંસ્થાના પ્રતિનિધિ તરીકે તેમ જ વ્યક્તિગત રીતે આ અધિવેશનમાં હાજરી આપે એવી અપેક્ષા સંસ્થાનાં મંત્રીઓએ એક પરિપત્ર દ્વારા પ્રગટ કરી છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૬૬ — મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑક્ટોબર ૧, ૧૯૭૧ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝર અને ગાંધીજી

[ ગતાંકથી ચાલુ ]

[ ૩ ]

સ્વાઈત્ઝર અને ગાંધીજીની જીવનદૃષ્ટિ અને જીવનદર્શનની તુલનાત્મક વિચારણા કરીએ ત્યારે કેટલાય ગહન તાત્ત્વિક અને નૈતિક પ્રશ્નોનું વિવેચન કરવું પડે તેમ છે. અહીં તેનો અતિ સંક્ષેપમાં નિર્દેશ કરીશ.

સ્વાઈત્ઝરના ચિન્તનનો મુખ્ય વિષય નૈતિક છે. સદાચારનો પાયો શું ? Fundamental Principle of ethical conduct. માણસે પરમાર્થ શા માટે કરવો ? આવો સવાલ પૂછીએ ત્યારે જીવનનું ધ્યેય શું એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય. તેમાંથી તાત્ત્વિક પ્રશ્નો ઉદ્‌ભવે. જીવ, જગત, ઈશ્વર, જીવની અંતિમ સ્થિતિ—આ જ્ઞાનના પ્રશ્નો છે. માણસ વિચારતો થયો ત્યારથી પૂછતો આવ્યો છે. આ બાબતો વિશે જે કાંઈ જ્ઞાન કે માન્યતા હોય તેને અનુરૂપ વ્યકિતનું આચરણ-આચારધર્મ નક્કી થાય છે અથવા કરે છે.

સ્વાઈત્ઝર માને છે કે આવું જ્ઞાન શકય નથી. The world is inexplicably mysterious સ્વાઈત્ઝરની બીજી બે માન્યતાઓ પણ કાંઈક નિરાશા પેદા કરે તેવી છે. આ વિશ્વમાં કોઈ મંગળમય તત્ત્વ સર્વોપરિ હોય તેમ સ્વાઈત્ઝરને જણાતું નથી. આ વિશ્વમાં કોઈ હેતુ હોય એવી તેમની શ્રદ્ધા નથી. The world is without a purpose. આ નિરાશાનું કારણ કે જગતમાં અપાર દુ:ખ છે, જેનું સંતોષકારક સમાધાન સ્વાઈત્ઝરને કોઈ મળતું નથી. The world is full of suffering.

આવું મનનું વલણ હોય તો સંસાર પ્રત્યે ઉદાસીનતા અથવા વિષાદ પેદા થાય. સ્વાઈત્ઝરને એવું કાંઈ જ ન થયું. કારણ, તેમની પ્રકૃતિ અને ચિન્તન. પ્રકૃતિ કર્મયોગીની અને ચિન્તનને પરિણામે અંતરકરુણાને આચારધર્મનો પાયો ગણ્યો. સ્વાનુભૂતિથી સર્વ જીવ પ્રત્યે આદર, પ્રેમ અને કરુણામાં પોતાની સાચી માનવતા નિહાળી. Man does not live by bread alone. આધ્યાત્મિક અનુભૂતિ, સર્વ જીવ સાથે મૈત્રી, સાચા સુખનો ઉપાય છે એવી પ્રતીતિ. પરિણામે લક્ષ્મી, સત્તા કે કીર્તિની કોઈ દિવસ ઝંખના ન કરી પણ માનવસેવામાં જીવન સમર્પણ કર્યું. માનવતાવિહોણી લક્ષ્મી, સત્તા કે કીર્તિ માટેની દોટમાં સંસ્કૃતિનો વિનાશ જોયો. (Decay of civilisation).

આવું જીવનદર્શન subjective સ્વલક્ષી છે, વસ્તુલક્ષી નથી; બુદ્ધધર્મને કાંઈક મળતું છે. ભગવાન બુદ્ધે પણ તત્ત્વજ્ઞાનના અંતિમ પ્રશ્નોના વિવાદમાં પડવાની અનિચ્છા બતાવી છે. બુદ્ધધર્મ અનાત્મવાદી કહેવાય છે. બુદ્ધનું નિર્વાણ આત્માની અનંત સુખની સ્થિતિ છે કે શૂન્યતા છે એ વિશે સ્પષ્ટતા નથી. બુદ્ધના ચાર આર્યસત્યો અને અષ્ટાંગી માર્ગ, જગતની વાસ્તવિકતા—દુ:ખ—ને સ્વીકારી તેના નિવારણનો ઉપાય બતાવે છે. બુદ્ધનો ધર્મ કરુણા, મૈત્રી, પ્રેમનો ધર્મ છે.

જૈનધર્મ અને હિન્દુધર્મ જ્ઞાનની બાબતમાં નિરાશાવાદી નથી. શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિમાં ષટ્‌પદનું નિરૂપણ કર્યું છે.

આત્મા છે, તે નિત્ય છે; છે કર્તા નિજ કર્મ,
વળી ભોકતા છે, મોક્ષ છે; મોક્ષ ઉપાય સુધર્મ.

પહેલા પાંચ પદ જ્ઞાનના છે. અંતિમ લક્ષ્ય મોક્ષ છે. સુધર્મ-સદાચાર-આચારધર્મ, મોક્ષને માટે છે, મોક્ષનો ઉપાય છે. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર—આ રત્નત્રયી મોક્ષમાર્ગ છે. ज्ञान क्रियाभ्याम् मोक्षः; જ્ઞાન અને ક્રિયા અથવા ચારિત્ર—સદાચાર બન્ને મોક્ષના ઉપાય છે. આવું દર્શન માત્ર સ્વલક્ષી નહિ, પણ વસ્તુલક્ષી છે.

સ્વાઈત્ઝર પેઠે ગાંધીજી તત્ત્વચિન્તક ન હતા, પણ તેમની તાત્ત્વિક માન્યતાઓ દઢ હતી. તે માન્યતાઓ તેમના કર્મયોગના પાયામાં હતી. તેમના લખાણોમાં આ માન્યતાઓનો ઉલ્લેખ છે. તેની ચર્ચામાં તેમને ઉતરવાની જરૂર જ નથી જણાઈ. તેમણે તે સ્વીકારી લીધેલી છે. આ માન્યતાઓ શું છે ? બે ત્રણ ફકરાઓ જ આપું છું.

"જે માણસ આત્મા છે, પરમાત્મા છે, આત્મા અજર અને અમર છે, તેમ છતાં દેહાધ્યાસથી સંસારમાં અનેક યોનિમાં આવજા કર્યા કરે છે, તેને મોક્ષ છે, અને મોક્ષ એ પરમ પુરુષાર્થ છે એમ માને, તે હિંદુ છે."

"હિન્દુધર્મનું તત્ત્વ મોક્ષ છે. મોક્ષને સારુ હું મથી રહ્યો છું. મારી બધી પ્રવૃત્તિ મોક્ષને ખાતર છે. જેટલો વિશ્વાસ મને મારા દેહના અસ્તિત્વ વિષે અને તેની ક્ષણિકતા વિષે છે, તેટલો જ આત્માના અસ્તિત્વ વિષે અને તેના અમૃતત્વને વિષે છે."

"ઈશ્વરને નામે ઓળખાતા સર્વવ્યાપી મંગળ તત્ત્વ વિષેની આસ્તિકતા."

"આ વિશ્વનું સામ્રાજ્ય નીતિનિયમને આધારે ચાલે છે, અને એ નીતિનિયમ શાશ્વત અને અટળ છે અને ઈશ્વરથી જુદા પાડી શકાય એવા નથી."

ગાંધીજીએ કહ્યું છે કે ઈશાવાસ્યોપનિષદના પહેલા શ્લોકમાં બધું આવી જાય છે. જગતમાં જે કાંઈ જીવન છે તે આ બધું ઈશ્વરે વસાવેલું છે. બીજા અર્થમાં, જગત ઈશ્વરનું આવાસસ્થાન-રહેઠાણ છે. ઈશ્વર મંગળ છે તેમ જીવન પણ મંગળ છે. તેથી તેને નામે ત્યાગીને તું (જે આવી મળે તે) ભોગવતો જા. કોઈના પણ ધન વિશે વાસના રાખીશ મા. ઈશ્વરની સત્તા સ્વીકારવામાં આવે એટલે માણસનું સ્વામીત્વ સહેજે હટી જાય છે. તેથી બધું ઈશ્વરને સમર્પણ કરવાનું રહે છે.

આવી વૃત્તિમાં જ્ઞાનનું તેજ છે, શ્રદ્ધાનું બળ છે. જગતમાં દુ:ખ અને અનિષ્ટ (Evil) છે. પણ સમસ્ત જગત નીતિનિયમને, કર્મના સિદ્ધાંતને આધીન છે. કાંઈ હેતુહીન નથી. પુરુષાર્થ છતાં

પરિણામ ન દેખાય તો પણ છેવટ સત્યનો જય છે તેવી શ્રદ્ધા છે. એટલે નિરાશાને અવકાશ નથી.

પણ જગતમાં અનિષ્ટ અને અન્યાય છે જ. તેને શરણે ન થતાં તેનો સામનો કરવો. ક્રાઈસ્ટે કહ્યું resist not evil ગાંધીએ કહ્યું resist evil જગત અનિષ્ટનો સામનો કરતું જ આવ્યું છે પણ it has resisted evil by evil. Gandhi said, as did Buddha, resist evil by good. સત્યાગ્રહ–સાધનશુદ્ધિ–સત્ય અને અહિંસાથી–સ્વાર્થીત્યરને, રાગદ્વેષરહિતપણે, પ્રેમથી સામનો કરી શકાય તે વિશે શંકા છે. ગાંધીજીએ કહ્યું છે:

"હિન્દુધર્મનું આંતરસ્વરૂપ સત્ય અને અહિંસા છે, એમ હું માનું છું. સત્યનું સેવન જેટલી સૂક્ષ્મતાએ હું છેક બચપણથી કરી રહ્યો છું, તેટલું કરતાં મારી ઓળખમાંના કોઈને જાણ્યાં નથી. અહિંસાનું જાગ્રત લક્ષણ પ્રેમ છે — અવેર છે. મને દઢ વિશ્વાસ છે કે હું પ્રેમથી ઊભરાઈ રહ્યો છું. મને સ્વપ્ને પણ કોઈના પ્રત્યે વેરભાવ ઉત્પન્ન થયો નથી. ડાયરના દુષ્કૃત્યો છતાં તેના પ્રત્યે મને વેર ઉત્પન્ન થયું નથી. જ્યાં જ્યાં મેં દુઃખ જોયું, અન્યાય જોયો છે, ત્યાં મારો આત્મા અકળાયો છે."

સ્વાર્થીત્યર એમ કહી શકે કે ગાંધી વિશે આ સાચું છે પણ દુનિયાના વ્યવહારમાં આ શક્ય નથી. લોકમાન્ય ટિળક અને ગાંધીજી વચ્ચે પણ આ જ મતભેદ હતો. આ વિષયની ચર્ચામાં ઊતરવાનું આ સ્થાન નથી. એક હકીકત છે કે જગત સત્ય અને અહિંસાથી નભે છે. તેમાં અસત્ય અને હિંસા છે પણ જેટલે દરજ્જે અસત્ય અને હિંસા ઓછા કરીએ તેટલે દરજ્જે દુઃખ ઓછું થાય અને સુખ વધે. સંન્યાસમાર્ગનું મૂળ પણ એ માન્યતામાં રહ્યું છે કે સંસારમાં રહી તેના વ્યવહારમાં ગુંથાઈએ તો સત્ય અને અહિંસાનું આચરણ અને રાગદ્વેષથી મુક્તિ વિકટ છે. છતાંય એ નિર્વિવાદ છે કે સત્ય અને અહિંસાનાં આચરણ માટે અપરિગ્રહ અને બ્રહ્મચર્ય અનિવાર્ય છે. ઈશાવાસ્યના પહેલા શ્લોકનું બીજું ચરણ આ હકીકત પર ભાર મૂકે છે. જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી અને જીવનને સર્વ પ્રકારે સંયમી બનાવવું તો જ આધ્યાત્મને માર્ગે પ્રગતિ થાય. બીજી રીતે કહીએ તો દેહાધ્યાસ ઓછો કરવો. સ્વાર્થીત્યરને આમાં Life Negation લાગે છે. એમ નથી કે સ્વાર્થીત્યર ભોગવિલાસમાં માને છે. તેમનું પોતાનું જીવન સમર્પણનું હતું. પણ પશ્ચિમની અને ભારતની જીવન દૃષ્ટિમાં આ પાયાનું અંતર છે. ગાંધીજીમાં પ્રવૃત્તિ-નિવૃત્તિનો, કર્મ અને સંન્યાસનો સંયોગ છે. તે સ્વાર્થીત્યરને magnificent paradox લાગે છે. આ વિરોધ રવીન્દ્રનાથ ટાગોરે ધમ્મપદની પ્રસ્તાવનામાં સરસ રીતે સમજાવ્યો છે. ટાગોરે કહ્યું છે:

"ભારતવર્ષે વિચાર અને આચારમાં ભેદ માન્યો નથી. તેથી જ આપણા દેશમાં કર્મ એ જ ધર્મ છે. આપણે કહીએ છીએ કે મનુષ્યના કર્મમાત્રનું ચરમલક્ષ્ય કર્મમાંથી મુક્તિ છે; તથા મુક્તિના ઉદ્દેશથી કર્મ કરવું એ જ ધર્મ છે."

"વિચારની બાબતમાં આપણામાં જેટલી વિભિન્નતા છે તેટલી જ આચારની બાબતમાં એકતા છે. તે એકતા બીજું કાંઈ નહિ પણ કર્મમાત્રને નિવૃત્તિ તરફ વાળવાની છે. પગથિયાં પાર જવાનો ઉપાય પગથિયું જ છે, તેમ ભારતવર્ષમાં કર્મની પાર જવાનો ઉપાય કર્મ જ છે. આપણાં સઘળાં શાસ્ત્ર - પુરાણોમાં આ જ ઉપદેશ છે અને આપણો સમાજ આ જ ભાવના ઉપર સ્થપાયેલો છે."

"યુરોપ કર્મને કર્મમાંથી મુક્તિ મેળવવાની નિસરણી બનાવતું નથી. કર્મને જ લક્ષ્ય માને છે. આ કારણને લીધે યુરોપમાં કર્મ-સંગ્રામનો અંત નથી. ત્યાં ધીમે ધીમે પ્રવૃત્તિ એટલી વિવિધ અને વિપુલ થઈ જાય છે કે કૃતકાર્ય થવાનો જ સૌનો ઉદ્દેશ હોય છે. યુરોપનો ઈતિહાસ કર્મનો ઈતિહાસ છે.

"યુરોપ કર્મને મહત્ત્વ આપે છે તેથી તે કર્મ કરવાના સંબંધમાં સ્વતંત્રતા ઈચ્છે છે.

"ભારતવર્ષ પણ સ્વતંત્રતા ઈચ્છે છે પણ તે સ્વતંત્રતા કર્મના બંધનમાંથી મુક્ત થવાની છે. વાસનાથી ધકેલાઈ આખી જિંદગી સુધી અન્તહિન કર્મ કર્યે જવાનું જે અવિરામ દાસત્વ છે તેનો ભારતવર્ષ ઉચ્છેદ કરવા ચાહે છે.

"આ આદર્શની ભિન્નતાને લીધે જ યુરોપ વાસનાને જોઈએ તેટલી સ્વતંત્રતા આપે છે અને આપણે વાસનાને બની શકે તેટલી અંકુશમાં રાખીએ છીએ. વાસનામાત્ર મુક્તિની વિરોધી છે. તે વાસનાને આપણે બળહીન કરી નાખવી જોઈએ. આપણે કર્મને જીતવા દેવું જોઈએ નહિ, પણ તેને જ જીતવું જોઈએ.

"આપણા ગૃહસ્થધર્મમાં, આપણા સંન્યાસધર્મમાં, આપણા આહારવિહારના નિયમમાં, આપણા વૈરાગી - ભીક્ષુકના ગાનથી તે તત્ત્વજ્ઞાનની શાસ્ત્રવ્યાખ્યા પર્યંત, સર્વત્ર, આપણે ત્યાં આ જ ભાવનાનું આધિપત્ય છે. ખેડૂતથી તે પંડિત સુધી સઘળા કહે છે; આપણને દુર્લભ માનવજન્મ પ્રાપ્ત થયો છે તે બુદ્ધિપૂર્વક મુક્તિનો માર્ગ ગ્રહણ કરવા માટે છે. સંસારના અન્તહીન ચક્રમાંથી બહાર નીકળી જવા માટે છે.

"પૃથ્વી ઉપર આજે વાસનાનો અગ્નિ પ્રજળી રહ્યો છે અને પ્રવૃત્તિનો અત્યાચાર ઉત્કટ થઈ પડ્યો છે."

સ્વાર્થીત્યર જેને magnificent paradox માને છે તે જ ભારતવર્ષની જીવનભાવનાનું હાર્દ છે. કર્મને જ કર્મમાંથી મુક્તિનું સાધન બનાવવું. દેહ અને આત્માનો સંયોગ એ જ magnificent paradox છે. તે સંયોગમાંથી ચરમ મુક્તિ મેળવવી છે.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત
તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત

(સમાપ્ત) ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

**શાસક અને સંસ્થા કૉંગ્રેસ–એકતા?**

બેંગ્લોરમાં ઈન્દિરા ગાંધીએ વંટોળ પેદા કર્યો, કૉંગ્રેસનું વિભાજન થયું અને બીજા બધા રાજકીય પક્ષોમાં પણ ખળભળાટ પેદા થયો, ત્યારે એમ લાગતું હતું કે આ ભારે સાહસ કર્યું છે અને દેશમાં રાજકીય અસ્થિરતા વધશે. લોકસભાની મધ્યસત્રી ચૂંટણી કરી અને મોટી બહુમતી મેળવી એટલે કેન્દ્રમાં સ્થિર રાજતંત્ર થયું. આ સફળતા શાસક કૉંગ્રેસના સંગઠનના પરિણામે ન હતી પણ ઈન્દિરા ગાંધીના વ્યક્તિતત્વનો પ્રભાવ હતો. હવે રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે. ધારાસભાની ચૂંટણીઓમાં અનેક સ્થાનિક પ્રશ્નો અને સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓની આંતરિક ખટપટો કે સંઘર્ષ ભાગ ભજવે. ખાસ કરી, સ્થાનિક આગેવાનોની પ્રતિષ્ઠા કે તેનો અભાવ ચૂંટણીમાં મહત્ત્વનો ભાગ ભજવે. તેથી શાસક કૉંગ્રેસે રાજ્યોમાં સાફસૂફી શરૂ કરી છે. જૂના આગેવાનોને સ્થાને નવી નેતાગીરી તૈયાર કરવા હિંમતપૂર્વક પગલાં લેવાય છે. રાજસ્થાનમાં શ્રી સુખડિયાને ખસેડ્યા પછી આન્ધ્રના બ્રહ્માનંદ રેડ્ડીને દૂર કર્યા. તેલંગણનો ઉહાપોહ અને આંદોલનનો અંત લાવવા આ જરૂરી હતું. મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને બીજા રાજ્યોમાં નવી પ્રદેશ સમિતિઓની રચના કરી, અથવા છે તેની પુનઃરચના કરી; શાસક કૉંગ્રેસનું સંસ્થાકીય સંગઠન આ રીતે દૃઢ થઈ રહ્યું છે.

સંસ્થાકૉંગ્રેસમાં મતભેદો વધ્યા છે અને તે ઉગ્ર થતા જાય છે. રામસુભગસિંગ અને તારકેશ્વરીસિંહાએ જુની નેતાગીરી સામે ખુલ્લો બળવો કર્યો છે. ૨૪ અને ૨૫ મા બંધારણીય

સુધારા, ભારત–રશિયાના કરારો, બાંગલાદેશ પ્રત્યેની નીતિ, આ પ્રશ્નો ઉપર તીવ્ર મતભેદો થયા છે. આ બાબતમાં કામરાજે પણ શાસક કૉંગ્રેસની નીતિનું ખુલ્લી રીતે સમર્થન કર્યું છે. વીરેન્દ્ર પાટિલ અને હીતેન્દ્ર દેસાઈ પણ કાંઈક એવા જ મતના છે. રહ્યા માત્ર મોરારજીભાઈ, નિજલિંગપ્પા અને પાટિલ–છેલ્લા બેનું હવે કાંઈ સ્થાન કે અસર નથી. મોરારજીભાઈનો શાસક કૉંગ્રેસ અને ઈન્દિરા ગાંધી સામેનો વિરોધ કાંઈ ઓછો થયો નથી.

શાસકકૉંગ્રેસમાં પણ સામ્યવાદીઓ અને બીજા અનિચ્છનિય તત્ત્વો ભળ્યા છે. સમાજવાદી ફોરમો ફૂટી નીકળી છે. કેટલીય બિનજવાબદાર અને વાહીયાત વાતો થાય છે. પરિણામે દેશને હાનિ છે. ઈન્દિરા ગાંધી દૃઢ છે, નીડર છે, કોઈની શેહમાં તણાઈ જાય તેવા નથી. પણ પરિસ્થિતિ એવી ઉત્પન્ન થાય કે તેમને પણ નિરૂપાયે તણાવું પડે, જો જવાબદાર તત્ત્વોનો સહકાર અને બળ ન હોય. હકીકતમાં શાસક કૉંગ્રેસ અને સંસ્થા કૉંગ્રેસ એક થાય તે દરેક રીતે દેશના હીતમાં છે. કૉંગ્રેસ મધ્યમાર્ગી રહી છે. કેટલેક દરજ્જે ડાબેરી–પણ લોકશાહી અને શાન્તિમય માર્ગમાં દૃઢ-કૉંગ્રેસને ફરી સબળ અને પ્રાણવાન બનાવવી હોય અને સામ્યવાદીઓની ઘૂસણખોરી અટકાવવી હોય તો સંસ્થાકૉંગ્રેસના આગેવાનોએ, પ્રતિષ્ઠાના સવાલને કોરે મૂકી, દેશના હીતમાં, બન્ને કૉંગ્રેસસની એકતા ફરી સ્થાપવી જોઈએ. મોરારજીભાઈને બાદ કરીયે તો, નીતિવિષયક કોઈ મહત્ત્વનો મતભેદ નથી. સરદાર અને નહેરૂને તીવ્ર મતભેદો હતા તો પણ દેશના કલ્યાણ માટે છેવટ સુધી સાથે રહ્યા. સંસ્થાકૉંગ્રેસના પીઢ આગેવાનોએ જીવનભર દેશની સેવા કરી છે. બન્ને પક્ષે કાંઈક ઉદારતા દાખવી, આ કટોકટીના સમયે રાજ્યોમાં પણ સ્થિર રાજતંત્ર થાય તે માટે બન્ને કૉંગ્રેસની એકતા સ્થપાય તે આવશ્યક છે.

**નિકિતા કુશ્ચેવ**

દસ વર્ષ સુધી રશિયાના સર્વસત્તાધીશ સરનશીન રહી, સાત વર્ષ સામાન્ય જન પેઠે નિવૃત્તિ ભોગવી, કુશ્ચેવનું ૭૭ વર્ષની વયે અવસાન થયું ત્યારે રશિયાએ કાંઈ નોંધ લીધી નહિ. પણ ઈતિહાસ કુશ્ચેવની નોંધ જરૂર લેશે. ગરીબ ખેડૂતનો અભણ દીકરો, ઢોર ચારી, કોલસાની ખાણમાં મજૂરી કરતો. ૧૯૧૭માં રશિયાની ક્રાન્તિ સમયે ૨૩ વર્ષના આ યુવાને કાંઈ ખાસ મહત્ત્વનો ભાગ ભજવ્યો નહતો. પણ પછી સ્ટાલીનનો અનુયાયી થયો અને પોતાની શકિતથી અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું. સ્ટાલીનના અકથ્ય અત્યાચારોનો સહભાગી હતો. ૧૯૫૩માં સ્ટાલિનના મૃત્યુ પછી, બે વર્ષમાં પોતાના હરીફોને હટાવી, સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું અને ત્યાર પછી ૧૦ વર્ષ તેની સ્વતંત્ર રાજનીતિનો પરિચય આપ્યો. કુશ્ચેવમાં શહેરી નાગરિકની સભ્યતા ન હતી. ખેડૂત અને મજૂરની નિખાલસતા અને હૃદય હતા. કુશ્ચેવનું ઈતિહાસમાં સ્થાન રહેશે તેના ત્રણ મહત્ત્વના કાર્યોથી. સ્ટાલિનના ૩૦ વર્ષના એકચક્રી રાજ્યમાં ભય અને ત્રાસનું સામ્રાજ્ય જામ્યું હતું. કુશ્ચેવે કાંઈક પ્રાયશ્ચિત રૂપે, રશિયાને આ ભય અને ત્રાસમાંથી મુકત કર્યા. ૧૯૫૬ માં સ્ટાલિનના અત્યાચારોને કુશ્ચેવે ઉઘાડા પાડયા અને જગત ચોંકી ઉઠયું. રશિયાએ, ખાસ કરી લેખકોએ કાંઈક ખુલ્લી હવા અનુભવી. સામ્યવાદને નવો ઝોક મળ્યો. પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો અને દુનિયાના બીજા દેશો સાથે પણ કુશ્ચેવે વલણ બદલાવ્યું અને સહઅસ્તિત્વના સિદ્ધાંતને અમલમાં મૂકયો. અમેરિકા સાથેના સંબંધો સુધારવા પ્રયત્નો કર્યા. બે વખત અમેરિકાની મુલાકાત લીધી. સામ્યવાદમાં liberal attitude દાખલ કરી પણ મર્યાદામાં. લેખકોને કાંઈક સ્વતંત્રતા મળી તો પણ પાસ્તરનીક નોબેલ પારિતોષક લઈ ન શકયા. પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો સાથે થોડા સ્વતંત્ર સંબંધો શરૂ કર્યા પણ હંગરીએ બળવો કર્યો ત્યારે તેને ભારે હાથે કચડી નાખ્યું. મતલબ, સામ્યવાદી માળખામાં છૂટછાટ મૂકી પણ માળખા ઉપર જ કોઈ પ્રહાર થાય તો અસહ્ય હતાં. આ liberal approachને કારણે ચીન સાથેના સંબંધો બગડયા અને માઓને મતે કુશ્ચેવ Revisionist મવાળ લેખાયા.

કુશ્ચેવની ખરી કસોટી કયુબાની કટોકટી વખતે થઈ. કયુબાને અણુશસ્ત્રો પુરા પાડયા તે કેનેડી માટે અસહ્ય હતું. રશિયા અને અમેરિકા અણુયુદ્ધને આરે આવીને ઊભા રહ્યાં. જગતનો શ્વાસ થંભી ગયો. પળેપળ દુનિયા નિહાળી રહી. આવા અણીના સમયે, કુશ્ચેવે પ્રતિષ્ઠાને કોરે મૂકી રશિયાના જહાજો પાછા વાળ્યા ત્યારે દુનિયાએ છુટકારાનો દમ ખેંચ્યો. કુશ્ચેવે બતાવ્યું કે યુદ્ધથી કોઈ પ્રશ્નનો નિકાલ થતો નથી.

રશિયાનું રાજકારણ રહસ્યમય છે. અચાનક ઑકટોબર ૧૯૬૪ માં દુનિયાએ સાંભળ્યું કે કુશ્ચેવ પદભ્રષ્ટ થયા છે. સ્ટાલીનનો સમય હોત તો ધડથી માથું જુદું થયું હોત. પણ કુશ્ચેવે સામ્યવાદમાં જે નવો યુગ શરૂ કર્યો હતો તેને પરિણામે ત્યાર પછી તે સાત વર્ષ જીવી શકયા.

કુશ્ચેવ ભારતના મિત્ર હતા. રશિયાએ તેના મૃત્યુની નોંધ ન લીધી પણ ઈન્દિરા ગાંધીએ તેની પત્નીને આશ્વાસનનો સંદેશો મોકલાવ્યો.

સ્ટેફન રોઝનફેલ્ડે તેના વિષે કહ્યું છે:

"Tough enough to rattle rockets and sentimental enough to handle grand-children; ruthless enough to spill honest men's blood and courageous enough to place man's fate above all else; narrow enough to make soviet citizens pay for the harsher aspects of communist ideology, and broad enough to put before men a vista of good life; this was Nikita S. Kruschew,"

**માણસ અને ઉંદર**

સિદ્ધપુર તાલુકાના ૪૧ ગામોમાં ઉંદરોનો સંપૂર્ણ નાશ કરવા એક દ્વિવાર્ષિક યોજના અમલમાં મૂકી છે. ભારત સરકાર અમેરિકાની આંતરરાષ્ટ્રીય વિકાસસંસ્થા, વિગેરે આ યોજનાને આર્થિક અને બીજા પ્રકારે મદદ અને માર્ગદર્શન આપે છે. તાલુકામાં યુવાન ખેડૂતોની સંસ્થા રચી છે અને "પ્રગતિશીલ" ખેડૂતોને આ યોજનાના સફળ અમલ માટે સહકાર આપવા પ્રચાર કરે છે. આ કામ માટે ગ્રામપંચાયતોને મદદ અપાય છે. ૮ મહિનામાં સિદ્ધપુર તાલુકાના ૧૬ ગામોમાં ૬૫,૦૦૦ ઉંદર માર્યા. ૬૧૪ માણસની વસ્તીના એક જ ગામમાં ૧૫ દિવસમાં ૩,૪૭૦ ઉંદર માર્યા. યોજનાની સંપૂર્ણ સફળતા માટે સરસ્વતી અને ખારી બે નદીઓ વચ્ચેનો પ્રદેશ પસંદ કર્યો છે કે જેથી ઉંદર નદી પાર કરી છટકી ન શકે. ઉંદર ઘણી ચકોર જાત હોવાથી, તેને કોઈ છટકબારી રહેવા ન દેવી. વળી, ઉંદરની ઉત્પત્તિ ઘણી વધારે થતી હોવાથી, એક પણ ઉંદર જીવતો રહેવા ન દેવો કે જેથી નવી ઉત્પતિ થાય જ નહિ. ઉંદર મારવા ઝેરી દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. અનાજ સાથે ભેળવી ઉંદરને ખાવા લલચાવવા. આ યોજના સફળ થાય એટલે ગુજરાતના અને દેશના બીજા પ્રદેશોમાં તેનો અમલ થશે.

આ યોજનાનો ઉદ્દેશ ઉંદરો અનાજ ખાઈ જાય છે અને નુકસાન કરે છે તે બચાવવાનો અને ઉંદર માણસને કરડી રોગ ફેલાવે છે તે અટકાવવાનો છે. ઉંદરથી અનાજને કેટલું નુકસાન થાય છે તેનાં આંકડાઓ આપવામાં આવે છે અને કહેવાય છે કે ઉંદરનો સંપૂર્ણ નાશ થઈ જાય –અને કરોડોની સંખ્યામાં છે –તો દેશને અનાજનો તોટો ન રહે અને પ્લેગ જેવા રોગોમાંથી માણસ બચી જાય.

ઉંદરો અનાજ ખાઈ જાય છે અથવા નુકસાન કરે છે એ હકીકત છે. માણસે જીવવા માટે આટલી વ્યાપક હિંસા કરવી જોઈએ? આટલા ક્રૂર થવું જોઈએ? પોતાના લાભ માટે મનુષ્યેત્તર પ્રાણી–સૃષ્ટિનો આવો સંહાર કરવાનો ઈશ્વરે મનુષ્યને અધિકાર આપ્યો છે? મનુષ્યેત્તર પ્રાણીસૃષ્ટિને જીવવાનો કોઈ અધિકાર નથી? આવાં ઘણાં સવાલો અંતરમાં ઊઠે છે. જે કાંઈ થાય છે તેના સમર્થનમાં ઘણું કહેવાય એવું છે તે હું જાણું છું. આક્રામની ખેતીને વાંદરાઓ નુકસાન કરતા ત્યારે ગાંધીજીને આ પ્રશ્ન ગંભીરપણે વિચારવો પડયો હતો. પણ આ બધામાં કાંઈ વિવેક, કાંઈ મર્યાદા, કાંઈ અંતરખેદ, હોય ખરો કે નહિ? એનો ઉન્માદ હોય? કાંઈક સહન કરીને પણ માણસાઈ ટકાવી રાખવી કે વિજયનો નશો ચડાવવો? બીજા કોઈ ઉપાયો વિચારવા કે "નિષ્ણાતો" ને બુદ્ધિ અને હૃદય વેચી દેવા? કુદરતમાં અપાર હિંસા છે માટે જ માનવી માટે અહિંસા ધર્મ છે.

**ચીમનલાલ ચકુભાઈ**

# વિપશ્યના સાધના

આ નામ અને આ સાધનાનો પ્રકાર બેઉ, આપણે માટે નવાં છે. મારા એક મિત્ર અને જાણીતા અવધાનકળાનાં જ્ઞાતા શ્રી મનહરલાલ શાહ તરફથી આ સાધના વિશેની થોડી જાણકારી મેળવીને મને બહુ જ પ્રસન્નતા થઈ. તેઓ પોતે અધ્યાત્મમાર્ગના પ્રવાસી છે, અને એ ક્ષેત્રમાં સંશોધન અને સાધના કરી રહેલા છે. વિપશ્યના સાધનાની એક શિબિરમાં તેઓ જઈ આવ્યા હતા. એમને થયેલા સુંદર અનુભવ વિષે સાંભળીને મને પણ એ સાધનાની આગામી શિબિરમાં ભાગ લેવાનું મન થયું.

તે પ્રમાણે જુલાઈ માસની ૮ મી તારીખથી નેમાણીવાડીમાં શરૂ થનારી શિબિરમાં ભાગ લેવાનું નક્કી કરીને નિયત સમયપર શિબિરના સ્થાન પર પહોંચી ગઈ. શ્રી સત્યનારાયણજી ગોયેન્કા આ શિબિરોનું સંચાલન કરે છે. ત્રણ પેઢીથી બર્મામાં તેઓ વ્યાપાર-ધંધા અંગે વસી ગયા હતા. ધીકતો ધંધો અને અત્યંત શ્રીમંતાઈ વચ્ચે તેઓ ઊછર્યા અને ધંધામાં જોડાયા. તેમને માથામાં વિચિત્ર દર્દ લાગુ પડ્યું હતું. અનેક ઉપાયો કરવા છતાં કશો ફરક ન પડ્યો. છેવટે ઈલાજ કરાવવા માટે તેઓ પરદેશ ગયા. યુરોપ–અમેરિકાનાં નિષ્ણાત ડાકટરોને બતાવ્યું અને સારવાર લીધી. લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છતાં દર્દ તો ત્યાંનું ત્યાં જ રહ્યું. આખરે નિરાશ થઈને પાછા રંગુન આવ્યાં. દર્દ અસહ્ય બન્યું.

એક મિત્રે સૂચવ્યું કે શ્રી ઉબા-ખીન નામે એક ગૃહસ્થ-સંન્યાસી છે, તેમની પાસે ભગવાનબુદ્ધની પ્રબોધેલી સાધનાનો સુંદર અભિગમ છે, જેમાં ઊતરવાથી તન અને મનનાં રોગ, થાક, દુ:ખાદિનાં નિવારણ થાય છે. પ્રથમ તો શ્રી ગોયેન્કાજીને આ વાતમાં ભરોસો ન પડ્યો. તે છતાં દર્દ એટલું અસહ્ય હતું કે ડૂબતો માણસ જેમ તરણાને પકડે તેમ તેમણે પણ આ વાત ઉપર થોડો વિશ્વાસ મૂક્યો અને શ્રી ઉબા-ખીનને મળવા ગયા. તેમનું પ્રેમ અને કરૂણા નીતરતું વત્સલ વ્યકિતત્વ જોઈને ગોયેન્કાજી પ્રભાવિત થયા. તેમણે કહ્યું કે મારી પાસે કોઈ જાતનાં રોગોને મટાડવાની સીધી દવા નથી. પણ આ વિપશ્યના સાધના દ્વારા મનુષ્ય પરમ શાંતિ મેળવી શકે છે. જે મેળવવા પ્રત્યેક મનુષ્યની આંતરિક ભાવના હોય છે અને તેનાં આડકતરાં લાભોમાં (By Product) શરીર દુ:ખમુકત બને છે. અને તે માટે દસ દિવસની સાધનામાં બેસવું પડે.

મનુષ્य की बुद्धिकी विडम्बना तो देखो? શ્રી ગોયેન્કાજી કહી રહ્યા હતા : "कि सोलह सालोंसे ईस भयंकर व्याधिसे मैं पीड़ित था। अनेक उपाय किये, आखिर, युरोप अमरिकाका देढ़ सालका प्रवास भी किया, लेकिन इन गुरुदेवने जब दसदिन साधना में बैठनेके लीए कहा तब मैंने कहा कि मेरा व्यापार-धंधा छोड़कर इतना सारा समय मैं कहाँसे लाऊं? आप कहे तो सुबह या शाम थोड़ी थोड़ी देर आ सकता हुँ।" गुरूदेवने शान्तिसे कहा कि "जब पूरे दसदिनका समय हो तब आना।"

આખરે વ્યાધિથી થાકી - હારીને છ માસ બાદ દસ દિવસ સાધનામાં બેસવાનો નિર્ણય કરીને ગુરુદેવનાં ચરણમાં તેઓ પહોંચી ગયા અને સાધનામાં લાગી ગયા. સાધનામાં જેમજેમ આગળ વધતા ગયા તેમતેમ મન પર તેની અસર પડવા લાગી. માથાનું દુ:ખ જાણે ઓછું થતું લાગ્યું. દસદિવસની સાધના બાદ માથું જાણે હલકું ફૂલ બની ગયું." આ તો મારા મનથી એક ચમત્કારજ હતો." આવી બે-ત્રણ શિબિરોમાં ભાગ લીધા પછી જાણે આવા દુ:ખાવા જેવો કોઈ વ્યાધિ તેમને કોઈ દિવસ હતો જ નહિ તેવી દુ:ખમુકિત અનુભવીને અત્યંત હર્ષ પામ્યા. પછી તો અવાર-નવાર પંદર દિવસ મહીનો અને કોઈ કોઈ વાર છ માસ પણ ગુરુદેવનાં તેમ જ તેમની ધર્મપુત્રી શ્યામામાતાનાં સાન્નિધ્યમાં રહીને સાધનામાં અત્યંત ઊંડાણ સાધ્યું. તેમનાં મનમાં ભાવના જાગી કે મારા જેવા કેટલાયે લોકો હશે કે જેઓ શારીરિક અને માનસિક પીડાથી ગ્રસ્ત હશે, અને પીડામુકિત માટે અનેક ઉપાયોમાં અટવાતા હશે. તેઓને જો આ સરળ પદ્ધતિ બતાવવામાં આવે તો કેટલો બધો લાભ થાય! ગુરુદેવે પણ કહેલું કે આ સાધનાપદ્ધતિની સમૃદ્ધિ ભારતવર્ષની છે. ત્યાંથી અમને આ ધન મળ્યું છે. જેને અમે ખૂબ જતનથી સાચવી રાખ્યું છે અને તેની ખુલ્લા મનથી લહાણી કરી રહ્યાં છીએ. પરંતુ આપણાં સૌનું એ કર્તવ્ય છે કે જ્યાંથી આ ધન મળ્યું છે તે દેશનાં લોકોને પણ આ સુખસમૃદ્ધિના ભંડારમાં સહ-ભાગી બનાવવા.

તેમણે શ્રી ગોયેન્કાજીને આદેશ આપ્યો કે ભારત જાવ અને ત્યાં સાધનાશિબિરો યોજીને ભગવાન તથાગતના આ કલ્યાણ-મય સંદેશને ત્યાં પ્રવાહિત કરો. ગોયેન્કાજીએ આદેશને શિરો-ધાર્ય કર્યો, અને ધંધોધાપો પોતાનાં પુત્રને સોંપીને ભારત આવ્યા. પ્રારભમાં તો તેમને બર્મા સરકાર તરફથી ફકત મહિના કે દોઢ મહિના-ની જ પરવાનગી મળતી હતી. પરંતુ હમણાં પાંચ વર્ષ માટે મેળ-વીને આવ્યાં છે. ભારતનાં વિવિધ સ્થાનોમાં શિબિરો યોજાય છે. હમણાં ૩૦ મી શિબિર મુંબઈમાં ચાલી રહી છે. ત્યારબાદ કુશી-નગર, ડેલહૌસી, બિકાનેર અને પાછી નવેમ્બરમાં ૫ થી ૧૧ અને ડિસેમ્બરની ૨ થી ૧૨ સુધી મુંબઈમાં યોજાવાની છે.

આટલી પ્રારંભિક ભૂમિકા પછી હવે મુખ્ય વાત પર આવીએ. આ સાધનાશિબિરોમાં પરદેશી સાધકોની મોટા પ્રમાણમાં હાજરી ધ્યાન ખેંચે તેવી હોય છે. અત્યંત ઉત્સાહ અને લગનથી તેઓ સાધનાની પ્રત્યેક બાબતો સમજવા માગે છે અને નિષ્ઠાપૂર્વક તે પ્રમાણે આચરવાની કોશિશ કરે છે. કેટલીક શિબિરોમાં ભારતીઓ કરતા પરદેશીઓની સંખ્યા વધારે રહે છે. આમાંનાં કેટલાક સાધકો તો ત્રણત્રણ ચારચાર શિબિરોમાં જઈ ચૂકેલા હોય છે, અને છતાં પાછા તેટલા જ ઉત્સાહપૂર્વક ત્યાર પછીની શિબિરમાં દાખલ થઈ જતા હોય છે. બે - ત્રણ સાધિકા બહેનોએ તો કહ્યું કે તેમનાં વિશ્વ-પ્રવાસના કાર્યક્રમમાં ભારતમાં ફરવાનો કાર્યક્રમ અઢી માસનો હતો. તેટલા સમયના ગાળામાં જેટલી અને જ્યાં આ શિબિરો યોજાય છે ત્યાં અમે અચૂક લાભ લઈએ છીએ. બાકીનો વચ્ચેનો થોડો જે સમય ફાજલ રહે તેમાં આસપાસનાં બે-ચાર સ્થાનોમાં ફરી આવીએ છીએ. પણ ખરૂં પૂછો તો આ શિબિરોમાં અને શ્રી ગોયે-ન્કાજીની ભગવાન બુદ્ધની પ્રરૂપેલી સાધના પદ્ધતિથી શીખવામાં એટલો આનંદ અને સંતોષ મળે છે અને જાણે સમગ્ર ભારતનું દર્શન અહિં જ મળી જતું હોય તેવો અનુભવ થાય છે. એટલે બીજે કશે ફરીને સમયને વેડફવાનું મન નથી થતું. પરદેશી સાધ-કોમાં, વિદ્યાર્થીઓ, ધંધાદારી–વ્યવસાયી લોકો, પ્રોફેસરો, શિક્ષણકારો, ફિલસૂફો, અને અલગારી પ્રવાસીઓ – એમ બધી જાતનાં ભાઈ બહેનો હોય છે. એકાદ બે હિપ્પી પણ જોયા. પરંતુ તેમનાં હિપ્પી-પણાંને યોગ્ય દિશામાં વહેવાની જાણે તક સાંપડી હોય તેમ તેઓ પણ શિબિરનો એકેએક નિયમ અને આચાર સભાનતાપૂર્વક પાળતા જણાતા હતા.

શિબિરને પ્રથમ દિવસે પ્રાથમિક માર્ગદર્શન માટે શિબિરાર્થી-ઓને એક નાની નોંધ આપવામાં આવે છે. તેમાં પંચશીલનું પાલન એ મહત્ત્વની સૂચના હોય છે. પ્રત્યેક સાધકે ઓછામાં ઓછું તે શિબિ-

રમાં રહે તે દરમ્યાન અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય તથા માદક વસ્તુઓનું અસેવનવ્રત્ત લેવાનું હોય છે. સાધકે શિબિરસ્થાનની બહાર જવાનું, અધિક ભોજન કરવું, ગપસપ, ચર્ચા–તર્ક–વિતર્ક, અને મિથ્યા વાતચીતો કરીને સ્વયંની તેમ જ બીજા સાધકોની શાંતિનો ભંગ કરવાનું વર્જિત હોય છે. સ્વચ્છતા તથા પ્રત્યેક નિયમોનું પાલન અનિવાર્ય રહે છે.

પ્રતિદિન પ્રભાતમાં ૪ વાગે ઊઠવાનું અને અર્ધા કલાકમાં પ્રાતઃકાર્ય આટોપીને પોતાનાં સ્થાન પર જ છ વાગ્યા સુધી સાધનામાં બેસવાનું હોય છે. છ થી સાડા છ પ્રાર્થનામાં ઐચ્છિક રીતે જવાનું. આ સમયે શ્રી ગોયેન્કાજી તેમનાં તાકાતવાન છતાં પ્રેમમય અને સૂરેલ કંઠથી પાલી ભાષાનાં શ્લોકો અત્યંત ભાવપૂર્ણ-રીતે ગાય છે. પોતે એટલા ભાવવિભોર થઈને ભગવાન તથાગતને, ગુરુદેવ ઉબા - ખીનને, તેમ જ શ્યામમાતાને પ્રેમભરી શ્રદ્ધાંજલિ આપતા હોય છે કે પ્રાર્થનામાં ઉપસ્થિત સાધકો પર એની સુંદર અસર થાય છે. સાડા છ પછી સ્નાનાદિ અને ચા-નાસ્તાથી પરવારીને બરાબર આઠ વાગે મોટા હોલમાં સામૂહિક સાધના હોય છે. નિશ્ચિત સમય પહેલાં જ પાંચદસ મિનિટે સાધકો સાધનામાં બેસી જતા હોય છે. કોઈને બોલાવવાની જરૂર નથી રહેતી. આઠથી નવ, એક કલાકની સાધના પછી ભારતીય સાધકોને પોતપોતાનાં સ્થાન પર જઈને નવથી સાડા અગિયાર સુધી સાધના કરવાની હોય છે. અને વિદેશી સાધકો માટે શ્રી ગોયેન્કાજીનું પ્રવચન હોય છે. સાડા અગિયાર વાગે ભોજનનો સમય રહે છે. ભોજન અત્યંત સાદું, પૌષ્ટિક, સાત્ત્વિક અને સ્વચ્છ હોય છે. ભોજન પછી થોડો આરામ અને દોઢ વાગે પોતાનાં સ્થાન પર સાધના કરવાની. અઢી વાગે હોલમાં સામૂહિક સાધના. સાડાત્રણથી પાંચ સાધકોને વ્યક્તિગત રીતે સાધનામાં કશી અડચણ હોય તો તે ઠીક કરાવે છે. સાંજે પાંચથી છ ચહા, દૂધ અને ફ્રી સમય. છ વાગ્યાથી સામુહિક સાધના સાત વાગ્યા સુધી, સાતથી આઠ તેમનું પ્રવચન હિંદીમાં. તે વખતે વિદેશી સાધકો પોતાના સ્થાન પર સાધના કરે છે. આઠથી નવ પાછી સામુહિક સાધના હોય છે. સાધકો માટે રાત્રિભોજન ઉપકારી નથી હોતું એટલે નવ વાગે સૌને દૂધનો મોટો ગ્લાસ, બે કેળાં અને બીજું સીઝનનું ફળ આપવામાં આવે છે. દૂધ અને ફળોનું હલકું ભોજન સાધના માટે ઘણું ઉપયોગી બને છે. સાડા નવ વાગે સુઈ જવાનું હોય છે. આ પ્રમાણે દૈનિક કાર્યક્રમ રહે છે. તદુપરાંત સવારે ભોજન પછી અને સાંજના પાંચથી છના ફ્રી સમયમાં કોઈને વ્યક્તિગત રીતે શ્રી ગોયન્કાજીને મળીને વાત કરવી હોય, સાધનાની મુશ્કેલીઓ રજૂ કરવી હોય અને તેનો ખુલાસો મેળવવો હોય, કંઈ ચર્ચા કરવી હોય તો તે માટે તેઓ તૈયાર હોય છે. તેમની સાથે વાતચીત કર્યા પછી ગમે તેવા સંશયાત્મક, અને તર્કવાદી પણ અત્યંત આનંદ અને સંતોષ મેળવી પાછા ફરે છે. તેમનાં હૃદયની સરળતા અને પારદર્શિતાથી આવું પરિણામ આવે છે.

શિબિરનિવાસના ચોથા દિવસે આખો દિવસ મૌન રાખવાનું હોય છે. પાંચમા દિવસની રાત્રિના નવથી છઠ્ઠા દિવસની રાત્રિના નવ સુધીનું મૌન, સાતમા દિવસની રાત્રિના નવથી આઠમા દિવસની રાત્રિના નવ સુધીનું મૌનપાલન અનિવાર્ય રહે છે. આ મૌન જરૂરનું એટલા માટે બને છે કે આટલા દિવસની સતત સાધના પછી મન આપોઆપ અંતર્મુખ બનતું જાય છે. તે વખતે જાણે કોઈ બોલે જ નહિ, અને આપણે પણ કોઈ જોડે ન બોલવું પડે તો કેવું સારું - તેવી લાગણી બળવત્તર બને છે. મૌનના દિવસોમાં અત્યંત આનંદ આવે છે અને ભીતરનાં અગોચર પ્રદેશમાં જે કંઈ ફરક પડતો જાય છે તેનું શાંતિથી નિરીક્ષણ કરવાનું શક્ય બને છે. શિબિર દરમ્યાન સૌ કોઈ આખો દિવસ પોતાની સાધનામાં એટલા વ્યસ્ત અને મસ્ત રહે છે કે બીજા કોણ કોણ લોકો અને કયાંથી આવ્યાં છે, તે જાણવાની નથી રહેતી ફૂરસદ કે નથી મન પણ થતું. કોઈને શું અનુભવ થયો તે જાણવા કરતાં આપણને પોતાને શું થાય છે તે જાણવા–સમજવા તરફ વિશેષ લક્ષ રહે છે.

આ સાધના દરમ્યાન પૂ. પરમાનંદભાઈની યાદ વારંવાર આવ્યા કરતી હતી. તેઓ મારા આધ્યાત્મિક વિકાસની પ્રત્યેક બાબતો માટે ઊંડો રસ ધરાવતા હતા. અને તે માટે જાણવા–સમજવા માગતા હતા. મારે કયાંય બહારગામ જવાનું હોય, કોઈ આશ્રમની મુલાકાત, યા સાધના કે શાંતિ માટે થોડા દિવસ ગઈ હોઉં ત્યારે, ત્યાંથી આવ્યા પછી તેઓ તરત જ એ બધી વાતો અત્યંત વાત્સલ્ય, ઊંડો રસ અને ઉત્સાહથી જાણવા માગતા હોય. તેવી જ રીતે તેઓ પોતે પણ કયાંય બહાર જઈને આવ્યાં હોય તો તે બધી વાતો પણ એટલા જ ઉત્સાહ આનંદ અને પ્રસન્નતાપૂર્વક વિગતથી મને ન કહે ત્યાં સુધી એમને શાંતિ ન થતી.

છેલ્લે છેલ્લે પણ તેઓ મોટો પ્રવાસ કરીને આવેલા તેની વાતો મને કહેવાનાં હતા, પણ વચમાં ઋતંભરા - શકિતદલનો વાર્ષિક દિવસનો મોટો સમારંભ આવવાનો હોઈને હું તેમાં વ્યસ્ત હોઉં તેમ સમજીને એમણે કહેલું કે સમારંભ બાદ એક દિવસ નિરાંતે આવીને પ્રવાસની વાતો વિગતે કહેવી છે. હું પણ એ દિવસની ઉત્સુકતાથી રાહ જોતી હતી. પણ કોને ખબર હતી કે તેઓ અનંતને પ્રવાસે આટલા જલ્દી અચાનક ઉપડી જશે! હવે કોણ એટલા વાત્સલ્ય અને પ્રેમથી વાતો કહેશે અને સાંભળશે? કોણ આટલો ઊંડો રસ ધરાવીને આપણને વિકાસના પથ પર અગ્રસર રહેવાની પ્રેરણા આપશે?

વિપશ્યના સાધના દરમ્યાન વારંવાર આ વિચારો આવતા હતા. અને પરમ વિશ્વાસપૂર્વક એ લાગણી થતી હતી કે જો પૂ. પરમાનંદભાઈ હૈયાત હોત તો આ સાધનાની વાતો સાંભળીને તેઓ પહેલી તકે શિબિરનો લાભ લઈને ઘણાં વખતની, વિચારમુકિતનાં પ્રદેશનો શો અનુભવ હોય છે તે જાણવાની, તેમની પ્રબળ જિજ્ઞાસાને પૂરી કરવા તરફ આગળ વધવાનું વિચારતે. આવી અદમ્ય ઈચ્છા સાથે તેઓ ગયાં છે.

વિપશ્યના સાધનાનાં ચાર મહત્ત્વનાં સ્તંભ વિશે હવે પછીના અંકમાં ચર્ચા કરીશું.

ક્રમશ: પૂર્ણિમા પકવાસા

## પરમાનંદ–વિચાર મુકતકો

વર્તન કરતાં પણ વાણીનો ઘા માણસને વધારે આકરો લાગે છે. આપણી વાણીમાં સત્ય જોઈએ; સ્પષ્ટતા જોઈએ; નીડરતા જોઈએ; પણ સાથે સાથે બને તેટલી મૃદુતા અને નમ્રતા જોઈએ.

* * *

દરેક પ્રવૃત્તિ તેમ જ દરેક વૃત્તિ આખરે પ્રગતિની પોષક હોવી જોઈએ.

* * *

મારો વિચાર જ સત્ય હોઈ શકે, અન્ય જે કાંઈ વિચારે છે તે કેવળ અસત્ય અને અવનતિને માર્ગે લઈ જનારું જ હોય છે એવી એકાન્તિક કલ્પના આપસમજણના વધારેપડતા ખ્યાલને સૂચવે છે. પહેલાં તો જે પ્રમાણિકતાનો યશ આપણે આપણા વિચારને આપીએ તે પ્રમાણિકતાનો યશ આપણાથી વિરુદ્ધ વિચાર ધરાવનારને આપણે આપવો જ જોઈએ.

# ધર્મગ્રંથો અને સત્યશોધન

[મોહનલાલ મહેતા–સોપાન, સાહિત્યકાર અને પત્રકાર તરીકે ખ્યાતિ પામેલા છે. જીવન વિશેના એમના ચિન્તનલેખો ઘણાં વર્ષોથી તેઓ 'શ્રી' ના ઉપનામે લખે છે. 'અખંડ આનંદ'ના આરંભથી લગભગ દસ વર્ષ સુધી, અને તે પછી 'જીવનમાધુરી' તથા 'અભિનવ ભારતી' માં આવા ચિન્તનલેખો પ્રગટ થયા છે. આ પ્રકારના લેખ માટેની અમારી માગણીના જવાબમાં એમણે આ લેખ મોકલ્યો છે. યોગ્ય રીતે તે લેખ 'શ્રી' ના ઉપનામે જ પ્રગટ કર્યો છે. આવા બીજા લેખો માટે પણ એ જ ઉપનામનો ઉપયોગ થશે. તંત્રી]

* * *

આત્મજ્ઞાન, ઈશ્વર-સાક્ષાત્કાર, સત્યશોધન વગેરે માટે ધર્મ-ગુરુ અને ધર્મગ્રંથો સહાયરૂપ થાય કે અંતરાયરૂપ બને તે વિશે કેટલાક વિચારકો વચ્ચે જે મતભેદ જોવા મળે છે તે આશ્ચર્ય ઉપજાવે છે. પ્રાચીન પરંપરાઓમાં ગુરુ અને ગ્રંથનો ઘણો મહિમા ગવાયો છે, સંતો–ભક્તોની વાણીમાં તેના ગુણગાનનો કોઈ પાર નથી. એમની સહાય વિના મોક્ષમાર્ગ, પ્રભુમાર્ગ, આત્મખોજ શક્ય નથી એમ પણ ક્યાંક કહેવાયું છે. સાથેસાથે પ્રાચીનકાળથી એમ પણ વાંચવા સાંભળવા મળે છે કે જે કંઈ શોધવાનું, મેળવવાનું, સાક્ષાત્કાર કરવાનું છે તે તારામાં જ છે–તું જ એ છે, માટે બીજી આળપંપાળ છોડીને તને જ તું ઓળખ, તને જ તું પ્રાપ્ત કર, તારો જ સાક્ષાત્કાર તું કરી લે. કેટલાક આધુનિક વિચારકો તો વધુ ભાર મૂકીને સ્પષ્ટતાપૂર્વક કહે છે કે ગુરુ કે ધર્મગ્રંથનો આધાર લેશો તો તમે અવળે માર્ગે ચડી જશો. તમારે મેળવવાની છે મુક્તિ, જ્યારે ગુરુ ને ધર્મગ્રંથો તો ચોક્કસ પ્રક્રિયા ને પદ્ધતિનાં સૂચન દ્વારા તમને જાતજાતનાં બંધનમાં જકડી રહ્યા છે! તમારું મન જ્યાં સુધી બંધાયેલું હશે ત્યાં સુધી મુક્તિની આશા રાખી શકાશે નહિ. હા, બંધનમુક્ત મનમાં સત્યપ્રાપ્તિનો, ઈશ્વર–સાક્ષાત્કારનો, આત્મજ્ઞાનનો ભ્રમ પેદા થશે ખરો, પરંતુ ખરેખર એવું કશું તમને મળશે નહિ. સાચી રીતે વિચારતાં મારે કે તમારે કંઈ મેળવવાનું જ નથી, કંઈ થવાનું જ નથી, કશું શોધવાનું જ નથી, સર્વ બંધનથી મુક્ત થતાંની સાથે આપોઆપ બધું પ્રગટી આવવાનું છે; માટે ગુરુથી છૂટી જાઓ, ધર્મગ્રંથોની આજ્ઞાઓથી મુક્ત થઈ જાઓ અને અંતરમાં પડેલા સત્યને પ્રગટ થવા દો.

ગુરુ અને ગ્રંથની મહત્તા પર પ્રહાર કરનારા વિચારકો એમ ઈચ્છતા નથી કે કોઈ તેમના અનુયાયી થાય, કોઈ તેમનું માર્ગદર્શન માગે, કોઈ તેમને ગુરુપદે સ્થાપે, કોઈ તેમણે બતાવેલા માર્ગે કદમ ઉઠાવે. એમની માગણી કે લાગણી એ છે કે જે કંઈ કરવાનું છે અથવા નથી કરવાનું તે બધું તમારી સાથે, કેવળ તમારી જ સાથે સંબંધ ધરાવે છે. આમ છતાં સૌ કોઈ જાણે છે કે આવા વિચારકો, સાધુઓ કે તત્ત્વચિન્તકની આસપાસ એક શિષ્યમંડળ રચાઈ જાય છે, એમના પ્રત્યે અંગત રીતે શ્રદ્ધા ને ભક્તિ પણ કેળવાય છે, એમનાં વચનોને નોંધવામાં આવે છે, છપાવવામાં આવે છે, ટેપ કે રેકોર્ડ પર મઢી લેવામાં આવે છે અને સત્યનો આ જ માર્ગ છે એવો પ્રચાર પણ કરવામાં આવે છે! સામાન્ય રીતે સીધીસાદી એ વાત ભૂલી જવાય છે કે 'આ નહિ, તે નહિ,' એમ કહેવું અને 'આ' કે 'તે' નું સમર્થન કરવું એ પણ એક પ્રકારનું માર્ગદર્શન જ છે! ગુરુનો દરજ્જો ધારણ ન કર્યો હોય અને એવાં વચનો જેમાં સંધરાતાં હોય તેને ધર્મગ્રંથનું નામ ન આપવામાં આવ્યું હોય તો પણ તેની એક મહત્તા તો પ્રાપ્ત થઈ જ જાય છે. પોતાના પિતાને કોઈ કાકા કહે, ભાઈ કહે, મોટાભાઈ કહે, કે નામથી બોલાવે, પરંતુ અંતરનો ભાવ જો પિતાનો હોય તો સંબોધનથી ખાસ કોઈ ફેર પડતો નથી.

સામાન્ય બુદ્ધિથી વિચારતાં એમ લાગે છે કે ખરો ઝઘડો બંધન અને મુક્તિનો જ છે. મુક્તિની મહત્તા બધા જ ગાય છે, પરંતુ તેની પ્રાપ્તિ માટે જ્યારે પદ્ધતિ નક્કી કરવામાં આવે છે અને તેનો આગ્રહ રખાય છે ત્યારે તેમાંથી બંધન સરજાય છે. જગતના નાના–મોટા સંપ્રદાયો આવાં બંધનો નિર્માણ કરનારાં અને તેને બળ આપનારાં સંગઠનો છે એમ કહીએ તો ખોટું નથી. ગુરુ, ગ્રંથ, સંપ્રદાય વગેરેથી છૂટી જવાની હિમાયત કરનારાઓ પણ વિવેકદૃષ્ટિ કેળવવાને બદલે એ બધાં સામે વિરોધદૃષ્ટિ કેળવે અને મુક્તિનો પણ આગ્રહ રાખવા માંડે તો તે પણ સંપ્રદાય જ બની જાય એમાં શંકા નથી. અનેક સંતો-ભક્તોની મૂળ વાણીમાં સંપ્રદાય અને ક્રિયાકાંડનો વિરોધ જોવા મળે છે, સર્વધર્મ સમભાવ કે સર્વધર્મ મમભાવથી માંડીને સર્વ પ્રત્યે તિરસ્કાર વિનાની સહજ ઉપેક્ષા કેળવવાની વાત એમણે કરી હોય એવું સમજાય છે, પરંતુ ઘણી વાર તો તેમના જીવનકાળ દરમિયાન જ અને ક્યારેક તે પછી એમને નામે જ એક નવો સંપ્રદાય રચાઈ જાય છે અને નવા પ્રકારે ક્રિયાકાંડ, ધર્મગ્રંથ, વિધિનિષેધ, ગુરુપદ વગેરે શરૂ થઈ જાય છે! મૂળ ઝઘડો, જે બંધન અને મુક્તિનો જ છે તે ભૂલાઈ જાય છે અને નવા પ્રકારનાં આકર્ષક બંધનને મુક્તિ સમજવામાં આવે છે! આગળ જતાં એમાં પણ મંદિર, સ્થાનક, મૂર્તિ, તસ્વીર કે ગ્રંથ આદરણીય મનાઈ જાય છે!

આમ થવાનું કારણ શું છે તે આપણે શોધવું જોઈએ અને સમજવું જોઈએ. તટસ્થ અવલોકનથી એમ દેખાયું છે કે પરંપરા પ્રમાણે ચાલનારો એક વર્ગ શાસ્ત્રોને નામે ઓળખાતા ગ્રંથોને આખરી શબ્દરૂપ માને છે. એમાં જે લખ્યું છે તેથી વિશેષ આ વિશ્વમાં કંઈ જ છે નહિ અને તેમાં સુધારવા જેવું, ઉમેરવા જેવું કંઈ હોઈ શકે જ નહિ એવી શ્રદ્ધાથી તે ચાલે છે. આ શાસ્ત્રોના શબ્દોને સંપૂર્ણ, અંતિમ અને અફર માની ચાલનારા આ વર્ગમાં કોઈ બુદ્ધિવાદી જાગે છે ત્યારે થોડોક ખળભળાટ થાય છે, પણ આગળ જતાં સંપ્રદાયમાં વળી પેટા-સંપ્રદાયો નિર્માણ થવા માંડે છે, પરંતુ મૂળ સ્થિતિમાં ખાસ ફેર પડતો નથી.

મનુષ્યનો સ્વભાવ સત્ય શોધવાનો–પોતાને ઓળખવાનો અને પામવાનો છે, એટલે એકસરખી સ્થિતિ તો રહી શકતી જ નથી. આ જગતમાં ધર્મો ને સંપ્રદાયોની સંખ્યા, મૂળ રૂપે કે પેટા રૂપે વધતી જતી હોવાનું આ કારણ છે. 'ધર્મસુધારકો' ને નામે ઓળખાયેલા આવા બુદ્ધિમાનોમાંથી કેટલાક મૂળતત્વ સુધી પહોંચી શકતા નથી ત્યારે શાસ્ત્રો ને ગુરુવચનોના શબ્દોના પોતાની સમજ પ્રમાણે નવા અર્થો ઘટાવે છે અને પોતાની માન્યતા સાથે તેનો મેળ બેસાડે છે. બીજા કેટલાક મૂળ તત્વને સ્પષ્ટ રૂપે કે કેવળ ઝાંખી થઈ હોય એટલું પામી જાય છે, પરંતુ બુદ્ધિયુક્ત રીતે સમાજની સામે–પરંપરાની સામે ઊભા રહેવાનું એમનામાં બળ ન હોવાથી તે પણ સામાન્ય સુધારણાથી સંતોષ માને છે. આ રીતે સંપ્રદાયો વધે છે અને સંપ્રદાયમાં અનેક પેટાસંપ્રદાયો નિર્માણ થાય છે. આ બધા લોકોને આપણે એક અથવા બીજા પ્રકારના બંધનદ્વારા મુક્તિની શોધમાં ચાલનારાઓ કહી શકીએ! આ પરંપરામાં 'જ્ઞાનીઓ' મળે, 'કર્મયોગીઓ' મળે અને 'ભક્તો' પણ મળે!

એક બાજુ આવાં શાસ્ત્રો અને ગુરુવચનોને સર્વસ્વ માનનારાઓ છે તેમ બીજી બાજુએ બધાને તદ્દન શૂન્યરૂપ જ નહિ, પરંતુ હાનિકર માનનારાઓ પણ પડ્યા છે. મુક્તિના આ હિમાયતીઓ વિરોધ દ્વારા પણ બંધન સરજી બેસે છે તે વાત ભૂલી જવાય છે. કોઈ વિચાર કે વસ્તુનો આંખ મીંચી સ્વીકાર કરવો તેમાં જેમ જડતા છે તેમ તેનો એ જ રીતે અસ્વીકાર કરવામાં પણ જડતા જ રહેલી

છે. શાસ્ત્રો સર્વસ્વ છે, સંપૂર્ણ છે એમ માનવું ખોટું છે, પણ તેમાં કંઈ જ નથી, ત્યાં જશો તો બંધનમાં મુકાઈ જશો એમ માનવું પણ ખોટું છે. સ્વીકાર અને ઈનકાર, પુરસ્કાર અને તિરસ્કાર વિધિ અને નિષેધ બધું જ બંધનકર્તા છે. શાસ્ત્રો અને સંતોની વાણી એ સત્ય શોધવા નીકળેલા માનવીઓના પુરુષાર્થનો સંચય છે એમ સમજવું જોઈએ. સત્યની શોધ અનંતકાળથી ચાલે છે અને અનંતકાળ સુધી ચાલશે એમ સમજીને કોઈ ગુરુના, કોઈ શાસ્ત્રના, કોઈ સંત - મહંતના શબ્દોને પ્રમાણવાક્ય ન માનીએ, પૂર્ણ સત્ય ન સમજીએ, પરંતુ એ દિશાનો એક પ્રયત્ન, એક પુરુષાર્થ, એક પ્રયોગ સમજીએ તેમાં શું ખોટું છે?

ખરી જરૂર તો માનવચિત્તમાં વિવેકનો દીપક પ્રગટાવવાની છે. જેમ મહાનમાં મહાન વિજ્ઞાની ભૂતકાળની શોધોનો–પ્રયોગોનો લાભ ઉઠાવે છે, છતાં ત્યાં થોભી જતો નથી, તેમ આત્મજ્ઞાનની ઝંખના રાખનારાઓએ પણ ધર્મગ્રંથો, ગુરુવચનો, સંતવાણીનો વિવેકબુદ્ધિથી ઉપયોગ કરવો ઘટે છે. જે લોકો શાસ્ત્ર, ગુરુવચન કે સંતવાણીને આખરી શબ્દ માની લે એવા જડ કે અંધશ્રદ્ધાળુ હશે તે લોકો તેના વિરોધની વાતને પણ એવી જડતાથી સ્વીકારશે તો એ રીતે નવા બંધનમાં સપડાશે. ભૂતકાળમાં જે વિચારાયું છે, કહેવાયું છે, લખાયું છે, અનુભવાયું છે તેનો લાભ ઉઠાવવામાં શાણપણ છે. એ બધું સાધ્ય નથી, પણ સાધન છે, અમુક મર્યાદા સુધી જ ઉપયોગી છે એમ સમજીને જાગૃત રહીએ અને આપણો સ્વતંત્ર પુરુષાર્થ ચાલુ રાખીએ એટલું બસ છે.

'શ્રી'

## જૈનો વિષે સામાજિક સંશોધનની જરૂર

ચોવીસમા તીર્થંકર મહાવીરસ્વામીની પચીસમી શતાબ્દી ૧૯૭૪ માં આવે તે પ્રસંગ જગતભરમાં અને વિશેષે ભારતભરમાં ભવ્યતાપૂર્વક ઊજવાય એવી સૌની ઇચ્છા સ્વાભાવિક છે. આ પ્રસંગ માત્ર જૈનોનો જ નહિ પણ ભારતના ઇતિહાસનો એક મહા-પ્રસંગ ગણીને દેશ આખાએ ઊજવવો જોઈએ. જેમ ભગવાન બુદ્ધની પચીસમી શતાબ્દી થોડાં વર્ષ પૂર્વે મોટી ધામધૂમથી ઊજવાઈ હતી તેમ ભગવાન મહાવીરની પચીસમી નિર્વાણશતાબ્દી પણ પૂરા ગૌરવથી ઊજવાય એ ઉચિત છે. બૌદ્ધ અને જૈન બન્ને ધર્મોએ ભારતના ચિન્તન ઉપર અને સમાજજીવન ઉપર એટલી ઊંડી અસર કરેલી છે કે આપણા કેટલાક વ્યવહારનાં મૂળ એ ધર્મોમાં શોધવાં પડે. તેમાં પણ બૌદ્ધધર્મ આ દેશમાંથી લગભગ લુપ્ત થઈ ગયો (હવે સ્વ. આંબેડકરના કેટલાક અનુયાયીઓએ એને સજીવન કરવાનો પ્રયત્ન કર્યો છે એ જુદી વાત છે.) એટલે એની તુલનામાં ભારતના સમાજજીવન ઉપર તો કદાચ જૈન ધર્મની અસર વિશેષ હશે. અલબત્ત, અહીં એટલો ખુલાસો કરી લઉં કે જૈન ધર્મ ઉપર પણ ભારતના વ્યાપક વૈષ્ણવ ધર્મની અસર સારા પ્રમાણમાં થયેલી જણાય છે. એવી પરસ્પરની અસરમાંથી કોઈ ધર્મ મુકત ન રહી શકે. પણ મારો કહેવાનો આશય એ છે કે ભારતની વસ્તીના પ્રમાણમાં અનુયાયીઓની ઘણી નાની સંખ્યા ધરાવતા જૈન ધર્મે તેના કેટલાક આચાર - વિચારની અસર દેશ ઉપર પાડી છે, એટલે નાનો હોવા છતાં તે ધર્મનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી.

પચીસમી શતાબ્દી પ્રસંગે જૈન સંસ્થાઓ તથા ઉત્સવ - સંચાલકોને મારું એક સૂચન છે. જૈન ધર્મનાં શાસ્ત્રો અને સિદ્ધાંતો વિષે તો સારી સંખ્યામાં પુસ્તકો પ્રગટ થયાં છે અને થયા કરે છે. પણ જૈન સમાજ વિષે, જૈનોના સામાજિક ઇતિહાસ વિષે ઝાઝું સંશોધન થયું હોય એમ જણાતું નથી. એક તો ધર્મના અનુયાયીઓને શાસ્ત્રો અને વિધિ - વિધાનમાં વધુ રસ હોય. બીજું ભારતમાં સામાજિક ઇતિહાસ લખવાની પ્રણાલિકા જ નહિ. અને ત્રીજું આધુનિક ઢબે સમાજશાસ્ત્ર ભણાવવાની વ્યાપક સગવડો આપણી કૉલેજોમાં થોડા જ વખતથી શરૂ થઈ છે. આ બધાને પરિણામે જૈનોના સામાજિક ઇતિહાસ પ્રત્યે તથા તે અંગે કરવા જેવા સંશોધન પ્રત્યે ધ્યાન ન ગયું હોય તે સ્વાભાવિક છે.

મહાવીર - નિર્વાણની પચીસમી શતાબ્દી આ દિશામાં પ્રયત્ન કરવાનું એક નિમિત્ત બની શકે. જૈન કે જૈનેતર વિદ્વાનોને બે - ચાર વર્ષ કે વધુ સમય માટે આ પ્રકારનું સંશોધન કરવા પ્રોજી શકાય. આ પ્રસંગે ઉત્સવ માટે જે લાખો રૂપિયા એકઠા થશે તેનો થોડોક ભાગ આ દિશામાં વાળી શકાય.

આ સૂચન કરવા હું કેમ પ્રેરાયો તે કહું. મારા મનમાં હંમેશાં કેટલાક પ્રશ્નો પડયા છે જેનો સંતોષકારક જવાબ મને મળ્યો નથી. દાખલા તરીકે મહાવીરસ્વામી બિહાર, બંગાળા વગેરે પ્રદેશોમાં વિચર્યા. આમ છતાં એવું કેમ બન્યું છે કે આજે અઢી હજાર વર્ષે જૈન ધર્મ વધારે પ્રમાણમાં પશ્ચિમ ભારતમાં પ્રસરેલો છે? વળી જૈનોએ કોઈક યુગમાં એવો આગ્રહ રાખ્યો કે અમારા તીર્થંકરો તો ક્ષત્રિય જ હોય. એને પરિણામે દેવાનંદાના ગર્ભમાંથી મહાવીરનો જીવ ત્રિશલાદેવીના ગર્ભમાં લઈ જવામાં આવ્યો એવી વાત શાસ્ત્રોમાં દાખલ કરવામાં આવી. કોઈ આમાં તે યુગનો (એટલે કે જે યુગમાં આ વાત શાસ્ત્રોમાં લખાઈ હશે તે યુગનો–મહાવીરના યુગનો નહિ) જૈન સમાજનો બ્રાહ્મણદ્વેષ પણ જુએ. પણ એ આડ વાત થઈ. મારો પ્રશ્ન એ છે કે ક્ષત્રિય તીર્થંકરોના ધર્મનાં અનુયાયીઓ આજે આટલા મોટા પ્રમાણમાં વૈશ્યો કેમ? વળી મહાવીરની પૂર્વેનો જૈન સમાજ કેવો હતો? જૈન ધર્મ કેટલો પ્રાચીન છે? જૈન ધર્મે તો સ્ત્રીઓને સમાન અધિકાર આપ્યો પણ સમાજમાં જુદા જુદા યુગમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી? આવા આવા કેટલાક પ્રશ્નો મનમાં ઊઠયા કરે છે. આવા તો અસંખ્ય પ્રશ્નો જૈન સમાજ વિષે ઘણા લોકોને થતા હશે. એના કેટલાક દેખીતા જવાબો સૂઝતા પણ હશે. પણ એ દેખીતા જવાબોથી કામ ન ચાલે. આજે સંશોધનની જે પદ્ધતિઓ વિકસી છે તેનો ઉપયોગ કરીને આ દિશામાં સંશોધન કરવા જેવું છે. છેક મહાવીરના સમયથી, અથવા એથીયે પહેલાંના સમયથી, જૈન સમાજનો મળી શકે તેટલો કડીબદ્ધ ઇતિહાસ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ લખવાનો વિચાર કરતો હતો એ અરસામાં ઉપરના કેટલાક પ્રશ્નોના જવાબ આપે એવા એક ગ્રંથ વિશે ૧૧મી સપ્ટેમ્બરના 'કોમર્સ' સાપ્તાહિકમાં વાંચવા મળ્યું. શ્રીમતી એન. આર. ગુસેવા નામનાં સન્નારીએ રશિયન ભાષામાં લખેલા પુસ્તકનો અંગ્રેજી અનુવાદ શ્રી. વાય. એસ. રેડકરે 'જૈનીઝમ' નામથી કર્યો છે. તેમાં જૈન ધર્મના સિદ્ધાંતો ઉપરાંત તેનો ઐતિહાસિક ઉદ્‌ભવ પણ સમજાવ્યો છે. શ્રીમતી ગુસેવા ઇતિહાસશાસ્ત્રના અને માનવજાતિશાસ્ત્રનાં અભ્યાસી છે એટલે એમણે વૈજ્ઞાનિક પદ્ધતિએ આ ગ્રંથ તૈયાર કર્યો છે એમ શ્રી બાલ પાટીલે કરેલી તેની સમીક્ષા ઉપરથી જણાય છે. આવા ધોરણે આપણે પણ અનેક ગ્રંથો તૈયાર કરવા જોઈએ.

**યશવંત દોશી**

## પ્રકૃતિ–"Manuscript of God"

આપણે બધા કૉલેજોમાં જઈ શિક્ષિત થઈએ છીએ, પણ આપણે ભણેલા પણ ગણેલા નથી હોતા. આપણામાંથી કેટલા સૂર્યોદય અને સૂર્યાસ્તનું આકર્ષણ અનુભવી નિયમિત રીતે તેનું દર્શન કરવા જતા હશે? પણ બંગાળના સાંથાલ લોકો કોઈ દિવસ સૂર્યોદય સમયે પગે લાગવાનું નથી ચૂકતા. રૂઢિને વશ થઈને જ સૂર્યોદય સમયે પગે લાગે છે એવું નથી. તેઓ પોતાની ઝુંપડી પણ એવી જગ્યાએ બાંધવાનું પસંદ કરે છે, જ્યાંથી પ્રકૃતિનું દશ્ય બરાબર જોવા મળે. મેં એવું સાંભળ્યું છે કે, ગ્રીસમાં નાનકડું ગામ છે, ત્યાંના લોકો સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે પાંચેક મિનિટ દર્શન કરવામાં ગાળે છે. તે ઉપરાંત પૂર્ણિમા, વસંતઋતુ વગેરે ઉત્સવ પણ કરે છે. પ્રકૃતિ સાથે એકરસ થવાથી એક જાતની શાંતિ અનુભવાય છે. પ્રકૃતિને સમજવી, એની અસરને અનુભવવી એ પ્રભુને ખોળવા સમાન છે. કારણ કે પ્રકૃતિ પ્રભુનું હસ્તલિખિત પુસ્તક - Manuscript of God–છે.

**ગુરુદયાલ મલ્લિક**

# આ સાચો ઉપાય નથી

[જન્મભૂમિનો નીચેનો અગ્રલેખ ચિન્તનીય છે. તેમાં વ્યક્ત થતી વેદના રાજ્યકર્તાઓને સ્પર્શે અને ઈશ્વર તેમને સદ્‌બુદ્ધિ આપે. કૉંગ્રેસ દારૂબંધીની નીતિને વરેલી છે. બંધારણમાં રાજ્ય-નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં તેને સ્થાન આપ્યું છે. દારૂથી થતા વિનાશનો જેને અનુભવ છે તેવી કોઈ વ્યકિત દારૂબંધી સદંતર રદ કરવી અથવા સસ્તો દારૂ પ્રજાને છૂટથી પૂરો પાડવો એવો વિચાર જ કેમ કરી શકે તે કલ્પનામાં આવતું નથી. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એવું આ સરકારનું ભાવિ લાગે છે. દારૂની બદી ફેલાતી જાય છે ત્યારે તેને ઉત્તેજન આપવું એ પ્રજાનો દ્રોહ છે. દુ:ખ તો એ થાય છે કે દેશના આગેવાન અંગ્રેજી વર્તમાનપત્રોએ આવી હાનિકારક સરકારી નીતિનું સમર્થન કર્યું છે. સામાજિક સેવાની સંસ્થાઓ અને કાર્યકર્તાઓએ આવી નીતિ સામે પોકાર કરવો જોઈએ, આંદોલન જગાવવું જોઈએ–કોઈ જાગ્યા જણાતાં નથી. ગાંધીવાદીઓ, સર્વોદયના કાર્યકર્તાઓ, બધા ચૂપ કેમ છે? ગરીબને માટે દારૂ હળાહળ ઝેર છે; દારૂ પીનાર અને તેના કુટુમ્બને માટે સર્વ પ્રકારે બરબાદી છે, આર્થિક, અને નૈતિક અધ:પતન છે. તેને અટકાવવાનો અને તેમાંથી પ્રજાને, ખાસકરી આદિવાસીઓને, બચાવવાનો વિચાર કરવાને બદલે, તેને વ્યાપક પ્રમાણમાં દારૂ પૂરો પાડવાની યોજના કરવાનું મહાપાપ આચરનારાથી પ્રજાને ભગવાન બચાવે. –તંત્રી]

* * *

ખોપોલીમાં 'ખોપડી' નામનો ઝેરી દારૂ પીવાથી લગભગ ૭૦ નાં મરણ થયાં એ ઘટનાને અનુલક્ષીને જે જે મંડળો દ્વારા પ્રત્યાઘાત વ્યકત થયા છે, તેમાં ઘણાઓએ "હવે દારૂબંધી રદ થવી જોઈએ. દારૂબંધી રદ થયા પછી ગરીબોને સોંઘો દારૂ મળવો જોઈએ જેથી તેઓ સસ્તા ઝેરી દારૂ તરફ આકર્ષાય નહિ" એવા પ્રત્યાઘાતો પણ વ્યકત કર્યા છે. અમે જાણીએ છીએ કે દારૂબંધીના અમલને મોટા પ્રમાણમાં નિષ્ફળતા મળી છે, છતાં જે ઉપાયો ખોપોલી જેવા બનાવોનું પુનરાવર્તન થતું અટકાવવા માટે સૂચવવામાં આવે છે તે તો અંગ્રેજીમાં જેને Remedy is worse than the disease જેવા છે - રોગ કરતાં એના ઉપાયોથી વધારે હાનિ ઉત્પન્ન થવાનો ભય છે. લોકોને સસ્તો દારૂ પૂરતા પ્રમાણમાં મળી રહે તો સમાજની કેવી દુર્દશા થાય તે સમજાવવાની ભાગ્યે જ જરૂર રહે છે.

દારૂબંધીનો અમલ થઈ શકતો નથી માટે દારૂબંધી જ રદ કરવી એ દલીલને જો આગળ લંબાવીએ તો તો એમ પણ આપણે કહી શકીએ કે ચોરી થતી અટકાવી શકાતી નથી માટે ફોજદારી ધારામાંથી ચોરીને ગુનો ગણવા અંગેની કલમ જ રદ કરવી જોઈએ! ખૂનો થતાં અટકાવી શકાતાં નથી માટે ખૂનને મોટામાં મોટો ગુનો ગણવા અંગેની કલમ જ ફોજદારી ધારામાંથી રદ થવી જોઈએ! અમને સમજ નથી પડતી કે આ દલીલમાં રહેલી પોકળતા કેમ કોઈને જણાતી નથી? કે પછી જણાય છે છતાં દારૂબંધી રદ કરવાના જે શકય લાભો છે - તામિલનાડુની સરકારે દારૂની દુકાનો વેચીને ૫૦ કરોડ રૂપિયા ઊભા કર્યા - તેને લક્ષમાં લઈને દારૂબંધી રદ કરવાનાં જો કોઈ પગલાં લઈ શકાય એમ હોય તો તે લેવા માટે આપણા સત્તાવાળાઓ તૈયાર છે અને ખોપોલીના બનાવમાં તેમને એક સુંદર બહાનું મળી ગયું છે!

અમે પોતે, જુવાનીમાં ખૂબ આશાસ્પદ ગણાતા છતાં દારૂને કારણે નિર્વીર્ય અને નિરૂપયોગી બની ગયેલા, કેટલાયે માણસો જોયા છે. દારૂ વધુ ને વધુ પીવાથી માણસ 'આલ્કોહોલિક' બની જાય છે; એટલે કે પછી દારૂ ન હોય તો એનું ચિત્ત ભ્રમિત જેવું થઈ જાય છે અને કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવા માટે તથા સ્વસ્થતાની ક્ષણોમાં લેવાયેલા નિર્ણયના અમલ માટે એનામાં કોઈ શકિત રહેતી નથી. આવા માણસોની દયાપાત્ર સ્થિતિ જોઈને તેમને શકય હોય તો ઉગારવા માટે દુનિયાભરના દેશોમાં "આલ્કોહોલિક એનોનિમસ' નામની સંસ્થાઓ સ્થપાયેલી છે. દારૂને કારણે બરબાદ થયેલાઓને બચાવવા માટે આ સંસ્થાઓ પ્રયત્ન કરે છે. દારૂનાં અનિષ્ટો કેવાં હોય છે તે દષ્ટાન્તો સાથે સમજાવવા માટે 'લિસન' નામનું એક અખબાર પણ પ્રસિદ્ધ થાય છે અને એ રીતે, સમાજમાં જ્યાં જ્યાં દારૂની પ્રતિષ્ઠા છે તેવા પાશ્ચાત્ય દેશોમાં પણ દારૂથી લોકોને બચાવવા માટેના પુરુષાર્થ સેવાભાવીઓ કરે છે. આપણે ત્યાં પણ ઘણા નાના પાયા પર આવો પુરુષાર્થ થાય છે તેની ઘણાને ખબર નહિ હોય. ડાંગમાં આદિવાસીઓ તથા બીજાઓમાં તથા ડાંગની બહારના પ્રદેશોમાં પણ અત્યારે મોક્ષમાર્ગી સંપ્રદાયનો પ્રચાર થવા માંડયો છે અને આ સંપ્રદાયના સંચાલકો, પોતાના અનુયાયીઓને દારૂની બદીથી દૂર રહેવા સમજાવી શકયા છે તે આનંદની વાત છે. દારૂ આદિવાસીઓના જીવન સાથે કેટલો વણાયેલો છે તે જેઓ જાણતા હશે તેમને મોક્ષમાર્ગી ઉપદેશકોએ મેળવેલી સિદ્ધિની અગત્ય સહેજે સમજાઈ જશે.

આપણી સરકારો આવું કાંઈ રચનાત્મક કરવાને બદલે લોકોને સસ્તો દારૂ મળી રહે તેવું કરવા જો પ્રવૃત્ત થશે તો એ એક કરુણતા જ ગણાશે. જે વસ્તુ મોક્ષમાર્ગીઓ નાના પાયા પર સિદ્ધ કરી શકયા તે સરકાર એનાં પોતાનાં વિપુલ સાધનો વડે શા માટે સિદ્ધ ન કરી શકે? શા માટે મોક્ષમાર્ગીઓ જેવાં બીજાં મંડળોને એ પોતાની પાંખમાં લઈને એ મંડળો દ્વારા રચનાત્મક રીતે દારૂબંધીનો પ્રચાર ન કરાવી શકે? સરકાર જ્યારે દારૂબંધીની નીતિની પુનર્વિચારણા કરે ત્યારે આ બધા મુદ્દાઓ એ લક્ષમાં રાખે એવો અમારો આગ્રહ છે.

એક દલીલ એવી થાય છે કે દારૂબંધી જેવા સમાજ-કલ્યાણનાં કાર્યો કાયદા દ્વારા ન થઈ શકે - એ તો પ્રજાના માનસનું પરિવર્તન થાય તો જ સફળ થાય. અમેરિકામાં દારૂબંધીનો પ્રયોગ નિષ્ફળ ગયો તેનો દાખલો પણ આ દલીલના સમર્થનમાં આપવામાં આવે છે. કોઈપણ સમાજોપયોગી કાર્ય કાયદાદ્વારા થઈ શકે એવી દલીલને ક્ષણાર્ધ માટે માની લઈએ તો પણ એ પ્રશ્ન તો ઊઠે જ છે કે પ્રજાનું માનસપરિવર્તન કરાવવા સરકારે શું કર્યું? મોક્ષમાર્ગીઓ જો આ દિશામાં સફળતા પ્રાપ્ત કરી શકયા તો, સરકારનો વહીવટ એવો તે કેવો કનિષ્ટ છે કે વિપુલ સાધનો હોવા છતાં એને દારૂબંધીના કાર્યક્રમમાં સફળતા નથી મળી?

કેટલાક દારૂના વેપારીઓ ગેલમાં આવીને સાત રૂપિયે વ્હિસ્કીની બાટલી વેચવાની વાતો કરવા માંડયા છે. અમે તો આવું કાંઈ થાય તો આપણા સમાજમાં કેવી પરિસ્થિતિ ઊભી થશે તેની કલ્પના કરતાં પણ ક્રમકમાં અનુભવીએ છીએ! અમને પ્રશ્ન થાય છે કે, શું આપણી સમસ્ત આદિવાસી ગ્રામ પ્રજાને આપણે નિર્વીર્ય, નિસ્તેજ બનાવી મૂકવી છે? તેમનું હિત તેમને સસ્તો દારૂ વેચવાથી જ સધાશે એમ આપણી સરકાર માને છે? સમજ નથી પડતી કે આ વિચારણાનું વિકૃત બિહામણું સ્વરૂપ કેમ ઘણાને દેખાતું નથી? ડાકણ સ્વરૂપવતી સુંદરીનો સ્વાંગ સજીને આવે એવી આ વાત છે. એ સ્વાંગની પાછળનું સાચું બિહામણું સ્વરૂપ જોવામાં જો લાગતાવળગતાઓ નિષ્ફળ જશે તો સહન તો સમાજને જ કરવું પડશે.

દારૂના પુરસ્કર્તાઓ એક દલીલ એવી પણ કરે છે કે, માનવી તો આદિકાળથી દારૂ પીતો આવ્યો છે અને એને એ આદતમાંથી મુકત કરી શકાય એમ નથી. આ દલીલને જો યથાર્થ માનીએ તો તો માનવીએ કશી ઊર્ધ્વગતિ કરવી જ જોઈએ નહિ એવું જ આપણે પ્રતિપાદન કરીએ છીએ એમ કહેવું પડે. દારૂની બદીમાંથી છૂટવું એ ઊર્ધ્વગતિ છે જ એ તો દારૂના પુરસ્કર્તાઓ પણ સ્વીકારશે. તો અમારો તેમને પ્રશ્ન છે કે શું માનવીએ આગળ વધવાનો પ્રયત્ન જ ન કરવો એવી તેમની ઈચ્છા છે?

મહાભારતના યુદ્ધના વિજયના સાચા અધિકારી યદુકુલનન્દન શ્રીકૃષ્ણનો આખો વંશ દારૂમાં જ ખલાસ થઈ ગયો એવું આપણો ઈતિહાસ કહે છે. કવિ દલપતરામે વર્ષો પહેલાં યાદવાસ્થળીનું વર્ણન કરતાં લખ્યું હતું: "યાદવ યાત્રાએ ગયા, પવિત્ર સ્થાન પ્રભાસ. કેફ કરીને પરસ્પર, નિર્મૂળ કીધો નાશ'. આવા 'નિર્મૂળ કીધો નાશ' માટેના શસ્ત્ર સમો દારૂ છૂટથી સસ્તો વેચાશે? કોઈ વિચારશે?

('જન્મભૂમિ'માંથી સાભાર)

# ☆ संयम : खलु जीवनम् 'સંયમ એ જ જીવન ☆

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજાયેલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુનિશ્રી રૂપચંદજીએ આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

વર્તમાનમાં, પશ્ચિમની પેઠે આપણે 'પ્રગતિ' માટે દોટ મૂકી છે. પણ આપણે ક્યાં પહોંચવું છે અને શેને માટે તેની આપણને ખબર નથી.

થોડા જ દિવસો પૂર્વેની આ વાત છે. કેનેડાના એક યુવક વિદ્યાર્થી મારી પાસે આવેલ. તેઓ કેનેડાની કોઈ કૉલેજના પ્રતિભાશાળી વિદ્યાર્થી હતા. મેં તેમને પૂછેલું: 'કયા આકર્ષણથી ખેંચાઈને તમે ભારતમાં આવ્યા છો?'

તેણે કહ્યું: આપને વિશ્વાસ નહિ આવે, મુનિજી, અમે કોઈક પ્રકારનું તાણવાળું તેમજ બેચેન જીવન જીવી રહ્યા છીએ. અમારી પાસે સર્વ પ્રકારનાં સુખ-સમૃદ્ધિનાં વિપુલ સાધનો છે; છતાં યે અમારાં જીવન જાણે પંગુ બનતાં રહ્યાં છે. અમારી પાસે સર્વ કાંઈ છે, પરંતુ શાંતિ અને આનંદ નથી. મેં સાંભળ્યું છે કે ભારતીય લોકો પાસે શાંતિ અને આનંદપૂર્ણ જીવનની ચાવી છે. એ ચાવીની શોધમાં હું અહીં આવ્યો છું.

હવે પ્રશ્ન એ થાય છે કે એ ચાવી કઈ છે, કે જે ચાવી વિના આપણે મંજિલ સુધી પહોંચવા છતાં તેમાં પ્રવેશ પામતા નથી. પાશ્ચાત્ય લોકોને એવી કઈ ઊણપ છે કે જેથી તેઓ પૂર્વના દેશો તરફ આશાભરી મીટ માંડી રહેલ છે. પૂર્વ પાસે એવું તે શું છે કે પશ્ચિમના લોકો કયારેક ભાવાતીત ધ્યાન, કયારેક અણુવ્રત, કયારેક ભૂદાન તો કયારેક 'હરેકૃષ્ણ હરે રામ'માં પોતાની જાતને પણ ખોઈ બેસવા તત્પર બને છે.

મને લાગે છે કે પૂર્વની પાસે એવી જો કોઈ ચીજ હોય તો તે સંયમ છે. સંયમ શાંતિ અને આનંદનાં દ્વાર ખોલનારી ચાવી છે. આ સંયમના ધને જ ભારતનું શિર સદાયે ઉન્નત રહ્યું છે. આ દેશે અનેક વાર પોતાની સ્વાધીનતા ગુમાવી છે અને કેટલીયે વાર સંપત્તિ, વૈભવ અને ભૌતિક સમૃદ્ધિની દોડમાં અન્ય દેશો કરતાં પાછળ રહી ગયેલ છે; પરંતુ તેની સંયમની પરંપરા - સંયમના વારસાએ તેને સદાયે અક્ષુણ્ણ - અણનમ રાખેલ છે અને તેથી જ અન્ય દેશો ભારતમાં આવી રહેલ છે. આમ પાસે નથી તેનું મહત્ત્વ છે અને જે પાસે છે તેની કીંમત નથી. લોકો સંયમનો ખોટો અર્થ કરે છે તેનું દુ:ખ છે.

આથી સૌથી પહેલાં સંયમ શું છે તે બરોબર સમજી લેવું ખૂબ આવશ્યક છે; કારણ કે સંયમ શબ્દ વડે આજે અનેક ભ્રાંતિઓ ફેલાઈ રહી છે. લોકોએ સંયમ અને દમનને એકબીજાના પર્યાય સમજી લીધા છે, પરંતુ આ બન્નેમાં તડકો અને છાંયો, ઉત્તર અને દક્ષિણ જેટલું અંતર છે. સંયમ શબ્દનો અર્થ દમનથી સાવ વિપરીત જ છે. 'સંયમ' શબ્દ સંસ્કૃતની यम् ધાતુમાંથી બનેલ છે. જેનો અર્થ છે 'यमु–उपरमे' ઉપરત થવું; જ્યારે દમનનો અર્થ છે दमुच– उपतापे ઉત્તાપ થવો. સંયમમાં આપણે તનાવમાંથી મુકત બનીએ છીએ; જ્યારે દમનમાં આપણે તનાવમાં સપડાઈએ છીએ.

આમ સંયમમાં ઉપશમ છે, દમનમાં ઉત્તાપ; સંયમમાં સ્વતંત્રતા છે, દમનમાં વિવશતા; સંયમમાં સુરક્ષા છે, આશ્વાસન છે; જ્યારે દમનમાં ભય રહેલો છે, પીડા અને તાણ રહેલાં છે. બહુ સારા સમજદાર લોકો પણ સંયમનું મહત્ત્વ સમજવા છતાં ખોટું કરે છે. સંયમ અને દમનને એક માનવા-મનાવવા મથે છે. અને એ રીતે નવી પેઢીને આ શબ્દો વડે ગુમરાહ બનાવવા પ્રયત્ન કરે છે.

દિવસભર ઓફિસમાં કામ કરીને આપણે થાકયાપાકયા ઘરે આવીએ છીએ. દરવાજો બંધ કરીને રાતભર ઘરમાં વિશ્રાંતિ કરીએ છીએ, પરિણામે આપણો સમગ્ર થાક દૂર થઈ જાય છે. આપણે અનુભવેલ સમગ્ર તાણનો અંત આવી જાય છે. ઘરમાં આપણને આપણી જાત સુરક્ષિત અને નિર્ભય લાગે છે અને એવામાં એક દિવસ એવું બને છે કે, ઘરે આવીને પોલીસ આપણને પકડીને સામા મકાનમાં પૂરી દે છે. એ મકાન આપણા પોતાના મકાન કરતાં વધુ સુસજ્જ અને આરામદાયી છે. ત્યાં પ્રકાશ વધુ છે, હવા વધુ છે, સાધન સગવડો વધુ છે, છતાં પણ આપણને ત્યાં રાતભર નિદર હરામ થઈ જાય છે. થાક અને બેચેની ઊલટાનાં બહુ વધી જાય છે. આપણે હરપળે ભય અને મુશીબતોનો સામનો કરવો પડે છે.

તો પછી આ બન્ને સ્થિતિઓમાં આવડો મોટો ફેર કેમ પડયો? આનું કારણ એ છે કે એકમાં આપણે જાતે જ પુરાઈએ છીએ; જ્યારે બીજામાં આપણને જોરજુલમથી પૂરવામાં આવે છે. એકમાં આપણો સ્વૈચ્છિક આચાર છે; જ્યારે બીજામાં પરાધીનતા છે. બહારથી બન્ને સ્થિતિમાં કશો ફેર જણાતો નથી. અને બીજી સ્થિતિ વધુ આરામદાયી લાગે છે; પરંતુ વાસ્તવમાં તેમ નથી હોતું. આ જ ભેદ સ્વતંત્રતા અને ગુલામીની વચ્ચે રહેલો છે. સંયમ અને દમન વચ્ચે પણ આટલો જ ભેદ છે. સંયમ અને દમન વચ્ચે એટલું બધું અંતર છે કે એ બન્નેને એક માની લેવાં એ સૌથી મોટામાં મોટી ભૂલ છે. જ્યારે હું કેટલાક સમજદાર અને ચિંતનશીલ માણસોને પણ સંયમનો વિરોધ કરતા જોઉં છું ત્યારે મને ભારે આશ્ચર્ય થાય છે. સંયમ અને દમનને એક માની લેવા એ અજ્ઞાનનું કારણ છે. એ ન ભૂલવું જોઈએ કે સંયમ સ્વૈચ્છિક રીતે આવે છે; જ્યારે દમન તો શાસન દ્વારા બળજબરીથી લદાય છે. હવે આપણે એ જોઈએ કે ખરેખર સંયમી કોણ ગણાય?

ભગવાન મહાવીરને પૂછવામાં આવ્યું હતું: એક વ્યકિત પોતાને પ્રાપ્ય ન હોવાને કારણે સુંદર વસ્ત્ર, સુગંધી દ્રવ્યો, મનોહારી આભૂષણો, સુંદર સ્ત્રીઓ અને ઐશ્વર્યસંપન્ન મહાલયનો ઉપયોગ નથી કરતો તો શું તે સંયમી છે?

ભગવાન મહાવીરે કહ્યું:

"वत्थ गंध मलंकारं, इत्थीओ सय णाणिय
अच्छन्दा जे न भुंजंति, न से चाइति वुच्चई"

વસ્ત્ર, સુગંધીદ્રવ્યો, અલંકાર અને મહાલયોનો ઉપયોગ તે એટલા માટે નથી કરતો કે તે તેને પ્રાપ્ય નથી. આથી તે ત્યાગી કે સંયમી નથી. આમાં તો સંયમ નહિ, પણ દમન રહેલું છે. તેને તે તે ચીજો મળતી નથી માટે તે તે ભોગવતો નથી. ઉપભોગ કરવા માટે તે અસમર્થ છે. માટે તે સંયમી નથી. સંયમી તો એ છે જે પોતાને અમુક ચીજો પ્રાપ્ય નથી માટે નહિ, પણ સર્વ સુખ-સમૃદ્ધિની ચીજો સુલભ હોવા છતાં જે તેનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે તે સાચો સંયમી છે.

जे य कंते पिए भोए, लब्द्धे विपिठी कुव्वई
साहीणे चयई भोए, से हु चाडतित वुच्चइ

જે સર્વ સુખો-ભોગો પ્રાપ્ત થવા છતાં તેની સામે નજર પણ કરતો નથી - સ્વેચ્છાએ તે સર્વનો ત્યાગ કરે છે તે ત્યાગી છે -- સંયમી છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે:

કર્મેન્દ્રિયોનું સંયમન કરીને પણ જે વ્યકિત ઈન્દ્રિય–વિષયોનું મનથી પણ સ્મરણ કરે છે – ચિંતન કરે છે તે વિમૂઢાત્માનો એ સંયમ પણ મિથ્યાચાર જ છે, તે વિમૂઢાત્મા છે, સંયમી નથી. આમ બન્નેમાં ભારે ફેર છે.

"कर्मेन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन्,
इन्द्रियार्थान् विमूढात्मा, मिथ्याचारः स उच्यत"

આ રીતે એ સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે ભારતીય સાધના પ્રવૃત્તિમાં દમનને કયારે ય સ્થાન મળ્યું નથી અને સંયમને નામે

ચલાવાતા દમનની સર્વત્ર ઉપેક્ષા જ કરાતી રહી છે. સંયમ-દમનને એક ગણાવવું એ ભ્રાંતિ છે. મન પોતે જ વિષયોથી હઠે તે આપો-આપ સંયમ છે અને મન વિષયોમાંથી નથી હઠતું અને ઈન્દ્રિયોને તેમાંથી જે હઠાવે તે દમન છે. આત્મા દ્વારા આત્માને જોવો તે સંયમ છે.

સંયમનો અર્થ છે પોતાના પર પોતાનું જ અનુશાસન. સંયમનો અર્થ છે કરણીય (કરવા યોગ્ય) અને અકરણીય (ન કરવા યોગ્ય) નો વિવેક. સંયમનો અર્થ છે વાસનાઓના સંસ્કારથી ચિત્તને અલિપ્ત બનાવવું. આમાં એક વાત લક્ષમાં રાખવી જરૂરી છે. સંયમમાં આપણે વાસનાઓના સંસ્કારથી વિમુકત બનીએ છીએ, પરંતુ તેનો અર્થ આપણે નિષ્ક્રિય બની જઈએ છીએ તેવો તો નથી જ, આપણે એથી ઉકત સંસ્કારોથી વિમુકત બનીએ છીએ-પ્રવૃત્તિશૂન્ય તો નહિ જ. આપણે એથી પ્રવૃત્તિમાંથી છટકતા નથી, પણ પ્રવૃત્તિની સાથોસાથ આવનારા પ્રમાદમાંથી મુકત થઈએ છીએ. સંન્યાસનો જે કયારેક કયારેક જવાબદારીઓમાંથી છટકવું-વિમુકત થવું એવો અર્થ ઘટાવાય છે તે અજ્ઞાન છે.

લિંકને કહેલું કે જનતા દ્વારા જનતાનું જનતા પર શાસન, આત્મા દ્વારા આત્માનું આત્મા પર પ્રશાસન એ જ સંયમ. સંયમ એટલે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ નથી; પરંતુ પ્રવૃત્તિ રહે અને વૃત્તિ હટી જાય એ સંયમ.

ભગવાન મહાવીરને તેના શિષ્યે પૂછયું :

કહં चरे, कहं चिठ्ठे, कहं मासे, कहं सए,

कहं भुजंतो भासंतो, पाव कम्मं न बंधई

હું કેમ ચાલું, અટકું, બેસું, સૂઉં, ખાઉં અને બોલું કે જેથી પાપકર્મનું બંધન ન નડે. આના જવાબમાં ભગવાને એમ નથી કહ્યું કે તમે ન ચાલો, અટકો નહિ, બેસો નહિ, સૂઓ નહિ અને ખાઓ કે બોલો નહિ; પણ ભગવાન મહાવીરે તો કહ્યું કે –

"जयं चरे, जयं चिठ्ठे, जयं मासे जयं सए

जयं भुंजंतो भासंतो, पाव कम्मं न बंधई "

તમે ચાલો પણ સંયમપૂર્વક, અટકો પણ સંયમપૂર્વક, બેસો તો પણ સંયમપૂર્વક, સૂઓ તો સંયમપૂર્વક, ખાવ અને બોલો તે પણ સંયમપૂર્વક, જેથી તમારે પાપકર્મનું કોઈ બંધન નહિ રહે.

ભારતીય સંસ્કૃતિ એટલી ગહન છે કે તેની હરોળમાં કોઈ દર્શન આવતું નથી.

ગીતામાં પણ આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું છે કે :

यस्त्विन्द्रियाणि मनसा नियम्सारमतेऽर्जुन!

कर्मेन्द्रियैः कर्मयोग मशक्तः स विशिष्यते"

હે અર્જુન! જે મનુષ્ય મન દ્વારા ઈન્દ્રિયો પર સંયમ પ્રાપ્ત કરીને અનાસકત ભાવે કર્મેન્દ્રિયો વડે કર્મ કરે છે તે વિશિષ્ટ છે.

આ રીતે આપણને એ સમજાય છે કે સંયમ એ દમન નથી કે સંયમ એ પ્રવૃત્તિમાંથી છટકવાનું નથી; પરંતુ સંયમ પોતાના પર પોતાના જ દ્વારા પોતાનું અનુશાસન છે. આથી ઉપર જણાવ્યું તેમ અબ્રાહમ લિંકને જનતંત્રની વ્યાખ્યા કરતાં કહેલું કે જનતા દ્વારા જનતા પર જનતાનું શાસન. એ જ રીતે સંયમમાં માણસ પોતાના પર પોતાના જ દ્વારા પોતાનું અનુશાસન કરે છે. એટલે કે વિવેકપુરઃસર તે પોતે જ પોતાનું માર્ગદર્શન કરે છે.

પ્રશ્ન એ છે કે સંયમ એ જ જીવન છે એ કેટલે અંશે સાચું છે? કદાચ એમ કહેવામાં આવે કે અન્ન એ જીવન છે, પાણી એ જીવન છે, હવા એ જીવન છે તો તો કાંઈક સમજી શકાય; કારણકે અન્ન, પાણી અને હવા વિના માનવજીવન ખૂબ જ વિકટ બની રહે. અથવા આજના યુગે જો એમ કહેવામાં આવે કે પૈસા એ જ જીવન છે તો તો સમજી શકાય; પરંતુ સંયમ એ જ જીવન છે એ વાત ગળે ઊતરવી ખૂબ જ મુશ્કેલ છે

પરંતુ ઘણી વાર એવું પણ બને છે કે જે આપણે સમજ્યા હોઈએ છીએ તેનાથી વાસ્તવિકતા તો ઊલટી જ હોય છે. આપણને એમ લાગે છે કે આપણે અન્ન, પાણી અને હવાથી જ જીવીએ છીએ. અને તેના વિના તો મૃત્યુ પામીએ, પરંતુ હું કહું છું કે આપણે અન્ન, પાણી અને હવાથી નહિ, પણ સંયમ વડે જ જીવીએ છીએ. આપણે એવી એવી વ્યકિતઓ જોઈ છે જે વર્ષોથી કાંઈ જ ખાતીપીતી નથી તો પણ જીવે છે. તેઓ યોગસાધનાના બળ વડે ભૂખ-તરસ પર વિજય પ્રાપ્ત કરી લે છે. અને તેથી તેમને શરીર ટકાવવા માટે અન્ન-પાણીની જરૂર જ નથી પડતી. એકાદ બે માસ અનાજ અને પાણી વિના કોઈ પણ વ્યકિત જીવી શકે છે. શ્વાસ લીધા વિના પણ માણસ કેટલાયે દિવસ જીવી શકે છે. એવા માણસો પણ જોયા છે કે જેઓ પોતાનો શ્વાસ રોકીને ચાલીસ દિવસો સુધી સમાધિમાં રહે છે. આવા લોકો આજે પણ રાબેતા મુજબ જીવન જીવી રહ્યા છે; પરંતુ સંયમ વિના આપણે એક દિવસ પણ જીવી શકતા નથી. જે દિવસે ખાવામાં સંયમ નહિ રહ્યો હોય તે વખતે આપણી હાલત બૂરી થઈ જશે–આપણે રાતભર પથારીમાં પડીને તડપતા રહેવું પડશે અને જો સમયસર કોઈ ડાકટર કે વૈદ્ય ન આવી પહોંચે તો મૃત્યુ નીપજવાનો સંભવ પણ ખરો. મોટા ભાગનાં મૃત્યુ આમ જ નીપજતાં હોય છે.

દુનિયાના પ્રસિદ્ધ તબીબો કહે છે કે અન્નવિના મરનારાઓ કરતાં વધુ અનાજ ખાઈને મૃત્યુ પામનારાની સંખ્યા વધુ છે. આ આંકડાઓ આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે કે આપણે અનાજ અને પાણીથી નહિ પણ સંયમ વડે જ જીવીએ છીએ. ખાવા-પીવામાં આપણે જેટલો સંયમ, વિવેક રાખીએ તેટલા જ આપણે જીવી શકીએ. આમ આપણા જીવવાનો આધાર પણ સંયમ પર જ છે.

આથી જ ભારતીય સાધનાપદ્ધતિમાં સંયમને અનિવાર્ય ગણાવાયેલ છે. બધાં જ દર્શનોનો વિજય પણ સંયમના આધારે જ થયો છે. દયા, કરુણા, દાન, ઉપવાસ, જપ, સ્વાધ્યાય, ધ્યાન–આ બધાંના મૂળમાં સંયમ હોય તો જ તેનું મહત્ત્વ છે. સંયમ વિના આ પણ શૂન્ય જેવું છે.

નમિ રાજર્ષિ પોતાનો સમગ્ર રાજ્યવૈભવ છોડીને સંન્યાસ ગ્રહણ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે ઈન્દ્ર તેને કહે છે.

"जडता विहुले जन्ने भोडत्ता समण–माहणे

दच्चा मोच्चाय जट्ठाय, तओ त्तिच्छसि खत्तिया "

હે રાજન! હે ક્ષત્રિય! તમે હાલ જબરદસ્ત યજ્ઞ કરો, બ્રાહ્મણ–શ્રમણને ભોજન કરાવો, દાન આપો, ભોગ ભોગવો અને યજ્ઞ કરો. તે બાદ જ મુનિ બનજો.

રાજર્ષિ નમિ આના જવાબમાં કહે છે :

"जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए

तरसा वि संजमो सेओ, अदितस्स वि किंचण "

જે માણસ દર મહિને દસ લાખ ગાયોનું દાન આપે છે તેને માટે પણ સંયમ શ્રેયસ્કર છે–પછી ભલે તેઓ કશું ન આપે. આથી સંયમ અને દાનની ભૂમિકાઓ સમજી લેવી જરૂરી છે.

રાજર્ષિ નમિ કહે છે : દસ લાખ ગાયોનું દાન કરનારા માટે પણ સંયમ શ્રેયસ્કર છે–પછી ભલે તે દાન દેવાનું બંધ કરી દે; કારણ કે સંયમ સહિતના દાનની સાર્થકતા છે. એ જ રીતે સંયમ સાથેની કરુણાનું જ મહત્ત્વ છે. સંયમ વિનાની દયા કે કરુણા નિરર્થક છે.

ભગવાન બુદ્ધે કરુણા પર ભાર મૂકતાં કહ્યું છે : તીરથી વીંધાયેલ પક્ષી સામે પડયું તરફડે છે તો તત્કાળ તેને વાગેલું તીર બહાર કાઢી લો. એ તીર કયાંથી આવ્યું, કોણે તીર માર્યું, કેવી રીતે માર્યું તેનો વિચાર ન કરો, આવું વિચારવામાં સમય ન બગાડો. પહેલા તીર કાઢી લઈને એ પક્ષીને બચાવી લો.

ભગવાન મહાવીરે કહ્યું છે : પક્ષીને વાગેલું તીર ખેંચી કાઢવું એ તો મહત્ત્વનું છે જ; પણ એ તીર કઈ દિશાએથી આવ્યું, કોણે માર્યું અને શા માટે માર્યું એનો પણ વિચાર કરવો જરૂરી

છે. તીર આવવાનો માર્ગ જો બંધ નહિ કરાય, તીર મારનારનો પત્તો નહિ લગાવાય તો કાંઈ એક તીર કાઢી નાંખવાથી ઊગરી જવાશે નહિ; કોઈ બીજું તીર આવીને એ પક્ષીને વીંધી નાંખશે– તેનો પ્રાણ લેશે. આથી તીર જ્યાંથી –જે દિશાએથી આવ્યું હોય તે માર્ગ બંધ કરવો પણ જરૂરી.

સંયમ અને કરુણામાં આજ તફાવત છે. સંયમ તેના મૂળને –ઉદ્‌ભવસ્થાનને રોકે છે – બંધ કરે છે; જ્યારે કરુણા અને દયા એક વાર એક તીર ખેંચી કાઢીને જ કૃતકૃત્યતા અનુભવે છે. પરંતુ જ્યાં સંયમ નથી ત્યાં દયા અને કરુણા પણ શ્રેયસ સુધી નથી પહોંચાડી શકતી.

આચાર્ય બોધિધર્મ ચીન ગયેલા ત્યારે ચીનના રાજા આચાર્યના દર્શને આવેલા. એ રાજા ખૂબ જ ધાર્મિક રુચિવાળો હતો. બૌદ્ધધર્મના વિકાસ અને વિસ્તાર માટે તે રાજાએ ઘણું કર્યું હતું. આચાર્ય બોધિધર્મે નમસ્કાર કરીને રાજાએ પૂછ્યું : મેં મારા જીવનમાં અનેક મંદિરો, વિહારો, અનાથાશ્રમો, દવાખાનાં, ધર્મશાળાઓ વગેરે બનાવરાવ્યાં છે. શું તે મારે માટે કલ્યાણકારી બની રહેશે ?

આચાર્ય બોધિધર્મે કહ્યું : 'ના.'

રાજાને આચાર્યશ્રી આવો જવાબ આપશે તેની તો કલ્પના પણ ન હતી. તેણે તો માનેલું કે આચાર્યશ્રી મારાં આ બધાં કાર્યોને ખૂબ જ શ્રેયસ્કર લેખાવશે. આથી પોતે ધાર્યા કરતાં જુદો જ જવાબ સાંભળીને તે રાજા દિગ્મૂઢ બની ગયો. તેણે હિંમત કરીને આચાર્યને પૂછ્યું : આર્ય ! મેં ભગવાન તથાગતનો સંદેશ ઘેર ઘેર પહોંચાડવા માટે મારા દૂતોને ઠેર ઠેર મોકલ્યા છે અને ભગવાન બુદ્ધની વાણીને લિપિબદ્ધ બનાવીને (છપાવીને) હજારો સ્થળોએ તે સાહિત્ય વહેંચાવ્યું છે. મારું આ કાર્ય શ્રેયસ્કર બનશે ?

જવાબ આપવામાં આચાર્ય પળભર થોભ્યા. રાજા વિચારતો હતો કે આ વખતે તો અવશ્ય આચાર્ય મારા પર પ્રસન્ન થશે અને મારાં આ કાર્યોને મહાન પુણ્યદાયી લેખાવશે. એટલામાં આચાર્યે ધીરે રહીને જવાબ વાળ્યો : 'ના'.

આ સાંભળીને જ રાજાની ધીરજ ખૂટી ગઈ અને તેને આચાર્ય પર મનમાં રોષ પણ જાગ્યો. તેને થયું કે આ તે કેવા આચાર્ય છે, જે મારાં હરેક પુણ્યકાર્યને બસ નકારતાં જ રહે છે; પરંતુ આચાર્યને સ્પષ્ટ રીતે કશું જ કહેવાની તેનામાં હિંમત નહોતી. આથી રાજાએ ફરી વિનમ્રભાવે આચાર્યને પૂછ્યું: 'તો પછી કૃપા કરીને આપ જ શ્રેયસ્કર માર્ગ કયો છે તે બતાવો.'

આચાર્યે કહ્યું : શીલની સાધના એ જ શ્રેયનો માર્ગ છે. મંદિર, વિહાર, ધર્મપ્રચાર, શાસ્ત્ર, લેખન વગેરે તો કેવળ ઉલ્લાસકારી પ્રવૃત્તિઓ જ છે. શીલની સાધનાથી તેનું મહત્ત્વ વધશે; પરંતુ શીલ–સંયમ વિના આ બધાથી શ્રેય થવાનું નથી.

ભારતમાં ધર્મ અને પુણ્યના નામે જેટલાં દાન થાય છે તેટલાં ભાગ્યે જ દૂનિયાના કોઈ દેશમાં થતાં હશે. આપણા દેશમાં કરોડો રૂપિયાનાં દાન-નિધિ (ચેરીટેબલ ટ્રસ્ટ) છે. મજૂરી કરીને દસ રૂપિયા કમાવાનું કઠિન છે; પરંતુ આ દેશમાં એક ભિખારીને દસ રૂપિયાનું દાન સહેલાઈથી મળી રહે છે. આ દેશમાં દાન વડે જ બંધાયેલાં હજારો મંદિરો, શાળાઓ, કૉલેજો, ધર્મશાળાઓ, હૉસ્પિટલો, અનાથાશ્રમો વગેરે નજરે પડે છે.

દાનની આટલી ઉદાર પરંપરા છતાં યે ભારતમાં સામ્યવાદ અને નક્સલવાદ જેવી ખતરનાક વિચારસરણીઓનો ઉદ્‌ભવ એક મહાન આશ્ચર્યની વાત બની રહે છે. આનું એક માત્ર કારણ એ છે કે આ દેશમાં દાનનો પ્રવાહ અવશ્ય જોરદાર રીતે વહેતો રહ્યો છે; પરંતુ લોકોનાં જીવનમાં સંયમની પ્રતિષ્ઠા કરાઈ નથી. ભારતમાં એક વ્યકિત દાનમાં લાખો રૂપિયા અવશ્ય આપી શકે છે; પરંતુ તેને એમ કહેવામાં આવે કે તમે કાળાંબજાર, નફાખોરી વગેરે રીતે પૈસા કમાવાનું બંધ કરો– પછી ભલે તમે કશું દાન ન કરતા. આ વાત તેને માટે સંભવિત નથી. આમ દાન આપવાનું તેને માટે સંભવિત છે, પણ સંયમ કેળવવાનું સંભવિત નથી.

આ અ–સંયમે જ બુદ્ધિજીવી લોકોનાં દિલમાં ધર્મ પ્રત્યે નફરતની ભાવના પ્રગટાવી છે. આ અ-સંયમ જ દેશમાં નક્સલવાદનો જન્મદાતા છે.

લોકો જુએ છે કે આ લોકો તેમનું શોષણ કરીને જ ધનવાન બને છે. અને તેમને સૂકા રોટલાનો ટુકડો નાખીને એ ધનપતિઓ દાન અને પુણ્ય રળતા હોય છે. વિલાસ પણ એ જ લોકો ભોગવે છે અને ધર્માત્મા પણ એ જ લોકો કહેવડાવે છે. આની પ્રતિક્રિયાએ જ લોકોનાં દિલમાં ધર્મ પ્રત્યેની અનાસ્થા પેદા કરી છે. આથી જ દેશમાં નક્સલવાદને તેની પાંખ પસારવાનો મોકો મળેલ છે. આથી સાચી વાત તો એ છે કે સંયમના આધાર પર હોય તો જ કરુણા, દયા, જાપ, ઉપવાસ તથા અન્ય ક્રિયાકાંડોનું મૂલ્ય છે.

પૂર્વનું (પૂર્વના દેશોનું) જીવન ગરીબીથી હોવાથી પશ્ચિમ તરફ દોડ જઈ રહી છે; જ્યાં પાશ્ચાત્ય જીવન અમીરીથી છલકાતું હોઈ પૂર્વ તરફ દોટ દઈ રહેલ છે. પરંતુ પૂર્વ કદાચ પશ્ચિમ બની જાય અને પશ્ચિમ પૂર્વ બની રહે તો પણ આ સમશ્યાઓનું નિરાકરણ થનાર નથી; કારણકે પૂર્વે પોતાની વૈજ્ઞાનિકદૃષ્ટિ ખોઈ નાખી છે; જ્યારે પશ્ચિમ પાસે ધર્મ નથી. હવે જ્યારે પૂર્વ વિજ્ઞાન તરફ ધસી રહેલ છે ત્યારે પશ્ચિમ ધર્મની નજીક આવી રહેલ છે.

પરંતુ પૂર્વે પહેલેથી જ ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ ગુમાવેલ છે અને પશ્ચિમ વિજ્ઞાનથી ગળે આવીને માત્ર ધર્મને, બાહ્ય ક્રિયાકાંડોને જ પકડી રહેલ છે. આથી જો પૂર્વ કદાચ પશ્ચિમ બની જાય અને પશ્ચિમ માનો કે પૂર્વ બની રહે તો પણ માનવતા પર ઊતરી આવેલું સંકટ દૂર થવાનું નથી–આ સંકટ જેમનું તેમ જ ચાલુ રહેશે.

અંતમાં પણ એક નાનકડી કથા રજૂ કરું છું.

એક ગામમાં એક આસ્તિક અને એક નાસ્તિક રહેતા હતા. બન્ને મહાન વિદ્વાન, પોતપોતાના વિષયોના પ્રતિપાદનમાં વિલક્ષણ હતા; પરંતુ ગામલોકો પરેશાન હતા. ગામલોકો આસ્તિક પાસે જતા તો પોતે આસ્તિક બની જતા; કારણ એ આસ્તિકની દલીલો એવી હતી કે લોકોને આત્મા-પરમાત્મા, પુનર્જન્મ વગેરે બાબતોમાં શ્રદ્ધા બેસી જતી અને એ આસ્તિક જ સાચો છે અને પેલો નાસ્તિક ખોટો છે એમ લોકોને ઠસી જતું.

પરંતુ પેલો નાસ્તિક પણ કાંઈ કાચો પોચો નહોતો. તે પણ તેની પાસે જતા લોકો સમક્ષ એક એકથી ચડિયાતાં અને વજૂદવાળાં લાગે તેવાં પ્રમાણો અને તર્કો રજૂ કરતો. આથી લોકો દ્વિધામાં પડતા. તેમને થતું કે આસ્તિકે તેમને ગુમરાહ બનાવી દીધા છે. અને ખરેખર તો આત્મા–પરમાત્માનું અસ્તિત્વ જ સંભવતું નથી. આ નાસ્તિક સાચું કહી રહેલ છે. વળી પાછા તેઓ આસ્તિક પાસે પહોંચતા અને તે સારો લાગતો અને તેની વાત સાચી લાગતી.

આમ ગામ આખું હેરાન હેરાન થઈ રહ્યું હતું. સમજાતું નહોતું કે આમાં કોને સાચો માનવો અને કોને ખોટો ? આથી એક વાર સૌ ગામલોકોએ મળીને વિચાર્યું કે એ બન્ને – આસ્તિક અને નાસ્તિક–મળીને કોણ સાચું અને કોણ ખોટું છે તેનો નિર્ણય કરી લે તો જ તેમની આ આફતનો અંત આવે. આથી ગામલોકોએ તેમના પરની આ કાયમી આફતનો અંત લાવવા આસ્તિક અને નાસ્તિક બન્નેને સાથે બેસીને ચર્ચા કરાવવાનો નિર્ણય કર્યો અને ચર્ચાઓનો સમય પણ નક્કી કરી નાખ્યો.

ચર્ચાના નિયત દિવસે બન્નેને એક ઊંચા મંચ પર ચર્ચા કરવા બેસાડ્યા. તેમની સામે આખું ગામ બેઠું હતું. રાતભર ચર્ચા ચાલી. આસ્તિકે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં તો નાસ્તિકે પોતાની માન્યતાના ટેકામાં અનેક તર્કો રજૂ કર્યા. સવાર થવા આવ્યું. આજે આ બન્ને વિદ્વાનો અવશ્ય એકમત થશે એવી ગણતરીએ લોકો રાચતા હતા, બન્નેની વાકછટા અપૂર્વ હતી. કેટલાક લોકો એમ માનતા હતા કે હવે આસ્તિક નાસ્તિક બની જશે અને કેટલાક ધારતા હતા કે ના, હવે તો નાસ્તિક જ આસ્તિક બની રહેશે. પરંતુ બન્યું એવું કે આસ્તિક નાસ્તિક થઈ ગયો અને નાસ્તિક આસ્તિક બની ગયો. આથી લોકો ખૂબ જ નિરાશ થયા. અને તેમની મુશીબત તો એની એ જ રહી.

પૂર્વ આજે ધર્મથી પરેશાન છે, તો પશ્ચિમ વિજ્ઞાનથી. આથી સમગ્ર માનવજાત પર એક સંકટ આવી પડ્યું છે. જો પશ્ચિમ પૂર્વ બની જાય અને પૂર્વ પશ્ચિમ બની રહે તો પણ માનવજાત પરનું એ સંકટ ઓછું થવાનું નથી. જ્યારે સંયમનો આધાર હશે, વિજ્ઞાનની દૃષ્ટિ હશે ત્યારે એ સંકટ દૂર થશે. બીજી રીતે કહીએ તો પાયામાં–આધાર તરીકે પૂર્વ હશે અને દૃષ્ટિમાં પશ્ચિમ હશે એટલે કે પશ્ચિમની દૃષ્ટિ હશે ત્યારે જ માનવજાત પરનું એ સંકટ દૂર થશે, અને ત્યારે જ માનવજાત એક મહાન વિનાશમાંથી ઉગરશે.

**મુનિશ્રી રૂપચન્દજી**

## વ્યાખ્યાનમાળા દરમિયાન મળેલી ભેટની યાદી

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | શ્રી સુશિલાબહેન રમણિકલાલ રાજમલ મહેતા, હા. શ્રી. મંગલજી ઝવેરચંદ મહેતા (વૈદ્યકીય રાહત માટે) | |
| ૫૦૧ | " લીલાબહેન કીરતીલાલ મહેતા (વૈદ્યકીય રાહત માટે) | |
| ૫૦૧ | " કાંતિલાલભાઈ કે. શેઠ | |
| ૫૦૧ | " રતિલાલ આણંદજી દોશી, | |
| ૫૦૧ | " પ્રાણજીવન વી. મહેતા | |
| ૫૦૦ | " દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી તથા સૌ. હીરાલક્ષ્મીબહેન દીપચંદ સંઘવી. | |
| ૩૦૧ | " ચીમનલાલ ચકુભાઈ શાહ | |
| ૨૫૧ | " વિશા પ્રિન્ટરી | |
| ૨૫૧ | " બાબુભાઈ જી. શાહ | |
| ૨૫૧ | " ચીમનલાલ જે. શાહ | |
| ૨૫૧ | " મધુરીબહેન અમૃતલાલ શાહ | |
| ૨૫૧ | " ટોકરસી કે. શાહ | |
| ૨૫૧ | " રસિકલાલ મોહનલાલ ઝવેરી | |
| ૨૫૧ | " ગિરજાશંકર ઉમિયાશંકર મહેતા | |
| ૨૫૧ | " કે. પી. શાહ | |
| ૨૫૧ | " ખીમજી માડણ ભુજપુરીયા | |
| ૨૫૧ | " ધીરજલાલ મોરારજી અજમેરા | |
| ૨૫૧ | " વસંતલાલ વ્રજલાલ ગાંધી | |
| ૨૫૧ | " મેઘજી પી. શાહ | |
| ૨૫૦ | " અંજનાબહેન વીરેન શાહ. | |
| ૨૦૧ | " ધીરજલાલ ફૂલચંદ શાહ | |
| ૨૦૧ | " ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ, હા. શ્રી. જયંતીલાલ ફત્તેહચંદ શાહ | |
| ૧૫૧ | " સુબોધભાઈ એમ. શાહ | |
| ૧૫૧ | " મફતલાલ ભીખાચંદ શાહ | |
| ૧૫૧ | " એક સદ્‌ગૃહસ્થ | |
| ૧૪૫ | " એક સદ્‌ગૃહસ્થ | |
| ૧૦૧ | " રતિલાલ ચીમનલાલ કોઠારી (વાચનાલય–પુસ્તકાલયને) | |
| ૧૦૧ | " ભગવાનદાસ પોપટલાલ | |
| ૧૦૦ | " નીરૂબહેન સુબોધભાઈ શાહ | |
| ૧૦૦ | " ઘેલા કુરપાળ | |
| ૧૦૧ | " લલિતાબહેન લાલભાઈ શાહ | |
| ૧૦૧ | " ચીમનલાલ છગનલાલ | |
| ૧૦૧ | " રમાબહેન ઝવેરી | |
| ૧૦૧ | શ્રી ભગવાનદાસ સી. શાહ | |
| ૧૦૦ | " લીલાધર પી. શાહ | |
| ૧૦૧ | " ગુણવતલાલ મગનલાલ ઝવેરી | |
| ૧૦૧ | " સ્ટુડન્ટ્સ એજન્સી | |
| ૧૦૧ | " સૂરજબહેન મનસુખલાલ કોઠારી | |
| ૧૦૧ | " સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી | |
| ૧૦૧ | " મંગળાબહેન ઝાટકિયા | |
| ૧૦૧ | " લલિતાબહેન નૌતમલાલ શાહ | |
| ૧૦૧ | " હીરાલાલ હરગોવિંદદાસ ગાંધી | |
| ૧૦૧ | " મોહનલાલ કે. શાહ | |
| ૧૦૧ | " સી. એમ. મહેતા | |
| ૧૦૧ | " એક સદ્‌ગૃહસ્થ | |
| ૧૦૧ | " સુંદરલાલ ડી. શાહ | |
| ૧૦૧ | " ન્યાલચંદ જેચંદ મહેતા | |
| ૧૦૦ | " નાનચંદ જુઠાભાઈ | |
| ૭૫ | " મણિબહેન શિવલાલ | |
| ૭૫ | " એક સદ્‌ગૃહસ્થ | |
| ૫૧ | " પ્રવિણભાઈ મંગળદાસ | |
| ૫૧ | " અજિતભાઈ જી. દેસાઈ | |
| ૫૧ | " શ્રી. દીપચંદ ત્રી. શાહ તથા પ્રો. રમણલાલ ચી. શાહ | |
| ૫૧ | " દેવચંદ રવજી ગાલા | |
| ૫૧ | " મંગલજી ઝવેરચંદ મહેતા | |
| ૫૧ | " ડો. મનુભાઈ જમનાદાસ (પ્રબુદ્ધ જીવન માટે) | |
| ૫૧ | " શ્રી. રમણીકલાલ પ્રભુદાસ શાહ | |
| ૫૧ | " ડો. એમ. કે. પરમાણી | |
| ૫૧ | " દેવકુંવરબહેન જેસંગ | |
| ૫૧ | " મૂળચંદ નાનાલાલ મહેતા | |
| ૫૧ | " તારાબહેન ચીમનલાલ શ્રોફ | |
| ૫૧ | " કાન્તિલાલ લાલભાઈ મહેતા | |
| ૫૧ | " મહેન્દ્રભાઈ જે. શાહ | |
| ૫૧ | " કેશરીચંદ મણિલાલ શાહ | |
| ૫૧ | " કીર્તિલાલ નાનાલાલ શાહ | |
| ૫૧ | " વી. એન. દોશી | |
| ૫૧ | " દલપતલાલ કેશવલાલ પરીખ | |
| ૫૧ | " તેજસી માંડણ છેડા | |
| ૫૧ | " દુર્લભજી ઉમેદચંદ પરીખ | |
| ૫૧ | " રમણીકલાલ દલીચંદ શાહ | |
| ૫૧ | શ્રી રાજેન્દ્ર અમૃતલાલ શેઠ | |
| ૫૧ | " કલા ઈન્ડસ્ટ્રીઝ | |
| ૫૧ | " ભવાનજી રવજી શાહ | |
| ૫૧ | " મગનલાલ વી. શાહ | |
| ૫૧ | " દેવજી પુનસી શાહ | |
| ૫૧ | " અમીચંદ જે. શાહ | |
| ૫૧ | " હર્ષા પ્રિન્ટરી | |
| ૫૧ | " પ્રવીણચંદ્ર રમણલાલ | |
| ૫૧ | " સુનીતાબહેન શેઠ | |
| ૫૧ | " જયંતીલાલ પી. શાહ | |
| ૫૧ | " મહેન્દ્ર શાન્તિલાલ શાહ | |
| ૫૧ | " મુકતાબહેન સંઘવી | |
| ૫૧ | " કાંતિભાઈ વોરા | |
| ૫૧ | " લાભુભાઈ મહેતા | |
| ૫૧ | " નરસી કોરસીની કું. | |
| ૫૧ | " નટેન્દ્રકુમાર કાંતિલાલ શાહ (વૈદ્યકીય રાહત) | |
| ૫૦ | " જમનાદાસ જે. શાહ | |
| ૩૯ | " કસ્તુરીબહેન મૈશેરી | |
| ૩૫ | " હિંમતલાલ નારાણજી | |
| ૨૫ | " હરિલાલ ગુલાબચંદ શાહ | |
| ૨૫ | " નેમચંદ નાથાલાલ | |
| ૨૫ | " હીરજી ખીમજી ગાલા | |
| ૨૫ | " આણંદજી ગોવિંદજી | |
| ૨૫ | " ડી. એમ. ભુજપુરીઆ | |
| ૨૫ | " રમણલાલ લાલભાઈ લાકડાવાળા | |
| ૨૫ | ડો. ભાણજી યુ. ગડા | |
| ૨૫ | શ્રી. ગુણવંતીબહેન ચીનુભાઈ | |
| ૨૫ | " લવણપ્રસાદ ફુલચંદ શાહ | |
| ૨૫ | " જગજીવન પોપટલાલ શાહ | |
| ૨૫ | " મગનલાલ રવજી શાહ | |
| ૨૫ | " ખેતસી માલસી સાવલા | |
| ૨૫ | " ચત્રભુજ નાગરદાસ ડગલી | |
| ૨૫ | " એક સન્નારી | |
| ૨૫ | " ચંદનબહેન કાંતિલાલ પારેખ | |
| ૨૫ | " ઝવેરબહેન નથુભાઈ પારેખ | |
| ૨૫ | " જિતેન્દ્ર કાન્તિલાલ | |
| ૩૦૦ | પચ્ચીસથી નીચેની રકમો | |
| ૧૨,૮૧૮ | | |

## સાભાર સ્વીકાર

**અલગારી રખડપટ્ટી**: લેખક રસિક ઝવેરી: પ્રકાશક લોકમિલાપ ટ્રસ્ટ, ૧૫૬૫ સરદારનગર, ભાવનગર-૧

**એક**: લેખક-વાડીલાલ મોતીલાલ શાહ કૃત: સંપાદક-ત્રિભુવનભાઈ વીરજીભાઈ હેમાણી. ૨, શ્રીનગર સોસાયટી, ગોરેગાંવ મુંબઈ ૬૨, કિંમત ૨-૨૫

**આર્વાચીન ગુજરાતનું રાજકીય ઘડતર**: લેખક પ્રવીણચંદ્ર પારેખ. સન્નિષ્ઠ પ્રકાશન: માવળંકર હવેલી. ભદ્ર. અમદાવાદ૧ કિંમત રૂા. ૪-૫૦

**શ્રીમદની સિદ્ધપદ ભાવના** (શ્રીમદ્‌કૃત 'અપૂર્વ અવસર' વિવેચન) લેખિકા: સરયુબેન આર. મહેતા, એમ. એ. પી. એચ. ડી. પ્રકાશક: શ્રી જમનાદાસ પી. શેઠ. માઉન્ટ યુનીક, પેડર રોડ, મુંબઈ ૨૬

**લેખિકા રંભાબહેન ગાંધીનાં પુસ્તકો**: (૧) પીપળ પાન ખરંતા, કિંમત ૬-૦૦ (૨) તિમિરે ટમકતા તારલા, કિંમત ૫-૦૦ (૩) પ્રીતની ન્યારી રીત, કિંમત ૬-૦૦ (૪) સબરસ, કિંમત ૬-૦૦ (૫) અંતર્યામી, કિંમત ૫-૫૦ **પ્રકાશન** રવાણી પ્રકાશન, ૨૨૬ સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ. ૩. (૬) તીર અને તુક્કા, કિંમત, ૩-૫૦ (૭) લગ્નગીતો અને લોકગીતોની ગૂંથણી, કિંમત ૨-૫૦ (૮) સંસારસાગરના તીરેથી. પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ પ્રા. લિ. ગાંધી રોડ, ૬૪ ફર્નાન્ડીઝ બિજ, અમદાવાદ ૧ કિંમત ૪-૦૦

## સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાં આજ સુધીમાં ભરાયેલી રકમો

| | |
|---|---|
| ૧,૪૨,૪૪૯ | અગાઉ પ્રગટ થઈ ચૂકેલી રકમો |
| ૧,૦૦૧ | મેસર્સ હર્ષદરાય પ્રા. લિ. |
| ૨૭૩ | પાંચસોથી નીચેની રકમો |
| ૧,૪૩,૭૨૩ | |

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૬૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑક્ટોબર ૧૬, ૧૯૭૧ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પ્રકીર્ણ નોંધ

### 'ફૂલછાબ'ની સુવર્ણ જયન્તી

તા. ૨-૧૦-'૭૧ ને દિને ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણની અધ્યક્ષતામાં 'ફૂલછાબ'નો સુવર્ણ જયન્તી મહોત્સવ ઊજવાયો તે પ્રસંગે આ પત્રના ૫૦ વર્ષના ઈતિહાસની નોંધ લેવા જેવું છે.

ગાંધીજીના જન્મદિન ૨-૧૦-૧૯૨૧ને રોજ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનો પ્રથમ અંક રાણપુરથી પ્રકટ થયો તે દેશી રાજ્યોની પ્રજા માટે અને પત્રકારિત્વમાં એક ઐતિહાસિક બનાવ હતો. સત્યાગ્રહ અને અસહકારનું આંદોલન પુરજોશમાં ચાલતું હતું ત્યારે કચડાયેલી રિયાસતી પ્રજાનો અવાજ રજૂ કરનાર અથવા સાંભળનાર કોઈ ન હતું. અમૃતલાલ શેઠ એટલે સાહસ અને નીડરતા. હાઈકોર્ટ પ્લીડરની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પહેલે નંબરે પાસ થઈ લીંબડીમાં વકીલાતની શરૂઆત કરી. થોડા વખત પછી લીંબડીમાં ન્યાયાધીશ થયા. તે હોદ્દો ફગાવી દઈ આંદોલનમાં ઝુકાવ્યું, તે સમયના કાઠિયાવાડમાં રાણપુરનું નાનું બિન્દુ બ્રિટિશ હકૂમતમાં હતું. કોઈ દેશી રાજ્યમાંથી પત્ર શરૂ કરવું અશકય હતું. તે વખતે પત્રકારિત્વ એટલે એક મિશન, સમર્પણ. મુંબઈના મિત્રોએ રૂા. ૨૫,૦૦૦ ભેગા કરી આપ્યા. બાકી જાતમજૂરી. અમૃતલાલભાઈ, ભીમજીભાઈ સુશીલ, કેટલોક સમય બળવંતરાય મહેતા, કકલભાઈ કોઠારી અને બીજા કેટલાય ભાઈઓએ આ યજ્ઞમાં ભાગ લીધો. આગઝરતી ભાષા, જીવને જોખમે રાજ્યોના અત્યાચારો અને જુલમો અને રાજવીઓની ભોગવિલાસની લીલા ઉઘાડાં પાડ્યાં. ત્યાર પછી મેઘાણીભાઈ આવ્યા. તેમણે નવી ભાત પાડી. લેંડત દરમ્યાન પત્ર અને પ્રેસ જપ્ત થયાં. ફરી શરૂ કર્યાં. નામ બદલાવ્યું. 'સૌરાષ્ટ્ર'નું 'ફૂલછાબ' થયું. થોડાં વર્ષ પછી પત્ર રાજકોટ લાવ્યા. ત્યાં કેટલાક મિત્રોએ થોડો સમય ચલાવ્યું, પણ મોટી ખોટ ગઈ. છેવટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટે (જન્મભૂમિ પત્રો) 'ફૂલછાબ' પોતાના હસ્તક લીધું. દૈનિક થયું. સખત હરીફાઈમાં મુશ્કેલીથી ચાલતું. પણ છેલ્લાં દસ વર્ષમાં અસાધારણ પ્રગતિ કરી. ૩,૦૦૦ થી ૪૦,૦૦૦નું સરકયુલેશન થયું. હવે સૌરાષ્ટ્રનું અગ્રગણ્ય પત્ર લેખાય. તેને જોઈતાં સાધનો પણ સારા પ્રમાણમાં સાંપડ્યાં છે. વિશાળ સ્વતંત્ર મકાન છે, અદ્યતન મશીનરી છે, નવું રોટરી મશીન છે, અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને જુનાગઢને સાંકળતી પોતાની ટેલિપ્રિન્ટર લાઈન છે. નીડર અને સ્વતંત્ર પત્ર તરીકે સૌરાષ્ટ્રની પ્રજાનો સારો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. મોટરો દ્વારા સૌરાષ્ટ્રનાં મુખ્ય શહેરોમાં તુરત પત્ર પહોંચી જાય તેવી વ્યવસ્થા છે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં પત્રો (મુંબઈમાં 'જન્મભૂમિ,' સુરતમાં 'પ્રતાપ,' રાજકોટમાં 'ફૂલછાબ,' કચ્છમાં 'કચ્છમિત્ર') પ્રજાહિત માટે જ જાહેર ટ્રસ્ટ છે. કોઈને અંગત સ્વાર્થ કે માલિકી નથી. કોઈ ઉદ્યોગપતિ કે રાજકીય પક્ષને આધારે નભતાં નથી પણ પ્રજાના વિશ્વાસ અને સહકાર ઉપર નભે છે. સુવર્ણ જયન્તી પ્રસંગે આ વિશ્વાસ અને સહકાર સારા પ્રમાણમાં જોવા મળ્યા. રાજકોટની જુદી જુદી સંસ્થાઓએ 'ફૂલછાબ'નું અભિવાદન કર્યું. 'ફૂલછાબે' યોજેલ રમતગમત, શત્રુંજય - ગિરનાર આરોહણ, નિબંધો, વાર્તા વિગેરે હરીફાઈઓમાં ઘણાં ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર ટ્રસ્ટે શ્રી અમૃતલાલ શેઠ અને શ્રી મેઘાણીનાં તૈલચિત્રોનું અનાવરણ કર્યું અને અમૃતલાલ શેઠનું કાયમી સ્મારક કરી તેમના પ્રત્યેનું ઋણ યત્કિંચિત અદા કર્યું. રાણપુર ખાતે જે મકાનમાં 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક શરૂ કર્યું, તે મકાન શ્રી અમૃતલાલ શેઠના નામે ચાલતી હૉસ્પિટલને ભેટ આપ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને એક લાખ રૂપિયાના દાનની દરખાસ્ત કરી છે, જેથી અમૃતલાલ શેઠને નામે પત્રકારિત્વની શાળા School of Journalism સ્થાપવી. યુનિવર્સિટી આ દરખાસ્ત સ્વીકારશે એવી આશા છે.

### યુનાઈટેડ નેશન્સ

રાષ્ટ્રસંઘની આ વર્ષની જનરલ બેઠક અતિ મહત્ત્વની છે. સામ્યવાદી ચીન, વર્ષોના અમેરિકાના વિરોધ પછી, અમેરિકાની દરખાસ્તથી જ, રાષ્ટ્રસંઘનું સભ્ય બનશે અને તેની કારોબારી, સિકયોરિટી કાઉન્સિલના પાંચ કાયમી સભ્યોમાં એક સભ્ય તરીકે સ્થાન મેળવશે. ખાસ સભ્યપદ અત્યારે ચીનને નામે તાઈવાન ભોગવે છે. તાઈવાનને સામાન્ય સભ્ય તરીકે ચાલુ રાખવા અમેરિકા ઈતેજાર છે. સામ્યવાદી ચીનને બે ચીનની નીતિ માન્ય નથી. બીજાં કેટલાંક રાષ્ટ્રોને પણ આ નીતિ માન્ય નથી. છતાં સંભવ છે કે અમેરિકા પોતાની લાગવગથી અત્યારે તો ચાંગ-કેઈ-શેકને વધારે આઘાત ન થાય તેમ કરવામાં કદાચ સફળ થશે. સામ્યવાદી ચીન રાષ્ટ્રસંઘનું સભ્ય થાય અને તેમાં પણ સિકયોરિટી કાઉન્સિલનું કાયમી સભ્ય બને અને તેનો Veto Right ચીનને મળે તેને કારણે રાષ્ટ્રસંઘના સ્વરૂપમાં અને તેની કાર્યવાહીમાં મહત્ત્વનો અસરકારક ફેરફાર થશે. અત્યાર સુધી રાષ્ટ્રસંઘમાં બે મહાસત્તાઓ-અમેરિકા અને રશિયા-વર્ચસ્વ ભોગવતા રહ્યા છે. એક ત્રીજી મહાસત્તા હવે તેમાં જોડાશે. રશિયા અને ચીનના બગડેલા સંબંધો જોતાં, આ ત્રિકોણ દુનિયાના રાજકારણમાં નવો પલટો લાવશે. રાષ્ટ્રસંઘ ઉત્તરોત્તર નિર્બળ અને નિરુપાય બનતો રહ્યો છે. જગતમાં વિશ્વશાન્તિ સ્થાપવા અને માનવજાતને યુદ્ધના દૈત્યથી બચાવવા સ્થાપેલ આ મહાન સંસ્થા, સિદ્ધિને બદલે સ્વપ્ન જ બની ગઈ છે. મહાસત્તાઓ સંમત હોય ત્યારે તેને કાંઈક સફળતા મળી છે. કોરિયા, બર્લિન, વગેરે કટોકટીને સમયે યુદ્ધ ફેલાતું અટકાવી શકી છે. પણ મહાસત્તાઓનો સ્વાર્થ આડે આવે ત્યાં નિષ્ફળ ગઈ છે. વિયેટનામ, ક્યુબા, મધ્યપૂર્વમાં આરબ-ઈઝરાઈલ, નાઈજીરિયા, બંગલા દેશ વગેરે ઘટનાઓમાં રાષ્ટ્રસંઘ અસહાય સાક્ષી બની રહી છે. રાષ્ટ્રસંઘની

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો અને
'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો, વાચકો અને
લેખક-મિત્રોને-
નૂતન વર્ષની મંગલ કામનાઓ
પાઠવીએ છીએ
ચીમનલાલ ચકુભાઇ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઇ એમ. શાહ } મંત્રીઓ
તા. ૧૬-૧૦-'૭૧

બીજી સેવાઓ ઘણી છે. પછાત દેશોને સારા પ્રમાણમાં મદદ અને માર્ગદર્શન મળ્યાં છે. પણ તેની આર્થિક સ્થિતિ હમેશાં નબળી રહી છે અને વધારે કથળતી રહી છે. અત્યારે ઘણી ખરાબ હાલત છે. કેટલાય રાજ્યો પોતાનો ફાળો આપતાં નથી અને સ્વતંત્ર આવક નથી. અબજો ડોલરનું ખર્ચ છે. ઘણા લોકો માનતા થયા છે કે લીગ ઑફ નેશન્સની પેઠે, આ રાષ્ટ્રસંઘ પણ સર્વથા નિષ્ફળ જશે.

આવી જ નિરાશાથી ઉથાં સેક્રેટરી જનરલના પદે ચાલુ રહેવા ઈચ્છતા નથી.

તેમની પૂર્વના બે સેક્રેટરી જનરલ ટ્રીગ્વે લી અને દાગ હેમર–શોલ્ડ શક્તિશાળી વ્યક્તિઓ હતા. ઉથાં પ્રમાણમાં શાન્ત પણ ભાવનાશાળી વ્યક્તિ છે. બંગલા દેશ બાબતમાં તેમનું વલણ રહસ્યમય રહ્યું છે. વિયેટનામ ઉપર તેમનો જે ઉકળાટ અને વ્યથા હતાં તે બંગલા દેશના ભયંકર હત્યાકાંડમાં મૌન રહ્યાં છે. રાષ્ટ્રસંઘ નવા સેક્રેટરી જનરલની શોધમાં છે. સર્વમાન્ય પ્રભાવશાળી વ્યક્તિ મળવી બહુ મુશ્કેલ છે. રાષ્ટ્રસંઘના બંધારણ મુજબ સેક્રેટરી જનરલને સ્વતંત્રપણે વિશાળ સત્તાઓ છે, પણ તેનો અસરકારક અમલ કરી શકે અને કોઈ મહાસત્તાથી દબાઈ ન જાય એવી વ્યક્તિ દુર્લભ છે. આ બધી મુશ્કેલીઓ છતાં, રાષ્ટ્રસંઘનું અસ્તિત્વ રહે તેમાં દુનિયાને લાભ છે. યુદ્ધખોરીનું માનસ વધતું જાય છે અને નિઃશસ્ત્રીકરણની ઘણી વાતો છતાં, શસ્ત્રોના ગંજ ખડકાયે જાય છે, તેવે સમયે, સાથે બેસે ત્યારે ભલે ધુરકિયાં કરે તો પણ, સાથે બેસી વિચારવાનું એક સ્થાન છે તે આશાતંતુ છે.

**એક ડગલું પાછળ ?**

શાસક કૉંગ્રેસની સિમલાની મહાસમિતિની બેઠકમાં વિદેશમંત્રી શ્રી સ્વર્ણસિંઘે બંગલા દેશ વિશે જે કહ્યું તેથી કંઈક આશ્ચર્ય થયું છે. તેમણે કહ્યું કે બંગલા દેશના ચૂંટાયેલ પ્રતિનિધિઓને માન્ય હોય તેવું કોઈપણ રાજકીય સમાધાન ભારતને માન્ય રહેશે. આમાં કાંઈ વાંધો લેવા જેવું નથી. પણ પછી રાજકીય સમાધાનનો તેમણે જે અર્થ કરી બતાવ્યો તેથી શંકાનું કારણ રહે છે. તેમણે કહ્યું કે આવા રાજકીય સમાધાનમાં પાકિસ્તાનનું માળખું અખંડ રહે અને તેમાં બંગલા દેશ વધારે સ્વાયત્ત (autonomy) હોય એવું પણ બને. આ નિવેદનના વિપરીત પ્રત્યાઘાતો પડયા ત્યારે બીજે દિવસે તેમણે ખુલાસો કર્યો કે તેમના નિવેદનથી બંગલા દેશ સ્વતંત્ર ન બને એવો અર્થ નથી. આ ખુલાસાથી શંકાનું સમાધાન થતું નથી. રશિયા અને અમેરિકા બન્ને રાજકીય સમાધાનની જ વાત કરે છે. રશિયા સાથે આપણે કરારો કર્યા એવી માન્યતાથી કે બંગલા દેશની આપણી નીતિને બળ મળે અને તે કારણે પાકિસ્તાન આપણા ઉપર આક્રમણ કરે તો રશિયાની આપણને પૂરી સહાય મળે. બંગલા દેશ વિશે રશિયાનું વલણ અસ્પષ્ટ રહ્યું છે. ઈન્દિરા ગાંધીની તાજેતરની રશિયાની મુલાકાત અને ખાસ કરી કોસિજીને જે કહ્યું તે ઉપરથી એમ લાગતું હતું કે રશિયા હવે આપણી નીતિ સ્વીકારે છે. પણ પછી અલ્જીરિયા સાથે એક સંયુકત નિવેદન બહાર પાડયું તેમાં વળી થોડો ફેર દેખાય છે. લોકોને શંકા થાય છે કે સ્વર્ણસિંઘનું નિવેદન રશિયાના કોઈ દબાણનું પરિણામ તો નહિ હોય? રશિયા સાથેના કરારનું આવું પરિણામ તો ન હોય? કદાચ એ પણ સંભવ છે કે શરણાર્થીઓનો બોજો એટલો અસહ્ય થઈ પડયો છે કે કોઈ રીતે સમાધાન થાય તો સારું. પણ એવા સમાધાનમાં બધા શરણાર્થીઓ વિશ્વાસપૂર્વક બંગલા દેશ પાછા જાય તે તો અનિવાર્યપણે હોવું જ જોઈએ, નહિ તો સમાધાનનો કોઈ અર્થ નથી. શરણાર્થીઓ પાછા જઈ શકે એવી પરિસ્થિતિ તો ત્યારે પેદા થાય કે જેમાં શેખ મુજીબુર રહેમાન અને તેમના સાથીઓના હાથમાં બંગલા દેશનું સુકાન હોય અને પાકિસ્તાની લશ્કર સર્વથા પાછું ખેંચાય. અલબત્ત ભારત એવો આગ્રહ ન જ રાખી શકે કે બંગલા દેશ સર્વથા સ્વતંત્ર થાય એવું જ સમાધાન તેને માન્ય છે. જો કે જે ભયંકર અત્યાચારો થયા છે તેમાં પાકિસ્તાનના બન્ને ભાગ હવે સાથે રહી શકે એવી કોઈ શકયતા દેખાતી નથી. છતાં પણ શેખ મુજીબુર રહેમાન અને તેમના સાથીઓને માન્ય હોય તેવા સમાધાનમાં ભારત કોઈ વાંધો લઈ શકે નહિ. એટલું જ કે શરણાર્થી બધા પાછા જાય તે નિશ્ચિત હોવું જોઈએ. શ્રી સ્વર્ણસિંઘના નિવેદનને કદાચ વધારે પડતું માની લેવું ન જોઈએ. પણ તેમના નિવેદનથી મુકિતવાહિનીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કોઈ નિરાશા ન આવે તે જરૂરનું છે, તેમ દેશમાં પણ કોઈ ગેરસમજણ ન થાય તે જોવું રહ્યું.

**ત્રણ અધિવેશનો**

એક મહિનામાં જૈન સમાજનાં ત્રણ અધિવેશનો થવાનાં હતાં. તેમાં, બે થઈ ગયાં. એક મુલતવી રહ્યું. ભારત જૈન મહામંડળનું અધિવેશન સપ્ટેમ્બર ૨૫-૨૬ તારીખે બીઆવરમાં શ્રી શાદીલાલજી જૈનની અધ્યક્ષતામાં થયું. સ્થાનકવાસી કોન્ફરન્સનું અધિવેશન ઑકટોબર તારીખ ૨-૩-૪ બીઆવરમાં મદ્રાસના આગેવાન ઉદ્યોગપતિ શ્રી મોહનમલજી ચોરડિયાના પ્રમુખપદે થયું. શ્વેતામ્બર કોન્ફરન્સનું અધિવેશન ઑકટોબર તારીખ ૮-૯-૧૦ ને રોજ શ્રી રતિલાલ નાણાવટીના પ્રમુખપદે ભરાવાનું હતું તે મુલતવી રહ્યું છે.

ભારત જૈન મહામંડળનું આ અધિવેશન ૪૧મું હતું. મંડળની સ્થાપના ૧૮૯૫માં થઈ. જૈનોની એકતા તેનું મુખ્ય ધ્યેય રહ્યું છે. તેના પ્રમુખસ્થાને જૈન સમાજના બધા ફિરકાની આગેવાન વ્યકિતઓ આવી છે, જેવા કે રાયબહાદુર સુલતાનસિંહજી, શેઠ માણેકચંદ ગુલાબચંદજી ઢઢ્ઢા, વાડીલાલ મોતીલાલ, કુન્દનમલ ફિરોદિયા, શાન્તિપ્રસાદ જૈન, અચલસિંહજી, અમૃતલાલ દલપતભાઈ શેઠ, અમૃતલાલ કાલિદાસ દોશી વિગેરે. કેટલાંય વર્ષો સુધી એક એવી છાપ હતી કે મંડળમાં દિગમ્બર સમાજના આગેવાનોનું વર્ચસ્વ વધારે છે. વર્ષો સુધી વર્ધામાં શ્રી ચિરજીલાલ બડજાતે મંડળનું સંચાલન કરતા. મુંબઈ ઑફિસ આવ્યા પછી શ્રી રિખવદાસ રાંકા તેના મુખ્ય કાર્યકર્તા રહ્યા છે. ત્રણ-ચાર વર્ષથી મંડળ વધારે સક્રિય થયું છે. મંડળની પ્રેરણાથી ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્ર અને ભગવાન મહાવીર ૨૫૦૦ વર્ષ નિર્વાણ મહોત્સવ સમિતિની સ્થાપના થઈ છે. આ ત્રણે સંસ્થાઓ સમસ્ત જૈન સમાજની સંસ્થાઓ છે અને ત્રણેની સંયુકત ઑફિસ વ્યવસ્થિત રીતે કામ કરી રહી છે. જૈન સમાજમાં સંગઠનના અભાવે અને સામ્પ્રદાયિક ભાવના હજી પ્રબળ હોવાને કારણે આવી સંસ્થાઓને જે બળ મળવું જોઈએ તે મળતું નથી. મુનિરાજોનો પ્રભાવ, તેમના ત્યાગી જીવનના કારણે, જૈન સમાજ ઉપર, અન્ય સમાજના ધર્મગુરુઓ કરતાં પણ વધારે છે. સમાજ ગમે તેટલો શિક્ષિત અને સામાજિક વ્યવહારમાં પ્રગતિશીલ થયો હોય તો પણ ધર્મની બાબતમાં અંધશ્રદ્ધા ઓછી થઈ નથી. કેટલાક અપવાદો બાદ કરતાં સાધુ-સાધ્વીઓએ જૈન સમાજના સંગઠનમાં અને એકતાની ભાવના મજબૂત કરવામાં બહુ ઓછો ફાળો આપ્યો છે.

બીઆવરના અધિવેશનમાં, વડીલો અને ત્યાં બિરાજતા સ્થાનકવાસી મુનિઓનો સહકાર ઓછો હોવા છતાં, યુવકોએ ઘણું સુંદર કામ કરી અધિવેશનને સફળ બનાવ્યું. ત્યાર પછી શ્રી રાંકાજીએ અજમેર, ઉદયપુર, જયપુર, ઈન્દોર વગેરે સ્થળોએ પ્રવાસ કર્યો ત્યાં પણ યુવકોમાં સારો ઉત્સાહ હતો અને મંડળની શાખાઓ સ્થળે સ્થળે શરૂ થઈ છે.

સ્થાનકવાસી કોન્ફરન્સના અધિવેશનની કાર્યવાહીનો સત્તાવાર અહેવાલ હજી મળ્યો નથી. પણ જે ખબર મળ્યા છે તે ઉપરથી જણાય છે કે અધિવેશનમાં અંદરના મતભેદો બહાર આવ્યા અને કોઈ ઉપયોગી કાર્યવાહી થઈ નથી. સ્થાનકવાસી કોન્ફરન્સ

જે વર્ષો સુધી ઘણી સક્રિય હતી તે છેલ્લા ૫-૭ વર્ષથી નિષ્ક્રિય થતી રહી છે. તેના સાદડી અધિવેશનમાં એક શ્રમણ સંઘની સ્થાપના કરી તે સંગઠનનું કારણ બનવાને બદલે, ભિન્નતા વધારવાનું નિમિત્ત બન્યું છે.

શ્વેતામ્બર કોન્ફરન્સ, અખિલ ભારતીય કહેવાય છે પણ વર્ષોથી તેનું કાર્યક્ષેત્ર મોટે ભાગે મુંબઈ અને કાંઈક ગુજરાત–સૌરાષ્ટ્ર પૂરતું સીમિત રહ્યું છે. મુંબઈમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ ઘણો સમૃદ્ધ અને શક્તિશાળી હોવા છતાં, સંગઠન અને સર્વમાન્ય નેતૃત્વના અભાવે, કોન્ફરન્સ ક્રિયાશીલ બની નથી. આ અમૃત મહોત્સવ અધિવેશનની શરૂઆત સારા ઉત્સાહથી થઈ હતી અને શ્રી રતિલાલ નાણાવટી જેવા શક્તિશાળી પ્રમુખની વરણી થઈ હતી તેથી એવી આશા જન્મી-કે કોન્ફરન્સ હવે જાગતી થશે. પણ મળતી માહિતી મુજબ અંદરના મતભેદો અને કેટલાક વિરોધને કારણે અધિવેશન મુલતવી રાખવું પડ્યું. કોન્ફરન્સના વર્તમાન કાર્યકર્તાઓનો મુંબઈના વિશાળ મૂર્તિપૂજક સમાજ સાથે ગાઢ સંપર્ક નથી. જે થોડી વ્યકિતઓ કોન્ફ-રન્સના વહીવટમાં અત્યારે છે તેમનામાં એકરાગ ન હોવાને કારણે સમાજમાં સંગઠન થતું નથી. મૂર્તિપૂજક સમાજમાં ઘણી શકિતશાળી શિક્ષિત, સેવાભાવી અને ધનવાન વ્યકિતઓ છે. તેઓ ધારે તો મુંબઈમાં જૈનોનું પ્રભાવશાળી સંગઠન થઈ શકે. જુદી જુદી સંસ્થાઓ અને સંઘો મારફત ઘણાં સમાજકલ્યાણનાં કાર્યો થાય છે, પણ સંગઠન અને સર્વમાન્ય આગેવાનીના અભાવે, ઘણું કરવા જેવું રહી જાય છે. આ બાબતમાં સ્થાનકવાસી સમાજ પાસેથી કાંઈક દાખલો લઈ શકાય તેમ છે. મુંબઈમાં જેટલાં દેરાસરો તેટલા જુદા સંઘો છે. સ્થાનક વાસી સમાજમાં પણ મુંબઈથી વિરાર અને કલ્યાણ સુધી જેટલા ઉપાશ્રયો તેટલાં સંઘો છે. પણ તે બધાં સંઘોનો એક મહાસંઘ રચ્યો છે અને સ્થાનકવાસી સમાજને લગતા બધા પ્રશ્નોનો મહાસંઘ મારફત નિર્ણય લેવાય છે. કોઈપણ દીક્ષા મહાસંઘની આજ્ઞા વિના નથી થતી. કોઈ સાધુસાધ્વીનું ચાતુર્માસ મહાસંઘની મંજૂરી વિના નથી થતું. મહાસંઘ તરફથી શ્રમણી વિદ્યાપીઠની સ્થાપના થઈ છે. સાધુ-સાધ્વીઓના અભ્યાસ માટે મહાસંઘ પ્રબંધ કરે છે. બધી જૈન શાળાઓની દેખરેખ અને પરીક્ષાઓ મહાસંઘ મારફત થાય છે. મુંબઈનો મૂર્તિ-પૂજક સમાજ સ્થાનકવાસી સમાજ કરતાં ઘણો વધારે શકિતશાળી, સમૃદ્ધ અને દાનની દિશામાં આગળ વધેલો છે. તેના આગેવાનો ધારે તો ઘણાં સમાજકલ્યાણનાં કાર્યો વ્યવસ્થિત રીતે કરી શકે તેમ છે અને આ આખા દેશને માર્ગદર્શન આપી શકે તેમ છે. અધિવેશન મુલતવી રાખવું પડ્યું તે દુ:ખદ ઘટના છે, પણ આશા રાખીએ કે ટૂંક સમયમાં વધારે યશસ્વી રીતે અધિવેશન ભરી કોન્ફરન્સને પ્રેરણાસ્થાન બનાવશે.

ચીમનલાલ ચકુભાઈ

# ખાદીના પ્રથમ સેવક: સ્વ. જેરાજાણી કાકા

ખાદીજગતમાં જેરાજાણી કાકાના નામે ઓળખાતા શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીનું તા. ૫ ઓકટોબરના રોજ રાત્રે બાર વાગ્યે ૯૦ વર્ષની પાકટ વયે વિલેપાર્લેમાં અવસાન થયું છે.

જામનગર પાસેના જામ-ખંભાળિયામાં ઈ. સ. ૧૮૮૨ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે જન્માષ્ટમીને દિવસે એમનો જન્મ થયો હતો. ગુજરાતી ચાર ચોપડી અને બે અંગ્રેજી જેટલું જ મર્યાદિત તેમનું ભણતર હતું. નાની વયે જ તેઓ મુંબઈ આવ્યા, પરંતુ કુટુંબની નબળી આર્થિક સ્થિતિના કારણે તેઓ આગળ અભ્યાસ કરી શકયા નહિ.

પ્રથમ સેવાની દીક્ષા તેમણે લોકમાન્ય ટિળક પાસે લીધી. તે પછી સ્વદેશી કો-ઓપરેટિવ સ્ટોર્સના વ્યવસ્થાપક તરીકે તેમણે ચૌદ વર્ષ સુધી કાર્ય કર્યું. લોકમાન્યના અવસાન બાદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની રાહબરી નીચે ખાદીનું ખાસ કરીને વેચાણનું કામ તેમણે સંભાળ્યું.

ખાદીના વધતા જતા ઉત્પાદનની સાથે તેના વેચાણનો પ્રશ્ન ગંભીર સમસ્યા જેવો રહ્યો હતો, તેના નિરાકરણનો બોજ ગાંધીજીએ તેમના પર નાખ્યો. જેમ ગાંધીજીએ દરેક ક્ષેત્રે યોગ્ય સેવકોને ચૂંટીને તેમનાં સ્થાનો મુકરર કર્યાં હતાં–જેમ કે, સરદાર વલ્લ-ભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ, ઠક્કર બાપા વગેરે–તેવી રીતે જેરાજાણી કાકાને ઉદ્દેશીને ગાંધીજીએ પોતાની રોજનીશીમાં આદેશા-ત્મક રીતે લખાવ્યું કે: "ખાદીનું કામ કરોડોએ પહોંચવાનું છે, એ તમારે સંભાળવાનું છે, કોઈ પણ લડતમાં તમારે જોડાવાનું નથી. તમારું સ્વરાજ ખાદીવેચાણમાં જ સમાઈ જવું જોઈએ." આ ગાંધી-જીની આજ્ઞાનું તેમણે જીવનના અંત સુધી અક્ષરશ: પાલન કર્યું એટલું જ નહિ પરંતુ આખી ખાદી પ્રવૃત્તિને વેગ આપ્યો, તેમાં નાવિન્ય આણ્યું, તેનો અદ્‌ભુત એવો વિકાસ કર્યો, તે એટલે સુધી કે પરદેશના માણસો પણ ખાદી તરફ આકર્ષાયા–એ રીતે તેમને સોંપેલા કાર્યને એક મિશનરીની અદાથી વળગી રહીને, ખાદીના તાંતણા સાથે અંતરના તારની મિલાવટ કરીને આ કાર્યને તેમણે ઉત્તમો-ત્તમ રીતે દીપાવ્યું.

તેમની આટલી અસાધારણ સફળતાની ચાવી એ હતી કે તેઓ સત્યનિષ્ઠ હતા અને તેમના ઉપદેશ અને આચરણ વચ્ચે તેઓ અંતર નહોતા રાખતા. આપણને આવા કર્મઠ સેવકો બહુ જૂજ પ્રાપ્ત થયા છે. એટલે તેમણે ભલે મોટી ઉમ્મરે વિદાય લીધી પરંતુ તેમની ખોટ આપણને સાલવાની જ. પરંતુ તેઓ તો તેમનું જીવન ધન્ય બનાવીને ગયા, એમ કહી શકાય.

હજુ હમણાં જ ૧૮મી જુલાઈએ ઉપનગર ગ્રામોદ્યોગ સંઘના ઉપક્રમે પૂ. રવિશંકર દાદાના પ્રમુખપણા નીચે વિલેપાર્લેમાં તેમના સન્માનને લગતો એક સમારંભ યોજાઈ ગયો. તેમાં હાજરી આપવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. ત્યારે જે મહાનુભાવોએ તેમની પ્રશસ્તિ કરી હતી તેમણે તેમને અનેક વિશેષણોથી સંબોધ્યા હતા, તેમાં કોઈએ તેમને સાચા અર્થમાં "કર્મઋષિ" તરીકે વર્ણવ્યા હતા અને કોઈએ તેમને "ખાદીના રાજા" કહ્યા હતા. હમણાં તેમના અવસાન પછીના વર્તમાનપત્રોના અહેવાલોમાં પણ તેમને "ખાદીના રાજા" તરીકે સંબોધવામાં આવ્યા છે. પરંતુ આ શબ્દ પ્રયોગ મને રૂચતો નથી. કેમકે સેવક અને રાજા વચ્ચે તો ઘણું એવું અંતર છે. એટલે તેમને તો ખાદીકાર્યના પ્રથમ સેવક તરીકે જ સંબોધી શકાય. આવા એક ખાદીના પ્રથમ કક્ષાના સેવકને ગુમા-વવાથી આપણે ચિન્તિત થઈએ તે સાવ સ્વાભાવિક છે, પરંતુ આવે વખતે તો આમ કરવાને બદલે તેમનાં પગલે ચાલીને તેમના અધૂરા કાર્યને પૂરું કરવા માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરવા માટે પાછળ રહેલા કાર્યકર્તાઓએ પ્રયત્નશીલ રહેવું તે જ તેમને આપેલી સાચી અંજલિ ગણાશે. આવા પ્રખર સેવકના આત્માને ચિર શાન્તિ મળે એવી આપણે પરમેશ્વરને પ્રાર્થના કરીએ.

શાન્તિલાલ ટી. શેઠ

* * *

હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું, અને સંપૂર્ણપણે સારો થવાને, સંપૂર્ણપણે સાચો થવાને અને મન, વાણી તેમ જ કર્મથી સંપૂર્ણપણે અહિંસક થવાને ઝંખું છું; છતાં જે આદર્શને સંપૂર્ણપણે સત્ય માનું છું તેને પહોંચવામાં નિત્ય નિષ્ફળ જાઉં છું. આ ચઢાણ સીધું ને કઠણ તેમ જ કષ્ટદાયક છે પણ એ કષ્ટ મને ખરેખરો આનંદ આપે છે. એ ચઢાણ પર આગળ પગ માંડતો જાઉં છું તેમ તેમ દરેક પગલે હું વધારે મજબૂત અને એથી એ આગળનું પગલું માંડવાને વધારે લાયક થતો જાઉં છું એવું મને લાગે છે.

–ગાંધીજી

# ☆ લોકશાહીમાં આર્થિક નિયોજનની સમસ્યા ☆

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આકાયે યોજાયેલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રા. એ.એન. રામજોષીએ આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવ્યું છે.–તંત્રી ]

આ વિષય ઘણો જ કઠિન છે.

દુનિયાના કોઈ દેશે લોકશાહી જાળવી રાખીને વિશાળ પાયા પર આર્થિક નિયોજન કર્યું નથી; એટલે કે લોકશાહી ધોરણે આર્થિક નિયોજન માટેના જોરદાર પ્રયાસો કોઈ જ દેશે કર્યા નથી. આથી જનતંત્ર શું છે, ક્યાં અને કેવા સંજોગોમાં તે સફળ કે વિફળ બને તે સમજી લેવું જરૂરી છે.

૧૯૧૭માં રૂસી ક્રાંતિ આવી પડી ત્યારે ખાસ કરીને રશિયાના સામ્યવાદી પક્ષે આર્થિક ક્રાંતિના ભારે વિચારો પહેલવહેલા રજૂ કર્યા. અન્ય દેશોએ પણ આર્થિક નિયોજનની એવી જ વાતો કરી; જ્યારે ભારતે પહેલાં લોકશાહી મજબૂત કરી અને તેની સાથોસાથ જ આર્થિક નિયોજનનો નૂતન પ્રયોગ હાથ ધર્યો. આમ આપણે લોકશાહી અને આર્થિક નિયોજનનો સમન્વય સાધવાનો પ્રયોગ હાથ ધર્યો છે. હવે પ્રશ્ન એ છે કે લોકશાહીમાં આર્થિક નિયોજન કઈ રીતે શક્ય બને? કઈ રીતે સફળ થઈ શકે?

દુનિયામાં કોઈ પણ દેશ એવો નથી જેણે લોકશાહીમાં આર્થિક નિયોજન કર્યું હોય. પ્રખર વિચારકોનું મંતવ્ય એવું છે કે લોકશાહીમાં આર્થિક નિયોજન-આર્થિક વિકાસ શક્ય જ નથી...

એક જર્મન વિચારકે અને સોશ્યોલોજિસ્ટે તેમના પુસ્તકમાં સ્વતંત્રતા, શક્તિ અને લોકશાહીમાં આર્થિક નિયોજન (ફ્રીડમ, પાવર અને ડેમોક્રેટિક પ્લાનિંગ) વિશે સવિસ્તર સમજાવીને જણાવ્યું છે કે લોકશાહીમાં આર્થિક નિયોજન અસફળ જ રહે. લોકશાહીમાં આર્થિક વિકાસની પ્રક્રિયા અસંભવિત જ છે. દુનિયાનો ઈતિહાસ જોતાં જણાશે કે જ્યાં લોકશાહી કામિયાબ થઈ છે ત્યાં આર્થિક નિયોજન નિષ્ફળ ગયું છે અને આર્થિક નિયોજન સફળ રીતે પાર પાડનાર દેશોમાં લોકશાહી નિષ્ફળ નીવડી છે. બન્નેની એકી સાથે સફળતા અતિ કઠિન-મુશ્કેલ છે.

આપણે ભારતમાં જાણીબૂઝીને લોકશાહી સાથે આર્થિક નિયોજનનો પ્રયોગ કર્યો છે. આવો આ પહેલવહેલો જ પ્રયોગ છે. પહેલવહેલો જ નિર્ણય છે. દુનિયામાં આવો લોકશાહીની સાથે જ આર્થિક નિયોજન હાથ ધરાયાનો કોઈ દાખલો જ નથી. કોઈને એમ પણ થાય કે આ તે કેવું ગાંડપણ!

હવે આપણે એ જોઈએ કે આપણે આવો નિર્ણય કેમ કર્યો? લોકશાહીમાં આથી સંઘર્ષ થાય છે કે કેમ તે જોઈએ.

ભારત એક લોકતાંત્રિક–લોકશાહી રાજ્ય છે. જનતંત્ર તેનો આધાર છે. સમગ્ર રાષ્ટ્રીય આંદોલનની ગાંધી-નહેરુની એક પરંપરા છે. ભારતમાં તાનાશાહી કે લશ્કરશાહીથી ફેંસલો આપણે ન કરી શકીએ. આથી આપણે જેમાં સમગ્ર દેશની જનતા આબાદ અને સમાન રહે તે દૃષ્ટિએ આવો નિર્ણય કર્યો છે.

હવે આપણે એ જોઈએ કે આર્થિક નિયોજનનો નિર્ણય આપણે શા માટે કર્યો? આપણો દેશ ગરીબ છે અને ગરીબ દેશ દરિદ્ર દૂર કરવા આર્થિક નિયોજન ન કરે–Supply & Demand ના આધારે આર્થિક વિકાસનો પ્રયાસ ન કરીએ તો દેશની ગરીબી, દારિદ્ર દૂર કરતાં કેટલાયે સૈકડો વર્ષો લાગી જાય. આથી આર્થિક વિકાસ સુયોજિત રીતે વેગવાન હોય, સમાજની રાજ્યવ્યવસ્થા અને સરકાર દરમિયાનગીરી કરે, અર્થવ્યવસ્થાનું નિયમન કરે અને એ રીતે આર્થિક નિયોજનનો પ્રયાસ કરે તો જોરદાર રીતે આર્થિક વિકાસ શક્ય બને. આમ આપણા માટે બન્ને–લોકશાહી અને આર્થિક નિયોજન–આવશ્યક હતાં-અનિવાર્ય હતાં.

હવે આપણે એ વિચારીએ કે દુનિયાના કોઈ જ દેશમાં લોકશાહી અને આર્થિક નિયોજન બન્ને સાથે જ કેમ શક્ય નથી? બન્ને વચ્ચે આંતર-વિરોધ શા માટે છે?

લોકશાહીમાં પરિવર્તન જોઈએ, નહિતર લોકશાહી સફળ થાય જ નહિ. લોકશાહીમાં પરિવર્તન અનિવાર્ય છે. અવારનવાર અમુક સમયને અંતરે સરકાર બદલાતી રહે તે લોકશાહીમાં અનિવાર્ય આવશ્યક મનાયું છે. બંધારણીય જોગવાઈ અનુસાર ત્રણ, પાંચ કે સાત વર્ષે સરકાર બદલવાની રહે છે. સરકાર બદલવાનો લોકશાહીમાં બંધારણે લોકોને–મતદારોને બક્ષેલો અધિકાર છે. એ પણ ખરું છે ને કે જ્યાં ૧૦, ૨૦, ૩૦ કે ૫૦ વર્ષોથી સરકાર ન બદલાય ત્યાં લોકશાહી કઈ રીતે કહી શકાય? આપણા બંધારણ અનુસાર આપણી લોકશાહીમાં આપણા મતદારોને–લોકોને- દર પાંચ વર્ષે સરકાર બદલવાનો મોકો મળે છે. લોકશાહીમાં લોકોનું રાજ છે, લોકોનું તંત્ર છે. લોકો પરિવર્તન ઈચ્છતા હોય છે અને કયારેક તો પરિવર્તનને ખાતર પણ પરિવર્તન કરતા હોય છે. સરકાર બદલતા હોય છે.

આ થઈ લોકશાહીની વાત. લોકશાહીમાં પરિવર્તન અનિવાર્ય છે તો આર્થિક વિકાસ માટે સાતત્ય- બદલવાનું નહિ–જરૂરી છે. એકવાર એક નીતિ નક્કી કરાયા પછી લાંબા સમય સુધી એનો એકધારો અમલ ન થાય તો તેનો લાભ મળતો નથી. હવે જો લોકશાહીમાં પાંચ વર્ષે સરકાર બદલાય તે સાથે નીતિ પણ બદલાતી રહે અને એ રીતે અવારનવાર નીતિ પલટાતી રહે તો તેનું પરિણામ શું આવે? એમાં સાતત્ય ન જળવાતાં પરિણામે ધાર્યો વિકાસ અશક્ય બની રહે.

જેમ આપણે એક ઝાડ વાવ્યું હોય અને તેને રોપો આવે એટલે રોજ જોવા લાગીએ કે ઝાડ કેવુંક મોટું થયું. આપણને લાગે કે આ ઝાડનો ધાર્યો વિકાસ થતો નથી, ચાલો, રોપો બદલી નાખીએ. તો એમ રોપો બદલવાથી કદી ઝાડ મોટું બને નહિ. એ જ નિયમ આર્થિક વિકાસને લાગુ પડે છે. આર્થિક વિકાસ માટે નીતિનું સાતત્ય અનિવાર્ય છે અને જો એ સાતત્ય જાળવી ન શકીએ અને દર પાંચ વર્ષે સરકાર બદલાવા સાથે આર્થિક નીતિ પણ બદલાતી રહે તો આર્થિક વિકાસ શક્ય બને જ કયાંથી? આથી આર્થિક વિકાસનાં સુફળ જોઈતાં હોય તો સરકારની આર્થિક નીતિ એકવાર નક્કી કરાયા પછી તેને ૫૦ કે ૧૦૦ વર્ષ સુધી એકધારી રીતે ચાલુ રખાય અને તેમાં અવારનવાર ફેરફારો ન કરાય તે જરૂરી છે. આ સંજોગોમાં સરકાર પાંચ વર્ષે બદલાય અને આર્થિક નીતિમાં સાતત્ય જળવાય એનો મેળ કેમ ખવરાવવો એ મહાન સમસ્યા છે. આથી એક બાજુ પરિવર્તન અને બીજી બાજુ સાતત્ય કેવી રીતે એકસાથે જાળવી શકાય તેના પર જ લોકશાહીમાં આર્થિક નિયોજનની સફળતાનો આધાર રહેલો છે.

લોકશાહીમાં ક્રાંતિ થઈ ત્યારે એમ નક્કી થયું કે લોકશાહીને બાજુ પર રાખીને આર્થિક વિકાસ જ કરવો; જ્યારે બ્રિટન અને અમેરિકા આર્થિક નિયોજન છોડીને લોકશાહીને વળગી રહ્યાં.

હવે આપણે શું કરવું? આ પ્રશ્નનો ભારતે જે જવાબ આપ્યો છે તે દુનિયામાં અજોડ છે–દુનિયાના રાજકારણમાં અજોડ છે. ભારતના મતદારોએ તો લોકતંત્રનો અને સાતત્યનો એમ બન્નેનો લાભ મળે તેમ કર્યું. આપણા રાજકારણની પદ્ધતિ પક્ષીય રાજકારણની છે. છેક ૧૯૫૨થી અત્યાર સુધીમાં યોજાઈ ગયેલી પાંચેય ચૂંટણીઓમાં ભારતના મતદારોએ એવી પક્ષીય પદ્ધતિ વિકસાવી જેમાં પરિવર્તનના ફાયદા મળવા સાથે સાતત્યનો લાભ પણ મળતો રહે.

રશિયા વગેરે દેશોમાં એક જ પક્ષની પદ્ધતિ છે. કેટલાક દેશોમાં બે પક્ષોની પદ્ધતિ છે. આવા દેશોમાં એ બે જ પક્ષો વચ્ચે સત્તા–

પલટો થતો રહે છે આપણે ત્યાં તો એક નહિ, બે નહિ, પણ ઘણા રાજકીય પક્ષો છે; પરંતુ ફ્રાન્સે બીજા વિશ્વયુદ્ધ બાદ જે ભૂલ કરી હતી તે ભારતે નથી કરી. ફ્રાન્સે ત્યારે કોઈ એક રાજકીય પક્ષને બહુમતી આપીને શાસનનો અધિકાર આપ્યો નહિ. પરિણામે ત્યાં અરાજક જામ્યું. વર્ષો સુધી સંયુકત મંત્રીમંડળો રચાતાં રહ્યાં અને ફ્રાન્સની દુર્દશા થઈ. આમાં સદ્‌ભાગ્ય એ હતું કે ફ્રાન્સની બ્યુરોક્રસી સિવિલ સર્વિસ હસ્તક રહી તેથી તે આફતમાંથી ઊગરી ગયું.

ભારતમાં તો એક જ આધિપત્ય ધરાવતો મુખ્ય પક્ષ (One Dominent Party System)ની પદ્ધતિ વિકસી છે. ૨૫ વર્ષોથી કૉંગ્રેસ એક જ સબળ પક્ષ તરીકે શાસન કરી રહેલ છે અને અન્ય પક્ષો તેના પર ચાંપતી નજર રાખે છે જેથી શાસક પક્ષ ભૂલો કરવાથી દૂર રહી શકે. આમ આંતર અને બાહ્ય બન્ને પ્રકારનાં દબાણોથી શાસક પક્ષ-કૉંગ્રેસ-દબાતી રહી છે અને આવશ્યકતા અનુસાર બદલાતી પણ રહી છે. બેંગલોર અધિવેશન બાદ કૉંગ્રેસમાં જે કાંઈ બન્યું તે આવાં દબાણોનું જ પરિણામ છે તેમાંથી કૉંગ્રેસ કેવી રીતે સુધરી શકે છે તે આપણે જોયું છે. આ બધું બેંગલોર અધિવેશન બાદ જે બન્યું તે આંતરિક દબાણનું પરિણામ છે તો તેના પર બાહ્ય દબાણ પણ ઉપર જણાવ્યા પ્રમાણે એટલું જ છે. પરિણામે આ બે દબાણને કારણે શાસક પક્ષ ભૂલ કરવાથી દૂર રહે છે અને ભૂલ કરી હોય તો તે સુધારી લઈને યોગ્ય માર્ગે આગળ વધી રહેલ છે.

વળી આ એક જ મુખ્ય પક્ષ ૨૫ વર્ષથી શાસન કરતો રહેલ હોઈ આર્થિક વિકાસમાં અત્યાર સુધી તો સાતત્ય જાળવ્યું છે. ભાવિ વિશે અત્યારે કહેવું મુશ્કેલ છે.

આમ અત્યાર સુધી આપણા દેશમાં લોકશાહીની સાથોસાથ જ આર્થિક નિયોજન-સાતત્ય ચાલુ રહેલ છે, જેની ઘરઆંગણે ભલે નોંધ ન લેવાતી હોય, પણ વિદેશીઓની દૃષ્ટિએ તો તે ઘણું મહત્ત્વનું બન્યું છે.

ભારતના રાજકારણમાં ભારતની રાજકીય નીતિએ આર્થિક નિયોજન, સાતત્ય અને રાજકીય પરિવર્તનના સમન્વય દ્વારા દેશના વિકાસમાં ભારે મહત્ત્વનો ફાળો આપ્યો છે, એ વાત આપણે ત્યાં બહુ ચર્ચાતી કે અખબારોને પાને ચમકતી નથી; પરંતુ વિદેશી નિષ્ણાતોએ તો તે પ્રસિદ્ધ કરવા સાથે ભારતની આ સિદ્ધિને બિરદાવી છે.

આર્થિક વિકાસના પ્રકારો ઘણા છે, જેમાં સ્વાભાવિક રીતે તો નદીના પ્રવાહની જેમ ઉપરથી શરૂ થઈ નીચે સુધી વિકાસની ગતિ રહે છે. અને એ રીતે કેન્દ્રથી એટલે દિલ્હીથી મુંબઈ, અમદાવાદ, મદ્રાસ વગેરે પાટનગરો સુધી અને ત્યાંથી જિલ્લાઓ અને તાલુકા અને તે બાદ ગામડાં સુધી આર્થિક વિકાસ સાધવાનું વિચારાયું. પરંતુ પછીથી એમ લાગ્યું કે આ રીતના કેન્દ્રિત આર્થિક વિકાસથી તો રાજ-તંત્ર ખતરામાં મુકાય છે. તેથી આર્થિક નિયોજનનો ઢાંચો જ બદલીને નવો ઢાંચો નિર્માણ કર્યો. આર્થિક નિયોજનના આ નવા ઢાંચામાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામકક્ષાએ નિયોજન કરવા વિચાર્યું અને તેને ( Democratic Decentralisation ) નું નામ આપ્યું. આ લોકશાહી વિકેન્દ્રીકરણમાં લોકો સંગઠિત રૂપમાં વધુમાં વધુ ભાગ લઈ શકે તે તેનો ઉદ્દેશ છે. આ નવા ઢાંચામાં કોમ્યુનિટી પ્રોજેક્ટ, બ્લૉક વગેરે નિર્માયા તેમ જ પંચાયતી રાજ્ય આવ્યું. પંચા-યતી રાજ્યની સફળતા-નિષ્ફળતા અંગે તો સૌ જાણે જ છે.

આર્થિક વિકાસની જવાબદારી સરકારની ભલે હોય, પરંતુ આર્થિક વિકાસ માટે કરોડો-અબજો રૂપિયાની જરૂર પડે છે. એકલી સરકાર માટે આ શક્ય ન લાગતાં સરકાર અને ખાનગી સાહસો મળીને આ કાર્ય પાર પાડે તે રીતનું નિયોજન આવશ્યક બન્યું. આ માટે મિશ્ર અર્થતંત્રનો રાહ આવશ્યક મનાયો, કારણ કે આર્થિક વિકાસની આવશ્યકતાને પહોંચી વળવા જેટલાં મૂડી અને સાધનો માત્ર સરકાર જ પૂરાં પાડે એ શક્ય નથી. સરકાર આટલી જંગી મૂડી ક્યાંથી કાઢે? અને તેથી સરકાર જ આર્થિક વિકાસની સમગ્ર જવાબદારી ઉઠાવે તે યોગ્ય ન હતું અને સરકારે પણ તેમ જ કર્યું. અને તેથી જ મિશ્ર અર્થતંત્રના આધારે આપણું આર્થિક તંત્ર રચાયું તેમાં પણ ઘર્ષણો અને વિરોધાભાસ રહેલાં જ છે.

લોકશાહીમાં ટીકા, દબાણ, તનાવ વગેરે હોય જ માટે તેની ચિંતા કરવાનું કારણ નથી; પરંતુ એમ તો લાગે જ છે કે આપણે સમજીને અપનાવેલ મિશ્ર અર્થતંત્ર સફળ તો થયું જ છે; પરંતુ એમ કહી શકાય કે હજી એ સફળતા જોઈએ તેટલા અંશે સિદ્ધ નથી થઈ શકી.

આજે સાર્વજનિક ક્ષેત્ર (જાહેર ક્ષેત્ર) નાં મોટાં કારખાનાંની વ્યવસ્થા સંતોષકારક નથી. આ કારખાનાંઓમાં રોકાયેલી કરોડો રૂપિયાની પૂંજી પર જે લાભ મળવો જોઈએ તે હજુ મળતો નથી. આજે જે લાભ મળે છે તે સાવ જ નજીવો છે. ખાનગી ક્ષેત્રે જો આવું સંચાલન હોય તો તે ટકી જ શકે નહિ. આ બધાં જાહેર ક્ષેત્રનાં કારખાનાં વગેરે સરકાર આપણે પૈસે કરે છે તેથી ચાલી રહેલ છે. પરંતુ સરકારે આમ કેમ ચાલે છે તેની તપાસ યોજીને ક્યાંય કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો તે દૂર કરવી જોઈએ. આમ નહિ કરાય ત્યાં સુધી આપણો આર્થિક વિકાસ ધાર્યો વેગ નહિ પકડી શકે વિકાસ ધીમો જ રહેવાનો અને લોકો આવાં કાર્યક્ષમતાનો ભારે અભાવ તેમ જ ભ્રષ્ટાચાર જેવાં અનિષ્ટો નભાવી નહિ લે અને તેને દૂર કરીને જ જંપશે.

મિશ્ર અર્થતંત્રની નીતિ સારી છે અને તેનો સમજીને અમલ કરાય તો સરકાર તેમ જ જનતા બન્નેને એથી લાભ જ થાય.

આપણે ત્યાં પણ સહકારી પ્રવૃત્તિનાં મંડાણ થયાં છે. આર્થિક વ્યવહારમાં પણ સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. આ સહકારી પ્રવૃત્તિને વિકસાવવાની આજે બહુ જ જરૂર છે. સહકારી ક્ષેત્રના વિકાસથી ખાનગી અને જાહેર બન્ને ક્ષેત્રોને ઘણો લાભ થઈ શકે તેમ છે. અત્યાર સુધી આપણે ત્યાં કન્ઝ્યુમર્સ સ્ટોર્સ, મકાનો કે કેટલાક સ્થળે ધિરાણ સગવડોમાં જ સહકારી પ્રવૃત્તિનાં મંડાણ થયાં છે; જ્યારે દુનિયાના અન્ય દેશોમાં જુઓ તો અર્થતંત્રના બધાં જ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ પાંગરી છે અને તેના લાભો મળી રહેલ છે. આપણે પણ અર્થતંત્રના સર્વ ક્ષેત્રે આ પ્રવૃત્તિ વિકસાવીએ તો તેના સાર્વત્રિક અનેક લાભો મળી શકે.

પોલાદ જેવા જંગી ઉદ્યોગો સિવાય કોઈ પણ ક્ષેત્ર એવું નથી જ્યાં સહકારી પ્રવૃત્તિથી સિદ્ધિ ન મળે.

કેન્દ્રિત અને વિકેન્દ્રિત નિયોજન અંગે આટલું વિચાર્યા બાદ જાહેર ક્ષેત્રને વધુ સફળ બનાવવા માટે શું કરવું જોઈએ તે વિચારીએ.

જાહેર ક્ષેત્ર સરકારી માલિકીનું ન રહેતાં તે માટે રચાયેલી ખાસ કોર્પોરેશન દ્વારા સંચાલિત હોવું જોઈએ અને તેની ભૂલો કે ત્રુટિઓ શોધીને તે સંસદ દ્વારા સુધારી શકાય. આ માટે ખાસ જરૂર લોકમત વધુ ને વધુ—આજે છે તેનાથી અનેક-ગણો—જાગૃત અને સંગઠિત બનવો જોઈએ, આમ થતાં વધુ જાગૃત અને સંગઠિત લોકમતનું સરકાર પર દબાણ થતાં જાહેર ક્ષેત્ર વધુ સક્રિય અને કાર્યક્ષમ બની શકે. અને એ રીતે આજનો ધાર્યો વિકાસ હાંસલ ન કરી શકતા જાહેર ક્ષેત્રે પણ પરિવર્તન અને તેના પરિણામે ધારી સફળતા સિદ્ધ કરી શકાય.

એટલું તો નોંધવું જ પડશે કે ભારતે આજે પ્રાયોગિક ધોરણે હાથ ધરેલ લોકશાહીની સાથોસાથ જ આર્થિક નિયોજન-આર્થિક વિકાસનાં ૫૦ વર્ષ બાદ જે પરિણામો આવશે તે જોઈને જગતને એક નવો બોધપાઠ મળશે. દુનિયા કહેશે કે આ દેશે (ભારતે) જગત સમક્ષ નવો સંદેશો મૂક્યો છે, જેમાં વ્યકિતનું જીવન આર્થિક રીતે સમૃદ્ધ તેમ જ સંપૂર્ણપણે સ્વતંત્ર હશે એવી આશા રાખી શકાય

**એ. એન. રામજોષી**

# કુદરતની કલાકૃતિ

કલાકૃતિના સાચા મૂલ્યાંકનમાં એનું સમગ્ર દર્શન જેટલું જરૂરી છે તેટલું જ ખંડદર્શનથી કલાકારની ખૂબી અને ખામી, જે કંઈ હોય તે, સારી રીતે જાણી શકાય છે. કલાકૃતિ વિશેનો આખરી અભિપ્રાય તો તે પછી પણ સમગ્ર દર્શનથી જ ઉચ્ચારી શકાય, કારણ કે ખંડનાં સર્વ સારાં તત્ત્વો પણ જો એકરૂપ ન બની શકયાં હોય તો કૃતિ સુંદર ન બની શકે. એટલું ખરું કે જે કૃતિ ખંડમાં નિર્બળ કે વિરૂપ હોય તે સમગ્રમાં સબળ કે સુરૂપ બની શકે નહિ, પરંતુ ખંડમાં સુંદર હોય તે સમગ્રમાં અસુંદર બની જાય ખરી, જો આયોજનમાં–મેળવણીમાં ખામી હોય તો.

કોઈ પણ વિવેચક કૃતિના સમગ્ર દર્શનને અંતે એને ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ ઠરાવે તે યોગ્ય છે, પરંતુ તેણે પોતાના અંતિમ અભિપ્રાયના સમર્થનમાં આયોજન કે મેળવણીની જો ખામી હોય તો તેનો નિર્દેશ કરવો જોઈએ. સાથેસાથે ખંડદર્શનદ્વારા કલાકૃતિનાં સબળ અને નિર્બળ તત્ત્વો પણ દાખવવાં જોઈએ. દા. ત. એક કૃતિ આરંભમાં ને મધ્યમાં સુયોગ્ય હોય એટલે કે એનો જન્મ ને વિકાસ યોગ્ય રીતે થયો હોય, પરંતુ સહજ રીતે ચરમ વિકાસે એ પહોંચી શકી ન હોય તો અંતની નિર્બળતાનો ઉલ્લેખ કરી તે પહેલાંનાં સબળ તત્ત્વો તરફ પણ આંગળી ચીંધવી જોઈએ. એ જ રીતે વસ્તુ, આયોજન, ભાષા, સંવાદ વગેરેમાં પણ જે કંઈ સારું-માઠું હોય તે તરફ ધ્યાન ખેંચવું જોઈએ. સમગ્ર રીતે વિરૂપ ગણી શકાય એવી કોઈ કૃતિનું એકાદ અંગ સુંદર હોય, તો તે વિશેષતાના ઉલ્લેખથી કલાકારને પોતાના ઉત્તમ અંશનું ભાન થાય. એ ભાન બીજાં અંગોના વિકાસમાં તથા સમગ્રના આયોજનમાં, વિકાસમાં પ્રેરણારૂપ પણ બની રહે. સમગ્રની વિશેષતા સ્વીકાર્યા પછી પણ એટલું કહેવું જોઈએ કે ખંડની નબળાઈઓ દૂર થાય તો સમગ્રને સુંદર તથા સબળ કરવાનું પ્રમાણમાં સહેલું બની જાય.

કુદરતની અદ્‌ભુત કલાકૃતિ ગણાતા માનવીના જીવનનું પણ એવું જ છે. એને સમગ્ર રીતે અવશ્ય જોવો જોઈએ. એમાં એના ગુણદોષનાં સરવાળા–બાદબાકી પછી જે શેષ રહે તે આવે, પરંતુ અન્ય કલાકૃતિનું પૂર્ણ દર્શન, જો પામી શકાતું હોય તો, જેટલું સહેલું છે તેટલું માનવીનું નથી. માનવી કોઈ દિવસ ખુલ્લી કિતાબ બની શકે નહિ. એ પોતે પણ પોતાને પૂર્ણ રીતે જાણી શકતો નથી, જાણે તો એનો બેડો પાર થઈ જાય, જ્યારે એનું અવલોકન કરનારા તો એનાં અમુક પાસાંઓ જ જોઈ–જાણી શકે છે. અંતરની અતલ ગુહામાં કોણ પ્રવેશ કરી શકે? માનવીનું સ્થૂળ પણ પૂરું જોઈ શકાતું નથી, પછી સૂક્ષ્મની તો વાત જ ક્યાં? આ સ્થિતિમાં કોઈ પણ માણસ વિશે અંતિમ ને દૃઢ અભિપ્રાય ઉચ્ચારી દેવાનું યોગ્ય ન ગણાય. વધુમાં વધુ આટલું કહી શકાય: 'હું જાણું છું ત્યાં સુધી આમ છે.' આ અભિપ્રાયમાં ફેરફાર કરવાનો અવકાશ રહેવો જોઈએ. જેમની સામે અભિપ્રાય ઉચ્ચારવામાં આવે તેઓ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય બાંધી શકે એવી સગવડ ને અપેક્ષા પણ રાખવાં જોઈએ. પોતાના જ અભિપ્રાયમાં પૂર્ણ સત્ય પ્રગટ થાય છે એવું અભિમાન કોઈએ ન રાખવું જોઈએ.

આટલી સાવધાની પછી પણ એનું ખંડદર્શન જરૂરી છે. માનવીને પ્રમાણમાં સાચી ને સારી રીતે ઓળખવા માટે એ સહાયરૂપ બને છે. કુદરતે દરેક માનવીમાં ઓછાવત્તા પ્રમાણમાં પૃથક્કરણ અને વિવેકની શક્તિ મૂકેલી છે, પરંતુ રોજના વ્યવહારમાં, આપણા ને બીજાના જીવનમાં, આ પૃથક્કરણ અને વિવેકનો આપણે કેટલા મોટા પ્રમાણમાં અભાવ જોઈએ છીએ! આપણા વ્યવહાર, વ્યવસાય અને સ્વભાવ અનુસાર આપણે બીજા લોકોના સંપર્કમાં આવીએ છીએ. આ સંપર્કને પરિણામે દરેક માણસ વિશે આપણા મન પર આછી કે ઘેરી છાપ પડે છે. કેટલીક વાર બીજાના અભિપ્રાયો પણ મન પર સવાર થઈ જાય છે. આપણી અવલોકનશક્તિને ઘણી બધી મર્યાદાઓ છે તેનું આપણને ભાન રહેતું નથી. આપણા ગમા–અણગમા ને પૂર્વગ્રહોથી એ શક્તિ દૂષિત બની હોય એવો યે સંભવ છે. આમ છતાં આપણે તો બીજા માનવી વિશેના આપણા અભિપ્રાયને આખરી ફેંસલા જેવો માની બેસીએ છીએ ને બીજા પણ એ જ માને એવું ઈચ્છીએ છીએ. અન્ય માનવી સાથેનું વર્તન–આ માન્યતા અનુસાર ઘડાય છે અને તેથી ઘણી વાર જાણતા–અજાણતા આપણે એને અન્યાય પણ કરી બેસીએ છીએ.

સત્ય અને ન્યાયની રક્ષા માટે તથા આપણા પોતાના વિકાસ માટે પણ આવી સ્થિતિમાંથી આપણે છૂટવું જોઈએ. સમગ્ર દર્શન ધૂંધળું હોય તો એક બાજુ તેને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવો જોઈએ અને બીજી બાજુ ખંડદર્શન પણ કર્યા કરવું જોઈએ. આવો પ્રયાસ નમ્રતા ને પ્રામાણિકતાથી થાય તો અસત્ય અને અન્યાયનો ભય ઘણા પ્રમાણમાં નિવારી શકાય. ઉપરાંત, સમગ્ર દૃષ્ટિએ દુષ્ટ દેખાતા માનવીના ઉત્તમ અંશો, જે હોય તે, આ ખંડદર્શન વડે આપણે જોઈ શકીએ. આમ થતાં આપણા દિલમાં એના પ્રત્યે સહાનુભૂતિની લાગણી સહજ રીતે પ્રગટી આવે. આવી લાગણીના પ્રતાપે એના નબળા અંશોનાં કારણો તરફ આપણું ધ્યાન જાય અને એને પરિણામે જેને દુષ્ટ ગણી તિરસ્કારતા હોઈએ તે આપણી દૃષ્ટિએ દયાપાત્ર પણ બની જાય. તિરસ્કાર અને દયા એ એક જ લાગણીનું વિરુદ્ધ અને સુંદર સ્વરૂપ છે એમ માનવામાં હરકત નથી. સુંદર સ્વરૂપની પ્રાપ્તિ થતાં જો એમાંથી પ્રેમ પ્રગટે તો આછોપાતળો અદ્વૈતભાવ પણ આપણામાં જાગે. એના દોષ તે આપણા પોતાના જ હોય એવી વેદના હૃદયમાં વ્યાપી જાય.

માનવીમાત્રના સંબંધમાં એટલું તો સ્વીકારવું જોઈએ કે નિર્ભેળ દુર્જનતા કયાંય હોતી જ નથી. જેને આપણે કસાઈ તરીકે ઓળખીએ છીએ તેના હૈયાના ખૂણામાં પણ માયા-મમતા પડેલાં હોય છે. એ પોતાનાં સ્ત્રી-બાળકોને જ નહિ, બીજા ઘણાને, અરે, આંગણાનાં પશુને પણ ચાહતો હોય છે. જેને આપણે લંપટ કહી તિરસ્કારતા હોઈએ છીએ એના હૈયામાં અનેક વ્યક્તિઓ પૂજ્યસ્થાને બિરાજેલી હોય છે. ઘણીવાર તો ચોક્કસ દુર્ગુણના દર્શનથી અમુક વ્યક્તિને આપણે સર્વ રીતે હીન માની બેસીએ છીએ. એ હોય છે ખંડદર્શન–અધૂરું દર્શન, પણ આપણે તેને સમગ્રનું રૂપ આપી દઈએ છીએ. માનસિક સ્વસ્થતા સાથે આપણે જો માનવજીવનનાં બધાં પાસાંઓ અવલોકવાનો પ્રયાસ કરીએ તો આપણને ખાતરી થાય કે દરેક માણસમાં, આપણે એને ચાહી શકીએ, એના મિત્ર બની શકીએ એવાં અનેક તત્ત્વો પડેલાં જ હોય છે. ખંડદર્શનનું મહત્ત્વ છે, પરંતુ એક કે અમુક ખંડનું જ દર્શન થાય અને બીજા ખંડો તરફ આંખ મીંચાઈ જાય તો વિશેષ અનર્થ સરજાય. ખંડદર્શન દ્વારા સત્ય શોધવાનો અર્થ એ કે અંધકાર અને પ્રકાશ, દુર્ગુણ અને સદ્‌ગુણ, શંકિત અને અશંકિત ઓછાવત્તા પ્રમાણમાં સૌમાં પડેલાં જ છે. આપણે બંને બાજુઓ જ નહિ, બધી બાજુઓનું અવલોકન કરવું જોઈએ. કેવળ સદ્‌ગુણો જ જોવા, પ્રકાશ જ નીરખવો, શંકિતનો જ ખ્યાલ મેળવવો તે પણ યોગ્ય નથી; એવું દર્શન પણ ધૂંધળું કે ખોટું જ ગણાય. આમ છતાં જો પસંદગી જ કરવાની હોય તો એવાં પાસાં જોવાનું ઈષ્ટ ગણાય, કારણ કે એ દ્વારા લાભનું પ્રમાણ ઘટે, હાનિનું પ્રમાણ વધે નહિ; પરંતુ દુર્ગુણ, અંધકાર ને અશંકિતને જ માત્ર જોઈએ તો ભયાનક સ્થિતિ પેદા થાય.

# વિપશ્યના સાધના

(ગતાંકથી ચાલુ)

(આ સાધનાનું ખરું નામ 'વિપશ્યના' છે. ગયા અંકમાં ભૂલથી 'વિપશ્યના' છપાયું હતું. –તંત્રી)

"નમો તસ્સ ભગવતો અરહતો સમ્મા સંબુદ્ધસ્સ"

વિપશ્યના શબ્દનો વેદાંતમાં ઉલ્લેખ છે. પણ આ શબ્દને ચલણી બનાવીને વ્યવહારમાં તેનો ઉચિત ઉપયોગ કરવાની અને તેને ચરિતાર્થ કરવાની પહેલ ભગવાન બુદ્ધે કરી ગણાય. આ શબ્દનું મહત્ત્વ, તેમાં રહેલું ઊંડાણ અને સત્તાનું તેઓએ દર્શન કર્યું, એ શબ્દની ચેતના તેમણે જોઈ અને લાગ્યું કે એના ઉપયોગ દ્વારા તે ચેતના અન્યોમાં પણ પ્રગટાવી શકાય તેવું બળ તેમાં રહેલું છે.

શમથેન વિપશ્યના સુયુક્તઃ
કુરુતે ક્લેશવિનાશમિત્ય વેત્ય ।
શમથઃ પ્રથમં ગવેષણીય :
સ ચ લોકે નિપપેક્ષયા ભિરત્યા ।।

પાલીભાષામાં "વિપસ્સના" શબ્દ તરીકે ઉપયોગ થયો છે. જગતમાંની અનિત્યતાની ભાવનાથી વિપશ્યનાનો આરંભ થાય છે. અનિત્યતાની ભાવનાનું વિધાન આ પ્રમાણે છે :

રુપં ભિક્ખેવ અમિચ્ચં, વેદના અનિચ્ચં
સંગ્યા અનિચ્ચા, સંખારા અનિચ્ચા
વિગ્જાણં અનિચ્ચં, યદનિચ્ચં તં દુક્ખં
યં દુક્ખં તદનત્તા, યદનત્તા તં નેત મમ
ને સો હમસ્મિ, ન મે સો અત્તા તિ ।।
એતમેતં યથાભૂતં સમ્મપ્પગ્જાય દટ્ઠબં !।।

હે ભિક્ષુઓ, રૂપ અનિત્ય છે, વેદના અનિત્ય છે, સંજ્ઞા અનિત્ય છે, સંસ્કાર અનિત્ય છે, અને વિજ્ઞાન અનિત્ય છે. જે અનિત્ય છે તે દુઃખકર છે, જે દુઃખકર છે તે અનાત્મક છે, જે અનાત્મક છે તે મારું નથી, તે હું નથી, તે મારો આત્મા પણ નથી. આ પ્રમાણે યથાર્થતયા સમ્યકપ્રજ્ઞાથી જોવું.

સંક્ષિપ્તમાં, વિશેષરૂપથી દેખવું તેનું નામ જ વિપશ્યના, વિશેષનો અર્થ એ છે કે, વિપશ્યના સાધના કરનારા સાધકના દિમાગમાં એક ક્ષણમાં અનેકવાર ઉત્પન્ન અને નષ્ટ થતા પોતાના નામરૂપ ધર્મોનો અનિત્ય સ્વભાવ સ્પષ્ટ રૂપે પ્રતિભાસિત થતો દેખાય છે. તદ્‌ઉપરાંત જે ધર્મ અનિત્ય અને દુઃખાત્મક છે તે હું નથી અથવા તે મારો નથી. આ પ્રમાણે તેનો અનાત્મક સ્વભાવ પણ યથાર્થરૂપે સમજાય છે. આ પ્રમાણે નામરૂપ અને ધર્મોના અનિત્ય દુઃખકારક અને અનાત્મક સ્વભાવવાળા સ્વરૂપને સાક્ષાત દેખવું તે જ વિશેષરૂપે દેખવું થાય છે.

આ સાધનાના ચાર મહત્ત્વના સ્તંભો છે: (૧) આનાપાન સ્મૃતિ, (૨) વિપશ્યના, (૩) બ્રહ્મવિહાર, (૪) તે બધાના સમગ્ર પરિણામરૂપે ક્ષણમાં જીવવાની કળાની ઉપલબ્ધિ.

"આનાપાનસ્મૃતિ" તે સાધનાનો પ્રથમ પ્રકાર છે. તેનો અર્થશ્વાસ પ્રશ્વાસની ગતિ ઉપર સતત ધ્યાન અને તેની સતત સ્મૃતિ રાખવી તે છે. ભગવાન તથાગતની કરુણા અપાર હતી. તેમણે વિચાર્યું કે મનુષ્યસમાજમાં અનેક ભૂમિકાવાળા લોકો હોય છે. તદ્દન અબૂધ, મધ્યમ અને બુદ્ધિશાળી, અને તેની વચ્ચેની અનેક કક્ષાઓવાળા લોકો. પણ દુઃખની દૃષ્ટિએ બધા લગભગ એક જ ભૂમિકામાં બેસી શકે છે. તો તેમને દુઃખમુક્તિનો કોઈ એવો સર્વસામાન્ય અને સમજમાં ઊતરે તેવો માર્ગ શોધીને બતાવવો જોઈએ, કે જેથી તેઓ તે માર્ગ નિર્ભયપણે અપનાવી શકે અને પરિણામ સહજ સુસાધ્ય થાય. કોઈ મોટા મોટા સિદ્ધાંતો, શાસ્ત્રીય જ્ઞાન, અને બુદ્ધિની કસરતબાજીથી મુકત એવો સરલ સહજ અને પ્રસન્ન માર્ગ હશે તો જ તે સાધના લોકપ્રિય થઈ શકશે.

માનવમન સતત બહિર્મુખ રહે છે. તેનાં વિચાર, વાણી અને વર્તન કેવળ બહિર્મુખતામાં જ રમણ કરતાં હોય છે. એ સતત બહિર્મુખ રહેતા મનને જો અંતર્મુખતા તરફ વાળવું હોય તો શ્વાસપ્રશ્વાસની ક્રિયાનો એક સાધન તરીકે સુંદર ઉપયોગ થઈ શકે. આ ક્રિયા બાહ્ય મન અને આંતર મન વચ્ચે એક પુલ બની શકે છે. અને એ ક્રિયા તો માનવી જન્મથી લઈને મૃત્યુ સુધી નિરંતર જાણેઅજાણે કરતો જ હોય છે. તેમાં તેને કંઈ નવું શીખવવું પડતું નથી. પણ તે સાથે સતત સજગતા અને સતર્કતા રાખવાની હોય છે, તે શીખવું પડે છે.

સાધકે આસનમાં સ્થિર બેસવાનું રહે છે. કોઈ આસનવિશેષની જરૂર નથી, પણ જે સુખકર લાગે તે જ આસનમાં બેસવું. હવા અજવાળું શરીર પર સીધું ન આવે તેનું ધ્યાન રાખવાનું. પ્રારંભમાં થોડી અગવડ લાગે છે. ખૂબ પસીનો છૂટે છે અને મનનાં સંસ્કારો–વિકારો જોર કરી ઊઠે છે અને બહાર નીકળે છે. થોડા જ અભ્યાસ બાદ મન એકાગ્ર થવા લાગે છે. મનમાં સતત ભટકતા વિચારો શાંત થાય છે. આ પદ્ધતિમાં કોઈ રૂપ, શબ્દ કે કલ્પનાનું અવલંબન લેવાનું નથી હોતું. માત્ર શ્વાસની પ્રક્રિયા અને એ દ્વારા શરીરમાં ચાલતી હલચલો પર તટસ્થ દૃષ્ટિથી જોવાનું છે કે જેથી યથાર્થ સત્યનો બોધ થાય, અને જે અનિત્ય છે, ક્ષણક્ષણમાં પરિવર્તન પામે છે, તેનો આભાસ થાય. ત્યાર બાદ સ્થૂળ શરીર પરથી મન સૂક્ષ્મમાં પ્રવેશ કરે છે અને યથાર્થ બોધ દ્વારા પરમ સત્ય પ્રતિ અભિમુખ બને છે.

ભગવાન કહે છે કે "હે ભિક્ષુઓ, અત્યંત સાવધાનીથી શ્વાસ-પ્રશ્વાસ લેતા સાધક એમ જાણે છે કે તે શ્વાસ

---

એવા દર્શનથી બંધાયેલી માન્યતા ઝેરરૂપ બની જાય.

આ ઉપરથી એમ ફલિત થાય કે આપણું અવલોકન અધૂરું હોય છે ને તેથી કુદરતની કલાકૃતિ જેવા માનવીને ઓળખવાનું અતિકઠિન છે. એટલે કોઈને વિશે અંતિમ ને દૃઢ અભિપ્રાય બાંધવામાં જોખમ છે. એમાં અસત્ય આચરવાનો ને બીજાને અન્યાય થવાનો ભય છે. આપણે આપણી પોતાની જાતને પણ પૂરી ઓળખતા નથી ત્યારે બીજાને ઓળખવાનો દાવો તો શેખી જ ગણાય. આ સ્થિતિમાં અભિપ્રાય દૃઢ ન રાખીએ, મન ખુલ્લું રાખીએ અને માનવીના દરેક અંશને જોવાનો પ્રયાસ કદી છોડીએ નહિ. ખાતરીપૂર્વક માનીએ કે કુદરતની કલાકૃતિ કલાવિહોણી તો હોય જ નહિ એટલે જો અંધકાર દેખાય તો પ્રકાશની બાજુ નીરખવા પ્રયાસ કરીએ, દુર્ગુણ દેખાય તો સદ્‌ગુણ શોધીએ, અશકિત નજરે પડે તો શકિતની ખોજમાં લાગી જઈએ. આવા પ્રયાસથી પૃથક્કરણ અને વિવેકની શકિત વિકસવા લાગશે ને હૈયામાં સહાનુભૂતિનાં ઝરણાં પ્રગટશે. આને પરિણામે જે નમ્રતા ને જ્ઞાન લાધશે તે આપણને ખાતરી કરાવશે કે દુર્ગુણ ને દોષની સ્વતંત્ર હસ્તી જ નથી. એ તો છે સદ્‌ગુણોની વિકૃતિઓ. અંધકારનું અસ્તિત્વ નથી, એ છે પ્રકાશનો અભાવ. ધીમે ધીમે આપણે જાણી શકીશું કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર એ બધું કોઈ ને કોઈ સદ્‌ગુણની વિકૃતિનું પરિણામ છે. એને દૂર કરવા માટે એની સામે યુદ્ધ માંડવાને બદલે પેલા સદ્‌ગુણોને ખીલવવાનું જ ઈષ્ટ છે. આવો ભાવ જાગતાં ને જ્ઞાન લાધતાં કુદરતની અદ્‌ભુત કલાકૃતિનું, જેમાં આપણી જાતનો પણ સમાવેશ થઈ જાય છે તેનું, આપણે સાચું ને સંપૂર્ણ મૂલ્યાંકન કરી શકીશું.

'શ્રી'

લે છે, તે શ્વાસ મૂકે છે. દીર્ઘશ્વાસ લેતા-મૂકતા અને હ્રસ્વ લેતા-મુકતા તે તે પ્રમાણે જાણે છે. સઘળા કાયસંસ્કારો શાંત કરીને આશ્વાસ તથા પ્રશ્વાસ કરવાનો અભ્યાસ કરે છે. પ્રીતિનો અનુભવ લઈને, સુખનો અનુભવ લઈને, ચિત્તસંસ્કાર જાણીને, ચિત્તસંસ્કાર શાંત કરીને, ચિત્તને પ્રમુદિત કરીને, ચિત્તનું સમાધાન કરીને, ચિત્તને વિમુકત કરીને, અનિત્યતા અને વૈરાગ્ય સમજીને અને નિરોધ અને ત્યાગ જાણીને આશ્વાસપ્રશ્વાસનો અભ્યાસ કરે છે. તે ચાલતાં, ઊભા રહેતાં, બેઠો હોય ત્યારે, કે પથારીમાં પડયો હોય ત્યારે પોતે તે તે અવસ્થાઓમાં છે તે બરાબર જાણે છે, અને તેનો અનુભવ લે છે. વળી તે જતાં-આવતાં, આમતેમ જોતાં પાત્રચીવર ધારણ કરતાં, ખાતાપીતાં, મળ–મૂત્ર ઉત્સર્ગ કરતાં, બોલતાં, વાંચતાં, લખતાં અને મૌન અવસ્થા આદિ સર્વ સ્થિતિમાં વિચારપૂર્વક અને સજગતાપૂર્વક વર્તે છે."

આવી રીતે બહુ જ સાવધાની અને લગનપૂર્વક સતત સવાર, બપોર, સાંજ અને રાત્રે આનાપાન સ્મૃતિ કરતાં કરતાં બે દિવસમાં શ્વાસોચ્છ્વાસ પર સ્મૃતિ ટકવા લાગે છે અને એક પ્રકારનું નિયંત્રણ આવી જાય છે. એટલે તેનો આનંદ થાય છે. આ આશ્વાસપ્રશ્વાસ ઉપર ચિત્ત એકાગ્ર કરવા માટે પ્રથમતઃ બંધ નજર સામે ઉપરના હોઠ ઉપર કે જ્યાં શ્વાસ ટકરાય છે ત્યાં ધ્યાન કરવાનું હોય છે. નાકની બેઉ બાજુની કિનારી પર શ્વાસ ગરમ લાગે છે તે અનુભવવાનું હોય છે. શ્વાસનો જ્યાં ટકરાવ થાય છે તે સ્થાન પરની ઝીણી રુંવાટીની સૂક્ષ્મ હલચલ અનુભવવાની હોય છે. આપણા શરીર ઉપર અને શરીરમાં પ્રત્યેક આણુમાં કંઈક ને કંઈક ગતિ–પ્રવૃત્તિ, આંદોલન, પરિવર્તન આદિ સૂક્ષ્મ રીતે ચાલતાં જ રહે છે, પરંતુ તે તરફ આપણી સંવેદના સૂક્ષ્મ નહીં હોવાને લઈને આપણને તેનો અનુભવ થતો નથી. આપણે તે સૂક્ષ્મ બાબતો પ્રતિ તદ્દન બધિર બની ગયા છીએ, પરંતુ તે સંવેદના આનાપાન સ્મૃતિથી સરસ રીતે જાગૃત થઈ જાય છે.

આપણે જ્યારે સંસારની કોઈપણ બાબત, વ્યાપારધંધો, વિદ્યાભ્યાસ, કલા, વિજ્ઞાન, આદિ સિદ્ધ કરવી હોય છે ત્યારે આપણે કેવા સમગ્ર શકિતથી તેના પર લાગી જઈએ છીએ? જેટલા પ્રમાણમાં તે તે બાબતો પ્રત્યે આપણે આપણો પુરુષાર્થ કામે લગાડીએ છીએ તેટલા પ્રમાણમાં પરિણામ આવે જ છે. ભૌતિક સિદ્ધિઓ માટે આવો પુરુષાર્થ કરવાનું જેટલું જરૂરનું છે તેટલું જ પરમાત્માના માર્ગમાં આધ્યાત્મિક પરિણામો માટે પણ તેવો જ પુરુષાર્થ અને સાતત્ય જરૂરી છે. જન્મોજન્મના સંગ્રહિત કરેલા વિચાર–સંસ્કારોના બહુર્મુખી જબરદસ્ત પ્રવાહને જો અંતરમુખી બનાવવો હશે, અને અંતરમાં વિલીન કરવો હશે તો તે માટે સતત પુરુષાર્થની જરૂર રહેશે. તે માટેની સાવધાની અને શરતો મંજૂર હોવી જોઈશે. અને તો જ તે મહત્ફલદાયક અને મહાહિતકારી સાધનાદ્વારા સિદ્ધિનાં સોપાનો પર ચઢી શકાશે. એટલે જ શ્રી ગોએન્કાજી આ દસ દિવસની શિબિરને "કલ્યાણ કારાગાર" કહે છે. એ દસ દિવસ સુધી કેવળ સાધનામાં જ રત રહેવાનું. વાતચીત, પ્રવૃત્તિ, વિચાર, ચર્ચા, વાચન, બહાર જવા–આવવાનું આદિ સર્વ જે આપણા રોજિંદા જીવનનાં અંગો છે, તે બધાંને છોડીને માત્ર બતાવેલી સાધનાના અભ્યાસમાં જ વ્યસ્ત રહેવાનું હોય છે. શરૂઆતમાં આ બધુ થોડું કઠિન લાગે છે, પણ ધીરે ધીરે અભ્યસ્ત થતાં તેમાં ખૂબ આનંદ આવવા લાગે છે અને પ્રતીતિ થાય છે કે કેવી ભ્રામક અને વ્યર્થ બાબતોમાં આપણે નકામો સમય વેડફતા હતા!

ઉપર કહેલો આનંદ એટલા માટે આવે છે, કે જાણે આપણે સ્વયં આપણા સ્વામી બની ગયા હોઈએ તેની પ્રસન્નતા અનુભવાય છે. બાહ્ય અનેક વસ્તુઓના, આપણા વેપારધંધાના, કારખાનાંઓના, ભવનોન', આપણા તાબેદાર નોકરોના, અને કોઈ સ્ત્રીના સ્વામી તો બની શકાય છે પરંતુ મનુષ્ય પોતાનો સ્વામી નથી બની શકયો તેનું જ મોટું દુ:ખ છે. જે સંસારનાં બીજાં અનેક દુ:ખોનું સર્જક છે. તે બધા પર વિજય મેળવાય એવી એકાદ ચાવી મળી જાય અને તેનો સાવધાનીથી ઉપયોગ કરતાં તેનું સફળ પરિણામ આવે તેનો આનંદ અવર્ણનીય છે. તે તો "માહી પડયા મહાસુખ માણે"-વાળું કલ્પનાતીત સુખ છે.

આનાપાન સ્મૃતિનો અભ્યાસ પાકો થયા પછી આવે છે "વિપશ્યના સાધના", જે શિબિરને ચોથે દિવસે આપવામાં આવે છે. આ વિપશ્યના પદ્ધતિ ભગવાન બુદ્ધ દ્વારા પ્રવર્તિત થઈ, એટલે શુદ્ધ ભારતીય છે. પણ કાલાંતરમાં ભારતમાં બૌદ્ધ વિચારધારા મતમતાંતરમાં અટવાવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ જાળવી ન શકી અને નામશેષ થતી ગઈ. પણ જે સમયમાં તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં વિકસિત હતી, તે સમયમાં ભારતથી આ વિચારધારામાં પ્રવીણ થયેલા સંતો અને મિશનરી સ્પિરિટવાળા ભિક્ષુઓ બ્રહ્મદેશમાં જઈ વસી ગયેલા, એટલે એ દેશમાં આ પદ્ધતિ પોતાના અસલ સ્વરૂપમાં સુરક્ષિત રહી શકી છે. તેનું અસલ સ્વરૂપ જાળવી રાખવામાં ગુરુ–શિષ્ય પ્રણાલીનો મુખ્ય ફાળો ગણી શકાય. ગુરુઓ બહુ જ સાવધાનીપૂર્વક પોતાના ઉત્તરાધિકારીની પસંદગી કરીને પછી જ તેને આ મહાન જ્ઞાનસંપત્તિનો વારસો આપતા હતા અને તે જ પ્રમાણે બર્મી સંત ઉબા-ખીન પાસેથી શ્રી સત્યનારાયણ ગોએન્કાજીને આ સંપત્તિનો વારસો મળ્યો છે. ગોએન્કાજી પોતાને ગુરુ કહેવડાવવાને બદલે "કલ્યાણ મિત્ર" કહેવડાવવાનું પસંદ કરે છે.

વિપશ્યના ભાવનામાં ધ્વનિ, ગંધ, સ્વાદ, સ્પર્શ અને વિચારાદિના વિષયો અને હાથપગ આદિ શરીરની ક્રિયાઓ પ્રતિ સ્મૃતિ રાખવાનો ભાવ કરવાનો છે. અર્થાત્ કાયા અને મનમાં જે કંઈ ચેષ્ટાઓ, ક્રિયાપ્રક્રિયાઓ, અને સૂક્ષ્માતિસૂક્ષ્મ ગતિ ચાલી રહેલી છે એ બધાની બરાબર સ્મૃતિ રાખવાની છે અને સંવેદનનો અનુભવ કરવાનો છે. પ્રારંભમાં આ બધા પ્રતિ એકીસાથે સ્મૃતિ રાખવાનું મુશ્કેલ લાગે છે એટલે શરીરના એકએક ભાગ લઈને વિપશ્યના કરવાની હોય છે, માથાથી શરૂ કરીને ચહેરાનાં બધાં જ ઉપાંગો, જેવાં કે કપાળ, ભ્રમરો, નાક, આંખના ઉપર નીચેનાં પોપચાંઓ, કાન ગાલ, ઉપર નીચેના હોઠ, દાઢી, ગળું આદિ તરફ અત્યંત ધીરી ગતિથી મનોમય દૃષ્ટિથી બંધ આંખે જોવું અને સ્મૃતિ રાખતાં રાખતાં ધીમે ધીમે આગળ વધવું અને તે તે અંગોમાં જે કંઈ સૂક્ષ્મ હલચલો થતી હોય તેનો અનુભવ કરતા જવું. શરૂઆતમાં તો આપણા બધિરપણાને લઈને કશી સ્પષ્ટ હલચલ કે ગતિ માલૂમ નહીં પડે, પણ તેથી નિરાશ ન થતાં અત્યંત શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક સાધના ચાલુ જ રાખવી. ગળા પછી બેઉ હાથ, છાતીથી પેડું સુધી, અને પછી બેઉ પગોનો પ્રવાસ કરવો. પગને અંગૂઠે પહોંચીને પાછો તેવી જ રીતે વળતો પ્રવાસ કરવો.

સાથેસાથે પંચસ્કંધો અને તેની અનિત્યતાનો પણ વિચાર કરવો. રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાનાદિના વિષયો પણ દુ:ખમાં વધારો કરનારા જ છે. એટલા માટે જ કહ્યું છે કે યદનિચ્ચં તં દુક્ખં એટલે કે જે અનિત્ય છે, તે દુ:ખકર છે, અને જે દુ:ખકારક હોય છે તે આત્મા નથી. આત્મા એટલે તો સુખદુ:ખાતીત, કુટસ્થ, અવિનાશી સત્તા છે. ભગવાન કહે છે કે "હે ભિક્ષુઓ, જે તમારું નથી તેને છોડી દો. તેને ત્યાગવાથી ચિરકાળ તમારું ભલું થશે, ચિરકાળને માટે તમને સુખ થઈ જશે. તમારું શું શું નથી? રૂપ તમારું નથી, વેદના તમારી નથી, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન

પણ તમારાં નથી. તેને છોડો. હે ભિક્ષુઓ, જેતવનમાં ખરી પડેલાં પાંદડા, ડાળીઓ તથા કચરો લોકો લઈ જશે. અને તેને બળતણ તરીકે વાપરશે, તે વખતે "આ લોકો અમને લઈ જાય છે, અમને બાળે છે" એમ શું તમને લાગશે ? ભિક્ષુઓએ જવાબ આપ્યો કે "ભદંત, અમને એમ લાગશે નહિ, કારણ આ ખરેલાં પાંદડાં અને કચરો અમારો આત્મા અથવા અમારા આત્મીય નથી." ભગવાન બોલ્યા, "તેવી જ રીતે હે ભિક્ષુઓ, આ પંચસ્કંધ પણ તમારા નથી, તેને છોડવામાં જ તમારું કલ્યાણ રહેલું છે."

બે દિવસ સુધી નિરંતર આ જ સાધના કરવાની રહે છે. ત્રીજે દિવસે આપણાં સૂક્ષ્મ સંવેદનો થોડા પ્રમાણમાં જાગૃત થાય છે. પછી આપણા કલ્યાણમિત્ર આ એકએક અંગને બદલે સળંગ માથાથી પગ સુધી અને પગથી માથા સુધી ધીરી ગતિએ વિપશ્યના કરાવે છે. ત્યાર બાદ ભીતરમાં મનોમયદષ્ટિથી દેખીને વિપશ્યના કરાવે છે. એટલે શરીરની અંદરના અણુઅણુમાંથી આ ભાવના પસાર કરવાની રહે છે. આમાં એક બીજો અનાયાસ લાભ થાય છે. શરીરના કોઈપણ ભાગમાં કંઈક તકલીફ યા રોગ હોય તો ત્યાં વારંવાર વિપશ્યના થવાથી રોગનું કારણ દૂર થાય છે. મહદ્ અંશે તો પૃથ્વીતત્ત્વનું ઘનત્વ જ્યાં વધી જાય છે ત્યાં સમત્વ નથી રહેતું અને તે અંગના અણુઓ પોતાનાં સ્વાભાવિક સ્વરૂપમાં ન રહેતાં ત્યાં અવ્યવસ્થા અને અસંતુલન થાય છે. એટલે રકતપરિભ્રમણમાં પણ અવરોધ થાય છે અને પરિણામરૂપે તાણ ખેંચ, વેદનાદિ શરૂ થાય છે અને પછી ઉત્તરોત્તર તેમાં વધારો થતો રહે છે. તેવા અનેક જાતના રોગો વિપશ્યના ભાવનાનો સતત મારો ચલાવવાથી નષ્ટપ્રાય બને છે. આ કોઈ ચમત્કાર નથી, માત્ર શુદ્ધ વૈજ્ઞાનિક અને વિચારમાં ઊતરે તેવો સિદ્ધ પ્રયોગ છે. શ્રી ગોએન્કાજીનો માથાનો અસહ્ય દુ:ખાવો પણ આ જ રીતે મટયો હતો અને બીજા અનેકને પણ તેવા પરિણામનો લાભ થયો છે.

સાધના કરતાં કરતાં સાધક યા સાધિકાને કંઈક તકલીફ હોય તો તેને ઠીક કરવા માટે કલ્યાણમિત્ર પ્રત્યેક સાધકને પોતાની સામે બેસાડીને અત્યંત પ્રેમથી વિપશ્યના કરાવે છે, તે વખતે પોતે પણ વિપશ્યના કરતા હોય છે. એટલે તેઓને તરત જ લક્ષમાં આવી જાય છે કે સાધકની તકલીફ કયાં છે; અને ત્યાં દુરસ્તી કરાવી આપે છે. આ ભાવના કરતાં કરતાં અભ્યાસ પાકો થતાં, શરીર અને મનની પ્રત્યેક ક્રિયાઓ પ્રતિ સ્મૃતિ રાખવાનું સાધકમાં સામર્થ્ય ઉત્પન્ન થાય છે. આ સામર્થ્ય મળતાં સાધકમાં પોતાની આંખો સામે જે જે વિષયો આવે તે બધાને સમગ્રપણે જાણી લેવાની શકિત આવે છે. આ રીતે પ્રારંભમાં જે એક અંગ ઉપર બરાબર સ્મૃતિ રાખતાં, તેની બધી ક્રિયાઓ પ્રતિ સજાગ રહેતાં રહેતાં આગળ જતાં બીજાં અનેક જ્ઞાનોની ઉપલબ્ધિ સહજ બની શકે છે. બુદ્ધિ અને સ્મરણશકિત સતેજ બનતાં સંસારનાં કાર્યો પણ સહજ અને ક્ષમતાપૂર્વક થાય છે. એટલે જ કહ્યું છે કે "યોગ: કર્મસુ કૌશલમ"

આ રીતે કાયાનુપશ્યના, વેદનાનુપશ્યના, ચિત્તાનુપશ્યના, અને ધર્માનુપશ્યના નામનાં ચાર સ્મૃત્યુપસ્થાનનો લાભ થાય છે. શરીરના કોઈ અંગવિશેષની હલચલ આદિ ક્રિયાને જાણવી તે કાયાનુપશ્યના. આ ક્રિયાનું ઉત્પાદક જે ચિત્ત છે તેની ગતિ–પ્રવૃત્તિઓ જાણવી તે ચિત્તાનુપશ્યના. એ ચિત્તમાં ઉત્પન્ન થતી વેદના-લાગણીને જાણવી તે વેદનાનુપશ્યના. અને ઈચ્છા, ક્રોધ, રાગ, દ્વેષ, સ્મરણ, ચિંતન અને દર્શન આદિને જાણવાં તે ધર્માનુપશ્યના.

પ્રત્યેક સમૂહસાધનાં સભામાં સાધના ચાલતી હોય ત્યારે કલ્યાણમિત્ર પોતાના શીઘ્રરચિત ધર્મદોહાઓ અત્યંત શાંત સુસ્થિર અને લાગણીસભર અવાજે ગાય છે. તેની ઘણી ઊંડી અને લાભદાયી અસર સાધકો પર થાય છે.

"ધર્મ વિહારી હૈ વહી, શીલવંત જો હોય
કાયા વાણી ચિત્તકે, શીલ ન ખંડિત હોય ।।
કાયા હી મલતા રહા, કિયા ન ચિત્તસુધાર
ભૂસફૂસ સંગ્રહ કિયા, છુટા ધર્મ કા સાર ।।
વાણીકો સંયત કરે, સંયત કરે શરીર
પર જો ચિત્ત સંયત કરે, વહી સંયમી વીર" ।।

વિપશ્યનાના અભ્યાસથી વર્તમાન જીવનમાં જીવતા શીખાય છે. વર્તમાનમાં જીવવાનો અર્થ છે નિર્વાણમાં જીવવું, મુકત અવસ્થામાં જીવવું. ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યની કલ્પનો–કામનાઓ વર્તમાનને ડુબાડી રાખે છે. ભૂતકાળનો પીછો તો ત્યારે છૂટે કે જયારે ચિત્તના સમગ્ર સંસ્કાર દૂર થાય, ભવિષ્યનો પીછો ત્યારે છૂટે કે જયારે સમગ્ર તૃષ્ણાઓ સમાપ્ત થાય. એટલે કે સમગ્ર ચિત્તપ્રદેશની ઝાડી-ઝૂડીને સફાઈ થઈ જાય, દિવાળીમાં જેમ આખાયે ઘરની ઝાડુ અને ધુલાઈ દ્વારા સફાઈ થઈ જાય છે તેમ. આ સફાઈની પાછળ સરસ અર્થ સમાયેલો છે. વર્ષમાં એકવાર આ સફાઈ જેમ અનિવાર્ય સમજીએ છીએ તેવી જ રીતે પર્યુષણ પર્વ આદિ બીજા પર્વોના દિવસોમાં ચિત્ત-પ્રદેશની સફાઈનો અર્થ અપેક્ષિત છે. વાસ્તવમાં તેમ જ થાય તેવી ઊંડી સમજ દ્વારા તકેદારી રખાય તો સુંદર પરિણામો સંભવિત છે. (ક્રમશ:)

પૂર્ણિમા પકવાસા

## સમન્વય એ જ સાધના

માણસ કુદરતના વિસ્તારમાં જન્મ્યો. કુદરતને ઓળખે નહિ ત્યાં સુધી અને, ત્યાર પછી પણ, એણે કુદરત સામે લડી લડીને જીવનસિદ્ધિ મેળવી. આગળ જતાં એણે જોયું કે, લડવા કરતાં કુદરતને ઓળખવી–એની મદદ લેવી એમાં જ લાભ છે. જેમ કુદરતનું જ્ઞાન વધ્યું તેમ કુદરતની સેવા અદ્‌ભુત રીતે મળવા લાગી. કેટલાક લોકોએ કુદરત સામે લડીશું નહિ, તેમ એની સેવા પણ યાચીશું નહિ એમ નક્કી કરી અલિપ્તભાવ કેળવ્યો અને આત્માની ઉપાસના ચલાવી. એ લોકોએ નક્કી કર્યું, જડસૃષ્ટિ પ્રત્યે ઉદાસીનતા અને ચૈતન્ય સૃષ્ટિની ઉપાસના એ જ આપણો સ્વ-ધર્મ છે, આત્મશુદ્ધિ અને આત્મપ્રાપ્તિને રસ્તે તેઓ ચાલ્યા.

હવે એ બંને માર્ગો વચ્ચે સમન્વય સાધી કુદરતના સ્વામી અને સાથી થવું એ માર્ગ માણસ જાતને સૂઝયો છે. જડ અને ચેતન, બાહ્ય અને અંતર એ ભેદ મટાડી 'સમૃદ્ધ અદ્વૈત' ની સાધના એ જ સાચો માર્ગ છે.

કાકા કાલેલકર

## સંઘ સમાચાર

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, નીચેનાં બે વ્યાખ્યાનો સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે.**

**સંઘના સભ્યો તેમ જ બીજા ભાઈઓ તથા બહેનોને આ વ્યાખ્યાનોમાં હાજર રહેવા નિમંત્રણ છે.**

### યુનાઈટેડ નેશન્સ

યુનાઈટેડ નેશન્સ દિન પ્રસંગે શનિવાર તા. ૨૩ મી ઓકટોબર ૧૯૭૧ ની સાંજે ૬ વાગ્યે શ્રી વી. કે. નરસિંહન, તંત્રી ઈન્ડિયન એકસપ્રેસ, જાહેર વ્યાખ્યાન આપશે

### વિશ્વપ્રવાસના અનુભવો

સ્થાનકવાસી જૈન સમાજના આગેવાન શ્રી દુર્લભજી કે. ખેતાણી જેઓ તાજેતરમાં ત્રણ મહિનાનો વિશ્વપ્રવાસ કરી આવ્યા છે તેઓ એમનાં અનુભવો વિશે શનિવાર તા. ૩૦ મી ઓકટોબર ૧૯૭૧ ની સાંજે ૬-૦૦ વાગ્યે વાર્તાલાપ આપશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સ્થા.

# ભારત જૈન મહામંડળ - ૪૧મું અધિવેશન

[ભારત જૈન મહામંડળનું અધિવેશન બીઆવરમાં તા. ૨૫-૨૬ સપ્ટેમ્બર ૧૯૭૧ના રોજ શ્રી શાદીલાલજી જૈનની અધ્યક્ષતામાં ઉત્સાહપૂર્વક થયું. શ્રી શાદીલાલજીના પ્રમુખસ્થાનેથી થયેલાં વ્યાખ્યાનનો સારભાગ તથા અધિવેશનમાં પસાર થયેલા મુખ્ય પ્રસ્તાવો નીચે આપવામાં આવે છે –તંત્રી]

**સજ્જનો,**

આજની વર્તમાન પરિસ્થિતિને સુધારવા માટે અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરે જે સન્દેશ આપ્યો હતો એની અત્યારે અત્યન્ત જરૂર છે. અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહના ત્રણ મુખ્ય સિદ્ધાન્તોને દુનિયા સમજી લે અને એ અનુસાર આચરણ કરે તો સંસારની બધી સમસ્યાઓનું નિરાકરણ સાધી શકાય. વર્તમાન યુગમાં મહાત્મા ગાંધીજી જ એક એવા મહાપુરુષ થઈ ગયા જેમણે મહાવીરના ધાર્મિક સિદ્ધાન્તોનો રાજનીતિ અને સમાજમાં સફળ પ્રયોગ કરીને દુનિયાને બતાવી આપ્યું કે આ સિદ્ધાન્ત કેવળ ધર્મગ્રંથો, મન્દિરો અને ધર્મસ્થાનો માટે જ નહિ પણ સમગ્ર દુનિયાની આમ-જનતાના જીવન માટે આવશ્યક છે. જો તમે મને એ કહેવાની છૂટ આપો તો હું કહેવા માગું છું કે જૈન સમાજે મહાત્મા ગાંધીના પ્રયોગને પિછાન્યો નથી કે એને અપનાવ્યો નથી. ભલે ધાર્મિક પરંપરા અનુસાર ગાંધીજી જૈન નહોતા તેમ છતાંયે એમનું આચરણ, એમનું કાર્ય મહાવીરના સિદ્ધાન્તોને અનુકૂળ હતું. જૈન સમાજે મહાવીરના એ સિદ્ધાન્તોને ઓળખ્યા કેમ નહિ? એ પ્રયોગો પ્રત્યે ધ્યાન કેમ ન આપ્યું? મારા મત મુજબ આનું મુખ્ય કારણ જૈનોમાં જે આંતરિક સંઘર્ષ ચાલતો હતો અને એમનામાં જે ખોટો અહંકાર હતો એ હતું.

આપણે મુખ્ય વસ્તુને ગૌણ સ્થાન આપ્યું અને ગૌણ વસ્તુને મુખ્ય માની લીધી. આપણી દૃષ્ટિ ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો પર રહેવાને બદલે બાહ્ય વેશભૂષા અને ક્રિયાકાંડની ખેંચતાણ પર જ રહી. અનેકાન્ત અને અહિંસાના વિવેચનમાં આપણે લાગી રહ્યા પણ એને જીવનવ્યવહારમાં ઉતારવા પર ધ્યાન ન આપ્યું.

એક જ ઘરમાં અનેક વ્યક્તિઓ હોય છે, બધાની ખાવા - પીવા - પહેરવાની રુચિ અલગ અલગ હોય છે, આમ છતાં યે એમનામાં એક પરિવારની અભિન્નતા હોય છે એ જ રીતે જૈન ધર્મના વિશાળ પરિવારમાં ભગવાન મહાવીરના લાખો પુત્રો બાહ્ય રીતે ઓછેવત્તે અંશે ભિન્ન હોય તો પણ શું એમની વચ્ચે આંતરિક એકતા સાધી શકાય નહિ? ધર્મના નામે સંપ્રદાય - સંપ્રદાય વચ્ચેના ઝઘડા, કોર્ટ - કચેરીઓમાં મુકદમા લડવા, રોટી - બેટી તથા વ્યાપારિક સંબંધ રાખવા છતાં યે ધર્મના સ્થાન પર નફરતથી કામ લેવાનું કેટલું ઉચિત છે? ધર્મ, મન અને શરીરની સમતુલા - બેલેન્સ - રૂપ છે, જેનાથી વિચાર સારા થાય છે અને આત્માની ઉન્નતિ સધાય છે. ધર્મ પ્યાર કરવાનું શીખવે છે, એક-બીજા સાથે હળવા - મળવાનું શીખવે છે. નફરત અને ઘૃણાનું એમાં કયાંય સ્થાન નથી.

સમ્યક્ અને મિથ્યા દૃષ્ટિનો વિચાર કરીએ તો આધુનિક ભાષામાં મારે એમ કહેવું જોઈએ કે નફરત જ મિથ્યા દૃષ્ટિ છે. મહાવીરના જીવનનું ઉદાહરણ આપણી સમક્ષ છે. એમણે નફરતનું પ્રેમથી પરિવર્તન કર્યું હતું. એમનો વિરોધ કરનારા પ્રત્યે એમના મનમાં નફરત કે ક્રોધની લાગણી નહોતી. ચંડકૌશિક જેવા ઝેરી નાગનું પણ પ્રભુએ પ્રેમથી પરિવર્તન કર્યું હતું. નફરત ઝેર છે, પ્રેમ અમૃત. આપણે ઝેર છોડીને અમૃતના એ પ્યાલાને હોઠે લગાડવો જોઈએ, જેને જૈનધર્મે આપણને વારસામાં આપ્યો છે.

ભગવાન મહાવીરે જાતિવાદની સામે અવાજ ઉઠાવ્યો હતો પણ આપણે બીજી રીતે વીસા, દસા, પાંચા વગેરેના ભેદ ઊભા કર્યા. એક જ સમાજના ભાઈઓને નાના - મોટા, ઊંચા - નીચા માનવા લાગ્યા અને આપણા મહાવીરના પરિવારને અલગ અલગ સંપ્રદાયોમાં વહેંચી નાખ્યો એ દુઃખની વાત છે.

ભગવાન મહાવીરે પરિગ્રહનો ત્યાગ કર્યો. શ્રાવકોને પરિગ્રહ પરિમાણનો ઉપદેશ આપ્યો. પણ આજે આપણે ધનની લાલસામાં ડૂબી ગયા છીએ અને સારા - નરસાનો ભેદ ભૂલી ગયા છીએ. તૃષ્ણાનો કોઈ પાર નથી. સમાજમાં એક તરફ રોટીની સમસ્યા છે, વિદ્યાર્થીઓને અભ્યાસની મુશ્કેલી છે, બીમારોને ઈલાજની જરૂર છે, મધ્યમ વર્ગને રોજગારની સમસ્યા છે. બીજી તરફ કરોડોની સંપત્તિનો સંચય થઈ રહ્યો છે. ધર્મ - ટ્રસ્ટો અને દેવદ્રવ્યોના રૂપમાં સંપત્તિ પડી છે. ભગવાન મહાવીરે ગણધર્મને પણ એક ધર્મ ગણ્યો છે. મહાવીરે મનુષ્યને જ 'દેવાનુપ્રિય' સંબોધન આપ્યું છે. તો પછી એ દેવદ્રવ્ય સમાજના એ મનુષ્યોના કામમાં આવે એ ઉચિત નથી? મઠો, મન્દિરો, ધર્મસ્થાનો આદિના ઝઘડાના મૂળમાં રૂપિયાની શક્તિ જ મુખ્યત્વે હોય છે. ખેદ તો એનો થાય છે કે વ્યક્તિગત ભોગ અને દેખાવ કરવામાં લાખો - કરોડોનો ખર્ચ કરવામાં આવે છે. ધર્મના નામે મુકદ્દમા લડવામાં લાખો રૂપિયા ફૂંકી મારવામાં આવે છે. જો આનો જ અત્યારે સમાજ માટે ઉપયોગ થાય તો સહ - ધાર્મિકવત્સલતાનું કેવું સુંદર રૂપ ખીલી ઊઠે? સમાજમાંથી આથી ગરીબી પણ દૂર થશે.

**બંધુઓ,**

સમાજવાદ કહો કે સામ્યવાદના નામે પોકારો, પણ હવે એ વ્યવસ્થા ખૂબ જ ઝડપથી આવી રહી છે જેમાં વ્યક્તિગત રીતે ધનનો સંગ્રહ થઈ શકશે નહિ. લોકોની વિચારધારામાં ધનિક લોકો પ્રત્યે અનાદર, રોષ અને ઘૃણાનો ભાવ ખૂબ જ વધી રહ્યો છે. આ સ્થિતિનો મુકાબલો કરવાનો એક જ ઉપાય છે અને તે છે ગાંધીજીનો ટ્રસ્ટીશિપનો સિદ્ધાન્ત. તમે ધન અને સંપત્તિના ટ્રસ્ટીના રૂપમાં તમારી જાતને જુઓ. એને સમાજની સંપત્તિ સમજીને– સમાજહિતના કામમાં એનો ઉપયોગ કરવા તૈયાર રહેશો તો પછી કોઈ વાદ (ઈઝમ)નું જોખમ નહિ રહે. આસક્તિ અને મમત્વ જ તમારી સામે આત્મિક અને સામાજિક બંને ક્ષેત્રોમાં જોખમ ઊભું કરે છે. લોકસેવામાં ધનનો ઉપયોગ કરીને તીર્થંકર ગોત્ર સુધી પહોંચી શકાય છે. બદલતી દુનિયાના બદલાતા વિચારોની સાથે આપણે પણ બદલાવું જોઈએ. જમાનાના પૂર સામે ટક્કર લઈ શકાતી નથી, એને તો સમજીને વળાંક આપી શકાય છે અને એ રીતે જ વળાંક આપવો જોઈએ.

જૈનધર્મ મહાન છે, એના તીર્થંકરોએ મહાન ઉપદેશ આપ્યો છે. પરન્તુ જૈનધર્મ અને મહાવીરના કેવળ ગુણગાન કરવાથી આપણું કર્તવ્ય પૂરું નથી થતું. એમણે બતાવેલા માર્ગે આપણે પોતે ચાલીએ અને બીજાઓને આપણા આચરણનું ઉદાહરણ પૂરું પાડીએ ત્યારે આપણે મહાવીરના સાચા અનુયાયી કહેવાઈએ. મહાવીરે અનેકાન્ત અને સ્યાદ્વાદના સિદ્ધાન્તો આપ્યા. આનાથી સંસારની સમસ્યાઓ ઊકલી શકતી હોય તો શું આપણી અરસપરસની સાંપ્રદાયિક સમસ્યાઓ ઊકલી શકે નહિ? આ ઝઘડાઓનું મૂળ કારણ તો અહંકાર, મમતા અને માન છે.

એટલા માટે જૈન સમાજમાં સૌથી વધુ જરૂર સંગઠન, એકતા અને સમન્વયની સ્થાપના કરવા તરફ ધ્યાન આપવાની છે. આપણા પૂજ્ય આચાર્ય, સન્ત - મુનિરાજોને મારી નમ્ર વિનંતિ છે કે તેઓ

આ દિશામાં આપણને માર્ગદર્શન આપે અને મહાવીર જયન્તી, પર્યુષણ આદિ પર્વ સામૂહિક રૂપમાં મનાવવા માટે સમાજને પ્રેરણા આપે. ભગવાન મહાવીરે એકતા માટે ગણધર્મનું મહત્ત્વ બતાવ્યું છે. એટલા માટે સમગ્ર ગણના હિતમાં આપણે કંઈક છોડવું પડે તો પણ છોડવું જોઈએ. આ જ મૂળભૂત મહત્ત્વની વાત છે. જૈન સમાજ ધન, બુદ્ધિ અને શકિતમાં બીજા કોઈ પણ સમાજથી ઊતરતો નથી, પણ દુર્ભાગ્યની વાત એ છે કે સંગઠિત રૂપમાં એની શકિત અને કાર્યનું યથાર્થ સ્વરૂપ દુનિયાની સામે આવતું નથી આથી લોકોમાં આપણા સંબંધમાં અનેક ભ્રાંતિઓ પેદા થઈ છે. એટલે આ અધિવેશન નિમિત્તે હું સમાજના ચારે તીર્થોને અપીલ કરું છું કે સંગઠન, સમન્વય અને એકતાની દિશામાં ચોક્કસ નિર્ણય કરે કે જેથી કરીને મહાવીરના ધર્મને આ દુનિયામાં આપણે યથાર્થ રીતે રાખી શકીએ.

**સમાજની યુવકશકિત**

કોઈ પણ સમાજ કે દેશની સાચી સંપત્તિ એના યુવાનો હોય છે પરન્તુ આજે ૩૫ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિતઓ તમને મંદિર, ધર્મસ્થાનક કે સાધુઓનાં સ્થાનો પર બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળશે. તો શું યુવાનો ધર્મને પસંદ કરતા નથી? શું એમને સમાજ પ્રત્યે પ્રેમ નથી? ભલે, તમે યુવકોને નાસ્તિક કહો પરન્તુ મને વિશ્વાસ છે કે આપણા યુવાનો ધર્મથી વિમુખ નથી બન્યા, પણ ધર્મના નામે થતા આડંબર, ઝઘડા અને સંઘર્ષે એમને વિમુખ બનાવી દીધા છે અને એમનામાં નફરત પેદા કરી છે. મહાવીરે જૈન - ભાષામાં ઉપદેશ આપ્યો. સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાનો આપવાને બદલે પ્રાકૃત ભાષામાં આપ્યાં કે જેથી કરીને એ વખતના સામાન્ય લોકો ઉપદેશને સમજી શકે. પરન્તુ આપણે આજે પણ યુવાનોને તેઓ જાણતા નથી એવી જૂની ભાષામાં જ્ઞાન આપવા માગીએ છીએ.

આપણે આપણા ગ્રંથોના હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ કરાવીને આજના વિચારો સાથે એની જે ઉપયોગીતા છે એ બતાવીએ એની જરૂર છે. આપણા યુવાનોનું બૌદ્ધિક સ્તર ઘણું ઊંચું છે. તેઓ થોડી મિનિટોમાં વધારે જાણકારી મેળવી લેવા માગતા હોય છે. એટલા માટે આપણા સાધુસમાજનું શિક્ષણનું ધોરણ પણ પી. એચ. ડી. ની બરોબર હોવું જોઈએ. જૈનતત્ત્વોને વિભિન્ન ધર્મોની સાથે તુલનાત્મક રીતે રજૂ કરી શકીશું તો યુવકો સહજ રીતે જ એના પ્રતિ આકર્ષાશે.

યુવકોને પણ મારી અપીલ છે કે તેઓ પશ્ચિમનું અનુકરણ કરે નહિ. આપણા ધર્મ, આચાર - વિચાર અને તત્ત્વને સમજવાની કોશિશ કરે. પશ્ચિમનાં દર્શનો કરતાં યે વધારે સુંદર આપણા ગ્રંથોમાં બહુ પહેલાથી બતાવવામાં આવ્યું છે પણ એને જાણવાની જરૂર છે. તમે એને જોશો, વાંચશો અને સમજશો તો ખ્યાલ આવશે કે આપણું સાહિત્ય, આપણું પ્રાચીન જ્ઞાન, કેટલું મહાન અને ઉપયોગી છે. યુવકોને રૂઢિવાદિતા, જડતા અને ઝઘડા પ્રતિ નફરત હોય તો એ સ્થિતિમાં પરિવર્તન લાવવાની—એનું નિરાકરણ કરવાની કોશિશ કરવી જોઈએ.

મેં જે મુખ્ય વિષયો પર તમારું ધ્યાન ખેંચ્યું છે એ વિષયો પર ભારત જૈન મહામંડળ છેલ્લાં ૭૫ વર્ષ થયા સમાજનું ધ્યાન ખેંચી રહેલ છે. બનારસ અધિવેશનમાં આ સંસ્થાને પૂજ્ય મહાત્મા ગાંધીના આશીર્વાદ પણ મળ્યા હતા અને અગાઉના ચાલીસ અધ્યક્ષોની અધ્યક્ષતામાં મંડળે ઘણું કામ કર્યું છે. ચાલીસમા અધિવેશનથી તે અત્યાર સુધીમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના નેતૃત્વમાં એ કાર્યને એક સુંદર વ્યવસ્થા મળી છે. ભગવાન મહાવીર કલ્યાણ-કેન્દ્ર જેવી કલ્યાણ કરવાવાળી સંસ્થા સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી ચીમનભાઈ, શ્રી લાલચંદભાઈ, શ્રી રાંકાજી આદિના પ્રયત્નોથી કાર્ય કરી રહી છે. ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ મહોત્સવ સમિતિ પણ મંડળની અંતર્ગત સારું કામ કરી રહી છે; પ્રકાશન, પ્રદર્શન અને સેમિનારોની યોજનાનું કામ ચાલી રહ્યું છે; વડા પ્રધાન દ્વારા રાષ્ટ્રીય સમિતિની જાહેરાત કરાવીને બુદ્ધ જયન્તીની માફક આખી દુનિયામાં મહાવીર નિર્વાણ મહોત્સવ ઊજવવામાં આવે એવા પ્રયત્ન પણ મંડળ દ્વારા થઈ રહ્યા છે. મંડળે પરસ્પર વિરોધી વિચારધારાવાળા નેતાઓને એક મંચ પર એકત્રિત કર્યા છે એને મંડળની એક મોટી સફળતા ગણવી જોઈએ. એકસાથે ઊઠવા-બેસવાને લીધે તેમ જ વિચાર વિમર્ષ કરવાને લીધે પ્રેમભર્યું વાતાવરણ વધશે અને ઝઘડાનું સંપૂર્ણતયા નિરાકરણ થશે એવી આશા રાખીએ. અંતમાં હું આપને ફરી એ જ અપીલ કરું છું કે આપણે સંગઠિત થવાનું છે. સમન્વય સાધવાનો છે, એકતાના તંતુએ બંધાવાનું છે. ધર્મનાં મૂળ તત્ત્વોને સમજીને એને આપણા પોતાના જીવનમાં ઉતારવાનાં છે. ધર્મ જો જીવનમાં નહિ ઊતરે તો એ કેવળ ગ્રંથો, મંદિરો અને સ્થાનકોની શોભારૂપ જ બની રહેશે. ધર્મ જો ખરેખર જીવનમાં ઊતરશે તો પછી નફરત, ઝઘડા અને દ્વેષને માટે જગ્યા જ ક્યાં રહેશે?

# અધિવેશનમાં પસાર થયેલા કેટલાક મહત્ત્વના ઠરાવો

[૧]

ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ મહોત્સવ સમિતિ - મુંબઈને જે જે સંસ્થાઓ, સાધુ - સંતો અને મહાનુભાવોએ આ નિર્વાણ મહોત્સવને રાષ્ટ્રીય સ્તર પર મનાવવા માટે ભગવાન મહાવીર ૨૫૦૦ મી નિર્વાણ મહોત્સવ નેશનલ કમિટી'ની રચના કરવાની દિશામાં પોતાનો સહકાર આપ્યો છે, એ બધાનો આ અધિવેશન આભાર માને છે અને આશા રાખે છે કે ઉકત નેશનલ કમિટીની રચનામાં તથા કમિટીની રચના થયા પછી પણ એમનો સંપૂર્ણ સહકાર આપશે.

[૨]

જૈન સમાજના તીર્થો, મન્દિરો આદિના ઝઘડાના નિરાકરણ માટે ૨૧ વ્યકિતઓની એક સ્થાયી સમિતિ નીમવામાં આવે, જેમાં આનાગ્રહી વ્યકિતઓને લેવામાં આવે. આ સમિતિ ઝઘડાઓનો અભ્યાસ કરીને મંડળના અધ્યક્ષને એનો અહેવાલ આપે અને મંડળના અધ્યક્ષ એ અહેવાલને ધ્યાનમાં રાખીને ઝઘડાના નિરાકરણ માટે સક્રિય પ્રયાસ કરશે.

ઠરાવ રજૂ કરનાર: શેઠ શ્રી લાલચંદજી હીરાચંદજી દોશી, મુંબઈ

અનુમોદન આપનાર: સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈન, મુંબઈ.

સમર્થક: શ્રી મોતીલાલ વીરચંદભાઈ, માલેગાંવ, લાલા જસવંતસિંહજી જૈન, દિલ્હી, શ્રી મોહનલાલજી ચૌધરી, ઈન્દોર, શ્રી ધર્મચંદજી મોદી, બ્યાવર.

[૩]

ભારત જૈન મહામંડળનું આ અધિવેશન બંગલા દેશમાં થઈ રહેલા નરસંહાર પરત્વે ચિન્તા અને ખેદ પ્રગટ કરે છે અને ભારતમાં આવેલા બંગલા દેશના પીડિતોની શકય તેટલી સઘળી સેવા કરવાની જૈન સમાજને અપીલ કરે છે. ભગવાન મહાવીરની કરુણાભાવનાને અનુરૂપ મંડળની સહયોગી સંસ્થા ભગવાન મહાવીર કલ્યાણ-કેન્દ્ર દ્વારા બંગલા દેશના શરણાર્થીઓ માટે તત્કાળ એક લાખ રૂપિયાનું ભંડોળ અને દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં થતા સેવા-કાર્યનું સમર્થન કરે છે અને સમસ્ત જૈન સમાજને અપીલ કરે છે કે કલ્યાણકેન્દ્ર મારફત સેવાકાર્યમાં સામેલ થઈને લક્ષ્યપૂર્તિ માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

[૪]

સમગ્ર જૈન સમાજનો ક્ષમાપના કાર્યક્રમ વિશ્વમૈત્રી દિવસ તરીકે ભારત જૈન મહામંડળ દ્વારા ઘણી જગ્યાએ સામૂહિક રીતે યોજવામાં આવે છે. પર્યુષણ અને દશલક્ષણા પર્વની પૂર્ણાહુતિ પછી આવતા પ્રથમ રવિવારે યોજાતો આ કાર્યક્રમ આખા દેશમાં જૈન સમાજ દ્વારા સામૂહિક રીતે ઉત્સાહપૂર્વક યોજવો જોઈએ.

# ☆ બંગલા દેશના શરણાર્થીઓ ☆

મહાવીર કલ્યાણકેન્દ્ર તરફથી શ્રી સુખલાલભાઈ અને બીજા ત્રણ ભાઈઓ અને એક બહેન શરણાર્થીઓની સેવાર્થે પશ્ચિમ બંગાળ ગયા છે. ત્યાંના હુલેચ્છા અને બીજા કેમ્પોની તેમણે મુલાકાત લીધી; ત્યાંની પરિસ્થિતિ શ્રી સુખલાલભાઈએ મારા ઉપરના તેમના પત્રોમાં બતાવી છે. જેનો ઉપયોગી ભાગ નીચે આપેલ છે. મારે તેમાં કાંઈ ઉમેરવાનું નથી. આ હૃદયદ્રાવક અને ભયંકર સંકટમાં જેટલી બને તેટલી સહાય કરવી એ આપણો ધર્મ છે. કલ્યાણકેન્દ્ર તરફથી ફાનસો અને કપડા આપવાના છે. મારી નમ્ર અને આગ્રહપૂર્વક વિનતિ છે કે દરેક ભાઈ અને બહેન પોતાનો ફાળો સત્વર મોકલાવે. શિયાળો આવે છે અને કપડાંની તાત્કાલિક જરૂર છે.

'અત્યારે તો ત્યાં (હુલેચ્છા કેમ્પ) મહાભયંકર હાલત છે. કેમ્પોના છાપરામાં ઢીંચણ જેટલાં પાણી ભરાયાં છે. રોડનો એક પુલ તૂટી ગયો છે. દસેક માઈલનો રોડ ધોવાઈ ગયો છે. ત્રણ કલાકના મોટરરસ્તાને બદલે હવે મોટર અને હોડીરસ્તે ૯ થી ૧૦ કલાકે પહોંચાય છે.

'કેમ્પના નિવાસિતો મોટા રોડ ઉપર વરસાદમાં ભીંજાતા, ઉઘાડા, ભૂખ્યા નારકીય હાલતમાં બેઠા છે. સેંકડો માણસો રોજ મરી રહ્યા છે. મડદાના ઢગલામાંથી થોડો શ્વાસ ચાલતા બે બાળકોને અહીંના કાર્યકર્તા ભાઈઓ ઉપાડીને દવાખાને લઈ ગયા. ત્યાં ડૉકટરોના ઉપચારોથી બંને બાળકો અત્યારે સારી રીતે જીવી રહ્યાં છે. કેટલી ભયંકર હાલત છે. વર્ણન લખી શકાય નહિ. હું પહેલાં જોઈને ગયો તેના કરતાં પણ અત્યારે પૂરને કારણે સેંકડોગણા મહાભયંકર દુઃખ વધ્યાં છે ...

'આપ મદદનો આંકડો વધારો. વધારે મોટી અપીલ જનતાને કરો. કરોડો રૂપિયા હોય તો પણ આ દુઃખ તો દૂર થાય નહિ. બને એટલું વધારેમાં વધારે કરવું એટલી જ મારી નમ્ર વિનતિ છે ...

'ઓંધરાણી કેમ્પ હું પહેલાં જોઈ ગયો તેના કરતાં સેંકડોગણો વધારે દુઃખભરેલો છે. કેમ્પમાં પાણી ઢીંચણ જેટલાં ભરેલાં છે. શરણાર્થીઓ મોટા રોડની બંને બાજુએ પડયા છે. અમેરિકાની કેંપની પુષ્કળ તાલપત્રીઓ તથા પ્લાસ્ટિકના મોટા મોટા કટકાઓ આપે છે. આડાઅવળા વાંસ ઊભા કરી ઉપર તાડપત્રી નાખી રોડ ઉપર બંને બાજુ ઝૂંપડાં ઊભાં કરીને પડયા છે. વાંસના માચડા બાંધી તેના ઉપર સૂએ-બેસે છે. નીચે પાણી વહે છે. બાજુમાં બધે પાણી. આ માનવીઓ પ્રત્યક્ષ નારકીય યાતના ભોગવે છે. અમારી આંખનાં પાણી તૂટતાં નથી પાણીમાંથી મોટા મોટા સાપ નીકળી આવે છે. ઘણા માણસોને કરડયા છે. તેઓમાંથી ઘણાંના મરણ થયાં છે...

'આજે સવારમાં અમો બાગદા કેમ્પ જોવા ગયા હતા...નાની એક નદી છે. તેની પેલે પાર પાકિસ્તાનનો વાવટો છે અને આ બાજુ ભારત સરકારનો વાવટો છે. તે નાની નદીમાં ભરપૂર પાણી છે. બંને બાજુ ખૂબ જ ગીચ ઝાડો છે. ઝાડોની વચ્ચે નાની નાની પગદંડીઓ છે. તે પગદંડીઓથી રોજના હજારો દુર્દૈવ માનવીઓ આવીને નાવડીમાં બેસી ભારતમાં આવી રહ્યા છે. કીડીની કતાર જેવી માણસોની કતાર રાતદિવસ ચાલી રહી છે. નાંવડીના માછી લોકો રોજના ૪૦-૫૦ રૂપિયા કમાય છે. આવેલા દુઃખી માનવીઓની સ્થિતિનું વર્ણન કરી શકાય તેમ નથી. નાનાં બાળકો, વૃદ્ધો બધા સેંકડો માઈલ દૂરથી ભારતમાં પ્રવેશ કરી થોડો સંતોષનો શ્વાસ લ્યે છે. પણ ભારતમાં આવ્યા પછી બાગદા કેમ્પની સરકારી ઑફિસમાં મેડિકલ તપાસ થાય છે. ઈન્જેકશન પણ લગાવે છે. તેના માટે ભૂખ્યા, તરસ્યા, ઉઘાડા માનવીઓ હજારોની લાઈનમાં બાર બાર કલાક ઊભા હોય છે. કયારે નંબર આવે તેની રાહ જોતા અથાગ ભીડમાં કચરાતા વૃદ્ધ સ્ત્રી-પુરુષો અને બાળકોનાં રુદન કાનથી સાંભળી શકાતાં નથી. હૃદય ચિરાઈ જાય છે. મેડિકલ તપાસ પછી તેઓ બોનગાંવ સુધી પાછા ચાલીને જાય છે. બોનગાંવ સરકારી ઑફિસમાં તેઓની બધી જાતની નોંધ થાય છે. પછી તેઓની પંદર માઈલમાં જુદા જુદા કેમ્પોમાં રવાનગી થાય છે. કેમ્પોમાં પણ કીડીની જેમ માણસો ઊભરાય છે. જગ્યા ન હોય ત્યાં રોડ પર પણ માણસો પડયા છે. પ્રત્યક્ષ નારકીય જીવન જીવતા આ હજારો લાખો લોકોની દુર્દશાનો કયારે અંત આવશે તે ભગવાન જાણે. આપણે તો હર સમય ભગવાનને પ્રાર્થના કરવી રહી કે આ 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા મહાન ભયંકર દુઃખનો જલ્દીમાં જલ્દી અંત લાવે. કેટલું વર્ણન લખું? હાથ ધ્રૂજવા લાગે છે. અમારા બધાની ભૂખ અને ઊંઘ ઓછી થઈ ગઈ છે. છઠનાં પારણે છઠી કરાવવાળા શ્રી ગંગાબહેન પણ અમારી સાથે સેવાકાર્યમાં જોડાયાં છે. પૂજ્ય દાદાસાહેબ પંડિતની કરુણાનો પાર નથી.

'ગઈ કાલે એક અને આજે એક એમ બે બીમાર વૃદ્ધ વ્યકિતઓ કે જેને રસ્તામાં નાખી દીધેલી તેઓને બારદાનનો ઝોળો બનાવી અમો ઉપાડી લાવ્યા. કેમ્પમાંથી પણ એવી હાલતની બે વૃદ્ધ વ્યકિતઓ મળી આવી. તેના પરિવારવાળાઓ તેને છોડીને ચાલ્યા ગયા છે. હવે આ ચાર વૃદ્ધ વ્યકિતઓને કયાં રાખવી, સેવા કેમ કરવી એ મોટો પ્રશ્ન ઊભો થયો. અહીંના કાર્યકર્તાઓ ઘણા જ સારા સ્વભાવના અને દયાળુ છે. તેઓએ તરત જ તેમના ગોડાઉનમાં માલ આઘોપાછો કરી ગોડાઉનનો અરધો ભાગ ખાલી કરી આપ્યો, બિછાનાઓ બિછાવી ચારે વૃદ્ધ વ્યકિતઓને સુવડાવી દીધી અને ડૉકટરને બોલાવી દવા આપી. ડૉકટરે કહ્યું કે મોટો રોગ ભૂખનો છે. અહીંયા દૂધ તો મળે નહિ. તરત હોર્લિક્સ તૈયાર કરી બધાને આપ્યું. ત્યાર બાદ ભાત ખવડાવ્યા, પાણી પીવડાવ્યું. હવે બધા ડોસાઓ બોલી શકે છે. એક ડોસી પણ સેવા માટે રાખી છે. આમ ચાર વૃદ્ધોને રસ્તામાં મરણપથારીએ પડેલાઓને લાવી સાતા ઉપજાવી છે. અમારા મનમાં થોડો સંતોષ થયો છે. ગુજરાત રિલીફ સોસાયટીના કલકત્તાનિવાસી કાર્યકર્તા ભાઈઓને લાખો ધન્યવાદ ઘટે છે. દર રવિવારે બધા મોટા મોટા વેપારીઓ અહીં આવે છે. બધી વ્યવસ્થા નજરે જુએ છે. કલકત્તાથી અહીં આવવું એ ઘણું જ કઠિન છે. પગપાળા, નાવડી અને મોટરકાર એમ ત્રણ પ્રકારના પ્રવાસ દ્વારા અવાય છે. સીધું મોટરથી ન અવાય.'

ચીમનલાલ ચકુભાઈ

* * *

હું અહીંથી જ્યારે પ્રસ્થાન કરું ત્યારે મારાં અંતિમ શબ્દો આ હો, કે મેં જે કાંઈ અહીં જોયું છે, તે અદ્વિતીય છે.

મેં પ્રકાશ સાગરમાં ખીલેલાં સહસ્રદલ કમલનાં અદીઠ મધુનો રસાસ્વાદ કર્યો છે, અને એ કારણે હું ધન્ય છું.

અનંત રૂપોના આ લીલા-ભુવનમાં હું ભરપૂરપણે ખેલ્યો છું અને એમાં મેં અરૂપની ઝાંખી કરી છે.

મારો સમસ્ત દેહ, મારાં અંગ-અંગ એ સ્પર્શાતીતના સ્પર્શથી પુલકિત છે. આથી મારો અંત આવતો હોય તો ભલે આવે, એ મારા અંતિમ શબ્દ હો!

રવીન્દ્રનાથ ટાગોર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૬૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ નવેમ્બર ૧, ૧૯૭૧ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પ્રકીર્ણ નોંધ

### વડા પ્રધાનની વિદેશયાત્રા

દેશમાં ગંભીર કટોકટી છે અને ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળે તેવા સ્ફોટક સંજોગો છે તેવે સમયે શ્રીમતી ઈન્દિરા ગાંધી ત્રણ અઠવાડિયાં યુરોપ-અમેરિકાના પ્રવાસે ગયાં તે હકીકત આ પ્રવાસનું મહત્ત્વ અને અગત્ય સૂચવે છે. પરિસ્થિતિની ગંભીરતાની વિદેશના વડાઓને અને તેની પ્રજાને જાણ કરવા અને તેનાં પરિણામો માટેની તેમની જવાબદારી પ્રત્યે તેમનું ધ્યાન દોરવા આવા સમયે પણ વડા પ્રધાનને દેશ છોડી આ પ્રવાસ કરવાનું જોખમ ખેડવાની જરૂર પડી છે.

પ્રમુખ યાહ્યાખાન યુદ્ધની ધમકીઓ આપતા રહ્યા છે અને ચારે તરફ લશ્કરની મોટી જમાવટ કરી છે તે કારણે ભારતને પણ લશ્કરી તૈયારી કરવાની ફરજ પડી છે. છ મહિના સુધી ભારે સંયમ જાળવીને ૯૦ લાખ શરણાર્થીઓનો અસહ્ય બોજો ભારતે સહન કર્યો છે. આ પરિસ્થિતિ માટે ભારત કોઈ પણ રીતે જવાબદાર નથી. પાકિસ્તાને પૂર્વ બંગાળમાં ચૂંટણી કરી પણ તેના પરિણામોનો લોકશાહી રીતે અમલ કરવાને બદલે, અમાનુષી અત્યાચારો અને ભયંકર હત્યાકાંડ આદર્યો, લાખો મનુષ્યોનો સંહાર કર્યો અને ૯૦ લાખ માનવીઓને બેહાલ દશામાં વતન છોડવું પડ્યું તેનાં પરિણામો ભારતને ભોગવવા પડે તેમાં કોઈ ન્યાય નથી. પડોશી પોતાના ઘરમાં આગ લગાડે અને તે આગ આપણા ઘરમાં ફેલાય તો તેને અટકાવવાની જવાબદારી આગ લગાડનારની છે અને તેવી જવાબદારી અદા કરવા તે તૈયાર ન હોય તો તેના ઘરમાં જઈને પણ આગ બુઝાવવાની આપણી ફરજ થઈ પડે છે. વિદેશી સત્તાઓ અને ખાસ કરીને અમેરિકા અને ચીન, પાકિસ્તાનના લશ્કરી શાસનને આવાં દુષ્કૃત્યોથી અટકાવવાને બદલે તેને પ્રોત્સાહન આપે છે ત્યારે ભારત મૂંગે મોઢે આ યાતનાઓ સહન કરે તે શક્ય નથી. ૯૦ લાખ શરણાર્થીઓનો આર્થિક બોજો તો અસહ્ય છે જ પણ તેઓ વધારે સમય ભારતમાં રહે તો તેનાં બીજાં સામાજિક અને રાજકીય પરિણામો ભારત માટે તેથી પણ વધારે હાનિકારક આવશે. આપણી ધીરજ હવે ખૂટી છે અને આ પરિસ્થિતિનો અંત લાવવા તાત્કાલિક પગલાં અનિવાર્ય છે. છ મહિના સુધી આંતરરાષ્ટ્રીય લોકમત જાગ્રત કરવા આપણે ઘણા પ્રયત્નો કર્યા છે. હવે વડા પ્રધાન પોતે યુરોપ–અમેરિકાને ગંભીર ચેતવણી આપવા ગયાં છે. આપણે તેમની દયા યાચવી નથી. તેમને તેમની નૈતિક અને રાજકીય જવાબદારીનું ભાન કરાવવું છે. અમેરિકા, ચીન અને બીજા કેટલાક દેશોના અસહકારી વલણને કારણે આપણે રશિયા સાથે કરાર કરવા પડ્યા. તેનું સ્પષ્ટીકરણ પણ દુનિયાના બીજા દેશોને કરવાની જરૂર છે. બંગલા દેશનો પ્રશ્ન એ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો પ્રશ્ન છે જ નહિ. એ પ્રશ્ન પશ્ચિમ પાકિસ્તાન અને બંગલા દેશની પ્રજા અને તેના ચૂંટાયેલ પ્રતિનિધિઓ વચ્ચેનો છે. યાહ્યાખાન તેમાં ભારતને સંડોવવા મથે છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પ્રમુખ યાહ્યાખાન સાથે આ બાબતમાં કોઈ વાટાઘાટ કરવાની સ્પષ્ટ રીતે અને મક્કમતાથી ના પાડી તે જ વાજબી છે. બંગલા દેશમાં શાન્તિ સ્થાપવી અને બધા નિર્વાસિતો વિશ્વાસપૂર્વક પાછા જાય તેવું વાતાવરણ ઉત્પન્ન કરવાની ફરજ પશ્ચિમ પાકિસ્તાનના લશ્કરી શાસનની છે. બંગલા દેશની પ્રજા અને તેના આગેવાનોને માન્ય હોય તેવું સમાધાન ભારતને માન્ય રહેશે, જેમાં બધા નિર્વાસિતો બંગલા દેશ પાછા જાય તે અનિવાર્ય શરત છે. આરબ–ઈઝરાઈલ યુદ્ધ ૧૯૪૮ માં થયું ત્યારથી લાખો આરબ નિર્વાસિતોને રાષ્ટ્રસંઘ અબજો ડૉલર ખરચી ૨૨ વર્ષથી નિભાવે છે. બંગલા દેશના નિર્વાસિતોને તેવી જ રીતે નિભાવવાની રાષ્ટ્રસંઘની અને તેના સભ્ય રાજ્યોની ફરજ છે. આ બધી બાબતો અસંદિગ્ધપણે અમેરિકા અને યુરોપના દેશોને જણાવવા અને તેનો શક્ય હોય તો શાન્તિમય માર્ગ કાઢવા વડા પ્રધાન જાતે ગયાં છે. દેશને ગમે તે ભોગ આપવો પડે તે આપીને આ પ્રશ્નનો તાત્કાલિક નિકાલ લાવ્યે જ છૂટકો છે. ચોમાસું પૂરું થતાં, પશ્ચિમ પાકિસ્તાનના લશ્કર અને બંગલા દેશની મુક્તિવાહિની વચ્ચેનો સંઘર્ષ વધશે અને સંભવ છે કે તેના પરિણામે શરણાર્થીઓનો પ્રવાહ વેગ પકડે. અત્યાર સુધી આવેલ શરણાર્થીઓમાં લગભગ ૮૦ ટકા હિન્દુ છે, પણ હવેના પ્રવાહમાં મોટે ભાગે મુસલમાનો હશે. પૂર્વ બંગાળના આ આંતરવિગ્રહમાં પશ્ચિમ પાકિસ્તાનના લશ્કરી શાસનના જુલમના ભોગ હિન્દુઓ અને અવામી લીગને ટેકો આપનાર લાખો મુસલમાનો બન્યા તે બધાને ખતમ કરવાનો પંજાબી લશ્કરનો પ્રયત્ન છે. મુસલમાન શરણાર્થીઓની વધારે ભરતી દેશમાં થાય તેનાં કોમી પરિણામો અત્યંત હાનિકારક છે. તે અટકાવ્યે જ છૂટકો.

આપણે આશા રાખીએ કે વડા પ્રધાનની આ યાત્રા ભારતની યાતનાઓનો અંત લાવવામાં સફળ થાય, નહિ તો કોઈ પણ ભોગ આપવા આપણે તૈયાર રહેવું પડશે.

### વિલી બ્રાન્ટને શાન્તિપારિતોષિક

પશ્ચિમ જર્મનીના ચાન્સેલર વિલી બ્રાન્ટને વિશ્વવિખ્યાત નોબલ પારિતોષિક, દુનિયામાં શાન્તિ સ્થાપવાના સાચા પ્રયત્નની કદર તરીકે એનાયત થયું તે નોંધપાત્ર બનાવ છે. રાજકીય સત્તાસ્થાને હોય તેવી વ્યક્તિઓ, દુનિયાની વર્તમાન પરિસ્થિતિમાં, યુદ્ધ અટકાવવા અને શાન્તિનું વાતાવરણ સર્જવામાં, અસરકારક ફાળો આપી શકે છે, એવી વ્યક્તિઓ દુનિયાની અશાન્તિ વધારવામાં પણ નિમિત્ત બને. મોટાં રાજ્યોના વડાઓના હાથમાં એટલી વિપુલ સત્તા છે કે દુનિયાના ભલા કે બૂરાના તેઓ કારણરૂપ બની શકે. વિલી બ્રાન્ટ પશ્ચિમ જર્મનીના ચાન્સેલર થયા પછી તેમણે શાન્તિ માટે ખરેખર પ્રામાણિક પગલાં લીધાં છે.

વિલી બ્રાન્ટનાં માતા અપરિણીત હતાં. કુમારિકાના પુત્ર તરીકે કોઈક સામાજિક આભડછેટ ભોગવવી પડી. ગરીબાઈને કારણે

તેઓ કારખાનામાં મજૂરી કરતા. હિટલર અને નાઝીવાદના કટ્ટર વિરોધી બીજા વિશ્વયુદ્ધમાં જર્મની છોડી નોર્વે જઈ રહ્યા. વિશ્વયુદ્ધ પૂરું થતાં જર્મની આવ્યા. કેટલાક સમય પછી બર્લિનના મેયર થયા અને સુંદર કામગીરીથી બધાની પ્રશંસા પામ્યા. લોકશાહી સમાજવાદમાં દૃઢ શ્રદ્ધા ધરાવનાર ડૉ. એડેનોર જર્મનીના ચાન્સેલર હતા ત્યાં સુધી તેમનો પક્ષ સત્તા પર રહ્યો. પછીથી પક્ષનું બળ ઘટયું અને છેલ્લી ચૂંટણીમાં સંયુક્ત (Co lit on) પ્રધાનમંડળ થયું તેમાં વિલી બ્રાન્ટ ચાન્સેલર થયા. ત્યારથી આંતરરાષ્ટ્રીય તંગદિલી ઓછી કરવા અને વાસ્તવિકતા સ્વીકારી, શાન્તિનું વાતાવરણ સર્જવા સતત પ્રયત્નો કરતા રહ્યા છે. જર્મની અને રશિયા વચ્ચેના સંબંધો સુધારવા મોસ્કોની મુલાકાત લીધી. બીજા વિશ્વયુદ્ધના પરિણામે જર્મનીનો કેટલોક વિભાગ પોલાંડના કબજામાં ગયો હતો. પોલાંડ-જર્મની વચ્ચેની સરહદ સ્વીકારી, ઓડર-નીસી લાઈન મંજૂર રાખી, સંધિ કરી. બર્લિન વિભાજિત છે, તેને કારણે પૂર્વ અને પશ્ચિમ જર્મની વચ્ચે તેમ જ જે ચાર મહાસત્તાઓ બર્લિનનો વહીવટ કરે છે તેમની વચ્ચે ઉશ્કેરાટ રહેતો. પૂર્વ જર્મનીએ બર્લિન - દીવાલ બાંધી આ ઉશ્કેરાટમાં ઉમેરો કર્યો અને બન્ને જર્મનીના નાગરિકોની હાડમારીઓ વધારી દીધી. પશ્ચિમ જર્મનીના તાબાનું બર્લિન ચારે તરફ પૂર્વ જર્મનીની સરહદથી ઘેરાયેલું છે અને તેથી અવરજવરમાં વખતોવખત મુશ્કેલીઓ અને કટોકટી ઊભી થતી રહી છે. લાંબી વાટાઘાટને અંતે ચાર મહાસત્તાઓ અને પૂર્વ અને પશ્ચિમ જર્મની વચ્ચે બર્લિન સંબંધે સમજૂતી થઈ શાન્તિ સ્થપાઈ છે. જર્મનીના ભાગલા પડયા અને બન્ને જર્મની એક થવા જોઈએ એવી તીવ્ર ઝંખના છતાં, નજીકના ભવિષ્યમાં આવી કોઈ શક્યતા નથી એ નક્કર હકીકત સ્વીકારી વિલી બ્રાન્ટે પૂર્વ જર્મની સાથેના સંબંધો સુધાર્યા. આવી રીતે બીજા વિશ્વયુદ્ધ પછી જે ઠંડા યુદ્ધની શરૂઆત થઈ હતી તેમાં જર્મની અને બર્લિનનું વિભાજન એ મુખ્ય કારણ હતું. બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી, જેમ ઈંગ્લાંડમાં મજૂરપક્ષ સત્તા-સ્થાને આવ્યો અને એટલીએ હિંમતપૂર્વક બ્રિટિશ સામ્રાજ્યના વિસર્જનની શરૂઆત કરી, આપણા દેશની સ્વતંત્રતા સ્વીકારી, દુનિયામાં નવો પ્રવાહ શરૂ કર્યો, જેને પરિણામે સંસ્થાનવાદ એશિયા - આફ્રિકામાંથી નાબૂદ થયો અને બે ખંડોના દેશો સ્વતંત્ર થયા. તેમ જર્મનીમાં કેટલોક વિરોધ છતાં, વિલી બ્રાન્ટે જે નવી નીતિ અખત્યાર કરી છે તેથી યુરોપમાં શાન્તિની દિશામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે તેની કદર કરી, તેમને આ શાન્તિપારિતોષિક અર્પણ થયું તે સર્વથા ઉચિત છે.

**આગામી ચૂંટણીઓ**

પાકિસ્તાનને કારણે દેશમાં સ્થિતિ ન ક્થળે તો, ત્રણ મહિના પછી રાજ્યોમાં ધારાસભાઓની ચૂંટણી થશે. શાસક કૉંગ્રેસના વિરોધી પક્ષોમાં એક - બે રાજ્ય બાદ કરતાં બીજાં રાજ્યોમાં કોઈ પક્ષ બહુમતી તો શું, પણ અસરકારક લઘુમતી મેળવી શકે એવું જણાતું નથી. રાજકીય પક્ષો છિન્નભિન્ન થઈ ગયા છે. લોક-સભાની ચૂંટણીના અનુભવે, સંયુક્ત રીતે શાસક કૉંગ્રેસનો સામનો કરે તેવું રહ્યું નથી. દરેક પક્ષ પોતાના જોર ઉપર લડવા જશે અને તેમાં પરસ્પરનો વિરોધ પણ થશે. સંભવ છે કેટલાંક સ્થળે, પક્ષો વચ્ચે સ્થાનિક સમજૂતી થાય. શાસક કૉંગ્રેસની સ્થિતિ પણ કેટલાંક રાજ્યોમાં બહુ સારી નથી, સંસ્થાકીય સંગઠન સાધી શક્યા નથી. ગુજરાત, ઓરિસા, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં શાસક કૉંગ્રેસના અંદરના વિખવાદો શમ્યા નથી. લોકસભાની ચૂંટણી પછી શાસક કૉંગ્રેસમાં, ડાબેરી તત્ત્વો અને સામ્યવાદીઓનું જોર વધ્યું છે. શાસક કૉંગ્રેસનો દોર આવાં તત્ત્વોના હાથમાં જતો દેખાય છે.

સમાજવાદી ફોરમો મારફત ઉદ્દામ કાર્યક્રમો રજૂ થાય છે. ગુજરાત જેવામાં શ્રી કાન્તિલાલ ઘિયાએ ઠરાવ કર્યો કે કાંઈ પણ વળતર આપ્યા વિના કાપડની બધી મિલોનું રાષ્ટ્રીયકરણ કરવું. ગુજરાતમાં પણ આજે એવું વાતાવરણ છે કે વધારે ઉદ્દામ વાતો કરવી એ પ્રગતિશીલતાનું લક્ષણ ગણાય છે. વાસ્તવિક પરિસ્થિ-તિની અવગણના કરી લોકોને બહેકાવવા એ ગરીબી હટાવવાનો માર્ગ લેખાય છે. ઉત્પાદન વધારવું, લોકોએ વધારે કામ કરવું, જાહેર-જીવનની કાંઈક શુદ્ધિ કરવી, તેને બદલે જાણે દરેક ક્ષેત્રે રાષ્ટ્રીયકરણ અથવા સરકારી કબજો અને આવકનો વધારો એ જ ગરીબી હટાવવાનો રાજમાર્ગ હોય તેવું વાતાવરણ સર્જાય છે. આર્થિક પરિસ્થિતિ ઘણા ત પેઠે વણસતી રહી છે, ફુગાવો અને મોંઘવારી વધતાં જાય છે, તેમાં કમર કસી, ખોટા ખર્ચા ઓછા કરી, લોકપ્રિય ન હોય એવાં પણ કડક પગલાં લેવાને બદલે, લોકોને રાજી રાખવાનું જ લક્ષ રહ્યું છે.

આવા સંજોગોમાં, સંસ્થા કૉંગ્રેસનું સ્થાન અને કાર્ય ગંભીર વિચારણા માગે છે. તેના આગેવાનોમાં તીવ્ર મતભેદો જાગ્યા છે. સ્થિતિચુસ્ત આગેવાનો સામે બળવો જાગ્યો છે. રામસુભગસિંહ, તાર-કેશ્વરી સિંહા અને બીજા સંખ્યાબંધ કાર્યકર્તાઓ અકળાયેલ છે. વખતોવખત વાત બહાર આવે છે કે કામરાજ, હિતેન્દ્ર દેસાઈ, વીરેન્દ્ર પાટિલ વગેરે શાસક કૉંગ્રેસમાં જોડાવા તૈયાર થયા છે અને પછી તેવી વાતોનો જોરદાર ઈનકાર થાય છે. શાસક કૉંગ્રેસમાં જૂની કૉંગ્રેસના પીઢ, કસાયેલ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં છે, પણ ડાબેરી અને ઉદ્દામ તત્ત્વો સામે આ બધા કાંઈક દબાઈ ગયા હોય તેવો ભાસ થાય છે. શાસક કૉંગ્રેસને સાચા લોક-શાહી સમાજવાદના માર્ગ ઉપર જ રાખવી હોય અને બિનલોક-શાહી અને સામ્યવાદી તત્ત્વોથી તેને બચાવવી હોય તો લોકશાહી સમાજવાદમાં શ્રદ્ધા રાખતાં બધાં બળોએ સંગઠિત થવાની જરૂર છે. સંસ્થા કૉંગ્રેસમાં પ્રગતિશીલ વિચારો ધરાવતા આગેવાનો અને કાર્યકર્તાઓએ ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. મોરારજીભાઈ, પાટિલ કે નિજલિંગપ્પા અથવા તેમના જેવા વિચાર ધરાવતી વ્યક્તિ-ઓની વાત જુદી છે. સંસ્થા કૉંગ્રેસમાંની પ્રગતિશીલ વિચાર ધરાવતી વ્યક્તિઓને શાસક કૉંગ્રેસમાં આવતી અટકાવવા, નવાં જાગેલાં ડાબેરી અને સામ્યવાદી તત્ત્વો પૂરો પ્રયત્ન કરશે જ. વ્યક્તિગત અને અંગત સંઘર્ષો પણ થોડા નથી.

શાસક કૉંગ્રેસમાં રહેલ જૂની કૉંગ્રેસના પીઢ આગેવાનો અને કાર્યકર્તાઓએ, તેમાં દાખલ થયેલ સામ્યવાદી તત્ત્વોને કાબૂમાં રાખવા વધારે જાગ્રત થવું પડશે. શ્રીમતી ઈન્દિરા ગાંધીને ફરજિયાત આવાં સામ્યવાદી તત્ત્વોનો આધાર વધારે પ્રમાણમાં લેવો ન પડે તે માટે સાચા લોકશાહી સમાજવાદમાં માનતાં બધાં બળો તેમને ટેકો આપે અને તેમના હાથ મજબૂત કરે તે જરૂરનું છે.

આગામી ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી મહત્ત્વની બની રહેશે. લોકસભાની ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીના વ્યક્તિત્વ અને ગરીબી હટાવોના નારાએ મોટી સફળતા આપી. રાજ્યકક્ષાએ ધારાસભાની ચૂંટણીમાં ઘણા સ્થાનિક પ્રશ્નો અને વ્યક્તિઓ ભાગ ભજવશે. એટલી આશા રાખીએ કે શાસક કૉંગ્રેસ સારા, સેવાભાવી, પ્રામાણિક ઉમેદવારોની પસંદગી માટે આગ્રહ રાખશે.

**ચીન અને રાષ્ટ્રસંઘ**

એક સપ્તાહના ઉશ્કેરાટભર્યા વિવાદ પછી, અને અમેરિકાના બધા પ્રયત્નો છતાં, તાઈવાનને રાષ્ટ્રસંઘમાંથી બરતરફી મળી અને ચીન રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યું. તાઈવાન અને ચીન બન્નેને સભ્ય રાખ-વાના અમેરિકાના પ્રયત્નને ભારે પરાજય મળ્યો. અમેરિકાના મિત્રો અને આશ્રિતોએ પણ આ ઠરાવની વિરુદ્ધ મત આપ્યા. ઈઝરાયલ, જે આટલું બધું અમેરિકાના દબાણ નીચે છે, તેણે પણ આ ઠરાવ વિરુદ્ધ મત આપ્યો. એક વલણ એવું જણાય છે કે બીજા વિશ્વ-યુદ્ધ પછી, અમેરિકાએ યુરોપ, એશિયા અને આફ્રિકા ઉપર સત્તા અથવા વર્ચસ ભોગવ્યાં છે અને દુનિયાની–સામ્યવાદી દેશો સિવાય–આગેવાની લીધી છે, તે હઠાવવી. બીજા વિશ્વયુદ્ધ પછી બધા દેશો ભાંગેલા હતા. અમેરિકાએ અઢળક મદદ કરી છે, પણ અમેરિકાની

મદદ કરવાની રીતમાં એવી કાંઈક ખુમારી છે કે જેને મદદ મળે તે પણ કૃતજ્ઞતા અનુભવવાને બદલે, નાનપ અનુભવે, અને મદદની કદર થતી દેખાય નહિ તેમ અમેરિકાનું અહમ્ ઘવાતું જાય. નિક્સનને ચીનની સાથે ફરજિયાત સમજૂતી ઉપર આવવાના પ્રયત્ન કરવા પડયા તે અમેરિકાની ઓછી થતી જતી પ્રતિષ્ઠા અને લાગવગનું છેલ્લું પ્રકરણ છે. વિયેટનામના યુદ્ધમાં સફિયામ નાલેશી ભોગવી અને હવે એશિયામાંથી હટવું પડે છે. યુરોપમાં દ'ગોલે આ પ્રક્રિયા શરૂ કરી. અમેરિકાનું કાંઈક એવું દુર્ભાગ્ય છે કે તેની બધી વિદેશનીતિ, લોકશાહી બળોનું સમર્થન કરવાને બદલે પ્રત્યાઘાતી બળોને જ ટેકો આપતી રહી છે. બંગલા દેશમાં પણ તેમ જ થયું છે. રાષ્ટ્રસંઘમાં ચીન સંબંધે મતદાન થયું તે આ બધી પ્રક્રિયાનું પરિણામ છે.

અમેરિકામાં આ પરિણામથી ભારે નિરાશા અને રોષ વ્યાપે તે સ્વાભાવિક છે. અમેરિકાએ રાષ્ટ્રસંઘમાંથી નીકળી જવું, રાષ્ટ્રસંઘને અમેરિકામાંથી હાંકી કાઢવું, છેવટ રાષ્ટ્રસંઘને અમેરિકા તરફથી અપાતી મોટી સહાય બંધ કરવી અથવા ઓછી કરવી, આવા સૂરો સંભળાય છે. અલબત્ત, આ બધું થાળે પડશે અને શાણપણ આવશે. એક એવી શંકા વ્યકત કરાય છે કે દેખીતી રીતે તાઈવાનને રાષ્ટ્રસંઘના સભ્ય તરીકે ચાલુ રાખવા અમેરિકાએ પ્રયત્નો કર્યા, પણ છેવટના પરિણામથી નિક્સન નિરાશ નથી થયા અથવા કદાચ આ પરિણામ નિક્સનને આવકારદાયક છે. તાઈવાન સભ્યપદે ચાલુ રહ્યું હોત અને સાથે ચીનને સભ્યપદ મળ્યું હોત તો કદાચ ચીન તે સ્વીકારત નહિ અને ચીન સાથે સમજૂતી કરવાના નિક્સનના પ્રયત્નને બાધ આવત.

બીજા વિશ્વયુદ્ધ પહેલાં પચાસ વર્ષ સુધી તાઈવાન જાપાનને કબજે હતું. જાપાનના પરાજયથી તાઈવાન ચીનને પાછું મળ્યું. ચીનમાં સામ્યવાદીઓ સત્તા ઉપર આવ્યા અને ચ્યાંગ-કાઈ-શેકને નાસવું પડયું ત્યારે, અમેરિકાની મદદથી તાઈવાનનો કબજો લીધો અને ૨૨ વર્ષથી ચ્યાંગ-કાઈ-શેક ત્યાં સત્તાસ્થાને છે. તેનાં સ્વપ્નો હતાં અને કદાચ અમેરિકા પણ એમ માનતું કે કોઈક દિવસ ચીનમાંથી સામ્યવાદીઓને હઠાવી શકાશે અને તે કારણે ૨૨ વર્ષ અમેરિકા ચીનનું કટ્ટર વિરોધી રહ્યું. પણ હવે આ સ્વપ્નો ભાંગી ભૂકો થયાં છે એમ ભાન થયું અને નિક્સને નીતિ બદલાવી. હિન્દ માટે આમાં એક મોટો બોધપાઠ છે. અમેરિકા-રશિયા અને દુનિયાના બીજા ઘણા દેશોના પ્રબળ વિરોધ અને અસહકારની કાંઈ પણ પરવા કર્યા વિના, ચીનમાં માઓ પોતાને માર્ગે દૃઢપણે આગળ વધ્યા અને ચીનની પ્રજાએ અનેક હાડમારી અને યાતનાઓ વેઠી, સ્વબળે શકિતશાળી થયા તો દુનિયા નમતી આવી.

રાષ્ટ્રસંઘમાંથી કોઈ સભ્યને બરતરફ કરવાનો આ પહેલો પ્રસંગ છે. સામ્યવાદી ચીનના પ્રવેશથી રાષ્ટ્રસંઘની એક ઊણપ ઓછી થશે. આંતરરાષ્ટ્રીય રાજકારણ ઝડપથી પલટાતું જાય છે તેને હવે વેગ મળશે. સંભવ છે કે ચીન સાથેના આપણા સંબંધોમાં પણ કાંઈક સુધારો થાય. ઈન્દિરા ગાંધીએ ચાઉને અભિનંદન મોકલ્યાં તે સૂચક છે.

**લાંચરુશવતનું મૂળ**

સરકારી ખાતાઓ, અમલદારો અને નોકરોમાં લાંચરુશવત ફેલાતી જાય છે તે હકીકત છે. આવી ફરિયાદ કરવાથી અથવા સરકારને જ દોષ દેવાથી આ રોગ ઘટે તેમ નથી. તેનું મૂળ પકડવું જોઈએ. થોડા સમય પહેલાં, વાત બહાર આવી હતી કે દિલ્હીમાં અમુક લત્તાઓમાં નિમણૂક મેળવવા પોલીસના માણસો જ પોતાના ઉપરીઓને લાંચ આપે છે. આ હકીકતનો ઈનકાર થયો નથી. માત્ર અમલદારોની બદલી કરી. આપણા દેશમાં જ આવું છે એમ નથી. હમણાં સમાચાર આવ્યા છે કે ન્યૂ યૉર્કના ૩૨૦૦૦ પોલીસદળમાં પણ આ જ સ્થિતિ છે. ત્યાં એક તપાસ દરમ્યાન પોલીસના માણસે જ માહિતી આપી કે ન્યૂ યૉર્કના અમુક લત્તાઓમાં સ્થાન મેળવવા પોલીસ, પોતાના અમલદારોને લાંચ આપે છે. ન્યૂ યૉર્કનું લગભગ સમસ્ત પોલીસદળ લાંચરુશવતની બદીથી ભરેલું છે.

કેવા લત્તાઓમાં સ્થાન પ્રાપ્ત કરવા પ્રયત્ન થાય છે? જ્યાં ગેરકાયદે પ્રવૃત્તિઓ વધારે હોય ત્યાં. દારૂ ગાળવાનું, જુગાર, કૂટણખાનાં, મટકા, ગુનાનું વધારે પ્રમાણ, એવા લત્તાઓમાં આવી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા દેવા માટે પોલીસને લાંચ મળે છે. પણ માત્ર અમુક લત્તા પૂરતું જ આવું છે એમ નથી. દાણચોરી, કરચોરી, હોટેલમાં બીભત્સ રાત્રિપ્રવૃત્તિઓ, ગેરકાયદે સટ્ટો-દા.ત. ચાંદીનો. જ્યાં જ્યાં ગેરકાયદે પ્રવૃત્તિ કરવી હોય ત્યાં સરકારી નોકરને લાંચ અપાય. પ્રજાજીવનનો આ રોગ છે અને તે વ્યાપક છે. અલબત્ત, સરકારી અમલદારો પ્રમાણિક હોય તો આ રોગ આટલો ન ફાલે. પણ સમાજ અપ્રમાણિક હોય ત્યાં સરકારી અમલદારોમાં પ્રામાણિકતાની આશા રાખવી વ્યર્થ છે. એમ બચાવ કરવામાં આવે છે કે સરકારી કાયદા એવા છે કે આવી ગેરકાયદે પ્રવૃત્તિ અનિવાર્ય બને છે. એ ખરું છે કે કેટલાક કાયદા વાસ્તવિક પરિસ્થિતિની અવગણના કરતા હશે. તેનો ઉપાય તેવા કાયદા સામે જાહેર આંદોલન અને તેમાં ફેરફાર કરાવવા પ્રયત્ન કરવો તે છે. પણ મોટા ભાગની ગેરકાયદે પ્રવૃત્તિ માણસના લાભ, સ્વાર્થ અને અસામાજિક વૃત્તિઓનું પરિણામ છે. એ પણ ખરું છે કે સરકારી તંત્ર એટલું શિથિલ છે કે જે કામ સરળતાથી થવું જોઈએ તે પણ લાંચ વિના થતું નથી. આવી પરિસ્થિતિમાં પણ લાંચ આપવાનો લોભ રોકી, સહન કરવું અથવા આવી શિથિલતા સુધારવા સરકારને ફરજ પાડવી એ માર્ગ છે. ઘણા પ્રસંગોમાં, બીજાના ભોગે પોતે લાભ મેળવવા, લાંચ આપાય છે. ટેન્ડર પાસ કરાવવા હોય, લાઈસન્સ મેળવવાં હોય એવી ઘણી બાબતોમાં આવું બને છે. મતલબ કે પ્રજાજીવનનું નૈતિક સ્તર પ્રજા પોતે ઊંચું ન લાવે ત્યાં સુધી, સરકારી તંત્ર કે નોકરોને દોષ દેવાથી આ બદી ઘટે તેમ નથી. વ્યાપારી સંસ્થાઓ, સામાજિક કાર્યકરોએ આ દિશામાં અસરકારક પ્રયત્નો કરવા જોઈએ. પ્રજાના અમુક વર્ગોમાં આવેલી સમૃદ્ધિ પણ આ નૈતિક અવનતિનું કારણ છે. પંજાબમાં ખેડૂત અને સામાન્ય વર્ગ ઠીક સુખી થયો છે, તો ત્યાં દારૂ, અફીણ, ગાંજો, ચરસ, બીજાં કેફી પીણાંઓ અને દવાઓના ઉપયોગનું પ્રમાણ ખૂબ વધ્યું છે. પોલીસ કે સરકારી તંત્ર માટે આવી પરિસ્થિતિ આવકનું મોટું સાધન છે. પોલીસ ઉપર પોલીસ રાખવી? આ વિષચક્રમાંથી બચવા પ્રજાએ જ પુરુષાર્થ કરવો રહ્યો. ઘણા સંત-મહાત્માઓ ભારતમાં છે. તેમની અસર પણ પ્રજાજીવન ઉપર હજી સારી છે. તેમનાં પ્રવચનોમાં હજારો-લાખો માણસો જાય છે. યોગ, આધ્યાત્મ, ધ્યાન, એવા મોટા ઉપદેશો આપવાને બદલે આવી સીધીસાદી પ્રામાણિકતા અને નૈતિકતા માટે તેઓ પ્રયત્ન કરે તો આવા સંત-મહાત્માઓ પાછવાડે લાખો રૂપિયા ખરચાય છે તે કાંઈક સાર્થક થશે.

ચીમનલાલ ચકુભાઈ

## "દુનિયા!"*

આ સત્ય નહીં, આ "દુનિયા",
રંગરંગના તેજ બધા જ્યાં
'ગોગલ્સે' જઈ વસીયા – આ ...

મૂલ્યો શિર્ષાસન કરતાં સૌ
સુખકેરી રટણામાં,
ભૂલેચૂકે સચ્ચાઈ જડી તો
તેય ભળે ભ્રમણામાં;
ભવાઈવેશે ઘૂમે સહુ, પણ
રંગમંચ છાવરિયા – આ ...

હૃદય અને મુખ વચ્ચે અંતર
પડયું લાખ જોજનનું,
આંખો છે, પણ ધૂવડ સમી ત્યાં
અજવાળું શા ખપનું?
જન–મહેરામણ છલકે સઘળે
તોયે શૂન્ય જ અહિયા – આ ...

[* દુન્યવી ડહાપણની દૃષ્ટિએ સત્યના માપદંડ જુદા છે. એ સત્યનું અહીં 'દર્શન' કરીએ!]

ગીતા પરીખ

# ડૉલર કટોકટીનો કાંટો કોને વાગ્યો?

જાપાનમાં ટોક્યોના કાપડના એક જથ્થાબંધ વેપારીએ તાજેતરમાં આપઘાત કર્યો હતો. ડૉલરની કટોકટીને અને વેપારીના આપઘાતને શું લાગેવળગે એમ આપણને પ્રશ્ન થાય જ. પ્રમુખ નિક્સને ડૉલરને મજબૂત બનાવવા માટે ૧૫ મી ઑગસ્ટે અમેરિકાની આયાત ઉપર ૧૦ ટકા સરચાર્જ નાખવા ઉપરાંત જે બીજાં પગલાં લીધાં તે પછી જાપાની કાપડની આયાતને મર્યાદિત બનાવવા જાપાન સાથે હમણાં જ કરાર કર્યા છે. જાપાને કમને આ કરાર સ્વીકારીને તેની અમેરિકા ખાતેની કાપડની નિકાસ ઓછી કરવા નીચી મૂંડીએ હા ભણી છે. આ કરારને કારણે જાપાની કાપડ ઉદ્યોગમાં બેકારી આવશે અને ઘણાના ધંધા ભાંગી પડશે તેવી દહેશત ઊભી થઈ છે. એ દહેશત જીરવી ન શકનારા વેપારીએ આત્મહત્યાનો માર્ગ લીધો છે.

જગતની વિચિત્રતા કેવી છે કે કહેવાય ડૉલરની કટોકટી અને તેની આફત આવી પડે બીજા દેશો ઉપર. ડૉલરની કટોકટી વખતે કોઈ અમેરિકને આત્મહત્યા કરી નથી. ભારત અને એશિયા તેમ જ આફ્રિકાના ગરીબ દેશોએ જ બેબાકળા થઈને અમેરિકાને વિનંતી કરવી પડી છે કે: "ભાઈસાહેબ, અમને સરચાર્જમાંથી મુકત રાખો." વિદેશોમાં જે જે અમેરિકન ડૉલરો પડયા હોય તેને સોનામાં રૂપાંતર કરવાની માગણી પરદેશની કેન્દ્રીય બેન્કો અમેરિકા પાસે કરી શકે છે. પણ અમેરિકાએ ડૉલરની સામે સોનું આપવાનું પાંત્રીસ વરસનું જૂનું વચન ઉથામીને આંતરરાષ્ટ્રીય નાણાવ્યવહારમાં દેવાળું ફૂંકનાર જેવું વર્તન કરી બતાવ્યું છે. આમ છતાંય જર્મની અને જાપાન જેવાં સમૃદ્ધ રાષ્ટ્રો પણ અમેરિકા જેવી જંગી આયાતબજાર ધરાવના દેશને નાખુશ કરવાને બદલે અમેરિકા કહે તેમ કરવા તૈયાર હોય તેવું વર્તન દાખવી રહ્યા છે.

ડૉલરને સોનાનો જે ટેકો મળ્યો હતો તે પાછો ખેંચી લીધા પછી, અમેરિકા સાથેના જર્મન માર્ક અને જાપાની યેનના વિનિમય દરો તરતા કરવા પડયા છે અને હજી પણ તરતા રહ્યા છે. આ ડૉલરની કટોકટી શું છે? ડૉલર શું કામ નબળો છે? તરતા દરો એટલે શું? તેવા પ્રશ્નો સામાન્ય જનસમાજને થાય જ. આપણે એ જટિલ પ્રશ્નોની સાદી સમજ મેળવવા અહીં પ્રયાસ કરીએ.

દેશના આંતરિક નાણાવ્યવહારમાં તો આપણે માલ ખરીદવા કે દેવું પતાવવા રૂપિયાનો ઉપયોગ કરીએ છીએ, પણ આંતરરાષ્ટ્રીય વેપારમાં કે લેવડદેવડમાં રૂપિયો ચાલે નહિં, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નાણાંનો વ્યવહાર સમેસૂતર ચાલે તે માટે ૧૯૪૪ની સાલમાં અગ્રગણ્ય રાષ્ટ્રો અમેરિકાના હેમ્પશાયર રાજ્યના બ્રેટનવુડ શહેરમાં ભેગાં મળ્યાં અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ) નામની સંસ્થા રચી કાઢી. તે વખતે બધા જ દેશોનાં ચલણોના વિનિમય દર ડૉલરની સરખામણીએ નક્કી થયા. જો કે સીધી રીતે દરેક દેશના ચલણનું મૂલ્ય સોનાની સામે નિર્ધારિત કરવામાં આવ્યું. દા. ત. ભારતીય રૂપિયાનું સોનાની દૃષ્ટિએ મૂલ્ય જોઈએ તો ૧ રૂપિયા બરાબર ૦.૧૧૮૪૮૯ ગ્રામ સોના જેટલું છે. પણ બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાએ પોતે યુદ્ધમાં તારાજી ભોગવી ન હતી અને પોતે આર્થિક રીતે સદ્ધર હતું એટલે તેનો ડૉલર તે વખતે સર્વોપરી હતો. લગભગ બધા જ દેશોમાં આંતરરાષ્ટ્રીય લેવડદેવડ માટે કે દેવાની પતાવટ માટે ડૉલર સ્વીકારવા લાગ્યો હતો એટલે વ્યવહારુ દૃષ્ટિએ કોઈ પણ દેશના ચલણનું મૂલ્ય સોનાની સાથે સાંકળવા ઉપરાંત ડૉલર સાથે આપોઆપ સાંકળવામાં આવ્યું. એ દૃષ્ટિએ એક અમેરિકન ડૉલર બરાબર ભારતીય રૂપિયાનું મૂલ્ય અત્યારે રૂા. ૭-૫૦ છે.

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે આમ તેના ૧૧૮ જેટલા સભ્યદેશો નાણાવ્યવહારમાં શિસ્ત જાળવે તે માટે એક ચોકીદાર જેવું કામ કરવા માંડયું. પોતાની નિકાસ વધારવા માટે કોઈ દેશ નાણાભંડોળના અસ્તિત્વ પહેલાં ડૉલરની સરખામણીમાં પોતાના ચલણનું મૂલ્ય ઘટાડીને પોતાની નિકાસો સસ્તી કરવાની હરીફાઈમાં પડતો તે હવે બંધ થઈ ગયું. ડૉલરની સરખામણીમાં કોઈ દેશના ચલણનું મૂલ્ય ઘટાડાય તેને અવમૂલ્યન કહે છે. દા. ત. ૧૯૬૬માં ભારતીય રૂપિયાનું મૂલ્ય રૂા. ૪-૫૦ બરાબર ૧ ડૉલર હતું, પણ ચીની આક્રમણ અને પાકિસ્તાન સાથેના યુદ્ધને કારણે આપણું અર્થતંત્ર નબળું પડયું હતું એટલે આપણો માલ પરદેશમાં સસ્તો કરીને આપણી નિકાસ વધારવાના મુખ્ય હેતુ માટે આપણે રૂપિયાનું અવમૂલ્યન કર્યું હતું.

પ્રમુખ નિક્સને ૧૫મી ઑગસ્ટે ડૉલર પાછળનો સોનાનો ટેકો પાછો ખેંચી લીધો તેમ પણ આપણે ઉપર કહ્યું છે. અમેરિકાએ ૧૯૩૫ના વરસથી એક ઔંસ સોનાના ૩૫ ડૉલરના ભાવ નિયત રાખ્યા છે. એ હિસાબે કોઈ પણ દેશ ૩૫ ડૉલર લઈને જાય તો ૧ ઔંસ સોનું આપવા અમેરિકા બંધાયેલ હતું. બીજા વિશ્વયુદ્ધ પછી તારાજ થયેલા પશ્ચિમ જર્મની અને જાપાનની સંરક્ષણની જવાબદારી પશ્ચિમના દેશોએ અને અમેરિકાએ લઈ લીધી એટલે આ બન્ને દેશો આર્થિક ક્ષેત્રે આગેકદમ કરવા લાગ્યા. ઉદ્યોગપ્રિયતા અને ઉદ્યમીપણું તો આ બન્ને દેશને વરેલું હતું. અમેરિકા જેવી મોટી બજાર મળી હતી. વળી દક્ષિણ કોરિયા અને વિયેતનામનાં યુદ્ધોમાં અમેરિકા પડયું એટલે યુદ્ધની સામગ્રી, ખાધાખોરાકી અને બીજા યાંત્રિક માલોની ધૂમ ખરીદી આ બન્ને દેશો પાસેથી થવા માંડી. આમ અમેરિકન ડૉલરનો પ્રવાહ આ બન્ને દેશો પાસે વહીને આવવા લાગ્યો. ૧૯૬૭ સુધીમાં આ પ્રવાહ એટલો બધો વધ્યો અને જર્મન માર્ક અને જાપાની યેન એટલા બધા મજબૂત બન્યા કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નાણાંનો સટ્ટો રમનારાને થયું કે ડૉલરના પ્રવાહને કારણે તેમ જ અમેરિકા હવે હિસાબની દૃષ્ટિએ ખાધવાળું સરવૈયું બતાવે છે એટલે અમેરિકન ડૉલરનું અવમૂલ્યન થશે. અવમૂલ્યન થાય તો જર્મન માર્ક કે જાપાની યેનનું મૂલ્ય વધે. આને કારણે સટોડિયાનો ધસારો આ બે મજબૂત ચલણો ખરીદવા ઉપર થયો. ડૉલર વધુ નબળો બનવા લાગ્યો. વળી યુરોપમાં જે ડૉલરના થોકડા ને થોકડા ખડકાયા હતા તેને સોનામાં ફેરવવા માટે અમેરિકાની કેન્દ્રીય બૅન્ક ઉપર ધસારો થવા લાગ્યો. પરદેશમાં એટલા બધા ડૉલર હતા કે એ તમામ ડૉલર લાવીને સોનામાં ફેરવવાની માગણી થાય તો અમેરિકા પાસેનું સોનું તળિયાઝાટક થઈ જાય તો પણ હજી બે તૃતીયાંશ ભાગના ડૉલર એમ ને એમ સોનાની રાહે ઊભા રહે.

એ દહેશતને કારણે પ્રમુખ નિક્સને સોનાનો ટેકો પાછો ખેંચી લીધો અને આંતરરાષ્ટ્રીય નાણાવ્યવહારમાં ડૉલર સામે જાપાની યેન તેમ જ જર્મન માર્કનું જે નિયત મૂલ્ય હતું તે પણ વછોડાઈ ગયું. આમ ડૉલર સામેનાં બન્ને ચલણોનાં મૂલ્ય તરતાં થયાં. આપણે ઉપર જોયું કે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળને ચોપડે બધા જ દેશોનાં ચલણોનાં મૂલ્ય નોંધાય છે. આ નોંધેલા મૂલ્ય કરતાં જુદી જ સપાટીએ જ્યારે ચલણોનાં મૂલ્ય બજારમાં ચાલતાં હોય ત્યારે તેને તરતા મૂલ્ય કહેવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે આંતરરાષ્ટ્રીય શિસ્તનો ભંગ કરીને જર્મન માર્ક ઊંચી સપાટીએ પોતાનો દર જાળવી રહેલ છે. દા. ત. હવે સત્તાવાર રીતે જો જર્મન માર્ક કે જાપાની યેન પોતાનું જે વાસ્તવિક મૂલ્ય છે તેને જૂના મૂલ્યને બદલે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળને ચોપડે નોંધાવે તો તેને ઊર્ધ્વ મૂલ્યાંકન કહે છે. દા. ત. જર્મન માર્કનું મૂલ્ય

૧ ડૉલર બરાબર ૩.૬૬ માર્ક જેટલું નોંધાયું છે, પણ અત્યારે, તે સપાટી કરતાં માર્કનું મૂલ્ય પાંચથી દસ ટકા વધુ છે. એ વધેલા મૂલ્યને સત્તાવાર રીતે આં. ના. ભંડોળ સ્વીકારે તો માર્કનું ઊર્ધ્વ મૂલ્યાંકન (વધેલું મૂલ્ય) થયું ગણાય.

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળની વાર્ષિક બેઠક દર સપ્ટેમ્બરમાં મળે છે તે હમણાં જ પૂરી થઈ, પણ તેમાં આ કટોકટી નિવારવા માટે નિર્ણાયક પગલાં લેવાને બદલે કેવા સંભવિત સુધારા કરવા જરૂરી છે તે માટે "ઊંડો અભ્યાસ" કરવાનો આદેશ આપીને સૌ છૂટા પડ્યાં છે. હાલમાં તો ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષના ભણકારા અને ચીનના યુનો–પ્રવેશના સમાચારો હેઠળ નાણા–કટોકટીના સમાચારો દબાઈ ગયા છે, પરંતુ એ ચરુ હજી ઊકળતો જ રહે છે. પ્રમુખ નિક્સને જાહેર કરેલાં આર્થિક પગલાં કામચલાઉ હોવાનું કહ્યું હતું, પરંતુ એ પગલાં અત્યારે તો કાયમ જેવાં બની ગયાં છે.

ભારતની ૧૫ ટકા નિકાસ ઉપર અમેરિકાના આયાત સરચાર્જની અસર થશે. ખાસ કરીને ઈજનેરી માલ, કેમિકલ્સ, કાપડ, રેડીમેઈડ કપડાં અને જૂની ધરેડની નિકાસ સિવાયની માલોની નિકાસ ઉપર આ સરચાર્જની અસર થતાં ભારતની નિકાસને થોડો ધક્કો જરૂર લાગશે પણ હાલની કહેવાતી ડૉલરની કટોકટીએ બતાવી આપ્યું છે કે અન્ય દેશો ઉપર પોતાના આર્થિક નાવના સઢના અનુકૂળ પવનનું અવલંબન રાખવાને બદલે સૌ દેશે પોતાના અર્થતંત્રને મૂળભૂત રીતે ધીંગું બનાવવાની જરૂર છે. જો કે આંતરરાષ્ટ્રીય વેપારમાં સહકાર વગર પ્રગતિ નથી, પણ જ્યારે અમેરિકા જેવા દેશો પોતાનું ઘર સાજું કરવા કે પોતાની સમૃદ્ધિને વધુ સમૃદ્ધ બનાવવા સ્વાર્થી પગલાં લે ત્યારે ભારત અને એશિયાના બીજા ગરીબ દેશોએ પોતાના સ્વરક્ષણ અને સ્વાવલંબી વિકાસ માટે પોતાનો આગવો મોરચો રચવાનો રહે. ઉત્પાદન વધારીને તેમ જ એ ઉત્પાદન સારામાં સારું અને સસ્તામાં સસ્તું બને તે માટેના દરેક ઉપાયો ભારત જેવા રાષ્ટ્રે કરવા રહ્યાં. એમ નહિ કરીએ તો ડૉલરની કે સ્ટર્લિંગ–પૌંડની કટોકટીનો કાંટો એ રાષ્ટ્રોને બહુ નહિ વાગે પણ તેના ટાંગે લબડતા રાષ્ટ્રોને એ કટોકટીનો કાંટો વાગી જશે.

કાન્તિ ભટ્ટ

# સંયુકત રાષ્ટ્રસંસ્થા દિન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શનિવાર તા. ૨૩-૧૦-૭૧ ના રોજ 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના વિદ્વાન તંત્રી શ્રી વી. કે. નરસિંહનનો વાર્તાલાપ પરમાનંદ સભાગૃહમાં રાખવામાં આવ્યો હતો. શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી ચિમનલાલ ચકુભાઈ શાહે શ્રી વી. કે. નરસિંહનનો પરિચય કરાવ્યો હતો અને સંઘવતી આવકાર આપ્યો હતો.

શ્રી વી. કે. નરસિંહને વાર્તાલાપની શરૂઆતમાં સંઘની પ્રવૃત્તિઓને બિરદાવી હતી, અને કહ્યું કે સામાજિક સંસ્થાઓ પણ લોકશાહીમાં લોકમત કેળવી, વર્તમાનપત્રોને ટેકો આપી, સરકારી નીતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપી શકે છે.

આજે દુનિયા એક કટોકટીના તબક્કામાંથી પસાર થઈ રહી છે. દુનિયાના બે મોટા બ્લૉકો રશિયા-અમેરિકા ઉપર આજે સૌની નજર છે. સંયુકત રાષ્ટ્રસંસ્થા જ્યારે સ્થપાઈ ત્યારે એવી માન્યતા હતી કે મોટાં રાષ્ટ્રો શાંતિ અને વિકાસ માટે સંપથી કામ કરશે. પણ પછી બર્નાડ શૉ જેવાને પણ કહેવું પડ્યું કે સંયુકત રાષ્ટ્રસંસ્થાની એક નક્કર હકીકત એ છે કે તે સંયુકત નથી-એક નથી. એટમ બૉમ્બની શકિત ભયંકર છે. સૌ સમજે છે કે આના ઉપયોગમાં સૌનો વિનાશ છે. એટલે મોટી સત્તાઓ પણ યુનો દ્વારા યુદ્ધને દૂર રાખવાના અથવા ફેલાતું અટકાવવાના પ્રયત્ન કરે છે. અગર યુનો જેવી સંસ્થા ન હોત તો આજે દુનિયામાં કેટલી ઊથલ-પાથલ થઈ હોત તે કહેવું મુશ્કેલ છે.

યુનોએ રાજકીય સિદ્ધિઓ સિવાય બીજી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે-વિશેષે કરીને માનવતાના કાર્યમાં આ સંસ્થાની સિદ્ધિઓ પ્રશંસનીય છે. સંયુકત રાષ્ટ્રસંસ્થા જો નિષ્ફળ ગઈ હોય તો એ સંસ્થાને કારણે નહિ પરંતુ એના સભ્યોને કારણે–સભ્યો કે જેઓ માત્ર એમનાં રાષ્ટ્રનાં હિતની જ સંકુચિત દૃષ્ટિએ જ બધું જોતાંવિચારતાં હોય છે.

આમ છતાંય નિરાશ થવાનું કશું જ કારણ નથી અને સાથેસાથે બહુ આશાવાદી રહેવાની પણ જરૂર નથી. આજે ભારતની પરિસ્થિતિ બહુ જ નાજૂક છે. કાશ્મીર અંગે આપણને સંયુકત રાષ્ટ્રસંસ્થામાં ન્યાય ન મળ્યો. આપણે અમેરિકા સાથે હમેશાં મૈત્રીભર્યા સંબંધો રાખ્યા છે છતાંય આજે એમનો આપણા પ્રત્યેનો વર્તાવ આપણને દુ:ખ પમાડે છે. પાકિસ્તાને જે પ્રશ્નો–જે સમસ્યાઓ ઊભી કરી છે એનો ઉકેલ એણે જ લાવવો જોઈએ.

શ્રીમતી ગાંધી આજે પરદેશ જાય છે અને તેઓ એ દેશોના વડાને જરૂર કહેશે કે હવે અમે અનિશ્ચિત સમય સુધી રાહ જોઈ શકીએ એમ નથી.

અંતમાં સંયુકત રાષ્ટ્રસંસ્થાની અનિવાર્યતા હું સ્વીકારું છું. એ સફળ હોય કે નિષ્ફળ-એ છે તો કોઈક દિવસ પણ શાંતિ માટેની વાતો કરવાની ભૂમિકા સૌને રહે છે.

સંકલન: ચીમનલાલ જે. શાહ

# પરમાનંદભાઈની પત્રપ્રસાદી

**(આઝાદી–સંગ્રામમાં જેલમાં જતાં પિતાશ્રીને ઉદ્દેશીને વાંદરા–લોક-અપ, મુંબઈથી લખેલો પત્ર)**

તા. ૨૪–૧૦–૩૦

"આપણા ધર્મમાં ધ્યાનની જે ભાવનાઓ વર્ણવી છે તેમાં એક ભાવના "એકોઽહમ્"ની છે. એ અત્યાર સુધી કેવળ જ્ઞાનનો વિષય હતો. હવેથી અનુભવનો વિષય બનશે. સગાં, સંબંધી, મિત્રોથી વીંટળાયેલા જીવનમાં આ તત્ત્વનું આપણને કદી સાચું ભાન થતું જ નથી. આજે હવે અમારું કોણ? આ નવી પરિસ્થિતિ આપણા એકલાપણાને નક્કર રીતે સામે લાવીને ધરે છે. સત્યનું દર્શન પ્રથમ પ્રિયકર લાગતું નથી, પણ તે દર્શનમાંથી જ સાચું સ્વાવલંબન–સાચો સ્વાશ્રય જન્મે છે. એ સ્વાવલંબન શોધવા હું જેલમાં જાઉં છું એમ જાણે મને લાગ્યા કરે છે."

પરમાનંદ

**(નાસિક જેલમાંથી પત્નીને ઉદ્દેશીને)** તા. ૨૦-૫-'૩૧

"સામાન્ય નિર્વાહ માટે કોઈ કાળે પણ કોઈ શ્રીમાન મિત્રની સહાય લેવાનો વખત ન આવે એવી મારી ટેક ઈશ્વર રાખે. અને કમાણી કરવાના ઉદ્યોગમાંથી બચતાં સમય અને શકિત દેશની કોઈ ને કોઈ સેવામાં સદા ખરચાતાં રહે અને જ્યારે કોઈ અસાધારણ સમય આવે ત્યારે મારા સર્વસ્વનું બલિદાન આપવામાં હું કદી પાછો ન પડું એટલી પ્રાર્થના ઈશ્વર મંજૂર રાખે તો મારે બીજા કશાની અપેક્ષા છે જ નહિ. આ લખાણમાં કદાચ તને નિરાશા જેવો ધ્વનિ દેખાશે પણ વસ્તુત: આપણી પરિસ્થિતિનું વિષમ ચિત્ર બરોબર ધ્યાનમાં લઈને તેને જ પ્રેમથી ભેટવાનો મારો પ્રયત્ન છે. એટલે ખરું કહું તો નિરાશાને હું ગળી ગયો છું અને દુ:ખનો તો હું આશક બન્યો છું. ઉપરોકત વિષમ ચિત્રની ઊજળી બાજુ પણ છે અને તેનો વિચાર–તેની કલ્પના મને આનંદમાં મગ્ન બનાવી દે છે. મને કંઈ એમ જ લાગે છે કે અત્યાર સુધી મારા જીવનમાં વિષાદયુગ ચાલતો હતો તેનો હવે અંત આવ્યો છે અને હવે મારો કર્મયુગ શરૂ થયો છે. રાજસત્તા સાથે જે અથડામણી શરૂ થઈ છે તેનો સ્વરાજ આવે ત્યાં સુધી અંત આવવાનો નથી, ધર્મસંપ્રદાય સાથે તો કેટલાંય વર્ષોથી અથડામણી ચાલી રહી છે જેનો અન્ત આવવાનો જ નથી. મારા સ્વતન્ત્ર વિચારો અને વળી આપણે ત્યાં પાંચ પુત્રીઓ એટલે સામાજિક અથડામણો પણ ખૂબ થવાની જ છે. એટલે ભાવિ જીવનમાં સાચો પુરુષાર્થ સાધવાને અનેક તકો ભરેલી છે એ વિચાર કદી કદી મને આનંદપ્રફુલ્લ બનાવે છે.....માટે તું પણ તારી વિષાદછાયામાંથી મુકત થા અને ભાવિ જીવનની સંકટસમૃદ્ધિને ધારણ કરવા યોગ્ય વીરતા-પ્રફુલ્લતા–પ્રસન્નતા ધારણ કર!"

પરમાનંદ

# ☆ ધર્મ અને બદલાતાં મૂલ્યો ☆

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજાયેલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. નથમલજી ટાટિયાએ આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવ્યું છે. –તંત્રી]

જે વસ્તુ આપણે માટે ઈષ્ટ [હોય તે જ આપણે માટે મૂલ્ય છે. એ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિનું સાધન પણ મૂલ્ય છે. જેમ કે પુત્ર, ધન અને સ્વર્ગાદિ લોક મૂલ્ય છે. અને તેની પ્રાપ્તિના સાધનરૂપ જેવા કે ઈષ્ટ યજ્ઞ-યાગ, વ્રત, તપસ્યા વગેરે પણ મૂલ્ય જ છે. ઈષ્ટ મૂલ્યોને આપણે સાધ્ય–મૂલ્ય કહી શકીએ અને તેની પ્રાપ્તિના ઉપાયોને સાધન–મૂલ્ય તરીકે ઓળખાવી શકીએ.

ભગવાન બુદ્ધે અવિદ્યા અને તૃષ્ણાને સાંસારિક જીવનના હેતુ માનેલા; જ્યારે ભગવાન મહાવીરે આ બાબતોને મોહનીય કર્મ ગણીને તેની સ્પષ્ટતા કરી. યોગદર્શનમાં તૃષ્ણાને રાગ કહેવામાં આવેલ છે. યોગ-ભાષ્ય (૧:૭) માં રાગની આ પ્રમાણે વ્યાખ્યા આપેલી છે :

सुखाभिज्ञस्य सुखानुस्मृतिपूर्वः सुखे तत्साधने वा यो गर्धः ।
तृष्णा, लोभः, स रागः

અર્થાત્, જે વ્યક્તિએ અતીતમાં સુખનો અનુભવ કર્યો છે તે વ્યક્તિના મનમાં એ અતીત-અનુભવની સ્મૃતિને લીધે જે સુખ અને સુખનાં સાધનો પ્રત્યે આસકિત, તૃષ્ણા અને લોભ જાગે છે તે જ રાગ છે; કેમકે બધાં જ ભારતીય દર્શનો જગતને અનાદિ ગણે છે અને અને તેથી આ તૃષ્ણા પણ અનાદિ છે અને કોઈ પણ વ્યકિત તૃષ્ણારહિત–તૃષ્ણાના પ્રભાવથી મુકત નથી.

આધુનિક યુગમાં ફ્રૉઈડે આ તત્ત્વને કામ–તૃષ્ણા (Libido) તરીકે ઓળખાવેલ છે, અને તે પણ તેને અનાદિ અને અનન્ત માને છે. ભારતીય દર્શન તેના આત્યંતિક ઉન્મૂલનનાં સાધનોમાં શ્રદ્ધા ધરાવે છે. આ તૃષ્ણા બધાં જ સાંસારિક મૂલ્યોનું બીજ છે. આનાથી વિપરીત અન્ય નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પણ મનાયાં છે, જે માનવીને ઉચ્ચ સ્તર પર લઈ જાય છે.

આ બન્ને પ્રકારનાં મૂલ્યોની બાબતમાં વૈદિક દાર્શનિકોમાં મૌલિક વિવાદ રહેલો છે, જેની મનોરંજક ચર્ચા આપણને સાંખ્ય-ગ્રંથ યુકિતદીપિકા (પૃષ્ઠ ૧૬–૧૭, દિલ્હી–૧૯૬૭) માં મળી આવે છે. પ્રાચીન વૈદિક ધર્મમાં ત્રિવિધ એષણાઓને યોગ્ય સ્થાન મળેલું; પરંતુ ઉપનિષદકાળમાં સંન્યાસને પ્રાધાન્ય મળેલું, જેની પરાકાષ્ઠા આપણને સાંખ્ય-દર્શનમાં જોવા મળે છે.

મીમાંસક દર્શન હમેશાં પ્રાચીન વૈદિક ધર્મનું સમર્થન કરતું રહેલ છે, છતાં પણ ઉપનિષદોનો પ્રભાવ ઉત્તરોત્તર વધતો ગયો અને શાંકર વેદાંતમાં તેનું પર્યવસાન થયું.

યુકિતદીપિકામાં આ બન્ને પક્ષો-ત્યાગ પક્ષ અને સંન્યાસ પક્ષના રૂપમાં બહાર આવેલ છે. સાંખ્ય દાર્શનિક પણ વેદના પ્રમાણોનો અસ્વીકાર નથી કરતા. (વહી. પૃષ્ઠ ૧૬) પરંતુ તે પોતાના સિદ્ધાંતો વેદોના એ અંશોથી ફલિત કરે છે, જેમાં સંન્યાસનો ઉપદેશ આપવામાં આવેલ છે. દાખલા તરીકે તે પોતાના પક્ષે બૃહદારણ્યક (૪-૪-૨૨) ના નીચેના વાક્યને ટાંકે છે :

एतमेव विदित्वा मुनिर्भवति, एतमेव प्रवाजिनो लोकमिच्छन्तः प्रव्रजन्ति
एतद स्म वै तत्पूर्वे विद्वांसः प्रजां न कामयन्ते, किं प्रजया
करिष्यामो येषां नोऽयमात्माऽयं लोक इ ति, ते ह स्म
पुत्रेषणायाश्च लोकेषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति ।।

અર્થાત્ : આ બ્રહ્મને જ જાણીને મુનિ બને છે, આ બ્રહ્મલોકની ઈચ્છાથી સંન્યાસી લોકો સંન્યાસ ગ્રહણ કરે છે – આનું કારણ એ છે કે પહેલાંના ઋષિઓ સંતાનની કામના-ઈચ્છા-કરતા ન હતા. તેઓ કહેતા અમારે વળી સંતાનનું શું પ્રયોજન છે? અમારે માટે તો બ્રહ્મ એ જ આત્મા છે – એ જ જગત છે. આવા ઋષિઓ પુત્ર, ધન તેમ જ સાંસારિક કામનાઓથી પર રહીને ભિક્ષાટન દ્વારા પોતાનું જીવન વ્યતીત કરતા હતા.

આથી ઊલટું મીમાંસક તેના ત્યાગના સિદ્ધાંતના સમર્થનમાં નીચેનું વાકય ટાંકે છે :–

(૧) जरामर्यमतेत् सत्रं यदग्निहोत्रदर्शपाणंमासौ, जरया ह
एतस्मात् सत्राद्विमुच्यते, मृत्युना च ।
(શાબર ભાષ્ય ૨–૪–૪)

અર્થાત્ : આ અગ્નિહોત્ર અને દર્શપાણમાસ શાશ્વત યજ્ઞ છે. વૃદ્ધાવસ્થા અને મૃત્યુ વડે જ આ કર્તવ્યથી માણસ મુકત થઈ શકે છે.

(૨) कुर्वन्नेवैह कर्माणि जिजिविषेच्छतं समाः
(ઈશાવાસ્યોપનિષદ –૨)

અર્થાત્ : વિહિત કર્મોનું અનુષ્ઠાન કરતાં કરતાં સો વર્ષ સુધી જીવવાની તે કામના કરે છે.

આ ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે બન્ને પક્ષો પોત-પોતાનાં ધ્યેયની પ્રાપ્તિ માટે બે જુદા જુદા માર્ગો અપનાવે છે. મીમાંસક સ્વર્ગને જ ઉચ્ચતમ ધ્યેય માને છે છતાં પરવર્તી કાળમાં એનું સ્વર્ગ મોક્ષ જેવું જ બની ગયું છે. સાધ્યભૂત મૂલ્ય બદલાઈ ગયું, પરંતુ સાધનભૂત મૂલ્યની બાબતમાં નવા મતની સાથે પ્રાચીન મતનું સામંજસ્ય સ્થાપિત થવા પામ્યું નથી.

જૈન તેમ જ બૌદ્ધ ધર્મ મોક્ષવાદી છે. આ ધર્મો યજ્ઞ અને બ્રાહ્મણ શબ્દોની નૂતન વ્યાખ્યા પ્રસ્તુત કરે છે. ઉત્તરાધ્યયન સૂત્રનું હરિકેશીયાધ્યયન (૪૩–૪૬) અને યજ્ઞીયાધ્યયન આ અંગે નોંધનીય બની રહે છે. પાલી પિટકના સુત્તનિપાતના બ્રાહ્મણ-ધમિક સુત્ત (૧૬-૨૬) માં પશુયજ્ઞોની ઉત્પત્તિનું કારણ દર્શાવાયેલ છે તથા તેમાં જ (૧૨) ચોખા, ઘી વગેરેથી કરાતા પ્રાચીન યજ્ઞોનો પણ ઉલ્લેખ છે. યજ્ઞની નવી વ્યાખ્યા આપણને માધસૂત્રમાં જોવા મળે છે. ધમ્મપદના બ્રાહ્મણવગ્ગમાં બ્રાહ્મણનું સ્વરૂપ બતાવાયું છે.

ટૂંકમાં એમ કહેવાય છે કે મુખ્યત્વે સાધનભૂત મૂલ્યોના પ્રશ્ન પર આપણો દાર્શનિક સંપ્રદાય કર્મકાંડી અને સંન્યાસી એમ બે ભાગોમાં વિભકત બની ગયેલ છે.

કર્મકાંડી સંપ્રદાયના ઉદાહરણ માટે આપણે દુર્ગાસપ્તશતીમાં ભકિત દ્વારા દેવીની આરાધના અર્થેની નીચેની પ્રાર્થના લઈ શકીએ :

देहि सौभाग्यमारोग्यं देहि मे परमं सुखम् ।
रूपं देहि जयं देहि यशो देहि द्विषे जहि ।।

આનો અર્થ એ છે કે મને સૌભાગ્ય, આરોગ્ય, શ્રેષ્ઠ સુખ, રૂપ, જય અને યશ આપો. મારા શત્રુઓનો હે દેવી તમે નાશ કરો.

બીજી બાજુ નિવૃત્તિમાર્ગી જૈન આચાર્ય સમન્તભદ્ર સ્વામીની નીચેની સ્તુતિ પણ આપણે જોઈ શકીએ છીએ, જેમાં ઉપરના પ્રવૃત્તિમાર્ગને ત્યાજય લેખાવેલ છે. (સ્વયમ્ભૂસ્તોત્ર-૪૬).

अपत्यवितीतपरलोकतृष्णाया तपस्विनः कैंचन कर्म कुर्वते ।
भवान्पुनर्जन्म-जरा-जिहासया त्रयीं प्रवृत्ति समधीरवारुणत् ।।

અર્થ : કેટલાયે તપસ્વી લોકો સંતાન, ધન તથા પરલોકની તૃષ્ણાને વશ થઈને કર્મકાંડમાં જ મગ્ન રહે છે; પરંતુ સમભાવી અને પુનર્જન્મ તેમ જ વૃદ્ધાવસ્થાને નિવારવાની ઈચ્છા ધરાવનારાઓ મન, વચન અને કાયાની ત્રિવિધ પ્રવૃત્તિઓને અટકાવી દે છે.

અત્યાર સુધી આપણે સાંસારિક મૂલ્યોની ચર્ચા કરી. આ મૂલ્યોનું વર્ગીકરણ, અર્થ અને કામના સ્વરૂપે પણ કરાતું હોય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચારેય પુરુષાર્થ છે. તેમાં મોક્ષ પરમ પુરુષાર્થ છે. અને ધર્મ એ પરમ પુરુષાર્થ સુધી પહોંચવાનો માર્ગ છે. આમ તો અર્થ અને કામનો આધાર પણ ધર્મ જ છે; કારણ કે ધર્મરહિત અર્થ અને કામ અંતે અહિતકર જ સાબિત થાય છે. ધર્મ પણ અર્થ અને કામ વિના પાંગરી શકતો નથી. આ અર્થમાં ધર્મ-પુરુષાર્થ અર્થ અને કામનાં મૂળ તેમ જ ફળ પણ છે.

શ્રીમદ્ ભગવદ ગીતા ઉપરના ચારે ય પુરુષાર્થો વચ્ચે સામંજસ્ય સ્થાપવાનો પ્રયાસ કરે છે. જૈન તેમ જ સ્થવિરવાદી બૌદ્ધ મોક્ષને જ પ્રાધાન્ય આપે છે અને નિવૃત્તિપ્રધાન ધર્મને જ મોક્ષનો માર્ગ માને છે. મહાજ્ઞાની બૌદ્ધોનો મત આ બાબતમાં કાંઈક ગીતા જેવો જ છે. મોક્ષ એ કાંઈ માત્ર વૈયકિતક પ્રશ્ન નથી; મોક્ષનો સંબંધ આ જગત સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલાં સર્વ અંગો સાથે રહેલો છે.

આધ્યાત્મિક મૂલ્યોના અંતર્ગત ભાગ તરીકે અહિંસા, અપરિગ્રહ વગેરેને ગણાવાય છે. એનું પરમ સાધ્ય મોક્ષ છે, છતાં યે સાંસારિક હિતસાધનાની દૃષ્ટિએ પણ તે પરમ આવશ્યક છે.

મૂલ્યોની આ સામાન્ય ચર્ચા બાદ હવે ધર્મની બાબતમાં કાંઈક વિચારણા કરવી આવશ્યક છે. કેટલાક ધર્મો ઈશ્વરવાદી છે, જે ઈશ્વરને જ આ વિશ્વવ્યવસ્થાના મૂળ નિયંતાના રૂપે માને છે. આ ધર્મોથી જુદા એવા કેટલાક ધર્મો એવા પણ છે જે પોતાના કર્મના સિદ્ધાંતો અનુસાર જ વિશ્વવ્યવસ્થાની વ્યાખ્યા કરે છે. આવા ધર્મોના મતે કર્મતત્ત્વ જ ચરાચર જગતનું નિયંતા છે. કેટલાક ધર્મો એવા છે જે એક અદ્વૈત તત્ત્વમાં જ માને છે, જે પોતે જ ઉપાદાન તેમ જ નિમિત્ત કારણના રૂપમાં ચરાચર જગતના મૂળમાં મોજૂદ છે. આધુનિક ચિંતન આ છેલ્લી વિચારસરણીને અનુકૂળ છે.

ઈશ્વરવાદી ધર્મમાં માનનારાઓ સર્વશકિતમાન ઈશ્વર સિવાય ધર્મની કલ્પના પણ કરી શકતા નથી. એ જ રીતે નિરીશ્વરવાદીઓ (જેવાં કે જૈન અને બુદ્ધ) આ વિષમતાપૂર્ણ જગતનો કર્તા—રચયિતા ઈશ્વર કઈ રીતે હોઈ શકે તે સમજી શકતા નથી. જડ જગતનો વૈજ્ઞાનિક નિયમ તેમ જ મનોજગતનાં કેટલાંક રહસ્યોનું આધુનિક સફળ વિશ્લેષણ આપણને ત્રીજી વિચારસરણી તરફ દોરી જાય છે.

એ ગમે તે હો, પણ સમાજવ્યવસ્થા માટે ભૌતિક ઉન્નતિ—જેનો અર્થ અને કામ પુરુષાર્થમાં સમાવેશ કરી શકાય—ની સાથોસાથ અહિંસા, અપરિગ્રહ વગેરે નૈતિક તેમ જ આધ્યાત્મિક મૂલ્યો અનિવાર્ય રીતે આવશ્યક બની રહે છે. આપણે આપણું આ અધ્યયન સરળતાની દૃષ્ટિએ માત્ર ભારતીય ધર્મો પૂરતું જ મર્યાદિત રાખીએ, જેથી આ ધર્મોમાં ચર્ચાયેલાં મૂલ્યોના ઈતિહાસ પર વિશેષ પ્રકાશ પાડી શકાય.

મૂલ્યોનાં વિવેચન વખતે આપણે ઉપર કેટલાંક મૂલ્યોનો ઉલ્લેખ કરી ગયા છીએ—જેમકે યજ્ઞ—યાગ, તપસ્યા, મોક્ષ વગેરે. હવે આપણે એ જોઈએ કે મૂલ્યો કેવી રીતે બદલાય છે.

એક જ નામથી જાણીતા મૂલ્યનાં સ્વરૂપો જુદા જુદા ધર્મોમાં જુદા જુદા પ્રકારનાં પણ હોઈ શકે. આ માટે આપણે મોક્ષનો જ દાખલો લઈએ.

જૈન, બૌદ્ધ, વેદાંત વગેરે દર્શનોમાં મોક્ષનાં સ્વરૂપ જુદાં જુદાં છે, છતાં યે આ બધાને માટે મુકિત, મોક્ષ કે નિર્વાણ જેવા શબ્દો નિર્વિવાદ રીતે વ્યવહારમાં વપરાતા હોય છે. આવા પ્રકારના ભેદને આપણે તિર્યકભેદ કહી શકીએ, જે એક જ શબ્દના સમકાલીન વિવિધ અર્થોના દ્યોતક છે. સમકાલીન ધર્મોમાં એ જ રીતે વિવિધ અર્થ ધરાવતા યજ્ઞ શબ્દને પણ તિર્યક ભેદના ઉદાહરણ તરીકે ટાંકી શકાય.

આ જ રીતે એકનો એક શબ્દ એક જ ધર્મ સંપ્રદાયમાં જુદા જુદા કાળે જુદો જુદો અર્થ ધારણ કરતો હોવાનું પણ જોવા મળે છે. આના ઉદાહરણ તરીકે યજ્ઞ શબ્દ જ લઈએ. શ્રીમદ્ ભગવદ ગીતામાં સર્વગત બ્રહ્મને જ યજ્ઞમાં સદા અધિષ્ઠિત માનવામાં આવેલ છે. तस्मात सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् (૩:૧૫): અનાસકત ધર્મ જ વૈદિક ધર્મનું તાત્પર્ય છે (૩:૧૬): ગીતા (૪:૨૪) માં સ્પષ્ટ રીતે કહેવાયું છે: તર્પણ અથવા હવન કરવાની ક્રિયા બ્રહ્મ છે: હવિ: એટલે કે અર્પણ કરવાનું દ્રવ્ય પણ બ્રહ્મ છે: બલાજિતમાં બ્રહ્મને હવન કહ્યો છે. આ રીતે જેની બુદ્ધિમાં સર્વ કર્મ બ્રહ્મમય છે તેને જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ।।

આજના યુગ સુધી વિકાસ પામેલ યજ્ઞોની સૂચિ ગીતા (૪:૨૮) માં નીચે પ્રમાણે અપાયેલ છે.:

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।

અર્થ: ભીષણ વ્રતનું આચરણ કરનાર યતિ કોઈ દ્રવ્યરૂપ, કોઈ તપરૂપ, કોઈ યોગરૂપ, કોઈ સ્વાધ્યાયરૂપ અને કોઈ જ્ઞાનરૂપ યજ્ઞ કરતા જ રહે છે.

આ જ પ્રસંગમાં આખરે (૪:૩૨:૩) કહ્યું છે કે—

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ।।
श्रेयान् द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ।।

અર્થ: આ રીતે વિવિધ પ્રકારના યજ્ઞો બ્રહ્મને જ અર્પિત થાય છે. આ માનો કે બધાં કર્મોથી જ નિષ્પન્ન થાય છે. આ જ્ઞાન થતાં જ તું મુકત બની જઈશ. હે પરંતપ! દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ શ્રેષ્ઠ છે; કારણ કે હે પાર્થ! સર્વ પ્રકારનાં સર્વ કર્મોનું પર્યવસાન જ્ઞાનમાં જ થાય છે. ભકિતમાર્ગીઓ માટે ગીતાકાર જપ યજ્ઞનું આ પ્રમાણે વિધાન રજૂ કરે છે (૧૦-૨૫): यज्ञानां जपयज्ञोस्मि એટલે કે યજ્ઞોમાં હું પોતે જ જપ યજ્ઞ છું. મનુસ્મૃતિ (૩-૭૦-૧) ના પાંચ મહાયજ્ઞો પણ આમાં બતાવાયા છે. યજ્ઞ શબ્દનો સંપૂર્ણ ઈતિહાસ આમ સ્પષ્ટ છે. આ પ્રકારના કાળભેદને આપણે ઊર્ધ્વગામી પરિવર્તન કહી શકીએ.

આ ઊર્ધ્વગામી પરિવર્તનના દૃષ્ટાંતરૂપે યોગ શબ્દ પણ લઈ શકાય. યોગ શબ્દનો પ્રાચીન અર્થ છે ચિત્તવૃત્તિઓનું નિયંત્રણ (योगश्चित्तवृत्तिनिरोधः योगसूत्र : १ : २ :) પરંતુ ગીતા (૨-૪૮) અનુસાર યોગનો અર્થ કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિ જે હોય તેમાં સમભાવ રાખવો તેવો થાય છે. કર્મ કરવાના કૌશલ્યને પણ ગીતામાં યોગ કહેલ છે. योगः कर्मसु कौशलम् (૨:૫૦) અહીં યોગ શબ્દનો અર્થ છે કર્મ યોગ. મીમાંસકોના કર્મકાંડના સ્થાને કર્મયોગને સ્થાપિત કરતાં ગીતાકારે સંન્યાસમાર્ગનું પણ આ પ્રમાણે પુનર્મૂલ્યાંકન કર્યું છે :(ગીતા:૫:૨).

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ।।

અર્થ: કર્મસંન્યાસ અને કર્મયોગ આ બન્ને માર્ગો મોક્ષપ્રાપ્તિ કરાવનારા છે; પરંતુ આ બન્નેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગની યોગ્યતા વધુ છે.

આ રીતે આપણે જોઈએ છીએ કે યોગ શબ્દ જે મૂળભૂત રીતે ચિત્તસમાધિના રૂપમાં વપરાતો અને જે માત્ર વ્યકિતગત મુકિતનું સાધન હતો તે પાછળથી વ્યકિત તેમ જ સમાજના હિતના સાધનની દૃષ્ટિએ કરાતાં બધા જ પ્રકારનાં કર્તવ્યોનો વાચક બની ગયો છે.

આધુનિક યુગમાં લોકમાન્ય તિલક (ગીતારહસ્ય: પ્રકરણ ૧૧) તેમ જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના હાથે તો કર્મયોગ

ખૂબ જ વ્યાપક બની ગયો. ગીતાના કર્મયોગ પર ગાંધીજીએ લખ્યું છે: કર્મ કરતા રહીને પણ મનુષ્ય બંધનમુક્ત કઈ રીતે રહી શકે? મારી જાણ પ્રમાણે આ સમસ્યા ગીતાએ જે રીતે હલ કરી છે તે રીતે કોઈ પણ ધર્મના ગ્રંથે હલ કરેલ નથી. ગીતા કહે છે કે ફળની આસક્તિ છોડીને કર્મ કરો, આશારહિત થઈને કર્મ કરો, નિષ્કામ બનીને કર્મ કરો—ગીતાનો આ બોધ કેમે ય ભુલાતો નથી. જે કર્મનો ત્યાગ કરે છે તે પતનને વહોરી લે છે. કર્મ કરવા છતાં પણ જે માણસ તેના ફળનો ત્યાગ કરે છે તે ઉન્નત બને છે. ફળત્યાગનો અર્થ એવો નથી કે પરિણામ અંગે બેદરકાર બની જવું. પરિણામ તેમ જ સાધનનો વિચાર તેમ જ તેની જાણકારી આવશ્યક છે. આટલું થયા પછી જે માણસ પરિણામની ઈચ્છા કર્યા વિના સાધનમાં જ તન્મય બની જાય છે તે ફલત્યાગી છે. (અનાસક્તિ-યોગ: પ્રસ્તાવના)

ગાંધીજી આગળ લખે છે. સામાન્ય રીતે તો એમ માનવામાં આવે છે કે ધર્મ અને અર્થ બન્ને વિરોધી બાબતો છે. વ્યાપાર વગેરે લૌકિક વ્યવહારમાં ધર્મ બચાવી શકાતો નથી. ધર્મને સ્થાન ન હોઈ શકે. ધર્મનો ઉપયોગ કેવળ મોક્ષને માટે જ કરાય છે. ધર્મને સ્થાને ધર્મ શોભે અને અર્થને સ્થાને અર્થ શોભે, એમ મેં ઘણાને કહેતા સાંભળ્યા છે. જ્યારે ગીતાકારે તો આ ભ્રમનું નિરસન કરી નાખ્યું છે. એમણે મોક્ષ અને વ્યવહાર વચ્ચે કશો ભેદ રાખ્યો નથી; પરંતુ વ્યવહારમાં જ ધર્મને ઉતાર્યો છે. જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય એ ધર્મ નથી, આ વાત ગીતામાં હોવાનો મારો ખ્યાલ છે. યોગ શબ્દની આ આધુનિક વ્યાખ્યા સમયાનુકૂળ મૂલ્યોનું એક સ્પષ્ટ ઉદાહરણ છે.

મૂલ્યોનાં ઉર્ધ્વગામી પરિવર્તનની બાબતમાં બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અહિંસા, અને મોક્ષ તત્ત્વના પુનર્મૂલ્યાંકન અંગે પણ વિચારી શકાય.

જનનેન્દ્રિયના વિકારો પર અંકુશ રાખવો એ જ બ્રહ્મચર્ય પાલન છે, એમ મનાતું હતું; પરંતુ ગાંધીજીએ તો આ માન્યતાને પણ વ્યાપક સ્વરૂપ આપ્યું છે. અને તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કર્યો હતો. ગાંધીજી કહેતા કે બધા જ વિષયો પર અંકુશ રાખવો એનું નામ જ બ્રહ્મચર્ય છે. જે માણસ બીજી ઈન્દ્રિયોને અહીંતહીં ભટકવા દે છે અને એક જ ઈન્દ્રિય પર અંકુશ રાખે છે-એકજ ઈન્દ્રિયને રોકવાનો પ્રયાસ કરે છે તે પ્રયાસ નિષ્ફળ જ છે એમાં શંકા છે? (સંયમ અને સંતતિનિયમન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૨, પૃષ્ઠ ૧૧૩):

પોતાના જીવનમાં બ્રહ્મચર્યવ્રત ઉતારવાની બાબતમાં ગાંધીજી કહે છે: બ્રહ્મચર્યના સંપૂર્ણ પાલનનો અર્થ છે બ્રહ્મદર્શન. આ જ્ઞાન મને શાસ્ત્રો દ્વારા નથી મળ્યું, આ અર્થ મને ક્રમેક્રમે અનુભવસિદ્ધ બનતો ગયો છે. એની સાથે સંબંધ ધરાવતા શાસ્ત્રવાક્યને તો મેં પછીથી વાંચ્યું હતું. બ્રહ્મચર્યને એક ઘોર તપશ્ચર્યાના રૂપમાં રહેવા દેવાને બદલે મારે તેને રસમય બનાવવું હતું; એના સહારે નભવું હતું એથી હવે મને એની નિતનવી વિશેષતાનાં દર્શન થવા લાગ્યાં હતાં. આ રીતે આજે પણ હું વ્રતમાંથી રસ લૂંટી રહ્યો છું. આથી કોઈ એમ પણ ન માને કે મને તેની મુશ્કેલીઓનો અનુભવ કરવો પડ્યો નથી. આજે મને પદ વર્ષ પૂરાં થઈ ચૂક્યાં છે; તો પણ તેની મુશીબતોનો અનુભવ મને થતો રહ્યો છે. આ એક અસિધારા વ્રત છે. ખાંડાની ધાર જેવું વ્રત છે, અને તેને હું વધુને વધુ સમજતો રહ્યો છું. અને એ માટે સતત જાગૃતિનો અનુભવ કરતો રહ્યો છું. (પૃ. ૧૦૦): ગાંધીજીના બ્રહ્મચર્ય વિષયક આ પુનર્મુલ્યાંકનની દિશા એ જ છે જે એમના દ્વારા કરવામાં આવેલ કર્મયોગ સંબંધી વિકાસની દિશા છે.

(ક્રમશ:)

ડૉ. નથમલ ટાટિયા

# એકલતા નિવારી શકાય છે

મને ઘણી વાર પૂછવામાં આવે છે, "આજની અનેક સમસ્યાઓમાં ઘણાં લોકોના જીવનવિકાસને રૂંધતી હોય એવી કઈ સમસ્યા છે?"

"એકલતા", એક જ શબ્દમાં જ્યારે હું આ ઉત્તર આપું છું ત્યારે પ્રશ્ન પૂછનારને ખૂબ આશ્ચર્ય થાય છે.

એકલતા એ માણસના જીવનની એક એવી વિષમ અવસ્થા છે જેમાંથી જીવનની સર્વ તમન્નાઓને રહેંસી નાખતા બીજા અનેક કોયડાઓ ઊભા થાય છે. સ્વિટ્ઝર્લેન્ડના પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક ડૉ. પૉલ ટુર્નિયર એકલતાને આજનો ગંભીર રોગ ગણે છે.

વર્તમાન જીવનના અનેક ઉગ્ર પ્રશ્નોના મૂળમાં એકલતાનું અનિષ્ટ છુપાયેલું છે. માનસિક વ્યાધિથી પીડાતા દરદીઓની મુલાકાત દરમ્યાન ૮૦ ટકા ઉપરના દરદીઓએ સ્પષ્ટ રીતે કબૂલ કર્યું હતું કે તેમની મુંઝવણનું મુખ્ય કારણ તેમને અસહ્ય થઈ પડેલી એકલતા હતી. આપઘાત ભણી જઈ રહેલા લોકોની આંતરવ્યથાનો તાગ મેળવતાં પણ જાણવા મળ્યું કે જીવનનો અંત આણી દેવા સુધી જઈ પહોંચવાનું કારણ તેમને ભારરૂપ થઈ પડેલું તેમનું એકલવાયું જીવન હતું. દારૂની લતે ચડી ગયેલી એક ટોળકીના દરેક સભ્યે ખુલાસો કર્યો હતો કે એકલતાના ભારથી ત્રાસી જઈ મદિરાપાન કરી તેઓ દિલ બહેલાવતા હતા, અને પછી તો એ જ એકમાત્ર તેમનું આશ્વાસન થઈ પડ્યું હતું.

એકલતાની લાગણીને સ્થળ, સંજોગો કે ઉમ્મર સાથે કંઈ જ સંબંધ નથી. નાનાં બાળકો સાથે હળવામળવાનો માબાપ સમય કાઢી શકતાં નથી, ત્યારે બાળકો એકલાંઅટૂલાં પડી ગયાં હોય એવી લાગણી અનુભવે છે; જૂની પેઢી સાથેના મતભેદને કારણે વડીલોથી ઠીક ઠીક દૂર રહેતાં આજના નવલોહિયા યુવાનો પોતે ઉપેક્ષિત હોય એ રીતે અતડું અને ઠંડું વર્તન દાખવે છે; પરિણીત જીવનમાં પણ પતિ-પત્ની એક ઘરમાં સાથે રહેતાં હોવા છતાં જૂદાઈનું ન કળી શકાય તેવું અંતર ભોગવતાં હોય છે; અને આ સર્વ કરતાં વિશેષ સહાનુભૂતિ ઉપજાવે તેવી દશા તો પોતાને તદ્દન નકામા અને ભારરૂપ માનતા વૃદ્ધ સ્ત્રી-પુરુષોની છે. નાના કે મોટા, ગરીબ કે તવંગર એકલતાનું ભૂત તો સૌને સરખી રીતે કનડે છે.

ગમે તે રીતની એકલતા હોય, પરંતુ આપણે જો જીવન જીવવાની સાચી કળા જાણી લઈએ તો બધાને પરેશાન કરતા આ પ્રશ્નનો મૂળમાંથી ઉકેલ લાવી શકીશું.

દિલ બહેલાવવા આપણે સમૂહમાં રહેવાનું પસંદ કરીએ તો એનો પણ કંઈ અર્થ સરતો નથી એવો છેવટે તો આપણને અનુભવ થશે. ક્લબમાં જોડાઈએ કે મનોરંજનની અન્ય ખર્ચાળ પ્રવૃત્તિઓનો આશરો લઈએ, કે પછી ઘરબહાર સમય ગાળવાનું પસંદ કરીએ, પરંતુ થોડો સમય રાહત આપનારી આ બધી પ્રવૃત્તિઓ એકલતાના ભાનથી તો આપણને અળગા નથી જ કરી શકતી.

તો પછી કરવું શું? એકલતાની ઉદાસીનતાથી બચવાનો કોઈ માર્ગ ખરો કે નહિ? નીચે જણાવેલા ત્રણ મુદ્દા પર આપણે ધ્યાન આપીએ.

સૌથી પહેલાં આપણે એ સમજવાનું કે એકલતા જીવનની સર્વ અભિલાષા, સુખ અને સત્ત્વને ભરખી જઈ આપણને નિર્બળ બનાવનારી વસ્તુ છે.

મારા એક મિત્રે હમણાં જ તેને થયેલા એક અનુભવની મને વાત કરી. ખોડખાંપણને કારણે ઘરમાં જ બંધાઈ રહેતા લોકોને સીવવાનો ઉદ્યમ આપવાના શુભ ઈરાદાથી તેણે એ લોકોના નામની એક યાદી બનાવવાનું કામ હાથ ધર્યું. બેકાર રહેતા લોકો પોતાની આ યોજનાને ઉમળકાભેર વધાવી લેશે એ આશા સાથે તે અમુક

સેનેટોરિયમમાં રહેતી સ્ત્રીઓ પાસે ગયો અને પોતાની યોજના તેમને સમજાવી; પરંતુ કોઈ જ કામ માટે તૈયાર થયું નહિ. ઊલટાનું એકે તો "અમારામાંથી જ અમે ઊંચા આવતા નથી," એમ બડબડાટ કરી ફરિયાદ કરી ત્યારે એ મિત્રના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એ લોકો જે પ્રકારની જિંદગી ગાળી રહ્યા હતા તેનું ખરું કારણ તેને સમજાઈ ગયું. પોતાની જાતમાં જ પુરાઈ રહીને એકે-એકનું માનસ સાવ જડ બની ગયું હતું.

હવે બીજો મુદ્દો. એકલતા અને એકાંત એ બંને ભિન્ન સ્થિતિ હોઈ તેનો ભેદ આપણે બરાબર સમજવો જોઈએ. એકાંત એકલતાની લાગણીને લઈ આવે છે અને આમ થતું ઘણા લોકોના દાખલામાં આપણે જોઈએ છીએ, જે ખરી રીતે ન હોવું જોઈએ. હું એવા કેટલાયે પ્રતિભાશાળી લોકોને ઓળખું છું જે પોતાનું કામ સારી રીતે કરી શકે એ હેતુથી એકલા રહે છે પરંતુ આ લોકો કંઈ ને કંઈ સર્જનાત્મક પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહી પોતાના સમયનો ઘણો સરસ ઉપયોગ કરી જાણે છે. ખરી રીતે તો સમૂહમાં આપણે કુશળતાપૂર્વક કામ કરી શકીએ એ માટે થોડો સમય એકાંતમાં રહી આપણી જાતને તાલીમ આપી તૈયાર કરવાની ખાસ જરૂર છે.

પ્રિયજનોની ચિરવિદાય આપણને ખૂબ વસમી લાગે છે એ સૌનો અનુભવ છે; પરંતુ વિયોગનું દુ:ખ આપણને શૂન્યતાથી ભરી દઈ પંગુ ન બનાવી દે એ તો આપણે જ જોવાનું રહે છે.

મારા પર આવેલા એક ઉત્સાહી સ્ત્રીના પત્રની વાત કરું. વાના કારણે અપંગ જેવી દશા ભોગવતી આ બાઈ એકલી જ રહે છે, છતાં અનેક લોકો સાથે પત્રવ્યવહાર રાખી તેણે પોતાના જીવનને તેમ જ બીજાઓને પ્રફુલ્લિત રાખ્યા છે. તેના પત્રના આ વાક્યમાં તેના જીવનની પ્રસન્નતા વ્યકત થાય છે, "ઘણા યે દિવસો મેં એકલા ગાળ્યા છે પરંતુ મારો એક પણ દિવસ નકામો કે આળસમાં નથી ગયો." તેનો આ આશાવાદ આપણને ત્રીજા મુદ્દા ભણી લઈ જાય છે.

બીજા લોકોનું કામ કરવાનો રસ કેળવો. જ્યારે કંઈ આફત આવી પડે છે ત્યારે લોકો સહજ રીતે એકબીજાને મદદ કરવા દોડે છે. પરંતુ આપણી જાણમાં એવા પણ અનેક લોકો હોય છે, જેમના અંતરમાં ચાલતી મથામણો અને અકળામણની આંધી બહારની મુસીબતો કરતાં વિશેષ ખતરનાક હોય છે.

મોટા થઈ ગયેલાં પોતાનાં સંતાનોથી વિખૂટા પડવાના ખ્યાલથી ઉદાસ રહેતી એક બાઈને મેં કહેલું : "એક સમય એવો હતો જ્યારે તારી હાજરી અને સેવાની તારા કુટુંબને ઘણી જરૂર હતી. એ સમય હવે વીતી ગયો છે તો તારે એ વાતને યાદ કરી દુ:ખી બનવાને બદલે તારા સ્નેહની ઉષ્મા બીજા લોકોને આપવી જોઈએ. તારા પડોશીનાં બાળકોને પ્યાર કરી તેમને જ્ઞાન આપ. એકલા પડી ગયેલા બુઢ્ઢા લોકો સાથે મૈત્રી કરી તેમના અંતરની દુવા મેળવ. બીજા લોકોના હિતમાં સક્રિય રસ લઈ તારા જીવનની પ્રસન્નતાને તું જાળવી રાખ." અને અઠવાડિયા પછી તેનો જવાબ આવ્યો, "તમારી શિખામણને અનુસરી હું ખૂબ સફળ થઈ છું. તમે તો મને નિરાશાના અંધકારમાંથી પ્રકાશની દુનિયામાં લઈ આવ્યા!"

એકલતાનાં કારણો વિશેના આપણા ખ્યાલો ઉપલકિયા હોય છે. ઈશ્વરને આપણે ચાહી નથી શકતા એ પણ એકલવાયાપણાનું મોટું કારણ છે.

૧૯૫૭ ની સાલમાં ધર્મપ્રચાર માટે ન્યૂ યૉર્ક જવાનું થયું ત્યારે ત્યાં એક એક્ ટ્રેસને મળવાનું બન્યું. તેણે આ સત્યની પ્રતીતિ કરાવતાં પોતાના અનુભવની મને વાત કરી. ત્યાંના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં તે બેઠી હતી તે દરમ્યાન એકાએક તેને પેટના ભાગમાં ખાલી ખાલી લાગ્યું. ઘણા મહિનાથી આ ફરિયાદ હોવાથી તેણે અનેક ડૉક્ટરોની સલાહ લીધેલી, પણ દર્દનું ખાસ કોઈ કારણ જણાયું નહોતું. પોતે કોઈક ખરાબ રોગમાં સપડાઈ ગઈ હોવાની બીકને કારણે તેણે ઑપરેશન કરાવી લઈ વહેમ ટાળવાનું વિચાર્યું. બગીચામાં તેને થયેલું દર્દ ઘણું તીવ્ર હતું. અચાનક તેને જાણે અંદરથી થઈ આવ્યું કે તેની ફરિયાદનું કારણ શારીરિક નહિ પરંતુ આધ્યાત્મિક હતું. ઈશુની ઓળખ કરવા જાણે તેને અંતરના ઊંડાણમાંથી સાદ થઈ રહ્યો હતો. આ ભાન થતાં જ તેનું દર્દ સદાને માટે અદશ્ય થઈ ગયું.

એક સત્ય આપણે એ સમજવાનું છે કે જ્યારે આપણે કંઈ પણ છાનુંછપનું કરવા માગીએ છીએ ત્યારે જ બીજાથી એકલાં અલગ પડવાની તક શોધીએ છીએ. ગુનેગાર માનસને હમેશાં પકડાઈ જવાની ભીતિ હોય છે. એટલે આપણે બીજાથી અળગાં તો થઈએ છીએ, પરંતુ અંતે તો આપણે સર્જેલી જુદાઈ આપણને જ ભારે થઈ પડે છે. કુદરતના કાનૂન વિરુદ્ધ જઈ રહ્યાનો ડંખ રહેતો હોવા છતાં, આપણી ભીતરમાં ઊઠતી સદ્‌વૃત્તિઓની શુભ માગણીઓની આપણે અવહેલના કરીએ છીએ અને એ ક્ષમાવૃત્તિ અને ઉદાર ભાવનાથી આપણે વંચિત બનીએ છીએ કે જેને માનસ શાસ્ત્રના નિષ્ણાત ડૉ. લેસ્લી વેધરહેડ દુનિયામાં સૌથી વધારે બળવાન વૈદ્યકીય ઉપાય તરીકે રજૂ કરે છે.

ખરું આધ્યાત્મિક જીવન કદી પણ એકલવાયું નથી; કદી પણ સૂનું નથી. જ્યાં સાચી ધાર્મિકતા છે ત્યાં આપણે સાહચર્ય અને સ્નેહની સુવાસ અનુભવીએ છીએ. સ્વાર્થ અને અહંતાના સંકુચિત વર્તુળમાંથી મોકળા બની જ્યારે આપણે બીજાનું ભલું કરીએ છીએ ત્યારે જ આપણને મૈત્રી અને ઐક્યની સાચી પરખ થાય છે, અને ત્યાર પછી ઈશ્વર જે આપણા શ્વાસોચ્છ્વાસથી પણ આપણી વધુ પાસે છે, આપણા હાથ–પગથી પણ વધુ નજીક છે તેનું સ્મરણ અને સાન્નિધ્ય કેવળ ધ્યાન કે પ્રાર્થનાના સમય પૂરતું જ નહિ પરંતુ આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ બની જાય છે. સૌમાં તેમ જ આપણી આસપાસ સદા વર્તમાન અગોચર શકિત વિશે આપણે સભાન બનીએ છીએ.

સૌમાં પ્રભુ વસેલો છે એ બાઈબલનું ઘણું મોટું આશ્વાસન છે. મેથ્યુના ધાર્મિક વાર્તાલાપમાં ઈશુના જન્મ સમયના પ્રસંગમાં આ હકીકતનો ઉલ્લેખ છે: "They shall call his name Emmanuel which being interpreted is, God with us", And consider this: 'Be not afraid, neither be thou dismayed for the Lord thy God is with thee whither soever thou goest "(Joshua 1:9) (Emmanu l એ પ્રતીક નામથી ઈશુ ઓળખાશે એટલે કે પ્રભુ સદા આપણી વચ્ચે છે." અને આગળ કહે છે: " તું ગમે ત્યાં જા પરંતુ તારો પ્રભુ તારી સાથે જ છે; માટે ચિંતા ન કર તેમ નિરાશ પણ ન થા!")

ઈશ્વરની દોરવણી અને રક્ષણમાં વિશ્વાસ મૂકીને જ આપણે તેની અતૂટ મૈત્રીની પિછાન કરી શકીએ છીએ. "હું તને સેવક નહિ પરંતુ સાથી ગણું છું. તારો ત્યાગ નહિ કરું તેમ તને તરછોડીશ પણ નહિ. આ દુનિયાના અંત સુધી હું તારાથી અળગો નથી થવાનો." ખરેખર! ભગવાનનું આ આશ્વાસન કેટલું શીતળ અને સલામતી બક્ષનારું છે!

સર્જનહારનો જ્યાં સાથ હોય ત્યાં એકલતાની ઉપસ્થિતિ હોઈ જ કઈ રીતે શકે?

અનુવાદ :
**શારદાબહેન બાબુભાઈ શાહ**

મૂળ અંગ્રેજી :
**ડૉ. બીલી ગ્રેહામ**

# ગાંધીને આપણે વેચી ખાધા છે?

[ચિંતનકણિકા]

ગાંધીશતાબ્દીના વર્ષમાં ગાંધીજી વિશે જે થોકબંધ પુસ્તકો પ્રગટ થયાં અને રીમનાં રીમ ભરીને જે લેખો, કાવ્યો અને નાટકો લખાયાં તેમાં એક મુદ્દો અસંખ્ય વાર એટલો બધો ચવાયો કે તેમાં જરા જેટલોયે રસ બાકી ન રહ્યો. એ મુદ્દો એટલે એ કે ગાંધી જેવા ગાંધી આ દેશમાં થઈ ગયા છતાં આપણે સુધર્યા નહિ. ગાંધીનું આપણે નામ લઈએ છીએ અને પછી એના ઉપદેશથી વિરુદ્ધનું વર્તન કરીએ છીએ. ગાંધીના નામનો આપણે દુરુપયોગ કરીએ છીએ. ગાંધીને આપણે વેચી ખાઈએ છીએ. ગાંધીનું નામ લેવાનો આપણને અધિકાર નથી.

આ વાંચું છું ત્યારે મારા મનમાં કેટલાક વિચાર આવે છે. પહેલું તો એમ થાય છે કે મહાપુરુષને આ રીતે વેચી ખાવાની વાત ન તો વીસમી સદીના ભારતવાસીઓએ શોધી છે કે ન તો એ વાતને વીસમી સદીના લેખકોએ પહેલી વાર પ્રગટ કરી છે. જગતના એકેએક સુધારકને, ક્રાન્તિકારને, ઉપદેશકને એના અનુયાયીઓએ વેચી ખાધો છે. એમાં ક્રાઈસ્ટ, બુદ્ધ, મહાવીર, માર્ક્સ, લેનિન કે ગાંધી—કોઈ મુકત નથી. આ બધાના અનુયાયીઓ એમના અસલ સિદ્ધાંતોથી વિરુદ્ધ વર્ત્યાનાં એટલાં બધાં દૃષ્ટાંતો જગજાહેર છે કે એ ગણાવવાની જરૂર નથી. જો આવા મહાપુરુષોના રીતસરના અનુયાયીઓ જ વિમાર્ગે ચાલે તો અન્ય પ્રજાજનો એ મહાપુરુષોએ ચીંધેલા માર્ગે કેવી રીતે ચાલે? આથી જ કદાચ જગતમાં ફરી—ફરીને આવા માણસો આવે છે ને ફરીફરીને પ્રજા પોતાની અસલ રીતમાં સરી પડે છે. હું શ્રદ્ધાળુ માણસ હોઉં તો એમ કહું કે ફરીફરીને ઈશ્વર અવતાર લે છે ને ફરી પાછી ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મનો અભ્યુદય થાય છે અને દુષ્કૃત્યો કરનારા વધી જાય છે. ટૂંકમાં મહાપુરુષોનું કર્યુંકારવ્યું ધૂળમાં મળે છે. દુનિયા સુધરતી નથી.

તો વિચાર થાય છે કે આમ કેમ? આટઆટલા મહાપુરુષોની મહેનત એળે કેમ જાય છે? હું લીલાવાદમાં માનતો હોત તો તો એને પણ ઈશ્વરની લીલા ગણી એમાં એનો કોઈ ગૂઢ હેતુ હશે એવી શ્રદ્ધાથી સંતોષ માની લેત. પણ દુર્ભાગ્યે હું અશ્રદ્ધાળુ માણસ છું. એટલે એવો સંતોષ લેવાનું મારા કર્મે નથી.

આપણે આજ સુધી મહાપુરુષોના કામને ધૂળમાં મેળવવા બદલ લોકોને — એટલે ખરી રીતે તો આપણી જાત સિવાય તમામ લોકોને — દોષ આપ્યો છે. આપણે માન્યું છે કે માણસજાત જ કંઈક એવી વિચિત્ર છે (ખ્રિસ્તીઓ માને છે તેમ કદાચ પાપની પેદાશ છે) કે સંતો, તપસ્વીઓ ને અવતારી પુરુષોના હાથ હેઠા પડયા છે. આવી વાત કરવી સહેલી છે. સંતોની દયા ખાવી ને પ્રજાને શબ્દોના પથ્થરોથી પાંશરી કરવી એવું વલણ ઘણા લેખકોએ અને ખુદ પ્રજાએ પોતે પણ લીધું છે. પણ મારો પ્રશ્ન એ છે કે આમાં કયાંક એ મહાપુરુષો જ મોટી ભૂલ કરતા હોય એવું ન બને? સંતો ને અવતારીઓ લોકોને સમજ્યા જ ન હોય એમ પણ ન બન્યું હોય? લોકોને સાચે માર્ગે ચડાવવાની એમની રીતો પૂરી અસરકારક ન હતી એમ નહિ? કદાચ લોકમાનસને સમજવાનાં ને સુધારવાનાં એમનાં સાધનો પૂરતાં કામિયાબ ન હોય એવું તો નહિ હોય?

આ બાબતને શિક્ષણના પલટાતા દૃષ્ટિબિંદુ સાથે સરખાવવા જેવી છે. બાળકને સમજણ વિનાના પશુ જેવા માની તેની સાથે વ્યવહાર કરવાની શિક્ષણપદ્ધતિ પણ એક સમયે હતી. 'આ બાર બાપની વેજા'ને માટે ગમે તેટલી મહેનત કરો તોયે એ સીધી થાય જ નહિ એવું પણ વલણ જોવા મળતું—કદાચ આજેયે મળે. સીધા બેસવું, શાંત રહેવું, જૂઠું ન બોલવું, મોટાંનું કહ્યું માનવું—એવા એવા ઉપદેશનો તો તોટો જ નહોતો. છતાં શિક્ષક-શિષ્ય વચ્ચે કાયમનો પ્રાકૃતિક વિરોધ ચાલ્યા કરતો. પણ પછી આ દૃષ્ટિબિંદુ બદલાયું. મોટાંના જ દૃષ્ટિબિંદુથી આ પ્રશ્ન જોવાને બદલે બાળકના દૃષ્ટિબિંદુથી કેમ ન જોવાય એવો સવાલ ઊઠયો. દાખલા તરીકે એ. એસ. નીલે 'પ્રૉબ્લેમ ચાઈલ્ડ' નામનું પુસ્તક લખ્યા પછી એમને થયું કે બાળક જ સમસ્યારૂપ છે કે પછી શિક્ષક અને માબાપ પણ સમસ્યારૂપ છે ખરાં? આથી એમણે એ બન્ને વિશે પુસ્તકો લખ્યાં 'પ્રૉબ્લેમ ટીચર' અને 'પ્રૉબ્લેમ પૅરન્ટ.' આજે બાળક અમુક રીતે કેમ વર્તે છે એ જાણવા માટે આપણે માનસશાસ્ત્રની 'બાળ-માનસશાસ્ત્ર' નામની એક શાખા વિકસાવી છે. આખીયે વાતને હવે સામા છેડાથી, બાળકના છેડાથી, વિચારવાનું આપણે સ્વીકાર્યું છે.

એટલે જ્યારે આટઆટલા સંતમહંતોના પ્રયત્નો છતાં દુનિયા સુધરી નહિ એવો આક્ષેપ દુનિયા પર થાય છે ત્યારે મને વિચાર આવે છે કે એ સંતોએ દુનિયાને સમજવામાં ભૂલથાપ ખાધી હોય એવું તો નહિ હોય? દુનિયાને સંતોને છેડેથી તો કાયમ જોવામાં આવી છે, પણ હવે સામે છેડેથી પણ આ વાત વિચારવા જેવી નથી લાગતી? એમ કેમ બન્યું કે કૃષ્ણ જેવા કૃષ્ણ પોતાના યાદવોને જ સમજ્યા નહિ? અથવા સમજ્યા હોય તો તેમને સુધારીને યાદવાસ્થળી અટકાવી શકયા નહિ? એ જ કૃષ્ણ, અવતારી મનાયેલા પુરુષ, મહાભારત કેમ અટકાવી શકયા નહિ? બુદ્ધ, મહાવીર અને ગાંધીના આટલા પ્રયત્નો છતાં આ દેશની પ્રજા કેમ અહિંસક ન થઈ? આ વાતને નેતૃત્વના દૃષ્ટિબિંદુથી ન જોવાય? નેતાઓ તરીકે આ મહાપુરુષોએ પ્રજા પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી? શિક્ષક નાના બાળક પાસેથી વધુ પડતી આવડતની આશા રાખી બેસે ને પછી સફળ ન થતાં કપાળ કૂટે એવું બન્યું હશે? સામે છેડેથી વિચારવાના એક મુદ્દા તરીકે જ આ વાત મૂકી છે.

યશવંત દોશી

## જી. આઈ. આઈ. સી. ના અધ્યક્ષપદે શ્રી ચીમનલાલ ચકુભાઈની નિમણૂક

ગુજરાત ઔદ્યોગિક રોકાણ કૉર્પોરેશનના અધ્યક્ષપદે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની ગુજરાત સરકારે નિમણૂક કરી છે.

ગુજરાત ઔદ્યોગિક રોકાણ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે આ પહેલાં સેન્ટ્રલ બૅંકના માજી કસ્ટોડિયન શ્રી વિઠ્ઠલભાઈ સી. પટેલ હતા. પણ તેઓ ગઈ તા. ૨૯ મી સપ્ટેમ્બરના રોજ નિવૃત્ત થયા હતા અને ત્યારથી આ જગા ખાલી પડી હતી. આ અગાઉ શ્રી મનુભાઈ શાહ કૉર્પોરેશનના અધ્યક્ષપદે હતા.

આ કૉર્પોરેશન રાજ્યમાં ઔદ્યોગિક મૂડીરોકાણને ઉત્તેજન આપવા માટે સ્થપાયેલું છે અને ટેક્નિશિયનોને સહાય આપવાની તેની યોજના ખૂબ જ લોકપ્રિય બની ચૂકી છે. ટૂંક સમયમાં જ આ કૉર્પોરેશન પેટ્રોકેમિકલ્સની કેટલીક મહત્ત્વની યોજનાઓ હાથ ધરનાર છે. અત્યાર સુધીમાં જુદી જુદી યોજનાઓ માટે તેને ચાર ઈરાદાપત્રો મળી ચૂકયા છે.

## અંતરનાં અભિનંદન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની ગુજરાત સરકારે ગુજરાત ઔદ્યોગિક રોકાણ કૉર્પોરેશનના અધ્યક્ષપદે નિમણૂક કરી એ માટે અમે અમારો અંતરનો આનંદ વ્યકત કરીએ છીએ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કારોબારી વતી, સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો વતી તેમને અંતરનાં અભિનંદન આપીએ છીએ. આવા મહત્ત્વના સ્થાન માટે ગુજરાત સરકારે બહુ જ કુશળ અને સુયોગ્ય વ્યકિત પસંદ કરી છે એ માટે ગુજરાત સરકારને પણ અમારા ધન્યવાદ.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

# વિપશ્યના સાધના

(ગતાંકથી ચાલુ)

આ સાધનાનો ત્રીજો સ્તંભ છે "બ્રહ્મવિહારભાવના." આ ભાવનાના ચાર અંગો છે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા. જે વખતે વિપશ્યના ભાવનાથી આખા શરીરનાં અંગેઅંગ અને આણુઆણુમાંથી આપણી જાગૃત થયેલી પ્રજ્ઞા ચેતનાને પસાર કરે છે, તે વખતે તે તે સઘળા ભાગો અને આણુઓ પર પ્રીતિ રાખીને તેમ કરવું. અન્યથા એ ક્રિયા યાંત્રિક બની જશે. અંગ-અંગમાં પ્રજ્ઞા જાગી ઊઠે. આણુઆણુ જાગૃત, સચેત, નિર્મલ, વિશુદ્ધ અને દુઃખરહિત બને. આ ભાવનાથી શરીરના ખૂણેખૂણામાં સ્વચ્છતા થાય છે. રોગાદિ તકલીફોનું નિવારણ થાય છે અને ભીતરના ભાગો પર પ્રીતિ કરવાથી આખા બ્રહ્માંડમાં જે કાંઈ છે તે બધા પર પ્રીતિ થશે. મન પ્રેમથી ભરાઈ જશે. સર્વત્ર પ્રેમ સિવાય બીજું કંઈ જણાશે નહીં. પ્રેમ પ્રેમ અને પ્રેમ જ બધે ભાસશે. જડ અને ચૈતન્ય સર્વમાં પ્રેમ જાગશે. આપણા શરીરમાંથી પ્રેમનાં ઝરણાંઓ પ્રસ્ફૂટિત થશે અને તે આપણા ઘરમાં, બાળકોમાં, મિત્રોમાં, પડોશમાં, શહેરમાં, દેશમાં અને આખરે વિશ્વમાં ફેલાશે. પ્રેમ પહેલાં ભીતરમાં જાગવો જોઈશે, પછી જ એનો વિસ્તાર શકય બને છે. અને પછી તો જે બ્રહ્મ આપણામાં સ્થિત છે, તે જ બ્રહ્મ સર્વત્ર છે તેની આ પ્રેમભાવના દ્વારા બ્રહ્મવિહાર કરવાથી પ્રતીતિ થશે. બધી જ જગ્યાએ કેવળ બ્રહ્મ સિવાય બીજું કશું જ અનુભવાશે નહીં અને તે વખતે અનિવાર્યપણે મનમાંથી આ ભાવના પ્રવાહિત થશે કે:

"યે ચ બુધ્ધા અતીતા ચ, યે ચ બુધ્ધા અનાગતા
પચ્ચુપ્પન્ના ચ યે બુધ્ધા, અહં વન્દામિ સબ્બદા" ।।

અર્થાત્ : ભૂતકાળમાં જેટલા પ્રબુદ્ધો થઈ ગયા છે અને ભવિષ્યમાં જેટલા થવાના છે, અને વર્તમાનકાળમાં જેટલા પ્રબુદ્ધો ઉપસ્થિત છે તે સૌની હું નિરંતર વંદના કરું છું.

આ સ્થિતિમાં નીચેનો શ્લોક કેટલો સરસ રીતે બેસે છે:

'અનેક જાતિ સંસારં સન્ધાવિસ્સં અવિઞ્ઞતં
ગહકારં ગવેસન્તો દુકરવા જાતિ પુનપ્પુત
ગહકારક દિઠ્ઠોસિ, પુન ગેહં ન કાહસિ
સબ્બા તે ફાસુકા ભગ્ગા, હગ કૂટં વિસંખતં
વિસંખારગતં ચિત્તં, તણ્હાનં ખયમજ્ઝગા" ।।

"આ કાયારૂપી ઘર કોણે બનાવ્યું તેની શોધ કરતો કરતો અનેક જન્મો સુધી સતત સંસારમાં દોડતો રહ્યો અને પુનઃ પુનઃ દુઃખમય જન્મો ધારણ કરતો રહ્યો. હે ગૃહકારક, હવે મેં તને જોઈ લીધો છે, હવે તું વારંવાર ઘર નહીં બનાવી શકે, ઘર બનાવવા માટેની કડીઓ મેં હવે તોડી નાખી છે, ઘરનું શિખર પણ નષ્ટપ્રાય થઈ ગયું છે, અને આ સંસારરહિત ચિત્તમાંથી તૃષ્ણાનો સમૂલ નાશ થઈ ગયો છે."

સાધનાનો ચતુર્થ સ્તંભ છે "ક્ષણમાં જીવવું." સાધનારૂપી ધર્મગંગામાં આનંદથી નહાતાં નહાતાં ધર્મપ્રજ્ઞાને જાગૃત રાખીને વર્તમાન ક્ષણોમાં જીવવાનું બને છે. જે પ્રત્યુત્પન્ન ક્ષણ છે, જે હમણાં જ ઉત્પન્ન થઈ છે તે જ આપણને કામની ક્ષણ છે. જે ક્ષણ વીતી ગઈ છે તેને યાદ કરી શકાય, પરંતુ તેમાં જીવી ન શકાય અને જે ક્ષણ હજુ આવી નથી તેની કલ્પના કરી શકાય પણ તેમાં પણ જીવી ન શકાય. આપણે જીવવા માટે તો માત્ર આ જ ક્ષણ જે હમણાં જ ઉત્પન્ન થઈ છે અને આપણા હાથમાં જ છે તે જ કામની છે. જો આપણે વર્તમાન ક્ષણમાં જીવીએ છીએ તો જ સાચા અર્થમાં જીવીએ છીએ, બાકી તો જીવવાનો ભ્રમ રહે છે. વર્તમાન ક્ષણ જ યથાર્થ છે, અને યથાર્થમાં જીવવું તે જ સાચું જીવવું ગણાય.

"પ્રત્યેક વર્તમાન ક્ષણ ઝડપથી ભૂતકાળમાં ભાગતી રહે છે, એ જ ઝડપથી પાછળથી આવતી બીજી ક્ષણ તેનું સ્થાન લેતી હોય છે. ભાવિ ક્ષણ વર્તમાનમાં ધસમસતી આવે છે અને વર્તમાન ક્ષણ વિલીન થતાંની સાથે જ નવી ક્ષણ તેનું સ્થાન લઈ લે છે. આ પ્રકારે વર્તમાન ક્ષણના સતત અસ્તિત્વનો ક્રમ ચાલતો રહે છે, જે દ્રુત ગતિથી વર્તમાન ક્ષણનો ઉદય થાય છે એ જ દ્રુત ગતિથી તેનો લય પણ થાય છે. ઉદય અને લયની વચ્ચે કોઈ અવકાશ નથી. આ જ પ્રમાણે જે દ્રુત ગતિથી વર્તમાન ક્ષણનો લય થાય છે એ જ ગતિથી એની સાથે જોડાયેલી નવી ક્ષણનો ઉદય થાય છે. તે બેઉ વચ્ચે પણ અંતરાલ નથી રહેતો. આગલી ક્ષણોની સાથે જોડાણ હોવાને લઈને ક્ષણના અસ્તિત્વનો ક્રમ અનંત બની જાય છે. એટલે જ એમ કહી શકાય કે જો આ અલ્પજીવી લઘુતમ ક્ષણમાં જીવવાનું આવડી જાય તો અનંતમાં—અક્ષયમાં જીવવાનું પણ આવડી જાય."

"પ્રત્યેક સંસ્કાર આપણા ભૂતકાળની ઉપજ છે, ભૂતકાળની સ્મૃતિ છે, ભૂતકાળની કડી છે; અને વર્તમાનને ભૂતકાળ સાથે જોડવાનું કામ કરે છે. વર્તમાન ક્ષણ ઉત્પન્ન થતાં જ તેને ભૂત-કાળના સંસ્કારો દ્વારા દબાવી દેવામાં આવે છે. બિચારી વર્તમાન ક્ષણ! લુપ્ત થાય છે. એના પર પૂર્વસંસ્કારોનો ઘટાટોપ છવાઈ જાય છે. એ જ પ્રમાણે પ્રત્યેક તૃષ્ણા—તમન્ના જે વર્તમાનમાં નથી તેને પ્રાપ્ત કરવા માટે ભવિષ્ય તરફ આશાભરી મીટ માંડી રાખવામાં આવે છે અને તેને કારણે વર્તમાન ક્ષણ ઉત્પન્ન થતાં જ આપણી તૃષ્ણાઓ તરત તેને ભવિષ્ય સાથે જોડી દે છે. બિચારી વર્તમાન ક્ષણ! અહીં પણ એને લુપ્ત થઈ જવું પડે છે. એના પર ભવિષ્યની તૃષ્ણાઓનું ગાઢ ધુમ્મસ આચ્છાદિત થઈ જાય છે. જ્યાં સુધી સંસ્કારો અને તૃષ્ણાઓ છે ત્યાં સુધી ભૂત અને ભવિષ્યથી છૂટકારો નથી. ભૂત અને ભવિષ્યથી મુકત થવા માટે સંસ્કારો અને તૃષ્ણાઓથી મુકત થવાનું છે. એ જ વિશુદ્ધ વર્તમાનનું જીવન છે, એ જ નિર્વાણ અને મુકત અવસ્થા છે અને એને વિપશ્યના દ્વારા પ્રાપ્ત કરી શકાય છે."

આ કલ્યાણકારી અવસ્થાને આ જ જીવનમાં પ્રાપ્ત કરી શકાય છે. એમાં જ આપણું હિત છે, સુખ છે, તેમાં જ આપણું કલ્યાણમંગળ છે. આને જ પ્રજ્ઞાપારમિતા અથવા ઋતંભરા પ્રજ્ઞા પ્રાગટય કહી શકાય.

આવી પૂર્ણ અવસ્થા પામેલી વ્યકિતના મુખમાં નીચેની ગાથાઓ શોભે છે:

સુસુખં વત જીવામ વેરિનસુ અવેરિનો
વેરિનેસુ મનુસ્સેસુ વિહરામ અવેરિનો ।।।
સુસુખંવતજીવામ આતુરેસુ અનાતુરા
આતુરેસુ મનુસ્સેસુ વિહરામ અનાતુરા ।।
સુસુખં વત જીવામ ઉસ્સુકેસુ અનુસ્સુકા
ઉસ્સુકેસુ મનુસ્સેસુ વિહરામ અનુસ્સુકા ।।
સુસુખં વત જીવામ યેસંના નત્થિ કિંચનં
પીતિ ભકરવા ભવિસ્સામ દેવા આભસ્સરા યથા ।।

અર્થાત્ "વૈરીઓમાં અવેરી થઈને અમે સુખેથી જીવીએ છીએ. વૈરી મનુષ્યોમાં અમે અવૈરપૂર્વક વર્તીએ છીએ. આતુરોમાં અનાતુર થઈને અમે સુખેથી જીવીએ છીએ, આતુર મનુષ્યોમાં અમે અનાતુરતાથી વર્તીએ છીએ. ઉત્સુકોમાં અમે અનુત્સુક થઈને સુખેથી જીવીએ છીએ, ઉત્સુક મનુષ્યોમાં અમે અનુત્સુકતાથી વર્તીએ છીએ. જે અમને કંઈ જ નથી (નામરૂપાત્મક પદાર્થોની આસકિત નથી) એવા અમે સુખેથી જીવીએ છીએ, આભસ્વર દેવોની માફક અમે પ્રેમરૂપી અન્ન ગ્રહણ કરીએ છીએ."

"ભવતુ સબ્બ મંગલમ્"

(સંપૂર્ણ)

—પૂર્ણિમા પકવાસા

# માર્ગ કયાં છે?

એક ઝેન કથા છે:

સાધુએ કયોજેનને પૂછ્યું: 'કયો રસ્તો છે?'

કયોજેને ઉત્તર આપ્યો: 'મૃત વૃક્ષમાં ગાતો ડ્રેગન.'

સાધુએ પૂછ્યું: 'આ રસ્તા પર કોણ ચાલે છે?'

કયોજેન: 'ખોપરીમાં તાકી રહેલી આંખો.'

બાદમાં સાધુ સેકિસો પાસે આવ્યો અને પૂછ્યું: 'મૃત વૃક્ષમાં ગાતા ડ્રેગનનો શો અર્થ?'

સેકિસોએ કહ્યું: 'હજી ત્યાં પ્રસન્નતાની લાગણી છે.'

સાધુ: 'અને ખોપરીમાં તાકી રહેલી આંખ એટલે શું?'

સેકિસો: 'હજી ત્યાં ચેતના વસી છે.'

સાધુએ ફરી વાર સોઝન પાસે આવી એનો એ પ્રશ્ન પૂછ્યો: 'મૃત વૃક્ષમાં ગાતો ડ્રેગન, એનો શો અર્થ?'

સોઝન: 'નાડીતંત્ર હજી બંધ નથી પડ્યું.'

સાધુ: 'ખોપરીમાં તાકી રહેલી આંખનો શો અર્થ?'

સોઝન: 'પૂર્ણપણે સુકાયું નથી.'

સાધુ: 'કોણ એ (ગીત) સાંભળે છે?'

સોઝન: 'આખા બ્રહ્માંડમાં એના પડઘા પડે છે અને એને ન સાંભળતો હોય એવો કોઈ જ નથી.'

સાધુ: 'ડ્રેગન કયું ગીત ગાય છે?'

સોઝન: 'એ અપરિચિત ગીત છે—પણ જે એ સાંભળે છે એ ખોવાઈ જાય છે.'

સુઝુકી અને અન્ય ઝેન ચિંતકોએ આ નાનકડી કથાના ભાષ્યમાં મોટા ગ્રંથો લખ્યા છે, પણ આ નાનકડી કથાને આપણે આપણી રીતે સમજવા પ્રયત્ન કરીએ, તો લાગશે કે તમામ ધર્મો જે પરમાત્માનો માર્ગ ચીંધે છે, એની જ વાત અહીં કરવામાં આવી છે.

કયો રસ્તો છે?—આ પ્રશ્ન દરેક યુગમાં દરેક ચિંતકો પૂછતા રહ્યા છે. પ્રભુને પામવાનો પંથ કયો તેનો ઉત્તર કોઈ કઈ રીતે આપી શકે? કચ્છના એક સંતે કહ્યું હતું: 'મને તો એમ કે એક-માત્ર જગ્યાએથી સામે કિનારે જઈ શકાય છે—પણ સામે કિનારે જઈ શકાય એવાં સ્થળો તો 'લખ-હજાર' છે. જેને જ્યાંથી ઠીક પડે ત્યાંથી એ સામે કિનારે પહોંચી જાય છે.'

એટલે જ જ્યારે દર્શનિક કોટીનો પુરુષ કયો રસ્તો છે તેનો ઉત્તર આપે ત્યારે બધા જ ધર્મો અને સંપ્રદાયો એ જ રસ્તા પર લઈ જતા હોવા છતાં કોઈ એકના પર એ આંગળી મૂકતો નથી, એ મૂળ રસ્તાની જ વાત કરે છે.

અહીં દાર્શનિક સ્તર પરથી અપાયેલો ઉત્તર છે: 'મૃત વૃક્ષમાં ગાતો ડ્રેગન.'

ડ્રેગન એટલે આમ તો મોટો સાપ-પણ પુરાણની દંતકથાઓ તેને પાંખો, એકથી વધુ મસ્તકો, ત્રીણા પંજાઓ વગેરે આપે છે: તે ગાજવીજ અને તોફાન સાથે સંકળાયેલું રાક્ષસી પશિબળ છે, પણ અહીં એને મૃત વૃક્ષમાં ગાતું બતાવ્યું છે. પ્રકાશનું સૌથી વધુ સઘન રૂપ અંધકાર છે. કોલાહલનું સૌથી વધુ સુંગ્રથિત રૂપ શાંતિ છે. જીવનનું સૌથી વધારે જીવંત સમર્થન મૃત્યુમાં રહ્યું છે. અઢીસો વરસ પહેલાના એક જાપાની દાર્શનિકે કહ્યું હતું:

જીવતા હો
ત્યારે મૃત બની રહો,
સંપૂર્ણપણે મૃત બનો—
યથેચ્છ વર્તો
અને બધું ઠીક થઈ જશે.

જીવનની પરમ અવસ્થા એક અંતિમેથી ગતિ છે તો બીજા અંતિમેથી અગતિ છે, અને ઝેન ચિંતકે જ્યારે મૃત વૃક્ષમાં ગાતો ડ્રેગન મૂક્યો છે, ત્યારે એ આ અગતિને જીવનની પરમ અવસ્થા તરીકે ક્લ્પે છે.

એનાં બે અર્થઘટનો કથામાં જ આવે છે; એક તો પેલી પ્રસન્નતાની લાગણીની વાત, અને બીજું નાડીતંત્ર હજી ચાલુ રહ્યું છે. મૃત વૃક્ષ અને ગાતો ડ્રેગન. મૃત્યુની અગતિની પાર રહેલી ગતિની વાત અહીં ઘટાવી શકાય.

અને ડ્રેગન દ્વારા ગવાતું ગીત: એ કયા ગીતની વાત છે એ સમજવા માટે બહુ દૂર જવું પડે એમ નથી; આખા બ્રહ્માંડમાં જેના પડઘા પડે છે અને સૌ કોઈને એ શ્રુતિગમ્ય છે, એ ન સાંભળતો હોય એવો કોઈ જ નથી, છતાં સાંભળતા હોય, ધ્યાન આપીને સાંભળતા હોય એવા ઓછા છે—અને એકવાર જે એ સાંભળે એ એમાં તલ્લીન થઈ જતો હોય છે, ખોવાઈ જતો હોય છે.

એ ગીત સાંભળતું ન હોય એવું કોઈ નથી, છતાં સાંભળે એ ખોવાઈ જાય છે એમાં દેખીતી રીતે વિરોધાભાસ છે, પણ સહેજ વિચાર કરીએ, તો આ વિરોધાભાસ વધુ ટકતો નથી. ઈશ્વર સર્વત્ર છે, છતાં એનામાં ખોવાઈ જનારા કેટલા? એ રીતે બ્રહ્માંડનું ગીત ક્યારેય અટકતું નથી, પણ તેમાં મન પરોવનારા ભાગ્યે જ મળે છે. અને એકવાર જેના કાનમાં એ પોકાર અથડાઈ જાય અને હૃદયમાં ઊતરી આવે એ પછી સંસારની સુધબુધ ગુમાવી બેસે છે. આ બોધકથામાં પેલી ખોપરીની વાત પણ છે—ખોપરી-માંથી તાકી રહેલી આંખ દ્વારા ઝેન વિચારકને શું કહેવું છે?

આપણા બધા વિચારો શબ્દોથી, પરંપરાથી ખરડાયેલા હોય છે. વિચારનું શુદ્ધ રૂપ ભાગ્યે જ આપણી પાસે હોય છે. વિચાર પોતે જ મનની શાંતિની એક વિકૃતિ છે એમ માનનારા મહાપુરુષો પણ આપણી વચ્ચે થઈ ગયા છે. શ્રી અરવિંદ પંખી વિનાના આકાશની જેવું વિચાર વિનાનું ચિદાકાશ રચવા સાધકને કહે છે; શ્રી કૃષ્ણમૂર્તિ વિચારને બાંધી દેનારું તત્ત્વ માને છે. ઝેન વિચારક તો એ બધાથી આગળ જાય છે અને કહે છે કે ખોપરીના શૂન્ય-ત્વને સાધો પછી જ તમને સાચી દૃષ્ટિ સાંપડે છે. દૃષ્ટિ એ જ આ મસ્તિષ્કનો જીવતો ભાગ છે - બાકીનું બધું જ નિર્જીવ બની જાય એની ચિંતા આ સાધકને નથી, એટલું જ નહીં, એ બધું નિર્જીવ બની જવું જોઈએ એમ તેઓ ઈચ્છે છે.

તુંબડું જ્યારે લીલું હોય ત્યારે એ એક દિવસનો ખોરાક બની જાય છે પણ એ સૂકું બને છે ત્યારે એમાંથી ચિરકાળ સુધી સંગીતની લ્હાણ આપી શકે એવું વાદ્યિત્ર બનાવી શકાય છે.

ખોપરીમાંથી તાકી રહેલી આંખો; મૃત તરુવરમાંનું સંગીત; —આ બધું એ જ વાત કહે છે કે જીવન જ્યારે સુકાઈ જાય છે, ત્યારે જ તેનો સાચો રસ પ્રગટતો હોય છે. જીવનને ચિયાર-શૂન્યતામાંથી નીપજતી સમૃદ્ધિ તરફ દોરી જતો નકશો કન્ફ્યુશ્યસે આંકી આપ્યો છે. એ કહે છે: 'પંદર વરસની વયે માણસ અભ્યાસ કરવો શરૂ કરે છે; ત્રીસમે વરસે પોતે પોતાનું માપ મેળવે છે; ચાલીસ વરસની વયે એનો ગૂંચવાડો નીકળી જાય છે; પચાસમે વર્ષે એને આધ્યાત્મિક માર્ગની ઝાંખી થાય છે. સાઠ વરસની વયે એના કાનો જે કંઈ કહેવાય એ સાંભળવા તત્પર હોય છે; સિત્તેરમે વરસે એ યથેચ્છ રીતે વર્તી શકે છે...'

આ યથેચ્છ રીતે વર્તવાની વાત 'મન મસ્ત હુઆ તબ ક્યોં બોલે' ની યાદ અપાવે છે—ત્યાં પેલા તુંબડામાંનું દેખીનું જીવન મરી જાય છે—અને એમાંથી પેલું સંગીતનું શાશ્વત જીવન શરૂ થાય છે.

—હરીન્દ્ર દવે

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૮૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પ્રિન્ટિંગ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વ. ૩૩ : અંક ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ નવેમ્બર ૧૬, ૧૯૭૧ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ ગાંધીને આપણે વેચી ખાધા છે ? ☆

આ શીર્ષકથી ભાઈ યશવંત દોશીની ચિંતનકણિકા 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧૧-૧૯૭૧ના અંકમાં પ્રકટ થઈ છે. મહાપુરુષોનું કર્યું-કારવ્યું ધૂળમાં મળે છે અને દુનિયા સુધરતી નથી તેનો દોષ લોકો પર નખાય છે તે બાબતનો સામે છેડેથી (લોકોની દૃષ્ટિથી) વિચાર કરવા ભાઈ યશવંત દોશીનું સૂચન છે. તેમનો એ પ્રશ્ન છે કે "આમાં કયાંક મહાપુરુષો જ મોટી ભૂલ કરતા હોય એવું ન બને? સંતો ને અવતારીઓ લોકોને સમજ્યા જ ન હોય એમ પણ ન બન્યું હોય? લોકોને સાચે માર્ગે ચડાવવાની એમની રીતો પૂરી અસરકારક ન હતી એમ નહિ? કદાચ લોકમાનસને સમજાવવાનાં અને સુધારવાનાં એમનાં સાધનો પૂરતાં કામિયાબ ન હોય એવું તો નહિ હોય?" આવો પ્રશ્ન કર્યા પછી ભાઈ યશવંત દોશી પોતાનો અભિપ્રાય જણાવે છે કે "આ મહાપુરુષોએ પ્રજા પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી." બુદ્ધ, મહાવીર અને ગાંધીના પ્રયત્નો છતાં આ દેશની પ્રજા અહિંસક ન થઈ તેનું કારણ, ભાઈ યશવંત દોશીના મત મુજબ, આ મહાપુરુષોએ લોકમાનસને સમજવામાં ભૂલ કરી. ભાઈ યશવંત દોશીને લાગે છે કે ઘણા લેખકોએ સંતોની દયા ખાધી છે અને પ્રજાને શબ્દોના પથ્થરોથી પાંસરી કરવી એવું વલણ લીધું છે. તેઓ પોતે સંતોએ કરેલી મોટી ભૂલ તરફ આપણું ધ્યાન દોરવા ઈચ્છે છે.

ભાઈ યશવંત દોશીના ચિન્તનમાં રહેલ વિચારદોષ, તેમનાં વિધાનોમાં રહેલ અર્ધસત્યનું પરિણામ છે એમ હું નમ્રપણે સૂચવું છું.

અવતારવાદને બાદ કરીએ તો, કોઈ મહાપુરુષ જન્મથી મહાપુરુષ ન હતા. એ ખરું કે કેટલાકમાં ગુણવિકાસ વહેલો થયો હોય ત્યારે કેટલાકની જીવનસાધના દીર્ઘ અને કઠોર હતી. ગાંધી, મહાત્મા જન્મ્યા ન હતા. પોતાની હિમાલય જેવડી ભૂલો તેમણે જાહેર રીતે સ્વીકારી છે. આ બધા મહાપુરુષોને પોતાની નિર્બળતાઓનું તીવ્રપણે ભાન હતું. તુલસીદાસે કહ્યું, मो सम कौन कुटिल खल कामी, શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું "અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હું." સોક્રેટિસે કહ્યું કે "હું અજ્ઞાની છું પણ એટલા પૂરતો જ્ઞાની છું કે મારી અજ્ઞાનતાનું મને બરાબર ભાન છે, જે કહેવાતા જ્ઞાનીઓમાં નથી." ટોલ્સ્ટોયનું જીવનપરિવર્તન થયું, પછી તેમની જીવનસાધના અને તુમુલ અંતર્યુદ્ધ, પોતાના આદર્શ અને આચરણ વચ્ચેના અંતરથી થતી હૃદય વલોવતી મનોવ્યથા, અમર સાહિત્યમાં તેમણે પોતે જ રજૂ કરી છે. આમાં કયાંય દંભ ન હતો, ખોટી નમ્રતા ન હતી. આ મહાપુરુષો લોકમાનસને સમજ્યા ન હતા એમ કહેવું યથાર્થ નથી. મનુષ્યની નિર્બળતાઓ તેઓ બરાબર સમજતા હતા. પોતે અનુભવી હતી.

બીજું એમ કહેવું કે મહાપુરુષોનું કર્યુંકારવ્યું ધૂળમાં મળે છે અને દુનિયા સુધરતી નથી તે પણ અર્ધસત્ય છે. મહાપુરુષોનો ઉપદેશ નિષ્ફળ જતો નથી. સારનાથમાં બુદ્ધે ધર્મચક્રપ્રવર્તન કર્યું, તે આજે હજારો વર્ષોથી સમસ્ત એશિયામાં અને જગતમાં કરોડો માનવીઓ હૃદયથી સ્વીકારે છે, ચીંતવે છે અને તેનું આચરણ કરવામાં જીવનની ધન્યતા અનુભવે છે. ક્રાઈસ્ટે માત્ર ત્રણ વર્ષ, પેલેસ્ટાઈનના એક નાના વિભાગમાં પ્રેમનો સંદેશ આપ્યો. ત્યાર પછી એક-બે સૈકા તેની બહુ ઓછી અસર જણાઈ. આજે દુનિયાના કરોડો માનવીઓ તેના ઉપદેશને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે છે. તે જ પ્રમાણે મહાવીર, કૃષ્ણ કે અન્ય સંતપુરુષોનું. એ ખરું છે કે દુનિયામાં અસત્ય છે, હિંસા છે, લોભ છે. પણ જગત નભે છે સત્ય, અહિંસા અને ત્યાગ ઉપર. માનવીજીવનની ચિરકાળ ઝંખના રહી છે કે અસત્યમાંથી સત્યમાં જવું, મૃત્યુમાંથી અમૃત પ્રાપ્ત કરવું, તમસમાંથી જ્યોતિમાં પહોંચવું. ભાગ્યે જ કોઈ દુર્ભાગી માનવી એવો હશે કે જેને કાંઈક શુદ્ધ જીવન જીવવાની ભાવના ન હોય. ગાંધી કે મહાવીરે અહિંસાધર્મ બતાવ્યો ત્યારે તેઓ એમ માનતા ન હતા કે આ જગતનો દરેક માનવી મન, વચન અને કાયાથી, સંપૂર્ણપણે અહિંસક થઈ જશે. અને છતાં હિંસાને રોકવામાં અને માનવીહૃદયમાં અહિંસા જાગ્રત કરવામાં તેમનો મોટો ફાળો છે. છેવટે તો મહાપુરુષો પણ નિમિત્ત છે. વ્યક્તિએ પોતે જ પુરુષાર્થ કરવાનો છે.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી હતા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રને તેમણે એક પ્રશ્ન પૂછયો હતો કે આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?

આ સમયે ગાંધીજી બાઈબલની અસર નીચે હતા અને તેમાં આ દુનિયા ઉપર ઈશ્વરનું રાજ્ય (Kingdom of God) અવતરશે એ માન્યતાના સંદર્ભમાં આ પ્રશ્ન તેમણે પૂછયો હતો. શ્રીમદે માર્મિક જવાબ આપ્યો હતો. હું આ જવાબ મારી યાદદાસ્તથી લખું છું. તેમણે કહ્યું હતું કે આ જગતમાં સત્, અસત્, હિંસા-અહિંસા, રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વ સનાતન છે. દુનિયામાં અસત્ય, હિંસા વગેરેનો સર્વથા અભાવ થાય તેવું કલ્પી શકાતું નથી. પણ વ્યકિત માટે તો નીતિમય આચરણ એ જ ધર્મ છે. રાગદ્વેષ એટલે જ સંસાર અને સંસાર અનાદિ અનંત છે.

ભાઈ યશવંત દોશી કહે છે કે તેઓ શ્રદ્ધાળુ માણસ હોત તો એમ કહેત કે ફરી ફરીને ઈશ્વર અવતાર લે છે ને ફરી પાછી ધર્મની ગ્લાનિ થાય છે. તેઓ શ્રદ્ધાળુ ન હોય તો પણ આ કથનમાં ઐતિહાસિક સત્ય છે. મહાપુરુષો ફરી ફરી માનવીને સાચો રાહ બતાવે છે. માનવી ભૂલી જાય છે. ફરી સાચા માર્ગે જવા પ્રયત્નશીલ થાય છે. ગાંધીએ બતાવેલ માર્ગ માર્ટિન લ્યુથર કિંગ આચરશે, ચેકોસ્લોવેક પ્રજા આચરશે, ભવિષ્યમાં જગત આચરશે. તે કદી નિષ્ફળ જતો નથી. આ જગતનાં ગૂઢ રહસ્યો માનવબુદ્ધિ પૂર્ણપણે પામી શકતી નથી. ત્યાં સાચી શ્રદ્ધાને સ્થાન છે, જે માનવીનું મોટામાં મોટું બળ છે. માણસની માનવતામાં શ્રદ્ધા ગુમાવી બેસીશું તો જીવન જીવવા જેવું નહિ રહે. ભાઈ યશવંત દોશી કહે છે તેઓ અશ્રદ્ધાળુ માણસ છે તેથી આટઆટલા મહાપુરુષોની મહેનત એળે જાય છે તેને ઈશ્વરની લીલા ગણી તેઓ સંતોષ લઈ શકતા નથી. ઈશ્વરની લીલા ભકતની ભાષા છે, જેમાં એ શ્રદ્ધા છે કે આ જગતમાં મંગળમય શકિત સર્વોપરી છે. इशावास्य मिदम् सर्वम्, यत्किंच-जगत्यां जगत् આ જગતમાં જે કાંઈ જીવન કે પદાર્થ છે તેમાં ઈશ્વરનો વાસ છે.

મહાપુરુષોએ પ્રજા પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી તેમ કહેવામાં નિરાશા છે. મનુષ્યની નિર્બળતાઓ જાણતા છતાં, આત્માની

શકિતનું તેમને બરાબર જ્ઞાન હતું. આદર્શ મોટા ભાગના માણસો માટે પૂર્ણપણે પ્રાપ્ય નથી થતો. પણ એક વ્યકિત પણ એ આદર્શને પહોંચી શકતી હોય તો, બધા માટે તે શકય છે. તેને નીચો ઉતારવાની જરૂર નથી. મહાપુરુષો આ આદર્શની સિદ્ધિના પ્રેરણાસ્થાન છે. મહાપુરુષો પ્રત્યે "સામે છેડેથી" વિચારવામાં, માણસની નિર્બળતાનો બચાવ છે.

મહાપુરુષોનો ઉપદેશ નિષ્ફળ ગયો છે કે ગાંધીને આપણે વેચી ખાધા છે તેવા કથનમાં અતિશયોકિત છે અથવા એવું મહેણું સંભળાવી, આપણને જાગ્રત કરવાની એક રીત છે. એ કથન સાચું છે એમ માની, તેના કારણરૂપે મહાપુરુષોની મોટી ભૂલ શોધી કાઢવી એમાં ગંભીર વિચારદોષ છે. મહાવીર, બુદ્ધ કે ગાંધી કરોડો મનુષ્યના હૃદયમાં સદાકાળ વસે છે.

ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## વડા પ્રધાનના વિદેશપ્રવાસની ફલશ્રુતિ

શ્રીમતી ઈન્દિરા ગાંધી ત્રણ અઠવાડિયાં યુરોપ - અમેરિકાનો પ્રવાસ કરી પાછાં આવી ગયાં છે. તેમના પ્રવાસની શી અસર થાય છે તે જાણવા પ્રજા અતિ ઉત્સુક છે. જે દેશોમાં તેઓ ગયાં ત્યાંના રાજદ્વારી નિરીક્ષકોએ આ પ્રવાસનાં પરિણામો વિષે ભાતભાતની અટકળો કરી છે. વડા પ્રધાને પોતે એકંદરે સંતોષ જાહેર કર્યો છે. યુરોપના પાંચ દેશો–બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, ઈંગ્લાંડ, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની અને અમેરિકામાં, તે દેશના વડાઓ અને બીજા આગેવાનો સાથે રૂબરૂ મંત્રણાઓ કરી. રેડિયો, ટેલિવિઝન, પત્રકારો, જાહેર વ્યાખ્યાનો મારફત આ બધા દેશોની પ્રજાઓનો સંપર્ક કર્યો. દેશના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા ઉપરાંત, ઔપચારિક સમારંભોમાં પ્રવચનો થયાં. આવાં પ્રવચનોમાં પરસ્પરની પ્રશંસા અને મિત્રાચારીના ઉદ્‌ગારો સ્વાભાવિક હોય. પણ અંગત વિચારવિનિમયમાં મુકતપણે ચર્ચા થાય. આ પ્રવાસમાં ઈન્દિરા ગાંધી કાંઈ સહાય માગવા નહોતાં ગયાં. આપણા દેશની ગંભીર પરિસ્થિતિ વિશે પૂરો ખ્યાલ આપવા, પાકિસ્તાનના વિપરીત પ્રચારનો પ્રતિકાર કરવા, આંતરરાષ્ટ્રીય જવાબદારીનું બધા દેશોને ભાન કરાવવા અને આ સમસ્યાનો સંતોષકારક ઉકેલ નજીકમાં નહિ આવે તો ભારતે જે પગલાં ભરવાં પડશે તે માટેની જવાબદારી પાકિસ્તાનના લશ્કરી તંત્ર અને તેને સીધી અથવા આડકતરી રીતે મદદ કરતા દેશોની છે એવું સાફ સંભળાવી દેવા ગયાં હતાં. આ દષ્ટિએ વિચારીએ તો તેમનો પ્રવાસ સફળ થયો છે. યુરોપના દેશોમાં વધતાઓછા પ્રમાણમાં સહાનુભૂતિ મળી. અમેરિકાની પ્રજાનો સાથ વધ્યો. પણ નિક્સન અને તેમના સલાહકારો ઉપર બહુ અસર થઈ નથી તેમ લાગે છે. છતાં અમેરિકાએ લશ્કરી સહાય હવે પછી પાકિસ્તાનને નહિ અપાય તેટલું જાહેર કર્યું. મળતા અહેવાલો પરથી એમ લાગે છે કે વડા પ્રધાને અત્યંત દઢતાથી અને ગૌરવપૂર્વક કામ લીધું છે. સાફ વાતો કરી છે. કોઈથી દબાયાં નથી. વડા પ્રધાને જે રજૂઆત કરી તેનો સાર નીચે મુજબ છે:

૯૦ લાખ નિર્વાસિતોનો અસહ્ય આર્થિક બોજો ભારત હવે વધારે સમય સહન કરી શકે તેમ નથી. આર્થિક બોજા ઉપરાંત, આ નિર્વાસિતો ટૂંક સમયમાં પાછા ન જાય તો તેના રાજકીય અને સામાજિક પરિણામો ભારત માટે આર્થિક બોજા કરતાં પણ વધારે ભયંકર છે. અમારી ધીરજ હવે ખૂટી છે. તેથી લશ્કરો સામસામાં ગોઠવાયાં છે તે પાછાં ખેંચવાની મકકમતાપૂર્વક ના પાડી એટલું જ નહિ પણ રાષ્ટ્રસંઘના નિરીક્ષકો ભારત–પાકિસ્તાન સરહદ ઉપર નિયુકત કરવા દબાણ હતું તેનો પણ અસ્વીકાર કર્યો. વર્તમાન પરિસ્થિતિ માટે ભારત કોઈપણ રીતે જવાબદાર નથી. તેનો નિકાલ પાકિસ્તાનના લશ્કરી-તંત્રે જ લાવવાનો છે. આ પ્રશ્ન ભારત–પાકિસ્તાન વચ્ચેનો છે તેમ ગણી ભારતને તેમાં સંડોવવાના પ્રયત્નો થતા હતા અને ઈન્દિરા ગાંધી અને યાહ્યાખાને મળી તેનો ઉકેલ કરવો એ વાતને સર્વથા ઈન્કારી કાઢી અને સ્પષ્ટ કહી દીધું કે આ પ્રશ્ન પશ્ચિમ પાકિસ્તાન અને બંગલા દેશની પ્રજા અને તેના આગેવાનો વચ્ચેનો છે અને તેનો રાજકીય ઉકેલ તેમણે જ કરવાનો છે. બંગલા દેશની પ્રજા અને તેના આગેવાનોને માન્ય હોય અને બધા નિર્વાસિતો વિશ્વાસપૂર્વક સ્વદેશ પાછા જઈ શકે એવું સમાધાન ભારતને માન્ય રહેશે. ભારતના પ્રચાર કે મુકિતવાહિનીને અપાતી સહાયને કારણે આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી એવા જુઠ્ઠાણાંને ઉઘાડાં પાડયાં અને બંગલા દેશની પ્રજાનું આ સ્વાતંત્ર્ય યુદ્ધ છે અને તેમાં ભારતની સહાનુભૂતિ છે તે જાહેર કર્યું. ખૂબ સ્વમાનપૂર્વક અને આસંદિગ્ધ રીતે થયેલ આ રજૂઆતની અસર થશે એમાં શંકા નથી.

પણ એક વાત સ્પષ્ટ છે. બધા દેશોની ઈચ્છા છે કે બનતા સુધી યુદ્ધ ન થાય તો સારું. તે માટે ભારત-પાકિસ્તાન બન્ને દેશો ઉપર દબાણ ચાલુ રહેશે. આપણે આપણાં બળ ઉપર જ આધાર રાખવાનો છે. એટલે ભારત સરકાર હવે શું કરે છે તે ખૂબ ઝીણવટભરી બધાં નિહાળી રહ્યાં છે. પરિસ્થિતિ અત્યંત ગંભીર અને નાજુક છે. કાંઈક તાત્કાલિક પગલાં અનિવાર્ય છે. બંગલા દેશને સ્વીકૃતિ આપવાથી જ આ વાત પતે તેવી નથી. યુદ્ધ ગમે ત્યારે માથે આવી પડે. એવા સંજોગોમાં ચીન સાથે સંબંધો સુધારવા, છેવટ ચીન પાકિસ્તાનને દબાવે અને સહાય ન આપે તેમ કરવા વડા પ્રધાન સમજણપૂર્વક પ્રયત્નો કરી રહ્યાં છે, ચીન રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યું ત્યારે વડા પ્રધાને અભિનંદન પાઠવ્યાં. રાજદૂતો નિયુકત કરવા તૈયારી બતાવી છે. બીજી રીતે અંદરથી પણ આ પ્રયત્નો ચાલુ હશે તેમ જણાય છે. એકંદરે એમ જરૂર પ્રતીત થાય છે કે આવા અતિ વિકટ સંજોગોમાં ખૂબ કૌશલ્ય અને દઢતાથી કામ કરી રહ્યાં છે.

## ચૂંટણીપ્રતીક

અવિભકત કોંગ્રેસનું ચૂંટણીપ્રતીક–બે બળદની જોડી–શાસક કોંગ્રેસને ફાળે જાય છે તેવો સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવતાં આ વાતનો અંત આવ્યો. ઈલેકશન કમિશનરનો નિર્ણય સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યો. કમીશનરે એક જ ધોરણ ઉપર આ નિર્ણય કર્યો હતો કે બહુમતી કોને પક્ષે છે અને બહુમતી નક્કી કરવાની રીત–અવિભકત કોંગ્રેસના ધારાસભ્યો અને પાલમિન્ટના સભ્યોની બહુમતી–એ પણ સુપ્રીમ કોર્ટે માન્ય રાખી. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવે તે પહેલાં પ્રજાએ નિશ્ચિતપણે ચુકાદો આપી દીધો હતો. લોકસભાની ચૂંટણીમાં આ પ્રતીક ન હતું તો પણ શાસક કોંગ્રેસને મોટી બહુમતી મળી એટલે આ પ્રતીક મળ્યું તેની બહુ કિંમત નથી. એટલું જ કે સંસ્થા કોંગ્રેસ સાચી કોંગ્રેસ હોવાનો દાવો કરતી હતી તે હવે ટકી શકે તેમ નથી. રહીસહી સંસ્થા કોંગ્રેસને કોંગ્રેસ નામનો ઉપયોગ કરવાનો અધિકાર છે કે નહિ તે પણ હવે પ્રશ્ન છે. તેથી સંસ્થા કોંગ્રેસે એક રાજકીય પક્ષ તરીકે કદાચ બીજું નામ પણ સ્વીકારવું પડે. આ પરિણામના પ્રત્યાઘાતો તો પડશે જ. સંસ્થા કોંગ્રેસમાંથી શાસક કોંગ્રેસ તરફનો પ્રવાહ વધશે તેથી આગામી ધારાસભાની ચૂંટણીઓમાં શાસક કોંગ્રેસનો પ્રભાવ વધશે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો અવિભકત કોંગ્રેસની મિલકત અંગે કોઈ નિર્ણય કરતો નથી. મહાસમિતિ અને કેટલીય પ્રદેશ સમિતિઓની કચેરીઓ અને મિલકતો હજી સંસ્થા કોંગ્રેસને કબજે છે. સંસ્થા કોંગ્રેસના પ્રમુખ શ્રી સાદિકઅલીએ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી તુરત જાહેર કર્યું કે સંસ્થા કોંગ્રેસ આ કચેરીઓ અને મિલકતનો કબજો રાખશે. ખરી રીતે સંસ્થા કોંગ્રેસે આવો કબજો સલુકાઈથી (gracefully) સોંપી દેવો જોઈએ. પણ શાસક કોંગ્રેસમાંય ધીરજ નથી. મહાસમિતિની જંતરમંતર રોડ ઉપરની કચરીનો કબજો બળજબરીથી લીધો અને શ્રી સાદિકઅલીને ઊંચકીને બહાર મૂકયા. કોઈ પક્ષે વિવેક રહ્યો નથી. સાદિકઅલી ઉપવાસ ઊપર ઉતર્યા છે. શા માટે? કચેરી અને મિલકત પાછી મેળવવા કે શાસક કોંગ્રેસના મંત્રીઓ શંકરદયાળ શર્મા અને ચંદ્રજિત યાદવના ગેરવર્તન સામે?

## મુનિ ચિત્રભાનુ

થોડા દિવસ પૂર્વે મુંબઈમાં જોરદાર અફવા ચાલી હતી કે મુનિ ચિત્રભાનુએ અમેરિકામાં એક ગુજરાતી કન્યા સાથે લગ્ન કર્યા છે. મુનિશ્રીના નિકટના અનુયાયીઓએ તુરત શિકાગો સંપર્ક સાધ્યો અને અફવા સર્વથા બિનપાયાદાર છે તેમ જાહેર કર્યું. મુનિ ચિત્રભાનુએ પ્રથમ વિદેશપ્રવાસ કર્યો ત્યારે હું બહુ ઉત્સાહી ન હતો. તેઓ પાછા ફર્યા પછી તેમને મળ્યો હતો. તે ઉપરથી એમ સમજ્યો કે તેમણે સારું કામ કર્યું છે અને વિદેશમાં વસતા જૈનોએ તેમના આગમનને ખૂબ આવકાર્યું છે. કેટલાક દિવસ પહેલાં મોમ્બાસાના એક જૈન આગેવાન અને બીજા એક નૈરોબીના જૈન આગેવાન અને ઉદ્યોગપતિ મને મળ્યા હતા. ત્યારે ચિત્રભાનુના કાર્યની ખૂબ પ્રશંસા કરી અને જૈન–જૈનેતર વિશાળ સમુદાય ઉપર પોતાનાં પ્રવચનોથી સારો પ્રભાવ પાડયો છે તે વિષે મને જણાવ્યું. નૈરોબીના ભાઈ મને મળ્યા તે જ દિવસે ચિત્રભાનુના લગ્નની અફવા ચાલી હતી. મેં

તેમને વાત કરી. તેઓ સ્તબ્ધ થઈ ગયા અને પાંચ મિનિટ બોલી પણ ન શકયા. પછી કહ્યું કે ચિત્રભાનુએ આવું કાંઈ કર્યું હોય તો તેમની પોતાની જાતને હાનિ કરી છે તે તો ઠીક પણ જૈન ધર્મને મોટો ધક્કો લાગશે. જૈન સાધુના ત્યાગ અને ચારિત્રની વિદેશમાં જે છાપ છે તેના ઉપર ઘણા વિપરીત પ્રત્યાઘાતો પડે. જૈન સાધુ વિદેશ-પ્રવાસ કરે એટલે સાધુ સમાચારીના આહારવિહારના ઘણા નિયમો છોડવા પડે તે સ્વાભાવિક છે. તે ક્ષમ્ય લેખાય. પણ તેમના ચારિત્ર્યને લાંછન લાગે એવું થાય તો અક્ષમ્ય છે. અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ ચારિત્ર્યનો પાયો છે. કેટલાક સમયથી રોમન કેથલિક ચર્ચમાં વિવાદનો વંટોળ જાગ્યો છે કે પરિણીત પુરુષોને દીક્ષા આપવી કે નહિ. થોડા સમય પહેલાં ૫૦૦ બિશપના એક સંમેલનમાં આ બાબત ત્રણ અઠવાડિયાં સુધી ઉગ્ર ચર્ચા થઈ. છેવટ મોટી બહુમતીથી નિર્ણય કર્યો કે હજારો વર્ષની પરંપરા છે તે જ યોગ્ય છે અને અપરિણીત જીવન ( cel acy ) પાદરીના જીવનનું પાયાનું અંગ છે. આપણે સૌ આશા રાખીએ કે મુનિ ચિત્રભાનુ વિદેશમાં રહે તો પણ જૈન મુનિના ચારિત્ર્યનો આદર્શ છે તેના પાંચ મહાવ્રતો અખંડપણે પાળશે અને જૈન ધર્મનું નામ ઉજ્જવલ કરશે.

**ચીમનલાલ ચકુભાઈ**

# વિચારોની શક્તિ

આપણા એકેએક વિચારની સંસાર પર અસર છે. કારણ કે તેનાં આંદોલનો વિશ્વમાં ફરી વળે છે. તો આપણા પર કેટલી મોટી જવાબદારી છે? સાચો, શુદ્ધ, પવિત્ર અને કલ્યાણકારી વિચાર વિશ્વમાં તેવાં આંદોલનો ફેલાવે છે, અને તેવું વાતાવરણ નિર્માણ કરે છે. અને દુષ્ટ, મલિન, અશુદ્ધ, અપવિત્ર અને હિંસક વિચાર તેવાં આંદોલનો ફેલાવીને વાતાવરણને દૂષિત કરી મૂકે છે. મહા વિશ્વયુદ્ધોનાં નિર્માણ આવા દૂષિત વિચારોનાં આંદોલનો દ્વારા જ થાય છે.

એકવાર એક-બે પાગલ નેતાઓ આવા દુષ્ટ અને હિંસક વિચારોને વહેતા કરે છે, પછી તેને સાતત્ય આપનારા બીજા તેવા જ વિચારોવાળા તેમાં ભળે છે અને પછી તેમાંથી જબ્બર વિસ્તાર (multiplication) થાય છે, અને સામૂહિક રીતે આવા વિચારો કરવામાં ઘણા જોડાય છે, પછી તે કાર્યોમાં પરિણમે છે, એટલે યુદ્ધ અનિવાર્ય બને છે. આ સામાન્ય સિદ્ધાંત છે.

મહારાષ્ટ્રો વચ્ચેનાં યુદ્ધો, આંતરપ્રાંતીય કલહો, સામાજિક અને પારિવારિક કંકાસો, એ બધાંમાં આ સિદ્ધાંત જ કામ કરતો હોય છે. એટલે સમાજમાં જે થોડા વિચારકો, સાધકો અને ચિંતકો, છે તેમની એ જવાબદારી બની જાય છે કે તેવાં દુષ્ટ, અશુદ્ધ અને અકલ્યાણકારી આંદોલનોની વચ્ચે આપણાં શુદ્ધ અને કલ્યાણકારી આંદોલનોને વહેતાં મૂકવાં. જાગતા, ઊંઘતા, બેસતા, ઊઠતા અને દૈનિક કાર્ય દરમ્યાન આપણે બીજું કશું ન કરવું, માત્ર આવા શુદ્ધ, કલ્યાણકારી, મૈત્રી, ઐક્ય અને પ્રેમશાંતિની ભાવનાવાળા વિચારોને પ્રવાહિત કરવા. પછી તો જેમ સજાતીય સજાતીયને આકર્ષે છે તેમ આવા વિચારોનાં આંદોલનોના સ્પર્શે તેવા વલણવાળી વ્યક્તિઓ પણ આ પ્રવાહમાં આપમેળે જ જોડાશે, અને આવાં શુદ્ધ સામૂહિક આંદોલનોનો વિસ્તાર વધશે. આ સમયે આવા સામૂહિક આંદોલનો જગતમાં વહેવાની બહુ જરૂર છે. તેનું (મેજોરિટી) બાહુલ્ય થશે તો અવશ્ય દુષ્ટ અને અકલ્યાણકારી વિચારોનાં આંદોલનો કપાઈને વિલીન થઈ જશે. પછી રહેશે માત્ર સુંદર મંગળ આધ્યાત્મિક વિચારોનું જ સામ્રાજ્ય.

આમ કરવામાં નથી કોઈ વધારાની પ્રવૃત્તિ કરવાની, નથી કોઈ વિશેષ સમય આપવાનો, નથી સભાઓ ભરવાની કે ભાષણો કરવાના, કે નથી ધનરાશિ ( ફંડ) એકઠું કરવાનું. માત્ર આપણી પાસે આધ્યાત્મિક ભાવનાની અને પ્રેમની જે સમૃદ્ધિ છે તે ભંડારને જગતનાં કલ્યાણ અર્થે ખુલ્લો મૂકી દેવાનો છે. આ કરવામાં સર્વપ્રથમ આપણું તો કલ્યાણ સધાઈ જ જાય છે, પણ આ ભંડાર ખૂલવાથી અન્યોનું પણ કલ્યાણ જ થાય છે. આ ભંડાર બધા પાસે મોજૂદ છે, તે માટે સભાન થઈએ તો એ ભંડારનું ધન તો સદા વિતરિત થવા ઉત્સુક જ છે.

**પૂર્ણિમા પકવાસા**

# જી. આઈ. આઈ. સી.ના અધ્યક્ષપદે નિમાતાં શ્રી ચીમનલાલ ચકુભાઈનું બહુમાન

શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહની ગુજરાત સરકારે ગુજરાત ઔદ્યોગિક રોકાણ નિગમનાં અધ્યક્ષપદે નિમણૂક કરી એ બદલ તેમનું બહુમાન કરવાને લગતો એક સમારંભ, મુંબઈની બારેક જેટલી જૈન સંસ્થાઓના ઉપક્રમે બિરલા ક્રિડા કેન્દ્ર ખાતે તા. ૬-૧૧-૭૧ના રોજ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંખ્યાબંધ વકતાઓએ શ્રી ચીમનભાઈની નિષ્ઠાવાન તેમજ નિ:સ્વાર્થ સેવાઓને બિરદાવી હતી.

શ્રી ચીમનભાઈએ પોતાના સન્માનનો પ્રત્યુત્તર વાળતાં કહ્યું હતું કે મને જે તક મળી છે તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સાધવા સઘળા શકય તેટલા નિષ્ઠાવાન પ્રયાસ કરવાની તેમણે ખાતરી આપી હતી. શ્રી ચીમનભાઈએ કહ્યું હતું કે મારા જીવનમાં એવી વૃત્તિ રહી છે કે કોઈ સ્થાનો કે હોદ્દાઓની મેં અપેક્ષા નથી રાખી, પરંતુ જે જવાબદારી સોંપવામાં આવે એનો ઈનકાર કર્યો નથી. આ જવાબદારીમાંથી સફળતાપૂર્વક પાર ઊતરીશ એવી મને શ્રદ્ધા છે.

સમારંભના અધ્યક્ષપદેથી આગેવાન ઉદ્યોગપતિ શાહૂ શ્રેયાંસપ્રસાદ જૈને શ્રી ચીમનભાઈને યશ મળે એવી શુભેચ્છા વ્યકત કરી હતી. તેઓ જ્યાં હોય ત્યાં સફળતા હોય જ એમ કહીને શ્રી ચીમનભાઈનું ગૌરવ કર્યું હતું.

શ્રી દુર્લભજીભાઈ ખેતાણીએ કહ્યું હતું કે શ્રી ચીમનભાઈએ સતત ચાલીસ વર્ષોથી જૈન સમાજ જ નહિ પણ જૈનેતર સમાજના હિતની પણ ખેવના રાખી છે અને અનેકવિધ સેવાઓ દ્વારા સમગ્ર સમાજની શુભેચ્છા જીતી છે. તેમની નિમણૂક એ મુંબઈના ગુજરાતીઓ માટે ગૌરવ લેવા જેવો પ્રસંગ છે.

શેરીફ શ્રી શાદીલાલ જૈને જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઈની યશગાથા કહેવી એ તો સૂરજ સામે દીવો ધરવા સમાન લેખાય. જ્ઞાન, ચારિત્ર્ય અને દર્શન જેવા ગુણો ધરાવનાર વ્યકિતઓ તો જુજ હોય છે. શ્રી ચીમનભાઈ તેમની સમાજસેવાથી આજે જૈન સમાજના સ્વીકૃત નેતા બની ચૂકયા છે. તેમની કામગીરી આપણા સમાજ સમગ્ર દેશ તથા અન્ય કોર્પોરેશનોને પ્રેરણારૂપ બની રહેશે એવી શ્રદ્ધા પણ શ્રી શાદીલાલ જૈને વ્યકત કરી હતી.

ડૉ. કાંતિલાલ સાંગાણીએ જણાવ્યું હતું કે ચીમનભાઈએ જીવનમાં અનેક ક્ષેત્રોમાં પોતાની બુદ્ધિપ્રતિભા તથા વ્યકિતત્વનો પ્રભાવ દાખવ્યો છે. રાજકીય ક્ષેત્રે તેઓ આથી પણ વધુ ઉચ્ચ કામગીરી બજાવશે એવી આશા છે.

શ્રી રમણિકભાઈ કોઠારીએ એવી શ્રદ્ધા વ્યકત કરી હતી કે શ્રી ચીમનભાઈના અધ્યક્ષપદ હેઠળ ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રસ્થાન મેળવશે.

શ્રી ચીમનભાઈને અભિનંદન આપનારાંઓમાં શ્રી ગિરધરલાલ દફતરી, તીર્થક્ષેત્ર સમિતિના મંત્રી શ્રી ચંદુલાલ કસ્તુરચંદ શાહ, શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ, શ્રી રિષભદાસજી રાંકા તથા ચીફ પ્રેસિડન્સી મેજીસ્ટ્રેટ શ્રી ધ્રુવસાહેબ વગેરેનો સમાવેશ થતો હતો.

# ચીનનો નૂતનસમાજ જગતને સ્વૈચ્છિક ગરીબીનો રાહ દાખવશે?

[લબ્ધપ્રતિષ્ઠ ઈટાલિયન સાહિત્યસર્જક આલ્બર્ટો મોરેવિયાએ થોડા સમય પહેલાં ચીનની મુલાકાત લીધી હતી. આ મુલાકાતની એમના પર જે છાપ પડી એનું એમણે એમના 'ધ રેડબુક એન્ડ ધ ગ્રેટ વૉલ'ના નામના પુસ્તકમાં નિરૂપણ કર્યું છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં એમણે ચીનની સ્થિતિનો ખ્યાલ આપતાં જણાવ્યું છે કે ચીનમાં બધા ગરીબો જ છે, ત્યાં શ્રીમંતો નથી એટલે શ્રીમંતાઈ અને ગરીબી વચ્ચે સરખામણીનો કોઈ અવકાશ નથી. ચીનની આ ગરીબી જોઈને તેઓ રાહત અનુભવે છે. ચીનમાં આ સ્થિતિ જ રહેશે એમ તેઓ કહેતા નથી પણ તેઓ એવા વિચાર પર તો પહોંચે જ છે કે દુનિયાનો સંપત્તિવાન દેશો પણ છેવટે ઉત્પાદન અને ઉપભોગ પાછળની ગાંડી દોડને છોડીને સ્વૈચ્છિક ગરીબીમાં જ જીવનનું સમાધાન શોધશે. આમાં આપણને ગાંધીજીની વિચારધારાનો પડઘો પડતો લાગે છે. અને ભારત જેવા દેશને આમાંથી ઘણું વિચારવાનું મળે તેમ છે.મોરેવિયાની પ્રસ્તાવના વાતચીત-સંવાદના રૂપમાં છે. અહીં એનો મહત્ત્વનો સારભાગ એમના શબ્દોમાં રજૂ કરવામાં આવ્યો છે. તંત્રી]

બ.:—ચીનની કઈ બાબતે તમારા પર સૌથી વધુ અસર કરી?

અ. :—ગરીબી.

બ.:—શું ચીનની પ્રજા એવી ગરીબ છે?

અ.:—પાશ્ચાત્ય ધોરણ પ્રમાણે વિચારીએ તો ઘણી ગરીબ.

બ.:—એમની ગરીબીની તમારા પર શી અસર થઈ?

અ.:—રાહત, ચીન વસવાટ દરમિયાન બધો વખત મને આમ જ લાગ્યું છે.

બ.:—પાશ્ચાત્ય દેશોમાં દારિદ્રય—ગરીબી એ સમાધાન પ્રેરનારી સ્થિતિ નથી.

અ. :—અમેરિકામાં ગરીબ લોકો છે તેમ શ્રીમંત લોકો પણ છે. શ્રીમંત છે એ કારણે ગરીબ ગરીબ કહેવાય છે અને ગરીબ છે માટે શ્રીમંત એ શ્રીમંત કહેવાય છે. ચીનમાં તો કેવળ ગરીબ લોકો જ છે... પરંતુ તેમને માટે ગરીબ વિશેષણ વાપરવું એ મને જરા ખટકે છે. કંઈક બીજું નામ આપવું જોઈએ. પૈસાદાર સાથે ગરીબની તુલના કર્યા સિવાય એની ખરી સ્થિતિનો ખ્યાલ આપે એવો એક પણ શબ્દ નથી.

બ. :— તો પછી ચીનનું દારિદ્રય એ શું સમજવું?

અ. :—હું તેને સંપત્તિવિહીન દારિદ્રય કહીશ. ઊંડો વિચાર કરીશું તો એ માણસની સ્વાભાવિક સ્થિતિ જણાશે...જન્મસમયે માણસ જંગલનાં પ્રાણીઓની જેમ તદ્દન નગ્ન અને એકલો જ હોય સ્થિતિ છે. ખરી રીતે તો જન્મ વખતે માણસ એ માણસ જ નથી હોતો! આ મેળવવા માણસને જે માણસ બનાવે છે એ બધું જ તેણે પ્રાપ્ત કરવું પડે છે. બીજી રીતે સમજવું હોય તો પ્રાણીઓથી પોતાને જુદો પાડે તે બધું જ. અને આથી જ માણસ બીજાં પ્રાણીઓની જેમ લગભગ એક પ્રાણી જ છે. એટલે સુધી કે કોઈ વાર આપણને વિચાર આવે કે માણસ બનવા માટેના પ્રયત્નો ખરેખર કરવા જેવા છે ખરા? હવે માણસ બનવા માટે જે કંઈ જરૂરી છે તે મર્યાદિત ગરીબી—ન વધુ, ન ઓછી—માં રહેલું છે. આનાથી આગળ સંપત્તિનો આરંભ થાય છે, જે ઉપરછલ્લી વસ્તુ છે, સપાટી પરની ચીજ છે. ગરીબી એ માણસની સહજ સ્વાભાવિક સ્થિતિ છે. સંપત્તિ એક ઉપલકની દેખાવની વસ્તુ હોઈ, ગરીબી માણસને જે કંઈ બનાવે છે એનાથી વિશેષ કંઈ સંપત્તિ એને બનાવી શકતી નથી.

બ. :—તમારા દૃષ્ટિબિંદુથી તો પૈસાદાર થવું એ માણસને માટે અસ્વાભાવિક ગણાય?

અ. :—અસ્વાભાવિક એટલે મનુષ્યને ન શોભે એવું. હરેક પ્રકારની ઉપલક ગણાતી વસ્તુના પ્રદર્શનમાં આ અસ્વાભાવિકતાનો પરિચય થતો હોય છે.

બ.:—હવે મને એ સમજાવો કે માણસ ક્યારે પોતાની ખરેખરી જરૂરિયાતોથી આગળ જઈ અસાહજિક અવસ્થામાં પ્રવેશે છે?

અ.:— ફરી આપણે ચીનની વાત લઈએ. બહાર શેરીઓમાં દેખાતી ચીજવસ્તુઓને જોઈ એમ કહી શકાય કે તેમની પાસે જરૂરી વસ્તુઓ છે, પરન્તુ પોકળ સાધન-સગવડો નથી. અત્યારે તો ચીનની આ સ્થિતિ છે. ચીનની પ્રજા ગરીબ છે એ સાચું, પરંતુ માણસ તરીકે અપૂર્ણ છે એમ કોઈ નહિ કહી શકે. પણ એમનામાં એવું કંઈક ખૂટે છે જે સંપત્તિ દ્વારા પ્રાપ્ત કરી શકાયું હોત. એટલે કે આપણને આંજી દે એવી કોઈ અસ્વાભાવિકતા, આભાસી તત્ત્વો. ત્રીસ વર્ષ પહેલાં હું ચીનમાં હતો. તે કાળમાં ગરીબ ચીનાઓ હતા, જેમની પાસે સામાન્ય રીતે હોવું જોઈતું બધું હતું, એથી વિશેષ નહિ. જે પૈસાદાર લોકો હતા તેમની પાસે બિનજરૂરી એવું ઘણું હોઈ તેમની જીવનપદ્ધતિ ઉપલક લેખી શકાય. પહેલા વર્ગની જીવનકક્ષા વધુ નીચી - જે ન હોવી ઘટે — હતી, તો બીજો વર્ગ વધુ ઊંચાઈ પર—જેની જરૂર ન ગણાય—જીવતો હતો. જેવી શ્રીમંતો સાથે તેમની શ્રીમંતાઈ અદશ્ય થઈ કે એકાએક ગરીબ પ્રજાએ સમધારણ સ્થિતિ પ્રાપ્ત કરી.

બ. :—છતાં યે વિપુલતામાં કંઈક એવું આહ્લાદક અને ધબકતું રહેલું છે. તમારું 'જરૂર પૂરતું' માનવોચિત છે તેની હું ના નથી કહેતો પણ એમાં કંઈક ગમગીની પ્રેરે તેવું છે.

અ. :—અત્યારની દુનિયામાં વિપુલતા કઈ જગ્યાએ છે? ઉત્પાદન છે, જે ગમગીની પ્રેરે છે... વિપુલતા કુદરતી બક્ષિસ હોઈ તેમાં સમય, શકિત અને પૈસાની વાત આવતી જ નથી. એનો હેતુ કેવળ વાપરવું, ભોગવવું એ નથી, પરંતુ નિહાળવું એ છે. આથી વિરુદ્ધ ઉત્પાદનમાં સમય, શકિત અને નાણાંનો ભોગ આપવો પડતો હોઈ તેને વિપુલતા હરગિજ નહિ કહી શકાય. બહોળા વપરાશ માટે એક માલને જથ્થાબંધ બનાવવા વારંવાર થતી એકની એક પ્રકિયા સિવાય ઉત્પાદન બીજું કશું નથી.

બ. :—ભલે એમ હશે. પરંતુ તમે એટલું તો કબૂલ કરશો કે ચીનાઓ તેમની ગરીબીને સ્વાભાવિક લેખવામાં આવે તેનો જરૂર વિરોધ કરશે.

અ. :—તમારી વાત ખરી હોઈ શકે છે, પરંતુ હું તો અત્યારે જે ચીન છે તેની વાત કરું છું અને ચીન નહિ બદલાય એવી પૂર્વધારણા સેવવાનું જોખમ વહોરું છું. બીજા શબ્દોમાં કહું તો મારી દૃષ્ટિએ ચીન કલ્પનાશીલ દેશ છે. એણે જે કંઈ સિદ્ધિ હાંસલ કરી છે તે આકસ્મિક રીતે હોય કે તક મળતાં હોય, પરંતુ તેથી કંઈ ફેર પડતો નથી. એણે જે મેળવ્યું છે તેનો હું મારી દલીલમાં ઉદાહરણ તરીકે ઉપયોગ કરું છું. સંભવ છે કે આગળઉપર ચીન સોવિયેટ સત્તાના દેશો તથા અન્ય દેશોની હરોળમાં ઊભું રહી શકે. જ્યાં ગરીબો છે, કારણ કે ત્યાં શ્રીમંતો વસે છે. પરંતુ અત્યારે તો ચીન શ્રીમંત વર્ગવિહીન ગરીબ દેશ છે, જેની ગરીબીને સ્વાભાવિક લેખી શકાય.

બ. :—અનાવશ્યક ઉત્પાદન અને વપરાશ એ એક પ્રકારની હેવાનિયત છે. પણ માણસને માટે શું જરૂરી છે અને શું નથી તેનો નિર્ણય કોણ કરે?

અ. :—માણસ પોતે જ. વધુ સ્પષ્ટ રીતે કહું તો તેની સામાન્ય સમજણ યા બુદ્ધિ. સાધારણ બુદ્ધિ ધરાવતો સાધારણ વર્ગ એક દિવસ સંપત્તિએ તેમની જે દશા કરી મૂકી છે તેનાથી ખરેખર તંગ આવી જશે અને એના પંજામાંથી છૂટી જશે.

બ. :—સંપત્તિના પંજામાંથી મુકત થવા સામાન્ય સમજ કઈ રીતે આગળ ચાલશે?

અ.:– સામાન્ય સમજણ આપોઆપ આગળ ચાલશે. બર્બરતાની પરકાષ્ઠાએ પહોંચ્યા પછી માણસ ગરીબ થવાનું ઈચ્છશે અને એમ જ થશે.

બ. :–એકવાર પૈસાદાર બન્યા પછી ગરીબ બનવા માટે માણસ શું કરશે?

અ. :–કશું જ નહિ. એટલે કે એ એટલો વપરાશ નહિ કરે; તેમ સાથેસાથે જરૂર સિવાય વધુ ઉત્પન્ન પણ નહિ કરે.

બ. :–પરંતુ માણસને તો ઉત્પાદન કરવાનો શોખ છે અને ભોગવવાનો અભરખો છે.

અ. :–સામાન્ય રીતે કહેવાતા આજકાલના માણસો વિશે હું કંઈ જાણતો નથી. હા, તમે કહો છો તેમ એમને સર્જન અને ભોગ બન્ને પ્રિય છે, પરંતુ આવતી કાલનો માણસ આથી જુદો પણ હોઈ શકે છે.

બ. :–આપણે મૂળ વાત પર આવીએ. ખરી સમૃદ્ધિ અને ગરીબી જે આજે દુનિયામાં નજરે પડે છે એ વિશે જોઈએ. સાધારણ રીતની લેખી શકાય એવી ગરીબી આજે ક્યાં છે?

અ. :–મારા મત પ્રમાણે ચીનમાં–આ ક્ષણનું ચીન. એટલે કે આજે જે ચીન છે તે આવતી કાલે પણ હશે એમ ન માની લેવાય.

બ. :–હવે એ કહો કે સૌથી વધુ અમાનુષી સંપત્તિ આજે ક્યાં છે?

અ. :–પશ્ચિમમાં. મારા માનવા મુજબ.

બ. :–ધારો કે સ્વપ્નશીલ ગરીબ ચીન પોતાનાં સ્વપ્નોને સાકાર કરી શકે છે પરન્તુ આ પરિણામ તે કઈ રીતે લાવી શકશે?

અ. :–આજે તેઓ જે કંઈ કરી રહ્યા છે તે તેમણે ચાલુ રાખવું જોઈએ. આથી વિશેષ કંઈ નહિ.

બ. :–એ તો તમે બરાબર જાણો છો કે ચીનની પ્રજાએ પોતાના દેશને કૃષિપ્રધાનમાંથી ઉદ્યોગપ્રધાન બનાવવો જોઈએ. પછી તેમની ગરીબી એ, ઔદ્યોગિક ક્રાંતિ લાવવા માટે રોકાયેલી મૂડીનું એકમાત્ર પરિણામ જ ગણાય.

અ. :–એ હું જાણું છું. ૪૦ વર્ષ પહેલાં રશિયનોએ અને સદી પહેલાં પશ્ચિમે જે કર્યું તે આજે ચીન કરી રહ્યું છે... પરન્તુ આપણે કલ્પના પ્રદેશ એવા ચીનની વાતો કરી રહ્યા છીએ. ચીન આદર્શો સેવે છે; કહો કે એ આદર્શોને ઈતિહાસમાં સાકાર કરવા પ્રયાસો કરે છે. દેખીતી વાત છે કે આદર્શવાદી વિચારસરણીનો ઉકેલ એની રીતે જ આવે છે.

બ. :–પૈસાદાર બનવા છતાં ગરીબ રહેવા ચીન એવું કયું કલ્પનાશીલ સમાધાન લાવશે?

અ. :–સૌથી પહેલાં તો કલ્પનાશીલ ચીને સભાન બનવું જોઈશે. આ જાગૃતિ આવી કે પછી જે ઉકેલ આવશે એથી એટલું સમજાઈ જશે કે સંપત્તિ એ પાપમય, દોષિત અને અનિચ્છનીય વસ્તુ છે...

બ. :–અને આ બધું કઈ રીતે બનશે?

અ. :–ઈતિહાસના સૌથી ટૂંકા ગાળામાં માનવજાતિને સંપૂર્ણપણે પૈસાદાર થવાની તેમ જ જીવનની સર્વ મોજમજાઓ માણવાની તક પ્રાપ્ત થશે. અમુક લોકો જ નહિ પણ સમસ્ત માનવજાતિ પૈસાદાર હોવું એટલે શું એ જાણી શકશે અને જ્યારે એણે સમૃદ્ધિનો ઔપચારિક આસ્વાદ માણી લીધો હશે ત્યારે સૌ એકસૂરે ગરીબીને આવકારવા તત્પર થશે....

બ. :–અમેરિકા–દાખલા તરીકે યુદ્ધ ઊભાં કરે છે એ સાથે ગ્રહો પર વિજય મેળવવાની જંગી યોજનાઓ પણ ધરાવે છે અને છતાં યે પૈસાપાત્ર દેશ છે.

અ. :– અમેરિકા એ, જેમ ચીન 'કામચલાઉ' ગરીબ દેશ છે તેમ 'કામચલાઉ' સમૃદ્ધ દેશ છે. સ્વાભાવિક ગરીબીનો અર્થ સમજાવવા તમને મેં ચીનનું દૃષ્ટાંત આપી એ લોકોને સહજ માનવ કહ્યા, તેમ અમાનુષી સંપત્તિનો પરિચય કરાવવા હું અમેરિકાનો દાખલો આપીશ.

બ. :–અમેરિકા કે પછી સામાન્ય રીતે પશ્ચિમ?

અ. :–પશ્ચિમમાં અમેરિકાનું અનોખું સ્થાન છે. કહો કે એ જ પશ્ચિમ છે.

બ. :–તમને નથી લાગતું કે પશ્ચિમ સદા શ્રીમંત રહેશે?

અ. :–જરા પણ નહિ! ગરીબીની ઉપસ્થિતિ માટે જે કંઈ થવું જોઈએ તે જ હકીકતમાં પશ્ચિમ કરી રહ્યું છે. જવા દો ને એ વાત! આપણે સંપત્તિ શા માટે અમાનુષી છે એનો વિચાર કરીએ... માનો કે કોઈક એક વ્યકિત કંઈક નવી પરંતુ નકામી શોધ કરીને તે દ્વારા પૈસાદાર થવાની ઈચ્છા રાખે છે. એ વસ્તુની એ જાહેરાત કરે છે અને આમ એક અનાવશ્યક વસ્તુને આવશ્યક બનાવી કહેવાતા ગ્રાહકો–વાપરનારા ઊભા કરે છે.

બ :–પરંતુ વાપરનારા તો દરેક જગ્યાએ હોય છે. ચીનાઓ પણ ક્યાં નથી? એક જોડી પાયજામાની ખરીદી કરે તો એ પણ વાપરનાર તો કહેવાયો જ ને?

અ, :–ના, એમ નથી. માણસ વસ્તુઓ ખરીદી વાપરે તેથી કંઈ તુચ્છ નથી બની જતો, પરંતુ તે કેવળ ખાઈ જાણનાર પ્રાણીઓ જેવો બની જાય છે તે વસ્તુ આપણને ખટકે છે. એને પછી વાપરવા સિવાય કંઈ સૂઝતું જ નથી. જ્યારે ગરીબ બિચારો ચીનો તો નગ્નાવસ્થાને ઢાંકવા પાયજામો ખરીદે છે...વાપરનાર ઉત્પાદન અને વપરાશ વચ્ચેની ખૂટતી કડી છે. એ જ રીતે ઉત્પાદક એ ઉત્પાદન અને વપરાશ વચ્ચેની કડી છે.

બ. :–તો પછી પશ્ચિમ ઉત્પાદન અને ભોગ સિવાય બીજા કશાનો વિચાર કરતું નથી?

અ. :–વસ્તુસ્થિતિ એવી જ છે.

બ. :–અને એ લોકો પોતાની જાત વિશે પણ વિચાર કરતા નથી?

અ. :–તમે જેને 'જાત' કહો છો તેનું અસ્તિત્વ જ આજે નથી. આપણે એટલું જ કહીશું કે અદ્યતન સંસ્કૃતિનું અંતિમ ધ્યેય ઉપભોગ છે, જેમાં કશો સાર નથી. નકામી છે...કેવળ વાપરવું એ જ લક્ષ્ય બની જાય છે અને આ વિચારને વળગી રહી ઠેઠ સુધી ફાંફાં મારતી ધડા વગરની જિંદગી એ જીવે છે. એટલે તો કહું છું કે અદ્યતન સંસ્કૃતિ સારહીન છે...ઉત્પાદન–વપરાશના ફરતા ચક્રમાં ઝડપથી ફરતું નાણું તેની સાથે જ રહેતું હોઈ નફાની વાત આમાં પછી આવે છે. ઉદ્યોગની આ દુનિયામાં નફો મુખ્ય વસ્તુ નથી, પરંતુ કંઈક બીજું જ છે. એની વ્યાખ્યા આપવી અઘરી છે. પણ એટલું કહી શકાય કે માણસને પોતાનું સામર્થ્ય બતાવવાની અભિલાષા છે. ખરી રીતે તો એમ જ કહેવાય કે માણસ પોતાની નિર્બળતાથી ડરતો ફરે છે. ઔદ્યોગિક દુનિયામાં સામર્થ્ય એટલે શું? કંઈક કરી બતાવવાની શકિત જે મૂળમાં તો કુદરતની નકલ જ છે. કુદરતનું સર્જન અવિરત અને વિપુલ હોઈ આપણે તેને સમર્થ કહીએ છીએ. માણસ ઢગલાબંધ ઊભું કરી જાણતો હોય તે સત્તાધીશ કહેવાય છે. ઉત્પાદન–ઉપભોગની આ સંસ્કૃતિમાં બને તેટલું વધારે ઉત્પન્ન કરી માણસ પોતાની આવડત અને શકિતનું પ્રદર્શન કરે છે.

બ. :–એટલે શું? ઔદ્યોગિક સંસ્કૃતિએ કુદરત સાથે હરીફાઈ માંડી છે?

અ. :–જરૂર. ઉત્પાદન અને વપરાશમાં નિરંતર ફેરફાર કરીને માણસ કુદરતની માફક કાળ અને સીમાને ઓળંગવા મથામણ કરે છે. મૂળમાં તો અખંડ કુદરતનાં બરોબરિયા થવાના આ પ્રયાસો છે.

બ. :–પણ તો પછી ઉત્પાદન અને ભોગ સિવાય બીજી કોઈ રીતે માણસ પોતાને પુરવાર નથી કરી શકતો?

અ. :–આપણે વાત થઈ જ ગઈ કે ઔદ્યોગિક સંસ્કૃતિમાં કંઈ સાર નથી અને એનો અંત પણ એ રીતે જ હોવો જોઈએ...ઉત્પાદન અને વપરાશના સતત ચાલતા ક્રમમાં ઉત્પાદક અને વાપરનાર વર્ગને અમુક તબક્કે જે અપચો–ભરાવો થાય છે તેને દૂર કરવા માટે યુદ્ધ

અનિવાર્ય છે. ખરી રીતે શાંતિકાળના ગ્રાહકનું સ્થાન યુદ્ધકાળમાં સૈનિક લે છે. સુખ-શાંતિના કાળમાં એક વર્ષમાં જેટલું નથી વપરાતું તેટલું યુદ્ધકાળમાં એક દિવસમાં વપરાઈ જાય છે... યુદ્ધ એ ખરેખર મોટો માનવ ઉપભોગ (સંહાર) છે અને એમાં રાઈફલથી માંડી બૉમ્બ સુધીની વિવિધ સામગ્રીનો ઉપયોગ થાય છે. વર્તમાન અતિવસતિને પહોંચી વળવાનું રાયફલનું ગજું ન હોઈ આપણે બૉમ્બ બનાવ્યા છે. મારા કહેવાનું તાત્પર્ય એ છે કે અતિવસતિ ન હોત તો બૉમ્બ શોધવાની જરૂર પણ ઊભી ન થાત. પચાસ લાખ કે એથી વધુ વસતિવાળાં મોટાં શહેરો ઊભાં થયાં કે ત્યાં બૉમ્બ આવ્યો સમજવો. એમ લાગે છે કે અમુક તબક્કે ઉત્પાદન અને વપરાશે ભેગાં થઈ જઈ, એકમેકને 'પ્રેમ' કરી પોતપોતાની સમસ્યાઓનો ઉકેલ લાવવો જોઈએ. ખરી રીતે તો બૉમ્બ પણ માલ્થુસિયન વિચારધારાને અનુરૂપ જ છે. માલ્થુસે અતિવસતિને ટાળવા દુકાળને ઉચિત ધાર્યો પરંતુ એની વિચારસરણી ઔદ્યોગિક જમાનો આવ્યો એ પહેલાના કાળને અનુરૂપ હતી. આજે માલ્થુસ વસતિ નિવારવા દુકાળના સૂચનને બાજુએ મૂકી બૉમ્બને વધાવવા જરૂર તૈયાર થાય.

બ. :–તો તમે દૃઢપણે માનો છો કે આધુનિક માનવ, ચીજ-વસ્તુઓનો અને માનવોનો ઉત્પાદક અને ઉપભોક્તા હોવા સિવાય ખાસ કશું જ નથી, ખરું ને?

આ. :–હા. મારી દૃષ્ટિએ તો આનું એક જ નિરાકરણ છે, કેવળ એક જ અને તેનો સીધો સંબંધ માણસ સાથે છે.

બ. :–શું?

આ. :–સંયમ-શીલ. વિચાર કરશો તો જણાશે કે ગરીબી અને સંયમશીલ માણસની સ્વાભાવિક અવસ્થા છે અને આજની દુનિયામાં તેની ખાસ જરૂર છે–કારણ કે મને સમજાતું નથી કે આ સિવાય બીજો એવો કયો ઉપાય છે જે માણસને ઉત્પાદન અને ઉપભોગના આ ગાંડપણમાંથી છોડાવી શકે...હદ બહારનું ઉત્પાદન, હદ બહારની વસતિ અને તેમાંથી નીપજતાં યુદ્ધો, દુકાળ અને અનેકવિધ યાતનાઓનો અંત આ સિવાય બીજી કઈ રીતે આવશે?... હું એટલું જ કહું છું કે વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન આવવું જોઈએ. ચારે બાજુ જે અતિરેક આજે આપણને દેખાય છે તેમાંથી નીકળી જઈ માનવજાતિએ સમતોલ ભૂમિકા પર આવવું જોઈએ...આપણે તો એક એવી દુનિયા જોઈએ છીએ જે માણસો માટે હોય, દંભીઓ માટે નહિ.

બ. :–પરંતુ તમને એમ નથી લાગતું કે જેનું આજે ઘણું મહત્ત્વ છે તે ટેકનોલૉજી આ નૂતન જગત તરફ આપણને લઈ જશે?

આ. :–ટેકનોલૉજી ઉત્પાદક અને ઉપભોગ કરનારા વિશાળ જનસમૂહની જરૂરિયાતોને સંતોષે છે. પરંતુ આવતી કાલે તેની કામગીરીમાં પરિવર્તન પણ આવી શકે છે. ગરીબ, કંગાલ, અછત વચ્ચે જીવતા લોકોની જરૂરિયાતોને તે સંતોષે એમ પણ બને.

બ. :–ચીનથી આપણી વાતચીતનો આરંભ કરીને આપણે તો કયાંના કયાં પહોંચી ગયા. તો પછી આ બધી બાબતો સાથે ચીનને શું સંબંધ છે? ચીન વિશે આપણે શું કરવાનું?

આ. :– આપણે કંઈ જ કરવાનું નથી. મેં તો ચીનની ગરીબીનો અભ્યાસ કરી જે સમાધાન અનુભવ્યું તેનાં કારણો તમને–મને પોતાને પણ–સમજાવવા પ્રયાસ કર્યો છે. આટલું ઘણું છે.

મૂળ લેખક : અનુવાદ :
આલ્બર્ટો મોરેવિયા શ્રીમતી શારદાબહેન બાબુભાઈ શાહ

# આવો ચમત્કાર થશે?

દુનિયાના ઘણા દેશોએ ગરીબી, ભૂખમરો, તંગી, નિરક્ષરતા અને આર્થિક-સામાજિક પછાતપણાને નિવારવા માટે આવશ્યક સાધનો પ્રાપ્ત થતાં નથી ત્યારે નાના-મોટા દેશો સૈન્યો અને શસ્ત્રો પાછળ સાધનોનો જે વ્યય કરે છે એ અક્ષમ્ય જ ગણાય તેવો છે. આમ છતાંયે એ સંબંધમાં અફસોસની લાગણી બહુ જોવા મળતી નથી અથવા તો સાધનોના આ દુર્વ્યયને અટકાવવા માટેના ઉપાયો યોજવાનું દુનિયાના અગ્રણીઓને ખાસ તાકીદનું લાગતું નથી એ અત્યંત દુ:ખદ હકીકત છે.

નાના-મોટા રાષ્ટ્રો અને અગ્રણી રાજપુરુષો અલબત્ત, શાંતિની વાતો કરે છે, જગતમાંથી યુદ્ધના દૈત્યનો હમેશ માટે નાશ કરવાની ખાતરીઓ પણ ઉચ્ચારે છે પણ એ જ વખતે આ રાષ્ટ્રો અને રાષ્ટ્રનેતાઓ વધુ ને વધુ શસ્ત્રશકિત સંપાદન કરવાની યોજનાઓ કરતા હોય છે. આ શસ્ત્રશકિત દુનિયામાં શાંતિ જાળવી રાખશે એવો ભ્રમ પણ ઊભો કરાય છે!

સંયુકત રાષ્ટ્રસંસ્થાએ દુનિયાના દેશો શસ્ત્રો પાછળ કેટલો ખર્ચ કરે છે એનો અભ્યાસ કરવા માટે એક સમિતિ નીમી હતી. આ અભ્યાસને પરિણામે જાણવા મળ્યું છે કે દુનિયાના ૧૨૦ દેશો સૈન્ય અને શસ્ત્રો પાછળ વર્ષે ૨૦૦ અબજ ડૉલર જેટલી જંગી રકમ ખર્ચે છે. આમાંથી ૪/૫ જેટલો ખર્ચ તો અમેરિકા, રશિયા, ચીન, ફ્રાંસ, બ્રિટન અને પશ્ચિમ જર્મની એમ ૬ દેશો જ કરે છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર સ્ટ્રેટેજીક સ્ટડીઝ અને સ્ટોકહોમની ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ પણ આવો અભ્યાસ કરે છે અને આ સંસ્થાઓ પણ દુનિયાનો વિનાશના સાધનો પાછળનો ખર્ચ વધી રહ્યો છે એવા તારતમ્ય પર આવી જ છે.

જુદા જુદા દેશો શસ્ત્રો પાછળ જે ખર્ચ કરે છે એમાં ચીનના ચોક્કસ આંકડાઓ કદાચ પ્રાપ્ય નહિ જ હોય. એ જ રીતે રશિયા અને બીજા સામ્યવાદી દેશો પણ તેઓ બતાવે છે એના કરતાં વધારે ખર્ચ કરતા હશે.

યુનોના આ અભ્યાસમાંથી એક વિશેષ હકીકત એ જાણવા મળે છે કે દુનિયાના બીજા દેશો કરતાં અલ્પવિકસિત અને વિકાસશીલ દેશો શસ્ત્રો પાછળ પ્રમાણમાં વધારે ખર્ચ કરે છે. છેલ્લા દાયકામાં દુનિયામાં શસ્ત્રો પાછળનો સરેરાશ વાર્ષિક ખર્ચ ૬ ટકા જેટલો વધ્યો હતો ત્યારે આ જ સમયમાં વિકાસશીલ દેશોમાં વર્ષે આ વધારો સાડાસાત ટકાનો હતો. આ સંબંધમાં એવી દલીલ થઈ શકે કે વિકાસશીલ દેશો ટકાવારીની દૃષ્ટિએ શસ્ત્રો પાછળ વધારે ખર્ચ કરે છે પણ કુલ ખર્ચમાં પ્રમાણની દૃષ્ટિએ એમનો ખર્ચનો આંકડો નાનો જ હોય છે. પણ આ દેશોની પાસે સાધનો ઓછા છે એ વિચારવું જોઈએ. પરંતુ શસ્ત્રો પાછળ જે સૌથી વધુ ખર્ચ કરે છે એવા છ રાષ્ટ્રો લશ્કરી સંશોધન અને વિકાસ પાછળ સવિશેષ ખર્ચ કરતા હોય છે ત્યારે વિકાસશીલ રાષ્ટ્રો સૈન્યશકિત વધારવા પાછળ વધુ ખર્ચ કરે છે. ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ પણ આ હકીકતને સમર્થન આપે છે.

આ રીતે દુનિયાના જે દેશોને પોતાના સાધનનો બને તેટલો ઉપયોગ લોકોની સ્થિતિ સુધારવા પાછળ કરવાની જરૂર છે ત્યારે તેઓ સૈન્ય અને શસ્ત્રો પાછળ ધૂમ ખર્ચ શા માટે કરે છે? આનું એક કારણ એ છે કે એશિયા અને આફ્રિકાના ઘણા દેશોમાં સંઘર્ષની શકયતાઓ હજુ રહે જ છે અને મહાસત્તાઓ પણ એમાં પોતાનો સીધો-આડકતરો ભાગ ભજવતી હોય છે. મહાસત્તાઓ પાસે શસ્ત્રોનો જે જંગી ભરાવો થાય છે એના નિકાલ માટે પણ એ શાંતિની વાતો કરવાની સાથોસાથ સંઘર્ષને ઉત્તેજન આપે છે. દુનિયામાં જ્યાં જ્યાં યુદ્ધ અને અથડામણની સ્થિતિ દેખાઈ છે ત્યાં આ મહાસત્તાઓ એક અથવા બીજે પક્ષે હોય છે અને તેઓ પણ શસ્ત્રદોડ વધારવા અને ટકાવવા ઉત્તેજન આપતા જ હોય છે. હકીકતમાં એમાં જ એમનું હિત હોય છે! આ વિસ્તારોમાં તેઓ પોતાનું વર્ચસ કે વગ તૂટવા દેવા માગતા નથી હોતા.

પરંતુ આ વિપુલ સાધનો વિનાશના સાધનો ઉત્પન્ન કરવાને બદલે, દુનિયામાં ભયનું સામ્રાજ્ય સર્જવાને બદલે માનવજાતની સ્થિતિ સુધારવાના કામમાં વપરાય એવું શું શકય જ નથી? અત્યારે તો એમ લાગે છે કે કોઈક ચમત્કાર થાય તો જ એ શકય બનશે! અને આવો ચમત્કાર થાય તો દુનિયા માટે સોનાનો સૂરજ ઊગશે.

જ્યં. મ.

# ☆ ધર્મ અને બદલાતાં મૂલ્યો ☆

(ગતાંકથી ચાલુ)

અપરિગ્રહ શબ્દનો અર્થ છે પરિગ્રહ ન કરવો. આ વ્રતના સંપૂર્ણ પાલન માટે સંન્યાસીઓ વસ્ત્ર સુદ્ધાંનો ત્યાગ કરી દે છે; કેમકે વસ્ત્ર પણ અંતે તો પરિગ્રહ જ છે ને? આટલે સુધી તો ઠીક છે; પરંતુ કયારેક કોઈ એમ સમજે કે જીવનયાત્રા માટે ઓછામાં ઓછી આવશ્યકતાઓની પૂર્તિ અર્થે વસ્ત્ર, પાત્ર આદિ સાધનો રાખનાર સંન્યાસી જ નથી હોતો. આવી સમજ–આવી પરિસ્થિતિ તો અવ્યવહારુ જ બની રહે. આ પ્રશ્ન પર જ જૈન સંઘ શ્વેતાંબરે અને દિગંબર એમ ફિરકામાં વિભકત બની ગયેલ છે. જૈનાચાર્ય વાચક ઉમાસ્વાતિએ આ પ્રશ્નનું સમાધાન મૂર્ચ્છાપરિગ્રહ–મૂર્ચ્છા અર્થાત્ આસકિત પોતે જ પરિગ્રહ છે (તત્ત્વાર્થ સૂત્ર ૭: ૧૨)–એમ કહીને કર્યું છે.

આ બાબતમાં ગાંધીજી કહે છે કે વાસ્તવમાં પરિગ્રહ એ માનસિક બાબત છે. મારી પાસે ઘડિયા છે, દોરડું છે અને કચ્છ (લંગોટી) છે. એના વિના જો મને દુ:ખ થતું હોય તો હું પરિગ્રહી છું. કોઈને જો મોટા ધાબળાની જરૂરત હોય તો તે ભલે ધાબળો રાખે, પણ તે ગુમ થઈ જતાં દુ:ખ ન અનુભવે તો તે અપરિગ્રહી છે. (નીતિ: ધર્મ: દર્શન-ગાંધીસાહિત્ય પ્રકાશન, અલાહાબાદ-૧૯૬૮-પૃષ્ઠ ૨૭).

અહિંસા વ્રતનો અર્થ છે હિંસા ન કરવી–હિંસા બંધ કરવી. હિંસાનો સ્થૂળ અર્થ છે પ્રાણીવધ. આ પ્રાણીહત્યામાંથી બચવા માટે જૈન ધર્મમાં કાંઈ કેટલાયે નિયમો કરાયા છે, જેનું પાલન આસંભવ તો નહિ, પણ ખૂબ જ દુષ્કર તો છે જ. ભારતીય ધર્મોના ઈતિહાસમાં અહિંસાના સિદ્ધાંતનો જૈન ધર્મ સાથે ઘનિષ્ઠ રૂપનો સંબંધ રહેલો છે. દશ્ય હિંસા અને ભાવહિંસાનું વિશ્લેષણ જૈનદર્શનનો એક મહત્ત્વપૂર્ણ વિષય છે. અહિંસા પર જૈન ધર્મે એટલો બધો ભાર મૂકયો છે કે જૈન સંપ્રદાય નિવૃત્તિમાર્ગની પરાકાષ્ઠાએ પહોંચી જતાં એ અવ્યવહારિક જેવું લાગવા માંડયું. પરિણામે જૈનેતર ચિંતકો જૈન ધર્મને અતિ દુ:સાધ્ય સમજવા લાગ્યા. બીજી બાજુ બૌદ્ધ ધર્મે અહિંસાને એટલી તો શિથિલ બનાવી દીધી કે લોકો બૌદ્ધ ધર્મની આકરી ટીકા કરવા લાગ્યા. પરવર્તીકાલમાં વાચક ઉમાસ્વાતિએ અહિંસાનાં જે લક્ષણો કહ્યાં છે તે ભારતીય દર્શનને જૈનદર્શનની એક અમૂલ્ય ભેટ છે. પાતંજલ યોગભાષ્ય (૨: ૩૦)માં અહિંસાનાં લક્ષણોનો નીચે પ્રમાણે પ્રચાર કરવામાં આવ્યો છે:

અહિંસા સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહ:

અર્થ: કોઈ પણ પ્રકારે કોઈ પણ જીવને પીડા ન કરવી એ જ અહિંસા છે.

આચાર્ય વસુબંધુએ એમના અભિધર્મકોશ (૪: ૭૩)માં પ્રાણાતિપાત (હિંસા)ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે:

પ્રાણાતિપાત: સંચિન્ત્વ પરસ્યાભ્રાન્તિમારણમ્ ।

અર્થ: મારી નાખવાની ઈચ્છાથી અન્ય પ્રાણીની ભ્રાંતિરહિત હત્યા કરવી તે જ પ્રાણાતિપાત છે. ઉપરનાં બન્ને લક્ષણોમાં પીડવાની કે હત્યા કરવાની ક્રિયાને જ મહત્ત્વ આપાયું છે. પરંતુ વાચક ઉમાસ્વાતિએ હિંસાનાં લક્ષણોમાં પ્રમત્તયોગને જ પ્રાધાન્ય આપ્યું છે. તેઓ કહે છે: (તત્ત્વાર્થ સૂત્ર ૭: ૮) પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા: અર્થ: પ્રમત્તયોગથી થતો પ્રાણવધ એ હિંસા છે. આ સૂત્રને પંડિત શ્રી સુખલાલજીએ આ પ્રમાણે કહ્યું છે: હિંસાની વ્યાખ્યા બે અંશો દ્વારા પૂરી કરાઈ છે. પ્રથમ અંશ છે: પ્રમત્તયોગ અથવા રાગદ્વેષ–યુકત અથવા અસાવધાન રીતે થયેલી પ્રવૃત્તિ અને બીજો અંશ છે પ્રાણવધ. પહેલો અંશ કારણરૂપમાં છે અને બીજો અંશ કાર્યરૂપમાં છે. આનો ફલિતાર્થ એ છે કે પ્રાણવધ પ્રમત્તયોગ જ હિંસા છે.

આ ચર્ચામાંથી એ ફલિત થાય છે કે જૈનદર્શનમાં હિંસા-અહિંસાના પ્રશ્નને જેટલું મહત્ત્વ અપાયું છે તેટલું જૈનેતર દર્શનોમાં નજરે પડતું નથી.

ગાંધીજીએ તેમના અનાસકિતયોગમાં અહિંસાના સ્વરૂપને વધુ વિકસિત બનાવ્યું છે. ગીતાનું તાત્પર્ય ફળત્યાગ તથા અહિંસામાં રહેલું છે; ભૌતિક યુદ્ધમાં નહિ. ગીતામાં પણ પશુહિંસાનું સમર્થન કરવામાં આવ્યું નથી. ગીતાની ગહનતા એટલી છે કે તેમાંથી નવા નવા અર્થ ઘટાવી શકાય છે; કેમકે એ એક મહાકાવ્ય છે. ગીતાએ આજ સુધીમાં વિકાસ પામેલાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સંસ્કરણ કરવા ઉપરાંત તેના મહાશબ્દોમાં યુગેયુગે થનારાં પરિવર્તનોની આંખી કરાવવાની શકિત હોવાનું પ્રતીત કરાવ્યું છે. ગાંધીજીએ અનાસકિતયોગનું જ્ઞાન ગીતામાંથી જ પ્રાપ્ત કર્યું અને તેના તાત્પર્યને તેમણે યોગ્ય પ્રમાણમાં વિસ્તાર્યું પણ ખરું. આ વાત ગાંધીજીના નીચેના કથનથી સ્પષ્ટ થાય છે.

ગાંધીજીએ કહ્યું છે: "ગીતા સૂત્રગ્રંથ નથી, પણ એક મહાન ધર્મકાવ્ય છે. તેમાં જેટલા ઊંડા ઊતરીએ એટલા નવા અને સુંદર અર્થ તેમાંથી સાંપડી રહે છે. ગીતા જનસમાજ માટે છે. ગીતાએ એકની એક જ વાત અનેક પ્રકારે કહી છે. ગીતાના મહાશબ્દોના અર્થ યુગેયુગે બદલાતા અને વિસ્તરતા રહેશે; પણ ગીતાના મૂળ મંત્રો તો અફર જ રહેશે. એ મંત્ર જે રીતે સિદ્ધ થઈ શકે એ રીતે જિજ્ઞાસુ તેનો ગમે તે અર્થ કરી શકે છે. ગીતા વિધિનિષેધ પણ બતાવતી નથી. એક વ્યકિત માટે જે વિહિત હોય તે બીજાને માટે નિષિદ્ધ પણ હોઈ શકે. એક યુગ યા એક દેશ માટે જે બાબત હિતકર હોય તે બીજા યુગ કે બીજા દેશ માટે નિષિદ્ધ પણ હોઈ શકે. આમાં નિષિદ્ધ એ ફલાસકિત છે; જયારે વિહિત અનાસકિત છે (અનાસકિતયોગ–પ્રસ્તાવના).

યુગ, પરિસ્થિતિ તેમ જ વૈજ્ઞાનિક પ્રકાશ અનુસાર ધર્મમાં કે ધાર્મિક મૂલ્યોમાં પરિવર્તન થાય તે સ્વાભાવિક છે. આ જ ગીતાનો નિષ્કર્ષ છે.

ગાંધીજીના જીવનમાં આપણને બધા જ ભારતીય ધર્મોનો મૂર્તિમંત સમન્વય જોવા મળ્યો છે. આથી જો એમ કહીએ કે ગાંધીજી જ એકમાત્ર એવા પુરુષ હતા કે જેમના જીવનમાં હિંદુ, બૌદ્ધ તેમ જ જૈન ધર્મના ઉચ્ચ આદર્શોનો પૂરેપૂરો સમન્વય સધાયો હતો તો તેમાં અતિશયોકિત નહિ ગણાય.

પ્રવૃત્તિ અને નિવૃત્તિનો પારસ્પરિક વિરોધ બ્રાહ્મણ તેમ જ શ્રમણ પરંપરાની દષ્ટિએ વિહિત હતો તે ગાંધીજીના જીવનમાં ઠંડો પડી ગયો હતો. જૈન ધર્મની અહિંસાની સાચી વ્યાખ્યા તો વર્તમાન યુગમાં ગાંધીજીના જીવનમાંથી જ જોવા મળે છે. યુદ્ધ તેમ જ શાંતિના ક્ષેત્રમાં ગાંધીજીએ અહિંસાના પ્રયોગો કર્યા અને તેના ફળરૂપે સત્યાગ્રહની કલ્પના જાગી. માનવસંહાર કરતા યુદ્ધનો કોઈ પ્રતિદ્વંદ્વી વિકલ્પ હોય તો તે સત્યાગ્રહ જ છે.

હવે આપણે મોક્ષતત્ત્વના વિષય વિશે વિચારીએ. મોક્ષની કલ્પના સ્વર્ગની કલ્પના પછી જ ઉપસ્થિત થઈ હશે કે પછી બન્ને કલ્પનાઓ સ્વતંત્ર રૂપે પણ સંભવી શકે. એ ગમે તે હોય, પરંતુ મોક્ષવાદ ક્રમશ: બળવાન બનતો ગયો અને સ્વર્ગવાદ સંકુચિત થતો રહ્યો. પરિણામે મોક્ષવાદીઓ જગતને દુ:ખમય માનવા લાગ્યા. સાંખ્યકારિકા (કારિકા-૧)નું નીચેનું કથન સામાન્ય રીતે બધા જ મોક્ષવાદી ધર્મોને માન્ય છે:

દુ:ખત્રયાભિઘાતાજ્જિજ્ઞાસા તદપઘાતકે હેતૌ ।

અર્થ: આધ્યાત્મિક, આધિભૌતિક તેમ જ આધિદૈવિક–આ ત્રણેય દુ:ખોથી પીડાવાને કારણે જ આ દુ:ખોનો નાશ કરવાના

માર્ગો જાણવાની ઈચ્છા જાગે છે. દુ:ખમાંથી સદાની મુકિત મેળવવી એ સર્વ ધર્મનું ધ્યેય છે, પછી ભલે મોક્ષ કે નિર્વાણને સચ્ચિદાનંદ-રૂપ લેખવામાં આવે અથવા શુદ્ધ ચેતનારૂપ માનવામાં આવે, કે પછી જ્ઞાન, અજ્ઞાન, સુખ, દુ:ખ આદિ વિશેષ ગુણો રહિત આત્માની શુદ્ધ સ્થિતિના રૂપે તેને ગણવામાં આવે.

ભલાં-બૂરાં સર્વ પ્રકારનાં કર્મોથી મુકિત મેળવવી એનું જ નામ મોક્ષ છે. સંસારમાં રહીને સાંસારિક દુ:ખો દૂર કરવાના તથા સુવ્યવસ્થિત સમાજ નિર્માણ કરવાના પ્રયાસો કરવાની દિશામાં જ ધર્મ પ્રવૃત્ત રહે છે; કારણ કે નિવૃત્તિપ્રધાન સાધના દ્વારા વ્યકિતગત મોક્ષ પ્રાપ્તિ જ ધર્મોનો મુખ્ય ઉદ્દેશ છે. એ સામાજિક પ્રવૃત્તિ ધર્મનું અનિવાર્ય અને અવિભાજ્ય અંગ બની રહેલ નથી; પરંતુ મહાયાની બૌદ્ધોએ આવી પ્રવૃત્તિઓને ધર્મના અંતરંગ માનેલ છે; જ્યારે હીનયાની બૌદ્ધોએ લોભ, દ્વેષ અને મોહ જેવાં આવરણોથી મુકત થવાને જ મોક્ષ માન્યો, જેનો મહાયાની બૌદ્ધોએ સ્વીકાર કર્યો નથી. વિશ્વની સર્વાંગીણ હિતસાધનાને જ તેઓએ ધર્મનો એકમાત્ર ઉદ્દેશ માનેલ છે અને તે ઉદ્દેશથી પ્રેરાઈને જ તેમણે બોધિચિતની કલ્પના કરેલી છે. બોધિચર્યાવતાર (૩:૭-૧૦)માં બોધિચિતગત સંકલ્પ નીચે પ્રમાણે વર્ણવવામાં આવેલ છે:

ગ્લાનાનામસ્મિ ભૈષજ્યં ભવેયં વૈદ્ય એવ ચ ।
તદુપસ્થાયકશ્ચેવ યાવદ્રોગાપુનર્ભવ ।।
ક્ષુત્પિપાસાવ્યથાં હન્મામન્ન પાનપ્રવર્ષણૈ : ।
દુર્ભિક્ષાન્તરકલ્પેષુ ભયેવં પાનભોજનમ્ ।।
દરિદ્રાણાં ચ સત્વાનાં નિધિ: ખામહમક્ષાય: ।
નાનોપકરણાકારુપતિષ્ઠેયમઠાત: ।।
આત્મભાવાંસ્તથા ભોગાન્ સર્વંત્યક્ત્વગઠં શુભં ।
નિરપેક્ષ સ્ત્યજામયેષ સર્વેસત્વાર્થ સિધ્યે ।।

અર્થ: રોગપીડિતો માટે હું ઔષધ બનું અને તેની રોગમુકિત સુધી હું તેનો તબીબ અને પરિચારક બની રહું. હું પ્રાણીઓની ભૂખ-તરસને અનાજ-પાણી વગેરેની પ્રાપ્તિ દ્વારા શાંત કરવા માગું છું. હું એને માટે ભોજન અને પાણી બની રહેવા માગું છું. દરિદ્ર જીવોને માટે હું અખૂટ ધનભંડાર બનવા ઈચ્છું છું તેમ જ વિવિધ સાધનો બનીને તેમની સેવા કરવા ચાહું છું. નિષ્કામ ભાવે સર્વ જીવોના શ્રેય નિમિત્તે મારું શરીર, ભોગો અને ભૂત, વર્તમાન અને ભાવિ એમ ત્રણેય કાળનાં શુભ કાર્યોનો ત્યાગ ઈચ્છું છું.

જગતમાં એક પણ પ્રાણી કોઈ પણ પ્રકારનું દુ:ખ અનુભવતું હોય ત્યાં સુધી બોધિસત્વ મોક્ષ પ્રાપ્ત કરવાનું ઈચ્છતા નથી. મોક્ષની આ ઉદાત્ત કલ્પના બૌદ્ધ ધર્મની એક અપૂર્વ અર્પણ છે. આ કલ્પનાના મૂળમાં દુ:ખી અને પીડિત જીવો પ્રત્યે સતત સક્રિય અસીમ કરુણા અને પ્રજ્ઞા રહેલાં છે. ભગવાન બુદ્ધના આ ધર્મનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો, જેમાં આ કલ્પનાને અત્યંત મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે.

બદલાતાં મૂલ્યો અંગેના આ વિવરણ દરમિયાન પર્યુષણ પર્વની ચર્ચા પણ અસંગત નહિ ગણાય. પર્યુષણનો અર્થ છે નિયત સ્થળે વસવું. ભાદરવા સુદિ પાંચમ સુધી ચાતુર્માસ (વર્ષાના) ગાળવા માટે કોઈક સ્થળ પસંદ કરી લેવાનું હોય છે. આથી આ તિથિ પહેલાં આઠ દિવસ કે પછીના દસ દિવસ સુધી પર્યુષણ અથવા દસલક્ષણી પર્વ ઊજવવાની પ્રથા શરૂ થઈ. હિન્દુ, જૈન તેમ જ બૌદ્ધ ગ્રંથોમાંની વર્ષાવાસની ચર્ચાઓના તુલનાત્મક અધ્યયન દ્વારા પર્યુષણ પર્વના ઉત્તરોત્તર ક્રમવિકાસ પર પૂરો પ્રકાશ પાડી શકાય. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણાં ધાર્મિક પર્વોનાં સ્વરૂપ પણ યુગેયુગે હેતુ-પુર:સર બદલાતાં રહે છે.

હવે ધર્મ અને મૂલ્યો વચ્ચેના પરસ્પરના સંબંધ પર વધુ વિચારણા કરવી આવશ્યક છે. જે ધર્મોમાં આ વિશ્વના સ્રષ્ટા તેમ જ નિયંતાના રૂપમાં ઈશ્વરની કલ્પના કરાઈ છે એ ધર્મોમાં સાંસારિક, નૈતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યોનો આધાર ઈશ્વરજ છે, એ વાત ગીતા (૩:૧૦-૧૨) ના નીચેના શ્લોકોથી સ્પષ્ટ થાય છે.

સહયજ્ઞા: પ્રજા: સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપત્તિ: ।
અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽ સ્તિષ્ટકામધુક્ ।।
દેવાન ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વ: ।।
પરસ્પરં ભાવયન્ત: શ્રેય : પરમવાપ્સ્યથ ।।
ઇષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તિ યજ્ઞભાવિતા : ।
તર્દતાનપ્રદાયેમ્યો યો મુઙ્ક્તે તેન એવ સ: ।।

અર્થ: પ્રારંભમાં યજ્ઞસહિત પ્રજાનું સર્જન કરતાં બ્રહ્માએ તેને કહ્યું : આ (યજ્ઞ)ના વડે તમારી વૃદ્ધિ થાવ, આ તમારી કામધેનુ બની રહે, તમે આના વડે દેવતાઓને સંતુષ્ટ કરતા રહો, અને એ દેવતાઓ તમને સંતોષ આપતા રહે. આ રીતે પરસ્પર એકબીજાને સંતોષ આપતાં રહીને પરશ્રેય પ્રાપ્ત કરી લો. યજ્ઞથી સંતોષ પામીને દેવતાલોકો તમારી ઈચ્છા અનુસારના ભોગો તમને આપશે. હવે એમણે (દેવતાઓએ) આપેલ એમને જ પાછું આપ્યા વિના જો માણસ પોતે જ તેનો ઉપયોગ કરે તો તે ખરેખર ચોર જ છે. દેવ, મનુષ્ય, પશુ અને વનસ્પતિ સહિત આ જગતનું સંચાલન ઈશ્વર જ કરે છે અને એ સૌને એમનાં કર્મ અનુસાર ફળ આપે છે. આત્મા, પુનર્જન્મ તેમ જ કર્મ આવા ઈશ્વરવાદી ધર્મોને પણ માન્ય છે; જ્યારે અનીશ્વરવાદી જૈન, બૌદ્ધ વગેરે ધર્મોમાં આત્મા યા વિજ્ઞાનતત્ત્વને જ ઈશ્વરના સમગ્ર અધિકારો અપાયેલ છે. આત્મા સ્વતંત્ર છે અને કર્મોનો કરનાર તેમ જ ભોગવનાર પણ એ જ છે. આત્મા સર્વશકિતમાન છે અને સર્વજ્ઞ બનવાની યોગ્યતા પણ આત્મામાં છે. ગીતામાં પ્રબોધેલ ઉપર જણાવ્યા મુજબ પ્રજાપતિ (ઈશ્વર) ના સ્થાને જૈન ધર્મે તેના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવને પ્રસ્થાપિત કર્યા છે, જેઓ સ્વપ્રયત્ને સર્વજ્ઞપણું પ્રાપ્ત કરીને આ જગતના પ્રથમ ધર્મપ્રવર્તક બની ગયા છે. ભગવાન ઋષભદેવની સ્તુતિ કરતાં જૈનાચાર્ય સ્વામી સમંતભદ્ર કહે છે: (સ્વયંભૂ-સ્તોત્ર ૧,૨,૫૧).

સ્વપ્રમ્ભુવા ભૂતહિતેન ભૂતલે
સમઞ્જસ-જ્ઞાન-વિભૂતિ-યક્ષુષા ।
વિરાજિતં યેન વિધન્વતા તમ:
ક્ષમાકરેણેવ ગુણોત્કરે: કરે: ।। ૧ ।।
પ્રજાપતિર્ય: પ્રથમં જિજીવિષૂ:
શશાસ કૃષ્યાદિષુ કર્મસુ પ્રજા : ।
પ્રબુદ્ધતત્ત્વ પુનરવભુતોદયો
મમત્વતો નિર્વિવિદે વિદાવર: ।। ૨ ।।
[પુનમાતુ ચેતો મમ નામિનન્દન : પંકિત-૩ : શ્લોક ૫]

અર્થ: એ નાભિનન્દન શ્રી ઋષભદેવ મારા અંત:કરણને પવિત્ર કરે, જેઓ સ્વયંભૂ હતા (અથવા જેમણે કોઈના ઉપદેશ વિના જ આત્મવિકાસ સાધ્યો હતો), જેઓ આ ભૂમંડળ પર પ્રાણીઓનાં હિત અર્થે સમ્યક જ્ઞાનની વિભૂતિરૂપ દૃષ્ટિ ધરાવતા હતા અને પોતાના ગુણસમૂહરૂપ કિરણો વડે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતા આ પૃથ્વીપટે એવા તો શોભતા હતા કે જાણે પોતાના પ્રકાશ વગેરે ગુણોનાં વિશિષ્ટ કિરણો વડે રાત્રિનો અંધકાર નિવારતો પૂર્ણિમાનો ચન્દ્ર ન હોય! જેમણે પ્રથમ પ્રજાપતિના રૂપે દેશ, કાળ અને પ્રજાની પરિસ્થિતિ અંગેનાં તત્ત્વોને સારી રીતે જાણીને જીવવાની ઈચ્છા રાખતા લોકોને સૌથી પહેલાં ખેતીવાડી વગેરેનું શિક્ષણ આપ્યું.

આ તત્ત્વનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત થતાં તેમને અજબ પ્રકાશ લાધ્યો અને એ રીતે તેઓ મમત્વથી પર બન્યા અને તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ પદને પામ્યા.

આથી એ સ્પષ્ટ થાય છે કે જૈન ધર્મ અનુસાર પણ મૂલ્યોનો ઉદ્ભવ ધર્મપ્રવર્તકો દ્વારા જ થાય છે. આ અંગે પ્રાચીન બૌદ્ધ ધર્મની

પણ આ જ સ્થિતિ છે. મહાયાન બૌદ્ધ ધર્મમાં અવશ્ય આમૂલ પરિવર્તન થયું છે. બોધિસત્વ પોતે એ મૂલ્યોના રૂપે, આપણે ઉપર બોધિચર્યાવતાર ગ્રંથમાં ઉદાહરણરૂપ જોયું તેમ, સતત અવતરિ થવા માગતા હતા. વેદાંતદર્શનમાં પણ આવા વિકાસની શકયતા હતી, જે સાકાર થઈ નથી.

ધર્મોની સાથે મૂલ્યો અભિન્નપણે સંકળાયેલાં જ છે તે જોઈ ગયા. આથી આપણે એમ પણ કહી શકીએ કે ધર્મ મૂલ્યગર્ભિત છે; પરંતુ જેઓ ધર્મમાં શ્રદ્ધા નથી રાખતા તેમ જ આત્મા, પુનર્જન્મ તથા કર્મમાં નથી માનતા તેમને માટે મૂલ્યોનો શો અર્થ છે? આ અંગે પણ વિચારવું આવશ્યક છે.

મૂલ્યોનો સર્જક તેમ જ નિયંતા સર્વશકિતમાન પુરુષ જ હોઈ શકે, એ દૃષ્ટિએ નાસ્તિકતાવાદીઓને માટે રાષ્ટ્રના અધિનાયક અથવા લોકોના પ્રતિનિધિને જ ઈશ્વર કે કર્મનું સ્થાન અપાવું જોઈએ. વસ્તુસ્થિતિ પણ આ જ છે. એ રાષ્ટ્રનાયક અથવા તો લોકપ્રતિનિધિ વિવિધ ધર્મોમાં સ્વીકારાયેલ લોકસંગ્રાહક સિદ્ધાંતોમાંથી પ્રેરણા ભલે મેળવે, પરંતુ આખરી નિર્ણાયક તો તે પોતે જ રહે છે. ધર્મનિરપેક્ષ મૂલ્યોને—એ મૂલ્યો જો બહુજનહિતાય—બહુજનસુખાય હોય તો તેનો સ્વીકાર કરવામાં કશી મુશ્કેલી ન હોવી જોઈએ. વાસ્તવમાં ધર્મમાંથી નિર્માયેલ મૂલ્યોનો આધાર પણ બહુજનહિત અને બહુજન સુખ પર હોય છે.

આમ મૂલ્યો અને ધર્મની ચર્ચા કરી. અર્થ અને કામ જેવાં સાંસારિક મૂલ્યોનું બીજ તૃષ્ણા છે. પરંતુ અહિંસા, અપરિગ્રહ જેવા નૈતિક તેમ જ મોક્ષ જેવાં આધ્યાત્મિક મૂલ્ય તૃષ્ણારહિત હોવાને લીધે લોકહિતકારી હોય છે. આ લોકહિતકારી તત્ત્વોના ઊર્ધ્વગામી પરિવર્તન તથા વિકાસની ચર્ચા પણ કરી.

આ અંગેના અભ્યાસથી ચિત્તશુદ્ધિ થાય છે, જે માનવીને સાચે માર્ગે જવામાં સહાયક બને છે. ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક સર્વ પ્રકારની ઉન્નતિ માટે ચિત્તશુદ્ધિ ખૂબ જ આવશ્યક છે. સાચા વિકાસની આધારશિલા ચિત્તશુદ્ધિ જ છે.

સમાપ્ત

ડૉ. નથમલ ટાટિયા

# બંગલા દેશના નિરાશ્રિતો વચ્ચે વિદ્યાર્થીઓનું સેવાકાર્ય

[વિલેપારલેની મીઠીબાઈ કૉલેજના શિક્ષકોએ તથા વિદ્યાર્થિનીઓ તેમ જ વિદ્યાર્થીઓએ ૬,૦૦૦ જેટલાં વસ્ત્રો, પુષ્કળ દવાઓ, પગરખાંઓ વગેરે બંગલા દેશના નિરાશ્રિતો માટે એકઠાં કર્યાં હતાં. એટલું જ નહિ કૉલેજના અધ્યાપક શ્રી વનમાળીના નેતૃત્વ હેઠળ ૧૭ વિદ્યાર્થીઓ મધ્ય પ્રદેશમાં આવેલા માના કૅમ્પમાં નિરાશ્રિતોની સેવા માટે ગયા હતા. ત્યાં નિરાશ્રિતોની શી સ્થિતિ છે તેનું વાસ્તવિક ચિત્ર અધ્યાપક શ્રી વનામાળીએ કૉલેજના આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક ઉપર લખેલા પત્રમાં આલેખાયું છે. આ કૅમ્પમાં ૨૭મી ઑકટોબર, ૧૯૭૧થી છઠ્ઠી નવેમ્બર, ૧૯૭૧ સુધી તે બધા રહ્યા હતા. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને નિરાશ્રિતોની સ્થિતિનો વાસ્તવિક ખ્યાલ આવે તે હેતુથી એ પત્ર અહીં છાપવામાં આવ્યો છે. —તંત્રી]

**પૂજ્ય સાહેબ,**

૨૭મી તારીખે સાંજે સાડા સાત વાગ્યે અમે બધા ટ્રક મારફત આ કૅમ્પમાં પહોંચી ગયા છીએ. અમને બધાને એક એક તંબૂમાં નવ નવ જણને હિસાબે બે તંબૂમાં રાખવામાં આવ્યા છે. અત્યારે આ કૅમ્પમાં બધા મળીને ૭૬ વિદ્યાર્થીઓ છે. અમારા ઉપરાંત નેશનલ કૉલેજ(વાંદરા)માંથી ૭ વિદ્યાર્થીઓ છે, જેમાં ચાર બહેનો છે. ૧૩ વિદ્યાર્થીઓ અન્જુમન કૉમર્સ કૉલેજમાંથી છે. સગવડો જોકે, થોડી અને ન જેવી છે, છતાં અમે કલ્પના કરી હતી તેથી વધારે સારી છે. છોકરીઓ માટે છોકરાઓ કરતાં ઘણી વધારે સારી સગવડો છે.

આ વિસ્તારમાં કુલ ચાર છાવણીઓ છે, આ છાવણીઓમાં ૫૭,૫૦૦ શરણાર્થીઓ રહે છે. આમાં મોટેરાંઓ કરતાં બાળકોની સંખ્યા વધારે છે અને પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા તેથી પણ વધારે છે. ઘણાખરા શરણાર્થીઓ અડધા નાગાં, સુકલકડી, ભૂખને કારણે દૂબળા પડી ગયેલાં અને નબળાં છે. શિયાળો આવતાં તેમની સ્થિતિ વધારે ખરાબ થઈ છે. કૉલેરા જેવા ચેપી અને જીવલેણ રોગોએ તેમનો ઘણો ભોગ લીધો છે. પણ હવે એ રોગો ધીમે ધીમે કાબૂમાં આવી ગયા છે.

શરૂઆતમાં મરણ-પ્રમાણ રોજ એંસીનું હતું તે હવે ઘટીને ફકત ૨૦નું થયું છે. છતાં બાળકોનું મરણ—પ્રમાણ ઘણું ઊંચું છે. પોતાનાં બાળકોનાં શબોને પોતાના હાથમાં ઉપાડીને શબઘરમાં લઈ જતા માણસો અમને વખતોવખત જોવા મળે છે. સ્મશાનયાત્રાઓ જેવું કશું હોતું જ નથી. એવું લાગે કે જાણે માણસ પોતાની વહાલામાં વહાલી વસ્તુને કોઈ એવે ઠેકાણે મૂકી આવે છે, જ્યાંથી તેને તે કદી પાછી નથી મળવાની! આવાં દશ્યો ચિત્તને કચડી નાખે એવો વિષાદ ઊભો કરે છે. પણ બીજી બાજુ શરણાર્થીઓને વસાવવાનું તેમ જ તેમની સારવાર કરવાનું અત્યંત વિકટ કાર્ય આપણી સરકાર જે સચોટતાથી કરી રહી છે તે જોઈને શુદ્ધ માનવતાની દૃષ્ટિએ અમે ગૌરવ અનુભવીએ છીએ. પાકિસ્તાની સૈન્યના આક્રમણ સામે બચી જ ન શકત એવા હજારો શરણાર્થીઓને સહાયભૂત થવાની સરકારની નિખાલસ ભાવના જોઈને અમે સંતોષ અનુભવીએ છીએ.

બે દિવસના ટૂંકા ગાળામાં આપણા વિદ્યાર્થીઓએ પોતાની વર્તણૂકથી અહીં ઉત્તમ છાપ ઊભી કરી છે તે જણાવતાં હું આનંદ અનુભવું છું. બીજા વિદ્યાર્થીઓ પોતાની અગવડો અને મુશ્કેલીઓ વિશે કચકચ કરી રહ્યા છે. તેઓની એ ફરિયાદોમાં સામેલ થવાનો આપણા વિદ્યાર્થીઓએ હિમ્મતપૂર્વક ઈન્કાર કર્યો છે. તમે ૨૪મી તારીખે અમને સહુને સંબોધીને એક નાનકડું ભાષણ કરેલું તેનું આ પરિણામ છે. બીજા વિદ્યાર્થીઓ કરતાં આપણા વિદ્યાર્થીઓનું વર્તન તદ્દન જુદી જાતનું છે. તેને પરિણામે છાવણીમાં એક જુદું જ, તંદુરસ્ત વાતાવરણ સર્જાઈ રહ્યું છે. આપણા વિદ્યાર્થીઓએ શરણાર્થીઓની બેરેકો માટે વધારે સારી સફાઈ-વ્યવસ્થા કરવાના હેતુથી શારીરિક શ્રમનું કામ આગ્રહ કરીને માગી લીધું છે. આ જાતનું કામ વિદ્યાર્થીઓની બીજી કોઈ પણ ટુકડીએ ઉપાડેલ નથી. ઊલટું એવા કામથી દૂર રહેવા માટે તેમણે દલીલો શોધી કાઢી છે. આપણા વિદ્યાર્થીઓએ એક દિવસમાં ચાર ફૂટ લાંબા, ચાર ફૂટ પહોળા અને પાંચ ફૂટ ઊંડા એવા બે ખાડા (Soak-pit) ખોદી કાઢયા છે; અને ૨૦૦ વાર લંબાઈની એક ખુલ્લી ગટરને સાફ કરી છે. આપણું આ કામ કૅમ્પ કમાન્ડરને, પ્રેસ ટ્રસ્ટના રિપોર્ટરોને તેમ જ સંપર્ક અધિકારીને ખાસ ગમ્યું છે. અમારી ઈચ્છા હજુ ઓછામાં ઓછા ચાર દિવસ આ કામને જારી રાખવાની છે. આ ઉપરાંત, બાળકો તથા મોટેરાંઓ માટે રમતગમતો યોજવાનું કામ પણ ઉપાડયું છે; બાળકોને તો આ કામ ખાસ પ્રિય થઈ પડયું છે. અમે જે ધાબળાઓ લઈને આવ્યા હતા તે સંપર્ક અધિકારી શ્રી લેલેને સોંપી દીધા છે. વહેંચણીનું કામ એ પોતે જ કરશે. પંપલો, લોટાઓ, નોટબુકો, કાળાં પાટિયાંઓ વગેરે બીજી વસ્તુઓની વહેંચણી અમે જાતે કરીશું. અમે રમતસ્પર્ધાઓ યોજીશું અને આ વસ્તુઓ ઈનામ તરીકે આપીશું. આના માટે કૅમ્પ કમાન્ડરની પરવાનગીની જરૂર નથી. અમને સંપર્ક અધિકારીએ સંમતિ આપી છે.

લિ. આપનો,

વનમાળી

# શ્રી દુર્લભજીભાઈ ખેતાણીના વિશ્વપ્રવાસનાં સંસ્મરણો

તા. ૩૦-૧૦'-૭૧ શનિવારના રોજ સાંજના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે સ્થાનકવાસી સમાજના જાણીતા આગેવાન શ્રી દુર્લભજીભાઈ ખેતાણી તાજેતરમાં વિશ્વપ્રવાસ કરી આવ્યા. તેમના આ વિશ્વપ્રવાસના અનુભવોને લગતો એક જાહેર વાર્તાલાપ શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો.

સભાની શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે તેમને આવકાર આપ્યો હતો.

ત્યાર બાદ શ્રીયુત દુર્લભજીભાઈએ પોતાનો વક્તવ્યની શરૂઆત કરતાં પહેલાં પોતાના ધંધાને લગતી પૂર્વભૂમિકા રજૂ કરતાં જણાવ્યું હતું કે મારો અભ્યાસ ચાર જ ચોપડીનો છે અને મુંબઈ આવ્યો ત્યારે પાંચ આના ખિસ્સામાં હતા અને દેશમાં મારા ગામની વસતિ પાંચસો માણસની. આવા નાના ગામમાંથી મુંબઈ જેવા શહેરમાં આવવાનું બન્યું. પરંતુ પ્રથમથી કોઈનું કામ વિનાવળતરે કરી છૂટવાની ભાવના હતી એટલે એ રીતે સંબંધો વધ્યા, ઓળખાણો વધી અને સ્વતંત્ર ધંધાની શરૂઆત કરી. ૧૯૨૮માં જાપાનમાં પેઢી ખોલી. પ્રથમ ત્યાં માણસને મોકલ્યો, પછી હું ત્યાં ગયો. સીઝનમાં અહીં પાછો આવતો. આ રીતે પ્રવાસ કરવાની તક ખૂબ રહેતી.

પરદેશ જ્યારે જ્યારે જાઉં ત્યારે મારો ક્રમ એ રહેતો કે શહેરનું કામ પતી જાય એટલે ગામડામાં ચાલ્યો જાઉં અને ત્યાંના રીતરિવાજ, પહેરવેશ, ભાષા, રહેણીકરણીનો ઝીણવટથી અભ્યાસ કરું. એને પરદેશનાં જે જે ગામડાંમાં ગયો છું ત્યાં ત્યાં આપણા ગામડાંનો જે આતિથ્યસત્કાર હોય છે તેવો જ આતિથ્યસત્કાર જોવા મળતો. એટલે સમગ્ર વિશ્વના ગામડાઓમાં માનવસ્વભાવ મને એકસરખો જોવા મળ્યો છે અને એ રીતે ગામડાંઓએ પોતાનાં દેશની સંસ્કૃતિ જાળવી રાખી છે, જ્યારે શહેરોએ તેનો નાશ કર્યો છે. ઈટાલીનાં ગામડાઓમાં ખેડૂતની છોકરીઓનો પહેરવેશ આપણા ખેડૂતની છોકરીઓ જેવો જ હોય છે. આ રીતે પરદેશમાં ગામડાંમાં વધુ રહેવાનું મળતું એટલે દૂધ વગેરે શાકાહારી ખોરાક મને મળી રહેતો એ કારણે આટલી લાંબી મુસાફરીઓ કરી હોવા છતાં ઈંડાં જેવી વસ્તુનો પણ મેં સ્પર્શ નથી કર્યો.

૧૯૩૨માં શાંઘાઈ ગયેલો. ત્યાં ઈન્ટરનેશનલ એક્સચેન્જ માર્કેટ છે, એ કારણે તેઓ એક્સચેન્જની સારી એવી કમાણી કરી શકે છે અને ચીનાઓ જબરા હિસાબનીશો હોય છે તે મને ત્યાં જોવા-જાણવા મળ્યું અને શાહુકારી પણ એ લોકોની જ. એટલે શાહુકારીમાં ચીન અને તત્ત્વજ્ઞાનમાં ભારતનો નંબર પ્રથમ આવે.

આખા વિશ્વમાં રેશમ ચીનનું વખણાય અને તેઓ સૌથી ઊંચા પ્રકારનું કાપડ પહેરવાવાળા. અને ચોવટવાળો તેમ જ નકલ કરવામાં પ્રથમ આવે એવો દેશ જાપાન. તેને ગમે તેવી અઘરી વસ્તુ બતાવો તેની નકલ કરીને જ તે જંપે અને ઓછી મજૂરીએ અને ઓછે નફે કામ કરે. પહેલાં મારી દુકાને બે બે કલાક બેસીને ધંધો મેળવવા માટે જે લોકો તપ કરતા હતા તેવા લોકો આજે વીસ વીસ માળનાં મકાનોના માલિક થઈ ગયા છે. ત્યાં અરસપરસના સહકારની ભાવના ખૂબ જ જોવા મળે. જ્યારે આપણે ત્યાં ભારતમાં અરસપરસમાં ઈર્ષાનો હિસાબ નહિ.

ઉપરની રજૂઆત પછી તેમના પ્રવાસની રૂપરેખા આપતાં તેમણે જણાવ્યું કે પહેલાં કોલંબો ગયો. ત્યાં સિંહાલી ભાષાનો ઉપયોગ થતો હોય છે. ત્યાંના માણસો ખૂબ જ પ્રેમાળ અને વિનયી હોય છે. ત્યાંથી પિનાંગ-મલાયા ગયો. આ ટાપુમાં આપણા ઘણા ભાઈઓ છે અને તે વ્યાપારધંધામાં સારા એવા સ્થિર થયેલા છે. ત્યાંથી ઈન્ડોનેશિયા-જાવા-સુમાત્રા, પછી હોલેન્ડ. હોલેન્ડ તો સોનાનો દેશ કહેવાતો. આ દેશ પાસે પુષ્કળ સોનું હતું. તે બ્રિટિશરો સ્ટીમરો ભરીને લઈ ગયા. ત્યાં રબ્બરનું એટલું બધું ઉત્પાદન કે રસ્તાઓ પણ રબ્બરના બનાવવામાં આવે છે. ત્યાર બાદ ફિલિપાઈન્સ આવે. ત્યાં સ્ત્રી-પુરુષો બન્નેનો પહેરવેશ લૂંગીનો હોય છે. ત્યાં પાઈનેપલની મોટી ખેતી હોય છે. ત્યાંના એક એક ખેતર પાંચ છ માઈલના વિસ્તારના હોય છે. પાઈનેપલનો ઉપયોગ એ લોકો દારૂ બનાવવામાં કરે છે. મારી બેંકસો માઈલની મુસાફરીમાં ૬૦ માઈલ સુધી મેં પાઈનેપલનાં ખેતરો જોયાં.

ઑસ્ટ્રેલિયામાં વસતિ એક જ કરોડની છે જ્યારે તેનું ક્ષેત્રફળ ભારત કરતાં પણ મોટું છે અને નાણાકીય રીતે તે દેશ એટલો સદ્ધર છે કે અમેરિકી એક ડૉલરના ત્યાં ૮૬ પૈસા જ ઊપજે છે. ત્યાંના એક મોટર ગેરેજમાં દસ હજાર મોટરો એકસાથે ઊભી રહી શકે એટલા વિશાળ ગેરેજો હોય છે.

ન્યુઝીલૅન્ડ ખેતીપ્રધાન દેશ છે અને ત્યાં ગૌધન મોટા પ્રમાણમાં છે. ત્યાં જે દૂધ ઉત્પન્ન થાય છે તેમાંથી પાવડર બનાવીને દુનિયાના દેશોને તે વેચે છે. આ સાઉથ-ઈસ્ટનો છેડો આવ્યો.

આ બાજુ સિંગાપુર, બેંગકોક, હોંગકોંગ આવે. હોંગકોંગ આંતરરાષ્ટ્રીય બંદર છે. અહીં કોઈ પણ દેશના માલ પર જકાત નથી લેવાતી. એ જ રીતે સિંગાપોર. દુનિયાના તમામ દેશોની પ્રજા હોંગકોંગમાં વસેલી છે. અહીં દુનિયાનો મોટામાં મોટો નાણાંવ્યવહાર ચાલે છે. ત્યાર બાદ આવે તાઈવાન, કોરિયા અને જાપાન. જાપાનનાં મોટાં-શહેરો ચોબે અને યોકોહામા. યોકોહામા મોટું ઈન્ડસ્ટ્રિયલ શહેર છે. જાપાનના એક શહેર ઓસાકાનું નામ કેવી રીતે પડ્યું તે જાપાનીઓ જાણતા નહોતા તેના સંશોધનને લગતી રસપ્રદ વાત કરતાં શ્રી દુર્લભજીભાઈએ જણાવ્યું કે ભારતના સારનાથથી શાકય મુનિ તરાપામાં બેસીને કોરિયા ગયો. ત્યાંથી જાપાન ગયો. તેણે જાપાનીઓની વીસ વર્ષ સેવા કરી. જાપાનમાં પણ મુનિને મુનિ જ કહેવામાં આવે છે. ત્યાં શાકય મુનિને શાકામુનિ કહેતા હતા. તે ગુજરી ગયા પછી એ મુનિના નામ ઉપરથી એ ગામનું નામ ઓસાકા પડ્યું. ત્યાં આગળ ૩૬ લાખની વસતિ હતી. આજે ૮૫ લાખની વસતિ છે. પરંતુ ત્યાંની નદીઓની શાખાઓને શહેરની ગલીઓની માફક કાઢવામાં આવી છે. ત્યાં મજૂરી ખૂબ જ સસ્તી છે. આ કારણે તે મોટા પ્રમાણમાં માલની નિકાસ કરી શકે છે.

જાપાનમાં રેલવે ટ્રેનો ખૂબ ઝડપી હોય છે. આજે અમુક ટ્રેનો ત્યાં કલાકના ૧૨૫ માઈલની ઝડપે દોડે છે અને આટલી ઝડપ છતાં આપણે ઘેર સોફા પર બેઠા હોઈએ એમ જ લાગે એ તેની ખૂબી છે. આવી રીતે જાપાને દરેક બાબતમાં ખૂબ જ પ્રગતિ સાધી છે. તેઓ લોખંડનો ભંગાર સ્ટીમરો ભરીને અહીંથી લઈ જાય છે. ત્યાં તેને પ્રોસેસ કરીને પતરાં બનાવીને પાછાં અહીં લાવે અને એમ છતાં આપણા કરતાં સસ્તા ભાવે માલ વેચે. રૂનું પણ આ જ પ્રમાણે છે. તેઓ આપણું રૂ લઈ જાય અને તેનું સૂતર બનાવીને આપણે ત્યાં આપણાથી સસ્તા ભાવે વેચે. આવી પ્રજા ઝડપભેર પ્રગતિ કરે તેમાં શી નવાઈ? ત્યાં વ્યાપારીથી માંડીને સરકારી કર્મચારીઓ અને દરેક નાગરિકો અરસપરસ ધંધામાં ખૂબ જ સગવડો આપે છે.

અમેરિકાની પ્રજા પણ વ્યાપાર બાબતમાં ખૂબ જ કાળજીવાળી છે.

ન્યુઝીલૅન્ડની સરકાર લોકોને ખૂબ ખૂબ સગવડ આપે છે. ત્યાં તવંગર કે ગરીબ દરેક માટે ફ્રી મેડિકલ ટ્રીટમેન્ટનો રિવાજ છે. સાહિત્ય વિષે પણ સરકારની ખૂબ જાગૃતિ જોવા મળે.

અભ્યાસની બાબતમાં અમેરિકનો ખૂબ જ કાળજી ધરાવતા હોય છે. જેમ આપણે ત્યાં અગાઉ કાશીથી ભણીને આવેલા માણસની પ્રતિષ્ઠા રહેતી એવી જ રીતે ત્યાંના પ્રોફેસરો એક એક વિદ્યાર્થી પર પૂરતું ધ્યાન આપતા હોય છે અને યુનિવર્સિટીનું પરિણામ ૯૯ ટકા આવે તો પણ તેમને તે અપૂરતું લાગતું હોય છે. તેઓ ૯૯.૯૯ ના આગ્રહી હોય છે.

આ રીતે અમેરિકા, ફ્રાન્સ, ઈટાલી દરેક જગ્યાએ શિક્ષણનું ધોરણ ખૂબ ઊંચું જોવા મળે છે.

આ રીતે શ્રી દુર્લભજીભાઈએ ઘણી ઘણી રસપ્રદ વાતો કરી અને શ્રોતાઓને દુનિયાના જુદા જુદા દેશોની માહિતી આપી.

તેમનું વક્તવ્ય પૂરું થયા બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમનો આભાર માનતાં જણાવ્યું કે તેમનો આભાર હું શું માનું, તેઓ તો આપણા વડીલ છે અને આપણામાંના છે. આપણા સ્થાનકવાસી સમાજના આ બે આગેવાનો—શ્રી દુર્લભજીભાઈ તથા શ્રી ચીમનલાલ ચકુભાઈ—ખરેખર રામ-લક્ષ્મણની જોડી છે એમ સૌ કહે છે. ખરેખર આપણાં સદ્‌ભાગ્ય છે કે આવા નેતાઓ આપણને સાંપડ્યા છે.

આભારવિધિ બાદ સભાના શ્રોતાઓ કંઈક મેળવ્યાના સંતોષ સાથે વિખરાયા હતા. સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# ☆ પ્રગતિ મહારોગ સમી નીવડશે? ☆

**[આવતે વર્ષે સ્ટોકહોમમાં "વર્લ્ડ પોલ્યુશન કૉન્ફરન્સ" મળવાની છે. પોલ્યુશન એટલે કે આપણાં વાતાવરણ, આપણા જલસંચય, આપણી હવા વગેરેને ઉદ્યોગીકરણ વગેરેને કારણે થતો બગાડ. આ "બગાડ" માનવજાત માટે મોટી "ભયાનકતા" ઉત્પન્ન કરી રહ્યો છે? સાથેના લેખમાં એની ચર્ચા છે.]**

માણસને કેન્સરનો રોગ થાય એટલે, એના દિવસ ગણાવા માંડે–એનું શરીર ખવાવા માંડે અને અંતે એ ખવાઈ ગયેલું શરીર મૃત્યુને શરણે થાય એવી એક માન્યતા છે. મહદંશે એ સાચી પણ છે અને તેથી જ, વિષારી આવિષ્કારને કૅન્સરનું નામ અલંકારિક રીતે અપાય છે.

હમણાં જ, પશ્ચિમના દેશોમાં શરૂ થયેલા એક વિવાદમાં "પ્રગતિ"ને પણ કૅન્સરની ઉપમા આપવામાં આવી છે. લંડન "ટાઈમ્સ"માં તંત્રીને લખેલા એક પત્રમાં, એક વિખ્યાત પ્રોફેસરે Stop this cancer of progress–પ્રગતિ રૂપે પ્રગટ થયેલા આ કૅન્સરના રોગનો કોઈ ઉપાય કરો એવી આજીજીભરી વિનંતી કરી છે અને એ પત્રના અનુસંધાનમાં વિખ્યાત સંગીતકાર યેહુદી મેન્યુહીન તથા શ્રી ફ્રિલિપ ટોઈનબીએ લખેલા પત્રોમાં એ વિનંતીનો પુરસ્કાર કરવામાં આવ્યો છે. સમય પણ કેવો ફાંટાબાજ છે! પ્રગતિ – નિઃસીમ અને અનિયંત્રિત પ્રગતિ કેવી ખતરનાક છે તેનું એણે માનવજાતને ભાન કરાવવા માંડ્યું છે.

–માનવીને જોઈતી ઉર્જા–વીજળીશકિત વગેરેને માટે, જે બળતણ વગેરે બાળવામાં આવે છે તેથી વાતાવરણ દૂષિત થાય છે અને પરિણામે માનવજાતને માટેનો ખતરો પ્રતિપળ વધતો જ રહે છે. માનવીએ, હેરફેર માટે પૅટ્રોલ–ડીઝલ વગેરે બાળતું જે વાહન બનાવ્યું છે તેને તો હવે વિજ્ઞાનીઓ "મોટામાં મોટું ગુનેગાર તત્ત્વ" ગણાવી રહ્યા છે, અને અમેરિકા જેવા દેશોમાં તો હવે આવાં વાહનોમાંથી નીકળતા બળેલા ઝેરી વાયુઓના નિકાલ માટેની વિશિષ્ટ વ્યવસ્થા વિચારાઈ રહી છે. છતાં એ તો સ્પષ્ટ જ થયું છે કે આવાં વાહનોની સંખ્યા હવે અમર્યાદ રીતે વધવા દઈ શકાય એમ નથી અને એથી જ, "ફલાણા દેશમાં તો દર બે માણસે એક ગાડી છે" એમ કહીને એ દેશની પ્રગતિની જે પ્રશંસા કરવામાં આવતી હતી તે પણ હવે તો બંધ કરવી પડશે અને પ્રગતિનાં મૂલ્યાંકનો બદલવાં પડશે. યેહુદી મેન્યુહીન તો કહે છે કે સૂર્યશકિત ઉપર જ આપણે આધાર રાખતાં શીખવું પડશે, જો કે વિજ્ઞાનીઓ આ વાત નહિ માને. એમને તો હજી થર્મોન્યુકલીઅર એટલે કે હાઈડ્રોજન બૉંબની શકિત નાથવી છે. એ બાબતનું સંશોધન તેઓ પડતું મૂકે એમ નથી.

ફ્રિલિપ ટોઈનબીએ તો એક નવતર સૂચન પણ કર્યું છે. જેમ અત્યારે અકવાડિયામાં એક દિવસ ઉપવાસ કરીને ભૂખ્યાઓને એ રીતે બચેલું અન્ન પૂરું પાડવાનું આન્દોલન પ્રસંગોપાત ચાલે છે તેમજ જો કોઈ અકવાડિયામાં એક દિવસ મોટર કે રેડિયો કે બીજાં એવાં ઉપકરણો ન વાપરવાનું આન્દોલન કોઈ ઉપાડે તો શ્રી. ટોઈનબી એમાં જોડાવા તૈયાર છે.

આજની પરિસ્થિતિના બે મૂલગત પ્રશ્નો છે. સાર્વાત્રીન સંસ્કૃતિ જેને ઊંચું જીવનધોરણ ગણે છે તે પ્રાપ્ત કરવા માટેનાં સાધનો વધુ ને વધુ ઉત્પન્ન કરવાં કે પછી જીવનનું સત્ત્વ જ ઊંચું આવે એવી કોઈ પ્રવૃત્તિ કરવી? આ પ્રશ્નનો માનવજાત કઈ રીતે જવાબ આપે છે એના ઉપર જ માનવીના ભાવિનો આધાર રહેલો છે.

યુનેસ્કોના આસિસ્ટન્ટ ડિરેક્ટર જનરલ ફોર સાયન્સ પ્રો. આન્દ્રિયાનો બુઝાટી ટાવર્સો જેઓ પોતે એક વિશ્વવિખ્યાત જીવવિજ્ઞાનશાસ્ત્રી –બાયોલોજિસ્ટ – પણ છે તેમણે આ પ્રશ્નની એક નવી જ દૃષ્ટિથી ચર્ચા કરી છે. તેઓ જણાવે છે કે છેલ્લાં ૪૦૦ વર્ષથી માનવજાત એવા ખ્યાલથી જ પોતાની પ્રવૃત્તિ ચલાવી રહી છે કે જાણે એની પ્રગતિને કોઈ સીમા જ નથી. હવે આપણને ખબર પડવા માંડી છે કે આ ખ્યાલ ખોટો છે. આપણી પૃથ્વી કાંઈ નિઃસીમ નથી – સીમિત છે અને એથી આ પૃથ્વી પર રહેનારા આપણા જેવાઓની પ્રગતિ પણ સીમિત જ રહેવાની. આપણાં સાધનો મર્યાદિત છે અને એટલે જ આપણે આપણી પ્રગતિની પણ મર્યાદા આંકી લેવી જોઈએ. સૌથી પહેલાં આપણે વસતિનો વધારો કરવાની દિશામાં જે પ્રગતિ કરી છે તેની આડે પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. પ્રો. બુઝાટી ટાવર્સો તો માને છે કે પૃથ્વી પર દરેક માનવીએ સુખચેનથી રહેવું હોય તો પૃથ્વીની વસતિ ૭૦ કરોડથી વધારે ન રહેવી જોઈએ. આજે એના કરતાં પાંચગણી વસતિ છે અને એ જો વધતી જ રહેશે તો શું થશે એ કહેવું મુશ્કેલ છે. કોઈક ન સમજ પડે એવો વિશ્વવ્યાપી રોગચાળો ફાટી નીકળવાની અને એ રીતે માનવસંખ્યા ઓછી થવાની કેટલાક વિજ્ઞાનીઓએ જે આગાહી કરી છે તેનો પણ પ્રોફેસરે ઉલ્લેખ કર્યો હતો.

પ્રો. ઓપન હાઈમરે એક સ્થળે કહ્યું છે કે વિજ્ઞાને જ્યારે આણુબૉંબનો જન્મ જોયો ત્યારે સાથોસાથ એને પોતાના એક મહાપાપનાં પણ દર્શન થયાં. પ્રો. ઓપન હાઈમરે તો માત્ર એક આણુબૉંમ્બને અનુલક્ષીને આ ઉદ્‌ગારો કાઢ્યા હતા પણ આજે તો હવે ઠેર ઠેર અનેક ક્ષેત્રોમાં વિજ્ઞાનનાં નાનાં મોટાં પાપો દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે. જે કાગળ પર આ લેખ છપાયો છે તે કાગળનું ઉત્પાદન પણ, આજે નહિ ને થોડાં વરસો પછી પાપ ગણાશે કારણ કે કાગળના ઉત્પાદનને કારણે આપણી પૃથ્વી પરનો જળસંચય ઘણો દૂષિત થાય છે અને એને દૂષિત થતો અટકાવવો હશે તો કયાં તો કાગળનું ઉત્પાદન અત્યંત સીમિત બનાવી દેવું પડશે અથવા તો ઉત્પાદનની કોઈ નવી પદ્ધતિ શોધી કાઢવી પડશે.

વર્લ્ડહૅલ્થ ઓર્ગેનિઝેશન - વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થાએ તો એવી આગાહી કરી છે કે ઉદ્યોગ માટે વપરાતો મીઠા પાણીના જથ્થો પ્રતિ વર્ષ વધુ ને વધુ પ્રમાણમાં વપરાવા લાગ્યો હોવાથી ૧૫ વર્ષમાં દુનિયામાં મીઠા પાણીનો દુષ્કાળ પડશે. ઔદ્યોગિક પ્રગતિ સાધવા માટે આ કિંમત ચૂકવવી ઈષ્ટ છે કે કેમ તેનો વિચાર કોઈએ ન કરવો જોઈએ?

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કાલોઽસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધ : એમ કહીને, ભયંકરતાનો જે ખ્યાલ આપ્યો હતો તેવી ભયંકરતા, માનવીજાતને આવરી રહી છે કે શું એવો પ્રશ્ન ઉપસ્થિત થાય એવી આ બધી વાત છે.

–મનુભાઈ મહેતા

## અમૃત ભરવું મારે

કોણે કીધો રે ઊલટો આ આભ કટોરો કપારે;
દીધો ઢોળી રે કૃપા રસથી ભર્યો અન્યારે.
કે અમૃત ઝીલવું છે મારે .....

અમી આંખનું મહીં મેળવી;
હૈયા કેરું હીર ભેળવી.
જગસાગર મંથને વિષ વમવી. –
ચંદ્રકિરણને ફુવારે
કે અમૃત .....

દાઝેલાં દિલડાં ઠરી જાયે;
હીમ પણ ઘડીભર ઉષ્મા પામે.
ધરતી માથે છત્ર બનાવ્યું–
ઉદાવવું રહ્યું તારે
કે અમૃત .....

ઊલટો છે એ અર્ધ વળેલો;
ચાંદી પાત્ર શો રહે ઢળેલો.
પૃથ્વી પર વસનારા ઝીલે –
હર રજનીની સવારે...
કે અમૃત .....

–સુશીલા ઝવેરી

# આપણા શબ્દો....આપણી વાણી

આપણે શબ્દોનો છુટ્ટે મોંએ ઉપયોગ કરીએ છીએ. સુખ કે દુઃખ કોઈ પણ પ્રસંગમાં શબ્દ વિના મનુષ્યને ચાલ્યું નથી. આનંદ વ્યકત કરવા માટે કે શોક પ્રકટ કરવા માટે આપણે શબ્દની મદદ લઈએ છીએ. જો કે પરમ આનંદ કે ગહન દુઃખ હંમેશાં શબ્દથી પર રહ્યું છે. આવી કોઈ પણ પરિસ્થિતિમાં આપણે બધાંયે અનુભવ્યું છે કે words, wor's, words, what wor's c.n help?

અતિ વપરાશને લીધે આપણા શબ્દો ચપ્પટ થઈ જાય છે. મોટે ભાગે આપણે જે શબ્દો વાપરીએ છીએ તે મરેલાં માછલાં જેવા હોય છે. કવિ પાસે અમૃતઝરતો દમયંતી જેવો હાથ હોય છે. કવિની પ્રતિભાને સ્પર્શે શબ્દોને સંજીવન મળે છે.

આપણે એવું માનતા અને મનાવતા આવ્યા છીએ કે શબ્દો વિચારો, લાગણીઓ, કલ્પનાઓને પ્રકટ કરે છે. પારદર્શક વાણી પ્રકટી શકે એવા માણસો આ યુગમાં મળવા દુર્લભ. આજનો માણસ વાણીનો ઉપયોગ કરે છે હૃદયને પ્રકટ કરવા માટે નહીં—પણ પોતાની ઈચ્છાઓ, લાગણીઓ, વિચારોનો ઢાંકપિછોડો કરવા માટે. બ્રહ્મ સમાન શબ્દને આપણે ભ્રમ સમાન બનાવી દીધો છે.

નહાઈને આવેલા નગ્ન ને નિર્દોષ બાળક જેવા શબ્દથી આપણે અજાણ્યા છીએ. શબ્દની અસલિયતને આપણે જનરેટીપ આપી દઈએ છીએ. આપણે શબ્દને ઘણીયે વાર અર્થના કાબરચીતરા વાઘા પહેરાવી દઈએ છીએ. શબ્દનું ગંગોત્રીસ્થાન તો મનુષ્યનું મૌન હોવું જોઈએ. આપણો શબ્દ મૌનથી ઘડાયેલો નથી હોતો. શબ્દ આપણી હૃદયની સહજ વાતમાંથી પ્રકટવાને બદલે આપણા વાતોડિયાપણામાંથી પ્રકટે છે.

બે શબ્દની વચ્ચે જે અવકાશ છે એમાં રસ લેવાનો આનંદ કોઈ નોખા પ્રકારનો હોય છે. પણ આપણે બે શબ્દોની વચ્ચે અવકાશ રાખીએ છીએ ખરા?

શબ્દની પાર પણ એક શબ્દ રહ્યો હોય છે. એ શબ્દ વસે છે મૌનના નિરાકાર રૂપમાં. શબ્દ હદને પ્રકટ કરે છે. અશબ્દ અનહદને. હદ અને અનહદની વચ્ચે, શબ્દ અને અશબ્દની વચ્ચે કોઈ પરમતત્ત્વ પ્રકટ થવા ઝંખ્યા કરે છે. સંતકવિ તો વાણીમાં શબ્દ અને અશબ્દ વચ્ચેનું આકાશ ઉઘાડ પામે છે.

શબ્દ અસીમને બાંધતી સીમા છે. મરાઠી કવિ પુરુષોત્તમ રેગેએ કહ્યું કે:

પક્ષી ગાતું નથી
પોતાની સીમાઓની
કક્ષાનો ઉદ્‌ઘોષ કરે છે.

ધારો કે આપણે કોઈ વનમાં હોઈએ. વાતાવરણમાં નરી ચૂપકીદી પથરાઈ હોય. એકાએક કોઈ પંખીનો ટહુકો સંભળાય. એ ટહુકો પક્ષી કઈ દિશામાં છે, ને પંખીઓ વિશે જાણતા હોઈએ—તો એ પંખી કયું છે—એ બધી વાતને પ્રકટ કરે. આ પ્રકટીકરણ આપણને અસીમમાંથી સીમમાં મૂકી દે. સીમામાં કુતૂહલનો પણ આનંદ નથી હોતો. અસીમની રહસ્યમયતા આપણને અકળ રીતે બાંધીને મુકત રાખે છે.

—પણ આપણી વાણી! મોટા ભાગનાં સુખ અને દુઃખમાં જો કોઈ મૂળ તત્ત્વ હોય તો તે આપણી વાણી જ છે. સામા માણસની અવળી વાણીના ઉઝરડા કોને નહીં પડ્યા હોય? કેટલાક માણસોના

> તૂરું તૂરું બોલવું નહીં
> કોઈનું બૂરું બોલવું નહીં
> પીળું પીળું બોલવું નહીં
> લાલ કે ભૂરું બોલવું નહીં.
>
> આપણી વાણી સફેદ હંસ,
> કંસનો નહીં કપટી દંશ.
>
> આપણી વાણી પીપળ પાન:
> પોઢ્યા જાણે શ્રી ભગવાન.
>
> આપણી વાણી આપણા જેવી,
> શિયાળામાં તાપણા જેવી.

શબ્દો જાણે કે કાન પર પથરા પડતા હોય એમ પડ્યા કરે છે. વાણીમાં શરબત અને વાણીમાં તેજાબ—આ બન્ને છેડા પરની સ્થિતિ છે. વાણીના જેવો કોઈ પ્રપંચ નથી.

આખા દિવસને અંતે આપણે જો થોડીક વાર પણ શાંતપણે વિચારીએ કે આપણે આખા દિવસ દરમ્યાન જે કંઈ બોલ્યા હોઈએ એમાં કેટલું તદ્દન અનિવાર્ય હતું? મોટા ભાગના માણસો જાણે કે ખાલી જગ્યાઓ પૂરવા માટે—અંદરનું ખાલીખમપણું ઢાંકવા માટે જ શબ્દો બોલ્યે જાય છે. શબ્દો...શબ્દો...શબ્દો...જાણે ઝીણી ઝીણી અસંખ્ય કીડીઓ, મરેલા વાંદા જેવા દિવસને કયાંક ખેંચતી કીડીઓ.

એક નવલકથા વાંચી હતી. એમાં બાપ—દીકરા વચ્ચેનો સંવાદ હૃદયસ્પર્શી હતો. દીકરાને વાઘ, દીપડો, ચિત્તો—એમ જંગલી જનાવરો પાળવાની રહીરહીને પ્રબળ ઈચ્છા થયા કરતી હતી. દીકરાની ઈચ્છા જાણ્યા પછી બાપ માત્ર એટલું જ કહે છે: "બેટા! તું બધું જ પાળી શકશે. જંગલીમાં જંગલી જનાવર પણ કેળવી શકાશે, પણ સૌથી મુશ્કેલ કામ આ જીભને પાળવાનું છે."

આપણા શબ્દો...આપણી વાણી...આપણને સચ્ચાઈથી પ્રકટ કરે છે ખરા? આપણે કવિની જેમ કહી શકશું:

"આમાર જીવન આમાર બાની,
બીજું તે તો ઝાકળ પાણી."

પણ ના—આપણને જેટલો ઝાકળમાં રસ છે એટલો જળમાં નથી. આપણી વાણીમાં દંભ કહી શકાય એટલાં બધાં લાલનપાલન ને લાડ રહ્યાં છે અને કયારેક આપણી વાણીમાં સગવડ પ્રમાણે પશુની ત્રાડ રહી છે. વાણીનો આવો વેપાર ચાલતો જોઈને કયારેક એમ કહેવાનું મન થાય છે:

કયાં લગી
આમ ને આમ વહી જશે જિંદગી?
—કયાં લગી?

દંભના દોર પર નાચતા નટ અમે,
સંતના સ્વાંગમાં શોભતા શઠ અમે.
આ બધાનો કદી હોય ના અંત શું?
રે અમે માનવી ના, અમે તો પશુ!

આપણી વાણીમાં વૈષ્ણવજનની પ્રતિષ્ઠા કયારે થશે?

—સુરેશ દલાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૬૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પાપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ડિસેમ્બર ૧, ૧૯૭૧ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## બંધારણના પચ્ચીસ અને છવ્વીસમા ફેરફારો

બંધારણના ૨૪મા ફેરફારને જરૂરી રાજ્યોની ધારાસભાઓની સંમતિ મળતાં, રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી છે અને આ ફેરફાર અમલમાં આવ્યો છે. પરિણામે, ગોલકનાથના કેસનો ચુકાદો રદ થાય છે અને મૂળભૂત હક્કો સહિત બંધારણના કોઈપણ ભાગમાં ફેરફાર કરવાનો પાર્લામેંટને અધિકાર છે તેવું ફરીથી સ્થાપિત થાય છે. આ ફેરફારને કદાચ અદાલતમાં પડકારવામાં આવશે, તે માટે પ્રસંગ ઊભો થાય ત્યારે. તે સમયે સુપ્રીમ કોર્ટ શું કરે છે તે જોવાનું રહે છે. હાલ, પાર્લામેંટને આવી સત્તા છે તેમ સ્વીકારી, પાર્લામેંટ બીજા બે ફેરફાર–૨૫ અને ૨૬–કરવાની તૈયારીમાં છે. પાર્લામેંટની આ બેઠકમાં આ બન્ને ફેરફારો કરવાનો સરકારનો નિર્ણય છે. આ લખાણ છપાય તે પહેલાં–૩૦ નવેમ્બરે–તેની ચર્ચા લોકસભામાં શરૂ થઈ છે. ૨૫મો ફેરફાર ઘણો અગત્યનો અને ભારે વિવાદાસ્પદ છે. ૨૬મા ફેરફારથી રાજવીઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો રદ કરવાનો પ્રબંધ છે. પહેલાં ૨૫મો ફેરફાર તપાસીએ. તેમાં નીચે જણાવેલ મુખ્ય મુદ્દા સમાયેલ છે :

(૧) જાહેર હિત માટે કોઈપણ મિલકત સરકાર કાયદાથી પ્રાપ્ત કરે તો તેનું વળતર આપવું જોઈએ. પણ વળતર પૂરેપૂરું – ૧૦૦ ટકા– ન હોય તો પણ કોર્ટ તેવા કાયદાને રદ કરી શકતી નથી. કેટલું વળતર આપવું તે પાર્લામેંટે નક્કી કરવાનું છે. આ પ્રમાણે ૧૯૫૪થી બંધારણમાં જોગવાઈ છે. પણ બૅંક રાષ્ટ્રીયકરણ કેસમાં, બંધારણની આ સ્પષ્ટ જોગવાઈ અને સુપ્રીમ કોર્ટના તે સંબંધિના અગાઉના ચુકાદાઓ અવગણી, સુપ્રીમ કોર્ટે એમ ઠરાવ્યું કે પૂરેપૂરું વળતર આપવું જોઈએ. આવો અર્થ કરવામાં બંધારણમાં વપરાયેલ Compensation શબ્દનો સુપ્રીમ કોર્ટે આધાર લીધો. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો પાર્લામેંટની ૧૯૫૪થી સ્વીકારેલ નીતિથી વિરુદ્ધ જાય છે. તેથી ૨૫મા ફેરફારમાં ફરીથી સ્પષ્ટ કરવા માટે Compensation – વળતર-શબ્દ કાઢી નાખી amount –રકમ-શબ્દ વાપરવામાં આવે છે. આ ફેરફાર પાર્લામેંટની નીતિ સ્પષ્ટ કરવા અને સુપ્રીમ કોર્ટે કરેલ અર્થની વિપરીત અસર દૂર કરવા માટે જ છે. આ ફેરફારમાં કાંઈ નવું નથી. એટલું ઉમેર્યું છે કે જે રકમ આપવાની થાય તે રોકડ જ આપવી તેમ નથી. લાંબી મુદતના બોન્ડ્ઝ પણ આપે.

(૨) બૅંક રાષ્ટ્રીયકરણ કેસમાં સુપ્રીમ કોર્ટે એક નવો મુદ્દો ઊભો કર્યો છે. જાહેર હિત માટે મિલકત પ્રાપ્ત કરવી અને તે માટે વળતર આપવું તેનો પ્રબંધ બંધારણની કલમ ૩૧માં છે. કલમ ૧૯માં સાત મૂળભૂત હક્કો જાહેર કર્યા છે તેમાં એક હક છે કે દરેક નાગરિકને મિલકત પ્રાપ્ત કરવાનો, રાખવાનો અને વેચવાનો હક છે, (to acquire, hold and dispose of property) આ હક ઉપર સરકાર વાજબી અંકુશો મૂકી શકે છે. પણ કયા અંકુશને વાજબી ગણવો તે સુપ્રીમ કોર્ટ નક્કી કરી શકે. કલમ ૧૯માં બીજો હક છે કે દરેક નાગરિક આખા દેશમાં અબાધિતપણે જઈ આવી શકે છે. કલમ ૨૧માં પ્રબંધ છે કે કોઈ નાગરિકની અંગત સ્વતંત્રતા કાયદાના આધાર વિના મનસ્વીપણે ખૂંચવી શકાતી નથી. કલમ ૨૨માં પ્રબંધ છે કે કોઈપણ નાગરિકને સરકાર અટકાયતમાં રાખી શકે છે (Preventive detention.) ૧૯૫૧માં, ગોપાલનને અટકાયતમાં લીધા ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે કલમ ૧૯ અને ૨૧માં હેરફેર અને અંગત સ્વતંત્રતાના હક્કો છે તે જોતાં કલમ ૨૨નો અંકુશ બંધારણ વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટે ત્યારે ઠરાવ્યું કે કલમ ૨૨ સ્વતંત્ર છે અને કલમ ૧૯ અને ૨૧થી કલમ ૨૨ મર્યાદિત થતી નથી. તે જ પ્રમાણે કલમ ૧૯માં મિલકતનો હક છે તેથી કલમ ૩૧ મર્યાદિત થતી નથી એમ માનવામાં આવતું હતું. પણ બૅંક રાષ્ટ્રીયકરણ કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે કલમ ૩૧ અને ૧૯ પરસ્પર સંબંધિત છે અને કલમ ૩૧ મુજબ પાર્લામેંટ કાયદો કરે તો પણ કલમ ૧૯ ને આધીન છે. પરિણામે કલમ ૩૧માં પાર્લામેંટને મળેલ અધિકાર ઘણો મર્યાદિત થઈ જાય છે. બંધારણના ૨૫મા ફેરફારમાં સ્પષ્ટ કરવામાં આવે છે કે કલમ ૩૧ મુજબ કરેલ કોઈ કાયદાને કલમ ૧૯ લાગુ નહિ પડે. આ ફેરફારમાં પણ કાંઈ નવું નથી. પાર્લામેંટે વર્ષોથી સ્વીકારેલ નીતિ અને ૧૯૫૧થી સુપ્રીમ કોર્ટે બંધારણની કલમોના કરેલ અર્થની પુનઃ જાહેરાત છે અને બૅંક રાષ્ટ્રીયકરણ કેસમાં સુપ્રીમ કોર્ટે કરેલ અર્થની વિપરીત અસર દૂર થાય છે.

(૩) ૨૫મા સુધારામાં એક સર્વથા નવો ફેરફાર થાય છે જે અત્યંત વિવાદાસ્પદ અને ચિન્તાજનક લેખી શકાય. બંધારણમાં મૂળભૂત હક્કો છે જેનો અમલ કોર્ટ મારફત કરી શકાય છે. તે ઉપરાંત રાજ્યનીતિના સિદ્ધાંતો છે જે એટલા જ મૂળભૂત છે–કદાચ વિશેષ-પણ જેનો અમલ કોર્ટ મારફત થઈ શકતો નથી, કારણ કે તેનો અમલ કોર્ટના કોઈ હુકમથી શકય નથી. મૂળભૂત હક્કો રાજ્યના કાર્યક્ષેત્ર ઉપર બંધનો અથવા મર્યાદા છે. રાજ્ય શું ન કરી શકે તેનું પ્રતિપાદન છે. જે ન કરી શકાય તે કરતા અટકાવવા કોર્ટ હુકમ કરી શકે છે. રાજ્યનીતિના સિદ્ધાંતો રાજ્યે શું કરવું જોઈએ તે પ્રતિપાદન કરે છે. રાજ્યની ફરજો–દરેકને કામ મળવું જોઈએ, રોજી મળવી જોઈએ, શિક્ષણ મળવું જોઈએ વગેરે, ટૂંકામાં ભાવિ સમાજરચનાનું તેમાં ચિત્ર છે, જેમાં ન્યાય, સમાનતા-આર્થિક અને સામાજિક-વગેરે તત્ત્વો પાયામાં હોય. કોર્ટના હુકમથી આ બની ન શકે પણ રાજ્યે તેનો અમલ કરવા બધા પ્રયત્નો કરવાનો ધર્મ છે. આવા રાજ્ય–નીતિના સિદ્ધાંતોનો અમલ કરવામાં મૂળભૂત હક્કો બાધક થાય તો વર્તમાન બંધારણ મુજબ રાજ્યને થંભી જવું પડે છે. કોર્ટો કાયદાનો અર્થ કરવામાં મૂળભૂત હક્કો અને રાજ્યનીતિના સિદ્ધાંતોનો સુમેળ સાધવા પ્રયત્ન કરે. પણ બે વચ્ચે વિરોધ જણાય તો મૂળભૂત હક્કોનો અમલ થાય. ૨૫મા સુધારામાં જે ફેરફાર કરવામાં આવે છે તેમાં રાજ્યનીતિના બે સિદ્ધાંતોનો અમલ કરવામાં મૂળભૂત હક્કોને ગૌણ સ્થાન આપવામાં આવે છે તે બે સિદ્ધાંતો છે : (૧) દેશની ભૌતિક સંપત્તિની માલિકી અને કબજો જનહિતમાં વહેંચાયેલાં હોવાં જોઈએ; (૨) સમાજની આર્થિક વ્યવસ્થા એવી હોવી જોઈએ કે ઉત્પાદનનાં સાધનો અને સંપત્તિમાં કેન્દ્રીકરણ કે ઈજારાશાહી ન હોય. આ બન્ને સિદ્ધાંતો મિલકતને લગતા છે, સમાજવાદી સમાજરચનાના પાયાના સિદ્ધાંતો લેખાય, બંધારણની વર્તમાન કલમો ૧૪, ૧૯ અને ૩૧ આ સિદ્ધાંતોના અસરકારક અમલમાં અંકુશ સમાન છે.

૨૫મા ફેરફારથી આ બે સિદ્ધાંતોનો અમલ કરતા કાયદાઓ માટે કલમ ૧૪, ૧૯ અને ૩૧માં જણાવેલ મૂળભૂત હકો લગભગ રદ થાય છે. આ ઘણો મોટો, પાયાનો ફેરફાર છે જેનાં પરિણામો કલ્પવા મુશ્કેલ છે. આ સિદ્ધાંતોના અમલના નામે માત્ર મિલકતને લગતા મૂળભૂત હકો ગૌણ બને છે એટલું જ નહિ પણ કલમ ૧૯માં જણાવેલ બીજા હકો પણ ગૌણ બને છે; જેવા કે વાણીસ્વાતંત્ર્ય, વગેરે. બંધારણમાં આ ધરમૂળનો ફેરફાર છે. વળી આ બે સિદ્ધાંતોના અમલ માટે કાયદાઓ કરવાની સત્તા માત્ર પાર્લામેંટને જ આપવામાં આવે છે તેમ નથી, પણ રાજ્ય ધારાસભાઓ પણ એવા કાયદાઓ કરી શકે છે, માત્ર તેને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવી રહેશે.

પણ ૨૫મા બંધારણનો આ ફેરફાર આટલેથી જ અટકતો નથી. તેમાં વિશેષ પ્રબંધ છે કે આવા કોઈ કાયદામાં એમ જાહેર કરવામાં આવે કે ઉપર જણાવેલ બે સિદ્ધાંતોના અમલ માટે તે કાયદો કર્યો છે તો કોઈ કોર્ટમાં એવા કાયદાને પડકારી શકાતો નથી. ટૂંકામાં કોર્ટની હકૂમત લઈ લેવામાં આવે છે. મારા નમ્ર મત મુજબ આવો પ્રબંધ ભયજનક છે. કોઈ કાયદો ખરેખર ઉપર જણાવેલ બે સિદ્ધાંતોના અમલ માટે કર્યો છે કે નહિ તે હકીકત સંબંધે કાયદો ઘડનાર જ છેવટનો ફેંસલો આપે તેમાં ભારે જોખમ છે. સત્તાનું ઘેન બધાને ચડે છે, પછી તે પાર્લામેંટ હોય કે કોર્ટ, Possibility of abuse of power. તે માટે અંકુશ જરૂરી છે, Judicial Review of legislation આવો લાભદાયક અંકુશ છે. કોર્ટો ભૂલ નથી કરતી એમ નહિ. ગોલકનાથ, બૅંક રાષ્ટ્રીયકરણ અને રાજવીઓનાં સાલિયાણાંના કેસોમાં સુપ્રીમ કોર્ટે જે ચુકાદાઓ આપ્યા છે તેથી હું નિરાશ થયો છું. પણ તેવા ચુકાદાઓ અમુક ન્યાયાધીશોનાં વ્યક્તિગત માનસિક વલણનું પરિણામ હોય છે. તેથી કાયમને માટે કોર્ટોની હકૂમત લઈ લેવી વાજબી નથી. પાર્લામેંટ કે ધારાસભા એટલી જ, કોઈ વખત કદાચ વિશેષ, ભૂલને પાત્ર છે.

કોર્ટનો અંકુશ હોય તો પુનર્વિચારણા કરવાની તક મળે છે. કોર્ટ ભૂલ કરે તો પાર્લામેંટ નવો કાયદો કરી તે સુધારી શકે છે. લોકશાહીમાં પરસ્પર અંકુશો-Check and Counter-Checks, જરૂરી છે. સમાજવાદને નામે પાર્લામેંટ કે રાજ્ય ધારાસભાઓને અમર્યાદ સત્તા આપી લોકશાહી જોખમમાં મૂકવી અત્યંત ભયાવહ છે. રાજ્ય ધારાસભાઓ મૂળભૂત હકોમાં ફેરફાર કરી શકતી નથી. તેને આવી આડકતરી રીતે મૂળભૂત હકોની સર્વથા અવગણના કરવાની સત્તા આપવી અને તે પણ દરેક રાજ્યમાં કેવો રાજકીય પક્ષ સત્તારૂઢ હશે તે દેખાય છે ત્યારે, લોકશાહીને જોખમમાં મૂકીએ છીએ તે ઉપર ગંભીર વિચાર કરવો જોઈએ. ડૉકટર ગજેન્દ્રગડકર જેના ચેરમેન છે તે લૉ કમિશને પણ આગ્રહપૂર્વક ભલામણ કરી છે કે Judicial Review of legislation રહેવા દેવો જોઈએ. પણ કેન્દ્ર સરકાર આ ભલામણ સ્વીકારે તેવું અત્યારે જણાતું નથી.

૨૬મો ફેરફાર રાજવીઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારોની નાબૂદી માટે છે. આવો બંધારણીય સુધારો માત્ર એક મતે રાજ્યસભામાં ઊડી ગયો હતો તે ફરીથી રજૂ થાય છે. તે સમયે રાજવીઓને વળતર આપવા સરકારનો ઈરાદો હતો. હવે વલણ કાંઈક કડક થયું જણાય છે. ખાસ કરી ૨૫મો ફેરફાર પસાર થાય પછી વળતર આપવાની કોઈ કાયદેસરની ફરજ રહેતી નથી.

આ બન્ને ખરડાઓ લોકસભા અને રાજ્યસભામાં પસાર થશે તે સ્પષ્ટ છે. તેને પડકારવામાં આવશે તે પણ સ્પષ્ટ છે. સુપ્રીમ કોર્ટ શું કરે છે તે જોવાનું. સુપ્રીમ કોર્ટ કાંઈ કરી શકે કે નહિ, પણ ૨૫મા સુધારામાં કલમ ૩૧સી જે ઉમેરવામાં આવે છે (ઉપર જણાવેલ (૩) ) તેનાં પરિણામો વ્યાપક અને દૂરગામી હશે. ઈજારાશાહી હટાવવાના નામે વર્તમાનપત્રો સંબંધે જે કાયદો કરવાનું બહાર આવ્યું છે તે આ નવા ફેરફારનું ભયસ્થાન સૂચવે છે.

**ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

## યુદ્ધના આરે?

ભારત - પાકિસ્તાન વચ્ચે વણકથ્યું યુદ્ધ શરૂ થઈ ગયું છે? પાકિસ્તાનમાં યાહ્યાખાને કટોકટી જાહેર કરી છે. લશ્કરમાં બધાની રજા રદ કરી, રજા ઉપર હોય તેમને પાછા બોલાવ્યા છે. આપણી હદમાં આવેલાં ત્રણ પાકિસ્તાની વિમાનો આપણે તોડી પાડ્યાં છે. પાકિસ્તાનની હદમાં જઈ, તેની ટૅન્કો અને લશ્કરી સરંજામ કબજે કર્યો છે અને ૮૦ પાકિસ્તાની સૈનિકો મરી ગયા હોવાનું જાહેર થયું છે. જરૂર પડયે પાકિસ્તાનની સરહદમાં જવાનો આપણા સૈન્યને આદેશ મળ્યો છે. પૂર્વ સરહદ ઉપર સામસામા ગોળીબાર અને સરહદભંગ થયે જાય છે. પૂર્વ અને પશ્ચિમ સરહદે બન્નેનાં લશ્કરો કોઈ પણ ક્ષણે આક્રમણ કરવા તૈયાર ખડાં છે. યાહ્યાખાને કહ્યું છે: દસ દિવસમાં યુદ્ધ થશે. આપણે હજી કટોકટી જાહેર કરી નથી. વિદેશથી પાછા ફર્યા પછી ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે વિદેશી સત્તાઓને પોતાની લાગવગનો ઉપયોગ કરી, રાજકીય સમાધાન કરાવવા થોડો સમય તક આપવી જોઈએ. એમ કહેવાય છે કે યાહ્યાખાન ઉપર બ્રિટન, અમેરિકા અને બીજાં રાજ્યોનું દબાણ ચાલુ છે. આપણા ઉપર પણ દબાણ છે કે કોઈ સંજોગોમાં યુદ્ધ ન કરવું. મુક્તિવાહિનીને ઠીક સફળતા મળતી હોય તેમ જણાય છે. પાકિસ્તાનનો આક્ષેપ છે કે મુક્તિવાહિનીને આપણી સર્વ પ્રકારની સહાય છે એટલું જ નહિ પણ આપણું લશ્કર તેની સાથે છે. ગુજરાતના ગવર્નરને પરિસ્થિતિની એટલી ગંભીરતા લાગી કે ગવર્નરોની પરિષદમાં દિલ્હી જવાનું તેમણે બંધ રાખ્યું. જનસંઘ અને અન્ય રાજકીય પક્ષોએ સરકારને સંપૂર્ણ ટેકો આપવાની ખાતરી આપી છે. બંગલા દેશને માન્યતા આપવા સરકાર ઉપર દબાણ વધી રહ્યું છે. ઈન્દિરા ગાંધી ખૂબ ધૈર્ય અને કુનેહથી કામ લઈ રહ્યાં છે તેની મુકતકંઠે સર્વત્ર પ્રશંસા થાય છે. હવે શું થશે તેની સમસ્ત પ્રજા આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે. યુદ્ધને આરે ઊભા છીએ અને ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળે. રાષ્ટ્રસંઘની સિકયુરિટી કાઉન્સિલ સમક્ષ મામલો રજૂ કરી બન્ને ઉપર અને ખાસ કરી આપણા ઉપર દબાણ લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. બેલ્જિયમે એવો એક પ્રસ્તાવ – ગોળગોળ ભાષામાં – રજૂ કર્યો છે. નજીકમાં નિકસન - હીથ મંત્રણા થશે તેમ જાહેર થયું છે. આપણી પ્રત્યે સહાનુભૂતિ છે એવી વિદેશી સત્તાઓ પણ યુદ્ધ ન થાય તે જોવા ઈંતેજાર છે. ' ગાર્ડિયન' જેવું પત્ર પણ આપણને ઠપકો આપે છે, આરોપ કરે છે. આ બધું બતાવે છે કે યુદ્ધ થાય તો આપણા પગ ઉપર જ આપણે ઊભા રહેવાનું છે. રશિયા આપણને આર્થિક અને લશ્કરી સરંજામની સહાય કરે તો પણ સીધી રીતે યુદ્ધમાં નહિ ઊતરે. એવી રીતે ચીન અથવા અમેરિકા પાકિસ્તાનને સહાય કરશે. ચીન સીધી રીતે પાકિસ્તાનની મદદે યુદ્ધમાં ઊતરે અથવા આપણને ઉત્તર સરહદે સંડોવશે? રાષ્ટ્રસંઘમાં દાખલ થયા પછી ચીની પ્રતિનિધિએ પાકિસ્તાનતરફી ચીનનું વલણ જાહેર કર્યું છે. છતાં રાજકીય નિરીક્ષકોની માન્યતા છે કે ચીન સીધી રીતે યુદ્ધમાં નહિ ઊતરે. ચીન સાથેના આપણા સંબંધો સુધારવા આપણા પ્રયત્નો સતત ચાલુ છે. તે સાવ નિષ્ફળ નથી. અમેરિકા સીધી રીતે યુદ્ધમાં નહિ જ ઊતરે. યુદ્ધ ભારત - પાકિસ્તાન વચ્ચે મર્યાદિત રહે તો આપણી લશ્કરી તાકાત પૂરતી છે. આપણું વલણ સ્પષ્ટ અને મક્કમ છે. આપણે યુદ્ધ જોઈતું નથી. ૯૦ લાખ શરણાર્થીઓ પાછા જવા જ જોઈએ. તેનો ઉકેલ પાકિસ્તાને કરવાનો છે. શેખ મુજીબને મુકત કરી યાહ્યાખાને તેની સાથે વાટાઘાટ કરવી જોઈએ. બંગલા દેશ સ્વતંત્ર થાય કે પાકિસ્તાનના માળખામાં રહી, સ્વાયત્ત બને તે બંગલા દેશની પ્રજા અને નેતાઓએ નક્કી કરવાનું છે. શરણા-

થીઓ વિશ્વાસપૂર્વક પાછા જાય તેવું કોઈ પણ સમાધાન આપણને માન્ય રહેશે. અત્યારના સંજોગો જોતાં બંગલા દેશ સ્વતંત્ર થાય તો જ શરણાર્થીઓ પાછા જઈ શકે એમ લાગે છે. એવું જ હોય તો બંગલા દેશની સ્વતંત્રતા પાકિસ્તાને સ્વીકારવી રહી. ધીરજ અને સંયમ રાખવાની વિદેશી સત્તાઓની શિખામણ, આ પ્રશ્નનો વિનાવિલંબે ઉકેલ ન થતો હોય તો, આપણને માન્ય નથી. એવી શિખામણ આપવાવાળાએ ઉકેલ શોધવો જોઈએ અને તેનો સ્વીકાર કરવા પાકિસ્તાનને ફરજ પાડવી જોઈએ. ૯૦ લાખ શરણાર્થીઓનો અસહ્ય આર્થિક બોજ અને તેથી પણ ગંભીર તેનાં રાજકીય અને સામાજિક પરિણામોથી આપણને મુકિત મળવી જ જોઈએ. તેથી લશ્કરો પાછાં ખેંચી લેવા અથવા રાષ્ટ્રસંઘના નિરીક્ષકો મૂકવા અને યુદ્ધવિરામ રાખવો એવી કોઈ સ્થિતિ આપણને માન્ય નથી. તેનો અર્થ યથાવત્ સ્થિતિ ચાલુ રહે અને વિલંબ થાય એ આપણે માટે વિનાશકારી છે. આંતરરાષ્ટ્રીય રાજરમતમાં પાકિસ્તાનનાં ભાગલા પડતા અટકાવવાનું કોઈ વિદેશી સત્તા જરૂરી માનતી હોય અને પાકિસ્તાનના ભાગલા પડે તો ભારત સબળ થશે અને એશિયામાં સત્તાની તુલા–Balance of power–બદલાશે એવા કારણે યથાવત્ સ્થિતિ ચાલુ રાખવા ગમે તેટલું દબાણ થાય તો પણ, તેને વશ થવા ભારત તૈયાર નથી.

લશ્કરી સરમુખત્યારો દીર્ઘદૃષ્ટિથી અથવા પોતાની પ્રજાના હિતની દૃષ્ટિથી પણ વિચારતા નથી હોતા. પોતાની પ્રતિષ્ઠા તેમને માટે સર્વસ્વ હોય છે. તેમાં પોતાની પ્રજાનો અને બીજાનો વિનાશ થાય તેની પરવા કરતા નથી. યાહ્યાખાન અને તેના લશ્કરી સલાહકારો આ બાબતમાં અપવાદરૂપ નથી જણાતા. પશ્ચિમ પાકિસ્તાનની પ્રજા પોતાનું હિત સમજી યાહ્યાખાનને દૂર કરે અને તે લેનિને જેમ ઝારને હટાવી ગમે તે ભોગે રશિયાને યુદ્ધમાંથી છોડાવ્યું તેમ પાકિસ્તાનમાં કોઈ વ્યકિત કરી શકે તો યુદ્ધ અટકે. અત્યારે તેવો સંભવ દેખાતો નથી. બંગાળની સરહદ ઉપર યુદ્ધ થાય તો પશ્ચિમમાં પાકિસ્તાન આક્રમણ કરશે એ સ્પષ્ટ છે. બન્ને સરહદે આપણી તૈયારી છે. ૨૫ વર્ષથી સીંચાયેલું કોમી ઝેર નીચોવવા આખરી ભોગ આપ્યા વિના છૂટકો જ નથી.

**વિદ્યાર્થી આલમ**

દિલ્હીની યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘના પ્રમુખની તાજેતરમાં ચૂંટણી થઈ તે સંબંધે ચોંકાવનારી વિગતો જાણવા મળી છે. વિદ્યાર્થી સંઘના સભ્ય એવી યુનિવર્સિટીની ૩૩ કૉલેજના ૩૧૨ પ્રતિનિધિઓએ આ ચૂંટણી કરવાની હતી. ચાર ઉમેદવારો હતા. દરેકને કોઈ રાજકીય પક્ષનો ટેકો હતો. એકને જનસંઘનો, એક માર્ક્સિસ્ટ અને બે શાસક કૉંગ્રેસના. જનસંઘનો ઉમેદવારો સફળ થયો. રાજદ્વારી ચૂંટણીઓમાં જેટલી ગેરરીતિઓ થાય છે તેમાંની કોઈ અહીં બાકી ન હતી. ૩૧૨ મતદારોના મતો મેળવવા લગભગ દોઢ લાખ રૂપિયાનું ચાર ઉમેદવારોએ ખર્ચ કર્યું. લાંચો અપાઈ, મતો ખરીદાયા, દારૂ પાયો, મહેફિલો આપી, નૈનિતાલની સહેલગાહે લઈ જવાયા, જુગાર રમી મતદારોને જીત કરાવી પૈસા આપ્યા. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં આવેલ માહિતી મુજબ :

The voters were entertained in Delhi's best hotels and at holiday resorts. There was a free flow of liquor and whole-sale bribing of voters. In the days preceding the poll, there were regular gambling sessions at camps where canddiates and their 'agents' would intentionally lose to the voters to win their support. A fleet of over fifty-five taxis and private cars was also placed at their disposal for joy rides.

આ ચારે ઉમેદવારો પૈસાવાળા વેપારી કુટુંબોના હતા. પાર્લામેંટના સભ્યોનાં નિવાસસ્થાનો પ્રચાર અને ચૂંટણી–કેન્દ્રો બન્યાં.

According to reliable sources, a charming woman-chairman of a leading soft drink company financed the Jan Sangh candidate.

દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચેન્સેલર ડૉ. કે. એન. રાજને ગયે વર્ષે રાજીનામું આપવું પડયું હતું. એવા જ હાલ દેશની બીજી યુનિવર્સિટીઓના છે. બનારસ, બેંગલોર, સાગર, ઉત્તર પ્રદેશની યુનિવર્સિટીઓ વગેરે દરેક સ્થળે વિદ્યાર્થીઓનાં તોફાનોને કારણે કેટલોય સમય બંધ રાખવી પડી છે. ટાગોરની વિશ્વભારતીમાં પણ એવી જ સ્થિતિ છે. તાજેતરમાં જોધપુર યુનિવર્સિટીના વાઈસ ચેન્સેલર શ્રી વી. વી. જોહન આવા તોફાનના ભોગ બન્યા અને તેમને ઈજા થઈ. ડૉ. જોહન જાણીતા કેળવણીકાર છે. હોસ્પિટલમાં બિછાનેથી પોતાની વેદનાપૂર્ણ વિતકકથા The story of a fa l.re હમણાં જ તેમણે લખી છે. એક વિદ્યાર્થીએ તેમને છૂટું પેપરવેઈટ માર્યું તેનો ઉલ્લેખ કરતાં તેઓ લખે છે :

To some of the present clientele of the university a paperweight carried more weight than reasoned utterance.

પરિણામ એ આવ્યું છે કે સારા વિદ્વાનો વાઈસ ચેન્સેલર થવાની ના પાડે છે. એક બહુ જાણીતા હિંદી વિદ્વાનને આ પદ માટે દરખાસ્ત કરી તો જવાબ મળ્યો " I wish to live a few days longer. "

દુનિયામાં બધે આવી સ્થિતિ છે એમ કહી આપણે આશ્વાસન લઈ શકતા નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ આવાં તોફાનોમાં ભાગ લેવા નથી ઈચ્છતા. પણ વિદ્યાર્થીઓની એક અલ્પ સંખ્યા બળજબરીથી પોતાનું ધાર્યું કરે છે. આવા વિદ્યાર્થીઓને પંપાળવાથી આ સમસ્યાનો ઉકેલ નહિ આવે. આવાં અનિષ્ટ તત્ત્વોને અંકુશમાં લેવા જ રહ્યાં. કૉલેજ–શિક્ષકોમાં એક વર્ગ આવા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપે છે. વાઈસ ચેન્સેલરો આવા શિક્ષકો સામે પગલાં લે તો વિદ્યાર્થીઓ તોફાન કરે છે. સૌથી વધારે જવાબદાર રાજકીય પક્ષો અને આગેવાનો છે. મજૂર–નેતાઓ જેમ રાજકીય હેતુથી મજૂરોનો ઉપયોગ કરે છે તેમ રાજકીય પક્ષો વિદ્યાર્થીઓનો ઉપયોગ કરે છે. યુવક–શકિતને ગેરમાર્ગે દોરવામાં રાજકીય આગેવાનો અગ્રસ્થાને છે. માબાપોનો અંકુશ સંતાનો ઉપર–ખાસ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા–કાંઈ રહ્યો નથી. પૈસાદાર કુટુંબનાં સંતાનો અનેક વ્યસનોમાં ફસાયેલ હોય છે. યુનિવર્સિટીઓ અને કૉલેજો વિદ્યાધામ બનવાને બદલે અખાડાઓ બની રહ્યા છે. વિદ્યાર્થીઓની વાજબી ફરિયાદો દૂર કરવી જરૂરી છે. પણ નિ:સહાયપણે અનિષ્ટ તત્ત્વોને છૂટો દોર આપવાથી ગંભીર પરિણામો નીપજશે તેની અવગણના કરી ન શકીએ.

**ઉત્તર આયર્લેન્ડ–અલ્સ્ટર**

સૈકાઓ સુધી ઈંગ્લાંડ સાથે લડીને આયર્લેન્ડે સ્વતંત્રતા પ્રાપ્ત કરી. પણ આપણી પેઠે દેશના ભાગલા થયા. આયરિશ પ્રજા રોમન કેથોલિક છે પણ ઉત્તર આયર્લેન્ડમાં પ્રોટેસ્ટેન્ટની બહુમતી છે. આ લોકો કેથોલિક બહુમતીના શાસન નીચે જવા તૈયાર ન હતા. આયરિશ સ્વતંત્રતાની લડત દરમિયાન ઉત્તર આયર્લેન્ડમાં ખૂબ તોફાનો થયાં. પરિણામે અંગ્રેજોની ખાસિયત મુજબ આયર્લેન્ડના ભાગલા કર્યા અને ઉત્તર આયર્લેન્ડ બ્રિટન સાથે રહ્યું. પણ જેમ આપણા દેશના ભાગલા કરવાથી હિન્દુ-મુસ્લિમ પ્રશ્નનો નિકાલ ન આવ્યો તેવું જ ઉત્તર આયર્લેન્ડમાં થયું. ત્યાં પણ સારા પ્રમાણમાં કેથોલિકની સંખ્યા છે. ૫૦ વર્ષ થયાં તો પણ એક જ ધર્મના બે વિભાગો–પ્રોટેસ્ટન્ટ અને કેથોલિક-વચ્ચે સુમેળ ન થયો એટલું જ નહિ પણ અંતર વધતું રહ્યું અને કેથોલિક લઘુમતીને લાગ્યા જ કર્યું કે રાજ્યશાસનમાં અને અન્ય રીતે તેને ભારે અન્યાય થઈ રહ્યો છે. પરિણામે છેલ્લાં કેટલાક મહિનાથી ઉગ્ર તોફાનો ફાટી નીકળ્યાં છે. કેથોલિક મરણિયા થયા હોય તેમ લાગે. આયરિશ રિપબ્લિકન આર્મીએ ત્રાસવાદી અત્યાચારો–Terrorist methods –નો આશરો લીધો છે. હિન્દુ-મુસ્લિમ તોફાનોને શરમાવે એવા તોફાનો પ્રોટેસ્ટન્ટ - કેથોલિક વચ્ચે શહેરેશહેરમાં અને લત્તેલત્તામાં થઈ રહ્યાં છે. પરિણામે બ્રિટિશ લશ્કર પ્રોટેસ્ટન્ટ શાસનની મદદે ગયું છે અને કેથોલિક સ્વાતંત્ર્યવીરો ઉપર અનેક અત્યાચારો થાય છે. ઓગસ્ટની ૯ મી તારીખે ૩૪૨ કેથોલિકને અટકાયતમાં લીધા અને તેમની પાસેથી માહિતી મેળવવા તેમના ઉપર જેલમાં ખૂબ જુલમો થયા. ઊહાપોહના પરિણામે બ્રિટિશ સરકારે તપાસ કમિશન નીમ્યું જેનો અહેવાલ હમણાં જ બહાર પડયો છે. કેથોલિક જેલવાસીઓએ કમિશનનો બહિષ્કાર કર્યો કારણ કે કમિશને બંધ બારણે તપાસ કરવાનું નક્કી કર્યું. તેમણે તપાસની માગણી કરી હતી. છતાં કમિશનને એટલી માહિતી મળી કે થયેલ આક્ષેપોમાં કેટલાક સાચા હતા. તેની તપાસમાં

જણાયું કે અટકાયતીઓ પાસેથી માહિતી કઢાવવા તેમને કલાકો સુધી દીવાલને અઢેલી ઊભા રાખ્યા, ભૂખ્યા રાખ્યા, ઊંઘ લેવા ન દીધી. તેમની આસપાસ ખૂબ અવાજો કરી તેમનું મગજ બહેર મારી જાય તેમ કર્યું. કમિશને સુફિયાણી ભાષા વાપરી છે કે, This was physical ill-treatment but not brutality—આ બધી શારીરિક વેદના કહેવાય પણ અમાનુષી અત્યાચાર ન કહેવાય. લશ્કરી નિયમો પ્રમાણે અટકાયતીઓ પાસેથી માહિતી કઢાવવા શારીરિક જુલમની છૂટ છે - શારીરિક જુલમ અને અમાનુષી અત્યાચાર વચ્ચેની રેખા બહુ પાતળી છે. આ અહેવાલથી ઊહાપોહ ઘણો થયો. એટલે સરકારી રીત મુજબ બીજું કમિશન નીમ્યું છે—આ નિયમોમાં ફેરફારની વિચારણા અને ભલામણ કરવા.

સરકાર, લશ્કર અને પોલીસ બધા દેશોમાં જુલમો અને અત્યાચારો કરતાં જ રહેવાના. એક જ ધર્મના અનુયાયીઓ ૫૦ વર્ષના ગાળામાં પણ પરસ્પર ન્યાયવૃત્તિ કેળવી ન શકયા.

**રહોડેશિયા**

દક્ષિણ આફ્રિકાની ઉત્તરે આવેલ બ્રિટનના આ સંસ્થાનમાં લગભગ ૫૦ લાખ આફ્રિકન અને ૧૦ લાખ અંગ્રેજો છે. આ અંગ્રેજ લઘુમતી આફ્રિકનોને લૂંટે છે. પાંચ વર્ષ પહેલાં બ્રિટન સામે બળવો કરી અંગ્રેજ લઘુમતીએ સ્મિથની આગેવાની નીચે રહોડેશિયાને સ્વતંત્ર જાહેર કર્યું અને રાજ્યસત્તા કબજે કરી બ્રિટિશ ગવર્નરને હાંકી કાઢેયો. બ્રિટને ધમપછાડા કર્યા. આફ્રિકન બહુમતીનું શાસન હોવું જોઈએ એવો લોકશાહી હોવાનો દેખાવ કર્યો. મામલો રાષ્ટ્રસંઘ સુધી પહોંચ્યો. રહોડેશિયાનો આર્થિક બહિષ્કાર જાહેર થયો. પણ દક્ષિણ આફ્રિકા, પોર્ટુગલને અંદરથી કેટલાય બ્રિટિશરો અને બીજાઓનો સાથ હતો. એટલે સ્મિથ ટકી રહ્યો. રહોડેશિયામાં દક્ષિણ આફ્રિકા જેવી રંગભેદની નીતિ અમલમાં મૂકી. હવે બ્રિટિશ સરકાર સ્મિથ સાથે સમાધાન કરવા નીકળી. વિદેશમંત્રી સર એલેક હ્યુમ રહોડેશિયા ગયા અને દશ દિવસની વાટાઘાટ પછી સમાધાન કરી પાછા ફર્યા. અનિશ્ચિત સમય પછી આફ્રિકન બહુમતી શાસન થશે એવું લખાણ કર્યું છે. આવા દંભથી કોઈ છેતરાય તેમ નથી. આ સમાધાન આફ્રિકન પ્રજાને માન્ય છે કે નહિ તે જાણવા એક કમિશન નીમ્યું છે. આફ્રિકન પ્રજાનું કોઈ મતદાન થવાનું નથી. કમિશનને ઠીક લાગે તેવી રીતે તપાસ કરશે અને અહેવાલ આપશે. આફ્રિકન રાજકીય પક્ષો ગેરકાયદેસર જાહેર થયા છે. તેના નેતાઓ જેલમાં છે અથવા ભૂગર્ભમાં છે. તેમને મુકતપણે પોતાનો અભિપ્રાય જાહેર કરવાની તક મળશે કે નહિ એવા સવાલના જવાબમાં આમસભામાં સર એલેકે ગોળગોળ જવાબ આપ્યો. આફ્રિકન પ્રજાનો અભિપ્રાય જાણવા કમિશન નીમવાની જરૂર છે? નિક્સને આમાં જે ભાગ ભજવ્યો તે ખેદજનક છે. રહોડેશિયાનો આર્થિક બહિષ્કાર છે છતાં ત્યાંથી ક્રોમ ખરીદવાની નિક્સને પરવાનગી આપી. અમેરિકન ઈતિહાસમાં નિક્સન પ્રત્યાઘાતી અને લોકશાહીવિરોધી તત્ત્વોના પ્રતિનિધિ તરીકે સ્થાન પ્રાપ્ત કરશે. ૧૯૭૨ની ચૂંટણીમાં નિક્સન ફરીથી પ્રમુખ ચૂંટાય તો અમેરિકન પ્રજાનું અને દુનિયાનું દુર્ભાગ્ય લેખાશે. એશિયા અને આફ્રિકાની પ્રજાએ પશ્ચિમની ગોરી પ્રજાની સાન ઠેકાણે લાવવાનું કામ હજી બાકી છે. નહેરુનું આ સ્વપ્ન હતું. ચીન અને ભારત હજી પણ નજીક આવે અને એશિયા—આફ્રિકાના દેશોની આગેવાની લે તો ગોરી પ્રજાએ સદીઓ સુધી કરેલ શોષણનો અંત આવે અને સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવની વાતો કરનાર ગોરી પ્રજાના દંભનો પડદો કાયમ માટે ઊંચકાય.

૨૮-૧૧-'૭૧. **ચીમનલાલ ચકુભાઈ**

# ગાંધીને આપણે વેચી ખાધા છે ?

## [ વધુ વિચારણા ]

તા. ૧-૧૧-૧૯૭૧ના 'પ્રબુદ્ધ જીવન'માં આ વિષય ઉપર લખ્યા પછી શ્રી નિરંજન ભગત સાથે થોડીક વાત થઈ. એને પરિણામે થોડાક વધુ વિચારો સૂઝયા. એ લેખમાં પરિસ્થિતિ વિશે પ્રશ્નાર્થ હતો. સંતોએ પ્રજાને સમજવામાં ભૂલ તો ન કરી હોય? પણ જે શંકા થતી હતી તેનો એક ખુલાસો નીચે પ્રમાણે પણ હોઈ શકે :

"સંતો, ધર્મસંસ્થાપકો, દ્રષ્ટાઓ પ્રજાની ગતિ જાણતા જ હોય છે. પ્રજાનું ગજું કેટલું છે એ એમના ખ્યાલ બહાર હોતું જ નથી. અમારા ઉપદેશથી પ્રજા સુધરી જશે એવા ભ્રમમાં પણ એ ભાગ્યે જ હોય છે. એ લોકો તો પ્રજાની નાડના ખરેખરા પારખુ હોય છે. એટલે ગાંધીજીએ જ્યારે મનુબહેન ગાંધીને કહેલું કે "રોગથી મરું તો દંભી મહાત્મા ઠેરવજે પણ મને કોઈ ગોળીથી મારે તો જ કહેજે કે સાચો મહાત્મા હતો." ત્યારે એ પ્રજાને બરાબર સમજાવતા હતા. એમનું કથન કોઈ જ્યોતિષી જેવી આગાહી કે આત્માના અવાજનો ચમત્કાર નહોતું પણ પરિસ્થિતિ અને જનમાનસની સમજ હતી. જૉર્જ બર્નાર્ડ શૉ ની જેમ ગાંધીજી પણ જાણતા હતા કે પોતાના યુગના મોટા ભાગના માણસો કરતાં અતિશય સારા માણસની તેના દેશબાંધવો અંતે ખરાબ દશા કરે છે.

"શિક્ષણશાસ્ત્રમાં એક પ્રચલિત ઉકિત છે કે શાળાના એક વર્ગની ઝડપ વર્ગના સૌથી ધીમા છોકરાની ઝડપ જેટલી હોય. આથી શિક્ષક ઈચ્છે તો પણ વર્ગને વધુ વેગથી આગળ દોડાવી શકે નહિ. ધીમામાં ધીમા છોકરાને સાથે લઈને જ એ એનું કામ ચલાવી શકે. સમાજના નેતાઓ જેવા સંતો, ધર્મસ્થાપકો પણ આ વાત જાણતા હોય છે. પણ આ અગ્રણીઓ હમેશાં સમાજ સામે એક આદર્શ મૂકે છે. 'આ આદર્શ માત્ર અમારી જેવા જ સિદ્ધ કરી શકે એમ નહિ પણ તમે સૌ પ્રયત્ન કરો તો સિદ્ધ કરી શકો' એવી એમની બાંયધરી હોય છે. એ જાણે છે કે મોટા ભાગની પ્રજા આવો પ્રયત્ન કરી શકવાની નથી. છતાં એ આદર્શ તો પ્રજા સામે રાખે જ છે. કારણ? કારણ એટલું જ કે એ સમજે છે કે ઝાઝા નહિ તો થોડા, બહુ નહિ તો એકાદ પણ મનુષ્ય આ માર્ગે જનારો નીકળ્યો તોયે જગતની એ દિશાની ગતિ ચાલુ રહેશે. ગાંધીને મોટી આશા કયાં હતી? 'એક ડગલું બસ થાય' એમાં 'એક માણસ બસ થાય' એવો અર્થ પણ સમાયેલો છે જ. આજે નહિ તો કાલે, કોક દિવસે, આ આદર્શ ઝીલનારા કોઈક તો નીકળશે. જેમ શિક્ષકમાં અનંત ધીરજ હોવી જોઈએ તેમ જગતના શિક્ષકમાં પણ અનંત ધીરજ હોવી જોઈએ. ગાંધીમાં એ ધીરજ હતી, બુદ્ધમાં હતી, મહાવીરમાં હતી, ક્રાઈસ્ટમાં પણ હતી.

"તો પછી આ બધાના પ્રયત્નોનું પરિણામ આપણે એમના આશયની દષ્ટિએ માપવું જોઈએ. પોતાના બધા અનુયાયીઓ સુધરી જાય, જગત આખું સુધરી જાય એવો કોઈ ભ્રમ આ અગ્રણીઓ સેવતા નહોતા. એમનો હેતુ તો સત્કૃત્યનો, ઉચ્ચ હેતુ તરફની ગતિનો, નાનો સરખો પણ દોર ચાલુ રાખવાનો હતો. આખરે તો એવો દોર અખંડ રહેવાથી જ જગતમાં જે કાંઈ સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક પ્રગતિ આપણે જોઈએ છીએ તે થઈ છે."

જો આટલી વાત સ્વીકારીએ તો પછી એવી તારવણી કરવી પડે કે ગાંધી જેવા અગ્રણીઓ પ્રજાની સુધરવાની ગતિ વિશે અજાણ નહોતા. પ્રજા ગાંધીને પગલે સુધરી નથી ગઈ તે કોઈ આશ્ચર્યકારક કે નિરાશાજનક ઘટના નથી અને તેથી આપણે ગાંધીને વટાવી ખાધા છે એવો ધોખો કરનારા લેખકો કે ટીકાકારો ન તો ગાંધીને સમજ્યા છે, ન પ્રજાને. ગાંધીએ પ્રજાના ગજા ઉપરવટની અપેક્ષા નહિ રાખી હોય, પણ આ ટીકાકારો એવી અપેક્ષા રાખતા જણાય છે. બાકી ગાંધીની અસર જેવી જ હોય એને માટે તો એ ડગલે ને પગલે દેખાય એટલી પડી છે. પણ એ અસર એટલી સૂક્ષ્મ હોય છે, આપણા જીવનનો એવો ભાગ બની ગઈ હોય છે કે આપણને ખ્યાલ પણ ન આવે કે અરે, આ તો ગાંધીનો વિચાર, ગાંધીનું વલણ!

પ્રજા પ્રજાની રીતે જ વર્તવાની. એ ગાંધીચીંધ્યાં ઘણાંયે કામો નહિ કરવાની અને છતાં, એ ગાંધીથી સાવ અલિપ્ત રહી ગઈ હોય એવું કદી નહિ બનવાનું. ગાંધી જેવા નેતાનાં કામ અને પરિણામને જોવાની આ પણ એક દષ્ટિ હોઈ શકે.

(ઉપરનું લખ્યા પછી તા. ૧૬/૧૧/૧૯૭૧ના અંકમાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો લેખ વાંચ્યો. બંનેમાંની વિચારણા ઘણા પ્રમાણમાં સમાંતર ચાલેલી જણાય છે.)

**યશવંત દોશી**

### ભૂલ સુધાર

ગયા અંકમાં શ્રી ચીમનલાલ ચકુભાઈના ગાંધીજી વિશેના લેખમાં 'મો સમ કોન કુટિલ ખલ કામી' અંકિત તુલસીદાસજીના નામે ભૂલથી છપાઈ છે પણ એ સુરદાસજીની છે. —તંત્રી

# * પ્રાર્થના *

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રોફેસર ફાધર વાલેસે "પ્રાર્થના" એ વિષય ઉપર આપેલ પ્રવચન નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી]

પ્રાર્થના દિલ શુદ્ધ કરવાનો પ્રયત્ન છે. વિશેષ અધ્યયન માટે એકાત્મ મને મૌન, ચિંતન અને મનન કરવાથી આત્માને જે આનંદની, દિવ્યતાની અનુભૂતિ થાય છે તે અપૂર્વ હોય છે. આવાં ઐકાંતિક મનન, ચિંતન, સાધના અને મૌનથી આપણને નવો અનુભવ પ્રાપ્ત થાય છે–જીવનને નવો વળાંક મળી રહે છે.

હું દર વર્ષે આઠ દિવસ આવાં મનન, ચિંતન અને સાધનાનો પ્રયોગ કરું છું. હમણાં જ આ માટે અઠવાડિયું ખંડાલા રહી આવ્યો છું. આવા એકાંતિક મનન–ચિંતનથી અને એકાંતમાં ભગવાનનું ધ્યાન ધરવાથી આત્માને દિવ્ય આનંદની અનુભૂતિ થાય છે.

આ વખતે ખંડાલા ગયેલો ત્યારે સાથે બે પુસ્તકો લઈ ગયેલ. તેમાં એક પુસ્તક હતું ૯૦ વર્ષના સ્વામી રામદાસનું 'ભગવાનની શોધમાં.' આ પુસ્તકમાંથી પ્રથમ દિવસે પહેલું એક જ વાક્ય વાંચ્યું અને મને ચિંતન-મનન માટેનો એક અઠવાડિયાનો મસાલો મળી ગયો. એ વાક્ય હતું 'બે વર્ષ પહેલાં ભગવાને રામદાસના દિલમાં એને (ભગવાનને) પામવાની તીવ્ર ઝંખના જગાડી.' એકવાર ભગવાનને પામવાની સુરતા લાગે –તીવ્ર ઝંખના જાગે એટલે એમાં બધું જ આપોઆપ આવી જાય છે.

રામકૃષ્ણ પરમહંસનો પણ આ જ આગ્રહ હતો. કોઈ જિજ્ઞાસુ આવીને તેમને પૂછે કે 'સાધના માટે શું કરવું?' તરત જ પરમહંસ કહેતા: 'એ માટેની–એને પામવાની પ્રબળ ઈચ્છા હશે તો બધું જ થશે.' આના સંદર્ભમાં તેઓ એક ચોરનો દાખલો કહી સંભળાવતા: એક મકાનમાં એક ચોર રહે છે અને બાજુના મકાનમાં સોનું ભર્યું છે. આથી ચોરને ઊંઘ નહિ આવે; કારણ કે તેને બાજુના મકાનમાં રહેલ સોનું મેળવી લેવાની ચિંતા છે.

એક ગુરુ પાસે આવીને તેમનો એક શિષ્ય પૂછે છે કે પ્રભુ–પ્રાપ્તિ માટે મારે શું કરવું? ગુરુ કશો જવાબ આપ્યા વિના જ પોતાના શિષ્યને બાજુમાં વહી રહેલ નદીમાં ડુબાડે છે. આથી શિષ્ય ગૂંગળાવા લાગે છે ત્યારે ગુરુ તેને કહે છે: 'તારા પ્રશ્નનો જવાબ એમાં રહેલો છે. તને જવાબ મળી ગયો.' શિષ્યને હજી પણ કશું સમજાતું નથી એટલે ગુરુ તેને કહે છે: નદીના પાણીમાં ડૂબતાં બચવા માટે શ્વાસ લેવાની જેટલી ઝંખના હતી એટલી જ તીવ્ર ઝંખના જાગે તેને ભગવદ્‌પ્રાપ્તિ અવશ્ય સિદ્ધ થાય છે. આમ આપણી મોટી ખામી એ હોય છે કે કેટલીક વાર આપણો સંકલ્પ સાચો હોતો નથી અને તેથી સફળતા મળતી નથી. સાચો સંકલ્પ હોય–દિલની સાચી ઝંખના હોય તો ભગવાન તે સિદ્ધ કરે જ છે.

ચોથી સદીમાં આફ્રિકામાં થઈ ગયેલા સંત ઑગસ્ટીને તેમની આત્મકથામાં પોતાના પૂર્વાશ્રમના કરેલા વર્ણન અનુસાર તેમનો પૂર્વાશ્રમ સારો ન હતો. તેઓ એક વેશ્યાની સાથે રહેતા; પરંતુ તેમના સંસ્કારો સારા હતા. તેની માતા સારાંની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરતાં. સંત ઑગસ્ટીન પણ પોતાના ખરાબ જીવનમાં યે સતત પ્રાર્થના કરતા: 'હે ભગવાન, મારું જીવન પવિત્ર બનાવ; પણ હમણાં નહિ. હમણાં તો પેટ ભરીને લહેર કરી લેવા દે.'

ભગવાને તેમની પ્રાર્થનાનો પહેલો ભાગ સાંભળ્યો અને તેમનું જીવન પવિત્ર થઈ ગયું. એ જ રીતે આપણને પણ સારા થવું છે, જીવન પવિત્ર બનાવવું છે; પરંતુ હમણાં નહિ. આપણે આમ કરીને શું ગુમાવી બેઠા છીએ તે જ આપણે જાણતા નથી અને તેથી આપણને સદ્‌પ્રાપ્તિ માટે જાગવી જોઈતી તીવ્ર ઝંખના જાગતી નથી. એટલે ભગવાનની કૃપા મેળવવા – કરુણાનિધિ ભગવાનને ઓળખવા માટે પણ તીવ્ર ઈચ્છા–તીવ્ર ઝંખના જાગવી જરૂરી છે.

રવીન્દ્રનાથ ટાગોર નાના હતા ત્યારની આ વાત છે. તેમને નાના હતા ત્યારે આંખે ઓછું દેખાતું. તેમની આંખો નબળી હતી, પણ તેનું કારણ શું તે સમજાતું નહોતું. તેઓ પોતાને ઓછું દેખાતું હોવા છતાં બાળપણમાં અન્ય છોકરાઓની સાથે રમતા, ખેલતા અને કૂદતા. તેમને પોતાની આંખની ખામી જણાતી નહોતી અને જાણે કે બધાને એવું જ ઝાંખું દેખાતું હશે તેમ પોતે માનતા. એવામાં એક વાર રમતમાં ને રમતમાં એમણે બીજા કોઈ છોકરાનાં ચશ્માં પહેરી લીધાં અને તેમને સ્પષ્ટ દેખાવા લાગ્યું. બાળ-ટાગોર ખુશ થઈ ગયા અને દુનિયા કેટલી સુંદર છે તેનો હવે તેમને સ્પષ્ટ ખ્યાલ આવ્યો.

તેમના નાનકડા મનમાં બે ચિત્રો–બે વિચારો–બે લાગણી જાગી. એક તો એ કે દુનિયા કેટલી સુંદર છે તેની તેમને ચશ્માં નહોતાં પહેર્યાં ત્યાં સુધી કશી જ ખબર નહોતી પડી તેનું દુઃખ થતું હતું. પોતે ચશ્માં વિના કેવું અને કેટલું બધું સુંદર ખોઈ બેઠા હતા તેનું દુઃખ થતું હતું. અને પોતે કેવા મૂર્ખ હતા કે આ બધું ખોઈ બેઠા હતા તેનો મનમાં રોષ જાગતો હતો.

એ જ રીતે આપણે પણ જીવનમાં જે કાંઈ જોવા જેવું હોય તે સ્પષ્ટ જોઈ શકીએ તે માટે જરૂરી ચશ્માં આપણને મળી રહે તો આપણે શું ખોઈ બેઠા છીએ તેનો સ્પષ્ટ ખ્યાલ આવે અને તે બાદ જે ખોઈ બેઠા હોઈએ તેની પ્રાપ્તિ માટેની તીવ્ર ઝંખના આપોઆપ જ આપણામાં પણ જાગે.

આમ આપણને જો આપણી દૃષ્ટિ નબળી હોય અને યોગ્ય ચશ્માં મળી આવે તો સાચા જીવનનો ખ્યાલ આવે અને તે માટેની ઝંખના જાગે. આપણે શું ખોઈ બેઠા છીએ તે સમજાય તો જ તેની પ્રાપ્તિ માટેની ઝંખના જાગે અને તો જ તેની પ્રાપ્તિ કરવા માટેના પ્રયાસો હાથ ધરી શકીએ.

આમારા સંઘના સ્થાપક સેન્ટ ઈગ્નાસ સોળમી સદીમાં થઈ ગયા. તેઓ બહુ કડક શિસ્તના હિમાયતી હતા. તેમના કારણે આમારા સંઘના નિયમો બહુ કડક હતા. આમારા સંઘમાં જોડાવા ઈચ્છનારની તેમને સંઘમાં પ્રવેશ આપતાં પહેલાં કડક રીતે ચકાસણી કરાતી. ઉમેદવાર બધી જ કસોટીમાંથી પાર ઊતરે એટલે તેને છેલ્લો પ્રશ્ન એવો પુછાતો કે ભગવાનના સાક્ષાત્કાર માટે તમને તીવ્ર ઈચ્છા છે? જો તે હા પાડે તો તેનો સ્વીકાર થાય અને ના પાડે તો તેને બીજો પ્રશ્ન એ પુછાય કે તમને એવી ઈચ્છા છે? કે તમને એવી ઈચ્છા જાગે તેમ છે? જો ઉમેદવાર હા પાડે તો જ તેનો સ્વીકાર કરાતો.

રામદાસના દિલમાં પણ બે વરસમાં ભગવાનપ્રાપ્તિ માટેની ઈચ્છા–આતુરતા–તીવ્ર ઝંખના જાગેલી.

કૉલેજમાં આજે યુવકો અને યુવતીઓ એકબીજાને મેળવવા માટે ઝંખતાં હોય છે અને કેટલીક વાર છોકરાઓ પોતાના પ્રિય પાત્રની પ્રાપ્તિની ઝંખનાના પ્રતીકરૂપે પોતાના હાથ પર તે પાત્રનું નામ કોતરાવીને ફરતા હોય છે. આવા એક છોકરાને તેના હાથ પર કોઈક નામ કોતરાવેલું જોઈ મેં તેને કહ્યું કે તેં માની લીધેલ તારું પ્રીતિપાત્ર તો અન્યની સાથે પરણી ગયેલ છે. માટે તને એ છોકરી –તારું પ્રીતિપાત્ર મેળવવાની જેટલી ઝંખના જાગી હતી તેટલી પ્રભુપ્રાપ્તિ માટેની ઝંખના જગાવ અને પછી જો કે તેનું શું પરિણામ આવે છે. માટે સાચી વાત તો એ છે કે આપણે ભગવાનની પ્રાપ્તિ માટે પાગલ બનવું જોઈએ.

હવે પ્રાર્થના કેવી રીતે કરવી તે જોઈએ? તીવ્ર ઝંખના પછી પ્રાર્થના કરવા બેસીએ ત્યારે મારા પોતાના નિર્ણયથી હું પ્રાર્થના કરું છું એવો ખ્યાલ આવે તે બરોબર નથી; પરંતુ ભગવાન (રાજા) બોલાવે છે માટે પ્રાર્થના કરું છું એવી ભાવના હોય તો જ પ્રાર્થનામાં રસ જાગે. આજ્ઞા (ભગવાનની)નો જવાબ એ જ પ્રાર્થના છે. રાજાના દરબારમાં જઈએ અને રાજા જેટલી આજ્ઞા કરે તેટલું જ કરવું પડે-તેટલો જ જવાબ આપવો પડે તેમ, આ તો સમગ્ર જગતનો નિયંતા, તેની આજ્ઞા – તેની હાકલ – વિના તેનો જવાબ કેમ આપાય? એ જ રીતે પ્રાર્થના કરતી વખતે પણ ભગવાન (રાજા) બોલાવે છે માટે જવાબમાં આપણે પ્રાર્થના કરીએ છીએ તેવો ભાવ જાગવો જોઈએ. અને તો જ - એ જ ખરી પ્રાર્થના છે.

બાઇબલમાં ભગવાન ઈશુ કહે છે: 'તમે મને પસંદ કર્યો નથી, મેં તમને પસંદ કર્યા છે. તમે મને બોલાવ્યો નથી, મેં તમને બોલાવ્યા છે.' તમને બોલાવ્યા છે તો પ્રતીક્ષા કરો. શા માટે બોલાવ્યા છે તે વિચારો. આ માટે દિલમાં શાંતિ ધરીને મૌન બેસો. તેમની

(ભગવાનની) વાત સાંભળો. પોતે વાતો ન કરતાં તેમનો (ભગવાનનો) અવાજ સાંભળીએ. આ માટે આપણે મૌન સેવીએ. મૌનની સાધના એ જીવનની નહિ પણ જ્ઞાનની સાધના છે. એથી એવી શાંતિ મળે છે કે એમનો (ભગવાનનો) અવાજ સાંભળી શકાય છે.

પ્રાર્થનામાં આપણે ભલે કીર્તન, ભજન વગેરે કરીએ. એ પણ જરૂરી છે; પણ આપણે જ બોલ્યા કરીએ અને એને (ભગવાનને) બોલવા જ ન દઈએ તે તો અવિવેક જ ગણાય. ભગવાનને પણ બોલવાનો સમય આપીએ. સામાને બોલવા ન દઈએ અને આપણે બોલબોલ કરીએ તો એ તો ભારે અવિવેક જ લેખાય. માટે મૌન અને શાંતિ વચ્ચે એ (ભગવાન) જે કાંઈ બોલે તે એકાગ્ર બનીને પહેલાં સાંભળીએ તે જ છે સાચી પ્રાર્થના.

આપણે ઉપવાસ અને ઉપાસના કરીએ છીએ તો ઉપવાસ અને ઉપાસનાનો સાચો અર્થ સમજીએ અને પછી જ તેને આચરીએ તે યોગ્ય છે. ઉપવાસનો અર્થ છે સાથે રહેવું અને ઉપાસનાનો અર્થ છે તેની સાથે બેસવું. આથી ઉપવાસ અને ઉપાસના દરમિયાન આપણને 'એ આવે છે, એ આવે છે, એ આવે છે' એવી ભાવના થવી જોઈએ અને તેના આગમનની આપણે પ્રતીક્ષા કરીએ છીએ; કારણ કે પ્રતીક્ષાનો આનંદ અને તે બાદ મિલનનો આનંદ અનેરો છે. આ માટે રાધાકૃષ્ણની પ્રતીક્ષા અને મિલનનો દાખલો આપણને શાસ્ત્રોમાંથી મળી આવે છે.

ભગવાને ભક્ત માટે શું શું કર્યું છે તેની આંખને, કાનને કે મનને ખબર નથી હોતી.

મૌનના પ્રયોગ દ્વારા ભગવાનનો જવાબ મળે છે. દિલને તેની પ્રતીતિ થાય છે; અને તે માટે રામનામ સરળ સાધન છે. આ સાધન ખૂબ જ ફાયદાકારક છે. ભગવાનપ્રાપ્તિની પ્રતીક્ષા-પ્રાર્થના નમ્રતાથી કરાવાં જોઈએ. એમાં સહેજ શુષ્કતા પણ લાગે છે – ઘડીભર ભક્તિ જેવું ન પણ લાગે પરંતુ જે તીવ્ર ઝંખનાને કારણે પ્રાર્થના – પ્રતીક્ષા કરીએ છીએ તે સફળ જ થાય છે.

રામદાસે 'ૐ શ્રીરામ, જય રામ, જયજય રામ' નો જાપ કરવા કહ્યું છે. આમ સાધના વેળાએ નામજપ સાથે ઉપવાસ પણ આપણે પ્રાર્થનાના સાથી તરીકે કરીએ છીએ અને એ રીતે મનની સાથે શરીરને પણ આપણે સાધનામાં જોડીએ છીએ. પ્રાર્થના એ મનની પ્રવૃત્તિ છે. શરીરને પણ તેમાં સાથે જોડવા–પ્રાર્થનામાં જોડવા આપણે ઉપવાસ કરીએ છીએ. આથી પવિત્રતા સાથે દિલને ભારે સંતોષ થાય છે.

હું આ બધું લઈને ભગવાનને પ્રાર્થના કરું છું. આપણે દિલની આરઝૂ - વિનતિઓ લઈને ભગવાન પાસે જઈએ છીએ. આને ઘણા નાનું કામ માને છે; પણ સાચી લાગણી, સાચા આદરથી અને શ્રદ્ધાથી આમ કરીએ – શ્રદ્ધાથી ભગવાન પાસે વાંછિતની માગણી કરીએ – આપણી એ માગણી – પ્રાર્થનામાં નમ્રતા, આદર અને પ્રેમ આવે તો પછી શું ન થઈ શકે? સર્વ કાંઈ શક્ય બને છે; પરંતુ આપણામાં કહેવત છે ને કે 'માગ્યા વિના મા પણ પીરસતી નથી' એ મુજબ ભગવાન આપણા આંતર–મનની ભાવનાઓ જાણતા–સમજતા હોવા છતાં આપણે મનવાંછિતની તેની પાસે માગણી કરવી પડે છે.

આમ થવાનું કારણ જોઈએ. એક વિદ્યાર્થી છે. તે બહારગામ ભણવા જાય છે. તેને બહારગામ છાત્રાલયમાં રહેવા, જમવાનો તેમ જ કપડાંલત્તાનો વગેરે ખર્ચ થતો હોય છે. વિદ્યાર્થીને બહારગામ ભણવા મોકલતાં પહેલાં તેનાં માબાપોએ પોતાના પુત્રને માસિક કેટલો ખર્ચ આવશે–એટલે કે પોતે પુત્રને ભણવા તો મોકલ્યો, પણ માસિક કેટલાં નાણાં મોકલવાં પડશે તેનો ખ્યાલ તો મેળવી જ લીધો હોય છે; પરંતુ દર મહિને પુત્ર નાણાં મગાવે તે પછી જ માબાપ તેને ખર્ચના પૈસા મોકલતાં હોય છે. આમ કેમ? માતા-પિતા પુત્રને વર્ષભરના પૈસા એકસાથે શા માટે નથી મોકલી આપતાં? આમ કરવા પાછળ માતાપિતાની એ લાગણી કામ કરતી હોય છે કે દર મહિને જેમ જેમ નાણાંની જરૂર પડે તેમ તેમ પુત્ર મગાવતો રહે તો એ રીતે પુત્રે દર મહિને માબાપને યાદ કરવાં પડે છે અને એ રીતે મા-બાપની–માબાપ તરફથી મળતા પૈસાની પુત્રને પ્રતીક્ષા કરવી પડે છે; માબાપ વિસારે પડતાં નથી. આમ પણ નાણાં મગાવવા છતાં કોઈ વાર પૈસા આવવામાં મોડું થતાં પુત્રે વધુ વાર પ્રતીક્ષા કરવી પડે છે; છતાં પોતે વિસરાઈ ન જાય તે માટે માબાપો સમજીને જ પુત્રને દર મહિને તેની માગણી પ્રમાણે જ પૈસા મોકલે છે.

એ જ રીતે ભગવાન પણ ભક્ત તેને ભૂલી ન જાય–સદા યાદ કરતો રહે તે માટે જે કાંઈ આપવું હોય તે મોડું કરીને જ આપે છે – ભક્ત માગે તે પછી જ આપે છે. આપણે ભગવાનને કશી પ્રાર્થના - વિનતિ કરીએ છીએ તે પછી જ ભગવાન તેની કસોટી કરીને પછી જ આપે છે.

એક મિત્ર સાથે મકાન–ફંડનો પ્રસંગ બન્યો. મેં ગમ્મતમાં કહ્યું: એમ કરો, દરરોજ એક કલાક મકાન–ફંડ એકઠું કરો અને એક કલાક પ્રાર્થના કરો. મિત્રે કહ્યું: તમારી વાત સાચી છે, પણ આ મકાનનો હેતુ પવિત્ર નથી. રો તો માત્ર કીર્તિ માટે છે. આમ કોઈ પણ નિયમ કરવામાં તેનો હેતુ પવિત્ર હોય તે ખૂબ જ મહત્ત્વનું છે.

રાવણે સીતાનું હરણ કર્યું તે તો આપણે જાણીએ છીએ. રાવણ સીતાને ઉઠાવીને લંકા લઈ ગયો અને ત્યાં સીતાને એક અલાયદા સ્થળે રાખીને સીતાને મનાવવા અનેકવિધ પ્રયાસો રાવણે કર્યા. પણ સીતાજી માને જ નહિ. સીતાને લલચાવવા માટે રાવણે અનેક રૂપ ધારણ કર્યાં – આકર્ષક ફૂટડા યુવાનનું રૂપ પણ લીધું; પરંતુ સીતા એકનાં બે ન થયાં. આથી કોઈકે રાવણને એવું સૂચન કર્યું કે તમે હવે રામનું રૂપ ધારણ કરો એટલે સીતા તમને રામ માનીને તમારી જાળમાં સપડાશે.

રાવણે કહ્યું: 'મેં રામનું રૂપ ધારણ કરવાની યુક્તિ પણ અજમાવી જોઈ. હું રામના ધ્યાનમાં બેઠો, પણ જ્યારે રામસ્વરૂપ બની ગયો ત્યારે મારા મનમાંની પેલી ખોટી ઈચ્છા–કામવાસના પોતે જ અદશ્ય બની ગઈ –જતી રહી.' આ રીતે આપણે પ્રાર્થનામાં બોલીએ ત્યારે જે એકાગ્રતા સધાય છે તેમાં આપણી વાસનાઓ નાશ પામે છે– વાસના દૂર થઈ જાય છે.

સ્ત્રી સવારમાં શૃંગાર–સજાવટ કરે છે, સુગંધી તેલ - ધૂપેલ, પુષ્પો વગેરેથી પોતાની જાતને શણગારે છે તે સાથે જ પ્રભાતના વાતાવરણને પણ સુગંધથી ભર્યુંભર્યું બનાવે છે. એવી જ રીતે પ્રાર્થના સવારની સુગંધી હવા સર્વત્ર પ્રસરાવે છે. વાતાવરણને શુદ્ધ બનાવે છે. માનવીના દિલને પવિત્ર બનાવે છે. આથી પ્રાર્થના આપણા દિલને મૃદુ બનાવે છે. આપણે લોકોની સેવા કરવી છે તો લોકો માટે દિલમાં પ્રેમ જોઈએ. તે પ્રાર્થનાથી આવે છે. શાંતિ, પ્રેમ, સંતોષ બધું જ પ્રાર્થના વડે પ્રાપ્ય બને છે.

એકવાર સ્વામી રામદાસ પોતાના સાધુઓની મંડળી સાથે પ્રવાસમાં નીકળેલા. તેમની કોઈની પાસે ટિકિટ નહોતી. ટિકિટ ક્લેક્ટરે એક પછી એક દસેય સાધુઓને ટિકિટ વિના મુસાફરી કરવા માટે અટકાવીને ઊભા રાખ્યા. ટિકિટો લેવા માંડી. ટિકિટ ક્લેક્ટર ટિકિટ લે અને સાધુની જટા હલાવે. સાધુ હસે. આથી રામદાસનો વારો આવી રહ્યો હતો ત્યાં જ રામદાસે જગ્યા બદલી. પેલા સાધુએ ના પાડી. આમ ને આમ અડધો કલાક વીત્યો. સાધુએ બાંય ચડાવી હાથ પકડ્યા. પણ તેના (રામદાસના) મોંમાં રામનામ હતું. ટિકિટ ક્લેક્ટરે બધાને જવા દીધા.

આમ હોઠ પર રામનામ રમતું હોય તેનો કેવો ભવ્ય પ્રભાવ છે તે આના પરથી સમજવા જેવું છે. હોઠ પર રામનામ હોય તો ટિકિટ ક્લેક્ટર તો શું ભલભલા શેતાનનું પણ કાંઈ ન ચાલે.

પ્રાર્થના અનુભૂતિનો વિષય છે. નમ્રતાપૂર્વક પ્રાર્થના કરીએ તો જીવન ધન્ય બને. શુભ સંકલ્પ, તીવ્ર ઝંખના વડે પવિત્રતા આવે છે, અને જીવનમાં પવિત્રતા આવે તો જીવન ધન્ય બની રહે. આથી આપણે સૌ રોજ ઝંખનાપૂર્વક પ્રાર્થના કરીએ અને ભગવાનના આશીર્વાદ માગીએ.

–ફાધર વાલેસ

# પ્રકૃતિ, સંસ્કૃતિ, વિકૃતિ

માણસની પ્રકૃતિમાં ઘણી વાતો સારી હોય છે. જીવવા માટે જે ચીજો ખૂબ જ આવશ્યક છે એને સંભાળવાનું કામ પ્રકૃતિએ પોતાની પાસે જ રાખ્યું છે. શ્વાસ લેવો, સમયસર ઊંઘ જવું, શરીરના પોષણ માટે ખોરાકની આવશ્યકતા લાગે ત્યારે ભૂખ લાગવી અને પ્રાણીઓનો વંશ ચાલુ રહે એ માટે પ્રજોત્પાદન કરવું, ઈત્યાદિ વસ્તુઓ પ્રારંભથી જ આપણી પ્રકૃતિમાં રહેલી છે. પ્રકૃતિની આવી પ્રેરણાને આપણે 'સ્વાભાવિક' કહીએ છીએ. પશુ-પક્ષી વગેરે જાનવરો પોતાની પ્રકૃતિની પ્રેરણાને વશ રહે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. પરિસ્થિતિ જો અનુકૂળ ન રહે તો કેટલાંક પ્રાણીઓનો સર્વનાશ પણ થાય છે. પ્રકૃતિને આ બધી બાબતો મંજૂર હોય છે. માત્ર પ્રકૃતિના પ્રયત્નથી કેટલાંક પ્રાણીઓનો સારો વિકાસ પણ થયો છે અને કેટલાંક પ્રાણીઓનો પૃથ્વી પરથી સદંતર નાશ પણ થઈ ગયો છે. પ્રકૃતિને એનો કોઈ હરખ-શોક નથી.

પરન્તુ મનુષ્ય-પ્રાણીને એ જ પ્રકૃતિએ બુદ્ધિ આપી છે; અને એણે એ જ બુદ્ધિને 'પ્રકૃતિ' પર ચલાવી છે. આના પરિણામે મનુષ્યને પ્રકૃતિથી પણ આગળ જઈને વિશેષ ઉદાત્ત હેતુ સિદ્ધ કરવા માટે 'સંસ્કૃતિ' સૂઝી અને એણે લોકોત્તર પ્રગતિ અને ઉન્નતિ કરી.

પણ એ જ માનવપ્રકૃતિને એની બુદ્ધિનો દુરુપયોગ કરવાનું સૂઝ્યું અને એણે પ્રકૃતિની પ્રેરણાની જે સ્વાભાવિક મર્યાદા હતી એને તોડીને પ્રાકૃતિક પ્રેરણાને અનિષ્ટ માર્ગ પર બેહદ આગળ લઈ જવાનું કર્યું. આથી ઈન્દ્રિયોને કલ્પનાતીત સુખ મળવા લાગ્યું. પરન્તુ એની સાથેસાથે જીવનમાં તરેહતરેહનો બગાડ પણ પેસી ગયો.

માણસે પોતાની સ્વાભાવિક 'પ્રકૃતિ'માં જે ઉન્નતિ કરી એને 'સંસ્કૃતિ' કહેવાય છે અને પ્રકૃતિમાં જે અનિષ્ટ પરિવર્તન થવા લાગ્યું એને 'વિકૃતિ' કહેવામાં આવે છે.

મેં 'પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ' વિશે અનેક વાર લખ્યું છે છતાંયે એક ખાસ ઉદ્દેશથી એની પુનરુક્તિ કરી રહ્યો છું.

ઉન્નતિની પ્રેરણાને આપણે 'ઈશ્વરી પ્રેરણા' પણ કહીએ છીએ. આ પ્રકારની સઘળી ઈશ્વરીય પ્રેરણાને આપણે 'ધર્મ' અથવા 'સદ્ધર્મ' એવું નામ આપ્યું છે. માણસની સાંસ્કૃતિક પ્રેરણા હમેશાં સારી-સાચી જ હોય છે એવું પણ નથી. જે ચીજને ખરાબ સમજવા છતાંયે માણસ સુખના લોભથી અથવા તો એવી જ કોઈ અનિષ્ટ વૃત્તિને લીધે ચલાવી લે છે એને ઓળખવાનું કંઈ મુશ્કેલ નથી. જ્યાં સુધી આપણે વિકૃતિને વિકૃતિ જ માનીએ છીએ ત્યાં સુધી એનો સરળતાથી ઈલાજ થઈ શકે છે. શરીરધારણ માટે માણસ ખોરાક ખાય છે. આમાં ગફલત ન થાય એ માટે ખોરાક લેવા સંબંધમાં કુદરતે થોડી રુચિ અને સ્વાદ મૂકેલ છે. માણસ ભૂખની પ્રેરણા થતાં અન્ન ખાય છે અને ખાવામાં એને જે સ્વાદ મળે છે એને કારણે એને સંતોષ થાય છે, એ ખાવાનો સમય યાદ રાખે છે અને ખાવાની ચીજો ઉત્પન્ન કરવા માટે પ્રવૃત્ત થાય છે. આ બધું ઠીક છે. વરસાદ પડે નહિ કે એવા બીજા કુદરતી કારણસર અનાજ પેદા થતું નથી ત્યારે ભૂખની તૃપ્તિ થઈ શકતી નથી. માણસનું અકાળે મૃત્યુ થાય છે. આના ઈલાજરૂપે માણસ જમીનમાંથી જરૂર કરતાં વધારે અનાજ પેદા કરે છે અને એનો સંગ્રહ કરી રાખે છે. જ્યારે એ બીજાને અન્ન વિના તડપતા જુએ છે ત્યારે પોતાના સંગ્રહમાંથી એ બીજાને ખવડાવે છે અને કહેવા લાગે છે કે 'મેં જરૂર કરતાં વધારે અનાજ પેદા કર્યું અને એનો સંગ્રહ કરી રાખ્યો એ કેટલું સારું કર્યું?'

પછી દીર્ઘદર્શી બુદ્ધિએ અનાજ જરૂર કરતાં વધારે ઉત્પન્ન કરવાનું જ સારું છે એમ સમજાવી દીધું. મુશ્કેલ સમયમાં આ સંગ્રહેલું બહુ કામમાં આવે છે. આ માટે માણસે 'સંગ્રહ'નો પણ 'ધર્મ'માં સમાવેશ કરી દીધો.

મનુષ્યની બુદ્ધિ દીર્ઘદર્શી જરૂર હોય છે પણ ધર્મ-અધર્મનો ભેદ એ આસાનીથી કરી શકતી નથી. ધર્મ દ્વારા પણ જો વિકૃતિને પોષણ મળતું હોય તો એને અધર્મ જ કહેવો જોઈએ. 'સંસ્કૃતિને થોડોક લાભ' અને 'વિકૃતિને અધિક પોષણ' મળવા લાગે તો એ લાભને જતો કરવો જોઈએ. ધર્મને નામે જો આપણે અધર્મ ચલાવવા લાગીએ તો આપણને નુકસાન જ થશે. કોઈ પણ ચીજને ધર્મનું નામ આપવાથી એ 'ધર્મ' બની જતી નથી. એ તો અધર્મ જ રહે છે.

દુનિયામાં આજે નાના-મોટા, નવા-જૂના જેટલા ધર્મ છે, એવી ઘણી ચીજો છે જે અધાર્મિક હોવા છતાંયે ધર્મના નામે જ લખાયેલી છે.

પોતાના પરિશ્રમ વડે અનાજ પેદા કરવાનો નિયમ સાર્વભૌમ છે. જે શરીર ધારણ કરે છે એને ભૂખ લાગે છે. એણે શરીરશ્રમ દ્વારા અનાજ પેદા કરવામાં પોતાનો પૂરેપૂરો હિસ્સો આપવો જોઈએ. પણ જ્યારે ઘણા લોકોએ અનાજનો સંગ્રહ કર્યો અને થોડા લોકોને પરિશ્રમ કર્યા વિના ખાવાનું મળ્યું ત્યારે પ્રથમ કૃતજ્ઞતાને લીધે અન્ન દેનારાઓને એમણે 'ધન્યવાદ' આપ્યા અને પછી એ જ કૃતજ્ઞતાને લીધે અન્નદાતાઓની તેઓ 'સેવા' કરવા લાગ્યા. શરીરશ્રમનો સાર્વભૌમ નિયમ તૂટી ગયો, સામાજિક જીવનમાં વિકૃતિ આવી અને આવી વિકૃતિને સંસ્કૃતિ માનીને આપણે એને ધર્મમાં સ્થાન આપી દીધું.

હવે શરીરશ્રમને ટાળતા લોકોએ એમ કહેવા માંડ્યું કે અમે જ્ઞાનની ઉપાસના કરીશું, જ્ઞાનનો સંગ્રહ કરીશું. 'સંસ્કૃતિ શામાં છે? એનો વિકાસ કઈ રીતે થઈ શકે તેમ છે? વિકૃતિને લીધે કેવું અધ:પતન અને નાશ થાય છે?' આ બધી ચીજો વિશે અમે ચિંતન કરીશું. સમાજને અમે 'સલાહ' આપીશું, એટલે કે સમાજનું 'નિયંત્રણ' કરીશું. અમે જ્ઞાનની ઉપાસના કરીશું, ધર્મનું ચિંતન કરીશું, એનો પ્રચાર કરીશું, સમાજ ઈચ્છશે તો આવા ધર્મ અનુસાર સમાજનું નિયંત્રણ કરવાનો માર્ગ બતાવીશું. આના બદલામાં અમે માત્ર અન્ન ઉત્પન્ન કરવાના કામમાંથી મુક્તિ માગીએ છીએ. તમે અમને અન્ન ખવડાવો, અમે તમને જ્ઞાન આપીશું, શિક્ષણ આપીશું અને તમે જે કંઈ સેવા અમને આપશો એનો કૃતજ્ઞતાપૂર્વક અમે સ્વીકાર કરીશું. આ રીતે 'શ્રમવિભાજન' થયું. જ્ઞાનોપાસક વર્ગ અનાજ માટે આમ તો આશ્રિત બન્યો પણ સમાજ-નિયંત્રણનું નેતૃત્વ એને મળ્યું. આ વર્ગને આપણે નામ આપ્યું બ્રાહ્મણ-વર્ગ અને બીજા બની ગયા સામાન્ય લોકો, જેને નામ મળ્યું વૈશ્ય. (વિશ, વિટ્-સામાન્ય).

જ્યાં બહારનું નિયંત્રણ આવે ત્યાં બીજાના અજ્ઞાનનો લાભ લેવાની દુર્બુદ્ધિ આવી જ જાય છે. 'શ્રમવિભાજન'ને લીધે સામાજિક ઉન્નતિમાં ઘણી પ્રગતિ થઈ, પણ એની સાથેસાથે નૈતિક જીવનમાં બુનિયાદી વિકૃતિ પ્રવેશી ગઈ.

આ બુનિયાદી વિકૃતિને વધારતાં વધારતાં છેવટે મનુષ્યે એને અસ્પૃશ્યતાનું અંતિમ રૂપ આપ્યું. જે સેવા કે કર્મ પવિત્ર છે પણ એને ગંદું ગણવામાં આવે છે એ કામ કરવા માટે સમાજનું નિયંત્રણ કરનારા લોકોએ એક દલિતવર્ગ ઊભો કર્યો અને એને જ આ કામ કાયમ માટે સોંપી દીધું, અથવા તો એના પર આ કામ નિયંત્રકોએ જબરજસ્તીથી લાદ્યું હશે. ગમે તે હોય, મેલું ઉઠાવવાનું પવિત્ર કામ અત્યંત ગંદી રીતે કરવાની વ્યવસ્થા થોડાક લોકો પર બળજબરીથી લાદવામાં આવી અને એને જ ધર્મ સમજવાનું સમાજને સમજાવી દેવામાં આવ્યું.

[૨]

મનુષ્યજીવનમાં શુદ્ધ ધર્મબુદ્ધિને લીધે સુધારો થઈ શકે છે અને એવું થાય જ છે પણ એ સાથે બધા ધર્મોમાં ધર્મનો દુરુપયોગ પણ થતો આવ્યો છે. સુધારો ધીરેધીરે થાય એ અનિવાર્ય છે. એ માટે આપણામાં ધીરજ પણ હોવી જોઈએ. પરન્તુ કોઈ પણ ધર્મમાં

ધર્મને નામે અન્યાય અને અત્યાચાર થતો હોય એને દૂર કરવા માટે આપણે ધીરજ કેમ રાખી શકીએ? હરિજનો પ્રત્યે જે અન્યાય થાય છે એની સામે ગાંધીજીએ ખૂબ જ જોરદાર આંદોલન ચલાવ્યું, પ્રાયશ્ચિત્ત પણ કર્યું. હવે લોકો કહે છે કે ધીરેધીરે બધું બરાબર થઈ જશે. ઉતાવળ કરવાથી શું લાભ થવાનો છે?

જે લોકો અન્યાય કરે છે અથવા તો જે લોકો દૂર રહીને અન્યાય જુએ છે એમને માટે ધીરજ રાખવાનું સરળ છે. પણ જેમને અન્યાય સહન કરવો પડે છે, એમને કયા મોંએ આપણે ધીરજ રાખવાનું સમજાવી શકીએ તેમ છીએ? અન્યાય કરનારાને મારીએ–પીટીએ, કાયદા દ્વારા એને સજા કરીએ વગેરે ઈલાજ તો છે જ. આવા ઈલાજ કારગત પણ નીવડે છે. પણ આ ઈલાજ એવા છે જે બીજા અન્યાય પેદા કરે છે.

અસ્પૃશ્ય ગણાય છે એવા લોકોને જે અન્યાય સહન કરવો પડે છે એની સામે લડવાનો એમને અધિકાર છે જ. પણ અધિકાર હોય એટલું પૂરતું નથી; એમનામાં શકિત પણ જોઈએ. શકિત વિના જો તેઓ કોઈ ઈલાજ કરવાનું વિચારશે તો એનું ફળ એમણે ભોગવવું પડશે.

મહાત્માજીએ સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યુ છે કે 'અસ્પૃશ્યતા મહાપાપ છે, અધર્મ છે, કાનૂન મુજબ એ ગુનો પણ છે. જે ધર્મશાસ્ત્ર અસ્પૃશ્યતાનું સમર્થન કરે છે એ અધર્મનો જ પ્રચાર કરે છે. એની વાત માનવી નહિ જોઈએ.'

ગાંધીજીની આ વાત જેમને સમજાઈ ગઈ એમાંથી થોડા લોકોએ અસ્પૃશ્યતાની વિરૂદ્ધ જોરદાર પ્રચાર કર્યો પણ ગામડામાં ઓછો પ્રચાર થયો. સુધારકોએ અને સરકારે હરિજનોને શિક્ષણ મળે, આત્મોન્નતિ માટે સગવડો મળે એનો પ્રબંધ કર્યો. આ બધું ધીરેધીરે થઈ રહ્યું છે. પણ અન્યાયનો ઈલાજ તો તરત થવો જોઈએ. એ નથી થતું એ માટે આપણે શું કરીએ? અન્યાય તરત દૂર થવો જોઈએ, પણ એમ કરવા જતાં આપણે પોતે હિંસા કે અન્યાય કરી બેસીએ નહિ.

આ માટે તો સત્યાગ્રહ જ એકમાત્ર ઉપાય છે (અને સત્યાગ્રહની સાથે અસહકારને પણ સ્થાન મળવું જોઈએ). આ ઉપાય વિશે આપણે બહુ વિચાર કરતા નથી. હવે સરકાર અને સમાજસેવક નેતાઓને માટે ભારતભરમાં વ્યાપક આંદોલન શરૂ કરવાનો વિચાર કરવાનો સમય આવી ગયો છે.

એક વાત મને સૂઝી છે. અસ્પૃશ્ય જાતિઓ તો ઘણી છે. આમાંથી અત્યંત દુ:ખી અને પીડિત ભંગીઓને આપણે સૌપ્રથમ હાથમાં લઈએ. સમગ્ર રાષ્ટ્રવતી આપણે કાનૂન કરીએ, સમાજનો કાનૂન અને સરકારનો પણ કાનૂન, જે કાનૂન અનુસાર જે કોઈ માણસ ભંગીજાતિમાં જન્મ્યો છે એને કયાંય પણ સંડાસ સાફ કરવાનું કામ સોંપવામાં આવશે નહિ–એ આ માટે ગમે તેટલો તૈયાર હોય તો પણ એને આ કામ નહિ મળે. માણસ જન્મથી ભંગી છે એ કારણે એને સંડાસ સાફ કરવાનું કામ આપવું એ સામાજિક ગુનો થશે. જો કોઈ પણ વ્યકિત કે સંસ્થા, સુધરાઈ હોય કે કોર્પોરેશન, ભંગીઓ પાસેથી ભંગીકામ લેશે તો એને તરત સજા કરવામાં આવશે. મારા ઘરના સંડાસ સાફ કરવાનું ભંગીનું કામ પગાર આપીને કે મફત ભંગીઓ પાસેથી લઉં તો હું સમાજના કાનૂનનો ગુનેગાર તો સાબિત થઈશ જ પણ સરકાર પણ મારી પાસેથી દંડ લઈ શકશે. આ થયો કાનૂનનો એક હિસ્સો.

બીજા હિસ્સામાં જે કોઈ માણસ જન્મથી ભંગી છે, એટલે કે ભંગીજાતિમાં એનો જન્મ થયો છે, એને પોતાના ભરણપોષણ માટે સમાજ અથવા તો સરકાર પાસેથી કોઈ ને કોઈ સારું કામ મેળવવાનો અધિકાર રહેશે. એક પણ ભંગીને બેરોજગાર રાખવામાં આવશે નહિ.

જો આ એક કાનૂન, કંઈ નહિ તો બે-ત્રણ વર્ષ આખા દેશમાં બરાબર અમલમાં આવે તો તો ભંગીઓની અસ્પૃશ્યતા તત્કાળ દૂર થઈ જશે. ભંગીકામ જ અસ્પૃશ્યતાનો ગઢ છે. જો ભંગી અસ્પૃશ્યતાથી મુકત થઈ જાય તો પછી આપણું મોટા ભાગનું કામ પૂરું થઈ ગયું જ સમજો. આ વિશે કોઈકે પૂછ્યું:

'પછી સંડાસ સાફ કરવાનું કામ કઈ રીતે થશે?' મેં કહ્યું: 'જે સંડાસ જાય છે એ જ આ વિશે વિચાર કરે. જેને ભૂખ લાગે છે એ જ ખાવાનું રાંધી-રંધાવીને ખાય છે. જેને સંડાસ જવાનું થાય છે એ જાય જરૂર, પણ એને સાફ કરવાનો પ્રબંધ એણે પોતે કરવાનો રહેશે અને જો એ એવો પ્રબંધ ન કરે તો પછી હમેશાં ભલે એ જ નરક પર જઈને બેસે! સંડાસ જવું ન પડે એવો આખી દુનિયામાં એક પણ માણસ નથી. એટલે એ સાફ કરવા માટે કાં તો માણસ પોતે મહેનત કરે અથવા તો બીજાને નિયુકત કરે. આ કામ માટે એને ભંગીજાતિનો માણસ તો નહિ જ મળે. પછી જે જન્મથી ભંગી નથી એવો કયો માણસ ભંગી બનીને અસ્પૃશ્ય રહેવા તૈયાર છે એ આપણને જોવા મળશે. સંડાસ સાફ કરવા માટે સારો પગાર આપવામાં આવે તો કદાચ કોઈ ગરીબ બ્રાહ્મણ પણ આ કામ કરવા માટે તૈયાર થશે!

ગાંધીજીના આશ્રમમાં અમે બ્રાહ્મણો અને બીજા બધા લોકો સંડાસ સાફ કરવાનું અમારે ભાગે આવતું કામ કરતા હતા અને હરિજનોને ભાગે રસોઈ બનાવવાનું કામ પણ આવતું હતું.

આપણે ધર્મસેવકોએ અને સમાજસુધારકોએ આ રાષ્ટ્રવ્યાપી આંદોલન જોરશોરથી ચલાવવું જોઈએ. જે લોકો ભંગી પાસેથી આ કામ લે છે એનો આપણે સામાજિક બહિષ્કાર કરીએ અને ભંગીજાતિનો માણસ સંડાસ સાફ કરે તો આપણે એને પણ સજા કરીએ. આમ થશે તો દેશમાં સુધારો થશે અને અસ્પૃશ્યતાનિવારણ જોતજોતામાં અમલમાં આવી જશે. આ કામ હવે પાંચ-દસ ગાંધીજીનું કે પાંચ-દસ લાખ હરિજનસેવકોનું નથી. બધાં શહેરોની અને ગામોની સુધરાઈઓ તરફથી આ કામનો પ્રારંભ થશે. અન્યાયનું નિવારણ કરવાનું કામ માત્ર સંતોનું જ નથી. દરેક નાગરિકનું એ કામ છે; અને સમગ્ર સમાજે જે પાપ આજ સુધી ચલાવ્યું છે એને ધોઈ નાખવાનું કામ પણ સમાજે જ કરવું જોઈએ.

('મંગળ પ્રભાત'માંથી સાભાર) કાકાસાહેબ કાલેલકર

# નિર્ગ્રન્થ થઈએ

"તું તારી લઘુતાગ્રંથિ કાઢી નાખ, નહિ તો જિન્દગીમાં તું જરાયે આગળ વધી નહિ શકે." ગુરુએ શિષ્યને શિખામણ આપી.

"લઘુતાગ્રંથિ? એ શું છે?" શિષ્યે પૂછ્યું.

"મારાથી આ અઘરું કામ નહીં થઈ શકે, મારામાં એવી શકિત જ કયાં છે?" એમ દઢતાથી માની લેવું અને જ્યારે પણ કસોટીની ક્ષણ આવે ત્યારે હતાશ થઈ જઈ, તે ક્ષણને ઝડપી લેવાને બદલે સાવ નિષ્ક્રિય થઈ જવું તેને લઘુતાગ્રંથિ કહે છે. લઘુતાગ્રંથિથી પીડાતા માનવીઓ જિન્દગીમાં કશું પણ અસાધારણ પરાક્રમ કરી શકતા નથી." ગુરુએ શિષ્યને વસ્તુનો સ્ફોટ કર્યો.

"લઘુતાગ્રંથિ કાઢી કઈ રીતે નાખવી?" શિષ્યે પોતાની મૂંઝવણ વ્યકત કરી

"જે જે નરોએ મહાન પરાક્રમો કરી, ભગીરથ પુરુષાર્થ કરી અસાધારણ સિદ્ધિઓ મેળવી હોય તેવાઓનો દાખલો લઈ તારે પણ તારા મનમાં દઢતાથી એવો ભાવ કેળવવો જોઈએ કે "હું પણ મનુષ્ય છું. મને કુદરતે કંઈક પણ શકિત તો બક્ષી જ છે. હું એનો વિકાસ કરું, મારું સત્ત્વ વધારું અને અશકય ભાસતું કાર્ય પાર પાડું."

મનની આવી વલણ કેળવવા માંડ અને અધરાં કામ હાથ ધરી તેને પાર પાડવા પ્રયત્નશીલ થા. તને તારા કાર્યમાં સિદ્ધિ મળતાં તારી લઘુતાગ્રંથિ ઉત્તરોત્તર આપોઆપ દૂર થશે."

પછી શિષ્યે ગુરુની વાત સ્વીકારી, તેનો અમલ કર્યો કે નહીં તે વાત અહીં પ્રસ્તુત નથી. પણ ગુરુ-શિષ્ય સંવાદ સાંભળી આ ગ્રન્થિની વાતે મારા ચિત્તનો સારો એવો કબજો લીધો. ચિત્તના ખરલમાં એ ઘૂંટાવા માંડતાં ચિંતનનાં વલય વિસ્તરવા માંડયાં.

કેવી અજબ વસ્તુ છે કે કોઈ પણ માનવી એક યા બીજા પ્રકારની ગ્રન્થિથી વિમુકત હોઈ જ શકતો નથી! માનસશાસ્ત્રીય પરિભાષામાં એક લઘુતાગ્રંથિ અને બીજી ગુરુતાગ્રંથિ એમ બે ગ્રંથિ જાણીતી છે. ઉપરાંત માનવ માત્રને પીડનારી એક ભયની ગ્રન્થિ પણ છે. 'આ મારું જ રહેશે, બીજા કોઈને પણ કાળાંતરે એ નહીં જ આપું,' આ ભાવ અથવા વલણ તે મમત્વ ગ્રંથિની દ્યોતક છે.

'આત્મવત્ સર્વભૂતેષુ,' પ્રાણીમાત્ર પ્રત્યે પોતાના જેવો જ, આત્મવત્ ભાવ રાખવો અને તેનાં જે કંઈ સારાં-માઠાં પરિણામ નીપજે તે પરત્વે તટસ્થ રહીને પણ નિર્વ્યાજ પ્રસન્નતા અનુભવવી એ અભેદભાવ ગ્રંથિ છે. 'આ વિષયમાં તો મારા જેટલું બીજું કોણ સમજે? મેં કર્યું છે તેવું બીજું કોઈ કરી તો બતાવે!' આ અહંભાવમૂલક ગ્રંથિ તે ગુરુતાગ્રંથિ છે. આવી ઘણી ઘણી ગ્રંથિઓ છે. ગ્રંથિઓનું વિશ્વ વિરાટ છે. એક ખરેખરા વિદ્વાન સજ્જનના મગજમાં કોણ જાણે શાથી એવું પેસી ગયું છે કે 'બહારની જરા જેટલી હવા પણ મને લાગશે તો હું માંદો પડી જઈશ. પવનનો જરાક પણ ઝપાટો લાગી જતાં મને શરદી કે ન્યુમોનિયા થઈ જશે.' આમ એમની આ ભયગ્રન્થિ એવી બધી સજ્જડ છે કે નિવૃત્તિની અવસ્થામાં પોતાના આવાસના એક ખંડમાંથી તેઓ ઝાઝું બહાર નીકળતા નથી. ખંડની બારીઓ પણ લગભગ બંધ જ રહે છે. ભાગ્યે જ એ ખંડની કોઈ એકાદ બારી એ સહેજસાજ ઉઘાડી રાખતા હશે. શિયાળા અને ચોમાસામાં તો ઠીક, પણ ઉનાળામાં પણ એમને ગૃહાસ્થિત જેવી પરિસ્થિતિ પૂરેપૂરી ફાવી ગઈ છે. જો કે એટલું ખરું કે એ પોતાના ખંડમાં બેઠા બેઠા બહારના જગત સાથેનું પોતાનું અનુસંધાન પૂરેપૂરું જાળવી શકયા છે. એમના મિલનસારપણામાં જરાયે ફરક નથી પડયો. પોતાના ખાટ ઉપર આસન્ન થઈ છાપાં વાંચે છે, રેડીઓ સાંભળે છે, પોતાને મળવા આવનારાઓને પ્રસન્નતાથી અને ખરા પ્રેમથી મુલાકાતો આપે છે. જીવનની ઈષ્ટ પ્રવૃત્તિઓમાંથી તેમનો રસ જરાયે ઓસર્યો નથી. જ્ઞાન-વિજ્ઞાનના અને ધર્મ તથા તત્ત્વજ્ઞાનના એમ ભિન્ન ભિન્ન અનેક વિષયોના પણ મુખ્યત્વે ઉચ્ચ અને શિષ્ટ સાહિત્યના ગ્રન્થોનું પરિશીલન કરતા રહી તેઓ પોતાના હૃદયના તારને બહારના સકલ જગત્ સાથે જોડેલો રાખી શકયા છે. પોતાના ખંડની બારીમાંથી પ્રકૃતિનું અને બ્રહ્માંડનું દર્શન કરીને સમસ્ત વિશ્વની લીલા આનંદથી નિહાળતાં તેમજ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધતાં પ્રસન્નતાથી શેષ જીવન તેઓ વીતાવી રહ્યા છે. ચિંતન કરતાં કરતાં તેઓ આત્મસ્થ રહે છે અને તે સાથે વિશ્વસ્થ પણ રહી શકયા છે. તેમની ગ્રન્થિ તે હૃદયદૌર્બલ્યની દ્યોતક નથી.

સંયમપૂર્વક આ એકાંતવાસ સ્વીકારીને તેઓ પોતાનું સત્ત્વ વિકસાવતા રહ્યા છે. પણ એમને બહાર ફરવા આવવાનું કહો તો તુરત જ તેઓ કહેશે "ના રે. જવા દો. બહાર જવાની શી જરૂર છે! અહીં શું ખોટા છીએ?" પોતાના આરોગ્યની આણીશુદ્ધ સતત રક્ષા કરવાની એમની પ્રકૃતિ થઈ ગઈ છે. અને તો યે તેઓ સંપૂર્ણપણે નિરામય રહી શકયા નથી. કોઈક ને કોઈક તકલીફ એમને સતાવતી જ રહે છે.

આ ગ્રન્થિના વિશ્વમાંથી મુકત થઈ શકાય? ગ્રન્થિ સ્વત: ખરાબ વસ્તુ નથી. વ્યકિત-માનસ ઉપર એનું વિવેકરહિત વર્ચસ્, તથા અવ્યભિચારી બુદ્ધિને અનુકૂળ ન થવાનો જડતાભર્યો હઠાગ્રહ ઘણાં અનિષ્ટોનાં ઉદ્ભાવક અને પોષક છે. લઘુતાગ્રંથિ મનુષ્યને જો કેવળ તેની મર્યાદાઓનું જ સમ્યક્ ભાન કરાવીને ત્યાં જ અટકી જતી હોય તો એને અનિષ્ટ તરીકે ઘટાવવાનું કારણ નથી, ગુરુતાગ્રંથિ મનુષ્યની પરાક્રમશીલતાને, તેના સાર્વત્રિક આત્મવિકાસમાં ઉપકારક નીવડે એ રીતે વિકસાવતી હોય તો એ ગ્રંથિ પણ નિંદ્ય નથી.

ભયની ગ્રંથિ મનુષ્યને કાપુરુષ, નિર્બળ, નિષ્ક્રિય બનાવી મૂકે છે માટે એ અનિષ્ટકારક છે. પણ એ દુર્ગુણો કેળવતાં રોકતી હોય, દુ:સાહસ કરતાં અટકાવતી હોય તો તેટલા પ્રમાણમાં તે સહ્ય લેખાવી જોઈએ. "અભયંસત્ત્વસં શુદ્ધિમ્" એમ કહીને શ્રીમદ્ ભગવદ ગીતા સત્ત્વસંશુદ્ધિ અર્થે અભયનો બોધ કરે છે તે ખરું, પરન્તુ એમ કરીને પણ એ આખરે તો ભયની એક ચોક્કસ મર્યાદા જ બાંધે છે. ભયની ગ્રન્થિની એ અલબત્ત, પ્રતિષ્ઠા નથી કરતી પરન્તુ તે સાથે એ કર્તવ્યનાં દુષ્પરિણામો પ્રત્યેની જાગૃતિનો નિષેધ નથી કરતી. ઈશ્વરથી ડરીને ચાલવું એટલે કે મારાથી અનાચાર થશે તો ઈશ્વર તેમાં રાજી નહીં રહે, મારાં માતપિતાને વાજબી રીતે ન ગમે એવું આચરણ કરીશ તો માતપિતા દુભાશે એ ભયનો ગીતા નિષેધ નથી કરતી. પરંતુ અહીં ભયેનું પ્રવર્તન ગ્રન્થિ રૂપે નથી. એનું મહત્ત્વ લાલબત્તી પૂરતું જ છે. વિવેકબુદ્ધિને જાગૃત રાખવા પૂરતું છે.

ગ્રન્થિનો બીજી રીતે પણ, એટલે કે બીજા સંદર્ભમાં પણ વિચાર કરવો જરૂરી છે. કારણ તે તે સંદર્ભમાં ગ્રન્થિ આમૂલાગ્ર અનિષ્ટ જ છે. માનવ માનવ વચ્ચેના સંબંધો સુદઢ રાખવા હોય, માનવ-હૃદયો વચ્ચે આત્મૈક્ય સાધવું હોય, લાગણીના સેતુઓને સુરક્ષિત રાખવા હોય ત્યાં ગ્રન્થિના વિશ્વમાંથી મુકિત એ જ એકમાત્ર અપરિહાર્ય અને ઉત્તમોત્તમ માર્ગ છે. કારણ માનવીના ભાવજગતને એકદમ સંકુચિત, સાંકડું કરી નાખનાર, એને આત્મકેન્દ્રી રાખનાર, દૃષ્ટિ અને હૃદયની આસપાસ વાડ રચનાર, માનવ માનવ વચ્ચેના સંબંધોને ક્લુષિત કરનાર અત્યંત અનિષ્ટ એવી કોઈપણ વસ્તુ હોય તો તે ગ્રન્થિ છે. "ગજાનનથી મારું કંઈ પણ સારું થાય તે સહન જ નથી થતું. એ બહુ જ દ્વેષીલો છે, વ્રજરાય હમેશાં વિઘ્નસંતોષી થઈને જ ઊભો રહે છે, આ દુનિયામાં બધાં સ્વાર્થનાં જ સગાં છે, સોની તો સગી બહેનના સોનામાંથી પણ ચોર્યા વગર રહે જ નહીં, સગા બાપનો યે ભરોસો કરવો નહીં, વેપારી માત્ર ચોર અને લબાડ, ખાદીધારી બધા જ દંભી છે," આ બધાં જ ખોટાં નિરીક્ષણો અને ખ્યાલો ગ્રન્થિની નીપજ છે. ગ્રન્થિને કારણે એક માણસ બીજા માણસ આગળ નિખાલસ થઈને પોતાનું દિલ ઉઘાડા આકાશ જેવું કરી શકતો નથી. ગ્રન્થિને કારણે જ માનવ માનવ વચ્ચે મુકત મિલન થઈ શકતું નથી. ગ્રન્થિને કારણે જ માણસને બીજા માણસના સત્ય સ્વરૂપનું યથાર્થ દર્શન થઈ શકતું નથી. અજ્ઞાનથી, વહેમથી અને સ્વાર્થથી માણસે પોતાના મનમાં ગ્રન્થિઓનું એવું એક અભેદ્ય જંગલ ઉગાડી દીધું છે કે બે માનવહૃદય, બે માનવમન અને બે માનવઆત્મા વચ્ચે જોજનો સુધી વિસ્તરતી ખાઈઓ જ નિર્માણ થઈ છે, ભાવને બદલે અભાવનો જ વિસ્તાર થયો છે, પ્રેમના મુકત વહેણને અવરોધતી વહેમની શિલાઓ જ ખડકાયેલી રહે છે. પરમાર્થની ભાવનામાં સ્વાર્થનું જ દર્શન થતું હોય છે. અનુભવોનાં મૂલ્યાંકન પણ ખોટાં જ થતાં હોય છે. ગ્રન્થિઓના પહાડ, ગ્રન્થિઓની ખીણ, અને ગ્રન્થિઓનાં જંગલો વિશ્વાસને અવિશ્વાસમાં અને શ્રદ્ધાને અશ્રદ્ધામાં ફેરવી નાખે છે અને અવિશ્વાસનું જ વાવેતર કરે છે, શ્રદ્ધાનું ઉન્મૂલન કરી નાખે છે, તેમજ જીવનની અમૃતવેલમાં વિષનું સીંચન કરે છે. કોઈ પણ જાતની ગ્રન્થિ રાખ્યા વગર કેવળ નિર્ગ્રન્થ થઈને જીવનયાત્રામાં આગળ વધનાર માનવી 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાને જરૂર ચરિતાર્થ કરી શકે છે. ઈસુ, બુદ્ધ અને ગાંધી, આ વિભૂતિઓ આ શ્રદ્ધાની પ્રતીતિ કરાવી ચૂકી છે. એ સત્યના ઝળહળતા પ્રકાશમાં હોવા છતાંયે માનવીને નિર્ગ્રન્થ થવાનું, ગ્રન્થિઓના વિશ્વમાંથી મુકિત મેળવવાનું જાણે પાલવતું નથી એ કેવી કરુણતા છે!

**કૃષ્ણવીર દીક્ષિત**

# ચીનની અનોખી અને મૌલિક એવી નૂતન સમાજવ્યવસ્થા

**['પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં ચીનનું નવનિર્માણ કઈ દિશામાં થઈ રહ્યું છે એનો ખ્યાલ આપતો આલ્બર્ટો મોરેવિયાનો એક લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો. હવે ચીન શહેરીકરણની, ગ્રામવિસ્તારોની, લોકોને માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની વગેરે સમસ્યાઓનો પોતાની આગવી-અનોખી અને મૌલિક રીતે ઉકેલ લાવવા માટે શું કરે છે એનો ખ્યાલ ફ્રાંસના ખ્યાતનામ અખબાર 'લા મોન્ડે' અને 'ફાર ઈસ્ટર્ન ઈકોનોમિક રિવ્યુ'માં સૌ પ્રથમ આવેલા અને પછી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ પ્રગટ કરેલા રોબર્ટ ગીલન અને સ્ટર્જેપાન પુકેકના બે લેખોમાંથી મળે છે. ભારતને માટે પણ આમાં સમજવા – અપનાવવા જેવા સંકેતો રહ્યા છે. આ લેખોનો મહત્ત્વનો સારભાગ અહીં ઉતારવામાં આવ્યો છે. –તંત્રી]**

ચીનની મુલાકાતે આવતા પશ્ચિમના પ્રવાસીઓને એનાં શહેરોનો દેખાવ જોઈને સૌથી મોટું આશ્ચર્ય થાય છે. ચીનનાં શહેરોમાં એક અદ્‌ભુત દશ્ય પૂરું પાડે છે. શાંઘાઈનો જ દાખલો લઈએ. એના સાઠ લાખ નાગરિકો એટલે સાઠ લાખ રાહદારીઓ એમ જ કહેવું પડે તેમ છે–અને આમાં જરાય અતિશયોક્તિ નથી. અલબત્ત, શહેરમાં આધુનિક બસવ્યવહાર પદ્ધતિ છે અને હજારો સાઈકલો પણ જોવા મળે છે. પણ આમ છતાંયે પ્રત્યેક નાગરિક પદયાત્રી જ છે.

શાંઘાઈમાં સૌથી વધુ ધ્યાન તો ખાનગી માલિકીની મોટરગાડીઓની ગેરહાજરી જ ખેંચે છે. ટેક્સીના અપવાદને બાદ કરતાં ત્યાં ખાનગી મોટરગાડી તો જોવા જ મળતી નથી. ચીનાઓએ માત્ર મોટરો જ નહિ પણ પશ્ચિમના શહેરી જીવનનાં બીજાં ઘણાં લક્ષણોનો ત્યાગ કર્યો છે. મોટરવિહોણું શહેર જાહેરખબરો, નિયોન લાઈટો, દુકાનોનાં પાટિયાં વગેરે વિનાનું શહેર પણ છે.

શહેરમાં દારૂનાં પીઠાંઓ નથી એટલે શરાબ પીને ચકચૂર થયેલા શરાબીઓ પણ નથી. અહીં મૂડી નથી તો બૅન્કો પણ નથી. છતાં યે વેપાર ચાલે છે અને ખરીદી કરીને ચલણી નોટો અને સિક્કાઓમાં એની કિંમત ચૂકવવામાં આવે છે. સંપત્તિ માટેની દોડધામનો અહીં સાવ અભાવ છે.

ચીનના વિકાસનું સ્વરૂપ પશ્ચિમથી સાવ ભિન્ન છે એટલું જ નહિ પણ ચીન પોતાની આગવી અનોખી જીવનપદ્ધતિ ઘડવા માટે કટિબદ્ધ છે એનો ખ્યાલ ચીનની ફરીવાર મુલાકાત લેનારને આવ્યા વિના રહેતો નથી. ચીન કંઈક જુદી જ, બીજા કોઈ પણ સ્થળે ન હોય એવી, સદંતર ભિન્ન પ્રકારની રચના કરી રહ્યું છે.

ગ્રામપ્રદેશમાં હજારો કિસાનો પોતાનાં ખેતર પર સખત પરિશ્રમ કરતા હોય છે એ આ છાપને સમર્થન આપે છે. પશ્ચિમે કૃષિ ઉત્પાદન વધાર્યું છે પણ એ સાથે જમીન સાથે જોડાયેલાને ત્યાંથી ખસી જવાની પણ એથી ફરજ પડી છે. માઓ ત્સે-તુંગનું ચીન પણ સામૂહિક કોમ્યુનોની પદ્ધતિ દ્વારા ખેતરોનાં કદમાં વધારો કરી રહ્યું છે પણ એ લોકોને ખેતરો પર જ જોડાયેલા રાખે છે. પશ્ચિમની માફક ચીન એની ખેતીનું યાંત્રીકરણ કરી રહ્યું છે પણ યંત્રોને કારણે જે સ્થાનિક કામદારો પાસે કામ નથી રહેતું તેઓ શહેર તરફ વળતા નથી. એમને ત્યાં જ રાખવામાં આવે છે અને એ જ સ્થળે ઊભા કરવામાં આવેલાં ગૃહઉદ્યોગમાં એમને સમાવી લેવામાં આવે છે.

માઓ ત્સે-તુંગ કેટલીક વાર ચરખો કાંતતા ગાંધીજીનું સ્મરણ કરાવે છે. માઓ ક્રાંતિકારી હશે પણ ચીનની પરંપરા અનુસાર યંત્રો પ્રત્યે એમનું વલણ સાવધાનીભર્યું છે. ક્રાંતિકારી માઓ ગ્રામપ્રદેશમાં પરિવર્તન લાવી રહેલ છે ત્યારે કિસાન માઓ ચીનના કિસાનોને બચાવી રહ્યા છે. સામ્યવાદી ચીનને એની આધુનિકીકરણની ઝુંબેશને લીધે ગ્રામપ્રદેશ ખાલી થઈ જાય એ પોસાય તેમ નથી. જો એ આમ થવા દે તો એને એના લાખો-કરોડો ઊખડી ગયેલા લોકોને મોટાં મોટાં શહેરોમાં વસાવવા પડે તેમ છે.

આ જાતના ગીચ વસતિવાળાં શહેરો જો જાપાની પદ્ધતિના ઔદ્યોગિક સમાજનું નિર્માણ કરવામાં આવે તો જ ટકી શકે છે અને એનાં કારખાનાં પણ દુનિયામાં એની ઉત્પન્નોનો ફેલાવો કરી શકે તો જ ચાલી શકે. પણ સદ્‌ભાગ્યે માઓવાદી વિકાસ યોજના સાવ જુદા જ પ્રકારની છે. તેઓ તો ચીન ૨૦૦૦ની સાલ સુધીમાં મજબૂત કૃષિપ્રધાન અને કિસાનોનું રાષ્ટ્ર બને એમ ઈચ્છે છે.

ચીનના નેતાઓ છેલ્લાં એક-બે વર્ષ થયાં વખતોવખત જણાવી રહ્યા છે કે 'ચીન કદી મહાસત્તા બનવા માગતું નથી.' ચીન એનાં આર્થિક ધ્યેયોમાં પણ આ જ વલણ અપનાવે એવું બનશે. સોવિયેટ અસર હેઠળ ચીનની નીતિએ ખોટો વળાંક લીધો હતો અને ત્યારે એણે ભારે ઉદ્યોગો પર ભાર મૂક્યો હતો, પણ સાંસ્કૃતિક ક્રાંતિ પછી ચીને ચીનની જરૂરિયાતોને અનુકૂળ એવાં માઓવાદી ધ્યેયો અપનાવ્યાં છે. શહેરીકરણનું પ્રમાણ ઓછામાં ઓછું રાખવામાં આવી રહ્યું છે. શાસકોનો લોકો પર એટલો જબરો અંકુશ છે કે ખેતરો-જમીન છોડીને લોકોને જતાં અટકાવવામાં તેને સફળતા મળી છે. એ જ રીતે શહેરોનો ગમે તેમ વિસ્તાર ન થાય એવું કરવામાં એને સફળતા મળી છે. પેકિંગ એનાં શહેરોની વધારાની વસતિને અંદરના ભાગમાં ખુલ્લા વિસ્તારોમાં વસાવે છે અને એ સાથે કુટુંબનિયોજનની ઝુંબેશો દ્વારા વસતિવધારાના દબાણને ઘટાડવા પણ એ મથે છે. આ જાતનાં નિયંત્રણો વિના ચીનની વસતિ વધીને એક અબજ જેટલી થઈ જવાનો ભય રહે છે.

જે શહેરો મેં જોયાં એ હવા અને વાતાવરણની અશુદ્ધિથી મુક્ત રહી શક્યાં છે–મેં જે કે ઉત્તર-પૂર્વનાં, એકવારના મંચુરિયાનાં શહેરોની મુલાકાત લીધી નહોતી. ચીનાઓ એમના દેશમાં ઉદ્યોગીકરણ કરતી વખતે કેટલાંક ધોરણો જાળવે છે અને પશ્ચિમે કરેલી ભૂલોનું તેઓ નિરાકરણ કરી શક્યા છે.

ચીનની રાજકીય અને આર્થિક વિકાસની પદ્ધતિ તેમ જ પશ્ચિમની પદ્ધતિ વચ્ચે જે તફાવત છે એ સંબંધમાં બધું જ કહ્યા પછી જે એક વસ્તુ ચીનને વિશેષ કરીને પશ્ચિમથી જુદું પાડે છે એ નૈતિક વિકાસની પદ્ધતિ છે. નવો સમાજ ખૂબ જ નીતિમત્તાયુક્ત અને ગુણસંપન્ન હોય એની ચીનને જરૂર છે, પણ એ સાથે ચીન પોતાના આ ધ્યેયને સિદ્ધ કરવા માટે જે પદ્ધતિ અખત્યાર કરે છે એ પશ્ચિમની પદ્ધતિથી સાવ નિરાળી છે.

ચીનાઓ કહે છે તે મુજબ યોગ્ય રાજકીય વિચારો દ્વારા માણસ ઉચ્ચ નૈતિક ધોરણને પામી શકે છે; અને આ યોગ્ય રીતની વિચારધારામાં સર્વાનુમતિ હોવી જોઈએ અને લોકોની સામૂહિક કેળવણી દ્વારા આ સર્વાનુમતિ સિદ્ધ થઈ શકે છે. પશ્ચિમના દેશો આને ચોક્કસ રીતે કરવામાં આવતો માનસપલટો કહે છે. ચીનનું સમગ્ર રાષ્ટ્ર આ રીતે થતો માનસપલટો આશાંકિત રીતે સ્વીકારે છે, જેને પશ્ચિમના લોકો અસહ્ય વસ્તુ જ ગણશે.

ચીન અને પશ્ચિમ વચ્ચે સૌથી વધુ જે તફાવત છે એ આ સ્વતંત્રતાના પ્રશ્નની બાબતમાં છે. ચીનને આ સંબંધમાં અભેદ્ય રહી શકે તેમ નથી, કેમકે છેવટે તો સ્વતંત્રતાનો જ વિજય થાય છે. આમ છતાં યે ચીનની નકારાત્મક બાજુઓ કરતાં એની વિધાયક સિદ્ધિઓ સવિશેષ છે એટલું તો સ્વીકારવું જ જોઈએ. સાંસ્કૃતિક ક્રાંતિ પછીના આ સમયમાં ચીન બહારના જગત પ્રત્યે ખુલ્લું થયું છે. એને સફળતા મળી છે અને તંગદિલી ઓછી થઈ છે. આ ચીન શાંતિમય સહઅસ્તિત્વ વિશેના પોતાના વિચારો ફરી વ્યક્ત કરી રહ્યું છે અને બીજાં રાષ્ટ્રો સાથેના પોતાના સંબંધોને પુનઃ સ્થાપિત કરવા પ્રયાસ કરી રહ્યું છે.

ચીનમાં જે પ્રગતિ થઈ છે એ એક હજાર ને એક એવી નાની નાની ચીજોમાં જોવા મળે છે. ચીનના લોકોની તંદુરસ્તી, એમનાં કપડાંની વિવિધતા, દુકાનોમાં કતારોનો અભાવ, બજારોમાં પૂરતો માલ, સ્થિર ભાવો, નવી સાઈકલોની વધતી સંખ્યા અને સારા માર્ગો–આ

બધામાં પ્રગતિ અને સફળતાનાં દર્શન થાય છે. અલબત્ત, ચીનાઓ તો નમ્રતાપૂર્વક એમ કહે છે કે હજી ઘણી વસ્તુઓ કરવાની બાકી છે. પણ મારી માઓના ચીનની આ ચોથી મુલાકાત હતી અને દરેક વખતે મને પહેલ કરતાં ચીનમાં વધુ સારી સ્થિતિ જોવા મળી હતી.

રોબર્ટ ગીલન

## [૨]

એવો ભાગ્યે જ કોઈ દેશ હશે કે જેને વસવાટોનો ગંભીર પ્રશ્ન નડતો ન હોય. જેમ વધુ વસતિવાળો દેશ એમ એને આ સમસ્યા વધુ ગંભીરપણે ભોગવવી પડે છે. આ દૃષ્ટિએ વિચારીએ તો ૭૫ કરોડની વસતિવાળા ચીન જેવા દેશમાં તો અભૂતપૂર્વ કહી શકાય એવી મકાનોની તંગી હોવી જોઈએ. પણ ત્યાં આવી સ્થિતિ નથી. ચીનના સંદર્ભમાં જોઈએ તો બીજા દેશોના કરતાં અહીં ઘણા પ્રશ્નોનું સ્વરૂપ જ ભિન્ન લાગે છે. વસવાટોનો પ્રશ્ન પણ આ નિયમમાં અપવાદરૂપ નથી.

પેકિંગમાં રહેતા ઘણા વિદેશીઓએ ગયા વર્ષે અને આ વર્ષે ચીનના પ્રાંતોનો વ્યાપક પ્રવાસ કર્યો છે અને આ દરમિયાન એવી સામાન્ય છાપ પડી છે કે ચીનમાં સાવ જ ઘરબાર વગરના કહી શકાય એવા લોકો નથી. અલબત્ત, ઘણા લોકો હજુ યે ખરાબ સ્થિતિમાં રહે છે. આ રહેઠાણો પણ એક કે બે દાયકા પહેલાં હતાં એનાથી સારાં છે. દરેક જગ્યાએ આ સુધારો જોવા મળે છે.

ચીનનાં શહેરોનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. પેકિંગની વસતિ ૬૦ થી ૭૦ લાખે પહોંચી રહી છે. ટિન્સ્ટીનની ચાલીસ લાખની વસતિ છે અને શાંઘાઈ તો દુનિયાનું એક સૌથી મોટું શહેર છે, જેની વસતિ અત્યારે એક કરોડે પહોંચી છે.

શાંઘાઈની મુલાકાત દરમિયાન એની વસવાટોની સ્થિતિ વિશે વિગતવાર ખ્યાલ આપ્યો. 'નવગ્રામ' નામે ઓળખાતા કામદારો માટેની એક વસાહતમાં કેટલાક ફ્લેટની મુલાકાતનો આમાં સમાવેશ થતો હતો. આ વિસ્તારમાં બેથી પાંચ માળનાં મકાનો હતાં પણ એના માર્ગો પહોળા હતા. માર્ગની બંને બાજુએ વૃક્ષો પણ સારી સંખ્યામાં ઉગાડવામાં આવ્યાં હતાં. શહેરી સગવડોમાં પ્રાથમિક અને મિડલ સ્કૂલો, સિનેમાગૃહો, થિયેટર, હૉસ્પિટલો, બગીચાઓ, બાળ-મંદિરો, દુકાનો, ડિપાર્ટમેન્ટ સ્ટોર, કેટરિંગ સર્વિસ અને સ્નાનાગારનો સમાવેશ થતો હતો. 'ગામડા'નું નામ હોવા છતાં યે આધુનિક નગરનાં ધોરણો સાથે એને સારી રીતે સરખાવી શકાય તેમ હતું.

આ 'નવગ્રામ' માં લગભગ ૭૦,૦૦૦ માણસો, મોટે ભાગે કામદારો અને એમનાં કુટુંબો રહે છે. એના ફ્લેટ એક રૂમથી માંડી ત્રણ રૂમના હોય છે. દરેક રૂમ સો ચોરસફૂટ કે એથી થોડા વધારે કદનો હોય છે. રસોડું, બાથરૂમ અને સંડાસ ત્રણ કુટુંબ વચ્ચે વાપરવાનાં હોય છે. બે રૂમના ફ્લેટનું ભાડું મહિને લગભગ પંદર રૂપિયા જેટલું હોય છે. વીજળી, ગૅસ અને પાણીના દર વધારે એટલે કે બત્રીસેક રૂપિયાની આસપાસ થાય છે. પણ શાંઘાઈમાં ઘરભાડું અને આ બધી સગવડો મળીને વેતનના ૨૫ ટકા જેટલો ખર્ચ થાય છે; અને આ ખર્ચ ઓછામાં ઓછા બે માણસો વચ્ચે ભોગવવાનો હોય છે, કેમ કે શાંઘાઈમાં કુટુંબના બે માણસો કામ ન કરતા હોય એવાં કુટુંબો ભાગ્યે જ હોય છે.

અહીં પણ બીજાં સ્થળોની માફક ક્રાંતિકારી સમિતિ હતી. ચાઉ-મો-ચીન નામની એક પ્રૌઢાએ સમિતિ વતી અમને આ વસાહતમાં ફેરવ્યા હતા. એના કહેવા પ્રમાણે શાંઘાઈમાં ૧૯૪૯ પહેલાં જેવા ગંદા વિસ્તારો હતા એવા ખરાબ ગંદા વિસ્તારો હવે ક્યાંય નથી. રોજગારીના પ્રમાણમાં વધારો થતાં આમ થવા પામ્યું હશે. 'પીપલ્સ ડેઈલી'એ ગયા મહિનામાં એવી જાહેરાત કરી હતી કે દર વર્ષે રોજગારીની તકો વધી રહી છે અને એ સાથે એવો દાવો કર્યો હતો કે ચીનમાં દસ વર્ષ પહેલાં બેકારી નાબૂદ કરવામાં આવી હતી.

શાંઘાઈ પાછા ફરીને શાંઘાઈના જીવન વિશે ખૂબ જ માહિતગાર એવા વેન્ગ-સો-હાઈને હું મળ્યો. મેં એમને પૂછ્યું : 'શાંઘાઈની સારી એવી વસતિ હજુ યે મુક્તિ પહેલાંના દિવસોના જેવા ગંદા વિસ્તારોમાં રહે છે?' થોડો વિચાર કરીને એમણે દૃઢતાથી જવાબ આપ્યો કે 'ના, એક પણ કુટુંબ અત્યારે એવી સ્થિતિમાં રહેતું નથી.' એમણે કહ્યું કે : 'અમે આવા વિસ્તારોની કંઈ જ ખર્ચ કર્યા વિના સફાઈ કરી શકયા છીએ. એ પછી આવા વિસ્તારોમાં જે લોકો રહેતા હતા તેઓ એમના વેતનનો ચોથો ભાગ ભાડા પેટે આપતા હતા. આજે તેઓ લગભગ કંઈ જ ભાડા પેટે આપતા નથી. અમે નવા માર્ગો બાંધી આપ્યા છે. કેટલાંક ઘરો સુધી પાણી પહોંચાડ્યું છે અને બધા જ વસવાટોને વીજળી તો મળી જ ગઈ છે. સાર્વજનિક સંડાસની સગવડ કરવામાં આવી છે. અમે લગભગ દસ લાખ માણસોને ગંદા વિસ્તારો અને ખરાબ વસવાટોમાંથી ખસેડીને નવાં રહેઠાણોમાં વસાવ્યા છે.

ટિન્સ્ટીન, કેન્ટન અને પેકિંગ જેવાં શહેરોમાં પણ મકાનોની પરિસ્થિતિને આ રીતે જ હલ કરવામાં આવે છે. મને કહેવામાં આવ્યું હતું એ મુજબ આમાં કેટલીક બાબતો મદદરૂપ થઈ છે.

એક તો જાણે ગીચ શહેરી વિસ્તારોમાંથી સંપૂર્ણ કારખાનાં, હૉસ્પિટલો, વર્કશોપ, સંસ્થાઓ, દુકાનો અને આ બધામાં કામ કરતા લોકોને ગ્રામપ્રદેશમાં ખસેડવામાં આવેલ છે. શહેરની મકાન-વ્યવસ્થા પરના દબાણને ઓછું કરવા જ નહિ પણ શહેરો અને ગામડાંને જોડવા માટે તેમ જ આ બંને વિસ્તારો વચ્ચેના જીવનધોરણમાં જે અંતર રહે છે એ ઓછું કરવા માટે પણ આ પગલું લેવામાં આવ્યું છે.

યુવાન બુદ્ધિવાદીઓને પણ બીજે વસાવવામાં આવે છે એ એક બીજું કારણ છે. બુદ્ધિવાદીઓ શહેર છોડીને અમુક વર્ષ સુધી ગામડામાં રહે છે, શકય હોય તો હમેશ માટે ત્યાં રહી જાય છે. આનો અર્થ એ થયો કે વિશ્વમાં બધે જ લોકોનું ગામડામાંથી શહેરો તરફ સ્થળાંતર કરવાનું વલણ હોય છે એવું વલણ ચીનમાં જોવા મળતું નથી. રાજય અને ક્રાંતિની જરૂરિયાત મુજબ પુનર્વસવાટની આ આયોજના રાજયના આદેશ મુજબ ચાલતા સમાજમાં જ થઈ શકે. આનું પરિણામ એ આવ્યું છે કે ચીનનાં શહેરો પહેલાં કરતાં ઓછાં ગીચ અને વધારે સ્વચ્છ છે—જો કે એનો ઝડપભેર વિકાસ તો થઈ જ રહ્યો છે.

કારખાનાં અપરિણીતો અને કુટુંબ વિનાના બીજા લોકોને રહેવા માટે ફ્લેટ આપે છે. આ રૂમમાં અમુક સંખ્યામાં અપરિણીત કામદારો સાથે રહે છે અને પાણી અને વીજળી સાથે એનું માસિક ભાડું સારી જાતની સિગારેટના એક પાકીટની કિંમત કરતાં યે ઓછું હોય છે.

ગ્રામવિસ્તારોમાં મકાનોની સમસ્યાનું જરા જુદી રીતે નિરાકરણ કરવામાં આવે છે. મેં જે કેટલીક કોમ્યુનો અને ઉત્પાદન કેન્દ્રોની મુલાકાત લીધી ત્યાં પણ ગીચતા નહોતી. કેટલાક ગામલોકો નવાં ઘરોમાં રહેવા ગયા છે. ઘણા ગામલોકો હજુ યે જૂનાં મકાનોમાં રહે છે. નવાં મકાનો બાંધવામાં હવે ઈંટો અને એવાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે પણ અનુકૂળ સ્થાનિક સાધનો મળે તો એ પણ વાપરવામાં આવે છે.

પેકિંગ અને પશ્ચિમી ટેકરીઓની વચ્ચે આવેલી ટુન્ગ-પેવેન્ગ નામની કોમ્યુનની મેં બીજા વિદેશીઓ સાથે મુલાકાત લીધી હતી. આ કોમ્યુનમાં બાંધેલા માર્ગો નહોતા અને અમને કહેવામાં આવ્યું એ મુજબ પંદર વર્ષ પહેલાં આ આખોયે વિસ્તાર વેરાન હતો અને ક્યાંય એક પણ વૃક્ષ નહોતું. એ પછી તો અહીં ૧૮,૦૦૦ થી યે વધુ વૃક્ષો ઉગાડવામાં આવ્યાં છે અને વાતાવરણ હરિયાળું બની ગયું છે. કોમ્યુનની સમૃદ્ધિનું પ્રતીક સાઈકલ હોય છે અને લગભગ બધાં જ કુટુંબો પાસે એક-બે સાઈકલો તો હતી જ.

મોટા ભાગની કોમ્યુનોનું આવું જ ચિત્ર જોવા મળે છે. આ બધા જ વિસ્તારોમાં તેઓ વૃક્ષો ઉગાડે છે. કેટલીક વાર તો માથાદીઠ દસ કરતાં યે વધુ વૃક્ષો ઉગાડવામાં આવે છે. સામાન્ય નિયમ એવો છે કે પ્રથમ તેઓ વખારો, વર્કશોપ, નાનાં કારખાનાં, શાળાઓ, ચિકિત્સાલયો – અને પછી મકાનો બાંધે છે. મકાનો ગ્રામજનોની ખાનગી માલિકીનાં પણ હોય છે. શાંઘાઈની નજીકની એક કોમ્યુનમાં તો મને કહેવામાં આવ્યું હતું કે ગામલોકો મકાનો વેચી અને ખરીદી પણ શકે છે તેમ જ પોતાના માટે વધુ સારાં મોટાં ઘરો પણ બાંધી શકે છે. ચીનમાં બચત કરવાની પ્રવૃત્તિ સવિશેષ લોકપ્રિય છે એનું એક કારણ કદાચ આ પણ હશે.

સ્ટજેપાન પુકેક

# ☆ જીવનની સાર્થકતા ☆

મોક્ષ, પરમ આનંદ, જીવનમુકિત વગેરે આદર્શોને એક બાજુ રાખી કેવળ સામાન્ય સુખ અને આનંદની દૃષ્ટિએ વિચારતાં પણ જીવનમાં સ્થિર નહિ તો ભલે બદલાતા જતા, પણ આદર્શો તો જરૂરી લાગે જ છે. જીવન દરમિયાન કંઈક થવા કે કંઈક મેળવવા જે ઈચ્છે નહિ તે કાં તો મૂઢ હોય, કાં તો પરમ જ્ઞાની હોય. જ્ઞાની એમ સમજે છે કે ઈચ્છા–આકાંક્ષાથી મુકિત મેળવવામાં જ સાચી પ્રાપ્તિ છે, મૂઢને તો એવું કશું ભાન હોય નહિ. જે દુનિયામાં આપણે વસીએ છીએ તે દુનિયામાં મૂઢ અથવા તો જ્ઞાનીમાં જેમની ગણના ન થાય એવો અતિવિશાળ માનવ-સમુદાય વસે છે, સંભવ છે કે આપણે પણ એમાં જ હોઈએ. આમ છતાં મૂઢતા અને જ્ઞાન પણ સાપેક્ષ હોય છે, સોએ સો ટકા મૂઢ અથવા તો પૂર્ણજ્ઞાની કોઈ સંભવી શકે નહિ. દેહધારીને ઈશ્વર મળે નહિ અથવા તો ઈશ્વરસ્વરૂપ બની શકે નહિ તેનો અર્થ જ એ કે જ્યાં દેહ અને મન છે ત્યાં તેની મર્યાદાઓ પણ છે. અનંત અને અપરિમિત જ્ઞાન આ મન–બુદ્ધિથી પ્રાપ્ત થઈ શકે નહિ અને કેવળ મૂઢ તો કોઈ હોઈ જ કેમ શકે? જ્યાં ચેતન છે ત્યાં ઓછાવત્તા પ્રમાણમાં જ્ઞાન હોવું જ જોઈએ.

આ દૃષ્ટિએ વિચારીશું તો એમ સમજાશે કે કંઈક થવા ને કંઈક મેળવવાની ઈચ્છા લગભગ સૌમાં ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. આવી ઈચ્છા ચેતનાની નિશાની છે એમ કહીએ તો યે ખોટું નથી. હા, માનવીનો આદર્શ ઈચ્છારહિત થવાનો પણ હોઈ શકે, પરંતુ સૂક્ષ્મ રીતે જોઈએ તો તે પણ ઈચ્છાનો જ એક પ્રકાર ગણાય. ખરો પ્રશ્ન તો એ છે કે ઈચ્છા હોય છતાં આદર્શ ન હોય એમ બને ખરું? આમાં પણ મૂંઝવણ થાય એવું છે, કારણ કે અલ્પ ઈચ્છાને અલ્પ ધ્યેય હોય છે. એને ધ્યેય કે આદર્શ ન કહીએ તો ચાલે. ધ્યેયયુકત જીવન અને સામાન્ય જીવન વચ્ચેનો મુખ્ય તફાવત એ કે ધ્યેયશીલ જીવન જીવનારની સામે જીવનપંથનો સ્પષ્ટ-અસ્પષ્ટ નકશો હોય, કયાંથી શરૂ કરી કયાં પહોંચવું છે તેનો સાધારણ કે સ્પષ્ટ ખ્યાલ હોય. જ્યારે સામાન્ય ઈચ્છાની પૂર્તિ માટે જીવનાર સંસારના વહેણ સાથે ખેંચાતો હોય. એના જીવનમાં આયોજન ન હોય, કંઈક મેળવવાની કે થવાની તીવ્રતા ન હોય. ઉપમા આપીને વિચારીએ તો ધ્યેયયુકત જીવન જીવનારી નૌકા સંસારના સાગરમાં જ્યારે વહેતી હોય ત્યારે તેમાં સઢ, સુકાન, હલેસાં ને હોકાયંત્ર બધું હોય, પ્રવાસની દિશા એ જોઈ શકે, પવન અનુકૂળ ને પ્રતિકૂળ થાય ત્યારે સઢ બદલી શકે, સામે ખડક કે વમળ આવે ત્યારે દિશા બદલી લે અને કોઈ અકસ્માતથી બધું તૂટી જાય તો પોતાની સર્વશકિત વડે હલેસાથી પણ કિનારે પહોંચવા પ્રયત્ન કરે. જ્યારે સામાન્ય માણસની નૌકા પવન અને પ્રવાહને આધારે ચાલે, એની નૌકામાં બહુ બહુ તો હલેસાં હોય, નૌકાને ગતિ મળવાથી વિશેષ તેનો ઉપયોગ ન હોય.

આપણે ત્યાં વારંવાર એક સૂત્ર સાંભળવા મળે છે: 'સંતોષમાં સુખ છે અને તૃષ્ણા જ સર્વ દુ:ખનું મૂળ છે.' આ સૂત્રમાં સત્ય છે એમ કહેવામાં હરકત નથી, પરંતુ એમાં પૂર્ણ સત્ય પ્રગટ થઈ ગયું છે એમ ન માનવું જોઈએ. જો સંતોષમાં જ સુખ હોય તો પછી પુરુષાર્થની જરૂર જ કયાં રહી? તો તો આ સંસારમાં જે ગરીબ હોય, અજ્ઞાન હોય, જડ હોય, પાપી હોય તેણે એ જ અવસ્થામાં સુખ માનવું જોઈએ. તૃષ્ણાનું પણ એમ જ સમજવું જોઈએ. એ સૂત્રનો સાચો અર્થ એટલો જ થઈ શકે: પુરુષાર્થ દ્વારા જે પ્રાપ્ત થાય તે આપણી ઈચ્છાથી–ધારણાથી ઓછું હોય તો દુ:ખી થવાને બદલે શાંતિ ધારણ કરવી અને સ્વસ્થ ચિત્તે નવો પુરુષાર્થ આદરવો. જે નિષેધ છે તે વલખાં મારવાનો, અસંતોષથી સળગતા રહેવાનો છે. માણસને પોતાના નિર્વાહ જેટલું મળી રહેતું હોય, ભવિષ્યની પાકી સલામતી હોય, બાળબચ્ચાંને મૂંઝાવું ન પડે એટલી પ્રાપ્તિ થઈ ગઈ હોય, સમાજમાં આબરૂ પણ હોય, છતાં કેવળ અભિમાન સંતોષવા અથવા તો સમાજમાં અધિકાર સ્થાપિત કરવા વધુ ને વધુ મેળવવા મહેનત કરે અને ન મળે ત્યારે માનસિક સમતુલા ગુમાવી બેસે તેને માટે સંતોષમાં સુખ અને તૃષ્ણામાં દુ:ખ એ સૂત્ર સાચું છે. જેવું ધન માટે તેવું જ સત્તાસ્થાન માટે; એમાં પણ માણસે આવશ્યકતાની મર્યાદા સ્વીકારવી જોઈએ.

બીજી રીતે જોઈએ તો જીવનમાં નાનું કે મોટું ધ્યેય નક્કી થાય એટલે અસંતોષ તો પ્રગટે જ. આ અસંતોષ એ તૃષ્ણા નથી. એવો અસંતોષ દુ:ખનું કારણ પણ ન હોય. તદ્દન ઉપલક નજરે જોઈએ તો પુરુષાર્થમાં કષ્ટ દેખાય, પરંતુ મનગમતો પુરુષાર્થ કષ્ટ આપવાને બદલે આનંદ આપે છે. એવો પુરુષાર્થ કરવાની સગવડ જો ઝૂંટવાઈ જાય તો દુ:ખ ઊપજે છે. કુદરતે આપણાં શરીર, મન, બુદ્ધિ, લાગણીને એવાં બનાવ્યાં છે કે જ્યાં સુધી અંતર સાથે તેનું અનુસંધાન રહે ત્યાં સુધી સુખ ઊપજે ને એ અનુસંધાન છૂટી જાય ને અથડામણ થાય ત્યારે દુ:ખ સિવાય બીજું કંઈ મળે નહિ. ધ્યેય નક્કી કરવામાં માણસને થોડોક બૌદ્ધિક પરિશ્રમ કરવો પડે. એણે પોતાના સ્વભાવની, શકિતની, સંયોગોની પરીક્ષા કરવી જોઈએ. બે અક્ષરો લખતાં આવડે કે તરત કાલિદાસ કે રવીન્દ્રનાથ થવાનું ધ્યેય નક્કી કરનાર મૂર્ખ ગણાય. રાજકારણમાં દરવાજે ઊભવાની પણ સ્થિતિ ન હોય અને રાષ્ટ્રના પ્રમુખ થવાનો આદર્શ રાખે તેનો અર્થ જ નહિ. એવું બધાં ક્ષેત્ર વિશે કહી શકાય.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં અતિસામાન્ય હોવું, કંગાળ હોવું, મૂઢ હોવું ખરેખર શરમનજક છે. એવી સ્થિતિ સહન કરવામાં માણસની માણસાઈ લાજવી જોઈએ. ગરીબી જ લઈએ: ગરીબી સ્વેચ્છાએ સ્વીકારે તે મહાન, જેને સામાજિક દોષને કારણે ફરજિયાત સ્વીકારવી પડે ને એ સહન કરી આનંદમાં રહે તે બહાદુર, પરંતુ જે પોતાની પુરુષાર્થહીનતાને કારણે ગરીબ હોય તેને શું કહીશું? આરોગ્યને લઈએ: કોઈ ઉદાત્ત હેતુ અથવા તો કર્તવ્યને કારણે માણસ જો સ્વાસ્થ્ય ન જાળવી શકે તો એની માંદગી સ્વાર્પણનો એક નમૂનો ગણાય. વારસાગત, ઈશ્વરદત્ત કે અકસ્માતનો ભોગ બનેલ એવી સ્થિતિમાં ચિત્તને સ્વસ્થ રાખે તો તેને વીર ગણવો જોઈએ, પરંતુ અજ્ઞાન, પ્રમાદ અને વિલાસને કારણે જ કોઈ સ્વાસ્થ્ય ગુમાવી બેસે તો તે શરમરૂપ જ ગણાવું જોઈએ. કંગાલિયત, કોઈ પણ પ્રકારની હોય, એનો ઉદ્‌ભવ આપણા દોષમાંથી થયો હોય તો તે માટે શરમાવું જોઈએ અને તેને દૂર કરવાની તીવ્ર ઈચ્છા પણ આપણામાં ન જન્મે તો આપણું જીવન વૃથા છે એમ સમજવું જોઈએ. આવી સ્થિતિમાંથી ઊગરવા માટે સ્વભાવ, શકિત ને સંયોગો લક્ષમાં લઈ જીવનવિકાસની તમામ બાબતો અંગે પ્રથમ નજીકના અને પછી દૂરના આદર્શો નક્કી કરી ત્યાં પહોંચવાનો પુરુષાર્થ આદરવો જોઈએ. આવો પુરુષાર્થ જો અંતરથી થતો હશે તો આદર્શને પહોંચવાનો સમગ્ર પંથ આનંદજનક બની રહેશે અને અંતિમ ધ્યેય સિદ્ધ થાય કે ન થાય, પણ પુરુષાર્થના આનંદથી જીવન સાર્થક લાગશે. શ્રી

## પાંચમો ઋતંભરા અભ્યાસક્રમ

ઋતંભરા વિશ્વ વિદ્યાલય તરફથી પાંચમો ઋતંભરા અભ્યાસક્રમ તા. ૨૭ ડિસેમ્બરે ૩ વાગ્યે શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાને નિવાસ સ્થાને–૨૯, ડુંગરસી રોડ, મુંબઈ-૬–શરૂ થશે તેમ આ સંસ્થાના મંત્રીઓ જણાવે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ કસોટીની વેળા એ ☆

શુક્રવાર ૩જી ડિસેમ્બરે સાંજે પાકિસ્તાને અચાનક આક્રમણ શરૂ કર્યું. પાકિસ્તાની વિમાનો એકસાથે પંજાબ, કાશ્મીર અને અન્ય સ્થળોએ ત્રાટકયાં. ઈઝરાયલે ઈજિપ્તમાં કર્યું હતું તેમ પાકિસ્તાનનો ઈરાદો આપણા હવાઈ દળને નિષ્ક્રિય બનાવવાનો હતો. પાકિસ્તાનને તેમાં સરિયામ નિષ્ફળતા મળી. ૭મી ડિસેમ્બરે આપણે બંગલા દેશને માન્યતા આપી. ઈન્દિરા ગાંધીએ વખતોવખત કહ્યું હતું કે યોગ્ય સમયે માન્યતા આપવામાં આવશે. તે સમય આવી પહોંચ્યો. પૂર્વ બંગાળમાં આપણા લશ્કરે મુકિતવાહિની સાથે મળી ઝડપી કૂચ કરી. આપણા લશ્કરની ત્રણે પાંખો, હવાઈ દળ, નૌકા દળ અને સૈન્ય, ખૂબ બહાદુરીથી અને કુશળતાથી આગળ વધતાં રહ્યાં. પૂર્વ બંગાળનાં બંદરો કબજે કરી, પાકિસ્તાની લશ્કરને સહાય આવતી બંધ કરી અને નાસી છૂટવાની તક પણ રહેવા ન દીધી. ૮ દિવસમાં બંગલા દેશ મોટે ભાગે કબજે કર્યો અને આપણાં દળોએ પાટનગર ઢાકાને ચારે તરફથી ઘેરી લીધું છે. આ લખાણ પ્રકટ થાય તે પહેલાં ઢાકા કબજે કર્યું હશે. બંગલા દેશમાં પાકિસ્તાની લશ્કર હિમત હારી બેઠું છે. વધારે ખુવારી અટકાવવા શરણે આવવા આપણા સરસેનાપતિએ હાકલ કરી છે. પણ પશ્ચિમ પાકિસ્તાનમાં બેઠેલ લશ્કરી વડાઓ પૂરો જુગાર ખેલવા માગે છે. બંગલા દેશની પ્રજાનો આપણને પૂરો સાથ છે. જાનમાલની હાનિ ઓછામાં ઓછી થાય તે રીતે આપણે કામ લેવાનું હોઈ થોડો વિલંબ અનિવાર્ય બને. આપણા લશ્કરની અમર ગાથા ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આઠ દિવસની કામગીરી બતાવે છે કે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા આપણી પૂરી તૈયારી હતી.

પશ્ચિમ મોરચે પાકિસ્તાને પંજાબ અને કાશ્મીર, ખાસ કરીને છમ્બ વિસ્તારમાં, જોરપૂર્વક આક્રમણ કર્યું છે અને ચાલુ છે. આપણું લશ્કર તાકાતથી સામનો કરી રહ્યું છે. જુદા જુદા મોરચા ઉપર પરિસ્થિતિ વખતોવખત પલટાતી રહી છે. બારમેર, જેસલમેર અને સિન્ધ વિસ્તારમાં આપણે સારા પ્રમાણમાં આગેકૂચ કરી છે.

બંગલા દેશનો પૂર્ણપણે કબજો થઈ જાય ત્યાર પછી શું થાય છે તે જોવાનું રહે. રાષ્ટ્રસંઘે યુદ્ધવિરામની ભલામણ કરી છે તેનો આપણે અસ્વીકાર કર્યો નથી. યોગ્ય સમયે સ્વીકાર થશે તેમ કહ્યું છે. આપણે બંગલા દેશમાં અથવા પશ્ચિમ પાકિસ્તાનમાં કોઈ વિસ્તાર કે જમીનનો કબજો જોઈતો નથી. બંગલા દેશ સ્વતંત્ર થાય, નિર્વાસિતો પાછા જાય અને બંગલા દેશની સરકાર ત્યાંનું રાજતંત્ર સંભાળે તેટલી જ આપણી માગણી રહી છે. પણ પાકિસ્તાન આ પરિસ્થિતિ સ્વીકારશે કે યુદ્ધ ચાલુ રાખશે તે વિષે કાંઈ નિશ્ચિત કહી શકાય તેમ નથી.

આપણા દેશમાં પણ એક મત એવો છે કે પાકિસ્તાન સાથે આખરી ફેંસલો કરી લેવો. કાશ્મીરના પ્રશ્નને બહાને પાકિસ્તાને બે વખત આક્રમણ કર્યું. પણ હવે માત્ર યુદ્ધવિરામ કે બીજું તાશ્કંદ ન જોઈએ. સરહદો છેવટની નક્કી કરી લેવી. કેટલી હદે અત્યારે આ શકય છે તે કહેવું મુશ્કેલ છે.

આ યુદ્ધમાંથી નિષ્પન્ન થતી કેટલીક બુનિયાદી બાબતો સમજી લેવાની જરૂર છે.

આઝાદી મેળવવા દેશના ભાગલા સ્વીકારવા પડયા. મઝહબી ધોરણે રાજ્યરચનાનો સિદ્ધાંત આપણને સર્વથા અમાન્ય રહ્યો છે. તેથી કોમી પ્રશ્નનો નિકાલ નથી થતો તે અનુભવે સિદ્ધ કર્યું. છતાં પાકિસ્તાન પ્રત્યે આપણી ભાવના મિત્રતાની રહી છે. પાકિસ્તાન તૂટે અથવા નિર્બળ બને એવું આપણે ઈચ્છયું નથી. પાકિસ્તાને આપણા પ્રત્યે વેરઝેર ચાલુ રાખ્યાં અને આગ સળગતી રાખી. પાકિસ્તાનનો મઝહબી અથવા કોમી પાયો ખોટો હતો એટલું જ નહિ પણ તેની રચના અકુદરતી હતી. ૧૨૦૦ માઈલના અંતરે પડેલ બે વિભાગોનું એક રાજ્ય થાય તેવું ઈતિહાસમાં જાણ્યું નથી. છતાં તે બન્યું. પશ્ચિમ પાકિસ્તાનના લશ્કરી શાસકોએ ન્યાયપૂર્વક રાજ્ય કર્યું હોત તો કદાચ તે ટકત. પણ પૂર્વ બંગાળનું શોષણ અનહદ કર્યું અને તેને દરેક રીતે બેહાલ કર્યું. યાહ્યાખાને ચૂંટણી કરી પણ તેનાં પરિણામ સ્વીકારવાની ના પાડી અને ભયંકર અમાનુષી અત્યાચારો કર્યા. તેની આગ આપણને લાગી. આપણા સ્વાર્થ માટે પણ બંગલા દેશની પ્રજાના સ્વાતંત્ર્યયુદ્ધ પ્રત્યે આપણે બેદરકાર રહી ન શકીએ. તેને પરિણામે પાકિસ્તાન તૂટે તો તેના રાજ્યકર્તાઓની આવળી નીતિનું તે પરિણામ હશે. મઝહબ એક હોય તેથી આર્થિક શોષણ કે અન્યાય સહન ન થાય.

પાકિસ્તાને લોકશાહી અને ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને તિલાંજલિ આપી તેનું પરિણામ તેણે ભોગવવું રહ્યું. પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર પ્રજાના બળ ઉપર ઊભા નથી પણ સ્વાર્થી વિદેશી સત્તાઓના જોર ઉપર કૂદે છે. તે નભે નહિ. લોકશાહી બળો આપણા દેશમાં કેટલાં ઊંડાં અને સખત છે તે આ યુદ્ધે બતાવી આપ્યું છે. ૧૯૬૭ની ચૂંટણી પછી કાંઈક રાજકીય અસ્થિરતા આવી અને વધતી રહી. નિરીક્ષકો એમ કહેવા લાગ્યા કે દેશ તૂટી રહ્યો છે. વિઘાતક બળો પણ ઓછાં ન હતાં. પણ લોકસભાની મધ્યસત્રી ચૂંટણીએ પુરવાર કર્યું કે પ્રજાનું હૃદય સાબૂત હતું. આજે એક સબળ સરકાર કટોકટીનો સામનો કરી રહી છે. પ્રજાની એકતા અને સંગઠન અદ્‌ભુત છે. દરેક રાજકીય પક્ષ અને દરેક વર્ગ સરકારને પૂર્ણ સાથ અને ટેકો આપી રહ્યો છે. નીડર અને દીર્ઘદૃષ્ટિનું નેતૃત્વ છે. વિદેશી સત્તાઓની ધમકીઓ પ્રજાને અથવા નેતાઓને સ્પર્શતી નથી. ૧૯૬૨ અને કેટલેક અંશે ૧૯૬૫માં પણ પ્રજામાં ગભરાટ હતો. આજે પ્રજા એક અવાજે મક્કમતાથી આખરી યુદ્ધ ખેલી લેવા તત્પર છે. લશ્કરની બહાદુરી છે. તેને પીઠબળ પણ કરોડોની પ્રજાનું પીઠબળ છે. દુનિયાની આવી મોટામાં મોટી અને

સમૃદ્ધ લોકશાહીને ટેકો આપવાને બદલે અમેરિકા લશ્કરી સરમુખત્યારને મદદ કરે છે તે નિક્સનનું દુર્ભાગ્ય છે. શોષિત અને ગરીબ પ્રજાઓના આધાર હોવાનો અને શાહીવાદ અને સંસ્થાનવાદના વિરોધી ગણાવતું ચીન યાહ્યાખાનને ટેકો આપે છે. નિક્સન અને માઓની ગોઝારી ભાગીદારી ઈતિહાસનું આશ્ચર્ય રહેશે.

દેશના લોકશાહી અને બિનસાંપ્રદાયિક પાયાથી જ ૯૦ લાખ શરણાર્થીઓનો બોજો સહન કરી શકયા. પશ્ચિમ બંગાળની ઘણી નબળી પરિસ્થિતિ હોવા છતાં કોઈ આંચકો ન લાગ્યો. દેશમાં કોઈ કોમી ઉશ્કેરાટ ન થયો. આ નાનીસૂની સિદ્ધિ નથી. બધા રાજકીય પક્ષો પણ જવાબદારીના ભાનથી વર્ત્યા. હમેશાં અમેરિકા પ્રત્યે પક્ષપાત રાખતા જનસંઘ અને સ્વતંત્ર પક્ષ અને ચીન પ્રત્યે પક્ષપાત રાખતા માર્કસિસ્ટ અને નકસલવાદીઓ પણ આ કટોકટીમાં સરકારને સાથ આપે છે અને તેનો લાભ લેવાનો કોઈ પ્રયત્ન કર્યો નથી.

આ યુદ્ધનાં પરિણામો માત્ર પાકિસ્તાન અથવા બંગલા દેશ પૂરતાં સીમિત નથી. તેનાં આંતરરાષ્ટ્રીય પરિણામો દૂરગામી અને વ્યાપક છે. ભારત ગૌરવપૂર્વક એક સબળ રાષ્ટ્ર તરીકે વિશ્વમાં સ્થાન પામશે. મહાસત્તાઓ અને દુનિયાના ઘણા દેશોનો વિરોધ છતાં, ભારત પોતાના પગ ઉપર ઊભું રહી લોકશાહી સમાજવાદી બળોને જાળવી શકે છે. દુનિયાના દેશો–ખાસ કરીને એશિયા–આફ્રિકાના દેશોને હવે પછી આ મહાન બનાવની કિંમત સમજાશે અને ભારતની કદર કરશે.

બંગલા દેશની સરકારે જાહેર કર્યું છે કે તેનું રાજતંત્ર લોકશાહી, બિનસાંપ્રદાયિક અને સમાજવાદી હશે. ૨૫ વર્ષનું કોમી ઝેર નીચોવાય છે.

પણ, કસોટીના આપણા દિવસો વીત્યા નથી. વધારે કસોટી હવે થવાની છે. જે મહાસત્તાઓના માંધાતાઓ ઈર્ષાથી, સ્વાર્થથી અને મેલી રાજરમતમાં આપણી વિરુદ્ધ અત્યારે પડયા છે તે જંપવાના નથી. પાકિસ્તાનના લશ્કરી સેનાપતિઓ પોતાની પ્રજાના હિતની પરવા કર્યા વિના પૂરો જંગ ખેલે તો નવાઈ નહિ. આપણી સમક્ષ ઘણો ભય ઊભો છે. ઈંદિરા ગાંધીએ તેનો નિર્દેશ કર્યો છે.

યુદ્ધનો કદાચ નજીકમાં અંત આવે તો પણ ભારે વિકટ પ્રશ્નો આપણી સમક્ષ ખડા છે. યુદ્ધનો આર્થિક બોજો અસહ્ય છે. આર્થિક પરિસ્થિતિ વણસતી રહી છે. બંગલા દેશને પણ સારી પેઠે સહાય કરવી પડશે. આપણી પૂરી કસોટી થવાની છે. તેમાંથી પાર ઊતરવા ભગીરથ પુરુષાર્થ, ત્યાગ અને સંગઠન જોઈશે.

૧૨-૧૨-'૭૧ ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### ભારત અને રાષ્ટ્રસંઘ

ભારત અને પાકિસ્તાનના સંઘર્ષમાં રાષ્ટ્રસંઘની કાર્યવાહી નિરાશાજનક જ નહિ પણ આઘાતજનક રહી છે. રાષ્ટ્રસંઘના બધા આદર્શોને જાણે દફનાવી દીધા. લીગ ઑફ નેશન્સને પ્રેસિડન્ટ વિલ્સને જન્મ આપ્યો હતો. અમેરિકાએ જ તેને સાથ ન આપ્યો અને છેવટ ખતમ થઈ. રાષ્ટ્રસંઘને જન્મ આપવામાં પ્રેસિડન્ટ રુઝવેલ્ટ અગ્રસ્થાને હતા. નિક્સન તેનું વિસર્જન કરવાનું નિમિત્ત થશે. અમેરિકા–ખરી રીતે નિક્સન–અને ચીને આપણી પાકી દુશ્મનાવટ કરી. રશિયાએ પૂરી મૈત્રી જાળવી. દુનિયાના દેશો અને રાજપુરુષોને અહીંની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવા આપણે કાંઈ બાકી રાખ્યું નથી. બધા દેશોમાં આપણા પ્રતિનિધિઓ ફરી વળ્યા. ઈન્દિરા ગાંધી પોતે જઈ આવ્યાં, પણ વાસ્તવિકતાની સર્વથા અવગણના થઈ. લાખો માણસોનો સંહાર, ભયંકર અત્યાચારો, ૯૦ લાખ માનવીઓની નિરાધારી, ૭૫ કરોડની પ્રજાની શોષણમુક્તિ માટેની લડત, [ચૂંટણીનાં પરિણામો - આ કોઈ વાત દુનિયાના રાજપુરુષોના આત્માને સ્પર્શી શકી નહિ. રાષ્ટ્રસંઘના સિદ્ધાંતો, લોકશાહી, ન્યાય, આત્મનિર્ણયનો અધિકાર, માનવસંહાર (Genocide)નો ગુનો - આ બધાને સંપૂર્ણ તિલાંજલિ આપવામાં આવી. એમ જ લાગે કે કોઈ નૈતિક મૂલ્યો રહ્યાં જ નથી. સમજમાં નથી આવતું કે લોકશાહીને વરેલ અમેરિકા આટલી અવળચંડાઈ (Perversity) કેમ આચરે છે? બીજા વિશ્વયુદ્ધ પછી સંસ્થાનવાદ અને શાહીવાદમાંથી મુક્તિ મેળવેલ એશિયા અને આફ્રિકાના દેશો પોતાનો ભૂતકાળ ભૂલી ગયા. આપણે જેને મિત્ર ગણતા હતા તેવા પણ ફરી બેઠા. આરબ દેશો અને ખાસ કરીને ઈજિપ્તની મૈત્રી રાખવા ઈઝરાયલને આપણે અન્યાય કર્યો. યુગોસ્લાવિયાનું વલણ કોઈ રીતે સમજાય તેવું નથી. દુનિયામાં સ્વાર્થ સિવાય કાંઈ છે જ નહિ? આમાં સ્વાર્થ પણ સરતો નથી. આપણી ઈર્ષા છે? રશિયા સામેના વિરોધે અમેરિકા અને ચીનને આંધળા બનાવ્યા છે? આપણો કયાંય દોષ છે? બંગલા દેશમાં આપણે બળવો કરાવ્યો છે? ૯૦ લાખ માણસોને આપણે ઘરબાર છોડાવ્યાં છે? પાકિસ્તાનનું વિભાજન તેની ૨૪ વર્ષની શોષણનીતિનું પરિણામ છે એ દીવા જેવી સ્પષ્ટ હકીકત છે. આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં ન્યાયનીતિનું ધોરણ જળવાશે જ નહિ? રાષ્ટ્રસંઘને આપણે હમેશાં ટેકો આપ્યો છે. તેને સબળ બનાવવા પ્રયત્નો કર્યા છે. તેના તરફથી ઘોર અન્યાય થાય ત્યારે ભારે દુઃખ થાય. સહન કરવું જ રહ્યું. આપણે સાચે માર્ગે છીએ. ન્યાય આપણા પક્ષે છે. આ અંધકારમાં બ્રિટન અને ફ્રાન્સનું તટસ્થ વલણ કિરણ-રેખા છે.

અમેરિકા અને ચીને આપણી વિરુદ્ધ વર્તન કર્યું છે, પણ ખરી રીતે આપણા કરતાં પાકિસ્તાનને વધારે નુકસાન કર્યું છે. અમેરિકા અને ચીનની ઉશ્કેરણી યાહ્યાખાનને ન હોત અને તેને સાચી સલાહ આપી હોત કે શેખ મુજીબને મુક્ત કરી તેમની સાથે સમાધાન કરવું, તો પાકિસ્તાન અને સાથે આપણે અને બંગલા દેશ ખાનાખરાબીમાંથી બચી જાત. આ યુદ્ધ કરીને પાકિસ્તાને શું મેળવ્યું?

* * *

### દીક્ષા અને બાળદીક્ષાઓ

"જૈન" સાપ્તાહિકના ૪-૧૨-'૭૧ના અંકમાં મુંબઈ-ગોડીજી ઉપાશ્રયમાં ઉજવાયેલી દીક્ષાઓનો અહેવાલ છે. ચાતુર્માસ દરમ્યાન બિરાજતા મુનિઓનાં પ્રભાવશાળી વ્યાખ્યાનો અને થયેલ તપસ્યાનો અને દાનનો ઉલ્લેખ કરી, અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે "તે બધા ઉપર કળશ ચડાવે એમ ... બે બાળકોએ ધામધૂમપૂર્વક દીક્ષા અંગીકાર કરી." આ બે બાળકોમાં એકની ઉંમર ૧૩ વર્ષની અને બીજાની ૧૨ વર્ષની. દીક્ષાના ભવ્ય વરઘોડાની અને ગોડીજીના ટ્રસ્ટીઓ અને બીજા આગેવાનોની હાજરીનો ઉલ્લેખ છે.

મુંબઈમાં થોડા દિવસ પહેલાં મૂર્તિપૂજક સમાજમાં બીજી કેટલીક દીક્ષાઓ થઈ. એક કચ્છી કુટુંબ, પતિ-પત્ની, તેમના એક પુત્ર ઉંમર વર્ષ ૨૧, અને ત્રણ પુત્રીઓ - ઉંમર વર્ષ ૧૮, ૧૬ અને ૯- બધાંએ સાથે દીક્ષા લીધી. આ દીક્ષાઓ પણ ખૂબ ધામધૂમથી થઈ.

જૈન સાપ્તાહિકના તે જ અંકમાં શ્રમણ સંઘની વધતી જતી શિથિલતા પ્રત્યે ચિન્તા વ્યકત કરતો અને શ્રમણ સંઘની શુદ્ધિની રક્ષા માટે કાંઈ જ નહિ કરીએ તેમ સવાલ પૂછતો લેખ છે જેમાં જણાવ્યું છે :

"આપણા શ્રમણ સંઘની વર્તમાન સ્થિતિ જોતાં અને એમાં શિથિલતાને જે રીતે વધુ ને વધુ પ્રકાય મળતો જાય છે એનો વિચાર કરતાં, કંઈક એમ માનવું પડે છે કે આપણે **વેશની ભકિતસેવામાં**

એટલા બધા અટવાઈ ગયા છીએ કે તેથી આચારની બેહદ ઉપેક્ષા આપણા પોતાના જ હાથે થઈ રહી છે, એનો પણ આપણને ખ્યાલ રહેતો નથી; અને પીળું તેટલું સોનું અને ઊજળું એટલું દૂધ માની લઈને ધર્મના આત્મારૂપ સદ્‌વિચાર, સદ્‌વાણી અને સદ્‌વર્તનને જાણે આપણે ગૌણ માનવા લાગ્યા છીએ. શ્રીસંઘના યોગક્ષેમને માટે આ એક ચિંતા ઉપજાવે એવી સ્થિતિ ગણાય. પણ આના કરતાં પણ વિશેષ ચિંતા ઉપજાવે એવી વાત તો એ છે કે શ્રીસંઘ આવી શોચનીય સ્થિતિમાં આવી પડવા છતાં શ્રમણ-સંઘના મોવડીઓને શ્રમણસંઘની આચારશુદ્ધિની રક્ષાની ચિંતા સતાવતી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. આ બાબતની આપણી નિષ્ક્રિયતા ઠપકાને પાત્ર, ગુનાહિત અને વિઘાતક સાબિત થાય એટલી બધી ઘેરી છે."

બાળદીક્ષાઓ ધામધૂમથી ઊજવવી, અગ્રેસરોએ તેમાં ભાગ લેવો અને પછી શ્રમણસંઘની શિથિલતાની ચિન્તા બતાવવી તેની અસંગતતા જૈન સમાજને હજી સમજાણી નથી. માત્ર બાળદીક્ષા જ નહિ પણ બીજી દીક્ષાઓ માટે પણ યોગ્યતાનું કોઈ ધોરણ સ્વીકારવું નહિ, દીક્ષાર્થીનાં જ્ઞાન, વૈરાગ્યની કોઈ તપાસ કરવી નહિ અને પછી શ્રીસંઘના યોગ-ક્ષેમની ચિન્તા કરવી તેમાં બેદરકારી છે, સમાજનો દ્રોહ છે. "શ્રમણસંઘના મોવડીઓને શ્રમણસંઘની આચારશુદ્ધિની રક્ષાની ચિન્તા સતાવતી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે," એવો ઉપાલંભ કરતી વેળા શ્રાવક સંઘના મોવડીઓ આ વિષે કેટલી ચિન્તા સેવે છે તેનો કાંઈ વિચાર કરીશું? "આ બાબતની આપણી નિષ્ક્રિયતા ઠપકાને પાત્ર, ગુનાહિત અને વિઘાતક સાબિત થાય એટલી બધી ઘેરી છે," તો તેને વિષે કાંઈ કરીશું? કે ધામધૂમથી ઉજવાયેલ દીક્ષાઓના અહેવાલો છાપીશું? આપણે બરાબર સમજી લેવું જોઈએ કે આ પરિસ્થિતિ માટે શ્રમણસંઘ કરતાં શ્રાવકસંઘ વધારે જવાબદાર છે. શ્રાવકના સહકાર વિના શ્રમણો કાંઈ કરી શકે તેમ નથી. ભવ્ય વરઘોડાઓ શ્રાવકો કાઢે છે. બાળદીક્ષાઓ અને અયોગ્ય દીક્ષાઓ શ્રાવકોના સહકારથી જ અપાય છે. વેશપૂજા માટે શ્રાવકો જ જવાબદાર છે. શ્રમણ સંઘના શિથિલા-ચારનાં પરિણામો શ્રાવકોએ જ ભોગવવાં પડે છે.

* * *

**આપઘાતના પ્રયત્નને ગુનો ગણવો?**

લૉ કમિશન મારફત દેશના મુખ્ય કાયદાઓનું સંશોધન થઈ રહ્યું છે. ફોજદારી કાયદો (Penal Code) ૧૮૬૦માં ઘડાયો અને ૧૮૬૨માં અમલમાં આવ્યો. તે સમયની પરિસ્થિતિ ઉપર રચાયેલા આ કાયદામાં લૉ કમિશને વર્તમાન સમયને અનુરૂપ ઘણા સુધારાવધારા સૂચવ્યા છે. તેમાંના એકની ટૂંકી સમીક્ષા અહીં કરી છે. ક્લમ ૩૦૮ મુજબ આપઘાત કરવાનો પ્રયત્ન ગુનો ગણાય છે. આપઘાત સફળ થાય તો ગુનો રહેતો નથી. આ એક જ ક્લમ એવી છે જેમાં પ્રયત્ન ગુનો છે પણ કૃત્ય પૂર્ણ થાય તો ગુનો નથી. લૉ કમિશને પ્રશ્નાવલિ કાઢી હતી. એમાં એક સવાલ એ હતો કે આપઘાતના પ્રયત્નને ગુનો ગણવો કે નહિ? માણસ પોતાની જાતનો અંત લાવવા ઈચ્છે પણ નિષ્ફળ જાય તો ગુનો શા માટે ગણવો? એક તો જાન કાઢવા જાય અને છતાં જીવતા રહેતાં નામોશી મળે અને ઉપરથી સજા થાય. એમ કહેવાય કે ઈશ્વરે જીવ આપ્યો છે તે પવિત્ર વસ્તુ છે. જેણે આપ્યો છે તેને જ લેવાનો અધિકાર છે. આપઘાતને પાપ ગણવામાં આવે છે અને એક જન્મે આપઘાત કરનારને સાત જન્મ આપઘાત કરવો પડશે-આપઘાત અટકાવવા આવી માન્યતા ઊભી કરવામાં આવી છે. દુ:ખી માણસને પણ કહેતા સાંભળશું કે હે જીવ, ક્યાં કર્મ ભોગવવાંના છે તે ભોગવી લેવાં જેથી કર્મ ખપી જાય. સમતાપૂર્વક ઉદયકર્મ સહન કરવા અને મિથ્યા કલ્પાંત ન કરવો. આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી પણ કર્મ બંધાય છે. આવી સમજણ અને સમભાવ કેળવી શકયા હોય તો દુ:ખ છતાં આપઘાતનો વિચાર ન કરે. આપઘાતમાં મનની નિર્બળતા છે - પાપ કે કર્મબંધ હોય કે નહિ. પણ પ્રશ્ન એ છે કે આપઘાતના પ્રયત્નને સામાજિક ગુનો ગણી સજા કરવી કે નહિ? આપઘાતનાં કારણો તપાસીએ તો જણાશે કે મોટે ભાગે જીવનથી કંટાળી ગયેલા. અથવા કોઈનું ક્રૂર વર્તન અસહ્ય થઈ પડતાં માણસ તેવી યાતના-ઓમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. લૉ કમિશને ભલામણ કરી છે કે આપઘાતને ગુનો ન ગણવો એટલે આ ભલામણ વાજબી લાગે છે.

લૉ કમિશને બીજો મુદ્દો ઊભો કર્યો છે: જ્યાં કોઈ વ્યક્તિને બીજાના સતત ક્રૂર વર્તનથી ત્રાસી જઈ તેમાંથી છૂટવા આપઘાત કરવો પડે, તો આવું ક્રૂર વર્તન કરનાર વ્યક્તિને ગુનેગાર કેમ ન ગણવી? આમાં શારીરિક ક્રૂરતાનો સમાવેશ નથી. કોઈના ઉપર શારીરિક ક્રૂરતા અને ઈજા કરવી તે તો ગુનો છે જ. પ્રશ્ન એ છે કે સતત માનસિક ત્રાસ - ક્રૂરતા - એટલી હદે થાય કે આપઘાત કરવો પડે તો આવા ત્રાસ આપનારને સજા કરવી કે નહિ? લૉ કમિશનના આ પ્રશ્ન ઉપર જે અભિપ્રાયો મળ્યા તેમાંના મોટા ભાગે આ સૂચનાનો વિરોધ કર્યો છે. તેનાં ત્રણ કારણો છે: એક, આટલી હદે માનસિક ત્રાસ હતો કે નહિ તે પુરવાર કરવું ઘણું અઘરું છે. આવો માનસિક ત્રાસ કોના તરફથી હતો તે નક્કી કરવું પણ અઘરું થાય. કુટુંબના બધા સભ્યો ઉપર વધતાઓછા અંશે આરોપ મૂકી શકાય. આપઘાતનું સીધું કારણ આવો ત્રાસ હતો કે નહિ (causal connection) પુરવાર કરવું અઘરું થાય. વળી ક્રૂરતા માટે કોઈ વ્યક્તિને સજા કરી શકાય પણ કોઈના આપઘાત માટે બીજાને સજા કેમ થાય? અંતમાં, આવી કલમ કાય-દામાં મૂકવાથી, તેનો દુરુપયોગ અને સતામણી થવાનો સંભવ વધારે છે. નબળા મનની વ્યક્તિ સામાન્ય નજીવા પ્રસંગમાં પણ ઉશ્કેરાઈ જઈ આપઘાત કરી બેસે.

આ મુદ્દા ઉપર ઘણાખરા જવાબ વિરુદ્ધમાં મળ્યા હોવા છતાં, લૉ કમિશને ભલામણ કરી છે કે નીચે મુજબ ક્લમ ઉમેરવી:

Whoever, by persistent acts of cruelty, drives a member of his family living with him to comm't suicide shall be punish:ed with imprisonment of either description for a term which they extend to three years and shall also be liable to fine.

મારા મત મુજબ, લૉ કમિશનની આ ભલામણ આકર્ષક લાગે પણ અવ્યવહારુ અને સારા કરતાં વિપરીત પરિણામનું કારણ બને એવી છે. પાર્લમેન્ટ વિચાર કરશે.

ચીમનલાલ ચકુભાઈ

# સાધનામાં સાવધાની

આધ્યાત્મિક સાધનામાં સૌથી મોટી રુકાવટ હોય તો તે આપણી બહુ બોલવાની વૃત્તિ છે. સ્વયં માયા જ આપણને એ વૃત્તિમાં ખેંચી જાય છે, અને આપણે સહેલાઈથી ખેંચાઈ જઈએ છીએ. આ બહુ બોલવાની વૃત્તિવાળી વાતો તો પાછી પ્રભુ વિષે અને સાધના વિષે જ હોય. આખો વખત આપણે એવી ભ્રામક ખુમારીમાં રહેવાનું બને છે કે આપણે ક્યાં ભૌતિક અને ઐહિક વાતો કરીએ છીએ, આપણે તો આધ્યાત્મિક વાતો જ કરીએ છીએ ને?

જાગૃતિપૂર્વકની થોડી સાધના બાદ આ બોલવાની વૃત્તિ પર વિજય મેળવ્યો એટલે આપણું ૫૦ ટકા કામ થયું કહેવાય. પણ તે પછી તેટલી જ મોટી અને પ્રમાણમાં વધારે મુશ્કેલ સિદ્ધિ આપણે ભીતર મન ઉપર મેળવવાની છે. બહારનું બોલવાનું બંધ કરી શકયા એટલે તેને મોટો વિજય માનીને અંદરથી કિંચિત હરખાતા અને આનંદ મનાવતા હોઈએ છીએ, અને તે રીતે અંદરનું મન આખો

વખત સંબદ્ધ અને અસંબદ્ધ (રેલેવન્ટ-ઈરેલેવન્ટ) બકબકાટ કર્યા જ કરતું હોય છે. તેને સમજાવીબુઝાવીને શાંત પાડવાની કોશિશ કરીશું એટલે એ સમજાવટ સાથે પોતે જોડાઈ જઈને એકતા–આત્મીયતા સાધીને એ સમજાવવાની કોશિશ દ્વારા પાછો પોતાનો બકબકાટ ચાલુ કરી દેશે. થોડી વારે પાછા આપણે ભાનમાં આવીશું ત્યારે માલૂમ પડશે કે અરે, આ વાજું તો હજુ ચાલુ જ રહેલું છે, બંધ તો થયું જ નહીં. વળી પાછા ભાનપૂર્વક એને સમજાવવાની કોશિશ ચાલુ કરીશું, એટલે એ મન એટલું ચાલબાજ અને બહુરૂપી છે કે જે રીતે આપણે તેને સમજાવીશું, તેમાં એ પોતે જ ગોઠવાઈ જશે અને આપણને ક્ષણમાત્રમાં બેભાન બનાવીને પોતાનું કામ ચાલુ જ રાખશે અને પાદું આપણને એમ મનાવશે કે બધું બરાબર થઈ રહ્યું છે. કશે કોઈ વાંધો નથી.

એટલે સરળ રસ્તો એ છે કે આ છોડવા–પકડવાની કોશિશોને બાજુએ રાખીને માત્ર નિરીક્ષણ (observe) કર્યા કરવું અને પોતે માત્ર દ્રષ્ટા બનીને ચૂપ બેસી રહેવું. વિચારો આવે ને જાય તેને પાણીના પ્રવાહની જેમ માત્ર જોયા કરવા, આપણે તેમાં વહેવું નહીં. જરા પણ તાદાત્મ્ય-આત્મીયતા ન કરવી. તેની સાથે જો જોડાયા તો ગયા કામથી. એને તો એટલું જ જોઈએ છે. વિચારોને જોવાની બે મહત્ત્વની ચાલીઓ:

૧. એક તો વિચારોના પ્રવાહમાં તણાતા તણાતા જ્યારે ભાન આવે ત્યારે તે વખતનો જે છેલ્લો વિચાર હોય તેને પકડીને તે વિચારના મૂળ સુધી પાછા જવાનો વ્યાયામ કરવો.

૨. તે વિચારને પકડીને ત્યાં ને ત્યાં જ સ્થિર થઈ જવું. ત્યાંથી જરા પણ આગળ ન વધવું. વારંવાર પેલા વિચારને જ મન પર પછાડયા કરવો. એટલે મન ત્યાં હારીને નિરાશ થશે, અને સ્થિરતા પકડી લેશે.

વિચારોને સાતત્ય (continuity) આપીએ એટલે આપણે એ પ્રવાહમાં વહેવા તણાવા લાગીએ છીએ અને પછી તેમાંથી મોટો વિસ્તાર (multiplicattion) થવા લાગે છે કારણ કે અમુક એક વિચાર તે સતત તે જ વિચાર નથી રહેતો, પરંતુ તેમાંથી ઘણાં ડાળપાંખડાં ફૂટયા કરે છે, જેનો કદી અંત નથી આવતો. અને જ્યારે આપણે ભાનમાં આવીએ છીએ ત્યારે મૂળ વિચાર કયો હતો કે જેમાંથી આ મોટું ઘેઘૂર વૃક્ષ તેનાં અનેક ડાળપાંખડાંઓ સાથે ફૂટી નીકળ્યું, તે જ યાદ કરવું મુશ્કેલ બને છે. એટલે વિચારને સાતત્ય ન મળે તેવી સખત તકેદારી રાખવાની છે. ત્યાંથી જ એનું જોર કપાઈ જશે અને બીજા વધારે વિચારો જન્મતા અટકશે. વિચારોની મોટી અનંત દુનિયામાં તો સદા ખોવાવાનું જ બને છે. તેમાંથી કોઈએ કશું પણ મેળવ્યું નથી. તો હા, ભાનપૂર્વકનો વિચાર કોઈક સિદ્ધિ લાવે છે જરૂર પણ તે તો આગળની વાત છે. સાચી સિદ્ધિ તો વિચારોથી "પર" ની દુનિયામાં પડેલી છે.

સર્વે વિચારો, ભાવનાઓ, તરંગો અને એમાંથી સંબંધિત જે કંઈ છે તે બધું જ મારામાં વિલીન થાય છે. સ્વયં મારામાં–પરમાત્મામાં સમસ્તનું વિલીનીકરણ તેનું નામ જ "સમર્પણ." આપણે પરમાત્માને સમર્પણ આ જ કરવાનું છે. એ વિલીનીકરણથી જ શાશ્વત અદ્વૈતની પ્રતિષ્ઠા થાય છે. પછી દ્વૈત રાખવાવાળા કોઈ આધારોનું અસ્તિત્વ જ નથી હોતું. બધા આધારોને છોડવાની તૈયારી અને સાહસ, અને તે તરફ ગતિ હોય છે ત્યારે જ સાચો આધાર મળી રહે છે. પણ એ બેની વચ્ચે થોડો વખત વિનાઆધાર રહેવાની સ્થિતિ આવે છે, ત્યારે જીવપ્રાણ તરફડિયાં મારે છે, અને પાછો પેલા ખોટા આધારને પકડી લે છે. આ જ સ્થાન છે જ્યાં જીવે સાવધાન રહીને સાહસ કરીને કૂદી જવાનું છે. પેલા ખોટા આધારને એકદમ છોડી દેવાનો છે. એ સાહસ જ આપણને બલિષ્ઠ બનાવીને સાચા આધારપર આરૂઢ કરી દેશે.

પૂર્ણિમા પકવાસા

# લોહીની શીશી પાસેથી આપણે એકતાનો પાઠ શીખશું ?

'રકતદાન' ખૂબ જ પ્રચલિત શબ્દ છે. ઘણા એવું દાન આપે છે, ઘણા એને વર્તમાનપત્રમાં પ્રગટ કરે છે, ઘણા આવા દાનની વાહ વાહ પોકારે છે, એમ છતાં, બધાં જ એવું દાન આપતાં નથી. બધાંએ આપવું જોઈએ છતાં આપતાં નથી, કેમકે આપનારે એમાં કાંઈ ગુમાવવાનું નથી. આપણામાંના ઘણાને એની કદાચ જાણ નહિ હોય કે આપણે આપેલું લોહી શરીરના ગુપ્ત રસાયણથી થોડા જ દિવસમાં આપણને પાછું મળી જાય છે. એટલે રકતદાનથી નુકસાન બિલકુલ થતું નથી, જ્યારે ફાયદાઓ તો ચમત્કારિક અને અભૂતપૂર્વ છે. આપણે દાન કરેલા લોહીથી કોઈનો જીવ બચી જશે, કોઈનું હૃદય ચાલુ રહેશે, કોઈને ઘેર નવી આશા પ્રગટશે.

એ ઉપરાંત બધાંનું લોહી જે શીશીઓમાં એકઠું કરવામાં આવે છે, એવી હારબંધ પડેલી શીશીઓ માનવીને અલગતા તરફથી એકતા તરફ જવાનો માર્ગ બતાવે છે, કેમકે ત્યાં કોઈ વર્ણભેદ દષ્ટિગોચર થતો નથી એટલે ત્યાં માનવીની કોઈ દલીલ ચાલી શકે તેમ નથી. આના અનુસંધાનમાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રોફેસર ફાધર વાલેસનું નીચેનું લખાણ કેટલો બધો પ્રકાશ પાડે છે! તેઓ પોતે હૉસ્પિટલમાં લોહી આપવા ગયેલા ત્યાંના વાતાવરણનો તેમણે રસપ્રદ ચિતાર આપ્યો છે અને બીજું પણ ઘણું આ બાબત તેમણે કહ્યું છે, તેનો ઉલ્લેખ અહીં નહિ કરતાં બાકીનો ઉપયોગી ભાગ જ અહીં ઉતાર્યો છે. તેઓ કહે છે કે:

"બીજો વિચાર આવ્યો, હું તો ખ્રિસ્તી છું. આ લોહી ઘણું ફરીને કોઈ હિંદુ-મુસ્લિમ પાસે જશે, મુસ્લિમનું લોહી હિંદુને મળશે. લોહી તો સરખું જ છે.

"ડૉકટરો અમુક રીતે તેનું વર્ગીકરણ કરે છે.

"પણ એ ધર્મ કે જ્ઞાતિ કે ચામડીના આધારે નહિ.

"લોહી એક જ છે.

"બધા માનવીઓ વચ્ચે લોહીની સગાઈ છે.

"બાજુના ખાટલામાં એક હરિજન વિદ્યાર્થી રકતદાન કરતો હતો, હોંશેહોંશે, અને બે ખાટલા મૂકીને ત્રીજામાં એક બ્રાહ્મણનો દીકરો લોહી આપતો હતો. વર્ષો પહેલાં તેના ઉપનયન સંસ્કાર વખતે હું વિધિમાં હાજર રહ્યો હતો. એ યાદ આવ્યું ને મારું મોં મલકાયું. ખાટલા ઉપર ફેર પરખાય, પણ લોહી શીશીમાં ગયું એટલે વર્ણના ભેદ મટી ગયા. મને મનમાં થયું, આ રીતે જો જુદા જુદા વર્ણ ને ધર્મ ને પ્રાંતવાળાઓની વચ્ચે લોહીની આપ-લે થાય, 'રુધિરાભિસરણ' થાય તો ભારતમાતાનાં બધાં સંતાનોમાં એક જ દેશના નાગરિકો (એક જ દેહનાં અંગો) હોવાની ભાવના જાગશે ને !"

ઉપર આપણે જોયું તેમ શીશીમાંનું લોહી તો આપણને એકતાનો સંદેશ આપી જાય છે, પરંતુ ફાધર વાલેસ જેવા એક પરદેશી પ્રોફેસરને પણ ભારતમાતાનાં સંતાનોની એકતામાં કેટલો બધો રસ છે તેનું પણ આ તેમના નિવેદન દ્વારા આપણને દર્શન થાય છે. તો પછી આપણે તો સ્વદેશી ભારતીઓ છીએ - તે ક્યારે આવી રીતે વિચારતાં થઈશું ? અને તેને પંચાવવા માટેના પ્રયત્નો કરીશું ?

'જેમ ચાલે છે તેમ ચાલ્યા કરશે'ના સૂત્રને એક બાજુ હઠાવીને ઉપરના એકતામૂલક વિચારને પ્રાધાન્ય આપવાની અને તેને જીવનમાં વણી લેવા માટે કટિબદ્ધ થવાની તત્પરતા આપણે અવશ્ય દાખવવી રહી. આજના યુગની એ અનિવાર્ય એવી માગ છે. આમ કરવામાં આપણે સફળ થઈશું તો જ સુખી થઈ શકીશું અને દેશના નામને ઉજ્જવળ બનાવી શકીશું.

શાન્તિલાલ ટી. શેઠ

# મેઘાણીભાઈના સર્જનરાશિની ઝલક દાખવતો સ્મૃતિગ્રંથ

**મેઘાણી-ગ્રંથ (ભા. ૧-૨): સંપાદક: ઉમાશંકર જોશી, પ્ર૦ સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. નં. ૩૪, ભાવનગર: પા. ૨૮૮ અને ૩૨૭, મૂલ્ય: રૂ. ૪૫/-.**

સ્વાતંત્ર્ય જંગના રાષ્ટ્રીય શાયરનું મહામૂલું બિરુદ મેળવનાર, સૌરાષ્ટ્રના લોકસાહિત્યને કંઠ અને લેખિની વડે રજૂ કરીને ગુજરાતને ધેલું કરનાર અને તળપદા સાહિત્યના કસુંબલ સંસ્કારવારસા પ્રત્યે લોકરુચિને અભિમુખ કરનાર સ્વ. ઝવેરચંદભાઈ મેઘાણીના વિપુલ સર્જનરાશિની પ્રસાદીરૂપે તેમની કેટલીક ચિરંજીવ રચનાઓનો થાળ મોટા કદના આ બે ગ્રંથોમાં પીરસાયો છે.

સ્વ. મેઘાણીભાઈની સ્મૃતિના તર્પણ સમો આ ગ્રંથ નવો નથી. તેમના અવસાન પછી પાંચ વર્ષે ૧૯૫૨માં મૂળ 'જન્મભૂમિ' સંસ્થાએ એટલે કે સૌરાષ્ટ્ર ટ્રસ્ટે પ્રગટ કરેલા 'મેઘાણી ગ્રંથ' ની આ નવી આવૃત્તિ છે. પ્રકાશકે જણાવ્યું છે તેમ, 'મૂળ ગ્રંથની પ્રમાણમાં જૂજ નકલો છપાયેલી હોઈને સ્વ. મેઘાણીભાઈ જેવા સાહિત્યકારના બહોળા વાચક વર્ગને ગુજરાતમાં તેમ બૃહદ્ ગુજરાતમાં ગ્રંથની નકલ પ્રાપ્ત થઈ શકેલ નહિ અને તેથી આવા વિશેષ મૂલ્યવાન ગ્રંથની માગ સતત રહ્યા કરી છે ... વિશાળ વાચકવર્ગને મેઘાણી ગ્રંથ સુલભ કરી આપવાના હેતુથી તેની નવી આવૃત્તિ તૈયાર કરવાનું સાહસ અમે કર્યું છે.'

આ નવી આવૃત્તિમાં 'મેઘાણી: વિવેચનની નજરે' નામનો નવો વિભાગ ઉમેરાયો છે. આ વિભાગની જવાબદારી શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને શ્રી નિરંજન ભગતે સંભાળી છે. આ વિભાગ ગ્રંથની સમૃદ્ધિ અને ગુણવત્તામાં સારો ઉમેરો કરે છે. એ સિવાય સમગ્ર ગ્રંથ મૂળનું પુનર્મુદ્રણ છે, અને ક્રાઉન કદમાં બે ભાગમાં તે પ્રગટ કરાયો છે.

મૂળ ગ્રંથના સંપાદનમાં સ્વ. રામનારાયણ પાઠક સહિત અગ્રણી સાહિત્યકારો - વિવેચકોએ સાથ-સહકાર આપ્યો હતો. સમગ્ર ગ્રંથ મેઘાણીભાઈના એક ઉત્તમ સ્મારકસમો બન્યો હતો.

મેઘાણીભાઈની પ્રતિભા બહુલક્ષી હતી. એમનું સર્જન-કાર્ય એકાંગી ન હતું. એમની લેખિનીએ સાહિત્યનાં વિવિધ અંગોને અજવાળ્યાં છે. લોકસાહિત્યના સંશોધનનું આરંભનું રમતિયાળ લાગતું ઝરણું ઉત્તરોત્તર કાવ્ય, વાર્તા, નવલકથા, વિવેચન ઈત્યાદિ વિવિધ ક્ષેત્રોને પરિપ્લાવિત કરતા એક વિશાળ નદપ્રવાહમાં પલટાઈ ગયું હતું. એ પ્રવાહમાંથી આચમની વડે તીર્થોદકનું પાન કરતા હોઈએ એવી લાગણી આ ગ્રંથ આપી જાય છે.

પ્રથમ ખંડમાં આરંભમાં શ્રી રામનારાયણ પાઠકે 'સૌરાષ્ટ્રી સાહિત્યકાર'માં સ્વ. મેઘાણીના જીવન - કવનનું સંક્ષેપમાં મૂલ્યાંકન આપ્યું છે. શ્રી ઉમાશંકર જોષીએ સ્વ. મેઘાણીની જીવનરેખાઓ શબ્દબદ્ધ કરી છે. એ પછીનાં દોઢસો પૃષ્ઠોમાં મેઘાણીભાઈનાં કાવ્યો અને વાર્તાઓ પૈકી કેટલીક ચૂંટેલી કૃતિઓ પથરાઈ છે.

એ પછી એમની નવલકથાઓમાંથી એક એક પ્રકરણ વાનગી-રૂપે આપાયું છે. બધી નવલકથાઓમાંથી એક એક પ્રકરણ અપાયું તેને બદલે આ નવી આવૃત્તિમાં એકાદ નવલકથાનો સંક્ષેપ અપાયો હોત તો તે વધુ તૃપ્તિકર બનત.

"ઈતિહાસ, જીવનકથા, પત્રો અને પ્રવાસ" વિભાગમાં એમના એ પ્રકારના સાહિત્યની ઝાંખી કરાવાઈ છે. તો છેલ્લે 'વ્યાખ્યાનો, નિબંધો, વિવેચનો' ની કેટલીક કૃતિઓ આપાઈ છે, જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના ૧૬મા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન ઉલ્લેખનીય છે.

બીજા ભાગમાં પ્રારંભમાં 'લોકસાહિત્ય: વિવેચન'માં ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળાનું બીજું વ્યાખ્યાન –'ગુજરાતનું લોક-સાહિત્ય પ્રકટાવનારાં સંસ્કારબળો' ઉપરાંત લોકસાહિત્યની વિવિધ દૃષ્ટિએ રસિક છણાવટ [અને] મૂલવણી કરતા બીજા ઘણા લેખો અપાયા છે.

'લોકસાહિત્ય: કથાઓ' એ વિભાગમાં બહારવટિયા અને રસધારની કથાઓ પૈકી કેટલીક ઉત્તમ રચનાઓ રજૂ થઈ છે.

'લોકસાહિત્ય: ગીતો' માં રઢિયાળી રાત, ચૂંદડી, ઋતુગીતો, કંકાવટી - ઈત્યાદિમાંથી લોકકંઠે રમતી થયેલી ઘણી ગીતરચનાઓ અપાઈ છે.

'અંજલિ' વિભાગમાં સ્વ. મેઘાણીભાઈની સ્મૃતિને સાહિત્યકારો તેમ જ વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓએ અર્પેલી નિવાપાંજલિઓ સંગૃહિત થઈ છે. મેઘાણીભાઈ કેવા લોકાદરને પાત્ર બની રહ્યા હતા તેની ઝાંખી તેમાંથી સાંપડે છે.

નવા ઉમેરાયેલા વિભાગ 'મેઘાણી: વિવેચનની નજરે'માં અગ્રણી વિવેચકોએ મેઘાણીભાઈના સર્જનકાર્યનાં વિવિધ પાસાં પર પ્રકાશ ફેંકતી તલસ્પર્શી સમીક્ષાઓ આપી છે. આ લેખો મેઘાણીભાઈના જીવનકાર્યને યથાર્થ રીતે સમજવા - મૂલવવામાં ઘણા ઉપકારક બને તેવા છે.

બન્ને ગ્રંથોમાં સંખ્યાબંધ તસવીરો મૂકવામાં આવી છે.

ટૂંકમાં, ગ્રંથ સમગ્રતયા મેઘાણીભાઈના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંને અજવાળીને એક યુગમૂર્તિ સાહિત્યકારની જવલંત પ્રતિમા સુરેખપણે ઉપસાવે છે.

મૂળ ગ્રંથની કિંમત સાડાબાર રૂપિયા હતી. આ નવી આવૃત્તિનું મૂલ્ય પિસ્તાલીસ રૂપિયા રાખવું પડ્યું છે તે આ ગાળા દરમિયાન આપણા રૂપિયાના થઈ ગયેલા અવમૂલ્યનની જ ચાડી ખાય છે એમ જ ગણવું ને? સામાન્ય વાચકને આટલી ઊંચી કિંમત ભાગ્યે જ પરવડે. તેને માટે તો મેઘાણીભાઈની આવતે વર્ષે આવતી ૭૫મી જન્મજયંતીને નિમિત્તે ભાવનગરના 'લોકમિલાપ' કાર્યાલયે મેઘાણીભાઈનું સાહિત્ય તદ્દન સસ્તામાં સુલભ બનાવવાની જે યોજના ઘડી છે તે વધુ આવકારપાત્ર બની રહેશે.

**હિંમતલાલ મહેતા**

# ખાલી ખાલી વાત નહિ

મને કોઈ જીવ જ્ઞાનની ખાલી વાતો કરે તે રુચતું નથી. જ્ઞાનમાં જે અનુભવની હકીકત હોય, અથવા તો જે સાધના કરતો હોય ને તેમાં તેની જે મુશ્કેલી હોય તે સાંભળવાનું તો જરૂર ગમે છે; પરંતુ ખાલી ખાલી જ્ઞાનની વાત કે વેદાંતની વાત મને ગમતી નથી. આ કાળમાં તો જ્યાં ત્યાં જ્ઞાનની વાતો કરનારાં પ્રગટેલાં છે; અને જ્ઞાન જાણે વાણીમાં જ પૂરેપૂરું સમાઈ જતું હોય એવો કાળ પ્રવર્તે છે.

માટે આપણે તો કંઈ પણ કશું બોલવું નહિ, આપણે તો માત્ર આચરવાનું રાખવું. જ્ઞાનમાં બોલવાપણું નથી, માટે જેટલું બને તેટલું પૂરેપૂરું મૌન જાળવો, સમજી સમજીને વર્તો, જાગી જાગીને આચરો. અહમ્ ડોકિયું ન કરી જાય તેની સાવચેતી રાખો. ભૂલેચૂકે પણ જીવપણાથી વર્તતાં પોતાની જાતને સાત સાત ખાસડાં મારો ને ચેતીને જાગો. વાતો કરવાનું મૂકી દો. જે કંઈ થાય તે સતત એકધારું કર્યા કરો. સતત મંડી રહો.

**શ્રી મોટા**

## વર્તમાન કટોકટી

**ઉપરોકત વિષય પર સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જાહેર વાર્તાલાપ આપશે.**

**રસ ધરાવતા ભાઈબહેનોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.**

**સમય: રવિવાર તા. ૧૯–૧૨–'૭૧ સવારે ૧૦-૦૦.**

**સ્થળ: શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ,**
**૩૮૫, સરદાર વી. પી. રોડ,**
**વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪.**

**મંત્રીઓ,**
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

# ☆ ભગિની નિવેદિતા ☆

**[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી મૃણાલિની દેસાઈએ આપેલ પ્રવચન નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી]**

ઓગણીસમી સદી પૂરી થવા આવી હતી અને વીસમી સદી સામે જ દેખાતી હતી ત્યારે રાજવંશી જેવું રૂપ અને જ્વલંત વૈરાગ્યધારી એક અતિ સુંદર માનવી ભારતના દક્ષિણના છેડે ત્રણ સાગરના સંગમસ્થાને જળરાશિ વચ્ચે એક શિલા પર વિષાદઘેર્યા વાતાવરણમાં બેઠો હતો. એની સામે અનેક વિચારધારાઓ ઊછળી ઊછળીને શમી જતી હતી. તેને નજર સામે સમગ્ર ભારત દેખાતો હતો. શિલા પર બેઠેલ એ મહાત્મા શ્રી વિવેકાનંદ હતા. તેમના ગુરુ હતા રામકૃષ્ણ પરમહંસ દેવ. ગુરુના આખરી શબ્દો હતા: 'મારા પ્રાણતત્ત્વ હું નરેનને આપું છું.' ગુરુને શ્રદ્ધા હતી, નરેન દુનિયાને હલાવી નાખશે; એટલો મોટો આધ્યાત્મિક વારસો તેમની પાસે હતો.

ભારતનાં સંસ્કૃતિનાં ધામો પગપાળા ફરીને–દેશભરનો પ્રવાસ કરીને તે આ શિલા પર આવીને બેઠા હતા. તેઓ વિચારતા હતા ક્યાં એ ઉજ્જવળ સંસ્કૃતિ અને ક્યાં ભારત દેશ! સંસ્કૃતિનું તો માત્ર નામ જ રહ્યું હતું અને પ્રજા નિર્જીવ - નિર્માલ્ય બની હતી. પ્રજાનું જીવન કીડીઓની જેમ વહ્યે જતું હતું. દરમાં રહેવાનું અને અનાજના કણનો ભાર માથે લઈને ચાલ્યા કરવાનું એ જ એમનું જીવન. ભારતીય સંસ્કૃતિનો વારસો લઈને ભારતના લોકો પણ આ કીડીઓની જેમ જ જીવે છે અને મરે છે. તેમનું ઘર પારકાનું બનાવેલું હોય છે. તેમનું જીવન પણ કોઈએ બનાવેલું હોય છે. આમ બધી જ બાજુએ ઘોર નિરાશા, અંધકારભર્યું ચિત્ર તેમને એ શિલા પર બેઠાં બેઠાં નજરે પડે છે.

શિલા પર બેઠાં બેઠાં તેમને આ ઘોર નિરાશા અને અંધકારભર્યું ચિત્ર નજરે તરતું હતું ત્યારે ગુરુના શબ્દો યાદ આવ્યા હતા. ગુરુની શ્રદ્ધા યાદ આવી. શિષ્યનું (એમનું) એ સામર્થ્ય હતું. એમને માત્ર ભારતનું જ નહિ, પણ સમગ્ર જગતનું ચિત્ર ખડું કરી શકવાની શક્તિ સાંપડેલી હતી. પરમ તત્ત્વનું ચિત્ર સંપૂર્ણ હોય છે; અપૂર્ણ નહિ. એ પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે. એમને હાથમાં સુદર્શનચક્ર ફરતું દેખાયું. પશ્ચિમના દેશમાં એ સુદર્શનચક્ર ફરતું હતું: પશ્ચિમમાં યંત્રો ફરી રહ્યાં હતાં. તેમાં નવો ઉદ્યમ અને જીવનનો નવો તરવરાટ હતો. નવું જ્ઞાન હતું. તેમને થયું આ નવું જ્ઞાન અને જૂની સંસ્કૃતિનો સમન્વય થાય તો જીવનનું દર્શન સંપૂર્ણ થઈ શકે.

એ શક્ય કેમ બની શકે? એ બન્નેનું મિલન કઈ રીતે શક્ય બને? જે માતાએ તેમને જન્મ આપ્યો, જે માતાએ તેમને દીક્ષા આપી, તે માનું સ્વરૂપ ક્યાં? તે કીડીઓના દરમાં પુરાઈ ગયું હતું. ભૂતકાળમાં પહેરેલા જ્ઞાનીઓ નારીને નર્કની ખાણ ગણી નારીને દૂર રાખવાની પ્રણાલિકા જાળવી રહ્યા હતાં આ બધાં બંધન શાં?

સ્વામીજી ઊઠ્યા અને શારદા મા પાસે અનુજ્ઞા માગી. પશ્ચિમમાં જવા રજા માગી. ઓગણીસમી સદીના અંતમાં વિવેકાનંદ લંડન ગયા–જ્યાં રાજકર્તાઓ વસતા હતા તે દેશમાં ગયા–જેમની એડી નીચે આ દેશની અસ્મિતા ચગદાઈ ગઈ હતી તે દેશમાં ગયા. ત્યાં પહોંચીને તેઓ ભાષણો આપતા. તેમને સાંભળવા ખાસ મેદની જામતી નહિ – થોડાક જ માણસો તેમને સાંભળવા આવતા.

એક રવિવારની સાંજે બહાર બરફનો વરસાદ વરસતો હતો. ગમગીન જેવું વાતાવરણ હતું. કેટલાક જુવાનિયા હૉલમાં તેમનું ભાષણ સાંભળવા આવેલા. તેમાં એક અતિશય તેજસ્વી અને અતિશય સુંદર બહેન પણ આવેલાં. તેમણે ભાષણ સાંભળ્યું. તેમને ભાષણ ગમ્યું હશે; પરંતુ સાંભળ્યું એટલું સ્વીકારવું એ તેમના સ્વભાવમાં નહોતું. દરેક બાબત પર વિચાર કરવો, શંકા જાગે ત્યાં સવાલો પૂછવા, એ તેમનો સ્વભાવ. તેમણે સાંભળેલા ભાષણ પર વિચાર્યું, સવાલો પણ પૂછ્યા. તેમની બુદ્ધિ ધારદાર હતી, તેમનો તર્ક સતેજ હતો.

પ્રશ્નોત્તરીને અંતે તેમણે પોતાનું નામ આપ્યું. તેમનું નામ હતું: માર્ગારેટ નોબલ. માતા આયરિશ. નાના સ્વાતંત્ર્યયુદ્ધમાં શહીદ થયેલા. મા ત્યારે યુ. કે.નાં સૌન્દર્યસામ્રાજ્ઞી (બ્યુટી ક્વીન) હતાં–પરિચારિકા હતાં. ધર્મગુરુ પિતા સ્કૉટલૅન્ડમાંથી આવેલ હતા. પહાડી પ્રદેશના લોકોનું ગરમ લોહી, સ્વમાની અને અહંકારી પણ ખરા, છતાં ધર્મપ્રેમી હતા. સંયમ, વિરક્તિ, સેવા વગેરે ગુણોનો વારસો તેમને માતાપિતા તરફથી મળેલો. તેમના દેશમાં પણ વ્યક્તિત્વના વિકાસ માટે પૂરતી તક હતી.

વિવેકાનંદને તેમના આ પ્રવાસ દરમિયાન ન્યુ યૉર્કમાં એક પત્ર મળ્યો. આ પત્ર હતો માર્ગારેટ નોબલનો. પત્રમાં લખ્યું હતું: ખ્રિસ્તી ધર્મ મને અપૂર્ણ લાગે છે. માનવીને જે કાંઈ જોઈએ છે તેનું દર્શન ભારતીય સંસ્કૃતિમાંથી મળી રહે છે. માટે મારે હવે ભારત આવવું છે, તમારી સાથે રહેવું છે, તમારી સાથે કામ કરવું છે.

બહુ સારી વાત હતી. વિવેકાનંદ કાંઈ કાચા ગુરુના ચેલા ન હતા. તેમણે નોબલના પત્રના જવાબમાં જણાવ્યું: ભારતીય સંસ્કૃતિની વાતો તમને ગમી હશે એ નિઃશંક છે, પણ ભારત આવવું હોય તો સંપૂર્ણ ભારતીયતા સમજવી પડશે.

આમ વિવેકાનંદે કુ. માર્ગારેટને પ્રત્યક્ષ રીતે ભારત ને ભારતીય સંસ્કૃતિનો ભેદ જણાવવા સાથે પોતાની કલ્પનાનો ખ્યાલ આપવા છતાં કુ. માર્ગારેટે તો ભારત આવવાનો આગ્રહ ચાલુ રાખ્યો એટલે અંતે વિવેકાનંદે તેમને જણાવ્યું કે ભારત આવવું જ હોય તો તમારે તમારી ગોરી ચામડીને ભૂલી જવી જોઈશે. તમે મિશનરી લોકો બહુ સુંદર કામ કરો છો, પણ તેમાં ગરીબોનો ઉદ્ધાર કરવાની જે મનોવૃત્તિ રહેલી છે તે મને નહિ જોઈએ. સેવા કરવાની અને તેમાં પોતાનો ઉદ્ધાર કરવાની ભાવના હશે તો હું તમને આવકારીશ.

સ્ત્રી સતી થાય એટલે એનો અર્થ ચિતા પર ચડીને બળવું એવો નહિ, પણ પરમધામ પહોંચતાં સુધી અગ્નિ હાથમાં લઈને સતીનું વ્રત પાળવું. આવું સતીનું કઠિન વ્રત લઈને આ અતિ બુદ્ધિમાન સ્ત્રી ભારતમાં ઊભી ત્યારે ૨૦મી સદીનો ઉદય થઈ ચૂક્યો હતો. તેના આવતાંની સાથે જ વિવેકાનંદે તેને કન્યાશાળાનું કામ સોંપ્યું. શારદા માતાની સેવા સોંપી! શારદા માતાને અંગ્રેજી ન આવડે, કુ. માર્ગારેટને બંગાળી ન આવડે. આ માતાનું સત જાળવવાની અને કેળવણીનો અહંકાર ઉતારવાની દવા પણ હતી. પરંતુ મિસ. નોબલનું સૌમ્ય, પ્રસન્ન અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ માતાજીને ગમ્યું. માર્ગારેટે માતાજીને જીતી લીધાં. એ વખતે સ્ત્રી-કેળવણી એ પણ એક જોખમ હતું.

એવામાં એક સાહેબબહાદુર શાળા જોવા આવવાના હતા. આ રીતે જ્યારે સાહેબ શાળાનું નિરીક્ષણ કરવા આવવાના હોય ત્યારે બાળાઓને પટાવીને તૈયાર કરવી પડતી. સાહેબબહાદુરના પ્રશ્નોના બાળાઓ યોગ્ય અને સંતોષકારક જવાબો આપે તેની કાળજી રખાતી. સાહેબબહાદુર તો શાળાની મુલાકાતે આવ્યા અને વિદ્યાર્થિનીઓને પ્રશ્ન કર્યો: 'બહેનો, તમારી મહારાણી કોણ?' જવાબ મળ્યો: 'પરમકૃપાળુ મહારાણી વિક્ટોરિયા.' સામાન્ય રીતે આવા પ્રસંગોએ આમ જ બનતું.

પોતાની શાળામાં પણ આમ જ બનનાં કુ. માર્ગારેટે એકા-એક હાથ ઊંચો કર્યો અને જવાબ આપ્યો : 'ભારતમાં મહારાણી એક જ છે અને તે ભૂમિકન્યા–જાનકી - સીતા.'

સાહેબ આ સાંભળીને છક થઈ ગયા. માર્ગારેટ નોબલની તાલીમના આમ ક્રીગણેશ થયા. આ તાલીમની સ્ત્રીઓને જ નહિ, પણ પુરુષોને પણ જરૂર હતી; અને તેનો કુ. માર્ગારેટે પ્રારંભ કર્યો. તેમણે પુરુષોને પણ આ તાલીમ આપી.

સંસ્કૃતિના પ્રાણ જતાં જે કઢંગી માન્યતા રહી જાય એવી કઢંગી માન્યતા સામે લડવા માટે માર્ગારેટ સર્વત્ર પગપાળા ફર્યાં, સેવા કરી અને સંન્યાસીઓએ તેમને સાથ આપ્યો, અને રામકૃષ્ણ મિશન મઠને પરમ ગુરુ મળ્યાનો આનંદ થયો.

એકવાર કર્ઝનની મોટી સભા હતી. કર્ઝન તે સમયનો હિટલર જોઈ લો. તેની સામે કોઈ દલીલ ન થાય. તેનું ધ્યેયસૂત્ર હતું : રાજકર્તા એ રાજકર્તા અને ગુલામ એ ગુલામ. આવું સૂત્ર તેઓ કઠોર રીતે કહી સંભળાવતા. ભરસભામાં વાઈસરોય કર્ઝને કહ્યું : સાચા - ખોટાનું આ પ્રજાને ભાન નથી અને એ ભાન કરાવવા અમે આવ્યા છીએ. ત્યાં જ એક બહેને પડકાર કર્યો : 'Shut up' 'Sit cown.' નોકરી માટે ખોટી ઉંમર લખાવનાર તું અમને શું સાચાપણાનું ભાન કરાવવાનો છે !

બોલનાર સ્ત્રી ગોરી હતી. તેણે કર્ઝનને આ પડકાર કર્યો અને કર્ઝનને કબૂલવું પડ્યું. દેશવિદેશમાં આ વાત જઈ પહોંચી કે કર્ઝનને ભારતમાં એક સ્ત્રીએ પડકાર કર્યો અને કર્ઝન કાંઈ ન કરી શક્યો.

એક અલગારી પુરુષ હતો. તેની ખાસિયત પકડી પાડીને માર્ગારેટે તેને કહ્યું : તું તો સારું લખી શકે તેમ છે. તું લખવા માંડ. એ લેખકનું નામ હતું શરદબાબુ. બીજો એક માનવી મળ્યો. તે હસમુખો હતો. તેનામાં સુષુપ્ત પડેલી શક્તિનું નોબલને દર્શન થતાં જ તેને પણ તેમણે લખતો કર્યો. તેણે વંદેમાતરમ્ ગીત લખ્યું. તેમનું નામ બંકિમબાબુ.

એક જાગીરદારનો છોકરો હાથ ચડ્યો. તે ભાવનાશીલ અને પુષ્પ જેવો કોમળ. એ સ્વપ્નાંમાં ખોવાયેલો જ રહે. તેનામાં પ્રાણ પૂર્યો. એમણે 'જન ગણ મન' રચ્યું અને શાંતિનિકેતન સ્થાપ્યું. એ હતા ભારતના ગુરુદેવ ટાગોર.

એક માણસ આવ્યો. એને થોથાં જ બહુ ગમે. તેને પણ પ્રેરણા આપી અને સાચો ઈતિહાસ શોધવા પ્રેર્યો. તેણે ઈતિહાસના સંશોધનકામમાં જ જાતને સોંપી દીધી અને ભારતનો ઈતિહાસ લખાયો. એ હતો જદુનાથ સરકાર.

એક માનવી રવીન્દ્રનાથ સાથે જ આવતો. તે ચિત્રકાર હતો. તેને પાસે બેસાડી બેસાડીને નવા નવા વિષયો આપે અને એ રીતે પરંપરા તોડીને નવું નિર્માણ કરવાની પ્રેરણા આપી. એ માનવી તે નંદલાલ બોઝ. એ જ રીતે નાટયનો મંચ હોય અને સારા નેતા અને અભિનેતા હોય તો મોટી ક્રાંતિ થાય એવું સમજી ગિરીશ ઘોષને પ્રેરણા આપી એમની પાસે નાટકો લખાવ્યાં.

આમ શક્તિશાળીઓનો જમેલો જામ્યો. વિવેકાનંદને અંધકારમાં દીપ જલાવે તેવી શક્તિ જોઈતી હતી અને એ માર્ગારેટમાં મળી રહી. આ રીતે વિવેકાનંદ તેમ જ કુ. માર્ગારેટ આવા એક એક દીપ તૈયાર કરી શકતાં.

વિવેકાનંદ કઠોર તાલીમ, ગોરી ચામડીનો અહંકાર નહિ, ઉદ્ધારકની ભાવના ભૂલી જવાનું ઈચ્છતા હતા અને એ મુજબ કુ. માર્ગારેટ વિવેકાનંદજીની કસોટીમાં પાર ઊતરતાં વિવેકાનંદે એમને દીક્ષા આપી અને નવું નામ આપ્યું નિવેદિતા. નિવેદિતા એટલે સમર્પિતા. નિવેદિતા થતાં તેમને આધ્યાત્મિક અધિકાર મળ્યો. તેમણે આગળ વધવા સતત પ્રયત્નો કર્યા.

ભગિની નિવેદિતાના કાર્ય વિશે ગુરુને સંતોષ હતો. ગુરુ દેવ પામ્યા તે પૂર્વે નિવેદિતા ત્યાં પહોંચ્યાં ત્યારે નિવેદિતાને પોતાના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા અને કોઈ સ્ત્રીને નહિ મળેલો અધિકાર મળ્યો. તેમની ઉત્તરક્રિયાનો અધિકાર ગુરુએ ભગિની નિવેદિતાને આપ્યો. આમ નિવેદિતા વિવેકાનંદના પુત્ર સમાન બન્યાં.

પછી ક્રાંતિકારી સ્વરૂપ ધારણ કર્યું. તેઓ મઠથી અલગ થયાં, પણ નામ લખે ત્યારે તેઓ રામકૃષ્ણ - વિવેકાનંદની નિવેદિતા લખતાં હતાં.

નિવેદિતા ક્રાંતિકારી બનીને બૉમ્બ બનાવવા, શસ્ત્રો લાવવા, પૈસા મેળવવા વગેરેમાં ક્રાંતિકારીઓને મદદ કરતાં. પત્રિકાઓ લખનારાઓ જેલમાં ગયા હોય ત્યારે જાતે જ પત્રિકાઓ લખતાં અને વહેંચતાં. ક્રાંતિકારીઓનું બધું જ કામ તેઓ જાતે કરતાં. અનેક વાર અસફળતા પણ મળતી.

એકવાર બાબુ અરવિંદ ઘોષ આવ્યા. આવીને કહેવા લાગ્યા : માથે વૉરંટ છે, પણ હવે આ માર્ગ પરથી મન હટી ગયું છે. મારે પરમ તત્ત્વની પાછળ પડવું છે. આમાંથી છૂટવું છે. ભગિનીએ નમતે પહોરે હોડીમાં બેસીને તેમને પોંડિચેરી મોકલી આપ્યા. બીજા પણ ચાલ્યા ગયા. હવે તેઓ એકલાં પડ્યાં. એકલતા તેમને સાલવા લાગી.

ત્યાં વળી એક નવું આહ્વાન સામે આવી પડ્યું. એક મોટા વૈજ્ઞાનિક હતા. વર્ષોથી સંશોધન કરતા. વનસ્પતિમાં પણ જીવ છે એ તેમણે સિદ્ધ કર્યું. એ વૈજ્ઞાનિક હતા જગદીશચન્દ્ર બોઝ. એ અરસામાં પારિસમાં વૈજ્ઞાનિકોની એક પરિષદ મળેલી. જગદીશચન્દ્ર પણ પરિષદમાં હાજરી આપવા પારિસ ગયા અને ત્યાં પરિષદ સમક્ષ પોતાની આ શોધ મૂકી. તેમની આ શોધ મૌલિક હતી; પણ ગુલામ દેશનો કાળો આદમી આવી શોધ કરે તે વાત જો માન્ય રખાય તો પશ્ચિમી વૈજ્ઞાનિકોનું નાક કપાઈ જાય, એટલે પરિષદે જગદીશ બોઝની એ મૌલિક શોધને અમાન્ય કરી; એટલું જ નહિ પણ તેમનો પ્રબંધ ચોરી લીધો અને જગદીશચન્દ્રની શોધનું તો નામનિશાન પણ ન રહે તેમ કર્યું.

પરિણામે કમનસીબી એ ઊભી થઈ કે આવા મહાન વૈજ્ઞાનિક જગદીશચન્દ્ર બોઝ સમતુલા ગુમાવીને પારિસમાં ગાંડા થઈ ગયા. આ વાતની જાણ થતાં જ નિવેદિતા ત્યાં દોડી ગયાં. ઈંગ્લેન્ડમાં જગદીશચન્દ્રનાં પત્ની બેલાને બોલાવી ત્યાં રાખ્યાં. તેમની સેવા કરી અને માતૃભૂમિમાં લાવવાથી જગદીશચન્દ્ર સાજા થશે એમ લાગવાથી તેમને ભારત લાવ્યાં અને હિમાલયમાં આલ્મોડા ખાતે મઠમાં રાખ્યા અને તેમની ઘેલછાની વાતો ભેગી કરીને અને તેમનાં પત્નીનો સહકાર મેળવીને આખો પ્રબંધ ફરીથી તૈયાર કરાવ્યો અને જગદીશચન્દ્રને વંચાવ્યો. જગદીશબાબુને સારું થતાં નિવેદિતાએ તેમનો પ્રબંધ ફરી રજૂ કરાવીને આપણા એ વિજ્ઞાનીને વિજયની વરમાળા પહેરાવી. આમ વિજ્ઞાનજગતનું મહાયુદ્ધ એ ખેલ્યાં અને જીત્યાં. હવે નિવેદિતા થાકી ગયાં હતાં. ૪૪ મું વર્ષ બેઠું હતું. પોતાનું કામ હવે પૂરું થયું હોય એમ તેમને લાગ્યું. આજ સુધીના કામનું સરવૈયું મૂકતાં તેમના આત્માને સંતોષ થયો હતો.

સ્વામી વિવેકાનંદ શિલા પર બેસી ચિંતન કરતા હતા ત્યારે તેમને એમ લાગ્યું હતું કે પૂર્વ અને પશ્ચિમનો સંયોગ થાય તો નૂતન દીપ પ્રગટે, અને બન્યું પણ એવું જ. સાહિત્ય, શિક્ષણ, સંગીત, ચિત્રકલા, રાજકારણ, ઈતિહાસ, નાટય, વિજ્ઞાન, એમ એક એક ક્ષેત્રે તેમણે દીપ પ્રગટાવ્યો હતો, તેમાં સ્નેહ પૂર્યો હતો અને જ્યોતિ પ્રગટાવી હતી.

પોતે પ્રકટાવેલી એ દીપાવલી વચ્ચે ભાવિના ઉજ્જવલ સૂર્યનો ઉદય જોતાં જોતાં એમણે જગતની ચિરવિદાય લીધી. અંતમાં પોતાની સ્મૃતિરૂપે પ્રાર્થના મૂકી ગયાં : 'સર્વત્ર આનંદ હો. સૌ પોતપોતાને રસ્તે આગળ વધો. વૈર, ઈર્ષા કે દારિદ્રય ન હો. સર્વત્ર સુખ અને શાંતિ રહો.'

**શ્રીમતી મૃણાલિની દેસાઈ**

## પત્રચર્ચા

# ☆ ગાંધીને આપણે વેચી ખાધા છે? ☆

[ શ્રી યશવન્ત દોશીના 'ગાંધીને આપણે વેચી ખાધા છે?' એ લેખ અંગેના બે વાચકોના મંતવ્યો અહીં રજૂ કરવામાં આવ્યાં છે. ]

૧

બાળકને બદલે શિક્ષકને સમસ્યારૂપ ગણીને સામે છેડેથી વિચારવાની પ્રથા અપનાવી છે તે લક્ષમાં રાખીને ભાઈશ્રી યશવંત દોશી સંત મહાપુરુષોને બદલે શ્રોતાના છેડેથી વિચારવાનું અને એ રીતે ધર્મોપદેશને મૂલવવાનું કહે છે એ વિચારદોષ છે એમ કહેવાને બદલે એમની વિચારસરણીના વિકાસનું એક પગથિયું છે એમ કહેવું મને વધારે વાજબી લાગે છે.

ભાઈશ્રી યશવંત દોશીએ ધર્મોપદેશનો, આધ્યાત્મિક વિકાસનો ઊંડો અભ્યાસ કર્યો હોત તો આમ ન બનત. જૈન ધર્મમાં આ અંગે સોપાન શ્રેણી ચૌદ ગુણસ્થાનક દર્શાવેલ છે. એ પ્રમાણે વ્યક્તિનો વિકાસ ઉત્તરોત્તર પોતપોતાની શક્તિમર્યાદા પ્રમાણે જ થાય એમ વિચારવામાં આવ્યું છે. હિન્દુ તેમજ બૌદ્ધ દર્શનમાં પણ આ બાબત યથાયોગ્ય વિચારણા થયેલી છે.

મારો અનુભવ છે – કદાચ ભાઈશ્રી યશવંત દોશીને પણ અનુભવ હશે – કે મારો વ્યક્તિગત વિકાસ આજે જે કંઈ હોય તે એકાએક થયેલ નથી. અમુક વિચારો મક્કમપણે ગળે ઊતરે ત્યાર પછી જ એનાથી આગળ જઈ શકાય છે. આજે પ્રગતિશીલતા અને પ્રત્યાઘાતીપણાનું જે દ્વંદ્વ છે તે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો વૈચારિક વિકાસનો તફાવત છે. જેમની વિચારશક્તિ હજુ પરિવર્તનશીલ થઈ નથી, તેઓ નવી પ્રવૃત્તિનો વિરોધ કરશે, પણ એનાં પરિણામો વગેરેનો અનુભવ થતાં જ તેઓ નવી વાતને સ્વીકારશે. ખુદ સંતોનો પોતાનો પણ વિકાસ એકેક કદમ ઉઠાવતાં થયો છે. એટલે સામાન્ય વ્યક્તિ પાસેથી સંતોએ કદી પણ વધુ પડતી અપેક્ષા રાખી જ નથી. પણ એને અનુસરનારા ઉપદેશકો દરેક બાબતનો ઉપદેશ એકસામટો આપે છે. આપણે ત્યાં સામાન્ય રીતે ઉપદેશ સભામાં આબાલવૃદ્ધ સૌ હોય છે. તેઓ તો પોતાની શક્તિ મુજબ ગ્રહણ કરીને વિકાસ સાધે છે. એટલે સમૂહમાં - જાહેરમાં જે ઉપદેશ એકસરખો અપાય છે, તેને હિસાબે આવો વિચારદોષ ઊભો થયો હોય છે તેમ જણાય છે.

સામે છેડેથી વિચારવાની વાતથી કદાચ નવો વિચારદોષ ઊભો થશે. સામાન્ય રીતે માનવીનો સ્વભાવ પોતાની સૃષ્ટિ-ત્રુટિ છાવરવાનો છે. એટલે સંતોનો ઉપદેશ અગર જીવનમાં નીતિમત્તા વગેરેના આચરણની વાતમાં પોતે નિર્મળ હશે તો પોતાની મર્યાદાની સામે તે નિર્બળતા ઢાંકવાનું વિચારશે. એટલે ધર્મ - સંસ્થાપકોએ સોપાન શ્રેણી આપી છે.

સામે છેડેથી કોને વિચારવાનું છે? મુમુક્ષો? જો એમ હોય તો ઉપર સૂચવ્યું તે મુજબ વિચારદોષ ઊભો થશે. જો સંતોએ વિચારવાનું હોય તો તે રીતે જ વિચારીને, અનુભવ પર આધાર રાખીને જ, સોપાન શ્રેણી અગર ચૌદ ગુણસ્થાનક જેમ તેમ જ અન્ય દર્શનોમાં દર્શાવેલ છે. એટલે આ પ્રશ્ન વિવાદાસ્પદ છે જ નહીં.

**પન્નાલાલ રસિકલાલ શાહ**

[ ૨ ]

શ્રી. યશવંત દોશીને એક વિચાર સ્ફુર્યો; એની નવીનતાથી પોતે મુગ્ધ થઈ ગયા અને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો આગળ તે રજૂ કરી દીધો. પણ એમનો મુદ્દો જ તપાસીએ :

તેઓ લખે છે, "...એ સંતોએ દુનિયાને સમજવામાં ભૂલથાપ ખાધી હોય એવું તો નહિ હોય? ...એમ કેમ બન્યું કે કૃષ્ણ જેવા કૃષ્ણ પોતાના યાદવોને જ સમજ્યા નહિ?...બુદ્ધ, મહાવીર અને ગાંધીના આટલા પ્રયત્નો છતાં આ દેશની પ્રજા કેમ અહિંસક ન થઈ? ...નેતાઓ તરીકે આ મહાપુરુષોએ પ્રજા પાસેથી વધુ પડતી આશા રાખી?" ભાઈ દોશીનાં આ વિધાનો જોઈએ. શ્રીકૃષ્ણ અને યાદવોના વિનાશ અંગે ભાગવતમાં આમ લખ્યું છે: "...પાંડવો કો નિમિત્ત બનાકર ભગવાન શ્રીકૃષ્ણને દોનો પક્ષોંમેં એકત્રિત હુએ રાજાઓં કો મરવા ડાલા ઔર ઈસ પ્રકાર પૃથ્વીકા ભાર હલકા કર દિયા...શ્રીકૃષ્ણને વિચાર કિયા કિ લોકદૃષ્ટિસે પૃથ્વી કા ભાર દૂર હો જાને પર ભી વસ્તુત: મેરી દૃષ્ટિસે અભી તક દૂર નહીં હુઆ; ક્યોં કિ જિસ પર કોઈ વિજય નહીં પ્રાપ્ત કર સકતા, વહ યદુવંશ અભી પૃથ્વી પર વિદ્યમાન હૈ... બાંસકે વનમેં પરસ્પર સંઘર્ષસે ઉત્પન્ન અગ્નિકે સમાન ઈસ યદુવંશમેં ભી પરસ્પર કલહ ખડા કર કે મૈં શાંતિ પ્રાપ્ત કર સકુંગા ઔર ઈસકે બાદ આપને ધામમેં જાઉંગા" (ગીતા પ્રેસનું ભાગવત: સ્કંધ ૧૧, અધ્યાય ૧, શ્લોક ૧ થી ૪). કૃષ્ણે યાદવાસ્થળી કેમ અટકાવી નહિ તે અહીં સ્વયં સ્પષ્ટ છે. તથાપિ કોઈ એમ દલીલ કરી શકે કે આ તો ભાગવતકારે પાછળથી ઉપજાવી કાઢેલો ખુલાસો છે. ભલે; પણ જે કૃષ્ણે કહ્યું કે: પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહ કિં કરિષ્યતિ એ કૃષ્ણ મનુષ્ય પ્રકૃતિ સમજ્યા નહોતા એમ કહી શકાય ખરું? જેવું કૃષ્ણનું તેવું જ ક્રાઈસ્ટનું. એમનાં વચન જુઓ: "સારાં બી વાવનાર માનવ પુત્ર છે; ખેતર તે આ જગત છે: સારાં બી તે ઈશ્વરના રાજ્યના નાગરિકો છે; પણ જંગલી ઘાસ તે દુષ્ટાત્માનાં સંતાનો છે અને તેને વાવનાર દુશ્મન તે સૈતાન કે." (નગીનદાસ પારેખનો અનુવાદ : પાનું ૪૫). બુદ્ધે કહ્યું છે, "હે લોકો, હું જે કાંઈ કહું તે પરંપરાગત છે એમ જાણી ખરું માનશો નહિ... તર્કસિદ્ધ છે...તમારી શ્રદ્ધાને પોષનારું છે...હું પ્રસિદ્ધ સાધુ છું, પૂજ્ય છું એવું જાણી મારું માનશો નહિ. પણ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો." (શ્રી કિશોરલાલ મશરૂવાળા કૃત જીવનશોધનની પ્રસ્તાવનામાંથી). ગાંધીજીએ તો દુનિયાને સુધારવાનો દાવો જ કદી કર્યો નથી. એ લખે છે, "હું અહીં (ગામડામાં) બીજા કોઈની સેવા કરવા નથી આવ્યો, પોતાની જ સેવા કરવા આવ્યો છું. આ ગામડાંના લોકોની સેવા દ્વારા મારે આત્મસાક્ષાત્કાર કરવો છે." ("વ્યાપક ધર્મભાવના", પાનું ૩૩૬). આ બધાં વચનો જોતાં આ મહાપુરુષોએ લોકો પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી હતી કે તેઓ લોકોને સમજ્યા નહોતા એવું કહી શકાય ખરું?

હવે શ્રી દોશીએ જે દૃષ્ટાંત આપ્યું છે તેની થોડી છણાવટ કરીએ. તેઓ કહે છે, "આ બાબતને શિક્ષણના પલટાતા દૃષ્ટિબિંદુ સાથે સરખાવવા જેવી છે...આખી યે વાતને હવે સામા છેડાથી, બાળકના છેડાથી, વિચારવાનું આપણે સ્વીકાર્યું છે" અહીં "આપણે" એટલે કોણ? સ્પષ્ટ છે કે આપણે એટલે દુનિયા, પ્રજા કે લોકો; કોઈ સંત - મહાત્મા કે શિક્ષણકાર નહિ. અને આ ફેરફાર કેવી રીતે થયો? નીલ (અને મૉન્ટેસરી તથા એવા બીજા મહાન કેળવણીકારો) ના સંપર્કથી, અને એ મહાપુરુષોનાં પુસ્તકોના વાચનથી. અહીં છેડો તો એનો એ જ રહ્યો છે. છેડો બદલાયો નથી. દુનિયાનું દૃષ્ટિબિંદુ બાળક તરફ જે હતું તેનું તે જ હતું; નીલે આવી દુનિયાને કહ્યું કે આ ખોટું છે, ને દુનિયાએ અંશત: તેનો સ્વીકાર કર્યો.

આમ છતાં શ્રી દોશીના લેખથી નિરપેક્ષ રીતે વિચાર કરીએ. મહાપુરુષો આવે છે ને જાય છે છતાં દુનિયા કેમ એકદમ સુધરી જતી નથી? આ વાતનો વિચાર કરતાં એક વાત ભૂલી જવાય છે કે દુનિયા કંઈ એક વ્યક્તિ કે એક પદાર્થ નથી. દુનિયા એટલે વ્યક્તિઓ. આ વ્યક્તિઓમાં પણ તે તે સંત કે મહાત્માના સમયમાં દુનિયા પર જે હાજર હોય અને એમના પ્રત્યક્ષ પરિચયમાં આવી હોય તેટલી જ વ્યક્તિઓનો વિચાર કરવો વાજબી લેખાય. અર્થાત્, "દુનિયા" શબ્દ દેશ અને કાળ બંનેથી સીમિત બને છે. આ મર્યાદાઓનો સ્વીકાર કરીએ તો ખ્રિસ્ત, બુદ્ધ, કૃષ્ણ કે ગાંધીનો દુનિયા પર જે પ્રભાવ પડ્યો છે ને હજી સુધી પડ્યા કરે છે એનું જ આશ્ચર્ય થવું જોઈએ. એ સાથે એથી માણસ બદલાય છે એ પણ હકીકત છે.

**કાંતિલાલ શાહ**

# ☆ સમતાની ભાવના ☆

ભારતીય સંસ્કૃતિમાં સમતાની ભાવનાનો વિચાર કરીએ તે પહેલાં ભારતીય સંસ્કૃતિના ઊગમ, વિકાસ અને ઘડતર ઉપર એક ઊડતી નજર નાખી લઈએ. આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં ભારતમાં જે જાતિઓ વસતી હતી તેનો ઉલ્લેખ દ્રવિડ, કિરાત, નિષાદ, દાસ - દસ્યુ વગેરે નામોથી મળે છે. આ જાતિઓ સંસ્કારી હતી. તેમની સંસ્કૃતિ સારા પ્રમાણમાં વિકસિત હતી તે હકીકત હવે પુરાત્તત્વવિદોએ સિદ્ધ કરી છે. મોહન–જો–ડેરો અને લોથલના અવશેષો બતાવે છે કે આર્યો આવ્યા તે પહેલાં આ દેશમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનને ક્ષેત્રે સારી પ્રગતિ થયેલી હતી. આર્યોએ સ્થાનિક જાતિઓનો ઉલ્લેખ અનાર્ય નામે કર્યો એનો અર્થ એટલો જ કે આર્યેતર જાતિઓ તેનો અર્થ અસંસ્કારી નહિ. આર્યો આવ્યા ત્યારે પ્રમાણમાં અલ્પ સંખ્યામાં હતા. પણ આર્યો સાહસિક હતા. અન્ય જાતિઓ સાથે રકતમિશ્રણ અને સંસ્કારમિશ્રણની પ્રક્રિયા વેગપૂર્વક કરી. બીજી જાતિઓને પોતાનામાં સમાવી દેવાની શકિત અને કુશળતા હતી. અન્ય સંસ્કૃતિનાં શ્રેષ્ઠ તત્ત્વો સ્વીકારવાની ભાવના હતી. સંઘર્ષો પણ થયા. આર્યોમાં જાતિ અભિમાન હતું, પણ પારકાને પોતાના કરવાની અદ્‌ભુત કળા પણ હતી. પરિણામે એક બેનમૂન રસાયણ સર્જાયું. આર્યીકરણની ક્રિયા વ્યાપક અને વેગીલી બની. આર્ય શબ્દ જાતિવાચક મટી જઈ, ગુણવાચક બન્યો અને આર્યેતર જાતિઓ આર્ય બનવામાં અને કહેવડાવવામાં ગૌરવ લેતી થઈ. પરિણામે ચાતુર્વર્ણ વ્યવસ્થા જન્મી. બ્રાહ્મણોએ પોતાની સર્વોપરિતા જાળવી અને પોષી. અલ્પસંખ્યક હોવાથી પોતાની સંખ્યા વધારવા, અનુલોમ લગ્નની છૂટ આપી પણ પ્રતિલોમ લગ્ન માટે ભારે દંડ અને બહિષ્કાર રાખ્યો. આર્યોની ભાષા સંસ્કૃત હતી. તેને શ્રેષ્ઠતા મળી પણ પ્રાકૃતથી તેને સમૃદ્ધ કરી. બીજી ઘણી જાતિઓ ભારતમાં આવી. પણ આર્યોના રસાયણમાં બધી એકરસ થઈ.

ધર્મ અને તત્ત્વજ્ઞાનને ક્ષેત્રે આર્ય અને આર્યેતર જાતિઓ વચ્ચે ઘણું અંતર હતું. આર્યો મુખ્યપણે પ્રકૃતિની વિવિધ શકિતઓને પૂજતા અને યજ્ઞ–યાગ અને અગ્નિપૂજામાં માનતા. તેમની દૃષ્ટિ ઐહિક અથવા સ્વર્ગના સુખોપભોગની હતી. આર્યેતર પ્રજાઓની ધાર્મિક દૃષ્ટિ સર્વથા જુદી હતી. તે મુખ્યત્વે તપપ્રધાન અને પારલૌકિક હતી. અવધૂત અથવા સંન્યાસીની હતી. ભારતીય સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ આ બે ભિન્ન સંસ્કૃતિઓનું અદ્‌ભુત એકીકરણ. પરિણામે વર્ણવ્યવસ્થા સાથે જીવનના ચાર આશ્રમની રચના થઈ. આ વર્ણાશ્રમધર્મ તે ભારતીય સંસ્કૃતિનો પાયો. તેનાં પ્રધાન અંગ બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિ - જેનું સંમિશ્રણ એટલી હદે થયું કે બ્રાહ્મણ અને શ્રમણ શબ્દો પર્યાયવાચક થયા. સાચો બ્રાહ્મણ તે શ્રમણ અને સાચો શ્રમણ તે બ્રાહ્મણ. આ સંસ્કૃતિ સમસ્ત ભારતવર્ષમાં વ્યાપી અને રાજકીય એકતા ન હતી પણ આ સાંસ્કૃતિક એકતાએ ભારતદેશને સાચી એકતા આપી. આ ભારતીય સંસ્કૃતિનો પાયો છે દર્શન અથવા તત્ત્વજ્ઞાન અને જીવનસાધના અથવા યોગ. દાર્શનિક તત્ત્વચિન્તન અને જીવનસાધનાનો યોગ હજારો વર્ષથી ચાલે છે. તેની લાંબી વિકાસપ્રક્રિયાને પરિણામે કેટલાક મૂળભૂત સિદ્ધાન્તો સ્થિર થયા છે. આ સિદ્ધાન્તો અન્ય દેશોની સંસ્કૃતિથી ભારતીય સંસ્કૃતિને વિશિષ્ટ સ્વરૂપ આપે છે.

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે આ સિદ્ધાન્તો સંક્ષેપમાં ત્રણ છે: (૧) સ્વતંત્ર આત્મતત્ત્વનું અસ્તિત્વ, (૨) પુનર્જન્મ અને તેના કારણ તરીકે કર્મવાદનો સ્વીકાર, (૩) સ્વપુરુષાર્થથી આત્માની મુકિત. આ મુકિતપ્રાપ્તિની જીવનસાધના તે યોગ. આ યોગનો મૂળભૂત સિદ્ધાંત સર્વ આત્મા પ્રત્યે સમાન ભાવ અથવા આત્મૌપમ્ય અને તેમાં રહેલી 'જીવો અને જીવવા દો'ની ભાવના. દાર્શનિક મતભેદો હોવા છતાં જીવનસાધનામાં બધાં દર્શનોની પાયાની એકતા છે. જીવનનો પરમ પુરુષાર્થ મોક્ષ. તેની સાધનામાં જીવનમુકત દશા પ્રાપ્ત કરવી એ ધ્યેય. પ્રકૃતિ પ્રમાણે કોઈ જ્ઞાનથી, કોઈ કર્મથી, કોઈ ધ્યાનથી કે કોઈ ભકિતથી આ સાધના કરે. પણ તેનો મૂળ હેતુ જીવનશુદ્ધિ એટલે કે આત્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ જાણવું અને અનુભવવું. આત્મા ઉપર કાંઈક મળો, કલેશો, કષાયો, રાગદ્વેષના થર જામ્યા છે તેને દૂર કરી, આત્માના શુદ્ધ સ્વરૂપને પામવું. આ અંતરદૃષ્ટિને પરિણામે દરેક આધ્યાત્મિક સાધનામાં એ સ્વીકારાયું કે મન: એવં મનુષ્યાણામ્ કારણમ્ બન્ધ મોક્ષયો: સાચું સુખ પોતાના અંતરમાં છે, બાહ્ય પરિગ્રહો કે ઉપાધિમાં નથી. આત્મા પોતે પોતાનો શત્રુ છે, પોતાનો મિત્ર છે. જ્યોતિર્મય આનંદ પ્રાપ્ત કરવા માટે ચિત્તની સ્થિરતા, પ્રસન્નતા અને શાન્તિ એકમાત્ર ઉપાય છે. મનુષ્યની સામાન્ય સ્થિતિ વાસનાઓ અને કામનાઓના ઝંઝાવાતમાં ભટકવાની રહે છે. આવેગોના વંટોળિયામાં, વાયુમાં શઢવિનાની નાવડી ખેંચાય તેમ ઘેલાં ખાય છે. આ બધામાંથી કાયમ મુકિત મેળવવાનો માર્ગ ચિત્તની સમતા પ્રાપ્ત કરવી એ જ છે. ભકિતયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ અથવા ધ્યાનયોગ; એ બધાનું ચણતર સમત્વબુદ્ધિ અને સ્થિતપ્રજ્ઞા ઉપર છે. એટલે ગીતામાં કહ્યું છે: સમત્વમ્ યોગમુચ્યતે. બીજું બધું સુખ ક્ષણિક અને પરાધીન છે. મુકત આત્માનું પ્રધાન લક્ષણ સમતા છે. આઘાતો અને પ્રત્યાઘાતોના સંઘર્ષમાં સમત્વયુકત અવિકારીપણું પ્રાપ્ત કરવું તે આધ્યાત્મિક સાધનાનું અંતિમ લક્ષ્ય છે. આવી સમતા પ્રાપ્ત થાય ત્યારે મનની સર્વ કામનાઓ છોડી આત્મા નિજમાં વિલીન થાય છે. આવી સમતાનો અનુભવ થાય ત્યારે સર્વ જીવ પ્રત્યે સમાન ભાવ, આત્મીયતા જાગે છે. પણ આવી સમતા પ્રાપ્ત કરવાની સાધના સહેલી નથી. ચિત્તના આવેગો એટલા પ્રબળ હોય છે, ઈન્દ્રિય સુખોનું આકર્ષણ એટલું લલચામણું હોય છે કે એવા ક્ષણિક સુખમાં માણસ આનંદ લેતો હોય છે. સાધારણ માણસને પ્રકૃતિને વશ એવા પોતાના જીવનમાં, રોજના સામાન્ય થઈ પડેલા અશાન્તિજનક ઉદ્વેગોમાં આનંદ પડે છે. માણસમાં રહેલ મિથ્યા અભિનિવેશ, અહંકાર અને હઠાગ્રહ આવી સમતાના બાધક થઈ પડે છે. તેથી જ પાતંજલિયોગશાસ્ત્રમાં યોગની વ્યાખ્યા ચિત્તવૃત્તિ નિરોધ: એમ કરી છે. ચિત્તની ચંચળ વૃત્તિઓ ઉપર કાબૂ મેળવવો. આ આત્મસંયમ અને મનોનિગ્રહનું ધ્યેય સમત્વબુદ્ધિ અથવા સમાધિવૃત્તિ પ્રાપ્ત કરવાનું છે. વેદાંત, જૈન અથવા બુદ્ધ આ ત્રણે ધર્મોમાં આધ્યાત્મિક સાધનાનો પાયો સમતા અથવા સમભાવને માન્યો છે. બૌદ્ધધર્મના વિશુદ્ધિ માર્ગમાં, શીલ, સમાધિ અને પ્રજ્ઞાસાધનાનો ક્રમ છે. શીલમાંથી ચિત્તની સમાધિ પ્રાપ્ત થાય છે અને એવી સમાધિ પ્રાપ્ત થતા સ્થિરપ્રજ્ઞા થાય છે. જૈન ધર્મ અહિંસા, સંયમ અને તપને સાધનાનાં અંગો ગણે છે. તેના ગુણસ્થાનકમારોહનું ધ્યેય કષાયમુકિત અથવા ચિત્તની સમતા છે. તેને પરિણામે સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ-મિત્તીમે સવ્વભૂએસુ જાગે છે. ભગવાન બુદ્ધે અક્કોધેન જીનમ્ કોધમ - અક્રોધથી ક્રોધને જીતવા કહ્યું, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે:

"યોગે થયેલ મુકતાત્મા, સર્વત્ર સમદૃષ્ટિનો
દેખે સૌ ભૂતમાં આત્મા, ને સૌ ભૂતોય આત્મમાં.
આત્મસમાન સર્વત્ર જે દેખે સમ બુદ્ધિથી,
જે આવે સુખ કે દુ:ખ, તે યોગી શ્રેષ્ઠ માનવો.

આવી સમત્વ ભાવનામાં મુનિની ઉદાસીનતા, તપસ્વીની તિતિક્ષા અને ભકતનો શરણાગત ભાવ એ ત્રણે માનવને માટે પગથિયા

અને કરુણદર્પ બને છે. મુનિની દિવ્ય શાંતિ, યોદ્ધાની તિતિક્ષા અને ભક્તની નમનીયતા એ ત્રણે વસ્તુઓને ગીતા પોતાની સમન્વય-સાધક પદ્ધતિ અનુસાર સ્વીકારે છે અને આત્માની ઊર્ધ્વગતિમાં એમને પરસ્પર ગૂંથે છે. જૈન દર્શનનો અનેકાન્તવાદ આ સમતા અથવા સમન્વયનો એક પ્રકાર છે. ગુણગ્રાહીપણું અને માધ્યસ્થ-ભાવ તેનાં લક્ષણો છે.

ભારતીય સંસ્કૃતિનો આ સમતાભાવ પ્રજાના જીવનમાં વણાઈ ગયો છે. કોઈ વખત સમતાને નામે નિષ્ક્રિયતા પણ જોવાય છે. પણ સાચી સમતામાં સામર્થ્ય અને પરમ પુરુષાર્થ છે. તેમાં રહેલી અનાસકિત કર્મયોગનો પાયો છે. નિવૃત્તિપ્રધાન સંન્યાસમાં આવી સમતા વ્યકિતગત મોક્ષની સાધના અને સાંસારિક કર્મ પ્રત્યે અવગણના પ્રેરે છે. ગીતાના સમન્વયમાં અંતરથી કામનાઓનો ત્યાગ અને પ્રકૃતિમાં સતત ચાલુ કર્મની પ્રવૃત્તિનો યોગ છે.

આ ભાવના આપણા પ્રજાજીવનમાં ઊંડે ઊતરેલી છે. તેથી ધર્મને નામે આપણે નથી યુદ્ધ કર્યાં કે નથી વટાળવૃત્તિ આચરી. બુદ્ધધર્મ સમસ્ત એશિયામાં વ્યાપ્યો, કોઈ પ્રકારના દબાણ વિના કે રાજ્યસત્તાના આક્રાય વિના. પશ્ચિમની સંસ્કૃતિ સંઘર્ષમાં જન્મી છે. પ્રકૃતિ સાથે સંઘર્ષ કર્યો છે. માનવ માનવ વચ્ચે સંઘર્ષ કર્યો છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ સાથે તેમ જ પ્રાણીમાત્ર સાથે એકાત્મ-ભાવનો અનુભવ, સંવાદિતા છે. કાલિદાસના શાકુન્તલમાં સજીવ પાત્રો સાથે તપોવન પણ એટલું જ સજીવ છે. શકુન્તલા વૃક્ષો પાસેથી પણ વિદાય માગે છે. આ સમતા ભાવનાને તુલસીદાસે પોતાની અમર વાણીમાં લોકજીભે વહેતી કરી :

તુલસી યહ સંસાર મેં, ભાત ભાત કે લોગ,
સબસે હિલમિલ ચાલીયે, નદી નાવ સંયોગ.

ભારતવર્ષની આ ભાવના તેના જીવનનું અંગ છે, હાર્દ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

(આકાશવાણી, મુંબઈના સૌજન્યથી)

# "માનવઅધિકાર દિન" નિમિત્તે જાહેર સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના સંયુકત ઉપક્રમે 'માનવઅધિકાર દિન' નિમિત્તે તા. ૧૦-૧૨-'૭૧ના રોજ બપોરના ભાગમાં પ્રાર્થના સમાજ ઉપર આવેલા શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શાહજાદી મરિયમબાઈના પ્રમુખપણા નીચે એક જાહેર સભા યોજવામાં આવી હતી.

તેમાં બે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા અને તે યુનાઈટેડ નેશન્સને તેમ જ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

સભાએ પસાર કરેલા બે ઠરાવો નીચે આપવામાં આવ્યા છે :

(૧)

મુંબઈ જૈન યુવક સંઘ અને 'ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ'ના આક્રાયે મળેલી આ સભા સરકારને આ રાષ્ટ્રીય કટોકટીમાં પોતાના સંપૂર્ણ ટેકાની ખાતરી આપે છે. અમે વડા પ્રધાનની હિંમતભરી અને દીર્ઘદષ્ટિયુકત નીતિને આવકાર આપીએ છીએ અને એની પ્રશંસા કરીએ છીએ. અમે રાષ્ટ્રના સંરક્ષણ માટે બહાદુરીભર્યાં કૃત્યો કરવા માટે આપણાં સશસ્ત્ર દળોને હૃદયપૂર્વકના અભિનંદન આપીએ છીએ. દેશની સ્વતંત્રતા, અખંડિતતા અને સલામતીના રક્ષણ માટે, આપણા રાષ્ટ્રના ઈતિહાસની આ કટોકટીભરી ઘડીએ, આપણે સઘળા આત્મભોગ આપવા માટે તૈયાર રહેવું જોઈએ.

(૨)

સંયુકત રાષ્ટ્રસંસ્થાએ સાર્વત્રિક માનવઅધિકારોની ઘોષણા કરી છે અને પ્રત્યેક માનવીને આ અધિકાર ભોગવવાનો હક્ક આપ્યો છે. એ સાથે દુનિયાનાં રાષ્ટ્રોને કોઈ પણ માનવીને આ અધિકારોથી વંચિત નહિ બનાવવાનો અનુરોધ કર્યો છે. આ અધિકારોમાં વાણી અને અભિવ્યકિતનું સ્વાતંત્ર્ય, હરવા–ફરવાનું સ્વાતંત્ર્ય, દમન અને ભયમાંથી મુકિત તેમ જ બીજા મૂળભૂત અધિકારોનો સમાવેશ થાય છે. આમ છતાં યે આજે દુનિયાનું જે ચિત્ર છે એ દુઃખદ છે. ઘણાં રાષ્ટ્રોએ આ અધિકારોની અવગણના કરી છે એટલું જ નહિ પણ ત્રાસ અને નિષ્ઠુર લશ્કરી શાસન દ્વારા એનું દમન કરવામાં આવ્યું છે. એ એક દુઃખદ હકીકત છે. વિચિત્ર તો એ છે કે સંયુકત રાષ્ટ્રસંસ્થા પોતે જ નિઃસહાય બની ગઈ છે અને સ્વતંત્રતા માટે લડી રહેલા સાડા સાત કરોડ જેટલા માનવીઓને ટેકો આપવાનો એ ઈનકાર કરે છે અને લાખો લોકોની કતલ કરીને અને એથી વધુ લાખો લોકોને ઘરબાર વિનાના બનાવવા જેવા જુલમો આચરનાર ત્રાસવાદી તંત્રને યથાવત્ જાળવવાનો પ્રયાસ કરે છે. અમેરિકા એની મહાન લોકશાહી પરંપરાને ભૂલી જઈને પ્રત્યાઘાતી સરમુખત્યારશાહીને ટેકો આપવામાં અને દુનિયાની સૌથી મોટી લોકશાહીને એક મહાન પ્રજાની આઝાદી માટેની લડતને સહાય કરતા રોકવા માટે એના પર દબાણ કરવામાં સામ્યવાદી ચીન સાથે હાથ મિલાવી રહ્યું છે. દુનિયાએ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નૈતિક ધોરણોનો ત્યાગ કર્યો છે એ દુઃખદ બીના છે અને લોકશાહી રાષ્ટ્રો પણ ટૂંકદષ્ટિ સ્વાર્થી હેતુઓ માટે અને જીવનનાં મૂળભૂત મૂલ્યોની ઉપેક્ષા કરીને વર્તી રહ્યા છે. ભારત આ મૂળભૂત માનવઅધિકારોમાં શ્રદ્ધા રાખે છે અને પોતાનાં પરસેવા અને લોહી વડે એના માટે લડી રહ્યું છે. સંયુકત રાષ્ટ્રસંસ્થા મહાસત્તાઓના દબાણનો પ્રતિકાર કરવા જેટલી સમર્થ બનશે અને આંતરરાષ્ટ્રીય નીતિમત્તા તેમ જ મૂળભૂત માનવઅધિકારોની જાળવણી કરશે એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

## બંગલા દેશ રાહત ફંડમાં ભરાયેલી રકમો

૧૪,૧૨૨ અગાઉ પ્રગટ થઈ ચૂકેલી રકમો
૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી તથા સૌ. હીરાલક્ષ્મીબહેન દીપચંદ સંઘવી
૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ ,, સુશીલાબહેન ચંપકભાઈ
૧૦૧ ,, મંગળજી ઝવેરચંદ મહેતા
૫૧ ,, નાનાલાલ હંસરાજ શાહ
૫૧ ,, શાન્તિલાલ એ. ઝવેરી.
૨૫ ,, શ્યામકુંવર જગજીવન–પાચોરા
૧૦૧ ,, કસ્તુરચંદ ડી. શાહ
૩૭૮ ,, વવાણિયા – સૌરાષ્ટ્રમાંથી નીચેની વિગતે આવ્યા. હા. શ્રી પ્રતાપભાઈ વોરા
૧૦૧ ડૉ. કાપડિયા સાહેબ
૧૦૧ શ્રી મેઘજી ધનજી
૫૧ શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન
૨૫ શ્રી પટેલ દેવાનંદ નથુભાઈ
૨૫ શ્રી કાંતિલાલ પ્રેમચંદભાઈ
૧૧ ઈંદ્રોદય કું.
૧૧ શ્રી મહંત દ્વારકાદાસજી
૧૧ શ્રી નાનાલાલ દલીચંદ મહેતા
૧૦ અવચર ઘેલાભાઈ સોની
૩૨ પરચૂરણ રકમો

૩૭૮
૧૬,૯૩૦

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ હિંદુ ધર્મનું આવશ્યક અંગ ☆

હવે હું જેને હિંદુત્વનું આવશ્યક અંગ માનું છું તે જણાવીશ. દરેક બાબતમાં કાર્યકારણભાવ હોય છે. તમે પાણીમાં પથ્થર નાખશો તો કુંડાળું થશે. એ કુંડાળામાંથી બીજું અને બીજામાંથી ત્રીજું એમ અનેક કુંડાળાં થતાં જ જશે. એને ઈશ્વર પણ નહીં અટકાવી શકે એમ આપણે કહી શકીએ. તમે બેમાં બે ઉમેરો તો ચાર થાય. એમાં ઈશ્વર ફેરફાર કરી શકશે? જો તમે આ બાબત સમજી શકો તો જ હું જેને હિંદુત્વનું આવશ્યક અંગ માનું છું તે સમજી શકશો.

આપણા અંતરમાં ઉદ્‌ભવતો પ્રત્યેક ખરાબ વિચાર વિશ્વ-નિયંતા માટે દુઃખદ કુંડાળું છે, બીજી રીતે કહીએ તો તે ઈશ્વરના હૃદયમાં ખંજર ભોંકવા સમાન છે. આ કારણે જ ઋષિમુનિઓ કહી ગયા છે કે જ્યારે આપણે ખરાબ વિચારો કરીએ છીએ ત્યારે ઈશ્વર આંસુ સારે છે. વિજ્ઞાને શોધ કરેલા 'વાયરલેસ'નાં આંદોલનો, હવામાં તારના દોરડાં અહીં નથી તો પણ કેવી રીતે આવે છે તે આપણે જાણતા ન હોવા છતાં જોઈ શકીએ છીએ, તેવી જ રીતે આપણે માનવું જોઈએ કે એવું એક સર્વવ્યાપી તત્ત્વ છે, જેને આપણે દેખી નથી શકતા છતાં દરેક ખરાબ વિચારના આંચકા લાગે છે. 'વાયરલેસ'નાં મોજાંની ખાસ શોધ માર્કોની નામના યુરોપિયને કરી એમ રખે માનતા. એ તો સનાતન કાળથી જે ચાલી આવતું હતું તેની રજૂઆત છે. આ આંદોલનો પ્રાચીન કાળમાં ચાલુ જ હતાં, પણ એને વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ જમાનામાં શોધી કાઢ્યાં.

તેવી જ રીતે કર્મનો સિદ્ધાંત સમજવામાં ખૂબ સહેલો છે, અને છતાં તે હિંદુ ધર્મના કેટલાયે ગૂંચવાયેલા પ્રશ્નની મૂળભૂત બાબત છે. બધી વસ્તુઓના પાયામાં ખૂબ સાદી બાબતો સમાયેલી હોય છે. કર્મનો સિદ્ધાંત એ છે કે આપણે જે કાંઈ કરીએ છીએ તેની અસર તાત્કાલિક થાય છે, એમાંથી આપણે છટકી શકતાં નથી. આપણને આગળ ઉપર સજા થશે અથવા તો સ્વર્ગ કે નરક મળશે એમ નહીં પણ પરિણામ તરત જ ભોગવવું પડશે.

વિચારનો સમાવેશ કાર્યમાં જ કરાય છે. દાખલા તરીકે, હું કોઈ પણ માણસ પાસે એક વસ્તુ જોઉં અને અદેખાઈ કરું તથા એ મને મળે તો કેવું સારું એવો વિચાર કરું તો તે એક જાતની ચોરી છે. જે રીતે લૂંટ, ખિસ્સાં કાપવાં વગેરે જાતની ચોરીઓ છે, તેવી જ રીતે આવો વિચાર પણ એક જાતની ચોરી છે.

આપણું ચારિત્ર્ય એ નાજુક અને ચેતનવાળી વસ્તુ છે. તે શાશ્વત તત્ત્વમાંથી જન્મે છે. તમે એક કાર્ય કર્યું કે તરત જ તેના ઉપર તેની છાપ પડવાની અને ચોંટી જવાની. તમે જરા પણ અનિષ્ટ કાર્ય કરો તેની વિચિત્ર અને ભૂંસી ન શકાય એવી છાપ પાછળ રહી જવાની. તમે જે કાંઈ વિચાર્યું અથવા કર્યું હોય તે પાછું વાળી શકાતું નથી.

મૃત્યુ પણ પાટી ઉપરનું લખાણ ભૂંસી શકતું નથી. તેના કારણે આપણો અંત અથવા શરૂઆત થતાં નથી. મૃત્યુ પછી પણ આપણે પાછલી 'બાકી'થી શરૂ કરવાનું હોય છે. હિંદુ લોકોની એવી માન્યતા છે કે આ જિંદગીમાં માણસ પોતાની જાતને જેવી ઘડે તેવા જ આકારથી આવતે જન્મે તેની શરૂઆત થવાની.

આપણા વિચારો અને કાર્યથી ઘડાયેલું આપણું ચારિત્ર્ય આપણી મોટામાં મોટી મૂડી હોવા ઉપરાંત આપણાથી અલગ ન પડી શકે એવો વારસો છે. આપણામાંનો પ્રત્યેક શાશ્વત છે. આપણું ખાતું અવારનવાર બંધ થાય છે, પણ નવે પાને બાકી તો લઈ જવામાં આવે જ છે.

કર્મના કાયદા પ્રમાણે આપણું પ્રત્યેક કાર્ય આપણને પ્રમાણમાં ઊંચે ચડાવે છે અથવા નીચે પાડે છે. આપણાં ધર્મશાસ્ત્રો આને માટે ખાસ શબ્દો વાપરે છે, પણ હું તો સાદી ભાષામાં જ મૂકીશ. જ્યારે તમે સારું કામ કરો છો ત્યારે તમે તમારું ચારિત્ર્ય શોભાવો છો. તમે ખરાબ કાર્ય કરો છો, ત્યારે તમારું ચારિત્ર્ય એટલા પ્રમાણમાં કાયમ માટે દૂષિત થાય છે. આપણાં પ્રત્યેક વિચાર અથવા કાર્ય આટલું સમજીને કરવાની જરૂર છે. આજે કોઈ જૂઠું બોલે તો તે પ્રામાણિક માણસ તેટલા પ્રમાણમાં જૂઠો બને છે, બીજી વખતે તેની ઓછી આનાકાની થાય છે, અને ત્રીજી વખતે તો તેને જૂઠું બોલવાનું મન થાય છે; પરિણામે તેની પ્રામાણિકતા એટલા પ્રમાણમાં ખંડિત થાય છે.

જો આ વસ્તુ આટલી ભયંકર હોય અને આ સજા તાત્કાલિક તથા તેમાંથી છટકી ન શકાય તેવી હોય તો જો કે સમજવામાં ખૂબ સહેલું અને સાદું છે છતાં એ આશા વગરનું ધ્યેય છે. તમારા દરેક કાર્ય તથા વિચારને પરિણામે તમારા ચારિત્ર્ય ઉપર સજ્જડ ફટકા પડે છે, પણ એનો આકાર તમે ઈચ્છો એવો ઘડી શકો. ધારો કે તમે લોખંડ અથવા પિત્તળની મૂર્તિ ઘડો છો. તમે તેને દરરોજ તમારા વિચાર અને કાર્યથી ઘડતા જવાના. ધારો કે ભૂલ અથવા અકસ્માતને લીધે તેનો આકાર બદલાઈ જાય તો તમે આ કાર્યકારણના નિયમ ઉપર આધાર રાખીને તેને ફરી પાછી આકારમાં લાવી શકો. કર્મ અથવા કાર્યકારણના કાયદામાં કાર્યની સ્વતંત્રતાનો આ સિદ્ધાંત સમાયેલો છે. તમે આકાર બહાર જતા રહો તો ફરીથી ઘડીને તેને આકારમાં લાવી શકો. એક બાજુ દરેક ઘાની અસર પડે છે, જ્યારે બીજી બાજુ પાછલી અસર સુધારવાને બીજા ઘાનો અધિકાર મળે છે. પણ એટલું યાદ રાખજો કે તમે એક ખરાબ કાર્યને લીધે એ બાજુ ઘસડાયા તો તમારે વધારે કાળજી રાખીને સુધારા માટે ખાસ પરિક્રામ કરવાનો રહેશે. આ ખાસ પરિક્રામ એ પશ્ચાત્તાપ.

હિંદુ ધર્મ એક બાજુ કર્મનું નિશ્ચિત પરિણામ–કાર્યપણું-બતાવે છે, અને બીજી બાજુ ભારેમાં ભારે પાપીને પણ પોતાના પાપમાંથી મુક્તિ મેળવવા માટે સ્વતંત્રતા બક્ષે છે.

('સમર્પણ'માંથી સાભાર) **ચક્રવર્તી રાજગોપાલાચારી**

# આનંદ અને વિષાદ

જ્યારે જ્યારે હું નાનાં નાનાં બાળકોને વરસતા વરસાદમાં રંગબેરંગી રેઈનકોટ પહેરીને ધોબીતળાવ જેવા વિશાળ ક્રોસરોડ પર અને ગાડી–મોટરોની ભયંકર આવજાવ વચ્ચે, સાવચેતીપૂર્વક પણ પોતાની જાતે જ રસ્તાઓ ઓળંગતા જોઉં છું ત્યારે આ શહેરી બાળકોની સ્માર્ટનેસ માટે મારું મન ગૌરવ અનુભવે છે. પણ એ જ બાળકોને નિશાળેથી છૂટ્યા પછી બસની કતારોમાં ધાંધલધમાલ કરતાં અને બસ આવે કે તરત જ અંદર ઘૂસવાનો પ્રયત્ન કરતાં અથવા પોતાના મકાનની લિફ્ટમાં લાઈન તોડીને દાખલ થતાં જોઉં છું ત્યારે તેમના ગેરશિસ્તભર્યા વર્તન માટે હું રંજ અનુભવું છું. દેશના આ ભાવિ નાગરિકોને શિસ્તના પ્રાથમિક પાઠો જો આજે નહીં શીખવીએ, તો પછી એ જ લોકો શાળા–કૉલેજોમાં તોફાન કરશે કે કારખાનાંઓને નુકસાન કરશે તો તેમાં વાંક કોનો?

* * *

જ્યારે જ્યારે કોઈ મોટી સરકારી ઓફિસોમાં કે કોઈ ખાનગી કે જાહેર ક્ષેત્રની ફેકટરીની વિશાળ ઑફિસોમાં કે તેમની નાનીમોટી કૉન્ફરન્સોમાં કોઈ શેટ્ટી, કોઈ કુલકર્ણી, કોઈ શેખ, કોઈ સેનગુપ્તા કે કોઈ પટેલ-દેસાઈને સાથે બેસીને અંગ્રેજીમાં કે હિંદીમાં પોતાના કામકાજને લગતા મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા કરતા જોઉં છું ત્યારે ખબર જ પડતી નથી કે કોણ કુલકર્ણી છે અને કોણ શેટ્ટી છે. બધાં માત્ર ભારતીય નાગરિકો જ હોય એવું લાગે છે અને ત્યારે મારું મન આનંદથી ભરાઈ જાય છે. પણ જ્યારે એ જ ભારતીય નાગરિકો સાંજે પોતપોતાને ઘેર જાય છે, પોતાના ગ્રૂપની કલબોમાં કે મીટિંગોમાં જાય છે, પોતપોતાના મહોલ્લાઓમાં જાય છે અને ત્યારે એ જ કુલકર્ણીને નાડકર્ણી જોડે મરાઠીમાં વાત કરતો સાંભળું છું ત્યારે, અથવા એ જ પટેલ કે દેસાઈને કોઈ મહેતા જોડે વાત કરતો સાંભળું છું ત્યારે એમની વાતોમાં પ્રગટ કે અપ્રગટ રહેલું કોમવાદ, પ્રાંતવાદ કે ભાષાવાદનું ઝનૂન અને ઝેર દેખાઈ આવે છે ત્યારે મન ક્ષુબ્ધ થઈ જાય છે. વિચાર આવે છે કે આપણે ક્યારેય ગુજરાતી, મરાઠી, કે બંગાળી મટીને સાચા ભારતીય ક્યારેય બની શકીશું ખરા?

**સુબોધભાઈ એમ. શાહ**

# ધર્મકથાઓ : વાચન, મૂલ્યાંકન અને મર્મ

ધર્મો અને સંપ્રદાયોનો ઉદ્‌ભવ સામાન્ય રીતે વિવેક - વિચારમાંથી થાય છે, પરંતુ એ જ વિવેક - વિચારના સાધન વડે તેની જો નિરંતર વિશુદ્ધિ થતી ન રહે તો તેમાં જડતા અને ઝનૂન પ્રવેશ્યા વિના રહેતાં નથી. આ જડતા અને ઝનૂન સર્વપ્રથમ એનો - વિવેક અને વિચારનો - જ ભોગ લે છે. આ કેવું કરુણ અને કેવું વિચિત્ર લાગે છે!..... નવા ધર્મ અને નવા સંપ્રદાયનો ઉદય પણ કદાચ એવી સ્થિતિમાંથી જ થાય છે. આવી પરંપરા હજારો વર્ષોથી બસ ચાલ્યા જ કરે છે. ઈતિહાસના આરંભકાળથી ધર્મો અને સંપ્રદાયો વચ્ચે જે કલહો - સંઘર્ષો થયા છે તે આ રીતે તો સ્વાભાવિક જ લેખવા જોઈએ! જ્યાં જડતા અને ઝનૂન હોય ત્યાં અન્ય ધર્મ કે સંપ્રદાયના મૂળમાં જોવાનો અને તેનાં આવશ્યક તત્ત્વોને ઓળખવાનો પ્રયાસ ભાગ્યે જ થયો હોય. બીજા ધર્મ-સંપ્રદાયના માત્ર બાહ્ય ક્રિયાકાંડને જ્યાં મહત્ત્વ અપાય અને તેમાં ભેદ દેખાય એટલે ગમા-અણગમાની, રાગદ્વેષની, મમતા અને વિરોધની લાગણી પેદા થાય એટલે સંઘર્ષનાં બીજ અવશ્ય રોપાઈ જાય.

દરેક ધર્મ અને સંપ્રદાયમાં જેમ તત્ત્વજ્ઞાનના ગ્રંથો હોય છે તેમ કથાઓ પણ હોય છે. આવી કથાઓનો મૂળ હેતુ તો સામાન્ય જનોને મૂળ તત્ત્વજ્ઞાન તરફ વાળવાનો, ભક્તિભાવ કેળવી, ધર્મ પ્રતિ અભિમુખ કરવાનો અને તેની રસવૃત્તિ સંસ્કારવાનો તથા પોષવાનો હોય છે, પરંતુ ધ્યાનમાં એ રાખવું જોઈએ કે જ્યાં પ્રમાણભૂત ઈતિહાસ કે ઊંડું તત્ત્વજ્ઞાન રજૂ કરવાનો નિર્ભેળ હેતુ ન હોય ત્યાં કથામાં વિવિધ પ્રકારના અન્ય રસો પણ સહજરીતે દાખલ થાય અને તેના જે લેખક, કર્તા, સર્જક હોય તેમની ચિત્તવૃત્તિનું, સમજદારીનું અને કલ્પનાઓનું પ્રતિબિમ્બ પણ પડે જ. આ ઉપરથી એમ કહી શકાય કે આપણાં પુરાણો, આપણી ધર્મકથાઓ, દૃષ્ટાંતકથાઓ, ગદ્યમાં અને પદ્યમાં જે રજૂ થાય તેની કસોટી એ મર્યાદા અને એ વિશેષતા સાથે થવી જોઈએ - કરવી જોઈએ. ઈતિહાસ અથવા તો તત્ત્વજ્ઞાનની કસોટીએ તેને કસવાનું યોગ્ય નથી.

રામ-રાવણ જેવા પુરુષો ઈતિહાસમાં ખરેખર થયા હોય, અને બુદ્ધ-મહાવીર તો ઈતિહાસ સિદ્ધ છે જ, છતાં તેમની આસપાસ જે કથાઓ રચાઈ હોય તેનું વાચન ઈતિહાસ કે તત્ત્વજ્ઞાનની આકરી કે શુષ્ક કસોટીએ કરવાને બદલે ઉપર કહેલી મર્યાદા અને વિશેષતા લક્ષમાં રાખીને કરવામાં આવશે તો તેનું વાચન રસદાયક, પ્રેરક અને સત્યની વધુ નજીક લઈ જનારું બનશે. દા. ત. રાવણના દસ માથાં ને વીસ ભુજાઓ માટે પુરાવા રજૂ કરવાની જરૂર નહિ પડે, પરંતુ અસાધારણ શક્તિનું ચિત્ર રજૂ કરવા માટેની તે મનોરમ કલ્પના લાગશે. એ જ રીતે ભગવાન મહાવીરને પગે સાપ ડસ્યો ને લોહીને બદલે દૂધ નીકળ્યું તેમાં શુક્લ ધ્યાનનું અથવા તો નિર્મળ પ્રેમ-કરુણાનું સ્વરૂપ દેખાશે.

પુરાણો, ધર્મકથાઓ અને દૃષ્ટાંતકથાઓની બાબતમાં તો એવું થયું બન્યું છે કે એક જ નામનાં પાત્રો અને લગભગ એક જ સરખા પ્રસંગોનું વર્ણન વિવિધ ધર્મ અને સંપ્રદાયના લેખકો, કવિઓ, સર્જકોએ ભિન્ન ભિન્ન રૂપે કરેલું છે. એમાં પોતાના ધર્મના તત્ત્વજ્ઞાનના અને તેમાંથી પ્રગટેલી માન્યતાઓના સમર્થન માટે તે તે પાત્રો અને પ્રસંગોને તેને અનુરૂપ થાય તે રીતે આલેખ્યાં છે ને વિકસાવ્યાં છે. કોઈના રામ અને કૃષ્ણ ભગવાન છે, ભગવાનના અવતારો છે. કોઈના વળી ભક્તો ને અનુયાયીઓ છે, કોઈમાં તેઓ મોક્ષ પામ્યા છે કે વૈકુંઠ કે સ્વર્ગલોકમાં વસે છે, તો કોઈમાં તેઓ તેવી સિદ્ધિ ઝંખતા સંસારમાં જ નહિ, નરકમાં પણ સબડતા હોય છે!

જો આવા ગ્રંથોને ઈતિહાસ ગણવામાં આવે તો તે કલહ અને સંઘર્ષનું કારણ બની જાય, તેમાં જે વિચારો રજૂ થયા હોય તેને જો તત્ત્વજ્ઞાન માની લેવામાં આવે તોયે તેમાંથી ચર્ચાનો વંટોળ પેદા થાય. આવી કથાઓ સંબંધમાં જો એવી દૃષ્ટિ કેળવાય કે તેના સર્જકો પાસે ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનની અમુક સામગ્રી સાથે કવિ-કથાકારની કલ્પનાસમૃદ્ધિ અને પોતાની નિરાળી એવી ચિત્તવૃત્તિઓ પણ હતી, તો આ ઝઘડો ન રહે. તો સહજ રીતે એમ સમજાય કે આવી કથાઓની અંતિમ કસોટી તો કવિતા અને કથાની દૃષ્ટિએ જ થવી જોઈએ. એમાં સમરસ થયેલા તાત્ત્વિક વિચારોને પણ સ્વતંત્ર દૃષ્ટિએ જ તપાસવા જોઈએ. એવી કથાઓનાં પાત્રોને ઐતિહાસિક નહિ, પરંતુ એ કાળના અમુક વર્ગના સર્વસામાન્ય માનવી તરીકે જ મૂલવવાં જોઈએ. ધર્મ- સંપ્રદાયોના મતભેદોના અને કલહોના નિવારણ માટે, પ્રેરક અને પવિત્ર ધર્મકથાઓનો મર્મ પામવા માટે તથા તેના વાચન દ્વારા રસપાન કરવા માટે આવી દૃષ્ટિ આવશ્યક લાગે છે. શ્રી.

## આફ્રિકાનિવાસી શ્રી મેઘજીભાઈ સાથે સંઘની કારોબારીના સભ્યોનું મિલન

છેલ્લાં પચાસ વર્ષથી મોમ્બાસા રહેતા, જામનગરની બાજુના ચેલાગામના વતની, ૭૨ વર્ષની વયના શ્રી મેઘજીભાઈ સાથે કારોબારીના સભ્યોનું એક અનૌપચારિક મિલન શ્રી પરમાનંદ સભાગૃહમાં રવિવાર તા. ૫-૧૨-'૭૧ના સવારે દશ વાગે રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેઓશ્રીનો પરિચય કરાવતાં કહ્યું કે "મેઘજીભાઈનો હમેશ એ ભાવ રહ્યો છે કે જૈન ધર્મનું માર્ગદર્શન આપવા કોઈ વ્યકિત કે કોઈ સાધુ આફ્રિકા આવે. આફ્રિકામાં ૪૦ હજાર જૈનો વસે છે. વળી ત્યાં બધા સંપ્રદાયોમાં એકસંપ છે. શ્રી મેઘજીભાઈએ સ્વ. પરમાનંદભાઈને પણ આફ્રિકા આવવા ખૂબ આગ્રહ કરેલો. સ્વ. પંજાબકેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ પાસે પણ તેમણે તેમની વ્યથા રજૂ કરી હતી ત્યારે મહારાજશ્રીએ કહેલું કે જૈન ધર્મનો વિકાસ થતો હોય તો ત્યાં આવવામાં સાધુ માટે નિષેધ ન ગણાવો જોઈએ અને તેમણે તેમના એકાદ શિષ્યને આફ્રિકા મોકલવા માટે વચન પણ આપેલું પરંતુ ત્યારબાદ મહારાજશ્રી કાળધર્મ પામ્યા.

શ્રી પરમાનંદભાઈના સૂચનથી શ્રી મેઘજીભાઈ મુનિશ્રી ચિત્રભાનુને પણ નિમંત્રણ દેવા ગયેલા, પરંતુ શરૂઆતમાં તેઓ પણ અહીંના આપણા સમાજથી ગભરાયેલા અને હા કહી છતાં ગયા નહિ. પરંતુ બીજીવાર શ્રી મેઘજીભાઈએ અને આફ્રિકાના સંઘે આમંત્રણ આપ્યું એટલે મુનિશ્રી ચિત્રભાનુ ત્યાં ગયા અને ત્યાં ખૂબ સારી છાપ પાડી.

શ્રી મેઘજીભાઈના ઘરના સભ્યોના સંસ્કારો પણ ચુસ્તપણે ધાર્મિક છે. શ્રી મેઘજીભાઈને આપણી વચ્ચે લાવવામાં તેમના સ્નેહી મિત્ર અને આપણા સંઘના સક્રિય સભ્ય શ્રી દીપચંદભાઈ સંઘવી નિમિત્ત બન્યા છે એ માટે આપણે એમના આભારી છીએ."

ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે યુવક સંઘની પ્રવૃત્તિનો ટૂંકો ઈતિહાસ કહ્યો અને શ્રી મેઘજીભાઈની સુંદર ભાવના માટે પોતાનો આનંદ વ્યકત કરતાં કહ્યું, "આપણે ત્યાંથી આફ્રિકા સાધુઓને મોકલવાનું ન કરી શકીએ તો પણ અહીં જૈન ધર્મના જાણકાર ઘણા મોટા વિદ્વાનો છે એમને આપણે જરૂર મોકલી શકીએ."

શ્રી મેઘજીભાઈએ તેમના પ્રવચનમાં આફ્રિકામાં જૈન ધર્મની કેટલી બધી જિજ્ઞાસા છે તે વિશે બોલતાં કહ્યું, "અમે ત્યાં નિત્ય પ્રતિક્રમણ, ઉપવાસ અને પોષા પણ કરીએ છીએ. ત્યાં અમે શાળા પણ ચલાવીએ છીએ. અમારે ત્યાં સંપ્રદાયના કોઈ ભેદભાવ નથી. સ્વ. પરમાનંદભાઈએ અને તેમના 'પ્રબુદ્ધ જીવને' મારા જીવનના વિકસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. હું વિદ્વાનો માટે બીજે લાંબે નજર નથી નાખવા માગતો. તમારા વિદ્વાન પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈને જ આફ્રિકા આવવાનું નિમંત્રણ આપું છું.

"તમે બધાએ પરમાનંદભાઈની યાદમાં આવો સરસ હૉલ કર્યો-ટ્રસ્ટ કર્યું એમાં હું રૂપિયા એક હજાર આપું છું."

સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ કોઠારીએ આભારદર્શન કર્યું હતું.

મંત્રીઓ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૧